શ્રી હરિઃ

શ્રીમદ્ ભાગવતપીયૂષ

દ્વિતીય નિર્ઝર
સ્કંધ ૮ થી ૧૨

આલેખક અને પરિવેષક
કર્દમઋષિ કૃષ્ણશંકર શાસ્ત્રી

પુરસ્કર્તા - સંપાદક
ભાગવતઋષિ કર્દમઋષિ

ત્રીજી આવૃત્તિ :
શ્રાવણ શુકલ દ્વિતીયા, સંવત ૨૦૫૫ : સને ૧૯૯૯

-: પ્રકાશક :-
શ્રીકૃષ્ણનિધિ
C/O, શ્રી ભાગવત વિધાપીઠ
કૃષ્ણધામ, સોલા, અમદાવાદ - ૩૮૦૦૬૦

10-2

શ્રી હરિઃ

શ્રીમદ્ ભાગવતપીયૂષ

દ્વિતીય નિર્ઝર

સ્કંધ ૮ થી ૧૨

આલેખક અને પરિવેષક
કર્દમઋષિ કૃષ્ણશંકર શાસ્ત્રી

પુરસ્કર્તા - સંપાદક
ભાગવતઋષિ કર્દમઋષિ

ત્રીજી આવૃત્તિ :
શ્રાવણ શુક્લ દ્વિતીયા, સંવત ૨૦૫૫ : સને ૧૯૯૯

-: પ્રકાશક :-
શ્રીકૃષ્ણનિધિ
C/o શ્રી ભાગવત વિદ્યાપીઠ
કૃષ્ણધામ, સોલા, અમદાવાદ - ૩૮૦૦૬૦

પહેલી આવૃત્તિ, ૧૯૭૯
બીજી આવૃત્તિ, ૧૯૮૯
ત્રીજી આવૃત્તિ, ૧૯૯૯

●

-: પ્રાપ્તિસ્થાન :-

(૧) શ્રી ભાગવત વિદ્યાપીઠ,
કૃષ્ણધામ, સોલા,
અમદાવાદ - ૩૮૦૦૬૦
ફોન : ૭૪૭૩૮૩૯

(૨) શ્રી કૃષ્ણનિધિ, શ્રીવલ્લભનિધિ
૩૦૨, રિલિફ શોપીંગ સેન્ટર,
જી.પી.ઓ. પાસે, અમદાવાદ-૧
ટે. ૫૫૦૨૯૪૫

(૩) શ્રી વીણાબેન મનહરલાલ
૫, આનંદ, ૫મો રસ્તો,
નવયુગ સોસાયટી, વિલેપાર્લા (પશ્ચિમ)
મુંબઈ - ૫૬ ટે. ૬૧૪૬૭૩૩

(૪) શ્રી સરલાબેન દલાલ
૩૦, ન્યુ નવરંગ, ૩જો માળ,
પેડર રોડ, મુંબઈ-૨૬
ટે. ૩૮૮૨૪૩૩

●

શ્રાવણ શુક્લ દ્વિતીયા
સંવત ૨૦૫૫
તા. ૧૩-૮-૯૯

●

-: પ્રકાશક :-
શ્રી કૃષ્ણનિધિ ટ્રસ્ટ

●

ગ્રંથ પ્રકાશનના સર્વ અધિકાર પ્રકાશકને આધીન છે

●

-: મુદ્રક :-
ગુજરાત ઓફસેટ પ્રા. લિ.
વટવા, અમદાવાદ.
ફોન : ૫૮૩૧૯૧૫

શ્રીમદ્ ભાગવતપીયૂષ

સ્કંધ આઠમો : અધ્યાય ૨૪

મન્વન્તરલીલા : શ્રીનાથજીનો દક્ષિણસ્તન

સપ્તમ સ્કંધ ઊતિલીલાના ૧૫ અધ્યાયમાં વાસનાનું નિરૂપણ કર્યું. હવે વાસનાની નિવૃત્તિ માટે ૨૪ અધ્યાયથી અષ્ટમ સ્કંધનો પ્રારંભ કરે છે. વ્યાસ મહર્ષિ આ ૨૪ અધ્યાયમાં ૪ - ૧૦ - ૯ - ૧ એવાં ચાર પ્રકરણો વર્ણવશે. આ ચારે પ્રકરણમાં ''સદ્ધર્મા'' સંતોનું વર્ણન કર્યું છે. વાસનાઓનો નાશ, સદ્ધર્મોથી થાય છે. મન્વતરમાં સંતોના ધર્મોની કથા વર્ણવી છે. એ જ શ્રીમદ્ ભાગવતજીની વિશેષતા છે. મનુ-મનુપુત્રો-દેવો-ઈન્દ્ર ઋષિઓ અને ભગવાનનો અવતાર આ છનું વર્ણન કરવામાં આવે તે મન્વન્તર કથા કહેવાય છે. પ્રત્યેક પુરાણમાં મન્વન્તર કથા તો આવશે જ. પરંતુ તેમાં સદ્ધર્મોનું શ્રી વ્યાસ ભગવાને કથન નથી કર્યું. જ્યારે અષ્ટમ સ્કંધમાં તો તામસ્-સાત્ત્વિક-રાજસ એવા ત્રણ પ્રકારે સજ્જન પુરુષોના ધર્મો વર્ણવ્યા છે. આ ત્રણે પ્રકારના ધર્મના વક્તા મત્સ્ય ભગવાન છે. છેલ્લા એક અધ્યાયમાં શ્રી મત્સ્ય ભગવાનની લીલાકથા છે.

જે જે મન્વન્તરમાં જે જે ધર્મો મનુ-દેવો-ઋષિઓએ વર્ણવ્યા છે તેનું માલન કરનારા અવશ્ય વાસનામાંથી મુક્ત થાય છે જ. વાસનાનો નાશ થયા પછી ભક્તિ થાય છે. આ અષ્ટમ સ્કંધમાં ચૌદ ચૌદ મનુની કથાં સંક્ષેપ વિસ્તારમાં વર્ણવી છે. આ સ્કંધના પ્રકરણ વિભાગ નીચે દર્શાવ્યા છે.

મન્વન્તર

અ.૧થી૪	અ.૫થી૧૪	અ.૧૫ થી ૨૩	અ.૨૪
ગજેન્દ્રમોક્ષ	સમુદ્રમંથન	બલિકથા	મત્સ્યચરિત્ર
આપત્તિમાંહરિસ્મરણ	સંપત્તિમાંસર્વદાન	વચનનુંપાલન	પ્રપત્તિ

અધ્યાય ૧ લો

[આ અધ્યાયમાં ૩૩ શ્લોકો છે, પ્રથમ અધ્યાયથી આરંભી ચતુર્થ અધ્યાય પર્યન્ત ગજેન્દ્રમુક્તિની કથા આવે છે. પ્રથમ અધ્યાયમાં ''સ્વાયંભુવ-સ્વારોચિષ-ઉત્તમ અને તામસ'' નામના ચાર મનુનાં ચરિત્ર વર્ણવ્યાં છે. પ્રથમ મન્વન્તરના''તપઅને ઉપનિષદ્નો સ્વાધ્યાય'' એવા બે સદ્ધર્મો મહત્ત્વના છે. આ તપથી અને ઉપનિષદ્ના પાઠથી વાસના બળી જાય છે.]

મન્વન્તરકથા શ્રવણલાલસા

राजोवाचः स्वायम्भुवस्येह गुरोर्वंशोऽयं विस्तराच्छ्रुतः । यत्र विश्वसृजां सर्गो मनूनन्यान् वदस्व नः ॥ १ ॥

પરીક્ષિત રાજાએ કહ્યું કે શુકાચાર્ય ગુરુજી ! તૃતીય સ્કંધથી આરંભીને અત્યારસુધીસ્વાયંભુવમનુની વંશકથા સવિસ્તૃત આપે ગાઈ. મેં આ ગાથા સાંભળી. આપે મનુની ત્રણ કન્યાઓની, પ્રજાપતિઓની તેમજ તેમના પુત્રપૌત્રાદિની સૃષ્ટિ પણ વર્ણવી છે. (૧) તો કૃપા કરી અન્ય મનુઓના વંશોની કથા પણ અમને કહો. હે શુકાચાર્ય મહારાજ ! ખાસ કરીને શ્રીહરિની જન્મકથા તથા ચારિત્રો કહો. વિદ્વાનો જે જે ચરિત્રોનું સદા ગાન કરે છે તે તે ચરિત્રોને સાંભળવાની અમારી ઈચ્છા છે તો તે આપ કહો. (૨) ભગવન્ ! શુક ! વિશ્વપાલક ભગવાને ભૂતકાળના મન્વન્તરોમાં જે લીલા કરી હોય વળી ભવિષ્યકાળના મન્વન્તરોમાં જે કંઈ લીલાઓ કરશે અને વર્તમાનકાળમાં મન્વન્તરમાં જે કંઈ લીલાઓ આચરી રહ્યા છે તે અમને કહો. (૩)

શુકાચાર્યજીની પ્રસન્નતા

શ્રી શુકાચાર્યજીએ કહ્યું, રાજન્ ! આ કલ્પમાં સ્વાયંભુવ વગેરે છ મનુઓ થઈ ગયા છે. (૪) રાજન્ ! તે સ્વાયંભુવ મનુની આકૂતિ અને દેવહૂતિ નામની બે કન્યાઓમાં ધર્મ તથા જ્ઞાનના ઉપદેશનાં દાન કરવા માટે ભગવાન

યજ્ઞનારાયણ તેમજ કપિલ ભગવાન બન્નેને ત્યાં પુત્રરૂપે અવતર્યા હતા.(૫) રાજન્ ! ભગવાને યજ્ઞાવતારમાં જે કર્મો કર્યાં તે હું તમને વર્ણવીશ. (૬) શતરૂપા રાણીના સમર્થ સ્વામી સ્વાયંભુવ મનુજી કામભોગમાં વૈરાગ્ય ધરાવતા હતા. તેઓ રાજ્યનો ત્યાગ કરી તપ કરવા વનમાં ગયા. (૭) હે ભારત ! હે રાજન્ ! મનુરાજાએ સુનંદા નદીના કિનારે સો વર્ષ પર્યન્ત ખડા પગે પૃથ્વી ઉપર ઊભા રહી ઘોર તપશ્ચર્યા કરી ઉપનિષદ્ દ્વારા ભગવદ્‌યશ ગાવા લાગ્યા. (૮)

ઈશોપનિષદ્‌ની અષ્ટરુચાઓ

સ્વાયંભુવ મનુ બોલ્યા કે આ વિશ્વને જે ચેતનાનું દાન કરે છે પરંતુ વિશ્વ જેને ચેતના આપી શકાતું નથી તે ભગવાન છે. તે ભગવાન આ જગત સૂઈ જાય છે-લીન થઈ જાય છે ત્યારે પ્રલયકાળમાં પણ જાગૃત રહે છે. જેમને આ જગત જાણતું નથી પણ જેઓ જગતને જાણે છે તે જ પરમાત્મા છે. (૯) આ ઈશ્વરથી સમસ્ત વિશ્વ વ્યાપ્ત છે અને જગતમાં જે કાંઈ પણ જોવા મળે છે તે પણ ઈશ્વર છે અને ઈશ્વરથી જ વ્યાપ્ત છે. હે માનવ ! ઈશ્વર તને જે આપે તે જ તું ભોગવ અથવા તો સર્વસ્વ ઈશ્વરને સમર્પીને ત્યાગ કરીને પછી જ તું ભોગવ પરંતુ પરધનની ઈચ્છા-વાંછા ન કરીશ અથવા જે કાંઈ ધન છે તે કોઈનું નથી, કેવળ ભગવાનનું છે માટે ધનની ઈચ્છા કેમ કરી શકાય (૧૦) જે ભગવાન સર્વને જુએ છે પરંતુ તે ભગવાનને યોગીનાં પણ ચક્ષુ જોઈ શકતા નથી. વળી જેમનું જ્ઞાન કદી નાશ નથી થતું તે સર્વના આધાર છે. અંતર્યામી છે છતાં પણ સર્વના સંગથી પર છે તે ભગવાનની ઉપાસના કરો. (૧૧) આ પરમેશ્વરને આદિ, અંત કે મધ્ય અવસ્થા નથી કે તેમને મન કોઈ પોતાનો કે પારકો નથી. તેમજ જે અંદર કે બહાર નથી. આ ભગવાનથી આદિ, અંત, મધ્ય, પોતાના, પારકાં, અંદર તથા બહાર એ સર્વ કોઈ વસ્તુઓનો વ્યવહાર થાય છે એ ભગવાનનું જ સ્વરૂપ છે. આ ભગવાન સત્ય સ્વરૂપ છે. પરિપૂર્ણ છે, બ્રહ્મ છે. (૧૨) તેમજ આ ભગવાન સર્વના ઈશ્વર છે, અનેક નામરૂપે ગવાય છે, અજન્મા છે, સત્યસ્વરૂપ છે, સ્વયંપ્રકાશ છે, પુરાતન છે, નિર્વિકાર છે તેમ આ જ ભગવાન પોતાની માયાશક્તિથી આ જગતમાં ઉત્પત્તિ, સ્થિતિ વગેરે કરે છે, એ જ ભગવાન કોઈ પણ ઈચ્છા વિનાનાં છે તે પોતાની જ્ઞાનવિદ્યાથી માયાશક્તિને પરાજિત કરી સ્વયં નિષ્ક્રિય બનીને રહે છે. (૧૩) ઋષિઓ પણ કર્મથી ન મળતા એવા મોક્ષને મેળવવા પહેલાં કર્મો કરે છે કારણ કે કર્મ કરનારો મનુષ્ય કાળે કરીને નિષ્કામ બને છે. (૧૪) ભગવાનના કોઈ ઈશ્વર નથી પરંતુ ભગવાન સર્વના ઈશ્વર છે, પૂર્ણ છે. તો પણ લોકહિત માટે કર્મો કરે છે છતાં તે કર્મોમાં આસક્ત થતા નથી. એ તો આત્મલાભથી પૂર્ણ છે. એ ભગવાનને જે ભજે છે તે કદી દુઃખી થતા નથી. (૧૫) મનુષ્યાદિ અવતારોને લેનારા છતાં અહંકારથી પર છે, વિવેકી છે, સર્વજ્ઞ છે, કોઈપણ પ્રકારની ઈચ્છાથી પર છે, પૂર્ણ છે. એમને કોઈ પણ પ્રેરણાની આવશ્યક્તા નથી, કારણ કે તે ભગવાન જ્ઞાની છે, પરિપૂર્ણ છે અને સમર્થ છે. આમ છતાં દયાળુ છે, તેથી પોતાના આચરણથી મનુષ્યોને શિક્ષણ આપી રહ્યા છે અને સમગ્ર ધર્મો પ્રવર્તાવી રહ્યા છે તે ભગવાનને હું શરણે જાઉં છું. (૧૬)

રાક્ષસોનું આક્રમણ

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! મનુ મહારાજા સમાધિ અવસ્થામાં હતા. અન્તર્મુખ બની મંત્રોપનિષદ્‌નો પાઠ કરતા હતા. યાતુધાન રાક્ષસોને લાગ્યું કે આ તો અભાન દશામાં છે એમ માની અસુરો તથા રાક્ષસો ભૂખના માર્યા ભક્ષણ કરવા દોડ્યા. (૧૭) આ સમયે અસુરોને ભક્ષણ કરવાના નિશ્ચયવાળા જાણી સર્વવ્યાપી શ્રીહરિ યજ્ઞભગવાને પોતાના પુત્ર યામ નામના દેવોથી વીંટાઈને અસુરોનો તથા રાક્ષસોનો નાશ કરી સ્વર્ગનું રાજ્ય કર્યું હતું. આ મન્વન્તરમાં ''યજ્ઞ'' ભગવાન સ્વયં ઈન્દ્ર થયા હતા. (૧૮)

બીજા સ્વારોચિષ મનુ

બીજા મન્વન્તરમાં અગ્નિના પુત્ર સ્વારોચિષ નામના મનુ થયા. આ મન્વન્તરમાં ''બ્રહ્મચર્ય'' ધર્મ મુખ્ય હતો. દ્યુમત્, સુષેણ તથા રોચિષ્મત્ વગેરે સ્વારોચિષ મનુના પુત્રો હતા. (૧૯) બીજા મન્વન્તરમાં રોચક નામના ઈન્દ્ર હતા. તુષિત વગેરે દેવો હતા. ઉર્જસ્તંબ વગેરે સાત બ્રહ્મવાદી ઋષિઓ હતા. (૨૦) વેદશિરા નામના ઋષિની તુષિતા નામની

પત્નીમાં 'વિભુ' નામનો ભગવાન શ્રીહરિનો અવતાર થયો. (૨૧) આ શ્રીવિભુભગવાન કુમારાવસ્થાથી જ બ્રહ્મચારી હતા. જેથી અઠયાશી હજાર વ્રતધારી મુનિઓએ શ્રી વિભુભગવાન પાસેથી વ્રતશિક્ષણ લીધું હતું. (૨૨)

ત્રીજા ઉત્તમ મનુ

રાજન્ ! ત્યાર બાદ ત્રીજા મન્વન્તરમાં પ્રિયવ્રતના પુત્ર ઉત્તમ નામના ત્રીજા મનુ થયા. 'ઉત્તમ' મનુના પવન, સંજય તથા યજ્ઞહોત્ર વગેરે પુત્રો હતા. આ ત્રીજા મન્વન્તરમાં ''સત્યં વદ''એ ધર્મ મુખ્ય હતો. (૨૩) વસિષ્ઠ મુનિના પ્રમદ વગેરે સાત પુત્રો ઋષિઓ થયા. સત્ય, વેદશ્રુત અને ભદ્ર નામના દેવો હતા. 'સત્યજિત' નામના ઈન્દ્ર હતા. (૨૪) ધર્મનાં પત્ની સૂનૃતા દેવીને ત્યાં સત્યવ્રત નામના દેવોની સાથે 'સત્યવ્રત' નામનો ભગવાનનો અવતાર થયો. (૨૫) ભગવાન સત્યસેન સત્યજિતે ઈન્દ્રના મિત્ર બની અસત્ય વ્રતવાળા દુરાચારી, દુષ્ટ અને પ્રાણીઓનો દ્રોહ કરનારા યક્ષો, રાક્ષસો તથા ભૂતગણોનો નાશ કર્યો. (૨૬)

ચોથા તામસ મનુ

રાજન્ ! ચતુર્થ મન્વન્તરમાં ઉત્તમના ભાઈ 'તામસ' નામના મનુ થયા. આ ચોથા મન્વન્તરમાં 'વેદાધ્યયન' એ મુખ્ય ધર્મ હતો. પૃથુ, ખ્યાતિ, નર તથા કેતુ વગેરે દશ મનુ પુત્રો થયા. (૨૭) સત્યક, હરિ તથા વીર નામના દેવો થયા. 'ત્રિશિખ' નામના ઈન્દ્ર થયા અને આ 'તામસ' મન્વન્તરમાં જ્યોતિર્ધામ વગેરે ઋષિઓ થયા. (૨૮) રાજન્ ! વિધૃતના પુત્ર 'વૈધૃતિ' નામના બીજા પણ દેવો તે મન્વન્તરમાં થયા હતા. આ વૈધૃતિ નામના દેવોએ કાલબલથી નષ્ટ થયેલા વેદોને પોતાના તેજથી ધારણ કરી રાખ્યા હતા. (૨૯) વળી આ મન્વન્તરમાં પણ હરિમેધસ ઋષિની હરિણી નામની પત્નીમાં 'હરિ' નામનો ભગવાનનો અવતાર થયો. આ હરિ ભગવાનને ગજેન્દ્રને મગર પાસેથી છોડાવ્યો હતો. (૩૦)

રાજા પરીક્ષિતજીએ પ્રશ્નો કર્યો કે હે મુનિવર ! ભગવાને ! ''હરિ''નો અવતાર લઈને મગરે ગળેલા ગજેન્દ્રને છોડાવ્યો હતો તે કથા અમે આપની પાસેથી સાંભળવા ઈચ્છીએ છીએ. (૩૧) ભગવાન ! ભગવાનની કથા અત્યંત ઉત્તમ પુણ્યમયી ધન્ય-મંગલમય અત્યંત શુભ છે. જ્યાં જ્યાં ઉત્તમશ્લોક ભગવાન શ્રીકૃષ્ણ 'શ્રીહરિ'ના ગુણગાન થાય છે તે કથા સર્વશ્રેષ્ઠ કથા જ હોય છે. (૩૨)

શ્રી સૂતજીએ કહ્યું કે મહર્ષિઓ ! અનશન વ્રત લઈને બિરાજેલ પરીક્ષિત રાજાએ જ્યારે આ પ્રશ્ન કર્યો ત્યારે બાદરાયણ વ્યાસજીના કુમાર શ્રીબાદરાયણિ શુકાચાર્યજીએ મુનિજનોની પરિષદમાં પરીક્ષિત રાજાનો આદર બહુમાન કરી અત્યંત હર્ષથી શ્રીહરિની કથાનો આરંભ કર્યો. (૩૩)

परीक्षितैवं स तु बादरायणिः प्रायोपविष्टेन कथासु चोदितः ।
उवाच विप्रा प्रतिनन्द्य पार्थिवं मुदा मुनीनां सदसि स्म श्रृण्वताम् ॥ ३३ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનાં અષ્ટમ સ્કંધમાંના ''આપત્તિમાં હરિસ્મરણ નામના પ્રથમ પ્રકરણમાંનો ચાર મનુઓના પ્રસંગનું વર્ણન કરતો અધ્યાય ૧લો સમાપ્ત.

અધ્યાય ૨જો

[આ અધ્યાયમાં ૩૩ શ્લોકો છે. આ બીજા અધ્યાયમાં ગજ અને ગ્રાહયુદ્ધનું વર્ણન કરેલું છે.]

श्रीशुक उवाच-आसीद् गिरिवरो राजस्त्रिकूट इति विश्रुतुः । क्षीरोदेनावृतः श्रीमान् योजनायुतमुच्छ्रितः ॥ १ ॥

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! એ 'ત્રિકૂટ' નામનો પર્વત હતો. દશ હજાર યોજનની તેની ઊંચાઈ હતી. પર્વતની ખૂબ જ નામના હતી. પર્વત ખ્યાત નામ હતો. ક્ષીરસાગરથી તે વીંટળાયેલ હતો. (૧) આ પર્વતની ઊંચાઈ દશ હજાર યોજનની હતી અને પર્વતનો વિસ્તાર પણ ચારે તરફથી દશહજાર યોજન જેટલો જ હતો. વળી ત્રિકૂટ પર્વતનાં રૂપાનાં, લોખંડનાં તથા સુવર્ણનાં ત્રણ શિખરોથી સમુદ્ર, દિશાઓ તથા આકાશને પ્રકાશિત કરી રહ્યો છે. (૨) આ ઉપરાંત રત્નો અને ધાતુઓનાં રંગબેરંગી અનેક શિખરોથી શોભતો હતો. વળી વિવિધ પ્રકારનાં તરુવરો અને લતાવૃન્દોથી સમૃદ્ધ

હતો. સાથે સાથે ઝરણાંઓના જલના ખળભળાટથી તે સર્વ દિશાઓને શીતલ સમૃદ્ધ કરતો અત્યંત શોભામય હતો. (૩) આ ત્રિકૂટ તળેટીના પ્રદેશને ચારે તરફથી દૂધના તરંગોથી ધૂધવતા ક્ષીરસાગર, હરિયાળા રંગના મરકત મણિઓના તે પર્વતની ભૂમિને શ્યામવર્ણી બનાવી સ્નાન કરાવી રહ્યા હતા. (૪) પર્વતની કંદરા અને તળેટીમાં વિહાર કરતા સિદ્ધો, ચારણો, ગંધર્વો, વિદ્યાધરો, મહાન સર્પો, કિન્નરો તથા અપ્સરાઓ એ પર્વતનાં શિખરોને રસથી સેવી રહેલાં હતાં. (૫) રાજન્ ! ગંધર્વ આદિના સંગીત સ્વરોથી ગુફાઓ ગુંજન કરતી હતી. સંગીતના નાદને સહન ન કરતા સિંહો આ તે ક્યા સિંહો ગર્જના કરી રહ્યા છે એવી શંકાથી અસૂયા સેવતા સામી ગર્જનાઓ કરતા હતા. (૬) વનપશુઓના વૃન્દોથી ભરચક રહેતી ખીણોથી પર્વત અત્યંત સુંદર લાગતો હતો. રાજન્ ! પર્વતમાં વિવિધ પ્રકારનાં વૃક્ષો, સરોવરો તથા ઉદ્યાનોમાં મધુર કંઠવાળા પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં છે. (૭) વળી સ્વચ્છ જળવાળી સરિતાઓ અને સરોવરો પણ છે. રાજન્ ! મણિ જેવી ચળકતી રેતીવાળા કિનારાઓવાળી સરિતાઓનાં જલવાયુ દેવોની સ્ત્રિઓનાં સ્નાનની સુગંધથી સુગંધિત રહેતાં હતાં. (૯)

ઋતુમાન ઉદ્યાન

આ પર્વતની એક કંદરામાં મહાત્મા ભગવાન વરુણદેવનો ઋતુમાન નામનો ઉદ્યાન હતો. આ ઉદ્યાન દેવાંગનાઓનું ક્રીડાંગણ હતું. (૯) આ ઉદ્યાન ચારે તરફ દિવ્ય પુષ્પિત વૃક્ષોથી-ફલલચેલ વૃક્ષોથી સદા સુશોભિત રહે છે. મંદાર તથા પારિજાત નામનાં કલ્પવૃક્ષો, પાટલ, આસોપાલવ, ચંપા, આંબા, રાયણ, ફણસ, આમ્રાતક, પૂગીફલ, શ્રીફળ, ખજૂરી, બિજોરાં, મહુડાં, સાગ, તાડ, તમાલ, અસનવૃક્ષ, ધોળા સાજડ, અરીઠી, ઉંબરા, પીપર, વડ, ખાખર, ચંદન, લીંબડા, કાંચનાર, ગૂગળનાં વૃક્ષો, દેવદારુ વૃક્ષો ઉપરાંત દ્રાક્ષના વેલા, શેરડી, કેળ, જાંબુડી, બોરડી, બહેડાં હરડે, આંબળી, બીલી, કોઠી, લીંબુ તથા ભિલામાં વગેરે તરુવરોથી સઘન વન શોભી રહ્યું હતું. (૧૦-૧૩) આ વનમાં સુંદર કિનારાવાળું અને સુશોભિત સુવર્ણરંગનાં કમલોવાળું એક સરોવર પણ હતું. આ સરોવરમાં પોયણાં, શ્યામકુવલય કમળ, શ્વેત અરવિન્દ કમલ, લાલ પદ્મકમલ અને સહસ્ત્રદળ કમળોની શોભાથી ઓર શોભા આપી રહ્યું હતું. (૧૪) મદમાતા ભમરાઓના ગુંજારવથી અને મનોહર શબ્દ કરતા પક્ષીઓથી ગુંજી રહ્યું હતું. (૧૫) હંસ અને બતક પક્ષીઓથી તે વ્યાપ્ત હતું. રાજન્ ! ચક્રવાક, સારસ પક્ષીઓ, જળકૂકડા, કોકિલ તથા બપૈયાઓનાં ટોળાના શબ્દોથી સરોવર ગુંજી રહ્યું હતું. (૧૬) આ સરોવરનું જળ માછલાં અને કાચબાઓના સંસારથી હાલતાં કમળોની પરાગ રજથી ઘેરાયેલું રહ્યું હતું. (૧૬) આ સરોવરનું જળ માછલાં અને કાચબાઓના સંસારથી હાલતાં કમળોની પરાગ રજથી ઘેરાયેલું ગુંજી રહ્યું હતું. (૧૬) આ સરોવરનું જળ માછલાં અને કાચબાઓના સંસારથી હાલતાં કમળોની પરાગ રજથી ઘેરાયેલું હતું. સુવાસિત કદંબ, નેતર, નલઘાસ, આસોપાલવ તથા વંજુલનાં વૃક્ષોથી તે સરોવરના મોગરા, કુરબક-કાંટાશેરિયા, આસોપાલવ, શિરીષ-સરસડા, કડાયા, ઈંગોરિયા, કુબ્જક-શેવતી, સોનેરી જુઈ, સ્વર્ણપૂગી, નાગચંપા, પુન્નાગ, જાઈ, મલ્લિકા, કમળો તથા માધવી વગેરે લતાઓ અને વૃક્ષો કિનારે ઊગેલાં છે અને સર્વ ઋતુનાં ફળફૂલવાળાં વૃક્ષોથી તથા બીજા વૃક્ષોથી તે સરોવર અત્યંત શોભી રહ્યું હતું. (૧૮-૧૯)

ગજેન્દ્રનો સરોવરમાં પ્રવેશ

રાજન્ ! એક સમયે આ પર્વતના વનમાં રહેતો એક મહાન ગજેન્દ્ર પોતાની હાથણીઓ સાથે વિચરતો વિચરતો કાંટાવાળાં વૃક્ષોને તથા પોલા વાંસ અને નક્કર વાંસવાળાં વિશાળ વૃક્ષોને ઉખાડતો, તોડતો પેલા સરોવર સમીપે જઈ પહોંચ્યો. (૨૦) આ ગજરાજના મદગંધથી જ સિંહો, મહાન ગજરાજો, ગેંડા, વાઘ વગેરે શિકારી પશુઓ, મોટા સર્પો, શ્વેત શ્યામવર્ણા હરિણો, અષ્ટાપદોને ચમરી મૃગો ભયભીત બની ભાગી જવા લાગ્યાં. (૨૧) મોટાં વરુઓ, ભૂંડો, પાડા, રીંછો, શેઢાઈઓ, વાનરો, શ્વાન, મર્કટ, હરણો, સસલાં અને બીજા ક્ષુદ્ર પ્રાણીઓ માત્ર આ હાથીની રહેમનજરથી આ વનમાં નિર્ભય થઈ વિચરતા હતાં. (૨૨) આ મદઝરતો માતંગ આ સમયે તાપ સંતપ્ત બની હાથીઓ, હાથણીઓ તથા હાથીનાં બચ્ચાંઓથી વીંટાએલો ત્રિકૂટગિરિને પોતાના ભારે દેહથી ધ્રુજાવતો અને મદપાન કરનાર ભમરાઓથી

સેવાઈ રહ્યો હતો. (૨૩) વળી તે કમળના પરાગથી વ્યાપ્ત સરોવરના વાયુને નજીકમાં સૂંઘતો હતો. ગજરાજની આંખો મદછકેલી હતી તેનું ટોળું પણ જલની પ્યાસથી પીડાતું હતું. તૃષાર્ત ગજેન્દ્ર ઉતાવળી ચાલે પેલા સરોવર પાસે આવી પહોંચ્યો. (૨૪) ત્યાં તે ગજેન્દ્રે સરોવરમાં ઊતરી શીતલ જલથી સ્નાન કરી શ્રમ રહિત થઈ સોનેરી અને ગુલાબી રંગીન કમળોના રજથી સુવાસિત, નિર્મળ, અમીમય, જલને પોતાની સૂંઢથી ખેંચી ખૂબ પીધું. (૨૫) ગજેન્દ્રે પોતાની સૂંઢથી સિંચેલા જળકણોથી ગૃહસ્થની માફક પોતાની હાથણીઓને તેમજ બચ્ચાંઓને સ્નાન કરાવ્યું તેમજ જલ પાયું. રાજન્ ! ભગવાનની વિચિત્ર માયાથી ગજેન્દ્ર પોતાના કુટુંબમાં સંસારી જનની માફક અત્યંત આસક્ત અને ઉનમત્ત હતો. રાજન્ ! ઉન્માદને કારણે એણે પોતાની ઉપર આવી પડેલા સંકટને ન જોયું. (૨૬)

ગજગ્રાહ એટલે હાથી અને મગરની ખેંચતાણ

રાજન્ ! આ પ્રસંગે દૈવપ્રેરિત કાલ જેવા મગરે ક્રોધથી તે હાથીનો પગ પકડ્યો, એટલે દૈવેચ્છાથી એ રીતે દુઃખમાં આવેલો તે અત્યંત બલિષ્ટ ગજેન્દ્ર પણ પોતાના બળ પ્રમાણે મુક્ત થવા મહેનત કરવા લાગ્યો. (૨૭) આ રીતે અત્યંત બલિષ્ઠ મગરથી ખેંચાતા તે દુઃખી હાથીને જોઈ દીનબુદ્ધિ થયેલી હાથણીઓ રુદન કરવા લાગી અને તેના ટોળાના અન્ય હાથીઓ પણ ગજરાજને દુઃખમાંથી છોડાવવા સમર્થ થઈ શક્યા નહીં. (૨૮) એ ગજેન્દ્ર અને મગર બન્ને યુદ્ધ કરતા જ રહ્યા તેમજ પરસ્પરને બહાર તથા અંદર ખેંચતા હતા. બન્ને સમાન બળવાળા હતા. તેથી હે રાજન્ ! આ પ્રકારે યુદ્ધ કરતાં ગજેન્દ્ર અને મગરને એક હજાર વર્ષ વીતી ગયાં. આ બન્નેના યુદ્ધને જોઈ દેવો પણ વિસ્મય પામવા લાગ્યા. (૨૯) રાજન્ ! આખરે જળમાં ખેંચાતાં અને દુઃખી થતાં લાંબે કાળે તે હાથીથી ઉત્સાહશક્તિનો, શરીરશક્તિનો અને રાજન્ ! આખરે જળમાં ખેંચાતાં અને દુઃખી થતાં લાંબે કાળે તે હાથીથી ઉત્સાહશક્તિનો, શરીરશક્તિનો અને ઇન્દ્રિયશક્તિનો મોટો ક્ષય થયો અને મગરની શક્તિઓ તો ઉલટી વધવા લાગી. (૩૦) આખરે ગજેન્દ્ર દૈવેચ્છાથી પરાધીન બની પોતે દેહધારી હોઈ પ્રાણસંકટમાં આવી પડ્યો અને પોતાને છોડાવવા અસમર્થ થયો ત્યારે અંતકાલે તેણે વિચાર કર્યો કે. (૩૧)

इत्थं गजेन्द्रः यदाऽऽप संकटं प्राणस्य देही विवशो यदच्छया ।
अपारयन्नात्मविमोक्षणे चिरं दध्याविमां बुद्धिमथाभ्यपद्यत ॥ ३१ ॥
न मामिमे ज्ञातय आतुरं गजाः कुतः करिण्यः प्रभवन्ति मोचितुम् ।
ग्राहेण पाशेन विधातुरावृतोऽप्यहं च तं यामि परम्परायणम् ॥ ३२ ॥

જો મારા આ સંબંધી હાથીઓ મને દુઃખીને છોડાવવા સમર્થ નથી તો આ હાથણીઓ તો મને ક્યાંથી છોડાવી શકે ? હું મગરરૂપ કાલપાશથી મુક્ત થવા માટે સર્વજ્ઞ પરમેશ્વરને શરણે જાઉં છું. (૩૨) જે ઈશ્વર પ્રચંડ વેગવાળા અને સામેથી દોડી આવતા કાલરૂપ સર્પથી અત્યંત ભય પામેલા શરણાગતનું સર્વ તરફથી રક્ષણ કરે છે. અને જેનાથી ભયભીત બની મૃત્યુ પણ દોડી જાય છે તે પરમેશ્વરને અમે શરણે જઈએ છીએ. (૩૩)

य कश्चनेशो बलिनोऽन्तकोरगात्प्रचण्डवेगादभिधावतो भृशम् ।
भीतं प्रपन्नं परिपाति यभ्दयान्मृत्युः प्रधावत्यरणं तमीमहि ॥ ३३ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના અષ્ટમ સ્કંધ ''હરિસ્મરણ નામના પ્રથમ પ્રકરણમાં ગજગ્રાહ સંગ્રામ''નું વર્ણન કરતો અધ્યાય ૨જો સમાપ્ત.

અધ્યાય ૩જો

[આ અધ્યાયમાં ૩૩ શ્લોકો છે. ''ગજેન્દ્રસ્તુતિ''નો અત્યંત મહત્ત્વનો આ અધ્યાય છે. અલૌકિક કામ નામના પુરુષાર્થની એમાં ગાથા છે. પ્રત્યેક ભક્તજન આ સ્તુતિ કરી શકે માટે સંપૂર્ણ સ્તુતિ મૂળ શ્લોકોમાં આપી છે. જેમને ફાવે તેમને સંસ્કૃતમાં સ્તુતિ કરવી ન ફાવે તે ગુજરાતીમાં પાઠ કરે.]

श्रीशुक उवाचःएवं व्यवसितो बुद्धया समाधाय मनो हृदि । जजाप परमं जाप्यं प्राग्जन्मन्यनु शिक्षितम् ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું, જ્યારે મગરની પકડમાંથી ના જ છુટાયું ત્યારે ગજેન્દ્રે બુદ્ધિના વિવેકપૂર્વક મનને હૃદયમાં સ્થિર

કરીને પૂર્વ જન્મમાં જે ઉત્તમ સ્તોત્ર શીખ્યો હતો તેનો જપ કરવાનું શરૂ કર્યું. (૧)

ગજેન્દ્રમોક્ષ સ્તુતિઃ શ્લોક ૨ થી ૨૯

ॐ नमो भगवते तस्मै यत एतच्चिदात्मकम् । पुरुषायादिबीजाय परेशायाभिधीमहि ॥ २ ॥

यस्मिन्निदं यतश्चेदं येनेदं य इदं स्वयम् । योऽस्मात्परस्माच्च परस्तं प्रपद्ये स्वयम्भुवम् ॥ ३ ॥

ગજેન્દ્રે ગાયું કે સર્વ શરીરમાં કારણ તરીકે રહેલા સર્વના આદિ કારણ અને પરમ ઈશ્વરને નમસ્કાર કરું છું. વળી જગતને ચૈતન્યમય કરનાર ભગવાનનું અમે ધ્યાન કરીએ છીએ. સર્વ વિશ્વને પોતાના સ્વરૂપમાં વસાવનાર, સર્વ વિશ્વને જન્મ આપનાર, સર્વ જગતને રચનાર, સર્વ જગત્સ્વરૂપ તેમજ કાર્ય તથા કારણથી પર પરમાત્માને નમસ્કાર. વળી હું સ્વયંભૂ એટલે સ્વતઃસિદ્ધ ભગવાનને શરણે જાઉં છું. (૨-૩)

यः स्वात्मनीदं निजमाययार्पितं क्वचिद्विभातं क्व च तत्तिरोहितम् ।

अविद्धदृक् साक्ष्युभयं तदीक्षते स आत्ममूलोऽवतु मां परात्परः ॥ ४ ॥

ભગવાને પોતાની માયા નામની શક્તિથી પોતાનામાં રહેલા જગતને રચેલ છે. તે આ જગત કોઈ સમય કાર્યરૂપે સ્પષ્ટ દેખાય તો વળી લય થતાં કારણરૂપ બની જતાં ના દેખાય પરંતુ પોતે તો જગતને દેખે છે. આ પરમેશ્વર સર્વનું મૂલ છે અને પોતે પોતાનું પણ મૂલ છે. એ પરમેશ્વરનું બીજું કોઈ કારણ નથી. આ સર્વ કારણોથી પર પ્રભુને વિનવું છું કે આપ મારી રક્ષા કરો. (૪)

कालेन पञ्चत्वमितेषु कृत्स्नशो लोकेषु पालेषु च सर्वहेतुषु ।

तमस्तदाऽऽसीद्‌गहनं गभीरं यस्तस्य पारेऽभिविराजते विभुः ॥ ५ ॥

સમગ્ર લોકો, લોકોના સર્વ કારણો કાળના નિમિત્તથી જ્યારે નાશ પામ્યાં હતાં ત્યારે ગહન અને ગંભીર એવો અંધકાર જ બધે હતો. તે અંધકારની પણ પેલે કિનારે સર્વત્ર વ્યાપક એવા ભગવાન બિરાજે છે. સમર્થ છે તે મારી રક્ષા કરો. (૫)

न यस्य देवा ऋषयः पदं विदुर्जन्तुः पुनः कोऽर्हति गन्तुमीरितुम् ।

यथा नटस्याकृतिभिर्विचेष्टतो दुरत्ययानुक्रमणः स माऽवतु ॥ ६ ॥

નાથ ! કોઈ રંગભૂમિ ઉપર જુદા જુદા વેષો લઈ કોઈ ચતુર નટ નાટય ખેલે ત્યારે તે નટોના મૂળ સ્વરોપોને મનુષ્યો જાણી શકતા નથી તે જ પ્રકારે ભગવાન પણ નાટય ખેલતા એક સમર્થ 'નટવર' છે-ઉત્તમ નટ છે. તેમના સ્વરૂપને પણ દેવો કે ઋષિઓ જાણી શકતા નથી. તો પછી એક ક્ષુદ્ર જન્તુ તો તે પરમ પદને પામવા કે ગાવા ક્યાંથી યોગ્ય બને ? માટે આવા અગમ ચરિત્રવાળા પરમેશ્વર મારી રક્ષા કરો. (૬)

दिदृक्षवो यस्य पदं सुमङ्गलं विमुक्तसङ्गा मुनयः सुसावधः ।

चरन्त्यलोकव्रतमव्रणं वने भूतात्मभूताः सुहृदः स मे गतिः ॥ ७ ॥

न विद्यते यस्य च जन्म कर्म वा न नामरूपे गुणदोष एव वा ।

तथापि लोकाप्ययसम्भवाय यः स्वमायया तान्यनुकालमृच्छति ॥ ८ ॥

પ્રભુનાં અત્યંત મંગલ ચરણકમલનાં દર્શન કરવા ઈચ્છતા મુનિઓ અને શ્રેષ્ઠ સાધુ પુરુષો સર્વ સંગ ત્યજી સર્વના સુહૃદ બની, સર્વભૂતમાં આત્મદૃષ્ટિ કેળવી વનમાં અસ્ખલિત બ્રહ્મચર્ય વગેરે વ્રતો આચરે છે તે ભગવાન મારો આશ્રય બનો. (૭) જે ભગવાનના મનુષ્યો જેવા જન્મ નથી, કર્મ નથી-નામ કે રૂપ, ગુણ, દોષ વગેરે કંઈ નથી તો પણ સમયાનુસાર લોકોની ઉત્પત્તિ તથા નાશ માટે ભગવાન પોતાની દિવ્યશક્તિથી અલૌકિક જન્મ, કર્મ, નામ, રૂપ, ગુણ વગેરે સ્વીકારે છે તે ભગવાનને મારા નમસ્કાર હો.

અનંત શક્તિવાળાએ પરમેશ્વરને એ પરબ્રહ્મને હું નમસ્કાર કરું છું. વળી રૂપરહિત છતાં અનેક સ્વરૂપો ધારણ કરનારા પ્રભુને પ્રણામ કરું છું. (૮)

तस्मै नमः परेशाय ब्रह्मणेऽनन्तशक्तये । अस्पायोरस्पाय नम आश्चर्यकर्मणे ॥ ९ ॥
नम आत्मप्रदीपाय साक्षिणे परमात्मने । नमो गिरां विदूराय मनसश्चेतसामपि ॥ १० ॥
सत्त्वेन प्रतिलभ्याय नैष्कर्म्येण विपश्चिता । नमः कैवल्यनाथाय निर्वाणसुखसंविदे ॥ ११ ॥
नमः शान्ताय घोराय गूढाय गुणधर्मिणे । निर्विशेषाय साम्याय नमो ज्ञानघनाय च ॥ १२ ॥
क्षेत्रज्ञाय नमस्तुभ्यं सर्वाध्यक्षाय साक्षिणे । पुरुषायात्ममूलाय मूलप्रकृतये नमः ॥ १३ ॥
सर्वेन्द्रियगुणद्रष्टे सर्वप्रत्ययहेतवे । असताच्छाययोक्ताय सदाभासाय ते नमः ॥ १४ ॥

અનન્ત શક્તિમાન, સર્વ ઐશ્ચર્ય સમ્પન્ન, પરબ્રહ્મ પરમાત્માને હું નમસ્કાર કરું છું જે ભગવાન અરૂપ હોવા છતાં અનન્તરૂપ છે. વળી નિરંતર આશ્ચર્યકારક કર્મ કરનારા છે તે પ્રભુને નમસ્કાર કરું છું. (૯) વળી સ્વયંપ્રકાશ સાક્ષીસ્વરૂપ પરમાત્માને પ્રણામ કરું છું. મન-વાણી-બુદ્ધિના પેલે પાર બિરાજતા પ્રભુને પ્રણામ કરું છું. (૧૦) વળી નિષ્કામ કર્મ યોગ દ્વારા વિવેકી જન વિશુદ્ધ સંન્યાસી પ્રભુ પદને પામી શકે છે, તેમજ તે ભગવાન મોક્ષના સ્વામી છે અને મોક્ષાનંદની અનુભવમૂર્તિ છે, હું તે ભગવાનને નમસ્કાર કરું છું. (૧૧) શાંતસ્વરૂપ ભગવાનને પ્રણામ, ઘોરસ્વરૂપ ભગવાનને પ્રણામ, મૂઢસ્વરૂપ ભગવાનને પ્રણામ, ગુણધર્મી ભગવાનને પ્રણામ. કોઈ જાતના નિર્વિશેષ ભેદાદિથી પર પરમાત્માને પ્રણામ, સર્વત્ર સમાનભાવે રહેલા અને કેવલ જ્ઞાનઘન ભગવાનને પ્રણામ. (૧૨) ક્ષેત્રજ્ઞ એટલે જીવસ્વરૂપ ભગવાન આપને પ્રણામ અધ્યક્ષ, નિર્વિકાર અને સર્વના સાક્ષીરૂપ પ્રભુને પ્રણામ, પુરુષસ્વરૂપને પ્રણામ, સર્વ જીવોના મૂળ સ્વરૂપ ભગવાનને પ્રણામ. પ્રકૃતિના પણ મૂલ કારણ ભગવાનને મારા નમસ્કાર. (૧૩) સર્વ ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષયોના દ્રષ્ટા ભગવાનને પ્રણામ સર્વ ઈન્દ્રિયનીવૃત્તિઓ અને જ્ઞાનના હેતુ ભગવાનને પ્રણામ, કેવળ અસતસ્વરૂપ અહંકારાદિ પ્રપંચો જેમને જણાવેલા છે તે ભગવાનને નમસ્કાર અને સર્વત્ર સદા ભાસમાન ભગવાનને નમસ્કાર. (૧૪)

नमो नमस्तेऽखिलकारणाय निष्कारणायाद्भुतकारणाय । सर्वागमाम्नाय महार्णवाय नमोऽपवर्गाय परायणाय ॥ १५ ॥
गुणारणिच्छन्नचिदूष्मपाय तत्क्षोभविस्फूर्जितमानसाय । नैष्कर्म्यभावेन विवर्जितागमस्वयंप्रकाशाय नमस्करोमि ॥ १६ ॥
माध्क्प्रपन्नपशुपाशविमोक्षणाय मुक्ताय भूरिकरुणाय नमोऽलयाय ।
स्वांशेन सर्वतनुभृन्मनसि प्रतीतप्रत्यग्घ्शे भगवते बृहते नमस्ते ॥ १७ ॥
आत्मात्मजागृहवित्तजनेषु सक्तैर्दुष्प्रापणाय गुणसङ्गविवर्जिताय ।
मुक्तात्मभिः स्वहृदये परिभाविताय ज्ञानात्मने भगवते नम ईश्वराय ॥ १८ ॥

અખિલ બ્રહ્માંડના મૂળ કારણ ભગવાનને વારંવાર નમસ્કાર. આપનું કોઈ કારણ નથી માટે કારણરહિત ભગવાનને નમસ્કાર. આપ સર્વના કારણ છો છતાં વિકારરહિત અભ્દ્રુત કારણરૂપ ભગવાનને નમસ્કાર. વેદ, પરરાત્રાદિ સર્વ આગમ શાસ્ત્ર સ્વરૂપ મહાન જ્ઞાનસમુદ્ર સ્વરૂપ ભગવાનને નમસ્કાર. મોક્ષસ્વરૂપ અને ઉત્તમ પુરુષોના આશ્રયરૂપ ભગવાનને નમસ્કાર. (૧૫) યજ્ઞના અરણિકાષ્ટમાં અગ્નિજેમ ગુપ્ત રહેલ છે એવી જ રીતે આપે આપના જ્ઞાનને ગુણોની માત્રાથી ઢાંકી રાખેલ છે એવા સત્ત્વાદિ સર્વગુણરૂપ અરણિકાષ્ઠમાં ગુપ્ત રીતે રહેલાં ચૈતન્ય જ્ઞાનાગ્નિ સ્વરૂપ ભગવાનને નમસ્કાર, ત્રણ ગુણોના ઓછાવત્તાપણાથી બનતા આ જગતમાં બ્રાહ્મવૃત્તિ મનવાળા આપને નમસ્કાર અને વિધિનિષેધોને ત્યજનારા જ્ઞાની પુરુષોમાં નિષ્કામ કર્મભાવથી એટલે આત્મજ્ઞાનની દૃષ્ટિથી શાસ્ત્રના વિધિનિષેધથી પર રહેતા સદા સ્વયં પ્રકાશતા પુરુષોત્તમને પ્રણામ. (૧૬) મારા જેવા નિ:સાધન જીવનો અવિદ્યા નામના અજ્ઞાનપાશમાંથી મુક્ત કરનાર પ્રભુને નમસ્કાર. નિત્યમુક્ત નાથને પ્રણામ, અત્યંત કરુણામય પ્રભુને પ્રણામ, લય ન પામતા પ્રભુને પ્રણામ. અંતર્યામીરૂપે પોતાના અંશથી સર્વ પ્રાણીઓના હૃદયમાં પ્રતીત થતા ભૂમિસ્વરૂપ ભગવાનને નમસ્કાર. (૧૭) પ્રત્યક્ષ જ્ઞાનદૃષ્ટિવાળા પ્રભુને નમસ્કાર. આત્મા-દેહ-પુત્ર-આપ્તજન-ઘર-ધન-સ્વજનમાં આસક્ત

રહેનારા જનોને દુર્લભ ભગવાનને નમસ્કાર. ત્રણ ગુણોના સંગથી રહિત ભગવાનને નમસ્કાર. મુક્તજનોએ પોતાના હૃદયમાં સદા પધરાવેલા તેમજ ચિંતન કરાતા ભગવાનને નમસ્કાર. જ્ઞાનરૂપ-સમર્થ ષડૈશ્વર્યપૂર્ણ ભગવાનને નમસ્કાર. (૧૮)

यं धर्मकामार्थविमुक्तिकामा भजन्त इष्टां गतिमाप्नुवन्ति ।
किंत्वाशिषो सत्यपि देहमव्ययं करोतु मेऽदभ्रदयो विमोक्षणम् ॥ १९ ॥
एकान्तिनो यस्य न कञ्चनार्थं वाच्छन्ति ये वै भगवत्प्रपन्नाः ।
अत्यद्भुतं तच्चरितं सुमङ्गलं गायन्त आनन्दसमुद्रमग्नाः ॥ २० ॥
तमक्षरं ब्रह्म परं परेशमव्यक्तमाध्यात्मिकयोगगम्यम् । अतीन्द्रियं सूक्ष्ममिवातिदूरमनन्तमाद्यं परिपूर्णमीडे ॥ २१ ॥
यस्य ब्रह्मादयो देवा वेदा लोकाश्चराचराः । नामरूपविभेदेन फल्गूव्या च कलया कृताः ॥ २२ ॥

ધર્મ-કામ-અર્થ તથા મોક્ષની કામનાવાળા પુરુષો આપનું ભજન કરીને મનવાંછિત ગતિને પામે છે એટલું જ નહીં, પરંતુ ભજન કરનારા ભક્તોના મનમાં કોઈ ઈચ્છા નથી તેવા ભક્તોને સર્વ પ્રકારની કામનાઓને પૂર્ણ કરનાર પોતાના જેવા અવિનાશી પાર્ષદ દેહને પણ આપ આપો છો. આપ અખંડ અને નિર્દોષ દયાવાળા છો. હે ભગવન્ ! આપ મારો મોક્ષ કરો. (૧૯) હે નાથ ! શરણાગત આપના ઐકાંતિક ભક્તો આપના અત્યંત અભ્દુત અને પરમ મંગલ ચરિત્રોનું ગાન કરતાં આનંદસમુદ્રમાં સદા નિમગ્ન રહે છે તેવા પ્રસન્ન અનન્ય ભક્તો તો આપના વિના કોઈ પણ પદાર્થને ઈચ્છતા જ નથી. (૨૦) ભગવન્ હું તેમને પગલે ચાલતો અવિનાશી બ્રહ્મ, સર્વથી પર, પરેશ એવા બ્રહ્માદિ દેવોના પણ ઈશ્વર, અવ્યક્ત આધ્યાત્મિક, ભક્તિયોગથી પ્રાપ્ત થતા, ઈન્દ્રિયોના વિષય ન બનતા, સૂક્ષ્મ, સમીપ છતાં વિષયવાસનાને લીધે અત્યંત દૂર લાગતા, અનંત અને સર્વના આદ્યતે પરિપૂર્ણ પરમેશ્વરની સ્તુતિ કરું છું. (૨૧) ભગવન્ ! આપે તો આપની અલ્પ કલાના અંશમાંથી બ્રહ્માદિ દેવો, સર્વ વેદો અને સ્થાવર જંગમ સર્વલોકોને નામ તથા રૂપના ભેદથી રચેલા છે તે ભગવાન જય પામો. (૨૨)

यथार्चिषोऽग्नेः सवितुर्गभस्तयो निर्यान्ति संयान्त्यसकृत्स्वरोचिषः ।
तथा यतोऽयं गुणसम्प्रवाहो बुद्धिर्मनः खानि शरीरसर्गाः ॥ २३ ॥
स वै न देवासुरमर्त्यतिर्यङ्न स्त्री न षण्ढो न पुमान्न जन्तुः । नायं गुणः कर्म न सन्न चासन्निषेधशेषो जयतादशेषः ॥ २४ ॥
जिजीविषे नाहमिहामुया किमन्तर्बहिश्चावृतयेभयोन्या । इच्छामि कालेन न यस्य विप्लवस्तरस्यात्मलोकावरणस्य मोक्षम् ।
सोऽहं विश्वसृजं विश्वमविश्वं विश्ववेदसम् । विश्वात्मानमजं ब्रह्म प्रणतोऽस्मि परं पदम् ॥ २६ ॥
योगरन्धितकर्माणो हृदि योगविभाविते । योगिनो यं प्रपश्यन्ति योगेशं तं नतोऽस्म्यहम् ॥ २७ ॥
नमो नमस्तुभ्यमसह्यवेगशक्तित्रयायाखिलधीगुणाय । प्रपन्नपालाय दुरन्तशक्तये कदिन्द्रयाणामनवाप्य वर्त्मने ॥ २८ ॥
नायं वेद स्वमात्मानं यच्छक्त्याहंधिया हतम् । तं दुरत्ययमाहात्म्यं भगवन्तमितोऽस्म्यहम् ॥ २९ ॥

જેમ અગ્નિમાંથી વારંવાર જ્વાળાઓ અને સૂર્યમાંથી કિરણો નીકળે છે અને પાછાં તેમાં જ લય પામે છે, તેમ એ સ્વયંપ્રકાશ પરમાત્માથી ગુણોના પ્રવાહરૂપ બુદ્ધિ, મન, ઈન્દ્રિયો તથા શરીરોની સૃષ્ટિઓ વારંવાર ઉત્પન્ન થાય છે અને પછી તેમાં જ લય પામે છે. (૨૩) જે ભગવાન દેવ, અસુર, મનુષ્ય કે પશુપક્ષી નથી, સ્ત્રી પુરુષ, નપુંસક કે કોઈ પ્રાણી નથી તેમજ જે ગુણ, કર્મ, સ્થૂળ કાર્ય કે સૂક્ષ્મ કારણ નથી કારણ કે જે સર્વ વસ્તુનો નિષેધ કરતાં અવશિષ્ટ રહે છે અને સર્વ સ્વરૂપ છે તે ભગવાન જય પામો. (૨૪) દૈન્યભાવે નિવેદન કરતા ગજેન્દ્રજી બોલ્યા નાથ ! હવે જીવવાની મને લાલસા નથી. હે ભગવન્ ! અંદર અને બહાર કેવળ અજ્ઞાનથી આવૃત્ત આ ગજ્યોનિથી મને શો લાભ છે ! હું તો આત્મપ્રકાશના આવરણરૂપ અજ્ઞાનથી છૂટવા જ ઈચ્છું છું. જે આત્મસ્વરૂપના જ્ઞાનનો કાલે કરી કદી નાશ નથી થતો તે જ્ઞાનને ઈચ્છું છું. (૨૫) તેથી હું તે પરબ્રહ્મ પરમાત્માને શરણે જાઉં છું, જેઓ વિશ્વરહિત હોવા છતાં પણ વિશ્વના રચનારા અને વિશ્વરૂપ છે અને વિશ્વના અંતરાત્મારૂપે વિશ્વરૂપ સામગ્રી વડે ક્રીડા પણ કરતા રહે છે તે પરમપદ અજન્મા બ્રહ્મને પ્રણામ કરું છું. (૨૬) યોગીઓ યોગ દ્વારા કર્મ, કર્મોની વાસના અને કર્મોના ફળને ભસ્મ

કરીને પોતાના યોગશુદ્ધ હૃદયમાં જે યોગેશ્વર ભગવાનનો સાક્ષાત્કાર કરે છે તે પ્રભુને હું નમસ્કાર કરું છું. (૨૭) સત્ત્વ, રજસ અને તમસરૂપ જેમની ત્રણ શક્તિઓનો રાગદ્વેષાદિ વેગ અસહ્ય છે, સમગ્ર ઈન્દ્રિયોને શબ્દાદિ વિષયોરૂપે જે જણાય છે, શરણે આવેલાનું જે રક્ષણ કરે છે. જેમની શક્તિ અપાર છે તેમજ દુષ્ટ ઈન્દ્રિયોવાળાને જેમનો માર્ગ જડતો નથી, તે ભગવાનને પ્રણામ કરું છું. (૨૮) જેમની માયાશક્તિથી થતી અહંબુદ્ધિને લીધે ઢંકાયેલા પોતાના આત્મરૂપ જે ભગવાનને લોકો જાણતા નથી અને જેમનું માહાત્મ્ય ઓળખવું મુશ્કેલ છે તે ભગવાનને શરણે હું ગયો છું. (૨૯)

દેહાભિમાની દેવો ના પધાર્યા : श्रीशुक उवाच-एवं गजेन्द्रमुपवर्णितनिर्विशेषं ब्रह्मादयो विविधलिङ्गभिदाभिमानाः ।

नैते यदोपससृपुर्निखिलात्मकत्वात्तत्राखिलामरमयो हरिराविरासीत् ॥ ३० ॥

तं तद्वदार्त्तमुपलभ्य जगन्निवासः स्तोत्रं निशम्य दिविजैः सहसंस्तुवद्भिः ।

छन्दोमयेन गरूडेन समूह्यमानश्चक्रायुधोऽभ्यगमदाशु यतो गजेन्द्रः ॥ ३१ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે જ્યારે ગજેન્દ્રજીએ કોઈના નામસ્વરૂપનો વિશેષ ઉલ્લેખ કર્યા વિના પરમતત્ત્વ ભગવાનની પુષ્કળ સ્તુતિ કરી ત્યારે ભિન્ન ભિન્ન નામ અને સ્વરૂપમાં અભિમાનવાળા બ્રહ્માદિ દેવો ગજેન્દ્રને છોડાવા ન આવ્યા ત્યારે સ્વયં સમગ્ર સ્વરૂપ હોવાથી સર્વદેવમય કૃપાળુ શ્રીહરિ પ્રગટ થયા. (૩૦) રાજન્ ! જગન્નિવાસ શ્રીહરિએ ગજેન્દ્રને તે સમયે તેવો આર્ત-દુઃખી જોયો તે આર્તની અંતરની સ્તુતિ સાંભળી ત્યારે સ્વર્ગીય દેવવરોથી સ્તુતિ કરાતા દેવોની સાથે વેદમય ગરુડ ઉપર બિરાજી શ્રીહસ્તમાં સુદર્શન ચક્ર ધારણ કરી મગરના મુખમાં ગજેન્દ્ર પકડાયા હતા ત્યાં સરોવર ઉપર અવિલંબે પધાર્યા. (૩૧)

सोऽन्तः सरस्युरुबलेन गृहीत आर्तो दृष्ट्वा गरुत्मति हरिं ख उपात्तचक्रम् ।

उत्क्षिप्य साम्बुजकरं गिरमाह कृच्छ्रान्नारायणाखिलगुरो भगवन्नमस्ते ॥ ३२ ॥

આ અવસરે સરોવરની અંદર અત્યંત બળવાન મગરના મુખમાં પકડાયેલા આર્તદુઃખી ગજેન્દ્રે ગરુડ ઉપર બિરાજેલા સુદર્શનચક્રધારી શ્રીહરિનાં દર્શન કર્યાં ત્યારે ભગવાનને ભેટ ધરવા કમળ પકડેલી સૂંઢને - પોતાના હાથને ઊંચો કરી અત્યંત કષ્ટથી હે નારાયણ ! હે અખિલ ગુરો ! હે ભગવન્ ! આપને નમસ્કાર કરું છું એમ દૈન્યભાવે બોલ્યા. (૩૨)

तं वीक्ष्य पीडितमजः सहसावतीर्य सग्राहमाशु सरसः कृपयोज्जहार ।

ग्राहाद्विपाटितमुखादरिणा गजेन्द्र सम्पश्यतां हरिरमूमुचदुस्त्रियाणाम् ॥ ३३ ॥

રાજન્ ! કૃપાસિંધુ ભગવાન ગજેન્દ્રની પીડા ન જોઈ શક્યા તેના દુઃખને જોઈ એકદમ ભગવાન શ્રીહરિ ગરુડજી ઉપરથી નીચે ઊતરી પડ્યા. મગર સાથે સરોવરમાં ગજેન્દ્રને બહાર ખેંચી લાવ્યા. સર્વ દેવો જોઈ રહ્યા હતા અને ભગવાને મગરના મુખને ચીરી નાખી ગજેન્દ્રને મુક્ત કરી દીધા. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. (૩૩)

ઈતિ શ્રીમદ્ ભાગવતપીયૂષ અષ્ટમ સ્કંધમાં ગજેન્દ્રસ્તુતિનો અધ્યાય ૩ જો સમાપ્ત.

અધ્યાય ૪ થો

[આ અધ્યાયમાં ૨૬ શ્લોકો છે. ગજેન્દ્રના પૂર્વજન્મની તેમજ મગરના પૂર્વ જન્મની કથા છે.]

ગન્ધર્વરાજની પૂર્વગાથા : श्रीशुक उवाच - तदा देवर्षिगन्धर्वा ब्रह्मेशानपुरोगमाः ।

मुमुचुः कुसुमासारं शंसन्तः कर्म तद्धरे ॥

શ્રીશુકાચાર્યજી મહારાજે કહ્યું કે રાજન્ ! જ્યારે ભગવાને ગજેન્દ્રમોક્ષ કર્યો ત્યારે બ્રહ્મા, ભગવાન શંકર અને અનેક દેવો, ઋષિઓ તથા ગંધર્વો શ્રીહરિના પવિત્ર કર્મની પ્રશંસા કરતા, પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. (૧) દેવોનાં દુંદુભિ વાગવા લાગ્યાં. ગન્ધર્વો નૃત્ય અને ગાન કરવા લાગ્યા. તેમજ ઋષિઓ, ચારણોને સિદ્ધો ભગવાન પુરુષોત્તમની સ્તુતિ કરવા લાગ્યા. (૨) રાજન્ ! આ મગર પૂર્વજન્મમાં ગન્ધર્વોમાં શ્રેષ્ઠ હૂહૂ નામનો ગંધર્વ હતો. પરંતુ દેવલઋષિના

શાપથી તેને મગરની યોનિ મળી હતી. આજે ભગવત્કૃપાથી તેણે અવિલંબે શાપથી મુક્ત મેળવી અને આશ્ચર્યકારક ઉત્તમ રૂપ ધારણ કર્યું અને ગંધર્વની યોનિ મેળવી. (૩) ગન્ધર્વની કાયા પામી ઉત્તમશ્લોક ભગવાનને પ્રણામ કરી યશનાં ધામરૂપ ગાવા યોગ્ય ગુણવાળા તથા પીવા યોગ્ય કથાકીર્તનવાળા ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. (૪) ત્યાર બાદ ભગવાનની કૃપાને પામેલા પાપમુક્ત બનેલા ગન્ધર્વરાજ ભગવાનની પ્રદક્ષિણા કરી, ભગવાનને પ્રણામ કરી સર્વના દેખતાં પોતાના સ્થાનમાં પધારી ગયા. (૫)

ઈન્દ્રદ્યુમ્ન રાજાની પૂર્વગાથા

ભગવાનના સ્પર્શથી અજ્ઞાન-બંધનથી છૂટેલા ગજેન્દ્ર પણ પીતાંબર ધારણ કરેલા અને ચતુર્ભુજ સ્વરૂપવાળા બની ભગવાનની કૃપાથી સાયુજ્ય મુક્તિ પામ્યા. (૬) એ ગજેન્દ્ર પૂર્વે પાંડ્ય દ્રવિડ દેશનાં ઉત્તમ રાજા હતા. ઈન્દ્રદ્યુમ્ન વિષ્ણુ ભગવાનનાં વ્રતો કરવામાં તત્પર રહેતા. (૭) રાજન્ પરીક્ષિત ! આ ઈન્દ્રદ્યુમ્ન રાજા એક દિવસ મલયાચલ પર્વતમાં આવેલા પોતાના આશ્રમમાં રહીને જિતેન્દ્રિય બની, વ્રતને અંગે સ્નાન કરી, વ્રતાંગ મૌનવ્રત લઈ તપસ્વી અને જટાધારી બની સર્વેશ્વર ભગવાન શ્રીહરિનાં અર્ચન કરતા હતા. (૮) તે અવસરે શિષ્યગણોથી વીંટાયેલા મહાયશસ્વી મુનિ અગસ્ત્ય દૈવેચ્છાએ રાજા ઈન્દ્રદ્યુમ્નને આશ્રમે આવી પહોંચ્યા. રાજાએ તે મુનિનાં અર્ચનાદિ ન કર્યાં કે સત્કાર ન કર્યો. કેવલ એકાન્તમાં મૌન લઈ બેસી રહ્યા. રાજાનો આવો ઘમંડ જોઈ અગસ્ત્ય કોપી ઊઠયા. (૯) અને આ પ્રમાણે શાપ આપતાં બોલ્યા : ''આ રાજા દુષ્ટ, દુરાત્મા અને અશિક્ષિત બુદ્ધિવાળા છે જેથી તેણે આજે બ્રાહ્મણનું અપમાન કર્યું છે, માટે હાથી જેવી સ્થૂળ બુદ્ધિવાળા આ રાજા હાથી જ બની જાઓ. (૧૦)

પ્રસંગકથાનું આગળ નિરૂપણ કરતા શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! પરીક્ષિત ! ભગવાન અગસ્ત્ય આ પ્રમાણે શાપ આપી પોતાના શિષ્યગણ સાથે ત્યાંથી ચાલ્યા ગયા અને રાજર્ષિ ઈન્દ્રદ્યુમ્ને આ પ્રસંગને પ્રારબ્ધનો યોગ માની લીધો કે ભગવાનની ઈચ્છા છે. (૧૧) પછી તે રાજા આત્મસ્વરૂપના સ્મરણનો નાશ કરનારી હાથીની યોનિ પામ્યા. પરંતુ શ્રીહરિની સેવાના મહિમાથી - સામર્થ્યથી ગજયોનિમાં પણ તેમને પૂર્વ જન્મનું સ્મરણ મૃત્યુ સમયે થયું હતું. (૧૨) એમ તે ગજેન્દ્રને ઝૂડથી છોડાવી શ્રી પદ્મનાભ ભગવાન ગરુડ ઉપર બિરાજી પાર્ષદ દેહને પામેલા ગજેન્દ્રની સાથે પોતાના અલૌકિક ધામમાં પધાર્યા. તે સમયે ગન્ધર્વો, સિદ્ધો તથા દેવો ભગવાનનાં કર્મોનું ગાન કરતા હતા. (૧૩) હે મહારાજ ! ગજરાજાના મોક્ષસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણનું ચરિત્ર મેં આપને કહ્યું. હે કુરુશ્રેષ્ઠ ! આ ચરિત્ર સાંભળનારાઓને સ્વર્ગ તથા યશ આપનાર અનેકલિકાલના કલેશને કાપનારું છે. (૧૪) માટે કલ્યાણ ઈચ્છનારા દ્વિજવરો એટલે વિપ્રો ક્ષત્રિયો અને વૈશ્યો પ્રાતઃકાલમાં ઊઠી પવિત્ર થઈ દુષ્ટ સ્વપ્નની શાંતિ માટે આ ગજેન્દ્રમોક્ષ ચરિત્રનો યથાર્થ પાઠ કરે. (૧૫) હે કુરુશ્રેષ્ઠ રાજન્ ! પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિએ સર્વ પ્રાણીઓના સાંભળતાં ગજેન્દ્રને આ પ્રમાણે કહ્યું હતું. (૧૬)

ભગવાનનો અનુગ્રહ - શ્લોક ૧૭ થી ૨૫

શ્રીહરિએ પ્રસન્ન થઈ ગજેન્દ્રને કહ્યું કે ગજેન્દ્ર ! જે કોઈ કલ્યાણ કામવાળા જનો હશે તે (૧) મને, (૨) ગજેન્દ્રને તમને, (૩) આ સરોવરને, (૪) ત્રિકૂટ પર્વતની કન્દરાને, (૬) આ વનને, (૭) પોલા કે નરક વાંસની ઝાડીને, (૮) કલ્પતરુઓને, (૯) આ ત્રણ શિખરોને, (૧૦) બ્રહ્માજીના બ્રહ્મલોકને, (૧૧) શિવજીના કૈલાસને, (૧૨) વિષ્ણુ ભગવાનના વૈકુંઠને, (૧૩) ક્ષીરસાગરને, (૧૪) મારા તેજસ્વી શ્વેતદ્વીપ ધામને, (૧૫) શ્રીવત્સચિહ્નને, (૧૬) કૌસ્તુભ મણિને, (૧૭) વૈજયંતી માલાને, (૧૮) કૌમોદકી ગદાને, (૧૯) સુદર્શન ચક્રને, (૨૦) પાંચજન્ય શંખને, (૨૧) પક્ષીરાજ ગરુડને, (૨૨) મારી સૂક્ષ્મ કલારૂપ શેષ ભગવાનને, (૨૩) સદા મારા આશ્રયવાળાં શ્રી લક્ષ્મીદેવીને, (૨૪) બ્રહ્માજીને, (૨૫) નારદજી ઋષિને, (૨૬) ભગવાન શંકરજીને, (૨૭) પ્રહલાજીને, (૨૮) મત્સ્યરૂપ, (૨૯) સુગ્રીવ,

(૩૦) કચ્છપ, (૩૧) નૃસિંહ, (૩૨) વરાહ, (૩૩) હંસ, (૩૪) શ્રીરામ, (૩૫) પરશુરામ, (૩૬) શ્રીવામન, (૩૭) શ્રીકૃષ્ણ આદિ અવતારોને, (૩૮) અનંત પુણ્યથી ભરેલાં કર્મ ચરિત્ર અવતાર લીલાઓને, (૩૯) સૂર્યને, (૪૦) સોમને, (૪૧) અગ્નિને, (૪૨) ૐકારને, (૪૩) સત્યને, (૪૪) અવ્યક્તને (૪૫) ગાયોને (૪૬) વિપ્રોને, (૪૭) સનાતન ધર્મની પત્નીઓને, (૪૮) શ્રદ્ધાને, (૪૯) મૈત્રી, (૫૦) દયા, (૫૧) શાંતિ, (૫૨) તુષ્ટિ, (૫૩) પુષ્ટિ, (૫૪) ક્રિયા, (૫૫) ઉન્નતિ, (૫૬) બુદ્ધિ, (૫૭) મેધા, (૫૮) તિતિક્ષા, (૫૯) લજ્જા, (૬૦) મૂર્તિ, (૬૧) સ્વાહા, (૬૨) સ્વધા, (૬૩) સતી, (૬૪) ચન્દ્રની સત્તાવીશને, (૬૫) કશ્યપની તેર પત્નીઓ; (૬૬) ગંગાજી, (૬૭) સરસ્વતી, (૬૮) નંદા, (૬૯) કાલિન્દી, (૭૦) શ્વેત ઐરાવત હાથી, (૭૧) ધ્રુવજી, (૭૨) સપ્તર્ષિઓ, (૭૪) કશ્યપ, (૭૫) અત્રિ, (૭૬) વશિષ્ટ, (૭૭) વિશ્વામિત્ર, (૭૮) ગૌતમ, (૭૯) જમદગ્નિ, (૮૦) ભરદ્વાજ, (૮૧) પરાશર (૮૨) પુંડરીક, (૮૩) વ્યાસ, (૮૪) અંબરીષ, (૮૫) શુક, (૮૬) શૌનક, (૮૭) ભીષ્મ, (૮૮) દાલ્ભ્ય, (૮૯) રૂકમાંગદ પત્નીઓ, (૯૦) અર્જુન, (૯૧) વિભીષણ, (૯૨) નલરાજા, (૯૩) યુધિષ્ઠિર, (૯૪) વૈદેહી, (૯૫) જનાર્દન, (૯૬) અહલ્યા, (૯૭) દ્રૌપદી, (૯૮) તારા, (૯૯) સીતાજી, (૧૦૦) મંદોદરી તેમજ પવિત્ર કીર્તિવાળા મનુષ્યોનું આ સર્વનું સવારમાં ઊઠી અરુણોદયના સમયે જિતેન્દ્રિય તથા એકાગ્રચિત્ત થઈ સ્મરણ કરે છે તેઓ બધાં પાપોથી છૂટે છે. કારણ કે આ બધાં મારાં જ સ્વરૂપો છે. હે ગજેન્દ્ર ! પ્રભાતમાં જાગી જેઓ તેં કરેલી આ સ્તુતિથી મારી સ્તુતિ કરશે તેઓને હું મરણ સમયે નિર્મળ બુદ્ધિ આપીશ. (૨૫) શ્રીશુકદેવજી બોલ્યા ઈન્દ્રિયોના નિયંતા ભગવાન એ પ્રમાણે ગજેન્દ્રને કહી ઉત્તમ શંખ વગાડી દેવસમૂહને હર્ષ ઉપજાવતા ગરુડ ઉપર બિરાજ્યા અને પોતાના ધામમાં પધાર્યા. (૨૬)

श्रीशुक उवाच-इत्यादिश्य हृषीकेशः प्रध्माय जलजोत्तमम् । हर्षयन्विबुधानीकमारुरोह खगाधिपम् ॥ २६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના અષ્ટમ સ્કંધના પ્રથમ હરિસ્મરણ પ્રકરણમાં હૂહૂ ગન્ધર્વ અને ઈન્દ્રદ્યુમ્ન રાજાના અપરાધનું વર્ણન કરતો અધ્યાય ૪થો સમાપ્ત.

અધ્યાય ૫મો

[આ અધ્યાયમાં ૫૦ શ્લોકો છે. આ પાંચમાં અધ્યાયથી ચૌદમા અધ્યાય પર્યન્ત સમુદ્રમંથન-કથા આવશે. આ પ્રકરણનું નામ 'દાન પ્રકરણ' છે. પાંચમા અધ્યાયમાં બ્રહ્માજીએ દેવોને ભગવાનના શરણે જવાની સન્મતિનું દાન કર્યું. છઠ્ઠા અધ્યાયમાં ભગવાનને દેવોને દર્શનદાન, અભયદાન અને સમુદ્રમંથન-સામર્થ્ય દાન કર્યું. ૭મા અધ્યાયમાં દેવોને સમુદ્રમંથન સામર્થ્યદાન કૂર્માવતાર દ્વારા મંદર ધારણ કરવા કૂર્મપીઠદાન, ભગવાન શંકર દ્વારા વિષભક્ષણ કરી સર્વ લોકોને પ્રાણદાન કર્યું. ચતુર્થ અધ્યાય સુધી ચાર ચાર મન્વન્તરની કથા વર્ણવીને બાકી રહેલા દશ મન્વન્તરની કથા આ દશ અધ્યાયોમાં પૂર્ણ કરશે. આ પાંચમા અધ્યાયમાં પાંચમા રૈવત મુનની અને છઠ્ઠા "ચાક્ષુષ" મનુની કથા વર્ણવાઈ છે. પાંચમા મન્વન્તરમાં પ્રભુને ચઢાવવા તુલસીદલ વગેરે વ્રતો દ્વારા ભગવાનને મેળવવાનો ધર્મ વર્ણવ્યો છે અને છઠ્ઠા મન્વંતરમાં સત્પુરુષો, ઉત્તમ પુરુષો અને ભગવાનની 'સેવા'ને ધર્મ કહ્યો છે.]

પાંચમા રૈવત મનુની ગાથા : श्रीशुक उवाच-राजन्नुदितमेतत्ते हरेः कर्माघनाशनम् । गजेन्द्रमोक्षं पुण्यं रैवतं त्वन्तरं श्रृणु ॥ १ ॥

શ્રીશુકદેવજીએ કહ્યું, રાજન્ પરીક્ષિત ! મેં આપને પાપનો નાશ કરનાર શ્રીહરિના ગજેન્દ્રમોક્ષ નામના ચરિત્રને સંભળાવ્યું. હવે રૈવત મન્વન્તરની કથા સાંભળો. (૧) રાજન્ ! પાંચમા રૈવત નામના મનુ થયા. આ રૈવત મનુ ચતુર્થ તામસ નામના મનુના ભાઈ થાય. અર્જુન, બલિ તથા વિંધ્ય વગેરે તેના પુત્રો હતા. (૨) રાજન્ ! આ મન્વન્તરમાં વિભુ નામના ઈન્દ્ર હતા. ભૂતરય વગેરે દેવો હતા અને હિરણ્યરોમા, વેદશિરા તથા ઊર્ધ્વબાહુ વગેરે દ્વિજો સપ્તર્ષિ હતા. (૩) તેમાં શુભ્ર નામના ઋષિનાં વિકુંઠા નામનાં પત્ની હતાં. શુભ્ર તેમનાં પત્નીમાં વૈકુંઠ ભગવાન વૈકુંઠ નામના ઉત્તમ દેવો સાથે પોતાના અંશથી અવતર્યા હતા. (૪) આ વૈકુંઠ ભગવાનને પોતાનું પ્રિય ઈચ્છતાં લક્ષ્મીદેવીજીની પ્રાર્થનાથી વૈકુંઠલોકનું નિર્માણ કર્યું. આ વૈકુંઠલોક મસ્તક લોકોમાં શ્રેષ્ઠ છે. (૫) રાજન્ ! આ વૈકુંઠ ભગવાનનું ચરિત્ર તથા ઉત્તમ ઉદય કરનારા ભગવાનના ગુણો મેં આપને કહ્યા. ભગવાન વિષ્ણુના સંપૂર્ણ ગુણોનું વર્ણન તો તે જ કરી શકે કે જે પૃથ્વીના પરમાણુઓ ગણી શકે. (૬)

ચાક્ષુષ મનુગાથા

પછી છઠ્ઠા ચાક્ષુષ નામના મનુ થયા. રાજા ! ચક્ષુષના તે પુત્ર થાય. શ્રી ચાક્ષુષ મનુના પુરુ-પુરુષ-સુદ્યુમ્ન વગેરે પુત્રો થયા. (૭) હે રાજન્ ! તે મનુના સમયમાં મંત્રદ્રુમ નામના ઈન્દ્ર હતા, આપ્ય આદિ દેવગણો હતા તથા હવિષ્મદ્ અને વીરક આદિ સપ્તર્ષિઓ હતા. (૮) આ મન્વન્તરમાં પણ જગતના પતિ ભગવાન વૈરાજની સંભૂતિ નામની પત્નીમાં પોતાના અંશથી 'અજિત' નામે અવતર્યા હતા. (૯) રાજન્ ! શ્રી અજિત ભગવાને સમુદ્રનું મંથન કરી દેવોને અમૃત કાઢી આપ્યું હતું. આ સમુદ્રમંથન સમયે જળમાં મંથન કરવા રવૈયારૂપે ફરતા મંદરાચલ પર્વતને ભગવાને કચ્છપ અવતારથી ધારણ કર્યો હતો. (૧૦)

રાજાની જિજ્ઞાસા

પરીક્ષિત રાજાએ વિનયથી પ્રશ્ન કર્યો કે બ્રહ્મન્ ! ભગવાને જે કારણથી સાગરનું મંથન કર્યું હતું અને જેને માટે જે કારણથી કચ્છપ સ્વરૂપ ધારણ કરી મંદરાચલ પર્વત ધારણ કર્યો હતો. (૧૧) તેમજ દેવોએ જે રીતે અમૃત પ્રાપ્ત કર્યું હતું તથા બીજું પણ જે કંઈ થયું હતું તે સર્વ ભગવાનનું પરમ અદ્ભુત કર્મ આપ મને કહો. (૧૨) ભક્તવત્સલ ભગવાનના મહિમાનું આપ જેમ જેમ વર્ણન કરો છો તેમ તેમ એને વધારે અને વધારે સાંભળવા ઉત્સુક થયેલ મારું મન ધરાતું જ નથી, કારણ કે મારું આ મન સુદીર્ઘ કાળથી સંસારના તાપોથી સંતપ્ત રહેલું છે. (૧૩)

મહર્ષિ સૂતે કહ્યું, હે મુનિવરો ! જ્યારે પરીક્ષિત મહારાજે હરિલીલાશ્રવણની આર્તિ દર્શાવી ત્યારે દ્વૈપાયન વ્યાસ કુમાર ભગવાન શુકાચાર્યજીએ રાજાને અભિનંદન આપી ભગવાનની સમુદ્રમંથનલીલાનું વર્ણન કરવાનો આરંભ કર્યો. (૧૪) શ્રીરહિત-પરાજિત દેવોની બ્રહ્માજીના ચરણે શરણાગતિ અને બ્રહ્માજીનું આશ્વાસન શ્રી શુકદેવજી બોલ્યા : જે સમયે યુદ્ધમાં અસુરોએ દેવોને તીક્ષ્ણ આયુધોથી મારવા માંડ્યા ત્યારે અનેક દેવો નિષ્પ્રાણ થઈ ધરણી ઉપર ઢળી પડ્યા હતા. તેઓ પાછા ઊભા જ થયા ન હતા. (૧૫) રાજન્ ! દુર્વાસા ઋષિના શાપથી ઈન્દ્ર સહિત ત્રણે લોકો શ્રીરહિત બન્યા અને યજ્ઞયાગાદિ સર્વ ક્રિયાઓ પણ નાશ પામી હતી. (૧૬) આ સર્વ પરિસ્થિતિ જોઈને ઈન્દ્ર, વરુણ વગેરે દેવગણો વિચાર કરવા લાગ્યા પણ કોઈ નિશ્ચય ઉપર આવી શક્યા નહીં. (૧૭) પછી તેઓ સર્વે મેરુ પર્વતના શિખર ઉપર આવેલી બ્રહ્મદેવની સભામાં ગયા અને ત્યાં બ્રહ્મદેવને પ્રણામ કરી સર્વ વસ્તુનું નિવેદન કર્યું. (૧૮) આ અવસરે ભગવાન બ્રહ્માએ ઈન્દ્ર, વાયુ વગેરે દેવોને નિઃસત્ત્વ તથા નિસ્તેજ જોયા, તે લોકોને લગભગ કલ્યાણહીન-સંકટગ્રસ્ત જેવા જોયા તેમજ અસુરોને તેજ, બળ વગેરેથી સમૃદ્ધ જોયા. (૧૯) ત્યારે મન એકાગ્ર કરી પરમપુરુષ ભગવાનનું સ્મરણ કરી પ્રફુલ્લ મુખે તે શ્રેષ્ઠ ભગવાન બ્રહ્માએ દેવોને કહ્યું. (૨૦) હું, શંકર, આપ અસુરો વગેરે મનુષ્યો, પશુપંખીઓ, વૃક્ષો તથા સ્વેદજ એટલે પરસેવાથી ઉત્પન્ન થનારાં સમસ્ત પ્રાણીઓ જે પરમાત્માના એક અંશના પણ અંશથી ઉત્પન્ન થયેલાં છીએ તે અવિનાશી ભગવાનને જ આપણે સર્વ શરણે જઈએ. (૨૧) જો કે એ ભગવાનની દૃષ્ટિએ તો કોઈ નાશ કરવા યોગ્ય, કોઈ રક્ષણ કરવા યોગ્ય, કોઈ ઉપેક્ષા કરવા યોગ્ય કે કોઈ આદર કરવા યોગ્ય કોઈ પણ પક્ષ નથી. છતાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવા તે ભગવાન સમયે સમયે રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણ ધારણ કરે છે. (૨૨) વળી પ્રાણીઓના કલ્યાણ માટે સત્ત્વગુણ ધારણ કરનાર તે ભગવાનનો આ જગતનું પાલન કરવાનો સમય છે. માટે જગતના ગુરુ તે ભગવાનને શરણે જઈએ, તે ભગવાનને દેવો ખૂબ જ પ્રિય છે. દેવો ! નિશ્ચય માનો કે તે આપણને તેમના પોતાના ગણતા હોઈ આપણું અવશ્ય કલ્યાણ કરશે. (૨૩)

શ્રી શુકદેવજીએ કહ્યું, શત્રુદમન રાજન્ પરીક્ષિત ! દેવોને આ પ્રમાણે કહી બ્રહ્માજી દેવોની સાથે અજિત ભગવાનના નિજધામ વૈકુંઠલોકમાં નિવેદન કરવા પધાર્યા. ભગવાનનું આ ધામ તપોમય પ્રકૃતિથી સર્વથા પર છે. (૨૪) રાજન્ ! ત્યાં જઈને બ્રહ્મા, ઈન્દ્રિયોને એકાગ્ર કરી પૂર્વ કદી ન જોયેલ, કાને ન સાંભળેલ ભગવાનના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરતા ભગવાનની વેદવાણીથી સ્તુતિ કરવા લાગ્યા. (૨૫)

બ્રહ્માજીએ ભગવાનની ૧૯ શ્લોકોથી સ્તુતિ કરી

રાજન્ ! વૈકુંઠલોકમાં પધારેલા બ્રહ્માજીએ ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું કે નિર્વિકાર, ઉપાધિથી રહિત, સત્ય સ્વરૂપ, અંત રહિત, સર્વના આદ્ય, સર્વની હૃદયગુફામાં બિરાજતા, તર્કથી પર, મન કરતાં પણ અતિશય વેગવાળા, વાણીથી ન વર્ણવી શકાય તેવા, વરવા લાયક દેવવરને અમે દેવો નમસ્કાર કરીએ છીએ. (૨૬) જે ભગવાન પ્રાણ, મન, બુદ્ધિ, આત્મા અને દેહના જ્ઞાતા છે, વિષયો અને ઈન્દ્રિયોને પ્રકાશનારા, નિત્ય જાગૃત, છિદ્રરહિત એટલે સર્વત્ર વ્યાપક, છાયા અને આતપ એટલે અવિદ્યા અને વિદ્યા અથવા અંધકાર અને પ્રકાશ નામની ગીધ જેવી પાંખો વિનાના આકાશ જેવા ત્રિયુગ અવતારી અવિનાશી પુરુષોત્તમ ભગવાનને શરણે જઈએ છીએ. (૨૭) જીવને દેહાદિરૂપ જે ચક્ર અથવા રથનું પૈડું છે તે ફર્યા કરે છે. એ ચક્ર મનોમય છે. દશ ઈન્દ્રિયો અને પાંચ પ્રાણ એમ પંદર એમાં આરા છે. સત્ત્વ, રજ, તમરૂપી ત્રણ ગુણ એની નાભિ છે, જે વીજળીની પેઠે જલદી ચાલે છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર આઠ પાટા છે. સ્વયં માયા એનું સંચાલન કરે છે અને તેની ઝડપ વીજળીથી પણ વધારે છે. એ ચક્રની ધરી સ્વયં પરમાત્મા છે તે જ એક માત્રસત્ય છે. એ પ્રભુને અમે શરણે જઈએ છીએ. (૨૮) જે પરમાત્મા જીવની સમીપ તેના નિયંતા તરીકે રહે છે, કેવળ એક જ્ઞાનસ્વરૂપ છે, એક રસરૂપ છે પ્રકૃતિથી પર, અદૃશ્ય, નિર્વિકાર અને દેશ તથા કાળથી અમાપ પરબ્રહ્મ છે તે પરમાત્માને ધીર યોગી પુરુષો યોગરૂપી સાધન દ્વારા ઉપાસે છે. (૨૯) રાજન્ ! આ ભગવાનની અપાર માયાને કોઈ તરી શકતું નથી. આ માયાથી મોહ પામેલ માનવ ભગવાન એક જ મેળવવા યોગ્ય પરમ પુરુષાર્થ છે એવું નથી જાણી શકતો. ભગવાને તો જીવોને જીત્યા છે તેમજ માયાના ગુણોને પણ જીતેલ છે. વળી તે પરમેશ્વર છે તેમજ સર્વત્ર સર્વ ભૂતોમાં સમાનપણે વિચરી રહ્યા છે તે ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. (૩૦) હે નાથ ! અમે બધા દેવો કે ઋષિઓ આપની શુદ્ધ સત્ત્વગુણવાળી પ્રિય કાયામાંથી ઉત્પન્ન થયા છીએ. અમે અંદર તેમજ બહાર પ્રકટ હોવા છતાં આપના-કપટ, પ્રપંચરહિત શુદ્ધ સ્વરૂપને સત્ત્વગુણથી બનેલા દેવો અને સમર્થ ઋષિઓ હોવા છતાં સમજી શકતા નથી. તો પછી જેઓ રજોગુણથી જ બનેલા છે એ અસુરો, દૈત્યો વગેરે તો ક્યાંથી જાણી શકે ? (૩૧)

હવે ૩૨મા શ્લોકથી મહાવિભૂતિ સ્વરૂપ ભગવાનની સ્તુતિ કરે છે

નાથ ! આ પૃથ્વી તો આપના ચરણો છે. આપે જ આ પૃથ્વીને બનાવી છે. આપને સૃષ્ટિની રચનામાં માયાની સહાયની જરૂર નથી. આ પૃથ્વીમાં ચાર પ્રકારની સૃષ્ટિને (ઓળમાંથી થનારાં પ્રાણી-ઈંડામાંથી જન્મનારાં પક્ષી વગેરે પ્રાણીપરસેવામાંથી થનારાં માંકડ મચ્છર વગેરે, જમીનને ભેદી જન્મનારાં વૃક્ષો, લતા વગેરે) આપે જ કરેલી છે તે સર્વદા સ્વતંત્ર, અસ્ખલિત સ્વરૂપવાળા અને પૃથ્વીરૂપ મહાન વિભૂતિ મહાન પુરુષ અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૩૨) હે ભગવન્ ! જલથી ત્રણ લોક અને સર્વ લોકપાલો ઉત્પન્ન થાય છે, જીવે છે અને વૃદ્ધિ પામે છે તે ઉત્કૃષ્ટ શક્તિવાળું જલ આપનું જ વીર્ય છે. એવા જલરૂપ મહાન વિભૂતિ અખંડ સ્વરૂપ ભગવાન અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૩૩) ભગવન્ ! આચન્દ્રમા, દેવોના અન્નરૂપે બળ તથા આયુષ્યરૂપે પણ છે તેમજ વૃક્ષોના જે અધિપતિ છે અને પ્રજાઓને વધારનાર છે આ ચન્દ્રમા તો આપનું મન છે એવું ભગવાન વેદે કહ્યું છે તે ચન્દ્રમારૂપ મહાન વિભૂતિ ભગવાન અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૩૪) ભગવન્ ! વેદોમાં કહેલા યજ્ઞના કાર્ય માટે પ્રકટ કરવામાં આવેલ અગ્નિદેવનું “જાતવેદા” નામ છે. આ અગ્નિદેવ આપનું મુખારવિંદ છે. પ્રત્યેક પ્રાણીના પેટમાં ગયેલા અન્નને આ અગ્નિ પકાવે છે અને સમુદ્રમાં પણ વડવાનલ સ્વરૂપે જલને પણ પકવે છે તે અગ્નિરૂપ મહાન વિભૂતિ ભગવાન અમારા ઉપર પ્રસન્ન થાઓ. હે ભગવન્ ! તરણિ એટલે આ સૂર્યભગવાન આપનું ચક્ષુ છે. આપની આંખ છે. આ સૂર્ય, દેવલોકમાં જવાનો ‘અર્ચિરાદિ’ માર્ગ છે, આ સૂર્ય ત્રણ વેદમય છે, બ્રહ્મની ઉપાસના કરવાનું સ્થાન છે, મોક્ષનું દ્વાર છે, મુક્તિનું દ્વાર છે. પુણ્યલોક હોવાથી આ સૂર્ય અમૃતરૂપ છે તેમજ કાલરૂપ હોઈ મૃત્યુરૂપ પણ છે એવા આપના નેત્રસ્વરૂપ સૂર્ય ભગવાન નામના મહાવિભૂતિ અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૩૬) જે વાયુ સ્થાવર જંગમ પ્રાણીઓના પ્રાણરૂપ, માનસિક

શક્તિરૂપ તથા ઈન્દ્રિયોની શક્તિરૂપ છે અને જેમ ચક્રવર્તી રાજાને તેના અનુયાયીઓ અનુસરે તેમ જે પ્રાણાને અમે અનુસરી રહ્યા છીએ તે પ્રાણવાયુ જે ભગવાનના પ્રાણથી ઉત્પન્ન થયો છે તે પ્રાણને ધારણ કરનાર મહાન વિભૂતિ ભગવાન અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૩૭) જે કાનમાંથી દિશાઓ, હૃદયમાંથી દેહનાં છિદ્રો અને નાભિમાંથી પ્રાણ ઉત્પન્ન થયા છે. ઈન્દ્રિયો, મન તથા શરીરના આશ્રયરૂપ આકાશ પણ ઉત્પન્ન થયું છે. તે મહાન પ્રાણવાયુરૂપી મહાન વિભૂતિ પરમેશ્વર અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૩૮) જેમના બળમાંથી મહેન્દ્ર, કૃપામાંથી દેવો, ક્રોધમાંથી શંકર બુદ્ધિમાંથી બ્રહ્મા, દેહનાં છિદ્રોમાંથી વેદો તથા ઋષિઓ અને લિંગમાંથી પ્રજાપતિ ઉત્પન્ન થયા છે, તે બલસ્વરૂપ મહાન વિભૂતિ ભગવાન અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૩૯) પ્રભુ ! આપના વક્ષ:સ્થલમાંથી લક્ષ્મી, છાયામાંથી પિતૃઓ, સ્તનમાંથી ધર્મ, પીઠમાંથી અધર્મ, મસ્તકમાંથી સ્વર્ગ અને વિહારમાંથી અપ્સરાઓ ઉત્પન્ન થઈ છે. તે મહાન વિભૂતિ ભગવાન, અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૪૦) ભગવન્ ! આપના મુખમાંથી બ્રાહ્મણો, તથા શાસ્ત્રોના રહસ્ય સાથે વેદો ઉત્પન્ન થયા છે. ક્ષત્રિયો અને બળ જેમની બે ભુજાઓમાંથી ઉત્પન્ન થયાં છે, વૈશ્યો અને તેઓની આજીવિકા, વ્યાપાર આપના બે સાથળોમાંથી ઉત્પન્ન થયાં છે અને શૂદ્રો અને તેમની આજીવિકા સેવા જેમના પગમાંથી ઉત્પન્ન થયેલ છે, તે મહાન વિભૂતિ ભગવાન અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૪૧) ભગવન્ ! આપના અધરમાંથી લોભ, ઉપલા હોઠમાંથી પ્રીતિ, નાસિકામાંથી કાંતિ, સ્પર્શમાંથી વિષયી જનોને હિતકારી જણાતો કામ, બન્ને ભ્રૃકુટીમાંથી યમદેવ અને જેમની પાંપણોમાંથી કાળ ઉત્પન્ન થયો છે, તે મહાન વિભૂતિરૂપ ભગવાન અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૪૨) વિદ્વાનો કહે છે. કે પાંચ મહાભૂતો, કાળ, ધર્મ, ગુણો તથા ભૌતિક પ્રપંચ આ બધું જેમની યોગમાયાથી રચાયેલ છે અને જે જાણવું કઠિન છે, કારણ કે વિદ્વાનો તેને તર્ક - વિતર્કથી ગુપ્ત રાખે છે, તે મહાન વિભૂતિવાળા ભગવાન અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૪૩)

સર્વ વિભૂતિમય ભગવાનને પ્રણામ : नमोऽस्तु तस्मा उपशान्तशक्ये स्वाराज्यलाभप्रतिपूरितात्मने । गुणेषु मायारचितेषु वृत्तिभिर्न सज्जमानाय नमस्वदूतये ॥ ४४ ॥

ભગવન્ ! આપ તો સત્ત્વ-રજ-તમ ગુણોને શાન્ત કરવાની શક્તિવાળા છો. વળી આપનું સ્વરૂપ પરમાનંદમય, 'સ્વરાજ્ય લાભથી પરિપૂર્ણ છે, માયાથી રચેલા ગુણોમાં આપ વાયુની માફક અસંગ રહેલા છો. પરંતુ વૃત્તિઓથી તેમાં કદી આસક્ત થતા નથી તે પૂર્ણ ભગવાનને પ્રણામ. (૪૪) નાથ ! અમે આપને શરણે આવ્યા છીએ. આપના મધુર મંદ હાસ્ય ભર્યાં મુખકમલનાં દર્શન આપો. આપ આપના વચનામૃતનાં પાન કરાવી અમારા કાનના વિષય બનો તેમજ અમારી સર્વ ઈન્દ્રિયોના પણ વિષય બનો. (૪૫) સમયે સમયે આપની ઈચ્છાનુસાર ધારણ કરેલાં સ્વરૂપોથી આપ જરા પણ આરામ લીધા વિના થઈ શકે એવાં કઠિન કર્મ કરો છો. (૪૬) ભગવન્ ! વિષયોથી દુ:ખી થતા દેહાસક્ત જીવોનાં કર્મો પુષ્કળ ક્લેશવાળાં, અલ્પ લાભવાળાં અથવા તો નિષ્ફળ જ હોય છે. પરંતુ આપને સમર્પિત કરેલાં કર્મો તેવાં નથી હોતા. (૪૭) ભગવન્ ! મનુષ્યે કોઈપણ કર્મ કર્યાં હોય તે અલ્પ હોય કે આભાસ માત્ર હોય તો પણ જો તે ઈશ્વરને અર્પણ કરવામાં આવે તો કદી નિષ્ફળ નથી જતાં કારણ કે ભગવાન મનુષ્યના આત્મા, પ્રિય અને હિતકારી છે. (૪૮) જેમ વૃક્ષના મૂળમાં કરેલું જલસિંચન તેના થડ તથા ડાળીઓને પણ પોષણકર્તા થાય છે તેમ પરમાત્માનું આરાધન સર્વ પ્રાણીઓને તથા પોતાને પણ પોષણકર્તા થાય છે. (૪૯) જેમનાં સ્વાભાવિક કર્મો તથા તેની લીલાઓ તર્કમાં આવવી મુશ્કેલ છે, જે પોતે નિગુણ હોઈ. ગુણોના નિયંતા છે, છતાં હમણાં સત્ત્વગુણમાં રહ્યા છે, તે આપ અનંતને અમે નમસ્કાર કરીએ છીએ. (૫)

नमस्तुभ्यमनन्ताय दुर्वितकर्यात्मकर्मणे । निर्गुणाय गुणेशाय सत्त्वस्थाय च साम्प्रतम् ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો અષ્ટમ સ્કંધના સર્વદાન નામના દ્વિતીય પ્રકરણમાં બ્રહ્માજીના માર્ગદર્શનથી સર્વદેવોએ લીધેલી ભગવાનની શરણાગતિનું વર્ણન કરતો અધ્યાય પમો સમાપ્ત.

અધ્યાય ૬ઠ્ઠો

[આ અધ્યાયમાં ૩૯ શ્લોકો છે. ભગવાનનો સાક્ષાત્કાર, કૃપા અને સમુદ્રમંથન માટે ભગવાનની આજ્ઞા અને દેવોનો પ્રયત્ન વર્ણવવામાં આવ્યો છે.]

श्रीशुक उवाच-एवं स्तुतः सुरगणैर्भगवान्हरिरीश्वरः । तेषामाविरभूद्राजन्सहस्वार्कोदयश्रुतिः ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! સુરવૃન્દની સ્તુતિથી ભગવાન પ્રસન્ન થયા તેમજ અનન્ત સૂર્યની કાંતિ ધરાવતા કૃપામય ભગવાન શ્રીહરિ સાક્ષાત્ પ્રકટ થયા. (૧) આ અવસરે ભગવાનના આ તેજથી જ સર્વ દેવોનાં નેત્રો અંજાઈ ગયાં. ક્ષણવાર તો તેઓ આકાશ, દિશા, પૃથ્વી કે પોતાને પણ જોઈ શક્યા નહિ તો પછી ભગવાનને તો ક્યાંથી જોઈ શકે ? (૨) રાજન્ ! આ અવસરે વિરંચિ સહ શંકર ભગવાને આ પરમાત્માના શરીરનાં દર્શન કર્યા. આ ભગવાનનો શ્રીવિગ્રહ અત્યંત સ્વચ્છ મરકત મણિ સમાન શ્યામ કમળના મધ્યભાગ સમાન લાલ નેત્રોવાળો હતો. (૩) વળી ભગવાને શ્રીઅંગે તપાવેલા સુવર્ણ સમાન તેજસ્વી પીતાંબર ધારણ કરેલું હતું. તેમજ મણિ જડેલ મુકુટ ધારણ કર્યો હતો. બન્ને હાથો ઉપર બાજુબંધ, કેયૂરથી-કર્ણનાં આભૂષણોથી શોભતા બે કપોલ (ગાલ)ને લીધે શ્રીમુખની શોભા અનોખી હતી. (૫) કટિભાગે મેખલાની સેરોથી શોભતા હતા. કૌસ્તુભમણિના અલંકાર, કંકણો, રત્નાહારો અને નૂપુરથી શોભતી તથા વનમાળાની શોભા ધારણ કરતી કાયા ચિત્તને ચોરતી હતી. જાણે હમણાં જ બોલી ઊઠે એવાં મૂર્તિમંત સુદર્શન, ગદા વગેરે આયુધોથી સેવાયેલી શ્રીહરિની કાયાની ઝાંખી થઈ. (૭) ભગવાનના દિવ્ય સ્વરૂપનાં દર્શન થતાં જ દેવવર બ્રહ્માજી અને શ્રીશંકર ભગવાન સર્વ દેગણની સાથે પૃથ્વી ઉપર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પૂર્ણ પુરુષોત્તમ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. (૭-૧/૨)

બ્રહ્માજી અને દેવોએ આઠ શ્લોકોથી ભગવાનની સ્તુતિ કરી

આઠ શ્લોકોમાં સ્તુતિ કરતા બ્રહ્માજી બોલયા કે નાથ ! જીવની માફક જન્મ-સ્થિતિ-લય વિનાના ઉત્તમ ગુણભંડાર પરમાનંદ, સુખના મહાસાગર, અણુ કરતાં પણ અત્યંત સૂક્ષ્મ અણુસ્વરૂપ, અમાપ તેજસ્વી, અત્યંત પ્રભાવશાળી ભગવાનને નમસ્કાર. (૮) હે નાથ ! આપના આ સ્વરૂપની કલ્યાણની ઈચ્છાવાળા સર્વશ્રેષ્ઠ પુરુષો પણ વૈદિક તથા તાંત્રિક માર્ગ દ્વારા સર્વદા સેવા કરે છે. આપના સ્વરૂપમાં હે વિધાતા ! હું મારી સાથે ત્રણે લોકને જોઈ રહ્યો છું કારણ કે આપની મૂર્તિમાં સર્વ જગત સમાયાં છે. (૯) આ જગત સર્વ પ્રકારે સ્વતંત્ર આપનામાં લીન હતું. મધ્યમાં દેખાય છે અને અંતમાં પણ એ ફરીથી આપનામાં લીન થશે કેમકે જેમ માટી માટીના ઘડાનો આદિ, મધ્ય તથા અંત છે તેમ આપ પણ આ જગતના આદિ, મધ્ય તથા અંત છો અને સર્વથી પર એવી માયાથી પર છો. (૧૦) આપે પોતાને સ્વાધીન પોતાની માયાથી આ જગત સર્જી તેમાં પ્રવેશ કર્યો છે અને તેથી જ વિવેકી પુરુષો, યોગી પુરુષો ગુણોના પરિણામમાં પણ આપને મનથી નિર્ગુણ જ જુએ છે. (૧૧) જેમ મનુષ્યો ઉપાયોથી લાકડામાંથી અગ્નિ, ગાયોમાંથી ઘી, પૃથ્વીમાંથી અન્ન, જળ તથા ઉદ્યમ કરી આજીવિકા મેળવે છે તેમ વિદ્વાનો પણ બુદ્ધિથી દેહાદિ ગુણોમાં આપને પ્રાપ્ત કરે છે અને વર્ણવે છે. (૧૨) હે નાથ ! હે પદ્મનાભ ! દીર્ઘકાલથી અમે આપને ઈચ્છતા હતા, તે આજે આપને પ્રત્યક્ષ નિહાળ્યા. આપનાં દર્શનથી દાવાનળથી પીડાયેલાને જ્યાં જલ દુર્લભ હોય ત્યાં ગંગાજલ મળતાં શાંતિ પામ્યા છીએ. (૧૩) હે અંતરાત્મન્ ! બહાર અને અંદર સર્વના સાક્ષી અને સર્વજ્ઞ આપને અમારે શું જણાવવાનું હોય ? માટે સમગ્ર લોકનું પાલન કરનારા અમે જે હેતુથી આપના ચરણના શરણમાં આવ્યા છીએ તે આશાને આપ પૂર્ણ કરો. (૧૪) હે ઈશ્વર ! હું, શંકર, ઈન્દ્રાદિ દેવો વગેરે તથા દક્ષ આદિ પ્રજાપતિઓ અગ્નિથી જુદા જણાતા તેના તણખાઓની માફક આપનાથી જુદા જણાઈએ છીએ તે અમે અણારું કલ્યાણ શું જાણી શકીએ ? નથી જાણતા, માટે આપ જ બ્રાહ્મણો તથા દેવોના સુખનો ઉપાય કરો. (૧૫)

ભગવાનનું કૃપાવચન

શ્રીશુકદેવજીએ કહ્યું રાજન્ ! જ્યારે બ્રહ્મા વગેરે દેવોએ ભગવાનની સ્તુતિ કરી ત્યારે ભગવાને તેણે જ પ્રમાણે તેમના હૃદયની વાત જાણી લઈને બે હાથ જોડી ઊભેલા અને સર્વ ઈન્દ્રિયોને જેમણે વશ કરી હતી એવા તે દેવોને મેઘતુલ્ય ગંભીર વાણીથી કહ્યું. (૧૬) રાજન્ ! જો કે ભગવાન સ્વયં દેવોનું હિતકાર્ય કરવા સમર્થ હતા આમ છતાં દેવો પ્રમાદી ન બને તેમ જ ભગવાનની સમુદ્રમંથન કરી વિહાર કરવાની ઈચ્છા હતી તેથી સર્વદેવોને ભગવાને આ પ્રમાણે કહ્યું. (૧૭)

સમુદ્રમંથનની આજ્ઞા અને ઉપાય

ભગવાને કહ્યું કે બ્રહ્મા ! હે શંકર ! હે દેવો ! આપ સર્વ સાવધાન થઈ મારી વાત સાંભળો. હે દેવો ! તે પ્રમાણે કરશો તો આપનું કલ્યાણ થશે. (૧૮) દેવો ! આપ સર્વ દૈત્યો પાસે જાવ, ત્યાં જઈ પ્રથમ તો દૈત્યો તથા દાનવો સાથે સંધિ કરો, કારણ કે હમણાં તે દૈત્ય દાનવો ઉપર કાલ સાનુકૂલ છે. ત્યાં સુધી તમે તેમની સાથે સંધિ કરો. (૧૯) હે દેવો ! જ્યારે કોઈ દિવ્ય કાર્ય કરી લેવાનો પ્રસંગ આવે ત્યારે શત્રુઓ સાથે પણ સંધિ કરવી જોઈએ. પછી કાર્યસિદ્ધિ થઈ જાય ત્યારે સર્પે ઉંદર સાથે જેવું વર્તન કર્યું હતું તેવું ર્વતન તમે કરજો. (૨૦) દેવો વર્તમાનમાં તો તમે સંધિ સાધી અમૃત ઉત્પન્ન કરવા જલદી પ્રયત્ન કરો, કે જે અમૃતના પાન કરવાથી મૃત્યુથી ઘેરાયેલો પ્રાણી અમર થાય છે. (૨૧) હે દેવો ! સમુદ્રમંથન માટે સર્વ પ્રકારની લતાઓ, વેલાઓ તથા ઔષધિઓને સમુદ્રમાં પધરાવો, મંદરાચલ પર્વતને મંથનદંડ બનાવો અને વાસુકિ નાગને નેતરું બનાવો. (૨૨) દેવો ! આળસ ત્યજી દો. હું તમારી સહાયમાં રહીશ. પછી સમુદ્રમંથન કરો. તમારા આ કાર્યમાં દૈત્યોને તો કેવળ પરિશ્રમ મળશે અને ફળ તો તમને જ મળશે. (૨૩) હે દેવો ! અસુરો જે કાંઈ ઈચ્છા કરે તેમાં તમે સંમતિ આપજો. કારણ કે હરકોઈ કાર્ય જેવાં શાંતિ કે સલાહથી થાય છે તેવાં ઉતાવળથી કે વિરોધ કરવાથી થતાં નથી. (૨૪) આ સમુદ્રમાંથી કાલકૂટ નામનું વિષ ઉત્પન્ન થશે પણ તેથી દેવો ડરશો મા. સમુદ્રમંથનમાંથી કાંઈ પણ નીકળે તેમાં લોભ, ક્રોધ કે લાલચ કદી કરશો મા. (૨૫)

દેવોના પ્રયાસ : દૈત્યો સાથે સંધિ

શ્રીશુકદેવજીએ હ્યું કે રાજન્ ! દેવોને આ પ્રમાણે કહી ભગવાન પુરુષોત્તમ સર્વના દેખતાં અન્તર્ધ્યાન થયા. કેમકે તે ભગવાન તો પોતાની ઈચ્છાનુસાર ગતિવાળા અને સર્વસમર્થ છે. (૨૬) ત્યારબાદ બ્રહ્માજી અને શિવજી ભગવાનને નમસ્કાર કરી નિજ નિજધામમાં ગયા અને દેવો બલિરાજા પાસે ગયા. (૨૭) રાજન્ ! દૈત્યોએ દેવોને જોયા તેઓ દુશ્મનો હતા પરંતુ તેઓ અસ્ત્રશસ્ત્રથી સજ્જ થઈ આવ્યા ન હતા. આમ છતાં જ્યારે પોતાના સેનાપતિઓને દેવોની સાથે યુદ્ધ કરવા તૈયાર થયેલા જોયા ત્યારે સંધિવિગ્રહના નિયમને જાણતા યશસ્વી બલિરાજે દત્યોને રોકી દીધા. (૨૮) રાજન્ ! દૈત્યોને રોક્યા બાદ ઈન્દ્રાદિ દેવો અસુર સેનાધિપતિથી સુરક્ષિત ઉત્તમ રાજ્ય લક્ષ્મીથી વિભૂષિત અને સેવિત, ચૌદ લોકપાલોના વિજેતા સિંહાસને બિરાજેલા વિરોચન રાજકુમાર બલિરાજાની પાસે પહોંચ્યા. (૨૯) રાજન્ પરીક્ષિત ! આ અવસરે મહાન મતિમાન રાજા ઈન્દ્રે મધુર વાણીથી બલિરાજા સાથે સમાધાનની વાત કરી. ભગવાન પુરુષોત્તમે જે શીખવ્યું હતું તે સર્વ કહી સંભળાવ્યું. (૩૦) ઈન્દ્રરાજાનો સમુદ્રમંથનનો પ્રસ્તાવ દૈત્યરાજ બલિરાજાને રુચિ ગયો તેમજ અન્ય અસુર રાજાઓ શંબર, અરિષ્ટનેમિ વગેરે ત્યાં હતા તેઓને તેમજ બીજા પણ ત્રિપુરવાસી દાનવોને પણ તે પ્રસ્તાવ રુચ્યો. (૩૧)

હે પરંતપ પરીક્ષિત રાજા ! ત્યારબાદ પરસ્પર ઠરાવ કરી પરસ્પર મૈત્રી કરી દેવો તથા દૈત્યોએ અમૃત માટે મહાન ઉદ્યમ આરંભ્યો. (૩૨) રાજન્ ! દેવો, દૈત્યો શક્તિથી સમ્પન્ન હતા તેઓ બારણાની પાછળની ભોગળ જેવા મજબૂત અને લાંબી ભુજાઓવાળા હતા. વળી મદોન્મત્ત હતા. તેથી બળથી મંદરાચલ પર્વતને ઉપાડી ગર્જના કરતા સમુદ્ર તરફ તેને લઈ જવા લાગ્યા. (૩૩) રાજન્ ! પરંતુ દૂરનો પંથ, ભાર અપાર તેથી ઈન્દ્ર તથા બલિરાજા આદિ દેવો અને દૈત્યો

થાકી ગયા. આગળ ઉપાડી જવા સમર્થ ન થયા અને થાકવશ બની માર્ગમાં જ તે પર્વતને પડતો મૂકી દીધો. (૩૪) રાજન્ ! રસ્તામાં હાથમાંથી પડતા તે સુવર્ણના પર્વતે અનેક દેવો તથા દૈત્યોને ભારે ભારથી કચળી નાંખ્યા. (૩૫) રાજન્ ! પર્વતના ભારથી બાહુઓ, સાથળો તથા ડોક ભાંગી ગયાં ત્યારે તે દેવો અને દૈત્યોનાં મન પણ ઉત્સાહરહિત થઈ ગયાં. આ પરિસ્થિતિ જાણી કૃપાસિંધુ ગરુડધ્વજ ભગવાન વિષ્ણુ ત્યાં પ્રકટ થયા. (૩૬) અને પર્વત પડતાં ચકડાયેલા દેવો અને દાનવોને કૃપાનજરે અવલોકી સજીવન બનાવ્યા અને તેમને પ્રથમના જેવા શ્રમરહિત અને ઘા વિનાના બનાવ્યા. (૩૭) રાજન્ ! ત્યારબાદ ભગવાને અનાયાસે એક હાથમાં પર્વતને ઉઠાવી ગરુડ ઉપર ચડાવી સ્વયં ગરુડજી ઉપર બિરાજી દેવો તથા અસુરગણ સાથે ક્ષીરસાગરના તીરે પધાર્યા. (૩૮) રાજન્ ! ત્યારે ત્યાં આવી ગરુડજીએ પીઠ ઉપરથી મંદરાચલગિરિને ક્ષીરસાગરના સમીપે પધરાવી પક્ષીરાજે શ્રીહરિની આજ્ઞા મેળવી વિદાય લીધી. (૩૯)

अवरोप्य गिरिंस्कन्धात्सुपर्णः पततां वरः । ययौ जलान्त उत्सृज्य हरिणा स विसर्जितः ॥ ३९ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના અષ્ટમ સ્કંધમાં સર્વદાન નામના દ્વિતીય પ્રકરણમાંનો ભગવાનની પ્રાપ્તિ, સ્તુતિ અને ભગવાને કરેલા સમુદ્રમંથનના આદેશનું વર્ણન કરતો અધ્યાય ૬ઠ્ઠો સમાપ્ત.

અધ્યાય ૭મો

[આ સાતમા અધ્યાયમાં ૪૬ શ્લોકો છે. સમુદ્રમંથન પ્રસંગ ચાલુ છે. વિષની ઉત્પત્તિ થઈ ત્યારે શિવજીની શરણાગતિ લીધી અને સર્વેશ્વર સ્વરૂપે સ્તુતિ કરી છે. એક કલ્પમાં બે સર્વેશ્વરો ન હોય પરંતુ જુદા જુદા કલ્પોના મત પ્રમાણે ભગવાન અને કલ્પના સર્વેશ્વર હોઈ તેમની સ્તુતિ યોગ્ય જ છે. આમાં શિવજી વિષપાન કરશે.]

श्रीशुक उवाच-ते नागराजमामन्त्र्य फलभागेन वासुकिम् । परिवीय गिरौ तस्मिन् नेत्रमब्धिं मुदान्विताः ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! ભગવાને દૈત્ય અને દેવોને સજીવ બનાવ્યા અને સશક્ત બનાવ્યા. પછી તો દેવો અને દૈત્યોએ નાગરાજ વાસુકિજીને અમૃતનો ભાગ આપવાનું ઠરાવ્યું. ત્યારબાદ વાસુકિ નાગને નેતરા તરીકે મંદરાચળ પર્વત ઉપર વીંટી દીધા. પુનઃ આનંદમાં આવીને, સાવધાન બનીને સમુદ્રનું મંથન કરવા લાગ્યા. કુરુકુલકુમાર રાજન્ ! આ અવસરે શ્રીહરિએ પ્રથમ નાગરાજ સર્પનું મુખ, મંથન માટે પકડ્યું એટલે દેવોએ પણ મુખ જ પકડ્યું. (૧,૨) રાજન્ ! મહાપુરુષ ભગવાનની વાસુકિ નાગના મુખને પકડવાની ક્રિયા દૈત્યપતિઓને ન રુચિ અને તેઓ બોલ્યા કે, અમે સર્પનાં અમંગળ અંગ પૂછને પકડીશું નહિ. (૩) અમે પણ વેદાધ્યયન તથા શાસ્ત્રજ્ઞાનસમ્પન્ન છીએ. વળીઅમે જન્મ તથા કર્મોથી પ્રખ્યાત છીએ. એમ કહી દૈત્યો મૌન ઊભા રહ્યા. તે જોઈ પુરુષોત્તમ ભગવાને મંદહાસ્ય કરી સર્પનું મુખ ત્યજી દઈ દેવો સાથે વાસુકિનાગના પુચ્છને પકડી લીધું. (૪) રાજન્ ! ત્યારબાદ પોતપોતાના સ્થાને ગોઠવાઈ ગયેલા તે દેવો અને દૈત્યો પુષ્કળ પ્રયત્નપૂર્વક અમૃતપ્રાપ્તિ માટે સમુદ્રનું મંથન કરવા લાગ્યા. (૫) હે પાંડુપુત્ર ! આ પ્રમાણે જ્યારે સમુદ્રનું મંથન કરવા માંડ્યું ત્યારેતે બળવાન દેવો અને દૈત્યોએ પકડયા છતાં મંદરાચળ પર્વત નિરાધાર અને ભારે વજનવાળો હોવાથી જળમાં ખૂંપી ગયો. (૬) આ રીતે જ્યારે મહાબળવાન દૈવે દેવોના અને દૈત્યોના પુરુષાર્થનો નાશ કર્યો ત્યારે એ દેવો અને દૈત્યો મનમાં અત્યંત ખેદ પામ્યા. તેઓના મુખની કાંતિ ઝાંખી થઈ ગઈ. (૭) આ સમયે વિઘ્નનાયક-દેવે કરેલા તે વિઘ્નને નીરખી અનંત પરાક્રમી અને સત્યસંકલ્પવાળા ભગવાનને અત્યંત અદ્ભુત કચ્છપ શરીરને ધારણ કર્યું અને ભગવાન જળમાં પ્રવેશ કરી પીઠ ઉપર મંદરાચલ પર્વતને ઉઠાવી લાવ્યા. (૮)

विलोक्य विघ्नेशविधिं तदेश्वरो दुरन्तवीर्योऽवितथाभिसन्धिः ।
कृत्वा वपुः काच्छपमद् भुतंमहत् प्रविश्य तोयं गिरिमुज्जहार ॥ ८ ॥

ઉપર ઉઠાવી લાવેલા કુલાચલ પર્વતને પાછા ઉપર આવેલ જોઈ ફરી દેવો અને અસુરો સમુદ્રનું મંથન કરવા લાગ્યા. આ અવસરે બીજા મોટા બેટ જેવી એક લાખ યોજનની વિસ્તારવાળી કૂર્મપીઠથી મંદરાચળ પર્વતને ધારણકરી રાખ્યો હતો (૯) હે રાજન્ ! મોટા દેવો અને અસુરો પોતાના બાહુના પરાક્રમથી મંદરગિરિને ધ્રુજાવી ભગવાન કૂર્મની પીઠ

ઉપર વલોવતા હતા તો પણ અમાપ અંગ અને બળવાળા ભગવાન કૂર્મને પોતાની પીઠ ઉપર ફરતો તે પર્વત જાણે પોતાની પીઠને ખંજવાળતો હોય એમ જ લાગ્યું. (૧૦) રાજન્ ! વિષ્ણુ ભગવાને દેવો તથા અસુરોના બળમાં સામર્થ્ય મૂકવા અસુરોમાં અસુર શક્તિ સ્વરૂપે, દેવોમાં દેવબલ સ્વરૂપે પ્રવેશીને અને નાગેન્દ્ર વાસુકિમાં નિદ્રામાં સ્વરૂપે પ્રવેશ કર્યો. (૧૧) રાજન્ ! સહસ્ત્રબાહુ ભગવાન સ્વયં જાણે મંદરાચલ જેવા બીજા પર્વત હોય તેવા બની મંદરાચલ પર્વતના ઉપરના ભાગને પોતાના એક હાથથી દબાવીને ઊભા હતા, ત્યારે પ્રભુના પરાક્રમને નિહાળી બ્રહ્મા, શંકર તથા ઈન્દ્રાદિ દેવો અંતરિક્ષમાં ઊભા રહી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા તેમજ પુષ્પવૃષ્ટિથી વધાવા લાગ્યા. (૧૨) રાજન્ ! ઉપર, નીચે, દેવોમાં, દૈત્યોમાં, પર્વતમાં તથા નેતરામાં ભગવાનનો પ્રવેશ થતાં પુષ્કળ સામર્થ્ય પામેલા દેવો અને દૈત્યો મદમત્ત બની અત્યંત બલથી સમુદ્રનું મંથન કરવા લાગ્યા. આ અવસરે સમુદ્રમાં પર્વતના ફરવાને લીધે મત્સ્ય, મગર વગેરે જળચર પ્રાણીઓ ખળભળી ઊઠ્યાં. (૧૩) આ સમયે વાસુકિ નાગનાં હજારો નેત્રોમાંથી, મુખમાંથી તથા શ્વાસોમાંથી નીકળતા અગ્નિથી તેમજ ધૂમથી પૌલોમ, કાલેય, બલિ તથા ઈલ્વલ વગેરે અસુરોનું તેજ નાશ પામ્યું. પરિણામે તેઓ દાવાનળથી બળી ગયેલા દેવદારનાં વૃક્ષો જેવા બની ગયા. (૧૪) આ અવસરે દેવો પણ વાસુકિના શ્વાસની ઝોળથી ઝાંખા પડી ગયા. અને દેવોનાં વસ્ત્રો, પુષ્પોની માળાઓ, ઉત્તમ પ્રકારનાં બખ્તર તથા મુખકમલ પણ ભૂખરાં બની ગયા ત્યારે ભગવાનની આજ્ઞામાં રહેનારા મેઘોએ મન્થન કરનારાઓ ઉપર વૃષ્ટિ કરી અને સમુદ્રના તરંગો સાથે અથડાયેલા શીતલ વાયુ વાવા લાગ્યા. (૧૫) આ પ્રમાણે જ્યારે દેવો તથા અસુરોના સેનાનાયકો સમુદ્રનું મંથન કરતા હતા તો પણ અમૃત ન નીકળ્યું, ત્યારે સ્વયં ભગવાન સમુદ્રનું મંથન કરવા લાગ્યા. (૧૬)

मेघश्यामः कनकपरिधिः कर्णविद्योतविद्युत् मूर्ध्नि भ्राजद् विलुलित कचः स्त्रग्धरो रक्तनेत्रः ।
जैत्रैदोर्भिर्जगदभयदै र्दन्दशूकं गृहीत्वा मथ्नन मथ्ना प्रतिगिरिरिवा शोभताथो धृताद्रिः ॥ १७ ॥

રાજન્ સમુદ્ર મંથન સમયે મેઘ જેવા શ્યામ, સુવર્ણવર્ણા, પીતાંબરધારી, કાનમાં ઝળહળતી વીજળી જેવાં કુંડલવાળા, મસ્તક પર શોભતા વીખરાયેલ કેશવાળા, વનમાલાધારી, લાલ નેત્રોવાળા અને જગતને અભય દેનારા વિજયી બાહુઓથી વાસુકિ નામના એક નાનાશા સર્પને પકડી મંદરગિરિરૂપી રવૈયાથી સમુદ્રનું મંથન કરતા મંદરધારી ભગવાન સામે ઊભેલા બીજા પર્વત સમાન શોભવા લાગ્યા. (૧૭) રાજન્ ! વલોવાતા સાગરમાંથી સૌથી પ્રથમ ઉગ્ર હલાહલ વિષ ઉત્પન્ન થયું ત્યારે માછલાં-મગરમચ્છો-સર્પો અને કાચબાઓ તેમજ તિમિ નામનાં, વહાણને ગળી જાય તેવાં માછલાં-જલચર હાથી-મગરો-તેમજ તિમિ નામના મત્સ્યોને પણ ગળી જનારાં તિમિંગલ નામનાં જલચરો આકુળવ્યાકુળ બની ગયાં હતાં. (૧૮) રાજન્ ! અસહ્ય તેમજ અજોડ ઉગ્ર વેગવાળું વિષ ક્ષણમાં તો સર્વ દિશાઓમાં ઉપર અને નીચે ફેલાઈ જઈ ઊછળવા લાગ્યું ત્યારે ભયભીત થઈ લોકપાલો સાથે સર્વદિશાના પ્રજાજનો રક્ષણ ના મળતાં નાસભાગ કરતા ભગવાન સદાશિવને શરણે ગયા. (૧૯) રાજન્ ! આ સમયે દેવવર સદાશિવ ત્રણે લોકના કલ્યાણ માટે શ્રી પાર્વતીજીની સાથે કૈલાસ પર્વત ઉપર બિરાજ્યા હતા. તેમજ દેવીની સંમતિથી ત્રણ લોકના ઉદય માટે મુનિજનને માન્ય એવું દિવ્ય તપ કરી રહ્યા હતા. તેમનાં દર્શન કરી સર્વ પ્રજાપતિઓએ ભગવાન સદાશિવને પ્રણામ કર્યાં. (૨૦)

૧૫ શ્લોકમાં પ્રજાપતિઓએ કરેલી શિવસ્તુતિ : प्रजापतय ऊचुः-देवदेव महादेव भूतात्मन्भूतभावन । त्राहि नः शरणापन्नांस्त्रैलोक्यदहनाद्विषात् ॥ २१ ॥

દેવદેવ ! હે મહાદેવ ! હે પ્રાણીમાત્રના આત્મા ! હે પ્રાણીઓના રક્ષક ! અમે આપને શરણે આવ્યા છીએ. માટે ત્રણે લોકને બાળતા આ વિષથી આપ અમારી રક્ષા કરો. (૨૧) આપ એક જ સર્વ જગતના બંધ તથા મોક્ષના ઈશ્વર છો અને તેથી જ કુશળ વિદ્વાનો શરણે આવેલાઓના દુઃખને હરનાર આપનું ગુરુ તરીકે અર્ચન કરે છે. (૨૨) હે વ્યાપક પ્રભો ! પોતાની ત્રિગુણાત્મક શક્તિથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરો છો અને સ્વતઃસિદ્ધ જ્ઞાનવાળા

આપ જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ નામો ધરો છો. (૨૩) આપ પરમ ગુહ્ય બ્રહ્મ છો. દેવ, જગતરૂપે ભાસો છો. માટે આપ ઈશ્વર છો. (૨૪) આપ શબ્દબ્રહ્મના વેદના ઉત્પત્તિસ્થાન છો. જગતનું આદિ મહત્ત્વ આપ છો, અહંકાર છો તે અહંકારના ગુણો, પ્રાણ, ઈન્દ્રિયો તથા શરીરના કારણરૂપ આપ છો અને કાળ, ક્રતુ,-યજ્ઞ, સત્ત્વ, મધુર ભાષણ તથા ધર્મ અને અક્ષર તત્ત્વ પણ આપ જ છો. વિદ્વાનો કહે છે કે ત્રિગુણાત્મક માયાનો આશ્રય છો અથવા ત્રિવૃદ્ એટલે ૐકાર પણ આપનામાં જ રહેલ છે. (૨૫) હે સર્વ લોકોના ઉત્પત્તિસ્થાન ! સર્વ દેવતા સ્વરૂપ અગ્નિ આપનું મુખ છે, પૃથ્વી આપના ચરણકમલ છે, કાળ આપની ગતિ છે, દિશાઓ આપનો શ્વાસ છે, સૂર્ય આપનાં નેત્ર છે, જલ આપનું વીર્ય છે, અહંકાર આપનો આત્મા છે. ચંદ્ર આપનું મન છે, સ્વર્ગ આપનું મસ્તક છે (૨૭) ઋગ્વેદ સ્વરૂપ ભગવન્ ! સમુદ્ર આપનું ઉદર છે, પર્વતો આપના અસ્થિસમૂહ છે, સર્વ ઔષધિઓ આપનાં શેષાંગ છે. ગાયત્રી સાત છંદો આપની સાત ધાતુઓ છે અને સર્વધર્મ આપનું હ્રદય છે. (૨૮) હે ઈશ્વર ! સંદ્યોજાતઆદિ પાંચ ઉપનિષદો આપનાં તત્પુરુષ, અઘોર, સંદ્યોજાત, વામદેવ અને ઈશાન નામનાં પાંચ મુખ છે, જે ઉપનિષદોના મંત્રોના પદવિભાગ કરતાં આડત્રીસ મંત્રો થાય છે. (૨૯) હે દેવ ! 'શિવ' નામનું જે સ્વયંજ્યોતિ સત્ત્વતત્ત્વ છે તે આપની શાંત અવસ્થા છે. હે દેવ ! અધર્મના તરંગો આપની છાયા છે, સૃષ્ટિની વિવિધ ઉત્પત્તિ કરનાર સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણ આપનાં ત્રણ નેત્રો છે તેમજ ગાયત્રી વગેરે સપ્ત છંદવાળા પુરાતન ભગવાન વેદશાસ્ત્રકર્તા અને સાંખ્યસ્વરૂપ આપનું દર્શન છે. (૩૦) હે શંકર ! જેમાં રજોગુણ, તમોગુણ કે સત્ત્વગુણ નથી અને જે સમસ્ત ભેદરહિત બ્રહ્મરૂપ છે તે આપનું પરમ જ્યોતિર્મય સ્વરૂપ સમગ્ર લોકપાલો, બ્રહ્મા, વિષ્ણુ તથા દેવેન્દ્રથી પણ જણાતું નથી. (૩૧) ભગવન શંકર ! આપનો વિરોધ કરનાર કામદેવ, દક્ષનો યજ્ઞ, મૃત્યુ તથા વિષ વગેરે અનેકનો સંહાર કરનાર આપના વીર્યની સ્તુતિ એ કાંઈ મોટી સ્તુતિ નથી એ તો એક તુચ્છ કાર્ય છે. આપે રચેલા આ વિશ્વને પ્રલયકાળે પોતાનાં નેત્રના અગ્નિના એક તણખાની શિખાથી આપ ભસ્મ કરી નાખો છો. એ કાંઈ આપની શક્તિ આગળ મહત્ત્વનું નથી. (૩૨) આત્મારામ પુરુષોના પણ ગુરુજનો હ્રદયમાં આપના બન્ને ચરણોનું ચિંતન કરે છે, વળી સ્મશાનમાં વસો છો તેમજ ઉગ્ર તપશ્ચર્યાથી સદા તપોમય રહો છો તેવા વિરક્ત આપને આપની જ શક્તિ ઉમાદેવી સાથે વિચરતા જોઈને જો કામી છો એમ કોઈ કહેતા હોય તો સાચે જ આપની લીલાને તેઓ નથી જાણતા અને આવું બોલતાં શરમાતા નથી તેથી જ આવો બકવાદ કરે છે. (૩૩) આપ કાર્ય તથા કારણથી પર રહેલી માયાથી પણ પર છો તેમજ સર્વવ્યાપક છો. આપનું સ્વરૂપ જાણવા બ્રહ્માદિ શ્રેષ્ઠ દેવો પણ સહેજમાં સમર્થ થતા નથી તો સ્તુતિ કરવા તો સમર્થ થાય ક્યાંથી ? વળી અમે તો તે બ્રહ્માની પ્રજાની પણ પ્રજા છીએ તેથી આપના સ્વરૂપને કેમ જ જાણી કે સ્તવી શકીએ ? માત્ર અમારી શક્તિ પ્રમાણે જ આપની સ્તુતિ કરીએ છીએ. (૩૪) હે મહેશ્વર ! અમે તો માત્ર આપના સ્વરૂપને જોઈ શકીએ છીએ પરંતુ આ સ્વરૂપથી પણ નિજધામમાં બિરાજતા દિવ્ય સ્વરૂપને જોઈ શકતા નથી. આપની લીલા સમજવી કઠિન છે. પણ આપની લીલા કેવલ લોકોને સુખ આપવા માટે જ છે. (૩૫)

શિવજીનું કરુણામય હ્રદય

શ્રી શુકદેવજીએ કહ્યું કે એ રીતે પ્રજાઓનું તે દુઃખ જોઈ તેઓ ઉપરની કૃપાને લીધે અત્યંત દુઃખી થઈને સર્વ પ્રાણીઓના મિત્ર ભગવાન શંકર પ્રિયા સતી ઉમાદેવીને આ પ્રમાણે કહેવા લાગ્યા કે દેવી ! ભવાનિ ! ખૂબ જ કષ્ટની કથની છે કે ક્ષીરસમુદ્રના મંથનમાંથી ઉત્પન્ન થયેલા વિષને લીધે પ્રજાજન ઉપર આવી પડેલા દુઃખને તમે જુઓ. (૩૬, ૩૭) આ પ્રજાજનો પોતાના પ્રાણનું રક્ષણ કરવા ઈચ્છે છે, આપણે પ્રજાને ભયમુક્ત કરવી જોઈએ દીન રક્ષણ તે જ સમર્થ પુરુષનું કાર્ય છે. (૩૮)

प्राणै स्वैः प्राणिनः पान्ति साधवः क्षणभङ्गुरैः । बद्धवैरेषु भूतेषु मोहितेष्वात्ममायया ॥ ३९ ॥

पुसंः कृपयतो भद्रे सर्वात्मा प्रीयते हरिः । प्रीते हरौ भगवति प्रीतोऽहं सचराचरः । तस्मादिदं गरंभुञ्जे प्रजानां स्वस्तिरस्तु मे ॥ ४० ॥

પ્રાણીઓ પરમાત્માની માયાથી મોહિત થઈ પરસ્પર વૈર બાંધી રહ્યા છે ત્યારે સત્પુરુષો પોતાના પ્રાણથી પણ પ્રાણીઓની રક્ષા કરે છે. (૩૯) હે ભદ્રે ! હે દેવી ! કૃપા કરનાર પુરુષ ઉપર સર્વના આત્મા શ્રીહરિ પ્રસન્ન થાય છે અને તે ભગવાન પ્રસન્ન થાય એટલે સ્થાવર જંગમ સહિત હું પણ પ્રસન્ન થાઉં છું. માટે આ ઝેર હું ખાઈ જાઉં અને તે દ્વારા મારાથી આ સર્વપ્રજાઓનું કલ્યાણ થાઓ ! (૪૦-૪૧)

શિવજીનું વિષપાન

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શંકર દેવી ભવાનીની અનુમતિ મેળવી વિશ્વકલ્યાણ માટે વિષ પીવા તૈયાર થયા ત્યારે મહાદેવજીના પ્રભાવને જાણનારાં દેવી પાર્વતીએ તેમને જરા પણ રોક્યા નહિ. (૪૨) રાજન્ ! ત્યારે સર્વત્ર પ્રસરી જતા હળાહળ ઝેરને હથેળીમાં લઈ પ્રાણીઓનું કલ્યાણ કરનારા મહાદેવજી પી ગયા. સમર્થ તે મહાદેવજીને પણ આ વિષે પોતાનું પરાક્રમ તો દર્શાવ્યું જ છે. તેમના કંઠમાં તેણે કાળો ડાઘ કરી મૂક્યો છે; પરંતુ નીલકંઠપણું એ તો સત્પુરુષોના ભૂષણરૂપે છે. (૪૩)

तप्यते लोकतापेन साधवः प्रायशो जनाः । परमाराधनं तद्धि पुरुषस्याखिलात्मनः ॥ ४४ ॥

ઘણું કરી સાધુ પુરુષો લોકોના દુઃખથી દુઃખી થાય છે અને ખરી રીતે તે જ સર્વના આત્મા પરમેશ્વરનું ઉત્તમ આરાધન છે. (૪૪) દેવોના પણ દેવ અને ભક્તજનોના મનોરથો પૂર્ણ કરનારા ભગવાન શંકર તે કર્મ જોઈ સર્વ પ્રજાઓ, પાર્વતી, બ્રહ્મા તથા વિષ્ણુ તેમની પ્રશંસા કરવા લાગ્યા. (૪૫) ભગવાન શંકર વિષપાન કરતા હતા ત્યારે તેમના હાથમાંથી જે કંઈ નીચે પડી ગયું તેને વીંછી, સર્પ, ઝેરી ઔષધિઓ તથા બીજાં ઝેરી પ્રાણીઓએ લઈ લીધું. (૪૬)

प्रस्कन्नं पिबतः पाणेर्यत्किञ्चिज्जगृहुः । स्म तत् । वृश्चिकाहिविषौषध्यो दन्दशूकाश्च येऽपरे ॥ ४६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનાં અષ્ટમ સ્કંધના સમાપ્તિમાં સર્વદાન નામના પ્રકરણમાં સમુદ્રમંથન કરનાર કરુણાનિધિશંકર ભગવાનના વિષપાનનું વર્ણન કરતો અધ્યાય ૭મો સમાપ્ત.

અધ્યાય ૮મો

(આ અધ્યાયમાં ૪૬ શ્લોકો છે. દાનપ્રકરણનાં આ આઠમાં અધ્યાયમાં મંથન દ્વારા અનંત રત્નોનું દાન, શ્રીલક્ષ્મીજી દ્વારા સર્વ પ્રજાને સુખ ઐશ્વર્યદાનની કથા આવે છે. અમૃતોત્પત્તિની કથા પણ આ અધ્યાયમાં છે.)

ચતુર્દશ રત્નોનો પ્રાદુર્ભાવ : श्रीशुक उवाच-पीते गरे वृषाङ्केण प्रीतास्तेऽमरदानवाः । ममन्थुस्तरसासिन्धुं हविर्धानी ततोऽभवत् ॥ १ ॥

શ્રી શુકદેવજી મહારાજે કહ્યું કે ભગવાન શંકરે વિષનું પાન કર્યું. પ્રસન્ન થયેલા તે દેવો અને દાનવો સમુદ્રમંથન કરવા લાગ્યા ત્યારે પ્રથમ કામધેનું ગાય પ્રકટ થયાં. (૧) રાજન્ ! અગ્નિહોત્રના સાધનરૂપ ગાયને બ્રહ્મવાદી ઋષિઓએ બ્રહ્મલોકના માર્ગમાં લઈ જનાર યજ્ઞના હવિષ માટે લીધા. (૨) પછી ચન્દ્ર સમાન શ્વેત વર્ણનો ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ પ્રગટથયો બલિરાજાએ અશ્વની કામના કરી પરંતુ શ્રીહરિની શિખવણીથી સ્વર્ગપતિ ઈન્દ્રે ઇચ્છા ન કરી. (૩) પછી ઐરાવત નામનો ચાર દાંતવાળો હાથી નીકળ્યો તે ચન્દ્ર સમાન શ્વેત હોઈ શ્વેત શિખરો જેવા દાંતોથી ભગવાન શંકરના કૈલાસ પર્વતની શોભા હરતો હતો. (૪) ત્યારબાદ મહાસાગરનું મંથન કરતાં કૌસ્તુભ નામનું માણેક રત્ન નીકળ્યું ભગવાન શ્રીહરિએ વક્ષઃસ્થલ ઉપર ભૂષણ બનાવવાનો વિચાર કર્યો (૫) રાજન્ ! પરીક્ષિત ! સ્વર્ગલોકના શૃંગાર સમાન પારિજાત નામના કલ્પવૃક્ષની પ્રાપ્તિ થઈ. આ કલ્પવૃક્ષ, રાજન્ ! આપની માફક પૃથ્વી ઉપર યાચકોના મનોરથો પૂર્ણ કરે છે. (૬) પછી ગળામાં સુવર્ણની કંઠીઓ ધારણ કરતી દિવ્ય વસ્ત્રવાળી અપ્સરાઓ પ્રકટી. તેઓ સુંદર ગતિ અને વિલાસપૂર્વક દેખાવ વડે દેવોને આનંદ ઉપજાવતી હતી. (૭)

આધિદૈવિક લક્ષ્મીજીનો આવિર્ભાવ : ततश्चाविरभूतसाक्षात् श्रीरमाभगवत्परा । रञ्जयन्ती दिशः कान्त्या विद्युत्सौदामिनी यथा ॥ ८ ॥

ત્યારપછી શ્રીહરિચરણપરાયણ શ્રી લક્ષ્મીદેવી પ્રકટ થયાં જે પોતાની કાંતિથી વીજળીની માફક દિશાઓને ઝળકાવતાં હતાં. એમની તો સર્વ દેવો, અસુરો તથા મનુષ્યોએ ઈચ્છા કરી. (૮) કારણ કે ભગવતી શ્રીલક્ષ્મીજીનાં સ્વરૂપ-ઔદાર્ય-વય-વર્ણ અને માહાત્મ્યને લઈને સર્વના મન લક્ષ્મીજી માટે આકર્ષાયાં હતા. (૯) રાજા ઈન્દ્રે લક્ષ્મીજીને અત્યંત શ્રેષ્ઠ આસન આપ્યું અને સર્વ સરિતા અને તીર્થદેવતાઓએ પોતાનાં પવિત્ર તીર્થ ભરી અભિષેક માટે સુવર્ણકલશો આપ્યા. (૧૦) રાજન્ ! આ અવસરે પૃથ્વીદેવીએ અભિષેકને યોગ્ય સર્વ ઔષધિઓ લાવી આપી. ગાયોએ પંચગવ્ય એટલે ગોમુત્ર-ગોમય-ગાયનું દૂધ-ગાયનું ઘી - ગાયનું દહીં આ પાંચ પવિત્ર વસ્તુઓ લાવી આપી. ત્યારબાદ વસંતઋતુએ ચૈત્ર તથા વૈશાખ માસનાં પુષ્પો વગેરે લાવી આપ્યાં. (૧૧) આ અવસરે ઋષિઓએ વિધિ પ્રમાણે લક્ષ્મીજીનો અભિષેક કર્યો. તે સમયે ગંધર્વો માંગલિક ગાયનો ગાવા લાગ્યા, નટીઓ નૃત્ય કરવા માંડી તેમ જ ગાન કર્યા. (૧૨) આ અવસરે મેઘદેવોએ ઉચ્ચ સ્વરવાળા મૃદંગ, ઢોલ, ઢોલક, નગારાં, શીંગડીઓ, શંખ, વાંસળીઓ અને વીણાના મધુર મંગલ નાદ કર્યા. (૧૩) ત્યારબાદ દશ દિશાના દિગ્ગજો પોતાના હસ્તમાં પૂર્ણ કલશો લઈ વિપ્રર્ષિઓએ ઉચ્ચારેલાં વેદસૂક્તોથી કમલહસ્તા શ્રી લક્ષ્મીદેવીજીના ઉપર અભિષેક કરવા લાગ્યાં (૧૪) ક્ષીરસાગર પિતાએ પુત્રી રમાને પીતવર્ણા રેશમી વસ્ત્ર પહેરાવ્યાં. વરુણદેવે મકરંદ રસથી મદોન્મત્ત બનેલા ભ્રમરોના ગુંજનવાળી વૈજયન્તી માલા આપી. (૧૫) પ્રજાપતિ વિશ્વકર્માએ વિવિધ પ્રકારનાં આભૂષણો લાવી આપ્યાં. સરસ્વતી દેવીએ હાર આપ્યો. બ્રહ્માજીએ કમલ આપ્યું અને નાગદેવોએ કુંડલ આપ્યાં (૧૬)

લક્ષ્મીજીનો સ્વયંવર

ત્યારબાદ ક્ષીરસાગર પિતાએ સ્વસ્તિ પુણ્યાવાચન કર્યા આ માંગલિક અવસરે અલંકારો ધારણ કરી લક્ષ્મીદેવીએ હાથમાં ભ્રમરથી ગુંજતી કમલમાલા ધારણ કરતાં લજ્જાયુક્ત હાસ્યસહિત, સુંદર ગાલવાળા તથા કુંડળોવાળા અતિ તેજસ્વી મુખથી શોભતા સ્વયંવરમાં પ્રવેશ કર્યો. (૧૭) અત્યંત મનોહર પાતળી કેડવાળા, સુડોળ સુઘટ્ટ ચંદન-કેશરના લેપથી સુવાસિત બન્ને સ્તનોમાંથી સૌંદર્યને પોષતાં, ઝાંઝરના મધુર ઝણકાર સાથે ચાલતાં લક્ષ્મીદેવી જાણે સભામાં ચાલતી સુવર્ણવેલી સરખાં શોભી રહ્યાં હતા. (૧૮) વરવા માટે વિચારતાં ભગવતી લક્ષ્મીજી ગંધવો, યક્ષો, અસુરો, સિદ્ધો, ચારણો તથા દેવોમાં અવિચલ ગુણવાળા તેમજ અવગુણ રહિત સર્વ ગુણ સ્થાનને શોધતાં હતાં પરંતુ લક્ષ્મીદેવીને કોઈ નિર્દોષ સ્થાન ન મળ્યું. (૧૯) જ્યારે તેમની દૃષ્ટિ તપસ્વી દુર્વાસા જેવા ઋષિ તરફ ઢળી ત્યાં તપ તો હતું પણ ક્રોધ જોયો; બૃહસ્પતિ અને શુક્રાચાર્યજી જેવા જ્ઞાની છે પણ તેમણે કામદેવને જીત્યો નથી. જ્યારે ઈન્દ્રાદિ દેવોને જોયા ત્યારે તે દેવો તો હતા પણ તેઓ પરમેશ્વરના આશ્રયને શોધતા હતા તો તે શું ઈશ્વર કહેવાય ? (૨૦) રાજન્ ! જ્યારે પરશુરામ વગેરે મુનિવરો તરફ જોયું તો ધર્મતો જોયો પરંતુ પ્રાણી માટે મૈત્રી ન જોઈ. તો વળી શિબિ જેવા દાનેશ્વરી રાજાઓને જોયા તો તેમનામાં દાન ગુણ તો જોયો પરંતુ તે દાન મોક્ષનું કારણ ન હતું. પૃથ્વીમાં પરાક્રમીઓ જોયા પણ તે પરાક્રમ કાળના વેગથી પર નથી. જ્યારે અન્ય કેટલાક મુનિવરો જોયા ત્યારે તેઓ તો ગૃહસ્થ થવા ચાહતા નથી કારણ કે સદા સમાધિમાં રહે છે તો હવે સ્વામી તરીકે વરવું કોને ? (૨૧) જ્યારે કલ્પો પર્યન્ત આયુષ્યવાળા માર્કણ્ડેય, દાલ્ભ્ય મુનિઓ જોયા ત્યારે તેઓ દીર્ઘ આયુષ્યવાળા છે પણ તેઓનો સ્વભાવ લગ્નમંગલ માટે સંમત નથી. અસુરો લગ્નમંગલ વૃત્તિવાળા છે પણ તેઓના આયુષ્યની સ્થિરતા જણાતી નથી. તો વળી ભગવાન શંકર મંગલ સ્વભાવવાળા છે તેમજ આયુષ્યની સ્થિરતાવાળા છે પણ તે પોતે જ વિરક્ત હોઈ સ્મશાનમાં એકાન્તવાસી બને છે. હવે રહ્યા કેવલ ભગવાન વિષ્ણુ તેઓ સર્વ પ્રકારે મંગળરૂપ છે. પરંતુ મારા તરફ જોતા જ નથી કારણ કે નિજાનંદ પૂર્ણ છે. તો પણ એ જ વરવા જેવા છે. એવો વિચાર કરી લક્ષ્મીજી પ્રકૃતિના ગુણોથી પર અને આત્મારામ મુકુન્દ ભગવાનને જ વર્યા. કેમકે તે ભગવાન સદા સ્થિર એવા ધર્મજ્ઞાનાદિ ઉત્તમ ગુણોથી સર્વોત્કૃષ્ટ છે. કેવલ પોતાના જ એક આશ્રયથી સર્વોત્તમ છે. આણિમાદિ સર્વ સિદ્ધિઓ પોતાની મેળે જ તેમને વરી છે. (૨૨-૨૩) લક્ષ્મીજી

મદોન્મત્ત ભ્રમરોના સમૂહથી ગુંજતી સુંદર નૂતનકમલ માલાને ભગવાન શ્રીવિષ્ણુના કંઠમાં સમર્પણ કરી કૃપાની પ્રતીક્ષા કરતાં ભગવાનની સમીપે ઊભાં રહ્યાં. (૨૪) એટલે ત્રણ જગતના પિતા શ્રી ભગવાને ઉત્તમ વૈભવવાળાં,અને ત્રણે જગતનાં માતા લક્ષ્મીદેવીને પોતાની છાતીમાં અવિચર વાસ આપ્યો. ત્યાં રહી લક્ષ્મીદેવી પોતાની દયામુક્ત નજર કરી પોતાની પ્રજારૂપ ત્રણે લોકોને તથા ત્રૈલોક્યના સ્વામીઓને સમૃદ્ધિવાળા કરવા લાગ્યાં. (૨૫) આ સમયે સ્ત્રીઓ સાથે નૃત્ય કરતા અને ગાયનો ગાતા દેવોના અનુચરોનો તથા શંખ-મૃદંગોનો તેમજ વાજિંત્રોનો મહાન શબ્દ થઈ રહ્યો. (૨૬) તેમજ બ્રહ્મા, શંકર અને અંગિરાદિ સર્વ પ્રજાપતિઓ પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. (૨૭) આ અવસરે લક્ષ્મીજીએ સદ્વર્તન વગેરે ગુણોવાળા પ્રજાપતિઓ તેમજ તેમની સાથેના દેવો અને પ્રજાઓને કૃપા નજરે જોયા ત્યારે તેઓ પરમ શાંતિ પામ્યા. (૨૮) હે રાજન્ ! દૈત્યો તથા દાનવોની ઈચ્છા ન કરી ત્યારે તેઓ સત્યહીન, લાલચુ, ઉદ્યોગરહિત અને નિર્લજ્જ થયા. (૨૯) પછી સમુદ્રમાંથી કમળ સમાન નેત્રોવાળી કન્યા વારુણીદેવી ઉત્પન્ન થઈ ત્યારે શ્રીહરિની સંમતિથી અસુરોએ વારુણીદેવી સ્વીકારી. (૩૦)

શ્રી ધન્વતરિ ભગવાનનો પ્રાદુર્ભાવ

હવે રાજન્ ! ત્યારબાદ અમૃતની ઈચ્છાવાળા કશ્યપપુત્રો, દેવો તથા દૈત્યો સમુદ્ર મંથન કરવા લાગ્યા, ત્યારે ધન્વન્તરિ ભગવાન પ્રકટ થયા. (૩૧) ભગવાન ધન્વન્તરિના બન્ને બાહુઓ દીર્ઘ અને સુડોળ હતા. વર્ણમાં મેઘશ્યામ હતા. તરુણ વય હતું. વક્ષઃસ્થલમાં પુષ્પની માલા ધારણ કરી હતી. સર્વ અલંકારો સુશોભિત હતા. (૩૨) ભગવાને પીતાંબર પહેર્યું હતું. છાતી વિશાળ હતી. તેજસ્વી અને શુદ્ધ મણિનાં કુંડળો પહેર્યા હતાં. ભગવાનના કેશ વાંકડિયા, સુંવાળા અને ચમકતા હતા. સ્વરૂપે સુંદર હતા. સિંહ જેવા પરાક્રમી હતા. (૩૩) અમૃતથી ભરેલો કલશ કરકમલમાં ધારણ કર્યો હતો. રત્ન કંકણોથી તે શોભતો હતો. સાક્ષાત વિષ્ણુ ભગવાનના અંશના અંશમાંથી ધન્વન્તરિ ભગવાન પ્રકટ થયા હતા. (૩૪) ધન્વન્તરિ નામથી પ્રખ્યાત ભગવાન આયુર્વેદ શાસ્ત્રના દ્રષ્ટા અને યજ્ઞભાગના ભોક્તા હતા. ભગવાનના કરકમલમાં અમૃતથી પૂર્ણ ભરેલા કળશને જોઈ અસુરો, કામધેનુ વગેરે સર્વ વસ્તુઓ લઈ લેવાની ઈચ્છાથી કળશને બળથી લઈ ગયા. એ રીતે અમૃતના પાત્ર કળશને દૈત્યો લઈ જવા લાગ્યા. (૩૫-૩૬)

અમૃત કલશનું અપહરણ અને કલહ

ત્યારે મનમાં ખેદ પામેલા દેવો શ્રીહરિને શરણે ગયા. એટલે ભક્તોના મનોરથો પૂર્ણ કરનાર ભગવાને દેવોની દીનતા જોઈ કહ્યું કે તમે ખેદ કરો મા. હું મારીમોહિની માયાથી દૈત્યોમાં અંદર અંદર કજિયો ઊભો કરી તમારું કાર્ય સાધીશ. (૩૭) તૃષ્ણાથી યુક્ત મનવાળા તે દૈત્યોમાં એ અમૃત માટે અંદરોઅંદર કજિયો થયો તેથી ''હું પહેલો, તું નહીં તું નહીં'' એમ તેઓ લડવા લાગ્યા. (૩૮) હે રાજન્ ! જે બળવાન દૈત્યો અમૃતનો કલશ લઈ ગયા હતા, તેઓને ઉદ્દેશી બીજા દુર્બળ દૈત્યો અદેખાઈ લાવી વારંવાર આ પ્રમાણે કહેવા લાગ્યા, ''દેવો પણ આ અમૃતમાં પોતાના ભાગ માટે યોગ્ય છે, કેમ કે તેમણે પણ આ કાર્યમાં સરખી મહેનત કરી છે, માટે જેમ સત્રયાગમાં સર્વને સરખું ફળ મળે છે તેમ આ કાર્યમાં પણ સર્વને સમાન ફળ મળવું જોઈએ. આ સનાતન ધર્મ છે. (૩૯) પરસ્પર કેટલાકને મત્સર થયો તેથી મોટા હતા તે લઈ ગયા ત્યારે ગરીબો મારીને પણ લઇ શકે નહીં તેની અદેખાઈથી લઈ જતા તમે અમૃત ના લઈ જાઓ, એમ કહેવા લાગ્યા. (૪૦)

શ્રી મોહિની ભગવાનનો પ્રાદુર્ભાવ

આ અવસરે સર્વે ઉપાયો જાણનારા વિષ્ણુભગવાને વાણીથી વર્ણવી ન શકાય એવા પરમ અદ્‌ભુત શ્રી મોહિનીજીના સ્ત્રી સ્વરૂપને ધારણ કર્યું. (૪૧) મોહિનીજીનું સ્વરૂપ દર્શનીય હતું. શ્યામલ કમલ સમાન કાંતિ હતી. સર્વ અવયવોથી સુડોળ હતું. એક સરખા બન્ને કર્ણના કુંડલો હતાં. સુંદર ગાલ અને ઊંચી નાસિકાવાળી મુખાકૃતિ હતી. (૪૨) નવયૌવનથી ખીલેલા સ્તનના ભારથી પેટ પાતળું હતું. મુખની સુંગધમાં આ સક્ત હતા ભ્રમરાઓના ભ્રમણ ગુંજાવરથી

તેમનાં નેત્રો ગભરાયેલાં હતા. (૪૩) વિકસિત કુન્દપુષ્પની માલાની વેણી તેમણે પોતાના કેશપાશમાં ધારણ કરી હતી. કંઠમાં સુશોભિત કંઠી વગેરે અલંકારો પહેર્યાં હતા. મોહિનીજીની સુંદર ભુજાઓમાં બે બાજુબંધો શોભતા હતા. (૪૪) સ્વચ્છ વસ્ત્રોથી ઢંકાયેલા નિતંબરૂપ બેટ ઉપર શોભતી મેખલાથી તે સ્વરૂપ અત્યંત શોભતું હતું. અને મનોહર ચાલથી ચાલતાં બે ચરણોમાં મધુર ઝણકાર કરતાં નુપૂર ધારણ કર્યા હતાં. (૪૫) વળી તે સ્ત્રીસ્વરૂપ લજ્જાયુક્ત મંદહાસ્ય સાથે ઊછળતી ભ્રૂકુટિના વિલાસોવાળી નજર કરી દૈત્યના અગ્રેસરોના મનમાં વારંવાર કામોદ્દીપન કરી રહ્યાં હતા. (૪૬)

सव्रीडस्मितविक्षप्तभ्रूविलासावलोकनैः । दैत्ययूथपचेतःसु काममुद्दीपयन्मुहुः ॥ ४६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના અષ્ટમ સ્કંધના દ્વિતીય સર્વદાન પ્રકરણોમાંનો સમુદ્રમંથન શ્રી લક્ષ્મીજીનો સ્વયંવર અને શ્રીમોહિનીજીનો પ્રાદુર્ભાવ વગેરે પ્રસંગોનું વર્ણન કરતો અધ્યાય ૮મો સમાપ્ત.

અધ્યાય ૯મો

(આ અધ્યાયમાં ૨૯ શ્લોકો છે. ભગવાને પક્ષપાતથી મુક્ત બની અધિકાર પ્રમાણે દેવોને અમૃત અને અસુરોને દૈત્યોને વારુણીનાં પાન કરાવ્યાં છે. સમુદ્રને પુત્ર ન હોવાથી અને જામાતા પુત્ર મનાય તેથી પિતાનું કામ જેમ પુત્ર કરે એ પ્રમાણે ભગવાને પુત્ર તરીકે સમુદ્રનું કાર્ય કરવા જ અમૃતનાં પાન કરાવ્યાં છે. આ કાર્ય માટે જ મોહિનીસ્વરૂપ સ્વીકાર્યું છે.)

અસુરોની લંપટદશા : श्रीशुक उवाच-तेऽन्योन्यतोऽसुराः पात्रं हरन्तस्त्यक्तसौहृदाः । क्षिपन्तो दस्युधर्मेण आयान्तीं ददृशुःस्त्रियम् ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! અસુરો પરસ્પરનો સ્નેહ નેવે મૂકી અંદરો અંદર લૂંટારાઓની માફક અમૃતના કલશને ઝૂંટવવા લાગ્યા. તે જ અવસરે ત્યાં આવતી એક સ્ત્રીને જોઈ. (૧) અસુરો કહેવા લાગ્યા કે 'શું સુંદર સ્વરૂપ છે ? કેવું દિવ્ય તેજ ? વળી કેવું મોહકઅંગ છે ?' આમ બોલતાં તે કામાતુર દૈત્યો, એ સ્ત્રી સામે દોડી જઈને તેને પૂછવા લાગ્યા. (૨) કમળની પાંખડીઓ સરખાં નયનવાળી હે સન્નારી ! તમે કોનાં કુમારી છો તે કહેશો ? શું કરવા ઈચ્છો છો ? હે સુંદર સાથળવાળી નારી ! તમે ક્યાંથી આવો છો તમે અમારા મનનું મંથન કરી રહ્યા હોય તેમ લાગે છે. (૩) દેવો, દૈત્યો, સિદ્ધો, ગંધર્વો, ચારણો કે લોકપાલોએ તમારો કદી પણ સ્પર્શ કર્યો નથી તો પછી મનુષ્યો તો સ્પર્શ કરે જ ક્યાંથી ? એ અમે સારી રીતે જાણીએ છીએ. (૪) હે સુંદર ભ્રૂકુટિવાળી સન્નારી ! દયાળુ વિધાતાએ પ્રાણીઓની સર્વ ઈન્દ્રિયો તથા મનને પ્રસન્ન કરવા શું તમને અહીં મોકલ્યાં છે કે આપ સ્વેચ્છાએ અહીં પધાર્યાં છો ? (૫) હે માનિનિનારી ! અમે બધા જ ભાઈ છીએ, જ્ઞાતિબંધુઓ છીએ. આમ છતાં આ એક અમૃત નામની વસ્તુ માટે પરસ્પર સ્પર્ધા કરતા વેર બાંધી રહ્યા છીએ તો હે સુમધ્યમે ! તમે અમારું સમાધાન કરો. (૬) હે સન્નારી ! અમે સર્વ કશ્યપના પુત્રો છીએ, ભાઈઓ છીએ. અમે સર્વેએ સમુદ્રમંથનમાં સરખો જ પ્રયત્ન કર્યો છે તો તમે અમારામાં કલહ ન થાય એ રીતે ન્યાય પ્રમાણે આ અમૃત અમને વહેંચી આપો. (૭) રાજન્ ! આ પ્રકારે દૈત્યોએ માયાથી સ્ત્રીનું શરીર ધારણ કરનાર શ્રીહરિને પ્રાર્થના કરી ત્યારે તેમણે ખૂબ હસીને સુંદર કટાક્ષોથી દૈત્યો તરફ જોઈ આ પ્રમાણે કહ્યું. (૮)

મોહિનીજીનાં મધુર વાક્યો

શ્રીમોહિની ભગવાને કહ્યું કે હે કશ્યપપુત્રો ! હું વિચરતી નારી છું. મને નવાઈ લાગે છે કે તમે મારામાં વિશ્વાસ મૂકો છો ? વિવેકી પુરુષ કામિની નારીમાં કદી વિશ્વાસ કરે નહીં. (૯) હે દૈત્યો ! કૂતરાં અને સ્વૈર વિહારિણી નારી નિત્ય નવું નવું શોધે છે માટે તેમની મૈત્રીને વિદ્વાનો અસ્થિર કહે છે. (૧૦)

શ્રી શુકદેવજી મહારાજે કહ્યું કે રાજન્ ! મોહિનીના મધુર મોહક વચનોથી મનમાં વિશ્વાસ પામેલા અસુરો ભાવગંભીર હાસ્ય કરવા લાગ્યા અને અમૃતનું પાત્ર દૈત્યોએ મોહિનીજીને આપી દીધું. (૧૧) ત્યારબાદ અમૃતનો કળશ હાથમાં લઈ શ્રીહરિ મંદ હાસ્યથી શોભતી વાણીથી બોલ્યા કે હે અસુરો ! મને જે યોગ્ય લાગે તે પ્રમાણે હું કાંઈપણ સારું કે નરસું કરું તે જો આપને સર્વને સંમત હોય તો હું આ અમૃતનો કળશ લઈ એમાનું અમૃત વહેંચી આપું. (૧૨) રાજન્ ! મોહિનીજીના આ વચનને સાંભળી તેના મર્મને ન જાણનારા અસુરોના અગ્રવરોએ મોહિનીજીના વચનને 'બહું સારું' એમ કહી સ્વીકારી લીધું. (૧૩)

દેવો, દૈત્યો વ્રત કરી અમૃતપાન માટે બેઠા

પછી દેવો અને અસુરોએ સ્નાન ઉપવાસ કરી અગ્નિમાં હુતદ્રવ્યોનો હોમ કરી, ગાયો, બ્રાહ્મણો તથા બીજાં પ્રાણીઓને યથાયોગ્ય દાન આપી બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યાં. (૧૪) ત્યારબાદ પ્રીતિપૂર્વક નૂતન વસ્ત્રો તથા અલંકારો ધારણ કરી તેઓ સર્વ પૂર્વાભિમુખે દર્ભાસનો ઉપર બેઠા. (૧૫)

રાજન્ ! આ પ્રમાણે પુષ્પની માલા તથા દીપકોથી દીપતી અને ધૂપથી મધમધતી દિવ્ય શાળામાં દેવો તથા અસુરો પૂર્વાભિમુખે બેસી ગયા. (૧૬) રાજન્ ! હાથીની સૂંઢ જેવા ઘાટીલા સાથળોવાળાં, સુંદરરેશમી વસ્ત્રથી ઢંકાયેલા મોટા નિતંબથી મંદ ગતિથી ચાલતાં, મદ ઘેરાયેલાં નેત્રવાળાં, સુર્વણના ઝાંઝરના ઝણકારથી રૂમઝુમ કરતાં અને હાથીનાં ગંડસ્થળ સમાન સ્તનવાળા શ્રીમોહિનીજી કરકમલમાં અમૃતનો કળશ લઈને ભોજનશાળામાં પધાર્યા. (૧૭) રાજન્ ! ભોજનશાળામાં અમૃત પીરસવા પધારેલાં શ્રીમોહિનીજી સાક્ષાત્ લક્ષ્મીજી જેવા લાગતાં હતાં. તેમણે સોનાના કુંડળો પહેર્યા હતાં, તેથી તેમનાં કાન, નાક, ગાલ તથા મુખ સુંદર લાગતાં હતા. દેવીના વક્ષઃસ્થલ ઉપરથી સાડીનો પાલવ સરકી જતો હતો અને ઉત્તમ હાસ્યયુક્ત દ્રષ્ટિથી તે જોઈ રહ્યાં હતાં. આ અવસરે દિવ્ય કૃતિવાળા મોહિનીજીને જોઈને દેવો તથા અસુરો અત્યંત મોહિત થયા. (૧૮)

સર્પને દૂધ પાવું એ વિષને વધારે છે

અસુરોને અમૃત આપવું તે સર્પોને દૂધ પાવા જેવું અઘટિત છે એમ વિચારી ભગવાને જાતિથીજ ક્રૂર તે અસુરોને અમૃત ન વહેંચ્યું. (૧૯) રાજન્ ! અમૃત વહેંચતી વખતે જગતપતિ ભગવાને દેવો તથા દૈત્યોને પોતપોતાની ન્યાતિની જુદી જુદી પંક્તિઓમાં બેસાડ્યા. (૨૦) ભગવાને પછી બહુમાન તથા પ્રિય વાક્ય વગેરેથી દૈત્યોને ઠગી હાથમાં અમૃતનો કળશ લઈ દૂર બેઠા હતા છતાં દેવોને જરા - મૃત્યુને ટાળનારી સુધાનાં પાન કરાવ્યા. (૨૧) રાજન્ ! પોતાના કરેલા કરારનું પાલન કરતા અને મોહિનીમાં અનુરાગ ધરાવતા અસુરો સ્ત્રી સાથે વિવાદમાં ઊતરવું એ નિંદાપાત્ર છે એમ માનીને પણ મૌન જ રહ્યા. (૨૨) રાજન્ ! મોહિનીમાં કરેલો અતિશય પ્રેમ જો વચન નહીં પાળીએ તો કદાચ નાશ પામશે અને તૂટી જશે તેવા ડરથી અને મોહિનીજીનાં ચતુર અને ભાવવાળાં વચનોથી વશ થઈ કંઈ પણ અપ્રિય વચન બોલી શક્યા નહીં. (૨૩) રાજન્ ! આ પરિસ્થિતિમાં દેવના વેશમાં છુપાયેલો રાહુ દેવોની સભામાં પેસી અમૃત પીતા રાહુના મસ્તકને તીક્ષ્ણ ધારવાળા સુદર્શન ચક્રથી છેદી નાંખ્યું તેથી અમૃતને સ્પર્શ ન પામેલું તેનું ધડ પૃથ્વી પર પડ્યું. (૨૫) રાજન્ રાહુનું મસ્તક તો અમર થયું તેથી ભગવાને મસ્તકનો રાહુ નામનો ગ્રંહ બનાવ્યો. જે રાહુ ગ્રહ પર્વના દિવસે વૈરબુદ્ધિથી સૂર્ય ચન્દ્રની સામે આજે પણ દોડે છે. (૨૬) એમ દેવતાઓએ અમૃત લગભગ પી લીધું એટલે લોકોનું કલ્યાણ કરનારા ભગવાન શ્રી હરિએ અસુરોના દેખતાં પોતાનું મૂલસ્વરૂપ ધારણ કર્યું. (૨૭)

સજ્જન અને સમર્પિતને સર્વ મળે

રાજન્ ! આ પ્રમાણે મંથન સમયે દેવ તથા અસુરગણોના દેશ, કારણો પદાર્થો કાર્ય તથા બુદ્ધિ એ સર્વ સરખાં જ હતાં છતાં દેવોને સુધા મળી અને અસુરોને અમૃત ન મળ્યું આવો જે ફલપ્રાપ્તિમાં ફરક પડ્યો તેનું કારણ કે દેવોએ ભગવચ્ચરણકમલનો આશ્રય લીધો હતો તે. (૨૮) મનુષ્યો પોતાના દેહ તથા પુત્રાદિ માટે પ્રાણ, ધન, કર્મ, મન તથા વચનથી જે કાંઈ કરે છે તે ભેદબુદ્ધિને લીધે વ્યર્થ જાય છે. પણ તે સર્વ કાંઈ જો ભગવબુદ્ધિથી કરે તો તે મહાન ફળદાયી થાય છે. જેમ વૃક્ષના મૂળમાં જલ સિંચન કરે તો આખા વૃક્ષને મળે છે. (૨૯)

यद्युज्यतेऽसुवसुकर्ममनोवचोभिर्देहात्मजादिषु नृभिस्तदसपृथक्वात् ।
तैरेव सद्भवति यत्क्रियतेऽपृथक्त्वात्सर्वस्य तद्भवति मूलनिषेचनं यत् ॥ २९ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના અષ્ટમ સ્કંધના દ્વિતીય સમ્પત્તિમાંનો સર્વદાન પ્રકરણમાંનો મોહિની સ્વરૂપ સ્વીકાર નામનો પ્રસંગનું વર્ણન કરતો અધ્યાય ૯મો સમાપ્ત.

અધ્યાય ૧૦મો

(આ અધ્યાયમાં ૫૭ શ્લોકો છે. દેવો અમૃતપાનના અહંકારથી છકી ગયા અને ભગવાને પોતાના ઉપર ઉપકાર કર્યો છે તે વિસરી ગયા ત્યારે અમૃતે દેવોને કૃતઘ્ન માની દેવોને સહાય કરી નહીં. તેથી દેવો યુદ્ધમાં પાછા પડ્યા. પછી તેમને ભાન આવ્યું. તેમનું અભિમાન ગયું અને દૈન્ય આવ્યું ત્યારે ભગવાને દયા કરી અને અમૃતે સહાય કરી આ સર્વ પ્રસંગ આ કથામાં આવશે.)

મોહિની ભગવાનની વિદાય અને યુદ્ધની તૈયારી श्रीशुक उवाच : इति दानवदैतेया नाविन्दन्नामृतं नृप । युक्ताः कर्मणि यत्ताश्च वासुदेवपराङ्मखाः ॥ १ ॥

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! દાનવો તથા દૈત્યો ભગવાનથી વિમુખ હતા માટે સમુદ્રમંથન કાર્યમાં પ્રયત્નવાળા હોવા છતાં તેઓ અમૃત પામ્યા નહિ. (૧) હે રાજન્ ! પોતાના ભક્ત દેવોને અમૃત પીવડાવી તેઓનું કાર્ય સાધી ભગવાન સર્વ પ્રાણીઓના દેખતાં ગરુડ ઉપર બિરાજીને પધારી ગયા. (૨) રાજન્ ! ત્યારે શત્રુઓની તે ઉત્તમ સમૃદ્ધિ જોઈ દાનવો તે સહન કરી શક્યા નહીં અને શસ્ત્રો ઉગામી દેવો ઉપર ધસી આવ્યા. (૩) આ અવસરે અમે અમૃત પીધું છે એવા ભાવથી મત્ત બની ભગવાનનાં ચરણનો આશ્રય કરી સર્વ દેવગણો શસ્ત્રો લઈ દૈત્યો સામે યુદ્ધ કરવા લાગ્યા. (૪) રાજન્ ! તે સમયે સમુદ્રના કિનારા ઉપર ''દેવાસુર સંગ્રામ'' નામે ઉગ્ર યુદ્ધ થયું, જે મહાભયંકર અને રોમાંચજનક હતું. (૫) આ યુદ્ધમાં ક્રોધે ભરાયેલા શત્રુઓ તલવારો તથા બાણો વગેરે વિવિધ શસ્ત્રો લઈ સામસામા આવી જઈ એકબીજાને મારાવા લાગ્યા. (૬) આ સમયે શંખ, વાજિંત્ર, મૃદંગો, ભેરીઓ તથા ડમરુઓનો અને ગર્જના કરતા હાથીઓ, ઘોડા અને પાયદળનો મોટો કોલાહલ થઈ રહ્યો. (૭)

વિવિધ વાહનોએ ચઢી આવ્યા

એ યુદ્ધમાં રથીઓ રથીઓ સાથે, પાયદળ પાયદળ સાથે અશ્વો અશ્વો સાથે તથા હાથીઓ સાથે લડવા લાગ્યા (૮) કેટલાક યોદ્ધાઓ ઊંટો ઉપર, કેટલા હાથીઓ પર, કેટલાક ગધેડાં ઉપર અને બીજા કેટલા ગૌરમૃગો, રીંછો, વાઘો તથા સિંહો ઉપર બેસી લડતા હતા. (૯) હે રાજન્ ! ત્યારે કેટલાક ગીધ, કંકપક્ષી, બગલાં, બાજપક્ષી, ભાસ પક્ષી, તિમિંગલ નામના જળચર, અષ્ટાપદો, પાડા, ગેંડા, ગાયો, બળદો, રોઝ, અરુણ નામનાં જંગલી પશુઓ, શિયાળો ઊંદરો, કાચીંડા, સસલાં, મનુષ્યો, બકરાં, કાળિયાર મૃગો, હંસો, ભૂંડો તથા બીજા જલચર, સ્થલચર, નભચર ભયંકર શરીરોવાળાં પ્રાણીઓ પર બેસી બન્ને સૈન્યોમાં આગળ આગળ દાખલ થયા. (૧૦-૧૨) હે રાજન્ ! રંગબેરંગી ધજાઓનાં વસ્ત્રોથી, શ્વેત, ઉજ્જવલ છત્રોથી મહામૂલા, હીરાદાંડીવાળા વીંજણાઓથી, મોરપીંછનાં ચામરોથી, વાયુમાં ફરકતાં ઉત્તરીય વસ્ત્રોથી, પાઘડીઓથી ઝળખતાં બખ્તરોથી, અલંકારોથી અને સૂર્યકિરણો વડે અત્યંત ચળકતાં ઉજ્જવળ શસ્ત્રોથી તે દેવદાનવ યોદ્ધાઓની બન્ને સેનાઓ હે વીર પાંડુપુત્ર ! જળચર જીવોની પંક્તિઓથી ભરેલા બે સમૃદ્ર સમાન શોભતી હતી. (૧૩-૧૫)

બલિરાજાની ચઢાઈ

હે રાજન્ ! આ યુદ્ધમાં અસુરોના સેનાપતિ વિરોચનપુત્ર બલિરાજા મયદાનવે બનાવેલા **'વૈહાયસ'** નામના મનોગામી શ્રેષ્ઠ વિમાનમાં બેઠા હતા. (૧૬) તે વિમાન સર્વલડાયક સામગ્રીથી ભરપૂર, સર્વને આશ્ચર્યકર, કોઈના પણ તર્કમાં ન આવનારું અને અવર્ણનીય હતું. તે થોડીવાર દેખાતું તો થોડીવાર દેખાતું ન હતું. (૧૭) આવા વિમાનમાં બેઠેલા, સર્વ સેનાપતિઓથી વીંટાયેલા, બન્ને બાજુ ચામરોથી ઢોળાતા, મસ્તક ઉપર ઉત્તમ છત્રવાળા બલિરાજા ઉદયાચલના શિખર પર રહેલા ચંદ્ર સમાન શોભતા હતા. (૧૮) રાજન્ ! પરીક્ષિત ! બલિરાજાની ચારે તરફ પોતપોતાનાં વાહન પર બેસી અસુર સેનાનાયકો અને અસુરો ગોઠવાયા હતા. આ સેનાનાયકોમાં મુચિ, શંબર, બાણાસુર, વિપ્રચિત્તિ,અધોમુખ, દ્વિમૂર્ધા, કાલનાભ, પ્રહેતિ, હેતિ, ઇલ્મલ, શકુનિ, ભૂતસંતાપ, વજ્રદંષ્ટ્ર, વિરોચન, હયગ્રીવ, શંકુશિરા, કપિલ, મેઘદુંદુભિ,

તારકાસુર, ચક્રદક્, શુભ, નશુભ, જંભ, ઉત્કલ, અરિષ્ટનેમિ, મય, ત્રિપુરાસુર અને બીજા પણ પૌલોમ, કાલેય તથા નિલાતકવચ વગેરે દેવોને જીતનારા સર્વ દૈત્યો રણને મોખરે આવી ઊભા હતા. આ બધા મંથનમાં મહેનત પામ્યા હતા પણ અમૃત પામ્યા ન હતા. (૧૯-૨૩) રાજન્ ! આ સર્વ અસુરો સિંહ સરખી ગર્જનાઓ કરતા હતા અને ભયાનક શબ્દવાળા શંખધ્વનિ કરતા હતા. આ રીતે જયારે શત્રુઓને ગંવિષ્ઠ જોયા ત્યારે દેવરાજ ઈન્દ્ર અત્યંત કોપી ઊઠયા. (૨૪)

ઈન્દ્રનું આક્રમણ

રાજા ઈન્દ્ર ઐરાવત નામના દિગ્ગજ ઉપર બેઠા હતા. આ સમયે ઈન્દ્ર ઝરણાંઓને ઝરતા ઉદયાચલ પર્વત ઉપર સૂર્ય સરખા શોભતા હતા. તેની ચારે બાજુ અનેક જાતનાં વાહનો, ધજાઓ તથા શસ્ત્રધારી લોકપાલો, વાયુ, અગ્નિ તથા વરુણ વગેરે દેવો પોતપોતાના ગણો સાથે ગોઠવાયા હતા. (૨૫,૨૬) રાજન્ ! ત્યાર પછી તે દેવો અને અસુરો સામસામા ધસી જઇ એકબીજાને મર્મવચનોથી તિરસ્કાર કરવા લાગ્યા અને એકબીજાનાં 'નામ લઇ આવી જા' એમ કહી મોખરે આવી દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા. (૨૭)

બે સમોવડિયા યોદ્ધાઓ

હે રાજન્ ! બલિરાજા ઈન્દ્ર સાથે, કાર્તિકસ્વામી તારકાસુર સાથે, વરુણદેવ હેતિ સાથે, મિત્ર પ્રહેતિ સાથે, યમરાજા કાલનાભ સાથે, વિશ્વકર્મા મહાદાનવમય સાથે, શંબરાસુર ત્વષ્ટાદેવ સાથે, વિરોચન સવિતા સાથે, નમુચિ અપરાજિત સાથે, અશ્વિનીકુમારો વૃષપર્વા સાથે, સૂર્યદેવ બલિરીજાના જયેષ્ઠ પુત્ર બાણાસુર વગેરે સો પુત્રો સાથે, ચંદ્ર રાહુ સાથે, વાયુ પુલોમા સાથે, તેજોમય દેવી ભદ્રંકાલી નિશુંભ તથા શુંભ સાથે, મહાદેવજી જંભાસુર સાથે, અગ્નિ મહિષાસુર સાથે, ઈલ્વલ તથા વાતાપિ બ્રહ્માના પુત્ર વસિષ્ઠ આદિ ઋષિઓ સાથે, દુર્મર્ષ કામદેવ સાથે, ઉત્કલ માતૃકાઓ સાથે, બૃહસ્પતિ શુક્રાચાર્ય સાથે, શનૈશ્વર નરકાસુર સાથે યુધ્ધ કરવા લાગ્યા. (૨૮- ૩૪) આ પ્રમાણે અસુરો અને દેવો રણમાં એકઠા થઇ દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા. અંતે સામસામા આવી જઇ વિજય મેળવવાની ઇચ્છાથી તીક્ષ્ણ બાણો, તલવારો તથા તોમરોથી બલપૂર્વક મારવા લાગ્યા. (૩૫) રાજન્ ! આ યોદ્ધાઓ, ભુશુંડીઓ, ચક્રો, ગદાઓ, બેધારી તલવારો, પટ્ટિશો, શકિતઓ, ઊંબાડિયા, ગોફણો, ફરશીઓ, તલવારો, ભાલા, ભૂંગળો, મુદ્ગરો, તથા ભિંદિપાલ નામનાં શસ્ત્રોથી એકબીજાનાં મસ્તકો કાપવા લાગ્યા. (૩૬) વળી હાથીઓ, ઘોડાઓ, રથો, પાડાઓ અને ઘોડેસવારો સહિત બીજા ઘોડાઓ તે યુદ્ધમાં અનેક પ્રકારે કપાય કે જેઓના બાહુઓ, સાથળો, ડોકા અને પગ છિન્નભિન્ન થયાં અને ધજાઓ, ધનુષ્યો, બખ્તરો તથા આભૂષણો પણ તૂટી ગયાં. (૩૭) આ દેવો તથા દાનવોના પાદપ્રહારોથી અને રથોના ચક્રોથી ભુક્કો બની ગયેલી રણભુમિમાંથી એટલી બધી ઉગ્ર ધૂળ ઉડી કે જેણે તે સમયે દિશાઓને, આકાશને તથા સૂર્યને પણ ઢાંકી દિધાં પરતું લોહીના છંટકાવથી ધરતી તરબોળ થતી હતી તેથી એ ધૂળ ઉડતી બંધ થતી હતી. (૩૮) વળી તે ભૂમિ ત્રૂટી ગયેલ મુકુટ તથા કપાઇ ગયેલાં કુંડલોવાળી, ક્રોધથી લાલચોળ દ્રષ્ટિવાળાં અને પીસેલા હોઠવાળાં યોધ્ધાઓનાં મસ્તકોથી, અલંકારો અને શસ્ત્રો સહિત મોટી ભુજાઓથી તેમજ હાથીના જેવી સાથળોથી રણભુમિ અત્યંત છવાઇ ગયેલી શોભતી હતી. (૩૯) રાજન્ ! યુદ્ધમાં ધડોએ જયારે પોતાના ઉપરથી કપાઇ નીચે પડેલાં મસ્તકોના નેત્રોથી રણસંગ્રામમાં આસપાસ ધ્રૂજતા યોદ્ધાઓને જોયા ત્યારે તે બધાં ધડ ઊભાં થઇ હાથોમાં શસ્ત્રો ઉગામી યુદ્ધ કરવા દોડવા લાગ્યાં. (૪૦)

રાજન્ ! બલિરાજાએ યુદ્ધમાં ઈન્દ્રને દશ, ઐરાવત હાથીને ત્રણ, ચાર અશ્વોને ચાર તથા હાથીના મહાવતને એક બાણ માર્યું. (૪૧) પરંતુ રાજન્ ઝડપી પરાક્રમી ઈન્દ્રે સામેથી આવતા આ બધાં જ બાણો ને તેટલાજ તીક્ષ્ણ બાણો મારી સામે ધસી આવતાં તે બાણોને રમત રમતમાં વચ્ચેથી કાપી નાખ્યાં, (૪૨) ઈન્દ્રનું તે ઉત્તમ પરાક્રમ બલિરાજા કેમ સહન કરી શકે ? બલિરાજા એ મોટા ઊબાડિયા જેવી બળતી શકિત હાથમાં લીધી પરંતુ ઈન્દ્રે બલિના હાથમાં જ રહેલી તે શકિતને કાપી નાખી. (૪૩) પછી બલિએ ત્રિશૂલ, ભાલો, તોમર તથા બેધારી તલવાર વગેરે જે જે શસ્ત્ર લીધાં તે તે સર્વ સમર્થ ઈન્દ્રે લેતા જ કાપી નાખ્યાં. (૪૪) પછી રાજન્ ! બલિએ અદ્રશ્ય થઈ આસુરી માયા ઉત્પન્ન કરી એટલે દેવોના સૈન્ય પર પર્વત પ્રકટ થયો. આ પર્વત ઉપરથી દાવાનળથી બળતા વૃક્ષો અને શત્રુઓના સૈન્યનો ચૂરો કરતી તીક્ષ્ણ ધારદાર શિલાઓ પડવાલાગી. (૪૫-૪૬) તેમજ અજગરો, સર્પો, વીંછીઓ, સિંહો, વાઘો તથા કચડી નાખતા મોટા હાથીઓ ધસી આવ્યા. (૪૭) વળી હાથમાં ત્રિશૂલવાળી વસ્ત્રવગરની ‘મારો, કાપો, ચીરીનાખો’ એમ બોલતી સેંકડો રાક્ષસીઓ તથા રાક્ષસોના ટોળા ચડી આવ્યાં. (૪૮) પછી ગંભીર અને તીક્ષ્ણશબ્દો કરતા મહાન મેઘો આકાશમાં દેખાવા લાગ્યા. આ મેઘો વાયુઓથી પરસ્પર અથડાતા અને ગર્જના કરતા અંગારા વરસાવા લાગ્યા. (૪૯) વળી દૈત્યરાજ બલિએ અતિશય મહાન અગ્નિ ઉત્પન્ન કર્યો. આ અગ્નિ વાયુની સહાય લઈ પ્રલયકાળના અગ્નિ સમાન પુષ્કળ ઉગ્ર બની દેવોની સેનાને બાળવા લાગ્યો. (૫૦) ત્યારબાદ મર્યાદાને ઓળંગતો સમુદ્ર ચારે તરફથી દેખાયો જે પ્રચંડ વાયુથી ઊછળતા તરંગો અને ઘૂમરીઓને લીધે ભયંકર હતો. (૫૧) જ્યારે માયાનિપુણ તેમજ કલ્પનામાં ન આવે તેવાં કાર્યો વાળા અને અત્યંત ભયાનક દૈત્યોએ માયાઓ સરજી ત્યારે દેવસૈનિકો ગભરાયા. (૫૨) હે રાજન્ ! આ માયાકાર્યોનો સામનો શી રીતે કરવો. તે ઈન્દ્રાદિ દેવો પણ જાણી શક્યા નહિ ત્યારે દેવોએ વિશ્વકલ્યાણ કરનાર ભગવાનનું ધ્યાન કર્યું. ત્યારે ભગવાન ત્યાં પ્રકટ થયા. (૫૩) રાજન્ ! પ્રકટ થયેલા પોતાના ચરણપલ્લવ ગરુડજીના ખભા ઉપર મુકયા હતા, પીતાબર ધારણ કર્યું હતું. નાથનાં નેત્રો નવાં કમળ જેવાં સુંદર હતાં, અષ્ટ ભુજાવાળા અષ્ટ આયુધારી શ્રી અંગોની શોભા દીપતી હતી, અણમોલ રત્ન મઢેલા મુકુટ, કુંડલ મહામુલા કૌસ્તુભ મણિને શોભાવી રહયા હતા. (૫૪) જયારે ભગવાને રણભૂમિ માં પ્રવેશ કર્યો તરત જ સર્વ શ્રેષ્ઠ સમર્થ ભગવાનના મહિમાથી માનવ જાગતા સ્વપ્ન જેમ દુર થયા તેમ અસુરોના કુટક્રમની માયાઓ નાશ પામી. રાજન્ ! અધિક શું કહું ? શ્રીહરિનું સ્મરણજ સર્વ વિપત્તિઓમાં મુકત કરેછે તો ભગવાનના સાક્ષાત્કારથી શું ન થાય. (૫૫) રાજન્ ! રણસંગ્રામમાં ગરુડજી ની સવારી ઉપર બિરાજેલા ભગવાનને પ્રવેશ કરતા જોયા ત્યારે સિહં ઉપર બેઠેલા કાલનેમિ અસુરે ત્રિશૂલ ધ્રુજાવી ભગવાન સામે ફેકયું. રાજન્ ! ગરુડના મસ્તક ઉપર પડતા તે ત્રિશૂલને રમતરમતમાં પકડી લઈ શ્રીત્રિલોકનાથ ભગવાને તે જ ત્રિશૂલથી વાહન સહિત શત્રુ કાલનેમિનો નાશ કરી નાખ્યો. (૫૬) રાજન્ ! કાલનેમિ મરતાં અત્યંત બલવાન માલી અને સુમાલી નામના અસુરો ભગવાન ઉપર યુદ્ધ માટે ધસી આવ્યા કે તરત જ ભગવાને સુદર્શન ચક્રથી તેઓના મસ્તકો ઉડાવી દીધાં. અને ધરણી પર તેઓ ઢળી પડયા ત્યારે માલ્યવાન નામના અસુરે શ્રીગરુડજીને તીક્ષ્ણ ગદામારી અને ગર્જના કરી ત્યારે ભગવાને સુદર્શન ચક્રથી તેનું પણ મસ્તક ઉડાવી દીધું. (૫૭)

माली सुमाल्यतिबलौ युधि पेततुर्यच्चक्रेण कृत्तशिरसावथ माल्यवांस्तम् ।
आहत्य तिग्मगदयाहनदण्ऽजेन्दं तावच्छरोऽच्छिनदरेर्नदतोऽरिणाऽऽद्यः ॥ ५७ ॥

શ્રીમદ્ ભાગવતપીયુષમા અષ્ટમ સ્કંધના દ્વિતીય દાન પ્રકરણમાંનો “દૈવાસુર સંગ્રામ અને ભગવાને દેવોના ઉપર કરેલ અનુગ્રહનું દાન વર્ણવતો” અધ્યાય ૧૦મો સમાપ્ત.

ગણાતાસમુદ્રના ફીણને શત્રુનો નાશ કરવા ઉપાય તરીકે વિચાર્યું અને સુકા કે લીલા સમુદ્રફીણથી ઈન્દ્રે નમુચિનું મસ્તક કાપી નાખ્યું ત્યારે મુનિગણો તેમની સ્તુતિ કરીને તેમના ઉપર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. વિશ્વાસુ તથા પરાવસુ નામના મુખ્યગંધર્વો તેમના ગુણગાન ગાવા લાગ્યા. દેવોનાં નગારાં વાગવા લાગ્યાં અને અપ્સરાઓ હર્ષપૂર્વક નૃત્ય કરવા લાગી. બીજી તરફ વાયુ, અગ્નિ તથા વરુણ વગેરે બીજા દેવો પણ કેસરી સિંહો જેમ મૃગને મારે તે રીતે અસ્ત્રોના સમૂહથી શત્રુઓનો સંહાર કરવા લાગ્યા. (૩૯-૪૨)

બ્રહ્માજીની સમદ્રષ્ટિ અને સંત નારદનો સમાગમ

રાજન્ ! દાનવોનો સંહાર આ રીતે થતો જોઈ બ્રહ્માએ નારદને દેવો પાસે મોકલ્યા એટલે તેમણે દેવોને આ પ્રમાણે કહી અટકાવ્યા. (૪૩) મહર્ષિએ કહ્યું કે દેવો ! ભગવાન નારાયણની ભુજાઓનો આશ્રય કરી આપે અમૃત મેળવ્યું છે અને સંપત્તિથી સમૃદ્ધ પણ થયા છો માટે તમે યુદ્ધ બંધ કરો. (૪૪) શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! નારદઋષિનાં વિવેકી વચનોને માન આપી ક્રધના આવેશથી મુકત થઈ, ભકિતપૂર્વક શ્રીહરિના ગુણગાન કરતા પોતાના અનુચરો સાથે સર્વ સ્વર્ગાદિ સ્થાનોમાં પધારી ગયા. (૪૫) બીજી તરફ રણમાં જે બચ્યાં હતા તે અસુરો પણ નારદજીની સંમતિથી મરેલા જેવા બલિરાજાને લઈ અસ્તાચલ પર્વત પર ગયા. (૪૬) રાજન્ ! રણસંગ્રામમાં અખંડ અંગવાળા તેમજ મસ્તકવાળા મૂર્છિત સર્વ અસુરોને શુક્રાચાર્ય પોતાની સંજીવની વિદ્યાથી સજીવન કર્યા. (૪૭) બલિરાજા પણ શુક્રચાર્યનો સ્પર્શ થતા જ ફરીથી ઈન્દ્રિય સ્મૃતિ પામ્યા અને પોતે પરાજય પામ્યા હતા છતાં વિવેકી હોવાથી મનમાં જરા સરખો ખેદ ન કર્યો. (૪૮)

बलिश्चोशनसा स्पृष्टः प्रत्यापन्नेन्द्रियस्मृतिः पराजितोऽपि नाखिद्यल्लोकतत्त्वविचक्षणः ॥ ४८ ॥

શ્રીમદ્ ભાગવતપીયુષના અષ્ટમ સ્કંધના દ્વિતીય દાન પ્રકરણમાંનો ''ઈન્દ્રરાજાઅનેબલિરાજાનાતુમુલસંગ્રામ''નુ વર્ણન કરતો અધ્યાય ૧૧મો સમાપ્ત.

અધ્યાય ૧૨મો

(આ અધ્યાયમા ૪૭ શ્લોકો છે. છઠ્ઠો મન્વંતર ચાલુ હતો. છઠ્ઠા મન્વંતરમાં મોહિની અવતાર થયેલો-શિવવ્યામોહ કથા તો દૈત્યો ને મોહ કરવા માટે છે. તેથી મન્વંતર પૂર્ણ ન થાય ત્યાં સુધી મોહે પામેલા દૈત્યો દેવોને કલેશ ન આપે.)

વિષ્ણુ લોકમાં શિવજીની પધરામણી

श्रीबादरायणिरुवाच – वृषध्वजो निशम्येदं योषिद्रूंण दानवान् । मोहयित्वासुरगणान् हरिः सोमममपाययत् ॥ १ ॥

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! ભગવાન શ્રીહરિએ મોહિની જીના સ્ત્રી સ્વરૂપથી દાનવોને મુગ્ધ કરી દેવગણોને અમૃત પાયું. (૧) આ પ્રસંગનું શ્રવણકરી મહાદેવજી નંદી ઉપર બિરાજીદેવી પાર્વતી સાથે સર્વ ભૂતગણોથી વિટળાઈ ને ભગવાન મધુસુદનજી જયાં બિરાજે છે ત્યાં ભગવાનના મોહિની સ્વરૂપના દર્શન માટે ગયા. (૨) ભગવાન શ્રીહરિએ ઉમાદેવી સાથે પધારેલા ભગવાન શ્રીશંકરનો આદરપૂર્વક સત્કાર કર્યો. આદર સ્વીકારતા ભગવાન શંકર પણ વિષ્ણુ ભગવાનનો આદર કરી યોગ્ય આસને બિરાજી હસતાં શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩)

૪થી૧૩, દશ શ્લોકોમાં ભગવાનની સ્તુતિ અને પ્રાર્થના :

શ્રીમહાદેવજી બોલ્યા : હે દેવદેવ ! હે જગતવ્યાપિત ! હે જગદીશ ! હે જગન્મય! આપ સર્વ પદાર્થોના કારણ, ઈશ્વર અને આત્મા છો. (૪) ભગવન્ ! આ વિશ્વના આદિ, મધ્ય તથા અંત આપનાથીથાય છે.આપ અવિનાશી છો.આપના આદિ,મધ્ય કે અન્ત નથી. જે આ દ્રશ્યસ્વરુપ છે, જે અંહકારના અધિષ્ઠાતા સ્થાન હું છું તેમજ જે અન્ય જે ભોક્તા અને ભોગ્ય વસ્તુ છે તે સત્ય અને જ્ઞાન સ્વરૂપ આપ જ છો. આપ જ બ્રહ્મ છો. (૫) માટે જ કેવળ મોક્ષની કામનાવાળા અને લૌકિક સર્વ કામનાઓથી રહિત મુનિઓ આ લોક તથા પરલોકનો સંગ ત્યજી આપના જ ચરણકમળની સારી

રીતે સેવા કરે છે. (૬) હે ભગવન્ ! આપ બ્રહ્મરૂપ છો, પૂર્ણ છો, અમૃત છો, ત્રણ ગુણોથી રહિત છો, શોકરહિત છો, માત્ર આનંદ સ્વરૂપ છો, નિર્વિકાર છો. આપનાથી ભિન્ન કાંઇ નથી, સર્વથી જુદા છો આપ આ વિશ્વની ઉત્પત્તિ, તથા લયના કારણ છો. જીવોના ઇશ્વર છો, સર્વ ફળના આપનારા છો. નાથ ! આપને કોઇની જરૂર નથી.પરંતુ જીવોનેતો આપની જરૂર છે જ. (૭) જેમ કુંડલ વગેરે આકારે બનેલુ સુવર્ણ તેમજ આકાર વગરનું કેવળ સુવર્ણ તે સર્વ એક સુવર્ણ માત્ર છે તેમ કાર્યકારણરૂપ અદ્વૈત તે કેવળઆપ એક જ છો.ખરી રીતે આપના વિષયમાં કોઇપ્રકારનો ભેદ નથી છતાં લોકોએ અજ્ઞાનથી આપનામાં ભેદ કલ્પેલો છે. કરણ કે આપ કેવળ નિરૂપાધિ સ્વરૂપ જ છો. છતાં આપમાં ભેદ દેખાય છે, તે કેવળ ગુણોને લીધે જ છે. (૮) ભગવન્ ! બ્રહ્મચિંતક વિદ્વાનો આપને બ્રહ્મ માને છે. ત્યારે મીમાંસકો આપને જ ધર્મ માને છે. બીજા કેટલાક નારદ પંચરાત્ર મતના પંડિતો નવ શકિત યુક્ત આપને પરમેશ્વર માને છે. જ્યારે કેટલાક યોગવેત્તાઓ આપને સ્વતંત્ર તથા અવિનાશી મહાપુરુષ માને છે. (૯) પરંતુ ભગવન્ ! હું બ્રહ્મા તથા મારીચ વગેરે ઋષિઓ સત્ત્વગુણ થી જ સર્જાયા છીએ, છતાં આપે રચેલાં આ જગતને ખરી રીતે જાણતા નથી તો આપને તો ક્યાં થી જ જાણીએ? તો ભગવન્ ! તમો રજોગુણથી જન્મેલા અમંગલ વૃતિવાળા તેમજ આપની માયાથી મોહ પામેલા દૈત્યો અને મનુષ્યો વગેરે તો આ જગતના તથા આપના સાચા સ્વરૂપને જ જાણે એમાંતો નવાઇ જ શી ? (૧૦) આપ જ્ઞાનસ્વરૂપ અને સર્વના આત્મા છો તેથી વાયુની માફક સ્થાવર જંગમ સર્વ વિશ્વમાં અને આકાશમાં વ્યાપ્ત છે. તેથી સ્વયં આપે જ રચેલા આ જગતમાં જન્મ, સ્થિતિ, નાશ, પ્રાણી માત્રની ચેષ્ટા, સંસારમાં થતાં બંધ અને મોક્ષ એ સર્વ આપ તો જાણો છો જ (૧૧)

નાથ ! ગુણોથી રમણ કરનાર આપના સર્વ અવતારો તો મેં જોયા છે પરંતુ આપશ્રી એ હમણાં જે માયાથી મોહિનીજીનું સ્ત્રી સ્વરૂપ ધારણ કર્યું હતું તેના દર્શનની ઇચ્છા છે. (૧૨) આપના તે સ્વરૂપને જોવાની ઇચ્છાથી અમે અહીં આવ્યા છીએ. ભગવન્ ! આ સ્વરૂપદર્શનની અમને ઉત્કટ ઇચ્છા છે. (૧૩) શ્રીશુકદેવજી મહારાજે કહ્યું કે રાજન્ ! ભગવાન શંકરે શૂલપાણિ વિષ્ણુ પાસે આવી પ્રાથના કરી ત્યારે ભાવગંભીર મુકત હાસ્ય કરી ભગવાને શિવજીને કહ્યું. શ્રી ભગવાને કહ્યું કે સુરવર્ય શિવજી ! જ્યારે અમૃતનો કલશ દૈત્યોના હાથમાં ગયો. (૧૪) ત્યારે દેવોના કાર્ય તરફ દ્રષ્ટિ કરી મેં દૈત્યોને મોહ પમાડવા સ્ત્રી વેષ ધારણ કર્યો હતો. સુરશ્રેષ્ઠ, આપ મારા આ સ્ત્રી સ્વરૂપનાં દર્શનની ઇચ્છા ધરાવો છો તો ભલે હું તે આપને બતાવીશ. બાકી આ સ્વરૂપ કામી પુરુષોને બહુ ગમતું અને કામદેવનો ઉદય કરનારું છે. (૧૫-૧૬)

પુનઃમોહિની વેષનો અંગીકાર અને કંદુકક્રીડા

શ્રીશુકાચાર્યે કહયું કે રાજન્ ! આ પ્રમાણે કહી ભગવાન ત્યાં જ અદ્રશ્ય થઇ ગયા. અને મહાદેવજી ઉમાદેવી સાથે ચારે તરફ નજર ફેરવતા ત્યાં બિરાજ્યા હતા. (૧૭) એ અવસરે વિવિધ પ્રકારનાં પુષ્પો તથા લાલવર્ણનાં નવપલ્લવથી લચી રહેલ વૃક્ષોવાળા એક ઉદ્યાનમાં ભગવાન શંકરે શ્રી મોહિનીજીને નિહાળ્યાં. તે દેવી કરકમલમાં કંદુક દડો લઇ રમતાં હતાં. વળી મોહિનીજીના નિતંબ પ્રદેશ ઉપર રહેલા રેશમી વસ્ત્ર ઉપર બાંધેલ સુવર્ણનો કંદોરો શોભતો હતો. (૧૮) રાજન્ ! આ કંદુકક્રીડામાં એટલે દડાને પકડવા ઊંચેનીચે નમતાં કૂદતાં હતાં ત્યારે લચકતાં તેમના સ્તન ઉપર ઉત્તમ હારનો મોટો ભાર હોવાથી પગલે પગલે જાણે કેડમાંથી ભાગી પડતાં હોય તેમ લાગતું હતું. રાજન્ ! દૂર જતા આવતા દડાને ઝીલવા કોમલ લાલ પલ્લવશા ચરણકમલ આમતેમ મૂકતાં હતાં. (૧૯) દિશાઓમા ઊછળતા ચપલ દડાની પાછળ ફરકતી કીકીઓવાળાં મોહિનીજીનાં વિશાળ નયન પણ અત્યંત ચંચળ થતાં હતાં. પોતાના કાનમાં ધારણ કરેલાં ઝળહળતાં કુંડલોથી મોહિનીજીનાં શ્રીઅંગથી સરી જતી રેશમી સાડી અને શ્યામવર્ણા કેશથી મુખકાન્તિ રમણીય બની હતી. (૨૦) રાજન્ ! મોહિનીજીનાં શ્રીઅંગથી સરી જતી રેશમી સાડી અને છૂટી જતી અલકાવલીને પોતાના સુંદર વાર્મ કરકમલથી બાંધતાં હતાં અને બીજા હાથે દડાને ઉછાળતાં દેવી પોતાના વિલાસોથી જગતને મોહિત કરી નાખતાં

હતાં. (૨૧) રાજન્ ! વિહાર કરતાં મોહિનીજીને જોતાં દેવ શંકરને પોતાના આત્માનું અનુસંધાન ન રહ્યું. સમીપે રહેલ ઉમાનો ખ્યાલ ન રહ્યો. તથા ગુણોનું ધ્યાન ન રહ્યું અને કન્દુકથી ખેલતાં જરા લજ્જાની સાથે મંદસ્મિત કરતાં મોહિનીજીનાં ફેંકેલાં કટાક્ષોથી મહાદેવજી ડઘાઇ ગયા. અને મનમોહિનીજીનાં દર્શનથી અને મોહિનીજીએ સામે નાખેલી નજરથી વિહ્વળ બની ગયું. (૨૨) રાજન્ ! રમતાં દડો દેવીના હાથથી ઘણે દૂર જઇ પડયો ત્યારે પકડવા પાછળ દોડી જતાં દેવીના દેહ ઉપરથી ચપલ વાયુએ મહાદેવજીના દેખતાં સૂક્ષ્મ વસ્ત્રને કંદોરાની સાથે હરી લીધું.(૨૩)

સ્વરૂપવિસ્મૃતિ

રાજન્ ! સરી જતી સાડીવાળાં મનોહર કટાક્ષવાળાં દર્શનીય અને સુદંર મોહિનીજીને જોતાં શિવજીનું મન તેમના તરફ ઢળ્યું કારણ કે મોહિનીજી જાણે શિવજીમાં આસકિત જણાવતાં હતાં એમ માન્યું. (૨૪) આ અવસરે મોહિનીજીએ શિવજીના જ્ઞાનને હરી લીધું તેમજ પોતે ઉત્પન્ન કરેલા કામથી મહાદેવજી વ્યાકુળ બની ગયા. પરિણામે ભવાની નિરખી રહ્યાં હતાં તો પણ મર્યાદા મુકી મોહિનીજી ના શ્રીઅંગ ઉપરથી સાડી સરકી રહી હતી તો પણ મર્યાદા મૂકી મોહિનીજીની પાછળ પાછળ જવા લાગ્યાં. (૨૫) મોહિનીજીનાં અંગ ઉપરથી સાડી સરકી રહી હતી તેથી અને પાછળ શંકરને આવતા જોઇ શરમાઇને હસતાં કયાંક ઊભાં ન રહેતાં વૃક્ષોમાં છુપાઇ ગયાં. ભગવાન શંકર પણ હાથી હાથણીની પાછળ પડે તેમ પડયા. રાજન્ ! શિવજીની ઈન્દ્રિયો આ સમયે હરાઇ હતી અને તે કામદેવ ને વશ થયા હતા. મહાદેવજી ઘણા વેગથી તેમની પાછળ દોડયા. તેની ઇચ્છા ન હતી તો પણ તેને પકડીને તેનો કેશપાશ નજીક લઇ બન્ને ભુજાઓ થી તેમને ભેટી પડયા. રાજન્ ! ભગવાન શંકરે જ્યારે મોહિનીજી ને પોતાની બાથમાં લીધાં ત્યારે હાથીએ પકડેલી હાથણી છૂટવા ફાંફાં મારે તેમ તે ફાંફાં મારવા લાગ્યાં ત્યારે તેમના વાળ પણ વિખરાઇ ગયા. રાજન્ ! મહામહેનતે મહાદેવજીનાં બાહુઓમાંથી છટકી મોટા નિતંબોવાળાં દેવસર્જિતા માયા મોહિનીજી ત્યાથી નાઠાં. (૨૬-૩૦) રાજન્ ! ભગવાન રુદ્ર પણ જાણે શત્રુ કામદેવથી જીતાયા હોઇ, એ અદ્ભૂત કર્મ કરનાર ભગવાન વિષ્ણુના માર્ગે દોડી ગયા. (૩૧) જેમ ગર્ભધારણને યોગ્ય થયેલી ગાયની પાછળ મદોન્મત્ત સાંઢ દોડે ત્યારે તેનું વીર્ય ઝરવા લાગે તેમ મોહિનીજી પાછળ દોડતા અમોઘ વીર્યવાળા ભગવાન શંકરનું વીર્ય પણ તે અવસરે ઝરી રહ્યું હતું. (૩૨) હે પૃથ્વીપતિ પરીક્ષિત ! મહાત્મા શંકરનું વીર્ય તે સમયે જ્યાં જ્યા પડ્યું ત્યાં રૂપાની તથા સોનાની ખાણોનાં ક્ષેત્રો થયાં. (૩૩) નદીઓ, તળાવો, પર્વતો, વનો તથા ઉપવનોમાં અને જ્યાં ઋષિઓ બિરાજતા હતા ત્યાં ત્યાં પણ મહાદેવજી તે મોહિનીજી પાછળ દોડી ગયા. (૩૪)

સ્વરૂપસ્મૃતિ અને ભગવદ્‌વાણી

હે નૃપવર્ય ! વીર્યસ્ત્રાવ થયા પછી શંકરે પોતાના આત્માને દેવની માયાથી મોહિત તથા જડ થયેલ જાણીને મોહમાંથી પાછા વળી ગયા. (૩૫) રૂદ્ર ભગવાન જગત્‌ના તથા પોતાના પણ આત્મા ભગવાનનું માહાત્મ્ય જાણ્યું. આ ભગવાનનું પરાક્રમ જાણવુ અશક્ય છે. એવુ માનીને ભગવાનના સંબંધમાં તેમને આશ્ચર્ય ન માન્યું. (૩૬) પછી શંકરને વ્યાકુળ અને લજ્જારહિત જોઇ અત્યંત પ્રસન્ન થયેલા મધુસૂદન ભગવાન પોતાનું પુરૂષ શરીર પ્રગટ કરી કહેવા લાગ્યા. (૩૭) શ્રી ભગવાને કહ્યું કે હે અંગ ! હે મહાદેવ ! આપ મારી સ્ત્રી રૂપ માયાથી પોતાની ઈચ્છાનુસાર મોહિત કરાયા હતા પણ પાછા પોતાની મેળે જ પોતાની મૂળ સ્થિત પામ્યા તે ઘણું જ સારૂ થયું. મારી માયા તે તે ભાવોને સજી રહી છે અને અજ્ઞાનીઓથી મહા દુઃખે તરી શકાય તેવી છે. તેને આપના વિના અન્ય કયો પુરુષ તરી શકે ? હું સૃષ્ટિ આદિનું કારણ અને કાળરૂપ છુંઃ મારી સાથે રજોગુણ આદિ વિભાગપૂર્વક રહેનારી છતાં ગુણમય મારી આ માયા હવે પછી આપનો પરાભવ કરશે નહીં. (૩૮-૪૦)

શ્રી શુકદેવજીએ કહયું કે રાજન્ ! શ્રી વત્સના ચિન્હવાળા ભગવાન વિષ્ણુએ શિવજીનો સત્કાર કર્યો. ભગવાન શંકર પોતાના ગણો સાથે શ્રી હરિની પ્રદિક્ષણા કરી, આજ્ઞા લઇ પોતાના સ્થાને વિદાય થયા. હે ભરતવંશી રાજા ! ત્યારબાદ

ૠષિવર્યો ભગવાન શંકરની સ્તુતિ કરતા ત્યારે ભગવાનનીમાયા ભગવાનનો અંશ છે માટે તે ભગવતી છે આ પ્રકારે ભવાની દેવી પાસે પ્રેમથી આવું વર્ણન કર્યું. (૪૧-૪૨) શિવજી બોલ્યા કે દેવી ! સર્વોત્કૃષ્ટ અજન્મા દેવ પરમપુરુષની માયા આપે જોઇને ? જે માયાથી ભગવાનના અંશોમાં સૌથી શ્રેષ્ઠ હું સ્વતંત્ર છતાં મુગ્ધ બન્યો તો પછી પરવશ જીવો મુગ્ધ થાય એમાં શું આશ્ચર્ય મનાય ! દેવી ! પૂર્વે હું જ્યારે એક હજાર વર્ષને અંતે યોગથી વિરામ પામ્યો ત્યારે મારી પાસે આવીને મને પુછ્યું આપ કોનું ભજન કરતા હતાં, તે જ આ સાક્ષાત્ પુરાણપુરુષ હતા કે જેમાં કાળ કે વેદ પણ પ્રવેશી શકતા નથી. દેવી ! તાત્પર્ય એ છે જ્યાં કાળનું પણકાંઇ ચાલતું નથી અને વેદ ભગવાન પણ વર્ણવી શકતા નથી. (૪૩-૪૪) શ્રી શુકદેવજીએ કહયું કે તાત ! સમુદ્રમંથન સમયે પીઠ ઉપર મંદરાચલ નામના મહાન પર્વતને ધર્યો હતો તે શાર્ઙ્ગ ધનુષ્યધારી ભગવાનનું પરાક્રમ મેં આપને કહયું. (૪૫) જે મનુષ્ય આ ચરિત્રનું વારંવાર કીર્તન તથા શ્રવણ કરે છે તેના ઉદ્યમનો તેના ઉત્તમ સંયમવ્રતનો કોઇ સ્થળે કદી નાશ થતો નથી. રાજન્ ! ઉત્તમ શ્લોક ભગવાનનું ગુણકીર્તન સંસારના સમસ્ત પરિશ્રમોનો નાશ કરનારું છે. (૪૬) જે ભગવાને માયાથી યુવતીનો વેશ લઇ રાક્ષસોને મોહ ઊપજાવ્યો અને દુષ્ટજનને દુર્લભ તથા ભકિતભાવ માત્રથી સુલભ પોતાના ચરણનો આશ્રય કરનારા ઉત્તમ દેવોને સમુદ્રમંથનથી ઉત્પન્ન થયેલું અમૃત પાયું તે ભકતની કામના પૂરનાર શરણાગતવત્સલ ભગવાનને હું પ્રણામ કરું છું. (૪૭)

असदविषमऽङ्घ्रिभावगम्यं प्रपन्नानमृतममरवर्यानाशयत्सिन्धुमथ्यम् ।
कपटयुवतिवेषो मोहयन्य: सुरारींस्तमहमुपसृतानां कामपूरं नतोऽस्मि ॥ ४७ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના અષ્ટમ સ્કંધનો અધ્યાય ૧૨મો સમાપ્ત

અધ્યાય ૧૩મો

(આ અધ્યાયમાં ૩૬ શ્લોકો છે. સાતમા મન્વંતરથી આંરભી અવશિષ્ટ રહેલા મન્વંતરોનું વર્ણન આ અધ્યાયમાં કરેલ છે. આ મન્વંતરોમાં ભગવાન આવેશાવતારો છે. ભગવાનના આ આવેશથી બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે.)

સાતમાં "વૈવસ્વત મનુ"-આ મન્વંતરમાં એકાદશી વગેરે વ્રતનો ધર્મ

श्रीशुक उवाच : मनुर्विवस्वत: पुत्र: श्राद्धदेव इति श्रुत: । सप्तमो वर्तमानो यस्तदपत्यानि मे श्रृणु ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! વર્તમાનમાં ચાલતા સૂર્યના પુત્ર શ્રાદ્ધદેવ નામના પ્રખ્યાત સાતમા મનુ છે. આ મનુરાજાના પુત્ર વગેરેની વિગત મારી પાસેથી સાંભળો. હે શત્રુતાપન રાજા ! ઇક્ષ્વાકુ, નભગ, ધૃષ્ટ, શર્યાતિ, નરિષ્યંત, નાભાગ, સાતમો દિષ્ટ, કરૂષ, પૃષધ્ર અને દસમો વસુમાન્ ! આ દશ વૈવસ્વત શ્રાદ્ધદેવ મનુના પુત્રો છે. રાજન્ ! આ મનુના સમયમાં આદિત્યો, વસુઓ, રુદ્રો, વિશ્વદેવો, મરુદ્‌ગણો, અશ્વિની કુમારો તથા ૠભુઓ નામના દેવતાઓ છે અને સાતમા મન્વંતરમાં પુરંદર નામના ઇન્દ્ર છે. તેમજ કશ્યપ, અત્રિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભરદ્વાજ આ સાત ૠષિઓ છે. આ મનુના સમયમાં પણ કશ્યપ અને અદિતિથી વિષ્ણુ ભગવાનનો અવતાર થયા હતો. રાજન્ ! બાર આદિત્યોમાં સૌથી નાના પુત્ર ભગવાન વિષ્ણુએ વામન સ્વરૂપ લીધું હતું. આ રીતે સાત મન્વંતરો મેં તમને ટુકમાં કહયા. હવે વિષ્ણુની શકિતથી યુક્ત ભવિષ્યનાં મન્વંતરો હું તમને કહું છું. (૧-૭)

આઠમાં "સાવર્ણિ મનુ" : આ મન્વંતરમાં પુષ્ટિ ધર્મોની પ્રવૃત્તિ

હે રાજેન્દ્ર ! વિવસ્વાન્ સૂર્યનું નામ છે વિવસ્વાન્‌ની સંજ્ઞા તથા છાયા નામની બે પત્નીઓ હતી. આ બન્ને બહેનો વિશ્વકર્માની પુત્રીઓ હતી. આ વાત પ્રથમ મેં તમને કહી છે. કેટલાક નું માનવું છે કે વિવસ્વાન્‌ની વડવા નામની ત્રીજી સ્ત્રી પણ હતી. આ ત્રણ સ્ત્રીમાં પ્રથમ સંજ્ઞામાં યમ, યમુના તથા શ્રાદ્ધદેવ નામના ત્રણ સંતાનો થયાં. બીજી પત્ની છાયામાં સાવર્ણિ નામાના પુત્ર અને તપતી નામની કન્યા થઇ. આ તપતી કન્યા સંવરણની સ્ત્રી થઇ હતી. ત્યારબાદ

શનૈશ્ચર નામના છાયાના ત્રીજા પુત્ર થયા. આમ ત્રણ છાયાનાં સંતાનો હતાં. સૂર્યની ત્રીજી પત્ની વડવાને અશ્વિનીકુમાર નામના બે પુત્રો થયા. હે રાજન્ ! આઠમો મન્વંતર આવશે ત્યારે સૂર્યના સાવર્ણિ નામના પુત્ર મનુ થશે અને નિર્મોક તથા વિરજસ્ક વગેરે તેના પુત્રો થશે. તે સમયે સુતપસ, વિરજ તથા અમૃતપ્રભ નામના દેવો થશે. રાજન્ ! રાજા બલિએ સાતમા મન્વંતરમાં ત્રણ પગલાંની યાચના કરનાર વિષ્ણુને સમસ્ત પૃથ્વી આપી હતી. તે બલિરાજા આઠમા મંન્વતરમાં વિષ્ણુ ભગવાનની કૃપાથી મળેલા ઈન્દ્રપદનો ત્યાગ કરી મોક્ષ પામે. રાજન્ ! બલિરાજાને ભગવાને વરુણ પાશથી બાંધ્યા હતા પરંતું પ્રસન્ન થઈ પાછળથી સ્વંગ કરતાં પણ અધિક સુતલમાં સ્થાપ્યા છે જયારે હાલ તેઓ ઈન્દ્રની માફક જ રહે છે. રાજન્ ! એ સાવિર્ણ મન્વંતરમાં ગાલવ, દીપ્તિમાન્, પરશુરામ, અશ્વત્થામા, કૃપાચાર્ય, ઋષ્યશૃંગ તથા અમારા પિતા ભગવાન વ્યાસ આ સાત ઋષિઓ થશે. જેઓ હાલમાં પોતપોતાના આશ્રમોમાં પોતાના યોગપ્રભાવથી રહે છે. રાજન્ ! આ મન્વંતરમાં દેવગુહ્ય નામના પુરુષથી સરસ્વતી નામની પત્નીમાં સાર્વભૌમ નામના ભગવાનનો અવતાર થશે અને સાતમાં મન્વંતરના ઈન્દ્ર પાસેથી તેનું સ્થાન પડાવી લઈ આઠમામન્વંતરમાં બલિરાજાને આપશે.(૮-૧૭)

નવમા "શ્રી દક્ષ સાવર્ણિ મનુ " આ મન્વંતરમાં યજ્ઞાદિ ધર્મોની પ્રવૃત્તિ

રાજન્ ! નવમા દક્ષસાવર્ણિ નામના વરુણના પુત્ર મનુ થશે. અને ભૂતકેતુ તથા દીપ્તકેતુ વગેરે તેમના પુત્રો થશે. તેમના સમયમાં પાર અને મરીચિગર્ભ વગેરે દેવો, અદ્‌ભૂત નામના અને દ્યુતિમાન વગેરે ઋષિઓ થશે તેમજ નવા મન્વંતરમાં આયુષ્યમાનથી અંબુધારા નામની પત્નીમાં "ઋષભ" નામે ભગવાનનો અંશાવતાર થશે. ઋષભદેવે આપેલા ત્રૈલોક્યને 'અદ્‌ભૂત' નામના ઈન્દ્ર ભોગવશે. (૧૮-૨૦)

દશમા "શ્રી બ્રહ્મસાવર્ણિ મનુ" : આ મન્વંતરમાં લોક ને સુખ આપતા ધર્મો

રાજન્ ! નવમા મનુ પછીથી ઉપશ્લોકના પુત્ર બ્રહ્મસાવર્ણિ નામના દશમા મનુ થશે. તેમના ભૂરિષેણ વગેરે પુત્રો થશે.હવિષ્માન, સુકૃતિ, સત્ય, જય તથા મૂર્તિ વગેરે દશમા મન્વંતરમાં સપ્તઋષિઓ થશે. સુવાસન, વિરુદ્ધ વગેરે દેવતાઓના ગણો થશે. અને 'શંભુ' નામના ઈન્દ્ર થશે. તેમજ તે મન્વંતરમાં પણ વિશ્વક્સેન પોતાના અંશથી અવતાર લેશે અને તે વખતમા 'શંભુ' નામના ઈન્દ્રની સાથે મિત્રતા કરશે.(૨૧-૨૩)

અગિયારમાં "શ્રી ધર્મસાવર્ણિ મનુ " : આ મન્વંતરમાં આત્માશુદ્ધિ માટે સ્માર્ત ધર્મો

રાજન્ ! દશમાં મનુ પછી આત્મવેત્તા ધર્મસાવિર્ણ નામના અગિયારમા મનુ થશે અને સત્ય, ધર્મ વગેરે તેના દશ પુત્રો થશે. તે સમયે વિહંગમ, કામગમ તથા નિર્વારુચિ નામના દેવો થશે. અને વૈધૃત નામના ઈન્દ્ર તેમજ અરુણ વગેરે સપ્તર્ષિઓ થશે. આ મન્વંતરમા શ્રી આર્યકનાં પત્ની શ્રી વૈધૃતામાં ભગવાન શ્રીહરિ અંશાવતાર સ્વરૂપે 'ધર્મસેતુ' નામનો અવતાર ધારણ કરી ત્રણ લોકનું પાલન કરશે. (૨૪-૨૬)

બારમા "શ્રી રુદ્રસાવર્ણિ મનુ" આ મન્વંતરમા આસકિત રહિત ધર્મો

હે રાજન્ ! ત્યારબાદ બારમા શ્રીરુદ્રસાવર્ણિ મનુ થશે. દેવયાન, ઉપદેવ તથા દેવશ્રેષ્ઠ નામના મનુરાજાના પુત્રો થશે. આ મન્વંતરમા હરિત વગેરે દેવો થશે. ઋતધામા નામના ઈન્દ્ર થશે. અને તપોમૂર્તિ, તપસ્વી તથા આગ્નીધ્રક વગેરે સપ્તર્ષિઓ થશે. તેમજ શ્રી સત્યસહસને ત્યાં શ્રી સૂનૃતાદેવીમાં શ્રીહરિ અંશ સ્વરૂપથી 'સ્વધામ' નામનો અવતાર લેશે તેમજ બારમા મન્વંતરનું પાલન કરશે. (૨૭-૨૯)

તેરમા "શ્રી દેવસાવર્ણિ મનુ " :આ મન્વંતરમા ઉપવાસના માટે દેવપુષ્ટિ ધર્મો

રાજન્ ! બારમાં મનુ પછી તેરમા મન્વંતરમા આત્મવેત્તા શ્રી દેવસાવર્ણિ મનુ થશે.. તેમજ ચિત્રસેન તથા વિચિત્ર વગેરે

મનુના પુત્રો થશે. સુકર્મા તથા સુત્રામ નામના દેવો થશે. તેમજ શ્રીદેવહોત્રજીનાં શ્રી બૃહતી નામનાં પત્નીમાં શ્રીહરિ અંશસ્વરૂપે 'શ્રી યોગેશ્રર ' નામનો અવતાર ધારણ કરશે. અને તેરમા મન્વંતરમાં શ્રી દેવચરિત નામના ઈન્દ્રને ત્રૈલોક્યનું રાજ્ય આપશે. (૩૦-૩૨)

ચૌદમા શ્રી "ઈન્દ્રસાવર્ણિ મનુ" આ મન્વંતરમાં માર્કણ્ડેયે કરેલા ધર્મો

ત્યાર બાદ ચૌદમા ઈન્દ્રસાવર્ણિ નામના મનુ થશે. ઉરુબુદ્ધિ તથા ગંભીરબુદ્ધિ વગેરે મનુરાજાના પુત્રો થશે. પવિત્ર તથા ચાક્ષુષ નામના દેવો થશે અને 'શુચિ' નામના ઈન્દ્ર થશે. અગ્નિ, બાહુ, શુચિ, શુદ્ધ તથા માગધ વગેરે સપ્તર્ષિઓ થશે તેમજ શ્રી સત્રાયણજીના શ્રી વિતાના નામનાં પત્નીમાં ભગવાન શ્રી હરિ અંશ સ્વરૂપે 'શ્રીબૃહભ્દ્રાનુ' નામનો અવતાર ધારણ કરશે. હે મહારાજ ! શ્રી બૃહભ્દ્રાનુ ભગવાન વેદના કર્મમાર્ગનો વિસ્તાર કરશે.(૩૩-૩૫)

રાજન્ ! ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળમાં થનારા આ અવતારો મેં આપને કહ્યા. આ ચૌદ મન્વંતરનો સમય એક હજાર યુગ પર્યન્ત છે. તેનું બીજુંનામ કલ્પકાળ કહેવાય છે. રાજેન્દ્ર ! આ ચૌદે મનુઓની કથાનું જે મનુષ્ય શ્રવણ-કીર્તન કરે છે તેના ઉપર વિષ્ણુ ભગવાન પ્રસન્ન થાય છે. (૩૬)

राजंश्चतुर्दशैतानि त्रिकालानुगतानि ते । प्रोक्तान्येभिर्मितः कल्पो युगसाहस्त्रपर्ययः ॥ ३६ ॥

શ્રીમદ્ ભાગવતપીયુષનો અષ્ટમ સ્કંધના દાન નામના દ્વિતીય પ્રકરણમાંનો સાતમાં મન્વંતરથી ચૌદમા મન્વન્તરની કથાનું વર્ણન કરતો અધ્યાય ૧૩મો સમાપ્ત.

અધ્યાય ૧૪મો

(આ અધ્યાયમાં ૧૧ શ્લોકો છે. ચૌદ મન્વન્તરમાં મનુરાજા વગેરેથી બનેલ છ વ્યકિતની પરિષદનાં શું શું કાર્યો છે તેમજ ભગવાન ચૌદ મન્વન્તરમાં પ્રત્યેકને જ્ઞાનનું દાન કરે છે એ વસ્તુ કહી છે. આ રીતે અધ્યાયનું દાનપ્રકરણ સમાપ્ત થયું.)

પરીક્ષિતજીની જિજ્ઞાસા : राजोवाच : मन्वन्तरेषु भगवन्यथा मन्वादयस्त्विमे । यस्मिन्कर्मणि ये येन नियुक्तास्तद्वदस्व मे ॥ १ ॥

પરીક્ષિતજીએ પૂછયું ભગવન્ શુક ! આપે દર્શાવેલા ચૌદ મન્વતરોમાં શ્રી મનુરાજા-પુત્રો-ઋષિઓ વગેરેને જે ભગવાને જે જે કાર્યો સોપ્યાં હોય તે સર્વ મને કૃપા કરીને આપ કહો. (૧)

શ્રીશુકદેવજી મહારાજે કહ્યું કે મહીપતિ ! મનુઓ, મનુના પુત્રો, મુનિઓ, ઈન્દ્રો તથા દેવગણો આ સર્વ પોતાના મન્વંન્તરોમાં થયેલા ભગવાનનાં યજ્ઞ વગેરે અવતારોની આજ્ઞાને અનુસરે છે. (૨) રાજન્ ! ચૌદ મન્વન્તરોમાં ભગવાન જે યજ્ઞ વગેરે અવતારો ધારણ કરે છે તેમની પ્રેરણા પામી મનુરાજા-પુત્રો વગેરે જગતનો નિર્વાહ કરે છે. (૩) રાજન્ ! ચાર યુગના અંતે વેદના સમૂહો કાળે કરી નાશ પામે છે ત્યારે સપ્તર્ષિઓ તે વેદ સમૂહોનો તપોબળથી સાક્ષાત્કાર કરે છે કે જે વેદોમાંથી સનાતન ધર્મફરી ચાલુ થાય છે. (૪) ત્યાર પછી હરિની આજ્ઞા પ્રમાણે મનુઓ પૂર્ણ સાવધાન થઇ ચારે ચરણથી પરિપૂર્ણ ધર્મને પોતપોતાના કાળમાં પૃથ્વી ઉપર પ્રવર્તાવે છે. (૫) વેદોને મેળવીને પ્રજાઓનું પાલન કરવા યોજેલા મનુના પુત્રો વગેરે પોતાનો મન્વન્તરનો સમય પૂરો થાય ત્યાં સુધી પુત્રપૌત્રાદિ ક્રમથી તે ધર્મનુ પાલન કરે છેઅને યજ્ઞભાગ ભોગવનારા દેવો તથા તે મનુ વગેરેના જે અનુયાયીઓ હોય છે તેઓ પણ એ મનુ વગેરેની સાથે રહીને ધર્મનું પાલન કરે છે. (૬) ભગવાને આપેલી ત્રણ લોકની ઉત્તમ લક્ષ્મી ભોગવનાર રાજા ઈન્દ્ર ત્રણે લોકનુ રક્ષણ કરે છે, અને લોકોની ઈચ્છાનુસાર જળવૃષ્ટિ કરે છે. (૭) ભગવાન શ્રી હરિ દત્ત વગેરે યોગેશ્વરનાં સ્વરૂપ ધારણ કરી યોગમાર્ગનો ઉપદેશ કરે છે. (૮) ભગવાન મારીચ,અત્રિ, અંગિરા વગેરે પ્રજાપતિઓનું સ્વરૂપ પ્રજા સૃષ્ટિ રચે છે. રાજાનું સ્વરૂપ લઇ ચોર-લૂંટારાઓનો નાશ કરે છે અને હરિ કાલસ્વરૂપે સર્વના નાશ માટે પ્રકટ થાય છે. (૯) રાજન્ ! આ પ્રકારે ભગવાન એક જ જુદા જુદા ગુણો ધારણ કરે છે. એ ભગવાનને મનુષ્યો નામરૂપાત્મક માયાથી મોહિત થઇ અનેક શાસ્ત્રોથી વર્ણવે છે તો પણ ભગવાનના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થઇ શકતું નથી. (૧૦) રાજન્ ! તમારી પાસે મહાકલ્પ અને અવાન્તર કલ્પનું પ્રમાણ કહ્યું. પુરાણતત્ત્વના વિદ્વાનો પ્રત્યેક અવાન્તર કલ્પમાં ચૌદ મન્વન્તરો કહે છે. (૧૧)

एतत्कल्पविकल्पस्य प्रमाणं परिकीर्तितम् । यत्र मन्वन्तराण्याहुश्चतुर्दशपुराविदः ॥

શ્રીમદ્ ભાગવતપીયુષનો અષ્ટમ સ્કંધના દાન નામના દ્વિતીય પ્રકરણમાંનો મન્વન્તરનું લક્ષણ અને મન્વન્તર સંચાલકોના કર્તવ્યનું વર્ણન કરતો અધ્યાય ૧૪મો સમાપ્ત.

અધ્યાય ૧૫ મો

(પંદરમાં અધ્યાયથી ત્રેવીસમાં અધ્યાય સુધીના નવ અધ્યયોમાં બલિરાજાની આત્મનિવેદનની કથા છે. રાજા બલિ આપત્તિમાં આવ્યા છતાં સત્યથી અને સ્વવચનથી ચલિત નથી થયા તે ભગવાનની કૃપાનું ઉત્તમ ફલ છે. આ નવ અધ્યાયોમાં સાત્ત્વિક વગેરે ગુણોથી કરેલાં નવ પ્રકારનાં કર્મોને લીધે નવ અધ્યાયો બન્યા છે. આ પંદરમાં અધ્યયામાં ૩૬ શ્લોકો છે. બલિરાજા ઉપર શુક્રાચાર્યજીની કૃપા અને વિશ્વજિતયાગ વગેરે કથા છે.)

સમર્થ શ્રીહરિ માગે ખરા ?

પરીક્ષિત રાજાએ કહ્યું કે ભગવન્ ! ભગવાન શ્રી હરિતો સમર્થ છે, ઈશ્વર છે. આ છતાં કૃપણની માફક બલિરાજા પાસે ત્રણ પગલાં પૃથ્વી શા માટે માગી ? વળી બલિરાજા પાસથી ત્રણ લોકો મેળવ્યા છતાં તેમણે તેને શા માટે બાંધ્યા હતા? (૧) શુકાચાર્યજી ! ભગવાન યજ્ઞના સ્વામી છે, પરિપૂર્ણ છે છતાં નિરપરાધી બલિરાજાને બાંધ્યો આ વાત તો અમને અત્યંત આશ્ચર્ય ઉપજાવે છે. નાથ ! સમાધાન કરો. આ અમારું મોટું કુતૂહલ છે. (૨)

બલિરાજાની ગુરુભક્તિ

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! બલિરાજા સર્વ રાજ્યલક્ષ્મી હારી ગયાં અને રાજા ઈન્દ્રે બલિજીને પ્રાણરહિત બનાવ્યા ત્યારે પાછા ભૃગુમુનિઓએ બલિજીને સજીવન કર્યા. પરિણામે સજ્જન બલિરાજા ભાર્ગવના શિષ્ય બની સર્વાત્મભાવથી સર્વ પ્રકારે તેમની સેવા કરવા લાગ્યા. (૩) બલિજીના સમર્પણ ભાવથી થયેલા મહાન પ્રતાપી ભાર્ગવો સ્વર્ગ જીતવા ઈચ્છતા બલિરાજનો વિધિપૂર્વક મહાભિષેકથી અભિષેક કરી તેમની પાસે વિશ્વજિત નામનો યજ્ઞ કરાવ્યો. (૪) રાજન્ ! હુતદ્રવ્યોથી આહુતિ પામેલા દિવ્ય અગ્નિમાંથી સુવર્ણ પટ્ટોથી જડેલ રથ, ઈન્દ્રના અશ્વના રંગ જેવા અશ્વો, સિંહના ચિહ્નથી શોભતો ધ્વજ, સુર્વણથી જડેલું દિવ્ય ધનુષ્ય, અખૂટ બાણોથી ભરેલાં બે ભાથાં અને દિવ્ય બખ્તર વગેરે વસ્તુઓ પ્રગટ થઈ ૫. રાજન્ ! આ અવસરે બલિરાજાના દાદા પ્રહલાદજીએ કદી ન કરમાતાં પુષ્પોવાળી એક 'અમ્લાનપુષ્પ' નામની ઠાકોરજીની પ્રસાદી માલા બલિરાજાને આપી. વળી શુક્રાચાર્ય મહારાજે શંખ આપ્યો. (૬) રાજન્ ! વિપ્રવરોએ બલિરાજાને સર્વયુદ્ધ સામગ્રી મેળવી આપી તેમજ રાજની પાસે તે જ મુનિઓએ સ્વસ્તિવાચન કરાવ્યું ત્યારબાદ બલિરાજાએ વિપ્રોની પ્રદક્ષિણા કરી, તેમને પ્રણામ કર્યા અને શ્રી પ્રહલાદજીને પ્રણામ કરી યુદ્ધપ્રસ્થાન માટે આજ્ઞા માંગી. (૭)

બલિરાજાનું વિજયપ્રસ્થાન

રાજન્ ! ત્યારબાદ મહારથ બલિરાજા ભૃગુમુનિઓએ અર્પણ કરેલા દિવ્ય રથમાં બેઠેલા, માલાધારી, બખ્તરધારી, ખડગધારી, ધનુષ્ય-બાણધારી અત્યંત શોભવા લાગ્યા, (૮) રાજન્ ! આ અવસરે બલિરાજાએ ધારણ કરેલાં સુર્વણના બાજુબંધથી બન્ને બાહુઓ અત્યંત શોભતા હતા. રાજાના કાનમાં મકરાકાર કુંડલો ઝળકતાં હતાં. રથમાં બેઠેલા રાજા બલિ યજ્ઞકુંડમાં પ્રકટેલા અગ્નિ જેવા તેજોમય દેખાતા હતા. (૯) પોતાની સમાન ઐશ્વર્યબળ તથા લક્ષ્મીવાળા અને દ્રષ્ટિથી જાણે આકાશને પી જતાં હોય તેમ જ દિશાઓને બાળી દેતા હોય તેવા પોતાના માંડલિક રાજાઓથી તેમજ દૈત્યોના સેનાપતિઓથી વીંટળાઈને સમર્થ બલિરાજા અસુરોના મોટા સૈન્ય સાથે આકાશ તથા પૃથ્વીને જાણે કંપાવતા હોય તેમ અત્યંત સમૃદ્ધ ઈન્દ્રપુરી ઉપર ચઢી આવ્યા. (૧૧)

સ્વર્ગનગરીનું વર્ણન

ઈન્દ્રપુરી શોભાયમાન નંદનવન વગેરે બાગબગીચાઓથી તથા વાડીઓથી સુંદર લાગે છે. તેમાં પક્ષીઓનાં યુગલો કલ્લોલ કરતાં હતાં. મદોન્મત્ત ભમરાઓ ગુંજારવ કરતા હતા. (૧૨) અમરલોકમાં તરુવરો, નવી કુંપળો, ફળ તથા ફૂલના ભારથી ઝૂકતી ડાળીઓથી લચી રહ્યાં હતાં. ઉધાનમાં હંસો, સારસો, ચક્રવાકો તથા બતકોનાં પક્ષીવૃન્દોથી સરોવરો ભર્યા લાગતાં હતાં અને મદમાતી સ્ત્રીઓ દેવો સાથે ક્રીડા કરી રહી હતી. (૧૩) તેમજ ઈન્દ્રપુરી સ્વર્ગના દેવીની ખાઈથી વ્યાપેલી છે. નગરીની ફરતા સુવર્ણનાં ઊંચા કિલ્લાથી રક્ષિત તેમજ અટારીઓથી સુશોભિત છે. નગરીના દરવાજા સ્ફટિકમણિના છે અને દરવાજાનાં દ્વારો સુર્વણ જડેલાં છે. તે નગરીમાં જુદા જુદા રાજમાર્ગો છે. સભાસ્થાનો, ચૌટાં તથા શેરીઓથી તે વ્યાપ્ત છે. દશ કરોડ વિમાનોથી તે યુક્ત છે. એ નગરીના ચોક મણિઓથી જ બાંધે છે અને તેના ચોકમાં મણિ-માણેકની ઓટલીઓ બાંધી છે. શ્રી વિશ્વકર્માએ રચેલી આ નગરી છે. (૧૪ - ૧૬) વળી આ નગરીમાં નિત્ય તરુણ વયની સુકુમાર, ઉજજવળ વસ્ત્રોવાળી અને સૌંદર્યવતી શ્યામાઓ અગ્નિમય-તેજોમય કાન્તિથી દીપી રહી છે. (૧૭) દેવાંગનાઓના કેશપાશમાંથી સરી પડેલા તાજાં સુગંધીદાર પુષ્પોની સુગંધને લીધે માર્ગોમાં સુગંધિત પવન વાય છે. (૧૮) જ્યાં સુવર્ણનાં જાળિયામાંથી નીકળતા અગરના સફેદ અને સુગંધી ધુમાડાથી ઢંકાયેલા રાજમાર્ગમાં દેવાંગનાઓ અવરજવર કરે છે. (૧૯) આ અમરાવતી મોતીના ચંદરવા, મણિજડિત સુર્વણધજાઓ અને જાતજાતની પતાકાઓવાળાં છજાંથી ચોતરફ ઢંકાયેલી છે. મયૂરો, કબૂતરો તેમજ ભ્રમરોના શબ્દોથી ગુંજતી અને વિમાનચારી સ્ત્રીઓનાં મધુર ગીતોથી દર્શનીય નગરી છે. (૨૦) નરઘાં, શંખ, ઢોલ તથા નગારાંના નાદો તેમજ તાલ, વીણા, મુરજ, ઋષ્ટિ તથા વાંસળીના મધુર ધ્વનિઓ સાથે થતાં નૃત્યો તેમજ વિવિધ વાદ્યો સાથેનાં ગાંધર્વગાનથી મનને આનંદ આપે છે. અને આ સાથે સાથે પોતાની કાંતિથી અધિષ્ઠાત્રી દેવીને પણ જીતી લે છે. (૨૧) રાજન્ ! આ મંગલ નગરીમાં અધર્મનિષ્ઠો, ખલજનો, પ્રાણીઓનો દ્રોહ કરનારા, શઠો મિથ્યાભિમાનીઓ, કામીઓ કે લોભીઓ જઇ શકતા નથી પરંતુ આ દોષોથી મુક્ત ધર્મપરાયણ લોકો જ જઈ શકે છે. (૨૨)

બલિરાજાના બલથી ચકિત થયેલા રાજા ઈન્દ્રનું ગુરુ ચરણે નિવેદન

અસુર સેનાપતિ બલિરાજએ ઈન્દ્રની આ નગરીને ફરતો ચારે તરફ સેનાનો ઘેરો નાખ્યો અને ઈન્દ્રની સ્ત્રીઓને ભય ઉપજાવતા શ્રી શુકાચાર્યજીએ આપેલા શંખનો મહાન નાદ કર્યો. (૨૩) ઈન્દ્રરાજાએ બલિરાજાની આ મોટી તૈયારી જાણીને સર્વ દેવગણો સાથે બૃહસ્પતિ પાસે જઇ નિવેદન કર્યુ કે ભગવન્ ! આ મારા પૂર્વવેરી બલિરાજાનો મહાન ઉદ્યમ બલિરાજાને કોઇ પણ પુરૂષ કોઈ પણ સ્થળેથી પાછો હઠાવી શકે તેમ નથી લાગતું. ભગવન્ ! ભભકી ઊઠેલા પ્રલયકાળના અગ્નિની માફક બલિરાજા મુખથી જાણે આ જગતને પી જતા હોય કે દશે દિશાઓને ચાટી જતા હોય તેમજ દ્રષ્ટિથી દિશાઓને બાળી દેતાં હોય તેવા જણાય છે. (૨૫ - ૨૬) મારો આ શત્રુ આવો દુઃસહ થયો છે તેનું શું કારણ છે તે આપ કહો. તેને આવુ ઈન્દ્રિય સામર્થ્ય, અન્તઃકરણનું સામર્થ્ય તથા પ્રભાવ ક્યાંથી મળ્યાં કે જેને લીધે તેણે આવી જબરી ચઢાઈ કરી છે. (૨૭)

બૃહસ્પતિજીનું માર્ગદર્શન

ગુરુ બૃહસ્પતિજીએ કહ્યું કે હે મઘવન્ એટલે ઈન્દ્રરાજા ! શત્રુ બલિરાજાની ઉન્નતિનું કારણ જાણું છું. બ્રહ્મવાદી ભૃગુ મુનિઓએ પોતાના આ શિષ્યમાં તેજની વૃદ્ધિ કરી છે. (૨૮) આ વખતે ઈશ્વર શ્રીહરિ વિના તમે કે તમારા જેવા બીજા કોઇ પણ, કાળની સામે મનુષ્યોની માફક બલિ સામે ઊભા રહેવા સમર્થ નથી. (૨૯) માટે હમણાં તમે બધા આ સ્વર્ગરૂપી સ્થાન છોડી ક્યાંક ચાલ્યા જાઓ અને બલિરાજાના પ્રતિકૂલ સમયની પ્રતીક્ષા કરો (૩૦) વર્તમાનમાં તો

બલિરાજા વિપ્રર્ષિઓના બલથી ઉદય પામતા સૂર્ય છે અને તેનું તેજ પણ ઉત્તરોત્તર વધશે પરંતુ ભૃગુવંશીય બ્રાહ્મણોની આજ્ઞાનો અનાદર કરતાં તે પોતાના કુળપરિવાર સાથે નાશ પામશે. (૩૧) આ પ્રમાણે કાર્યવસ્તુને યથાર્થ જાણતા ગુરુશ્રી બૃહસ્પતિજી સાથે તે વખતનાં કાર્યો માટે યોગ્ય મંત્રણા કરી ઇચ્છાનુસાર જુદાં જુદાં રૂપ ધારણ કરી દેવો સ્વર્ગ છોડી જ્યાં ત્યાં ચાલ્યાં ગયા. (૩૨)

બલિરાજાનું સામ્રાજ્ય

રાજન્ ! જ્યારે દેવો ગુપ્ત દ્વારથી, ગુપ્તવેષથી પલાયન કરી ક્યાંક છૂપાઈ ગયા એટલે વિરોચનના પુત્ર બલિરાજાએ દેવોની ''દેવધાની'' નગરીમાં રહેલ ત્રણ જગતને વશ કર્યા. (૩૩) ત્યારબાદ વિશ્વવિજયી આજ્ઞાંકિત સેવક બલિરાજા ઉપર પ્રેમ રાખનારા ભૃગુવંશી બ્રાહ્મણોએ સો અશ્વમેધ યજ્ઞો કરાવ્યા. (૩૪) રાજન્ ! આ અશ્વમેધ યજ્ઞોના પ્રભાવથી ત્રણે ભુવનમાં વ્યાપેલી પોતાની કીર્તિને દશે દિશાઓમાં પસરાવતા બલિરાજા ચન્દ્રમાની માફક જ શોભવા લાગ્યા. (૩૫) રાજન્ ! મહામના તથા પોતાને કૃતકૃત્ય જેવા માનતા રાજા બલિ દ્વિજો અને દેવોએ દીધેલી અત્યંત સમૃદ્ધ રાજ્યલક્ષ્મીને ભોગવવા લાગ્યા. (૩૬)

બુભુજે ચ શ્રિયં સ્વૃદ્ધાં દ્વિજદેવોપલામ્ભિતામ્ । કૃતકૃત્યમિવાત્માનં મન્યમાનો મહામનાઃ ॥ ૩૬ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના અષ્ટમ સ્કંધના સ્વવચન પરિપાલન પ્રકરણમાંનો શ્રી બલિરાજાના વિજયનું વર્ણન કરતો અધ્યાય ૧૫મો સમાપ્ત.

અધ્યાય ૧૬મો

(આ અધ્યાયમાં ૬૨ શ્લોકો છે. કશ્યપ મહારાજશ્રીની કૃપાથી અદિતિ દેવીજીને પયોવ્રતની પ્રાપ્તિ, આ વ્રત કરનારી ધર્મનિષ્ઠ સન્નારીઓ પુત્રપ્રાપ્તિનો મનોરથ સિદ્ધ કરે છે.)

નિસ્તેજ ગૃહ નિરખી ગૃહિણીને કોમલ અને કુશલ પ્રશ્નાવલી

श्रीशुक उवाच : एवं पुत्रेषु नष्टेषु देवमातादितिस्तदा । हृते त्रिविष्टपे दैत्यैः पर्यतप्यदनाथवत् ॥ १ ॥

શ્રી શુકદેજીએ કહ્યું કે રાજન્ ! જ્યારે પુત્રો ક્યાંક ચાલ્યા ગયા અને દૈત્યોએ સ્વર્ગ પડાવી લીધું ત્યારે દેવમાતા શ્રી અદિતિજી અનાથની માફક સંતાપ કરવા લાગ્યા. (૧) રાજન્ ! એક દિવસ મહર્ષિ કશ્યપ ઘણા લાંબા સમયે સમાધિમાંથી ઊઠીને ઉત્સવ તથા આનંદથી રહિતશ્રી અદિતિજીના આશ્રમમાં પધાર્યા. (૨) હે કુરુકુલવર્ધક રાજન્ ! આશ્રમમાં પધારેલા મહર્ષિ કશ્યપજીનો અદિતિજીએ યથાયોગ્ય સત્કાર કર્યો. ત્યારબાદ એક આસન પર બિરાજી મુનિએ દીનમુખ પત્ની શ્રી અદિતિજીને આ પ્રમાણે પૂછ્યું. (૩)

મુનિવર બોલ્યા ભદ્રે ! વર્તમાનમાં આ જગતમાં બ્રાહ્મણોનું ધર્મનું તથા મૃત્યુને વશ રહેનારા લોકોનું કાંઈ અમંગળ તો નથીને ? (૪) અથવા તો હે ગૃહિણી ! હે ગૃહદેવી ! હમણાં આપણા ઘરમાં ધર્મ, અર્થ કે કામનું તો કોઈ અકુશળ આવ્યું નથીને ? દેવી ! ગૃહસ્થાશ્રમ ધર્મવર્તીઓને ઘર યોગાભ્યાસ ન કરનારાઓને પણ યોગનું ફળ આપે છે. (૫) કુટુમ્બમાં આસક્ત થયેલાં દેવી ! તમે આંગણે આવેલા અતિથિઓની સન્મુખ જઈ, ઊભાં થઈ શું સત્કાર કર્યો નથી ? હે દેવી ! અતિથિઓ આપણે આંગણે પધારી સત્કાર પામ્યા વિના તો નથી ગયા ને ? (૬) દેવી ! આંગણે આવેલા અતિથિઓ જલનો પણ સત્કાર પામ્યા વિના એમને એમ જો પાછા ફરે તો તે ઘર ખરેખર મોટાં શિયાળોને રહેવાની બખોલ જ છે કે સર્પના રાફડા છે. (૭) હે સતિ ! હું આશ્રમમાં ન હતો. આપણે અગ્નિહોત્રી હતાં. આપે મારા વિયોગમાં ઉદ્વિગ્ન બુદ્ધિવાળાં બનતાં કોકવાર સમય પ્રમાણે અગ્નિઓમાં આહુતિઓ ન આપી હોય તેવું તો નથી થયું ને ? (૮) દેવી જે અગ્નિદેવના અર્ચનથી ગૃહસ્થ સર્વ કામનાઓને પૂરનારા દિવ્યલોકમાં જાય છે. દેવી ! બ્રાહ્મણ અને અગ્નિદેવ, એ,

બે તો ભગવાનશ્રી વિષ્ણુનું મુખ છે. (૯) હે મનસ્વિની એટલે ઉદાર મનવાળાં દેવી ! આપના સર્વ પુત્રો કુશળ છે ને ? દેવી ! તમારી મુખકાન્તિ નિરખતાં મને લાગે છે કે કોઈ કારણથી આપનું મન પ્રસન્ન નથી. (૧૦) કલ્યાણવાંછુ કુટુમ્બી ગૃહસ્થે ઉપર દર્શાવેલા ગૃહસ્થાશ્રમનાં અસુખનાં કે દુઃખનાં કારણો અવશ્ય વિચારવાં. આવાં કારણો દૂર કરવાં અને ગૃહસ્થાશ્રમના કલ્પવૃક્ષ જેવા ધર્મોના પાલનથી, પુણ્યથી, પુષ્કળ ભક્તિથી પ્રભુને મેળવવાં સમૃદ્ધિ તો શ્રીહરિની પાછળ આવતી છાયા છે. (૧૧) હવેશ્રી અદિતિમાતા (૧૨) મા શ્લોકથી મુનિવરના પ્રશ્નોનું સમાધાન કરે છે. અદિતિજીએ કહ્યું કે બ્રહ્મન્ ! દ્વિજોનું, ગાયોનું ધર્મનું તથા આ સર્વજનનું કુશળ છે. ગૃહસ્થધર્મનિષ્ઠ હે નાથ ! આ બધાં ગૃહસ્થધર્મનાં ઘરો ધર્મ - અર્થ - કામ સિદ્ધિનાં ઉત્તમ ક્ષેત્રો છે. (૧૧) બ્રહ્મન્ ! આંગણે કંઈ લેવા ઈચ્છતા ભિક્ષુકો સર્વની સેવામાં કોઇ પ્રકારે ઊણપ થવા પામી નથી. (૧૨) હે ભગવન્ ! આપના જેવા પ્રજાપતિ હોય, ગૃહપતિ હોય, આ રીતે ધર્મનો ઉપદેશ આપતા હોય તો પછી એવો તો કયો મનોરથ હોય કે જે પૂર્ણ ન જ થાય ! (૧૩) હે મરીચિના પુત્ર ! સત્વગુણી, રજોગુણી તથા તમોગુણી આ સર્વપ્રજાઓ આપના જ મન તથા શરીરથી ઉત્પન્ન થયેલી. અને તેથી જ આપ અસુરાદિ સર્વના સમાન ભાવવાળા છો. તો પણ હે પ્રભો ! મહાન સમર્થ આપ સ્વયં પણ ભક્તોની ઈચ્છાને અનુસરો છો. (૧૪) માટે હે સ્વામિનાથ ! સેવા પરાયણ આપની પત્નીનું શ્રેયસ - કલ્યાણ વિચારવા વિજ્ઞપ્તિ છે. હે શ્રેષ્ઠવર્તી પ્રભો ! આપ જાણો છો કે અમારા શત્રુઓએ અમારી લક્ષ્મી તથા સ્થાનો હરી લીધાં; તો અમારી રક્ષા કરો (૧૫) નાથ ! મને શત્રુઓએ હાંકી કાઢી છે. (૧૬) હે સર્વશ્રેષ્ઠ કલ્યાણીકારી સત્પરુષ ! તે ગયેલી મારી સર્વ વસ્તુઓને મારા પુત્રો ફરી પાછી કઇ રીતે મેળવે તે વિચારી ઉપાય બતાવી અમારું કલ્યાણ કરો. (૧૭)

કશ્યપમુનિનું આશ્વાસન અને પયોવ્રતનો કહેલો ઉપાય

શ્રી શુકદેવજીએ કહ્યું રાજન્ ! જ્યારે અદિતિએ સુખની પ્રાર્થના કરી ત્યારે પ્રજાપતિ કશ્યપ જાણે હસતા હોય તેમ બોલ્યા, અહો ! ભગવાન વિષ્ણુનું માયાબળ કેવું પ્રબલ છે કે જેથી આ જગત સ્નેહબદ્ધ બન્યું છે ? (૧) પાંચ મહાભૂતોમાંથી બનેલું જડ શરીર ક્યાં અને પ્રકૃતિથી પર ચેતન આત્મા ક્યાં ? કોણ કોના પતિ કે પુત્ર વગેરે છે ? આ સાચે મોહ જ સર્વ સંબંધોનું કારણ છે. (૧૯) આટલો વિવેક આપી પછી મુનિવરે કહ્યું કે દેવી ! આપ પ્રાણીમાત્રની હૃદયગુહામાં રહેનારા, જગતના ગુરુ અને દુષ્ટજનોને દંડ દેનારા અંતર્યામી ભગવાનશ્રી વાસુદેવની ઉપાસના કરો. (૨૦) દેવી ! તે દયાનિધિશ્રી હરિ તમારી સર્વ કામનાઓ પૂર્ણ કરશે. કારણ કે ભગવાન દીનદયાળુ છે. પ્રિયે ! મારું દૃઢ મન્તવ્ય છે કે ભગવાનની ભક્તિ સદા સફળ છે. અન્ય કોઈની ભક્તિ તેટલી સફળ નથી. (૨૧) શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ મુનિવરનાં વચન સાંભળી દેવી અદિતિ બોલ્યાં કે બ્રહ્મન ! કયા વિધિથી હું જગત્પતિ ભગવાનની ઉપાસના કરું કે જેથી તે સત્યસંકલ્પવાળા ભગવાન મારા મનોરથો પૂર્ણ કરે તે કહો. (૨૨) હે વિપ્રવર ! ભગવાનની આરાધનાનો વિધિ આપ મને કહો, જેથી પુત્રો સાથે દુઃખી થતી મારા પર તે દેવ શીઘ્ર સંતુષ્ટ થાય. (૨૩)

કશ્યપ પ્રજાપતિજીએ પુત્રપ્રાપ્તિ માટે કહેલ પયોવ્રત

મહર્ષિ કશ્યપ બોલ્યા, દેવી ! પ્રજાની કામનાથી પુત્ર કેમ પ્રાપ્ત થાય એ વાત મેં ભગવાન બ્રહ્મદેવને પૂછી હતી. ત્યારે બ્રહ્માજીએ કેશવ ભગવાનનુ પ્રસન્ન કરનારું જે વ્રત મને કહ્યું હતું તે હું તમને કહું છું. (૨૪) ફાલ્ગુન માસના શુકલ પક્ષમાં બાર દિવસ પર્યન્ત કેવળ દૂધનો જ આહાર લઈ પરમ ભક્તિથી કમલનેત્ર ભગવાન વિષ્ણુનું અર્ચન કરવું. (૨૫) દેવી ! વ્રત આરંભતાં પૂર્વ અમાવસ્યાના દિવસે મળી શકે તો વરાહે ખોતરેલી મૃત્તિકા લાવવી અને શાસ્ત્રવિધિથી શરીરે લેપન કરી નદીના પ્રવાહમાં સ્નાન કરવું. તે વખતે આ મંત્ર બોલવો. (૨૬) હે પૃથ્વી દેવી ! પ્રાણી માત્રને સ્થાન - રહેઠાણ આપવા ઈચ્છતા આદિવરાહ ભગવાને રસાતલમાંથી આપનો ઉદ્ધાર કર્યો છે. હું આપને નમસ્કાર કરું છું. આપ મારાં પાપોનો નાશ કરો. (૨૭) ત્યાર પછી પોતાના નિત્ય - નૈમિત્તિક નિયમો કરી સાવધાનપણે પૂર્તિમાં - પૃથ્વીમાં - સૂર્યમાં - જળમાં - અગ્નિમાં તથા ગુરુમાં પણ ભગવાનનું અર્ચન કરવું. (૨૮)

બલિરાજા વિપ્રર્ષિઓના બલથી ઉદય પામતા સૂર્ય છે અને તેનું તેજ પણ ઉત્તરોત્તર વધશે પરંતુ ભૃગુવંશીય બ્રાહ્મણોની આજ્ઞાનો અનાદર કરતાં તે પોતાના કુળપરિવાર સાથે નાશ પામશે. (૩૧) આ પ્રમાણે કાર્યવસ્તુને યથાર્થ જાણતા ગુરુશ્રી બૃહસ્પતિજી સાથે તે વખતનાં કાર્યો માટે યોગ્ય મંત્રણા કરી ઈચ્છાનુસાર જુદાં જુદાં રૂપ ધારણ કરી દેવો સ્વર્ગ છોડી જ્યાં ત્યાં ચાલ્યાં ગયા. (૩૨)

બલિરાજાનું સામ્રાજ્ય

રાજન્ ! જ્યારે દેવો ગુપ્ત દ્વારથી, ગુપ્તવેષથી પલાયન કરી ક્યાંક છૂપાઈ ગયા એટલે વિરોચનના પુત્ર બલિરાજાએ દેવોની ''દેવધાની'' નગરીમાં રહેલ ત્રણ જગતને વશ કર્યા. (૩૩) ત્યારબાદ વિશ્વવિજયી આજ્ઞાંકિત સેવક બલિરાજા ઉપર પ્રેમ રાખનારા ભૃગુવંશી બ્રાહ્મણોએ સો અશ્વમેધ યજ્ઞો કરાવ્યા. (૩૪) રાજન્ ! આ અશ્વમેધ યજ્ઞોના પ્રભાવથી ત્રણે ભુવનમાં વ્યાપેલી પોતાની કીર્તિને દશે દિશાઓમાં પસરાવતા બલિરાજા ચન્દ્રમાની માફક જ શોભવા લાગ્યા. (૩૫) રાજન્ ! મહામના તથા પોતાને કૃતકૃત્ય જેવા માનતા રાજા બલિ દ્વિજો અને દેવોએ દીધેલી અત્યંત સમૃદ્ધ રાજ્યલક્ષ્મીને ભોગવવા લાગ્યા. (૩૬)

बुभुजे च श्रियं स्वृद्धां द्विजदेवोपलाम्भिताम् । कृतकृत्यमिवात्मानं मन्यमानो महामनाः ॥ ३६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના અષ્ટમ સ્કંધના સ્વવચન પરિપાલન પ્રકરણમાંનો શ્રી બલિરાજાના વિજયનું વર્ણન કરતો અધ્યાય ૧૫મો સમાપ્ત.

અધ્યાય ૧૬મો

(આ અધ્યાયમાં ૬૨ શ્લોકો છે. કશ્યપ મહારાજશ્રીની કૃપાથી અદિતિ દેવીજીને પયોવ્રતની પ્રાપ્તિ, આ વ્રત કરનારી ધર્મનિષ્ઠ સન્નારીઓ પુત્રપ્રાપ્તિનો મનોરથ સિદ્ધ કરે છે.)

નિસ્તેજ ગૃહ નિરખી ગૃહિણીને કોમલ અને કુશલ પ્રશ્નાવલી

श्रीशुक उवाच : एवं पुत्रेषु नष्टेषु देवमातादितिस्तदा । हृते त्रिविष्टपे दैत्यैः पर्यतप्यदनाथवत् ॥ १ ॥

શ્રી શુકદેજીએ કહ્યું કે રાજન્ ! જ્યારે પુત્રો ક્યાંક ચાલ્યા ગયા અને દૈત્યોએ સ્વર્ગ પડાવી લીધું ત્યારે દેવમાતા શ્રી અદિતિજી અનાથની માફક સંતાપ કરવા લાગ્યા. (૧) રાજન્ ! એક દિવસ મહર્ષિ કશ્યપ ઘણા લાંબા સમયે સમાધિમાંથી ઊઠીને ઉત્સવ તથા આનંદથી રહિતશ્રી અદિતિજીના આશ્રમમાં પધાર્યા. (૨) હે કુરુકુલવર્ધક રાજન્ ! આશ્રમમાં પધારેલા મહર્ષિ કશ્યપજીનો અદિતિજીએ યથાયોગ્ય સત્કાર કર્યો. ત્યારબાદ એક આસન પર બિરાજી મુનિએ દીનમુખ પત્ની શ્રી અદિતિજીને આ પ્રમાણે પૂછ્યું. (૩)

મુનિવર બોલ્યા ભદ્રે ! વર્તમાનમાં આ જગતમાં બ્રાહ્મણોનું ધર્મનુ તથા મૃત્યુને વશ રહેનારા લોકોનું કાંઈ અમંગળ તો નથીને ? (૪) અથવા તો હે ગૃહિણી ! હે ગૃહદેવી ! હમણાં આપણા ઘરમાં ધર્મ, અર્થ કે કામનું તો કોઈ અકુશળ આવ્યું નથીને ? દેવી ! ગૃહસ્થાશ્રમ ધર્મવર્તીઓને ઘર યોગાભ્યાસ ન કરનારાઓને પણ યોગનું ફળ આપે છે. (૫) કુટુમ્બમાં આસક્ત થયેલાં દેવી ! તમે આંગણે આવેલા અતિથિઓની સન્મુખ જઈ, ઊભાં થઈ શું સત્કાર કર્યો નથી ? હે દેવી ! અતિથિઓ આપણે આંગણે પધારી સત્કાર પામ્યા વિના તો નથી ગયા ને ? (૬) દેવી ! આંગણે આવેલા અતિથિઓ જલનો પણ સત્કાર પામ્યા વિના એમને એમ જો પાછા ફરે તો તે ઘર ખરેખર મોટાં શિયાળોને રહેવાની બખોલ જ છે કે સર્પના રાફડા છે. (૭) હે સતિ ! હું આશ્રમમાં ન હતો. આપણે અગ્નિહોત્રી હતાં. આપે મારા વિયોગમાં ઉદ્વિગ્ન બુદ્ધિવાળાં બનતાં કોકવાર સમય પ્રમાણે અગ્નિઓમાં આહુતિઓ ન આપી હોય તેવું તો નથી થયું ને ? (૮) દેવી જે અગ્નિદેવના અર્ચનથી ગૃહસ્થ સર્વ કામનાઓને પૂરનારા દિવ્યલોકમાં જાય છે. દેવી ! બ્રાહ્મણ અને અગ્નિદેવ, એ,

બે તો ભગવાનશ્રી વિષ્ણુનું મુખ છે. (૯) હે મનસ્વિની એટલે ઉદાર મનવાળાં દેવી ! આપના સર્વ પુત્રો કુશળ છે ને ? દેવી ! તમારી મુખકાન્તિ નિરખતાં મને લાગે છે કે કોઈ કારણથી આપનું મન પ્રસન્ન નથી. (૧૦) કલ્યાણવાંછુ કુટુમ્બી ગૃહસ્થે ઉપર દર્શાવેલા ગૃહસ્થાશ્રમનાં અસુખનાં કે દુઃખનાં કારણો અવશ્ય વિચારવાં. આવાં કારણો દૂર કરવાં અને ગૃહસ્થાશ્રમના કલ્પવૃક્ષ જેવા ધર્મોના પાલનથી, પુણ્યથી, પુષ્કળ ભક્તિથી પ્રભુને મેળવવાં સમૃદ્ધિ તો શ્રીહરિની પાછળ આવતી છાયા છે. (૧૧) હવેશ્રી અદિતિમાતા (૧૨) મા શ્લોકથી મુનિવરના પ્રશ્નોનું સમાધાન કરે છે. અદિતિજીએ કહ્યું કે બ્રહ્મન્ ! દ્વિજોનું, ગાયોનું ધર્મનું તથા આ સર્વજનનું કુશળ છે. ગૃહસ્થધર્મનિષ્ઠ હે નાથ ! આ બધાં ગૃહસ્થધર્મનાં ઘરો ધર્મ - અર્થ - કામ સિદ્ધિનાં ઉત્તમ ક્ષેત્રો છે. (૧૧) બ્રહ્મન્ ! આંગણે કંઈ લેવા ઈચ્છતા ભિક્ષુકો સર્વની સેવામાં કોઇ પ્રકારે ઊણપ થવા પામી નથી. (૧૨) હે ભગવન્ ! આપના જેવા પ્રજાપતિ હોય, ગૃહપતિ હોય, આ રીતે ધર્મનો ઉપદેશ આપતા હોય તો પછી એવો તો કયો મનોરથ હોય કે જે પૂર્ણ ન જ થાય ! (૧૩) હે મરીચિના પુત્ર ! સત્વગુણી, રજોગુણી તથા તમોગુણી આ સર્વપ્રજાઓ આપના જ મન તથા શરીરથી ઉત્પન્ન થયેલી. અને તેથી જ આપ અસુરાદિ સર્વના સમાન ભાવવાળા છો. તો પણ હે પ્રભો ! મહાન સમર્થ આપ સ્વયં પણ ભક્તોની ઈચ્છાને અનુસરો છો. (૧૪) માટે હે સ્વામિનાથ ! સેવા પરાયણ આપની પત્નીનું શ્રેયસ - કલ્યાણ વિચારવા વિજ્ઞપ્તિ છે. હે શ્રેષ્ઠવર્તી પ્રભો ! આપ જાણો છો કે અમારા શત્રુઓએ અમારી લક્ષ્મી તથા સ્થાનો હરી લીધાં; તો અમારી રક્ષા કરો (૧૫) નાથ ! મને શત્રુઓએ હાંકી કાઢી છે. (૧૬) હે સર્વશ્રેષ્ઠ કલ્યાણીકારી સત્પરુષ ! તે ગયેલી મારી સર્વ વસ્તુઓને મારા પુત્રો ફરી પાછી કઇ રીતે મેળવે તે વિચારી ઉપાય બતાવી અમારું કલ્યાણ કરો. (૧૭)

કશ્યપમુનિનું આશ્વાસન અને પયોવ્રતનો કહેલો ઉપાય

શ્રી શુકદેવજીએ કહ્યું રાજન્ ! જ્યારે અદિતિએ સુખની પ્રાર્થના કરી ત્યારે પ્રજાપતિ કશ્યપ જાણે હસતા હોય તેમ બોલ્યા, અહો ! ભગવાન વિષ્ણુનું માયાબળ કેવું પ્રબલ છે કે જેથી આ જગત સ્નેહબદ્ધ બન્યું છે ? (૧) પાંચ મહાભૂતોમાંથી બનેલું જડ શરીર ક્યાં અને પ્રકૃતિથી પર ચેતન આત્મા ક્યાં ? કોણ કોના પતિ કે પુત્ર વગેરે છે ? આ સાચે મોહ જ સર્વ સંબંધોનું કારણ છે. (૧૯) આટલો વિવેક આપી પછી મુનિવરે કહ્યું કે દેવી ! આપ પ્રાણીમાત્રની હૃદયગુહામાં રહેનારા, જગતના ગુરુ અને દુષ્ટજનોને દંડ દેનારા અંતર્યામી ભગવાનશ્રી વાસુદેવની ઉપાસના કરો. (૨૦) દેવી ! તે દયાનિધિશ્રી હરિ તમારી સર્વ કામનાઓ પૂર્ણ કરશે. કારણ કે ભગવાન દીનદયાળુ છે. પ્રિયે ! મારું દૃઢ મન્તવ્ય છે કે ભગવાનની ભક્તિ સદા સફળ છે. અન્ય કોઈની ભક્તિ તેટલી સફળ નથી. (૨૧) શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ મુનિવરનાં વચન સાંભળી દેવી અદિતિ બોલ્યાં કે બ્રહ્મન ! કયા વિધિથી હું જગત્પતિ ભગવાનની ઉપાસના કરું કે જેથી તે સત્યસંકલ્પવાળા ભગવાન મારા મનોરથો પૂર્ણ કરે તે કહો. (૨૨) હે વિપ્રવર ! ભગવાનની આરાધનાનો વિધિ આપ મને કહો, જેથી પુત્રો સાથે દુઃખી થતી મારા પર તે દેવ શીઘ્ર સંતુષ્ટ થાય. (૨૩)

કશ્યપ પ્રજાપતિજીએ પુત્રપ્રાપ્તિ માટે કહેલ પયોવ્રત

મહર્ષિ કશ્યપ બોલ્યા, દેવી ! પ્રજાની કામનાથી પુત્ર કેમ પ્રાપ્ત થાય એ વાત મેં ભગવાન બ્રહ્મદેવને પૂછી હતી. ત્યારે બ્રહ્માજીએ કેશવ ભગવાનનુ પ્રસન્ન કરનારું જે વ્રત મને કહ્યું હતું તે હું તમને કહું છું. (૨૪) ફાલ્ગુન માસના શુકલ પક્ષમાં બાર દિવસ પર્યન્ત કેવળ દૂધનો જ આહાર લઈ પરમ ભક્તિથી કમલનેત્ર ભગવાન વિષ્ણુનું અર્ચન કરવું. (૨૫) દેવી ! વ્રત આરંભતાં પૂર્વ અમાવસ્યાના દિવસે મળી શકે તો વરાહે ખોતરેલી મૃત્તિકા લાવવી અને શાસ્ત્રવિધિથી શરીરે લેપન કરી નદીના પ્રવાહમાં સ્નાન કરવું. તે વખતે આ મંત્ર બોલવો. (૨૬) હે પૃથ્વી દેવી ! પ્રાણી માત્રને સ્થાન - રહેઠાણ આપવા ઈચ્છતા આદિવરાહ ભગવાને રસાતલમાંથી આપનો ઉદ્ધાર કર્યો છે. હું આપને નમસ્કાર કરું છું. આપ મારાં પાપોનો નાશ કરો. (૨૭) ત્યાર પછી પોતાના નિત્ય - નૈમિત્તિક નિયમો કરી સાવધાનપણે પૂર્તિમાં - પૃથ્વીમાં - સૂર્યમાં - જળમાં - અગ્નિમાં તથા ગુરુમાં પણ ભગવાનનું અર્ચન કરવું. (૨૮)

त्वं देव्यादि वराहेण रसाया: स्थानमिच्छता । उद्धृतासि नमस्तुभ्यं पाप्मानं मे प्रणाशय ॥ २८ ॥
नमस्तुभ्यं भगवते पुरुषाय महीयसे । सर्वभूतनिवासाय वासुदेवाय साक्षिणे ॥ २९ ॥
नमोऽव्यक्ताय सूक्ष्माय प्रधानपुरुषय च । चतुर्विंशद्‌गुणज्ञाय गुणसंख्यानहेतवे ॥ ३० ॥
नमो द्विशीर्ष्णे त्रिपदे चतु:श्रृंगाय तन्तवे । सप्तहस्ताय यज्ञाय त्रयीविद्यात्मने नम: ॥ ३१ ॥
नम: शिवाय रुद्राय नम: शक्तिधराय च । सर्वविद्याधिपतये भूतानां पतये नम: ॥ ३२ ॥
नमो हिरण्यगर्भाय प्राणाय जगदात्मने । योगैश्वर्यशरीराय नमस्ते योगहेतवे ॥ ३३ ॥
नमस्ते आदिदेवाय साक्षिभूताय ते नम: । नारायणाय ऋषये नराय हरये नम: ॥ ३४ ॥
नमो मरकतश्यामवपुषेऽधिगतश्रिये । केशवांय नमस्तुभ्यं नमस्ते पीतवाससे ॥ ३५ ॥
त्वं सर्ववरद: पुसां वरेण्य वरदर्षभ । अतस्ते श्रेयसे धीरा: पादरेणुमुपासते ॥ ३६ ॥
अन्ववर्तन्त यं देवा: श्रीश्च तत्पादपद्मयो: स्पृहयन्त इवामोदं भगवान्मे प्रसीदताम् ॥ ३७ ॥

સર્વ પ્રાણીઓમાં રહેલા, સર્વના સાક્ષી, સર્વના અન્તર્યામી અને સર્વથી પર ભગવાન વાસુદેવને હું નમસ્કાર કરું છું (૨૯) જે ભગવાન અવ્યક્ત એટલે ઇન્દ્રિયાદિથી ન જણાય તેવા સૂક્ષ્મ, ચોવીસ તત્ત્વો જાણનારા અને ગુણ અને સંખ્યા તત્ત્વો જેમાં મુખ્ય છે એવા સાંખ્ય શાસ્ત્રના પ્રવર્તક છે તે પ્રધાન સ્વરૂપ, પુરુષ સ્વરૂપ અને પરપુરુષ સ્વરૂપ ભગવાનને મારા નમસ્કાર હો. (૩૦) * જેમને બે મસ્તકો, ત્રણ પગ, ચાર શૃંગ અને સાત હાથ હોય છે તથા જે યજ્ઞસ્વરૂપ છે અને સર્વ ફળ આપનારા છે તે ત્રણ ગુણોની શક્તિ ધારણ કરનાર પ્રભુને પ્રણામ. સર્વ વિદ્યાઓના અધિપિતિને નમસ્કાર અને સર્વ પ્રાણીઓના પતિને પ્રણામ હો. (૩૨) શ્રી હિરણ્યગર્ભ ભગવાનને નમસ્કાર - પ્રાણસ્વરૂપ સૂત્રાત્મા પ્રભુને પ્રણામ છે. જગતના આત્મા, યોગનું અને ઐશ્વર્ય સ્વરૂપ અને યોગના કારણ ભગવાનને નમસ્કાર. (૩૩) શ્રી આદિદેવને પ્રણામ. સાક્ષી સ્વરૂપ પ્રભુને પ્રણામ. નારાયણ ઋષિને નમસ્કાર. નરસ્વરૂપને નમસ્કાર તથા શ્રી હરિને નમસ્કાર. (૩૪) મરકતમણિ સમાન શ્યામને નમસ્કાર. લક્ષ્મીજીના સ્વામીજીને નમસ્કાર. પીતાબંરધર પ્રભુને પ્રણામ. શ્રી કેશવ ભગવાનને મારા નમસ્કાર હો. (૩૫) હે વરદશિરોમણિ ભગવાન ! આપ મનુષ્યોને સર્વ વરદાનો આપનારા છો તેથી હે સર્વોત્કૃષ્ટ દેવ ! વીર પુરુષો કલ્યાણ માટે આપના શ્રીચરણોના રજની ઉપાસના કરે છે. (૩૬) જેમના ચરણકમળની સુંગધને ચાહતા સર્વ દેવો અને ભગવતી લક્ષ્મીજી સદા અનુસરે છે, સેવે છે તે ભગવાન મારા પર પ્રસન્ન થાઓ. (૩૭)

* ૩૧માં શ્લોકમાં કરેલું વર્ણન સમજવા યોગ્ય છે. ''યજ્ઞસ્વરૂપે'' ભગવાનનું આ શ્લોકમાં વર્ણન છે. આ યજ્ઞ ભગવાનનાં પ્રાયણીય, ઉદયનીય નામની બે ઇષ્ટિઓ બે મસ્તક છે. પ્રાત:સ્તવન, મધ્યાહ્ન સ્તવન, સાયં સ્તવન નામના ત્રણ પગ છે, ચાર વેદો ચાર શીંગડાં છે, સાત છંદો સાત સાધુ છે. આ મંત્રને ભગવાન પતંજલિ શબ્દ બ્રહ્મના અર્થના વાચક તરીકે કહે છે. ભગવાન શ્રી સાયણાચાર્યજી આ મંત્રની અધ્યાત્મપરક વ્યાખ્યા કરે છે.

ષોડશોપચાર વિધિથી ભગવાનનું આરાધન

એ મંત્રોથી આવાહન કરી સત્કાર કરેલા ભગવાનનું શ્રદ્ધાથી પાદ્ય, અર્ધ્ય તથા આચમન વગેરેથી અર્ચન કરવું. ત્યારબાદ ચંદન તથા પુષ્પો વગેરેથી અર્ચના કરવી બાદ પ્રભુને દૂધથી સ્નાન કરાવી વસ્ત્ર, જનોઈ, અલંકારો, પાદ્ય, આચમન, ચંદન તથા ધૂપદીપ વગેરેથી દ્વાદશાક્ષર મંત્રના ઉચ્ચારપૂર્વક ભગવાનનાં અર્ચન કરવાં. જો ધન હોય તો દૂધમાં પકવેલો ભાત-પાયસ અથવા ઘી અને ગોળ યુક્ત ભાત ભગવાનને નૈવેદ્ય તરીકે અર્પણ કરવાં અને પછી દ્વાદશાક્ષર મંત્રથી જ દૂધમાં રાંધેલા ચોખાનો હોમ કરવો. (૩૮-૪૦)

જે નૈવદ્ય ભગવાનને ધરલું હોય તે ભગવાનના ભક્તને આપવું અથવા તો પોતે જમવું. પછી ભગવાનને આચમન

કરાવી પૂજન કરી તાંબૂલ અર્પણ કરવું. (૪૧) આ વિધિ પૂર્ણ કરીને દ્વાદશાક્ષર મંત્રનો એકસો ને આઠ વાર જપ કરવો. સ્તુતિઓથી પ્રભુની સ્તુતિ કરવી અને હર્ષપૂર્વક પ્રદક્ષિણા કરી ભૂમિ પર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા. (૪૨) પછી ભગવાનનું નમણ મસ્તકે ચડાવી ભગવાનને તેમની પીઠ ઉપર પધરાવવા અને ઓછામાં ઓછા બે બ્રાહ્મણોને યોગ્ય કરી દૂધપાકથી જમાડવા. (૪૩) સારી રીતે સત્કાર પામેલા તે બ્રાહ્મણો જમવાની આજ્ઞા આપે ત્યારે પોતાના સંબંધીઓની સાથે બાકી રહેલું અન્ન જમવું અને તે રાત્રે બ્રહ્મચારી રહેવું. પછી બીજે દિવસે સવારમાં નાહી પવિત્ર થઈ પૂર્વોક્ત વિધિ પ્રમાણે સાવધાન થઈ ભગવાનને દૂધથી નવડાવી પૂજા કરવી. આમ જ્યાં સુધી વ્રત પૂરું થાય ત્યાં સુધી પૂજન કરવું (૪૪, ૪૫).

રાજન્ ! આ રીતે વિષ્ણુ ભગવાનની સેવામાં આદર રાખી કેવળ દૂધનો જ આહાર લઈ આ પયોવ્રત કરવું અને પૂર્વે કહ્યા પ્રમાણે અગ્નિમાં હોમ કરવો તથા બ્રાહ્મણને પણ જમાડવા. (૪૬) આ રીતે બાર દિવસ સુધી કેવળ દૂધ ઉપર રહી દરરોજ શ્રીહરિનું આરાધન અને પૂજન કરવું. હોમ કરવો તથા બ્રાહ્મણોને તૃપ્ત કરવા. (૪૭) ફાલ્ગુન શુકલ પ્રતિપદાના દિવસથી આરંભી શુકલ તેરસ પર્યન્ત બ્રહ્મચર્યપાલન, ભૂમિશયન અને ત્રિકાલસ્નાન કરવાં. (૪૮) અસત્ય ન બોલવું. નાના મોટા સર્વ પ્રકારના ભોગોનો ત્યાગ કરવો, કોઈ પ્રાણીની હિંસા ન કરવી અને કેવળ ભગવાન વાસુદેવ પરાયણ જ રહેવું. (૪૯) પછી તેરસના દિવસે શાસ્ત્રોક્ત વિધિ જાણનારા બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રવિધિપૂર્વક વિષ્ણુ ભગવાનને પંચામૃતથી સ્નાન કરાવવું. (૫૦) કૃપણતા ત્યજીને ઉત્તમ સામગ્રીથી ઉત્તમ સેવા કરવી તથા શ્રી શિપિવિષ્ટ એટલે યજ્ઞમાં શ્રેષ્ઠ વિષ્ણુ ભગવાનને ઉદ્દેશી દૂધમાં ચરુ તૈયાર કરવો. (૫૧) એ રીતે દૂધમાં તૈયાર કરેલા તે ચરુથી ભગવાન વિષ્ણુનું અત્યંત સાવધાન થઈ યજન કરવું અને પછી ભગવાનને પ્રસન્ન કરનારી અત્યંત ગુણરસસ્વાદવાળી સામગ્રી અર્પણ કરવી. (૫૨) પછી જ્ઞાનસમ્પન્ન આચાર્યને તથા અન્ય વિપ્રોને વસ્ત્રો,.અલંકારો તથા ગાયોનાં દાન કરી સંતોષવા. આ વિપ્રોની સેવાને શ્રી હરિનું આરાધન જાણવું. (૫૩) હે પવિત્ર હાસ્યવાળાં દેવી અદિતિ ઉત્તમ ગુણોવાળા મિષ્ટાન્નથી તે બ્રાહ્મણોને જમાડવા જોઈએ તેમજ બીજા પધારેલા સંત - મુનિ - વિપ્રો વગેરેને શક્તિ પ્રમાણે ભોજન કરાવવાં. (૫૪) ત્યારબાદ સદગુરુને અને અન્ય વિપ્રજનોને યથાયોગ્ય દક્ષિણા આપવી. અને ત્યાં આવેલા ચાંડાલ પર્યન્ત સર્વ જનને અન્નવસ્ત્ર આદિ આપી પ્રસન્ન કરવા. (૫૫) આ પયોવ્રતમાં ગરીબ, આંધળાં તથા રંક વગેરે સર્વ જમી રહે ત્યારે આ રીતે સર્વને વસ્ત્ર વગેરે વસ્તુઓ આપી તૃપ્ત કરવાં તે જ વિષ્ણુ ભગવાનને પ્રસન્ન કરનાર વ્રત છે એમ સમજી પયોવ્રતીએ કુટુંબીજન સાથે ભોજન કરવું. (૫૬) પયોવ્રતના પ્રત્યેક દિવસે નૃત્ય - સંગીત - વાજિંત્ર - સ્તુતિઓ - સ્વસ્તિવાચનો તથા હરિકથાઓ દ્વારા ભગવાનનાં અર્ચન કરવાં. (૫૭)

પયોવ્રતની સર્વોત્તમતા

હે દેવી ! આ પયોવ્રત કરવું એ ભગવાનનું ઉત્તમ આરાધન છે અને બ્રહ્માજીએ સ્વયં શ્રીમુખે આ વ્રત કહ્યું છે. (૫૮) હે મહાભાગા અદિતિ ! આપ જિતેન્દ્રિય બની આ વ્રત સારી રીતે કરીને શુદ્ધ ભાવવાળા અંતઃકરણથી અવિનાશી ભગવાનનું ભજન કરો. (૫૯) ભદ્રે ! આ વ્રત 'સર્વયજ્ઞ' નામનો શ્રેષ્ઠયજ્ઞ છે. આ વ્રત સર્વવ્રત નામનું ઉત્તમ વ્રત છે, તપનો સાર છે અને ઈશ્વરને પ્રસન્ન કરનારું દાન છે. (૬૦) દેવી ! ઈન્દ્રિયથી પર એવા અધોક્ષજ ભગવાન જેનાથી પ્રસન્ન થાય છે તે જ સાક્ષાત્ નિયમો છે, તે જ ઉત્તમ યમ, તપ, દાન, વ્રત ને યજ્ઞ છે. (૬૧) માટે હે ભદ્રે ! અદિતિ ! તમે બરાબર સંયમશીલ બની શ્રદ્ધાથી આ વ્રતનું આચરણ કરો કે જેનાથી ભગવાન પ્રસન્ન થઈ તમારા મનોરથોને જલ્દી પૂર્ણ કરશે. (૬૨)

तस्मादेतद्व्रतं भद्रे प्रयता श्रद्धया चर । भगवान्परितुष्टस्ते वरानाशु विधास्यति ॥ ६२ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષમાંનો અષ્ટમ સ્કંધના તૃતીય વચન પરિપાલન પ્રકરણમાંનો પયોવ્રતનું વિધાનવર્ણન કરતો અધ્યાય ૧૬મો સમાપ્ત.

અધ્યાય ૧૭મો

(આ અધ્યાયમાં ૨૮ શ્લોકો છે. આ અધ્યાયમાંનો શ્રી અદિતિ માતાજી ભગવાનની કૃપાથી ભગવાનનાં માતા બને છે. આ અધ્યાયમાં વિપ્રકૃપા-ભગવાનની કૃપા આવી ત્રણ કૃપાઓ એક સ્થળે છે માટે આ "કૃપા" અધ્યાય છે.)

અદિતિ માતાએ વ્રત આચર્યું :

श्रीशुक उवाच : इत्युंक्ता सादिती राजन्स्वभर्त्रा कश्यपेन वै । अन्वतिष्ठद् व्रतमिदं द्वादशाहमतन्द्रिता ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! પોતાના પતિદેવ શ્રી કશ્યપ મુનિએ જ્યારે પયોવ્રત કરવા કહ્યું ત્યારે અદિતિએ બાર દિવસ પર્યન્ત અત્યન્ત સાવધાન રહીને વ્રત કર્યું. (૧) આ સમયે અદિતિજીએ બુદ્ધિને સારથિ બનાવી. મનથી ઇન્દ્રિયરૂપી અશ્વોને સાવધાન કરી અનન્ય બુદ્ધિથી મહાપુરુષ ઇશ્વરનું જ ચિંતન કરતાં એકાગ્ર બુદ્ધિથી અખિલ જનના આત્મા ભગવાન વાસુદેવમાં મન પરોવી મુનિએ દર્શાવેલ વિધિથી પયોવ્રત કર્યું. ૨, ૩

ભગવાનનો પ્રાદુર્ભાવ

तस्याः प्रादुरभूत तात भगवानादिपूरुषः । पीतरासाश्चतुर्बाहुः शंखचक्र गदाधरः ॥ ४ ॥

तं नेत्रगोचरं वीक्ष्य सहसोत्थाय सादरम् । ननाम भुवि कायेन दवण्डत् प्रीतिविह्वला ॥ ५ ॥

શ્રી શુકાચાર્ય ભગવાન શ્રી પયોવ્રતનો યશ ગાતા અને શ્રીવાસુદેવ ભગવાનના પ્રાકટ્યનું વર્ણન કરતા, ભગવાનની ઝાંખી કરવા હૃદયથી આદ્ર થઈ જતાં વચનામૃત વર્ષાવતા બોલી રહ્યા છે કે : હે તાત ! હે, વત્સ ! જુઓ દર્શન કરો. ભગવાન પધાર્યા છે. પીતાંબર પહેર્યા છે. ચાર ભુજાઓવાળા છે. ચાર હસ્તમાં શંખ, ચક્ર, ગદા તથા પદ્મ ધારણ કર્યા છે. આ ભગવાન આદિ પુરુષ છે. અદિતિમાતા પાસે પ્રકટ થયા છે. (૪) રાજન્ ! શ્રી ઠાકોરજીનાં દર્શન કરી શ્રી અદિતિ માતા એકદમ આદરપૂર્વક ઊભાં થઈ, પ્રીતિથી વિહ્વળ બની પૃથ્વી પર દંડવત્ પડી ગયાં. (૫)

માતાને ભગવાનની ઝાંખી અને ભગવાનની સ્તુતિ :

सोत्थाय बद्धाञ्जलिरीडितुं स्थिता नोत्सेह आनन्दजलाकुलेक्षणा ।
बभूव तूष्णीं पुलकाकुलाकृतिस्तद्दर्शनात्युत्सवगात्रवेपथुः ॥ ६ ॥
प्रीत्या शनैर्गद्‌गदया गिरा हरिं तुष्टाव सा देव्यदितिः कुरुद्वहः ।
उद्वीक्षती सा पिबतीव चक्षुषा रमापतिं यज्ञपतिं जगत्पतिम् ॥ ७ ॥
अदितिरुवाच : यज्ञेश यज्ञपुरुषाच्युत तीर्थपाद तीर्थश्रवः श्रवणमङ्गलनामध्येय ।
आपन्नलोकवृजिनोपशमोदयाद्य शं नः कृधीश भगवन्नसि दीननाथः ॥ ८ ॥
विश्वाय विश्वभवनस्थितिसंयमाय स्वैरं गृहीतपुरुशक्तिगुणाय भूम्ने ।
स्वस्थाय शश्वदुपबृंहितपूर्णबोधव्यापादितात्मतमसे हरये नमस्ते ॥ ९ ॥
आयुः परं वपुरभीष्टमतुल्यलक्ष्मीर्द्योभूरसाः सकलयोगगुणास्त्रिवर्गः ।
ज्ञानं च केवलमनन्त भवन्ति तुष्टात्त्वत्तो नृणां किमु सपत्नजयादिराशीः ॥ १० ॥

ઠાકોરજીને પ્રણામ કરીને પછી ઊભાં થઈ કરાંજલિ જોડી ઊભેલાં માતા અદિતિજીએ ભગવાનની સ્તુતિ કરવા માટે ઉત્સાહ કર્યો પણ માડીનાં નયન આનંદાશ્રુથી છલકાઈ રહ્યાં. ભગવાનના દર્શનના મહાન ઉત્સવને લીધે માતા અદિતિજીનું શ્રીઅંગ કંપતું હતું ને રોમાચિંત બન્યું હતું. ભાવવિભોર જનની કાંઈ ન બોલી શક્યાં, કેવલ મૌન જ રહ્યાં પછી હે કુરુકુલવર્ધક પરીક્ષિત રાજન્ ! યજ્ઞ અને જગતના પતિશ્રી લક્ષ્મીપતિને જાણે પી જતાં હોય તેમ નિરખતાં માતા અદિતિદેવીએ પ્રીતિથી ગદ્‌ગદ્ વાણીથી ધીમે ધીમે શ્રીહરિની સ્તુતિ કરી. (૬,૭) શ્રી અદિતિ માતાજી બોલ્યાં કે હે

યજ્ઞેશ ! હે યજ્ઞપુરુષ ! હે અચ્યુત ! હે તીર્થપાદ ! સર્વ તીર્થો આપના ચરણોમાં છે. હે તીર્થશ્રવઃ ! આપની કથા જ સર્વ તીર્થ છે. નાથ ! આપના નામનું શ્રવણ થતાં જ સર્વ મંગળ કરનાર નામવાળા છો. શરણે આવેલા લોકોના પાપનો નાશ કરવા પ્રકટેલા હે નાથ ! હે ઈશ્વર ! હે ભગવાન ! અમારું કલ્યાણ કરો. આપ તો દીનાનાથ છો. આઠમાં શ્લોકમાં ભગવાનને આઠ સંબોધન કરતાં જાણે અષ્ટ ઐશ્વર્યવાળા પ્રભુને ગાતાં હોય અને આઠ વર્ષના બાળક થવા વિનવતા ન હોય એવો ભાવ દર્શાવતાં નવમા શ્લોકથી નાથને નમસ્કાર કરે છે :

હે વિશ્વરૂપ ! હે નાથ ! જગતની ઉત્પત્તિ - સ્થિતિ - લય માટે સ્વેચ્છાથી માયાના ગુણો આપે ધારણ કર્યા છે તો પણ આપતો સ્વરૂપમાં રહો છો. આપે આપના નિત્ય પ્રકાશમય પૂર્ણ જ્ઞાનસ્વરૂપથી ભક્તજનોના માયારૂપ અંધકારને નિત્ય દૂર કર્યો છે. તે સર્વ વ્યાપક શ્રીહરિને મારા નમસ્કાર હો, હે અનંત ! આપની પ્રસન્નતા થતાં મનુષ્યોને દીર્ધ આયુષ્ય, ઈચ્છિત શરીર, અતુલ્ય લક્ષ્મી, પૃથ્વીલોક, સ્વર્ગલોક, નીચેના લોક, અણિમા વગેરે સમગ્ર યોગના ગુણો, ધર્મ, અર્થ, કામ અને આપના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તો શત્રુઓ ઉપર વિજય વગેરે મનોરથો પૂર્ણ થાય એમાં નવાઈ શી ? (૮,૧૦)

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! શ્રી અદિતિમાતાએ ભગવાનની સ્તુતિ કરી ત્યારે કમલનયન ભગવાનશ્રી કૃષ્ણ પ્રસન્ન થયા અને હે ભારત ! ભૂતમાત્રના આત્મા ભગવાન આમ બોલ્યા. ૧૧

ભગવદ્વચનામૃત

કૃપાસિંધુ શ્રીહરિએ કહ્યું : 'હે દેવજનની ! આપના પુત્રોની રાજલક્ષ્મી શત્રુઓએ લઈ લીધી છે તેમજ દેવોને સ્વર્ગ સ્થાનથી ભ્રષ્ટ કર્યા છે તે તમારા પુત્રો માટેની કલ્યાણની લાંબા કાળની તમારી ઈચ્છા મેં જાણી છે. (૧૨) દેવી ! તમે, દુષ્ટ મદવાળા તે સમર્થ અસુરોને યુદ્ધમાં જીતી જયલક્ષ્મી પામેલા તમારા પુત્રોની સાથે સ્વર્ગમાં રહેવા ઈચ્છો તે હું જાણું છું. (૧૩) વળી દેવી અદિતિ ! આપના જયેષ્ઠ પુત્રની સાથે અન્ય તમારા પુત્રોને હાથે યુદ્ધમાં માર્યા ગયેલા તમારા શત્રુઓની સ્ત્રીઓને આંસુ સારતી તમે નીરખવા ચાહો છો એ પણ તમારી મનોવૃત્તિ જાણી છે. (૧૪) તેમજ તમારી ગયેલી લક્ષ્મી અને યશને પાછાં લાવી અત્યંત સમૃદ્ધશાળી થયેલા તમારા પુત્રોને સ્વર્ગમાં રહી રમણ કરતા જોવા ઈચ્છો છો તે જાણું છે. (૧૫) પરંતુ દેવી ! અસુરોના સેનાનાયકોને ઘણે ભાગે જીતી શકાય એમ નથી એવું હું માનું છું કારણ કે આજે તેમનો સમય સાનુકૂળ છે. આજે અસુરો, અનુકૂલ બનેલા સમર્થ ઈશ્વરથી, ગુરુદેવથી અને બ્રાહ્મણોથી સુરક્ષિત છે માટે તેમની સામે પરાક્રમ કરવું સુખદાયી નથી. (૧૬) આમ છતાં દેવી ! આપે પયોવ્રત કરી મને પ્રસન્ન કર્યો છે માટે મારે આ કાર્ય માટે કોઇ ઉપાય વિચારવો જોઇએ. કેમ કે મારું અર્ચન શ્રદ્ધાને યોગ્ય ફળ આપવામાં કારણ થાય છે. તેથી તમારું અર્ચન નિષ્ફળ ન થવું જોઈએ. (૧૭) દેવી ! આપે પુત્રોની રક્ષા માટે યથાયોગ્ય પયોવ્રત કરી મારું અર્ચન અને મારી સ્તુતિ કરેલાં છે. માટે હું કશ્યપઋષિના તપમાં રહી મારા અંશથી આપનો પુત્ર બની આપના પુત્રોની રક્ષા કરીશ. (૧૮) હે ભદ્રે ! આપ આજથી હવે હું આ જ સ્વરૂપે તમારા પતિમાં રહ્યો છું' એવી ભાવના કરી તમારા વિશુદ્ધ પતિદેવ કશ્યપની સેવા કરો. (૧૯) હે દેવી ! આ વાત આપે કોઈને કહેવી નહીં કારણ કે દેવોનું રહસ્ય જેટલું ગુપ્ત રખાય છે તેટલું જ તે બરાબર સિદ્ધ થાય છે. તમે શા માટે અને કયું વ્રત કરો છો એ વાત તમને કોઈ પૂછે તો પણ તમારે કહેવુ નહીં. (૨૦)

ભગવાનનો કશ્યપ અદિતિજીમાં પ્રવેશ :

શ્રી શુકદેવજીએ કહ્યું રાજન્ પરીક્ષિતને ઉપરની વાત કહી અદિતિ દેવી બોલ્યાં દેવ ! આપ પરમ-આદ્ય પુરુષને હું ઉદરમાં કેમ કરી ધારણ કરીશ ? કારણ કે હે અવિનાશી દેવ ! આપના એક એક રોમાંચના છિદ્રમાં કરોડો બ્રહ્માંડો સમાયેલા છે. હે દેવોના પણ ઈશ્વર ! મહાન પાપોથી યુક્ત હોવા છતાં મનુષ્ય જેના માત્ર નામસ્મરણથી મુક્તિ પામે

મહાભાગ્યશાળી અદિતિ ! આપે સત્ય કહ્યું છે એમાં કંઇ છે તે આપને હું કેવી રીતે ધારણ કરીશ ? ભગવાને કહ્યું કે મહાભાગ્યશાળી અદિતિ ! આપે સત્ય કહ્યું છે એમાં કંઇ જ સંશય નથી. પણ હે બાળા ! સ્ત્રીઓ પતિવ્રતા હોય, પતિ એ જ જેનો પ્રાણ હોય, પતિભક્તિમાં તત્પર હોય અને મત્સરને તજનારી હોય છે તે સ્ત્રીઓ મને નિત્ય ધારણ કરી શકે છે.

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! આટલું કહી ભગવાન ત્યાં જ અદ્રશ્ય થયા ને અદિતિ પોતાની કૂખેથી પ્રભુશ્રી હરિનો દુર્લભ જન્મ થશે એમ જાણી પોતાને કૃતકૃત્ય માનતાં પરમભક્તિથી પતિને સેવવા લાગ્યાં. (૨૧) સત્યદ્રષ્ટિવાળા મહર્ષિ કશ્યપજીને સમાધિયોગથી જ્ઞાન થયું કે ભગવાન શ્રીહરિએ અંશ સ્વરૂપે પોતામાં પ્રવેશ કર્યો છે. (૨૨) ત્યારે રાજન્ ! વાયુ જેમ કાષ્ઠામાં અગ્નિ સ્થાપના કરે તેમ મુનિવરે મન એકાગ્ર કરી તપોબલથી દીર્ઘકાલથી એકાગ્રચિત્તે એકઠા કરેલા વીર્યને અદિતિમાં સ્થાપ્યું (૨૩) પછી અદિતિના ગર્ભમાં રહેલા સનાતન ભગવાનને જાણી શ્રી બ્રહ્માજી ગુહ્ય નામોથી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. (૨૪)

ब्रह्मोवाच : जयोरुगाय भगवन्नुरुक्रम नमोऽस्तु ते । नमो ब्रह्मण्यदेवाय त्रिगुणाय नमो नमः ॥ २५ ॥
नमस्ते पृश्निगर्भाय वेदगर्भाय वेधसे । त्रिनाभाय त्रिपृष्ठाय शिपिविष्टाय विष्णवे ॥ २६ ॥

શ્રી બ્રહ્માજી સ્તુતિ પ્રણામ કરતાં બોલ્યા કે (૧) ઉરુગાય ભગવાનની જય, (૨) ઉરુક્રમ ભગવાનનની જય. (૩) બ્રહ્મણ્ય દેવ ભગવાનની જય (૪) ત્રિગુણ ભગવાનની જય (૫) પૃશ્નિગર્ભ ભગવાનની જય (૬) વેદગર્ભ ભગવાનની જય. (૭)વેધસ્ ભગવાનની જય (૮) ત્રિનાભ ભગવાનની જય (૯) ત્રિપૃષ્ઠ ભગવાનની જય. (૧૦) શિપવિષ્ટ ભગવાનની જય. (૧૧) વિષ્ણુ ભગવાનની જય (૧૨) શ્રી વામન ભગવાનની જય હો અને નમસ્કાર હો. આપની જય હો. ઉરુગાય એટલે અનેક રીતે સ્તુતિ કરાતા ભગવાનને પ્રણામ. ઉરક્રમ એટલે અનન્ત પરાક્રમવાળાને નમસ્કાર બ્રહ્મણ્યદેવ બ્રાહ્મણોને પૂજનારા અને હિત કરનારા ભગવાનને નમસ્કાર. ત્રિગુણ ભગવાનને નમસ્કાર, પૃશ્નિગર્ભ એટલે સુતપાઋષિને ત્યાં પૃશ્નિ માતાની કૂખે પ્રકટેલા પૃશ્નિગર્ભ ભગવાનને નમસ્કાર. વેદગર્ભ એટલે વેદોને ધારણ કરનાર ભગવાનને નમસ્કાર. ત્રિપૃષ્ઠ એટલ ત્રણે લોકથી પર ભગવાનને નમસ્કાર, શિપિવિષ્ઠ એટલે સર્વ જીવોમાં યજ્ઞોમાં પ્રવેશ કરીને રહેલા ભગવાનને નમસ્કાર. (૨૫, ૨૬)

હે ઈશ્વર ! આપ જગતના આદિ મધ્ય તેમજ અંતરૂપ હોઈ - વેદો આપને અનંત શક્તિવાળા પુરુષ કહે છે જેમ સરિતાનો ગંભીર પ્રવાહ પોતામાં પડેલા તરણા વગેરેને ખેંચી જાય છે તેમ કાળસ્વરૂપ આ જગતને ખેંચી રહ્યા છો. (૨૭) હે દેવ ! સ્થાવરજંગમ સર્વ પ્રજાઓ તથા પ્રજાપતિઓને આપ જ ઉત્પન્ન કરો છો તેમ સ્વર્ગથી ભ્રષ્ટ થયેલા દેવોને આપ જ પરમ આશ્રયરૂપ છો. (૨૮)

त्वं वै प्रजानां स्थिरजंगमानां प्रजापतीनामसि सम्भविष्णुः । दिवौकसां देव दिवश्चुतानां परायणं नौरिवमज्जतोऽप्सु ॥ २८ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના અષ્ટમ સ્કંધના વચનપાલન નામના ત્રીજા પ્રકરણમાં શ્રી વામન ભગવાનનું માતા હૃદયમાં પધારવું અને બ્રહ્માજીએ ધ્યાન ધરી પ્રણામ કરવું એ પ્રસંગનું વર્ણન કરતો અધ્યાય ૧૭મો સમાપ્ત.

અધ્યાય ૧૮મો

(આ અઢારમાં અધ્યાયમાં ૩૨ શ્લોકો છે. બલિરાજાનો પુણ્યોદય થયો કે ભગવાનની પધરામણી થઈ. અને પ્રભુના ચરણપ્રક્ષાલન સેવાનું સુખ બલિ પામ્યા.)

પૂર્ણ પુરુષોત્તમના સ્વરૂપનાં દર્શન : श्रीशुक उवाच - इत्थं विरिञ्चस्तुतकर्म वीर्यः प्रादुर्बभूवामृतभूरदित्याम् ।
चतुर्भुजः शङ्खगदाब्जचक्रः पिशङ्गवासा नलिनायतेक्षणः ॥ १ ॥
श्यामावदातो झषराकुण्डलत्विषोल्लसच्छ्रीवदनाम्बुजः पुमान् ।
श्रीवत्सवक्षा वलयाङ्गदोल्लसत्किरीटकाञ्चीगुणचारुनूपुरः ॥ २ ॥
मधुव्रतव्रातविघष्टया स्वया विराजितः श्रीवनमालया हरिः ।
प्रजापतेर्वेश्मतमः स्वरोचिषा विनाशयन्कण्ठनिविष्टिकौस्तुभः ॥ ३ ॥

दिशः प्रसेदुः सलिलाशयास्तदा प्रजाः प्रहृष्टा ऋतवो गुणान्विताः ।
द्यौरन्तरिक्षं क्षितिरग्निजिह्वा गावो द्विजाः संजहृषुर्नगाश्च ॥ ४ ॥
श्रोणायां श्रवणद्वादश्यां मुहुर्तऽभिजिति प्रभुः । सर्वे नक्षत्रतारद्याश्चक्रुस्तजन्मदक्षिणम् ॥ ५ ॥
द्वादश्यां सवितातिष्ठन्मध्यं दिन गतोनृपः ॥ विजया नाम सा प्रोक्ता यस्यां जन्म विदुहरेः ॥ ६ ॥

શ્રી શુકદેવજી એ કહ્યું રાજન્ ! જ્યારે બ્રહ્માજીએ ભગવાનના કર્મોની તથા પરાક્રમોની સ્તુતિ કરી ત્યારે અમૃતમય અજન્મા ભગવાન અદિતિમાં પ્રકટ થયા. ભગવાન શ્રીહરિએ ચાર ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા અને કમળ ધારણ કર્યા હતા. પીતાંબર પહેર્યાં હતાં, પ્રભુના નેત્રો કમળ સમાન વિશાળ હતાં. ૧ નિર્મલ ઉજ્જવળ શ્યામવર્ણ હતો, મુખામ્બુજની ''શ્રી'' મકરાકૃતિ કુંડલોની કાન્તિની શોભા વધારતી હતી, મનોહર પુરુષાકૃતિ હતી, વક્ષઃસ્થલમાં શ્રીદેવીને સ્થાન આપ્યું હતું. કંકણ, બાજુબંધ, તેજોમય મુકુટ, સુવર્ણમેખલા તથા સુંદર નૂપુરને નાથ દીપાવતા હતા. (૨) મધુકરવૃન્દથી ગુંજતાં શ્રીવનમાલાજી શ્રીહરિના વક્ષઃસ્થલમાં શોભતાં હતાં. વળી ચતુર્ભુજ નાથે પોતાના તેજથી ભવનના અંધકારનો વિનાશ કરતા કૌસ્તુભ મણિને કંઠમાં ધારણ કર્યો હતો. (૩)

દશે દિશાઓની પ્રસન્નતા

રાજન્ ! જ્યારે ભગવાન પ્રકટ થયા ત્યારે દિશાઓ પ્રસન્ન થઈ ગઈ, જલાશયો નિર્મલ થયાં, પ્રજાઓ હર્ષ પામી, ઋતુઓ પોતપોતાના ગુણો ધારણ કરવા લાગી અને સ્વર્ગ, આકાશ, પૃથ્વી, દેવો, ગાયો, દ્વિજજનો અને પર્વતો પણ અત્યંત હર્ષ પામ્યા. (૪) ભાદ્રપદ માસ, શુકલ પક્ષ, દ્વાદશીતિથિ, મધ્યાહ્નનું અભિજિત મુહૂર્ત અને ચંદ્ર શ્રવણ નક્ષત્રમાં - આવા ઉત્તમ મંગલ કાલમાં ભગવાન પ્રકટ થયા ત્યારે સર્વ નક્ષત્રો, તારાઓ, ગ્રહો વગેરે ઉત્તમ રાશિનાં સર્વ સાનુકૂલ હતાં. (૫) રાજન્ ! આજ દ્વાદશી તિથિમાં ભગવાન સૂર્ય મધ્યાહ્નમાં પધાર્યા હતા. અરે નરેશ ! ભગવાનના આ પ્રાક્ટ્યની કાલની એ દ્વાદશીને વિદ્વાનો 'વિજયા દ્વાદશી' એવી મંગલતિથિ કહે છે. (૬) આ મંગલ પર્વમાં શંખો, નગારાં, નરઘાં, ઢોલ તથા ઢોલકના નાદ થઈ રહ્યા હતા અને વિવિધ પ્રકારનાં વાજિંત્રો તથા શરણાઈઓનો ગગનગામી નાદ થઈ રહ્યો હતો. ૭ પ્રસન્ન મને અપ્સરાઓ નૃત્ય કરી હતી. શ્રેષ્ઠ ગંધર્વો ગાન કરતા હતા અને મુનિઓ, દેવો, મનુઓ, પિતરો તથા અગ્નિઓ ભગવાનની સ્તુતિ કરતા ગાતા હતા. (૮) રાજન્ ! સિદ્ધો, વિદ્યાધરો, કિંપુરુષો, કિન્નરો, ચારણો, યક્ષો, રાક્ષસો, ગરુડો, ઉત્તમ સર્પો તથા દેવોના અનુચરો ગાતા હતા, ખૂબ પ્રશંસા કરતા હતા, નૃત્ય કરતા હતા અને અદિતિમાતાના આશ્રમ ઉપર પુષ્પવૃષ્ટિ કરતા હતા. (૯, ૧૦)

અદિતિમાતા આનંદવિભોર અને ભગવાન વામનજીનું પ્રાકટ્ય

दृष्टाऽदितिस्तं निजगर्भसम्भवं परं पुमांसंमुदमापविस्मिता ।
गृहीतदेहंनिजयोगमायया प्रजापतिश्चाहजयेति विस्मितः ॥ ११ ॥
यत् तद् वपुर्भाति विभूषणायुधैरव्यक्त चिद् व्यक्तमधारयद् हरिः ।
बभूवतेनैव स वामनोबटुः सम्पश्यतो दिंव्यगति र्यथानटः ॥ १२ ॥

શ્રી અદિતિ માતાજી પોતાના ગર્ભથી પ્રકટેલા પરમ પુરુષની ઝાંખી કરી આનંદવિભોર થયાં. સાથે આશ્ચર્ય પામ્યાં જ્યારે શ્રી પ્રજાપતિ કશ્યપજીએ પોતાની યોગશક્તિથી શ્રી દિવ્ય સ્વરૂપ લઈ પધારેલા ભગવાનને જોઈ વિસ્મય પામી 'જય જય' બોલી જયઘોષ કર્યો. (૧૧)

પછી અવ્યક્ત જ્ઞાન સ્વરૂપ શ્રી હરિએ કાંતિ, અલંકારો તથા આયુધોથી જે વ્યક્ત સ્વરૂપથી કોઇ ચતુર નટ વેષ બદલે એ રીતે દિવ્ય ગતિવાળા ચતુર્ભુજ ભગવાન માતાપિતાજીના દેખતાં જ વામન સ્વરૂપ બન્યા. બોલો શ્રી વામન ભગવાનકી જય. (૧૨)

કુટુંબપ્રેમ - ધર્મપ્રેમ અને વામન ભગવાનનાં ઉપનયન

શ્રી બટુક વામનની ઝાંખી કરી મહર્ષિઓ આનંદવિભોર બનીને કશ્યપ પ્રજાપતિને પ્રધાન બનાવી શ્રીવામનજીનાં જાતકર્મ વગેરે સંસ્કાર કર્યા. (૧૩) ત્યારબાદ શ્રીવામન ભગવાનનો ઉપનયન સંસ્કાર થયો ત્યારે હે મહારાજ ! સૂર્યદેવે ગાયત્રી મંત્રનો ઉપદેશ કર્યો. શ્રીબૃહસ્પતિજીએ ઉપવીત આપ્યું. કશ્યપ ઋષિએ મુંજ ઘાસની મેખલા આપી. (૧૪) પૃથ્વીદેવીએ કૃષ્ણમૃગચર્મ આપ્યું. ઔષધિઓનાપતિ ચન્દ્રમાએ પલાશ દંડ આપ્યો, માતા અદિતિજીએ લાડકવાયા બાલને કૌપીન દીધાં, આકાશે છત્ર આપ્યું. (૧૫) બ્રહ્માજીએ કમંડલ આપ્યું. સપ્તર્ષિઓએ આ પ્રસંગે દર્ભ દીધા. સરસ્વતીજીએ તે અવિનાશીને જયમાળા આપી. (૧૬) યક્ષરાજ કુબેરે યજ્ઞોપવીત ધારીશ્રી વામનને ભિક્ષાપાત્ર આપ્યું ત્યારે ભગવતી સતી અંબિકાદેવીએ સાક્ષાત્ પધારી શ્રીવામનજીને ભિક્ષા આપી. (૧૭) રાજન્ ! સર્વથી સન્માન પામેલા તે સર્વશ્રેષ્ઠ શ્રી બટુક ભગવાન બ્રહ્મર્ષિઓના સમૂહથી સેવાયેલી સભાને પોતાના બ્રહ્મતેજથી અત્યંત શોભાવવા લાગ્યા. ૧૮ પછી તે બ્રાહ્મણ વામનજીએ ત્યાં સ્થાપેલા પ્રજ્વલિત અગ્નિનું દર્ભોથી પરિસમૂહન કરી તથા દર્ભોનું પરિસ્તરણ કરી અગ્નિદેવના ઉત્તમ અર્ચન કરી બટુક દ્વિજે સમિધોથી હોમ કર્યો.

નર્મદા કિનારે બલિરાજાના યજ્ઞમાં પધરામણી

રાજન્ ! યજ્ઞોપવીત ધારણ કરેલા ભગવાને જાણ્યું કે ભાર્ગવ મુનિઓએ કરાવેલા અશ્વમેઘ યજ્ઞોથી બલિરાજા સમૃદ્ધ બન્યા છે ત્યારે અખિલ સમાર્થ્ય સમ્પન્ન શ્રી વામન ભગવાન બલિરાજાના યજ્ઞમાં પધારી રહ્યા હતાં તે સમયે ભગવાનના પગલે પગલે ભક્તિભાવ ભર્યા પૃથ્વીમાતા નમ્ર થતાં હતા. (૨૦) શ્રી નર્મદાજીના ઉત્તર કિનારે ભૃગુકચ્છ - ભરૂચ નામના ક્ષેત્રમાં ભાર્ગવ મુનિઓ બલિરાજા પાસે અશ્વમેઘ મહાયજ્ઞ કરાવી રહ્યા હતા ત્યાં પધારતા ભગવાનશ્રી વામનજીને મુનિવરોએ જાણે ઉદયાચલે પ્રકટેલા પ્રત્યક્ષ પધારતા સૂર્ય સ્વરૂપે નિહાળ્યા. (૨૧) રાજન્ ! યજ્ઞમાં પધારતા ભગવાન વામનને જોઈ યજમાન બલિરાજા, ઋત્વિજો અને સભાસદો પ્રભુના તેજથી નિસ્તેજ થયા અને વિચારવા લાગ્યા કે શું યજ્ઞનાં દર્શન કરવાની ઈચ્છાથી શ્રીસૂર્યનારાયણ, અગ્નિનારાયણ કે સનતકુમારો પધારતા હશે. (૨૨) આ પ્રમાણે પોતાના શિષ્ય સાથે ભાર્ગવો અનેક પ્રકારના તર્કો કરતા હતા. (૨૩) શ્રીવામનજીએ મુંજ ઘાસની મેખલા પહેરી હતી. મૃગચર્મનો ઉપરણો ઉપવીતની માફક ઉપરના ભાગે ધારણ કર્યો હતો. રાજન્ ! મસ્તકે જટાવાળા માયાથી બટુક બનેલા શ્રીહરિને બ્રાહ્મણ વામન સ્વરૂપ યજ્ઞમંડપમાં પધારેલા જોઈ ભાર્ગવો વામનજીના તેજથી અંજાઈ ગયા (૨૪)

મુનિવરો ઊભા થયા અને શ્રીવામનજીનો મધુપર્ક

મુનિવરોએ શિષ્યો અને અગ્નિઓ સાથે ઊભા થઈ, પાદ્ય, અર્ધ્ય વગેરે આપી સન્માન કર્યુ. રાજન્ ! યજમાન બલિરાજાએ સુંદર, સુડોળ અંગવાળા, મનોહર અને દર્શનીય વામનજીની ઝાંખી કરી અત્યંત આનંદમાં ભગવાનને આસન આપ્યું. 'ભલે પધાર્યા નાથ' એમ કહી અભિનંદન દીધાં પુનઃ પરમભક્ત રાજા બલિએ મુક્તસંગ અને મનોરમ ભગવાનના બન્ને ચરણકમલોનું પ્રક્ષાલન કરી ભગવાનનાં અર્ચનં કર્યાં (૨૫-૨૭)

तत्पादशौचं जलकल्मषापहं स धर्मविन्मूर्ध्न्यदधात्सुमङ्गलम् । यद्देवदेवो गिरिशश्चन्द्रमौलिर्दधार मूर्ध्ना परया च भक्त्या ॥ २८ ॥

स्वागतं ने नमस्तुभ्यं ब्रह्मन् किं करवाम ते । ब्रह्मर्षीणां तपः साक्षान्मन्ये त्वाऽऽर्य वपुर्धरम् ॥ २९ ॥

अद्य नः पितरस्तृप्ता अद्य नः पावितं कुलम् । अद्य स्विष्टः क्रतुरयं यद् भगवानागतो गृहान् ॥ ३० ॥

ધર્મવેત્તા બલિએ મનુષ્યોના કલ્મષનો નાશ કરનારા અત્યંત મંગલ શ્રીવામન ભગવાનના ચરણતીર્થ જલને પોતાના શ્રીમસ્તકે ધારણ કર્યુ. આ વિષ્ણુપાદ તીર્થને ચન્દ્રમૌલિ શંકર ભગવાન પરમભક્તિથી મસ્તક ઉપર ધારણ કરે છે. (૨૮) રાજન્ ! બલિરાજા બોલ્યા, પધારો નાથ ! પધારો બ્રહ્મકુમાર ! પધારો બ્રહ્મન્ ! આપનું સ્વાગત હો ! આજ્ઞા કરો શી સેવા કરીએ ! હે આર્ય ! મારું તો માનવું છે કે આપ બ્રહ્મર્ષિઓના તપનું સાક્ષાત્ શરીર છો. (૨૯) મહારાજ ! આજ

અમારા પિતૃઓ તૃપ્ત થયા. અમારું કુલ પવિત્ર થયું અને આજે આ યજ્ઞ સારી રીતે સફળ થયો છે. નહીં તો આપની પધરામણી ક્યાંથી ? (૩૦) અહો દ્વિજકુમાર ! મને લાગે છે કે આજે અગ્નિદેવમાં વિધિપૂર્વક ઉત્તમ હોમ થયો છે. ભગવત્ ! આપનાં ચરણપ્રક્ષાલિત જલથી અમારા પાપ નાશ પામ્યાં છે અને આપના કોમલ ચરણોથી આ ભૂમિ પવિત્ર થઈ છે. (૩૧) હે બટુકજી ! આપની જે કંઈ ઈચ્છા હોય તે આપ વિના સંકોચે માગી લો. વિપ્રકુમાર ! આપ કાંઈક માગવા ચાહો છો એવો તર્ક કરું છું. હે વિપ્ર બટુકજી ! ગાય, સુવર્ણ, રાચરચીલાવાળી ઉત્તમ અગ્નિશાળા, અન્ન, પાન કે કન્યા, પુષ્કળ ઊપજવાળાં ગામ, અશ્વો હાથીઓ કે રથો જે કંઈ,આપને જોઈએ તે આપ મારી પાસે માંગી લો. (૩૨)

यद्यद्बटोवाञ्च्छसि त प्रतीच्छ मेतत्वामर्थिनं विप्रसुतानुतर्कये । गांकाञ्चनं गुणवद् धाममृष्टं तथान्न पेयमुत विप्रकन्याम् ॥
अद्याग्नयो मे सुहुतायथाविधि द्विजात्मजत्वच्चरणावनेजनैः । हतांहसो वार्भि रियं च भूरहो तथा पुनीता तनुभिः पदैस्तव ॥
ग्रामान्समृद्धांस्तुरगन्गाजान्वा रथांस्तथार्हत्तम सम्प्रतीच्छ ॥ ३२ ॥

શ્રીમદ્ ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધના ત્રીજા વચન પાલન પ્રકરણમાં વામન ભગવાનનું પ્રાકટ્ય યજ્ઞોપવીત અને બલિરાજાના અતિથિ થવું વગેરે પ્રસંગનું કથન કરતો ૧૮મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૯મો

(આ અધ્યાયમાં ૪૩ શ્લોકો છે. બલિરાજાનું ઋણ પૂર્વજોનો યશ અને ત્રણ પગલાં પૃથ્વીની, યાચના અને દાન એ બધી કથા આ અધ્યાયમાં આવશે.)

બલિરાજાના કુલની ખાનદાની ગાથા

श्रीशुक उवाच : इति वैरोचनेर्वाक्यं धर्मयुक्तं ससूनृतम् । निशम्य भगवान्प्रीतः प्रतिनन्द्येदमब्रवीत् ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! વિરોચનપુત્ર બલિરાજાના સત્ય અને ધર્મયુક્ત વાક્યને સાંભળીને ભગવાન પ્રસન્ન થયા. બલિના અભિનંદન કર્યા અને ભગવાન કહેવા લાગ્યા. (૧) કે રાજન્ ! આપનું વચન સત્ય અને કુલને ઘટતું - ધર્મપૂર્ણ અને યશને વધારનાર છે. બલિ ! જેનાં પારલૌકિક ધર્મના વિષયમાં ભૃગુમુનિઓ તથા અત્યંત શાંત કુળવૃદ્ધ પ્રહલાદજીનાં માર્ગદર્શન માન્ય છે તેને આવી સુમતિ હોય. (૨) રાજન્ ! આપના કુળમાં એવો કોઈ પણ નિઃસત્ત્વ કે દીન પુરુષ થયો નથી કે જેણે 'હું નહી આપું' એમ કહ્યું હોય અથવા યાચક વિપ્રોને એકવાર આપવાની હા કહ્યા પછી યાચક ને ના પાડી હોય. (૩) રાજન્ ! તમારા કુળમાં દાનમાં કૃપણ કે યુદ્ધમાં ઉત્સાહ રહિત કોઈ રાજાઓ થયા જ નથી કે જેઓએ તીર્થક્ષેત્રોમાં કે યુદ્ધમાં કોઈએ માગણી કરી હોય ત્યારે દાન આપવાની ના કે યુદ્ધ કરવાની ના પાડી હોય ! રાજન્ ! તમારા કુળમાં યશથી નિર્મળ શ્રીપ્રહલાદજી આકાશમાં ચન્દ્ર સમાન શોભી રહ્યા છે. (૪) રાજન્ ! તમારા કુળમાં જન્મેલ હિરણ્યાક્ષ દિગ્વિજય કરવા હસ્તમાં ગદા ધારણ કરી એકલા પૃથ્વી ઉપર સમોવડિયા યોદ્ધાને શોધતા ઘૂમતા હતા પરંતુ પોતાની સાથે યુદ્ધ કરે તેવા કોઈ તેજસ્વી યોદ્ધા મળ્યા જ નહીં. (૫) રાજન્ ! પૃથ્વીનો ઉદ્ધાર કરતી વખતે સામે આવેલા હિરણ્યાક્ષને વરાહ સ્વરૂપ વિષ્ણુએ મહાકાષ્ટે જીત્યા તો હતા પણ હિરણ્યાક્ષના બલનું સ્મરણ કરતા ભગવાન વિષ્ણુ પોતાને વિજયી ગણતા ન હતા. (૬) રાજન્ ! ભાઈ હિરણ્યાક્ષનો વધ વિષ્ણુએ કર્યો તે સાંભળી હિરણ્યકશિપુ ક્રોધાયમાન થઈને ભાઈનો વધ કરનારને મારવા વિષ્ણુ ભગવાનના વૈકુંઠ સ્થાનમાં ગયા. (૭) ત્યાં માયાનિપુણોમાં શ્રેષ્ઠ અને પારખુ ભગવાન વિષ્ણુએ હાથમાં ત્રિશૂલ લઈ કાળની માફક ધસી આવતા હિરણ્યકશિપુને જોઈને મનમાં વિચાર કર્યો કે "હું જ્યાં જ્યાં જઈશ ત્યાં ત્યાં પ્રાણીઓની પાછળ આવતા મૃત્યુ જેવો પાછળ જ આવશે" માટે બહુર્મુખ આ અસુરના હૃદયમાં જ હું પેસી જાઉં. (૮-૯)આ પ્રમાણે નિશ્ચય કરી હે અસુરેન્દ્ર ! સામે ધસી આવતા હિરણ્યકશિપુના શ્વાસવાયુમાં પોતાનું શરીર અદૃશ્ય કરી તેના નાસિકામાર્ગે થઈ ઉદ્વિગ્ન ચિત્તે વિષ્ણુ ભગવાન હિરણ્યકશિપુના શરીરમાં પ્રવેશી ગયા. (૧૦) રાજન્ ! જ્યારે હિરણ્યકશિપુએ વિષ્ણુનું સ્થાન શોધવા

નીકળતાં ખાલી જોયું, વિષ્ણુ ભગવાનને ક્યાંય ન જોતાં ક્રોધે ભરાઇ ગર્જના કરી તેણે પૃથ્વી, સ્વર્ગ, દિશાઓ, આકાશ પાતાલો, તેમજ સમુદ્રોમાં વિષ્ણુની શોધ કરી પણ મારા ભાઈનો નાશ કરનારને ક્યાંય ન જોતાં જે સ્થળે ગયેલો પુરુષ કદી પાછો ફરતો નથી ત્યાં જ તે ગયેલ હોવા જોઇએ.'' (૧૧, ૧૨) રાજન્ ! જ્ઞાની જેવી વાત કરતાં હિરણ્યકશિપુએ કહ્યું કે પ્રાણીઓનો વૈરભાવ મૃત્યુ સુધી જ હોય છે, ક્રોધ તો અજ્ઞાનથી ઊપજે છે અને દેહ ઉપર ગાઢ અભિમાન વધે છે. (૧૩) રાજન્ ! આ તો તમારા કુલની વીરતા કહી હવે દાનવીરતા સાંભળો. આપના પિતા વિરોચન પ્રહલાદના પુત્ર હતા. તે બ્રાહ્મણ ભક્ત છે અવું જાણતાં દેવો બ્રાહ્મણોના વેશમાં યાચના કરવા આવ્યા. વિરોચનજી જાણતા હતા કે આ બ્રાહ્મણો નથી પણ દેવો છે, આમ જાણવા છતાં દેવોની યાચનાથી પોતાનું આયુષ્ય પણ આપી દીધું. (૧૪) રાજન્ બલિ ! આપ પણ ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણોએ, તમારા શૂરવીર પૂર્વજોએ અને અન્ય વિખ્યાત કીર્તિવાળા મહાપુરુષોએ આચરેલા ધર્મોનું યથાર્થ પાલન કરો છો માટે હે દૈત્યેન્દ્ર ! વરદાન દેનારામાં શ્રેષ્ઠ તમારી પાસેથી અલ્પ પૃથ્વી માગું છું. તે પણ મારા પગથી મપાતી ત્રણ જ પગલાંની પૃથ્વી માંગુ છું. હે રાજન્ ! તમે જગતના રાજા છો, દાનવીર છો તો પણ તમારી પાસેથી હું બીજું કંઇ માગતો નથી. રાજન્ ! પોતાને આવશ્યકતા જેટલી જ વસ્તુ રાખતો વિદ્વાન પાપમાં પડતો નથી. (૧૫-૧૭)

બલિરાજાનો વળતો ઉત્તર

બલિરાજાએ કહ્યું, અહો ! આશ્ચર્ય ! છે હે વિપ્રવર બટુકજી આપની વાણી તો વૃદ્ધ પુરુષ પણ માન્ય કરે તેવી છે છતાં તમે હજુ નાના બાળક છો તેથી બાલક બુદ્ધિ નાદાન જેવી ગણાય તેથી જ તમે તમારા સ્વાર્થને પણ યથાર્થ સમજતા નથી લાગતા. (૧૮) હે વિપ્રકુમાર ! તમે ત્રણ લોકના એક માત્ર અધિપતિની આટલાં મીઠાં વચનોથી ખૂબ તારીફ કરી અને એક બેટ આપી શકે તેવા ઉદાર દાતાર પાસે માત્ર ત્રણ પગલાં ભૂમિ માગી તેથી તમે બાલક બુદ્ધિ લાગો છો. (૧૯) હે બટુકજી ! મારી પાસે એકવાર માગનાર પુરુષને કદી બીજા કોઇની પાસે કંઇ પણ માગવા જવાની આવશ્યકતા રહેતી નથી. માટે તમારો જીવનનિર્વાહ થાય તેટલી મનમાની ભૂમિ મારી પાસેથી ખુશીથી માગી લો. (૨૦)

સંતોષ સર્વોત્તમ ધન છે

શ્રીવામન ભગવાને કહ્યું રાજન્ ! ત્રેલોકમાં જેટલા અતિપ્રિય પદાર્થો છે તે સમસ્ત મળે તો પણ અજિતેદ્રિય મનુષ્યને તૃપ્ત કરી શકતા નથી. (૨૧) જે મનુષ્યો ત્રણ પગલાં પૃથ્વીથી સંતોષ ના પામે તો નવખંડવાળા સંપૂર્ણ બેટથી પણ તૃપ્ત નહીં થાય. કારણ કે તેને સાત દ્વિપો મેળવવાની ઇચ્છા થશે. (૨૨) અમે સાંભળ્યું છે કે પૃથુ, ગય, વગેરે રાજાઓ સાત દ્વિપોના અધિપતિ હતા છતાં તેમની અર્થ તથા કામની તૃષ્ણા અંત પામી ન હતી. (૨૩) જે મનુષ્ય દૈવેચ્છાએ મળેલી વસ્તુથી સંતુષ્ટ રહે છે તે સુખી છે. પણ અજિતૈદ્રિય અસંતોષી મનુષ્યને ત્રણે લોક મળે તો પણ તે સુખી રહેતો નથી. (૨૪)

पुंसोऽयं संसृतेर्हेतुरसंतोषोऽर्थकामयोः । यदृच्छयोपपन्नेन संतोषो मुक्तय स्मृतः ॥ २६ ॥

यदृच्छालाभतुष्टस्य तेजो विप्रस्य वर्धते । तत्प्रशाम्यत्यसंतोषादम्भसेवाऽऽशुशुक्षणिः ॥ २६ ॥

પુરુષને અર્થ તથા કામનો આ અસંતોષ જ સંસારનું કારણ છે. અને દૈવેચ્છાએ મળેલી વસ્તુથી થતો સંતોષ મુકિતનું સાધન માન્યો છે. (૨૫) દૈવેચ્છાથી મળેલ પદાર્થથી સંતુષ્ટ રહેતા વિપ્રનું તેજ વધે છે. પણ સંતોષથી જલ પડતાં અગ્નિની માફક બ્રહ્મતેજ શાંત થઇ જાય છે. (૨૬) હે દાની શિરોમણિ ! આપની પાસે માત્ર ત્રણ પગલાં જ પૃથ્વી માગું છુ. એટલાથી જ મારું કાર્ય સિદ્ધ થશે. નિર્વાહ થશે. ધન તો ખપ પૂરતું જ રાખવું (૨૭) શ્રી શુકદેવજીએ કહ્યું કે જ્યારે વામન ભગવાને આવું કહ્યું ત્યારે બલિરાજા હસતાં હસતાં બોલ્યા, ભલે ભગવાન આપની ઇચ્છા હોય તેટલું સ્વીકારો એમ કહી વામન ભગવાનને પૃથ્વી દાનનો સંકલ્પ કરવા જલની ઝારી હાથમાં લીધી ત્યારે વિદ્વાનોમાં શ્રેષ્ઠ શ્રી શુક્રાચાર્ય વિષ્ણુ ભગવાનની મનવાંછા જાણી લઇ વિષ્ણુને પૃથ્વી આપવા તૈયાર થયેલા શિષ્ય બલિરાજાને કહ્યું (૨૮,૨૯)

શુક્રાચાર્યજીએ બલિરાજાને દાન કરતા રોક્યા

શ્રી શુક્રાચાર્યજી બોલ્યા, અરે વિરોચનકુમાર બલિ ! ભગવાન સાક્ષાત વિષ્ણુ છે. અવિનાશી છે. દેવોના કાર્યસાધક છે. કશ્યપમુનિથી અદિતિમાં પ્રક્ટયા છે. (૩૦) ભાવિમાં થનારા અનર્થને જ જાણતા રાજન્ ! તમે પૃથ્વી આપવાની પ્રતિજ્ઞા કરી પણ તે યોગ્ય કર્યું નથી. એમ હું માનું છું. આ તો દૈત્યોને મહાન અન્યાય થવાનો પ્રસંગ આવ્યો છે. (૩૧) આ શ્રીહરિ માયાથી બ્રહ્મચારી બન્યા છે. રાજન્ ! આ બટુક તમારું સ્થાન ઐશ્વર્ય, લક્ષ્મી, તેજ અને પ્રખ્યાત યશ છીનવી લઇ ઇન્દ્રને આપી દેશે. (૩૨) આ ભગવાન વિરાટ સ્વરૂપ ધારણ કરી ત્રણ પગલાંથી ત્રણ લોકોને માપી લેશે. માટે અરે બાલિશ બલિ ! આ રીતે વિષ્ણુ ભગવાનને સર્વ આપી દઇ તમારો જીવન નિર્વાહ શી રીતે કરશો ? (૩૩) આ ભગવાન એક પગલે સ્વર્ગને અને વિરાટ દેહથી આકાશને માપી લેશે પછી ત્રીજું પગલું શી રીતે આપશો ? (૩૪) મારું માનવું છે કે પ્રતિજ્ઞા કરેલી પૃથ્વી આપી શકશો નહીં તેથી તમારી ગતિ નરકમાં થશે કારણ કે પ્રતિજ્ઞા કરેલી વસ્તુ આપવા સમર્થ થશો નહીં. (૩૫) રાજન્ ! તે દાન ઉત્તમ ન મનાય જેનાથી પોતાની આજીવિકા નાશ પામે. વિદ્વાનો પણ આ દાનને અનુમોદન ના આપે. રાજન્ ! આજીવિકાવાળો મનુષ્ય જ લોકમાં દાન, યજ્ઞ તથા કર્મ કરી શકે છે. (૩૬)

શુક્રાચાર્યની નીતિ : धर्माययशसेऽर्थाय कामाय स्वजना च । पञ्चधाविभजन् वित्तमिहामुत्र च मोदते ॥ ३७ ॥

જે મનુષ્ય ધર્મ, અર્થ, યશ, કામ તથા સ્વજન એ પાંચ માટે પોતાના ધનનો વિભાગ કરે છે તે આ લોકમાં તથા પરલોકમાં સુખી થાય છે. (૩૭) હે અસુરવર્ય ! સત્ય-અસત્યની ચોખવટ માટે ઋગ્વેદીઓએ જે ગાયું છે તે તમે સાંભળો. કોઇને કાંઇ આપવાનું કબૂલી પછી તે જ પ્રમાણે તેને આપવું તે સત્ય છે અને કોઇને કંઇ આપવાનું કબૂલ્યા પછી તે પ્રમાણે ન આપવું તે અસત્ય છે. (૩૮) આ શરીર એક વૃક્ષ છે. સત્ય તેનાં પુષ્પ અને ફળ છે એમ વેદો કહે છે, આ દેહરૂપ વૃક્ષ જો ન જીવે તો પછી તેના પૃષ્પ કે ફળરૂપ સત્ય ક્યાંથી જીવશે ? રાજન્ ! અસત્ય આ દેહવૃક્ષનું મૂળ છે. (૩૯) જેમ વૃક્ષનાં મૂળ ઉખડતાં તે જલ્દી સુકાઇ જાય છે અને પડી જાય છે તેમ આ દેહરૂપ વૃક્ષનું મૂળ અસત્ય પણ છેક જ નાશ પામ્યું હોય તો તત્કાળ દેહ નાશ પામે છે એમાં સંશય નથી. (૪૦) યાચક માગવા આવે ત્યારે તેને ઑમ એટલે હા કબૂલ એમ કહેવાય તો તે હા અક્ષર ધનને દૂર લઇ જનાર અને દાતાને ખાલી કરનાર અને અપૂર્ણ કરનાર છે. ભિક્ષુકને સર્વ કાંઇ વસ્તુ આપવાની હા પાડનારો મનુષ્ય પોતાના કુટુંબનિર્વાહ કરવા સમર્થ થતો નથી. (૪૧) માટે કોઇ માગવા આવે ત્યારે ‘ના’ એમ કહી અસત્ય બોલે છે તેની તો અપકીર્તિ જ થાય છે. અને તે મનુષ્ય તો જીવતો છતાં મરેલ છે. પરંતુ સ્ત્રીઓ સાથે વિનોદમાં, મશ્કરીમાં વિવાહ પ્રસંગે, આજીવિકા માટે, અન્યાયપૂર્વક બીજાઓને પ્રાણ સંકટ પ્રસંગે ગાયો માટે, બ્રાહ્મણો માટે તથા સત્ય બોલવાથી કોઇની હિંસા થતી હોય ત્યારે અસત્ય બોલવું તે નિંદા ગણાતું નથી પાપ તો છે જ. (૪૨-૪૩)

स्त्रीषु नर्मविवाहे च वृत्त्यर्थे प्राणसंकटे । गोब्राह्मणार्थे हिंसायां नानृतं स्याज्जुगुप्सितम् ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના અષ્ટમ સ્કંધના ત્રીજા સ્વવચન પાલન પ્રકરણોમાંનો ત્રણ પગલાંની યાચના, બલિરાજાએ કહેલી હા અને શુક્રાચાર્યે સમજાવેલી આસુર જાતિનું વર્ણન કરતો અધ્યાય ૧૯મો સમાપ્ત.

અધ્યાય ૨૦મો

(આ અધ્યાયમાં ૩૪ શ્લોકો છે. બલિરાજાએ સંકલ્પ કર્યો અને ભૂમિદાન કર્યું એ વર્ણવવામાં આવશે.)

બલિરાજાનું નમ્ર નિવેદન અને સત્યપરાયણતા

श्रीशुक उवाच : बलिरेवं गृहपतिः कुलाचार्येण भाषितः । तूष्णीं भूत्वा क्षणं राजन्नुवाचावहितो गुरुम् ॥ १ ॥

सचाहंवित्तलोभेन प्रत्याचक्षे कथं द्विजम् । प्रतिश्रुत्य ददामीति प्राहलादिः कितवो यथा ॥ ३ ॥

न ह्यसत्यात्परोऽधर्म इति होवाच भूरियम् । सर्वं सोढुमलं मन्ये ऋतेऽलीकपरं नरम् ॥ ४ ॥

नाहंबिभेमि निरयान्नाधन्यादसुखार्णवात् । न स्थानच्यवनान्मृत्योर्यथा विप्र प्रलम्भनात् ॥ ५ ॥

શ્રીશુકદેવજીએ કહ્યું કે હે રાજન્ ! કુલાચાર્ય શ્રી શુક્રાચાર્ય જ્યારે અસત્ય બોલવામાં નિંદા નથી એ રીતે કહ્યું ત્યારે બલિરાજા બોલ્યા, ગુરુજી ! આપ ભગવાને સત્ય કહ્યું છે. ગૃહસ્થનો એ ધર્મ હોવો જોઇએ કે જે અર્થ, કામ, યશ તથા આજીવિકાને કોઇ રીતે મુશ્કેલીમાં ન મૂકે. (૨) પણ હું પ્રહલાદનો પૌત્ર થઈ 'આપીશ' અવી પ્રતિજ્ઞા કરીને ધૂર્તની માફક ધનના લોભથી બ્રાહ્મણને શી રીતે ના પાડું (૩) ગુરુજી ! ભૂમિ માતાએ કહ્યું છે કે 'અસત્યથી બીજો અધર્મ નથી.' અસત્ય બોલનાર મનુષ્યના વજન વિના સર્વ ભાર સહન કરવા હું સમર્થ છું એમ માનું છું. (૪) ગુરુજી ! મારે બ્રાહ્મણને ઠગવા નથી, નરકમાં જવાનો ડર નથી, નિર્ધન થવાનો ડર નથી, દુઃખના દરિયામાં ડૂબવાનો ડર નથી, સ્થાનભ્રષ્ટ થવાથી કે મૃત્યુથી પણ ડરતો નથી; પરંતુ કેવલ વિપ્રને ઠગવાથી જ ડરું છું. (૫) આ જગતમાં જે ધન વગેરે છે તે સર્વ મૃત્યુ પામેલા મનુષ્યને ત્યજી દેવાનાં છે સાથે જવાનાં નથી તો પછી જેનું દાન કરવાથી બ્રાહ્મણ સંતોષ ન પામે તેવું દાન કરવામાં પણ શું મળે છે ? દધીચિ ઋષિ અને શિબિરાજા જેવા સાધુશીલ પરુષો ન ત્યજાય એવા પોતાના પ્રાણ આપીને દાન કરી પ્રાણીઓનું કલ્યાણ કરે છે તો પૃથ્વી વગેરે વસ્તુઓ આપી દેવામાં વિચાર શો ? (૬-૭)હે બ્રહ્મન્ ! યુદ્ધમાં કદી પીછેહઠ ન કરનારા સમર્થ દૈત્ય રાજાઓએ આ પૃથ્વી ભોગવી છે. તેઓના લોકવૈભવોનો, સુખોનો કાળ ભલે નાશ કરે પણ પૃથ્વી ઉપર વ્યાપેલા તેમના યશને તો ગળી નહીં શકે. (૮) હે વિપ્રર્ષિ ! યુદ્ધમાં કદી પીઠ ન બતાવનાર, શરીરનું સમર્પણ કરનારા પુરુષો જ દુર્લભ છે. (૯) ગુરુજી ! કરુણામય મનવાળા ઉદાર મનસ્વી યાચકની કામના પૂરી કરતાં દુર્ગતિ આવે તો તે કેમ ઉત્તમ ન ગણાય ? માટે હું તો આ બટુકજીની ઈચ્છા પ્રમાણે આપીશ જ. (૧૦) હે મુનિ ! વેદ ભગવાને કહેલાં કર્મો કરવામાં કુશળ આપ પણ જેનું યજ્ઞયાગાદિથી યજન કરો છો તે જ વરદાનદાતા આ વિષ્ણુ હો કે કોઇ અન્ય વરદાતા પણ હું તેમની ઈચ્છેલી પૃથ્વી તેમને આપીશ. (૧૧) ગુરુજી ! કદાચ આ ભગવાન વિષ્ણુ નિર્દોષ છતાં મને જો અર્ધમથી બાંધશે તો પણ મારાથી ડરી બ્રાહ્મણ દેહ ધરી ફરી મારી પાસે યાચક બની આવેલ આ શત્રુનો હું નાશ કરીશ નહીં. (૧૨)

બલિરાજાનો દિવ્ય વિવેક

ગુરુજી ! આ વિષ્ણુ ઉત્તમ કીર્તિવાળા છે તેથી પોતાના યશથી વિપરીત કાંઇ પણ નહીં કરે. સંભવ છે કે મને બાંધે તો પણ મારું કાંઈક સારું જ કરશે. આપની આજ્ઞાનુસાર હું કદાચ આપવાની ના કહીશ તો યુદ્ધમાં મને મારી સર્વ લઈ જશે. અથવા યુદ્ધમાં મારે હાથે ધરાશાયી થશે તો વચનભંગ અને વિપ્રવધથી નરકમાં જવું તે કરતાં વચનનિષ્ઠ થવું એ જ મંગલ કાર્ય છે. (૧૩)

શ્રી શુક્રાચાર્યજીનો રોષ

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! પોતાના વાક્યમાં શ્રદ્ધારહિત તેમજ પોતાની આજ્ઞાનું ઉલ્લઘન કરનારા શિષ્ય બલિરાજાને દેવપ્રેરિત થઈ શુક્રાચાર્યે શાપ આપ્યો. રાજન્ ! રોષે ભરાયેલા ગુરુએ કે પોતાને પૂર્ણ માની પંડિત માનનાર, તદ્દન અજ્ઞાની, અભિમાની, અમારી ઉપેક્ષા કરનાર, અરે મારી જ આજ્ઞાનું ઉલ્લઘન કરનાર બન્યો છું માટે અલ્પ સમયમાં 'હે બલિ ! રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થઈશ !' એમ શાપ આપ્યો. (૧૫) રાજન્ ! ગુરુ શુક્રે શાપ દીધો છતાં મહાન પુરુષ બલિરાજા સત્યથી ડગ્યા નહીં. વામનજીનાં અર્ચન કર્યા. જળથી સંકલ્પ મૂકીને પૃથ્વીનાં દાન કર્યા. (૧૬)

પરમોદાર ગૃહિણી શ્રીવિંધ્યાવલીદેવીની શ્રદ્ધા અને પરમ ભાગવત બલિની પ્રશંસા

તે સમયે બલિરાજાનાં પત્નિ શ્રી વિંધ્યાવલીજી મોતીના અલંકારો પહેરી વામન ભગવાનના ચરણપ્રક્ષાલન માટે જળથી ભરેલો સુવર્ણ કલશ લઈ ત્યાં આવ્યાં. તે અવસરે યજમાન બલિરાજાએ વામનજીના શ્રી સમ્પન્ન બન્ને ચરણનાં પ્રક્ષાલન

કરી વિશ્વને પવિત્ર કરનારું પવિત્ર જલ મસ્તકે ચડાવ્યું (૧૭-૧૮) આ પ્રસંગે આકાશમાં ઊભેલા દેવગણો, ગંધર્વો, વિદ્યાધરો, સિદ્ધો તથા ચારણોએ બલિરાજાના તે કર્મની તથા તેમની સરળતાની સ્તુતિ કરી અને હર્ષયુક્ત થઈ તેઓએ અસુરોના તે રાજા ઉપર પુષ્પવૃષ્ટિ કરી. (૧૯) આ જ અવસરે હજારો નગારાં, વારંવાર વાગવા લાગ્યાં અને ગંધર્વો, કિંપુરુષો તથા કિન્નરો ગાન કરવા લાગ્યા. આ મહામના બલિરાજાએ ભિક્ષુક પોતાના શત્રુ છે એમ જાણવા છતાં તેમને ત્રણ લોકનું દાન કરી દીધું તે મહાન કઠિન કામ કર્યું છે. (૨૦)

ભગવાનનું વિરાટ સ્વરૂપ

પછી તો અનંત શ્રીહરિનું તે ત્રિગુણાત્મક વામન સ્વરૂપ અદ્ભુત રીતે વધવા લાગ્યું ને પળવારમાં જ પૃથ્વી, સ્વર્ગ, દિશાઓ, આકાશ, પાતાળો, સમુદ્રો, પશુપક્ષીઓ, મનુષ્યો, દેવો તથા ઋષિઓ એ સ્વરૂપમાં સમાઈ ગયાં. (૨૧) ઋત્વિજો, આચાર્યો તથા સભાસદો સાથે બલિરાજાએ વિરાટ વિભૂતિવાળા ભગવાનના તે ત્રિગુણાત્મક સ્વરૂપમાં ત્રિગુણાત્મક આ જગતને પંચભૂત, ઈન્દ્રિયો, વિષયો, અંતઃકરણ તથા જીવો સહિત વિશ્વને જોયું. (૨૨) તે બલિરાજાએ વિશ્વમૂર્તિ એ પુરુષના પાદતલમાં રસાતલ, પગમાં પૃથ્વી, પિંડીઓમાં પર્વતો, ઢીંચણમાં પક્ષીઓ તથા બંને સાથળોમાં પવનો જોયા. (૨૩) તેમજ એ પ્રભુની વસ્ત્રમાં સંધ્યા, ગુહ્યભાગમાં પ્રજાપતિ સાથળના ભાગમાં પોતાના સર્વ દૈત્યો, નાભિમાં આકાશ, ઉદરમાં સપ્ત સાગરો તથા ઉરુક્રમ ભગવાનના વક્ષઃસ્થલમાં નક્ષત્રોની પંકિત જોઈ. (૨૪) રાજન્ ! મુરારિ ભગવાનના હૃદયમાં ધર્મ અને બે સ્તનમાં ઋત-મધુર વાણી તથા સત્ય, મનમાં ચન્દ્ર, વક્ષઃસ્થલમાં કરકમલમાં માલા ધારણ કરતાં લક્ષ્મીદેવી, કંઠમાં સામવેદના ગાનો તથા શબ્દ સમૂહવાળા અક્ષરો જોયા. (૨૫) ભુજાઓમાં ઈન્દ્રાદિ દેવો, મનમાં દિશાઓ, મસ્તકમાં સ્વર્ગલોક, કેશોમાં મેઘ, નાસિકાઓમાં વાયુ, બન્ને નેત્રોમાં સૂર્ય, મુખમાં અગ્નિ, વાણીમાં છંદો, જીભમાં વરુણદેવ, બન્ને ભ્રૂકુટિમાં વિધિ તથા નિષેધ, પાંપણોમાં દિવસ અને રાત્રિ તેમજ પરમ પુરુષના લલાટમાં ક્રોધ તથા નીચલા હોઠમાં લોભ તેણે જોયાં. (૨૭) તેમજ હે રાજન્ ! એ વીર બલિરાજએ ભગવાનના સ્પર્શમાં કામ, વીર્યમાં જળ, પીઠમાં અધર્મ, પગલાંઓમાં યજ્ઞો, છાયામાં મૃત્યુ, હાસ્યમાં માયા, રોમમાં ઔષધિઓની જાતિઓ, નાડીઓમાં નદીઓ, નખોમાં શિલાઓ, બુદ્ધિમાં બ્રહ્મા, ઈન્દ્રિયોમાં દેવગણો તેમજ ઋષિઓ અને શરીરના બીજા અવયવોમાં સ્થાવર જંગમ સર્વ પ્રાણીઓને જોયાં. (૨૮-૨૯) રાજન્ ! સર્વાત્મા ભગવાનમાં આ સર્વ ભુવનને જોઇને અસુરો મોહ પામ્યા એટલામાં તો તે ભગવાનની પાસે અસહ્ય તેજવાળું સુદર્શન ચક્ર, મેઘના જેવો શબ્દ કરતું શાર્ઙ્ગ ધનુષ્ય, મેઘ જેવો ગંભીર શબ્દ કરતો પાંચજન્ય શંખ, કૌમોદકી નામની વેગીલી વિષ્ણુગદા, સેંકડો ફૂદડીઓવાળું 'વિદ્યાધર' નામનું ખડ્ગ, અખૂટ બાણભર્યા બે ભાથાં અન સર્વ લોકપાલો સાથે સુનંદ વગેરે મુખ્ય પાર્ષદ દેદીપ્યમાન મુકુટ, બાજુબંધ, મકરાકૃતિ કુંડલો, શ્રીવત્સવનું ચિહ્ન, કૌસ્તુભમણિ, ઉત્તમ મેખલા તથા અમ્બર વસ્ત્રો વગેરે લઇને સેવામાં ત્યાં ઉપસ્થિત થયા.

રાજન્ ! તે સમયે મધુકરવૃન્દથી ગુંજતી વનમાળાથી શોભતા ઉરુક્રમ વામન ભગવાને એક પગલાથી બલિરાજાની પૃથ્વીને, શરીરથી આકાશને અને ભુજાઓથી દિશાઓને માપી લઇ બીજા પગલાથી ઉરુક્રમ ભગવાનનો ચરણ છેક ઉપર મહર્લોક, જનલોક તથા તપલોકથી પણ આગળ વધી સત્યલોકથી પણ આગળ ગયો હતો. (૩૪)

पदं द्वितीयं क्रमतस्त्रिविष्टपं न वै तृतीयाय तदीयमण्वपि । उरुक्रमस्याङ्घ्रिरुपर्युपर्यथो महर्जनाभ्यां तपसः परं गतः ॥ ३८ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના અષ્ટમ સ્કંધમાં તૃતીય વચન પરિપાલન પ્રકરણોમાંનો બલિની ધર્મ નિષ્ઠા દાન અને ભગવાનના વિરાટ સ્વરૂપનું વર્ણન કરતો અધ્યાય ૨૦મો સમાપ્ત.

અધ્યાય ૨૧મો

(આ અધ્યાયમાં ૩૪ શ્લોકો છે. ત્રીજા પગલાથી પૃથ્વીની માગણી, અસુરોનો આવેશ બલિરાજા અને વિંધ્યાવલીનાં દૈન્ય અને વિવેક આ કથા આ અધ્યાયમાં આવશે.)

સત્યલોકમાં શ્રીહરિના ચરણની સેવા : श्रीशुक उवाच : सत्यं समीक्ष्याब्जभवो नखेन्दुभिर्हतस्वधामद्युतिरावृतोऽभ्यगात् ।
मरीचिमिश्रा ऋषयो बृहद्व्रताः सनन्दनाद्या नरदेव योगिनः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા હે નરદેવ ! હે રાજન્ ! ભગવાનના નાભિકમલમાંથી જન્મેલા શ્રીબ્રહ્માજીએ અને દેવોએ સત્યલોકમાં પધારેલા ભગવાનના ચરણકમલનાં દર્શન કર્યા. ભગવાનના ચરણકમલના નખચન્દ્રની કાંતિથી સત્યલોકની અને બ્રહ્માદિ દેવોની કાંતિ ઝાંખી પડી ગઇ હતી. પ્રભુના ચરણના દર્શને બ્રહ્માજી મોટા વ્રતધારી મરીચિ વગેરે ઋષિઓ, સનંદન વગેરે યોગીઓ (૧) વેદો, ઉપવેદો, નિયમો, યમો, તર્કો, ઈતિહાસ, વેદના છં અંગો, પુરાણો, સંહિતાઓ અને બીજા પણ યોગરૂપ પવનથી પ્રજ્વલિત થયેલા જ્ઞાનરૂપ અગ્નિથી કર્મરૂપી મેલ બાળી નાખનારા મહાત્માઓએ ભગવાનનાં ચરણકમલને વંદન કર્યા. આ મહાપુરુષો જે શ્રીહરિના ચરણકમલ સ્મરણના પ્રભાવથી, કર્મથી ન પમાતા બ્રહ્માજીના સત્યલોક ધામમાં જઇ શક્યા હોત. (૧-૨) પછી પવિત્ર કીર્તિવાળા અને વિષ્ણુ ભગવાનના નાભિકમલમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ છેક સત્યલોક સુધી ઊંચે ગયેલા વિષ્ણુ ભગવાનના શ્રીચરણોનાં અર્ધ્યજલ સમર્પી સમર્ચન કર્યા તેમજ ભક્તિથી સ્તુતિ કરી. (૩)

धातुः कमण्लुजलं तदुरुक्रमस्य पादावनेजनपवित्रतया नरेन्द्र ।
स्वर्धुन्यभूत् नमसि सा पतती निर्माग्रि लोकत्रयं भगवतो विशदेव कीर्तिः ॥ ४ ॥

રાજન્ ! ભગવાનના ચરણકમલના પ્રક્ષાલનનું બ્રહ્માના કમંડળનું જલ ઉત્તર પવિત્રતા પ્રાપ્ત કરી સ્વર્ગને પાવન કરતી સ્વર્ગગંગા બન્યું. તે ભગવતી ગંગા આકાશમાં વહેતાં પૃથ્વી ઉપર પધારતાં નિર્મળ કીર્તિની માફક ત્રણે લોકને પાવન કરે છે. (૪) રાજન્ ! જ્યારે ભગવાને વિરાટ સ્વરૂપ સમેટી વામન સ્વરૂપ સ્વીકાર્યુ ત્યારે બ્રહ્માદિ લોકપાલોએ પોતાના સેવકોની સાથે રહી પોતાના નાથ વામનજીને અનેક પ્રકારની ભેટો અર્પણ કરી. (૫) આ સેવા સમયે સ્નાનાદિ કાર્ય માટે તીર્થજલ, પુષ્પોની માલાઓ, અર્ધ્ય સામગ્રીઓ, દિવ્ય ચંદનનાં વિલેપનો, સુગંધી ધૂપ, દીપ, ડાંગરની ધાણી, અક્ષત, ફળ અને જવાંકુર વગેરે સામગ્રીથી ભગવાનના ચરણની સેવા કરી. (૬-૭) સેવાથી સંતોષ ન પામતા દેવોએ ભગવાનના પરાક્રમો અને મહિમાનું ગાન કરતાં સ્તોત્રો, જય શબ્દો, નૃત્ય, ગીત, વાજિંત્ર અને શંખ તથા દંદુભિના ધ્વનિઓથી ભગવાનની જય ઘોષણા કરી. (૮)

દૈત્યોનું આક્રમણ અને ભગવાનના પાર્ષદોનો પ્રતિકાર

હે રાજન્ જ્યારે ભગવાને ત્રણ લોક ઉપર વિજય મેળવ્યો ત્યારે મન જેવી વેગીલી ગતિવાળા શ્રી જાંબવાન ઋક્ષરાજે ભેરીની શબ્દોથી સર્વ દિશાઓમાં ભગવાનના વિજય મહોત્સવની ઘોષણા કરી. (૯) બીજી બાજુ યજ્ઞદીક્ષામાં બેઠેલા પોતાના સ્વામી બલિરાજા પાસેથી ત્રણ પગલાંને બહાને પૃથ્વી પડાવી લીધેલી જોઈ અસુરો અત્યંત ક્રોધે ભરાયા અને બોલી ઉઠ્યા : "જુઓ દેખાવામાં આ વામન, નામમાત્રથી પણ બ્રાહ્મણ નથી પરંતુ માયાવીઓમાં શ્રેષ્ઠ ગણાતા ભગવાન વિષ્ણુ છે. તે બ્રાહ્મણ વેશમાં ગુપ્ત રહી દેવોનું કાર્ય કરી રહેલ છે. (૧૦) આ આપણા શત્રુએ બટુકનું રૂપ લઈ ત્રણ પગલાં પૃથ્વી માગીને 'યજ્ઞમાં દંડ ન કરવો' એવી પ્રતિજ્ઞાવાળા આપણા સ્વામીનું સર્વસ્વ લઈ લીધું છે. આપણા બલિરાજા સદા સત્યવ્રતી, બ્રાહ્મણકર્તા તથા દયાળુ હોઇ વર્તમાનમાં દીક્ષા લઈને બેઠા છે તેથી તેઓ અસત્ય ભાષણ ન કરી શકે માટે આપણે જ વામનનો વધ કરી નાખીએ તે ધર્મ છે. તેમજ આપણા રાજાની સેવા પણ છે. આવું બોલી બલિરાજાના સેવક અસુરોએ શસ્ત્રો હાથમાં લીધાં અને હે રાજન્ ! તેઓ સર્વક્રોધાયમાન થઈ ત્રિશૂલો તથા પટ્ટિશો હાથમાં લઈ બલિરાજાની ઇચ્છા ન હોવા છતાં વામન ભગવાનનો વધ કરવા ધસી ગયા. (૧૧-૧૪) હે રાજન્ પરીક્ષિત ! 'દૈત્ય સેના માટે અને મોટા મોટા સેનાપતિઓને ચારે બાજુથી ધસી આવતા જોઇને એમની પાગલતા ઉપર હાસ્ય કરતા પોતાના આયુધોને ઉગામીને શ્રી વિષ્ણુ ભગવાનના નન્દ-સનન્દ જય-વિજય -પ્રબલ - બલ - કુમુદાક્ષ - કુમુદ - વિશ્વકસેન - ગરૂડજી - જયન્ત - શ્રુતદેવ - પુષ્પદન્ત - સાત્વત નામના દશ હજાર હાથીના બલવાળા સર્વેપાર્ષદો એકઠા થઈ ચઢી આવ્યા અને આસુરિ સેનાનો નાશ કરવા લાગ્યા. (૧૫-૧૭) હે રાજન્ ! વિષ્ણુ ભગવાનના સેવકોથી નાશ પામતા પોતાના સેવકોને જોઇ બલિરાજાએ શુક્રાચાર્યના શાપને યાદ કરી આવેશમાં

આવેલા આસુરોને રોકી દીધા અને બોલ્યા કે હે વિપ્રચિતિ ! હે રાહુ ! હે નેમિ ! તમે મારું વચન સાંભળો. તમે લડો મા. પાછા ફરો. આ સમય આપણને અનુકૂળ નથી. હે દૈત્યો ! જે કાળ સર્વ પ્રાણીઓને સુખ તથા દુઃખ આપવા સમર્થ છે તેને પુરુષાર્થથી ઓળંગવા પુરુષ સમર્થ નથી. જે કાળ પહેલાં આપણને સુખ અને દેવોને દુઃખ આપતો હતો તે જ કાળ ભગવાન આજે આપણાથી ઊલટો વર્તે છે. મનુષ્ય બળથી, સલાહકારોથી, બુદ્ધિથી, કિલ્લાઓથી, મંત્રોથી, ઔષધિઓથી કે સામાદિ ઉપયોગથી કાળને ઓળંગી શકતો નથી. તમે દૈવયોગે સમૃદ્ધિવાળા હતા ત્યારે વિષ્ણુના આ સેવકોને અનેક વાર જીત્યા છે, પણ તેઓ જ આજે સમય પલટતાં યુદ્ધમાં આપને જીતી ગર્જનાઓ કરે છે. આપણા ઉપર દૈવ પ્રસન્ન થશે ત્યારે ફરી આપણે તેઓને જીતીશું માટે આપણને અનુકૂળ હોય તેવા સમયની તમે રાહ જૂઓ (૧૯-૨૪)

અસુરોની પાતાલમાં વિદાય - બલિનું બંધન

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! પોતાના સ્વામીની આજ્ઞાને માની દૈત્યો અને દાનવોના સેનાપતિઓ વિષ્ણુના પાર્ષદોનો પ્રહાર વેઠતા રસાતલમાં ચાલ્યા ગયા. (૨૫) ત્યારબાદ વિરાટ પ્રભુ વામનજીની ઈચ્છાને અનુસરીને તાક્ર્યકુમાર શ્રી ગરુડજીએ યજ્ઞમાં સોમરસમાં કાઢવાના દિવસે બલિરાજાને વરુણપાશથી બાંધી લીધા. (૨૬) એ રીતે મહાસમર્થ અસુરપતિને વરુણ પાશથી બાંધ્યા ત્યારે આકાશમાં પૃથ્વી ઉપર અને સર્વ દિશાઓમાં મહાન હાહાકર થયો. (૨૭)

ધર્મસંકટ

રાજન્ ! વરુણના પાશથી બંધાયેલા અને રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થવા છતાં સ્થિતપ્રજ્ઞ ઉત્તમ યશસ્વી બલિરાજાને વામન ભગવાને કહ્યું કે બલિરાજ ! આપે ત્રણ પગલાં પૃથ્વી આપી છે, તેમાંથી બે પગલે મેં સર્વલોકને માપી લીધાં છે તો હવે ત્રીજા પગલાની પૃથ્વી આપો. આ સૂર્ય જ્યાં સુધી તપે છે, ચંદ્ર નક્ષત્રોની સાથે જ્યાં સુધી પ્રકાશે છે અને મેઘ જ્યાં સુધી વરસે છે ત્યાં સુધીની પૃથ્વી આપની મનાય છે. આપના દેખતાં મે એક પગલે આખોય પૃથ્વીલોક, શરીરથી સર્વ દિશાઓ તથા આકાશ અને બીજે પગલે સ્વર્ગલોકને માપી લીધું છે. હવે આપે પ્રતિજ્ઞા કરેલી ત્રણ પગલાંની પૃથ્વી પૂરી આપી નથી માટે વચનભ્રષ્ટ થતાં નરકમાં વાસ થાય તે ન્યાય થાય છે. આ ઉપરાંત આપના જ ગુરુએ પણ આપને ઠગે છે, તેના મનોરથ નિષ્ફળ થાય છે. સ્વર્ગ તો તેનાથી દૂર જ રહે છે અને તે નરકમાં જ પડે છે. આપે પોતાને ધનવાન માની 'હું તમને ત્રણ પગલાં પૃથ્વી આપીશ' એવી પ્રતિજ્ઞા કરી મને ઠગ્યો છે, તે માટે અસત્યનું ફળ કેટલાંક વર્ષો સુધી આપે ભોગવવું રહ્યું. (૨૮-૩૪)

શ્રીમદ્ ભાગવત પીયૂષના અષ્ટમ સ્કંધના તૃતીય દાન પ્રકરણમાંનો બલિરાજાના ધૈર્ય અને ધર્મ અને ભકિતની કસોટીનું કથન કરતો અધ્યાય ૨૧મો સમાપ્ત)

અધ્યાય ૨૨ મો

(આ અધ્યાયમાં ૩૬ શ્લોકો છે. બલિરાજાનું દૈન્ય, પ્રહલાદજીની પધરામણી, વિંધ્યાવલીજીની નિષ્ઠા, બ્રહ્માજીનું નિવેદન અને ભગવાનનો અનુગ્રહ આ પ્રસંગો આ અધ્યાયમાં આવશે.)

બલિરાજાની કુલીનતા અને વચનનિષ્ઠા

श्रीशुक उवाचः एवं विप्रकृतो राजन्बलिर्भगवताऽसुरः । भिद्यमानोऽप्यमिन्नात्मा प्रत्याहाविक्लवं वचः ॥ १ ॥

यद्युत्तमश्लोक भवान् ममेरितं वचो व्यलीकं सुरवर्य मन्यते । करोम्यृतं तन्नभवेत प्रलंभनं पदं तृतीयं कुरुशीर्ष्णि मे निजम् ॥ २ ॥

बिभेमि नाहंनिरयात्पदच्युतो न पाशबन्धात् व्यसनात् दुरत्ययात् । नैवार्थकृच्छात् भवतो विनिग्रहात्दसाधुवादाद् मृशमुद्विजे यथा ॥ ३ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! ભગવાને અસુર બલિરાજાની કસોટી કરી અને વચન નિષ્ઠામાંથી ભ્રષ્ટ કરવા પ્રયત્ન કર્યો છતાં મહાત્મા બલિ ભ્રષ્ટ ન થયા અને ઉદાર વચનો કહેવા લાગ્યા. (૧) શ્રી બલિરાજા બોલ્યા હે નાથ ! હે

ઉત્તમકીર્તિ ભગવન્ ! આપ મારા કહેલા વચનને અસત્ય માનો છો પરંતુ આપની કૃપાથી તે વચનને સત્ય જ કરું છું. મારાં વચનો કદી ઠગનારાં નહીં બને. આપ આપનું તૃતીય શ્રીચરણ મારા મસ્તક ઉપર પધરાવો. (૨) નાથ ! નથી અપકીર્તિથી ડરતો કે નથી ડરતો મારા સ્થાનથી ભ્રષ્ટ થઈ નરકમાં પડતાં કે આપના આ પાશબંધનથી કે અપાર દુઃખ પડવાથી કે ધનના સંકટથી કે કેદ થવાથી નથી ડરતો, માત્ર અત્યંત ડરું છું. અસત્ય ભાષણથી. (૩) પૂજ્ય આર્ય વડીલજનોએ કરેલી શિક્ષા તો મનુષ્યોને માટે અત્યંત પ્રશંસાપાત્ર બને છે કારણ કે એવી શિક્ષા તો માતા, પિતા, ભાઈ કે મિત્રો પણ મોહવશ કરી શકતા નથી. (૪) ખરેખર આપ અમારા અસુરોના પરોક્ષમાં રહેનારા શ્રેષ્ઠ ગુરુ જ છો. અનેક મદોથી અંધ બનેલા અમને ઐશ્વર્ય તો ભ્રષ્ટ કરનાર છે એવું જ્ઞાનચક્ષુ આપો છો. (૫) આપનામાં રૂઢ કરેલા વૈરભાવથી અનેક અસુરો એવી સિદ્ધિ પામ્યા છે કે જે અનન્ય ભાવવાળા યોગીઓને જ મળે છે. આવાં અનેક પરાક્રમો કરનારા આપે મને કેદ પકડ્યો અને વરુણના પાશથી બાંધ્યો તેથી હું શરમાતો નથી કે દુઃખી પણ થતો નથી. (૬-૭) મારા પિતામહ પ્રહલાદજી આપના ભગવદીય જનોમાં માનનીય મનાય છે અને એમની સાધુતા વિશ્વમાં વિખ્યાત છે. નાથ ! આપના વિરોધી પિતા હિરણ્યકશિપુએ પ્રહલાદજીને અનેક જાતનાં કષ્ટો આપ્યાં તો પણ હરિપરાયણ જ રહ્યા હતા ! નાથ ! એ ભક્તરાજ પ્રહલાદજીનો હું પૌત્ર છું માનીને જ આપ પધાર્યા છો. (૮) ભગવન્ ! જ્યારે ત્યારે છોડી જનાર આ દેહનું શું કામ છે તેમજ લૂંટારાઓ જેવું ધન લૂંટવાનું કામ કરનારા માત્ર નામનાં જ સ્વજનોનું પણ શું કામ છે અને સંસારના કારણભૂત સ્ત્રી, ઘર કે આયુષ્યનું પણ મનુષ્યને આ લોકમાં શું કામ છે ? આ બધાથી તો કેવળ આયુષ્યનો સર્વને ત્યજીને પોતાના કુળનો નાશ કરનારા છતાં સર્વ તરફથી નિર્ભય અને અવિનાશી આપનાં ચરણોનો આશ્રય કર્યો છે. (૯-૧૦) આવું જ વિચારી મને પણ દૈવે મનુષ્યને અભિમાની બુદ્ધિવાળો બનાવનારી આ રાજ્યલક્ષ્મી તો કાલના પાશમાં રહેનારા માનવ જીવનનો ખ્યાલ આવવા દેતી નથી તેવી રાજ્યલક્ષ્મીમાંથી મારા ઉપર કૃપા કરી પોતાના શત્રુ એવા પણ મને આપની પાસે આણી મૂક્યો છે. (૧૧)

પરમ ભાગવત પ્રહલાદજીની પધરામણી

શ્રીશુકદેવજી બોલ્યા કે કુરુવર્ય ! બલિરાજા આવું નિવેદન ભગવચ્ચરણોમાં કરતા હતા ત્યાં ભગવાનને પ્રિય પ્રહલાદજી ઉદય પામેલા ચન્દ્રની માફક ત્યાં આવ્યા. પ્રહલાદજી ક્રાંતિથી પ્રકાશતા હતા. નેત્રો કમળ સમાન વિશાળ હતાં. શરીરે ઊંચા હતા, પીતાંબર પહેર્યા હતાં. ઉજ્જવલ શ્યામ કાંતિ હતી. દીર્ઘબાહુ હતા અને સર્વાંગ સુડોળ હતા. આંગણે પધારેલા પિતામહ પ્રહલાદજીનાં બલિરાજાએ દર્શન કર્યાં. (૧૨-૧૩) રાજન્ ! વરુણપાશથી પરવશ બલિરાજાએ પૂર્વની માફક પિતામહ પ્રહલાદની પૂજા કરી નહીં પણ લજ્જાવશ મસ્તક નીચું કરી અશ્રુભીની આંખે માત્ર દાદાને નમસ્કાર કર્યા. (૧૪) મહામના શ્રી પ્રહલાદજીએ સુનંદ, નંદ વગેરે પાર્ષદોથી સેવાતા, ત્યાં બિરાજેલા શ્રીવામન ભગવાનના દર્શન કર્યા, દડંવત કર્યા અને પૃથ્વી ઉપર મસ્તક નમાવી ઢળી પડ્યા. શ્રી પ્રહલાદજીને હર્ષનાં રોમાંચ થયાં અને નેત્રોમાંથી સરતાં હર્ષના આંસુઓથી આકુળવ્યાકુળ બની ગયા. (૧૫)

પ્રહલાદજીનું નિવેદન

શ્રી પ્રહલાદજીએ નિવેદન કર્યું કે આપે જ આ બલિને સમૃદ્ધ સ્વર્ગપદ આપ્યું હતું અને પાછું આપે જ તે આજે લઈ લીધું, તે યોગ્ય જ થયું છે હું માનું કે મોહ ઉપજાવનારી લક્ષ્મીથી આપે બલિને ભ્રષ્ટ કર્યો તે તો બલિના ઉપર કરેલ મહાન ઉપકાર છે - અનુગ્રહ છે. (૧૬) સંપત્તિ સમીપમાં હોય ત્યાં સુધી એવો કોણ છે કે જે ભગવાનને કે આત્મતત્ત્વને વિચારે છે ? આવો અનુગ્રહ કરનાર જગદીશ્વર, નારાયણ અખિલ લોકના સાક્ષી આપને અમારા નમસ્કાર હો. (૧૭)

શ્રી વિન્ધ્યાવલીનું સૌજન્ય અને દૈન્ય

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! પછી કરકમલની અંજલિ જોડી ઊભેલા શ્રી પ્રહલાદજીના સાંભળતા જ ભગવાન બ્રહ્માજી શ્રીમધુસૂદન વામન ભગવાનને કાંઈક કહેવા વિચારતા હતા ત્યાં જ બલિરાજાના સતી પત્ની શ્રી વિંધ્યાવલીજી

પોતાના પતિને પાશબદ્ધ જોઈ ભયથી વિહ્વળ બની શ્રીવામન ભગવાનને પ્રણામ કરી નતમસ્તકે નિવેદન કરવા લાગ્યાં : (૧૮-૧૯)

क्रीडार्थ मात्मन इदं त्रिजगत्कृतं ते स्वाम्यं तु तत्र कुधियोऽपइ ईशर कुर्युः । कर्तुः प्रभोस्तव किमस्यत आवहन्ति त्यक्तहिय स्त्वदवरोपितकर्तृवादाः ॥ २० ॥

શ્રી વિન્ધ્યાવલીજી બોલ્યાં, નાથ ! આપે પોતાને ક્રીડા કરવા આ ત્રણ જગતની રચના કરી છે તમાં જે બીજાઓ પોતાનું સ્વામીપણું માને છે તેઓ ખરેખર કુમતિ મનાય છે. આપ આ રીતે ત્રણે જગતના કર્તા, પ્રભુ, પાલક અને સંરક્ષક છો તે સમર્થ નાથને લોકો શું આપવાના છે ? અમે રાજ્યકર્તા છીએ આવું માત્ર કહેવાનો અધિકાર પણ આપે જ આપ્યો છે, તે લોકો અમે દાની છીએ, સ્વતંત્ર છીએ, શાસક છીએ એવું બોલનાર સાચે જ નિર્લજ્જ છે. (૨૦)

બ્રહ્માજીની ભલામણ

શ્રી બ્રહ્માજીએ નિવેદન કર્યું કે પ્રાણીમાત્રનું કલ્યાણ કરનાર હે ભૂતેશ ! હે દેવદેવ ! હે જગન્મય ! આપે આ બલિરાજાનું સર્વસ્વ લઈ લીધું છે તો હવે આપ તેને બંધનમુક્ત કરો ? આ બલિરાજા નિગ્રહ-બંધન યોગ્ય નથી. (૨૧) આ બલિરાજાએ આપને સર્વ પૃથ્વી આપી તે તેમજ જે લોક કર્મથી મેળવેલા હતા તે પણ આપને અર્પણ કર્યા છે એટલું જ નહીં પણ બલિરાજાએ ઉદાર બુદ્ધિથી પોતાનું સર્વસ્વ તથા આત્મા આપને અર્પણ કરેલ છે. (૨૨) નાથ ! આપના શ્રીચરણોમાં કોઇ પણ નિષ્કપટ મતિવાળો કેવલ દુર્વાકુરોથી વિશુદ્ધ ભાવવાળી સેવા કરે તો તે શ્રેષ્ઠ ગતિને પામે છે તો ઉદાર મનથી ત્રણે લોકનું આપને સમર્પણ કરનાર આ બલિરાજા પીડા કેમ પામે ? (૨૩)

શ્રી વામનવચનામૃત

શ્રી વામન ભગવાને કહ્યું કે બ્રહ્મન્ ! હું જેના પર કૃપા કરું છું તેની પાસેથી તેનું ધન લઈ લઉં છું, કેમ કે ધનમદાંધ પુરુષ અભિમાનથી લોકોનું તથા મારું પણ અપમાન કરે છે. (૨૪) કર્મ પરતંત્ર જીવાત્મા પોતાનાં કર્માનુસાર અનેક જાતની જાતિઓમાં જન્મ લેતો જ્યારે કોઈવાર હરિકૃપાથી મનુષ્યનો દેહ પામે છે ત્યારે જન્મ, કર્મ, વય, રૂપ, વિદ્યા, ઐશ્વર્ય તથા ધન વગેરેથી જો તેને અભિમાન થયું તો મારી કૃપા જ સમજવી. (૨૬) ઉત્તમ જન્મ, ઉત્તમ કર્મ વગેરે સર્વ બાજુથી અભિમાન અને મદનાં કારણો અને સર્વ પ્રકારનાં કલ્યાણનાં તે વિરોધી જ છે. માટે મારો આશ્રિત બની રહેનાર ભક્ત કદી મોહ પામતો નથી. (૨૭) આ બલિરાજા દાનવો તથા દૈત્યોનો નાયક છે અને કીર્તિ વધારનારોછે. તેને મારી અજિતની માયાને પણ જીતી છે. (૨૮) તેથી આવો દુઃખી થયા છતાં તે મુંઝાતો નથી. આ રાજાના ધનનો નાશ થયો, સ્થાનથી તે ભ્રષ્ટ થયો, શત્રુઓએ તેનું અપમાન કર્યું અને બાંધ્યો, જ્ઞાતિઓએ તેને ત્યજ્યો, દુઃખ પામ્યો અને ગુરુએ તેનો તિરસ્કાર કર્યો તથા શાપ દીધો, છતાં તેણે સત્ય છોડ્યું નથી. (૨૯) મેં છળથી તેને ધર્મ કહ્યો, તો પણ આ ઉત્તમ વ્રતવાળા સત્યવચની રાજાએ ધર્મ ત્યજ્યો નથી. (૩૦) આ બલિરાજા દેવોને પણ દુર્લભ સારું સ્થાન પામ્યો છે. ઉપરાંત સાવર્ણિ મનુના સમયમાં તે ઈન્દ્ર થશે અને તે સમયે હું બલિરાજાનું પાલન કરીશે. (૩૧) માટે સાવર્ણિ મન્વન્તરનો સમય આવે ત્યાં સુધી વિશ્વકર્માએ બનાવેલા સુતલમાં બલિરાજા ભલે રહે, જ્યાં રહેનારાઓને મારી કૃપાદ્રષ્ટિથી મનની કે શરીરની પીડા, થાક, આળસ, હેરાનગતિ કે ઉપદ્રવો થતા નથી. (૩૨) હે મહારાજ બલિ ! તમારું કલ્યાણ થાઓ ! તમે તમારી જ્ઞાતિ પરિવાર સાથે દેવો પણ જેની ઇચ્છા કરે છે એ સુતલ દેશમાં જાવ. (૩૩) ત્યાં લોકપાલો પણ તમને હેરાન કરી શકશે નહિ, તો બીજાઓની તો વાત જ શી ? જે દૈત્યો તમારી આજ્ઞા નહીં માને તેમનો મારું આ ચક્ર નાશ કરશે. (૩૪) હે વીર ! હું તમારા પરિવાર અને સંપત્તિ સાથે તમારી સર્વ રીતે રક્ષા કરીશ અને તે સ્થળે તમે મને નિત્ય પોતાની સમીપે રહેલો જોશો. (૩૫) વળી દાનવો તથા દૈત્યોના સંગથી તમારો જે કાંઇ આસુરી ભાવ હશે તે પણ ત્યાં મારો

પ્રભાવ જોઈ તત્કાળ નાશ પામશે. (૩૬)

तत्र दानवदैत्यानां सङ्गात्ते भाव आसुरः । द्रष्ट्वा मदनुभावं वै सद्यः कुण्ठो विनङ्क्ष्यति ॥ ३६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના અષ્ટમ સ્કંધના વચન પાલન નામના તૃતીય પ્રકરણમાંનો બલિ રાજાના સર્વમંગલનું વર્ણન કરતો અધ્યાય ૨૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૩ મો

(આ ૨૩માં અધ્યાયમાં ૩૧ શ્લોકો છે. બલિરાજાની અને પ્રહલાદજીની વૈષ્ણવતાના દર્શન અને દયાનિધિની દયાનાં નિરૂપણ આ અધ્યાયમાં આવશે.)

श्रीशुक उवाच : इत्युक्तवन्तं पुरुषं पुरातनं महानुभावोऽखिलसाधुसम्मतः ।
बद्धाञ्जलिर्बाष्पकलाकुलेक्षणो भक्त्युयुतो गद्गदया गिराब्रवीत् ॥ १ ॥

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! પુરાણપુરુષ ભગવાને જ્યારે આવું કહ્યું ત્યારે સમસ્ત સમાજમાં સન્માન્ય મહાનુભાવ શ્રીબલિરાજા ભકિતથી ગદ્‌ગદ્ વાણીવાળા બની કરસંપુટ કરી હર્ષાશ્રુથી છલકાંતા નયને શ્રી વામન ભગવાનને વિનવવા લાગ્યા. (૧)

શ્રી બલિરાજા બોલ્યા : અહો ! આપને પ્રણામ કર્યાનો મહિમા કેવો છે ? જે પ્રણામ માટે માત્ર આરંભ જ કર્યો હોય તેટલામાં તો શરણે આવેલા ભક્તજનોનાં કાર્ય સાધવા તે સદા તત્પર જ રહે છે; કેમ કે આપની જે કૃપા લોકપાલ દેવોએ પણ પૂર્વે કદી મેળવી નથી તે કૃપા કેવલ પ્રણામથી મારા જેવા ક્ષુદ્ર અસુરોને આપે આપી છે. (૨)

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! આ પ્રમાણે કહી શ્રીહરિ, શંકર તથા બ્રહ્માને પ્રણામ કરી બંધનથી છૂટેલા બલિરાજા અસુરોની સાથે પ્રસન્ન થઈ સુતલમાં પધારી ગયા. (૩) ભગવાને શ્રીવામન સ્વરૂપ ધારણ કરી ઈન્દ્રને સ્વર્ગ પાછું લાવી આપી માતા અદિતિની કામના પૂર્ણ કરી હતી અને પોતે ઉપેન્દ્ર બનીને સમસ્ત વિશ્વ ઉપર શાસન કર્યું હતું. (૪) પોતાનો પૌત્ર અને વંશધર શ્રી બલિરાજાને ભગવાનના અનુગ્રહ પામેલા તેમજ વરુણપાશથી મુક્ત બનેલા જોઈ ભક્તિપરાયણ શ્રી પ્રહલાદજીએ આ પ્રમાણે નિવેદન કર્યું. (૫)

શ્રી ભક્તિભીંજ્યા પ્રહલાદજીની વાણી

શ્રી પ્રહલાદજી પ્રભુને નિવેદન કરી રહ્યા છે કે વિશ્વવંદ્ય ભગવન્ ! દેવો અને મહાપુરુષો પણ આપનાં શ્રીચરણોને સેવે છે, નમે છે. એ સર્વવંદ્ય પ્રભુ અમારા અસુરોના રખેવાળ થયા. આ કૃપા તો હજુ સુધી બ્રહ્માએ, શ્રી લક્ષ્મીજીએ કે ભગવાન શંકરે પણ નથી મેળવી તો અન્ય જનો પામે જ ક્યાંથી ? (૬) હે શરણદાતા દેવ ! આપના શ્રીચરણકમલના રસને સેવીને બ્રહ્માદિદેવો માત્ર લોક વિભૂતિઓને પામે છે તે નાથની કૃપાદષ્ટિ અમારા ઉપર કેવી રીતે થાય ! કારણ કે અમે તો દુરાચારી અમારી જાતિ પણ ઉગ્ર છે તો પણ આપે દયાદષ્ટિના પાત્ર બનાવ્યા આવો અનુગ્રહ કર્યો. (૭) અહો ! આશ્ચર્ય છે કે આપનું ચેષ્ટિત અદ્‌ભુત છે. આપે અંચિત્ય યોગમાયાની લીલાથી ભુવનો સર્જ્યા છે. આપ સર્વજ્ઞ, સર્વના આત્મા અને સમદ્રષ્ટિવાળા છો છતાં આપનો સ્વભાવ છતાં આપને ભક્તજનો પ્રિય છે. (૮)

પ્રહલાદજી ઉપર હરિકૃપા

नेमं विरिञ्चो लभते प्रसादं न श्रीर्न शर्वः किमुतापरे ते । यन्नोऽसुराणामसि दुर्गपालो विश्वाभिवन्द्यैरपि वन्दिताङ्घ्रिः ॥ ६ ॥

यत्पादपद्म मकरन्दनिषेवणेन ब्रह्मादयः शरणदाश्नुवतेविभूतीः । कस्माद् वयं कुसृतयः खलयोनयस्ते दाक्षिण्यदृष्टिपदवीं भवतः प्रणीताः ॥ ७ ॥

શ્રી વામન ભગવાન બોલ્યા : બેટા પ્રહલાદ્ ! તમારું કલ્યાણ હો ! તમે અહીંથી સુતલ લોકમાં પધારો. ત્યાં તમારા પૌત્ર સાથે આનંદ કરતા જ્ઞાતિજનોને હર્ષ આપો. રાજન્ ! આવું સાંભળ્યા પછી પણ શ્રી ચરણોમાંથી પ્રહલાદજીના ખસ્યા ત્યારે ભગવાને કહ્યું કે બેટા ! ત્યાં નિત્ય ગદા ધારણ કરતા મારાં તમને દર્શન થશે અને મારાં દર્શનથી થયેલા મહાન આનંદને લીધે તમારા કર્મબંધનો નાશ પામશે. (૯-૧૦)

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! નિર્મળ બુદ્ધિવાળા પ્રહલાદજીએ ભગવાનની એ આજ્ઞાને 'બહુ સારું' એમ કહી સેનાપતિ શ્રીપ્રહલાદજી પ્રણામપૂર્વક ભગવાનની આજ્ઞા મેળવી સુતલ લોકમાં પધારી ગયા (૧૧-૧૨) રાજન્ ! ત્યારબાદ નારાયણ શ્રીહરિએ બ્રહ્મવાદી ઋત્વિજોની સભામાં પોતાની સમીપમાં જ બિરાજતા શ્રી શુક્રાચાર્યને કહ્યું : હે બ્રહ્મન્ ! યજ્ઞકાર્ય કરી રહેલા આપના યજમાન શિષ્યના યજ્ઞકર્મમાં કાંઈ ખામી આવી હોય તેની આપ પૂર્તિ કરો. કોઈવાર યજમાનને મુશ્કેલી આવે તો આચાર્ય પ્રતિનિધિ બની સર્વ કાર્ય કરી શકે છે. અવશિષ્ટ રહ્યું હોય કે દોષ થયો હોય તો હે શુક્રાચાર્ય મહારાજ ! યજ્ઞાદિ કાર્યો બ્રાહ્મણોની કૃપાદષ્ટિથી સુધરી જાય છે. (૧૩-૧૪)

શ્રી શુક્રાચાર્યજીની હરિભક્તિ

શ્રી શુક્રાચાર્યજીએ કહ્યું કે આપ જ કર્મના ઈશ્વર, યજ્ઞેશ્વર અને યજ્ઞપુરુષ છો, આ ભાવથી જ બલિરાજાએ સર્વાત્મભાવે આપનાં અર્ચન કીધાં છે. તો પછી બલિના યજ્ઞકાર્યમાં ખામી કેમ હોઈ શકે ? નાથ ! માત્ર આપનું નામસંકીર્તન જ મંત્રથી, તંત્રથી, દેશથી, કાળથી, યજમાનથી અને દક્ષિણા વગેરે વસ્તુથી ને કંઈ અપૂર્ણ હોય તે સર્વને પરિપૂર્ણ કરે છે તો પણ હે વ્યાપક પ્રભુ ! આપની આજ્ઞા છે તેને માન્ય કરું છું, કારણ કે આજ્ઞા પાળવી તેમાં જ પુરુષોનું પરમ કલ્યાણ છે. (૧૫-૧૭)

શ્રી શુકદેવજીએ કહ્યું કે ભગવાન શ્રી શુક્રાચાર્યે શ્રીહરિની આજ્ઞાને આ રીતે માન્ય રાખી બલિરાજાના યજ્ઞમાં જે કાંઇ અપૂર્ણતા હતી તેને બ્રહ્મર્ષિઓ સાથે મળી પરિપૂર્ણ કરી. (૧૮) રાજન્ ! શત્રુઓ એ છીનવી લીધેલા સ્વર્ગના રાજ્યને વામન ભગવાને ભિક્ષામાં બલિરાજા પાસેથી મેળવીને ભાઈ ઈન્દ્રને આપી દીધું. (૧૯) રાજન્ ! ત્યારબાદ દક્ષ, ભૃગુ તથા અંગિરા વગેરેને, સનત્કુમારને, ભગવાન શંકરને તથા દેવર્ષિઓ, પિતૃઓ તેમજ રાજાઓને સાથે રાખી પ્રજાપતિઓના પતિ બ્રહ્માએ કશ્યપ તથા અદિતિને પ્રસન્ન કરવા તેમજ પ્રાણીમાત્રના કલ્યાણ માટે વામન ભગવાનનો સર્વ લોકોને તથા લોકપાલોના સ્વામીપદે અભિષેક કર્યો. હે રાજન્ ! વેદોનું, સર્વ દેવોનું, ધર્મનું યશનું, લક્ષ્મીનું, સર્વ મંગળોનું, વ્રતોનું સ્વર્ગનું તથા મોક્ષનું પણ પાલન કરવા સમર્થ એવા વામન ભગવાનને બ્રહ્માએ સર્વના કલ્યાણ માટે જ્યારે ઉપેન્દ્રપદ આપી પતિ બનાવ્યા ત્યારે સર્વ પ્રાણીઓ અત્યંત ભેટસામગ્રી ધરી, સેવા કરી વિમાનમાં પધરાવી લોકપાલો સાથે સ્વર્ગમાં ચાલ્યા ગયા. (૨૪) ઉપેન્દ્ર ભગવાનના બાહુનું રક્ષણ પામી ઈન્દ્રરાજાએ ત્રણે લોક પ્રાપ્ત કર્યા અને ઉત્તમ લક્ષ્મી સમ્પન્ન બની તેમજ નિર્ભય થઈ પરમ હર્ષ પામ્યા. (૨૫) રાજન્ ! ત્યારબાદ બ્રહ્માજી, શંકરજી, સનત્કુમારો, ભૃગુમુનિ વગેરે મુનિઓ, પિતૃઓ, સર્વ પ્રાણીઓ, સિદ્ધો અને વિમાનગામી દેવો શ્રી વિષ્ણુ ભગવાનના અત્યંત અદ્‌ભુત ઉત્તમ કર્મનું ગાન કરતા કરતા નિજ નિજ ધામમાં સિધાવ્યા અને જતા દેવોએ શ્રી અદિતિજીની પણ પ્રશંસા કરી. (૨૬-૨૭) હે કુલનંદન રાજા ! શ્રવણ કરનારનાં પાપોને દૂર કરનારું ભગવાનનું આ સર્વ ચરિત્ર મેં આપને કહ્યું. આમ છતાં અનેક જાતનાં પરાક્રમો કરનારા વિષ્ણુ ભગવાનના મહિમાનો જે મનુષ્ય પાર પામવા ચાહે છે, એ જાણે પૃથ્વીના રજકણો ગણવા ઇચ્છે છે. (૨૮) મંત્રદ્રષ્ટા ઋષિવર્ય કહે છે કે આ જગતમાં જન્મેલો કે જન્મ લેનાર મરણશીલ માનવ પરમેશ્વરના મહિમાનો શું પાર પામી શકશે ? (૨૯) જે મનુષ્ય અદ્‌ભુત કર્મ કરનારા અને દેવોના પણ દેવ શ્રીહરિનું આ અવતાર ચરિત્ર સાંભળે છે, તે પરમ ગતિને પામે છે. (૩૦) વિદ્વાનો માને છે કે જ્યાં જ્યાં હરકોઈ દેવ, પિતૃ કે મનુષ્ય સંબંધી કર્મ થતાં હોય ત્યાં ત્યાં આ વામનલીલા ચરિત્ર વર્ણવવામાં આવે તો મનુષ્યનું તે તે કર્મ યથાવિધિ સમ્પન્ન થયેલું ગણાય છે. (૩૧)

क्रियमाणे कर्मणीदं दैवे पित्र्येऽथ मानुषे । यत्र यत्रानुकीर्त्येत तत्तेषां सुकृतं विदुः ॥ ३१ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના અષ્ટમ સ્કંધના તૃતીય વચન પરિપાલન પ્રકરણમાંનો બલિરાજાજીનું પ્રહલાદજીનું સુતલમાં પધારવું અને સુતલમાં નિત્ય દર્શન દેવાનું આપેલ શ્રીહરિના વચનનું વર્ણન કરતો અધ્યાય ૨૩મો સમાપ્ત.

અધ્યાય ૨૪ મો

(આ અધ્યાયમાં ૬૧ શ્લોકો છે. શ્રી મત્સ્યચરિત્રનો પાઠ કરી શકાય તે માટે સંપૂર્ણ અધ્યાયના શ્લોકો આપ્યા છે. આ પાઠ કરવાથી સર્વ સંકલ્પો સિદ્ધ થાય છે. તે પછી શ્રી મત્સ્યસ્તુતિ અથવા ગુરુ-અષ્ટકના પણ શ્લોકો અર્થ સાથે જુદા આપવામાં આવ્યા છે.)

આ એક અધ્યાયનું 'ભગવાનની શરણાગતિ' નામનું પ્રકરણ છે. શ્રી મત્સ્ય ભગવાનની લીલા છે. ધર્મનું જ્ઞાન વેદોમાં છે. વેદોનું સૂક્ષ્મ જ્ઞાનશ્રી મત્સ્ય ભગવાનને છે. મત્સ્ય ભગવાને જ હયગ્રીવ દૈત્યનો વધ કરીને વેદોની રક્ષા કરી ધર્મનો ઉપદેશ આપેલો. આ ભગવાનના આત્મનિવેદિત જીવનાં આત્મા, દેહ, ઈન્દ્રિયો, ધન વગેરે શ્રીકૃષ્ણનાં જ છે, આ વાત કદી ન વિસરવી, ભગવાન સર્વ કોઈને કે પોતાને ભાગ પાડી જે આપે તે ભલા માટે એમ માનવું અને અભિમાન ત્યજી ભગવાન જે કરે તેને અનુસરવું, પોતાની સંપત્તિ ભગવાન પોતાના શત્રુને આપે તો પણ સર્વ સ્વીકારવું આ એક શરણાગત ધર્મ છે.

राजोवाच : भगवञ्छ्रोतुमिच्छामि हरेरद्भुतकर्मणः । अवतारकथामाद्यां मायामत्स्मबिडम्नबन् ॥ १ ॥
यदर्थमदधाद्रूपं मात्स्यं लोकजुगुप्सितम् । तमः प्रकृति दुर्मर्ष कर्मग्रस्त इवेश्वरः ॥ २ ॥
एतन्नो भगवन्सर्व यथावद्वक्तुमर्हसि । उत्तमश्लोकचरितं सर्वलोकसुखावहम् ॥ ३ ॥
सूत उवाच : इत्युक्तो विष्णुरातेन भगवान्बादरायणिः । उवाच चरितं विष्णोर्मत्स्यरूपेण यत्कृतम् ॥ ४ ॥
श्रीशुक उवाच : गोविप्रसुरसाधूनां छन्दसामपि चेश्वरः । रक्षामिच्छंस्तनूर्धत्ते धर्मास्यार्थस्य चैव हि ॥ ५ ॥
उच्चावचेषु भूतेषु चरन्वायुरिवेश्वरः । नोच्चावचत्वं भजते निर्गुणत्त्वाद्धियो गुणैः ॥ ६ ॥
आसीदतीतकल्पान्ते ब्राह्मो नैमित्तिको लयः । समुद्रोपप्लुतास्तत्र लोका भूरादयो नृप ॥ ७ ॥
कालेनागतनिद्रस्य धातुः शिशयिषोर्बली । मुखतो निःसृतान्वेदान्हयग्रीवोऽन्तिकेऽहरत् ॥ ८ ॥
ज्ञात्वा तद्दानवेन्द्रस्य हयग्रीवस्य चेष्टितम् । दधार शफरीरूपं भगवान् हरिरीश्वरः ॥ ९ ॥
तत्र राजऋषिः कश्चिन्नाम्ना सत्यव्रतो महान् । नारायणपरोऽतप्यत्तपः स सलिलाशनः ॥ १० ॥
योऽसावस्मिन्महाकल्पे तनयः स विवस्ततः । श्राद्धदेव इति ख्यातो मनुत्वे हरिणाऽर्पितः ॥ ११ ॥
एकदा कृतमालायां कुर्वतो जलतर्पणम् । तस्याञ्जंल्युदके काचिच्छफर्ये काऽभ्यपद्यत ॥ १२ ॥
सत्यव्रतोऽञ्जलिगतां सह तोयेन भारत । उत्ससर्ज नदीतोये शफरीं द्रविडेश्वरः ॥ १३ ॥
तमाह साऽतिकरुणं महाकारुणिकं नृपम् । यादोभ्यो ज्ञातिघातिभ्यो दीनां मां दीनवत्सल ।
कथं विसृजसे राजन्भीतामस्मिन्सरिज्जले ॥ १४ ॥
तमात्मनोऽनुग्रहार्थं प्रीत्या मत्स्यवपुर्धरम् । अजानन्रक्षणार्थाय शफर्याः स मनो दधे ॥ १५ ॥
तस्या दीनतरं वाक्यमाश्रुत्य स महीपतिः । कलशाप्सु निधायैनां दयालुर्निन्य आश्रमम् ॥ १६ ॥
सा तु तत्रैकरात्रेण वर्धमाना कमण्डलौ । अलब्ध्वाऽत्मावकाशं च इदमाह महीपतिम् ॥ १७ ॥
नाहं कमण्डलावस्मिन्कृच्छ्रं वस्तुमिहोत्सहे । कल्पयौकः सुविपुलं यत्राहं निवसे सुखम् ॥ १८ ॥
स एनां तत आदाय न्यधादौदञ्चनोदके । तत्र क्षिप्ता मुहूर्तेन हस्तत्रयमवर्धत ॥ १९ ॥
न म एतदलं राजन्सुखं वस्तुमुदञ्चनम् । पृथु देहि पदं मह्यं यत्त्वाहं शरणं गता ॥ १९ ॥
तत आदाय सा राज्ञा क्षिप्ता राजन्सरोवरे । तदावृत्यात्मना सोऽयं महामीनोऽन्ववर्धत ॥ २० ॥
नैतन्मे स्वस्तये राजन्नुदकं सलिलौकसः । निधेहि रक्षायोगेन ह्रदे मामविदासिनि ॥ २२ ॥
इत्युक्तः सौऽनयन्मत्स्यं तत्र तत्राविदासिनि । जलाशये सम्मितं तं समुद्रे प्राक्षिपज्झषम् ॥ २३ ॥
क्षिप्यमाणस्तमाहेदमिह मां मकरादयः । क्षदन्स्यतिबला वीर मां नेहोत्स्त्रष्टुमर्हसि ॥ २४ ॥

एवं विमोहितस्तेन वदता बल्गुभारतीम् । तमाह को भवानस्मान्मत्स्यरूपेण मोहयन् ॥ २५ ॥
नैवंवीर्यो जलचरो दृष्टोऽस्माभिः श्रुतोऽपि वा । यो भवान्योजनशतमह्नाभिव्यानशे सरः ॥ २६ ॥
नूनं त्वं भगवान् साक्षाद्धरिर्नारायणोऽव्ययः । अनुग्रहाय भूतानां धत्से रूपं जलौकसाम् ॥ २७ ॥
नमस्ते पुरुषश्रेष्ठ स्थित्युत्पत्त्यप्ययेश्वर । भक्तानां नः प्रपन्नानां मुख्यो ह्यात्मगतिर्विभो ॥ २८ ॥
सर्वे लीलावतारास्ते भूतानां भूतिहेतवः । ज्ञातुमिच्छाम्यदो रूपं यदर्थं भवता धृतम् ॥ २९ ॥
न तेऽरविन्दाक्ष पदोपसर्पणं मृषा भवेत्सर्वसुहृदत्प्रियात्मनः । यथेतरेषां पृथगात्मना सतामदीदृशो यद्वपुरद्भुतं हि नः ॥ ३० ॥
श्रीशुक उवाच : इति ब्रुवाणं नृपतिं जगत्पतिः सत्यव्रतं मस्त्यवपुर्युगक्षयो ।
विहर्तुकामः प्रलयार्णवेऽब्रवीच्चिकीर्षुरेकान्तजनप्रियः प्रियम् ॥ ३१ ॥
श्रीभगवानुवाच : सप्तमेऽद्यतनादूर्ध्व महन्येतदरिन्दम । निमङ्क्ष्यत्यप्ययाम्भोधौ त्रैलोक्यं भूर्भुवादिकम् ॥ ३२ ॥
त्रिलोक्यां लीयमानायां संवर्ताम्भसि वै तदा । उपस्थास्यति नौः काचिद्विशाला त्वां मयेरिता ॥ ३३ ॥
त्वं तावदोषधीः सर्वा बीजान्युच्चावचानि च । सप्तर्षिभिः परिवृतः सर्वसत्त्वोपबृंहितः ॥ ३४ ॥
आरुह्य बृहतीं नावं विचरिष्यस्यविक्लवः । एकार्णवे निरालोके ऋषीणामेव वर्चसा ॥ ३५ ॥
दोधूयमानां तां नावं समीरेण बलीयसा । उपस्थितस्य मे शृङ्गे निबध्नीहि महाहिना ॥ ३६ ॥
अहं त्वामृषिभिः साकं सहनावमुदन्वति । विकर्षन्बिचरिष्यामि यावद्ब्राह्मी निशा प्रभो ॥ ३७ ॥
मदीयं महिमानं च परब्रह्मेति शब्दितम् । वेत्स्यनुगृहीतं मे सम्प्रश्नैर्विवृतं हृदि ॥ ३८ ॥
इत्थमादिश्य राजानं हरिरन्तरधीयत । सोऽन्ववैक्षत तं कालं यं हृषीकेश आदिशत् ॥ ३९ ॥
आस्तीर्य दर्भान्प्राक्कूलान्राजर्षिः प्रागुदङ्मुखः निषसाद हरेः पादौ चिन्तयन्मत्स्यरूपिणः ॥ ४० ॥
ततः समुद्रः उद्वेलः सर्वतः प्लावयन्महीम् । वर्धमानो महामेघैर्वर्षद्भिः समदृश्यत ॥ ४१ ॥
ध्यायन्भगवदादेशं ददृशे नावमागताम् । तामारुरोह विप्रेन्द्रैरादायौषधिवीरुधः ॥ ४२ ॥
तमूचुर्मुनयः प्रीता राजन्ध्यायस्व केशवम् । स वै नः संकटादस्मादविता शं विधास्यति ॥ ४३ ॥
सोऽनुध्यातस्ततो राज्ञा प्रादुरासीन्महार्णवे । एकश्रृङ्गधरो मत्स्यो हैमो नियुतयोजनः ॥ ४४ ॥
निबध्य नावं तच्छृङ्गे यथोक्तो हरिणा पुरा । वस्त्रेणाहिना तुष्टस्तुष्टाव मधुसूदनम् ॥ ४५ ॥
राजोवाच : अनाद्यविद्योपहतात्मसंविद स्तन्मूल संसारपरिश्रमातुराः ।
यदृच्छयेहोपसृता यमाप्नयुर्विमुक्तिदो नः परमो गुरुर्भवान् ॥ ४६ ॥
जनोऽबुधोऽयं निजकर्बन्धनः सुखेच्छयाकर्म समीहतेऽसुखम् ।
यत्सेवया तां विधुनोत्यसन्मति ग्रान्थि स भिन्द्याद्धृदयं स नो गुरुः ॥ ४७ ॥
यत्सेवयाऽग्निरिव रुद्ररोदनं पुमान्विजह्यान्मलमात्मनस्तमः ।
भजेत वर्णं निजमेष सोऽव्ययो भूयात्स ईशः परमो गुरोर्गुरुः ॥ ४८ ॥
न यत्प्रसादायुतभागलेशमन्ये च देवा गुरवो जनाः स्वयम् ।
कर्तुं समेताः प्रभवन्ति पुंसस्तमीश्वरं त्वां शरणं प्रपद्ये ॥ ४९ ॥
अचक्षुरन्धस्य यथाग्रणीः कृतस्तथा जनस्याविदुषोऽबुधो गुरुः ।
त्वमर्कदृक्सर्वदृशां समीक्षणो वृतो गुरुर्नः स्वगतिं बुभुत्सताम् ॥ ५० ॥
जनो जनस्यादिशते सतीं मतिं यया प्रपद्येत दुरत्ययं तमः ।
त्वं त्वव्ययं ज्ञानमघोघमञ्जसा प्रपद्यते येन जनो निजं पदम् ॥ ५१ ॥

त्वं सर्वलोकस्य सुहृत्प्रियेश्वरो ह्यात्मा गुरुर्ज्ञानमभीष्टसिद्धिः ।
तथापि लोको न भवन्तमन्धधीर्जानाति सन्तं हृदि बद्धकामः ॥ ५२ ॥
त्वं त्वामहं देववरं वरेण्यं प्रपद्य ईशं प्रतिबोधनाय ।
छिन्ध्यर्थदीपैर्भगवन्वचोभिर्ग्रन्थीन्हृदय्यान्विवृणु स्वमोकः ॥ ५३ ॥
श्रीशुक उवाच : इत्युक्तवन्तं नृपतिं भगवानादिपूरुषः । मत्स्यरूपी महाम्भोद्यौ विहरंस्तत्त्वमब्रवीत् ॥ ५४ ॥
पुराणसंहितां दिव्यां सांख्ययोगक्रियावतीम् । सत्यव्रतस्य राजर्षेरात्मगुह्यमशेषतः ॥ ५५ ॥
अश्रौषीदृषिभिः साकमात्वतत्त्वमसंशयम् । नाव्यासीनो भगवता प्रोक्तं ब्रह्म सनातनम् ॥ ५६ ॥
अतीतप्रलयापाय उत्थिताय स वेधसे । हत्वासुरं हयग्रीवं वेदान्प्रत्याहरद्धरिः ॥ ५७ ॥
स तु सत्यव्रतो राजा ज्ञानविज्ञानसंयुतः । विष्णोः प्रसादात्कल्पेऽस्मिन्नासीद्वैवस्वतो मनुः ॥ ५८ ॥
सत्यव्रतस्य राजर्षेर्मायामत्स्यस्य शार्ङ्गिणः । संवादमहदाख्यानं श्रुत्वा मुच्येत किल्बिषात् ॥ ५९ ॥
अवतारो हरेर्योऽयं कीर्तयेदन्वहं नरः । सङ्कल्पास्तस्य सिद्धन्ति स याति परमां गतिम् ॥ ६० ॥
प्रलयपयसि धातुः सुप्तशक्तेर्मुखेभ्यः श्रुतिगणमपनीतं प्रत्युपादत्त हत्वा ।
दितिजमकथयद्यो ब्रह्म सत्यव्रतानां तमहमखिलहेतुं जिह्ममीनं नतोऽस्मि ॥ ६१ ॥

(શ્રીમત્સ્ય ચરિત્રનો પાઠ કરવાથી સર્વ સંકલ્પો સિદ્ધ થાય છે.)

મત્સ્યાવતારનું લક્ષ્ય

પરીક્ષિત રાજાએ પૂછ્યું, હે ભગવન્ ! અદ્ભુત કર્મ કરનાર શ્રીહરિની, આદિકાળની મત્સ્યાવતારની કથા સાંભળવાની મને ખૂબ જ ઈચ્છા છે. ભગવન્ ! મત્સ્ય સ્વરૂપ તો જગતમાં નિંદ્ય, તમોગુણી સ્વભાવનું અને દુ:સહ છે. આમ છતાં ભગવાને જાણે કર્મબંધન પામ્યા હોય તેમ મત્સ્ય સ્વરૂપ લીધું હતું તો શા હેતુથી આવું સ્વરૂપ સ્વીકાર્યું આ સર્વ યથાર્થ રીતે કહેવા આપ જ યોગ્ય છો. નાથ ! ઉત્તમ શ્લોકં ભગવાનનું ચરિત્ર સર્વ લોકોને સુખ આપનારું હોય છે. (૧-૩) મહર્ષિ સૂતે કહ્યું કે મુનિવર શૌનક ! પરીક્ષિત રાજાએ જ્યારે આ પ્રશ્ન કર્યો ત્યારે ભગવાન શ્રીશુકદેવજીએ મત્સ્યરૂપે કરેલું શ્રી વિષ્ણુભગવાનનું ચરિત્ર તેમને કહેવા માંડ્યું. (૪) શ્રીશુકદેવજીએ કહ્યું કે, ગાયો, બ્રાહ્મણો, દેવો, સત્પુરુષો, વેદો, ધર્મો તથા અર્થ એ સર્વની રક્ષા કરવા ઈચ્છતા ભગવાન અનેક પ્રકારની કાયા - તન ધારણ કરે છે જ જેમ વાયુ ઉચ્ચ કે નીચ સર્વ પ્રાણીઓમાં વિચરે છે. આમ છતાં વાયુને ઉચ્ચ - નીચપણું પ્રાપ્ત થતું નથી તેમ ભગવાન પણ બુદ્ધિના ગુણોને લીધે ઉત્તમ અધમ મનાતાં સર્વ પ્રાણીઓમાં નિયંતારૂપે વિચરે છે. ભગવાન તો નિર્ગુણ છે. પોતે ઉત્તમ અધમપણું પામતા નથી. (૫-૬)

શ્રી મત્સ્યકથા

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! ગયા કલ્પના અંતે બ્રહ્માનો રાત્રિકાલ આવતાં નૈમિત્તિક પ્રલય થયો ત્યારે પૃથ્વી વગેરે લોકો સમુદ્રમાં ડૂબી ગયા હતા. રાજન્ ! રાત્રિ સમયે નિદ્રા લેવા ઈચ્છતા બ્રહ્મદેવને નિદ્રા આવતી ત્યારે બળવાન હયગ્રીવ દાનવે શ્રી બ્રહ્માજીના મુખમાંથી સમીપે નીકળી રહેલા વેદોને લઇ લીધા. (૭-૮) દાનવરાજા હયગ્રીવનું આ કાર્ય ભગવાન શ્રીહરિએ જાણ્યું અને વેદોને પાછા લાવવા માટે મત્સ્ય ભગવાનનું સ્વરૂપ લીધુ અને મત્સ્ય ભગવાન સાગરમાં વિચરી રહ્યા હતા. (૯) તે સમયે સત્યવ્રત નામના કોઈ મહાન રાજર્ષિ નારાયણપરાયણ બની કેવલ જલપાન કરી તપશ્ચર્યા કરતા હતા. (૧૦) આ સત્યવ્રત રાજા આ મહાકલ્પમાં સૂર્યના પુત્ર શ્રાદ્ધદેવના નામથી પ્રખ્યાત હતા. ભગવાન શ્રીહરિએ શ્રાદ્ધદેવજીને મનુ બનાવ્યા હતા. (૧૧) એક દિવસ તે સત્યવ્રત રાજા કૃતમાલા નદીમાં જલતર્પણ કરતા હતા ત્યારે રાજાની અંજલિમાં એક મત્સ્ય આવ્યા. (૧૨) હે ભારત ! તે સમયે દ્રવિડદેશ નરેશ સત્યવ્રતે અંજલિમાં આવેલ તે માછલીને પાછી નદીના જલમાં પધરાવી દીધી. (૧૩) રાજન્ ! જલમાં પધરાવતાં અત્યંત દયાળુ

રાજાને કરુણા ઉપજે તે રીતે મત્સ્યે કહેવા માંડ્યું, હે દીનવત્સલ રાજા ! જલમાં રહેતા પોતાની જાતમાં પ્રાણીઓને મારનારાં જલચર જંતુવાળા આ જલાશયમાં ભયભીત બનેલી મને રાંકને શા માટે નાખી દો છો ? (૧૪) પોતાના ઉપર અનુગ્રહ કરવા કે પોતાના ઉપરની પ્રીતથી ભગવાન મત્સ્ય પધાર્યા છે આવું રાજાને જ્ઞાન ન હતું તેથી રાજાએ માછલીની રક્ષા કરવા મનમાં વિચાર કર્યો. (૧૪) ત્યારબાદ અત્યંત દીન વાક્યો સાંભળી રાજાએ તે મત્સ્યને કમંડલુના જળમાં પધરાવી, પોતાના આશ્રમમાં લઈ આવ્યા. (૧૫) રાજન્ ! કમંડલુમાં રહેલ મત્સ્યની કાયા એક જ રાત્રિમાં એટલી બધી વધી ગઈ કે જેથી કમંડલુમાં સમાવાની જગ્યા પણ મળી નહિ ત્યારે તે મત્સ્યે રાજાને આ પ્રમાણે કહ્યું, 'હું આ કમંડુલમાં કષ્ટથી પણ રહી શકું તેમ નથી માટે જ્યાં હું સુખથી રહું એવું વિશાળ સ્થાન મારે માટે તૈયાર કરો.' (૧૬-૧૮) ત્યારે સત્યવ્રત રાજાએ તે કમંડલુમાંથી મત્સ્યને લઈને એક મોટા જલપાત્રમાં પધારાવ્યા ત્યાં પણ બે ઘડી જેટલા જ સમયમાં મત્સ્ય કાયા ત્રણ હાથ વધી ગઈ અને કહ્યું કે 'રાજન્ ! સુખપૂર્વક રહેવા માટે આ પાત્ર પણ પૂરતું નથી માટે આપ મને કોઈ વિશાળ સ્થાન આપો, કારણે કે હું આપને શરણે છું.' રાજાએ ત્યારબાદ તે પાત્રમાંથી લઈ તે મત્સ્યને એક સરોવરમાં પધરાવ્યા. રાજન્ ! ત્યારે તે સરોવરમાં પણ સંપૂર્ણ સરોવરને આવરી લઇ તે મહામત્સ્યની કાયા સરોવરના માપમાં વધી ગઈ અને રાજાને કહ્યું કે હે રાજન્ ! આ જળ પણ જલચર પ્રાણી મારે માટે મારા કલ્યાણ પૂરતું નથી. માટે મારી રક્ષા કરવા મોટા અખૂટ અગાધ કોઈ ધરામાં મને મૂકો, જ્યારે મહાન મત્સ્યે આવું કહ્યું ત્યારે તેને બીજા અખૂટ જલાશયમાં મૂકવા માંડ્યા. પણ રાજા જે જે જલાશયમાં પધરાવે છે તે તે જલાશય જેટલી કાયા થવા લાગી ત્યારે અંતે મહાન મત્સ્યને સમુદ્રમાં મૂક્યા જ્યારે સત્યવ્રત રાજા મહામત્સ્યને સમુદ્રમાં પધરાવવા લાગ્યા ત્યારે પણ તે પ્રમાણે બોલ્યા, હે વીર ! આ સાગરમાં તો અન્ય મોટાં બળવાન જલચર પ્રાણીઓ મને ખાઈ જશે માટે આપ મને અહીં ના મુકશો (૧૯-૨૫) આવી સુંદર વાણી બોલતા તે મહામત્સ્યજીએ સત્યવ્રત રાજાને મુગ્ધ કર્યા ત્યારે રાજાએ કહ્યું કે, આ રીતે મત્સ્યના સ્વરૂપમાં અમને મોહ પમાડતા આપશ્રી કોણ છો ? આવા પરક્રમી કોઇ જળચરને અમે કદી જોયા કે સાંભળ્યા પણ નથી. જે આપ નિર્વિકાર છતાં પ્રાણીઓ ઉપર અપાર કૃપા કરવા જલચરરૂપ ધારણ કરો છો. હે પુરુષશ્રેષ્ઠ ! આમને મારા નમસ્કાર હો ! જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના ઈશ્વર ! હે વિભો ! આપ શરણે આવેલા અમારા ભક્તોના મુખ્ય આત્મા અને મુખ્ય આશ્રય છો. જો કે આપના સર્વ અવતારો પ્રાણીઓના કલ્યાણ માટે હોય છે તો પણ આપે જે કારણ માટે આ મત્સ્ય સ્વરૂપ લીધું છે તેનો હેતુ હું જાણવા ઈચ્છુ છું. (૨૬-૨૯) હે અરવિંદલોચન, હે કમલનયન દેવ ! આપ સર્વ પ્રાણીઓના પરમ મિત્ર અને પ્રિય આત્માછો કારણકે આપે અમને ભક્તોને આવાસ્વરૂપનું દર્શન કરાવ્યું છે શ્રી શુકદેવજીએ કહ્યું કે આ પ્રમાણે કહેતા પ્રિય ભક્ત રાજાશ્રી સત્યવ્રતને યુગાંતકાલે મત્સ્ય સ્વરૂપ ધારણ કરનારા પ્રલયકાળના જળમાં વિહાર કરવાની ઈચ્છાવાળા અને ભક્તજનોના પ્રિયતમ જગત્પતિ શ્રી મત્સ્ય ભગવાને રાજા સત્યવ્રતનું પ્રિય કરવાની ઇચ્છાથી કહ્યું. (૩૦-૩૧)

શ્રીમત્સ્ય ભગવાનની અમૃતવાણી

શ્રી મત્સ્યપ્રભુએ કહ્યું કે હે શત્રુદમન રાજન્ સત્યવ્રત ! આજથી સાતમે દિવસે આ ભૂલોક, ભૂવર્લોક, સ્વર્લોક વગેરે ત્રણ લોક પ્રલયકાળના સમુદ્રમાં ડૂબી જશે અને રાજન! જ્યારે આ રીતે પ્રલયકાળના જળમાં ગરકી જશે ત્યારે મારી મોકલેલી કોઈ એક મોટી નૌકા તમારી પાસે આવશે. તે સમયે તમે ઉચ્ચ-નીચ સમસ્ત પ્રાણીઓનાં સૂક્ષ્મ શરીરોને તથા ધાન્ય અને વનસ્પતિનાં બીજોને તેમજ સપ્તર્ષિઓને લઈ તે વિશાળ નાવમાં આરોહણ કરી અને જલથી એકાકાર બનેલા સમુદ્રમાં પેલા ઋષિઓના તેજથી પ્રકાશ મેળવી અકળાયા વિના વિહાર કરવો. (૩૨-૩૫) પછી જ્યારે મહાબળવાન વાયુને લીધે તે નૌકા ખૂબ ડોલવા લાગે ત્યારે હું નાવ પાસે આવીશ ત્યારે વાસુકિ નાગ દ્વારા તે નૌકાને મારા શીંગડા સાથે બાંધી દેજો. હે રાજા ! હું તમને તથા ઋષિઓ સહિત તે નાવને જ્યાં સુધી બ્રહ્માની રાત્રિ રહે ત્યાં સુધી સમુદ્રમાં ખેંચતો વિચર્યા કરીશ. (૩૬-૩૭) એ વખતે રાજા તમે પ્રશ્ન કરશો ત્યારે તમને ઉપદેશનાં દાન કરીશ અને મારા અનુગ્રહથી રાજન્ ! પરબ્રહ્મ શબ્દથી વર્ણવાતા મારા વાસ્તવિક માહાત્મ્યનું તમારા હૃદયમાં પ્રાકટ્ય થતાં મારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થઈ જશે. (૩૮) સત્યવ્રત રાજાને આ પ્રમાણે આજ્ઞા આપી શ્રીહરિ અદશ્ય થયા. ત્યારબાદ

રાજર્ષિ સત્યવ્રતજી ભગવાને જે સમય કહ્યો હતો તે સમયની રાહ જોવા લાગ્યા. (૩૯) રાજા પૂર્વ દિશા તરફ અગ્રભાગવાળા દર્ભોને ધરણી ઉપર પાથરી તે દર્ભાસને ઉત્તરાભિમુખ બેસી મત્સ્યરૂપ શ્રીહરિના ચરણકમલનું ચિંતન કરવા લાગ્યા. (૪૦) એ અરસામાં ભગવાનના કહ્યા પ્રમાણે સર્વ તરફથી પૃથ્વીને ડુબાવી દેતા મહાસાગરે માઝા મૂકી. આકાશમાંથી વરસતા મહામેઘોના જલથી મહાસાગર વધતો દેખાયો. (૪૧) રાજા સત્યવ્રતજી ઔષધિઓ તથા લતાઓને લઈને સપ્તર્ષિઓની સાથે નૌકામાં ચઢ્યા, હે રાજન્ ! આ સમયે પેલા મુનિવરોએ પ્રસન્નતાપૂર્વક સત્યવ્રતને કહ્યું : હે રાજન્ ! કેશવ ભગવાનનું આપ ધ્યાન કરો. આ સમર્થ ભગવાન સંકટથી આપણું રક્ષણ અને કલ્યાણ કરશે. (૪૨-૪૩) પછી રાજાએ ભગવાનનું ધ્યાન કર્યું. આ પ્રસંગે એક શીંગડાવાળા મહામત્સ્ય ભગવાન મહાસમુદ્રમાં પ્રકટ થયા. આ મત્સ્ય ભગવાનનું શ્રી અંગ સુવર્ણનું એક લાખ યોજનના વિસ્તારવાળું હતું. (૪૪) ત્યારે શ્રીહરિએ પ્રથમની આજ્ઞાનુસાર મત્સ્યનારાયણના શીંગડામાં વાસુકિ નાગની દોરડીથી નૌકાને બાંધી પ્રસન્ન થયેલા સત્યવ્રત રાજા ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. (૪૫)

શ્રી મત્સ્યસ્તુતિ અથવા ગુરુ અષ્ટક

આ અષ્ટકથી સ્તુતિ કરનારના ભગવાન ગુરુ બની પોતાના સ્વરૂપનાં દાન કરશે.

રાજોવાચ : अनाद्यविद्योपहतात्मसंविदस्तन्मूलसं सारपरिश्रमातुराः ।
यदृच्छयेहोपसृता यमाप्नुयुर्विमुक्तिदो वः परमो गुरुर्भवान् ॥ ४६ ॥

શ્રી સત્યવ્રત રાજાએ સ્તુતિ કરતાં કહ્યું નાથ ! આપ જ અમારા પરમ શ્રેષ્ઠ ગુરુ છો, આપના સ્વરૂપનું અને અમારા જીવસ્વરૂપનું જ્ઞાન અનાદિકાલના અજ્ઞાનથી ઢંકાઈ ગયું છે તેથી તો પ્રભુ અજ્ઞાનમૂલક સંસારના કલેશથી દુઃખી થઈ રહ્યા છીએ, નાથ ! આપની કૃપાથી આપની પાસે જે આવે તે જ આપને ઓળખે અને પામે માટે આપ સદ્‌ગુરુને શરણે છીએ. આપને પ્રણામ હો. (૪૬)

जनोऽबुधोऽयं निजकर्म बन्धनः सुखेच्छया कर्म समीहतेऽसुखम् ।
यत्सेवया तां विधुनोत्यसन्मतिं ग्रन्थिं स भिन्द्याद्धृदयं स नो गुरुः ॥ ४७ ॥

હવે નાથ ! બીજું નિવેદન કે આપ જ ગુરુ છો તો પછી અસદ્‌બુદ્ધિની અમારા હૃદયની ગાંઠને ન કાપો ? જુઓ પ્રભુ, આ જન, અબુધ અજ્ઞાની છે, તે પોતાનાં નિજ કર્મોથી બંધાયેલો છે, તે બિચારો સુખની ઇચ્છાથી કામ કરે છે પણ દુઃખ જ પામે છે. આ સંસારમાં પ્રેમવાળી અસત્ મતિએ આપની સેવાનું સુખ આપી કાપી નાંખોને ! (૪૭)

यत्सेवयाऽग्नेरिव रुद्ररोदनं पुमान्विजह्यान्मलात्मनस्तमः । भजेत वर्णं निजमेष सोऽव्ययो भूयात्स ईशः परमो गुरोर्गुरुः ॥ ४८ ॥

હવે નાથ ! ત્રીજી વાત જુઓ. જેમ અગ્નિના સંબંધથી ''રુદ્રરોદન'' એટલે સુવર્ણ પોતાની અંદર રહેલા સમસ્ત મેલને બાળી દે છે ત્યાર બાદ સુવર્ણ પોતાના શુદ્ધ સ્વરૂપને પામે છે તે રીતે આપની સેવાના પ્રતાપથી જીવ પોતાના વિશુદ્ધ સ્વરૂપને પામે છે તો આપ અવિનાશી પરમેશ્વર અમારા પરમ ગુરુ બનોને ! (૪૮)

न यत्प्रसादायुतभागलेशमन्ये च देवा गुरवो जनाः स्वयम् ।
कर्तुं समेताः प्रभवन्ति पुंसस्तमीश्वरं त्वां शरणं प्रपद्ये ॥ ४९ ॥

જુઓ નાથ ! હવે ચોથી વાત. આપશ્રીની કૃપાના દર હજારમાં ભાગના એક નાના ટુકડા જેટલી કૃપા એક બાજુ એકપલ્લામાં મૂકવામાં આવે અને બીજી બાજુ એકત્રિત થયેલા સમસ્ત દેવો, ગુરુજનો સમૂહમાં મળીને તે પણ કૃપાની તુલના કરવા સમર્થ થઈ શકતા નથી તેવા કૃપાસિંધુ પૂર્ણ પુરુષ ભગવાનને શરણે આવ્યો છું. (૪૯)

अचक्षुरन्धस्य यथाग्रणीः कृतस्तथा जनस्याविदुषोऽबुधो गुरुः ।
त्वमर्कदृक्सर्वदृशां समीक्षणो वृतो गुरुर्नः स्वगतिं बुभुत्सताम् ॥ ५० ॥

કરુણાનિધાન ! હવે પાંચમી વસ્તુ છે કોઈ અન્ધજનનો અન્ધજન અગ્રેસર બને, દોરવણી કરનાર બન્યો હોય તેવી જ

રીતે અજ્ઞાની જનનો અજ્ઞાની ગુરુ બને ત્યાં ઊભયનું શું વળે ? આપ તો સર્વ જ્ઞાનદૃષ્ટિવાળાની આપ સૂર્ય સમાન સ્વયંપ્રકાશ આંખ છો - ચક્ષુ છો, વળી સર્વજ્ઞ છો આવું સમજીને આપના સ્વરૂપનું અને અમારા સ્વરૂપનું જ્ઞાન મેળવવા આપશ્રીને ગુરુ તરીકે સ્વીકાર્યા છે. (૫૦)

जनो जनस्यादिशते सतीं मतिं यया प्रपद्येत दुरत्ययं तमः ।
त्वं त्वव्ययं ज्ञानममोघमञ्जसा प्रपद्यते येन जनो निजं पदम् ॥ ५१ ॥

હે નિજનાથ ! હવે છઠ્ઠી વાત જરા સાંભળો, અબુધ ગુરુજન અબુધ શિષ્યજનને સંસારસુખમાં આસક્તિવાળી કુમતિ આપે છે, પરિણામે આવી સંસારમતિથી બન્ને જણ દુસ્તર સંસાર અંધકારને જ પામે છે. આપ તો અત્યંત સરલતાથી અમોઘ અને અવિનાશી જ્ઞાનનાં દાન કરો છો જે જ્ઞાનથી ભક્તજન આપના શ્રી ચરણોની સેવા પામે છે. (૫૧)

હે પ્રભો ! હવે સાતમી વિજ્ઞપ્તિ કે આપશ્રી સકલ લોકના સુહૃદ છો, પ્રિયજન છો, પરમેશ્વર છો, આત્મા છો, જ્ઞાનસ્વરૂપ છો, મનવાંછિત સિદ્ધિ છો અને હૃદયમાં નિત્ય બિરાજો છો છતાં હૃદયમાં રહેલી કામનાઓને જ અંધબુદ્ધિ બનેલો લોક આમને ઈષ્ટ તરીકે જાણતો નથી. (૫૨)

त्वं सर्वलोकस्य सुहृत्प्रियेश्वरो ह्यात्मा गुरुर्ज्ञानममीष्टसिद्धिः ।
तथापि लोको न भवन्तमन्धधीर्जानाति सन्तं हृदि बद्धकामः ॥ ५२ ॥

અંતમાં હે ઈશ ! હવે જ્ઞાન મેળવવા માટે જ વરવા યોગ્ય દેવવર, પરમેશ્વર આપ ભગવાનને શરણે આવ્યો છું તો હવે આપ જ પરમ પદાર્થ છો તો આપનું જ્ઞાન કરાવનારા વચનોથી કામલોભાદિ હૃદયની ગ્રંથીઓને ખોલી નાખો, છેદી નાખો અને સ્વરૂપનાં દાન કરો. (૫૩)

त्वं त्वामहं देववरं वरेण्यं प्रपद्य ईशं प्रतिबोधनाय ।
छिन्ध्यर्थदीपैर्मगवन्वचोर्मिग्रन्थीन् हृदच्यान्विवृणु स्वमोकः ॥ ५३ ॥

મત્સ્યપુરાણનાં દાન

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! આ પ્રમાણે સ્તુતિ કરતા રાજા સત્યવ્રતને ભગવાન આદિપુરુષે પોતાના મત્સ્ય સ્વરૂપથી જ સમુદ્રમાં વિહાર કરતાં તત્ત્વજ્ઞાનનાં દાન કર્યાં હતા. તેમ જ સાંખ્ય, યોગ તથા કર્મકાંડનું નિરૂપણ અને સમાવેશ કરતી દિવ્ય પુરાણ સંહિતા અને સંપૂર્ણ આત્મરહસ્ય રાજર્ષિ સત્યવ્રતને કહ્યું હતું. (૫૪-૫૫) સત્યવ્રત રાજાએ પણ નૌકામાં બેંઠા બેંઠા ભગવાને કરેલા સનાતન બ્રહ્મરૂપ અને સંશયવિનાના આત્મતત્ત્વને ઋષિવરોની સાથે સાંભળ્યું હતું. (૫૬) રાજન્ ! મત્સ્યમૂર્તિ શ્રીહરિએ ગયા પ્રલયના અંતે હયગ્રીવ અસુરનો નાશ કરી નિદ્રામાંથી જાગૃત થયેલા બ્રહ્માને વેદો પાછા લાવી આપ્યા હતા. (૫૭) રાજન્ પરીક્ષિત ! શ્રી વિષ્ણુ ભગવાનની કૃપાથી જ્ઞાનવિજ્ઞાન સમ્પન્ન બનેલા સત્યવ્રત રાજા આ કલ્પમાં વૈવસ્વત નામે મનુ થયા છે. (૫૮) રાજન્ ! રાજર્ષિ શ્રી સત્યવ્રતજીનું અને કપટલીલાથી મત્સ્ય બનેલા શ્રીવિષ્ણુ ભગવાનના સંવાદસ્વરૂપ આ મંગલ આખ્યાનને સાંભળનાર માનવ સર્વ પાપથી મુક્ત થાય છે. (૫૯) જે મનુષ્ય નિત્ય શ્રી હરિના આ મત્સ્યાવતારની લીલાચરિત્રનું કીર્તન કરે છે તેના સર્વ સંકલ્પો સિદ્ધ થાય છે અને કાયા છૂટતાં તે પરમ પદને પામે છે. (૬૦) પ્રલયકાળના જલમાં શક્તિઓ નિદ્રા પામતાં પોઢેલા બ્રહ્માજીના શ્રીમુખમાંથી બહાર પ્રકટેલા વેદોને લઈ જનાર હયશીર્ષ દૈત્યનો નાશ કરી જે ભગવાને શ્રી બ્રહ્માજીને વેદો પાછા લાવી આપ્યા હતા અને સત્યવ્રતરાજાને તથા સપ્તર્ષિઓને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કર્યો હતો તે સમગ્ર જગતના કારણ અને માયાથી મત્સ્ય બનેલા ભગવાનને હું નમસ્કાર કરું છું શ્રી ગોવર્ધન નાથનો જય; શ્રી મત્સ્ય નારાયણ ભગવાનનો જય. (૬૧)

प्रलयपयसि धातु- सुप्तशक्तेर्मुखेम्यः श्रुतिगणमपनीतं प्रत्युपादत्त हत्वा ।
दितिजमकथयद्यो ब्रह्म सत्यव्रतानां तमहमखिलहेतुं जिह्ममीनं नतोऽस्मि ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના અષ્ટમ સ્કંધનો મત્સ્ય ભગવાનની લીલાનું વર્ણન કરતો અધ્યાય ૨૪મો સમાપ્ત.

શ્રી હરિઃ

શ્રીમદ્ ભાગવતપીયૂષ

સ્કંધ નવમો : અધ્યાય ૨૪

ઈશાનુકથા શ્રીનાથજીનો વામ સ્તન

શ્રી શુકાચાર્યજી નવમ સ્કંધનો પ્રારંભ કરે છે. નવમ સ્કંધ શ્રીકૃષ્ણ ભગવાનનો વામ સ્તન છે. ૨૪ અધ્યાયનો અષ્ટમ સ્કંધ ભગવાનનો દક્ષિણ સ્તન છે. આ નવમ સ્કંધના પણ ૨૪ અધ્યાય છે. શ્રી અષ્ટમ સ્કંધમાં ભરેલાં ધર્મ-અમૃતનાં પાન કરવાથી સર્વ વાસનાઓ નાશ પામે છે ત્યારે શુદ્ધ હૃદય થતાં શ્રીકૃષ્ણ ભગવાનમાં વાસના થાય છે, ત્યાર બાદ ભક્તિ મળે છે. આ ઉત્તમ ભક્તિનું નિરૂપણ નવમા સ્કંધમાં આપેલું છે. આ નવમ સ્કંધનું ''ઈશાનુકથા'' એવું નામ વ્યાસજીએ બીજા સ્કંધમાં આપ્યું છે. ઈશ અને અનુકથા આવા બે શબ્દો ભેગા થઈ ઈશાનુકથા એવો આખો શબ્દ બન્યો છે. ઈશ એટલે શ્રીરામ-શ્રીપરશુરામ અને શ્રીઘનશ્યામ, અનુ એટલે એ ત્રણેના અનુયાયી ભક્તોની કથા એનું નામ ઈશાનુકથા. આથી ઈશાનુકથાનો સ્પષ્ટ અર્થ થયો : શ્રીહરિ અને હરિભક્તોની કથા એટલે ઈશાનુકથા. આનો ભાવ એ છે કે ભગવાનની અને ભક્તોની કથા દુઃખો દૂર કરશે અને સુખ આપશે. સત્ત્વગુણ-રજોગુણ-તમોગુણના નવ ભેદો થાય છે તેમાં ગુણોનું દુઃખ નવ પ્રકારનું થયું. તે દુઃખ નવ પ્રકારના ભક્તોના ચરિત્રના શ્રવણથી દૂર થાય છે. આ નવ પ્રકારના ભક્તોના ચરિત્રના નવ અધ્યાયો થયા. હવે જ્ઞાનથી દુઃખને દૂર કરનારા એક પ્રકારના ભક્તો છે. તેથી ૯+૧ મળીને ૧૦ થયા. ભગવાનનાં જ્ઞાન -કર્મ-ભક્તિવાળાં ત્રણ પ્રકારનાં ચરિત્રો દુઃખને દૂર કરે છે માટે દુઃખ દૂર કરનારા ૧૦+૩ મળીને કુલ ૧૩ થયા.

હવે સુખ આપનારી ઈન્દ્રિયો દશ હોવાથી ભગવાનનું સુખ આપનાર સેવકો ૧૦ પ્રકારના છે અને ભગવાન સુખ આપનારા ૧૧મા છે. આ રીતે દુઃખ દૂર કરનારા ૧૩ અને સુખ આપનારા ૧૧ મળી કુલ ૨૪ થયા માટે આ સ્કંધના ૨૪ અધ્યાયો છે. આ ચોવીસ અધ્યાયોમાં સૂર્ય અને સોમવંશમાં પ્રકટેલા ભગવાન અને ભગવદીયોની કથા આવી છે. સૂર્યવંશના શ્રી રામચન્દ્રજી અને સોમવંશમાં શ્રી પરશુરામ અને મેઘશ્યામજીની કથા અને તેમના સેવકોની કથા આવે છે.

અધ્યાય ૧ લો

[આ અધ્યાયમાં ૪૨ શ્લોકો છે. સુદ્યુમ્નની રસભરી કથા : સૂર્ય અને સોમ વંશ બન્નેની ઉત્પત્તિની કથા આ અધ્યાયમાં આવશે.]

પરીક્ષિત રાજાનો પ્રશ્ન

राजोवाच - मन्वन्तराणि सर्वाणि त्वयोक्तानि श्रुतानि मे । वीर्याण्यनन्तवीर्यस्य हरेस्तत्र कृतानि च ॥ १ ॥

પરીક્ષિત રાજાએ કહ્યું કે ભગવન્ ! આપે અષ્ટમ સ્કંધમાં સર્વ મન્વન્તરો અને તે મન્વન્તરોમાં અનંત પરાક્રમી શ્રીહરિએ કરેલાં પરાક્રમો કહ્યાં તે મે સાંભળ્યા. (૧) દ્રવિડ દેશના રાજર્ષિ સત્યવ્રતજીએ ગયા કલ્પના અંતે ભગવાનની સેવાથી જ્ઞાન મેળવ્યુંહતું. તે સત્યવ્રત રાજા આ કલ્પમાં સૂર્યના પુત્ર થઈ વૈવસ્વત નામના મનુ થયા. એ પણ આપની પાસેથી મેં સાંભળ્યું. (૨,૩) હવે હે બ્રહ્મન્ ! વૈવસ્વત મનુના ઈક્ષ્વાકુ વગેરે પુત્રો રાજાઓ થયા. તેઓના વંશ તથા તેમનાં ચરિત્રો આપ અમને કહો. હે મહાભાગ ! અમને તે ચરિત્રોને નિત્ય સાંભળવાની ઈચ્છા છે. (૪) જે રાજાઓ થઈ ગયા હશે અને વર્તમાન કાળમાં હયાત છે તે સર્વ પવિત્ર કીર્તિવાળા રાજાઓનાં પરાક્રમો આપ અમને કહો. (૫) શ્રી સૂત મહર્ષિએ કહ્યું કે પરીક્ષિત રાજાએ બ્રહ્મવાદીઓની સભામાં જ્યારે આવો પ્રશ્ન કર્યો ત્યારે ઉત્તમ ધર્મવેત્તા ભગવાન શ્રીશુકદેવજી બોલ્યા. (૬)

મનુવંશ ગાથા અને ઈલા-સુદ્યુમ્ન ગાથા

શ્રી શુકદેવજીએ કહ્યું કે પરંતપ રાજા ! મનુરાજાના વંશને અલ્પ અંશમાં કહું છું તે તમે સાંભળો; કારણ કે સેંકડો વર્ષે પણ મનુના વંશનું વિસ્તારથી વર્ણન કરી શકાય તેમ નથી. (૭) કલ્પના અંતે આ જગત નાનાં-મોટાં સર્વ પ્રાણીઓના

---

x સૂર્યવંશ અને સોમવંશની વંશાવળી આ પહેલાં આપી છે.

આત્મા પરમપુરુષ પરમાત્મારૂપ જ હતું, તે વિના બીજું કંઈ ન હતું. (૮) મહારાજ પરીક્ષિત ! ભગવાનના નાભિ પ્રદેશમાંથી સુવર્ણમય કમળનો દડો થયો. તે કમલના કોશમાં ચતુર્મુખ સ્વયંભૂ બ્રહ્મા ઉત્પન્ન થયા. (૯) બ્રહ્માજીના મનમાંથી મરીચિ ઋષિ ઉત્પન્ન થયા અને મરીચિથી કશ્યપ ઋષિ થયા. ત્યારબાદ કશ્યપનાં પત્ની દક્ષપુત્રી અદિતિમાં વિવસ્વાન નામના પુત્ર થયા. હે ભારત ! વિવસ્વાન મનુની સંજ્ઞા નામની પત્નીમાં શ્રાદ્ધદેવ મનુ પુત્ર થયા. ત્યાર બાદ આત્મવેત્તા શ્રાદ્ધદેવ મનુએ શ્રદ્ધા નામની પત્નીમાં ઈક્ષ્વાકુ, નૃગ, શર્યાતિ, દિષ્ટ, ધૃષ્ટ, કરૂષક, નરિષ્યંત, પૃષધ્ર, નભગ તથા કવિ નામના દશ પુત્રોને જન્મ આપ્યો. (૧૦-૧૨) રાજન્ પ્રથમ શ્રાદ્ધદેવ મનુને કાંઈ પણ સંતાન ન હતું તેથી સમર્થ ભગવાન વસિષ્ઠે રાજાને પુત્રપ્રાપ્તિ થાય માટે મિત્રાવરુણદેવનો પુત્રેષ્ટિ નામનો યજ્ઞ કરાવ્યો ત્યારે પુત્રેષ્ટિ યજ્ઞ સમયે કેવલ દૂધનો જ આહાર કરતી મનુની પત્ની શ્રદ્ધાએ હોતા પાસે આવી પ્રણામપૂર્વક પુત્રી માટે યાચના કરી હતી. (૧૩,૧૪)

હોતાએ કરેલો મંત્રસંકલ્પમાં ફેરફાર

ત્યાર પછી અધ્વર્યું મહારાજે હોમ કરવા માટે હોતાને મોકલ્યા ત્યારે હોતાએ હુતદ્રવ્ય હાથમાં લઈ શ્રદ્ધારાણીની ઈચ્છાનુસાર 'વષટ્' એમ કહેતાં હોમકર્મમાં ફેરફાર કર્યો હતો. (૧૫) આ પ્રમાણે હોમકર્મમાં હોતાએ કરેલા મંત્રના ફેરફારથી પોતાને ત્યાં ઉત્પન્ન થયેલ કન્યાને જોઈ અપ્રસન્ન મનથી મનુરાજા ગુરુ વસિષ્ઠને કહેવા લાગ્યા. (૧૬) રાજા બોલ્યા, હે ભગવાન ! આમ કેમ બન્યું ? આ તો આશ્ચર્ય મનાય. આપના જેવા બ્રહ્મવાદીઓના કર્મમાં પણ આટલો બધો કર્મના ફળમાં ફેરફાર! ખેદની વાત છે. મહારાજ, વૈદિક કર્મનું આવું વિપરીત ફળ તો કદી ન થવું જોઈએ. (૧૭) આપ તો મંત્રવેત્તા યોગી છો. વળી તપશ્ચર્યાથી આપે પાપોને ભસ્મ કરી નાંખ્યાં છે. ભગવન્ ! દેવોમાં કદી અસત્ય સંભવતું નથી. તેમ આપનામાં સંકલ્પથી ભિન્ન ફૂળની સંભાવના ન જ હોય! (૧૮) રાજાનાં વચન સાંભળી ભગવાન વસિષ્ઠ હોતાએ સંકલ્પમાં કરેલા ફેરફારને જાણીને રવિનન્દન રાજા મનુને કહેવા લાગ્યા. (૧૯) યજ્ઞમાં હોતાનું કાર્ય કરનાર ઋત્વિજથી મંત્રમાં, સંકલ્પમાં આવી વિષમતા થઈ છે છતાં હું પોતાના તેજથી તમને સુપ્રજ એટલે પુત્રવાન બનાવીશ. (૨૦) રાજન્ ! આવો નિશ્ચય કરી મહાયશસ્વી ભગવાન વસિષ્ઠે ઈલાને પુરુષ બનાવવાની ઈચ્છાથી આદિપુરુષ ભગવાનની સ્તુતિ કરી કે તરત જ પ્રસન્ન થયેલા ભગવાન હરિએ તેમને ઈચ્છિત વરદાન આપ્યું, જેથી તે ઈલાકુમારી 'સુદ્યુમ્નકુમાર' નામે ઉત્તમ પુરુષ થઈ ગઈ. (૨૧,૨૨)

રાજન્, હવે એક દિવસ તે સુદ્યુમ્નકુમાર કેટલાક પ્રધાનો સાથે સિંધુદેશના અશ્વ ઉપર સવાર થઈ વનમાં શિકારે ગયા. ત્યાં સુંદર ધનુષ્ય અને પરમ અદ્ભુત બાણો લઈ તે કવચધારી વીરકુમાર ઉત્તર દિશામાં ગયા. (૨૩) અને જ્યાં ભગવાન શંકર પાર્વતી સાથે ક્રીડા કરે છે ત્યાં મેરુની નીચે આવેલા એક વનમાં પ્રવેશ કર્યો. શત્રુવીરોનો નાશ કરનાર એ સુદ્યુમ્નકુમાર ને વનમાં જેવા પ્રવેશ્યા કે તરત જ તેમણે પોતાને સ્ત્રી થયેલા અને ઘોડાને ઘોડી બનેલા જોયા. (૨૪,૨૫) વળી તેમની પાછળ ગયેલા સર્વ સેવકો પણ પોતાના શરીરમાં ફેરફાર થયેલા જોઈ મનમાં અત્યંત ખેદ પામ્યા. અને એકબીજાના મુખ સામે જોઈ રહ્યા. (૨૬,૨૭)

પરીક્ષિત રાજાએ પૂછ્યું : હે ભગવન્ ! આ પ્રદેશ આવા ગુણોવાળો કેમ થયો ? કોણે તે પ્રદેશને આવો કર્યો હતો ? આ પ્રશ્નોનો આપ કૃપા કરી ઉત્તર આપો, કારણ કે આ વિષયમાં અમને ઘણું જ આશ્ચર્ય થાય છે. (૨૮)

અંબિકાવન-ગાથા

શ્રી શુકદેવજીએ કહ્યું કે એક સમયે શ્રેષ્ઠ વ્રતી તેજોમય ઋષિઓ દિશાઓને અંધકારરહિત અને બીજા પદાર્થોને પ્રકાશિત કરતા મહાદેવજીનાં દર્શન કરવા તે વનમાં ગયા. (૨૯) આ વખતે શિવજીની ગોદમાં બિરાજેલા અવસ્ત્રા શ્રી અંબિકાદેવીએ વનમાં આવેલા ઋષિઓને જોઈ અત્યંત શરમાઈને પતિના ખોળામાંથી એકદમ ઊઠી વસ્ત્ર પહેરી લીધુ. (૩૦) આ વખતે ઋષિઓ પણ તે શંકર-પાર્વતીના રમણકાળને જાણી ત્યાંથી પાછા ફર્યા અને નારાયણના આશ્રમમાં ગયા. (૩૧) પછી ભગવાન શંકરે પત્ની ને મનગમતું કરવાની ઈચ્છાથી આ પ્રમાણે કહ્યું : “જે કોઈ પુરુષ આ વનમાં

પ્રવેશ કરશે તે સ્ત્રી થશે.'' ત્યારથી લઈ પુરુષો તે વનમાં જતાં નથી. રાજન્, સ્ત્રી બનેલ સુદ્યુમ્ન પોતાના સેવક-સ્ત્રીઓ સાથે વનેવન ફરવા લાગ્યા. (૩૨,૩૩) આમ કરતાં બુધના આશ્રમની પાસે આવી પહોંચ્યા. સ્ત્રીઓથી વીંટાઈયેલી ઉત્તમ સ્ત્રીને જોઈ ભગવાન બુધે એને પત્ની કરવાની કામના કરી. જ્યારે સુંદર ભ્રૂકુટિવાળી ઈલાએ પણ ચન્દ્ર રાજાના પુત્ર બુધને પતિ બનાવવાની ઈચ્છા કરી તેથી બુધે ઈલા સ્ત્રીમાં પુરુરવા નામના પુત્રને ઉત્પન્ન કર્યા. (૩૪,૩૫) આ રીતે મનુના પુત્ર સુદ્યુમ્ન રાજા સ્ત્રીપણાને પામ્યા હતા. પરંતુ સ્ત્રીયોનિમાંથી મુક્ત થવા પોતાના કુલાચાર્ય વસિષ્ઠ ઋષિને યાદ કર્યા હતા એમ સાંભળ્યું છે. (૩૬) વસિષ્ઠ ઋષિ સુદ્યુમ્નની આ દશા જોઈ દયાથી અત્યંત દુ:ખી થયા. તેમણે એને પુરુષપણું પ્રાપ્ત થાય એવી ઈચ્છાથી શંકર ભગવાની સ્તુતિ કરી. (૩૭) રાજન્ ! ભગવાન શંકરે વસિષ્ઠ ઉપર પ્રસન્ન થઈ તેમનું પ્રિય કરવા અને પોતાની વાણીને પણ સત્ય કરવા આ પ્રમાણે કહ્યું, ''તમે પુત્ર તરીકે સ્વીકારેલો આ સુદ્યુમ્ન એક મહિનો પુરુષ અને એક મહિનો સ્ત્રી રહેશે આવી વ્યવસ્થાથી ભલે તે પૃથ્વીનું પાલન કરે.'' એમ કુલાચાર્યની કૃપાથી એવી વ્યવસ્થાથી પુરુષપણું પામી તે પૃથ્વીનું પાલન કરવા લાગ્યા પરંતુ પ્રજાએ સુદ્યુમ્નને પસંદ કર્યા ન હતા. (૩૯,૪૦) હે રાજન્, તે સુદ્યુમ્નને ઉત્કલ, ગય તથા વિમલ નામના ત્રણ પુત્રો થયા હતા. તેઓ દક્ષિણ દેશના રાજાઓ હતા. અને ધર્મ ઉપર પ્રેમવાળા હતા. (૪૧) પછી કેટલાંક કાળ વીતતાં પ્રતિષ્ઠાનપુરના સમર્થ રાજા સુદ્યુમ્ન પુરૂરવાને પૃથ્વી સોંપી વનમાં ચાલ્યા ગયા. (૪૨)

ततः परिणते काले प्रतिष्ठानपतिः प्रभुः । पुररवस उत्सृज्य गां पुत्राय गतो वनम् ॥ ४२ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સકંધનો અધ્યાય ૧લો સમાપ્ત.

અધ્યાય ૨ જો

[આ અધ્યાયમાં ૩૬ શ્લોકો છે.સુદ્યુમ્ન ભગવાનની વિભૂતિ હતા. સુદ્યુમ્ન દ્વારા જ સૂર્યવંશ અને સોમવંશ ચાલુ થયો. આ અધ્યાયમાં શ્રાદ્ધદેવ મનુનું તપ અને પુત્રપ્રાપ્તિની કથા આવશે. મનુ રાજાના છ પુત્રોની કથા પણ આ અધ્યાયમાં આવશે.]

યમુનાતીરે શ્રીકૃષ્ણોપાસના

श्रीशुक उवाच-एवं गतेऽथ सुद्युम्ने मनुर्वैवस्वतः सुते । पुत्रकामस्तपस्तेपे यमुनायां शतं समाः ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે પોતાનો પુત્ર સુદ્યુમ્ન વનમાં ચાલ્યો ગયો ત્યારે વૈવસ્વત મનુએ પુત્રની ઈચ્છાથી સો વર્ષ સુધી યમુનાકિનારે તપ કર્યું હતું. (૧) ત્યાં મનુએ પોતાને ત્યાં પુત્રો ધાય માટે શ્રી પ્રભુ શ્રીહરિનું યજન કર્યું. જેથી મનુરાજાને પોતાના જેવા તેજસ્વી ઈક્ષ્વાકુ વગેરે દશ પુત્રો થયા. (૨)

આઠમા પુત્ર પૃષધ્રની કથા

વૈવસ્વત મનુના પૃષધ્ર નામના આઠમા પુત્ર હતા. ગુરુ વસિષ્ઠે પૃષધ્રને ગાયોના રક્ષક બનાવ્યા હતા. તેથી રાત્રે સાવધાન રહી ખડગ લઈ ઊભા રહી વીરાસન-વ્રતી પૃષધ્રજી ગાયોનું રક્ષણ કરતા હતા. (૩) એક દિવસે રાત્રે વરસાદ વરસતો હતો ત્યારે કોઈ વાઘ ગૌશાળામાં પેઠો એટલે ત્યાં નિદ્રાવશ હતી તે ગાયો ઊઠીને ભયભીત થઈને ગૌશાળામાં આમતેમ ભાગવા લાગી. (૪) ત્યાં તો લાગ ઝડપી લઈ બળવાન વાઘે એક ગાયને જેવી પકડી કે તરત જ તે ભયથી આંતુર થઈ બરાડા પાડવા લાગી, ત્યારે ગાયનું બરાડવું સાંભળી પૃષધ્ર તે તરફ ધસી ગયા. (૫) રાજન્, રાત્રી હતી. અંધારપટ છવાયો હતો, નક્ષત્રો પણ દેખાતાં ન હતાં. આવી ઘોર રાત્રીમાં ગોરક્ષા માટે ખડ્ગ લઈ દોડતા પૃષધ્રે અજાણતાં વાઘની શંકાથી કપિલા ગાયનું મસ્તક ઉડાવી દીધું. (૬) તે સાથે તલવારની તીક્ષ્ણ ધાર લાગતાં કપાયેલા કાનવાળો વાઘ પણ લોહી દદડતો ત્યાંથી નાસી ગયો. (૭) વીર, શત્રુનો નાશ કરનાર પૃષધ્રે માન્યું કે વાઘ મરાયો છે પરંતુ પ્રાતઃકાળ થતાં તેણે જોયું તો પોતે કપિલા ગાય મારી હતી ત્યારે તે દુઃખી થયો . પ્રમાદથી ગોવધ કરનાર પૃષધ્રને કુલાચાર્ય વસિષ્ઠે શાપ આપ્યો કે 'નામ માત્રનો ક્ષત્રિય કહેવાતો પરંતુ કર્મથી શૂદ્ર થયો તેથી તું શૂદ્ર થઈ જઈશ.' ગુરુએ આવો શાપ આપ્યો ત્યારે વીર પૃષધ્રે બે હાથ જોડી શાપને સ્વીકાર્યો અને અખંડ બ્રહ્મચર્યવ્રત ધારણ કરી ઊર્ધ્વરેતા બની મુનિઓનું પ્રિય વ્રત ધારણ કર્યું, ઈન્દ્રિયોને વશ કરી, પરિગ્રહ છોડ્યો, ભગવદિચ્છાથી જે મળે તેથી જીવનનિર્વાહ કરવા

માંડ્યા. ભગવાનમાં મન પરોવી જ્ઞાનતૃપ્ત બની, સાવધાન થઈ જડ, અંધ અને બધિર જેવા બની પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા. આ રીતે વિચરતા પૃષધ્ર મુનિ, વનમાં ગયા ત્યાં સળગી ઊઠેલા દાવાનળને જોયો તેમાં પ્રવેશ કરી દેહ બાળી નાખી પૃષધ્રમુનિ પરબ્રહ્મને પામ્યા. (૮-૧૪)

દસમા પુત્ર કવિ

રાજન્, મનુરાજાના સૌથી નાના પુત્રનુ નામ કવિ હતું. કવિએ પણ કિશોર વયમાં જ વિષયોથી પર થઈ નિઃસ્પૃહ બની બંધુઓ સહિત રાજ્યનો ત્યાગ કરી વનમાં પ્રવેશ કર્યો હતો અને ત્યાં સ્વયંપ્રકાશ પરમાત્માને ચિત્તમાં સ્થાપી પરમપદ પામ્યા હતા. (૧૫)

છઠ્ઠા પુત્ર કરૂષક

રાજન્, મનુ રાજાના છઠ્ઠા કરૂષ નામના પુત્રથી ક્ષત્રિયો થયા હતાં. તેઓ ઉત્તર દેશનું પાલન કરનારા, બ્રાહ્મણોના ભક્ત અને ધર્માનુરાગી હતા. (૧૬)

મનુરાજાના પાંચમા પુત્ર ધૃષ્ટ

મનુરાજાના પાંચમા પુત્રનું નામ 'ધૃષ્ટ' હતું. તેમનાથી ધાર્ષ્ટ નામના ક્ષત્રિયો થયા હતા પરંતુ તેઓ પૃથ્વી ઉપર બ્રહ્મજ્ઞાની થયા. (૧૭)

બીજા પુત્ર નૃગ રાજા

મનુરાજાના બીજા પુત્રનું નામ નૃગ હતું. આ નૃગના વસુ-વસુના પ્રતીક-પ્રતીકના ઓઘવાન અને ઓઘવાનના ઓઘવાન નામના પુત્ર અને ઓઘવતી નામે કન્યા હતી. ઓઘવતી સુદર્શનને પરણ્યાં હતાં. (૧૮)

સાતમા પુત્ર નરિષ્યન્ત

રાજા ! મનુના સાતમા નરિશ્યન્ત નામના પુત્રથી ચિત્રસેન નામના પુત્ર થયા હતા. ચિત્રસેનના ઋક્ષ અને ઋક્ષના મીઢ્વાન,મીઢ્વાનના કૂર્ચ, કૂર્ચના ઈન્દ્રસેન, ઈન્દ્રસેનના વીતિહોત્ર, વીતિહોત્રના સત્યશ્રવા,સત્યશ્રવાના ઉરુશ્રવા, ઉરુશ્રવાના દેવદત્ત અને દેવદત્તના અગ્નિવેશ્ય નામના પુત્ર થયા. આ અગ્નિવેશ્ય સાક્ષાત્ અગ્નિ ભગવાનના જ પુત્ર થઈ આવ્યા હતા. આ અગ્નિવેશ્ય કન્યાથી જન્મેલા હોઈ તેમનું નામ 'કાનીન' રાખવામાં આવ્યું હતુ. આ કાનીન અગ્નિવેશ્ય મહારાજ મહર્ષિ જાતુકર્ણ્ય નામથી પ્રસિદ્ધ થયા. (૧૯-૨૧) આ અગ્નિવેશ્યથી જ 'અગ્નિવેશ્યાયન' નામનું બ્રાહ્મણ કુળ થયું છે. આ રીતે મેં આપને નરિષ્યન્ત રાજાનો વંશ વર્ણવ્યો છે. હવે મનુના પુત્ર દિષ્ટનો વંશ વર્ણવીશ તે સાંભળો. (૨૨)

મનુરાજાના ચોથા પુત્ર દિષ્ટ

મનુના ચોથા પુત્ર દિષ્ટ થયા. દિષ્ટને ત્યાં નાભાગ પુત્ર થયા. રાજન્, આ નાભાગ પછી બીજા નાભાગની કથા આવશે. તે નાભાગ આ નાભાગથી જુદા છે એમ સમજવું. તે નાભાગ તો પોતનાં કર્મને લીધે વૈશ્ય થયા હતા. નાભાગના ભલન્દન નામના પુત્ર હતા. ભલન્દનથી વત્સપ્રીતિ થયા. વત્સપ્રીતિના પ્રાંશુ નામના પુત્ર થયા. પ્રાંશુના પ્રમતિ થયા. પ્રમતિના ખનિત્ર થયા, ખનિત્રના ચાક્ષુષ પુત્ર થયા. ચાક્ષુષના વિવિંશતિ પુત્ર થયા. વિવિંશતિના રંભ પુત્ર થયા. રંભના ખનિનેત્ર નામના પુત્ર થયા. તે ઘણા ધાર્મિક હતા. તેમજ હે મહારાજ, આ ધાર્મિક ખનિનેત્રના કરંધમ નામના પુત્ર થયા હતા. (૨૩-૨૫) કરંધમના આવીક્ષિત નામના પુત્ર થયા અને આ આવીક્ષિત રાજાના ચક્રવર્તી મરુત્ત પુત્ર થયા હતા. ચક્રવર્તી મરુત્તને અંગિરા ઋષિના મહાયોગી પુત્ર શ્રીસંવર્ત મુનિએ યજ્ઞ કરાવ્યોં હતો. (૨૬) શ્રી મરુત્તરાજાનો જેવો યજ્ઞ થયોં હતો તેવો બીજા કોઈનો યજ્ઞ થયો નથી. મરુત્તના યજ્ઞમાં જે વસ્તુ હતી તે સર્વ સુવર્ણની અને સુંદર હતી. રાજા મરુત્તજીના યજ્ઞમાં ઈન્દ્રરાજા સોમરસ પાનથી મદમસ્ત થયા અને બ્રાહ્મણો દક્ષિણાઓથી પ્રસન્ન થયા હતા. મરુત્તના યજ્ઞમાં આવેલા અતિથિઓને વાયુઓ ભોજન પીરસતા હતાં અને વિશ્વેદેવો સભાસદો હતા. ૨૭,૨૮ શ્રી મરુત્ત રાજાના દમ નામના પુત્ર થયા હતા. દમના રાજ્યવર્ધન પુત્ર થયા. રાજ્યવર્ધનના સુધૃતિ પુત્ર થયા. સુધૃતિ

ના નર પુત્ર થયા. નરના કેવલ પુત્ર થયા. કેવલના બંધુમાન પુત્ર થયા. બંધુમાનના વેગવાનના પુત્ર થયા. વેગવાનના બંધુ નામના પુત્ર થયા અને બંધુના રાજા તૃણબિંદુ નામના પુત્ર હતા. (૨૯,૩૦) આ તૃણબિન્દુ રાજાએ ઘણા પુત્રો અને ઈડવિડા નામની કન્યાને જન્મ આપ્યો. (૩૧) વિશ્રવા નામના ઋષિએ યોગેશ્વર પિતા પુલસ્ત્યજી પાસેથી ઉત્તમ વિદ્યા મેળવીને તે ઈડવિડમાં કુબેર નામના પુત્રને ઉત્પન્ન કર્યા હતા. (૩૨) તૃણબિન્દુના પુત્રોનાં નામ વિશાલ, શૂન્યબંધ તથા ધૂમકેતુ હતા. તેઓમાં વિશાલ વંશને વધારનારો હોઈ તે રાજાએ વૈશાલી નગરી વસાવી હતી. (૩૩) તેને હેમચંન્દ્ર નામના પુત્ર થયા હતા. હેમચન્દ્રના ધૂમ્રાક્ષ પુત્ર થયા. ધૂમ્રાક્ષના સંયમ નામે પુત્ર હતા અને સંયમના કૃતાશ્વ તથા દેવજ નામના બે પુત્રો થયા હતા. (૩૪) તેમાંના કૃતાશ્વથી સોમદત્ત પુત્ર થયા હતા. આ સોમદત્તે અશ્વમેઘ યજ્ઞોથી પરમાત્માનું યજન કરી ઉત્તમ ગતિ મેળવી હતી અને સમર્થ યોગીઓ સોમદત્તનો આશ્રય કરતા હતા. (૩૫) આ સોમદત્તના સુમતિ પુત્ર થયા અને તેના જન્મેજય પુત્ર થયા હતા. આ બધા રાજાઓ વિશાલના વંશમા થયા હતા અને તેઓ તૃણબિન્દુના યશને વધારનારા હતા. (૩૬)

सौमदत्तिस्तु सुमतिस्तत्सुतो जनमेजयः । ऐते वैशालभूपालास्तृणबिन्दोर्यशोधराः ॥ ३६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનોનવમા સ્કંધનો અધ્યાય ૨ જો સમાપ્ત

અધ્યાય ૩ જો

[આ ત્રીજા અધ્યાયમાં ૩૬ શ્લોકો છે. આમાં મનુરાજાના ત્રીજા પુત્ર શર્યાતિ રાજાની કથા છે. રાજા શર્યાતિ ખૂબ જ સાત્ત્વિક પુરુષ હતા અને ભક્ત હતા. તેમને સુકન્યા નામે પુત્રી હતી. સુકન્યા ચ્યવનની પત્ની બને છે. આ કથાપ્રસંગ રૈવતની કથામા આવશે.]

श्रीशुक उवाच –शर्यातिर्मानवो राजा ब्रह्मिष्ठः स बभूव ह । यो वा अङ्गिरसां सत्रे द्वितीयमह ऊचिवान् ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે મનુના પુત્ર શર્યાતિરાજા બ્રહ્મનિષ્ઠ હતા. વળી વેદરહસ્ય જાણતા હતા. રાજા શર્યાતિએ અંગિરસ મુનિઓના યજ્ઞમાં બીજા દિવસે થતા કર્મને કેવી રીતે કરવું તે બતાવ્યું હતું. (૧)

મનુના ત્રીજા પુત્ર શર્યાતિ રાજા અને કુલીન કન્યા સુકન્યાનું ચરિત્ર

રાજા શર્યાતિજીની કમલનયના શ્રી સુકન્યા નામની કન્યા હતી. રાજન્, શર્યાતિ રાજા એક દિવસે પોતાની સુકન્યા નામની પુત્રી સાથે ચ્યવન ઋષિના આશ્રમમાં ગયા. ત્યાં રાત્રિ રહ્યા હતા. (૨) રાજકુમારી સુકન્યા સખીઓથી વીંટાઈને વનમાં વૃક્ષના રોપા શોધી રહી હતી. આશ્રમમાં ફરતાં, સુકન્યાએ એક રાફડાના છિદ્રોમાં પતંગિયાની માફક ચળકતા બે તેજસ્વી પદાર્થો જોયા. (૩) રાજન્, દૈવપ્રેરિત રાજકન્યા સુકન્યાએ નિર્દોષ ભાવે એ બન્ને તેજસ્વી પદાર્થોને પતંગિયાં માની કાંટાથી વીંધી નાખ્યાં ત્યારે તેમાંથી પુષ્કળ રુધિર વહેવા માંડ્યું. (૪) બીજી બાજુ તેજ સમયે સૈનિકોનાં મળમૂત્ર બંધ થઈ ગયાં. તેથી રાજર્ષિ શર્યાતિ તે મળમૂત્રનું રોકાવું જાણી આશ્ચર્ય પામ્યા. અને રાજાએ પોતાના સર્વ પુરુષોને પૂછ્યું કે ભાઈઓ ! આપણામાંથી કોઈએ ચ્યવનઋષિનો કંઈ અપરાધતો નથી કર્યોને? જરૂર આપણામાંના કોઈએ પણ તેમના આશ્રમમાં કંઈ અપરાધ કર્યો હોવો જોઈએ. (૫,૬) આ વાત સાંભળી કુલીન કન્યા શ્રી સુકન્યાએ ભયભીત થઈ કહ્યું કે પિતાજી! મેં આવું કંઈક કર્યું છે. મેં અજાણતાં બે તેજસ્વી પદાર્થોને કાંટાથી વીંધી નાખ્યા છે. (૭) દીકરીના આ વચન સાંભળી શર્યાતિ રાજા ભયભીત થયા. રાજાએ રાફડાની અંદર રહેલા ચ્યવનમુનિને બહાર કઢી સ્તુતિ-સેવા કરી ધીમેધીમે પ્રસન્ન કર્યા અને મુનિનો અભિપ્રાય જાણી તેમની સાથે પોતાની પુત્રી સુકન્યા પરણાવી. પછી તે મળમૂત્ર બંધ થવારૂપી દુ:ખમાંથી છૂટ્યા અને સાવધ થઈ મુનિની આજ્ઞા લઈ નગરમાં પાછા ફર્યા. (૮,૯)

સુકન્યાનું દિવ્ય તપ અને પાતિવ્રત્ય

પિતાજીના પધારી ગયા બાદ કુલીન કન્યા સુકન્યાએ મહાક્રોધી ચ્યવનઋષિને પતિ તરીકે વર્યા બાદ મુનિની રગ જાણીને સાવધાનીથી સેવા કરી તેમને પ્રસન્ન કરવા લાગી. (૧૦) આ રીતે પતિની સેવા કરતાં રાજકુમારીનો કેટલોક સમય ચાલ્યો ગયો. એક વખત બન્ને અશ્વિનીકુમારો ચ્યવનઋષિના આશ્રમમાં આવ્યા. ઋષિએ તેમનાં પૂજન કર્યા અને કહ્યું કે ' હે સમર્થ વૈદ્યો ! આપ મને યૌવન આપો !' (૧૧) હે સ્વર્ગવૈદ્યો ! આપને સોમપાનમાં ભાગ મળતો

નથી તો પણ હું આપ બન્નેને સોમપાનના ભાગરૂપે સોમથી ભરેલું પાત્ર આપીશ. માટે આપ મને પ્રમદા સ્ત્રીઓને પ્રિય લાગે તે રૂપ અને વય કરી આપો. (૧૨) અશ્વિનીકુમારોએ 'ભલે જેવી આજ્ઞા ' એમ કહી ઋષિને અભિનંદન આપીને તેમને કહ્યુંકે: ''સિદ્ધ લોકોએ બાંધેલ આ ધરામાં આપશ્રી સ્નાન કરો.'' (૧૩) આમ કહી તે બન્ને અશ્વિનીકુમારોએ જરાજર્જરિત, કેવલ સુકાયેલા અને નસો દેખાઈ આવતા અને શરીર પરની કરચલીઓથી તેમજ પળિયાંથી આંખને અકારા લાગતા દેહવાળા ચ્યવન ઋષિને ધરામાં પ્રવેશ કરાવ્યો. (૧૪) રાજન્, ત્યાર બાદ અલ્પ સમયમાં જ તે ધરામાંથી વનિતાજનને વહાલા લાગતા ત્રણસુંદર પુરુષો બહાર આવ્યા. તેઓનાં રૂપ સરખાં હતાં. તેમણે કમળની માળાઓ પહેરી હતી, કાનમાં કુંડળો તથા સુંદર વસ્ત્રો પહેર્યાં હતાં. (૧૫)

સુંદરી સુકન્યાએ એક સરખા રૂપવાળા અને સૂર્ય જેવા તેજસ્વી તે ત્રણ પુરુષોને જોયા પરંતુ ત્રણમાંથી પતિને પિછાણી ના શકી. ત્યારે પતિવ્રતા સુકન્યા બન્ને અશ્વિનીકુમારોને શરણે ગઈ. (૧૬) બન્ને અશ્વિનીકુમારો સુકન્યાના પાતિવ્રત્યથી પ્રસન્ન થયા.તેઓએ સુકન્યાને ચ્યવન મુનિને ઓળખાવ્યા અને ત્યારબાદ ચ્યવનઋષિની આજ્ઞા લઈ તેઓ બન્ને વિમાનમાં બેસી સ્વર્ગમાં ચાલ્યા ગયા. (૧૭) રાજન્, ત્યારબાદ એકવાર યજ્ઞ કરવાની ઈચ્છાવાળા શર્યાતિ રાજા ચ્યવન ઋષિના આશ્રમમાં આવ્યાં. ત્યાં પુત્રી પાસે સૂર્ય જેવા તેજસ્વી પુરુષને બેઠેલા જોયા. (૧૮) આશ્રમમાં પધારેલા પિતાના ચરણોમાં વંદન કરતી પુત્રીને તેઓ કહેવા લાગ્યા, ''બેટા!તેં આ શું કરવા ધાર્યું છે ? સર્વલોકથી વંદનીય મુનિવર ચ્યવનને શું તે ઠગ્યા તો નથી ને દીકરી ? જરાજર્જરિત દેહવાળા હોઈ સતી નારીને ના રુચે તેવા ચ્યવન મુનિને ત્યજીને આ કોઈ પથિકને તો નથી સેવતીને? બેટા, તું કુલવતી કન્યા છે. બેટા, તારી બુદ્ધિ આમ અવળી કેમ થઈ ? પુત્રી ! આ તો કુળને કલંકિત કરનારું કાર્ય કહેવાય. દીકરી આવી નિર્લજ્જ બની આ જાર પુરુષને સેવે છે ? આ કર્મથી તો તારા પિતાના અને પતિના કુળને નરકમાં લઈ જઈશ.'' (૧૯-૨૧)

કન્યાની કુલીનતા અને સોમયાગ

રાજન્, ભ્રાન્તિથી આ પ્રમાણે કહી રહેલા પિતાને પવિત્ર મંદ સ્મિત કરતી કન્યા સુકન્યા કહેવા લાગીઃ ''પિતાજી ! આપ દુઃખી ન થાઓ. આ તો આપના જમાઈ ચ્યવન ઋષિ જ છે.'' એમ કહી તેણે પોતાના પતિને યૌવન તથા રૂપ કેવી રીતે પ્રાપ્ત થયાં તે સર્વ પ્રસંગ કહી સંભળાવ્યો. આ પ્રસંગ જાણી શર્યાતિ રાજા વિસ્મય પામ્યા અને અત્યંત પ્રસન્ન થઈ વહાલી પુત્રીને ભેટી પડ્યા. (૨૨,૨૩) ત્યારબાદ ચ્યવનઋષિએ વીર શર્યાતિ રાજા પાસે સોમયજ્ઞ કરાવ્યો અને તેમાં અશ્વિનીકુમારો વૈદ્ય હોવાથી સોમરસ પાનના અધિકારી ન હતા, છતાં મુનિએ પોતાના પ્રભાવથી તેમને માટે સોમરસનો ભાગ હાથમાં લઈ લીધો. (૨૪) મુનિના આ કાર્યને સહન ન કરતાં ક્રોધાયમાન ઈન્દ્રે તરત જ ચ્યવનઋષિને મારવા માટે હાથમાં વ્રજ લીધું. પણ ચ્યવનઋષિએ વ્રજ સાથે તેમના હાથને થંભાવી દીધો. (૨૫) રાજન્, ત્યાર પછી સર્વ દેવોએ અશ્વિનીકુમારોને પણ યજ્ઞમાં સોમભાગ માટે અનુમોદન આપ્યું તેઓ બન્ને વૈદ્ય હોવાથી તેમને દેવતાઓ ન માનતાં દેવોએ યજ્ઞના સોમભાગમાંથી તેમનો પ્રથમ બહિષ્કાર કર્યો હતો પરંતુ ચ્યવન મુનિના સામર્થ્યથી યજ્ઞભાગ શરૂ થયો. (૨૬)

આનર્ત રાજાનો વંશ અને રેવતીવિવાહ

રાજન્, શ્રી શર્યાતિ રાજાને ઉત્તાનબર્હિ, આનર્ત તથા ભૂરિષેણ નામના ત્રણ પુત્રો થયા. તેમના વચલા પુત્ર આનર્તથી રેવત નામના પુત્ર થયા. હે શુત્રદમન પરીક્ષિત, આ રેવત રાજા સમુદ્રની મધ્યમાં (બેટ ઉપર) વસાવેલી દ્વારકા નગરીમાં રહીને આનર્ત વગેરે દેશોને ભોગવતા હતાં. (૨૭,૨૮) રેવત રાજાને સો પુત્રો હતા. આ પુત્રોમાં કકુદ્મી સૌથી મોટા અને ઉત્તમ હતા. આ રેવતકુમાર કકુદ્મી પોતાની રેવતી નામની કન્યાને સાથે લઈને કન્યાને યોગ્ય વર કોણ મળશે એ પૂછવા બ્રહ્માજી પાસે ગયા હતા. આ સમય બ્રહ્મલોક જવા માટે ખુલ્લો હતો. આનર્ત રાજા ત્યાં ગયા ત્યારે ગાંધર્વોનું સંગીત ચાલતું હતું, તેથી ચાલુ સંગીતના કાર્યક્રમમાં પૂછવાનો સમય ન મળ્યો એટલે ક્ષણવાર ત્યાં બેઠા. (૨૯,૩૦) પછી સંગીત સમાપ્ત થતાં બ્રહ્મદેવને પ્રણામ કરી પોતાનું આવવાનું કારણ જણાવ્યું. રાજાની વાત સાંભળી ભગવાન

બ્રહ્મા ખૂબ હસ્યા અને બોલ્યા. (૩૧) ''અરે રાજન્ ! આપે હૃદયમાં આ કન્યા માટે જેજે વર વિચાર્યા હતા તે સર્વ તો કાળના હૃદયમાં પ્રવેશી ગયા છે. આજે તેમના પુત્રો, પૌત્ર તથા પ્રપૌત્રોનાં નામ પણ સાંભળવા મળતાં નથી. (૩૨) એ વાતને ચાર ચોકડીના સત્તાવીશ યુગો વીતી ગયા છે. માટે હે રાજન્, આપ અહીંથી પૃથ્વી ઉપર જાઓ અને ત્યા પરમાત્માના અંશરૂપ મહાબળવાન બળદેવજી હમણાં અવતરેલા છે. રાજન્, હવે આપ આપની રત્ન સમાન કન્યાને નરરત્ન શ્રી બલભદ્રજીને અર્પણ કરો. (૩૩) હમણાં પ્રાણીમાત્રનું રક્ષણ કરનારા પુણ્ય શ્રવણકીર્તન ભગવાન શ્રીકૃષ્ણ આ પૃથ્વીનો ભાર ઉતારવા પોતાના અંશરૂપ બળદેવજી સાથે પૃથ્વી ઉપર અવતર્યા છે.'' બ્રહ્મદેવે આવી આજ્ઞા આપી ત્યારે રેવત રાજા બ્રહ્માજીને વંદન કરી પોતાના નગરમાં પાછા ફર્યા. આ સમયે ત્યાં યક્ષોના ત્રાસને લીધે કકુદ્મીના ભાઈઓ આ નગર છોડી દઈ જુદીજુદી દિશાઓમાં રહેતા હતા. (૩૪,૩૫) કકુદ્મી રાજાએ પૃથ્વી ઉપર આવી સુંદર અંગોવાળી કન્યા રેવતીજીને બળશાળી શ્રી બળભદ્રજીને પરણાવીને પોતે તપ કરવા બદરીકાશ્રમ નામના નરનારાયણ ભગવાનના આશ્રમમાં ચાલ્યા ગયા. (૩૬)

सुतां दत्वाऽनवद्याङ्गीं बलाय बलशालिने । बदर्याख्यं गतो राजा तप्तुं नारायणाश्रमम् ॥ ३६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમાસ્કંધનો અધ્યાય ૩જો સમાપ્ત.

અધ્યાય ૪થો

શ્રી મનુરાજાના નવમા પુત્ર નાભાગજીની કથા

[આ અધ્યાયમાં ૭૧ શ્લોકો છે. મનુના નવમા પુત્ર નભગરાજાની કથાનો પ્રસંગ, અંબરીષ રાજાનું ચરિત્ર અને દુર્વાસાનો શાપ, શાપની નિષ્ફળતા, દુર્વાસાની કલેશમુક્તિ વગેરે કથાપ્રસંગ આવશે. જો દુર્વાસાજીએ વાણીથી શાપ આપ્યો હોત તો વ્યર્થ જાત.]

श्रीशुक उवाच-नाभागो नभगापत्यं यं ततं भ्रातरं कविम् । यविष्ठं व्यभजन् दायं ब्रह्मचारिणमागतम् ॥ २ ॥।

શ્રીશુકદેવજીએ કહ્યું કે મનુના પુત્ર નભગને ત્યાં નાભાગ નામના એક પુત્ર થયા. આ સૌથી નાના હતા. નાભાગજી લાંબો સમય ગુરુકુલમાં બ્રહ્મચારી તરીકે રહ્યા હતા, તેથી તેને નૈષ્ઠિક બ્રહ્મચારી માની ભાઈઓએ પિતાની સંપત્તિ વહેંચી લીધી, પરંતુ નાભાગ માટે ભાગ ન રાખ્યો. બ્રહ્મચારી નાભાગ પંડિત બનીને ઘરે આવ્યા ત્યારે તેના ભાઈઓએ પિતાને જ તેના ભાગ તરીકે તેને આપ્યા. તે વખતે નાભાગે ભાઈઓને પૂછયું, હે ભાઈઓ તમે મારે માટે શો ભાગ રાખ્યો છો ? ત્યારે ભાઈઓએ ઉત્તર આપ્યોઃ અમે તમને ભાગમાં પિતાજીને આપ્યા છે. આ વાત સાંભળી નાભાગ પિતા પાસે જઈ બોલ્યા, ''પિતાજી, મારા મોટા ભાઈઓએ મારા ભાગ તરીકે આપને મને આપ્યા છે.'' ત્યારે પિતાએ કહ્યુંઃ ભાઈ, તું આ પિંતા નામના ભાગનો અનાદર ના કરીશ. હમણાં આ અંગિરાવંશના બુદ્ધિશાળી ઋષિઓ યજ્ઞ કરે છે તેમાં હે વિદ્વાન પુત્ર, છઠ્ઠે છઠ્ઠે દિવસે કર્મ કરવામાં તેઓ મૂંઝાય છે. પુત્ર તે આંગિરસ મહાત્માઓને બે વૈશ્વદેવ બે સૂક્તો સંભળાવ જે પછી તેઓ કર્મ સમાપ્ત થતાં સ્વર્ગમાં જશે ત્યારે યજ્ઞમાં બાકી રહેલું દ્રવ્ય તને આપી દેશે. માટે તું તેઓ પાસે જા! નાના પુત્રે પિતાના આદેશ પ્રમાણે કર્યું ત્યારે તે આંગિરસ ઋષિઓ યજ્ઞપૂર્ણ કરી વધેલ ધન નાભાગને આપી સ્વર્ગલોક તરફ ચાલ્યા ગયા. (૧-૫)

ત્યારબાદ શ્રી નાભાગજી આંગિરસોએ આપેલા તે ધનને પોતાનું ગણી લેવા તૈયાર થયા તે જ સમયે શ્યામવર્ણના કોઈ પુરુષ ઉત્તર દિશામાંથી આવી તેમને કહેવા લાગ્યા; ''યજ્ઞભૂમિમાં અવશિષ્ટ રહેલ ધન તો મારું છે.'' એટલે મનુપુત્ર નાભાગે તેમને કહ્યુ, ''આ ધન તો આંગિરસ ઋષિઓએ મને આપ્યું છે.'' ત્યારે તે બોલ્યા; ''આપણા બન્નેના આ વિવાદમાં આપણે તમારા પિતાજીને પૂછીએ કે આ દ્રવ્ય કોનું ?'' ત્યાર પછી નાભાગે પિતાજીને પૂછયું એટલે તેમણે કહ્યું, ''બેટા! યજ્ઞમાં જે અવશિષ્ટ દ્રવ્ય રહે તે સર્વ ઉચ્છિષ્ટમાં ઋષિઓએ રુદ્રદેવનો ભાગ નક્કી કર્યો છે માટે તે સર્વ દ્રવ્ય રુદ્રદેવને માટે જ યોગ્ય છે. પછી નાભાગે રુદ્રદેવને પ્રણામ કરી કહ્યું, ''હે ઈશ્વર! આ સર્વ યજ્ઞભૂમિ ઉપરનું દ્રવ્ય આપનું છે એમ મારા પિતા કહે છે માટે હે બ્રહ્મન્, હું આપની પ્રણામપૂર્વક ક્ષમા માગું છું. આપ પ્રસન્ન રહો એમ વિનવું છું. (૬-૯) તે સાંભળી રુદ્રદેવે તેને કહ્યું, ''નાભાગ બેટા, તમારા પિતાએ ધર્મવચન કહ્યું છે અને તમે પણ સત્ય કહી

રહ્યા છો. નાભાગ તમે મંત્રદ્રષ્ટા છો. હું તમને સનાતન બ્રહ્મરૂપ જ્ઞાન આપું છુ. આ ઉપરાંત મારા યજ્ઞમાં બાકી રહેલું આ ધન તમે લઈ જાઓ'' એમ કહી સત્ય ઉપર પ્રેમ ધરાવનાર શ્રી રુદ્રજી ત્યાંથી અદશ્ય થઈ ગયા. (૧૦,૧૧) જે મનુષ્ય પ્રાતઃકાળે અને સાયંકાળે સાવધાન થઈ ભક્તવર શ્રી નાભાગના આ ચરિત્રનું સ્મરણ કરે છે તે કવિ, મંત્રવેત્તા અને આત્મસ્વરૂપનો જ્ઞાતા થાય છે. (૧૨) આ નાભાગથી અંબરીષ રાજા થયા. તે ભગવાનના મહા ભક્ત અને ધર્માત્મા હતા. એમને કોઈ સ્થળે પાછો નહિં વળેલ મહર્ષિ દુર્વાસાનો શાપ કંઈ કરી શકતો ન હતો. (૧૩) પરીક્ષિત રાજાએ કહ્યું કે ભગવન્, બુદ્ધિમાન રાજર્ષિ અંબરીષનું ચરિત્ર હું સાંભળવા ઇચ્છું છુ કારણ કે મહારાજ, ન નિવારી શકાય એવા બ્રહ્મદંડની રાજા અંબરીષ ઉપર કંઈ અસર થઈ ન હતી. (૧૪)

પરમ ભાગવત શ્રી અમ્બરીષનું ચરિત્ર

શ્રીશુકદેવજી મહારાજે કહ્યું કે રાજન્, પરમ વૈષ્ણવ શ્રી અમ્બરીષ રાજા પાસે સાત દ્વીપોવાળી પૃથ્વી ઉપર અતુલ ગણાતા વૈભવો હોવા છતાં પણ રાજા એમ જ માનતા હતા કે પુરુષોને માટે અત્યંત દુર્લભ એવી પણ આ સર્વે વસ્તુ સ્વપ્ન જેવી અગ્રાહ્ય છે. (૧૫,૧૬) એનું કારણ એક જ છે કે વૈભવથી પુરુષ મોહપામે છે. અમ્બરીષ રાજા ભગવાન વાસુદેવ તથા તેમના ભક્ત સાધુપુરુષો ઉપર પરમ ભક્તિ ધરાવતા હતા જેના ફળ રૂપે આ વિશ્વને ઢેફા જેવું તુચ્છ માનતા હતા. (૧૭)

રાજ્યશાસન અને અનન્ય ભક્તિ

स वै मनः कृष्णपदारविन्दयोर्वचांसि वैकुण्ठगुणानुवर्णने । करौ हरेर्मन्दिरमार्जनादिषु श्रुतिं चकाराच्युत सत्कथोदये ॥ १८ ॥

શ્રી અમ્બરીષ રાજાજીએ મનનો વિનિયોગ ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમલોની સેવામાં કર્યો. વાણીનો વિનિયોગ શ્રી વૈકુંઠનાથના ગુણોના વર્ણનમાં કર્યો. બન્ને કરકમલોનો શ્રી હરિની અને શ્રીહરિનાં મંદિરની બુહારીજીની, જલઘર, ફૂલઘર વગેરે સેવામાં વિનિયોગ કર્યો.કાનનો વિનિયોગ શ્રી અચ્યુત પ્રભુની ઉત્તમ કથાના શ્રવણમાં કર્યો. (૧૮)

मुकुन्दलिङ्गालयदर्शने दृशौ तद्भुत्यगात्रस्पर्शेऽङ्गसङ्मम् । घ्राणं च तत्पादसरोजसौरभे श्रीमत्तुलस्या रसनां तदर्पिते ॥ १९ ॥

શ્રી મુકુન્દ ભગવાનના સ્વરૂપોની અને મંદિરોની ઝાંખીમાં નેત્રનો વિનિયોગ કર્યો. ભગવદીય જનોના શ્રીઅંગની સેવામાં અને શ્રીઅંગને ભેટવામાં શરીરનો વિનિયોગ કર્યો. શ્રી ઠાકોરજીના ચરણે શ્રી તુલસીજીનાં સુવાસમિશ્રિત ભગવચ્ચરણકમલોની સુંગધ ગ્રહણ કરવામાં ઘ્રાણેન્દ્રિયનો વિનિયોગ કર્યો. ભગવાનને અંગીકાર કરાવેલા પ્રસાદ લેવામાં રસનાનો ઉપયોગ કર્યો. (૧૯)

पादौ हरेः क्षेत्रपदानुसर्पणे शिरो हृषीकेशपदाभिवन्दने । कामं च दास्ये न तु कामकाम्यया यथोत्तमश्लोकजनाश्रया रतिः ॥ २० ॥

શ્રી હરિનાં નિવાસધામોનાં સ્થાનોની પરિક્રમામાં બન્ને ચરણોનો વિનિયોગ કર્યો. શ્રીહૃષીકેશ ભગવાનના ચરણારવિન્દમાં દંડવત્પ્રણામ કરવામાં મસ્તકનો વિનિયોગ કર્યો. બુદ્ધિનો વિનિયોગ ભગવાનના દાસ-સેવક થવાની કામનામાં કર્યો પરંતુ વિષયભોગની લાલસામાં ન કર્યો. રાજાની દઢ પ્રીતિ ઉત્તમશ્લોક ભગવાનના અનન્ય ભક્તોના આશ્રયમાં હતી કે જેથી શ્રી ઠાકોરજીમાં રતિ વધે. (૨૦)

एवं सदा कर्मकलापमात्मनः परेऽधियज्ञे भगवत्यधोक्षजे । सर्वात्मभावं विदधन्महीमिमां तन्निष्ठविप्राभिहितः शशास ह ॥ २१ ॥

ઉપર દર્શાવ્યા પ્રમાણે પોતાનો બધો જ મન-વાણી-કાયાનો કર્મવ્યવહાર યજ્ઞના સ્વામી સર્વશ્રેષ્ઠ શ્રી અધોક્ષજ ભગવાનની સેવાનો જ હતો. ભગવાનમાં સર્વાત્મભાવ રાખીને જ રાજા ભગવાનમાં નિષ્ઠાવાળા ભગવદીય જનો અને વિપ્રવર્યોના માર્ગદર્શન પ્રમાણે જ આ સમસ્ત પૃથ્વીનું રાજ્ય ચલાવતા હતા. (૨૧)

ईजेऽश्वमेधैरधियज्ञमीश्वरं महाविभूत्योपचिताङ्गदक्षिणैः । ततैर्वसिष्ठासितगौतमादिभिर्धन्वन्यभिस्त्रोतमसौ सरस्वतीम् ॥ २२ ॥

મહારાજ અમ્બરીષે શ્રી સરસ્વતી નદીના પવિત્ર પ્રદેશમાં વશિષ્ઠ, અસિત તેમજ ગૌતમ વગેરે ઋષિવરોની છાયામાં વિસ્તાર પામેલા તેમજ ઉત્તમ સમૃદ્ધિને કારણે યજ્ઞનાં અંગો અને ઉત્તમ દક્ષિણાઓથી પૂર્ણ બનેલા અશ્વમેધ યજ્ઞો કરી

અધિયજ્ઞ ભગવાન શ્રીકૃષ્ણનું યજન કર્યું. (૨૨)

રાજન્ પરીક્ષિત દેવોનું નામ 'અનિમિષ એટલે જેમની આંખ પલકારા ન લે અને એકીટસે જોઈ શકે એવો અર્થ થાય. આ શ્રી અમ્બરીષ રાજાના યજ્ઞમાં બિરાજતા સભાસદો, ઋત્વિજો, સર્વજનોએ મટકું માર્યા વિના એકીટસે યજ્ઞનાં, યજ્ઞનારાયણનાં દર્શન કરતા હતા તેથી તે બધા જ ગીર્વાણ એટલે દેવો જ લાગતા હતા. (૨૩) ઉત્તમશ્લોક ભગવાનના ચરિત્રનું શ્રવણ કરતા, ગાન કરતા રાજાના પ્રજાજનો પણ દેવોને પ્રિય એવા સ્વર્ગની ઈચ્છા જ કરતા ન હતા. (૨૪) રાજન્, અધિક શું કહેવું. મુકુન્દ ભગવાનનો હૃદયમાં સાક્ષાત્કાર કરતા શ્રી અમ્બરીષ રાજાનાં પ્રજાજનો સિદ્ધોને દુર્લભ એવાં પણ ઐશ્વર્યસુખો આનંદને લીધે ઉપજાવતા ન હતા; કારણ કે તેમણે ઠાકોરજીની સેવા સંકીર્તનના ઉત્તમ વિષયોને તુચ્છકારી કાઢ્યા હતા. (૨૫) રાજાએ આ પ્રમાણે તપોમય ભક્તિયોગથી તથા સ્વધર્માચરણથી શ્રીહરિને પ્રસન્ન કરતા ધીમેધીમે સર્વસંગનો ત્યાગ કરી દીધો. (૨૬) તેમજ ઘર, સ્ત્રીઓ, પુત્રો, સંબંધીઓ, હાથીઓ, ઉત્તમ રથો, ઘોડા, પાયદળ, અખૂટ રત્નો, અલંકારો, આયુધો વગેરે અને અનંત ખજાનાઓમાં પણ આ સર્વ ભગવાનની સેવા માટે છે, એવી બુદ્ધિ કરી પરંતુ ભોગબુદ્ધિવાળી અસન્મતિ ન કરી. (૨૭)

રાજ્યરક્ષા માટે સુદર્શનચક્રનું દાન અને દ્વાદશીવ્રત

અનન્ય ભક્તિભાવથી પ્રસન્ન થઈ શત્રુસેનાઓને ભય કરનાર તથા ભગવજ્જનોનું રક્ષણ કરનાર રાજાને ભગવાને સુદર્શન ચક્ર આપ્યું. (૨૮) એક સમયે તે વીર રાજા અમ્બરીષે શ્રીકૃષ્ણ ભગવાનનું આરાધન કરવાની વૃત્તિથી પોતાના જેવા સ્વભાવવાળી પટ્ટરાણીની સાથે એક વર્ષ પર્યન્ત દ્વાદશી વ્રત આરંભ્યું. (૨૯) રાજા અંબરીષ વ્રતના અંતે કાર્તિક માસમાં ત્રણ દિવસના ઉપવાસ કરી શ્રીયમુનાજીમાં સ્નાન કરી મધુવનમાં શ્રી ઠાકોરજીની સેવા કરવા લાગ્યા. (૩૦) વ્રતની સમાપ્તિ સમયે મહાભિષેકના વિધિ પ્રમાણે સર્વશ્રેષ્ઠ સામગ્રી અને સમૃદ્ધિથી શ્રી ઠાકોરજીનો અભિષેક કર્યો તેમજ વસ્ત્રો, અલંકારો, ચંદન, માળા તથા અર્દ્ધજળ વગેરે એકાગ્રભાવે ઠાકોરજીને અંગીકાર કરાવ્યાં ત્યાર પછી સર્વ ઈચ્છાઓ પૂર્ણ થયેલા બ્રાહ્મણોની તેમજ ભગવદીય જનોની ભક્તિભાવથી સેવા કરી. (૩૧,૩૨) ત્યારબાદ સુવર્ણના શિંગડાંવાળી, રૂપાની ખરીઓવાળી, દૂઝણી, શાલશ સ્વભાવની, તરુણ વયની, રૂપાળી વાછરડા સહિત અને વસ્ત્રના, હોડા વગેરે સર્વ સામગ્રીઓવાળી સાઠ કરોડ ગાયોનું દાન કરી બ્રાહ્મણોને ઘરે મોકલી આપી. સર્વથી પ્રથમ ગુણવાળાં સ્વાદિષ્ટ અન્નથી બ્રાહ્મણોને ભોજન કરાવ્યું અને પૂર્ણ કામનાવાળા બ્રહ્મણોની આજ્ઞા લઈ રાજા પારણાં કરવા તૈયાર થયા. આ જ અવસરે સાક્ષાત્ ભગવાન દુર્વાસા મુનિ રાજાના આંગણે અતિથિ તરીકે પધાર્યા. (૩૩-૩૫)

મહર્ષિ દુર્વાસાની પધરામણી

પધારેલા અતિથિના સ્વાગત માટે રાજાએ ઊભા થઈ આસન તેમજ અર્ધ્યના જળથી અતિથિ દુર્વાસાજીનું અર્ચન કરી મહારાજશ્રીના ચરણની સમીપ જઈ ભોજન માટે પ્રાર્થના કરી ત્યારે દુર્વાસા મુનિ રાજાની તે પ્રાર્થનાનો સ્વીકાર કરી મધ્યાહ્ન સંધ્યા વગેરે નિત્યકર્મ કરવા શ્રીયમુનાના કિનારા ઉપર પધાર્યા. ત્યાં શ્રીયમુનાજીના પવિત્ર જલમાં ડૂબકી લગાવી બ્રહ્મધ્યાનમાં લીન થયા. (૩૬,૩૭)

ધર્મ વેત્તા રાજા અંબરીષના શિરે ધર્મ સંકટ

આ બાજુ પારણાં કરવા માટે દ્વાદશી તિથિની માત્ર એક જ ઘડી બાકી રહી ત્યારે ધર્મવેત્તા અંબરીષ રાજા તે ધર્મસંકટના પ્રસંગે દ્વિજવરોની સાથે વિચાર કરવા લાગ્યા કે જો ઋષિને મૂકીને પારણાં કરીશ તો અતિથિ બ્રાહ્મણોનો અનાદર થાય છે અને દ્વાદશી તિથિમાં પારણાં ન થાય તો તે પણ દોષ થાય છે માટે હે વિપ્રવરો મારું કલ્યાણ થાય તેવાં માર્ગ મને બતાવો. (૩૮) મને અધર્મ ન લાગે તેવું કાર્ય કરવા સ્પષ્ટ કહો અથવા હે વિપ્રવરો કેવલ જલથી પારણાં કરી વ્રતનો પારણાં વિધિ સમાપ્ત કરી લઉં. કેમ કે જલપાનને બ્રાહ્મણો ભોજન કર્યા સમાન અને ન કર્યા સમાન પણ કહે છે. (૩૯,૪૦) આ પ્રમાણે નિશ્ચય કરી રાજર્ષિ અંબરીષ ભગવાનનું ચિંતન કરી અલ્પ જલ પારણાવિધિ માટે પી લીધું પછી હે કુરુશ્રેષ્ઠ ! મહર્ષિ દુર્વાસાના પધારવાની જ રાહ જોવા લાગ્યા. (૪૧)

અકારણ દુર્વાસાનો રોષ

આ અવસરે મહર્ષિ દુર્વાસાજી નિત્યકર્મ કરી યમુના કિનારેથી રાજાને આંગણે પધાર્યા. રાજાએ 'પધારો મહારાજ' કહી આવકાર આપ્યો. ઋષિ દુર્વાસાએ બુદ્ધિથી રાજાનું ચેષ્ટિત જાણી લીધુ. (૪૨) મુનિ મહારાજ અત્યંત ભૂખ્યા પણ થયા હતા તેથી અને રાજાએ કરેલા અનાદરથી ક્રોધે ભરાયા. તેમનું શરીર કંપવા લાગ્યું અને ભવાં ચઢી જતાં તેમનું મુખ વાંકુ થઈ ગયું. અંજલિ જોડી સન્મુખ ઊભેલા રાજાને ઋષિ કહેવા લાગ્યા : "અહો ! લક્ષ્મીમદથી છકેલા આ નિર્દય રાજાના અર્ધમને તો જરા જુઓ ! આ રાજાને વિષ્ણુભક્ત કેમ મનાય એ તો પોતાને જ ઈશ્વર માની બેઠેલ છે. જેણે અતિથિ તરીકે આવેલા મને અતિથિસત્કાર માટે નિમંત્રણ આપ્યું અને અતિથિને ભોજન કરાવ્યા વિના પોતે જમી લીધું છે. માટે હમણાં જ તેનું ફળ હું તેને બતાવીશ." એમ કહી રોષથી બળતા દુર્વાસાએ જટા છોડી પછાડી તેમાંથી પ્રલયકાળના અગ્નિ જેવી કૃત્યા રાજા અંબરીષને મારવા માટે ઉત્પન્ન કરી. ભળભળ બળતી એ કૃત્યા હાથમાં તલવાર લઈ પગથી ધરણીને ધ્રુજાવતી રાજા સામે ગઈ પણ તેને જોઈને રાજા પોતાના સ્થાનેથી જરાય ખસ્યા નહિ. (૪૩-૪૭)

સુદર્શન ચક્રની રક્ષા

આ અવસરે પરમ પુરુષ પરમાત્માએ ભક્તની રક્ષા કરવા પ્રથમ અંબરીષને જે ચક્ર આપ્યુંહતું, તેણે અગ્નિ જેમ ક્રોધે ભરાયેલા સર્પને બાળી નાખે તેમ એ કૃત્યાને બાળી નાખી. પછી તે ચક્ર દુર્વાસા તરફ ધસ્યું. દુર્વાસા ચક્રને આવતું જોઈ અને પોતાનો પ્રયાસ વ્યર્થ થયેલો જાણી પ્રાણ બચાવવાની ઈચ્છાથી ભયભીત થઈ દિશાઓમાં નાસવા લાગ્યા (૪૮,૪૯) રાજન્, જાણે ઊંચે જતી જ્વાલાવાળો દાવાનળ જેમ સર્પ પાછળ દોડે તેમ સુદર્શન ચક્ર દુર્વાસા પાછળ દોડ્યું. દુર્વાસા મુનિએ પોતાની પાછળ આવતા સુદર્શન ચક્રને જોઈ મેરુ પર્વતની ગુફામાં પ્રવેશી જવાની ઈચ્છાથી તેઓ દોડવા લાગ્યા. (૫૦) દિશાઓમાં, આકાશમાં, પૃથ્વી ઉપર, ગુફાઓમાં, સમુદ્રોમાં, લોકોમાં, લોકપાલો પાસે તથા સ્વર્ગમાં એમ જ્યાં જ્યાં દુર્વાસા મુનિ દોડી ગયા, ત્યાં ત્યાં દુઃખથી પણ અસહ્ય તે ચક્ર તેમણે પાછળ પડેલુ જોયું. પછી પોતાનું રક્ષણ કરનાર કોઈ જગ્યાએ કોઈ મળ્યું નહી ત્યારે મનમાં ત્રાસ પામેલા દુર્વાસા મુનિ શરણ મેળવવવાની ઈચ્છાથી બ્રહ્મદેવ પાસે ગયા અને કહ્યું કે હે વિધાતા! હે આત્મયોનિ ! આ શ્રીહરિનાં સુદર્શન ચક્રથી આપ મારું રક્ષણ કરો. (૫૧,૫૨)

બ્રહ્માજીનું સત્યભાષણ

બ્રહ્માજીએ કહ્યું કે મુનિવર, મારું બ્રહ્મલોકનું સ્થાન બે પરાર્ધ જેટલા કાળનું ગણાય છે. એ અવધિ પૂર્ણ થતાં જ વિશ્વ સહિત આ સ્થાનને બાળી નાખવા ઈચ્છતા તેમની માત્ર ભ્રૂકુટિ વાંકી થતાં જ આ સ્થાન અને વિશ્વ પણ અદશ્ય થશે તે ભગવાનની આજ્ઞાને હું, શંકર, દક્ષ પ્રજાપતિ, ભૃગુ વગેરે સર્વ પ્રજાપતિઓ, ભૂપતિઓ તેમજ ઈન્દ્ર વગેરે અને સર્વ દેવો લોકોનું હિત ધારણ થાય તે રીતે મસ્તકે ધારણ કરીએ છીએ. દુર્વાસા મુનિ, આપે ભક્તદ્રોહ કર્યો છે માટે અમે આપને આશ્રય ન આપી શકીએ એવું કહી બ્રહ્મદેવે ના પાડી એટલે વિષ્ણુચક્રથી બળતા દુર્વાસા કૈલાસવાસી શંકરને શરણે ગયા. (૫૩-૫૫)

દુર્વાસાજી શિવજીને શરણે

ભગવાન રુદ્રે કહ્યું કે હે તાત! સર્વ સમર્થ ભગવાનમાં અમારું કંઈ ન ચાલે. જુઓને મુનિરાજ ! આ ભગવાનમાં તો અનન્ત બ્રહ્માજી, જીવો અને બ્રહ્માંડ શરીરો તેમજ અનંત બ્રહ્માંડો કાલે ફરી ઉત્પન્ન પણ થાય અને કાલબળે નાશ પણ પામે છે. મુનિરાજ, અમારા જેવા આ બ્રહ્માંડોમાં સદાય ભટક્યા કરે છે માટે અમે તમારું રક્ષણ ન કરી શકીએ. (૫૬) હું, સનત્કુમાર, ભગવાન બ્રહ્મા, કપિલ, અપાંતરતમ, દેવલ, ધર્મ, આસુરિ અને મરીચિ વગેરે દક્ષ પ્રજાપતિઓ,બીજા સિદ્ધેશ્વરો અમે સર્વ પારદર્શી છીએ. અમે સર્વ જાણીએ છીએ તો પણ તેમની માયાને જાણી શકતા નથી. ઊલટા અમે માયાથી વીંટાયેલા છીએ તે વિશ્વપતિ ભગવાનું સુદર્શન ચક્ર અમારે માટે પણ દુઃસહ છે, માટે મુનિરાજ, આપ તેમને શરણે જાઓ. તે શ્રીહરિ દયાળુ છે. તમારું કલ્યાણ કરશે. (૫૭-૫૯)

દુર્વાસાજી શ્રીકૃષ્ણને શરણે

દુર્વાસાજી જ્યારે રુદ્ર ભગવાન પાસેથી પણ નિરાશ થયા ત્યારે તે ભગવાનના પરમ ધામ વૈકુંઠમાં ગયા, ત્યાં લક્ષ્મીના નિવાસસ્થાન ભગવાન લક્ષ્મીજી સાથે બિરાજે છે. રાજન્, અજિત ભગવાનના સુદર્શન ચક્રના અગ્નિથી બળતા શરીરે કંપતા દુર્વાસા મુનિ ભગવાનનાં ચરણમૂળમાં ઢળી પડ્યા અને બોલ્યાઃ હે અચ્યુત ! હે અનંત ! હે સંતોના ઈષ્ટદેવ ! હે વિશ્વકલ્યાણકર્તા હું અપરાધી છું તો પણ આપ અમારું રક્ષણ કરો. હે વિશ્વવિધાતા! હું આપના મહાન પ્રભાવને જાણતો ન હતો અને તેથી જ મૈં આપના પ્રિય ભક્તજનોનો ઘણો મોટો અપરાધ કર્યો છે, છતાં મૈં કરેલા તે અપરાધનું હવે આપ નિવારણ કરો. ભગવન્ આપનું નામ માત્ર લેતાં નારકી જીવ મુક્ત થાય છે. (૬૦-૬૨)

શ્રી અચ્યુત ભગવાન બોલ્યા કે હે દ્વિજવર! હું ભક્તજનોને આધીન છું. ભક્તજનો ઉપર મારું તંત્ર ન હોવું જોઈએ તેવું માનું છું. મારા સરલ સ્વભાવના ભક્તોએ મારા હૃદય ને વશ કર્યું છે કેમકે ભક્તજનો મને પ્રિય છે. (૬૩) હે બ્રહ્મન્ ! જેઓને કેવળ હું જ પરમ આશ્રય છું તેવા મારા સાધુચરિત્ર ભક્તો વિના હું મારી પોતાની કે નિત્ય મારી સમીપ જ રહેનારી લક્ષ્મીદેવીની પણ સ્પૃહા કરતો નથી. (૬૪) મહારાજ દુર્વાસા ! મારા ભક્તજનોએ સ્ત્રી, ઘર, પુત્રો, સ્વજનો, પ્રાણ, ધન અને આ લોક તથા પરલોકની પણ મમતા મૂકીને કેવલ મારા જ શરણે રહે છે તેમનો ત્યાગ કરવાનો વિચાર પણ કેમ કરાય ? જેમ પતિવ્રતા સ્ત્રીઓ પોતાના ઉત્તમ પતિને ભકિતથી જેમ વશ કરે છે તેમ મારામાં જ મન પરોવીને રહેલા તેમજ સર્વત્ર સમદષ્ટિવાળા સજ્જન ભક્તો ભક્તિથી મને વશ કરે છે, એ મારા ભક્તો મારી સેવાથી મળેલા સાલોક્ય, સામીપ્ય, સાયુજ્ય તથા સારૂપ્ય નામના ચાર પુરુષાર્થોને પણ ઈચ્છતા નથી તો કાળથી નાશ પામતી બીજી વસ્તુઓને તો કેમ જ ઈચ્છે ? કેમકે તેઓ મારી સેવાથી જ પૂર્ણ થયેલા હોય છે. (૬૫-૬૭) હે મુનિવર! સાધુ જનો મારું હૃદય છે અને હું ભક્તોનું હૃદય છું. તેઓ મારા વિના બીજું કાંઈ પણ જાણતા નથી અને હું પણ તેમના વિના કંઈ પણ જાણતો નથી. (૬૮) હે વિપ્રર્ષિ ! હવે હું તમને ઉપાય બતાવું છું તે તમે સાંભળો. આ પીડા તમે પોતે જ ઊભી કરી છે. માટે જેનાથી આ દુઃખ તમને થયું છે તેની જ પાસે તમે જાઓ. મારા ભક્તો ઉપર વાપરેલું સામર્થ્ય પ્રહાર કરનારનું જ અમંગળ કરે છે. તપ અને વિદ્યા એ બન્ને બ્રાહ્મણોનું પરમ કલ્યાણ કરનારાં છે. પણ ઉદ્ધત બ્રાહ્મણને તે જ અનર્થ કરનારાં થાય છે. માટે હે બ્રાહ્મણ! તમારું કલ્યાણ થાઓ, તમે તે પરમભાગ્યશાળી અંબરીષ રાજાની પાસે જ જાઓ અને તેમની ક્ષમા માંગો તેથી આપને શાંતિ મળશે. (૬૯-૭૧)

ब्रह्मस्तद् गच्छ भद्रं ते नाभागतनयं नृपम् । क्षमापय महाभागं ततः शान्तिर्भविष्यति ॥ ७१ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના મહાપુરાણના નવમ સ્કંધનો અધ્યાય ૪ થો સમાપ્ત.

અધ્યાય ૫ મો

[આ અધ્યાયમાં ૨૭ શ્લોક છે. શ્રી અંબરીષ રાજા કાલસ્વરૂપ શ્રી સુદર્શનજીની સ્તુતિ કરે છે. ભગવાન અંબરીષ રાજાના રક્ષણ માટે સુદર્શન મોકલે છે. આ અંબરીષ રાજાની કથામાંથી ચાર મહત્ત્વના મુદા મળે છેઃ (૧) ભક્તિમાં ભગવાનને શોધવા નથી પડતા પરંતુ ભગવાન સ્વયં પ્રત્યક્ષ થાય છે. (૨) ભક્તિમાર્ગમાં ભક્તોને શોધવા પડે છે. (૩) સુદર્શનજીએ અંબરીષ્ રાજાનું રક્ષણ કરી પોતાનું કર્તવ્ય કર્યું છે, પક્ષપાત નથી કર્યો. (૪) ભક્તની પ્રશંસા કરવાથી સર્વ નાશ પામે છે.]

श्रीशुक उवाच-एवं भगवताऽऽदिष्टो दुर्वासाश्चक्रतापितः । अम्बरीषमुपावृत्य तत्पादौ दुःखितोऽग्रहीत् ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! ભગવાને આજ્ઞા કરી એટલે સુદર્શનચક્રથી તપેલા અને દુઃખી થયેલા મુનિ દુવાર્સા ભગવાનની આજ્ઞાનુસાર અંબરીષ રાજા પાસે જઈ તેમના ચરણોને વળગી પડ્યા. દુર્વાસાની આ પ્રક્રીયા જોઈ તેમણે કરેલા ચરણના સ્પર્શથી સંકોચ પામેલા અંબરીષે દયાથી અત્યંત દુઃખી થઈ શ્રીહરિના સુદર્શન ચક્રની સ્તુતિ કરી (૧,૨)

નવધા ભક્તિથી નવ શ્લોકોમાં સુદર્શનજીની સ્તુતિ

અંબરીષ સ્તુતિ કરતા કહે છે કે હે સુદર્શન! આપ અગ્નિ છો, ભગવાન સૂર્ય છો, નક્ષત્રોના પતિ ચન્દ્ર છો, જળ, પૃથ્વી,

આકાશ, શબ્દાદિ વિષયો આપ છો તથા ઈન્દ્રિયોરૂપ છો. (૩) હે સુદર્શનજી ! આપને નમસ્કાર. આપ સહસ્ર આરાવાળા છો, અચ્યુત ભગવાનના પ્રિય છો, આપ સર્વ અસ્રોનો નાશ કરનાર છો. હે પૃથ્વીપતિ ! આપ શ્રી દુવાર્સાજી વિપ્રજીના કલ્યાણ સ્વરૂપ થાઓ. (૪) આપ ધર્મ, અમૃત, સત્ય અને યજ્ઞ સ્વરૂપ છો. આપ સર્વ યજ્ઞોના ભોક્તા, લોકપાલ, સર્વના આત્મા અને પરમેશ્વરનું પરમ સામર્થ્ય છો. (૫) હે સુનાભ એટલે સુંદર મધ્યભાગવાળા સુદર્શનચક્ર! આપને નમસ્કાર, સમસ્ત ધર્મના સેતુ આપને પ્રણામ, અધર્મશીલ અસુરોને બાળનાર આપ ધૂમકેતુ છો. આપ ત્રૈલોક્યનું રક્ષણ કરનારા છો, અત્યંત ઉજજવળ તેજવાળા છો. આપ મન જેવા વેગીલા છો અને આપ અદ્‌ભુત કર્મ કરનારા છો, હું આપને નમસ્કાર કરું છું, સ્તુતિ કરું છુ. (૬) હે વાણીના પતિ ! આપના ધર્મમય તેજથી મોહ-અંધકારનો સંહાર થાય છે અને સૂર્યાદિ મહાન તેજોમય આત્મપ્રકાશ ધારણ કરાય છે. અથવા તો આત્માઓને જ્ઞાનનો પ્રકાશ થાય છે. આપનો મહિમા વાણીથી વર્ણવાય નહીં અને આપ કાર્યકારણરૂપ છો. આ નાનું મોટું જગત આપને લીધે જ પ્રકાશે છે. (૭) અજિત! નિરંજન ભગવાન શ્રીહરિ યુદ્ધમાં આપને છોડે છે ત્યારે સૈન્યમાં પ્રવેશ કરી આપ દૈત્ય અને દાનવોના બાહુઓ,પેટ, સાથળો, પગ તથા કંઠોને કાપી નાખતા સદા યુદ્ધમાં શોભો છો. (૮) હે સુદર્શનજી ! ગદાધારી ભગવાને સર્વ સહન કરનાર આપને જગતનું રક્ષણ કરવા તેમજ ખલજનોના નાશ માટે નીમેલ છે. માટે અમારા કુળના સદ્‌ભાગ્ય માટે, ભલા માટે વિપ્રવર્ય શ્રીદુર્વાસાજીનું આપ કલ્યાણ કરો. આપનો આ અમારા ઉપર અનુગ્રહ થયો ગણાશે. (૯) ભગવન! જો અમે દાન દીધાં હોય, યજ્ઞ કર્યા હોય, સ્વધર્મ આચર્યો હોય અને વિપ્રો જ અમારા કુળદેવ હોય તો આ શ્રી દ્વિજવર શ્રી દુર્વાસાજી જ્વરમુક્ત થાઓ. (૧૦) આપ સર્વ ગુણના આશ્રય છો, આપ સર્વમાં વસેલા એક જ છો. જો આપ જ પ્રાણીમાં વસેલા છો એવા અમારા હૃદયમાં રહેલા ભગવદ્‌ભાવથી પ્રસન્ન થયા હો તો નાથ આ દ્વિજવર શ્રી દુર્વાસાજી જ્વરમુક્ત બનો. (૧૧)

શ્રી શુકદેવજીએ કહ્યુંઃ રાજન્, અંબરીષ રાજાએ સ્તુતિ કરી એટલે વિપ્રર્ષિ દુર્વાસાજીને સર્વ તરફથી બાળતું એ વિષ્ણુચક્ર સુદર્શન રાજાની પ્રાર્થનાથી શાંત થયું. ત્યાર પછી ચક્રના અગ્નિના તાપથી ક્ષેમકુશળ છૂટેલા દુર્વાસા મુનિએ ઉત્તમ આશીર્વાદો આપતાં પ્રશંસા કરી. (૧૨,૧૩)

વૈષ્ણવનો મહિમા

શ્રી દુર્વાસાજી બોલ્યાઃ સાચે જ આજે મેં અનન્ત ભગવાનના ભક્તોનું મોટપણ નજરે નિહાળ્યું, કેમકે અમારા જેવા અપરાધીનું પણ મંગળ ઇચ્છો છો અથવા સાધુજન માટે શું અશકય છે અથવા તો મહાત્મા પુરુષોને માટે આવી કઈ વસ્તુ છે કે ન છોડી શકાય. આ મહાપુરુષોએ તો ભક્તોના સ્વામી ભગવાન શ્રીહરિને હૃદયમાં ધારણ કર્યા છે. મહાત્મા પુરુષ સર્વ ઉપર કૃપા કરી શકે છે અને સર્વના અપરાધોને ક્ષમા કરી શકે છે. (૧૪,૧૫) અથવા જે ભગવાનના નામના કેવળ શ્રવણથી મનુષ્ય નિર્મળ થાય છે તે અને સમસ્ત તીર્થ જે ભગવાનના ચરણમાં વસે છે તે તીર્થપાદ શ્રીહરિના દાસજનોને કઈ વસ્તુ મેળવવી બાકી છે? હે રાજન્! કરુણામય મનવાળા આપે મારા ઉપર અનુગ્રહ કર્યો છે, કારણ કે મારા અપરાધને વીસરી જઈ આપે મારા પ્રાણની રક્ષા કરી છે. (૧૬,૧૭)

વૈષ્ણવનું દૈન્ય અને વૈષ્ણવ ધર્મ

રાજન્, પરીક્ષિત ! શ્રી અંબરીષ રાજાજી મહર્ષિ દુર્વાસા પાછા ક્યારે પધારે તેની ખૂબ રાહ જોઈ રહ્યા હતા. વળી રાજાએ ભોજન પણ લીધું ન હતું ત્યાં દુર્વાસાને પધારેલા જોયા અને શ્રીદુર્વાસાના ચરણ પકડી પ્રસન્ન કરી તેમને પ્રસાદ લેવરાવ્યો. શ્રી દુર્વાસાજીએ આદરપૂર્વક અર્પેલા પ્રસાદનો તેમજ સર્વકામના પૂર્ણ કરનાર આતિથ્યને સ્વીકારી અંતઃકરણથી તૃપ્ત થયેલા દુર્વાસા મુનિ આદરપૂર્વક રાજાને કહેવા લાગ્યા કે રાજન્ આપ હવે ભગવત્પ્રસાદનો અંગીકાર કરો. (૧૮, ૧૯)

રાજન્, આપના જેવા પરમ ભાગવતના દર્શનથી, સ્પર્શથી, મધુર ભાષણથી, અતિથિસત્કારથી અને સર્વ પ્રાણીમાં રહેલા ભગવદ્ ભાવથી પ્રસન્ન થયો છું. આપે સાચે જ મારા ઉપર કૃપા કરી છે. (૨૦) હે રાજન્ ! આપના આ શુદ્ધ

કર્મને દેવાંગનાઓ વારંવાર ગાશે. આ પૃથ્વીના પ્રજાજન પણ આપની પવિત્ર કીર્તિનાં ગાન કરશે. (૨૧) શ્રી શુકદેવજીએ કહ્યું : રાજન્ ! અંબરીષ રાજાને આ પ્રમાણે કહી અંત્યત સંતુષ્ટ થયેલા શ્રી દુર્વાસામુનિ રાજા પાસેથી વિદાય માગી આકાશમાર્ગે કેવળ નિષ્કામ કર્મથી પ્રાપ્ત થનારા બ્રહ્મલોકમાં ગયા. (૨૨) રાજન્, પરીક્ષિત ! શ્રી દુર્વાસામુનિ પાછા આવ્યા ન હતા. તેને એક વર્ષ વીત્યું હતું તો પણ આટલા સમય સુધી મુનિના દર્શનની ઇચ્છા રાખી અંબરીષ રાજાએ કેવળ જળનો જ આહાર કર્યો હતો. (૨૩) જ્યારે પ્રસાદ લઈ શ્રી દુર્વાસામુનિ પધારી ગયા ત્યાર બાદ આ રાજાએ વિપ્રોના અત્યંત પવિત્ર થયેલા ભોજનનો અંગીકાર કર્યો અને દુર્વાસાઋષિને થયેલું દુઃખ, તેમાંથી થયેલો તેમનો છુટકારો તથા પોતાનું ધૈર્ય વગેરે શક્તિ એ સર્વ જાણી તેને ભગવાનનો જ પ્રભાવ રાજાએ માન્યો હતો. આવા પ્રકારના અનેક ગુણવાળા અંબરીષ રાજાએ પોતાનાં સમસ્ત કાર્યો દ્વારા પરબ્રહ્મ પરમાત્મા શ્રી વાસુદેવમાં ભક્તિ કરી હતી, તે સ્વર્ગથી છેક બ્રહ્મલોક પર્યન્ત સુખોને તેમજ સર્વવિધ ભોગોને સેવામાં નરક જેવાં બાધક માન્યાં હતાં. (૨૪, ૨૫) પછી એ ધીર અંબરીષ રાજાએ પોતાના જેવા જ સ્વાભાવવાળા પુત્રોને રાજ્ય આપી વનમાં પ્રવેશ કર્યો અને ત્યાં આત્મારૂપ ભગવાન વાસુદેવમાં મન સ્થાપી ગુણપ્રવાહરૂપ આ સંસારથી તે છૂટ્યા હતા. (૨૬)

રાજન્, પરીક્ષિત ! શ્રી અંબરીષ રાજાના આ પવિત્ર આખ્યાનનું જે મનુષ્ય સંકીર્તન કરે છે તથા ચિંતન કરે છે તે ભગવાનનો ભક્ત થાય છે. (૨૭)

इत्येतत्पुण्यमाख्यानमम्बरीषस्य भूपतेः । संकीर्तयन्ननुध्यायन्भक्तो भगवतो भवेत् ॥ २७ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમાં સ્કંધનો અધ્યાય ૫ મો સમાપ્ત.

અધ્યાય ૬ ઠ્ઠો

[આ અધ્યાયમાં ૫૫ શ્લોકો છે. ઇક્ષ્વાકુવંશ અને સૌભરિ ઋષિની પ્રાસંગિક કથા આ અધ્યાયમાં આવશે.]

श्रीशुक उवाच-विरुपः केतुमाच्छम्भुरम्बरीषसुतास्त्रयः । विरुपात्पृषदश्वोऽभूत्तत्पुत्रस्तु रथीतरः ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું: રાજન્ ! રાજા અમ્બરીષને ત્યાં વિરૂપ, કેતુમાન તથા શંભુ નામના ત્રણ પુત્રો થયા. આ ત્રણમાંથી મોટા પુત્ર વિરૂપથી પૃષદશ્વના રથીતર નામના પુત્ર થયા. રાજા રથીતરને કોઈ સંતાન ન હતું તેથી તેણે પુત્રોત્પત્તિ માટે અંગિરાઋષિને પ્રાર્થના કરી ત્યારે રથીતરની પત્નીમાં બ્રહ્મતેજવાળા પુત્રો ઉત્પન્ન કર્યા હતા. અંગિરાઋષિના બ્રહ્મતેજથી રથીતરની પત્નીમાં તે પુત્રો ઉત્પન્ન થયા તેથી તે રથીતરના જ ગોત્રના હોવા છતાં તે પુત્રો આંગિરસ પણ કહેવાતા હતા. વળી રથીતર રાજાની બીજી પત્ની હતી તેમના પુત્રો ક્ષત્રિય હતા. આ આંગિરસો ક્ષત્રિય અને બ્રાહ્મણ બન્ને યોગ્યતાવાળા હોઈ સર્વપુત્રોમાં તે ઉત્તમ પુત્રો મનાતા હતા. (૧-૩)

શ્રી રામચંદ્રપ્રાકટ્ય અલૌકિક કુલમાં જ થાય માટે સૂર્યકુલમાં ઇક્ષ્વાકુની ઉત્પત્તિ

રાજન્ ! એક સમયે વૈવસ્વત મનુને છીંક આવતાં તેમના નાકમાંથી ઇક્ષ્વાકુ નામના પુત્રની ઉત્પત્તિ થઈ. તે ઇક્ષ્વાકુરાજાને સો પુત્રો હતા. આ સો પુત્રોમાં સૌથી મોટા પુત્રને વિકુક્ષિ, નિમિ તથા દંડક નામના ત્રણ પુત્રો હતા. રાજન્ ! ઇક્ષ્વાકુના આ સો પુત્રોમાંથી પચીસ પુત્રો આર્યાવર્તની પૂર્વ દિશામાં રાજાઓ હતા. બીજા પચીસ પુત્રો આર્યાવર્તની પશ્ચિમ દિશામાં રાજ્ય કરતા હતા. સૌથી મોટા ત્રણ આર્યાવર્તના મધ્ય પ્રદેશનું શાસન કરતા હતા અને બાકીના સુડતાલીસ પુત્રો અર્યાવર્તની દક્ષિણ તથા ઉત્તર દિશાઓના રાજાઓ હતા. એક સમયે ઇક્ષ્વાકુને ત્યાં અષ્ટકા નામનું શ્રાદ્ધ હતું. આ શ્રાદ્ધની સામગ્રી લાવવા માટે વિકુક્ષિ પુત્રને આજ્ઞા કરી કે રાજકુમાર ! વનમાંથી શ્રાદ્ધની પવિત્ર સામગ્રી લઈ આવો વાર કરશો નહિ. બહુ સારું એમ કહી વીરશ્રેષ્ઠ વિકુક્ષિ વનમાં ગયા અને ત્યાં શ્રાદ્ધક્રિયામાં યોગ્ય પશુઓની મૃગયા કરતાં તે થાકી ગયા અને ભૂખ્યા થયા ત્યારે એમને ખ્યાલ ન રહ્યો કે શ્રાદ્ધની સામગ્રી શ્રાદ્ધ કર્યા પહેલાં ખવાય તો તે ઉચ્છિષ્ટ થાય અને તેણે તે ચીજોમાંથી થોડી સામગ્રી ખાઈ લીધી અને બીજી સામગ્રી લાવી તેણે પિતાને આપી. પછી ઇક્ષ્વાકુએ ગુરુ વસિષ્ઠને તે શ્રાદ્ધસામગ્રીના પ્રોક્ષણ માટે પ્રેરણા કરી ત્યારે તેમણે કહ્યું આ સામગ્રી તો ઉચ્છિષ્ટ છે; તેથી શ્રાદ્ધકર્મ માટે અયોગ્ય છે. કારણ કે તમારા પુત્રે તેમાંથી ખાધું છે. આ વાત વશિષ્ઠ

મહારાજના કહેવાથી જાણી સદાચાર ત્યજનારા તે પુત્ર વિકુક્ષિ ઉપર ક્રોધ ચઢતાં ઇક્ષ્વાકુ રાજાએ વિકુક્ષિને દેશવટો આપ્યો. (૪-૯) પછી તો ઇક્ષ્વાકુ ગુરુ વશિષ્ઠ સાથે તત્ત્વવિચાર કર્યા કરતા જેથી વૈરાગ્ય જાગ્યો અને યોગી બની શરીર ત્યજી પરમભવને પામ્યા. (૧૦) જ્યારે ઇક્ષ્વાકુ રાજાનો દેહ છૂટ્યો ત્યારે વિકુક્ષિ રાજ્યમાં પાછા આવ્યા અને પૃથ્વી ઉપર રાજ્ય કરવા લાગ્યા. તેમણે યજ્ઞો દ્વારા શ્રીહરિનું યજન કર્યું અને તેમનું નામ 'શશ' ભક્ષણથી 'શશાદ' પડ્યું. (૧૧)

પુરંજય રાજાની ગાથા

આ શશાદના પુત્રનું નામ પુરંજય હતું. આ પુરંજયને ઇન્દ્રવાહ અને કકુત્સ્થ એવા બીજા નામથી પણ લોકો બોલાવતાં હતા. એનાં એ ત્રણ નામો કર્મ ઉપરથી પડેલાં હતાં. (૧૨) આ વિષયમાં એવી કથા છે કે પૂર્વે કૃતયુગને અંતે દૈત્યોની સાથે દેવોનું સંહારક યુદ્ધ થયું હતું ત્યારે દૈત્યોથી હારેલા દેવોએ વીર પુરંજયને સહાયક તરીકે સ્વીકાર્યા હતા. (૧૩) ત્યારે પુરંજયે કહ્યું કે 'જો ઇન્દ્રરાજા મારું વાહન બને તો દૈત્યોનો નાશ કરું.' એમ કહી ઇન્દ્રને પોતાના વાહન થવાની માગણી કરી. લજ્જાવશ રાજા ઇન્દ્રે આ વાત સ્વીકારી નહીં છતાં દેવાધિદેવ અને જગતના આત્મા ભગવાન વિષ્ણુનાં વચનને માન આપી ઇન્દ્રરાજા પુરંજ્યના બળદરૂપ વાહન બન્યા. (૧૪) ત્યાર પછી કવચ ધારણ કરી સજ્જ થઈ હાથમાં દિવ્ય ધનુષ્ય તેમજ તીક્ષ્ણ બાણો લઈ દેવોની સ્તુતિ કરાતા પુરંજય દૈત્યો સામે યુદ્ધ કરવાની ઇચ્છાથી સાંઢ બનેલા ઇન્દ્રની ખાંધે બેઠા હતા. (૧૫) સર્વના અંતર્યામી પરમાત્મા વિષ્ણુએ પોતાના તેજથી પુરંજયને ભરી દીધો ત્યારે પુરંજયે પશ્ચિમ દિશામાં દૈત્યોના નગરને દેવોની સાથે રહી ઘેરી લીધું. (૧૬) આ સમયે દૈત્યો સાથે તેનું રોમાંચક યુદ્ધ થયું. આ યુદ્ધમાં સામે ધસી દૈત્યોને પુરંજયે ભાલાઓ મારી યમદેવને દ્વારે મોકલી આપ્યા. (૧૭) યુગના પ્રલયકાલના અગ્નિ જેવા ભયંકર તે રાજાના બાણોના પ્રહારવાળા યુદ્ધમાં સન્મુખ થવાનું છોડી દઈ રણસંગ્રામામાં માર્યા જતા દૈત્યો પોતાના પાતાલ દેશમાં પેસી ગયા. (૧૮) આ રીતે રાજર્ષિએ દૈત્યોનાં સર્વ ધન તેમજ લક્ષ્મી સહિત નગર જીતી લઈ ઇન્દ્રને આપ્યું હતું તેથી પુરંજય-ઇન્દ્રવાહક-કકુત્થ એવાં ત્રણ નામથી કહેવાતા હતા. (૧૯) આ પુરંજયનાં અનેનસ નામે પુત્ર થયા. અનેનસના પૃથુ પુત્ર થયા; પૃથુના વિશ્વરંધ્રિ થયા; વિશ્વરંધ્રિના ચન્દ્ર થયા; ચન્દ્રના યુવનાશ્વ થયા. (૨૦, ૨૧) અને યુવનાશ્વના શાબસ્ત થયા. શાબસ્તે શાબસ્તી નામની નગરી વસાવી હતી. શાબસ્તના બૃહદશ્વ તથા બૃહદશ્વના કુવલયાશ્વ નામના પુત્ર થયા. બળવાન કુવલયાશ્વે ઉત્તંક નામના ઋષિનું પ્રિય કરવા માટે પોતાના એકવીસ હજાર પુત્રોથી વીંટાઈને ધુંધુ નામના દૈત્ય ઉપર આક્રમણ કરી તેનો વધ કર્યો ત્યારે તેમને 'ધુંધુમાર' એવું પ્રખ્યાત નામ પામ્યા હે ભારત ! હે રાજન્, તે રાજાના સર્વ પુત્રો ધુંધુ દૈત્યના મુખના અગ્નિથી બળી ગયા હતા. તેમાંથી દૃઢાશ્વ, કપિલાશ્વ અને ભદ્રાશ્વ નામના ત્રણ જ પુત્રો બાકી રહ્યા હાતા. મોટા પુત્ર દઢાશ્વના હર્યશ્વ, હર્યશ્વના નિકુંભ પુત્ર થયા. (૨૨-૨૪)

શ્રી યુવનાશ્વ રાજાની કથા

નિકુંભના બર્હણાશ્વ પુત્ર થયા અને બર્હણાશ્વના કૃશાશ્વ પુત્ર થયા.કૃશાશ્વના સેનજિત થયા અને સેનજિતના યુવનાશ્વ નામના પુત્ર થયા. યુવનાશ્વને કંઈ સંતાન્ ન હોવાથી ખેદ પામી તે તેમની સો સ્ત્રીઓ સાથે વનમાં ચાલ્યા ગયા. ત્યાં ઋષિઓએ એમના ઉપર દયા કરી એકાગ્રચિત્તે રાજાની પાસે "ઐંદ્રિ" ઇષ્ટિ પુત્રપ્રાપ્તિનો યજ્ઞ કરાવ્યો. (૨૫, ૨૬) આ ઈષ્ટિ-યજ્ઞમાં એક સમય રાત્રી વખતે તરસ્યા થયેલા રાજા ઋષિઓની યજ્ઞશાળામાં જલપાન કરવા પ્રવેશ્યા, ત્યાં રાજાએ સર્વ ઋષિઓને નિદ્રાવશ જોયા. એટલે નિદ્રામાંથી ઉઠાડવાનો અપરાધ જાણી ત્યાં કલશમાં રહેલા મંત્રિત જલને પી ગયા. (૨૭) રાજન્, ત્યાર પછી પ્રાતઃકાલમાં ઊઠેલા વિપ્રોએ સાભંળ્યું કે 'પુંસવન જલવાળો ' કલશ તો ખાલી છે ત્યારે પૂછયું કે ભાઈ આ કાર્ય કોણે કર્યું ? આ પુંસવનનું જલ કોણ પી ગયું ? પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે ઈશ્વરની પ્રેરણાથી રાજા જ તે પુંસવન જલ પી ગયા છે ત્યારે તેઓ બોલ્યા કે દૈવબળ જ સર્વથી મોટું બળ છે , પુરુષનું કંઈ બળ નથી. એમ કહીને ઋષિઓએ ઈશ્વરને પ્રણામ કર્યા. (૨૮,૨૯) ત્યારબાદ સમય વીતતાં પ્રસવનો સમય થયો ત્યારે યુવનાશ્વની જમણી કૂખ ચીરી તેમાંથી ચક્રવર્તી પુત્રને બહાર કાઢવામાં આવ્યા કે પુત્ર સ્વયં બહાર આવ્યા. (૩૦)

માંધતા રાજાની ઉત્પત્તિ અને કથા

બહાર આવેલ બાળક સ્તનપાન માટે બહુ જ રડવા લાગ્યો ત્યારે બ્રાહ્મણો બોલી ઊઠ્યા; 'આ કુમાર કોને ધાવશે ?' ત્યારે 'તે મને ધાવશે' એમ કહી ઈન્દ્રે 'હે પુત્ર ! તું રડ મા!' એમ કહેતાં અગૂઠાં પાસેની પહેલી તર્જની નામની આંગળી બાળકના મુખમાં આપી. (૩૧) કૂખ ચીરી બાળક બહાર આવવા છતાં વનસ્પતિ ઔષધિ જાણનારા અને તેનાથી કૂખની ચામડીને સાંધનારા બ્રાહ્મણોની તથા દેવોની કૃપાથી તેના પિતા યુવનાશ્વ મરણ ન પામ્યા ત્યારબાદ વનમાં રહ્યા અને તપશ્ચર્યા કરી મોક્ષ પામ્યા હતા. રાજન્, આ માંધાતા રાજાથી રાવણ વગેરે દુષ્ટો પણ કંપી ઊઠી ત્રાસ પામતા હતા. તેથી રાજા ઈન્દ્રે તેમનું નામ ત્રસદ્દસ્યુ પાડ્યું હતું. (૩૩) યુવનાશ્વના પુત્ર માંધાતા ચક્રવર્તી રાજા થયા. અચ્યુત ભગવાનના પ્રભાવથી માંધાતા રાજા એકલે હાથે સાત દ્વીપોવાળી પૃથ્વી ઉપર રાજ્ય કરતા હતા. (૩૪) આત્મવેત્તા માંધાતા રાજાએ પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞો કરી સર્વદેવ મય, સર્વના આત્મા અને અતીંદ્રિય યજ્ઞદેવ વિષ્ણુભગવાનનું આરાધન કર્યું હતું. (૩૫) કારણ કે યજ્ઞમાં વપરાતા દ્રવ્ય, મંત્ર, વિધિ, યક્ષ,યજમાન, ઋત્વિજો, ધર્મ, દેશ તેમજ કાળ આ સઘળાં કેવળ ભગવાનનાં જ સ્વરૂપો છે. (૩૬) રાજન્ ! ભગવાન સૂર્ય જેટલા પ્રદેશમાં ઊગે છે અને જેટલા દેશને પ્રકાશે છે તે સર્વ પ્રદેશ યુવનાશ્વના પુત્ર માંધાતા રાજાનો કહેવાય છે. (૩૭) શ્રી માંધાતા રાજા શશબિંદુની પુત્રી બિંદુમતીને પરણ્યા હતા. બિંદુમતીમાં પુરુકુત્સ, અંબરીષ અને મુચુકુન્દ નામના ત્રણ પુત્રો થયા હતા. તેમાં મુચુકુન્દનામના પુત્ર યોગી હતા. આ ભાઈઓને પચાસ બહેનો હતી. તેઓ સૌભરિ નામના ઋષિને વરી હતી. (૩૮)

સૌભરિ મહર્ષિની ગાથા

પરમ તપસ્વી શ્રીસૌભરિ મુનિ એકવાર શ્રી યમુનાના જલમાં ડૂબકી લગાવી તપશ્ચર્યા કરતા હતા તે સમયે ભોગક્રીડા કરતા એક મોટા માછલાનો કામભોગનો આનંદ જોઈ સૌભરિ મુનિની પણ દામ્પત્ય સુખ મેળવવાની ઈચ્છા થઈ. (૩૯) અને માંધાતા રાજા પાસે જઈ એક કન્યા માગી ત્યારે રાજા માંધાતાએ કહ્યુ કે હે બ્રહ્મન્ ! સ્વયંવરમાં જે કન્યા આપનો સ્વીકાર કરે તેને આપ ખુશીથી લઈ જાઓ. (૪૦) ઋષિએ વિચાર કર્યો; 'હું વૃદ્ધ હોઈ સ્ત્રીઓનો અપ્રિય છું. મારી કાયામાં પળિયાં આવ્યા છે અને કરચલીઓ પડી છે, માથું, કંપે છે માટે સ્વયંવરમાં કન્યા વરશે જ નહીં એવું મનમાં જ વિચારી રાજાએ હા કહેવાને બદલે ના જ પાડી છે. (૪૧) પરંતુ હું મારા શરીરને એવું બનાવીશ કે જેથી તે દેવાંગનાઓને પણ પ્રિય લાગશે તો પછી રાજકુમારીઓને પ્રિય લાગે એમાં તે શી નવાઈ ! એવો સમર્થ મુનિએ મનમાં નિર્ણય કર્યો. (૪૨) ત્યારબાદ સમૃદ્ધિ-વૈભવ ભરેલા કન્યાઓના અન્તઃપુરમાં દ્વારપાલ મુનિને લઈ ગયા. મુનિવરે કન્યાઓમાંથી કઈ કન્યા પોતાને વરવા ચાહે છે એમ પૂછ્યું ત્યારે કામદેવ જેવા દિવ્ય સ્વરૂપને નિહાળી તરત જ તે પચાસે કન્યાઓએ મુનિને વરવાનો નિર્ણય કર્યો. (૪૩) એટલું જ નહીં પણ બહેનોનો સ્નેહ છોડી પરસ્પર 'આ વર તો મારે યોગ્ય છે તમારે યોગ્ય નથી' એમ તે મુનિ માટે કન્યાઓમાં પરસ્પર કલહ થયો, કેમ કે તે સર્વ કન્યાઓનાં મન એ મુનિમાં પરોવાયાં હતા. (૪૪) પછી એ શ્રી ઋગ્વેદી સૌભરિ મુનિએ અપાર તપસંપત્તિથી રચેલા ભવનોમાં અમૂલ્ય રાચરચીલાં હતાં. વિવિધ પ્રકારનાં ઉપવનો હતાં, નિર્મલ જલવાળાં સરોવરો હતાં, સુંગધીદાર કાનન હતાં. આ દિવ્ય ભવનો મહામૂલી સામગ્રીથી સર્જેલાં હતાં તેમજ ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરેલાં સ્ત્રીપુરુષ સેવક જનવાળાં હતાં. રાજન્ ! બંદીજનોના સંગીતથી અને ભ્રમરોથી ગુંજતાં ભવનોમાં અને સરોવરોમાં સૌભરિયોગી પચાસ સ્વરૂપ લઈ પચાસ રાજકુમારીઓ સાથે નિત્ય વિહાર કરતા હતા. (૪૫,૪૬) સાત દ્વીપના સ્વામી માંધાતા રાજાએ સૌભરિ મુનિનો વૈભવપૂર્ણ ગૃહસ્થાશ્રમ જોયો ત્યારે તે ખૂબ જ આશ્ચર્ય પામ્યા. એટલું જ નહીં. પરંતુ પોતાની ચક્રવર્તીની રાજ્યલક્ષ્મીના અભિમાનને પણ છોડી દીધું. (૪૭)

કામભોગથી કદી તૃપ્તિ થતી જ નથી

સૌભરિ ગૃહસ્થ સુખમાં આસક્ત થઈ અનેક જાતના સુખો સાથે વિષયો ભોગવતા હતા છતાં અગ્નિ જેમ ઘીનાં ટીપાંઓથી તૃપ્તિ ન પામે તેમ મુનિવર ભોગોથી તૃપ્તિ ન પામ્યા. (૪૮) પછી એક દિવસ ઋગ્વેદના આચાર્ય મુનિ

સૌભરિ આત્મચિંતન કરતાં પોતાનો ખ્યાલ કરતા હતા કે માત્ર એક માછલાના કામસુખને જોઈ મેં મારા સર્વ તપનો નાશ કરી નાખ્યો. મેં આ શું કર્યું ! (૪૯) મુનિવર ખેદથી વિચારવા લાગ્યા કે હું ઉત્તમ ચરિત્રવાળો વ્રતનિષ્ઠ તપસ્વી હતો. અહો ! મારા આ વિનાશ તરફ જુઓ ! જલમાં એક જલચરના પ્રસંગથી મેં ઘણા લાંબા સમયથી ધારણ કરેલા બ્રહ્મજ્ઞાનનો અને બ્રહ્મચર્યનો નાશ કર્યો છે. (૫૦)

संगं त्यजेत मिथुनव्रतिनां मुमुक्षुः सर्वात्मना न विसृजेद् बहिरिन्द्रियाणि ॥
एकश्चरन् रहसि चित्तमनन्त ईशे युञ्जीत तद्व्रतिषु साधुषु चेत् प्रसङ्गः ॥ ५१ ॥

મુનિવર બોલ્યા કે મુમુક્ષુજને કામભોગ-વિલાસપરાયણ સ્રીપુરુષનો સંગ સર્વથા ત્યજવો જોઈએ અને ઈન્દ્રિયોને બહારના વિષયોમાં કદી જવા જ ન દેવી, માત્ર એકલા જ વિચરી એકાંતમાં ભગવાન અનંત શ્રીકૃષ્ણમાં મન પરોવવું જોઈએ અને જો શક્ય બને અને પ્રસંગ પડે તો સેવાવ્રતપરાયણ પરમ ભગવદીયજનોનો જ પ્રસંગ કરવો. (૫૧) રાજન્ સૌભરિ ઋષિ કહેવા લાગ્યા કે સજ્જનો ! હું એકલો જ હતો, તપસ્વી હતો પણ પાછળથી જલમાં માછલાંનો સંગ થતાં પચાસ સ્ત્રીઓ સાથે જોડાઈ પચાસ રૂપ થયો અને પછી તે એકએક સ્ત્રીમાં સો સો પુત્રો ઉત્પન્ન કરીને પાંચ હજારની સૃષ્ટિરૂપે ઉત્પન્ન થયો છું. છતાં હજી આ લોકના તથા પરલોકના કર્મ સંબંધી મનોરથોનો અંત પામ્યો નથી, કેમ કે મારી બુદ્ધિ માયાના ગુણોથી હણાઈ ગઈ છે અને વિષયોમાં જ પુરુષાર્થ બુદ્ધિ કરી છે. (૫૨) રાજન્ ! એટલા સમય સુધી ઘરમાં રહેતા સૌભરિઋષિ વિરક્ત થયા અને વાનપ્રસ્થધર્મનો આશ્રય કરી વનમાં ચાલ્યા ગયા. તેમની પત્નીઓ પણ પતિને જ પોતાનો દેવ માનતી હોઈ તેમની પાછળ વનમાં ચાલી ગઈ. (૫૩) રાજન્, વનમાં કાયાને કૃશ કરનારા તીક્ષ્ણ તપને આચરી જિતેન્દ્રિય સૌભરિ મુનિએ અગ્નિહોમના અગ્નિઓ સાથે પોતાના આત્માને પરમાત્મામાં જોડી દીધો. (૫૪) હે પરીક્ષિત્ ! સૌભરિ ઋષિની સ્રીઓ પણ પતિની આધ્યાત્મિક ગતિ જોઈ શાંત થયેલા અગ્નિ પાછળ અગ્નિજ્વાલાઓ સ્વંયં ચાલી જાય તેમ તેમના પ્રભાવથી તેમની પાછળ ચાલી ગઈ-સંસારથી છૂટી બ્રહ્મપદ પામી. ૫૫

ताः स्वपत्युर्महाराज निरीक्ष्याध्यात्मिकीं गतिम् । अन्वीयुस्तत्प्रभावेण अग्निं शान्तमिवार्चिषः ॥ ५५ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૬ ઠ્ઠો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭મો

[આ અધ્યાયમાં ૨૭ શ્લોકો છે. માંધાતા રાજાના વંશની, પુરુકુત્સની, હરિશ્ચંદ્ર રાજાની, રોહિત, શુનઃશેપ અને પુષ્ટિભક્ત શ્રી વિશ્વામિત્ર મુનિવર્યની કથાના પ્રસંગો આ અધ્યાયમાં આવશે.]

श्रीशुक उवाच–मान्धातुः पुत्रप्रवरो योऽम्बरीषः प्रकीर्तितः। पितामहेन प्रवृत्तौ यौवनाश्वश्च तत्सुतः।
हरीतस्तस्य पुत्रो ऽभून्मांधातृप्रवरा इमे ॥

માંધાતા રાજાના પુત્ર અંબરીષની કથા

શ્રીશુકદેવજી મહારાજે કહ્યું કે રાજન્, માંધાતાનો પુરુકુત્સ, અંબરીષ અને મુચુકુન્દ નામના ત્રણ પુત્રોમાંથી ગુણસમ્પન્ન પુત્ર અંબરીષને દાદા યુવનાશ્વ રાજાએ પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યો હતો. આ અંબરીષને ત્યાં યૌવનાશ્વ નામના પુત્ર હતા અને યૌવનાશ્વના હરીત નામના પુત્ર થયા. આ ત્રણે; અંબરીષ યૌવનાશ્વ માંધાતા વંશમાં ઉત્તમ ગણાતા હતષ.(૧)

માંધાતાના બીજા પુત્ર પુરુકુત્સની કથા

માંધાતાના દ્વિતીય પુત્ર પુરુકુત્સને સર્પોએ પોતની નર્મદા નામની બહેન આપી હતી. સર્પકુમારી નર્મદા પોતાના ભાઈ નાગરાજાની પ્રેરણાથી રાજા પુરુકુત્સને રસાતલમાં લઈ ગઈ હતી. ભગવાનના જેવા શક્તિશાળી પુરુકુત્સે વધ કરવા લાયક ગંધર્વોને માર્યા હતા, તેથી પ્રસન્ન થઈ નાગરાજે વરદાન આપ્યું કે પુરુકુત્સજી ! આપના નામનું સ્મરણ કરનારને સર્પનો ભય રહેશે નહીં ! (૨,૩) રાજન્ ! આ પુરુકુત્સનાં ત્રસદ્દસ્યુ, ત્રસદ્દસ્યુના અનરણ્ય પુત્ર થયા. અનરણ્યના હર્યશ્વ પુત્ર થયા. હર્યશ્વના અરુણ પુત્ર થયા અને અરુણના ત્રિબંધન નામના પુત્ર થયા. (૪)

શ્રી ત્રિશંકુ રાજાની કથા

તે ત્રિબંધનના સત્યવ્રત નામના પુત્ર થયા. આ સત્યવ્રત રાજા ત્રિશંકુના નામથી પ્રખ્યાત થયા હતા અને ત્રિશંકુ રાજા વસિષ્ઠ ગુરુના શાપથી ચાંડાલપણાને પામ્યા હતા. (૫) આ ત્રિશંકુ રાજા વિશ્વામિત્રના પ્રભાવથી સદેહે જ સ્વર્ગે ગયા હતા. આજે પણ તે ત્રિશંકુના તારા રૂપે દેખાય છે. ત્રિશંકુ રાજા સદેહે સ્વર્ગમાં જતા હતા ત્યારે દેવો તેને ઊંધે મસ્તકે નીચે નાખતા હતા. પરંતુ વિશ્વામિત્રે તપોબળથી ત્રિશુંકને આકાશમાં જ અટકાવી દીધા છે, તે આજે પણ દેખાય છે. (૬) આ ત્રિશંકુ રાજાના પુત્ર હરિશ્ચન્દ્ર હતા. આ હરિશ્ચન્દ્ર રાજાના નિમિત્તે વિશ્વામિત્ર તથા વસિષ્ઠનું ઘણાં વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું હતું. (૭)

રાજા હરિશ્ચન્દ્રની પુત્રલાલસા

રાજન્ ! હરિશ્ચન્દ્રને કંઈ સંતાન ન હતું, તેથી મનથી તે ઉદાસીન રહેતા હતા. પછી નારદજીના ઉપદેશથી તે વરુણને શરણે ગયા અને કહ્યું : 'હે પ્રભો ! મને પુત્ર થાઓ. (૮) હે મહારાજ ! જો મને વીર પુત્ર થશે તો તે જ પુત્રથી હું આપનું યજન કરીશ. તે સાંભળી વરુણે' તથાસ્તુ 'કહ્યું. એટલે હરિશ્ચન્દ્રને ત્યાં રોહિત નામના પુત્રનો જન્મ થયો. (૯) એ રીતે પુત્ર જન્મ્યો ત્યારે વરુણ દેવે કહ્યું 'હરિશ્ચન્દ્ર રાજા ! તમારે ત્યાં પુત્રનો જન્મ થયો છે માટે હવે મારું યજન કરવું જાઈએ.' ત્યારે હરિશ્ચન્દ્રે ઉત્તર આપ્યો,'' આ યજ્ઞપશુ-બાળક દસ દિવસના થાય ત્યારે પવિત્ર થાય. તે પછી હું આપનું યજન કરીશ. આવા ઉત્તરથી વરુણ પાછા ગયા. ત્યાર બાદ દશ દિવસ થયા એટલે ફરી વરુણે આવીને કહ્યું કે હવે તો રાજન્ ! મારું યજન કરો ! એટલે રાજા બોલ્યા : 'આ યજ્ઞ-પશુને દાંત આવે ત્યારે પવિત્ર થાય માટે હમણાં થોભી જાઓ. તે સાંભળી વરુણ વળી પાછા ગયા અને તે બાળકને દાંત આવ્યા ત્યારે વરુણ આવીને બોલ્યા કે હવે દાંત આવ્યા છે માટે મારું યજન કરો ! ત્યારે હરિશ્ચન્દ્ર બોલ્યા કે, આના દાંત પડી જાય ત્યારે તે પવિત્ર થાય ત્યાં સુધી રોકાઈ જાઓ. રાજન્, ત્યાર પછી દાંત પડી ગયા ત્યારે વરુણે આવીને કહ્યું કે 'હવે મારુ યજન કરો' ત્યારે હરિશ્ચન્દ્રે કહ્યું જયારે પશુને ફરી દાંત આવે ત્યારે તે પવિત્ર થાય. પછી ફરી દાંત આવ્યા ત્યારે વળી વરુણે પાછા આવીને કહ્યું, હવે રાજન્ ! તમે યજન કરો. તે સાંભળી રાજા હરિશ્ચન્દ્રે કહ્યું કે રાજન્ ! ક્ષત્રિયપુત્ર બખ્તર પહેરવા યોગ્ય થાય ત્યારે યજ્ઞયોગ્ય ગણાય! આ પ્રકારે સ્નેહથી બંધાયેલા મનવાળા રાજા હરિશ્ચન્દ્રે પુત્ર ઉપરના પ્રેમને કારણે વરુણ દેવને ઠગી વારંવાર વાયદા કરવા માંડ્યા અને વરુણદેવ પણ વાયદા પ્રમાણે વાટ જોવા લાગ્યા. (૧૦-૧૫) રાજન્ ! રોહિતે જાણ્યું કે પોતાના પિતા પોતાથી વરુણ યજ્ઞ કરવાના છે એમ જાણી રોહિતે પોતાના પ્રાણ બચાવવાની ઇચ્છાથી હાથમાં ધનુષ્ય લઈ જંગલમાં ચાલ્યા ગયા. (૧૬) વનમાં ગયેલા રોહિતને ખબર પડી કે વરુણે પિતાને જલોદરના રોગથી ઘેરી લીધા છે; તેથી પેટ મોટું થઈ ગયું છે એટલે પિતૃભક્ત રોહિત પોતાના ગામ તરફ ચાલી નીકળ્યા ત્યારે ઇન્દ્રે રોહિતને અટકાવી રાખ્યા. (૧૭)

રોહિતની તીર્થયાત્રા અને કર્મનું ફળ

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! પરીક્ષિત! જ્યારે રોહિત પાછા વળતા હતા ત્યારે તેમને ઈન્દ્ર રાજાએ રોહિત કુમાર! તીર્થક્ષેત્રોનું સેવન કરીને પૃથ્વી ઉપર પર્યટન કરવું પુણ્યદાયી છે એવી સૂચના આપી એટલે રોહિત પાછા એક વર્ષ પર્યન્ત વનમાં જ રહ્યા. એમ બીજે, ત્રીજે,ચોથે ને પાંચમે વર્ષે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈ ઈન્દ્ર તેમની પાસે આવી વારંવાર આ પ્રમાણે કહ્યા કરતા હતા. રાજન્ ! આમ જ્યારે છ વર્ષ જંગલમાં ભટકી રોહિતે ગાળ્યાં અને પછી તે પોતાના નગર જવા નિકળ્યા ત્યારે રસ્તામાં તેમણે અજીગર્ત નામના બ્રાહ્મણ પાસેથી તેના વચલા પુત્ર શુનઃશેપને વેચાતો લઈ યજ્ઞના પશુ તરીકે લાવી પિતાને આપી વંદન કર્યાં. ત્યારે મહાન યશસ્વી હરિશ્ચન્દ્રે પુરુષમેધ યજ્ઞ કરી વરુણાદિ દેવોનું યજન કર્યું અને પોતે જલોદર રોગથી મુક્ત થયા. આ યજ્ઞમાં વિશ્વામિત્ર હોતા હતા. આત્મવેત્તા જમદગ્નિ અધ્વર્યુ હતા. (૧૮-૨૨) વસિષ્ઠ બ્રહ્મા હતા અને અયાસ્ય ઉદ્‌ગાતા હતા. ઈન્દ્રે હરિશ્ચન્દ્ર ઉપર પ્રસન્ન થઈ તે વખતે તેને સુવર્ણનો રથ ભેટ આપ્યો હતો. (૨૩)

હરિશ્ચન્દ્ર રાજાની મુક્તિ

રાજન્ ! વિપ્રપુત્ર શ્રી શુનઃશેપનું માહાત્મ્ય આગળ કહેવામાં આવશે. રાજા હરિશ્ચન્દ્રનું તેની સ્ત્રી સાથે સત્ય ભર્યું ધૈર્ય જોઈ વિશ્વામિત્ર તેમના ઉપર અત્યંત પ્રસન્ન થયા હતા જેથી તેમણે તેને આત્મજ્ઞાન આપ્યું હતું. એ આત્મજ્ઞાનના પ્રભાવથી હરિશ્ચન્દ્રે પોતાના મનનો પૃથ્વીમાં, પૃથ્વીનો જળમાં, જળનો તેજમાં, તેજનો વાયુમાં, વાયુનો આકાશમાં, આકાશનો અહંકારમાં અને અહંકારનો મહત્તત્વમાં લય કરી તેનાથી શુદ્ધ જ્ઞાન-કલાનું આત્મસ્વરૂપે ધ્યાન કરી તે ધ્યાનના બલથી અજ્ઞાનનો દાહ કર્યો હતો. (૨૩-૨૬) પછી મોક્ષસુખના અનુભવ જ્ઞાનથી તે જ્ઞાન-કલાને પણ ત્યજી હરિશ્ચન્દ્ર સર્વ બંધનોથી મુક્ત થઈ વર્ણવી ન શકાય કે તર્ક પણ ન કરી શકાય એવા સ્વરૂપમાં સ્થિતિ પામ્યા હતા. (૨૭)

हित्वा तां स्वेन भावेन निर्वाणसुखसंविदा । अनिर्देश्याप्रतर्क्येण तस्थौ विध्वस्तबन्धनः ॥ २७ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૭ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૮ મો

[આ અધ્યાયમાં ૩૧ શ્લોકો છે. દૈત્યો સમુદ્રમાં રહેતા અને સર્વ લોકોને ત્રાસ દેતા ત્યારે અગસ્ત્ય મહારાજે સમુદ્ર સૂકવી નાખ્યો. સમુદ્ર સુકાતાં દ્વીપ-મર્યાદાઓ તૂટવા લાગી. આ મર્યાદા સાચવવા સગરના પુત્રોએ સાગરની રચના કરી ત્યારથી સમુદ્રનું નામ સાગર થયું. આ સગર અને સાગરની કથા આ અધ્યામાં આવશે.]

श्रीशुक उवाच-हरीतो रोहितसुतश्चम्पस्तस्माद्विनिर्मिता । चम्पापुरी सुदेवोऽतो विजयो यस्य चात्मजः ॥ १ ॥

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! રોહિતને હરીત નામના પુત્ર થયા. હરીતના ચંપ નામના પુત્ર થયા. આ ચંપે ચંપા નામની નગરી વસાવી છે. આ ચંપના સુદેવ નામના પુત્ર થયા. સુદેવના વિજય નામના પુત્ર થયા. (૧) વિજયના ભરુક થયા. ભરુકના વૃક થયા. વૃકના બાહુક નામના પુત્ર થયા. એ બાહુક રાજા પાસેથી શત્રુઓએ પૃથ્વી પડાવી લીધી હતી તેથી પત્ની સાથે બાહુક રાજા વનમાં ચાલ્યા ગયા. (૨)

સગર રાજાનો વૃત્તાન્ત

બાહુક રાજા વૃદ્ધ થતાં મરણ પામ્યા એટલે તેમની પટ્ટરાણી પતિ પાછળ સતી થવા તૈયાર થઈ ત્યારે ઔર્વ નામના ઋષિએ રાણીને સગર્ભા જાણી સતી થતાં રોકી દીધાં. (૩) રાજન્ ! અન્ય સ્ત્રીઓએ પટ્ટરાણીને સગર્ભા જાણીને ભોજનમાં વિષ આપ્યું. ભગવદિચ્છાથી વિષની અસર થઈ નહીં અને બાળક ગર એટલે વિષ સાથે જ જન્મ્યો. તેથી તેમનું નામ સગર પાડ્યું. આ સગર મહાન યશસ્વી અને વિખ્યાત થયા. (૪) મહારાજા સગર ચક્રવર્તી હતા, તેમના પુત્રોએ સાગરની રચના કરી છે. વળી જે સગર રાજાએ તાલજંઘ, યવન, શક, હૈહય તથા બર્બર જાતિના લોકોને પોતના ગુરુ ઔર્વઋષિના વચનથી મારી ન નાખ્યા પણ કેટલાકને મસ્તક મૂંડેલા પણ દાઢીમૂછવાળા, કેટલાકને છૂટાકેશવાળા, કેટલાકને અર્ધા મૂંડેલા, કેટલાકેને અંદર વસ્ત્રવાળા અને બીજા કેટલાકને બહાર વસ્ત્રોવાળા એમ બેડોળ વેશવાળા કર્યા હતા. સગર રાજાએ અશ્વમેધ યજ્ઞ કરી સર્વવેદમય, સર્વદેવમય, સર્વના આત્મા અને સર્વના ઈશ્વર શ્રીહરિનું ઔર્વઋષિએ દર્શાવ્યા પ્રમાણે યજન કર્યું હતું. સગર રાજાએ યજ્ઞો કરતાં એક વખત યજ્ઞમાં છૂટા મૂકેલા અશ્વને ઈન્દ્રરાજા હરી ગયા. (૫-૮)

સાગરોનું દિવ્ય પરાક્રમ

રાજા ઈન્દ્રને અશ્વ લઈ જતા જાણી સુમતિ રાણીના તેજસ્વી આજ્ઞાંકિત સગર પુત્રોએ અશ્વની શોધ કરવામાં પૃથ્વીને ચોતરફથી ખોદી નાખી. (૯) પછી તેઓએ ઈશાન ખૂણામાં કપિલ ઋષિ પાસે અશ્વને જોતાં જ તેઓ બોલી ઊઠ્યાં, 'ઘોડાને ચોરી જનારો આ ચોર આંખો મીચી અહીં બેઠેલ છે, આ તો પાપાચારી છે માટે મારો મારો.' એમ બોલતા તે સાઠ હજાર સગરપુત્રો અસ્ત્રો ઉઠાવી કપિલઋષિ ઉપર ધસી આવ્યા. આ સમયે હરિ ઈચ્છાથી જ કપિલમુનિએ

સમાધિમાંથી જાગી નેત્રો ખોલ્યાં. રાજન્ ! રાજા ઈન્દ્રના ઉપર ઉપજેલા ક્રોધથી તેઓ મનનો કાબૂ ગુમાવી બેઠા હતા. તેથી પોતાના શરીરમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિથી એ સાઠ હજાર સગરપુત્રો ક્ષણવારમાં જ ભસ્મ થઈ ગયા. (૧૦-૧૨) સાગરોના પ્રસંગોમાં કેટલાક કહે છે કે મહારાજ સગરના પુત્રો કપિલ મુનિના કોપથી બળી ગયા પણ આમ કહેવું ઠીક નથી. કારણ કે જે ભગવાન કપિલનો આત્મા જગતને પવિત્ર કરનાર છે તે શુદ્ધ સત્ત્વગુણમૂર્તિ કપિલઋષિમાં ક્રોધમય તમોગુણ ક્યાંથી હોય? ન જ હોય. વળી જે કપિલ ભગવાને આ જે સંસારસમુદ્રમાં સાંખ્યશાસ્ત્રરૂપ દઢ નાવ પ્રગટ કરી છે તેમજ જેના સાધનબળથી મુમુક્ષુ મનુષ્ય મૃત્યુના માર્ગરૂપ આ દુર્લઘ્ય સંસાર સમુદ્ર તરી જાય છે, તે મહાજ્ઞાની અને પરમાત્મા સ્વરૂપ શ્રી કપિલ ભગવાનને ‘ આ મારો શત્રુ છે.’ વગેરે ભેદબુદ્ધિ કેમ હોય ! (૧૪)

જાતિસ્મર અસમંજસ

સગર રાજાને કેશિની નામની બીજી પત્નીમાં અસમંજસ નામના પુત્ર થયા હતા. તેમને અંશુમાન નામના પુત્ર થયા. શ્રી અંશુમાન સદાય દાદા સગર રાજાનું હિત કરતા હતા. (૧૫) અસમંજસ ‘‘જાતિસ્મર’’ હોઈ તેમને પૂર્વજન્મનું સ્મરણ રહેતું હતું. તેઓ જાણતા હતા કે પૂર્વજન્મમાં સંગને લીધે યોગથી ભ્રષ્ટ થયા હતા, ફરીથી આસક્તિ ન થાય માટે પોતાને અયોગ્ય હોય તેમ બતાવવા લાગ્યા. (૧૬) લોકમાં નિંદ્ય કર્મ તથા જ્ઞાતિઓનું અપ્રિય કરવા લાગ્યા અને રમતાં છોકરાંઓને સરયૂ નદીમાં ફેંકી દઈને ત્રાસ આપવા લાગ્યા.. (૧૭) અસમંજસે આવું નિંદ્ય વર્તન કરવા માડ્યું એટલે તેના પિતા સગર રાજાએ પુત્ર ઉપરનો સ્નહે છોડી તેને દેશવટો દીધો એટલે યોગના ઐશ્વર્યથી જલમાં નાખેલા બાળકોને ફરી જીવતાં કરી બતાવી ત્યાંથી તે ચાલ્યા ગયા. (૧૮) હે રાજન્ ! અયોધ્યાવાસી સર્વ લોકો પોતાનાં છોકરાંને ફરી આવેલાં જોઈ આશ્ચર્ય પામ્યાં અને સગરરાજાએ પશ્ચાત્તાપ કર્યો. (૧૯) પછી સગર રાજાએ અશુંમાનને અશ્વની શોધ કરવા આજ્ઞા કરી ત્યારે અશુંમાન પોતાના કાકાઓએ ખોદી કાઢેલા ખાડાઓના માર્ગે જતાં જોયું તો ભસ્મના ઢગલા પાસે અશ્વને જોયો. (૨૦) રાજન્ ! અશુંમાને ત્યાં બિરાજેલા અધોક્ષજ ભગવાન કપિલમુનિનાં દર્શન કર્યા. ત્યારબાદ મહાન પુરુષ અશુંમાને અંજલિ જોડી પ્રણામ કરી એકાગ્ર ચિત્તથી આ પ્રમાણે સ્તુતિ કરી. (૨૧)

ષડૈશ્વર્યસમ્પન્ન ભગવાન કપિલની છ શ્લોકમાં સ્તુતિ

અશુંમાન સ્તુતિ કરવા લાગ્યા કે ભગવાન ! અજન્મા બ્રહ્માજી સ્વયં પોતાનાથી પર એવા આપને સમાધિથી પ્રત્યક્ષ સ્વરૂપે અથવા તર્કોથી પરોક્ષ રીતે હજી સુધી જાણી શકયા નથી તો તે બ્રહ્માની માનસિક, શારીરિક અને બુદ્ધિની સૃષ્ટિઓમાં ઉત્પન્ન થયેલા અને આજકાલના અજ્ઞાની જીવો તો આપને ક્યાંથી જાણી શકે ? હે ભગવન્ ! હું તો મૂઢ છું. આપ જ્ઞાનઘન છો. હું આપને ક્યાંથી જાણી શકું ? ભગવન્ ! સનંદન આદિ સિદ્ધજનોએ પોતાના વિવેકશીલ સ્વભાવથી માયાના ત્રણ ગુણોને લીધે થનારા ભેદ અને મોહનો નાશ કર્યો છે છતાં તેવા સિદ્ધોથી જ આપ જાણવા યોગ્ય છો તેમને હું મૂઢ જન ક્યાંથી જાણી શકું !માટે હે અત્યંત શાંતમૂર્તિ પુરાણપુરુષ દેવ ! આપને અમે કેવળ નમસ્કાર જ કરીએ છીએ. માયાના ગુણો, જગતની સૃષ્ટિ વગેરે કર્મો અને બ્રહ્માદિ સ્વરૂપો આપનાં જ છે. આપ, કાર્ય કારણ અથવા પુણ્ય કે પાપરહિત છો અને તેથી જ નામ તથા રૂપથી રહિત છો. તો પણ લોકોને જ્ઞાનનો ઉપદેશ આપવા દેહ ધારણ કરો છો તે ભગવાનને નમસ્કાર કરીએ છીએ. આ લોક આપની માયા વડે રચાયેલો છે. તેમાં જેઓનાં મન કામ, લોભ, ઈર્ષ્યા તથા મોહથી ભરેલાં છે તેઓ ઘર વગેરે પદાર્થોમાં ‘ આ બધી વસ્તુઓ સાચી છે ’ આવી બુદ્ધિથી ભટકે છે. હે સર્વ પ્રણીઓના આત્મા ! આ જે આપનાં દર્શન થવાથી કામવાસના, કર્મો તથા ઈન્દ્રિયોના આશ્રયરૂપ અમારો દઢ મોહપાશ કપાયો છે. (૨૨-૨૭) શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! પરીક્ષિત ! એ રીતે જેમનો પ્રભાવ અંશુમાને ગાયો હતો એવા ભગવાન કપિલમુનિએ બુદ્ધિથી અંશુમાન ઉપર કૃપા કરી તેને આ રીતે કહ્યું. (૨૮)

કપિલ ભગવાની કૃપા

ભગવાન કપિલ બોલ્યા: ‘ હે પુત્ર ! આ તમારા દાદાના યજ્ઞનો અશ્વ છે માટે બેટા તેને તમે લઈ જાઓ અને આ તમારા કાકાઓ ભસ્મ બની ગયા છે તેમના ઉદ્ધાર માટે ગંગાજળ જ યોગ્ય છે. બીજું કંઈ યોગ્ય નથી માટે તેમના ઉદ્ધાર

માટે ગંગાને લાવી તેના જલથી જ તેઓની ઉત્તર ક્રિયા કરો. (૨૯)

પછી અંશુમાન કપિલ ભગવાનને પ્રદક્ષિણા કરી મસ્તક નમાવી પ્રસન્ન કરી પોતાને ત્યાં અશ્વ લઈ ગયા, એટલે સગરરાજાએ તે યજ્ઞીય અશ્વથી યજ્ઞના બાકી રહેલા ભાગને પૂર્ણ કર્યો. પછી અંશુમાનને રાજ્ય આપી સ્વયં નિઃસ્પૃહ તથા બંધનમુક્ત બની ઔર્વ ઋષિએ દર્શાવેલા માર્ગે સર્વોત્તમ ગતિ પામ્યા, એટલે મુક્તિ પામ્યા. (૩૦, ૩૧)

राज्यमंशुमति न्यस्य निःस्पृहो मुक्तबन्धनः । और्वोपदिष्टमार्गेण लेभे गतिमनुत्तमाम् ॥ ३१ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૮મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૯ મો

[આ અધ્યાયમાં ૪૯ શ્લોકો છે. આ અધ્યાયમાં ભગીરથ રાજાની કથા-ગંગોત્પત્તિ-શિવજીનો-અનુગ્રહ, ગંગાવતરણ આદિ અનેક પ્રસંગો આવશે. ગોદાવરીજી કરતાં ગંગાજી શ્રેષ્ઠ છે, તે શિવજીએ મસ્તકે ધારણ કરવાથી થયું. ગંગાજી મર્યાદા ભક્તિનું સ્વરૂપ છે.]

ત્રણ પેઢીનું દિવ્ય તપ

श्रीशुक उवाच-अंशुमांश्च तपस्तेपे गङ्गनयनकाम्यया । कालं महान्तं नाशक्नोत्ततः कालेन संस्थित : ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્! શ્રી અંશુમાને ગંગાજીને લાવવાની ઈચ્છાથી ઘણાં લાંબા સમય સુધી તપશ્ચર્યા કરી. પણ ગંગાજી તેઓ લાવી શક્યા નહી અને કાળે કરી શરણે થયા. (૧) એ જ પ્રમાણે અંશુમાનના પુત્ર દિલીપરાજા પણ ગંગાને લાવી શક્યા નહી. અને પ્રભુશરણે થયા. ત્યારે દિલીપરાજાના પુત્ર ભગીરથે ગંગાવતરણ માટે ઘણું મોટું તપ કર્યું. ૨ દેવી ગંગાએ ભગીરથ રાજા ઉપર પ્રસન્ન થઈને દર્શન આપ્યાં અને 'હું તમારા ઉપર પ્રસન્ન થઈ છું અને તમને વરદાન આપું છું' એમ ભગીરથને કહ્યું. એટલે રાજાએ નમન કરી પોતાનો અભિપ્રાય પ્રકટ કર્યો. (૩) ત્યારે ગંગાએ ભગીરથને કહ્યું:, રાજન્ !·હું જ્યારે ભૂતલ ઉપર ઊતરીશ ત્યારે મારા વેગને ઝીલનાર કોઈ જોઈશે. નહિ તો પૃથ્વી ફાડીને હું રસાતલમાં પેસી જઈશ, વળી હું પૃથ્વી ઉપર તો જઈશ જ નહિ કેમકે હે રાજન્ ! હું પૃથ્વી ઉપર જાઉ અને ત્યાં લોકો મારામાં પાપ ધુએ તે પાપને હું ક્યાં ધોઉં તેનો પણ તમારે વિચાર કરવો જોઈએ.' (૪,૫)

શ્રી ગંગાજીનું મહાત્મ્ય

[શ્રી ગંગાજી વિષ્ણુપદી છે. આવાં ઉત્તમ ભાગીરથીજીને ભૂમિ ઉપર વહેવરાવ્યાં એ ભગીરથની ભકિતનું ઉત્તમ કાર્ય છે. શ્રી ગંગાજી મર્યાદા ભક્તિમાર્ગની ઉત્તમ સીમા મનાયેલાં છે. શ્રી હરિચરણકમલના સ્પર્શના બળથી ગંગાજી અનંત જીવોનાં અનંત પાપોને ધોવા માટે સદા સમર્થ છે. આ પાપો દયાથી ગંગાજીએ ધારણ કર્યાં તે પાપોનો સંતોમાં સર્વાંગથી બિરાજતા ભગવાન શ્રીકૃષ્ણના સંગબલથી સંતો નાશ કરે છે અને ગંગાજીની શક્તિ તેવી ને તેવી જ અખંડ રહે છે. ભગવાન શંકરે શ્રી ગંગાજીને પોતાના મસ્તક સિવાયના કોઈ પણ અંગનો સ્પર્શ ન થાય તે રીતે ધારણ કર્યાં છે. મસ્તક પવિત્ર છે તેમાં વિદ્યા રહેલ છે. ભગવાન શંકરના પવિત્ર મસ્તક ઉપરથી પધારેલાં ભાગીરથીજીમાં જીવોની અવિદ્યા દૂર કરવાનું સામર્થ્ય છે.]

भगीरथ उवाच- साधवो न्यासिनः शान्ता ब्रह्मिष्ठा लोकपावनाः । हरन्त्यघं तेऽङ्गसङ्गत् तेष्वास्ते ह्यधभिद्धरिः ॥

રાજા ભગીરથે કહ્યું કે ભગવતી ગંગે ! સર્વ સંગને ત્યજનારા, શાંત બ્રહ્મનિષ્ઠ ને લોકપાવન સાધુજનો સદાચાર, પૂર્ણ જ્યારે સ્નાન કરવા પધારશે ત્યારે આપનાં શ્રી અંગને સ્પર્શ કરી આપનામાં આવેલા લોકોનાં પોપોનો નાશ કરશે કારણ કે સાધુજનોમાં પાપોનો નાશ કરનારા શ્રીહરિ બિરાજે છે તેમજ પ્રાણીઓના આત્મા શંકર ભગવાન આપના વેગને ધારણ કરશે. ભગવાન શંકરમાં તાંતણામાં રહેલી સાડીની માફક આ વિશ્વ પરોવાઈને રહ્યું છે. ભગવતી ગંગાને આ રીતે વિનવી રાજાએ ભગવાન શંકરને તપથી પ્રસન્ન કર્યા. હે રાજન્ ! શંકર ભગવાન ભગીરથ રાજા ઉપર અલ્પ સમયમાં જ પ્રસન્ન થયા. (૮) અને સર્વ લોકના હિતકારી ભગવાન શંકરે 'તથાસ્તુ' કહી અત્યંત સાવધાન થઈ શ્રીહરિના ચરણથી પવિત્ર જળવાળાં શ્રી ગંગાજીને મસ્તક ઉપર ધારણ કર્યાં. (૯) પછી

રાજર્ષિ ભગીરથ ચૌદ ભુવનોને પવિત્ર કરનાર શ્રી ગંગાજીને પોતાના પિતૃઓના દેહો જ્યાં ભસ્મ થઈ પડ્યા હતા ત્યાં લઈ ગયા. (૧૦) રાજન્ ! રાજા ભગીરથજી વાયુ સમાન વેગીલા રથથી આગળ દોડી રહ્યા હતા એટલે રથના માર્ગે વેગથી વહેતા દેશોને પવિત્ર કરતાં શ્રી ગંગાજીએ સગરરાજાના ભસ્મ બની ગયેલા પુત્રોને જળથી સ્નાન કરાવ્યાં. (૧૧) આ રીતે સગરના પુત્રો બ્રહ્મદંડથી નાશ પામ્યા હતા અને તેમના શરીરની કેવળ ભસ્મ જ રહી હતી તો પણ ગંગાજીના જલના સ્પર્શ માત્રથી તેઓ સ્વર્ગે ગયા હતા. (૧૨) સગરના પુત્રો કેવળ ભસ્મીભૂત થયેલા શરીરથી પણ જેનો સ્પર્શ કરી સ્વર્ગે ગયા હતા તે ગંગાદેવીને જે લોકો વ્રતધારી થઈ સેવે છે તેઓ સ્વર્ગે જાય એમાં શું કહેવાનું હોય ! (૧૩) શ્રી અનન્ત ભગવાનના શ્રીચરણકમલથી ઉત્પન્ન થયેલા અને સંસારબંધનનો નાશ કરનાર ગંગાજીના પરમ આશ્ચર્યકર સામર્થ્ય માટે અહીં જે કહ્યું તેમાં અતિ આશ્ચર્ય જેવું કંઈ નથી; કારણ કે તે તો શ્રી વિષ્ણુપદી છે. (૧૪) રાજન્ ! જે ભગવાનમાં શ્રદ્ધા પૂર્વક મન પરોવી પરિત્ર થયેલા મુનિઓ ન છૂટી શકાય તેવા ત્રણ ગુણોને લીધે થયેલા દેહસંબધને ત્યજી તત્કાળ ભગવત્સ્વરૂપને પામ્યા છે ! તો રાજન્ ! પ્રભુપાદકમલમાંથી પ્રકટેલા ગંગાજીમાં આ સામર્થ્ય હોય એમાં નવાઈ શી ? (૧૫)

રાજા ભગીરથનો વંશ

રાજન્ ! રાજા ભગીરથથી શ્રુત નામના પુત્ર થયા. શ્રુતના નાભ થયા, નાભથી સિંધુદ્વીપ થયા, સિંધુદ્વીપથી અયુતાયુ થયા અને અયુતાયુથી ઋતુપર્ણ નામના પુત્ર થયા હતા. (૧૬) ઋતુપર્ણ રાજા નળ રાજાના મિત્ર હતા. નળ રાજા પાસેથી અશ્વવિદ્યા મેળવી નળરાજાને પાસાની રમત રમવાની દ્યુતવિદ્યાનું ગુહ્ય જ્ઞાન આપ્યું હતું તે ઋતુપર્ણ રાજાના સર્વકામ નામના પુત્ર થયા અને સર્વકામના સુદાસ થયા અને સુદાસના સૌદાસ નામના પુત્રો થયા. રાજા સૌદાસની મદયંતી પટ્ટરાણી હતી. આ સૌદાસ રાજાને કોઈ ઠેકાણે મિત્રસહ અને કલ્માષપાદ એવાં બે નામથી પણ લોકો કહે છે. આ સૌદાસ રાજા વસિષ્ઠ મુનિના શાપથી રાક્ષસ થયા હતા અને પોતાના કર્મને લીધે સંતાનરહિત રહ્યા હતા. (૧૭,૧૮)

રાજા સૌદાસનું ચરિત્ર અને વસિષ્ઠનો શાપ

[પરીક્ષિત રાજાને શૃંગીમુનિનો શાપ લાગેલ હોવાથી શ્રીમદ્‌ભાગવતજીમાં શાપની કથા આવે છે ત્યાં તરત જ શાપનું કારણ અને નિવારણ જાણવા પ્રશ્ન કરે છે અને શુકાચાર્ય મહારાજ સમાધાન કરે છે.]

પરીક્ષિત રાજાએ પૂછયું : ભગવન્ ! શુકમહાત્મા ! શ્રી સૌદાસ રાજાને ગુરુનો શાપ કયા કારણથી લાગ્યો હતો એ જાણવા અમારી ઈચ્છા છે. માટે જો તે પ્રસંગ ગુપ્ત રાખવા જેવો ન હોય તો આપ અમને કહો. (૧૯) શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! સૌદાસ રાજા મૃગયા રમવા ગયા હતા ત્યાં એક રાક્ષસનો નાશ કર્યો પરંતુ તે રાક્ષસના ભાઈને છોડી મૂક્યો. જેથી તે રાક્ષસ ભાઈના વેરનો બદલો લેવાની ઈચ્છાથી સૌદાસના નગરમાં ગયો હતો. ત્યાં જઈ તે રાજમહેલમાં રસોઈયાનું સ્વરૂપ લઈ રહેવા લાગ્યો. એક દિવસ ભોજન કરવાની ઈચ્છાથી રાજભવનમાં જમવા પધારેલા ગુરુ વસિષ્ઠે પીરસાતા માંસને અભક્ષ્ય જાણી ક્રોધાયમાન થઈ રાજાને શાપ આપ્યો કે રાજન્ ! મનુષ્યનું માંસ પીરસાવાના પાપથી તમે રાક્ષસ બનો. પરંતુ જ્યારે મુનિને જાણ થઈ કે આ કામ તો રાક્ષસેં કર્યું છે, રાજા નિર્દોષ છે ત્યારે શાપને બાર વર્ષની અવધિનો કર્યો હતો. એ સમયે સૌદાસ પણ હાથમાં જળ લઈ ગુરુને શાપ દેવા તૈયાર થયા હતા પણ તેમની પત્ની મદયંતીએ રાજાને તેમ કરતાં અટકાવ્યા ત્યારે તે રાજાએ દિશાઓ, આકાશ તથા પૃથ્વી એ સર્વને જીવમય જોઈ શાપનું તીક્ષ્ણ જલ પોતાના પગ પર જ ઢોળી દીધું. ત્યારે પાપના જળથી પગ કાળો પડતાં તેમનું 'કલ્મષાંઘ્રિ' એવું નામ પડ્યું હતું. રાજન્ ! આ રીતે નિર્દોષ સૌદાસ રાજા રાક્ષસપણું પામ્યા હતા. રાજન્ ! રાક્ષસપણાને પામેલા વનમાં વિચરતા સૌદાસ રાજાએ એકવાર વનમાં રહેતાં રતિક્રીડા કરતાં દમ્પતીને જોયાં. (૨૦-૨૫)

આ સમયે ક્ષુધાથી પીડિત અને શાપથી રાક્ષસ દશામાં રહેલ સૌદાસ રાજાએ સંસાર સુખ-રતિક્રીડા-રતઋષિ દમ્પતીમાંથી ભક્ષણ કરવા જ્યારે ઋષિને ઉઠાવ્યા ત્યારે ઋષિ પત્નીએ કહ્યું કે હે વીર ! આપ સાક્ષાત્ રાક્ષસ નથી પરંતુ ઈક્ષ્વાકુવંશના મહારથી અને રાણી મદયંતીના પતિ છો. આપે આવો અધર્મ કરવો યોગ્ય નથી. હું સંતાનની

ઈચ્છાવાળી છું અને મારા પતિ આ બ્રાહ્મણનું વીર્ય હજી મેં ધારણ કર્યું નથી માટે આપ મારા પતિને મને પાછો આપો. (૨૬,૨૭) હે રાજન્ ! આ માનવ દેહ પુરુષને સર્વ પુરુષાર્થ આપનારો છે, માટે મારા પતિનો નાશ કરવો તે તેના સર્વ પુરુષાર્થનો નાશ કરવા સમાન છે. (૨૮) વળી આ બ્રાહ્મણ છે વિદ્વાન છે તપ, શીલ તથા અન્ય ગુણવાળા છે. રાજન્ ! પ્રાણીમાત્રમાં આત્મારૂપે રહેલાં પરંતુ ગુણોથી ઢંકાયેલા પરબ્રહ્મ પુરુષોત્તમનું આરાધન કરવા ઈચ્છે છે માટે હે ધર્મજ્ઞ રાજા ! આપ રાજર્ષિશ્રેષ્ઠ પુરુષ છો, બ્રહ્મર્ષિશ્રેષ્ઠ ઋષિનો વધ ના કરો. રાજન્ ! પિતાને હાથે પુત્રનો વધ ન થાય, રાજાને હાથે ઋષિનો વધ કેમ થઈ શકે ! આપ તો સત્પુરુષોમાં માન્ય છો, છતાં આ ઉત્તમ અને નિષ્પાપ બ્રહ્મવાદી બ્રાહ્મણના નાશને ગોવધની માફક કેમ ઉત્તમ માનો છો ? આપ આ બ્રાહ્મણને ખાવા ઈચ્છો છો તો એમના પહેલાં જ આપ મને જ ખાઈ જાઓ. કારણ કે પતિ વિનાની હું શબની માફક ક્ષણ પણ જીવીશ નહીં. રાજન્ ! ઋષિની પત્ની અનાથની માફક આવું દયા ઉપજાવતું ભાષણ કરતી જ રહી અને વિલાપ કરતી જ રહી ત્યાં તો વાઘ જેમ પશુને ખાઈ જાય તેમ શાપથી સ્વરૂપ ભૂલેલા રાજા સૌદાસ પેલા બ્રાહ્મણને ખાઈ ગયા. (૨૯-૩૩) એ રીતે પોતામાં ગર્ભાધાન કરનાર પતિને સૌદાસ ખાઈ ગયો તે જોઈ સતી બ્રાહ્મણી પતિના શોક કરતી કોપી ઊઠી, તેણે રાજાને શાપ આપ્યો (૩૪) હે પાપાચારી રાજા! હું કામથી પીડાતી હતી છતાં તમે મારા પતિને ખાઈ ગયા માટે હે મૂર્ખ ! તમે પણ ગર્ભાધાન કરતાં જ મૃત્યુ પામશો એવો હું તમને શાપ આપું છુ. (૩૫)

સૂર્યવંશપ્રવર્તક અશ્મકની ગાથા

રાજન્ ! રાજા સૌદાસને શાપ આપી પતિલોકમાં જવા તત્પર થયેલી તે બ્રાહ્મણની પત્નીએ પ્રજ્વલિત બનેલા અગ્નિમાં પતિદેવનાં અસ્થિ પધરાવી પતિ સાથે બળી પતિલોકની ગતિને પ્રાપ્ત કરી (૩૬) ત્યારબાદ બાર વર્ષ પૂર્ણ થતાં શાપથી છૂટી સૌદાસ રાજા રતિસુખ ભોગવવા તૈયાર થયા ત્યારે મદયંતી રાણીએ બ્રાહ્મણની પત્નીના શાપની વાત કરી રાજાને રોકી દીધા. (૩૭) તે દિવસથી સૌદાસ રાજાએ સ્ત્રી સુખનો ત્યાગ કર્યો અને રાજા પ્રારબ્ધવશ થયેલ બ્રહ્મહત્યાના કર્મથી પ્રજારહિત રહ્યા. ત્યારબાદ રાજાની અનુમતિથી વસિષ્ઠ મહારાજે મદયંતી રાણીમાં ગર્ભાધાન કર્યું હતું. (૩૮) મદયંતી રાણીએ સાત વર્ષ સુધી ગર્ભ ધારણ કર્યો છતાં રાણીને પ્રસવ ન થયો ત્યારે વસિષ્ઠે જ મદયંતી દેવીના ઉદર ઉપર અશ્મ નામની ધાતુના શસ્ત્રથી શસ્ત્રક્રિયા કરી પ્રસવ કરાવ્યો હતો. અશ્મથી આ બાલકનો પ્રસવ થયો તેથી પુત્રનું નામ અશ્મક રાખ્યું હતું. (૩૯) આ અશ્મકથી મૂલક નામના પુત્ર થયા અને તેને વસ્ત્રો પહેરાવી સ્ત્રીઓમાં સંતાડી રાખી પરશુરામથી બચાવી રાખવા માટે તેનું નામ નારીકવચ પડ્યું. જ્યારે પરશુરામે આખી પૃથ્વી ક્ષત્રિય રહિત કરી ત્યારે તે એકલા ક્ષત્રિયોના મૂલ તરીકે રહ્યા હોઈ તેમનું બીજું નામ 'મૂલક' પડ્યું હતું. (૪૦) આ મૂલકથી દશરથ થયા. દશરથથી ઐડવિડ થયા અને ઐડવિડના વિશ્વસહ પુત્ર રાજા થયા. વિશ્વસહના પુત્ર ખટ્વાંગ રાજા થયા તે પૃથ્વીના ચક્રવર્તી હતા. (૪૧)

ખટવાંગરાજાનું મંગલ જીવનચરિત્ર

ખટ્વાંગરાજાને દેવોએ પ્રાર્થના કરી ત્યારે તે દુર્જય રાજાએ યુદ્ધમાં દૈત્યનો સંહાર કર્યો. આ સમયે દેવોએ વરદાન માગવા કહ્યું ત્યારે પોતાનું આયુષ્ય કેટલું છે? એમ પ્રશ્ન કરતાં પોતાનું આયુષ્ય બે ઘડીનું જ છે તેવું જાણી લીધું અને તરત જ નગરમાં આવી રાજાએ ભગવાનમાં મન પરોવી દીધું. વરદાન આપવા તત્પર થયેલ દેવોને જાણી રાજાએ મનથી વિચાર્યું કે મને બ્રહ્મકુલ કરતાં મારા પ્રાણો, પુત્રો, લક્ષ્મી, પૃથ્વી, રાજ્ય કે સ્ત્રીઓ પણ વધુ વહાલી નથી. મારી બુદ્ધિ બાલ્યાવસ્થામાં પણ કદી અધર્મમાં ગઈ નથી. મારા જીવનમાં શ્રી ઉત્તમશ્લોક ભગવાન શ્રીકૃષ્ણ કરતાં અધિક કોઈ અન્ય વસ્તુ જોઈ નથી. (૪૪) મને ત્રણ ભુવનના ઈશ્વર દેવોએ ઈચ્છિત વર આપ્યો છે તો પણ મારી ભાવના કેવળ શ્રીહરિમાં જ લાગી છે. તેથી હું વર માગવાનો નથી. (૪૫) કારણ કે સ્વયં દેવો પણ ઈન્દ્રિયો અને બુદ્ધિના વિષયોથી સદા વ્યગ્ર છે તેથી તેઓ પોતાના હૃદયમાં જ બિરાજેલ નિત્યપ્રિય આત્મા ભગવાનને જાણતા નથી તો બીજાઓ ક્યાંથી જાણે? (૪૬) હું ભગવત્કૃપાથી આ ઈશ્વરની માયાથી રચાયેલા અને ગંધર્વ જેવા માત્ર દેખાતા પણ ખોટા વિષયોમાં

સ્વભાવથી જ ઘર કરી બેઠેલા સંગને ભગવાનમાં રહેલા અનુરાગના બલથી ત્યજી દઉં અને શ્રીકૃષ્ણના શરણે જાઉં. (૪૭) રાજન્ પરીક્ષિત ! ભગવાન શ્રીનારાયણે કૃપા કરી પોતાના ચરણમાં રાખેલી સ્થિર બુદ્ધિથી નિશ્ચય કરી રાજા ખટ્વાંગજીએ સ્વર્ગાદિ સર્વ વસ્તુઓ ઉપરના ભાવને અને અજ્ઞાનને ત્યજીને કેવલ સ્વરૂપનો જ આશ્રય કર્યો (૪૮) આ સ્વ-સ્વરૂપ એટલે બ્રહ્મ છે, સર્વથી પર છે, સૂક્ષ્મ છે. શૂન્ય નથી તો પણ વેદો વર્ણવી નથી શકતા તેથી શૂન્યના જેવી લોકો કલ્પના કરે છે. ભક્તો જ ભગવાનની દયાથી તેને શ્રી વાસુદેવ છે, શ્રી કૃષ્ણ છે એમ જાણે છે તે સ્વ-સ્વરૂપમાં રાજાએ મન પરોવી દીધું. (૪૯)

यत्तद्ब्रह्म परं सूक्ष्ममशून्य शून्यकल्पितम् । भगवान्वासुदेवेति यं गृणन्ति हि सात्वताः ॥ ४९ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૯ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૦ મો

[આ અધ્યાયમાં ૫૬ શ્લોકો છે. આ અધ્યાયમાં શ્રી રઘુનાથજીની રસમય હૃદયંગમ ભક્તિભાવનું પોષણ કરનારી કથા સુધા-સરિતાનું વહન છે. આ કથા અવગાહ કરતાં જ હૃદય નિર્મલ બની જશે.]

श्रीशुक उवाच-खट्वाङ्गाद् दीर्धबाहुश्च रघुस्तस्मात्पृथुश्रवाः । अजस्ततो महाराजस्तस्मादशरथोऽभवत् ॥

શ્રીશુકદેવજી મહારાજે કહ્યું કે રાજન્ ! ખટ્વાંગ રાજાના દીર્ઘબાહુ પુત્ર થયા. દીર્ઘબાહુનું બીજું નામ દિલીપરાજા લાગે છે. દિલીપના મહાન યશસ્વી રઘુ નામના પુત્ર થયા અને રઘુના અજ પુત્ર થયા અને અજના દશરથ રાજા પુત્ર થયા. મહારાજ દશરથજીને ત્યાં દેવોની પ્રાર્થનાથી સાક્ષાત્ બ્રહ્મમય ભગવાન શ્રીહરિ, અંશના પણ અંશ બનાવી રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન સંજ્ઞાઓ સ્વીકારી ચાર પુત્ર સ્વરૂપે અવતર્યા. (૧-૨) હે રાજન્ ! ભગવાન સીતાપતિ શ્રીરામનું ચરિત્ર તત્ત્વદર્શી વાલ્મીકિ વગેરે ઋષિઓએ સવિસ્તર વર્ણવ્યું છે, રાજન્ ! આપે પણ વારંવાર શ્રીરામકથામૃતનાં પાન કર્યા છે. (૩)

શ્રી રઘુનાથ ગાથા

[શ્રી રઘુનાથજી સાક્ષાત્ શ્રી પુરુષોત્તમ જ છે. શ્રી રામનો રામનવમીના દિવસે મધ્યાહ્ન અભિજિત મુહૂર્તમાં પ્રદુર્ભાવ થયો છે. મધ્યાહ્નના સૂર્યનું આ દિવસે દિવ્ય તેજ હતું તે ભગવાને પોતાના સ્વરૂપમાં જ લઈ લીધુ હતું. આ તેજ થી અધર્મપોષકોનો નાશ કરી ભક્તોનું પોષણ કરી પુષ્ટિ લીલા કરી છે. રામનવમીને દિવસે નવ ગ્રહો બલવાન હતા તે દર્શાવવા નવમીના દિવસે પુષ્ય નક્ષત્રમાં જન્મ થયો હતો. પશુઓમાં સિંહની માફક સર્વ નક્ષત્રોમાં પુષ્ય નક્ષત્ર બલિષ્ઠ છે. ભગવાન છ ઐશ્વર્યોથી પૂર્ણ છે અને ચતુર્વ્યૂહ છે.]

સ્ત્રગ્ધરા છંદ

गुर्वर्थे त्यक्त राज्यो व्यचरदनुवनं पद्मपद्भ्यां प्रियायाः पाणिस्पर्शाक्षमाभ्यां मृजितपथरुजो यो हरीन्द्रानुजाभ्याम् ।

वैरूप्याच्छूर्पणाख्याः प्रियविरहरुषाऽऽरोपितभ्रूविजृम्भ-त्रस्ताब्धिर्बद्धसेतुः खलदवदहनः कोसलेन्द्रोऽवतान्नः ॥ ४ ॥

શ્રી રઘુનાથજીએ ગુરુજન માટે અને મહત્ત્વનાં પ્રયોજનો સિદ્ધ કરવા માટે રાજ્યલક્ષ્મીનો ત્યાગ કર્યો. પ્રિયા શ્રી જાનકીજીના કોમલ કરકમલનો પણ સેવા કરતાં સ્પર્શ ન સહી શકે એટલા સુકુમાર ચરણકમલોથી એક વનથી બીજા વનમાં વિચરતા હતા ત્યારે માર્ગનો થાક શ્રી હનુમાન તથા શ્રી લક્ષ્મણજીએ દૂર કર્યો હતો. શૂર્પણખાનાં નાક કાન કાપી તેને કુરૂપ કરી ત્યારે શૂર્પણખાએ ઉશ્કેરેલા રાવણે સીતાજીનું હરણ કર્યુ તેથી હરણ થયેલા પ્રિયાના વિરહથી ઉત્પન્ન થયેલા ક્રોધથી ચઢી ગયેલી ભ્રકુટિના વિલાસથી સમુદ્રને ધ્રુજાવી દેનાર સમુદ્રની વિજ્ઞપ્તિથી સમુદ્ર ઉપર સેતુ બાંધનાર રાવણ સમા ખલ દવનો દાહ કરનાર કૃપાનિધાન શ્રીકોસલનાથ રઘુનાથ અમારી રક્ષા કરો. (૪)

विश्वामित्राध्वरे येन मारीचाद्या निशाचराः । पश्यतो लक्ष्मणस्यैव हता नैर्ऋतपुङ्गवाः ॥ ५ ॥

यो लोकवीरसमितौ धनुरैशमुग्रं सीतास्वयंवरगृहे त्रिशतोपनीतम् ।

आदाय बालगजलील इवेक्षुयष्टिं सज्जीकृत ं नृप विकृष्य बभंज मध्ये ॥ ६ ॥

રાજન્ પરીક્ષિત ! સમસ્ત લોકના વીર પુરુષોની સભામાં રહેલાં શ્રી સીતાજીના સ્વયંવરમંડપમાં ત્રણસો વીર સૈનિકોએ ખેંચી આણેલી મંજૂષામાં મૂકેલા શ્રીશંકરના ઉગ્ર ધનુષ્યને શેરડીના સાંઠાની માફક રમતરમતમાં ઉઠાવી સજ્જ કર્યું હતું અને પછી તે ધનુષ્યને ખેંચી બાલ ગજરાજના જેવી રમતથી મધ્યમાંથી જ ભાંગી નાખ્યું હતું. (૬)

जित्वाऽनुरूपगुणशीलवयोऽंगरूपां सीताभिधां श्रियमुरस्यभिलब्धमानाम् ।
मार्गे व्रजन्मृगपतेर्व्यनयत्प्ररूढं दर्पं महीमकृत यस्त्रिरराजवीजाम् ॥ ७ ॥

સમાન ગુણલક્ષણવાળી કન્યાને પરણવું એ ન્યાય પ્રમાણે દિવ્ય સ્વરૂપવાળાં અને સમુદ્રમંથન સમયેવરી વક્ષઃ સ્થલમાં વસવાનું સન્માન પામેલા શ્રીસીતાજીના નામને ધારણ કરતાં ભગવતી શ્રીમહાલક્ષ્મીજીને સ્વયંવરમાં જીતીને રઘુવર માર્ગમાં પધારી રહ્યા હતા ત્યારે ત્રણ વાર ૭ X ૩ = ૨૧ યુદ્ધ કરી પૃથ્વીને ક્ષત્રિયબીજરહિત કરવાના કાર્યથી હૃદયમાં ઘર કરી બેઠેલા ભૃગુપતિના ગર્વને દૂર કર્યો હતો તે કોશલેશ અમારી રક્ષા કરો. (૭)

यः सत्यपाशपरिवीतपितुर्निदेशं स्त्रैणस्य चापि शिरसा जगृहे सभार्य : ।
राज्यं श्रियं प्रणयिनः सुहृदो निवासं त्यक्त्वा ययौ वनमसूनिव मुक्तसङ्गः ॥ ८ ॥

સત્ય વચનના પાશથી બંધાયેલા અને કૈકયીમાતાને અનુસરનારા, પિતૃચરણની આજ્ઞા માથે ચઢાવી દીધી. પુનઃ શ્રીરઘુનાથજી સંગમુક્ત પુરુષ પ્રાણોને ત્યજી જે એ રીતે પોતાના પ્રાણ સરખાં રાજ્ય, લક્ષ્મી, પ્રણયીજન, મિત્રો અને રાજભવનને ત્યજી પત્ની જાનકીજી સાથે પોતે વનમાં પધાર્યા હતા તે રઘુનાથ અમારી રક્ષા કરો. (૮)

रक्षःस्वसुर्व्यकृत रूपमशुद्धबुद्धेस्तस्याः खरत्रिशिरदूषणमुखबन्धून् ।
जघ्ने चर्तुदशसहस्त्रमपारणीयकोदण्डपाणिरटमान उवास कृच्छ्रम् ॥ ९ ॥

કામાતુર અશુદ્ધ બુદ્ધિવાળી અથવા સીતાજીને ઉપાડી જવાની બૂરી દાનતવાળી રાવણની બહેન શૂપર્ણખાનાં નાક-કાન કાપી કદ્રૂપ બનાવી તેમજ તેના ભાઈ ખર, ત્રિશિરા તથા દૂષણ જેમાં મુખ્ય હતા એવા ચૌદ હજાર રાક્ષસોને સંહાર્યા હતા અને પાર ના પામી શકાય તેવા ધનુષ્યને હાથમાં લઈ વિવિધ કષ્ટ ભરેલા વનમાં પરિભ્રમણ કરતાં નિવાસ કર્યો હતો તે વનરક્ષક રામ અમારી રક્ષા કરો. (૯)

सीताकथा श्रवणदीपितहृच्छयेन सृष्टं विलोक्य नृपते दशकन्धरेण ।
जघ्नेऽद्भुतैणवपुषाऽऽ श्रमतोऽपकृष्टो मारीचमाशु विशिखेन यथा कमुग्रः ॥ १० ॥

રાજન્ પરીક્ષિત ! સીતાજીના સૌન્દર્યની ગાથાના શ્રવણથી હૃદયમાં કામનો કીડો સતેજ થતાં દશ મસ્તક છતાં અક્કલ વિના રાવણે મોકલેલા અને અદ્ભુત મૃગના શરીરને ધરનારા મારીચ રાક્ષસને જોઈ (સીતાજીની લાલસા પૂર્ણ કરવા) આશ્રમમાંથી તેના પાછળ જઈ શ્રી રઘુનાથે,જેમ ઉગ્ર સ્વરૂપવાળા વીરભદ્રે દક્ષનો નાશ કર્યો તે રીતે બાણથી તેને માર્યો હતો તે નાથ અમારી રક્ષા કરો. (૧૦)

વૈદેહીહરણરહસ્ય

[ભગવાન પૂર્ણ પુરુષોત્તમ છે તો 'વૈદેહી' હરવાનું રાવણનું સામર્થ્ય ખરું ? તેનો ઉત્તર છે કે રાવણ તો એક 'મચ્છર' છે. એની શક્તિ સીતાજીના હરણની હોય જ નહીં પરંતુ 'નરતનુધારી' શ્રીરામચન્દ્રજીની આ જનમોહક લીલા છે. ભગવાન રામની પરાશક્તિ શ્રીસીતાજીની ''ગાર્હપત્ય અગ્નિ''ના ઘરમાં જ બિરાજ્યાં છે. છાયારૂપ સીતાને જ રાવણ લઈ ગયો છે. સીતાજીના સ્પર્શથી તેના તપ-પુણ્યનો આયુષ્યનો નાશ થયો. પુનઃછાયા સીતાજી અગ્નિમાં પ્રવેશ્યાં અને ભગવાન શ્રીરામ પોતાનાં નિત્ય શક્તિ સીતાજીને લઈને અયોધ્યા પધાર્યા છે.]

रक्षोऽधमेन वृकवद्विपिनेऽजसमक्षं वैदेहराजदुहितर्यर्पयापितायाम् ।
भ्राता वने कृपणवत्प्रियया वियुक्तः स्त्रीसङ्गिनां गतमिति प्रथयंश्चचार ॥ ११ ॥

રાક્ષસોમાં પણ અધમ રાવણે ભગવાન રામચન્દ્રજીની પૂઠ પાછળ વરુની માફક વનમાં આવી શ્રી વિદેહરાજ દુહિતા સીતાજીનું હરણ કર્યું ત્યારે પ્રિયા જાનકીજીના વિયોગવાળા શ્રીરામે લગ્ન કરવાનો આ લાભ છે એમ જગતને બતાવવા રાંકડા મનુષ્યની માફક વનવગડે ભટક્યા હતા તે ભક્તવત્સલ રામ અમારી રક્ષા કરો. (૧૧)

दग्ध्वाऽऽत्मकृत्यमहन्कबन्धं सख्यं विधाय कपिभिर्दयितागतिं तैः ।
बुध्द्वाथ वालिनिहते प्लवगेन्द्रसैन्यैर्वेलामगात्स मनुजोऽजभवार्चिताङ्घ्रिः ॥ १२ ॥

રાજન્ ! શ્રીજાનકીજીનું રક્ષણ કરવાના પોતાના કર્યવ્યનું પાલન કરતાં રાવણને હાથે મરણ પામેલા શ્રીજટાયુજીનાં 'કૃત્ય' અગ્નિસંસ્કાર -અંજલિદાન-શ્રદ્ધાથી કૃત્ય કરીને જેમ પુત્ર પિતાના શાસ્ત્રીય સંસ્કારો કરે તેમ સંસ્કારો શ્રીરઘુનાથજીએ કર્યા હતા. ત્યારબાદ હાથ પહોળા કરી પકડવા આવેલા કબંધનો નાશ કર્યો હતો. ત્યારબાદ પિવરો સાથે મૈત્રી કરી વાલીનો વધ થતાં કપિવરો દ્વારા સીતાજીના સમાચાર જાણી બ્રહ્મા અને શંકરથી સેવાતા ચરણકમલવાળા માવનદેહધારી ભગવાન રામ વાનરરાજાઓની સેનાઓ સાથે સમુદ્રકિનારે પધાર્યા હતા તે દીનવત્સલ શ્રીરામ અમારી રક્ષા કરો. (૧૨)

यद्रोषविभ्रमविवृत्तकटाक्षपातसम्भ्रान्तनक्रमकरोभयगीर्ण घोषः ॥
सिन्धुः शिरस्यर्हणं परिगृह्य रूपी पादारविन्दमुपगम्य बभाष एतत् ॥ १३ ॥

સાગર માર્ગ આપે એ સદ્‌ભાવથી ત્રણ દિવસ ઉપવાસવ્રત કરી બેઠેલા રઘુનાથ પાસે સાગરના આવ્યા ત્યારે રોષે ભરાયેલા રામની રાતી અકળવિકળ આંખનો માત્ર એક કટાક્ષ સાગર ઉપર પડ્યો કે સાગરમાં રહેલા મોટા મત્સ્ય અને મગરમચ્છો ખળભળી ઊઠ્યાં અને ભયને લીધે જેની ગર્જના પણ બંધ પડી ગઈ એવો સમુદ્ર સાક્ષાત્ પ્રકટ થઈ માથા ઉપર સર્વે પૂજાસાહિત્ય લઈ ભગવાન રામના ચરણકમળની સમીપ હાજર થયો હતો અને આમ બોલ્યો હતો એવા વીર રઘુવર અમારી રક્ષા કરો. (૧૩)

न त्वां वय जडधियो नु विदाम भूमन्कूटस्थमादिपुरुषं जगतामधीशम् ।
यत्सत्त्वतः सुरगणा रजसः प्रजेशा मन्योश्च भूतपतयः स भवान्गुणेशः ॥ १४ ॥

હે સર્વવ્યાપક દેવ! અમે જડબુદ્ધિવાળા જગતના અધીશ્વર અને નિર્વિકાર આપ આદિપુરુષને જાણતા નથી. આપના સત્ત્વગુણથી દેવગણો, રજોગુણથી પ્રજાપતિઓ અને તમોગુણથી ભૂપતિઓ ઉત્પન્ન થાય છે જ્યારે આપ તો ગુણોના નિયંતા છો એવા નિયામક આપ અમારી રક્ષા કરો. (૧૪)

कामं प्रयाहि जहि, विश्रवसोऽवमेहं त्रैलोक्यरावणमवाप्नुहि वीर पत्नीम् ।
बध्नीहि सेतुमिह ते यशसो वितत्यै गायन्ति दिग्विजयिनो यमुपेत्य भूपाः ॥ १५ ॥

હે વીર ! આપ સુખેથી આગળ સીધાવી ત્રણે લોકને ત્રાસ આપનાર મુનિ વિશ્રવસાના મલમૂત્ર તુલ્ય પુત્ર રાવણનો નાશ કરો. નાથ ! આપનાં પત્ની જાનકીજીને આપ મેળવો, કેવલ આપના યશનો વિસ્તાર કરવા સેતુ બાંધો; નાથ ! આ સેતુબંધ રામેશ્વર પાસે આવી દિગ્વિજયી રાજાઓ આપનો યશ ગાશે એવા યશઃપતિ રઘુપતિ અમારી રક્ષા કરો. (૧૫)

बद्ध्वोदधौ रघुपतिर्विविधाद्रिकूटैः सेतुं कपीन्द्रकरकम्पितभूरुहाङ्गैः ।
सुग्रींवनीलहनुमत्प्रमुखैरनीकैर्लङ्कां विभीषणदशाऽऽविशदग्रदग्धाम् ॥ १६ ॥

રાજન્ ! ત્યાર પછી રઘુપતિએ વીર વાનરોના હાથથી કમ્પી ઊઠેલી વૃક્ષની ડાળીઓવાળા અનેક પર્વતો તથા શિખરોથી સમુદ્ર ઉપર સેતુ બાંધ્યો અને એકવાર શ્રી હનુમાજીએ બાળેલી લંકામાં સુગ્રીવ,નીલ,હનુમાન વગેરની સેનાઓ સાથે વિભીષણની સલાહ પ્રમાણે પ્રવેશ કર્યો એવા નાથ અમારી રક્ષા કરો. (૧૬)

सा वानरेन्द्रबलरुद्धविहारकोष्ठीश्री श्रीद्वारगोपुरसदोबलभीविटङ्का।
निर्भज्यमानधिषणध्वजहेमकुम्भश्रृङ्गटका गजकुलैर्ह्रदिनीव घूर्णा ॥ १७ ॥

રાજન્ ! લંકામાં પ્રવેશીને લંકાનાં વિહારક્ષેત્રો, અનના કોઠાઓ ખજાનાઓ,મકાનો, નગરદ્વારો, ગોપુરના દરવાજાઓ, સભાગૃહો ઉપરનાં ઘરો તથા ચબુતરાઓ સુદ્ધને વાનરોએ ઘેરી લીધાં અને વેદિકાઓ, ધજાઓ, સોનાના કળશો તેમજ ચૌટાંઓ પણ વાનરો ભાંગી રહ્યાં હતા તેથી જેમ હાથીઓના ટોળાંથી નદી ડહોળાઈ જાય તેમ લંકા ખળભળી ઊઠી એવા વીર અમારી રક્ષા કરો. (૧૭)

रक्षःपतिस्तदवलोक्य निकुम्भकुम्भधूम्राक्षदुर्मुखसुरान्तनरान्तकादीन् ।
पुत्रं प्रहस्तमतिकायविकम्पनादीन्सर्वानुगान्समहिनोदथ कुम्भकर्णम् ॥ १८ ॥

રાજન્ ! રાક્ષસરાજ રાવણે ધસી આવેલી સેનાને જોઈ નિકુંભ, કુંભ, ધૂમ્રાક્ષ,દુર્મુખ, સુરાંતક,નરાંતક વગેરેને તથા પુત્ર ઈન્દ્રજિતને તથા પ્રહસ્ત, અતિકાય અને વિકંપન વગેરે સર્વ સેવકોને તથા કુંભકર્ણને પણ યુદ્ધ કરવા મોકલ્યા હતા એવા રાવણની ઊંઘ ઉડારનાર રામ અમારી રક્ષા કરો. (૧૮)

तां यातुधानपृतनामसिशूलचापप्रासर्ष्टिशक्तिशर तोमरखड्गदुर्गाम् ।
सुग्रीवलक्ष्मणमरुत्सुतगन्धमादनीलाङ्गदर्क्ष पनसादिभिरन्वितोऽगात् ॥ १९ ॥

રાજન્ ! તલવાર, ત્રિશૂલ, ધનુષ્ય, ભાલા ,બેધારી તલવારો, શક્તિઓ બાણો, તોમરો તથા ખડ્ગોના શસ્ત્રોવાળી અને કિલ્લામાં સુરક્ષિત રહેલી સેનાનો સામનો કરવો મુશ્કેલ હતો તોપણ સમર્થ શ્રીરઘુવીરજી પોતાના વીરો સુગ્રીવ,લક્ષ્મણ,હનુમાન, ગંધમાદન, નીલ,અંગદ, જાંબવાન તથા પનસ વગેરે સાથે રાવણની સેના સામે ધસી ગયા હતા તેવા અજેય રઘુવીર અમારી રક્ષા કરો. (૧૯)

तेऽनीकपा रघुपतेरभिपत्य सर्वे द्वन्द्वं वरूथ-मिभपत्तिरथाश्वयोधैः ।
जघ्नुर्द्रुमैर्गिरिगदेषुभिरङ्गदाद्याः सीताभिमर्श हतमङ्गलरावणेशान् ॥ २० ॥

રાજન્ ! આક્રમક સમયે શ્રી રઘુપતિના તે બધા અંગદ વગેરે સેનાપતિઓએ રાવણના હાથીઓ, પાયદળ, રથીઓ તથા ઘોડેસવારોના સૈન્ય સાથે ભારે દ્વંદ્વયુદ્ધ કર્યું અને સીતાનો સ્પર્શ કરવાથી અમંગલ બનેલા અને મંગલ નાંશ પામેલા રાવણના યોદ્ધાઓને વૃક્ષો, પર્વતો, ગદાઓ તથા બાણોથી તેઓએ મારી નાખ્યા. (૨૦)

रक्षःपतिः स्वबलनष्टिमवेक्ष्य रुष्ट आरुह्य यानकमथाभिससार रामम् ।
स्वः स्यन्दने द्युमति मातलिनोपनीते विभ्राजमानमहनन्निशितैः क्षुरप्रैः ॥ २१ ॥

રાક્ષસોનો રાજા રાવણ પોતાના સૈન્ય નો નાશ થતો જોઈ ક્રોધાયમાન થઈ રથમાં બેસી શ્રીરામ પ્રભુના સામે ચઢી આવ્યો ત્યારે માતલિ સારથિએ સ્વર્ગલોકમાંથી લાવેલા તેજસ્વી રથમાં બેઠેલા પ્રકાશતા ભગવાન શ્રીરામચન્દ્ર ઉપર રાવણે અસ્ત્રો જેવાં તીક્ષ્ણ બાણોનો મારો ચલાવ્યો હતો. (૨૧)

रामस्तमाह पुरुशादपुरूष यन्नः कान्तासमक्षमसताऽपहृता श्ववत् त्ते ।
त्यक्तत्रपस्य फलमद्य जुगुप्सितस्य यच्छामि काल इव कर्तुरलङ्घ्यवीर्यः ॥ २२ ॥

રાજન્ ! ભગવાન શ્રીરામે રાવણને લલકારીને કહ્યું કે પુરુષલક્ષી રાક્ષસોના મલમૂત્ર સમાન તુચ્છ રાવણ ! અરે દુષ્ટ ! અમારી ગેરહાજરીમાં શ્વાનની માફક આવી અમારી કાન્તાનું અપહરણ કર્યું છે માટે કાલની માફક ઓળંગી ન શકાય તેવો પરાક્રમી હું આજે તે નિંદ્ય કર્મ કરનાર નિર્લજ્જ તને તેનું ફળ આપું છું, એવું બોલતા વીર કોશલેશ અમારી રક્ષા કરો. (૨૨)

एवं क्षिपन्धनुषि सन्धितमुत्ससर्ज बाणं स वज्रमिव तद्धृदयं बिभेद ।
सोऽसृग्वमन्दशमुखैर्न्यपतद्विमानाद्धाहेति जल्पति जने सुकृतीव रिक्त : ॥ २३ ॥

આવો તિરસ્કાર કરી શ્રીરામચન્દ્રે ધનુષ્યમાં સાંધેલુ વજ્ર જેવું બાણ છોડ્યું. આ બાણે રાવણનું હૃદય ચીરી નાખ્યું અને પુણ્યશાળી જીવ પુણ્યનો ક્ષય થતાં વિમાનમાંથી પૃથ્વી ઉપર પડે તેમ રાવણ પણ દશે મુખોમાંથી રુધિર ઓકતો હાહાકાર

કરતો, લોકોની વચ્ચે વિમાન ઉપરથી નીચે પડ્યો એવા સર્વત્ર વિજયી રામ અમારી રક્ષા કરો. (૨૩)

સતી મંદોદરીજીનો પારાવાર વિલાપ

પછી હજારો રાક્ષસીઓ, મંદોદરી સાથે લંકામાંથી નીકળી રડતી રડતી ત્યાં દોડી ગઈ હતી. (૨૪) તેઓ લક્ષ્મણનાં બાણોથી ઘાયલ થયેલા પોતપોતના સંબંધીઓને ભેટી ઉચ્ચ સ્વરે રડતી હતી અને દીન બની પોતાના શરીર પર પ્રહારો કરતી વિલાપ કરવા લાગી. (૨૫) લોકોને રડાવનાર રાવણ ! હે નાથ ! આપના જતાં આજે અમે નાશ પામી ગયાં છીએ. દુખની કહાની છે કે શત્રુઓથી પીડાયેલી આ લંકા આપના વિના હવે કોને શરણે જશે. (૨૬) હે મહાભાગ ! આપ કામવશ થયા, સીતાજીના તેજનો પ્રભાવ જાણી શક્યા નહિ જેથી આ દશા પામ્યા છો. (૨૭) અરે કુળનંદન ! આપે આ લંકાને તથા અમને અનાથ બનાવ્યાં છે; શરીરને ગીધ પક્ષીઓનું ભોજન બનાવી દીધું છે અને આત્માને નરકભોગ માટે તૈયાર કર્યો છો. (૨૮) શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! ત્યારબાદ વિભીષણે ભગવાન શ્રીરામચન્દ્રજીની સંમતિ પ્રમાણે સદ્ગત થયેલા સંબંધીઓની પિતૃયજ્ઞના વિધિથી શાસ્ત્રોક્ત પ્રકારે ઉત્તરક્રિયા કરી. (૨૯)

પરાભક્તિ તપસ્વિની જાનકીજીનાં દર્શન

રાજન્ ! ત્યારબાદ ભગવાન શ્રીરામચન્દ્રે અશોકવાટિકા આશ્રમમાં સીસમના વૃક્ષ નીચે બિરાજેલા અને પોતાના ભંયકર વિયોગરોગથી સર્વથા લેવાઈ ગયેલાં દુર્બળ સીતાજીને જોયાં. (૩૦) રાજન્ ! ભગવાન શ્રીરામે પોતાના દર્શનના આનંદથી પ્રફુલ્લિત મુખકમલવાળાં પ્રિયતમા સીતાને દીનદશામાં જોઈને રામચન્દ્રજી દયાથી કંપી ઊઠ્યા. (૩૧) તે ભગવાને સીતાજીને વિમાનમાં બેસાડ્યાં અને પ્રભુ પોતે પણ લક્ષ્મણ, સુગ્રીવ તથા હનુમાન સાથે વિમાનમાં બિરાજ્યા. (૩૨)

રઘુનાથજીનું સામૈયું

શ્રીરામે વિભીષણને રાક્ષસ ગણોના રાજા બનાવ્યા, લંકાનગરી તેમને આપી અને કલ્પ સુધીનું આયુષ્ય આપ્યું. ત્યારબાદ ભગવાન શ્રીરામ જાનકી વગેરે સાથે લંકામાંથી અયોધ્યા તરફ પ્રયાણ કરી રહ્યા હતા ત્યારે માર્ગમાં લોકપાલો પુષ્પોથી વધાવતા હતા અને બ્રહ્માદિ દેવો હર્ષપૂર્વક સ્તુતિ કરતા હતા. આ સમયે શ્રીરામે અયોધ્યાયમાં પ્રવેશતાં સાંભળ્યું કે મારા નાના ભાઈ ભરતલાલ નંદિગ્રામમાં, મારી રાહ જોતા, ગાયના મૂત્રમાં રાંધેલી જવની રાબડી જ ખાય છે. વલ્કલવસ્ત્ર પહેરે છે, જટા ધારણ કરે છે અને કેવલ ભૂમિશયન કરે છે. ત્યારે અત્યંત કરુણામય શ્રીરઘુનાથ ઘણું દુઃખ પામ્યા. આ બાજુ ભરતજીએ રઘુનાથજી અયોધ્યા પધારી રહ્યા છે એ સાંભળ્યું ત્યારે શ્રીરઘુનાથજીની ચરણપાદુકાજીને મસ્તકે પધારવી પુરોહિત અને મંત્રી વગેરેની સાથે પોતાના શિબિર નંદિ-ગ્રામથી નીકળી ગીત અને વાજિંત્રોના મંગલ ધ્વનિ સાથે સામૈયું કરવા સન્મુખ પધાર્યા. (૩૩-૩૬)

શ્રીરામભરતજીની ભેટ

સામૈયાના આગળના ભાગે મંગલ કલશો હતા, વેદસ્વરૂપ વેદવાદી ઋષિઓના મુખેથી ચારે વેદના ઘોષ થઈ રહ્યા હતા, સોનેરી કિનારીવાળી ધજા-પતાકાઓથી,પંચરંગી ધજાઓવાળા, સુવર્ણે સજેલા ઉત્તમ અશ્વોવાળા, સુવર્ણે મઢેલા રથો, સોનેરી બખ્તરોવાળા યોદ્ધાઓ, જાતજાતનાં વેપારી મંડળો, વારાંગનાઓ, પાયદળો, પગે ચાલતા સેવકજનો, પ્રજાજનો વગેરે સર્વની સાથે છત્ર, ચામર, પંખા છડી વગેરે રાજચિહ્નો સાથે લઈ તથા નાની મોટી બીજી ભેટની સામગ્રીઓ પણ સાથે લઈ ભરતજી શ્રીરામચન્દ્રજીની સન્મુખ પધાર્યા અને પ્રેમથી પીગળેલાં હૃદય તથા નેત્રથી ભગવાન શ્રીરામચન્દ્રજીના ચરણે ઢળી પડ્યા ત્યારે શ્રી રઘુનાથે બન્ને બાહુઓથી શ્રી ભરતજીને ઉઠાવી લાંબા સમય સુધી ભેટી નેત્રનાં આંસુથી ભરતજીને સ્નાન કરાવી દીધાં અને લક્ષ્મણજી તથા સીતાજીની સાથે વિપ્રોને તેમજ પૂજ્યજનોને, કુલવંદ્ય પુરુષોને ભગવાનને સ્વયં નમસ્કાર કર્યા અને પ્રજાજનોએ પણ શ્રી રઘુનાથજીને નમસ્કાર કર્યા. (૩૭-૪૧)

પ્રજાનો હર્ષ : નગર મંગલ યાત્રા

ઘણા લાંબા સમયે પધારેલા શ્રીકોશલપતિ રામનાં દર્શન કરી ઉત્તર કોશલની પ્રજા ઉત્તરીય વસ્ત્રનાં અંચલો ફરકાવતી અને પુષ્પોથી વધાવતી હર્ષભેર નાચવા લાગી. (૪૨) રાજન્ ! શ્રી અયોધ્યા તરફ મંગલ યાત્રા પ્રસ્થાન કરી રહી હતી ત્યારે શ્રી ભરતજીએ શ્રી રઘુપતિજીની પાદુકાજી લીધાં હતાં. શ્રી વિભીષણજીએ તથા શ્રી સુગ્રીવજીએ ચામરો અને પંખા લીધાં હતાં. શ્રી ભરતકુમાર હનુમાનજીએ શ્રી રઘુનાથજી ઉપર શ્વેત છત્ર ધર્યું હતું. (૪૩) શ્રી શત્રુઘ્નજીએ ધનુષ્ય તથા ભાથાં લીધાં હતાં, સીતાજીએ તીર્થજલ ભરેલ કમંડલ કરકમલમાં લીધું હતું તથા શ્રી અંગદજીએ સુવર્ણની તલવાર અને શ્રી જાંબવાનજીએ ઢાલ લીધી હતી. (૪૪) ભગવાન શ્રી રામ પુષ્પક વિમાનમાં બિરાજ્યા હતાં ત્યારે મધુર કંઠથી સ્ત્રીજનો ગીત ગાતાં હતાં, અને બંદીજનો નાથની સ્તુતિ કરતા હતા. રાજન્ ! જાણે આ સમયે શ્રીરઘુનાથજી આ પ્રકારે ગ્રહો સાથે ઉદય પામેલા ચન્દ્ર શોભે તેમ શોભતા હતા. (૪૫) ભાઈઓથી સત્કાર પામેલા ભગવાન શ્રીરામે ઉત્સવભરેલી અયોધ્યા નગરીમાં પ્રવેશ કરી રાજભવનમાં પધારી કૈકયી, સુમિત્રા માતાઓને તેમજ કૌશલ્યામાતાને, ગુરુજનોને દંડવત્ કરી, સખાઓનો અને નાનામોટા સંબંધીઓનો સત્કાર કર્યો અને આ સર્વજનોને શ્રીરઘુનાથજી અને શ્રી વિદેહરાજકુમારી સીતાજી તથા શ્રીલક્ષ્મણજી પણ યથાયોગ્ય સર્વને સ્નેહથી મળ્યાં. (૪૭) દેહમાં પ્રાણ આવતાં દેહો ઊભા થઈ જાય તેમ માતાઓ પણ પુત્રોને આવેલા જોઈ એકાએક ઊભી થઈ ગઈ અને પ્રાણપ્રિય પુત્રોને ગોદમાં લઈ અશ્રુના ધોધ વરસાવતી શોકરહિત થઈ ગઈ. (૪૮)

શ્રીરામરાજ્યાભિષેક અને પ્રજાસુખ

ત્યારબાદ ગુરુવર્ય શ્રીવસિષ્ઠજીએ વિધિપૂર્વક જગ્યાઓ છોડાવી કુળવૃદ્ધો સાથે ચાર સમુદ્રનાં જળ વગેરેથી વિધિ પ્રમાણે જેમ ગુરુ બૃહસ્પતિ ઈન્દ્રને અભિષેક કરે તેમ શ્રી રઘુનાથજીનો રાજ્યાભિષેક કર્યો. (૪૯) રાજન્ ! રાજ્યાભિષેક સમયે તીર્થજલથી મસ્તકે સ્નાન કરેલા, સુંદર વસ્ત્રો ધારણ કરેલા, અલંકારોને શોભાવતા શ્રીરામચંન્દ્રજી, સુંદર અલંકૃત થયેલા ભાઈઓ તેમજ અર્ધાંગના શ્રીસીતાજી સાથે શોભતા હતા. (૫૦) ત્યારબાદ શ્રીભરતજીએ ચરણોમાં દંડવત્ કરી અત્યંત ભક્તિભાવથી વિનંતિ કરતાં ભગવાન શ્રીરામચંન્દ્રજી સિંહાસને બિરાજીને વર્ણાશ્રમના નિયમોને અનુસરી સ્વધર્મપરાયણ રહેતા પ્રજાજનોનું પિતાની પેઠે પાલન કરતા હતા અને પ્રજાજનો પણ રઘુનાથજીને પિતા તરીકે જ માનતા હતા. (૫૧) સર્વ પ્રાણીઓને સુખ આપનાર ધર્મવેત્તા શ્રીરામચંન્દ્રજી રાજા હતા ત્યારે ત્રેતાયુગનો સમય ચાલતો હતો પણ રઘુવીરની કૃપાથી ત્રેતાનો કાલ સત્યયુગ જેવો બની ગયો. (૫૨) હે ભરતશ્રેષ્ઠ રાજન્ ! ભગવાન રામના રાજ્યમાં વનો, નદીઓ, પર્વતો, ખંડો, બેટો ને સમુદ્રો આ સર્વે પ્રજાઓની કામનાઓ પૂર્ણ કરનારાં થયાં હતાં. (૫૩) ભગવાન શ્રીરામચન્દ્ર રાજા હતા ત્યારે આધિ, વ્યાધિ, ઉપાધિ વગેરે કાંઈ પણ ન હતાં, ના તો જરાવસ્થા કોઈને આવતી હતી, સર્વ કોઈ સશક્ત જ રહેતા, ગ્લાનિ, દુઃખ, શોક, ભય કે થાક આમાંનું કંઈ પણ ન હતું અને ઈચ્છા વિના મૃત્યુ પણ આવતું ન હતું. (૫૪) શ્રી રામચંન્દ્રજી એક પત્નીવ્રતધારી, રાજર્ષિઓના ચરિત્રનું પાલન કરનારા, પવિત્ર અને ગૃહસ્થાશ્રમનો સ્વધર્મ સર્વને શીખવતા સ્વયં પણ તે ધર્મનું પાલન કરતા. (૫૫) રાજન્ ! શ્રીરઘુનાથજીના હૃદયના ભાવને જાણનારાં, વિનયનમ્ર, પતિવ્રતા, સેવાપરાયણ શ્રીસીતાજીએ શીલથી-સ્નેહથી-ભક્તિથી-લજ્જાથી-વિવેકબુદ્ધિથી રઘુનાથજીનું મન જીતી લીધુ. (૫૬)

प्रेम्णाऽनुवृत्या शीलेन प्रश्रयावनता सती । धिया ह्रिया च भावज्ञा भर्तुः सीताहरन्मनः ॥ ५६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૧૦ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૧ મો

[આ અધ્યાયમાં ૩૬ શ્લોકો છે. ભગવાન શ્રી રામચન્દ્રજીનું સર્વમંગલ જીવનચરિત્ર અને ઉત્તમ વહીવટ અને શ્રીરઘુનાથજીએ કરેલા અગિયાર સો અશ્વમેઘ યજ્ઞોની કથા વગેરે પ્રસંગો આ માં આવશે.]

श्रीशुक उवाच-भगवानात्मनाऽऽत्मानं राम उत्तमकल्पकैः । सर्वदेवमयं देवमीज आचार्यवान् मखैः ॥ १ ॥

શ્રી શુકદેવજી એ કહ્યું કે રાજન્ ! ભગવાન શ્રીરામચંન્દ્રે પોતાના કુલાચાર્યને સાથે રાખી ઉત્તમ સામગ્રી અને ઉત્તમ વિધિથી યજ્ઞો કરી પોતે પોતાના જ સર્વદેવમય આત્મસ્વરૂપનું યજન કર્યું. (૧)

અશ્વમેધ યજ્ઞો

[ભગવાન શ્રીરામે વિશ્વકલ્યાણ માટે અગિયારસો અશ્વમેધ યજ્ઞો કરી વૈદિક કર્મ માર્ગનું યથાર્થ પાલન કર્યું. ભૂતલ ઉપર પોતાનું સર્વસ્વ દાન કરી યજ્ઞ કરનાર કેવલ શ્રીરામચન્દ્ર જ છે, શ્રીરઘુનાથજીએ તો ઉત્તમ યોગ્યતા, વિપ્રોને દક્ષિણામાં ઉત્તમ જ્ઞાન પણ આપ્યું હતું કારણ કે જ્ઞાનનો સંદેશો આપવો એ ઉત્તમ દક્ષિણા છે.]

પ્રભુશ્રી રામચન્દ્રે યજ્ઞ-દક્ષિણામાં હોતાને પૂર્વ દિશા, બ્રહ્મા થયેલા ઋત્વિજોને દક્ષિણ દિશા, અધ્વર્યુને પશ્ચિમ દિશા, સામગાન કરનાર ઋત્વિજને ઉત્તર દિશા આપી હતી. (૨) રાજન્ ! ચાર દિશા આપતાં શેષ રહેલી સર્વ દિશાઓની વચ્ચેની ભૂમિ આચાર્યને આપી હતી. ભગવાન રામ તો માનતા હતા કે આ સર્વ નિઃસ્પૃહ બ્રાહ્મણ જ આ માટે યોગ્ય છે. (૩) રાજન્ ! સર્વસ્વ દાનમાં આપનાર શ્રીરામ પાસે કેવળ શરીરે ધારણ કરેલ અલંકાર તથા વસ્ત્રો જ બાકી રહ્યાં તેમજ સૌભાગ્યકંકણ વગેરે સૌભાગ્યના અલંકારો જ સીતાજી પાસે રહ્યા હતા. ભગવાન્ શ્રીરામચન્દ્રજી તો બ્રાહ્મી શક્તિને પોતાના દેવ માને છે, આવા રઘુનાથજીના બ્રાહ્મણો પ્રત્યેના વાત્સલ્યને જોઈને ગળગળા થઈ ગયેલા બ્રાહ્મણો ભગવાનને પાછું સમર્પી દઈ આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫) હે જગદીશ્વર ! આપે અમને શું ન આપ્યું ? કારણ કે આપ અમારા હૃદયમાં પ્રવેશ કરી પોતાના જ્ઞાનપ્રકાશથી અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરો છે. (૬) હે બ્રહ્મણ્ય દેવ ભગવન્ ! આપને નમસ્કાર હો ! હે અંકુઠિત મતિ ! આપને પ્રણામ, ઉત્તમ યશસ્વી પુરુષોમાં શ્રેષ્ઠ પ્રભુ ! આપને પ્રણામ, મુનિજન અને પરમહંસોના હૃદયમાં ચરણ સ્થાપનારા આપ શ્રીરામચન્દ્રજીને અમે નમસ્કાર કરીએ છીએ. (૭)

શ્રી વાલ્મીકિજીના આશ્રમમાં શ્રીસીતાજીનો આશ્રય

[ભગવાન શ્રીરામચન્દ્રજીએ જાનકીનો ત્યાગ કર્યો એ પ્રસંગ ખરેખર હૃદયને હચમચાવી મૂકે છે અને પથ્થરને પીગળાવી દે છે. તો કરુણામય શ્રી રઘુનાથે આવું કઠોર કાર્ય કેમ કર્યું. ? તેનાં અનેક સમાધાન છે. પદ્મપુરાણમાં અશ્વમેઘની કથાના પ્રકરણમાં એક કથા છે. શ્રીસીતાજીએ બાલ્યાવસ્થામાં એક પોપટની યુગલ જોડીને પકડી લીધી તેમાંથી પોપટ ઊડી ગયો. એના વિયોગે પિંજરમાં પુરાયેલી પોપટી મરણ પામી ત્યારે તે પોપટે શ્રીસીતાજીને શાપ આપ્યો કે તમારો પતિ તમારો ત્યાગ કરશે અને વિયોગમાં તમારો દેહ છૂટશે. આ શાપ દેનાર પોપટ ધોબી થઈને આવ્યો તે ધોબીએ સીતાજી સાથે ભગવાન શ્રીરામની વાત થઈ પણ ગઈ છે. વળી સીતીજીનો લોકદષ્ટિએ ત્યાગ કરીને પણ અશ્વમેઘ યજ્ઞમાં સીતાજીની સુવર્ણ પ્રતિમા સાથે જ રાખી છે. યજ્ઞ કરીને સીતાજીનું નિત્ય સાનિધ્ય જ લોકોને બતાવ્યું છે અને સીતાજીને ''જો હું શુદ્ધ હોઉં તોં પૃથ્વીમાતા મને પોતાની ગોદમાં લઈ લે.'' આ પ્રતિજ્ઞા પ્રમાણે ભૂમિદેવીએ પ્રકટ થઈ રઘુનાથને ઠપકો આપી સિંહાસનમાં જાનકીજીને પધરાવી લઈ જઈ નિંદકોને કાયમનો ઉત્તર આપી સીતાજીનો દોષ દેતાં બંધ કરી સીતાજીનો યશ વધાર્યો છે. જો ત્યાગ ન થયો હોત તો નિર્દોષ સીતાજી માતાજીને શિરે લોકબત્રીસી મન ફાવતું બોલતી જ રહી હોત.]

એક સમયે શ્રીરામચંન્દ્રજીને લોકચર્યા જાણવાની ઈચ્છા થઈ. રાત્રે ગુપ્તવેશે કોઈ જાણે નહીં તેમ અયોધ્યામાં નગરચર્ચા જાણવા વિચરતા હતા ત્યા કોઈ એક પુરુષ તેની સ્ત્રીને ઉદ્દેશી એમ બોલી રહ્યો કે સ્ત્રીલોભી એ તો રામ સીતાને ઘરમાં રાખે પરંતુ હું સ્ત્રીલોભી બની પરઘેર ભટકતી, દુષ્ટ, અસતી એવી તને કદી ઘંરમાં ન રાખું. (૮,૯)

રાજન્ ! કેવલ કોઈ એક વ્યકિતના મુખેથી નહી પરંતુ અનેક મુખવાળા અને તેથી જ સમજાવવા અશક્ય અજ્ઞાની લોકથી ભય પામી પતિ રામચંન્દ્રે સીતાજીને ત્યજીને લક્ષ્મણજી દ્વારા પ્રાચેતસ મુનિ શ્રી વાલ્મીકિઋષિના આશ્રમમાં મૂક્યાં હતા. (૧૦) આ ત્યાગ કર્યો ત્યારે સીતાજી સગર્ભા હતા. જેથી સમય આવતાં સીતાજીએ બે જોડકા પુત્રોને જન્મ આપ્યો હતો જેઓ લવકુશ નામે પ્રસિદ્ધ છે. વાલ્મીકિ મુનિએ તેઓ બન્નેની સર્વ જન્મક્રિયાઓ કરી હતી. (૧૧) હે પૃથ્વીપતિ પરીક્ષિત ! લક્ષ્મણજીને ત્યાં અંગદ અને ચિત્રકેતુ નામના બે પુત્રો થયા અને ભરતજીને ત્યાં પણ લક્ષ તથા

પુષ્કલ નામના બે પુત્રો થયા હતા. વળી શત્રુઘ્નજીને ત્યાં પણ સુબાહુ અને શ્રુતસેન નામે બે પુત્રો થયા. ભરતજીએ દિગ્વિજયમાં કરોડો ગંધર્વોનો યુદ્ધમાં નાશ કર્યો હતો. (૧૨,૧૩) અને તેઓનું સર્વ ધન લાવી રાજા શ્રીરામચંન્દ્રજીને આપ્યું હતું; તેમજ શત્રુઘ્ને મધુના પુત્ર લવણ નામના રાક્ષસનો નાશ કરી મધુવનમાં 'મથુરા' નામની નગરી વસાવી હતી. (૧૪)

પતિએ વનવાસ આપેલાં શ્રીસીતાજી વાલ્મિકી મુનિને પુત્રો સોંપી શ્રીરામચંન્દ્રના ચરણોનું ધ્યાન કરતાં પૃથ્વીની અંદર પધારી ગયાં હતાં. (૧૫) આ સમાચાર સાંભળી ભગવાન શ્રીરામચન્દ્રે બુદ્ધિથી વિવેક કરી હ્રદયમાં શોકને રોક્યો હતો છતાં પણ સીતાજીના તે તે ગુણો યાદ કરતાં તે ઈશ્વર છતાં શોકને રોકવા સમર્થ થઈ શક્યા ન હતા. (૧૬) રાજન્ ! આ વાતમાં ભલેને મહાન પુરુષ કેમ ના હોય- દુઃખ આપે જ તો પછી સામાન્ય અજ્ઞાની મનુષ્યને ત્રાસ આપનાર થાય એમાં શું કહેવું ! (૧૭) ત્યારબાદ ભગવાન શ્રીરામચન્દ્રે બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી તેર હજાર વર્ષ પર્યન્ત અખંડ અગ્નિહોત્ર વ્રત આચર્યું હતું. (૧૮) અને ત્યાર બાદ પોતાનું સ્મરણ કરનારા ભક્તજનના હ્રદયમાં દંડકારણ્યના કંટકોથી વીંધાયેલા પોતાના ચરણપલ્લવ સ્થાપી શ્રી રામચન્દ્રજી સ્વધામ પધાર્યા હતા.

नेदं यशो रघुपतेः सुरयाञ्चयाऽऽत्तलीलातनोरधिकसाम्यविमुक्तधाम्नः ।
रक्षोवधो जलधिबन्धनमस्त्रपूगैः किं तस्य शत्रुहनने कपयः सहायाः ॥ २० ॥
यस्यामलं नृपसदस्सु यशोऽधुनाऽपि गायन्त्यधघ्नमृषयो दिगिभेन्द्रपट्टम् ।
तं नाकपालवसुपालकिरीटजुठपादाम्बुजं रघुपति शरणं प्रपद्ये ॥ २१ ॥

આ રીતે અસ્ત્રોના સમૂહોથી રાક્ષસોનો નાશ કરવો અને સમુદ્ર ઉપર સેતુ બાંધવો ઈત્યાદિ ભગવાન શ્રીરામનાં પરાક્રમોને કવિજનો ભલે ગાય પણ એ કંઈ ભગવાન શ્રીરઘુપતિની બહુ મોટી સ્તુતિ થતી નથી, કારણ કે શ્રીરામચન્દ્રજીએ દેવોની પ્રાર્થનાને માન આપી લીલા શરીરને ધારણ કરનાર તેમજ જે ભગવાનની સરખો કે અધિક કોઈના પણ પ્રભાવનથી એવા સર્વથી અધિક પ્રભાવવાળા ભગવાનનાં આ ગણાવેલાં પ્રરાક્રમો તો તદ્દ્ન સાધારણ જ ગણાય. રાજન્ ! સમર્થ શ્રીરામચન્દ્રજીને શત્રુઓ સંહારવામાં વળી વાનરોની શું સહાય આવશ્યક હતી ? ના રે ના, એ તો વાનરોને સેવા આપી પોતાના બનાવવાની કૃપા હતી. (૨૦)

રાજન્! પાપોનો રાશિ નાશ કરનારો ભગવાનનો નિર્મલ યશ એ તો ચારે દિશાઓમાં રહેલા ચાર દિગ્ગજોના લલાટમાં કોતરીને મૂકેલા શિલાલેખો છે. અરે ચાર દિશામાં સ્થાપેલા કીર્તિસ્તંભો છે. આજે પણ વ્યાસ વાલ્મિકિ, નારદ વગેરે ઋષિઓ રાજાઓની સભાઓમાં ભગવાનની કથા ગાય છે. તે દેવો અને રાજાઓના મુકુટોથી સેવાયેલા ચરણકમલવાળા 'શ્રી રઘુપતિને' હું શરણે જાઉં છું. (૨૧)

જેઓએ શ્રીરામચન્દ્રજીનો સ્પર્શ તથા દર્શન કર્યાં હતાં, જેઓ તેમની સમીપે બેઠાં હતાં તે બધા કોશલ દેશનાં લોકો યોગીઓ જ્યાં જાય છે તે સ્થાનમાં ગયા હતા. (૨૨)

पुरुषो रामचरितं श्रवणैरुपधारयन् । आनृशंस्यपरो राजन्कर्मबन्धैर्विमुच्यते ॥ २३ ॥

હે રાજન્ ! જે મનુષ્યો શ્રી રામચરિત સાંભળે છે તે સરળતા, કોમળતા, દયાળુતા, પવિત્રતા વગેરે ગુણોનો ભંડાર બની કર્મબંધનથી છૂટે છે. (૨૩)

રામરાજ્યપ્રથા

પરીક્ષિત રાજાએ પૂછ્યું કે મહારાજ! ભગવાન રામચન્દ્રજી પોતાના ભાઈઓ પ્રત્યે કેવી રીતે વર્ત્યા હતા ? રાજા તરીકે પ્રજાજનો પ્રત્યે કેવી રીતે વર્ત્યા હતા તેમજ રઘુનાથ પ્રત્યે તેમના ભાઈઓ, પ્રજાઓ તથા નગરવાસીઓ કેવી રીતે વર્ત્યા હતા ? (૨૪) શ્રીશુકદેવજીએ કહ્યું, રાજન્ ! સિંહાસન સ્વીકાર્યા પછી ત્રણ ભુવનના નાથ શ્રીરામની આજ્ઞાથી ભાઈઓ દિગ્વિજય કરવા ગયા હતા અને રઘુનાથજી પોતાની પ્રજાઓને દર્શન આપતા પરિવાર સાથે નગરી

નિહાળવા નીકળ્યા. (૨૫) સુગંધી જળથી તથા હાથીઓનાં મદબિંદુઓથી સિંચાયેલા માર્ગવાળી શ્રી રઘુવર નગરી નિજનાથ શ્રીરામચન્દ્રજીને આવેલા જોઈ જાણે અત્યંત મદઘેલી બનેલી હોય તેમ આનંદમાં આવી ગઈ. (૨૬) રાજન્ ! રાજભવનો, દરવાજાઓ, સભાગૃહો, યજ્ઞશાલાઓ તથા દેવમંદિરોમાં સ્થાપેલા સુવર્ણકલશો તથા પતાકાઓથી સુશોભિત હતી. (૨૭) ફળે લચેલાં સોપારીઓનાં વૃક્ષોથી અને દીટાં સહિત ફલવાળી કેળોથી અને જાતજાતની ધજાઓથી તેણે જાણે ઉત્તમ વસ્ત્ર પહેર્યાં હોય તેવી અને દર્પણોનાં તથા પુષ્પોની માળાઓનાં તોરણો બાંધવાથી ઉત્તમ રીતે શોભતી હતી. (૨૮) રાજન્ ! નિત્યોત્સવભરી નગરી અયોધ્યામાં જ્યાં જ્યાં શ્રી રામચન્દ્રજી પધારતા ત્યાં ત્યાં સત્કાર સામગ્રી હાથમાં લઈ નગરજનો રઘુનાથજીની સન્મુખ આવતા અને આશીર્વાદ આપતા કે હે દેવ ! આપે પૂર્વે શ્રી વિરાટસ્વરૂપે આ પૃથ્વીનો ઉદ્ધાર કર્યો છે માટે આપ આ પૃથ્વી નું પાલન કરો. (૨૯) રાજન્ ! પ્રજાજનો પણ ઘણા લાંબા સમયે પધારેલા પોતાના રાજાને જોઈ નરનારીઓ તેમનાં દર્શન કરવાની ઈચ્છાથી પોતાના કાર્ય પડતાં મૂકી હવેલીઓ ઉપર ચડી જઈ કમલલોચન ભગવાન શ્રીરામનાં દર્શન કરતાં તેઓના નેત્ર તૃપ્ત જ ન થતાં. તેઓ પુષ્પોથી તેમને વધાવતાં હતાં. (૩૦) રાજન્ ! અયોધ્યાપુરીમાં પર્યટન કરી જે પોતાના વંશના પૂર્વજ રાજાઓએ સેવેલાં સમગ્ર અનંત કોશ-ખજાનાઓથી ભરપૂર અને અણમોલ અનેક જાતનાં રાચરચીલાવાળાં પોતાના રાજભવનમાં શ્રીરઘુનાથજી પધારતા હતા. રાજન્ ! રાજભવન દ્વારના ઉંબરા પરવાળાના રચ્યા હતા, ભવનમાં વૈદૂર્યમણિના સ્તંભોની હારમાળા હતી, સ્વચ્છ મરકત મણિની ભૂમિ હતી અને ઉજ્જવળ સ્ફટિક મણિની દીવાલો હતી. (૩૨) જાતજાતની પુષ્પમાળાઓ ત્યાં લટકતી હતી. અનેક જાતની ધજાઓ ફરકતી હતી. વસ્ત્રો તથા મણિઓનાં કિરણોથી તે ઝળકતું હતું ચૈતન્યના વિલાસના પ્રકાશ જેવાં મુક્તમણિઓ શોભતાં હતાં, મનમાન્યાં મનોહર સુખસાધનો હાજર હતાં. (૩૩) ધૂપ, દીપ તથા સુંગધી પુષ્પોના અલંકારોથી સુશોભિત અને અલંકારોને અલંકારરૂપ થાય એવાં દેવતુલ્ય સ્ત્રી-પુરુષો ભવનમાં નજરે પડતાં હતાં. (૩૪) આવા ઉત્તમ રાજમંદિરમાં આત્મારામ ધીર પુરુષોમાં શ્રેષ્ઠ ભગવાન રામચંન્દ્રજી પોતાને પ્રિય, ઈષ્ટ અને સ્નેહાળ સીતાજી સાથે આનંદ કરતા હતા. (૩૫) એ પ્રમાણે જેમના ચરણપલ્લવનું મનુષ્યોએ ચિંતન કરેલું છે એવા શ્રીરામ ભગવાને અનેક વર્ષો સુધી ધર્મની મર્યાદાનું પાલન કરતા રહી સમયાનુસાર કામભોગો ભોગવ્યા હતા. (૩૬)

बुभुजे च यथाकालं कामान् धर्ममपीडयन् । वर्षपूगान् बहून् नृणामभिध्याताङ्घ्रिपल्लवः ॥ ३६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૧૧ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૨ મો

[આ બારમા અધ્યાયમાં ૧૬ શ્લોકો છો. ભગવાનનો વંશ તો ના હોય, આ વિશ્વ જ ભગવાનનું સ્વરૂપ છે. પરંતુ ભગવાન ભૂતલ ઉપર પધારે ત્યારે સેવા કરવા દેવો પરિચર તરીકે સાથે પધારે છે તેથી જ ભગવાનના વંશમાં થયેલા ત્રીસ, રાજાઓના વંશનું વર્ણન આવશે.સત્તર પ્રજાપતિઓ અને બાર સૂર્યો ભેગા થઈ ભગવાનની સેવા માટે વંશજો બની અવતર્યા છે. આ વંશમાં યોગમાર્ગ દર્શાવનાર હિરણ્યનાભ થશે અને યોગનું આચરણ કરનાર મરુ થશે.]

શ્રી રઘુનાથજીના ૩૦ વંશજો

श्रीशुक उवाच-कुशस्य चातिथिस्तस्मान्निषधस्तत्सुतो नभः। पुण्डरीकोऽथ तत्पुत्रः क्षेमधन्वाऽभवत्ततः ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! કુશના પુત્ર અતિથિ થયા. અતિથિના નિષધ થયા, નિષધના નભ થયા, નભના પુંડરીકથયા, પુંડરીકના ક્ષેમધન્વા થયા,ક્ષેમધન્વાના દેવાનીક થયા, દેવાનીકના અનીહ થયા, અનીહના પારિયાત્ર થયા, પારિયાત્રના બલસ્થલ થયા અને બલસ્થલના સૂર્યના અંશથી અવતરેલા વ્રજનાભ પુત્ર થયા હતા. (૧,૨) વ્રજનાભના ખગણ થયા, ખગણના વિધૃતિ થયા અને વિધૃતિના હિરણ્યનાભ પુત્ર થયા. શ્રી હિરણ્યનાભ જૈમિનિના શિષ્ય થઈ યોગાચાર્ય બન્યા. (૩) હિરણ્યનાભ પાસેથી કોશલદેશનિવાસી યાજ્ઞવલ્ક્ય ઋષિએ શ્રેષ્ઠ સિદ્ધિઓથી ભરેલા અને હૃદયની અજ્ઞાનરૂપી ગાંઠ કાપનારી અધ્યાત્મયોગની પ્રાપ્તિ કરી હતી. (૪) આ હિરણ્યનાભના ધ્રુવસંધિ પુત્ર થયા અને

ધ્રુવસંધિના સુદર્શન થયા. સુદર્શનના અગ્નિવર્ણ પુત્ર થયા, અગ્નિવર્ણના 'શીઘ્ર' પુત્ર થયા અને શીઘ્રના મરુ નામના પુત્ર થયા હતા. (૫) રાજા મરુ યોગસિદ્ધ હોઈ આજે પણ કલાપ નામના ગામમાં બિરાજે છે અને કલિયુગના અંતે નાશ પામેલા સૂર્યવંશને તે ફરી ચાલુ કરશે. (૬)

આ મરુના પ્રસુશ્રુત પુત્ર થયા, પ્રસુશ્રુતના સંધિ પુત્ર થયા, સંધિના અમર્ષણ થયા, અમર્ષણના મહસ્વાન થયા, મહસ્વાનના વિશ્વસાહ્ય થયા. (૭) વિશ્વસાહ્યના પ્રસેનજિતના તક્ષક થયા અને તક્ષકના બૃહદ્બલ પુત્ર થયા, જે બૃહદ્બલને તમારા પિતા અભિમન્યુએ માર્યા હતા. (૮) ઈક્ષ્વાકુવંશના રાજાઓ ભૂતકાળમાં થયા છે હવે ભવિષ્ય કાળમાં થનારા રાજાઓનાં નામ સાંભળો. બૃહદ્બલના બૃહદ્રણ પુત્ર થશે. (૯) બૃહદ્રણના ઉરુક્રિય થશે, ઉરુક્રિયના વત્સવૃદ્ધ, વત્સવૃદ્ધના પ્રતિવ્યોમ થશે, પ્રતિવ્યોમના ભાનુ થશે, ભાનુના સેનાપતિ દિવાક થશે. (૧૦) દિવાકના સહદેવ થશે, સહદેવના વીર બૃહદશ્વ થશે, બૃહદશ્વના ભાનુમાન થશે, ભાનુમાનના પ્રતીકાશ્વ થશે, પ્રતીકાશ્વના સુપ્રતીક થશે. (૧૧) સુપ્રતીકના મરુદેવ થશે, મરુદેવના સુનક્ષત્ર થશે, સુનક્ષત્રના પુષ્કર થશે, પુષ્કરના અંતરિક્ષ થશે, અંતરિક્ષના સુતપા થશે, સુતપાના અમિત્રજિત્ થશે, (૧૨) એ મિત્રજિત્‌ના બૃહદ્રાજ થશે, બૃહદ્રાજના બર્હિ થશે, બર્હિના કૃતંજય થશે, કૃતંજયના રણંજય થશે, રણંજયના સંજય થશે. (૧૩) સંજયના શાક્ય થશે, શાક્યના શુદ્ધોદ થશે, શુદ્ધોદના લાંગલ થશે, લાંગના પ્રસેનજિત્ થશે. પ્રસેનજિત્‌ના શૂદ્રક થશે. (૧૪) શૂદ્રકના રણક થશે, રણકના સુરથ થશે અને સુરથના સુમિત્ર નામના છેલ્લ ઈક્ષ્વાકુવંશના પુત્ર થશે. આ બધા બૃહદ્બલના વંશના ભવિષ્યના રાજાઓ થવાના છે. (૧૫) ઈક્ષ્વાકુઓનો આ વંશ સુમિત્ર રાજા સુધી ચાલશે. આ વંશસુમિત્ર રાજા સુધી પહોંચી કલિયુગમાં સમાપ્ત થશે. (૧૬)

इक्ष्वाकूणामयं वंशःसुमित्रान्तो भविष्यति । यतस्तं प्राप्य राजानं संस्थां प्राप्स्यसि वै कलौ ॥ १६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૧૨ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૩ મો

[આ તેરમા અધ્યાયમાં ૨૭ શ્લોકો છે. આ અધ્યાયમાં શ્રી નિમિરાજાની દિવ્ય કથા છે. નિમિરાજાથી જનકવંશની શરૂઆત થાય છે. શ્રી જાનકીજીના પિતાનું નામ 'સીરધ્વજ જનક' છે. સૂર્યવંશ જનકવંશ સાથે જોડાય છે. એ એક અદ્‌ભુત કથા છે. આ કથામાં જ્ઞાન અને ભક્તિનો સંગમ થતાં પરમાંનદ વધે છે. ભગવાનના માહાત્મ્ય જ્ઞાનવાળી ભક્તિ જ મુખ્ય છે. આ વાત આ અધ્યાયમાં આવશે.]

श्रीशुक उवाच-निमिरिक्ष्वाकुतनयो वसिष्ठमवृतर्त्विजम् । आरभ्य सत्रं सोऽप्याह शक्रेग प्राग्वृतोऽस्मि भोः ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે ઈક્ષ્વાકુ રાજાના પુત્ર નિમિએ યજ્ઞો આરંભી વસિષ્ઠ મુનિને યજ્ઞના આચાર્ય તરીકેનું વરણ કર્યું ત્યારે વસિષ્ઠે નિમિરાજાને કહ્યું હતું, કે નિમિરાજ ! આપના પહેલાં જ રાજા ઈન્દ્રે મારું યજ્ઞોમાં વરણ કર્યું છે. (૧)

વિરકત ભક્ત અને જ્ઞાની નિમિરાજા

માટે 'ઈન્દ્ર નું યજ્ઞકાર્ય પૂર્ણ કરી હું પાછો આવું ત્યાં સુધી રાજા, તમે રોકાઈ જાઓ. હું આવીને યજ્ઞ કરાવીશ.' આ વાત સાંભળી યજમાન નિમિ મૌન રહ્યા, એટલે વસિષ્ઠે પણ ઈન્દ્રનો યજ્ઞ ચાલુ કર્યો. (૨) બીજી તરફ આત્મજ્ઞાની નિમિએ પણ જીવન અસ્થિર જાણી વસિષ્ઠ ગુરુ ન આવે ત્યાં સુધી અન્ય યાજ્ઞિક દ્વારા યજ્ઞ શરૂ કર્યો. એટલામાં ગુરુ વસિષ્ઠ ઈન્દ્રનો યજ્ઞ કરાવી ત્યાં આવ્યા. (૩) તેમણે શિષ્યનો આ અન્યાય જોઈ શાપ આપ્યો, ''પોતાને શાણો સમજનાર આ નિમિનું શરીર પડી જાઓ.'' (૪) આ શાપને સાંભળી નિમિએ પણ અધર્મથી વર્તનાર ગુરુને સામો શાપ આપ્યો કે ''તમે પણ લોભથી ધર્મ જાણતા નથી માટે તમારું શરીર પણ પડી જાઓ.'' (૫) ગુરુને એવો શાપ આપી આત્મવેત્તા નિમિએ પોતનું શરીર ત્યજ્યું અને અમારા પિતામહ વસિષ્ઠ ઋષિ પણ દેહ છોડી મિત્રવરુણ દેવો દ્વારા ઉર્વશીમાં ઉત્પન્ન થયા. (૬) રાજન્ ! નિમિરાજાનો દેહ પડતાં તે શ્રેષ્ઠ મુનિઓએ યજ્ઞ પૂર્ણ થાય ત્યાં સુધિ નિમિ રાજાના દેહને સુગંધીદાર વસ્તુઓમાં રાખી યજ્ઞની સમાપ્તિ થયા બાદ ત્યાં આવેલા દેવોને કહ્યું, ''જો આપ દેવો પ્રસન્ન થયા હો અને સમર્થ હો તો આ રાજાના શરીરને સજીવન કરો.'' તે સાંભળી દેવોએ 'તથાસ્તુ' એમ કહ્યું ત્યારે જીવતા

થયેલા નિમિરાજા બોલી ઊઠ્યા કે મારે દેહબંધન નથી જોઈતું. (૭,૮) કારણ કે મુનિઓ દેહના વિયોગ-ભયથી ડરી શરીર સાથેના સંબંધની ઇચ્છા જ કરતા નથી, પરંતુ શ્રીહરિમાં બુદ્ધિ રાખીને ભક્તોનાં દુઃખોને હરનાર ભગવાનના ચરણકમલની સેવા કર્યા કરે છે. (૯) માટે દુઃખ, શોક તથા ભય આપનારું શરીર ગ્રહણ કરવા હું ઇચ્છતો નથી. કારણ કે જળમાં જેમ માછલાંનું મૃત્યુ થાય છે તેમ હરકોઈ સ્થળે શરીરનું મૃત્યું થાય જ છે. (૧૦) દેવોએ કહ્યું : આ નિમિ શરીર રહિત રહી પ્રાણીઓનાં નેત્રમાં ભલે રહે. તેથી દેહ પડવાનો ભય પણ નહિ અને દેહનું બંધન નહી. વળી દેવોએ આપેલ વરદાન મિથ્યા પણ ન ઠરે, આંખના પલકારા ઊઘડે અને બંધ થાય આ બે કર્મના નિમિ પ્રવર્તક બને. (૧૧)

નિમિકુલજનક સંજ્ઞાપ્રવર્તક આદિજનક રાજા

રાજન્ ! નિમિરાજાનો દેહ પડી ગયો પછી પૃથ્વીમાં અરાજકતા પેદા થશે એવો લોકહિતનો વિચાર કરી મહર્ષિઓએ નિમિરાજાના દેહનું મંથન કર્યું ત્યારે તેમાંથી એક કુમાર ઉત્પન્ન થયો. (૧૨) આ કુમારના જન્મનું નામ જનક હતું. શરીરરહિત નિમિથી થયા માટે 'વૈદેહ' અને નિમિના શરીરને મથવાથી ઉત્પન્ન થયા માટે 'મિથિલ', જેણે મિથિલા નગરી વસાવી છે. (૧૩) રાજન્ ! એ જનક રાજાને ત્યાં ઉદાવસુ નામના પુત્ર થયા, ઉદાવસુના નંદિવર્ધન થયા, નંદિવર્ધનના સુકેતુ થયા, સુકેતુના દેવરાત થયા, દેવરાતના બૃહદ્રથ થયા, બૃહદ્રથના મહાવીર્ય થયા, મહાવીર્યના સુધૃતિ થયા, સુધૃતિના ધૃષ્ટકેતુ થયા, ધૃષ્ટકેતુના હર્યશ્વ થયા, હર્યશ્વના મરુ થયા, મરુના પ્રતીપક થયા, પ્રતીપકના કૃતિરથતા થયા, દેવમીઢ થયા, દેવમીઢના વિશ્રુત થયા, વિશ્રુતના મહાધૃતિ થયા, મહાધૃતિના કૃતિરાત થયા, કૃતિરાતના મહારોમા થયા, મહારોમાના સ્વર્ણરોમા થયા, સ્વર્ણરોમાના હ્રસ્વરોમા થયા. (૧૪-૧૭) હ્રસ્વરોમાના સીરધ્વજ પુત્ર થયા હતા જેઓ યજ્ઞભૂમિના શુદ્ધિ માટે હળથી પૃથ્વી ખેડતા હતા ત્યારે હળની અણીમાંથી સીતાજી ઉત્પન્ન થયાં હતાં. તેથી તેઓ સીરધ્વજ કહેવાયા. (૧૮) આ સીરધ્વજના કુશધ્વજ થયા, કુશધ્વજના ધર્મધ્વજ થયા અને ધર્મધ્વજના કૃતધ્વજ તેમજ મિતધ્વજ નામના બે પુત્રો થયા હતા. (૧૯) તેમાં કૃતધ્વજથી કેશિધ્વજ અને મિતધ્વજથી ખાંડિક્ય થયા હતા. હે રાજન્ ! કૃતધ્વજના પુત્ર કેશિધ્વજ આત્મવિદ્યામાં કુશળ હતા. (૨૦) અને જ્યારે ખાંડિક્ય તત્ત્વ જાણનારા હોઈ કેશિધ્વજથી ડરી વનમાં ચાલ્યા ગયા હતા. તે કેશિધ્વજના પુત્ર ભાનુમાન થયા. ભાનુમાનના શતદ્યુમ્ન થયા, શતદ્યુમ્નના શુચિ થયા. શુચિના સનદ્વાજ થયા, સનદ્વાજના ઊર્ધ્વકેતુ થયા, ઉર્ધ્વકેતુના અજ થયા, અજના પુરુજિત થયા. (૨૨) પુરુજિતના અરિષ્ટનેમિ થયા, અરિષ્ટનેમિના શ્રુતાયુ થયા, શ્રુતાયુના સુપાર્શ્વક થયા, સુપાર્શ્વકના ચિત્રરથ થયા અને ચિત્રરથના ક્ષેમધિ નામના પુત્ર થયા હતા, જે મિથિલા નગરીના રાજા હતા. (૨૩) એ ક્ષેમધિના સમરથ થયા, સમરથના સત્યરથ થયા, સત્યરથના ઉપગુરુ થયા અને ઉપગુરુના ઉપગુપ્ત નામના પુત્ર થયા હતા જે અગ્નિના અંશથી જન્મ્યા હતા. (૨૪) ત્યારબાદ ઉપગુપ્તના વસ્વનંત થયા, વસ્વનંતના યુયુધ પુત્ર થયા, યુયુધના સુભાષણ થયા, સુભાષણના શ્રુત થયા, શ્રુતના જય થયા, જયના વિજય થયા, વિજયના ઋત થયા. (૨૫) ઋતના શુનક થયા, શુનકના વીતહવ્ય થયા, વીતહવ્ય ના શ્રુતિ થયા, શ્રુતિના બહુલાશ્વ થયા અને બહુલાશ્વના સમર્થ જિતેન્દ્રિય કૃતિ નામના પુત્ર થયા હતા. (૨૬) હે રાજન્ ! આ મિથિલા વંશના રાજાઓ આત્મવિદ્યામાં કુશળ અને યાજ્ઞવલ્કય વગેરે યોગેશ્વરોની કૃપાથી ગૃહસ્થાશ્રમમાં રહીને પણ રાગદ્વેષાદિ દ્વંદ્વોથી છૂટ્યા હતા. (૨૭)

एते वै मैथिला राजन्नात्मविद्याविशारदाः । योगेश्वरप्रसादेन द्वन्द्वैर्मुक्ता गृहेष्वपि ॥ २७ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૧૩ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૪ મો

[આ અધ્યાયમાં ૪૯ શ્લોકો છે. આ ચૌદમા અધ્યાયથી ૨૪મા અધ્યાય પર્યન્ત સોમવંશમાં થયેલા નવ પ્રકારના શ્રીહરિના ભક્તો, શ્રીહરિનો અવતાર , શ્રી પરશુરામજીના ચરિત્રનું ત્રણ અધ્યાયનું પ્રકરણ તેમજ ભગવાન શ્યામસુંદર શ્રીહરિની ૨૪માં અધ્યાયના છેલ્લા ત્રણ શ્લોકમાં પુણ્ય ગાથા વગેરે પ્રસંગો વર્ણવ્યા છે. ચૌદમાં અધ્યાયમાં બુધની અલૌકિક ઉત્પત્તિ છે. સોમવંશની સ્થાપના કરવા માટે શ્રી લક્ષ્મીજીએ અને ભગવાન નારાયણે વિચાર કર્યો અને તારામાં લક્ષ્મીજીએ પ્રવેશ કરીને અને ચંદ્રમા ભગવાન

નારાયણે પ્રવેશ કરીને બુધની ઉત્પત્તિ કરી. સોમવંશ શ્રીલક્ષ્મીનારાયણથી પ્રગટ કર્યો. બુધનો જન્મ થયા બાદ શ્રીલક્ષ્મીજી ભગવાન નારાયણ તારામાંથી અને સોમમાંથી ચાલ્યા ગયા હતા. આ અલૌકિક ગાથા વેદો અને પુરાણોમાં છે. 'अथातः श्रूयतां राजन् ' અને આ શ્લોકમાં અથ અવ્યયથી કથા શરૂ કરી નવું પ્રકરણ શરૂ થાય છે તેમ વર્ણવ્યું તેમજ અથ અવ્યયથી મંગલાચરણ પણ કર્યું.]

સોમવંશનો પ્રારંભ અને સોમની અત્રિમુનિના નેત્રમાંથી ઉત્પત્તિ

श्रीशुक उवाच-अथातः श्रूयतां राजन् वंशः सोमस्य पावनः । यस्मिनैलादयो भूपाः कीर्त्यन्ते पूण्यकीर्तयः ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્! આપને પવિત્ર સોમવંશની કથા કહીશ તે તમે સ્નેહથી સાંભળો. આ સોમવંશમાં ઐલ વગેરે પુણ્યશ્લોક રાજાઓના યશ ગવાય છે. (૧) હજારો મસ્તકવાળા શ્રી નારાયણ ભગવાનના નાભિ સરોવરમાંથી પ્રકટેલા શ્રી બ્રહ્માજીથી અત્રિઋષિના નામના પુત્ર થયા હતા. ઋષિ અત્રિ ગુણોમાં પિતા જેવા હતા. (૨) તેમના નેત્રમાંથી અમૃતમય 'સોમ' નામના પુત્ર થયા હતા. બ્રહ્માજીએ પૌત્ર સોમને વિપ્રોના, ઔષધિઓના તથા નક્ષત્રગણોના પતિ બનાવ્યા છે. ૩ રાજા સોમે ત્રણે જગત જીતી લીધાં અને રાજસૂય યજ્ઞ કર્યો હતો. તેના ગર્વથી ગુરુ બૃહસ્પતિના પત્ની તારાનું બળાત્કારે હરણ હર્યું હતું. (૪) બૃહસ્પતિ વારંવાર સોમની પાસે તારાની માંગણી કરી હતી છતાં મદોન્મત્ત સોમે પાછી આપી ન હતી, ત્યારે એ તારા માટે દેવો તથા દાનવો વચ્ચે તુમુલ યુદ્ધ થયું હતુ. (૫) શુક્રાચાર્ય બૃહસ્પતિ ઉપરના દ્વેશને લીધે અસુરો સહિત સોમને પક્ષમાં લીધા ત્યારે બીજા તરફથી સર્વ ભૂતગણોથી વીંટાયોલા મહાદેવજીએ અંગિરા ગુરુના પુત્ર બૃહસ્પતિને પક્ષમાં લીધા હતા. (૬) આ યુદ્ધમાં રાજા ઈન્દ્ર પણ સર્વ દેવગણોની સાથે બૃહસ્પતિના પક્ષમાં ગયા હતા. એ રીતે કેવળ એક તારા માટે દેવો તથા અસુરોનો નાશ થયો હતો. (૭) પછી બૃહસ્પતિએ આ વાત બ્રહ્મદેવને જણાવી ત્યારે બ્રહ્મદેવે ચંદ્રનો તિરસ્કાર કરી તારાને તેના પતિ બૃહસ્પતિને પાછી અપાવી દીધી હતી. બૃહસ્પતિને જાણવા મળ્યું તારા ગર્ભવતી છે, ત્યારે તારાને કહયું, ''હે દુર્મતિ તારા ! પરપુરુષના સ્થાપેલા ગર્ભને તારે ક્ષેત્રમાંથી જલદી છોડી દેવો જોઈએ. હે સતી ! મને પુત્રની લાલસા છે તેથી તને શાપ આપી બાળતો નથી. ભવિષ્યમાં હું તારા જેવા પત્ની દ્વારા પુત્રને પામીશ.'' આ વાત સાંભળી સલજ્જ બનેલી તારાએ કનક સમાન કાંતિવાળા કુમારનો ગર્ભમાંથી ત્યાગ કર્યો. આ તેજસ્વી કુમારને બૃહસ્પતિ તથા ચન્દ્ર બન્ને લેવાની અભિલાષાવાળા બન્યા. (૮-૧૦) આ કુમારને જોઈ બન્ને પરસ્પર ઉચ્ચ સ્વરે વિવાદ કરવા લાગ્યા કે 'આ પુત્ર મારો મનાય છે.' માટે મને મળે અને તમને ન મળે એમ વિવાદ થતાં ઋષિઓએ તથા દેવોએ તારાને પૂછયું, 'આ પુત્ર કોનો છે?' પરંતુ લજ્જાવશ તારા કાંઈ જ બોલ્યાં નહી. (૧૧) બૃહસ્પતિ અને સોમના વિવાદને જોઈ તેમજ માતાને મૌન લેતી જોઈ જરા આવેશમાં આવી કુમારે કહ્યુ કે ખોટી શરમને વશ થઈ બોલતાં નથી માટે જે કાંઈ બન્યું હોય તે મને સ્પષ્ટ કહો. ૧૨ પછી બ્રહ્માએ તેને એકાંતમાં બોલાવી શાંત પાડતાં પૂછયું ત્યારે તેણે ધીમેથી કહ્યું, આ પુત્ર સોમનો છે એટલે સોમ તે બાળક લઈ ગયા. (૧૩)

બ્રહ્માએ પાડેલું બુધ નામ

રાજન્ ! બ્રહ્માજીએ બાળકની ગંભીર બુદ્ધિ જોઈને તે બાળકનું 'બુધ ' નામ પાડ્યું અને સોમને પણ તે પુત્રથી આનંદ થયો. (૧૪) સોમપુત્ર બુધની ઈલા નામનાં પત્ની માં પુરુરવા નામના પુત્ર નો જન્મ થયો હતો. આ કથા આગળ પ્રથમ અધ્યાયમાં આવી છે. રાજા પુરુરવાનાં રૂપ, ગુણ, ઉદારતા, શીલ, ધન તથા પરાક્રમોને ઈન્દ્રની સભામાં નારદજીના મુખથી સાંભળતાં ઉર્વશી દેવી કામના બાણોથી પીડાઈ પુરુ રાજા પાસે ગઈ હતી. (૧૫, ૧૬) યદ્યપિ ઉર્વશી દેવાંગના છે છતાં મિત્રાવરુણના શાપથી મનુષ્ય લોક પામી પુરુષશ્રેષ્ઠ પુરુરવાને કામદેવ સમાન રૂપવાળા સાંભળી તેના પાસે ગયાં અને સુંદરી ઉર્વશી ધૈર્ય ધરી પુરૂરવા રાજા પાસે ઊભાં રહ્યાં. (૧૭) રાજા પુરૂરવા ઉર્વશીને જોતાં જ હર્ષથી પ્રફુલ્લ નેત્રવાળા થઈ ગયા. દેહે રોમાંચ થયાં, ઉર્વશીને મધુર વાણીથી કહેવા લાગ્યા. (૧૯)

દેવાંગના ઉર્વશી અને રાજા પુરુરવાનો મધુર વાર્તાલાપ

રાજા પુરુરવાએ કહ્યું, 'હે દિવ્ય નિતંબવાળાં, તમે ભલે પધાર્યા. તમારું સ્વાગત કરું છુ. કહો અમે તમારું શું કાર્ય કરીએ?

અમારી સાથે તમે રમણ કરો તો આપણ બન્નેને ઘણાં વર્ષો સુધી આનંદ થશે. (૧૯) ઉર્વશીએ ઉત્તર આપ્યો : હે સુંદર ! કોઈ પણ સ્ત્રીનું મન અને દૃષ્ટિ આપનામાંથી ખસે જ નહિ. (૨૦) માન આપનારા રાજા ! આ બે મારાં ઘેટાં છે. હું બન્નેને આપને ત્યાં થાપણ તરીકે મૂકુ છું. આપ બન્નેનું રક્ષણ કરશો ત્યાં સુધી હું સાથે રહીશ. રાજન્ ! વિશ્વમાં જે પુરુષ વખાણવા યોગ્ય હોય તે જ સ્ત્રીઓનો વર હોઈ શકે છે. (૨૧) હે વીર! ઘી મારું ભોજન રહેશે અને રતિસુખના સમય વિના અન્ય સમયે હું આપને વસ્ત્રહીન જોઈ શકીશ નહી. ઉર્વશીની આ શરત સાંભળી મહામના પુરુરવાએ બહુ સારું' એમ કહી તેનું વચન કબૂલ કર્યું. (૨૨) અહો ! કેવું અદ્ભુત અને મનુષ્ય લોકને મોહ ઉપજાવનાર સ્વરૂપ છે. ! વળી કેવો મધુર ભાવ છે! સામે પગલે સ્નેહ કરતાં આવેલ આપ દેવીને કયો માનવ ના સેવે ? (૨૩) રાજન્ ! આ પ્રમાણે કહી પુરુષશ્રેષ્ઠ પુરુરવા યથાયોગ્ય રીતે રમણ કરતી દેવી ઉર્વશી સાથે ચૈત્રરથ વગેરે દેવોનાં રમવાનાં સ્થાનોમાં રમવા લાગ્યા. (૨૪) કમલ કેશર સમી સુગંધ ભર્યા અંગોવાળી દિવ્ય નારી ઉર્વશી સાથે રમતા પુરૂરવા તેના મુખની સુવાસથી આકર્ષણ પામી ઘણા સમય સુધી આનંદ કરવા લાગ્યા. (૨૫) બીજી બાજુ રાજા ઇન્દ્રે સ્વર્ગમાં ઉર્વશીને જોઈ નહીં ત્યારે તેણે ગંધર્વોને આજ્ઞા કરી: 'ઉર્વશી વિનાની મારી આ સભા બરાબર શોભતી નથી તો તમે તપાસ કરી ઉર્વશીને લઈ આવો'. (૨૬)

ઉર્વશીની થાપણનું હરણ

ઈન્દ્રની વાત સાંભળી ગંધર્વો મધરાતે અંધારું ખૂબ જામ્યું ત્યારે પત્ની ઉર્વશીએ રાજાને થાપણ તરીકે સોંપેલાં બન્ને ઘેટાંઓ હરી જવા લાગ્યા. (૨૭) એ વખતે દેવી ઉર્વશી હરણ કરાતાં એ પુત્ર જેવા ઘેટાંઓની બૂમો સાંભળી બોલી ઊઠી, 'અરે ! પોતાને વીર માનતા આ નપુસંક કાયર પતિએ મારો નાશ કર્યો છે. (૨૮) જેના વિશ્વાસથી હું નાશ પામી છું અને ચોરલોકો મારાં સંતાનો લઈ ગયા છે. તે દિવસે પુરુષ જેવો છે પણ રાત્રે સ્ત્રીની માફક ડરપોક બની રતિરમણમાં જ પડ્યો રહે છે. (૨૯) રાજન્! અંકુશોથી હાથીને વીંધી નાખે તેવાં વાક્બાણોથી રાજા પુરૂરવાને વીંધી નાખતા રોષે ભરાયેલા રાજા હાથમાં તલવાર લઈ વસ્ત્રહીન અવસ્થામાં જ તે ગંધર્વોને પકડવા ધસી ગયા. (૩૦) તે સમયે પેલા ગંધર્વોએ બન્ને ઘેટાંઓને છોડી દીધાં અને અત્યંત પ્રકાશમાન થઈ ત્યાં અજવાળું કર્યું. (૩૧) ઉર્વશીએ ઘેટાંઓને લઈ આવતા વસ્ત્રહીન પુરૂરવા રાજાને જોયા. શરત પૂર્ણ થતાં ઉર્વશી ચાલી ગઈ. (૩૧) રાજા પુરૂરવા પણ શયનમાં ઉર્વશીને ન જોતાં વિહ્વળ બની શોક કરવા લાગ્યા. (૩૨) એક સમયે કુરુક્ષેત્રમાં સરસ્વતીના કિનારે ઉર્વશીને તથા હર્ષયુક્ત તેની પાંચ સખીઓને જોઈ પુરૂરવાએ મનોહર વાણીથી કહ્યું. (૩૩) અરે હે પ્રિયા! ઊભી રહે. અહો નિર્દય નારી ! હજી મને તૃપ્તિ નથી થઈ તેવી સ્થિતિમાં મને ત્યજવો યોગ્ય નથી, આવ આપણે બન્ને મીઠડી વાતો કરીએ. (૩૪) અરે દેવી ! આ દિવ્ય દેહને દૂરદૂર સુધી તું આકર્ષી લાવી છે પણ આ કાયા જો તારી દયાનું પાત્ર નહીં બને તો હવે અહીં પડી જશે અને વરુઓ તથા ગીધ તેને ખાઈ જશે. (૩૫)

ઉર્વશીએ આપેલ આશ્વાસન

દેવી ઉર્વશીએ કહ્યું, રાજન્! આપ પુરુષ છો, આપ ધીરજ રાખો આમ કાયર બની ન મરો ! આ ગીધ વરુઓ તમને ન ખાઈ જાઓ. ઈન્દ્રિયવશ ન બનો. સ્ત્રીઓને મૈત્રી જેવું કશું હોતું નથી કારણ કે તેમનું હૃદય વરુ જેવું કઠોર ફોલી ખાનારું હોય છે. (૩૬) રાજન્ ! પુંશ્ચલી સ્ત્રીઓ નિર્દય, ક્રૂર, ક્ષમા વિનાની અને પોતાના સુખને માટે સાહસ કરનારી હોય છે. તે થોડા કાર્ય માટે વિશ્વાસુ પતિ કે ભાઈને પણ મારી નાખે છે. (૩૭) રાજન્ ! આવું જાર કર્મ કરનારી વીરાંગના પુંશ્ચલી નારી જડ અને અબુધ જનોને વિશ્વાસ પેદા કરી ઠગનારી, ઉપરનો સ્નેહ બતાવનારી, અન્તરમાં સ્નેહ વિનાની રોજેરોજ નવા શિકાર ચાહે છે. (૩૮) હે રાજન્ ! હાલ હું સગર્ભા છું. હવે પછી વર્ષના અંતે એક રાત્રિ હું આપની સાથે વસીશ અને મારાથી બીજાં સંતાનો આપને પ્રાપ્ત થશે. (૩૯) પછી પુરૂરવા રાજા ઉર્વશીને સગર્ભા જાણી પોતાના નગરમાં લઈ પાછા વળ્યા અને એક વર્ષના અંતે વીર પુત્રની માતા બનેલી ઉર્વશીને મળી એક રાત્રી સાથે આનંદપૂર્વક રહ્યા. પછી વિરહને લીધે આતુર બની રાંક થયેલા પુરુરવાને ઉર્વશીએ કહ્યું. (૪૦, ૪૧)

ગંધર્વોએ આપેલી અગ્નિસ્થાલી અને પુરૂરવાથી વેદનો પ્રાદુર્ભાવ

'રાજન્ ! આપ ગન્ધર્વોને સ્તુતિ વગેરેથી પ્રસન્ન કરો. મને તેઓ આપશે.' ઉર્વશીએ આવું કહ્યું ત્યારે રાજન્ ! પુરૂરવા રાજાએ ગંર્ધવોની સ્તુતિ કરી એટલે તેઓએ પ્રસન્ન થઈ તેને અગ્નિની એક સ્થાલી એટલે અગ્નિ સ્થાપન કરવાનું પાત્ર આપ્યું. રાજન્ ! પુરુરવા તે અગ્નિની થાળીને ઉર્વશી માનતા વનમાં ફરવા લાગ્યા. (૪૨) પણ અંતમાં રાજાએ જાણ્યું કે આ ઉર્વશી નથી, પરંતુ અગ્નિપાત્ર છે એટલે અગ્નિસ્થાલીને વનમાં મૂકી દઈ પોતાને ઘેર ગયા,. એમ કરતાં ત્રેતાયુગનો સમય આવ્યો ત્યારે રાત્રે ધ્યાન કરતાં રાજાના મનમાં કર્મનો બોધ કરનાર ત્રણ વેદો પ્રગટ થયા. (૪૩) પછી વનમાં જ્યાં પેલી અગ્નિસ્થાલી મૂકી હતી ત્યાં જઈ જોયું ત્યારે સમીવૃક્ષમાં પીપળાને ઊગેલો જોઈ તે. પીપળામાંથી મંથન માટે બે અરણી બનાવી ઉર્વશીના લોકમાં જવાની ઈચ્છાથી મંત્રથી ઉર્વશીનું ધ્યાન કરી નીચેની અરણિને ઉર્વશી માની ઉપરની અરણિ પોતે છે એમ માન્યું અને બન્ને અરણિની વચ્ચે રહેલા લાકડાને પુત્ર માન્યો. (૪૪,૪૫) પછી પ્રગટેલા આ અગ્નિને પુરૂરવા રાજાએ પુત્ર માન્યા. (૪૬) અને ઉર્વશીના લોકમાં જવાની ઈચ્છાથી તે અગ્નિની સર્વદેવમય યજ્ઞપતિ શ્રી હરિ ભગવાનનું પુરૂરવા રાજાએ યજન કર્યું. (૪૭) પ્રથમ સર્વવાઙ્મય કેવળ 'ૐ'કાર જ વેદરૂપ હતા. નારાયણ જ દેવરૂપ હતા ત્યારે બીજા દેવ ન હતા અને લૌકિકાગ્નિ નામના એક જ અગ્નિ હતા તેમજ 'હંસ' નામનો કેવળ એક જ વર્ણ હતો. (૪૮) રાજન્ ! પરીક્ષિત ! ત્યારબાદ ત્રેતાયુગના આરંભમાં પુરૂરવાથી માંડીને જ ત્રણ વેદો થયા. આ પુરૂરવા રાજાએ અગ્નિને પુત્રરૂપે સ્વીકારી ગંધર્વલોક પ્રાપ્ત કર્યો હતો. (૪૯)

पुरूरवस एवासीत् त्रयीत्रेतामुखे नृप । अग्निना प्रजया राजा लोकं गान्धर्वमेयिवान् ॥ ४९ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૧૪ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૫ મો

[આ અધ્યાયમાં ૪૧ શ્લોકો છે. પુરુરવા રાજાના પુત્રોની ગાથા અને 'હરિલીલામૃત ' એટલે પરશુરામકથા શરૂ થશે. પરશુરામ યજ્ઞરૂપ ભગવાનનો અવતાર છે. યજ્ઞક્રિયામાં 'મંત્રો અને હુતદ્રવ્ય' બે વસ્તુઓ મુખ્ય છે. ગાય હુતદ્રવ્ય આપે છે, બ્રાહ્મણો મંત્રો આપે છે. કાર્તવીર્યે કામધેનુ ગાયનું હરણ કર્યું અને જમદગ્નિનો તેના પુત્રોએ વધ કર્યો ત્યારે યજ્ઞો અટકી પડ્યા અને તેથી પૃથ્વીમાં દુકાળ થયો, પ્રજા દુઃખી થાય માટે જ પરશુરામે કાર્તવીર્ય અને તેના પુત્રોનો નાશ કર્યો.]

પુરુરવા રાજાના છ પુત્રોનો જન્મ અને પુરુવંશનો પ્રારંભ

श्रीशुक उवाच-ऐलस्य चोर्वशीगर्भात् षडासन्नात्मजा नृप श्रुतायुः सत्यायू रयोऽथ विजयो जयः ॥ १ ॥

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! રાજા પુરુરવાને ઉર્વશીના ગર્ભથી આયુ, શ્રુતાયુ, સત્યાયુ, હય, વિજય તથા જય નામના છ પુત્રો થયા હતા. (૧) તેમાં શ્રુતાયુના વસુમાન પુત્ર થયા, સત્યાયુના શ્રુતંજય થયા, હયના એક નામના પુત્ર થયા જેમના અમિત અને વિજયના ભીમ પુત્ર થયા.

પુરુરવા રાજાના પાંચમા પુત્ર વિજયના વંશમાં ગાધિરાજા

આ પુરુરવાના પાંચમા પુત્ર વિજયના ભીમ નામના પુત્ર થયા હતા. ભીમના કાંચન થયા કાંચનના હોત્રક થયા અને હોત્રકના જહ્નુ પુત્ર થયા હતા. શ્રી જહ્નુરાજા ગંગાનદીને કોગળો કરી પી ગયા હતા. (૩) જહ્નુના પુરુ નામના પુત્ર થયા હતા., પુરુના બલાક થયા, બલાકના અજક થયા અને અજકના કુશ પુત્ર હતા. આ કુશ રાજાને ત્યાં પણ કુશાંબુ, તનય, વસુ, તથા કુશનાભ નામના ચાર પુત્રો હતા. આ ચારમાં મોટા પુત્ર ગાધિ થયા.૪

ગાધિ અને ઋચીક ઋષિની રમ્ય કથા

આ ગાધિરાજાની સત્યવતી નામની કન્યા હતી. રાજન્ ! ઋચીક નામના ઋષિએ ગાધિ રાજા પાસે સત્યવતી કન્યા માગી હતી. પણ ઋષિને અયોગ્ય વર માની ગાધિએ ઋચીકને કહ્યુ હતું. (૫) મહારાજ ! એક બાજુ કાળા કાનવાળા અને ચન્દ્ર જેવા શ્વેત એક હજાર અશ્વો જે કોઈ આ કન્યા માટે લાવી આપે તેને કન્યા પરણાવવી. એવું અમારું પણ

પ્રતિજ્ઞા છે જો કે આટલા અશ્વો તો ઓછા છે પણ સંમત થયા છીએ કારણ કે અમે કુશિક વંશના છીએ. (૬) રાજા ગાધિએ જ્યારે આમ કહ્યું ત્યારે રાજાની ઇચ્છાને અનુસરી ઋચીક મુનિ વરુણદેવની પાસે ગયા અને તેમની પાસેથી આવા અશ્વો લાવી ગાધિ રાજાને આપી તેની સુમુખી કન્યાને પોતે પરણ્યા. (૭) લગ્ન થયા બાદ એક સમયે સત્યવતી પત્નીએ તેમજ રાજાએ પોતાની સંતાનની ઇચ્છાથી ઋચીક મુનિને પ્રાર્થના કરી એટલે એક ચરુ બ્રાહ્મણ પુત્ર પ્રાપ્ત થાય એવા મંત્રોથી તથા બીજો ચરુ ક્ષત્રિય પુત્ર પ્રાપ્ત થાય એવા મંત્રોથી સિદ્ધ કરી મુનિ સ્નાન કરવા ગયા.

માતા અને પુત્રીએ ચરુ બદલ્યા અને પરશુરામજીનો પ્રાદુર્ભાવ અને ઋચીકનો પ્રભાવ

આ દરમ્યાન સત્યવતી પાસે તેનાં માતાએ સત્યવતીને આપવાનો ચરુ ઉત્તમ માની સત્યવતી પાસે માગણી કરી એટલે સત્યવતીએ પોતે પોતાનો ચરુ માતાને આપ્યો. આમ ચરુ બદલી ભક્ષણ કર્યું. (૯) આ વાતને ઋચીક ઋષિએ જાણી લઈ પોતાની પત્ની ને કહ્યું, ''તે ઘણું જ અનુચિત કર્યું; દેવી ! આથી સર્વને દંડ કરનાર અને ઉગ્ર એવો તમારો પુત્ર થશે અને દેવી તમારો ભાઈ મહાન બ્રહ્મવેત્તા થશે !'' આ વાત સાંભળી સત્યવતીએ કહ્યું, નાથ ! એમ ન થાય એવી કૃપા કરો એવી ઋચીક મુનિને પ્રાર્થના કરી એટલે તે બોલ્યા : ભલે એમ થશે. પરંતુ તમારો પૌત્ર તો ઉગ્રજ થશે ત્યાર પછી ઋચીક મુનિને ત્યાં સત્યવતીથી જમદગ્નિ નામના પુત્ર થયા. (૧૧) અને સત્યવતી દેવી લોકોને પવિત્ર કરનારાં મહાપુણ્યશાળી કૌશિકી નામનાં નદી થયા. જમદગ્નિ રેણની પુત્રી રેણુકાને પરણ્યા હતા. (૧૨) એ રેણુકામાં જમદગ્નિ ઋષિથી વસુમાન વગેરે પુત્ર થયા હતા. આ પુત્રોમાં સૌથી નાના પરશુરામ નામના પ્રખ્યાત પુત્ર થયા. શ્રી પરશુરામજીને વિદ્વાનો ભગવાન શ્રીવાસુદેવના અંશરૂપ અને હૈહય કુળના નાશ કરનાર તરીકે વર્ણવે છે. (૧૩) રાજનશ્રીપરશુરામજીએ આ પૃથ્વીને એકવીસ વાર નિઃક્ષત્રિય કરી હતી. (૧૪) જોકે ક્ષત્રિયોનો અપરાધ નાનો હતો, તો પણ તેઓ દુષ્ટ, પૃથ્વીને ભારરૂપ, બ્રાહ્મણોની રક્ષા ન કરનાર અને રજોગુણ તથા તમોગુણથી ઘેરાયા હતા; તેથી પરશુરામે તેઓનો નાશ કર્યો હતો. ૧૫ પરીક્ષિત રાજાએ પૂછયુ: મનને વશ ન રાખનાર ક્ષત્રિયોએ ભગવાન પરશુરામનો એવો કયો અપરાધ કર્યો હતો કે જેથી તેઓના કુળનો એકવીસ વાર નાશ થયો હતો ? (૧૬)

સહસ્રાર્જુનનો વિલાસ અને વૈભવ

શ્રીશુકદેવજી એ કહ્યું કે રાજન્ ! અર્જુન નામના હૈહયકુળના રાજા હતા. ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ અર્જુને નારાયણના અંશરૂપ ગુરુ દત્તાત્રેયની સેવા કરી. (૧૭) તેમને પ્રસન્ન કરી તેમની પાસેથી એક હજાર બાહુઓ મેળવ્યા હતા તેમજ શત્રુઓમાં અજેય અને કોઈ પણ નાશ ન કરી શકે તેવી ઈન્દ્રિય, શક્તિ, લક્ષ્મી, તેજ, પરાક્રમ, યશ તથા બળ પ્રાપ્ત કર્યાં હતાં. (૧૮) આ ઉપરાંત યોગેશ્વરપણું અને અણિમા વગેરે આઠ મહાસિદ્ધિઓવાળાં ઐશ્વર્યો પણ તેને મળ્યાં હતાં. આ સામર્થ્યથી રાજા સહસ્રાર્જુન પવન જેવી અસ્ખલિત ગતિથી સર્વત્ર વિચરતા હતા. ૧૯ આ સહસ્રાર્જુન એક સમયે અત્યંત મદોન્મત્ત બની ઉત્તમ સ્ત્રીઓ સાથે નર્મદા નદીમાં જળક્રીડા કરતા હતા. આ પ્રસંગે પોતે કંઠમાં વૈજયંતીમાળા ધારણ કરી હતી અને પોતાની ભુજાઓથી નદીનો પ્રવાહ અટકાવી દીધો હતો. (૨૦) બીજી તરફ તે જ સમયે પોતાને વીર માનતો રાવણ દિગ્વજય માટે નીકળી મહિષ્મતી નગરી પાસે નર્મદા કિનારે શિવાર્ચન કરતો હતો. દેવાર્ચન કરી પોતાના શિબિરમાંના તંબુઓને પાછા ફરતા પ્રવાહવાળી નર્મદા નદીના જળથી ભીજાયેલા જોઈ સહસ્રાર્જુનના આ પરાક્રમને સહન કરી શક્યો નહીં તેથી રાવણ જલક્રીડા કરતા સહસ્રાર્જુનો પરાજય કરવા તૈયાર થયો હતો; પણ સહસ્રાર્જુને સ્ત્રીઓની સમક્ષ રમત માત્રમા રાવણને કેદ કર્યો હતો અને મહિષ્મતી નગરીમાં પૂરી રાખ્યો હતો. (૨૧) પાછળથી જેમ વાનરને છોડી મૂકે તેમ એ રાવણનો અનાદર કરી છોડી મૂક્યો હતો. (૨૨) રાજન્ ! રાવણવિજેતા સહસ્ત્રાર્જુન એક વખત મનને કંપાવા તેવા ઘોર જંગલમાં મૃગયા માટે ફરતાં દૈવયોગે જમદગ્નિના આશ્રમમાં જઈ પહોંચ્યા. (૨૩)

અતિથિસત્કાર આર્યાવર્તની સંસ્કૃતિ

તપોધન મુનિ જમદગ્નિએ કામધેનુના પ્રભાવથી સહસ્રાર્જુન રાજાનું તેમજ સૈન્ય, પ્રધાનો તથા વાહનો સાથે સર્વનું

આતિથ્ય કર્યું. (૨૪) વીર સહસ્રાર્જુને જમદગ્નિએ રાજાના પોતાના ઐશ્વર્ય કરતાં પણ શ્રેષ્ઠ પ્રકાર અને સામગ્રીથી કરેલા સત્કારને જોઈ એ મુનિ મહારાજ તરફ પૂજ્યભાવ તો પ્રકટ કર્યો પણ જમદગ્નિની કામધેનુ ગાયને લઈ લેવા ઈચ્છા કરી. (૨૫) અને હૈહય ક્ષત્રિયોની સાથે રહી ઋષિની કામધેનુ ગાયને હરી લેવા ગર્વથી સૈનિકોને આજ્ઞા કરી એટલે તેઓ આક્રંદ કરતી કામધેનુને વાછડા સાથે બળજબરીથી મહિષ્મતી નગરી તરફ લઈ ચાલ્યા. (૨૬)

પરશુરામજીનો રોષ

જ્યારે રાજા સહસ્રાર્જુન આશ્રમમાંથી કામધેનુ લઈ ગયા એટલામાં પરશુરામજી આશ્રમમાં આવ્યા અને સહસ્રાર્જુનની એ દુષ્ટતા સાંભળી લાત મારેલા સર્પની માફક કોપી ઊઠ્યા તરત જ ભંયકર ફરશી, ભાલો, ઢાલ તથા ધનુષ્ય લઈ વિકરાળ સિંહ જેમ મહાન્ હાથીની પાછળ દોડે તેમ સહસ્રાર્જુનની પાછળ દોડ્યા. (૨૭, ૨૮) પેલી તરફ સહસ્રાર્જુન નગરીમાં પ્રવેશ કરતા હતા એટલામાં તો પોતાના ઉપર બળથી ધસી આવતા, ધનુષ્ય ધારણ કરતા, બાણ તથા પરશુના આયુધધારી, મૃગચર્મ પહેરનારા અને સૂર્ય જેવી તેજસ્વી જટાઓથી યુક્ત ભૃગુશ્રેષ્ઠ પરશુરામને કાર્તવીર્યે જોયા. (૨૯) ચઢી આવતા પરશુરામને જોતાં જ સહસ્રાર્જુને હાથી, રથ, ઘોડા, પાયદળ, ગદાઓ,તલવારો, બાણો,બેધારી તલવારો, તોપો તથા શક્તિઓ સાથે મહાભંયકર એવી સત્તર અક્ષૌહિણી સેનાઓ પરશુરામ ઉપર મોકલી. પણ એકલા ભગવાન પરશુરામે સર્વ સેનાઓનો સંહાર કરી દીધો. (૩૦) મન અને પવન જેવા વેગવાળા પરશુરામ જ્યાં જ્યાં પરશુનો પ્રહાર કરી શત્રુ સૈન્યનો સંહાર કરતા હતા ત્યાં ત્યાં કપાયેલી ભુજાઓ, સાથળો તથા મસ્તકવાળા અને હણાયેલા સારથિઓ તથા વાહનોવાળા યોદ્ધાઓ પૃથ્વી ઉપર પડ્યા હતા. (૪૧) એ રીતે લોહીના ધોધથી કીચડવાળા બનેલા સમરાંગણમાં પરશુરામની પરશુ તેમજ બાણોના મારાથી પોતાના સૈન્યની ઢાલો, ધજાઓ, મનુષ્યો તથા શરીરો કપાઈ ગયાં તે જોઈ સહસ્રાર્જુન ક્રોધથી યુદ્ધ કરવા જાતે ચઢી આવ્યો. ૩૨ અને તરત જ પાંચસો ધનુષ્યો લઈ તેમાં બાણો ચડાવી એકી વખતે પરશુરામ તરફ ફેક્યાં પણ ધનુર્ધરશ્રેષ્ઠ શ્રી પરશુરામે માત્ર એક જ ધનુષ્ય લઈ એકી સાથે તે બાણોને બાણ વડે કાપી નાખ્યાં. (૩૩) પછી સહસ્રાર્જુન પોતાના હજારો હાથથી પર્વતો તથા વૃક્ષોને ઉપાડી વેગથી યુદ્ધમાં પરશુરામ સામે દોડ્યા પણ પરશુરામે કઠોર ધારવાળી પરશુથી સર્પની ફણાઓને જેમ કાપે તેમ બળાત્કારે સહસ્રાર્જુનની ભુજાઓ કટ કટ કાપી નાખી. (૩૪) અને પછી કપાયેલા બાહુવાળા તેના મસ્તકને પણ પર્વતના શિખરની માફક ઉડાડી દીધુ. પિતા મરાયો એટલે સહસ્રાર્જુનના દશ હજાર પુત્રો નાસી ગયા. (૩૫) પછી શત્રુવીરોનો સંહાર કરનારા પરશુરામે દુઃખી થયેલી કામધેનુને વાછડા સાથે પાછી વાળી આશ્રમમાં આવી પિતાને આપી.

ક્ષમા એ જ તૃપ્તિની લક્ષ્મી છે

પોતે જે કામ કર્યું હતું તે પિતાની તથા ભાઈઓની આગળ વર્ણવી બતાવ્યું તે સાંભળી મુનિ જમદગ્નિ બોલ્યા; (૩૭) બેટા રામ ! પુત્ર ! હે મહાબાહુ ! તેં આ પાપકર્મ કર્યું છે, કારણ કે તેં સર્વ દેવમય રાજાનો વ્યર્થ નાશ કર્યો છે. (૩૮) હે વત્સ ! આપણે બ્રાહ્મણો છીએ. ક્ષમાના ગુણને લીધે જ આપણે સંસારમાં પૂજનીય ગણાયા છીએ. લોકગુરુ બ્રહ્મદેવ પણ ક્ષમાને લીધે જ પરમેષ્ઠિ પદ પામ્યા છે. (૩૯) એટલું જ નહીં પણ આપણું બ્રહ્મતેજ ક્ષમાને લીધે જ બ્રાહ્મમુહૂર્તના સૂર્યની માફક પ્રકાશે છે અને ક્ષમા ધરાવનારાઓ ઉપર સર્વના ઈશ્વર ભગવાન, શ્રી હરિ જલદી પ્રસન્ન થાય છે. (૪૦) જેના મસ્તક ઉપર રાજ્યાભિષેક થયો હોય તેવા રાજાનો વધ તો બ્રહ્મહત્યા કરતાં પણ અધિક છે.માટે ભગવાનમાં મન લગાડી તીર્થસેવન કરી બેટા, એ પાપનો નાશ કરો. (૪૧)

राज्ञो मूर्धाभिषिक्तस्य वधो ब्रह्मवधाद् गुरुः । तीर्थ संसेवया चाहो जह्यऽगाच्युतचेतनः ॥ ४१ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૧૫ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૬ મો

[આ આધ્યાયમાં ૩૮ શ્લોકો છે. પરશુરામજીની તીર્થયાત્રા, જમદગ્નિ મુનિનો વધ, પરશુરામનો પ્રકોપ, એકવીસ વાર પરશુરામે કરેલ યુદ્ધ અને વિશ્વામિત્રની જન્મની કથા આ અધ્યાયમાં આવશે.]

શ્રી પરશુરામજીની તીર્થયાત્રા અને પિતા પાસેથી વરદાન

श्रीशुक उवाच-पित्रोपशिक्षितोरामस्तथेति कुरुनन्दन । संवत्सरं तीर्थयात्रां चरित्वाऽऽश्रममाव्रजत् ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે હે કુરુકુલનંદન પરીક્ષિત ! પિતાના ઉપદેશનું શ્રવણ કરી શ્રી પરશુરામ બોલ્યાઃ 'જેવી આજ્ઞા' એમ કહી એક વર્ષ પર્યન્ત તીર્થયાત્રા કરી આશ્રમે પાછા આવ્યા. (૧) એક વખત પરશુરામની માતા રેણુકા જલ લેવા ગંગાજીના કિનારે ગયાં હતાં ત્યા કમળની માળા ધારણકરતા ક્રીડા કરતા ગંધર્વરાજને જોતાં તેના ઉપર કંઈક અનુરાગ થતાં તેમને હોમના સમયનું સ્મરણ રહ્યું નહીં. (૩) પછી શંકા પામેલા રેણુકા આશ્રમમાં આવી મુનિની આગળ કળશ મૂકી બે હાથ જોડી ઊભા રહ્યાં. (૪) મુનિ જમદગ્નિ પત્નીનો માનસિક અપરાધ જાણી કોપાયમાન થઈ બોલી ઊઠ્યા, 'હે પુત્રો ! આ તમારી માતાએ માનસિક પાપ કરેલ હોઈ તેના દેહનો વધ કરો. પણ પુત્રોએ તેમ કર્યું નહિ. (૫) પછી પિતાએ પરશુરામને આજ્ઞા કરી, પરશુરામ ! તમારા ભાઈઓને તમારી માતા સાથે દેહાંતદંડ આપો એટલે તરત જ પરશુરામે ભાઈઓ તથા માતાના દેહનો નાશ કર્યો કેમકે પરશુરામ જમદગ્નિમુનિની સમાધિ તથા પ્રભાવને સારી રીતે જાણતા હતા, કે જો વધ નહીં કરું તો મને શાપ દેશે અને વધ કરીશ તો વરદાન દેશે એવું સામર્થ્ય છે. (૬) રાજન્ ! આવું સમજીને આજ્ઞાનુ પાલન કર્યું તેથી પરશુરામ ઉપર પ્રસન્ન થયેલા જમદગ્નિએ તેમને વરદાન માગવા પ્રેરણા કરી ત્યારે પરશુરામે વરદાન માગ્યું કે મરણ પામેલા મારાં માતાજી તથા ભાઈઓ સજીવન બનો અને મેં તેઓને માર્યા હતા તેનું સ્મરણ ન રહે એવું વરદાન આપો. (૭) ત્યારે ઋષિએ તથાસ્તુ એમ કહ્યું કે તરત જ જેમ નિદ્રામાંથી જાગી ઊઠે તેમ જ તેઓ સર્વ ક્ષેમકુશળ બેઠાં થયાં એમ પિતાનું તપોબળ જાણનારા પરશુરામે સંબંધીઓનો નાશ કર્યો હતો. (૮) રાજન્! સહસ્રાર્જુનના પુત્રો પોતાના પિતાના નાશને સંભારતા હતા તેઓ પરશુરામના પ્રરાક્રમથી હારેલા હોઈ તેઓને ક્યાંય પણ સુખ મળતુ ન હતું. (૯)

ઉચ્છૃંખલ ક્ષત્રિય કુલની ખલતા

એક સમયે પરશુરામ ભાઈઓ સાથે આશ્રમમાંથી વનમાં ગયા ત્યારે તે લાગ જાણી સહસ્રાર્જુનના પુત્રો વેર લેવાની વૃત્તિથી મુનિ જમદગ્નિના આશ્રમમાં ગયા. (૧૦) તે સમયે જમદગ્નિ ઉત્તમ શ્લોક ભગવાનમાં બુદ્ધિ પરોવી અગ્નિશાળામાં બેઠા હતા. તેમને જોઈ પેલા પાપી નિશ્ચયવાળા ખલ ક્ષત્રિયોએ જમદગ્નિને મારવાની તૈયારી કરી એટલે પરશુરામની દીન જનનીએ પતિને ન મારવા તેર ક્ષત્રિયો પાસે યાચના કરી છતાં તેઓ હઠથી જમદગ્નિનું માથું કાપીને લઈ ગયા. (૧૧, ૧૨) પાછળથી સતી રેણુકા દુઃખ અને શોકથી વ્યાકુળ થઈ છાતી કૂટવા લાગી અને 'હા રામ! ઓ રામ ! ઓ તાત ! ' એમ મોટેથી બૂમો પાડવા લાગી. (૧૩) તે વખતે દૂર રહેલા પરશુરામે 'હા રામ !' એવો દુઃખીના જેવો શબ્દ સાંભળી ઉતાવળા આશ્રમમાં આવી પિતાને મરણ પામેલ દીઠાં. (૧૪) એટલે પિતાના મૃત્યુનું દુઃખ, ક્રોધ અસહિષ્ણુતા દીનતા અને શોકના વેગથી મોહિત થઈ મરશુરામ વિલાપ કરવા લાગ્યા. (૧૫) 'હા તાત ! ઓ ધર્મિષ્ઠ સત્ત્વપુરુષ ! અમને છોડી આપ સ્વર્ગે પધાર્યા!' એવો વિલાપ કરી પિતાનું શરીર ભાઈઓને સોંપી પરશુરામે હાથમાં પરશુ લઈ ક્ષત્રિયોનો સંહાર કરવા મન કર્યું. (૧૬)

ખલ કંટકવિનાશ અને યજ્ઞવિધાન

હે રાજન્ ! બ્રાહ્મણહત્યા કરનારાઓએ જેની શોભાનો નાશ કર્યો હતો એવી મહિષ્મતી નગરીમાં જઈ પરશુરામે એ નગરીની વચ્ચે સહસ્રાર્જુનના પુત્રોનાં મસ્તકોનો મોટો પર્વત કર્યો. (૧૭) તેઓના લોહીથી બ્રાહ્મણનો દ્રોહ કરનારાઓને ભય ઉપજાવનારી ભયંકર નદી વહેવા લાગી. ભગવાન પરશુરામે જોયું કે પૃથ્વી ઉપર ક્ષત્રિયો પાપી અને અત્યાચારી બની ગયા છે ત્યારે પિતાના વધને નિમિત્ત બનાવી તેમણે એકવીસ વખત પૃથ્વીને ક્ષત્રિયરહિત કરી અને કુરુક્ષેત્રની સમંતપંચક ક્ષેત્રમાં લોહીના ભરેલા નવ ધરા કર્યા. (૧૮,૧૯) પછી પિતાનું મસ્તક લાવી યજ્ઞમાં પિતાના શરીર સાથે તેને જોડી દઈ યજ્ઞો દ્વારા સર્વદેવમય એવા આત્મરૂપ દેવનું તેમણે યજન કર્યું હતું. (૨૦) તે સમયે યજ્ઞની દક્ષિણામાં હોતાને તેમણે પૂર્વ દિશા, અધ્વર્યુને પશ્ચિમ દિશા આપી હતી. ઉદ્‌ગાતાને ઉત્તર દિશા આપી હતી. (૨૧) કશ્યપને

પૃથ્વીનો મધ્યભાગ, ઉપદ્રષ્ટાને આર્યાવર્ત અને બીજા સદસ્ય મુનિઓને બાકી રહેલો ભાગ આપ્યો હતો. (૨૨) એ રીતે યજ્ઞની સમાપ્તિ થયા બાદ બ્રહ્મનદી સરસ્વતીમાં યજ્ઞસમાપ્તિનું સ્નાન કરી તેમણે સર્વ પાપ ધોઈ નાખ્યાં, જેથી વાદળોથી રહિત સૂર્યની પેઠે તે શોભતા હતા. (૨૩)

શ્રીજમદગ્નિનું ઋષિ મંડલમાં સ્થાન

મહર્ષિ જમદગ્નિને સ્મૃતિરૂપ સંકલ્પમય શરીરની પ્રાપ્તિ થઈ. ભગવાન પરશુરામના તે પૂજનીય પિતા સપ્તર્ષિઓના મંડળમાં સાતમા ઋષિ થયા છે. (૨૪) હે રાજન્ ! કમલલોચન પરશુરામ પણ આવતા મન્વંતરમાં વેદપ્રવર્તક સપ્તર્ષિઓમાંના એક ઋષિ થશે. (૨૫) તે પરશુરામ કોઈને કોઈ પણ પ્રકારની શિક્ષા કરવાનુ છોડીને ચિત્ત શાંત કરી આજે પણ મહેન્દ્ર પર્વત પર બિરાજે છે અને સિદ્ધો, ગંધર્વો તથા ચારણો તેમનાં ચરિત્ર ગાય છે. (૨૬) એમ જગતના આત્મા તથા ઈશ્વર ભગવાન શ્રીહરિએ ભૃગુવંશમાં જન્મ લઈ પૃથ્વીના ભારરૂપ અનેક રાજાઓનો નાશ કર્યો હતો. (૨૭)

પુરુવંશમાં ગાધિરાજપુત્ર વિશ્વના મિત્ર વિશ્વામિત્ર મુનિની મંગલ ગાથા

ગાધિરાજાના પુત્ર વિશ્વામિત્ર મુનિ પ્રજ્વલિત અગ્નિ જેવા મહા તેજસ્વી હોઈ તપના પ્રતાપે ક્ષત્રિયપણાનો ત્યાગ કરી બ્રહ્મતેજ મેળવ્યુ હતું (૨૮) રાજન્ ! વિશ્વામિત્રને એકસો ને એક પુત્રો હતા. તેઓમાં વચલા પુત્ર મધુચ્છંદસ્ નામના હતા. (૨૯) ભૃગુવંશના બ્રાહ્મણ અજીગર્તના પુત્ર શુનઃશેપનું બીજું નામ 'દેવરાત' હતું. તેને પુત્ર તરીકે સ્વીકારી વિશ્વામિત્રે પુત્રોને કહ્યું હતું કે, ''આ શુનઃશેપને તમે સૌથી મોટા ભાઈ તરીકે માનજો.'' એ શુનઃશેપ પહેલાં કહેલા હરિશ્ચન્દ્રના યજ્ઞમાં પુરુષ પશુ તરીકે તેના પિતા અજીર્ગત દ્વારા વેચાયા હતા ત્યારે વિશ્વામિત્રની કૃપાથી પ્રજાપતિ વગેરે દેવોની સ્તુતિ કરી મૃત્યુના પાશમાંથી છૂટ્યા હતા. વળી જેને હરિશ્ચન્દ્રના દેવયજનમાં દેવોએ જીવતા જ છોડી મૂક્યા હતા તેથી ગાધિના વંશજોમાંથી જે દેવરાત નામના તપસ્વી તરીકે પ્રખ્યાત થયા હતા. તે જ ભૃગુવંશી શુનઃશેપ હતા. (૩૨) વિશ્વામિત્રના પુત્રોમાં મુધુચ્છંદસથી જે મોટા હતા તેઓએ શુનઃશેપનું સૌથી મોટાપણું સારું માન્યું ન હતું. તેથી વિશ્વામિત્રે ક્રોધાયમાન થઈ શાપ દીધો હતો : 'ઓ દુર્જનો! મ્લેચ્છ થઈ જાઓ. (૩૩) પછી મધુસ્છંદસે પોતાથી નાના પચાસ ભાઈઓ સાથે વિશ્વામિત્રને કહ્યું: ''આપ અમને જે આજ્ઞા આપો તેમાં રહેવા અમે તૈયાર છીએ.'' (૩૪) પિતાને એમ કહી તેઓએ મંત્રદ્રષ્ટા શુનઃશેપને પોતાથી મોટા બનાવ્યા અને કહ્યું, ''અમે સર્વ આપને અનુસરીશું.'' તે સાંભળી વિશ્વામિત્રે પુત્રો ને કહ્યું, ''તમે પુત્રોવાળા થશો કારણ કે તમે મારું મન જાળવી મને પુત્રવાળો કર્યો છે. હે કુશિકવંશી પુત્રો! આ દેવરાત હવે તમારા જ વંશનો થયો છે. કારણ કે તે મારો પુત્ર છે માટે તમે તેને અનુસરજો.'' (૩૫) વિશ્વામિત્રને એ સિવાય બીજા અષ્ટક, હારીત, જય, ક્રતુમત્ વગેરે પુત્રો પણ હતા. (૩૬) તે રીતે વિશ્વામિત્રના અનેક પુત્રો હોવાથી કૌશિકગોત્ર અનેક પ્રકારનું તથા જુદા પ્રવરવાળું થયું હતું કારણ કે તે ગોત્રમાં દેવરાતને સૌથી મોટા બનાવ્યા હતા. (૩૭)

एवं कोशिकगौत्रं तु विश्वामित्रैः पृथग्विधम् । प्रवरान्तरमापन्नं तद्धि चधं प्रकल्पितम् ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંમધનો ૧૬મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૭ મો

[આ અધ્યાયમાં્ ૧૮ શ્લોકો છે. પુરુરાજાના જ્યેષ્ઠ પુત્ર આયુના વંશમાં થયેલા તેજસ્વી પુત્રોની ગાથા છે.]

श्रीशुक उवाच- यः पुरुवसः पुत्र आयुस्तस्याभवन् सुताः । नहुषः क्षत्रवृद्धश्च रजी रम्भश्च वीर्यवान ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન! પુરુરવાના આયુ નામના જ્યેષ્ઠ પુત્ર હતા. તેમના નહુષ, ક્ષત્રવૃદ્ધ, રજી, રંભ અને પરાક્રમી અનેનસ નામના પાંચ પુત્રો હતા. (૧)

આયુ રાજાના બીજા પુત્ર ક્ષત્રવૃદ્ધના વંશમાં શૌનકમુનિ અને ધન્વન્તરિ ભગવાન

આ પાંચમાંથી બીજા ક્ષત્રવૃદ્ધનો વંશ તમે સાંભળો. ક્ષત્રવૃદ્ધના સુહોત્ર નામના પુત્ર થયા. સુહોત્રના કાશ્ય, કુશ અને

ગૃત્સમદ નામના ત્રણ પુત્રો થયા. (૨) આ ત્રણમાંથી ત્રીજા ગૃત્સમદને ત્યાં શુનક નામના પુત્ર થયા. આ શુનકના ઋગ્વેદીઓમાં શ્રેષ્ઠ મુનિ શૌનક પુત્ર થયા. (૩) કેશ્યના કાશિ થયા. કાશિના રાષ્ટ્ર થયા, રાષ્ટ્રના દીર્ઘતમસ થયા અને દીર્ઘતમસના ધન્વન્તરિ નામના પુત્ર થયા. (૪) આ ધન્વન્તરિ આયુર્વેદના પ્રવર્તક, યજ્ઞભોક્તા, વાસુદેવ ભગવાનના અંશરૂપ અને માત્ર સ્મરણ કરતાં જ રોગોનો નાશ કરનાર ગણાય છે. એ ધન્વન્તરિના કેતુમાન થયા અને કેતુમાનના ભીમરથ થયા.૫ ભીમરથના દિવોદાસ થયા અને દિવોદાસના દ્યુમાન નામના પુત્ર થયા. આ દ્યુમાન જ પ્રતર્દન, શત્રુજિત, વત્સ, ઋતુધ્વજ અને કુવલયાશ્વ કહેવાતા હતા. તેના અલર્ક વગેરે પુત્ર થયા. (૬) અલર્કનો મહિમા રાજન્! અલર્ક વિના બીજા કોઈએ છાસઠ હજાર વર્ષ સુધી યુવાન રહી આ પૃથ્વી ભોગવી નથી. (૭) આ અલર્કના સંતતિ પુત્ર થયા. સંતતિના સુનિથ થયા. સુનિથના સુકેતન થયા. સુકેતનના ધર્મકેતુ થયા. ધર્મકેતુના સત્યકેતુ થયા. (૮) સત્યકેતુના ધૃષ્ટકેતુ થયા. ધૃષ્ટકેતુના સુકુમાર થયા. સુકુમારના રાજા વીતિહોત્ર થયા. વીતિહોત્રના ભર્ગ થયા અને ભર્ગના ભાર્ગભૂમિ નામના પુત્ર રાજા થયા. (૯) આ રીતે કાશીવંશના રાજાઓ ક્ષત્રવૃદ્ધના વંશમાંથી ઉતરેલા ગણાય છે. (૧૦) હવે આયુના ચતુર્થ પુત્ર રંભના રભસ પુત્ર થયા. રભસના ગંભીર પુત્ર થયા તથા ગંભીરના અક્રિય નામે પુત્ર થયા હતા. આ અક્રિયની પત્નીમાં બ્રાહ્મણકુળ જન્મ્યું હતું. હવે આયુના પાંચમા પુત્ર અનેનસનો વંશ સાંભળો. (૧૧) અનેનસના શુદ્ધ નામના પુત્ર થયા. શુદ્ધના શુચિ થયા, શુચિના ત્રિકકુદ નામના પુત્ર થયા. આ ત્રિકકુદ ધર્મસારથિ એવા બીજા નામથી પણ ઓળખાતા હતા અને તે ત્રિકકુદથી શાંતરથ નામે પુત્ર થયા હતા. આ શાંતરથ કૃતકૃત્ય અને આત્મજ્ઞાની હતા અને આત્મજ્ઞાની એ પુત્રોત્પત્તિ ન કરી. (૧૨)

રાજા રજિની ગાથા

આયુના ત્રીજા પુત્ર રજિને અમાપ બળવાળા પાંચસો પુત્રો હતા. એક સમય દેવોએ રજિને પ્રાર્થના કરેલી તેથી તેણે દૈત્યોનો નાશ કરી ઈન્દ્રને સ્વર્ગ સોંપ્યું હતું. પરંતુ ઈન્દ્ર પ્રહલાદ વગેરે શત્રુઓથી ભય પામી રજિના બન્ને ચરણોને સ્પર્શ કરી સ્વર્ગનુ રાજ્ય તેને પાછું આપી પોતાનું શરીર પણ અર્પણ કર્યું હતું. (૧૨-૧૪) પછી પિતા રજિ મરણ પામ્યા એટલે ઈન્દ્રે તેના પુત્રો પાસેથી સ્વર્ગની માગણી કરી પણ તેઓએ ઈન્દ્રને સ્વર્ગ આપ્યું નહિ ને યજ્ઞના ભાગો પણ પોતે લેવા માંડ્યા. (૧૫) તેથી તેમની બુદ્ધિ ભ્રષ્ટ થાય માટે ગુરુ બૃહસ્પતિએ અગ્નિમાં હોમ કર્યો કે તરત જ ધર્મમાર્ગથી ભ્રષ્ટ થયેલા રજિના બધા પુત્રોને ઈન્દ્રે મારી નાખ્યા જેથી કોઈ બાકી રહ્યો નહિ. (૧૬) હવે ક્ષત્રવૃદ્ધના પૌત્ર કુશના પ્રતિનામના પુત્ર થયા. પ્રતિના સંજય થયા. સંજયના જય થયા. જયના કૃત થયા. કૃતના હર્યવન રાજા થયા. (૧૭) હર્યવનના સહદેવ થયા. સહદેવના હીન થયા. હીનના જયસેન થયા. જયસેનના સંકૃતિ થયા અને સંકૃતિના જય નામે પુત્ર થયા કે જે ક્ષાત્રધર્મમાં નિષ્ઠાવાળા અને મહારથી હતા. આ બધા ક્ષત્રવૃદ્ધના વંશજ રાજાઓ મેં તમને કહ્યા. હવે આયુના પુત્ર નહુષ અને તેના પુત્ર યયાતિથી જે વંશ ચાલેલો તે સાંભળો. (૧૮)

संकृतिस्तस्य च जयः क्षत्रधर्मा महारथः । क्षत्रवृद्धान्वया भूपाः शृणु वंशं च नाहुषात् ॥ १८ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૧૭મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૮મો

[આ અઢારમાં અધ્યાયમાં ૫૧ શ્લોકો છે. આ અધ્યાયમાં રાજા યયાતિ, શુક્રાચાર્ય મુનિ, વૃષપર્વા રાજા, શર્મિષ્ઠા, દેવયાની વગેરેની કથા આવે છે. યદુરાજા ઉત્તમ કોટિના ભક્ત હતા. તેમને વિષયોપભોગ માટે પિતાજીને યૌવન ન આપ્યું અને ભગવદ્ભક્તિમાં યૌવનનો સદુપયોગ કર્યો. પુરુ રાજા મર્યાદા શાસ્ત્રને અનુસરી પિતાની આજ્ઞાનું પાલન કરી મર્યાદા ભક્તિ સાચવીને મધ્યમ ભક્ત થયા.]

श्री शुक उवाच-यतिर्ययातिः संयातिरायतिर्वियतिः कृतिः । षडिमे नहुषस्यासन्निन्द्रियाणीव देहिनः ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્! જાણે પ્રાણીઓની છ ઈન્દ્રિયો જેવા આયુના પુત્ર નહુષ રાજાના યતિ, યયાતિ, સંયાતિ,આયતિ, વિયતિ અને કૃતિ નામના છ પુત્રો થયા હતા. (૧)

નહુષ રાજાનો વંશ

આ છ પુત્રોમાં જ્યેષ્ઠ પુત્ર યતિએ પિતાએ આપેલા રાજ્યની પણ ઈચ્છા ન કરી; યતિ રાજ્યના પરિણામને જાણતા હતા, કે રાજ્યમાં પડેલો પુરુષ પોતાના આત્માને જાણી શક્યો નથી. (૨) સ્વર્ગનું રક્ષણ કરવા માટે કેટલાક સમય માટે પિતા નહુષજી સ્વર્ગના રાજા થયા હતા ત્યારે તે રાજ્યપદથી નહુષજીને ઈન્દ્રાણીને ભોગવવાની ઈચ્છા કરવારૂપી દોષને લીધે બ્રાહ્મણોએ સ્વર્ગસ્થાનમાંથી ભ્રષ્ટ કર્યા હતા અને શાપ આપી અજગર બનાવ્યા હતા. (૩) આમ નહુષની ગેરહાજરીમાં તેમના બીજા પુત્ર યયાતિ એ શુક્રાચાર્યની તથા વૃષપર્વાની પુત્રીઓ સાથે લગ્ન કર્યાં હતાં. ચારે દિશાઓમાં નાના ભાઈઓને રાજ્ય કરવાની આજ્ઞા આપી હતી અને પોતે મધ્યભૂમિનું પાલન કરતા હતા. (૪)

પરીક્ષિત રાજાએ પૂછ્યું: મહારાજ ! ભગવાન શુક્રાચાર્ય બ્રહ્મર્ષિ અને યયાતિ રાજા ક્ષત્રિય હતા છતાં એ ક્ષત્રિય અને બ્રાહ્મણની વચ્ચે પ્રતિલોમ વિવાહ કેમ થયો હતો? (૫)

શર્મિષ્ઠા અને દેવયાની

શ્રી શુકદેવજીએ સમાધાન કરતાં કહ્યું કે એક દિવસ દાનવોના રાજા વૃષપર્વાની ઉગ્ર સ્વભાવવાળી કન્યા શર્મિષ્ઠા ગુરુ શુક્રાચાર્યની કન્યા દેવયાની તથા બીજી હજારો સખીઓ સાથે નગરના બગીચામાં ફરતી હતી. (૬) ત્યાં પુષ્પે લચેલાં પુષ્કળ તરુવરો હતાં અને તળાવોના કિનારાઓ ઉપર ભ્રમર મધુર ગુંજન કરતા હતા. ત્યાં કમલલોચન તે કન્યાઓ ફરતી ફરતી એક સરોવર પાસે આવી. (૭) અને કિનારા ઉપર વસ્ત્રો મૂકી પરસ્પર જલ સિંચતી જલક્રીડા કરવા લાગી. (૮) આ અવસરે નદી ઉપર બિરાજેલા ભગવાન શંકર પાર્વતીજી સાથે ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તેમને જોઈ પેલી કન્યાઓ શરમાઈ ગઈ અને જલાશયમાંથી એકદમ બહાર નીકળી પોતપોતનાં વસ્ત્રો પહેરવા લાગી. (૯) આ અવસરે શર્મિષ્ઠાએ અજાણતાં ગુરુપુત્રી દેવયાનીનું એક વસ્ત્ર પોતાનું માની પહેરી લીધું; એટલે દેવયાનીએ કોપ કરી આ પ્રમાણે કહ્યું. (૧૦) અહો! આ દાસીનું અયોગ્ય કર્મ જુઓ.શૂનિ જેમ યજ્ઞમાં પુરોડાશ ખાઈ જાય તેમ આ શર્મિષ્ઠાએ અમારે પહેરવાનું વસ્ત્ર પહેર્યું છે. (૧૧) જે બ્રાહ્મણોએ તપથી આ જગત સર્જ્યું છે, જે પરમપુરુષ પરમાત્માનું મુખ છે, જેઓ બ્રહ્મને ધારણ કરે છે, જેમણે કલ્યાણનો માર્ગ દર્શાવ્યો છે અને જેઓની દેવોના રાજા લોકપાલો સ્તુતિ કરે છે; એટલું જ નહિં પણ જગતના આત્મા અને લક્ષ્મીને વસવાનું સ્થાન અને પવિત્ર ભગવાન પણ જેઓની સ્તુતિ કરે છે એવા બ્રાહ્મણો સર્વના પૂજ્ય છે. વળી તેમાં પણ અમે ભૃગુવંશી છીએ અને આનો પિતા અસુર અમારો શિષ્ય છતાં શૂદ્ર જેમ વેદ ધારણ કરે તેમ ક્ષુલ્લક અસુર પુત્રીએ મારે પહેરવાનાં વસ્ત્રો પહેર્યાં. (૧૨-૧૪) એમ ગુરુપુત્રી દેવયાની ગાળો દેતી હતી ત્યારે પગતળે દબાતાં છંછેડાયેલ નાગણ જેવી ક્રોધથી ફુંફાંડા મારતી શર્મિષ્ઠા દાંતથી હોઠ પીસી તેને કહેવા લાગી. (૧૫) '' અરે ભિક્ષુકી! પોતાની સ્થિતિ જાણ્યા વિના જ આમ પોતાનાં તું વધારે વખાણ કરે છે ! જેમ શ્વાનો રોટલા માટે પારકાં ઘરની આશા રાખે તેમ તું અમારા ઘરની આશા નથી રાખતી ? '' (૧૬)

આવાં ઘણાં કઠોર વચનોથી શુક્રાચાર્યની સતી પુત્રીનો તિરસ્કાર કરી શર્મિષ્ઠાએ ક્રોધથી તેનું વસ્ત્ર પડાવી લઈ તેને કૂવામાં ફેકી દીધી અને પોતાને ઘેર ચાલી ગઈ. (૧૭) આ અવસરે મૃગયા માટે નીકળેલા યયાતિ રાજા દૈવ યોગે ત્યાં આવી પહોચ્યાં અને જલપાનની ઈચ્છા થતાં યયાતિ રાજાએ કૂવામાં પડેલી દેવયાનીને જોઈ. (૧૮) એટલે તરત જ તે દયાળુ રાજાએ તે વસ્ત્રહીન દેવયાનીને પોતાનું ઉત્તરીય વસ્ત્ર પહેરવા આપ્યું અને પોતાના હાથથી તેનો હાથ પકડી કૂવામાંથી બહાર કાઢી. (૧૯) આ પ્રસંગે શુક્રાચાર્યની પુત્રી દેવયાનીએ પ્રેમથી છલકાતી વાણીથી વીર યયાતિ રાજાને કહ્યું : ''હે શત્રુનગરોને જીતનારા રાજા ! આપે મારો હાથ પકડ્યો છે માટે હવે આપ જ મારો અંગીકાર કરો. હવે બીજો પુરુષ મારો હાથ ગ્રહણ કરશે નહીં. હે વીર ! આ આપના સંબંધને ઈશ્વરે જ નિર્માણ કરેલો છે; કોઈ પુરુષે નિર્માણ કર્યો નથી. કારણ કે હું અહીં કૂવામાં પડી હતી ત્યાં તમારુ દર્શન થયું છે. (૨૦-૨૧) વળી હે મહાભુજ રાજા ! બૃહસ્પતિના પુત્ર કચે મને પૂર્વે શાપ આપ્યો છે. તેના શાપથી કોઈ બ્રાહ્મણ મારું પાણિગ્રહણ કરનાર નથી. (૨૨) જોકે યયાતિ રાજાને દેવયાનીની માગણી શાસ્ત્રસિદ્ધાંત પ્રમાણે યોગ્ય લાગતી ન હતી પણ એ પ્રસંગ દૈવે જ ઊભો કર્યો હતો

ગૃત્સમદ નામના ત્રણ પુત્રો થયા. (૨) આ ત્રણમાંથી ત્રીજા ગૃત્સમદને ત્યાં શુનક નામના પુત્ર થયા. આ શુનકના ઋગ્વેદીઓમાં શ્રેષ્ઠ મુનિ શૌનક પુત્ર થયા. (૩) કેશ્યના કાશિ થયા. કાશિના રાષ્ટ્ર થયા, રાષ્ટ્રના દીર્ઘતમસ થયા અને દીર્ઘતમસના ધન્વન્તરિ નામના પુત્ર થયા. (૪) આ ધન્વન્તરિ આયુર્વેદના પ્રવર્તક, યજ્ઞભોક્તા, વાસુદેવ ભગવાનના અંશરૂપ અને માત્ર સ્મરણ કરતાં જ રોગોનો નાશ કરનાર ગણાય છે. એ ધન્વન્તરિના કેતુમાન થયા અને કેતુમાનના ભીમરથ થયા.૫ ભીમરથના દિવોદાસ થયા અને દિવોદાસના દ્યુમાન નામના પુત્ર થયા. આ દ્યુમાન જ પ્રતર્દન, શત્રુજિત, વત્સ, ઋતુધ્વજ અને કુવલયાશ્વ કહેવાતા હતા. તેના અલર્ક વગેરે પુત્ર થયા. (૬) અલર્કનો મહિમા રાજન્ ! અલર્ક વિના બીજા કોઈએ છાસઠ હજાર વર્ષ સુધી યુવાન રહી આ પૃથ્વી ભોગવી નથી. (૭) આ અલર્કના સંતતિ પુત્ર થયા. સંતતિના સુનિથ થયા. સુનિથના સુકેતન થયા. સુકેતનના ધર્મકેતુ થયા. ધર્મકેતુના સત્યકેતુ થયા. (૮) સત્યકેતુના ધૃષ્ટકેતુ થયા. ધૃષ્ટકેતુના સુકુમાર થયા. સુકુમારના રાજા વીતિહોત્ર થયા. વીતિહોત્રના ભર્ગ થયા અને ભર્ગના ભાર્ગભૂમિ નામના પુત્ર રાજા થયા. (૯) આ રીતે કાશીવંશના રાજાઓ ક્ષત્રવૃદ્ધના વંશમાંથી ઉતરેલા ગણાય છે. (૧૦) હવે આયુના ચતુર્થ પુત્ર રંભના રભસ પુત્ર થયા. રભસના ગંભીર પુત્ર થયા તથા ગંભીરના અક્રિય નામે પુત્ર થયા હતા. આ અક્રિયની પત્નીમાં બ્રાહ્મણકુળ જન્મ્યું હતું. હવે આયુના પાંચમા પુત્ર અનેનસનો વંશ સાંભળો. (૧૧) અનેનસના શુદ્ધ નામના પુત્ર થયા. શુદ્ધના શુચિ થયા, શુચિના ત્રિકકુદ નામના પુત્ર થયા. આ ત્રિકકુદ ધર્મસારથિ એવા બીજા નામથી પણ ઓળખાતા હતા અને તે ત્રિકકુદથી શાંતરથ નામે પુત્ર થયા હતા. આ શાંતરથ કૃતકૃત્ય અને આત્મજ્ઞાની હતા અને આત્મજ્ઞાની એ પુત્રોત્પત્તિ ન કરી. (૧૨)

રાજા રજિની ગાથા

આયુના ત્રીજા પુત્ર રજિને અમાપ બળવાળા પાંચસો પુત્રો હતા. એક સમય દેવોએ રજિને પ્રાર્થના કરેલી તેથી તેણે દૈત્યોનો નાશ કરી ઈન્દ્રને સ્વર્ગ સોંપ્યું હતું. પરંતુ ઈન્દ્ર પ્રહલાદ વગેરે શત્રુઓથી ભય પામી રજિના બન્ને ચરણોને સ્પર્શ કરી સ્વર્ગનુ રાજ્ય તેને પાછું આપી પોતાનું શરીર પણ અર્પણ કર્યું હતું. (૧૨-૧૪) પછી પિતા રજિ મરણ પામ્યા એટલે ઈન્દ્રે તેના પુત્રો પાસેથી સ્વર્ગની માગણી કરી પણ તેઓએ ઈન્દ્રને સ્વર્ગ આપ્યું નહિ ને યજ્ઞના ભાગો પણ પોતે લેવા માંડ્યા. (૧૫) તેથી તેમની બુદ્ધિ ભ્રષ્ટ થાય માટે ગુરુ બૃહસ્પતિએ અગ્નિમાં હોમ કર્યો કે તરત જ ધર્મમાર્ગથી ભ્રષ્ટ થયેલા રજિના બધા પુત્રોને ઈન્દ્રે મારી નાખ્યા જેથી કોઈ બાકી રહ્યો નહિ. (૧૬) હવે ક્ષત્રવૃદ્ધના પૌત્ર કુશના પ્રતિનામના પુત્ર થયા. પ્રતિના સંજય થયા. સંજયના જય થયા. જયના કૃત થયા. કૃતના હર્યવન રાજા થયા. (૧૭) હર્યવનના સહદેવ થયા. સહદેવના હીન થયા. હીનના જયસેન થયા. જયસેનના સંકૃતિ થયા અને સંકૃતિના જય નામે પુત્ર થયા કે જે ક્ષાત્રધર્મમાં નિષ્ઠાવાળા અને મહારથી હતા. આ બધા ક્ષત્રવૃદ્ધના વંશજ રાજાઓ મેં તમને કહ્યા. હવે આયુના પુત્ર નહુષ અને તેના પુત્ર યયાતિથી જે વંશ ચાલેલો તે સાંભળો. (૧૮)

સંકૃતિસ્તસ્ય ચ જયઃ ક્ષત્રધર્મા મહારથઃ । ક્ષત્રવૃદ્ધાન્વયા ભૂપાઃ શૃણુ વંશં ચ નાહુષાત્ ॥ ૧૮ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૧૭મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૮મો

[આ અઢારમાં અધ્યાયમાં ૫૧ શ્લોકો છે. આ અધ્યાયમાં રાજા યયાતિ, શુક્રાચાર્ય મુનિ, વૃષપર્વા રાજા, શર્મિષ્ઠા, દેવયાની વગેરેની કથા આવે છે. યદુરાજા ઉત્તમ કોટિના ભક્ત હતા. તેમને વિષયોપભોગ માટે પિતાજીને યૌવન ન આપ્યું અને ભગવદ્ભક્તિમાં યૌવનનો સદુપયોગ કર્યો. પુરુ રાજા મર્યાદા શાસ્ત્રને અનુસરી પિતાની આજ્ઞાનું પાલન કરી મર્યાદા ભક્તિ સાચવીને મધ્યમ ભક્ત થયા.]

શ્રી શુક ઉવાચ–યતિર્યયાતિઃ સંયાતિરાયતિર્વિયતિઃ કૃતિઃ । ષડિમે નહુષસ્યાસન્નિન્દ્રિયાણીવ દેહિનઃ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્! જાણે પ્રાણીઓની છ ઈન્દ્રિયો જેવા આયુના પુત્ર નહુષ રાજાના યતિ, યયાતિ, સંયાતિ,આયતિ, વિયતિ અને કૃતિ નામના છ પુત્રો થયા હતા. (૧)

નહુષ રાજાનો વંશ

આ છ પુત્રોમાં જ્યેષ્ઠ પુત્ર યતિએ પિતાએ આપેલા રાજ્યની પણ ઈચ્છા ન કરી; યતિ રાજ્યના પરિણામને જાણતા હતા, કે રાજ્યમાં પડેલો પુરુષ પોતાના આત્માને જાણી શક્યો નથી. (૨) સ્વર્ગનું રક્ષણ કરવા માટે કેટલાક સમય માટે પિતા નહુષજી સ્વર્ગના રાજા થયા હતા ત્યારે તે રાજ્યપદથી નહુષજીને ઈન્દ્રાણીને ભોગવવાની ઈચ્છા કરવારૂપી દોષને લીધે બ્રાહ્મણોએ સ્વર્ગસ્થાનમાંથી ભ્રષ્ટ કર્યા હતા અને શાપ આપી અજગર બનાવ્યા હતા. (૩) આમ નહુષની ગેરહાજરીમાં તેમના બીજા પુત્ર યયાતિ એ શુક્રાચાર્યની તથા વૃષપર્વાની પુત્રીઓ સાથે લગ્ન કર્યાં હતાં. ચારે દિશાઓમાં નાના ભાઈઓને રાજ્ય કરવાની આજ્ઞા આપી હતી અને પોતે મધ્યભૂમિનું પાલન કરતા હતા. (૪)

પરીક્ષિત રાજાએ પૂછયું: મહારાજ ! ભગવાન શુક્રાચાર્ય બ્રહ્મર્ષિ અને યયાતિ રાજા ક્ષત્રિય હતા છતાં એ ક્ષત્રિય અને બ્રાહ્મણની વચ્ચે પ્રતિલોમ વિવાહ કેમ થયો હતો? (૫)

શર્મિષ્ઠા અને દેવયાની

શ્રી શુકદેવજીએ સમાધાન કરતાં કહ્યું કે એક દિવસ દાનવોના રાજા વૃષપર્વાની ઉગ્ર સ્વભાવવાળી કન્યા શર્મિષ્ઠા ગુરુ શુક્રાચાર્યની કન્યા દેવયાની તથા બીજી હજારો સખીઓ સાથે નગરના બગીચામાં ફરતી હતી. (૬) ત્યાં પુષ્પે લચેલાં પુષ્કળ તરુવરો હતાં અને તળાવોના કિનારાઓ ઉપર ભ્રમર મધુર ગુંજન કરતા હતા. ત્યાં કમલલોચન તે કન્યાઓ ફરતી ફરતી એક સરોવર પાસે આવી. (૭) અને કિનારા ઉપર વસ્ત્રો મૂકી પરસ્પર જલ સિંચતી જલક્રીડા કરવા લાગી. (૮) આ અવસરે નદી ઉપર બિરાજેલા ભગવાન શંકર પાર્વતીજી સાથે ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તેમને જોઈ પેલી કન્યાઓ શરમાઈ ગઈ અને જલાશયમાંથી એકદમ બહાર નીકળી પોતપોતનાં વસ્ત્રો પહેરવા લાગી. (૯) આ અવસરે શર્મિષ્ઠાએ અજાણતાં ગુરુપુત્રી દેવયાનીનું એક વસ્ત્ર પોતાનું માની પહેરી લીધું; એટલે દેવયાનીએ કોપ કરી આ પ્રમાણે કહ્યું. (૧૦) અહો! આ દાસીનું અયોગ્ય કર્મ જુઓ.શૂનિ જેમ યજ્ઞમાં પુરોડાશ ખાઈ જાય તેમ આ શર્મિષ્ઠાએ અમારે પહેરવાનું વસ્ત્ર પહેર્યું છે. (૧૧) જે બ્રાહ્મણોએ તપથી આ જગત સર્જ્યું છે, જે પરમપુરુષ પરમાત્માનું મુખ છે, જેઓ બ્રહ્મને ધારણ કરે છે, જેમણે કલ્યાણનો માર્ગ દર્શાવ્યો છે અને જેઓની દેવોના રાજા લોકપાલો સ્તુતિ કરે છે; એટલું જ નહિં પણ જગતના આત્મા અને લક્ષ્મીને વસવાનું સ્થાન અને પવિત્ર ભગવાન પણ જેઓની સ્તુતિ કરે છે એવા બ્રાહ્મણો સર્વના પૂજ્ય છે. વળી તેમાં પણ અમે ભૃગુવંશી છીએ અને આનો પિતા અસુર અમારો શિષ્ય છતાં શૂદ્ર જેમ વેદ ધારણ કરે તેમ ક્ષુલ્લક અસુર પુત્રીએ મારે પહેરવાનાં વસ્ત્રો પહેર્યાં. (૧૨-૧૪) એમ ગુરુપુત્રી દેવયાની ગાળો દેતી હતી ત્યારે પગતળે દબાતાં છંછેડાયેલ નાગણ જેવી ક્રોધથી ફુંફાંડા મારતી શર્મિષ્ઠા દાંતથી હોઠ પીસી તેને કહેવા લાગી. (૧૫) " અરે ભિક્ષુકી! પોતાની સ્થિતિ જાણ્યા વિના જ આમ પોતાનાં તું વધારે વખાણ કરે છે ! જેમ શ્વાનો રોટલા માટે પારકાં ઘરની આશા રાખે તેમ તું અમારા ઘરની આશા નથી રાખતી ? " (૧૬)

આવાં ઘણાં કઠોર વચનોથી શુક્રાચાર્યની સતી પુત્રીનો તિરસ્કાર કરી શર્મિષ્ઠાએ ક્રોધથી તેનું વસ્ત્ર પડાવી લઈ તેને કૂવામાં ફેકી દીધી અને પોતાને ઘેર ચાલી ગઈ. (૧૭) આ અવસરે મૃગયા માટે નીકળેલા યયાતિ રાજા દૈવ યોગે ત્યાં આવી પહોચ્યાં અને જલપાનની ઈચ્છા થતાં યયાતિ રાજાએ કૂવામાં પડેલી દેવયાનીને જોઈ. (૧૮) એટલે તરત જ તે દયાળુ રાજાએ તે વસ્ત્રહીન દેવયાનીને પોતાનું ઉત્તરીય વસ્ત્ર પહેરવા આપ્યું અને પોતાના હાથથી તેનો હાથ પકડી કૂવામાંથી બહાર કાઢી. (૧૯) આ પ્રસંગે શુક્રાચાર્યની પુત્રી દેવયાનીએ પ્રેમથી છલકાતી વાણીથી વીર યયાતિ રાજાને કહ્યું : "હે શત્રુનગરોને જીતનારા રાજા ! આપે મારો હાથ પકડ્યો છે માટે હવે આપ જ મારો અંગીકાર કરો. હવે બીજો પુરુષ મારો હાથ ગ્રહણ કરશે નહીં. હે વીર ! આ આપના સંબંધને ઈશ્વરે જ નિર્માણ કરેલો છે; કોઈ પુરુષે નિર્માણ કર્યો નથી. કારણ કે હું અહીં કૂવામાં પડી હતી ત્યાં તમારુ દર્શન થયું છે. (૨૦-૨૧) વળી હે મહાભુજ રાજા ! બૃહસ્પતિના પુત્ર કચે મને પૂર્વે શાપ આપ્યો છે. તેના શાપથી કોઈ બ્રાહ્મણ મારું પાણિગ્રહણ કરનાર નથી. (૨૨) જોકે યયાતિ રાજાને દેવયાનીની માગણી શાસ્ત્રસિદ્ધાંત પ્રમાણે યોગ્ય લાગતી ન હતી પણ એ પ્રસંગ દૈવે જ ઊભો કર્યો હતો

તેમજ પોતાના ધાર્મિક મનને પણ તેમાં આસકત થયેલું જાણી દેવયાનીના વચનનો રાજાએ સ્વીકાર કર્યો. (૨૩) ત્યારબાદ વીર રાજા યયાતિ ત્યાંથી ચાલ્યા ગયા બાદ દેવયાનીએ રડતાં રડતાં પિતાની આગળ શર્મિષ્ઠાએ જે કર્યું હતું અને કહ્યું હતું તે સર્વ કહી સંભળાવ્યું અને યયાતિની કથા કહી. (૨૪) આ વાત સાંભળી ભગવાન શુક્રાચાર્ય મનમાં ખેદ પામ્યા. તેમણે પુરોહિતવૃત્તિની નિંદા કરી, કાપોતીવૃત્તિના પ્રશંસા કરી અને પુત્રી સાથે નગરમાંથી નીકળી ગયા. (૨૫) તે વખતે વૃષપર્વાના મનમાં શંકા થઈ કે કદાચ શત્રુઓને જીતાડી તો નહિ દે અથવા મને શાપ તો નહિ આપી દે ? એમ જાણી મહારાજ શુક્રાચાર્યની પાસે જઈ મસ્તક નમાવી પ્રસન્ન કરતા વૃષપર્વા માર્ગમાં શુક્રગુરુના ચરણે ઢળી પડ્યા. (૨૬)

બ્રાહ્મણોનો રોષ-અરધી ક્ષણ

ભગવાન શુક્રાચાર્યનો ક્રોધ અરધી ક્ષણમાં જ શાંત થઈ ગયો તેઓ વૃષપર્વાને કહેવા લાગ્યા : હે રાજન ! આ મારી પુત્રીની ઈચ્છા પૂર્ણ કરો કારણ કે હું પ્રાણપ્રિય પુત્રીને છોડી શકું તેમ નથી. (૨૭) આ વાત સાંભળી વૃષપર્વાએ કહ્યું, ‘ભલે મહારાજ’ એમ કહી સન્મુખ ઊભા રહ્યા હતા ત્યારે દેવયાનવીએ મનનો અભિપ્રાય વૃષપર્વાને જણાવ્યો કે મારા પિતાજી મને જ્યાં પરણાવે અને હું જ્યાં જાઉં ત્યાં આપની પુત્રી પોતાની સખીઓ સાથે મારી પાછળ આવે અને મારી સેવા કરે. (૨૮) રાજા વૃષપર્વાએ આ વાત સ્વીકારી હતી તેથી શર્મિષ્ઠાએ પોતાના સંબંધીઓ ઉપર આવેલુ સંકટ જાણ્યું હતું તેથી આ વાત સ્વીકારવી ઘણી જ મહત્ત્વની છે એમ સમજી તે પાતાની હજારો દાસીઓ સાથે દેવયાનીની સેવા કરવા લાગી. (૨૯) ત્યારબાદ શ્રી શુક્રાચાર્યે દેવયાનીને શર્મિષ્ઠા સાથે યયાતિ રાજાને આપી તેને કહ્યું કે “રાજન્ ! આ શર્મિષ્ઠા સાથે સ્ત્રીસંબંધ કદી કરવો નહી. આ શરત ભૂલાય ના.” રાજાએ તે વાત સ્વીકારી લીધી. (૩૦) રાજન્ ! ત્યારપછી એક વાર સતી શર્મિષ્ઠાએ દેવયાનીને સંતાનવાળી જોઈ સુખી દેવયાનીના પતિ યયાતિ રાજા પાસે જ એકાંતમાં પુત્રપ્રાપ્તિની પ્રાર્થના કરી. (૩૧) રાજપુત્રી શર્મિષ્ઠાએ એમ સંતાન માટે પ્રાર્થના કરી એટલે ધર્મવેત્તા યાયાતિ રાજાએ ‘આ પણ મારો ધર્મ જ છે, એમ વિચારી પોતાને શુક્રાચાર્યનું વચન યાદ હતું છતાં દૈવેચ્છાને વશ થઈ ઋતુકાળના સમયે શર્મિષ્ઠા સાથે સમાગમ કર્યો તેથી શર્મિષ્ઠા સગર્ભા બની. (૩૨) દેવયાનીએ યદુ તથા તુર્વસુ નામના બે પુત્રોને જન્મ આપ્યો અને વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ દ્રુહ્યુ અનુ તથા પુરુ નામના ત્રણ પુત્રને જન્મ આપ્યો. (૩૩) અસુરપુત્રી શર્મિષ્ઠાને પતિથી જ ગર્ભ રહ્યો હતો એ જાણી અભિમાની દેવયાની ક્રોધથી વ્યાપ્ત બની પિતાને ઘરે જવા ચાલી. (૩૪) ત્યારે કામવશ રાજા યયાતિ પણ પ્રિયાની પાછળ જઈ અનુકૂળ વચનો અને પગ દાબવા વગેરથી તેને પ્રસન્ન કરવા લાગ્યો પણ પ્રસન્ન કરી શક્યો નહીં. (૩૫) રોષે ભરાયેલી દેવયાનીએ પિતા પાસે જઈ સર્વ વાર્તા કહી ત્યારે કોપાયમાન થયેલા શુક્રાચાર્યે કહ્યું અરે સ્ત્રીલંપટ, મિથ્યાવાદી, બાલીશ! પુરુષોને બેડોળ બનાવનારી જરાવસ્થા તમને ઘેરી લેશે. (૩૬)

વિષયભોગથી તૃપ્તિ થાય જ નહિ

યયાતિ રાજાએ કહ્યું કે ભગવન્ ! હું હજી આપની પુત્રીમાં કામસુખથી સંતુષ્ટ નથી થયો માટે મને શાપમુક્ત કરો. આ વાત સાંભળી શુક્રાચાર્યે કહ્યું, રાજન્ ! આપની પાસે કોઈ વૃદ્ધાવસ્થા લે તો તેની યુવાવસ્થાથી તમે યૌવન પામી તમારી ઈચ્છા પ્રમાણે આ વૃદ્ધાવસ્થાનો અદલોબદલો કરી શકશો. (૩૭) આ રીતે વૃદ્ધાવસ્થાની વ્યવસ્થા પ્રાપ્ત થઈ એટલે યયાતિએ મોટા પુત્રને યદુને કહ્યું, હે તાત ! મારી આ વૃદ્ધાવસ્થા તારી માતાના પિતાએ કરી છે. તેને તું મારી પાસેથી લે અને પોતાની યુવાવસ્થા મને આપ ! હે પુત્ર ! હું વિષયોથી હજી અતૃપ્ત છું માટે તારી યુવાવસ્થાથી હજી કેટલાંક વર્ષો સુધી હું વિષયસેવન કરીશ. (૩૮,૩૯)

યદુ રાજાની ધાર્મિકતા

યદુ બોલ્યા, પિતાજી આપને અકાળે આવેલી આ વૃદ્ધાવસ્થા સાથે હું રહેવા ચાહતો નથી કેમકે વિષયસુખનો અનુભવ કર્યા વિના પુરુષ તૃષ્ણારહિત થઈ શકતો નથી. (૪૦) પછી પિતા યયાતિએ તુર્વસુ, દ્રુહ્યુ અને અનુને પણ વૃદ્ધાવસ્થા

લેવા કહ્યું પણ તે બધાએ ના જ પાડી કેમકે તેઓ ધર્મ જાણતા જ ન હતા અને અનિત્ય યૌવનમાં નિત્યતાની બુદ્ધિ ધરાવતા હતા. (૪૧) પછી યયાતિએ નાના છતાં ગુણોથી મોટા પુરુને પૂછયું, હે પુત્ર! તું મોટા ભાઈઓની માફક ના પાડવાને યોગ્ય નથી. (૪૨)

પુરુ રાજાની પિતૃભક્તિ

પુરુ બાલ્યાઃ પિતાજી ! શરીરને ઉત્પન્ન કરનાર પિતાના ઉપકારનો બદલો વાળવા આ લોકમાં કયો પુરુષ સમર્થ છે? પિતાની કૃપાથી મનુષ્ય પરમેશ્વરને પણ પામી શકે છે. (૪૩) પિતાના મનના વિચારને જાણીને કહ્યા વિના જ પિતાનું કાર્ય જે કરે તે પુત્ર ઉત્તમ છે. પિતા કહે તે પછી કરે તે મધ્યમ છે પિતા કહે તે પછી પણ અશ્રદ્ધાથી કરે તે કનિષ્ઠ કહેવાય અને કહ્યાં છતાં જે ન કરે તે તો પિતાના મલ જેવો મનાય છે. (૪૪) રાજન્ ! આ પ્રમાણે પિતાને કહી પુરુએ અત્યંત હર્ષથી પિતાની વૃદ્ધાવસ્થા લીધી એટલે યયાતિ પણ પુત્રની યુવાવસ્થાથી ઇચ્છાનુસાર વિષયો ભોગવવા લાગ્યા. (૪૫)

સપ્તદ્વીપ સ્વામી યયાતિરાજા પોતાના પિતા નહુષ રાજાની માફક સારી પ્રજાઓનું પાલન કરતા હતા અને સપ્તદ્વીપશક્તિથી રહિત થયા વિના જ પ્રસન્નતાપૂર્વક વિષયો ભોગવતા હતા. (૪૬) તેની પ્રિયતમા દેવયાની પણ મન, વચન અને કાયાથી તેમજ જુદી જુદી વસ્તુઓથી હંમેશાં એકાંતમાં પતિને પરમ પ્રીતિ ઉત્પન્ન કરાવતી હતી. (૪૭) એ રાજાએ સર્વદેવમય, સર્વવેદમય અને યજ્ઞપુરુષદેવ શ્રી હરિનું ભૂરિદક્ષિણા એટલે પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞોથી યજન કર્યું હતું. (૪૮) જેમ આકાશમાં કેટલીકવાર વાદળો ચઢી આવે છે અને કેટલીકવાર નથી પણ થતાં તેમ પરમાત્માની અંદર આ જગત સ્વપ્ન, માયા તથા મનોરથના જેવું કલ્પિત છે. તે કેટલીકવાર અનેક નામરૂપોમાં પ્રતીત થાય છે અને કેટલીકવાર નથી પણ થતું. તે સર્વની હૃદયગુહામાં રહેલા અને સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ વાસુદેવ શ્રીનારાયણને હૃદયમાં સ્થાપી તે રાજાએ ફળકામનાથી રહિત થઈ તે પ્રભુનું યજન કર્યું હતું. (૪૯-૫૦) ચક્રવર્તી યયાતિ રાજાએ એમ હજારો વર્ષ સુધી મન જેમાં છઠ્ઠું છે એવી દુષ્ટ ઇન્દ્રીયોથી કામભોગ ભોગવ્યા છતાં તે તૃપ્ત થયા નહોતા. (૫૧)

एवं वर्षसहस्त्राणि मनःषष्ठैर्मनःसुखम् । विदधानोऽपि नातृप्यत्सार्वभौमः क्दिन्द्रियैः ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૧૮મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૯ મો

[આ અધ્યાયમાં ૨૯ શ્લોકો છે. આ અધ્યાયમાં વિષયોથી વિરક્તિ અને યયાતિની મુક્તિની ગાથા આવશે.]

श्रीशुक उवाच-स इत्थमाचरन्कामान्स्त्रैणोऽपह्नमात्मनः । बुध्द्वा प्रियायै निर्विण्णो गाथामेतामगायत् ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે આ પ્રમાણે પત્નીમાં આસક્ત બની વિષયભોગો ભોગવતા યયાતિ રાજા અંતે પોતે માર્ગ ચૂક્યા છે એમ સમજ્યા અને મનમા ખેદ કરતા એક કથા પોતાની પત્ની દેવયાનીને કહેવા લાગ્યા. (૧) હે ભૃગુપુત્રી! મારા જેવા સસાંરનાં વિષયોમાં આસક્તિ રાખનારના આચરણનો વનનિવાસી વિવેકી ધીર પુરુષો શોક કરે છે. મારા જેવા વિષયી જીવન વર્ણનવાળા પૃથ્વી ઉપર નાનો એક ઇતિહાસ તમે સાંભળો. (૨) દેવી ! એક બકરો વનમાં પોતાની પ્રિય વસ્તુની શોધમાં વિચરતો હતો. ત્યાં પ્રારબ્ધ કર્મને પરવશ બનેલી અને કૂપમાં પડેલી બકરીને તેણે જોઈ. (૩) દેવી ! વિષયી બકરાએ તે બકરીને બહાર કાઢવાનો ઉપાય વિચાર્યો અને પોતાના શીંગડાની અણીથી કૂવાના કાંઠા ઉપરની માટી વગેરે ખોદી કાઢી કૂવામાંથી બહાર નીકળવાનો માર્ગ કર્યો. (૪) એટલે સુંદર નિતંબવાળી બકરી તે કૂવામાંથી બહાર નીકળી અને તે બકરાને જ વરી. તે જોઈ બીજી પણ પતિને ઇચ્છનારી ઘણી બકરીઓ તે જ બકરાને વરી કારણ કે એ બકરો શરીરે પુષ્ટ, વધારે દાઢીમૂછવાળો, વીર્યસિંચન કરી શકે તેવો તેમજ રતિવિલાસમાં કુશળ હતો. (૫) આ સ્ત્રીઓને મનોહર હોઈ તે એક જ શ્રેષ્ઠ બકરો અનેક બકરીઓને પ્રીતિ વધારનાર થઈ પડ્યો અને કામરૂપી ગ્રહથી ઘેરાઈ પોતાના સ્વરૂપને સર્વથા વીસરી ગયો અને પોતાને ઓળખી ના શકયો. (૬)

દેવી ! એકવાર તે જ બકરાને બીજી અત્યંત પ્રિય બકરી સાથે રમણ કરતો જોઈ પેલી જે કૂવામાં પડી હતી તે બકરી બકરાના આ અનુચિત કર્મને સહન કરી શકી નહી. (૭) જેથી તે અત્યંત દુઃખી થઈ ગઈ. તેને લાગ્યું કે દેખાવમાં તો

મિત્ર જેવા છતાં અંદરથી દુષ્ટ હૃદયવાળા, ક્ષણિક સ્નેહવાળા અને ઈન્દ્રિયોમાં રમનારા તે કામી બકરાએ પોતાને અન્યાય કર્યો છે એમ માની તે બકરાને છોડી પોતાના મૂળ પાલક પિતા પાસે ચાલી ગઈ. (૮)

એટલે પેલો સ્ત્રીલંપટ બકરો દીન બની તે બકરીને પ્રસન્ન કરવા તેના પાછળ ગયો અને માર્ગમાં બકરાની જાતિના 'બેં બેં' શબ્દ કરતો તેને સમજાવવા લાગ્યો, છતાં સમજાવી શક્યો નહિ. (૯) તેવામાં ત્યાં એ બકરીના પાલક બ્રાહ્મણે ક્રોધથી પેલા બકરાના લટકતા વૃષણને કાપી નાખ્યો પણ પછી દયા આવતા એ યોગવેત્તા બ્રાહ્મણે એના વૃષણને સાંધી દીધો. (૧૦) હે કલ્યાણી ! એમ ફરી તે બકરાને વૃષણની પ્રાપ્તિ થઈ ત્યારે તે બકરો ફરી પેલી કૂવામાંથી મળેલી બકરી સાથે લાંબા સમય સુધી વિષયભોગો ભોગવવા લાગ્યો, તે કદી સંતોષ પામતો નથી. (૧૧) હે સુનયને ! હે સૂભ્રુ ! તે પ્રમાણે હું પણ દીન બની તારા પ્રેમપાશમાં ફસાયો છું અને તારી માયાથી મોહિત થઈ મારા આત્મસ્વરૂપને ઓળખી શકતો નથી. (૧૨)

આ પૃથ્વી ઉપર સર્વ અન્નકણ જવ, સુવર્ણ, પશુઓ અને સ્ત્રીઓ છે તે બધાંય તૃષ્ણાથી ઘેરાયેલા પુરુષોના મનને કદી સંતોષ ઉપજાવી શકતાં નથી. કારણ એ કે વિષયભોગની તૃષ્ણા વિષયભોગોનું સેવન કરવાથી કદી શાંત થતી નથી. (૧૩) પરંતુ-

ધીમી આહુતિ અગ્નિને પ્રજ્વલિત કરે, કામોપભોગ કામાગ્નિને સતેજ કરે

न जातु कामः कामानामुपभोगेन शाम्यति । हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते।
यदा न कुरुते भावं सर्वभूतेष्वमडलम् । समदष्टेस्तदा पुंसः सर्वाः सुखमया दिशः ॥ १५ ॥

અગ્નિમાં ઘી હોમાતાં જેમ અગ્નિ વધુ પ્રજ્વલિત થાય છે તેમ વિષયભોગથી વિષયલાલસા અધિકાધિક વધતી જ ચાલે છે. માટે પુરુષ પ્રાણીમાત્રમાં જ્યારે રાગદ્વેષાદિરૂપ અમંગળ ભાવ નથી કરતો અને સર્વત્ર સમાન દૃષ્ટિવાળો બને છે ત્યારે તેની સર્વ દિશાઓ સુખમય બને છે. (૧૪,૧૫) જે તૃષ્ણાને દુષ્ટબુદ્ધિવાળો દુઃખથી ત્યજી શકે છે અને જે તૃષ્ણા મનુષ્ય ઘરડો થાય તો પણ ઘરડી થતી જ નથી, તે દુઃખો લાવનારી તૃષ્ણાને સુખેચ્છાવાળા મનુષ્યે જલદી તજવી જોઈએ. (૧૬) પુરુષે માતા, બહેન કે દીકરી સાથે પણ એક આસને અડીને કદી બેસવું નહીં. દેવી ? ઈન્દ્રિયસમૂહ બળવાન છે તે વિદ્વાનને પણ વિષય-અભિમુખ કરે છે. (૧૭) હું પૂરા હજાર વર્ષ સુધી વારંવાર વિષયોને સેવી રહ્યો છું છતાં હજી એ વિષય ઉપર તૃષ્ણા તો પ્રતિસમય થયા જ કરે છે. (૧૮) માટે આપણે આ તૃષ્ણાનો ત્યાગ કરી મનને ભગવાન કૃષ્ણમાં જોડી રાગદ્વેષાદિ દ્વંદ્વો તથા અહંકારથી મુક્ત બની મૃગો સાથે વનવાસી બની વિચરીએ. (૧૯) આ સંસારમાં જે કંઈ આંખે દેખાય છે અને કાને સંભળાય છે તે સર્વ સુખમય નથી એમ જાણી તેનું ચિંતન કે ઉપભોગ પણ કરવો નહિ. કેમકે તેનું ચિંતન કે ઉપભોગ કરવાથી મનુષ્ય સંસાર તથા આત્મનાશને જ પામે છે. એમ જે જાણે છે તે પુરુષ આત્મદ્રષ્ટા થઈ શકે છે. (૨૦) પત્ની દેવયાનીને આ પ્રમાણે કથાનક કહી યયાતિ રાજાએ સર્વ પ્રકારની તૃષ્ણાનો ત્યાગ કર્યો અને પુરુ રાજાની યુવાવસ્થા તેને પાછી આપી પોતાની વૃદ્ધાવસ્થા તેની પાસેથી લઈ લીધી. (૨૧)

પુરુ રાજાનો રાજ્યાભિષેક

પછી તેણે દ્રુહ્યુને અગ્નિખૂણાના, યદુને દક્ષિણ દિશાના અને તુર્વસુને પશ્ચિમ દિશાના રાજા બનાવ્યા. (૨૨) અને આખા ભૂમંડલની સંપત્તિ માટે યોગ્ય એવા પુરુનો રાજા તરીકે અભિષેક કરી તેના મોટા ભાઈઓને તેને અધીન બનાવી યયાતિ રાજા વનમાં ચાલ્યા ગયા. (૨૩) રાજન્ ! પંખીને પાંખો આવતાં પોતાના માળાને ત્યજે તેમ યયાતિ રાજાએ અનેક વર્ષ પર્યન્ત વિષયોમાં સેવેલું છ ઈન્દ્રિયોવાળું સુખ ક્ષણવારમાં છોડ્યું હતુ. (૨૪) તે ખ્યાતનામ રાજા વનમાં સર્વ સંગ ત્યજી અંતે આત્મસ્વરૂપના અનુભવને લીધે ત્રિગુણાત્મક લિંગ શરીર પણ ત્યજી સર્વથી પર અને નિર્મળ પરબ્રહ્મ શ્રી વાસુદેવ ભગવાનમાં પરમ ભગવદીય જનને કે સંતજનને પ્રાપ્ત થાય તેવી ભગવદ્ગતિને પામ્યા. (૨૫) દેવયાનીએ પણ પતિએ કહેલા કથાનકને સાંભળી નિવૃત્તિ માંર્ગમાં પોતાને તે પ્રોત્સાહન જ હતું એમ માન્યું હતું. કારણ કે સ્ત્રીપુરુષના સ્નેહમાં વિયોગાવસ્થા આવે છે ત્યારે જે દુઃખ થાય છે તે દુઃખ દૂર કરવા માટે જ યયાતિએ આ ઈતિહાસ

વિનોદવાર્તામા દેવયાનીને કહ્યો હતો. (૨૬)

શ્રીકૃષ્ણચરણાનુરાગ

પછી કેવળ 'ઈશ્વરાધીન રહેનારાં સર્વ સગાંસંબંધીઓનું એકઠાં રહેવું તે કોઈ પરબમાં એકઠાં થતાં પ્રાણીઓનાં સહવાસની માફક પ્રભુની માયાથી જ બનેલું હોય છે' એમ જાણી શુક્રપુત્રી તે દેવયાનીએ સર્વ સ્વપ્ન સમાન માની સર્વ સંગ ત્યજી ભગવાન શ્રીકૃષ્ણમાં મન પરોવી દીધુ અને અંતે પોતાના લિંગ શરીરને પણ ત્યજ્યું. અંતે દેવી દેવયાનીએ દેવાધિદેવ ભગવાનને નમસ્કાર કરતાં કહ્યું. (૨૭, ૨૮) ષડ્ઐશ્વર્ય પૂર્ણ ભગવાનને નમસ્કાર, શ્રી વાસુદેવને નમસ્કાર, વિશ્વવિધાતાને નમસ્કાર, સર્વ પ્રણીઓના નિવાસસ્થાન ભગવાનને નમસ્કાર, શાંતસ્વરૂપ પ્રભુને પ્રણામ. સર્વથી મહાન નાથને નમસ્કાર. (૨૯)

नमस्तुभ्यं भगवते वासुदेवाय वेधसे । सर्व भूताधिवासाय शान्ताय बृहते नमः ॥ २९ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૧૯ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૦ મો

[આ અધ્યાયમાં ૩૯ શ્લોકો છે દુશ્યન્ત ગાથા, ભરત યજ્ઞગાથા, ભરત વંશનું અટકવું, ભરદ્વાજ ચરિત્ર વગેરે પ્રસંગો આ અધ્યાયના કથા પ્રસંગો છે.]

श्रीशुक उवाच-पूरोर्वंशं प्रवक्ष्यामि यत्र जातोऽसि भारत । यत्र राजर्षयो वंश्या ब्रह्मवंश्याश्च जज्ञिरे ॥ १ ॥

યયાતિ પુત્ર પુરુવંશનો પ્રારંભ

શ્રીશુકદેવજી મહારાજે કહ્યું કે હે ભારત! હે રાજન્! આપ જે કુલમાં જન્મ્યા છો અને જેમાં રાજર્ષિઓ તથા બ્રાહ્મણવંશ પ્રવર્તક પણ થયા છે તે પુરુના વંશનું હવે હું વર્ણન કરીશ. (૧) પુરુના જનમેજય પુત્ર થયા હતા. જનમેજયના પ્રચિન્વાન થયા. પ્રચિન્વાનના પ્રવીર થયા, પ્રવીરના નમસ્યુ થયા નમસ્યુના ચારુપદ થયા. (૨) ચારુપદના સુદ્યુ થયા. સુદ્યુના બહુગવ થયા, બહુગવના સંયાતિ થયા, સંયાતિના અહંયાતિ થયા, અહંયાતિના રૌદ્રાશ્વ પુત્ર થયા. (૩) રાજન્ ! રૌદ્રાશ્વને ઘૃતાચી નામની અપ્સરા પરણી તે ઘૃતાચી દ્વારા ઋતેયુ, કુક્ષેયુ, સ્થંડિલેયુ, કૃતેયુ, જલેયુ, સંતતેયુ, ધર્મેયુ, સત્યેયુ, વ્રતેયુ અને સૌથી નાનો વનેયુ એ રીતે દશ પુત્રો થયા હતા. (૪) આ દસે પુત્રો અપ્સરાના જ હતા. આમાં વનેયુ નાના પુત્ર હતા. આ દશેદશ પુત્રો જગતના આત્મારૂપ મનાતા. મહાપ્રાણને દશે ઈન્દ્રિયોની માફક વશ રહેતા તેમજ રૌદ્રાશ્વને વશ રહેનારા હતા. (૫) રાજન્ ! આ દશે પુત્રોમાં ઋતેયુના જેષ્ઠ પુત્ર રંતિભારના સુમતિ, ધ્રુવ અને અપ્રતિરથ નામના ત્રણ પુત્રો હતા. તેમાં અપ્રતિરથના કણ્વ પુત્ર થયા હતા. (૬) કણ્વના મેધાતિથિ અને મેધાતિથિના પ્રસ્કણ્વ વગેરે પુત્રો થયા. આ સર્વ કર્મથી બ્રાહ્મણો થયા હતા. રંતિભારના સુમતિ નામના પુત્રથી રૈભ્ય નામના પુત્ર થયા હતા. અને તે રૈભ્યના દુષ્યન્ત નામના પુત્ર થયા હતા. (૭)

પુરુ વંશની સોળમી પેઢીના દુષ્યંત રાજાનો શકુન્તલા સાથે ગાંધર્વ વિવાહ

રાજન્ ! રાજા દુષ્યન્ત એક સમયે કેટલાક સૈનિકો સાથે મૃગયા કરવા ગયા હતા, ત્યાંથી કણ્વઋષિના આશ્રમમાં આવી પહોંચ્યા. પોતાની કાંતિથી સર્વ પ્રદેશોને શોભાવતી લક્ષ્મી સરખી એક કન્યા બેઠી હતી. દેવમાયા સમી આ સ્ત્રીને જોઈ દુષ્યન્ત તરત જ એના ઉપર મોહ પામ્યા. સુંદર નિતંબવાળી તે સ્ત્રી સાથે દુષ્યન્ત રાજાએ વાર્તાલાપ કર્યો. (૮, ૯) અને તેના દર્શનના આનંદથી જ પરિશ્રમ ઊતરી ગયો. કામદેવથી સંતપ્ત બની ગયેલા રાજાએ હસતાં હસતાં મધુર વાણીથી કન્યાને પૂછવા માંડ્યું. (૧૦) હે કમળની પાંખડીઓ જેવી નેત્રવાળી કન્યા ! કહોને આપ કોણ છો ? આપ કોનાં હ્રદયંગમ પુત્રી છો ? અને આ નિર્જન વનમાં આપે શું કરવા વિચાર્યું છે ? તમે જોતાં જ હ્રદયને ગમી જાવ છો. (૧૧) હે કોમલ કટિવાળી ! ખરેખર, હું માનું છું કે તમે કોઈ રાજકન્યા છો. જો તમે ન હોય તો પુરુવંશના રાજાઓનું મન અધર્મમાં કદી આસકત થયું નથી ! (૧૨) શકુન્તલાએ કહ્યું કે હે વીર ! હું વિશ્વામિત્રની પુત્રી છું મને મેનકાએ વનમાં

ત્યજી દીધી છે. આ વાત ભગવાન કણ્વ ઋષિ જાણે છે. કહો આપનુ ક્યું કામ કરીએ. (૧૩) હે કમલનયન નેત્રવાળા રાજા ! આપ અહીં બેસો અને અમારો સત્કાર સ્વીકારો. આ નીવારનું ભોજન તૈયાર છે. આપ જમો અને જો આપને રુચે તો અહીં રોકાઈ જાઓ. (૧૪)

રાજા દુષ્યન્ત બોલ્યા કે હે સુલોચને ! આપ શ્રી કુશિકના વંશમાં જન્મેલાં હોઈ આવાં જ સ્વાગત વચન બોલો તે સ્વાભાવિક જ છે. સાચું છે કે રાજકન્યાઓ સ્વંય સુયોગ્ય વરને વરે છે. (૧૫) રાજા દુષ્યન્તે જ્યારે આ વાત કરી ત્યારે શકુન્તલાએ કહ્યું કે ભલે રાજન્ ! એ પ્રમાણે હો. ત્યારબાદ દેશ, કાળ, તથા શાસ્ત્રની આજ્ઞાને જાણનારો તે રાજા ગાંર્ધવ વિધિથી ધર્મ વિધિ પ્રમાણે શકુન્તલાને પરણ્યો. (૧૬)

દુષ્યન્તની વિદાય અને કણ્વ આશ્રમાં ભરતકુમારનો જન્મ

ત્યારબાદ અમોઘ વીર્યવાળા તે રાજર્ષિએ શકુન્તલામાં વીર્ય સ્થાપન કર્યું. ત્યારબાદ બીજે દિવસે રાજા પોતાના નગરમાં જવા વિદાય થયા અને શકુન્તલાએ સમય પૂરો થતાં સુંદર પુત્રને જન્મ આપ્યો. (૧૭) પુત્રનો જન્મ થતાં કણ્વઋષિએ શકુન્તલાના તે કુમારની વનમાં યથાયોગ્ય જાતકર્મ આદિ ક્રિયાઓ કરી રાજકુમાર બાળક છતાં બળથી મોટા સિંહોને બાંધી તેમની સાથે ખેલવા લાગ્યો. (૧૮)

આ અવસરે શ્રેષ્ઠનારી શકુન્તલા શ્રી હરિના અંશમાંથી જન્મેલા તે અમાપ પરાક્રમી પુત્રને સાથે લઈ જ્યારે પતિની પાસે ગઈ. ત્યારે શાપને લીધે શકુન્તલાના લગ્નની વાત વીસરી જતાં રાજા દુષ્યન્તે નિર્દોષ પત્ની અને પુત્રનો સ્વીકાર ન કર્યો તે સમયે સર્વ પ્રાણીઓ સાંભળે એ રીતે આકાશવાણી થઈ. (૨૦) હે દુષ્યન્ત માતા ધમણ જેવી છે. પુત્ર પિતાનો જ ગણાય છે અને જેનાથી તે પુત્ર જન્મ્યો હોત તે સ્વરૂપ જ મનાય છે માટે પુત્રનું પોષણ કરો અને શકુન્તલાનો અનાદર ન કરો. (૨૧) હે રાજા ! વંશને વધારનારો પુત્ર પિતાને યમના સ્થાનથી તારે છે. રાજન્ ! આ ગર્ભનું આપે જ સ્થાપન કર્યું છે. શકુન્તલાએ કહેલ વાત સર્વથા સત્ય છે. આકાશવાણી સંભળાતાં શકુન્તલાના ગાંર્ધવ વિવાહની સ્મૃતિ થઈ આવી અને દુષ્યન્તે શકુન્તલાનો સ્વીકાર કર્યો. (૨૨)

ચક્રવર્તી ભરતનાં રાજ્યશાસન અને ધર્મપાલન

રાજન્ ! રાજા દુષ્યન્ત હરિશરણ થયા ત્યારે ભરતજી પણ ચક્રવર્તી સમ્રાટ થયા. ભરત ભગવાન શ્રીહરિના અંશથી જન્મ્યા હતા તેથી આજે પણ ભૂતલ ઉપર ભરતનો મહિમા ગવાય છે. (૨૩) એના જમણાં હાથમાં ચક્રની અને તેના બન્ને પગમાં કમળની કળીઓના આકારની રેખાઓ હતી. એ મહાસમર્થ રાજાનો મહાન વિધિથી રાજ્યાભિષેક કર્યો હતો. (૨૪) અને પછી તેણે મમતાના પુત્ર દીર્ઘતમસ ઋષિને પુરોહિત બનાવી ગંગાના પવિત્ર કિનારે પંચાવન અશ્વમેઘ યજ્ઞો અને યમુના કિનારે ઈઠોતેર અશ્વમેઘ યજ્ઞો કરી ભગવાનને પૂજ્યા હતા. તે દુષ્યન્તપુત્ર ભરત રાજાએ પુષ્કળ ધનનું દાન કર્યું હતું અને ઉત્તમ ગુણવાળા પ્રેદેશમાં 'અગ્નિચયન' નામે વૈદિક કર્મ કર્યું હતું. તેમાં એક હજાર બ્રાહ્મણોને પ્રત્યેકને બદ્વ *ગાયોનાં દાન આપ્યાં હતા. (૨૫,૨૬) વળી તે દુષ્યન્તપુત્ર ભરતે તે યજ્ઞોમાં એકસો ને તેત્રીસ અશ્વો બાંધીને સમસ્ત રાજાઓને આશ્ચર્યચકિત કર્યા હતા. અને દેવોના વૈભવો કરતાં પણ અધિક વૈભવવાળા થયા હતા. (૨૭) એમ આ લોકમાં તે પરમ યશસ્વી થઈને અંતે દેવાધિદેવ શ્રીહરિને પામ્યા હતા. વળી તે રાજાએ મષ્ણાર નામના વૈદિક કર્મમાં ધોળા દાંતવાળા, શરીરે કાળા અને સુવર્ણથી શણગારેલા ચૌદ લાખ શ્રેષ્ઠ હાથીઓનાં દાન કર્યાં હતાં. (૨૮) જેમ કેવળ બે હાથથી (પુણ્ય વિના) લોકો સ્વર્ગમાં ગયા નથી અને જશે પણ નહિ તેમ ભરતરાજાના મહાન કર્મને પૂર્વકાળના કોઈ રાજાઓ પહોંચી શક્યા નથી અને ભવિષ્યમા પહોંચશે નહિ. ૨૯ એ રાજાએ દિગ્વિજયમાં કિરાત, હૂણ, યવન, અધ્ર, કેક, ખસ, શક તથા બ્રાહ્મણોને દુઃખ દેનારા સમગ્ર મ્લેચ્છ રાજાઓનો નાશ કર્યો હતો. (૩૦) તેમજ પૂર્વે દેવોને જીતી જે અસુરો રસાતલાદિ સ્થાનોમાં રહેતા હતા તેઓ પાસેથી ભરતરાજા તે સર્વ સ્ત્રીઓને તથા મનુષ્યાદિને પાછા લઈ આવ્યા હતા. (૩૧) ભરતના રાજ્યમાં આકાશ અને પૃથ્વીની પ્રજાઓના સર્વ અભિલાષો પૂર્ણ કરતા હતા. ભરતરાજાએ સત્તાવીશ હજાર વર્ષ પર્યંત સર્વ દિશાઓમાં ચક્રવર્તી રાજ્ય ભોગવ્યું

* બદ્વ એટલે તેર હજાર ચોરાશી

હતું. છેવટે તે સમ્રાટ રાજા લોકપાલોમાં પણ પ્રખ્યાત પોતાનું ઐશ્વર્ય, ચક્રવર્તીની સંપત્તિ, અખંડશાસન તથા પ્રાણએ સર્વ મિથ્યા છે એમ માની તેથી વિરકત થઈ વનમાં જઈ ભક્તિથી ભગવાનને પામ્યા હતા. (૩૩) રાજન્ ! ભરતરાજાને વિદર્ભરાજની ત્રણ પુત્રીઓ માનીતી સ્ત્રી હતી. આ રાણીઓને 'આ પુત્રો મારા જેવા નથી' એમ ભરતરાજા કહેતા ત્યારે આ રાજા અમારો ત્યાગ કરશે એવા ભયથી પુત્રોને મારી નાખતી. (૩૪)

વિતથ ભરદ્વાજનો વંશ

એથી ભરતરાજાનો વંશ એમ વ્યર્થ જવા બેઠો ત્યારે એ રાજાએ 'મરુત્સ્તોમ' નામના યજ્ઞથી મરુતદેવોનું યજન કર્યું એટલે મરુતદેવોએ (પ્રસન્ન થઈ) તેને ભરદ્વાજ નામનો પુત્ર આપ્યો હતો. (૩૫) એક સમયે બૃહસ્પતિ ભાઈ ઉતથ્યની સગર્ભા સ્ત્રી મમતા સાથે ગુપ્ત રીતે રમણ કરવા તૈયાર થયા, ત્યારે ગર્ભમાં રહેલા બાળકે અનાદર કરી બૃહસ્પતિને અટકાવ્યા. (૩૬) બૃહસ્પતિએ 'તું અંધ થા' એમ તે ગર્ભમાં રહેલા બાળકને શાપ આપી બળાત્કારે મમતામાં વીર્યનું સ્થાપન કર્યું. આ સ્થાપિત વીર્યમાંથી એક બાળકનો પ્રસવ થયો. પતિ મારો ત્યાગ કરશે એવા ભયવાળી મમતા તે કુમારને ત્યજવા ચાહતી હતી. તે પ્રસંગે બૃહસ્પતિ - મમતાના થયેલા વિવાદમાંથી કુમારનું નામ ભરદ્વાજ પડ્યું હતું. દેવો આ વિષયમાં એક શ્લોક ગાય છે: 'मूढे भर द्वाजमिमं भरद्वाजं बृहस्पते । यातौ यदुक्त्वा पितरौ भरद्वाजस्ततः स्वयम् ॥' બૃહસ્પતિએ મમતાને કહ્યું અરે મતિશૂન્ય મમતા! આ પુત્રનું ભર પોષણ કરવું જોઈએ કારણ કે આ પુત્ર દ્વાજ એટલે મારો ઔરસ અને ઉતથ્યનો ક્ષેત્રજ પુત્ર છે અને તમે ઉતથ્યનું ક્ષેત્ર છો માટે આ દ્વાજ - ઔરસ અને ક્ષેત્રજ પુત્રનું ભરણ પોષણ કરો. મમતાએ ત્યારે બૃહસ્પતિને કહ્યું કે આ પુત્રનું તમારે ભર -પોષણકરવું જોઈએ કેમકે તે આપના વીર્યનો અને મારા ક્ષેત્રેનો હોઈ આપણો પુત્ર હોઈ આપે જ પોષણ કરવું જોઈએ. અથવા દેવોએ મમતા અને બૃહસ્પતિ બન્નેને કહ્યું કે તમારે બન્નેએ આ બાળકનું પોષણ કરવું રહ્યું. આમ આખરે વિવાદ કરતાં તે બન્ને માતાપિતા એ બાળકને ત્યજી ચાલ્યા ગયાં અને તેઓ બન્નેના એ 'ભર' અને 'દ્વાજ' ના વિવાદ ઉપરથી દેવોએ એ પુત્રનું નામ 'ભરદ્વાજ' રાખ્યું. (૩૭, ૩૮) જોકે દેવોએ ભરદ્વાજનું પોષણ કરવા મમતાને પ્રેરણા કરી હતી પણ એ પુત્રને વિતથ એટલે વ્યર્થ માની તેણે ત્યજયો હતો. જેથી મરુત્દેવોએ તેનું પોષણ કર્યું હતું અને ભરતનો વંશ વ્યર્થ જવા બેઠો ત્યારે એને પુત્ર તરીકે આપ્યો હતો. (૩૯)

चोद्यमाना सुरैरेवं मत्वावितथमात्मजम् । व्यसृजन्मरुतोऽबिभ्रन्दत्तोऽयं वितथेऽन्वये ॥ ३९ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના નવમ સ્કંધનો ૨૦મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૧ મો

[આ અધ્યાયમાં ૩૬ શ્લોકો છે. વિતથથી વંશ આરંભ, રંતિદેવ રાજાની ભક્તિ,હસ્તી રાજાનો વંશવિસ્તાર, બ્રહ્મદત્તકથા, અહલ્યોત્પત્તિ, કૃપી અને કૃપાચાર્યની જીવનગાથા વગેરે પ્રસંગો આ અધ્યાયમાં આવશે.]

श्रीशुक उवाच-वितथस्य सुतान्मन्योर्बृहत्क्षत्रो जयस्ततः । महावीर्यो नरो गर्गः सङ्कृतिस्तु नरात्मजः ॥

શ્રી શુકેદેવજીએ કહ્યું, આ વિતથના મન્યુ પુત્ર થયા અને મન્યુના બૃહત્ક્ષત્ર, જય, મહાવીર્ય, નર તથા ગર્ગ નામના પાંચ પુત્ર થયા હતા. આ પાંચમાંથી ચોથા પુત્ર નરના સંકૃતિ પુત્ર થયા હતા. (૧)

ભરદ્વાજ વંશજ દાનવીર પરમ વૈષ્ણવ શ્રીરંતિદેવજી

રાજન્ ! સંકૃતિના ગુરુ અને રંતિદેવ નામના બે પુત્રો થયા હતા.તેઓમાં રંતિદેવનો યશ આ લોકમાં તથા પરલોકમાં ગવાય છે. (૨) આ રંતિદેવ આકાશવૃત્તિથી દૈવયોગે જે જે કાંઈ મળતું તેનાથી નિર્વાહ કરતા હતા. પોતે ભૂખ્યા હોવા છતાં પોતાને જે કંઈ મળી આવતું તે કોઈ દ્વારે આવતા યાચકને આપી દેતા. આ રીતે ધીર, બહોળા કુટુંબી અને નિષ્કિંચન શ્રી રંતિદેવજી પાસે કંઈ ન રાખતા અને દુઃખીને સર્વ કંઈ આપી દેતા. (૩) રાજન્ ! એક વાર એવું બન્યું કે પાણી પણ પીધા વિના રંતિદેવને સતત અડતાળીસ દિવસો વીતી ગયા. ત્યાર બાદ બીજે દિવસે સવારમાં તેમને ઘી, દૂધપાક, લાપસી અને પાણી ભગવદિચ્છાથી રંતિદેવને મળ્યાં જ ત્યારે ભૂખે અને તરસે થરથર કંપતા કષ્ટમાં મૂકાયેલા

બહોળા કુટુંબવાળા શ્રીરંતિદેવ ભોજન કરવા વિચારતા હતા ત્યાં વૈશ્વદેવ સમયે બ્રાહ્મણ અતિથિ આવ્યા. (૫) સર્વત્ર શ્રીહરિનું દર્શન કરતા વૈષ્ણવશિરોમણિ રંતિદેવે સંપૂર્ણ શ્રદ્ધા સાથે તે બ્રાહ્મણનો ભગવદ્ભાવે સત્કાર કર્યો અને પછી તે અતિથિને ભોજન કરાવ્યું. (૬) રાજન્ ! અતિથિ બ્રાહ્મણના જમી ગયા બાદ વધેલો અન્નને પરિવારમાં વહેંચીને જ્યારે રંતિદેવ ભોજન કરવા તૈયાર થયા ત્યારે અન્ય એક શૂદ્ર અતિથિનું ત્યાં આગમન થયું. ત્યારે શ્રીહરિનું સ્મરણ કરતાં રંતિદેવે શૂદ્રદેહે પધારેલા અતિથિમાં શ્રીહરિને જ જોયા. કુટુંબને વહેંચી આપેલું અન્ન શૂદ્ર અતિથિને આપી દીધું. તે અતિથિ પણ ભોજન કરી ચાલ્યા ગયા. (૭) હવે બચેલું અન્ન જમતા હતા ત્યાં કૂતરાંઓથી વીંટાયેલો કોઈ અન્ય અતિથિ ત્યાં આવ્યો અને તેણે કહ્યું કે, '' રાજન્ ! હું મારા પરિવાર સાથે ભૂખ્યો છું.માટે આપ અમને અન્ન આપો.'' (૮) રાજન્ ! રાજા રંતિદેવે તેની આર્તવાણી સાંભાળી તેનો પણ આદરસત્કાર કરી જે અન્ન અવશિષ્ટ હતું તે સર્વ આપી દઈ શ્વાન અને શ્વાનના માલિકને શ્રી હરિના સ્વરૂપે જોતાં નમસ્કાર કર્યા. (૯) પછી ફક્ત પાણી જ બાકી રહ્યું અને તે પણ એક માણસ તૃપ્ત થાય તેટલું જ હતું તે પીવા રાજા તૈયાર થયા તેવામાં કોઈ ચાંડાળ ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો, ''હે રાજા ! હું અપવિત્ર છું. આપ મને પાણી પાઓ. (૧૦) રાજન્ ! આ આવેલા ચાંડાળ અતિથિની તરસે મહામહેનતે ગળામાંથી નીકળતી કરુણામય વાણી સાંભળીને કૃપાથી પુષ્કળ હૃદય ભરાઈ આવતાં સંતપ્ત બનેલા રાજા રંતિદેવ અમૃત જેવું વચન બોલ્યા. (૧૧)

न कामयेऽहं गतिमीश्वरात्परामष्टर्द्धियुक्तामपुनर्भवं वा । आर्तिं प्रपद्येऽखिलदेहभाजामन्त:स्थितो येन भवन्त्यदु:खा: ॥ १२ ॥

क्षुत्तृट्श्रमो गात्रपरिश्रमश्च दैन्यं क्लम: शोकविषादमोहा: । सर्वे निवृत्ता: कृपणस्य जन्तोर्जिजीविषोर्जीवजलार्पणणान्मे ॥ १३ ॥

एवं प्रभाष्य पानीयं म्रियमाण: पिपासया । पुल्कसायाददाद्धीरो निसर्गकरुणो नृप: ॥ १४ ॥

હે નાથ ! હું આપ પરમેશ્વર પાસેથી આઠ મહાસિદ્ધિઓવાળી ઉત્તમ સ્થિતિ કે મોક્ષની પણ કામના કરતો નથી પરંતુ સર્વ દેહધારીઓની અંદર રહી તેમની પીડાને ભોગવવા ઇચ્છું છું તેથી દુઃખી પ્રાણીઓ પણ દુઃખથી મુક્ત થાય. ૧૨ જલ વિના જીવ જઈ રહેલા અને જીવવાને ઇચ્છતો આ દુઃખી આને જીવનસ્વરૂપ જલ આપવાથી મારી ક્ષુધા, તૃષા, શ્રમ, શરીરનો પરિશ્રમ, દીનતા, થાક, શોક, ખેદ અને મોહ એ સર્વ નિવૃત્ત થઈ જ ગયા છે. (૧૩) એમ કહી સ્વભાવથી જ દયાળું ધીર રાજાએ તૃષ્ણાથી પોતાના પ્રાણ છૂટી રહ્યા છતાં એ ચાડાંળને જલ આપી દીધું. (૧૪)

શ્રી હરિનાં દર્શન

तस्य त्रिभुवनाधीशा: फलदा: फलमिच्छताम् । आत्मानं दर्शयाञ्चक्रुर्माया विष्णुविनिर्मिता: ॥ १५ ॥

स वै तेभ्यो नमस्कृत्य नि:सङ्गो विगतस्पृह: । वासुदेवे भगवति भक्त्या चक्रे मन: परम् ॥ १६ ॥

રાજન્ પરીક્ષિત ! આ પ્રસંગે ફલની કામનાવાળાઓને ફલ દેનારા ભગવાન વિષ્ણુએ સર્જેલા ત્રણ ભુવનના સ્વામી બ્રહ્માદિ દેવોએ પ્રકટ થઈ દર્શન દીધાં. આ દેવો જ રાજા રંતિદેવની વૈષ્ણવ ભક્તિનો મહિમા જગતમાં સ્થાપવા બ્રાહ્મણ, શૂદ્ર, શ્વાનપતિ અને ચાંડાળનાં સ્વરૂપો લઈ ત્યાં આવ્યા હતા. (૧૫) નિઃસંગ અને સર્વથા નિઃસ્પૃહ પરમ ભાગવત રાજા રંતિદેવે દેવોને ભક્તિભાવે નમસ્કાર કર્યા અને અનન્ય ભક્તિથી ભગવાન વાસુદેવમાં જ મન પરોવેલા તેમણે કાંઈ પણ ના માગ્યું. (૧૬)

રાજન્ ! રાજા રંતિદેવે મન કેવળ ઈશ્વરમાં રાખતા અને ઈશ્વર વિના બીજા કોઈ ફળને ઇચ્છતા જ ન હતા, જેના ફલ સ્વરૂપે ભગવત્કૃપાથી રાજાની ત્રિગુણાત્મક માયા સ્વપ્નની માફક નાશ પામી. (૧૭) રાજન્ ! રાજા રંતિદેવ દઢ સત્સંગના ફલસ્વરૂપે રંતિદેવને અનુસરનારા સર્વજનો યોગીજનો પણ શ્રી નારાયણ ભગવાનના પરમ ભક્તો બન્યા. (૧૮)

વિતથ શ્રી ભારદ્વાજના પૌત્ર ગર્ગ મહાવીર્ય અને બૃહત્ક્ષત્રનો વંશ

રાજન્ ! મન્યુના પાંચમાં પુત્ર ગર્ગથી શનિ થયા અને શનિથી ગાર્ગ્ય નામના પુત્ર થયા. આ ક્ષત્રિય ગર્ગ કુલમાંથી

પણ બ્રાહ્મણ કુલ ચાલ્યું હતું. રાજન્ ! મન્યુના મહાતીર્થ નામના ત્રીજા પુત્રથી દુરિતક્ષય પુત્ર થયા અને તે દુરિતક્ષયના ત્રય્યારુણિ, કવિ ને પુષ્કરારણિ નામના ત્રણ પુત્રો થયા હતા. (૧૯) આ ત્રણે ક્ષત્રિયકુલમાં જન્મ્યા હોવા છતાં બ્રાહ્મણપણાને પામ્યા હતા. રાજન્ ! મન્યુના સૌથી મોટા પુત્ર બૃહત્ક્ષત્રને ત્યાં હસ્તી નામના પુત્ર થયા હતા અને આ હસ્તિનાપુર નગર વસાવ્યું હતું. (૨૦)

રાજા હસ્તિનો વંશ

આ હસ્તિરાજાને અજમીઢ, દ્વિમીઢ અને પુરુમીઢ નામના ત્રણ પુત્રો હતા. તેઓમાં અજમીઢના વંજશ પ્રિયમેધાદિ બ્રાહ્મણો થયા હતા. (૨૧) રાજન્ ! આ અજમીઢના બૃહદિષુ નામના પુત્ર થયા હતા. બૃહદિષુના બૃહદ્ધનુ થયા. બૃહદ્ધનુના બૃહત્કાય થયા. બૃહત્કાયના જયદ્રથ નામના પુત્ર થયા હતા. (૨૨) જયદ્રથના વિશદ થયા. વિશદના સેનજિત થયા અને સેનજિતના રુચિરાશ્વ, દૃઢહનુ, કાશ્ય અને વત્સ નામના ચાર પુત્રો થયા હતા. (૨૩) આ ચાર પુત્રોમાં રુચિરાશ્વના પાર નામના પુત્ર થયા અને પારના પૃથુસેન અને નીપ નામના બે પુત્ર થયા. આ બેમાંથી નીપને ત્યાં સો પુત્ર થાય હતા. (૨૪)

શુકકન્યા કૃત્વીમાં બ્રહ્મદત્ત યોગીનો જન્મ

રાજન્ ! આ નીપ રાજાએ શુકદેવની કૃત્વીમાં બ્રહ્મદત્ત નામના પુત્રને જન્મ આપ્યો હતો. એ યોગી બ્રહ્મદત્તે ગવિમાં જેનું અન્ય નામ સરસ્વતી હતું તે પત્નીમાં વિશ્વક્સેન નામના પુત્રને ઉત્પન્ન કર્યો. (૨૫) રાજન્ ! આ યોગી બ્રહ્મદત્તે જૈગીષવ્ય યોગીજીના ઉપદેશથી 'યોગતંત્ર ' નામનો યોગશાસ્ત્રનો ગ્રન્થ રચ્યો હતો. યોગી બ્રહ્મદત્તના પુત્ર વિશ્વક્સેનથી ઉદક્સ્વન પુત્ર થયા અને ઉદક્સ્વનથી ભલ્લાદ નામના પુત્ર થયા હતા. આ બધા બૃહત્ક્ષત્રના પ્રપૌત્ર બૃહદિષુના વંશજો હતા. (૨૬) હસ્તીના બીજા પુત્ર દ્વિમીઢના યવીનર થયા. યવીનરના કૃતિમાન થયા. કૃતિમાનના સત્યધૃતિ થયા. સત્યધૃતિના દૃઢનેમિ થયા અને દૃઢનેમિના સુપાર્શ્વ પુત્ર થયા. (૨૭) સુપાર્શ્વના સુમતિ થયા, સુમતિંના સન્નતિમાન પુત્ર થયા અને સન્નતિમાનના કૃતિ નામના પુત્ર થયા. આ કૃતિએ હિરણ્યનાભ પાસેથી યોગ મેળવી પ્રાચ્ય સામવેદની છ સંહિતાઓ પ્રાપ્ત કરી હતી અને તેનો વિભાગ કરી શિષ્યોને ભણાવી હતી. રાજન્ ! કૃતિના પુત્ર નીપના ઉગ્રાયુધ થયા. ઉગ્રાયુધના ક્ષેમ્ય થયા. ક્ષેમ્યના સુવીર થયા. સુવીરના રિપુંજય થયા. રિપુંજયના બહુરથ પુત્ર હતા. (૨૮, ૨૯)

રાજન્ ! હસ્તી રાજાના ત્રીજા પુત્ર પુરુમીઢ સંતાન રહિત હતા. રાજન્ ! રાજા અજમીઢની નલિની નામની બીજી પત્નીમાં નીલ નામના પુત્ર થયા હતા અને નીલના શાંતિ નામના પુત્ર થયા હતા. (૩૦) આ શાંતિના સુશાંતિ થયા, સુશાંતિના પુરુજ થયા. પુરુજના અર્ક થયા. અર્કના ભર્મ્યાશ્વ થયા અને ભર્મ્યાશ્વને મુદ્ગલ, યવનીર, બૃહદિષુ, કાંપિલ્ય તથા સંજય નામના પાંચ પુત્ર થયા હતા. ભર્મ્યાશ્વે એ પાંચે પુત્રોને ઉદ્દેશીને કહ્યું હતું હે પુત્રો ! મારા પાંચ દેશોનું રક્ષણ કરવા માટે તમે पञ्च-अलम् પાંચે પુત્રો સમર્થ છે તેથી તેના પાંચ પુત્રો પંચાલ નામથી ઓળખાયા અને દેશો પણ પાંચાલ કહેવાય. (૩૧, ૩૨)

રાજન્ ! ભર્મ્યાશ્વના પહેલા પુત્ર મદ્ગલથી મૌદ્ગલ્ય નામના બ્રાહ્મણ ગોત્રની શરૂઆત થઈ. (૩૩) ભર્મ્યાશ્વના પુત્ર મુનિ મુદ્ગલને ત્યાં એક જોડકાંનો જન્મ થયો. તેમાં જે પુરુષનો જન્મ થયો તેનું નામ દિવોદાસ રાખ્યું અને કન્યા જન્મી તેનુ નામ અહલ્યા રાખ્યું. આ અહલ્યામાં ગૌતમઋષિથી શતાનંદ ઋષિ પુત્ર થયા હતા. (૩૪) એક સમયે ઉર્વશી અપ્સરાને જોવાથી સત્યધૃતિનું વીર્ય કાસ ઘાસના ગુચ્છામાં ઝરી પડ્યું હતું જેમાંથી એક જોડકાની ઉત્પત્તિ થઈ હતી. રાજન્, એકવાર મૃગયા માટે વનમાં વિચરતા શંતનુ રાજાએ આ જોડકું જોઈ કૃપાથી લઈ લીધું તેમજ કૃપાથી પાલન કરતાં કુમારનું નામ 'કૃપ' રાખ્યું અને કન્યાનું નામ 'કૃપી' રાખ્યું. 'કૃપ' મોટા થતાં કૃપાચાર્ય ગુરુ બન્યા. કૃપી દ્રોણાચાર્યનાં પત્ની થયા. ગૌતમ કુલમાં જન્મ્યાં હોઈ તેમનું ગૌતમી નામ પડ્યું હતું. (૩૫, ૩૬)

शरस्तम्बेऽपतद्रेतो मिथुनं तदभूच्छुभम् । तद्दृष्ट्वा कृपयाऽगृहणाच्छन्तनुर्मृगयां चरन् ।

कृपः कुमारः कन्या च द्रोणपल्यमवत्कृपी ॥ ३६ ॥

શ્રીમદ્ ભાગવતપૂયૂષના નવમ સ્કંધનો ૨૧ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૨ મો

[આ અધ્યાયમાં ૪૮ શ્લોકો છે. અજમીઢનો વંશ, કુરુ રાજાની ઉત્પત્તિ, જરાસંઘની કથા શંતનુચરિત્ર, પરીક્ષિતચરિત્ર વગેરે પ્રસંગો આ અધ્યાયમાં આવશે.]

श्रीशुक उवाच–मित्रेयुश्च दिवोदासाच्च्यवनस्तत्सुतो नृप । सुदासः सहदेवोऽथ सोमको जन्तुजन्मकृत् ॥ १ ॥

અજમીઢના વંશમાં મુદ્‌ગલ મુનિ થયાઃ મુદ્‌ગલના પુત્ર દિવોદાસનો વંશ

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! મુનિ મુદ્‌ગલના પુત્ર દિવોદાસથી મિત્રેયુ પુત્ર થયા અને મિત્રેયુના ચ્યવન, સુદાસ સહદેવ તથા જંતુ નામના પુત્રને જન્મ આપનારા પિતા સોમક એમ ચાર પુત્રો હતા. (૧) ચાર પુત્રોમાં નાના પુત્ર સોમકને ત્યાં સો પુત્ર હતા. તેમાં સૌથી મોટા પુત્રનું નામ જંત અને સૌથી નાના પુત્ર પૃષત હતા. આ પૃષતના દ્રુપદ પુત્ર થયા હતા અને દ્રુપદ રાજાને ત્યાં દ્રોપદી નામની કન્યા તેમજ ધૃષ્ટદ્યુમ્ન વગેરે પુત્રો થયા હતા. એ ધૃષ્ટદ્યુમ્નથી ધૃષ્ટકેતુ પુત્ર થયા હતા. આ બધા ભર્મ્યાશ્વના વંશમાં થયેલા પંચાલ ક્ષત્રિયો હતા. હવે હસ્તીના પુત્ર અજમીઢના ઋક્ષ નામના બીજા પુત્ર હતા તેના સંવરણ નામે પુત્ર થયા હતા. (૩)

હસ્તીના પુત્ર અજમીઢના વંશમાં કુરુવંશની ઉત્પત્તિ

આ સંવરણને સૂર્યની 'તપતી' નામની કન્યામાં કુરુ નામના પુત્ર થયા હતા. તે કુરુક્ષેત્રના રાજા થયા હતા. રાજા કુરુને ત્યાં પરીક્ષિત, સુધનુષ, જહ્નુ અને નિષાધાશ્વ નામના ચાર પુત્રો જન્મ્યા હતા. (૪) આ ચાર પુત્રોમાં સુધનુષથી સુહોત્ર થયા. સુહોત્રના ચ્યવન થયા, ચ્યવનના કૃતિ થયા. કૃતિના ઉપરિચર વસુના બૃહદ્રથ, કુશાંબ, મત્સ્ય, પ્રત્યગ્ર તથા ચેદિય વગેરે પુત્રો થયા હતા. તેઓ ચેદીદેશના રાજાઓ હતા. તેઓમાં બૃહદ્રથથી કુશાગ્ર થયા અને કુશાગ્રના ઋષભ નામના પુત્ર થયા. (૫,૬) ઋષભના સત્યહિત પુત્ર થયા. સત્યહિતના પુષ્પવાન થયા અને પુષ્પવાનના જહુ નામના પુત્ર થયા. વળી બૃહદ્રથની બીજી પત્નીમાં એક જ શરીરની બે ફાડો જન્મી હતી. (૭) આ બંને ફાડો તેના માતાએ બહાર ફેંકી દીધી હતી ત્યારે ત્યાં રમતી જરા નામની રાક્ષસીએ 'જીવ જીવ' એમ કહી તે સાંધી દીધી તેથી એ પુત્રનું નામ જરાસંઘ પડયું. (૮) એ જરાસંઘના સહદેવ પુત્ર થયા. સહદેવના સોમાપિ પુત્ર થયા અને સોમાપિના શ્રુતશ્રવા પુત્ર થયા હતા.જ્યારે કુરુના પુત્ર પરીક્ષિતને તો કંઈ સંતાન જ નહોતું. પણ કુરુના ત્રીજા પુત્ર જહ્નુના સુરથ નામના પુત્ર થયા હતા. (૯) આ સુરથના વિદૂરથ પુત્ર થયા અને વિદૂરથના સાર્વભૌમ થયા. સાર્વભૌમના જયસેન થયા. જયસેનના રાધિક થયા અને રાધિકના અયુત નામના પુત્ર થયા. (૧૦) અયુતના ક્રોધન થયા, ક્રોધનના દેવાતિથિ થયા., દેવાતિથિના ઋક્ષ્ય થયા, ઋક્ષ્યના દિલીપ થયા અને દિલીપના પ્રતીપ પુત્ર થયા. (૧૧)

પ્રતીપરાજાના વંશમાં દેવાપિ-શંતનુ-બાહ્‌લીક પુત્રોનો જન્મ

રાજન્ ! રાજા પ્રતીપ દેવાપિ પિતાનું રાજ્ય ત્યજી વનમાં ચાલ્યા ગયા હતા. (૧૨) તેથી પહેલાં 'મહાભિષ' નામથી ઓળખાતા હતા તે જ શંતનુ હતા તે રાજા થયા. રાજન્ ! આ રાજા શંતનુ જે જે વૃદ્ધ મનુષ્યને બે હાથે સ્પર્શ કરે તે તે યુવાન થઈ જતો. (૧૩) વળી ઉત્તમ શાંતિને પણ પામતો. તે કર્મથી જ એ રાજા 'શંતનુ' નામે પ્રખ્યાત થયા હતા. રાજન્ ! એકવાર બાર વર્ષ સુધી શંતનું રાજાના રાજ્યોમાં વૃષ્ટિ ન થઈ. (૧૪) ત્યારે શંતનું રાજાએ બ્રાહ્મણોને પ્રશ્ન કરતાં તેઓએ કહ્યું હતું જે પુરુષ માટોભાઈને મૂકીને પૃથ્વીનો રાજા બને તેને શાસ્ત્ર પરિવેત્તા કહે છે. રાજન્ ! આપના જયેષ્ઠ ભાઈને મૂકીને આપ રાજ્ય ભોગવો છો માટે આપને પરિવેત્તાપણાનો દોષ લાગે છે માટે જલદી નગર તથા દેશની આબાદી માટે આપ મોટાભાઈને બોલાવી રાજ્ય આપી દો. (૧૫) બ્રાહ્મણોએ આ પ્રમાણે કહ્યું એટલે શંતનું રાજાએ વનમાં જઈ મોટાભાઈ દેવાપિને રાજા થવા ખૂબ મનાવ્યા પણ તેમણે માન્યું નહી. રાજન્ ! આ પહેલાં એક વાત એવી બની કે શંતનુના મંત્રી અશ્મરાવે પ્રથમથી મોકલેલા બ્રાહ્મણોએ દેવાપિને વેદમાર્ગથી ભ્રષ્ટ કર્યા. તેથી વેદની

નિંદાનાં વચનો કહ્યાં તેથી તે સિંહાસનના અધિકારી ન રહ્યા. એટલે શંતનુરાજા મોટાભાઈ ને મૂકીને ગાદીએ બેસવાના દોષથી છૂટયા તેથી વરસાદ વરસ્યો હતો. આ દેવાપિ અત્યારે પણ યોગસાધના કરી રહ્યા છે અને યોગીઓના પ્રસિદ્ધ નિવાસસ્થાન 'કલાપ' ગામમાં રહ્યા છે. (૧૬,૧૭)

શ્રી શંતનુંરાજાને ત્યાં ભીષ્મપિતામહનો જન્મ

કલિયુગમાં સોમવંશ જ્યારે નાશ પામશે ત્યારે સત્યયુગના આરંભમાં તે ફરી સોમવંશ સ્થાપશે. શંતનુના ભાઈ બાહ્લીકથી સોમદત્ત નામના પુત્ર થયા હતા ને સોમદત્તથી ભૂરિશ્રવા તથા શલ નામના પુત્ર થયા હતા. શંતનુને ગંગા નામની પત્નીમાં જિતેંદ્રિય ભીષ્મ પુત્ર થયા હતા. એ સર્વ ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ , પરમ ભગવદીય, વિવેકી, વિદ્વાન અને વીર મહારથી પુરુષ હતા. (૧૮,૧૯) રાજન્ ! ભીષ્મપિતામહે પરશુરામને પણ યુદ્ધમાં સંતોષ ઉપજાવ્યો હતો. શંતુનુને દાસકન્યા મત્સ્યગંધા સત્યવતીમાં મોટા પુત્ર ચિત્રાંગદ અને નાના વિચિત્રવીર્ય એમ બે પુત્ર થયા હતા. આ બન્ને પુત્રોમાંના ચિત્રાંગદને ચિત્રાંગદ નામના ગંધર્વે યુદ્ધમાં મારી નાખ્યો હતો. શંતનુની પત્ની સત્યવતીમાં સાક્ષાત્ શ્રીહરિના જ્ઞાનકલાવતાર વ્યાસ ભગવાન અવતર્યા હતા. (૨૦, ૨૧) આ કૃષ્ણદ્વૈપાયન વ્યાસ મુનિએ વેદોની રક્ષા કરેલી છે. અને તેમની પાસેથી આ શ્રીમદ્ ભાગવત હું ભણ્યો છું. આ શ્રીમદ્ ભાગવત અત્યંત રહસ્યમય છે. મારા પિતા શ્રી બાદરાયણ મુનિએ પોતાના પૈલ વગેરે શિષ્યોને અધ્યયન ન કરાવતાં મારામાં શાંતપણું વગેરે ગુણો જોઈ યોગ્ય અધિકારી વિચારી પોતાના પુત્રને શ્રીમદ્ ભાગવતનું અધ્યયન કરાવ્યું હતું. (૨૨) રાજન્ ! કાશીરાજને ત્યાં થયેલા સ્વયંવરમાંથી ભીષ્મપિતામહ રાજાઓને હરાવી અંબા, અંબિકા અને અંબાલિકા નામની ત્રણકન્યાઓને લઈ આવ્યા હતા.આ ત્રણમાંથી અંબિકા અને અંબાલિકા નામની બે કન્યાઓને શંતનુરાજાના નાના પુત્ર વિચિત્રવીર્ય પરણ્યા હતા. પરંતુ આ બન્ને સ્ત્રીઓમાં આસક્ત હૃદયવાળા થઈ તે ક્ષયરોગી બની સંતાન વિના જ મરણ પામ્યા હતા. (૨૩,૨૪)

મહર્ષિ વ્યાસે માતાની આજ્ઞાનું પાલન કરી ધૃતરાષ્ટ્ર, પાંડુ, અને વિદુરજીને જન્મ આપ્યો

રાજન્ ! પરીક્ષિત! જ્યારે વિચિત્રવીર્યનો દેહ પડ્યો અને કુલમાં પુત્ર ન હતા ત્યારે માતા સત્યવતીજીની આજ્ઞાથી વ્યાસજીએ સંતાનરહિત ભાઈ વિચિત્રવીર્યની સ્ત્રીઓમાં ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર નામના ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. (૨૫) રાજન્ ! રાજા ધૃતરાષ્ટ્રે શ્રી ગાંધારીજીમાં સો પુત્રોને જન્મ આપ્યો. આ પુત્રોમાં દુર્યોધન સૌથી મોટા પુત્ર હતા.તેમજ ધૃતરાષ્ટ્રને ત્યાં દુઃશલા નામની એક કન્યા પણ જન્મી હતી. (૨૬)

રાજન્ ! વનમાં મૃગયા રમવા ગયેલા પાંડુરાજાને મૃગનો શાપ થયો તેથી તેઓ સંસાર ભોગવે તો મૃત્યુ થાય તેથી તેમનાં પત્ની કુંતીજીમાં ધર્મ, વાયુ અને ઇન્દ્રથી મહારથી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન તથા સહદેવ નામના બે પુત્રો જન્મ્યા હતા. તે પાંચ પાંડવોથી દ્રોપદીમાં પાંચ પુત્રો થયા હતા. જેઓ તમારા કાકા હતા. (૨૭, ૨૮) આ પાંચ પુત્રોમાં યુધિષ્ઠિર રાજાથી પ્રતિવિધ્ય, ભીમસેનથી શ્રુતસેન, અર્જુનથી શ્રુતકીર્તિ, નકુલથી શતાનીક અને સહદેવથી કુમાર શ્રુતકર્મા આમ પાંચ પુત્રો થયા હતા. આ ઉપરાંત રાજા યુધિષ્ઠિરથી પૌરવી પત્નીમાં દેવક નામના પુત્ર જન્મ્યા હતા. (૨૯,૩૦) આ ઉપરાંત શ્રી ભીમસેન દ્વારા હિડંબામાં 'ઘટોત્કચ' અને કાલી નામની ત્રીજી સ્ત્રીમાં સર્વગત એમ બે પુત્ર જન્મ્યા હતા. તથા સહદેવથી પર્વતરાજાની કન્યા વિજયાને સુહોત્ર નામના પુત્રનો જન્મ થયો હતો. (૩૧) નકુલે કરેણુમતિ સ્ત્રીમાં નિરમિત્ર નામના પુત્રને જન્મ આપ્યો હતો અને અર્જુને ઉલૂપી નામની નાગકન્યા સ્ત્રીમાં ઈરાવાન નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો. જ્યારે મણિપુરના રાજાએ પોતાની પુત્રી ચિત્રાંગદાને પુત્રિકાધર્મથી (એટલે મારી આ કન્યામાં જે પુત્ર થાય તે મને પુત્ર તરીકે આપવો એવા શાસ્ત્ર સંમત ધર્મથી) પરણાવી હતી. તેમાં બભ્રુવાહન નામના પુત્ર થયા. (૩૨)

પરમ ભાગવત પરીક્ષિત રાજાનો જન્મ

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! સર્વ અતિરથીઓને જીતનાર આપના પિતાશ્રી અભિમન્યુ પણ શ્રી

અર્જુનથી જ સુભદ્રા સ્ત્રીમાં જન્મ્યા હતા અને અભિમન્યુથી શ્રી ઉતરાજીમાં આપ જન્મ્યા છો. (૩૩) રાજન્ ! જ્યારે કૌરવોનો સંહાર થઈ ગયો હતો તે સમયે દ્રોણપુત્ર અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રના તેજથી આપ તો ગર્ભમાં જ બળી ગયા હતા. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણના પ્રભાવથી આપ મૃત્યુમાંથી મુક્ત થઈ પુનઃ જીવતા બચ્યા છો. (૩૪) હે તાત ! આપના આ જનમેજય, શ્રુતસેન, ભીમસેન તથા પરાક્રમી ઉગ્રસેન નામના ચાર પુત્રોમાં જનમેજય આપને તક્ષક નાગથી મૃત્યુ થયેલ જાણી રોષે ભરાઈ સર્પોનો નાશ કરવા સર્પયાગ કરશે. (૩૫) વળી કાવષેય ગોત્રના તુર નામના ઋષિને પુરોહિત બનાવી આખી પૃથ્વીને સર્વ બાજુથી જીતી જનમેજય અનેક અશ્વમેધ યજ્ઞોથી ભગવાનનું યજન કરશે. (૩૬) એ જનમેજયના પુત્ર શતાનીક થશે.આપના પૌત્ર શતાનીક યાજ્ઞવલ્કય ઋષિ પાસેથી ત્રણ વેદો ભણશે તથા ક્રિયાજ્ઞાન મેળવશે અને કૃપાચાર્ય પાસેથી બ્રહ્મજ્ઞાન મેળવશે તથા શૌનક મુનિ પાસેથી બ્રહ્મજ્ઞાન પામશે. (૩૭) આ શતાનીકના સહસ્રાનીક થશે. સહસ્રાનીકના અશ્વમેધજ થશે. અશ્વમેધજના અસીમકૃષ્ણ થશે અને અસીમકૃષ્ણના નેમિચક્ર પુત્ર થશે. (૩૮) હસ્તિનાપુર ગંગા નદીમાં તણાઈ જશે ત્યારે નેમિચક્ર કૌશાંબી નગરીમાં સારી રીતે વાસ કરશે. એ નેમિચક્રના ચિત્રરથ થશે. (૩૯) કવિરથના વૃષ્ટિમાન થશે, વૃષ્ટિમાનના સુષેણ રાજા થશે. સુષેણરાજાના સુનીથ થશે. સુનીથના નૃચક્ષુ થશે. નૃચક્ષુના સુખીનલ થશે. (૪૦) સુખીનલના પરિપ્લવ થશે. પરિપ્લવના મેધાવી થશે. મેધાવીના સુનય થશે. સુનયના નૃપંજય થશે. નૃપંજયના દૂર્વ થશે. દૂર્વના તિમિ થશે. (૪૧) તિમિના બૃહદ્રથના સુદાસ થશે. સુદાસના શતાનીક થશે. શતાનીકના દુર્દમન થશે. દુર્દમનના વહીનર થશે. (૪૨) વહીનરના દંડપાણિ થશે. દંડપાણિના નિમિ થશે અને શ્રી નિમિના ક્ષેમક નામના પુત્ર થશે. એમ બ્રાહ્મણો તથા ક્ષત્રિયોના કારણરૂપ અને દેવો તથા ઋષિઓમાં સત્કાર પામેલાં આ વંશ મેં આપને વર્ણવ્યો. (૪૩)

આ વંશ ક્ષેમક સુધી આવી કલિયુગમાં નાશ પામશે. પછી મગધવંશી રાજાઓ થશે. તેઓનું તમારી પાસે વર્ણન કરું છુ. (૪૪) જરાસંધના પુત્ર સહદેવના માર્જારિ પુત્ર થશે. માર્જારિના શ્રુતશ્રવા થશે. શ્રુતશ્રવાના અયુતાયુ થશે અને અયુતાયુના નિરમિત્ર થશે. (૪૫) નિરમિત્રના સુનક્ષત્ર થશે. સુનક્ષત્રના બૃહત્સેન થશે. બૃહત્સેનના કર્મજીત થશે. કર્મજીતના સૃતંજય થશે. સૃતંજયના વિપ્ર થશે વિપ્રના શુચિ પુત્ર થશે. (૪૬) શુચિના ક્ષેમ થશે. ક્ષેમના સુવ્રત થશે. સુવ્રતના ધર્મસૂત્ર થશે. ધર્મસૂત્રના શમ થશે. શમના દ્યુમત્સેન થશે. ઘુમત્સેનના સુમતિ થશે. સુમતિના સુબલ થશે. (૪૭) ચિત્રરથના કવિરથ પુત્ર થશે અને સુબલના સુનીથ થશે. સુનીથના સત્યજિત થશે. સત્યજિતના વિશ્વજિત થશે. અને વિશ્વજિતના રિપુંજય પુત્ર થશે. આ રાજાઓ બૃહદ્રથના વંશમાં થઈ એક હજાર વર્ષ સુધી રાજ્ય કરશે. (૪૮)

सुनीथः सत्यजिदथ विश्वजिद्यद्रिपुञ्जयः बार्हद्रथाश्च भूपाला भाव्याः सहस्त्रवत्सरम् ॥ ४९ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના નવમસ્કંધનો ૨૨મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૩ મો

[આ અધ્યાયમાં ૩૯ શ્લોકો છે. યયાતિ રાજાના અન્ય પુત્રોના વંશની કથા આ અધ્યાયમાં આવશે.]

श्रीशुक उवाच-अनोः सभानरश्चक्षुः परोक्षश्च त्रय सुताः । सभानरात् कालनरः सृञ्जयस्तत्सुतस्ततः ॥ १ ॥

યયાતિ રાજાના ચતુર્થ પુત્ર 'અનુ' ના વંશની કથા

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! યયાતિ રાજાના ચોથા પુત્ર અનુને સભાનર ચક્ષુ અને પોરક્ષ, નામના ત્રણ પુત્રો થયા હતા. આ ત્રણ માંથી સભાનરથી કલાનર થયા. કલાનરથી સૃંજય થયા. (૧) સૃંજયથી જનમેજય થયા. જનમેજયના મહાશીલ થયા, મહાશીલના મહામના થયા અને મહામનાના ઉશીનર અને તિતિક્ષુ નામના બે પુત્રો થયા હાતા. (૨) આ બેમાંથી ઉશીનરને શિબિ, વન, શમિ તથા દક્ષ નામના ચાર પુત્રો થયા હતા. ઉશીનરના બીજા ભાઈ તિતિક્ષુના રુશદ્રથ થયા, રુશદ્રથના હેમ થયા, હેમના સુતપા થયા અને સુતપાના બલિ નામના પુત્ર થયા હતા. (૩,૪) રાજન્ ! આ બલિરાજાની સ્ત્રીમાં દીર્ઘતમસ નામના ઋષિથી અંગ, વંક, કલિંગ, સુહ્મન, પુંડે તથા અંધ્ર નામના છ પુત્રો થયા હતા. (૫) એ છ પુત્રોએ ભરતખંડની દિશામાં પોતાના નામથી છ દેશો વસાવ્યા હતા. તે છ રાજાઓ પૈકી અંગરાજાથી

ખાનપાન થયા. ખાનપાનથી દિવિરથ થયા. (૬) દિવિરથના ધર્મરથ થયા અને ધર્મરથના ચિત્રરથ નામના પુત્ર થયા. એ ચિત્રરથને કંઈ સંતાન ન હતું. તેનું બીજું નામ 'રોમપાદ' હતું. એ રોમપાદને તેના મિત્ર દશરથ રાજાએ પોતાની શાંતા નામની કન્યા (દત્તક) પુત્રી તરીકે આપી હતી. (૭) આ શાંતા કન્યાને ઋષ્યશૃંગઋષિ પરણ્યા હતા.જ્યારે રોમપાદ રાજાના રાજ્યમાં વરસાદ વરસતો ન હાતો ત્યારે હરિણીપુત્ર ઋષ્યશૃંગને રમણીઓ નાટ્ય સંગીત, વાજિંત્રો, વિલાસો, આલિંગનો તથા પૂજા સત્કારથી લલચાવીને નગરમાં લઈ આવી હતી. આથી ઋષ્યશૃંગ ઋષિએ સંતાનરહિત દશરથરાજાને ઈન્દ્રની ઈષ્ટિ કરાવી પ્રજા આપી હતી. જે ઈષ્ટિથી સંતાનરહિત દશરથ રાજા પુત્રો પામ્યા હતા. એ રોમપાદથી ચતુરંગ થયા અને ચતુરંગના પૃથુલાક્ષ પુત્ર થયા હતા. (૯,૧૦) પૃથુલાક્ષના બૃહદ્રથ,બૃહત્કર્મા તથા બૃહદ્ભાનુ નામના ત્રણ પુત્રો થયા હતા. તેઓમાં પહેલા બૃહદ્રથથી બૃહન્મના અને બૃહન્મનાના જયદ્રથ પુત્ર થયા હતા. (૧૧) આ જયદ્રથને સંભૂતિ નામની પત્નીમાં વિજય નામના પુત્ર થયા. વિજયના ધૃતિ થયા ધૃતિના ધૃતિવ્રત થયા. ધૃતિવ્રતના સત્કર્મા થયા અને સત્કર્માના અધિરથ પુત્ર થયા. (૧૨) આ અધિરથ એક સમયે ગંગાકિનારે વિચરતા હતા ત્યાં મંત્રની પરીક્ષા માટે કુન્તીજીએ સૂર્યને નિમંત્ર્યા ત્યારે સૂર્યે કુન્તીજીને એક પુત્ર આપ્યો કુન્તીજીએ આ પુત્રને એક કાષ્ટની પેટીમાં મૂકી ગંગાનદીમાં તે પેટીને વહેતી મૂકી. આ બાલકની પેટી રાજા અધિરથને મળી. તેમાંથી બાળક નીકળ્યો. આ બાળકને પુત્રરહિત અધિરથે પાતાનો પુત્ર કરીને રાખ્યો. તેનું નામ 'કર્ણ' રાખવામાં આવ્યું. આ રાજા કર્ણને ત્યાં વૃષસેન પુત્ર થયા. (૧૩)

યયાતિ રાજાના પુત્ર દ્રુહ્યુના વંશની કથા

હવે યયાતિના ત્રીજા પુત્ર દ્રુહ્યુંનો વંશ સાંભળો. યયાતિના પુત્ર દ્રુહ્યુના બભ્રુ થયા. બભ્રુના સેતુ થયા, સેતુના આરબ્ધ થયા, આરબ્ધના ગાંધાર થયા. ગાંધારના ધર્મ થયા, ધર્મના ધૃત થયા, ધૃતના દુર્મના થયા. દુર્મનાના પ્રચેતા થયા અને પ્રચેતાને સો પુત્રો હતા તે સોએ ઉત્તર દિશામાં રહેતા તેમજ મ્લેચ્છોના રાજા હતા. (૧૪,૧૫)

યયાતિ રાજાના બીજા પુત્ર તુર્વસુના વંશની કથા

રાજન્ ! રાજા યયાતિના બીજા પુત્ર તુર્વસુનો વંશ હવે સાંભળો. તુર્વસુના વહ્નિ થયા. વહ્નિના ભર્ગ થયા. ભર્ગના ભાનુમાન થયા. ભાનુમાનના ત્રિભાનુ થયા અને ત્રિભાનુના કરંધમ નામે ઉદાર બુદ્ધિવાળા પુત્ર થયા. કરંધમના મરુત નામે પુત્ર થયા. મરુતને કંઈ સંતાન ન હતું તેથી તેણે પુરુના વંશમાં જન્મેલા રાજા દુષ્યન્તને જ પુત્ર તરીકે સ્વીકાર્યા હતા. આ રીતે રાજા દુષ્યન્ત, જો કે મરુતના જ પુત્ર ગણાય પણ રાજ્યલાલસાથી પોતાના પુરુવંશમાં જ તે મળી ગયા હતા. (૧૬,૧૭)

યયાતિ રાજાના જયેષ્ઠ પુત્ર પરમ ભાગવત શ્રીયદુવંશની પુણ્યવંશ ગાથા

ययातेर्ज्येष्ठपुत्रस्य यदोर्वंशं नरर्षभ । वर्णयामि महापुण्यं सर्व पापहरं नृणाम् ॥
यदोर्वंशं नरः श्रुत्वा सर्वपापैर्विमुच्यते । यत्रावतीर्णो भगवान् परमात्मा नराकृतिः ॥

શ્રી શુક્રાચાર્ય મહારાજે કહ્યું કે રાજન્ ! હવે યયાતિના સૌથી મોટા પુત્ર ભક્તવર યદુના વંશને વર્ણવું છું તે આપ સાંભળો. રાજન્ ! યદુવંશ અત્યંત પુણ્યશાળી તેમજ મનુષ્યનાં સર્વ પાપોને હરનાર છે. શ્રી રાજા યદુના વંશનું શ્રવણ કરનાર મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે. રાજન્ ! આ શ્રી યદુવંશમાં ભગવાન શ્રીકૃષ્ણ મનુષ્ય સ્વરૂપ લઈ સ્વયં પધાર્યા હતા. યદુના સહસ્ત્રજિત, કોષ્ટા, નલ તથા રિપુ આ ચાર પુત્રો હતા. (૧૮,૧૯) આ ચાર પુત્રોમાં પ્રથમ પુત્ર સહસ્ત્રજિતના શતજિત થયા. શતજિતને મહાહય વેણુહયા તથા હૈહય નામના ત્રણ પુત્ર હતા. (૨૦) આ ત્રણમાં હૈહયના પુત્ર ધર્મ થયા. ધર્મના નેત્ર, નેત્રના કુંતિ થયા અને કુતિંના સોહંજિ થયા, સોહંજિના મહિષ્માન થયા અને મહિષ્માનના ભદ્રસેન નામના પુત્ર થયા. (૨૦-૨૨) આ ભદ્રસેનના દુર્મદ તથા ધનક નામના બે પુત્ર થયા હતા. તેમાં ધનકને કૃતવીર્ય, કૃતાગ્નિ, કૃતવર્મા અને કૃતૌજા એમ ચાર પુત્રો હતા. (૨૩) આ ચાર પુત્રોમાં કૃતવીર્યને અર્જુન નામના પુત્ર થયા હતા. અર્જુન સાત દ્વીપોના રાજા હતા અને સહસ્ત્રાર્જુને શ્રીહરિના અંશરૂપ દત્તાત્રેય ભગવાન પાસેથી યોગ

અને મહાન ગુણો પ્રાપ્ત કર્યા હતા. (૨૪) રાજન્ ! પૃથ્વીના કોઈ રાજાઓ યજ્ઞ, દાન, તપ, યોગ, શાસ્ત્ર, પરાક્રમ તથા વિજય વગેરેમાં કાર્તવીર્ય અર્જુનની તુલનાને પામી શકશે નહી. (૨૫) આ સહસ્ત્રાર્જુનના માત્ર નામનું સ્મરણ કરવાથી ધનનો કદી નાશ થતો નથી. તેણે પંચાશી હજાર વર્ષ સુધી અસ્ખલિત બળે છયે ઈન્દ્રિયોના અખૂટ વિષયો ભોગવ્યા હતા. (૨૬) આ રાજાને હજારો પુત્રો હતા. પણ તેઓમાંથી જયધ્વજ, શૂરસેન, વૃષભ, મધુ, ઊર્જિત નામના પાંચ જ પુત્રો પરશુરામજીની સાથેના યુદ્ધમાં બચ્યા હતા. (૨૭) આ પાંચમાંના જયધ્વજથી તાલજંઘ થયા હતા. તે તાલજંઘને સો પુત્રો હતા. જેઓ તાલજંઘના નામે જ કહેવાયા હતા. આ તાલજંઘોનો ઔર્વઋષિના તેજનો આશ્રય કરી સગરરાજાએ નાશ કર્યો હતો. (૨૮) તાલજંઘના આ સો પુત્રોમાંથી સૌથી મોટા પુત્રનું નામ વીતિહોત્ર હતું. સહસ્ત્રાર્જુનના મધુને પણ સો પુત્ર હતા. આ સો પુત્રોમાં સૌથી મોટા વૃષ્ણિ નામના હતા. આ વૃષ્ણિના નામથી આખું વૃષ્ણિકુળ ચાલું થયું હતું. (૨૯)

હે રાજન્ ! મધુથી થયેલા તેથી 'માધવ', વૃષ્ણિથી થયેલા તેથી 'વૃષ્ણિઓ' અને યદુથી થયેલા તેથી 'યાદવ' કહેવાય હતા. યદુના પુત્ર ક્રૌષ્ટુ થયા હતા. અને ક્રૌષ્ટુના વૃજિન્વાન પુત્ર હતા. (૩૦) વૃજિન્વાનના શ્વાહિ થયા, શ્વાહિના રુશેકુ થયા, રુશેકુના ચિત્રરથ થયા અને ચિત્રરથના શશબિંદુ પુત્ર હતા. એ શશબિંદુ મહાયોગી, મહાભોગી અને અત્યંત મહાન હતા. (૩૧) આ શશબિંદું ચૌદ મહારત્નો સ્વામી અને ચક્રવર્તી હતા. વળી કોઈથી પરાજય ન પામે તેવા અને ઘણા મહાન યશસ્વી હતા. તે રાજાને દશ હજાર સ્ત્રીઓ હતી. તેઓમાં તેણે એક સ્ત્રીની અંદર લાખ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. એ પુત્રોમાં પૃથુશ્રવા વગેરે છ પુત્રો મુખ્ય હતા. (૩૨,૩૩) તેમાંથી પૃથુશ્રવાના ધર્મ થયા અને ધર્મના ઉશના પુત્ર થયા હતા. એ ઉશનાએ સો અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. તેના પુત્ર રુચક થયા અને તે રુચકને પાંચ પુત્રો થયા હતા. (૩૪) રાજન્ ! તેનાં નામો કહું તે તમે સાંભળો. પુરુજિત, રુકમ, રુકમેષુ, પૃથુ અને જયામઘ નામથી પ્રસિદ્ધ હતા. તેઓમાં જયામઘને કંઈ સંતાન ન હતું તેની સ્ત્રીનું નામ 'શૈબ્યા' હતું. (૩૫) તેને બીજી સ્ત્રી કરલાની ઈચ્છા હતી પણ શૈયાના ભયથી તે બીજી સ્ત્રી મેળવી શકતો ન હતો. પણ એક સમયે તેણે શત્રુના ઘરમાંથી ભોજ્યા નામની કન્યાનું હરણ કર્યું ત્યારે રથમાં બેઠેલી તે કન્યાને જોઈ રોષે ભરાયેલ શૈબ્યાએ પતિને કહ્યું. (૩૬) 'ઓ, કપટી ! આ સ્ત્રી કોણ છે જેને મારા બેસવાના સ્થાને તમે રથમાં બેસાડી છે?'' તે સાંભળી જયામઘે કહ્યું, ''આ તો તારી પુત્રવધૂ છે. ત્યારે મંદ હાસ્ય કરી શૈબ્યા પતિને કહેવા લાગી. (૩૭) ''હું તો વંધ્યા છું, તેમજ આપને બીજી પત્ની નથી. તો આ મારી પુત્રવધૂ કેવી રીતે બને? '' તે સાંભાળી જયામઘે કહ્યું ''હે રાણી ! તુ જે પુત્રને જન્મ આપીશ તેની કુલવધૂ બનાવશું.'' (૩૮) રાજન્ ! રાજા જયામઘની આરાધનાથી વિશ્વેદેવો તથા પિતૃદેવો પ્રસન્ન થયા ત્યારે પુત્રેચ્છા કરી તેથી દેવોએ 'તથાસ્તુ' એમ કહી અનુમોદન આપ્યું. એટલે શૈબ્યાએ ગર્ભ ધારણ કર્યો અને સમય જતાં ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. તે પુત્રનું નામ વિદર્ભ રાખ્યું અને ઘરમાં પુત્રવધૂ માટે રાખેલી સતી ભોજ્યાને વિદર્ભ પરણ્યા. (૩૯)

अन्वमोदन्त तद्विश्वेदेवाः पितर एव च । शैब्या गर्भमधात्काले कुमारं सुषुवे शुभम् ।
स विदर्भ इति प्रोक्त उपयेमे स्नुषां सतीम् ॥ ३९ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૨૩મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૪ મો

[આ અધ્યામાં ૬૭ શ્લોકો છે. જયામઘ પુત્ર વિદર્ભનો વંશ, અક્રૂરજી, શ્રી વસુદેવજી, શ્રીવસુદેવજીની બહેનો, ઉગ્રસેન, કંસ, કંસની બહેનો અને ભગવન શ્રીકૃષ્ણના પ્રાકટ્યની કથા આવશે.]

श्रीशुक उवाच-तस्यां विदर्भोऽजनयत्पुत्रौ नाम्ना कुशक्रथौ । तृतीयं रोमपादं च विदर्भकुलनन्दनम् ॥ १ ॥

વિદર્ભ વંશનો પ્રારંભ

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! રાજા વિદર્ભ તે ભોજ્યા સ્ત્રીમાં વિદર્ભના કુળને આનંદ આપનારા કૃશ. ક્રથ અને ત્રીજા રોમપાદ એમ ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. (૧) રાજન્ ! આ ત્રણમાંથી રોમપાદને બભ્રુ નામના પુત્ર થયા. બભ્રુના

કૃતિ થયા, કૃતિના ઉશીક અથવા કુશિક થયા. આ કુશિકના ચેદિ થયા અને ચેદિના ચેદ્યાદિ રાજાઓ થયા હતા. (૨) વિદર્ભના બીજા પુત્ર ક્રથના કુંતિ પુત્ર થયા. કુંતિના ધૃષ્ટિ થયા. ધૃષ્ટિના નિવૃત્તિ થયા, નિવૃત્તિના દશાર્હ થયા, દશાર્હના વ્યોમ થયા. (૩) વ્યોમના જીમૂત થયા. જીમૂતના વિકૃતિ થયા, વિકૃતિના ભીમરથ થયા. ભીમરથના નવરથ થયા, નવરથના દશરથ થયા. (૪) દશરથના શકુનિ થયા, શકુનિના કરંભિ થયા, કરંભિના દેવરાત થયા, દેવરાતના દેવક્ષત્ર થયા, દેવક્ષત્રના મધુ થયા, મધુના કુરુવશ થયા, કુરુવશના અનુ થયા. (૫) અનુના પુરુહોત્ર થયા, પુરુહોત્રના આયુ થયા, આયુના સાત્વત થયા અને સાત્વતના ભજમાન, ભોજ, દિવ્ય, વૃષ્ણિ, દેવાવૃધ, અંધક તથા મહાભોજ એમ સાત પુત્રો હતા. (૬) હે આર્ય રાજા ! આ સાતમાંના ભજમાનને એક પત્નીમાં નિમ્લોચિ, કિંકિણ અને ધૃષ્ટિ નામના ત્રણ પુત્રો અને બીજી પત્નીમાં શતાજિત, સહસ્ત્રાજિત તથા અયુતાજિત નામના ત્રણ પુત્રો થયા હતા. (૮)

સાત્વતના પાંચમાં પુત્ર દેવાવૃધના બભ્રુ પુત્ર થયા હતા. આ પિતાપુત્રના સંબંધમાં વિદ્વાનો આવા અર્થના બે શ્લોક કહે છે : ''બભ્રુ મનુષ્યોમાં શ્રેષ્ઠ છે અને તેના પિતા દેવાવૃદ્ધ દેવો સમાન છે. તેઓ બન્નેને અમે જેવા દૂરથી સાંભળીએ છીએ તેવા જ સમીપમાં પણ જોઈએ છીએ. બભ્રુ અને દેવાવૃદ્ધના ઉપદેશથી છ હજાર અને તોંતેર પુરુષો મોક્ષ પામ્યા છે. સાત્વતના છેલ્લા મહાભોજ પુત્ર થયા તે પણ ધર્માત્મા હતા. તેના વંશમાં થયેલા રાજાઓ 'ભોજ' કહેવાયા. (૯-૧૧)

હે શુત્રતાપન રાજા ! સાત્વતના ચોથા પુત્ર વૃષ્ણિના સુમિત્ર તથા યુધાજિત નામના બે પુત્ર થયા અને યુધાજિતના પણ શિનિ તથા અનમિત્ર નામના બે પુત્રો થયા. (૧૨) તેઓમાં અનમિત્રથી નિમ્ન થયા અને નિમ્નના પણ સત્રાજિત તેમજ પ્રસેન નામના બે પુત્રો થયા. હવે અનમિત્રને જ બીજી પત્નીમાં શિનિ નામના પુત્ર થયા અને શિનિના સત્યક થયા. (૧૩) અને તે સત્યકના 'સાત્યકિ' તથા 'યુયુધાન' એવાં બે નામવાળા પુત્રનો જન્મ થયો હતો. તે સાત્યકિના જય થયા, જયના કુણિ થયા અને કુણિના યુગંધર પુત્ર થયા તેમજ અનમિત્રને જ 'વૃષ્ણિ' નામના બીજા પણ પુત્ર હતા. એ વૃષ્ણિના શ્વફલ્ક તથા ચિત્રરથ નામના બે પુત્રો થયા. તેમાંના શ્વફલ્કથી ગાંદિની નામની પત્નીમાં આસંગ, આરમેય, મૃદુર, મૃદુવિદ્, ગિરિ, ધર્મવૃદ્ધ, સુકર્મા, ક્ષેત્રોપેક્ષમ, અરિમર્દન, શત્રુઘ્ન, ગંધમાદ ને પ્રતિબાહુ નામના અક્રૂર સિવાય બાર અને અક્રૂર સાથે તેર પુત્રો થયા હતા. તેમજ સુચીરા નામની તેઓની બહેન હતી. તેઓમાં અક્રૂરને દેવવાન અને ઉપદેવ નામે બે પુત્રો હતા.તેમજ વૃષ્ણિકના બીજા પુત્ર ચિત્રરથને પૃથુ નામના પુત્ર થયા તેમજ બીજા પણ વિદુરથ આદિ ઘણા પુત્રો વૃષ્ણિવંશને આનંદ આપનાર હતા. (૧૪-૧૮) સાત્વતના છઠ્ઠા પુત્ર અંધકને કુકુર, ભજમાન, શુચિ તથા કંબલબર્હિષ નામના ચાર પુત્રો થયા હતા. આ ચારમાં કુકુરના વહ્નિ થયા અને વહ્નિના વિલોમા પુત્ર થયા. (૧૯) એ વિલોમાના કપોતરોમા થયા અને કપોતરોમાને અનુ નામના પુત્ર હતા. તુંબરુ ગંધર્વ અનુના મિત્ર હતા. એ અનુના અંધક થયા,અંધકના દુંદુભિ થયા. દુંદુભિના અરિદ્યોત થયા અને અરિદ્યોતના પુનર્વસુ થયા. (૨૦,૨૧)

આહુક વંશમાં દેવક અને ઉગ્રસેન રાજા

પુનર્વસુના આહુક પુત્ર થયા તથા આહુકી નામની કન્યા હતી. તેમાં આહુકને દેવક તથા ઉગ્રસેન નામના બે પુત્રો થયા હતા. જેમાં દેવકને દેવવાન, ઉપદેવ, સુદેવ તથા દેવવર્ધન નામના ચાર પુત્રો થયા હતા. હે રાજન ! એ ચાર ભાઈઓને ધૃત્તદેવા, શાંતિદેવા, ઉપદેવા, શ્રીદેવા, દેવરક્ષિતા, સહદેવા તથા દેવકી નામની સાત બહેનો હતી. તે સાતને વસુદેવ પરણ્યા હતા. (૨૨,૨૩) આહુકના બીજા પુત્ર-ઉગ્રસેને કંસ, સુનામા, ન્યગ્રોધ, કંક, શંકુ, સુહુ, રાષ્ટ્રપાલ, સૃષ્ટિ અને તુષ્ટિમાન નામના નવ પુત્રો અને કંસા, કંસવતી, કંકા, શૂરભૂ તથા રાષ્ટ્રપાલિકા નામની પાંચ પુત્રીઓ હતી. તેઓ વસુદેવના નાના ભાઈઓની સ્ત્રીઓ હતી. (૨૪,૨૫) ચિત્રરથના પુત્ર વિદુરથથી શૂર નામના પુત્ર થયા હતા. એ શૂરના ભજમાન થયા, ભજમાનના શિનિ થયા. શિનિના સ્વયંભોજ થયા. સ્વયંભોજના હ્દીક થયા. (૨૬) હ્દીકના દેવબાહુ, શતધનુ, કૃતવર્મા તથા દેવમીઢ નામના ચાર પુત્રો થયા હતા. તેઓમાં દેવમીઢને શૂર નામના પુત્ર થયા હતા. તેમની મારિષા નામની પત્ની હતી. (૨૭)

દેવોનો દુંદુભિ નાદ

આ મારિષા પત્નીમાં શૂરે વસુદેવ, દેવભાગ,દેવશ્રવા, આનક, સૃંજય, શ્યામક, કંક, શમી, વત્સક અને વૃક નામના દશ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેઓમાં વસુદેવના જન્મસમયે દેવોનાં દુંદુભિ એટલે નગારાં અને આનક એટલે નરઘાં વાગ્યા હતાં માટે વસુદેવજીનું બીજુ નામ આનક-દુંદુભિ પડ્યું હતું. (૨૮,૨૯) રાજન્ ! શ્રી વસુદેવ ભગવાન શ્રીકૃષ્ણના પ્રાકટ્યની પાવન ભૂમિ છે. વસુદેવ વગેરે દશ ભાઈઓને પૃથા, શ્રુતદેવા, શ્રુતકીર્તિ, શ્રુતશ્રવા તથા રાજાધિદેવી નામની પાંચ બહેનો હતી. તેઓમાંથી પહેલી પૃથાને શૂરરાજાએ પોતાના સંતાનરહિત મિત્ર કુંતીભોજ રાજાને સ્નેહવશ દત્તક તરીકે આપી હતી તેથી જ શ્રીપૃથાજીનું બીજુ નામ કુંતી પડ્યું હતું અને વધુ પ્રચલિત હતું. (૩૦,૩૧)

રાજન્ ! ભગવતી શ્રીકુંતીજીએ સેવા કરી પ્રસન્ન કરેલા દુર્વાસા ઋષિ પાસેથી 'દેવદૂતિ' નામની દેવોને પ્રત્યક્ષ કરનારી મંત્રવિદ્યા મેળવી હતી. આ વિદ્યાની શક્તિની પરીક્ષા કરવા કુંતીએ પવિત્ર દેવ સૂર્યનું નિમંત્રણ કર્યું ત્યારે તે જ ક્ષણે પધારેલા સૂર્યદેવને જોઈ કુંતીજી મનમાં આશ્ચર્ય પામ્યાં અને બોલી ઊઠ્યાં ''ભગવન્ સૂર્ય ! મેં તો માત્ર વિદ્યાની પરીક્ષા કરવા માટે મંત્રનો પ્રયોગ કર્યો હતો. માટે દેવ ! આપ આપના સ્થાને પધારો અને આપેલા શ્રમ માટે ક્ષમા કરો.'' આ સાંભળી સૂર્યદેવે કહ્યું, ''હે દેવી ! મારું દર્શન સફળ થવું જોઈએ માટે કોમલ કટિથી દીપતાં કુન્તી ! હું આપને પુત્ર આપીશ અને તમે કુમારિકા છો તેથી તમારો કૌમાર્ય ધર્મ દૂષિત નહીં થાય તે પ્રમાણે પુત્ર આપીશ.'' એમ કહી સૂર્યદેવે આયોનિજ પ્રકારે મંત્રથી ગર્ભાધાન કરાવી પછી તે પોતાના સૂર્યલોકમાં ચાલ્યા ગયા અને તે જ ક્ષણે સૂર્ય સમાન તેજસ્વી કુમાર પ્રકટ થયા. (૩૨-૩૫) રાજન્ ! આ તો અલૌકિક પુત્ર હતો. પરંતુ લોકો તો શંકાશીલ જ રહ્યા તેથી શ્રીકુંતીજીએ લોકોથી ડરીને મહા દુઃખથી એ કુમારને એક પેટીમાં પધરાવી ગંગા નદીના પ્રવાહમાં વહાવી દીધા. રાજન્ ! આ શ્રી કુંતીજી સાથે આપના દાદા શ્રી અર્જુનના પિતા સત્યપરાક્રમી શ્રી પાંડુરાજા પરણ્યા હતા. (૩૬) કુંતીનાં નાનાં બહેન શ્રુતદેવાને કારુષદેશના રાજા વૃદ્ધશર્મા પરણ્યા હતા. આ શ્રી શ્રુતદેવાને ત્યાં સનત્કુમારોના શાપથી વિજય નામનો પાર્ષદ દિતિને ત્યાં હિરણ્યકશિપુ તરીકે પ્રથમ જન્મેલ આજે ત્રીજા જન્મમાં દંતવક્ત્ર તરીકે જન્મ્યો હતો. (૩૭) હવે કુંતીથી નાની ત્રીજી બહેન શ્રુતકીર્તિને કૈકય દેશના રાજા ધૃષ્ટકેતુ પરણ્યા હતા. તેમાં સંતદર્શન વગેરે પાંચ કૈકયવંશી પુત્રો થયા હતા. (૩૮) અવંતિના રાજા જયસેન પાંચમી રાજાધિદેવીને પરણ્યા હતા અને તેમાં વિંદ તથા અનુવિંદ નામના બે પુત્રો તેણે ઉત્પન્ન કર્યા હતા. ચેદિદેશના રાજા દમઘોષ ચોથી કન્યા શ્રુતશ્રવાને પરણ્યા હતા. જેમાં શિશુપાલ નામના પુત્રનો જન્મ થયો હતો. વસુદેવના બીજા ભાઈ દેવભાગને કંસા નામની પત્નીમાં ચિત્રકેતુ તથા બૃહદ્બલ નામે બે પુત્રો થયા હતા. બીજા દેવશ્રવાને કંસવતી નામની પત્નીમાં સુવીર તથા ઈષુમાન નામના બે પુત્રો થયા હતા. ચોથા આનકને કંકા નામની સ્ત્રીમાં સત્યજિત તથા પુરુજિત નામના બે પુત્રો થયા હતા. (૪૧) પાંચમા સૃંજયને રાષ્ટ્રપાલી નામની પત્નીમાં બે પુત્રો થયા હતા. (૪૨) નવમા વત્સકને મિશ્રકેશી નામની અપ્સરામાં વૃક વગેરે પુત્રો થયા હતા. દશમા વૃકને દુર્વાક્ષી નામની સ્ત્રીમાં તક્ષ, દુષ્કર તથા શાલ વગેરે પુત્રો થયા હતા. (૪૩) આઠમા શમીકથી સુદામિની પત્નીમાં ઋતધામ તથા જશ વગેરે પુત્રો ઉત્પન્ન કર્યા હતા. (૪૪) વસુદેવને પૌરવી, રોહિણી, ભદ્રા, મદિરા, રોચના, ઈલા તથા દેવકી એમ સાત સ્ત્રીઓ હતી. તેમાંથી દેવકીજી મુખ્ય હતાં. (૪૫)

વસુદેવ પરિવાર

શ્રીવસુદેવને ત્યાં રોહિણીમાં બલ, ગદ, સારણ, દુર્મદ, વિપુલ, ધ્રુવ તેમજ કૃત વગેરે પુત્રો ઉત્પન્ન થયા હતા. (૪૬) પૌરવીથી વસુદેવને સુભદ્ર, ભદ્રવાહ, દુર્મદ, ભદ્ર તથા ભૂત વગેરે બાર પુત્રો થયા હતા. (૪૭) મદિરામાં વસુદેવજીએ નંદ, ઉપનંદ, કૃતક તથા શૂર વગેરે પુત્રોને ઉત્પન્ન કર્યા હતા. તેમજ વસુદેવથી ભદ્રાએ કુળને આનંદ આપનારા કેશી નામના એક જ પુત્રને જન્મ આપ્યો હતો. (૪૮) વસુદેવજીથી રોચનામાં હસ્ત તથા હેમાંગદ વગેરે પુત્રો થયા હતા. તેમજ વસુદેવથી ઈલામાં ઉરુ, વલ્ક તથા યદુ વગેરે પુત્રો ઉત્પન્ન થયા હતા. (૪૯) વસુદેવને ધૃતદેવામાં વિપૃષ્ઠ નામનો એક જ પુત્ર થયો હતો અને હે રાજન્ ! વસુદેવની શાંતિદેવા નામની પત્નીમાં શ્રમ, પ્રતિશ્રુત વગેરે પુત્રો થયા હતા. (૫૦)

વળી વસુદેવની ઉપદેવા પત્નીમાં કલ્પ તથા વર્ષ વગેરે દશ પુત્રો થયા હતા. શ્રીદેવાના વસુ, હંસ તથા સુવંશ વગેરે છ પુત્રો થયા. (૫૧) વસુદેવે દેવરક્ષિતામાં ગદ વગેરે નવ પુત્રોને જન્મ આપ્યો હતો તેમજ સહદેવોમાં સાક્ષાત્ ધર્મે જેમ આઠ વસુઓને ઉત્પન્ન કર્યા હતા તેમ પુરુ, વિશ્રુત વગેરે આઠ પુત્રો ઉત્પન્ન કર્યા હતા અને દેવકીમાં ઉદાર બુદ્ધિવાલા વસુદેવે કીર્તિમાન, સુષેણ, ભદ્રસેન, ઋજુ, સંમર્દન, ભદ્ર અને નાગના અવતાર સંકર્ષણ એમ સાત પુત્રો ઉત્પન્ન કર્યા હતા. (૫૨-૫૪) અને આઠમા શ્રીહરિ પોતે એ વસુદેવ દેવકીથી જન્મ્યા હતા. ઉપરાંત હે રાજન્ ! મહાભાગ્યશાળી આપણાં દાદી સુભદ્રા પણ વસુદેવ-દેવકીથી જ જન્મ્યાં હતા. (૫૫) જ્યારે જ્યારે આ પૃથ્વી ઉપર ધર્મનો નાશ થાય છે ને પાપ વધે છે ત્યારે ત્યારે સર્વના ઈશ્વર ભગવાન શ્રીહરિ અવતાર લે છે. રાજન્ ! ભગવાન માયાના નિયંતા, સર્વ સંગથી રહિત, સર્વના સાક્ષી અને સર્વવ્યાપક છે. તેથી કેવળ માયા સાથેના વિનોદ વિના તેમને જન્મો લેવાનું કે કર્મો કરવાનું કાંઈ કારણ નથી. (૫૭) ભગવાનની માયાને વિલાસ જ જીવોના જન્મ, જીવન અને મૃત્યુનું કારણ છે અને તેમનો અનુગ્રહ માયાને દૂર કરીને આત્મસ્વરૂપને પ્રાપ્ત કરાવનાર છે. (૫૮) જે સમયે રાજાનું માત્ર ચિહ્ન ધરનાર અને અક્ષૌહિણી સેનાઓના સ્વામી એવા રાજાઓરૂપી ભારથી આ પૃથ્વી દબાઈ જતી હતી ત્યારે તેનો ભાર ઉતારવા ભગવાને લીલા કરી હતી. (૫૯) મધુ દૈત્યનો નાશ કરનારા ભગવાન શ્રીકૃષ્ણે બલરામ સાથે ઈન્દ્રાદિ દેવોના મનમાં પણ ન આવી શકે તેવાં ઘણાં કર્મો કર્યાં હતા. (૬૦) અને જે ભક્તો કલિયુગમાં થશે તેઓના ઉપર કૃપા કરવા દુઃખ, શોક તથા અજ્ઞાન દૂર કરનાર મહાપવિત્ર યશ ફેલાવ્યો હતો. (૬૧) જે યશ સજ્જનોના કાનને અમૃત જેવો હોઈ સર્વ તીર્થોમાં ઉત્તમ તીર્થ છે. તીર્થરૂપ યશમાંથી મનુષ્ય એકવાર પણ કાનરૂપી અંજલિથી જો આચમન કરે છે, તો તે કર્મોની વાસનાનો નાશ કરે છે. (૬૨) જેમના ચરિત્રની ભોજ, વૃષ્ણિ, અંધક, મધુ, શૂરસેન, દશાર્હ, કુરુ, સૃંજય અને પાંડુવંશી રાજાઓ નિત્ય પ્રશંસા કરતા, તે શ્રીકૃષ્ણ ભગવાને સ્નેહાળ હાસ્યથી,કૃપાદષ્ટિથી, ઉદાર વાક્યોથી પરાક્રમ ભરેલી લીલાઓથી અને સર્વાંગ-સુંદર શ્રી વિગ્રહથી આ મનુષ્ય લોકને આનંદ પમાડ્યો હતો. (૬૩,૬૪)

यस्याननं मकरकुण्डलचारुकर्णभ्राजत्कपोलसुभगं सविलासहासम् ।
नित्योत्सवं न ततृपुर्दशिभिः पिबन्त्यो नार्यो नराश्च मुदिताः कुपिता निमेश्च ॥ ६५ ॥

રાજન્ ! બન્ને કાન પર ધારણ કરેલ મકરાકાર રત્નકુંડલોથી મનોહર અને પ્રકાશિત બન્ને ગાલથી અત્યંત મધુર, વળી મંદહાસ્ય અને વિલાસથી ભરેલા, નિત્ય ઉત્સવ-આનંદને દેનારા રસરાજ ભગવાન શ્રીકૃષ્ણના મુખ કમલની પ્યાસી આંખોથી પાન કરતાં નરનારીઓ કદી ધરાતાં જ ન હતાં. પરંતુ આડે આવતા પલકારાથી નિમિરાજા ઉપર અને વિધાતા ઉપર રોષે ભરાતા હતા. (૬૫)

जातो गतः पितृगृहाद्व्रजमेधितार्थो हत्वा रिपून्सुतशतानि कृतोरुदारः ।
उत्पाद्य तेषु पुरुषः क्रतुभिः समीजे आत्मनमात्मनिगमं प्रथञ्जनेषु ॥ ६६ ॥

રાજન્ ! નાથ મથુરાજીમાં પ્રકટ થઈને તરત જ વ્રજમાં પધાર્યા અને વ્રજમાં રસ રેલાવી ઉત્કર્ષ કરી પાછા પધારી ભૂતલ ઉપરના અનંત શત્રુઓનો સંહાર કરી સોળ હજાર લગ્ન કરી હજારો પુત્રને જન્મ આપ્યો. સ્વયં પુરુષોત્તમ હોવા છતાં યજ્ઞોથી પોતાના જ સ્વરૂપનું યજન કરી વેદમાર્ગનો અને ગીતાજી દ્વારા આત્મબોધનો જનસમૂહમાં પ્રચાર કર્યો. (૬૬)

રાજન્ ! પૃથ્વી ઉપર વધેલા ભારને ઉતારવા કૌરવોની અંદર આપસમાં કલહ પેદા કરી રણ સંગ્રામમાં રાજાઓની ચતુરંગ સેનાઓનો નજરમાત્રથી નાશ કરી નાખ્યો. વિજય તો અર્જુનને વર્યો છે એવું જાહેર કર્યું અને શ્રી ઉદ્ધવજીને પણ ઉપદેશ આપ્યો. પુનઃ કૃપાનિધિ શ્રીકૃષ્ણ નિજ લોકમાં પધાર્યા. આવા કરુણાસિંધુ પ્રભુના શ્રીચરણે કોટિ કોટિ પ્રણામ.

पृथ्व्याः स वै गुरुभरं क्षपयत्कुरूणामन्तःसमुत्थकलिना युधि भूपचम्वः ।
दृष्ट्या विधूय विजये जयमुद्विघोष्य प्रोच्योद्धवाय च परं समगात्स्वधाम ॥ ६७ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના નવમ સ્કંધનો ૨૪મો અધ્યાય સમાપ્ત.

શ્રીહરિઃ

શ્રીમદ્ ભાગવતપીયૂષ

સ્કંધ દશમો : અધ્યાય ૯૦

નિરોધલીલા : પાંચ પ્રકરણ : શ્રીનાથજી બાવાનું હૃદય

શ્રીમદ્ ભાગવતજીનું નામ 'સમાધિભાષા' છે. સમાધિભાષા સર્વની માતા છે. માતાનાં બે સ્વરૂપ અષ્ટમ સ્કંધ અને નવમ સ્કંધમાંથી 'સંતોના ધર્મ અને સંતોનાં ચરિત્ર' આ નામનાં બે પ્રકરણનાં અમૃતનું પાન કર્યું તેથી હૃદયમા ભક્તિરસ જાગૃત થયો. અન્તઃકરણ પુષ્કળ ભાવવાળું થયું ત્યારે શ્રી શુકાચાર્યજીએ મહારાજશ્રી પરીક્ષિત રાજાને દશમ સ્કંધની લીલા કહેવાનો પ્રારંભ કર્યો.

આ દશમ સ્કંધ ભગવાનનું હૃદય છે અને 'નિરોધલીલા' એનું નામ છે. નિરોધની વ્યાખ્યા જરા સમજી લઈએ. ''મન અને ઈન્દ્રિયોને સરલતાથી ભગવાન શ્રીકૃષ્ણમાં પરોવી રાખવાં'' એ ક્રિયાને નિરોધ કહેવામાં આવે છે. ''તપ-યોગ-ઉપાસના-જ્ઞાન-સંન્યાસ'' આ બધાં સફળ સાધનો છે છતાં મનુષ્ય આ સાધનોને સરલતાથી આચરી શકે તેમ નથી. ત્યારે શ્રી ઠાકોરજીની આનંદમય-કલ્યાણમય-મંગલમય કથાઓનાં પાન કરતાં ખૂબ જ સરલતાથી ભગવાનમાં મન પરોવાઈ જાય છે અને ભગવાનમાં પ્રેમ થઈ જાય છે. દશમ સ્કંધની ભગવાન શ્રીકૃષ્ણની લીલા કથાના શ્રવણથી હૃદય શ્રીકૃષ્ણમાં પ્રેમ કરશે-શ્રીકૃષ્ણની સેવા કરશે અને ભક્તના ભાવભીના હૃદયમાં સ્વયં ભગવાન પધારશે. તેમજ હૃદયમાંથી બહાર જશે જ નહીં. તેથી આ સ્કંધનું નામ '' નિરોધ'' આપ્યું છે. આ સ્કંધના આરંભમાં બે શ્લોકો યાદ કરવા. શ્રી મહાપ્રભુજી મંગલાચરણ કરે છે કે ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓ ક્ષીરસાગર છે, ભક્તજનનું હૃદય ક્ષીરસાગરમાં શય્યા સ્વરૂપે બિરાજમાન શેષ ભગવાન છે.

नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम् । लक्ष्मीसहस्रलीलाभिः सेव्यमानं कलानिधिम् ॥

આ હૃદય શેષ ભગવાન ઉપર કલાનિધિ શ્રીકૃષ્ણ ભગવાન પોઢ્યા છે અને ભગવાનની અનન્ત લીલાઓ નામનાં અનંત લક્ષ્મીજીઓ શ્રી ઠાકોરજીની સેવા કરે છે તે શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરું છું. આ દશમ સ્કંધના ૯૦ અધ્યાયો છે. આ બધા જ અધ્યાયો શ્રી વ્યાસ મહર્ષિના જ રચેલા છે. માત્ર તેમાં ત્રણ અધ્યાયોની વત્સાપહરણની કથા બીજા કલ્પની કથા છે. કથા ભગવાન શ્રીકૃષ્ણની જ છે. બાકીના સત્તાશી.(૮૭) અધ્યાયનાં પાંચ પ્રકરણો એટલે પાંચ ભાગો છૂટા પાડીને સમજાવે છે. ૧. જન્મપ્રકરણ ૨. તામસપ્રકરણ ૩. રાજસપ્રકરણ ૪. સાત્વિકપ્રકરણ અને ૫. ગુણપ્રકરણ એવાં પાંચ નામ છે.

चतुर्भिश्च चतुर्भिश्च चतुर्भिश्च त्रिभिस्तथा । षड्भिर्विराजतेयोऽसौ पञ्चधा हृदये मम ॥

૧. चतुर्भि : જન્મપ્રકરણ ૧ થી ૪ આધ્યાયઃ પ્રથમ ચાર અધ્યાયોમાં ભગવાન શ્રીવાસુદેવ સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ આવાં ચાર સ્વરૂપથી પ્રકટ થયા છે તેનું વર્ણન આ ચાર અધ્યાયોમાં આવે છે માટે આ ચાર અધ્યાયનું નામ ''જન્મપ્રકરણ'' આપ્યું છે.

૨. चतुभि : ૭ X ૪=૨૮ અધ્યાયનાં ચાર પેટા પ્રકરણોનું નામ ''તામસપ્રકરણ '' અધ્યાય ૫ થી ૩૨ આ પ્રકરણનું નામ તો તામસપ્રકરણ એટલા માટે આપ્યું છે કે ગોકુલમાં વ્રજમાં રહેલા ભક્તોનો ભગવાને તામસ લીલાઓ કરીને નિરોધ કર્યો છે. તામસનો અર્થ એવો થાય છે કે વ્રજભક્તોએ ભગવાનને મેળવવા કોઈ જ્ઞાન-તપ વગેરે સાધન નથી કર્યાં પરંતુ ભગવાનમાં કેવલ પ્રેમ જ કર્યો છે. ભગવાને પણ તેમને અનન્ય પ્રેમ આપીને પોતાનામાં વાળ્યા છે. તેથી આ પ્રકરણનુંનામ તામસપ્રકરણ છે.

૩. चतुभि : ૭ X ૪=૨૮ અધ્યાયના ચાર પેટા પ્રકરણનું નામ 'રાજસપ્રકરણ' અધ્યાય ૩૩ થી ૬૦ મથુરામાં રહેલા ભક્તોનો ભગવાને રાજસલીલાઓથી ઉદ્ધાર કર્યો છે તેથી તેનું નામ રાજસ પ્રકરણ આપ્યું છે આ પ્રકરણ ૬૦મા અધ્યાયે પૂર્ણ થાય છે.

૪. त्रिभिः ૭ X ૩=૨૧ અધ્યાયના ત્રણ પેટા પ્રકરણનું નામ 'સાત્ત્વિકપ્રકરણ' અધ્યાય ૬૧ થી ૮૧. ભગવાને સાત્ત્વિક સ્વભાવવાળા ભક્તોને સાત્ત્વિક એટલે જ્ઞાનપ્રધાન લીલાઓથી પોતાના સ્વરૂપમાં નિરોધ કર્યો હોઈ આ પ્રકરણનું સાત્ત્વિકલીલા પ્રકરણ નામ આપ્યું છે.

૫. षड्भिः ૭ અધ્યાય ૮૨ થી ૮૭ અધ્યાયના પ્રકરણને ગુણપ્રકરણ એવું કહ્યું છે. ભગવાનના ઐશ્વર્ય-વીર્ય-યશ-શ્રી-જ્ઞાન વૈરાગ્ય નામના છ ઐશ્વર્યોનું વર્ણન કરેલ છે માટે ગુણપ્રકરણ નામ આપેલ છે.

ક્ષેપકલીલા: પરીક્ષિત રાજાએ શ્રીશુકદેવજીને ભગવાનની વત્સાપહરણ લીલાનો પ્રસંગ પૂછયો ત્યારે અન્ય કલ્પમાં આ લીલા કરેલી હોવા છતાં રસપોષક કથાપ્રસંગ હોઈ તેનું વર્ણન કર્યું છે માટે એને ક્ષેપક કથાનું પ્રકરણ કહેલું છે. આ બધા જ પ્રકરકણોનો સમાવેશ કરતી શ્રી મહાપ્રભુજીની એક કારિકા યાદ કરીએ:

चतुर्भिश्च चतुर्भिश्च चतुर्भिश्च त्रिभिस्तथा । षड्भिर्विराजते योऽसौ पञ्चधा हृदये मम ॥

દશમસ્કંધ-પૂર્વાર્ધ-જન્મપ્રકરણ અધ્યાય ૧ લો

[આ અધ્યાયમાં ૬૯ શ્લોકો છે. ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વી ઉપર ભક્તોનાં દુઃખને દૂર કરવા પધારે છે. પૃથ્વી માતા દેવકી માતા અને ભક્તો કંસાદિ દૈત્યોના ત્રાસથી ખૂબ જ દુઃખી છે. કૃપાસિંધુ ભગવાનથી તે દુઃખો નથી સહન થતાં તેથી દુઃખો દૂર કરવા ભૂમિ ઉપર ભગવાન સ્વયં પધાર્યા છે. કોઈનામાં પોતાની શક્તિનું અવતરણ નથી કર્યું. આ અધ્યાયનું નામ ભગવાનના 'પ્રાકટ્યનો હેતુ' એવું છે. 'ભૂમિ, ભક્તો ને દીનજનોના દુઃખને ટાળવાના હેતુથી જ ભગવાન સ્વયં પધાર્યા છે.]

राजोवाच-कथितो वंशविस्तारो भवता सोमसूर्ययोः । राज्ञां चोभयवंश्यानां चरित्रं परमादुभुतम् ॥

यदोश्च धर्मशीलस्य नितरां मुनिसत्तम ॥

૧૩ શ્લોકોમાં પરીક્ષિત રાજાના ૧૩ પ્રશ્નો

પરીક્ષિત રાજાજીએ શ્રીશુકાચાર્યજીને પૂછ્યું કે ભગવન્ ! હે મુનિવર! આપશ્રીએ સોમ અને સૂર્યના વંશોનો વિસ્તાર કહ્યો. આ બન્ને વંશમાં થયેલા રાજાઓનાં પરમ અદ્ભુત ચરિત્રો કહ્યાં તેમજ અત્યંત ધાર્મિક સ્વભાવવાળા શ્રી યદુ રાજાનું ચરિત્ર પણ સંપૂર્ણ રીતે કહ્યું. હવે મુનિશ્રેષ્ઠ ! આ વંશમાં અંશ ભાગના દેશની માયાને દૂર કરી સ્વયં પધારેલા ભગવાન વિષ્ણુનાં વીર્યો અમને કહો. ભૂત માત્રનું- પ્રાણીમાત્રનું રક્ષણ કરનાર વિશ્વાત્મા ભગવાને યદુના વંશમાં સાક્ષાત્ પધારેલા શ્રીકૃષ્ણ ભગવાને જે ચરિત્રો કર્યાં. તે અમને વિસ્તારથી કહો. (૩)

निवृत्ततर्षैरुपगीयमानाद् भवौषधाच्छोत्रमनोऽभिरामात् । क उत्तमश्लोकगुणानुवादात् पुमान् विरज्येत विना पशुघ्नात् ॥ ४ ॥

સ્વર્ગાદિસુખની અને મુક્તિસુખની પણ ઇચ્છાથી મુક્ત થયેલા સજ્જનો ભગવાનના ગુણોનું સમીપમાં ગાન કરે છે. વળી ભગવાનની લીલા સંસારદુઃખ ટાળવાનું ઔષધ રસાયણ છે તેમજ કર્ણને તથા મનને સર્વ તરફથી આનંદ કરાવનાર છે આવા ઉત્તમશ્લોક શ્રીકૃષ્ણના ગુણલીલા સંકીર્તનમાં કોણ રસવાળો ન હોય! કોઈ આત્મઘાતી હોય તેને જ અણગમો થાય. બાકી સર્વ કોઈ તેમાં રસ ધરાવે જ. (૪)

ભગવદાશ્રયનું બલ

पितामहा मे समरेऽमरञ्जयैर्देवव्रताद्यातिरथैस्तिमिङ्गिलैः । दुरत्ययं कौरवसैन्यसागरं कृत्वाऽतरन् वत्सपदं स्म यत्प्लावाः ॥

મુનિવર, પાંડવો કૌરવોનો રણસંગ્રામ તો ન તરાય તેવો મહાન સમુદ્ર હતો, આ સાગરમાં યોજન જેટલાં લાંબા પહોળા, મહામચ્છોને પણ ગળી જનારા તિમિંગલો અત્યંત મોટા મત્સ્ય જેવા અખંડ બ્રહ્મચારી શ્રી ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય સમા અનેક અતિથિ અને મહારથીઓ હતા. આ યુદ્ધસાગર જીતાય તેવો કે તરાય તેવો ન હતો. પરંતુ કેવલ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રને નાવ બનાવી રણસાગરને એક વાછરડાના પગના ખાબોચિયા જેવો બનાવી પાર કરી ગયા હતા. નાથ! આવા અમારા નાથ શ્રીકૃષ્ણનાં ચરિત્ર સાંભળવાનું કેમ મન ન થાય? (૫)

द्रौण्यस्त्रविप्लुष्टमिदं मदङ्गं संतानबीजं कुरुपाण्डवानाम् । जुगोप कुक्षिंगत आत्तचक्रो मातुश्च मे यः शरणं गतायाः ॥ ६ ॥

મહારાજ શુક ! દ્રોણ ગુરુના પુત્ર અશ્વત્થામા મુનિના બ્રહ્માસ્ત્રથી મારું અંગ-દેહ બળી ગયેલ હતું, તેમજ કૌરવ પાંડવોના વંશના બીજરૂપ મારો આ દેહ હતો. મારી રક્ષા માટે શ્રીકૃષ્ણ ભગવાનના શરણે ગયેલી મારી માતાની કૂખમાં પધારીને વળી મારી માતાને જ્ઞાન આપનારા સુદર્શન ચક્રને ધારણ કરીને ભગવાને મારી રક્ષા કરી હતી. (૬) હે વિદ્વન્ ! સર્વ દેહધારીઓના અંતઃકરણના અને બહારના પુરુષ અને કાલરૂપી અથવા મૃત્યુ અને અમૃત આપનાર તે માયા મનુષ્યનાં વીર્યો તેમજ શ્રી મંગલ ચરિત્રો આપ મને કૃપા કરી કહોને નાથ !' શુકગુરો ! વળી બીજો પ્રશ્ન કરું છું કે આપે નવમ સ્કંધમાં.સંકર્ષણ રામને રોહિણીના પુત્ર કહ્યા તેમ જ શ્રીદેવકીના ગર્ભના સંબંધવાળા પણ કહ્યા તો એક જ દેહથી બે માતાની કૂખનો સંબંધ કેવી રીતે બને એ માટે તો બે દેહ લેવા પડે ને ? (૮) ભગવન્ ! 'એવું તે શું બન્યુ કે મુકુંદ ભગવાન પિતાના ઘેરથી વ્રજમાં પધાર્યા ? વૈષ્ણવોના પતિ ભગવાન શ્રીકૃષ્ણે પોતાના જ્ઞાતિજન સહિત ક્યાં વાસ કર્યો ? અથવા વૈષ્ણવોના પતિ એ સગપણના ભાવ વિનાનાઓ સાથે સહભાવ ક્યાં કર્યો ? (૯) વ્રજમાં અને મથુરામાં નિવાસ કરી કેશવે શું શું કર્યું ? સગા મામા ભલે ન હોય તો પણ કાકાના દીકરા તરીકેના માતાના ભાઈ હોઈ વધ ન કરાય તો પણ મામા કંસનો પોતે જ કેમ વધ કર્યો ? (૧૦) વૃષ્ણિઓ સાથે માનુષ દેહનો આશ્રય કરીને દ્વારકામાં ભગવાન કેટલાં વર્ષો રહ્યાં ? પ્રભુને પત્નીઓ કેટલી હતી? (૧૧) હે મુનિ ! આપ તો સર્વજ્ઞ છો અને બીજુ બધું શ્રીકૃષ્ણનું ચરિત્ર વિસ્તારપૂર્વક શ્રદ્ધાવાળા મને કહેવા આપ યોગ્ય છો. (૧૨) ભગવન્ ! આપના મુખકમલમાંથી ઝરતું હરિકથા-અમૃતનું પાન કરતાં આ જરા પણ વેઠાય નહીં તેવી ભૂખ અને તરસ જલ તજેલાને પણ પીડા કરતી નથી. (૧૩)

સૂત મહર્ષિનો સ્નેહ

પરીક્ષિત રાજાએ પૂછેલા પ્રશ્નોને સંભળાવતા હર્ષમાં આવેલા શ્રી સૂત મહર્ષિજી બોલ્યા કે હે ભૃગુકુલનંદન ! શૌનક મુનિ ! ઉત્તમ ચર્ચાથી ભરેલા રાજા પરીક્ષિતના તેર પ્રશ્નોનું સારી રીતે શ્રવણ કરીને પછી હૃદયમાં બિરાજેલા ભગવાનની સાથે વ્યાસકુમાર શ્રી શુકાચાર્યજીએ ભગવાને રક્ષેલા પરીક્ષિત રાજાનો આદર કર્યો અને ભગવદીય જનોમાં શ્રેષ્ઠ એવા શ્રી શુકાચાર્યજીએ શ્રીકૃષ્ણનું ચરિત્ર કહેવાનો પ્રારંભ કર્યો. (૧૪)

શ્રીહરિકથાશ્રવણ સર્વ કલ્યાણની ખાણ છે.

શ્રીશુકાચાર્યે કહ્યું કે હે સર્વોત્તમ રાજર્ષિ ! આપની બુદ્ધિ ખૂબ જ ઉત્તમ નિશ્ચયવાળી છે. આવી દિવ્ય બુદ્ધિથી તો તમારો શ્રી વાસુદેવ ભગવાનની કથામાં સ્થિર પ્રેમ થયો છે. (૧૫) રાજન્! વાસુદેવની કથા સંબંધી પ્રશ્ન શ્રીહરિના શ્રીચરણોદકની માફક કથા કહેનાર, પૂછનાર અને શ્રવણ કરનારા આમ ત્રણ પુરુષોને ખરેખર પવિત્ર કરે છે. વાસુદેવ મોક્ષ આપવા માટે અવતરેલા હોવાથી તેમના સંબંધવાળી જે કંઈ વસ્તુ છે તે પવિત્ર કરે છે. રાજન્ ! મદોન્મત્ત અને નામ માત્રના રાજાઓના બહાનાથી, ભૂમિ ઉપર દેહ લઈ આવેલા અસંખ્ય ચારે બાજુ છવાયેલા લાખો દૈત્યસેનાના ભારથી પીડાતી ભૂમિદેવી બ્રહ્માજીને શરણે પધાર્યાં. (૧૭) ગાયના સ્વરૂપવાળા, મુખ ઉપર છલકાતાં આંસુવાળાં, ખેદ પામેલાં, દયા ઉપજાવતું રુદન કરતાં વિભુ-બ્રહ્માજીની સમીપે ઊભાં રહી ભૂમિદેવીએ બ્રહ્માજીને પોતાનું દુઃખ કહ્યું. (૧૮) શ્રીમૂમિદેવીના દુઃખનું શ્રવણ કરી પછી નિશ્ચય કરી બ્રહ્માજી દેવો સાથે, ભૂમિદેવી સાથે અને શ્રી ત્ર્યંબક શંકર ભગવાનની સાથે ક્ષીરસાગરના કિનારે આવેલા ભગવાનના શ્વેત-દ્વીપ નામના ધામમાં ગયા. (૧૯) ક્ષીરસાગરના તીરે પધારીને જગતના નાથ, દેવોના દેવ શ્રીવૃષાકપિ[1] ભગવાનનું ધ્યાન ધરી પુરુષસૂક્તથી સ્તુતિ કરી. (૨૦)

શ્રી વૃષાકપિ ભગવાને કરેલી આકાશવાણી

આકાશમાં કેટલી વાણી સમાધિમાં સાંભળીને વેધા બ્રહ્માજીએ ત્રિદશ[2] દેવોને કહ્યું કે હે અમરો ! મારી પાસેથી શ્રી પુરુષોત્તમ ભગવાનની ગો એટલે વાણીને સાંભળો. પછી તરત જ તે પ્રમાણે પુનઃ કાર્ય કરો! ઢીલ ન કરો. (૨૧) હે દેવો ! પૃથ્વીના જ્વર-દુઃખને દૂર કરવાનો પુરુષોત્તમે આપણાં નિવેદન પહેલાં જ નિશ્ચય કરેલો હતો તે ઈશ્વરેશ્વર જ્યાં સુધી પોતાની કાલરૂપ શક્તિથી પૃથ્વીના ભારને ક્ષય કરતા ભૂતલ ઉપર વિચરે ત્યા સુધી આપ આપના અંશોમાંથી યદુઓમાં સમીપમાં અવતાર ધારણ કરો. (૨૨) સાક્ષાત્ ભગવાન પરમપુરુષ વસુદેવના ઘરમાં સ્વયં પધારશે. દેવોની

સ્ત્રીઓ તે ભગવાનનું પ્રિય કરવા-સેવા કરવા માટે સારી રીતે અવતાર લેશે. (૨૩) વાસુદેવની કલાવાલા, અનંત સહસ્ર મુખવાળા, સ્વરાટ્ દેવ હરિનું પ્રિય કરવાની ઇચ્છાથી હરિના પહેલાં જન્મ લેશે. (૨૪) હે દેવો ! જગતને સારી રીતે મોહ કરી રહેલી વિષ્ણુની ભગવતી માયા પ્રભુની આજ્ઞા પામી અંશથી કાર્ય કરવા માટે અવતરશે. (૨૫) એવી રીતે અમરગણોને આદેશ આપીને અને ભૂમિને ઘણાં વચનોથી આશ્વાસન આપીને પ્રજાપતિઓના પતિ વિભુ બ્રહ્માજી પોતાના પરમધામમાં પધારી ગયા. (૨૬) પહેલાંના સમયમાં યદુઓના પતિ શૂરસેન રાજા મથુરા નગરીમાં રહેતા માથુર અને શૂરસેન નામના પ્રદેશોને ભોગવતા હતા. (૨૭)

ઉત્કર્ષોમાં ના છલકાય તે વૈષ્ણવ

[દેશ-કાલ-લગ્ન-માન દ્રવ્ય-લોક વગેરે છ પ્રકારના ઉત્કર્ષો આવ્યા છતાં શ્રી વસુદેવજી ના છલકાયા-મલકાયા અને ઉત્કર્ષો ચાલ્યા ગયા તો પણ શ્રી વસુદેવજી ના અકળાય એવા ભકતને ત્યાં ભગવાન પધાર્યા.]

राजधानी ततः साभूत् सर्वयादवभूभुजाम् । मथुरा भगवान्यत्र नित्यं सन्निहितो हरिः ॥ २८ ॥

ત્યારથી શ્રીહરિની નિત્ય નિવાસ નગરી શ્રીમથુરાજી તે સર્વ યાદવ રાજાઓની રાજધાની થઈ. (૨૮) રાજન્ ! શ્રીહરિની નિવાસનગરી શ્રીમથુરાજીમાં કોઈક સમયે લગ્ન કરેલા શૌરિ શ્રીવસુદેવજી તરતનાં પરણેલાં શ્રીદેવકીજીની સાથે પોતાને ઘેર જવા પ્રયાણ કરવા રથમાં બિરાજ્યા. (૨૯) રાજન્ ! આ મંગલ અવસરે સોનાના સેંકડો રથોથી વીંટળાયેલા ઉગ્રસેનના પુત્ર કંસે બહેનનું પ્રિય કરવાની ઇચ્છાથી અશ્વોની લગામ હાથમાં પકડી. (૩૦) સુવર્ણની માળાવાળા ચારસો હાથીઓ, પંદર હજાર અશ્વો, એક હજાર અને આઠસો રથો અને પાલખીઓ સહિત સારી રીતે અલંકૃત કરેલી સુકુમાર બસો દાસીઓ, પુત્રી ઉપર પ્રેમ ધરાવતા પિતાશ્રી એ દેવકીજીને પુત્રી દાયજા તરીકે આપ્યાં. (૩૧,૩૨) વર અને વહુના મંગલ પ્રસ્થાનનો આરંભ થયો ત્યારે સારી રીતે મંગલ વર્તાય તેમ શંખ, તૂરી, શરણાઈઓ, ઢોલ અને દુન્દુભિઓ એક સાથે વાગ્યાં. (૩૩) હાથમાં લગામ પકડી માર્ગમાં રથ હાંકી રહેલા કંસને સંબોધીને આકાશવાણીએ કહ્યું : ''અરે અણસમજુ રાજા ! જેને તમે લઈ જાઓ છો તે આ દેવકીજીનો આઠમો ગર્ભ તમને હણશે.'' (૩૪) આમ આકાશવાણીએ કહ્યું ત્યારે 'સખલ' એટલે ખલસહિત ભોજના કુલના કંલકરૂપ પ્રસિદ્ધ દુરાત્મા પાપીએ હાથમાં તલવાર લઈ બહેનનો વધ કરવાનો પ્રારંભ કરી બહેનની ચોટલાથી પકડી. (૩૫) નિંદ્ય કર્મ કરનારા નિર્દય, નિર્લજ્જ કંસરાજાને સર્વ તરફથી શાંત કરતા મહાભાગ્યાવાળા શ્રીવસુદેવજીએ નીચે પ્રમાણે કહ્યું. (૩૬)

સત્ત્વગુણથી ભરેલા શ્રીવસુદેવજીના હૃદયમાં બિરાજેલા શ્રીવાસુદેવ ભગવાનની વાણી

રાજા કંસ ! આપ શૂરોએ પ્રશંસા કરવા યોગ્ય ગુણોવાળા છો. વળી ભોજોને યશ અપાવનાર છો. આવા યશસ્વી આપ સ્ત્રીની જાતિને અને તેમાં પણ બહેનને વિવાહના પ્રસંગે કેમ મારો ? હે વીર ! જન્મવાળા જીવોના દેહનું મૃત્યુ દેહની સાથે જ ઉત્પન્ન થાય છે. આજ અથવા તો સો વર્ષને અંતે પ્રાણીઓનું મૃત્યુ જરૂર નિશ્ચિત છે. (૩૮) દેહ પંચત્વ પામે એટલે જ્યારે પંચ મહાભૂતોમાં મળી જાય ત્યારે કર્મની પાછળ જનાર પરવશદેહી તે જ સમયે બીજા દેહને પ્રાપ્ત કરીને પહેલાના દેહને ત્યજે છે. (૩૯) રાજન્ ! રસ્તામાં ચાલતો પુરુષ જેમ એક પગે ઊભો રહી અને બીજા એક પગથી જાય છે. વળી ખડમાંકડી એક તૃણનો છેડો પકડી રાખી બીજા તૃણ ઉપર જાય છે તેવી જ રીતે કર્મના ફલને પામેલો દેહી-જીવ-બીજા દેહને-લિંગ દેહને પામીને પ્રથમ દેહને ત્યજે છે. (૪૦) પ્રત્યક્ષ અને શાસ્ત્ર પ્રમાણે જેમ મનોરથથી જેની બુદ્ધિ સ્થિર થયેલી છે તે મનથી ચિંતન કરતો પ્રથમના દેહના વિસ્મરણવાળો થઈ સ્વપ્નમાં જેમ આવો દેહ જુએ અને તે કાંઈ જ પ્રાપ્ત કરે છે તેમ દેહી પહેલાંના દેહનો ત્યાગ કરી મનોરથ પ્રમાણે બીજો દેહ પ્રાપ્ત કરે છે. X (૪૧)

દૈવે પ્રેરેલું વિકારરૂપ મનમાયાએ રચેલા પાંચ ગુણો પૈકી જ્યાંથી દોડે છે એટલે જ્યાંથી જ્યાંથી જાય છે અને જેને પ્રાપ્ત કરે છે તે પ્રાપ્ત કરતો દેહી-જીવાત્મા તેની સાથે જન્મે છે. (૪૨) જેમ જલવાળાં પાર્થિવ માટીનાં પાત્રોમાં સૂર્ય-ચન્દ્રનું તેજ પવનના વેગને અનુસરેલું એટલે પવનવેગ પ્રમાણે પ્રકાશે છે તેમજ પોતાના મોહથી રચેલા ગુણોમાં તે પુરુષ રાગને અનુસરેલો વધારે ને વધારે મોહ પામે છે. (૪૩)

૧. વૃષાકપિઃ- 'વૃષ:' એટલે યજ્ઞ વગેરે રૂપ ધર્મ તેનું આ સર્વ તરફથી क સુખ અથવા સ્વર્ગ વગેરે ફલે તેનું पिबति પાન કરે તે વૃષાકપિ એટલે સર્વ યજ્ઞોના ફળના ભોક્તા.

૨. ત્રિદશઃ- બાલ્ય, પૌગંડ-કિશોર આવી ત્રણ અવસ્થા દેવોને હોય છે તેથી તેમને ત્રિદશ કહેવાય છે માટે તો દેવોને દાઢીમૂછ નથી હોતાં.

ડાહ્યા માનવે કોઈનો દ્રોહ ન કરવો, પારકા માટે કરેલો દ્રોહ પોતાને જ ફળે છે

तस्मान्न कस्यचिद् द्रोहमाचरेत् स तथाविधः । आत्मनः क्षेममन्विच्छन् द्रोग्धुर्वै परतो भयम् ॥ ४४ ॥ +

તેથી આત્માનું કુશળ ઇચ્છનારે કોઈનો પણ દ્રોહ કરવો જોઈએ નહિ. કારણ કે તે દ્રોહ તેવો જ છે એટલે પોતાનો દ્રોહ કરેલા જેવો જ છે. રાજન્ ! તેને બીજાનો દ્રોહ કરી પોતાનો જ દ્રોહ કર્યો છે. વળી દ્રોહ કરનારને બીજા ભય થાય છે જ. (૪૪) ભાઈ કંસ ! આ તો તમારી નાનકડી બહેન છે-બાલા-તદ્દન નિર્દોષ છે ભલી છે, ગરીબ છે, પરવશ પૂતળી જેવી છે. તમારી પુત્રી જેવી છે રાજન્ ! આપ તો દીન ઉપર વાત્સલ્ય રાખનાર છો આપ આ કલ્યાણીને હણવા યોગ્ય નથી..(૪૫)

ક્રૂર પાસે કોમળ હૃદય ક્યાંથી ! ક્રૂરને કોઈની દયા ક્યાંથી !

હે કુરુકુલદીપક રાજા ! આ પ્રમાણે નિર્દય કંસને સામ અને ભેદથી સમજાવવા છતાં રાક્ષસોના પગલે જીવતો તે કંસ અટક્યો નહીં. (૪૬) ત્યારે તે દુષ્ટ કંસનો દુરાગ્રહ જાણીને અને વિચાર કરીને માથે આવેલ કાલને ટાળવાને માટે આનકદુંદુભિ વસુદેવજીએ તે સમયે આ પ્રમાણે નિર્ણય કર્યો. (૪૭) બુદ્ધિમાન મનુષ્યે જ્યાં બુદ્ધિ અને બલનું સામર્થ્ય હોય-બુદ્ધિ અને બલનું જ્યાં સુધી ચાલતું હોય ત્યાં સુધી મૃત્યુને હઠાવવું જોઇએ. છતાં જો મૃત્યુ ના હઠે તો દેહીનો અપરાધ નથી ગણાતો. (૪૮) તો હવે આપ મૂર્તિમંત મૃત્યુરૂપ કંસને પુત્રો પાછા આપીને આ દયાપાત્ર દેવકીને મુક્ત કરાવું. જો મારે ત્યાં પુત્રો ઉત્પન્ન થશે તો અને આ મૃત્યુરૂપ કંસ ત્યાં સુધીમાં નહીં મરે તો જ પુત્રો મૃત્યુરૂપ કંસને આપવાના છે. (૪૯) અથવા ઊલટું કેમ ન થાય ? કે મારવાની ઇચ્છાવાળા કંસનું જ મૃત્યુ થઈ જાય એમ પણ કેમ ના બને ! હંમેશાં વિધાતાની ગતિ ન સમજાય તેવી છે. આવેલો કાલ હઠી જાય, હઠી ગયેલો કાલ પાછો પણ આવે. (૫૦) જેમ અગ્નિનો કાષ્ઠથી વિયોગ અથવા સંયોગ થવામાં જાણી શકાય તેવું નથી. (૫૧) આ પ્રમાણે વિચાર કરીને વસુદેવજીએ પોતાની બુદ્ધિની પહોંચ હોય ત્યાં સુધી ઉપાય કરવો યોગ્ય લાગતાં શૌરિએ તે પાપીનું પણ માનપૂર્વક નિશ્ચિંત રીતે સન્માન કર્યું. (૫૨) રાજન્ ! શ્રીવસુદેવજીએ મુખકમલ પ્રસન્ન રાખીને દુઃખી થતા મનથી હસતા હોય તેમ નિર્દય અને નિર્લજ્જ કંસને આ પ્રમાણે કહ્યું. (૫૩) હે ભલા ભાઈ ! આકાશવાણીએ જે આપને મૃત્યુની વાત કહી તે મૃત્યુનો ભય આ દેવકીજીને નથી. જેનાથી આપને ભય ઉત્પન્ન થયેલ છે તે તો આના પુત્રો છે. હું તે પુત્રોનું સમર્પણ કરીશ. (૫૪) શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! તેમના વાક્યનું સત્યપણું જાણનાર કંસરાજા સુહૃદના વધથી અટકી ગયા. વસુદેવે પણ પ્રસન્ન થઈ તેની પ્રશંસા કરી ઘરમાં પ્રવેશ કર્યો. (૫૫)

યથાકાલે આઠ પુત્રોનો પ્રસવ

પછી સમય થતાં સર્વ દેવતાઓ જેમનામાં રહેલા છે તેવાં દેવકીજીને આઠ પુત્રો અને કન્યાનો વર્ષે વર્ષે એક એક પ્રમાણે પ્રસવ થયો. (૫૬) આનકદુન્દુભિએ પ્રથમ ઉત્પન્ન થએલ પુત્ર કીર્તિમાનને હૃદયથી અસહ્ય વેદના સાથે કંસને આપ્યો. રાજન્ ! શ્રીવસુદેવજી અસત્યથી અતિશય ડર પામનાર હતા. (૫૭) રાજન્ ! સાધુઓ શું ન સહન કરી શકે ? વિદ્વાનોને શેની જરૂર હોય ? કૃપણો પણ શું ન કરે ? આત્માને-શ્રીકૃષ્ણને-ધૈર્યને ધારણ કરનારાઓ શું ન તજે ? (૫૭) હે રાજા ! શૌરિ શ્રીવસુદેવજીની તે સમતા અને સત્યમાં સ્થિરતા જોઈને કંસે પ્રસન્ન ચિત્તવાળાથઈ ઘણું હસતાં આ પ્રમાણે નીચેના શ્લોકમાં કહ્યું. (૫૯)

વસુદેવજી ! આપ અને આ કુમાર પાછા જાઓ, કારણ કે આ બાલકથી મને ભય નથી. ખરેખર તમારા આઠમા ગર્ભથી મારું મૃત્યું કહેલું છે. (૬૦) ભલે રાજન્ કંસ! આપની જેવી ઇચ્છા એમ કહી પુત્રને લઈને આનકદુંદુભિ ગયા. દુષ્ટ અને અવશ અન્તઃકરણવાળા કંસનું વાક્ય તેમણે સાચુ માન્યું નહિ. (૬૧)

નારદ ઋષિએ કરેલું દેવકાર્ય

હે ભારત ! ભગવાન નારદજીએ આવીને કંસ રાજાને કહ્યું કે વ્રજમાં નંદ વગેરે ગોપજનો અને જે તેમની તથા અન્ય વ્રજની સ્ત્રીઓ છે. વળી વસુદેવ વગેરે વૃષ્ણિઓ છે અને દેવકી વગેરે યાદવોની સ્ત્રીઓ છે, તે તેમજ શ્રી યમુનાજીના

બન્ને કિનારા ઉપર જે રહેલાં છે, તેઓ, તેમજ કંસરાજા ! 'જે આપના પિતરાઈઓ, સંબંધીઓ અને મિત્રો છે તે અને જેઓ આપને અનુસરેલા છે તે બધાયે દેવતાઓ જેવા છે. રાજન્ ! કંસ ! ભૂમિના ભારરૂપ થયેલ દૈત્યોના વધ માટેની દેવોની આ વ્યવસ્થિત યોજના છે. (૬૨-૬૪) રાજન્ પરીક્ષિત ! નારદઋષિ આવું કહીને ગયા ત્યારે યદુઓને સુરો માનીને અને દેવકીના ગર્ભમાંથી જેમની ઉત્પત્તિ છે તે પ્રત્યેક બાળકને પોતાના વધ માટે જ અવતરેલ વિષ્ણુ માનીને દેવકી અને વસુદેવજીને સાંકળોથી બાંધી કારાગૃહમાં પૂરી તેમનાથી જન્મેલા દરેક પુત્રને અજન એટલે શ્રીકૃષ્ણ ભગવાનની શંકાથી હણ્યા. (૬૫,૬૬)

પેટભરાઓ શું ન કરે ?

પ્રાણને પોષનારા લોભી રાજાઓ ભૂતલ ઉપર ઘણું કરી માતા, પિતા, ભાઈઓ સર્વ મિત્રો અને સખાઓને હણે છે. (૬૭) પૂર્વે વિષ્ણુએ હણેલ કાલનેમિ નામનો મહાન અસુર કંસ પોતે જ અહીં જન્મેલ છે એવું જાણીને તેણે યદુઓ સાથે વિરોધ શરૂ કર્યો. (૬૮) અત્યંત બલવાન યદુ, ભોજ અને અંધક નામના યાદવોના પતિ અને પોતાના પિતા રાજા ઉગ્રસેનને જાતે જ બાંધી શૂરસેન નામના પ્રદેશોને ભોગવવા લાગ્યો. (૬૯)

उग्रसेनं च पितरं यदुभोजान्धकाधिपम् । स्वयं निगृह्य बुभुजे शूरसेनान् महाबलः ॥ ६९ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ પૂર્વાર્ધમાં ભગવાનના પ્રાકટ્યનો ''હેતુ'' નામનો પ્રથમ અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨ જો

[આ અધ્યાયમાં શ્લોકો ૪૧ છે. આ અધ્યાયનું પ્રાકટ્ય માટે ''પ્રયત્ન'' ''ઉદ્યમ'' એવું નામ છે. દૈત્યોએ કરેલ ત્રાસ-સંકર્ષણ ભગવાનનું પધારવું - માયાનું પ્રાકટ્ય અને વરદાન -બલભદ્રજીનું રોહિણી માતાના ઉદરમાં પધારવું - સોળ શ્લોકોમાં દેવોની સ્તુતિ વગેરે કથા પ્રસંગે આવશે.]

श्रीशुक उवाच-प्रलम्बबकचाणूरतृणावर्तमहाशनैः । मुष्टिकारिष्टद्विविदपूतनाकेशिधेनुकैः ॥ १ ॥

X સ્વપ્નમાં પ્રાપ્ત થતો દેહ ગ્રહણ કરવામાં અથવા તેનો ત્યાગ કરવામાં જરા પણ પ્રયાસ થતો નથી. તે દેહમાં અને આ દેહમાં ભેદ પણ કોઈકવાર જ દેખાય છે,સદા જણાતો નથી. એમ ઈદૃશ 'આવો' શબ્દથી કહેલ છે. સ્વપ્નમાં પ્રાપ્ત થતો દેહ કર્મથી પ્રાપ્ત થતો નથી તે પ્રાપ્ત કરવામાં પ્રયાસ થયો નથી એવી શંકા થાય. તેથી મનોરથેન 'મનોરથથી જેની બુદ્ધિ સ્થિર થયેલી છે' શબ્દો યોજેલ છે. 'મનોરથથી' એટલે તે તે વસ્તુની ભાવનાથી અથવા કર્મથી ઉત્પન્ન થયેલી મનની ગતિથી તેના દેહમાં અથવા તે દેહથી જેનો ઉપભોગ થવાનો છે તે પદાર્થમાં સ્થિર થયેલી છે. ચેતના એટલે બુદ્ધિ જેની તેવો પુરુષ તે જ દેહ પ્રાપ્ત કરે છે. સ્વપ્ન પણ મનોરથથી દેખાય છે, થાય છે અને જેમ બીજા દેહની પ્રાપ્તિ થતાં વિદ્યા એ કર્મ તથા પહેલાંની બુદ્ધિ તેનો પ્રારંભ કરે છે તેમ સ્વપ્નમાં જ્ઞાન અને કર્મ હોય છે તેથી સ્વપ્નમાં પ્રાપ્ત થતો દેહ અને બીજા લોકમાં પ્રાપ્ત થતો દેહ સમાન હોવાથી જેમ સ્વપ્નમાં દેહનું ગ્રહણ કરવામાં કે ત્યાગ કરવામાં પ્રયાસ થતો નથી. સ્વપ્નમાં ગ્રહણ થતા દેહમાં 'મનોરથ' કારણ નથી એમ પણ કહેવાય નહીં કારણ કે દૃષ્ટ પ્રત્યક્ષ અનેશ્રુત શાસ્ત્ર પ્રમાણે મનથી રાજા વગેરેના અથવા ઈન્દ્ર વગેરેના દેહનું ચિંતન કરતા પુરુષ સ્વપ્નમાં તે જ દેહ પ્રાપ્ત કરે છે. ગ્રહણ કરવાના અને ત્યાગ કરવાના પ્રયાસની સંભાવના જ ક્યાંથી હોય ? ''જતી રહી છે સ્મૃતિ એટલે પહેલાંના દેહનું સ્મરણ જેનું'' શબ્દોથી ઉપર જણાવેલ અર્થ કહેલ છે 'તે જ કાંઈક પ્રાપ્ત કરે છે.' સ્વપ્નમાં આવેલ 'તે' એટલે પહેલાં જેનો અનુભવ થયેલ હોવો 'કાંઈક' એવો જેનું વર્ણન ન થઈ શકે તેવો દેહ કારણ કે સ્વપ્નમાં પ્રાપ્ત થતો દેહ માયિક છે. ''જે જેની પછી થાય છે તે તે કહેવાય છે'' ન્યાય પ્રમાણે મનોરથ પછી સ્વપ્ન થતું હોવાથી મનોરથ સ્વપ્નનું કારણ છે. શ્રી મહાપ્રભુજી ૪૪માં શ્લોકનું શ્રી સુબોધિનીજીમાં સ્પષ્ટીકરણ કરે છે કે જેને હણવામાં આવે છે તે પોતાના સમાન હોવાથી દયા રાખવી.

+આ ઉપદેશનું ફળ એવું છે કે જેમ પોતાના રક્ષણનો વિચાર કરવામાં આવે છે તેમ બીજાના રક્ષણનો પણ વિચાર કરવો જોઈએ.જો બીજાના રક્ષણનો વિચાર ન કરવામાં આવે તો દુઃખદાયક ' આત્માનું કુશળ ઈચ્છનારે ' વગેરે ઉત્તરાર્ધથી કહેલ છે. જો વિચાર રાખે છે તો પોતાનું પણ કુશળ થાય છે કારણ કે તે બીજો પણ એવો વિચાર રાખે છે. જો વિચાર રાખતો નથી તો દ્રોહ કરનાર એટલે હણનારને બીજાથી એટલે જેને તે હણે છે તેનાથી ભય થાય છે. એટલે (પતિપત્ની એક જ હોવાથી) મારાથી જ તને ભય થશે એવો અર્થ છે.

સજ્જનો ઉપર સિતમ

ખૂબ જ ખાઉધરા-પુષ્કળ આહારવાળા પ્રલંબ, ચાણૂર અને તૃણાવર્ત સાથે મુષ્ટિક, અરિષ્ટ, દ્વિવિદ, પૂતના, કેશી અને ધેનુક સાથે અને બાણ, ભૌમ વગેરે બીજા અસુર રાજાઓ સાથે મળીને પોતાના સસરા મગધરાજા જરાસંધના આશ્રયવાળા બલવાન કંસે યદુઓનો અન્યાયથી ત્રાસ વર્તાવી નાશ કર્યો. (૧,૨) કંસના ત્રાસથી પીડાયેલા યાદવો કુરુ, પાંચાલ, કૈકય, શાલ્વ, વિદર્ભ, નિષધ, વિદેહ અને કોસલ વગેરે દેશોમાં જઈ વસ્યા. (૩) અને કેટલીક જ્ઞાતિઓ તેને અનુસરીને તેની સેવા કરવા લાગ્યા. ઉગ્રસેન રાજાના ઉગ્ર પુત્ર કંસે દેવકીજીના છ બાળકોને હણ્યા ત્યાર પછીથી દેવકીજીના સાતમાં ગર્ભ તરીકે ભગવાન વિષ્ણુનું ધર્મ અને વેદો જેને શ્રી અનંત કહે છે તે પધાર્યા. આ શ્રી અનંત માતા દેવકીજીના હર્ષ અને શોકને વધારનાર થયા. (૪,૫)

શ્રી યોગમાયાને ભગવાનનો આદેશ

વિશ્વાત્મા ભગવાને પણ પોતાને નાથ ગણી આશ્રય કરી રહેલા યદુઓને કંસથી થયેલ ભય જાણીને શ્રી યોગમાયાને આજ્ઞા કરતાં કહ્યું કે હે દેવી ! હે ભદ્રે ! ગોપ, ગોપી અને ગાયોથી શોભતા વ્રજમાં આપ પધારો. ત્યાં શ્રી નંદજીનાં ગોકુલમાં શ્રી વસુદેવજીની પત્ની શ્રીરોહિણીજી બિરાજે છે તેમજ કંસથી દુઃખ પામેલી અન્ય સ્ત્રીઓ પણ ગુફામાં રહે છે ત્યાં જઈ મારું 'શેષ' નામનું ધામ દેવકીજીના જઠરમાં ગર્ભરૂપે રહેલ છે, તેને સારી રીતે બહાર લાવી રોહિણીજીના ઉદરમાં સારી રીતે પધરાવો. (૬-૮) હે શુભલક્ષણાં દેવી ! ત્યાર પછી હું અંશોના ભાગથી દેવકીજીના પુત્રપણાને પામીશ અને તમે શ્રી નંદરાયજીના પત્ની શ્રી યશોદાજીમાં ઉત્પન્ન થશો. (૯) દેવી ! આપ સર્વ કામનાઓ અને સર્વ વરદાનનાં સ્વામિની છો. વળી સર્વ કામનાઓ અને વરદાન આપનારાં પણ છો, આવાં આપને પૃથ્વીના મનુષ્યો ધૂપ, ભેટસામગ્રી અને નૈવેદ્યોથી પૂજશે. (૧૦)

ભગવતીનાં નામ અને પીઠસ્થાનો

વળી કાશીમાં 'દુર્ગા', ઉજ્જયનીમાં 'ભદ્રકાલી', ઓરિસ્સામાં 'વિજયા', કોલ્હાપુરમાં 'વૈષ્ણવી' એટલે 'મહાલક્ષ્મી', 'કુમુદા,' આસામમાં 'ચંડિકા,' 'કૃષ્ણા,' માધવી, કન્યાકુમારીમાં 'કન્યકા', 'માયા' અને 'શારદા', ઉત્તર દેશમાં 'નારાયણી' આવાં નામોથી તેમજ અંબિકાવનમાં 'અંબિકા' એવાં આપનાં નામોથી પૂજશે અને મનુષ્યો આપનાં પીઠસ્થાનો ભૂમિ ઉપર સ્થાપશે. (૧૧,૧૨) હે ભદ્રે ! આપનું ગર્ભનું સંકર્ષણ કરી ગોકુલમાં લઈ જશો તેથી ભૂતલ ઉપર તે ભગવાનને સંકર્ષણ કહેશે. વળી લોકોને રમણ કરાવનાર હોવાથી ભગવાનને 'રામ' પણ કહેશે અને અતિશય બલને લીધે 'બલભદ્ર' પણ કહેશે. (૧૩)

રાજન્ ! ભગવાને જ્યારે આ પ્રમાણે આજ્ઞા કરી ત્યારે યોગમાયાએ 'ભલે !' એમ આજ્ઞા સ્વીકારી ભગવાનના વચનને ગ્રહણ કરી ભગવાનની પરિક્રમા કરી ભૂતલ ઉપર જઈ ભગવાનના કહ્યા પ્રમાણે ગર્ભ સંકર્ષણનું કાર્ય કર્યું. (૧૪) શ્રી દેવકીજીના ગર્ભને યોગનિદ્રાજીએ જ્યારે લઈ જઈ શ્રીરોહિણીજીમાં પધરાવ્યો ત્યારે ''અરે ! ક્રૂર કંસે શ્રીદેવકીજીના ગર્ભને જ પડાવી નાખ્યો'' એમ નગરજનોએ નિંદા કરી. (૧૫)

પૂર્ણ પુરુષોત્તમ શ્રી વસુદેવજીના મનમાં પધાર્યા

ભક્તોનું અભય કરનાર વિશ્વના આત્મા ભગવાને પણ સ્વંય વાસુદેવ-સંકર્ષણ-પ્રદ્યુમ્ન-અનિરુદ્ધ ચાર વ્યૂહના અંશોના વિભાગથી આનકદુન્દુભિના મનમાં પ્રવેશ કર્યો. (૧૬) પુરુષના તેજને ધારણ કરતા શ્રીવસુદેવજીએ સૂર્યની માફક પ્રકાશતા અને કોઈ પાંચ ભૌતિક પ્રાણીઓ સમીપમાં આવી શકે નહીં તથા આક્રમણ કરી શકે નહી તેવા સારી રીતે થયા. (૧૭) ત્યાર પછી દિશા જેમ ચન્દ્રને ધારણ કરે તેમ શૂરસુત શ્રી વસુદેવજીએ સારી રીતે હૃદયમાં પધરાવેલા અચ્યુત, અખંડિત અંશ અને સર્વ જગતના નિવાસસ્થાન એવા ભગવાનનાં શ્રી દેવકીજી નિવાસસ્થાન બન્યાં તો પણ જ્ઞાનને છુપાવનારા જ્ઞાનખલમાં રહેલાં સતી સરસ્વતી ન શોભે તેવી જ રીતે ભોજેન્દ્ર કંસ રાજાના કારગૃહમાં રૂંધાયેલી અગ્નિશિખા સમાં તે દેવી દેવકીજી અત્યંત ન શોભ્યાં. (૧૯) કારાગૃહ-ભવનને શોભાવતાં પવિત્ર શુદ્ધ સ્મિતવાળાં અને

દેહની દિવ્ય પ્રભા-કાન્તિને લીધે ઉદરમાં વસેલા અવશ્ય અજીત ભગવાન છે એમ જણાંતાં શ્રી દેવકીજીને જોઈને કંસે કહ્યું કે મારા પ્રાણને હણનારા આ હરિ જરૂર ગુહામાં રહેલો છે. કારણ કે પહેલાં દેવકીજી આવી કાન્તિવાળાં ન હતા. (૨૦) હવે આવી પરિસ્થિતિમાં હાલ મારે તાત્કાલિક શું કરવું જોઈએ ? કારણ કે અર્થને આધીન હોય તે પોતાના પ્રરાક્રમનો નાશ કરતો નથી. સ્ત્રી, બહેન અને ગર્ભિણીનો વધ યશ લક્ષ્મી અને આયુષ્યનો તરત જ નાશ કરે છે. (૨૧) તે માનવ જીવતો છતાં સાચે જ મરેલો જ છે કે જે માનવ અત્યંત નિર્દયપણાથી ક્રૂર કર્મો કરીને જીવે છે. દેહ પડ્યો હોય કે પછી દેહ જીવતો હોય પણ લોકો તેને ધિક્કારે છે-શાપ આપે છે વળી તે માનવ દેહાભિમાની અંધતમઃ નામના ઘોર નરકમાં જાય છે. (૨૨) એ પ્રમાણે દેવકીજીના વધ કરવાના સર્વથા ઘોર વિચારથી પોતે સમર્થ હોવાથી અટકી ગયો અને હરિના વૈરને ચાલુ રાખનાર કર્મ કરનારો તે કંસ હવે ભગવાનના જન્મની રાહ જોતો રહ્યો. (૨૩) બેઠેલો, સૂતેલો તથા ઊભો રહેલ, ખાતાં, પીતાં તથા હૃષીકેશનું ચિંતન કરતો હોવાથી રાજા કંસે જગતને તન્મય-શ્રીહરિમય જોયું. (૨૪) બ્રહ્માજી અને શંકર નારદ વગેરે મુનિવરો અને અનુચરો સહિત દેવોને સાથે લઈ ત્યાં આવી વાણીઓથી વૃષણ[1] ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

સોળ શ્લોકમાં શ્રી પુરુષોત્તમની સ્તુતિ

देवा ऊचुः- सत्यव्रतं सत्यपरं[2]त्रिसत्यं[3] सत्यस्य योनिं निहितं च सत्ये
सत्यस्य[4] सत्यमृतसत्यनेत्रं[5] [6] सत्यात्मकं त्वां शरणं प्रपन्नाः ॥ २६ ॥

દેવો સ્તુતિ કરતાં કહેવા લાગ્યા કે હે નાથ ! આપ (૧) સત્યવ્રતવાળા. (૨) સત્યને પરાયણ છો. (૩) આપનાં ત્રણે સત્ય છે. (૪) આપ જ સત્યનું કારણ છે. (૫) સત્યનું સારી રીતે રક્ષણ કરનાર છો. (૬) સત્યના સત્ય લય સ્થાન છો. (૭) ઋત અને સત્યરૂપ આપને અમે શરણે આવ્યા છીએ. (૨૬)

एकायनोऽसौ[7] द्विफल[8] स्त्रिमूळ[9] श्चतुरसः[10] पञ्चविधः[11] षडात्मा[12] ॥
सप्त[13] त्वगष्टाविटपो[14] नवाक्षो[15] दशच्छदी[16] द्विखगो[17] ह्यादिवृक्षः ॥ २७ ॥

આ આદિવૃક્ષ એક આશ્રય સ્થાનવાળું, બે ફલવાળું, ત્રણ મૂલવાળું, ચાર રસવાળું, પાંચ પ્રકારવાળું, છ આત્માવાળું, સાત છાલવાળું, આઠ શાખાવાળું, નવ અક્ષરવાળું, દશ પત્રવાળુ અને બે પક્ષીઓવાળું છે. (૨૭)

त्वमेक एवास्य सतः प्रसूतिस्त्वं सन्निधानं त्वमनुग्रहश्च ॥
त्वन्मायया संवृतचेतसस्त्वां पश्यन्ति नाना न विपश्चितो ये ॥ २८ ॥

હે નાથ ! આપ એક જ આ સદ્રૂપ જગતના ઉત્પત્તિસ્થાન છો, આપ લયસ્થાન છો અને પાલક છો. આપની માયાથી જેઓની મતિ સંકુચિત થએલી છે તેઓ આપને જુદા જુદા જુએ છે પરંતુ જેઓ વિદ્વાન છે તે તો આપને કદી ભિન્ન જોતા નથી.૨૮

बिभिर्षि रुपाण्यवबोध आत्मन् क्षेमाय लोकस्य चराचरस्य । सत्त्वोपपन्नानि सुखावहानि सतामभद्राणि मुहुः खलानाम् ॥ २९ ॥

હે નાથ ! જંગમ-સ્થાવર, ચર, અને અચર-લોકના કલ્યાણ માટે આપ જ્ઞાનરૂપ આત્મામાં સત્ત્વગુણવાળાં સત્યપુરુષોને સુખ આપનારાં અને ખલોને વારંવાર દુઃખ કરનારાં રૂપોને ધારણ કરો છે. (૨૯)

त्वय्यम्बुजाक्षाखिलसत्त्वधाम्नि समाधिनाऽऽवेशितचेतसैके । त्वत्पादपोतेन महत्कृतेन कुर्वन्ति गोवत्सपदं भवाब्धिम् ॥ ३० ॥

હે કમલનયન ! અખિલ સત્ત્વના ધામરૂપ આપની અંદર પરોવેલા ચિત્તવાળી સમાધિથી મહાન પુરુષોએ સત્યપુરુષોએ કરેલી આપના ચરણારવિંદ નામની નાવથી અગાધ સંસારસાગરને વાછરડાનું પગલું બનાવે છે. (૩૦)

स्वयं समुत्तीर्य सुदुस्तरं द्युमन् भवार्णवं भीममदभ्रसौहृदाः । भवत्पदाम्भोरुहनावमत्र ते निधाय याताः सदनुग्रहो भवान् ॥ ३१ ॥

હે તેજસ્વિન્ નાથ ! આ નાવથી સફલ મૈત્રીવાળા તેઓ ઘણા પરિશ્રમ-કષ્ટથી પાર કરી શકાય તેવા ભયંકર સંસારસાગરને પોતે સારી રીતે અનાયાસે તરીને આપના ચરણારવિંદ નામની નાવને અહી રાખીને ગયા. આપ

સત્પુરુષો ઉપર કૃપાવાળા છો. (૩૧)

येऽन्येऽरविन्दाक्ष वमुक्तमानिनस्त्वय्यस्तभावादविशुद्धबुद्धयः । आरुह्य कृच्छ्रेण परं पदं ततः पतन्त्यवोऽनादतयुष्मदङ्ध्रयः ॥ ३२ ॥

હે અરવિંદલોચન ! અન્ય જનો કે જે પોતાને મુક્ત માનનારા અને આપના વિષેનો ભાવ જતો રહેવાથી મલીન બુદ્ધિવાળા છે તેઓ દુઃખથી પરમપદ પ્રાપ્ત કરીને આપના ચરણારવિંદનો અનાદર કરનારા ત્યાંથી નીચે પછડાય છે.

तथा न ते माधव तावकाः क्वचिद् भ्रष्यन्ति मार्गात्त्वयि बद्धसौहृदाः ॥ त्वायाभिगुप्ता विचरन्ति निर्भया विनायकानीकपमूर्धसु प्रभो ॥ ३३ ॥

હે માધવ ! પરંતુ આપનો આશ્રય લઈને તેવી રીતે પ્રવૃત્ત થયેલા જેઓ આપના થઈ આપ સાથે સ્નહેથી બંધાયેલા છે તેઓ કોઈવાર સ્વર્ગથી ભ્રષ્ટ થતા નથી. કારણ કે હે પ્રભો ! તેઓ આપથી રક્ષાયેલા નિર્ભય થઈ વિઘ્ન કરનારાઓની સેનાના રક્ષકોના મસ્તકો પર વિચરે છે. (૩૩)

सत्त्वं विशुद्धं श्रयते भवान् स्थितौ शरीरिणां श्रेयउपायनं वपुः ॥ वेदक्रियायोगतपःसमाधिभिस्तवार्हणं येन जनः समीहते ॥ ३४ ॥

આપ શરીરે ધારણ કરનારા જીવોને શ્રેય પ્રાપ્ત કરાવનાર વિશુદ્ધ સત્ત્વમય સ્વરૂપ શ્રીવિગ્રહ સ્થિતિ માટે ધારણ કરો છો, જેને લીધે વેદ, ક્રિયાયોગ તપ અને સમાધિથી મનુષ્ય આપની સેવા કરે છે. (૩૪)

सत्त्वं न चेद् धातरिदं निजं भवेद्विज्ञानमज्ञानभिदापमार्जनम् ॥ गुणप्रकाशैरनुमीयते भवान् प्रकाशते यस्य च येन वा गुणः ॥ ३५ ॥

હે ધાતા ! આપનું આ સત્ત્વગુણમય સ્વરૂપ શ્રીવિગ્રહ ન હોત તો અજ્ઞાનને દૂર કરનાર અને ભેદને કરનાર વિજ્ઞાન જ ન હોત જે આપના સ્વરૂપના સંબંધથી અથવા તો આપના સ્વરૂપના લીધે જ ગુણો પ્રકાશે છે તેવા આપનું ગુણોના પ્રકાશથી અનુમાન થાય છે. (૩૫)

न नामरूपे गुणकर्मजन्मभिर्निरूपितव्ये तव तस्य साक्षिणः ॥ मनोवचोजयामनुमेयवर्त्मनो देव क्रियायां प्रतियन्त्यथापि हि ॥ ३६ ॥

મન અને વાણીથી જેમના માર્ગનું અનુમાન થાય છે તેવા આપ પ્રસિદ્ધ સાક્ષીનાં નામો અને રૂપોનું ગુણ કર્મ અને જન્મથી નિરૂપણ કરવું જોઈએ. હે દૈવ! છતાં પણ ક્રિયામાં જણાય છે. (૩૬)

श्रृण्वन् गृणन् संस्मरयश्च चिन्तयन्नानि रूपाणि च मङ्लानि ते । क्रियासु युष्मत्चरणारविन्दयोराविष्टचित्तो न भवाय कल्पते ॥ ३७ ॥

નાથ ! આપના મંગલ નામોનું સ્વરૂપોનું ઉચ્ચાર કરતાં અને ચિતંન કરતાં ક્રિયાઓમાં આપનાં ચરણારવિંદમાં જેનું ચિત્ત પરોવાયેલું હોય છે તેને જન્મ થતો નથી. (૩૭)

दिष्टया हरेऽस्या भवतः पदो भुवो भारोपनीतस्तव जन्मनेशितुः । दिष्टयाङ्कितैस्त्वत्पदकैः सुशोभनैर्द्रक्ष्याम गां द्यां च तवानुकंपिताम् ॥ ३८ ॥

હે હરિ ! આપનાં ચરણરૂપ આ ભૂમિનો ભાર આપ ઈશ્વરના પધારવાથી દૂર થયો એ મોટું ભાગ્ય! આપનાં અત્યંત

---

૧. वृषणम्- કામનાઓની વૃષ્ટિ કરનાર અથવા 'વૃષે' એટલે ધર્મના નિર્ણય કરનાર. આમ वृषणम् શબ્દના બે અર્થ કરેલા છે.

૨. सत्यपरं-पर ૧૨ પ્રકારનું છે. સત્ય, તપ, દમ, શમ, દાન, ધર્મ, પ્રજનન, અગ્નિઓ, અગ્નિહોમ, યજ્ઞ, મૌન અને સંન્યાસ આમ બાર પ્રકારનું पर વેદમાં કહેલ છે તે, ભગવાનના સર્વ સત્ય છે યથાર્થ છે.

૩. त्रिसत्यं- લોકમાં ભૂઃ ભુવઃ સ્વઃ ત્રણ લોકો છે અને કાય, જીવ અને પરમાત્મા ત્રણ આત્માઓ છે. આવા જે લોક અને આત્મા 'त्रि' ત્રણ શબ્દથી કહેલા છે. ત્રણે પણ જેમનાં સત્ય છે તેવા ભગવાન છે.

૪ सत्यस्य सत्यम्- સત્યના સત્ય (લયસ્થાન) વિશેષણથી સત્યનો પ્રલય પણ આ ભગવાનમાં જ થાય છે એમ કહે છે. જેમ પૂર્ણમાંથી પૂર્ણ લેતાં પૂર્ણ જ બાકી રહે છે તેમ સત્યનો પોતાના આધિદૈવિક સત્યમાં જ લય થાય છે.

૫,૬. ऋत અને સત્ય ઋત અને સત્ય બે નેત્રો છે જેમનાં એ વિશેષણથી જ્ઞાનશક્તિનું સત્ય તરીકે નિરૂપણ કરે છે. ઋત એટલે સત્ય અને પ્રિય વાણી. ભગવાનની પ્રાપ્તિ બે પ્રકારથી થાય છે.

૭ एकायनोसौ -શ્રુતિ પ્રમાણે ભગવાન વૃક્ષરૂપ છે. તેમનાથી ઉત્પન્ન થતું જગત પણ વૃક્ષરૂપ જ છે. ભગવાન આરંભ વિનાનું અને અંત વગરનું વૃક્ષ છે.

સુશોભિત ચિહ્નોવાળાં પગલાંઓથી આપની કૃપા પામેલી આ ભૂમિને અને સ્વર્ગને અમે જોઈશું તે પણ મોટું ભાગ્ય ! (૩૮)

न तेऽभवस्येश भवस्य कारणं विना विनोदं बत तर्कयामहे । भवो निरोधः स्थितिरप्यविद्यया कृता यत सत्वय्यभवाऽऽश्रयात्मनि ॥ ३९ ॥

હે ઈશ ! જન્મરહિત આપના જન્મનું કારણ કેવલ વિનોદ અન્ય કાંઈ અમે ધારતા નથી. કારણ કે જન્મઆશ્રય અને સર્વના આત્મા એવા આપનાં જન્મ, લય અને સ્થિતિ પણ અવિદ્યાથી કરાયેલાં છે. (૩૯)

मत्स्याश्वकच्छपनृसिंहवराहं सराजन्यविप्रविबुधेषु कृतावतारः । त्वं पासि नस्त्रिभुवनं च तथाऽधुनेश भारं भुवो हर यदूत्तम वन्दनं ते ॥ ४० ॥

હે ઈશ ! મત્સ્ય, અશ્વ, કચ્છપ, નૃસિંહ, વરાહ હંસ, રાજન્ય એટલે શ્રીરામ, વિપ્ર એટલે શ્રી પરશુરામ અને દેવ એટલે શ્રી વામન અવતાર ધારણ કરી આપ અમારું અને ત્રિભુવનનું રક્ષણ કરો છો તે પ્રમાણે હાલ પણ અવતાર લઈ રક્ષણ કરો અને હે યદુવર ! ભૂમિનો ભાર હરો. આપને નમસ્કાર છે. (૪૦)

दिष्ट्याम्ब ते कुक्षिगतः परः पुमानंशेन साक्षाद् भगवान् भवाय नः । माभूद्भयं भोजपतेर्मुमूर्षोर्गोप्ता यदूनां भविता तवात्मजः ॥ ४१ ॥

હે માતા ! પરપુરુષ સાક્ષાત્ ભગવાન અમારા કલ્યાણ માટે અંશથી આપના ઉદરમાં પધાર્યા છે. મૃત્યુના આરે આવી ઊભેલા આ ભોજપતિ કંસથી આપને ભય થશે નહિ. હે માતા ! આપના આત્મજ બની ભગવાન યદુઓનું રક્ષણ કરનાર થશે. (૪૧)

શ્રી શુકાચાર્યે કહ્યું, રાજન્ ! આ પ્રમાણે જેવા સ્વરૂપવાળા છે અને જેવા પ્રકારનું આ સ્વરૂપ નથી તેવી રીતે પૂર્ણ પુરુષની સ્તુતિ કરી બ્રહ્માજી અને ભગવાન શંકરને આગળ કરી દેવો નિજધામમાં ચાલ્યા ગયા. (૪૨)

श्रीशुक उवाच-इत्यभिष्टूय पुरुषं यद्रूपमनिंदं यथा । ब्रह्मेशानौ पुरोधाय देवाः प्रतिययुर्दिवम् ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ પૂર્વાધમાં 'પ્રાકટ્યનો ઉદ્યમ' નામનો બીજો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૩ જો

[આ અધ્યાયમાં ૫૩ શ્લોકો છે. આ ત્રીજો અધ્યાય ભગવાનના પ્રાકટ્યનો અધ્યાય છે. પ્રથમ ભગવાન મૂલ સ્વરૂપથી પ્રકટ થાય છે ત્યાર પછી શ્રી વાસુદેવ અને દેવકીજીની સંમતિથી ભગવાન બીજું સ્વરૂપ સ્વીકારે છે. આ અવસરે શ્રી વસુદેજી અને શ્રીદેવકી માતાજી ભગવાની સ્તતિ કરે છે. સ્તુતિ શ્રવણ કર્યા પછી ભગવાન માતા-પિતાને આશ્વાસન આપે છે અને ગોકુલમાં પધારે છે.]

આઠ પ્રકારની સૃષ્ટિ મહારાણીનું સૌન્દર્ય-પ્રસન્નતા અને સેવા

[જ્યારે સદાનંદ શ્રી કૃષ્ણ ભગવાનની પધરામણીનો મંગલ સમય થયો ત્યારે પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને

---

૮ द्विफलं - બે ફલવાળું. સુખ અને દુઃખ આ વૃક્ષનાં ફલ છે અને બે ફલો નરક અને સ્વર્ગ કહેવાય છે.

૯ त्रिमूलः- સત્ત્વ વગેરે ત્રણ ગુણો નીચે ઊગનારાં મૂલો છે. તેવું ત્રણ મૂલવાળું આ વૃક્ષ છે. સૃષ્ટિમાં ત્રણ પ્રકારનાં કર્મજ્ઞ થાય છે.

૧૦ चतुरसः- આ વૃક્ષના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર રસો છે.

૧૧ पञ्चविधः- પાંચ કર્મો એટલે પાંચ પ્રકારવાળું આ વૃક્ષ છે.

૧૨ षडात्माः- છ આત્માવાળું આ વૃક્ષ છે. આ આત્મા વિજ્ઞાનવાળો છે.

૧૩ सप्तत्वग्ः- સાત ત્વક્ એટલે ચામડી વગેરે એટલે છાલ વગેરે આ વૃક્ષનાં છે.

૧૪ अष्टविटपः-આ વૃક્ષની આઠ શાખાઓ છે.: (૧) ભૂમિ, (૨) જલ, (૩) અગ્નિ, (૪) વાયુ, (૫) આકાશ, (૭) બુદ્ધિ, (૮) અહંકાર-પ્રકૃતિ ભગવાનની આઠ પ્રકારની છે.

૧૫ नवाक्षः- નવ છિદ્રોવાળું વૃક્ષ એટલે દેહનાં નવ છિદ્રો.

૧૬ दशच्छदीः- વૃક્ષનાં દશ પત્રો એટલે દશ પ્રાણો.

૧૭ द्विखगः- બે પક્ષીવાળું વૃક્ષ એટલે (૧) જીવ (૨) અંતર્યામી પક્ષીઓ જેના ઉપર છે.

આત્માની પ્રસન્નતાનો પાર ન રહ્યો આ સર્વની પ્રસન્નતા આઠ શ્લોકમાં વર્ણવી છે.]

श्रीशुक उवाच-अथ सर्वगुणोपेतः कालः परमशोमनः । यहर्येवाजनजन्मर्क्ष शान्तर्क्षग्रहतारकम् ॥ १ ॥

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્! પછી અજન ભગવાનમાંથી જેમનો જન્મ થયેલ છે તે બ્રહ્માજીનું રોહિણી નક્ષત્ર હતું. જેમાં નક્ષત્રો, ગ્રહો અને તારાઓ શાંત હતા તેવું નક્ષત્ર થયું. પરમ ભગવાનને શોભાવનારો સર્વ ગુણોવાળો કાળ થયો. (૧)

दिशः प्रसेदुर्गगनं निर्मलोडुगणोदयम् । महीं भङ्गलभूयिष्ठपुरग्रामव्रजाकराः ॥ २ ॥

દિશાઓ પ્રસન્ન થઈ. આકાશ નિર્મલ તારાઓના સમૂહનો પ્રકાશવાળું બન્યું. વળી ભૂમિ પણ સ્થાને સ્થાને ઘણાં મંગલવાળાં નગરો, ગામો, નેસડાઓ અને ખીણોવાળી મંગલમય બની.૨

नद्यः प्रसन्नसलिला ह्रदा जलरुहश्रियः । द्विजालिकुलसन्नादस्तबका वनराजयः ॥ ३ ॥

નદીઓ સ્વચ્છ જલવાળી બની, જલધારાઓ કમલની શોભાવાળી થઈ, વનરાજીઓ, પક્ષીઓ અને ભ્રમરવૃન્દોના મધુર કલરવ ગુંજનવાળા પુષ્પના ગુચ્છાવાળી શોભવા લાગી. (૩)

ववौ वायुः सुखस्पर्शः पुण्यगन्धवहः शुचिः । अग्रयश्च द्विजातीनां शान्तास्तत्र समिन्धत ॥ ४ ॥

સુખાકારી સ્પર્શવાળો, પુણ્ય ગંધ ફેલાવનાર પવિત્ર વાયુ વાવા લાગ્યો. વળી આ અવસરે દ્વિજાતિઓના શાંત અગ્નિઓ પ્રકાશમાન થયા. (૪)

मनांस्यासन् प्रसन्नानि साधूनामसुरद्रुहाम् । जायमानेऽजने तस्मिन् नेदुर्दुन्दुभयो दिवि ॥ ५ ॥

અસુરો જેનો દ્રોહ કરે છે તેવા સત્પુરુષોનાં મન પ્રસન્ન થયાં. જન્મરહિત ભગવાનનો જન્મ થતાં આકાશમાં દંદુભિઓ વાગવા લાગ્યાં. (૫)

जगुः किन्नरगंधर्वास्तुष्टुवुः सिद्धचारणाः । विद्याधराश्च ननृतुरप्सरोभिः समं मुदा ॥ ६ ॥

કિન્નરો અને ગંધર્વો ગાન કરવા લાગ્યા. સિદ્ધો અને ચારણો સ્તુતિ કરવા માંડ્યા અને વિદ્યાધરો આનંદથી અપ્સરાઓ સાથે નૃત્ય કરવા લાગ્યા. (૬)

मुमुचुर्मुनयो देवाः सुमनांसि मुदान्विताः । मन्दं मन्दं जलधरा जगर्जुरनुसागरम् ॥ ७ ॥

મુનિઓએ ધ્યાન પડતાં મૂક્યાં. તેઓ અને દેવો આનંદવિભોર બની પુષ્પોની વૃષ્ટિ વરસાવા લાગ્યા. આ જલધર મેઘો સાગરની સમીપે મંદ મંદ ગર્જના કરવા લાગ્યા. (૭)

निशीथे तमउद्भूते जायमाने जनार्दने । देवक्यां विष्णुरूपिण्यां विष्णुः सर्वगुहाशयः ॥ आविरासीद् यथा प्राच्यां दिशीन्दुरिव पुष्कलः ॥ ८ ॥

ભગવાન શ્રી જનાર્દન પ્રાકટ્ય થવાનો સમય થયો ત્યારે તો અંધકારથી મુક્ત થયેલી મધરાત થઈ હતી, પૂર્વ દિશામાં પૂર્ણચન્દ્રનો આર્વિભાવ થાય તેમ વિષ્ણુ ભગવાનના સ્વરૂપવાળાં શ્રીદેવકીજીમાં સર્વ ગુહાઓમાં શયન કરનાર ભગવાન વિષ્ણુનો આર્વિભાવ થયો. (૮)

લૌકિક અલૌકિક બાર ઐશ્વર્યવાળા કૃપાસિંધુ શ્રીકૃષ્ણ

श्रीशुक उवाच-तमद्भुतं बालकमम्बुजेक्षणं चतुर्भुजं शंखगदाद्युदायुधम् । श्रीवत्सलक्ष्मं गलशोभिकौस्तुभं पीतांबरं सान्द्रपयोदसौभगम् ॥ ९ ॥

महार्हवैडूर्यकिरीटकुण्डलत्विषा परिष्वक्तसहस्रकुन्तलम् । उद्दामकाञ्च्यङ्गदकङ्कणादिभिर्विरोचमानं वसुदेव ऐक्षत ॥ १० ॥

તે અદ્ભુત બાલક અબુંજ - કમલ સમાન ઈક્ષણ - નયનવાળા, ચાર ભુજાવાળા, શંખ, ગદા, ચક્ર, પદ્મ નામનાં ઊચાં કરેલા ચાર આયુધોવાળા,વક્ષઃસ્થલમાં શ્રીવત્સના ચિહ્નવાળા, કંઠમાં શોભતા કૌસ્તુભવાળા, પીતાંબર ધારણ કરેલા, જલભરેલા ગાઢ મેઘ સમાન શોભતા, અત્યંત અણમોલ વૈડૂર્યમણિ મઢેલા મુકુટ અને કુંડલોના તેજથી છવાયેલા હજારો કેશવાળા અને નિયમન વિનાની ઉત્તમ સેરવાળી મેખલા તથા બાજૂબંધો અને કંકણોથી શોભતા

ચતુર્ભુજ શ્રી બાલમુકુંદનાં શ્રીવસુદેવે દર્શન કર્યાં. (૯,૧૦)

स विस्मयोत्फुल्लविलोचनो हरिं सुतं विलोक्यानकदुन्दुभिस्तदा । कृष्णावतारोत्सवसाम्भ्रमोऽस्पृशन् मुदा द्विजेभ्योयुतमाप्लुतो गवाम् ॥ ११ ॥

સાક્ષાત્ શ્રીહરિને પુત્ર તરીકે પધારેલા નિરખીને તે સમયે વિસ્મયથી પ્રફુલ્લ થયેલા લોચનવાળા શ્રી આનંકદુંદુભિ વસુદેવજીએ ભગવાન શ્રીકૃષ્ણના પધારવાથી થયેલ ઉત્સવથી અત્યંત ગાંડાઘેલા થઈ જઈને આનંદજલથી ઉત્સવ નિમિત્ત સ્નાન કરી દ્વિજવરોને દેવા માટે દશ હજાર ગાયોના દાનનો સંકલ્પ કર્યો. (૧૧)

अथैनमस्तौदवधार्य पूरुषं परं नताङ्गः कृतधीः कृताञ्जलिः । स्वरोचिषा भारत सूतिकागृहं विरोचयन्तं गतभीः प्रभाववित् ॥ १२ ॥

હે ભારત ! ત્યાર પછી 'આ તો પરમ પુરુષ છે' એવું જાણતાં જ નિજ તેજથી પ્રસૂતિગૃહને પ્રકાકશિત કરનાર નાથની, મસ્તક નમાવી અંજલિ જોડી સ્તુતિ કરી. (૧૨)

श्रींवसुदेव उवाच-विदितोऽसि भवान् साक्षात् पुरुषः प्रकृतेः परः । केवलानुभवानन्दस्वरुपः सर्वबुद्धिदृक् ॥ १३ ॥

स एव स्वप्रकृत्येदं सृष्टवाग्रे त्रिगुणात्मकम् । तदनु त्व ह्यप्रविष्ट प्रविष्ट इव भाव्यसे ॥ १४ ॥

નાથ ! આપ પ્રવૃત્તિથી પર છો, સાક્ષાત્ પુરુષ છો, કેવલ ચિદ્ અને આનંદસ્વરૂપ છો, સર્વની બુદ્ધિને જાણનાર તરીકે આપને જાણેલા છે,તે જ પરમ પુરુષ આપ પહેલાં આ ત્રણ ગુણરૂપ જગતને પોતાની પ્રકૃતિથી બનાવીને ત્યાર પછી તેમાં પ્રવેશ કરેલા જેવા જણાઓ છો. (૧૩,૧૪)

यथेमेऽविकृता भावास्तथा ते विकृतैः सह । नानावीर्याः पृथग्भूता विराजं जनयन्ति हि ॥ १५ ॥

सन्निपत्य समुत्पाद्य द्दश्यन्तेऽनुगता इव । प्रागेव विद्यमानत्वान्न तेषामिह सम्भवः ॥ १६ ॥

જેમ આ વિકાર વિનાના જુદી જુદી શક્તિવાળા જુદા જુદા રહેલા ભાવો વિકારવાળા ભાવો સાથે મળી વિરાટને ઉત્પન્ન કરે છે તેમ આ વિકાર વિનાના ભાવો સાથે મળી ઉત્પન્ન કરીને જાણે કે અંદર પ્રવેશતા હોય તેમ દેખાય છે.પરંતુ તેવું નથી હોતું કારણ તેઓ પ્રથમથી જ રહેલા હોવાથી તેઓની અહીં ઉત્પત્તિ નથી. (૧૫,૧૬)

एवं भवान् बुद्ध्यनुमेयलक्षणैर्ग्राह्यैर्गुणैः सन्नपि तद्गुणाग्रहाः ॥
अनावृतत्वाद् बहिरन्तरं न ते सर्वस्य सर्वात्मन् आत्मवस्तुनः ॥ १७ ॥

નાથ ! એવા આપ સર્વત્ર સર્વમાં પ્રથમથી જ રહેલા છો, કેવલ બુદ્ધિથી આપનાં લક્ષણોનું અનુમાન થાય તે બુદ્ધિ ઈન્દ્રિયોથી ગ્રહણ થતાં ઘટ પટ વગેરે ગુણોની સાથે સંબંધવાળા હોવા છતાં જ્યારે ઈન્દ્રિયોથી તે વસ્તુ દેખાય છે ત્યારે આપ તેમના ગુણોથી જણાતા નથી કારણ કે આપ સર્વરૂપ છો, સર્વના આત્મારૂપ છો અને આત્માના ફલરૂપ છો. આપ કોઈ પણ વસ્તુમાં સમાવી શકાય તેવા નહી હોવાથી આપ કોઈની અંદર નથી કે બહાર નથી. (૧૭)

य आत्मनो द्दश्यगुणेषु सन्निति व्यवस्यते स्वव्यतिरेकतोऽबुधः ॥
विनानुवादं न च तन्मनीषितं सम्यग् यतस्त्यक्त मुपाददत् पुमान् ॥ १८ ॥

નાથ ! જે કોઈ પણ પુરુષ આત્માના દૃશ્ય ગુણોમાં એટલે આત્માના દેહ વગેરે નજરે દેખાતી વસ્તુઓમાં, આ વસ્તુઓ પદાર્થોથી જુદો છે, જુદી સત્તા ધરાવે છે એવું જે સમજે છે તે ખરેખર અજ્ઞાની છે. દેહાદિ પદાર્થો માટે જો વિચાર કરાય છે તો તે કેવળ અનુવાદ વિના કાંઈ નથી કારણ કે પુરુષે સારી રીતે તજેલું ગ્રહણ કરનારું થાય છે. (૧૮)

त्वत्तोऽस्य जन्मस्थितिसंयमान् विभो वदन्त्यनीहादगुणादविक्रियात् । त्वयीश्वरे ब्रह्मणि नो विरुध्यते त्वदाश्रयत्वादुपचर्यते गुणैः ॥ १९ ॥

હે સર્વશક્તિમાન ! ચેષ્ટારહિત, ગુણાતીત, વિક્રિયા વિના આપનાથી ઉત્પત્તિ, સ્થિત અને સંયમ કહે છે તે યોગ્ય જ છે કારણ કે આપ ઈશ્વર બ્રહ્મમાં આપનાથી ઉત્પત્તિ વગેરે થવામાં તેનો વિરોધ નથી આવતો. આપના આશ્રયવાળા હોવાથી તેનો આરોપ કરવામાં આવે છે. (૧૯)

स त्वं त्रिलोकस्थितये स्वमायया बिभर्षि शुक्लं खलु वर्णमात्मनः । सर्गाय रक्तं रजसोपबृंहितं कृष्णं च वर्णं तमसा जनात्यये ॥ २० ॥

તે આપ ખરેખર ત્રણ લોકની સ્થિતિ માટે પોતાની માયાથી પોતાના શ્વેત વર્ણને ધારણ કરો છો, સર્જન કરવા માટે રજોગુણવાળા લાલ વર્ણને ધારણ કરો છો અને તમોગુણથી લોકોનો નાશ કરવા માટે કૃષ્ણ વર્ણને ધારણ કરો છો. (૨૦)

त्वमस्य लोकस्य विभो रिरक्षिषुर्गृहेऽवतीर्णोसि ममाखिलेश्वर । राजन्यसंज्ञासुरकोटियूथपैर्निर्व्यूह्यमाना निहनिष्यसे चमूः ॥ २१ ॥

હે સર્વના ઈશ્વર ! હે વિભુ ! આ લોકની રક્ષા કરવાની ઈચ્છાથી આપ મારા ક્ષુદ્ર આંગણે પદાર્યા છો. આ ભૂતલ ઉપર રાજાના નામને ધારણ કરનાર અસુરોની કરોડો સેનાઓના નાયકોની દોરવણીવાળી સેનાઓનો આપ નાશ કરશો. (૨૧)

अयं त्वसभ्यस्तव जन्म नो गृहे श्रुत्वाग्रजांस्ते न्यवधीत् सुरेश्वर । स तेऽवतारं पुरुषैः समर्पितं श्रुत्वाधुनैवाऽभिसरत्युदायुधः ॥ २२ ॥

હે દેવાધિદેવ ! આ કંસ તો નીચ છે. અમારે ઘેર આપ પધારશો એવું સાભળીને આપનાથી પ્રથમ જન્મેલા આપના ભાઈનો કંસે નાશ કર્યો છે. કારાવાસમાં મૂકેલા તેના સેવકો આપ પધાર્યા છો સાંભળીને એવું જણાવશે કે ઊંચા કરેલાં આયુધોવાળો તે હમણાં જ આવશે. (૨૨)

શ્રી શુકાચાર્યે કહ્યું : કે રાજન્ ! શ્રી વસુદેવજીએ સ્તુતિ કર્યા પછી ચાર ભુજા અને આયુધ વગેરેથી મહાપુરુષના લક્ષણવાળા તે પુત્રને જોઈને સારી રીતે વિસ્મય પામેલા કંસથી ભય પામેલાં દેવકીજી તેમને શરણે ગયાં. (૨૩)

અષ્ટવિધ ઐશ્વર્યવાળા ભગવાનની દેવકી માતાજી સ્તુતિ કરે છે

श्रीदेवकी उवाच-रूपं यत् तत् प्राहुरव्यक्तमाद्यं ब्रह्म ज्योतिर्निर्गुणं निर्विकारम् । सत्तामात्रं निर्विशेषं निरीहं स त्वं साक्षात् विष्णुरध्यात्मदीपः ॥ २४ ॥

શ્રી દેવકીજી ભગવાનની સ્તુતિ કરે છે : જે રૂપને (૧) અવ્યક્ત, (૨) આદ્ય, (૩) બ્રહ્મ, (૪) જ્યોતિ, (૫) ગુણરહિત, (૬) વિકારરહિત, (૭) માત્ર સત્તારૂપ, (૮) વિશેષરહિત અને (૯) ચેષ્ટારહિત કહે છે તે સાક્ષાત્ વિષ્ણુ અન્ત:કરણમાં પ્રકાશ કરનાર આપ છો. (૨૪)

नष्टे लोके द्विपरार्धावसाने महाभूतेष्वादिभूतं गतेषु । व्यक्तेऽव्यक्तं कालवेगेन याते भवानेकः शिष्यतेऽशेषसंज्ञः ॥ २५ ॥

બે પરાર્ધના અંતે લોકોનો નાશ થતાં મહાભૂતોનો આદિભૂતમાં પ્રવેશ થતાં અને કાલના વેગથી વ્યકતનો અવ્યક્તમાં પ્રવેશ થતાં સર્વ સંજ્ઞાઓવાળા આપ એક જ બાકી રહો છો. (૨૫)

योऽयं कालस्तस्य तेऽव्यक्तबन्धो चेष्टाहुश्चेष्टते येन विश्वम् । निमेषादिर्वत्सरान्तो महीयांस्तं त्वेशानं क्षेमधाम प्रपद्ये ॥ २६ ॥

હે અવ્યક્તના બંધુ ! નિમેષથી આરંભી વર્ષ સુધીનો અને તેથી પણ મોટો પરાર્ધ સુધીનો આ જે કાલ છે કે જેનાથી વિશ્વની પ્રવૃત્તિ થાય છે તે કાલને આપની ચેષ્ટા કહેલી છે. તેવા સમર્થ અને ક્ષેમના સંરક્ષણના ધામ આપને હું શરણે આવી છું. (૨૬)

मर्त्यो मृत्युव्यालभीतः पलायन् सर्वांल्लोकान्निर्भयं नाध्यगच्छत् । त्बत्पादाब्जं प्राप्य यदच्छयाऽध स्वस्थः शेते मृत्युरस्मादपैति ॥ २७ ॥

મૃત્યુનામ અજગર-સર્પથી ભય પામેલ સર્વ લોકમાં નાસતા જીવને નિર્ભયસ્થાન કાંઈ પ્રાપ્ત થયું નહિ. પરંતુ આપની ઈચ્છાથી આપના ચરણકમલને પ્રાપ્ત કરી હવે તે સ્વસ્થ થઈ આરામ કરે છે કારણ કે મૃત્યુ આનાથી દૂર જાય છે. (૨૭)

स त्वं घोरादुग्रसेनात्मजान्नस्त्राहि त्रस्तान् भृत्यवित्रासहासि । रुपं चेदं पौरुषं ध्यानधिष्ण्यं मा प्रत्यक्षं मांसदृशां कृषीष्ठाः ॥ २८ ॥

તે આપ ત્રાસ પામેલા અમારું ઉગ્રસેનના ઘોર પુત્રથી રક્ષણ કરો. આપ સેવકનો ભય હરનારા છો; નાથ ! જે સ્વરૂપનું ધ્યાનમાં સ્થાન છે તેવું આ દિવ્ય પુરુષનું સ્વરૂપ ચર્મચક્ષુવાળાઓને પ્રત્યક્ષ કરશો નહીં. (૨૮)

जन्म ते मय्यसौ पापो मा विद्यान् मधुसूदन । समुद्विजे भवद्धेतोः कंसादहमधीरधीः ॥ २९ ॥

उपसंहर विश्वात्मन्नदो रूपमलौकिकम् । शङ्खचक्रगदापद्मश्रिया जुष्टं चतुर्भुजम् ॥ ३० ॥

હે મધુસૂદન ! આ પાપી મારાથી થયેલા આપના જન્મને ન જાણે. અધીર બુદ્ધિવાળી હું આપને કષ્ટ કરશે એવા દુ:ખને લીધે કંસથી ઘણો ઉદ્વેગ પામું છું. હે વિશ્વરૂપ ! શંખ,ચક્ર, ગદા, પદ્મ અને કાંતિવાળું, ચાર ભુજાઓવાળું આ અલૌકિક સ્વરૂપ છુપાવી દો. (૨૯,૩૦)

विश्वं यदेतत् स्वतनौ निशान्ते यथावकाशं पुरुषः परो भवान् । बिभर्षि सोऽयं मम गर्भगोऽभूदहो नृलोकस्य विडम्बनं मिहहत् ॥ ३१ ॥

આપ પર પુરુષ નિશા-રાત્રિના અંતે વિશ્વને આપના દેહમાં પુષ્કળ અવકાશ રહે તે પ્રમાણે છૂટથી ધારણ કરો છો તેવા આપ આ મારા ગર્ભમાં પધારેલ થયા. અહો! મનુષ્યલોકનું ભારે અનુકરણ કર્યું. (૩૧)

ચૌદ લોકના નાથે ચૌદ લોકમાં નિર્ભય રહેવા માતાપિતાને દીધેલું અભયદાન

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે હે સતિ ! પહેલાના સર્ગમાં સ્વયંભૂ મનુના મન્વન્તરમાં આપ જ પૃશ્નિ હતાં ત્યારે આ શ્રી વસુદેવજી સુતપા નામના નિષ્પાપ પ્રજાપતિ હતા. આ મન્વન્તરમાં આપને બન્નેને બ્રહ્માજીએ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી ત્યાર પછી આપે ઈન્દ્રિયોના સમૂહનો સંયમ કરી પરમ તપ કર્યું. (૩૨,૩૩) વરસાદ, પવન, તાપ,હિમ,ઘામ અને કાલના ગુણોને અનુક્રમે પ્રત્યેક ઋતુમાં સહન કરતાં અને પ્રાણાયામ કરી શ્વાસને રોકવાથી આપના મનનો મેળ બળી ગયો હતો-જતો રહ્યો હતો, તપ કરતાં આપે વૃક્ષ ઉપરથી ખરી પડેલાં સૂકાં પાન અને પવનનો આહાર કરીને ઉપશાંતિવાળા ચિત્તથી મારી પાસેથી કામનાઓની ઈચ્છા રાખતાં મારી સેવા કરી. (૩૪,૩૫) હે ભદ્રે ! હે માતા ! મારામાં જ મનવાળાં આપ બન્નેને આ પ્રમાણે કઠિન તપ કરતાં દેવોનાં બાર હજાર વર્ષ વીતી ગયાં. (૩૬) હે પવિત્ર જનની ! ત્યારે તપ, શ્રદ્ધા અને ભક્તિથી હૃદયમાં નિત્ય ચિંતન કરાયેલો હું આપ બન્નેના ઉપર પ્રસન્ન થયો અને વરદાન દેનારાઓમાં પણ શ્રેષ્ઠ હું આપને બન્નેને વરદાન આપવાની ઇચ્છાથી પ્રકટ થયો અને 'વર માગો' એમ કહ્યું ત્યારે આપે બન્નેએ મારા જેવા પુત્રની પ્રાપ્તિ થાય એવો વર માગ્યો. (૩૭,૩૮) આપ બન્ને સંસારના વિષયો સેવ્યા ન હતા તેવાં, સંતાન વિનાનાં અને મારી માયાથી મોહ પામેલાં દંપતીએ મારી પાસેથી મોક્ષનો વર માગ્યો નહિ. મા ! પછી હું વિદાય થયો ત્યારે મારા જેવા પુત્રનું વરદાન પ્રાપ્ત કરીને આપે સંસારમાં પ્રવેશી ભોગો ભોગવ્યા; કારણ કે આપ બન્નેનો મનોરથ પ્રાપ્ત થયો હતો. મા ! વરદાન આપ્યા પછી શીલ, ઉદારતા અને ગુણોથી મારા સરખો બીજો તો કોઈ લોકમાં હોય જ નહિં તેથી 'પૃશ્નિગર્ભ' આવા નામથી ઓળખાયેલો હું આપ બન્નેનો પુત્ર થયો. (૩૯-૪૧) માતા ! ફરીથી આપ બન્ને કશ્યપ અને અદિતિમાં હું અવતર્યો ત્યારે 'ઉપેન્દ્ર' એવા નામથી અને વામન હોવાથી 'વામન' નામથી પ્રખ્યાત થયો. માડી હે સતી ! આ ત્રીજા જન્મમાં તે જ આપ બન્નેથી તે હું જ શરીરથી ફરી અવતર્યો છું. મારું વચન સત્ય છે. (૪૨,૪૩) મા ! મારા આ સ્વરૂપનું દર્શન આપને પહેલાંના જન્મનું સ્મરણ કરાવવા માટે કરાવ્યું, જો આ સ્વરૂપનું દર્શન કરાવ્યું ન હોત તો મનુષ્યનાં ચિહ્નવાળા મારા સ્વરૂપથી મારા પ્રાકટ્યનું જ્ઞાન થાય નહીં. (૪૪) હવે મા ! આપ બન્ને પુત્રભાવથી અને બ્રહ્મભાવથી વારંવાર મારું ચિંતન કરતાં મારામાં, સ્નેહ કરતાં ઉત્તમ ધામને પ્રાપ્ત કરશો. (૪૫)

માતાજીની ઈચ્છાથી રૂપાંતરનો સ્વીકાર

શ્રી શુકાચાર્યે કહ્યું કે રાજન્ ! આ પ્રમાણે કહીને શ્રીહરિ વિરામ પામ્યા અને માતાપિતાના સારી રીતે દેખતા ભગવાન પોતાની માયાથી તે જ ક્ષણે પ્રાકૃત બાલક બન્યા. (૪૬) રાજન્ ! ત્યારબાદ ભગવાનની પ્રેરણાથી શ્રી શૌરિ વસુદેજીએ પુત્રને સારી રીતે સાચવીને, લઈને પ્રસૂતિઘરમાંથી બહાર નીકળવાની અભિલાષા કરી ત્યારે શ્રી નંદરાયનાં પત્ની શ્રી યશોદાજીએ ભગવાનને અને યોગમાયાને બન્નેને જન્મ આપ્યો. (૪૭) રાજન્ ! યોગમાયાના પ્રાકટ્યથી સર્વ દ્વારપાલોની અને નગરવાસીઓની જ્ઞાનની સર્વ વૃત્તિઓ હરાઈ જતાં સર્વને નિદ્રાના ઘેનમાં મૂકી દેવામાં આવ્યાં. રાજન્ ! ત્યારબાદ મુશ્કેલીથી પણ બહાર ન નીકળી શકાય તેવા, લોઢાના ખીલાવાળી સાંકળોથી બંધ કરેલાં મજબૂત મોટા બારણાવાળા સર્વ દ્વારો શ્રીમસ્તકે ભગવાન શ્રીકૃષ્ણને પધરાવી લઈ જતા શ્રીવસુદેવજી પધાર્યા કે જેમ સૂર્યથી અંધકાર ચાલ્યો જાય તેમ આપોઆપ ખૂલી ગયાં. વળી મંદમંદ ગર્જના કરતો વરસાત વરસવા લાગ્યો, ફેણોથી જલને રોકતા શેષ ભગવાન મસ્તકે છત્ર કરી પાછળ પાછળ ચાલ્યાં. (૪૮,૪૯)

ઈન્દ્રરૂપ મેઘ વારંવાર વરસતો હતો ત્યારે ગંભીર જલના સમૂહના વેગવાળા તેમ જ પુષ્કળ મોજાંઓવાળા અને ફીણવાળા, ભય પેદા કરનાર સેંકડો વમળોથી વ્યાકુળ શ્રીયમરાજાનાં લઘુ ભગિની નદી શ્રીયમુના મહારાણીજીએ સમુદ્રે

જેમ શ્રી સીતાપતિ રઘુનાથને માર્ગ આપ્યો હતો તેમ શ્રીપતિ વ્રજપતિને માર્ગ આપ્યો. (૫૦) શૌરિ શ્રીવસુદેવજીએશ્રી નંદબાવાના વ્રજ પાસે જઈને ત્યાં તે ગોપોને નિદ્રામાં સૂતેલા જોઈને બાળકોને યશોદાજીના શયનમાં બિરાજતા સ્વરૂપમાં આ સ્વરૂપને પધરાવી તેમનાં પુત્રને લઈને વસુદેવજી પાછા ફર્યા. (૫૧) કારાવાસમાં પાછા આવી વસુદેવે દેવકીજીના શયનમાં કન્યાને મૂકીને, પછી બે પગોમાં બેડીઓ પહેરીને પહેલાંની માફક બંધાયેલા થયા. (૫૨) રાજન્ ! શ્રી નંદબાવાનાં પત્ની શ્રી યશોદા મહારાણીજીએ જન્મ થયો એટલું જ જાણ્યું પણ ઘણાં થાકેલાં અને નિદ્રાને લીધે જેની સ્મૃતિ ગઈ છે એવાં હોવાથી તેની જાતિ જાણી નહીં. ૫૩

यशोदा नन्दपत्नी च जातं परमबुध्यत । न तल्लिङ्ग परिश्रान्ता निद्रयाऽपगतस्मृतिः ॥ ५३ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ પૂર્વાર્ધમાં 'પ્રાકટ્ય અને રૂપાંતર સ્વીકાર' નામનો ત્રીજો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૪ થો

[આ અધ્યાયમાં ૪૭ શ્લોકો છે. ભગવાનની નટલીલા આ અધ્યાયમાં વર્ણવી છે. આ અધ્યાયમાં અનિરુદ્ધલીલા દર્શાવી છે. કોઈ પણ કારાવાસમાં નથી. સર્વ મુક્ત થયા છે. એ અનિરુદ્ધ લીલા છે. ક્રૂર કંસને કન્યાને ન મારવા દેવકીમાતાજીની કાકલૂદી કંસની નિર્દયતા-અષ્ટભુજા દેવીનાં દર્શન -કંસે યાચેલી ક્ષમા-શ્રીવસુદેવજીની દયા વગેરે પ્રસંગો આવશે.]

श्रीशुक उवाच-बहिरन्तःपुरद्वारः सर्वा पूर्ववदावृताः । ततो बालध्वनिं श्रुत्वा गृहपालाः समुत्थिताः ॥ १ ॥

કંસની વિહ્વળતા આપી

શ્રી સુકદેવજી મહારાજ કહે છે કે રાજન્ ! નગરનાં બહારનાં અને અંદરનાં સર્વ દ્વારો પ્રથમના જેવાં જ બંધ થઈ ગયાં, ત્યાર પછી બાળકનો અવાજ સાંભળી દ્વારપાલો જાગી ઊઠ્યા. (૧) તેઓએ તો તરત ભોજરાજ કંસ પાસે જઈને જેની શોકાતુર ચિત્તે કંસરાજા રાહ જોઈ રહ્યા હતા તેમને દેવકીજીના તે આઠમા ગર્ભના સમાચાર કહ્યા. (૨) રાજા કંસ એકાએક શય્યામાંથી ઊઠી 'આ કાલ છે' એમ જાણવાથી વિહ્વલ થઈ, ઠોકરો ખાતા, છૂટા કેશવાળા તે પ્રસૂતિગૃહમાં દોડી ગયા.

દેવકીમાતનું દૈન્ય

રાંક દીન સતી દેવકીજીએ ભાઈ કંસને દયાજનક રીતે કહ્યું કે હે ભાગ્યવાન ! હે ભાઈ તારે ત્યાં પુત્ર થશે તેને હું મારી આ પુત્રી પરણાવીશ તો આ તારા પુત્રની વધૂ છે એમ માનીને સ્ત્રીનો વધ ન કરીશ, ભાઈલા. (૪) હે ભાઈ ! દૈવે પ્રેરેલા તમે મારા અગ્નિ સમાન અનેક બાલાકો માર્યા છે. હવે આ એક પુત્રી આપો, ભાઈ ! વહાલા ભાઈ ! હે સમર્થ ભાઈ ! હું દીન રાંક હણાયેલા પુત્રોવાળી તમારી નાની બહેન છું મંદભાગિની આ છેલ્લી પ્રજાનું દાન કરવા ભાઈલા તમે જરૂર યોગ્ય છો. (૬)

ખલની ખલતા

આમ દીકરીને બાઝી પડીને એવી રીતે દુઃખિયારી માફક રડતાં દેવકી માતાને ધમકાવી ને પુત્રીની માગણી કરાયેલા દુષ્ટ કંસરાજે દેવકીજીના હાથમાંથી બાલિકાને આંચકી લીધી.૭ સ્વાર્થને લીધે જેણે સ્નેહનો જડમૂળથી નાશ કર્યો છે તેવા તે નિર્દય કંસે તાજી જન્મેલી બહેનની તે પ્રાણપ્યારી પુત્રની બે પગથી પકડી પથ્થર ઉપર પછાડી. (૮)

દેવીની દિવ્યતા

રાજા કંસના હાથમાંથી કૂદીને તરત જ તે દેવી આકાશમાં પધાર્યાં. ભગવાન વિષ્ણુની એ લઘુ ભગિની આયુધવાંળા આઠ મોટા હાથવાળાં નજરે પડ્યાં. (૯) દેવીજીના દિવ્યં શ્રી અંગે દિવ્ય માલાઓ, વસ્ત્રો, લેપો અને રત્નવાળાં આભરણોથી શણગારાયેલા, ધનુષ્ય, ત્રિશૂલ અને બાણ, ઢાલ, તલવાર, શંખ, ચક્ર અને ગદા ધારણ કરનારાં સર્વેએ નિહાળ્યાં. (૧૦) આ સમયે, હાથમાં લાવેલી વિવિધ ભેટસામગ્રી સમર્પણ કરતા સિદ્ધો, ચારણો, ગન્ધર્વો, અપ્સરાઓ, કિન્નરો અને સર્પો સ્તુતિ કરી રહ્યા હતા ત્યારે દેવી બોલ્યાં કે "હે મંદ ! મને મારવાથી તને શું લાભ થવાનો છે ?

તારો નાશ કરનાર પ્રથમથી જ તારો શત્રુ કોઈ એક સ્થલે ખરેખર પ્રકટ થઈ ચૂકેલ છે. આ કૃપણ દીન દેવકીને વ્યર્થ મારીશ મા.'' (૧૧-૧૨)

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ આ પ્રમાણે કંસને સ્પષ્ટ કહીને દેવી ભગવતી માયા ભૂતલ ઉપર અનેક નામવાળાં અનેક પીઠોમાં અનેક નામવાળાં થયા. (૧૩) ભગવતીના કહેલા સંદેશાને સાભંળીને અતિશય વિસ્મય પામેલા રાજા કંસે દેવકીજી અને વસુદેવને મુક્ત કરીને વિનયપૂર્વક આ પ્રમાણે કહ્યું. (૧૪)

કંસનો પરિતાપ અને ક્ષમાયાચના

રાજા કંસ કહે છે કે ''અહો બહેન ! અરે બનેવી ! અરેરે ! રાક્ષસની માફક આવીને મેં શરીરધારી પાપે આપના બન્નેના અનેક પુત્રો માર્યા.'' (૧૫) આવો હું સર્વથા નિર્દય જ્ઞાતિલાં સગાં સ્નેહી, મિત્રોને તરછોડનાર બ્રહ્મહત્યારાની માફક મરેલો શ્વાસ લેતો તે હું દુષ્ટ તો ક્યા લોકને પામીશ ? (૧૬) અરેરે ! માત્ર મનુષ્યો જ નહિં, પરંતુ દૈવ પણ અસત્ય બોલે છે. જેના વિશ્વાસથી મેં પાપીએ બહેનનાં બાળકોને મારી નાખ્યાં. (૧૭) આપ બન્ને મહાભાગ એટલે પરમ ભગવદીય છો. પોતાના પુત્રનો શોક ન કરો. જંતુઓ પોતાનાં કર્મ ભોગવનારા છે, સદા સાથે રહેતા નથી. દૈવને આધીન રહે છે. (૧૮) ભૂમિમાંથી થતાં પ્રાણીઓ જેમ ભૂમિમાંથી નીકળે છે અને ભૂમિમાં પ્રવેશે છે તેમ આત્મામાંથી પણ ભૂતો નીકળે છે અને આત્મામાં પ્રવેશ કરે છે. જેમ ભૂમિમાં વિકાર થતો નથી તેમ આ પંચભૂતોમાં રહેલ આત્મામાં પણ વિકાર થતો નથી અથવા ભૂમિમાંથી બનતા પદાર્થો અને ભૂતો ભૂમિમાંથી નીકળે છે અને ભૂમિમાં પ્રવેશે છે તેમ આ ભૂતોમાં રહેલ આત્મા તેમાંથી નીકળતો નથી અને તેમાં પ્રવેશ કરતો નથી જેમ ભૂમિમાં વિકાર થતો નથી તેમ આ ભૂતોમાં રહેલ આત્મામા પણ વિકાર થતો નથી. (૧૯) એવું આત્માનું સ્વરૂપ યથાર્થ રીતે નહિ જાણનારને ભેદ-ભિન્નપણું થાયછે-દેખાય છે. આ ભેદ બુદ્ધિને લીધે આત્માનો વિપર્યય અને દેહ સાથે સંયોગ અને વિયોગ થાય છે તેમજ સંસાર ટળતો નથી. (૨૦) માટે હે વહાલી બહેન ! મેં મારેલા હોવા છતાં તારા પુત્રોનો તું શોક ન કરીશ. કારણ કે સર્વ કર્મને અધીન થઈ પોતનાં કર્મના ફલ ભોગવે છે. (૨૧) જ્યાં સુધી 'મરાયેલો છું-હણાઉં છુ' એમ પોતાને માને છે ત્યાં સુધી પોતાની અંદર દૃષ્ટિ રાખનાર તે દેહ વગેરેના અભિમાનવાળો અજ્ઞાની જીવ બાધ્યબાધક ભાવને પામે છે. (૨૨) ''દીન ઉપર દયા રાખનાર દીનવત્સસલ આપ બન્ને સાધુજન છો. આપ મારાં દુષ્ટપણાને ક્ષમા કરો'' એમ કહી અશ્રુ ભરેલા મુખવાળા સાળા કંસરાજે ત્યાર પછી બહેન દેવકીજીના બે પગ પકડી લીધા. (૨૩) અને કન્યા દેવીની વાણીથી વિશ્વાસ પામેલા કંસે સાંકળો છોડી અને પોતાના પ્રેમ દર્શાવતાં દેવકીજી અને વસુદેવને છોડી દીધાં. (૨૪)

દેવકી-વસુદેવની વૈષ્ણવતા

ખૂબ સારા પ્રમાણમાં દુઃખી થયેલા ભાઈના રોષની ક્ષમા કરીને શ્રી દેવકીજીએ કંસના અપરાધને મનમાંથી કાઢી નાખ્યો અને વસુદેવે પણ હસીને તેને દિલાસો દેતાં આ પ્રમાણે કહ્યું. ૨૫

શ્રી વસુદેવજી બોલ્યાં કે હે મહારાજ ! કંસ જેમ તમે કહ્યું આવું જ આ છે દેહીઓની અહંબુદ્ધિ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલી હોય છે. અને તેમાંથી મારું પારકું એવો ભેદભાવ પેદા થાયછે. (૨૬) ભેદની દૃષ્ટિવાળાઓ શોક, હર્ષ, ભય, દ્વેષ, લોભ, મોહ અને મદવાળા હોવાથી પદાર્થોના કારણોથી પદાર્થોનો નાશ કરતા- ભાવોથી ભાવોનો પરસ્પર હણનાર ને જોતા નથી. (૨૭)

શ્રી શુકદેવજીએ કહ્યું કે આ પ્રમાણે પ્રસન્ન થયેલાં શ્રી દેવકીજી અને વસુદેવજી પાસેથી સત્ય ઉપદેશ પામેલ અને જવાની અનુમતિ મેળવેલ કંસે ઘરમાં પ્રવેશ કર્યો. (૨૭) રાજન્ ! આ એક રાત વીતી, પ્રાતઃકાલ થયો ત્યારે કંસે મંત્રીઓને બોલાવીને, યોગનિદ્રાએ જે કહેલું તે સર્વ વૃત્તાન્ત તેમને કહ્યું. (૨૯) રાજા કંસે કહેલા વૃત્તાન્તને સાંભળીને, દેવો પ્રત્યે ઈર્ષ્યા ધરાવતા, ઝાઝી વિવેકવૃત્તિ-વિનાના તેમજ સ્વભાવથી દેવોના શત્રુ દૈત્યોએ રાજા કંસને આ પ્રમાણે કહ્યું. (૩૦)

કુમંત્રીઓથી રાજ્ય અને રાજાનો નાશ

દૈત્યોએ કહ્યું કે ભોજેન્દ્ર ! જો આપણો શત્રુ હમણાં ક્યાં પણ જન્મેલ છે તો નગરો, ગામો, નેસડાઓમાં દશ દિવસથી

નાનાં અને દશ દિવસથી મોટાં એટલે છ માસની વયનાં દાંતવાળાં અને દાંતવિનાનાં બાળકોને અમે હમણાં જરૂર હણશું. (૩૧) યુદ્ધભૂમિમાં ડરપોક અને આપના ધનુષ્યની પણછના ટંકારવથી સદા ભયભીત મનવાળા દેવો ઉદ્યમોથી શું કરવાના છે ? (૩૨) જ્યારે આપ યુદ્ધમાં બાણો ફેંકો છો ત્યારે બાણોના સમૂહથી સર્વ તરફથી ઘવાતા, જીવવાની ઈચ્છાવાળા, યુદ્ધ ત્યજી ભાગવા તત્પર થઈ જતા રહ્યા હોય છે. (૩૩) કેટલાક ભય પામેલા સ્વર્ગમાં રહેનારાઓએ બે હાથ જોડી શસ્ત્રો નાંખી દીધાં હતાં. કેટલાંની તો કાછડીઓ અને શિખાઓ છૂટી ગયેલી હતી. અને કેટલાક અમે ભય પામ્યા છીએ એમ કહેતા હતા. (૩૪) જેઓ શસ્ત્રો ભૂલી ગયા હોય, રથ વગરના થયા હોય, ભયથી શરણે આવ્યા હોય કે બીજાં કાર્યોમાં આસક્તિવાળા તથા યુદ્ધથી વિરુદ્ધ હોય કે ભાંગેલા ધનુષ્યવાળા હોય કે યુદ્ધ કરતા ન હોય તેવાને તો આપ મારતા નથી. (૩૫) સુખમાં શૂરા, યુદ્ધ ન હોય ત્યારે બડાઈખોર દેવોથી શું ? એકાંત સેવનાર હરિથી અથવા વનમાં રહેનાર શંભુથી શું વળવાનું છે કે ડરવાનું શું છે ? (૩૬) અલ્પ વીર્યવાળા ઈન્દ્રથી અથવા તપ કરતા બ્રહ્માથી શું કાર્ય થવાનું છે ? આમ છતાં પણ વેરને લીધે દેવો તરફ બેદરકાર રહેવું જોઈએ નહીં એમ અમે માનીએ છીએ. (૩૭) તેથી તેઓનું મૂલ ખોદી નાખવાની અમો સેવકોને આજ્ઞા કરો. (૩૮) જેમ રોગી મનુષ્યોએ બેદરકારી રાખતાં અંગમાં રહેલો રોગ ઘર કરી બેસતા રોગ આખરે અસાધ્ય થાય છે, જેમ ઈન્દ્રિઓના સમૂહની ઉપેક્ષા કરતાં રોકી શકાતો નથી તેમ ઉપેક્ષા કરાતાં મહાન શત્રુ બલવાન થતાં હંફાવી શકાતો નથી. (૩૯) દેવોનું મૂલ વિષ્ણુ છે, જેમાં સનાતન ધર્મ રહેલો છે, અને તેમનું મૂલ વેદો, ગાય, વિપ્ર, તપ અને દક્ષિણા સહિત યજ્ઞ છે. (૪૦) તેથી હે રાજા ! બ્રહ્મવાદી, તપ કરનારા, યજ્ઞ કરવાના સ્વભાવવાળા બ્રાહ્મણોને અને હવિષ્ય દૂઝતી ગાયોને અમે સર્વ પ્રકારે હણી નાખશું. (૪૧) વિપ્રો, ગાયો અને વેદો, તપ, સત્ય દમ, શમ, શ્રદ્ધા દયા અને તિતિક્ષા અને યજ્ઞો શ્રીહરિનાં શરીરો છે. (૪૨) તે સર્વ દેવોના પ્રભુ, અસુરોનો દ્વેષ કરનાર અને ગુહામાં રહેનાર છે. શંકર અને બ્રહ્મા સહિત બધા દેવતાઓનું તે મૂળ છે. આજે ઋષિઓની હિંસા તે તેમના વધનો ઉપાય છે. (૪૩) એ પ્રમાણે દુષ્ટ મંત્રીઓ સાથે મંત્રણા કરી દુષ્ટ મતિવાળા, મૃત્યુના પાશોથી ઘેરાયેલા અસુર કંસે બ્રાહ્મણોની હિંસાને હિત કરનારી માની. (૪૪)

વિનાશકાળે વિપરીત બુદ્ધિ

વિનાશ જેમને પ્રિય હતો તેવા ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર દાનવોને સર્વ દિશાઓમાં ભલા લોકોને પીડવાની આજ્ઞા કરીને કંસે ઘરમાં પ્રવેશ કર્યો. (૪૫) રાજસ પ્રકૃતિવાળા, તમોગુણથી વ્યાપેલ ચિત્તવાળા અને જેઓનું મૃત્યુ નજીક આવેલું હતું તેવા તેઓએ નક્કી સારા પુરુષોનો વિદ્વેષ કર્યો. (૪૬) મહાન પુરુષોનો અનાદર પુરુષનાં આયુષ્ય, લક્ષ્મી, યશ, ધર્મ લોકો તેમજ આશિષો સર્વ ઉત્તમ ગુણોનો નાશ કરે છે. (૪૭)

आयुः श्रियं यशो धर्म लोकानाशिष एव च । हन्ति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रमः ॥ ४७ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ પૂર્વાધમાં 'પ્રાકટ્યનો ઉદ્યમ' નામનો ૪ થો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૫ મો

તામસ પ્રકરણનું પ્રમાણ પ્રકરણ ઐશ્વર્યાધ્યાય

[તામસ પ્રકરણ કુલ ૨૮ અધ્યાય-પાંચમા અધ્યાયથી ૩૨મા અધ્યાય પર્યન્તના ૨૮ અધ્યાયની લીલાઓનું નામ તામસ લીલા પ્રકરણ છે. આ અધ્યાયોમાં ૧૨-૧૩-૧૪ ત્રણ અધ્યાયોની કથા ઉમેરીએ એટલે ૫ થી ૩૫મા અધ્યાય સુધીનું પ્રકરણ માનવાનું. હવે ૫મા અધ્યાયથી ૧૧મા અધ્યાય પર્યન્તના સાત અધ્યાયોની પ્રમાણલીલાની કથા ચાલે છે તેમાં ૫મા ઉત્સવાધ્યાય અધ્યાયમાં ઐશ્વર્યલીલાનું નિરૂપણ છે.]

ઉત્સવાધ્યાય

આ પાંચમા અધ્યાયનું નામ ઉત્સાવાધ્યાય છે. આ અધ્યાયમાં ૩૨ શ્લોકો છે. શ્રી નંદરાયજી અને શ્રી યશોદા માતાજી આંગણે પૂર્ણ પુરુષોત્તમ સ્વયં મનુષ્ય જેવા આકારને લઈ પુત્ર થઈ પધાર્યા છે. માતા-પિતા, ગોકુલ અને ચૌદ લોક આનંદમાં આવી ગયાં. તેઓ આનંદને મનાવી રહ્યાં છે. આ આનંદને મનાવવાનું નામ જ ઉત્સવ છે. ગીત-નૃત્ય-દાન

વગેરે સાથે સ્વસ્તિપુણ્યાહવાચન વગેરે ધાર્મિક મંગલો કરીને વ્રજરાયે ઉત્સવ મનાવ્યો છે. ચાલો આપણે આ "શ્રી નંદલાલના" પ્રાકટ્યના આનંદમાં ડૂબી જઈએ. આ અધ્યાયના ૧ થી ૧૮ શ્લોકો ઉત્સવ લીલાના છે. જે કોઈ શ્રદ્ધાશીલ વ્યક્તિ આ અઢાર શ્લોકોનો પાઠ કરે એને આંગણે સદાય ઉત્સવ થાય છે.

શ્રીનંદમહોત્સવ-સ્વસ્તિપુણ્યાહવાચન

श्रीशुक उवाच–नन्दस्त्वात्मज उत्पन्ने जातह्लादो महामनाः । आहूय विप्रान् वेदज्ञान् स्नातः शुचिरलंकृतः ॥ १ ॥
वाचयित्वा स्वस्त्ययनं जातकर्मात्मजस्य वै । कारयामास विधिवत् पितृदेवार्चनं तथा ॥ २ ॥
घेनूनां नियुते प्रादाद् विप्रेभ्यः समलंकृते । तिलाद्रीन् सप्तरत्नौघान् शातकौम्भाम्बरवृतान् ॥ ३ ॥
कालेन स्नानशौचाभ्यां संस्कारैस्तपसेज्यया । शुध्यन्ति दानैः संतुष्ट्या द्रव्याण्यात्माऽऽत्मविद्यया ॥ ४ ॥
सौमंङ्गल्यगिरो विप्राः सूतमागधबन्दिनः । गःयकाश्च जगुर्नेदुर्भेर्यो दुन्दुभयो मुहुः ॥ ५ ॥
व्रजः संमृष्टसंसिक्तद्वाराजिरगृहान्तरः । चित्रध्वजपताकास्रकूचैलपल्लवतोरणैः ॥ ६ ॥
गावो वृषाश्च वत्साश्च हरिद्रातैलरूषिताः । विचित्रधातुबर्हस्रग्वस्त्रकाञ्चनमालिनः ॥ ७ ॥
महार्हवस्त्राभरणाकञ्चुकोष्णीषभूषिताः । गोपाः समाययू राजन् नानोपायनपाणयः ॥ ८ ॥
गोप्यश्चाकर्ण्य मुदिता यशोदायाः सुतोद्भवम् । आत्मानं भूषयाञ्चक्रुर्वस्त्राऽऽकल्पाऽञ्जनादिभिः ॥ ९ ॥
नवकुङ्कमकिञ्जल्कमुखपङ्कजभूतयः । वलिभिस्त्वरितं जग्मुः पृथुश्रोण्यश्चलत्कुचाः ॥ १० ॥
गोप्यः समृष्टमणिकुण्डलनिष्ककण्ठ्यश्चित्राम्बराः पथिशिखाच्युतमाल्यवर्षाः ॥
नन्दालयं सवलया व्रजतीर्विरेजुर्व्यालोलकुण्डलपयोधरहारशोभाः ॥ ११ ॥
ता आशिषः प्रयुञ्जानाश्चिरं पाहीति बालके । हरिद्राचूर्णतैलाद्भिः सिञ्चन्त्यो जनमुज्जगुः ॥ १२ ॥
अवाद्यन्त विचित्राणि वादित्राणि महोत्सवे । कृष्णे विश्वेश्वरेऽनन्ते नन्दस्य व्रजमागते ॥ १३ ॥
गोपाः परस्परं हृष्टा दधिक्षीरघृताम्बुभिः । आसिञ्चन्तो विलिम्पन्तो नवनीतैश्च चिक्षिपुः ॥ १४ ॥
नन्दो महामनास्तेभ्यो वासोऽलङ्कारगोधनम् । सूतमागधबन्दिभ्यो येऽन्ये विद्योपजीविनः ॥ १५ ॥
तैस्तैः कामैरदीनात्मा यथोचितमपूजयत् । विष्णोराराधनार्थाय स्वपुत्रस्योदयाय च ॥ १६ ॥
रोहिणी च महाभागा नंदगोपाभिनंदिता । व्यचरद् दिव्यवासः स्रककण्ठाभरणभूषिता ॥ १७ ॥
तत आरभ्य नंदस्य ब्रज सर्वसमृद्धिमान् । हरेर्निवासात्मगुणै रमाक्रीडमभून् नृप ॥ १८ ॥

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! મહામના પરમોદાર શ્રી નંદરાયજી પૂર્ણ પુરુષોત્તમ પોતાને આંગણે આત્મજ પુત્ર થઈ પધાર્યા તેથી આનંદવિભોર બની ગયા અને શ્રી નંદબાવા તો સ્નાન કરી, પવિત્ર થઈ, અલંકાર ધારણ કરી વેદ જાણનાર વિપ્રોને બોલાવી તેઓની પાસે કલ્યાણની કલ્યાણકારી મંગલમય સ્વસ્તિ પુણ્યાહવાચન વિધિ વંચાવી-કરાવી વિધિ પ્રમાણે પુત્રના જાતકર્મ સંસ્કારો કરાવ્યા તેમ જ પિતૃઓનું અને દેવોનું તેવી જ રીતે અર્ચન કરાવ્યું. (૧,૨)

દાનમહોત્સવ

રાજન્ ! શ્રી નંદરાયજીએ ઉત્તમ રીતે અંલકારોથી અલંકૃત કરેલી બે લાખ ગાયો તથા રત્નોના સમૂહ અને સોનામહોરોથી ભરેલા તથા વસ્ત્રોથી ઢાંકેલા પુષ્કળ મોટા તલના પર્વતોના વિપ્રોને દાન આપ્યાં. (૩) કાલ[૧], સ્નાન[૨], શૌચ[૩], સંસ્કારો[૪], તપ[૫] અને યજ્ઞથી[૬] પ્રાણીઓ શુદ્ધથાય છે.દાન[૭] અને સંતોષથી[૮] દ્રવ્યો શુદ્ધ થાય છે. આત્મા આત્મવિદ્યાથી[૯] શુદ્ધ થાય છે. (૪)

ધ્વનિમંગલ અને મંગલદર્શન

સૌમાંગલ્ય સ્વસ્તિપુણ્યાહવાચન- આશિષ વગેરે સર્વ પ્રકારનું મંગલ કરનારી વાણીવાળા વિપ્રો, સૂતો, માગધો,

બંદીઓ અને ગાયકોએ સુમંગલ ગાન કર્યાં. નગારાં અને દુંદુભિઓ વારંવાર વાગ્યા. (૫) રાજન્ ! સમગ્ર વ્રજનાં ગૃહ મંગલ દ્વારો સુશોભિત કર્યા. તેમજ આંગણાઓ તથા ગૃહની અંદરના ભાગો સારી રીતે લીંપીગૂંપી તેમજ સુગંધિત જલથી સિંચિત કર્યાં. રાજન્ ! સંપૂર્ણ વ્રજ ભાતભાતની ધજાઓ, પતાકાઓ,માલાઓ તથા કાપડ અને પલ્લવોનાં તોરણો વગેરેથી સર્વ મંગલ દર્શન બન્યુ. (૬) ગાયો, બળદો, નંદીઓ અને વાછરડાંઓ હળદરવાળું તેલ ચોળી સુશોભિત હતાં તેમજ જાતજાતની ધાતુઓ મોરનાં પીંછાં, માલાઓ વસ્ત્રો અને સુવર્ણની માલાઓથી સમલકૃત હતાં. (૭)

જન-કુટુંબજન મંગલ

રાજન્ ! અત્યંત અમૂલ્ય વસ્ત્રો તથા આભૂષણો,અંગરખાં અને પાઘથી શોભતા ગોપજનો વિવિધ જાતની ભેટો હાથોમાં લઈ લઈને નંદબાવાના આંગણે વધામણી મનાવા આવ્યાં. અને શ્રી યશોદાજીને ત્યાં પુત્રનો ઉદ્ભવ સાંભળીને ગોપીઓ આનંદવિભોર બની અને વસ્ત્રો, આભૂષણો તથા અંજન વગેરેથી પોતાના આત્માને અલંકૃત કર્યા. (૮,૯) નવા કેસરની રજવાળા મુખરૂપી કમળથી શોભતાં મોટા નિતંબવાળાં, હર્ષથી ઉછળતાં વક્ષ:સ્થળવાળાં ગોપીજનો ભેટ-સેવાની સામગ્રીઓ સાથે ત્વરાથી યશોદાજીને આંગણે પધાર્યા. (૧૦)

રસભરી વ્રજલલનાઓ

નંદાલયે પધારતી વ્રજલલનાઓ અત્યંત સ્વચ્છ અને શુદ્ધ મણિ જડેલાં કુંડલોને ધારણ કરી તથા કંઠમાં સુવર્ણની કંઠીઓ ધારણ કરી ભાતભાતની અંબરની સાડીઓ પહેરી ઉતાવળે ચાલી રહી હતી ત્યારે તેમની અંબોડામાંની વેણીમાંથી સરી રહેલાં પુષ્પોની માર્ગમાં વૃષ્ટિ થઈ રહી હતી. વળી કરકમલમાં ધારણ કરેલ રત્નકંકણો અને ઝૂલી રહેલાં રત્નકુંડલો સ્તનો તથા હારને શોભાવતાં શોભતી હતી. (૧૧) માડી યશોદા આ ચિરંજીવી લાલનનું “લાંબા સમય સુધી રક્ષણ કરો” એવી મંગલ આશિષો ઉચ્ચારતી, હળદર, ચૂર્ણ,તેલ અને જલ મિશ્રિત ગોરસનાં છાંટણાં પરસ્પર છાંટતી વ્રજસુંદરીઓએ અજન્મા ભગવાનનાં મોટેથી ગાન કર્યા. (૧૨) વિશ્વેશ્વર અનંત શ્રીકૃષ્ણ નંદરાયજીના વ્રજમાં પર્ધારતા મહોત્સવમાં વિચિત્ર વાજિંત્રો વાગ્યાં. (૧૩) આનંદ પામેલા ગોપો એક બીજા ઉપર દહીં, દૂધ, ઘી અને જલ સિંચવા તથા મહી-માખણનો લેપ કરવા લાગ્યા અને માખણ એક બીજા ઉપર ફેંકવા લાગ્યા. (૧૪)

રાજન્ ! મહામના પરમોદાર શ્રી નંદજીએ સમસ્ત વ્રજજનોને તેમજ સૂત, માગધ અને બન્દિજનોનાં અને અન્ય વિદ્યાઓને જીવાડનારા વિદ્યાવ્યાસંગીઓનાં વસ્ત્રો, અલંકારો અને ગોધન આપી બહુમાન કર્યાં. (૧૫)

દાનાનંદી નંદબાવા

ઉદાર મના શ્રી નંદરાયજીએ ભગવાન વિષ્ણુની આરાધના માટે અને પોતના પુત્રની ઉન્નતિ માટે વિવિધ કામનાઓથી યથાયોગ્ય સર્વ જનોનાં પૂજન કર્યાં. (૧૬) રાજન્ ! આ ટાણે ગોપરાજ નંદરાયજીથી અભિનંદન આદર પામેલાં મહાભાગ શ્રી રોહિણીજી દિવ્ય વસ્ત્રો, માલાઓ અને કંઠનાં આભૂષણોથી સુશોભિત બની સર્વત્ર વિચરી રહ્યાં હતાં. (૧૭) હે નૃપ ! શ્રી નંદલાલ વ્રજમાં પધાર્યા ત્યારથી આરંભી નંદનું વ્રજ સર્વ સમૃદ્ધિઓવાળું થયું. અને હરિના નિવાસ, આત્મા અને ગુણોને લીધે લક્ષ્મીનું ક્રીડાગણ બની ગયું. (૧૮) હે કુરુકુલદીપક ! રાજન્ ! ગોકુલની રક્ષા માટે ગોપોને રાખી રાજા કંસનો વાર્ષિક કર આપવા શ્રી નંદરાયજી મથુરાજી પધાર્યા. (૧૯)

બે ભગવદીયોનાં મિલન

પ્રિય ભાઈ શ્રી નંદરાયજીને મથુરા પધારેલા જાણીને અને રાજા કર આપીને પરવારેલા જાણીને શ્રી વાસુદેવજી શ્રી નંદબાવાના ઉતારે ગયા. (૨૦) રાજન્ ! જેમ પ્રાણ આવતાં દેહ એકદમ ઊભો થાય તેમ પ્રસન્ન થયેલા નંદરાય શ્રી વસુદેવજીને નિહાળી એકદમ ઊભા થઈ ગયા અને પ્રેમથી વિવશ થઈ બે હાથથી ભેટી પડ્યાં. (૨૧) શ્રી નંદરાયજીએ શ્રી વસુદેવજીનો સત્કાર કર્યો, સુખપૂર્વક આસન પર બિરાજાવ્યા, બહુ બહુ આદર કર્યો ત્યાર પછી પોતાના બે પુત્રોમાં અત્યંત આસક્ત મનવાળા શ્રી વસુદેવજી નંદબાવાનું કુશળ પૂછીને કહેવા લાગ્યા. (૨૨)

પુત્રવત્સલ સંત પિતાનું હૃદય

હે વિશાંપતિ ! હે વ્રજપતિ ! હે ભાઈ! પાકટ વયમાં, પ્રજારહિત અને પ્રજાની આશા છોડી બેઠેલા આપને આંગણે હમણાં જ પ્રજાની પ્રાપ્તિ થઈ તે મહાભાગ્યની વાત છે. (૨૩) ભાઈ ! આ સંસારચક્રમાં ભટકતા એવા મને આપ ભેટ્યા-મળ્યા તેથી મહાભાગ્યશાળી બન્યો, જાણે આજે નવો જન્મ થયો હોય તેવું સુખ પામ્યો. ભાઈ પ્રિયજનનું દર્શન સદા દુર્લભ છે. (૨૪) નદીના વહેણથી ઢસડાતા મછવાઓની માફક જુદી જુદી જાતના કર્મવાળા મિત્રોને પ્રિય સાથે એક સ્થલે સહવાસ સંભવતો નથી. (૨૫) તમે જ્યાં સુહૃદોથી વીંટાએલા હમણાં રહો છો તે બૃહદ વન નામનું ગોકુલ ગાયો વગેરે પશુઓને હિતકારી, રોગચાળા વિનાનું અને વિપુલ જલ, ઘાસ તથા વેલાઓથી સમૃદ્ધ છે ને ? (૨૬)

भ्रातर्मम सुतः कच्चिन्मात्रा सह भवद् व्रजे । तातं भवन्तं मन्वानो भवद्भ्यामुपलालितः ॥ २७ ॥

"હે ભાઈ ! તમને તાત માનતો અને તમે બન્ને દંપતીથી લાલન પામતો પોતાની માતા રોહિણી સાથે તમારા વ્રજમાં રહેતો મારો દીકરો કુશલ છે ને ?" એમ પૂછતા કંઠ ભરાઈ આવ્યો અને "કુશળ છે ને" શબ્દ કંઠમાં જ રહી ગયા. (૨૭) ભાઈ ! શાસ્ત્રમાં પુરુષને ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ અને કામ આ ત્રણ પુરુષાર્થો પ્રાપ્ત કરવાના કહ્યા છે અને તે સુહૃદના હિતમાં વપરાતાં સંબંધથી પુષ્ટ થાય છે. તેઓ કલેશ પામતાં હોય તો એ ત્રિવર્ગ મળ્યાંનું કાંઈ પ્રયોજન નથી. (૨૮)

વિવેકી નંદબાવા

શ્રી નંદજીએ કહ્યું કે અહો ! ભાઈ ! વસુદેવ ! દેવકીથી થએલા આપના ઘણા પુત્રો કંસે માર્યા, પાછળથી જન્મેલી એક કન્યા બાકી રહી તે પણ આકાશમાં ગઈ. (૨૯)

नूनं ह्यर्दष्टिनिष्ठोमयदष्टापरमो जनः । अदृष्टमात्मनस्तत्त्वं यो वेद न स मुह्यति ॥ ३० ॥

ખરેખર આ જન અદૃષ્ટમાં રહેલો છે, અદૃષ્ટ તેનું પરમ છે. જે આત્માનું તત્ત્વ અદૃષ્ટ છે એમ જાણે છે તે મોહ પામતો નથી. [બધાય પુરુષ અદૃષ્ટમાં રહેલા છે. આ પુરુષ તો કર્મપ્રધાન છે તે હરકોઈ કર્મ કરે તેનું પરિણામ અદૃષ્ટને આધીન છે એવો અર્થ છે. અદૃશ્ટ તેનું પરમ છે' શબ્દોથી એમ કહેલું કે તે કર્મનો પ્રારંભ કરે તે પણ અદૃષ્ટને જ આધીન છે. 'અદૃષ્ટ' જ જેનું પરમ એટલે નિયામક-નિયમમાં રાખનાર, ફલ આપનાર અને પ્રવર્તક-કર્મમાં પ્રવૃત્તિ કરાવનાર છે તેવો તે છે. એટલે અદૃષ્ટથી જ તેની કર્મમાં પ્રવૃત્તિ થાય છે. અને અદૃષ્ટ પ્રમાણે જ તેને ફલ પ્રાપ્ત થાય છે એમ કહેલું છે. આનું કારણ 'જન' શબ્દથી કહેલું છે. જે જન્મ લે છે તે પણ કર્મને લીધે જ જન્મ લે છે. કર્મવાદીઓનો તો તેવો જ સિદ્ધાંત છે તેથી કર્મને આધીન સર્વ છે એમ જાણી જે રહે છે તેને શોક થતો નથી એમ ઉત્તરાર્ધમાં કહે છે. જેમ આત્માનું તત્ત્વ એટલે પ્રવૃત્તિ કરાવનારું અને નિવૃત્તિ કરાવનારું ખરેખરું રૂપ બ્રહ્મવાદીનું બ્રહ્મ છે અને ભક્તોનું ભગવાન છે તેમ જે કર્મને આત્માનું તત્ત્વ માને છે તે મોહ પામતો નથી.બીજા પક્ષોમાં કોઈ ઉપાલંભ (ઠપકા) ને પાત્ર પણ થાય, કર્મપક્ષમાં કર્મ પોતે જ કરેલું હોવાથી કોઈ પણ ઉપાલંભને પાત્ર નથી તેમજ કોઈ પણ પ્રાર્થના કરવા યોગ્ય

---

*(૧) કાલ વંશની વૃદ્ધિ કરનાર છે. (૨) સ્નાન આખા દેહની શુદ્ધિ કરનારું છે. (૩) શૌચ શરીરના એક ભાગની શુદ્ધિ કરનારું છે. લૌકિક વ્યવહાર માટે આ ત્રણ પ્રકારની શુદ્ધિ છે. અદૃષ્ટ વગેરેની ઉત્પત્તિ માટે બીજા ત્રણ પ્રકારની શુદ્ધિ કહે છે. (૪) જાતકર્મ વગેરે સંસ્કારોથી શરીર વૈદિક કર્મો માટે શુદ્ધ પવિત્ર થાય છે. આ સંસ્કારો શરીરમાં રહેલા પંચમહાભૂતોને જ પવિત્ર કરે છે પણ (૫) તપ અન્તઃકરણને શુદ્ધ કરે છે.એમ પણ કહેવાય છે કે તપ અન્તઃકરણને અદૃષ્ટ ઉત્પન્ન કરીને પવિત્ર કરે છે. (૬) ઈજ્યા એટલે યજ્ઞ તેનાથી ભગવાન સારી રીતે પ્રસન્ન થાય છે. આવી રીતે આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિકને પવિત્ર કરનાર ત્રણ પદાર્થોનું નિરૂપણ કર્યું. (૭) દાન વગેરે બહારની શુદ્ધિ કરે છે. દાન કરવાથી દ્રવ્યો શુદ્ધ થાય છે.દાન કર્યા વિના દ્રવ્યોની શુદ્ધ થતી નથી અને ધનને અનુસરીને દાન કરવું જોઈ. (૮) થોડાં દ્રવ્ય પ્રાપ્ત થયાં હોય તો તે સંતોષથી જ શુદ્ધ થાયછે. તેથી દ્રવ્યશુદ્ધિ માટે દાન અને સંતોષ કહ્યા.આત્મા તો જીવે છે ' તે હું છું ' એવા પ્રકારની (૯) આત્મવિદ્યા થી જ તે આત્મા- જીવ શુદ્ધ થાય છે.

નથી. બીજા પક્ષમાં તો જુદા પ્રકારનો મોહ થાય. એવી રીતે શોક દૂર કરવા કર્મતત્ત્વનો ઉપદેશ કરેલો છે.] શ્રી વસુદેવજીએ કહ્યું કે ભાઈ નંદરાય ! આપે રાજાને વાર્ષિક કર આપ્યો અને અમને મળ્યા હવે આપને અહીં અધિક દિવસ રહેવું હિતાવહ નથી કારણ કે ગોકુલમાં ઉત્પાતો થઈ રહ્યા છે. (૩૧)

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! શ્રી શૌરિ વસુદેવજીએ એ પ્રમાણે કહ્યું ત્યારે શ્રી નંદરાય તેમની રજા લઈને બળદ જોડેલાં ગાડાંઓમાં બેસી ગોકુલ તરફ ચાલ્યા. (૩૨)

इति नन्दादयो गोपाः प्रोक्तास्ते शौरिणा ययुः । अनोभिरनडुयुक्तैस्तमनुज्ञाप्य गोकुलम् ॥ ३२ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ પૂર્વાર્ધમાં તામસ પ્રકરણના પ્રમાણ પ્રકરણમાં 'ઐશ્વર્યનિરૂપણ કરતો ઉત્સવાધ્યાય' નામનો પાંચમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬ ઠ્ઠો

તામસ પ્રકર-વીર્યનિરૂપણ

[આ અધ્યાયમાં ૪૪ શ્લોકો છે. આ અધ્યાયમાં 'પૂતનાચરિત્ર' છે. આ અધ્યાયમાં પૂતનાની ક્રૂરતાઓ' ભગવાન શ્રીકૃષ્ણના હૃદયની કોમલતા અને મધુરતાનાં આ લીલામાં દર્શને થશે. ભગવાનનું પૂતનામોક્ષ કરવાના 'વીર્યનું' વર્ણન આ લીલાનો મહિમા છે.]

ઉત્પાતોમાં શ્રીહરિશરણ

श्रीशुक उवाच-नन्दः पथि वचः शौरिर्नमृषेति विचिन्तयन् । हरिं जगाम शरणमुत्पातागमशंकितः ॥ १ ॥

શ્રી શુકદેવજી મહારાજ બોલ્યા કે રાજન્ ! 'શ્રી વસુદેવજીનું વચન ખોટું નથી' એવો રસ્તામાં વિચાર કરતાં ઉત્પાતોના આગમનની શંકાવાળા શ્રી નંદરાયજી શ્રીહરિને શરણે ગયા. (૧) રાજા કંસે મોકલેલી, બાલકોનો ઘાત કરનારી ઘોર પૂતના શિશુઓનો સંહાર કરતી, નગરો, ગામડાંઓ, નેસડાઓ વગેરેમાં વિચરતી હતી. (૨) કારણકે જ્યાં જીવો પોતાના કર્મો કરે છે તેમાં રાક્ષસોને હણનારાં વૈષ્ણવોના પતિ શ્રીકૃષ્ણનાં શ્રવણ, કીર્તન આદિ કાંઈ કરતા નથી ત્યાં જ રાક્ષસીઓ જઈ શકે છે. (૩) આકાશમાં વિચરનારી તે પૂતનાએ એક વાર નંદરાયજીના ગોકુલ પાસે આવી, માયાથી પોતે સ્ત્રીનું રૂપ ધારણ કરી ઈચ્છા પ્રમાણે વિચરનારી બનીને તેણે ગોકુલમાં પ્રવેશ કર્યો. (૪)

પૂતનાનો પ્રભાવ

માથાની વેણીમાં, ગૂંથેલા મોગરાના પુષ્પોની વેણીવાળી, મોટા નિતંબ અને સ્તનોવાળી તથા સાંકળી પાતળી કેડવાળી, સુંદર વેષવાળી, હાલતા કાનના આભૂષણની કાંતિથી પ્રકાશતા કેશોથી શોભતા મુખવાળી, મનોહર સ્મિતવાળા કટાક્ષો નાખી નિહાળતી, વ્રજવાસીઓના મનને હરતી, સૌન્દર્યવતી તે સ્ત્રીને ગોપીઓએ જોઈ. હસ્તમાં કમલને રમાડતી અને પતિનાં દર્શન કરવા જાણે આવેલી હોય તેવા સાક્ષાત્ લક્ષ્મી છે એવું માની લીધું. (૫,૬) ત્યાં બાલકોને શોધતી, બાલોને પકડનારી તે પૂતનાએ ભગવદિચ્છાથી નંદજીના ઘરમાં પોતાના પુષ્કળ એવા તેજને છુપાવતા, દુષ્ટોનો સંહાર કરનાર, રાખમાં બાલકોનો સંહાર કરનાર ગ્રહ છે એવું જાણી લીધું અને સ્થાવર જંગમના આત્મા ભગવાને નેત્રો મીંચી દીધાં. રાજન્ ! જાણે સૂતેલા સર્પને અણસમજથી દોરડું માનીને કોઈ ઉપાડે તેમ તે પૂતનાએ અંતક-કાલસ્વરૂપ અનંત ભગવાનને અંકમાં લીધા. (૮) મ્યાનમાં ઢંકાયેલી તલવારની માફક ઉપરથી સુંદર ચેષ્ટાઓ કરતી, અંદરથી તીક્ષ્ણ ચિત્તવાળી અને અત્યંત વાંકી ચેષ્ટાવાળી ઉત્તમ સ્ત્રીને રાજભવનની અંદર જોઈને તેના પ્રભાવથી અંજાઈ ગયેલા યશોદા અને રોહિણી બન્ને માતાઓ પૂતનાને જોતાં જ ઊભાં રહ્યાં. (૯)

ભગવાનને સ્તનપાન

તે ઘોર પૂતનાએ ભગવાન બાલમુકુન્દના શ્રી અંગને પકડીને ના જીરવી શકે તેવા આકરા વિષથી ભરેલા ક્રૂર સ્તનને પ્રભુને આપ્યું ત્યારે ભગવાને બે હાથોથી સારી રીતે દબાવીને તેને પૂતનાના પ્રાણો સાથે રોષવાળા થઈ પીવા માંડ્યું. (૧૦) ત્યારે પીડા સહન ન થતાં 'મુકુન્દ ! મુકુન્દ ! હવે મૂકી દો, બસ કરો બસ કરો !' એમ બોલતી સર્વ જીવનનાં

મર્મમાં અત્યંત પીડા પામતી પૂતનાએ, આંખો ફાડતી, હાથપગ પછાડતી, અંગેઅંગે પરસેવો થઈ જતાં રુદન કરવા માંડ્યું. (૧૧) અત્યંત ગંભીર વેગવાળા તેના અવાજથી પર્વતો સાથે પૃથ્વી અને ગ્રહો સાથે આકાશ અને રસાતલો તથા દિશાઓ કંપી ઊઠ્યાં. રસાતલ અને દિશાઓમાં પડઘા થયા. મનુષ્યો વ્રજ પડવાની શંકાથી પૃથ્વી ઉપર પડી ગયાં. (૧૨) હે નૃપ ! એવી રીતે સ્તનમાં પીડા પામતાં પૂતના મુખ ખુલ્લું કરી, કેશો, ચરણો અને ભુજાઓ પણ પ્રસારી પોતાનુ રાક્ષસી રૂપ ધારણ કરી, પ્રાણરહિત થઈ વ્રજથી હણાયેલા વૃત્રાસુરની માફક નેસડામાં પડી. (૧૩) હે રાજેન્દ્ર ! પૃથ્વી ઉપર પડતાં તેના દેહે પડતાં પડતાં પણ ત્રણ ગવ્યૂતિની અંદર છ ગાઉનાં વિસ્તારનાં વૃક્ષોને ભાંગી નાખ્યા, તે બહુ અદ્ભુત થયું. (૧૪)

પાપે પોત પ્રકાશ્યું- આસક્તિનાં નવ અંગો

(૧) પૂતનાના મુખમાં હળના દાંતા જેટલા ચાર હાથ લાંબો ભંયકર દાંત હતો, (૨) પર્વતની ગુફા જેવું એનું નાક હતું., (૩)મોટા ખડકો જેવા તો બે સ્તન હતા, (૪) ભયાનક શરીર હતું, (૫) લાલ વાળ ચારે તરફ વીખરાએલા હતા, (૬) અંધારા કૂપના જેવી ઊંડી તેના આંખો હતી, (૭) અને નદીના તટ જેવા તેના બે કૂલાઓથી ભંયકર હતું. (૮) પૂતનાના બે હાથ, બે સાથળો અને બે પગો બાંધેલા પુલ જેવા હતા. અને (૯) જલ વિનાના ધરા જેવું તો તેનું પેટ હતું. (૧૬) રાજન્ ! એકવાર તો પૂતનાના રડવાના અને પડવાના અવાજથી ગોપ-ગોપીજનોનાં હૃદય, કાન અને મસ્તકો જ જાણે ફાટી ગયાં હતાં. પછી તો તેના તે ભયાનક કલેવરને બરાબર જોઈને ઘણો જ ભય પામ્યાં.૧૭ ત્યાં તો તેની છાતી ઉપર નિર્ભય રહીને ક્રીડા કરતા બાલક શ્રીકૃષ્ણને લાલનને ગોપીઓએ ઉતાવળે સમીપ આવી તેડી લીધા અને મનમાં ભયભીત થઈ. (૧૮)

વિશ્વરક્ષકની રક્ષા એ જ પુષ્ટિનું સ્વરૂપ

રાજન્ ! ત્યારબાદ લાલનની રક્ષા માટે માથા અને શરીર ઉપર સારી રીતે ગાયના પુચ્છ વગેરે ઉપાયો કર્યા. શ્રી યશોદાજી અને શ્રી રોહિણીજી સાથે ગોપીજનોએ સર્વ રીતે રક્ષા કરી, (૧૯) લાલનને ગોમૂત્રથી અને ફરીથી ગોરજથી સ્નાન કરાવ્યાં તેમજ ગોબર સહિત ગોરજથી શ્રી લાલનનાં લલાટ વગેરે બાર અંગોમાં કેશવ વગેરે નામોનો ઉચ્ચર કરી રક્ષા કરી. આ બાર નામો પદ્મોત્તર ખંડમાં છે તે નીચે ત્રણ શ્લોકો માં આપ્યાં છે. +(૨૦) લાલનની રક્ષા કરતાં ગોપીઓએ સારી રીતે જલનો સ્પર્શ કરી પોતાનાં અંગો અને કરોમાં બીજ મંત્રનો જુદો જુદો ન્યાસ કરીને પછી શ્રી લાલનનાં અંગો અને કરોમાં બીજથી ન્યાસ કર્યો. (૨૧)

પૂતનાકવચ શ્લોક ૨૨ થી ૨૯

[શ્રી ગોપીજનો સાક્ષાત્ શ્રુતિઓ છે. પૂતનાકવચ અષ્ટકની તેઓ જ સ્વતત્રં મંત્રદ્રષ્ટાઓ છે. કોઈ પણ બાલકની આ કવચથી રક્ષા કરાય છે. બાલકના શરીરે ગોમૂત્ર-ગોરજ-ગોબરનો લેપ કરતાં કરતાં પૂતનાકવચનો સંસ્કૃત શ્લોકામાં પાઠ કરવો. જેથી બાલરક્ષા થશે. આ માટે મૂલ સંસ્કૃત પૂતનાકવચ આપ્યું છે.]

अव्यादजोंघ्रिमणिमांस्तव जान्वथोरु यज्ञोऽच्युतः कटितटं जठरं हयास्यः ।

हृत्केशवस्त्वदुर ईश इनस्तु कण्ठं विष्णुर्भुजं मुखमुरुक्रम ईश्वरः कम् ।। २२ ।।

चक्र्यग्रतः सहगदो हरिरस्तु पश्चात् त्वत्पार्श्वयोर्धनुरसी मधुहा जनश्च ।

कोणेषु शंख उरुगाय उपर्युपेन्द्रस्तार्क्ष्यः क्षितौहलधरः पुरुषः समन्तात् ।। २३ ।।

इन्द्रियाणि हृषीकेशः प्राणान्नारायणोऽवतु । श्वेतद्वीपपतिश्चित्तं मनो योगेश्वरोऽवतु ।।२४ ।।

पृश्निगर्भस्तु ते बुद्धिमात्मानं भगवान् परः । क्रीडन्तं पातु गोविन्दः शयानं पातु माधवः ।। २५ ।।

व्रजन्तमव्याद् वैकुण्ठस्त्वासीनं त्वां श्रियः पतिः । भुञ्जानं यज्ञभुक् पातु सर्वग्रहभयङ्करः ।। २६ ।।

डाकिन्यो यातुधान्यश्च कूष्माण्डा येर्भकग्रहाः । भूतप्रेतपिशाचाश्च यक्षरक्षोविनायकाः ।। २७ ।।

कोटरारेवती ज्येष्ठा पूतनामातृकादयः । उन्मादा ये ह्यपस्मारा देहप्राणेन्द्रियद्रुहः ।। २८ ।।
स्वप्नद्रष्टा महोत्पाता वृद्धबालग्रहाश्च ये । सर्वे नश्यन्तु ते विष्णोर्नामग्रहणभीरवः ।। २९ ।।

(૧) પ્યારા લાલન અજ, આપના ચરણનું રક્ષણ કરો. (૨) અણિમાન્ તમારા ઢીંચણોનું રક્ષણ કરો. (૩) વળી યજ્ઞ, સાથળોનું રક્ષણ કરો. (૪) અચ્યુત, તમારી કેડનું રક્ષણ કરો. (૫) હયાસ્ય, ઉદરનું રક્ષણ કરો (૬) કેશવ ભગવાન, હૃદયનું રક્ષણનું કરો. (૭) ઈશ, તમારી છાતીનું રક્ષણ કરો. (૮) ઈશ, કંઠનું રક્ષણ કરો. (૯) વિષ્ણુ, ભુજાનું રક્ષણ કરો. (૧૦) ઉરુક્રમ, મુખનું રક્ષણ કરો અને ઈશ્વર, મસ્તકનું રક્ષણ કરો. (૨૨)

લાલન્ ! ચક્રી તમારી આગળ રક્ષા કરો. ગદા સહિત ગદાધર હરિ તમારી પાછળ રહો. તમારી બન્ને બાજુએ ધનુષ્યધારી મધુસૂદન અને ખડકધારી અજનરક્ષણ કરો. ખૂણાઓમાં શંખધારી ઉરુધારી ઉરુગાય રક્ષણ કરો, ઉપર ઉપેન્દ્ર ગરુડ રક્ષા કરો, ભૂતલ ઉપર હલધર રક્ષા કરો અને સર્વ બાજુએ પુરુષ તમારું રક્ષણ કરો. (૨૩)

હૃષીકેશ ઇન્દ્રિયોનું રક્ષણ કરો, નારાયણ પ્રાણોનું રક્ષણ કરો, શ્વેતદ્વીપના પતિ ચિત્તનું રક્ષણ કરો. યોગેશ્વર મનનું રક્ષણ કરો. (૨૪)

પ્રદ્યુમ્ન, તમારી બુદ્ધિનું રક્ષણ કરો, લક્ષ્મીના પતિ, બેઠેલા તમારી રક્ષા કરો, ગોવિંદ રમતાં રક્ષણ કરો. માધવ શયન કરેલાનું રક્ષણ કરો. (૨૫)

આત્માનું, પર - ભગવાન રક્ષણ કરો, વૈકુંઠ ચાલતાં તમારું રક્ષણ કરો, લક્ષ્મીના પતિ, બેઠેલા તમારી રક્ષા કરો, સર્વગ્રહોને ભય ઉત્પન્ન કરનાર યજ્ઞભોક્તા ભોજન કરતા તમારું રક્ષણ કરો. (૨૬)

ડાકણો એ યાતુધાનીઓ જે કૂષ્માંડો છે તેઓ, બાલ ગ્રહો, ભૂત, પ્રેત અને પિશાચો, યક્ષો, રાક્ષસો અને વિનાયકો (૨૭) કોટરા, રેવતી, જયેષ્ઠ, પૂતના, માતૃકા વગેરે જે ઉન્માદો અને અપસ્મારો છે તેઓ, દેહ પ્રાણ અને ઇન્દ્રિયોને પીડા કરનારાઓ તેમજ. (૨૮) સ્વપ્નમાં દેખાતાં,મોટા ઉત્પાતો કરનારા અને જે વૃદ્ધ અથવા બાલક બનાવનાર ગ્રહો છે તે સર્વે હે લાલન ! તમારું જ વિષ્ણુંનું માત્ર નામ લેવાથી ભય પામનારા તે સ્વરૂપથી નાસી જાઓ. (૨૯)

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! આ પ્રમાણે પ્રણયથી બંધાયેલી ગોપીઓએ રક્ષણ કરેલા પુત્રને માતાએ સ્તનનું પાન કરાવી પોઢાડ્યા. (૩૦) તેટલામાં નંદ વગેરે ગોપો મથુરાથી વ્રજમાં આવી ગયા અને તેઓ આવતાં જ પૂતનાનો દેહ જોઈને અત્યંત આશ્ચર્ય પામ્યાં. (૩૧) હા ! વસુદેવજી ખરેખર ઋષિ થયા છે અથવા તો સારી રીતે યોગેશ થયા છે કારણ કે આનકદુંદુભિ વસુદેવજીએ જે કહેલ તે જ ઉત્પાત અહીં આપણે નજરે નિહાળ્યો. ત્યારબાદ વ્રજવાસીઓએ તો પૂતનાના કલેવરને કુહાડાઓથી કાપી અવયવે દૂર નાખી લાકડાથી ઢાંકી દઈ બાળ્યું, (૩૩) અને શ્રીકૃષ્ણે કરેલ ભોગથી તરત જ તેનાં સર્વ પાપો નાશ પામ્યાં હતા તેવા બળતા દેહનો ધુમાડો અગરના જેવી સુંગધવાળો ઊંચે ચડ્યો. (૩૪)

કૃપાનિધિની દયા - ભગવાનનું ભક્તવાત્સલ્ય

पूतना लोकबालघ्नी राक्षसी रुधिराशना । जिघांसयापि हरयेस्तनं दत्त्वाप सद्गतिम् ॥ ३५ ॥
किं पुनः श्रद्धया भक्तया कृष्णाय परमात्मने । यच्छन् प्रियतमं लोके रक्तास्तन्मातरो यथा ॥ ३६ ॥

+ પદ્મોત્તર ખંડમાં પૂતનાકવચ આપેલ છે.આ સ્થાને વાંચનારને રસ પડે માટે આપ્યું છે.

१ ललाटे केशवं ध्यायेन्नारायणमथोदरे । वक्षःस्थले माधवं तु गोविन्दं कण्ठकूबरे ।।

२ विष्णुं च दक्षिणे कुक्षौ बाहौ चं मधुसूदनम् । त्रिविक्रमं कंदरे तु वामनं वामपार्श्वके ।।

३ श्रीधरं वामबाहौ तु ह्रषीकेशं तु कंध्धरं । पृष्ठे च पद्मनाभं च कट्यां दामोदरं न्यसेत् ।।

લલાટમાં કેશવ ઉદરમાં નારાયણ-છાતીમાં માધવ- કંઠમાં ગોવિંદ- જમણી કૂખમાં વિષ્ણુ-બાહુમાં મધુસૂદન-કટિમાં ત્રિવિક્રમ-ડાબે પડખે વામન ડાબા હાથમાં શ્રીધર-ડોકમાં હૃષીકેશ-પીઠમાં પદ્મનાભ અને કેડના પાછળના ભાગમાં દામોદર ભગવાને સ્થાપવાં.

पद्भ्यां भक्तहृदिस्थाभ्यां वन्द्याभ्यां लोकवन्दितैः । अङ्ग यस्या समाक्रम्य भगवानपिबत् स्तनम् ॥ ३७ ॥
यातुधान्यपि सा स्वर्गमवाप जननी गतिम् । कृष्णभुक्तस्तनक्षीराः किमु गावो नु मातरः ॥ ३८ ॥

રાજન્ ! લોકોના બાલકોનો સંહાર કરનારી રુધિરનું પાન કરનારી રાક્ષસી પૂતના મારી નાખવાની ઈચ્છાથી પણ હરિને ધવરાવીને સદ્ગતિ પામી. (૩૫)

તો પછી ભગવાન શ્રી કૃષ્ણમાં અનુરાગવાળી માતાઓ માફક જે શ્રીકૃષ્ણ પરમાત્માને શ્રદ્ધાથી અને ભક્તિથી પોતાના લોકમાં વહાલામાં વહાલી વસ્તુઓ જો સ્નેહથી સમર્પે તેમને માટે તો કહેવું જ શું ? તે ભક્તજનોને મોક્ષ મળે તેમાં શંકા શુ હોઈ શકે ? (૩૬)

ભક્તોના હૃદયકમલમાં સદા બિરાજતા અને સર્વ લોકો જેમને પૂજે તેમના પૂજ્યપ્યારા શ્રીકૃષ્ણે પોતાના બે ચરણોથી પૂતનાના અંગ ઉપર આરોહણ કરીને તેના ધાવણનું પાન કર્યું. તે રાક્ષસીને પણ માતાની ગતિસ્વર્ગને પ્રાપ્ત થઈ તો પછી સ્તનનું દૂધ શ્રીકૃષ્ણે પીધેલું તેવી ગાયો અને માતાઓનું તો કહેવું જ શું ? (૩૭,૩૮)

હે રાજન્ ! કૈવલ્ય, મોક્ષ વગેરે સર્વ પરમાર્થને આપનારા ભગવાન દેવકીપુત્રે જેમનાં પુત્ર પરના સ્નેહને લીધે સ્ત્રવતાં દૂધોને ખૂબ પીધેલાં છે તેવી શ્રીકૃષ્ણ ઉપર સદા પુત્રદષ્ટિ રાખનાર ગોપીજનો અજ્ઞાનથી ઉત્પન્ન થતો સંસાર ફરી સંભવતો જ નથી. (૩૯,૪૦) સ્મશાનના ધુમાડા સુંગધને સૂંઘીને 'આ શું ? આ ક્યાંથી આવે છે ?, એમ બોલતા વ્રજવાસીઓ વ્રજમાં આવ્યા. (૪૧) ગોપોએ વર્ણવેલું ત્યાં પૂતનાનું આગમન વગેરે તેમજ તેનું મરણ અને લાલનનું ક્ષેમકુશલ જાણીને તેઓ બહુ વિસ્મય પામ્યા. (૪૨)

હે કુરુવંશ ! ભક્તરાજ પરીક્ષિત ! મથુરાથી પાછા ફરેલા ઉદાર બુદ્ધિવાળા નંદે પોતાના પુત્રને લઈને માથા ઉપર સુંઘીને ઘણો જ આનંદ પ્રાપ્ત કર્યો. (૪૩)

રાજન્ ! ભગવાન લાલન શ્રીકૃષ્ણની બાલ લીલાના સંબંધવાળા આ પૂતનાના મોક્ષરૂપ અદ્ભુત ચરિતને શ્રદ્ધાથી જે કોઈ સાંભળે અને આ ચરિત્રને સત્ય માને તે ગોવિન્દમાં મોક્ષ પ્રાપ્ત કરે છે. (૪૪)

य एतत्पूतनामोक्ष कृष्णस्यार्भकमद्भुतम् । श्रृणुयाच्छ्रद्धया मर्त्यो गोविन्दे लभते गतिम् ॥ ४४ ॥

શ્રીમદ્ ભગવતપીયુષના દસમસ્કંધ પૂવાર્ધમાં તામસલીલા પ્રકરણનો 'વીર્ય' નામના ઐશ્વર્યનું વર્ણન કરતો છઠ્ઠો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭ મો

[આ અધ્યાયમાં ૩૯ શ્લોકો છે. આ અધ્યાયમાં તામસ શકટભંજન - રાજસ, તૃણાવર્તવધ. સાત્ત્વિક, વિશ્વદર્શન આ ત્રણ વર્ણવ્યાં છે. ભગવાને આ ત્રણે લીલાઓ કરી ઉત્કલ નામના અસુરનું - તૃણાવર્ત અસુરનું, કલ્યાણ કર્યું અને માતાનો નિરોધ કર્યો એ ભગવાનનો યશ છે.]

राजोवाच- येन येनावतारेण भगवान् हरिरीश्वरः । करोति कर्णस्यानि चरितानि च नः प्रभो ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પ્રશ્ન કર્યો કે હે પ્રભો ! જે જે અવતારથી ભગવાન શ્રીહરિ ઈશ્વર ચરિત્રો કરે છે તે અમારા કર્મને રસ ઉત્પન્ન કરનારાં હોય છે. (૧)

શ્રી હરિલીલાશ્રવણથી પાંચ લાભ

ભગવન્ ! (૧) શ્રવણ કરતાં ભગવચ્ચરિત્રમાંથી અભાવ જાય, (૨) સંસારીની સર્વ તૃષ્ણા જતી રહે, (૩) પુરુષનું સત્ત્વ-અન્તઃકરણ તરત જ શુદ્ધ થાય, (૪) શ્રીહરિમાં ભક્તિ અને (૫) ભગવદીય જનો-તદીય જનો સાથે મિત્રતા થાય તેવાં દિવ્ય ચરિત્રો કહેવાં જો આપ યોગ્ય માનો તો આકર્ષણ થાય તે પ્રકારે કહો. (૨) ભગવન્ ! પૃથ્વી ઉપર મનુષ્ય લોકમાં આવતાં જ, બાલક અવસ્થામાં અને તેમાં પણ ગોપ જાતિને અનુસરતું કરેલું શ્રીકૃષ્ણનું બીજું પણ તેવું અદ્ભુત બાલક ચરિત જ કહો. (૩)

શ્રી શ્યામસુંદરનો ગૃહનિષ્ક્રમણ સંસ્કાર

''બાલકના જન્મ પછી શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે ચોથે મહિને બાલકને મંગલ દ્રવ્યોથી સ્નાન કરાવી ઘરમાંથી દેવાલય કે તીર્થાલયે કે કુંટુંબી જનને ત્યાં મંગલ વાજિંત્ર નાદ ધ્વનિ સાથે યાત્રારૂપે લઈ જઈ બાલકને રમાડી પાછા ઘરે આવી વિપ્રો પાસે સ્વસ્તિ પુણ્યાહવાચન કરાવી અભિષેક કરવામાં આવે છે. માતા યશોદાજીએ લાલનનો માગશર સુદ એકાદશીના દિવસે સંસ્કારવિધિ કરેલો''

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! કોઈ એક સમયે લાલનનો જન્મનક્ષત્ર યોગ હતો ત્યારે ''ગૃહનિષ્ક્રમણ'' એટલે તીર્થ વગેરે સ્થાને લઈ જવાના ઉત્સવમાં લાલનને મંગલ દ્રવ્યોથી સ્નાન કરાવા માટે એકત્ર થયેલી વ્રજસ્ત્રીઓના સમૂહમાં સતી યશોદાજીએ વાજિંત્ર, ગીતોના મંગલ ધ્વનિ અને વિપ્રોના મંત્રોચ્ચાર સાથે પ્યારા પુત્રને અભિષેક કર્યો. (૪) રાજન્ ! માતાજીએ લાલનને મંગલ દ્રવ્યોથી સ્નાન કરાવ્યાં, ઉત્સવમાં પધારેલા વિપ્રોનાં અન્ન, ઘી, વસ્ત્રો, પુષ્પમાલા મનવાંછિત પદાર્થો અને ગાયો વગેરેનાં દાન કરી સારી રીતે અર્ચન કર્યા. ત્યાર બાદ લાલવનને ગોદમાં લઈ સ્વસ્તિ પુણ્યાહવાચન વિધિ કરાવ્યો- આશ્રમને લીધે લાલનના નેત્રમાં નિદ્રા આવી ગઈ ત્યારે શ્રી લાલનને શ્રી નંદરાણીજીએ જાગી જાય નહીં તેમ ધીરેથી પર્યંકમાંથી નીચે પોઢાડ્યા. (૫) ગૃહનિષ્ક્રમણ નામના સંસ્કારમાં ઉત્સાહ ભર્યાં મનવાળાં સ્વમાની શ્રી યશોદારાણી આંગણે આવેલા વ્રજવાસીઓનાં સન્માન કરવામાં મન પરોવતાં માતાએ પુત્રનું રુદન ન જ સાંભળ્યું ત્યારે સ્તનની ઈચ્છાવાળા રડતા લાલને બે ચરણો ઊંચા કર્યા.૬૭

શકટભંજન લીલા

પછી નીચે પોઢેલા બાલકના ઘણા જ નાના પ્રવાલથી કોમલ ચરણથી અથડાયેલું ગાડું ઊંધુ પડ્યું અને ગાડાની અંદરના ભાતભાતના રસ ભરેલા કૂપ્પાઓનાં પાત્રો ભાંગી ગયાં, તેમજ ચક્રો અને ધરી વીખરાઈ ગયાં અને ગાડાની ઊંધ ભાંગી ગઈ. (૭) રાજન્ ! શ્રી યશોદારાણી અત્રે લાલનના ગૃહનિષ્ક્રમણ સંસ્કારકર્મ માટે આવેલાં શ્રી વ્રજનારીઓ તેમજ લાલનના આ અદ્‌ભુત લીલાના દર્શનથી આકુળ થયેલા શ્રી નંદરાય વગેરે ''અરે ભાઈ ! આ ગાડું નિશ્ચય પોતાની મેળે કેમ ઊંધું પડ્યું ?'' એમ વિચારવા લાગ્યા. (૮) બુદ્ધિથી કંઈ નિર્ણય ન કરી શકતા ગોપજન અને ગોપીજનોને બાલકોએ કહ્યું કે આ કૃષ્ણે રડતાં આ ગાડાને ચરણથી ફેંકી દીધું-ઊંધુ કરી દીધું. આ વાતમાં કોઈ સંશય નથી. (૯) પરંતુ આ ગોપીજનોએ બાળકોનાં વચનમાં પણ શ્રદ્ધા રાખી નહીં. કારણકે ગોપજનો લાલન બાલકના અપ્રમેયબલને-ભગવદ્‌બલને જાણતા ન હતા. (૧૦) રાજન્ ! બાલલીલા-પરાયણ રુદન કરતા બાલકને લઈ લીધા અને ગ્રહની શંકાથી ગ્રહની શાંતિ માટે રક્ષાબંધન વગેરે સ્વસ્તિ મંગલ ક્રિયાઓ કરાવી માતા યશોદાએ સ્તનપાન કરાવ્યાં. (૧૧) ત્યાર પછી વિપ્રોએ હોમ કરી,બલવાન ગોપોએ અંદરની સામગ્રી સાથે ગાડાને પ્રથમની માફક ઊભું કરી દઈને, ગોઠવી દઈને ગાડાની દહીં, અક્ષત અને કુશવાળા જલથી પૂજા કરી.

ષડ્‌ગુણસમ્પન્ન વિપ્રોની આશિષ

येऽसूयानृतदम्भेर्ष्याहिंसामानविवर्जिताः । न तेषां सत्यशीलानामाशिषो विफलाः कृताः ॥ १३ ॥

રાજન્ ! ત્યાર પછી અસૂયા, અનૃત, દંભ,ઈર્ષ્યા, હિંસા અને માનરહિત છે તેવા સત્યશીલવાળા વિપ્રોની આશિષો ફલરહિત હોતી નથી, એવું જાણીને સાવધાન થયેલા શ્રી નંદબાવાએ લાલનને શ્રી યશોદાજીના હાથમાંથી પોતાના હાથમાં લઈ ત્યાં ગાડા પાસે પધરાવી ઉત્તમ બ્રાહ્મણોએ સામવેદ, ઋગ્વેદ અને યજુર્વેદના મંત્રોથી તૈયાર કરેલાં અને પવિત્ર ઔષધિઓવાળા જલથી લાલનનો અભિષેક કરી, સ્વસ્ત્યયન વંચાવી અગ્નિમાં હોમ કરી બ્રાહ્મણોને ઉત્તમ ગુણવાળાં અન્નનાં દાન આપ્યાં. (૧૩-૧૫) પુનઃ શ્રી નંદરાયે વિપ્રવરોને વસ્ત્રો, માલાઓ અને સુવર્ણની માલાઓવાળી સર્વ ગુણોવાળી ગાયો પોતાના પુત્ર લાલનના ઉદય માટે આપી અને વિપ્રોએ પછી આશિષો આપી. (૧૬) વિપ્રો મંત્રો જાણનારા અને યોગ્યતાવાળા હોય છે તેથી તેઓએ જે આશિષો તેવી રીતે કહેલી હોય તે કોઈ પણ સમયે નિષ્ફળ થશે નહિ એ વાત સ્પષ્ટ છે.

તૃષ્ણાવર્તવધોત્સાહ

રાજન્ ! એક સમયે ગોદમાં બિરાજેલા લાલનનું લાલન કરતાં સતી યશોદા માતા પર્વતના સમૂહ પેઠે બાલકનો ભાર સહન કરી શક્યા નહીં. (૧૮) ત્યારે વિસ્મય પામેલાં અને ભારથી પીડાયેલાં નંદરાણીએ ભગવાનને ભૂમિ ઉપર પધરાવી જગતોના સ્વામી મહાપુરુષ છે એમ વિચાર કર્યો અને કામમાં લાગ્યા. (૧૯) રાજા કંસે મોકલેલ સેવક તૃણાવર્ત નામના દૈત્યે વંટોળિયાના સ્વરૂપથી સર્વ ગોકુલને ઢાંકી દેતાં ચક્ષુઓને ધૂળથી હરી લેતાં અને સારી રીતે ઘણાં ઘોર થાય તેવી રીતે શબ્દથી દશે ઉત્તમ દિશાઓને પૂરી દેતાં, ભૂમિ ઉપર મૂકેલા બાલકૃષ્ણને ઉપાડીને લઈ ગયો. (૨૦,૨૧) આ વખતે આખું ગોકુલ-નેસડો એક મુહૂર્ત સુધી વંટોળિયે કરેલા અંધકારથી છવાઈ ગયો. જ્યાં યશોદાજીએ પોતે પુત્રને પધરાવ્યા હતા ત્યાં જ્યારે લાલનને જોયા તો નહીં પરંતુ અત્યંત ગભરાયેલા અને તૃણાવર્તે પુષ્કળ ઉડાડેલી કાંકરીઓથી ખૂબ જ પીડાયેલાં કોઈએ પણ પોતાને અથવા બીજાને જોયાં નહીં. (૨૩,૨૩) એમ સખત વાવાઝોડાવાળા અને ઘૂમરીઓ લેતા તૃણાવર્તે કરેલી ધૂળની વૃષ્ટિમાં અબલા માતાએ પુત્રનાં પગલાં જોયાં નહીં-દીકરાનો પત્તો લાગ્યો નહી ત્યારે તો અત્યતં દયાજનક રીતે પુત્રને સંભારતાં શોક કર્યો અને મરેલાં વાછરડાંવાળી માતા ગાયની માફક મા યશોદા ભૂમિ ઉપર પછડાઈ પડ્યાં. (૨૪) ત્યાં રુદન પછી પરસ્પરના રુદનને સાંભળી ઘણી મૂંઝાઈ ગયેલી મતિવાળી અને અશ્રુઓથી ભરાયેલ મુખવાળી ગોપીઓ શ્રી નંદલાલન ન મળતાં રુદન કરવા લાગી ત્યારે ધીમે ધીમે ધૂળના વરસાદનો વેગ બંધ થયો છે તેવો પવન શાંત થયો. (૨૫)

વંટોળિયાનું રૂપ ત્યજી તૃણાવર્તે પોતાનું દૈત્ય સ્વરૂપ લીધું

શાન્ત વેગવાળા તૃણાવર્તે વાવાઝોડામાં પોતાનું રૂપ ધારણ કર્યું અને શ્રીકૃષ્ણને લઈ જવા લાગ્યો પણ આકાશમાં ગયેલો તે ઘણો ભાર ઉપાડવાને લીધે ઉપર જઈ શક્યો નહીં. (૨૬) પોતાથી ન ઉપાડી શકાય તેવા ભારવાળા હોવાથી કૃષ્ણને પથ્થર માનતાં મૂકી દેવા ચાહતો હતો પણ ગળે પકડાયેલો હોવાથી અદ્ભુત બાલકને મૂકી દઈ શક્યો નહીં. (૨૭) ગળે પકડવાની ચેષ્ઠારહિત થયેલા દૈત્યના ડોળા બહાર નીકળી ગયા અને તેનો અવાજ પણ સ્પષ્ટ સંભળાયો નહી અને પ્રાણહીન થઈ ગળે લાગેલા ગોવિંદ સાથે વ્રજમાં નીચે પડ્યો. (૨૮) રુદ્રના બાણથી વીંધાયેલા ત્રિપુરની માફક જે તૃણાવર્તના સર્વ અવયવોના કટકા થઈ ગયેલ છે તેવા તે ક્રૂર તૃણાવર્તને સ્ત્રીઓએ રડતી અંતરિક્ષમાં શિલા ઉપર પડેલો જોયો અને એકઠી ગઈ. (૨૯) પછી તેની છાતી ઉપર રહેલા શ્રી કૃષ્ણને કે જેમને આકાશમાર્ગે રાક્ષસ લઈ ગયો હતો અને જે મૃત્યુના મુખમાંથી છૂટ્યા હતા અને ક્ષેમકુશળ હતા તેમને લઈ યશોદામાતાને સોંપી વ્રજનારીઓ વિસ્મય પામી. (૩૦) ગોપીઓ અને નંદ જેઓમાં મુખ્ય હતા તેવા ગોપો ખરેખર બાલકને પ્રાપ્ત કરીને ઘણો ન આનંદ પામ્યા. (૩૧) જેમણે આશિષો આપેલી છે તેવાં દોષરહિત યશોદા જેમાં પ્રધાન છે તેવાં ગોપીજનો અને નંદજી જેમાં મુખ્ય છે તેવા ગોપજનો એક સ્થળે એકઠાં થઈ આના ઉપાયનો વિચાર કરવા માંડ્યો. (૩૨) આ લાલનને રાક્ષસ દેખાય નહીં તેટલે ઘણે દૂર લઈ ગયેલો પરંતુ ત્યાથી લાલન પાછા પધાર્યા આ તો ખરેખર! ઘણું જ અદ્ભુત થયું. ખલ-હિંસા કરનારો પોતાના પાપે મર્યો અને આ સાધુ પોતાના સમભાવપણાથી ભયથી મુક્ત થયા. (૩૩) પૂર્વ ભવમાં આપણે શું તપ કરેલું છે અથવા અધોક્ષજ ભગવાનનાં અર્ચન પૂજન કરેલાં છે અથવા નવાણ ખોદાવ્યાં, યજ્ઞ કર્યા કે દાન આપેલાં છે અથવા પ્રાણીઓ સાથે મિત્રતા રાખેલ છે કે જેથી મૃત્યુના મુખમાં ગયેલા લાલન ફરીથી સદ્ભાગ્યથી પોતાના બંધુઓને પ્રસન્ન કરતા પાછા આવ્યા. (૩૪) બૃહદવનમાં વારંવાર થતાં અદ્ભુતો જોઈને શ્રી નંદરાય ગોપજીએ શ્રી વસુદેવનું વચન ફરીથી માન્ય કર્યું અને વિસ્મય પામ્યા. (૩૫)

બ્રહ્માંડદર્શન લીલા

એક સમયે ભામિની શ્રી યશોદાજી બાલમુકુન્દને લઈ પોતાની ગોંદમાં પધરાવી સ્નેહથી તરબોળ થઈ પ્રેમેથી સ્રાવ ધાવણને પાવા માંડ્યાં. (૩૬) ત્યારે હે રાજન્ ! લગભગ થોડું ઘણું ધાવેલા લાલનના રુચિકર સ્મિતવાળા મુખને લાડ લડાવતી તે યશોદા જનનીએ બગાસું ખાતાં લાલનના મુખમાં તો આકાશ, સ્વર્ગ અને પૃથ્વી, જ્યોતિઓનો સમૂહ,

પર્વતો તેમની દીકરીઓ, વનો અને જે સ્થિર અને જંગમ પ્રાણીઓ
દિશાઓ, સૂર્ય, ચંદ્ર,અગ્નિ, વાયુ અને સમુદ્રો, દ્વીપો, પર્વતો તેમની દીકરીઓ, વનો અને જે સ્થિર અને જંગમ પ્રાણીઓ
છે તે સર્વને જોયાં. (૩૭,૩૮) રાજન્ ! હૃદયનાં કોમલ યશોદા માતાને પોતાના પુત્રના શ્રીમુખમાં વિશ્વને એકાએક
જોઈને કંપ થયો, મૃગનાં બચ્ચાંના જેવા ચક્ષુવાળાં તેમણે ચક્ષુઓ બંધ કર્યાં અને બહુ વિસ્મય પામ્યાં. (૩૯)

सा वीक्ष्य विश्वं सहसा राजन् संजातवेपथुः । सम्मील्य मृगशावाक्षि नेत्रे आसीत् सुविस्मिता ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પૂર્વાર્ધના તામસ લીલા પ્રકરણના પ્રમાણનો 'યશ' નામના ઐશ્વર્યનું વર્ણન કરતો સાતમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૮ મો

[આ અધ્યાયમાં ૫૨ શ્લોકો છે. આ અધ્યાયમાં ગર્ગાચાર્ય મુનિનું પધારવું તેમજ નામકરણ લીલા-ભગવાનની બાલલીલા-નવનીત ચૌર્યલીલા-મૃત્તિકાભક્ષણ-વિરાટદર્શન વગેરે લીલાઓ આ અધ્યાયમાં આવે છે. 'ભગવાન'ના 'શ્રી' નામના ઐશ્વર્યનું પણ વર્ણન આવે છે.]

श्रीशुक उवाच-गर्गः पुरोहितो राजन् यदूनां सुमहातपाः । व्रजं जगाम नन्दस्य वसुदेवप्रणोदितः ॥ १ ॥

શ્રી ગર્ગાચાર્ય મુનિની પધરામણી

શ્રી શુકેદવજી મહારાજે કહ્યું કે રાજન્ ! મહાન તપસ્વી યદુઓના પુરોહિત ગર્ગાચાર્ય, શ્રી વસુદેવજીએ વ્રજમાં પધારવા વિનંતિ કરી તેથી શ્રી નંદજીના વ્રજમાં પતે પધાર્યા. (૧) શ્રી નંદરાયે શ્રી ગર્ગાચાર્યજીને પધારેલા જોઈને ખૂબ જ પ્રસન્ન થઈ અને ઊભા થઈને બે હાથ જોડીને તેમણે પ્રથમ દંડવત્પ્રણામ કરીને ગર્ગમુનિની શ્રી વિષ્ણુ ભગવાનની ભાવનાથી સેવા કરી. (૨) શ્રી નંદજીએ શ્રી ગર્ગાચાર્યજીનું આતિથ્ય કર્યું ત્યાર પછી મુનિરાજ સુખપૂર્વક આસન ઉપર બિરાજ્યા ત્યારે સુમધુર સ્તોત્રથી પ્રસન્ન કરીને કહ્યું કે હે બ્રહ્મન્ ! આપ તો પૂર્ણ છો અમે આપનું શું સ્વાગત કરીએ ?

સંત મુનિજનની પધરામણી સદ્ગૃહસ્થના સર્વ મંગલ માટે

હે ભગવન્! મહાપુરુષોનું આગમન દીન ચિત્તવાળા ગૃહસ્થાશ્રમી જનોના નિઃશ્રેયસ માટે હોય છે, કોઈ બીજા પ્રયોજન માટે હોતું નથી. (૪) સાક્ષાત્ સૂર્યાદિ ગ્રહોનું સ્થાન અથવા જ્યોતિઃશાસ્ત્રનું જ અતીન્દ્રિય જ્ઞાન છે તે આપે રચેલું છે કે જે જ્ઞાનથી પુરુષ પરપુરુષોત્તમને અથવા ભવિષ્ય જ્ઞાનને અને અવર એટલે પોતાનાથી નીચેના પરમાણું વગેરેના જ્ઞાનને અથવા ભૂતકાલના જ્ઞાનને જાણે છે. (૫) આપ બ્રહ્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ છો માટે આ બે બાલકોના સંસ્કારો કરવા આપ યોગ્ય છો, વળી મારા ગુરુ તો શાંડિલ્ય છે તો આપ તો બ્રાહ્મણ છો તેથી મનુષ્યના જન્મથી જ ગુરુ છો. (૬) શ્રી ગર્ગાચાર્યે કહ્યું કે નન્દરાયજી ! હું યદુઓનો આચાર્ય છું અને ભૂતલ ઉપર સર્વ સ્થળે પ્રસિદ્ધ છું. જો મે સંસ્કાર કર્યા તો તમારા પુત્રને રાજા કંસ દેવકીના પુત્ર માનશે. (૭) ભગવન્ ! કંસ તો પાપમતિ છે. આપની અને વસુદેવની મૈત્રી છે તે સારી રીતે જાણે છે. તે માને છે કે દેવકીનો આઠમો ગર્ભ સ્ત્રી હોવાનું સંભવતું નથી. (૮) આવું વિચારીને દેવકીની પુત્રીનું વચન લક્ષમાં લઈને આ દેવકીના પુત્ર છે એમ શંકારહિત થઈ જો તે મારશે તો એ આપણને પીડા થશે. (૯) શ્રી નંદરાયે કહ્યું કે મહારાજ ! આ ગાયોના નેસડામાં-ગોશાળામાં મારા ગોપજન પણ ન જાણે એ રીતે એકાન્તમાં સ્વસ્તિ પુણ્યાહવાચન કરીને દ્વિજાતિના સંસ્કારો કરો. (૧૦)

નામકરણસંસ્કાર લીલા

શ્રી શુકદેવજીએ કહ્યું કે આ પ્રમાણે શ્રી ગર્ગાચાર્યજીને વિનવ્યા ત્યારે વિપ્રર્ષિ ગર્ગજીએ ગૂઢ રહી એકાંતમાં પોતાની પુરોહિત તરીકે નામકરણ કર્મ કરવાની ઈચ્છા હતી તે પ્રમાણે બાલકોના (ફાગણ સુદ અષ્ટમીને દિવસે) નામકરણ સંસ્કાર અને અન્નપ્રાશન સંસ્કાર કર્યા. (૧૧) શ્રી ગર્ગાચાર્યજીએ કહ્યું કે આ નિશ્ચય રોહિણીના પુત્ર પોતાના ગુણોથી સુહૃદોને આનંદ કરાવતા હોવાથી 'રામ' એમ કહેવાશે અને બલના અધિકપણાથી તેમને બલ માનેલા છે. (૧૨) યદુઓની સાથે આ બાલકને જુદાપણું ન હોવાથી એમને સંકર્ષણ પણ કહે છે. (૧૩)

યુગેયુગે દેહ ધારણ કરનાર આ શ્રીકૃષ્ણના શ્વેત, લાલ અને પીત એવા ત્રણ વર્ણો (રંગ) થયા. હમણાં તે કૃષ્ણ થયેલ છે. (૧૪) પહેલાં કોઈ સ્થલે તમારા આ પુત્ર વસુદેવના પુત્ર થયેલા. વળી તે શ્રીપતિ હાવાથી જાણકારો તેમને વાસુદેવ કહે છે. (૧૫) રાજન્ ! 'આપના પુત્રોના ગુણો અને કર્મોને અનુરૂપ ઘટતાં નામો અને રૂપો હું જાણું છું પરંતુ સર્વજન જાણતા નથી. (૧૬) આ તમારા શ્રેયસનું- કલ્યાણનું પોષણ કરતાં ગોપ ગોકુલને આનંદ આપનાર થશે. આપ શ્રીકૃષ્ણથી આ સર્વ સંકટોને સુખપૂર્વક તરી જશો. (૧૭) હે વ્રજપતિ ! પહેલાં લૂંટારાઓથી પીડાયેલા સાધુઓએ રાજા વિનાના પ્રદેશમાં કોઈથી નહીં રક્ષાતા આ કૃષ્ણથી બલવાન થઈ લૂંટારાઓને જીત્યા હતા. (૧૮) જેમ બલવાન વિષ્ણુના પક્ષપાતવાળાઓનો અસુરો પરાભવ કરતા નથી તેમ જે મહાભાગ્યવાળા માનવો આ શ્રીકૃષ્ણમાં પ્રીતિ કરે છે તેમનો શત્રુઓ પરાભવ કરતા નથી. (૧૯) માટે હે શ્રી નંદરાય ! આ આપના પુત્ર ગુણોથી તથા શોભા, કીર્તિ અને પ્રભાવથી નારાયણની સમાન છે માટે સાવધાન રહી શ્રીકૃષ્ણનું રક્ષણ કરો. (૨૦) આ પ્રમાણે શ્રી નંદરાયજીને સારી રીતે ઉપદેશ આપી શ્રી ગર્ગાચાર્યજી પોતાને ઘરે પધારી ગયા ત્યારે આનંદ પામોલા શ્રી નંદજીએ પોતાને સર્વ કામનાઓથી પરિપૂર્ણ માન્યા. (૨૧)

રસમસ્ત બાળકોની ભૂખનન-ભાખડિયા લીલા

આમ કરતાં કેટલો સમય વીતી ગયો ત્યારે રામ અને કેશવ બન્ને હાથો સાથે ઢીંચણોથી ભાંખડિયે ચાલતાં ગોકુલમાં રમવા લાગ્યા. રાજન્ ! આ બન્ને બાલકો ચરણમાં ધારણ કરેલી ઝાંઝરની ઘૂઘરીઓના ધીમા અને મધુર શબ્દોથી સુંદર લાગે તેવી રીતે વ્રજની કાદવવાળી ભૂમિમાં પોતાના બન્ને ચરણો ખેંચી ઉતાવળે ચાલતા તથા તેના અવાજથી મનમાં આનંદ પામતા, લોકોની પાછળ પાછળ જતા અને ભોળા અને ભય પામેલાની માફક માતાની પાસે પાછા દોડી આવતા હતા. (૨૩) તેઓની માતાઓ પોતાના પુત્રોનાં વહાલથી વખાણ કરતાં, કેશરકસ્તૂરીપંકના સુંગધિત અંગરાગથી સુંદર લાગતા બન્ને લાલનને બન્ને હાથોથી છાતી સરસા ચાંપી સ્તનપાન કરાવતાં ત્યારે સારી રીતે ધાવતા લાલનનાં મુગ્ધ હાસ્ય અને કૂણા દાંતવાળાં મુખડાંને જોઈને ઘણો આનંદ પામતાં. (૨૪) રાજન્ ! જ્યારે તરુણી ગોપનારીઓ, દર્શન કરાવવા યોગ્ય કુમારલીલા કરનારા બન્ને કુમારો થયા ત્યારે તે વ્રજલલનાઓ વ્રજનાં વાછરડાં-વાછરડીઓના પૂંછ પકડતા અને વાછરડાં જેમ જેમ દોડે તેમ તેમ પાછળ પાછળ વાકાંચૂકાં આમ તેમ ખેંચાતા બન્ને લાલનને નિહાળતી ધરાતી જ ન હતી, પરંતુ તેમને પકડતી હતી. રાજન્ ! શીગડાંવાળી ગાયો વગેરે, અગ્નિ-દાઢવાળા માંકડાં વગેરે, તલવાર, જલ પક્ષીઓ તથા કાંટાઓ સાથે ખેલતા રમતા એવા રમતિયાળ અને બહુ ચપલ પોતાના પુત્રોને રોકવા માટે જ્યારે તેમની માતાઓ ઘરનાં જરૂરી કામો પણ કરી શકતાં ન હતાં તો તેમના મનમાં આનંદનો પાર જ નહોતો રહેતો. (૨૬)

કુમારોની કુમારલીલાઓ

હે રાજર્ષિ ! થોડા સમયમાં રામ અને કૃષ્ણ ગોકુલમાં આ વ્રજમાં ઢીંચણો ઘસડ્યા વિના ચરણોથી સહેલાઈથી સારી રીતે ચાલવા લાગ્યા.૨૭ પછી તો શ્રી બલરામ સહિત ભગવાન શ્રીકૃષ્ણ વ્રજની સ્ત્રીઓને આનંદ ઉત્પન્ન કરાવતા પોતાના વયસ્યો વ્રજના બાલકો સાથે ક્રીડા કરવા લાગ્યા. (૨૮) ગોપીઓ શ્રીકૃષ્ણના કુમારકાલના સુંદર ચાપલ્યને જોઈને સાથે ભેગાં મળીને લાલનની માતા યશોદાજીના સાંભળતાં ખરેખર આ પ્રમાણે કહેતા હતાં. (૨૮)

ચોરાધિરાજ ચિત્તચોરની ચૌર્યલીલા

શ્રી ગોપીઓ કહે છે કે કોઈ સ્થળે કસમયે વાછરડાને છોડી દે છે ત્યારે અમે ઠપકો આપીએ છીએ તો લાલન હસી કાઢે છે. તો માડી કોઈક વાર તો પોતાની બુદ્ધિથી કલ્પેલા ચોરીના ઉપાયોથી ચોરેલાં સ્વાદિષ્ટ દૂધ તથા દહીં ખાય છે. ભોજન કરતાં માંકડાંઓને વહેંચી આપે છે અને જો તે મર્કટો ખાતાં નથી તો વાસણને ફોડી નાખે છે, દ્રવ્ય પ્રાપ્ત ન થાય તો ઘરવાળા ઉપર ક્રોધ કરી બાલકોને રડાવી જતા રહે છે. (૨૯) હાથથી પહોંચી શકાય નહિ ત્યાં બાજઠ, ખાંડણિયા વગેરે ગોઠવી ઉપર ચઢવાના ઉપાય કરે છે. શીંકા પર જે વાસણો મૂક્યાં હોય તેમાં ખાલી ક્યા છે અને શું શું ભર્યું છે

તેનું જ્ઞાન ધરાવતા કૃષ્ણ જેમાં દહી વગેરે હોય તેમાં કાણું પાડે છે. અંધારા ઓરડામાં મૂકીએ છીએ ત્યાં તે પ્રવેશે છે ત્યાં રત્નોના શૃંગારોને ધારણ કરતાં પોતાના તેજોમય શરીરનાં અગો દ્વારા સર્વત્ર વસ્તુઓને જોઈ લે છે અને બતાવી દે છે. માતા જ્યારે અમે ઘરના કામમાં સારી પેઠે વ્યગ્ર ચિત્તવાળાં હોઈએ ત્યારે આવાં પરાક્રમો તમારા કુમાર કરે છે. (૩૦) હે મનોહર માડી ! સાંભળો, તે કેવાં કેવાં તોફાન કરે છે ! તમને શું કહીએ ? વાસ્તુદેવતાના સુંદર પાત્રમાં, ઘરના ઉંમરોઠ ઉપર મલ-મૂત્ર વગેરે કરે છે તો મા યશોદા ! ચોરી કરવાના ઉપાયોમાં તો એવા કુશળ છે કે આવે ચોરી કરવા પણ પુત્ર, પતિ કે ભાઈનું રૂપ ધારણ કરી સજ્જનના જેવો દેખાવ કરીને રહે છે. જ્યારે ઠપકો આપતા આવતા ત્યારે દયામણા ભયભીત મુખવાળા બની જતા લાલનના શ્રીમુખની ઝાંખી કરવાની લાલસાવાળાં ગોપીજનો યશોદાજીને લાલનનાં પરાક્રમો તોફાનો સંભળાવતાં ત્યારે ઘણાં હસતા મુખવાળી માતાએ ઠપકો આપવાની ઈચ્છા ન કરી. (૩૧)

મૃત્સ્નાભક્ષણલીલા

એક વાર રમત કરતા રામ વગેરે તે ગોપના બાલકોએ ''શ્રીકૃષ્ણે માટી ખીધી'' એમ માતાને જ્યારે કહ્યું ત્યારે હિતૈષિણી મા યશોદાએ લાલનને હાથ પકડી, ઠપકો આપતી ભયથી ગભરાયેલી દૃષ્ટિવાળી આંખોથી માતાની સામે જોઈ રહેલા શ્રીકૃષ્ણને મા યશોદા કહેવા લાગ્યાં કે અરે તોફાની ! અરે સંયમશૂન્ય મનવાળા ! કૃષ્ણ ! તમે માટી એકાંતમાં કેમ ખાધી ? ના કહો છો પણ જુઓ, આ તમારા મિત્રો-કુમારો એવું કહે છે અને આ તમારા મોટા ભાઈ દાઉજી પણ ''માટી ખાધી'' એમ કહે છે. (૩૨-૩૪) ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું ''હે માતાજી ! મેં માટી ખાધી જ નથી. આ સર્વ ખોટું બોલનારા છે.જો સાચું બોલનારા હોય તો મારું મુખ પ્રત્યક્ષ જુઓ.'' (૩૫) ત્યારે મા એ કહ્યું કે જો તું તેમ કહે છે તેમ જ હોય કે માટી નથી ખાધી તો ખોલો દીકરા તમારું મુખડું. માએ એમ કહેતાં શ્રીઅગણિત ઐશ્વર્યવાળા અને ક્રીડા માટે મનુષ્યના બાલક બનેલા ને ભગવાન શ્રીહરિએ મુખ ઉઘાડ્યું. (૩૬)

મુખમાં બ્રહ્માંડદર્શન

ત્યારે માતાએ તે મુખમાં વિશ્વ અને સ્થાવર તથા જંગમ જગત, વાયુ, અગ્નિ, ચંદ્ર અને તારાવાળા પર્વતો, બેટો તથા સમુદ્ર સહિત ભૂમિના ગોળાને જોયો. (૩૭) જ્યોતિશ્ચક્ર જલ, તેજ, વાયુ, અને આકાશ, વૈકારિકો,ઈન્દ્રિયો, મન, માત્રા અને ત્રણ ગુણોને જોયા. (૩૮) જીવ, કાલ, સ્વભાવ, કર્મ, આશય અને લિંગભેદો સહિત આ વિચિત્ર જગતને તથા પોતાની સાથે વ્રજને પુત્રના શરીરમાં અને પહોળા કરેલા મુખમાં જોઈને જશોદા ભય પામ્યાં. (૩૯) આ શું સ્વપ્ન હશે? અથવા દેવમાયા હશે? અથવા મારી બુદ્ધિનો મોહ હશે?અથવા મારા આ પુત્રનો જ કોઈ એક સ્વાભાવિક આત્મયોગ હશે ? (૪૦) આ તો એવું સ્વરૂપ છે કે જેના સંબંધમાં ચિત, મન, કર્મ અને વાણીથી પૂરેપૂરો યથાર્થ વિચાર કરી શકાય તેવું નથી અને આ સ્વરૂપની કોઈ રીતે કલ્પના કરી શકાય તેમ નથી. તે સ્વરૂપ જેમાં રહેલું છે, જેથી દેખાય છે અને જેમાંથી જણાય છે તેમના ચરણાવિંદને હું પ્રણામ કરુ છું. (૪૧) હું નંદની રાણી-આ મારા પતિ વ્રજરાય આ મારો પુત્ર-હું વ્રજેશ્વરના સર્વ ધનનું રક્ષણ કરનાર સતી-ગોપીઓ અને ગોધનસહિત ગોપો મારા છે એવી જે ભગવાનની માયાથી મારી કુમતિ થઈ છે તે ભગવાનને શરણે જાઉં છું તે જ ભગવાન મારી શરણગતિ આશ્રય થાઓ. (૪૨)

ભગવાનની દિવ્ય કૃપા કે માતા યશોદાજીએ વાત્સલ્યભાવનાં દાન કર્યાં

આ પ્રમાણે જ્યારે શ્રી યશોદામાતાજીને તત્ત્વજ્ઞાન થઈ ગયું છે એવું ભગવાનને લાગ્યું ત્યારે તે વિભુ ઈશ્વરે માતાના વાત્સલ્ય ભાવને જ પુષ્ટ કરવા માટે પ્રજાસ્નેહવાળી એટલે આ તો મારા લાલન છે એવા સ્નેહવાળી વૈષ્ણવી માયાનો વિસ્તાર કર્યો. તેથી ગોદમાં લાલને પધરાવી પ્રથમ જેવા જ પરંતુ પુષ્કળ વધી ગયેલ સ્નેહથી તરબોળ હૃદયવાળાં થયાં. (૪૩,૪૪) ત્રણે વેદો અને ઉપનિષદો, સાંખ્ય અને યોગો તથા વૈષ્ણવ તંત્રો જે નાથના મહાત્મ્યનું ગાન કરે છે તેવા શ્રીહરિને માતા યશોદાએ પુત્રસ્વરૂપે જ માન્યા. (૪૫)

રાજા કહે છે — પૂછે છે, હે બ્રહ્મન્ ! શ્રી નંદજીએ આવું મહાન ભાગ્યોદય કરાવનારું શું ઉત્તમ કર્મ કરેલું ? અને

મહાભાગ્યશાળી યશોદાએ પણ મોટા ભાગ્યોદય કરાવનારું શું મોટું ઉત્તમ કર્મ કરેલુ ? અને મહાભાગ્યશાળી યશોદાએ પણ મોટા ભાગ્યોદય કરાવનારું શું મોટું ઉત્તમ કર્મ કરેલું ? કે જેના સ્તનનું- ધાવણનું શ્રીહરિએ પાન કર્યું ? (૪૬) નાથ ! કૃપાનિધિ ! શ્રીકૃષ્ણના ઉદાર બાલચરિતને આજ સુધી કવિઓ ગાન કરે છે અને જે લોકોના મલને દૂર કરનારું છે તેવા વાત્સલ્ય રસનો આનંદ જે દેવકી-વસુદેવજી માતા-પિતાને પછીથી પણ ન મળ્યો તે આનંદ શ્રી નંદયશોદાજીને મળ્યો. (૪૭)

શ્રી શુકદેવજીએ કહ્યું કે વસુઓમાં ઉત્તમ દ્રોણ અને તેમનાં પત્ની ધરાને બ્રહ્માજીએ સૃષ્ટિ ઉત્પન્ન કરવાની આજ્ઞા કરેલી. આ બ્રહ્માજીની આજ્ઞાને પોતાનાં પત્ની સાથે પાલન કરવા તૈયાર થયા ત્યારે શ્રી વસુએ શ્રી બ્રહ્માજીને નિવેદન કર્યું કે બ્રહ્મન્ ! ભૂમિ ઉપર જન્મેલા અમને બન્નેને મહાન દેવ, વિશ્વના ઈશ્વર શ્રી હરિમાં પરમ ભક્તિ થાઓ. જે ભક્તિના બલથી આ લોકમાં સહેલાઈથી દુર્ગતિને તરી જવાય. (૪૮, ૪૯) ત્યારે ભગવાન બ્રહ્માએ કહ્યું, ''ભલે તેમ થાઓ'' આવું વરદાન પામેલ પુષ્કળ યશવાળા દ્રોણ વસુ અહીં વ્રજમાં શ્રીનંદના નામથી જન્મ્યા અને તેમનાં પત્ની ધરા શ્રી યશોદાજી થયાં. (૫૦)

હે ભારત ! પછી તો મારા પુત્ર છે એવા ભાવવાળા થયેલા ભગવાન શ્રી જનાર્દનમાં ગોપ અને ગોપીઓની મધ્યમાં દંપતીને સારી રીતે ભક્તિ થઈ. (૫૧) બ્રહ્માનો આદેશ સત્ય કરવા વિભુ શ્રીકૃષ્ણે શ્રી બલરામ સાથે વ્રજમાં વસતા, પોતાની લીલામાં નંદ અને યશોદા માતાની વાત્સંલ્યભીની પ્રીતિ ઉત્પન્ન કરી. (૫૨)

कृष्णो ब्रह्मण आदेशं सत्यं कर्तुं व्रजे विभुः । सहरामो वसंश्चक्रे तेषां प्रीतिं स्वलीलया ॥ ५२ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ પૂર્વાર્ધમાં તામસ પ્રકરણના સાધનલીલા પ્રકરણનો ''શ્રી'' નામના ઐશ્વર્યનું વર્ણન કરતો આઠમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૯ મો

[આ અધ્યાયમાં ૨૩ શ્લોકો છે,દધિમંથન-ભગવાનને પકડવા દોડવું-પકડવા-બાંધવા-વગેરે લીલાઓ વર્ણવી છે. અને જ્ઞાન નામના ભગવાનના પાંચમાં ઐશ્વર્યનું વર્ણન છે. જ્ઞાન એટલે પુષ્ટિ ભક્તિનું જ્ઞાન કે ''ભગવાન'' મારા જ એવું દિવ્ય વાત્સલ્ય જ્ઞાન.]

श्रीशुक उवाच-एकदा गृहदासीषु यशोदा नन्दगेहिनी । कर्मान्तरनियुक्तासु निर्ममन्थ स्वयं दधि ॥ १ ॥

સેવા સ્નેહથી કરવી અને સ્વયં કરવી-સેવામાં પ્રતિનિધિ ના ચાલે

શ્રી શુકેદેવજી મહારાજે કહ્યું કે એકવાર ભગવાનની ઈચ્છાથી જ ઘરની સર્વ દાસીઓ બીજા કામમાં રોકાયેલી હતી ત્યારે શ્રી નંદરાણી-નંદગેહિની શ્રી યશોદા સ્વંય દહીં-મંથન કરવા માંડયાં. (૧) આ મંથન સમયે માતા યશોદા ભગવાને જે ગોકુલમાં બાળલીલા કરી હતી તે તે ગીતોને અને ગોપીજનોએ આવી આવીને કહેલાં કૃષ્ણ બાલચરિતોને, દહીંનું સારી રીતે મંથન કરવાના સમયે સ્મરણ કરતાં ગાતાં હતાં. (૨)

क्षौमं वासः पृथु कटितटे बिभ्रती सूत्रनवधूं । पुत्रस्नेह–स्नुतकुच युगं जातकम्पं च सु भ्रूः ॥ ३ ॥

रज्ज्वाकर्षश्रमभुजचलत्कङ्कणौ कुण्डले च स्विन्नं वक्त्रं कबरविगलन्मालती निर्ममन्थ ॥ ३ ॥

રાજન્ ! માડી યશોદા મંથન કરતાં હતાં ત્યારે તેમની ભાવભીની ભ્રમર શોભતી હતી અને અંબોડામાંથી ખરી પડતી માલતીવાળી યશોદાએ વિશાળ નિતંબતટ ઉપર સૂત્રની મેખલાથી બાંધેલું રેશમી વસ્ત્ર ધારણ કર્યું હતું. હાલતાં બન્ને સ્તાનોમાંથી પુત્ર ઉપરના સ્નેહને લીધે ધાવણ-અમૃત સ્ત્રવતું હતું. નેતરાંને ખેંચવાથી થયેલા પરિશ્રમને કારણે બન્ને ભુજાઓ સુધી ફરતાં કંકણો અને બન્ને કુંડલો તથા પરસેવાવાળું માનું મુખ મુગ્ધ કરી રહેલું હતું. (૩) રાજન્ ! જ્યારે મા યશોદા વલોવતાં હતા ત્યારે ત્યારે સ્તનપાન કરવાની ઈચ્છાવાળા શ્રીહરિએ મંથન કરતી તે જનની પાસે આવી રવૈયાને પકડી, પ્રીતિ ઉત્પન્ન કરતા લાડીલા લાલને માતાને મંથન કરતાં અટકાવી દીધાં. (૪) રાજન્ ! માડી યશોદા ધરણી ઉપર બેસી ગયાં અને ગોદમાં બિરાજાવી ગોવિંદને દૂધ સ્ત્રવતું સ્તન ગોવિંદના સ્મિતવાળા મુખને નિહાળતાં

પાયું. આ સમયે અગ્નિ ઉપર મૂકેલું દૂધ ઉભરાતાં હજી ન ધરાયેલા લાલને તજી દઈ મા ઝડપથી તેને ઉતારવા ગયાં. (૫) આથી બાલ લાલ ક્રોધે ભરાયા ને લાલને ફરકતા લાલ અધરને દાંતોથી પીસી છાસનું વાસણ ઓરસિયાના પથ્થરથી ફોડી નાંખ્યું અને આંસુઓ લાવી ઘરની આંદર જઈ એકાન્તમાં માખણ ખાવા લાગ્યા. (૬) શ્રી યશોદાજીએ ઉભરાતા દૂધને એકવાર તો ઉતારી લઈ પછી ફરી ચૂલા ઉપર ચઢાવી સારી રીતે ઉકાળી ઉતારી લઈ જ્યાં વલોવતાં હતાં ત્યાં ઘરમાં અંદર ગયાં ત્યાં દહીંના વાસણને ભાગેલું જોઈ પોતાના પુત્રનુ તે પરાક્રમ છે એમ જાણી અને તેને પણ ત્યાં ન જોતાં હસી પડ્યાં. (૭) માતાએ લાલનને શોધ્યા ત્યારે ખાંડણિયાની ઉપર ઊભા રહેલા, શીંકામાં રહેલા માખણને માંકડાંને મનમાન્યું આપતાં ચોરીને લીધે ભયભીત ચક્ષુવાળા પુત્રને જોઈને માતા યશોદા ધીરે ધીરે લાલનની પાછળ આવ્યાં. (૮) લાલને લાકડી લઈને આવતાં માને જોઈને ઉતાવળા ખાંડણિયા ઉપરથી ઊતરી જઈને ભય પામેલાની માફક ત્યાંથી દોડી ગયા. ત્યારે રાજન્ ! યોગીઓના તપથી પ્રેરેલું સમર્થ મન જેમને પહોંચી શક્યું નથી તેમની પાછળ ગોપી યશોદામાં દોડી ગયાં. (૯) રાજન્ ! લાલનની પાછળ જતાં શોભતી મધ્ય કટિવાળાં જનની યશોદા વિપુલ અને હાલતા નિતંબોના ભારથી દોડતાં અટકાયેલી મંદગતિવાળા બની જતાં હતા. રાજન્ ! વેગથી દોડવાને લીધે છૂટા પડી ગએલા અને અંબોડામાંથી સરી પડેલાં પુષ્પો માતા યશોદાની પાછળ વેરાતાં હતાં. માતાએ વેગથી દોડી લાડીલા લાલનને પકડી પાડ્યા. (૧૦)

વાત્સલ્યમંદિર-મનમોહનનું મનમોહક મંગલ સ્વરૂપ

રાજન્ ! ગોરસ ફોડવાનો અને માખણ વહેંચી દેવાનો અપરાધ કરેલા, રડતા, પ્રકાશની-અંજનવાળી આંખોને પોતાના હસ્તથી ચોળતા, ભયથી વિહ્વળચક્ષુવાળા શ્યામ લાલનને જોતાં હાથથી પકડી, ભય પમાડતાં મા યશોદા ધમકાવવા લાગ્યાં. (૧૧) રાજન્ ધમકાવવાથી વહાલા પુત્રને ભય પામેલા જાણીને પુત્રના ઉપર પ્રેમવાળી અને તેમના વીર્યને જાણનારી માતા યશોદાએ લાકડી તજી દીધી અને ખરેખર દામણાથી લાલનને બાંધવાની ઈચ્છા કરી. (૧૨)

રાજન્ ! જે ભગવાનને અંદરપણું અને બહારપણું, આગળપણું નથી, જે જગતની આગળ પણ છે અને પાછળ બહાર અને અંદર પણ છે અને જે ભગવાન જગતસ્વરૂપ છે. (૧૩)

સ્નેહવશ શ્રીહરિ

તે અવ્યકત નહિ જણાતા મનુષ્યના જેવા ચિહ્નવાળા પરંતુ જ્ઞાનથી પર એટલે જેમનું જ્ઞાન થઇ શકે નહિ તેવા ભગવાન શ્રીકૃષ્ણને આત્મજ માની પ્રાકૃતને-બાલકને જેમ બાંધે તેમ ગોપિકાએ દામણાંથી ખાંડણિયા સાથે પ્રભુને બાંધ્યાં. (૧૪) રાજન્ ! પોતાના અપરાધ કરેલ પુત્રને બાંધતાં તે નેતરું બે આંગળ ઘટ્યું અને યશોદા ગોપિકાએ તે નેતરાને સાથે બીજું સાંધ્યું તે પણ બે આંગળ ઘટ્યું. આમ જે જે નેતરું લીધું તે બે આંગળ ઘટ્યું. (૧૬) આ પ્રમાણે પોતાના ઘરનાં સઘળાં નેતરાં યશોદાએ સાંધવા માંડ્યાં છતાં તે બે આંગળ ઘટવા લાગ્યાં ત્યારે પુષ્કળ હસતાં ગોપીઓની મધ્યે યશોદા હસી પડ્યાં અને વિસ્મય પામ્યાં. (૧૭) માતાજીના શ્રી અંગે પરસેવો પરસેવો થઈ ગયો. અંબોડામાંથી માલા-વેણી પણ સરી પડી. આવી દશાવાળી માતાનો પરિશ્રમ જોઈને શ્રીકૃષ્ણ કૃપાથી સ્વયં બંધાયા. (૧૮) હે રાજન્ ! જેમને ઈશ્વર સહિત આ જગત વશ છે તેવા સમર્થ શ્રીહરિ શ્રીકૃષ્ણ પોતાને જ વશ હોવા છતાં એ પ્રમાણે ભક્તને વશ હોવાપણું જણાવ્યું. (૧૯) મોક્ષ આપનાર ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી આજે જે કૃપાપ્રસાદ ગોપી યશોદામાએ પ્રાપ્ત કર્યો ને ભગવાનના અંગનો આશ્રય કરી રહેલા બ્રહ્મા, શંકર અથવા લક્ષ્મીજીએ પણ પ્રાપ્ત કર્યો નથી. (૨૦) આ ગોપિકાના કુમાર શ્રીકૃષ્ણ ભગવાન જેવા અહીં ભકિતવાળાઓને આત્મારૂપી નાવવાળા જ્ઞાનીઓને સહેલાઈથી પ્રાપ્ત થાય તેવા નથી. (૨૧) રાજન્ ! લાલનને બાંધી માતા ઘરનાં કામોમાં ગૂંથાયાં ત્યારે પ્રભુ શ્રીકૃષ્ણે તો બે અર્જુન વૃક્ષો જોયાં, તે પહેલાં ગુહ્યકો અને કુબેરના પુત્રો હતા. (૨૨) નલકૂબર અને મણિગ્રીવ એવા નામથી સુપ્રસિદ્ધ અને લક્ષ્મીવાળા તેઓ પહેલાં મદને લીધે નારદના શાપથી વૃક્ષપણું પામ્યા હતા. (૨૩)

पूरा नारदशापेन वृक्षतां प्रापितो मदात् । नलकूबरमणिग्रीवाविति रव्यातौ श्रियान्वितौ ॥ २३ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ પૂર્વાધમાં તામસ લીલા પ્રકરણના સાધન લીલા પ્રકરણનો "જ્ઞાન" નામના ઐશ્વર્યનું વર્ણન કરતો નવમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૦

[આ અધ્યાયમાં ૪૩ શ્લોકો છે. કુબેરના બે પુત્રો નલકૂબેર અને મણિગ્રીવનું વિલાસી જીવન શ્રી નારદજીના શાપ દ્વારા અનુગ્રહ- નલકૂબેર- મણિગ્રીવ મુક્તિ અને ભગવાનની સ્તુતિ વગેરે પ્રસંગો કથામાં આવશે. આ અધ્યાયમાં "વૈરાગ્ય" નામના ઐશ્વર્યનું વર્ણન છે.]

राजोवाच-कथ्यतां भगवन्नेतत् तयोः शापस्य कारणम् । यत् तद् विगर्हितं कर्म येन वा देवऋषे स्तमः ॥ १ ॥

રાજા પરીક્ષિતજી બોલ્યા કે હે ભગવન્ ! તેઓના શાપનું આપ કારણ કહો. વળી એવું શું નિંદિત કર્મ તે બન્નેએ કર્યું કે જેને લીધે દેવર્ષિને ક્રોધ થયો તે વાત કહો. (૧)

યૌવન-ધન વ્યસનના ત્રિદોષનો સન્નિપાત

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! લનકૂબર અને મણિગ્રીવ રુદ્રના અનુચરો હતા તેમજ કુબેરના પુત્રો હતા; તેથી અત્યંત અહંકારી તથા ખૂબ જ મદોદ્ધત બનેલા, મંદાકિનીમાં કૈલાસના રમણીય ઉપવનમાં વારુણી મદિરાનું પાન કરીને મદથી ઘેરાતા લોચનવાળાઓ પાછળ ગાતી અપ્સરાઓ સહિત પુષ્પોથી ખીલેલા વનમાં ફરવા માંડ્યું. (૨,૩) કમળોના વનની હારમાલાઓવાળાં શ્રી ગંગાજીના જલની મધ્યમાં પ્રવેશ કરીને જેમ હાથીઓ હાથણીઓ સાથે ક્રીડા કરે તેમ ક્રીડા કરવા લાગ્યાં. (૪)

હે કૌરવ! ત્યાં દેવર્ષિ ભગવાન નારદે આ બે દેવોને અકસ્માત્ જોયા. અને નશામાં ચકચૂર બનેલા જાણ્યા. (૫) રાજન્ ! શ્રી નારદજીને નીરખી લજ્જા પામેલી વસ્ત્રરહિત દેવીઓએ શાપથી ભય પામી તરત જ વસ્ત્ર પહેરી લીધાં. પરંતુ વસ્ત્રરહિત ગુહ્યકોએ ન જ પહેર્યાં. (૬) રાજન્ ! કુબેર દેવના પુત્રોને મદિરાથી મત્ત થયેલા અને લક્ષ્મીથી અત્યંત મદાન્ધ થયેલા જોઈને તેઓના ઉપર કૃપા કરવા શાપ આપવા આ પ્રમાણે શ્રીનારદજીએ વિચાર્યું. (૭)

શ્રી નારદજી બાર શ્લોકથી વિચારીને શાપ આપે છે

રાજન્ ! 'શ્રી' નો મદ એટલે લક્ષ્મીનો મદ મનુષ્યનું જેટલું અનિષ્ટ કરે છે તેટલું ઉત્તમ કુલમાં જન્મ થયાના મદથી કે વિદ્યાના મદથી અનિષ્ટ નથી થતું. કારણ કે ધનમદનો રજોગુણ તો સદ્બુદ્ધિનો ભ્રંશ કરે છે. ધનમદમાં તો પરસ્ત્રીવારાંગના, ખૂન-જુગાર અને આવાસ-મદ્યપાન આવાં ત્રણ ભયાનક દૂષણો રહેલાં છે. (૮) રાજન્ ! લક્ષ્મીના મદમાં ભાન ભૂલેલા આ નાશવંત દેહને અજર અને અમર માનતા નિર્દય અને અજિતેંદ્રિય બનેલા પુરુષો પશુઓને મારે છે. (૯) દેવનો કહેવાતો પણ દેહ અંતે તો કીડા, વિષ્ઠા અથવા ભસ્મ જ કહેવાય છે અને થનાર છે. તેને માટે પ્રાણીઓનો દ્રોહ કરનાર શું સ્વાર્થને-હિતને જાણે છે ? ના, નથી જાણતો. જે પ્રાણીઓના દ્રોહથી અંતે તો નરક પ્રાપ્ત થાય છે. (૧૦) રાજન્ ! આ દેહ કોનો ? શું તે અન્ન આપનારની મિલકત છે ? અથવા તો વીર્ય સ્થાપનારની મૂડી છે કે પછી માતાની અથવા માતાના પિતાની કે બલવાનની કે ખરીદ કરનારની કે આખરે અગ્નિની કે કૂતરાંની, કોની મૂડી છે ? (૧૧) રાજન્ ! દુર્જન વિના કયો સુજન વિદ્વાન આ પ્રમાણે સર્વની સમ્પત્તિરૂપ નક્કી થયેલા આ સર્વ સાધારણ અને જેનું ઉત્પત્તિનું સ્થાન, લયનું સ્થાન અવ્યક્ત છે તેવા દેહને પોતાનો કરી, પોતાનો ગણી, પ્રાણીઓને હણે ? (૧૨) દુર્જન અને લક્ષ્મીના મદથી અંધ બનેલાંની આંખ ખોલવા માટે દારિદ્ર જ અમૂલ્ય અંજન છે. માત્ર દરિદ્ર માનવ જ પોતળી સાથે બીજા પ્રાણીને તેવી પીડા થાય એમ ઇચ્છતો નથી કારણ કે કાંટો વાગતાં વેદના થતાં મુખ કરમાઈ જવું વગેરે મુખ ઉપરની પીડાઓની રેખાઓથી જીવોની સમાનતાને જાણે છે તેમ કાંટાથી વીંધાયેલ જીવોની સમાનતાને જાણતો નથી. (૧૪) દરિદ્ર અહંકારના અક્કડપણા વિનાનો હોય છે અને અહીં સર્વ મદોથી મુક્ત હોય છે. દરિદ્ર જનને દૈવયોગે જ દુઃખ પ્રાપ્ત થાય છે તે તેનું મોટું તપ છે. (૧૫) દરિદ્ર સદા ભૂખે મરતો હોવાથી જ ક્ષીણ થયેલા દેહવાળો હોય છે અને અન્નની ઇચ્છાવાળા દરિદ્રની ઇન્દ્રિયો તરત જ શોષાઈ જાય છે અને હિંસા પણ અટકે છે. (૧૬)

દરિદ્રને જ સર્વને સમાન જોનાર સાધુજનોનો સમાગમ થાય છે અને તે નિષ્કિંચતન જનોના સંગથી જ સાધુઓ સારી રીતે સકામ યશ વગેરે તથા તૃષ્ણાનો ક્ષય કરે છે અને અવિલંબે જ શુદ્ધ થાય છે, મુક્તિ પામે છે. (૧૭) રાજન્ ! સાધુજનો તો સર્વત્ર સમદૃષ્ટિવાળા હોય છે અને કેવલ મુકુન્દ ભગવાનના ચરણકમલની અભિલાષાવાળા હોય છે માટે સર્વથા ઉપેક્ષા કરવા લાયક દુર્જન અને દુર્જનોનાં આશ્રય ધનમદના ગર્વવાળા ધનિકોનું શું પ્રયોજન જ હોય કે તેઓ દરિદ્રની ઉપેક્ષા કરે ? (૧૮) તેથી હું મધુમાંથી બનાવેલી વારુણી મદિરાથી મત્ત થયેલા લક્ષ્મીના મદથી અંધ બનેલા, અજિતેંદ્રિય અને સ્ત્રીલંપટ આ બે અને નલકૂબર મણિગ્રીવના અજ્ઞાન અને મદને દૂર કરીશ. (૧૯) કે જેથી આ બે લોકપાલના પુત્રો થઈ અજ્ઞાનમાં ડૂબેલા છે એ વળી મદિરાના નશામાં ચકચૂર થયેલા પોતે વસ્ત્રરહિત છે તે પણ જાણતા નથી તેથી આ બન્ને સ્થાવર યોનિ એટલે વૃક્ષની યોનિ પામે તેજ યોગ્ય છે. જેથી ફરીથી આવા ઉચ્છૃંખલ ન જ થાય. વળી તે વૃક્ષયોનિ પામશે પણ તેમાં પણ મારા અનુગ્રહથી દિવ્ય સો વર્ષ પૂરાં વાસુદેવ ભગવાનની સંનિધિ પ્રાપ્ત કરીને ફરીથી પોતાના લોકને પ્રાપ્ત કરી ભક્તિ પ્રાપ્ત કરશે. (૨૦,૨૨) રાજન્ ! શ્રીદેવર્ષિ નારદજી આ પ્રમાણે કહીને નારાયણના આશ્રમે ગયા. નલકૂબેર અને મણિગ્રીવ બન્ને યમલાર્જુન વૃક્ષો થયા. (૨૩)

દયાસિંધુએ બંધનમાં પડી ભક્ત પુત્રોને બંધનમુક્ત કર્યા

[શ્રીકૃષ્ણ ભગવાન સવા બે વર્ષની વયના હતા ત્યારે અઠ્ઠાવીસમા મહિનામાં માગશર સુદ એકમના દિવસે યમલાર્જુન વૃક્ષોનો ભંગ કરીને નલકૂબેર-મણિગ્રીવને મુક્ત કર્યા.]

ત્યારબાદ ઉલૂખલે બંધાયેલા ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ ઋષિનું વચન સત્ય કરવા જ્યાં યમલાર્જુન હતા ત્યાં ધીરે ધીરે પધાર્યા. (૨૪) દેવર્ષિ મને ઘણા પ્રિય છે. વળી આ બે કુબેરના પુત્રો છે તેથી મહાત્મા શ્રી નારદજીએ જે પ્રમાણે કહેલ છે તે પ્રમાણે હું સિદ્ધ કરીશ. (૨૫) રાજન્ ! આવું વિચારીને શ્રીકૃષ્ણ તો યમલાર્જુન વૃક્ષના જોડકાની વચમાં ગયા. આત્માના પ્રવેશ માત્રથી ખાંડણિયો આડો થઈ ગયો. (૨૬) રાજન્ ! કટિ ભાગે બાંધેલા તે આડા ખાંડણિયાને દામોદર બાલકે અનુકૂલપણે ખેંચ્યો તેથી અર્જુન વૃક્ષના મૂળના બંધો તરત જ ઢીલા થઈ ગયા હતા અને ત્યાર પછી પુષ્કળ વિક્રમવાળાનો જેવો ભારે કંપ થાય તેવો કંપ અર્જુન વૃક્ષના થડ, પાન અને શાખાઓનો થયો અને મૂલ વિનાનાં અને કંપી ઉઠેલાં બે વૃક્ષો ભંયકર અવાજ કરીને ધરણી ઉપર પડ્યાં. (૨૭) જ્યાં વૃક્ષો પડ્યાં તે સ્થાને જેમ બે વૃક્ષમાંથી અગ્નિ નીકળે તેમ તે બે યમલાર્જુન વૃક્ષોમાંથી નીકળતા દિશાના પરમ કાંતિથી શોભતા બે સિદ્ધો સર્વ લોકના નાથ શ્રીકૃષ્ણ ભગવાન પાસે આવી શ્રીહરિને મસ્તકથી પ્રણામ કરી બન્ને હાથ જોડી દોષરહિત થઈ નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. (૨૮)

·શ્રી યમલાર્જુનને ભગવાને દશ પ્રાણ આપ્યા તેથી દશ શ્લોકમાં સ્તુતિ કરી

નલકૂબેર અને મણિગ્રીવ કહે છે કે હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે માહયોગી ! આપ આદ્ય છો,. પરપુરુષ છો, વ્યક્ત અને અવ્યક્ત આ વિશ્વને વેદો-વેદજ્ઞો આપનું બ્રહ્મનું રૂપ છે એમ જાણે છે. (૨૯)

આપ એકલા સર્વ પ્રાણીઓના દેહ, પ્રાણો, અંતઃકરણ, ઈન્દ્રિયો તથા જીવ છો, આપ જ ભગવાન કાલ, વિષ્ણુ, અવ્યય અને ઈશ્વર છો. (૩૦)

આપ જ મહાન છો, પ્રકૃતિ છો, સૂક્ષ્મ છો અને રજ, સત્ત્વ, તમોગુણોવાળી પ્રકૃતિ છો. આપ જ પુરુષ છો, અધ્યક્ષ છો અને સર્વ ક્ષેત્રોના વિકારના જાણકાર છો. (૩૧) ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, રસના, ત્વક આદિ ઈન્દ્રિયોથી ગ્રહણ કરાતા પદાર્થોથી વિકારોને લીધે, પ્રાકૃત પદાર્થોને લીધે અને ગુણોને લીધે, આપ ગ્રહણ થતા નથી. ગુણોથી વીંટાયેલ કોણ જીવ છે કે જે પ્રથમથી પણ સિદ્ધ છે એવા આપને અહીં જાણવા યોગ્ય છે ? (૩૨)

પોતે પ્રકાશેલા ગુણોથી જેમનો મહિમા ઢંકાયેલો છે તેવા તે આપ ભગવાન વાસુદેવ વેધસ્ બ્રહ્મને નમસ્કાર કરીએ છીએ. (૩૩) નલકૂબેર અને મણિગ્રીવ સ્તુતિ કરતાં કહેવા લાગ્યા કે આપ સર્વના શરીરમાં રહેલાં છો છતાં શરીરથી પર છો; પરંતુ આપના વિગ્રહી અપ્રાકૃત-અલૌકિક સચ્ચિદાનંદમય હોય છે. જ્યારે આપ એવા પરાક્રમો કે જે પરાક્રમો

લૌકિક દેહધારીઓથી શક્ય નથી હોતાં અને પરાક્રમોથી વધીને તો શુ પરંતુ તેના જેવા પણ કોઈ કરી ન શકે તેવાં પરાક્રમો જે સ્વરૂપોમાં જોવામાં આવે છે તે ઉપરથી આપના અવતારોને જાણી શકાય છે. (૩૪) આગળ વધીને સ્તુતિ કરતાં બોલ્યા કે અલૌકિક વિક્રમવાળા તે આપ સર્વ લોકના ઉદ્દ્ભવ તથા ઐશ્વર્ય માટે હાલ અંશ અને ભાગથી આશિષોના પતિ અવતરેલા છો. (૩૫) હે પરમ કલ્યાણ ! આપને નમસ્કાર કરીએ છીએ. હે વિશ્વમંગલ ! આપને નમસ્કાર છે. યદુઓના પતિ શાંત વાસુ-દેવને નમસ્કાર કરીએ છીએ. (૩૬)

હે ભૂમન્ ! આપના અનુચરના કિંકરો અમને જવા માટે પરવાનગી આપો. અમને બન્નેને આપ શ્રીહરિ ભગવાનનાં દર્શન ઋષિના અનુગ્રહથી થયાં. (૩૭)

અમારી વાણી આપના ગુણોનું કીર્તન કરવામાં વપરાય,અમારા કાનો કથાનું શ્રવણ કરવામાં વપરાય અને અમારા બે હસ્ત આપની સેવાના કાર્યોમાં વપરાય. અમારું મન આપના બે ચરણોના સ્મરણમાં લીન રહે, આ જગત જેનું નિવાસ બનેલ છે એવા હે નિવાસજગત ! અમારું મસ્તક આપને પ્રણામ કરવામાં અને દૃષ્ટિ આપના શરીરરૂપ સંતોના દર્શનમાં સદા રહો. (૩૮) શ્રી શુકદેવજી કહે છે, એવી રીતે તે નલકૂબર અને મણિગ્રીવ બન્ને જણે સારી રીતે સ્તુતિ કરી ત્યારે દામણાંથી ખાંડણિયા સાથે બાંધેલા ભગવાન ગોકુલેશ્વરે હસતાં ગુહ્યકોને નીચે પ્રમાણે કહ્યું. (૩૯) ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે મેં આ વાત પ્રથમથી જ જાણી હતી કે લક્ષ્મીના મદથી અંધ બનેલા તમારા બન્નેના કરુણાવાળા ઋષિએ વાણીથી શાપ આપી 'પતન' કરવારૂપ કાર્યથી અનુગ્રહ કરેલો છે. (૪૦) જેમ સૂર્યના દર્શનથી આંખોનો બંધ રહેતો નથી તેમ સમચિત્તવાળા સાધુઓ અને સંપૂર્ણ રીતે મારા માટે જેઓનો આત્મા છે તેવાઓના દર્શનથી પુરુષનો બંધ રહેતો નથી. (૪૧) તેથી હે નલકૂબર ! મહાભાગ્યવાળા તમે બે ઘેર જાઓ. તમારો ઇચ્છેલો છેલ્લા ભવરૂપ મારામાં ભાવ તમને બેને થયેલો છે. (૪૨)

શ્રી શુકાચાર્ય કહે છે, એમ કહેલા તેઓ જેમની સાથે ખાંડણિયો બાંધેલો હતો તેમનું પરિક્રમણ કરી અને તેમને વારંવાર પ્રમાણ કરી તેમની પરવાનગી લઈ ઉત્તર દિશા તરફ ગયા. (૪૩)

ईत्यक्तौ तं परिक्रम्य प्रणम्य च पुनः पुनः । बद्धोलूखलमामन्त्र्य जग्मतुर्दिशमुत्तराम् ॥ ४३ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ પૂર્વાર્ધમાં તામસલીલા પ્રકરણના 'વૈરાગ્ય' નામના ઐશ્વર્યનું વર્ણન કરતો દશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૧ મો

[આ અધ્યાયમાં ૬૦ શ્લોકો છે.આ અધ્યાયમાં શ્રી દામોદરજીનું બંધન-મોચન ગોપીજનોને બાલસુલભ તોફાનથી આનંદ ફલવાળીને અઢળક રત્નદાન, શ્રી વૃન્દાવનમાં પ્રસ્થાન, બકાસુર મોક્ષ વગેરે કથા પ્રસંગો આવશે. તામસ પ્રકરણના સાધન પ્રકરણનો ''ધર્મી'' નામનો આ અધ્યાય છે.ભગવાનના ઐશ્વર્ય વગેરે છ ધર્મો ૫ થી ૧૦ અધ્યાયમાં ક્રમનુસાર વર્ણવ્યા. અને ભગવાનનાં છએ છ ઐશ્વર્યો આ અધ્યાયમાં એક સાથે ગાયાં છે. આ માટે અધ્યાયનું 'ધર્મી' એવું નામ આપ્યું છે.]

શ્રી નન્દરાયજીનો ભગવાનમાં દૃઢ અનુરાગ-દૃઢ આસક્તિ

श्रीशुक उवाच-गोपा नन्दादयः श्रुत्वा द्रुमयोः पततो रथम् । तत्राजग्मुः कुरुश्रेष्ठ निर्घातभयशंकिताः ॥ १ ॥

શ્રી શુકાચાર્યજી કહે છે કે કુરુશ્રેષ્ઠ ! ભૂમિ ઉપર પડતાં બે યમલાર્જુન વૃક્ષોનો અવાજ સાંભળીને નંદ વગેરે ગોપો વીજળી પડવાના ભયની શંકાથી ત્યાં દોડી આવ્યા. (૧) ત્યાં ભૂમિ ઉપર પડેલાં યમલાર્જુનોને નંદરાયજી અને ગોપજનોએ જોયાં. બન્ને વૃક્ષોના પડવાનું દેખીતું કારણ તો ખાંડણિયાને ખેચતાં અને દામણાંથી બાંધેલા બાલક શ્રીકૃષ્ણ જ હતા. પરંતુ તેનુ તેમને જ્ઞાન નહોતું તેથી તેઓ ભ્રમમાં પડ્યાં. ''આ કોનું કામ છે ? આ વૃક્ષોને કોને પાડ્યાં ? આ કેવી રીતે બન્યું ? આ તો આશ્ચર્ય મનાય ! શું કોઈ ઉત્પાત છે !'' એમ જાણી ભય પામ્યાં. (૨,૩) ત્યારે બાલકોએ કહ્યુ કે હે નંદબાવા ! બન્ને વૃક્ષોની વચમાંથી નીકળતાં શ્રીનંદલાલે આડા પડેલા ખાંડણિયાને ખેચતાં વૃક્ષો પડી ગયાં અને વળી અમે પુરુષોને તેમાંથી નીકળેલા જોયા. (૪) આવડો નાનો બાળક તે વળી આવાં મોટાં બે વૃક્ષોને ઉખેડી નાખે તેવું બની

શકે નહીં એમ માની તેઓએ લોકોનું કહેવું માન્યું નહીં અને કેટલાક નૈયાયિકો તો ભાઈ, આવું બને પણ ખરું અને ના પણ બને એવા સંશય ચિત્તવાળા થયા.૫ દામણાંથી બાંધેલા પોતાના પુત્રને ખાંડણિયાને ખેંચતા જોઈને હસતા મુખવાળા નંદે, લાલનને બધાં ગંઠાડેલાં દોરડાં છૂટાં કરી છૂટાં કર્યા. (૬)

ભાવવશ ભગવાન

રાજન્ ! કોઈવાર લાલનને નચાવવા ગોપીજનો ખોટાં ખોટાં વખાણ કરતી કે 'લાલલને બહુ સુદંર નાચતાં આવડે છે, આ દાઉને તો કાંઈ જ આવડતું નથી,' આવી પ્રશંસા કરે ત્યારે ભગવાન લાકડાની પૂતળીની પેઠે તેમને વશ થઈ કોઈવાર નૃત્ય કરતા હતા અને કોઈવાર ભોળા બની જતાં ગાન કરતા હતા.૭ કોઈવાર કોઈ કહે 'લાલન જરા પેલો બાજઠ,પેલો પાટલો, પેલી ચોખા માપવાની પાદુકા લાવોને' તો લાલન કોઈ વાર લઈ આવતા તો કોઈવાર પોતાના ભક્તોને આનંદ કરાવવા ખભા ચઢાવતા તો કોઈ વાર ગોપી કહે કે આવી જાવ મલ્લયુદ્ધ કરીએ. ત્યારે ભગવાન પણ સાથળ ઉપર હાથ ઠોકતા આવી જાય. (૮) આ રીતે પોતાના સ્વરૂપને જાણનારા પોતાના ભૃત્યોને ભગવાન ભક્તવશ છે એમ લોકમાં દેખાડતા, ભગવાન પોતાની બાલ ચેષ્ટાઓથી વ્રજને હર્ષ પમાડતા હતા. (૯)

ફલવાળી માટે લાલનનું ઔદાર્ય અને માનું વહાલ

રાજન્ ! કોઈ એક વાર ફલ વેચનારી 'અરે, ફળ લેવા હોય તો ફળ' એવું બોલતી હતી. તેનો શબ્દ સાંભળી સર્વ ફળ આપવા માટે સમર્થ એવા શ્રીકૃષ્ણ બાલકની માફક ફળો લેવાની ઈચ્છાથી ઉતાવળા અનાજ લઈ ફલવાળી પાસે પધાર્યા. (૧૦) આ વખતે ફળવાળીએ છલકાતી ભગવાનની અંજલિમાંથી અનાજને ટોપલામાં લઈ લઈને ભગવાનની અંજલિ ફળોથી ભરી દીધી અને ભગવાને તેના ટોપલાને રત્નોથી છલકાવી દીધો. (૧૧) ભગવાન શ્રીબલરામ ભૈયા સાથે શ્રીયમુના તીરે જઈ બાલકો સાથે ખેલતા હતા ત્યારે શ્રી રોહિણી દેવીએ ઘરે બોલાવ્યા પણ રમતમાં પડી ગયેલા બન્ને લાલન આવે જ નહીં ત્યારે પુત્રવત્સલ યશોદા માડીને કહ્યું 'નંદરાણી ! આપ તેડી લાવો. ત્યારે પુત્ર ઉપરના વાત્સલ્યથી યશોદામાતાજી જમવાની વેળા વીતી ગયા છતાં બાળકો સાથે રમવામાં પડેલા ઘરે ન આવતા બલને અને કૃષ્ણને બોલાવવા લાગ્યાં. (૧૨-૧૪) "હે કૃષ્ણ ! અરે કૃષ્ણ ! હે કમલનયન ! બેટા ! ચાલો ચાલો. મોડું થઈ ગયું. ઘરે આવો. લો બેટા,ધાવણ ધાવી લો. હવે ક્યાં સુધી રમશો, હવે રમવાનું બંધ કરો બેટા! ચાલો દીકરા! તમને ભૂખ લાગી હશે. જુઓ દીકરા! રમી રમીને કેવા થાકી ગયા છો!" આમ બોલાવવા છતાં જ્યારે રમતમાં પડેલા કૃષ્ણે ઉત્તર જ ના આપ્યો ત્યારે દાઉભૈયાને બોલાવતાં યશોદા મા બોલ્યાં, "બેટા દાઉ ! બેટા દાઉ ! બેટા રામ ! તમે તમારા નાના ભાઈ કૃષ્ણ સાથે જલદી ઘરે આવો દીકરા ! જુઓ તમે છેક સવારે જમ્યા છો, બપોર ચઢી ગયો છે, માટે ચાલો જમી લો. (૧૫,૧૬) અરે દાશાર્હકુલદીપક રામ ! જુઓ આ તમારા બાપુજી થાળી ઉપર તમારી વાટ જોઈને બેસી રહ્યા છે તો ચાલો સૌને રાજી કરો દીકરા! અલ્યા છોકરાઓ! હવે જાવ તમે તમારે ઘેર જાઓ ક્યાં સુધી રમશો ? (૧૭) જો ને બેટા કેવો ધૂળયો રાજા બની ગયો છું. ચાલ હવે નાહી લે. આજે તો તારું જન્મ નક્ષત્ર છે માટે ચાલ ચાલ નાહી લઈ પવિત્ર થઈ બ્રાહ્મણોને ગાયોનાં દાન આપીએ. (૧૮) તે જોયું ? જો આ બાલકોને-તારા મિત્રોને તેમની માતાઓએ કેવા નવરાવ્યા ધોવડાવ્યા છે અને કેવાં સારાં કપડાં પહેરાવ્યા છે. માટે તમે નાહી ધોહી જમી લો, પછી વસ્ત્રો ને અલંકારો પહેરી રમ્યા કરજો." (૧૯)

इत्थं यशोदा तमशेषशेखरं मत्वा सुतं स्नेहनिबद्धधीर्नृप ॥ हस्ते गृहीत्वा सहराममच्युतं नीत्वा स्ववायं कृतवत्यथोदयम् ॥ २० ॥

રાજન્ ! આ રીતે અખિલ બ્રહ્માંડના દેવોના મુકુટમણિ શ્રીકૃષ્ણને પોતાના પુત્ર માની સ્નેહવશ બુદ્ધિવાળાં યશોદામાતા બન્ને હાથમાં બલ અને શ્યામને પકડીને ઘરે લઈ આવી બાલકોના જન્મ નક્ષત્રને યોગ્ય પુણ્ય કર્મ કરવા લાગ્યાં. (૨૦)

વાત્સલ્યપૂર્ણ મંત્રણા અને વૃન્દાવનમાં વસવાટ

રાજન્ ! પછી એક સાથે બૃહદ્વનમાં ઘણાં મોટા ઉત્પાતોની અનુભૂતિ કરીને નંદ વગેરે વૃદ્ધ ગોપોએ ભેગા થઈ વ્રજના કાર્યની મંત્રણા કરી. (૨૧) આ ગોપજનોમાંના જ્ઞાન અન વયથી અધિક દેશ, કાલ અન અર્થના તત્ત્વને જાણનારા

રામ અને શ્રીકૃષ્ણનું પ્રિય કરનારા શ્રી ઉપનંદ નામના ગોપરાજે આ પ્રમાણે કહ્યું. (૨૨) “ગોકુલનું હિત ઈચ્છનારાઓએ આપણે આ બૃહદ્વનમાંથી અન્ય સ્થાને જવું જોઈએ. કારણ કે અહીં પ્રજાના નાશના કારણરૂપ ઘણા મોટા ઉત્પાતો થઇ રહ્યા છે. (૨૩) આપણે જોયું ને કે બાલહત્યારી રાક્ષસીએ આ બાલકને માંડ માંડ મૂકી દીધો હતો અને ખરેખર શ્રીહરિના અનુગ્રહથી ગાડું તેમના ઉપર પડ્યું ન હતું. (૨૪) વળી ચક્રવાત દૈત્ય આ લાલનને આકાશમાં ઘણે દૂર ઊંચે લઈ ગયેલો તે શિલા ઉપર પડ્યો. ત્યા વળી આ લાલનનું સુરેશ્વરોએ સર્વ તરફથી રક્ષણ કર્યું. (૨૫) બે વૃક્ષોની વચ્ચે આવીને આ બાલક અથવા બીજો કોઈ બાલક પણ વિનાશ ન પામે તે પણ અચ્યુતે કરેલું રક્ષણ છે. (૨૬) ભાઈઓ ! માટે જ્યાં સુધીમાં ઉત્પાતથી થતું અરિષ્ટ વ્રજનો અભિભવ-નાશ ન કરે ત્યાં સુધીમાં આપણે બાલકોને લઈને નોકરો સહિત અહીંથી બીજે જતાં રહીએ. (૨૭) જુઓ વૃંદાવન નામનું વન પશુઓને હિતકારી છે. ગોપો, ગોપીઓ અને ગાયોને સેવવા યોગ્ય છે અને પવિત્ર લીલાં લીલાં ઘાસ અને વેલાઓથી ભરપૂર નવું વન છે. (૨૮) તેથી જ આપણે ત્યાં જઈશું. ચાલો, ગાડા જોડો, ઢીલ ન કરો. જો તમને ગમે તો ગાયરૂપી ધન ભલે આગળ જાય. (૨૯) તે સાંભળીને ગોપોએ એકમત થઈને ‘બહુ સારું બહુ સારું’ એમ કહેતા પોતપોતાના વ્રજોને સારી રીતે એકઠાં કરી, ઘરવખરી ગાડામાં ચઢાવી ચાલવા માંડ્યું. (૩૦) હે રાજન્ ! વડીલોને, બાલકોને, સ્ત્રીઓને અને સર્વ ઘરવખરીને ગાડાંઓમાં રાખીને,કવચ બાંધીને,ધનુષો ધારણ કરીને સર્વ ગોપાલોએ પોતાના ગોધનને આગળ કરીને, ચારે તરફ શીંગડાઓ વગાડીને તુરીના મોટા નાદ કરી પુરોહિતો સાથે વૃન્દાવન તરફ પ્રસ્થાન કર્યુ. (૩૧,૩૨) રાજન્, પોતાના વક્ષસ્થલો ઉપર લેપ કરેલાં તાજાં કુંકુમ, કેશર, ચંદનની કાંતિવાળાં, સુવર્ણની કંઠીઓવાળાં અને ઉત્તમ વસ્ત્રોવાળાં ગોપીજનો રથ ઉપર બસી પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણની લીલા ગાતાં હતાં. (૩૩) આ જ પ્રમાણે શ્રી યશોદાજી અને શ્રી રોહિણીજી એક ગાડામાં સાથે બેઠેલાં શ્રીકૃષ્ણ અને રામ સાથે શોભી રહ્યાં હતાં. અને તેમની મીઠી મીઠી વાતો સાંભળવા ઉત્સુક હતાં. (૩૪) સર્વ કાલમાં સુખ આપનાર વૃન્દાવનમાં પ્રવેશ કરીને ત્યાં અર્ધચન્દ્ર આકારે ગાડાંઓ ગોઠવી વ્રજનું રહેઠાણ કર્યું. (૩૫)

ગોવિંદને ગોવર્ધને-વૃન્દાવન-યમુના કાઠે ગમી ગયું

હે રાજન્ ! શ્રી વૃન્દાવન, શ્રી ગોવર્ધનગિરિ, શ્રી યમુનાજીના કિનારાઓ નિહાળતાં રામ અને માધવને પુષ્કળ પ્રીતિ ઉપજી. (૩૬) એવી રીતે બાલકના જેવી ચેષ્ટાવાળા અને તોતડું તોતડું મીઠડું વાક્ય બોલનારા તે બન્ને કુમારો વ્રજવાસીઓને પ્રીતિ ઉત્પન્ન કરતા મોટા થયા અને પોતાનો સમય આવતાં વાછરડા ચારનાર વત્સપાલ થયા. (૩૭) વ્રજભૂમિની સમીપમાં જ ગોપકુમારો સાથે રમતનાં જુદાં જુદાં સાધનોવાળા તે બન્ને ભાઈઓ વાછરડાંઓ ચારતા હતા. (૩૮) કોઈવાર તો ગોફણોથી ગોળાઓ ફેંકતા તો કોઈવાર ઘૂઘરીઓ બાંધેલા ચરણોથી નૃત્ય કરતા, તો કોઈવાર બનાવટી આખલા બનીને રમતા હતા. (૩૯) તો કોઈવાર વળી કામળાઓ વગેરે ઓઢી ગાય-બળદ બની ગર્જના કરતા, પરસ્પર યુદ્ધ કરતા હતા. પ્રાકૃત પ્રાણીઓની માફક અવાજથી જંતુઓનું અનુકરણ કરતા હતા. (૪૦)

વત્સાસુરવધ અને મોક્ષ

એક સમયે યમુનાજીના કિનારા ઉપર શ્રીકૃષ્ણ અને બલભદ્ર પોતાના મિત્રો સાથે વાછરડાંઓ ચારતા હતા ત્યારે તેમને મારવાની દાનતથી એક દૈત્ય આવ્યો. (૪૧) વાછરડાંના રૂપમાં આવેલા વત્સાસુરને વાછરડાંના ટોળામાં પેઠેલો જોઈને શ્રીકૃષ્ણે બલદેવજીને બતાવ્યો અને પછી શ્રીહરિએ મુગ્ધની પેઠે તેને જાણી ગયા છે એવી ખબર ન પડે તે રીતે તેને પકડ્યો. (૪૨) ભગવાન અચ્યુતે તેને પૂંછડી સાથે બે પાછલા પગોથી પકડીને કોઠીને આગળ ફેરવીને કોઠાં પાડવા કાંઠીના ઝાડ ઉપર મરણ પામે તેમ ફેંક્યો. (૪૩) પડતાં કોઠાઓની સાથે તો મોટા દેહવાળો નીચે પડ્યો.તેને જોઈને વિસ્મય પામેલા બાલકોએ બહુ સારું એમ પ્રશંસા કરી. (૪૪) રાજન્ ! આ અવસરે અત્યંત સંતોષ પામી દેવોએ પુષ્પની વૃષ્ટિ કરી. વત્સાસુરને હણાયેલા સાંભળીને વ્રજમાં ગોપીઓ વિસ્મય પામી. (૪૫) વાછરડાંનું પાલન કરનાર વત્સપાલ થઈ સર્વ લોકોને એકલા પાળનારા તે બન્ને કુમારો ગયોનાં વાછરડાંઓને સવારે ધવડાવ્યા પછી પોતે સવારે ભોજન કરીને ગાયો ચારતા ફરતા હતા. (૪૬)

બકાસુરમોક્ષ

એક દિવસ પોતપોતાનાં વાછરડાંના સમૂહને પાણી પાવાની ઈચ્છાથી બધા જલાશય પાસે ગયા અને વાછરડાંઓને જલ પાઈને પોતે જલ પીધું. (૪૭) ત્યાં તે બાલકોએ ઈન્દ્રના વજ્રથી ભાંગી જઈ પડેલા પર્વતના શિખરના જેવા એક મોટા પ્રાણીને સમીપમાં ઊભેલું જોયું અને બાલકો ભય પામ્યાં. (૪૮) બકના રૂપને ધારણ કરનાર, તીક્ષ્ણ ચાંચવાળો બલવાન બક નામનો મહાન અસુર ઝડપથી આવી શ્રીકૃષ્ણને ગળી ગયો. (૪૯) શ્રીકૃષ્ણને મોટા બકે ગળેલા જોઈને રામ વગેરે બાલકો જેમ પ્રાણો વિના ઈન્દ્રિયો બેભાન બની જાય તેમ બેભાન બની ગયા. (૫૦) અગ્નિની માફક તાળવાનાં મૂલને સારી રીતે બાળતા તે ગોપબાલક અને જગદ્‌ગુરુ ના પિતાને બકે ઓકી કાઢ્યા.ત્યારે હેમખેમ બહાર આવેલા શ્રીકૃષ્ણને જોઈ બકાસુરે અત્યંત ક્રોધ કરી ચાચથી મારવા ફરીથી તરત શ્રીકૃષ્ણ પાસે આવ્યો. (૫૧) સત્પુરુષોના આશ્રય અને દેવોને આનંદ આપનાર શ્રીકૃષ્ણે ધસી આવતા તે કંસના મિત્ર બકને બે હસ્તથી ચાંચોથી પકડી બાલકોના દેખતાં સહેલાઈથી વીરણની પેઠે ફાડી નાંખ્યો. (૫૨) તે સમયે બકના શત્રુને સ્વર્ગલોકમાં વસનારાઓએ નંદનવનમાં મોગરા વગેરે પુષ્પોથી વધાવ્યા અને નગારાં તથા શંખનાદ સાથે સ્તુતિ કરી. તે જોઈને ગોપાલ બાલકો વિસ્મય પામ્યા.

બન્ને કુમારોએ વ્રજમાં પસાર કરેલી કુમારવસ્થા

પ્રાણ વિના જેવો ઈન્દ્રિયોનો સમૂહ હોય તેવા રામ વગેરે બાલકો બકના મુખમાંથી મુક્ત થયેલા અને પાછા આવેલા શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરી ભેટી સુખી થયા. વાછરડાંઓને ભેગાં કરી વ્રજમાં આવી તે પ્રસંગ કહી સંભળાવ્યો. (૫૪) તે સાંભળી ગોપો અને ગોપીઓ વિસ્મય પામ્યાં. ગોપીઓ પોતાના અતિ પ્રિય શ્રીકૃષ્ણથી આદર પામ્યાં અને જાણે મરણ પામીને પાછાં જીવતા થઈ આવેલા હોય તેમ પુષ્કળ પ્રેમને લીધે અતૃપ્ત ચક્ષુઓથી દર્શન કરવા લાગી. (૫૫) અહો ! અરે ! આ બાલકના દુઃખના કારણો ઘણાં થયાં પરન્તુ તેઓનું જ અનિષ્ટ થયું, કારણ કે એઓએ પહેલાં ભય કરેલો. (૫૬) છતાં પણ ઘોર દેખાવવાળા તેઓ આમને પરાભવ કરી શકતા નથી. મારવાની ઈચ્છાથી આમની પાસે આવીને જેમ અગ્નિમાં પતંગિયાનો નાશ થાય તેમ નાશ પામે છે. (૫૭) અહો ! બ્રહ્મને જાણનારાઓના ભવિષ્યની વાણી કોઈ પણ સમયે અસત્ય હોતી નતી. ભગવાન ગર્ગે જે કહેલ તેનો તે જ પ્રમાણે અનુભવ થયો. (૫૮) એવી રીતે નંદ વગેરે ગોપોએ આનંદથી શ્રીકૃષ્ણ અને રામની કથા કરતાં આનંદ કરતાં ભવની વેદના જાણી નહીં. (૫૯) એવી રીતે છૂપા રહીને, સેતુઓ બાંધીને, માંકડાંઓની માફક કૂદકા મારીને વિવિધ કુમાર અવસ્થાની રમતોથી તે બન્ને કુમારોએ વ્રજમાં કુમાર અવસ્થાને પસાર કરી. (૬૦)

एवं विहारैः कौमारैः कौमारं जहतुर्व्रजे । निलायनैः सेतुबन्धैर्मर्कटोत्प्लनादिभिः ॥ ६०॥

શ્રીમદ્ ભાગવતપીયૂપના દશમ સ્કંધ પૂર્વાધમાં તામસ પ્રકરણના પ્રમાણ પ્રકરણમાં 'ઐશ્વર્યનિરૂપણ કરતો ઉત્સવાધ્યાય' નામનો અગિયારમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૨ મો

[આ અધ્યાયમાં ૪૪ શ્લોકો છે. ભગવાન શ્રીકૃષ્ણ વાછરડાં ચારવા માટે વૃન્દાવનમાં પધાર્યા અને અઘાસુરનો વધ કરી મોક્ષ કર્યો આ કથા પ્રસંગ વર્ણવાશે. પદ્મકલ્પની આ કથા છે. શ્રી વ્યાસજીએ લખી હોય કે કોઈ ભક્તે લખી હોય પરંતુ અલૌકિક કથા છે અને ભગવાનના યશથી ભરેલી આ કથા છે.]

श्रीशुक उवाच- क्वचिद् वनाशाय मनो दधद् व्रजात् प्रातः समुत्थाय वयस्यवत्सपान् ।
प्रबोधयन् शृंगरवेण चारुणा विनिर्गतो वत्सपुरःसरो हरिः ॥

શ્રી શુકાચાર્યજીએ કહ્યું, રાજન્ પરીક્ષિત ! કોઈ સમયે શ્રી હરિ વનમાં ભોજન કરવાનું મન કરીને વહેલી સવારે શ્રીમદ્ વ્રજમાંથી ઊઠીને પોતાના મિત્ર ગોપબાલકોને શિંગડીના મધુર ધ્વનિથી જગાડતા વાછરડાંઓને આગળ કરીને ચારવા ચાલ્યા. (૧) ત્યારે શ્રીકૃષ્ણની જ સાથે કૃષ્ણમાં સ્નેહ ધરાવતા ગોપકુમારો હજારોની સંખ્યામાં, પોતાના હાથોમાં સુંદર

શીકા-શીંગડાં અને વાંસળીઓ લઈ પોતાનાં હજારોની સંખ્યાવાળાં વાછરડાંઓને આગળ કરીને આનંદથી નીકળી પડયા. (૨) ગોપકુમારો શ્રીકૃષ્ણનાં અસંખ્ય વાછરડાં સાથે પોતાનાં વાછરડાંઓને એકઠાં કરીને બાલકોની રમતોથી તેઓને ચારતાં જુદે જુદે સ્થલે ક્રીડા કરી રહ્યા હતા. (૩) આ ગોપકુમારો કાચ-ચણોઠી-મણિ અને સુવર્ણના અલંકારોથી અલંકૃત હતા તો પણ તેઓ પોતાને ફલ-પાન-ગુચ્છ-પુષ્પ-મયૂરપંખ તથા સપ્તધાતુઓથી પોતાને વધુ શણગારોથી સજી રહ્યા હતા. (૪) આ બાળકો એકબીજાનાં શીકાં વગેરે છાનામાનાં ચોરી લેતા પકડાઈ જાય ત્યારે દૂરથી બીજાની પાસે ફેંકી દેતા હતા. ત્યારે ત્યાં રહેલા હસતા હસતા ત્યાંથી દૂરથી તેમને પાછાં આપતા હતા. (૫) રાજન્ ! વન-શોભા નીરખવા શ્રીકૃષ્ણે ક્યારેક દૂર દૂર નીકળી જતા ત્યારે હું પહેલો હું પહેલો કૃષ્ણને અડી જાઉં એમ કહી દોડી શ્રીકૃષ્ણનો સ્પર્શ કરી આનંદ લેતા હતા. (૬) રાજન્ ! રમતા આ બાળકો કેટલાક વાંસળીઓ બજાવતા, તો વળી કેટલાક શીંગડાં ફૂંકતા હતા. ત્યારે વળી કેટલાક ભ્રમરો સાથે ગુંજન કરતા હતા. વળી બીજાઓ કોયલો સાથે મધુર કૂંજન કરતા હતા. (૭) ત્યારે વળી કેટલાક ગોપ-બાલકો પંખીઓની છાયાઓની સાથેસાથે દોડતા હતા ત્યારે કેટલા તો હંસોની સાથે ઘણું જ સુંદર ચાલતા હતા. વળી બીજાઓ બગલાઓની સાથે તેમની પેઠે જ બેસતા હતા ત્યારે ઘણા તો કલાપી-મયૂરો સાથે નૃત્ય કરતા હતા. (૮) ત્યારે વળી ઘણા બાળકો વાનરોની લટકતી પૂંછડીઓને ખેચતા હતા અને વળી વાનરોનાં બચ્ચાને પકડીને વાનરોની સાથે જ વૃક્ષો ઉપર ચઢી જતા હતા. (૯) ત્યારે વળી કેટલાક દેડકાંઓ સાથે કૂદતા હતા. નદી-ઝરણાં-જલાશયોમાં ડૂબકાં મારતા હતા. પોતાનાં પ્રતિબિંબોની મશ્કરી કરતા હતા અને પડઘાઓનો સામનો કરતા હતા. (૧૦)

બાલસખાઓનું પરમ સૌભાગ્ય

રાજન્ ! જ્ઞાનીઓ માટે શ્રીકૃષ્ણ બ્રહ્મરૂપ-સુખરૂપ અને જે આનંદરૂપ હતા, દાસ્યભાવ-સેવકભાવ રાખતા દાસજનોને શ્રીકૃષ્ણ પોતાના સ્વામી અને આરાધ્યરૂપ લાગતા હતા અને માયાને આધીન થઈ રહેલા માનવોને તો તે મનુષ્યના બાળક તરીકે લાગતા હતા. આવા આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણની સાથે જેઓએ પુણ્ય સંચય કર્યો હતો તેઓ આજ રમતા હતા. (૧૧) રાજન્ ! ઈન્દ્રિયો ઉપર વિજય ધરાવતા સમર્થ યોગીજનોને ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમલની રજ અનેક જન્મના તપથી પણ પ્રાપ્ત નથી થતી, તેવા ભગવાન આજે શ્રીવ્રજજનોના નયનના વિષય બની રહ્યા હતા આથી અધિક તેમના સૌભાગ્યનું વર્ણન શું કરીએ ! (૧૨)

અઘાસુરનો અંતરાય અને મોક્ષ

રાજન્ ! વ્રજકુમારોને વ્રજનાથ સાથે આનંદપૂર્વક કલ્લોલ કરતા જોઈ નહિ શકતો અઘાસુર નામનો મહાન દૈત્ય અજગરનું રૂપ લઈ ત્યાં આવ્યો. અમૃતનું પાન કરી અમર બનેલા દેવો પોતાના જીવનની રક્ષા ચાહતા આ અઘાસુરના મૃત્યુની રાહ જોઈ રહ્યા હતા કે જો આ મરે તો અમે જીવી શકીએ. (૧૩) બકી-પૂતના અને બકાસુરનો આ અઘાસુર નાનો ભાઈ હતો અને રાજા કંસે તેને મોકલ્યો હતો. શ્રીકૃષ્ણ જેમાં મુખ્ય નાયક છે તેવા ગોપબાલકોને અઘાસુરે જોયા અને વિચાર્યું કે આ તો મારા ભાઈ અને મારી બહેનનો નાશ કરનાર છે તો આજે હું તેનો તેના મિત્રવૃન્દ સાથે સૈન્ય સાથે નાશ કરીશ. (૧૪) જ્યારે આ કૃષ્ણનો નાશ કરતાં એ મારા સ્વજનોના તિલોદક-અંજલિરૂપ બનશે ત્યારે આ સર્વ વ્રજવાસીઓ નાશ પામેલા જેવા જ થશે, કારણ કે પ્રાણ જાય ત્યારે દેહના નાશની શી ચિંતા ? કારણ કે આ જગતમાં જેઓ પ્રાણધારી છે તેઓ તો સંતાનરૂપી જ પ્રાણવાળા છે.જો તેમનાં સંતાનો જાય તો તેઓ જીવવાના જ ક્યાંથી? ૧૫ અઘાસુરે આવો નિર્ણય કર્યો અને એક યોજનના વિસ્તારવાળું અને મોટા પર્વત જેવું લાંબુ અને અંદર અદ્ભુત ગુફાના જેવા મુખવાળુ અજગરનું અત્યંત વિશાળ શરીર ધારણ કરીને ગળી જવાના ઈરાદાથી ખલ અઘાસુર રસ્તામાં જ સૂઈ ગયો. (૧૬) તેનો નીચેનો હોઠ ધરણી ઉપર હતો ઉપરનો હોઠ મેઘ મંડળને અડકતો હતો, મુખની મધ્યનો ભાગ ગુફા સરખો હતો, એની દાઢો પર્વતના શિખર જેવી હતી, મુખની અંદરનો ભાગ અંધારાવાળો હતો, તેની જીભ પહોળા રસ્તા જેવી હતી, શ્વાસ સહન ન થઈ શકે તેવો પવન જેવો અને બે આંખો દાવાનળ જેવી ઉષ્ણ સ્પર્શવાળી હતી.૧૭ આવા તે અઘાસુરને જોઈને તેને વૃન્દાવનનું સૌન્દર્ય જાણ્યું

અને પહોળા કરેલા તે અજગરના મુખને શોભા તરીકે રમતથી સરખાવા લાગ્યા. (૧૮) અહો મિત્રો ! કહો જોઈએ. આપણને જાણે ગળી જવાની દાનતથી પહોળા કરેલા અજગરના મુખ જેવું બનીને બેઠેલ કોઈ આ કપટી પ્રાણી તમને નથી લાગતું ? (૧૯) સાચું કહીએ છીએ જુઓ, સૂર્યનાં કિરણો જેવું જરા લાલ ઉપરના મુખના ભાગ જેવું વાદળ જુઓ અને તેના પડછાયાથી લાલ બનેલા નીચેના મુખ જેવો કિનારો જોયો તમે ? (૨૦) ડાબી અને જમણી પર્વતની ગુફાઓ મુખના બે ખૂણાઓની સ્પર્ધા કરે છે. આ ઊંચાં શિખરોની હારમાળાઓ તેના દાઢો સાથે સ્પર્ધા કરી રહી છે તે તો તમે જુઓ. (૨૧) યોજન જેટલો લાંબો વિશાળ ધોરી રસ્તો તો તેની જીભ જેવો લાગે છે. શિખરોની અંદરના ભાગમાં રહેલ અંધકાર તો મુખની અંદરના ભાગ જેવો જ લાગે છે. (૨૨) વળી દાવાનળ જેવો ઊનો અને સખત વાતો વાયુ તેના શ્વાસ સમાન લાગે છે. (૨૩) એમ લાગે છે કે અહીં રહેલા આપણેસર્વને જાણે હમણાં જ ગળી જશે ! પણ ગભરાશો મા ! જો તે ગળી જશે કે એવું બનશે તો ક્ષણવારમાં જ આ કૃષ્ણના હાથે પેલા બકાસુરની માફક એ નાશ પામશે. એવો નિર્ણય કરીને બકારિ-શ્રીકૃષ્ણ ભગવાનના મનોહર મુખકમલની સામે જોતા, મોટેથી હસતા અને હાથની તાળીઓ પાડતા અંદર પેસવા ગયા. (૨૪) રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણ તો પ્રાણી માત્રના હૃદયમાં બિરાજેલા છે તે સર્વ જાણે છે. એ ભગવાને જાણ્યું કે આ બાલકો આ અજગરને ખોટી રીતે સમજ્યા છે. તેને પર્વતની ગુફા છે એવું સાચું માની બેઠા છે. પરંતુ આ રાક્ષસ ખોટો ડોળ કરી રહ્યો છે માટે અંદર જતા મિત્રોને રોકી દઉં એમ વિચારે ત્યાં જ વાછરડાંઓ સાથે સર્વ બાળકોએ અઘાસુરના ઉદરની અંદર પ્રવેશ કરી દીધો. આમ છતાં પોતાના ભાઈ અને બહેનના મૃત્યુને યાદ કરતો રાક્ષસ અઘાસુર બકારિ-શ્રીકૃષ્ણના પ્રવેશની રાહ જોવા લાગ્યો તેથી તે બાળકો અને વાછરડાંને ચાવી ન ગયો. (૨૫,૨૬)

અભયદાતા ભગવાન શ્રીકૃષ્ણ

રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણ સર્વને અભયદાન આપનાર છે, એમણે વિચાર્યું કે આ ગોપબાળકો અને વાછરડાંઓને મારો આધાર છે, હું તેમનો નાથ છું. આવા દીનજનો એકાએક મારા હાથમાંથી સરી ગયા અને આ મૃત્યુરૂપ અઘાસુરના જઠરાગ્નિનો આહાર બની ગયા આવી લાગણી શ્રીહરિના હૃદયમાં ઉભરાવા લાગી અને દૈવની રમત જોઈને આશ્ચર્ય પામ્યા. (૨૭) હવે ભગવાને વિચાર્યું કે આવી પરિસ્થિતિમાં હવે મારે શું કરવું જોઈએ ? પેલા ખલનો વિનાશ અને સજ્જન બાળકો અને વાછરડાંઓનું જીવન ન જાય આવું બન્ને કાર્ય મારે કેવી રીતે કરવું ? ઓવો વિચાર કરીને ઉપાય મનમાં નક્કી કરીને સર્વજ્ઞ શ્રીહરિએ તે અઘાસુરના મુખમાં પ્રવેશ કર્યો. (૨૮) રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાને અજગરના પેટમાં પેસતા જોઈને વાદળાંથી ઢંકાયેલા દેવો ભયથી અરેરે ! આ શું થયું? એમ હાહાકાર કરવા લાગ્યા. જ્યારે અઘાસુરના સ્વજન કંસ વગેરે રાક્ષસો હતા તે સર્વહર્ષ પામ્યા. (૨૯) દેવોના હાહાકારને સાંભળીને અવિનાશી શ્રીકૃષ્ણ ભગવાન બાળકોને અને વાછરડાં સાથે પોતાનો ચૂરો કરી નાખવા ચાહનારા તે અજગરના ગળામાં એકદમ વધી ગયા. (૩૦) ભગવાન જ્યારે વધી ગયા ત્યારે તેના મુખનો માર્ગ રુંધાઈ ગયો. તેથી પવન રુંધાઈ ગયો. અઘાસુરની આંખો-ડોળા બહાર નીકળી ગયા. એનો દેહ તરફડિયાં ખાવા લાગ્યો. અઘાસુરના પેટની અંદરનો પવન પૂર્ણ રોકાઈ ગયો અને અકળાયેલો એ મહાપ્રાણ તેના બ્રહ્મરન્ધ્રને ભેદીને બહાર નીકળી ગયો. તેની સાથે જ તે પ્રદેશમાંથી તેના સર્વ પ્રાણો બહાર નીકળી ગયા. ત્યાર બાદ ભગવાન શ્રીકૃષ્ણે-શ્રીમુકુન્દે મરણ પામેલા બાળકોને અને વાછરડાંને પોતાની દૃષ્ટિથી જીવતાં કર્યાં અને તે સર્વની સાથે મુખમાંથી મુકુન્દ બહાર નીકળ્યા. (૩૧,૩૨) તગડા દેહવાળા અજગરના દેહમાંથી નીકળેલું અને પ્રકાશતું તેજ પોતાના પ્રકાશથી દશે દિશાઓને પ્રકાશિત કરતું. ભગવાન ક્યારે પેટમાંથી બહાર પધારે તેની વાટ જોઈ રહેલું તે ભગવાન બહાર પધાર્યા કે તરત જ સર્વ દેવોના દેખતા જ શ્રીહરિમાં પ્રવેશી ગયા. (૩૩)

દેવવરોએ કરેલી દિવ્ય પુષ્પવૃષ્ટિ

રાજન્ ! અઘાસુરના વધથી પુષ્કળ પ્રસન્ન થયેલા સુરવરોએ પોતાનું મંગલ કરનારા ભગવાન શ્રીકૃષ્ણની પુષ્પોથી અર્ચના કરી, અપ્સરાઓએ નૃત્ય કર્યાં. ગંધર્વોએ ગાન કર્યાં, વાદિત્રોનો નાદ કરનારાએ ઝાંઝ-પખાજ બજાવ્યાં, વિપ્રોએ સ્તુતિ કરી અને ભગવદીય જનોએ સર્વત્ર શ્રીનંદયશોદાલાલની જય જય જય એવા મંગલ જયનાદો કરી

સ્વાગત કાર્યું. (૩૪) રાજન્ વિપ્રોએ કરેલા સામમંત્રના સ્તોત્રો-સ્તુતિઓ, શ્રેષ્ઠ વાજિંત્રો, મંગલ ગીતો, જયનાદોથી થયેલા મહાન ઉત્સવના મંગલ ધ્વનિને બ્રહ્માજી છેક પોતાના સત્યલોકમાં આવેલા નિજધામ પાસે સાંભળીને ત્યાં આવી પહોંચ્યા અને ભગવાનનું અલૌકિક સામર્થ્ય જોઈ આશ્ચર્ય પામ્યા. (૩૫) રાજન્ ! અજગર મરણ પામ્યોં પછી તેની વિશાળ કાયાનું સુકાઈ ગયેલ ખોખું વૃન્દાવનમાં લાબાંસમય સુધી વ્રજવાસી બાળકોને માટે સંતાકુકડીની રમત રમવાનું સ્થાન બની ગયું હતુ. (૩૬)

શ્રીહરિની કુમારલીલા પૌગંડવયમાંકુમારોએ કહી

રાજન્ ! અજગરરૂપ મૃત્યુના મુખમાંથી મુકત કરવાનું શ્રીહરિની કુમાર વયની લીલાનું કર્મ શ્રીહરિની પૌગંડ અવસ્થામા, અજગરના વિશાળ દેહને જોઈ વિસ્મય પામેલા વ્રજજનોને બાળકોએ કહી સંભળાવ્યું. (૩૭) રાજન્ ! નાના મોટાં સર્વના નિયામક અને વિધાતા, મનુષ્યના બાળક સ્વરૂપે માયાથી પધારેલા ભગવાન શ્રીકૃષ્ણની આ લીલા માટે આશ્ચર્ય કરવાનું કાંઈ કારણ નથી. રાજન્ ! શ્રી હરિના શ્રીઅંગના સ્પર્શથી ધોવાઈ ગયેલાં પાપોવાળો અઘાસુર પાપી પણ ખલજનો માટે સદા દુર્લભ એવી ભગવાનની સમાનતા રૂપ દિવ્ય ગતિને પામ્યો. (૩૮) અેરે રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાનના શ્રીઅંગના જેવી "મનોમયી"-માનસી પ્રતિમાનું હૃદયમાં માત્ર એકવાર સ્થાપન કરવામાં આવે છે તેને પણ "ભાગવતી ગતિ-મોક્ષ" નાં દાન કરે છે, તો પછી માયાને દૂર કરનાર સાક્ષાત સત્-ચિદ્- આનંદમય શ્રીવિગ્રહવાળા સર્વશ્રેષ્ઠ હૃદયમાં વિરાજેલા શ્રીહરિ જો મુકિતનાં દાન કરે તો એમાં કહેવાનું જ શું હોય ? (૩૯)

મહર્ષિ સૂતજીએ કહ્યું કે હે મહર્ષિઓ, યાદવનાથ શ્રીકૃષ્ણ ભગવાને પોતાને આપેલા દેહવાળા શ્રી પરીક્ષિત રાજાનું ચિત્ત પોતાનું રક્ષણ કરનારા ભગવાન શ્રીકૃષ્ણનું વિચિત્ર લીલાચરિત્ર સાભળીને વધુ શ્રીકૃષ્ણ તરફ આકર્ષાયું અને ફરીથી તેમણે પણ શ્રીશુકાચાર્યજીને આ જ ચરિત્ર સંબંધી પ્રશ્ન કર્યો. (૪૦)

પરીક્ષિત રાજાની જિજ્ઞાસા

પરીક્ષિત રાજાએ પૂછ્યું કે ભગવાન શુકાચાર્યજી ! શ્રીહરિએ કુમાર વયમાં જે લીલા કરી તે લીલા બાળકોએ શ્રીકૃષ્ણની પૌગંડવયમાં જાણી એમ આપે કહ્યું તો એક કાલમાં કરેલી લીલા એક સાથે જ રહેલા બાળકોએ બીજા કાલમાં-એટલે પૌગંડ વયમાં કેવી રીતે જાણી ? ભગવન્ ! આપ તો મહાન યોગી છો માટે સર્વ જાણી શકો છો અને કહી શકો છો. માટે હે ગુરુજી ! મને પુષ્કળ આશ્ચર્ય થાય છે. સાચેસાચ આ શ્રીહરિની માયા જ હોવી જોઈએ. બાકી બીજી રીતે આવું કાંઈ બને જ નહીં. હે ગુરુજી! અમે ક્ષુદ્ર ક્ષત્રિયો હોવા છતાં આ લોકમાં ઘણા જ નશીબદાર છીએ કે આપશ્રીના શ્રીમુખેથી વારંવાર પવિત્ર શ્રીકૃષ્ણના કથામૃતનું પાન કરવાનું અમને સૌભાગ્ય મળે છે. (૪૧,૪૩)

શ્રી સૂતજીએ કહ્યું કે હે મુનિવરો ! શ્રી પરીક્ષિત રાજાના પ્રશ્નથી શ્રીકૃષ્ણ અનંત ભગવાનનું અધિક સ્મરણ થઈ આવતાં બાદરાયણિ શ્રી શુકાચાર્યજીની ઈન્દ્રિયો ભગવાન શ્રીકૃષ્ણમાં ચાલી ગઈ, પરંતુ પરીક્ષિત રાજાને ઉત્તર આપવા માટે મહામહેનતે પાછી બહારની દૃષ્ટિ મેળવી અને પરમ ભગવદીય શ્રી પરીક્ષિત રાજાને ધીમે ધીમે કથા કહેવા લાગ્યા. (૪૪)

सूत उवाच- इत्थं स्म पृष्टः स तु बादरायणिः संस्मारितानन्तहृताखिलेंद्रियः ॥
कृच्छ्रात् पुनर्लब्धबहिर्दशिः शनैः प्रत्याह तं भागवतोत्तमोत्तमम् ॥ ४४ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ નિરોધ લીલાનો ૧૨ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૩ મો

[આ અધ્યાયમાં ૬૪ શ્લોકો છે. ભગવાનની લીલા અગમ્ય છે. બ્રહ્માજીને ભગવાનના સ્વરૂપમાં ભ્રાન્તિ થાય છે અને ગોપબાલ તેમજ વાછરડાંઓનું હરણ કરે છે. ધીમે ધીમે ભગવાનના મહિમાનું દર્શન થાય છે. ભ્રમ દૂર થાય છે અને શ્રીહરિની શરણાગતિ સ્વીકારી સ્તુતિ કરે છે.]

श्रीशुक उवाच - साधु पृष्टं महाभाग त्वया भागवतोत्तम । यन्नूतनयसीशस्य श्रृण्वन्नपि कथां मुहुः ॥ १ ॥

શ્રી શુકાચાર્ય મહારાજશ્રી બોલ્યા કે રાજન્ ! મહાન ભાગ્યશાળી છો. વળી પરમ ભગવદીય છો કે તમે ઉત્તમ પ્રશ્ન કરો છો. રાજન્ ! ભગવાનની કથાનું વારંવાર શ્રવણ કરતાં છતાં પ્રશ્નો પૂછીને તેને નવી ને નવી જ તાજી ને તાજી જ બનાવો છો. (૧) સાચે જ પરીક્ષિત ! સ્ત્રીલંપટ પુરુષોને સ્ત્રીની વાર્તા ક્ષણેક્ષણે નવી જ લાગે છે તેમ જ હરિભક્તો તો હરિકથાના રસિકો જ છે. તેમનાં ધન-મન-કામસદાય હરિપરાયણ જ હોય છે. (૨) રાજન્ ! આપ સાવધાન બનીને સાભળો. હું તમને ગુહ્ય હોવા છતાં તમે ભક્ત છો માટે હરિચરિત્ર કહું છું. ગુરુજનો પોતાના પ્રેમાળ શિષ્યોને ગુહ્ય પ્રસંગો પણ સંભળાવે છે. રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાને અઘાસુરના મુખરૂપી મૃત્યુમાંથી વાછરડાં અને ગોપબાળકોને દૃષ્ટિથી સજીવન કરીને તેઓને શ્રીયમુના નદીના કિનારે લઈ આવ્યા. ત્યારબાદ ભગવાને તેમને કહ્યુ. (૩,૪)

श्री भगवानुवाच - अहोऽतिरभ्य पुलिनं वयस्याः स्वकेलिस्पन्मृदुलाच्छावालुकम् ।
स्फुटत् सरोगन्धहृतालिपत्रिकध्वनिप्रतिध्वानलसद्द्रुमाकुलम् ॥ ५ ॥

ભગવાન શ્રીકૃષ્ણે પ્રસ્તાવ મૂક્યો કે આપણી રમતમાં મોંઘી વસ્તુઓ રૂપ એક તો કોમળ અને સ્વચ્છ વાલુકાવાળો શ્રીયમુનાજીનો તટ છે,આ ઉપરાંત ખીલેલાં કમળોના સુવાસથી ખેંચાઈ આવતા ભ્રમરો ગુંજન અને પંખીઓના કલ્લોલના સામા પડઘા પાડતો વૃક્ષોથી છવાયેલો તટ ભારે રમણીય બન્યો છે. (૫) વળી જુઓ દિવસ માથે ચડ્યો છે. આપણે ભૂખથી અકળાઈ ઊઠ્યા છીએ, તેથી આજે અહીં જ આપણે ભોજન કરીએ અને આપણાં વાછરડાં સમીપમાં જ જલ પીને ધીરે ધીરે ઘાસ ભલે ચરે. (૬) શ્રીશ્યામસુંદરની યોજના સર્વ બાલકોને રુચી અને બોલ્યા, ચાલો એ પ્રમાણે કરીએ એમ કહીને પોતપોતાનાં વાછરડાંઓને જલપાન કરાવી લીલી હરિયાળી ભૂમિ ઉપર ચરવા છોડી દઈને બાળકો પોતાનાં શીંકા છોડી ભગવાન સાથે આનંદથી ભોજન કરવા લાગ્યા. (૭) ભગવાન શ્રીકૃષ્ણની આસપાસ ફરતાં કુંડાળા બની બેઠા. જાણે કોઈએક પછીની એક હારમાલા ના હોય ને શું ? એવું લાગતું હતું. શ્રીકૃષ્ણની ચારે બાજુ બિરાજેલા મનોહર મુખવાળા, પ્રફુલ્લ નયનવાળા, વ્રજકુમારો જેમ કમલના કેશરની ચારે તરફ કમળની પાંખડીઓ શોભે તેમ ઘણા શોભી રહ્યા હતા. (૮) કેટલાક પુષ્પોનાં, કેટલાંક પાનનાં તો કો'ક અંકુરોનાં, તો વળી બીજાં ફળોનાં ત્યારે ત્રીજા શીકાઓનાં, ત્યારે ચોથા વૃક્ષની છાલોનાં કે પથ્થરોનાં ભોજનપાત્રો બનાવી ભોજન કરતા હતા.૯ આ બાળકો પોતપોતની વાનગીઓના જુદાજુદા સ્વાદને વખાણતા અને સ્વાદને વાતે કરતા હસતા તેમજ હસાવતા શ્રીશ્યામલાલ સાથે ભોજન કરી રહ્યા હતા. (૧૦) આ વખતે શ્યામસુંદરનુ સ્વરૂપ ખૂબ જ મનોહર લાગતું હતું.

રાજભોગ સમયનું ભગવનના ધ્યાનનું સ્વરૂપ

विभ्रद्वेणुं जठरपटयोः शृंगवेत्रे च कक्षे वामे पाणौ मसृणकवल तत्फलान्यङ्गलीषु ।
तिष्ठन् मध्ये स्वपरिसुह्यदो हासयन् नर्मभिः स्वै लोके भिषति बुभुजे यज्ञभुग् बालकेलिः ॥ ११ ॥

રાજન્ ! ભગવાન રાજભોગ આરોગી રહ્યા છે જે ભગવાન યજ્ઞના ભોક્તા છે તે ભગવાન આજે બાલકેલિ કરી રહ્યા છે. શ્યામ મનોહરે ઉદર અને પીતાંબર બન્નેની મધ્યમાં વેણું ખોસી દીધી છે અને કાખમાં શીંગડી અને લાકડી ધારણ કરી છે. વામ કરકમલમાં દહીંવાળા ભાતનો કે માનભોગનો કોળિયો લીધો હતો, આંગળીઓમાં જુદાં જુદાં ફલ-લીંબુની ચીર રાખી હતી. આસપાસ બેઠેલા સુહ્યદોની મધ્યમાં બિરાજી ભોજન કરતા ઠઠ્ઠામશ્કરી કરતા હસતા અને હસાવતા નંદકિશોરને દેવો આકાશમાં જોવાના જ ભાગ્યવાળાતે કૃષ્ણ સાથે મિત્રો સહ ભોજનનો આનંદ પામ્યા. (૧૧) હે ભરતવંશી પરીક્ષિત રાજા ! વત્સપાલક ગોપકુમારો શ્રીકૃષ્ણચંદ્રમાં મન પરોવીને ભોજન કરી રહ્યા હતા ત્યારે ચારો ચરતાં વાછરડાંઓ પોતાની જાતે ઘાસના લોભે લોભાઈ વૃન્દાવનની અંદર દૂર ચાલ્યાં ગયાં. (૧૨) આ અવસરે વાછરડાંઓને ન જોતાં ભયથી ત્રાસ પામેલા પોતાના મિત્રોને મૃત્યુને પણ ભય પમાડનાર શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે મિત્રો ! ભોજન કરવાનું મૂકી ના દેશો.હું હમણાં વાછરડાંઓ પાછાં લઈ આવું છું. (૧૩) રાજન્ ! કૃપાળુ શ્રીકૃષ્ણે પોતાના ગ્વાલમિત્રોને આ પ્રમાણે સમજાવી પોતાના વાછરડાંઓને હાથમાં રહેલા કોળિયાની સાથે જ શોધતા પર્વતની ગુફાઓ,ખીણો અને ભયાનક સ્થાનોમાં ફરી વળ્યા પણ વાછરડાંઓને ન જોયાં ત્યારે વિચાર્યું કેમ વાછરડાં

નથી દેખાતાં ? (૧૪)

શ્રી બ્રહ્માજીની અધિક લીલા જિજ્ઞાસા

શ્રી શુકાચાર્યજીએ કહ્યુ કે કુરુકુલશ્રેષ્ઠ પરીક્ષિતજી ! ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રના નાભિકમલમાંથી જન્મેલા કમલજ બ્રહ્માજીએ જ્યારે અઘાસુરનો મોક્ષ થયો એ વાત નજરે જોઈ ત્યારે તે નવાઈ પામ્યા, કે બાલકે અઘાસુરને મોક્ષ આપ્યો આ તો બહુ જ મહત્ત્વની વાત ગણાય. ચાલો આ સમર્થ ભગવાન જ છે તો તેમની બીજી પણ લીલા જોઈએ તેમનો બીજો પણ સુંદર મહિમા જોઈએ એવું વિચારી જ્યાં વાછરડાં ચરતાં હતાં અને બાલકો જમતા હતા તે પ્રદેશમાં આવ્યા અને એક બાજુથી વાછરડાં અને બીજી બાજુથી તે વત્સપાલ ગોપાલ કુમારોને અન્યત્ર લઈ ગયા અને અન્તર્ધાન થયા. (૧૫) રાજન્ ! બીજી બાજુ વાછરડાંઓને શોધતા અને જ્યાં ચરવા મૂક્યાં હતાં અને બીજે બધે જોતાં પણ ન જડયાં ત્યારે બાલકો ભોજન કરતા હતા તે સ્થાને શ્રીકૃષ્ણ પાછા પધાર્યા ત્યારે શ્રી યમુનાજીના કિનારા ઉપર બાળકોને પણ જોયાં નહીં તેથી વાછરડાં જોયાં ત્યારે આ સર્વ બ્રહ્માજીનું જ કાર્ય એવું સર્વજ્ઞ શ્રીકૃષ્ણે જાણી લીધુ. (૧૬,૧૭) ત્યારે વાછરડાં અને બાલકોની માતાઓ ગાયો અને ગાપીજનોને તેમજ શ્રીબ્રહ્માજીને આનંદ આપવા માટે વિશ્વનિર્માતા ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં વાછરડાં અને બાળક સ્વરૂપ બન્યા. (૧૮)

"सर्वं खल्विदं ब्रह्म" આ સર્વ બ્રહ્મ છે તેનો પ્રત્યક્ષ અનુભવ

यावद् वत्सकवत्सपाल्यकवपुर्यावत् कराङ्घ्रयादिकं यावद् यष्टि-विषाण-वेणु-दलशिग् यावद् विभूषाम्बरम् ॥
यावच्छीलगुणाभिधाकृतिवयो यावद् विहारदिकं सर्व विष्णुमय गिरोङ्गवदजः सर्वस्वरुपो बभौ ॥ १९ ॥

રાજન્ ! ભગવતી શ્રુતિનું વચન છે કે सर्वं विष्णुमयम् આ સર્વ સૃષ્ટિ શ્રીકૃષ્ણ છે એવી વાણીના જ અંગ-અર્થરૂપે આ સર્વ સૃષ્ટિ અજન્મા ભગવાન શ્રીકૃષ્ણ જ પોતે બન્યા. આ અવસરે જેટલાં વાછરડાં અને વાછરડાંઓને પાલનાર કુમારો, તેમના નાના દેહો-તેમના જેટલા અને જેવા હાથ-પગ વગેરે તેમની જેટલી અને જેવી શીંકીઓ-શીંગડીઓ-વાંસળીઓ-લાકડીઓ-તેમના શરીરે શોભા માટે પહેરેલાં વસ્ત્રો અને પુષ્પો તેમજ તેમના સ્વભાવ-ગુણો-આકૃતિ-વય જે કાંઈ હતાં તે સર્વ તેમજ તેમના જેવી રમત ગમત હતી તે સર્વ કાંઈ સર્વ રૂપ સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં બન્યા. (૧૯) ત્યાર બાદ શ્રીકૃષ્ણ પોતે અને પોતાના સ્વરૂપે બનેલા વાછરડાંઓ અને ગોપાલ કુમારોથી વીંટળાઈ પોતારૂપ વિહારોથી વિહાર કરતા શ્રી વિહારીજીએ વ્રજમાં પ્રવેશ કર્યો. (૨૦) તે તે વાછરડાંઓને જુદાં જુદાં લઈ જઈ તેમ તેમની ગોશાળાઓમાં-કોઢમાં રાખી દઈ તે તે ગોપબાલક રૂપ તેમણે તેતે ઘરોમાં પ્રવેશ કર્યો. (૨૧) આ અવસરે ગોપકુમરોની માતાઓ મધુર વેણુના નાદનું શ્રવણ કરી એકાએક ઊભી થઈ દોડી ઘરમાં આવેલા પોતાનાં બાળકોને ઊંચકી લઈ - તેડી લઈ બન્ને હાથથી છાતી સરસો ચાંપી આનંદ પામી. આ અવસરે આ બાળકોને સ્નેહને લીધે સ્ત્રવી રહેલા મધુ જેવાં મધુર ધાવણનાં દૂધરૂપ અમૃતનાં માતાઓએ આ પરબ્રહ્મને પુત્ર સમજીને પાન કરાવ્યાં. (૨૨)

કાલનિયંતા શ્રીકૃષ્ણ

રાજન્ ! સાયંકાલે જ્યારે માધવ આંગણે પધારતા ત્યારે સર્વ બાળકોની માતાઓ પોતાના ઘરે પધારેલા બાળક રૂપ શ્રી માધવને-શ્રીકૃષ્ણને શ્રીઅંગે તેલનું મર્દન-સ્નાન-લેપ-અલંકાર મસ્તક ઉપર જલના લોટાઓ ઉતારવા રૂપી રક્ષા-ભાલમાં તિલક વગેરેથી લાડ લડાવતી હતી. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતાનાં નિત્યનાં મસ્તી-તોફાન વગેરે બાલ મધુર ચરિત્રોથી માતાઓને આનંદ આપતા હતા. (૨૩) રાજન્ ! બાલકો ગોપાંગનાઓના ઘરામાં આવી ગયા ત્યારપછી બીજી બાજુ ગોશાળામાં-કોઢમાં ગાયો ઉતાવળી આવી પહોંચી અને હુંકાર કરી વાછરડાંઓને પાસે બોલવતી સમીપમાં દોડી આવેલાં પોતપોતાનાં વાછરડાંઓને વારંવાર પુષ્કળ ચાટતી હતી ત્યારે તો તેમના આઉ-આંચળોમાંથી બાવલામાંથી ઝરી રહેલા દૂધને પાતી હતી. (૨૪) રાજન્ ! ગાયો અને સ્રી ગોપીજનોના વાછરડાં અને બાળકોમાં જે માતૃભાવ હતો તે બાળકો અને વાછરડાં કૃષ્ણ સ્વરૂપે હોવા છતાં પ્રથમના જેવો જ હતો પરંતુ તેમનામાં સ્નેહભાવ તો પુષ્કળ વધી ગયો હતો. તેમજ ગાયો અને ગોપીજનોમાં બાળકરૂપ ભગવાન બન્યા છતાં બાળકોની માતામાં જેવી

લાગણી હોય-બાલભાવ હોય તેવો જ હતો. તેમાં કાંઈ ફરક પડ્યો ન હતો. માત્ર આ ભાવ માયિક ન હતો પરંતુ બાળકનો જે સહજ ભાવ હોય તેવો જ હતો. (૨૫) રાજન્ ! આ સર્વ વ્રજજનોની, બાળક રૂપ પધારેલા આ શ્રીકૃષ્ણમાં સ્નેહની વેલી એક વર્ષ પર્યન્ત ધીમે ધીમે અને રોજ નવી નવી પાંગરતી હદ વિનાની ફાલવા લાગી, આમ છતાં શ્રી યશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણમાં ભાવ ઓછો નહોતો, પરંતુ પ્રથમની માફક ઉત્તરોત્તર વધતો જ રહ્યો. (૨૬) આ રીતે શ્રીકૃષ્ણ ભગવાને વાછરડાં સ્વરૂપે, વત્સપાલ બાળકોના સ્વરૂપે વાછરડાં અને વત્સપાલોના બહાનાથી પાળનાર થઇ પોતે પોતાથી પોતાનું રક્ષણ કરતાં આ વ્રજમાં એક વર્ષ પર્યન્ત લીલા કરી. (૨૭)

શ્રી બલભદ્રજીને લીલાજ્ઞાન

રાજન ! વર્ષમાં પાંચ છ રાત્રીઓ બાકી હતી ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે ભાઈ શ્રીબલરામ સાથે વાછરડાં ચારતાં વનમાં પ્રવેશ કર્યો. (૨૮) ત્યાં શ્રીગોવર્ધનગિરિના શિખર ઉપર ઘાસ ચરતી ગાયોએ પોતાનાથી દૂર વ્રજની સમીપે ચરતાં પોતાના વાછરડાંઓને જોયાં. (૨૯)

રાજન્ ! ચારો ચરતાં વાછરડાંને જોઈને ગાયોનું આખુંયે પણ વાત્સલ્ય-વહાલ ઉભરાતાં ભાન ભૂલી ગયું અને પોતાનું પાલન કરનારા ગોવાળોને ન ગાંઠતાં ના ઉતરાય તેવા ટેકરાવાળા રસ્તાને પણ ઓળગીં રસ્તામાં ચારે તરફ થાનમાંથી દૂધને ઝરતું એવું તો દોડ્યું કે એ સમયે જાણે બબ્બે જ પગવાળું હોય તેમ લાગતું હતું. ગાયોનાં ટોળાએ ખાંધમાં ડોક વાળી દીધી હતી, હુંકારા ભરતી હતી અને પૂંછડાં ને મુખ ઊંચે ઉછાળ્યાં હતાં. (૩૦) રાજન ! આ ટોળે મળેલી ગાયોને ધાવણાં વાછરડાં હતાં તો પણ આ ઘાસ ચરતાં મોટાં વાછરડાંઓને જાણે અમૃત જ ના ઝરતી હોય તેમ વાછરડાંઓને જીભથી ચાટતી ગળે ઉતારતી હોય તેમ આઉમાં રહેલાં દૂધને પાવા લાગી. (૩૧) ગોપજનોએ ધવડાવતી ગાયોને રોકવાનો પુષ્કળ પ્રયત્ન કર્યો પણ આ ઘાસ ચરતાં મોટાં વાછરડાંઓને જાણે અમૃત જ ના ઝરતી હોય તેમ વાછરડાંઓને જીભથી ચાટતી ગળે ઉતારતી હોય તેમ આઉમાં તેઓ નિષ્ફળ નીવડતાં શરમના માર્યા રોષે ભરાયેલા પર્વતના કઠિન માર્ગથી મહા મહેનતે નીચે તળેટીમાં આવી પહોંચ્યા. ત્યાં તો ગાયોને ધાવતાં વાછરડાંઓ સાથે પોતાના દીકરાઓ પણ જોયા. (૩૨) પોતાના બાળકોને જોતાં જ એકાએક ક્રોધ ઓસરી ગયો, તેમનાં હૃદય પ્રેમરસથી તરબોળ બન્યાં અને ઉભરાતા સ્નેહથી તે ગોવાળો એ બન્ને હાથોથી દીકરાઓને ઉપાડી લઈ તેમને ભેટવા લાગ્યા તેમજ બાળકોના મસ્તક સૂંઘતા મસ્તકની સુગંધથી ખૂબ જ આનંદ પામ્યા. (૩૩) રાજન્ ! બાળકોને ભેટયા પછી આ પાકટ વયના વયોવૃદ્ધ ગોપો ખૂબ જ સુખ પામ્યા અને ધીમે ધીમે પાછા વળ્યા પરંતુ પુત્રની સ્મૃતિ સતાવવા લાગી અને આંખમા ઝળઝળિયા આવી લાગ્યા. (૩૪)

ગોપજનોનો પુત્રમાં અપૂર્વ પ્રેમ જોઈ દાઉભૈયાને આશ્ચર્ય થયું

રાજન્ ! ધાવણ મૂકેલા માટે બાળકો ધાવણાં બાળકો જેવી ક્ષણેક્ષણે વધતી ગોવાળોની પ્રીતિ-ઉત્કંઠા જોઈ, વ્રજના પ્રેમની વૃદ્ધિ જોઈ, આવો પ્રેમ કેવી રીતે અને કેમ ઉભરાયો તેનું કારણ ન જાણનારા શ્રી બલભદ્રજી મનમાં ખૂબ જ વિચારવા લાગ્યા. (૩૫) અરે ! આ તો કોઈ અદ્ભુત વાત લાગે છે. ભાઈ ! જો કે સર્વના આત્મા ભગવાન વાસુદેવ છે તેથી પ્રેમ થાય એ બરાબર છે. પરંતુ આજે મારો અને મારી સાથે સંપૂર્ણ વ્રજનો સ્નેહ આ બાળકોમાં કલ્પનામાં ય ના આવે એવી રીતે વધી રહ્યો છે. (૩૬) શું આ કોઈ દૈવી, માનુષી કે આસુરી માયા હશે ? અરે એવી માયા વ્રજમાં આવે જ ક્યાંથી ? અહીં તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે પછી માયાથી અવાય જ નહીં, માટે મને લાગે છે કે મારા સ્વામી ભગવાન શ્રીકૃષ્ણની જ માયા સંભવે, બીજી હોય જ નહી કારણ કે આ તો મને પણ મોહ કરનારી છે. (૩૭) આવો વિચાર કરીને દાશાર્હ એટલે યાદવ કુળમાં જન્મેલા શ્રી બલભદ્રજીએ જ્ઞાનચક્ષુથી અવલોકન કર્યું ત્યારે મિત્ર ગોપકુમારો સાથે સર્વ વાછરડાંઓને શ્રીવૈકુંઠનાથ સ્વરૂપે જોયાં. (૩૮) અને શ્રી બલભદ્રજી બોલ્યા, આ દેવો નથી અને આ ઋષિઓ પણ નથી, હે શ્રીકૃષ્ણ ! ઈન્દ્રાદિ દેવો ગોપોના આશ્રયથી બન્યા છે અને આ વાછરડાંઓ તો ઋષિઓના આશ્રયમાંથી થયાં. આમ આશ્રય જુદો હોવા છતાં આપ જ આ બધામાં કેમ દેખાઓ છો ? આ સર્વ જુદાપણું કેમ ? એ વાત વેદના

વાક્યોથી કહો ? આવું જ્યારે શ્રી બલરામજીએ પૂછયું ત્યારે બ્રહ્માજીએ કરેલા અપહરણની અને સર્વ સ્વરૂપે પોતે બન્યા છે એ સઘળી વાત ભગવાને કહી ત્યારે દાઉજીએ સર્વ વિગત જાણી. (૩૯)

બ્રહ્માજીની મૂંઝવણ

રાજન્ ! બીજી બાજુએ બ્રહ્માજી ની ગણત્રી પ્રમાણે એક ત્રુટિ જેટલો સમય એટલે મનુષ્યની કાળ-ગણના પ્રમાણે એક વર્ષનો સમય થતાં વૃન્દાવનમાં શી સ્થિતિ થઈ તે જાણવાના કુતૂહલે બ્રહ્માજી આવ્યા ત્યારે ત્યાં તેમણે પ્રથમની જ જેમ શ્રીકૃષ્ણને-શ્રીહરિને એક વર્ષ પર્યન્ત પોતાની કલાઓ સાથે (વાછરડાં-ગ્વાલ મિત્રો સાથે) ક્રીડા કરતા જોયા. (૪૦) બ્રહ્માજી વિચારવા લાગ્યા કે મેં તો ગોકુળમાં જેટલા બાળકો હતા તેઓને તેમનાં વાછરડાં સાથે મારા માયામય લોકમાં સુવાડેલા છે તેઓ હજી ઊઠ્યા જ નથી તો પછી આ અહીં છે તે શું? અહી રોજ ઉત્પન્ન થયેલા હશે કે ક્યાંના હશે! મારી માયાથી મોહ પમાડેલા કરતાં આ બધા જુદા જ છે.ત્યાં જે સૂતેલાછે તેટલાજ અહીં વિષ્ણુ સાથે એક વર્ષથી ક્રીડા કરી રહ્યા છે,તો આ શું હશે ? (૪૧,૪૨) આ પ્રમાણે આ બન્ને પ્રકારના બાળકો અને વાછરડાંઓ સંબંધમા ઘણા સમય પર્યન્ત સર્વ રીતે વિચારવા છતાં ક્યાસાચા અને કયા નવા ? એ સમજવા માટે સ્વંયભૂ જાતે જ સમર્થ ન થયા. (૪૩) રાજન્ ૧ આ રીતે મોહથી પર વિશ્વમોહક મોહનને-શ્રીકૃષ્ણને મોહ પમાડવા જતાં અજન્મા બ્રહ્માજી પોતાની જ માયાથી પોતે જ મોહ પામ્યા. (૪૪) રાજન્ ! સાચે જ અંધારી કાળી રાત્રીમાં ઝાકળના અંધારાની માફક અને દિવસમાં આગિયાના અજવાળાના માફક મોટા પુરુષમાં, બીજાની માયા અને ઐશ્વર્ય અજમાવનારની માયા અને ઐશ્વર્યનો મહાપુરુષોની માયા નાશ કરી નાખે છે. (૪૫)

કૃપાસિંધુ શ્રીકૃષ્ણે કૃપાથી દર્શન દીધા

એટલામાં તો બ્રહ્માજી જોઈ રહ્યા હતા જ અને ત્યાં તે જ વખતે વધાં જ વાછરડાઓ અને વત્સપાલ બાળકો મેઘશ્યામ અને પીતાંબરો દેખાયા. આ બધા જ ચતુર્ભુજ હતા,હાથમાં શંખ-ચક્ર-ગદા-કમલ હતાં, મસ્તકે મુકુટ હતા, કર્ણમાં કુંડલ હતા, કંઠમાં હાર હતા, વક્ષ:સ્થળમાં વનમાલા હતી, શ્રીવત્સનું હૃદય ઉપર ચિહ્ન હતું. વળી કરકમલમાં કલ્લી પહેરી હતી. હાથમાં રત્નો તેમજ શંખ સમાં શ્વેત ચળકતાં રત્નનાં કંકણો શોભી રહ્યાં હતાં. નૂપુર, બાજુબંધ, કડાં કંદોરા અને વીંટીઓ ઝળકી રહ્યા હતા. (૪૬-૪૮) રાજન્ ! ભગવાન સર્વ સંગોમાં પુષ્કળ પુણ્યશાળી ભગવદીય જનોએ શ્રી તુલસીજીની માલાજી ધર્યાં હતા. પ્રભુના શ્રી ચરણોથીશ્રી મસ્તક પર્યન્ત માલાઓ વિલસી રહી હતી. (૪૯) ભક્તજનો ઉપર વહાલ દર્શાવતા રતુમડાં કટાક્ષવાળાં દર્શન, અને ચંદ્રની ચાંદની જેવું સ્વચ્છ મંદ હાસ્ય ભક્તોના ચારે પુરુષાર્થોને સત્વગુણની માફક પાલન અને રજોગુણની માફક ઉત્પન્ન કરતા હતા. (૫૦)

અખિલ બ્રહ્માંડના આરાધ્યા

અરે રાજન્ ! બ્રહ્માજીથી આરંભી એક નાના તણખલા પર્યન્ત સર્વે જંગમ સ્થાવર પ્રાણીઓ દેહ ધારણ કરીને નૃત્ય-સંગીત-કીર્તન દ્વારા ભગવાનનું આરાધન કરતા દેખાય. (૫૧) અણિમા-મહિમા વગેરે અષ્ટ સિદ્ધિઓના મહાત્મ્યથી અને અન્ન વગેરે વિભૂતિઓથી અને મહત્તત્ત્વ વગેરે ચોવીસ તત્ત્વોથી સેવાયેલા ભગવાનને જોયા. (૫૨) પોતાના સામર્થ્યથી અન્યના મહિમાનો નાશ કરતા એવા કાલ-સ્વભાવ-સંસ્કાર-કર્મ-ગુણો વગેરેથી ઉપાસના કરતા દેખાયા. (૫૩) સત્ય-જ્ઞાન-અનંત-આનંદ-માત્રની એક રસવાળી મૂર્તિવાળા, તેમજ વેદ દ્રષ્ટાઓ, ઉપનિષદ જાણકારો પણ જે ભગવાનના માહત્મ્યને જાણી શક્યા નથી તે ભગવાનના દર્શન કર્યા. આ પ્રમાણે બ્રહ્માજીએ ફક્ત એક જ વાર તે સર્વને પરબ્રહ્મ સ્વરૂપના દર્શન કરતાં જ બ્રહ્માજીની અગિયાર ઈન્દ્રિયો ક્રિયાહીન બની ગઈ, અને ચાર મુખવાળા બ્રહ્માજી કોઈ નગરદેવતાની પાસે ઊભી કરેલી પૂતળીના જેવા ચતુર્મુખ થઈ ગયા. (૫૬)

શ્રી બ્રહ્માજીની શરણાગતિ અને નિર્વૈર વૃંદાવનની ઝાંખી

રાજન્ ! આ પ્રમાણે તર્કનો વિષય બનતા, સ્વયંપ્રકાશ, સુખ સ્વરૂપ, માયાથી પર, બ્રહ્મ વિના અન્ય બીજું કાંઈ નથી એવું કહેવા માટે માત્ર નેતિ નેતિ એટલું જ ઉપનિષદો કહી શકે છે, પરંતુ બ્રહ્મને કહી શકતી નથી, આવા ભગવાન

શ્રીકૃષ્ણના મહિમામાં બ્રહ્માજી પણ આ સર્વ શું છે ? શું જોઈ રહ્યો છું ? એમ જ્યારે મૂંઝાઈ ગયા અને જોવા અસમર્થ બની ગયા ત્યારે બ્રહ્માજીની આવી દયાજનક દશા જાણી અજન્મા ભગવાને માયાનો પડદો ઢાંકી દીધો. (૫૭) ત્યાર બાદ ભગવત્કૃપાથી અન્તઃકરણમાં જ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે જાણે મૃત્યુ પામેલો પાછો બેઠો થાય તે પ્રકારે બેઠા થયા અને મહા પ્રયાસે ચક્ષુ ખોલીને બ્રહ્માજીએ પોતાની સાથે આ જગતને જોયું. (૫૮) ત્યાર બાદ બ્રહ્માજીએ તરત જ ચારે તરફ જોતાં તેમને દિશાઓ દેખાઈ અને આંખ આગળ રહેલા મનુષ્યોની આજીવિકાના સાધનસ્વરૂપ, વૃક્ષોથી ભરપૂર, સમભાવવાળા, સર્વને પ્રિય એવા વૃન્દાવનને જોયું. (૫૯) આ વૃંદાવનમાં, સ્વભાવથી જ દુષ્ટ પરસ્પર ભાવવાળાં મનુષ્યો, પશુઓ કે પક્ષીઓ વગેરે ભગવાન શ્રીકૃષ્ણના નિવાસને કારણે રોષ લોભ-મોહ વગેરે દોષોથી મુક્ત બની પરસ્પર મિત્રો બનીને નિવાસ કરતા હતા. (૬૦)

શ્રીવૃન્દાવનવિહારીજીની ઝાંખી

રાજન્ ! પુનઃ ભગવાનની કૃપાથી જ બ્રહ્માજીએ, ગોપવંશમાં ગોપકુમારનું નાટક કરવા દ્વૈતભાવ વિનાના, સર્વશ્રેષ્ઠ, અનન્ત, અગાધ બોધ, એવા પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાન વૃન્દાવનમાં ચારે દિશાઓમા પ્રથમની માફક હાથમાં દહીંભાતના કોળિયાવાળા, પોતાના વાછરડાંઓને અને મિત્રોને શોધતા નજરે પડયા-પરમેષ્ઠી બ્રહ્માએ નજરે નિહાળ્યાં. (૬૧) શ્રી વિહારીજીનાં દર્શન થતાં જ ઉતાવળા પોતાના વાહન હંસ ઉપરથી નીચે ઊતરી પડ્યા અને પૃથ્વી ઉપર સુવર્ણના દંડની માફક પોતાના દેહને નીચે પાડી દેતા, ચારે મસ્તકોના ચારે મુકુટોના અગ્ર ભાગથી બન્ને ચરણોનો સ્પર્શ કરતા, નમસ્કાર કરતા, શ્રીશ્યામસુદંરના ઉભય ચરણો ઉપર નયનોમાંથી વહેતા આનંદ અશ્રુજલથી અભિષેક કરી રહ્યા હતા. (૬૨) રાજન્ ! બ્રહ્માજીને એક પ્રણામથી તૃપ્તિ ના થઈ. બ્રહ્માજીએ પ્રથમ ભગવાનનો મહિમા જોયો હતો. વારંવાર તેનું સ્મરણ થયાં જ કરતું હતું. હવે વારંવાર ઊભા થતા, વારંવાર દંડવત્ પ્રણામ કરતા હતા તો પણ ધરાતા જ ન હતાં. (૬૩)

शनैरथोत्थाय विसृज्य लोचने मुकुन्दमुद्वीक्ष्य विनम्रकन्धारः । कृताञ्जलिः प्रश्रयवान् समाहितः सवेपथुर्गद्गदयैलतेलया

પછી ધીરેથી ધરણી ઉપરથી ઊભા થઈને, નયનો સ્વચ્છ કરીને, શ્રી મુકુન્દ ભગવાનનાં દર્શન કરીને અતિશય નમેલ મસ્તક ડોકવાળા થયેલા શ્રી બ્રહ્માજી ઉભય કરની અંજલી જોડી અત્યંત વિનયી અને સાવધાન શ્રી અંગે થરથર ધ્રુજતા ગદ્ગદ ગિરાથી વાણીથી શ્રી ગોપકુમાર શ્રી નંદયશોદોત્સંગલાલનનાં ગુણગાન કરવા લાગ્યા. (૬૪)

શ્રીમદ્ ભાગવતપીૂષના દશમ સ્કંધના પૂર્વાધના નિરોધ લીલામાં ૧૩મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૧૪ મો

[આ અધ્યાયમાં ૬૧ શ્લોકો છે. પ્રથમ બ્રહ્માજીની સ્તુતિ, પ્રસન્નતા, વાછરડાંઓને પાછા લાવવાં, ભગવાનમાં વધેલો અનુરાગ અને આ ત્રણ અધ્યાયના શ્રવણનું ફળ આટલા વિષયો આ અધ્યાયમાં આવશે.]

બ્રહ્માજી એ ૪૦ શ્લોકમાં કરેલી ભગવાનની સ્તુતિ

ब्रह्मोवाच-नौमीडयतेऽभ्रवपुषे तडिदम्बराय गुंजावतंसपरिपिच्छलसन्मुखाय ।
वन्यस्रजे कवलवेत्रविषाणवेणुलक्ष्मश्रिये मृदुपदे पशुपांगजाय ॥ १ ॥

શ્રી બ્રહ્માજીએ ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિનો આરંભ કર્યો કે હે ઈડ્ય- હે સ્તુતિયોગ્ય હે ગુણ ગાવા યોગ્ય પ્રભો શ્રીકૃષ્ણ ! મેઘશ્યામસુંદર સ્વરૂપવાળા, વીજળી સમાન પીતવસ્ત્રોને ધારણ કરનારા, ગુજાંની માલા, ગુંજાનાં કુંડલ, ગુંજાનો મુકુટ અને મુકુટ ઉપર મયૂરપીછથી શોભતા મુખકમલવાળા, વનનાં પુષ્પોની માલાવાળા, કરકમલમાં દહીં-ભાતના કોળિયાવાળા, છડી-શીંગડી અને વાંસળી-વેણુનાં મંગલ ચિહ્નોથી અત્યંત શોભતા અને અત્યંત કોમલ ચરણવાળા શ્રી નંદરાજકુમારની પ્રાપ્તિ માટે સ્તુતિ કરું છું. (૧) હે નાથ ! મારા ઉપર કૃપા વરસાવનાર આપનું આ શ્રીઅંગ અલૌકિક છે. એ કાંઈ પાંચ મહાભૂતોમાંથી બનેલ નથી. પરંતુ સ્વેચ્છામય છે- આનંદમય છે, ભગવન્ ! અન્તર્મુખ મન કરીને વિચારવામાં આવે

તો પણ આપના આ શ્રી અંગ-સ્વરૂપના મહિમાને સમજવા માટે કોઈ પણ સમર્થ નથી તો પછી આપના જ સાક્ષાત્ સચ્ચિદાનંદમય મહિમા તો કેમ કરીને સમજાય? કે સ્વરૂપ જ સર્વ પુરુષાર્થ રૂપ છે. (૨) નાથ ! માટે જે ભક્તજનો જ્ઞાન દ્વારા સમજવાનો પ્રયાસ ત્યજી દઈને વૃન્દાવન-દ્વારકા વગેરે સ્થાનમાં રહીને અથવા તો પોતાના ઘરમાં જ રહીને સંતજનોના શ્રીમુખથી કહેવાતી આપશ્રીની ગુણગાથાનાં શ્રવણ કરતાં કાન ઉપર ધારણ કરતા, મન-વાણી-મનથી નમસ્કાર કરતા જ જેઓ જીવે છે તે ભક્તજનોએ તો હે અજિત ! આપ કોઈથી નથી જિતાયા છતાં આપને પણ ઘણું કરીને જીતેલા જ છે-જીતી લીધા જ છે. (૩)

ભક્તિ તો કલ્યાણની અખંડ સરિતા

હે વિભો ! કલ્યાણને વહાવનારી આપની ભક્તિ કલ્યાણસરિતાના પાન કરવાના છોડીને કેવલ જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રયાસ કરે છે તેઓ તો ખાલી ફોતરાં-ફુસકા ખાંડનારની માફક કલેશ આપનારો જ શ્રમ કરી રહ્યા છે. તેમને કાંઈ બીજું ફળ મળતું જ નથી. (૪)

હે સર્વવ્યાપક શ્રીહરિ ! હે શ્રી અચ્યુત ! પૂર્વે પણ આપને સર્વકર્મફળ સમર્પણ કરનારા એનેક યોગીજનો આપના સેવારૂપ કર્મથી અને કથા શ્રવણથી પ્રાપ્ત કરેલા ભક્તિથી જ આપના સ્વરૂપને કે પોતાના જીવસ્વરૂપને જાણીને અનાયાસે આપની અલૌકિક ગતિને પામ્યા છે. (૫) હે ભૂમન્ ! એટલે સર્વત્ર વ્યાપક ! શ્રીકૃષ્ણ ! ગુણોથી પર એટલે નિર્ગુણ રૂપનો આપનો મહિમા શુદ્ધ અન્તઃકરણોવાળા જનોથી કપાય તેવો છે. જેમનું અન્તકરણઃ અશુદ્ધ છે તેમનાથી જણાય તેવો નથી, તેમજ લૌકિક ઈન્દ્રિયોથી દેખાય તેવા પંચભૂતના પદાર્થો જેવો નથી. (૬) ભગવન્ ! કદાચ નિગુર્ણ બ્રહ્મ તો જાણી શકાય પરંતુ નિપુણ પુરુષો કદાચ લાંબેગાળે ભૂમિના રજકણો ગણી શકે, આકાશમાં રહેલા જલ-હિમના કણો પણ જાણી શકે, વળી નક્ષત્ર-તારાઓ કદાચ જાણી શકે,તે નિપુણ પુરુષો અથવા અન્ય કવિઓ કે સમર્થ દેવો, આ જગતના કલ્યાણ માટે આવતાર ધારણ કરેલા ગુણવાળા આપના ગુણોને ગણાવાને શક્તિમાન નથી. (૭) હે, નાથ ! આપની કૃપાની રાહ જોતાં, પોતે આચરેલાં કર્મોના ફલને ભોગવતાં મન-વાણી- કાયાથી આપને નમસ્કાર કરતો જે કોઈ પણ સજ્જન જીવન ગુજારતો હોય તે ભક્તજન મુક્તિના પદનો વારસદાર બને છે. (૮) હે જગદીશ ! મારા અનાડીપણાની શી વાત કરું ? આપ અનન્ત-આદ્ય-પરમેશ્વર-માયાવીઓને માયામાં મૂકનાર આપના ઉપર મેં મારી માયા અજમાવી હતી કે આ બહાને આપના ઐશ્વર્યનાં આપ મને દર્શન કરાવો. ભગવન્ ! ભલે એ રીતે મારી ભાવના નિર્દોર્ષ હોય તો પણ તે અનાડીપણું જ માનય. ભગવન્ ! અગ્નિ-પ્રજવલિત અગ્નિ આગળ નાની જવાલાની શી વિસાત ? (૯) માટે હે અચ્યુત ! હવે મારા અપરાધની ક્ષમા આપો પ્રભુ ! આખરે તો હું રજોગુણમાંથી જ જન્મેલો છું, આપના માહાત્મ્યને જાણનારો નથી. હું આપનાથી જુદો, મને જ ઈશ્વર માનનારો તેમજ હું અજન્મા હોઈ અજન્માપણાના મદથી છકી ગેયેલો અરે ! આ મદના અંધકારથી અંધચક્ષુ બનેલો છુ. આપ મારે માટે એવું વિચારો કે આ બ્રહ્મા મારે લીધે જ ''સનાથ-નાથવાળો-માથે ધણીવાળો'' છે એવું વિચારી દયા કરવા યોગ્ય છું.પુનઃ નાથ ! વિનવું છું, ક્ષમા કરો. (૧૦) હું તો તમઃ પ્રકૃતિ (૧), મહત્ મહત્તત્વ (૨) અહંકાર, (૩)ख આકાશ (૪),चर-વાયુ (૫), અગ્નિ (૬),वार -પાણી (૭),भू -પૃથ્વી (૮)- આ આઠ વસ્તઓથી વીંટાએલા બ્રહ્માંડ નામના ઘડાને કેવલ સાત વેંતનો-વેંતિયા શરીવાળો હું તુચ્છ ક્યાં ? અને આપના શ્રી અંગનાં એક જ રુવાંટાંના કાણામાં રહેલાં કરોડો બ્રહ્માંડોને ધારણ કરનારા નાથ ! આપનો મહિમા નથી ગવાતો પછી અનન્ત શ્રી અંગનાં રુવાંટાંમાં રહેલાં અસંખ્યા બ્રહ્માંડોને ધારણ કરનારનું માહાત્મ્ય તો શી રીતે ગવાય ? (૧૧)

મા વિના ક્ષમા-માફી કોણ આપે?

उत्क्षेपंण गर्भगतस्यपादयोः किं कल्पते मातुरघोक्षजागसे ।
किमस्ति नास्ति व्यपदेशभूषितं तवाडस्ति कुक्षेः कियदप्यनन्तः ॥ १२ ॥

હે અધોક્ષજ ! આપ સ્વયં જ્ઞાનરૂપ છો.આપને મનુષ્યની માફક ક્યાં ઈન્દ્રિયોથી જ્ઞાન મેળવવવાનું છે ? તેથી તો

આપને ''અધોક્ષજ '' કહ્યા છે ! માતાના ઉદરમાં રહેલો બાળક ઊંચા ચરણો ઉછાળે છે તેને શું માતાનો અપરાધ ગણ્યો છે ? નારે ના જરા પણ નહીં. હે ભગવન્ ! ભાવ અને અભાવ રૂપ કાર્ય અને કારણ રૂપથી દીપતું આ જગત શું આપના ઉદરથી જરા પણ બહાર હોય ખરું ? (૧૨) આ ત્રણે જગતના પ્રલય પ્રસંગે એકાકાર બનેલાં સાગરોના જલમાં પોઢેલા શ્રી નારાયણના ઉદરમાંની નાભિમાંથી ઉત્પન્ન થયેલા કમલમાંથી બ્રહ્મા નીકળ્યા તે વેદવાત ખોટી નથી જ ? હે ઈશ ! શું હું આપનામાંથી નથી નીકળ્યો ? શું આપ મારી મા નથી ? મને મા તરીકે માફી ના આપો. (૧૩) આપ શું નારાયણ નથી ? આપ સર્વ પ્રાણીઓના આત્મા છો. સર્વ પ્રાણીઓના અધીશ્વર છો. ભગવન્ ! આપ તો સર્વ લોકના સાક્ષી છો નરમાંથી ઉત્પન્ન થયેલું જલ આપનું નિવાસધામ છે. તે જલમાં રહેલ નારાયણ પણ આપનો જ આવતાર છે- આપનું જ અંગ છે તે પણ સત્ય નથી પણ આપની માયા છે. (૧૪) જો એમ ન હોય તો તે જલમાં્ વસેલું અને સર્વ જગતના આશ્રયભૂત સ્વરૂપ જો સત્ય હોયતો મેં કમલની નળીમાંથી નીચે આવતાં તે સ્વરૂપને તે જ સમયે આપની કૃપાથી હૃદયમાં સ્પષ્ટપણે કેમ ન જોયું હે નાથ ! હે ત્યા પછી મને વારંવાર આપે કેમ બતાવ્યું નહીં ! માયાધમન્ એટલે માયાને દૂર કરનાર ! તે પુનઃ તપચર્યા કર્યા પછી તુરત જાપની કૃપાથી જોયું. (૧૫) એકજ અવતારમાં બહાર સ્પષ્ટ દેખાતો આ સમસ્ત પ્રપંચ આપના જનની શ્રી યશોદા માતાજીને આપના શ્રી મુખમાં-ઉદરમાં બતાવીને, તે માયિક નથી પરંતુ સત્ય છે એમ નથી એવું આપે સ્પષ્ટ કરેલું છે. (૧૬) જેના એટલે નારાયણના ઉદરમાં આત્મા સહિત આ સર્વ જેવુ દેખાય છે તેવું જ તે આપની અંદર અહીં પણ દેખાય છે. આ સર્વ શું માયા વિના દેખાયછે, માટે આપ અને નારાયણ એક જ છો, જુદા દેખાવ છે એ જ આપની માયા છે. (૧૭)

જગત ભગવત્સ્વરૂપે સત્ય છે

આપનાથી આ વિશ્વ સત્ય છે. આપના સ્વરૂપે આ જગત સત્ય છે એવો આપે મને આજે જે અનુભવ કરાવ્યો. પ્રથમ આપ એકલા જ હતા, પછી વ્રજની મિત્રો અને વાછરડાં થયા. પછી આપ સર્વ બ્રહ્માંડ સ્વરૂપ થયા. ત્યાર બાદ એ બધા જ ચતુર્ભુજ સ્વરૂપ થયા,ત્યાર બાદ હું અને સર્વ બ્રહ્માંડ આપની સેવા કરી રહ્યાં છીએ એવાં દર્શન આપ્યા, પુનઃ આપ તેટલાં જ બ્રહ્માંડો થયા માટે આપ અમાપ બ્રહ્મ છો, અને અન્ય બ્રહ્મથી જુદા નથી. (૧૮) ભગવન્ ! જગતની ઉત્પત્તિમાં હું, સ્થાપનમાં આપ અને પ્રલયમાં શંકર ભાસે છે પરંતુ આપ જ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ છો. પરંતુ આપના માહાત્મ્યને ન જાણનારાઓને આત્મા અને અનાત્માની અંદર આત્માથી માયા વિસ્તારીને ભાસેછે. (૧૯) ભગવન્ ! આપતો અજન્મા છો છતાં સ્વજનોના ખરાબ મદનો નાશકરવા અને સજ્જનો ઉપર અસીમ કૃપા વરસાવવા દેવોમાં-મનુષ્યોમાં-ઋષિઓમાં અને ક્ષુદ્ર પ્રાણીઓમાં તેમજ જલચર પ્રાણીઓમાં આપ અવતાર ધારણ કરો છો. (૨૦) હે સર્વવ્યપાક શ્રીહરિ ! ભગવન્ ! પરાત્મન્ ! આપની લીલા ત્રણ લોકમાં ક્યા ? કેવી રીતે ? કેટલા પ્રકારે કે ક્યારે થાય છે ? તે કોણ જાણે છે ? ખરેખર આપ પ્રથમ માયાનો વિસ્તાર કરી લીલાઓનો વિસ્તાર કરો છો. (૨૧) આ જગત અસત્ સ્વરૂપવાળું છે, સ્વપ્નના જેવું છે, બુદ્ધિ રહિત છે, અને ઘણું જ દુઃખદાયી છે, આખું જગત માયાથી ઉત્પન્ન થાયછે, છતાં નિત્ય-આનંદ અને બોધ સ્વરૂપ હે અનંત ! આપને વિષે જ રહેલું હોઈ આખું ય જગત આપના સંબંધથી સત્ય છે.જો આપનો સંબંધન હોયતો જ અસત વગેરે છે. (૨૨)

ભગવાન ષોડશ કલા પૂર્ણ છે

આપ એક છો એટલે ભેદ રહિત છો (૧) આત્મા છો એટલે અન્તર્યામી રૂપ-જીવરૂપ વિભૂતિ રૂપ છો (૨) પુરાણ છો એટલે સાંખ્યશાસ્ત્રના સાંખ્ય પુરુષ છો (૩), પુરાણ છો વૈષ્ણવમતમાં ''પુરાણ પુરુષ'' છો (૪) સત્ય છો એટલે પાશુપત મતના સત્ય છો (૫), સ્વયં જ્યોતિ છો (૬), અનન્ત છો (૭), આદ્ય છો (૮), નિત્ય-સદા એક રસ છો (૯), અક્ષરબ્રહ્મ છો (૧૦), નિત્યસુખ સ્વરૂપ છો (૧૧), નિરંજન છો(૧૨), પૂર્ણ છો (૧૩), અદ્વય એટલે ઓછા-વત્તાપણાવાળા નથી(૧૪), મુક્ત છો (૧૫), ઉપાધિ રહિત છો (૧૬), ભગવન્ ! આવા સોળ કલા પરિપૂર્ણ આપ સકલ જીવોના દેહરૂપ પણ આપ છો અને આત્મારૂપ પણ આપ છો. એવા આપશ્રીને સદ્ગુરૂ સ્વરૂપ સૂર્ય દ્વારા મેળવેલા-સદ્ગુરુએ આપેલા ઉપનિષદ્ (જ્ઞાન) નામના દિવ્ય ચક્ષુથી પોતાના જ આત્મા તરીકે જુએ છે તેઓ જ

સંસારસ્વરૂપ અસત્ય સમુદ્રને તરી જતા હોય એમ લાગે છે. (૨૩,૨૪) જેઓં બ્રહ્મને જ પોતાના સ્વરૂપ તરીકે એટલે પોતાને જ બ્રહ્મ તરીકે સમજે છે,તેવુ સમજનારના તે પ્રકારના ભ્રમથી જસર્વ પ્રપંચ કલ્પેલ હોય છે. (૨૫) ભવરૂપ બંધ અને મોક્ષ બન્ને-અજ્ઞાન રૂપ છે. એ બન્ને અજ્ઞાન વિના અન્યં નથી. વિચાર કરતાં એમ લાગે છે કે જેમ સૂર્યમાં રાત્રી અને દિવસ રહેલા છે તેમ મોક્ષ સદાનંદરૂપ કેવલ નિયામક ભગવાનમાં સત્યજ્ઞાન રૂપ છે. (૨૬) આપ શ્રીકૃષ્ણ સર્વના આત્મા છો અને સર્વસ્વરૂપ છો તેવા આપને જુદા માનીને ભગવદ્રૂપને આત્મા માનીનેપરમાત્માને વળી ઘરત્યજી સંન્યાસ સજી બહાર શોધવાના છે એવું માને છે, અરે અજ્ઞાની જનનું આજ્ઞાનપણું ક્યાં સુધી સમજવું ? (૨૭)

શ્રીકૃષ્ણચિંતન એ જ શ્રીકૃષ્ણને પામવાનું સત્ય સાધન છે

હે અનન્ત ! अतत् એટલે જે સાધનોથી કૃષ્ણચિંતન બરાબર ન થાય તેવાં સાધનો ત્યજીને કેવલ કૃષ્ણચિંતન નામના સાધનથી હૃદય-આકાશમાં રહેલા આપને જ સત્પુરુષો શોધે છે. અને આપને શોધે છે તે જ સત્પુરુષો છે. ન હોય તેવા સર્વનો પણ अन्तरेण ત્યાગ કર્યા વિના સમીપમાં રહેલા તે गुणम् એટલે દોરડાને શું સંતો જાણે છે ? (૨૮) આમ છતાં પણ હે દેવ ! આપના ઉભય ચરણકમલોની કૃપા-પ્રસાદના અલ્પ-જરા જેટલા અનુગ્રહવાળો જ ભગવાનના મહિમાન તત્ત્વને જાણે છે. અને બીજો લાંબો સમય પર્યંત ભલેને શોધે પણ જાણતો નથી. (૨૯) માટે હે નાથ !

આ શ્રી ગોકુલ-વ્રજ વૃન્દાવનમાં કે બીજા અન્ય કોઈ સ્થલે પછી ભલે તે ઊતરતી યોનિનાં પ્રાણીઓમાં જન્મ થાય પરંતુ તે ભવઃ જન્મ ભૂરિભાગ-આપની સેવાકરવાની યોગ્યતાવાળો ભગવદીય જન્મ થાઓ કે જે હું પણ આપણા સેવક જનોમાં એક સેવક બનીને આપના ચરણકમળની સેવા કરી શકું. (૩૦)

अहोतिधन्या व्रजगोरमण्यः स्तन्यामृतं पीतमतीव ते मुदा । यासां विभो वत्सतरात्मजात्मना- यत् तृप्तयेद्यापि न चालमध्वराः ॥३१॥

अहो भाग्यमहोभाग्यं नन्दगोपव्रजौकसाम् । यन्मित्रं परमान्दं पूर्णं ब्रह्म सनातनम् ॥ ३२ ॥

હે નાથ ! આ વ્રજની ગાયો અને વ્રજનાં પ્રાણીઓ કેવાં ધનધન્ય છે-કેવાં ભાગ્યાશાળી છે કે વિભો ! જે ગાયો અને વ્રજ નારીઓનાં સ્તન્યસ્વરૂપ અમૃતનાં આપે પાન કર્યા ? હે નાથ ! મોટા યજ્ઞો પણ આજ પર્યન્ત આપને તૃપ્ત કરવા માટે સમર્થ નથી થયા તે ભગવાન વાછરડાં બની અને ગોપીજનના પુત્રો બની સ્તનપાન કરનારા થયા. આથી અધિક મહદ્ ભાગ્ય હોયખરું ? (૩૧) હે નાથ ! શ્રી નંદરાયજી અને ગોપજનો અરે ભગવાન્ ! શ્રી વ્રજવાસીઓના ભાગ્યને ધન્યવાદ છે કે પરમાનંદ-સનાતન-પૂર્ણબ્રહ્મ-શ્રીકૃષ્ણ તેમના મિત્ર થયા મિત્ર થયા એટલે અન્યના કરતાં અધિક આનંદ દેનારા પક્ષપાતી સ્વજન થયા આમ છતાં સમાન રહ્યા ? (૩૨) હે અચ્યુત ! જવા દો જવા દો નાથ શ્રી વ્રજવાસી નંદરાયજી-યશોદા માતા-વ્રજલલના-વ્રજ જનોની ભાગ્યના મહિમાની વાત પડતી મૂકો. એનાં વખાણ તો કોણ કરી શકશે ? પરંતુ અમે બ્રહ્મા-વિષ્ણુ-શંકર વગેરે અગિયાર તેર કે ચૌદ જ દેવો પુષ્કળ ભાગ્યશાળી છીએ કે આમનાં- આ વ્રજજનોનાં ઇન્દ્રિયોરૂપી પાત્રો થી આપશ્રીના શ્રીચરણકમલોનો મકરંદ સ્વરૂપ મધુર આસવ -અમૃતનાં વારંવાર પાન કરીએ છીએ. (૩૩)

વ્રજરજ પરમાનંદનો પણ દિવ્ય ધ્વજ છે.

तद् भूरिभाग्यमिह जन्म किमप्यटव्यां यद् गोकुलेपि कतमांधिरजोभिषेकम् ।
यज्जीवतंतु निखिलं भगवाननंतस्त्वद्यापि यत्पदरजः श्रुतिमृग्यमेव ॥ ३४ ॥

શ્રી બ્રહ્માજીએ દૈન્ય પ્રકટ કરતાં કહ્યું કે આ વૃંન્દાવનમાં કે ગોકુલમાં નજીવો હરકોઈ જન્મ મળે તે તો પરમ ભાગ્ય ગણાય; કારણ કે આ વ્રજ-ગોકુલના પ્રત્યેક નિવાસીઓના ચરણોની રજનો અભિષેક તો પ્રાપ્ત થાય ! કે વ્રજજનોનું કે જે વ્રજવાસીઓનું જીવનસર્વસ્વ જ અનંત ભગવાન શ્રીકૃષ્ણ જ છે. ભગવાન શ્રી કૃષ્ણના શ્રી ચરણોની રજને આજ સુધી ભગવતી શ્રુતિઓ પણ શોધ્યા જ કરે છે. (૩૪) હે દેવ ! કરુણાનિધાન ! આ-ઘોષ-ગોકુલ-નેસડામાં નિવાસ કરનારાઓને આપ બીજું ફળ આપશો ? એમ વિચારતાં અમારાં ચિત્ત ગમે ત્યાં જાય છતાં સમસ્ત વિશ્વના ફલ સ્વરૂપ તો આપ જ છો તો પછી જેમનાં ધન-સ્વજન-પ્રિયજન-પ્રિય વસ્તુઓ-પુત્રો-ઈન્દ્રિયો-અને અન્તઃકરણ આપને જ માટે

છે તેને આપ શું ફલ આપશો નાથ ? (૩૫) હે શ્રીકૃષ્ણ ! વિષયોમાં અનુરાગ વગેરે જ્યાંસુધી જ જીવના વિવેક અને ધૈર્યને ચોરી જનારા ચોરો છે અને ત્યાં સુધીજ ઘર-ગૃહસ્થાશ્રમ મોહપાશ છે. બંધન રૂપ છે જ્યાં જીવો આપના નથી થતા સેવક નથી બનતા, સેવક બન્યા પછી તો સર્વસ્વ આપનું જ છે. (૩૬) હે પ્રભુ ! શરણે આવેલ જનોના આનંદ સમૂહને વધારવા આપ પ્રપંચ વિનાના હોવા છતાં ભૂતલ ઉપર પ્રપંચનું અનુકરણ કરો છો. આપના આ સ્વરૂપને અને સ્વભાવને જાણતા હોય તેઓ જ ભલે જાણો અધિક કહેવાથી શું વળશે? હે પ્રભો ! મારા મન,દેહ કે વાણીથી આપનો વૈભવ જાણી શકાય તેવો નથી. (૩૭,૩૮) હે પ્રભુ શ્રીકૃષ્ણ ! આપ મને જવાની રજા આપો. આપ સર્વ જાણો છો કારણ કે આપ સર્વજ્ઞ છો, આપ જ જગતના નાથ છો. આ આપનું જગત આપે મને સોંપેલું છે. (૩૯)

ભગવાનના શ્રીચરણે નવધા ભક્તિના ભાવે નવ નામોથી નમસ્કાર

श्रीकृष्ण वृष्णिकुलपुष्करजोषदायिन् -क्ष्मानिर्जूरद्विजपशूदवृद्धिकारिन् ।
उद्धर्मशार्वरहर क्षितिराक्षसध्रुग्- आकल्पमार्कमर्हन् भगवन्नमस्ते ॥ ४० ॥

શ્રી બ્રહ્માજી સ્તુતિ કરવા સમર્થ થયા ત્યારે નમસ્કાર કરતા બોલ્યા કે શ્રીકૃષ્ણ ! યાદવકુલકમલને વિકસાવનારા ! પૃથ્વી-દેવ-બ્રાહ્મણ-પશુરૂપ સમુદ્રના વૃદ્ધિકારી ! પાખંડ ધર્મ નામના અંધકારનો નાશ કરનારા, પૃથ્વી ઉપરના રાક્ષસોનો દ્રોહ કરનારા, સૂર્ય સાથે સદા સર્વથી પૂજન યોગ્ય ! હે ભગવન્ ! કલ્પ પર્યંત પ્રભુવંદન કરું છું.૪૦

પરિક્રમા અને વિદાય

શ્રી શુકાચાર્યજી બોલ્યા : રાજન્ ! આ પ્રમાણે વ્યાપક ભગવાનની સ્તુતિ કરી ત્યારબાદ બ્રહ્માજીએ શ્રીકૃષ્ણ ભગવાનની ત્રણ વાર તો પરિક્રમા કરી, પ્રભુના શ્રી ચરણોમાં નમસ્કાર કરી જગતવિધાતા બ્રહ્મા પોતાના મનથી ઈચ્છેલા સત્યલોકમાં પધારી ગયા. (૪૧) રાજન્ ! ત્યારબાદ ભગવાન શ્રીકૃષ્ણે બ્રહ્માજીને જવાની રજા આપી અને ભગવાન પ્રથમ જ્યાં પોતાના બાલમિત્રો બેઠા હતા ત્યાં શ્રી યમુનાજીના કિનારા ઉપર વાછરડાંઓને લઈને આવી પહોચ્યાં. (૪૨) રાજન્ ! પોતાના પ્રાણપ્રિય શ્રીકૃષ્ણ વિના એક વર્ષ વીતી જવા છતાં શ્રીકૃષ્ણની માયાથી ઘેરાયેલા બાલકોએતેને કેવલ-અડધી ક્ષણ જ માની. (૪૩) માયાથી મોહિત મનવાળા આ ભૂતલ ઉપર શું શું નથી ભૂલતા ? કારણ કે આખું જગત મોહ પામી સદા પોતાને જ ભૂલી ગયેલું હોય છે. (૪૪) બાલકોએ પણ શ્રીકૃષ્ણને કહ્યું કે આપ તો ઘણી ઝડપથી પધાર્યા, નાથ ! અમે તમને મૂકીને એક પણ કોળિયો ખાધો નથી.અહીં આવો ચાલો આપણે સાથે મળીને ભોજન કરીએ. (૪૬) ત્યારબાદ મિત્રોને હસતાં હસાવતા પ્રેમપૂર્વક સાથે ભોજન કરીને બાલકો અજગરનું ચામડું બતાવતા વનમાંથી વ્રજમાં પાછા પધાર્યા. (૪૭) મયૂરનાં પીછાં-પુષ્પો-વનની નવી ગેરુ વગેરે ધાતુઓથી રંગબેરંગી શ્રી અંગવાળા, મોટા નેતરાં-વેણું-પીપૂડી-શીંગડીના શબ્દોથી થતા પુષ્કળ આનંદ વાળા, વળી વાછરડાને ડચકારતા સેવકોને ગવાયેલ પવિત્ર કીર્તિવાળા ગોપીજનોના નયનોના ઉત્સવ આનંદવાળા-શ્રીકૃષ્ણે વ્રજમાં પ્રવેશ કર્યો. (૪૭) બાળકો વ્રજમાં આવ્યા અને ઘરે ઘરે વાતો કરવા લાગ્યા કે આજ તો શ્રી નંદયશોદાલાલને ઘણા મોટા અજગરને મારીને અમારી રક્ષા કરી. (૪૮)

સર્વ સ્નેહના આધાર શ્રીકૃષ્ણજ છે.

પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછ્યો કે શ્રી શુકાચાર્યજી! વ્રજવાસીઓને જે પ્રેમ પૂર્વે કોઈવાર પોતાનાથી જન્મેલા બાલકોમાં પણ થયો હતો, તેવો, તેથી પણ અધિક પ્રેમ બીજાનો-નંદરાયને ત્યાં જન્મેલશ્રીકૃષ્ણના કેમ થયો ? (૪૯) શ્રી શુકાચાર્યજીએ સમાધાન કર્યું કે રાજન્ ! પ્રાણી માત્રને પોતાનો દેહ જ પ્રિય હોય છે. કારણ પુત્ર-પુત્રી પૌત્રી-ધન વગેરે બીજા પાદાર્થો તે દેહ વહાલો હોવાથી વહાલો લાગે છે. (૫૦) રાજન્ ! માટે જેમ દેહધારી જનોને જેવો સ્નેહ પ્રત્યેકને પોતાના દેહ ઉપર હોય છે તેવો સ્નેહ મમતાના વિષય રૂપ પુત્ર-ધન-ઘર વગેરે ઉપર નથી હોતો. (૫૧) હે નૃપશ્રેષ્ઠ ! દેહને જ આત્મા માનનારા પુરુષોને પણ જેવો દેહ સર્વથી વહાલો છે તેવાં તેવી તેની પાછળ રહેલો પત્ની-પુત્ર-ધન વગેરે પ્રિય નથી પર રાજન્ થોડો વિવેક થતા ભલે દેહમાં મમતા રહેલી હોય તો પણ તે દેહ આત્મા જેટલોતો પ્રિય

નથી. જ હોતો. કારણ કે જ્યારે આ દેહ-શરીર જીર્ણ થાય છે ત્યારે પણ જીવવાની આશા હોય છે. જીવવાનું જે સાધન છે તે પ્રાણ પ્રત્યેકને પ્રિય હોય છે. (૫૨) પ્રાણો પણ આત્માને લીધે જ પ્રિય છે એટલે પ્રત્યેક દેહધારી પ્રાણીઓને આત્મા અત્યંત પ્રિય હોય છે. આ સમસ્ત જડ-ચેતન જગત પણ આત્માને લીધે જ પ્રિય લાગે છે. (૫૩,૫૪)

આત્માના આત્મા શ્રીકૃષ્ણ છે

રાજન ! શ્રીકૃષ્ણ તો સર્વના આત્માઓના પણ આત્મા છે. એ વાત આપ જાણો.આ શ્રીકૃષ્ણ ભગવાન પણ જગતના હિતમાટે માયાને લીધે દેહી-દેહવાળા પ્રત્યેકના આત્માના પણ આત્મા શ્રીકૃષ્ણ જ છે. (૫૫) અરે રાજન્ ! વાસ્તવિક રીતે વિચારતાં તો શ્રીકૃષ્ણને જેઓ જાણે છે -સમજે છે-ઓળખે છે તેઓને અહીં સ્થાવર- જંગમ બધા જ પદાર્થો ભગવાનનુંજ અપર રૂપ જણાયછે. આ બ્રહ્માંડમાં કૃષ્ણ વિના કોઈ બીજી વસ્તુ નથી.

समाश्रिता ये पदपल्लवंप्लवं महत् पदं पुण्ययशोमुरारेः । भवोबुधिर्वत्सपदं परं पदं पदं पदं यद् विपदां न तेषाम् ॥ ५८ ॥

રાજન્ ! મુરારિ એટલે મુર નામના દૈત્યના અરિ એટલે શત્રુ એવું મુરારિ નામ છે. આ મુરારિ એટલે શ્રીકૃષ્ણ ભગવાનનું પુણ્ય-યશસ્વી ચરણ પલ્લવ તો નાવ છે. અને તે નાવ અત્યંત મોટી છે. રાજન્ ! પ્રભુના આ પાદપંકજ નામની નાવનો પુષ્કળ પ્રેમપૂર્વક આશ્રય કરનાર ભક્તજનોને તો આ સંસારસાગર ગાયના નાના-વાછરડાંના પગથી બનેલ નાના ખાડા જેવો લાગે છે. આ ચરણકમલ સેવી ભક્ત માટે તો વૈકુંઠધામનિવાસ બની જાય છે. તેઓના જીવનમાં વિપત્તિઓનું કોઈ સ્થાન હોતું નથી. (૫૬-૫૮) રાજન્ ! તમારો પ્રશ્ન હતોકે લાલન કુમાર લીલાનું કથન પૌંગડાવસ્થામાં કેમ સંભવે તે એના પ્રત્યુત્તરમાં બ્રહ્માજી ગોપાલ વાછરડાઓની ચોરી કરી લઈ ગયા અને એક વર્ષ થઇ ગયું હતું તેથી તે બાળકોએ આ કથા એક વર્ષ પછી કહી હતી. (૫૯) રાજન્ ! શ્રી કૃષ્ણનું કુમાર લીલાઓનું કથન, અઘાસુરનો નાશ, વનની હરિયાળી ભૂમિ ઉપર ભોજન, વાછરડાં વગેરેનું હરણ, વળી શ્રીકૃષ્ણે પોતાના ગોપાલ બાલસ્વરૂપ બાળકો અને વાછરડાં વગેરેનાં ચતુર્ભુજ રૂપોનું ધારણ અને બ્રહ્માજીની સ્તુતિ - આસર્વનું શ્રવણ કરનાર-કીર્તન કરનાર-પ્રત્યેક પુરુષાર્થો મેળવે છે. (૬૦)

આ રીતે સંતાકુકડીની રમતો-ધૂળની પાળો બાંધવી, ઓળગંવી-મર્કટની માફક કૂદકા મારવા વગેરે કુમાર વયની રમતો રમતાં બલભદ્ર અને શ્રીકૃષ્ણ બન્ને કુમારવસ્થા વ્રજમાં પસાર કરી.૬૧

एवं विहारैः कौमारैः कौमारं जहतुर्व्रजे । निलायनैः सेतुबन्धैर्मर्कटोत्प्लवनादिभिः ॥ ६१ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ પૂર્વાધમાં નિરોધલીલા નિરૂપણનો ૧૪ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૧૫ મો

(આ પંદરમાં અધ્યાયથી એકવીસમા અધ્યાય પર્યન્ત સાત અધ્યાયોમાં નિરોધલીલાતામસ પ્રકરણમાં "પ્રમેય" પ્રકરણના સાત અધ્યાયની કથા શરૂ થાય છે.૫ મા અધ્યાયથી ૧૧ મા અધ્યાય સુધીના સાત અધ્યાયોમાં શ્રી નંદયશોદાજીનો નિરોધ ક્ર્યો હવે પ્રમેય પ્રકરણ દ્વારા સાત અધ્યાયોની લીલાઓમા વ્રજગોપજનો અને વ્રજનારીઓનો નિરોધ કરશે. નિરોધ એટલે જીવનના આનંદને અનિવાર્ય એવી પ્રભુમયસ્થિતિનું નામ નિરોધ કહેવાય છે.પૂર્વના પ્રમાણ પ્રકરણમાં આધિભૌતિક અવિદ્યાને ટાળી તેનું વર્ણન હતું. હવે આ પ્રકરણમાં પાંચ અધ્યાયો પ્રથમના ૧૫-૧૬-૧૭-૧૮-૧૯ દ્વારા આધ્યાત્મિક અવિદ્યાને ટાળવાની આવશે. આ અધ્યાયમાં ૫૨ શ્લોકો છે. વ્રજના આધ્યાત્મિક દેહાધ્યાસનું સ્વરૂપ ધેનુકાસુર છે. ભગવાને આ ધેનુકાસુરનો વધ કરીને વ્રજના જીવોનો આધ્યાત્મિક ધેનુક માર્યો છે.)

કાર્તિક શુકલ અષ્ટમીનું ગોપાષ્ટમીના નામથી નામકરણ થયું

श्रीशुक उवाच- ततश्च पौगण्डवयः श्रितौव्रजे बभूवतुस्तौ पशुपालसंमतौ ।
गाश्चरयन्तौ सखिभिः समं पदैः-वृन्दावनंपुण्यमतीव चक्रतुः ॥ १ ॥

શ્રીશુકાચાર્યજી વચનામૃત વરસાવતા બોલ્યા રાજન્ ! પાંચવર્ષ સુધીની કુમાર અવસ્થા વ્રજમાં ત્યજીને છઠ્ઠા વર્ષથી

નવમાં વર્ષ સુધીની પૌગંડ અવસ્થાનો અંગીકાર કર્યો.ત્યારે શ્રીનંદબાવા અને યશોદા માતા તરફથી ગોચારણની અનુમતિ કાર્તિક શુકલ અષ્ટમીને દિવસે પ્રાપ્ત કરીને પોતાનાં સુકોમલ ચરણકમલોથી વિચરતા અને સખાઓસાથે ગોધનને ચરાવતા યાગભૂમિ શ્રી વૃન્દાવનને લીલાસ્થલી બનાવીને દિવ્ય પુણ્ય વન કરવા લાગ્યા. (૧) આ અવસરે શ્રીમાધવ એટલે રમાપતિ શ્રીકૃષ્ણ પોતાના ગુણોનું ગાન કરતા ગોપસખાઓની સાથે શ્રીબલભદ્ર ભૈયાને પણ સાથે લઈને ગાયો અને વાછરડાંઓને આગળ કરીને પશુઓને હિતકર, કુસુમોથી લચેલા, ''કુસુમવન'' માં વિહાર કરવા માટે પધાર્યા. (૨) શ્રીવૃન્દાવન પ્રદેશમાં મધુર મધુર ગુંજન કરતા મધુકરો અને અનેક પક્ષીઓના કલરવથી અને મૃગોથી ચારે બાજુ આકુલ-ભર્યા, અને અત્યંત નિર્મલ સંત જનોના મનની સાખ પુરાવતા, વિપુલ સરોવરોથી સમૃદ્ધ, સહસ્ર પત્રવાળાં કમલોની સુંગધથી મહેકતા, શ્રીવૃન્દાવન દેશનાં દર્શન થતાં જ ભગવાને આ શ્રીવૃન્દાવનને વિહારભૂમિ બનાવવાનું મનથી વિચાર્યું. (૩) આ સર્વ મનોહર-શ્રીવૃન્દાવન પ્રદેશમાં હિંગળોના વર્ણવાળા અરુણવર્ણા કોમલ નવ પલ્લવ અને સૌન્દર્ય ભરેલા પુષ્પોથી તેમજ ફલોથી લચી જતાં જાણે શ્રીચરણોને કોમલ શાખાઓથી સ્પર્શીને પ્રણામ કરતાંહોય ને શુ એવાં તરુવરોને નિહાળીને હસતા હોય એવી રીતે આદિપુરુષ શ્રીકૃષ્ણ ભગવાન શ્રીબલભદ્ર ભૈયાજીને કહેવા લાગ્યા. (૪)

વૈષ્ણવશિરોમણિ વૃક્ષોનો યશ ગાતા યશોનિધિ કવિવર ભગવાન શ્રીકૃષ્ણનું કવિત્વ

ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા કે હે દેવશ્રેષ્ઠ મોટાભાઈ ! જુઓ આ તરુવરો શ્રેષ્ઠ વૈષ્ણવો જ લાગે છે. આ વૃક્ષોને તામસ ભાવે જે વૃક્ષની યોનિ મળી છે તે તામસ ભાવને દૂર કરવા માટે પોતાના શિખા સહિત મસ્તકોને નમાવીને, કોમલ પલ્લવની અંજલિમાં પુષ્પ અને ફલની ભેટો આપશ્રીનાં દેવાધિદેવોએઅર્ચેલા શ્રીચરણોમાં સમર્પી આત્મનિવેદન કરતા, ચરણસ્પર્શ કરતા, દંડવત્પ્રણામ કરી રહ્યા છે. (૫) વળી આ કાઈ ભ્રમરો જ નથી પરંતુ તે તો ભક્તવરો છે. આપ આ વૈષ્ણવોને આંગણે પધાર્યા છો ત્યારે તેઓ સમસ્તલોકને પાવન કરનાર યશસ્તીર્થનું ગાન કરી રહ્યા છે.અને-આદિ પુરુષ એવા આપશ્રીના માર્ગને અનુસરે છે. મને તો લાગે છે આ તો બ્રહ્મજ્ઞાની અંતરંગ ભક્તશ્રેષ્ઠ મુનિવરો જ આ જ ભ્રમરો બનીને વૃન્દાવનમાં પધાર્યા છે કારણ કે આપ ગુપ્ત રીતે ગોપ જન્મ લઈ પધાર્યા ત્યારે આપની લીલાને ગુપ્ત રાખવા આ ભક્તવરો પણ પક્ષીઓના સ્વરૂપ સ્વીકારીને વનમાં પવિત્ર એવા પોતાના દેવ આપને ત્યજી નથી શકતા. (૬) આંગણે આવેલા અતિથિના સ્વાગત કરવાં જોઈએ એમ માનતા આ મયૂરો હે સ્તુતિયોગ્ય મોટાભાઈ! આપને નૃત્યથી સન્માને છે, ત્યારે આ હરિણીઓ ગોપીઓની માફક પોતાના સ્નેહભરી દૃષ્ટિથી સ્નેહાળ દૃષ્ટિવાળીગોપ-વનિતાઓની માફક જ નિહાળી રહી છે. જ્યારે આ સમસ્ત કોકિલ ગણો આંગણે પધારેલા આપને મધુર વાણીથી સત્કારી રહ્યા છે. મોટાભાઈ! ભલે આ બધાં વનમાં જ વસ્યા હોય છતાં પણ આતિથ્ય ધર્મને વિસર્યા નથી સાચે જ એઓ શ્રદ્ધાળુ સદ્ગૃહસ્થના ધર્મને જ પાળી રહ્યા છે. (૭) સાચે જ મોટાભાઈ! આપના ચરણકમલોનો સ્પર્શ પામતી આ ધરણી, ઘાસ અને લતાઓ પણ ધન્ય ધન્ય છે. વૃક્ષો તેમજ લતાઓ પણ આપના શ્રીહસ્તના સ્પર્શથી કૃતાર્થ છે.નદીઓ,પર્વતો, વૃક્ષો, પશુઓ વગેરે આપના દયામય અવલોકનથી પણ કૃતાર્થ છે, અને બન્ને ભુજાઓની મધ્યમાં આવતી આ વ્રજ નારીઓ પણ ધન્ય છે કે જે આપની ભુજા સ્પૃહા રાખે છે. (૮)

ગોવિંદની ગોચારણ લીલા

શ્રી વૃંદાવનમાં પ્રસન્ન મનથી પશુને ચરાવતા શ્રીગોવર્ધન ગિરિનાં શિખરોમાં, સરિતાઓના કિનારાઓ ઉપર શ્રી બલભદ્ર ભૈયા સાથે ભગવાન શ્રીકૃષ્ણ રમણ કરી રહ્યા છે. (૯) કોઈવાર તો મદમત્ત બનેલો ભ્રમરોની સાથે ગોવિંદ પણ ગાન કરવા લાગે છે ત્યારે ગોપો પણ ગોવિંદનું ગાન કરે છે અને બલભદ્રજી પણ ભગવાનની લીલાને અનુસરે છે. (૧૦) કોઈ સ્થાને અવ્યકત મધુર સ્વરવાળા હંસોના કૂજનનાં અનુકરણ કરે છે તો વળી કોઈવાર નૃત્ય કરતા મયૂરોને નિહાળીને સ્વયં પણ નૃત્ય કરતા સર્વને હસાવે છે. (૧૧) કોઈવાર ગાયો અને ગોપાલોના મનને પ્રિય લાગે એવી રીતે ભગવાન શ્રીકૃષ્ણ મેઘ જેવી ગંભીર વાણીથી પ્રેમપૂર્વક દૂર ગયેલાં ગાય વગેરે પશુઓને નિમંત્રણ આપે છે. (૧૨) ત્યારે વળી ચકોર-ક્રૌંચ-ચકવા-ચકવી-ભારદ્વાજ અને મયૂર સ્વરનું યથાર્થ અનુકરણ કરીને બોલે છે તેમજ વાઘ

અને સિંહણથી જાણે ભય પામતા હોય તેમ ભયનું અનુકરણ કરે છે. (૧૩) વળી કોઈકવાર રમતાં રમતાં થાકી જાય છે ત્યારે ગોપજનોની ગોદમાં મસ્તક પધરાવીને તેમજ સાથળનું ઓશિંગણ કરી શ્રીબલભદ્રજી પોઢે છે ત્યારે શ્રીનંદકુમારજી મોટા ભાઈ શ્રીબલભદ્રજીના શ્રીચરણોની સેવા કરી શ્રીરામાવતારની લીલાનું અનુસંધાન કરાવતા શ્રમનું નિવારણ કરે છે. (૧૪) વળી, કોઈવાર બબ્બે ગોપાળની જૌડી બનીને નાચે છે, ગાય છે, મલ્લયુદ્ધ ખેલે છે,એકબીજાને ''આવીજા'' કહી બન્ને લલકારે છે કોઈવાર બન્ને હાથોથી પરસ્પર બાહુયુદ્ધને ખેલનારાઓને ''વાહ વાહ'' કહી વખાણી ''બહુ થયું'' કહી બન્ને વિખૂટાં પડે છે. (૧૫) કોઈવાર મલ્લયુદ્ધથી કવાયત લેતા પ્રભુ થાકી જાય છે ત્યારે વૃક્ષોની છાયામાં કોમલ પલ્લોવોની બનાવેલી શય્યાઓમાં ગોપકુમારોની ગોદનાં ઓશીકાં બનાવીને પોઢી જાય છે. (૧૬) આ અવસરે જેઓ પુણ્યશાળી હતા તેઓ મહાત્મા શ્રીકૃષ્ણનાં શ્રીચરણોની સંવાહના કરે છે.ત્યારે કેટલાક ભાગ્યશાળી ભગવાન શ્રીકૃષ્ણને પવન ઢોળે છે. (૧૭) ત્યારે કેટલાક મહામના ભગવાન શ્રીકૃષ્ણને સંતોષ આપતું ગાન કરે છે ત્યારે તેમની બુદ્ધિ સ્નેહથી આદ્ર બની જાયછે. જાણે એમ માનો કે ભીના કપડાંને કોરું કપડું અડતાં તે પણ ભીનું થઈ જાય છે તેવી સ્થિતિ આદ્ર મતિવાળા ભગવાનના ગુણગાન કરતાં મતિ આર્દ્ર બની જાય છે. (૧૮) રાજન્ ! પોતાના જ્ઞાનનેં અને સ્વરૂપને ગૂઢ રાખતા ભગવાન પોતાની સ્વાધીન માયાથી સર્વને પોતે ગોપકુમાર છે એવું જ બતાવે છે. અને પોતાને ગોપકુમારો પાસે નંદલાલ તરીકે જ ઓળખાવે છે, પરંતુ આ તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે. ભગવતી શ્રીરમાદેવી તો આ ભગવાનનાં શ્રીચરણોનું નિત્ય લાલન કરે છે તો પણ નંદલાલન ભગવાન તો ગ્રામ્યજનોને રસનો અનુભવ થાય માટે ગ્રામ્યજન જેવી જ ચેષ્ટા કરે છે. (૧૯)

લક્ષ્મીના ભાઈ તરીકે-લીલામાં ઉપયોગી તરીકે-ભક્તિના સંબધે શ્રીદામા અગ્રેસર બન્યા

'શ્રીદામા' નામના ગોપાલ હતા, નંદવંશમાં જ પ્રકટેલા હતા. રમાદેવીના ભાઈ હતા-લીલામાં ઉપયોગી હતા અને ભક્તિમાં પણ તેઓ ઉપયોગી હતા. આ શ્રીદામા શ્રીબલભદ્રજી અને શ્રીકૃષ્ણના ખાસ સખા હતા. આ સખાઓમાં મોટેરા બન્યા અને બાકીના સુબલ-સ્તોક-કૃષ્ણ નામના સખાઓ તેના અનુયાયી થયા. આ સર્વ સાથે મળી આવીને શ્રીકૃષ્ણ-બલભદ્રજીને વિનવવા લાગ્યા. (૨૦) હે મહાબાહુ મોટાબાઈ રામ ! અને દુષ્ટનિંકદન નંદ-નંદન શ્રીકૃષ્ણ ! આપણે પહેલા ગાયો ચારીએ છીએ ત્યાં સમીપમાં જ તાડની હારમાલાઓવાળું એક ''તાલવન'' છે. (૨૧) આ વનમાં એટલા બધાં તો ફલો છે કે ખાતાં ખૂટે જ ના. તેમાં વળી બીજા ઢગલે બંધ નીચે પડી જ રહ્યા છે,પરંતુ એક દુરાત્મા ધેનુકાસુર આ વનને ઘેરા વળીને બેઠો છે. (૨૨) હે મોટાભાઈ ! હે શ્યામસુંદર ! તે દૈત્ય અતિશય બળવાન છે, અને ગધેડાનું શરીર લઈને રહે છે, અને પોતાના જેટલા જ બળવાળા જ્ઞાતિજનોની સાથે તે વીંટાએલો છે. (૨૩) વળી આ તો મનુષ્યને જ ખાઈ જનારો છે, માટે તો લોકો એનાથી ડરી જાય છે, તેથી તો સઘળાએ એ વન જ છોડીં દીધું છે. અરે મનુષ્યની વાત તો શું પણ હે શત્રુનો નાશ કરનાર નાથ ! પશુ પક્ષીઓ પણ તે વનમાં નથી જતા. (૨૪) કોઈએ કદી નહીં ખાધાં હોય તેવાં ફલ તે વનમાં છે. એવી તો સુંગધ આવે છે કે ના પૂછો વાત ! આ વનના ફલની સુંગધને લીધે તો ચારે બાજુથી આ સુંગધ આવી રહેલ છે. (૨૫) આ સુંગધને કારણે તો અમારું મન એ ફલોમાં ખૂબ લોભાણું છે. માટે હે કૃષ્ણ ! તે ફલો અમને લાવી દો. હે મોટાભાઈ ! અમારી તલપાપડ દશા થઈ ગઈ છે, તો જો આપને રુચે તો મોટા ભાઈ ! અમને લાવી આપો. (૨૬) મિત્રોનાં વચન સાંભળી સુહજ્જનોનું પ્રિય કરવાની વૃત્તિથી મંદસ્મિત કરતા નંદનંદન અને રોહીણિનંદન તાલવન તરફ વળ્યા. (૨૭) તાલવનમાં પ્રવેશી દાઉદયાલ ભૈયાએ અત્યંત બલપૂર્વક બન્ને બાહુથી સારી રીતે તાલને હલાવ્યા અને હાથીની માફક ફળ નીચે પાડવા લાગ્યા. (૨૮) આ વખતે પડતાં ફલોના અવાજ સાંભળીને તે રાસભ-ગધેડાનું શરીર ધારણકરતો ધેનુકાસુર વૃક્ષો સાથે ધરણીને ધ્રુજાવતો ધરણી ધર બલભદ્ર પાસે આવી લાગ્યાં. (૨૯) એકદમ ઉતાવળો બલભદ્ર ભૈયા સમીપે આવી આદત પ્રમાણે પાછલા બે પગ ઉપાડી દાઉદયાલની છાતીમાં ઠોક્યા. ઓ ગોળ ગોળ ચક્કર લેતો ભૂંકવા લાગ્યો. એથી આ ગધેડો કહેવાય કે ઘર આંગણે આવેલા અતિથિઓને અઢળક સમૃદ્ધિ હોવા છતાં સત્કારતો નથી પણ ઉપરથી પ્રહાર કરે છે, તેથી તો તે ખલ છે. (૩૦) પાછો તે ધેનુકાસુર આવ્યો અને શિયાળની માફંક પાછો ફર્યો. અને ક્રોધે ભરાઈને પાછલા પગથી

બલભદ્રજીને પાટાં મારવા માંડ્યો. (૩૧) ત્યારે શ્રીબલભદ્રજીએ તેના ઉછાળેલા બે પગને પોતાના શ્રીહસ્તથી પકડી લીધા અને તેને ઉઠાવી ગોળ ગોળ ચક્કર ફેરવીને તાડના મૂલમાં પછાડ્યો ત્યાં તો ફેરવતાં જ તેના પ્રાણ ઊડી ગયા. (૩૨) તાડનાં મૂલમાં ધેનુકને પછાડતાંજ તે તાડ નીચે પડ્યો. પરંતુ તે મોટા ઘેરાવાવાળા તે તાડે બીજાના ઉપર, બીજો ત્રીજાના, ત્રીજો ચોથાના ઉપર પડતાં એ રીતે સર્વ તાડ નીચે પડી ગયા. (૩૩) શ્રીબલભદ્રજીએ રમત રમતમાં ફેકેલાં ધેનુકાસુરના દેહથી આઘાત પામેલા બધાં જ તાડ -વૃક્ષો પ્રલયના ઝંઝાવાતથી અથડાયેલાં વૃક્ષો માફક ધ્રૂજી ઊઠ્યાં. (૩૪) અનંત બલવાળા જગદીશ્વર ભગવાન શેષનારાયણ બલભદ્રજીમાટે આ કાંઈ કોઈ મહત્વની વાત નથી. આ સમસ્ત વિશ્વ વસ્ત્રમાં વણાયેલા તાણાવાણા જેવું બલભદ્રજીમાં ઓતપ્રોત છે. એઓ માત્ર એક હલાવે એમાં તો સમસ્ત વિશ્વ હાલી ઊઠે. જેમ વસ્ત્રમાંનો એક તાંતણો ખેચતાં આખું વસ્ત્ર ખેંચાઈ આવે છે. (૩૫) ત્યારબાદ રોષે ભરાએલા ધેનુકની નાતના નાતીલા રાસભો પોતાના બંધુજનનો નાશ થવાથી કૃષ્ણ બલભદ્રજીને મારી નાખવા માટે દોડી આવ્યા. (૩૬) ભગવાન શ્રીકૃષ્ણજી અને બલભદ્રે રમતાં રમતાં જ હે રાજન્ ! પરીક્ષિત પાછલા પગ પકડી પકડીને રાજલીલાની માફક તાડનાં તરુવરોમાં તેમને પછાડી નાખ્યા. (૩૭) રાજન્ ! આ ટાણે જેમ મેઘથી આકાશ દીપી ઊઠે તેમ મરેલા અને પડેલાં તે બધા જ તેઓને લીધે તેમજ તાડનાં ફળોને લીધે ધરણી સોહામણી બની ગઈ. (૩૮) ભગવાન કૃષ્ણ અને શ્રીબલદાઉ ભૈયાના આ દિવ્ય પરાક્રમને નિહાળીને દેવોએ પુષ્પની વૃષ્ટિ કરી તેમજ વિવિધ વાજિંત્રનો નાદ કરી ગુણગાન કરવા લાગ્યા. (૩૯) બાળકો તેમજ મનુષ્ય માત્રનો, હવે ધેનુકાસુર તરફથી થતો ભય ચાલ્યો ગયો. તેથી નિર્ભય બનીને તાડના ફળને સુખેથી ખાવા લાગ્યા. તેમજ ગોધન પશુધન પણ તાડનાં ફળ ખાવા લાગ્યાં અને ધેનુકના વનમાં સર્વ નિર્ભય બની ચરવા લાગ્યા. (૪૦) આ પછી કમલનયન અને વિશ્વને પવિત્ર કરનાર યશરૂપ તીર્થવાળા, ગોપ મિત્રોથી ગુણો ગવાતા ગોવિંદ બલભૈયા સાથે ગોકુલમાં પ્રવેશ્યા. (૪૧)

ચાર પુરુષાર્થો અને દશ રસયુક્ત શ્રી રસરાજની વ્રજરસિકાઓને પ્રાપ્ત થયેલી ઝાંખી

तं गोरजश्छुरितकुन्तलबद्धबर्ह- वन्यप्रसूनरुचिरेक्षणचारुहासम् ॥
वेणुं क्वणन्तमनगैरनुगीतकीर्तिं-गोप्यो दिद्दक्षितद्दशोभ्यगमन् समेताः ॥ ४२ ॥
पीत्वा मुकुन्दमुखसारधमक्षिभूंगै-स्तापं जहुर्विरहजं व्रजयोषितोह्नि ।
तत्सत्कृतिं समधिगम्य विवेश गोष्ठं - सव्रीडहासविनयं यदपाङ्गमोक्षम् ॥ ४३ ॥

[કૃપાસિન્ધુ ભગવાન વનમાં ગોચરણ સમયે વૃક્ષો ધર્મ-અર્થ-કામ-મોક્ષ નામના ચાર પુરુષાર્થોથી ભરેલા વૈષ્ણવશિરોમણિઓ છે તેમજ મયૂર, હંસ વગેરે દશ રસના મૂર્તિમન્ત સ્વરૂપો છે એવું કહીને ચૌદ રસપૂર્ણ ગોપોની સંસ્કૃતિનાં દર્શન કરાવ્યાં હતા, પરંતુ આ ચતુર્દશ એટલે ચૌદ રસનાં દર્શન રસાવતાર સાક્ષાત્ શ્રુતિઓ જેવાં શ્રીવ્રજગોપીજનોને કરાવવાનો કરુણાનિધિ શ્રીકૃષ્ણ ભગવાનનો મનોરથ થતાં ભગવાન તે દર્શન કરાવે છે તેનું આ બે શ્લોકોમાં નિરૂપણ છે.]

વનમાંથી વ્રજમાં પધારતા શ્રીરસરાજ શ્યામસુંદરજીના વાંકડિયાળા વાળમાં ગાયોની ચરણની ઉડેલી રજ સભર ભરેલી છે. શ્રીમસ્તક ઉપર મયૂરપિચ્છના મુકુટ છે. વળી આ મયૂરપિચ્છ સાથે વનનાંતાજાં સુંદર સુવાસભર્યાં પુષ્પો ધર્યા છે, આવા સૌન્દર્યથી હૃદયને સ્પર્શતા રસરાજનાં મુખારવિંદના મન્દ હાસ્ય અને હૃદયનું આકર્ષણ કરી લેતી નજરવાળાં દર્શન કરવા વ્રજનારીઓ સમૂહમાં મળી સાયંકાલે દોડી આવ્યાં છે. શ્યામમનોહરજી પોતાના સખાઓ અને બલભદ્રભૈયાની મધ્યમાં વીંટળાએલા પધારી રહ્યા છે, સખાઓ શ્યામનાં ગુણગાન કરી રહ્યા છે અને સ્વંય રસરાજ પ્રભુ મધુર વેણુનાદ કરી રહ્યા છે. આ શ્રીમધુરાધિપતિ શ્રીમુકુન્દનું મુખકમલ તો મધુર રસ છલકાતો આનંદનો મધુપુટ-મધપુડો છે. આ અવસરે શ્રીશુકાચાર્યજી બોલી ઊઠ્યાં કે જુઓ જુઓ રાજન્ ! આ મધુપુટની ચારે ગમ મધુપાન માટે ડૂબી ગયોલાં જે શ્રીવ્રજનારીઓના નેત્રો છે. તેતો બધા રસપ્યાસા ભ્રમરોજ છે. દિવસભરના વિરહથી તપી ઉઠેલા હૃદય વાળા વ્રજયોષિતાઓ એટલે વ્રજ નારીઓ દર્શનરસનાં પાન કરીને શીતલતા પામી રહ્યા છે, અને વ્રજમાં નંદાલયે પધારતા ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે આ મારાં દર્શન કરતી વ્રજનારીઓ એમનાં અવલોકન નામનાં પુષ્પોથી મારું સન્માન-સત્કાર

કરી રહ્યા છે. આ સત્કાર નો સ્વીકાર કરતા, સહજ લજ્જા-હાસ્ય અને વિનયપૂર્વક આદરથી સ્વીકારતા ભગવાન નંદાલય તરફ પધાર્યા. (૪૨,૪૩)

સર્વશક્તિમાન ભગવાનને પણ માતાપિતાની આશિષ

રાજન્ ! જ્યારે બન્ને કુમારો નંદનિકેતન પધાર્યા ત્યારે પુત્રવાત્સલ્યથી ઉભરાતી શ્રીયશોમતી માતા અને શ્રી રોહિણીજી માતા મનમાની અને મનમાગી આશિષો વરસાવવા લાગ્યા. (૪૪) નંદભવનમાં પધારીને શ્રી બલભદ્રભાઈ અને નંદલાલજીએ પથના પરિશ્રમને દૂર કરવા કાજે અંગમર્દન અને સુંગધિત ચૂર્ણોથી સ્નાન કર્યાં અને માર્ગનો થાક ઊતરી ગયો. સ્નાન કરાવ્યા બાદ પુનઃ માતાઓએ વાઘા-વસ્ત્રો-માલાજી ધર્યાં અને ચંદનના લેપ કીધા. (૪૫) વહાલસોયી માતાએ લાડ લડવતાં મધુર સ્વાદિષ્ટ ભોજન કરાવ્યા. પુનઃસુખશય્યા સજાવીને બન્ને કુમારોને વહાલ કરી પોઢાવ્યા અને શ્રી વ્રજરાજ અખિલ વ્રજમાં ભક્તજનો સાથે પોઢ્યા. (૪૬) એક દિવસ કૃપાનિધાન શ્રીકૃષ્ણજી બલભદ્ર ભૈયા વિના એકલા નિજ મિત્રજનો સાથે શ્રી વૃન્દાવનમાં વિચરતા શ્રીકાલિન્દીજીને તીરે પધાર્યા. (૪૭) રાજન્ ! હજી શ્રીકૃષ્ણ ભગવાન શ્રીયમુનાજીના તટમાં પધાર્યા નથી તે પહેલાં તો આગળ દોડતી ગયેલી ગાયો અને ગ્વાલબાલો ઉનાળાના તાપથી અત્યંત તપેલાં અનેતરસ્યા થયેલા હોઈ ઉતાવળે કાલિન્દીજીના જલમાં ઊતરી પડીને કાલીય નાગના વિષથી દુષિત થયેલા જલને પેટભરી તેમણે પીધુ. (૪૮) રાજન્ ! આ કાતિલ ઝેરથી ભરેલા જલનો સ્પર્શ થતાં જ દુર્દૈવ વશ ચિત્તવિવેક ચાલ્યોજતાં પ્રાણ ગુમાવી બેઠા અને હે કુરુકુલદીપક નરેશ ! કાલિન્દીના તીરે સર્વ નિશ્ચેતન થઈને પડ્યાં. (૪૯) જ્યારે કાલિન્દી તીરે નાથ પધાર્યા અને જોયું તો ગાયો અને ગોપબાલોને મરેલાં જોયા ત્યારે ભગવાને વિચાર કર્યો કે આ ગાયો અને ગોપોનો તો હું નાથ છું તો મારે એમને જીવન આપવું જ જોઈએ. એમ વિચારીને અમૃત વર્ષતી દષ્ટિથી સર્વને સજીવ કર્યા. (૫૦) ગોપબાલો અને ગાયો જ્યારે ભાનમાં આવ્યા ત્યારે પ્રાણ ગુમાવી બેઠેલા ફરીથી પોતાને બેઠાં થયેલાં જાણી ને કેવલ શ્રીગોવિન્દ ભગવાનનો જ અનુગ્રહ છે એમ માનવા લાગ્યા. (૫૨)

अन्वमंसत तद् राजन् गोविन्दानुग्रहेक्षितम् । पीत्वा विषं परीतस्य पुनरुत्थानमात्मनः ॥ ५२ ॥

શ્રીમદ ભાગવતપીયૂષના દશમ સ્કંધ નિરોધ લીલાતામસ પ્રકરણના પ્રમેય પ્રકરણમાં ૧૫ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૧૬

[આ અધ્યાયમાં ૬૭ શ્લોકો છે. પ્રમેય પ્રકરણનો આ બીજો 'વીર્ય' નામના ધર્મનું નિરૂપણ કરતો કાલીયનાગનાથન નામની લીલાનો અધ્યાય છે. વિષય તરફ ઢળેલી ઈન્દ્રિયો જ મૃત્યુરૂપ છે.કારણ કે તેમાં વિષય નામનું વિષ ભરેલું છે.આઈન્દ્રિયો કાલીયના મસ્તક રૂપ પત્નીઓ છે. ભગવાન જો આ મસ્તકો ઉપર નૃત્ય કરે તો સમસ્ત લોકોના ઈન્દ્રિય દોષો દુર થાય તેથી જ ભગવાને નૃત્ય કર્યું છે. કાલીયનાગની પત્નીઓ ભગવાનની સ્તુતિ કરીને કાલીયને છોડાવશે ત્યાર બાદ કાલીય ભગવાનનો યશ ગાશે. ભગવાનના અનુગ્રહથી કાલીય અભય બનશે.]

श्रीशुक उवाच- विलोक्य दूषितां कृष्णां कृष्णः कृष्णाहिना विभुः । तस्याविशुद्धिमन्विच्छन् सर्पं तमुदवासयत् ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યુ કે રાજન્ પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણે કૃષ્ણાહિ એટલે કાલીયનાગે શ્રીકૃષ્ણા એટલે શ્રીયમુનાજીનાં જલને વિષવાળાં દૂષિત કરેલા જોયાં ત્યારે સમર્થ પ્રભુએ શ્રીયમુનાજીના જલની નિર્મલતા માટે કાલીયને કાલિન્દીજીના ધરામાંથી દૂર કર્યો. (૧) શ્રીશુકાચાર્યજીના શ્રીમુખેથી માત્ર એક જ શ્લોકમાં ભગવાનના વીર્ય-ચરિત્રને સાંભળીને ન ધરાતા રાજાએ પ્રશ્ન પૂછયો કે ભગવન્ ! આ અગાધ કાલિન્દીજીના જલમાં કાલિયને શી રીતે નાથીયો હે નાથ કાલિયતો ઘણા યુગથી ત્યાં કાલિયના ધરામાં નિવાસ કરીને રહ્યો હતો તે સર્વ વાત કહો. (૨) હે બ્રહ્મન્ ! આપ તો સર્વજ્ઞ છો તેથી આપને સર્વ પૂછી શકાય ભગવાન તો પરમ મહાન છે, સ્વતંત્ર છે, ગોપાલ છે અને પરમ ઉદારચરિત્ર છે આવા પ્રભુનાં ચરિત્રોને સાંભળતાં કે સેવતા કોણ ધરાય ? (૩) રાજાનો પ્રશ્ન સાંભળી શ્રીશુકાચાર્ય પ્રસન્ન થયા અને આગળનો પ્રસંગ સંભળાવતા બોલ્યા કે રાજન્ ! શ્રીયમુનાજીમાં કાલીયનાગનો એક ધરો છે આ જલના ધરામાં

કાલીયનાગના વિષાગ્નિથી સદા ધરાનું જલ ખળખળ ઊકળ્યા કરે છે. એના ઉપરથી જનારાં-પસાર થનારાં પક્ષીઓ તેની ઝાળથી બેભાન બની ખેંચાઈ જલમાં મરણ પામે છે. આ ઝેરીલા જલના તંરગોમાંથી ઊડી ઊડીને જલકણો જ્યાં જ્યાં કિનારા ઉપર પડે ત્યાંનાં પશુ-પક્ષી-પ્રાણીઓ-વૃક્ષો અને વેલીઓનો નાશ કરી નાખે છે. જડચેતન કોઈ પણ જીવતાં નથી. (૫)

કરુણાસિંધુ વિશ્વબંધુ શ્રીકૃષ્ણ ભગવાનનું કાલીયધરામાં અવતરણ

આ ખતરનાક ઝેરીલા કાલીયનાગને અને તેના ઝેરથી શ્રીયમુનાજીના જલને ઝેરીલાં બનાવી દીધેલાં જોઈને દુષ્ટોનું કેવલ નિયમન-દંડ કરવા અવતરેલા ભગવાન શ્રીકૃષ્ણે તીરે આવેલા અત્યંત ઊંચા કદમ્બ વૃક્ષ ઉપર ચઢીને મહામલ્લની માફક સાથળ અને બાહુ ઉપર હાથ ઠોકીકેડ બાંધી દઈ અત્યંત વેગથી તે વૃક્ષની ટોચ ઉપરથી ઝેરીલા તે કાલીયધરાના જલમાં ઝંપલાવી દીધું. (૬) જ્યાં પુરુષોત્તમ પ્રભુએ પાણીમાં પડતું મૂક્યું કે કાલીય ખળભળી ઊઠ્યો અને તેણે વિષ ભર્યો શ્વાસ લીધો અને તેના શ્વાસોચ્છ્વાસથી જલરાશિ ઊછળી ઊઠ્યો. આટલે ઊંચેથી ભગવાને કૂદકો માર્યો એટલે જલના તરંગો ઊડવા લાગ્યા. વિષથી ઝેરીલો બનેલો જલરાશિ ઘુમરીઓલેવા લાગ્યો અને ભગવાનના પડવાથી સો ધનુષ્ય બરાબર ચારસો હાથ ઊંચે અને ચારેબાજુ ધરાના જલ ઊડવા લાગ્યા. આમ થયું એ કાંઈ અનન્ત બલિષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણ માટે જરા પણ મહત્ત્વની વાત ન કહેવાય ! ભગવાન તો ભયાનક એવા કાલીયને હટાવવા સદા સમર્થ છે. (૭) આ કાલીયના ધરામાં શ્રેષ્ઠ હાથીના જેવા પરાક્રમશીલ વિહાર કરી રહેલા ભગવાન શ્રીકૃષ્ણની બન્ને ભુજાઓના પ્રહારથી કાલિન્દી જલમાં થઈ રહેલા શબ્દને જ્યારે કાલીય નાગે પ્રથમ સાંભળ્યો ત્યારે તે પોતાના જ ભવનમાં કોઈ પ્રવેશ કરી પોતાનો કોઈ પરભવ કરે તે વેઠી ન શક્યો અને ભગવાન શ્રીકૃષ્ણની સામે ધસી આવ્યો. (૮)

કાલીયનું પરમ ભાગ્ય કે ભગવાન શ્રીકૃષ્ણની ઝાંખી પામ્યો

રાજન્ ! પ્રાણી માત્રને માટે દર્શન કરવા યોગ્ય, અતિશય સુકોમલ,મેઘ સમાન શ્યામ અને ઉજજવલ, વક્ષઃસ્થલમાં શ્રી વત્સલાંછનને શોભાવતા, પીતાંબરને દીપાવતા, મન્દ મધુર હાસ્ય ભર્યા. સુંદર મુખારવિંદવાળા વળી નિર્ભય બની ક્રીડા કરતાં, કમલ સમાન કોમલ ચરણકમલવાળા ભગવાનના મર્મ પ્રદેશમાં દંશ કરીને પોતાની કાયાથી ભગવાનને વીંટળાઈ વળ્યો. (૯) જ્યારે કાલીય નાગની કાયાના ભરડામાં આવેલા અને તેથી સર્વથા ક્રિયાશૂન્ય ભગવાન શ્રીકૃષ્ણને જોયા ત્યારે ગોપકુમારો પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણ ભગવાનને જોઈ અત્યંત કલેશ પામ્યા. આર્તસ્વરે પોકારી ઊઠ્યા અને રાજન્! જે પશુધન અને પશુપાલ ગોપકુમારો, પોતાના દેહ-આત્મા-કુંટુંબ-સ્વજન-ધન-સ્ત્રી-પરિવાર તેમજ પોતાની કામનાઓ ભગવાન શ્રીકૃષ્ણના શ્રીચરણોમાં ન્યોછાવર કરી ચૂક્યા છે તે સમસ્ત મિત્રો, દુઃખ-શોક-ભયથી સર્વથા મૂઢ બની ગયા એટલું જ નહી પણ પ્રાણ ત્યજી ધરણી ઉપર ઢળી પડ્યા. (૧૦) આ અવસરે શ્રીકૃષ્ણને પ્રાણ સમર્પી ચૂકેલાં ગાયો-વાછરડાંઓ પુષ્કળ આક્રંદ કરવા લાગ્યા અને ભગવાન શ્રીકૃષ્ણના સન્મુખ જોઈ જોઈ રોવા લાગ્યા. (૧૧)

દુનિયાના દૂર દૂરને છેડે રહેલાં છતાં દિલમાં વસેલાં સ્વસંતાનોની પીડા માતાપિતાથી અજાણી નથી રહેતી.

જ્યારે કાલીયનાગે શ્રીકૃષ્ણ ભગવાનને ભરડામા લીધા ત્યારે વ્રજમાં પણ ત્રણ પ્રકારના મહાન ઉત્પાતો થવા લાગ્યા. આકાશ, પાતાળ, પૃથ્વી અને અન્તરિક્ષમાં પણ જાણે જલ્દી થઈ જનારા પ્રલય અને ભયના ચિહ્નો જણાવા લાગ્યા. (૧૨) આવા અતિભયાનક ઉત્પાતો જોઈને શ્રી નંદબાવા અને યશોદા મૈયાજી અને સમસ્ત ગોપજનો આજે બલભદ્ર વિના એકલા કૃષ્ણ ગોચરણ માટે પધાર્યા છે એ જાણીને અતિશય ભયભીત બની ઊઠ્યા. (૧૩) ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીના મહિમાને ન જાણનારા અને ભગવાનને માત્ર પોતાના પુત્ર છે એટલું જ માનનારા પોતાના પ્રાણો અને પોતાના મન શ્રીકૃષ્ણને જ ન્યોછાવર કરી ચૂકેલા શ્રીનંદરાયજી અને શ્રી યશોદાજી અનેક પ્રકારનાં દુર્નિમિત્તોને જોઈ અમંગલ એંધાણો જોઈને શ્રીકૃષ્ણ માટે અમંગલ આશંકાઓ કરતાં અતિશય દુઃખ, શોક અને ભયથી આતુર થયા. (૧૪) ભગવાન શ્રીકૃષ્ણ માટે અનિષ્ટની શંકા સેવતાં વૃદ્ધ, બાલકો અને સ્ત્રીઓ સુદ્ધાં પશુઓને જેમ વસ્ત્રાદિનું ધારણ કરવાનું

ભાન નથી હોતું તેવાં જ ભાન વિનાનાં બનીને પ્યારા શ્રીકૃષ્ણનું મુખદર્શન કરવાનીલાલસાથી દીન બનેલાં ગોકુલમાંથી વનમાં જવા નીકળી પડ્યાં. (૧૫) રાજન્ ! પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણને તેમના ચરણચિહ્નોની એધાણીથી રસ્તામાં શોધતા શોધતાં શ્રીયમુનાજી ઉપર આવી પહોચ્યાં. (૧૬) ત્યાં માર્ગમાં શ્રીકૃષ્ણચન્દ્રજીના ચરણકરલોમાં બિરાજતા યવ-કમલ-અકુંશ-ધ્વજ-વ્રજ વગેરે ચિહ્નોવાળાં શ્રીકૃષ્ણનાં પગલાંને ગાય-વાછરડાંના પગલાંની વચમાં વચમાં જોતાં જોતાં અતિશય ઉતાવળે ચાલી નીકળ્યા. (૧૭) વ્રજવાસીઓની આ વ્યથાને જોઈને બલભદ્રજી જરાક હસ્યા પણ કાંઈ બોલ્યા નહીં કારણ કે તેઓ તો પોતાના નાના ભાઈ શ્રીકૃષ્ણના સામર્થ્યને અને પ્રભાવને સારી રીતે જાણતા હતા. (૧૮) ત્યાં આવીને જોયું તો કાલીય નાગના ધરાની અંદર કાલીય નાગના ભરડામાં આવી ગયેલા, કાંઈ ચેષ્ટા ન કરતાં કૃષ્ણને જોઈને અને જલાશયના કિનારા ઉપર બુદ્ધિશૂન્ય બની ઉભેલા ગોપો અને ગાયોને આક્રંદ કરતાં જોઈને શ્રી નંદરાયજી વગેરે અતિશય દુઃખી થયા. (૧૯) ભગવાન શ્રીકૃષ્ણમાં અત્યંત અનુરાગવાળાં ગોપીજનો શ્રીકૃષ્ણના સ્નેહનું સ્મિતહાસ્યનું, કૃપાભર્યા અવલોકનનું, મધુર વાણીનું સ્મરણ કરી કરીને આજે કાલીયના વશમાં બંધાયેલા પ્યારા કૃષ્ણને જોઈને દુઃખમાં ડૂબી ગયાં અને પ્રિયતમ કૃષ્ણ વિનાના ત્રણે લોકને શૂન્યવત્ જોવા લાગ્યા. (૨૦) માતા યશોદાજી તો વહાલા પુત્રની પાસે જ દોડી ગયાં અને ગોપીજનો મતા યશોદાજીને પકડી રુદન કરવા લાગ્યાંત્યારે અનેક ગોપીજનો ભગવાન કૃષ્ણના શ્રીમુખને જોઈ રહી મરેલા જેવાં બનીને બેસી રહ્યા. (૨૧) કેવલ કૃષ્ણ માટે જ પ્રાણ ધારણ કરનારા શ્રી નંદરાયજી અને અન્ય ગોપ જનોને ધરામાં પ્રવેશતાં નિહાળીને શ્રીકૃષ્ણ ભગવાનના મહિમાને જાણનારા શ્રી બલભદ્રજીએ તેમને રોકી રાખ્યા. (૨૨) ભગવાન શ્રીકૃષ્ણે વિચાર્યું કે આ મારા ગોકુલને મારા વિના અન્ય કોઈ ગતિ નથી કે અન્ય કોઈનો આશ્રય નથી કે મારા વિના બીજો કોઈ નાથ નથી ગોકુલ આજે મને કાલીયની નાગચૂડમાં પડેલો જોઈને સ્ત્રી અને કુમારો સહિત દુઃખી થઈ રહેલ છે તો હવે મે મનુષ્ય જેવી ક્ષણ-માટે નાટયલીલા બતાવી નાગના બંધનમાં રહ્યો. હવે નાગના બેધનમાંથી મુક્ત થાઉં એમ નિર્ણય કરી નાગના બંધનમાંથી છૂટા થઈ ગયા. (૨૩) રાજન ! હવે ભગવાન કૃષ્ણે નાગના બંધનમાંથી મુક્ત થવા માટે નાગથી વીંટાએલા પોતાના શ્રીઅંગને ધીરે ધીરે વધારવા માંડ્યું તેથી કાલીયના અંગના આંકડા તૂટવા લાગ્યા અને કાલીય નાગ દુઃખી થઈ ગયો.તેણે ભગવાન કૃષ્ણ ઉપર લગાવેલો નાગબંધ છોડી દીધો અને પોતાની ફેણો ઊંચી કરી ભગવાનની સામે થયો. તેની બે નાસીકાનાં છિદ્રો, બે આંખના છિદ્રો અને મુખનું છિદ્ર એમ મળીને પાંચ છિદ્રોમાંથી વિષ કાઢવા લાગ્યો અને ભાડભુંજાની તપેલી કડાઈ જેવાં તેનાં બે નેત્રોથી તાકી તાકી સામે જોવા લાગ્યો. અને ઉંબાડિયા જેવા મુખથી પણ અગ્નિન પ્રકટ કરી ભગવાનનો સામનો કરવા લાગ્યો. આમ તો તેના પોતાનાં જ મુખ વગેરે છિદ્રોમાંથી નીકળતા અગ્નિથી તે બળી જવો જોઈએ પરંતુ ભગવાન સન્મુખે બિરાજતા હતા તેથી જ બચી ગયો. બે જીભીવાળી જીભને મુખના છેડાના ભાગ ઉપર ચપલતાથી ફેરવતો અતિશય ભયાનક વિષરૂપ અગ્નિવાળી આંખો કાઢતો કાલીયનાગ ભગવાનની સામે ઊભો રહ્યો ત્યારે ગરુડજી જેમ પોતાનો ખોરાક માની નિર્ભયતાથી ફરે તેમ ભગવાન તેના મસ્તક પર ચઢવાનો લાગ જોતાં ક્રીડા કરતા કાલીયની ચારે બાજુ ગોળ ગોળ ચક્કર લેવા લાગ્યા. રાજન્! અગ્નિ જેમ કાષ્ઠથી ભય ન પામે તેમ કાલીયથી જરા પણ ન ડરતાં તેમજ કાલીયને ક્રોધ ભરાએલ જોવા છતાં કૃષ્ણ કાલીય સોથે ગોળ ગોળ રમવા લાગ્યા.૨૫ આ અવસરે કાલીયનાગ યુદ્ધ કરવાનો લાગ શોધતો આ રીતે ગોળગોળ ઘૂમતા તેના અંકોડા ભાગી ગયા અને બલ ક્ષીણ થઈ ગયું. ત્યારે કાલીયનાગ કેવલ ફણાઓ ઊંચી કરીને સમો ઊભો રહ્યો. એ વખતે તેના બન્ને માથા ઉપર બન્ને ચરણો સ્થાપી બીજા મસ્તકો બે કરકમલથી નમાવી શેષ ઉપર પોઢવાના અભ્યાસવાળા આદ્યનારાયણ શ્રી ભગવાન કૃષ્ણતેના મસ્તકો ઉપર ચઢી ગયા. આ અવસરે કાલીયનાગનાં અનેક મસ્તકો- રહેલા અનન્ત રત્નોની કાંતિ ભગવાનમાં રક્તવર્ણા શ્રી ચરણો ઉપર પડતાં કમલ-કોમલ ચરણો અત્યંત રક્તવર્ણ શોભી રહ્યાં હતા., અને અખિલ કલાના અને લોકના ગુરુ નૃત્ય કરવા લાગ્યા. (૨૬) ભગવાન જ્યારે કાલીયના મસ્તક ઉપર નૃત્ય કરવા તત્પર થયા ત્યારે દેવો ગન્ધર્વો, સિદ્ધો, મુનિઓ, ચારણો અને દેવાંગનાઓ પુષ્કળ આનંદમાં આવીને નૃત્ય સમયે આવશ્યક એવા મૃદંગ સાજ લઈ ભગવાન શ્રીકૃષ્ણની સેવામાં ઉપસ્થિત થયાં અને સેવા કરવા લાગ્યાતેમજ પુષ્પવૃષ્ટિ કરવા

લાગ્યા. (૨૭) એકસો અને એક ફેણઆવાળા કાલીય નાગનું જે જે મસ્તક નમતુ નથી તે તે મસત્ક ઉપર ખલને દંડ કરનારા ભગવાન ઠેસ મારી મારીને નમાવી દેવા લાગ્યા ત્યારે તેનું આયુષ્ય ક્ષીણ થઈ ગયુ.તેના નાક અને મુખમાંથી રુધિરનો પ્રવાહ વહેવા લાગ્યો. અને કાલીયં નાગ દુ:ખી દુ:ખી થઈ ગયો. (૨૮) હવે તેના નેત્રમાંથી વિષ ઝરવા લાગ્યુ એને તે ક્રોધ કરીને માથાં ઊંચકવા લાગ્યો ત્યારે ભગવાન માથા ઉપર પગ મૂકીને ખૂબ જ સારા પ્રમાણમાં મસ્તકને નમાવી દે છે. આ રીતે જ્યારે એનું દમન કરે છે ત્યારે ભગવાન પુરાણપુરુષ જાણે પુષ્પોથી પૂજાતા હોયએમ જ લાગે છે. (૨૯) રાજન્ ! શ્રીકૃષ્ણપ્યારાનો તે ચિત્રતાંડવ નૃત્યથી કાલીય નાગનાં ફણારૂપ છત્રો જર્જરિત થઈ ગયા.મુખમાંથી રુધિર વહેલા લાગ્યા, તેનાં ગાત્રએટલે અંગો ભાંગી ગયા, ત્યારે સર્વથા શિથિલ બનેલ આ તો સ્થાવર અને જંગમના ગુરુ સ્થાવર-જંગમમાં સર્વશ્રેષ્ઠ અને સર્વના પૂજ્ય નારાયણ પુરાણ-પુરુષ ભગવાન શ્રીકૃષ્ણ છે એવું ભાન થતાં કૃપાનિધિ કૃષ્ણને અનન્ય મનથી શરણે આવ્યો. (૩૦) અખિલ જગતનો ગર્ભમાં ભાર ધરાવતા ભગવાન કૃષ્ણના ભારથી ખૂબજ પીડાયેલા, વળી ભગવાનની પાનીઓના પ્રહારથી ભાગીને ભુક્કો બની ગયેલ ફણારૂપી છત્રોવાળા પતિ કાલીય નાગને નિહાળીને દુ:ખી દુ:ખી થએલી, સરી જતાં વસ્ત્રો અલંકારોવાળી, છૂટા વેરાઈ ગએલા કેશ-વેણીઓવાળી નાગપત્નીઓ ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં ઢળી પડી. (૩૧)

કાલીય પત્નીઓની શરણાગતિ શરણાગતવત્સલ શ્રીકૃષ્ણની એકવીશ શ્લોકમાં સ્તુતિ

तास्तं विषण्णमनसोथ पुरस्कृतार्भा:- कायं निधाय भुवि भूतपतिं प्रणेमु: ।
साध्व्य: कृतांजलिपुटा: शमलस्य भर्तु-र्मोक्षेप्सव: शरणदं शरणं प्रपन्ना: ॥ ३२ ॥

રાજન્ ! શ્રી કાલિન્દીજીના તટની ભૂમિ ઉપર, અથવા જલમાં જ પ્રકટેલી અધિદૈવિક ભૂમિ ઉપર આત્મનિવેદન કરતી દુ:ખી થેએલી સાધ્વી એવી કાલીય નાગની પત્નીઓએ પોતાનાં બાલકોને શ્રીબાલમુકુન્દ કૃષ્ણના ચરણોમાં ધરી દીધાં, પોતાની કાયા ધરણી ઉપર ઢાળી દીધી, ભૂતમાત્રના સ્વામી ભગવાનને દંડવત્ કર્યા. કરકમલની અંજલિ જોડી દીધી, અને અપરાધી એવા પોતાના સ્વામી કાલીયને મુક્ત કરાવવા માટે શરણાગતપાલક શ્રીનંદલાલાજીના શ્રીચરણોમાં શરણે આવ્યાં. (૩૨)

[નાગપત્નીઓ ૨૧ શ્લોકથી ત્રણ વિભાગમાં શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ કરે છે. પ્રથમ છ શ્લોકમાં પ્રભુને નિવેદન કરશે, આપે કાલીયનાગને દંડ કર્યો છે તે યોગ્ય કર્યું છે. ત્યાર બાદ દશ શ્લોક દ્વારા ભગવાનને નમસ્કાર કરશે અને અંતમાં પાંચ શ્લોકથી ભગવાનની સ્તુતિ કરશે. આ પ્રકારે ૨૧ શ્લોકમાં ભગવાનની ત્રણ પ્રકારે સ્તુતિ કરી છે.]

नागपत्न्य: ऊचु:- न्याय्यो हि दण्ड: कृतकिल्बिषेस्मिंस्तवावतार:) खलनिग्रहाय ।
रिपो: सुतानामपि तुल्यद्दष्टे-र्धत्से दमं फलमेवानुशंसन् ॥ ३३ ॥
अनुग्रहोयं भवत: कृतो हिनो दण्डोसतां ते खलु कल्मषापह: ।
यद् दन्दशूकत्वममुष्य देहिन: क्रोधोपि तेनुग्रह एव सम्मत: ॥ ३४ ॥
तप: सुतप्तं किमनेन पूर्वं निरस्तमानेन च मानदेन । धर्मोथ वा सर्वजनानुकम्पया यतो भवांस्तुष्यति सर्वजीव: ॥ ३५ ॥
कस्यानुभावोस्य न देव विद्महे तवाङ्घ्रिरेणुस्पर्शाधिकार: ।
यद् वाञ्छया श्रीर्ललनाचरत् तपो विहायं कामान् सुचिरं धृतव्रता ॥ ३६ ॥
न नाकपृष्ठं न च सार्वभौमं न पारमेष्ठयं न रसाधिपत्यम् ।
न योगसिद्धीरपूनर्भवं वा वाच्छन्ति यत्पादरज: प्रपन्ना: ॥ ३७ ॥
नदेष नाथाप दुरापमन्यैस्तमोजनि: क्रोधवशोप्यहीश: । संसारचक्रे भ्रमत: शरीरिणो यदिच्छत: स्याद् विभव: समक्ष: ॥ ३८ ॥

નાગપત્નીઓ નમસ્કારપૂર્વક નાથના શ્રીચરણોમાં નિવેદન કરતાં બોલ્યાં કે ભગવન્ ! આપના અપરાધી કાલીય નાગને આપે શિક્ષા કરી તે સર્વથા યોગ્ય જ કર્યું છે દંડના પ્રકારમાં કૃપાપાત્રને અલ્પદંડ થાય છે. મર્યાદામાં અપારાધી

હોય તો મધ્યમ પ્રમાણમાં થાય છે. જ્યારે તે અતિશય દુષ્ટ જ હોય તો કઠોર શિક્ષા થાય છે. આપે તો આ કાલીયને વધુ દંડ ન કરતા મધ્યમ સર શિક્ષા કરી છે. આપનું પ્રાકટ્ય જ ખલજનના નિગ્રહ માટે છે. આપની શત્રુ કે મિત્ર માટે સમદષ્ટિ જ હોય છે,. પિતા પુત્રના હિતને વિચારીને ઉત્તમ ફલ દેવા માટે જ પુત્રને શિક્ષા કરે છે. કે જેમાં વાત્સલ્ય ભારોભાર ભરેલ છે. તેમ જ આ કાલીયને શ્રેષ્ઠ ફલ દેવા માટે જ આપે શિક્ષા કરી છે. (૩૩) વાસ્તવિક રીતે જોતાં તો આ દંડ જ નથી પરંતુ અનુગ્રહ જ છે કારણ કે અસજ્જનને શિક્ષા કરવી તે કેવલ તેના પાપોની વિશુદ્ધિ માટે જ હોય છે. ક્રોધના પરિણામે જ જીવને સર્પનું શરીર સાંપડે છે. આપે તેના અભિમાનને દૂર કરીને તેના ક્રોધનું જ નિવારણ કર્યું છે. ખરે ''કૃપાસિંધુનો ક્રોધ પણ કલ્યાણમય પ્રસાદ'' જ છે. (૩૪) નાથ એક નવાઈ લાગે છે કે કાલીયનાગે તો આ જન્મમાં કોઈ તપ આચર્યું હોય એવું મારા તો ધ્યાનમાં નથી. પછી પૂર્વ જન્મમાં આ કાલીયે લોકોત્તર તપ કર્યું. હોય. કદાચ માન ત્યજીને બીજાને બહુમાન આપ્યું હોય? તે તો આપ જાણો આવું કાંઈ ન હોય તો સર્વજીવોમાં સદા નિવાસ કરનાર આપ એનાં ઉપર પ્રસન્ન થાવ ખરા ? (૩૫) વળી હે કૃપાપૂર્ણ દેવ ! આપના શ્રીચરણોના સ્પર્શનો અધિકાર આ કાલીય નાગને મળ્યો એ કોનો અનુગ્રહ હશે કે કોનો પ્રતાપ હશે ? તે અમે તો જાણી શકતા નથી. આપના શ્રીચરણોની રજની પ્રાપ્તિ માટે નિત્ય આપની સેવા માટે લાલાયિત રહેતાં લલના શ્રીલક્ષ્મીજી ચિરકાલ પર્યન્ત સર્વ કામનાઓને ત્યજીને વ્રત ધારણ કરીને તપશ્ચયા કરે છે. જો અર્ધાંગના આવું કઠિન તપ આચરે છે તો અન્ય દેવો માટે તો સંભવ જ શી રીતે ? આમ છંતા સર્વથા તામસ એવાકાલીય નાગને આપે આ અધિકાર આપ્યો ? નાથ કોની કૃપા આ કાલીય નાગ ઉપર ઊતરી ? (૩૬) ભગવાન્ ! જેઓ આપના શ્રીચરણોની રજને પ્રાપ્ત કરી ચૂક્યા છે તેઓ તો સ્વર્ગના સામ્રાજ્યને, પૃથ્વીના સાર્વભૌમપદને, બ્રહ્માજીના પરમેષ્ઠી પદને, રસાતલના રાજ્યને, યોગમાર્ગની સિદ્ધિઓને કે મોક્ષની પણ લાલસા ધરાવતા નથી. (૩૭) હે નાથ ! અન્ય કોઈને ના મળે એવાં આપના શ્રીચરણોની રજને આ અમારા સ્વામી કાલીય નાગ પામ્યા. આ અમારા પતિ કાલીય નાગનો તો તામસ યોનિમાં જન્મ છે. આ ઉપરથી એમ લાગે છે કે સંસારચક્રમાં ભટકતાં શરીરધારી જીવને કેવલ આપની કૃપાથી કે ઈચ્છાથી જ આવો વૈભવ મળે છે ત્યાં સત્કર્મ વગેરેનું કાંઈ પણ પ્રયોજન કારણભૂત લાગતું નથી. (૩૮)

[હવે કાલીય નાગની પત્નીઓ ૩૯ થી ૪૮ સુધીના દશ શ્લોકોમાં કરુણાસિધું શ્રીકૃષ્ણનાં દશ સ્વરૂપોને દંડવત્ કરે છે. આ ભગવાનનાં દશ સ્વરુપો શાસ્ત્રમાં વર્ણવ્યા છે. ભક્તિશાસ્ત્રમા ભગવાનનું એક ''મૂલ સ્વરૂપ'' એક રૂપ છે ૪ પાંચમું'' અનેક રૂપ'' એવું સ્વરૂપ છે૫, છઠ્ઠું શ્રુતિઓનાં ''અર્થ રૂપ'' સ્વરૂપ છે૬, સાતમું ''તંત્રશાસ્ત્રોના અર્થરૂપ છે'' ૭, આઠમું ''ગુણોના અર્થરૂપ'' એક સ્વરૂપ છે૮, નવમું ''અન્તર્યામી'' સ્વરૂપ છે૯ અને દશમું ''અવતાર સ્વરૂપ'' રૂપ છે ૧૦ - આવાં દશ લીલા કરનારા ભગવાનના સ્વવરૂપોને નમસ્કાર કરે છે.]

નાગપત્નીઓ નિવેદન કરે છે કે ભગવન્ ! અમે પૂર્ણ ભાગ્યશાળી છે એકે અમારાપતિ દેવને આપનાં શ્રીચરણોનો સ્પર્શ થયો નથી અમે આપના શ્રીચરણોને નમસ્કાર કરવા યોગ્ય બન્યા. ૬ આ પ્રમણે કહી નમસ્કાર કરે છે. આપ પુરુષ છો, ભગવાન છો, આત્માના પણ આત્મા છો, પ્રાણીમાત્રના નિવાસસ્થાન છો તેમજ ભૂતસ્વરૂપ છો એવા પરમાત્માને અમારા પ્રણામ હો. (૩૯) જ્ઞાન અને વિજ્ઞાનના નિધિ સ્વરૂપ છો, બ્રહ્મસ્વરૂપ છો, આપ અગુણ છો, અવિકાર છો, આપ અપ્રાકૃત સ્વરૂપ છો હે ભગવન્! આપને નમસ્કાર કરીએ છીએ. (૪૦) આપકાલ સ્વરૂપ છો, તેમજ કાલ આપની નાભિમાં છે ઉત્પત્તિ-સ્થિતિ- લયકરનાર કાલના અવયવોના આપ સાક્ષી છો, આપ વિશ્વસ્વરૂપ છો અને આપ વિશ્વના દ્રષ્ટા છો તેમજ વિશ્વના કર્તા છો, અરે આપ વિશ્વના કારણ પણ છો એવા ભગવાનને નમસ્કાર કરીએ છીએ. (૪૧) પંચ મહાભૂત,પાંચ વિષયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો,પાંચ પ્રાણો, બુદ્ધિ અને અન્તઃકરણ આ સર્વના સમૂહને જે ''સંઘાત'' સબ્દથી ઓળખાવાય છે તે સંઘાત પણ આપ જ છો. જનોને ત્રણ ગુણનું અભિમાન હોવાથી આપનો અનુભવ નથી થતો આવા આપ ગૂઢ છો. આપ તો આત્મસ્વરૂપ એટલે અનુભવસ્વરૂપ છો. એવાં ભગવાનને અમારા નમસ્કાર હો. (૪૨) આપ અનન્તસ્વરૂપ છો, સૂક્ષ્મસ્વરૂપ છો, આદ્યસ્વરૂપ છો, કૂટસ્થ છો, વિશેષ વિદ્વાન છો, ચૈતન્યસ્વરૂપ છો. વિવિધ પ્રકારના વાદોના કારણ પણ આપ છો. વાચ્ય-એટલે અર્થ અને શબ્દસ્વરૂપ પણ આપ જ

છો. (૪૩) ભગવાન વેદ પ્રમાણરૂપ મનાય છે તે વેદના મૂલ પણ આપ છો, આપ જ શાસ્ત્રના વક્તા છો તેમજ રસને જાણનાર કવિ પણ છો. શાસ્ત્રના કારણ પણ આપ જ છો. પ્રવૃત્તિ કરાવનાર વિધિરૂપ અને નિવૃત્તિ કરાવનાર નિષેધ સ્વરૂપ પણ આપ જ છો, નિગમ સ્વરૂપ પણ આપ છો. એવા આપને અમારા નમસ્કાર છે. (૪૪) આપ સદાનંદસ્વરૂપ શ્રીકૃષ્ણ છો, સર્વના હૃદયમા રમણ કરનારા રામ -બલભદ્ર છો, અને સર્વને રમણ કરાવનાર છો, આપ વસુદેવ કુમાર છો અને આપ પ્રદ્યુમ્ન છો, અનિરુદ્ધ છો, અને યાદવોના સ્વામી આપ છો એવા આપને અમારા નમસ્કાર છે. (૪૫) આપ ગુણોને ઉત્તેજન આપનારા છો, ગુણોથી સ્વરૂપનું આચ્છાદન કરો છો, ગુણોની વૃત્તિથી આપ જણાઓ છો, ગુણોના દ્રષ્ટા છો અને સ્વયંવેદ્ય છો એવા આપને નમસ્કાર છે. (૪૬) આપના વિહારને કોઈ જાણતું નથી, સર્વ તત્ત્વોનું સ્વરૂપ આપનાથી જ જાણી શકાય છે, આપ ઈન્દ્રિયોના પ્રેરક છો, મનન કરનાર છો, મૌન સ્વભાવવાળા આપ જ છો તે ભગવાનને અમારા નમસ્કાર હો. (૪૭) બ્રહ્માથી આરંભી કીટ પર્યંત સ્થાવર અને જંગમની ગતિ જાણનાર આપ છો, સર્વના અધ્યક્ષ છો, વિશ્વરૂપ છો, અવિશ્વસ્વરૂપ છો. વિશ્વદ્રષ્ટા છો, તેના કારણ સ્વરૂપ છો એમ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. (૪૮)

કાલીયની પત્નીઓએ "દશ" શ્લોકોમાં નમસ્કાર કર્યા હવે પાંચ શ્લોકોમાં પ્રાર્થના કરે છે

હે ભગવન્ ! આપ કોઈ જ પ્રકારની ચેષ્ટા-પ્રવૃત્તિ કરતા નથી તો પણ જગતની ઉત્પત્તિ-સ્થિતિ-સંહારને જે ગુણોથી કરો છો તે સર્વ આપ કાલ નામની આપની શક્તિ દ્વારા કરો છો,આપ જ્યારે કાલશક્તિને ધારણ કરો છો ત્યારે તે પ્રકૃતિના ગુણમાં ક્ષોભ કરે છે.જેમ પવન સિંહાસનની પૂતળીઓને નચાવે છે. તથા સર્વ કાર્ય થાય છે તેમાં ગુણ ઉપાદનકારણ છે, કાલ નિમિત્તકારણ છે અને સ્વભાવ નિયામક છે. તે તે કાર્યના સ્વભાવ તેના નિયામક થાય છે. કાલ તેનો પ્રબોધ કરે છે, આપ જ તેનાથી વિહાર કરો છો. (૪૯) આત્રણે લોકમાં શાંત-અશાંત અને મૂઢ યોનિઓ આપનાં જ શરીરો છે. હાલ આપ સત્પુરુષો તેમજ ધર્મના જ સંરક્ષણમાટે પધાર્યા છો, આપને માટે શાંત સ્વરૂપો પ્રિય છે, અશાંત અને મૂઢ એવી બીજી તે તનૂ-દેહો દેનાર હોઈ ને આપને પ્રિય નથી. (૫૦) નાથ, અમે તો આપની પ્રજા છીએ. સ્વામીએ પોતાની પ્રજાના અપરાધને એકવાર તો ક્ષમા આપવી જોઈએ.કારણ કે અપરાધ કરનાર તો મૂઢ છે. વળી આપના સ્વરૂપને તે જાણતો નથી. માટે હે શાંત-સ્વરૂપ ભગવન્ ! જે અપરાધ અજ્ઞાનથી થયો હોય તેની ક્ષમા કરવી જોઈએ. (૫૧) નાથ અમેતો સ્ત્રીઓ છીએ સાધુજનો અમારા ઉપર દયા કરે છે તેથી દયાપાત્ર એવા અમને અમારા પતિનું દાન કરો. નાથ ! આ કાલીય નાગના પ્રાણ જવાની સ્થિતિ આવી ગઈ છે, તો હવે હદ થઈ છે તો તેને છોડી દેવાની કૃપા કરો. (૫૨) અમેતો આપની શરણાગત સેવિકાઓ છીએ, આપની આજ્ઞાનું પાલન કરવું એ જ અમારુ કર્તવ્ય છે. આપની આજ્ઞાનું શ્રદ્ધાથી પાલન કરનાર મુક્ત થાય છે તો અમને અમારા પતિનાં દાન કરો નાથ ! (૫૩) શ્રી શુકાચાર્યજી કહી રહ્યા છે કે રાજન્ ! આ પ્રમાણે નાગપત્નીઓએ ભગવાનની સ્તુતિ કરી ત્યારે ભગવાનના પાદપ્રહારથી ભાંગી ગએલ મસ્તકોવાળાઅને મૂર્છિત બનેલા કાલીયનાગને ભગવાને ચરણથી ઠેસ મારી એટલે તે કાલીયનાગની પત્નીઓ સમીપે જઈને પડ્યો. (૫૪) હવે ધીરે ધીરે તેનામાં પ્રાણોનો સંચાર થવા લાગ્યો. શ્રમ કરીને શ્વાસ લેવા લાગ્યો. હવે તે દેવ જેવો બન્યો અને શ્રીહરિનાં કરબદ્ધ અંજલિ કરી ગુણગાન કરવા લાગ્યો. (૫૫)

કાલીય નાગનું દૈન્ય-શરણાગતિ અને ચાર શ્લોકથી કરેલી ભગવાનની સ્તુતિ

કાલીય નાગ કાંઈક સ્વાસ્થ્ય મેળવી બોલ્યો કે નાથ ! અમે તો જન્મથી જ ખલ અને ક્રોધી છીએ. લોકનો સ્વભાવ જ એવો છે કે અસદ્ વસ્તુમાં તેનો આગ્રહ બંધાઈ જાય છે તે કદી છૂટતો નથી. (૫૬) હે વિધાતા ! આપે જ આ જગત બનાવ્યું છે, સ્વભાવ એજીવનો પ્રકૃતિ ધર્મ છે; વીર્ય ઈન્દ્રિયનો ધર્મ છે; ઓજસ એ પ્રાણનો ધર્મ છે; યોનિ એ માતૃધર્મ છે, બીજ એ પિતૃધર્મ છે અને આશય એ અન્તઃકરણનો ધર્મ છે. આ જુદા જુદા પ્રકારના અનેક ધર્મો આપે જ રચેલા છે. (૫૭) તેમાં વળી નાથ! અમે તો એમાં સર્પ યોનિવાળા એટલે અત્યંત ક્રોધી અને મોહથી ગળા સુધી ભરેલા છીએ અને આપની માયા તો દુઃખથી પણ છોડી શકાય તેવી નથી તેને અમે કેવી રીતે છોડી શકીએ ? (૫૮) આપ જ જગતના કારણ છો તો અમારી સર્પયોનિનું કારણ પણ આપ છો ને? તો હવે નિગ્રહ એટલે દંડ કરવો કે અનુગ્રહ એટલે

દયા કરવી આ બેમાંથી શું કરવું એ આપના ઉપર છોડ્યું છે. નાથ ! હવે જે ઘટે તે કરો. આપ કૃપાનિધિ છો. (૫૯) શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! કાલીય નાગની કાકલૂદીને સાંભળીને કાર્ય માટે મનુષ્યરૂપ ભગવાન શ્રીકૃષ્ણે આજ્ઞા કરી કે હે કાલીય નાગ ! હવે આ શ્રી યમુનાજીમાં તારે રહેવું નહીં પરંતુ પોતાના કુટુંબ-પરિવાર-સ્ત્રીપુત્રાદિ સાથે અહીંથી સમુદ્રમાં ચાલ્યા જવું. જેથી શ્રીયમુનાજીનાં નીર નિર્વિષ બને અને ગાયો તેમજ મનુષ્ય વગેરે સુખેથી જલપાન કરી શકે. (૬૦) શ્રી શુકાચાર્યજીએ આગળ વધતાં કહ્યું કે રાજન્ ! પરીક્ષિત ! ભગવાને વિશેષમાં કહ્યુ કે મેં તને શિક્ષા કરી તેને જે કોઈ મનુષ્ય સાંયકાલે અને પ્રાતઃકાલે સાંભળે કે કીર્તન કરે તેને સર્પના લોકથી ભય નહીં થાય. (૬૧) વળી આ કાલીયનાગના ધરામાં ભગવાને જ્યાં ક્રીડા કરી હતી તે ધરાના જલથી દેવ-પિતૃઓનું તર્પણ કરે ઉપવાસ કરી આ કાલીયધરાને કાંઠે આવી મારાં અર્ચન કરે તે સર્વ પાપોથી મુક્ત થશે. (૬૨) દયાળુ નાથ પુનઃ મધુર વાક્યો વદ્યા કે હે કાલીયનાગ ગરુડજીના ભયથી રમણદ્વીપ ત્યજીને અહીં આશ્રય લેવા આવવું પડ્યું તેનો હવે ભય નહી રહે કારણ કે તમારા મસ્તક ઉપર મારા ચરણોનાં ચિન્હોને નીરખી કાલીયનાગ તેને ગરુડ ખાશે નહી. (૬૩) શ્રીશુકાચાર્યજીએ કહ્યુકે રાજન્ ! અદ્ભુત કર્મવાળા ભગવાન શ્રીકૃષ્ણે કાલીયનાગ ઉપર કૃપા કરી મુક્ત કર્યો ત્યારે કાલીયનાગે પોતાના પરિવાર સાથે અને પત્નીઓ સાથે અત્યંત આદરથી શ્રીકૃષ્ણ ભગવાનનાં અર્ચન કર્યા. (૬૪) ભગવાનનાં શ્રીચરણોમાં દિવ્ય વસ્ત્રો, દિવ્ય માલાઓ, મણિરત્નો, આભૂષણો, ગંધ-ધૂપ--અનુ-લેપ અને દિવ્યકમલની માલાઓ અર્પી નિજનાથના આદરપૂર્વક અર્ચન કર્યા. (૬૫) અને ગરુડધ્વજ જગન્નાથ ભગવાન શ્રીકૃષ્ણને ભક્તિપૂર્વક સેવા કરી પ્રસન્ન કર્યા. પુનઃ ભગવાનની પરિક્રમા કરી, વિદાય માટે ભગવાનની આજ્ઞા માગી અને પોતાના પત્નીઓ અને પરિવાર સાથે સમુદ્રના રમણકદ્વિપમાં કાલીયનાગે પ્રસ્થાનકર્યુ. (૬૬) જે અવસરે કાલીયનાગે વિદાયલીધી તેજ વખતે લીલાથી મનુષ્યવિગ્રહ-દેહ ધારણ કરનાર શ્રીકૃષ્ણ ભગવાનના અનુગ્રહથી શ્રીયમુનાજી વિષથી મુક્ત થયાં અને શ્રીકાલિન્દીજીનાં જલ અમૃત બની ગયા. (૬૭)

तदैव सामृतजला यमुना निर्विषाऽभवत् । अनुग्रहाद् भगवत : क्रीडामानुषरूपिणः ॥ ६७ ॥

શ્રીમદ્ ભાદગત પીયૂષના દશમ સ્કંધ પૂર્વાર્ધના નિરોધ લીલામાં તામસ પ્રકરણના પ્રમેય પ્રકરણમાં વીર્યનું નિરૂપણ કરતો ૧૬ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૧૭ મો

[કાલીયનાગના નાથનથી ભક્તોની ઇન્દ્રિયોને ભગવાને શુદ્ધ સેવોપયોગિની બનાવી. ત્યાર બાદ પ્રાણોના દોષનું પણ નિવારણ કરવું. જોઈએ માટે દાવાનળના અગ્નિથી ગોપજન અને ગોધન આદિની રક્ષા કરી છે તે કથા આ અધ્યાયમાં આવશે. આ અધ્યાયમાં ૨૫ શ્લોકો છે.]

राजोवाच-नागालयं रमणकं कस्मात् तत्याज कालियः । कृतं किं वा सुपर्णस्य तेनैकेनाऽसमंजसम् ॥ १ ॥

રાજાએ પ્રશ્ન કર્યો કે મહારાજ ! શ્રી શુકાચાર્યજી ! રમણકદ્વીપ તો નાગોની નિવાસભૂમિ છે. અન્ય નાગો રમણકદ્વીપમાં વસે છે તો પછી કાલીયનાગે આ સ્થાન કેમ છોડ્યું હતુ ? કાલીયનાગે એકલાએ એવું તો શું ગરુડજીનું અનિષ્ટ કર્યું કે કેવલ કાલીય નાગને જ ગરુડનો ભય થઇ પડ્યો. (૧) શ્રી શુકાચાર્યજી રાજાના પ્રશ્નના સમાધાનને આરંભતા બોલ્યાકે માહબાહુ ! રાજન્ ! એક વાર સર્વસર્પોએ એકત્રિત થઈ પ્રસ્તાવ પ્રસારિત કર્યો કે પ્રત્યેક માસની અમાવસ્યાને દિવસે આપણે ''વાનસ્પત્ય બલિ'' એટલે વટવૃક્ષના મૂલમાં આપણા તરફથી ગરુડજીને બલિદાન આપવું આવો નિર્ણય કર્યો. અને ગરુડજીને સંતોષ આપ્યો. (૨)

વિનતા કદ્રૂની વૈમનસ્ય- વૈર ગાથા

આ પ્રસંગમાં પ્રસિધ્ધ એવી એક કથા છે કે વિનતા અને કદ્રૂ એ કશ્યપ મુનિની પત્નીઓ હતી. વિનતાને ગરુડ અને અરુણ નામના બે પુત્રો થયા અને કદ્રૂને સર્પો પુત્ર થયા. એક દિવસ કદ્રૂ અને વિનતા બે બહેનોએ હોડ બકી કે ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ શ્વેત છે કે કાળો ? જેનું ખોટું પડે તે સાચુ પડે તેની દાસી બને એવી બન્નેએ શરત કબૂલી. વિનતાએ

કહ્યુ કે આ અશ્વ શ્વેત છે ત્યારે કદ્રૂએ કહ્યું કે ના શ્વેત નથી એ તો શ્યામ છે વિનતા સાચાં હતા. કદ્રૂનું મંતવ્ય ખોટું હતું એવું જ્યારે કદ્રૂને લાગ્યું ત્યારે તેને યુકિત કરી કે ચાલો આપણે નજરે જોઈ નક્કી કરીએ. આવો નિર્ણય કરી જોવાનો દિવસ નક્કી કર્યો અને તે દિવસે કદ્રૂએ પોતાના શ્યામ વર્ણના પુત્રો સર્પોને કહ્યું કે તમે ઉચ્ચૈઃશ્રવા અશ્વને વીંટાઈને રહો. અમે દૂરથી તે અશ્વને જોઈશું એ વિનતા કબૂલ થશે કે ઘોડો શ્વેત નથી પરંતુ શ્યામ છે એટલે તે ખોટી પડશે અને હું સાચી ઠરીશ. ત્યાર પછી તમે ચાલ્યા જજો અને વિનતા મારી દાસ બનશે. આ વાત જે સર્પોએ અધર્મ માનીને ના સ્વીકારી તેને શાપ અપ્યો ત્યારે બીજા ડરી ગયા અને કદ્રૂના કહેવા પ્રમાણે અશ્વને વીંટળાઈ વળ્યા. ત્યાર બાદ વિનતા કદ્રૂ બન્ને અશ્વને જોવા આવ્યા. કપટથી કદ્રૂએ શ્વેત અશ્વને શ્યામ રંગનો પૂરવાર કર્યો અને વિનતા તે દિવસથી દાસી બન્યાં તેમજ ગુલામી પણ વારસામાં આવી અને ગરુડજીને પણ સર્પોને પીઠ ઉપર વહેવા પડ્યા. એક દિવસ માતા પાસેથી ગરુડજીએ આ કપટ-ગાથા જાણી એટલે માતાને દાસપણાંમાંથી મુક્ત કરાવવા સર્પો સાથે સમાધાન કર્યું કે હે સર્પો, તમે કઈ શરતે મારી માતાને દાસ્યધર્મમાંથી મુક્ત કરો ? ત્યારે સર્પોએકહ્યું કે જોઅમને અમૃત લાવી આપો તો અમે તમને દાસ્યધર્મમાંથી મુક્ત કરીએ. ભગવાનની કૃપા અને સહાયથી ગરુડજીએ અમૃતનો કલશ લાવી આપ્યો. સર્પો અમૃતનું પાન કરે તે પહેલાં તો પૂર્વની યોજના પ્રમાણે ઈન્દ્ર રાજા કલશ ઉઠાવીને ચાલતા થયા. ત્યારે સર્પો ગરુડજી સાથે સંગ્રામે ચઢ્યા કે તમે અમને અમૃત પાયુ નથી તેથી તમે દાસપણામાંથી છૂટી શકો નહીં. એટલે ગરુડજીએ કહ્યુ કે તમારા અને અમારા કરારમાં અમૃત લાવી આપવાનું હતું, પાવાનું ન હતું તેથી અમે મુક્ત છીએ. સર્પોએ માન્યું નહી ત્યારે ગરુડજીએ સર્પોનો નાશ કરવા માંડ્યો તેથી સર્પો હારી થાકી ગરુડને શરણે આવ્યા અને પોતાના તરફથી દંડ તરીકે એટલે કર તરીકે પ્રતિમાસની અમાવાસ્યાએ "બલિ-ભેટ" આપવા લાગ્યા. કાલીયે કરાર તોડ્યો અને અન્ય સર્પોએ કરેલ ભેટ-પૂજાને પોતે જ ભોગવવા લાગ્યો. આ અપરાધથી ગરુડજીએ કાલીયને પ્રહાર કર્યો. કાલીય મૃત્યુના ભયથી ડરીને કાલિન્દીજીના ધરામાં શરણે ગયો. આવી પુરાણાન્તરની ગાથા હવે ત્રીજા શ્લોકમાં આરંભે છે. રાજન્ ! સર્વ સર્પો શ્રી ગરુડજી સાથેના કરાર પ્રમાણે આઠે આઠ કુલના કાદ્રવેય નામના નાગો પર્વે પર્વે પોતાના ભાગો પોતાના રક્ષણ માટે મહાત્મા શ્રી ગરુડજીને આપવા લાગ્યા ત્યારે ગરુડજીના સેવકોને મારી-ગરુડજીને ન ગણકારતો પોતના વિષના મદથી ઘમંડી બનેલો કાલીયનાગ ગરુડજીના લિઘનને પોતે જ ખાઈ જતો અને ભાગ તો આપતો જ ન હતો. (૩,૪) રાજન્ ! આ વાર્તા જ્યારે ગરુડજીએ પોતાના સેવકોના મુખેથી સાંભળી ત્યારે ભગવાનના લાડીલા અને ભગવાન જેવા સમર્થ ગરુડજી કોપે ભરાયા અને અત્યંત વેગીલા ગરુડજી કાલીયનાગનો નાશ કરવા માટે તેના ઉપર ચઢી આવ્યા. (૫) શ્રી ગરુડજીની પાસે પોતાના તીક્ષ્ણ નખોનું આયુધ હતું તેઓ કાલીય નાગ ઉપર વેગથી ધસી આવ્યા ત્યારે સો ફણાઓરૂપી સો મસ્તકોવાળો કાલીયનાગ પણ ફણાઓ માંડી સામો થઈ ગયો. કાલીયનાગ પોતાના દાંતરૂપી આયુધોથી ગરુડજીને દંશ કરવા લાગ્યો, ફુંફાડા મારવા લાગ્યો તેમજ ભયાનક જિહ્વાઓથી ડરાવતો લાલચોળ ઉગ્ર નેત્રોથી ગરુડજીને તાકી તાકીને જોવા લાગ્યો. (૬) ભગવાન મધુસૂદનના વાહન એવા તેમજ તાર્ક્ષ્યપુત્ર એટલે કદ્રૂ નામની પત્ની સાથે લગ્ન કરવા માટે તાર્ક્ષ્ય નામનું બીજું સ્વરૂપ લેનાર કશ્યપ મુનિના પુત્ર શ્રી ગરુડજીએ અત્યંત વેગીલા બની ભારે રોષ કરી સુવર્ણની પોતાના પાંખથી સખત રીતે કાલીયનાગને પ્રહાર કર્યો એમાં કોઈ વિશેષતા ન હતી કારણ કે ગરુડજી પુષ્કળ પરાક્રમી હતા. (૭) સુવર્ણ પાંખથી પ્રહાર પામેલો કાલીયનાગ અત્યંત ગભરાઈ ગયો અને ગરુડજીનો પ્રવેશ જ્યાં શક્ય ન હતો તેવા કાલિન્દીજીના ધરામાં તે ઘુસી ગયો. (૮)

કાલિન્દીજીમાં ગરુડજીનો પ્રવેશ અશકય હતો

રાજન્ ! પરીક્ષિત ! વાત એવી હતી કે ગરુડજી એકવાર અત્યંત ભૂખ્યા હોઈને કાલિન્દીના ધરામા ઉત્તમ મત્સ્યોને જોઈને પોતાના ખોરાક સમજીને મત્સ્યને ખાવા માટે ઉઠાવ્યો ત્યારે ત્યાં તપ કરતાં મુનિ સૌભરિજીએ ગરુડજીને રોક્યા પણ ભૂખને લીધે ભાન ભૂલી તે માટા મત્સ્યને લઈ ગરુડજી ચાલ્યા ગયા. (૯) પોતાના રાજા એવા મત્સ્યપતિને ગરુડજી લઈ ગયા. એથી દીન બનેલા મત્સ્યોને ખૂબ જ દુઃખી જોઈને કૃપાથી તરબોળ બનેલા સૌભરિ મુનિ તે કાલિન્દીજીના ધરામા રહેલા જલચર પ્રાણીના "ક્ષેમ" ને ચાહતા આ પ્રમાણે બોલ્યા : (૧૦) "હવે પછીથી જો ગરુડ આ

કાલિન્દીજીના ધરામા રહેલાં જલચર પ્રાણીઓને ખાશે તો તે જ ક્ષણે તેના પ્રાણોથી વિખૂટો પડશે આ સત્ય વાત કરું છું. (૧૧) ગરુડજીને થયેલા શાપની આ વાતને કેવલ કાલીય નાગ જ જાણતો હતો પરંતુ અન્ય કોઈ નાગ જાણતો ન હતો, તે ગરુડથી ખૂબ જ ડરેલો આ ધરામાં રહેતો હતો તેને આજે ભગવાને બહાર કાઢી મૂક્યો. (૧૨) દેવલોકનાં દિવ્ય વસ્ત્રો, પાતાલલોકના મણિરત્નોનાં આભૂષણો, પૃથ્વીલોકના સુવર્ણના અલંકારોને પુષ્કળ શોભાવતા દિવ્ય ચન્દન-માલા-પીતાંબરથી સૌન્દર્યને સૌન્દર્ય આપતા શ્યામસુન્દર ભગવાન કૃષ્ણ કાલિન્દીજીના ધરામાંથી જ્યારે બહાર પધાર્યા. (૧૩) ત્યારે સર્વ વ્રજજનોના જીવમાં જીવ આવ્યા અને એકાએક ઊઠ્યા, આનંદ રસથી છલકાયા અને અતિશય પ્રેમથી ગોપજનો ભગવાન શ્રીકૃષ્ણને ભેટી પડ્યા. (૧૪) રાજન્ ! પ્રાણ પ્યારા પુત્ર કૃષ્ણને કાલીયથી ગળાએલા જોઈ જડ બની ગયેલા-નિર્જીવ થએલાં માતા યશોદાજી, રોહિણીજી, શ્રીનંદરાયજી,ગોપીજનો, ગાયો કૃષ્ણને મળતાં જ પ્રાણોને પાછા મેળવીને હલનચલન કરતા સફળ મનોરથવાળા બન્યા. (૧૫) જ્યારે ભગવાન શ્રીકૃષ્ણના પૂર્ણ પ્રતાપને જાણતા હોવાથી મુખ ઉપર હાસ્યવાળા શ્રીબલભદ્રજી પ્રિય ભ્રાતા કૃષ્ણને ભેટ્યા અને આખલા, વાછરડાં, સ્ત્રીઓ અને પુરુષો વગેરે સર્વ પૂર્ણ આનંદ પામ્યા. (૧૬) વિપ્રજનો તેમજ કુલ ગુરુજનો એટલે પુરોહિતો પોતાના પત્નીઓ સાથે શ્રીનંદરાયજીની સમીપે આવ્યા અને કહેવા લાગ્યા કે મહારાજ ! ખૂબ જ હર્ષની વાત છે કે કાલીય સર્પના મુખમાં ગયેલ આપના શ્રીનંદકુમાર આપનાં સૌભાગ્ય અને પુણ્યથી જીવતા પાછા આવ્યા. (૧૭) આઅવસરે પોતાના લાડકવાયા લાલનને હેમખેમ-કુશળ રીતે કાલીયના મુખમાંથી બહાર આવેલ જોઈને જ્યારે શ્રીનંદરાયજીને અત્યંત પ્રસન્ન જોયા ત્યારે વિપ્રોએ કહ્યું કે રાજન્ ! આપ દાન-પુણ્ય કરો કે પુત્રને કુશળ રીતે પાછા પામ્યા. આ સાંભળી પ્રસન્નમના મહામના નંદરાયજીએ ગાયો, સુવર્ણ, અન્ન વગેરેના પુષ્કળ દાન દીધાં. (૧૮) પરમ ભાગ્યશાળી માતા યશોદાજી કાળના મુખમાંથી મુક્ત થએલા નવો જન્મ લઈને આવેલા પોતાના પ્રાણપ્યારા પુત્રને ભેટી પડ્યાં અને ગોદમાં લઈને મુખ-ચુંબતાં અને મુખ નિહાળતાં નિહાળતાં નયનોમાંથી આંસુડાના આશીર્વાદે નવરાવા લાગ્યા. (૧૯) રાજન્ ! સર્વ વ્રજજનો અને ગાયો વગેરે આવવાના,ચાલવાના પ્રયાસના અને ચિત્તના શોકના શ્રમથી થાકેલા અને ક્ષુધાતૃષાથી પીડાયેલા હતા માટે તે રાત્રી તે સર્વજનોએ કાલિન્દીજીના કિનારા ઉપર જ ગાળી. (૨૦) જ્યાં તેઓ થાકીને અને પ્રિયતમને પામીને કાલિન્દીજીને તીરે સર્વ પોઢ્યા હતા ત્યારે એકાએક વનમાં મહાન દાવાનળ સળગી ઊઠ્યો અને સર્વ વ્રજને બાળતો બાળતો અર્ધી રાત્રીએ સુખે પોઢેલા પ્રભુના આશ્રિત સર્વને બાળવા માટે આવી પહોંચ્યો. (૨૧) ગોપ, ગોપીજન અને ગોધન સફાળાં બેઠાં થઈ ગભરાઈ ગયેલા, મનુષ્ય દેહની લીલા કરનારા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણને શરણે નિવેદન કરતાં બોલ્યા કે (૨૨)

कृष्ण कृष्ण महाभाग हे रामामितविक्रम । एष घोरतमो वह्निस्तावकान् ग्रसते हि नः ॥ २३ ॥

सुदुस्तरान् नःस्वान् पाहि कालाग्नेः सुहृदः प्रभो । न शक्नुमस्त्वच्चरणं संत्यक्तुमकुतोभयम् ॥ २८ ॥

હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મહાભાગ ! હે અમિત પરાક્રમી બલભદ્ર ! અમે સર્વ આપના છીએ. આ અત્યંત ઘોર દાવાનળ અમને ગળી રહેલો છે. આતો કાલાગ્નિ છે. અમારાથી દૂર કરી શકાય કે બુઝાવાય તેવો નથી અમે આપના છીએ, સુહૃદજન છીએ, આપ બચાવવા માટે સમર્થ છો. અમે અભય આપનારા આપના ચરણોને નાથ ! ત્યજી શકીએ તેમ નથી (૨૩,૨૪) આ પ્રમાણે નિજજનોની વિકળતાને નિહાળીને જગદીશ્વર ભગવાન સ્વયં અનંત વળી અનન્ત શક્તિવાળા તે શ્રીકૃષ્ણે પળવારમાં જ દાવાનળનું પાન કરી દીધું. (૨૫)

इत्थं स्वजनवैक्लव्यं निरीक्ष्य जगदीश्वरः । तमग्निमपिबत् शीघ्रमनन्तोऽनन्तशक्तिधृक् ॥ २५ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ નિરોધલીલા તામસ પ્રકરણના પ્રમેય પ્રકરણાં ૧૭ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૧૮ મો

[આ અધ્યાયમાં ૩૨ શ્લોકો છે. તામસ લીલા પ્રમેય પ્રકરણનો આ ચોથો અધ્યાય છે. ભગવાનના "શ્રી" નામક ઐશ્વર્યનું આ અધ્યાયમાં વર્ણન છે. પ્રલમ્બાસુરનો વધ આવેશાવતાર શ્રીબલભદ્રજી દ્વારા ભગવાન કરશે. પ્રલંબાસુર અન્તઃકરણનો અધ્યાસ-દોષ છે. પ્રલંબનો વધ કરીને સમગ્ર વ્રજનનોના અન્તઃકરણના દોષની નિવૃત્તિ કરશે.]

श्रीशुक उवाच-अथ कृष्णः परिवृतो बन्धुभिर्मुदितात्मभिः । अनुगीयमानो न्यविशद् व्रजं गोकुलमण्डितम् ॥ १ ॥

શ્રી શુકાચાર્યજીએ કહ્યુ કે રાજન્ ! શ્રી કાલિન્દજીના તીર ઉપર રાત્રી પસાર કરી પ્રાતઃકાલ થતાં જ ભગવાને પોતાના બંધુજનોથી વીટળાએલા, નિજભક્તજનોથી ગુણગાન કરાતા,ગોધનથી સુશોભિત લાગતા વ્રજમાં પધાર્યા. (૧) ભગવાન તો ભક્તવત્સલ છે તેથી ભક્તજનોને આનંદનાં દાન દેતાં ગોપાલના વેષ ધારણ કરીને શ્રી બલદેવ ભૈયા સાથે ક્રીડા કરે છે અને સંપૂર્ણ ગોકુલને આનંદ આપી રહ્યા છે ત્યાં શરીરધારી કોઈ પણ જીવને ના રુચતો એવો ગ્રીષ્મઋતુનો એટલે ઉનાળાનો ગાળો આવી લાગ્યો. (૨) પરંતુ શ્રીકૃષ્ણ અને શ્રીબલ દેવ ભૈયાના સાન્નિધ્યને કારણે તેમજ જલ ભરેલા સુભગ શીતલ જલાશયોવાળા શ્રીવૃન્દાવનને કારણે ગ્રીષ્મકાળ પણ વસંત સમાન જ સુખ દેવા લાગ્યો. (૩) વૃન્દાવનમાં સતત વહી રહેલાં શીતલ જલનાં ઝરણાંમાંથી નીકળતાં કલકલ શબ્દોથી તમરાના શબ્દો ઢંકાઈ જાય છે કે તમરાં બોલતાં જ બંધ થઈ જાયછે.વળી શીતલઝરણાં ના ઊડતા જલકણોથી, વૃક્ષોની હારમાળાઓથી સૌન્દર્યપૂર્ણ વૃન્દાવન વિલસી રહ્યું છે. (૪) સરિતા,સરોવર,શીતલ સ્રોતો-ઝરણાંમાનાં તરંગોના સ્પર્શથી શીતલ તેમજ સંધ્યા સમયે ખીલતા કલ્હાર પુષ્પોના, વળી દિવસે વિકસતાં કમલોના અને રાત્રીમાં ખીલતાં ઉત્પલ નામનાં કમલોના પરાગરેણુને હરી લાવતા સુગંધપૂર્ણ શીતલ પવનદેવ હરિયાળી ભૂમિના લીલીછમ ભૂમિના શ્રીવૃન્દાવનમાં વિહાર કરતા કે વિચરતા ગોપ, ગોપબાલ, બાલમુકુન્દ બલભદ્ર ભૈયા અન ગોધન વૃન્દને અને સર્વને પ્રખર તાપનો અનુભવ થવાં દેતા નથી. (૫) અગાધ જલ ભરેલી સરિતાઓના તટ ઉપરના તરંગોના ઊછળતાં જલકણોથી ભીની અને આર્દ્ર બનેલી વૃન્દાવનની ભૂમિના રસકસોને અને લીલીછમ ભૂમિને ઉનાળાની ઉગ્ર લૂથી આકરા અને ઝેરીલા તાપનાં પ્રખર કિરણો સૂકાવી શક્તાં નથી. (૬) શ્રીવૃન્દાવન ચારે કોર કુસુમોથી લચેલું છે, સૌન્દર્યપૂર્ણ છે, અનેક જાતનાં હરણ અને વિવિધ પ્રકારનાં પંખીડાં કલ્લોલ કરી રહ્યાં છે,ભ્રમરવૃન્દ અને મયૂરો મીઠાં ગુંજન અને ગાન કરી રહ્યાં છે, અને કોકિલ અને સારસ પક્ષીઓના કર્ણ મધુર કૂજન સર્વત્ર સંભળાઈ રહેલ છે. (૭)

સખાઓ સાથે ક્રીડા કરવા શ્રીવૃન્દાવનમાં રસનાગર શ્રીકૃષ્ણ અને શ્રીબલભદ્રજી પધારે છે

રાજન્ !·મધુર વેણુનાદ કરતા, ગોધન અને ગોપસખા જનથી વીંટળાએલા શ્રીકૃષ્ણ પ્રભુએ શ્રી બલભદ્રજીભૈયાને સાથે લઈ ક્રીડા કરવા માટે સૌન્દર્ય રમણીય શ્રીવૃન્દાવનમાં પ્રવેશ કર્યો. તરુવરોનાં નવાં કોમલ પલ્લવો, મયૂરપિચ્છ, પુષ્પની માળાઓ, અને ગેરુ વગેરે ધાતુઓથી ઉત્તમ શોભા બનાવી બલભદ્રજી અને શ્રીકૃષ્ણ વગેરે ગોપ સખાઓ પ્રથમ નૃત્ય કરવા લાગ્યા, અને ગાન કરવા લાગ્યા, ત્યાર બાદ યુદ્ધલીલા કરવા લાગ્યા. (૯) નટવર શ્રીકૃષ્ણ નૃત્ય કરે છે ત્યારે કેટલાક ગાન કરે છે તો કેટલાક તાલ બજાવે છે તો કેટલાક વેણુનો તાળીઓનો તો શીંગડીઓનો સૂર પુરાવે છે. (૧૦) શ્રીકૃષ્ણચન્દ્ર અને શ્રી બલભદ્રજી સ્વસ્વરૂપને ગુપ્ત રાખી ગોપાલ વેષમાં પધાર્યા છે ત્યારે દેવો પણ ગોપજનના સ્વરૂપમાં ગુપ્ત રીતે પધાર્યા છે અને જેમ એક નટ અન્ય નટોની પ્રશંસા કરે તેમ ભગવાન પુરુષોત્તમની પ્રશંસા કરે છે. (૧૧) કોઈવાર તો ભગવાન કાકપક્ષ ધારણ કરે છે તો કાઈવાર મલ્લકુસ્તીના દાવો લે છે તો વળી સખાઓના હાથ પકડી ફેર ફુદડીઓ ફરે છે,તો એક બીજાને કૂદકા મારી ઓળંગી જાય છે, તો એકમેકને ઊંચકી ફેંકે છે તો પકડીને ખેંચે છે અને મન ફાવે ત્યાં લઈ જાય છે. (૧૨) કોઈવાર અન્ય ગોપકુમારો નૃત્ય કરે છે ત્યારે નંદકુમાર અને રોહિણીતનય બન્ને ભાઈઓ ગાન કરે છે અને વાદિત્ર બજાવે છે અને મહારાજ પોતે પણ વાહવાહ ખૂબ સુંદર ગાયું એમ પ્રશંસા કરે છે અને પ્રોત્સાહન આપે છે. (૧૩) કોઈવાર બીલાંથી તો કોઈ વાર કુંભફળથી તો કોઈવાર આમળાંથી ખેલે છે તો કોઈવાર મૂઠી ભમાવીને રમત કરે છે તો કોઈ વાર આંખે પાટા બાંધી આંધળી ચાકરણની કે બાઈ બાઈ ચારણી કીસકે ઘર વગેરે રમતો રમે છે તો કોઈ વાર મૃગ-ખગ લીલાથી ખેલ ખેલે છે. (૧૪) કોઈવાર તો દેડકાની સાથે કૂદે છે અથવા દેડકાની જેમ પગના અંગૂઠા પકડી કૂદે છે તો કોઈ વાર હાસ્યચેષ્ટા કરે છે તો વળી ઝાડ ઉપર હીચકા બાંધી દોલાક્રીડા કેર છે તો કોઈવાર રાજા જેવી રમત રમે છે તો કોઈવાર નદી, પર્વત અને નીચાણના પ્રદેશોમાં કે લતા-કુંજોમાં લોકસિદ્ધ લીલાઓ કરી આનંદ પામે છે. (૧૬)

ગોપવૃન્દમાં પ્રલંબાસુરનો પ્રવેશ અને ભગવાનની તેના ઉપર ચાંપતી નજર

રાજન્ ! જ્યારે શ્રીકૃષ્ણચન્દ્ર અને બલભદ્ર ભૈયા આ રીતે રમતા અને ગોપસખાઓ સાથે ગાયો ચારી રહ્યા હતા તેવા ટાણે પ્રલંબ નામનો અસુર ગોપબાલકના સ્વરૂપે ગોવિંદ કે બલભદ્રને મારવાની દાનત રાખતો ગોપ સખાના ટોળામાં ભળી ગયો. (૧૭) ભગવાન તો સર્વજ્ઞ છે અને સર્વ વસ્તુને જોનાર છે અને સર્વને જાણનાર છે, માટે ગોપના ટોળામાં પ્રંલબાસુરને પ્રવેશવા દીધો તેમજ તે મૈત્રી કરવા આવ્યો ત્યારે ભગવાને તેને અનુમોદન પણ આપ્યું. (૧૮) આ અવસરે ભગવાન શ્રીકૃષ્ણે સર્વ ગોપસખાઓને સમીપ બોલાવી અને સર્વને કહ્યું કે આપણે બે દલ બનાવી બે પક્ષ બનાવી આજે રમત રમીએ. (૧૯) ત્યાર બાદ બલભદ્ર અને શ્રીકૃષ્ણ બે પક્ષના એટલે બે દલના નેતા બન્યા અને ગોપબાલકો કૃષ્ણ પક્ષ અને બલભદ્ર પક્ષમાં વહેંચાઈ ગયા આમ રમત માટે બે પક્ષો રચ્યા. (૨૦) હવે રમતના પ્રકારમાં એક ગોપકુમાર પોતે બીજા ગોપકુમારને ખભા ઉપર ઉપાડીને લઈ જાય અને બીજા ગોપકુમાર તેના ઉપર સવાર થાય આવી ગોઠવણ કરી અને એવો કરાર કર્યો કે જે દોડતાં હારે અને પકડીને જે જીતે તેમા હારનારે જીતનારને ખભે ઉઠાવવો અને જીતનારે સવાર થવું. આ પ્રકારે રમતા ખેલતા, ગાયો ચારતા કૃષ્ણ બલભદ્રજીને અગ્રેસર કરી ભાંડીરક વડ પાસે આવી પહોચ્યાં. (૨૧,૨૨) હવે શ્રીબલભદ્રપક્ષના શ્રીદામા સખા અને ઋષભ વગેરે સખાઓ જીત્યા ત્યારે કરારથી બંધાએલ કૃષ્ણ અને કૃષ્ણ પક્ષના ગોપસખાઓએ તે સર્વને પોતાને ખભે સવાર બનાવી રાજન્ ! પરીક્ષિત, નિશ્ચિત કરેલા સ્થાન સુધી લઈ આવ્યા. (૨૩) રાજન્ ! રમતમાં હારેલા શ્રીકૃષ્ણે શ્રીદામા નામના ગોપસખાને પોતાને ખભે ઉઠાવ્યો અને ભદ્રસેને વૃષભને ઉઠાવ્યો ત્યારે પ્રલંબાસુરે બલભદ્રજીને ખભે ઉઠાવ્યા. (૨૪) પ્રલંબાસુર તો મનથી જાણતો હતો કે કૃષ્ણને ઉઠાવી શકીએ એમ નથી માટે આ બન્ને ભાઈઓમાંથી કોઈ એકને ઉઠાવીશું તો પણ આપણું કામ સફળ થશે એમ માનીને શ્રીબલભદ્રજીને ઉઠાવીને લઈને આગળ ચાલવા લાગ્યો. પરંતુ ભાંડીરવટની હદ આવી ત્યાં કરેલા કરાર પ્રમાણે ન ઉતારતાં તે આગળ વધવા લાગ્યો. (૨૫) જ્યારે પ્રલંબાસુર કપટ કરી બલભદ્રજીને ઉપાડીને લઈ જઈ રહ્યો હતો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણનો બલભદ્રજીમાં આવેશ થયો અને ધરણીધરેન્દ્ર શેષ ભગવાનનું એટલું બધું તો વજન વધી ગયું કે પ્રલંબાસુરને સમજણ પડી ગઈ કે હવે આપણે આ ગોપાળ બાળનાં સ્વરૂપને ઉઠાવી શકીએ એમ નથી માટે પોતાનું મુળ અસુર સ્વરૂપ હતું તે તેણે પ્રકટ કર્યું. તો પણ અસુર સ્વરૂપથી પણ શ્રીબલભદ્રજીને ઉઠાવવા સમર્થ ન થઈ શક્યો અને તેનો વેગ અટકી ગયો. આમ જ્યારે તેને પોતાનુ મૂલ સ્વરૂપ લીધુ ત્યારે તે સુવર્ણના શ્રેષ્ઠ અંલકારને ધારણ કરેલો તે અને મસ્તક ઉપર ધારણ કરેલ મુકુટ વિદ્યુત જેવો ચળકી રહ્યો હતો. શ્રીબલભદ્રના મસ્તકનો મુકુટ સૂર્ય સરખો ઝળહળતો હતો આ પ્રસંગે તે દૈત્ય ઉપર બિરાજેલા બલભદ્રજી જાણે મેઘ ઉપર ચન્દ્ર દીપી ઊઠે એમ દીપવા લાગ્યા. (૨૬) શ્રીબલભદ્રીજીએ આકાશમાં ઊંચે ઊંચે જતાં, લાલચોળસળગતી આંખવાળા, ચઢાવેલી ભ્રકુટિવાળા, અગ્નિ જ્વાલા જેવી અંત્યત ઉગ્ર દાઢવાળા, સુવર્ણના કંકણો અને સુવર્ણના મુકુટ તેમજ કુંડલોની કાન્તિને ધરાવતા દૈત્ય દેહવાળા જ્યારે પ્રલંબાસુર દૈત્યને જોયો ત્યારે હલાયુધ બલભદ્રજી જરા જાણે ડરી ગયા હોય તેમ લાગ્યું પરંતુ એ તો લીલા હતી. (૨૭) ભગવાને કહ્યું કે મોટાભાઈ આ તો દૈત્ય છે ગોપબાલકની ભ્રાન્તિમાં રહેવા જેવું નથી. આ સાંભળતાં જ સ્વરૂપનું અનુસંધાન ધરાવતા નિર્ભય એવા શ્રીબલભદ્રજીએ આકાશમાર્ગે પોતાને ઉઠાવી જતા પ્રલમ્બાસુર દૈત્યના મસ્તકમાં જેમ ઈન્દ્રરાજા વૃત્રાસુરના મસ્તકમાં વજ્રનો પ્રહાર કરે તેમ પ્રહાર કર્યો. (૨૮) તેના મસ્તક પર શ્રી બલદેવજીની મૂઠીનો પ્રહર થતાં જ તેના માથાના ચૂરેચૂરા થઈ ગયા, મુખમાંથી રુધિર ઓકવા લાગ્યો, તેને મૂર્ચ્છા આવી ગઈ અને મોટા અવાજ સાથે ઈન્દ્રના વજ્રના પ્રહારથી પાંખો કપાઈ પડતાં જેમ પર્વત ઢળી પડે તેમ તે જમીનદોસ્ત બની ગયો. (૨૯) આ રીતે પ્રલંબને મૃત્યુ પામેલો જાણી શ્રી બલભદ્ર ભૈયાએ પ્રલંબને માર્યો એવું સમજતાં જ હર્ષ અને વિસ્મય પામેલા ગોપાલબાલ બોલી ઊઠ્યા કે સારું કર્યું એમ આનંદ અનુભવવા લાગ્યા. (૩૦) બલદેવજીનો વાંરવાર જય હો જય હો એમ જય પોકારવા લાગ્યા, અને જાણે નવો જન્મ આવ્યો હોંય એમ માનતાં આનંદમાં આવીને તેમને સર્વ ભેટી પડ્યા. (૩૧) આ રીતે પાપી પ્રલંબાસુર માર્યો ગયો તેથી દેવો પુષ્કળ સુખ પામ્યા. બલદેવ પ્રભુ ! સાધુ સાધુ એમ બોલતા બોલતા વિવિધ પ્રકારનાં પુષ્પોથી વધાવવા લાગ્યા. (૩૨)

पापे प्रलम्बे निहते देवाः परमनिर्वृताः । अभ्यवर्धन् बलं माल्यैः शशंसुः साधु साध्विति ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો તામસ લીલા પ્રમેય પ્રકરણનો ૧૮ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૧૯ મો

[આ અધ્યાયમાં ૧૬ શ્લોકો છે. તામસપ્રકરણના ત્રીજા પ્રમેય પ્રકરણનો પાંચમાં ''જ્ઞાન'' નામના ઐશ્વર્યનું નિરૂપણ કરતો પાંચમો અધ્યાય છે.ક્રમ સંખ્યા પ્રમાણે ૧૯મો અધ્યાય છે. ભક્તોના કલેશને સહન ન કરી શકવાના કોમલ સ્વાભાવવાળા ભગવાને આ અધ્યાયમાં દાવાનળમાંથી સર્વને મુક્ત કર્યા એ પ્રસંગ આવશે]

श्रीशुक उवाच - क्रीडासक्तेषु गोपेषु तद्गावो दूरचारिणीः । स्वैरं चरन्त्यो विविशुस्तृणलोभेन गह्वरम् ॥ १ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે મહારાજ પરીક્ષિત! ગોપકુમારો રમત ગમતમાં ડૂબી ગયા ત્યારે તેમની ગાયો કુમળા અને લીલા ઘાસની લાલચથી પોતે જ ચરતી ચરતી અત્યંત ઘેરા એવા ગહ્વર-ઘવર વનમાં પ્રવેશી ગઈ. (૧) અજા નામની રાજસ ગાયો, અથવા બકરીઓ ''ગાવઃ'' એટલે સાત્વિક એવી ગાયો તેમજ ''મહિષ્યઃ'' એટલે તામસ પ્રકૃતિની ગાયો અથવા ભેંસોને એક વનમાંથી બીજા વનમાં ચારવા જતાં રસ્તામાં આવેલા ઈશિકા-મુંજના વનમાં ગયા. ત્યાં દાવાનળ સળગી ઊઠ્યો અને તડકાથી તેમજ દાવાનળનાતાપથી બધાં જ પશુઓ તૃષાર્ત બનીને આક્રન્દ કરવા લાગ્યા. (૨) ભગવાન શ્રીકૃષ્ણે તેમજ બલદેવ ભૈયાજીએ જ્યારે ત્યાં સર્વ પ્રાણીઓને અને પશુઓને ના જોયાં અને શોધતાં છતાં મળ્યાં નહીં ત્યારે બન્ને ભાઈઓને પુષ્કળ પરિતાપ થયો. (૩) રસ્તામાં ગોયોએ ચાવેલા ઘાસને અને પગની ખરીઓથી ખૂંદાએલા ઘાસના ચિહ્નોના આધારે તેમના પગલે પગલે શોધતા ચાલ્યા પણ ક્યાંય ગાયો ના દેખી ત્યારે ગાયો વિના દુઃખી થઈ ગયેલા ગોપકુમારો બેભાન બની ગયા. (૪) ગાયો વનમાં આગળ જતાં મુંજાટવી આવી ગઈ તેમાં અટવાઈને ગોધન અટવાઈ પડ્યું અવળે રસ્તે ચઢી ગયું અને બરાડવા લાગ્યું, ત્યારે પશુના રાંભણને સાંભળીને થાકી ગયેલા અને તરસ્યા થયેલા ગોપકુમારો ગોધનને પાછું વાળી લઈ આવવા લાગ્યા. (૫) આ અવસરે તેમનાં રાંભણ સાંભળી ભગવાને મેઘગંભીર વાણીથી ગાયોને લલકારી ને બોલાવી ત્યારે કૃષ્ણપ્રભુના મુખમાંથી પોતાનાં નામ સાંભળી પ્રસન્ન થએલી ગાયો આંય આંય સામો ઉત્તર આપવા લાગી. (૬) એટલામાં તો વનમાં ચારે બાજુથી ગોટાએલો ધુમાડાના ગોટાના ગોટા કાઢતો અગ્નિ પ્રજળી ઊઠ્યો અને અધૂરું હતું તેને જાણે પૂર્ણ કરતો હોય ને શું તેમ તે વાયુથી ધમાએલો સ્થાવર અને જંગમ જગતને ગળી જતો પર્વત સમો દાવાગ્નિ પ્રજળી ઊઠ્યો. (૭) ચારે બાજુથી ઘેરી વળતા ભયાનક અગ્નિને નિહાળીને ગાયો ને ગોપકુમારો ગભરાઈ ઊઠ્યાં. મૃત્યુના ડરથી ડરીને જીવો જેમ શ્રી હરિને શરણે જાય તેમ બધા જ ગોપો શ્રીરામ અને શ્રીકૃષ્ણ ભગવાનને શરણે જઈ કહેવા લાગ્યા. (૮)

कृष्ण कृष्ण महावीर्य हे रामामितविक्रम । दावाग्निना दह्यमानान् प्रपन्नांस्त्रातुमर्हथ ॥ ९ ॥

હે મહાન પરાક્રમી કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે અમોઘ શક્તિવાળા શ્રીબલભદ્ર હે રામ ! અમે આપના શરણાગત છીએ. આપ અમારું રક્ષણ કરો. (૯) હે કૃષ્ણ! અમે તો સાચેસાચા તમારા બંધુઓ છીએ. અમે આપના હોઈને પ્રભુ દુઃખી થઈએ તે યોગ્ય નથી. હે સર્વ ધર્મના જાણનારા શ્રીકૃષ્ણ! આપ અમારા નાથ છો તેમજ આપના વિના અમારો કોઈ આધાર નથી. (૧૦) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! નિજબંધુજનોનાં અત્યંત દીન વચન સાંભળીને ભગવાન શ્રીહરિએ વચનામૃત વરસાવ્યાં અને કહ્યું કે જરા પણ ભય ના રાખો, ના ગભરાવ. માત્ર તમે સર્વ આંખો મીંચી દો. (૧૧) રાજન્ ! ગોપ સખાઓએ નેત્રો બંધ કરી દીધાં અને તે ભયંકર દાવાનળને મુખમાર્ગે ઉદરમાં ઉતારી દીધો અને યોગાધીશ ભગવાનેસર્વને આપત્તિમાંથી બચાવી દીધા. (૧૨) પુનઃ ગોપાળોએ જ્યારે પોતાની આંખો ખોલી ત્યારે પોતાને ભાંડીર વટ પાસે જોયા. તેઓ પોતાની જાતને તેમજ પોતાના ગોવૃન્દને અગ્નિથી સુરક્ષિત જોઈ આશ્ચર્યમાં ડૂબી ગયા. (૧૩) ભગવાનની પોતાની યોગમાયાના ઐશ્વર્યથી ભરેલા યોગના ઐશ્વર્યને જોઈને તેમજ થયેલી પોતાની રક્ષા જોઈને ભગવાન શ્રીકૃષ્ણને સર્વ ગોપબાલકો પોતાના દેવ તરીકે માનવા લાગ્યા. (૧૪) ત્યાર પછી સર્વ ગાયોને આગળ કરી ગોવિંદ વ્રજ તરફ પ્રસ્થાન કરી રહ્યા હતા અને ગોપ સખાઓ જનાર્દન ભગવાનનાં ગુણગાન કરી રહ્યા

હતા અને સાયંકાલના અવસરે વ્રજનાથે વ્રજમાં પ્રવેશ કર્યો. (૧૫) સાંયકાલે જ્યારે વ્રજનાથ વ્રજમાં પધાર્યા ત્યારે પ્રિયતમ ગોવિંદની ઝાંખી કરીને ગોપીજનોને પરમ આનંદ થતો અને દિવસે ભગવાનની ઝાંખી વિનાનો એક ક્ષણ પણ યુગ સમાન બની જતો. (૧૬)

गोपीनां परमानन्द आसीद् गोविन्ददर्शने । क्षणं युगशतमिव यासां येन विनाभवत् ॥ १६ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ નિરોધલીલા તામસ પ્રકરણના પ્રમેય પ્રકરણમાં "જ્ઞાન" ઐશ્વર્ય વર્ણનનો ૧૯મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૨૦ મો

[આ અધ્યાયનું નામ "વૈરાગ્ય લીલા" વર્ણન છે.તામસ પ્રકરણના પ્રમેય પ્રકરણનો છઠ્ઠો અધ્યાય છે. આ અધ્યાયમાં ૪૯ શ્લોકો છે. આ અધ્યાયમાં વર્ષાનું ને શરદઋતુનું વર્ણન છે.લગભગ ૩૧ શ્લોકો પર્યન્ત વર્ષાનાં વર્ણન કરીને ૩૨ માં શ્લોકથી શરદનું વર્ણન કરવામાં આવ્યું છે. રાજા આવે તો પરિકરને સાથે લાવે અને પ્રજાનો શોક દૂર કરે તેજ પ્રકારે વર્ષા આવતાં ભગવાનની સેવામાં ઉપયોગી ૨૧ પ્રકારની સામગ્રી એકવીસ પ્રકારના દિવ્ય લોક કે સ્વર્ગલોકને સાથે લાવેલ માટે પ્રથમ એકવીસ શ્લોકમાં વર્ષાનું વર્ણન કર્યું છે.]

श्रीशुक उवाच-तयोस्तदद्भुतं कर्म दावाग्नेर्मोक्षमात्मनः । गोपाः स्त्रीभ्यः समाचक्षुः प्रलम्बवधमेव च ॥ १ ॥

શ્રીશુકાચાર્ય મહારાજશ્રીએ કહ્યું કે રાજન્! ગાયો તેમજ ગોપકુમારોને દાવાગ્નિથી તેમજ પ્રલંબાસુરથી મુક્ત કરવા રૂપી ભગવાન શ્રીકૃષ્ણના તેમજ બલભદ્રજીના પરાક્રમને એટલે અલૌકિક યશને ગોપકુમારોએ ઘરઆંગણે આવી કુટુંબના સ્ત્રીવૃન્દને કહ્યો તે શ્રવણ કરીને તે સર્વ આશ્ચર્ય પામ્યા. (૧) આ ઉપરાંત જ્યારે વૃધ્ધગોપ-ગોપનારીજને આ વૃત્તાન્ત સાંભળ્યો ત્યારે તો તેઓ ખૂબ જ આશ્ચર્ય પામ્યાં અને તેઓએ નક્કી કર્યું કે આ આપણાં જેવા દેખાય છે પણ તે ગોપના કુમાર નથી પરંતુ કોઈ બે ઉત્તમ દેવો છે. (૨) આમ સમય પસાર થઈ રહ્યો હતો ત્યાં તો પ્રાણી માત્રને ઉત્પન્ન કરનારી વર્ષા આવી. આ વર્ષાના ચિહ્ન સ્વરૂપે ચન્દ્ર ઉપર પરિધિઓ-ગોળ વર્તુલો દેખાવા લાગ્યાં અને આકાશતલ મેઘોથી છવાઈ ગયાં છે. (૩)

[હવે એકવીશ પ્રકારની સમૃદ્ધિ એકવીશ શ્લોકથી વર્ણવે છે. શ્રુતિ ભગવતીનું વાક્ય છે કે एकविंशो व इतः स्वर्गो लोकः एकविंशतिर्वा देवलोका इति "વર્ષાના આગમને પૃથ્વી ઉપર એકવીશ પ્રકારના સ્વર્ગલોક કે દેવલોકનું અવતરણ થયુ છે. બાર માસ, પાંચ ઋતુ અને ત્રણે લોકોજાણે સમૃદ્ધ થયા લાગે છે.]

વર્ષાકાલના આકાશનું વર્ણનઃ- મેઘકાલના આકાશનું વર્ણન કરતાં કહ્યું કે આજે આકાશ નીલવર્ણા ખીચોખીચ જલભર્યા મેઘોથી ઘેરાયેલછે. વળી સર્વત્ર પીતવર્ણી વીજળીઓ અને મેઘનાદો થઈ રહ્યા છે અને સૂર્યનું સ્પષ્ટ તેજ જોવા મળતું નથી તે જોતાં લાગે છે કે આ મેઘ આપણાં આનંદરસ ઘનશ્યામ મનોહર સગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણના સરખો દેખાવા લાગે છે. વીજળી જાણે પ્રિયતમનું પીતાંબર છે,.નીલ વાદળાં જાણે કૃપામેઘ પૂર્ણ ભગવાનની શ્યામિકા છે અને મેઘનાદો તો વ્રજનાથના વેણુના નાદોની સરસાઈ કરતા લાગે છે. (૪) **વર્ષાકાલના દાતાર સૂર્યનું વર્ણનઃ** સૂર્યનાં ત્રણ સ્વરૂપો છેઃ આકાશમાં નો જે પર્જન્ય તે સૂર્યનું આધ્યાત્મિક સ્વરૂપ છે, આદિત્ય આધિભૌતિક સ્વરૂપ છે, અને સંવત્સર આધિદૈવિક સ્વરૂપ છે. આ ત્રણ સ્વરૂપ ભગવાન આદિત્યે -સૂર્યે આઠ માસ પર્યન્ત પોતાનાકરએટલે કિરણો દ્વારા પૃથ્વીનું અમૂલ્ય જલ નામનું ધન જાણે રાજાની માફક પ્રજાની પાસેથી કર રૂપે વસૂલ કર્યું હોય અને પછી પ્રજાનું કલ્યાણકરનારા રાજા પોતાનાઉદાર કરોથી-હાથોથી હજારો ગણું વધારીને પરત કરતા હોયતેમ આ રાજા આદિત્ય અઢળક ધનરૂપ જલને વરસાવી રહેલ છે. (૫) વાદળને ખેચી જનાર **વાયુનું વર્ણન કરે છેઃ** વીજળીઓના ઝબકારાવાળા અને જલ ભર્યા વિપુલ મેઘોને પ્રચંડ પવન હલાવી ખેચી જઈ પ્રભુ પ્રેરિત પ્રદેશોમાં જાણે કરુણા ભર્યા ઉદાર પુરુષો જીવો પાસેથી લઈ લીધેલા ધનને કોઈ અકિંચનો ઉપર અનુરાગ ધરાવી અઢળક ધનરાશિ પાછો આપે એ જપ્રકારે આ વાયુઓ પણ જીવોને જીવાડનાર, પ્રીતિ ઉત્પન્ન કરનાર જીવન સ્વરૂપ વિપુલ જલનાં દાન દઈ રહ્યા છે. (૬) **વર્ષાકાલની ભૂમિનાં વર્ણનઃ-** જાણે કે કોઈ સકામ વૃત્તિવાળો તપસ્વી સાધક પુરુષની કાયા આકરા તપ-વ્રત-

નિયમાદિથી સૂકાઈ જાયછે પરંતુ જ્યારે તેનાં મનોવાંછિત ફલ મળતાં પાછી તેની કાયા પરિપુષ્ટ થાય છે એ જ પ્રકારે ઉનાળામાં આકરા તાપથી સૂકાઈ ગયેલી અને દુર્બળ બનેલી પૃથવીની પણ કાયા વર્ષા વરસી તેથી પુષ્ટ બનીને ઊપસી આવતી દેખાય છે. (૭) **કલિકાલ ધર્મનું દર્શન:** વર્ષાકાલ આવી લાગ્યો તેથી સાંયકાલના સમયમાં આકાશમાં પતંગી-આગિયા ચમકે પણ ગ્રહ-નક્ષત્રો તો વાદળમાં ઢંકાઈ ગયાં છે તે જાણે કલિયુગ આવતાં પાપપ્રચુર પાખંડ માર્ગો ચારે કોર આગિયા જેવા ચમકી ઊઠ્યા છે પણ વેદમાર્ગોનો અને વૈદિક કાર્યોનો પ્રકાશ જોવા નથી મળતો. (૮) **કલિના પ્રતાપે વેદના શબ્દોનાં શુદ્ધ શ્રવણપણ નથી:-** વેદોને ભણવાના નિયમો જ્યારે છૂટે છે ત્યારે પણ વેદપાઠીઓ વેદનાં પારાયણ કરવાને બદલે સૂઈ રહે છે તેમ મેઘનો શબ્દ સાંભળીને વિપ્રોને વેદો ભણવા માટે અનધ્યાય-છૂટી મળે ત્યારે દેડકાં પોતાની જાતનો ધ્વનિ કરે છે. (૯) **અલ્પ જલવાળી નદીઓ છલકાઈ:-** કોઈ અસંયમી મનુષ્યને યૌવન-ધન-વગેરે સમ્પત્તિઓ આવી મલે પણ તે આછકલા જનની સમ્પત્તિઓ અવળે માર્ગે વહી જાય છે એ જ પ્રમાણે છીછરી નદીઓમાં વર્ષાનાં વિપુલ જલ તો આવ્યાં પણ અવળે માર્ગે વહી ગયા. અને વર્ષાકાલ ચાલ્યો જતાં જ તે તો પાછી સૂકાઈ ગઈ. (૧૦) **પૃથ્વીનું ઐશ્વર્ય:-** કોઈ સમ્રાટ રાજાનો આશ્રય લેનાર આશ્રિત રાજાને જીવે ત્યાં સુધી જેમ અસ્ત્ર-શસ્ત્ર-છત્ર વગેરે સમ્પત્તિઓ મળે છે તેમ વાર્ષાકાલ આવતાં ડાંગર વગેરેથી લીલાછંમ ખેતરોથી, ઈન્દ્રગોપ-લાલ કીટથી તેમજ શ્વેત ટોપથી ચોમાસામાં નીલ-શ્યામવર્ણી બનેલી, શિયાળામાં ઘંઉ વગેરે આપવાથી લાલવર્ણી બનેલી અને ઉનાળામાં કપાસ વગેરે આપવાથી શ્વેતવર્ણી બનેલી "લોહિત-શુકલ-કૃષ્ણ" વર્ણા પૃથ્વી કૃષકોને બારે માસ સમૃદ્ધિ આપનારી શ્રીસમ્પન્ન બની. (૧૧) **કૃષીવલોનું ઐશ્વર્ય:-** ખેતરો ડાંગર-કોદરી-બાજરી-તલ-જવ વગેરે ધાન્યથી લીલાંછમ બની અને અઢળક અન્નને આપવા લાગ્યાં તેથી કૃષીવલો-કિસાનો તો પુષ્કળ આનંદમાં હતા. પરંતુ ચોમાસામા ખેતરોમાંથી અને અન્યત્ર માર્ગથી અવરજવરના માર્ગો રોકાઈ ગયેલા હોવાથી પોતાનાશત્રુઓને જીતવા માટે ન જઈ શકતા હોવાથી પોતાનો પરાજય સમજનારા અભિમાનીઓ દુઃખી થવા લાગ્યા. એમને ખબર નથી. શત્રુ ઉપર જય કે વિજય કે પોતાનો પરાજય સાધન-સૈન્ય-સંપત્તિઓને લીધે નથી પરંતુ તે તો ભગવાનને જ આધીન છે. (૧૨)

વર્ષાઋતુની બારે માસ સર્વના ઉપર અસર રહે છે તેનું બાર પદાર્થો દ્વારા વર્ણન કરે છે

પ્રત્યેક જીવને વર્ષા સુખદાયિની: -શ્રીહરિની સેવા કરવાથી સેવા ભગવદીય-ભક્તજનને દિવ્ય ચતુર્ભુજ સ્વરૂપ આપે છે તેજ રીતે આ વર્ષા પણ પરમ ભગવદીય હોવાથી પોતાના નવીન જળનાં દાન કરી રહી છે તેથી તે નવીન જલનું સેવન કરનારા જલ તેમજ સ્થલ ઉપર નિવાસ કરનારા સર્વ જીવો સુંદર સ્વરૂપને ધારણ કરી રહ્યા છે. (૧૩) **સરિતાઓની સમૃદ્ધિ:-** પરિપક્વ યોગીનું ચિત્ત તો ભગવાનમાં લીન થયું છે તેથી તેના મનમાં તો ક્ષોભ નથી થતો પણ અધૂરા યોગીનું કામ-સંકલ્પવશ ચિત્ત હોય છે અને તેને જો યોગ-ઉપાસનાથી સિદ્ધિઓ મળી જાય છે તો તે અવશ્ય સ્વરૂપ વીસરી જાય છે અને કદાચ સ્વરૂપભ્રષ્ટ કે યોગભ્રષ્ટ થઈ જાય છે તે જ પ્રકારે વિપુલ જલભરી સરિતાઓ સાગરમાં સંગમ પામી ત્યારે તો સાગરે મોટો શ્વાસ લીધો, તેમાં તરંગો ઊઠ્યા અને સાગર પણ સ્વંય ક્ષોભ પામ્યો. (૧૪) **પર્વતોનું ધૈર્ય:-** જેઓ કેવલ હઠયોગી કે કેવલ શુષ્કજ્ઞાની ન હતા પરંતુ અધોક્ષજ ભગવાન શ્રીકૃષ્ણની સેવામાં દૃઢ ચિત્તવાળા હતા તેવા પાંડવો-દ્રૌપદી-કુંતી-પ્રહ્લાદ-ધ્રુવ-અંબરીષ જેવા પરમ ભગવદીય જનો તો દુઃખોની ઝડીઓ તેમના ઉપર તૂટી પડી તો પણ જરા પણ ડગ્યા નહિં, સ્વરૂપ ચૂક્યા નહી, હરિસેવાવિમુખ બન્યા નહીં,તેવી જ રીતે પર્વતો ઉપર પુષ્કળ મુશળધાર મેઘો તૂટી પડવા છતાં જરા પણ મચક આપતા જ નથી.તેમનામાં સહન કરવાનું અમોઘ બળ ભગવાને મૂક્યું છે કારણ કે પર્વતો ભગવાન વિરાટનાં અસ્થિઓ છે. (૧૫) **માર્ગોની મુશ્કેલીઓ:-** વિશ્વના કલ્યાણના જ્ઞાન-ભક્તિ-ઉપાસનાના માર્ગો વેદોમાં વર્ણવ્યા છે પણ વિપ્રોએ વેદોના અભ્યાસ અને ઉપાસનાઓ ત્યજી દીધાં તેથી જીવોને શ્રેયસ માર્ગે જવાના ઉપાયો અને માર્ગો સંદેહવાળા બની ગયા તે જ પ્રમાણે વર્ષાકાલમા ઘાસ ઊગવાથી તેમજ ધોવાણ થવાથી અને કેડીઓ ભાગી જવાથી માર્ગો ઢંકાઈ ગયા અને તૂટી પડ્યા તેથી પથિકો પણ મુંઝાઈ ગયા કે કેવી રીતે જવું અને ક્યે રસ્તે જવું. (૧૬) **વિલાસીઓની સ્થિતિ:-** ભલેને પુરુષો ગુણસમ્પન્ન હોય પરંતુ વારાંગનાઓ કે વિલાસીની નારીઓ તો તેમાં સ્થિર પ્રેમ કરે જ નહીં તે જ પ્રમાણે વસુધાને કુટુંબ માનતા લોકબંધુ એવા

પરોપકારરત મેઘોમાં ચલચિત્તવાળી વીજળીઓ સ્થિર થતી નથી. (૧૭) **વિદ્યાવાન શોભે છે:-** પુરુષ એટલે આત્મા તો સત્ત્વદિ ત્રણ ગુણવાળો નથી પરંતુ અગુણવાન-ગુણરહિત છે. પરંતુ જ્યારે મહાગુણોવાળા લોકમાં અગુણ એવો પણ પુરુષ બીજ-યોનિ અને વર્ણાશ્રમ ધર્મ રૂપ ગુણોને લઈને આવે છે ત્યારે અથવા ભગવાનની કૃપાથી ભગવદગુણોને લઈને આવે છે, ત્યારે તે શોભે છે,તે જ પ્રકારે મેઘધનુષ્યગુણ વિનાનું છે. પ્રત્યંચા વિનાનું છે છતાં પણ શબ્દ નામના ગુણવાળું આકાશ છે તે આકાશમાં નિગુર્ણ મેઘધનુષ્ય પણ શોભી રહ્યું છે. (૧૮) **વર્ષા નો ચંદ્ર:-** જો કે અહંકાર પણ આત્મપ્રકાશ થી જ છે છતાં પણ જે ભગવદીય પુરુષ નથી તેવો અવિવેકી પુરુષ તો અંહકારવાળી મતિથી ઘેરાએલો છે તેથી તે પુરુષ જેમ શોભતો નથી તે જ પ્રકારે ચંદ્ર પોતાની ચંદ્રિકાના તેજથી મેઘને તેજોમય બનાવે છે છતાં મેઘથી તે ઢંકાઈ જાય છે તેથી સ્વયં ચંદ્ર પણ શોભતો નથી. (૧૯) **હરિદાસજનો મયૂરો:-** ગૃહસ્થ જીવનમાં આવતા સંયોગ-વિયોગ, રોગ-શોક આદિ ધર્મોથી દુ:ખી થએલા તેમજ ચિંતામા મુકાએલા ગૃહસ્થજનોને આંગણે જ્યારે હરિસેવા પરાયણ હરિભક્તો- અચ્યુતજનો પધારે છે ત્યારે તેઓ આનંદ પામે છે તે પ્રમાણે તાપ-કલેશથી તપેલા મયૂરોનાં વૃન્દો પણ મેઘરાજને પધારેલા જોઈને ગેલમાં આવી ગયા અને થન થન નાચવા લાગ્યા. વળી આ મેઘરાજ અમારા તાપને દૂર કરશે એમ શ્રદ્ધા ધરાવતા મોરલા ટહુકા કરવા લાગ્યા ત્યારે તો લાગ્યું કે ગૃહસ્થાશ્રમીઓ આંગણે આવેલા ગોવિંદના ગુણ ગાઈ રહ્યા છે. (૨૦) **તપસ્વી જનો:-** સકામ વૃત્તિથી તપશ્ચર્યા કરતા તપસ્વી જનોની કાયા તપશ્ચર્યાના કઠોર નિયમોના અનુષ્ઠાનથી કૃશ બની જાય છે. વળી અનુષ્ઠાનના નિયમોનું પાલન કરતાં થાકી પણ જાય છે પરંતુ તપશ્ચર્યાના ફલની પ્રાપ્તિ થતાં અને મનના માનેલા મનોરથો ફળતાં પાછા પ્રસન્ન અને કાયાથી પરિપુષ્ટ દેખાય છે તે રીતે ઉનાળાના તાપથી ખૂબ જ કૃશ બની ગએલા અને પાનખર ઋતુના કારણે પાન ખરી ગએલા પાદપો-એટલે તરુવરો પોતાના પગથી એટલે મૂલથી વર્ષાનાં નવાં વારિનાં સેવન કરીને પાછા લીલલાછમ બની પાછા સૌન્દર્યપૂર્ણ મુર્તિમાન બની ગયા છે. (૨૧) **પ્રપંચરત જીવો :-** સંસારસુખરત બની રહેલા સંસારી મનુષ્યો ધંધા-રોજગારને સુખ-સાધન માની તેમાંથી ઊંચા આવતા નથી અને તેમનાં કાર્યોના કદી અંત આવતા જ નથી. તેઓને સફળતા મળે કે ના મળે તો પણ તે પ્રચડં કાર્યોમાં ડુબેલા જ રહે છે તે જ પ્રકારે તળાવોના તીરે વસેલા સારસ પક્ષીઓ તળાવને કાંઠે પોતાનો વાસ વસાવે છે. વળી પાણી આવતાં સારસ પક્ષીઓ સરોવરનું તીર ત્યજીને જતા નથી તેમ સંસારીજનો સંસાર-પ્રપંચ કાર્ય નથી ત્યજતા તેઓ ત્યાં જ સુખ માને છે. (૨૨) **વૈદિક માર્ગો:-** કલિકાલમાં વેદો, વેદોની પદ્ધતિઓ જેમ ઉખેડી નંખાય છે તે જ પ્રકારે વર્ષાકાલમાં મેઘ મુશળધાર વરસવા લાગ્યો અને બેફામ વહેતાં પાણીનાં પૂરથી લોકોએ સ્વરક્ષણ માટે બાંધેલી પાળો તેમજ પુલો તૂટવા લાગ્યા અને તૂટી ગયા. (૨૩) **પ્રજાપાલક નૃપતિઓ: -** સન્માર્ગે ચાલનારા, અને શાસ્ત્રે તેમજ ઋષિ-મુનિઓને માનનારા રાજાઓ વિપ્રોની પ્રેરણાઓથી પર્વકાલે અને ધર્મના ઉત્સવાદિ પ્રસંગે પ્રજાજનોને પુષ્કળ દાન આપે છે આવી જ રીતે પવનથી પ્રેરાએલા મેઘો પ્રાણી માત્રને મોંઘામાં મોંઘાં અમૃતજલ અને સ્વામીનાં ક્ષેત્રમાં અમૂલ્ય મોતી જેવાં જલ કે હસ્ત નક્ષત્રનાં જલનાં દાન આપી રહ્યો છે. (૨૪)

૨૧ શ્લોકોમાં વર્ષાનાં વર્ણન કરીને વર્ષામાં વિહાર માટે પધારેલ ભગવાનના ષડ્ ઐશ્વર્યોનું અને ભગવાનનું એમ મળીને સાત શ્લોકમાં વર્ણન કરે છે.

રાજન્ પરીક્ષિત ! વર્ષા કાલમાં જાંબુ અને ખજૂર ખૂબ પુષ્કળ પાકી ગયાં હતાં અને વન મનોરથ બની ગયું હતું. ભગવાને આવું ઉત્તમ વન નિહાળ્યું અને શ્રીબલભદ્ર ભૈયા સાથે તેમજ ગોપજનો સાથે વિહાર કરવા માટે વનમાં પ્રવેશ કર્યો. (૨૫) વર્ષાકાલમાં ગાયોનાં આઉ-ઉડાણ દૂધના ભરાવાથી ભારે થએલાં હતા. ગાયોની ગતિ પણ મંદ બની ગઈ હતી. આઉના ભારથી ચાલી શકવું પણ કઠિન હતું ત્યા તો પ્યારા શ્યામસુંદરે ગાયોને લલકારી નામ દઈ દઈને બોલાવ્યાં ત્યારે તો તેમના ઉરમાં પ્રેમનાં પૂર ઉભરાયાં અને તેમના થાનમાંથી દૂધ સ્રવવા લાગ્યાં અને ગોવિંદની પાસે ઉતાવળાં બની દોડી આવ્યાં. (૨૬) વનની ચારેકોર શીતલતા છવાઈ ગઈ તેથી વનનિવાસી પ્રસન્ન થઈ ગયા. વનસ્પતિઓમાંથી મધુ ધારાઓ વરસવાલાગી. પર્વતમાંથી શીતલ ઝરણાંના પ્રવાહો વહેવા લાગ્યા. સમીપમાં ગુફાઓ દેખાવાલાગી. આવું દિવ્ય વન જોતાં જલપાન-કંદમૂલ-ફલભોજનની સમૃદ્ધિ મળતાં વ્રજવાસીઓ ખૂબ પ્રસન્ન થયા

(૨૭) વર્ષાકાલમાં કો'કવાર આણધાર્યો મેઘલો આવે છે ત્યારે વૃક્ષોની બખોલમાં કે કંદરાઓમાં બિરાજી શ્રીવિહારીજી સખાઓ સાથે વિહાર કરતા ફલ-મૂલ આરોગે છે. (૨૮) ભગવાન શ્યામસુંદર ગાયો ચારવાને પધાર્યા ત્યારે પ્રભુને આરોગવા માટે ગોપ સખાઓ, ગોપિકાઓ, યશોમતી માતા અથવા તો રાહિણી માતાએ તાત્કાલિક આણેલા દહીંભાતને શ્રીગિરિરાજના શિખર ઉપર મેઘ વરસી રહેલ હતો ત્યારે અન્યત્ર જલ શોધવા જવાનો શ્રમ ન પડે માટે ત્યાં જ શ્રીદાઉભૈયા સાથે અને સજાતીય ગોપસખાઓ સાથે ઓરાગવા લાગ્યા. (૨૯) પરંતુ ભગવાન તો ભક્તવત્સલ છે વળી ગોપાળ છે.તે ગાયો-વાછરડાં ભૂખ્યા હોય અને તેમને મૂકીને કેમ આરોગે ? એટલે પ્રથમ તો ગોધનને ચારો ચરાવીને છાયામાં વિશ્રામ કરવા લઈ આવ્યા હતા. ગાયો પણ ઓધસના ભારથી થાકી ગએલી હતી. વાછરડાં પણ ચારો ચરીને ધરાઈ ગયાં હતા તેથી લીલા ઘાસવાળી ભૂમિમાં ભગવાને સર્વને લાવી વિસામો કરાવ્યો અને સ્વયં મિત્રો સાથે ભોજન અને વિશ્રામ કરવા લાગ્યા. (૩૦) પ્રણી માત્રને સુખ દેનારી વર્ષા ઋતુની સમૃદ્ધિ નિહાળી પોતાની સર્વ શક્તિઓથી સર્વ પ્રકારે પોષણ પામેલી વર્ષામાં વિહારીએ ક્રીડા કરી અને વર્ષાનાં યશોગાન ગાતા વર્ષાનો સત્કાર કરવા લાગ્યા. (૩૧)

હવે અઢાર શ્લોકો દ્વારા સર્વ સૌન્દર્યભરી શરદનું નિરૂપણ કરે છે

શ્રી વિહારીજી અને બલભૈયાજી આ રીત જ્યારે વ્રજમાં વિહાર કરી રહ્યા હતા ત્યારે નિર્મળ સ્વચ્છ જલ અને મેઘમુક્ત સ્વચ્છ આકાશવાળી તેમજ કોમલ વાયુવાળી શરદ આવી પહોંચી. (૩૨) **જલનું સૌન્દર્યઃ-** યોગોપાસના કરતા યોગીઓનાં ભ્રષ્ટ થએલાં ચિત્તો પાછી યોગની ઉપાસના કરતા ભગવનના અનુગ્રહથી સ્વસ્થ બની જાય છે એજ પ્રકારે શરદ ઋતુમાં કમલો ઉત્પન્ન થતાં જ સર્વ સરોવરનાં જલ નિર્મલ અને મધુર બની ગયા. (૩૩) **પંચ મહાભૂતોની સ્વચ્છતાઃ-** શરદ આવતાં મેઘ ચાલ્યા જતાં આકાશ નિર્મલ બની ગયું, ભૂતોમાંથી શબલતા ચાલી ગઈ; અગ્નિ અને વાયુના ક્ષુધા અને તૃષા નામના મળ દૂર થતાં જલની અંદર રહેલી મલીનતા ચાલી ગઇ અને જેમ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ચારે આશ્રમનિવાસી જનોનાં શ્રમનું નિવારણ કરે તેમ શ્રમનું નિવારણ કરે છે. (૩૪) **મેઘદોષોની નિવૃત્તિઃ-** લોકેષણા-વિત્તેષણા વગેરે કામનાઓને ત્યજીને જીવન જીવતા શાંત મુનિજનો પાપથી મુક્ત બનેલા હોઈ ઉજજવલ જીવન ધરાવે છે તે જ પ્રકારે મેઘો પણ ચાતુર્માસ પર્યન્ત પોતાના સર્વસ્વ ધન સમાં સર્વ જલનાં દાન કરીને ઉજજવલ બનીને શોભી રહ્યા છે. (૩૫) **જ્ઞાનીજનોઃ-** જ્ઞાની પુરુષો યોગ્ય અવસર આવતાં જ્ઞાનામૃતનાં દાન કરે છે અને કોઈવાર યોગ્ય ન લાગતાં મૌન સેવે છે. તે પ્રકારે જ્ઞાની સમા આ પર્વતો કોઈવાર અમૃતમય જલ આપે છે અને કોઈવાર નથી પણ આપતાં. (૩૬) **કુટુમ્બીજનોઃ-** કુટુંબને જ સર્વસુખનું સાધન માનનારા મૂઢ સંસારી જનો આંખના પલકારામાં વહી જતાં આયુષ્યને જાણતા નથી તેવી જ રીતે અલ્પ જલવાળા ખાબોચિયામાં રહેનાંરા જલચર જંતુઓ નિરંતર સુકાઈ રહેલા પાણીને જાણતા નથી. (૩૭) **દરિદ્રોની દશાઃ-** સ્વાભાવે અને ધનથી દરિદ્ર કૃપણ સંયમ વિનાનો કુટુંબીજન સંસારમાં પડી રહેતાં દુઃખી થાય છે તેવી જ રીતે અલ્પ જગતમાં રહેનાર જલચર જીવો શરદ ઋતુના સૂર્યના તાપથી સંતાપ પામે છે. (૩૮) **ધીર વીર પુરુષોઃ-** ધીર વીર પુરુષો વિવેકી હોય છે. તેઓ દેહ, ગેહ, દ્રવ્ય વગેરે પદાર્થો આત્મા નથી એવું સમજીને ધીમે ધીમે દેહ-કુટુંબ વગેરેમાંથી હું અને મારું એવા ભાવને ત્યજી દે છે તેવીજ રીતે શરદ ઋતુ આવતાં સ્થલો કાદવ-કીચડને ત્યજી દે છે.લતાઓ વગેરે ધીમે ધીમે કચાશ ત્યજીને પરિપક્વ બને છે. (૩૯) **વિમુક્તજનોઃ-** વિમુક્તજનને આત્મજ્ઞાન થઈ ગએલ હોવાથી તેઓ વેદશાસ્ત્રોના અર્થોના પણ અનુસંધાનથી પર થઈને કેવલ મનનશીલ બની જાય છે અને તેમનું અંતઃકરણ પણ લય-વિક્ષેપ દશાથી પર થઈ ગએલ હોવાથી જેમ આત્મરત થાય છે એ પ્રમાણે શરદઋતુ આવતાં જ સમુદ્રના ખળખળાટ ચાલ્યા જાયછે અને શાન્ત જલવાળો મહાસાગર બની જાય છે. (૪૦) **યોગી પુરુષોઃ-** પ્રાણો ચાલ્યા જતાં જ્ઞાન ચાલ્યું જાય છે પરંતુ યોગીજનો ચાલ્યા જતા પ્રાણોને રોકીને જ્ઞાનને જવા દેતા નથી તેવી જ રીતે કિસાનો મોટા પાળા નાખીને ક્યારામાં આવેલા જળને રોકી રાખે છે. (૪૧) **વ્રજ નારી ઉપર કૃપાઃ-** ભગવાન શ્રી મુકુન્દ વ્રજવનિતાઓના દેહના અભિમાનથી થનારા દુઃખનું જેમ નિવારણ કરે છે તેમ જ આકાશનો શરદ ચન્દ્ર પોતાના કિરણોથી સૂર્યના તાપથી તપેલાઓના કલેશનું નિવારણ કરી

રહેલ છે. (૪૨) **ચિત્તની સત્ત્વવસ્થાઃ-** જ્યારે ચિત્ત સત્વાવસ્થાને સંપાદન કરે છે ત્યારે વેદના અર્થોનો અવબોધ કરાવે છે તેવી જ રીતે શરદ ૠતુમાં આકાશ મેઘ મુક્ત બનીને નિર્મળ બની તારગણોના ઉદયવાળું બનેલ છે. (૪૩) **શરદનો શશી :-** પૃથ્વી ઉપર યાદવ સમૂહમાં બિરાજતા ભગવાન કૃષ્ણચન્દ્ર શોભી રહ્યા છે એવી જ રીતે નક્ષત્ર-તારા ગણથી વીંટળાએલ અખંડ મંડલવાળા શરદશશી-ચન્દ્ર આકાશમાં શોભી રહેલ છે. (૪૪) **ગોપીજનચિત્ત અને જનજીવનઃ-** શરદૠતુ આવી પહોંચી. પવન સમશીતોષ્ણ બન્યો અને વનમાં સુવાસિત પુષ્પોના સહવાસે સુવાસિત થયો આવા શીત સુગંધી પવનના સહયોગે જનજીવન તાપમુક્ત તો બન્યું. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણે ચોરી લીધેલા ચિત્તવાળી વ્રજનારીઓના ઉરતાપ તો જરા પણ ઓછા ન થયા. (૪૫) **ગાયો વગેરેઃ-** ભગવાનના અનુગ્રહવાળી સર્વ ઉપાસના આરાધનાની ક્રિયાઓ જેમ ફલવાળી બને છે એ જ પ્રકારે પોતાના ધાર્મિક સ્વામીઓ સાથે સહયોગમાં આવીને ગાયો, હરિણીઓ,પંખિણીઓ અને સ્ત્રીઓ પણ શરદૠતુમાં સગર્ભાઓ બની છે. (૪૬) **કમલોઃ-** આ શરદૠતુમા કેવલ કુમુદ સિવાયનાં જલાશયનાં સર્વ કમલો વિકસિત થયાં જેમ રાજાના ભયને લીધે ચોરોનાં મુખ તો કરમાયલાં રહે છે પરંતુ રાજાના આશ્રયથી લોક નિર્ભય અને પ્રફુલ્લિત મન રહે છે. (૪૭) **ભૂમિદેવીઃ-** ભગવાનની કલા રૂપ આ પૃથ્વીદેવી શ્રીબલભદ્રજી અને ભગવાન શ્રીકૃષ્ણથી શોભી રહે છે તેવી જ રીતે પૃથ્વી ઉપર શરદકાલમાં લૌકિક ધર્મો-સ્માર્ત ધર્મો-આગ્રહાયણ નામની ઈષ્ટિ વગેરે મોટા મોટા નગરોમાં થઈ રહેલ હોઈને પૃથ્વી દીપી ઊઠી છે. (૪૮) **ચારે વર્ણોનો આનંદઃ-** સિદ્ધજનો સિદ્ધિના ઉપભોગ માટે વર્ષો પર્યન્ત પોતાના પ્રાણનો અવરોધ કરી સિદ્ધિઓનો ઉપભોગ કરી યોગ્ય કાળ આવતાં દેહનો ત્યાગ કરી દેવ દેહને પામે છે તે જ પ્રાકરે વર્ષાકાલના કારણે અવરજવર બંધ થતાં નિયમબદ્ધ થયેલા સ્નાતકો-નૃપતિઓ અને વેપારીઓ હવે નિયમમુક્ત થયા અને સર્વસાવધાન થઈ પોત પોતાના વ્યવસાયોમાં પરોવાઈ ગયા. (૪૯)

वणिङ्मुनिनृपस्नाता निर्गम्यार्थान् प्रपेदिरे । वर्षरुद्धा यथा सिद्धाः स्वपिण्डान् काल आगते ॥ ३९ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધનિરોધ લીલાના તામસ પ્રકરણના અવાંતર પ્રમેય પ્રકરણનો ૨૦ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૨૧ મો

[આ અધ્યાયમાં ૨૦ શ્લોકો છે. તામસ પ્રકરણના પ્રમેય પ્રકરણનો ધર્મી અધ્યાય છે. ભગવાન વેણુનાદ કરે છે અને સર્વ ભક્તજનોને પરમઆનંદનાં દાન કરે છે.]

इत्थं शरत् स्वच्छजलं पद्माकरसुगंधिना । न्यविशद् वायुना वातं सगोगोपालकोऽच्युतः ॥ १ ॥

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત! આ પ્રકારે શરદ્ૠતુએ વૃન્દાવનનાં જલસ્વચ્છ કરી દીધાં વળી કમલોના ભંડારથી સુવાસિત વાયુ વાતો હતો, ત્યારે શ્રી અચ્યુત ભગવાને ગાયો અને ગોપકુમારોને લઈને શીતલ સુવાસિત જલવાળા વનમાં પ્રવેશ કર્યો. (૧)

कुसुमितवनराजि-शुष्मिभृङ्ग-द्विजकुलघुष्टसरःसरिन्महीध्रम् । मधुपतिरवगाह्य चारयन् गाः सहपशुपालबलश्चुकूज वेणुम् ॥ २ ॥

વનરાજિઓ પુષ્પોથી સુવાસિત બની રહી હતી, મદવિભોર ભ્રમર અને પક્ષીઓનાં વૃન્દો સરોવર-સરિતાઓ-પર્વતોમાં વિચરી રહ્યાં હતાં. આવા શ્રી વૃન્દાવનમાં પ્રવેશ કરીને ગોપવૃન્દ અને શ્રીબલદેવ ભૈયા સાથે ગાયો ચરાવતા શ્રીમધુપતિ-શ્રીકૃષ્ણચન્દ્રે વેણુનું કૂજન કર્યું. (૨)

तद् व्रजस्त्रिय आश्रुत्य वेणुगीतं स्मरोदयम् । काचित्परोक्षं कृष्णस्य स्वसखीभ्यो न्यवर्णयत् ॥ ३ ॥

શ્રી વ્રજલલનાઓ તે શ્રીકૃષ્ણના સ્મરણનો શ્રીકૃષ્ણમાં સ્નેહનો ઉદય કરનારા વેણુગીતનું શ્રવણ કરીને કેટલાંક શ્રીગોપીજનો શ્રીકૃષ્ણની પરોક્ષમાં એટલે વનમાં પધારેલા હોઈને ગેરહાજરીમાં પોતાના સખીજન સમીપે વર્ણન કરવા લાગ્યાં. (૩)

तद् वर्णयितुमारब्धाः स्मरन्त्यः कृष्णचेष्टितम् । नाशकन् स्मरवेगेन विक्षिप्तमनसो नृप ॥ ४ ॥

શ્રીગોપજનોએ તે શ્રીવેણુનાદનો વર્ણન કરવાનો આરંભ કર્યો તો ખરો પરંતુ રાજન્ ! શ્રીકૃષ્ણની લીલાઓનું સ્મરણ થઈ આવતાં સ્મરનાં-શ્રીકૃષ્ણમાં વસેલા ભાવના આવેગથી તેમનાં ચિત્ત ખળભળી ઊઠ્યાં.-વિહવળબની ગયાં અને વર્ણન કરી શક્યાં નહી. (૪)

સુંદરવર શ્યામસુંદર

बर्हापीडं नटवरवपुःकर्णयोः कर्णिकारं- बिभ्रद् वासः कनककपिशं वैजयन्तीं च मालाम् ।
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दै-र्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः ॥ ५ ॥

શ્રીમસ્તકે મયૂરપિચ્છના મુકુટને ધારણ કરનાર, ઉત્તમ નટ અને વરવા લાયક ઉત્તમ સ્વરૂપ શ્રીઅંગવાળા, બન્ને કાનોમાં-કાન ઉપર કરણના પુષ્પને ધારણ કરનાર, સુવર્ણ સમા પીતાંબરધારી, શ્રીવૈજયન્તીમાલાવાળા, પોતાના અધરોષ્ઠ ઉપર પધારાવેલા શ્રીવેણુનાં છિદ્રોને અમૃતથી છલકાવી દેતા, સર્વત્ર જેમની કીર્તિનાં ગાન થઈ રહેલ છે એવા શ્રીકૃષ્ણે પોતાના ગોપ સખાઓના સમૂહ સાથે પોતાના શ્રીચરણોથી-શ્રીચરણોનાં સ્થાપ કરી શ્રીવૃન્દાવનને ભક્તિ અને ધર્મનું ધામ બનાવતા શ્રીવૃન્દાવનમાં પ્રવેશ કર્યો. (૫)

इति वेणुरवं राजन् सर्वभूतमनोहरम् । श्रुत्वा व्रजस्त्रियः सर्वा वर्णयन्त्योभिरेमिरे ॥ ६ ॥

રાજન્ ! એ પ્રકારે સર્વ પ્રાણીઓના મનનું હરણ કરનાર વેણુનાદનું શ્રવણ કરીને સર્વ વ્રજનારીઓએ શ્રીવેણુંનાદનું વર્ણન કરવાનો આરંભ કીધો. (૬)

રસાત્મક રસરાજ

गोप्यः ऊचुः अक्षण्वतां फलमिदं न परं विदामः सख्यः पशूननुविवेशयतोर्वयस्यैः ।
वक्त्रं व्रजेशसुतयोरनुवेणुजुष्टं-यैर्वा निपीतमनुरक्तकटाक्षमोक्षम् ॥ ७ ॥

હે સખીઓ ! પોતાના વ્રજબાલ મિત્રો સાથે પશુવૃન્દને ચરવા લઈ જતાં શ્રીવ્રજરાય નંદરાયના બન્ને પુત્રોના વેણુનાદ કરી રહેલા અને અનુરાગ-પ્રેમભર્યા કટાક્ષને મૂકતા મુખકમલનું જેને દર્શન કર્યું છે અથવા પાન કર્યું છે તેવા ઇન્દ્રિયોવાળાઓનું કે આંખવાળાઓનું આજ રસરાજકુમારોનું દર્શન એ જ ફલ છે. આ આનંદ સામે મોક્ષનો આનંદ તો મામૂલી છે એવું અમે જાણીએ છીએ. (૭)

કેવલ રસસ્વરૂપ કુમારો

चूत-प्रवाल-बर्ह-स्तबकोत्पलाब्ज-मालानुपृक्त-परिधान-विचित्र-वेषौ ।
मध्ये-विरेजतुरलं पशुपालगोष्ठयां रङ्गे यथा नटवरौ क्व च गायमानौ ॥ ८ ॥

શ્રી રસરાજ શ્રીકૃષ્ણે અને શ્રી બલભદ્રજીએ કાનોમાં આમ્રની કૂણી કૂંપણો ધારણ કરી હતી, મસ્તકે મયૂરપિચ્છ ગુચ્છ શોભતા હતા, શ્રીકંઠમાં કમલની માલા દીપતી હતી. આ સર્વ શૃંગારો પીતાંબરો વગેરે વસ્ત્રો ઉપર રહેલા હોઈને રંગબેરંગી વિચિત્ર વેષવાળા બન્ને કુમારો કોઈ શ્રેષ્ઠ નટની માફક કોઈવાર ગાન કરતા રંગમંડપમાં શોભે તેવી રીતે મધ્યમાં ગોપકુમારોની મીઠી વાતોમાં અત્યંત સારી રીતે શોભતા હતા. (૮)

અનુગ્રહથી શ્રીવેણુને અધરામૃત મળ્યાં

गोप्यः किमाचरदयं कुशलं स्म वेणुर्दामोदराधरसुधामपि गोपिकानाम् ।
भुंक्ते स्वयं यदवशिष्टरसं ह्रदिन्यो हृष्यत्त्वचोश्रु मुमुचुस्तरवो यथार्याः ॥ ९ ॥

હે ગોપીજન ! કહોને આ વેણુએ એવાં તે શાં કુશળ કર્મ-પુણ્ય કર્મ કીધા ? કે શ્રીવ્રજસુંદરીઓનાં જ પાન કરવાની યોગ્યતાવાળા શ્રી દામોદરની શ્રીયશોધરલાલના અધરામૃતનાં પાન સ્વયં વેણું પ્રકટપણે કરી રહેલ છે., વળી જલનાં

આ ઝરણાં-સરિતાઓ-સરોવરો અને તરુવરો પણ વેણુનાં પાન કરતાં બાકી રહેલા અધરરસનો ભોગ કરી રહેલ છે, અને આર્યજનોની માફક તેઓ રોમાંચ અનુભવી રહેલ છે. અને જોયું ? તેમને કેવાં હર્ષનાં અશ્રુઓ પણ આવી રહેલાં છે. (૯)

"શ્રી વૃન્દાવન" ભૂમિનું સૌભાગ્યતિલક છે

वृन्दावनं सखि भुवो वितनोति कीर्तिं यद् देवकीसुतपदाम्बुजलब्धलक्ष्मि ।
गोविन्दवेणुमनु मत्तमयूरनृत्यं प्रेक्ष्याद्रिसान्वपरतान्यसमस्तसत्त्वम् ॥ १० ॥

હે સખી! શ્રી દેવકીનન્દનના ચરણકમલના સ્પર્શથી લક્ષ્મીને-સૌભાગ્યને પામનાર આ વૃન્દાવન બનેલ છે. અને વળી આ શ્રી વૃન્દાવનમાં શ્રી ગોવિન્દના વેણુના ગાનને અનુસરીને મદઘેલા બનીને નૃત્ય કરનારા આ મયૂરોના નૃત્યને શ્રી ગિરિરાજનાં શિખરો ઉપર વસેલાં સર્વ પ્રાણીઓ પણ મુનિજન જેવા મૂક બની ગયાં છે. ખરેખર સખિ ! આવા દિવ્ય બનેલ શ્રી વૃન્દાવનજી તો ભૂમિમાં સૌભાગ્યને-કીર્તિને સર્વત્ર વધારી રહેલ છે. (૧૦)

હરણીઓને હરિ-અધરામૃતનાં પાન

धन्याः स्म मूढमतयोपि हरिण्य एता या नन्दनन्दनमुपात्तविचित्रवेषम् ।
आकर्ण्य वेणुरणितं सहकृष्णसाराः पूजां दधुर्विरचितां प्रणयावलोकैः ॥ ११ ॥

અરે સખીરીઓ ! જુઓને આ મૂઢમતિ મનાતી હરિણીઓ કેવી કૃતકૃત્ય-ધન્ય ધન્ય છે ! કે અત્યંત રમણીયવિચિત્ર વેષને ધારણ કરનારા શ્રીનન્દનન્દન શ્રીવૃન્દાવનવિહારીજીના રણકારનાં નાદના શ્રવણ કરીને પોતાના પતિ કૃષ્ણસાર-કડિયાર નામના હરણોની સાથે એટલે સજોડે પુષ્કળ પ્રણયપૂર્વક પ્રભુ શ્રીનંદનના અવલોકન કરી રહેલાં છે ત્યારે તો જાણે શ્રીકૃષ્ણ-બલભદ્રજીને અર્ચતા જ હોયને શું એમ લાગે છે. (૧૧)

દેવાગંનાઓ ઉપર શ્રી દેવકીનંદજીની દયા

कृष्णं निरीक्ष्य वनितोत्सवचारुवेषं - श्रुत्वा च तत्क्वणितवेणुविचित्रगीतम् ।
देव्या विमानगतयः स्मरनुन्नसाराः भ्रश्यत् प्रसूनकबरा मुमुहुर्विनीव्यः ॥ १२ ॥

સખીરી ! જોયું ! આ વેણુનાદે કેવું ગજબ કામ કર્યું ! જુઓ ! જુઓ ! યુવતી નારીને જ નહીં, કે વ્રજનારીઓને જ નહીં પરંતુ સર્વ વનિતાઓને ઉમંગ વધારનારા સુરમ્ય વેષવાળા શ્રીકૃષ્ણનાં દર્શન કરીને, અને વળી શ્રીકૃષ્ણે બજાવેલા શ્રીવેણુનાં મધુર વિચિત્ર ગીતનાં શ્રવણ કરીને વિમાનોમાં જઇ રહેલી દેવાંગનાઓનો વિવેક શ્રીકૃષ્ણાનુરાગથી ક્યાં ચાલ્યો ગયો હોઈ ને, એમની કેશવેણીઓમાંથી છૂટી પડેલાં કુસુમો નીચે ભૂમિ ઉપર ખરી રહ્યાં એટલું જ નહિં પરંતુ તેમનાં વસ્ત્રોની ગાંઢો પણ ઢીલી થઈ ગયેલ છે અને દેવનારીઓ તો બેહોશ જ બની ગયેલ છે. (૧૨)

આ તે શું વ્રજની ગાયો છે કે હરિના અધરામૃતનું પાન કરનારી શ્રુતિ ભગવતીઓ !

गावश्च कृष्णमुखनिर्गतवेणुगीत,-पीयूषमुत्तभित-कर्णपुटैः पिबन्त्यः ।
शावाःस्नुतस्तनपयःकवलाः स्म तस्थु,-र्गोविन्दमात्मनि दशाश्रकलाः स्पृशन्त्य ॥ १३ ॥

અરે સખિરીઓ જરા તો જુઓ! ટટાર કરેલા સરવા કરેલા આકર્ણ-કાન નામના પડિયાઓમાં ભરી ભરીને શ્રીકૃષ્ણના મુખકમલમાંથી સરી રહેલા વેણુગીત અમૃતનાં પાન કરનારી ગાયો, અને ગાયોના આંચળોમાંથી ઝરી રહેલા દુધના ઘૂંટડાઓને ગળે ન ઉતારતાં મુખમાંજ રાખી રહેલાં વાછરડાં પ્રેમથી પોતાનાં નયનોમાં અશ્રુ બિન્દુઓ આવી જતાં પોતાના હૃદયમાં જ શ્રીગોવિન્દનો સ્પર્શ થતાં કેવાં અવિચલબનીને ઊભાંછે ખરું ને ! (૧૩)

આ તે શ્રી વૃન્દાવનમાં પક્ષીઓ કે મુનિવરો !

प्रायो बताम्ब विहगा मुनयो वनेस्मिन् -कृष्णेक्षणास्तदुदितं कलवेणुगीतम् ।
आरुह्य ये द्रुमभुजान् रुचिरप्रवालान् - श्रृण्वन्ति मीलितदृशो विगतान्यवाचः ॥ १४ ॥

વ્રજનારી વાર્તા-ગોષ્ઠીમાં વેણુનાં યશનું ગાન કરતાં કહેવા લાગી કે મા! યશોદા! ખૂબ ખૂબ હર્ષની વાત છે કે જ્યારે તમારા કુંવર નંદલાલન્ વેણુનાં ગાન કરે છે ત્યારે તો ઘેરા લાલ રંગવાળાં હિંગળોક જેવાં ચિત્તને લલચાવનારાં નવકોમલ પલ્લવ-પાનવાળાં વૃક્ષોની શાખાઓ ઉપર ચઢીને બિરાજેલાં અને શ્રીકૃષ્ણમાં જ સુખઆનંદ માનનારાં પંખીઓ જ્યારે નેત્રો મીચીને અને પોતાનાં સઘળા કલરવને ત્યજીને વેણુરવનાં પાન કરે છે ત્યારે તો મા! ખાત્રી જ થાય છે કે આ કાંઈ પંખીઓ નહીં હોય પણ સાચે જ મુનિવરો જ હશે એમ મન માને છે (મા કેવા પુણ્ય કીધાં કે આપ શ્રીકૃષ્ણની જનની થયાં!)

શ્યામ ! અરે સુખધામ શ્યામ ! તમારી વેણુની લહરીએ સરિતાઓની લહરીઓ થંભાવી

नद्यस्तदा तदुपधार्य मुकुन्दगीत,- मावर्तलक्षितमनोभवभग्नवेगाः ।
आलिंगनस्थगितमूर्मिभुजैर्मुरारे-र्गृहणन्ति पादयुगलं कमलोपहाराः ॥ १५ ॥

વળી વ્રજનારી વેણુનો યશ ગાતાં બોલ્યાં કે શ્રીશ્યામ મનોહરનાં વેણુને સાંભળીને પંખી અવાક્ બન્યાં તે દશ્યને નીરખીને-તે સમયે શ્રી મુકુન્દ ભગવાને ગાયેલા વેણુનાદનું શ્રવણ કરીને, જલપ્રવાહમાં ઘૂમરીઓ લેતી અને આગળ વહેતા વેગ વિરમી જતાં સ્પષ્ટ જણાય છે કે નદીઓની દેવતાઓ કામવશ બની ગયેલાં હોઈ આગળ ન ખસી શકતાં શ્રીમુરારિ ભગવાનનાં આલિંગનની ભેટવાની લાલસાવાળાં બન્યાં છે અને શ્રીવિહારીજીના ચરણકમલોમાં પોતાના તરંગરૂપી કરકમલોમાં કમલની ભેટ લઈ અર્પણ કરતાં ચરણકમલોને ગ્રહણ કરી રહ્યાં છે એવું સ્પષ્ટ લાગે છે.

શ્રી મેઘશ્યામ શ્યામસુંદરની કોમલજલ કણિકાઓથી મેઘે સેવા કરી

दष्ट्वातपे व्रजपशून् सहरामगोपैः-संचारयन्तमनु वेणुमुदीरयन्तम् ।
प्रेमप्रवृद्ध उदितः कुसुमावलिभिः-सख्युर्व्यधात् स्ववपुषाम्बुद आतपत्रम् ॥ १६ ॥

વળી વ્રજયુવતીઓ કહેવા લાગી કે જોયું ?આ મેઘની કેવી કુલીનતા છે લ્યો જુઓ? જ્યારે વ્રજનાં પશુધનને શ્રીબલરામ અને ગોપ બાલ સાથે શ્યામસુંદર તાપ-તડકામાંથી બચાવી બચાવીને ચરાવતા અને વેણુગાન કરતા પોતાના પ્રિય સખા શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં ત્યારે જેનો સ્નેહ ઉભરાઈ આવ્યો છે તેવો મેઘ પોતાના શરીરનું જ શ્યામસુંદરને છત્ર ધરી સર્વને છાયા આપી કુસુમાંજલિઓ વરસાવી પુષ્કળ પુષ્પવૃષ્ટિ કરી. (૧૬)

શ્રીપુલિન્દીજીઓનું પૂર્ણ સૌભાગ્ય

पूर्णा पुलिन्द्य उरुगायपदाब्जराग,-श्रीकुंकुमेन दयितास्तनमण्डितेन ।
तद् दर्शनस्मररुजस्तृणरूषितेन-लिम्पन्त्य आननकुचेषु जहुस्तदाधिम् ॥ १७ ॥

શ્રી વ્રજનારીઓ બોલી કે જોયું ! આ વનવાસિની આદિવાસી ભીલડીઓ-પુલિન્દીજીઓ કેવી પૂર્ણ ભાગ્યશાલિનીઓ છે કે જ્યારે વનમાં વેણુ બજાવી ગાયો ચરાવતાં શ્રીગોવિંદનાં દર્શન થયાં ત્યારે તેઓના હૃદયમાં મનોભવ-કામ-દેવની પીડા જાગી અને પ્રભુને ભેટવા વિચાર્યું પરંતુ તે ક્યાંથી સુલભ બને ? આખરે એક માર્ગ મળ્યો. ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમલોમાં શ્રીલક્ષ્મીજી કુંકુમ કેસરનો લેપ કરતાં અથવા શ્રી લક્ષ્મીજી પ્રભુના વિરહ તાપને શમાવવા હૃદયે લેપ લગાવતાં તે પ્રદેશમાં ભગવાન પોતાનો ચરણકમલ પધારવતા તેથી બન્ને ચરણો કેસર-કુંકુમના લેપવાળાં બની જતાં આ કુકુંમલેપવાળાં ચરણોથી વનમાં વિચરતા ત્યારે માર્ગનાં તૃણ-ઘાસ ઉપર તે ચંદન લાગી જતું હતું. શ્રી વ્રજનારીઓએ આજ સુધી તે ચંદનનું માહાત્મ્ય નહોતું જાણ્યું આજે તે ચંદનને ઘાસ ઉપરથી હાથમાં લઈ લઈને મુખકમલ ઉપર અને સંતપ્ત પોતાના હૃદયપ્રદેશ ઉપર લગાવીને હૃદયની પીડા દૂર કરે છે કહોને ! આપણાં કરતાં તે પુણ્યશાળી નથી વારુ ? (૧૭)

હરિદાસવર્ય શ્રી ગિરિરાજ મહારાજ

हन्तायमद्रिरबला हरिदासवर्यो-यद रामकृष्णचरणस्पर्शप्रमोदः ।
मानं तनोति सहगोगणयोस्तयोर्यत्-पानीय-सूयवसकन्दर-कन्दमूलैः ॥ १८ ॥

ગોપીજનો શ્રી વેણુનું યોશોગાન કરતાં બોલ્યાંઃ અરે સખીઓ હન્ત ! આપણે માટે ખેદની વાત છે કારણ કે વનમાં વસતી પુલિન્દીઓ આવા પૂર્ણ ભાગ્યશાળી શ્રીહરિદાસશિરોમણિ પરમ ભગવદીય શ્રી ગિરિરાજના સંગથી થયાં. ધન્યવાદ તો આશ્રીગિરિરાજ મહારાજને છે કે તેઓ શ્રીગિરિરાજજી, ભગવાન શ્રી બલભદ્રજી અને ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીના ચરણકમલોનો સ્પર્શ પામીને સદાય પ્રમુદિત રહે છે- આનંદમાં રહેછે અને આ શ્રી ગિરિરાજ મહારાજ પોતાને આંગણે પધારેલાં ગોપજનો અને ગોવૃન્દનાં ગોવિન્દ ભગવાનની સાથે સદા સ્વાગત કરતાં પોતાના પાનીય-શીતલ મધુર જલ, સૂયવસ-કુમળાં-કુમળાં ઘાસ, कंदर-સુખ દેનારી ગુફા-કન્દરાઓ, कन्दमूलैः-કંદ અને મૂલથી સેવા કરે છે. આપણે ઝાઝું શું કહીએ. આ શ્રી ગિરિરાજજીને હરિદાસશિરોમણિ કહીનેં કૃતાર્થ થઈએ. (૧૮)

શ્રીકૃષ્ણની કૃપા ક્યાં વરસશે એ કોણ કહી શકશે

गा गोपकैरनुवनं नयतोरुदार-वेणुस्वनैः कलपदैस्तनुभृत्सु सख्यः ।
अस्पन्दनं गतिमतां पुलकस्तरूर्णां-निर्योगपाशकृतलक्षणयोर्विचित्रम् ॥ १९ ॥

અરે સખીઓ ! નાના ગોપબાલ સાથે એક વનમાંથી બીજા અને બીજામાંથી ત્રીજા એમ અનેક વનોમાં ગોધનને ચારવા માટે હાથમાં ગાયો અને વાછરડાઓના ગાળીઆને લઈ બન્ને ગોપકુમારો જઈ રહ્યા હોય છે ત્યારે તે બન્ને વેણુનાં મધુર અને કામણઘેરાં હૃદયંગમ પણ સ્પષ્ટ શબ્દ ના સમજાય તેવા ગુંજનથી જે ચેતન વૃક્ષો છે તેને અચેતન બનાવી દે છે, અને પર્વતોને ચેતન બનાવી રોમાંચ કરી દે છે. સાચે જ સખીઓ! આ શક્તિ સામાન્ય દેહધારીઓમાં તો વિચિત્ર લાગે છે. (૧૯)

एवं विधा भगवतो या वृन्दावनचारिणः । वर्णयन्त्यो मिथो गोप्यः क्रीडास्तन्मयतां ययुः ॥ २० ॥

શ્રીશુકાચાર્યજીએ વેણુનાદ મહિમાંનું પાન કરતાં તન્મય બનેલા રાજા પરીક્ષિતજીને કહ્યું કે રાજન્ ! શ્રી વૃન્દાવનમાં વિહાર કરતા શ્રીવૃન્દાવનવિહારીજીની આ પ્રકારની ક્રીડાઓનું પરસ્પરમાં વર્ણન કરતા કરતાં ગોપીજનો શ્રી વિહારીમય ગોવિન્દમય થઈ ગયાં. (૨૦)

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ નિરોધલીલા તામસ પ્રકરણના પ્રમેયપ્રકરણમાં ૨૧ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૨૨ મો

[એકવીસમા અધ્યાયમાં વેણુગીત-કથા આવી. હવે ૨૨મા અધ્યાયથી ૨૮મા અધ્યાય સુધીના સાત અધ્યાયોમાં સાધન પ્રકરણની કથા છે. તામસ પ્રકરણના અઠ્ઠાવીસ અધ્યાયો છે પ્રથમ સાત અધ્યાયના પ્રમાણ પ્રકરણમાં પ્રમાત્મક નિરોધ થયેલ છે. ત્યાર પછી પ્રમેય પ્રકરણમાં પ્રેમ પછીની સાહેલી આસક્તિ હોય છે. પ્રમેય પ્રકરણમાં આસક્તિરૂપ નિરોધ વર્ણવ્યો છે. અને સાધન પ્રકરણમાં વ્યસનાત્મક નિરોધ છે. આ અધ્યાયમાં સાડા આડત્રીસ શ્લોકો છે. આ અધ્યાયમાં કાત્યાયની વ્રતની ભાવભીની કથા છે.]

श्रीशुक उवाच-हेमन्ते प्रथमे मासि नन्दगोपकुमारिकाः । चेरुर्हविष्यं भुंजानाः कात्यायन्यर्चनव्रतम् ॥ १ ॥

શ્રીશુકાચાર્ય મહારાજશ્રીએ કહ્યું કે રાજન્ ! હેમન્ત ઋતુનો પ્રથમ માર્ગશીર્ષ માસ હતો.આ માસમાં નંદબાવાની ગોકુલની કુમારિકા એટલે ગોપ કુંવરીઓએ હવિષ્યાન્નનું ભોજન કરીને કાત્યાયની દેવીના અર્ચન વ્રતનો પ્રારંભ કર્યો. (૧) નરેશ પરીક્ષિત ! સૂર્યોદય પૂર્વે પ્રથમ શ્રીકાલિનન્દીજીના જલમાં સ્નાન કર્યાં ત્યાં તો અરુણોદય થયો. ત્યારે દેવી કાત્યાયનીજીના અર્ચન કર્યાં. (૨) રાજન્ ! સુંગધીવાળાં દ્રવ્યો, વાલુકાદેવીની અથવા રેતીની પ્રતિમા બનાવીને દેવી કાત્યાયનીજીના અર્ચન કર્યાં. (૨) રાજન્ ! સુંગધીવાળાં દ્રવ્યો,

"હે મહાભાગા ! હે કાત્યાયની દેવી ! હે મહાયોગિની ! હે અધીશ્વરી દેવી, હે દેવી ! શ્રી નન્દગોપકુમારને અમારા પતિ બનાવો. અમને શ્રી નંદકુમાર પતિ મળો, આપને અમે નમસ્કાર કરીએ છીએ. આ પ્રકારે મંત્રનો જપ કરતાં કરતાં તે કુમારિકાઓએ શ્રીકાત્યાયની દેવીનાં અર્ચન કર્યાં. (૪) શ્રીકૃષ્ણમાં જ ચિત્ત રાખી શ્રીકૃષ્ણમય બની કુમારિકાઓ એક માસ પર્યન્ત વ્રત આચર્યું. ત્યાર પછી ફરીથી એક માસ પર્યન્ત **"भूयात् नन्दसुतः पतिः"** એ મંત્રનું દર્શન કરીને શ્રીભદ્રકાલી દેવીનું અર્ચન કર્યું. (૫)$^{૧/૨}$ આ સર્વ કુમારિકાઓ તો ગોત્રપ્રવર્તક ઋષિઓ હતાં તેથી તેમનાં ગોત્ર નામો બોલી બોલીને પ્રાતઃકાલમાં વહેલાં ઊઠી-ઉઠાડીને કુમારિકાઓ એક બીજાંએક - બીજાના હાથમાં હાથ પરોવીને પ્રિતિદિન પ્રાતઃકાલમાં શ્રીકાલિન્દીજીમાં સ્નાન કરવા જતાં હતાં તેમજ ઊંચા કંઠે પ્રિયતમ શ્રીકૃષ્ણનાં ગુણગાન કરતાં હતા. (૬)$^{૧/}$ વ્રતનાં અંગ તરીકે (૧) મૌનત્યાગ,(૨)વસ્ત્રત્યાગ,(૩) જલવિહાર,(૪) દેહવિસ્મરણ, આ ચાર કર્મના દોષો ગણાવ્યા છે રાજન્ ! એક દિવસ જ્યારે શ્રીકૃષ્ણનું ચિંતન અને ગુણગાન કરતાં કરતાં દેહનું ભાન ન રહ્યું ત્યારે દેહની આસક્તિ જ ન રહી ત્યારે વસ્ત્રો પહેરવાનું પણ ધ્યાન ક્યાંથી હોય એવી ભૂમિમાં ધારણ કરેલાં વસ્ત્રો કિનારા ઉપર જ સ્થાપીને-મૂકીને શ્રીકૃષ્ણના જ ગુણગાન કરતાં કરતાં આનંદવિભોર બનીને શ્રીકાલિન્દીના જલમાં પ્રવેશ કરી વિહાર કરવા લાગ્યા. (૭)$^{૧/૨}$ કૃપાસિંધુ શ્રીકૃષ્ણે ઉપર ગણાવેલ ચાર દોષો જો કે ભક્તિમાર્ગમાં એ ચાર ગુણો ગણાય પરંતુ આ તો કર્મમાર્ગમાં દોષ જ મનાય એવો નિશ્ચય કરીને તે ચાર દોષોનું નિવારણ કરવા માટે અને વ્રતની સફળતા માટે વ્રતનું ફળ આપવા માટે યોગેશ્વરોના ઈશ્વર, ભગવાન શ્રીકૃષ્ણ વયસ્યો સાથે ત્યાં પધાર્યા. (૮)$^{૧/૨}$ અને સ્નાન કરતી વ્રતનિષ્ઠ કુમારિકાઓનાં વસ્ત્રો પોતાના સાથે લઈ લીધાં અને ત્વરિતગતિથી કદંબતરુ ઉપર ચઢી ગયા અને હસતા બાલકો સાથે સ્વંય પણ હસતા નીચે પ્રમાણેનાં પરિહાસ વચનો બોલવા લાગ્યા. (૯)$^{૧/૨}$ હે અબલાઓ-કુમારિકાઓ આપ અહીં મારી પાસે પધારો, આપ પોતાનાં ભગવતકામરૂપ પોતાનાં વસ્ત્રો સુખપૂર્વક લઈ જાવ. મારી વાતને હાંસી-મશ્કરી ના ગણશો. આપ સર્વ કુમારિકાઓ વ્રત કરી કાયાથી કૃશ બની ગયાં છો. (૧૦)$^{૧/૨}$ હે કુમારિકાઓ!' પૂર્વે કદી હું અસત્ય બોલ્યો નથી. અથવા મારા સ્વરૂપમાંથી પ્રગટ કરેલું આ જગત મિથ્યા નથી. આ બાબતમાં આ મારા મિત્રો સાક્ષી છે કે જે મિત્રો ઋષિરૂપ છે. આપ એક એક પધારો કે સમૂહમાં પધારો અને આપનાં વસ્ત્રોનું ગ્રહણ કરો. આપ શુદ્ધ મનવાળાં છો, મારી કામના શુદ્ધ મનવાળાઓને જ થાય છે. (૧૧)$^{૧/૨}$ ભગવાન શ્રીકૃષ્ણ તો આ પ્રમાણે વિનોદ કરી રહ્યા છે એવું સમજીને ગોપીજનો ભગવત્ પ્રેમરસમાં ડૂબી ગયાં. અને પરસ્પર સામે જોઈ રહ્યાં અને જલમાંથી બહાર ન પધાર્યાં. (૧૨)$^{૧/૨}$ ત્યારે ભગવાને ફરીથી પણ એ જ વાત કરી કે આપ આપનાં વસ્ત્રો અહીં પધારીને લઈ જાવ ત્યારે ગોપકુમારિકાઓને ભગવાનનાં વિનોદવાક્યોથી ગોપીજનોનાં મનમાં ખૂબ જ ક્ષોભ થયો-સંકોચ થયો. તેઓ ગળા સુધીના જલમાં પોતાનાં અંગોને ઢાંકીને રહ્યા અને શીતલ જલમાં કંપવા લાગ્યાં અને ભગવાને વિનયપૂર્વક કહેવા લાગ્યા. (૧૩)$^{૧/૨}$

કુમારિકાઓની વિનયવાણી

કુમારિકાઓએ કહ્યું કે આપ ! અન્યાય ન કરો. અમે આપને ખૂબ જ સારી રીતે જાણીએ છીએ. આપ તો શ્રીનંદ ગોપના કુમાર છો. આપ અમારા પ્રિય છો હે અંગ ! સમસ્ત વ્રજમાં આપની પ્રતિષ્ઠા છે., આપ જોઈ રહ્યા છો. અમે ઠંડીથી ધ્રુજીએ છીએ તો અમારાં વસ્ત્રો પાછાં આપો. (૧૪)$^{૧/૨}$ હે શ્યામસુંદર અમે આપનાં સેવક છીએ. આપ કહેશો તે કરવા અમે તત્પર છીએ. હે ધર્મજ્ઞ! આપ વસ્ત્રો પાછાં આપો. જો આપ નહીં જ આપો તો અમારે રાજાને ફરિયાદ કરવી પડશે. (૧૫)$^{૧/૨}$ ભગવાને કહ્યું કે કુમારિકાઓ ! જો આપ સ્વમુખે જ સ્વીકારો છો કે આપ મારાં સેવકજનો છો. વળી આપ જ કહો છો કે આપનું કહ્યું કરીશું,તો પછી હે પવિત્ર અને નિર્દોષ મન્દસ્મિતવાળાં કુમારિકાઓ અહીં આવીને તમારા વસ્ત્રો લઈ જાવ. (૧૬)$^{૧/૨}$ રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા સાંભળીને ઠંડીથી ધ્રૂજતી અને દુઃખી થતી સર્વ કુમારિકાઓ પોતાના બન્ને હાથથી પોતાની મર્યાદાનું સંરક્ષણ કરતી જલાશયમાંથી બહાર નીકળી આવી. (૧૭)$^{૧/૨}$ રાજન્ ! ગોપકુમારિકાઓનો નિદોર્ષ ભાવને જોઈને તેમની વિશુદ્ધ ભક્તિથી પ્રસન્ન થયા અને વૃક્ષના સ્કંધ ઉપર તેમનાં વસ્ત્રો મૂકીને તેમના ઉપર પ્રસન્ન થઈને મંદસ્મિત હાસ્ય કરતા નીચે પ્રમાણે કહેવા લાગ્યા. (૧૮)$^{૧/૨}$ હે

કુમારિકાઓ ! તમે વ્રતધારી હતાં. તમારે વ્રતના નિયમોનું પાલન કરવું રહ્યું. તમે પ્રથમ તો વગર વસ્ત્રે જલમાં પ્રવેશ કર્યો તે તમારું કાર્ય ખરેખર જલનાં દેવની, વરુણ દેવની, અગ્નિ દેવની દિશાઓના દેવની અવગણના કરવાનું મનાય. શાસ્ત્રની આજ્ઞા છે કે જલમાં મલ-મૂત્ર ના છોડાય, ના થૂંકાય, વગર વસ્ત્રે સ્નાન ના કરાય આવી શ્રુતિની આજ્ઞાનું તમે ઉલ્લંઘન કર્યું છે તો હવે આ થયેલા પાપને-અપરાધને-દોષને દૂર કરવા માટે મસ્તક ઉપર હાથની અંજિલી મૂકી સૂર્યાદિ દેવોને નમસ્કાર કરી અપરાધમુક્ત બની, વ્રતને પૂર્ણ કરી વસ્તોર સુખેથી લઈ જાવ. (૧૯)$^{૧/૨}$ રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાનની અજ્ઞાનું શ્રવણ કરીને વ્રજની સ્ત્રીઓએવિના વસ્ત્રે સ્નાન કર્યું એથી વ્રતભંગ થયો છે, એ દોષનો સ્વીકાર કરીને તેમજ ભગવાનની આજ્ઞાનું -ઈચ્છાનું પાન કરવા માટે કાત્યાયની વ્રતના અને સર્વ કર્મના ફલ સ્વરૂપ ભગવાને નમસ્કાર કર્યા. ભગવાને નમસ્કાર કરવાથી સર્વ પ્રકારનાં પાપોથી નિવૃત્ત થવાય છે. (૨૦)$^{૧/૨}$

કરુણાસિંધુ શ્રીકૃષ્ણ

રાજન્ ! કરુણાસિંધુ શ્રીકૃષ્ણે કુમારિકાઓને આ પ્રમાણે અધિક ભક્તિભાવથી પ્રણામ કરતાં જોઈને દેવકીસુત શ્રીકૃષ્ણ ભગવાને તેમના પર પુષ્કળ કૃપા કરી તેમને દિવ્ય વસ્ત્રોનું દાન કર્યું. કારણ કે ભગવાન તેમના નમસ્કાર અને ભક્તિથી પ્રસન્ન થયાહતા. (૨૧)$^{૧/૨}$ રાજન્ ! આ પ્રમાણે ભગવાને કુમારિકાઓને ખૂબ સારા પ્રમાણમાં કસોટીમાં મૂક્યા, તાવ્યા, લજ્જામુક્ત બનાવ્યાં, માનમુક્ત કર્યાં, કઠપૂતળી જેવાં બનાવ્યાં, અને તેમનાં વસ્ત્રો પણ લઈ લીધાં. આટલી બધી કસોટી કરી આમ છતાં ભગવાન ઉપર તેમને ઈર્ષ્યા ના આવી. પરંતુ પ્રિયતમ ભગવાનના સંગથી તેમને પુષ્કળ આનંદ થયો. (૨૨)$^{૧/૨}$ કુમારિકાઓ હવે પોતાનાં દિવ્ય વસ્ત્રો ધારણ કરીને પ્રિયતમ ભગવાનના ચરણસ્પર્શની લાલસા સેવવા લાગ્યા,તેમનાં ચિત્ત પ્રભુ-પરવશ બન્યા, જ્યાં ઊભાં હતાં ત્યાંથી એ હાલી ચાલી ના શક્યા. તેઓ ભગવાન તરફ સલજ્જ દૃષ્ટિથી અવલોકવા લાગ્યા. (૨૩)$^{૧/૨}$ રાજન ! કુમારિકાઓએ ભગવાનના ચરણસ્પર્શની કામનાથી વ્રત ધારણ કર્યું છે આવું અન્તયાર્મી ભગવાન જાણતા હતા તેથી તેમના સંકલ્પને શ્રી દામોદર-ભક્તવશ્ય ભગવાને કુમારિકાઓને આ પ્રમાણે કહ્યું કે હે સાધ્વી-સદાચારશીલ સાક્ષાત્ ૠષિરૂપા કુમારિકાઓ તમે મારાં કરેલાં અર્ચનથી મારે માટે કરેલાં તમારા સંકલ્પોને મેં અનુમોદન પણ આપ્યું છે માટે તમારો સંકલ્પ સત્ય થવા યોગ્ય છે. (૨૪,૨૫) $^{૧/૨}$ હે કુમારિકાઓ ! જે ભક્તજનોએ મારામાં બુદ્ધિ રાખીને કાર્યો કર્યાં છે તેમનો કામ બીજા કામને ઉત્પન્ન કરી શકતો નથી. શેકેલી કે બાફેલી જવની ધાણી કે ડાંગર ફરી ઊગી શકે નહીં કે નવાં બીજ સરજી ન શકે તેમ મારાંમાં સમાયેલો કામ વાસનાને સરજી શકેનહી. (૨૬)$^{૧/૨}$ હે કુમારિાકાઓ! હવે આપ વ્રજમાં પધારો. આપના મનોરથો સિદ્ધ થયા છે. હે સતી કુમારિકાઓ ! આપે મને મેળવવાના હેતુથી આ કાત્યાયનીવ્રત આચર્યું હતું તે આપની રાસરમણની ઈચ્છા, હું જે અલૌકિક રાસની રાત્રીઓ સિદ્ધ કરીશ તેમાં આપની અવશ્ય અભિલાષા સફળ થશે. (૨૭)$^{૧/૨}$ શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન ! જ્યારે પૂર્ણકામ ભગવાન શ્રીકૃષ્ણે વ્રજકુમારીઓને પોતાના નિવાસે જવાની આજ્ઞા કરી ત્યારે ભગવાનમાં લાલસા પ્રકટેલી હોવાથી પાછાં વળવાની આજ્ઞા સાંભળી તેઓ અત્યંત દુઃખી થયાં. આમ છતાં ભગવાનના ચરણકમલોનું ધ્યાન કરતાં કરતાં વ્રજમાં પાછાં પધાર્યા. (૨૮)$^{૧/૨}$

સખાઓ સાથે ગાયો ચારતા ગોવિંદ ગાયેલી વૃક્ષોની વૈષ્ણવતા

રાજન ! અથ એટલે કાત્યાયની વ્રત સમાપ્ત કરી કુમારિકાઓ વ્રજમાં સીધાવ્યા. આસમયે બલભદ્રજી કે સ્તોક વગેરે સખાઓ સાથે ન હતા. ભગવાન એકલા જ હતા. ભગવાનની સાથે પૂતનાસ્તનપાન વખતે જે દિવ્ય જીવોને પોતાનામાં પધરાવ્યા હતા તેમની સાથે જ ભગવાને કુમારિકાઓના વ્રતની પૂર્તિ કરી હતી.આ અવસરે ગોપબાલો સાથે ન હતા (અથ અવ્યયનો આવો દિવ્ય અર્થ થાય છે.) વ્રતનું ફળ આપી હવે ભગવાન દેવકીનંદનજી પોતાના ગોપસખાઓથી વીંટળાએલા શ્રીબલભદ્રજીની સાથે ગાયોચારતા વૃન્દાવનથી ઘણે દૂર નીકળી ગયા. (૨૯) ઉનાળાની ૠતુમા કઠોર તાપમાં તપેલા ગોપબાલો ગાયો અને પોતાને માટે છાયાથી છત્રરૂપ બનેલ તરુવરોને નિહાળીને વ્રજવાસી સખાઓને ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું. (૩૦)$^{૧/૨}$

हे कृष्ण स्तोक हे अंसो श्रीदामन् सुबलार्जुन । विशालर्षभ तेजस्विन् देवप्रस्थ वरुथप ॥ ३१ $^{१/२}$॥

હે કૃષ્ણ ! હે સ્તોક, હે અંસુ ! હે શ્રીદામા ! હે સુબલ ! હે અર્જુન, હે વિશાલ, હે ઋષભ ! હે તેજસ્વિ ! હે દેવપ્રસ્થ ! હે વરૂથપ ! આપને એક વાત કહું છું તે ઉપર ધ્યાન આપો. ભગવાનની અગિયાર ઇન્દ્રિયોની સેવા કરનારા આ વૈકુંઠલોકના પરિકરમાં રહેલા ભગવાનના સેવકો છે. આ સેવકો ભગવાનની સાથે વ્રજમાં અવતર્યા, આ ગાથા કૃષ્ણોપનિષદમાં છે. ભગવાને તેમને કહ્યુંકે મિત્રો ! જુઓ !- " આ તરુવરો પરમ વૈષ્ણવો છે." (૩૧)[૧/૨]

पश्यतैतान् महाभागान् परार्थैकान्तजीवनान् । वातवर्षातपहिमान् सहन्तो वारयन्ति नः ॥ ३२ ॥

अहो एषां वरं जन्म सर्वप्राण्युपजीवनम् । सुजनस्येव येषां वै विमुखा यान्ति नार्थिनः ॥ ३३ ॥

पत्र-पुष्प-फलच्छाया-मूल-वल्कल-दारुभिः । गन्ध-निर्यास-भस्मास्थि-तोक्मैः कामान् वितन्वते ॥ ३४ ॥

एतावज्जन्मासाफल्यं देहिनामिह देहिषु । प्राणैरर्थैर्धिया वाचा श्रेय एवाचरेत् सदा ॥ ३५[१/२] ॥

આ તરુવરો મહાન ભાગ્યશાળી વૈષ્ણવો છે. આ ભગવદીયોનું જીવન કેવલ પરોપકાર માટે જ છે. એમની સેવા તો જરા જુઓ ? તેઓ પવન સાથે વર્ષા, તાપ અને ટાઢને પોતે સહન કરે છે અને આપણાં તાપ-ટાઢ-વર્ષાના કલેશોને નિવારે છે. (૩૨) મિત્રો ! સાચે જ આ તરુવરોનું જીવન-જન્મ સર્વશ્રેષ્ઠ છે, આ તરુવરોનું જીવન સર્વને જીવાડવા માટે છે. સુજનને આંગણે આવેલા યાચકો જેમ કદી ખાલી હાથે લીધા વિના કદી પણ નિરાશ થઈ પાછા નથી જતાં એજ પ્રમાણે આ વૈષ્ણવ વર વૃક્ષો પાસેથી અર્થીઓ ખાલી હાંથે પાછા ફરતા નથી. (૩૩) આ સંતો સજ્જનોની માફક પત્ર-પુષ્પ-ફલ-છાયા-મૂલ-વલ્કલ-લાકડાં-ગંધ-ગુંદર અન્તઃસાર-ભસ્મ-કોલસા-નવપલ્લવો નામનાં બાર અંગો દ્વારા-બાર સામગ્રીઓ દ્વારા સર્વના મનોરથો પૂર્ણ કરે છે. (૩૪)[૧/૨] દેહ ધારણ કરનારા જીવોમાં જેમને ભગવાને પોતાની ઈચ્છાથી જન્મ આપ્યો છે તેઓનું તો આ પ્રમાણે જીવવું એ જ જીવનની સફળતા છે. જીવનની સફળતા તો પોતાના પ્રાણોથી,પોતાના ધન કે પદાર્થોથી,બુદ્ધિથી અને વાણીથી સદા સર્વનું કલ્યાણ આચરવામાં જ રહેલી છે. (૩૫)[૧/૨] સંતસ્વરૂપી તરુવરોની સ્તુતિ કરતા ભગવાન શ્રીકૃષ્ણ કોમલ પલ્લવ, પુષ્પ-પાનના ગુચ્છ, ફલ, ફૂલ અને દલના સર્વ સમૂહોથી લચી ગએલા અને નમ્ર બની ભગવાન શ્યામસુંદરજીનું સ્વાગત- ભેટ કરતાં વૃક્ષોની મધ્યમાંથી પસાર થતાં શ્રી મહારાણી યમુનાજીના કિનારે પધાર્યા. (૩૬)[૧/૨] ત્યાં શ્રી યમુનાજીના કિનારે પધારીને શ્રી યમુનાજીનાં નિર્મલ, શીતલ, મંગલ કલ્યાણકારી જલનાં ગાયોને પાન કરાવીને પછીથી હે રાજન્ ! ભગવાને પોતાના ગોપસખાઓ સાથે પોતે મધુર મંગલ જલનું મન ભરી પાન કર્યું. (૩૭)[૧/૨] રાજન ૧! શ્રી યમુનાજીના ઉપવનમાં ઈચ્છાનુસાર પશુઓને ચરાવતા શ્રીકૃષ્ણ-બલભદ્રજીના સમીપે આવેલા ક્ષુધા-ભૂખથી ખૂબ અકળાએલા ગોપસખાઓ આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૮)[૧/૨]

तस्या उपवने कामं चारयन्तः पशून् नृपः । कृष्णरामावुपागम्य क्षुधार्ता इदमब्रुवन् ॥ ३८ ॥

શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ પૂર્વાર્ધ તામસ પ્રકરણમાં સાધન પ્રકરણનો ૨૨ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૨૩ મો

[આ અધ્યાયમાં ૫૧ શ્લોકો છે. સાધન પ્રકરણનો આ બીજો અધ્યાય છે. આ અધ્યાયમાં ભગવાનના વીર્યનું નિરૂપણ છે. ગોપબાલકો ખૂબ જ ભૂખ્યા થઈને ભગવાનની પાસે ભોજન માટે આવશે. ભગવાન સર્વને ઋષિઓ પાસે મોકલશે પરંતુ ગોપકુમારો અને નંદકુમાર અને બલભદ્રની ક્ષુધાનિવૃત્તિની સેવાનું સૌભાગ્ય ઋષિપત્નીઓને મળશે.]

गोपा ऊचुः - राम राम महावीर्य कृष्ण दुष्टनिबर्हण । एषा वै बाधते क्षुन्नस्तच्छान्तिं कर्तुमर्हथ ॥ १ ॥

ગોપબાલો ભગવાન શ્રીકૃષ્ણ બલભદ્ર પાસે આવી કહેવા લાગ્યાઃ હે રામ ! હે રામ! હે મહાન્ વીર શ્રીકૃષ્ણ ! હે દુષ્ટ જનનું નિકંદન કરનાર કૃષ્ણ ! આ ક્ષુધા-ભૂખ અમને ખૂબ સતાવે છે તો વિના વિલંબે અમારી ભૂખની આપ શાંતિ કરો પ્રભુ ! (૧) શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! આ પ્રકારે ગોપબાલકોએ ભગવાનને વિજ્ઞપ્તિ કરી ત્યારે ભગવાન સમર્થ હતા. ભૂખ ટાળી શકે તેમ હતા, આમ છતાં દયાળુ ભગવાનની પોતાના અનન્ય ભક્તજન ઋષિપત્નીઓનાં અન્ન લઈ તેમના ઉપર કૃપા કરવાની ઈચ્છા હોઈ મિત્રોને કહ્યું. (૨) જુઓ આ સામે દેવોનો યજ્ઞ થઈ રહ્યો છે.ત્યાં

તમે જાઓ. અત્યારે સ્વર્ગ મેળવવાની અભિલાષાથી બ્રહ્મવાદી ઋષિઓ "આંગિરસ" નામનું સત્ર આરંભીને ત્યાં બેઠા છે. તેઓનો આ યજ્ઞ **चत्वारः षडहा** ચાર ગુણ્યા છ એટલે ચોવીસ રાત્રી-દિવસનો છે. (૩) હે ગોપકુમારો ! આપે ત્યાં જઈને કહેવું કે અમારા મોકલેલા આપની પાસે આવ્યા છીએ. ત્યાં જઈને આર્ય મોટાભાઈ ભગવાન બલભદ્રજીનાં અને મારા નામનો ઉલ્લેખકરીને ઋષિઓપાસે "ભાત" માંગજો. (૪) રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે આ પ્રમાણે આજ્ઞા કરી ત્યારે તેઓ ઋષિઓ પાસે ગયા અને બન્ને કમલની અંજલિ બાંધી ભૂમિ ઉપર દંડવત્ પ્રણામ કરીને વિપ્રો પાસેયાચના કરી. (૫) હે પૃથ્વીના દેવો ! આપ અમારી વાતનું શ્રવણ કરો. અમે ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞાનું પાલન કરનારા છીએ અને સત્ય બોલનારા ગોપકુમારો છીએ. અમને શ્રી બલભદ્રજીએ મોકલ્યા છે આ વાત આપ જાણી અમારા ઉપર કૃપા કરો. આપનું ભલું થશે. અધિક શું કહીએ. (૬) ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રી બલભદ્રજી સમીપમાં જ ગાયો ચરાવી રહ્યા છે. બન્ને ભાઈઓ પુષ્કળ ભૂખ્યા હોઈને આપની પાસેથી ભાત મળે એવી ઈચ્છા રાખે છે. હે દ્વિજજનો ! જો આપને શ્રદ્ધા હોય તો ભાતની ઈચ્છા ધરાવતા યાચકોને આપ ભાત આપો. આપ તો ઉત્તમ ધર્મવેત્તાઓ છો. (૭) હે સજ્જન વર્યો ! દીક્ષાના પૂર્વમાં,યજ્ઞમાં પશુસમર્પણની પૂર્વમાં અને સૌત્રામણિ યજ્ઞના પૂર્વમાં દીક્ષિતનું પણઅન્ન ખાનારને દોષ લાગતો નથી. (૮) રાજન્! આ પ્રમાણે ભગવાનની યાચના સાંભળી ખરી તો પણ ઋષિઓએ તેના ઉપર જરાય લક્ષ્ય આપ્યું નહી.કારણકે તેઓની ક્ષુલ્લક સુખોની આશા હતી.વળી આડંબર દેખાય તેવાં મોટાં મોટાં યજ્ઞકર્મો કરવાની વૃત્તિવાળા હતાં. તેમજ અણસમજુ બાલક જેવી બુદ્ધિવાળા હતા. વળી શ્રુતિઓના અર્થને અને રહસ્યને અમે જ સમજીએ છીએ એવું અભિમાન રાખતા હતા. (૯) દેશ-કાલ-દ્રવ્ય-મંત્ર-તંત્ર-બ્રાહ્મણ -અગ્નિ-દેવતા-યજમાન-ક્રતુ-કર્મ અને યજ્ઞાદિના ભેદો એ સર્વ બ્રહ્માત્મક બ્રહ્મ સ્વરૂપ જ છે. (૧૦) તે પરમ બ્રહ્મ અધોક્ષજ છે. આંખ અને અન્ય ઈન્દ્રયોથી જાણી ન શકાય તેવા અધોક્ષજ છે. સાક્ષાત્ ભાગવાન છે. પરંતુ જેઓની દુર્ગતિ છેતે તો પોતાના આત્માને પણ મર્ત્ય માને છે. તેથી ભગવાનને પણ મનુષ્ય માનીને ગોપબાલકોની વાત માની નહીં. (૧૧) રાજન્ ! હે પરંતપ! આ ઋષિઓએ આંગણે આવેલા આ બાલકોને હા પણ કહ્યું નહી. અને ના પણ કહ્યું નહીં. તેથી ગોપજનો નિરાશ થઈ પાછા ફર્યા અને કૃષ્ણ અને રામને આ પ્રમાણે કહ્યું. (૧૨) જગદીશ્વર ભગવાને બાળકોની વાત સાંભળીને વાત હસી કાઢી કારણ કે માયાવશ જીવો ઉપર ક્રોધ શો કરવો ? પણ દયા કરવી એથી ભગવાને વાત હસી કાઢી ગોપબાલકોને કહ્યું મિત્રો ! લોકપ્રકૃતિ આવી જ હોય એમ સમજાવી તેમને ફરીથી એક વાત કહી કે મિત્રો ! હવે આપ બધા ઋષિપત્નીઓની પાસે જઈને એમ કહો કે શ્રી સંકર્ષણ ભાઈ સાથે હું અહીં આવેલ છુ અને અન્ન આપો. તમારી વાત સાંભળતાં જ તેઓ તમને તમારી ઈચ્છાનુસાર અન્ન આપશે. તે ઋષિપત્નીઓ મારાં ભક્તો છે. તેમનો મારા માટે સ્નેહ છે. એઓ મારામાં સ્નેહ રાખીને રહ્યાં છે. (૧૩,૧૪)

પૂર્વનાં પુષ્કળ તપ અને પુણ્ય હોય તેને આંગણે અતિથિ ખાલી હાથે ના જાય

ભગવાનની આજ્ઞાને શિરે ચઢાવીને તે ગયા અને ગોપબાળકો પત્નીશાળામાં ગયા અને દ્વિજવરોની સૌભાગ્યવતી, શ્રેષ્ઠ અલંકારોથી શોભતી, નિશ્ચિત થઈ બિરાજેલી સતી પત્નીઓને નમસ્કાર કર્યા અને વિનયપૂર્વક નિવેદન કર્યું કે હે વિપ્રવર્યોની સતી પત્નીઓ ! આપને અમારા નમસ્કાર છે. આપ અમારાં વચનો સાંભળો; અહીંથી તદન સમીપે લીલાથી પરિભ્રમણ કરી રહેલા ભગવાન શ્રીકૃષ્ણ ગાયો ચારતાં ગોપકુમારો અને શ્રી બલભદ્ર ભૈયા સાથે ઘણે દૂર આવી પહોચ્યાં છે. પ્રભુ પોતે અને બલદેવ ભૈયા ભૂખ્યા થયા છે. તો આપ જઈને તેમને યોગ્ય પ્રકારે અન્ન આપવાની કૃપા કરો. (૧૫-૧૭) ઋષિપત્નીઓએ જ્યારે સાંભળ્યુ કે શ્રીકૃષ્ણ સમીપમાં જ પધાર્યા છે, ત્યારે તેમના દર્શની નિત્ય ઉત્કંઠા ધરાવતી અને ભગવાનની કથા ગુણો સાંભળીને સદા દર્શન માટે આકુલવ્યાકુલ રહેલી ઋષિપત્નીઓ તો સંભ્રમમાં જ પડી ગઈ એટલે કેમ કરી ઉતાવળે ભોજનસામગ્રી સિદ્ધ કરી અને લઈને પહોંચી જઈએ તેની તૈયારીમાં લાગી ગઈ. (૧૮) ઋષિપત્નીઓએ વિવિધ રસભરપૂર શ્રેષ્ઠ ગુણોવાળી ચાર પ્રકારની સામગ્રીઓ સિદ્ધ કરીને સાગર સમીપે સરિતાઓ દોડી જાય તેમ શ્યામસુંદર સમીપે ઋષિપત્નીઓ દોડી ગયાં. (૧૯) આ અવસરે તેમના પતિદેવો, ભાઈઓ, બંધુજનો, અને પુત્રાદિએ રોક્યાં પણ ઘણાં લાંબા સમયથી ઉત્તમ યશઃવાળા રસનિધિ ભગવાનના ગુણોનું

શ્રવણ કરી મન ભગવાનમાં જ પરોવાયેલ હોઈ આશાભર્યા પ્રભુ ચરણોમાં દોડી ગયા. (૨૦) ત્યાં શ્રીયમુના મહારાણીજીના તટ ઉપર અશોક તરુવરના નવ પલ્લવથી સુશોભિત ઉપવનમાં મનોહર ગતિથી વિચરતાં ગોપવૃન્દથી વીંટળાએલા શ્રીવૃન્દાવનવિહારી ભગવાનને મોટાભાઈ શ્રીબલભદ્રજી સાથે નીરખ્યા. (૨૧)

પ્રિયતમની પ્રિયતમ ઝાંખી

श्यामं हिरण्यपरिधिं वनमाल्यबर्हधातुप्रप्वालनटवेषमनुव्रतांसे ।
विन्यस्तहास्तमितरेण धुनानमब्जं कर्णोत्पलालकपोलमुखाब्जहासम् ॥ २२ ॥

શ્યામ, સુવર્ણની મેખલા ધારણ કરેલા, શ્રીવનમાલાને શોભાવતા, મુકુટે મયૂરપિચ્છની કલગી અને અનેક શ્વેતગેરુ વર્ણની ધાતુઓ અને પ્રવાલોને ધારણ કરેલા હોઈ શ્રેષ્ઠ નટવેષથી મનોહર લાગતાં મનમોહનને નીરખ્યા. આ સમયે ભગવાને સખાના ખભા ઉપર પોતાના શ્રીહસ્ત ધારણ કર્યો હતો. અને અન્ય શ્રીહસ્તમાં કમલને હલાવી રહ્યા હતા.વળી બન્ને કર્ણમાં ધારણ કરેલ કમલ ઉપર વિખરાયેલા કેશ, સુંદર કપોલ-ગાલ અને મુખકમલ ઉપર સ્મિત હાસ્ય વેરાઈ રહેલ એવા શ્રીકૃષ્ણ ભગવાનની ઝાંખી શ્રીઋષિપત્નીઓને થઈ. (૨૨) ઘણા જ લાંબા સમયથી સાંભળેલાં પ્રિયતમ શ્રીકૃષ્ણચન્દ્ર ભગવાનની-કીર્તિ અને ગુણોરૂપી જ કાનનાં કુંડલો ધરાવતા ઋષિપત્નીઓનાં મન શ્રીકૃષ્ણમાં નિમગ્ન તો હતાં જ ત્યાં સાક્ષાત્ દર્શન સાંપડ્યાં કે તરત જ ઋષિપત્નીઓએ પોતાનાં નયનદ્વારોથી હૃદયનાથને હૃદયમાં પધારાવીને ચિરકાલ પર્યન્ત આલિંગન કરીને જાણે જેમ સુષુપ્તિ પ્રાજ્ઞ પુરુષને ભેટતાં અહંકાર વગેરે વૃત્તિઓ લીન થઇ જાય તે પ્રકારે ઋષિ પત્નીઓના અન્તઃતાપ ચાલ્યા ગયા અને ભગવાનમાં લીન થઈ ગયા. (૨૩) રાજન્ ! સર્વ પ્રકારની આશાઓને ત્યજીને કેવલ શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શનની જ અભિલાષાથી પધારેલાં ઋષિપત્નીઓને જાણીને સર્વ મનુષ્યોની બુદ્ધિના સાક્ષી ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન હાસ્ય ભર્યા મુખ કમલથી કહેવા લાગ્યા કે પધારો ! મહાભાગ ઋષિપત્નીઓ પધારો ! આપ ભલે પધાર્યાં - આપે ઉત્તમ કાર્ય કીધું. આપ અહીં બિરાજો. કહો ! આપને માટે અમે શું કરીએ ? અમારા દર્શન માટે આપ આવ્યાં તે આપે ઘણું જ સારું કર્યું. (૨૫) સ્વાર્થને જાણનાર કુશળ પુરુષો ખરેખરે સાક્ષાત્ મારે માટે કોઈ પણ કારણ રહિત ભક્તિ કરે છે, તેમની ભક્તિ દેહ-ઈન્દ્રિય વગેરેના આવરણ વિનાની હોય છે. આ ભક્તિ અખંડ અને અકારણ હોય છે. જેમ આત્મામાં પ્રીતિ કરે છે તેમજ મારામાં પ્રીતિ કરે છે. (૨૬) હે ઋષિપત્નીઓ, પ્રાણ-બુદ્ધિ-મનઃ-પોતાના દેહ-ધન-દારા-આત્મા-સ્ત્રી-પુત્ર-પશુ વગેરે જે કાંઈ મનુષ્યના પોતાના સંબંધી પદાર્થો છે તે સર્વ મારા પોતાના સંબંધથી જ પ્રિય લાગે છે માટે મારાથી બીજો એવો કોણ છે કે જે પ્રિય લાગે ! (૨૭) હે ઋષિપત્નીઓ ! હવે આપ દેવયજન ભૂમિમાં પધારો. જે આપના દ્વિજવર ઋષિઓ પતિઓ છે, ગૃહસ્થાશ્રમીઓ છે તેઓ આપની સહાયથી જ પોતાની યજ્ઞવિધિઓને પાર કરશે. (૨૮)

તુલસીશ્યામ શ્રીશ્યામસુંદરનું દામ માત્ર એક તુલસીનું દલ છે

पत्न्य ऊचुः- मैवं विभोर्हति भवान् गदितुं नृशंसं सत्यं कुरुष्व निगमं तव पादमूलम् ।
प्राप्ता वयं तुलसिदाम पदावसृष्टं केशैर्निवोढुमतिलंघ्य समस्तबन्धून् ॥ २९ ॥

હે વિભો ! હે સર્વસમર્થ ભગવન્ ! આવું કઠોરવચન બોલવું આપના શ્રીમુખે ના શોભે ''મારી પાસે આવે એને પુનર્જન્મ નથી હોતો'' એવી આપની પ્રતિજ્ઞાને અને વેદના વાક્યને સત્ય કરો. અમે સર્વ ત્યજી આપના શ્રીચરણોમાં આવ્યા છીએ. કે આપ તો કેવલ એક શ્રીતુલસીપત્ર સમર્પણ માત્રથી પ્રાપ્ત થાઓ છો આપના ચરણારવિંદમાંથી વડી કરેલી કેવલ શ્રીતુલસીજીની માલાને અમે પ્રસાદીસ્વરૂપે અમે અમારી કેશકલાપની વેણીમાં ધારણ કરવા બાંધીએ છીએ અને કેવલ આ એક જ આશાથી આપના ચરણોમાં આવ્યાં છીએ. (૨૯) આપ જાણો છો કે અમે પરિવારની ઉપરવટ થઈ આવ્યાં હોઈને અમારા પતિદેવો, માતા,પિતા, પુત્રો, ભાઈઓ અને બંધુજનો કે મિત્રો વગેરેમાંથી કોઈપણ અમારો સ્વીકાર કરશે નહી તો પછી બીજા તો ક્યાંથી સ્વીકાર કરશે તો પછી આપશ્રીના શ્રીચરણોની ધૂલિમૂલમાં પડેલ અમારી હવે અન્ય ગતિ ના થાઓ માટે આપની સાથે જ અમારી ગતિ રહો. આપનાં શ્રીચરણોની સેવામાં જ અમારો નિયોગ

હો. (૩૦) ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે હે ઋષિપત્નીઓ ! આપ સુખેથી સીધાવો, આપના પતિદેવો, પિતા-માતા, ભ્રાતા,પુત્રો કે કોઈ પણ લોકજનો તમારા ઉપર અસૂયા નહીં ઠાલવે. કારણ કે આપ મારી સમીપે આવેલાં હોઈ મનુષ્યો તો શું દેવો પણ આપનું બહુમાન કરશે. (૩૧) હે ઋષિપત્નીઓ મારી સાથે અંગસંગ અનુરાગ તેમજ પ્રીતિ ઉત્પન્ન કરનારો નથી થતો. મનુષ્યોને પણ તેમ થતાં પ્રેમઘેલા નહીં કરે માટે મારામાં મનને જોડશો તો હું તમને અવલિંબ મળીશ. (૩૨) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! જ્યારે ભગવાને આ પ્રમાણે કહ્યું ત્યારે તે દ્વિજપત્નીઓ ફરીથી યજ્ઞભૂમિમાં પધાર્યાં અને ઋષિઓએ તેમનાં બહુમાન કીધાં અને તેમની સાથે રહીને યજ્ઞની સમાપ્તિ કરી. (૩૩) આ અવસરે એક ઋષિએ યજ્ઞપત્નીને રોકી રાખેલાં હતાં તેમણે શ્રીહરિનાં ગુણો અને સ્વરૂપનું જે રીતે શ્રવણ કર્યું હતું તેનું સ્મરણ કરીને હૃદયથી ભગવાનનું આલિંગન કરીને જે દેહથી કર્મનું બંધન થાય છે તેવા દેહનો ત્યાગ કર્યો. (૩૪) જો કે ભગવાન ગોવિંદ બાલકોની ક્ષુધા દૂર કરવા સર્વ પ્રકારે સમર્થ હતા જ છતાં પણ ચાર પ્રકારની જે સામગ્રી ઋષિપત્નીઓ પધારવી લાવ્યાં હતાં તેમાથી જ ગોપ કુમારોને ભોજન કરાવ્યું અને શ્રીબલભદ્રજી સાથે પોતે પણ સામગ્રી આરોગ્યા કારણ કે ભગવાન ભક્તવત્સલ હોઈ ભક્તજનોની સામગ્રીઓ અંગીકાર કરે છે. વળી જે ઋષિપત્નીએ દેહ ત્યજી પ્રભુમાં પ્રવેશ કર્યો હતો તેને પણ આરોગવા મળ્યું. (૩૫) આ રીતે લીલા માટે જ નરતનુ ધારણ કરનારા ભગવાને નરલોકનાં સર્વ લૌકિક વૈદિકકર્મમાં પોતાના ધર્મોને યોજતા પોતાના રૂપ-વાણી અને ક્રિયાથી ગોપો, ગાયો અને ગોપીજનોને રમણ કરાવતા પોતે પણ રમણ કરતા હતા. (૩૬)

વિપ્રવરોને વિવેકવૃત્તિ અને પ્રભુ ન ઓળખવાનો અને સેવા ન કરવાનો પરિતાપ

હવે તે ઋષિવરો પરિતાપ કરવા લાગ્યા. તેમને લાગ્યું મનુષ્ય જેવું વર્તન બતાવનારા-મનુષ્ય જેવી લીલાકરનારા શ્રીવિશ્વેશ્વર ભગવાનની ઈચ્છાનો આપણે અનાદર કર્યો તે આપણે ઠીક ન કર્યું. આમ વારંવાર સ્મરણ કરીને પોતે કરેલા પાપનું સ્મરણ કરીને પરિતાપ કરવા લાગ્યા. (૩૭) પોતાની પત્નીઓની સદાનન્દસ્વરૂપ શ્રીકૃષ્ણમાં અલૌકિક ભક્તિને જોઈને અને પોતાને ભક્તિ વિનાના જોઈને પરિતાપ કરતા પોતાની નિંદા કરવા લાગ્યા. (૩૮) આપણાં શુદ્ધ માતાપિતાથી જન્મ, દીક્ષિતજન્મ, અને યજ્ઞોપવીતીય જન્મને ખરેખર ધિક્કાર છે, આપણી ત્રણે વેદોની મેળવેલી વિદ્યાને પણ ધિક્કાર છે, આપણાં વ્રતને પણ ધિક્કાર છે, આપણી કર્મકાંડની કુશળતાને પણ ધિક્કાર છે, કારણ કે આપણે અધોક્ષજ એટલે સ્વતંત્ર જ્ઞાનવાળા ભગવાનથી વિમુખ છીએ. (૩૯) એ વાત નક્કી જ છે. કે ભગવાનની માયા માયાવી જનોને પણ મોહ કરનારી છે. કારણ કે આપણે ઋષિઓ લોકોના ગુરુઓ છીએ તો પણ આપણે આપણા સ્વાર્થમાં જ મોહ પામ્યા છીએ. (૪૦) અહો આશ્ચર્યની વાત છે કે આતો સ્ત્રીઓ છે તો પણ તેમનો જગદ્ગુરુ ભગવાન શ્રીકૃષ્ણમાં કેવો અગાધ ભાવ છે તે જુઓ ! આ ભાવથી જ તેઓ ગૃહાસક્તિ નામના મૃત્યુપાશને છેદી શક્યા છે.* (૪૧) આ સ્ત્રીઓને આપણી માફક દ્વિજાતિના એટલે યજ્ઞોપવીતનાં સંસ્કારો નથી, વળી ગુરુકુલમાં વેદાભ્યાસ માટે નિવાસ પણ નથી, તેમ જ તેમણે કોઈ પણ પ્રકારનું તપ પણ નથી કર્યું, નથી પવિત્રતા પાળી કે અગ્નિ-હોમ વગેરે શુભ ક્રિયાઓ કરી તો પણ ઉત્તમશ્લોક યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણમાં તેઓની દૃઢ ભક્તિ છે. જ્યારે આપણે સંસ્કારવાળા જ્ઞાનવાળા અગ્નિહોમ આદિ ક્રિયાવાળા છીએ છતાં આપણી ભગવાનમાં ભક્તિ નથી. (૪૨,૪૩) ખરેખર ભગવત્સેવા એ જ ખરો સ્વાર્થ ખરું-જીવનનું ફલ મનાય તેમાં વિમુખ છીએ. વળી ગૃહસ્થાશ્રમના સુખોમાં પ્રમાદી થઈ પડ્યા છીએ. ભગવાન કેવા કૃપાળુ છે કે જેમણે ગોપબાળકોને આપણી પાસે મોકલીને તેમના મુખમાંથી ધર્મવાક્યો કહીને આપણને સ્મરણ કરાવ્યું છે. સત્પુરુષોની ગતિ તો ભગવાન જ છે. (૪૪) જો ભગવાનને આપણા ઉપર કૃપા કરવાની ઈચ્છા ન હોત તો જે ભગવાન પૂર્ણકામ છે, મોક્ષથી લઈને સર્વ સુખોના તેઓ સ્વામી છે તે ભગવાને આપણા સેવકજનોનું શુ પ્રયોજન હોય ! કે આપણી પાસે અન્નયાચના કરે! આ યાચના તો કેવલ આપણા કલ્યાણ માટે લીલા જ કરી હતી પણ આપણે ના સમજ્યા. (૪૫) સાક્ષાત્ શ્રીલક્ષ્મીજી ચરણસ્પર્શની આશાથી અન્ય સર્વનો ત્યાગ કરીને પોતાનામાં ચંચલતાનો દોષ ફરીથી ના આવે એ રીતે એ દોષનો ત્યાગ કરી વારંવાર શ્રીહરિના ચરણારવિંદને સેવે છે. આવા ભગવાન જો આપણી પાસે યાચના કરે તો કેવલ મનુષ્યોને મોહ કરવા માટે જ છે. (૪૬)

---

* આ શ્લોક અધિક છે એવું શ્રી મહાપ્રભુજીનું મંતવ્ય છે.

દેશ-કાલ,જુદાં જુદાં હુતદ્રવ્યો જુદી જુદી સામગ્રી, મંત્રો, તંત્રો, ઋત્વિજો, અગ્નિ, દેવતાઓ, યજમાન,યજ્ઞ,અને ધર્મ આ સર્વ કાંઈ ભગવદ્રૂપ જ છે. તે જ આ શ્રીકૃષ્ણ ભગવાન છે. સાક્ષાત્ વિષ્ણુ છે, યોગેશ્વરના સ્વામી છે,યદુકુલમા યાદવોમાં તેઓ અવતર્યા છે. આપણે એવું સાંભળ્યું છે, આમ છતાં આપણે વિવેકશૂન્ય હોઈ તેમને નથી ઓળખતાં. (૪૭,૪૮) આપણે એટલા અંશમાં ભાગ્યશાળી છીએ અને અત્યંત કૃતાર્થ છીએ કે આપણને આવી ભક્તિભાવભરી સન્નારીઓ મળી છે એમની જ ભક્તિને લીધે આપણી ભક્તિ શ્રીહરિ ભગવાનમાં થઈ. (૪૯)

नमस्तुभ्यं भगवते कृष्णायाकुंठमेघसे । यन्मायामोहितधियो भ्रमामः कर्मवर्त्मसु ॥ ५० ॥

આ અવસરે ઋષિઓના પરિતાપથી ભગવાન ત્યાં પ્રકટ થયા ત્યારે પ્રણામ કરતા ઋષિઓ બોલ્યા કે હે પ્રભુ કૃષ્ણ ? આપને નમસ્કાર કરીએ છીએ, આપની બુદ્ધિ કુંઠિત નથી થતી, એવા આપને નમસ્કાર છે, આપની માયાથી બુદ્ધિ મોહિત થતાં અમે કર્મમાર્ગમાં નિત્ય ભમીએ છીએ. (૫૦) આપ તે આદ્ય પુરુષ છો કે જેની માયાથી અમારા આત્મા મોહ પામ્યા છે. માટે તો તે ભગવાનના મહિમાને આપણે જાણી શકતા નથી. એટલે તો આપણાં અપરાધોની અવશ્ય ક્ષમા કરશે. (૫૧) આ રીતે પોતાના અપરાધો અને દોષોનું સ્મરણ કરીને તેઓની ભગવાનનાં દર્શન કરવા જવાની ઈચ્છા થઈ અને અપરાધોને માફ કરાવાની ઈચ્છા થઈ પરંતુ જો આપણે શ્રીકૃષ્ણ પાસે જઈશું તો કંસને આ ભગવાન છે એવી ખાતરી થતાં ભગવાનને તેમજ ગોપોને કલેશ આપશે એવા ભયથી વ્રજદર્શન માટે ન ગયા આવું સમજીને ભગવાને પ્રકટ થઈ દર્શન આપ્યા. (૫૨)

इति स्वाघमनुस्मृत्य कृष्णे ते कृतहेलनाः । दिदृक्षवो व्रजमथ कंसाद्भीता न चाचलन् ॥ ५२ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ તામસ પ્રકરણના સાધન પ્રકરણમાં ૨૩ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૨૪ મો

[આ અધ્યાયમાં ૩૮ શ્લોકો છે. સાધન પ્રકરણનો એ ત્રીજો અધ્યાય છે. ભગવાનના ''યશઃ'' નામના વીર્યનું વર્ણન છે. ઈન્દ્રયાગ સકામયાગ હતો તેમજ વેદનું વિધિવાક્ય આ યજ્ઞ માટે ન હતું,તેથી ભગવાને શ્રીગોવર્ધનયાગ નંદરાયજી તેમજ વ્રજજનો પાસે કરાવ્યો. શ્રીગોવર્ધન ભગવાનનું સ્વરૂપ હોવાથી આ યજ્ઞ દ્વારા સેવા કરાવી.તામસ ગોપકન્યાઓ, રાજસ ઋષિઓની ભગવાનમાં ભક્તિ પ્રથમના બે અધ્યાયોથી ઉત્પન્ન કરી અને આ અધ્યાયથી સાત્વિક વ્રજજનોની ભગવાનમાં દૃઢ મતિ કરી, આ બોધકથા આમાં છે.]

श्रीशुक उवाच-भगवानपि त्त्रैव बलदेवेन संयुतः । अपश्यन्निवसन् गोपानिन्द्रयागकृतोद्यमान् ॥ १ ॥

શ્રી શુકાચાર્યજીએ કહ્યુંકે રાજન ! શ્રીબલદેવજી સાથે બિરાજતા એવા ભગવાન શ્રીકૃષ્ણે શ્રીગોકુલમાં જ ઈન્દ્રયાગ માટે તડામાર તૈયારી કરતાં ગોપોને જ્યારે જોયા ત્યારે જો કે ભગાવાન સર્વજ્ઞ છે, સર્વના અંતરાત્મા છે, વિશ્વની સમસ્ત વસ્તુઓ પોતાની નજંર હેઠળ છે છતાં વિનય-વિવેકપૂર્વક નમસ્કાર કરીને શ્રીનંદરાયજી મુખ્ય છે એવા સર્વ વડીલોને શ્રીભગવાને પૂછયું કે હે પિતાજી ! આપશ્રી મને આ વાત કહોને! કે આ આવડી મોટી તૈયારી શેની ચાલી રહી છે ? આપણે જે કર્મ કરીએ છીએ તેનું ફલ શું ? આપ કયાં દેવતાના ઉદ્દેશથી આ કાર્ય કરી રહ્યા છો ? અને કઈ સામગ્રીથી આ યજ્ઞ સિદ્ધ થઈ રહ્યો છે. (૧-૩) હે પિતાજી ! આપ મને આ વાત કહોને ! મારે આ બાબત સાંભળવાની ખૂબ ઈચ્છા છે. આપણે કાંઈ વ્રજમાં આ વિષયમાં ગુપ્ત રાખવા જેવું જણાતું નથી. કારણ કે સાધુ પુરુષોને તો કાંઈ પણ ગુપ્ત રાખવાનું હોતું જ નથી. કારણ કે તેમને તો કાંઈ કરવાનું જ હોતું નથી.સાધુજનો તો સર્વના હૃદરૂપ છે. (૪) પિતાજી ! સાધુજનોને તો પોતાનો કે પારકો એવી દૃષ્ટિ ટળી ગઈ છે. તેમને તો શત્રુ-મિત્ર-ઉદાસીન એવું કાંઈ પણ રહ્યું જ નથી. નીતિનો નાતો છે કે ઉદાસીનને તો શત્રુની માફક ત્યજી દેવો અને મિત્રને આત્માની સમાન ગણવા એમ કહ્યું છે. (૫) મનુષ્યો જે કાંઈ કર્મ કરે છેતે કેટલાક સમજણપૂર્વક કરે છે અને જ્યારે કેટલાક વગર સમજે કરે છે. તેમાં વિદ્વાનને-સમજીને કરનારને ફલ મળે છે તેવું ફલ વગર સમજ્યે કરનારને નથી મળતું અથવા તદ્દન અલ્પ ફળ મળે છે. (૬) તો આપે આજે ક્રિયાયોગ વિચારેલો છે તે શું વૈદિક છે ? સ્માર્ત છે ? કે લૌકિક છે? તે પ્રથમ સમજાવો અને હું જે આપની

પાસે સમજવા ચાહુ છું તે આપ મને સારી રીતે સમજાવવા કૃપા કરો. (૭)

શ્રીનંદરાયજીની સરલતા

ભગવાન શ્રીકૃષ્ણના પ્રશ્નોનું સમાધાન કરતા શ્રીનંદરાય બોલ્યા કે લાલન્ ! પર્જન્ય-વર્ષા વૃષ્ટિ કરનાર દેવ ઈન્દ્ર છે. તે ઈન્દ્ર ભગવાનના મેઘો અંગો-શરીરના અવયવો છે. આ મેઘો પ્રાણી માત્રના પ્રાણદાયક છે-તુષ્ટિ આપનારા, પુષ્ટિ કરનાર અને જીવન આપનાર જલની સારી રીતે વૃષ્ટિ કરે છે. (૮) માટે તતાત્ ! લાલન્ ! આપણે ગો-કૃષિજીવી વૈશ્યો-અન્ય બ્રાહ્મણ, ક્ષત્રિયો મેઘોના સ્વામી ઈન્દ્ર નામના ઈશ્વરના વીર્ય ગણાતા એવા જલથી ઉત્પન્ન થએલા ચોખા-જવ વગેરે હુતદ્રવ્યોના પદાર્થોની વિવિધ પ્રકારના યક્ષોથી યજન-પૂજન કરીએ. (૯) આ રીતે યજ્ઞ કરતાં જે પદાર્થો અવશિષ્ટ રહે તે ઉત્તમ મનાય છે. અન્નાદિ પદાર્થો દ્વારા મનુષ્યો ધર્મ-અર્થ અને કામ નામના ત્રણ પુરુષોર્થોને સિદ્ધ કરતાં જીવન ચલાવે છે. તાત ! આ ધર્મ પુરુષાર્થનું ફલ આપનાર તો વૃષ્ટિ-પર્જન્ય છે. માટે પર્જન્યને પરમેશ્વર માનીએ છીએ. (૧૦) તાત ! આ ધર્મ પર પરાથી ચાલું છે. જે કોઈ પુરુષ કામવશ, લોભવશ, દ્વેષવશ બનીને આ પરંપરાથી ચાલતા ધર્મનો ત્યાગ કરે છે તે શુભ ફલ પ્રાપ્ત કરી શકે નહીં એવો નિશ્ચય છે. (૧૧)

ભગવાનની સેવા એ સર્વોત્તમ યજ્ઞ છે

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! ઉપર પ્રમાણેનાં શ્રીનંદરાયજીનાં અને અન્ય વ્રજજનોનાં વચન સાંભળીને જાણે ઈન્દ્રને રોષે ઉત્પન્ન કરાવતા હોય એમ ભગવાન કેશવે આ પ્રમાણે કહેવાની શરૂઆત કરી. (૧૨) ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે પિતાજી ! પ્રાણી માત્ર કર્મથી ઉત્પન્ન થાય છે, કર્મથી જ લય પામે છે. માનવને સુખ,દુઃખ, ભય અને કલ્યાણ કર્મથી જ પ્રાપ્ત થાય છે. (૧૩) જે કોઈ ઈશ્વર છે તે જીવોએ આચરેલાં સર્વ કર્મોના ફલને આપનાર છે. આ ઈશ્વર કર્મ કરનારને જ ફલ આપે છે.જે કર્મ ન કરે તેને ફલ ન આપે. તેનો પ્રભુ તેઈશ્વર નથી. (૧૪) પિતાજી ! પ્રત્યેક જીવો-પ્રાણીઓ પોતપોતાનાં કર્મોને અનુસરીને વર્તન કરનારાં છે. તેમનાં આચરેલાં કર્મો અનુસાર ફલને આપવામાં ઈન્દ્રની આવશ્યકતા પણ શી છે ? કારણ કે મનુષ્યો પોતપોતાના સ્વભાવને અનુસરીને કર્મને આચરે છે તેમાં ફેરફાર કરવાનું સામર્થ્ય ઈન્દ્રમાં નથી. (૧૫) પ્રાણી માત્ર સ્વભાવને આધીન છે અને સ્વભાવને જ અનુસરીને વર્તન કરે છે. હે પિતાજી ! સાત્વિક દેવો, રાજસ અસુરો અને તામસ મનુષ્યો સહિત આ સંપૂર્ણ વિશ્વ સ્વભાવને જ આધીન રહેલું છે. (૧૬) દેવ-મનુષ્ય-અસુરાદિ જીવો કર્મથી ઉચ્ચ અને નીચ દેહ પ્રાપ્ત કરીને જ પછી પૂર્વના દેહને છોડે છે. કર્મથી જ શત્રુ, મિત્ર અને ઉદાસીન ભાવને પ્રાપ્ત કરે છે માટે સર્વથી મોટું કર્મ જ છે. કર્મ જ ગુરુ છે અને કર્મ જ ઈશ્વર છે આવું સમજેતો કાંઈ ખોટું નથી. (૧૭) માટે જીવ સ્વભાવમાં એટલે પોતપોતાના ભાવમાં રહીને પોતપોતાનું કર્મ કરતાં કર્મનો આદર કરવો જોઈએ. જેનો જેવો બ્રાહ્મણપણું, ક્ષત્રિયપણું વગેરે જેવો સ્વભાવ છે તેણે જે ઉપાયથી જે પ્રકારથી કાંઈ પણ અનાયાસે જે જીવી શકાય તે જ તેનું દૈવત છે. (૧૮) તાત ! પોતાની આજીવિકાનો જે પોતાના બ્રાહ્મણપણું વગેરે સ્વભાવ પ્રમાણે જે પ્રથમ આધાર લીધો હોય કે લીધો હતો તેને છોડી દઈને વળી બીજા આધાર તરફ જે દોડે છે તેને તે બીજા આધાર કે ઉપાયથી પણ કલ્યાણ પ્રાપ્ત થવાનું નથી. કુલટા નારી પોતાના સ્વામીને ત્યજીને ઈતર જાર પુરુષને સેવે તેને કલ્યાણ મળતું નથી. સ્વભાવ વિહિત કર્મને ત્યજીને બીજા કર્મને કરનારને પણ શ્રેયસ્ મળતું નથી. (૧૯) આસર્વ વિચારીને વિપ્રોએ વેદાધ્યયન-અધ્યાપન વગેરે પોતાના કર્મથી પોતાનું જીવન ચલાવવું જોઈએ,ક્ષત્રિયે પૃથ્વીના રક્ષણપાલન વગેરે પોતાના સ્વભાવ વિહિત કર્મથી આજીવિકા ચલાવવી જોઈએ, વૈશ્યે પોતાની કૃષિ-ગોસેવા વગેરે આજીવિકાથી જીવવું જોઈએ, જ્યારે ચતુર્થ વર્ણ શૂદ્રે બ્રાહ્મણ આદિ ત્રણે વર્ણો માટે એટલે સમસ્ત સમાજ માટે સમસ્ત પદાર્થોનું ઉત્પાદન કરી જીવન ચલાવવું જોઈએ. (૨૦)

આપણે ગોસેવા જ કરવી એ આપણો ધર્મ છે

સ્વ-સ્વ-સ્વભાવને અનુસરીને આજીવિકા ચલાવવી એવો મત દર્શાવીને ભગવાન શ્રીનંદબાવાને કહી રહ્યા છે કે તાત ! આપણે વૈશ્ય છીએ.કૃષિ, વેપાર, ગોસેવા અને વ્યાજ-ધીરધારનો ધંધો એવાં જીવનનિર્વાહનાં આપણાં ચાર કર્મ નક્કી

થયાં છે. તે ચારમાં આપણે ગોપાલો ગો-સેવાને અવલંબીને રહ્યા છીએ. માટે ઈન્દ્રયાગ સાથે કોઈ જ સંબંધ નથી. (૨૧) તાત સત્ત્વગુણ સ્થિતિ-રક્ષણનો હેતુ છે, રજોગુણ ઉત્પત્તિનો હેતુ છે, અને તમોગુણ લયનો હેતુ છે. તેમાં રજોગુણથી વિશ્વ ઉત્પન્ન થાય છે અને વિવિધ પ્રકારનું જગત સર્વત્ર રજોગુણના પ્રવેશથી એકબીજાથી ઉત્પન્ન થાયછે. આ નિયમના ક્રમ પ્રમાણે રજોગુણથી પ્રેરિત વૃષ્ટિથી જ સમગ્ર પ્રજા જીવે છે એમાં મહેન્દ્ર શું કરવાના છે. (૨૨,૨૩) તાત ! આપણે મોટાં નગરોમાં નથી વસતા. આપણાં મોટા દેશો નથી. આપણાં મોટા ગામ, ચૌટાં બજાર કે ઘરો પણ નથી. આપણે નિત્ય વનમાં રહેવાના સ્વભાવવાળા છીએ. પર્વત અને વન ઉપર આપણો વાસ હોય છે.માટે ગાયો, બ્રાહ્મણો અને શ્રીગોવર્ધનજીના આરાધનાનો યજ્ઞ આપણે કરીએ. આપણે જે સાધનસામગ્રી ઈન્દ્રના યાગ માટે તૈયાર કરી છે તે જ સામગ્રીનો શ્રીગોવર્ધન યાગમાં વિનિયોગ કરીશું આપણે માટે વેદમાં ''ગોસવયાગ'' કહેવામાં આવ્યો છે તે યાગ જ આપણે કરીએ. (૨૪,૨૫)

શ્રી ગોવર્ધન યાગનો વિશેષ વિધિ

તાત ! હવે આપણે શ્રી ગોવર્ધન યાગની વિશેષ તૈયારી પણ કરવાની છે. આપણા ગોપ-ગોપીજનોને સર્વને શ્રીગોવર્ધનજીની સેવાનો આનંદ મળે માટે વિવિધ પ્રકારની પકવાનની સામગ્રીઓ તૈયાર કરો. એમાં દૂધપાક, બાસૂંદી વગેરે પ્રથમથી તૈયાર કરો અને સૂપ-દાળ ગરમાગરમ રહે માટે અન્તે સૂપ તૈયાર કરો. સંજાવની ખીર, માલપૂઆ, વડાં જલેબી વગેરે સામગ્રીઓ સિદ્ધ કરતાં પણ દૂધ વધે તે દૂધ વાછરડાંઓને આપવાનું છે. (૨૬) વેદવેત્તા બ્રહ્મવાદી વિપ્રો દ્વારા અગ્નિદેવતામાં ઉત્તમ રીતે હોમવિધિ કરાવો. આ યજ્ઞ કરનાર વિપ્રોને ઉત્તમ પ્રકારનું અન્ન આપવું અને દક્ષિણામાં ગાયોનાં દાન કરવાં. (૨૭) આ ઉપરાંત અન્ય ક્ષત્રિયો અને વૈશ્યોને પણ યોગ્યતા અનુસાર ભેટસામગ્રી આપો. શ્વાન, ચાંડાલ અને પતિતજનોને યોગ્ય વસ્તુઓ આપો, ગાયોના અર્ચન કરીને ઘાસ નીરો અને શ્રીગોવર્ધનગિરિને અન્નકૂટની સામગ્રી અર્પણ કરો. (૨૮) પુનઃ ઉત્તમ અલંકારો ધારણ કરી, ભોજન કરી, અંગ ઉપર સુવાસિત ચંદન વગેરેના લેપ કરી, શ્રેષ્ઠ વસ્ત્રો ધારણ કરી, ગાયો, બ્રાહ્મણો, અગ્નિ અને શ્રીગોવર્ધન પ્રભુની પ્રદક્ષિણા કરો. (૨૯) તાત! આ તો મારો મત આપની સમક્ષ મૂક્યો. જો આપ સર્વને આ મત રુચે તો એ પ્રમાણે કરજો. આ મેં બતાવેલો જે યજ્ઞ છે તે ગાયોને, બ્રાહ્મણોને, પર્વતોને, મને, દેવતાઓને પણ પ્રિય છે. (૩૦) શ્રીશુકાચાર્યજી બોલ્યા કે રાજન ! કાલના આત્મા ભગવાન શ્રી અચ્યુતે ઈન્દ્રના ગર્વને ઉતારવા માટે આ પ્રમાણે કહ્યું તે વાત સાંભળીને શ્રીનંદરાય વગેરેએ ભગવાનના મતનો સારી રીતે સ્વીકાર કીધો. (૩૧)એટલું જ નહીં પરંતુ ભગવાન શ્રીમધુસૂદને જે પ્રકારે કહ્યું હતું તે જ પ્રકારે સર્વ કાંઈ કર્યું. (૩૨) આ વિધિ કર્યા બાદ દેવોને, ગ્રહોને, દિશામાં દેવતાઓને ભગવાનના માર્ગદર્શન પ્રમાણે પૂજન-બલિ-અર્પણ કરીને ગાયોને ઘાસ નીરીને, આદરભાવથી ગાયોને આગળ કરીને શ્રી ગિરિરાજની પ્રદક્ષિણા કરી. (૩૩) સર્વ ગોપજનોએ શ્રેષ્ઠ અલંકારો ધારણ કરીને પોતાનાં ગાડાંને બળદો જોડીને. વળી પોતાના બળદોને પણ ઉત્તમ પ્રકારે શૃંગાર ધરીને પોતાનાં ગાડાઓમાં બેસીને પરિક્રમા કરી અને ગોપીજનોએ અને સ્ત્રીજનોએ પણ અંલકાર ધારણ કરીને અને ગાડાંમાં બેસીને કૃષ્ણભગવાનનાં પરાક્રમોનાં ગાન કરતાં ઉત્તમ બ્રાહ્મણોના, ભગવદીયજનોના, અને બ્રાહ્મણોના આશીર્વાદ મેળવીને પ્રદક્ષિણા કરી. (૩૪)

શ્રી ઠાકોરજીનું પ્રાકટ્ય

આ અવસરે ભગવાને પણ પોતાના સ્વરૂપથી તદ્દન જુદું મોટું સ્વરૂપ ધારણ કર્યું. આ સ્વરૂપથી ગોપજનોને વિશ્વાસ ઉત્પન્ન થયો. ત્યારે ભગવાને કહ્યું કે હું ગોવર્ધન પર્વત છું એમ કરીને પુષ્કળ પ્રમાણમાં અન્ન કૂટની સામગ્રી આરોગી. (૩૫)

तस्मै नमो व्रजजनैः सह चक्रेऽऽतत्मनात्मने । अहो पश्यत शैलोसौ रूपी नोनुग्रहं व्यधात् ॥

ત્યાર પછી ભગવાનને વ્રજજનોની સાથે પોતાનાજ સ્વરૂપ શ્રીગોવર્ધનને નમસ્કાર કર્યા. અને કહેવા લાગ્યાકે જુઓ આ ભગવાન સ્વયં ગોવર્ધનગિરિ છે તેમણે પુષ્ટિ પુરુષોત્તમના આધિદૈવિક શ્રીગોવર્ધન સ્વરૂપે એમ બન્ને સ્વરૂપે ભોગ

આરોગ્યા. (૩૬) ભગવાને કહ્યું કે આ શ્રીગિરિરાજજીનું અપમાન કરનારા વનવાસી મર્ત્યજનોનો પોતાની ઈચ્છામાં આવે એવું રૂપ ધારણ કરીને નાશ કરશે માટે આપણે આવા મહાન સમર્થ શ્રીગોવર્ધનજીને આપણા અને આપણી ગાયોના કલ્યાણ માટે નમસ્કાર કરીએ. (૩૭) શ્રીવાસુદેવ કૃષ્ણ ભગવાનની પ્રેરણાથી ગોપજનોએ શ્રી ગોવર્ધન ભગવાન, ગાયો અને બ્રાહ્મણોની અર્ચના કરતો ''વૈષ્ણવયાગ'' -જેવી રીતે પ્રેરણા થઈ તે પ્રમાણે-ગોસવ યાગ કરીને કૃષ્ણભગવાનની સાથે સર્વ ગોપજનો વ્રજમાં પધાર્યા. (૩૮)

इत्याद्रिगोद्विजमखं वासुदेवप्रचोदिताः । यथा विधाय ते गोपाः सहकृष्णा व्रजं ययुः ॥ ३८ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ પૂવાર્ધમાં તામસ પ્રકરણમાં સાધન પ્રકરણનો નિરોધલીલા નિરૂપણનો ૨૪ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૨૫મો

[આ અધ્યાયમાં ૩૩ શ્લોકો છે. અન્યાશ્રયથી અનેક દુ:ખો આવે છે જ્યારે ભગવદાશ્રયથી પૂર્ણ સુખ થાય છે. કોઈપણ વસ્તુ અનિવેદિત હોય તે કદી ન ખાવી. અનિવેદિત ભોજન કરતાં મતિ ભ્રષ્ટ થાય છે. આ સર્વ વસ્તુ શ્રીગોવર્ધનલીલા અને અન્નકૂટ લીલા દ્વારા સમજાવી. ઈન્દ્રયાગ અટકતાં ઈન્દ્રે અટકચાળું કર્યું અને મુશળધાર વૃષ્ટિ કરી પરંતુ ભગવાને સર્વની રક્ષા કરી. આકથા અધ્યાયમાં આવશે. ''ઈન્દ્રમાનભંગ'' આ અધ્યાયનો સાર છે.]

આછકલાં પાત્રો છલકાયા વિના ન રહે

શ્રીશુક ઉવાચ- इन्द्रस्तथात्मनः पूजां विज्ञाय विहता नृप । गोपेभ्यः कृष्णनाथेभ्यो नन्दादिभ्यश्चुकोप सः ॥ १ ॥

શ્રીશુકચાર્ય મહારાજે કહ્યું કે રાજન્ ! આજ દિવસ પર્યન્ત ઈન્દ્રે રાજાએ નિષિદ્ધ ભાગો ભોગવ્યા હતા તેથી ઈન્દ્રરાજાને એમ લાગ્યું કે કૃષ્ણે પોતાનો યાગ અટકાવી દીધો છે અને પોતાની પૂજા રોકી દીધી છે. તેથી પોતાનો અનાદર કર્યો છે એમ માનીને ભગવાન શ્રીકૃષ્ણના આશ્રયવાળા શ્રીનંદરાય વગેરે ગોપજનો ઉપર કોપ કર્યો. (૧) કોપેલા ઈન્દ્રે પ્રલય કરનારા મેઘોના સમૂહને અને સંવર્તક નામના પ્રસિદ્ધ પ્રલયકારી મેઘગણને વેગપૂર્વક વ્રજ ઉપર મોકલ્યા અને પોતાને ત્રણ લોકના સ્વામી તરીકે માનનારા ઈન્દ્રે આ પ્રમાણે વાક્ય કહ્યું કે અહો કેવું આશ્ચર્ય છે કે વનમાં વસનારા ગોપજનોના લક્ષ્મીના મદના મહિમાને તો જુઓ કે મદથી છકેલા આ ગોપોએ એક મામૂલી માનવ કૃષ્ણનો આશ્રય લઈને મારા જેવા દેવનો તિરસ્કાર કર્યો છે. (૩) આ લોકો કાચી કામચલાઉ કાગળ જેવી નામ માત્રની નાવથી જેમ સાગર તરવાને ચાહે તેમ અસ્થિર ફલવાળાં કર્મમય યજ્ઞો દ્વારા બ્રહ્મવિદ્યાનો ત્યાગ કરીને સંસારસાગરને તરવા ચાહે છે. (૪)[૧] આવેશમાં આવી ભગવાનનો અનાદર કરતાં ઈન્દ્રે કહ્યું કે-

वाचालं बालिशं स्तब्धमज्ञं पण्डितमानिनम् । कृष्णं मर्त्यमुपाश्रित्य गोपा मे चक्रुरप्रियम् ॥ ५ ॥

આ લોકો વાચાલ બાલિશ-સ્તબ્ધ એટલે ઘમંડી,અજ્ઞ એટલે અજ્ઞાની, પંડિતમાની,મર્ત્ય એટલે મનુષ્ય એવા કૃષ્ણનો ઉપાશ્રય કરીને ગોપોએ મારું અપ્રિય આચર્યું છે. (૫) માટે ધનથી ઘમંડી થએલા અને કૃષ્ણના આશ્રયને લીધે છકી ગએલા આ ગોપજનોના લક્ષ્મીના મદની જડતાનું નિકંદન કરો અને એમના પશુઓનો નાશ કરી નાખો. (૬) અને હું ઐરાવત હાથી ઉપર આરોહણ કરીને મહાન બલવાન વાયુના ગુણોની સાથે નન્દરાયનાં ગોકુલનો વિનાશ કરવા તમારી પાછળ જ આવી રહ્યો છું. રાજન્ ! આ રીતે જ્યારે મેઘગણોને છૂટો દોર મળતાં ઈન્દ્રની આજ્ઞા પ્રમાણે વાયુ સાથે મેઘો મુશળધાર વૃષ્ટિની ધારાઓથી નંદબાવાના ગોકુલ ઉપર ત્રાસ ગુજારવા લાગ્યા.ચારે તરફ વીજળીઓના ચમકારા કરતા, ગર્જનાઓથી નગારા જેવા નાદ કરતા, વેગીલા તીવ્ર વાયુથી ખેંચાતા મેઘોએ મોટી જલની શિલાઓ છોડવા માંડી. થાંભલા જેવી મોટી મોટી પાણીની ધારાઓ જમીનમાં ઊંડા ખાડા પાડી દે એવી રીતે વરસવા લાગ્યા ત્યારે ક્ષણે ક્ષણે પાણીથી ડૂબતી ધરણી ઊંચી નીચી થઈ ગઈ. (૮-૧૦) આ અવસરે અતિશય વૃષ્ટિ અને અત્યંત વેગથી ધ્રૂજતાં પશુઓ અને ઠંડીથી પીડાતા ગોપ-ગોપીજનો ગોવિન્દ ભગવાને શરણે ગયાં. (૧૧)

વ્રજજનોની શરણાગતિ

शिरः सुताश्च कायेन प्रच्छाद्यासारपीडिताः । वेपमाना भगवतः पादमूलमुपाययुः ॥ १२ ॥

कृष्ण कृष्ण महाभाग त्वन्नाथं गोकुलं प्रभो । त्रातुमर्हसि दैवान् नः कुपिताद् भक्तवत्सल ॥ १३ ॥

(૧) શ્રીમદ્ ભાગવત તો સમાધિ ભાષા છે.સ્વયં સરસ્વતીજી ભગવાનનો યશ ગાય છે તેથી ક્યાંય પ્રભુની નિંદા ન કરે માટે આ શ્લોકમાં વાચાલ વગેરે પદાર્થોનો અર્થ વાસ્તવિક રીતે ભગવાનની સ્તુતિ કરનારો હોઈને તેનો અર્થ નીચે પ્રમાણે સમજવો વાચાલમ્ એટલે વાચા થી અલમ્ ન વર્ણવી શકાય તેવા વાણીથી પર, (૨)बालिशम् સુગ્રીવના ભાઈ વાલીનું शं કલ્યાણકરનારા, (૩) स्तब्धम् એટલે અણનમ અવિચલ પરબ્રહ્મ.આ વિષયમાં સ્તુતિ છેકે वृक्ष इव स्तब्धो दिवि तिष्ठति (૪) अज्ञम् જેમનાથી અધિક જ્ઞાનવાળા અન્ય કોઈનથી, (૫) पण्डितमानिनम् પંડિતોને બહુમાન આપનારા,(૬)कृष्णम् સદાનંદ સ્વરૂપ.

પોતાના મસ્તકને તેમજ કુમળાં બાળકોને પોતાની છાતી નીચે ઢાંકીને મુશળધાર વૃષ્ટિથી ખૂબ પીડાતાં અને થરથર કાંપતાં ભગવાનના ચરણકમલના મૂલમાં આવી પહોંચ્યાં. (૧૨) હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મહાભાગ ! આ ગોકુલના આપ નાથ છો. હે પ્રભુ! હે ભક્તવત્સલ! અમારા ઉપર દેવ ઈન્દ્ર ક્રોધે ભરાએલ છે. આપ અમારી રક્ષા કરવા યોગ્ય છો. (૧૨,૧૩) શિલાની સતત વૃષ્ટિ થતાં ગોકુલ સર્વથા ઉજ્જડ થતું અને જડ બનતું જોઈને ભગવાન શ્રીકૃષ્ણે માન્યું કે આ કોપેલા ઈન્દ્રનું જ કામ છે. જો એમ ના હોય તો કમોસમની વૃષ્ટિ ક્યાંથી થાય. તેમાં પણ પુષ્કળ પવનવાળી અને પાષાણ-વર્ષા વરસી રહેલી હોવાથી ઈન્દ્ર જ પોતાનાયજ્ઞનો ભંગ થયેલ હોવાથી ગોકુલના નાશ માટે જ આ વૃષ્ટિ કરી રહેલ છે. (૧૪,૧૫) તો આ માટે મારી યોગશક્તિ દ્વારા આ પવન અને વૃષ્ટિનો પ્રતિકાર હું અવશ્ય કરીશ. રાજા ઈન્દ્ર મૂઢતાને કારણે પોતાને સર્વ લોકોના સ્વામી તરીકે માને છે આ એની લક્ષ્મીના મદનું અજ્ઞાન છે. આજે હું તેના અજ્ઞાનને દૂર કરીશ. (૧૬) મારા ભક્તિભાવને ધરાવતા શુદ્ધ સત્ત્વગુણી દેવોને અમે ઈશ્વર છીએ એવું અભિમાન રાખવું ઘટે નહીં માટે અસદ્ભાવવાળા લોકપાલોનો માનભંગ થાય એ તેમની પોતાની શાંતિને માટે છે. (૧૭)

ભક્તવત્સલ ભગવાનની પ્રતિજ્ઞા

तस्मात् मच्छरणं गोष्ठं मन्नाथं मत्परिग्रहम् । गोपाये स्वात्मयोगेन सोयं मे व्रत आहितः ॥ १८ ॥

इत्यक्त्वैकेन हस्तेन कृत्वा गोवर्धनाचलम् । दधार लीलया कृष्णच्छत्राकमिव बालकः ॥ १९ ॥

ઓ ગોકુલ મારું છે. આ ગોકુલને મારો આશ્રય છે: હું ગોકુલનો આશ્રય-શરણ-આધાર છું. આગોકુલનો હું નાથ છું. આ ગોકુલના સમસ્ત જીવોનો મેં પરિગ્રહ કર્યો છે. માટે હું મારા આત્માનું આ સમસ્ત ગોકુલમાં સ્થાપન કરીશ અને રક્ષણ કરીશ. કારણ કે આ મારું પ્રથમથી જ વ્રત છે-મારી પ્રતિજ્ઞા છે. કહીને ભગવાને એક હસ્તથી શ્રીગોવર્ધનને અચલ કરી જેમ એક નાનો બાલક બિલાડાના ટોપને ઉઠાવે તેમ ભગવાન શ્રીકૃષ્ણે લીલાથી ગોવર્ધન ગિરિને ધારણ કીધા. (૧૯) ત્યાર બાદ ભગવાને ગોપજનોને કહ્યું કે હે વ્રજજનો ! હે પિતાજી ! આપ સર્વને જે રીતે અનુકૂલતા થાય તે રીતે આપ સર્વ ગોધન સાથે શ્રીગિરિરાજની નીચેના ખાડા જેવા ભાગમાં પ્રવેશ કરો, (૨૦) જુઓ આ મારા હાથ ઉપર રહેલ પર્વત પડી જશે એવો જરા પણ ભય તમારે રાખવાની આવશ્યકતા નથી. વાયુ અને વરસાદના ભયને મેં દૂર કરી દીધેલ છે. આ માટે મેં ઉપાય કરી દીધો જ છે. (૨૧) ભગવાન શ્રીકૃષ્ણનાં વાક્યોથી મનમાં આશ્વાસન પામતા ગોપજનો પોતાના ગોધન સાથે, પુત્ર-પૌત્ર પરિવાર સાથે, સેવકો અને બ્રાહ્મણો સાથે જે રીતે જેમને જ્યાં મોકળાશ મળેત્યાં તેસર્વ ગોપજનોએ પ્રવેશ કર્યો. (૨૨) ક્ષુધા-તૃષા-વ્યથા-સુખની ઈચ્છા કે પરવા પડતી મૂકીને વ્રજવાસીઓથી દર્શન કરાતા પ્રભુએ સાત રાત્રિ દિવસ પર્યન્ત પર્વતને ધારણ કર્યો અને એક પગલું પણ ખસ્યા નહીં. (૨૩) ભગવાન શ્રીકૃષ્ણના યોગના પ્રભાવને મેઘદ્વારા રાજા ઈન્દ્રે સાંભળ્યો અને એને ખૂબ જ આશ્ચર્ય થયું આખરે ઈન્દ્રનો ગર્વ ઉતરી

---

(૧) શ્રી મદ્ ભાગવત તો સમાધિ ભાષા છે. સ્વયં સરસ્વતીજી ભગવાનનો યશ ગાય છે તેથી કયાંય પ્રભુની નિંદા ન કરે માટે આ શ્લોકમાં વાચાલ વગેરે પદાર્થોનો અર્થ વાસ્તવિક રીતે ભગવાનની સ્તુતિ કરનારો હોઈને તેનો અર્થ નીચે પ્રમાણે સમજવો वाचालम् એટલે वाचा થી अलम् ન વર્ણવી શકાય તેવા વાણીથી પર, (૨) बलिशम् સુગ્રીવના ભાઈ વાલીનું शं કલ્યાણ કરનારા, (૩) स्तब्धम् એટલે અણનમ અવિચલ પરબ્રહ્મ. આ વિષયમાં સ્તુતિ છે કે वृक्ष इव स्तब्धो दिवि तिष्टति (૪) अज्ञम् જેમનાથી અધિક જ્ઞાનવાળા અન્ય કોઈ નથી, (૫) पण्डितमानिनम् પંડિતોને બહુમાન આપનારા, (૬) कृष्णम् સદાનંદ સ્વરૂપ.

ગયો. વ્રજનાશનો સંકલ્પ જ નાશ પામ્યો, અને પોતાના મેઘોને સારી રીતે પાછાવાળી લીધા. (૨૪) વાદળ વિનાના તદ્દન ચોખ્ખા અને સૂર્યોદયવાળા આકાશને જોઈને તેમ જ સૂસવાટા અને પત્થર વર્ષાવતી અત્યંત ભંયકર વૃષ્ટિને પણ શમી ગએલી જોઈને શ્રીગોવર્ધનને ધારણ કરતા ભગવાન શ્રીકૃષ્ણે ગોપજનોને કહ્યું કે હે ગોપજનો ! હવે સ્ત્રીજન, ગોધન, બાલકવૃન્દ સાથે બહાર નીકળો, પવનનો અનેવૃષ્ટિનો ત્રાસ છોડી દો, પવન અને પાણી બિલકુલ બંધ પડી ગયાં છે. નાની નાની નદીઓનાં પાણી પણ ઊતરી ગયાં છે. (૨૫,૨૬) ત્યારબાદ સમસ્ત ગોપજનો પોતપોતાનાગોધનને લઈને ગાડાંઓને ઠાઠમાઠથી સુશોભિત કરીને બહાર નીકળ્યાં અને ગોપીજનો, બાલકો તેમજ વૃદ્ધજનો પણ ધીરે ધીરે બહાર આવ્યા. (૨૭) સર્વસમર્થ ભગવાને સર્વ જીવોના દેખતાં જ તદ્દન રમત રમતમાં જ શ્રીગિરિરાજને જેવા હતા તેવા સ્વરૂપમા અને સ્થાનમાં સ્થાપી દીધા. (૨૮) ભગવાને જ્યારે શ્રીગિરિરાજને પોતાના સ્થાને પધરાવ્યા ત્યારે પ્રેમવેગથી ભરેલા વ્રજવાસીઓ અને ગોપીજનો પોતપોતાના અધિકાર પ્રમાણે પ્રભુને આલિંગન વગેરે આપતા ભગવાન શ્રીકૃષ્ણની સમીપે આવ્યા. અને શ્રીગોપીજનોએ સ્નેહપૂર્વક આનંદથી ભાલમાં દહીંથી તિલક કરી ચોખા ચોઢી મસ્તક ઉપર જલકલશ ફેરવીને પ્યારા શ્યામસુંદરનાં અર્ચન કીધાં અને આશીર્વાદ આપ્યાં. (૨૯)

જનની-જનક અને શ્રેષ્ઠબંધુનું વાત્સલ્ય

શ્રીયશોદાજી, શ્રીરોહિણીજી, શ્રીનંદબાવા અને બલવાનોમાં શ્રેષ્ઠ શ્રીબલભદ્રજીએ ભગવાન શ્રીકૃષ્ણને આલિંગન દીધાં અને આશીર્વાદનાં દાન દેતાં સ્નેહવિભોર બની ગયાં. (૩૦) રાજન્ ! સ્વર્ગલોકમાં નિવાસ કરતાં દેવ ગણો,સાધ્યા નામના પણ દેવો, સિદ્ધો, ચારણો, ગંધર્વો અને અપ્સરાઓ વગરેએ ભગવાનની સ્તુતિ કરી અને સંતોષપૂર્વક પુષ્પની વૃષ્ટિ વરસાવી. (૩૧) નરેશ પરીક્ષિત! સ્વર્ગલોકમાં શંખ અને દુન્દુભિઓના સ્વયં નાદ થયા અને દેવોએ પણ શંખ-દુન્દુભિના નાદ કર્યા. મુખ્ય ગાયક મનાતા તુંબુરુ વગેરેની સાથે ગન્ધર્વોએ ગાન્ધર્વ ગાન કર્યા. (૩૨) રાજન્ ! ત્યારબાદ અનુરાગ ભરેલા ગોપજનોથી વીંટળાએલા સમર્થ ભગવાન શ્રીહરિ શ્રીબલદેવજીની સાથે શ્રીગોકુલમાં પધાર્યા અને ગોપિકાઓ ભગવાનનાં આ પ્રકારના અનંત ચરિત્રોનું ગાન કરતાં વ્રજમાં પધાર્યા અને આનંદવિભોર બન્યા અને હૃદયમાં ભગવાનનો સ્પર્શ કર્યો. (૩૩)

ततोनुरक्तैः पशुपैः परिश्रितो राजन् स गोष्ठं सबलोकव्रजद् हरिः ।

तथाविधान्यस्य कृतानि गोपिका गायन्त्य ईयुर्मुदिता हृदिस्पृशः ॥ ३३ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ તામસ પ્રકરણના સાધન પ્રકરણમાં અધ્યાય ૨૫ મો સમાપ્ત

અધ્યાય ૨૬ મો

[આ અધ્યાયમાં ૨૬ શ્લોકોછે. ભગવાનના અલૌકિક સામર્થ્ય અને ચરિત્રથી ગોપજનો વિસ્મય પામ્યા. મનમાં લાગ્યું કે આપણાં જેવા સામાન્ય જનોના આ અલૌકિક સાંમર્થ્ય ધરાવતા શ્રીકૃષ્ણ ભગવાન પુત્ર કેમ થઈ શકે? આ શંકાનું નંદ બાવાએ શ્રીગર્ગાચાર્યજીના શ્રીમુખથી કીધેલાવચનો દ્વારા સમાધાન કર્યું કે ભગવાન અલૌકિક છતાં વસ્તુના સ્વભાવથી જ ભગવાન પુત્ર બન્યા છે માટે શ્રીકૃષ્ણ અપ્રાકૃત ભગવાન છે એ સત્ય છ તેમજ મારા પુત્ર છે એ પણ સત્ય છે.]

ગોપજનોનો ભગવાન માટે વિસ્મય

श्रीशुक उवाच -एवंविधानि कर्माणि गोपाः कृष्णस्य वीक्ष्यते । अतद्वीर्यविदः प्रोचुः स,मभ्येत्य सुविस्मिताः ॥ १ ॥

શ્રીશુકદેવજીએ કહ્યુંકે રાજન્! ગોપજનો, ભગવાન શ્રીકૃષ્ણનાં આવા અલૌકિક પરાક્રમો જોઈએ, પ્રભુના સામર્થ્યને નહીં જાણતા સર્વ એકત્રિત થઈને અતિશય વિસ્મય પામીને બોલ્યાં કે હે બાલાજી ! બાલકનાં આ જે અલૌકિક કર્મો છે તે અત્યંત અદ્ભૂત છે.એ વાત નિશ્ચિત છે. તો પછી આપણાં જેવા તુચ્છ ગ્રામજનોમાં આવા મહાન પુરુષોનો જન્મ કેમ સંભવે ? બાવા ! આવા પુરુષોત્તમ આપણાં જૈવા તુચ્છને ત્યાં જન્મ લે ખરા ? (૧,૨) જોયું ને બાબ! જે સાત વર્ષની વયના બાલકે એક હાથથી રમતમાં ને રમતમાં જેમ એક મોટો હાથી કમલને ધારણ કરે એ રીતે ઘણાં જ મોટા એવા શ્રીગિરિવરને કેવી રીતે ધારણ કર્યો ? (૩) હજી તો જે બાલકે આંખ પણ ખોલી નથી એવા છ દિવસની વયમાં તો

કાળ જેમ આયુષ્યનું પાન કરે તેમ ઘણા સામર્થ્યવાળી પૂતનાના પ્રાણો સાથે સ્તન પાન કર્યું. (૪) હજી તો જેની ઉમરની ગણતરી મહિનાઓથી જ થતી હતી એવા ત્રણ માસની વયના રડતાં અને ગાડા નીચે સૂતેલા બાળકે બે ચરણો ઊંચા કરી હલાવવા ચલાવવાથી ચરણકમલનો આગળનો અંગૂઠાનો ભાગ કેવલ ગાડાને સ્પર્શ પામ્યો ત્યાં તો આખું ગાડું ઊંધું વાળી નાખ્યું. (૫) અરે નંદબાવા ! આ લાલન્ જ્યારે એક વર્ષના હતા તેમાં પણ ચાલવાનું પણ શરૂ નહોતું થયું કેવલ બેઠેલા હતા ત્યારે દૈત્ય તૃણા વર્ત આકાશમાર્ગે લઈ જઇ રહ્યો હતો ત્યારે તેને કંઠે પકડ્યો અને પીડાતાં જ મરણ પામ્યો. (૬) વળી એકવાર માખણની ચોરી અને ગોરસ તોડવાના કારણે શિક્ષા કરવાના ભાવથી લાલનને ઉખલીથી બાંધ્યા હતા ત્યારે ઉખલને ખેચતાં બે અર્જુન વૃક્ષોની વચમાંથી નીકળતાં બે હાથને સ્પર્શ કરતાં વૃક્ષોને પાડી નાખ્યાં હતા. (૭) વળી દાઉભૈયા સાથે બાલસખાઓથી વીંટાએલા વાછરડાં ચારતા હતા ત્યારે મારવાની લાલસાથી આવેલા બકાસુરને બે હાથથી ચાંચેથી ચીરી નાખ્યો. (૮) વળી વાછરડાં ચારતા લાલન્‌ને મારી નાખવાની ઈચ્છાથી વાછરડામાં ઘૂસી ગએલા વત્સાસુરને કોઠીના ઝાડ સાથે પછાડી મારી નાખી રમત રમતાં કોઠાં પાડી આપ્યાં.૯ વળી, ગધેડાના રૂપે આવેલા ધેનુકાસુરને તેમ જ તેના બંધુજનોને બલભદ્ર ભૈયાને સાથે રાખીને મારી નાખ્યા તેમજ પાકી ગએલાં તાલફલથી ભરેલા તાલવનને નિર્ભય બનાવ્યું. (૧૦) બહુ બલવાળા ઉગ્ર પ્રલંબાસુરને બલવાળા બલભદ્રજીને શ્રી હસ્તે મરાવી વ્રજપશુઓને અને ગોપજનોને દાવાગ્નિથી મુક્ત કર્યા. (૧૧) વળી આ કૃષ્ણે કાલીયના ધરામાં પ્રવેશ કરીને દાઢમાં વિષ ભરેલા ઝેરીલા જગજાણીતા કાલીયનાગને મદ વિનાનો બનાવીને કાલીયના ધરામાંથી હાંકી કાઢી યમુનાજીને ઝેર વિનાનાં નિર્મલ જલવાળાં બનાવ્યાં. (૧૨)

સર્વના આત્મા શ્રીનંદકુમારનો અનુરાગ કેમ છૂટે ?

અરે શ્રીનંદબાવા ! અધિક શું કહીએ. અમારા સર્વ વ્રજવાસીઓનો આપના આ પુત્રમાં રહેલો સહજ સ્નેહ કેમે કરીને છોડી શકાયતેમ નથી.વળી રાજન્ ! શ્રીનંદલાલનો પણ અમારા ઉપર સ્વભાવથી જ સ્નેહ છે એકેવી રીતે બની શકે ? અમને તો આશ્ચર્ય થાય છે કે આવું કેમ બને ! (૧૩) રાજન્ ! આ સાત વર્ષની વયના આ બાલક ક્યાં ? અને આવડા મોટા પર્વતને ધારણ કરવું ક્યા ? માટે હે શ્રીવ્રજનાથ! અમને શકાં થાય છે કે આવા અલૌકિક બલશાળી આપના પુત્ર કેમ હોઈ શકે ? (૧૪) શ્રી નંદરાયજી સમાધાન કરતાં કહેવા લાગ્યા કે હે ગોપજનો ! આપ મારાં વચનો સાંભળો જેથી આપને આ બાલકને માટે મારો પુત્ર છે કે નહીં એવી શંકાનું નિવારણ થશે મહર્ષિ ગર્ગાચાર્યજીએ આ બાલકને માટે મને જે કહ્યું હતું તે સાંભળો કે તે કેવું આશ્ચર્ય છે ! (૧૫) મને ગર્ગા ચાર્યજીએ કહ્યું હતું કે હરેક યુગમાં અવતાર લેનાર આ તમારા પુત્રના-કૃત-ત્રેતા-દ્વાપર યુગોમાં શ્વેત-રક્ત-પીત એવા ત્રણ વર્ણ થએલા એ વાત પ્રસિદ્ધ છે. હાલમાં તે “કૃષ્ણ” વર્ણના પ્રાપ્ત થયા હોઈ શ્રીકૃષ્ણ કહેવાય છે. (૧૬) વળી મને ગર્ગમુનિએ કહેલું કે આ તમારો કુમાર પૂર્વે કોઈક દેશ અથવા કાલમાં વસુદેવને ત્યાં અવતરેલ હોઈ એના રહસ્યને જાણનારા એને વાસુદેવ-શ્રીપતિ એ પ્રમાણે પણ કહે છે. (૧૭) વળી કહ્યું કે નંદરાય! તમારા સુતના ગુણ અને કર્મને અનુરૂપ ઘણાં નામો અને રૂપો છે. તે બધાં નામો અને રૂપો હું જાણું છું પરંતુ સામાન્યજનો એ જાણતા નથી. (૧૮) વળી ગર્ગ બોલ્યા કે આ બાલક આપના સર્વનું શ્રેયસ કરશે-કલ્યાણ કરશે, ગોપજનોને તેમ જ ગોકુલને આનંદ દેનાર થશે, આ શ્રીકૃ્ણના આશ્રયે આપ સર્વ પ્રકારનાં સકંટનાં સ્થાનોને અનાયાસે તરી જશો. (૧૯) હે વ્રજનાથ! પૂર્વે જ્યારે સાધુજનો દૈત્યોથી પીડા પામતા હતા અને અરાજકતા છવાતાં અંધાધૂંધી વધતાં રક્ષણ વિનાના હતા તે સમયે આ કૃષ્ણની જ સહાયથી તેઓ સર્વ દૈત્યોને જીતી શક્યા હતા. (૨૦) જે કોઈ મહાન ભાગ્યશાળી હોઈને આ બાલકમાં પ્રીતિ કરે છે તે લોકો મનુષ્યો છતાં જેમ વિષ્ણુ ભગવાનના આશ્રયે રહેલા દેવોને હરાવી શક્તા નથી તેમ તે શત્રુઓને હરાવી શકતા નથી. (૨૧)

तस्मान्नन्द कुमारोयं नारायणसमो गुणैः । श्रिया कीर्त्यानुभावेन तत्कर्मसु न विस्मयः ॥ २२ ॥

હે ગોપજનો! શ્રીગર્ગ મહર્ષિએ આગળ વધીને કહ્યું કે નંદરાયજી ! આ આપનો કુમાર શ્રી કીર્તિ, અને પ્રભાવથી સાક્ષાત્ નારાયણ છે. હે ગોપજનો આપ આ પુત્રમાં કોઈ પણ જાતનો વિસ્મય ન કરો ! (૨૨) હે ગોપજનો ! આ પ્રમાણે શ્રી ગર્ગાચાર્યજી મને સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે એવું કૃષ્ણને કહીને મથુરાજીથી પોતાને ઘેર પધાર્યા ત્યારથી

હું કૃષ્ણને નારાયણના અંશસ્વરૂપ કોઈને પણ કલેશ ન આપે એવાં કાર્ય કરનાર પરબ્રહ્મ માનું છું. (૨૩)

ગોપજનોને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થયું.

રાજન્ પરીક્ષિત ! જ્યારે નંદરાયજીએ ગર્ગાચાર્ય મુનિએ, નામકરણ સંસ્કાર સમયે એકાન્તમાં કહેલ વાક્યો કહ્યાં ત્યારે ગોપજનો, તે વાક્યોને સાંભળીને સદા દેનારા ભગવાનના કૃષ્ણના અમાપ તેજ અને અમાપ પ્રભાવને જાતે જોયેલ તેમજ અનુભવેલ હોઈને પુષ્કળ પ્રસન્ન થયા એટલું જ નહીં પરંતુ શ્રીનંદરાયજીના શ્રીનંદકુમાર કૃષ્ણનાં અર્ચન કરી આશ્ચર્યમુક્ત બની પોતાના આંગણે પધાર્યા. (૨૪) પરીક્ષિત રાજાને પુરુષોત્તમનો મહિમા ગાઈને પ્રણામ કરતા શ્રીશુકાચાર્યજી બોલ્યા કે - પોતાના ઈન્દ્રયાગના નાશ થવાથી ક્રોધે ભરાયેલા રાજા ઈન્દ્રે વજ્ર, પથ્થર, અને પુષ્કળ પવન સાથે વર્ષા વરસાવી ત્યારે જ્યાં ગોપ-ગોપીજનો, ગાય વગેરે પશુઓ વગેરે ખૂબ જ પીડાતા વ્રજને પોતાનો આશ્રય છે, પોતે જ રક્ષક છે એવું જાણતા અને જોતાં કરુણાથી, કૃપાથી તરબોળ બનેલા ભગવાન શ્રીકૃષ્ણે મોટેથી હાસ્ય કરતાં એક નાનેરો બાલક જેમ બિલાડાના ટોપને રમતમાં ઉપાડે તે પ્રકારે જમીન ઉપરથી ઉપાડીને માત્ર એક હસ્તથી ધારણ કરીને સમગ્ર વ્રજનું સંરક્ષણ કર્યું અને મહેન્દ્રના મદના ચૂરા કરી નાખ્યા. વળી 'ગોવિન્દ' નામ ધારણ કીધું. એવા ''શ્રીગવેન્દ્ર'' અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૨૫)

ભક્તજનોએ નિત્ય ગાવાનો પ્રપત્તિનો પાવન શ્લોક

देवे वर्षति यज्ञविप्लवरुषा वज्राश्मपर्षानिलैः । सीदत्पालपशुस्त्रि आत्मशरंणं दृष्टवानुकम्प्युत्स्मयन् ॥ २८ ॥
उत्याटयैककरेण शैलमबलो लीलोच्छिलीन्ध्रं यथा-बिभ्रद्गोष्ठमपान्महेन्द्रमदभित्त्प्रीयान्न इन्द्रो गवाम् ॥ २५ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમસ્કંધનિરોધ લીલા તામસ પ્રકરણના સાધન પ્રકરણનો અધ્યાય ૨૬ મો સમાપ્ત

અધ્યાય ૨૭ મો

[આ અધ્યાયમાં ૨૮ શ્લોકો છે.આ અધ્યાયમાં શ્રીકામધેનુ સુરભિ દેવી ભગવાનની સ્તુતિ કરે છે અને તેમને ભગવાન ઉપદેશ કરે છે, ભગવાન વિના સર્વની રક્ષા કોઈ નથી કરી શકતું એવું જ્ઞાન થતાં રાજા ઈન્દ્રનો મદ દૂર થયો એ જ ભગવાનની લીલા અને કૃપા ગણાય છે.]

श्रीशुक उवाच - गोवर्धने धृते शैल आसाराद् रक्षिते व्रजे । गोलोकादव्रजत् कृष्णं सुरभिः शक एव च ॥ १ ॥

શ્રી શુકચાર્ય મહારાજે કહ્યું કે રાજન્ ! પરીક્ષિત! ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે શ્રીગિરિરાજજીને ધારણ કર્યા અને સમસ્ત વ્રજની વર્ષાધારાઓમાંથી રક્ષા કીધી ત્યારે ગોલોકમાંથી શ્રીસુરભિ કામધેનુજી પધાર્યાં તેમજ ઈન્દ્રરાજા અને સ્વર્ગના સર્વ દેવો ભગવાન શ્રીકૃષ્ણ સમીપે આવ્યા. (૧) રાજા ઈન્દ્ર પોતાના કરેલા અપરાધથી, લજ્જા પામીને ભગવાન શ્રીકૃષ્ણ પાસે ક્ષમા માગવા એકાન્તમાં આવ્યા અને સૂર્ય સમાન તેજોમય મુકુટથી પ્રણામ કરતાં શ્રીઠાકોરજીના ઉભય ચરણકમલોનો સ્પર્શ કર્યો. (૨) રાજા ઈન્દ્રે અમાપ તેજસ્વી ભગવાન શ્રીકૃષ્ણનો પૂતનાવધ વગેરે પ્રભાવ સાંભળેલો હતો તેમજ શ્રીગિરિરાજજીને ધારણ કરવાનો પ્રભાવ જાણ્યો તેથી ઈન્દ્રદેવનો સ્વામી છું એવો મદનાશ પામ્યો હતો. ભક્તિએ હૃદયમાં પ્રવેશ કર્યો હતો તેથી. બન્ને હાથની અંજલિ બાંધી નીચે દર્શાવ્યા પ્રમાણે ભગવાનની સ્તુતિ કરી. (૩)

દશ શ્લોકોમાં રાજા ઈન્દ્ર ભગવાનની સ્તુતિ કરે છે

इन्द्र उवाच- विशुद्धसत्वं तव धाम शान्तं-तपोमयं ध्वस्तरजरतमस्कम् । मायामयोयं गुणसम्प्रवाहो-न विद्यते तेग्रहणानुबन्धः ॥ ८ ॥

રાજા ઈન્દ્રે સ્તુતિ કરતાં પ્રભુને વિનવ્યું કે નાથ ! આપનું ધામ એટલે આપનું સ્થાન અને આપનો પ્રકાશ સર્વથા વિશુદ્ધ સત્વ સ્વરૂપ છે, શાન્ત છે અને તપોમય છે, રજોગુણ તેમજ તમોગુણનો નાશ કરેલો છે તેવો દિવ્ય છે, આ ગુણોનો ચાલતો પ્રવાહ માયાથી ભરપૂર છે. આ માયામય ગુણોનો સારી રીતે ચાલતો પ્રવાહ આપને પ્રાપ્ત કરવાને યોગ્ય નથી. (૪) હે નાથ ! આપ માયાથી પર છો તો પછી માયાના અને ગ્રહણના હેતુઓ એવા ક્રોધ-લોભ વગેરે આનામાં શી

રીતે ઘટે ? હોય જ ક્યાંથી આપનામાં ક્રોધ વગેરે વસેલા છે એમ સમજનારા સાચે જ અજ્ઞાનીઓ છે ક્રોધાદિથી પર છતાં આપ દંડ વગેરે જે કરો છો તે ધર્મની રક્ષા માટે તેમજ દુષ્ટોનો વિગ્રહ કરવા માટે જ કરો છો. કારણ કે આપ ભગવાન છો તેથી આ પ્રમાણે કરવાથી આ પરિણામ આવે છે, એવું આપને જ જ્ઞાન છે અન્યને નથી. (૫) ભગવાન આપ પિતા છો, ગુરુ છો, સર્વ જીવોના સ્વામી છો, મહાપ્રયાસે પણ ન ટાળી શકાય ન ખાળી શકાય તેવા કાલ સ્વરૂપ આપ છો. વળી અમે જગતના સ્વામી છીએ એવું માનનારાઓનાં કલ્યાણ માટે તેઓને મોક્ષ આપવા માટે આપ પોતાની જ ઈચ્છાથી શરીરો ધારણ કરીને દંડ આપો છો. (૬) હે નાથ ! મારા જેવા બાલિશ અને અજ્ઞાનીઓ પોતાની જાતને જગતના સ્વામી તરીકે માની બેઠેલાઓ અંતકાલે આપના ઉગ્ર સ્વરૂપનું દર્શન કરીને પોતાના ઈશ્વરપણાના મદને અવિલંબે છોડી દે છે અને ગર્વરહિત બનીને આર્યમાર્ગમાં પ્રવૃત્ત થઈને આપનું પુષ્કળ ભજન કરછે. હે નાથ! શ્રીગિરિરાજજીને ધારણ કરવાની આપની લીલા પણ દુષ્ટોને શિક્ષા સ્વરૂપ છે. (૭)

દૈત્ય ભાવે ઈન્દ્ર દેવાધિદેવની ક્ષમા માગે છે

હે ભગવન્ ! હે પ્રભુ ! આપ સર્વસમર્થ છો. હું તો ઐશ્વર્યગર્વથી ભરેલો હતો. આપના પ્રભાવને જાણતો ન હતો માટે જ મેં અપરાધ આચર્યો છે. હે નાથ મૂઢ ચિત્તવાળા મને આપ ક્ષમા આપવા યોગ્ય છો.કે જેથી હું પુનઃ આવી બુદ્ધિવાળો ના બનું. (૮) ભગવન્ ! આપ અધોક્ષજ છો એટલે અમારી આ ઈન્દ્રિયોથી અમે ના જાણી શકીએ અને ના સેવા કરી શકીએ નાથ! આપનું ભૂતલ ઉપર પધારવું, તે કેવલ જેઓ આ પૃથ્વી ઉપર ભારરૂપ જન્મીને પૃથ્વીને ભારરૂપ થાય છે એવા મોટા સેનાપતિઓના વિનાશને માટે છે. હે દેવ ! આપના ચરણકમલમાં રહેનારાના મોક્ષ માટે એટલે તેમને સંસારથી મુક્ત કરવા માટે છે. અથવા તેમને યોગ્ય સંસાર દેવા માટે છે. (૯) ભગવન્ ! આપને નમસ્કાર. હે પરમપુરુષ, સર્વથી મહાન શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર અને યાદવોના સ્વામીને નમસ્કાર. (૧૦) કેવલ ભક્તોના મનોરથને પૂર્ણ કરવા માટે શ્રીવિગ્રહને ધારણ કરનાર, વિશુદ્ધ ચિદ્રૂપ તેમજ આનંદરૂપ અને સર્વ પ્રાણીમાત્રના આત્મા ચિદ્રૂપ ભગવાનને નમસ્કાર હો. (૧૧) હે ભગવન્ ! મારા યાગનો નાશ થવાથી હું ગર્વિષ્ઠ બનેલો હતો જ તેને લીધે અત્યંત શીઘ્ર ક્રોધે ભરાએલા મેં ગોકુલનો નાશ કરવા માટે વાયુ સાથે વૃષ્ટિ કરી હતી. (૧૨) પરંતુ આપ ઈશ્વર હોવાથી, આપે મારા ઉપર અનુગ્રહ જ કરેલ છે. હે નાથ ! આપે મારા પ્રયત્નને નિષ્ફળ બનાવીને આપે મને ગર્વથી મુક્ત કર્યો છે એવા આપને ગુરુ, પરમેશ્વર અને આત્મા તરીકે જાણીને આપને શરણ આવેલ છું. મારો અંગીકાર કરો. (૧૩)

કૃપાનિધિ શ્રીકૃષ્ણની આંખમાં દંડનાં પણ દયાસ્વરૂપે દર્શન થયાં

શ્રીશુકાચાર્યે કહ્યું કે રાજન્ ! આ પ્રકારે રાજા ઈન્દ્રે ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરી ત્યારે મેઘ સમી ગંભીર વાણીથી જાણે હસતાં હસતાં મોહ પમાડતા હોય તેમ કૃપાનાથ ભગવાને વારંવાર વચનામૃતને વરસાવતાં કહ્યું કે રાજન્ ઈન્દ્ર ! ઈન્દ્રપણાના ઐશ્વર્યથી પુષ્કળ છકી ગએલા તમને મારા સ્વરૂપનું સ્મરણ થાય માટે મેં કેવલ તમારા ઉપર દયા કરવા માટે જ યજ્ઞનો ભંગ કર્યો છે. (૧૪,૧૫) રાજન્ ઈન્દ્ર ! તમને ખ્યાલ હશે કે જૈ ઐશ્વર્ય અને મદથી અન્ધ બનેલ છે તે હસ્તમાં દંડ ધારણ કરીને, શિક્ષા કરવા માટે ઉભેલા મને જોઈ શકતો નથી. રાજન્ ! હું જેના ઉપર અનુગ્રહ કરવા વિચારું છું તેના વૈભવનો પ્રથમ હું નાશ કરું છું. (૧૬) રાજન્ ! ઈન્દ્ર ! ચિતાં ન કરો. હવે સુખે સીધાવો, તમારું કલ્યાણ થાઓ, મારા શાસનમાં સદા રહેજો, સર્વથા મદથી મુક્ત થઈને પોતપોતાના અધિકારમાં મારી આજ્ઞામાં જોડાઈને રહેજો. (૧૭)

શ્રી સુરભિ ગાય માતાનાં દૈન્ય અને ભક્તિ

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! સન્માનપાત્ર શ્રી સુરભિ કામધેનુજીએ ભગવાન શ્રીકૃષ્ણનાં બહુમાન, અભિનંદન કીધાં અને પોતાનાં સંતાનો સાથે એકાંતમાં મંત્રણા કરીને ગોપ સ્વરૂપમાં બિરાજતા ભગવાન શ્રી કૃષ્ણને નિવેદન કરતાં બોલ્યા કે ભગવન્ શ્રીકૃષ્ણ ! હે મહાયોગિન્ ! હે વિશ્વના સર્જનહાર ! આપ સમસ્ત લોકોના નાથછો તેથી જ હે અચ્યુત અમે આપનાથી જ સનાથ છીએ. (૧૮,૧૯) આપ અમારું પરમ દૈવત છો, હે જગતપતે! આપ

અમારા ઈન્દ્ર છો. આપ ગાયો, વિપ્રો અને દેવોના રક્ષણ કરનારા બનો, તેમજ ભગવદ્ભક્તોના પણ રક્ષણ કરનારા બનો. (૨૦) હે વિશ્વના આત્મા પ્રભુ ! આપ ભૂમિનો ભાર હરવા જ ભૂતલ ઉપર અવતર્યા છો. બ્રહ્માની પ્રેરણાથી અમે આપનો અમારા ઈન્દ્ર તરીકે અભિષેક કરશું. (૨૧) શ્રીશુકાચાર્યજી બોલ્યા કે રાજન્ ! આ પ્રકારે શ્રીકામધેનુજીએ ભગવાન શ્રીકૃષ્ણને નિકટમાં પધરાવીને, પોતાના દૂધથી અને ઐરાવત હાથીની શૂંઢથી આણેલા આકાશગંગાના જલથી અભિષેક કર્યો. (૨૨) દેવર્ષિજનોની પ્રેરણાથી દેવર્ષિઓની સાથે રાજા ઈન્દ્રે અદિતિ, શ્રદ્ધા વગેરે દેવમાતાઓ સાથેસેવકજનોનાં રક્ષણ કરવા સમર્થ ભગવાન શ્રીકૃષ્ણ ઉપર અભિષેક કર્યો અને ભગવાનનાં "શ્રી ગોવિંદ" નામ પાડ્યાં. (૨૩) આ અવસરે તુંબુરુ, નારદજી વગેરે ગન્ધર્વરાજા, વિદ્યાધરો,સિદ્ધો અને ચારણો ત્યાં પધાર્યા અને તે સર્વેએ મળીને સમસ્ત લોકોના મલ-પાપને ધોનારાં ભગવાનની કીર્તિનાં -ભગવાનના યશનાં ગુણગાન કીધાં તેમજ આનંદવિભોર બની અપ્સરાઓએ ઉત્તમ પ્રકારે નૃત્ય કર્યા. (૨૪) દેવવૃન્દોમાં ધ્વજ સમાન શ્રેષ્ઠ મનાતા ગંધર્વોએ ભગવાનની ઈન્દ્ર તરીકે સ્તુતિ કરી તેમજ ઉત્તમ પ્રકારનાં કુસુમોની વૃષ્ટિ કરી, તેમજ ત્રણે લોકમાં પરમાનંદની પ્રાપ્તિ કરી. આ અવસરે દૂધના અભિષેકથી ગોધને ભૂમિને ભીંજવી દીધી. (૨૫) સરિતાઓમાં વિવિધ પ્રકારનાં રસનાં પૂર આવ્યા, મધુધારાઓ ઝરવા લાગી, વિના ખેડે અનાયાસે અનાજ પાકવા લાગ્યા. તેમજ પર્વતો પોતામાં વસેલાં મણિરત્નોને પ્રકટકરવા લાગ્યા. (૨૬) હે કુરુનંદન ! જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનનો અભિષેક થયો ત્યારે સ્વભાવથી જ ક્રૂર એવાં સર્વ પ્રાણીઓ પણ હે તાત ! નિર્વૈર બની ગયાં. રાજન્ ! આ રીતે ગાયો તેમજ ગોકુલના નાથ શ્રીકૃષ્ણનો 'ગોવિન્દ,' તરીકે અભિષેક કરીને, પુનઃ ભગવાનની આજ્ઞા મેળવીને દેવોથી વીંટળાએલા રાજા ઈન્દ્રે સ્વર્ગમાં સીધાવ્યા. (૨૮)

इति गोगोकुलपतिं गोविन्दमभिषिच्य सः । अनुज्ञातो ययौ शक्रो वृतो देवादिभिर्दिवम् ॥ २८ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો દશમ સ્કંધ નિરોધલીલા તામસ પ્રકરણના સાધન પ્રકરણનો ૨૭મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૨૮ મો

[આ અધ્યાયમાં ૧૬ શ્લોકો છે. શ્રીનંદરાયજીનું વરુણલોકમાં બંધન અને ભગવાને કરાવેલ નંદજીનું વિમોચન તેમજ વ્રજજનોને નાથે કરાવેલ વ્યાપિવૈકુંઠનાં દર્શન વગેરે પ્રસંગ આ અધ્યાયમાં આવશે.]

श्रीशुक उवाच- एकादश्यां निराहारः समभ्यर्च्य जनार्दनम् । स्नातुं नन्दस्य कालिन्द्यां द्वादश्यां जलमाविशत् ॥ १ ॥

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! એકાદશીના દિવસે ઉપવાસ કરીને મોક્ષદાતા જનાર્દનની સારી રીતે પૂજા કરીને નંદરાયજીએ દ્વાદશી સ્નાન કરવા માટે અર્ધરાત્રીએ શ્રીકાલિન્દીજીના જલમાં પ્રવેશ કર્યો. (૧) નંદરાયજી તો વૈષ્ણવ ધર્મના સિદ્ધાન્ત પ્રમાણે જ સ્નાન કરવા કાલિન્દીજીમાં પધાર્યા હતા પરંતુ વરુણનો સેવક નંદરાયજી અર્ધરાત્રીના આસુર કાલમાં સ્નાન કરવા પ્રવેશ્યા છે એમ સમજીને નંદબાવાને બાંધીને વરુણની પાસે લઈ ગયો. (૨) ત્યાં કાલિન્દીજીનાં જલમાં નંદબાવાજીને ન જોતાં ગોપજનો, હે કૃષ્ણ ! હે રામ ! એમ બોલીને રડવા લાગ્યા. ભગવાનને ગોપજનોનું રુદન સાંભળીને પિતાશ્રી નંદરાયજીને વરુણનો સેવક લઈ ગએલ છે એમ જાણી લીધું તેથી હે રાજન્ ! પરીક્ષિત ! નિજ ભક્તજનોને નિર્ભય બનાવનારા સર્વસમર્થ ભગવાન શ્રીકૃષ્ણ વરુણની સમીપે પધાર્યા. (૩) આ અવસરે લોકપાલ વરુણદેવે પોતાને આંગણે ભગવાન હૃષીકેશને પધારેલા જોઈને પોતાની સમીપમાં જે કાંઈ સાધનસામગ્રી હતી તેનાં કરતાં અધિક એકઠી કરીને ભગવાનનાં અર્ચન કર્યા અને ભગવાનના દર્શનનો મહાન ઉત્સવ મનાવતા નિવેદન કરવા લાગ્યા. (૪) શ્રીવરુણદેવે કહ્યું કે હે નાથ! પ્રભુ ! આજે જ જાણે મેં ખાસ કરીને દેહ ધારણ કર્યો એમ લાગે છે, વળી આજે જ મારા પુરુષાર્થો સિદ્ધ થયા, સફળ થયા એમ માનું છું. કારણ કે હે ભગવન્ ! આપે અહીં પધારવાની કૃપા કરી.હે ભગવન્ ! જે કોઈ આપના ચરણકમલનું સેવન કરે છે તે જ માર્ગના પારને પામે છે. (૫) નજર સામે સન્મુખ બિરાજતા આપ ભગવાનને, સાક્ષાત્ બ્રહ્મને, પરમાત્માને મારા નમસ્કાર હો. આપનામાં લોકસૃષ્ટિ નો વિકલ્પ પેદા કરનારી માયા છે જ નહીં તેવા ભગવાનને નમસ્કાર. (૬) ધર્મના તત્ત્વને ન જાણનારો તેમજ શ્રીનંદરાયજીના આપની સાથેના સંબંધને ન જાણનારો મારો મૂઢ સેવક કાર્યાકાર્યનો વિવેક ન હોવાને લીધે આપના પિતાજીને લઈ આવેલ છે તેથી આપ

મને ક્ષમા કરો એવી વિનંતિ છે. (૭) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે પરીક્ષિત ! જ્યારે વરુણે ઈશ્વરોના પણ ભગવાન શ્રીકૃષ્ણને પ્રસન્ન કર્યા ત્યારે તેઓ પોતાના પિતાજીને લઈને બંધુજનોને આનંદ આપતા ગોકુલમાં પાછા પધાર્યા. (૮) શ્રીનંદરાયજીએ વરુણલોકનો દિવ્ય વૈભવ જોયો, તેમજ આ સ્થૂલ નયનોથી ના નિહાળી શકાય તેવા વરુણલોકનું દર્શન કર્યુ અને વરુણલોકના જનોને કૃષ્ણ ભગવાનનેં ખૂબ જ ભક્તિપૂર્વક પ્રણામ કરતા જોયા ત્યારે વિસ્મય પામ્યા અને પોતાના જ્ઞાતિજનોને નજરે જોયેલ મહિમા વર્ણવી સંભળાવ્યો. (૯) રાજન્ ! ત્યારબાદ તે સર્વ ગોપજનો શ્રીકૃષ્ણને ઈશ્વર માનીને અત્યંત ઉત્કંઠિત બુદ્ધિવાળા થયા અને મનમાં વિચારવા લાગ્યા કે આપણા સ્વામી શ્રીકૃષ્ણ આપણી નજરે દેખાય તેવી રીતે પોતાના વ્યાપિવૈકુંઠ નામક સૂક્ષ્મ ધામને પ્રકટ કરશે ખરા ? અને દર્શન કરાવશે ખરા ? (૧૦)

કૃપાસિંધુ ભગવાને વૈકુંઠનાં દર્શન કરાવ્યાં

પોતાના ભક્તજનોના ભગવાન હોવાથી ભક્તોનો મનોરથ જાણી લીધો, વળી પોતાને સર્વનું જ્ઞાન પણ હતું તેથી ભક્તજનોના સંકલ્પની સિદ્ધિને માટે કૃપાથી આ પ્રમાણે પ્રભુએ વિચાર કર્યો. (૧૧) આ લોકમાં અવિદ્યા અને અવિદ્યાથી થતાં કામ અને કામથી થતાં કર્મોથી ઉચ નીચ યોનિઓમાં-ગતિઓમાં ભ્રમણ કરનાર મનુષ્ય પોતાની ગતિને જાણતો નથી. (૧૨) આ પ્રમાણે વિચાર કરીને અત્યતં કરુણામય, સર્વસમર્થ, ભગવાને ગોપજનોને તામસને પેલે કિનારે રહેલા પોતાના લોકની ઝાંખી કરાવી. (૧૩) આ બ્રહ્મલોક સત્ય છે, જ્ઞાનસ્વરૂપ છે, અનન્ત છે, વેદો જેને બ્રહ્મ કહે છે, જે જ્યોતિસ્વરૂપછે, સનાતન છે, તેને મુનિજનો પણ જ્યારે મનન કરવાથી નિર્ગુણ થાય ત્યારે સાવધાન થઈને જ તેનાં દર્શન કરી શકે છે. (૧૪) ભગવાન તે વ્રજવાસીઓને બ્રહ્મહદમાં લઈ ગયા, ત્યાં તેમને મગ્ન કર્યા અને શ્રીકૃષ્ણે અને વેદે તેમનો ઉદ્ધાર કર્યો ત્યારે તે ગોપલોકોએ બ્રહ્મનો લોક જોયો જ્યાં પહેલાં અક્રૂરને બ્રહ્મનું દર્શન થયું હતું. (૧૫) શ્રીનંદરાયજી વગેરે તે બ્રહ્મલોકનાં દર્શન કરીને પરમાનંદ સુખને પ્રાપ્ત થયા અને કૃષ્ણને ત્યાં વેદોથી સ્તુતિ કરાતા જોઈને અત્યંત વિસ્મય પામ્યા. (૧૬)

नन्दादयस्तु तं दृष्ट्वा परमानन्दनिर्वृताः । कृष्णं च तत्र च्छन्दोभिः स्तूयमानं सुविस्मिताः ॥ १६ ॥

શ્રીમદ ભાગવતપીયૂષ દશમ સ્કંધ નિરોધલીલા તામસ પ્રકરણના સાધન પ્રકરણનો ૨૮ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૨૯ મો

[આ અધ્યાયમાં ૪૨ શ્લોકો છે. શ્રીરાસપંચાધ્યાયીનો આ અધ્યાયથી આરંભ થાય છે. આ ૨૯ મા અધ્યાયથી સાત અધ્યાયનું ફલ પ્રકરણ આવે છે. તામસ પ્રકરણનાં પ્રમા-પ્રમેય-સાધન અને ફલ પ્રકરણ નામનાં ચાર પ્રકરણોમાંનું આ ચતુર્થ પ્રકરણ છે. આ સાત અધ્યાયોમાં પાંચ અધ્યાય રૂપરમણનાં છે અને બે અધ્યાય નામરમણના છે. રૂપરમણનાં પાંચ અધ્યાયોનું નામ રાસલીલા છે. રાસ શબ્દના અર્થ અનેક થાય છે સાહિત્યકારોએ દશ રસ માન્યા છે.પાકશાત્રમાં ષડ્રસ એટલે છ પ્રકારના રસ બતાવ્યા છે. આ બે રસથી પર અને શ્રેષ્ઠ જે ભક્તિરસ છે તે એક જ પ્રકારનો છે અથવા ૧૪ પ્રકારનો છે. ભગવાનના શ્રીચરણોમાં સર્વ સમર્પણ કરનાર આત્મનિવેદિત આત્માઓને પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને ચાર અન્તઃકરણ મળીને ચૌદે ચોદને ભગવાન પોતાની સેવા દ્વારા પોતાનામાં પરોવીને અલૌકિક આનંદનો અનુભવ કરાવે છે, અલૌકિક આનંદના દાન કરે છે તે આનંદને પરમાનંદ અથવા ભજનાનંદ એવી સંજ્ઞા આપી છે. આ ભજનાનંદનું નામ 'રાસ' છે આ આનંદનાં દાન કરનારા પાંચ અધ્યાયો છે તેમાં ૨૯મા અધ્યાયમાં આત્મરમણ છે ૩૦ મા અધ્યાયમાં મનોરમણ છે. ૩૧ માં અધ્યાયમાં વાણી અને પ્રાણોનું રમણ છે, ૩૨ મા અધ્યાયમાં ઇન્દ્રિયરમણ છે અને ૩૩મા અધ્યાયમાં શ્રીઅંગ દ્વારા રમણ છે તેથી રાસપંચાધ્યાયીના પાંચ અધ્યાયોછે. તેમાં પ્રથમ અધ્યાયનો આરંભ થાય છે. આ અધ્યાયની કથામાં ભગવાન કૃપા કરી વેણુનાદ કરી લૌકિક વૈદિક કાર્યોમાં પરોવાએલા અનન્ય ભક્ત ગોપીજનોને પોતાની સમીપ તેડે છે. અને ગોપીજનો સર્વ સુખોનો ત્યાગ કરી ભગવત્સેવાના સુખ માટે આર્ત બની દોડી જાય છે.]

श्रीशुक उवाच- भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः । वीक्ष्य रन्तुं मनश्चक्रे योगमायामुपाश्रितः ॥ १ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત! ભગવાન શ્રીકૃષ્ણે પણ શરદ ઋતુને લીધે જેમાં મલ્લિકાનાં કુસુમો વિકસી રહ્યાં છે એવી દિવ્ય રાત્રિઓને ખાસ કરીને નિહાળી ત્યારે રમણ માટે મન કર્યુ એટલે ઈચ્છા કરી. (૧)

तदोडुराजः ककुभः करैर्मुखं-प्राच्या विलिम्पन्नरुणेन शंतमैः । स चर्षणीनामुदगाच्छुशो मृजन् प्रियः प्रियाया इव दीर्धदर्शनः ॥ २ ॥

ભગવાને જ્યારે રમણ કરવાની ઈચ્છા કીધી ત્યારે જેમલાંબાગાળે વિદેશથી આંગણે આવેલ પ્રિયતમ પ્રિયાના મુખને કોમલ કરકમલનો સ્પર્શ પામી શોક-કલેશનું નિવારણ કરે તેમ નક્ષત્રરાજ ચન્દ્ર પૂર્વ દિશાના મુખને પોતાનાં સુખકર કિરણોથી અરુણ રંગે રંગતો અને શીતલ કિરણોથી ચર્ષણીઓના-ભ્રમણશીલ જીવોનાં શોકનું નિવારણ કરતો ઉદય પામ્યો. (૨)

दृष्टवा कुमुद्वन्तमखण्डमण्डल रमाननाभं नवकुंकुमारुणम् । वनञ्च तत्कोमलगोभिरंजितं जगौ कलं वामदृशां मनोहरम् ॥ ३ ॥

ભૂતલ ઉપર સર્વને આનંદ દેનારા, પૂર્ણ મંડલવાળા, શ્રીલક્ષ્મીજીનાં મુખકમલના જેવી કાંતિવાળા તેમજ નવીન કેશરનાં જેવા અરુણ વર્ણવાળા ચન્દ્રને નિહાળીને તેમ જ તેનાં કોમલ કિરણોથી વનને પણ રંગાએલ જોઈને ભગવાન શ્રીકૃષ્ણે મનોહર નયનવાળાં વ્રજસુંદરીઓના મનનું હરણ કરનારા મધુર વેણુનું ગાન કીધું. (૩)

निशम्य गीतं तदनंगवर्धनं व्रजस्त्रियः कृष्णगृहीतमानसाः । आजग्मुरन्योन्यमलक्षितोद्यमाः स यत्र कान्तो जवलोलकुंडलाः ॥ ४ ॥

ભગવાનમાં અનુરાગને વધારનાર શ્રીકૃષ્ણના વેણુગીતને સાંભળીને કૃષ્ણમાં પરોવાયેલ ચિત્તવાળાં વ્રજનારીઓ એક બીજાની એક બીજાને જાણ ન થવા દેતાં ઉતાવળી ચાલ ચાલતાં કાનનાં કુડંલો હાલી રહ્યાં હતાં અને જ્યાં પ્રિયતમ કાન્ત કૃષ્ણ બિરાજતા હતા ત્યાં આવી પહોંચ્યા. (૪)

દશ પ્રકારના ગોપીજનો પ્રભુ પાસે પધાર્યા

दुहन्त्योभिययुः काश्चिद् दोहं हित्वा समुत्सुकाः । पयोधिश्रित्य संयावमनुद्वास्यापरा ययुः ॥ ५ ॥

परिवेषयन्त्यस्तद्धित्वा पाययन्त्यः शिशून् पयः । शुश्रूषन्त्यः पतीन् काश्चिदश्नन्त्योपास्य भोजनम् ॥ ६ ॥

लिम्पन्त्य प्रमृजन्त्योन्या अंजन्त्यः काश्च लोचने । व्यत्यस्तवस्त्राभरणाः काश्चित् कृष्णान्तिकं ययुः ॥ ७ ॥

કેટલાંક ગોપીજનો ગોદોહન કરતાં હતાં તેઓએ અત્યંત ઉત્સુક બનીને દોહન કાર્ય પડતું મૂકીને આવ્યા. કેટલાંક ચૂલા ઉપર ચડાવેલું દૂધ ઉતારવાનું પડતું મૂકીને આવ્યાં તો કેટલાંક તો ચૂલા ઉપર ચડાવેલા માનભોગને કે ખીરને પડતી મૂકીને આવ્યા. ત્યારે ઘણાં ગોપીજનો તો પીરસતા દોડી આવ્યા, તો વળી કેટલાંક તો બાળકોને દૂધ પાતાં અને ધવડાવતાં છોડી દોડી આવ્યાં ત્યારે વળી પતિદેવોની સેવા છોડીને આવ્યાં, ત્યારે કેટલાંક તો ભોજન પડતું મૂકીને આવ્યાં, વળી કેટલાંક શરીરને લેપન કરતાં આવ્યાં, તો કેટલાંક વ્રજનારીઓ સ્નાન કરતાં આવ્યા ત્યારે કેટલાંક નયનનાં અંજન પડતાં મૂકીને આવ્યા તો વસ્ત્રાલંકારોને અવળાં સવળાં ધારણ કરીને કૃષ્ણ પાસે દોડી આવ્યા. (૬,૭)

ભગવાનના માનસિક સંયોગથી પણ સાયુજ્ય મુક્તિ મળી

ता वार्यमाणाः पतिभिः पितृभिर्भ्रातृबन्धुभिः । गोविन्दपहृतात्मानो न व्यवर्तन्त मोहिताः ॥ ८ ॥

अन्तर्गृहगताः काश्चिद् गोप्योलब्धविनिर्गमाः । कृष्णं तद्भावनायुक्ता दध्युर्मीलितलोचनाः ॥ ९ ॥

दुःसहप्रेष्ठविरहतीव्रतापधुताशुभाः । ध्यानप्राप्ताच्युताश्लेषनिर्वृत्या क्षीणमंगलाः ॥ १० ॥

तमेव परमात्मानं जारबुद्धयापि संगताः । जहुर्गुणमयं देहं सद्यः प्रक्षीणबन्धनाः ॥ ११ ॥

પતિઓ, પિતૃઓ, પુત્રો અને બંધુજનોએ ગોપવનિતાઓને ભગવાન પાસે જતાં અટકાવ્યાં પરંતુ ગોવિંદ ભગવાને તેમનાં ચિત્ત હરી લીધેલાં હોઈને તેઓ મોહ પામેલાં હોવાથી પાછાં ફર્યાં નહીં. (૮) ઉપર દર્શાવેલ દશ પ્રકારનાં ગોપીજનો ભગવાનની પાસે આવી ગયાં પરંતુ કેટલાંક ગોપીજનોને કાલ પરવશ ઘરમાંથી નીકળવાનો માર્ગ ન મળ્યો. તેમણે ઘરમાં જ રહીને જ ભગવાન કૃષ્ણની ભાવનાવાળાં બનીને પોતાના લોચન મીંચીને ધ્યાન કર્યું. (૯) વળી અસહ્ય એવા પ્રિયતમ પ્રભુના વિયોગના તીવ્ર તાપથી તેમનાં પાપ દૂર થયાં હતાં, અને પ્રભુના ધ્યાનથી અચ્યુત ભગવાનના આલિંગનના સુખથી તેમનાં પુણ્ય અને પાપ પણ નિવૃત્ત થયાં હતા. (૧૦) જે કે તે જે ભગવાન શ્રીકૃષ્ણને ગોપીજનો જારબુદ્ધિથી પણ ભેટ્યા તેથી તેમનાં પાપપુણ્યનો નાશ થઈ ગયો અને દેહને આપનારો વાસના દેહ ન રહેતાં તેઓ

બંધનથી મુક્ત થયાં અને તે ગોપીજનો ભગવાનમાં જ પ્રવેશ્યાં એટલે સાયુજ્ય મુક્તિ પામ્યાં. (૧૧)

પરીક્ષિત રાજાનો સંશય

राजोवाच-कृष्णं विदुः परं कान्तं न तु ब्रह्मतया मुने । गुणप्रवाहोपरमस्तासां गुणधियां कथम् ॥ १२ ॥

રાજા પરીક્ષિતે પ્રશ્ન કર્યો.કે ભગવન્ ! શુકમુનિ ! આ ગોપીજનો તો કૃષ્ણને કાન્ત તરીકે ગણતાં હતાં પરંતુ પરબ્રહ્મ સ્વરૂપે નહોતાં ગણતાં તો પછી ગુણબુદ્ધિવાળાં ગોપીજનોનો ગુણોનો પ્રવાહ શી રીતે ટળી જાય? (૧૨)

श्रीशुक उवाच उक्तं पुरस्तादेतत्ते चैद्यः सिद्धिं यथा गताः । द्विषन्नपि हृषीकेश किमुताधोक्षज प्रियाः ॥ १३ ॥
नृणां निःश्रेयसार्थाय व्यक्तिर्भगवतो नृप । अव्ययस्याप्रमेयस्य निर्गुणस्य गुणात्मनः ॥ १४ ॥
कामं क्रोधं भयं स्नेहमैक्यं सौहार्दमेव वा । नित्यं हरौ विदधतो यान्ति तन्मयतां हि ते ॥ १५ ॥
न चैवं विस्मयः कार्यो भवता भगवत्यजे । योगेश्वरेश्वरे कृष्णे यत एतद्धि मुच्यते ॥ १६ ॥

શ્રીશુકાચાર્ય મહારાજશ્રીએ કહ્યું કે રાજન્ ! મેં આ વાતનું આપને સપ્તમ સ્કંધમાં સમાધાન કર્યું છે કે જેમ ભક્તિ અને જ્ઞાનનાં પ્રતિપાદન કરતાં બે શાસ્ત્ર સાધન છે તેવી જ રીતે ભગવાનનો દ્વેષ કરનાર શિશુપાલ સિદ્ધિને ભગવાનના ચરણને પામે તો પછી ગોપીજનો તો ભગવાનનાં પ્રિય હતાં તેમને ભગવાનની પ્રાપ્તિ થાય તેમાં તો આશ્ચર્ય શું હોય ! (૧૩) રાજન્ ! ભગવાન પોતે નિર્વિકાર છે. વળી તે ભગવાન જ્ઞાનસાધ્ય પણ નથી પરંતુ કૃપાથી-અનુગ્રહથી મળે છે. ભગવાન નિર્ગુણ છે અને ગુણોના આત્મા પણ છે છતાં મનુષ્યના કલ્યાણ માટે ભગવાનનું ભૂતલ ઉપર પધારવાનું થાય છે. (૧૪) રાજન્ કોઈ પણ વ્યક્તિ જો ભગવાનમાં કામ,ક્રોધ,ભય સ્નેહ, ઐક્ય, અગર સૌહાર્દ નિત્ય રાખે છે તો તેઓ ભગવન્મય બને છે. (૧૫) રાજન્ ! માટે આ વિષયમાં જરાપણ આશ્ચર્ય ન કરો, વિસ્મય ન પામો. ભગવાન અજન્મા છે, ષડ્ગુણસમ્પન્ન છે, તેમજ યોગેશ્વરોના ઈશ્વર છે તે ભગવાનમાં કોઈ પણ રીતે સંબંધ કરનાર મુક્ત થાય છે. (૧૬)

ભક્તવત્સલ ભગવાન ભક્તજનોનું સ્વાગત કર્યા વિના ના રહી શકે

ता दृष्ट्वान्तिकमायाता भगवान् व्रजयोषितः । अवदद् वदतां श्रेष्ठो वाचःपेशैर्विमोहयन् ॥ १७ ॥
श्रीभगवानुवाच-स्वागतं वो महाभागाः प्रियं किं करवाणि वः । व्रजस्यानामयं कच्चिद् ब्रूतागमनकारणम् ॥ १८ ॥
रजन्येषा घोररूपा घोरसत्वनिषेविता । प्रतियात व्रजं नेह स्थेयं स्त्रीभिः सुमध्यमाः ॥ १९ ॥
मातरः पितरः पुत्रा भ्रातरः पतयश्च वः । विचिन्वन्ति ह्यपश्यन्तो मा कृढ्वं बन्धुसाध्वसम् ॥ २० ॥
दृष्टं वनं कुसुमितं राकेशकररं जितम् । यमुनानिललीलैजत्तरुपल्लवशोभितम् ॥ २१ ॥
तद् यात माचिरं गोष्ठं शुश्रूषध्वं पतीन् सतीः । क्रन्दन्ति वत्सा बालाश्च तान्पाययत दुह्यत ॥ २२ ॥
अथवा मदभिस्नेहात् भवत्यो यंत्रिताशयाः । आगता ह्युपपन्नं तत् प्रीयन्ते मयि जन्तवः ॥
भर्तुः शुश्रूषणं स्त्रीणां परो धर्मो ह्यमायया । तद् बन्धूनाञ्च कल्याण्यः प्रजानां चानुपोषणम् ॥ २४ ॥
दुःशीलो दुर्भगो वृद्धो जडो रोग्यधनोपि वा । पतिः स्त्रीभिलोर्न हातव्यो लोकेप्सुभिरपातकी ॥ २५ ॥
अस्वर्ग्यमयशस्यं च फल्गु कृच्छ्रं भयावहम् । जुगुप्सितं च सर्वत्र ह्यौपपत्यं कुलस्त्रियः ॥ २६ ॥
श्रवणाद् दर्शनाद् ध्यानान्मयि भावोनुकीर्तनात् । न तथा सन्निकर्षेण प्रतियात ततो गृहान् ॥ २७ ॥
श्रीशुक उवाच-इति विप्रियमाकर्ण्य गोप्यो गोविन्दभाषितम् । विषण्णाः भग्नसंकल्पाश्चिन्तामापुर्दुरत्ययाम् ॥ २८ ॥

[ગોપીજનો શ્રીકૃષ્ણ પ્રભુ સમીપે પધાર્યા, ભગવાને તેઓશ્રીને દશ શ્લોકોદ્વારા દેહધર્મ, કુટુંબધર્મ, વેદધર્મ અને આત્મધર્મનું સ્વરૂપ સમજાવ્યું અને તેઓશ્રીઓના અનુરાગ કે તેઓશ્રીનું વરણ ક્યા ધર્મમાં છે તેનું તેમને ચિંતન કરવા વિનવ્યું.]

રાજન્ ! શ્રીવ્રજવનિતાઓને શ્રી ઠાકોરજીએ નિજસેવા માટે સમીપે પધારેલાં નિહાળ્યાં ત્યારે તેઓશ્રીને જોતાં પ્રેમપૂર્ણ

ઉત્તમ વચનામૃત વરસાવવામાં નિપુણ ભગવાન મધુર વાક્યોથી મુગ્ધ કરતા હોયને શું તેમ વચનસુધા વરસાવતાં શ્રીમુખે બોલ્યા કે હે મહાભાગ ? એટલે હે પરમ ભગવદીય વ્રજસુંદરીઓ ! આપનું સ્વાગત હો. ભલે પધાર્યાં. કહો શી આજ્ઞા છે ? આપનું હું શું પ્રિય કરું ? હું ચાહું છું કે વ્રજમાં સર્વનું કુશળ છે ને ? બોલો ! આપ સર્વના પધારવાનું પ્રયોજન શું છે ? (૧૭,૧૮) હે સુમધ્યમાઓ એટલે મનોહર કટિવાળી હે વ્રજનારીઓ ! આપ જાણો છો કે ઘોર અને ભયાનક પશુઓથી ભરેલી, સેવાયેલી આ રાત્રી છે. આપ વ્રજમાં પાછા સિધાવો. આવા ભયભરેલા સ્થાનમાં સ્ત્રીજનોએ ઊભાં રહેવું ઉચિત ના મનાય. (૧૯) માતૃવૃન્દ, આપના પિતૃજનો, પુત્રો, ભાઈઓ, પતિદેવો આપને શોધી રહ્યાં હશે, તો આપને માટે ઉચિત છે કે આપના તે બંધુ જનોને ચિંતામાં ના મૂકો. (૨૦) વળી આપે શ્રીયમુનાજીના પાવન પવનથી લહેરાતાં તરુવર અને પલ્લવોથી રળિયામણાં કુસમોથી પૂર્ણ વિકસેલા અને શરદપૂર્ણિમાના પૂર્ણચન્દ્ર એટલે રાકેશનાં કિરણોથી રંગાએલા વનને તો જોઈ લીધું છે. (૨૧) તો હવે આપ વ્રજમાં વહેલાં પાછાં વળો. દેવીઓ! દેરી ના કરો સતી નારીઓ! પતિવરોંની સેવા કરતો. તમારાં વાછરડાં,તમારા બાળકો તમારા વિના રડે છે. તેમને જઈ દૂધ પાવ, તેમને ધવરાવો અને ગાયનાં દોહન કરો. (૨૨) અથવા આપ મારા ઉપર પ્રેમ ઉપરના સ્નેહથી આકર્ષાઈને અહીં પધાર્યા હો તો તે આપને માટે યોગ્ય જ છે. ગોપીજનો ! પ્રાણીઓ મારા ઉપર પ્રેમ કરે છે. (૨૩) સેવા કરવી તેમજ પોતાના બાળકનું પોષણ કરવું એ સ્ત્રીજનનો મુખ્ય ધર્મ છે. (૨૪) હે વ્રજરમણીઓ ! જો પતિ હે કલ્યાણીઓ ! હે નિર્દોષ નારીઓ ! નિષ્કપટ ભાવથી પોતાના સ્વામીની સેવા કરવી તેમજ તેઓના કુટુંબીજનની દુષ્ટ સ્વભાવનો હોય, વૃદ્ધ, જડ કે રોગી હોય કે નિર્ધન હોય તો પણ પરલોક સંબંધી ખ્યાલ કરીને સ્ત્રીજને પતિનો સંબંધ સ્વર્ગમાંથી પાડનારો, અપકીર્તિ કરનારો. તુચ્છ ક્ષણિક સુખ દેનારો, ભયથી ભરેલો અને સર્વત્ર નિદાંથી ભરેલો છે. (૨૬) હે ગોપીજનો ! શ્રવણથી દર્શનથી અને મારા ગુણગાન-સંકીર્તનથી મારમાં જેવા ભાવ રહે છે તેવો ભાવ મારા સાન્નિધ્યમાં રહેવાથી નથી રહેતો માટે મારું માનીને હે વ્રજનારીઓ ! વ્રજમાં પાછાં પધારો. (૨૭) શ્રી શુકાચાર્યે કહ્યું કે રાજન્ ! શ્રીગોપીજનો એ ભગવાન ગોવિંદની આવી અપ્રિય વાણી સાંભળીને હતાશ થઈ ગયા, તેમના મનોરથોના ચૂરા થઈ ગયા, અને તેઓ અત્યંત ચિંતામાં મુકાઈ ગયા. (૨૮)

શું રસરાજ અમારો અંગીકાર નહીં કરે?

कृत्वा मुखान्यव शुचः श्वसनेन शश्वद्-बिंबाधराणि चरणेन भुवं लिखन्त्यः ॥ २९ ॥
अस्त्रैरुपात्तमषिभिः कुचकुंकुमानि-तस्थुर्मृजन्त्य उरुदुःखभराः स्म तूष्णीम् ॥ २९ ॥
प्रेष्ठं प्रियेतरमिव प्रतिभाषमाणं-कृष्णं तदर्थविनिवर्तितसर्वकामाः ।
नेत्रे विमृज्य रुदितोपहते स्म किञ्चित् - स रम्भगद्‌गदगिरोब्रुवतानुरक्ताः ॥ ३० ॥

ભગવાન શ્રીકૃષ્ણનાં વાક્યો સાંભળીને શું નાથ અમારો સ્વીકાર નહીં કરે? એવો ચિત્તમાં ભ્રમ અને ભય પેદા થતાં ગોપીજનોએ શોક ભરેલા ઉષ્ણ શ્વાસથી સુકાઈ ગએલા રક્તવર્ણા અધરોષ્ઠવાળા શ્રીમુખને નીચાં નમાવીને ચરણથી ધરણીને ખોતરતાં અંજનવાળી અશ્રુધારાથી વક્ષઃસ્થલે લગાવેલા ચંદન-કસ્તૂરી લેપને ધોઈ નાખતાં દુઃખભારથી દબાઈ ગએલાં શાંત મૂક બની ઊભાં રહ્યા. (૨૯) જે ભગવાન શ્રીકૃષ્ણ માટે સર્વ કામનાઓ-ઈચ્છાઓને ઠોકરે ચઢાવી આવેલાં ગોપીજનોએ પોતાના પ્રિયતમને રસ્તે જનાર અથવા તો દુશ્મન જેવાં વચનોને બોલતા સાંભળીને રુદનનાં અશ્રુથી છલકાએલાં પોતાનાં બન્ને નેત્રોને લૂછી નાખી ભગવાન શ્રીકૃષ્ણને લક્ષ્યમાં રાખીને ગદ્‌ગદ વાણીથી જાણે રોષે ભરેલ વાણીથી બોલાવવા લાગ્યા. (૩૦)

શું પ્રિય કરું ? વ્રજનું કુશળ છે ? નાથ ! આપે આવો પ્રશ્ન પૂછયો તેનો ઉત્તર આપ સાંભળો

गोप्य ऊचुः-मैवं विभोर्हति भवान् गदितुं नृशंसं-सन्त्यज्य सर्वविषयास्तव पादमूलम् ।
भक्ता भजस्व दुरवग्रह मा त्यजास्मान् -देवो यथादिपुरुषो भजते मुमुक्षून् ॥ ३१ ॥

આવું વિભો નવ ઘટે કથવું કઠોર, છોડી સમગ્ર વિષયો પ્રભુપાદ પાસ, આવ્યાં ત્યજો નહિ, ભજો અમને હઠીલા પોષે

મુમુક્ષજનને જ્યમ આદ્યદેવ. ગોપીજનો કહેવા લાગ્યાં કે- હે ભગવન્ ! હે કૃપાસિંધુ હે વિભુ ! આપના શ્રીમુખે આવાં કઠોર વચન બોલવાં ના શોભે! અમ સર્વ વિષયોનો ત્યાગ કરીને આપના ચરણકમલોમાં આવેલાં છીએ. હે હઠાગ્રહી ! આપ અમારો અંગીકાર કરો, અમને ના તરછોડો. જેમ આદિપુરુષ મુમુક્ષુને આશ્રય આપે-સ્વીકારે તેમ આપ અમને ભજો, અમનેઅપનાવો. (૩૧)

નાથ આપે અમારા પરિવારનું કુશળ પૂછયું તેનું સમાધાન સાંભળો આપ જ અમારા પરિવાર છો

यत्पत्यपत्यसुहृदामनुवृत्तिरङ्ग-स्त्रीणां स्वधर्म इति धर्मविदा त्वयोक्तम् ।
अस्त्वेवमेतदुपदेशपदे त्वयीशे-प्रेष्ठो भवांस्तनुभृतां किल बन्धुरात्मा ॥ ३२ ॥

સ્વામી, સુહૃદ્ સુત, કુટુંબ તણી જ સેવા, સ્ત્રીનોસ્વધર્મ વદતા પ્રભુ ધર્મવેત્તા; તે સર્વ આપ ઉપદેશકમાં ઘટે છે, દેહો તણા પ્રભુ તમે પ્રિયબંધુ આત્મા. હે અંગ ! હે પ્રિયતમ ! ધર્મના જાણકાર આપે જે પતિ, પુત્ર, સુહૃદ, કુટુંબીજનની સેવા કરવી એસ્ત્રીજનોનો સ્વધર્મ છે એવું કહ્યું અથવા આપે એ પ્રકારે ઉપદેશ આપ્યો છે તે અમને કબૂલ છે તો આપના કથન પ્રમાણે કેવલ અમારા જ નહીં પરંતુ શરીરધારી સર્વના પ્રિયતમ, બંધુ અને આત્મા વગેરે જે કાંઈ છે તે તો સાચે જ આપ જ છો. તો હવે ઉપદેશ આપનારા આપના પ્રત્યે અમારો સ્વધર્મ સિદ્ધ થાય છે મારે વ્રજમાં જવાનું ક્યાં રહ્યું ? (૩૨)

હે નાથ ! આપે કહ્યું તમારાં સ્વજનોને ચિંતામાં ના મૂકો તેઓ તમને શોધે છે તો તેનું સમાધાન સાંભળો!

कुर्वन्ति हि त्वयि रतिं कुशलाः स्व आत्मन् - नित्यप्रिये पति सुतादिभिरार्तिदैः किम् ।
तन्नः प्रसीद वरदेश्वर मास्म छिंद्या-आशां भृतां त्वयि चिरादरविन्दनेत्र ॥ ३३ ॥

હે ભગવન્ ! આત્મસ્વરૂપ છો, વળી નિત્ય પ્રિયતમ છો આવું સમજીને કુશલ પુરુષો આપનામાં રતિભક્તિ-પ્રેમ કરે છે. તેઓ સમજે છે કે લૌકિક પતિ-પુત્રાદિ તો આર્તિ-કલેશ આપનારા છે પછી તેમનું તેમને શું પ્રયોજન હોઈ શકે ! માટે વરદાન આપનારામાં સર્વશ્રેષ્ઠ આપ જ અમારા ઉપર પ્રસન્ન થાવ.અને હે કમલનયન ! આપનામાં જે દીર્ઘ સમયથી અમે આશા રાખીને બેઠાં છીએ તેનો હવે ઉચ્છેદ-નાશ ના કરો. (૩૩)

પ્રિયતમ આપે કહ્યું કે વનશ્રી જોવા આવ્યાં તો ભલે ! તો સાંભળો અમે આવ્યા કે આપે બોલાવ્યાં

चित्तं सुखेन भवतापहृतं गृहेषु - यन्निर्विशत्युत करावपि गुह्यकृत्ये ।
पादौ पदं न चलतस्तव पादमूलात् - यामः कथं व्रजमथो करवाम किं वा ॥ ३४ ॥

હે પ્રિયતમ ! અમારું મન ગૃહ-પરિવાર-કુટુંબાદિમાં જ પરોવાયેલું હતું તે મનને અનાયાસે આપના તરફ લઇ લીધું છે, આકર્ષી લીધું છે એટલું જ નહીં પરંતુ અમારા પગ પણ આપશ્રીના શ્રીચરણોમાંથી એક પણ ડગલું હઠવા સમર્થ નથી તો પછી આપ જ કહોને કે અમે વ્રજમાં જઈએ શી રીતે અને જઈએ તો કરીએ શું ? (૩૪)

નાથ ! આપે અમને આજ્ઞા કરી તમે જલદી પાછાં વળો તો સાંભળો !

सिचांग नस्त्वदधरामृतपूरकेण-हासावलोककलगीतजहृच्छयाग्निम् ।
नो चेद् वयं विरहजाग्न्युपयुक्तदेहा - ध्यानेन याम पदयोः पदवीं सखे ते ॥ ३५ ॥

હે અંગ ! હે પ્રિયતમ ! આપના અધરામૃતના વિપુલ પુરથી એટલે પુષ્કળ જલથી તેમજ મધુર ગીતથી ઉત્પન્ન થએલા અમારા હૃદયમાં સૂતેલા કામ નામના અગ્નિનું સિંચન કરીને આગને બુઝાવો. જો આપ એ પ્રમાણે કૃપા નહીં જ કરો તો પછી હે સખા! આપશ્રીના વિયોગમાં અગ્નિથી અમારા દેહને બાળી નાખીશું અને અંતે ધ્યાનથી આપના ચરમકમલને પામીશું. (૩૫)

પ્રિયતમ પાછા ફરવાની આપની આજ્ઞાને માથે અવશ્ય ચડાવીએ પરંતુ પરીસ્થિતિ તો તપાસોઃ-

यर्ह्यम्बुजाक्ष तव पादतलं रमाया-दत्तक्षणं क्वचिदरण्यजनप्रियस्य ।
अस्प्राक्ष्म तत्प्रभृति नान्यसमक्षमङ्ग-स्थातुं त्वयाभिरभिता बत पारयामः ॥ ३६ ॥

હે અંબુજાક્ષ એટલે કમલ સમાન નેત્રવાળા નાથ! અરણ્યનિવાસી જનમાં પ્રીતિ કરનારા આપનું ચરણકમલ સેવા માટે લક્ષ્મીજીને પણ ભાગ્યે જ સાંપડે છે તે દુર્લભ ચરણકમલનો જ્યારે અમને સ્પર્શ મળ્યો અને આનંદ પામ્યા છીએ ત્યારથી તો અન્ય સમીપે જઈ શકીએ એવી સ્થિતિમાં નથી રહ્યાં. (૩૬)

આપ કદાચ એવી આજ્ઞા કરો કે અમારો સંસારી સ્વજનોનો સંબંધ છે પછી કેમ સ્વીકારાય તો સાંભળો !

श्रीर्यत्पदाम्बुजरजश्चकमे तुलस्या-लब्ध्वापि वक्षसि पदं किलभृत्यजुष्टम् ।
यस्याःस्ववीक्षणकृतेन्यसुरप्रयास-स्तद् वद् वयं च तव पादरजः प्रपन्नाः ॥ ३७ ॥

હે નાથ ! અન્ય સમર્થ દેવો, શ્રીલક્ષ્મીજીની કૃપાનજર અમારા ઉપર ઊતરે એવી લાલસાથી તપ-જપ આદિ પ્રયાસ કરે છે તેથી લક્ષ્મીજીને આપશ્રીના વક્ષઃસ્થલમાં વસવાનું સાંપડ્યું છે તો પણ ભગવતી શ્રીતુલસીજીથી નિત્ય સેવાએલા તેમજ આપના ભૃત્યજન એટલે દાસ ભક્તોથી સતત સેવાએલા શ્રીચરણકમલોની રજની કામના કરી રહ્યાં છે તે જ પ્રકારે અમે પણ શ્રીચરણોની રજની જ શરણાગતિ વાંછીએ છીએ. (૩૭)

પાછાં જાવ કહેતા પ્રાણનાથ આપનો જીવ કેમ ચાલ્યો? શું સેવક સ્વામીને બોજારૂપ બને ખરો?

तन्नः प्रसीद वृजिनार्दन तेंघ्रिमूलं-प्राप्ता विसृज्य वसतीस्त्वदुपासनाशाः ।
त्वत्सुन्दरस्मितनिरीक्षणतीव्रकाम-तप्तात्मनां पुरुषभूषण देहि दास्यम् ॥ ३८ ॥

હે શ્રીવૃજિનાર્દન એટલે પ્રભુની પ્રાપ્તિમાં આવતા અંતરાયો અને પાપોના વિનાશક ! તો આપ અમારા ઉપર પ્રસન્ન થાઓ. અમે કેવલ આપના શ્રીચરણોની એક જ અભિલાષાથી આપની સમીપે આવ્યા છીએ. આપશ્રી હૃદયહારી સુંદર સ્મિત ભર્યાં અવલોકનથી અમારા ઉરમાં આપના તરફનો તીવ્ર અનુરાગ અમને તપાવી રહ્યો છે માટે હે પુરુષભુષણ! આપ દાસ્યનાં દયાકરીને દાન કરો. (૩૮)

પ્રિયતમ! અમે તો આપની દાસી બની જ ચૂક્યા છીએ તો શરણ ત્યજી ક્યાં જઈએ?

वीक्ष्यालकावृतमुखं तव कुण्डलश्री-गण्डस्थलाधरसुखं हसितावलोकम् ।
दत्ताभयं च भुजदण्डयुगं विलोक्य- वक्षः श्रियैकरमणं च भवाम दास्यः ॥ ३९ ॥

હે પ્રિયતમ ! આપશ્રીનાં કુંડલોને સૌન્દર્ય દેતા, મનોહર કપોલનવાળા, અધરસુધાને વરસાવતા, અને હાસ્ય ભર્યા અવલોકનવાળા વાંકોડિયા સુંદર કેશકલાપથી ઘેરાએલા શ્રીમુખનાં દર્શન કરીને, તેમજ સર્વને નિર્ભય બનાવતા બન્ને ભુજદંડનાં અવલોકન કરીને, વળી શ્રીલક્ષ્મીજીની વિહારભૂમિ એવા વક્ષઃસ્થલને-હૃદયને નિહાળીને અમે આપનાં દાસી બન્યા છીએ. (૩૯)

સ્વામિન્ સરિતાને સાગર તરફ અભિસરણ કરતાં પ્રથમ અટકાવો પછી અમને અભિસરણ માટે ઉપાલંભ-ઠપકો આપો.

का स्त्र्यंग ते कलपदामृतवेणुगीत-सन्मोहितार्यचरितान्न चलेत् त्रिलोक्याम् ।
त्रैलोक्यसौभाग्यमिदञ्च निरीक्ष्य रुपं -यद् गोद्विजद्रुममृगाः पुलकान्यबिभ्रन् ॥ ४० ॥

હે અંગ ! હે પ્રિયતમ ! આ બ્રહ્માંડમાં એવી તે કઈ સ્ત્રી છે,જે મધુર મનમોહક, અમીમય પદરચનાવલીવાળા વેણુજીનાં ગાનથી સંમોહ પામીનેપોતાના ચરિતમાંથી-આર્ય ચરિતમાંથી વિચલિત ના થાય ? અરે આર્ય ! આપના ત્રિભુવનમાં સૌભાગ્યસ્વરૂપ દિવ્ય સ્વરૂપની ઝાંખી પામીને ગોવૃન્દ, પક્ષીવૃન્દ, તરુવરો અને મૃગલાંઓએ અને પણ જો રોમાંચ ધારણ કર્યાં તો નારીવૃન્દ માટે પૂછવાનું રહ્યું ? (૪૦)

ભગવાનની કૃપાની અભ્યર્થના

व्यक्तं भवान् व्रजमयार्तिहरोभिजातो-देवो यथादिपुरुषः सुरलोकगोप्ता ।
तन्नो निधेहि करपंकजमार्तबन्धो-तप्तस्तनेषु च शिरःसु च किंकरीणाम् ॥ ४१ ॥

હે ભગવન્ ! એ વાત સ્પષ્ટ છે કે આપનું પધારવું વ્રજજનોના ભય અને સંકટ-દુઃખનું નિવારણ કરવા માટે છે. જેમ ભગવાન આદિ સુરલોક-દેવલોકનું રક્ષણ કરે છે તેમ આપ પણ વ્રજપીડા નિવારવા માટે જ છો. તો પછી બંધુ! હે દુઃખીજનના બેલી! આપના કરકમલને અમ કિંકરીઓના-દાસીઓના સંતપ્ત હૃદય ઉપર અને મસ્તક ઉપર પધરાવાની અનુકંપા કરો પ્રભુ ! (૪૧)

श्रीशुक उवाच-इति विक्लवितं तासां श्रुत्वा योगेश्वरेश्वरः-प्रहस्य सदयं गोपीरात्मारामोप्यारीरमत् ॥ ४२ ॥

ताभिः समेताभिरुदारचेष्टितः - प्रियेक्षणोत्फुल्लमुखीभिरच्युतः । उदारहासद्विजकुन्ददीधितिर्व्यरोचतैणांक इवोडुभिर्वृतः ॥ ४३ ॥

उपगीयमान उद्‌गायन वनिताशतयूथपः । मालां बिभ्रद् वैजयन्ती व्यचरन्मण्डयन् बनम् ॥ ४४ ॥

पुनः पुलिनमाविश्य गोपीभिर्हिमवालुकम् । रेमे तत्तरलानन्दिकुमुदामोदवायुना ॥ ४५ ॥

बाहुप्रसारपरिरम्भकरालकोरु-नीवीस्तनालंभननर्मनखाग्रपातैः । क्ष्वेल्यावलोकहसितैर्व्रजसुन्दरीणा-मुत्तम्भयन् रतिपतिं रमयाञ्चकार ॥

શ્રીશુકાચાર્ય ભગવાને કહ્યું કે રાજન્ ! શ્રીવ્રજવનિતાઓનાં દૈન્ય નીતરતાં નિવેદનો સાંભળીને યોગેશ્વરના ઈશ્વર અલ્પ હાસ્ય કરીને દયાનિધિ શ્રીકૃષ્ણ સ્વયં આત્મારામ હોવા છતાં પણ વિહાર કરવા લાગ્યા. (૪૨) પ્રિયતમ ભગવાન શ્રીકૃષ્ણે ગોપીજનો તરફ કૃપાભરી દૃષ્ટિએ નિહાળ્યું તેથી અત્યંત પ્રફુલ્લ નયનવાળાં બનેલ પ્રભુચરણે દોડી આવેલાં તે શ્રીવ્રજનારીઓ સાથે, ઉદાર હાસ્યને લીધે દંતરૂપ-મોગરાની કળીઓની કાંતિ ધરાવતા અચ્યુત પ્રભુ, નક્ષત્ર મંડળથી વીંટાએલાશશાંક-ચન્દ્ર સમાન શોભવા લાગ્યા. (૪૩) સેકડો વનિતાયૂથોના સ્વામીનાં ગોપીજનો પ્રભુની સમીપમાં ગાન કરે છે તેમજ પ્રભુ સ્વયં પણ ગાન કરે છે.વળી વૈજ્યંતી માલાજીને ધારણ કરતા વનમાલી વનને શોભાવતા વિચરવા લાગ્યા અને વ્રજરમણીઓ સાથે વીંટાએલાભગવાન શ્રીયમુનાજીના તરંગોથી આનંદવિભોર બનેલાં કુમુદ-પુષ્પોથી સુવાસિત પવનથી શીતલ રેતીવાળા યમુનાજીના પુલિનમાં પધારીને વિવિધ પ્રકારે વિહારીજી વિહાર કરવા લાગ્યા. (૪૪,૪૫) હવે ભગવાન નિજ કરકમલ પ્રસારીને, તો વળી આલિંગન આપીને, તો વળી કરકમલને સ્પર્શ આપીને, તો કેશનો સ્પર્શ કરી, તો ઉરુનો સ્પર્શ કરીને, નીવી પ્રદેશનો સ્પર્શ કરી તો વળી કરકમલને સ્પર્શ આપી, નર્મ વિનોદથી તો નખાગ્ર ભાગથી સુખ દેતા તેમજ ક્રીડા સહ અવલોકન અને હાસ્ય વગેરે દ્વારા વ્રજવનિતાઓનારતિપતિ-કામને સતેજ કરતા વિહારી વિહાર કરવા લાગ્યા. (૪૬)

एवं भगवतः कृष्णाल्लब्धमाना महात्मनः । आत्मानं मेनिरे स्त्रीणां मानिन्योभ्यधिकं भुवि ॥ ४७ ॥

तासां तत्सौभगमदं वीक्ष्य मानं चकेशवः । प्रशमाय प्रसादाय तत्रैवान्तर्धीयत ॥ ४८ ॥

રાજન્ ! જ્યારે ગોપીજનો મહામના ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી પુષ્કળ માન પામ્યાં ત્યારે પોતાને ભૂમંડલની સ્ત્રીઓમાં સર્વોત્તમ માનવા લાગ્યાં. ભગવાન કેશવ તેમના આવા સૌભાગ્યમદને તેમજ માનને જોયો, પ્રભુને તે ના રુચ્યું માટે તેમના મદ-માનની નિવૃત્તિ માટેતેમના ઉપર કૃપા કરવા માટે સ્વયં ત્યાં જ અન્તર્હિત થયા. (૪૭,૪૮)

શ્રીમદ્ ભાગવત પીયૂષના દશમ સ્કંધ નિરોધલીલા તામસ પ્રકરણના ફલ પ્રકરણનો ૨૯મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩૦ મો

[આ અધ્યાયમાં ૪૪ શ્લોકો છે. ભગવાનનું મનોરમણ છે. રાસપંચાધ્યાયીનો આ બીજો અધ્યાય છે. પ્રથમ અધ્યાયમાં એટલે ૨૯મા અધ્યાયમાં ભગવાને આત્માથી રમણ કર્યું છે. હવે આ ૩૦મા અધ્યાયમાં મનથી રમણ કરે છે. ગોપીજનો ભગવાનના વિયોગથી વ્યાકુલ બની સર્વત્ર ભગવદ્‌ભાવ થતાં સર્વને પૂછે છે અને સર્વત્ર શોધે છે.]

ભગવાનના વિરહનો તાપ જ તન-મન-જીવન પાવન કરતી તપશ્ચર્યા છે

श्रीशुक उवाच-अन्तर्हिते भगवति सहसैव व्रजांगनाः । अतप्यं स्तमचक्षाणाः करिण्य इव यूथपम् ॥ १ ॥

ભગવાન જ્યારે અન્તર્હિત થયા, ત્યારે હાથીઓ પોતાના જૂથના નાયક હાથીને ન જોતાં જેમ તપી ઊઠે એ જ રીતે ભગવાનનાં દર્શન ના થતાં વ્રજાંગનાઓ પણપુષ્કળ તપી ઊઠ્યાં. (૧) ભગવાનની મનોહર ગતિ, ભગવાનનો સ્નેહ,

ભગવાનનું મધુર સ્મિત, ભગવાનના વિલાસો, વળી વિલાસપૂર્વક ભગવાનનું અવલોકન, મનોહર વાર્તાલાપ એટલે એકાન્તમાં વાર્તાલાપ, અને વિનમ્ર વિહારોથી આકર્ષાએલ ચિત્તવાળા, મદઘેલાં બનેલાં ગોપીજનોએ ભગવાન જ પોતાનો આત્મા છે એમ જાણીને લક્ષ્મીપતિની જુદી જુદી ચેષ્ટાઓનું ગ્રહણ કર્યું. (૨,૩) ઉચ્ચસ્વરે તે ગોપીજનો આ કૃષ્ણનું જ ગાન કરતાં બધાં જ એકસ્થાને એકઠાં થયાં અને પાગલની માફક એક વનમાંથી બીજા વનમાં કૃષ્ણને જ શોધવા લાગ્યા. આકાશની માફક સર્વ પદાર્થની અંદર પણ રહેલા તેમજ બહાર પણ રહેલા ભગવાનને ઉદ્દેશીને સર્વ વ્રજનારીઓ પૂછવા લાગ્યાં. (૪)

વિષ્ણુસ્વરૂપ પીપળાને, બ્રહ્માજીસ્વરૂપ પીંપળને શ્રીશિવસ્વરૂપ વડને વૃક્ષલતાઓને પૃચ્છા

હે પીપળા ! હે પીપળ ! હે વડ તમે વૈષ્ણવ છો તો કહોને ભાઈ ! પ્રેમપૂર્વક હાસ્ય અને અવલોકનથી અમારા ચિત્તને ચોરી જનારા શ્રીનંદકુમાર ક્યાં પધાર્યા છે તે વાત તમે કહેશો ? તમે જાણો છો ? (૫) જ્યારે આ ત્રણ તરુવર ના બોલ્યાં ત્યારે હે કુરબક ! હે અશોક ! હે નાગકેસર ! હે પુન્નાગ ! હે ચમ્પક ! માનિની સ્ત્રીઓના માનનું હરણ કરનાર સ્મિતહાસ્યવાળા રામના-બલભદ્રના નાના ભાઈ કૃષ્ણને અહીંથી ગયેલા તમે જાણો છો ? (૬) હવે તુલસીજીને પૂછે છે કે હે શ્રીગોવિન્દ ભગવાનના ચરણોને વહાલાં તુલસીજી ! આપ તો કલ્યાણી છો. ભ્રમરના સમૂહ સાથે તમને ધારણ કરતા, અતિશય વહાલા શ્રીઅચ્યુત ભગવાનને તમે નીરખ્યા ? (૭) અરે માલતી ! અરે મલ્લિકા ! અરે જૂઇ ! અરે જાઈ ! તમે ભગવાનને જોયા છે ? કરકમલનો સ્પર્શકરી પ્રેમને જાગૃત કરનાર શ્રીમાધવ ક્યાં પધાર્યા છે તે તમે જાણો છો ? હે આમ્રવૃક્ષ ! હે રાયણ ! હે ફણસ! હે અસન (પીતશાલ અથવા વિજય) ! કોવિદાર (કચનાર) હે જાંબુ ! હે આકડા ! હે બકુલ ! હે આંબલાઓ ! હે કદંબ ! હે અશોકતરુ! તેમજ શ્રીયમુના તટનાં હે તરુવરો! આપ સર્વ તો પરોપકાર માટે જ પ્રકટેલા વૃક્ષો છો અમારા આત્માથી-કૃષ્ણથી રહિત એવાં અમને કૃષ્ણના માર્ગનો રસ્તો દેખાડશો ? (૮,૯)

ભૂમિના ભાગ્યનો મહિમા

હે પૃથ્વી ! કહોને સખી ! આપે શું તપ કીધું ? કારણ કે શ્રીકેશવ ભગવાનના શ્રીચરણોના સ્પર્શનો આનંદ અનુભવતાં તેમને રોમાંચ થયો લાગે છે. આવો રોમાંચનો આનંદ હમણાં તાજો જ થયો છે કે શ્રીવામન ભગવાનના ચરણકમલના સ્થાપનથી થયેલ છે કે શ્રીવરાહભગવાનના આલિંગનથી ઉત્પન્ન થયેલ છે. ! (૧૦) અરે હરણી ! હે સખી ! પોતાનાં શ્રીઅંગોથી તમારા નયનોને આનંદ દેનાર ભગવાનની પોતાની પ્રિયા સાથે અહીં આવ્યા હતા ? કારણ કે પ્રિય કાન્તાઓના શ્રીઅંગોના આલિંગનથી વક્ષઃસ્થલના કેશરથી રંગાયેલી ગોકુલપતિ ભગવાનની કુન્દ -મોગરાનાં પુષ્પોની માલાઓના સુગંધ અહીંયા વાય છે. ? (૧૧) હે તરુવરો! પ્રિયાના ખભા ઉપર હાથ મૂકીને અને અન્ય હસ્તમાં કમલ લઈને વિહરતા કૃષ્ણની પાછળ મદઘેલાં ભ્રમર-વૃન્દો ભમ્યાં કરે છે એવા બળદેવજીના નાના ભાઈ પ્રેમથી તમારા ઉપર કૃપાનજર રાખીને શું તમારા નમસ્કારોને તો નથી ઝીલતાને ? (૧૨) અરે, વેલીઓ વૃક્ષોના બાહુઓથી આલિંગન પામેલી તો છો છતાં પણ તેમને શું રોમાંચ થયો છે. ? (૧૩)

ભગવાનની લીલાઓનું અનુકરણ

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! ભગવાન કૃષ્ણને શોધવામાં ભયભીતબનેલાં તે ગોપીજનો ઉન્મત્તની માફક વચનો બોલતાં ભગવાનની વિવિધ લીલાઓનું અનુકરણ કરવા લાગ્યાં. (૧૪) કોઈ એક ગોપીજી તન્મય બની ગએલાં પૂતનાભાવવાળાં અને અન્ય ગોપીજી કૃષ્ણ ભાવથી તેનાં સ્તનપાન કરવા લાગ્યાં. જ્યારે અન્ય ગોપીજી શકટ-ગાડું બનેલાં ગોપીજીને પાદ-પ્રહાર કરવા લાગ્યાં. (૧૫) કોઈ એક ગોપીજી તૃણાવર્ત દૈત્યની માફક આચરણ કરતાં બાલસ્વરૂપની ભાવના કરતાં અન્ય ગોપીજીનું હરણ કરવા લાગ્યા, ત્યારે વળી એક ચરણ ઢસડતાં ઘૂઘરીઓના અવાજ સહિત ઢીંચણે ચાલવાલાગ્યા. (૧૬) વળી અન્ય બે ગોપીજીઓ કૃષ્ણ અને બલરામ બન્યાં અને અન્ય ગોપીજનો ગોપ બન્યાં. એક ગોપીજને વત્સાસુરની લીલા કરતાં ગોપીજીને માર્યાત્યારે વળી અન્ય ગોપીજીએ બકાસુરનું આચરણ કરતાં

અન્યા ગોપીને માર્યા (૧૭) ભગવાન શ્રીકૃષ્ણ જેમ દૂર દૂર ગયેલી ગાયોને વેણુ બજાવીને બોલાવતા કે ગાયોને બોલાવીને વેણુ બજાવતા, તેવું જ કૃષ્ણનું અનુકરણ કરનારી ગોપીઓ દૂર ગએલી ગાયોને વેણુ વગાડતી અને ક્રીડા કરતી હતી, ત્યારે બીજા ગોપીજનો વાહ વાહ અતિ સુદંર એમ બોલી વખાણ કરતાં હતા. (૧૮) કોઈ એક ગોપીજી કોઇ એક ગોપીજી અન્ય ગોપીજનના ખભા ઉપર પોતાનો હાથ પધરાવીને ભગવાનમાં જ તન્મય બનેલા હતાં એવા તે ગોપીજી ચાલતાં ચાલતાં કહી રહ્યાં છે કે હું કૃષ્ણ છું. જરા મારી મનોહર ચાલને તો જુઓ ! (૧૯) ત્યારે શ્રીગિરિધરણના લીલાકરતાં ગોપીજી બોલ્યાં : જુઓ પવન કે વૃષ્ટિથી ગભરાશો ના, મેં આ બન્નેથી તમારું રક્ષણ કરેલું છે.એમ કહીને પ્રયત્નપૂર્વક એક હસ્તથી એક ગોપીજન પોતાના વસ્ત્રને ગોવર્ધન પર્વતની માફક જ ઉચકવા લાગ્યા. (૨૦) નરેશ પરીક્ષિત ! હવે એક ગોપીજી બીજાં ગોપીજીના ઉપર ચડ્યાં અને પોતાના ચરણથી તે ગોપીજીના મસ્તકને દબાવીને અન્ય ગોપીજનોને ઉદ્દેશીને બોલ્યાં: હે દુષ્ટ સર્પ કાલીય ! અહીંથી દૂર થા. હું ખલજનોનો શાસક છું. (૨૧) ત્યારે વળી એક ગોપીજીએ કહ્યુંકે હે ગોપજનો ! આ અત્યંત ભયાનક દાવાનળને જુઓ ! તમે બધા જલદીથી તમારાં ચક્ષુઓને મીંચી દો. હું તમારું સારી રીતે કુશળ કરીશ. (૨૨) હવે એક ગોપીજી દામોદર લીલાનું અનુકરણ કરી રહેલ છે. કોઈ એક અત્યંત સુકુમાર અને સુંદર નેત્રવાળાં ગોપજી અન્ય ગોપીજીની ફૂલની માળાથી ખાંડણીએ બંધાઈને ડરી જઈને પોતાના મુખને ઢાંકી દઇને રડતી-આસું સારતી દામોદર-લીલાનો અનુભવ કરવા લાગ્યાં. (૨૩)

પોતપોતાના ભાવ માણે કૃષ્ણલીલાનું અનુકરણ કરતાં પ્રભુને પૂછતાં ચરણચિહ્નનોની ઝાંખી કરી

રાજન્ પરીક્ષિત ! આ પ્રમાણે લીલાઓના અનુકરણબાદ પાછાં તરુવરોને અને લતાઓના ભગવાન શ્રીકૃષ્ણ સંબંધી પ્રશ્નો પૂછતાં પૂછતાં વનપ્રદેશમાં પરમાત્મા શ્રીકૃષ્ણનાં ચરણારવિંદનાં ચિહ્નો-પગલાં નીરખ્યા. (૨૪) તેઓ બોલ્યાં કે સુનિશ્ચિત વાત છે કે પરમ ઉદાર નંદકુમાર શ્રીકૃષ્ણનાં જ આ ચરણ-પગલાં છે. આ ધ્વજ,કમળ, ચન્દ્ર, અંકુશ, યવ વગેરેને જોતાં ખાતરી જ થાય છે કે કૃષ્ણનાં જ પગલાં છે. (૨૫) હવે તો તે ગોપીજનો ભગવાનના તે તેપગલાંની પાછળ પાછળ ચાલતાં ભગવાનના જ માર્ગને શોધતાં અબલાજનો આગળ ચાલ્યાં ત્યાં માર્ગમાં કોઈ ગોપીનાં પગલાં સાથે ભળેલા ભગવાનનાં પગલાંને જોઈને અત્યંત આર્ત બનતા અંદરોઅંદર કહેવા લાગ્યા કે જેમ હાથી હાથિણીના ખભા ઉપર પોતાની શૂંઢ પસારે તેમ નંદકુમારે જેના સ્કંધ-ખભા ઉપર હસ્ત પધરાવ્યો છે એવાં કોઈ નંદકુમાર સાથે પધારેલ વ્રજસુંદરીજીનાં પગલાં છે. (૨૬,૨૭) આ ગોપીજી એ અવશ્ય ભગવાન શ્રીહરિ ઈશ્વરનું સેવન કર્યું છે. કારણ કે તેના ઉપર પ્રસન્ન થએલા ભગવાન આપણને ત્યજીને તેને લઈ એકાન્તમાં પધાર્યા છે. (૨૮) અરે સખીઓ ! આ શ્રીગોવિંદ ભગવાનના ચરણકમલની રજ કેટલી પવિત્ર છે કે રજને બ્રહ્મા-શિવ-લક્ષ્મીદેવીએ પણ પોતાનાં પાપોના નિવારણ માથે પોતાના મસ્તક ઉપર ધારણ કરી છે. (૨૯) સાચે જ તે ગોપીનાં આ ભગવાન કૃષ્ણની સાથેનાં પગલાં અમારા મનને અત્યંત ક્ષોભ પેદા કરે છે. કારણ કે, શ્રીઠાકોરજીનો અધર તો સર્વ ગોપીજનો ના ભોગ માટે છે,તેને તે એકલાં જ ભોગવે છે.ખરેખર બડભાગિની છે. (૩૦) ત્યારે વળી એક ગોપીજી કેવલ ભગવાનનાં જ પગલાં જોઈને અને અન્ય ગોપીજીનાં પગલાં દેખાતાં બંધ પડ્યાં ત્યારે તે બોલ્યા કે સખી ! અરે જોયું ! હવે તે સાથીદાર ગોપીનાં ભૂમિ ઉપર પગલાં નથી દેખાતાં ખરું ને ? લાગે છે કે રસ્તાના ઘાસના અકુંશ જેવા અંકુરોથી તેના સુકોમળ પગનાં તળિયાં પીડાતાં હશે,જેથી પ્રિયાનું પ્રિય કરવાના સ્વભાવવાળા પ્રિય કૃષ્ણે પ્રિયતમાને અવશ્ય ખભા ઉપર ઊંચકી લીધાં હોવા જોઈએ. (૩૧) ત્યાં તો એક ગોપીજીએ ખૂબ જ ખીલેલા વૃક્ષ પાસે પ્રભુના બન્ને ચરણના પાંચાના ભાગને જમીનમાં ઊંડો ઊતરેલો જોઈને કહ્યું કે જોયું સખી ! પોતાની પ્રિયાને માટે પ્રિયતમ કૃષ્ણે વૃક્ષ ઉપરથી પુષ્પો વીણેલાં લાગે છે. કારણ કે ઊંચી ડાળીએથી પુષ્પો વીણવા માટે ચરણકમલોના આગળના પોચા ભાગ ઉપર ઊભેલા હોવાથી અડધા પગલાં દેખાય છે અને એડીના ભાગો નથી દેખાતા. (૩૨) સખી ! લાગે છે કે આ સ્થાને શ્રી પ્રિયાજીનાં પ્રિય કરવા માટે અહીં પ્રિય કૃષ્ણે તેમના કેશ ગૂંથવાનું કાર્ય કર્યું લાગે છે. આ સ્થાને તેના મસ્તકનો શૃંગાર કરતા કૃષ્ણ ભૂમિતલે બિરાજ્યા લાગે છે. (૩૩) વળી આત્મારામ ભગવાન આત્મામાં રમણ કરતા હોય છે તેવા પ્રભુએ કાંતો અન્તરમાં પ્રવેશેલાં લક્ષ્મીજી સાથે કે કાંતોપ્રથમ જે ગોપીજીએ પ્રભુવિરહથી પ્રાણ ત્યજી પ્રભુના હ્રદયમાં પ્રવેશ્યા હતા તેને

હૃદયમાં રાખીને આ ગોપીજી સાથે રમણ કરીને કામીજનોનીદીનતા અનેસ્ત્રીજનોની દુર્બલતા દર્શાવી છે. (૩૪)

અતિમાન અભિમાન સરજે છે પછી અભિમાનનો ચૂરો થતાં પૂરો પરિતાપ થાય છે તેથી આત્મશુદ્ધિ થાય છે.

શ્રી શુકાચાર્યજી બોલ્યા કે રાજન્ પરીક્ષિત! આ પ્રમાણે પોતાના દશા દર્શાવતાં ગોપીજનો ચિત્ત વિનાનાં બનીને ફરવા લાગ્યાં ત્યારે અન્ય ગોપીજનોને છોડીને જે ગોપીજીને કૃષ્ણ ભગનવાન લઈ ગયા હતા તેમના મનમાં સર્વ સ્ત્રીઓ કરતાં પોતાને શ્રેષ્ઠ માનવા લાગ્યાં અને મનમાં થયું કે અહીં આવેલા અન્ય ગોપીજનોને ત્યજીને પ્રિય, મને ભજી રહ્યા છે એથી હું કાંઈક છું ત્યારેને. (૩૫,૩૬) આવે અંહભાવ ઉરમાં લાવીને તે પ્રિયાજી વનમાં પ્રદેશોમાં ફક્ત એકલાં વિચરતાં કેશવને કહેવા લાગ્યાં કે હવે મારાથી ચાલી શકાય એમ નથી. હા હવે આપની જ્યાં પધારવાની ઈચ્છા હોય, ત્યાં મને આપ લઈ જાવ. (૩૭) આ રીતે પ્રિયતમ કૃષ્ણને કહ્યું ત્યારે કૃષ્ણે પ્રિયાજીને કહ્યું કે ''આપ મારા ખભા ઉપર બિરાજો-આરોહણ કરો'' એમ કરીને ત્યાંથી કૃષ્ણજી અન્તર્હિત થઇ ગયા અને તે સમયે પ્રિયાજી અત્યંત સંતાપ કરવા લાગ્યાં. (૩૮) हा नाथ ! रमण ! प्रेष्ठ क्वासि क्वासि महाभुजः ॥ दास्यास्ते कृपणाया मे सखे दर्शय सन्निधिम् ॥ હે નાથ હા રમણ ! હા પ્રિયતમ ! હે મહાભુજ ! આપ ક્યાં પધાર્યા છો ! હે સખા ! આપની આ દીન દાસીને સમીપે પધારીને દર્શન આપો. (૩૯) આ અવસ્થામાં આવેલાં શ્રીપ્રિયાજીને, ભગવાનને શોધવા માટે નીકળેલાં બેબાકળાં ભગવાનના માર્ગને ઢૂંઢતાં ગોપીજનોએ પ્રિયતમના વિયોગથી મોહિત થએલાં અનેદુઃખિત થએલાં સ્વામિનીજીને જોયાં. (૪૦) અને પ્રિયાજીએ માધવ ભગવાનથી પ્રાપ્ત થએલા બહુ માનની અને પોતાની દુષ્ટતાથી અને અભિમાનથી થએલા અપમાનની સઘળી હકીકત સર્વને કહી સંભળાવી ત્યારે સર્વને વિસ્મય થયું અને સર્વને પોતાના દોષોનું દર્શન થયું. (૪૧) ત્યારબાદ આ વ્રજનારીઓ ચંદ્રની જ્યોત્સ્નાનાં અજવાળાં દેખાયાં ત્યાં સુધી વનમાં દાખલ થયાં અને જ્યારે ચારે બાજુ અંધકાર છવાએલજોયો ત્યારે તે હરિની પ્રિયાજીઓ પાછાં વળ્યા. (૪૨) ત્યારબાદ ભગવાનમાં મન પરોવીને, ભગવાનની વાતો કરીને, ભગવાનની વિચેષ્ટાઓ કરીને, કૃષ્ણમાં જ પોતાના આત્માને રાખીને, કૃષ્ણના જ ગુણોમાં ગાન કરતાં પોતાના આત્માને અને પોતાના આગારો-ઘરોને પણ વીસરી ગયા. (૪૩) તેઓ ફરીથી શ્રીકાલિન્દીજીના કિનારા ઉપર આવ્યાં અને કૃષ્ણમાં ભાવનાવાળાં તેઓ એકઠાં મળીને કૃષ્ણના આગમનની અભિલાષાથી ગાન કરવા લાગ્યાં. (૪૪)

पुनः पुलिनमागत्य कालिन्द्याः कृष्णभावनाः । समवेता जगुः कृष्णं तदागमनकांक्षिताः ॥ ૪૪ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ નિરોધલીલાનાતામસ પ્રકરણનો ફલ પ્રકરણનો ૩૦ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩૧ મો

[આ એકત્રીસમા અધ્યાયમાં ૧૯ શ્લોકો છે. ગોપીગીત આ અધ્યાયનું નામ છે. ૧૯ શ્લોકમાં બે વિભાગ છે. એક વિભાગ દશ શ્લોકનો છે. એનું નામ અન્યપૂર્વા છે અને બીજો વિભાગ નવ શ્લોકો છે એનું નામ અનન્યપૂર્વા છે. આ બન્ને ગોપીજનો અલગ અલગ નિવેદન કરે છે તેથી ૧૯ શ્લોકમાં બે વિભાગો છે. તેમાં અન્યપૂર્વાના પ્રથમ વિભાગમાં સાત્વિક રાજસ (૧), સાત્વિક તામસ, (૨), સાત્વિક સાત્વિક (૩), આ ત્રણ આરંભના શ્લોકો ત્રણ પ્રકારનાં અન્યપૂર્વા પ્રથમ વિભાગમાં સાત્વિક ગોપીજનોના છે. અને અનન્યપૂર્વા નિગુર્ણ ગોપીજનોનો(૪)થો શ્લોક છે. ત્યારબાદ-રાજસ તામસ (૧૨), રાજસ રાજસ (૧૩),. રાજસ સાત્વિક (૧૪), આ ત્રણ શ્લોકો અન્યપૂર્વા રાજસ ગોપીજનોના છે. તેમજ તામસ સાત્વિક (૧૫), તામસ તામસ (૧૬), તામસ રાજસ (૧૭), આ ત્રણ શ્લોકો અન્યપૂર્વા તામસ ગોપીજનોના છે. આ રીતે૧-૨-૩-૪-૧૨-૧૩-૧૪-૧૫-૧૬-૧૭ શ્લોકોમાં દશ પ્રકારનાં અન્યપૂવા એટલે શ્રુતિરૂપા ગોપીજનોના ગીતનો પ્રકાર કહ્યો છે. હવે અનન્યપૂર્વા ગોપીજનોના નવ પ્રકારમાં સાત્વિક સાત્વિક (૫), સાત્વિક રાજસ (૬), સાત્વિક તામસ (૭), આ ત્રણ શ્લોકો અનન્યપૂર્વા સાત્વિક ગોપીજનોનાં છે અને અનન્યપૂર્વા નિગુર્ણ ગોપીજનોનો (૮), શ્લોક છે. રાજસ તામસ (૯), રાજસરાજસ (૧૦),રાજસ સાત્વિક (૧૧), આ ત્રણ શ્લોકો એઅનન્યપૂર્વા રાજસ ગોપીજનોના છે.ત્યારબાદ તામસ સાત્વિક (૧૮),તામસ રાજસ, (૧૯), આ બે શ્લોકો અનન્યાપૂર્વા તામસ ગોપીજનોના છે. અનન્યપૂર્વા ગોપીજનોમાં તામસ તામસ ગોપીજનો નથી આમ આઠ ભેદ અને નિર્ગુણ ગોપીજનોનો એક ભેદ મળી કુલ નવ ભેદ થયા.]

અન્યપૂર્વાના નવ પ્રકાર

સાત્વિક				રાજસ			તામસ	
સાત્વિક	તામસ	રાજસ	નિર્ગુણ	તામસ	રાજસ	સાત્વિક	સાત્વિક	રાજસ
૫	૬	૭	૮	૧૦	૧૧	૧૧	૧૮	૧૯

નવ અનન્યપૂર્વા નવ અન્યપૂર્વા અને એક ગુણાતીતા મળી ૧૯ શ્લકો

અનન્યપૂર્વાનાં નવ પ્રકાર

સાત્વિક			રાજસ			તામસ		
સાત્વિક	રાજસ	તામસ	સાત્વિક	રાજસ	તામસ	સાત્વિક	રાજસ	તામસ
૧	૨	૩	૫	૬	૭	૮	૧૩	૧૪

અન્યપૂર્વાના નવ પ્રકાર

સાત્વિક			રાજસ			તામસ		
સાત્વિક	રાજસ	તામસ	સાત્વિક	રાજસ	તામસ	સાત્વિક	રાજસ	તામસ
૪	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૫	૧૬	૧૭

गोप्य ऊचुः- जयति तेऽधिकं जन्मना ब्रजः-श्रयत इन्दिरा शश्वदत्र हि ।
दयित दश्यतां दिक्षु तावकाःत्वयि धृतासवस्त्वां विचिन्वते ॥ १ ॥

જય ઘણો વ્રજે આપ જન્મતાં સતત શ્રી વસે આ જ દેશમાં પ્રિય જુઓ દિશા શોધતાં બધાં પ્રભુ નિમિત્ત જે પ્રાણ ધારતાં.૧

શ્રી ગોપીજનો ભગવાનને વિનવતાં સ્તુતિ કરી રહ્યાં છે કે દયિત એટલે અતિશય વહાલા કૃષ્ણ ! આપના વ્રજભૂમિ-વૈકુંઠ કરતાં અધિક જય પામે છે. કારણ કે આપની સેવા માટે શ્રી લક્ષ્મીજી પણ આ વ્રજમાં નિરતંર સેવા કરવા માટે વસે છે અને વ્રજને સેવે છે કે દયાનિધિ આપ દર્શન આપો, આપને માટે જ જીવન ધારણ કરનારાં આપની સેવિકાઓ દશે દિશાઓમાં આપને જ શોધી રહ્યાં છે. (૧)

शरदुदाशये साधुजातसत्‌ –सरसिजोदरश्रीमुषा दृशा । सुरतनाथ तेऽशुल्कदासिका–वरद निध्नतो नेह किं वधः ॥ २ ॥

શરત્સરોવરેઠીક જન્મતા-કમલ મધ્ય શી કાન્ત દૃષ્ટિથી, સુરતનાથ આ સેવિકા તણો વરદ! વેધતાં ના થતો વધ ?

હે સુરતનાથ ! એટલે રમણનાથ કૃષ્ણ ! શરદ્ ઋતુના નિર્મલ સરોવરમાં ઉત્તમ પ્રકારે ઉત્પન્ન થએલા કમલના મધ્ય ભાગના સૌન્દર્યને હરનારી આપની દૃષ્ટિથી આપની અમૂલ્ય સેવિકાઓ છીએ. હે વરદ શરણાગતને વરદાન દેનારા! આપ દર્શન ન આપતાં અમારો વધ નથી કરી રહ્યા વારુ ? (૨)

विषजलाप्ययाद् व्यालराक्षसाद्–वर्षमारुताद् वैद्युतानलात् । वृषमयात्मजाद् विश्वतोभयाद्–ऋषभ ते वयं रक्षिता मुहुः ॥ ३ ॥

વિષજલાશયે, વ્યાલ દૈત્યથી-પ્રલય મેઘથી વીજ અગ્નિથી, વૃષભ વ્યોમને અન્ય ભીતિથી-ઋષભ સાચવ્યાં વાર વારજો.૩

હૃદયમાં ભગવાનનો આવેશ થતાં ત્રિકાલ દર્શન પામી ગોપીજનોએ કહ્યું કે હે ગુણનિધિ ! હે સર્વશ્રેષ્ઠ ! વિષજલના વિનાશથી, કાલીય, સુદર્શન વગેરે અજગરોથી, તૃણાવર્ત વગેરે રાક્ષસોથી ઈન્દ્રે કરેલી ભંયકર વૃષ્ટિથી, વંટોળીઆથી, વાયુથી અને વીજળીથી, અગ્નિથી, અરિષ્ટાસુરથી તથા અન્ય સર્વ પીડાઓમાંથી -વિપત્તિઓમાંથી આપે અમારી વારંવાર રક્ષા કરી છે તો કૃપાનાથ! આજે શા માટે ઉપેક્ષા કરો છો ? (૩)

નિગુર્ણ ગોપીજનો ગાય છે કે

न खलु गोपिकानन्दनो भवानखिलदेहिनामन्तरात्दृक्। विखनसार्थितो विश्वगुप्तये-सख उदेयिवान् सात्वतां कुले ॥ ४ ॥

નહિ ખરે પ્રભો ! ગોપિકા સુત ! અખિલ જીવના આપ જીવ છો; વિધિ વિનંતિથી વિશ્વરક્ષવા યદુકુલે સખા ! આપ ઉદ્‌ભવો. ૪

હે સખા ! આપ કાંઈ શ્રીયશોદાતનય છો એવું નથી પરંતુ સમગ્ર દેહધારીઓના અન્તરાત્માનાદ્રષ્ટા છો. આપ તો શ્રીબ્રહ્માજીની સ્તુતિથી-પ્રાર્થનાથી અખિલ વિશ્વના રક્ષણ માટે યાદવકુલમાં અવતર્યા છો.

विरचिताभयं वृष्णिधुर्य ते-शरणमीयुषां संसृतेभर्यात् ॥ करसरोरुहं कान्त कामदं-शिरसि धेहि नः श्रीकरग्रहम् ॥ ५ ॥

અભય આપતુંવૃષ્ણિવર્ય જે શરણ આવતા સૃષ્ટિ કષ્ટથી; કરસરોજને કાન્ત કામદ શિર ધરો રમા હસ્ત જે ગ્રહે. ૫

હે વૃષ્ણિ યાદવકુલના શ્રેષ્ઠ પુરુષ ! સંસારના ભયથી મુક્ત થવા આપને શરણે આવનારાઓને અભયદાન દેનાર આપશ્રીનો કરકમલ અમારા મસ્તક ઉપર મુકોને નાથ ! હે કાન્ત ! આપનો કરકમલ તો સર્વ કામનાઓને દેનાર છે અને શ્રીલક્ષ્મીજીનો અંગીકાર કરનાર છે. (૫)

व्रजजनार्तिहन् वीर योषितां-भज सखे भवत्किंकरीः स्म नो-जलरुहाननं चारु दर्शय ॥ ६ ॥

વ્રજજનાર્તિહન્-વીર સ્ત્રીતણા સ્વજન ગર્વને ચૂરતા સ્મિતે; ચરણ કિંકરીને ભજો સખા! મુખસરોજનાં દો જ દર્શન.૬

વ્રજજનની વ્યથાને હરનારા, ભક્તજનોના ગર્વને મન્દસ્મિત હાસ્યથી ચૂર્ણ કરનારા, સ્ત્રીજનોમાં સંયમથી વીર્યને ધારણ કરનારા હે સખા! અમે આપની અકિંચન-વિના મૂલ્યની કિંકરીઓ છીએ અમને સંભાળો તેમજ અમને આપનાં મનોહર મુખકમલનાં દર્શનનાં દાન કરો. (૬)

प्रणतदेहिनां पापकर्शनं-तृणचरानुगं श्रीनिकेतनम् । फणिफणार्पितं ते पदाम्बुजं-कृणु कुचेषु नः कृन्धि हृच्छयम् ॥ ७ ॥

પ્રણત દાસનાં પાપ છેદતાં પશુ ચરાવતાં શ્રી નિવાસ જે; ફણિ ફણે ધર્યાં તે પદાંબુજ ઉર ધરી હશે કલેશ ચિત્તના ૭.

શરણાગત જનોનાં પાપોનો નાશ કરનાર, પશુઓની પાછળ વિચરનાર અને શ્રી એટલે લક્ષ્મીજીનું નિકેતન એટલે નિવાસસ્થાન, વળી કાલીયનાગની ફણાઓ ઉપર પધરાવેલ-નૃત્ય કરનાર, આપનાં ચરણારવિંદને અમારા હૃદય ઉપર પધરાવીને ઉરની વાસનાઓનાં બીજને ઉખેડી નાખો. (૭)

मधुरया गिरा वल्गुवाक्यया बुधमनोज्ञया पुष्करेक्षण । विधिकरीरिमा वीर मुह्यतीरधरसीधुनाप्याययस्व नः ॥ ८ ॥

મધુર ભારતી મિષ્ટ વાક્યની વિબુધરંજિની પુષ્કરેક્ષણ; પ્રભુ અધીન આ વીર મુગ્ધને અધર અમૃતે તૃપ્ત તો કરો. ૮

હે કમલનયન ! હે વીર ! મધુર વાક્યરચના ભરી વળી વિદ્વાનોને પણ મુગ્ધ કરતી અમીમય વાણીથી મૂંઝાતી અમ કિંકરીઓને આપના અધરામૃતથી તૃપ્ત કરો-તરબોળ કરી દો. (૮)

तव कथामृतं तप्तजीवनं-कविभिरीडितं कल्मषापहम् । श्रवणमङ्गलं श्रीमदाततं भुवि गृणन्ति ते भूरिदा जनाः ॥ ९ ॥

તુજ કથાસુધા તપ્તજીવિની કવિવરે સ્તવી પાપહારિણી; શ્રવણ મંગલ શ્રીપ્રદ પ્રભો, જન સમર્પતા દાન વીર તે. ૯

હે શ્યામસુંદર પ્રભુ ! સંતાપને હરનાર, પાપને દૂર કરનાર, કવિવરોથી સતત ગવાતા, શ્રવણ કરવાથી મંગલ કરનાર, શ્રીથી ભરેલ, બ્રહ્માંડમાં વ્યાપક આપના કથામૃતનાં પાન કરાવનારા તો ભૂમિમાં મોટા દાનવીરો છે. (૯)

प्रहसितं प्रिय प्रेमवीक्षणं विहरणं च ते ध्यानमङ्गलम् । रहसि संविदो या हृदिस्पृशः कुहक नो मनः क्षोभयंति हि ॥ २० ॥

હસિત ને પ્રિય પ્રેમ ઈક્ષણ ગમન રમ્ય જે ધ્યાન મંગલ હૃદયહારિણી ગુહ્ય ગોઠડી કપટિ! ચિત્તમાં ક્ષોભ અર્પતી.૧૦

પ્રિયતમ શ્રીકૃષ્ણ ! આપનું સ્પષ્ટ હાસ્ય, પ્રેમમય અવલોકન, વળી આપનો વિહાર, આ સર્વનાં ધ્યાન પણ મંગલમય છે. પરંતું હે વિલક્ષણ ! હે કુહક ! હે કપટિ ! હૃદયને સ્પર્શી જતી આપની એકાંતની ગોઠડીઓ તો ગજબ છે કે જે અમારા ઉરને હચમાચાવી મૂકે છે. (૧૦)

चलिस यद् व्रजाच्चारयन् पशून् नलिनसुन्दर नाथ ते पदम् । शिलतृणांकुरैः सीदतीति नः कलिलतां मनः कान्त गच्छति ॥

તૃણ ચરાવતું જે ફરે વ્રજે સુભગ આપનું શ્રીપદાંબુજ; શિલ તૃણાંકુરે કલેશ પામતું મન રડે ઘણું કાન્ત આપ્તનું. ૧૧

હે નાથ ! ગોધનને ચરાવવા જ્યારે આપ વ્રજમાંથી વનમાં પધારો છો ત્યારે કમલ તુલ્ય સુંદર આપનાં અનાવૃત-ખુલ્લાં શ્રીચરણો કાંટા-કાંકરા અને દર્ભના અકુંરોથી પીડા પામે છે એજોતાં પ્રિયતમ અમારાં મન કલેશનો અનુભવ કરે છે. (૧૧)

दिनपरिक्षये नीलकुन्तलै -र्वनरुहाननं बिभ्रदावृतम् । घनरजःस्वलं दर्शयन् मुहु - र्मनसि नः स्मरं वीर यच्छसि ॥१२ ॥

દિવસ આથમે શ્યામ કેશથી મુખસરોજ જે આવર્યું ધરો; વ્રજરજે ભર્યું નાથ દેખતાં સ્મરણ ચિત્તમાં વીર અર્પતા.૧૨

હે વીર ! દિવસ આથમે શ્યામ કેશથી છવાએલા વળી પુષ્કળ ગોરજને ધારણ કરતા, આપના કમલ મનોહર શ્રીમુખનું નિત્ય દર્શન દેતા વ્રજમાં પધારો છો ત્યારે અમારા મનમાં પ્રેમભાવના પ્રકટ કરો છો. (૧૨)

प्रणतकामदं पद्मजार्चित धरणिमंडनं ध्येयमापदि । चरणपकंजं शन्तमं च ते रमण नस्तनेष्वर्पयाधिहन् ॥ १३ ॥

નમત કામદ શ્રીસમર્ચિત ધરણિભૂષણ ધ્યેય કષ્ટમાં; ચરણપદ્મ જે શાંતિ અર્પતું રમણ ઉર ધરો આધિનાશક.૧૩

પ્રણામ કરનારાઓની કામનાઓને પૂરનાર, લક્ષ્મીજી અને બ્રહ્માજીનું સેવેલ, ભૂમિનું ભૂષણ, વળી આપત્તિના અવસરે ધ્યાન કરવા યોગ્ય, શાંતિનું દાન કરનાર તેમજ ચિંતાને હરનાર, આપના શ્રીચરણપંકજને હે રમણ ! અમારા હૃદય પ્રદેશોમાં પધરાવો. (૧૩)

सुरतवर्धनं शोकनाशनं स्वरितवेणुना सुष्ठु चुम्बितम् । ईतररागविस्मारण नृणां वितर वीर नस्तेधरामृतम् ॥ १४ ॥

સુરતવર્ધન શોકનાશન, સ્વરિત વેણુથી ઠીક ચુમ્બિત; ઈતર રાગ ભુલાવતું પ્રભો! અધરપાન હે વીર અર્પજો.૧૪

સ્નેહને વધારનાર, શોકને હરનાર, મધુર નાદ કરતા વેણુજીએ સારી રીતે ચુમ્બન કરેલા તેમજ જીવોના અન્ય વિષય રોગોને વિસરાવનાર, આપના અધરામૃતનું હે વીર ! અમને વિતરણ કરો. (૧૪)

अटति यद् भवानह्नि काननं त्रुटिर्युगायते त्वामपश्यताम् । कुटिलकुन्तलं श्रीमुखं चे ते जड उदीक्षतां पक्ष्मकृद् दृशाम् ॥ १५ ॥

દિવસમાં વને આપના જતાં પળ યુગો થતી આપના વિના; કુટિલ કેશશું વક્ર દેખતાં વિધિ જડે કરી આડ પાંપણ.૧૫

નાથ ! દિવસ ટાણે આપશ્રી શ્રીવૃન્દાવનમાંથી ગોચારણ માટે વિચરો છો ત્યારે આપનું દર્શન ના થતાં અમારી એક એક ક્ષણ-એક એક ત્રુટિ-પલકારા જેટલો પણ સમય યુગ સમાન બની જાય છે તેમજ આપના ખીંટાલિયાળા કેશવાળાં શ્રીમુખને સાયં કાલે ગોચરણ કરી આવતાં અમે જોઈએ છીએ ત્યારે આંખ ઉપર પાંપણો મૂકનાર બ્રહ્માજી ખરે જ જડ છે એમ અમને લાગે છે, કારણ કે પલકારાની આડ પ્રિય દર્શનની આડે આવે તે પણ પોષાતી નથી. (૧૫)

पतिसुतान्वयभ्रातृबान्धवान् अति विलङ्ध्य तेऽन्तच्युतागताः । गतिविदस्तवोद्गतमोहिताः कितव योषितः कस्त्यजेन्निशि ॥ १६ ॥

પતિ-સખા-સગાં-વંશ-પુત્રને અવગણી અમે નાથ આવતાં; ગતિ વિચારતાં ગીતમુગ્ધને ઠગ! વિના ત્યજે સ્ત્રી સમૂહને.૧૬

હે અચ્યુત, પતિ, પુત્ર, કુલ, કુટુંબ, ભાઈભાંડુઓને સર્વથા ત્યજી દઈને આપના ઉત્તમ ગાનથી આકર્ષાઈ આપની સમીપમાં આવ્યાં છીએ, એ વિગત આપ જાણો છો છતાં હે ઠગારા ! રાત્રીના સમયે આપના વિના સ્ત્રીઓને કોણ ત્યજી દે ? (૧૬)

रहसि संविदं हृच्छयोदयं प्रहसिताननं प्रेमवीक्षणम् । बृहदुरः श्रियो वीक्ष्य धाम ते मुहुरतिस्पृहा मुह्यते मनः ॥ १७ ॥

પ્રણત વાતડી કામ-બોધતી મુખ પ્રસન્ન, ને પ્રેમ ઈક્ષણ; ઉરપ્રદેશમાં શ્રીનિવાસને નીરખતાં સ્પૃહા થાય ચિત્તમાં.૧૭

નાથ ! એકાંતમાં હૃદયના ભાવનો ઉદય કરનારી એકાંતની ગુહ્ય મીઠડી ગોઠડીને, હાસ્ય છવાયેલા મુખારવિંદના પ્રેમપૂર્વકના અવલોકનને, વળી શ્રીલક્ષ્મીજીના નિવાસધામ એવા આપના વિશાળ વક્ષઃસ્થલને નીરખતાં વારંવાર આપને મળવાની -મેળવવાની અભિલાષા થાય છે અને મન મુંઝાય છે. (૧૭)

व्रजवनौकसां व्यक्तिरङ्ग ते वृजिनहन्त्र्यलं विश्वमङ्गलम् । त्यज मनाक् च नस्त्वत्स्पृहात्मनां स्वजनहृद्रूजां यन्निषूदनम् ॥ १८ ॥

વ્રજનિવાસિને કાજ જન્મ છે, નડતરો હરે વિશ્વમંગલ; તુજ સ્પૃહાભર્યા જીવને દવા હૃદયરોગના નાશ કાજ દો.૧૮

હે અંગ! જો આપનું પ્રાકટ્ય સાચે જ વ્રજજનોના-વૃન્દાવનવાસીઓના અંતરાયને દૂર કરનાર છે. તો આપની આકાંક્ષા સેવાતાં અમ સ્વજનોનાં હૃદયરોગને નિર્મલ કરનાર વિશ્વમંગલ જે રસાયણ છે તે જરાક આપો.૧૮

यत्ते सुजातचरणाम्बुरुहं स्तनेषु-भीताः शनैः प्रिय दधीमहि कर्कशेषु ।
तेनाटवीमटसि तद् व्यथते न किंस्वित् - कृर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः ॥ १९ ॥

હે શ્રી સુજાત ચરણાંબુજને કઠોર-વક્ષસ્થલે પ્રિય ડરી ધરતાં જ ધીમે; આજે ફરે ચરણ તે અટવી વિષે તો-વીંધાય ના રમણશું વ્રજકંટકોએ.૧૯

હે અભિજાત ! હે કુલીન ! આપના શ્રીચરણસરોજને અમારા કઠોર, સ્તનોમાં ડરીને ધીમેથી હે પ્રિયતમ પધરાવીએ છીએ તે અમારા અત્યંત વહાલા ચરણોથી આપ અટવીમાં વિચરો છો તો શું કાંકરાઓથી તે શ્રીચરણો પીડાતાં નથી શું ? આપની સેવા માટે જીવન ધારણ કરનારી અમારી મતિ મૂંઝાય છે. (૧૯)

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ નિરોધલીલા તામસ પ્રકરણના ફલ પ્રકરણમાં ગોપીગીત નામનો ૩૧ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩૨ મો

[આ અધ્યાયમાં ૨૨ શ્લોકો જે ઈંદ્રિયરમણ આ અધ્યાયની લીલા છે. વ્રજનારીઓના ભાવભીના રુદનથી અને અનન્ય દીનતાથી દીનબંધુ ભગવાન પ્રકટ થાયછે અને ગોપીજનો સાથે વાર્તાલાપ કરે છે.]

શ્રીહરિદર્શનની લાલસા

श्रीशुक- उवाच इति गोप्यः प्रगायन्त्यः प्रलपन्त्यश्च चित्रधा । रुरुदुः सुस्वरं राजन् कृष्णदर्शनलालसाः ॥ १ ॥

હે રાજન્ ! શ્રીકૃષ્ણનાં દર્શનની લાલસાવાળાં ગોપીજનો કૃષ્ણનાં ગાન કરતાં અને અનેક પ્રકારે વિલાપ કરતાં મધુર સ્વરથી રુદન કરવા લાગ્યાં. (૧) આ અવસરે શ્રીગોપીજનોની નજર સમક્ષ પીતાંબર ધારણ કરનાર, વક્ષઃ સ્થલમાં વનમાલાધારી મન્મથ એટલે કામદેવના મનનું મથન કરી નાખનાર શૌરિ સાક્ષાત્ શ્રીકૃષ્ણ પોતાના હાસ્ય ભરેલા મુખકમલવાળા પ્રકટ થયા. (૨) આ રીતે એકાએક પોતાના પ્રિયતમ ભગવાને પધારેલા જોઈને પ્રીતિથી પ્રફુલ્લિત થએલાં નયનવાળી વ્રજનારીઓ પ્રાણોને આવેલ નિહાળી ઈન્દ્રિયો એકાએક ઊભી થઈ જાય તેમ તે સર્વ ઊભાં થઈ ગયાં. (૩) કોઈ એક ગોપીજીએ ચંદનથી ચર્ચિત શ્રીહરિના હાથને-બાહુને પોતાના ખભા ઉપર મૂક્યો. (૪) ત્યારે વળી કોઈ એક ગોપીએ અંજલિમાં ચાવેલી તાંબૂલ-બીડીને લઈ લીધી તો કોઈ એક અન્ય ગોપીજને પ્રભુવિરહના કામ-તાપથી તપેલા હૃદય ઉપર પ્રિયતમનાં ચરણકમલને પધરાવ્યાં. (૫) ત્યારે વળી એક ગોપીજી તો પ્રણયકોપે ભરાએલા દાંતથી હોઠને પીસતાં અને ભવાં ચઢાવતાં કટાક્ષોની કટારીથી પ્રહાર કરતી શ્રીકૃષ્ણને જોવા લાગી. (૬) ત્યારે વળી બીજી ગોપી એકીટસે મટકું પણ માર્યા વિના પોતાનાં બે નેત્રોથી ભગવાનના મુખકમલને નિહાળતાં હતાં છતાં પણ જેમ સત્પુરુષો ભગવાનના ચરણને સેવવાથી તૃપ્તિ થઈ નહીં. (૭) વળી કોઈ એક વ્રજનારીએ તો શ્રીકૃષ્ણ વહાલાને નેત્રરંધ્રથી પોતાના હૃદયમાં સ્થાપન કરીને રોમાંચિત થએલી કોઈ એક ગોપીએ શ્રીકૃષ્ણને આલિંગન કર્યું અને નેત્રો મીંચીને યોગીની માફક આનંદમગ્ન બની ગઈ. આ રીતે કેશવ શ્રીકૃષ્ણ પ્રભુના દર્શનના પરમાનંદથી પૂર્ણ બનેલી તે સર્વ વ્રજનારીઓનો વિરહથી ઉત્પન્ન થએલા તાપકલેશ-સંતાપ દૂર થતાં જેમ સુષુપ્તિના સાક્ષી પરમાત્માને પ્રાપ્ત કરીને અથવા બ્રહ્મવિદ્‌ને મેળવીને મનુષ્યો જેમ પોતાના તાપનું નિવારણ કરે છે તે જ પ્રકારે ગોપીજનોએ પણ વિરહસંતાપનો ત્યાગ કર્યો. (૯)

કલિ-કામ-કપટને કાપનારાં કાલિન્દીજીને કાંઠે કાન્ત સાથે ભક્ત કાન્તાઓનો પ્રવેશ

શુકાચાર્યજી બોલ્યા કે તાત ! હે રાજન્ ! જેમનો શોક સર્વથા નિવૃત્ત થએલ છે એવાં ગોપીજનોથી વીટાએલા ભગવાન અચ્યુત શક્તિઓથી જેમ પુરુષ શોભે છે તેમ શોભવા લાગ્યા. (૧૦) ત્યાર બાદ દયાળુ નાથ તે સર્વ વ્રજસુંદરીઓને સાથે લઈને ખીલેલા મોગરા અને મંદાર પુષ્પોની સુવાસવાળા પવનોથી ભ્રમર ઊડતા હતા તેવા શ્રીયમુનાજીના તટ

ઉપર પ્રભુ પધાર્યા. (૧૧) આ અવસરે શરદ ઋતુના ચન્દ્રનાં શ્વેતકિરણોના સમૂહથી રાત્રીનો અંધકાર દૂર થવાથી તે તટ સુંદર દેખાતો હતો. વળી શ્રીયમુનાજીના કરકમલ સમા ચંચલ તરંગોએ તે તટ ઉપર બિરાજવા માટે અતિ મુલાયમ વાલુકા પાથરી દીધી હતી. (૧૨) ભગવાન શ્રીનંદનંદનાં દર્શનથી આનંદ-પરમાનંદ થયો એટલું જ નહીં પણ હૃદયરોગથી પીડાતી કે ભગવાનનું સ્વરૂપ કેવું હશે. પછી કૃપા કરીને ભગવાને સ્વરૂપદર્શનનાં દાન દીધાં ત્યારે શ્રુતિઓ જેમ મનોરથના પાર પામી,તેવી જ રીતે ગોપવનિતાઓ પણ ભગવાનનાં દર્શન પામીને પરમાનંદ થતાં હૃદયના રોગથી મુક્ત થયા અને મનોરથોનો પાર પામ્યાં તેથી પોતાના વક્ષઃસ્થલ ઉપરના કંકુ કેશરના લેપથી રંગાએલા પોતાનાં ઉત્તરીય ઉપરણાઓનું આસન રચી આત્મબંધુ શ્રીકૃષ્ણને પધરાવ્યા. (૧૩)

શ્રુતિપરિષદમાં બિરાજેલા પ્રિય પુરુષોત્તમ

સતત યોગેશ્વરોના હૃદય-સિંહાસને બિરાજતા તે પુરુષોત્તમ ગોપીજનો વ્રજ-સુંદરીઓએ કરેલા ઉપવસ્ત્રોના સિંહાસને -સુખાસને બિરાજ્યા ત્યારે ત્રણ લોકની લક્ષ્મીના એક નિવાસ સ્વરૂપ શ્રીઅંગને ધારણ કરતા અને બહુમાન પામેલ પૂર્ણપુરુષ ગોપીવૃન્દની પરિષદમાં અધિક શોભવા લાગ્યા. (૧૪) આ પરિષદમાં હાસ્ય અને લીલાઓ સાથે અવલોકન કરવાથી વિલાસ કરતી ભ્રૂકુટિથી તેમજ પોતાની ગોદમાં કર કમલોને ઉત્સંગમાં પધરાવેલા ચરણ-કમલોને તેમજ પોતાના સુકોમલ સુખકર સ્પર્થથી ચાંપતા, કામદેવને ઉત્તેજન કરનાર ભગવાનનું બહુમાન કરીને કે સત્કાર કરીને નિજનાથ શ્રીકૃષ્ણની સ્તુતિ કરીને જાણે સહજ કોપે ભરાએલ હોય તેમ ગાપીજનોએ આ પ્રમાણે કહયું કે કહો નાથ ! (૧૫)

भजतोनुभजन्त्येके -एक एतद् विपर्यपम् । नोभयांश्च भजन्त्येके एतन्नो ब्रूहि साधु नः ॥ १६ ॥

કેટલાક ભજનારને ભજે છે, તો વળી ન ભજે તેને પણ ભજે ત્યારે વળી ત્રીજા તો એવી કોટિના છે કે ભજનારા કે ન ભજનારા બેમાંથી એકને પણ ભજતા નથી તો આનું શું કારણ તે વાતનું આપ અમને સ્પષ્ટ રહસ્ય સમજાવો. (૧૬)

રસનિધિ રસેશનાં રસભર્યા વચનામૃતો

શ્રીગોપીજનોના ત્રણ પ્રકારના પ્રશ્નો સાંભળી ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે - હે સખીજનો ! આપના પ્રથમ પ્રશ્નો ઉત્તર એ છે કે જેઓ પરસ્પર એકમેકને ભજે છેતેમનો ઉદ્યમ-પ્રયત્ન કેવલ સ્વાર્થ ભરેલો છે.તેઓના આ સંબંધમાં ન તો ધર્મ છે કે ન તો સ્નેહ-સૌહાર્દ છે. તેમનામાં સ્વાર્થ વિના અન્ય કાંઈ જ નથી. (૧૭) હવે વ્રજસુંદરીઓ ! આપે જે બીજા પ્રકારનો પ્રશ્નો કર્યો કે કેટલાંક ન ભજનારાઓને પણ ભજે છે તેના ઉત્તરમાં તો તેઓ તો દયાળુ છે, અથવા માતાપિતાના જેવા તેઓ હોય છે. હે સુમનોહર કટિપ્રદેશવાળી વ્રજનારીઓ ! તેઓના સંબંધમાં નિર્દોષ ધર્મ છે તેમજ સ્નેહ પણ છે. આ સંબંધમા માતા-પિતા-સુહૃદ અને ગુરુજન આ ચાર પુણ્યજનનો સમાવેશ થશે. હવે ભજે તેને જ જો ન ભજે તો પછી ન ભજે તેને તો ભજે જ શાના ? એ તમારો જે ત્રીજો પ્રશ્ન છે એના ઉત્તરમાં તો આત્મારામ, આપ્તકામ, અકૃતજ્ઞ અને ગુરુદ્રોહી આવા ચાર પુરુષોનો સમાવેશ થશે. (૧૯)

नाहं तु सख्यो भजतोऽपि जन्तून्-भजाम्यमीषामनुवृत्तिवृत्तये । यथाधनो लब्धधने विनष्टे तच्चिन्तयान्यन्निभृतो न वेद ॥ २० ॥

હે સખીઓ ! હવે મારી બાબતમાં આપ સાંભળો ! હું તો ભજનારાઓને પણ એટલા માટે નથી ભજતો કે તેઓની મનોવૃત્તિ મારા તરફ રહે. આપ કહેશો કે એવું કેવી રીતે બને તો સાંભળો ! જેમ કોઈ એક નિર્ધન જનને ધન મળે અને તે મેળવેલા ધનને તે ગુમાવે છે ત્યારે તેની ચિંતાથી તેના મનમાં ધન વિના બીજું કાઈ નથી હોતું તેવી જ રીતે તમને હું મળ્યો અને તિરોધાન થયો તે કેવલ તમારી મારામાં તન્મયતા રહે માટે જ મેં કર્યું હતું. (૨૦)

एवं मदर्थोज्झितलोकवेद-स्वानां हि वो मय्यनुवृत्तयेबलाः । मया परोक्षं भजता तिरोहिंत-मासूयितुं मार्हथ तत्प्रियंप्रियाः ॥ २१ ॥

હે અબલાઓ ! વ્રજનારીઓ ! આ પ્રમાણે આપે લોક-વેદ અને સ્વ એટલે આપના આત્માનો પણ આપે મારે માટે જ ત્યાગ કર્યો છે તે પ્રકારનાં આપની મારામાં જ મનોવૃત્તિ અને સેવાવૃત્તિ રહે માટે અન્યને પરોક્ષમાં હું ભજતો હતો એ રીતે હું તિરોહિત-અન્તર્ધાન રહ્યો છું તેથી હે પ્રિયતમાઓ! આપને પ્રિય એવા મારા ઉપર આપ જરાય નારાજ ના

થાઓ ! મારા ઉપર અસૂયા લાવવી એ આપને ના ઘટે. (૨૧)

न पारयेहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं बिबुधायुषापि वः । या माभजन् दुर्जरगेहशृंखलाः- संवृश्र्च्य तद् वः प्रतियातु साधुना ॥

હે વ્રજનારીઓ! આપનો મારી સાથે નિર્મલ અને નિર્દોષ સ્નેહ અને સંબંધ છે.તેથી આપના ઉપકારનો બદલો વાળવા માટે હું દેવોના દીર્ઘ આયુષ્યથી પ્રયત્ન આદરું તો પણ વાળી શકવા માટે જરાયે સમર્થ નથી. સાચેસાચ આપે અકાટ્ય એવી ગૃહબંધનની સાંકળો તોડીને મને ભજ્યો છે. આ આપે મને ભજવારૂપી જે ''સુકૃત'' આચર્યું છે, તે સુકૃત આપ મને આપો અને હું આપને વ્યાજરૂપે પરત કરું અને અલ્પ વ્યાજ ચૂકવું પરંતુ આપના સુકૃતની મૂડી તો પાછી નહીં જ આપી શકું. (૨૨)

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ નિરોધલીલા તામસ પ્રકરણના ફલપ્રકરણમાં ૩૨મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩૩ મો

[આ અધ્યાયમાં ૪૪ શ્લોકો છે. આ અધ્યાયમાં રાસોત્સવનું નિરૂપણ છે. આ દિવ્ય લીલા દેવોને પણ દુર્લભ હોવા છતાં કેવલ આનંદ રસમાંથી સ્વરૂપ લઈ પધારેલાં ગુણાતીત અનન્ય ભક્ત ગોપીજનો ઉપરના ભગવાનના અનુરાગ અને અનુગ્રહથી જ આચરેલી તેના પરિણામે દેવોને રાસલીલા-દર્શનનો રસ સુલભ બન્યો છે.]

श्रीशुक उवाच- इत्थं भगवतो गोप्यः श्रुत्वा वाचः सुपेशलाः । जहुर्विरहजं तापं तदङ्गोपचिताशिषः ॥ १ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! ભગવાનની આવી મધુર અને કોમલ વચનસુધાનાં પાન કરીને તેમજ ભગવાનનાં શ્રીઅંગોના સુમંગલ સંગથી-સ્પર્શથી કે દર્શનમાત્રથી, વિરહસંતાપથી સુકાઈ ગયેલા વ્રજનારીઓના શ્રીઅંગો પ્રફુલ્લિત અને પુષ્ટ થયાં અને વિરહતાપને વિસારી મૂક્યો. પોતાની એટલે ભગવાનની સેવા કરનારાં અને ભગવાનની રુચિને અનુસરનારાં પ્રભુના વાણીથી અને પ્રાપ્તિથી પ્રસન્ન થએલાં, વળી પરસ્પરના કરકમલો ઝાલીને ઊભાં રહેલાં શ્રીરત્ન શ્રીવ્રજનારીજનો સાથે વીંટાઈને ભગવાન ગોવિંદે રાસલીલાનો આરંભ કીધો. (૧,૨) બબ્બે ગોપીજનો અને મધ્યમાં એક શ્રીકૃષ્ણ એવાં સોળ ગોપીઓ અને આઠ શ્રીકૃષ્ણનું એક મંડળ એવાં અનેક મંડલોથી શોભતા યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણે ગોપીમંડલથી સુશોભિત એવો રાસોત્સવ શરૂ કર્યો. ભગવાને બન્ને ગોપીજનોના કંઠપ્રદેશે જ્યારે પોતાના બાહુને પધરાવ્યા, ત્યારે જાણે ભગવાન અત્યંત નિકટમાં જ લાગ્યા. આ અવસરે દેવાંગનાઓ સાથે દેવોનાં વૃન્દો એ પણ અત્યંત આકર્ષાઈને ચિત્ત ચોરાઈ જતાં વિમાનમાં બિરાજીને આકાશને ઘેરી લીધું. (૩,૪) ત્યાં તો સ્વંય દુંદુભિઓ વાગવા લાગ્યા. પુષ્પોની વૃષ્ટિ થવા લાગી. અને ગંધર્વપતિઓ પણ પોતાની પત્ની ગંધર્વીઓનીસાથે ભગવાન શ્રીકૃષ્ણનાં યશોગાન ગાવા લાગ્યા ! (૫) ત્યાં વળી રાસમંડલમાં ભગવાન શ્રીકૃષ્ણની સાથે વ્રજસુંદરીઓના કંકણ-નૂપુર અને મેખલાની કિંકિણીઓનો સુવર્ણની નાની ઘૂઘરીઓનો ગગનગામી મધુર મધુર ધ્વનિ થવા લાગ્યો. (૬) આ રાસમંડલોમાં ગોપીજનોની મધ્યમાં સુવર્ણમણિઓની મધ્યમાં રહેલા મહામરકતમણિઓની સમાન ભગવાન શ્રીદેવકીકુમાર દીપવા લાગ્યા. (૭)

રાસલીલાની પૂર્વ પીઠિકા સિદ્ધ થતાં રાસનૃત્ય આરંભાયું

पादन्यासैर्भुजविधुतिभिः सस्मितैर्भ्रूविलासैः भज्यन्मध्यैश्चलकुचपटैः कुंडलैर्गण्डलोलैः ।
स्विद्यन्मुख्यः कबररशनाग्रन्थयः कृष्णवध्यो गायन्त्यस्तं तडित इव ता मेघचक्रे विरेजुः ॥ ८ ॥

નૃત્યની પદ્ધતિ પ્રમાણે પાદવિન્યાસ એટલે પગના ઠુમકા, કોમલ કરકમલનાં ભાવદર્શી હલનચલન, હાસ્ય યુક્ત ભ્રકુટિના વિલાસો, કટિની લચક, કંપાવેલ વક્ષઃસ્થલ ઉપરથી સરકતી સાડીઓ, બન્ને ગાલ ઉપર હાલતાંડોલતાં કુંડલોથી રાસ રમતાં ગોપનારીઓનાં મુખકમલ ઉપર પરસેવો આવી જાય છે. વળી કેશકલાપની વેણીઓની ગ્રંથિઓ શિથિલ થઈ જાય છે અને વેણીઓમાં ગૂંથેલા પુષ્પો સરી રહ્યાં છે.તેમજ કટિમેખલાનાં બંધનો છૂટી જાયછે. આ રાસમહોત્સવમાં શ્યામસુંદર સાથે વિહાર કરતી અને ગાન કરતી વ્રજરમણીઓ જાણે મેઘમંડલમાં વીજળી જેવી દીપી રહી છે. નૃત્ય કરતાં તે રતિપ્રિય અને રાગથી મધુર કંઠવાળી અને ભગવાન શ્રીકૃષ્ણના શ્રીઅંગના સ્પર્શથી પ્રમુદિત થઈને તે

વ્રજરમણીઓ પોતાના ઉચ્ચ સ્વરથી ગાવા લાગ્યા. આ અવસરે શ્રીવ્રજનારીઓના ગીતથી અખિલ વિશ્વ છવાઈ ગયું.

ષડ્ એટલે છ ઐશ્વર્યવાળાં ગોપીજનોનાં ષડ્ ઐશ્વર્યપૂર્ણ પુરુષોત્તમ સાથેનાં નૃત્ય અને ગાન

હવે નૃત્યના ઉત્કર્ષને પોષતું ગાન આરંભાયું ત્યારે મોક્ષના આનંદનું દાન કરનારા ભગવાન મુકુન્દના ગાનના સ્વરોની જાતિ સાથે ગોપીના સ્વરોની જાતિ જ્યારે મળી નહીં અને સ્વરો જુદા પડ્યા ત્યારે તે ગોપી તે જ સમયે ધ્રુવસ્વરસ્થાયીસ્વરે પોતાના રાગને ઉચ્ચ સ્વરે ઉઠાવ્યો ત્યારે ભગવાને પ્રસન્ન થઈને બહુ સારું બહુ સારું-વાહવાહ ખૂબ જ સારું ગાયું એ કહીને શ્રીગોપીજીને બહું જ સન્માન આપ્યું. (૧૦) આ અવસરે રાસનૃત્યથી અત્યંત પરિશ્રમ પામેલા અને મસ્તકની વેણીમાં ગૂંથેલી મલ્લિકાની માલાનાં પુષ્પો જ્યારે વીખરી રહ્યાં હતા ત્યારે પડખે ઉભેલા ગદાધારી ગોવિંદ ભગવાનના સ્કંધનો આધારલઈ લીધો. (૧૧) વળી રાસનૃત્યમાં કોઈ એક ગોપીજી સ્વાભાવિક રીતે કમલના સુંગધ સરખી સુવાસવાળો હતો એવા ચંદનના ઉત્તમ લેપવાળા અને પોતાના ખભા ઉપર પધરાવેલા શ્રીકૃષ્ણના હાથને સૂંઘીને રોમાંચિત થઈને શ્યામસુંદરના બાહુનું ચુંબન કરવા લાગ્યાં. (૧૨) ત્યારે વળી કોઈ એક ગોપીજીનું નૃત્ય સમયે ડોલતા કુંડલની શોભાથી વિભૂષિત પોતાના કપોલને ભગવાનના કપોલ જોડે લગાવી દીધું ત્યારે ભગવાને પોતાના શ્રીમુખમાંથી શ્રીગોપીજીને અર્ધ ચાવેલાં તામ્બૂલનાં બીડીજી આપ્યાં. (૧૩) આ ટાણે નૃત્ય કરતાં, ગાન કરતાં અને ચરણોના નુપૂરોને કટિમેખલાની કિંકણીઓ-ઘૂઘરીઓનુ કૂજન કરતાં કોઈએક ગોપીજી ખૂબ જ શ્રમિત થયાં ત્યારે પડખે ઉભેલા શ્રીઅચ્યુત ભગવાનના કરકમલને પોતાના હૃદય ઉપર પધરાવ્યો. (૧૪) રાજન્ ! આ રીતે શ્રીગોપીજનો શ્રી લક્ષ્મીજીના અતિશય લાડીલા શ્રીઅચ્યુત ભગવાનને પોતાના પ્રિયકાન્ત તરીકે મેળવીને વળી પોતાના કંઠને ગોપીજનો કોમલ બે શ્રી હસ્તથી ગ્રહણ કરી ચાલી રહેલા અને આનંદના દાન કરી રહેલાં ભગવાન શ્રીકૃષ્ણ સાથે ગાન વિહાર કરવા લાગ્યાં. (૧૫)

શ્રીરાધા-દામોદરાં ગાન-તાનનાં નાટન

રાજન્ ! શ્રીશ્યામસુંદરજીએ પ્રથમ સમૂહરાસ ખેલીને પછી પ્રત્યેક લલના સાથે શ્રીરાધાદામોદરના રાસનું નાટન કરતાં રાસ આરંભ્યો ત્યારે જેટલાં વ્રજસુંદરીઓ હતાં તેટલા શ્યામસુંદરજીએ સ્વરૂપોના અંગીકાર કીધો અને મહારાસ આરંભ્યો. રાજન્ ! નીરખો તો ખરા એમ કહી પરમયોગી શુકાચાર્યજીએ વર્ણન આરંભ્યુ-કે નૃત્યપરાયણ ગોપસુંદરીઓના કાન ઉપંર ધારણ કરેલાં કમલો અને કેશની લટો નૃત્ય. અવસરે સરી જઈને કપોલ ઉપર આવી ગયાં હતા. વળી શ્રમથી ઉત્પન્ન થએલાં શ્રમજલબિંદુઓથી મુખકમલની કાંઈ અદ્ભુત શોભા વધી ગઈ હતી. આવાં શ્રીવ્રજસુંદરીઓ રાસનૃત્ય કરી રહેલાં હતાં ત્યારે તાલ પૂરનારા તબલચી વગેરેનાં વાદ્યકાર્ય તેઓ- શ્રીના ચરણકમલોના ઝાંઝરના અને કરકમલના કંકણોના નાદ ઘોષો સ્વયં કરી રહેલા હતા અને શ્રીગોપીજનો ભગવાનની સાથે રાસરસ રેલાવી રહ્યાં હતાં ત્યારે કમલ ઉપરના ભ્રમરો પણ ગુંજન કરી ગાનપૂર્તિ કરી રહ્યા હતા અને વ્રજનારીની વેણીઓ વિછુટી જતાં કેશમાં ગૂંથેલી મલ્લિકાની માલિકાઓ પણ નૃત્ય ટાણે સરી પડવા લાગી. આ હતી રાસરસની પરાકાષ્ઠા. (૧૬) રાજન્ ! જાણે કોઈ નિર્દોષ બાલકો પોતાનાં પ્રતિબિંબો સાથે ખેલે તેમ સર્વથા નિત્ય આનંદમય ભગવાન શ્રીકૃષ્ણ નિત્ય નિર્દોષ નિત્ય આનંદ સ્વરૂપ સાક્ષાત્ શ્રુતિઓનાં સ્વરૂપ શ્રીગોપી- જનો સાથે આલિંગન-કોમલ કરકમલસ્પર્શ-સ્નેહાળ અવલોકન-ઉત્તમ પ્રકારના વિલાસો અને હાસ્ય વગેરેથી શ્રીરાસવિહારીજી રાસવિહાર કરવા લાગ્યા. (૧૭) હે ! કુરુકુલવર્ધક રાજન્ ! આ રાસલીલાના સુમંગલ અવસરે રસ- સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણનાં આનંદમય શ્રીઅંગોના સંગથી વ્રજનારીઓની ઈન્દ્રિયો આકુલ બની ગઈ, કેશકંઠે ધારણ કરેલી કુસુમ માલાઓ સરી ગઈ, અલંકારો સરી પડ્યા, અને પુનઃ તે વ્રજનારીઓ સરી પડતી કેશલટોને, ચૂંદડીઓને, ચોળીઓને પાછાં યથાવત્ શંખવા લાગ્યાં પણ રાખી શકાઈ નહીં. તાત્પર્ય કે સર્વ મમતાનાં બંધનો પ્રભુને પામીને સ્વંય છૂટી ગયાં. (૧૮) ભગવાન શ્રીકૃષ્ણના ક્રીડાવિહારને નીરખીને આકાશમાર્ગે જ વિચરતા દેવોની સ્ત્રીઓ કામાતુર બની ગઈ, ત્યારે શશાંક-ચન્દ્ર પણ સ્વયં તારા નક્ષત્ર ગણો સાથે સ્વયં ચકિત બની ગયો. (૧૯)

નંદગોપ કુમારિકાઓના કાત્યાયની વ્રતસમયની પ્રતિજ્ઞાપૂર્તિ પ્રભુએ કરી

રાજન્ ! ત્યારબાદ ભગવાને જેટલાં ગોપીજનો હતાં તેટલાં સ્વરૂપો લઈને આત્મારામ ભગવાને પણ લીલાપૂર્વક વ્રજસુંદરીઓ સાથે રાસવિહાર કર્યો. (૨૦) જ્યારે શ્યામ મનોહરે શ્યામાઓ સાથે વિહાર કર્યો ત્યારે અતિ વિહારથી શ્રમિત થઈ ગએલાં શ્રીગોપીજનોના શ્રીમુખને કરુણામય શ્રીકૃષ્ણે પ્રેમપૂર્વક કલ્યાણકર કરકમલથી પોંછી શ્રમ દૂર કીધો. (૨૧) રાજન્ ! આ પ્રસંગે ઝળહળતાં સુવર્ણનાં કુંડલો, અને કેશલટોની છટાથી કાન્તિ ધરાવતા કપોલની શોભાથી અને અમીમય શ્રીમદનમોહનના હાસ્ય સહિત અવલોકનથી માન પામેલાં માનિનીઓ શ્રીકૃષ્ણ ભગવાનના કરકમલના નખસ્પર્શથી ખૂબ જ આનંદ પામ્યાં અને ભગવાનની પુણ્યજનક લીલાઓનાં -ચરિતોનાં ગાન કરવા લાગ્યાં. (૨૨) પુષ્કળ રતિશ્રમથી થાકેલા ગજરાજ હાથિણીઓ સહિત પાણી ઉપરના પુલને તોડી નાખીને જેમ જલમાં પ્રવેશ કરે છે તે પ્રમાણે સર્વ ગોપીજનોની સાથે શ્રમ દૂર કરવાને માટે શ્રીકૃષ્ણરાજે જલમાં પ્રવેશ કર્યો. આ અવસરે આલિંગનને લીધે વક્ષઃસ્થલમાં ધારણ કરેલી પુષ્પમાલાઓ દબાઈ જતાં સુવાસ આવવા લાગી એથી સુંગધલોભી ભ્રમરો ગન્ધર્વોની માફક કૃષ્ણની પાછળ દોડી રહ્યા હતા ત્યારે વ્રજસુંદરીઓના વક્ષ-સ્થલોમાં લગાવેલ કેશર-કસ્તુરી લેપોથી જલ પણ સુગંધિત અને રંગીન બની ગયાં હતાં. (૨૩) ભગવાને જલમાં પ્રવેશીને જલવિહાર આરંભ્યો હવે જલમાં વિહાર કરતા શ્રીવિહારીજીને યુવતી નારીઓથી પૂરેપૂરી રીતે જલથી ભીંજવી નાખતા અને હાસ્ય કરતી વ્રજનારીઓથી સ્નેહપૂર્વક નીરખતા, વળી આકાશમાં વિમાનોમાં બિરાજી દર્શન પામતાં દેવદેવાંગનાઓથી પુષ્પોની વૃષ્ટિથી વધાવતા અને સ્તુતિ કરાતા આત્મરત, સંપૂર્ણ સંયમાવતાર, ગજેન્દ્ર સમ લીલા કરતા શ્રી ગોવિંદ સ્વયં પણ રમણ-વિહાર કરવા લાગ્યા. (૨૪) આ રીતે સ્થલ અને જલવિહાર કરીને શ્રીવિહારજી હાથિણીઓ સાથે વિહરતા મદ ઝરતા હાથીની માફક વનભૂમિ ઉપર અને જલમાં ઉગેલાં પુષ્પોની સુવાસવાળા પવનથી સુવાસમય અને મનોરમ તટવાળાં શ્રીયમુનાજીના સમીપ પ્રદેશના વનોમાં ભ્રમરવૃન્દ અને વ્રજનારીવૃન્દથી વીંટળાએલા મનમોહન વિહરવા લાગ્યા. (૨૫) આવા અનેક પ્રકારે સત્યકામ અને સત્યસંકલ્પ શ્રીકૃષ્ણ ભગવાન પોતાના ઉપર અપાર પ્રેમ ધરાવનારા સ્ત્રીવૃન્દવાળા પ્રભુએ પોતાનામાં પોતાના વીર્યનું સ્થાપન કરી દીધું. અને શશાંક- ચન્દ્રમાના કિરણોથી શોભતી, કાવ્યકથાઓમાં વર્ણવેલી અને રસના આશ્રયરૂપ શરદઋતુનાં રાત્રીઓનું સેવન કર્યું. (૨૬)

રજોગુણી રાજાની રાસલીલામાં શંકા અને લીલા વર્ણનનો ઉપસંહાર

પરીક્ષિત રાજાએ પ્રશ્ન કર્યો કે ભગવન્ શ્રીશુક ! જગદીશ્વર ભગવાન શ્રીકૃષ્ણ ધર્મનું સારી રીતે સ્થાપન કરવા માટે અને અધર્મનું નિવારણ માટે સ્વ-અંશથી જો પધાર્યા છે, તો પછી હે બ્રહ્મર્ષિ ! ધર્મમર્યાદાના વક્તા- કર્તા અને ચારે તરફથી સંરક્ષક ભગવાને પરનારીના સ્પર્શ અધર્માચરણ કેમ આચર્યું હશે ? જો કે મહારાજ ભગવાન શ્રીકૃષ્ણ તો આપ્તકામ છે, વળી યદુઓના સ્વામી છે તો ભગવાને ક્યા આશયથી આ કાર્ય કર્યું હશે તે વિષયની અમારી શંકાના સમાધાનને વ્રતવાળા મુનિરાજ આપ કહો. (૨૮,૨૯)

શ્રીશુકાચાર્યજીનો પ્રત્યુત્તર

પરીક્ષિત રાજાનો પ્રશ્ન અનાદરથી નથી પણ અજ્ઞાનસૂચક છે. પરંતુ ભગવાનમાં આદરસૂચક પણ છે તો પણ પરીક્ષિત આ અવસરે ભગવાને સમજવામાં ગોથું ખાઈ ગયા છે એમ લાગે. પરંતુ ભગવાને જ પોતાને આ અન્તરંગ લીલા, ગવાય નહી એવી ઈચ્છા હોવાથી ભરક્તવર રાજાના હૃદયમાં ભગવાને શંકાનું સર્જન કરાવ્યું અને રાજા પાસે પ્રશ્ન કરાવ્યો. આ પ્રશ્ન સાંભળી રાજા તરફનું ક્ષણ વાર મમત્વ ક્ષીણ થતાં વગર સંબોધને સમાધાન શરૂ કર્યું કે "ધર્મનું ઉલ્લંઘન તથા સાહસ સમર્થોમાં સહજ જોવામા આવે છે, પરંતુ સર્વભક્ષણ કરવાના સામર્થ્યવાળા અગ્નિની માફક તેજસ્વી પુરુષોની બાબતમાં કોઈ પણ દોષ હોતો નથી. સમર્થ ભગવાનની આ પ્રકારની લીલાઓ રહસ્યોથી ભરેલી હોય છે અને કોઈ મહત્વના કાર્યો માટે જ હોય છે." (૩૦) જેનામાં શક્તિ નથી એવા ક્ષુલ્લક જીવે ભગવાને કર્યું એમ ગણીને આપણે પણ એવું કરીએ આવું સમજીને અનુકરણ કરવું ન જોઈએ. આમ છતાં જો તે મૂર્ખતાથી કરે તો રુદ્ર

ભગવાન સિવાય જો કોઈ અસમર્થ ઝેરનું પાન કરે તો તેનો નાશ થાય, ભગવાન શંકર માટે તો વિષપાન સામર્થ્યને લીધે ઉલટું કંઠનું ભૂષણ બન્યું, માટે બીજા અનુકરણ કરવા જનારા તો બે હાલ થઈ જાય. (૩૧) ઈશ્વરોનાં વચન સદા સત્ય જ હોય છે, આચરણ આપણે ન સમજી શકીએ એવું હોય છે. માટે બુદ્ધિશાળી મનુષ્ય તો તેને વિવેકપૂર્વક સમજીને જ આચરે છે. (૩૨) મોટા પુરુષને તો કુશલાચારથી કાંઈ સિદ્ધ કરવાનું હોતું નથી તેમજ અકુશળ કાંઈ અનિષ્ટ થતું નથી. જેમ જે અભિમાનરહિત વિવેકમુક્તને ભલું કે બૂરું બન્ને સરખા જ હોયછે. કારણ કે તેણે તો હું કરું છું એવું અભિમાન હોતું નથી તેથી તેને અભિમાનથી કરેલા ગુણ-દોષનો પણ સંબંધ હોતો નથી. (૩૩) તો પછી સર્વ પ્રાણી-પશુ-પક્ષી-દેવ મનુષ્ય વગેરે ઉપર જેની સદા સત્તા છે તે સમર્થ ઈશ્વરને કુશળ અને અકુશળનો સંબંધ શો હોય ? (૩૪) જેઓ શ્રીહરિના ચરણકમલપરાગનું સેવન કરવાથી તૃપ્ત થએલા છે; અને ભગવાનની કૃપાથી જેમના કર્મનાં બંધનો છૂટી ગયાં છે તેવા મુનિઓ પણ જો સ્વેચ્છાને અનુસરીને સદા જીવતા હોય તો પછી પોતાની સ્વેચ્છાથી દેહ ધારણ કરી ભૂતલે પધારનાર ભગવાનને બંધન ક્યાંથી ? (૩૫) વળી ગોપીજનોના, તેમના પતિઓના અને દેહીઓના અંતરમાં જેવસ્યા છે તે જ ભગવાન ક્રીડા કરવાને પુરુષ દેહ ધારણ કરે છે. (૩૬) પ્રાણીમાત્ર ઉપર અનુગ્રહ કરવા માટે ભગવાને માનુષ સ્વરૂપ સ્વીકારેલ છે તેથી જેટલી લીલાઓનું શ્રવણ કરીને જીવ ભગવાનમાં વળે તેટલી લીલાઓ ભગવાન આચરે છે. (૩૭) વ્રજવાસીઓએ પણ ભગવાનની માયાથી મુગ્ધ થયેલા હોવાથી પોતાની પત્નીઓને સમીપે જ રહેલાં જાણીને ભગવાન કૃષ્ણ ઉપર લેશમાત્ર ઈર્ષ્યા નથી કરી. (૩૮) આમ રાસલીલા રમતાં અરુણોદય થયો ત્યારે ભગવાન વાસુદેવની આજ્ઞાથી પાછાં ઘરે વળવાની વૃત્તિ ન હોવા છતાં ભગવાનનાં પ્રિય વ્રજનારીઓ નિજનિજ નિવાસે પધાર્યા. (૩૯) વ્રજનારીઓ સાથે ભગવાન શ્રીવિષ્ણુએ કરેલ રમણનું જે કોઈ વ્યકિત શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરશે અથવા તો તેનું વર્ણન કરશે તો ભગવાનમાં તેની પરાભક્તિ થશે તેમ જ કામરૂપી હૃદયનો રોગ છે તેનાથી સત્વરે ધીરપુરુષો મુક્ત થશે. (૪૦)

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः श्रद्धान्वितोनुशृणुयादथ वर्णयेद् यः ।
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥ ४० ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષ દશમ સ્કંધ નિરોધલીલા તામસ પ્રકરણના ફલ પ્રકરણમાં રાસલીલાની સમાપ્તિ કરતો ૩૩ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩૪ મો

[આ અધ્યાયમાં ૩૨ શ્લોકો છે. આ અને પછીનો અધ્યાય એમ બે અધ્યાયો નામરમણલીલાના છે. આ અધ્યાયમાં ભગવાનના વૈરાગ્ય નામના ઐશ્વર્યનું વર્ણન છે. તેમજ સુદર્શન ગંધર્વ અને શંખચૂડવધની કથા છે તેમજ ભગવદ્આશ્રય ત્યજી અન્યાશ્રય ન કરવો એ અધ્યાયનું તાત્પર્ય છે.]

श्रीशुक उवाच-एकदा देवयात्रायां गोपाला जातकौतुकाः । अनोभिरनडुद्युक्तैः प्रययुस्तेम्बिकावनम् ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! ગોપજનોના ઉરમાં અભિલાષા જાગી કે ચાલો દેવયાત્રા કરીએ એવો વિચાર કરી શિવરાત્રીના દિવસે પોતાના ગાડાંને બળદોને જોડીને સર્વ અંબિકાવનમાં આવીને શ્રીસરસ્વતીતીર્થમાં સ્નાન કરીને પવિત્ર થઈને, ભગવાન પશુપતિનાં તેમજ અંબિકાદેવીના અર્ચન-સામગ્રીથી સર્વે મળીને અર્ચન કર્યા. (૨) અમારા ઉપર દેવો પ્રસન્ન થાઓ એમ વિચારીને ગ્રામ અને વનની સુખ-સિદ્ધિ માટે મીઠાનું અને મધનું, રુદ્ર દેવતાની કૃપાથી ગાયોની સુખ-સમૃદ્ધિ થાય માટે ગાયોનું, અગ્નિદેવની પ્રસન્નતાં માટે સુવર્ણનું, અન્ય દેવતાઓના-સંતોષ માટે વસ્ત્રોનાં સોમ દેવતા માટે મધુર અન્નનાં દાન કર્યા. (૩) આ સમયે મહાભાગ શ્રીનંદજી, સુનંદજી, ઉપનંદજી વગેરેએ વ્રત ધારણ કર્યાં અને જલનું પાન કરીને સરસ્વતીજીના તીર ઉપર રાત્રી પસાર કરી. (૪) આ વનમાં આ અવસરે ઘણો ભૂખ્યો એક મહાન અજગર એકાએક આવી લાગ્યો અને નિદ્રામાં રહેલા શ્રીનંદબાવાજીને ગળવા લાગ્યો. (૫) જ્યારે સર્પ ગળી રહ્યો હતો ત્યારે શ્રીનંદબાવાએ આક્રંદ કર્યું કે હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! આ મહાન અજગર મને ગળી જાય છે તો

હે તાત ! હે બેટા ! હું શરણાગત છું. મારી રક્ષા કરો બેટા ! મને મુક્ત કરો. (૬) શ્રીનંદબાવાના રુદન સાંભળી ગોપજનો એકાએક ઊભા થઈ દોડ્યા અને નંદજીને ગળાતા, જોઈ, તે સંભ્રમમાં મુકાઈ બળતા લાકડાથી અજગરને મારવા લાગ્યા. તેમજ ગળાતા નંદરાયજીને છોડાવવા બળતા લાકડાંથી અજગરને ગોપજનો બાળવા લાગ્યા પરંતુ જ્યારે અજગરે શ્રીનંદબાવાને ન જ છોડ્યા ત્યારે ભગવદીયોના પતિ ભગવાન શ્રીકૃષ્ણે અજગરને ચરણ સ્પર્શ કર્યો.

કરુણાનિધાન પિતૃભક્ત કૃષ્ણ

શ્રીકૃષ્ણ ભગવાનના શ્રીયુક્ત એવા ચરણકમલના સ્પર્શથી અજગરનાં અમંગલ-અશુભો નાશ પામ્યાં અને સર્પયોનિનો ત્યાગ કરીને વિદ્યાધરો પૂજે તેવા વિધાધર સ્વરૂપને ધારણ કર્યું. (૮) આ અવસરે અતિશય શોભતા દેહવાળા વળી સુવર્ણની મોંઘી માલાઓને ધારણ કરતા અને સન્મુખે ઉભેલા તે વિદ્યાધરને ભગવાને પૂછ્યું. (૧૦) કે ભાઈ ! આપ કોણ છો ! વળી ઉજ્જવલ કાન્તિથી અતિશય શોભો છો ! આપનું દર્શન અત્યંત અદ્‌ભૂત છે, આવા અદ્‌ભુત દર્શનવાળા શાપપરવશ બનીને આ દેહમાં આવ્યા લાગો છો. (૧૧) આ પ્રસંગે સુદર્શન ગન્ધવર્ષે ઉત્તર આપ્યો કે મહારાજ ! હું કોઈ એક સુદર્શન નામનો વિદ્યાધર હતો. લક્ષ્મી અને સ્વરૂપસૌન્દર્યની શોભાવાળો હું દિશાઓમાં વિમાનમાં બેસી વિહાર કરતો હતો. (૧૨) પરંતુ રૂપના મદથી છકેલા મેં અહંકાર કરીને આંગિરસ કુલના કાયાથી કદ્રૂપા લાગતા ઋષિઓની મેં મજાક ઉડાવી. મારા આ પાપને કારણે મને આ અજગરની યોનિમાં મોકલ્યો. (૧૩)

સહજ કોમલ અને કરુણચિત્ત સંતો

પરંતુ સંતો અને વિપ્રો તો કરુણાનાં ધામ હોય છે. તેઓએ મારા ઉપર અનુગ્રહ કરવા માટે જ મને શાપ આપ્યો કારણ કે અખિલ લોકના ગુરુ આપનાં શ્રીચરણોનો મને સ્પર્શ મળ્યો અને હું મુક્ત થયો. અને મારાં અશુભ ટળ્યા. (૧૪) હે પાપનાશક પ્રભુ ! આપના શ્રીચરણોના સ્પર્શથી હું આજે સર્વથા મુક્ત થયો છું. સંસારના ભયથી ભય પામેલા અને આપને શરણે આવેલાઓના ભયને દૂર કરનાર એવા આપની સાથે હું સંભાષણ કરી રહ્યો છું. (૧૫) હે મહાયોગિન્ ! હે મહાપુરુષ ! હે સત્પતિ ! હું આપનો શરણાગત છું. હે દેવ ! હે સર્વ લોકનાથોના પણ નાથ ! મને નિજજન માની સ્વીકારો અને સેવકને જવાની આજ્ઞા આપો. (૧૬) હે અચ્યુત ! આપના દર્શનથી મુક્ત ન થવાય એવા બ્રહ્મદંડમાંથી મુક્ત થયો છું. હે અચ્યુત ! આપનું યશોગાન કરનાર સર્વ શ્રોતૃજનને અને પોતાને, પોતાની જાતને પવિત્ર કરે છે તો પછી ચરણકમલનો સ્પર્શ પામનાર પામર પાવન થાય એમાં શી નવાઈ. (૧૭) આ પ્રમાણે ભક્તજનોને સેવવા યોગ્ય પ્રભુની આજ્ઞા પામીને અને ભગવાનની પ્રદક્ષિણા કરીને, વળી વંદન કરીને સુદર્શન ગંધર્વ નિજલોકે સિધાવ્યા અને ભગવાન પિતા શ્રીનંદરાયજીને મોટી મુશ્કેલીમાંથી મુક્ત કર્યાં. (૧૮) આ અવસરે ભગવાનશ્રીકૃષ્ણના આત્મવૈભવને સાંભળીને વ્રજવાસીઓનાં મન વિસ્મયમાં ગરકાવ થઈ ગયા. પુનઃસમસ્ત પુણ્યકર્મને શ્રીકૃષ્ણ પ્રભુના ચરણકમલમાં સમર્પણ કરીને પુણ્યકર્મની સમાપ્તિ કરી ત્યારબાદ આદરપૂર્વક ભગવાનની કથાનું ગાન કરતા વનમાંથી પાછા પધાર્યા. (૧૯)

શબ્દબ્રહ્મ બલભદ્ર સાથે રમણ

રાજન્ ! કોઈ એકવાર શ્રીગોવિન્દ અને અદ્‌ભુત પરાક્રમશીલ શ્રીબલદાઉજી ગાયો અને વ્રજનારીઓના સમૂહની મધ્યમાં રાત્રીના અવસરે વનમાં વિહાર કરી રહ્યા હતાં. (૨૦) આ અવસરે બન્ને સુંદર સ્વરૂપોએ શૃંગારો સજ્યા હતા, અંગ ઉપર લેપ કર્યા હતા, પુષ્પની માલાજીઓ ધારણ કર્યાં હતા. તેમજ સ્વચ્છ વસ્ત્રોથી સુશોભિત બન્યા હતા અને સૌહાર્દ ભાવભીનાં વ્રજનારીઓ બન્ને કુમારોનું ગાન કરતાં હતાં. (૨૧) આ વખતે સાંયકાલનો સમય આવી રહ્યો હતો. ચન્દ્ર અને નક્ષત્ર તારાઓ ઉદય પામ્યા હતા, રાત્રીવિકાસી કુમુદનાં કમલોમાંથી આવતો સુવાસિત વાયુ વાતો હતો, વળી મલ્લિકાનાં કુસુમોની સુંગધથી અલિવૃન્દ-એટલે ભ્રમરો મદઘેલા બન્યા હતા. (૨૨) આવા અનુકૂળ વાતાવરણમાં સર્વ ભૂતોના મનનાં અને કર્ણના મંગલમય સ્વરસમૂહની મૂર્ચ્છના કરતા બન્ને કુમારો ગાવા લાગ્યા. (૨૩) ગોપીજનો આ મનોહર ગીત શ્રવણ કરીને મૂર્ચ્છિત બની ગયાં અને હે રાજન્ ! તેઓના અંગોથી સુકોમલ

રેશમી પામરીઓ પણ સરી પડી, વળી કેશકલાપમાં ગૂંથેલી કુસુમમાલિકા પણ સરી પડી તેની પણ ખબર ન પડી. (૨૪) જ્યારે આ રીતે બન્ને કુમારો ક્રીડા કરી રહ્યા હતા તેમજ મસ્ત બની મધુર મુરલીનાદ કરી રહ્યા હતા ત્યારે શ્રીકુબેરજીનો શંખચૂડ નામનો અનુચર ત્યાં આવી લાગ્યો. (૨૫) ભગવાન કૃષ્ણ અને બલભદ્રજીના જોતા જોતામાં જ, અને ભગવાન કૃષ્ણ-બલભદ્રજીના રક્ષણમાં રહેલાં તે ગોપવનિતાઓ આક્રંદ-રુદન કરતી રહી અને સ્ત્રીઓના વૃન્દને નિઃશંક બની શંખચૂડ કાળની માફક ઉત્તર દિશામાં લઈ ગયો. (૨૬) ચોરે પકડેલી ગાયો જેમ આક્રન્દ કરે, કલ્પાંત કરે એ પ્રકારે જ હે કૃષ્ણ ! હે રામ ! એવી બૂમો-ચીસો પાડતાં પોતાનાં આશ્રિત વ્રજનારીઓની પાછળ બન્ને કુમારો દોડ્યા. (૨૭) વળી બોલ્યા કે ના ડરો ! ના ડરો ! એમ અભયવચન આપવા લાગ્યા અને હાથમાં સાલવૃક્ષોને ઉપાડીને અતિશય વેગથી ઉતાવળે ચાલતા બન્ને ભાઈઓ અધમ યક્ષની સમીપે આવી પહોંચ્યા. (૨૮) શંખચૂડે પોતાના કાળ અને મૃત્યુ સમા બન્નેને આવેલા નિહાળ્યા અને અકળાઈ ઊઠ્યો અને આખરે મૂઢ શંખચૂડ વ્રજનારીઓને ત્યજીને જીવવાની ઈચ્છા માત્રથી જ તે દોડ્યો. (૨૯) પરંતુ શંખચૂડ દોડી દોડીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ગોવિન્દ ભગવાન તેના માથાના મણિને કાઢી લેવાની ઈચ્છાથી તેની પાછળ દોડ્યા. જ્યારે સ્ત્રીવૃન્દની રક્ષા માટે બલભદ્રજી ત્યાં જ બિરાજ્યા. (૩૦) ભગવાન શ્રીકૃષ્ણે તદ્દન સમીપે આવીને દુષ્ટ યક્ષ શંખચૂડના માથા ઉપર માત્ર એક જ મૂઠીનો પ્રહાર કરીને ચૂડામણિ સાથે માથું ધડથી ઉડાવી દીધું. અને મણિ લઈ લીધો. (૩૧) શ્રીકૃષ્ણ ભગવાને આ રીતે શંખચૂડને મારીને તેના માથા ઉપરથી તેજોમય મણિ લઈ લઈને સ્ત્રીઓ જોતાં હતાં જ અને જ્યેષ્ઠ ભ્રાતા બલભૈયાને પ્રીતિપૂર્વક મણિ આપ્યો. (૩૨)

शंखचूडं निहत्यैव मणिमादाय भास्वरम् । अग्रजायाददात् प्रीत्यापश्यन्तीनां च योषिताम् ॥ ३२ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમસ્કંધનિરોધલીલા તામસ પ્રકરણના ફલ પ્રકરણનો શંખચૂડ વધનું વર્ણન કરતો ૩૪ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩૫ મો

[આ અધ્યાયમાં ૨૬ શ્લોકો છે. પ્રથમ અને છેલ્લો શ્લોક અનુષ્ટુપ છે અને બાકીના ૨૪ શ્લોકો સ્વાગતા છંદના છે "યુગલગીત" આ અધ્યાયનું નામ છે. શ્રીમદ્ ભાગવતજીના દશમ સ્કંધના પૂર્વાર્ધમાં ચાર ગીતો છે. વેણુ ગીત,ગોપીગીત અને યુગલગીત અને ભ્રમર ગીત આ ચાર ગીત પૈકી આ ત્રીજું ગીત છે. બે ગીતો ઉત્તરાર્ધમાં છે આ રીતે કુલ પાંચ ગીત છે અથવા છ ગીત છે. આ ગીત ભગવાન ગાયો ચારવા પધારે છે ત્યારે ભગવાનના વિરહમાં ગવાય છે. ભગવાનની કૃપાંથી ગોપીજનો દૂરદર્શન અને દૂરશ્રવણ નામની બે સિદ્ધિઓને પામ્યાં છે તેથી ભગવાન શ્રીકૃષ્ણ શ્રવણ દ્વારા ગોપીજીના અન્તઃકરણમાં પ્રવેશ કરીને મુખથી વર્ણન કરતી વખતે બીજા ગોપીજીનાં કાનમાં આવે છે. ત્યારે તે ભગવાન હૃદયમાં સારી રીતે સ્થિર થાય છે. આ વસ્તુ શ્રોતા અને વક્તા બે, ના મળે ત્યાં સુધીના બંને માટે બે ગોપીજનોના જોડકામાં આ વર્ણવાયા છે તેથી આને યુગલગીત કહેવાય છે. અહીં શબ્દ અને અર્થ બન્ને મુખ્ય છે.]

श्रीशुक उवाच- गोप्यः कृष्णे वनं याते तमनुद्रुतचेतसः । कृष्णलीलाः प्रगायन्त्यो निन्युर्दुःखेन वासरान् ॥ १ ॥

શ્રીશુકાચાર્યજીએ કહયું કે રાજન્ ! ભગવાન કૃષ્ણ જ્યારે વનમાં પધારે છે ત્યારે ગોપનારીનાં ચિત્ત દ્રવીભૂત- એટલે રસપ્રવાહ રૂપ બનીને ભગવાનની પાછળ વનમાં પધારે છે. અને યોગમાં પ્રિયતમ શ્રીકૃષ્ણની લીલાનાં ગાન કરીને કષ્ટપૂર્વક દિવસોનું નિર્ગમન કરે છે એટલે તો દિવસો દુઃખમાં પસાર કરે છે અને રાત્રીઓ આનંદમાં પસાર કરે છે.

રાજસ સ્વભાવનાં દેવાંગનાઓમાં વેણુનાદના પ્રભાવનું પ્રથમ યુગલમાં વર્ણન આવે છે

वामबाहुकृतवामकपोलो वल्गितभ्रूधरार्पितवेणुम् । कोमलांगुलिभिराश्रितमार्गं गोप्य ईरयति यत्र मुकुन्दः ॥ १ ॥

व्योमयानवनताः सहसिद्धै-र्विस्मितास्तदुपधार्यसलज्जाः ॥ काममार्गणसमर्पितचित्ताः कश्मलं ययुरपस्मृतनीव्यः ॥ २ ॥

હે સખીઓ ! હે ગાપીજનો ! વામ ખભા ઉપર વામ કપોલને પધરાવીને ઉપરના ભાગ તરફ નજર રાખી નાચતી ભ્રૂકુટિવાળા ભગવાન શ્રીમુકુન્દ વેણુજીનાં છિદ્રો ઉપર કોમલ અંગુલીઓને નચાવતા, વેણુને અધર ઉપર પધરાવી જ્યારે નાદ કરી રહ્યા છે ત્યારે આકાશમાર્ગમાં સિદ્ધો સાથે વિમાનમાં બેસીને વિચરતી સિદ્ધાંગનાઓ લજ્જિત થઈને વિસ્મય

પામે છે એટલું જ નહીં પરંતુ કામબાણથી વીંધાયેલ ચિત્તવાળાં તે સિદ્ધ વનિતાઓની વસ્ત્રગ્રંથીઓ પણ શિથિલ થઈ છૂટી જાયછે અને સ્વયં મૂર્છિત થઈ જાય છે. (૨,૩)

ગાયો તો રાજસ પ્રકૃતિવાળી મનાય છે તેમને પણ વેણુનાદે વિભોર કરી દીધાં

हन्त चित्रमबला:शृणुतेदं हारहास उरसि स्थिरविद्युत् । नन्दसूनुरयमार्तजनानां नर्मदो यर्हि कूजितवेणुः ॥ ४ ॥

वृन्दशो व्रजवृषा मृगगावो वेणुद्यहृतचेतस आरात् । दन्तदष्टकवला धृतकर्णा निद्रिता लिखितचित्रमिवासन् ॥ ५ ॥

હે અબલાઓ ! જરા નજરે આશ્ચર્ય તો નીરખો ! અરે આશ્ચર્યની વાત પણ સાંભળો ! આ શ્રીનંદકુમારજીનું હાસ્ય જ ઉરદેશમાં શ્યામસુંદરના વક્ષઃસ્થલમાં હાર બની રહેલ છે અથવા તો ઉરમાં વસતો હાર હાસ્ય જેવો છે અને વક્ષઃસ્થલમાં બિરાજતા શ્રી લક્ષ્મીજી જાણે અવિચલ વિદ્યુત-વીજળી લાગે છે. શ્રી નન્દનન્દન આતુરજનોને આનંદનાં દાન કરવા જ જ્યારે વેણુનાં કૂજન કરે છે ત્યારે તો વ્રજના મદ છકેલા વૃષભો, મૃગો અને ગાયોના ચિત્ત વેણુના નાદથી હરાઈ જાય છે. વળી તેઓના દાંતોમાં ચવાતા કોળિયા પણતેમના તેમજ રહી જાય છે અને કાન માંડીને નાદનું શ્રવણ કરતાં નિદ્રા-સમાધિમાં આવી જાય છે. અરે ના' ના' આ સર્વ મૃગો, ગાયો વગેરે ચિત્રમાં જ જાણે ચિતરાઈ ગયાં હોયને શું એવાં અચેતન જ થઈ જાય છે. (૫,૬)

વેણુનાદે તો રાજસ સ્વભાવની સરિતાઓને પણ સમાધિમાં મૂકી દીધાં

बर्हिणस्तबकधातुपलाशैर्बद्धमल्लपरिबर्हविडम्बः । कर्हिचित् सबल आलि स गोपैर्गाः समाह्वयति यत्र मुकुन्दः ॥ ६ ॥

तर्हिभग्नगतयः सरितो वै तत्पदांबुजरजोनिलनीतम् । स्पृहयतीर्वयमिवाबहुपुण्याः प्रेमवेपितभुजाः स्तिमितापः ॥ ७ ॥

હે સખિરીઓ ! જૂઓ, જરા સાંભળો ! આ મોક્ષના પરમોદાર દાનેશ્વરી શ્રીમુકુન્દ પ્રભુ મયૂરના પિચ્છના ગુચ્છોથી, ગેરુ વગેરે ધાતુથી અને તરુવરોનાં કોમલ નૂતન પલ્લવના અકુંરોથી નટવેષનું નાટન કરતા બલભદ્ર ભૈયા સાથે જ્યારે હે ગંગે ! હે યમુને ! હે સરયૂ ! હે ચન્દ્રભાગે ! વગેરે સરિતાઓના નામ ધરાવતી ગાયોને ગોપ સખાઓ સાથે વેણુનાદમાં તેઓના નામ ગાઈ ગાઈને બોલાવતા ત્યારે પોતાના નામનું શ્રવણ કરતાં નાથ પ્રિયતમ અમને તેડી રહ્યા છે એમ સમજતી સરિતાઓના વહેણથી થંભી જાય છે, અને પ્રિયતમ શ્યામસુંદરજીની પવનદેવે આણી આપેલી પાદરજની સ્પૃહા સેવતી સરિતાઓના પ્રેમથી કમ્પિત થએલા તરંગરૂપી કરકમલો થી નાથને કમલોની ભેટ કરતી મન્દભાગ્યવાળી આપણી માફક કેવી પાદ સ્પર્શની કામના સેવી રહ્યા છે ! (૬,૭)

વળી વેણુનાદે તો હદ કરી હો! આ સાત્ત્વિક લતાઓ અને તરુવર પણ મધુધારા વરસાવે છે

अनुचरैः समनुवर्णितवीर्य आदिपूरुष इवाचलभूतिः । वनचरो गिरितटेषु चरन्तीर्वेणुनाह्वयति गाः स यदा हि ॥ ८ ॥

वनलतास्तरव आत्मनि विष्णुं व्यजयन्त्य इव पुष्पफलाढ्याः । प्रणतभारविटपामधुधाराः प्रेमहृष्टतनवः ससृजः स्म ॥ ९ ॥

અરે હે કિશોરીઓ ! તમે જોયું ! તમે સાંભળ્યું ! આ શ્રીવ્રજરાજકુમાર તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ જ છે હાં જુઓ સેવકો સતત જેમનું ગુણગાન કરી રહેલ છે, અને શ્રુતિઓ જેમનો યશ ગાતાં ધરાતા નથી અને અવિચલ ભગવતી લક્ષ્મીજી જેમને સેવી રહ્યાં છે એવા પૂર્ણપુરુષ સમા આપણા શ્રીવ્રજરાજતનય શ્રીગિરિરાજનની તળેટીઓમાં વૃન્દાવનની લતાઓ, અને તરુવરો સાચે જ પોતાનામાં પ્રભુ વિષ્ણુને જ પ્રકટાવતાં હોય ને શું તેમ પુષ્પો અને ફલોથી લચી જાય છે. વળી શાખાઓ ડાળીરૂપી કરકમલોથી નમી નમીને ભેટ ધરે છે રોમાંચ અનુભવે છે અને મધુધારાઓ વહાવેછે.(૮,૯)

સાત્ત્વિક પ્રકૃતિના ભ્રમરો અને હંસો આજે શ્રીકૃષ્ણ ભગવાનના પરમ શ્રેષ્ઠ સેવક બને છે

दर्शनीयतिलको वनमालादिव्यगन्धतुलसीमधुमत्तैः । अलिकुलैरलघुगीतमभीष्टमाद्रियन्यर्हिअलिकुलैरलघुकूजितवेणुः ॥ १० ॥

सरसि सारसहंसविहंगाश्चारुगीतहृतचेतसः एत्य । हरिमुपासत ते यतचित्ता हन्त मीलितदृशो धृतमौनाः ॥ ११ ॥

પ્રિય સખિઓ ! જોયું ! ના જોયું હોય તો જરા દૃષ્ટિ કરો :- આ શ્રીકૃષ્ણ દર્શનકરવા યોગ્ય પુરુષ માત્રમાં અતિસુંદર છે. દર્શનીયતિલક ભગવાન શ્રીકૃષ્ણ, પોતાના વક્ષઃસ્થલ ઉપર બિરાજતાં શ્રીવનમાલાજીનાં દિવ્ય સુંગધવાળા શ્રી તુલસીજીના

માધુર્યરસનાં પાન કરીને મદમત્ત બનેલાં ભ્રમરવૃન્દોથી ગવાતાં પોતાને પ્રિય એવાં તીવ્ર સ્વરવાળાં ગુંજનનો આદર-
બહુમાન કરીને શ્યામસુંદરે જ્યારે વેણુનાદ આરંભ્યો ત્યારે તો સરોવરોમાં વસતા સારસ પક્ષીઓ,-હંસો અને અન્ય
પક્ષીઓનાં પ્રિયતમ શ્યામસુંદરના ગીતથી ચિત્ત આકર્ષાઈ ગયાં અને સર્વ પક્ષીઓ સમીપમાં આવી લાગ્યાં,મૌન લઈ
લીધાં, નયન મીચી દીધાં અને ધ્યાન માર્ગથી શ્રી હરિની સેવા કરવા લાગ્યાં. (૧૦,૧૧)

સાત્ત્વિક વૃત્તિના વૈષ્ણવ શ્રેષ્ઠ શ્રીમેઘરાજ હવે મેઘશ્યામ શ્રીકૃષ્ણની સેવા કરે છે

सहबलः स्त्रगवतंसविलासः सानुषु क्षितिभृतो व्रजदेव्यः । हर्षयन् यर्हि वेणुरवेण जातहर्ष उपरम्भति विश्वम् ॥ १२ ॥

महदतिक्रमणशंकितचेता मन्दमन्दमनुगर्जति मेघः । सुहृदमभ्यवर्षत्सुमनोश्छायया च विदधत्प्रतपत्रम् ॥ १३ ॥

હે વ્રજદેવીઓ! દિવ્ય માલાજીનો શૃંગાર કાન ઉપર ધારણ કરી વિલસતા શ્રીવ્રજરાજ પોતાના ભૈયા શ્રીબલભદ્રજી સાથે પૃથ્વીનો ધારણ કરતા શ્રીગોવર્ધનજીગિરિનાં શિખરોમાં વિચરતાં હર્ષમાં આવીને વેણુરવથી અખિલ વિશ્વને હર્ષિત કરીને તે હર્ષથી ભરી દે છે ત્યારે તો, મહાન પુરુષની મર્યાદાને જાળવતા મેઘરાજ મંદ મંદ ગર્જના કરે છે એટલું જ નહીં પરંતુ પોતાના સુહૃદ શ્રીકૃષ્ણ ઉપર કોમલ કુસમાવલીથી ચારે તરફ વર્ષે છે. અને પોતાના પ્રિયતમને પોતાના કાયાની છાયાનું છત્ર કરી દે છે અને તાપ નિવારે છે. સાચું પૂછો તો મેઘરાજ આત્મનિવેદન કરી સર્વ સમર્પણ કરે છે. (૧૨,૧૩)

विविधगोपचरणेषु विदग्धो वेणुवाद्य उरुधा निजशिक्षाः । तव सुतः सति यदाधरबिम्बे दत्तवेणुरनयत्स्वरजातीः ॥ १४ ॥

सवनशस्तदुपधार्यसुरेशाः शक्रशर्वपरमेष्ठिपुरोगाः । कवय आनतकन्धरचिताः कश्मलं ययुरनिश्चिततत्त्वाः ॥ १५ ॥

હે સતી માડી ! હે યશોદા માતા ! આપના શ્રીવ્રજરાય કુમાર શ્રીકૃષ્ણ તો વિવિધ પ્રકરાનાં ગોપજનોના ચરિત્રોમાં નિપુણ છે-અતિશય કુશલ છે. તેઓશ્રી જ્યારે પોતાના અધરોષ્ઠ ઉપર શ્રીવેણુજીને પધરાવીને પોતાના સ્વતંત્ર રચેલી અને બ્રહ્માદિ દેવોથી પણ અજાણી તેમજ નાદ શાસ્ત્રમાં કે સંગીત શાસ્ત્રમાં પણ નહી વર્ણવેલી રાગરાગિણીઓના વિવિધ પ્રકારની સ્વર-જાતિઓને-રાગોને વેણુમાં ઉતારે છે, રાગોને છેડે છે ત્યારે ઈન્દ્રદેવ, શ્રીશર્વ ભગવાન એટલે કલ્યાણ મંદિર શિવજી અને બ્રહ્માજી વગેરે દેવાધિદેવો શ્રીશ્યામલાલે આ કયો રાગ છેડ્યો હશે ? એમ વારંવાર વિચારે છે આમ છતાં રાગની જાતિનો પત્તો ન લાગવાથી તેઓના મન-મસ્તક ઝૂકી જાયછે અને આપના લાલન ઉપર વારી જાય છે. વધુ શું કહીએ માડી ! (૧૪,૧૫)

निजपदाब्जदलैर्ध्वजवज्रनीरजांकुशविचित्रललामैः । व्रजभुवः शमयन् खुरतोदं वर्ष्मधर्यगतिरीडितवेणुः ॥ १६ ॥

व्रजति तेन वयं सविलासवीक्षणार्पितमनोभववेगाः । कुजगति गमिता न विदामः कश्मलेन कबरं वसनं वा ॥ १७ ॥

વળી શ્રીચરણમાં કમલ-વ્રજ,કમલ-અંકુશ વગેરેની આકૃતિવાળાં વિચિત્ર અને અનેક પ્રકારનાં ચિહ્નોને ધરાવતા પોતાના ચરણકમલનો કોમળ આંગળીઓના સુખકર સ્પર્શથી, ગોધન અને પશુઓના ચાલવાથી ગિરિરાજ મહારજના કોમલ શ્રીઅંગ ઉપર પશુઓની ખરીઓથી થયેલી વેદનાને શમાવતા અને પડેલા ખાડાઓને પૂરતા મોટી ખાંધવાળા વૃષભરાજના જેવા મન્થર અતિમંદ ગતિથી ચાલતા અને વેણુને બજાવતા જ્યારે વનમાંથી ઘર આગંણે પાછા પધારે છે ત્યારે શ્રીનંદકુમારની ગતિને અવલોકતાં તેઓના વેણુના પૂર ઉભરાય છે અને અમારી તરુવરોના જેવી સ્તબ્ધ સ્થિતિ થઈ જાય છે, મૂર્ચ્છા આવી જાય છે, વસ્ત્રો સરી જાય છે, વેણીઓ છૂટી જાય છે. અન્તે અમે ભાનવિહીન બની જઈએ છીએ. એ કામણગારા કાનની વેણુ ગાનની ગજબ મોહિની માટે વધુ શું કહીએ. (૧૬,૧૭)

હવે વર્ણવે છે વિશેષ સાધન વિનાની મૃગગૃહિણીઓની વિષમ ભૂમિ

मणिधरः क्वचिदागणयन् गा मालया दयितगन्धतुलस्याः । प्रणयिनोनुचरस्य कदांसे प्रक्षिपन्भुजमगायत यत्र ॥ १८ ॥

क्वणितबेणुरववञ्चितचित्ताः कृष्णमन्वसत कृष्णगृहिण्यः । गुणगणार्णमनुगत्य हरिण्यो गोपिका इव विमुक्तगृहाशाः ॥ १९ ॥

સખીરે ! આ શ્રીવ્રજકુમારના કંઠમાં બિરાજતી મણિઓની માલાઓની માલાને જાણો છો એ શેની બની છે ? એ બધા

મણિઓ ગાયોના આધિદૈવિક ગણોના પ્રતીક સ્વરૂપ છે. વળી એ ગોપસુંદરીઓના ગણના આધિદૈવિક પ્રતીક છે. આવી માલાજીને ધારણ કરનારા શ્રીમણિધરજી શ્રીનંદલાલ કરતા વ્રજકુમાર વળી કોઈકવાર અત્યંત પ્રિય એવાં શ્રીતુલસીજીની માલાજીને ધારણ કરતા સખાને ખભે હસ્ત પધરાવીને મણિમાલાથી કે તુલસીજીની માલાથી ગાયોને ગણતા અને પાછી વાળતા વેણુનાં ગાન કરે છે ત્યારે આ વેણુનો મધુર નાદ હરિણીઓના કાને પડતાં આ કૃષ્ણમૃગની પત્નીઓ-હરિણીઓ એમ માને છે કે કૃષ્ણ નામવાળા અમારા ગોપપતિઓ તો કદાચ એકાદ બે ગુણવાળા હશે ત્યારે આ શ્રીકૃષ્ણ તો ખરેખર ગુણસાગર છે એમ વિચાર આવતાં આપણી જ માફક ઘર-કુટુંબ પરિવારમાંથી મન પાછાં વાળી શ્રીરસરાજની પાછળ પાછળ ચાલવા મંડી પડે છે. (૧૮,૧૯)

ગુણાતીત દેવગન્ધર્વો પણ વેણુગીતથી સમાધિમગ્ન થયા

कुन्ददामकृतकौतुकवेषो गोपगोधनवृतो यमुनायाम् । नन्दसूनुरनधे तव वत्सो नर्मदः प्रणयिनां विजहार ॥ २० ॥

मन्दवायुरुपवात्यनुकूलं मानयन्मल्यजस्पर्शेन । वन्दिनस्तमुपदेवगणा ये वाद्यगतबलिभिः परिवव्रुः ॥ २१ ॥

હે યશોદા માડી ! હે નિર્દોષ જનની! આપના લાડકવાયા આ શ્રી નંદરાયકુમાર કુંદ- મોગરાની માલાઓના કૌતુક પ્રકટાવનારા વેષને ધારણ કરતા ગાયો અને ગોપોથી વીંટળાએલા અને પ્રાણીમાત્રને પરમ સુખ આપનારા શ્રીકૃષ્ણે શ્રીયમુનાજીમાં વિહાર કર્યો, ત્યારે હે જનની ! મલયપર્વતના ચંદનના તરુવરોના સ્પર્શથી સુવાસિત અને મંદગતિવાળો વાયુ શ્યામસુંદરનું સન્માન કરતો અનુકૂલ રીતે વાવા લાગ્યો, અને ગન્ધર્વો તથા ઉપદેવના ગણો પોતના વાદ્યો ગીત તેમજ વિવિધ ભેટો લઈને તેમની આજુબાજુ વીંટળાઈ વળ્યા. (૨૦,૨૧)

અનુગ્રહશીલ ભગવાન ગોધન લઈ નંદનિકેતને પધાર્યા

वत्सलो व्रजगवां यदगध्रो वन्द्यमानचरणः पथि वृद्धैः । कृत्स्नगोधनमुपोह्य दिनान्ते गीतवेणुरनुगेडिककीर्तिः ॥ २२ ॥

उत्सवं श्रमरुचापि दृशीनामुन्नयन् खुररजश्छुरितस्त्रक्‌ । दित्सयैति सुहृदाशिष एव देवकीजठरभूरुडुराजदः ॥ २३ ॥

જોયું સખી ! સંતાનો ઉપર તો સર્વ માબાપ વાત્સલ્ય રાખે જ્યારે આ શ્રીનંદકુમારતો સમ્પૂર્ણ વ્રજની ગાયો ઉપર સંતાન કરતાં વધુ વાત્સલ્ય રાખતા, શ્રીગોવર્ધન ગિરિવરને ધારણ કરનારા, શ્રીશ્યામલાલના શ્રીચરણકમોલમાં જ્ઞાન વૃદ્ધો માર્ગમાં વન્દન કરી રહ્યા છે, તેથી તો શ્રીનંદાલયે પધારતાં વિલંબ થયો અને સાંયકાલ થઈ ગયો પરંતુ જુઓ વેણુ બજાવી રહેલા અહીં આવી પહોચ્યાં. વળી સમ્પૂર્ણ ગાયોને વેણુગાનથી પાછાં વાળી વ્રજમાં લાવી રહ્યા છે. સાથે સખા ગોપકુમારો ગોવિંદના ગીત ગાઈ રહ્યા છે. નંદલાલજીએ ઉરમાં ધારણ કરેલી વનમાલા ગાયોની પદરજથી ભૂખરી બની ગઈ છે, એટલું જ નહિ પરંતુ શ્રીદેવકીકુમારના મુખકમલે શ્રમબિંદુ વિલસી રહ્યાં છે અને એની કાન્તિ આપણાં સર્વનાં નયનોને આનંદના દાન કરી રહી છે. સાચુ માનો તો જાણે સર્વને આનંદ દેવા આવતા ઉડુપતિ-નક્ષત્રનાથ ચન્દ્ર સમા, શ્રીવ્રજચન્દ્ર શ્રીવ્રજરાજકુમાર પધારી રહ્યા છે. (૨૨,૨૩)

નિરોધનાથ વ્રજનાથ સાયંકાલે વ્રજનિરોધ કરતા પરમાનંદના ઘન દેતા પધાર્યા હોં જુઓ ઝાંખી કરો!

मदविधूर्णितलोचन ईषन् मानदः स्वसुहृदां वनमाली । बदरपाण्डुवदनो मृदुगण्डं मण्डयन् कनककुण्डललक्ष्म्या ॥ २४ ॥

यदुपतिर्द्विरदराजविहारो यामिनीयतिरिवैष दिनान्ते । मुदितवक्त्र उपयाति दुरन्तं मोचयन् व्रजगवां दिनतापम् ॥ २५ ॥

સખીઓ ! જુઓ ! જુઓ ! મદઘેર્યાં લોચનવાળા શ્રીનંદકુમાર, પોતાના સુહૃદજનોને સહજમાન આપનાર વનમાલીજીને ધારણ કરતા, વળી પાકેલા અર્ધરતુમડા અને પીતવર્ણા બોરના ફલ જેવા વિરહ અને વન તાપથી પીળા, પડેલા અને કનકમઢ્યા પદ્મરાગ મણિની ગાલ ઉપર પડેલી અર્ધરક્ત કાન્તિવાળા મુખકમલને ધારણ કરતા ગજરાજપતિ સમી મંદ ચાલે ચાલતા શ્રીયદુપતિ, આવી પહોચ્યાં હોં ! જોયું ! જાણે સાંયકાલે નિશાપતિ ચન્દ્રની માફક આ શ્રીવ્રજપતિ અખિલ વ્રજના અને ગાયોના વિરહતાપ અને વનતાપ નિવારતા પ્રસન્નમુખારવિંદવાળા આવી પહોંચ્યા ખરું ને ! (૨૪,૨૫)

જીવન તો વ્રજનારીઓએ જીવી જાણ્યું, ઘર પરિવારને સંભાળતાં નિવૃત્તિનો સમય સત્સંગ સભામાં વીતાવ્યો

एवं व्रजस्त्रियो राजन् कृष्णलीलानुगायतीः । रेमिरेहःसुत्तच्चितास्तन्मनस्काः महोदयाः ॥ २६ ॥

હે રાજન્ ! આ રીતે પરમ ભાગ્યશાલિની માહાભાગ વ્રજનારીઓ શ્રીકૃષ્ણ ભગવાનની લીલાઓનું ગાન કરતાં દિનભર પ્રભુમાં મન અને ચિત્તનો નિરોધ કરી આનંદમગ્ન રહેતાં. (૨૬)

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ પૂર્વાધમાં તામસ પ્રકરણમાં ફલ પ્રકરણનો નિરોધલીલા નિરૂપણનો ૩૫ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩૬ મો

[દશમ સ્કંધના પૂર્વાધના ૩૬મા અધ્યાયથી આરંભી ૬૩મા અધ્યાય પર્યન્ત કુલ અઠ્ઠાવીશ અધ્યાયોમાં રાજસપણું દૂર કરીને ભગવાન શ્રીકૃષ્ણે તેથી આ સાત પ્રમાતાઓ છે નિરોધ-ભગવાનમાં પ્રેમ કરાવ્યો છે એવાં ચરિત્રો આવતાં હોવાથી આ ૨૮ અધ્યાયોનું ''રાજસલીલા પ્રકરણ'' એવું નામ આપવામાં આવ્યું છે. અઠ્ઠાવીસ અધ્યાયોમાં પણ પ્રમાણનાં ૭, પ્રમેયનાં ૭, સાધનનાં ૭, ફલનાં ૭ મળી ચાર પેટા પ્રકરણો આવેલા છે. આ ચાર પેટા પ્રકરણ પૈકીનું પ્રથમ સાત અધ્યાયનું ૩૬ મા અધ્યાયથી ૪૨મા અધ્યાય પર્યન્તનું પ્રકરણ શરૂ થાય છે. પ્રમાણ એટલે વસ્તુનું સાચું જ્ઞાન કરાવી આપે તેને પ્રમાણ કહે છે. ભગવાન શ્રીકૃષ્ણને સર્વસામાન્ય ગોપબાલકો તરીકે જાણે છે તે સાચું નથી. પરંતુ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એવું સાચું જ્ઞાન કરાવે છે તેને ''પ્રમાણ'' કહે છે એવા સાત પ્રમાણભૂત ભક્તો આ પ્રકરણમાં આવ્યા છે. ''શ્રી નારદજી-શ્રીઅક્રૂરજી-શ્રીનંદરાયજી-ક્ષત્તા નંદરાયના અન્તઃ પુરના મંત્રી,-ગોપીજનો શ્રીહરિ-અને કુબ્જા'' આ સાત જણે શ્રીકૃષ્ણ ભગવાન છે એ જણાવ્યું છે. હવે આ પ્રમાણે પ્રકરણનો જે પ્રથમ અધ્યાય શરૂ થાય છે તે અધ્યાયનું નામ ઐશ્વર્યલીલા છે. આ અધ્યાયમાં રાજાકંસ અરિષ્ટને અને કેશીને ગોકુલમાં મોકલે છે. અરિષ્ટનો અને કેશીનો વધ થશે અને શ્રીનારદજી કંસને કહેશે કે શ્રીકૃષ્ણ અને બલભદ્ર બંને વસુદેવજીના જ પુત્રો છે અને ભગવાન છે વગેરે પ્રસંગો આવશે.]

અરિષ્ટો-અનિષ્ટો ઈશ્વરની કૃપાથી દૂર થાય

श्रीशुक उवाच-अथ तर्ह्यागतो गोष्ठमरिष्टो वृषभासुरः । महीं महाककुत्कायः कम्पयन् खुरविक्षताम् ॥ १ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! પછી તે જ અવસરમાં પૃથ્વીને ખરીઓથી ખોદતો અને પૃથ્વીને ધમધમ કરી મૂકતો મોટૂ ખૂંધ-ખોંધ અને મોટી કાયાવાળો સાંઢનું રૂપ લઈને ''અરિષ્ટ'' નામનો અસુર એટલે ''વૃષભાસુર'' ગોકુલમાં ગાયોના નેસડા સમીપે આવી પહોચ્યો. (૧) ભયંકર રીતે બરાડતો, પગની ખરીઓથી પૃથ્વીને ખોદી નાખતો, પૂંછડું ઊંચું કરીને શીંગડાની અણીઓથી કોટની દિવાલને તોડી ફેંકી દેતો, રસ્તામાં થોડુંક થોડુંક છાણ છોડતો અને મૂત્ર છોડતો, ફાડેલી આંખે વ્રજના નેસડા ઉપર ચઢી આવ્યો. (૨) પ્રિય પરીક્ષિત ! એના ક્રૂર અને કઠોર બરાડવાને સાંભળતાં ભયભીત બની ગયેલી ગાયોના અને મનુષ્યની પત્નીઓના ગર્ભો અકાલે સરી પડવા લાગ્યા; અને ગર્ભપાત થવા લાગ્યા. એની એટલી બધી તો ઊંચી પર્વતના શિખરો જેવી ખૂંધ હતી જેના ઉપર પર્વતની ભ્રાંતિથી મેઘો બેસી જતા હતા. (૩,૪)

આપત્તિમાં શ્રીહરિની શરણાગતિ એક જ આશ્રય

રાજન્ ! આવાં તીક્ષ્ણ શીંગડાવાળાંને ઊંચી ડોકે જોઈને, ગોપીજનો ત્રાસી ઊઠ્યાં અને ભયભીત થઈ ગએલાં પશુઓ ગાકુલને છોડીને-ખીલાઓ ઉખાડીને નાઠાં અને હે કૃષ્ણ ! ''कृष्ण कृष्णेति ते सर्वे गोविन्दं शरणं ययुः'' હે કૃષ્ણ ! એમ પોકારતાં શ્રીગોવિંદ ભગવાનને શરણે ગયાં. ભગવાન શ્રીકૃષ્ણે પણ ભયવિકળ બની ગયેલા ગોકુલને જોઈને ''ના ગભરાઓ ! ના ડરો !'' એવું આશ્વાસન આપીને ભયંકર વૃષભાસુરને પડકાર્યો. (૫,૬) ભગવાન બોલ્યા કે હે અક્કલમન્દ ! અરે અતિશય દુષ્ટ !' ગોપાલોને કે ગાય વગેરે પશુઓને ત્રાસ આપવાથી શું વળવાનું છે ? તારા જેવા દુર્મતિવાળા દુષ્ટોના માથાના ચૂરા કરનાર હું ઊભો છું. એમ કહીને અચ્યુત ભગવાન બાહુ ઠોકીને અરે નમાલા આવી જા એમ પડકાર કરીને દુષ્ટ અરિષ્ટ દૈત્યને કોપાવતા સખાના ખભા ઉપર લાબાં હાથને પસારીને અડીખમ શ્રીહરિ ઊભા રહ્યા. (૭,૮) રાજન્ ! અચ્યુતનાં આક્ષેપ કરનારાં વાક્યોથી ક્રોધે ભરાયેલો ''અરિષ્ટ દૈત્ય'' પણ ખરીઓથી પૃથ્વીઓને ખોદતો ઊંચા ઉછાળેલા પૂંછડાથી મેઘોને ભમાવતો કોપ કરી કૃષ્ણ ઉપર ધસી આવી રહેલો આ અરિષ્ટ દૈત્ય અણિવાળાં શિગડાંવાળા માથાને લંબાવતો, લાલ અને સ્તબ્ધ-ફાડેલી આંખોવાળો અચ્યુતને આડી નજરે જોતો ઈન્દ્રના

ફેંકેલા વેગીલા વજ્રની માફક વેગથી કૃષ્ણ પાસે તરત જ ધસી આવ્યો. ભગવાન શ્રીકૃષ્ણે ધસી આવતા અરિષ્ટાસુરનાં બે શિંગડા પકડીને મદમત્ત ગજરાજ જેમ સામા ગજરાજને પાછો હઠાવે તેમ તેને અઢાર પગલાં પાછો હઠાવીને જમીન ઉપર પછાડ્યો. રાજન્ ! જમીન ઉપર પટકાએલો, આખા શરીરે પરસેવાથી રેબઝેબ બનેલો, ક્રોધથી ભાન ભૂલેલો, નિસાસા નાખતો છતાં પણ પાછો ઊઠીને સત્વરઅતિ ઉતાવળે પાછો સામે આવી પહોંચ્યો. (૯-૧૨) ભગવાન શ્રીકૃષ્ણે પોતાના ઉપર ધસી આવતા, તે અરિષ્ટનાં બે શીંગડાં પકડી લીધાં અને તેનાં જ શિગડાંથી તેના પ્રાણ લીધા તેં જમીન ઉપર પડેલો અરિષ્ટાસુર રુધિર ઓકતો, છાણ અને મૂત્ર કરતો, ચારે પગ પછાડતો, આંખોની કીકીઓ અવળી થઈ ગયેલો મૂર્ચ્છા પામેલો પળવારમાં હરિશરણ થયો. આ અવસરે પુષ્પવૃષ્ટિ કરતા દેવો શ્રીહરિની-ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. (૧૩,૧૪) બીજી બાજુ ભગવાન શ્રીકૃષ્ણ વૃષભાસુરને મુક્ત કરીને સખા અને જ્ઞાતિજનોથી ગુણ ગવાતા, ગોપીજનોનાં નયનોને ઉત્સવ દેનારા પ્યારા શ્યામ મનોહર શ્રીબલદાઉભૈયા સાથે ગોવ્રજમાં પધાર્યા. (૧૫)

દેવોનું કાર્ય કરતા દેવર્ષિ નારદજી

રાજન્ ! અદ્‌ભુત પરાક્રમવાળા ભગવાન શ્રીકૃષ્ણે અરિષ્ટાસુરનો નાશ કર્યા પછી અથ- એટલે જ્યારે શ્રીમથુરાજી પધારવાને વિચાર્યું ત્યારે દેવ જેવા દર્શનવાળા-ભગવાનનું દર્શન પામેલા ભગવાન શ્રીનારદજી કંસરાજા પાસે પધારીને કહેવા લાગ્યા. (૧૬) હે રાજન્ કંસ ! તમે જે કન્યાને મારી તે તો શ્રીયશોદાજીની પુત્રી હતી, અને તમારાથી ડરીને દેવકીજીના પુત્ર શ્રીકૃષ્ણને તેમજ બલભદ્રને રોહિણીજીના પુત્ર તરીકે શ્રીવસુદેવજીએ પોતાના સખા-મિત્ર શ્રીનંદરાયજીને ત્યાં મૂકેલા છે. રાજન આ વાત ખાત્રીપૂર્વક માનો કે એ બન્નેએ જ તમારા સર્વ મોકલેલા સેવકોનો વધ કર્યો છે. (૧૭,૧૮) નારદમુનિનાં વચનો સાંભળીને રાજા કંસની ઇન્દ્રિયો કોપથી ખળભળી ઊઠી, અને ભોજપતિ કંસે શ્રીવસુદેવને રેંસી નાખવા તાતીતલવાર હાથમાં પકડી. (૧૯) રાજન્ પરીક્ષિત ! સંભવ છે કે આ સમયે શ્રીવસુદેવજી સભામાંજ બિરાજ્યા હોય કે અન્યત્ર હોય. તેમનો વધ કરવા તત્પર થયેલા રાજા કંસને શ્રીનારદજીએ સમજાવી અટકાવી દીધો. શ્રીવસુદેવજીના બન્ને પુત્રને પોતાના મુત્યુ સ્વરૂપ માનીને લોહના પાશથી એટલે લોખંડની બેડીઓ અને સાંકળોથી શ્રીદેવકીજી સાથે વસુદેવજીને મજબૂત રીતે બાંધી લીધા. (૧૯,૨૦)

કંસની તૈયારીઓ

રાજન્ પરીક્ષિત ! જ્યારે દેવર્ષિ શ્રીનારદજી સભામાંથી પધારી ગયા ત્યારે રાજા કંસે અશ્વરૂપ કેશીનામના દાનવને બોલાવ્યો અને કહ્યું કે હે કેશી તું "જો બલરામ અને માધવ-કૃષ્ણને લઈ આવ અથવા મારી નાખ" એમ કહીને તેને ગોકુલ મોકલ્યો. (૨૧) રાજન્ ! આ બાજુ કેશીને મોકલ્યા પછી મંત્રણા કરવા માટે રાજભવનમાં મુષ્ટિક-ચાણૂર-શલ-તોશલ વગેરે મલ્લોને, મુખ્ય અમાત્યોને અને મહાવતોને, વાહન મોકલી બહુ માન આપીને ત્વરિત તેડાવ્યા અને ભોજારાજા કંસે તેમને આ પ્રમાણે કહ્યું કે, (૨૨) હે વીર ચાણૂર ! હે વીર મુષ્ટિક ! મારી વાત ઉપર ધ્યાન્ન આપો-વાતને સાંભળો. નંદના વ્રજમાં આનકદુંદુભિ વસુદેવના બે પુત્રો ખાત્રીપૂર્વક રહેલા છે. (૨૩) આ રામ બલભદ્ર અને કૃષ્ણના હાથે મારું મૃત્યુ છે એ ખાત્રીપૂર્વક આકાશવાણીએ જણાવેલું છે, માટે અહીં સારી રીતે તેમને લાવવામાં આવશે ત્યારે તમે મલ્લલીલાથી તેમને હણો. (૨૪) રંગભૂમિમાં અખાડાની ચારે બાજુ પ્રક્ષકોને બેસવા માટે મનોહર મંચો ઊભા કરો. જ્યાં બેઠેલા નાગરિકો અને ગામગામના જનો પોતાની સ્વેચ્છાથી કરવામાં આવેલી કુસ્તીની સર્વ જુએ. (૨૫) હે શ્રેષ્ઠ મહાવત ! હે ભદ્રપુરુષ ભાઈ ! તમે રંગમંડપના દ્વાર આગળ કુવલયાપીડ હાથીને લાવીને સહજ ભાવે મારા બે શત્રુઓનો કાંટો કાઢી નાખજો. (૨૬) ચતુર્દશી શિવજીની તિથિ છે. આ તિથિએ વિધિપુરઃસરનો ધનુર્યાગ આરંભો અને સર્વકામનાપૂરક ભૂતનાથ ભગવાનને પવિત્ર પશુઓની ભેટ ધરો. (૨૭)

સ્વાર્થ શું ન કરે? સ્વાર્થ કોને મન ન આપે

કાર્યકુશલ કંસરાજાએ આ રીતની મલ્લ-મહાવતો-મહામાત્યોને સૂચના આપીને યદુવંશશિરોમણિ શ્રીઅક્રૂરજીને એકાન્તમાં બોલાવી, અક્રૂરજીનો હાથ હાથમાં પકડી રાજા કંસ કહેવા લાગ્યા. (૨૮) હે દાનેશ્વરી ! હે દાનપતે ! હું આપનું

બહુમાન કરું છું. આપ મારા મિત્ર છો. આપ મારું મિત્રકાર્ય કરો. આ ભોજવૃષ્ણિઓમાં આપનાથી અધિક મારો કોઈ શ્રેષ્ઠ હિતકારી સ્વજન નથી. (૨૯) હે સજ્જનશિરોમણિ ! જેમ સમર્થ ઈન્દ્રરાજાએ ભગવાન શ્રીવિષ્ણુનો આશ્રય લઈને પોતાનુ કાર્ય-સ્વાર્થ સાધ્યો તે પ્રકારે કાર્યના ગૌરવના સાધન તરીકે મેં આપનો આશ્રય કર્યો. એટલે હું મારો સ્વાર્થ-મારું કાર્ય પાર પાડીશ. (૩૦) માટે આપ શ્રીનંદરાયના વ્રજમાં જાઓ. ત્યાં આનકદુંદુભિ વસુદેવજીના બે પુત્રો છે, તે બન્ને રામ-કૃષ્ણને આ મારા રથમાં ખૂબ સારી રીતે બેસાડી અહીં લઈ આવો. વિલંબ ના કરશો. (૩૧) તમે જાણો છો કે વૈકુંઠપતિ વિષ્ણુભગવાનના આશ્રયવાળા દેવોએ ખાત્રીપૂર્વક મારું મૃત્યુ આ બન્નેને હાથે સૂચવેલું છે-સરજેલ છે માટે નંદરાય વગેરે ગોપને તે બે બાળકો સાથે અહીં લઈ આવો. (૩૨) અક્રૂરજી ! જ્યારે તમે આ બન્નેને અહીં લાવશો ત્યારે કાલ જેવા કુવલયાપીડ હાથીથી તેમને હણાવીશ. આમ છતાં બચી ગયા તો વીજળી જેવા મલ્લોથી તે બન્ને મરાવીશ. (૩૩) આ બન્નને મરતાં મરેલા જેવાં વસુદેવ જેમાં મુખ્ય છે તેવા સંતાપ પામેલા તેમના બંધુઓ વૃષ્ણિભોજ શાર્હકુલના યાદવોનો નાશ કરી નાખીશ. (૩૪) તેમજ વૃદ્ધ એવા બાપઉગ્રસેન પણ રાજ્યકામુક-રાજા થવાની લાલસાવાળા છે તેમનો, તેમના ભાઈ દેવકનો, અને અન્ય મારા શુત્રઓ છે, તે સર્વનો સંહાર કરીશ. (૩૫) ત્યાર બાદ પૃથ્વી નિષ્કંટક બની જશે. વળી રાજા જરાસંધ મારા ગુરુ-સસરા-સલાહકાર છે, વળી દ્વિવિદ મારો પ્રિય મિત્ર છે. (૩૬) જ્યારે શંબાસુર-નરકાસુર-બાણાસુર મારામાં જ સૌહાર્દ ભાવ રાખનારા છે તેઓની સહાયથી સુર-દેવ પક્ષકારી દુશ્મનોનો નાશ કરીને સારી પૃથ્વીને હું ભોગવીશ. (૩૭) માટે આ વાત જાણીને બલભદ્ર અને કૃષ્ણને બન્ને બાલકોને ધનુર્યાગ જોવા તેમજ યાદવોની નગરી મથુરાજીની શોભા નીરખવા વેગે વહેલા અહીં લઈ આવો. (૩૮)

અક્રૂરજીની અવ્યકત વાણી

अक्रूर उवाच- राजन् मनीषितं सध्र्यक्तव स्वाडवद्यमार्जनम् । सिद्ध्यसिद्ध्योः समं कुर्यात् दैवं हि फलसाधनम् ॥ ३९ ॥

मनोरथान् करोत्युच्चैर्जनो दैवहतानपि । युज्यते हर्षशोकाभ्यां तथाप्याज्ञां कोरमि ते ॥ ४० ॥

श्रीशुक उवाच- एवमादिश्य चाक्रूरं मंत्रिणश्च विसृज्य सः । प्रविवेश गृहं कंसस्तथाक्रूरः स्वभालयम् ॥ ४१ ॥

અક્રૂરજીએ કંસની વાત સાંભળી લીધી અને બોલ્યા કે લોકોમાં તમારો દોષ ના દેખાય. એવું યોજેલું આ કાર્ય વિચારપૂર્વકનું છે, સારું છે, કાર્ય સિદ્ધ ન થાય કે થાય તે વાત જુદી છે, તેમાં તો મનુષ્યે સમદૃષ્ટિ રાખી કાર્ય કરવું જોઈએ. કારણ કે આખરે તો દૈવ જ ફલ અપાવનાર છે. (૩૯) જન તો દૈવે તોડી પાડેલા છતાં મોટા મનોરથો મનસૂબા કરે છે. અને હર્ષ તથા શોકને પામે છે તો પણ રાજન્ આપની આજ્ઞાનો અંગીકાર કરું છું. (૪૦) શ્રીશુકાચાર્યજી બોલ્યા કે રાજન્ પરીક્ષિત ! શ્રી અક્રૂરજીને આ પ્રમાણે આજ્ઞા કરીને મંત્રીઓને વિદાય કરીને, રાજા કંસે રાજભવનમાં પ્રવેશ કર્યો તેમજ શ્રીઅૂરજી પોતાને ઘરે સીધાવ્યા. (૪૧)

શ્રીમદ્ ભાગવતપીયૂષનો દશમ સ્કંધ નિરોધલીલા રાજપ્રકરણમાં ૩૬ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩૭

[રાજસ લીલા પ્રમાણ પ્રકરણમાં વીર્યનિરૂપણ કરતા આ ૩૭ મા અધ્યામાં ૩૪ શ્લોકો છે. તેમાં પ્રથમ નવ શ્લોકોમાં કેશીનો વધ, સોળ શ્લોકોમાં શ્રીનારદજીનું પધારવું અને નવ શ્લોકોમાં વ્યોમાસુરવધ આ ત્રણેય કથાઓ આ અધ્યામાં આવે છે]

श्रीशुक उवाच- केशी तु कंसप्रहितः खुरैर्मही-महाहयो निर्जरयन् मनोजवः ।
सटावधूताभ्रविमानसंकुलं । कुर्वन्नमो हेषितभीषिताखिलः ॥ १ ॥

શ્રીશુકાચાર્યે કહ્યું કે રાજન્ પરીક્ષિત ! રાજા કંસે મોકલેલ, મન જેવા વેગીલો, હણહણાટથી સર્વને ભયભીત કરતો વિશાળ નેત્ર-આંખવાળો, ભયંકર મુખરૂપી કંદરા-કોતરવાળો, લાંબી ડોકવળો, ઘનઘોર કાળાં વાદળાં જેવો કાળો, વળી દુર્બુદ્ધિવાળો, ઘણો મોટો અશ્વરૂપધારી કેશી નામનો દૈત્ય, ખરીઓથી પૃથ્વીને ખોદતો, કેશવાળીથી વાદળાં ઉડાડી દેતો-તોડી નાખતો અને વિમાનોને તોડી નાખીને આકાશને ભરી દેતો, કંસનો હિતચિંતક શ્રીનંદરાયજીના વ્રજમાં આવી પહોચ્યોં. (૧,૨) રાજન્ ! જગજાણીતો અને હણહણાટથી પોતાના પ્યારા ગોકુલને ત્રાસ આપતા, પૂંછડાથી વાદળોને

ભમાવી નાખતા, અને રણસંગ્રામમાં પોતાને એટલે શ્રીકૃષ્ણને શોધી રહેલા તે કેશીદૈત્યને ! અરે આવી જા આ રહ્યો.'' હું એમ પડકાર કરતા ભગવાન શ્રીકૃષ્ણે સિંહસમાન ગર્જના કરી. (૩) રાજન્ પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણના પડકાર અને ગર્જના સાંભળી ક્રોધે ભરાએલો કેશી દાનવ જાણે મુખથી આકાશને પી જતો ન હોયને શું તેમ સામે દોડી આવ્યો. અને દુર્બુદ્ધિવાળા, ભંયકર વેગીલા અએ એના પંજામાંથી છટકી ન શકાય તેવા તે કેશી દાનવે કમલનયન શ્રીકૃષ્ણના કૃપામય શ્રીમુખનાં દર્શનથી લજાઈ ગએલાએ પાછા વળી જઈ પાછલે પગે ફરી આવીને પાછલા બે પગ વડે શ્રીહરિને પાટુ લગાવવા આવ્યો. (૪) પરંતુ અધોક્ષજ ભગવાન શ્રીકૃષ્ણે તેના પાટુને ચુકાવી દઈ અત્યંત રોષથી બન્ને હાથે તેના બન્ને પગ પકડી લઈ ગોળ ગોળ ઘૂમરીએ ચઢાવી શ્રીગરુડજી જેમ સર્પને ફેંકી દે તેમ તેને-કેશીને જરાય. ન ગણકારતા-તિરસ્કારપૂર્વક સંકડો ધનુષ્ય દૂર ફેંકી દીધો. અને પોતે તો ત્યાં જ ઊભા રહ્યા. (૫) મૂર્ચ્છિત થએલો કેશી પાછો ભાનમાં આવ્યો, ઊભો થયો, અને કોપથી મુખ ફાડી વેગથી શ્રીહરિના ઉપર ધસી આવ્યો. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે પણ તેના ફાડેલા મુખમાં દરમાં જેમ સર્પ પ્રવેશે તેમ હસતાં હસતાં ડાબા હાથને નાખી દીધો. (૬) કેશી દૈત્ય મુખમાં પ્રવેશેલા હાથને ચાવી જવા સ્પર્શ કર્યો કે જેમ તપેલા લોખંડનો સ્પર્શ થતાં જ દાંતો પડી જાય તેમ તે કેશીના દાંત તરત જ પડી ગયા. અને જેમ બેદરકારીને લીધે રોગ વધી જાય તેમ તેના દેહમાં ગયેલો મહાત્મા-ભગવાન શ્રીકૃષ્ણનો બાહુ ઘણો જ વધી ગયો. (૭) ભગવાન શ્રીકૃષ્ણના ખૂબ સારી રીતે તેના પેટમાં વધી ગયેલા બાહુને કારણે વાયુ રોકાઈ જતાં પગ પછાડવા લાગ્યો, શરીરે પરસેવો છૂટવા લાગ્યો. એની આંખના ડોળા અવળા થઈ ગયા, લાદ છોડવા લાગ્યો અને પ્રાણરહિત બની પૃથ્વી ઉપર પટકાઈ પડ્યો. (૮) પાકા ચીભડા જેવા તે મરણ પામેલા કેશી દૈત્યના દેહમાંથી હાથ કાઢી લઈ ઉભેલા મહાભુજ, ગર્વ વિનાના, અને અનાયાસે શત્રુનો નાશ કરનારા ભગવાન શ્રીકૃષ્ણના ઉપર પુષ્પવૃષ્ટિ કરનારાઓ દેવોએ પુષ્પવૃષ્ટિ કરી સ્તુતિ કરી. (૯)

ભગવત્કૃપાથી શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન અને ૧૫ શ્લોકોથી શ્રીકૃષ્ણનાં ગુણગાન

રાજન્ પરીક્ષિત ! કલેશ વિના કર્મ કરનાર શ્રીકૃષ્ણ ભગવાનની સમીપે આવીને પરમ ભગવદીય શ્રીદેવાર્ષિ નારદજી એકાન્તમાં સ્તુતિ કરવા લાગ્યા. (૧૦)

નાથનાં નવ સંબોધન

कृष्ण कृष्णाप्रमेयात्मन् ! योगीश जगदीश्वर ! वासुदेवाखिलावास ! सात्वतां प्रवर प्रभो ! ॥ १२ ॥

હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! આપનું સ્વરૂપ સમજી ન શકાય એવું છે નાથ ! આપ તો યોગીઓના ઈશ્વર છો, જગદીશ્વર છો હે વાસુદેવ ! આપ તો સર્વમાં વસવાટ કરો છો, હે પ્રભો ! આપ તો સાત્વત-વૈષ્ણવોના શ્રેષ્ઠ સ્વામી છો. (૧૧) વળી નાથ ! કાષ્ઠમાં રહેલા અગ્નિની માફક આપ સર્વ પ્રાણીઓના એક આત્મા છો ગૂઢ છો, હૃદયમાં બિરાજો છો, સાક્ષી છો, મહાપુરુષ છો, ઈશ્વર છો. (૧૨) આપ તો સ્વાશ્રયી છો એટલે પોતાના જ આશ્રયવાળા છો. આપે પ્રથમ પોતાની માયા શક્તિથી ગુણોને ઉત્પન્ન કર્યા. સત્યસંકલ્પવાળા આપ પરમેશ્વર જાતે જ જગતને રચો છો, તેનું ભક્ષણ-લય પણ કરો છો તેમ જ હે નાથ ! ભૂતલ ઉપર ભૂધર એટલે પૃથ્વી ઉપર ભાર બની બેઠેલા યક્ષો-પ્રમથો-અને રાક્ષસોના વિનાશ માટે અને સાધુઓના સંરક્ષણ માટે અવતરેલા છો. (૧૩,૧૪) નાથ ! અશ્વની આકૃતિવાળા આ દૈત્યને આપે અનાયાસે માર્યો એ અમારું મોટું સૌભાગ્ય છે. (૧૫) હે નાથ ! આજથી ત્રીજે દિવસે ચાણૂર અને મુષ્ટિક નામના મલ્લોને તેમજ બીજા મલ્લોને, કુવલયાપીડ હાથીને, અને કંસ રાજાને આપને હસ્તે મરણ પામેલા જોઈશ. (૧૬) ત્યાર પછી શંખાસુર-કાલયવન-મુર દાનવ-અને નરકાસુરને પણ આપનાથી મરેલા જોઈશ. તેમજ પારિજાત વૃક્ષનું સ્વર્ગમાંથી લાવવું અને ઈન્દ્ર રાજાનો પરાજય પણ જોવા મળશે. (૧૭) હે જગતપતિ ! વીર્યશુલ્ક એટલે પરાક્રમ બતાવીને વિજયી બનીને કન્યાને સંતોષીને વરવાના સ્વયંવરને ''વીર્યશુલ્ક'' સ્વયંવર કહેવાય છે. આ સ્વયંવર પ્રકારથી વીરોની કન્યાઓ સાથે આપનો વિવાહ તેમજ નૃગ રાજાનો પાપમાંથી આપે કરેલ મોક્ષ પણ જોઈશ. (૧૮) આ ઉપરાંત શ્રીજાંબવતી પત્નીની સાથે સ્યમંતક મણિ લાવવો, અને પોતાના ધામમાંથી બ્રાહ્મણના-ગુરુદેવના પુત્રને લાવવાનાં પરાક્રમો પણ જોઈશ. (૧૯) આ ઉપરાંત પૌંડ્રકવધ, કાશીપુરદાહ, દંતવકત્રવધ અને રાજસૂય મહાયજ્ઞમાં શિશુપાલના વધને પણ જોઈશ.

(૨૦) આ ઉપરાંત ભૂતલ ઉપર કવિઓને ગાન કરવા માટે અન્ય પરાક્રમો દ્વારકામાં બિરાજીને આપ કરશો તે પણ જોઈશ. (૨૧) આ સાથે ભૂતલ ઉપરના ભારનો નાશ કરવાની ઈચ્છાથી, અર્જુનના સારથિ બનેલા કાલરૂપ આપનાથી મહાભારતના યુદ્ધમાં અઢાર અક્ષૌહિણી સેનાઓનો નાશ થએલ હું જોઈશ. (૨૨)

તેર શ્લોકોથી કર્મદ્વારા હરિલીલાનું ગાન કરી બે શ્લોકોમાં જ્ઞાન-ભક્તિદ્વારા શ્રીહરિયશનું ગાન કરતા નારદજી

હે નાથ ! આપ વિશુદ્ધ-પૂર્ણ-વિજ્ઞાનસ્વરૂપ છો, આપ આપના સ્વરૂપની સ્થિતિથી પરિપૂર્ણ થએલ સર્વ પુરુષાર્થ વાળા છો. નાથ ! આપનું વાંછિત નિત્ય સફળ છે નાથ ! આપના દિવ્ય તેજથી માયાના ગુણોનો પ્રવાહ સદા દૂર રહેલ છે, હે નાથ ! પરિપૂર્ણ ભગવાનને અમે શરણે આવીએ છીએ. હે શ્રીકૃષ્ણ ! આપ પોતના જ આશ્રયવાળા છો, આપે આપની માયાશક્તિથી સર્વ પ્રકાર નાના મોટા ભેદોની જાતો બનાવેલી છે, નાથ વર્તમાનમાં આપે ક્રીડા કરવા માટે મનુષ્ય દેહ ધારણ કરેલ છે, આપ યદુવંશ-વૃષ્ણિવંશ-સાત્વત વંશનો એટલે ભક્તજનોનો ઉદ્ધાર કરનારા છો. આપ પરમેશ્વરના શ્રીચરણોમાં મારા પ્રણામ છે. (૨૪) શ્રીશુકાચાર્યજી મહારાજે કહ્યું કે રાજન્ પરીક્ષિત ! શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શનના મહોત્સવને-પરમાનંદને પ્રાપ્તકરીને, ભક્તપ્રવર, શ્રીનારદમુનિમહારાજે, યદુકુલશિરોમણિ ભગવાન શ્રીકૃષ્ણને દંડવત પ્રણામ કર્યા પુનઃ ભગવાનની આજ્ઞા મેળવીને વિદાય થયા. (૨૫) ભગવાન શ્રીકૃષ્ણ ગોવિંદે પણ કેશી દાનવનો વધ કર્યો અને અત્યંત પ્રસન્ન થએલા ગોપકુમારો ગાયોને ચરાવવા લાગ્યા. આ પ્રમાણે વ્રજરાજકુમાર શ્રીકૃષ્ણ વ્રજને સુખ આપતા હતા. (૨૬)

નવ શ્લોકમાં સંતાકૂકડીની રમત અને વ્યોમાસુર વધ

રાજન્! એક દિવસ સર્વ ગોપબાલો પવર્તના શિખરો ઉપર પશુઓને ચરાવતા ચરાવતા ચોર અને રંક્ષકના નામથી સંતાકૂકડીની રમત રમતા હતા. (૨૭) રાજન્ ! આ રમતા ગોપકુમારોમાં કેટલાક ચોર થયા અને કેટલાક રક્ષક થયા અને કેટલાક ઘેંટા થઈ નિર્ભય બની રમવા લાગ્યા. (૨૮) આ રમત ચાલતી હતી ત્યારે માયામાં નિપુણ માયાસુર દાનવનો પુત્ર વ્યોમાસુર ગોપાલનો વેષ ધારણ કરી ચોર બની ઘેટાં બનેલા ઘણા ગોપબાલકોને લઈ ગયો. (૨૯) જે ગોપબાલકોને લઈ જતો હતો તે તેં ગોપબાલકોને પર્વતની ગુફામાં નાખીને તે ભયંકર અસુરે ગુફાનું દ્વાર પથ્થરથી બંધ કરી દીધું આમ કરતાં માત્ર ચારપાંચ જ બાળકો બાકી રહ્યા. (૩૦) વ્યોમાસુરના આ કર્મને જાણીને શરણ આપનાર ભગવાન શ્રીકૃષ્ણે સિંહ જેમ વરુને પકડે તે રીતે ગોપબાળકોને લઈ જનાર વ્યોમાસુરને બલથી પકડી લીધો. (૩૧) ભગવાનની પકડમાં આવતાં અત્યંત દુઃખી થયેલા વ્યોમ દાનવે પર્વત સમાન મોટું સ્વરૂપ ધારણ કરીને પાતાને છોડાવાને ચાહતો હતો પરંતુ ગોપ બનેલા તે બલવાન વ્યોમાસુર તેમ કરી શક્યો નહી. (૩૨) ભગવાન અચ્યુતે તેને બે હાથથી પકડી લીધો અને ભૂતલ ઉપર પછાડીને સ્વર્ગમાં દેવો જોઈ રહ્યા હતા ત્યારે પશુને મારે તેમ માર મારી મારી નાખ્યો. (૩૩)

गुहापिधानं निर्भिद्य गोपान्निःसार्य कृच्छ्रतः । स्तूयमानः सुरैर्गोपैः प्रविवेश स्वगोकुलम् ॥ ३४ ॥ ऽ

ગુફાનું દ્વાર-ઢાંકણ તોડી નાખીને ગોપબાળકોને સંકટમાંથી બહાર કાઢીને દેવો અને ગોપ મિત્રોથી ગુણ ગવાતા ગોવિંદે પોતાના ગોકુલમાં પ્રવેશ કર્યો. (૩૪)

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ પૂર્વાધમાં નિરોધલીલા રાજસ પ્રકરણમાં વીર્ય ધર્મનું વર્ણન કરતો ૩૭ મો અધ્યાય સમાપ્ત

---

(૧) અક્ષૌહિણી સેનાની ગણતરીનું પ્રમાણ

૧ પત્તિ = ૧હાથી - ૧ રથ - ૩ અશ્વો - ૫ સૈનિકો
૩ ગુલ્મ = ૯ હાથી - ૯ રથ - ૨૭ અશ્વો - ૪૫ સૈનિકો
૫ વાહિની = ૮૧ હાથી - ૮૧ રથ - ૨૪૩ અશ્વો - ૪૦૫ સૈનિકો
૭ ચમૂ = ૭૨૯ હાથી - ૭૨૯ રથ -૨૧૮૭ અશ્વો -૩૬૪૫ સૈનિકો
૨ સેનામુખ = ૩ હાથી - ૩ રથ - ૩ અશ્વો - ૧૫ સૈનિકો
૪ ગણ = ૨૭ હાથી - ૨૭ રથ - ૮૧ અશ્વો - ૧૩૫ સૈનિકો
૬ પૂતના =૨૪૩ હાથી - ૨૪૩ રથ - ૭૨૯ અશ્વો -૧૨૧૫ સૈનિકો
૮ અનીકિની=૨૧૮૭ હાથી -૨૧૮૭ રથ -૬૫૬૧ અશ્વો -૧૦૯૩૫ સૈનિકો

૯ અક્ષૌહિણી = ૨૧૮૭૦ હાથી -૨૧૮૭૦ રથ - ૬૫૬૧૦ અશ્વો - ૧૦૯૩૫૦ સૈનિકો

અધ્યાય ૩૮ મો

[આ ૩૮ મા અધ્યાયમા ભગવાનના યશઃ નામના ઐશ્વર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રમાણ પ્રકરણનો આ ૩ જો અધ્યાય છે આ અધ્યાયમાં ૪૩ શ્લોકો છે. આ અધ્યાય અત્યંત મનન કરવા યોગ્ય છે. કોઈપણ યાત્રા કરવા જનારા યાત્રિકે નિયમિત આ અધ્યાયનું મનન કરીને જ જવું જોઈએ. આ અધ્યાયનો નિત્ય પાઠ કરવાથી ભગવાનમાં ભાવ પુષ્ટ થશે.]

મહામતિ અક્રૂરજી

श्रीशुक उवाच- अक्रूरोपि च तां रात्रिं मधुपुर्यां महामतिः । उषित्वा रथमास्थाय प्रययौ.नन्दगोकुलम ॥ १ ॥
गच्छन् पथि महाभागो भगवत्यम्बुजेक्षणे । भक्तिं परामुपगत एवमेतदचिन्तयत् ॥ २ ॥
किं मयाऽऽचरितं भद्रं किं तप्तं परमं तपः । किंवा चाप्यर्हतेदतं यद् क्ष्याम्यद्यकेशवम् ॥ ३ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત! શ્રેષ્ઠ બુદ્ધિવાળા શ્રીઅક્રૂરજીએ તે રાત્રીએ ગોરજ મુહૂર્તમાં પોતાના ભુવનમાંથી પ્રસ્થાન કરી મથુરાજીના બગીચામાં નિવાસ કરી પ્રાતઃકાલે બ્રાહ્મમુહૂર્તમાં રથમાં બિરાજી શ્રીનંદરાયજીના શ્રી ગોકુલમાં જવા પ્રસ્થાન કર્યું. (૧) મહાભાગ-પરમશ્રેષ્ઠ ભક્તરાજ શ્રીઅક્રૂરજી જ્યારે માર્ગમાં પ્રયાણ કરી રહ્યા હતા ત્યારે કમલનયન ભગવાન શ્રીકૃષ્ણમાં પરાભક્તિ પ્રાપ્ત થતાં આ પ્રકારે મનમાં વિચારવા લાગ્યા. (૨)

પુણ્યાચાર-તપ-દાન આ ત્રણથી હરિદર્શન થાય પરંતુ વિષયાસકતને તો હરિદર્શન ન થાય

શ્રીઅક્રૂરજી મનમાં વિચાર કરતા બોલ્યા કે મેં એવું શું કલ્યાણકારી આચરણ કર્યું હશે, અરે મેં એવું ક્યું દિવ્ય તપ કર્યું હશે. અથવા તો એવું શું સુપાત્રને શ્રેષ્ઠ દાન કર્યું હશે કે મને શ્રીકેશવ ભગવાનનાં દર્શન થશે ! શુદ્રથી જન્મ પામેલાને વેદનો ઉચ્ચાર જેમ સર્વથા દુર્લભ છે તેવી જ રીતે વિષયમાં રચ્યા પચ્યા મારા જેવા વિષયી જીવને ઉત્તમ શ્લોક ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન સદા દુર્લભ છે, એવું હું ધારું છું. (૩,૪)

ના,ના, એવું નથી અચ્યુતની કૃપા હોય તો જ અચ્યુતનાં દર્શન થાય

मैवमेवाधमस्यापि स्यादेवाच्युतदर्शनम् । ह्रियमाणः कालनद्या कच्चित्तरति कश्चन ॥ ५ ॥
ममाद्याऽमंगलं नष्टं फलवांश्चैव मे भवः । यन्नमस्ये भगवतो योगिध्येयाङ्घ्रिपंकजम् ॥ ६ ॥

વળી અક્રૂરજી દૈન્ય ભાવે બોલ્યા કે ! એવું ન જ હો ! જો અચ્યુત ભગવાનની અનુકમ્પા હોય તો અરે અધમને પણ અચ્યુતદર્શન થઈ જાય જ. કાલરૂપી સરિતામાં તણાતો કોઈ એક જીવ કોઈ કૃપાળુ કૃપાપાત્ર થતાં કોઈ સમયે તરે છે. (૫) આજે મારું અમંગલ નષ્ટ થયું. મારો જન્મ પણ સફળ થયો. કારણ કે જે પ્રભુનાં ચરણકમલનું યોગીઓ ધ્યાન કરે છે તે ભગવાનનાં ચરણકમલોને હું આજે પ્રણામ કરીશ. (૬) ખરેખર આજે કંસે મારા ઉપર ખૂબ કૃપા કરી.કારણ કે કંસરાજાનો મોકલેલ હું ભૂતલ ઉપર કૃપાકરી પ્રકટ થયેલા શ્રીહરિના ચરણકમલનાં દર્શન કરીશ. કે જે ભગવાનના નખના મંડલોની કાંતિની ઝાંખી કરનાર ભક્તજનો કદી કોઈથી પણ ન તરાય તેવા અંધકારને-સંસારને આગળ પણ તરી ગયા છે. (૭) ભગવાનનું આ ચરણકમલનું બ્રહ્માજી-શિવજી વગેરે દેવો અર્ચન કરે છે. શ્રી લક્ષ્મીદેવીજી સેવા કરે છે, મુનિજનો અને ભગવદીયજનો પણ આ શ્રીચરણના સેવન કરે છે. વળી ગાયો ચારવા વિચરતા ભગવાન શ્રીકૃષ્ણના ચરણોને ગોપજનો સેવે છે અને શ્રીગોપીજનો કુંકુમકેશરના લેપવાળા પોતાના હૃદયમાં જે ચરણ કમલને પધરાવે છે તે કેશરકુંકુમ લેપવાળા શ્રીચરણોનાં મને દર્શન થશે. (૮)

શુભ શુકનો જમણી બાજુ આવે તે ઉત્તમઃ શ્રીઅક્રૂરજીના દર્શન મનોરથો

कंसो बताद्याकृत मेऽत्यनुग्रं द्रक्ष्येऽङ्घ्रि पद्मं प्रहितोऽमुना हरेः ।
कृतावतारस्यदुरत्ययं तमः पूर्वेऽतरन् यन्नखमण्डलत्विषा ॥ ७ ॥
यदर्चितं ब्रह्मभवतादिभिः सुरैः श्रिया च देव्या मुनिभिश्च सात्वतैः ।
गोचारणायानुचरैश्चरद् वने-यदगोपिकानां कुचकुंकुमाङ्कितम् ॥ ८ ॥

સુંદર કપોલ અને સુંદર નાસિકાવાળા, સ્મિતહાસ્ય ભર્યા અવલોકનવાળા લાલવર્ણાં કમલ જેવા નેત્રોવાળા, વાંકોડિયા વાળથી છવાયેલા, મુકુન્દ ભગવાનની મને જરૂર ઝાંખી થવાની જ છે. કારણ કે મારી જમણી બાજુએ હરણો જઈ રહ્યાં છે. આ શુકન ઘણાં સારા છે. (૯) ભૂમિના ભારને ઉતારવા માટે સ્વેચ્છાથી મનુષ્ય જેવા દેહને પધરાવેલા, સૌન્દર્યધામ, ભગવાન વિષ્ણુનાં મને આજે સાક્ષાત્ દર્શન થશે અને આંખો મેળવ્યાનું ફલ મળશે. મારે માટે કૃષ્ણનાં દર્શન કાંઈ સહેલાઈથી સંભવે નહીં. (૧૦) આ ભગવાન તો અહંકારરહિત છે, છતાં સત્-અસતને જોનારા છે, પોતાના તેજથી અજ્ઞાન-ભેદ-ભ્રમ આ ત્રણેને દૂર કરનારા છે, પોતાની માયાથી પોતાની અંદર રચાયેલાં પ્રાણ ઈન્દ્રિયો-અંક્તઃકરણવાળા દેહોમાં સ્વેચ્છાથી પ્રકાશે છે-પ્રકટે છે-દર્શન દે છે. (૧૧) આ પ્રમાણે ઉત્તમ સંકલ્પો કરતા શ્રીઅક્રૂરજી ખૂબ જ આર્દ્ર હૃદય બન્યા અને કહેવા લાગ્યા કે ભગવાનના સત્ય વગેરે ગુણોનું ગોવર્ધનધરણ આદિ કર્મોનું અને ભગવાનના જન્મનું ગાન કરનારી અખિલ પાપોનો નાશ કરનારી સુમંગલ વાણી જે જગતમાં જીવે છે, પરંતુ જે વાણી ગુણ-લીલા-જન્મ વગેરેનાં સંકીર્તન વિનાની છે તેતો શબને શોભાવનારા શણગારો જેવી અશુભ અને અમંગલ છે, શોભા વિનાની વ્યર્થ જ છે. (૧૨) આ ભગવાન પોતાના વેદમાર્ગથી બાંધેલી મર્યાદા ધર્મોનું પાલન કરનાર છે. ઉત્તમ દેવોને સુખ આપનાર છે. આ ભગવાન ખરેખર સાત્વત વંશમાં ભગવદીય વંશમાં - યાદવવંશમાં આજે પધાર્યા છે. આ પોતાના યશને વિસ્તારતા વ્રજમાં બિરાજે છે. અશેષ-સમગ્ર જીવોનું મંગલ કરનારા ભગવાનના દિવ્ય યશને દેવો ગાય છે. મહાન પુરુષોની ગતિરૂપ, ફલસ્વરૂપ, મહાન જનોના સદ્‌ગુરુ,ત્રણે લોકના પ્રિયતમપતિ, જેમને ભગવાને આંખ આપી છે તેમની દૃષ્ટિના પરમ ઉત્સવ રૂપ સ્વરૂપને ધારણ કરનારા, લક્ષ્મીજીના ઈચ્છેલા આશ્રયસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાનનાં આજે અવશ્ય દર્શન પામીશ. સાચે જ આજે જ મારાં મંગલ પ્રભાત ઊગ્યાં. (૧૩,૧૪)

અક્રૂરજીના દંડવત મનોરથ

શ્રીઅક્રૂરજીના મનમાં હવે બીજા મનોરથો થવા લાગ્યા કે હું-રથમાંથી નીચે ઊતરીને, યોગીજનો આત્મપ્રાપ્તિ માટે જે શ્રીકૃષ્ણ-બલભદ્ર નામના બે પ્રધાન પુરુષોનાં ચરણકમલોનુ નિત્ય ધ્યાન કરે છે, તે બન્ને ભાઈઓના ચરણકમલને નમસ્કાર કરીશ. આ બન્નેની સાથે તેમના મિત્રો અને વ્રજનિવાસીઓને પણ નમન કરીશ. (૧૫)

अप्यंध्रिमूले पतितस्य मे विभुः-शिरस्यधास्यन्निजहस्तपंकजम् ।

दत्ताभयं कालभुजंगरंहसा-प्रोद्वेजितानां शरणैषिणां नृणाम् ॥ १६ ॥

શ્રીઅક્રૂરજી મનોરથ કરતા બોલ્યા કે -જ્યારે સમર્થ શ્રીકૃષ્ણ પ્રભુના ચરણકમલની પરાગ પદરજમાં હું પડતું મૂકીશ ત્યારે મારા મસ્તક ઉપર કાલ નામના સર્પની ઝડપથી દુઃખી થએલાં, અને નિર્ભય થવા શરણ ચાહતા આર્તજનને અભય દેનાર પોતાના હસ્તકમલનું સ્થાપન કરશે ? (૧૬) ભગવાન વાસુદેવના કરકમલોનાં સર્વ સમર્પણ કરીને, શ્રીબલિરાજાએ રાજા ઈન્દ્રની જેમ, ત્રિલોકના સ્વામીપદ -ઈન્દ્રપદને મેળવ્યું હતું, તેમ જ કમલ વગેરે પુષ્પોના જેવા સુવાસિત-કરકમલથી રાસમાં વ્રજનારીઓ સાથેના વિહારમાં સ્પર્શ આપી તેઓના શ્રમને નિવાર્યા હતા તે કરકમલ મારે માથે પધરાવશે એથી અધિક કર્યું સૌભાગ્ય હોઈ શકે ! (૧૭) હું કંસનો દૂત છું કે કંસે મને મોકલ્યો છે, એમ શત્રુનો નોકર છું કે શત્રુ છું એવો ભાવ-એવી બુદ્ધિ અચ્યુત ભગવાન કદાપિ મારે માટે નહી કરે. તે ભગવાન તો સર્વના હૃદયની વાત જાણનાર અન્તર્યામી છે તેથી તો તે નિર્મલ દૃષ્ટિથી મનની અને મનની બહાર રહેલા વિશ્વની ચેષ્ટાઓને જાણે છે. માટે મારા હૃદયના શુદ્ધ ભાવને ''જાણી શત્રુ'' છું એવું નહીં જ માને. (૧૮)

નાથ અમી નજરે મને નિહાળશે અને તે ન્યાલ કરશે

अप्यंध्रिमूलेऽवहितं कृतांजलिं-मामक्षिता सस्मितामार्द्रया दृशा । सपद्यपध्वस्तसमस्तकिल्बिषो वोढा मुदं वीतविशंक उर्जिताम् ॥ १९ ॥

सुहृत्तमं ज्ञातिमनन्यदैवतं दोर्भ्यां बृहद्भ्यां परिरप्स्यसतेथ माम् । आत्मा हि तीर्थी क्रियते तदैव मे-बन्धश्च कर्मात्मक उच्छवसित्यतः ॥ २० ॥

लब्ध्वांगसंग प्रणतं कृतांजालिं-मां वक्ष्यतेक्रूर ततेत्युरुश्रवाः । तदा वयं जन्मभृतो महीयसा नैवादृतो यो धिगमुष्य जन्म तत् ॥

વળી નાથના શ્રીચરણોની ધૂલિમાં પડેલા સાવધાન બની બે હાથ જોડેલા અને દયાનિધિ સ્મિત ભરી દયા દૃષ્ટિથી

અવશ્ય જે ક્ષણે નિહાળશે. ખરેખર પ્રભુ મને જોશે તે જ ક્ષણે મારાં સર્વ પાપોનો નાશ થઈ જશે. ત્યારે હું આનંદ પામીશ. અને શંકા વિના હું પ્યારા પ્રભુનાં કાર્યો કરવા માટે સમર્થ-યોગ્ય બનીશ. (૧૯) વળી કૃપાળું શ્રીકૃષ્ણ-પોતાના ખૂબ લાંબા વિશાળ બે હસ્તોથી મને પોતાનો ઉત્તમ નિષ્કપટમિત્ર ગણી, કુંટુંબી માની વળી, ભગવાનનો જ શરણાગત જાણી, અવશ્ય આલિંગન દેશે તો મારો દેહ તીર્થ બની જશે. અને તે જ ક્ષણે મારાં આ શરીરનાં કર્મરૂપ બંધનો છૂટી જશે. (૨૦) સર્વત્ર પ્રસિદ્ધ યશવાળા ભગવાન શ્રીકૃષ્ણના આલિંગન પામી, બે હાથ જોડી ઊભેલા, મને હે અક્રૂર ! હે તાત ! હે કાકા ! આવું જ્યારે કહીને બોલાવશે ત્યારે મેં જન્મ લીધો પ્રમાણ મનાય એટલે જન્મ્યા સફલ ગણાય. જે જીવને ભગવાને આદર ન આપ્યો તેના જન્મનો ધિક્કાર છે. (૨૧) ભગવાન શ્રીકૃષ્ણને તો કોઈ પ્રિય નથી કે ગાઢ મિત્ર નથી કે કોઈ અપ્રિય નથી તો કોઈ દ્વેષ કરવા યોગ્ય-દુશ્મન નથી તો કોઈ ઉપેક્ષા-કરવા યોગ્ય પણ નથી. પરંતુ જેમ કલ્પવૃક્ષનો આશ્રય કરતાં સર્વ ઈચ્છિત પદાર્થો આપે છે તેમ ભક્તજનો ભગવાનને જે રીતે ભજે છે તે રીતે ભગવાન ભક્તોને સંભાળે છે. (૨૨) વળી યદુજનોમાં શ્રેષ્ઠ-યદુવર શ્રીબલરામભૈયા, પ્રણામ કરતા મને હસતા મુખે આલિંગન આપી,હાથ પકડી ઘરમાં લઈ જઈ, સર્વ રીતે સત્કાર કરી પોતાના બંધુજનો પ્રત્યે કરેલા કંસના વૃત્તાન્તને પૂછશે ત્યારે તો મારા ભાગ્યની સીમા જ નહીં રહે. (૨૩)

મનોરથમાં ડૂબેલા ભક્તવર અક્રૂરજીને કૃષ્ણકૃપાએ રથ ગોકુલમાં લઈ જાય છે

[શ્રી અક્રૂરજીની મનોરથ ગાથા સુધામાં ડીબી ગએલા શ્રીપરિક્ષિત રાજાજીને જાણે બહાર કાઢતા હોયને શું એમ શુકદેવજી મહારાજ સંબોધન કરીને કથા કહી રહ્યા છે.વક્તા ભાવસમાધિમાં ડૂબે તો શ્રોતા તેને જાગૃત કરે અને શ્રોતા ડૂબે તો વક્તા સંબોધન કરી જગાડે આ એક શ્રી હરિની કથાની વિશિષ્ટતા છે.]

શ્રી શુકદેવજી મહારાજે કહ્યું કે રાજન્ ! માર્ગમાં આવા મનોરથો કરતા શ્રીકૃષ્ણજીનું ચિંતન કરતાં શ્રીશ્વફલ્કજીના પુત્રશ્રી અક્રૂરજીને રથે ગોકુલ પહોંચાડ્યા. આ અવસરે સૂર્ય ભગવાન અસ્તાચલ પધાર્યા. (૨૪) રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણની પવિત્ર-નિર્મલ પદ રજને અખિલ બ્રહ્માંડના લોકપાલો પોતાના મુકુટો ઉપર પધરાવે છે, તે પ્રભુનાં પૃથ્વીને આનંદ દેનારાં ચરણકમલોનાં પગલાંની ગોકુલમાં અક્રૂરજીને ઝાંખી થઈ. આ શ્રીપાદ શ્રીકૃષ્ણનાં જ પગલાં છે એમ ભૂમિ ઉપર દેખાતાં ''કમલયવ-અંકુશ-ધ્વજ'' વગેરે દિવ્ય ચિહ્નોથી સ્પષ્ટ ઓળખી લીધાં. (૨૫)

રંકને રત્નનો ભંડાર લાધે અને લૂંટવા દોડે તેમજ શ્રીઅક્રૂરજી ભક્તના ભંડારરૂપ ભગવાનની પદરજ

तद्-दर्शनाह्लाद-विवृद्ध-विभ्रमः । प्रम्णोर्ध्वरोमाश्रुकलाकुलेक्षणः ।
रथादवस्कन्द्य स तेष्वचेष्टत । प्रभोरमून्यङ्घ्रिरजांस्यहो इति ॥ २६ ॥

શ્રીઠાકોરજીનાં પદકમલ ચિહ્નો અને પદરજની ઝાંખી થતાં આનંદ ઉભરાતાં આકુલતા-વ્યાકુલતા વધી પડી, પ્રેમ વશ થતીં રોમાંચ જાગૃત થઈ ગયાં, અશ્રુબિંદુઓથી દૃષ્ટિ છલકાઈ ગઈ અને શ્રીઅક્રૂરજી બોલી ઊઠ્યા, અહો,. આતો મારા પ્રભુની પદરજ-ચરણરજ છે એમ જાણતાં જ રથમાંથી નીચે કૂદી પડ્યાં અને પ્રભુપદરજમાં આળોટવા લાગ્યા. (૨૬) આપ, ગોકુલમાંથી ''શ્રીકૃષ્ણ અને બલભદ્ર ને તેડી લાવો'' અવી કંસરાજાની આજ્ઞા પામીને શ્રીઅક્રૂરજી દંભ-ભય-શોકનો ત્યાગ કરીને મથુરાથી પ્રસ્થાન કરી શ્રીગોકુલમાં આવીને શ્રીહરિનાં ચરણ ચિહ્નોનોનું દર્શન શ્રીચરણ રજની ઝાંખી અને શ્રીહરિના મહિમાનું શ્રવણ વગેરે જે પામ્યા એજ માનવ દેહધારી મુનુષ્યોના જીવનનાં અંતિમ પુરુષાર્થમનાય શ્રીઅક્રૂરજી આ સર્વ મેળવી કૃતાર્થ થયા. (૨૭)

કૃપાસિંધુ દીનબંધુ બન્ને બંધુ શ્રીકૃષ્ણ અને શ્રીબલભદ્રજીની શ્રીઅક્રૂરજીને ઝાંખી

શ્રીઅંગે પીતાંબરધારી અને નીલાંબરધારી શરદઋતુના કમલ સમાન નેત્રોવાળા, વ્રજની ગાયો દોહવાની ગોશાળાની ભૂમિમાં પધારેલા-શ્રીકૃષ્ણ અને બલભદ્રનાં અક્રૂરજીએ દર્શન કર્યાં. આ બન્ને કિશોર વયના અગિયાર વર્ષના શ્યામ અને શ્વેત વર્ણવાળા, લાંબી ભુજાવાળા, વક્ષઃસ્થલમાં શ્રીવત્સ ચિહ્નવાળા,સુંદર મુખારવિંદવાળા, સુંદરવર, બાલ ગજરાજ સમાન પરાક્રમો, હતા. (૨૮,૨૯) ધ્વજ-વજ્ર-અંકુશ-કમલ વગેરે ચિહ્નોવાળા ચરણારવિંદથી વ્રજની શોભાને વધારતા,

દયા અને સ્મિત ભરી નજરવાળા, મહાત્મા પુરુષોને નીરખ્યા. (૩૦) ઉદાર અને સુંદર ક્રીડાવાળા, વનમાલાને ધારણ કરનારા, પવિત્ર અને સુવાસમય પદાર્થોથી બનાવેલા લેપને શ્રીઅંગે ધારણ કરતા ગાયો ચારીને આવેલા હોઈ સ્નાન કરીને બિરાજેલા, નવાં વિશુદ્ધ વસ્ત્રો ધારણ કરેલા, શ્રીકૃષ્ણ અને બલભદ્રજીને નીરખ્યા. (૩૧)મૂલ સ્વરૂપ પ્રધાન પુરુષો જગતના કારણ, જગતના પતિ, પોતાના અંશથી જગતને માટે અવતાર લઈ પધારેલા, શ્રીબલ-કેશવને નીરખ્યા. (૩૨) બન્ને જાણે સુવર્ણથી અલંકૃત કરેલા મરકત મણિમય પર્વત અને રજતમય ગિરિ સમા પોતાની કાંતિથી દશે દિશાઓના અંધકારને નિવારી રહ્યા હોયને શું તેમ તેમનું દર્શન કરતાં જ- શ્રીઅક્રૂરજી ભક્તિભાવ છલકાતાં બહાવરા બની ગએલા રથમાંથી એકાએક પડતું મૂકી પ્યારા શ્રી બલરામજીના અને શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમલોની સમીપે દંડવત્ પ્રણામ કરતાં ઢળી પડ્યાં. (૩૩-૩૪)

ભાવવિભોર ભૂમિમાં શ્રીઅક્રૂરજી

રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શનથી આનંદ થતાં જ શ્રીઅક્રૂરજીનાં નેત્રો અશ્રુથી છલકાઈ ગયાં. સર્વાંગે રોમાંચ થયો, કંઠ ભરાઈ આવતાં "હું અક્રૂર પ્રણામ કરું છું" એવા શબ્દો પણ બોલી શક્યો જ નહીં. (૩૫) રાજન્ ! પ્રણામ કરવા માત્રથી જ કૃપા વરસાવનારા, પ્રસન્ન થએલા ભગવાન શ્રીકૃષ્ણે તો અક્રૂરજીને ઓળખી લીધા, અને ચક્રના ચિહ્નવાળા હસ્તથી અક્રૂરજીને પોતાની પાસે ખેંચી લીધા અને આલિંગન આપ્યું. (૩૬) મહામના શ્રીસંકર્ષણ બલભદ્રજીએ પણ પ્રણામ કરતાં કાકા અક્રૂરજીને આલિંગન આપી કરકમલથી અક્રૂરજીનો હાથ પકડી લઘુ બંધુ શ્યામસુંદર સાથે નંદાલયમાં લઈ આવ્યા. (૩૭)

લૌકિક-વૈદિક પ્રકારે સ્વાગત

ત્યારબાદ શ્રીઅક્રૂરજીના કુશળ-આરોગ્યને પૂછીને તેમને ઉત્તમ આસન આપીને, વિધિપૂર્વક તેમના ચરણકમલનું પ્રક્ષાલન કરીને મધુપર્કપૂર્વક પૂજન કર્યા. (૩૮) પુનઃ અતિથિ અક્રૂરજીને ગોપ્રદાન કર્યું. વળી માર્ગમાં આવતાં થાકેલા અક્રૂરજીના ચરણની સેવા કરી, ત્યારબાદ આદરભાવવાળા બનીને શ્રીબલભદ્રપ્રભુએ અનેક પ્રકારે શ્રદ્ધા, પૂર્વક અનેક પ્રકારનું અન્ન ભોજનમાં આપ્યું. (૩૯) શ્રીઅક્રૂરજી જમી રહ્યાં એટલે ઉત્તમ ધર્માત્મા શ્રીબલભદ્રજીએ તેમને મુખવાસ, સુગંધિત દ્રવ્યો આપી તેમના પુષ્પમાલાઓ વગેરે સેવાસામગ્રથી પ્રસન્નતાપૂર્વક પુષ્કળ પૂજન કર્યાં. (૪૦) બન્ને ભાઈઓ અને સર્વથી સન્માન પામેલા શ્રીઅક્રૂરજીને શ્રીનંદબાવાએ પૂછયું કે હે દાશાર્હ ! આ નિર્દય કંસ જ્યાંસુધી જીવે છે ત્યાં સુધી આપ સર્વ કસાઈને પનારે પડેલાં ઘેટા જેવું પરવશ જીવન જીવી રહ્યાં છો. (૪૧) પેટભરા પોતાના પ્રાણ પોષનાર દુષ્ટ કંસે રડતી પોતાની બહેનના બાળકોનો નાશ કર્યો તેના આપ પ્રજાજન છો તેઓનું અમે શું કુશળ વિચારી શકીએ ? (૪૨) આ પ્રમાણે શ્રીનંદરાયે અત્યંત મધુર અને સત્યવાણીથી સત્કાર પામેલા શ્રીઅક્રૂરજી માર્ગના પરિશ્રમથી મુક્ત થયા. (૪૩)

इत्थं सूनृतया वाचा नन्देन सुसभाजितः । अक्रूरः परिपृष्टेन जहावध्वपरिश्रमम् ॥ ४३ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમસ્કંધ નિરોધલીલા રાજસ પ્રકરણના પ્રમાણ પ્રકરણમાં "યશ" નું નિરૂપણ કરતો ૩૮ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩૯ મો

[આ અધ્યાયમાં ૫૭ શ્લોકો છે. રાજસલીલાના પ્રમાણ પ્રકરણના આ અધ્યાયમાં ભગવાનના "શ્રી" નામના ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ભગવાને અક્રૂરજી સાથે કરેલ વાર્તાલાપ, ભગવાનનું મથુરા તરફ પ્રસ્થાન, ગાપીજનોનોવિલાપ અને શ્રીયમુનાજીના જલમાં અક્રૂરજીએ કરેલાં ભગવાનના દર્શન આ સર્વ પ્રસંગોનું વર્ણન આવશે.]

श्रीशुक उवाच-सुखोपविष्टः पर्यंके रामकृष्णोरुमानितः । लेभे मनोरथान् सर्वान् पथि यान् स चकार ह ॥ १ ॥

શ્રીશુકાચાર્યજી મહારાજ બોલ્યા કે રાજન્ ! પલંગમાં સુખપૂર્વક બિરાજેલા વળી શ્રીકૃષ્ણજી અને શ્રીબલભદ્રજીએ પુષ્કળ સત્કારેલા શ્રીઅક્રૂરજીએ માર્ગમાં જે કાંઈ મનોરથો સેવ્યા હતા તે સર્વ સફળ થયા. (૧) રાજન્ ! શ્રીનિકેતન ભગવાન

જ્યારે પ્રસન્ન થાય ત્યારે એવા તે ક્યાં મનોરથો હોય કે અધૂરા રહે-તાત્પર્ય કે સર્વ મનોરથો સિદ્ધ જ થાય. આ છતાં રાજન્ ! જેઓ શ્રીકૃષ્ણના અનન્ય ભક્તો છે-જેઓ કેવલ સેવાપરાયણ છે તે ભક્તજનો તો કોઈ પણ પ્રકારની કામના કરતા જ નથી. (૨) રાજન્ ! હવે અક્રૂરજી પોઢ્યા બાદ ભગવાને રાત્રીના સમયનું વાળુ કરીને-સખડીભોગ આરોગીને દેવકીનંદન શ્રીકૃષ્ણ ભગવાને કંસ રાજાનું, સગાં-સંબંધી સ્નેહી, સ્વજનો તરફ કેવું વર્તન છે તે પ્રશ્નો પૂછ્યા. (૩)

શ્રીનંદ-યશોદોત્સંગલાલિત દેવકીનંદનનાં વચનામૃત

હે તાત ! હે પિતાજી, હે સજ્જન પુરુષ ! આપ પધાર્યા ખૂબ જ આનંદ થયો. ઘણું સારું કર્યું. માર્ગમાં કાંઈ મુશ્કેલી તો નથી પડીને ? કાકા આપનું કલ્યાણ હો ! જ્ઞાતિજનો-બધુંજનો-સ્નેહીજનો-કુંટુબીઓ સુખી છે ને ? કુશળ છે ને ? પાપરહિત પુણ્યપરાયણ છે ને ? (૪) હે અંગ ! હે અત્યંત પ્રિય ! ભલે નામથી મામા હોય પણ કુલ ના તો એક રોગ જ છે અને રોજ રોગ ફેલાતો જાય છે ત્યાં આપણું, આપણાં કુંટુબીઓનું, બંધુજનોનું કે એમના સમગ્ર પ્રજાજનોનું પણ કુશળ શું પૂછવું ? (૫)

अहो अस्मदभूद भूरि-पित्रोर्वृजिनमार्ययोः । यद् हेतोः पुत्रमरणं-यद्हेतो बन्धनं तयोः ॥ ६ ॥

કાકા ! અમે કેવા પુત્ર ! અને અમારો કેવો જન્મ ! કે અમારા કારણથી નિરપરાધી-નિર્દોષ અમારાં માતાપિતાને ઘણાં દુ:ખો વેઠવા પડ્યાં અને અમારા નિમિત્તે પોતાના પુત્રોનું એટલે અમારા ભાઈઓનું મરણ થયું અને અધૂરું હતું તે અમારા માતાપિતાજીને કારાવાસ થયો. (૬) પૂજ્યકાકા ! હે સાત્વિક સંતવર દીર્ઘ સમયથી પોતાના સ્વજન સાથે અમે જે દર્શનની લાલસા સેવતા હતા આજે તે દુર્લભ દર્શન થયું. તે પણ સદ્‌ભાગ્યથી કાકા ! કહો ત્યાં શું શું થયું ? શું શું. ચાલી રહ્યું છે ? અને આપે પધારવાની કેમ કૃપા કરી ? (૭) શ્રીશુકાચાર્યજી મહારાજે કહ્યું કે રાજન્ પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણે-માધવે શ્રીઅક્રૂરજીને પૂછેલા સર્વ પ્રશ્નોનો ઉત્તર આપ્યો. તેમજ યાદવો પ્રત્યે સખત દ્વેષ-વૈરવૃત્તિ અને શ્રીવસુદેવજીને વધ કરવાની સર્વ વાત કહી. (૮) આ ઉપરાંત રાજા કંસે આપેલો સંદેશો-ધનુષ્યયજ્ઞનાં દર્શન માટે આમંત્રણ, તેમજ પોતાને જે હેતુથી દૂત તરીકે મોકલેલ છે તે બાબત પણ કહી આ ઉપરાંત આપનો ''જન્મ આનકદુંદુભિ-વસુદેવજીથી થયેલ છે'' એ પ્રમાણે શ્રીનારદજીએ કંસને કરેલી જાણની વાત પણ કહી. (૯) ભગવાન શ્રીકૃષ્ણે આ પાંચે બાબતો શ્રીઅક્રૂરકાકા પાસેથી સાંભળી અને શત્રુઓના વીરોનો વધ કરનારા શ્રીબલભદ્રજીએ હસીને પિતાશ્રી શ્રીનંદરાયજીને કહ્યું કે બાવા ! રાજા કંસ આપણા સૌને મલ્લોના ખેલ જોવા માટે તેડે છે.તો આપણે જઈશું ! (૧૦) શ્રીનંદરાયજીએ પણ ગોપજનોને આજ્ઞા કરી કે હે ગોપજનો ! આપણે સર્વે, ગોરસ-દૂધ-દહીં વગેરે સાથે લઈ લઈએ. માટે કોઈ સવારમાં વલોવી ના દે તેની સૂચના આપી દો. વળી ભેટ-સામગ્રીઓ સાથે લ્યો અને ગાડાંઓ પણ તૈયાર કરો. (૧૧) કાલે સવારે જ આપણે મથુરા જાશું. રાજાનો ગોરસ કરમાં આપશું, વળી ઘણા જ મોટા પર્વનો - મલ્લોના ખેલોનો આનંદ માણશું અને જાહેર કરો કે હે સારાય ગોકુલજનો ઉત્સવો જોવા માટે ચાલો, આ પ્રમાણે શ્રીનંદરાયજીએ નગર મંત્રી-ગૃહમંત્રી દ્વારા સાદ પડાવ્યો. (૧૨)

અક્રૂરજી પ્યારા શ્યામસુંદરને અને બલભદ્રજીને તેડવા આવ્યા જાણી આર્ત થયેલી વ્રજલલનાઓ

રાજન્ પરીક્ષિત ! અક્રૂરજી પ્યારા શ્રીરામ-કૃષ્ણ બન્ને ભાઈઓને શ્રીમથુરાપુરીમાં લઈ જવા વ્રજમાં આવેલ છે એ વાર્તા સાંબળીને વ્રજનારી ગોપાંગનાઓ પુષ્કળ વ્યથા પામ્યાં. (૧૩) કેટલીક વ્રજનારીઓના તો અક્રૂજીના તેડવા આવ્યાના સમાચાર જાણતા જ કાયા જ હૃદયમાં સંતાપ થઇ આવ્યો અને ઊના શ્વાસોથી મુખકાંતિ જ કરમાઈ ગઈ. કેટલી વ્રજનારીઓની સમાચાર જાણતાં કાયા જ સુકાઈ ગઈ અને વસ્ત્રો-હાથનાં કંકણો ઢીલા પડી ગયાં અને કેશના અંબોડાઓ પણ ઢીલા થઈ ગયા. (૧૪) વળી અન્ય ગોપીજનો શું કૃષ્ણ જશે ? એવા દુ:ખથી ભગવાનનું ધ્યાન-સ્મરણ થતાં જ કાયાની સર્વ ક્રિયાઓ વિરમી ગઈ અને જાણે આત્મલોકમાં જ ચાલી ગઈ હોય તેમ તેમને આ લોકનું ભાન જ રહ્યું નહીં. (૧૫) જ્યારે શૌરિ-વસુદેવતનય ભગવાન શ્રીકૃષ્ણમાં અનન્ય પ્રેમવાળી ગોપીજનો શ્રીકૃષ્ણના પ્રેમ ભર્યા મંદસ્મિતશ્રીથી ભરેલી, વળી હૃદયને સ્પર્શી જતી, ચિત્રવિચિત્ર પદોવાળી મીઠી વાતડીનું સ્મરણ થઈ આવતાં જ

બેભાન બની ગઈ. (૧૬) ભગવાન મુંકુંદની મનોહર લલિતચાલ, મધુરચેંષ્ટા, સ્નેહાળ,સ્મિતહાસ્યભરી જનર, શોકસંતાપ ટાળનારાં હાસ્ય-વિનોદ વચનો, અને શ્રીકૃષ્ણનાં સ્વચ્છંદ ચરિત્રોનું ચિંતન કરી, સર્વ વ્રજનારીઓ વિરહભયથી ભયભીત બની ગઈ તેમજં અને દીન-રાંક બની ગઈ, રાજન્ તેમના મુખઉપર અશ્રુ છવાઈ ગયાં, અને શ્રીઅચ્યુતમાં ચિત્તવાળાં ગોપીજનો સમૂહમાં ભેગાં થઈ ગયાં અને વિલાપ કરવા લાગ્યાં. (૧૭,૧૮)

રસરાજ શ્રીકૃષ્ણવિયોગમાં વ્યથિત થએલાં ૨૦ પ્રકારનાં ગોપીજનોની બાર શ્લોકોમાં બાર પ્રકારે પ્રગટ થતી વિયોગવેદના

अहो विधातस्तव न क्वचिद् दया-संयोज्य मैत्र्या प्रणयेन देहिनः ।
तांश्चाकृतार्थान् वियुनंक्ष्य पार्थकं-विक्रीडितं तेर्भकचेष्टितं यथा ॥ १९ ॥

[પ્રથમ ત્રણ શ્લોકમાં બ્રહ્માજીને ઠપકો આપતાં કહે છે કે ખરેખર ત્રિદોષ નામનો રોગ લાગ્યો છે. એમ કહી પ્રથમ શ્લોકમાં બ્રહ્માજી આપ અવિવેકી લાગો છો (૧), બીજા શ્લોકમાં કહે છે કે આપ અસાધુકાર્યકર્તા છો (૨) અને ત્રીજાશ્લોકમાં કહે છે કે આપેલ પાછું લેવાના અન્યાયી (૩) પુરુષ છો આમ ત્રિદોષનું નામ કરતાં ગોપીજનો બોલ્યા કે-]

અરેરે ! વિધાતા ! આપને કોઈની પણ દયા નથી આવતી. એકવાર દેહધારી કુટુંબીજનોને સ્નેહથી-મૈત્રીથી અને પ્રેમથી એકઠાં કરો છો અને હજી તો તે મળી સંતોષાયા નથી કે મળવાનાં કાર્ય સર્યાં નથી અને તમે તેમને વિખૂટાં પાડો છો. ખરેખર તમારી આ વર્તણૂક-તમારો આ ખેલ બાળકની રમત જેવો અર્થ વગરનો છે. (૧૯) અરે વિધાતા ! શ્યામવર્ણા વાળથી છવાએલા, સુંદર ગાલવાળા, ઊંચી નાસિકાવાળા શોકને હરનારા, અલ્પ મંદ હાસ્યને લીધે અત્યંત સુંદર શ્રીમુકુન્દનાં મુખકમલનાં દર્શન દઈ આંખથી અળગા કરી રહ્યા છો આથી સજ્જનને ન છાજે એવું અસાધુ-અયોગ્ય કાર્ય ક્યું મનાય ? (૨૦) અરે વિધાતા ! અક્રૂરનું સામર્થ્યનથી કે અમારા કૃષ્ણ-બલભદ્રને ગોકુલમાંથી લઈ જાય પરંતુ હે ક્રૂર વિધાતા ! તમે જ માત્ર અક્રૂર નામ ધારણ કરીને આવેલ છો અને તે તેમજ અમારાં ચક્ષુ-અમારી આંખ સ્વરૂપ શ્રીકૃષ્ણને લઈ જાવ છો. અરે વિધિ ! અમે જે આંખથી મધુદૈત્યના વૈરી શ્રીમધુસૂદન ભગવાન શ્રીકૃષ્ણના કેવલ એકાદ અંગમાં વિધાતાની-બ્રહ્માની સર્વ સૃષ્ટિને જોતાં હતાં તે શ્રીકૃષ્ણને એક અજ્ઞાનીની માફક લઈ જઈ રહ્યા છો.! અરે અમે શ્રીકૃષ્ણ નામની આંખ વિનાના સદા અંધ બનશું. (૨૧)

વિકળ બનેલી વ્રજલલનાઓ ચાર શ્લોકથી ભગવાનને ઠપકો આપે છે

न नन्दसूनुः क्षणमैङ्गसौहृदः- समीक्षते नः स्वकृतातुरा बत ।
विहाय गेहान् स्वजनान् सुतान् पतीन् -स्वदास्यमद्धोपगता नवप्रियः ॥ २२ ॥

"અરે સખીઓ ! બ્રહ્માજી તો શ્રીકૃષ્ણના પરતંત્ર છે શ્રીકૃષ્ણ તો સ્વતંત્ર છે કેવું આપણું નશીબ છે કે ? શ્રીનંદકુમારે ક્ષણમાત્રમા આપણી સૌ હાર્દભાવને વિસારી મૂક્યો ? સાચે જ એ તો નવી નવી સખીઓને વહાલી કરનારા છે. જે કૃષ્ણ માટે સતત આતુર બનીને આપણે સ્વકુટુંબીજનને-પુત્રોને અને પતિઓને પણ પડતા મૂકીને શ્રીકૃષ્ણના દાસપણાને સ્વીકારીને રહ્યાં છીએ છતાં જોયું ને ! આપણો વિચાર સરખોય કરતા નથી. સાચે જ એમને સર્વ નવું નવું જ ગમે છે. (૨૨)

सुखं प्रभाता रजनीयमाशिषः सत्या बभूवुः पुरयोषितां ध्रुवम् ।
याः संप्रविष्टस्य मुखं व्रजस्पतेः-पास्यन्त्यपाङ्गोत्कलितस्मितासवम् ॥ २३ ॥

સાચે જ નવપ્રિય આ નટવર છે. સખિ ! જુઓ મથુરાપુરની નારીઓની આ રાતનુંપ્રભાત સુખકર પ્રભાત-મંગલમય પ્રભાત ઊગ્યું. આજ મથુરાની નાગરિક નારીઓ શ્રીવ્રજપતિનાં કટાક્ષથી વિકસેલા મંદ મંદ હાસ્ય વરસાવતા અધરામૃતવાળા મુખકમલનાં પાન કરશે અને તેમના મનોરથો સફળ થશે. (૨૩)

तासां मुकुन्दो मधुमञ्जुभाषितै-र्गृहीतचितः परवान् मनस्व्यपि ॥

कथं पुनर्नः प्रतियास्यतेबला ग्राम्याः सलज्जस्तिविभ्रमैर्भ्रमन् ॥ २४ ॥

હે અબલાઓ, તે પુરનારીઓનાં મધુર અને કોમલ વચનોથી અને વાર્તાલાપથી, ભલે મુકુન્દ ભગવાન મનસ્વી છે, જિતેન્દ્રિય છે, વળી નંદરાયને આધીન છે, આમ છતાં મથુરા નારીને વશચિત્ત થવાના અને તેઓનાં લજ્જા અને સ્તિમવાળા વિલાસોથી ખેંચાવાના પછી આપણી પાસે કેમ આવવાના ? કારણ કે આપણે તદ્દન ગ્રામ્યનારી-અબુધ નારીઓ છીએ. (૨૪)

अद्य ध्रुवं तत्र दृशो भविष्यति-दाशार्ह-भोजान्धक-वृष्णि-सात्वताम् ।
महोत्सवः श्रीरमणं गुणास्पदं-द्रक्ष्यन्ति ये चाध्वनि देवकीसुतम् ॥ २५ ॥

ખરેખર આજે દાશાર્હ-ભોજ-અંધક-વૃષ્ણિ-સાત્વત-કુકુર નામના ભક્તવર યાદવોને, મથુરાજીના માર્ગે જતાં શ્રીદેવકીનંદનનાં દર્શન થશે જેથી તેઓને દૃષ્ટિનો આજે ત્યાં મહાન મહોત્સવથશે. (૨૫) આમ ભગવાનને ઠપકો આપતાં અક્રૂરને કહે છે કે

मैदता-विधस्याकरुणस्य नाम भूदक्रूर इत्यतदतीव दारुणः ।
यो सावनाश्वास्य सुदुःखितं जनं प्रियात्प्रियं प्रियं नेष्यति पारमध्वनः ॥ २६ ॥

અરે આ અકરુણ અને દયાશૂન્ય એવા ક્રૂરનું કોણે અક્રૂર નામ પાડ્યું ! જે દુઃખીજનને દિલાસો દીધા વિના, આપણા પ્રાણપ્રિય શ્રી શ્યામસુંદરને આ એક છેડેથી બીજે છેડે લઈ જાય છે એને આપણે અક્રૂર કેમ કહીએ ! અરેરે ! આ તો અતિશય નિર્દય છે. (૨૬) અરેરે ! કોને દોષ દઈએ અથવા તો કોને કહીએ ? જોયુને આ કઠોર કાળજાના નંદકુમાર જ કેવા રથમાં ચડી ગોઠવાઈ ગયા ? જરા સરખુંય સામું ના જોયું વળી આ મદછકયા ગોપજનો પણ ઉતાવળ કરાવી રહ્યા છે, જોયું ગાડાંઓ જોડી જોડી દોડાવી રહ્યા છે. આ વડીલોને પણ ક્યાં પડી છે ? જવા દો સખીઓ ! કોને દોષ દઈએ ? જ્યાં આપણું પ્રારબ્ધ જ પ્રતિકૂલ છે ત્યાં કોને કહેવું ? (૨૭) આખરે સર્વ ગોપીજનો ટોળે મળીને કહેવા લાગ્યાં-આપણે શ્રીમાધવની પાસે જઈએ અને માધવને જ રોકી લઈએ આંખના અડધા પલકારા જેટલા સમય માટે પણ જેમને ત્યજી ના શકીએ એવા મુકુન્દના સંગથી વિખૂટી પાડનારા દૈવે જ આપણે દીન-ચિત્ત બનાવ્યાં છે. હવે કુલવૃદ્ધો અન્ય અધિક શું કરવાના છે ? આપણે જ કૃષ્ણના રથની આડેઊભાં રહીએ. (૨૮) અરે હે ગોપીજનો ! શ્રીશ્યામસુંદરનાં પ્રેમ ભર્યા સુંદર સ્મિત હાસ્ય, એકાંતની મધુર વાતો માઠી વાતો સાથેની લીલાઓ, નીરખવી અને ભેટવું વગેરે રાસલીલાનાં સુખો અને આનંદ સાથે વીતાવેલી અનેક રાત્રીઓ પળવાર.જેવી લાગી પળ વારમાં જ પસાર થઈ ગઈ એ કૃષ્ણ વિનાના અંધાપાને કેમ કરી પાર કરશું ? (૨૯) સખીઓ ! દિવસ આથમતાં સાયંકાલે, ચારો ચરી ગોકુલમાં પ્રવેશતી ગાયોના પગની ખરીઓની રજથી છવાએલ કેશવાળા, રજવાળી વનમાલાઓને ધારણ કરનારા, ગોપસખાજનથી ઘેરાએલા, બલભદ્રજીના સખા, જે શ્યામમનોહર નંદકુમાર વેણુનાદ કરતા મધુર હાસ્ય ભરી કૃપા-કટાક્ષ નજરથી આપણને નિહાળતા આપણને અકળાવીમૂકતા તે કૃષ્ણ વિના કેમ જીવી શકીશું ? (૩૦)

श्रीशुक उवाच- एवं ब्रुवाणा विरहातुरा भृशं-व्रजस्त्रियः कृष्णविसक्तमानसाः ।
विसृज्य लज्जां रुरुदुः स्म सुस्वरं-गोविन्द-दामोदर-माधवेति ॥ ३१ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! વિરહ થવાની વેદનાથી અકળાયેલાં-દુઃખી થએલાં શ્રીકૃષ્ણમાં જ અત્યંત આસક્ત મનવાળાં વ્રજનારીઓ લજ્જાને નેવે મૂકીને હે ગોવિંદ! હે દામોદર ! હે માધવ ! બોલી બોલી ! ઉન્નત સ્વરે રુદન કરવા લાગ્યાં. (૩૧) રાજન્ ! વ્રજનારીઓ ગોવિંદ ! ગોવિંદ પોકાર કરતાં રુદન કરી રહ્યાં હતાં જ્યારે બીજી બાજુ ભગવાન સૂર્યનારાયણ ઊગ્યો ત્યારે સંધ્યા-વંદન-હોમ આદિ નિત્ય કાર્યથી પરવારી શ્રીઅક્રૂરજી રથ હાંકવા લાગ્યા. (૩૨) જ્યારે નંદરાય આદિ માંગલિક અનેક ગોપો અઢળક ભેટો તેમજ ગોરસોથી-દહીં-દૂધથી છલકાતાં કુંભ ભરી ભરીને શ્રીશ્યામસુંદરના રથની પાછળ વાહનો ચલાવવા લાગ્યા. (૩૩) ત્યારે સૂક્ષ્મ સ્વરૂપ ગોપીઓ ભગવાનની પાછળ ગયાં અને અન્ય ગોપીજનો કે જેમને ભગવાને અલૌકિક સામર્થ્યનાં દાન કર્યા હતા તે ગોપીજનો ભગવાનના

પ્રેમ રંગે રંગાએલી કેટલેક દૂર સુધી રથની પાછળ ચાલી અને ભગવાનની શી આજ્ઞા છે ? તે જાણવાની આશા રાખતી ત્યાં ઊભી રહી. (૩૪) શ્રીનંદકુમારે પોતાના પ્રસ્થાનના નિમિત્તથી તે ગોપીજનોને તે પ્રકારે દુઃખી થતી જોઈ હું દૂતો મારફતે મોકલેલા તમારા સંદેશાથી આવીશ અથવા તો હું તો દુતો સાથે મોકલેલા સંદેશા સ્વરૂપે આવીશ એવું સમાધાન કર્યું. (૩૫) ગોપીજનોએ જ્યાં સુધી રથનો ધ્વનિ સંભળાયો, ધ્વજા દેખાણી રથની ઊડતી રજ દેખાઈ ત્યાં સુધી ભગવાનની પાછળ પોતાના અંતઃકરણને મોકલતાં ભીંતે ચીતરેલ ચિત્ર જેવાં આવક-ચિત્ર બની ગયાં. હવે ગોવિંદ પાછા વળશે નહીં એવી નિરાશાથી ઘેરાયંલાં તેઓ પાછાં આવ્યા અંને પ્રિયતમ શ્રીકૃષ્ણની લીલાઓનું ગાન કરી શોકમુક્ત બની રાત્રી દિવસ ગાળવા લાગ્યાં. (૩૬) જન્ ! શ્રીબલભદ્રજી અને અક્રૂરજી સહિત ભગવાન પણ વાયુવેગીલા રથથી પાપવિનાશકારિણી શ્રીકાલિન્દીજીના તીરે પહોંચ્યાં. (૩૭) કાલિન્દીજીમાં શ્રીબલભદ્રજી અને ભગવાન શ્રીકૃષ્ણે સ્નાન કરી, નિર્મલ નીલમણિના જેવી સ્વચ્છ કાંતિવાળા શ્રીયમુનાજીનાં નીલ નીરનાં પાનકરીને, વૃક્ષખંડીમાં જઈ બન્ને ભાઈઓ સાથે રથમાં બિરાજ્યા. (૩૮) શ્રીઅક્રૂરજીએ બન્ને ભાઈઓની આજ્ઞા લઈ બન્નેને રથમાં બિરાજાવી શ્રીકાલિન્દીજીના ધરા પાસે જઈ વિધિપૂર્વક સ્નાન કર્યું. (૩૯) સ્નાન કર્યા પછી જલમાં ડૂબકી મારી વેદરૂપ-સનાતન બ્રહ્મનો જપ કરતાં શ્રીઅક્રૂરે રથમાં બેઠેલા તે બન્ને શ્રીબલભદ્રજી અને શ્રીકૃષ્ણને સાથે બેઠેલા જોયા. (૪૦) અક્રૂરજી મનમાં વિચારવા લાગ્યા કે આ બન્ને આનક દુંદુભિ-શ્રીવાસુદેવકુમાર અહીં ક્યાથી ? તેઓ તો રથમાં બિરાજ્યા છે. શું તે રથમાં નહીં હોય ? અહીં જલમાં આવ્યા હશે ? એવું વિચારી ઊભા થઈને જોતાં અક્રૂરજીએ ત્યાં પણ તેમને પૂર્વની માફક જ રથમાં બેઠેલા જોયા. ત્યારે અક્રૂરજીએ વિચાર્યું કે આ બન્નેનું મને જલમાં જે દર્શન થએલું તે શું ખોટું હશે ! તેની ખાતરી કરવા અક્રૂરજીએ ફરીથી જલમાં ડૂબકી મારી. (૪૧)

ચૌદ લોકાના નાથના સ્વરૂપનાં ચૌદ શ્લોકમાં વર્ણન અને શ્રીકૃષ્ણ કૃપાથી અક્રૂરજીને ભગવાનનાં દર્શન

રાજન્ ! આમ વિચારીને ફરીથી જ્યારે યમુનાજીનાં નીલ-નીરમાં ડૂબકી લગાવી ત્યારે મસ્તક નમાવી, કર-અંજલિ બાંધી, સિદ્ધો-ચારણો-ગંધર્વો અને અસુરોથી સ્તુતિ કરતા સહસ્ર ફણાઓરૂપી હજારો મુકુટવાળા નીલાંબરધારી, કમલના બિસતંતુ જેવા શ્વેતવર્ણા જાણે હજારો શિખરો સહિત ઊંચા કૈલાસ ગિરિ જેવા હજાર મસ્તકવાળા દેવાધિદેવ શેષનાથ શ્રીસંકર્ષણ ભગવનાને જોયા. (૪૨,૪૪) શેષ ભગવાનના ઉત્સંગમાં-ગોદમાં મેઘશ્યામ, રેશમી પીતાંબરધારી, ચતુર્ભુજ, શાન્ત, પુરુષાકૃતિ, કમલનાં મધ્ય ભાગ સમાં લાલવર્ણાં નેત્રોવાળા, મનોહર-પ્રસન્ન મુખડાવાળા, મધુર મંદ સ્મિતથી મનોહર દૃષ્ટિવાળા, સુંદર ભ્રકુટિવાળા, ઊંચી ઘાટીલી નાસિકાવાળા, સુમનોહર કર્ણવાળા, સુંદર કપોલવાળા, લાલવર્ણા અધરોષ્ઠવાળા, ભગવાનનાં દર્શન કર્યાં. (૪૫,૪૬) દીર્ઘ મજબૂત સુમેળ ભુજાઓવાળા, ઊંચા ખભાઓવાળા, વક્ષઃસ્થલ ઉપર શ્રીવત્સ ચિહ્નવાળા, હૃદયમાં લક્ષ્મીજીને પધરાવતા:, શંખ સમાન ગ્રીવાવાળા, ઊંડી નાભિવાળા, ઉદર ઉપર ત્રિવલીવાળા, અને પીપળાના પાન જેવા પાતળા પેટવાળા, વિશાળ કટિવાળા, વિશાળ થાપા-નિતંબવાળા, હાથીની સૂંઢ સરખા સુડોળ હાથવાળા, બે મનોમોહક ઢીંચણવાળા અત્યંત સુંદર જાંઘવાળા ભગવાનાં દર્શન કર્યાં. (૪૭,૪૮) ઊંચી પગની બે ઘૂંટીઓવાળા,લાલવર્ણા દશનખની કાંતિથી છવાયેલા, કોમલ અંગુલીઓને અંગૂઠાથી શોભતા દિવ્ય ચરણારવિંદવાળા, શ્રીહરિને જોયા. (૪૯) અણમોલઅગણિત મણિસમૂહે મઢેલા મુકુટધારી મોહનને જોયા. વળી અંગ-કંકણ, કંદોરો -ઉપવીત-હાર-નૂપુર-કુંડલોથી શોભતા, ચારે હસ્તમાં શંખ- ચક્ર ગદાધારી ગોવિંદને નીરખ્યા. વક્ષઃસ્થલ ઉપર શ્રીવત્સવ ચિહ્નથી શોભતા, તેજસ્વી કૌસ્તુભ મણિથી શોભતા ભગવાનનાં દર્શન કર્યા. (૫૦,૫૧) નિર્મલ મનવાળા સુનંદ-નંદ વગેરે સોળ પાર્ષદો સ્તુતિ કરતા હતા. વળી જય-વિજય બે દ્વારપાલો સનકાદિ ચાર બ્રહ્મકુમારો, બ્રહ્માદિ દેવવરો, મરીચિ વગેરે નવ બ્રહ્મર્ષિઓ, શ્રીપ્રહલાદજી-નારદજી-ભીષ્મપિતામહજી વગેરે શ્રેષ્ઠ ભગવદીયજનો દિવ્યસ્તોત્રોથી વિવિધભાવથી સ્તુતિ કરી રહ્યાં હતા. (૫૩,૫૩) આ ઉપરાંત લક્ષ્મી-પુષ્ટિ-સરસ્વતી-કાંતિ-કીર્તિ-તુષ્ટિ-ઈલા-ઊર્જા-વિદ્યા-અવિદ્યા શક્તિમાયા નામની બાર શક્તિઓ ભગવાનની સેવા કરી રહ્યાં હતા. (૫૪) આવા પ્રભુનાં દર્શન કરતાં જ અક્રૂરજી અત્યંત પ્રસન્ન થઈ ગયા. પરમા ભક્તિએ હૃદયમાં હર્ષ જાગ્યો, દેહે રોમાંચ થયાં, ભાવથી હૃદય ભીંજાઈ ગયું, નયનો ભાવજલથી છલકાઈ ગયાં, અને ગદ્ગદ વાણીથી વૈષ્ણવ સુલભ

સાત્ત્વિક સ્થિતિનું અવલંબન કરી, મસ્તકથી પ્રણામ કરી, અંજલિ જોડી ધીમે ધીમે સ્તુતિ કરવા લાગ્યા. (૫૫,૫૭)

गिरा गद्गदयास्तौषीत् - सत्वमालम्ब्य सात्वतः । प्रणम्य मूर्ध्नावहितः कृताञ्जलिपुटः शनैः ॥ ५७ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ પૂર્વાર્દ્ધ નિરોધલીલા રાજસ પ્રકરણમાં 'શ્રી' ધર્મનું વર્ણન કરતો અધ્યાય ૩૯ મો સમાપ્ત

અધ્યાય ૪૦ મો

[આ ચાલીસમા અધ્યાયમાં ૩૦ શ્લોકો છે. આ ૩૦ શ્લોકોમાં શ્રીઅક્રૂરજી ભગવાનના સ્વરૂપની, ગુણની, અવતારોની સ્તુતિમાં ગાન કરે છે. તેમાં આરંભમાં બે શ્લોકથી પ્રણામપૂર્વક ભગવાનનાં ગુણગાન કરી રહ્યાં છે.]

अक्रूर उवाच- नतोस्म्यहं त्वाखिललोकहेतुं- नरारायणं पूरुषमाद्यमव्ययम् ।
यन्नाभिजातादरविन्दकोशाद् -ब्रह्माविरासीद् यत एष लोकः ॥ १ ॥

શ્રી અક્રૂરજી સ્તુતિ કરતાં બોલ્યા કે અખિલ લોકના આપ કરાણ છો, મૂળપુરુષ છો,.આદ્યા-અવ્યય છો, આપ નારાયણ છો. આપને હું નમસ્કાર કરું છું. આપના નાભિકમળમાંથી ઉત્પન્ન થએલા કમલની કળીમાંથી બ્રહ્માજી ઉત્પન્ન થયા અને એ બ્રહ્મામાંથી આ સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. (૧) પૃથ્વી-જલ અગ્નિ-પવન-આકાશ-અહંકાર-મહત્ તત્ત્વ-પ્રકૃતિ-પુરુષ-મન-ઈન્દ્રિયો આપના શ્રીઅંગમાંથી ઉત્પન્ન થએલાં છે. વળી ઈન્દ્રિયો દ્વારા ભોગવાતા સર્વ પદાર્થો, અને જગતના જે કારણ ભૂત મનાય છે તે સર્વ દેવો પણ આપના અંગમાંથી ઉત્પન્ન થએલા છે. (૨)

વેદ- શાસ્ત્ર પ્રમાણ દ્વારા નવ શ્લોકોમાં ભગવાનનો યશ ગાય છે.

હે ભગવાન્ ! આ પુરુષ વગેરે જેઓ આપને આત્મા તરીકે જાણતા નથી. તેઓ પરમાત્માનું સ્વરૂપ જાણતાં નથી. પ્રકૃતિના ગુણોથી બંધાએલા બ્રહ્મા, ગુણથી પરસ્વરૂપને જાણતાં નથી. (૩) મહાપુરુષ સ્વરૂપ ઈશ્વરનું યોગીઓ સાક્ષાત્ યજન કરે છે. અને સદાચાર પરાયણ સ્માર્તજનો, આત્મામાં રહેલા, ભૂતોમાં, રહેલા, અને દેવમાં રહેલા સ્વરૂપે આપને સેવે છે. (૪) કેટલાક યજ્ઞ કરનારા કર્મમાર્ગીય વૈદિકો-દ્વિજજનો, ત્રણ વેદોની વિદ્યાદ્વારા કરવામાં આવતા વિસ્તારવાળા સ્વરૂપથી અનેક જુદાજુદા સ્વરૂપવાળા દેવોના નામથી આપનું જ યજન કરે છે. (૫) જ્યારે સર્વ કર્મનો ત્યાગ કરી, શાંતસ્થિતિને પામેલા જ્ઞાનીઓ જ્ઞાનયજ્ઞ દ્વારા જ્ઞાનરૂપ વિગ્રહ-સ્વરૂપવાળા આપનું યજન કરે છે. (૬) જ્યારે ઉપાસના માર્ગના વૈદિકો ઉપાસનાથી આત્માને-દેહેને શુદ્ધ કરનારા સાધકો વેદમાં દર્શાવેલા માર્ગથી તન્મય થઈ અનેક મૂર્તિવાળા આપનું જ યજન કરે છે. (૭) હે ભગવન્ ! અન્ય અનેક આચાર્યોના મતોને અનુસરીને શિવ-પશુપતિએ કહેલા માર્ગ પ્રમાણે શૈવો શિવસ્વરૂપ આપની જ સારી રીતે ઉપાસના કરે છે. (૮) હે ભગવન્ ! જ્યારે અન્ય નાના નાના દેવોનું યજન કરનારા અનેક દેવોના-ક્ષેત્રપાળ વગેરેનું યજન કર નારા ઉપાસકો પોતાના દેવને સર્વસ્વ સમજીન જુદાજુદા સ્વરૂપે ભેદબુદ્ધિથી યજન કરે છે તેઓ સર્વદેવમય આપનું જ યજન કરે છે. (૯) હે નાથ ! પર્વતમાં ઉત્પન્ન થયેલી સર્વ સરિતાઓ જલથી-વૃષ્ટિથી ભરેલી ચારે તરફથી સાગરમાં પ્રવેશ કરે છે તે પ્રમાણે સર્વ ઉપાસકો તો અંતમાં તો આપને જ પ્રાપ્ત કરનારા છે. (૧૦) કારણ કે સત્વ-રજસ-અને તમસ્ એનવા આપની પ્રકૃતિના ત્રણ ગુણો છે અને તેઓમાં સ્થાવરથી આરંભી બ્રહ્મા સુધીના પ્રાકૃત પદાર્થો પરોવાએલા છે. (૧૧) નાથ ! આપની દૃષ્ટિ કદી ક્યાંય આસક્ત થતી નથી. તેવા અનાસક્તને નમસ્કાર. વળીસર્વના આત્મા, સર્વની બુદ્ધિના સાક્ષી એવા આપને પ્રણામ, કેવલ આપની જ પ્રાપ્તિ માટે આપને નમસ્કાર, આ વિદ્યાથી-અજ્ઞાનથી થતો ત્રણે ગુણોના પ્રવાહ દેવો-મનુષ્યો-અને ક્ષુદ્ર પ્રાણીઓના દેહવાળા હોય તેમનામાં જ થાય છે. (૧૨)

સર્વદેવતામય ભગવાનને નમસ્કાર

અગ્નિ આપનું મુખ છે, પૃથ્વી આપના ચરણ છે, સૂર્ય આપનુ નેત્ર છે, આકાશ આપની નાભિ છે, દિશાઓ આપના કાન છે, સ્વર્ગ આપનું મસ્તક છે, ઉત્તમ દેવો આપના બાહુઓ છે, સમુદ્રો આપનું ઉદર છે, વાયુ આપના પ્રાણ છે, કર્મ આપનું બળ છે. (૧૩) વૃક્ષો-ઔષધિઓ આપની રોમાવલી છે, મેઘો આપ પરબ્રહ્મના કેશ છે, પર્વતો આપનાં

અસ્થિઓ છે અને નખો છે, રાત અને દિવસ એ તો આપની આંખના પલકારા છે, પ્રજાપતિ આપની ગુહ્ય ઈન્દ્રિય છે, અને વૃષ્ટિ તો આપનું વીર્ય મનાએલી છે. (૧૪) જેમ જલમાં જલચર પ્રાણી ભેગાં થઈને રહેલ છે, વળી ઉમરડાંમાં-અગણિત જતુંઓ ભેગાં મળી રહેલાં છે, વળી મનોરથોમાં અનેક વસ્તુઓ અને અનેક વ્યક્તિઓ રહેલી છે તેવી જ રીતે લોકપાલો સહિત અનંત જીવોથી ખીચોખીચ ભરેલા અનંત લોકો આપ નિર્વિકાર આત્મારૂપ ભગવાનમાં-પુરુષમાં રચેલા છે-રહેલા છે છતાં તેનો આપને જરાય ભાર નથી. (૧૫) આપ ક્રીડા માટે-લીલા માટે જે જે મત્સ્ય-કૂર્મઆદિ સ્વરૂપો ધારણ કરો છો. તે સ્વરૂપોની લોકમાં નિદાં નથી થતી પરંતુ તે તે સ્વરૂપોની લીલાઓનાં ગાન કરનારાઓના શોકનો નાશ થાય છે તેથી જ શોકમુક્ત આનંદથી આપના યશનું ગાન કરે છે. (૧૬)

ભગવાનના અવતારોને અક્રૂરજી નમસ્કાર કરે છે

પ્રલયના મહાસાગરમાં વિચરનારા શ્રીકારણ મત્સ્ય ભગવાનને નમસ્કાર કરું છું. અને વળી મધુદાનવ અને કૈટભ દાનવના મૃત્યુ રૂપ અવતરેલા શ્રીહયગ્રીવ ભગવાનને નમસ્કાર કરું છું. (૧૭) શ્રીમંદરાચલ પર્વતને ધારણ કરનારા મહાન કૂર્મ ભગવાનને નમસ્કાર કરું છું, પૃથ્વીનો ભાર ઉતારવા-ઉદ્ધાર કરવા માટે જ લીલા કરનારા શ્રીવરાહમૂર્તિ પ્રભુને નમસ્કાર. (૧૮) સજ્જન પુરુષોના ભયને હરનારા અદ્‌ભુત સિંહસ્વરૂપ શ્રીનરસિંહજીને નમસ્કાર. ત્રણે ભુવનોને ઓળંગી જનારા-શ્રીવામન ભગવાનને નમસ્કાર. (૧૯) મદથી માતેલા ક્ષત્રિયોના વનને પરશુથી છેદનારા શ્રીભૃગુપતિ પરશુરામજીને પ્રણામ કરું છું અને રાવણનો વિનાશ કરનારા આપ શ્રીરઘુવરને નમસ્કાર હો. (૨૦) આપશ્રી વાસુદેવને નમસ્કાર કરું છું. અને શ્રીસંકર્ષણને પ્રણામ કરું છું. શ્રીપ્રદ્યુમ્નજીને નમસ્કાર, શ્રીઅનિરુદ્ધજીને નમસ્કાર અને ભક્તોના-વૈષ્ણવોના સ્વામીને પણ નમસ્કાર. (૨૧) દૈત્ય-દાનવોને મોહ આપનારા શુદ્ધ એવા શ્રીબુદ્ધ ભગવાનને નમસ્કાર. મ્લેચ્છોનો સંહાર કરનારા ક્ષત્રિયોને હણનારા શ્રીકલ્કિસ્વરૂપ ભગવાન આપને નમસ્કાર હો. (૨૨) હે ભગવન્ ! આપની માયાથી મોહ પામેલો હું અને મારું એવા દુષ્ટ પદાર્થોમાં આગ્રહવાળો આ જીવ લોક કર્મના માર્ગોમાં ભમ્યા કરે છે. (૨૩) હે ભગવન્ ! હું કેવો મૂઢ છું ! સ્વપ્ન જેવાં દેહ-ગેહ-પુત્ર ઘર-સ્ત્રી-ધન-સ્વજન-કુટુંબીજન વગેરેમાં સત્ય બુદ્ધિથી અટવાયા કરું છું. (૨૪) ભગવન્ ! મારી મૂઢ મતિનો પાર નથી, જે અનિત્ય છે તેમાં નિત્ય બુદ્ધિવાળો છું, જે દેહ-ઘર વગેરે "આત્માસ્વરૂપ" નથી તેમાં આત્માની ભાવના કરી રહ્યો છું, જે દેહાદિ દુઃખસ્વરૂપ છે એમાં સુખ જોઈ રહ્યો છું, આવી ઊલટી બુદ્ધિવાળો હું રાગ-દ્વેષ વગેરે દ્વન્દ્વોમાં સુખ માનનારો, ઘોર અંધકારથી ઘેરાએલો છું આપ જે આત્મા છો પ્રિય છો-તેવું હું સમજતો નથી આથી ઊલટી બુદ્ધિવાળો કેવો હોઈ શકે ? (૨૫) જેમ મૂર્ખજન જલમાં ઉત્પન્ન થએલાં ઘાસ-પાન વગેરેથી ઢંકાએલા જલને અહીં જલ નથી એમ સમજી જલને ત્યજીને દૂર દેખાતાં ઝાંઝવાના જલની પાછળ દોડે છે, તેવી જ રીતે હું આપનાથી દૂર રહેલો છું. (૨૬) વિષયમાં ડૂબેલો હોવાથી દીનમતિવાળો હું કામસુખની અને કર્મ સુખથી ખેંચાએલા,તેમજ બલવાળી ઈન્દ્રિયો જ્યાં જ્યાં ખેંચી જાય ત્યાં ત્યાં ખેંચાઈ જનારા મનને રોકવાનો ઉત્સાહ કરતો નથી-રોકવાની જીગર જ ચાલતી નથી. (૨૭)

અંતમાં શરણાગતિ એક જ આખરની ગતિ-ઉપાય છે

सोहं तवांध्रिमुपगतोस्म्यसतां दुरापं – तच्चाप्यहं भवदनुग्रह ईश मन्ये ।
पुंसो भवेद्यर्हि संरणापवर्ग –स्त्वय्यब्जनाभ सदुपासनया मतिः स्यात् ॥ २८ ॥

નાથ ! હવે હું અસાધુજનોને માટે સદાય દુર્લભ આપશ્રીના શ્રીચરણોની શરણાગતિ સ્વીકારું છું. તેમાં પણ હે પરમેશ્વર ! આપની કૃપા જ કારણ છે એમ માનું છું. હે કમલનાભ કૃષ્ણ ! જ્યારે પુરુષને જન્મનો આખરનો ફેરો હોય છે ત્યારે સંત પુરુષોની સેવાથી આપનામા જીવની મતિ થાયછે. (૨૮) કેવલ વિજ્ઞાનસ્વરૂપ, સર્વજ્ઞાનના કારણસ્વરૂપ, પુરુષ અને કાલ સ્વરૂપ, પ્રકૃતિસ્વરૂપ, અનન્ત શક્તિસમ્પન્ન આપ પરબ્રહ્મ શ્રીકૃષ્ણને મારા નમસ્કાર હો. (૨૯)

नमस्ते वासुदेवाय सर्वभूतक्षयाय च । हृषीकेश नमस्तुभ्यं प्रपन्नं पाहि मां प्रभो ॥ ३० ॥

હે શ્રીહૃષીકેશ ! સર્વ ભૂતોના સ્થાન રૂપ અને વાસુદેવ એવા આપને નમસ્કાર હો. હે નાથ ! હે પ્રભો ! શરણાગત એવા

મારી રક્ષા કરો. હું આપનો સેવક છું. (૩૦)

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ નિરોધલીલા રાજસ પ્રકરણના પ્રમાણ-પ્રકરણમાં જ્ઞાન-ઐશ્વર્યનું નિરૂપણ કરનારો ૪૦ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૪૧ મો

[આ અધ્યાયમાં ૫૨ શ્લોકો છો. દશમ સ્કંધ પૂર્વાધમાં રાજસ પ્રકરણની પ્રમાણ પ્રકરણની લીલામાં "વૈરાગ્ય" નામના છઠ્ઠા ઐશ્વર્યનુ નિરૂપણ કરનાર આ ૪૧ મા અધ્યાયમાં, શ્રીઅક્રૂરજીને ભગવાન નિજભવનમાં જવાની આજ્ઞા આંપે છે અને મથુરાનગરી નિહાળવા પધારે છે. માર્ગમાં મળતા રંગરેજનો મોક્ષ-દરજીને ઐશ્વર્યદાન અને સુદામા માળીના આતિથ્યનો અંગીકાર કરતા રાજા કંસને સજાગ બનાવે છે.]

ભગવાનની અનુકંપા

श्रीशुक उवाच–स्तुवतस्तस्य भगवान् दर्शयित्वा जले वपुः । भूयः समाहरत् कृष्णो नटो नाट्यमिवात्मनः ॥ १ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! શ્રીઅક્રૂરજી જ્યારે ભગવાનની સ્તુતિ કરતા હતા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે જલમાં પોતાના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરાવીને જેમ નટ પોતાના નાટ્યને સંકેલી લે તેમ પ્રભુએ પોતાના સ્વરૂપને સંકેલી લીધું. (૧) શ્રી અક્રૂરજી પણ ભગવાનને અન્તર્હિત થયેલા જોઈને જલમાંથી બહાર આવ્યા અને અત્યંત ત્વરાથી આવશ્યક સર્વ કાર્ય કરી લઈને આશ્ચર્ય પામેલા રથની પાસે આવ્યા. (૨) ભગવાન શ્રીકૃષ્ણે-હૃષીકેશે, પૂછયું કે કાકા ! કેમ વાર લાગી, કેમ બેબાકળા લાગો છો ? શું આપે ભૂમિ ઉપર આકાશમાં કે જલમાં કાંઈ અદ્ભૂત જોયું ? આપના મુખ ઉપરથી તો એવું લાગે છે. (૩) શ્રીઅક્રૂરજીએ કહ્યું ભગવન્ ! આ પૃથ્વી ઉપર આકાશમાં, અથવા જલમાં જેટલાં અદ્ભુતો છે તે સર્વ વિશ્વસ્વરૂપ આપનામાં જ વસેલોં છે. માટે આપનાં દર્શન કરતાં મેં શુ નથી જોયું નાથ ! આપના દર્શનમાં સર્વ સમાય છે. (૪) હે બ્રહ્મન્ ! ભૂમિ ઉપર આકાશમાં અથવા જલમાં જ્યાં સર્વ અદ્ભૂતો છે સર્વ અદ્ભૂતોના સ્થાન આપ છો, સર્વ અદ્ભૂતો આપનામાં વસેલા છે. પ્રભુ ! મેં આપના દર્શન કરતાં અહીં ક્યું અદ્ભુત નથી જોયું ? (૫) આ પ્રમાણે કહીને શ્રીગાંદિની માતાના પુત્ર શ્રીઅક્રૂરજીએ રથ આગળ ચલાવ્યો અને શ્રીબલભદ્રજીને તેમજ ભગવાન શ્રીકૃષ્ણને સાયંકાલે લગભગ મથુરાજી લઈ આવ્યા. (૬) રાજન્ ! માર્ગમાં સ્થાને-ઠેકાણે ઠેકાણે શ્રીવસુદેવજીના બન્ને કુમારોને જોઈને ગ્રામજનો સમીપે દોડી આવ્યા અને કૃષ્ણ-બલભદ્રનાં દર્શનથી પ્રસન્ન થયા. તેઓ ભગવાનની પાસેથી પોતાની નજર પાછી વાળી શક્યા જ નહીં. (૭) તેટલા સમયમાં નંદરાયજી વગેરે વ્રજના લોકો ત્યાં નગરનાં ઉપવન પાસે પ્રથમથી જ આવી પહોચ્યાં હતા અને શ્રીબલભદ્ર અને શ્રીકૃષ્ણની રાહ જોઈને ઊભા હતા. (૮) ભગવાન ત્યાં પધાર્યા અને સર્વ ભોગા થયા ત્યારબાદ જગદીશ્વર ભગવાન શ્રીકૃષ્ણે કાકા શ્રીઅક્રૂરજીનો શ્રીહસ્ત પકડી વિનયપૂર્વક હસતા હોય તેમ શ્રીઅક્રૂરજીને કહ્યું કે પૂજ્ય કાકા ! આપ પ્રથમ રથ લઈ મથુરામાં ઘરે પધારો. અમે સર્વ અહીં ઉતારો કરીશું-ગાડાં છોડીશું અને પછી થોડા સમયમાં નગર જોવા આવીશું. (૯,૧૦)

શ્રીઅક્રૂરજીનું ભગવાનને નિવેદન

હે નાથ ! હે પ્રભુ ! આપ બન્ને ભાઈઓને મૂકીને એકલો હું મથુરામાં નહીં જાઉં. હે કૃપાનાથ ! આપ તો ભક્તવત્સલ છોં. હું આપનો ભક્ત છું. આપના ભક્ત એવા મારો શું ત્યાગ કરશો ? ના નાથ ! આવું ના છાજે. (૧૧) હે લાડીલા કૃષ્ણ ! હે પ્રભો ! ઘર મારું છે કે આપનું છે ? નાથ મારે ઘરે નથી પધારવાનું પરંતુ આપે આપના જ ઘરે પધારવાનું છે. આપ-શ્રીબલભદ્રભૈયા-ગોપાલવૃન્દ, સર્વ સખાઓ સાથે આપ આપના જ આંગણે પધારો.અરે અધોક્ષજ ! આપણાં અનેક ઘરો-આંગણા અને સ્થાનો છે એટલે સ્થળસંકોચ નથી. (૧૨) હે નાથ ! અમે ગૃહસ્થાશ્રમીઓ છીએ. અમારી મતિ સંસારમાં રચીપચી રહેલી છે. આપ અમગૃહે પધારીને પાવન પદરજથી અમારાં ઘરને પાવન કરો. પ્રભુ ! આપના ચરણપ્રક્ષાલન કરીને બલિ રાજા કીર્તિમાન યશસ્વી અને મહાન બન્યા અને તુલનામાં ના આવી શકે તેવું ઐશ્વર્ય પામ્યા. તેમજ ભક્તોની દિવ્ય ગતિ સાયુજ્ય મુક્તિને પામ્યા. (૧૪) ભગવાન ! આપશ્રીનાં શ્રીચરણોનાં પ્રક્ષાલનથી

થયેલાં પવિત્ર જલ-શ્રીગંગાજીએ ત્રણે લોકને પવિત્ર કર્યા છે. આ શ્રીગંગાજલને શ્રીશંકર ભગવાને મસ્તક ઉપર ધારણ કર્યાં હતાં અને મહારાજા સગરના સાઠ હજાર પુત્રો સ્વર્ગતિને પામ્યા. (૧૫) હે દેવાધિદેવ ! હે જગન્નાથ ! હે પુણ્યશ્રવણકીર્તન ! હે યદત્તમ ! હે ઉત્તમશ્લોક ! હે નારાયણ ! આપને નમસ્કાર કરું છું. (૧૬) શ્રીશુકાચાર્યજી એ કહ્યું કે રાજન્ ! શ્રીઅક્રૂરજીની વિનંતી સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણે શ્રીઅક્રૂરજીને કહ્યું કે કાકા આપ નારાજ ના થશો,- હું યાદવોના સમૂહોનો દ્રોહ-વિરોધ-વૈર કરનારા કંસનો નાશ કરીને મોટાભાઈ શ્રીબલભદ્રજી સાથે આપને ઘેર અવશ્ય આવીશ અને સ્વજનોનું પ્રિય કરીશ. (૧૭) રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણે આ પ્રામણે કહ્યું ત્યારે મનથી સર્વથા નિરાશ થઈ ગયેલા શ્રીઅક્રૂરજી મથુરા નગરીમાં જઈ કંસરાજાને કૃષ્ણ-બલભદ્રને લાવ્યો છું એવા સમાચાર આપી પોતાના નિવાસે પધાર્યા. (૧૮)

શ્રીમથુરા નગરીએ નિજનાથ પધારતાં પ્રકટ કરેલું સૌન્દર્ય

રાજન્! અક્રૂરજીની વિદાય પછી, દિવસના પાછલા પ્રહરમાં-એટલે દિવસના ત્રીજા ભાગમાં શ્રીમથુરાનગરીનાં અવલોકન કરવાની અભિલાષાથી શ્રીસંકર્ષણ-બલભદ્ર ભૈયા સાથે ગોપજનોથી વીંટળાયેલા ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમથુરામાં પ્રવેશ કર્યો. (૧૯) સ્ફટિક મણિનાં અનેકમાળી ઊંચા મકાનો અને મણિનિર્મિત નગરનાં ઊંચાં ગોપુરદ્વારો હતાં આ દ્વારો સર્વ સુવર્ણના હતાં. સુવર્ણનાં તોરણ હતાં. તાંબાના મોટા કોઠારો હતા. ફરતા કોટ પણ તાંબાના હતા. કિલ્લાની ચારે બાજુ ફરતી ખાઈઓ હતી. જેથી નગરમાં પ્રવેશ કરવો જ કઠિન હતો. ભગવાન અને બલભદ્રજીએ રમણીય બગીચાઓથી અને ફુલીફાલી પુષ્પવાટીકાઓથી શોભતી મથુરાનગરીને નિહાળી. (૨૦) મથુરાનગરીમાં ચાર રસ્તાઓ ઉપર ચૌટાઓ સુવર્ણના વિસામાઓ રચેલા હતા, હવેલીઓ પણ સુવર્ણની રચેલી હતી, ભવનોના ભૂમિતલો પણ સોને જડેલાં હતા. ચૌટા, સભાસ્થાનો અને જનનિવાસો-મકાનો પણ સુવર્ણનાં રચેલાં હતા, ઘરમાં અને બગીચામાં વિશ્રામ માટે બેસવાની વેદિકાઓ ઓટલીઅમાં મઢેલા વૈડૂર્ય-હીરા-સ્ફટિકકમણિ-નીલમણિ-પ્રવાલમણિ-મૌક્તિકો-નીલમથી અત્યંત શોભીત શ્રીમથુરાપુરીને નાથે નિહાળી. (૨૧) ભવનોની ભીંતોમાં જેટલી જાળીઓનાં ગોખલાની મધ્યભૂમિમાં બેઠેલાં કબૂતરો અને મયૂરો પોતાના કલરવ-અને કેકારવથી નગરીને ગજાવી મૂકતા હતા. રાજમાર્ગો પણ સુગંધિત જલથી સિંચેલા હતા, આંગણાં-બજારો, નાની મોટી ગલીઓ-શેરીઓ-ફળિયાં-અને આંગણાં પણ જલથી સિંચેલા હતાં. જ્યારે રાજમાર્ગે અને ગલીએ શેરીએ ઠેર ઠેર પુષ્પો-અંકુરો-ધાણી-અક્ષત વગેરેની થતી વૃષ્ટિથી મથુરાપુરી શોભતી હતી. (૨૨) દહીં, કેસરી ચંદનના અને કેશરનાં છાંટણાં છાંટેલાં દહીં-દૂધ-ઘી-મધ જલ ભરેલા મંગલ કલશોથી કુમળાં પલ્લવવાળાં પુષ્પના ગુચ્છો, શોભાયમાન અસંખ્ય દીપો અને આરતીઓથી નગરી દિવ્ય લાગતી હતી. રેશમી વસ્ત્રોના પડદાં અને ધજાઓથી મથુરાપુરીનું સૌન્દર્ય અત્યંત વધી રહેલું હતું. કેળનાં વૃક્ષો અને સોપારીનાં વૃક્ષોથી ચોક, બગીચા, ઘરઆંગણાં અત્યંત સુશોભિત બનાવ્યાં હતાં. (૨૩)

શ્રીમથુરાનગરી પોતાના નાથના સ્વાગતે ઊમટી

આવી દિવ્ય નગરીમાં મિત્રો અને બડભૈયા સાથે મથુરાનાથ પધાર્યા. રાજમાર્ગે પધારતા બન્ને વસુદેવનન્દન શ્રીકૃષ્ણ અને શ્રીબલભદ્રનાં દર્શન કરવા સામૈયું કરવા માટે નગરનારીઓ અત્યંતવેગથી સન્મુખ આવી પહોંચી. પરંતુ જેઓ ઘરમાંથી બહાર ન નીકળી શકી તે મથુરાનારીઓ, હવેલી ઉપર ચઢી ને નાથને નીરખવા અને વધાવવા લાગી. (૨૪)

काश्चिद्-विपर्यग्धृतवस्त्रभूषणा -विस्मृत्य चैकं युगलेष्वथापराः ।
कृतैकपत्रश्रवणैकनूपुरा-नाक्त्वा द्वितीयं त्वपराः स्वलोचनम् ॥ २८ ॥

રાજન્ ! અનેક મથુરારમણીઓએ તો ભાવવિભોર બની ભાન ભૂલીને ઉપરનાં વસ્ત્રો નીચે અને નીચેનાં વસ્ત્રો ઉપર પહેર્યાં હતાં અને વળી હાથના શૃંગાર કાને કે કાનના કે ચરણના હાથે આમ ઊલટાસૂલટી અલંકારો પહેર્યા હતા ત્યારે અલંકાર-વસ્ત્રોની જોડીમાંથી એક પહેરવાનું વીસરી એક જ પહેરીને આવી રહી હતી, ત્યારે વળી એક કાનમાં કુંડલ પહેર્યું અને બીજે કાને પહેરવાનું વીસરી, તો વળી એક ચરણે નૂપુર ધર્યું અને બીજે ચરણે વીસરી ત્યારે વળી એક આંખ

આંજી અને બીજી આંખ અંજન કરવાનું ભૂલી. (૨૫)

अश्नन्त्य एकास्तदपास्य सोत्सवा-अभ्यज्यमाना अकृतोपमज्जनाः ।
स्वपन्त्य उत्थाय निशम्य निःस्वनं-प्रपाययन्त्योर्भमपोह्य मातरः ॥ २६ ॥

ત્યારે તો ઘણી પુરવનિતાઓ તો ભોજન પડતાં મૂકી ઉલ્લાસ ભરી દોડી, ત્યારે કેટલીક સ્ત્રીઓ તેલ ચોળ્યાં પણ સ્નાન કરવાનું વીસરી, ત્યારે કેટલીક કોલાહલ સાંભળી ગાઢ નીંદરમાંથી સફાળી જાગીને દોડી, ત્યારે વળી ઘણી નારીઓ તો ધાવતાં બાળકોને પણ પડતાં મૂકીને દોડી આવી. (૨૬)

मनांसि तासामरविन्दलोचनः-प्रगल्भलीलाहसितावलोकनैः ।
जहार मत्तद्विरदेन्द्रविक्रमो-दृशां ददच्छ्रीरमणात्मनोत्सवम् ॥ २७ ॥

રાજન્ ! રાજમાર્ગે પધારતા, મદમાતા ગજરાજ સમાન પરાક્રમી રસરાજ કમલનયન શ્રીકૃષ્ણે, શ્રીમથુરાપુરીને વનિતાઓની દષ્ટિઓને-નયનોને, શ્રીરમારમણ-એટલે ખુદ લક્ષ્મીજીને પણ આનંદ આપનારા દિવ્ય સ્વરૂપથી ઉત્સવનાં દાન દીધાં અને પોતાની સ્વતંત્ર લીલાઓને સૂચવતા હાસ્ય ભરી નજરથી મથુરાનારીઓનાં મન હરી લીધાં. (૨૭) શ્રીશુકાચાર્યજી બોલ્યા કે હે શત્રુજનોને સીધા રાખનાર રાજન્ પરીક્ષિત ! મથુરાપુરની નારીઓએ વારંવાર જે શ્રીશ્યામસુંદરના મહાત્મ્યનાં શ્રવણ કર્યાં હતાં, આજ તે શ્રીકૃષ્ણનાં દર્શન પામતાં સર્વ નારીનાં મન ખેંચાઈ ગયાં, ભગવાને પોતાની કૃપાનજરમાંથી અને ઉત્તમ હાસ્યમાંથી ઝરતાં અમૃતના સિંચનથી મથુરાનારીનાં બહુમાન કર્યાં. મથુરાની નારીઓએ પોતાની નજરોથી આનંદમૂર્તિ શ્રીકૃષ્ણને હૃદયમાં પધરાવ્યા અને આલિંગન કર્યાં. અંગેઅંગો રોમાંચિત થઈ ગયાં અને મથુરાની લલનાઓની મનની સર્વ બાધાઓ-પીડાઓ ચાલી ગઈ. (૨૮) ત્યારબાદ પોતાની હવેલીઓની અગાશીમાં દોડી ગયાં અને પ્રેમથી પ્રફુલ્લિત નયનવાળાં બની મદઘેલી આ અબલાઓ શ્રીબલભદ્ર અને શ્રીકેશવ ભગવાન ઉપર પુષ્પની વૃષ્ટિ વરસાવવા લાગી. (૨૯) મથુરાપુરીના ઋષિઓ દહીં અને અક્ષતથી, મંગલ જલકલાશોથી, કુસુમમાલાઓ અને સુંગધી દ્રવ્યોથી અત્તર-ફુલોથી અને ઉત્તમ પ્રકારની ભેટ, સામગ્રીથી સ્થાને સ્થાને બન્ને કુમારોનાં અર્ચન કીધાં. (૩૦) રાજન્ ! આ અવસરે મથુરા નાગરિકો કહેવા લાગ્યા કે અરે ભાઈ ! આ ગાપીજનોએ કેવા મહત્ત્વનાં તપ કર્યાં હશે ! ખરું ને વારું ! જુઓને તેઓ માનવ લોકમાં મહોત્સવ સ્વરૂપ આ શ્રીબલભદ્ર-કૃષ્ણજીનાં દર્શન કર્યા કરે છે. (૩૧)

આખરે ખલ તો ખલ જ રહે છે તો પણ કૃપાલુ કૃષ્ણ તેનું પણ મંગલ કરે છે.

હવે સાતશ્લોકોમાં ધોબી-રંગારાની પ્રકૃતિનું વર્ણન કરતા શુકાચાર્ય કથા આરંભે છે કે રાજન્ ! રાજમાર્ગે રસનિધિ પધારી રહ્યા હતા ત્યારે, નૂતન રંગેલા અને કોરાં વસ્ત્રોને લઈને આવતા રંગરેજ ધોબીને આવતો જોઈને ગદાગ્રજ ભગવાને તે રંગારા પાસે સ્વચ્છ ધોએલાં અને શ્રેષ્ઠ જાતનાં વસ્ત્રોની માંગણી કરી. (૩૨) ભગવાન બોલ્યા કે હે અંગ ! હે ભાઈ ! હે સજ્જન પુરુષ ! અમે બે આ વસ્ત્રને પહેરવા માગીએ છીએ. અને તારી પાસે ઉત્તમ વસ્ત્રો છે તો યોગ્યને યોગ્ય વસ્ત્રો આપવાં જોઈએ. વળી તેમ કરતાં તારું કલ્યાણ થશે. આ દિશામાં સંદેહ કરીશ માં. (૩૩) રાજન્ ! સર્વ રીતે સંપૂર્ણ એવા પૂર્ણ ભગવાને શ્રીકૃષ્ણે યાચના કરી તો પણ રાજાના ધોબી તરીકે મદથી છકેલો રોષે ભરાઈ ભગવાનનું અપમાન કરતાં વાક્યો બોલ્યો. (૩૪) અરે ગિરિચરો ! તમે તમારી જિંદગીમાં આવાં વસ્ત્રો કદી જોયાં છે કે પહેર્યાં છે ? તે રાજાઓને ધારણ કરવા યોગ્ય વસ્ત્રો પહેરવાની તમે ઈચ્છા કરો છો ? (૩૫) અરે બુદ્ધિને ગીરો મૂકીને આવેલાં બાલિશો ! જો જીવવાની દાનત હોય તો કદી આવી માંગણી કરતા ના. તમને ખબર નથી કે મથુરાના રાજસેવકો તમારા જેવા ઉદ્ધત જનોને બાંધી દે છે, કાંતો મારી નાંખે છે કે કાંતો લૂંટી લે છે. (૩૬) રાજન્ ! આ પ્રમાણે બલભદ્રનું અપમાન કરનારા રંગારા ઉપર રોષે ભરાએલ દેવકીનન્દન શ્રીકૃષ્ણે પોતાના હાથના માત્ર પંજાથી લપડાક લગાવી અપમાન કરનારા ધોબીનું-રંગારાનું માથું તેના ધડ ઉપરથી પાડી નાખ્યું. (૩૭) આ અવસરે જીવ બચાવવા તે રંગારાના સર્વ સેવક ચાકર વસ્ત્રના ઢગલાઓને પડતાં મૂકીને જ ચારે બાજુઓના રસ્તે જેમ માર્ગ મળે તેમ નાસી

છૂટ્યા. અને અચ્યુત ભગવાને વસ્ત્રો લઈ લીધાં. (૩૮) શ્યામસુંદરે પોતાને પ્રિય પીતાંબર અને શ્રીસંકર્ષણ-બલભદ્રજીએ પોતાને પ્રિય નીલાંબર વસ્ત્રો ધારણ કરી કેટલાંક જમીન ઉપર પટકી દઈ બાકીનાં બધાં જ ગોપજનોને-સખાઓને દીધાં. (૩૯)

પુણ્યભાગ્ય દરજીની સેવા

રાજન્ ! સર્વજ્ઞ શ્રીહરિ અને બલભદ્રજીએ અજ્ઞ જેવા બની વસ્ત્રો ધારણ કર્યાં ત્યારે ભગવાનનાં દર્શનથી પ્રસન્ન થયેલ સેવાશીલ દરજીએ, આભૂષણરૂપ જુદા જુદા રંગવાળાં વસ્ત્રોથી ભગવાનના શ્યામ શ્વેત વર્ણને બંધબેસતો તે બન્ને ભાઈઓ માટે ઉત્તમ વેશ બનાવ્યો. (૪૦) રાજન્ ! જ્યારે ભાત ભાતના રંગવાળા અને કારીગરવાળા ઉત્તમ વેષથી ભગવાન શ્રીકૃષ્ણને અને શ્રીબલભદ્રજીને અલંકૃત કીધા, ત્યારે આ બન્ને ભાઈઓ, કોઈ ઉત્સવ અવસરે ખૂબ જ સજાવેલ શ્યામ અને શ્વેતવર્ણા જાણે બાલ ગજરાજો ન હોય તેમજ ખૂબ જ ખીલી ઊઠ્યા. (૪૧) રાજન્ ! દરજીની કલાથી પુષ્કળ પ્રસન્ન થયેલા કલાનિધિ શ્રીકૃષ્ણ ભગવાને દરજીને પોતાનું સારૂપ્ય, તેમજ આ લોકમાં આવશ્યક પુષ્કળ શ્રી બલ, ઐશ્વર્ય, ભગવાનના, સ્વરૂપની સ્મૃતિ અને ઈન્દ્રિયોના સામર્થ્યનાં દાન દીધાં. (૪૨)

વૈષ્ણવવર્ય માલાકાર સુદામાનું પરમ સૌભાગ્ય

રાજન્ ! દરજીનું સર્વપ્રિય કરીને શ્રી કૃષ્ણ અને શ્રીબલભદ્ર બન્ને ભાઈઓ શ્રીસુદામા માળીને ઘરે પધાર્યા. માળીએ આ બન્ને પુરુષોને પધારતા નિહાળીને એકાએક ઊભા થઈને ભૂમિ ઉપર મસ્તક પધરાવીને પ્રણામ કર્યા. (૪૩) રાજન્ ! તે સમયે માળીના ઘરે ઉત્તમ-પવિત્ર આસન ન હતાં તેથી તે સમીપમાંની દુકાનથી જ લઈ આવ્યો. તે આસન ઉપર બન્ને ભાઈઓને પધરાવ્યા અને પ્રભુનાં ચરણપ્રક્ષાલન માટે શુદ્ધ જલ પધરાવ્યાં-ચરણ પખાળ્યા, અને માલાજી તાંબૂલ-બીડી, લેપ વગેરે સેવાની સામગ્રીથી પોતાના પરિવાર સાથે વ્યકિત ભાવપૂર્વક અર્ચન કીધાં. (૪૪)

प्राह नः सार्थकं जन्म पावितं च कुलं प्रभो । पितृदेवर्षयो मह्यं तुष्टा ह्यागमनेन वाम् ॥ ४५ ॥

ભક્તવર સુદામા માળીએ ભગવાનને નિવેદન કર્યું કે નાથ ! પ્રભો ! અમારો જન્મ સફળ થયો, અમારું કુલ પાવન થયું. પિતૃઓ-દેવો-ઋષિઓ મને ફલદાન કરવા પ્રસન્ન થાય છે એવું આપશ્રીના શ્રીચરણો મારા ગરીબને આંગણે થતાં લાગ્યું છે. (૪૫) આપ બન્ને વિશ્વવિખ્યાત છો અને જગતનું આપ બન્ને મુખ્ય કારણ છો. વિશ્વકલ્યાણ માટે અને ઉદ્‌ભવ માટે પૃથ્વી ઉપર અંશથી અવતરેલા છો. (૪૬) આપ બન્ને જગતના મિત્રો છો-જગતના સુહૃદ છો, વળી જગતના આત્મા છો, સર્વ પ્રાણીઓમાં સમાન દૃષ્ટિવાળા છો, આપ બન્નેનું જે ભજન કરે તેને કલ્પતરુની માફક બનો છો ભજનારાના સંકલ્પ પૂર્ણ કરો છો છંતા આપની દૃષ્ટિ પક્ષપાતથી રહિત છે. (૪૭) આપ બન્ને મહાપુરુષો મને આપના સેવક ને આજ્ઞા કરો કે હું આપ બન્નેની શી સેવા કરું ? કારણ કે આપ આ ક્ષુદ્રજનને આપની જે સેવા સોંપશો કે આજ્ઞા કરશો તો તે દાસજન ઉપર કરેલો મહાન અનુગ્રહ મનાશે. (૪૮) હે નરનાથ ! હે રાજેન્દ્ર પરીક્ષિત ! શ્રીસુદામા માળીએ ભગવાનની ઈચ્છા જાણીને અથવા ભગવાનની આજ્ઞા મેળવીને મનમાં અતિશય પ્રસન્ને થઈને ખૂબ જ પંકાયેલાં સુવાસિત પુષ્પોનાં માલા બનાવી બન્ને પ્રભુને અંગીકાર કરાવી. (૪૯) તેદિવ્ય માલાઓનો અંગીકાર કરી અત્યંત શોભતા, અને પોતાના મિત્ર-સેવકો સાથે પ્રસન્ન થએલા, વરદાન દેનારા, બલભદ્રજી અને શ્રીકૃષ્ણે પ્રણામ કરી રહેલા-શરણાગત ભક્તવર સુદામા માળીને અનેક વરદાનો આપ્યાં. (૫૦) આ અવસરે ભગવાને એમ પણ કહ્યું કે ભાઈ ! શું જોઈએ ? માગી લે ! ત્યારે તે ભક્તવર માળીએ અખિલ વિશ્વના આત્મા ભગવાન શ્રીકૃષ્ણમાં જ અવિચળ ભક્તિ માગી, ભગવાનના ભક્તો-ભગવદીય જનો સાથે સૌહાર્દ-મૈત્રી માગી અને પ્રાણી માત્ર ઉપર અલૌકિક દયા માગી કે આપે મારા જેવા નિ:સાધન જન ઉપર જેવી કૃપા કરી ઉદ્ધાર કર્યો. વણનિમંત્ર્યાં મારા અકિંચન જનને આંગણે પધાર્યા એવી સર્વ ઉપર અલૌકિક દયા કરજો એવી વિજ્ઞપ્તિ કરી. (૫૧)

इति तस्मै वरं दत्त्वा श्रियं चान्वयवर्धिनीम् । बलमायुर्यशः कान्तिं निर्जगाम सहाग्रजः ॥ ५२ ॥

ત્યારબાદ શ્રીસુદામા માળીએ માગેલા વરદાન પ્રમાણે, વંશમાં વૃદ્ધિ પામે તેવી લક્ષ્મી, બલ, આયુષ્ય, કીર્તિ, સૌન્દર્યનાં

દાન કીધાં અને જયેષ્ઠ બંધુ બલભદ્રજી સાથે માલીના ઘરમાંથી બહાર પધાર્યા. (૫૨)

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ પૂર્વાધમાં રાજસ પ્રકરણના પ્રમાણ પ્રકરણમાં ૪૧ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૪૨ મો

[આ ૪૨ મા અધ્યાયમાં ૩૮ શ્લોકો છે. આ અધ્યાયના કથા પ્રસંગોમા કુબ્જાએ પ્રભુની ઝાંખી કરી, કુબ્જાને સ્વરૂપદાન અને વરદાન, વ્યાપારી મહાજને કરેલ સ્વાગત, ધનુષ્યભંગ, કંસના સૈનિકોનો નાશ ગોપીજનની સાચી પડેલી આશિષ, કંસને અનિષ્ટ સ્વપ્નો, વગેરે પ્રસંગો આવશે.]

ત્રિવક્રા ત્રિલોકસુંદર શ્રીકૃષ્ણની કૃપાએ સુંદરાંગી બની

श्रीशुक उवाच- अथ व्रजन् राजपथेन माधवः-स्मियं गृहीताङ्गविलेपभाजनाम् ।
विलोक्य कुब्जां युवती वराननां-- पप्रच्छ यान्तीं प्रहसन् रसप्रदः ॥ १ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! રાજમાર્ગે જ્યારે શ્રીરાજાધિરાજ માધવ ભગવાન પધારી રહ્યા હતા ત્યારે, અંગલેપ ભરેલા સુવર્ણ પાત્રને કરકમલમાં લઈ મનોહર મુખવાળી, માત્ર ખૂંધવાળી પણ અત્યંત સુંદર યુવતી શ્રીકુબ્જાને નિહાળતાં રસપ્રદ રસરાજ શ્રીકૃષ્ણ ખૂબ જ હાસ્યપૂર્વક પૂછવા લાગ્યા. (૧) શ્યામસુંદરે સંબોધન કરી બોલાવતાં કહ્યું કે હે વરોરુ એટલે ઉત્તમ સાથળોવાળી સુંદરીજી ! તમે કોણ છો ? આપના હાથમાં લીધેલ આ અંગલેપ કોને માટે છે ? આ વાત વિના સંકોચે સત્ય રીતે અમને કહો ! જો તમને હરકત ન હોય તો આ ઉત્તમ પ્રકારનો અંગ લેપ અમને દેશો ! જો દેશો તો વિના-વિલંબે તમારું મગંલ-કલ્યાણ થશે.૨ ઉત્તર આપતાં કુબ્જા બોલી કે -હે ત્રૈલોક્યસુંદર, મારું નામ ત્રિવક્રા છે (લોકો બધા જ મને છછુંદરી કહે છે આપે જ મને સુંદરી કહી.) ચંદનલેપ ઘસી તૈયાર કરવાના કાર્યમાં હું પસંદ થયેલી ''ચંદન -દાસી'' છું. મારા હાથનો તૈયાર થયેલો લેપ ભોજપતિ કંસરાજાને ખૂબ જ ગમે છે પરંતુ આ લેપ ને શ્રી અંગે ધારણ કરવા માટે તો આપ જ બન્ને યોગ્ય છો. આ લેપનું નામ ''ચતુઃસમ લેપ છે આમાં કેશર-કસ્તૂરી-સુખડ અને અગર'' ચાર યોગ્ય માત્રમાં લઈને બનાવવાનો હોય છે અને કલાનિધિની કૃપાથી મને એ કલા મળી છે. (૩) હે રાજન પરીક્ષિત! ભગવાનનાં સુકોમલ સ્વરૂપ, મધુર હાસ્ય, મધુર સંભાષણ અને સુમધુર દષ્ટિથી શ્રીત્રિવક્રા દાસીનું મન શ્રીકૃષ્ણ પ્રભુને વશ બની ગયું અને બન્ને કુમારોને સૈરન્ધ્રીએ ગાઢો લેપ પોતાના કોમલ કરકમલથી લગાવ્યો. (૪) શ્રીનંદ નંદનશ્યામસ્વરૂપ હતા અને શ્રીબલભદ્રજી શ્વેતસ્વરૂપ હતા. જ્યારે આ લેપ પીત વર્ણનો હતો. વળી નાભિથી કંઠભાગ સુધી ઉપરના ઉત્તમ શ્રીઅંગે ત્રિવક્રાએ બન્ને પુરુષોને લગાવ્યો હતો.આમ શ્યામ અને શ્વેતવર્ણા સ્વરૂપ ઉપર પીતવર્ણનો લેપ ખૂજ ખીલી ઊઠ્યો, અને શ્રીકૃષ્ણ-બલભદ્રજી પુષ્કળ પ્રસન્ન થયા. બન્નેએ પ્રસન્ન ચિત્તથી, પોતાની સેવાનું અને પોતાના દર્શનનું ફલ આપવા વિચાર્યું અને પીઠના ભાગે ખૂંધ હોવાને કારણે ત્રણે અંગે વાંકી વળેલી કુબ્જા ત્રિવક્રાને સુડોળ અંગવાળી બનાવાનું વિચાર્યું. તે સ્વંય સુમુખી તો હતી જ. (૫,૬) વળી કુબ્જાએ પોતાના ઉપરના ભાગની સેવા કરી હતી તો તેના ઉપરના ભાગ બનાવવો જ જોઈએ એમ વિચારીને પોતાના શ્રીચરણોથી કુબ્જાના બન્ને પગના આગળના ભગાને દબાવીને પાછળની ખૂંધ ઉપર એક હાથ રાખીને પોતાના બીજા હાથની ટચલી અને અનામિકા નામની બે આંગળીઓ વાળી દઈ વચલી બે, લાંબી કરેલી આંગળીઓથી તેની હડપચીને પકડીને તેનું મુખ ઊંચું કરતા શ્રીમુકુન્દ ભગવાનનો સ્પર્શ થતાં જ કુબ્જા સીધા-સરળ અને સુડોળ અંગવાળી, વિસ્તૃત નિતંબવાળી ઉન્નત વક્ષઃસ્થલવાળી સર્વાંગમનોહર રમા સમાન રમણીય રમણ બની ગઈ. (૭,૮)

સુડોળ બનેલી સૈરન્ધ્રી કુબ્જાની હરિપદસેવાની લાલસા

કામ-ક્રોધ-લોભ ત્રણે દોષથી મુક્ત બની સર્વાંગ બનેલી કુબ્જામાં શ્રીકૃષ્ણના સ્પર્શથી સુગંધ ગુણ આવ્યો અને આત્મસમર્પણની ઉદારતા આવી અને હસતી, વળી કામપરવશ બનેલી કુબ્જાને એ ભગવાન શ્રીકૃષ્ણના-કેશવના ઉત્તરીય પીતાંબર વસ્ત્રનો પાલવ પકડી નિવેદન કરતાં બોલી અરે વીર ! અરે સુંદર ! પધારો આ દાસીને આંગણે અને કૃતાર્થ કરો ઘરઆંગણાં. હે પ્રભુ ! હવે આપને ત્યજી અન્ય કોને શરણ જાઉં ! હે પુરુષવર ! આપનાથી મારું મન વિહ્વળ

બની ગયેલ છે તો દીનજન ઉપર દયા કરો ! પ્રભુ ! પ્રસન્ન થાઓ. (૯,૧૦) રાજન્ ! શ્રીબલભદ્રની સામે જ કુબ્જાની આવી ભાવવિભોર દશા અને અભિલાષા જાણી પ્રભુ શ્રીકૃષ્ણે ગોપમિત્રોની અને મોટા ભાઇની સામે નજર કરીને હસતાં હસતાં કુબ્જાને કહેવા લાગ્યા. હે સુલોચને ! હે મનોહર ભ્રૂકુટિવાળી કુબ્જા ! જે કાર્ય કરવા આવેલ છું તે કાર્ય સંપૂર્ણ કરીને તારે આંગણે આવીશ. કારણ કે અમારું મથુરામાં ઘર નથી. અમે વટેમાર્ગુ છીએ, વળી તારું ઘર પથિકોની મનોવેદનાને ટાળનારું છે અને પથિકોનું મુખ્ય આશ્રયસ્થાન છે. (૧૨)

મથુરા રાજનગરીના મહાજનો ભગવાનના સામૈયા માટે સામગ્રી લઈ સન્મુખ આવ્યા

રાજન્ ! ભગવાને આવા મધુર વાક્યોથી કુબ્જાને વિદાયગિરિ આપી, પુનઃ રાજમાર્ગ પધારી રહ્યા હતા. આ અવસરે વિવિધ પ્રકારની ભેટો-તાંબૂલ-પુષ્પમાલાઓ-તેમજ સુવાસિત સામગ્રી લઇ અને મહાજનના અગ્રેસરો માર્ગમાં આવીને શ્રીબલભદ્રજી અને ભગવાન્ શ્રીકૃષ્ણનાં અર્ચન કર્યાં- સ્વાગત અને બહુમાનપૂર્વક સામૈયું કર્યું. (૧૩) હવે ભગવાનની સવારી રાજમાર્ગે આગળ વધી ત્યાં શ્રીકૃષ્ણનાં દર્શને, પોતાના અંગે આભૂષણો સજી આવી રહેલી મથુરાપુરવનિતાઓનાં શરીર ઉપરના વસ્ત્રો, કરકમલનાં કંકણો, માથાની વેણીઓ ભાવાવેશથી સરી પડતાં હતા, તેમજ આ મથુરાપુરવનિતાઓને શ્યામસુંદર વરની ઝાંખી થતાં જ હૃદયમાં પ્રકટેલા કામક્ષોભને લીધે દેહનું અનુસંધાન પણ ચાલી ગયું હતું. (૧૪) રાજમાર્ગે આગળ વધતાં નગરવાસી નાગરિકોને ભગવાને ''ધનુષ્યદર્શન કયાં થશે ? ધનુષ્યઅર્ચન ક્યાં સ્થાને થઈ રહેલ છે ? આવો પ્રશ્ન કર્યો. પુનઃ નાગરિકોએ દર્શાવેલા સ્થાને શ્રીઅચ્યુત પધાર્યા તો ત્યાં આગળ રાજા ઈન્દ્રના ધનુષ્યના સમાન અદ્ભુત ધનુષ્ય જોયું. (૧૫) શસ્ત્રથી સુસજ્જ અનેક સૈનિકો આ ધનુષ્યનું રક્ષણ કરી રહેલા હતા. વળી ધનુષ્ય પણ શક્તિવાળું અને અર્ચન પામેલું હતું- પૂજાવિધિમાં રાખેલું હતું. વેદી ઉપરના આ ધનુષ્યને દેવોએ આપેલું આ ધનુષ્યને લેતાં શ્રીકૃષ્ણ ભગવાને વીર રક્ષકોએ રોક્યા છતાં ભગવાને રક્ષકોને બલપૂર્વક હઠાવીને ધનુષ્ય ઉઠાવ્યું.

આ ધનુષ્ય હતું, વળી ધનુષ્યને વરદાન હતું કે આ ધનુષ્ય રહેશે ત્યાં સુધી કંસનો પરાજય નહીં થાય ભગવાન શ્રીકૃષ્ણે તે ધનુષ્ય તોડ્યું

રાજન્ ! રમત રમતમાં જ ભગવાન શ્રીકૃષ્ણે, વામ હસ્તથી અત્યંત સહેલાઈથી ધનુષ્ય હાથમાં ઉઠાવ્યું - ઊંચું કર્યું અને આંખના પલકારામાં જ સજ્જ કર્યું- વળી ખેંચ્યું અને મદમાતો ગજરાજ શેલડીના સાંઠાને ભાંગી નાખે તેમ પુષ્કળ પરાક્રમી ત્રિવિક્રમ ભગવાને ભાગી નાખ્યું. (૧૭) ધનુષ્યના તૂટવાની સાથે જ ધનુષ્યના શબ્દે આકાશ-પૃથ્વી સ્વર્ગ અને દિશાઓને ભરી દીધાં અને શબ્દને સાંભળતા જ રાજા કંસ ત્રાસી ઊઠ્યો. (૧૮) ધનુષ્ય તૂટતાં જ ક્રોધે ભરાયેલા સંરક્ષકો શસ્ત્રો સજી ભગવાનને પકડવાની વૃત્તિથી ''પકડો, બાંધો'' આવું ગમે તેમ બોલતા પકડવા માટે ભગવાનને ઘેરી વળ્યા. (૧૯) ભગવાનને પકડવાની દુષ્ટ દાનતવાળા સૈનિકોને, રોષે ભરાએલા રામ અને ભગવાન શ્રીકૃષ્ણે પોતાના હાથમા ધનુષ્યના બે ટુકડાઓ લઈને હણ્યા. (૨૦) ધનુષ્ય તૂટવાના અને રક્ષકોના મરવાના સમાચાર સાંભળી રાજા કંસે ચતુરંગિણી સેનાને-લશ્કરને મોકલ્યું. ભગવાને તેનો નાશ કર્યો અને ધનુષ્યશાળાના દ્વારમાંથી બહાર નીકળ્યા અને નગરની શોભા નીરખતા આનંદપૂર્વક બન્ને ભાઈઓ મથુરાના રાજમાર્ગે વિચરવા લાગ્યા. (૨૧) આમ બન્ને ભાઈઓ ઈચ્છાનુસાર રાજમાર્ગે વિચરતા હતા ત્યાં જ સૂર્યાસ્ત થયો અને દિવસ આથમી ગયો. એટલે શ્રીકૃષ્ણ અને બલભદ્રજી મથુરાપુરમાંથી નીકળી જ્યાં ગાડાં છોડ્યાં હતાં ત્યાં ઉતારે પાછા આવ્યા. (૨૨) આ બન્ને ભાઈઓનું અદ્ભુત પરાક્રમ-દિવ્યતેજ-અને બહાદુરી સાંભળીને વળી સૌન્દર્ય નિહાળીને નગરનિવાસીઓએ તો આ બન્ને કુમારોને ઉત્તમ દેવો જ છે એમ માન્યું. (૨૩)

શ્રુતિસ્વરૂપ ગોપીજનોની સફળ આશિષ અને સિદ્ધ વાણી

गोप्यो मुकुन्दविगमे विरहातुरा या आशासताशिष ऋता मधुपुर्यभूवन् ।
संपश्यतां पुरुषमेषणगात्रलक्ष्मीं -हित्वेतरान्नु भजतश्चकमेऽयनं श्रीः ॥ २४ ॥

જ્યારે શ્રીમુકુન્દ ભગવાને વ્રજમાંથી પ્રસ્થાન કર્યું ત્યારે શ્રીહરિના વિયોગ સમયે વિરહવેદનાથી આર્ત બનેલી વ્રજનારીઓના શ્રીમુખમાંથી વાણી નીકળી હતી કે ''આજે મથુરાપુરીમાં મુકુન્દના પગલે પ્રભાત ઊગશે'' તે વાણી મથુરાનારીઓ માટે સત્ય કરી અને આશીર્વાદરૂપ નીવડી. આ તે શ્રીકૃષ્ણ ભગવાન હતા કે જે શ્રીલક્ષ્મીજીને પામવા માટે અન્ય દેવો-વીરો વગેરે સતત લક્ષ્મીજીનું સેવન કરે છે તેમને ત્યજીને પુરુષોમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણ ભગવાનના શ્રીઅંગની અર્ધાંગના શોભા બની રહ્યાં છે અને સદા દાસ્યભાવે સેવે છે તે શ્રીપતિની ઝાંખી શ્રીમથુરાનારી-નરવૃન્દને થઈ આથી અધિક ભાગ્ય કયું ? (૨૪) બન્ને ભાઈઓએ પાદપ્રક્ષાલન કરી દૂધમાં બનાવેલી ભોજનની હળવી વાનગીઓ આરોગી અને કંસે જે યોજનાઓ ઘડી છે તે સર્વ વિગત મેળવી લીધી અને શાંતિથી રાત પસાર કરી. જો કે માતાપિતાની ચિંતા હતી જ પરંતુ ભગવાન સમર્થ છે તેથી ચિતાંમુક્ત થઈને પોઢ્યા. (૨૫)

કંસનું જાગરણ

રાજન્ પરીક્ષિત ! ધનુષ્યનો ભંગ, રક્ષકોનો વધ અને પોતાના સૈન્યનો નાશ બલભદ્રે અને શ્રીકૃષ્ણે કર્યો એને કાંઈ આ કુમારો પોતાનું કોઈ મહત્વનું પરાક્રમ માનતા નહોતા પરંતુ એક માત્ર વિશિષ્ટ પ્રકારની રમત જ હતી એવું માનતા હતા એવી વાત દુર્મતિ કંસરાજાના કાન ઉપર આવી ત્યારે રાજાકંસની ઊંઘ ઊડી ગઈ, ભારે ભય લાગ્યો, અને પોતાનું અને પોતાના પક્ષકારોનું જાણે મૃત્યુ જ થશે એવુ સૂચવનારાં મૃત્યુના દૂત જેવાં અનિષ્ટ અમંગલ સ્વપ્નો-અશુકનો જોયા. (૨૬,૨૭)

જાગ્રત દશામાં જોયેલાં સાત અમંગલ અશુભ દર્શન

(૧) દર્પણમાં પોતાનું પ્રતિબિંબ જુએ છે ત્યારે પોતાનું માથુ ન દેખાય પરંતુ કેવળ ડોક સુધીનો ભાગ દેખાય-વળી પોતાના નાકની ટીશી-અગ્રભાગ ન દેખાય, (૨) સામે એક જ આકાર હોય છતાં બે આકારો દેખાય, (૩) બે દીવા દેખાય, બે સૂર્ય દેખાય, બે ચન્દ્ર દેખાય, (૪) પોતાના પડછાયામાં છિદ્રો દેખાય, (૫) પોતાના કાનમાં આંગળીઓ નાખીએ ત્યારે કાનમાં પ્રાણઘોષ-ઘમઘમ એવા ઘમકારા ન સંભળાય, (૬) વૃક્ષોનાં પાન લીલાં હોય છે છતાં તે સુવર્ણ જેવા પીળાં દેખાય, (૭) ભૂમિ ઉપર પગ મૂકી ચાલવા છતાં પગલાં-પગના ચિહ્નો દેખાય નહી આ પ્રકારે સાત અપશુકનો તો જાગ્રત દશામાં જ થયા. (૨૯)

સ્વપ્નાવસ્થામાં જોયેલાં અનિષ્ટો

(૧) સ્વપ્નમાં પ્રેત-સદ્ગત થયેલા સાથે ભેટવું, (૨) ગધેડા ઉપર સવારી કરવી, (૩) વિષભક્ષણ, (૪) લાલ પુષ્પોની જ સુંદરમાલા કે લાલકરણનાં પુષ્પોની માલા ધારણ કરેલો પોતાને જોયો, (૫) વળી, પોતાને છડી ચામર વિનાનો એકલો માર્ગમાં જતાં જોયો, (૬) શરીરે તેલ ચોળેલો,(૭) પોતાને વસ્ત્રવિનાનો જોયો આવાં સાત પ્રકારનાં સ્વપ્ન દશામાં અમંગલ સ્વપ્ન જોયાં. (૩૦) રાજન્ ! આ અને આવાં અન્ય સ્વપ્નમાંના જાગતાની સ્થિતિમાં પણ જોતાં મરણના ભયથી કાંપી ઉઠેલા રાજા કંસની ઊંઘ જ ઊડી ગઈ. (૩૧) હે પરીક્ષિત રાજ ! રાત્રી પૂર્ણ થતાં અને ભગવાન સૂર્ય જલમાંથી બહાર નીકળતાં ખરેખરે કંસરાજાએ મલ્લોના દાવોનો મહાન ઉત્સવ યોજ્યો. (૩૨) અખાડાના ઉસ્તાદોએ અથવા અધિકારીઓએ અખાડાની ભૂમિનાં પૂજન કર્યાં. મંગલવિધિ વખતે વગાડાતી શરણાઈઓ-પીપૂડીઓ અને ભેરી એટલે નગારાં વગાડવામાં આવ્યાં. માલાઓ, ધ્વજા, પાતાકાઓ,વસ્ત્રો અને તોરણોથી મંચોને સુશોભિત કર્યાં. (૩૩)

સભામંચમાં બેસવાની કરેલી ગોઠવણ

આ મંચ ઉપર મોખરે બ્રાહ્મણો હતા. બાજુમાં જ ક્ષત્રિયો બેઠા હતા. આ સભામાં નાગરિકો તેમજ ગ્રામજનો, અને જેઓ નિમંત્રિત સભ્યો હતા તેમને માટે ઉત્તમ આસનોની ગોઠવણ કરી હતી ત્યાં સર્વને બસવાની વિનંતિ કરી. (૩૪) ત્યારબાદ મંડલેશ્વરોની મધ્યમાં શોભતા અને આમાત્યોથી વીંટળાએલા રાજાકંસ વ્યથા ભરેલા હૃદયવાળાએ ઉપર નક્કી કરેલા પુરુષો સાથે આવીને સિંહાસને બેઠા. મલ્લોના તાલવાળી તૂરીઓ વાગવા લાગી, ત્યારે ઉત્તમ પ્રકારે

સજાવટ કરેલા મદોદ્ધત મલ્લોએ તેમના આચાર્યો-ઉસ્તાદો સાથે આવીને અખાડામાં બેઠાં. (૩૫,૩૬) મધુર વાજીત્રોનાનાદથી પ્રસન્ન થતા ચાણૂર-મુષ્ટિકકૂટ-શલ અને તોશલ નામના મલ્લો પણ આવીજ રીતે મલ્લભૂમિમાં આવ્યા. (૩૭) આ અવસરે શ્રીનંદરાય પણ સભાખંડમાં પ્રવેશ્યા ત્યારે રાજા કંસે પોતાના નિમંત્રિતશ્રીનંદાદિ ગોપોને આવકાર આપી બિરાજવાનાં આસનનો સંકેત કર્યો અને નંદગોપરાજ ગોપજનો સાથે ભેટ વગેરે આપીને એક મંચ ઉપર બિરાજ્યા. (૩૮)

नन्दगोपादयो गोपा भोजराजसमाहुताः । निवेदितोपायनास्ते एकस्मिन् मञ्च आविशन् ॥ ३८ ॥

શ્રીમદ્ ભાગવતપીપૂષ દશમ સ્કંધ પૂર્વાર્ધના રાજસ પ્રમાણ પ્રકરણમાં ૪૨મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૪૩ મો રાજસલીલા

આ ૪૩માં અધ્યાયમાં ૪૦ શ્લોકો છે. આ અધ્યાયથી રાજસલીલાનું બીજુ પ્રમેય પ્રકરણ શરૂ થાયછે. આ પ્રકરણમાં સાત અધ્યાયોછે. આમાં સર્વ તામસગોપીજનો રાજસ સ્વાભાવની કુબજા અને અક્રૂરજી વગેરેની ભગવાનમાં ખૂબ જ આસક્તિ સિદ્ધ થશે. આ સાત અધ્યાયોમાં ક્રમે ક્રમે ઐશ્વર્યવીર્ય આદિ ધર્મો વર્ણવાશે. આ અધ્યાયમાં ભગવાનનાં ઐશ્વર્યનું વર્ણન આવશે. શ્રીકૃષ્ણ અને બલભદ્રજી વણતેડ્યા કેવલ મલ્લોના નગારાંનો નાદ સુણી મથુરાજીમાં પ્રવેશ કરશે- કુવલયાપીડનો મોક્ષ કરશે અને નગરજનો ગોવિંદનાં ઐશ્વર્યનાં ગાન કરશે.

બાલસુલભ સ્વભાવથી બલ-બાલમુકુન્દ કુતૂહલવશ મથુરા જોવા પધાર્યા

श्रीशुक उवाच-अथ कृष्णश्च रामश्च कृतशौचो परंतप । मल्लदुन्दभिनिर्घोषं श्रुत्वा द्रष्टुमुपेयतुः ॥

શ્રીશુકાચાર્ય મહારાજે કહ્યું કે રાજન્ હે પરંતપ ! શ્રીબલભદ્ર અને શ્રીકૃષ્ણ પ્રાતઃસ્નાનાદિ વગેરે આવશ્યક નિત્ય કાર્યોથી નિવૃત્ત થઈને તૈયાર થયા ત્યાં મલ્લો લોકોની કુસ્તી સમયે થનારા નગારાનો ધ્વનિ સાંભળ્યો અને બન્ને ભાઈઓ આ મલ્લોની કુસ્તીના ખેલોને જોવા તેમની પાસે પહોંચ્યા. (૧) ભગવાન ઉત્સવ મંડપના દ્વાર-મુખ્ય પ્રવેશદ્વાર સમીપે આવ્યા. આ અવસરે અંબષ્ઠ હાથીના મહાવતે સામે પ્રેરેલા કુવલયાપીડ એટલે સંપૂર્ણ પૃથ્વીને પીડા કરનારા કાલસમા હાથી ને ભગવાને શ્રીકૃષ્ણે સામે જોયો. (૨) ભગવાન શ્રીકૃષ્ણે પોતના ઉપર ઉશ્કેરેલા હાથીને જોતાં જ કટિથી ઉપરના ભાગના ઉપરાણાને ઉત્તરીય પીતાંબરને કટિભાગે બાંધી દીધું, પોતાના વાંકડિયા કેશને ભેગા કરી બાંધી દીધા અને મેઘ જેવી ગંભીર વાણીથી લલકારતા હાથીના મહાવત અંબષ્ઠને કહેવા લાગ્યા. (૩) જાણે સાંભળતા જ ન હોય તેવા ઉચ્છૃખંલ મહાવતને કહ્યું કે હે અમ્બષ્ઠ ! અરે હે અમ્બષ્ઠ ! અમને જવાનો માર્ગ કરી આપ. વિલંબ કર મા, જો જરા પણ વિલંબ કરીશ તો તને તારા હાથીની સાથે આ જ પળે જ યમદ્વારે હું પહોંચાડી દઈશ. (૪) ભગવાને મહાવતને આ પ્રકારે પડકાર્યો ત્યારે તે ગુસ્સે ભરાયો અને તેણે ઉશ્કેરેલા કાળ, યમ અને મૃત્યુ સમાન કુવલયાપીડ હાથીને ભગવાન શ્રીકૃષ્ણના ઉપર મારવાની કુબુદ્ધિથી જ સામે જ મોકલ્યો. (૫) અંબષ્ઠે ઉશ્કેરેલા હાથી કૃષ્ણપ્રભુ ઉપર એકદમ ધસી આવીને સૂંઢથી ભગવાને પકડયા અને શ્રીકૃષ્ણ પ્રભુ એની સૂંઢમાંથી છટકી તો ગયા પરંતુ તેને સખત ચોટ મારીને તેના ચાર પગ નીચે સંતાઈ ગયા. (૬) પગ તળે છુપાઈ જતાં કૃષ્ણને ન જોતાં કુવલય હાથી પુષ્કળ ક્રોધે ભરાયો અને સુગંધથી જાણી લીધા અને સૂંઢથી પકડ્યા ત્યારે પણ સૂંઢની પકડમાંથી છટકી ગયા. (૭)

ઉશ્કેરાએલને વધુ ઉશ્કેરવો એ કુનેહબાજ અક્કલ અને ઉશ્કેરાઈ જવું એ કમઅક્કલ

રાજન્ ! ચતુરશિરોમણિ શ્રીકૃષ્ણે અતિશય બળવાન તે કુવલયાપીડ હાથીને પુચ્છથી પકડ્યો અને પચીશ ધનુષ્ય બરાબર સો હાથ જેટલું પાછળ ખેંચી ગયા. એવડા મોટા હાથીને ગરુડજી નાગને ખેંચે છે તેમ રમતમાં જ ખેંચ્યો પરંતુ તેમા ભગવાનને કાંઈ શ્રમ ના લાગ્યો. (૮) શ્રીહરિના હાથમાંથી પુચ્છ છોડાવવા માટે કુવલય ડાબાજમણી આમતેમ ફરવા લાગ્યો ત્યારે ભગવાન પણ જેમ ગાયના વાછરડાંને પકડીને બાળક ભમે તેમ હાથીના પૂછને પકડીને ભમવા લાગ્યા. (૯) હે રાજન્ ! વીરવર શ્રી કૃષ્ણ પુચ્છ પડતું મૂકીને સ્વંય હાથીની સામે આવી લાગ્યા અને તેના જડબામાં એક જોરદાર થપ્પડ લગાવીને દોડી ગયા. હાથી પણ પગલે પગલે ઘૂંટણિયાં ખાતો પડતો આખડતો પાછળ ચાલ્યો.

ક્ષણવારમાં તદ્દન નાના દેખાવના બની જતા ભગવાનને પકડવા જતાં તે હાથી નીચે પડી ગયો. (૧૦) ભગવાને પણ રમત માંડી અને જમીન ઉપર પડી ગયા અને ઊભા થઈ ગયા. હાથીએ કૃષ્ણને જમીન ઉપર પડી ગયેલા જોઈને એકદમ વેગથી ઊભો થઈ ગયો. અને ભગવાનના પેટમાં ખોસી દેવા માટે પોતાના બન્ને મજબૂત દાંત કૃષ્ણ જમીન ઉપર પડ્યાં છે માની ખોસી દીધા. પરંતુ ભગવાન તો ખસી ગયા હોઈ તે હાથીદાંત જમીનમાં પેસી ગયા. (૧૧) આ રીતે હાથી બળ હારી બેઠો અને ખૂબ જ ક્રોધ કરીને કૃષ્ણને મારવા તૈયાર થઈ ગયો. તેને મહાવતે પ્રેર્યો અને ક્રોધ કરીને કૃષ્ણ ઉપર ચઢી આવ્યો. (૧૨) જ્યારે સૂંઢ પકડી તે હાથી સામે ધસી આવ્યો ત્યારે ભગવાન મધુસૂદને પોતાના હાથથી સન્મુખ આવેલા હાથીની સૂંઢ પકડી તેને ભૂમિ ઉપર પછાડી દીધો. (૧૩) મૂર્ચ્છા ખાઈ જમીન ઉપર પડેલા કુવલય હાથીના માથા ઉપર ચરણ મૂકી તેને દબાવી સિંહની અદાથી તેના દાંતોને રમતમાં ખેંચી કાઢ્યા અને તે દાંતથી જ મહાવતોને પણ સ્વધામ પહોંચાડ્યાં. (૧૪) મરણ પામેલા હાથીને છોડી દઈને હાથમાં હાથીદાંતને લઈને રંગમંડમાં પધાર્યા. આ અવસરે ભગવાનના ખભા ઉપર શિંગડી હતી, પોતાનું શ્રીઅંગ મદબિંદુથી છંટકાયેલું હતું. પરસેવાનાં બિંદુઓ મુખકમલ ઉપર મોતી જેવાં શોભી રહ્યાં હતાં અને ભગવાન રંગભૂમિમાં પહોચીં ગયા. (૧૫) આ અવસરે ભગવાન જનાર્દન અને શ્રીબદભદ્રજીના ખભા ઉપર હાથીદાંત હતા તેમજ ગોપબાલકો વીંટાએલા હતા. રાજન્ ! 'આ સમયમાં રંભૂમિમાં પ્રવેશતા પુષ્ટિનાથનાં દર્શન અલૌકિક હતાં. જુઓ રાજન્ ! ઝાંખી કરો કે રસરાજ કેવો દીસે છે. ! (૧૬)

દશરસનિધિ રસરાજ-નટરાજનાં રસમય દર્શન

મલ્લોને શ્રીકૃષ્ણ વજ્ર સમાન લાગ્યા, જ્યારે મનુષ્યોને નરપતિ તુલ્ય દેખાયા, વળી સ્ત્રીજનોને સ્વરૂપ ધારણ કરીને આવેલ કામદેવ જેવા જણાય ત્યારે ગોપજનોને તો પોતાના કુંટુબી જ્ઞાતિજન લાગ્યા. દુષ્ટ રાજાઓને તો દંડ દેનાર દંડનાયક સમાન લાગ્યા, પરંતુ માતા-પિતાને તો પોતાના નાના બાળક સરખા લાગ્યા ત્યારે કંસરાજાએ તો આ તો પોતાનો કાળ છે એમ નિર્ણય કર્યો. ભગવાનના તત્ત્વને-સ્વરૂપને ન સમજનારને તો વિરાટરૂપે દેખાયા, યોગીજનોને તો પરબ્રહ્મ અને યાદવોને આ તો પોતાના સર્વશ્રેષ્ઠ સ્વામી છે-પરમ દૈવત છે, એમ લાગ્યું. આવા ભગવાન શ્રીકૃષ્ણબળદેવજી સાથે રંગમંડપમાં પધારતાં પ્રત્યેકે પોતના અધિકાર અનુસાર, વરણ અનુસાર દર્શન કર્યાં. તેમજ ભાવ થયા. (૧૭) રાજાકંસે કુવલયાપીડ હાથીને ભગવાન શ્રીકૃષ્ણે માર્યો, એ જાણ્યું તેથી આ બન્ને ભાઈઓ તો અજેય છે તેમજ કોઈથી જીતાશે નહીં એવી ખાતરી થઈ ગઈ ત્યારે કંસરાજા મનસ્વી એટલે શૂરવીર છે છંતા તેના મનમાં અતિશય ઉદ્વેગ થયો. (૧૮) રાજન્ ! હવે બન્ને કુમારો રંગમહોત્વસ મંડપમાં પધારી રહ્યા હતા ત્યારે તો વિચિત્ર સુંદર વેશવાળા અને વિવિધ પ્રકારનાં અલંકારો-માલાઓ-વસ્ત્રોવાળા અને લાંબી દીર્ઘ ભુજાઓવાળા શ્રીબલભદ્રજી અને ભગવાન શ્રીકૃષ્ણ જાણે કોઈ ઉત્તમ વેષધારી નટો જેવા સોભતા, પોતાની કાંતિથી દર્શન કરનારનાં સૌના હૃદયોને ખેંચી રહ્યા હતા.

શ્રીશ્યામસુંદરવર અને બલભદ્ર પ્રભુની ઝાંખી થતાં સભાજનને તૃપ્તિ અને અતૃપ્તિ

રાજન્ ! આ બન્ને ઉત્તમ પુરુષોનાં મન ભરી દર્શન કરીને સભામાં મંચ ઉપર બેઠેલા નાગરિકો તેમજ રાષ્ટ્રના પ્રજાજનોનાં નયન અને મુખડાં હર્ષ ભર્યા આનંદથી છલકાઈ ગયા. આ સર્વ સભાસદો એકધારી આંખે નિહાળવા છતાંય તૃપ્ત ના થયા, ના ધરાયા. (૨૦) રાજન્ ! જાણે બન્ને દિવ્ય દેવોને નેત્રો દ્વારા હૃદયમાં પધારવી લેતા હોયને શું ? જાણે જિહ્વાથી ચાટીને અન્તઃકરણમાં ઉતારી લેતા હોય ને શું વારુ ? જાણે નાસિકાના દ્વારથી સૂંઘીને મનમાં સ્થાપી દેતા હોયને શું ? કે જાણે બન્ને હાથોથી આલિંગન આપતા ન હોય ને શું ? એવી સ્થિતિમાં મુકાઈ ગયા. (૨૧)

આનંદ છલકાયો અને વાણીમાં વહેવા લાગ્યો

રાજન્ ! મથુરા અને દેશના પ્રજાજનોએ જેવાં ભગવાનનાં વખાણ-વર્ણન સાંભળ્યાં હતા તેવા દર્શન કરીને-બન્ને દેવવરોનાં સ્વરૂપ-ગુણ-માધુર્ય-કોમળતા અને દિવ્યતાનાં સ્મરણ કરી કરીને પરસ્પર કહેવા લાગ્યા કે હે સજ્જનો !'

સાંભળો. આ સાક્ષાત્ નારાયણ ભગવાનના અંશરૂપ અહીં શ્રીવસુદેવજીનાં પત્ની દેવકીજીમાં-એટલે વસુદેવજીના ઘરમાં પોતાના અંશ બળદેવજી સાથે અવતાર ધરીને પધાર્યા છે. (૨૨,૨૩) આ શ્રીકૃષ્ણ શ્રીદેવકીજીમાં પ્રકટ થયાછે. ત્યાંથી કૃષ્ણને ગોકુલ લઈ ગયા. ત્યાં આટલા સમય સુધી શ્રીનંદબાવાના રાજભવનમાં ગુપ્ત રીતે રહ્યા અને મોટા થયા છે. (૨૪) આ શ્રીકૃષ્ણે પૂતનાનો મોક્ષ કર્યો, વંટોળિયા સ્વરૂપે આવેલ તૃણાવર્ત દૈત્ય આ કૃષ્ણે માર્યો.બે અર્જુન વૃક્ષો આ કૃષ્ણે પાડ્યાં, ધેનુક આ કૃષ્ણે માર્યો. વળી કેશીનો પણ કૃષ્ણે જ વધ કર્યો અને ગુહ્યક દૈત્ય એટલે શંખચૂડ અને બીજા અરિષ્ટ વગેરે દૈત્યોનો પણ કૃષ્ણે જ વધ કર્યો છે. (૨૫) ગ્વાલ બાલો સાથે દાવાનળમાં બળતી ગાયો કૃષ્ણે જ બચાવી હતી. કાલીયદમન પણ કૃષ્ણે જ કર્યું અને ઈન્દ્રનો ગર્વ ઉતાર્યો, આ સર્વ કાર્યો શ્રીકૃષ્ણે જ કર્યા છે. (૨૬) વળી ગિરિવર શ્રીગોવર્ધન પણ શ્રીકૃષ્ણે જ સાત દિવસ પર્યન્ત ધારણ કર્યા હતા. વળી ગોકુલનિવાસીઓની મૂશલધાર વૃષ્ટિ, વાયુ અને વીજળીઓથી અને વજ્ર જેવા પડતાં પહોડોથી રક્ષા કરી હતી. (૨૭) ભગવાન શ્રીશ્યમાસુંદરના નિત્ય આનંદ ભર્યાં અવલોકનવાળાં શ્રીમુખનાં દર્શન કરીને શ્રીવ્રજસુંદરીઓ સંસારના અનેક પ્રકારના તાપોને ત્યજીને મુક્ત થયાં એટલું જ નહીં પરંતુ જ્ઞાન-કર્મ-વગેરે સાધનો આચરવાના શ્રમ વિના સર્વ તાપોને તરી ગયા. કેવલ શ્રીમુખદર્શનના આનંદથી જ તાપ-સંતાપમુક્ત થયા. (૨૮) આ શ્રીકૃષ્ણ ભગવાનના પધારવાથી યદુવંશ વિશ્વવિખ્યાત થશે,વળી એની શ્રી-સમ્પત્તિ-લક્ષ્મી વધશે, એટલું જ નહીં પણ યદુવંશ શ્રેષ્ઠ ગણાશે, યશ વધશે અને કૃષ્ણકૃપાથી સર્વ પ્રકારે સુરક્ષિત થશે. (૨૯) અને જુઓ આ કૃષ્ણના જેવા જ એમના મોટાભાઈ કમલનયન શ્રીબલભદ્રજી છે. પ્રલંબાસુર દૈત્ય એમને જ માર્યો, વત્સાસુર અને ધેનુકાસુરને મારાનાર પણ શ્રીબલભદ્ર ભૈયા જ છે. (૩૦)

મલ્લોને પણ યદુવીર રસરૂપ શ્રીકૃષ્ણ-બલભદ્રજીમાં ભક્તિ પ્રકટી

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્' ! જ્યારે જનવૃન્દ શ્રીકૃષ્ણ-બલભદ્રજીનાં ઉપર વર્ણવ્યા પ્રમાણે યશોગાન કરવા લાગ્યાં., વળી ઉત્સવમાં વાજિંત્રોના નાદ થવા લાગ્યા, મલ્લોના હાથના તાલ સંભળાવા લાગ્યા હતા.ત્યારે ચાણૂર અને મુષ્ટિક નામના બન્ને મલ્લો શ્રીકૃષ્ણ-બલભદ્રજીને આદરપૂર્વક બોલાવીને ભક્તિભર્યાં વાક્યો કહેવા લાગ્યા. (૩૧) બેમાંથી ચાણૂર નામના મલ્લે કહ્યું કે હે નન્દકુમાર ! હે રામ ! આપ બન્ને વીરલોકમાં ઉત્તમ વીરો ગણાઓ છો, વળી મલ્લકુસ્તીમાં પણ ખૂબ જ નિપૂણ મનાઓ છો એવું સાંભળ્યું છે. રાજા કંસને પણ બાહુ દ્વારા થતું મલ્લ યુદ્ધ જોવું ઘણું ગમે છે માટે રાજાજીએ આપ બન્ને ભાઈઓને બોલાવ્યા છે. (૩૨) આપ જાણો છો કે રાજાનું પ્રિય કરે તેનું શ્રેયસ થાય છે. માટે મન-વાણી અને કાયાથી પ્રજાજને રાજાનું પ્રિય કરવું જોઈએ. જો એ પ્રમાણે ના કરે તો તેનું પરિણામ ઊલટું આવે છે. (૩૩) અમે એવું જાણીએ છીએ કે નાનાં મોટાં વાછરડાં તેમજ ગાયોને ચારનારા ગોપજનો આનંદમાં આવી નિત્ય મલ્લકુસ્તીના દાવોથી ખેલે છે. અને ગાયો પણ ચારે છે તેથી તેઓ મલ્લયુદ્ધના દાવોમાં પાવરધા ગણાય છે. (૩૪) તો આવો વીરકુમારો આપણે પરસ્પર મળીને મલ્લયુદ્ધના દાવો ખેલીને મલ્લયુદ્ધ બતાવી રાજી કરીએ. તો પ્રાણીમાત્ર આપણા ઉપર પ્રસન્ન થશે કારણ કે રાજા પ્રાણીમાત્રનું સ્વરૂપ મનાય છે. (૩૫)

ક્ષત્રિયકુમારો ઉપવીત ધારણ કરી સોળમા વર્ષે શસ્ત્રથી ખેલે માટે હાલ મલ્લયુદ્ધ ઘટે એમ શ્રીકૃષ્ણ બોલ્યાઃ

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ મલ્લો ! બાહુયુદ્ધ અમને ગમે છે. અમારી વય અને દેશકાલ જોતાં મલ્લદાવો ખેલીએ એ યોગ્ય મનાય ? તમારાં વચનનો અમે આદર કરીએ છીએ. (૩૬) ભાઈ મલ્લો ! આપણે આ કંસ રાજાના પ્રજાજનો છીએ, પરંતુ અમે તો વનમાં રહીએ છીએ, નિત્ય રાજાનું પ્રિય કરનારા છીએ. આ જ વસ્તુને અમે રાજાનો અનુગ્રહ ગણીએ છીએ. પણ ભાઈ મલ્લો ! અમે તો બાળકો છીએ, અમે તો અમારા સમબળિયા સાથે મલ્લદાવો ખેલીએ તો અમારે માટે સારું ગણાય. યોગ્ય રીતે યુદ્ધ થાય તો ભલે થાય. મલ્લોની સભામાં અધર્મ થાય તે યોગ્ય ના ગણાય. (૩૭,૩૮)

ચાણૂરમાં એ ચેતના ક્યાંથી કે જડ ચેતનની વાણી સમજે

ચાણૂર મલ્લે કહ્યું કે તમે બાલક નથી, નથી કિશોર કે નથી સામાન્યજન વળી બલભદ્રજી પણ બલવીરોમાં શ્રેષ્ઠ વીર

છે, તમે દશહજાર હાથીના બળવાળા કુવલયાપીડ હાથીને રમતાં રમતાં મારી નાખ્યો હતો, માટે તમારી બન્નેની સાથે તો મહાન બલવીરોએ યુદ્ધ કરવું જોઇએ. અને તેમાં કાંઇ પણ અયોગ્ય નથી. હે વૃષ્ણિકુલનંદન ! માટે આવો અને અમારી સાથે મલ્લયુદ્ધ ખેલો. હું આપની સાથે દાવ લઉં અને બલદેવજી સાથે મુષ્ટિક ખેલે. (૩૯,૪૦)

तस्माद् भवद्भ्यां बलिभिर्योद्धव्यं नानयोऽत्र वै मयि विक्रम वार्ष्णेय बलेन सहमुष्टिकः ॥ ४० ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ પૂર્વાર્ધ રાજસલીલા પ્રમેય પ્રકરણમાં ઐશ્વર્યગુણને વર્ણવતો ૪૩ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૪૪ - મો

(આ ૪૪મા અધ્યાયમાં ૫૧શ્લોકો છે. રાજસલીલાના પ્રમેય પ્રકરણના આ અધ્યાયના ભગવાનના વીર્ય ધર્મનું વર્ણન છે મલ્લયુદ્ધ સભાજનનો શ્રીકૃષ્ણમાં અનુરાગ, મલ્લોનો વિનાશ, રાજા કંસનો બકવાદ, કંસ રાજાનો મોક્ષ, માતા-પિતાની મુક્તિ અને ભક્તિ, નંદબાવાની પ્રીતિ અને વેદનાભરી વિદાય આ બધા શ્રીકૃષ્ણ ભગવાનમાં પ્રેમ કરાવનારા અવસરો આવશે.)

શ્રીશુક ઉવાચ – एवं चर्चितसंकल्पो भगवान् मधुसूदनः । आससाद्याथ चाणूरं मुष्टिकं रोहिणीसुतः ॥ १ ॥

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! આ પ્રમાણે મધુસૂદન ભગવાને મલ્લોને શાસ્ત્રસંમત વિચારો દર્શાવ્યા. ત્યારબાદ જ્યારે મલ્લોએ મલ્લદાવો માટે આહ્વાન કર્યું ત્યારે ભગવાને ચાણૂર સાથે અને મુષ્ટિક મલ્લની સાથે બલભદ્રજીએ યુદ્ધનો આરંભ કર્યો. (૧)

"શારીરિક બલ-મલયુદ્ધની કલાવિદ્યા કપટકુશળતા અને ગુરુકૃપા" આ ચારે શક્તિઓ ભગવાને વ્યર્થ કરી

બન્ને હાથથી બન્ને હાથો પકડીને, બન્ને પગથી બન્ને પગ બાધીને, શ્રીકૃષ્ણ-ચાણૂર બન્ને પરસ્પરને ખેંચે છે. તેમાં પરસ્પર એકબીજાને જીતવાની ઈચ્છા ધરાવતા દાવો ખેલી રહ્યા છે. (૨) હવે બે કોણી સુધીના હાથોથી બે હાથ, અને બે જાનુ સાથે બે જાનુ અને બે માથાં સાથે બે માથાં એકબીજા ટકરાવવા લાગ્યા. અને છાતીએ છાતી ભીડાવી, એકબીજાને હરાવવા માટે યુદ્ધ કરવા લાગ્યા. (૩) વળી ગોળગોળ ફેરવીને દૂર ફેંકવું, બાથમાં લઇને નીચે પટકવા, ઊંચા નીંચા કરવા આ પ્રમાણે એકબીજા એકબીજા સાથે કુસ્તી કરતાં એકબીજાને રોકવા લાગ્યા. (૪) બેઠેલાને ઊઠવા ન દેવો, બેઠેલાને ઉઠાડવો, ઊભેલાને બેસાડી દેવો, અને ઊભેલાએ ના બેસવું વળી ઊંચો લઈ લેવો, જ્યાં ઊભો હોય ત્યાંથી ખેંચીને દૂર લઈ આવવો, ચાલતાને રોકી દેવો આ જે બધા મલ્લયુદ્ધના જીતવાના ઉપર યુક્ત પ્રકારો છે તે પ્રમાણે બન્ને જીતવા માટે બન્ને પ્રયત્નો આદરી રહ્યા છે. અને આ રીતે બન્નેનાં દેહબળનો બન્ને નાશ કરી રહ્યા છે. (૫)

સભામાં બિરાજેલી મથુરાની નારીઓની મનોવ્યથા

રાજન્ ! જ્યારે બન્ને વસુદેવકુમારો અને મલ્લોનું યુદ્ધ ચાલતું હતું ત્યારે આ બલવાનો અને નિર્બળનું યુદ્ધ સભામાં બિરાજતા નારીવૃન્દે આપસમાં મળીને દયામય હૃદયથી ટોળે મળી વાર્તાલાપ આરંભ્યો. (૬) સ્ત્રીઓએ કહ્યું કેઃ- અરે બહેનો ! આ રાજ્યસભાના સભાસદો ખરેખર મહાન અધર્મ આચરી રહ્યા છે કે જે સભામાં બલવાન અને નિર્બલના યુદ્ધને રાજાના જોતાં સભાસદો રાજાની ઈચ્છાને અનુસરે છે. (૭) અરે જુઓ વજ્ર કરતાં પણ અતિશય કઠોર સર્વ શરીરના અંગવાળા, વળી પર્વતરાજ મેરુ જેવા આ મહાન મલ્લો ક્યાં ? અને અત્યંત સુકુમાર શ્રીઅંગવાળા સુકોમલ કિશોરો ક્યાં ? કે આ કુમારોને હજી યૌવન તો સ્પર્શ્યું નથી કે મૂછનો દોરો તો ફૂટ્યો નથી એવા બે ભાઈઓ ક્યાં ? (૮) આજે સમાજનો ધર્મ અધર્મમાં ફેરવાઈ રહ્યો છે. એ વાત નક્કી જાણો. આવો જ્યાં પણ અધર્મ પ્રવર્તતો હોય ત્યાં પછીં રહેવાશે જ કેમ ? (૯)

न सभां प्रविशेत् प्राज्ञः सभ्यदोषाननुस्मरन् । अब्रुवन् विब्रुवन् अज्ञो नरः किल्बिषमश्नुते ॥ १० ॥

જે સભામાં અધર્મ થાય ત્યાં સભ્યના ધર્મોને-સભાસદોના ધર્મને જાણનાર વિવેકી-શાણા પુરુષે જવું ન જોઈએ.. જાણે છે છતાં તે અજ્ઞાન છું-નથી જાણતો એવો અજ્ઞાનીજન બની સભામાં જઈ ન બોલે અથવા ધર્મથી ઊલટું બોલે તો તેને પાપ લાગે છે. (૧૦) ચાણૂરશત્રુ મલ્લની ચારે બાજુ મલ્લના શબ્દ કરતા સદાનંદ શ્રીકૃષ્ણના પસીનાવાળા મુખકમલને

તો જરા જુઓ ! ખરેખર કમલની કળી જલમાં રહે તો પણ જલથી લિપ્ત ન રહે તે પ્રકારે યુદ્ધ કરે તો પણ શ્રીકૃષ્ણનું મુખશ્રમ જલવાળું ન હોવું જોઈએ પરંતુ આ પરસેવાથી લાગે છે કે શ્રમ લાગે છે માટે આવા પહાડ જેવા સાથે આ કુસુમસુકુમારનું યુદ્ધ ના શોભે ! (૧૨)

पुण्या बत व्रजभुवो यदयं नृलिंगगूढः पुराणपुरुषो वनचित्रमाल्यः ।
गाः पालयन् सहबलः क्वणयंश्च वेणुं विक्रीडयाञ्चति गिरित्ररमार्चिताङ्घ्रिः ॥ १३ ॥

આ વ્રજની ભૂમિ ખરેખર પવિત્ર છે કે આ મનુષ્ય જેવી લીલાનાં નાટક કરતા પુરાણપુરુષ આ વ્રજમાં વસે છે અને વનમાં થયેલા પુષ્પોની-રંગબેરંગી પુષ્પોની મનોહર માલા ધારણ કરતા બલભદ્ર ભૈયા સાથે ગાયો ચરાવતા, અને વ્રજભૂમિમાં અનેક પ્રકારની ક્રીડાઓ કરતા વેણુનાદ કરતા વિચરે છે. અરે સખીઓ! આ શ્રીકૃષ્ણના ચરણકમલોની તો શ્રીલક્ષ્મીજીને ભગવાન શ્રીસદાશિવે તો સેવા કરી છે તે ચરણો ધરણી ઉપર ફરે આથી અધિક વ્રજભૂમિનાં શાં પુણ્ય કહેવાં. (૧૩)

ગોપીજનોનું પરમ સૌભાગ્ય ગાતી મથુરાની નારી

गोप्यस्तपः किमचरन् यदमुष्यरूपं-लावण्यसारमसमोर्ध्वमनन्यसिद्धम् ।
दृग्भिः पिबन्त्यनुसवाभिनवं दुराप-मेकान्तधाम यशसः श्रिय ऐश्वरस्य ॥ १४ ॥

કહોને સખીઓ ! આ વ્રજનારી ગોપીજનોએ એવાં તો ક્યાં કલ્યાણકર તપ આચર્યાં હશે ! જુઓ કોઈનેય ન હોય તેવું કેવું શ્યામ મનોહરનું આ અલૌકિક સ્વરૂપ છે ! ખરેખર આ સ્વરૂપ તો લાવણ્ય-સૌન્દર્યનું કે લાવણ્યના પણ સારસ્વરૂપ આ પ્રત્યક્ષ લાવણ્યધામ છે. જ્યારે ત્યારે નવું, વળી શ્રી, યશ અને ઐશ્વર્યનું તો એ પ્રત્યક્ષ ધામ છે. આ દિવ્ય સ્વરૂપનું દર્શન કરે એ તો વ્રજનારીઓનું કેવું પરમ સૌભાગ્ય ! (૧૪)

या दाहोनेऽवहनने मथनोपलेप-प्रेङ्खेङ्खनार्भरुदितोक्षणतार्जनादौ ।
गायन्ति चैनमनुरक्तधियोऽश्रुकण्ठ्यो - धन्या व्रजस्त्रिय उरुक्रमचित्तयानाः ॥ १५ ॥

સખીઓ ! સાંભળો વ્રજનારીઓનું સૌભાગ્ય ! આ ગોપીજનો ગોદોહન સમયે કે ખાંડવાનું કાર્ય કરતાં, કે પછી મંથન કરતાં હોય ત્યારે કે ભૂમિનું લીપણ કરતાં હોય તે સમયે, કે ઝૂલે ઝૂલતાં કે બાલકોને પાલનમાં ઝુલાવતાં હોય તે સમયે કે પછી રોતાં બાલકને છાનાં રાખવા માટે હાલરડાં ગાતા,કે ફુલવાડીમાં તુલસી-ગુલાબ-મોગરા વગેરેને જલ સિંચતાં, કે ઘરની બુહારી કરતાં-સાફસૂફી કરતાં પ્રિયતમ શ્રીકૃષ્ણનાં જ લીલાગાન કરે છે. ત્યારે પ્રિય શ્યામનું ચિંતન કરતાં ચિત્ત દ્રવીભૂત બની જાય છે, મનમાં પ્રેમ ઊભરાઈ આવે છે અને કંઠ ગળગળો થઈ જાય છે અને નયનો અશ્રુથી છલકાય છે. ખરેખર વ્રજનારીઓ પરમ ધન્યધન્ય છે. (૧૫)

प्रातर्व्रजाद् व्रजत आविशतश्च सायं - गोमिः समं कवणयतोऽस्य निशम्य वेणुम् ।
निर्गम्य तूर्णमबलाः पथि भूरिपुण्याः-पश्यन्ति सस्मितमुखं सदयावलोकम् ॥ १६ ॥

સખિરી ! પ્રાતઃકાલમાં વ્રજમાંથી વનમાં ગાયો ચરાવવા પધારે ત્યારે, અંને સંધ્યા સમયે ગાયોને ચારી વનમાંથી પાછા વ્રજમાં પધારે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ ગાયોની પાછળ પાછળ ચાલતાં મધુર વેણુનો નાદ કરે છે. હે સખીઓ ! આ વેણુનાદનું શ્રવણ થતાં જ વ્રજસુંદરીઓ ઘરની બહાર આવી આંગણે ઓટલે કે માર્ગે ઉભેલી ભાન ભૂલીને સ્મિત-મંદહાસ્યવાળા, દયા ભર્યા અવલોકનવાળા શ્રીહરિનાં મુખકમળનાં દર્શન કરે છે. ખરેખર આ અબલાઓ પૂર્વનાં પુષ્કળ પુણ્યશાળી છે. (૧૬)

માતા-પિતાનો વાત્સલ્ય પરિતાપ

શ્રીશુકાચાર્યજી મહારાજે કહ્યું કે રાજન્ ! હે ભરતવંશશિરોમણિ ! જ્યારે રાજસભામાં યોગેશ્વર શ્રીકૃષ્ણે શ્રીહરિએ સ્ત્રીવૃન્દનાં ભાવમધુરાં વચનામૃતોનાં પાન કરીને ચાણૂર મલ્લને મારવાનો નિર્ણય કર્યો. (૧૭) બીજી બાજુ સ્ત્રી

જનોની તે તે લાગણી ભરી, ભક્તિભાવભીની વાણી સાંભળીને શ્રી વસુદેવ-દેવકીજીના પુત્રના સ્નેહથી શોકાતુર બની ગયાં અને પોતાના પુત્રોના પરાક્રમને ના જાણતાં બન્ને માતાપિતા પરિતાપ કરવા લાગ્યાં. (૧૮)

ચાણૂર-મુષ્ટિક સાથે મસ્તીથી મલ્લયુદ્ધ

રાજન્ ! મલ્લયુદ્ધની શાસ્ત્રમાં બતાવેલી રીતો કરતાં પણ વિશેષ પ્રકારની મલ્લ રીતોથી ભગવાન શ્રીકૃષ્ણ અને ચાણૂર મલ્લ બાહુયુદ્ધ આચરી રહ્યા છે. તેવી જ રીતે બલભદ્રજી અને મુષ્ટિક મલ્લ વિવિધ પ્રકારની રીતિઓથી યુદ્ધ કરી રહ્યા છે. (૧૯) ભગવાન શ્રીકૃષ્ણના અંગોના વજ્ર કરતાં ય વધુ નિષ્ઠુર-ખતરનાક પ્રહારોથી અને વારંવાર ચાણૂરને પછાડી તેના ઉપર ચઢી બેસવાથી ચાણૂરનાં ગાત્ર ભાંગી ગયાં તેને વારંવાર મૂર્ચ્છા આવવા લાગી અને આખરે તે થાકી ગયો. (૨૦) હવે બાજપક્ષીના જેવી ઝડપે ચાણૂર મલ્લ વાસુદેવ શ્રીકૃષ્ણ ભગવાન ઉપર ધસી આવ્યો અને ક્રોધે ભરાઈ બન્ને હાથની મૂઠી વાળી ભગવાનની છાતીમાં લગાવી દીધી. (૨૧) ચાણૂરે પૂરા બળને અજમાવીને કૃષ્ણની છાતીમાં મૂઠીનો પ્રહાર કર્યો તોપણ મસ્ત ગજરાજના ઉપર માળા ફેંકવાથી કાંઈ પણ અસર ના થાય તેમ ભગવાનને કશી પણ અસર ના થઈ તેમ જ ભગવાન ચલિત પણ ના બન્યા. (૨૨) પરંતુ ભગવાને ચાણૂરને પકડી ઉઠાવી ગોળ ચક્કર ફેરવી પૃથ્વી ઉપર પટકી દીધો કે તેના પ્રાણ તે જ ક્ષણે ચાલી ગયા. તેના શરીરે ધારણ કરેલાં અલંકારો, વસ્ત્રો અને માળાઓ વગેરે ઊડીને ક્યાંય દૂર પડ્યાં અને સ્વર્ગરાજ ઈન્દ્રનો ધ્વજ તૂટી પડે તેમ પડી ગયો. (૨૩) રાજન્ ! ચાણૂરની માફક જ મુષ્ટિકે બલભદ્રજીને પ્રથમ પોતાની મજબૂતં મૂઠી મારી એટલે શ્રીબલભદ્રજીએ તેને વળતી થપ્પડ એવા જોરથી ઠોકી દીધી તેથી તે ધ્રૂજી ઊઠ્યો, પીડા પામ્યો એટલું જ નહીં પરંતુ તે મુખમાંથી રુધિર ઓકવા લાગ્યો, તેના પ્રાણ ઊડી ગયા અને પવનની ઝાપટથી વૃક્ષ મૂલમાંથી ઊખડી જમીન ઉપર પડે તેમ તે મુષ્ટિક પણ ધરણી ઉપર પછાડ ખાઈને પડ્યો. (૨૪,૨૫) ચાણૂર મુષ્ટિક મલ્લોના પડતાં જ ''કૂટ'' નામનો મલ્લ આવી પહોંચ્યો ત્યારે હે રાજન્ પરીક્ષિત ! તેને માત્ર ડાબા હાથની એક જ મૂઠી મારીને રમત રમતમાં સહજ રીતે પ્રાણ વિનાનો કર્યો. (૨૬) કૂટ મલ્લને મરતો જોઈ શ્રીકૃષ્ણ ઉપર શલ અને તોશલ બન્ને ધસી આવ્યા. આ અવસરે શ્રીકૃષ્ણ ભગવાનની લાતનો માથામાં પ્રહાર થતાં શલ મર્યો અને ભગવાને તોશલના તો બે ભાગે ચીરા જ કરી નાખ્યાં. આ પ્રકારે આ બન્ને શ્રીકૃષ્ણના હાથે મોક્ષ પામ્યા. (૨૭) જ્યારે ચાણૂર, મુષ્ટિક, શલ, તોશલ વગેરે મલ્લો માર્યા ગયા ત્યારે કેવલ પ્રાણ બચાવવાની ઈચ્છાથી અન્ય સર્વ મલ્લો તો ત્યાંથી પાલયન કરી ગયા. (૨૮) રસરાજે આ અવસરે વીર રસનાં દાન કરવા માટે સમબળઆ પોતના ગોપ સખાઓને અખાડામાં ખેંચી સમીપમાં લઈ તેમને ભેટી મલ્લ દાવોના ખેલ કરવા લાગ્યા ત્યારે વાંજિત્રોના મલ્લયુદ્ધને અનુસરી નાદ થવા લાગ્યા અને સર્વ તાનમાં નૂપુરના નાદ કરવા લાગ્યા. (૨૯) શ્રીબલભદ્ર શ્રીકૃષ્ણના પરાક્રમથી કેવલ કંસને છોડી સર્વજન પ્રસન્ન થયા.તેમાં વળી સભામાં બિરાજેલા વિપ્રવરો ''સાધુ સાધુ- જય હો જય હો'' એવું અભિનંદન કરવા લાગ્યા. (૩૦)

મહાજનનો મહાન હર્ષનાદ અંને કંસનો કંકાસ

રાજન્ ! મલ્લો જ્યારે મુક્તિ પામ્યા અને અન્ય મલ્લો ભાગી ગયા ત્યારે ભોજરાજ કંસે મલ્લયુદ્ધનાં વાજિત્રનાગારાનાં ઘોષને અટકાવી દઈ બકવાદ આરંભ્યો. (૩૧) ''અરે કોણ હાજર છે ? આ બન્ને વસુદેવના પુત્રો છે અભિમાની દુર્વૃત્ત છે. મારા ભાણેજ થાય માટે મારાથી ના મરાય. આમને બન્ને ને હદપાર કરો-દેશનિકાલ કરો, આ ગોવાળોનું ધન લૂંટી લો. કુમતિવાળા આ નંદ ગોપને બાંધી કેદ કરો. (૩૨) આ વસુદેવ વિશ્વાસઘાતી દુર્બુદ્ધિવાળા છે. માટે આ અસજ્જન વસુદેવને અવિલંબે મારી નાખો. શ્રીઉગ્રસેન મારા પિતા છે છતાં તે પોતના નાના ભાઈઓ અને પરિવાર સાથે સામા પક્ષમાં ભળી ગયેલ છે માટે આ બધાને મારવા જોઈએ.'' (૩૩) આ રીતે રાજા કંસ અસંગત બકવાદ કરી રહેલ છે તે ટાણે અવિનાશી શ્રીકૃષ્ણ ભગવાનને રોષ આવ્યો અને જે સર્વ કરતાં ઊંચા રાજમંચ ઉપર કંસ બેઠેલ હતા તે મંચ ઉપર વેગપૂર્વક ઠેકડો મારી ચઢી ગયા. (૩૪) રાજા કંસે પાતના મંચ ઉપર પોતાના પ્રત્યક્ષ મૃત્યુ સ્વરૂપે આવતા કૃષ્ણને નિહાળ્યા. તેણે એકાએક પોતના આસન ઉપરથી ઊભો થઈ કૃષ્ણ સાથે યુદ્ધ કરવા માટે પાતના શૂરવીર માનીને હાથમાં ઢાલ તેમજ તલવાર લીધા. (૩૫)

મામા કંસનો મોક્ષ કરવા ભગવાને કૃપા કરી પૃથ્વી ઉપર પદરજમાં પટક્યા

રાજન્ પરીક્ષિત ! પક્ષીને પકડવા માટે જેમ બાજ પક્ષી, આકાશમાં ઊડતાં પક્ષીના ડાબી અને જમણી બાજુ આટાં મારે તે જ રીતે શ્રીકૃષ્ણ ભગવાનને પકડવા માટે હાથમાં ખડગ પકડી ડાબી બાજુ પેતરા ભરી તલવારના પટ્ટા ખેલી રહેલા રાજા કંસને, જેમ સર્પને બલાત્કારે ગરુડજી પકડી લે તે પ્રમાણે અસહ્ય તેજસ્વી શ્રીકૃષ્ણ ભગવાને ક્ષણવારમાં બલપૂર્વક પકડી લીધાં. આમ છતાં કંસરાજાએ તો તલવારના પટ્ટા ખેલવાનાં, તેમજ શ્રીકૃષ્ણને-મારવાનાં ફાંફાં મારવા માંડ્યાં ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે મજબૂત રીતે રાજા કંસને કેશપાશ પકડીને મુખ સામે મુખ સન્મુખ કરાવવા બોલ્યા કે મામા, મારી માતા દેવકીનો કેશકલાપ તમે જ પકડ્યો હતો ને ! તેના જ પુત્રે મેં આજે આપનો કેશપાશ પકડ્યો છે. હવે તાકાત હોય તો હાથમાંથી છોડાવો એમ કહીને ઊંચા મંચ ઉપરથી જમીન ઉપર મામાને પટક્યા ત્યારે માંથા ઉપરનો મુકુટ પણ ઊછળીને ક્યાંય દૂર પડ્યો અને રાજા કંસની કાયા જમીન ઉપર પડી આ અવસરે અનંત બ્રહ્માંડોને ધારણ કરનાર અત્યંત ભારવાળા ''સર્વ સ્વતંત્ર કમલનાભ શ્રીકૃષ્ણ'' ભગવાન રાજા કંસની કાયા ઉપર પડ્યા. (૩૬,૩૭) રાજન્ ! પૃથ્વી ઉપર પડતાં જ રાજા કંસના પ્રાણ બહાર નીકળી ભગવાનમાં મળી ગયા. ત્યારબાદ તેનો દેહ મોક્ષ માટે રાજા કંસનો ચોટલો પકડી કોઈ સિંહ હાથીને ખેંચે તે પ્રકારે નર કેશરી શ્રીહરિએ આમ તેમ પૃથ્વીઉપરની પોતાની પાવન પદરજમાં રગદોળવા લાગ્યા ત્યારે આ દૃશ્યને દેખી રહેલ ચૌદે લોકના લોકજનોએ અત્યંત ઉચ્ચ સ્વરે ''હા હા હા'' હાહાકાર કર્યો. (૩૮)

[રાજા કંસે ભગવાનને મથુરામાં મલ્લ મહોત્સવ નીરખવા નિમંત્રણ કરેલું તેથી ભગવાન ઉત્સવ ભૂમિમાં પધાર્યા. ત્યાં ઉત્સવ ભૂમિ અને મલ્લોના કુસ્તીના અખાડાની ભૂમિંની રજ પ્રભુનાં પદારવિંદથી પવિત્ર થઈ ભગવાનને ભય-ભાવથી ભજનાર વેરી કંસને પણ ભક્ત ગણી ભગવાને તેના પ્રાણોને પોતાના પ્રાણોમાં લય કરી પ્રાણ મોક્ષ કર્યો અન તેની કાયાને અખાડામાં રગદોળી કાયાની મુક્તિ કરી. વળી અન્ય પુરાણોમાં કહેલી કથાનુસાર ભગવાન કંસરાજાના કેશ પકડી શ્રીયમુનાજીના ચરણે શરણ કરાવ્યો અને ત્યાં કંસને ''વિશ્રાન્ત'' થયો અથવા ભગવાને વિશ્રાન્ત કરાવ્યો તેથી આજે પણ સર્વ ઘાટોમાં ''વિશ્રાન્ત'' ઘાટનો મહિમા મોટો મનાય છે. આ ઘાટનું નામ ''વિશ્રાન્ત'' ઘાટ છે. લોકો એને વિશ્રાન્ત ઘાટ કહે છે.કેવલ કંસના પ્રાણ નથી છૂટ્યા પરંતુ ભગવાને આ સમયે શંખ-ચક્ર-ગદા-પદ્મવાળા પોતાના દિવ્ય ચતુર્ભુજ સ્વરૂપની ઝાંખી કરાવી હતી. (વળી ખાતાં પીતાં હરતાં ફરતાં શિકાર ખેલતાં-નિદ્રામાં અને મૂર્ચ્છામાં કંસે શ્રીકૃષ્ણને ભય-દૃષ્ટિએ નિરખેલા પરંતુ આજે ભગવાને ભાવ દૃષ્ટિ કરાવી હતી) અને ભગવાને સારૂપ્ય મુક્તિનાં દાન કર્યાં.]

મામાની સાયુજ્યમુક્તિ

રાજન્ ! રાજા કંસનું પરમ ભાગ્ય હતું. કારણ કે તેને ઉદ્વેગવાળી બુદ્ધિથી-ભયભીત દૃષ્ટિથી ભગવાન શ્રીકૃષ્ણનું જ ચિંતન થતું. તે જલપાન કરતાં, વાતચીત કરતાં, હરતાંફરતાં, નિદ્રા લેતાં કે શ્વાસ લેતાં સદા નજર સામે શ્રીહસ્તમાં સુદર્શન ચક્રધારી શ્રીકૃષ્ણને જ નિહાળતો કે જે સ્વરૂપ તપ-જપ આદિ સાધનના શ્રમથી દેખાવું કઠિન છે તેવા દુર્લભ સ્વરૂપનું ભગવાને આખર અવસરે અંતકાળે દર્શાવ્યું તેથી જ ભગવાનની કૃપાના પ્રમેયબળે સારૂપ્ય મુક્તિ મળી. (૩૯) રાજન્ ! કંસના મૃત્યુને નિહાળીને રાજા કંસના કંક, ન્યગ્રોધ વગેરે આઠ ભાઈ હાથમાં શસ્ત્રો લઈને પોતાના ભાઈના વેરની વસૂલાત માટે જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ ઉપર ધસી આવ્યા, ત્યારે શ્રીબલભદ્રજીએ શસ્ત્રોથી પૂર્ણ સજ્જ થયેલા વેગે ધસી આવતાં તે બધાને હાથમાં મોટી ભોગળ લઈને કે કડિયાળી ડાંગ લઈને સિંહ પશુઓને પીંખી નાંખે તેમ તેમનાં અંગે અંગો ભાંગી નાખ્યાં (જો કે ભગવાન શ્રીકૃષ્ણે જ તેમને મારવા જોઈએ પરંતુ આ ભાઈ કંસનો બદલો લેવા ભાઈઓ આવી રહ્યા હતા. શ્રીબલભદ્રજીએ પણ પોતાના ભાઈઓની રક્ષા કરવા તેમને માર્યા.) જોકે ભગવાન મારવા સમર્થ હોવા છતાં મામાઓને ના મારવા જોઈએ કારણ કે માતાને દુઃખ થાય તેથી મારવા નહોતા ચાહતા.કંસરાજાને તો માર્યા વિના છૂટકો ન હતો માટે જ મારેલ હતા આ હૃદયની વાત જાણતા રોહિણીકુમાર બલભદ્રે બાકીનાને માર્યા. (૪૦,૪૧)

મંગલ હર્ષધ્વનિ અને આનંદની ઉજવણી

આ આવસરે અકાશમાં દેવોએ દુંદુભિનાદ કર્યા. બ્રહ્માજી, શિવજી વગેરે ભગવાનનાં વિભૂતિ સ્વરૂપો પ્રસન્નતાપૂર્વક પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા, ભગવાનની સ્તુતિ કરવા લાગ્યાં, તેમજ દેવાંગનાઓ નૃત્ય કરવા લાગ્યા. (૪૨) કંસનું મૃત્યુથતાં પોતાના સુહૃદ-મિત્ર કંસની સ્ત્રીઓ (આ સ્થાને કંસની પત્નીઓ માટે કંસરાજાને પતિ ન કહેતાં મિત્ર કહ્યા છે તેનું કારણ તે ધર્માત્મા હોવાથી પતિ ન ગણાય કેવલ સખા મનાય માટે સુહૃદ શબ્દ વાપર્યો છે) અન્ય મલ્લો અને મામાઓની સ્ત્રીઓ પોતાના સુખ દેનાર સખા-પતિઓના મરણથી દઃખી થઈને છાતી અને માથાં કૂટતી, આંસુ સારતી ભગવાનની સભામાં આવી (જાણે ભગવાનને વિનવતી ન હોય કે દયાળુ કૃષ્ણ ! નિંદક દુષ્ટ દુશ્મનનો મોક્ષ કર્યો તો અમારો મોક્ષ કરોને ! કે અમને જેલમાં પૂરોને કે નિત્ય દર્શન થાય.) (૪૩) આ સ્ત્રીઓ વીરશય્યામાં સૂતેલા પોતાના પતિઓને ભેટીને તેનો શોક કરવા લાગી એટલુંજ નહીં પરંતુ ઉચ્ચ સ્વરથી વિલાપ કરવા લાગી તેમજ વારંવાર રુદન કરી અશ્રુ ઢાળી હૃદયના શોકને પ્રકટ કરવા લાગી. (૪૪) સ્ત્રીઓ વિલાપ કરતાં બોલી કે હા નાથ ! હે પ્રિય ! હે ધર્મજ્ઞ ! હે કૃપાનાથ ! હે પુરુષવર ! આપ વિનાની બનેલી આ મથુરાનગરી અમારી માફક નાથ વિનાની અનાથ બની ગઈ. હવે અમારી અને એની શોભા ચાલી ગઈ, તેના ઉત્સવો ચાલ્યા ગયા, તેનાં મંગલો નાશ પામ્યા. ખરેખર આપનું મૃત્યુ થતાં ઘર-નગર, પ્રજા-પરિવાર સાથે અમે જ સર્વે મૃત્યુ પામ્યાં છીએ. તમે મથુરાના નાથ ચાલ્યા ગયા અને સર્વના નાથ શ્રીકૃષ્ણ ભગવાન મથુરાના નાથ થશે નહીં તેથી અમે તમારી નારીઓ અને મથુરાનગરી અનાથ થયાં. (૪૫,૪૬)

ભૂતદ્રોહી શું સુખી થાય ? ના,ના,ના

अनागसां त्वं भूतानां कृतवान् द्रोहमुल्बणम् । तेनेमां भो दशां नीतो भूतध्रुक् को लभेत शम् ॥ ४७ ॥

सर्वेषामिह भूतानामेष हि प्रभवाप्ययः । गोप्ता च तदवध्यायी न क्वचित् सुखमेघते ॥ ४८ ॥

નાથ ! આપે અકારણ નિર્દોષ તેમજ નિરપરાધી પ્રાણીઓનો ઘોર દ્રોહ કર્યો છે, દુઃખ આપ્યાં છે,તેમને દીધેલા ત્રાસનું આ ફળ પામ્યા. તેમને દીધેલાં દુઃખથી આ દશા થઈ. નાથ ! પ્રાણી-દ્રોહ કરનાર કોઈ વ્યક્તિ સુખી થઈ નથી કે કદી સુખી થવાની નથી. સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ અને નાશના કરનારા કે રક્ષણકરનારા પણ તે જ ભગવાન છે તે ભગવાનનું અનિષ્ટ કરનારને કોઈ પણ સ્થળે કદી કોઈ પણ સુખ સોંપડે જ નહીં. (૪૭,૪૮) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! આ રીતે કંસરાજાની રાણીઓને અન્ય સ્ત્રીઓને આશ્વાસન આપીને લોકોના પાલક ભગવાન શ્રીકૃષ્ણે મૃત્યુ પામેલાઓની સદ્ગતિ કરવા માટેની જે આ લોકમાં જાણીતી છે તે અગ્નિસંસ્કાર, જલદાન વગેરે ક્રિયાઓ કરાવવા ભગવાન તત્પર થયા. (૪૯)

માતા-પિતાના ચરણોની ધૂલિમાં બન્ને ભાઈઓએ પડતું મૂક્યું

રાજન્ ! મર્યાની વિધિ પતાવી કૃપાસિંધુ શ્રીકૃષ્ણ અને શ્રીબલભદ્રજી કારાગારમાં દોડી આવ્યા અને માતાપિતાને બેડીઓનાં બંધનમાંથી છોડાવીને માતાપિતાના શ્રીચરણોમાં મસ્તકો મૂકીને નમસ્કાર કરવા લાગ્યા. રાજન્ ! ભગવાનના મસ્તકને સત્ય લોક માનેલ છે. ભગવાને માતાપિતાનાં શ્રીચરણોમાં મસ્તક મૂકીને ચરણોને ઉપર રાખીને સર્વને સમજાવ્યું કે સત્યલોક બ્રહ્મપદ કરતાંય માતાપિતાનાં ચરણોનું ઉન્નત પદ-સ્થાન છે. માતાપિતાના ચરણોને જો પ્રણામ કરીએ તો તેમના પદની રજ પ્રણામ કરતા પુત્રના સત્યલોકનું સ્થાન આપવા સમર્થ છે તો પછી માતાપિતાનું તો મહત્ત્વ કેમ ગવાય ? (૫૦)

देवकी वसुदेवश्च विज्ञाय जगदीश्वरौ । कृतसंवन्दनौ पुत्रौ सस्वजाते न शंकितौ ॥ ५१ ॥

ભગવાન શ્રીકૃષ્ણજી અને શ્રીબલભદ્રજી આવીને માતાપિતાના શ્રીચરણોમાં મસ્તક નમાવીને ઊભા રહ્યા ત્યારે આ બે તો સાક્ષાત્ જગદીશ્વર છે એવો જ ભાવ થએલો હોવાથી માતા દેવકીજી અને પિતા શ્રીવસુદેવજી પ્રણામ કરતા પુત્રને પરમાત્મા માનતાં તેમને કેમ આલિંગન થાય ? એ શંકામાં-સંકોચમાં મુકાઈ ગયાં. (૫૧)

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ પૂર્વાર્ધના રાજસલીલા પ્રમેય પ્રકરણમાં ૪૪ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૪૫ મો

श्रीशुक उवाच- पितरावुपलब्धार्थौ विदित्वा पुरुषोत्तमः । मा भूदिति निजां मायां ततान जगमोहिनीम् ॥ १ ॥

શ્રીશુકાચાર્યજી મહારાજે કહ્યું કે રાજન્ ! ભગવાન પુરુષોત્તમે સમજી લીધું કે પિતાજી મને ભગવાન તરીકે ઓળખી ગયાં એતો યોગ્ય નથી થયું. મનમાં આવો વિચાર કરીને પોતાની જનમોહક માયાનો વિસ્તાર કર્યો. (૧) હવે ભગવાન શ્રીકૃષ્ણે શ્રીબલભદ્ર ભૈયા સાથે પિતા અને માતા પાસે પધાર્યા અને યાદવકુલરત્ન,તદીયજનોના શ્રેષ્ઠ ભગવાન વિવેકપૂર્વક નમ્રતા પ્રકટ કરીને માતાપિતાને પ્રસન્ન કરતા આદરપૂર્વક સંબોધન કરતા બોલ્યા કે હે અમ્બ ! હે તાત ! અમે આપના સંતાન થવાને યોગ્ય નથી. (૨) વળી ભગવાને કહ્યું કે પિતાજી ! મારાં માતુશ્રી અને આપ નિત્ય અમારા બન્ને ભાઈઓ દ્વાર લાડ લડાવાનું સુખ લેવાની અભિલાષા અને પુષ્કળ ઉત્કંઠા રાખતા હતા પરંતુ અમારા બન્ને ભાઈઓની કે અમારા મોટાભાઈ કીર્તિમાન વગેરેની બાલ્યાવસ્થા, પૌગંડાવસ્થા કે કિશોરવસ્થા સુખ-વહાલ પામવાની આપની ઉત્કંઠા પૂર્ણ ના થઈ (૨,૩) પિતાજી દુર્દૈવે કોનો નાશ નથી કર્યો ! દેવના માર્યાં એવાં અમારા માતાપિતાની પાસે બાલ્યાદિ વયમાં ના રહી શક્યા તેમજ મા-બાપને બારણે રહીને બાળકો માબાપના લાડથી જે પ્રકારનો આનંદ પામે છે તે આનંદ અમે ના મેળવી શક્યા. (૪)

સો વર્ષ સેવા કરીએ તો પણ માતાપિતાનું ૠણ ચૂકવી ના શકીએ

सर्वार्थसंभवो देहो जनितः पोषितो यतः । न तयोर्याति निर्वेशं पित्रोर्मर्त्यः शतायुषा ॥ ५ ॥

यस्तयोरात्मजः कल्प आत्मना च धनेन च । वृत्तिं न दद्यात् तं प्रेत्य स्वमांसं खादयन्ति हि

मातंर पितरं वृद्धं भार्यां साध्वीं सुतं शिशुम् । गुरुं विप्रं प्रपन्नं च कल्पोऽबिभ्रत् श्वसन् मृतः ॥ ७ ॥

સર્વ પુરુષાર્થોને સિદ્ધ કરવાનું સાધન દેહ છે. માતાએ આવો ઉત્તમ દેહ આપ્યો તેમજ માતાપિતાએ આ દેહનું પોષણ પણ કર્યું છે. કદાચ સો વર્ષ સુધી આ દેહથી માતાપિતાની સેવા કરીએ તો પણ માબાપના દેવામાંથી મુક્ત નહીં થઈ શકીએ. માતાપિતાનો પુત્ર, દેહથી અને પોતાના દ્રવ્યથી સેવા કરવાની શક્તિવાળો હોવા છતાં જો તન-મન-ધનથી માબાપની સેવા નથી કરતો તો તેના દેહના છૂટ્યા પછી યમદૂતો તેના માંસને તેને ખવરાવે છે. (૫,૬) વૃદ્ધ માતાપિતાને, પ્રતિવ્રતા સતીને, પોતાના બાલક પુત્રને, શરણાંગતને પોતે પાળી શકે એવી પરિસ્થિતિમાં રહેલ છતાં જો તેમને નથી સંભાળતો કે નથી સેવા કરતો તો તે શ્વાસ લે છે તોપણ મરણ પામેલ જ છે એમ જ માનવું. (૭) હે પિતાજી ! હે મા ! અમે આજ દિન પર્યંત નાના બાળ હતા તેમજ અસમર્થ હતા. વળી કંસરાજાના ભયને કારણે મન સદાય ઉદ્વેગથી-કલેશથી ભરેલું હતું. તેમાં અમારા આટલા દિવસ આપની સેવા કર્યા વિનાના સર્વથા વ્યર્થ ગયા. (૮) માટે હે પિતાજી ! હે મા ! આપની સેવા ન કરી શકનારા અને પરતંત્ર એવા તમારા પુત્ર અમે ક્ષમા માગીએ છીએ તો અમને ક્ષમા આપો. દુષ્ટ હ્રદયનાં કંસથી આપ ખૂબ જ દુઃખી હતાં તેની અમને જાણ છતાં કાંઈ કરવા અસમર્થ હતા તેથી ક્ષમા કરો આ એક જ વિજ્ઞપ્તિ. (૯)

માતાપિતાના ઉરમાં વસેલા વાત્સલ્યની નયનોમાં વહેતી અમૃતધાર

શ્રીશુકાચાર્ય બોલ્યા કે રાજન્ ! માતાપિતાને મન મનુષ્ય દેહે પોતાના પુત્રસ્વરૂપ જ જાણતા વિશ્વના આત્મા ભગવાન શ્રીકૃષ્ણની વાણીનું શ્રવણ કરીને સ્વરૂપભાન ભૂલી ગયાં. અને માતાપિતા શ્રીદેવકી-વસુદેવજી પુત્રોને ગોદમાં લઈ આલિંગન આપી સુખ-આનંદનો અનુભવ કરવા લાગ્યા. (૧૦) નયનોમાંથી વહી રહેલી સ્નેહાશ્રુધારાથી પુત્રોને ભીંજવી દેતા સ્નેહપાશથી બંધાયેલા માતાપિતા કાંઈ પણ ન બોલી શક્યા.કેવલ કંઠ ગદ્ગદ થઈ ગયો અને વાણી વિરમી ગઈ. (૧૧) આ પ્રમાણે પિતા-માતાના મનને આશ્વાસન આપીને શ્રીદેવકીકુમાર ભગવાન શ્રીકૃષ્ણે પોતાના માતામહ એટલે નાના ઉગ્રસેનને રાજા બનાવવા કહ્યું કે મહારજ ! અમે તો આપની પ્રજા છીએ. જે કાંઈ કાર્ય હોય તે અમને ફરમાવો. આપ જાણો છો કે યયાતિ રાજાના શાપથી યાદવોનો તો રાજસિહાંસન ઉપર બેસવાનો અધિકાર નથી.વળી અમારો તો રાજ્યભોગો ભોગવવાનો વિચાર પણ નથી. (૧૩) તો આપ સિંહાસને બિરાજો, આપ અન્ય

ચિંતા ના કરશો, કારણ કે હું આપની સેવામાં ઊભો છું. પણ ભય કોનો ! દેવો પણ આપને સન્માનશે અને આપનો ભાગ આપને આપશે તો પછી રાજાઓ આપશે એમાં આશ્ચર્ય શું ! માટે નાના ! આપ નિશ્ચંત રહો. (૧૪) દાદા ઉગ્રસેનને નૃપતિપદે સ્થાપીને વૃષ્ણિઓ, અન્ધક, મધુઓ દાશાર્હો, કકુર કુળના સ્વજનોને ભગવાને પણ મથુરાજીમાં તેડાવી લીધા. (૧૫) આ પ્રમાણે સર્વ જ્ઞાતિજનોને સત્કારપૂર્વક બહારથી બોલાવી તેઓના ચિત્તને આશ્વાસન આપ્યું. આ સર્વના દેહો વિદેશના વસવાટના દુઃખથી દુર્બળ બની ગયા હતા. તેમને પાછા પોતાના ઘરમાં લાવી રાખ્યા તેમજ શરીર સુખી થયા તે માટે ધન પણ આપ્યાં ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીબલભદ્રજીના હાથ હેઠળ સુરક્ષિત થઈ રહેલા આ યાદવજનોના મનોરથ પૂર્ણ થયા. શ્રીબલભદ્ર અને શ્રીકૃષ્ણે તેમના હૃદયનો સંતાપ દૂર કરી દીધો તેથી સુખી થયા. વળી તેઓ સિદ્ધ થઈ સુખેથી વિચરવા લાગ્યા. (૧૭) નિત્ય ભગવાન મુકુન્દનાં વદનકમળને નિહાળી પ્રસન્ન, આનંદમય, દયાથી ભરપૂર, સ્મિતહાસ્ય વાળી મધુર નજરે-નીરખતાં ભગવાનનાં મુખદર્શનથી પ્રસન્નતા અનુભવે છે. (૧૮) રાજન્ ! અધિક વાત શી કહીએ પરંતુ મથુરાનગરીમાં નિવાસ કરનારા જે અતિશય વૃદ્ધો હતા તેઓ પણ આનંદમય ભગવાન શ્રીકૃષ્ણના મુખકમલમાંથી ઝરતી અમીસુધાનાં નેત્રોથી નિરંતર પાન કરવાના પ્રતાપે શારીરિક બળ તેમજ ઇન્દ્રિયોની શક્તિ મેળવીને જાણે યુવાન બની ગયા હોય એમ લાગતું. (૧૯)

શ્રીનંદબાવાને શ્રીદેવકીનંદન અને રોહિણીનંદન ભેટી પડ્યા અને હીન બની ગયા

શ્રીશુકાચાર્યજી મહારાજે કહ્યુ કે રાજેન્દ્ર ! હવે શ્રીનંદરાયજીની સમીપમાં દેવકીનંદન શ્રીકૃષ્ણ અને શ્રીરોહિણીનંદન બલભદ્ર ભૈયા શ્રીનંદરાયજીના શ્રીચરણોમાં ઢળી પડ્યા અને બન્ને ભાઈઓ એકસાથે ગળે બાઝી પડ્યા અને આ પ્રમાણે કહેવા લાગ્યા કે હે પિતાજી ! આપ વાત્સલ્ય સ્નેહનું જ સાક્ષાત્ સ્વરૂપ છો. આપે અમ બન્ને બાળકોનું લાલન કર્યું, પાલન કર્યું અને પોષણ કર્યું છે. બાવા ! માબાપને પોતાના આત્મા કરતાં અધિક વહાલ કર્યું છે. (૨૧) નંદબાવા ! અમે નાને મુખે ઝાઝું શું કહીએ. કોઈપણ કારણવશ પોતાનાં નાના બાળકોનું પોષણ કે રક્ષણ કરી ન શકતાં તે બાળકોને મૂકી દે છે. તે બાળકોને જે પોતાના પુત્રની માફક પોષે છે અને સાંભળો છે તે જ તેનાં માતા અને પિતા છે. માટે આપ અને યશોદામા અમારા માબાપ છો. બાબા ! અધિક શું કહીએ. એમ બોલતાં કૃષ્ણ-બલદેવના કંઠ ભરાઈ આવ્યા. વધુ બોલી ન શક્યા. અંતે સ્વસ્થ થઈને લાલન્ બોલ્યા કે તાત નંદબાવા ! આપ સર્વ વ્રજજનો સાથે વ્રજમાં પધારો, દુઃખ ના કરશો બાવા ! મા યશોદાને અમારા વતી કહેશો કે લાંબા સમયથી દુઃખી યાદવ કુંટુબીજનોનું સુખ સાધીને અમારા સ્નેહથી દુઃખી થતા જ્ઞાતિજનોને મળવા-જોવા જરૂર આવીશું. (૨૨,૨૩) શ્રીશુકાચાર્યજી બોલ્યા કે રાજન્ ભગવાન અચ્યુતે સર્વ વ્રજજનોને અને નંદબાવાને એ પ્રમણે વિનય કરી, પોતાની ભક્તિ પ્રકટ કરી, સમજાવીને અત્યંત નમ્રભાવે અને દીનભાવે સર્વને વસ્ત્રો-અલંકાર અને ઉત્તમ પાત્રો પ્રત્યેકનાં નામ લઈ ભેટમાં આપી ખૂબ જ આદરપૂર્વક અર્ચન કર્યાં અને ખૂબ જ શિથિલ થઈ ગયા ત્યારે ભગવાનનાં અમૃતમીઠાં વાક્યો સાંભળી પ્રેમથી વાત્સલ્યથી વિહ્વલ બની ગયેલા શ્રીનંદરાયજીનાં નેત્રોમાં અશ્રુ ઉભરાઈ આવ્યાં કાંઈ પણ બોલી ન શક્યા. જવું અનિવાર્ય બન્યું. બન્ને લાડકવાયા લાલને આલિંગન કરી હૃદયમાં લઈ લીધા અને ગોપજનોને સાથે લઈ વ્રજમાં પધાર્યા. (૨૪,૨૫)

શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમે ઉપનયન સંસ્કોરો સ્વીકારી વેદસંસ્કારોનું ગૌરવ વધાર્યું

હે રાજન્ ! શૂરસેન રાજાના પુત્ર શ્રીવસુદેવજીએ વિપ્રોને અને પુરોહિત શ્રીગર્ગાચાર્યજી મહારાજના મંગલ હસ્તે બન્ને પુત્રોના યથાવિધિ ઉપનયન-જનોઈ દેવાના સંસ્કારો કરાવ્યા. (૨૬) ત્યાર બાદ યજ્ઞોપવીત વિધિ કરાવનારા ઋષિમંડળને પુષ્કળ દક્ષિણાઓ આપી તેમજ ગળામાં સોનાની કંઠીઓથી ઉત્તમ રીતે અલંકૃત કરી વાછરડાં વાળી, ઉમદાજાતનાં રેશમી બારીક વસ્ત્રોના હાંડાથી સુશોભિત કરેલી વીસહજાર ગાયો દાનમાં આપી. શ્રીવસુદેવજી ધર્મિષ્ઠ હતાં. પવિત્ર બુદ્ધિવાળા હતા, શ્રીબલભદ્ર અને શ્રીકૃષ્ણના જન્મ સમયે મનથી દશ હજાર ગાયોના દાનનો જે સંકલ્પ કરેલો તે યાદ કરીને સંકલ્પિત ગાયો અને બીજી પણ વારંવાર મનથી દાન માટે સંકલ્પ કરેલી ગાયો આજે દાનમાં આપી. કારણ કે પોતાની સમ્પત્તિ, જમીન વગેરે કંસરાજાએ જે લૂંટી લીધેલાં તેમાંથી આજે પોતાની ગાયો જે પાછી મળી હતી તે ગાયોનાં દાન કર્યાં. (૨૭,૨૮) ઉપવીત સંસ્કાર ધારણ કર્યા પછી બન્ને ભાઈઓ યદુકુલના આચાર્ય શ્રીગર્ગાચાર્ય

પાસેથી ગાયત્રી વ્રતમાં નિષ્ઠાવાળા થઈ દ્વિજ બન્યા. (૨૯) રાજન્ ! શ્રીબલરામજી અને ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજી સર્વ વિદ્યાના પોતે જ ઉત્પત્તિસ્થાન છે, સર્વજ્ઞ છે, જગદીશ્વર છે,તો પણ પોતાના અમલ અવિ ચલ અને સ્વત:સિદ્ધ જ્ઞાનને ગુપ્ત રાખીને ગુરુદેવ પાસે વિદ્યાભ્યાસ કરેલ છે. (૩૦)

શ્રીગોવિંદનો ગુરુકુલવાસ

યજ્ઞોપવીત ધારણ કરી દ્વિજ બની ગુરુકુલમાં વાસ ચાહતા બન્ને બાઈઓ ઉજ્જયિની નગરીમાં નિવાસ કરતા કુલપતિ શ્રીસાંદીપનિન નામના 'કાશ્યસ્' ગોત્રવાળા મુનિને પોતાના વિદ્યાગુરુ બનાવી તેમની પાસે અભ્યાસ કરવા માટે ગયા. (૩૧) શ્રીસાંદીપનિ ગુરુ પાસે જઈ જીતેન્દ્રિય બની, ગુરુસમીપે નિર્દોષપણે કેવી રીતે રહેવું તેનું પોતાની સાથે અભ્યાસ કરતા અન્તેવાસીને શિક્ષણ આપતા, દેવોના જેવી જ ગુરુદેવની ભક્તિ કરતા, તેમની પાસે વિદ્યાભ્યાસ કરવા લાગ્યા. (૩૨) બલરામ અને શ્રીકૃષ્ણના વિશુદ્ધભાવ અને નિર્દોષ સેવાથી સાંદીપનિ ગુરુ પ્રસન્ન થયા અને સર્વ વેદોનાં અભ્યાસ કરાવી, વેદોનાં અંગો શિક્ષા-કલ્પ-વ્યાકરણ-નિરુક્ત-છંદસ્-જ્યોતિષ વગેરે ષડ્શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો અને સર્વ વેદો તેમજ ઉપનિષદો કહ્યાં, તેમજ રહસ્ય સાથે એટલે મંત્રો તેમજ તે તે મંત્રોના દેવતાઓના જ્ઞાન સાથેની ધનુર્વેદ વિદ્યા પણ ગુરુદેવે આપી. ધર્મો-મનુસ્મૃતિ વગેરે ધર્મો જૈમિનિ વગેરે મુનિની રચેલી મીમાંસા નામના ન્યાયમાર્ગો, તર્કશાસ્ત્રો અને સંધિ-વિગ્રહ-શત્રુ ઉપર ચડાઈ ક્યારે કરવી-ઘેરો નાખવો-ફુટફાટ પડાવી અને મિત્ર રાજ્યોનો આશ્રય લેવો આવા છ પ્રકારની રાજ્યનીતિ આન્વીક્ષિકી એટલે વેદાન્તજ્ઞાન પણ બન્ને ભાઈઓએ મેળવ્યાં. (૩૪)

સર્વજ્ઞ પ્રભુને શીખવાનું શું? પણ લોકને શિક્ષણ આપવા શિક્ષણ લીધું

હે નૃપવર્ય ! આ બન્ને ભાઈઓ તો દેવાધિદેવો હતા.તેઓ જ સર્વવિદ્યાઓના પ્રવર્તક હતા એમને અભ્યાસ કરવાનો જ ક્યાંથી હોય ! માત્ર ગુરુદેવ તો એક જ વાર બોલે અને સર્વ વિદ્યાઓ ગ્રહણ કરી લેતાં. (૩૫) એટલું જ નહીં પરંતુ ચોસઠ રાત્રી દિવસોમાં તો ચોસઠ* કલાઓને પણ ધારણ કરી લીધી. વિદ્યાભ્યાસ સમયના સમસ્ત નિયમો પણ સંપૂર્ણપણે પાળ્યા. અભ્યાસ પછીથી જે ગુરુદેવની ઈચ્છાનુસાર દક્ષિણા આપવી જોઈએ તે દક્ષિણા પણ આપીને ગુરુદેવને પ્રસન્ન કર્યા. (૩૬)

ગુરુભક્તિ અને ગુરુદક્ષિણા

द्विजस्तयोस्तं महिमानमद्भुतं संलक्ष्य राजन्नतिमानुषीं मतिम् । संमंत्र्य पत्न्या स महार्णवे मृतं प्रभासे वरयाम्बभूव ॥ ३७ ॥

तथेत्यथारुह्य महारथौ रथं प्रभासमासाद्य दुरन्तविक्रमौ । वेलामुपव्रज्य निह्लदतुः क्षणं सिन्धुर्विदित्वार्हणमकाषीरत्तयोः ॥ ३८ ॥

શ્રીસાંદીપનિ મુનિની યજ્ઞ કરવાની અભિલાષા હતી. પરંતુ પુત્રવિના પુરુષ યજ્ઞ કરી ન શકે એવી શાસ્ત્રની આજ્ઞા છે. ગુરુ શ્રીસાંદીપનિજીના પુત્રનું મૃત્યુ થએલ હતું તેથી યજ્ઞ માટે ભગવાન શ્રીકૃષ્ણનું અલૌકિક સામર્થ્ય જોઈને પુત્રની પ્રાપ્તિ દક્ષિણામાં ભગવાનું વિચાર્યું. તેમાં પણ ભગવાનની ભણતી વખતની પ્રતિભા અને મનુષ્યોમાં ન સંભવે તેવી ઉત્તમ બુદ્ધિ જોઈ એટલે પોતાનાં પત્ની સાથે વિચારવાની આપ લે કરીને પ્રભાસમાં સાગરમાં ડૂબી ગયેલ પોતાના પુત્રની કાંઈ પણ ભાળ મળી ન હતી તે પુત્રને દક્ષિણામાં લાવી આપવા માટે વરદાન માગ્યું. (૩૭) ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ગુરુજી ! આપની જેવી આજ્ઞા એમ કહીને દિવ્ય પરાક્રમ ધરાવતા મહારથી બન્ને ભાઈઓ રથમાં આરોહણ કરી પ્રભાસમાં પધારી સાગરતીરે ક્ષણવાર વિશ્રામ લઈ બિરાજ્યા ત્યાં જ સમુદ્રને પ્રભુ પધાર્યાના સમાચાર મળતાંજ અર્ચન કર્યાં. (૩૮) આ અવસરે ભગવાને સમુદ્રને કહ્યું કે સમુદ્રપતિ ! શ્રીસાંદીપનિ ગુરુદેવના બાલક પુત્રને આપ મોટા તરંગમાં તાણી ગયા છો અને ગળી ગયા છે તો તે પુત્ર પાછો આપો. (૩૯) ક્ષીરસાગરે કહ્યું કે ભગવન્ ! હે દેવ ! હે શ્રીકૃષ્ણ ! મારા જળમાં પંચજન નામનો દૈત્ય શંખના રૂપમાં રહેલ છે તે ગળી ગેલ છે, એ વાત સુનિશ્ચિત છે. શ્રીશુકદેવ મહારાજશ્રીએ કહ્યું કે રાજન્ ! આ વાત સાંભળી ભગવાને તે જ ક્ષણે-જલમાં પ્રવેશ કર્યો અને "પંચજન" નામના દૈત્ય-અસુરને ચીર્યો. પરંતુ તેના ઉદરમાં ગુરુપુત્રને જોયો નહીં ત્યારે તેના દેહમાંથી બનેલા શંખ પાંચજન્યને

લઈ રથમાં બિરાજી યમરાજાની અતિશય પ્રિય નગરી સંયમિનીમાં આવી લાગ્યા અને બલભદ્ર ભૈયા સાથે ભગવાન જનાર્દને શંખધ્વનિ કર્યો. (૪૦-૪૨) પ્રજા માત્ર ઉપર શાસન ચલાવનાર રાજા યમે શંખધ્વનિ સાંભળ્યો અને એકાએક ત્યાં આવ્યા અને પુષ્કળ ભાવથી બન્ને ભાઈઓનાં અર્ચન કર્યાં. (૪૩) પ્રાણીમાત્રના હૃદયમાં બિરાજેલા ભગવાન શ્રીકૃષ્ણ ચંદ્ર સમીપે પ્રથમ વિનય પ્રકટ કરી ધર્મરાજ બોલ્યા. લીલાથી માનવતાનું ધારણ કરનાર હે સર્વવ્યાપક પ્રભુ ! આપનો હું સેવક છું, આજ્ઞા ફરમાવો આપની શી સેવા કરું ? (૪૪)

ભગવાનની આજ્ઞા કે યમરાજા ઉપર કૃપા

શ્રીધર્મરાજની વિનંતી સાંભળી ભગવાને કહ્યું કે હે મહારાજ ધર્મ ! પુત્રના પોતાના કર્મને અનુસરીને આપ અમારા ગુરુ પુત્રને અહીં યમપુરીમાં લાવ્યા છો. મારી આજ્ઞાનો સ્વીકાર કરી આપ તે પુત્રને ગુરુદેવને પાછો સોંપી દો. (૪૫) શ્રીધર્મરાજે કહ્યું, નાથ ! આપની જેવી આજ્ઞા. હું આપના આદેશને શિરે ચઢાવું છું એટલું બોલી ગુરુપુત્રને લાવીને ભગવાનને સમર્પી દીધો અને શ્રીકૃષ્ણ અને બલભદ્રજી ઉજ્જયનીપુરીમાં પાછા પધાર્યા અને ગુરુદેવને તેમના પુત્રને આપી પ્રભુ બોલ્યાઃ ગુરુજી ! કહો હવે બીજી શી આજ્ઞા છે ! (૪૬)

ગુરુકૃપાએ વિદ્યાફળ

ગુરુવર્ય શ્રીસાંદીપનિજી બોલ્યા કે હે વત્સો ! આપે બન્ને ભાઈઓએ અત્યંત ઉત્તમ ગુરુદક્ષિણા આપી છે. આપના જેવા સમર્થ દેવોના ગુરુ થવાનું સૌભાગ્ય મળે તે ગુરુના કયા અભિલાષો રહે ? માટે મહારાજ ? મારી કોઈ આશા બાકી નથી રહેતી. (૪૭)

---

*રાજાએ રાજ્યાસને બિરાજતા પૂર્વે ચોસઠ કલાઓ શીખવી જોઈએ. આ કલાઓના જાણકાર જ રાજાચક્રવર્તી તવા યોગ્ય થતા અનેપુર્જાનું કલ્યાણ કરી શકતા. શિવતંત્રમાં આ ચોસઠ કલાઓનું વર્ણન કર્યું છે. આ પ્રમાણેની તે કલાઓ છે, (૧) સંગીતકલા,(૨) વાદ્યકલા, (૩)નાટ્ય-નૃત્યકલા, (૪) કાષ્ઠ-વૃક્ષનાંપત્રો વગેરેમાં ઉત્તમ આકૃતિઓ કોતરવી, (૬) ચોખા, અનાજ, પુષ્પો વગેરના સાથિયા પૂરવા, ચોક પૂરવા, સાંજી કરવી, આરતિઓ બનાવવી, (૭) ફૂલના વાગા કરવા, (૮) દાંત ઉપર મજીઠ મૂકવી, વસ્ત્રો રંગવાં, (૯) મણિ-આરસ વગેરે જડવા -મઢવાની કલા, (૧૦) સુખશય્યા બનાવવી, (૧૧) જલતંરગ, (૧૨) જલમાં તરવું પડવું, ડૂબકી મારી દૂર નીકળવું, (૧૩) ચમત્કારો કરવા કે જાતજાતના અક્ષરો લખવાની કલા, (૧૪) વનમાલા, અને માલાઓ ગૂંથવાની કલા, (૧૫) શિરપેચ-પાઘડી-મુકુટ વગેરે રચવાની કલા, (૧૬) નેપથ્યકલા, (૧૭) કર્ણાભૂષણકલા, (૧૮) અત્તરો, ગુલાબજળ બનાવાની ક્રિયા, (૧૯) અલંકાર નિર્માણ ક્રિયા, (૨૦) જાદુગરી-ઈન્દરજાલવિદ્યા, (૨૧) કુચુમાર નામના આચાર્યે રચેલી બહુરૂપી વગેરે કલા, (૨૨) હાથચાલાકી, (૨૩) વિવિધ પ્રકારની ભોજન વાનગી, શાક-વાનગી રચવાની કલા, (૨૪) અનેક પ્રકારના પીણાં બનાવાની કલા, (૨૫) ભરતકામ શીવણ ગૂંથણ, (૨૬) પૂતળી નચાવવી, (૨૭) તંતુવાદ્ય કલા, (૨૮) ઉખાણા-પહેલિકા વગેરેની તેમજ સમસ્યાપૂર્તિ વગેરની કલા, (૨૯) અન્તકડી, (૩૦) જૂનાલેખ-ગુઢ લેખ લખવા વાંચવા, (૩૧) ગ્રંથવાચન ક્રિયા, (૩૨) નાટ્ય-આખ્યાયિકા લખવાની કલા, (૩૩) સમસ્યાપૂર્તિ, (૩૪) પત્રિકા અને ચિત્રો ઉપરથી કાગળો વાંચવા અથવા પટ્ટિકા-વેત્રવવન વિકલ્પકલા એટલે પટ્ટઓને કર વગેરની ખુરશી પલંગ વગેરે ભરવાની કલા, (૩૫) વણવા કાંતવાની કલા, (૩૬) ઘર-મંદિર કોટ-કિલ્લા બાંધવાની શિલ્પકલા, (૩૮) સુવર્ણરત્નાદિ પરીક્ષા, (૩૯) સુવર્ણ-તાંબૂ વગેરેની ખાણોની શોધખોળ અને શુદ્ધ ધાતુ બનાવવાની કલા, (૪૦) મણિરાગજ્ઞાન, (૪૨) ખાણો શોધવી, (૪૨) વૃક્ષારોપણ અને વૃક્ષરોગ પરીક્ષણકલા, (૪૩) ઘેટાં વગેરેને લડાવવાની કલા, (૪૪) પોપટ મેના વગેરે ભણાવવાની કલા, (૪૫) મારણ ઉચ્ચાટન વિદ્યા, (૪૬) કેશ-વેણી ગૂંથન કલા (૪૭) અક્ષર કે મૂઠીમાં રહેલા પદાર્થને કહેવાની કલા, (૪૮) ભાષામાં ભેળકરી બોલવાની કલા, (૪૯) અનેક દેશ-પ્રાન્તભાષા જ્ઞાન, (૫૦) પુષ્પનાં વિમાન રચવાની કલા, (૫૧) પક્ષી-ભાષાદિજ્ઞાન, (૫૨) અષ્ટાવધાન-શતાવધાન વિદ્યાજ્ઞાન યંત્રનિર્માણ જ્ઞાન, (૫૩) પરમનોવિજ્ઞાન, (૫૪) શબ્દકોષ નિર્માણકલા, (૫૫) છંદોવિજ્ઞાન, (૫૬) ક્રિયાવિકલ્પ કલા, (૫૭) છલવિદ્યા, (૫૮) વસ્ત્રગોપન કલા, (૫૯) દ્યૂતકલા, (૬૦) શેતરંજ ચોપાટ કલા, (૬૧) બાલક્રીડન કલા, (૬૨) વિજયકલા, (૬૪) સ્તુતિકલા, વગેરે કલાઓમાં કોઈ કોઈ ફેરફાર પણ છે.

गच्छतं स्वगृहं वीरौ कीर्तिर्वामस्तु पावनी-छन्दांस्ययातयामानि भवन्तिवह परत्र च ॥ ४७ ॥

હવે આપ બન્ને ભાઈઓ સુખેથી મથુરા સીધાવો. આપની કીર્તિ જગતને પવિત્ર કરનારી બનો. વળી આપના વેદો આ લોકમાં અને પરલોકમાં સદા તાજા રહો. (૪૮) શ્રીશુકાચાર્યજીએ કહ્યું : રાજન્ ! હે તાત ! જ્યારે સાંદીપનિ ગુરુએ આ પ્રમાણે આશિષ અને આજ્ઞા આપ્યાં ત્યારે તે બન્ને ભાઈઓ વાયુ સમાન વેગીલા રથમાં બિરાજી મેઘ સમાન ગંભીર ગર્જના કરતા આવી પહોંચ્યાં. (૪૯) શ્રીરામ અને જનાર્દનને ગુરુકુલમાંથી પધારતા જાણીને પ્રજાજનોએ સામૈયું કર્યું અભિનંદન આપ્યાં અને ઘણા વખતથી દર્શનવંચિત રહેલા તે આજે હાથમાંથી ગૂમાવેલા ધનની માફક પાછો મેળવી પ્રજાજનો પુષ્કળ પ્રસન્ન થયા. (૫૦)

समानन्दन् प्रजा: सर्वा दृष्ट्वा रामजनार्दनौ । अपश्यन्त्यो बह्वहानि नष्टलब्धधना इव ॥ ५० ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ પૂર્વાર્ધ રાજસલીલા પ્રમાણ પ્રકરણમાં ૪૫ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૪૬ મો

(આ અધ્યાયના ૪૯ શ્લોકો છે. ભગવાન પુષ્કળ દયાળુ છે. શ્રીનંદબાવાને આશ્વાસન આપ્યું કે બાવા ! અમે તો આપના બાળકો છીએ. આપ માતાપિતા છો. આપ વ્રજમાં પધારો, અમે અવશ્ય સ્વ-જ્ઞાતિજનોને મળવા આવીશું. ત્યારબાદ ભગવાન ગુરુકુલમાં પધાર્યા. તેમાં લાંબો સમય પસાર થઈ ગયો. ગુરુકુલથી પાછા પધાર્યા, બાદ પણ ઘણાં રાજ્યકાર્યો કરવાનાં રહ્યાં હોઈને ભગવાન ગુરુકુલમાંથી ઘરે પધારીને અવિલંબે સ્વજનના સુખ સમાચાર લેવા દેવા શ્રીઉદ્ધવજીને વ્રજમાં વિદાય કરે છે, આ પ્રસંગે હવે આ અધ્યાયમાં આવે છે.)

ભગવાનની પ્રિયજન માટેની અનન્ય કરુણા

श्रीशुक उवाच-वृष्णीनां प्रवरो मन्त्री कृष्णस्य दयितः सखा । शिष्यो बृहस्पतेः साक्षादुद्धवो बुद्धिसत्तमः ॥ १ ॥

શ્રીશુકદેવજી મહારાજે કહ્યું કે રાજન્ વૃષ્ણિઓના મુખ્યમંત્રી, બૃહસ્પતિના સાક્ષાત્ શિષ્ય, અત્યંત શ્રેષ્ઠ બુદ્ધિમાન શ્રીઉદ્ધવજી ભગવાન શ્રીકૃષ્ણના પ્રિયમત સખા હતા. (૧) આટલું જ નહીં પરંતુ ભગવાનના ભક્ત, પ્રભુના અનન્ય, વળી શ્રીકૃષ્ણના પ્રિયતમ હોઈને એકાન્તમા લઈ જઈ પોતાના કરકમલમાં ઉદ્ધવજીનો હાથ પકડી શરણાગત કલેશહારી ભગવાન શ્રીહરિએ ઉદ્ધવજીને કહ્યું કે હે પ્રિયતમ સખા ઉદ્ધવ ! હે સૌમ્ય સ્વભાવવાળા ઉદ્ધવ ! ભાઈ તમે વ્રજમાં જાવ, અમારાં માતાપિતા શ્રીનંદ-યશોદાજી ત્યાં બિરાજે છે, મારા વતી તેમને પ્રસન્ન કરો. તેમજ ગોપીજનોને મારો સંદેશો આપી તેમના મનની વિયોગ-પીડાનું સાંત્વન કરો. (૩) ભાઈ ઉદ્ધવ ! અધિક શું કહેવું. તે ગોપીજનો મારામાં દૃઢ મનવાળા, મારામાં જ પ્રાણવાળા, મારે માટે દેહના સુખવિલાસોને ત્યજી બેઠેલાં લોકધર્મો પણ સર્વથા ત્યજીને બેઠેલા છે, ભાઈ આ ભૂમિકાના મારા ભક્તોને મેં મરા હૃદયમાં ધારણ કર્યા છે. (૪) ભાઈ ઉદ્ધવ ! હું તેમના પ્રિયતમોમાં અત્યંત પ્રિયતમ છું. આજે હું તેમનાથી દૂર રહેલો હોવાથી તેઓ મારું સ્મરણ થતાં જ મૂર્છિત થઈ જાય છે. વળી વિયોગને કારણે ઉત્કંઠા વધી પડે તેથી તેઓ સર્વથા દીન બની જાય છે. અરે ઉદ્ધવ ! મહાકષ્ટથી જ ઘણાં ગોપ સ્ત્રીઓ જેમ તેમ કરીને પ્રાણો ધારણ કરી રહ્યાં છે. આ સર્વ વલ્લવીઓ મારી છે, મારાં જ સ્વરૂપો છે, અને પ્રિયતમ જરૂર પાછા પધારશે એ આશાથી જીવે છે. (૫,૬)

શ્રીઉદ્ધવજીનું ગોકુલ પ્રસ્થાન

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! જ્યારે પ્રેમસિંધુ શ્રીકૃષ્ણ ભગવાને શ્રીઉદ્ધવલાલને આ પ્રમાણેની ઉરવાર્તા લઈ વ્રજમાં પધારવા કહ્યું ત્યારે સ્વામીના સંદેશાને આદરપૂર્વક સ્વીકારીને રથમાં બિરાજીને શ્રીઉદ્ધવજી પણ શ્રીનંદગોકુલમાં પ્રસ્થાન કરવા વિદાય થયા. (૭) શ્રીઅક્રૂરજીની માફક શ્રીઉદ્ધવજી પણ ગોરજ મુહૂર્તમાં જ નંદગાંવ પધાર્યા. આ અવસરે ધણ ચરીને પાછું આવ્યું, તેના પગની ખરીઓથી ચારે બાજુ આકાશમાંથી ઊડતી રજને લીધે શ્રીઉદ્ધવજીનો રથ ગોરજથી છવાઈ ગયો અને સૂર્યાસ્ત કાલે ગોકુલમાં પ્રવેશ કર્યો. (૮) મદમાતા સાંઢ ખૂંટ આવેલી ગાયને માટે આપસ

આપસમાં યુદ્ધ કરી રહ્યા હતા. જ્યારે બીજી બાજુ તાજી વીઆયેલી ગાયો પોતાના નવજાત વાછરડાંને ના નિહાળતાં દૂધ ભરેલા આઉના ભારથી પીડાતાં આમતેમ દોડી રહી હતી. શ્વેતવર્ણી ગાયો અને વાછરડાં આમતેમ એક બીજાને ટપી જાય છે અને ચાલે છે ત્યારે આ સર્વ દશ્યથી વ્રજ પુષ્કળ રળિયામણું લાગતું હતું. સર્વત્ર વ્રજમાં વાંસળીઓના તેમજ ગોદોહન સમયે સેડ કાઢતાં દોહવાના શબ્દો સંભળાય છે. ઉત્તમ શૃંગાર-વસ્ત્રાભૂષણથી સજીધજી તૈયાર થએલી વ્રજનારીઓ અને વ્રજના ગોપજનો શ્રીબલભદ્ર અને શ્રીકૃષ્ણનું ગુણ-કીર્તન કરી રહેલા હતા. આ સર્વને કારણે વ્રજની શોભામાં વધારો થઈ રહેલો હતો. અગ્નિ. સૂર્ય, અતિથિ, ગાય, બ્રાહ્મણ,પિતૃદેવો વગેરેનાં ગોકુલમાં અર્ચન થઈ રહ્યા હતાં. ધૂપ, દીપ, નૈવેદ્ય, પુષ્પો અને પુષ્પમાલાઓથી વ્રજજનોના નિવાસો તો સુવાસથી મહેકી રહ્યાં હતાં. (૯-૧૨) સર્વત્ર વનમાં પુષ્પો વિકસી ખીલી ઉઠ્યાં હતાં. પક્ષીઓના કિલકિલાટ અને ભ્રમરોનાં ગુંજન શ્રવણસુખ દેતા હતાં. હંસ અને કારંડવ નામનાં પક્ષીઓથી ઉભરાતાં હતા. જ્યારે કમલખંડીઓથી વ્રજની શોભા, તો કોઈ ઉત્તમ જ હતી. (૧૩)

હરિદાસનાં સ્વાગત

પ્યારા શ્રીકૃષ્ણના પ્રિય સેવક ભક્તવર્ય શ્રીઉદ્ધવજીનાં દર્શન કરીને શ્રીનંદરાયજીનું હૃદય પ્રસન્ન થઈ ગયું. ભક્તરાજ ઉદ્ધવજીને શ્રીનંદબાવા પ્રમેથી ભેટ્યા અને જાણે સાક્ષાત્, વાસુદેવ કૃષ્ણ જ ન હોયને શું ? એવા ભાવથી હરિદાસનાં અર્ચન કર્યાં, તેમને ઉત્તમ સુખ શય્યામાં પધરાવ્યા અને માર્ગનો થાકોડો ઠીક ઠીક દૂર કીધો, તેમના ચરણ ચાંપ્યા, તેમના શ્રમનું નિવારણ કરીને અનેક કુશળ પ્રશ્નો પૂછ્યા. (૧૪,૧૫) શ્રીનંદરાયજીએ પૂછયું કે હે અંગ ! હે પરમ સ્નેહી પરમ ભાગવત ઉદ્ધવલાલ ! અમારા ઉત્તમ સખા, શ્રીશૂર યાદવને સદા આનંદ દેનારા શ્રીવસુદેવજી હવે પોતાના પુત્રો સાથે રહે છે ને ? કારાગૃહમાંથી મુક્ત થએલા હવે પોતાના સુહૃદજન સાથેસુખ-પૂર્વક રહે છે ને ? (૧૬) પાપી કંસ પોતાના ભાઈઓની સાથે પોતાના પાપથી નાશ પામ્યો એ જ અમારું સૌભાગ્ય ગણીએ છીએ. ઉદ્ધવજી! આપ જાણો છો કે સદા ધર્મશીલ યાદવો સાથે નિરંતર કંસનો દ્વેષ ચાલતો જ હતો. (૧૭) ભક્તવર શ્રીઉદ્ધવજી! કહો કદી કૃષ્ણ અમને યાદ કરે છે? ઉદ્ધવ આ વ્રજ તો કૃષ્ણનું છે, કૃષ્ણ તો તેના નાથ છે. કૃષ્ણ કોઈ દિવસ વ્રજની વાત કરીને પણ યાદ કરે છે, એની ગાયોને આ વૃન્દાવનને કે ગોવર્ધન ગિરિને યાદ કરે છે ? (૧૮) ઉદ્ધવ કહોને ! ગોવિંદ પોતાનાં સ્વજનોને એકવાર પણ મળવા આવશે ખરા ? જો આવશે તો કૃષ્ણની સુંદર નાસિકા, સ્મિતવાળા અને અનુરાગ ભર્યા અવલોકનવાળા શ્રીમુખની ઝાંખી કરવા ભાગ્યશાળી થઈશું. (૧૯) દાવાનળ, વાયુ, ઝંઝાવાત, વંટોળીઓ, મૂશલધાર વર્ષા, અરિષ્ટાસુર દૈત્ય, સર્પ અને સુદર્શન અજગર વગેરે બાધાઓથી અમારી શ્રીકૃષ્ણે સદા રક્ષા કરી છે. જે કંસાદિ મૃત્યુસ્વરૂપ જ હતા અને જેમને ટાળી શકાયતેમ હતું જ નહીં તે બધાના ભયમાંથી અમને શ્રીકૃષ્ણે જ બચાવ્યા છે. (૨૦) કદાચ ઉદ્ધવજી કહે કે જો આટલી બધી શ્રીકૃષ્ણમાં પ્રીતિ છે, તો પછી મથુરા કૃષ્ણ પાસે કેમ નથી પધારતાં ? તો તેનો પ્રત્યુત્તર આપતાં બોલ્યા કે હે ઉદ્ધવજી ! લાડીલા કૃષ્ણનાં પરાક્રમો, કૃષ્ણની લીલાઓ, લીલાઓ સાથે કટાક્ષપૂર્વક અમારી સામે જોવુ, મધુર હૃદયસ્પર્શીહાસ્ય, મધુરભાષણ, આ સર્વે ક્ષણે-ક્ષણે સ્મરણમાં આવી જાય છે. અને કાયાની ક્રિયાઓ જ શિથિલ થઈ જાય છે એક પગલું પણ ચલાતું નથી તેમજ ક્યાંય પણ જઈ શકાતું નથી તો પછી મથુરા ક્યાંથી આવી શકીએ. (૨૧) ઉદ્ધવજી ! આ શ્રી યમુનાજી વગેરે સરિતાઓ, શ્રીગોવર્ધન વગેરે પર્વતો, વનના ચારે બાજુના પ્રદેશો, અમારા પ્રિય શ્રીમુકુન્દ પ્રભુના ચરણારવિંદોથી વિભૂષિત થએલા છે, તે તે સ્થલોનું દર્શન કરતાં જ કૃષ્ણની તે તે ક્રીડાઓનું સ્મરણ થઈ આવે છે કે તે મોટા દેવ છે અને આ પૃથ્વી ઉપર દેવોનાં કાર્ય કરવા જ પધાર્યા છે. કારણ કે શ્રીગર્ગાચાર્ય મહારાજ પણ આવું કહી ગયા છે. (૨૩) જો આ વાત, સાચી ન હોય તો દશ હજાર હાથીના બળવાળા કંસનો, ચાણૂર, મુષ્ટિકનો વધ કે કુવલયાપીડ જેવા હાથીને રમત રમતમાં સિંહ જેમ ગજરાજોને મારે તેમ મારવો એ કાંઈ બને ખરૂં ? (૨૪) અત્યંત શક્તિવાળા અને મજબૂત ત્રણ તાલ વૃક્ષના જેવડા મોટા ધનુષ્યને શેરડીનાં સાઠાંને જેમ હાથી તોડી નાખે તેમ તોડી નાખ્યું તેમજ એક જ હસ્તથી સાત સાત દિવસ પર્યન્ત શ્રીગોવર્ધન ગિરિરાજને ધારણ કર્યા અને દેવોને તેમજ દૈત્યોને જીતનાર, પ્રલંબાસુર,ધેનુકાસુર, અરિષ્ટાસુર, તૃણાવર્ત અને બકાસુર વગેરે દૈત્યોને લીલા માત્રથી મારીને હઠાવ્યા તેમજ તેમના પ્રાણ ગયા આ બધી લીલાઓ જ પૂરવાર કરે છે કે તે

દેવાધિદેવ છે. (૨૫,૨૬)

સ્નેહવિકળ શ્રીનંદરાય બાવા અને મૂક બની અશ્રુ સારતી યશોદા મા

श्रीशुक उवाच- इति संस्मृत्य संस्मृत्य नन्दः कृष्णानुरक्तधीः । अत्युत्कण्ठोभवत्तूष्णीं प्रेमप्रसरविह्वलः ॥ २७ ॥

यशोदा वर्ण्यमानानि पुत्रस्य चरितानि च । श्रृण्वन्त्यश्रूण्यवास्राक्षीत् स्नेहस्नुतपयोधरा ॥ २८ ॥

तयोरित्थं भगवति कृष्णे नन्दयशोदयोः । वीक्ष्यानुरागं परमं नन्दमाहोद्धधवो मुदा ॥ २९ ॥

શ્રીશુકાચાર્ય મહારાજે કહ્યું કે રાજન્ ! પ્યારા કૃષ્ણમાં પુષ્કળ પ્રેમ-અનુરાગવાળી બુદ્ધિવાળા શ્રીનંદરાયજીકૃષ્ણને વારંવાર યાદ કરીને ઉત્કંઠા વધી જતાં પ્રેમ-સ્નેહવિકલ બની ગયાં અને વાણી વિરમી ગઈ. (૨૭) શ્રીનંદબાવાના શ્રીમુખમાંથી શ્રીયશોમતીલાલ પ્રિયપુત્રનાં દિવ્ય ચરિત્રો સાંભળીને મા યશોદા કેવલ નેત્રમાંથી અશ્રુ સારી રહ્યાં અને વહાલા પુત્ર ઉપર વાત્સલ્યથી માતાના સ્તનમાંથી દૂધ સ્રવવા લાગ્યું અને કંઠ-હૃદય ભરાઈ આવ્યાં. ના બોલી શક્યા. શ્રીનંદરાયજીની અને શ્રીયોશોદાજીની કૃષ્ણ ભગવાનમાં અનુપમ પ્રીતિ જોઈને શ્રીઉદ્ધવજીને પરમ આનંદ થયો અને હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૨૮,૨૯)

શ્રીઉદ્ધવજીની અમૃત વાણી અને પ્રિયતમ પ્રભુનો પુણ્ય સંદેશ કે પ્રેમનિર્દેશ

શ્રીઉદ્ધવજી બોલ્યા કે સર્વ પ્રકારે માનપાત્ર શ્રીનંદરાયજી ! આ બ્રહ્માંડમાં આપ ખરેખર અત્યંત પ્રશંસાપાત્ર છો. આપની પ્રશંસા કરીએ એટલી ઓછી છે. આપના જેના પૃથ્વીમાં આપ એક જ છો. અખિલ બ્રહ્માંડના ગુરુ અને પૂજ્ય શ્રીનારયણના સ્વરૂપમાં અને લીલામાં અનુરાગ ભરેલી આપની દૃઢ મતિ છે. (૩૦) નંદરાયજી આપનું કૃષ્ણ-બલભદ્ર માટે જ મન્તવ્ય છે તે યથાર્થ છે. કારણ કે આ બલભદ્ર અને શ્રીકૃષ્ણ મુકુન્દ ભગવાન સર્વના બીજ અને સર્વનું કારણ છે. આ કૃષ્ણ જ પુરાણપુરુષ છે અને પ્રકૃતિ છે. આ કૃષ્ણ સર્વ ભૂતોમાં પ્રવેશી રહેલા છે અને વિલક્ષણ એવા જ્ઞાનના પણ તે નિયામક છે અને બન્ને બલભદ્ર અને કૃષ્ણ બન્ને પુરાણપુરુષ છે. (૩૧) શ્રીઉદ્ધવજી મધુર ભાષણ કરતા કહેવા લાગ્યા કે,-મનુષ્ય પ્રાણ છોડતી વખતે એકાદ ક્ષણ પણ જો ભગવાનનાં સ્વરૂપમાં મનને રાખે તો કર્માશયને-કર્મવાસનાવાળા લિંગ દેહને ત્યજી દઈને સૂર્ય સમાન પ્રકાશમાન બની પરમ ગતિને-ભગવત્પદને પામે છે. (૩૨) વળી ઉદ્ધવજીએ કહ્યું કે હે નંદબાવા ! આપને માટે શું કહેવું ? કારણ કે આ શ્રીકૃષ્ણ તો સર્વના આત્મા તો છે જ પરંતુ સર્વના કારણ પણ છે, આ પોતે જ નારાયણ છે, આ શ્રીકૃષ્ણે સર્વનો ઉદ્ધાર કરવા માટે જ મનુષ્ય વિગ્રહ-સ્વરૂપ ધારણ કરીને પધાર્યા છે.આવા ભગવાન શ્રીકૃષ્ણમાં આપે અને શ્રીયશોદા માતાજીએ અત્યંત ભાવ રાખ્યો છે. હે મહાત્મા નંદજી ! આપને કે યશોદાને કે પછી સમગ્ર વ્રજને હવે કાંઈ અન્ય કર્મ કરવાનાં રહેતાં નથી. (૩૩)

નંદરાય બોલ્યા કે ઉદ્ધવલાલ આ તત્ત્વજ્ઞાન મૂકો પડતું, કહોને અમારો પ્યારો નંદલાલ ક્યારે પધારશે?

ભાવભીના હૃદયે ઉદ્ધવજી બોલ્યા કે આપ જરાય મનથી કોચવાશો મા ! અલ્પ સમયમાં જ અચ્યુત એટલે પોતાના વચનમાંથી કદી પણ ચ્યુત ન થનારા અચ્યુત-કૃષ્ણ વ્રજમાં અવશ્ય પધારશે અને માતા-પિતાનું પ્રિય પણ કરશે. આપ જાણો જ છો કે ભગવાન તો ભગવદીયોના અનન્ય પ્રાણ છે. અને સ્વામી છે. (૩૪) આપને યાદ છે ને નંદબાવા ! કે સર્વભક્તોનો સર્વ યાદવોનો વિરોધ કરનાર કંસરાજાનો વધ કરી આપની સમીપમાં પધારી ભગવાન જે બોલ્યા હતા તે પોતાનું વાક્ય સત્ય કરવાના જ છે. (૩૫) અરે નંદબાવા જીવ શાને બાળો છો ? આપ તો બન્ને મહાન ભાગ્યાશાળી છો, જરાય ખેદ ન કરો. પ્રાણીમાત્રના હૃદયમાં વસનારા ભગવાન શ્રીકૃષ્ણ તમારા હૃદયની પ્રીતિના-આર્તિના સાક્ષી છે. માટે અલ્પ સમયમાં જ આપ આ બન્ને કુમારોને નજરે નિહાળશો. (૩૬) બાવા શ્રીકૃષ્ણને કોઈ પ્રિય નથી,અપ્રિય નથી, ભગવાન સ્વયં અમાની છે. વળી સમાન ભાવવાળા છે. એમને મન કોઈ નથી ઉત્તમ કે નથી કોઈ અધમ કે કોઈ વિષમ નથી કે સમ નથી. (૩૭) નંદબાવા ! શ્રીકૃષ્ણ તો ભગવાન છે એમનો કોઈ પિતા-માતા-સ્ત્રીઓ-પુત્રો-પોતાના કે પારકા એવું કોઈ કર્મ જ નથી, હોતું કે જે કર્મના ફલ તરીકે સદ્ દેવયોનિ, અસદ્ પશુપંખીનીયોનિ, મિશ્ર મનુષ્યાદિ યોનિમાં જન્મ મળે. આમ છતાં ત્રણ ગુણોથી પર છે. સ્વયં અજ છે. ગુણોથી રચે રક્ષે, અને સમેટે છે. (૪૦) જેમ

રમતમાં ગોળ ફુદડીઓ ફરતાં ભ્રમવાળી નજરે પૃથ્વી સઘળી ફરતી હોય તેમ દેખાય છે તે જ પ્રકારે ચિત્તના કર્તૃત્વમાં બુદ્ધિથી આત્માપણ પોતાનું કર્તૃત્વ સ્વીકારે છે ખરી રીતે આત્મા કર્તા નથી. (૪૧) નંદબાવા ! આ શ્રીકૃષ્ણ ભગવાન એ આપના જ પુત્ર છે એવું ના માનશો એતો સર્વના પુત્ર છે, એ તો સર્વના આત્મા છે, પિતા પણ છે, માતા પણ અને ઈશ્વર પણ તે શ્રીહરિ જ છે. (૪૨) નંદબાવા!જે કાંઈ નજરે જોયું છે, સાંભળ્યું છે, થયું છે કે થાય છે કે થશે, સ્થિર છે, ચલ છે, મોટું છે કે નાનું છે, આ સર્વ ભગવાન વિના કાંઈ નથી,સર્વ તે જ છે અને તે જ પરમાર્થ સ્વરૂપ છે. (૪૩)

સંપૂર્ણ રાત્રી શ્યામસુંદરની ગાથા ગાતાં ગાતાં વીતી

एंव निशा सा ब्रुवतो व्यतीता नन्दस्य कृष्णानुचरस्य नित्यम्

गोप्यः समुत्थाय निरूप्य दीपान् वास्तून् समभ्यर्च्य दधीन्यमन्थन् ॥ ४४ ॥

અરે રાજન્ ! પરીક્ષિત ! શ્રીનંદરાયજી સાથે શ્રીહરિની ગાથા ગાતાં ગાતાં શ્રીકૃષ્ણના પરમ ભક્ત તાદૃશીજન શ્રીઉદ્ધવલાલની રાત્રી વાર્તામાં જ પસાર થઈ ગઈ ત્યાં તો નિત્યના નિયમ અનુસાર શ્રીગોપીજનો જાગ્યાં અને ભગવાન શ્રીકૃષ્ણની મંગલાચતિ કરી, કુલધર્મને અનુસરીને વાસ્તુપૂજા-ઉમરા પૂજ્યા, અને દધિમંથન કરવા લાગ્યાં. (૪૪) મંથન કરીરહ્યાં હતાં ત્યારે તેમના શ્રીઅંગ ઉપર અલંકારમાં ધારણ કરેલાં મણિરત્નો દીપના પ્રકાશથી અધિક ઝળકી રહ્યાંહતાં. રવૈયાનાં નેતરાં વલોણાં માટે ખેંચતાં બન્ને બાજૂબંધ બન્ને કરકમલનાં કંકણો અને વેણીમાં ધારણ કરેલી સૌભાગ્ય માલાઓ આમ તેમ હાલતાં ચાલતાં શોભા આપી રહ્યાં હતાં. વળી ઊભાં ઊભાં મંથન કરવાનું હોઈ ડાબાજમણી કાયા હાલે ચાલે ત્યારે તેમનાં વક્ષઃસ્થલ અને તેમના નિતંબો પણ હલનચલન કરતા અને વક્ષઃસ્થલ ઉપર ધારણ કરેલા રત્નહારો પણ હાલતા. વળી કાનમાં ધારણ કરેલ કુંડલો પણ કપોલ ગાલ ઉપર અથડાતાં ગાલ પણ લાલવર્ણ દીપી ઊઠતાં, આ ગાપીજનોની શ્રીઅંગની શોભા શ્યામસુંદરની સેવાના સમપર્ણ માટે જ હતી. (૪૫)

વ્રજાંગનાઓનું પ્રાતર્મંગલ ગાન વિશ્વનું મંગલ સાધે છે

उद्गायतीनामरविन्दलोचनं व्रजाङ्गनानां दिवमस्पृशद् ध्वनिः ।

दध्नश्चनिर्मन्थनशब्दमिश्रितो निरस्यते येन दिशाममङ्गलम् ॥ ४६ ॥

રાજન્ ! અરવિન્દલોચન રસરાજ શ્રીનંદકુમારનાં ઉચ્ચસ્વરે ગાન ગાતી વ્રજાંગનાઓના કંઠનો મધુર ધ્વનિ સત્યાદિ લોક સુધી બ્રહ્માંડને સ્પર્શી રહ્યો હતો. ત્યાં વળી દધિમંથનના મંગલ ધ્વનિનું તેમાં મિશ્રણ થયું. આ બન્ને મિશ્રિત બનતા મંગલ ધ્વનિથી દિશાઓનાં આજે પણ અમંગલો દૂર થાય છેં અને સુમંગલ થાય છે ? (૪૬) ભગવાન શ્રીસૂર્યનારાયણ પ્રકટ્યા અને નિત્યની આદત પ્રમાણે વ્રજનારીઓએ પ્યારા નંદદુલારાનાં આંગન તરફ નજર કરી ત્યાં નંદાંગણમાં ઉભેલા સુવર્ણનાં અવલોકન થતાં જ વિચાર થઈ આવ્યો કે આ રથ કોનો હશે ? કેમ આવ્યો હશે ? એમ કુતૂહલભરી વ્રજનારી પરસ્પર પૂછવા લાગી. (૪૭) અરે વળી પેલા કંસરાજાનું કોઈ કાર્ય-કરવા માટે અક્રૂર આવ્યા તો નહીં હોય ને ! જે અક્રૂર અમારા કમલનયન શ્રીકૃષ્ણને અમારી આંખથી અળગા કીધા હતા અને મથુરામાં લઈ ગયા હતા. (૪૮) હવે અમારા થકી વળી તે મરણ પામેલ તેના માલિક કંસનું શું કાર્ય સધાવાનું હતું ! આમ મનમાં તર્કવિર્તક કરી રહ્યાં હતાં ત્યાં જ ઉદ્ધવજી પોતાના પ્રાતઃકાલનાં નિત્ય કાર્ય સન્ધ્યા-વંદન-હોમ આદિ સમાપ્ત કરી બહાર આંગણામાં પધાર્યા. (૪૯)

किं साधयिष्यत्यस्माभिर्भर्तुः प्रेतस्य निष्कृतिम् । इति स्त्रीणां वदन्तीनामुद्धवोऽगात् कृताह्निकः ॥ ४९ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષ દશમ સ્કંધ પૂર્વાર્ધ રાજસલીલા પ્રમેય પ્રકરણમાં ૪૬ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૪૭ મો

[રાજસ પ્રકરણના બીજા પ્રમેય પ્રકરણની લીલાનો આ પાંચમો અધ્યાય છે આ અધ્યાયમાં "જ્ઞાન" ધર્મનું વર્ણન છે તેમજ ભ્રમરગીત આ અધ્યાયમાં આવે છે. આ અધ્યાયમાં ૭૦ શ્લોકો છે. આ અધ્યાયમાં એક ભ્રમરને ઉદ્દેશીને ઉદ્ધવજીને ગોપીજનો સંબોધી રહ્યાં છે ગોપીજનોની વિરહાવસ્થા અત્યંત કરુણામય છે. તેઓને લૌકિક અનુસંધાન જરા પણ નથી રહ્યું. સંભવ છે કે પ્રાણો

નીકળી જવાની અંતિમ સ્થિતિ આવી ગઈ છે તે પરિસ્થિતિનું ભગવાનને તો ધ્યાન છે જ તેથી ભગવાન કરુણાવશ ઉદ્ધવજી દ્વારા જ્ઞાન સંદેશ પાઠવે છે.]

શ્રીહરિદાસનાં દર્શન

श्रीशुक उवाच- तं वीक्ष्य कृष्णानुचरं व्रजस्त्रियः प्रलम्बबाहुं नवकंजलोचनम् ।
पीताम्बरं पुष्करमालिनं लसन् -मुखारविन्दं मणिमृष्टकुण्डलम् ॥ १ ॥
शुचिस्मितः कोऽयमपीच्यदर्शनः कुतश्च कस्याच्युतवेशभूषणः ।
इति स्म सर्वाः परिवव्रुरुत्सुका-स्तमुत्तमश्लोकपदाम्बुजाश्रयम् ॥ २ ॥
तं प्रश्रयेणावनताः सुसत्कृतं -सव्रीडहासेक्षणसूनृतादिभिः ।
रहस्यपृच्छन्नुपविष्टमासने-विज्ञाय संदेशहरं रमापतेः ॥ ३ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! કમલ સમાન રસ ભર્યાં નયનવાળા, ઢીંચણથી પણ નીચે લટકતાં લાંબા હાથ વાળા, કંઠમાં પ્રસાદીરૂપ કમળની માલાને ધારણ કરતા, શુદ્ધ અને તેજસ્વી મણિનાં કુંડલ ધારણ કરેલા, અત્યંત પ્રસન્ન મુખારવિંદવાળા પીતાંબરધારી કૃષ્ણભક્ત હરિદાસ શ્રીઉદ્ધવજીનાં શ્રીવ્રજનારીઓને દર્શન થયાં. (૧) નિર્મલ પવિત્ર મંદહારવાળા, સ્ત્રી સમાજને ગમી જાય તેવા દેખાવડા; વળી શ્રીઅચ્યુત ભગવાનના જેવા જ શૃંગાર વેશભૂષાવાળા આ પુણ્યપુરુષ કોણ હશે એમ વિચારતાં ઉત્કંઠા ધરાવતા શ્રીવ્રજનારીઓ, જોતજોતામાં તો સર્વ એકઠાં થઈ ગયાં અને સર્વએ નિર્ણય કર્યો કે પુણ્યજન આપણાં વહાલા ઉત્તમ યશવાળા શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુના શ્રી ચરણોના અનન્ય દાસ છે. (૨) રાજન્ ! વિનયમૂર્તિ શ્રીવ્રજનારીઓ વિવેક ભરી લજ્જાવાળા, મધુરહાસ્યથી નિરખતાં ભાવભીની વાણીથી શ્રીઉદ્ધવલાલજીનો સત્કાર કરતાં તે વ્રજભક્તોએ આસન ઉપર બિરાજેલા શ્રીહરિદાસજીને ભગવાન શ્રીરમાનાથનો ગુહ્ય સંદેશો લઈને પધારેલ છે એવી જાણ થતાં જ એકાન્તમાં લઈ જઈ અને કુશલ પ્રશ્નો પૂછવાનો આરંભ કર્યો. (૩) પ્યારા હરિદાસ ! આપ શ્રીયદુનાથના પાર્ષદ છો. પડખે જ રહેનારા છો. સ્વામીએ પોતાનાં માતાપિતાનું પ્રિય કરવા માટે આપશ્રીને વ્રજમાં મોકલ્યા છે તેથી આપ અહીં પધાર્યા છો એમ જાણી શકીઅ છીએ. (૪) હે હરિદાસ ! આ ગાયોના નેસડાઓમાં ગોવિંદને પોતાના માબાપ કાંઈ યાદ કરવા જેવું બીજું કોઈ હોય એમ નથી જોતાં. સાચું છે કે મોટા મુનિજનોથી પણ નિજ બંધુજનોના સ્નેહની ગાંઠ તોડી શકાતી નથી કે છોડી શકાતી નથી. (૫)

અરે ઉદ્ધવજી ઔપાધિક-સ્વાર્થભર્યા સ્નેહની તે શી પ્રતિષ્ઠા ? સાંભળો ઉદ્ધવજી સ્વાર્થનાં દશ દૃષ્ટાંતો

ઉદ્ધવલાલ ! જ્યાં દેહના સંબંધ નથી તેવા સંબંધોમાં તો સ્વાર્થની મૈત્રી છે. જ્યાં સુધી તે પ્રયોજન હોય છે ત્યાં સુધી તે મૈત્રીનો માત્ર દેખાવ રહે છે. જેમ પુરુષો કામવશ સ્ત્રીઓમાં પ્રેમ કરે છે અને જેમ ભ્રમરો સ્વાર્થવશ પુષ્પો ઉપર વિચરે છે. તેમનો સ્વાર્થ સરે ત્યાં સુધી તે તેના ઉપર વિચરવાના. પરંતુ સ્ત્રીનો નાશ પુરુષને કે પુષ્પ સુકાતાં ભ્રમરને તેની પીડા દેખાતી નથી. કારણ કે હવે તેનો સ્વાર્થ સધાય એવું કાંઈ રહ્યું નથી પછી પ્રીતિ શેની ? ક્ષમા કરજો ઉદ્ધવજી ! પુરુષો તો ષટ્પદ-છપગા ભ્રમર જેવા હોય છે. જ્યાં સુધી પોતાનો સ્વાર્થ ન સધાય ત્યાં સુધી ચીટકીને રહે છે પણ કામ સધાઈ જતાં છપગા થઈ છટકી જાય છે. (૬)

निःस्वं त्यजन्ति गणिका अकल्पं नृपतिं प्रजाः । अधीतविद्या आचार्यं ऋत्विजो दत्तदक्षिणाम् ॥ ७ ॥
खगा वीतफलं वृक्षं भुक्त्वा चातिथयो गृहम् । दग्धं मृगास्तथारण्यं जारो भुक्त्वा रतां स्त्रियम् ॥ ८ ॥

રાજન્ ! પરીક્ષિત ! ઉપરના શ્લોકમાં ભ્રમરનાં અને પુરુષોનાં બે દૃષ્ટાંત આપી હવે ગોપીજનો બીજા સ્વાર્થના આઠ નમૂના ગણાવતાં બોલ્યા કે ઉદ્ધવ ! નિર્ધન બની જતાં નરને વારાંગનાઓ-ગણિકાઓ ત્યજી દે છે (૧), પાણી વગરના નિર્બળ રાજાને પ્રજાજનો ત્યજી દે છે (૨), અભ્યાસ કરી લીધા બાદ શિષ્યો આચાર્યને ત્યજી દે છે (૩), યજ્ઞ કરનાર ઋત્વિજો દક્ષિણા મળી જતાં યજમાનને મૂકી દે છે (૪), વૃક્ષ ઉપરથી ફલો ઉલી જતાં પંખીઓ વૃક્ષને મૂકી દે છે (૫),

અતિથિઓ ભોજન કરી જમાડનારના ઘરને મૂકી દે છે (૬), બળી ગયેલાં અરણ્યોને હરણાંઓ છોડી જાય છે (૭) અને જાર પુરુષ આસક્તિ ધરાવતી સ્ત્રીને ભોગવીને છોડી દે છે, ઉદ્ધવ આથી અધિક કહેવાથી શો લાભ છે ! (૭,૮)

ગોપીજનો તો ગોવિંદના અનન્ય છે

રાજન્ ! (ગોપીજનો તો શ્રીગોવિંદનાં અનન્ય ભક્તો છે. આ તો કેવલ ભગવાન વિરહની વેદનામાં અનન્ય અનુરાગવાળાં કેવલ ઉપરના દૃષ્ટાન્તોથી ઉર આગની વિરહવેદનાની વરાળ બહાર કાઢી છે.) આ પ્રમાણે શ્રીગોપીજનો ગોવિંદની વાતો કરતાં કરતાં મન, વાણી અને કાયાથી ભગવાન શ્રીકૃષ્ણના અનન્ય દાસ શ્રી ઉદ્ધવજી વ્રજમાં પધાર્યા છે ત્યારે ગૃહપરિવારનાં લૌકિક સર્વ કાર્યો નેવે મૂક્યા છે, અને નંદનંદન પ્યારાનાં લાલ અને કિશોર વયમાં કરેલી લીલાઓનાં સ્મરણ કરીકરીને પ્રિયતમની લીલાનાં ગાન કરી રહ્યાં છે. તેમણે લાજ, ત્યજી દીધી છે અને રુદન કરી રહ્યાં છે. (૯,૧૦) રાજન્ ! આ અવસરે સર્વગોપીજનોમાંથી કોઈ એક શ્રીગોપીજી પોતાને પ્રાપ્ત થએલા ભગવાનના સંગમનું ધ્યાન કરી રહ્યાં હતાં ત્યા એકમધુકર-ભ્રમરને નિહાળ્યો ત્યારે તેને ભગવાને પોતાની સમીપે મોકલેલા સંદેશવાહક દૂત તરીકે ભ્રમરને નીચે પ્રમાણે કહેવા લાગી. (૧૧)

ભ્રમરગીત ઉદ્ધવલાલ અમારા ચરણને અડકો મા ! અમારા ચરણને અભડાવો મા

गोप्युवाच-मधुप! कितवबन्धो मा स्पृशाङ्घ्रिं सपत्न्याः-कुचविलुलितमालाकुंकुमश्मश्रुभिर्नः ।
वहतु मधुपतिस्तन्मानिनीनां प्रसादं-यदुसदसि विडम्ब्यं यस्य दूतस्त्वमीदृक् ॥ १२ ॥

શુકાચાર્યજીએ ભ્રમરગીતનું વર્ણન કરતાં કહ્યું કે રાજન્ ! શ્રી ઉદ્ધવજી ગોપીજનોની સભામાં પધાર્યા અને ભગવાનનાં અનન્ય ભક્તોને નિરખ્યાં, તેમના તરફ આદર ભાવ વધી પડ્યો અને શ્રીગોપીજનોના ચરણકમલોને પ્રણામ કરવા ગયા ત્યારે આવેશમાં આવેલાં એક ગોપીજી પોતના ચરણકમલનો સ્પર્શ કરવા ન જતા ઉદ્ધવજીને ભ્રમરના બહાને રોકીને કહી રહેલાં છે કે હે મધુપ ! હે મકરન્દ રસનું પાન કરનાર હે ભ્રમર ! હે કપટીના સખા ! કુબ્જાની કાયાના આલિંગનથી કચળાઈ ગયેલી વનમાલાને સૂંઘતાં તારી મૂછ અને દાઢી પીળાં પડી ગએલ છે, એવા હે ભ્રમર ! હે ઉદ્ધવ ! અમારા ચરણનો સ્પર્શ કરો મા ! અમે તમારા નાથને જાણીએ છીએ કે યાદોવોની સભામાં સદા જે કૃષ્ણની હાંસી થાય છે, તે કૃષ્ણના તમે સેવક છો ને ? ઉદ્ધવ, તમારા કૃષ્ણને મથુરાની માનિનીઓની કૃપા ભલે ધારણ કરે, ભલે તેમને મનાવે. અમારી કૃપાની કાંઈ આવશ્યકતા નથી કે અમને મનાવવાની જરા પણ જરૂર નથી. (૧૨)

ચતુરા લક્ષ્મી પણ નારદજીનાં કરતૂતોથી ઠગાણી અમે ઠગાશું, ના

सकृदधरसुधां स्वां मोहिनीं पाययित्वा-सुमनस इव सद्यस्तत्यजेऽस्मान् भवादृक् ।
परिचरति कथं तत् पादपद्मं तु पद्मा-ह्यपि बत हृतचेता उत्तमश्लोकजल्पैः ॥ १३ ॥

અરે ભ્રમર, તારામાં અને તારા સ્વામીમાં કાંઈ પણ તફાવત નથી.તારો સ્વભાવ પુષ્પોના મકરન્દ રસનું પાન કરીને પુષ્પોને ત્યજી દે છે તે જ સ્વભાવ તારા સ્વામી નો છે. તેમણે પણ મુગ્ધ કરનારા અધરામૃતનાં પાન કરાવી-કરીને અમને ત્યજી દીધાં છે. આવા સ્વભાવવાળા સ્વામીનાં ચરણકમલોની લક્ષ્મીજી શું સમજીને સેવા કરતાં હશે એ તો અમને નથી સમજાતું. સંભવ છે કે નવરા પડેલા નારદ-શુક જેવા ઉત્તમશ્લોક શ્રીકૃષ્ણના ગુણોનાં ગાન ગાયા કરે છે તે સાંભળીને લક્ષ્મીજી ઠગાઈ ગએલ હશે અને તેથી જ આશાભરી ચરણની સેવા કરતાં હશે, બાકી લક્ષ્મી સમાં કોઈ ચતુરા નારી નથી. (૧૩)

ઉદ્ધવલાલ પુરાણાં ગાણાં નથી સાંભળવાં, શ્યામની કોઈ વ્રજલીલા સુણાવો તો સાચા સ્નેહી

किमिह बहु षडंघ्रे गायसि त्वं यदूना-मधिपतिमगृहाणामग्रतो नः पुराणम् ।
विजयसखसखीनां गीयतां तत्प्रसङ्गः-क्षपितकुचरुजस्ते कल्पयन्तीष्टमिष्टाः ॥ १४ ॥

ભાઈ રે ભ્રમર ! તારા તો છ પગ છે જાને દૂર અને જેણે જૂની ગાથાઓ ના સાંભળી હોય તેને સંભળાવને ભાઈ !

અમને યાદવોના સ્વામીની પુરાણી ગાથાઓ શાને કાજ સુણાવો છો ? એ તો પુરાતન ગાથાઓ બની ગઈ છે. વળી અમે ઘરબાર વિનાનાં છીએ તો કોઈ ઘર-મિલકતવાળાં હોય તેમની પાસે કથા કરશો તો તે તમને કાંઈ ભેટ-પૂજા સામગ્રી ધરશે. ભાઈ ભ્રમર ! અર્જુનજીના સખા શ્રકૃષ્ણે જે સખીઓનાં ઉરને ગાઢ આલિંગન આપીને ઉર પીડાનાં નિવારણ કીધાં છે અને જેમનાં અરમાન પૂરાં કર્યાં છે તેમની પાસે જાઓ અને ગોવિંદની ગાથાઓનાં ગાન કરો તે તમારા માગ્યા મનોરથો પૂરા કરશે. (૧૪)

ઉદ્ધવ! ત્રિભુવનસુંદર શ્રી સુંદરશ્યામને કઈ સુંદરી-નારી સુલભ નથી?

दिवि भुवि च रसायां काः स्त्रियस्तद्दुरापाः-कपट-रुचिर-हास-भ्रूविजृम्भस्य याः स्युः ।
चरणरज उपास्ते यस्य भूतिर्वयं का-अपि च कृपणपक्षे उत्तमश्लोकशब्दः ॥ १५ ॥

અરે ભાઈ! સ્વર્ગલોક, પૃથ્વીલોક, પાતાલાદિ લોક કે વૈકુંઠાદિ લોકમાં ભગવાનને ન મળે એવી કઈ સ્ત્રી હશે ? સ્ત્રીઓનો ભગવાનને મેળવવા ભલેકઠિન હશે. કારણ કે કપટ ભર્યાં મોહક હાસ્ય અને ચિત્ત ચોરનાર ભ્રકુટિના વિલાસ અને સંકેતોને સ્ત્રીઓ વશ હોય છે, જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન આ સર્વ પ્રકારના વિલાસોમાં નિપુણ છે. અરે અમારી ગ્રામ્યજનોની વાતો જવા દો પરંતુ ભગવાનનાં શ્રીચરણોને સાક્ષાત્ ભગવતી લક્ષ્મીજી સેવી રહ્યાં છે ત્યાં અમારું કાંઈ મૂલ્ય નથી. પરંતુ એક વાતની શ્રદ્ધા છે કે ભગવાનનું નામ- ''ઉત્તમશ્લોક'' છે તેનું તાત્પર્ય કે તે શબ્દ કેવલ દીનજનો ઊપર દયા કરનારા માટે વપરાય છે. તો અમે પણ દીનજન છીએ તો ભગવાન અમારા ઉપર પણ કૃપા વરસાવશે. (૧૫)

સંદેશવાહક દૂત ઉપર રોષ ના શોભે, આપ કૃપા કરી અમારી નમ્ર વિનંતી સાંભળશો?

विसृज शिरसि पादं वेद्म्यहं चाटुकारै-रनुनयविदुषस्तेऽभ्येत्य दौत्यैर्मुकुन्दात् ।
स्वकृत इह विसृष्टापत्य पत्यन्यलोका-व्यसृजदकृतचेताः किन्नु संधेयमस्मिन् ॥ १६ ॥

ક્ષમા કરો ! ઉદ્ધવજી ! આપ અમારા ચરણમાં માથું મૂકવાનો આગ્રહ મૂકી દો. આપ કેવલ ઉપર ઉપરનાં મધુર વચનોથી મનામણાં કરવામાં મશહૂર છો એની અમને સંપૂર્ણ ખબર છે. આપને અમારી પરિસ્થિતિનો પરિચય નથી જે શ્રીકૃષ્ણ ભગવાન માટે અમે પતિ-પુત્ર-સ્વર્ગ વૈકુંઠ વગેરે પરલોક પણ પડતાં મૂક્યાં. તે શ્રીકૃષ્ણ શ્રીમથુરાજી પધાર્યા તેનું દુઃખ નથી પરંતુ અમને મનથી પણ વિસારી મૂક્યાં તેની સાથે સંધિ કેવી ? તેની સાથે સમાધાન કેવાં ? તેના સંદેશા સાંભળવા કેવા ? (૧૬)

વ્રજસુંદરીઓ વ્રજનાથ સાથે મૈત્રી સાધો જો પ્રપત્તિ-શરણાગતિથી કાંઈના વળ્યું હોય તો!

मृगयुरिव कपीन्द्रं विव्यधे लुब्धधर्मा-स्त्रियमकृत विरुपां स्त्रीजितः कामयानाम् ।
बलिमपि बलिमत्त्वावेष्टयद् ध्वांक्षवद् यः तदलमसितसख्यैर्दुस्त्यजस्तत्कथार्थः ॥ १७ ॥

ક્ષમા કરો ! સખા બનાવવા જેવા તમારા સ્વામી નથી, તમે તેમનાં પૂર્વનાં ચરિત્રો જરા યાદ કરો ! શ્રીરામ તો ભગવાન હતાં. તેઓ કાંઈ લુબ્ધક એટલે પારધિના જેવા ન હતા કે પારધિના જેવી આજીવિકા ન હતી તો પણ પારધિની માફક કપિરાજ શ્રીવાલીનો વધ કરી નાખ્યો. વળી સ્વયં સ્ત્રીવશ હતા તો પણ જ્યારે શૂર્પણખા નામની નારી કામવશ બનીને આવી ત્યારે તેનાં કાન-નાક કાપી તેને કદ્રૂપ બનાવી, વળી ઉદ્ધવ તમારા સ્વામીએ, વામન અવતારમાં બલિરાજા પાસેથી સર્વસ્વ લઈ લીધું તો પણ કાગની માફક બલિભક્તને બાંધી લીધો. આવા કૃષ્ણ સાથે કોણ સખ્ય બાંધે? આમ છતાં અમારાથી કૃષ્ણ-કથા-કીર્તન નામના પરમ પુરુષાર્થને છોડી શકાય તેમ નથી. (૧૭)

કૃષ્ણકથામાં આટલો બધો આદર શાને?

यदनुचरितलीलाकर्णपीयूषविप्रुट् -सकृददनविधूतद्वन्द्वधर्मा विनष्टाः ।
सपदि गृहकुटुम्बं दीनमुत्सृज्य दीना-बहव इव विहंगा भिक्षुचर्यां चरन्ति ॥ १८ ॥

અરે ઉદ્ધવજી ! ભગવાન શ્રીકૃષ્ણે જે લીલાઓનું આચરણ કર્યું તે લીલાઓનું પાછળથી મહર્ષિ વ્યાસજીએ શ્રીમદ્

ભાગવત સ્વરૂપે નિરૂપણ કર્યું છે. આ અનુચરિત આ ભગવાનની લીલા શ્રોતાઓનાં કાન માટે અમૃત છે. આ અમૃતબિંદુનો એકાદ પણ કણ, એકાદ પણ છાંટો એકાદ વાર પણ જો હૃદયની અંદર પ્રવેશ કરે તો રાગદ્વેષ-શોક-મોહ, સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વધર્મોનો સર્વથા નાશ કરે છે એટલું જ નહીં પરંતુ પોતાના દીન ગૃહકુટુંબ-પરિવારને ત્યજી દઈને દીન બનીને પક્ષીની માફક હંસ પરમહંસ બનીને ઘણા સજ્જનો સંન્યાસીના આચારને આચરે છે. (૧૮)

ઉદ્ધવજી ઉભયભ્રષ્ટ અમ ગોપીજનોને અન્ય ગાથા સંભળાવો

वयमृतमिव जिह्नव्याहृतं श्रद्दधानाः-कुलिकरुतमिवाज्ञाः कृष्णवध्वो हरिण्यः ।
ददृशुरसकृदेतत्तन्नखस्पर्शतीव्रस्मररुज उपमंत्रिन् भण्यतामन्यवार्ता ॥ १९ ॥

અરે ઉદ્ધવજી ! હરિણનું રૂપ ધારણ કરી ગાન કરાતા પારધિના ગાનને સાંભળી આ હરણ અમારા પતિ હરણ કરતાં પણ વધુ ઉત્તમ ગાન કરી રહેલ છે. તો ચાલો આપણે સાંભળીએ. આપણને એ અધિક સુખ આપશે એમ માની હરિણીઓ આવ્યાં અને પારધિના બાણોથી કડીઆર હરણની કૃષ્ણા વધૂઓ વીંધાઈ ગઈ અને ઉભયભ્રષ્ટ બની ગઈ એ રીતે અમે પણ મધુર વેણુગીતથી આકર્ષાઈ કૃષ્ણ પાસે આવ્યાં અને વારંવાર શ્રીકૃષ્ણના નખની વેદનાથી વીંધાઈ અમારા પતિને અમે ત્યજી દીધા અને આખરે અમને શ્રીકૃષ્ણે પણ ત્યજી દીધાં ખરેખર ઉદ્ધવજી આજે અમે ઉભયભ્રષ્ટ બની બેઠાં છીએ માટે કૃષ્ણના હે રહસ્ય મંત્રી ! કૃષ્ણ સાથે મૈત્રીની મંત્રણાને પડતી મૂકી કાંઈક અન્ય વાર્તા કરો. (૧૯)

શ્રી ઉદ્ધવજીને ભગવાનમાં અનન્ય ભાવનું થયેલુ દર્શન

प्रियसख पुनरागाः प्रेयसा प्रेषितः किम्-वरय किमनुरुन्धे माननीयोसि मेङ्ग ।
नयसि कथमिहास्मान् दुस्यत्यजद्वन्द्वपार्श्वं-सततमुरसि सौम्य श्रीर्वधूः साकमास्ते ॥ २० ॥

પ્રિયતમ ભગવાન શ્રીકૃષ્ણના મિત્ર હે શ્રી ઉદ્ધવજી ! પ્રિયતમ પ્રભુએ આપને ફરીથીમોકલ્યા ! અથવા પ્રભુ શ્રીકૃષ્ણે મોકલ્યા છે તો ભલે આપ આવ્યા. આપને જે કાંઈ જોઈએ તો જરૂર માંગી લો. હે અંગ આપ ! અમારા માનનીય અતિથિ છો. તો આપ અમારી પાસે અભીષ્ટ વરદાન માંગો. ભાઈ ! આપ અમને ભગવાન પાસે લઈ જશો ! પણ તેઓ તો કદી એકલા બિરાજતા નથી. સદા યુગલ સ્વરૂપે જ બિરાજે છે. ભગવતી શ્રીલક્ષ્મી જ પ્રભુનાં પત્ની છે. તેઓ તો નિરંતર પ્રભુના હૃદયમાં જ બિરાજે છે. તો પછી અમનેલઈ જવામાં ન તો અમારું કે ને તે નંદલાલનું પ્રિય કરી શકવાના છો તો જવાનો અર્થ શો ? (૨૦)

પ્રિયતમની કુશળ પૃચ્છા

अपि बतमधुपुर्यामार्यपुत्रोऽधुनास्ते-स्मरति स पितृगेहान् सौम्य बन्धूंश्च गोपान् ।
क्वचिदपि स कथा नः किंकरीणां गृणीते-भुजमगुरुसुगन्धं मूर्ध्न्यधास्यत्कदा नु ॥ २१ ॥

ભક્તવર શ્રીઉદ્ધવજી ! અમે સાંભળ્યું હતું કે કૃષ્ણ ઉપનયન સંસ્કારો ધારણ કરીને ઉજ્જયિની નગરીમાં અભ્યાસ કરવા ગુરૂકુલમાં પધાર્યા છે તો શું પાછાં મધુપુરી પાછાં પધાર્યા? અરે ઉદ્ધવજી શ્રીઆચાર્યપુત્ર મદુરામાં જ છે કે બહાર પધાર્યા છે. અરે સજ્જન ઉદ્ધવજી ! કોઈવાર પિતા નંદરાયજીના ભુવનને, પિતાને, બંધુઓને અને ગોપજનોને કોઈ વખત યાદ કરે છે ખરા ? કે કોઈ વખત અમ દાસીઓની વાતો કરે છે ખરા ? કહોને ઉદ્ધવજી ! અગરુની સુવાસ પમરતો કોમલ હાથ નથી અમારા મસ્તક ઉપર પ્રિયતમ ક્યારે પધરાવશે ? (૨૧) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! 'વ્રજનારીઓનાં વચન સાંભળ્યાં તેમજ ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શનની લાલસાને જાણી ને શ્રીઉદ્ધવજી પ્રિયતમ ભગવાન શ્રીકૃષ્ણનાં સંદેશાઓ આપી મનનાં સાંત્વન કરતાં કહેવા લાગ્યા કે હે ગોપીજનો ! આપ ખરેખર પૂર્ણ પુરુષાર્થવાળાં છો. કારણ ચતુર્વિધ પુરુષાર્થ પર ભક્તિ નામનો સ્વતંત્ર પુરુષાર્થ છે તે આપે પ્રાપ્ત કરેલ છે તેથી લોકમાં પણ આપની પૂર્ણ પ્રતિષ્ઠા છે.કારણ કે ભગવાન શ્રીવાસુદેવમાં આપનાં મન સમર્પી દીધાં છે. (૨૨,૨૩)

दानव्रततपोहोमजपस्वाध्यायसंयमैः । श्रेयोभिर्विविधैश्चान्यैः कृष्णे भक्तिर्हि साध्यते ॥ २९ ॥

દાન-વ્રત-હોમ-જપ-વેદાધ્યયન અને મનના નિયમ વગેરે અન્ય શ્રેયઃસાધક ઉપાયો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણમાં સ્નેહ-ભક્તિ સિદ્ધ થાય છે. આ સર્વ સાધનો ભગવાનમાં ભક્તિ સિદ્ધ કરવા માટે કરવાનાં હોય છે. (૨૪) અરે ગોપીજનો, આપની ભક્તિ સર્વથી ભિન્ન છે પરંતુ સર્વોત્તમ છે. શ્રીનારદાદિ ઉત્તમ ભક્તોની વાણી ભગવાનમાં વિનિયોગ પામી જ્યારે આપનાં તો મન ભગવાનમાં વિનિયોગ પામ્યાં છે. આ ભક્તિ બ્રહ્મકલ્પના આરંભથી વધતી આવી છે તે આપનામાં પૂર્ણ થઈછે. આ ભક્તિ સાધારણ લોકમાં નથી હોતી પરંતુ મુનિઓ માટે પણ દુર્લભ છે. ગોપીજનો ! પરમ આનંદ અને પરમ સૌભાગ્યની વાત છે કે આપ પુત્રો, પતિદેવો, દેહો, સ્વજનો અને પોતાનાં ભવનોને ત્યજીને પરમ પુરુષને વર્યાં છો. (૨૫,૨૬) એટલું જ નહીં પરંતુ આપે અધોક્ષજ એટલે આંખ, નાક, વગેરે ઈન્દ્રિયોના વિષય ન થનારા ભગવાન શ્રીકૃષ્ણમાં સર્વાત્મભાવ સંપાદન કર્યો છે. આવો સર્વાત્મભાવ ભગવાનના સંયોગમાં સંભવે છે તે સર્વાત્મભાવ આપે વિયોગમાં સિદ્ધ કર્યો છે એ આપનું ઉત્તમ સૌભાગ્ય છે. વળી આપે આ ભાવનાં મને દર્શન કરાવી મારા ઉપર મહાન અનુગ્રહ કર્યો છે. (૨૭) હે ભદ્ર ગોપીજનો ! હે કલ્યાણમંદિર ગોપીજનો ! હું સ્વામીનો અંગત વિશ્વાસુ સેવક છું. ભગવાનનો ગુપ્ત સંદેશો લઈને આવ્યો છું. આપને એ સંદેશો સુખ આપનારો છે. ભગવાને આપને સુખ્ આપવા માટે આપના જ પ્રિયતમ ભગવાને આપની પાસે મોકલ્યો છે. હવે કૃપા કરી એ સંદેશાનું શ્રવણ કરો. (૨૮)

વ્રજવનિતાઓને શ્રીવ્રજવિહારીએ સમર્પેલ સંદેશના દશ શ્લોકો

[ભગવાન શ્રીકૃષ્ણના વ્રજભક્તોને પોતાના દશ પ્રાણો માને છે માટે દશ શ્લોકોમાં ભગવાન પોતના દશ પ્રાણો ભેટ તરીકે મોકલે છે. આ દશ શ્લોકોમાં પ્રથમના ૨૯ થી ૩૪ શ્લોકોમાં ભગવાનના સ્વરૂપનું વર્ણન કર્યું છે અને પછીના ૩૫ થી ૩૮ સુધીના ચાર શ્લોકોમાં ભગવાને ચાર પુરુષાર્થોનું વર્ણન કર્યું છે.]

श्रीभगवानुवाच-भवतीनां वियोगो मे नहि सर्वात्मना क्वचित् । आत्मत्वात् -भक्तवश्यत्वात्-सत्यवाक्त्वात्स्वभावतः ॥ २९॥

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે હે ગોપીજનો ! આપની સાથે મારો વિયોગ સર્વરીતે મને ક્યારે પણ નથી. તેનાં મુખ્ય ચાર કારણ છે. પ્રથમ તો હું સર્વનો આત્મા છું, બીજું ભક્તવશ છું, અને ચોથું સહજ રીતે કૃપા કરવાનો મારો સ્વભાવ છે તેથી તમારો મને કદી વિયોગ નથી તેમજ મારો પણ તમને વિયોગ નથી. (૨૯) ગોપીજનો જેમ ભૌતિક શરીરમાં આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી રહેલાં છે તેમ મન, પ્રાણ, બુદ્ધિ, ઈન્દ્રિયો અને ગુણોનો આશ્રય છું. (૩૦) હે ગોપીજનો ! હું મારા આત્મારૂપ સાધનથી આત્માને ઉત્પન્ન કરું છું, પાલન કરું છું, અને આત્માનો આત્મામાં લય કરું છું. આ કાર્યમાં ભૂતો-ઈન્દ્રિયો-અને ગુણોથી માયાને નિમિત્ત કરી હું સૃષ્ટિ-પાલન લય કરુ છું. પરંતુ તેમાં મારી માયાનો કરણત્વે ઉપયોગ છે. કરણ એટલે સાધન તરીકે ઉપયોગ માન્યો છે. (૩૧) આત્મા જ્ઞાનપ્રચુર છે, શુદ્ધ છે, દેહાદિથી ભિન્ન છે, ગુણોથી પર છે, સુષુપ્તિ-સ્વપ્ન-જાગરણ રૂપ માયાની ત્રણ વૃત્તિથી અલગ છે છતાં તે ત્રણેમાં આત્માને અન્વય એટલે સંબંધ છે. આ રીતે મૂળભૂત ગુણોથી આત્મા અલગ છે તો પછી દેહથી આત્મા અલગ હોય એમાં તો કહેવું શું ! (૩૨) હે ગોપીજનો ! સ્વપ્નની માફક ખોટી રીતે ઊભા થયેલા ઈન્દ્રિયોના વિષયોનું ધ્યાન કરતાં મનને રોકવું. ઊંઘમાંથી ઉઠેલો-જાગેલો મનુષ્ય સ્વપ્નમાં જોયેલા વિષયોને ખોટા જાણીને તેનું ધ્યાન કરતો નથી તેમ ખોટા વિષયોનું ધ્યાનકરતાં મનને રોકતાં પહેલાં ઈન્દ્રિયોને રોકવી જોઈએ. આ રીતે ઈન્દ્રિયો અને મનને રોકવાથી મન વિનમ્ર થઈ જાય છે અને પોતાના આત્માને સંઘાતથી દેહથી ભિન્ન જાણે છે ત્યારે તેને ઉપાધિથી કરેલા દોષો લાગતા નથી. મનને રોકવું એ જ જન્મ-મરણને રોકવાનો ઉપાય છે. (૩૩) સરિતાઓની ગતિ સાગર સુધી છે એ રીતે વેદ-સાંખ્ય-યોગ-ત્યાગ-તપ-ઈન્દ્રિયનિગ્રહ અને સત્ય આ સર્વ મનોનિગ્રહનાં સાધનો છે પરંતુ વિવેકી મનુષ્ય માટે છે. (૩૪) હે ગોપદેવીઓ ! આપના નેત્રોનો પ્રિય જો આપનાથી દૂર રહું છું તો તે કેવલ આપના મનને મારી સમીપ લાવવા માટે અને મારા અખંડ ધ્યાનની સતત ધ્યાનની કામના માટે હું એમ કરુ છું. (૩૫)

यथा दूरचरे प्रेष्ठे मन आवेश्य वर्तते । स्त्रीणां च न तथा चेतः सन्निकृष्टेऽक्षिगोचरे ॥ ३६ ॥

સ્ત્રીજનનો અને સ્નેહમાર્ગનો સહજ સ્વભાવ હોય છે કે પ્રિયતમ દૂર દૂર વસે છે ત્યારે તેનામાં જેવું મન રહે છે એવું

મન નિકટમાં નિવાસ કરે છે ત્યારે તેટલા પ્રમાણમાં નથી રહેતું. સંભવ છે કે સમીપમાં વસે છે ત્યારે માન વગેરે દોષોવાળું બને છે. (૩૬) હે ગોપીજનો ! દસે દસ પ્રકારની વૃત્તિઓને ત્યજી દઈને નિવૃત્ત બનેલ સમગ્ર મન મારામાં પરોવી સતત મારું સ્મરણ કરી અલ્પકાલમાં જ આપ મને પ્રાપ્ત થશો. (૩૭) ગોપીજનો મારા આ કથનમાં આપ પુરાવો માગો તો આપનો જ અનુભવ છે કે તે શરદપૂર્ણિમાની રાત્રીના રાસસમયે વૃન્દાવનમાં રાસ રચાયો ત્યારે જે વ્રજનારીઓ પોતાના ઘરને મૂકીને ન આવી શકી અને વ્રજમાં રહેવુ પડ્યું ત્યારે તેમને રાસનું સુખ ન મળ્યું પરંતુ તે કલ્યાણમતિ ગોપીઓ મારા જ ઐશ્વર્યનું ચિંતન કરીને મને જ પામ્યાં હતાં. (૩૮)

ચતુર્દશ વિદ્યાનાં સ્વરૂપે અવતરેલાં ચતુરા વ્રજનારીઓનાં ચૌદ શ્લોકોમાં વચનામૃતો

શ્રીશુકાચાર્યે કહ્યું કે રાજન્! પ્રિયતમ ભગવાન શ્રીકૃષ્ણે મોકલાવેલા સંદેશાનું શ્રવણ કરીને વ્રજની નારીઓ અતિશય પ્રસન્ન થયાં. સંદેશાઓનું શ્રવણ કરતાં ભગવાનનું અત્યંત સ્મરણ થઈ આવ્યું અને તેઓ શ્રીઉદ્ધવજી સાથે વાતો કરવામાં રસવાળાં થઈ કહેવા લાગ્યાં. (૩૯)

गोप्यः ऊचुः- दिष्टयाहितो हतः कंसो यदूनां सानुगोऽघकृत् । दिष्टयाप्तैर्लब्धसर्वार्थैः कुशल्यास्तेऽच्युतोऽधुना ॥ ४० ॥
कच्चिद् गदाग्रजः सौम्य करोति पुरयोषिताम् । प्रीतिं नः स्निग्धसव्रीडहासोदारेक्षणार्चितः ॥ ४१ ॥

શ્રીગોપીજનોએ કહ્યું કે ખૂબ જ યોગ્ય થયું કે યાદવોના શત્રુ અહિતકારી રાજા કંસ અને તેના ભાઈઓનું મૃત્યું થયું. સર્વ પુરુષાર્થો અને કાર્યો પરિપૂર્ણ કરી ચૂકેલા ભગવાન શ્રીકૃષ્ણ પોતાના કુટુંબ પરિવાર સ્વજનો સાથે કુશળ છે એવા ઉત્તમ સમાચાર ઉદ્ધવ આપે અમને આપ્યા એ વાતને અમે અમારું પરમ સૌભાગ્ય માનીએ છીએ. હે સજ્જન વિભૂતિ ! આપ સજ્જન છો તેથી સાચું જ કહેશો માટે અમને કહો રોહિણીકુમાર શ્રીગદ એમના મોટા ભાઈ ભગવાન શ્રીકૃષ્ણનાં અમે લજ્જાભર્યાં મધુર હાસ્ય અને સ્નેહાળ ઉદાર દૃષ્ટિથી સદા અર્ચન કર્યાં હતાં તે ભગવાન શ્રીકૃષ્ણ માથુરી નારીઓને માન-સ્નેહ આપે છે ને ! ઉદ્ધવજી ! ભગવાન તો રતિ-સ્નહેમાં વિશેષ કુશળ છે રતિકોવિદ હોવાથી રમણ વિશેષ પ્રકારો પણ જાણે છે. તેમજ ઉત્તમ સ્ત્રીજનોના પ્રભુ પ્રીતિપાત્ર છે. સ્ત્રીઓમાં વાક્યો અને વિલાસોનો તેમને અનુભવ કરાવે તો તેમાં તે કેમ ન બંધાય ? (૪૦,૪૨) હે સુજનવર ! ભગવાન શ્રીગોવિંદ નગર નારીઓની સાથે ગોઠડીઓ ચાલે ત્યારે અમને ગ્રામ્ય નારીઓ યાદ કરે છે ખરા ? (૪૩) હે ઉદ્ધવજી કમલ, કુમુદ, મોગરાના પુષ્પોથી મહેકતા અને ચન્દ્રથી શોભતા શ્રીવૃન્દાવનમાં ચરણોમાં સુવર્ણની ઘૂઘરીઓથી ઝણકાર કરતી વ્રજવાસિનીનાં મંડલમાં પ્રિયતમે જે રાસવિહાર કર્યો હતો અમે એ પ્રસંગે શ્રીકૃષ્ણની કથાનાં ખૂબ જ યશોગાન કર્યાં હતાં શું તે વાતોને, પ્રસંગોને તે રાત્રીઓને ભગવાન યાદ કરે છે ? (૪૪) અરે ઉદ્ધવજી ભગવાનનો ઉપદેશ સાંભળીને અમે શિષ્ય બનીશું, પરંતુ ભગવાને અમને વિરહ આપીને શોકમગ્ન દશામાં મૂક્યાં છે તેથી અમે તપી રહ્યાં છે તો શું શ્રીદાશાર્હ ભગવાન શ્રીકૃષ્ણ અહીં પધારશે ? અને જેમ વૃષ્ટિ વરસાવીને ઈન્દ્ર વનને જીવન આપે છે તે પ્રમાણે ગોવિંદ અંગના દર્શનનું સંજીવન આપી અમને સજીવ કરશે ? (૪૫)

कस्मात् कृष्ण इहायाति प्राप्तराज्यो हताहितः । नरेन्द्रकन्या उद्वाह्य प्रीतः सर्वसुहृद्वृतः ॥ ४६ ॥
किमस्माभिर्वनौकोभिरन्याभिर्वा महात्मनः । श्रीपतेराप्तकामस्य क्रियेतार्थः कृतात्मनः ॥ ४७ ॥
परं सौख्यं हि नैराश्यं स्वैरिण्यप्याहपिङ्गला । तज्जानतीनां नः कृष्णे तथाप्याशा दुरत्यया ॥ ४८ ॥
क उत्सहेत सत्यक्तुमुत्तमश्लोकसंविदम् । अनिच्छतोपि यस्य श्रीरङ्गान्न च्यवते क्वचित् ॥ ४९ ॥
सरिच्छैलवनोद्देशा गावो वेणुरवा इमे । संकर्षणसहायेन कृष्णेनाचरिताः प्रभो ॥ ५० ॥
पुनः पुनः स्मारयन्ति नन्दगोपसुतं बत । श्रीनिकेतैस्तत्पदकैर्विस्मर्तुं नैव शक्नुमः ॥ ५१ ॥
गत्या ललितयोदारहासलीलावलोकनैः । माध्व्या गिरा हृतधियः कथं तद्विस्मरामहे ॥ ५२ ॥
हे नाथ हे रमानाथ व्रजनाथार्तिनाशन । मग्नमुद्धर गोविन्द गोकुलं वृजिनार्णवात् ॥ ५३ ॥

ઉદ્ધવજી ! અમને તો એમ લાગે છે કે હવે શ્રીકૃષ્ણ ભવિષ્યમાં અહીં શા માટે આવે ? સંભવ છે કે હમણાં જો પધારે તો અવશ્ય પધારે અને અમારા મનની અને મદનની શાંતિ કરી પુનઃ પાછા પધારી જાય. બાકી આગળ જતાં પોતે રાજા થશે, માથા ઉપર દુશ્મનોને મારવાના બોજા આવશે. પુનઃ અનેક નૃપેન્દ્રકુમારીઓ સાથે વિવાહ કરે, સુહૃદે પરિવાર વધી પડશે. પછી ગોકુલમાં શા માટે ? અથવા કેવી રીતે પધારશે ? (૪૬) અથવા ભગવાન મહાન આત્મા છે એટલે પૂર્ણપુરુષ છે એમને માટે આવું વિચારવું અસ્થાને છે. એમને અમારું વનવાસીઓનું કે પછી નગર નિવાસિનીઓનું શુ પ્રયોજ હોઈ શકે ? કારણ કે સ્વયં શ્રીપતિ છે, આપ્તકામ છે, અને લીલાઓ માટે આત્માઓને પ્રકટ કર્યા છે એવા ભગવાન માટે આપણે શું કરી શકીએ એમ છે. (૪૭) સર્વના ઉપર આધાર રાખીને જ જીવી શકે એવી વારાંગના પિંગલાએ પણ કોઈ આશા ના રાખવી એને જ પરમ સુખ કહ્યું છે તેવું આપણે જાણીએ તો પણ શ્રીકૃષ્ણમાં આપણી આશા અનંત અને અખંડ છે. (૪૮) અરે ભાઈ ! ભગવાનના સંબંધને છોડવા કોણ સમર્થ થાય ? ભગવાન સ્વયં તો લક્ષ્મીજીની પણ કામના નથી કરતા તો પણ સાક્ષાત્ શ્રીપ્રભુના વક્ષઃસ્થલમાંથી ઘડીભર દૂર થતાં નથી. (૪૯) હે પ્રભો ! ભગવાનનું નિત્ય સ્મરણ કરાવતી શ્રીયમુના વગેરે સરિતાઓ, શ્રીગોર્વધન મહારાજ વગેરે પર્વતરજો, વૃન્દાવન, બહુલાવન આદિ વિવિધ વનો, ગાયો અને અખંડ સંભળાતા વેણુના શબ્દો જેઓ ભગવાન શ્રીકૃષ્ણનાં સ્મારકો છે, સાથે સાથે સંકર્ષણ ભગવાને સાથે બિરાજીને કરેલી લીલાઓથી ભરપૂર સ્મરણોવાળા છે તે કેમ ભૂલાય ? શ્રીકૃષ્ણના પગલે પગલે સાક્ષાત્ શ્રી બિરાજે છે તેવાં દિવ્ય ભગવાનનાં પગલાં વારંવાર શ્રીનન્દરાય રાજકુમારનું સ્મરણ કરાવતાં હોઈ અમારાથી કોઈ પણ પ્રકારે વિસરી શકાય તેમ નથી. (૫૦,૫૧) તેની શ્યામસુંદર ચટકતી ચાલે ઉદાર હાસ અને લીલાપૂર્વકનું અવલોકન, મધુર વાતો કે મીઠી વાણી વગેરેથી અમારી બુદ્ધિ જ છીનવી લીધી છે તે ભગવાને અમે કેમ વિસરી શકીએ ? શ્રીકૃષ્ણ ભગવાનની ઉત્કંઠા ભરેલી યાદે ગોપીજનો સર્વથા વિહ્વલ બની ગયાં અને મુખમાંથી હે નાથ ! હે રમાનાથ ! હે વ્રજનાથ ! હે દુઃખનાશક ! હે ગોવિંદ ! દુઃખદરિયામાં ડૂબી ગયેલા ગોકુલને પાર કરો ! પાર કરો પ્રભુ બચાવો ! બચાવો ! (૫૨,૫૩)

હરિદાસ શ્રી ઉદ્ધવજીનો સમાદર અને સમર્ચન

શ્રીશુકાચાયર્એ કહ્યું કે રાજન્ ! શ્રીકૃષ્ણચન્દ્રપ્રભુના સંદેશાને સાંભળીને પ્રિયતમ ભગવાનને પોતનો આત્મા માનીને ઉદ્ધવજીનાં અર્ચન કર્યાં. (૫૪) રાજન્ ! વ્રજવનિતાઓની અલૌકિક વેદના નિહાળીને ભક્તવરોની વ્યથાને દૂર કરવા માટે કેટલાક માસ સુધી શ્રીગોકુલમાં બિરાજ્યા અને ભગવાન શ્રીકૃષ્ણની લીલાના તેમજ કથામૃતના અખિલ ગોકુલને પાન કરાવ્યાં અને આનંદનાં દાન દીધાં.૫૫ ભક્તવર શ્રીઉદ્ધવજી શ્રીનંદરાયજી વ્રજમાં જ્યાં સુધી બિરાજ્યા સુધી ત્યાં પ્રિયતમ શ્રીકૃષ્ણની વાતો કરતાં વ્રજવાસીઓના દિવસો ક્ષણ જેવા સરી ગયા. (૫૫,૫૬)

सरिद्वनगिरिद्रोणीर्वीक्षन् कुसुमितान् द्रुमान् । कृष्णं संस्मारयन् रेमे हरिदासो व्रजौकसाम् ॥ ५७॥

શ્રીયમુના આદિ લીલા સરિતાઓનાં, શ્રીકુસુમવન વૃન્દાવન વગેરે વનનાં વન અને સરિતાઓની મધ્યના પ્રદેશોનો વળી ફલફૂલોથી લચેલાં તરુવરોનાં દર્શન કરતાં અને પોતાનાં સાન્નિધ્યથી શ્રીવ્રજજનોને પ્રાણનાથ શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરાવતા શ્રીહરિદાસ ઉદ્ધવજીએ સર્વને પૂર્ણાનંદનાં દાન દીધાં. (૫૭) રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણના આવેશથી શ્રીગોપીજનોની વિકલતાનાં દર્શનકરીને શ્રીઉદ્ધવજી અત્યંત પ્રસન્ન થયા તેમજ તે શ્રીવ્રજભક્તોને પ્રણામ કરતાં છ શ્લોકોમાં વ્રજભક્તોનું ગૌરવ ગાવા લાગ્યા. (૫૭,૫૮)

વ્રજભક્તોનાં છ ઐશ્વર્યોનાં હરિદાસ ઉદ્ધવજી ગાન કરે છે

एताः परं तनुभतो भुवि गोपवध्वो-गोविन्द एव निखिलात्मनि रूढभावाः ।
वांछन्ति यं भवभियो मुनयो वयं च -किं ब्रह्मजन्मभिरन्तकथारसस्य ॥ ५९ ॥

શ્રી ઉદ્ધવલાલ શ્રીમુખે શ્રીવ્રજભક્તોની સ્તુતિ ગાતાં બોલ્યા કે આ અખિલ બ્રહ્માંડમાં શરીર સંપાદન કરવાનું ફળ જો કોઈ પામેલ હોય તો કેવલ આ શ્રીગોપવનિતાઓ જ સફલ દેહધારી છે. કારણ કે સમગ્ર બ્રહ્માંડનો આત્મા શ્રીગોવિન્દ

ભગવાનના શ્રીચરણોમાં દૃઢ-સુદૃઢ ભાવ ધરાવે છે. આવા અનન્ય ભાવ માટે તો ભવભયથી ભયભીત બનેલા મોટા મોટા દેવવરો, મુનિવરો અને અમારા જેવા લાલસા સેવે છે, સાથે એજ જીવનનો સિદ્ધાન્ત છે કે જો અનન્તગુણ રસનિધિ ભગવાન શ્રીકૃષ્ણની કથારસમાં જો રસ નથી તો પછી શ્રેષ્ઠતમ ગણાતા બ્રાહ્મણ દેહથી પણ શું વળ્યું ? (૫૯)

क्वेमाः स्त्रियो वनचरीर्व्यभिचारदुष्टाः-कृष्णे क्व चैष परमात्मनि रूढभावः ।
नन्वीश्वरोनु भजतोऽविदुषोपि साक्षात् श्रेयस्तनोत्यगदराज इवोपयुक्तः ॥ ६० ॥

વનમાં સ્વચ્છન્દ વિચરનારી, સદાચારની સમજ વિનાની, સદાચારશૂન્ય, આ આદિવાસિની ભિલ્લ નારીઓ ક્યાં ? અને પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણમાં અનુરાગ ક્યાં ? સાચે અજાણતાં પણ અગદરાજનાં એટલે અમૃતનાં પાન કરાયાં હોય છે તો પણ તે અમર બનાવે છે જ તે પ્રમાણે કૃપાલુ ભગવાન ભજનાર ભલે અજાણ-અબુધ જન હોય તો પણ સ્વંય તેનું શ્રેયસ સાધે છે જ. (૬૦)

नायं श्रियोङ्ग उ नितान्तरतेः प्रसादः-स्वर्योषितां नलिनगन्धरुचां कुतोन्याः ।
रासोत्सवस्य भुजदण्डगुहीतकंठ-लब्धाशिषां य उदगाद ब्रजबल्लवीनाम् ॥ ६१ ॥

સાચેસાચ ! રસમય આનંદમય રસરાજની રાસલીલાના મહોત્સવ અવસરે આ પુણ્યશ્લોકા શ્રીવ્રજનારીઓના શ્રીકંઠોમાં પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણે પોતાની ભુજલતાઓને પધારાવી જે અલૌકિક પ્રસાદનાં દાન દીધાં, તે રાસપ્રસાદ અન્યને તો ઉપલબ્ધ થાય જ ક્યાંથી ? (૬૧)

आसामहो चरणरेणुजुषामहं स्यां-वृन्दावने किमपि गुल्मलतौषधीनाम् ।
या दुस्त्यजं स्वजनमार्यपथं च हित्वा-भेजुर्मुकुन्दपदवीं श्रुतिभिर्विमृग्याम् ॥ ६२ ॥

ભક્તવર શ્રી ઉદ્ધવજી વ્રજરજમાં અનુરાગ ધરાવતા બોલ્યા કે આ વૃન્દાવનના વૃક્ષોમાં થતી લતાઓ, વનસ્પતિઓ, અને ગુચ્છો એવી ભાવના સેવે છે કે શ્રીગોપીજનોની ચરણરજ અમારા ઉપર ઊડીને પડે અને આ ઈચ્છાની પૂર્તિ સાટે સદા ગોપીજનોની સેવા કરે છે તો હું પણ આ વૃંદાવનની લતા ઔષધિ વગેરેમાંથી કોઈ એક રૂપ બનું અને આ ગોપીજનોના પદની રજને સેવું. આ ગોપીજનોએ તો ન ત્યજાય તેવા પોતાના દેહ-પતિ-પુત્ર મર્યાદા વગેરેને ત્યજીને શ્રુતિ પણ જે ભગવાનને શોધે છે તેવા મુકુન્દ ભગવાનની પદવીને-માર્ગને પામ્યાં છે. (૬૨)

या वै श्रियार्चितमजादिभिराप्तकामैर्योगेश्वरैरपि यदात्मनि रासगोष्ठयाम् ।
कृष्णस्य तद् भगवतश्वरणारविन्दं -न्यस्तं स्तनेषु विजहुः परिरभ्य तापम् ॥ ६३ ॥

શ્રીવ્રજભક્તોનું આથી અધિક સૌભાગ્ય કયું હોઈ શકે કે ! શ્રીલક્ષ્મીજીએ ભગવાન શ્રીકૃષ્ણનાં શ્રીચરણોનાં અર્ચન કીધાંછે, બ્રહ્માદિ દેવોએ પણ આદરથી અર્ચ્યા છે, અને આપ્તકામ સનકાદિ કુમારોએ હૃદયકમલમાં અતિ આદરથી પધરાવ્યાં છે તેવાં દિવ્ય અને દુર્લભ ચરણકમલોને ભગવાને લીલા અવસરે શ્રીવ્રજવનિતાઓના વક્ષઃસ્થલ ઉપર પધરાવ્યાં અને શ્રીગોપીજનોએ આ ચરણકમલનાં આલિંગનથી ઉપતાપ-સંતાપોને દૂર કીધાં. (૬૩)

वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्षणशः -यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ॥ ६४ ॥

શ્રીનંદરાયના શ્રીવ્રજનારીજનોનાં શ્રીચરણોની પાવન રજને વારવાર વંદન કરું છું. આ વ્રજ નારીઓના શ્રીમુખે ગાયેલ શ્રીહરિની કથાનાં ગાન સમગ્ર ભુવનોને પાવન કરે છે. (૬૪)

વૈષ્ણવ વરની વસમી વિદાયની વ્રજને વાણીથી પણ વ્યથા

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! શ્રીદાશાર્હ શ્રીઉદ્ધવજી ! શ્યામસુંદર ભગવાને આપેલા સંદેશાઓ અને સમાચાર શ્રીવ્રજવનિતાઓને અને શ્રીનંદરાય અને શ્રીયશોદાજીને સંભળાવીને સમગ્ર ગોપજનોની આજ્ઞા લઈને મથુરાજી જવા માટે તૈયાર થઈ રથ ઉપર સવાર થવા લાગ્યા. (૬૫) આ રીતે જ્યારે શ્રીઉદ્ધવજી રથમાં સવાર થઈ રહ્યા હતા ત્યારે પોતાના કરકમલોમાં વિવિધ પ્રકારની ભેટસામગ્રીઓ લઈ લઈને, નયનોમાં અશ્રુ ભરીને, પ્રેમપૂર્વક ભેટીને અનુરાગ

ભર્યાં નિવેદન કરવા લાગ્યાં કે- (૬૬)

વ્રજજનોની અનન્યતા

मनसो वृत्तयो नः स्युः कृष्णपादाम्बुजाश्रयाः । वाचोभिधायिनीर्नाम्नां कायस्तत् प्रह्वणादिषु ।
कर्मभिर्भ्राम्यमाणानां यत्र क्वापीश्वरेच्छया-मङ्गलाचरितैर्दानै रतिर्नः कृष्ण ईश्वरे ॥ ६७,६८ ॥

હે નાથ ! અમારા મનની દશેદશ વૃત્તિઓ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમલોની સેવામાં -આશ્રયમાં રહી. અમારી વાણી પ્રિયતમ શ્રીકૃષ્ણનાં લીલાઓ તરિતો-કથાઓ યશોગાથાઓ અને નામોનાં સતત રટણ કરી રહે,કાયા કાયમ માટે પ્રભુપદપદ્મની સેવામાં પ્રણામ આદિ કાર્યોમાં રહે. (૬૭) અમારાં કર્મના ફલ અનુસાર ભટકતા અમે જ્યાં પણ જઈએ, હોઈએ ત્યાં સદા સદાચાર મંગલ ચરિતો અને અનેકવિધ દાનોથી અમારી પ્રીતિ પરમેશ્વર ભગવાન શ્રીકૃષ્ણમાં જ રહો. (૬૮) રાજન્ ગોપજનોએ કેવલ ભક્તિના જ માધ્યમથી શ્રીઉદ્ધવલાલને નિવેદન કરી શ્રીહરિ દાસને વિદાય આપી અને શ્રીઉદ્ધવજી મથુરાજી પાછા ફર્યા. ત્યાં સુધી મહામંત્રી વિનાની મથુરા નગરીનું ભગવાને પાલન કર્યું પરંતુ ભગવાન અન્ય સ્થાને ન પધાર્યા. (૬૯) હવે શ્રીઉદ્ધવજી ગોકુલથી મથુરા પધાર્યા નિજનાથ ભગવાન શ્રીકૃષ્ણનાં શ્રીચરણોમાં નમસ્કાર કર્યા. ગોપીજનોની ગોવિંદમાં છલકાતી ભક્તિનાં ભગવાન કૃષ્ણને સમર્પણ કર્યાં તેમજ શ્રીબલભદ્ર ભૈયાને અને ઉગ્રસેન રાજાને આપેલી ભેટસામગ્રીઓ પણ તેમને સમર્પી દીધીં. (૭૦)

कृष्णाय प्रणिपत्याह भक्त्युद्रेकं व्रजौकसाम् । वसुदेवाय रामाय राज्ञे चोपायनान्यदात् ॥ ७० ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પૂર્વાધમાં નિરોધલીલા રાજસપ્રકરણના પ્રમેય પ્રકરણમાં 'જ્ઞાન' ઐશ્વર્ય નિરૂપણનો ૪૭મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૪૮મો

[રાજસં પ્રકરણનું પ્રમેય પ્રકરણ ચાલુ છે તે પ્રમય પ્રકરણનો આ છઠ્ઠો અધ્યાય છે. આ અધ્યાયમાં વૈરાગ્ય નામના છટ્ટા ઐશ્વર્યનું નિરૂપમ છે. ભગવાન શ્રીકૃષ્ણ શ્રીકુબ્જાજીના મનોરથને સિદ્ધ કરે છે અને અક્રૂરજીના અભિલાષની પૂર્તિ કરશે. આ અધ્યાયમાં ૩૬ શ્લોકો છે. આ અધ્યાયમાં ખાસ કરીને રાજસ સ્વભાવવાળા મથુરાવાસીઓનાં મનનાં સાંત્વન કર્યા છે.]

પ્રભુચરણોની કૃપાથી કુબ્જા અને ઘર લૌકિક મટી અલૌકિક બન્યાં

श्रीशुक उवाच-अथ विज्ञाय भगवान् सर्वात्मा सर्वदर्शनः । सैन्ध्र्याः कामतप्तायाः प्रियमिच्छन् गृहं ययौ ॥ १ ॥

શ્રીશુકાચાર્ય મહારાજે કહ્યું કે રાજન્ ! ભગવાન તો સર્વના આત્મા છે તેમજ સર્વની પીડાનું દર્શન કરનાર છે. તેથી કુબડી કાયાથી પીડિત કુંબ્જાની કાયાની પીડા નિવારી તે અસરે કાળજાની કામ પીડા નહતી. હવે તે સુંદરાંગી બની તો હૃદયની મદનવેદના પીડતી હતી તેથી તેનું સંશોધન કરવા ભગવાન તેને આંગણે પધાર્યા. (૧) ભગવાન પધારે છે, એના ફલ સ્વરૂપે કુબ્જાનું ઘર રાજભવન સમાન બની ગયું. અને કુબ્જા મટી ને પતિવ્રતા નારી ગોપીજન સમી થઈ ગઈ. તે ઘરમાં અણમોલ રાચરચીલાથી ગાદી, તકીઆ, છત્રપલંગની સમૃદ્ધિ આવી ગઈ. કામભાવને સતેજ કરનારાં વિવિધ શૃંગાર-ચિત્રો શોભવા લાગ્યાં. મોતીની કંઠીઓ, તોરણો, પતાકાઓ, આસન, શય્યાઓ, સુવર્ણ-રજતનાં પાત્રો, ચાંદીના ખૂમજા, સુવર્ણની અત્રદાની, રત્નદીપકો, પુષ્પની મોંઘી માલિકાઓ, કેશરમિશ્રિત ચંદન વગેરે સામગ્રીઓથી ભવન મહેકી ઊઠ્યું અને શોભી ઊઠ્યું. (૨)

પુરુષોત્તમનો સત્કાર

કુબ્જા તો આનંદવિભોર બની ગઈ. તેણીએ જાણ્યું કે શ્રીકૃષ્ણ પ્રભુ પધારે છે. તે એકાએક આસન ઉપરથી ઊભી થઈ ગઈ. સખીઓ સાથે ભગવાનને મળીને નવાં અને સર્વોત્તમ આસન આદિ આપ્યાં અને શ્રીઠાકોરજીનાં અર્ચન કર્યાં. (૩) આ પ્રસંગે સાધુતાના ગુણોથી ઉદ્ધવજીનો પણ સત્કાર કર્યો. ઉદ્ધવજીને બિરાજવા આસન આપ્યું અને ઉદ્ધવજીએ તે આસનનો સ્પર્શ કર્યો અને ધરણી ઉપર બિરાજ્યા. ભગવાને પણ લૌકિકજનની રીતને અનુસરતી લીલા કરતા

એકાન્તમાં અમૂલ્ય અને કોમલ નૂતન શય્યા ઉપર આરોહણ કર્યું. (૪) કુબ્જાએ શૃંગારરસને અનુરૂપ પ્રકારે સુવાસિત દ્રવ્યોથી સ્નાન કર્યું પોતાના શરીરે અત્તર ચંદનનું તેલ લગાવ્યુ. માલા ચંદન ધારણ કર્યા શૃંગારો સજાવ્યા, તામ્બૂલની પાનબીડી લીધી. અમૃત જેવા મધુર પણ માદક રસનાં પાન કર્યાં. આ રીતે ભગવત્સેવામાં ઉપયોગી બને તેવો દેહ બનાવી, લજ્જા સહિત, લીલામય મન્દ મન્દ સ્મિત કરતી, અંગમરોડ, વિલાસી હાવભાવો સાથે અવલોકન કરતી કુબ્જા લક્ષ્મીપતિ ભગવાનની સમીપે સેવામાં ઉપસ્થિત થઈ. (૫) ભગવાનની કૃપાથી કુબ્જાને 'કાન્તા' પદ મળ્યું. કારણ કે કુબ્જાનો ભગવાન વિના કોઈપણ નથી. કાન્ત ભગવાન સાથેનો પ્રથમ જ સમાગમ છે તેથી સહજ લજ્જા આવી અને સહજ શંકા પણ થઈ કે શું ભગવાન મારા ઉપર કૃપા કરવા ચાહે છે ? ભગવાને સુવાસિની ચિહ્ન તરીકે કંકણથી શોભતા તેના કરને ગ્રહણ કર્યા અને સુખશય્યામાં આમંત્રણ આપી પરમ સંતોષ આપ્યો. કેવલ ભગવાનને લેશ માત્ર ચંદન આપ્યું તેના લેશ જેટલા પુણ્યના ફલ સ્વરૂપે કુબ્જા ભગવાનને પામી. (૬) કૃપાનાથ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમલને હૃદયપ્રદેશ ઉપર પધરાવીને બહારના તાપને દૂર કર્યાં. તેમજ નેત્રોમાં ચરણાંરવિંદનો સ્પર્શ કરી દીર્ઘસમયના દર્શન-નયનોનો તાપ દૂર કર્યો. આનંદનિધિ કાન્ત શ્રીકૃષ્ણને હૃદયમાં બિરાજતા તેને બહાર પ્રત્યક્ષ પ્રકટેલને પામી હૃદયને આલિંગન આપી બન્ને કરકમલથી હૃદયપ્રદેશમાં પધરાવીને ચિરકાલની ભગવાનના વિયોગની વેદનાને દૂર કરી. (૭) રાજન્ ! સ્વપ્ને પણ ન સાંપડે એવા દુર્લભ સાક્ષાત્ ઈશ્વર અને મુક્તિના સ્વામી ભગવાન કૃષ્ણને પામીને, કેવલ ઠાકોરજીને અંગરાગ સમર્પણના બદલામાં દુર્ભાગ્યવશ મોક્ષ અથવા શ્રીગોપીજનોના જેવી અવસ્થાની યાચના ન કરતાં આવી યાચના કરી કે હે પ્રિયતમ ! કેટલાં દિવસો આ ક્ષુદ્ર જનને ત્યાં બિરાજો. હે કમલનયન ! આપનો સહવાસ છોડવાની મારામાં શક્તિ નથી તો આપ થોડો સમય મારી સાથે સુખપૂર્વક બિરાજો. (૮,૯) રાજન્ ! ભગવાન પોતાના ભક્તોને માન આપનારા હોઈને કુબ્જાની ઈચ્છાને જાણીને તેને સંતોષ આપવા માટે જેમ નારદજીને એક ક્ષણમાં સાઠ વર્ષની પ્રતીતિ કરાવી તે જ પ્રકારે કુબ્જાને ત્યાં અલ્પ સમયમાં પણ તેના સંતોષ પૂરતા સમયનો અનુભવ કરાવી તેની સેવાપૂજાનો સ્વીકાર કરી શ્રીઉદ્ધવજી સાથે પ્રભુ પોતાના મંદિર પધાર્યા. (૧૦) જો સર્વના સ્વામી અને સર્વમાં વ્યાપી રહેલા ભગવાનને કોઈ રીતે પ્રસન્ન કરીને પોતાના મનમાં આવે તેવું માગવું એના જેવો અલ્પમતિ કોઈ ના મનાય. (૧૧)

ભક્તવત્સલ ભગવાન

કૃપાસિંધુ શ્રીકૃષ્ણ શ્રીબલરામજી અને શ્રીઉદ્ધવજીની સાથે કાંઈક એકાદ કર્તવ્યની ઈચ્છાથી અને ભક્તવર અક્રૂરજીનું પ્રિય કરવાની ઈચ્છાથી પૂર્વની ઈચ્છાને માન આપીને વગર તેડ્યા શ્રીઅક્રૂજીને ત્યાં પધાયા. (૧૨) શ્રીઅક્રૂરજીએ પોતાને આંગણે પધારતા શ્રેષ્ઠ મનુષ્ય જનોમાં પણ અત્યંત શ્રેષ્ઠ પોતાના આપ્તજનોને પધારતા નિહાળીને એકાએક ઊભા થઈ ગયા-અત્યંત પ્રસન્ન થઈ ગયા અને ભેટી પડીને અતિશય ગુણો ગાવા લાગ્યા. (૧૩) પુનઃ. શ્રીઅક્રૂરજીએ ભગવાન શ્રીકૃષ્ણ અને બલભદ્રજીને નમસ્કાર કર્યા અને બન્ને ભાઈઓએ કાકા અક્રૂરજીને પણ નમસ્કાર કર્યા ત્યારબાદ શ્રીઅક્રૂરજીએ શાસ્ત્રમાં દર્શાવેલ વિધિ પ્રમાણે મધુપર્ક-અર્દ્ઘ વગેરે પદ્ધતિથી સર્વનાં અર્ચન કયાં તેમજ સર્વને આસન આપ્યાં, આસનમાં પધરાવ્યા. ચરણકમલનાં પ્રક્ષાલન કર્યા તે પાદતીર્થ જલ પોતાના મસ્તક ઉપર ચઢાવ્યું, તેમજ અર્ચન કરીને દિવ્ય વસ્રો, ગંધ , માલા અને ઉત્તમ અલંકારો પ્રભુની સેવામાં સમર્પણ કર્યા. (૧૪,૧૫) પુનઃ મસ્તકથી કરીને પ્રભુના ચરણ કમલોને ખોળામાં લઈને ચરણોની સેવા કરતા નમ્રતા ભર્યા વિવેકશીલ શ્રીઅક્રૂરજી શ્રીકૃષ્ણ અને શ્રીબલભદ્રજીને ઉદ્દેશીને નિવેદન કરવા લાગ્યા. (૧૬) નાથ નિજ કુટુંબ સાથે કંસનું મૃત્યુ તે પણ યોગ્ય થયું. આપ મારે આંગણે પધાર્યા એ મારું મોટું ભાગ્ય.આપે યદુકુલનો કષ્ટમાંથી ઉદ્ધાર કર્યો. યાદવ કુલને સમૃદ્ધ કર્યું તે પણ પરમ ભાગ્ય છે. (૧૭)

૧૮ થી ૨૭ સુધી દશ શ્લોકોમાં અક્રૂરજી ભગવાનનાં યશોગાન કરે છે

હવે શ્રીઅક્રૂજી સગુણ ભાવથી એક શ્લોક દ્વારા અને એક શ્લોકથી નિર્ગુણ ભાવથી ભગવાનની સ્તુતિનું ગાન કરતા બોલ્યા કે હે નાથ! આપ બન્ને ભાઈઓ પ્રધાન અને પુરુષ સ્વરૂપ છો. જગતના કારણરૂપ છો, અને જગદ્રૂપ છો, કાર્ય

અને કારણરૂપ આ જગત આપના વિના અન્ય કાંઈ નથી. (૧૮) હે બ્રહ્મન્ ! આપે રચેલા આ વિશ્વમાં આપે પાછળથી પ્રવેશ કરીને પોતાની શક્તિઓ વડે અનેક પ્રકારે શ્રુતિ અને પ્રત્યક્ષના વિષય રૂપ આપ જ થાઓ છો. (૧૯) જેમ સ્થાવર અને જંગમ ભૂતોમાં પૃથ્વી,જલ વગેરે અનેક પ્રકારે તે તે યોનિમાં જોવા મળે છે તેવી જ રીતે આપે રચેલી અનેક પ્રકારની આપની સૃષ્ટિમાં સ્વતંત્ર રીતે પ્રવેશ કરીને અનેક રીતે આપ શોભો છો. (૨૦) રજોગુણ નામની આપની શક્તિથી આ જગતનું નિર્માણ કરો છો, તામસ નામની આપની શક્તિથી સંહાર કરો છો અને સત્વગુણ નામની આપની શક્તિથી આપ સંભાળ રાખો છો. આમ છતાં આપ તે ગુણોમાં કે કર્મોમાં કદી બંધાતા નથી. કારણ કે આપ જ્ઞાનસ્વરૂપ છો તેમજ આપને બંધનનું કાંઈ કારણ પણ નથી. (૨૧) ''દેહ-ઈન્દ્રિયો-અન્ત:કરણ-કાલ-કર્મ-સ્વભાવ'' વગેરે ઉપાધિઓ આત્માને મળે છે ત્યારે તે આત્માનાં બંધન થાય છે. પરંતુ આપને તે ઉપાધિઓ ન હોવાથી આપનો જન્મ નથી હોતો તેમજ બંધન નથી હોતું. તો જેનું બંધન કે જન્મ નથી તો પછી તેનો મોક્ષ પણ ક્યાંથી સંભવે ! તેમજ આપનામાં લેશ જેટલો અવિવેક પણ નથી. (૨૨) જગતના કલ્યાણ માટે અને હિતને માટે કહેલો પુરાતન એવો આ વેદમાર્ગ જ્યારે જ્યારે પાખંડી જનોથી પીડાય છે ત્યારે પાખંડીઓના નાશ માટે અને વેદપથની રક્ષા માટે આપ અવતાર ધારણ કરો છો. (૨૩) હે પ્રભો ! એવા બંધન-મોક્ષથી પર પૂર્ણ પુરુષોત્તમ આપ ભૂમિ ઉપર વધી પડેલા ભારને ઉતારવા માટે અંશસ્વરૂપ બલભદ્રજી સાથે પધાર્યા છો. આપ અસંખ્ય અક્ષોહિણી સેનાઓનો નાશ કરી, તેમજ દૈત્ય દેહે આવેલા ખલ રાજાઓનો નાશ કરી આ યદુકુલના યશનો વિસ્તાર કરશો. (૨૪)

अद्येश नो वसतयः खलु भूरिभागा-यःसर्वदेव-पितृभूत-नृदेवमूर्तिः ।

यत्पादशौचसलिलं त्रिजगत् पुनाति-स त्वं जगदगुरधोक्षज याः प्रविष्टः ॥ २५ ॥

નાથ ! આજ અમારા નિવાસોનાં અહોભાગ્ય મનાય. આજે આ અમારા ભુવનોમાં સર્વ દેવ-સર્વ પિતૃ અને સર્વ નરદેવો આપની જ મુર્તિઓ છે, એવા ભગવાન આપ અહીં પધાર્યા છો. આપનું શ્રીચરણોદક ગંગાજી સ્વરૂપે ત્રણે લોકને પાવન કરે છે. આવાં દિવ્ય ચરણો આજ અમારે આંગણે પધાર્યાં એ કેવી કૃપા ગણાય ! (૨૫)

कः पण्डितस्त्वदपरं शरणं समीयाद् भक्तप्रियादृतगिरः सुहृदः कृतज्ञात् ।

सर्वान् ददाति सुहृदो भजतोभिकामान् -आत्मानमप्युपचयापचयौ न यस्य ॥ २६ ॥

નાથ ! કોઈ શાણો પુરુષ આપનાં શ્રીચરણોનું શરણ ત્યજી અન્યનુ શરણ ન સ્વીકારે, આપ તો ભક્તજનોના પ્રિય છે. વળી આપને ભક્તજન પ્રિય છે, આપ તો સત્યવાક છો, આપ સર્વના સુહૃદ છો. જીવની સેવા કૃતિને જાણનાર છો, આ કારણોથી આપ એકજ આશ્રય કરવા યોગ્ય છો. આપની સેવા કરનારના સુહૃદજનોના સર્વ મનોરથોના પૂર્ણ કરનારા છો.આપ તો ઉદાર છો. સેવા કરનારાને આપનો આત્મા પણ આપી દો છો. આમ છતાં આપનામાં કોઈ વધઘટ નથી થતી. (૨૬)

दिष्टया जनार्दन भवानिह नः प्रतीतो-योगेश्वरैरपि दुरापगतिः सुरेशैः ।

छिन्ध्याशु नः सुतकलत्रधनाप्तगेह-देहादिमोहरशनां भवदीयमायाम् ॥ २७ ॥

હે જર્નાદન ! પરમ સૌભાગ્યની વાત છે કે આપે અમારા આંગણે પધારીને દર્શન આપ્યાં ! સમર્થ યોગેશ્વરો અને સમર્થ સુરેશો પણ આપની ગતિ જાણી શકતા નથી, તેવા દુર્લભ દેવ અમને દર્શન આપે તે જ કૃપાનું સ્વરૂપ છે. હવે નાથ ! આપ અવિલંબે પુત્ર-પત્ની-ધન-સ્વરૂપ-ગૃહ-દેહ વગેરે પદાર્થો સાથે મજબૂત મોહ-શૃંખલાને દૂર કરો. અન્યથા તે જો જામી ગઈ તો મારાથી કેમે કરી નહીં કપાય, અને આપે જ મૂકેલી કે માયાદોરી આપ જ દૂર કરી શકશો. જો તે રશના જામી ગઈ પછી આપ છેદશો તો સર્વ આપનામાં પણ અન્યથા ભાવ લાવશે. (૨૭) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે નૃપવર ! શ્રીઅક્રૂરજીએ ભગવાનનાં અ રીતે અર્ચન કર્યાં, અને સ્તુતિ પણ કરી, આ અવસરે ભગવાન મંદહાસ્યપૂર્વક મધુર વચનસુધાથી મુગ્ધ કરતા શ્રીઅક્રૂરજીને કહેવા લાગ્યા. (૨૮)

ભગવાને અક્રૂરજીને કહેલી અષ્ટપદી

શ્રીભગવાન બોલ્યા, કાકા ! આપ તો અમારા પૂજ્ય છો, વડીલ છો,કાકા છો, ગુણ ગાવા યોગ્ય બંધુજન છો. અમે તો આપના આશ્રય હેઠળ બેઠા છીએ. આપે તો અમારાં પાલન, પોષણ અને રક્ષમ કરવાં રહ્યાં. અમે તો આપનાં સંતાનો ગણાઈએ. (૨૯)

भवद्विधा महाभाग निषेव्या अर्हसत्तमाः । श्रेयस्कामैर्नृभिर्नित्यं देवाः स्वार्था न साधवा : ॥ ३० ॥

न ह्म्मयानि तीर्थानि न देवा मृच्छलामयाः । ते पुनन्त्युरुकालेन दर्शनादेव साधवः ॥ ३१ ॥

શ્રીઅક્રૂરજીનો મહિમા ગાતાં ભગવાન આગળ બોલ્યા કે આપના જેવા મહાન્ ભાગ્યશાળીજનો સદા સેવા કરવા યોગ્ય-સદા પૂજવા યોગ્યછો. શ્રેયસ મેળવવાની ભાવના રાખનારાં નરનારીઓએ તો આપ સરખા સત્પુરુષોને નિત્ય સેવવા જોઈએ. ભક્તવર અક્રૂરજી! દેવો સકામ વૃત્તિવાળા હોય છે પંરતુ સાધુજનો તેવી સ્વાર્થ-કામનાથી પર છે. (૩૦) ભગવાને આગળ વધતા કહ્યું કે તીર્થો અવશ્ય પવિત્ર કરે છે, તે તીર્થો કાંઈ જળ નથી હોતા પરંતુ તીર્થ એ જળની અભિમાની દેવતાઓ છે કે એ રીતે કોઈ પણ દેવો માટી કે પથ્થરના બનેલા નથી હોતા પંરતુ તેઓ દેવોથી પ્રતિષ્ઠિત હોય છે અને ઉપાસકને લાંબી સેવાને અંતે અવશ્ય ફળ આપે છે. પરંતુ સાધુજનો તો દર્શન માત્રથી ફલ આપે છે. તેઓ દર્શનથી જ્ઞાન અને ભક્તિ સિદ્ધ કરે છે. (૩૧) કાકા ! અક્રૂરજી ! સુહૃદોનું શ્રેયસ સાધનારા છો. વળી અમારામાં આપ વડીલ છો. વર્તમાનમાં પાડવો હસ્તિનાપુરમાં જ છે. એટલે ગુપ્તાવાસમાં ન હોવાથી પ્રકટ રીતે પણ તેમને મળી શકશો તો આપ સુહૃદોના સુખ માટે મળી આવો એવી વિનંતી છે. (૩૨) એમ સાંભળ્યું છે કે પિતાશ્રી પાડુંરાજા પરલોક પધાર્યા ત્યારે પાંડવો કુંતી સાથે ખૂબ જ દુ:ખી હતા, એથી વર્તમાન સમયમાં ધૃતરાષ્ટ્ર રાજા પોતાના હસ્તિનાપુર નગરમાં બોલાવી રાખ્યા છે. તેથી ત્યાં રહે છે. (૩૩) અંબિકા માતાના પુત્ર રાજા ધૃતરાષ્ટ્ર બુદ્ધિથી દીન એટલે દરિદ્ર છે-દુર્મતિ છે તેથી તેમને કાંઈ પણ બૂરું કાર્ય કરવું સ્વભાવ સિદ્ધ છે. આ સ્વાભાવને લીધે તો પાડુંપુત્રો સાથે સમભાવથી પોતાના પુત્ર સરખા ભાવનું વર્તન નથી રાખતા તેમાં વળી પુત્રો દુષ્ટ પ્રકૃતિના છે.તેમને વશ છે અને પોતે દૃષ્ટિ-વિવેકદૃષ્ટિ બન્નેથી રહતિ છે. (૩૪) માટે કાકા ! આપ અત્યારે હસ્તિનાપુર પધારો અને વર્તમાન સમયમાં પાંડવો સુખી છે કે દુ:ખી છે તે વાર્તા જાણી લાવો પછીથી આપને સુલ્હ્યોનુ જે રીતે સુખ થાય તેવો ઉપાય કરીશુ. પરંતુ હાલમાં પરિસ્થિતિ તો જાણી લઈએ. (૩૫) આ પ્રમાણે શ્રીઅક્રૂરજીને વ્યવસ્થિત રીતે આદેશ કરીને પુનઃ સમર્થ ભગવાન શ્રીહરિ શ્રીસંકર્ષણ ભાઈ સાથે તેમજ ઉદ્ધવજીની સાથે પોતાના રાજભવન તરફ પધાર્યા. (૩૬)

इत्यक्रूरं समादिश्य भगवान् हरिरीश्वरः । सङ्कर्षणोद्धवाभ्यां वै ततः स्वभवनं ययौ ॥ ३६ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ નિરોધ લીલા રાજસ પ્રકરણમાં વૈરાગ્ય ધર્મનું વર્ણન કરતો ૪૮ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૪૯ મો

[આ અધ્યાયમાં રાજસ પ્રકરણના પ્રમેય પ્રકરણનો સાતમો ધર્મી અધ્યાય છે. આમાં ૩૧ શ્લોકો છે. ૪૮ મા અધ્યાયમાં રાજસ ભકતોનું સુખ વિચાર્યું છે જ્યારે આ અધ્યાયમાં સાત્વિક ભક્ત પાંડવોને સાન્ત્વન આપે છે. શ્રીઅક્રૂરજી નીતિનિપુણ ને વિચારશીલ હતા તેથી પાંડવોની પરિસ્થિતિ અને પાંડુકુમાર પ્રતિ ધૃતરાષ્ટ્રનું સર્વ વર્તન વર્ણવ્યું છે. હવે પાંડવોનું નિરોધ કરવાનું કાર્ય ભગવાન સ્વયં કરશે.]

દુખઃના બેલી દયાનિધિની દયા અને અક્રૂરજીનો ત્રણ માસ હસ્તિનાપુરમાં વાસ

श्रीशुक उवाच- स गत्वा हास्तिनपुरं पौरवेन्द्रश्रियाङ्कितम् । ददर्श तत्राम्बिकेयं सभीष्मं विदुरं पृथाम् ॥ १ ॥

રાજન્ પરીક્ષિત્ ! શ્રીહસ્તિનાપુરનગરી રાજધાની હતી. આ નગરી પુરુવંશના રાજાઓની લક્ષ્મી અને યશથી સુશોભિત હતી. શ્રીકૃષ્ણ ભગવાનના આદેશથી શ્રીઅક્રૂરજી ત્યાં પધાર્યા અને નગરીનાં દર્શન કર્યા ત્યાં અંબિકાના પુત્ર ધૃતરાષ્ટ્રને,. ભીષ્મ પિતામહને, શ્રીવિદુરજીને અને કુન્તીજીને મળ્યા. (૧) શાંતનું રાજાના ભાઈ બાહ્લિક છે. અને બાહ્લિકના ભૂરિશ્રવા વગેરે પુત્રો, તેમજ ભરદ્વાજપુત્ર શ્રીદ્રોણાચાર્યજી, ગૌતમ એટલે શ્રીકૃપાચાર્ય, કર્ણ, દ્રોણપુત્ર

અશ્વત્થામાં, આ છ મહારથીઓ અને આ છને હરાવી શકે તેવા પાંડવોને અને સ્વજન-કુટુંબીજનોને શ્રી નંદિની માતાના શ્રીઅક્રૂરજી યોગ્યતા અનુસાર સર્વ કુટુંબી-બંધુજનોને મળ્યા. આ સર્વ સ્વજનોએ શ્રીઅક્રૂરજીને કુટુંબીજનની કુશળવાર્તા પૂછી તેમજ શ્રીઅક્રૂરજીએ પણ સર્વની કુશળવાર્તા પૂછી. (૨,૩) દુષ્ટ સંતાનોના પિતા નહિવત્ તદ્દન જૂજ વિવેક અને ધૈર્યવાળા, શકુનિ જેવા ખલ જનોની શિખામણે ચાલનારા રાજા ધૃતરાષ્ટ્રનું વર્તન કેવું છે તે જાણવું હતું. તેમાં ધૃતરાષ્ટ્રના સ્વાગત દોષો, સંતાનોના મોહથી થતા દોષો, અને સંગ દોષો આવા ત્રણ દોષોને જાણવા માટે શ્રી અક્રૂરજી ત્રણ માસ પર્યન્ત હસ્તિનાપુરમાં રહ્યા. (૪)

સ્વાર્થી અને ઝેરીલાં હૃદયોને સગા પુત્રને જીવ લેતા સંકોચ ન થાય

રાજન્ પરીક્ષિત ! પાંડવોનાં તેજ, તેમની ઇન્દ્રિયશક્તિનું ઓજસ્, દેહનું સામર્થ્ય-બલસ, વીરતા-પરાક્રમ આવા ક્ષત્રિયના શ્રેષ્ઠ ધર્મો હતા. આ ઉપરાંત વિનય, વિવેક વગેરે સદ્‌ગુણો હતા, તેમજ પ્રજાજનોનો પાંડવો ઉપર પુષ્કળ સ્નેહ હતો એથી આ સર્વ વસ્તુઓ દુર્યોધન વગેરેને અસહ્ય થઈ પડી. અસૂયા જાગી ઊઠી અને પાંડવોને મારી નખવાની વૃત્તિથી ભીમસેનને ભોજનમાં વિષ આપવું, પાતાળ-કૂપમાં નાખી દેવા તેમજ ભીમસેનને મારવાના આવા અન્ય અઘટિત ઉપાયો કૌરવોએ આદર્યા. આ સર્વ વસ્તુઓ શ્રીકુન્તીજી શ્રીવિદુરજીએ ભક્તહૃદયથી શ્રીઅક્રૂરજીને કહી બતાવી. (૫,૬) શ્રીકુન્તીને તો પોતના ભાઈ અક્રૂરજી આવ્યા હતા તેનો કોઈ વિલ ક્ષણ સંતોષ હતો. તેઓ એકાન્તમાં પોતાના ભાઈ પાસે આવ્યાં. તેમને બાપનું ઘર-પિયરની સ્મૃતિ થઈ આવી. વળી ભગવાને ભાઈને ખબર લેવા મોકલ્યા છે તેથી પિયરની મમતા જોઈ હૃદય ભરાઈ આવ્યું અને નેત્રો અશ્રુથી છલકાઈ ઊઠ્યાં. (૭) વહાલા ભાઈ ! મારા બા, બાપુજી, ભાઈઓ, બહેનો, ભાઈની દીકરી અને બહેનપણીઓ અને કુટુંબનાં સ્ત્રીજનો સર્વ અમને યાદ કરે છે ? ભાઈ ! (૮) જવા દેને ભાઈ, સર્વ સંગાસંબધી યાદ કરે કે ન કરે પરંતુ ભાઈ ? મારા ભાઈનો દીકરો શરણાગત પાલક ભગવાન કૃષ્ણ કોઈ દીવસ પોતાની ફોઈને યાદ કરે છે ? અનેકમલ બલભદ્ર કોઈ વાર સ્મરણ કરે છે ખરા ? (૯) દીપડાં અને વાઘના ટોળામાં ફસાયેલી હરિણીના માફક શત્રુઓની વચ્ચે વસેલી છું, ફસાયેલી છું અને સદા બળ્યા કરું છું. તો ભાઈ અક્રૂર ! કોઈવાર બલભદ્ર અને કૃષ્ણ પધારીને મને શાંતિ આપશે ? ભાઈ ! બાપ વિનાનાં રીબાતાં બાળકોને દિલાસો દઈ ઠંડા પાડશે. (૧૦)

कृष्ण कृष्ण महायोगिन् ! विश्वात्मन् विश्वभावन ! प्रपन्नां पाहि गोविन्द शिशुभिश्चावसीदतीम् ॥ ११ ॥

રાજન્ ! આ પ્રમાણે ભક્તિવિહ્વળ કુંતીમાતાને એકાએક શ્રીકૃષ્ણની ઝાંખી થઈ આવી ને સંભ્રમમાં બે વાર ભગવાનનું સંબોધન થયું કે હે કૃષ્ણ ! હે કૃષ્ણ હે મહાયોગિન્ ! હે વિશ્વના આત્મા, હે વિશ્વને અનુભવ કરાવનાર, હે ગોવિંદ ! હે નાથ ! મારાં બાળકો સાથે હું આપને શરણે આવી છું. હે ગોવિન્દ ! બાળકો સાથે બેહાલ દશામાં છું. અવિલંબે આવો અને બાળકો સાથે મને બચાવો ! (૧૧)

नान्यत् तव पदाम्भोजात् पश्यामि शरणं नृणाम् । बिभ्यतां मृत्युसंसारादीश्वरस्यापवर्गिकात् ॥ १२ ॥
नमः कृष्णाय शुद्धाय ब्रह्मणे परमात्मने । योगेश्वराय योगाय त्वामहं शरणं गता ॥ १३ ॥

નાથ ! મૃત્યુ અને સંસાર નામના સમુદ્રથી ભયભીત બનેલા મનુષ્ય માત્રનું રક્ષણ કરનાર આપનું કેવલ ચરણકમલ જ છે. એક જ શરણ છે અને સમર્થ છે. શ્રીકૃષ્ણ પરમાત્મા બ્રહ્મરૂપ, યોગેશ્વર, હવે હું યોગ સ્વરૂપ શુદ્ધ રૂપ ! આપને શરણે આવી છું. નાથ ! આપને મારા નમસ્કાર હો. (૧૨,૧૩)

श्रीशुक उवाच- इत्यनुस्मृत्य स्वजनं कृष्णं च जगदीश्वरम् । प्रारुदद् दुःखिता राजन् भवतां प्रपितामही ॥ १४ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! ઉપર કહ્યા પ્રમાણે વહાલા સ્વજન ભગવાન જગદીશ્વર શ્રીકૃષ્ણનું પુષ્કળ સ્મરણ કરીને આપનાં દાદીમાં શ્રી કુન્તીજી દુખઃના ડુંગરમાં દબાયેલાં ખૂબ રડી પડ્યાં. (૧૪)

અવસરે બહેન કુન્તીજીની કરુણ દશા નિહાળતા સરખે સરખા દુખઃને અનુભવતા કે દુઃખના સહભાગી બનતા શ્રીઅક્રૂરજી તેમજ પાંડવોના કાકા શ્રીવિદુરજી શ્રીકુન્તીમાતાજીને આશ્વાસન આપવા લાગ્યા અને કહ્યું કે બહેન કુન્તી

આ પાંચ પૂત્રો સામાન્ય સંતાન નથી પરંતુ ધર્મ, ઈન્દ્ર, વાયુ, અને અશ્વિનીકુમારોના અંશો હોઈ તે ધર્માદિ દેવો જ રક્ષા કરશે માટે ચિંતા કરો મા. શ્રીમથુરાજી તરફ પ્રસ્થાન કરતી વેળા શ્રી અક્રૂરજી પુત્રોમાં પુષ્કળ આસક્ત હોઈ લાચાર પાંડવો સાથે પક્ષપાતથી વર્તનાર, રાજા ધૃતરાષ્ટ્રને મળ્યા અને વિવેકવૃત્તિથી કહ્યું કે રાજન્ ! સ્વજનો તરફથી જાણ્યું છે કે સદ્ગત થયેલા ભાઈ પાંડુના પુત્રો તરફનું આપનું વલણ આપને માટે યોગ્ય નથી. સાંભળો રાજન્ ! મેં સાંભળ્યું છે તે જ સત્ય કહીશ. (૧૫,૧૬)

નવ શ્લોકોમાં શ્રી અક્રૂરજીએ રાજા ધૃતરાષ્ટ્રને કહેલી પાંડવો તરફની વર્તણૂંક અને નૃપતિનું કર્તવ્ય

શ્રીઅક્રૂરજીએ કહ્યું અરેરે ! અંદર અને બહારનો બન્ને જાતનો અંધાપો અનુભવતા હે વૈચિત્રવીર્ય ! એટલે વિચિત્ર વીર્ય રાજાના પુત્ર ! આપ તો સત્પુરુષોની કીર્તિને વધારવા માટે જન્મ્યા છો. આપ આજે આ શું આદરી બેઠા છો ? આપના લઘુ બંધુના પાંડુરાજા હરિશરણ થયા બાદ આપ ભાઈના રાજ્યાસન ઉપર અધિકાર કરી બેઠાં ! આવા ભાઈને આપને હાથે દગો દીધો ! (૧૭) ધૃતરાષ્ટ્રજી ! પૃથ્વીનું ધર્મથી પાલન કરનાર. પ્રાણપ્યારા પ્રજાજનોને ઉત્તમ સ્વભાવ-શીલથી રંજન કરનાર, સર્વબંધુજનોમાં સમભાવથી વર્તનારા નૃપતિઓ કીર્તિ અને કલ્યાણને પામે છે. આપે ભલે રાજ્ય પડાવી લીધું પણ આખરે ધર્મથી વર્તશો તો પણ કીર્તિ પામશો. (૧૮) રાજન્ ! ઉપર દર્શાવ્યા પ્રમાણે ધર્માનુસાર જીવન નહીં જીવો અને વિપરીત આચરણ કરશો તો આ લોકમાં નિદાં થતાં અંતે અંધતમઃ એટલે ઘોર દુઃખોને પામવું પડશે. મારી વિનંતિ છે કે આપ પાંડવો અને આપના પુત્રમાં સમભાવથી વર્તશો તો કલ્યાણ થશે. (૧૯) રાજન્ ! જવા દો લોકનીતિની વાત, પરંતુ શાસ્ત્રદષ્ટિથી જોશો તો જણાશે કે આ કર્મભૂમિ છે એમાં કોઈની સાથે કાયમનો સહવાસ સંભવતો નથી,સગાસંબધીની વાત તો જવા. દો પરંતુ પોતાના દેહનો પણ સથવારો સદાનો નથી તો પછી સ્ત્રી-પુત્ર આદિનો સહવાસ કાયમનો ક્યાંથી કે સારો ક્યાથી ? (૨૦) રાજન્ ! જીવ એકલો જન્મે છે, એકલો લય પામે છે, એકલો જપોતાના સુકૃતને ભોગવે છે અને કરેલા દુષ્કૃત-કુકૃત્યોના કઠોર ફલને પણ એકલો જ ભોગવે છે. (૨૧) રાજન્ ! અધર્મથી એકઠું કરેલું દ્રવ્ય તો અલ્પજલના જલાશય જેવું છે. અલ્પ બુદ્ધિવાળા માનવે અધર્મ આચરીને ધન એકઠું કીધું. પરંતુ નાના સરોવરમાં રહેલા જલને જેમ ખેતરો અને વાડીઓમાં પાણી પાવા ધોરીઆ બનાવી કે ઉલેચીને ખેડૂતો લઈ ગયા અને જલમાં માછલાં તૃષ્ણાએ મરણ પામ્યાં એ રીતે મનુષ્ય પાસેથી સગાંસંબધી સ્નેહી સ્વજનોના નાતે ધન લઈ ગયા અને સંપાદન કરનારના નશીબમાં જો કેવલ અધર્મ અને અધર્મનું ફલ પાપ જ રહ્યું, આ વાત રાજા વિસારશો ના ! (૨૨) રાજન્ ! જે મનુષ્ય પોતાના પ્રાણોને, લક્ષ્મીને અને પુત્રપત્ની-પરિવાર વગેરે પોતાનાં એવી સમજથી અધર્મ આચરીને પોષે છે અને ધનને વધારે છે પરંતુ આ સર્વ તો આ જીવને મૂર્ખ જ માને છે અને તેને જરાપણ કૃતાર્થ સુખી બનાવ્યા વિના મરણ પામતા મુકીને ચાલ્યા જાય છે જીવન દશા કરુણ છે પોતે તો બુદ્ધિહીન જ છે. દ્રવ્ય સંપાદન કરવામાં કીધેલાં પાપોને પોતાની કાંધે ચડાવીને લઈ જાય છે. પોતાનો ભગવતસેવા નામનો સ્વધર્મ ત્યજી વિમુખ લનેલો જીવ પોતાનું હિત સાધ્યા વિનાનો અંધતમઃમાં -એટલે ઘોર દુઃખોમાં પડે છે. (૨૪) માટે રાજન્ ! આ લોકસુખો પણ સ્વપ્ન સમાં છે, માયા સરખાં છે, અને મનના મનોરથો જેવું છે, માટે આત્માને દેહથી ભિન્ન ગણી મનને વિવેકમાં રાખી હે સમર્થ રાજા ! સ્વભાવે શાંત બની સમદષ્ટિથી વર્તો.

ધૃતરાષ્ટ્ર ચતુઃશ્લોકી-અંધાપાની ગાથા

પર રાષ્ટ્રને પચાવી પાડનાર રાજા ધૃતરાષ્ટ્રે કહ્યું કે હે ધનપતિ અક્રૂરજી ! આપ મારું અને સર્વનું કલ્યાણ કરનારી જ વાણી કહી રહ્યા છો. અમૃતનાં પાન કરતા જેમ માનવ તૃપ્ત નથી થતો એ રીતે હું પણ આપની વાણી સાંભળી ધરાતો નથી. (૨૬) મહારાજ ! મારું કમભાગ્ય છે કે આવી અમૃત સરખી મધુર મંગલ સુનૃતા વાણી મારા ચલચિત્તમાં સ્થિર થતી નથી. ભગવાન પુત્રોની આસક્તિને કારણે મારું મન પક્ષપાતી બની ગયેલ છે. જો સુદામ નામના પર્વતમાંથી નીકળેલી વીજળી સુદામાપર્વતમાં માલાકારે ટકે તોજ આપની અમી વાણી પુત્રમોહથી છિદ્રિત થયેલા મારા મનમાં ટકે. (૨૮) અક્રૂરજી જે ભગવાનની માયાના માર્ગનો વિચાર કરવો સદા કઠિન છે એવી અમેય માયાથી આ વિશ્વને ઉત્પન્ન કરી તેમાં પ્રવેશી ગુણોનો વિભાગ કરે છે. વળી જેના વિહારનો તંત્ર-વહીવટ પણ સમજાય તેવો નથી. એવા

આ સંસારચક્રને ચલાવનાર પરમેશ્વરને મારા પ્રણામ છે. (૨૯) શ્રીશુકાચાર્યજીએ કહ્યું, રાજન્ ! શ્રી અક્રૂરજી ધૃતરાષ્ટ્રની વાતો ઉપરથી એમનો વિચારો ઉપરથી એમના ઉર-અભિપ્રાયને જાણીને સ્વજન સુહદજનની રજા લઈ પુનઃ યદુપુરી મથુરાજી પધાર્યા. (૩૦) હે કુરુકુલવર્ધક રાજન્ ! શ્રીયદુપુરીમાં આવીને શ્રીઅક્રૂરજીએ ભગવાને હસ્તિનાપુરમાં જે સમાચારો લેવા મોકલ્યા હતા તે સર્વ સમાચાર તેમ જ ધૃતરાષ્ટ્રની પાંડવો. તરફથી વર્તણૂક અને વ્યવહારને શ્રીબલભદ્ર અને શ્રીકૃષ્ણને દર્શાવ્યા. (૩૧)

शशंस रामकृष्णाभ्यां धृतराष्ट्रविचेष्टितम् । पाण्डवान् प्रति कौरव्य यदर्थं प्रेषितः स्वयम् ॥ ३१ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધના રાજસપ્રકરણના પ્રમેય પ્રકરણમાં ૪૯મો અધ્યાય સમાપ્ત

પૂર્વાર્ધ સમાપ્ત

શ્રીહરિ:

શ્રીમદ્ ભાગવતપીયૂષ

દશમ સ્કંધ ઉત્તરાર્ધ : અધ્યાય ૫૦ મો

[દશમ સ્કંધ ઉત્તરાર્ધના કુલ ૪૧ અધ્યાય છે. પૂવાર્ધમા ૪૯ અધ્યાય અને ઉત્તરાર્ધમાં ૪૧ અધ્યાય મળીને કુલ ૯૦ અધ્યાય દશમ સ્કંધમાં આવેલા છે. જન્મ પ્રકરણ-તામસ પ્રકરણ આ બે પ્રકરણો અને રાજસ પ્રકરણ અડધું મળીને પૂર્વાધમાં અઢી પ્રકરણ થયાં આ રીતે ઉત્તરાર્ધમાં અડધું રાજસ પ્રકરણ અને સાત્વિક પ્રકરણ તેમજ ગુણ પ્રકરણ બે આખાં મળીને કુલ અઢી પ્રકરણ છે. આમ દશમ સ્કંધમાં ત્રણ ક્ષેપક અધ્યાયો સાથે કુલ ૯૦ અધ્યાયો છે.]

દશમ સ્કંધના ઉત્તરાર્ધમાં ૫૦ મા અધ્યાયથી ૬૩મા અધ્યાય સુધીના ચૌદ અધ્યાયોમાં રાજસલીલા શરૂ થયા છે. તેમાં પ્રથમ સાત અધ્યાયનું ''સાધન લીલા'' પ્રકરણ છે અને બીજું સાત અધ્યાયનું ફલ પ્રકરણ છે. આ રીતે ચૌદ અધ્યાયોમાં શ્રીકૃષ્ણ ભગવાનના વિવાહાદિ પ્રસંગોની કથાનું વર્ણન કરીને ''રાજસલીલા'' પ્રકરણ ૬૩ મા અધ્યાયે સમાપ્ત થાય છે. દશમ સ્કંધ પૂર્વાર્ધમાં ભગવાને ભક્તોના અનુરોધથી ભક્તોની રુચિ અનુસાર ભક્તાધીન બની ભગવાને સર્વ લીલાઓ કરી છે. લીલાઓનો હેતુ તે લૌકિક આસક્તિ દૂર કરી ભગવાનમાં જ પ્રીતિ, ભગવાનમાં જ આસક્તિ સિદ્ધ કરવા માટે છે. દશમ સ્કંધના ઉત્તરાર્ધના આ ૫૦ માં અધ્યાયમાં સત્તર વાર જરાસંધનો પરાજય તેમજ અલૌકિક એવી ''દ્વારિકાગુફાની રચના'' ની કથા આવે છે. આ અધ્યામાં (૫૮) શ્લોકો છે.

श्रीशुक उवाच- अस्तिः प्राप्तिश्च कंसस्य महिष्यौ भरतर्षभ । मृते भर्तरि दुःखार्ते ईयतुः स्म पितुर्गृहान् ॥ १ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! હે ભરતવંશમાં શ્રેષ્ઠ પુરુષ ! અસ્તિ અને પ્રાપ્તિ રાજા કંસની બે મહારાણીઓ હતી. તે બન્ને કંસનો ભગવાને નાશ કર્યા પછી ભગવાનના સાન્નિધ્યને લીધે કંસ પાછળ સતી ન થતાં અત્યંત દુઃખી બનેલી બાપ જરાસંધને ઘરે પહોંચી. (૧) જરાસંધને એવી જાણ હતી કે મલ્લોની રમતને જોતાં મંચ ઉપરથી પડી જતાં કંસનું મૃત્યુ થયેલ છે. પરંતુ દુઃખી થયેલી બન્ને પોતાની પુત્રીઓએ મગધદેશના રાજા અને પોતાના પિતા જરાસંધનો શ્રીકૃષ્ણે કંસનો વધ કર્યો છે તે કથા તેમજ આકાશવાણીથી માંડી અંત સુધીની કથા કહી સંભળાવી. (૨)

દશમસ્કંધના ઉત્તરાર્ધના અધ્યાયો ૪૧ છે તેટલા શ્લોકોથી જરાસંધ સંગ્રામની કથા વર્ણવી છે

રાજન્ પરીક્ષિત ! પુત્રીઓના મુખેથી કંસના મરણની કડવી વાત સાંભળતા જ શોક અને ક્રોધથી જરાસંધ ઘેરાઈ ગયો અને તેણે પૃથ્વીને '' અયાદવી''- યાદવના નામનિશાન વિનાની કરવાનો નિર્ણય કરી ઉદ્યમ આરંભી દીધો. (૩) જરાસંધે પોતાના રાજ્યની ત્રણ અક્ષૌહિણી સેના તેમજ તાત્કાલિક યુદ્ધ માટે નવી ભેગી કરેલી વીસ અક્ષૌહિણી સેના એમ કરીને ૨૩ અક્ષૌહિણી સેનાથી ઘેરાઈને યાદવોની રાજધાની નગરી મથુરાપુરીને દસે દિશાએથી બીજા બહાના નીચે એકાએક ઘેરી લીધી. (૪) આ અવસરે મર્યાદા વટાવી દુનિયા ડુબાડી દેવા આવતા માઝા મૂકેલા મહાસાગર જેવી સેનાને જોઈ (૧), જરાસંધની સેનાથી ઘેરાએલા ભગવાને પોતાના મથુરાધામને નિહાળ્યું (૨), ભયભીત થયેલાં કુટુંબીજન-ભક્તજનને ભગવાને જોયા (૩) અને જે કાર્ય સાધવા માટે યુક્તિથી માનવદેહે અવતરેલા હતા તેવા ભગવાન શ્રીહરિએ દેશ અને કાલને અનુકૂલ તે રીતે પોતાના અવતારનું ધ્યેય સફળ થાય તેવો વિચાર કર્યો. (૫,૬) ભગવાને નિર્ણય કર્યો છે પોતાના અવતારનું પોતે જીતેલા રાજાઓનું પદાતિ, ઘોડા, રથ અને હાથીઓની ચતુરંગિણી ૨૩ અક્ષૌહિણી સેનાઓની સંખ્યાવાળું આ જરાસંધે એકઠું કરેલું સૈન્ય ભૂમિ ઉપર સારી રીતે ભારરૂપ બનેલ છે. આ સૈન્યનો અવશ્ય નાશ કરવો જ જોઈએ.પરંતુ મગધદેશના રાજા જરાસંધને મારવો નથી કારણ કે તે હાર્યા પછી ફરીવાર પણ યુદ્ધનો પ્રયત્ન કર્યા વિના રહેશે નહીં અને ચઢી આવશે તો જ બીજી સેનાઓનો નાશ કરી શકાશે. (૭,૮) ભૂમિનો ભાર હરવા, સત્પુરુષોનું રક્ષણ કરવા અને અન્ય દુષ્ટોનો વધ કરવામાં અને ભક્તિની પ્રતિષ્ઠા માટે આવાં ચાર કાર્યો માટે મેં આ અવતાર ધારણ કરેલ છે. (૯) આ ઉપરાંત ધર્મનું રક્ષણ કરવાનું (૫) અને અધર્મનાશ પણ કરવાનું (૬) આવા છ કારણો અવતારનાં હોય છે. મારા અવતાર વિના બીજા પણ અવતારો ધર્મની રક્ષા અને અધર્મના નાશ માટે

ધારણ કરું છું જેમકે કલ્કિ અવતારમાં અધર્મનાશ, પૃથુઅવતારમાં પૃથ્વીનો ભાર ઉતારવાનું, પરશુરામમાં દુષ્ટોનો નાશ વગેરે એકએક કાર્યો તો કરું છું જ. પરંતુ હું અકિલષ્ટકર્મ કર્તા છું તો પણ મારે કોઈવાર અધર્મ વધી પડે ત્યારે અધર્મનો નાશ અને ધર્મનું રક્ષણ કરવું જોઈએ. (૧૦)

પૃથ્વી ઉપરનાં સાધનો દૈત્યોના સંબંધવાળા હોય તેથી ભગવાને સાધનોનું સ્મરણ કર્યું અને તેઓ ઉપસ્થિત થયાં

રાજન્ ! ભગવાન ગોવિન્દે ચાર શ્લોકો દ્વારા પૃથ્વીનો ભાર ઉતારવાનો નિર્ણય કરી વૈકુંઠનાં સાધનોનું સ્મરણ કર્યું એટલે રણસંગ્રામની સામગ્રી અને સારથિઓ સજેલા સૂર્ય સમાન તેજસ્વી બે રથો એકાએક ભગવાનની સેવામાં ઉપસ્થિત થયા. (૧૧) આકાશમાંથી પુરાતન એટલે પોતાનાં નિત્ય આયુધોને પોતાની ઈચ્છાથી આવેલાં નીરખીને ભગવાન શ્રીહૃષીકેશે સંકર્ષણ ભગવાનને કહ્યું. (૧૨) હે આર્ય ! પૂજ્ય મોટાભાઈ ! આપ તો સમર્થ છો, આપ જેમનું રક્ષણ કરો છો, તે યદુઓને આવી પડેલી આપત્તિને આપ જુઓ. આપનો રથ અને પ્રિય આયુધો આપની સેવામાં ઉપસ્થિત થયાં છે.૧૩ આવેલા રથયાનમાં બિરાજી આ જરાસંધનો નાશ કરો. તેમજ નિજ સ્વજનોને ભય-સંકટમાંથી મુક્ત કરવા કૃપા કરો. હે સમર્થ મોટાભાઈ ! સાધુજનોના કલ્યાણ માટે આપનું અને મારું પૃથ્વી ઉપર આવવું થયું છે. કહેવાતી ત્રેવીસ અક્ષૌહિણી સેનાનો ભાર આપ ઉતારો. (૧૪) આ પ્રમાણે દાશાર્હ એટલે સેવકોના અત્યંત પ્રિયએવા શ્રીકૃષ્ણ ભગવાને તેમજ શ્રીબલભદ્રજીએ મંત્રણા કરી લીધી અને કાયા ઉપર કવચ સજી દીધાં, રથમાં બિરાજ્યા, અને જેટલું સૈન્ય સજ્જ હતું તેટલા સાથે વીંટળાઈ આયુધો ધારણ કરી મથુરા નગરીમાંથી બહાર નીકળ્યા. (૧૫) ભગવાનનો સારથિ દારુક રથ ચલાવી રહ્યો હતો. શત્રુઓ એકાએક નગરમાં ઘૂસી ના જાય માટે ભગવાને શંખનો નાદ કર્યો. શંખનો નાદ સાંભળતા જ સૈનિકના હૃદયમાં ભય અને કંપારી છૂટી. (૧૬)૧/૨

જરાસંધની ચબરાક ચાલ અને કપટવાણી

ભગવાનની સાથે યુદ્ધ કરવું અનુચિત છે તેમજ સ્વયં જરાસંધ અસમર્થ છે એથી માગધ જરાસંધે અંદરથી ભાવભીની અને ઉપરથી ચાતુર્યભરી વાણી બોલવાની શરૂઆત કરી હે કૃષ્ણ ! હે ! પુરુષ અધમ ! તમે તો નાનાશા બાલક છો તેથી તમારી સાથે લડતાં લાજ આવે તેથી યુદ્ધ કરવા ઈચ્છતો નથી. હે અમન્દ ! તમારાથી રક્ષિત થયેલા સૈનિકો સાથે પણ યુદ્ધ નહીં કરું તેમજ પોતાના યાદવબંધુ કંસને મારનાર સાથે પણ યુદ્ધ નહીં કરું. (૧૮) પરંતુ હે રામ ! હે બલભદ્ર ! જો આપને યુદ્ધમાં શ્રદ્ધા હોય તો ધૈર્ય ધારણ કરીને આવે અને મારી સાથે યુદ્ધ કરો અને જો તેમ ના બને તો મારાં બાણોથી છવાયેલા દેહને ત્યજી સ્વર્ગે સિધાવો અથવા મને હણો. (૧૯) શ્રીકૃષ્ણ ભગવાન આવાં અસંગત જરાસંધના વાક્યો સાંભળીને બોલ્યા કે જરાસંધ ! શૂરવીર પુરુષો બડાશ મારતા નથી કે ડંફાશ હાંકતા નથી. તેઓ તો પોતાના પુરુષાતનને જ બતાવે છે. વૈદ્ય રોગીને અનુચિત માગણી ઉપર ધ્યાન નથી આપતા, તેના હિતને જ વિચારે છે તેવી રીતે મરવાને આરે આવેલ રાજન્ જરાસંધ ! તમારાં વાક્યો અમે કબૂલ નથી રાખતા. (૨૦)

જરાસંધનું આક્રમણ અને શ્રીકૃષ્ણ-બલભદ્રે કરેલો પ્રતીકાર

શ્રીશુકાચાર્યે કહ્યું કે રાજન્ ! જરા નામની રાક્ષસીનો પુત્ર જરાસંધ મધુવંશમાં પ્રગટેલા શ્રી બલભદ્ર અને શ્રીકૃષ્ણ ઉપર ચઢી આવ્યો. અને વાયુ જેમ વાદળાં અને રેણુથી સૂર્યને તેમજ અગ્નિને ઘેરી લે તે જ પ્રકારે બન્ને ભાઈઓને, સેનાને, રથ વગેરે વાહનોને, ધ્વજોને, અશ્વોને,સારથિઓને ખૂબ જ બળવાળા વિપુલ સેનાઓના સમૂહથી ઘેરી લીધા. (૨૧) રાજન્ ! આ યુદ્ધને નગરના ઝરૂખાં, હવેલીઓ અને દરવાજા ઉપર ઉભેલી નગર-નારીઓએ બાણોથી છવાઈ જવાને કારણે ગરુડજીની ધ્વજાવાળા, શ્રીકૃષ્ણ ભગવાનના રથને અને તાલવૃક્ષની ધ્વજાવાળા શ્રી બલભદ્રજીના રથને નિહાળ્યા

---

૧ જરાસંધનાં વચનો નિંદા અને સ્તુતિપરક છે. कृष्णः એટલે આનંદસ્વરૂપ (૨) पुरुषः એટલે ચિદ્રૂપ (૩) अधम् अधः નીચે माति વિસ્તાર પામીને રહેલા એટલે સત્ જગત સ્વરૂપ (૪) बालक એટલે પોતાના વાળના એક છિદ્રમાં કોટિ બહ્માંડને ધારણ કરનારા (૫) अमन्द न विद्यते मा इति अमः મા એટલે માયા જેમાં નથી એવા अमः એટલે મોક્ષને द એટલે આપનાર (૬) बंधुहन् જો આપ યાદવ હોતો કદી-બંધુનો નાશ ન જ કરો તેથી આપ યાદવ નથી પરંતુ મારા અને સર્વના સ્વામી છો.

ત્યારે તેઓ શોકવિકલ બન્યા અને મૂર્ચ્છિત થઈ ગયા. (૨૨) ભગવાન શ્રીહરિએ જોયું કે શત્રુ જરાસંઘના સૈન્યરૂપી ઘનઘોર વાદળોએ બાણોની ભારે વૃષ્ટિ વરસાવીને પોતાની સેનાને પુષ્કળ ત્રાસ આપવા માંડ્યો છે, ત્યારે તેનો સામનો કરવો જ જોઈએ એમ માનીને સદા દેવો, દાનવોએ અને અસુરોએ અર્ચન કરેલા શાર્ઙ્ગ નામના પોતાના સર્વ ધનુષ્યોમાં શ્રેષ્ઠ ધનુષ્યનો ટંકાર કર્યો (૨૩) ભગવાને જ્યારે એકધારી બાણવર્ષા કરી ત્યારે જાણે સળગતા લાકડાનું ઉંબાડિયું ફેરવવામાં આવે ત્યારે અગ્નિનું ગોળ ચક્ર બંધાઈ જાય છે તેમ ભગવાન ભાથામાંથી તીક્ષ્ણ અણિયાળાં બાણોને લેતા, ધનુષ્ય ઉપર ચઢાવતા, વળી ખેંચીને મૂકતા અને ક્ષણવારમાં જ હાથીઓ, રથો, અશ્વો અને પદાતીઓને વણથંભ્યા સંપૂર્ણ રીતે હણી દેતા હતા. (૨૪) ભગવાનનાં બાણોના પ્રહારથી સાઠ વર્ષની વયના મદોન્મત્ત હાથીઓનાં મસ્તકોના ચૂરા થવા લાગ્યા. અસંખ્ય જથ્થાબંધ ઘોડાઓની ગરદનો કપાઈને પડવા લાગી. ઘોડા, ધ્વજા, સારથિઓ અને સેનાપતિઓના નાશ સાથે રથો પણ ભાગી ભુક્કો થયા તેમજ પગપાળા લડનારા પદાતિઓની ભુજાઓ અને મજબૂત ગરદનો કપાઈ જતાં પાયદળ પણ ધરણી પર ઢળી પડ્યું. (૨૫)

રણભૂમિ જાણે શોણિત-રુધિરવાહિની સરિતા બની

રાજન્ ! ખૂનખાર જામેલા રણસંગ્રામમાં મનુષ્યોના, હાથીઓના, ઘોડાઓના, કપાયેલા શરીરના ભાગોમાંથી અખંડ વહેતી શોણિત ધારાઓની સરિતાઓ બની ગઈ. તેમાં કપાઈ પડેલા તણાતા પંજાવાળા હાથો તો જાણે ફણીધર સર્પો જ્ઞ લાગતા, કપાઈને પડેલાં વીર પુરુષોનાં મસ્તકો કાચબા બન્યા, હણાઈને પડેલા હાથીના દેહો રણનદીમાં બેટો બની ગયા, અને મરણ પામીને હાથી ઉપર પડેલા અશ્વો તો બેટો ઉપરના મઘરો સમા લાગતા હતા. (૨૬) હાથની આંગળીઓ અને કપાઈને પડેલાં કાંડાં તો અગણિત માછલીઓ જણાતી, અને મનુષ્યોના કપાઈ પડેલા મસ્તકના કેશો તો નદીમાં સેવાળીલ જેવા લાગ્યા, તૂટી તૂટીને પડેલાં ધનુષ્યો તો જાણે શોણિત-સરિતાના તરંગો સરખા લાગતા, તૂટી પડેલાં કે યોદ્ધાઓ મરતાં પડેલાં તેમનાં આયુધો તો જાણે રણનદીમાં તણાઈ આવેલાં કાષ્ઠો જેવાં બન્યાં. રણભૂમિમાં-રણસરિતામાં ગોળ ગોળ ચક્કર લેતી ઢાલો તો જલપ્રવાહની ભમરીઓ જેવી લાગે છે. સૈનિકોનાં મણિઓથી મઢેલાં મહામૂલાં આભૂષણો નદીની રેતી બની ગયાં. યુદ્ધને લીધે બનેલી આ રુધિરની નદીઓ ડરપોકને તો ભયજનક બની ગઈ, જ્યારે પરસ્પર યુદ્ધ કરતા બન્ને સૈન્યના વીરપુરુષોને તો હર્ષ-ઉત્સાહ કરનારી બની. આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાનને અને સાથે રહેલા અમાપ બળ અને તેજવાળા શ્રીબલભદ્રજીએ મદાંધ શત્રુઓનો નાશ કરતાં સર્વ સૈન્યને કચ્ચરઘાણ કરી નાખ્યું. (૨૭-૨૮) હાથી, ઘોડા, રથ, આયુધ વગેરે સાત અંગોવાળી સેનાઓનું બનેલું સૈન્ય સમુદ્ર સમાન અગાધ હોઈ પાર પામવું કઠિન-ભયંકર હતું. તેમાં વળી મગધ દેશના માથાભારે રાજા જરાસંઘની રક્ષા નીચે હતું તો પણ શ્રીવસુદેવજીના તેજસ્વી બન્ને પુત્ર શ્રીકૃષ્ણ અને બલભદ્રજીએ સૈન્યનો નાશ કરી નાખ્યો એ તો જગદીશ્વર બન્ને ભાઈઓની જાણે રમત હતી. (૨૯) રાજન્ ! અનંત ગુણવાળા ભગવાન રમત રમતમાં લીલા માત્રથી ત્રણે ભુવનોની સ્થિતિ-ઉત્પત્તિ-લય કરે છે તે ભગવાન જો શત્રુ પક્ષને જીતે-હરાવે એમાં આશ્ચર્ય જેવું કાંઈ નથી. આમ છતાં જો આ યુદ્ધનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું હોય તો તે મનુષ્ય સ્વરૂપ લઈ પધારેલા ભગવાનના મહિમાના ગાન પૂરતું જ હતું. (૩૦)

જરાસંઘને પકડ્યો અને કૃપા કરી છોડ્યો

જરાસંઘના ભારે પરાક્રમવાળા સૈન્યનો નાશ થયો, રથ પણ ભાગી ગયો, સર્વ સૈન્ય નાશ પામતાં કેવલ તેના પ્રાણો જ બાકી રહ્યા હતા. તે એકલા જીવતા રહેલ જરાસંઘને સિંહ સિંહને બળથી પકડે તે પ્રકારે શ્રીબલભદ્રજીએ બળપૂર્વક પકડી લીધો. (૩૧) તેણે અનેકને શત્રુ માની માર્યા હોઈ અપરાધી હતો તેથી તેને વરુણના પાશથી તેમજ મનુષ્યના પાશથી બલભદ્રજી બાંધી રહ્યા હતા, ત્યારે ભવિષ્યમાં જરાસંઘની પાસેથી ઘણાં કામ લેવાનાં હોઈ ભગવાન ગોવિંદે મોટાભાઈને તેમ ન કરવા વિનવ્યા. (૩૨) આ રીતે લોકનાથ શ્રીકૃષ્ણ અને બલભદ્રજીએ દયા દર્શાવી મુક્ત કરેલા તેથી શરમાતા, શૂરવીરોએ સન્માનેલા તેમજ તપશ્ચર્યા કરવાનો સંકલ્પ કરી ચાલ્યા જતા જરાસંઘને રસ્તામાં રાજાઓએ રોકી રાખ્યો. (૩૩) જે સાત્ત્વિક પુરુષો હતા તેમણે કહ્યું કે ભગવાનથી હાર્યા તેમાં દુઃખ શું એવાં પવિત્ર વાક્યોથી બોધ

આપ્યો, જે રાજસ વીરો હતા તેમણે પારકા અજાણ્યા પ્રદેશમાં યુદ્ધ કરતાં હારવાની હાલતમાં નાશી જવું એ નીતિ છે એવાં નીતિ-વચનોથી સમાધાન કર્યું, અને જેઓ તામસ હતા તેમણે કહ્યું કે ભલભલા માંધાતાઓ હારે છે તો આપણે હાર્યા તેમાં નાનમ શી ? જ્યારે લાગણીવાળા સ્વજનોએ કહ્યું કે આ તો કર્મનું ફલ છે જેથી યાદવોથી બંધન અને પરાજય થયો તેથી તપ કરવા જવાની શી આવશ્યકતા છે ? ચાલો સમય આવે શત્રુઓને જીતીશું એમ કહી જરાસંધને પાછો વાળ્યો. (૩૪) પોતાની સર્વ સેનાઓનો નાશ થતાં અને ભગવાને દયાપૂર્વક તેની ઉપેક્ષા કરતાં બૃહદ્રથનો પુત્ર રાજા જરાસંધ મનથી દુઃખી થઈ પોતાના મગધ દેશના રાજ્યમાં જઈ રાજ્ય કરવા લાગ્યો. (૩૫)

કૃપાસિંધુ બલભદ્રજી અને મુકુન્દજીનાં મથુરામાં પ્રસ્થાન અને બહુમાન

રાજન્ ! ભગવાનની સેનાને આંચ નહોતી આવી. વળી શત્રુઓની સેનારૂપી મહાસમુદ્રને અનાયાસે તરી ગયા હતા. એવા ભગવાન મુકુન્દ મથુરા તરફ પ્રસ્થાન કરી રહ્યા હતા ત્યારે દેવોએ ભલે પધારો એમ અનુમોદન આપી પુષ્પવૃષ્ટિ કરી પ્રભુને વધાવી લીધા. (૩૬) મૃત્યુના જવર-ભયથી મુક્ત બનેલા મનમાં આનંદ ભર્યા મથુરો મથુરાનો કિલ્લો ઉઘાડી પ્રભુ સન્મુખ આવ્યા, સૂત, માગધ અને બંદીઓ ભગવાનના વિજયનાં યશોગાન ગાવા લાગ્યા, શ્રીમથુરાધીશ મથુરાજીમાં પધારી રહ્યા હતા ત્યારે શંખનાદ થયા, દુંદુભિ વાગ્યાં, ભેરી-નગારાં વાગ્યાં. શરણાઈઓના મધુર સ્વર સંભળાવા લાગ્યા, વીણા અને વેણુના નાદ થયા, અને મૃદંગ વાગવા લાગ્યાં. (૩૭,૩૮) મથુરા નગરીના માર્ગો સુવાસિત જલથી સિંચવામાં આવ્યા હતા, મનુષ્યો ઉલ્લાસ આનંદવિભોર હતા, ધજા-પતાકાઓથી રાજધાની શોભી રહી હતી, વેદધ્વનિથી નગરી ગાજતી હતી, ઉત્સવવશ બનેલા નગરજનોએ ચારે બાજુ તોરણો બાંધ્યાં હતાં, માથુરી નારીઓ પુષ્પોથી, દહીંથી, અક્ષતથી, અંકુરોથી નાથને વધાવી રહેતાં નગરી મંગલ દ્રવ્યોથી છવાઈ ગઈ હતી. અને સ્નેહપૂર્વક પ્રીતિને લીધે વિકસિત નયનોથી નરનારીવૃન્દ નાથને નિહાળી રહ્યાં હાતાં. (૩૯,૪૦) રણભૂમિમાં પડેલું વીરપુરુષોના ભૂષણરૂપ મનાતા અઢળક ધનને લાવીને સમર્થ શ્રીહરિએ તે સર્વસ્વ યદુરાજાને નિવેદિત કર્યું પરંતુ ભગવાને તે ના ભોગવ્યું. (૪૧) રાજન્ ! જડબુદ્ધિ જરાસંધ મગધરાજે આ રીતે ત્રેવીસ અક્ષૌહિણી સેનાઓવાળા સૈન્યથી શ્રીકૃષ્ણ ભગવાનથી સુરક્ષિત યાદવો સાથે સત્તર વાર સંગ્રામ કીધો અને વૃષ્ણિઓ શ્રીકૃષ્ણ ભગવાનના તેજથી તે સર્વ સૈન્યોનો નાશ કરી દેતા. અને પોતાના સૈન્યોનો નાશ થતાં શત્રુઓથી દયા કરી છોડી મુકાતો જરાસંધ રાજા ચાલ્યો જતો હતો. (૪૨,૪૩)

વિષ્ણુપુરાણની મધુર ગાથા

જરાસંધ સત્તરમા સંગ્રામમાં હારીને શિવજીની કૃપા પામવા તપ કરવા વનમાં ગયો. પ્રસન્ન થયેલા શિવે તેને આજ્ઞા કીધી કે ભગવાન ''બ્રહ્મણ્યદેવ'' છે માટે વિપ્રોને તું આરાધે તો તારો વિજય સધાય. આ આજ્ઞાથી તે વિપ્રોને શરણે ગયો અને વિપ્રચરણો સેવ્યાં. પ્રસન્નચિત્ત વિપ્રોને પોતાના સિંહાસને પધરાવ્યા અને રાજ્ય સોંપી દીધું. વિપ્રોએ તું આ સંગ્રામમાં વિજયી બનીશ એવું વરદાન દીધું. અને તેનું રાજ્ય પાછું આપ્યું એટલે તે અઢારમી વાર મથુરા આવી રહેલ હતો. દેવકાર્ય કરતા નારદજીએ કાલયવનનો પણ આ વખતે જ નાશ થાય તો ઠીક જેથી દ્વારકામાં પધાર્યા બાદ પ્રભુને પરિશ્રમ ના પડે એમ વિચારી કાલયવનને મથુરા ઉપર યુદ્ધ કરવા પ્રેર્યો. આ કાલયવનનો જન્મ થયો ન હતો ત્યારે તેના યવન પિતાએ શ્રીવૃદ્ધગર્ગને પુત્રપ્રાપ્તિ માટે વિનવ્યા. તેથી પ્રસન્ન થઈ પુત્ર આપ્યો. તેને લીધે તે વૃદ્ધગર્ગનો પુત્ર ગણાયો. એકવાર યાદવોએ શ્રીવૃદ્ધગર્ગજીની મશ્કરી કરી ત્યારે ઉચ્છ્રંખલ યાદવોનો નાશ કરવા કાલયવનને પ્રેરણા કરી હતી. આ સર્વ વિગત જાણતા નારદજીએ કાલયવનને પ્રેર્યો અને જરાસંધ આવે તે પહેલાં કાલયવને મથુરાનગરીને ઘેરી લીધી.

કાલયવનનું આક્રમણ અને મથુરેશનો પરામર્શ

રાજન્ ! અઢારમાં સંગ્રામ માટે જરાસંધ આવી રહ્યો હતો ત્યાં વચમાં જ દેવર્ષિ શ્રીનારદજીની પ્રેરણાથી કાલયવન વીર ચઢી આવતો સ્પષ્ટ દેખાયો. (૪૪) કાલયવન ત્રણે લોકમાં તેના સરખો યોદ્ધો ન હોઈ તે અપ્રતિમભટ ને-વીર

હતો. તેણે વૃષ્ણીઓને પોતાના જેવા બલવાન માનીને અદેખાઈથી આવતાં તેણે ત્રણ કરોડ મ્લેચ્છોની સેનાથી મથુરાનગરીને ઘેરી લીધી. કાલયવનને આક્રમણ કરતો જોઈ શ્રીસંકર્ષણ ભગવાનની સહાયવાળા શ્રીકૃષ્ણ ભગવાનને આ પ્રમાણે વિચાર કર્યો કે-ખરેખર ! યાદવોને બન્ને બાજુએથી મુશ્કેલી આવી લાગે છે. આજે વિપુલ સેનાવાળા અતિશય બલવાન કાલયવને આપણ સર્વને ઘેરી લીધા છે અને માગધ જરાસંધ આજકાલ કે પરમ દવિસે આપણા ઉપર ચઢી આવ્યો હોઈ આવી પહોંચશે. જો એક તરફ આપણે કાલયવન સાથે યુદ્ધ કરતા હોઈશું એ અરસામાં જ જો જરાસંધ આવી લાગ્યો તો આપણા બંધુઓનો નાશ કરશે. અથવા આપણા કુટુંબીજનોને કબજે કરીને પોતાના નગરમાં લઈ જશે. આ અવસરે એક ઉપાય ઉત્તમ છે કે જ્યાં બે પગવાળા જીવો એટલે મનુષ્યો જઈ ન શકે તેવો જો મજબૂત કિલ્લો બનાવીએ અને સગાં-સબંધી-બંધુજનોને તે કિલ્લામાં મૂકીને કાલયવનને મારીએ તો ઉત્તમ કાર્ય થાય. (૪૫,૪૯)

દશ યોજનની દ્વારિકાનું નિર્માણ

આ પ્રમાણે શ્રીબલભદ્રજી સાથે વાટાઘાટ કરી, વિચાર-વિનિમય કરી, ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણે કોઈ અંદર ન પ્રવેશી શકે તેવા બાર યોજનાના વિસ્તારવાળી દિવ્ય દ્વારિકા નગરનું નિર્માણ કર્યું. (૫૦) આ નગરમાં નગરબાંધણીની દક્ષતા-ધરાવતા વિશ્વકર્માની કુશળતા અને નગરરચનાનું જ્ઞાન નજરે દેખાઈ આવતાં હતાં. નગરનિર્માણની રચના પ્રમાણે શેરીઓ, ચૌટાં અને મોકળા રાજમાર્ગો ઘણા ઉત્તમ પ્રકારે રચવામાં આવ્યાં હતાં. (૫૧) અમરાવતી દેવપુરીનાં કલ્પતરુઓ, કલ્પલતાઓ, ઉત્તમ પ્રકારનાં ઉદ્યાનો, નાની મોટી વિવિધ પ્રકારની પુષ્પવાટિકાઓથી દ્વારકા નગર દીપી રહ્યું હતું. રાજભવનોનાં એકવીશ-માળી ગગનચુંબી સુવર્ણનાં શિખરો, સ્ફટિક મણિઓની અગાશી, અટારી, ઝરૂખાં અને રત્નમઢ્યાં ગોપુરદ્વારોથી, દરવાજાઓથી દ્વારિકાની શોભા વધી પડી હતી. (૫૨) દ્વારિકા નગરી તો સાગરની મધ્યમાંનો કિલ્લો હોવાથી અન્નનો સંગ્રહ કરી રાખવા માટે રૂપા અને પિત્તળથી મઢેલા કોઢારો હતા. ભવનો ઉપર સુવર્ણકલશો ચળકી રહ્યા હતા, સુવર્ણની ભીંતવાળાં વિવિધ ભવનોમાં પ્રત્યેક મજલાઓમાં મહામૂલી મરકત મણિઓની લાદીઓ જડેલી હતી. (૫૩) નગરીમાં મધ્યમાં ભગવાનનું દિવ્ય મંદિર તેમજ લોકપાલ દેવોનાં મંદિરો અને દુર્ગાદેવીનું મંદિર તેમજ સત્સંગ ભવનો અને રંગભવનોથી શોભા વધી પડી હતી. પ્રત્યેક નિવાસ ઉપર છજાઓ હતાં. ચારે વર્ણના પ્રજાજનોનો તેમાં ભરપૂર નિવાસ હતો. શ્રીયદુરાજ દ્વારિકાધીશનું નગરની મધ્યમાં રાજભવન આવેલ હતું. (૫૪) શ્રીહરિ ભગવાનની સેવા માટે સ્વર્ગના રાજા મહેન્દ્રે સુધર્મા નામની સભા, તેમજ પારિજાત વગેરે દેવલોકનાં તરુવરો દ્વારિકા નગરીમાં ભેટમાં પધરાવ્યાં. આ સભામાં અને વૃક્ષો નીચે બેસનાર મનુષ્યને જરા-મૃત્યુ-વ્યાધિ વગેરે માનવ દેહના ધર્મો સ્પર્શતા નથી. (૫૫) જમણી બાજુના શ્યામ કર્ણવાળા અને સંપૂર્ણ શરીરે મોગરાની કળા જેવા શ્વેત વર્ણના મન જેવી વેગીલી ગતિવાળા અસંખ્ય અશ્વોને શ્રીવરણુદેવે યદુનાથની સેવામાં રજૂ કર્યા. નિધિપતિ કુબેરે આઠ નિધિઓ પધરાવ્યા, અને લોકપાલોએ પોતાના કોશ-ભંડારો અને પોતાની વિશિષ્ટ સમૃદ્ધિઓ સેવામાં પધરાવી. (૫૬) રાજન્ ! આ લોકપાલોને-દિક્પાલોને પોતાના અધિકારોની રક્ષા માટે જે જે સમ્પત્તિ સાધનો પ્રભુએ આપેલાં હતાં તે સર્વ સમૃદ્ધિ શ્રીહરિ ભૂતલ ઉપર પધાર્યા ત્યારે પ્રભુના શ્રીચરણોમાં સમર્પી કૃતાર્થ થયા. (૫૭) શ્રીદ્વારિકા નગરીનું નિર્માણ કર્યા બાદ જે સ્વજનો જે સ્થિતિમાં સૂતા હતા તે જ પરિસ્થિતિમાં તેમને યોગના પ્રભાવથી મથુરાજીમાંથી લઈ જઈને દ્વારિકામાં વસાવી શ્રીહરિ પાછા પધાર્યા. ત્યારબાદ પ્રજાનું પાલન કરનાર શ્રીબલભદ્રજી સાથે ખૂબ જ સારી રીતે મંત્રણા કરીને કમલમાલી શ્રીકૃષ્ણપ્રભુ કોઈ પણ શસ્ત્ર ધારણ કર્યા વિનાના મથુરાનગરના દરવાજામાંથી બહાર નીકળી ગયા. (૫૮)

प्रजापालेन रामेण कृष्णः समनुमंत्रितः । निर्जगाम पुरद्वारात् पद्ममाली निरायुधः ॥ ५८ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં રાજસ પ્રકરણના સાધન પ્રકરણમાં ઐશ્વર્યનિરૂપણ કરનારો ૫૦ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૫૧ મો

(દશમ સ્કંધ ઉત્તરાર્ધના રાજસ પ્રકરણના સાધન પ્રકરણમાં વીર્યધર્મનું નિરૂપણ કરવામાં આવશે. ૫૦ મા અધ્યાયમાં જરાસંધનો નિગ્રહ કર્યો અને આ ૫૧ માં અધ્યાયમાં "શ્રીમુચુકુન્દ રાજા ઉપરનો અનુગ્રહ વર્ણવાશે." ભગવાને જરાસંધની સેનાનો નાશ કરી તામસલીલા કરી, દ્વારિકા નગરીને રચી રાજસલીલા કરી, મથુરાના પ્રજાજનોને દ્વારિકામાં પધરાવાની સાત્ત્વિક લીલા કરી અને મથુરા નગરમાં બહાર પધારી ગયા એ ભગવાનની નિર્ગુણ લીલા છે આ અધ્યાયમાં ચાર કથાઓ આવે છે. પ્રથમ રાજા મુચુકુન્દને જગાડવા, બીજી ક્રિયા કાલયવનનો નાશ, મુકુન્દ અને મુચુકુન્દનો વાર્તાલાપ અને ભગવાનની રાજા મુચુકુન્દે કરેલી સ્તુતિ આ ચાર પ્રસંગો આવશે. આ અધ્યાકમાં ૬૩ શ્લોકો છે.)

બાર શ્લોકમાં દ્વાદશાંગ પુરુષોત્તમ ભગવાનનાં દર્શનનું વર્ણન ૧૬ વિશેષણોથી કરે છે

श्रीशुक्र उवाच-तं विलोक्य विनिष्क्रान्तमुज्जिहानमिवोडुपम् । दर्शनीयतमं श्याम पीतकौशेयवाससम् ॥ १ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું રાજન્ પરીક્ષિત ! ચાર આયુધો રૂપી ચાર તત્ત્વો વિનાના નિર્ગુણ શ્રીહરિનાં કાલયવનને કૃપાથી દર્શન થયાં. ભગવાન નગરીમાંથી બહાર પધારી રહ્યા હતા. (૧) ઉદયગિરિમાંથી ઉપર ચઢી રહેલા, (૨) નક્ષત્રપતિ ચંદ્ર જેવા, (૩) અતિશય સુંદર દર્શન કરવા જેવા (૪) શ્યામવર્ણા (૫) અને પીતવર્ણા રેશમી વસ્ત્રને ધારણ કરેલા (૬) ભગવાનને નિહાળ્યા. (૧) (૭) વક્ષ:સ્થલ ઉપર શ્રીવત્સ ચિહ્નવાળા (૮) દેદીપ્યમાન-ઝળહળતા કૌસ્તુભમણિને કંઠમાં ધારણ કરનારા અને મુક્તા-મોતીની માલા ધારણ કરેલા (૯) લાંબી અને વિશાળ ચાર ભુજાઓવાળા (૧૦) નવા તાજા ખીલેલા કમલ સમાન રક્ત વર્ણા નેત્રવાળા ભગવાનને નીરખ્યા. (૨) (૧૧) સદાય આનંદથી ભરેલા (૧૨) શ્રીલક્ષ્મીથી શોભાયમાન (૧૩) અત્યંત સુંદર કપોલ-ગાલવાળા (૧૪) પવિત્ર શુદ્ધ મન્દ સ્મિતવાળા (૧૫) ચળકતાં મકરાકૃતિ કુંડળવાળા (૧૬) મુખારવિંદને ધારણ કરતા ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં. (૩)

રાજન્ પરીક્ષિત્ ! કાલયવને વિચાર્યું કે આ દોડી રહેલા દિવ્ય વિગ્રહવાળા પુરુષના વક્ષ:સ્થળમાં શ્રીવત્સ ચિહ્ન છે. ચાર ભુજાઓ છે, શ્વેત કમલ સરખાં શુદ્ધ અને સુંદર નયન છે, વક્ષ:સ્થળમાં વનમાલા ધારણ કરી છે, અને અત્યંત સુંદર છે તેથી લાગે છે કે આ ભગવાન શ્રીવાસુદેવ છે. (૪) નારદજીએ જે લક્ષણો વર્ણવ્યાં છે તે સર્વ આ સ્વરૂપમાં જોવા મળતાં હોઈએ વાસુદેવ જ હોવા જોઈએ પરંતુ બીજા કોઈ નથી જ. અત્યારે આ કૃષ્ણ આયુધ વિનાના, પગપાળા, એકલા જ ખાલી હાથે દોડી રહ્યા છે તો હું પણ એમની સાથે આયુધ વિના જ યુદ્ધ કરીશ. ૫ કાલયવને આ પ્રકારે નિશ્ચય કર્યો અને પૂંઠ દર્શાવી જાણે યુદ્ધથી વિમુખ બની ભાગી જાય છે માટે હું આ કૃષ્ણને પકડી પાડું એવો નિર્ણય કરીને, યોગીઓનાં મન પણ જે પ્રભુને પકડી શકતાં નથી તે નાથ ભગવાન શ્રીકૃષ્ણની પાછળ દોડવા લાગ્યો. (૬) ભગવાન શ્રીકૃષ્ણ પણ જાણે હાથ-ઢૂંકા આવતા હોય એમ પગલે પગલે બતાવતા બતાવતા અને કાલયવનને પાછળ ખેંચતા એટલે બધે દૂર લઈ ગયા જેથી મથુરાથી ૪૦ કોશ દૂર આવેલ ધવલપુરની ગુફામાં કાલયવન ખેંચાઈ ગયો. (૭) લગભગ ભગવાનની લગોલગ આવેલા કાલયવને ભગવાન કૃષ્ણને કહ્યું કે કૃષ્ણ ! આપ તો યદુકુલમાં પ્રકટ્યાં છો. આપ શ્રીમાન આ રીતે નાસભાગ કરો તે ના છાજે ! એવાં કટાક્ષ અને અનાદર ભરેલાં કટુ વચનો-સંભળાવતો કાલયવન પાછળ પાછળ દોડી રહ્યો હતો. પરંતુ કાલયવન ભગવાન શ્રીકૃષ્ણને પકડી ના શક્યો. રાજન્ ! જ્યાં સુધી પાપો નાશ ન પામ્યાં હોય ત્યાં સુધી ભગવાનને કેમ પામી શકે કે પકડી શકે ? (૮) રાજન્ ! કાલયવન ઉપરોક્ત તિરસ્કારનાં વાક્યો બોલતો જ રહ્યો, પણ તેની જરાય દરકાર કર્યા વિના ભગવાન શ્રીકૃષ્ણે ગિરિગુફામાં પ્રવેશ કર્યો એટલે કાલયવન પણ પાછળ ગુફામાં ગયો તો ત્યાં કોઈ સૂતેલ વ્યક્તિને-પુરુષને જોયો. (૯) આ વખતે કાલયવને મનથી માની લીધું કે આ કૃષ્ણ મને આટલે દૂર ગુફામાં લઈ આવીને જાણે સજ્જન જેવા બનીને અહીં સૂઈ ગયેલ છે. ખરેખર આ અચ્યુત-કૃષ્ણ જ છે એમ નિર્ણય કરીને સૂતેલા પુરુષને લાત લગાવી દીધી. (૧૦) લાત વાગતાં જ લાંબા કાળથી સૂતેલા રાજા મુચુકુન્દ બેઠા થયા અને ધીમે ધીમે આંખો ખોલીને ચારે બાજુ જોવા લાગ્યા કે મને કોને જગાડ્યો ? એમ વિચારતા હતા ત્યાં જ ઊભેલા કાલયવનને જોયો. (૧૧) ભાઈ ભારત પરીક્ષિત ! રોષે ભરાયેલા

રાજા મુચુકુન્દની દૃષ્ટિ પડતાં જ કાલયવનની કાયામાંથી અગ્નિ પ્રકટ થયો અને આ આગથી જ બળીને કાલયવન ક્ષણવારમાં ખાખ બની ગયો. (૧૨)

શ્રીપરીક્ષિત રાજાના મુચુકુન્દ રાજા સંબંધી નામ-સંબધ-રૂપ-નિદ્રાનું નિમિત્તદૃષ્ટિ પડતાં દાહ આ પાંચ પ્રશ્નો

રાજા પરીક્ષિતજીએ શ્રીશુકાચાર્યજી સર્વજ્ઞ બ્રહ્મજ્ઞાની જાણીને પાંચ પ્રશ્નો પૂછ્યા કે હે બ્રહ્મન્ ! ૧ આ ગુફામાં સૂતેલા પુરુષનું નામ શું ? ૨ એપુરુષનો વંશ કયો ? ૩ રાજાનું વીર્ય કેવું એટલે સ્વરૂપ-પરાક્રમ કેવું ? ૪ શા માટે ગુફામાં શયન કરવું પડયું ? ૫ અને તે તેજસ્વી પુરુષનું તેજ કેવું હતું કે યવનને બાળીને ભસ્મ કર્યો ? ભગવાન આ પાંચ પ્રશ્નોનું કૃપા કરી સામાધાન ન કરો ? (૧૩) શ્રીશુકાચાર્યજી મહારાજ આ પાંચ પ્રશ્નોનું સમાધાન કરતાં બોલ્યા કે રાજન્ ! આ તેજસ્વી પુરુષ અયોનિજન્મા શ્રીમાંધાતા રાજાના પુત્ર હતા તેમનું નામ મુચુકુન્દ હતું, તેમનું ઈક્ષ્વાકુ કુલ હતું. તેઓ બ્રાહ્મણોના ભક્ત હતા. વળી ખ્યાતનામ હતા, અને સત્ય કાર્યો માટે જ તેઓ રણસંગ્રામ કરતા હતા. (૧૪) એકવાર દૈત્યોથી ડરી ગયેલા ઈન્દ્રાદિ દેવોએ પોતાના સંરક્ષણ માટે પ્રાર્થના કરી હતી ત્યારે રાજા મુચુકુન્દ રાજાએ લાંબા સમય સુધી સ્વર્ગાદિ લોકોની અને દેવોની રક્ષા કરી. (૧૫) પરંતુ દેવોએ ભગવાન શંકરના પુત્ર કાર્તિક સ્વામીને પોતાના સંરક્ષક સેનાપતિ તરીકે જ્યારે સંપાદન કર્યા ત્યારે રાજા મુચુકુન્દને નિવેદન કર્યું કે આપે ચિરકાલ અમારા સંરક્ષણ માટે કષ્ટ ઉઠાવ્યું હવે આપને અધિક કષ્ટ આપવું ઉચિત નથી. વર્તમાનમાં કાર્તિક સ્વામીએ સેનાપતિપદ સંભાળ્યું છે. (૧૬) હે વીર પુરુષ મુચુકુન્દજી ! આપે પૃથ્વીના નિષ્કંટક રાજ્યનો ત્યાગ કરી અમારું સંરક્ષણ કરવા માટે આપે સર્વવિધ સુખકામનાઓ પણ ત્યજી દીધી. (૧૭) આપની કૃતજ્ઞતા કઈ વણીમાં પ્રકટ કરીએ. આટલા સુદીર્ઘ સમય સુધી આપ અમારી રક્ષા કરતા રહ્યા. રાજન્ ! આપની સાથે પૃથ્વી ઉપર આપના પુત્ર, પટ્ટરાણીઓ, બંધુજન, હાથીઓ. મંત્રીજનો અને આપના શાસનકાલના જે પ્રજાજનો હતા તે સર્વ આજે કાળે કરીને ચાલ્યાં ગયાં છે. અધિક શું કહીએ ? આપના સમયના સર્વ જનોમાંથી એકાદ પણ વ્યક્તિ આજે અવશેષ રહેલ નથી. (૧૮) રાજન્ ! કાળ બલવાન ખેલાડી છે. જેમ કોઈ પશુપાલ ગોવાળ પશુઓને ખેલાવતો ચરાવતો વનમાં લઈ જાય છે એ જ રીતે બલાવાનોમાં પણ બલવાન સમર્થ, અવિનાશી, એવો ભગવાન કાલ પણ પ્રજાજનોને-જીવજંતુઓને સંસારમાં રમાડતાં રમાડતાં જ ગળી જાય છે. (૧૯) રાજન્ ! આપનું કલ્યાણ હો ! માત્ર મોક્ષને મૂકીને મહારાજ મુચુકુન્દજી મનમાન્યું વરદાન અમારી પાસેથી માગી લો ! માત્ર અવિનાશી ભગવાન વિષ્ણુ એક જ મોક્ષ આપવા સમર્થ છે. (૨૦)

વિવેકી મુચુકુન્દ મહારાજાની ૨૮ યુગો પર્યન્ત નિદ્રા અને ભગવાનનાં દર્શને જાગરણ

રાજન્ ! દેવોએ ઉપરની સર્વ વિગત કહી અને મોક્ષ તો ભગવાન કૃષ્ણ-વિષ્ણુ જ આપી શકે છે અને ભગવાન કૃષ્ણ અઠ્ઠાવીસ યુગ પછીથી જ પધારવાના છે એમ સમજીને દેવોને નમસ્કાર કરી દેવોની અનુમતિ મેળવી મહાન યશસ્વી મુચુકુન્દ મહારાજાએ દેવોએ દીધેલી નિદ્રાને સાથે લઈને ધવલપુરની ગુફામાં પ્રવેશ કર્યો. (૨૧) કાલયવનની કાયા ખાખ બની ગઈ. ત્યારબાદ સમર્પણ કરી ચૂકેલા સર્વ ભક્તોના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણે બુદ્ધિશાળી મુચુકુન્દ રાજાને દર્શન દીધાં. (૨૨)

૨૩-૨૬ ચાર શ્લોકોમાં બાર અંગો અને ૧૩માં અંગી ભગવાન શ્રીકૃષ્ણનું ૧૩ વિશેષણોમાં નિરુપણ ને મુચુકુન્દને દર્શન

મહારાજા મુચુકુન્દે ભગવાન મુકુન્દની ઝાંખી કરી, ભગવાન દ્વાદશાંગ પરિપૂર્ણ પુરુષોત્તમ હોવાથી ૧૩ વિશેષણોથી વર્ણવે છે : (૧) તમ્ એટલે વેદપ્રસિદ્ધ પુરાણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ (૨) ઘનશ્યામમ્-મેઘ સમાન શ્યામસ્વરૂપ (૩) કૌશેયવાસસમ્-પીતવર્ણના રેશમી પીતાંબર ધારણ કરેલા (૪) વક્ષ:સ્થલમાં શ્રીવત્સલાંછનવાળા (૫) કંઠમાં તેજોમય કૌસ્તુભ મણિને શોભવતા (૬) ચતુર્ભુજ (૭) વૈજયંતીમાલાથી સુશોભિત મનોહર (૮) સુંદર મનોહર મુખકમલથી પ્રસન્નતાનું દાન કરતા (૯) તેજોમય મકરાકૃતિ કુંડલોવાળા (૧૦) ત્રણે ભુવનમાં દર્શન કરવા યોગ્ય (૧૧) અનુરાગ ભરી અમીભરી અને સ્મિત ભરી નજરોથી નિહાળતા (૧૨) સ્ત્રીજનને રુચતી વયવાળા મનોહર (૧૩) મનોમસ્ત

મૃગરાજ સિંહ સમાન ઉદાર પરાક્રમી, પ્રભુની ઝાંખી કરી. (૨૫) પ્રભુના અનુપમ તેજથી અંજાઈ ગયેલા શ્રેષ્ઠમતિ શ્રીમુચુકુન્દ રાજા આ મનુષ્ય તો નથી તો પછી કોણ હશે ? એવી શંકા સેવતા ધીરે રહીને પૂછવા લાગ્યા. (૨૬) મહારાજા મુચુકુન્દજી બોલ્યા : નાથ ! આપ શ્રીમાનને હું કેવા સ્વરૂપે જાણું ? પર્વતોથી ઘેરાયેલા કઠોર અરણ્યમાં આપને કેમ પધારવું થયું ? ભગવાન કમલ-સુકોમલ શ્રીચરણોથી કંટક-કઠોર ભૂમિમાં આપને શાને ઘૂમવું પડ્યું ? (૨૭) શું આપ જ તેજસ્વી પુરુષોનું મૂર્તિમંત 'તેજસ' તો નથીને ? કે શું આપ સાક્ષાત્ અગ્નિદેવ છો ? ભગવાન સૂર્ય છો કે ચંદ્ર છો ? મહેન્દ્ર છો ? સ્વર્ગના રાજા છો કે કોઈ લોકના લોકપાલ તો નથી ને ? (૨૮) ભગવન ! આપનું દિવ્ય દર્શન થયું આનંદ થયો, જાણે કોઈ ખંડમાં રહેલો દીપક પોતાની કાન્તિથી ગુફાના અંધકારનો નાશ કરે તે જ રીતે આપનું દર્શન હૃદયરૂપ ગુફામાં રહેલા અજ્ઞાન નામના અંધકારનાં નાશ કરી નાખે છે. માટે મારું માનવું છે કે આપ મનુષ્ય તો નથી જ તો પછી શું આપ ત્રણ દેવતાઓમાં કોઈ પણ શ્રેષ્ઠ પુરુષ તો નથી ને ? (૨૯) હે નરવર ! આપને રુચે અને વળી હું સાંભળવા માટે લાયક હોઉં તો નાથ ! આપનું સુમંગલ નામ, આપનો જન્મ, આપનું કુલ, ગામ અને પવિત્ર ચારિત્ર વગેરે જાણવાની ઈચ્છા છે. જાણવાનું કારણ પણ એક જ છે કે આપને હું જે રીતે સમજ્યો છું તે બરોબર છે કે મારી સમજફેર છે. (૩૦) હે મહાપુરુષ ! હે નરકેસરી ! મારો તો ઈક્ષ્વાકુ રાજાનો સૂર્યવંશ છે. તેમાં હું ક્ષત્રિયધર્મી છું, મહારાજ મારું નામ મુચુકુન્દ છે. મારા પિતાજીનું નામ માંધાતા છે અને મારા દાદાનું નામ શ્રીયૌવનાશ્વ રાજા છે. (૩૧) ભગવાન્ ! લાંબા ગાળાના જાગરણથી ખૂબ થાકી ગયેલો હતો. મારી ઈન્દ્રિયો ઘેરાયેલી હોઈ શિથિલ થઈ ગઈ હતી. આ એક જ કારણને લીધે વિજય-વનમાં સૂતો હતો પરંતુ કોઈએ મને અત્યારે જગાડી દીધો. ૩૨ પરંતુ મને જગાડનારે પોતે જ પોતાના પાપથી પોતાની કાયાને ભસ્મ કરી દીધી ભગવાન ! આ વસ્તુ બની ગયા પછીની સર્વ વિગતો આપ જાણો છો. (૩૩) ભગવન્ ! આપના ઉજ્જવલ તેજ સામે મીટ પણ માંડ માંડ માંડી શકાય તેવી સ્થિતિ છે. લાંબા સમય સુધી તો સન્મુખ જોઈ શકાય તેમજ નથી તો પછી વારંવાર જોવાની સંભાવના જ ક્યાંથી ? નાથ ! આપના તેજથી અમારું બલ પણ નષ્ટ થઈ જાય તેમ છે, જે કોઈ શરીરધારી છે તે સર્વના આપ માનનીય છો. ૩૪ જ્યારે મુચુકુન્દ રાજાએ જનમંગલ કરનારા ભગવાનને દૈન્ય અને ભક્તિ ભાવે આવા પ્રશ્નો પૂછ્યા ત્યારે કાંઈક મંદસ્મિત કરતા ભગવાને ગંભીર વાણીથી વચનામૃત વરસાવ્યાં. (૩૪)

ભગવાન મુચુકુન્દે નવ શ્લોકોમાં મુચુકુન્દ રાજાને આપેલ પ્રત્યુત્તર

ભગવાન શ્રીકૃષ્ણે મુચુકુન્દ રાજાને કહ્યું કે હે અંગ, હે પ્રિયભક્ત ! હે વહાલા ભાઈ ! મારા જન્મ, મારાં કર્મ અને મારાં નામો અનન્ત છે અને અસંખ્ય છે. કોઈ પણ વ્યક્તિ તેની ગણના કરવા માટે સમર્થ નથી અને આવાં નામો અનન્ત હોવાથી હું પણ ગણી શકવા સમર્થ નથી એ નિશ્ચય છે. (૩૬) સંભવ છે કે કોઈ વ્યક્તિ અનન્ત જન્મો લઈને પૃથ્વીના રજકણો ગણી શકે પરંતુ મારા ગુણો, મારાં નામો અને મારાં કર્મોની ગણના કરી શકે નહીં. (૩૭) હે નરેશ ! ત્રણે કાલમાં યુક્તિયુક્ત મારાં અનંત કાર્યો અને અનન્ત જન્મોની ગણના કરનારા સમર્થ મહર્ષિઓ પણ અન્ત નથી પામી શક્યા તો અન્ય તો ક્યાંથી પામી શકે ! (૩૮) આમ છતાં રાજન્ ! તમારા સંતોષ અને સમાધાન માટે વર્તમાનમાં મારા જે જન્મ અને નામ વગેરે વસ્તુઓ કહી રહ્યો છું તે વાત આપ સાંભળો. રાજન્ ! બ્રહ્માજીએ પૂર્વ પૃથ્વી ઉપર ભારરૂપ પડેલા અસુરોનો વિનાશ કરવા માટે મારી પાર્થના કરી હતી. (૩૯) એટલે એ કાર્ય કરવા માટે યદુકુલમાં શ્રી આનકદુંદુભિના ગૃહે હું અવતર્યો છું તેથી મને બધા જ વસુદેવજીના પુત્રના નાતે વાસુદેવના નામથી બોલાવે છે. (૪૦) રાજન્ ! પૃથ્વી ઉપર બનેલ અને કંસસ્વરૂપે આવેલ કાલનેમિનો નાશ કર્યો, તેમજ સજ્જનોનો દ્વેષ કરતા હોવાને લીધે પ્રલંબક-અઘ આદિ અનેક દૈત્યોનો નાશ કર્યો પરિણામે સત્પુરુષોની રક્ષા થઈ અને રાજન્ ! લોકદૃષ્ટિએ તમારા નેત્રના દિવ્ય તેજથી કાલયવનને બાળ્યો પરંતુ સાચી વાત જોતાં તો મેં જ તેને ભસ્મ કર્યો છે. (૪૧) રાજન્ ! કષ્ટકર આ પ્રદેશમાં આવવાનું એક પ્રયોજન પણ છે કે તમે પૂર્વમાં અનેક જન્મોમાં મારી પ્રાપ્તિ માટે પ્રાર્થના કરી હતી. વળી ભાઈ મારો સ્વભાવ ભક્તવત્સલ છે તેથી તમારા ઉપર અનુગ્રહ કરવા માટે હું આ ધવલપુરની ગુફામાં આવ્યો છું. (૪૨) અરે રાજર્ષિ ! મનગમતાં. મન માન્યાં વરદાનો વિના સંકોચે માગો, હું આપના સર્વ મનોરથો પૂર્ણ કરીશ. મારે

શરણે આવેલ કોઈપણ વ્યક્તિના જીવનમાં ફરી શોક કરવાનો રહેતો નથી એટલું જ નહીં અન્ય જન્મમાં પણ મોક્ષને મેળવે છે. (૪૩) શ્રીશુકાચાર્યે કહ્યું કે રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે આવાં વચનામૃત પાયાં ત્યારે અત્યંત પ્રસન્ન બનેલા મુચુકુન્દ રાજાને મહર્ષિ ગર્ગજીનાં વાક્યોનું સ્મરણ થઈ આવ્યું અને ભગવાન શ્રીકૃષ્ણને આ તો શ્રી નારાયણ ભગવાન છે એમ ઓળખી લીધા. ભગવાનના ચરણોમાં પ્રણામ કર્યા અને ભગવાનની સ્તુતિનો આરંભ કર્યો. (૪૪)

ભગવાન મુકુન્દની મુચુકુન્દ રાજાએ કરેલ ૧૩ શ્લોકોની સ્તુતિમાં બાર શ્લોક દ્વારા સ્તુતિ કરી બાર પ્રકારના કાલ ઉપર વિજય મેળવ્યો અને ૧૩ માં શ્લોકમાં પ્રપત્તિ લીધી

મુચુકુન્દ રાજા ભગવાનની સ્તુતિ કરતાં કહેવા લાગ્યા કે હે ઈશ ! હે સમર્થ શ્રીકૃષ્ણ ! આપની આ માયાએ તો અજબ કામ કર્યું છે. એ માયાએ તો સ્ત્રી-પુરુષ માત્રને ઠગી લીધાં છે. એ માયાના જ કારણે અનર્થમાં એટલે સંસાર-સુખભોગમાં જ એની દૃષ્ટિ રહેલી છે તેથી આપને ભજતો નથી-આપની સેવા કરતો નથી, પરંતુ દુઃખ દેનારાં ગૃહકાર્યો અને સંબંધીઓમાં જ આસક્ત છે. (૪૫) હે નિર્દોષ નાથ ! મનુષ્યે આ પૃથ્વી લોકમાં વિના પરિશ્રમે અને વળી કોઈ પણ જાતની ખોટ વિનાનો સર્વ ઈન્દ્રિયવાળો માનવ દેહ પ્રાપ્ત કરેલ છે તો પણ જે જન શ્રીહરિના ચરણારવિંદોની સેવા કરતો નથી તે ખરેખર અસત્ બુદ્ધિવાળો લાગે છે. એટલું જ નહીં પણ પશુ સમાન ગૃહસુખ અને ગૃહકામો નામના અંધાર કૂપમાં જ પડે છે. (૪૬) ભગવાન્ ! આપ તો અજિત છો જેથી કાલ આપને ન જીતી શકે પરંતુ અમારા ઉપર કાલ તો વિજય મેળવે છે તેથી કહું છું કે મારો અત્યાર સુધીનો જીવનકાલ વ્યર્થ વીત્યો. કારણ કે મારો દેહ રાજાનો હતો તેથી રાજ્યલક્ષ્મીના મદથી ઉન્મત્ત બન્યો હતો, વળી દેહને જ આત્મા માની બેઠેલ હોઈને એની સાથે લાગેલાં પુત્ર-પત્ની-કોશભંડાર-પૃથ્વી આદિ પદાર્થોમાં ગળા સુધી ડૂબ્યો હતો અને આ ચાર વસ્તુઓને સંભાળવાની ચિંતામાં જ રચ્યોપચ્યો રહ્યો જેથી જીવન વ્યર્થ ગયું. (૪૭) હવે મહારાજ ! મારા જીવનમાં લાગેલો ત્રિદોષ ત્રણ શ્લોકમાં વર્ણવું છું. પ્રથમ તો ઘડા અને ઘરની સમાન આ શરીર સાધન રૂપ ગણાય. આ શરીરમાં હું રાજા છું એવું અભિમાન કર્યું. દેહ આપની સેવા માટે છે એવું ભાન ના રહ્યું. આપની મેં પરવા ના કરી અને રથ-હાથી-ઘોડા-પાયદળની બનેલી ચતુરંગિણી સેનાથી ઘેરાયેલો મદોન્મત્ત બનેલો પૃથ્વી ઉપર વિચરતો રહ્યો. (૪૮) નાથ મારી દુર્દશા કયા શબ્દોમાં કહું ?

પ્રમાદીનો પરિચય

प्रमत्तमुच्चैरितिकृत्यचिन्तया प्रवृद्धलोभं विषयेषु लालसम् । त्वमप्रमत्तः सहसाभिपद्यसे क्षुल्लेलिहानोहिरिवाखुमन्तकः ॥ ४९ ॥

હવે આટલાં કાર્યો કરવાનાં છે અને આટલાં થયાં આવા પ્રકારની જ વિચારધારાથી ઘેરાયેલ કર્તવ્યોની ચિંતામાં પાગલ બની બનેલા, ઉત્તરોત્તર વધતા જતા લોભવાળા, અને વિષયસુખોની લાલસાઓવાળા આ ત્રિદોષમાં સપડાયેલ મનુષ્યને ભૂખ્યો થયેલો સર્પ જેમ ઊંદરને પકડી લે તે રીતે આપનું જ સ્વરૂપ ગણાતો કાલ ઉપર કહેલા ત્રિદોષના રોગી પ્રમાદી જીવને પકડી લે છે. (૪૯) પરવારી સહુ કાર્યથી, કોઈ મૃત્યુ ન પામ્યો જંત, આ કીધું, આ કરવું છે, એમ કરતાં આવશે અન્ત, અન્ત આવશે હરિ ક્યારે ગાશે ! ચેત ચેત નહિ તો પસ્તાશે. મૃત્યુ ન આવે કાનમાં કહીને જશે ઓચિંતુ અંધારું થઈને રહેશે, સેવો શ્રી ભગવાન્ ! પ્રથમ એકવાર સોને મઢેલા અને સોનાના સાજે સજેલા રથ અને હાથીઓ ઉપર સવારી કરનાર તેમજ જેને લોકો ''નરદેવ'' કહે છે તે જ દેહને એનો પ્રતિકૂલ અને આખર કાલ આવે છે ત્યારે પશુ ખાઈ જતાં મલ-વિષ્ઠા બની જશે, સડી જતાં કીડા પડી જશે અને બળી જતાં ભસ્મ બની જશે. આ દેહમાં કેટલી મમતા ? (૫૦) હે ભગવાન ! વીર પુરુષોની કરુણ કહાની કહેતાં સંકોચ થાય છે કે વીર પુરુષોએ દશે દિશાઓનાં ચક્રોને જીતી લીધાં એ યુદ્ધનો અંત આણી દીધો એવા વીર પુરુષો, તેમજ પોતાની સરખી હરોળના વીર રાજાઓ પણ જેમને નમે છે, અને અત્યંત ઉત્તમ સિંહાસન ઉપર બિરાજે છે એવા પ્રચંડ વીર પુરુષોને જ્યારે સંસાર-ક્રીડા સુખમાં રતિસુખમાં રમણ કરતા સ્ત્રીજનોના રમવાના માંકડા જેવા બની જાય છે. (૫૧) મુચુકુન્દ રાજા ભગવાનને નિવેદન કરતાં કહેવા લાગ્યા કે તપસ્વી પુરુષ તપશ્ચર્યાથી મેળવેલા ભોગનો ત્યાગ કરી- દાનપુણ્ય કરીને પોતાને જ સમ્પત્તિ કે રાજ્ય મળ્યાં હતાં તેથી અધિક સમ્પત્તિ મેળવવા માટે તેમજ આથી અધિક તપશ્ચર્યા કરી આથી અધિક સમૃદ્ધિવાળા ''સ્વરાટ્'' પદને એટલે ''સ્વારાજ્યને'' પામું આવું વિચારીને જો તે તપશ્ચર્યાઓમાં નિષ્ઠા રાખીને તપ આચરે છે તો

પણ તે સર્વ ફલ કર્મમાં જ મળવાનાં હોવાથી પૂર્ણ નહીં હોય, ક્ષીણ થવાનાં જ અને ઉત્તરોત્તર તૃષ્ણા વધવાની, પરંતુ તે સુખ આપનાર નહીં જ થાય. (૫૨) આ સંસારના બંધનમાંથી જ્યારે ભગવાનની ઈચ્છાથી જીવ છૂટવાનો થાય છે ત્યારે હે અચ્યુતા તેને સત્પુરુષોનો પરમ ભગવદીય જનોના સમાગમના પરિણામ રૂપે કાલના કર્મ વગેરેના સ્વામી એવા ભગવાનમાં ભગવત્સ્વરૂપમાં-ભગવત્સેવામાં બુદ્ધિ સ્થિર થાય છે. (૫૩) નાથ ! નિશ્ચિત વાત કહું છું કે એકાએક મારું રાજ્યબંધન સ્વતઃ છૂટી ગયું. તે કેવલ મારા ઉપર આપનો જ અનુગ્રહ થયેલ છે. ભગવાન્ ! અખિલ ભૂમંડલના ચક્રવર્તીઓ સાધુવૃત્તિ ધરાવતા અને એકાકી જીવન જીવવા વનમાં પ્રવેશ કરવાની કામના સેવતા કેવલ પ્રાર્થના જ કરે છે પરંતુ અમલમાં મૂકી શકતા નથી. (૫૪)

न कामयेहं तव पादसेवनादकिं चनप्रार्थ्यतमाद् वरं विभो ।
आराध्य कस्त्वां ह्यपवर्गदं हरे-वृणीत आर्यो वरमात्मबन्धनम् ॥ ५५ ॥

હે વિભુ ! આપના શ્રીચરણના અનન્ય અનુરાગી અકિંચન ભક્તો કેવલ આપના ચરણકમલની સેવાની જ વરદાન તરીકે પ્રાર્થના કરે છે. મને પણ એ જ વાસ્તવિક લાગે છે તેથી આપના ચરણારવિંદોની સેવા વિના અન્ય કોઈ વરદાન નથી વાંછતો. હે હરે ! કોઈ પણ આર્યજન મોક્ષનું દાન કરનાર પ્રભુ આપની આરાધના કરીને આત્માને બંધનમાં નાખનારી વસ્તુઓનાં વરદાનો માગે ? (૫૫) હે ઈશ ! માટે રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણના બંધનવાળી કામનાઓનો સર્વ પ્રકારે ત્યાગ કરીને નિરંજન, નિર્ગુણ, અદ્વય, જ્ઞાનસ્વરૂપ, પરમપુરુષ આપને શરણે આવું છું. (૫૬) હે ભગવાન્ ! ચિરકાલથી આ સંસારમાં વિવિધ દુઃખોથી દુઃખી છું, તેમજ પોતાના કરેલા પશ્ચાત્તાપોથી તપી રહ્યો છું. મન સાથે છ ઈન્દ્રિયોની તૃષ્ણા હજી શમી નથી-ટળી નથી, ત્યાં હે શરણાગતવત્સલ આપના શ્રીચરણકમલોમાં આવીને રહ્યો છું જેથી મહા પ્રયાસે કંઈક શાંતિ મળી છે તો હવે પ્રભુ શરણે આવેલ આપના સેવકની રક્ષા કરો. કારણ કે આપનાં ચરણકમલ અભય-અશોક અને અમૃત આપનારા છે. (૫૭)

છ શ્લોકોમાં ભગવાને મુચુકુન્દ રાજાને આપેલ અભયદાન

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ચક્રવર્તી ! હે પરમ ભાગ્યવાન ! હે બડભાગી ! આપની મતિ અત્યંત નિર્મલ છે તેમજ અત્યંત ઉત્તમ છે. કારણ કે વરદાનો આપવાની લાલચે લલચાવા છતાં તમારી મતિ અવિચલ રહી અને કામનાઓથી ડગી નહીં. (૫૮) રાજન્ ! મેં જે વરદાનો આપી તમને લોભાવાનો પ્રયત્ન કર્યો પરંતુ તમે તે પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છો તેમજ ભવિષ્યમાં તમને પ્રમાદ ના થાય એ માટે છે. મારા જે અનન્ય ભક્તો છે-એકાન્તિક ભક્તો છે તેમની મતિ કદી પણ વરદાનોથી વિચલિત નથી થતી તેમજ ચરણોમાંથી હટતી નથી. (૫૯) રાજન્ ! જે લોકો મારા ભક્તો નથી તે સાધકો પ્રાણાયામ આદિ યોગ દ્વારા મનનો મારા સ્વરૂપમાં નિરોધ કરવા ચાહે તો પણ ફરી ફરીને તે વાસનાઓમાં ફસાય છે. કારણ કે તેની વાસનાઓ પૂર્ણ પ્રમાણમાં નાશ નથી પામી તો મન સ્થિર નથી થતું. (૬૦) હવે રાજન્ ! એક કામ કરો ! મનને મારામાં લગાવી દો, ત્યારબાદ આપ ઈચ્છાનુસાર આ ભૂમિ ઉપર વિચરણ કરો. રાજન્ ! આપની મારામાં નિત્ય અવિચલ ભક્તિ રહેશે. (૬૧) વળી રાજન્ ! બીજું એક કાર્ય કરો. તમે ક્ષત્રિય હતા અને રાજા હતા. તમે ક્ષાત્ર ધર્મને અનુસરીને મૃગયા રમતા જીવોનો વધ કર્યો છે. આ કરેલી હિંસાથી જે પાપો ઉત્પન્ન થયાં છે તે સર્વ પાપો તપશ્ચર્યા કરી એકાગ્રચિત્ત બની મારો આશ્રય લઈને નષ્ટ કરો. (૬૨) રાજન્ ! બીજા જન્મમાં તમે પ્રાણી માત્રના મિત્ર-સુહૃદ એવા ઉત્તમ બ્રાહ્મણ દેહને પામશો એટલું જ નહીં પણ તમે કેવલ મને જ પામશો. (૬૩)

जन्मन्यन्तरे राजन् सर्वभूतसुहृत्तमः-भूत्वा द्विजवरस्त्वं वै मामुपैष्यसि केवलम् ॥ ६३ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં રાજસ પ્રકરણના સાધન પ્રકરણમાં "વીર્ય" લીલાનું વર્ણન કરતો ૫૧મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૫૨ મો

(આ અધ્યાયમાં ભગવાનના 'યશ' નામના ધર્મનું વર્ણન આવશે. આ અધ્યાયમાં ૪૪ શ્લોકો છે. મુચુકુન્દની વિદાય અને

રુકિમણીજીના વિવાહનાં પગરણ વર્ણવ્યાં છે. રુકિમણીજીનો ગાન્ધર્વ, રાક્ષસ અને વૈદિક વિધિ દ્વારા વિવાહ થયો છે એવી કથા વર્ણવી છે.)

મુચુકુન્દ મહારાજનું પ્રસ્થાન

श्रीशुक उवाच-इत्थं सोनुगृहीतोङ्ग कृष्णेनेक्ष्वाकुनन्दनः । तं परिक्रम्य संनम्य निश्चक्राम गुहामुखात् ॥ १ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! હે અંગ ! ભગવાન શ્રીકૃષ્ણે ભક્ત ઈક્ષ્વાકુ રાજાના કુલને આનંદ આપનારા ભગવદીય મુચુકુન્દ રાજા ઉપર પૂર્ણ કૃપા વરસાવી. ત્યારે તે સમયે ભગવાનનાં શ્રીચરણોમાં સાષ્ટાંગ પ્રણામ તેમજ પરિક્રમા કરીને રાજા ગુફામાંથી બહાર આવ્યા. (૧) મુચુકુન્દ રાજાએ બહાર આવતાં જગત ઉપર નજર કરી તો, મનુષ્ય પશુ-વૃક્ષ-લતાઓ-વનસ્પતિઓ વગેરેને ખૂબ જ ક્ષુલ્લક એટલે શરીરબલ, કદ, સ્વભાવ વગેરેથી ક્ષીણ થયેલાં જોયાં, તેથી મુકુચુકુન્દ સમજી શક્યા કે કલિયુગ આવી ગયેલ છે. માટે મુચુકુન્દ રાજા ઉત્તર દિશામાં ચાલ્યા ગયા. (૨) તપસ્વી મુચુકુન્દ રાજાએ સર્વઈન્દ્રિય ઉપર સંયમ અને શ્રદ્ધા સમ્પાદન કરીને નિઃસંગ બની, ધૈર્યસમ્પન્ન થઈ સર્વ પ્રકારની સંયમજાળમાંથી મુક્ત થઈને ભગવાનમાં સારી રીતે મન પરોવીને ગંધમાદન પર્વતમાં પ્રવેશ કર્યો. (૩) મુચુકુન્દ રાજા બદરીકાશ્રમમાં ગયા. ત્યાં શ્રીનારાયણ ભગવાનના પવિત્ર પ્રદેશમાં સુખ-દુઃખ, શીત-ગરમી સર્વ પ્રકારનાં ને સહન કરીને શાંત ચિત્ત થઈને તપશ્ચર્યા કરતાં શ્રીહરિ ભગવાનની, પ્રાપ્તિ માટે આરાધના આરંભી દીધી. (૪) બીજી બાજુ ભગવાન શ્રીકૃષ્ણે ધવલપુરની ગુફામાંથી બહાર પધારી કાલયવનની સેવાથી ઘેરાયેલી મથુરાપુરી ઉપર આવી પહોંચીને સમગ્ર મ્લેચ્છ સેનાનો નાશ કરીને કાલયવને દેશોને જીતીને આણેલા તેમજ મૃત્યુ પામેલા રાજાઓના રત્ન મુકુટાદિ ધનને લઈને દ્વારકા તરફ પ્રસ્થાન કર્યું. (૫)

વિવેકસમ્પન્ન ભગવાન શ્રીકૃષ્ણ

ધર્મ અને નીતિનો નિયમ છે યુદ્ધમાં હારેલ અને મરેલા રાજાના રણસંગ્રામમાં પડેલું ધન જીતનાર રાજાનું મનાય માટે રાજાએ લઈ જવું જોઈએ આ એક નીતિનો નિયમ અને બીજી બાજુ યવનનું અનર્થ કરનારું ધન લઈ જનારના સ્વજન-પ્રજાજન ભોગવે તો તેમનું અમંગલ થાય આ વિચારે ભગવાનને ધન રસ્તામાં મૂકી દેવું કે દ્વારિકામાં લઈ જવું આ બન્ને ઉચિત લાગ્યું ત્યારે રસ્તામાંથી જ આ ધન અન્યય ભલે જાય એમ વિચારીને બુદ્ધિપ્રેરક ભગવાને જરાસંધને મથુરા ઉપર આક્રમણ કરવાની બુદ્ધિ પેદા કરી અને જરાસંધ ચઢી આવ્યો એ કથા-પ્રસંગ આરંભ્યો. જ્યારે ભગવાનની પ્રેરણાથી માલવાહીઓ તેમજ પોઠિયાઓ ઉપર ધન ચઠાવીને દ્વારિકા તરફ જઈ રહ્યા હતા ત્યારે અચ્યુત ભગવાને પ્રેરેલ જરાસંધ ત્રેવીશ અક્ષૌહિણી સેનાઓ લઈને ચડી આવ્યો. (૬) શ્રીબલભદ્રજીએ અને શ્રીકૃષ્ણ ભગવાને ભારે સૈન્ય સાથે ધસી આવતા વેગીલા જરાસંધને આવતો જોયો ત્યારે રાજન્ પરીક્ષિત ! મનુષ્ય જેવી લીલા કરતાં બન્ને ભાઈઓ જલદી ભાગી જવા લાગ્યા. (૭) અઢળક મળેલ ધનને ત્યજીને નિર્ભય શ્રીકૃષ્ણ અને શ્રીબલભદ્રજી મનુષ્ય ચરિત્રનું અનુકરણ કરતા જાણે ભયભીત ના થઈ ગયા હોયને શું ? એ રીતે કમલ સમાન ચરણકમલોથી અનેક યોજનો દૂર નીકળી ગયા. (૮) આ રીતે બન્ને ભાઈઓને દૂર ભાગી જતા જોઈ જરાસંધ હસવા લાગ્યો કે કેવા ડરીને નાઠા ! એમ ફુલાતો પોતાની સેનાની સાથે વીજળી વેગે ગમન કરે તેવા રથમાં બેસીને બન્નેની પાછળ પાછળ દોડ્યો. પરંતુ બિચારા જરાસંધને આ બન્ને ભાઈઓની કેવી અમોઘ શક્તિ છે તેનું ભાન ક્યાંથી હોય ? (૯) હવે બલભદ્રજી અને શ્રીકૃષ્ણ ઘણે દૂર દોડ્યા તેથી જાણે ખરેખર થાકી ગયા, તેવો દેખાવ કરતા શ્રીકૃષ્ણ-ભલભદ્ર બચવા માટે ઊંચામાં ઊંચા પ્રવર્ષન પર્વત ઉપર ચઢી ગયા, જ્યાં ભગવાન સ્વયં વર્ષાસ્વરૂપે વર્ષા કર્યા કરે છે. (૧૦) રાજન્ ! બન્ને ભાઈઓને પ્રવર્ષણ પર્વતમાં છુપાયેલા જાણીને તેમજ પર્વતથી આગળ પૃથ્વી ઉપર પગલાં નથી દેખાતાં એવું સમજીને પર્વતની ચારેબાજુએ આગ સળગાવી દીધી જેથી પ્રવર્ષણ પર્વત આગથી સળગવા લાગ્યો. (૧૧) જ્યારે પ્રવર્ષણ પર્વતની ચારે બાજુ આગથી પર્વતના ચારે બાજુના પ્રાન્ત પ્રદેશો સળગવા લાગ્યા ત્યારે બન્ને ભાઈઓએ ચુંવાલીશ ગાઉ એટલે અગિયાર યોજનની છલાંગ લગાવી પર્વતથી દૂર પૃથ્વી ઉપર ઊતર્યા. (૧૨) હે રાજન્ ! યદુકુલનાથ શ્રીકૃષ્ણ અને શ્રીબલભદ્રજી એમ બન્નેને

શત્રુઓએ જોયા નહીં એવી રીતે સમુદ્રની ચારેબાજુ ખાઈવાળી પોતાની દ્વારિકા નગરીમાં પોતાના અનુચરો સાથે પધાર્યા. (૧૩) જરાસંધ પણ બન્ને ભાઈઓને બળી ગયેલા માની લઈને પોતાના વિશાળ સૈન્યને ખેંચતો માગધ દેશમાં ચાલ્યો ગયો. (૧૪)

વિવાહ મંગલવિધિ : શ્રીબલભદ્રજીનું લગ્ન અને શ્રીરુકિમણીજીનો પત્ર

આનર્ત રાજાના નામ ઉપરથી આનર્ત દેશ નામ પડ્યું હતું. આ દેશ દ્વારિકાની સમીપના દેશનું નામ છે. આ દેશના શ્રીમાન રૈવત નામના રાજા હતા. આ રાજા અમર હતા. તેમની રેવતી નામની કન્યાને બ્રહ્માજીની સૂચના પ્રમાણે શ્રીબલભદ્રજીને પરણાવી હતી. રાજન્ ! આ કથા આગળ નવમ સ્કંધમાં આપને સંભળાવી છે. (૧૫) હે કુરુવંશના વેલાને વધારનારા રાજા પરીક્ષિત ! લક્ષ્મીજીનું સ્વરૂપ અને વિદર્ભાધિપતિ ભીષ્મક રાજકુમારી શ્રીરુકિમણીને ભગવાન શ્રીકૃષ્ણ સ્વયંવરમાંથી હરી લાવ્યા હતા. (૧૬) આ પ્રસંગે શિશુપાલ અને શિશુપાલના પક્ષકાર શાલ્વ વગેરે રાજાઓનો વધ કરીને, ગરુડજી જેમ સુધાકલશને લઈ આવે તે જ પ્રકારે સર્વ લોકોની સામેજ શ્રીરુકિમણીજીને લાવ્યા હતા. (૧૭) પરીક્ષિત રાજાએ પૂછ્યું કે મહારાજ સુંદર મુખવાળી શ્રીભીષ્મકરાજકુમારી શ્રીરુકિમણીજીને ભગવાન રાક્ષસ વિવાહ વિધિથી પરણ્યા એવી કથા સાંભળી છે. (૧૮) તો ભગવાન્ ! આ વાતનો સ્ફોટ કરવા કૃપા કરો કે અમાપ તેજવાળા ભગવાન શ્રીકૃષ્ણે માગધ, શાલ્વ વગેરે રાજાઓને જીતીને જે રીતે શ્રીરુકિમણીજીને લઈ આવ્યા તે પ્રસંગ સાંભળવાની ઈચ્છા છે. (૧૯) હે બ્રહ્મવિદ શ્રીશુકાચાર્યજી ! ભગવાન શ્રીકૃષ્ણની કથાઓ પુણ્યમયી છે, મધુર છે તેમજ સર્વ લોકના સર્વ મલોનો નાશ કરનારી છે તેમજ નિત્ય નવીન છે. જે કોઈ પણ કથાનું શ્રવણ કરી તેના રહસ્યને જાણી લે છે તેને તો સાંભળતાં તૃપ્તિ થતી નથી. વાત પણ સાચી છે કે રસજ્ઞ પુરુષ હરિકથા-રસપાન કરતાં કદી પણ તૃપ્ત થશે નહી. (૨૦)

ભગવાન શંકરનો અવતાર ભીષ્મક રાજા

श्रीशुक उवाच-राजाऽऽसीद् भीष्मको नाम विदर्भाधिपतर्मिहान् । तस्य पञ्चाभवन् पुत्राः कन्यैका च वरानना ॥२१॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! પૂર્વ એકતાળીસ ગુણોથી અલંકૃત વિદર્ભદેશના ભીષ્મક નામના ખ્યાતનામ રાજા ભીષ્મકજીને પાંચ પુત્રો હતા તેમજ સુંદરમુખી એક કન્યા હતી. આ પાંચ પુત્રોમાં સર્વથી જ્યેષ્ઠ પુંત્રનું નામ રુકમી હતું. ત્યારબાદ રુકમરથ, રુકમબાહુ, રુકમકેશ અને રુકમમાલી બીજા પુત્રોનાં નામ હતાં અને આ પાંચે ભાઈઓને રુકિમણી નામની બહેન હતી. રાજા ભીષ્મકને ત્યાં વિદ્વાન વ્યાસો ને સંતો પધારતા અને હરિકથાઓ સંભળાવતા હતા. તેમના મુખેથી રુકિમણીજી પોતાને યોગ્ય પત્ની છે એમ માનીને રુકિમણીજી એ પરસ્પરમાં પાંચ ગુણો જોઈને પરસ્પરને પરણાવાનો નિર્ણય કરી લીધો હતો ત્યારે અન્ય ચાર ભાઈઓ પણ બહેન રુકિમણીને ભગવાન શ્રીકૃષ્ણને જ આપવા ચાહતા હતા પરંતુ ભગવાન શ્રીકૃષ્ણમાં વૈરબુદ્ધિવાળા રુકમીએ સર્વને શિશુપાલ યોગ્ય છે એમ કબૂલાવી શિશુપાલને આપવાનો વિચાર કર્યો હતો. જ્યારે શ્રીરુકિમણીજીએ આ વાત જાણી ત્યારે શ્યામ કટાક્ષવાળાં શ્રીરુકિમણીજી ખૂબ જ ઉદાસ થઈ ગયાં અન્તે મનમાં વિચારીને વિશ્વાસપાત્ર શ્રીસુદેવ વિપ્રને ભગવાન વાસુદેવ પાસે સંદેશો આપી શીઘ્ર મોકલ્યા. (૨૨,૨૬)

શ્રીસુદેવજીનું દ્વારિકા તરફ પ્રસ્થાન અને વાસુદેવ તરફથી સ્વાગત

શ્રીસુદેવજી સંદેશો લઈને દ્વારિકાજી પધાર્યા અને દારપાલો મહારાજ સુદેવજીને રાજભવનમાં લઈ ગયા. રાજભવનમાં સુવર્ણના સિંહાસને બિરાજેલા આદ્યપુરુષ શ્રીદ્વારિકાથનાં દર્શન કર્યાં. બ્રહ્મણ્યદેવ ભગવાન વિપ્રોને દેવ માનતા હતા. તેઓશ્રીએ સુદેવઋષિને જોયા અને એકાએક સિંહાસન ઉપરથી નીચે પધાર્યા અને વિપ્રોને દેવ માનતા હતા. તેઓશ્રીએ સુદેવઋષિને જોયા અને એકાએક સિંહાસન ઉપરથી નીચે પધાર્યા અને વિપ્રનો કરકમલ પકડી પોતાના આસન ઉપર પધરાવી ચરણાર્ચન કરવા લાગ્યા. જેમ દેવ લોકો ભગવાનનાં અર્ચન કરે છે, તે પ્રકારે ભગવાને વિપ્રવરનાં અર્ચન કર્યાં. પુનઃ વિશ્રામ કરાવી વિપ્રર્ષિને ભગવાને ભોજન કરાવ્યાં-મહાપ્રસાદ લેવરાવ્યો. ત્યાર બાદ માર્ગની થકાવટ દૂર થઈ ત્યારે સંતોના સ્વામી અને સંતોને મેળવવા યોગ્ય ભગવાન શ્રીકૃષ્ણ વિપ્રવરની સમીપ પધાર્યા

અને પોતાના કરકમલથી શ્રીસુદેવજીનાં ચરણ ચાંપતા ધૈર્યપૂર્વક પ્રશ્ન કરવા લાગ્યા. (૨૭-૨૯)

પૂર્ણ પુરુષોત્તમે પુણ્યપુરુષ સુદેવજીને પૂછેલ પુરુષાર્થની કુશળતા

कच्चिद् दि्वजवरश्रेष्ठ धर्मस्ते वृद्धसम्मतः । वर्तते नातिकृच्छ्रेण संतुष्टमनसः सदा ॥३०॥
संतुष्टो यर्हि वर्तेत ब्राह्मणो येन केनचित् । महीयमानः स्वाद् धर्मात् स ह्यस्याखिलकामधुक् ॥३१॥
असंतुष्टोऽसकृल्लोकानाप्नोत्यपि सुरेश्वरः । अकिंचनोऽपि संतुष्टः शेते सर्वाङ्गविज्वरः ॥३२॥
विप्रान् स्वलाभसंतुष्टान् साधून् भूपसुहृत्तमान् । निरहंकारिणः शान्तान् नमस्ये शिरसासकृत् ॥33॥
कच्चिद् वः कुशलं ब्रह्मन् राजतो यस्य हि प्रजाः । सुखं वसन्ति विषये पाल्यमानाः स मे प्रियः ॥३४॥
यतस्त्वमागतो दुर्गं निस्तीर्येह यदिच्छया । सर्व नो ब्रूह्यगुह्यं चेत् किं कार्यं करवाम ते ॥३५॥
एवं संपृष्टसम्प्रश्नो ब्राह्मणः परमेष्ठिना । लीलागृहीतदेहेन तस्मै सर्वमवर्णयत् ॥३६॥

વિનયી ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજી કહેવા લાગ્યા કે દ્વિજવરોમાં-ઉત્તમ દ્વિજોમાં પણ અત્યંત ઉત્તમ દેવર્ષિ ! વૃદ્ધ વડીલજનોએ સદા માનેલા આચરેલા ધર્મ ઉપર આપ ચાલો છો. મહારાજ ! આપને આપના ધર્મોના અનુષ્ઠાનમાં કોઈ પણ પ્રકારની આડખીલીઓ નથી આવતીને ? સદા સંતોષયુક્ત મનથી આપ આર્યધર્મમાં પ્રવૃત્ત રહો છો ને ? પૂર્વ શ્લોકમાં ધર્મની કુશળતા પૂછીને હવે બીજા શ્લોકમાં અર્થની કુશળતા પૂછતાં ભગવાને કહ્યું કે ઋષિવર ! બ્રાહ્મણ તો બ્રહ્મવિદ્ છે. એને તો જે કાંઈ મળે તેમાં સંતોષ રાખવો જોઈએ. જ્યારે બ્રાહ્મણ સંતોષ માટે પોતાના ધર્મથી નથી ડગતો ત્યારે તે વિપ્રર્ષિ માટે સંતોષ સ્વયં કામધેનુ ગાય બની જાય છે. સંભવ છે કે અસંતોષી માનવ કદાચ ઈન્દ્ર બની જાય તો પણ તે કાયમ કલેશોને જ પ્રાપ્ત કરવાનો છે. પરંતુ અકિંચન હોવા છતાં જે સદા સંતોષી છે, તેને કોઈ પણ પ્રકારનો કલેશ નહીં થાય અને સર્વાંગ નિશ્ચિંત થઈને સૂઈ શકે છે. ભગવાન આગળ વધીને વચનસુધા વરસાવતાં કહેવા લાગ્યા કે સ્વલાભસંતોષી-સદાચારી-પ્રાણીમાત્રના પરમ સુહૃદ-અભિમાન રહિત-સદા શાન્ત-અને આશીર્વાદ આપીને સર્વ જનને ભરી દેવોને સમર્થ આવા ષડ્ઐશ્વર્યસમ્પન્ન વિપ્રોને હું નિત્ય વારંવાર નમસ્કાર કરું છું. (૩૦) વિપ્રવર ! આપને રાજ્ય કે રાજા તરફથી પણ કુશળ છે ને ? જે રાજાની પ્રજા પોતાના રાજ્યમાં સુખપૂર્વક રહેતી હોય તેમજ રાજા દ્વારા પ્રજાનું ઉત્તમ રીતે પાલન કરાતું હોય તે રાજા મને અત્યંત પ્રિય લાગે છે. (૩૩,૩૪) આપ મોટા દુર્ગને પાર કરી આટલો શ્રમ લઈને અહીં પધાર્યા છો તો આપ જે કારણથી પધાર્યા હોય તેમજ તે કારણ ગુપ્ત ન હોય તો આપ વિના સંકોચે કહો તો આપનું એ કાર્ય અમે અવશ્ય કરશું. લીલાવિગ્રહધારી ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે આ પ્રકારે સુદેવ મહર્ષિને આવો પ્રશ્ન કર્યો ત્યારે સુદેવજીએ ભગવાન વાસુદેવજીનો સર્વ પ્રસંગ વર્ણવી સંભળાવ્યો. (૩૫,૩૬)

ભગવાન શ્રીકૃષ્ણના પાદપદ્મમાં શ્રીરુકિમણીજીની સપ્તપદી

रूक्मिण्युवाच-श्रुत्वा गुणान् गुणान् भुवनसुन्दर श्रृण्वतां ते-निर्विश्य कर्णविवरैर्हरतोऽङ्गतापम् ॥
रूपं दृशां दृशिमतामखिलार्थलाभं-त्वय्यच्युताविशति चित्तमपत्रपं मे ॥३७॥

હે ત્રિભુવનસુંદર નાથ ! આપના ગુણોની એક ખૂબી છે કે શ્રવણ કરનાર વ્યક્તિના કર્ણ દ્વારોમાંથી હૃદયમાં પ્રવેશીને અંગોના સંતાપોને દૂર કરી દેનારા આપના ગુણોના શ્રવણથી, તેમજ ભગવાનને દીધેલાં નેત્રવાળા ભક્તજનના નેત્રોના સર્વ પ્રકારના પુરુષાર્થને આપના સ્વરૂપ માધુર્યના શ્રવણથી હે અચ્યુત પ્રભો ! મારું ચિત્ત લજ્જાને નેવે મૂકીને આપના સ્વરૂપમાં પ્રવેશ કરે છે. (૩૭)

का त्वा मुकुन्द महती कुलशीलरूप-विद्या-वयो-द्रविण-धाममिरात्मतुल्यम् ।
धीरा पति कुलवती न वृणीत कन्या-काले नृसिंह नरलोकमनोभिरामम् ॥३८॥

હે મુકુન્દ ! કુલીન, ખ્યાતનામ અને ધીરજવાળી એવી કઈ કન્યા હશે કે જે "કુલ-રૂપ-શીલ-વિદ્યા-વપુ દ્રવ્ય-ઘર" આ સાત પ્રકારે પોતાના સરખો સ્વામી મળે તેમજ નરલોકમાં મનને આનંદ આપનાર આપને યોગ્ય કાલે કઈ સ્ત્રી પતિ

તરીકે ન વરે ? નાથ કોઈ પણ કન્યા અવશ્ય વરે જ વરે. (૩૮)

तन्मे भवान् खलु वृतः पतिरङ्ज जाया-मात्मर्पितश्च भवतोडत्र विभो विधेहि ॥
मा वीरभागमभिमर्शतु चैद्य आराद्-गोमायुवन्मृगपतेर्बलिमम्बुजाक्ष ॥३९॥

હે અંગ ! હે પ્રિય ભગવાન્ ! મેં તો મનથી આપને મારા પતિ તરીકે સ્વીકાર્યા જ છે અને મારો આત્મા આપને અર્પણ કર્યો છે. તો પછી આપ કુંડીનપુર પધારો અને મને જાયા-પત્ની બનાવો. હે કમલલોચન કૃષ્ણ ! આપ સિંહના ભાગ તરીકે નક્કી થયેલ હું રુકિમણી શિયાળનો શિકાર-ભાગ ન બનું તે ધ્યાન રાખીને મારે આંગણે પધારજો. નાથ ! સિંહના ભાગને શિયાળ સ્પર્શી પણ ન શકે તો ચૈદ્ય મને સ્પર્શી ન શકે તે જો જો. (૩૯)

पूर्तेष्टदत्तनियमव्रतदेवविप्र-गुर्वर्चनादिभिरलं भगवान् परेशः ।
आराधितो यदि गदाग्रज एत्य पाणिं-गृह्णातु मे न दमघोष सुतादयोन्ये ॥४०॥

હે પ્રભો ! કૂવા-વાવ-તળાવ આદિ બનાવ્યાં હોય, યજ્ઞયાગાદિ કર્યા હોય, દાન દીધાં હોય, નિયમ-વ્રતનાં પાલન કર્યાં હોય, દેવ-વિપ્ર-ગુરુ વગેરેનાં અર્ચન આચર્યાં હોય, અને સર્વ સાધનો દ્વારા ભગવાનની જો આરાધના કરી હોય તો આ સર્વ સત્કર્મના ફલ સ્વરૂપે આપ પધારી મારું પાણિગ્રહણ એવી રીતે કરો કે જેથી દમઘોષનો દીકરો શિશુપાલ કે એના જેવા કોઈ ક્ષુદ્ર મને લઈ ના શકે. (૪૦)

श्वोभाविनि त्वमजितोद्वहने विदर्भान्-गुप्तः समेत्य पृतनापतिभिः परीतः ।
निर्मथ्य चैद्यमगधेश बलं प्रसह्य-मां राक्षसेन विधिनोद्वह वीर्यशुक्लाम् ॥४१॥

હે અજિત ! આવતી કાલે મારો વિવાહ થવાનો છે. તેથી આપ સેનાપતિઓની સાથે અહીં વિદર્ભ દેશમાં પધારો અને શિશુપાલ-જરાસંધ વગેરેની સેનાને જીતીને આપ વીર્યથી-પરાક્રમથી મને મેળવો એવી વિનંતી છે. ક્ષત્રિય કન્યા વીર્યશુલ્કા કહેવાય છે. એટલે વરવા ચાહનાર વરે વીરતાથી સર્વને વરવાનો ધારો હોય છે, તો આપ આ પ્રમાણે રાક્ષસ વિવાહથી બલાત્કારે મને હરીને મને વરો. (૪૧)

अन्तः पुरान्तरचरीमनिहत्य बन्धूँस्त्वामुद्वहे कथमिति प्रवदाम्युपायम् ।
पूर्वेद्युरस्ति महती कुलदेवियात्रा-यस्यां बहिर्नववधूर्गिरिजामुपेयात् ॥४२॥

નાથ ! આપ કદાચ એમ કહોકે તમે કુમારિકા છો તેથી જનાનામાં તમે રહેલાં હોય તેવી પરિસ્થિતિમાં તમારા બંધુવર્ગને માર્યા વિના કેવી રીતે તમને મેળવવા ? અને કેવી રીતે તમારી સાથે લગ્ન કરવું તો હું આપને એને માટે ઉપાય બતાવું છું કે વિવાને આગલે દિવદેવીના કુલદર્શને જવા માટે શોયાત્રા નીકળશે તેમાં જે નવવધૂ હોય તે ગિરિજાને નમન કરવા જાય છે. આ અમારી કુલરીતિ છે તો તે પ્રમાણે હું જનાનખાનામાંથી બહાર નીકળીશને ! ૪૨

यस्याङिघ्रपङ्कजरजःस्नपनं महान्तो-वाञ्छन्त्युमापतिरिवात्मतमोपहत्यै ।
यर्ह्यम्बुजाक्ष न लभेय भवत्प्रसादं - जह्यामसून् व्रतकृशान् शतजन्मभिः स्यात् ॥४३॥

હે નાથ ! હે કમલલોચન ! આપશ્રીના શ્રીચરણોની રજમાં અવગાહન સ્નાન કરવાની શ્રી ઉમાનનાથ સમાન અન્ય મહાત્માઓ પણ પોતાના મોહાન્ધકારનું નિવારણ કરવાને ચાહે છે. આવાં આપનાં દેવદુર્લભ અને દેવવાંછિત આપના પાદ-પ્રસાદને નહીં પામું તો અન્યને તો નહીં જ વરું અને મારા પ્રાણોને સેંકડો જન્મ પર્યન્ત વ્રત કરીને ત્યજીશ, આત્મહત્યા નહીં કરું. આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવા અને આપનો પ્રસાદ પામવા વ્રત અને તપ આચરીશ. (૪૩) શ્રી સુદેવજીએ કહ્યું કે હે યદુદેવ ! હું આપની પાસે આ પ્રમાણે ગુહ્ય સંદેશો લઈને આવેલ છું હવે આપ વિચાર કરીને આ વિષયમાં ઉચિત લાગે તેમ કરવા કૃપા કરો. (૪૪)

ब्राह्मण उवाच - इत्येते गुह्यसंदेशा यदुदेव मयाहृताः । विमृश्य कर्तुं यच्चात्र क्रियतां तदनन्तरम् ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં રાજસલીલા પ્રમેય પ્રકરણમાં ઐશ્વર્યગુણને વર્ણવતો પ૨ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૫૩ મો

(આ અધ્યાયમાં ૫૭ શ્લોક છે. ભગવાન શ્રીકૃષ્ણ દ્વારિકાથી કુંડિનપુર પધારશે અને પણ બલભદ્રજી સહાયે પધારશે. શ્રીરુક્મિણીજીનો મનોરથ પૂર્ણ કરશે અને દ્વારિકાજી લઈ આવશે. રુકમી સાથે સંગ્રામ થશે અને રુકમીને અભયદાન મળશે.)

श्रीशुक उवाच – वैदर्भ्याः स तु संदेशं निशम्य यदुनन्दनः । प्रगृह्य पाणिना पाणिं प्रहसन्निदमब्रवीत् ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ભગવાન શ્રી યદુનન્દનજીએ રુક્મિણીજીએ મોકલેલા સંદેશને સાંભળ્યો અને મધુર સ્મિત કરીને વિપ્રવર સુદેવજીના કરને કરકમલમાં ગ્રહણ કરી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧) ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે શ્રી સુદેવજી ! રાજકુમારી વૈદર્ભીનું મન જેમ મારામાં પરોવાયું છે એવી જ રીતે મારું પણ મન રુક્મિણીમાં જ આસક્ત બન્યું છે. પરિણામે રાત્રીમાં નિદ્રા નથી આવતી. એ વાત પણ હું જાણું છું કે રુક્મિએ દ્વેષબુદ્ધિથી મારો વિવાહ પણ નિવાર્યો છે. (૨) વિપ્રવર ! કુમારીને કહેજો કે ચિંતા ન કરે. ખલ અને ક્ષુદ્ર રાજાઓનું રણસંગ્રામમાં મંથન કરીને કાષ્ઠમાં કાન્તિમયી અગ્નિની જ્યોતિને જેમ લવાય તેમ શ્રી રુક્મિણીજીને લઈ જઈશ તેમજ મારામાં મન રાખેલ મને સમપર્ણથનાર અને સર્વથ વિશુદ્ધ અંગવાળી રુક્મિણીજીને તેજોમય કરીશ. (૩) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! ભગવાને સુદેવ મહારાજ અભયવચન આપ્યું અને શ્રી મધુસૂદન ભગવાને રુક્મિણીજીના વિવાહ નક્ષત્રને શ્રી સુદેવજીએ મુખથી જાણી લીધું. પુનઃ દારુક સારથિને ભગાવાને આજ્ઞા કરી કે દારુકજી ! આપણા રથને શીઘ્ર સજાવો. (૪)

શૈબ્ય-સુગ્રીવ-મેઘપુષ્પ-બલાહક નામના ચાર અશ્વોના રથમાં મનોરથસિદ્ધિ માટે શ્રીમધુસૂદનનું પ્રસ્થાન

રાજન્ ! ચતુરંગિણી સેનાની ગરજ સારનાર શૈબ્ય નામના અશ્વ, સીતાજીના સમાચાર લાવવાના કાર્યમાં સહાય થવા શ્રીસુગ્રીવ નામના અશ્વ, વૃષ્ટિની માફક સર્વત્ર બાણ વરસાવાને શક્તિમાન મેઘપુષ્પ નામના અશ્વ અને ક્ષણમાં ચઢી આવવાની પ્રકૃતિવાળા મેઘ જેવા બલાહક નામના અશ્વને એમ ચાર અશ્વોને જોતી રથ સજાવીને હાથ જોડી ભગવાનની સન્મુખ આવીને દારુક સારથિ ઊભા રહ્યા. (૫) દ્વારિકાનાથે સૌથી પ્રથમ તે રથમાં સુદેવ મહારાજને પધરાવ્યા અને સ્વયં પણ બિરાજ્યા અને શીઘ્રગામી અશ્વોથી શ્રીહરિ આનર્ત દેશમાંથી વિદર્ભ દેશ કુંડિનપુર નગર એક જ રાત્રીમાં પહોંચ્યા. (૬) જ્યારે કુંડિનપુર રાજા ભીષ્મકે પોતાના પુત્ર રુકમીના મોહને વશ બનીને શિશુપાલને પોતાની પુત્રી પરણાવવાના ઈરાદાથી શિશુપાલના સ્વાગત નિમિત્તે નગરની સજાવટનું કાર્ય શરૂ કરી દીધું હતું. (૭) સૌથી પ્રથમ કુંડિનપુરના રાજમાર્ગો-ગલીઓ-ચોક-ચૌટાં વળાવી, જલ સિંચાવી, સજાવી વિચિત્ર પ્રકારની ધજાઓ તોરણ અને પતાકાઓથી નગરીને સુશોભિત કરી દીધી. (૮) બીજી બાજુ નગરનાં નરનારીઓ, માલાઓ, સુવાસિત પુષ્પો, અલંકારો અને વિશુદ્ધ વસ્ત્રોથી અલંકૃત થઈ રહ્યાં હતાં અને ઘરે ઘરે સુગંધિત અગરના ધૂપ થઈ રહ્યા હતા. (૯) રાજા ભીષ્મકે નાંદીશ્રાદ્ધ, ગણેશપૂજન કર્યા અને વિધિપૂર્વક વિપ્રોનાં પૂજન કર્યાં અને સર્વને યોગ્ય પ્રકારે ભોજન કરાવીને પુનઃ પુણ્યાહવાચન વિધિ કર્યો. (૧૦)

પરિણય સમયની ભીષ્મકપુત્રી રુક્મિણી

ષડ્ગુણસમ્પન્ના શ્રી રુક્મિણીજીની શોભા અપૂર્વ હતી. શ્રી રુમિણીજીને મંગલ સ્નાન કરાવ્યું હતું, દાંત પણ સ્વચ્છ શુદ્ધ અને સુડોળ હતા. પીઠી ચોળી હતી તેમજ હળદર કુમકુમ મંગલ પણ કર્યાં હતાં, નવાં કોરાં હળદરરંગીન બે વસ્ત્રો ધારણ કર્યાં હતાં. સાથે સાથે સુવર્ણ રત્નના અલંકારોથી અલંકૃત કર્યા હતાં. (૧૧) આ અવસરે કુલપૂજ્ય વિપ્રવરોએ સામવેદ, ઋગ્વેદ અને યજુર્વેદની ઋચાઓથી પરિણય-અભિમુખી નવવધૂના રક્ષા વિધિ કરાવ્યો હતો તેમજ અથર્વવેદીજી મહારાજ પાસેથી ગ્રહશાન્તિ વિધિ હોમ સહિત કરાવ્યો હતો. (૧૨) રાજા ભીષ્મક પણ વેદ-યજ્ઞ-શાસ્ત્ર-વિધિના શ્રેષ્ઠ જ્ઞાતા હતા. તેમણે વિદ્વાન ઋષિઓ દ્વારા વિધિ કરાવીને તેઓને સુવર્ણ ચાંદી, વસ્ત્રો, તલપાપડી, ગોળ મિશ્રિત તલ અને તલસાંકળી, તેમજ ગાયોનાં દાન દીધાં. (૧૩) આ પ્રમાણે ચેદિ દેશના રાજા દમઘોષે પણ પોતાના પુત્ર શિશુપાલ માટે મંત્રવેત્તા વિપ્રવરોને નિમંત્રીને વિધિથી પ્રાપ્ત થતા કર્મને કરાવ્યાં, જે કર્મને વર-કન્યાના અથવા લગ્નના અભ્યુદય એટલે સર્વ પ્રકારના ઉદય કાર્ય તરીકે ગણવામાં આવે છે, ત્યારબાદ ઉમંગ ભર્યા મનથી મદ ઝરતા હાથીઓ-સુવર્ણ

સજાવેલા ઘોડાઓ જોડેલા રથો અને પાયદળ સૈનિકોને અને ઘોડાઓથી બરાબર સજ્જ કરેલી ચતુરંગિણી સેનાથી ચારે બાજુથી ઘેરાયેલ વરરાજા શિશુપાલે કુંડિનપુરમાં પ્રવેશ કર્યો. (૧૪) આ અવસરે વિદર્ભનરેશ ભીષ્મકરાજે વર પક્ષનું સામૈયું કર્યું તેમજ પૂજન કર્યું અને જ્યાં જાનને ઉતારો આપવાનું વિચાર્યું હતું તે સ્થાનમાં આનંદપૂર્વક લઈ આવ્યાં. (૧૫) શિશુપાલની જાનમાં શાલ્વ-જરાસંધ-દંતવક્ત્ર-વિદૂરથ-પૌંડ્રક વગેરે શિશુપાલના પક્ષકાર અનેક રાજાઓ આવ્યા હતા. (૧૬) આ બધા જ ભગવાન શ્રીકૃષ્ણ અને બલભદ્રજીના વિરોધીઓ હતા. કૃષ્ણ કોઈ પણ રીતે કન્યાને ન લઈ જાય એટલા માટે તો સર્વ એકત્રિત થઈને આવ્યા હતા. તેઓ શિશુપાલને કન્યા અપાવાના પૂરા પ્રયત્નમાં હતા. જો બલભદ્ર વગેરે યાદવોથી વીંટળાએલ કૃષ્ણ જો કન્યાનું અપહરણ કરી જાય. ૧૭ તો આપણે સર્વ સાથે મળીને સંગ્રામ કરીશું એવા નિશ્ચલ માનસ બની આવ્યા હતા માટે જ સર્વ રાજાઓ પોતાની સમગ્ર સેના અને સમસ્ત વાહનોને લઈ ને આવ્યા હતા. (૧૮)

ભાઈ ભાઈની કુમકે

ભગવાન શ્રીકૃષ્ણે કુંડિનપુર જતાં બલભદ્ર ભાઈને સેના સજાવી સાથે આવવા નિવેદન કીધું ન હતું. પરંતુ શિશુપાલની સહાયે સમસ્ત રાજાઓ દલ-બલ સાથે મળીને આવ્યા છે એવા સમાચાર ફેલાયેલા હોવાથી શ્રીબલભદ્ર ભૈયા-ભાઈ કૃષ્ણ એકલા કન્યાનું અપહરણ કરવા પધારેલ છે એ જાણી અવશ્ય કલહ થશે જ એવી શંકા સેવતા ભાઈના મંગલ સ્નેહથી તરબોળ ચિત્ત થઈને વિપુલ સેનાની સાથે હાથી-ઘોડા-રથ-પાયદળની સાથે વિના વિલંબે કુંડિનપુર પધાર્યા. (૧૯,૨૧) આ તરફ શ્રીકુંડિનપુરનરેશ શ્રીભીષ્મકકુમારી વરારોહા શ્રીરુકિમણીજી શ્રીહરિની વાટ જોઈ રહી હતી. કારણ કે દ્વારિકા મોકલેલા વિપ્રવર સુદેવજી હજી પાછા નથી પધાર્યા તેની ચિંતા કરી રહ્યાં હતાં. (૨૨)

ભક્તજનચિંતામણિ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માટે ચિંતાતુર રાજકુમારી

રુકિમણીજી સચિંત બન્યાં અને વિચારવા લાગ્યાં કે મારા વિવાહને માત્ર એક જ આડી રાત છે. ન તો શ્રીસુદેવજીના કો સમાચાર છે, અરવિંદનેત્ર શ્રીવાસુદેવ હજી સુધી પધાર્યા પણ નથી. મારા અલ્પ પુણ્ય અને મારી અલ્પ-સિદ્ધિઓનું આ પરિણામ હશે ! ગમે તેમ હો પણ કાંઈ કારણ સમજી શકાતું નથી કે નાથ કેમ ના આવ્યા ? (૨૩) નાથ શ્રીકૃષ્ણ તો નિત્ય નિર્દોષ છે. વિશુદ્ધ સ્વરૂપ છે. માનો કે ના માનો પણ મારો કોઈ દોષ અપરાધ-અનુચિત વ્યવહાર પ્રભુની નજરે આવ્યો હોવો જોઈએ. પ્રભુ પ્રથમ તો મારે માટે સંમત હતા પરંતુ હવે મારા પાણિગ્રહણ માટે કેમ પધારતા નથી ! (૨૪) કોઈને દોષ દેવાથી શું ? મારું જ કમભાગ્ય માનું છું કે સાચે બ્રહ્માજી કે મહેશ્વર અનુકૂળ નહીં હોય ! કે પછી શ્રીગિરિજા, સતી, રુદ્રાણી અને દેવી પાર્વતીજી મારા ઉપર રૂઠ્યાં હશે ! (૨૫) શ્રીરુકિમણીજીનું ચિત્ત ભગવાન ગોવિંદમાં જ ખેંચાઈને રહ્યું છે-પરોવાઈ રહ્યું છે. સર્વથા નિર્દોષ બાલા છે. ચિંતાવશ નેત્રમાં અશ્રુ આવી જતાં, નેત્ર બંધ કરી દીધાં. કારણ કે મંગલ પ્રસંગમાં અશ્રુપાત ન કરવો જોઈએ. વળી તે કાલને જાણનારાં હોવાથી મનમાં ખાતરી હતી કે ભગવાન પધારશે એમ વિચારી અશ્રુ નિવારી અમંગલને અટકાવી દીધું. (૨૬) હે નૃપ ! આ પ્રમાણે શ્રીગોવિંદ ભગવાનની પધરામણીની પ્રતીક્ષા કરતાં વધુ થનારાં શ્રીરુકિમણીજીનાં મંગલને સૂચવતાં વામ સાથળ, વામ ભુજા અને વામ નેત્ર એમ ત્રણે અંગો ફરકવા લાગ્યાં. (૨૭)

સુમંગલ વધામણી સાથે સુદેવ વિપ્રવરની ઝાંખી

એટલામાં તો ભગવાન શ્રીકૃષ્ણે મોકલેલા તે શ્રીસુદેવ મુનિજી પધાર્યા અને જનાનામાં બિરાજતાં રાજકુમારી શ્રીરુકિમણીજીએ નિહાળ્યાં. (૨૮) સર્વથા સ્વસ્થ અને પ્રસન્નમુખ શ્રીસુદેવ ઋષિનાં દર્શન થતાં, લક્ષણોને સમજી શકનારાં મન્દ મન્દ સ્મિત કરતાં સતી શ્રીરુકિમણીજી વિપ્રવરને પૂછવા લાગ્યાં. (૨૯) ત્યાં તો પ્રસન્ન વદન સુદેવે નિવેદન કર્યું કે રાજકુમારી પૂર્ણ દલ-બલ સાથે બલભદ્રજી સહિત ભગવાન શ્રીયદુનંદનજી અહીં પધારી ગયા છે, તેઓએ મંગલ સમાચાર પાઠવ્યા છે કે આપ ચિંતા ન કરો પોતે આપનું પાણિ ગ્રહણ કરશે તેમજ આપને સાથે જ પધરાવી લઈ જશે. આ વાત ખૂબ જ દઢતાથી સત્ય વચન કહ્યાં છે માત્ર હસવામાં નથી કહ્યાં. (૩૦) શ્રીરુકિમણીજી

પણ ઉપકાર ભાર પરવશ બન્યાં. ભગવાન શ્રીકૃષ્ણને સુદેવજી પધરાવી લાવ્યા જાણીને પ્રસન્ન થયેલાં રુક્મિણીજીએ પ્રમાણથી વધુ ઉત્તમ ભેટ શું હોય એમ સમજીને કાંઈ અન્ય વસ્તુ ના આપતાં માત્ર નમસ્કાર જ કર્યા. (૩૧)

શ્રીરુક્મિણીપ્રિયવર યદુવર શ્રીમધુસૂદનજીને મધુપર્ક

प्राप्तौ श्रुत्वा स्वदुहितुरुद्वाहप्रेक्षणोत्सुकौ । अभ्ययात्तूर्णघोषेण रामकृष्णौ समर्हणैः ॥३२॥

मधुपर्कमुपानीय वासांसि विरजानि सः । उपायनान्यभीष्टाभिविधिवत् समपूजयत् ॥३३॥

ततो निवेशनं श्रीमदुपलप्य महामतिः । ससैन्ययोः सानुगयोरातिथ्यं विदधे यथा ॥३४॥

રાજન્ ! પુણ્યશાળીને પદાર્થો શોધવા જવા નથી પડતા. પરંતુ પ્રત્યેક સુખો સન્મુખ આવે છે. ભગવાન શ્રીકૃષ્ણને અને બલભદ્રજીને કુંડિનપુર પધારેલા જાણીને ભક્તહૃદય ભીષ્મકરાજે ભ્રાન્તિ ફેલાવતી વાત વહેતી મૂકી સગાઈને નાતે દ્વારિકાનાથ અને બલભદ્રજી અમારા નિમંત્રણને માન આપી કન્યાના લગ્નનો આનંદ માણવા કુંડિનપુર પધાર્યા છે માટે ચાલો સ્વાગતે, એમ કહીને વાજિંત્રઘોષ કરતા મધુપર્કની સામગ્રી, શુદ્ધ વસ્ત્રો, ભેટ સામગ્રી વગેરે લઈ મધુપર્ક કરવા પધાર્યા. અને વિધિપૂર્વક સેવા-પૂજન કરી અને શ્રીહરિના શ્રીચરણોમાં અભીષ્ટ ભેટ આપી દીધી. (૩૨,૩૩) પુનઃ ભીષ્મકનરેશે પ્રભુજી અને બલભદ્રજી માટે ઉતારાનો રાજભવનની સમીપમાં જ પ્રબંધ કર્યો. તેમજ સાથે આવેલ સેના, સેનાપતિ અને અન્ય સર્વનું આતિથ્ય કરી ભેટ ધરી, અલગ ઉતારાનો પ્રબંધ કર્યો. (૩૪) આ પ્રમાણે ભીષ્મક રાજાએ પધારેલા સર્વ અતિથિઓની સેનાના પ્રમાણે, પરાક્રમના પ્રમાણે, આયુષ્યના પ્રમાણે અને સમ્પત્તિના પ્રમાણમાં સર્વ પ્રકારે યથાયોગ્ય કામના પૂર્ણ થાય તેવો સત્કાર કર્યો. (૩૫) વિદર્ભપુરવાસીઓને મંગલ વધામણી મળી કે યદુનાથ શ્રીકૃષ્ણ પધાર્યા છે. તેઓ આનંદમગ્ન બન્યા અને શ્રીશ્યામસુંદરજી મુખકમલ માધુર્યનાં પોતાની નેત્ર અંજલિઓ ભરી ભરી પાન કરવા લાગ્યાં. (૩૬) પ્રત્યેક પુરજને મનોરથ કર્યો કે આપણાં શ્રી રુક્મિણીજી આ શ્રીકૃષ્ણનાં જ પત્ની થવા યોગ્ય છે. કોઈ પણ અંન્ય પુરુષના નહીં. તેમજ શ્રીકૃષ્ણ માટે આજ કન્યા યોગ્ય છે. બીજી કોઈ પણ કન્યા નહીં. કેવા નિર્દોષ અને દિવ્ય પુરુષ છે ! ભીષ્મકકન્યા રુક્મિણી માટે આ કૃષ્ણ ઉત્તમ પતિ તરીકે યોગ્ય છે. (૩૭)

ભક્તહૃદયોનાં સમપર્ણ અને દેવીનું પ્રસ્થાન

किञ्चित् सुचरितं यन्नस्तेन तुष्टास्मि लोककृत् । अनुगृह्णातु वैदर्भ्याः पाणिमच्युतः ॥३८॥

एवं प्रेमकलाबद्धा वदन्ति स्म पुरौकसः । कन्या चान्तःपुरात् प्रागाद् भटैर्गुप्तांबिकालयम् ॥३९॥

અમે જે કાંઈ પુણ્યો છે, જે કાંઈ સુકૃતો છે તે પ્રભુ આપને ચરણે ધરીએ છીએ. ત્રણ લોકના રચૈયા આપ એ સુકૃતથી પ્રસન્ન થાઓ અને અનુગ્રહ કરી અમારી વૈદર્ભી રુક્મિણીજીનાં પાણિગ્રહણ કરો. (૩૮) આ પ્રમાણે પ્રેમની દોરીથી બંધાયેલા પુરોજનો નિવેદન કરી રહ્યાં હતાં ત્યારે સૈનિકોથી સંરક્ષિત રાજકન્યા શ્રીરુક્મિણી ભગવતીજીના મંદિરે પધારવા અન્તઃપુરમાંથી બહાર પધાર્યા. (૩૯) ભગવાન શંકરના પ્રાણવલ્લભા શ્રીઅંબિકાદેવીનાં શ્રીચરણકમલોનાં દર્શન માટે શ્રીરુક્મિણીજી ચરણે ચાલ્યાં આ અવસરે હૃદયમંદિરમાં શ્રીમુકુન્દ ભગવાનનાં ચરણકમલોનું ધ્યાન ધરતાં ધરતાં પગલાં ભરવા લાગ્યાં. (૪૦) કુમારીએ મૌન લીધું હતું, માતૃજન અને સખીવૃન્દના વીંટળાયેલાં હતાં, અને મજબૂતબખ્તરધારી શૂરવીર રાજભટો શસ્ત્ર સંરક્ષણ કરતા સાથે જઈ રહ્યા હતા. (૪૧) આ અવસરે શ્રીરુક્મિણીજીની આગળ પાછળ અનેક સુંદરાગી વારાંગનાઓ પોતાના કરકમલોમાં વિવિધ પ્રકારની ભેટ-સેવાસામગ્રી વગેરે વસ્તુઓન ધારણ કરી સાથે ચાલી રહ્યાં હતાં. તેમજ મૃદંગ-શંખ-નગારાં-તુરાઈ-ભેરીઓનો મંગલ ધ્વનિ વિસ્તારી રહ્યાં હતાં. (૪૨) પુષ્પની માલાઓ-સુગંધ-વસ્ત્ર અને અલંકારોથી અલંકૃત બનેલ વિપ્રની પત્નીઓ સાથે ચાલી રહેલ હતાં. ગાયકો અને વાજિંત્રવાદકો સ્તુતિ કરતા હતા અને વાજિંત્રના નાદ કરી રહ્યા હતા. સૂત માગધ અને બંદીજનો વધૂને વીંટળાઈને ગાન કરી રહ્યા હતા. (૪૩) સૌથી પ્રથમ મંદિરમાં પ્રવેશ કરતાં પહેલાં હાથ-પગ ખાસા કરી, આચમન કરી, શાંતિચિત્ત શ્રીરુક્મિણીજી ભગવતી અમ્બિકાજીની સમીપ પધાર્યાં. (૪૪) આ અવસરે વિધિ જાણનારી પાકટવયની વિપ્રવરોની પત્નીઓએ બાલા રુક્મિણીજીને મહાદેવજીની સાથે ભવાનીદેવીને પ્રણામ કરાવ્યા. (૪૫)

नमस्ये त्यांबिकेऽभीक्ष्णं स्वसन्तानयुतां शिवाम् । भूयात् पतिर्मे भगवान् कृष्णस्तदनुमोदताम् ॥४६॥

હે ભગવતી અંબિકે ! પાલવ પાથરી આપના સંતાનો અને ભગવાન શંકર સાથે પ્રાણ કરું છું અને ભગવાન શ્રીકૃષ્ણ મારા સ્વામી બને એનું આપ અને શ્રીશંકર ભગવાન અનુમોદન કરો એ જ વિનંતિ છે. (૪૬) પ્રથમ રાજપુત્રીએ પાર્વતીજીને પ્રણામ કીધા, પુનઃ પ્રાર્થના કીધી, હવે અર્ચન આરંભ્યાં. પ્રથમ ચરણોમાં સમર્પ્યા બાદ ગંધ ચડાવ્યાં, પુનઃ અક્ષત ધૂપ-વસ્ત્ર-પુષ્પ-પુષ્માલા અને અલંકારોથી અર્ચન કર્યા. ત્યાર પછી અનેક ભેટ-સામગ્રીઓ સમર્પી દીપ-ધૂપ ગંધ વગેરેથી વિવિધ પ્રકારે પૂજન કર્યાં. (૪૭) ગૌરીપૂજન કર્યા પછીથી વિપ્રવરોની સુવાસિની સ્ત્રીઓનાં પણ પૂજન કર્યાં. પુનઃ મીઠું માલપૂઆ-તામ્બૂલ-કંઠસૂત્ર-ફલ-શેરડી આ ષડ્‌રસ સામગ્રીથી અર્ચન કર્યાં. (૪૮) વિપ્રોની સુવાસિની સ્ત્રીઓએ પણ વિવાહ સમયે જે સુમંગલ ભેટો અપાય તે ભેટો આપી ત્યારે અન્ય સ્ત્રીઓએ આશીર્વાદ આપ્યા. પુનઃ રુકિમણીએ બ્રાહ્મણોને તેમજ બ્રાહ્મણોની સ્ત્રીઓને તેમજ દેવી અંબિકાને પ્રણામ કર્યા. અને વિપ્રપત્નીઓએ આપેલી મંગલ વસ્તુઓને પ્રસાદી તરીકે વધૂએ પોતાના પાલવમાં સ્વીકારી. (૪૯) ત્યાર બાદ મૌનવ્રતને છોડ્યું અને ભગવતી અંબિકાજીના મંદિરમાંથી રત્નની મુદ્રિકાથી સુશોભિત કરકમલથી દાસનો હાથ પકડી બહાર પધારવા લાગ્યાં. (૫૦)

પરમ દેવતા શ્રીરુકિમણીજીનાં દર્શન

तां देवमायामिव वीरमोहिनी सुमध्यमां कुंडलमंडिताननाम् ।

श्यामां नितम्बर्पितरत्नमेखलां व्यञ्जत्स्तनीं कुन्तलशंकितेक्षणाम् ।।५॥।

शुचिस्मितां बिम्बफलाधरद्युंतिशोणायमानद्विजकुन्दकुड्मलाम् ।

पदा चलन्ती कलहंसगामिनीं सिञ्चत्कलानूपुरधामशोभिना ॥

विलोक्य वीरा मुमुहुः समागता यशस्विनस्तत्कृतहृच्छयार्दिता ॥५२॥

શ્રીરુકિમણીજીના સર્વજન દર્શન પામ્યા, તે વખતનાં રુકમિણીજી (૧) દેવમોહની માયા સરખાં (૨) વીરપુરુષોને પણ મુગ્ધ કરતાં (૩) મૂઠીમાપી કટિભાગવાળાં (૪) કુંડલોથી સુશોભિત મુખકમલ (૫) શ્યામ-ષોડશ વયની અવસ્થાવાળાં (૬) નિતંબભાગે રત્નની મેખલાને ધારણ કરતાં (૭) હવે સ્તનો પ્રકટ થઈ રહેલાં છે તેવાં (૮) અને વીખરાતા કેશવાળાં (૯) શંકિત નજરે નિહાળતાં (૧૦) મધુરમંદ સ્મિતવાળાં (૧૧) પાકા બિંબફલ-ટિંડોળાંના જેવા રક્તવર્ણા અધરવાળાં (૧૨) અને રતૂમડાઅધરોષ્ઠની રતાંશ ને રક્તવર્ણા દેખાતા દાડમની કળી જેવા કે મોગરની કળી જેવા દંતપંક્તિવાળાં (૧૩) ચરણે ચાલતાં (૧૪) હંસ સમાન મનોહર ચાલે ચાલતાં (૧૫) બન્ને ચરણોમાં ધારણ કરેલાં ઝાંઝરોમાં મઢેલી ઝીણી ઝીણી ઘૂઘરીઓના મધુરનાદ વાળાં (૧૬) પરા લક્ષ્મી રુકિમણીને નિરખ્યાં. (૫૧,૫૨) રુકિમણીજીના વિવાહ પ્રસ્તાવમાં આવેલા યશસ્વી વીરપુરુષો રુકિમણીજીનાં દર્શન થતાંજ સ્વસ્થતા ચૂકી ગયા, એમના કાળજાને કામનો કીડો કોરવા લાગ્યો. રુકિમણીજીના ઉદાર હાસ્ય, વ્રીડાભર્યું મોહક અવલોકન અને અંગમરોડ વગેરેથી રાજાઓનાં ચિત્ત ચોરાઈ ગયાં. અને હાથમાં હથિયારો હારી બેઠા. (૫૩) એટલેથી જ ના અટકતાં હાથી-રથ-અશ્વો ઉપર સવાર થયેલા નરેશો અને વીરો મૂર્ચ્છિત બની ધરણી ઉપર ઢળી પડ્યા. આ અવસરે શ્રીરુકિમણીજી દેવીની મંગલયાત્રાને બહાને સૌન્દર્યનિધિ ભગવાન શ્રીકૃષ્ણને પોતાના સૌન્દર્ય અને શોભાને ન્યોછાવર કરતાં પોતાની ચરણકમલ કળીએ મંદ મંદ ગતિએ મંદિરના સોપાન દેશથી નીચે પધારી રહ્યાં હતાં અને મનથી ભગવાન કૃષ્ણ ક્યાં બિરાજ્યા હશે, ક્યારે પધારશે એ ચતુર ચખથી નીરખી રહ્યાં હતાં. (૫૪)

तं मानिनः स्वाभिभवं यशःक्षयं परे जरासन्धवशा न सेहिरे ।

अहो धिगस्मान् यशआत्तधन्वनां गोपैर्हृतं केसरिणां मृगैरिव ।।५७ ।।

રુકિમણીજીએ ભગવાનની ઝાંખીકરવાની અભિલાષાથી, પોતાના વામ કરકમલના નખોથી અલક લટોને ઉપર ઉઠાવતાં આ ખૂણેથી તે ખૂણા સુધી મુખ ફેરવતાં નજર ફેંકી દુર્ગાજીના મંદિરની તળેટીમાં ઊભેલા રાજાઓને નીરખતાં નીરખતાં શ્રીઅચ્યુત ભગવાનનાં દર્શન કર્યાં કે ત્વરિત વેગે ગરુડધ્વજ રથમાં આરોહણ કરતા, ચાલતાં રુકિમણીજીને

સમસ્ત રાજાઓ જોતા જ રહ્યા અને ભગવાને હરી લીધાં. (૫૫) આ સમયે માધવે રાજાઓના સમુદાયનો પરાભવ કરીને-તેમની પરવા કર્યા વિના જેમ શિયાળોના સમૂહમાંથી સિંહ પોતાના ભાગને પડાવી જાય તે જ પ્રકારે ભગવાને ગુરુડધ્વજ રથમાં તે રાજકન્યાને હરણ કરી લઈને બલભદ્ર અને યાદવ સૈન્યથી વીંટાળાઇને દ્વારકા તરફ પ્રસ્થાન કીધું. (૫૬) આ પરિસ્થિતિને નિહાળતા જરાસંઘના પક્ષકાર અન્ય અભિમાની રાજાઓ પોતાના વંશનો નાશ કરનાર પોતાના તિરસ્કારને સહન ન કરી શક્યા અને બકવા લાગ્યા કે અરે આશ્ચર્યની વાત છે કે અમે મોટા ધનુર્ધારીઓની મધ્યમાંથી જેમ સિંહના સમૂહમાંથી હરણો ભાગ પડાવી જાય તેમ ગોવાળો આપણી સમ્પત્તિને લઇ ગયા. સાચે જ આપણા ધનુર્ધારણપણાને ધિક્કાર છે. (૫૭)

तं मानिनः स्वाभिभवं यशःक्षयं परे जरासन्धवशा न सेहिरे । अहो धिगस्मान् यशआत्तधन्वनां गोपैर्हृतं केसरिणां मृगैरिव ।।५७ ।।

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમસ્કંધ ઉત્તરાર્ધમાં રાજસ પ્રકરણના સાધન પ્રકરણમાં અધ્યાય ૫૩મો સમાપ્ત

અધ્યાય - ૫૪ મો

(આ અધ્યાયમાં ૬૦ શ્લોકો છે. આ અધ્યાયમાં રાજાઓ સાથે રણસંગ્રામ રુકમીનું મુંડન, બલભદ્રજી દ્વારા રુકિમણીના મનનું સમાધાન અને લગ્ન મંગલ વગેરે પ્રસંગોનું વર્ણન આવશે.)

પર સૈન્યનું આક્રમણ

श्रीशुक उवाच-इति सर्वे सुसंरब्धा वाहानारुह्य दंशिताः । स्वैः स्वैर्बलैः परिक्रान्ता अन्वीयुर्धृतकार्मुकाः ।। १ ।।

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! આ પ્રમાણે ક્રોધાવેશમાં પરસ્પર વાર્તાલાપ કરતા પોતપોતાનાં વાહનોમાં ચઢી બખ્તરો પહેરી હાથોમાં હથિયારો સજ્જ કરી પોતાનાં સૈન્યોથી વીંટાઇ ભગવાનની પાછળ પડ્યા. (૧) રાજન્ ! જ્યારે જરાસંધાદિ રાજાઓ ચડી આવી રહ્યા છે એવું લાગ્યું ત્યારે યાદવોના સેનાપતિઓ પોતાના ધમુષ્યનો ટંકાર કરીને સામે આવી અડીખમ ઊભા રહ્યા. (૨) સમરાંગણમાં નિપુણ જરાસંધ વગેરે રાજાઓ અશ્વોની પીઠ ઉપર હાથીઓના સ્કંધ ઉપર અને રથોના માંચડા ઉપર બેસીને જેમ મેઘોપર્વત ઉપર જલધારાઓ વર્ષાવે તેમ સૈન્ય ઉપર શરવર્ષા કરવા લાગ્યા. (૩) સ્વામીના સૈન્યને બાણવર્ષાથી જોતાં મૂઠીમાપી કટિવાળી સુમધ્યમા સુંદરી ભયભીતનયના બનીને લજ્જામય નજરે નાથના મુખડાને નિરખવા લાગ્યાં. (૪) ત્યારે ભગવાન હાસ્ય કરતા બોલ્યા કે વામનયને ! સુંદરનયને રુકિમણી ડરો મા. દેવી તમારા યાદવ સૈનિકો ક્ષણવારમાં શત્રુની સેનાનો ક્ષય કરી દેશે. (૫)

યાદવ સૈન્યે વાળેલો વળતો ઉત્તર

પોતાના ઉપર ચઢી આવતા અને અસ્ત્રો ફેંકતા શત્રુઓના પરાક્રમને સહન ન કરતા ગદ-બલભદ્ર વગેરે વીર યાદવો શત્રુ સેનાના હાથી, રથ, ઘોડાઓનો કચ્ચરઘાણ કરવા લાગ્યા. (૬) રથે ચડેલા રથીઓ, ઘોડેસવારો, હાથી ઉપર ચડેલાઓનાં અને પાયદળના સૈનિકોનાં અને વીરોનાં કરોડોની સંખ્યામાં માથાના શિરપેચ, સાફાઓ સાથે કિરીટ અને કુંડલવાળાં મસ્તકો જમીન ઉપર પડવા લાગ્યાં. (૭) તલવાર, ગદા અને ધનુષ્ય સાથે હાથો, હાથીની સૂંઢો, પગ, ઘોડા, ખચ્ચર, હાથી, ઊંટ, ગધેડા અને માનવોનાં મસ્તકો પણ કપાઇ ધરણી ઉપર પડવા લાગ્યાં. (૮) જ્યારે વિજયવાંચ્છા સેવતા યાદવોએ શત્રુઓની સેનાનો સંહાર આરંભ્યો ત્યારે જરાસંધ-મુખ્ય સર્વ રાજાઓ રણવિમુખ ભાગવા લાગ્યા. (૯) પાછા વળેલા આ સૈનિકો પોતાના મનથી કલ્પેલી શ્રી રુકિમણીજીનું હરણ થવાથી ભાંગી પડેલા, હતોત્સાહ બનેલા, અને લેવાઇ ગયેલ મુખની કાન્તિવાળા બિમાર જેવા શિશુપાલ પાસે બધા આવ્યા અને કહેવા લાગ્યા, (૧૦) હે નરકેશરી ! આપે મનમાં હતાશ થવા જેવું કાંઇ નથી કારણ કે કાયમ માટે માનવનું મનમાન્યું થાય, સર્વદા પ્રિય જ થાય કે સર્વદા અપ્રિય જ થાય એવું કાંઇ નથી તેથી આપણે પરાજ્ય પામ્યા છીએ એ વાત વીસરી જવી જોઇએ. (૧૧) જાદુગર કઠપૂતળીને જેમ પોતાની મરજી પ્રમાણે નચાવે છે તેમજ જીવ માત્ર સુખદુઃખ ભોગવવામાં ઇશ્વરને જ આધીન છે. (૧૨) રાજન્ ! આપને મારો જ દાખલો આપું છું. શ્રીકૃષ્ણ સાથે રણસંગ્રામમાં મારી પાસે ત્રેવીસ અક્ષૌહિણી સેના હોવા છતાં હું સત્તરવાર પરાજય પામ્યો પરંતુ આખરે હું જીતી ગયો તેથી મેં હારજીતના બન્ને

અનુભવો કર્યા છે તેથી સુખદુઃખની સદા સરખી સ્થિતિ નથી રહેતી. (૧૩) રાજન્ ! આવા અનુભવથી હવે હું નથી તો શોક કરતો કે નથી હું હર્ષ કરતો. કદાચ પોતાના સમોવડીઆથી જય અથવા પરાજય થાય તો હર્ષ-શોક અવશ્ય થાય પરંતુ જય-પરાજય તો કાલકૃત છે. આ કાલ સર્વ કરવા માટે સમર્થ છે. તે દ્રવ્ય રૂપ દેહથી સર્વ કાર્ય કરે છે. તે કાલ મનુષ્ય દ્વારા મનુષ્યને મારી જગતનો સંહાર કરે છે, કાલ દૈવ પ્રેરિત સર્વ કાંઇ કરે છે માટે કાલનો કોઇ દોષ નથી. (૧૪) આજે આપણે વીરયોદ્ધાઓના પણ યૂથપતિના પતિઓ છે એટલે વીર સેનાપતિઓના પણ સેનાપતિઓ છે. તેવા આપણે માત્ર મુઠ્ઠીભર સેનાવાળા શ્રીકૃષ્ણથી પાલિત યાદવોથી હારી ગયા છીએ. (૧૫) એનું કાંઇ પણ કારણ હોય તો એક જ છે કે આજે સમય શત્રુઓ માટે અનુકૂળ છે તેથી તેઓ વિજયી બન્યા છે. આગળ આપણો સમય સાનુકૂળ બનશે ત્યારે આપણે જીતીશું. (૧૬) આ પ્રકારે જ્યારે શિશુપાલને મિત્રોએ સમજાવ્યા ત્યારે શિશુપાલે પોતાના અનુચરો સાથે પોતાના ચેદિ દેશ તરફ પ્રયાણ કર્યું અને જે રાજાઓ રણસંગ્રામમાં બચ્યા હતા તેઓ પણ પોતાના નગર તરફ ચાલ્યા ગયા. (૧૭)

સાડાસત્તર શ્લોકોમાં રુકિમણીજીની પ્રપંચમાંથી મમતાનિવૃત્તિ

રુકમી સહજ સ્વભાવથી જ શ્રીકૃષ્ણનો દ્વેષી હતો. પોતાની બહેન રુકિમણીનો રાક્ષસ વિવાહ તેને ના રુચ્યો. તે રોષે ભરાયો અને અક્ષૌહિણી સેનાથી ઘેરાયેલો ભગવાન શ્રીકૃષ્ણથી પાછળ દોડ્યો. (૧૮) ક્રોધે ભરાયેલા મહાબાહુ રુકમીએ કમર કવચ ધારણ કીધું. ધનુષ્ય હાથમાં લીધું, યુદ્ધની તૈયારી કરી અને સર્વ રાજાઓના સાંભળતાં પ્રતિજ્ઞા કરી. (૧૯) યુદ્ધમાં કૃષ્ણને માર્યા વિના, અને રુકિમણીને પાછી લાવ્યા વિના હું કુંડિનપુરમાં પાછો નહીં આવું આ મારી સત્ય પ્રતિજ્ઞા છે એમ સમજી લો. (૨૦) આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને રથ ઉપર ચઢીને સારથિને આજ્ઞા કરી કે સારથિ શીઘ્ર ઘોડાઓને હાંકો જેથી હું અને કૃષ્ણ રસ્તામાં જ ભેગા થઇ જઇએ. (૨૧) આજે હું તીક્ષ્ણ બાણોથી વીરતાનો મદ રાખતા સર્વથા દુર્મતિ ગોવાલ કૃષ્ણનો ગર્વ ઉતારીશ, જે કૃષ્ણ બલપૂર્વક મારી બહેનનું હરણ કરી ગયેલ છે. (૨૨) ભગવાનના મહત્વને ન જાણનાર કુમતિ રુકમી મન ફાવે તેમ બકવાદ કરતો એકલા રથથી પાછળ દોડતો ભગવાનને અરે ઊભા રહો એમ બોલવા લાગ્યો. (૨૩) પુનઃ પોતાના મજબૂત ધનુષ્યને ખેંચી ત્રણ તીર શ્રીકૃષ્ણ ઉપર છોડ્યાં અને કહ્યું કે યદુકુલકલંક કૃષ્ણ ક્ષણવાર ઊભા રહો (૨૪) હે નંદ ! જેમ કોઇ કાક-કાગડો હવિષ્ય લઇ જાય તે રીતે મારી બહેનને લઇને તુ ક્યાં જાય છે ? હે મંદ ! કપટી ! છલી ! યુદ્ધ કરનારા તમારા ગર્વને આજે ઉતારીશ, યુદ્ધ કરનારા મદને ઉતારીશ. (૨૫) જ્યાં સુધી મારાં બાણોથી ધરણી ઉપર સૂઇ જવાનું ન આવે ત્યાં સુધી અમારી દીકરીને છોડી દે તો બચીશ. એવું રુકમી બોલ્યો તે સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણ હસ્યા અને છ બાણ રુકમીને માર્યા. (૨૬) આઠ બાણો તેના ચાર ઘોડાઓને, બે બાણ તેમના સારથિને અને ત્રણ બાણ તેના ધ્વજને માર્યાં ત્યારે રુકમીએ બીજું ધનુષ્ય હાથમાં લઇ પાંચ તીર ભગવાન શ્રીકૃષ્ણને માર્યા. (૨૭) આ અવસરે ભગવાને રુકમીના ધનુષ્યને તોડી નાખ્યું ત્યારે રુકમીએ બીજું ધનુષ્ય પણ તોડી નાખ્યું. (૨૮) ત્યારે પરીઘ-ઢાલ-ખડ્ગ-શૂલ-શક્તિ-તોમર વગેરે જે જે આયુધો લીધાં તે સર્વ ધનુષ્યો સમર્થ શ્રીકૃષ્ણે તોડી નાખ્યાં. (૨૯) ત્યારે તે રુકમી તલવાર હાથમાં લઇ રથમાંથી નીચે ઉતર્યો. આ અવસરે અગ્નિમાં પતંગિયું ઝંપલાવે તે પ્રમાણે રુકમી ભગવાન શ્રીકૃષ્ણને મારવા માટે ધસી આવ્યો. (૩૦) ભગવાને ધસી આવતા રુકમીની ઢાલ અને તલવારનાં તીક્ષ્ણ બાણોથી તલ તલ જેવડા ટુકડા કરી નાખ્યાં. અને તેજસ્વી તલવાર હાથમાં લઇને રુકમીનો વધ કરવા માટે ભગવાને જ્યારે ઉગામી. (૩૧) આ અવસરે જોયું કે મારા ભાઈને મારવા માટે ભગવાને તલવાર ઉઠાવી છે ત્યારે રુકિમણીજી ભયવિકળ બની ગયાં, પ્રભુના ચરણોમાં ઢળી પડ્યાં અને સતી રુકિમણીજી ભગવાનને વિનવવા લાગ્યાં. (૩૨)

योगेश्वराप्रमेयात्मन् देव देव जगत्पते । हन्तुं नार्हसि कल्याण भ्रातरं मे महाभुज ।। ३३ ।।

બહેનડી દયાની દેવડી

શ્રીરુકિમણીજી કરગરી કહેવા લાગ્યા કે હે યોગેશ્વર ! હે ન માપી શકાય, ન પામી શકાય તેવા દિવ્ય સ્વરૂપ ! હે

દેવાધિદેવ ! હે મહાભુજ ! આ તો મારો ભાઈ છે એને ના મારો નાથ ! એ છે મારી માડીનો જાયો, શ્રીશુકાચાર્ય મહારાજે કહ્યું કે પરીક્ષિત રાજન્ ! ભયથી કાયા કંપવા લાગી. શોકથી કંઠ સુકાઇ ગયો તેમજ હૃદય ભરાઇ આવ્યું, કંઠ રુંધાઈ ગયો, અને ભયવિકળ બનતાં માથાના કેશ વીખરાઇ ગયા, કેશમાં ગૂંથેલી માલા નીચે સરી પડી, અને રુકમણીએ ભગવાનના ચરણકમલ પકડી લીધા. પાલવ પાથરી પ્રાર્થના કરી કે પ્રભુ એને ના મારશો અને કરુણામંદિર શ્રીકૃષ્ણ રુકમીનો વધ કરતાં અટકી ગયા. (૩૩,૩૪) પ્રતિજ્ઞાભ્રષ્ટ તેમજ અનુચિત કાર્ય કરતા તે રુકમીને ભગવાને ખેશથી કચકચાવીને બાંધી લીધો. મૂછો અને દાઢીના વાળને છૂટાછવાયા કાપીને વિરૂપ બનાવી કર્તવ્યભ્રષ્ટને દંડ કર્યો. આ બાજુ ભગવાને રુકમીને કુરૂપ બનાવ્યો ત્યારે બીજી બાજુ જેમ કોઇ ઉન્મત્ત હાથી પોયણીને મસળી નાંખે તેમ યાદવ વીરોએ મિથ્યાભિમાની શત્રુઓની સેનાને કચડી નાંખી. (૩૫) આ અવસરે શ્રીકૃષ્ણચન્દ્ર પાસે પધારેલા શ્રી બલભદ્રજીએ દાઢી-મૂછથી કદ્રુપ બનાવેલો અને તેથી નિષ્પ્રાણ જેવા રુકમીને બાંધેલો જોયો ત્યારે કોમલ-દયાળુ હૃદયના સમર્થ તેમણે તેને મુક્ત કર્યો. ભગવાન શ્રીકૃષ્ણને પછી તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૬) ભાઈ કૃષ્ણ ! આપે આ કાર્ય સર્વથા અઘટતું કર્યું. લોકો તો આપની નિંદા કરશે આવું કાર્ય ન કરવું જોઇએ. દાઢી-મૂછનું મુંડન કરી સ્વજનને કદ્રુપ બનાવવો એ બંધુજનનો વધ મનાય. (૩૭) આ પ્રમાણે શ્રીકૃષ્ણજીને ઠપકો આપી દુઃખીચિત્ત રુકમણીજીને બલભદ્ર આશ્વાસન આપતાં બોલ્યા કે હે સાધ્વી દેવી રુકિમણી ! આપના ભાઈ રુકમીને કદ્રુપ બનાવ્યા છે, તેથી આપ અમારા ઉપર નારાજ ના થશો હોં ! અમને દોષ ના આપશો. વિવેક દૃષ્ટિએ જોતાં કોઇ પણ વ્યક્તિ કોઇ પણ વ્યક્તિને સુખ કે દુઃખ આપનાર નથી. પરંતુ પુરુષ પોતાનાં કરેલાં કર્મનાં જ ફલ સુખ-દુઃખને ભોગવે છે. બીજા કોઈ સુખ-દુઃખ દેનાર નથી. (૩૮) બંધુ દોષ કરે અને તેનો દંડ વધ થયો યોગ્ય લાગે તો પણ તેનો વધ કરવો ઉચિત ન મનાય. વધુમાં વધુ તેનો ત્યાગ કરી શકાય. ખરી રીતે તો તે પોતાના દોષથી જ મરેલ છે, પછી એને મારવાનો ક્યાં રહ્યો ? (૩૯) પ્રજાપતિએ કોણ જાણે ક્યાંથી ક્ષત્રિયોનો ક્રૂર ધર્મ બનાવ્યો છે કે ભાઈ પણ ભાઇનો વધ કરે છે. આના પરિણામે ઘોર અજ્ઞાનરૂપ અંધકાર ઉત્પન્ન થાય છે. (૪૦) રાજ્ય-ભૂમિ-ધન-સ્ત્રીઓ-માન-તેજ કે બીજાં પણ કોઇ કારણોને આગળ કરી લક્ષ્મીના મદથી અંધ બનેલા અભિમાની જનો એકબીજાનું અપમાન કરે છે. પરંતુ તેનો વધ અથવા વધ તુલ્ય ગણતા મુંડન કરવા જેવા ક્રૂર કાર્યને તો નથી કરતા ત્યારે કૃષ્ણ આ તમે સારું તો ન કર્યું. (૪૧) આપે જે રુકમીનું મુંડન કર્યું એ તો આપની વિષમ બુદ્ધિનું કાર્ય ગણાય. અસજ્જન પુરુષને વિષમ બુદ્ધિ થાય એ સંભવિત છે. પરંતુ આપને તેવી વિષમ મતિ થવી ના ઘટે અથવા દુષ્ટ હૃદયવાળાનું અભદ્ર અને સુમંગલ હૃદયવાળાનું ભદ્ર આવી વિષમ મતિ આપે રાખવી જોઇએ, કારણ કે સર્વ તરફ સમત્વ એ તો આપનો ધર્મ છે. (૪૨) આ પ્રકારે ચાર શ્લોકથી બલભદ્રજીએ ભગવાન શ્રીકૃષ્ણને ઠપકો આપ્યો તો પણ રુકિમણી જ્યારે સંતોષાયાં નહીં ત્યારે શ્રીબલદેવ પુનઃ સાત શ્લોકથી ઉપદેશ દેવા લાગ્યા. (૪૩)

રુકિમણીજીના શોકને નિવારતી બલભદ્રજીની ઉપદેશ-સપ્તશ્લોકી

દેવી રુકિમણીજી ! દેવની માયાના બલથી મનુષ્યોને દેહ-ગેહમાં મોહ ઉત્પન્ન થાય છે, તેથી દેહમાં મનુષ્યને આત્મભાવ પેદા થાય છે. આવા મોહને લીધે આ મિત્ર સુહૃદ છે, આ દુશ્મન છે, આ ઉદાસીન તટસ્થ છે. આવી ભેદબુદ્ધિ ઉત્પન્ન થાય છે. (૪૪) સર્વ શરીરધારીઓના આત્મા તો એક જ છે. અને માયાથી તે આત્મા પર છે. સર્વનો નિયામક છે. આકાશમાં રહેલો ચંદ્ર તો એક જ છે, પરંતુ તે તરંગોમાં અનેક દેખાય છે. વળી જેમ એક જ આકાશને ઘરમાં, વનમાં એમ અનેક માને છે, તેમજ અજ્ઞાનથી આત્માને અનેક માને છે. રુકિમણીજી ! આ દેહ અધિભૂત દ્રવ્ય, આધ્યાત્મિક પ્રાણ અને આધિદૈવિક ગુણસ્વરૂપ જે આ શરીર છે તે ઉત્પન્ન થનાર ને અન્ત પામનાર પણ છે. આ દ્રવ્ય પ્રાણ અને ગુણાત્મક દેહ અવિદ્યાથી આત્મામાં કલ્પવામાં આવ્યો છે. આ દેહ આત્માને સંસારી બનાવે છે. (૪૫) સતી ! આ આત્મા કારણરૂપ છે. ન તો કોઇ પદાર્થ સાથે એનો સંયોગ છે ન તો એનો કોઇ દેહ સાથે વિયોગ છે. કારણ કે અધ્યાત્મ, આધિભૂત અને અધિદૈવ આત્માનાં કાર્ય છે. અને આત્માથી જ તે પ્રકાશ પામે છે. તેથી તે આત્માથી ભિન્ન નથી. આત્માથી જુદા થયા વિના સંયોગ-વિયોગ થઇ શકતા નથી. જેમ કે ચક્ષુ નામની ઇન્દ્રિયનો અને રૂપનો પ્રકાશક સૂર્ય છે. આ બન્ને તૈજસ છે. માટે સૂર્યનાં કાર્ય છે અને સૂર્ય કારણ છે માટે તે સૂર્યથી ભિન્ન નથી. (૪૬) જેમ ચન્દ્રનો ઉદય અને

અસ્ત કહેવાય છે પરંતુ ચન્દ્રના ઉદયાસ્ત થતા નથી, જેમ ચન્દ્રની સર્વ કલાઓનો ક્ષય અમાવાસ્યાએ થાય છે તેથી તેને ચન્દ્રનો ક્ષય કહેવાય છે. પરંતુ તે ક્ષય ચન્દ્રનો નથી એની કલાઓનો છે. ભ્રમથી ચન્દ્રનો ક્ષય સમજીએ છીએ. એ રીતે દેહનો ક્ષય નાશ આત્માનો નાશ ગણીએ છીએ, તે એક અજ્ઞાન છે. (૪૭) કોઈ નિદ્રામાં રહેલો જીવ-પુરુષ સ્વપ્નમાં પોતાના આત્માને વિષયોને અને વિષયોના ફલ, તે ત્રણે વસ્તુઓ ન હોવા છતાં અનુભવે છે તેવી જ રીતે અજ્ઞાની માનવ સંસારનો અનુભવ કરે છે. આ જીવની નિદ્રા ચાલી જતાં તે પદાર્થો ચાલ્યા જાય છે એ પ્રમાણે અજ્ઞાન દૂર થતાં તે સંબંધ દૂર થાય છે. (૪૮) માટે પવિત્ર સ્મિતવાળાં શ્રીરુકિમણીજી ! અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા હૃદયના કલેશ અને સંતાપને વિવેકથી નિવૃત કરી સંપૂર્ણ સ્વસ્થ બનો એવી વિનંતી છે. (૪૯) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! ભગવાન શ્રી બલભદ્રજીએ કોમલાંગી શ્રીરુકિમણીજીને આ પ્રમાણે સમજાવ્યાં ત્યારે વિવેકબુદ્ધિથી મનના-તાપને દૂર કરીને મનને સ્વસ્થ બનાવ્યું. (૫૦) સેના તેમજ તેજનો શત્રુઓએ નાશ કરી દીધો અને કેવલ પ્રાણો જ બચ્યા છે એવી પરિસ્થિતિમાં મુકાયેલ રુકમી પોતાના પ્રાણો બચાવીને પાછો આવ્યો એ વાતનું તો ખાસ સ્મરણ રહ્યું નથી. પોતાને મૂછ વિનાનો કદ્રપો બનાવ્યો તેનું તે સ્મરણ કરતો રહ્યો અને પોતાની પ્રતિજ્ઞા પાળી ન શકતાં મનોરથ નિષ્ફળ જવાની પીડા અનુભવી રહ્યો હતો. (૫૧) દુર્મતિ રુકમીને એ જ વિચાર આવ્યા કરે છે કે શ્રીકૃષ્ણને માર્યા વિના અને રુકિમણીને પાછી લાવ્યા વિના કુંડનપુરમાં પ્રવેશીશ નહીં આ મારી પ્રતિજ્ઞા પૂર્ણ ન થઇ માટે કુંડિનપુર નહીં જઉં એવો નિર્ણય કરી ભોજકટ નામનું નગર વસાવી ધુંધવાતો રુકમી તે નગરમાં વસવા લાગ્યો. (૫૨)

શ્રીપતિ શ્રીયદુપતિ શ્રીદ્વારિકામાં પધાર્યા

હે કુરુવંશના વેલાને વધારનાર ! ભગવાન શ્રીકૃષ્ણે આ પ્રકારે રાજાઓને જીતીને ભીષ્મક રાજાની કન્યાને પોતાના નગરમાં લાવીને વિધિપૂર્વક વિવાહ કર્યો. (૫૩) રાજન્ ! પરીક્ષિત ! યાદવોના સ્વામી શ્રીકૃષ્ણમાં અનન્ય ભાવવાળા મનુષ્યોનાં ઘરેઘર મહાન ઉત્સવ મનાવાયો. (૫૪) નગરનાં નરનારીઓ પ્રસન્ન થયાં અને અણમોલ મણિઓનાં કુંડલોને ધારણ કરતાં નરનારીઓ વરવધૂ માટે પહેરામણીઓ લઈને આવ્યાં. (૫૫) ભગવાન શ્રીકૃષ્ણના લગ્ન સમયે દ્વારકામાં સ્વર્ગને સ્પર્શી જતી ધ્વજા-પતાકાઓએ નગર સૌન્દર્ય ને પામ્યું હતું. તેમજ અનેક પ્રકારનાં પુષ્પનાં, રત્નોનાં અને વસ્ત્રોનાં તોરણ મંગલ વૃદ્ધિ કરી રહ્યાં હતાં. પ્રત્યેક દ્વારે મંગલ કલશો નિત્ય મંગલની સાક્ષી પૂરતા હતા. અગરના ધૂપ-દીપનાં દર્શન થતાં હતાં. જાણે આજે જ નગરી ઉલ્લાસમય બની હોય તેમ લાગતું હતું. (૫૬) મિત્ર રાજાઓ લગ્નમાં પધાર્યા હતા. હાથીઓના મદથી માર્ગો સુગંધિત થયા હતા. દ્વારે દ્વારે કેળના સ્તંભો, રાજમાર્ગે બન્ને હરોળમાં સોપારી અને નાગરિકેલનાં સફલ વૃક્ષથી દ્વારિકાપુરીનો શૃંગાર હૃદયને સ્પર્શી જતો હતો. (૫૭) કુરુ-સૃંજય-કેકય-વિદર્ભ-યદુ-કુન્તિદેશના નૃપતિઓ આપસ આપસનાં વેર ઝેર વીસરી આનંદ અને પ્રમોદથી દોડધામ વધી પડી હતી તેમજ તેઓ વિવાહના સ્નેહી સાજનીઓ સાથે ઘાલમેલ કરતાં આનંદ પામતા હતા. (૫૮) દેશ-દેશાવરમાં જ્યાં જ્યાં શ્રીરુકિમણીજીના હરણના સમાચાર જાણ્યા તે તે રાજાઓ અને રાજકન્યાઓ આશ્ચર્યચકિત થઇ ગયાં હતા. (૫૯) રાજન્ ! શ્રી રુકિમણીજી સાક્ષાત્ ભગવતી લક્ષ્મીજીની સાથે ભગવાન શ્રીકૃષ્ણનો વિવાહ થયો એટલે ભગવાન લક્ષ્મીપતિ થયા આથી લક્ષ્મીનારાયણનાં દર્શન કરી સર્વ દ્વારિકાના પુરવાસ પુષ્કળ આનંદ પામ્યાં. (૬૦)

द्वारिकायामभूद्राजन् महामोदः पुरौकसाम् । रुक्मिण्या रमयोपेतं दृष्ट्वा कृष्णं श्रियः पतिम् ।। ६० ।।

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં રાજસ પ્રકરણના સાધન પ્રકરણમાં ઐશ્વર્ય નિરૂપણ કરનારો ૫૪ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૫૫ મો

(આ અધ્યાયમાં ૪૦ શ્લોકો છે. વૈરાગ્ય નામના ભગવાનના ઐશ્વર્યનું વર્ણન આ અધ્યાયમાં છે. રાજસ લીલાના સાધન પ્રકરણની આ અધ્યાયમાં કથા છે. પૂર્વાધ્યાયમાં ભગવાને શ્રીરુકિમણી સાથે લગ્ન કર્યાં. આ અધ્યાયમાં શ્રી પ્રદ્યુમ્નજીના પ્રાકટયની કથા છે.)

પ્રદ્યુમ્નજીનો પ્રાદુર્ભાવ

श्रीशुक उवाच-कामस्तु वासुदेवांशो दग्धः प्राग्रुद्रमन्युना । देहोपपत्तये भूयस्तमेव प्रत्यपद्यत ।। १ ।।

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! વાસુદેવ ભગવાનના અંશરૂપ લોકોત્પત્તિ કરનાર રોગરૂપ કામને રોગોને બાળનાર રુદ્રજીને પૂર્વમાં બાળેલ હતો, ફરીથી તે કામદેવદેહની પ્રાપ્તિ કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણને શરણે આવ્યો અને કામે ભગવાનમાં પ્રવેશ કરી અલૌક્કિ બની પ્રધમ્નરૂપે અવતાર લીધો. (૧) હવે તે કામદેવ ભગવાનની ક્રિયા શક્તિરૂપ વીર્યથી શ્રીરુકિમણી દ્વારા જન્મ લઇ શ્રી પ્રધુમ્નના નામથી પ્રસિદ્ધ થયા. આ પ્રદ્યુમ્ન ભગવાન શ્રીકૃષ્ણને સંપૂર્ણ મળતા આવતા હતા. (૨) શંબરાસુર સ્વેચ્છાનુસાર રૂપ ધારણ કરી શકતો. દેવકાર્યસાધક નારદજીએ શંબરાસુર પાસે આવીને કહ્યું કે શંબર ! તમારા શત્રુનો કૃષ્ણને ત્યાં જન્મ થયો છે. જો તે દશ દિવસ પહેલાં ન મરે અને દશ વાસા થતાં જો કૃષ્ણનો તેને સ્પર્શ થઇ જાય તો તે તે અવધ્ય બનશે. આ વાત જાણી શંબરાસુર સ્ત્રીનું રૂપ લઇ પ્રસૂતિગૃહમાં પ્રવેશ્યો અને દશ દિવસ પહેલાં જ ઉઠાવી લાવી સાગરમાં નાખી શંબર પોતાને ઘરે યાલ્યો ગયો. (૩) પ્રદ્યુમ્ન પડ્યા કે તરત જ તેને કોઇ એક મત્સ્ય ગળી ગયો. આ સાગરમાં માછીમારોએ આ મત્સ્યજાળ બિછાવી તેમાં બીજા મત્સ્ય સાથે પ્રદ્યુમ્નને ગળનાર મત્સ્ય પણ પકડાઇ ગયો. (૪) ખૂબ જ મોટો હોવાને કારણે તે મત્સ્યજીવીઓએ આ મત્સ્યને શંબરાસૂરને ત્યાં ભેટ તરીકે આપ્યો. રસોઇ કરનારાઓ તે મત્સ્યને રસોડામાં લઇ ગયા. અને તે મત્સ્યને શસ્ત્રથી ચીર્યો ત્યારે તેના પેટમાંથી એક અદ્ભુત બાલક નીકળ્યો. આ બાલકને જોઇ બધા આશ્ચર્ય ચકિત થયા અને તે બાલક માયાવતીને આપ્યો. (૫) આ બાલકનું દર્શન થતાં માયાવતીના મનમાં શંકા થઇ કે આવો તેજસ્વી બાલક મત્સ્યના પેટમાં શી રીતે આવ્યો હશે ! આટલામાં ત્યાં નારદજી પધાર્યા અને બાલકની ઉત્પત્તિ તેનું સ્વરૂપ અને મત્સ્યના ઉદરમાં કેવી રીતે આવવું આ સર્વ વિગત માયાવતીને કહી સંભળાવી. (૬) આ માયાવતી કામદેવની યશસ્વિની રતિ નામની અર્ધાંગના હતી. રુદ્રના નેત્રથી બળી ગયેલ પતિ કામદેવના દેહની ફરીથી ઉત્પત્તિ થવાની રાહ જોઇ રહી હતી. (૭) આ માયાવતી ઉપર શંબરની દુષ્ટ દષ્ટિ થઇ ન હતી. શંબરે માયાવતીને રસોઇ બનાવવાના કાર્યમાં રાખેલ હતી. જ્યારે નારદ દ્વારા માયાવતીને જાણ થઇ કે આ કામદેવ પુનઃ દેહ લઇને આવેલ છે ત્યારથી તે બાલ સ્વરૂપ ઉપર પુષ્કળ પ્રેમ કરવા લાગી. આજ દિન પર્યન્ત જેની રાહ જોતી હતી તે જ નિજનાથ બાલક આકારે પોતાની જ સમીપે જાણી થોડા સમયમાં જ યોગ્ય યૌવનમાં આવશે એમ વિચારીને અનુરાગવતી બની. (૮) રાજન્ ! અલ્પ સમય વીતતાં જ કુમાર યૌવનમાં આવી ગયા. એટલું જ નહીં પરંતુ જે કોઇ સ્ત્રી તેના તરફ નીરખે તેનું મન હરી લેતા હતા. (૯)

રતિમાં રતિનો પ્રાદુર્ભાવ

હે વત્સ પરીક્ષિત ! કમલદલ સમાન સુંદર નયનવાળા અને લાંબા હાથવાળા નરલોકમાં અતિ ઉત્તમ સૌન્દર્ય પૂર્ણ નિજ નાથને પતિ પ્રધુમ્નને જોઇ ને રતિ લજ્જામય સ્મિતહાસ્ય અને ઊંચે જતી ભ્રકુટિવાળી નજરે પ્રણયપૂર્વક જ્યારે શ્રીકૃષ્ણકુમારની સાથે વર્તવા લાગ્યાં. (૧૦) ત્યારે કૃષ્ણતનય ભગવાન શ્રી પ્રધુમ્નજીએ કહ્યું કે મા ! આપની મતિમાં વાત્સલ્ય નથી દેખાતું પરંતુ પ્રણય-શૃંગારભાવનાં દર્શન થાય છે તો મા ! આવું મતિ પરિવર્તન શાથી થયું ? (૧૧) પ્રદ્યુમ્નજીના નિષ્કપટ પ્રશ્નનો પ્રત્યુત્તર વાળતાં રતિએ કહ્યું કે આપ તો ભગવાન શ્રીકૃષ્ણના પુત્ર છો. શંબરાસુરે પ્રસૂતિગૃહમાંથી અપહરણ કરી લાવેલ છે. આપ કામદેવ છે, કામદેવના અવતાર છો. હું આપની અર્ધાંગના રતિ છું. (૧૨) આપને થશે શંબર અહીં શી રીતે લાવેલ છે તો વિગતવાર વાર્તા કહું. આપ દશ વાસાના થયા ન હતા, તે પૂર્વમાં જ શંબરાસુરે પ્રસૂતિગૃહમાં સ્ત્રીના સ્વરૂપે હરણ કરી લાવી આપને સાગરમાં નાખી દીધા, ત્યાં આપને એક મત્સ્યે ગળ્યા. તે મત્સ્ય અહીં રસોડામાં આવ્યો. આપ મત્સ્યના ઉદરમાંથી નીકળ્યા બાદ અહીં જ રહ્યા છો આપની આ ગાથા છે. (૧૩) હવે આપ આપના આ શત્રુ શંબરને મારો તે દુર્ધર્ષ છે એટલે માયાવતી બલ ધરાવે છે તેથી ના પકડાય-ના પાસે જવાય તેવો છે તેથી જ તે અજય જેવો છે. એ શંબર અનેક પ્રપંચો જાણે છે માટે આપ એનો સંમોહનાદિ માયાઓનો ઉપયોગ કરી એનો નાશ કરી શકશો. (૧૪)

માતા રુકિમણીના કલ્પાન્તને નિવારો નાથ

અરે રે નાથ ! શું કહું બચ્ચાં મરતાં તેની મા ટિટોડી જેવું કલ્પાંત કરે, જેવો શોક કરે તેવો શોક આપનાં પુણ્યમયી રુકિમણી આપના વિરહમાં ઝૂર્યાં કરે છે નાથ સંતાનના વાત્સલ્ય સ્નેહથી વ્યાકુલ બનેલી માતા રુકિમણીજી વાછરડાવિનાની

દીન ગાયની માફક દુ:ખી દુ:ખી થઈ રહી છે. (૧૫) આ પ્રમાણે રતિએ મહાન્ સમર્થ આત્મા શ્રીપ્રધુમ્નજીને કહ્યું અને માયાની દેવી જ હતી તેથી માયાવતીએ સર્વ માયાઓનો નાશ કરનારી ''મહામાયા'' નાં પ્રધુમ્નને સમર્પણ કર્યાં. (૧૬) પુન: પ્રધુમ્ન શંબરાસુરની પાસે ગયા અને સહન ન કરી શકાય તેવાં વચનોનો આક્ષેપ કરી કરીને કલહ પેદા કર્યો. અને સામેથી રણસંગ્રામ માટે આહ્વાન કર્યું. (૧૭) જ્યારે શંબરાસુરને કટુ-કર્કશ વાક્યોથી ખૂબ જ ઉશ્કેર્યો ત્યારે પગની ઠોકર વાગતાં છંછેડાયેલા સર્પની માફક ક્રોધથી રાતાંપીળાં નેત્રવાળો શંબર હાથમાં ગદા લઈને મેદાને બહાર પડ્યો. (૧૮) દૈત્ય શંબરાસુરે મહાત્મા શ્રી પ્રદ્યુમ્નજીના ઉપર વેગીલી ગતિથી ગદાનો ઘા કર્યો અને મર્મવેધક વાક્યોથી તિરસ્કાર કર્યો અને વજ્રના જેવો નિષ્ઠુર-કઠોર શબ્દ કરવા લાગ્યો. (૧૯) આ અવસરે ભગવાન પ્રદ્યુમ્ને સામે આવી રહેલી તે ગદાને પોતાની ગદાથી ઠુકરાવી શત્રુ ઉપર રોષે કરી ગર્જના કરી પોતાની ભયંકર ગદા શંબરાસુર ઉપર ફેંકી. (૨૦) આ પ્રસંગે મય નામના દાનવે બતાવેલી માયાનું અવલંબન કરી શંબરાસુર આકાશમાં અદૃશ્ય રહીને પ્રધુમ્ન ઉપર અસ્ત્રની વર્ષા કરવા લાગ્યો. (૨૧) શ્રી રુકિમણીતનય મહારથી પ્રદ્યુમ્નજી બાણવર્ષાથી જ્યારે પીડાવા લાગ્યા ત્યારે સર્વ માયાનો નાશ કરનારી સત્વમયી મહાવિદ્યાનો પ્રયોગ કર્યો. (૨૨) પુનઃ શંબરાસુરે ગુહ્યકોની-ગંધર્વોની-પિશાચોની-સર્પોની-અને રાક્ષસોની આ પાંચ અંગોવાળી માયાઓનો માયાનાં અંગો સાથે પ્રયોગ કર્યો. પરંતુ આ સમસ્ત માયાઓનો વળતો ઉત્તર આપનારી સત્વમાયા દ્વારા શ્રીકૃષ્ણતનય પ્રદ્યુમ્નજીએ નાશ કર્યો. (૨૩) અત્યંત ધારદાર તીણી તલવાર લઈને શ્રીપ્રદ્યુમ્નજીએ શંબરાસુરનું કિરીટ અને કુંડલ સહિત મસ્તક ઉડાવી દીધું. (૨૪) આ પ્રસંગે દેવતાઓએ સ્તુતિ કરી અને ચારે બાજુથી કુસુમોની વૃષ્ટિ વરસાવી પ્રધુમ્નજીનું બહુમાન કર્યું ત્યારે આકાશમાં ગતિવાળાં માયાવતી રતિ આકાશ માર્ગે શ્રીપ્રદ્યુમ્નજીને દ્વારિકાપુરીમાં લઈ આવ્યાં અથવા તો દ્વારિકાનાથના અત:પુરમાં લઈ આવ્યાં. (૨૫) રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણનું અત્યંત ઉત્તમ અન્ત:પુર દિવ્ય સ્ત્રીવૃન્દથી દીપી રહ્યું હતું. રાજન્ ! જેમ વીજળી-મેઘ આવી પહોંચે એવી રીતે આકાશ માર્ગેથી પ્રદ્યુમ્ન રતિ સાથે અન્ત:પુરમાં પધાર્યા. (૨૬)

પુત્ર પિતાનું પ્રતિબિંબ નહીં પ્રત્યક્ષ સ્વરૂપ છે

(૧) કેસરી વર્ણા રેશમી કૌશેય-પીતાબંર ધારણ કરેલા, (૨) મેઘશ્યામ, (૩) ઘૂંટણ પર્યન્ત લાંબા હસ્ત, (૪) પદ્મ સમાન અરુણ નયન, (૫) મન્દ સ્મિત કરતા, (૬) મનોહર કમલથી અનુરાગ ઉત્પન્ન કરતા, (૭) નીલવર્ણા વાંકળીઆ, ચિક્કરણ ભરાવદાર, સુંદર કેશથી મુખારવિંદની સૌન્દર્ય પુષ્ટિ કરતા, (૮) તે દિવ્ય મનોહર શ્રીપ્રદ્યુમ્નજીને જોઈને શ્રીકૃષ્ણ-ગૃહિણીઓ તો ભગવાન શ્રીકૃષ્ણ પધાર્યા એમ માની મસ્તીથી બેઠેલાં એકાએક મલાજામાં આવી શરમીંદાં પડી આમતેમ આઘાપાછાં ખસી ગયાં. (૨૭,૨૮) ફરી ધીરે ધીરે સૂક્ષ્મ નજરે જોવા લાગ્યાં ત્યારે ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપ, વય વગેરેમાં થોડા અંતરને જોતાં એકાએક બધાં પ્રસન્ન થઈ એકત્રિત થઈ ગયાં અને મધુર પવિત્ર સ્મિત હાસ્ય કરતાં સ્ત્રીરત્ન સાથે પધારેલા પ્રધુમ્નજીની પાસે આવી વીંટળાઈ વળ્યાં. (૨૯) સદા મધુરબોલા શ્યામનયના વિદર્ભરાજ દુહિતા શ્રીરુકિમણીને પોતાનો ગુમાવેલો પુત્ર એકદમ યાદ આવ્યો અને એકાએક પ્રદ્યુમ્નને જોતાં વક્ષ:સ્થલમાંથી વાત્સલ્ય ભરી અમી ધારા વહેવા લાગી. (૩૦) રુકિમણીજી મનમાં વિચારી રહ્યાં છે કે રત્નોમાં વૈડુર્ય-મણિ જેવા તેજસ્વી આ નરવર-નરશ્રેષ્ઠ કુમાર કોણ હશે ? આ કઈ પુણ્યવતી માનો કૂખદીપક દીકરો હશે ? ક્યા કુલને દીપાવતો હશે. અને કયા પિતાના પુણ્યનું આ પ્રત્યક્ષ સ્વરૂપ હશે. એની સાથે આ દિવ્યાંગના-દેવનારી કોણ હશે ? આ રમા શી રમણી ક્યાંથી મળી હશે ! આ યુગલ જોડીને જોતાં રુકિમણીના ઉરમાં પ્રશ્નો ઊઠયા. (૩૧) ભગવાને દીધો મારે એક આવો જ દીકરો હતો. દશ વાસરનો થાય તે પહેલાં જ તેને અન્ત:પુરમાંથી કોઈ ઉઠાવી ગયું હતું. જો પ્રભુકૃપાએ તે પુત્ર ક્યાંય જીવતો હોય તો તે આવો જ હોય અને અત્યારે આવડો જ હોય. (૩૨) આકૃતિમાં-અવયવોમાં-સ્વરમાં-હાસ્યમાં-અવલોકનની શક્તિમાં શાર્ઙ્ગ નામના ધનુષ્યધારી ભગવાન શ્રીકૃષ્ણની સાથે આટલું બધું મળતાવળાપણું ક્યાંથી ? કદાચ કોક ઘરે આટલું બધું મળતાવળાપણું પુત્રમાં સંભવે જો આ કૃષ્ણનો પુત્ર ન હોય તો આટલી સમાનતા ના બને ! (૩૩) માનો કે ના માનો મેં જેને-જે બાળકને મેં મારા ગર્ભમાં ધારણ કરેલો તે જ આ પુત્ર હોવો જોઈએ, કારણકે આ દીકરાને દેખીને મારું ઉર કેમ ઉભરાય છે ? વળી મારો વામ હાથ શાને ફરકે છે ? તેથી મારો જે પુત્ર મેં

ગુમાવ્યો છે તે આ જ હોવો જોઇએ એમ મન મારું સાખ પૂરે છે. (૩૪) મા રુકિમણી મનમાં આવા મનસુબા સેવી રહ્યાં હતાં એવે ટાણે શ્રીવસુદેવજી સાથે શ્રીદેવકીજી અને ભગવાન શ્રીકૃષ્ણ ત્યાં પધાર્યા. ૩૫ અવિ દ્યાને દૂર કરનાર ભગવાન સર્વ વિગત જાણતા હોવા છતાં કાંઇ પણ ન બોલતાં મૌન જ રાખ્યું હતું. ત્યાં શ્રીનારદજી પધાર્યા અને શંબરાસુર પ્રધુમ્નજીને સૂતિકાગૃહમાંથી લઇ ગયા અને પ્રધુમ્નજી અહીં કેવી રીતે આવ્યા તે કથા કહી સંભળાવી. (૩૬) આ કથા પ્રસંગનું શ્રવણ કરીને ભગવાનની સર્વ ગૃહિણીઓ ઘણું જ આશ્ચર્ય પામ્યાં અને નષ્ટ થયેલ પુત્ર ઘણાં વર્ષે જીવતા પાછા આવ્યા તેથી સર્વ સાથે મળીને પ્રધુમ્નજીને અભિનંદન આપવા લાગ્યાં. (૩૭) દેવકીજી, વસુદેવજી, ભગવાન શ્રીકૃષ્ણ, બલભદ્રજી તેમજ અન્તઃપુરની સર્વ સ્ત્રીઓ પણ આ યુગલને આલિંગન દેવા લાગ્યાં તેમજ રુકિમણીજી પણ આ યુગલ-દમ્પતીને ભેટી પડ્યાં અને આનંદ પામ્યાં. (૩૮) દ્વારિકાના પ્રજાજનો પણ નષ્ટ થયેલા પ્રધુમ્નને પાછા પધારેલા જાણીને અહો આનંદની વાત છે કે હાથમાંથી ગયેલ બાળક હરિકૃપાથી આટલે વર્ષે પાછા આવ્યા ખૂજ જ સારું થયું એમ પરસ્પર કહેવા લાગ્યાં. (૩૯)

यं वै मुहुः पितृसरूपनिजेशभावास्तन्मातरो यदभजन् रहरूढभावाः ।
चित्रं न तत् खलु रमास्पदबम्बबिम्बे कामे स्मरेक्षिविषये किमुतान्यनार्यः ।। ४० ।।

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં રાજસ પ્રકરણના સાધન પ્રકરણમાં "વૈરાગ્ય" લીલાનું વર્ણન કરતો ૫૫ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૫૬ મો

(આ ૫૬માં અધ્યાયમાં ૪૫ શ્લોકો છે. શ્રી જાંબવતીજી અને આમાં શ્રી સત્યભામાજીના લગ્નની કથા આવશે. શ્રી રુકિમણીજી, શ્રી જાંબવતીજી અને શ્રીસત્યભામાજી આ ત્રણે ત્રણ પ્રકારનાં ગુણસ્વરૂપ પટરાણીઓ છે, શ્રી સત્યભામાજીનો વિવાહ સાત્વિક છે, શ્રી જાંબવતીજીનો તામસ છે, શ્રી રુકિમણીજીનો વિવાહ રાજસ માન્યો છે. ભગવાનની બીજી પાંચ પટરાણીઓ પાંચ વિદ્યાઓનાં સ્વરૂપો છે. આ પાંચે પાંચ વિવાહિત પત્નીઓ છે. ભગવાનના સરવાળે આઠ વિવાહો થયા એમાં એક વિવાહ વિધિપૂર્વક થયો છે. સત્યભામાજી સત્રાજિતની ઔરસ ગોત્રજ કન્યા નથી. આ કન્યા સૂર્ય ભગવાને વરદાનમાં આપી છે અને સરસ્વતીજીના કે પૃથ્વીના અંશરૂપ છે.)

श्रीशुक उवाच-सत्राजितः स्वतनयां कृष्णाय कृतकिल्बिषः । स्यमन्तकेन मणिना स्वयमुद्यम्य दत्तवान् ।। १ ।।

શ્રીશુકાચાર્યજી શ્રીરુકિમણી વિવાહને વર્ણવીને શ્રીસત્યભામાજીના વિવાહની ગાથા ગાવા લાગ્યા. કે રાજન્ પરીક્ષિત્ ! શ્રીસત્રાજિતે ભગવાન શ્રીકૃષ્ણના કરેલા અપરાધની શુદ્ધિ માટે સ્યમંતક મણિ તેમજ સત્યભામાજીનાં દાન કર્યાં. તેમાં ભગવાને કન્યાને માગી ન હતી તો પણ જાતે જઇને આપી. (૧) શ્રીશુકાચાર્યજીની પાસેથી સત્યભામાના વિવાહની કથા સાંભળતા ભક્તિ ભર્યા ભાવે પરીક્ષિત રાજાએ પ્રશ્ન કર્યો કે ભગવન્ ! હે બ્રહ્મન્ ! સત્રાજિતે ભગવાન શ્રીકૃષ્ણનો શો અપરાધ કર્યો ? સ્યમંતક મણિ ક્યાંથી લાવ્યા ? અને ભગવાનને સમાન ગોત્ર હોવા છતાં પોતાની કન્યા કેમ આપી ? આ મારી જિજ્ઞાસાઓનું આપ સમાધાન કરવા કૃપા કરો. (૨)

સ્યમંતક મણિની ગાથા

શ્રીશુકાચાર્યજીએ સમાધાન કર્યું કે રાજન્ ! સૂર્ય સત્રાજિતના ઉત્તમ સુહૃદ હતા તેથી સત્રાજિતના ઉપર અત્યંત સ્નેહ હોવાને લીધે પ્રસન્ન થઇને સત્રાજિતજીને સ્યમંતક મણિ આપ્યો હતો. (૩) આ મણિ મળતાં સત્રાજિત જીએ મણિને પોતાના કંઠમાં ધારણ કર્યો. ત્યારે તેની કાંતિ પણ સૂર્ય સમાન બની ગઇ. અને તેવા તેજસ્વી સત્રાજિતે દ્વારિકા નગરમાં પ્રવેશ કર્યો. ત્યાં તેના તેજથી તેની સામે જોવાની કોઇની શક્તિ ન ચાલી. બધા જ અંજાઇ જવા લાગ્યા. (૪) આ અવસરે ભગવાન પાછા-બાજી ખેલી રહ્યા હતા. ત્યાં તેજથી અંજાઇ ગયેલા દ્વારકાવાસીઓ દોડી જઇ નિવેદન કરવા લાગ્યા કે નાથ ! અમને તો લાગે છે કે સૂર્ય ભગવાન આપશ્રીનાં દર્શને આવ્યા લાગે છે. તેમના તેજ સામે અમે જોઇ

શકતા જ નથી. (૫) હે શંખચક્ર-ગદા-ધારી ગોવિંદ ! હે દામોદર ! હે અરવિંદલોચન ! હે યદુનંદન ! હે જગત્પતિ ! સાચે જ સૂર્ય આપનાં દર્શન કરવા પધારે છે તેમજ તે મનુષ્યના નેત્રને પોતાનાં તેજસ્વી કિરણોથી આંજી દે છે. (૬,૭) આપશ્રી ગુપ્ત રીતે યદુકુલમાં અવતર્યા છો તેથી મોટા દેવાધિદેવો પણ આપના દર્શને આપની શોધમાં નીકળી પડ્યા છે. તેમા સૂર્ય તો આપને જાણી ગયેલ હોઇ આપના દર્શને દ્વારિકામાં પધારી રહ્યા છે. (૮)

સ્યમંતક મણિનો મહિમા

શ્રીશુકાચાર્યજી પ્રસંગ વર્ણવતા વચનામૃત વરસાવતા વધ્યા કે રાજન્ ! કમલનયન શ્રીકૃષ્ણ ભગવાન યદુકુમારોનાં નિર્દોષ વચન સાંભળી મન્દસ્મિત કરી કહેવા લાગ્યા કે આ આવી રહેલ ભગવાન સૂર્ય નથી પરંતુ સૂર્યભક્ત શ્રીસત્રાજિતજી છે. તેમણે કંઠમાં મણિ પહેરેલ હોઇ તે સૂર્ય સમાન તેજસ્વી લાગે છે. ભગવાનના શ્રીમુખથી કુમારો સમાધાન સાંભળી સંતોષ પામ્યા. (૯) પુનઃ સત્રાજિત નિજ નિવાસમાં પધાર્યા. ધજા-પતાકાઓથી સુશોભિત મંગલ કલશથી નિત્ય સુમંગલ દર્શનવાળા પોતાના ભવનમાં વિપ્રર્ષિઓને નિમંત્રણ કરી વિધિપૂર્વક મણિને દેવમંદિરમાં પધરાવ્યો. (૧૦) આ સિદ્ધ મણિ આઠ ભાર સોનું એટલે ચાલીસ મણ સોનું નિત્ય આપતો હતો. જ્યાં આ મણિ બિરાજે ત્યાં દુકાળ ના પડે, મહામારી વગેરે રોગોની બિમારી ના આવે, ન તો કોઇ આધિવ્યાધિ ને પ્રજાપીડી અશુભ સ્વજનો ના આવે ન તો તેની અસર થાય. પૂતના વગેરે રાક્ષસીઓ અને અન્ય રાક્ષસો જ્યાં મણિના અર્ચન થતાં હોય ત્યાં પોતાના પ્રભાવ જમાવી શક્તાં ન હતાં. (૧૧) સાધારણ પાત્રમાં સિંહણનું દૂધના ઝિલાય એ સત્ય વસ્તુ હોઇ ભગવાને વિચાર્યું કે સામાન્ય સામર્થ્યવાળા સત્રાજિતમાં આવા અસાધારણ ઐશ્વર્યવાળા મણિનો વસવાટ હિતકર નહીં નીવડે તેમજ સત્રાજિતનું અનિષ્ટ કરશે એવું સમજીને એ મણિ રાજ્યને-રાજાને આપવાની સત્રાજિતને ભગવાને સલાહ આપી. પરંતુ પ્રતિદિન આઠ ભાર સોનું આપવાના સામર્થ્યવાળા મણિને આપી દેવાનો લોભવશ સત્રાજિતનો જીવ ના ચાલ્યો. ભગવાનની અમૂલ્ય સલાહની અવગણના કીધી તેમ જ તેનું કેવું પરિણામ આવશે તેનો પણ તેને વિચાર ન કર્યો અને ભગવાનની સલાહને ઠુકરાવી દીધી. (૧૨)

સત્ય શિખામણનો અનાદર સર્વનાશની નિશાની

ભગવાન કાંઇ મણિના ભૂખ્યા ન હતા. હિત કહેવું એ શ્રીહરિનો ધર્મ હતો તેથી સૂચના આપી દ્વારિકાપતિ શાંત રહ્યા ક્ષુદ્રપાત્ર આવા મહાન ધર્મવાળા મણિને ધારણ કરી શકવાની શક્તિના સંભવનો એક દોષવાળી સૂચના શ્રીકૃષ્ણપ્રભુએ કરી અને તે ના માની આમ ભગવાનની આજ્ઞાની ઉલ્લંઘનનો બીજો દોષ સત્રાજિતનો થઇ ગયો. તેમાં વળી ત્રીજા દોષે પ્રવેશ કર્યો કે સત્રાજિતનો ભાઈ પ્રસેન હતો. તે કાંઇ સૂર્યભક્ત ન હતો સત્રાજિતજી તો સૂર્યના ભક્ત હતા અને તે મણિ ધારણ કરતાં તો ભગવાન સૂર્ય સંભાળત પણ અભક્ત એવા ભાઈ પ્રસેને તે મણિ કંઠમાં ધારણ કર્યો અને આવા મણિને ધારણ કરી કદી એકલા તો જંગલમાં જવું જ ન જોઇએ તો પણ ભાગ્યભૂલ્યા કંઠે પહેરેલા મણિ સાથે પ્રસેને વનમાં મૃગયા રમવા માટે પ્રસ્થાન કર્યું. (૧૩) ત્યાં એક કેસરી-સિંહ તેને ભેટી પડ્યો. આ સિંહે પ્રસેનનો તેમજ તેના અશ્વનો નાશ કર્યો. તે પછી તે મણિને લઇને તે કેશરી પર્વતમાં જઇ રહ્યો હતો ત્યાં મણિધારી સિંહને શ્રીજાંબવાનજી ઋક્ષરાજે જોયો. આ મણિ લેવાની ઇચ્છાથી જ જાંબવાને સિંહના પ્રાણ લીધા અને મણિ લઇને પોતાની ગુફામાં ચાલ્યા ગયા. (૧૪) જાંબવાનજીએ ગુફામાં આવીને આ તેજોમય મણિને પોતાના કુમારને રમવા માટે આપ્યો બીજી બાજુ ભાઈની ખોજ કરવા નીકળેલા સત્રાજિતે મણિ વિનાના મરણ પામી વનમાં પડેલા પોતાના ભાઈ પ્રસેનને જોયો. (૧૫)

લોકાપવાદ સંતને પણ આવે પણ તે ના ટકે

ભાઇ પ્રસેનને મરણ પામેલ અને મણિવિહીન જોઇને સત્રાજિતે મનથી જ માની લીધું કે સ્યમંતક મણિ શ્રીકૃષ્ણે રાજા માટે માંગેલો તે મેં ના આપ્યો એટલે અદાવત ઉરમાં રાખી કૃષ્ણે મારા ભાઇને માર્યો કે મરાવી નાખ્યો હશે અને મણિ અવશ્ય લઇ લીધો હશે, બાકી આ મણિ ક્યાં જાય ? આવી વાત સત્રાજિતે વહેતી મૂકી અને આ વાત એક કાનેથી બીજા કાને એમ કરતી કરતી શ્રીકૃષ્ણ ભગવાનના કાને આવી. (૧૬) ભગવાને પોતાના મંત્રીઓ સાથે મંત્રણા કરી

કે આપણે આ મણિ લીધો જ નથી તો પણ અકારણ આ દોષ આપણા ઉપર આવ્યો છે તો આવી પડેલ અપયશને દૂર કરવો જ રહ્યો. એમ નિર્ણય કરીને ભગવાન શ્રીદ્વારિકાનાથ કેટલાક જનસમૂહને સાથે લઇને પ્રસેનના પગલે પગલે તેને શોધતા વનમાં નીકળી પડ્યા. (૧૭) વનમાં આવેલા શ્રીકૃષ્ણ ભગવાનને પોતાના અશ્વ સાથે સિંહેમારી નાખેલા પ્રસેનને જોયો. તેમજ આ સિંહને પર્વતમાં કોઇ સમર્થ રીંછે મારેલ છે એમ લોકોએ જોયું. (૧૮) હવે મણિની શોધ આગળ વધી. રીંછનાં પગલે પગલે આગળ ચાલતાં જ્યાં એક મોટી ગુફા જોઇ. એ ગુફા ઘોર અંધારે છવાયેલી હતી. ભગવાને જોખમમાં કોઇને સાથે ન લઇ જતાં એકલાએ જ અંધારી ગુફામાં પ્રવેશ કર્યો. અને ભગવાનની સાથે આવેલ જનલોક ગુફાના દ્વાર પાસે બહાર જ રાહ જોતા બેઠા. (૧૯) જેવા ભગવાન કૃષ્ણ ગુફામાં પધાર્યા ત્યાં બાલકોને ખેલવાનાં ખિલોના તરીકે ખેલાતા મણિને બાલકના હાથમાં જોયો. તેની પાસેથી લેવાની ઇચ્છાથી ભગવાન ક્ષણવાર બાળક પાસે ઊભા રહ્યા. (૨૦) આ વખતે બાળકને રમાડતી આયા અણધાર્યા અને અજાણ્યા આવેલા પુરુષને જોઇ ડરી જઇને બૂમો પાડવા લાગી તેણીની રાડો સાંભળતાં જ સર્વશ્રેષ્ઠ જાંબવાન ક્રોધે ભરાઇને ત્યાં આવી લાગ્યા. (૨૧) જાંબવાન નિજનાથ આજ શ્રીયદુનાથ થઇ પધાર્યા છે એવું ના જાણી શક્યા તેને મન તો કોઇ મામૂલી માવન છે એમ અભિપ્રાય બાંધી દીધો એટલું જ નહીં માનવ માનીને ભગવાન સાથે યુદ્ધે ચઢ્યો. કારણ કે તે ભગવાનનાં પ્રતાપને જાણી શક્યો ન હતો. (૨૨) સર્વથી પ્રથમ તો જેમ માંસના ટુકડા માટે બે બાજપક્ષીઓ પરસ્પર બાઝે તેમ મણિ માટે ભગવાન શ્રીકૃષ્ણ અને જાંબવાનનું શસ્ત્રયુદ્ધ થયું. જાંબવાન જે જે શસ્ત્ર લઇ ભગવાન ઉપર પ્રહાર કરે તે શસ્ત્રને પકડી લઇ ભગવાન તેના ઉપર ફેંકવા લાગ્યા. આમ કરતાં જાંબવાનનાં શસ્ત્રો ખતમ થયાં તે પછી પથ્થરોના પ્રહારો શરૂ થયાં. પથ્થરો જ્યારે ખૂટ્યા ત્યારે વૃક્ષો ઉપાડી ઉપાડીને ફેંકવા લાગ્યા વન વેરાન બનતાં બન્નેનું બાહુયુદ્ધ આરંભાયું. (૨૩) આ પ્રકારે કુસ્તી કરતાં એકબીજા ઉપર વજ્રાઘાત કરતી કઠોર મૂઠીઓના માર મારતાં મારતાં અઠ્ઠાવીસ દિવસ અને રાત્રીઓ વીતી ગઇ. (૨૪) ભગવાન શ્રીકૃષ્ણની મુષ્ટિના પ્રાહરથી જાંબવાનજીનાં ગાતર ઢીલાં થઈ ગયાં; અંગ-પ્રત્યંગોમાંથી બાણ ક્ષીણ થઇ ગયું. કાયા ઉપર પસીનો પસરી ગયો ત્યારે આશ્ચર્યચકિત બની જાંબવાનજી બોલ્યા. (૨૫)

ભગવાનના અનુગ્રહથી જ ભગવાન ઓળખાય

શ્રીજાંબવાનજી ત્રિલોકીનાથને ઓળખી ગયા. ભક્તિભાવ જાગી ગયો અને ત્રણ શ્લોકોમાં ઉત્તમશ્લોક નિજનાથનું યશોગાન કરવા લાગ્યા નાથ અષ્ટવિધ ઐશ્વર્યવાળા આપની કૃપાથી જાણ્યા. તો નાથ દંડવત્ પ્રણામ કરું છું. આપ જ પ્રાણીમાત્રની પ્રાણશક્તિ-ઇન્દ્રિયોની શક્તિ-અન્તઃકરણની શક્તિ-અને બલશક્તિ સ્વરૂપ છો. આપ જ વિષ્ણુ છો-પુરાણપુરુષોત્તમ છો-પ્રભવિષ્ણુ છો, અને અધીશ્વર છો. (૨૬) હે નાથ ! આપ જ્ઞાનશક્તિથી અને ક્રિયાશક્તિથી પૂર્ણ છો એ જ રીતે વિશ્વની ઉત્પત્તિ કરનારા તત્વોનાં તેમજ પ્રજાપતિઓના પણ પતિ છો. ઉત્પાદક, સ્થાપક, રક્ષક અને સંહારક આપ જ છો. જગતના સમસ્ત પદાર્થોમાં સત્સ્વરૂપ આપ જ છો. કાલ-મહાકાલ-મહાદેવ સ્વરૂપે આપ જ ઉપસંહાર કરો છો, તેમજ સર્વના મોક્ષસ્વરૂપ પણ છો. (૨૭)

यस्येषदुत्कलितरोषकटाक्षमोक्षै-र्वर्त्मादिशत् क्षुभितनक्रतिमिङ्गलोडब्धिः ।
सेतुः कृतः स्वयश उज्जवलिता च लङ्का- रक्षःशिरांसि भुवि पेतुरिषुक्षतानि ।। २८ ।।

નાથ ! આપ શ્રીરઘુનાથજીના નજીવા રોષે ભરેલા નેત્રના કેવલ કટાક્ષોથી આમતેમ ખળભળી ઊઠેલા મોટા મોટા મગરો અને વહાણોને પણ ગળી જનારા મહાન મત્સ્યોથી ભરેલો મહાસાગર શરણે આવ્યો અને આપશ્રીને માર્ગ આપ્યો તેમજ સેતુ બાંધવા વિનંતિ કરી. આપે પણ સેતુ બાંધ્યો, લંકાનું દહન કીધુ, પોતાના ઉજ્જવલ યશથી લંકાને અજવાળી દીધી, અને આડે આવતા અનેક રાક્ષસોનાં મસ્તકો આડેધડ ઉડાવી દીધાં. (૨૮) શ્રીજાંબવાનજીએ જ્યારે ત્રણ શ્લોકોથી નાથની સ્તુતિ કરી ત્યારે ભગવાને વિચાર્યું કે જાંબવાન ભગવાનને જાણી ગયેલ છે ત્યારે હે રાજન્ પરીક્ષિત ! દેવકીનંદન શ્રીઅચ્યુત ભગવાને વચનામૃત કીધાં. (૨૯) પ્રથમ તો ભગવાને પોતાના સુખકર કરકમલથી શ્રીજાંબવાનજીનાં ગાત્રોને સ્પર્શ કર્યો. આ અવસરે જાંબવાનની સર્વવેદના શાંત થઇ ગઇ પુનઃકૃપાનાથ મેઘ સમી મધુર ગંભીર વાણીથી પોતાના અનન્ય સેવક શ્રીજાંબવાનજીને કહેવા લાગ્યા. (૩૦) હે ભક્તવર શ્રીજાંબવાનજી ! આ

સ્યમંતક મણિને કારણે અમે અકારણ અપયશ:કંલક પામ્યા છીએ. આ અપકીર્તિને દૂર કરવાના આશયથી જ અમે આટલે દૂર આપની ગુફામાં આવી પહોંચ્યા છીએ. (૩૧) શ્રીજાંબવાનજીને રામાવતારથી જ લાલસા હતી કે પુત્રી પ્રભુને સમર્પું તેમજ જાંબવતીજી પણ પ્રભુને જ પતિ બનાવવા પ્રતીક્ષા કરી બેઠાં હતાં તે જ રઘુપતિ યદુપતિ થઇ પધાર્યા છે તેથી આનંદ ઉર ન સમાતાં પોતાની પ્રાણપ્રિયપુત્રી જાંબવતીજીને ભગવાનને સમર્પ્યાં અને કન્યાદાનમાં આભૂષણ તરીકે મણિવિશ્વભૂષણ ભગવાન શ્રીકૃષ્ણને કરિયાવરમાં દીધો. (૩૨) પુનઃ ગુફાની બહાર જે જે નાગરિક જનો રાહ જોઇ બેઠા હતા તે સર્વ સ્વજનો જ્યારે ભગવાન ગુફામાંથી બહાર ના પધાર્યા ત્યારે બાર દિવસ પર્યન્ત પ્રતીક્ષા કરીને અંતે દુઃખી થઇ દ્વારિકાનગરમાં પાછા ચાલ્યા ગયા. (૩૩)

માતા-પિતાનું જીવન અને ધન સંતાન છે

જ્યારે ભગવાન ગુફામાંથી બહાર નથી પધાર્યા એ સમાચાર જાણ્યા ત્યારે શ્રીદેવકીજી-વસુદેવજી અને રુકિમણીજી અત્યંત દુઃખી થઇ ગયાં તેમજ સુહ્રદજન, જ્ઞાતિજન અને સ્વજન શોક કરવા લાગ્યાં. (૩૪) સર્વ દ્વારિકાવાસીઓ સત્રાજિતને શાપ આપવા લાગ્યા અને ભગવાન શ્રીકૃષ્ણ આપણને વિના વિલંબે મળે એ આશયથી ભગાવનની જ શક્તિ માયા દુર્ગાદેવીનું આરાધન કરવા લાગ્યાં. (૩૫) દ્વારિકાવાસી જનોનું અનુષ્ઠાન સમાપ્ત થતાં આશીર્વાદ મળતાં જ આ બાજુ સર્વને પ્રાણ આપનાર અને સર્વના શ્રીકૃષ્ણ પ્રાણપ્રિયા પત્ની શ્રીજાંબવતીજી સાથે દ્વારિકામાં પધાર્યા. (૩૬) ક્ષેમકુશળ પાછા પધારેલા શ્રીકૃષ્ણને અને કંઠમાં સ્પમન્તક મણિ ધારણ કરેલાં પ્રભુનાંપત્ની શ્રીજાંબવતીજીને જોઇએ દ્વારકાના જનો ખૂબ જ આનંદમાં આવી ગયાં. (૩૭) ત્યારબાદ ઉગ્રસેન રાજાના સાન્નિધ્યમાં ભગવાને સત્રાજિતને બોલાવવામાં આવ્યા અને મણિ ક્યાંથી કયાં કયાં ગયો અને ભગવાનને એ માટે કેટલો બધો શ્રમ પડ્યો આ સર્વ વૃત્તાન્ત સત્રાજિતને સભામાં કહી સંભળાવ્યો. (૩૮) આ આખી આખ્યાયિકા શ્રીકૃષ્ણ પ્રભુના શ્રીમુખે સાંભળીને સત્રાજિતજી અત્યંત લજાઇ ગયા. તેમણે મુખ નીચું કરી દીધું અને પોતાના મનમાં પરિતાપ કરતા કરતા પોતાના નિવાસે ચાલ્યા ગયા. (૩૯) સંભવ છે કે આ કારણથી મોટો કલહ તશે એવું વિચારતાં જ સત્રાજિત અકળાઇ ગયા. અને સદા મનમાં પસ્તાવા લાગ્યા કે આપણે કારણ વિના ભગવાન શ્રીકૃષ્ણ ઉપર દોષારોપણ કર્યું છે તો હવે મારું પાપ શી રીતે ધોવું ? અને એનું શું પ્રાયશ્ચિત કરવું અને શ્રીકૃષ્ણ ભગવાન મારા ઉપર શું કરવાથી પ્રસન્ન થાય એનો વિચાર કરવા લાગ્યા ? (૪૦) સત્રાજિત મનમાં માર્ગ શોધવા લાગ્યા અને પરિતાપ કરવા લાગ્યા કે મારામાં દીર્ઘ દષ્ટિ નથી, ક્ષુદ્ર છું, મૂઢ છું, દ્રવ્યનો લાલચુ છું. સર્વ લોકો મને શાપ આપે છે. હવે આ સર્વ શી રીતે શાંત થાય અને સુધરે ? મારું કેવી રીતે કલ્યાણ થાય એનું જ મનમાં ધ્યાન કરવા લાગ્યા. (૪૧) એમના મનમાં એક વિચાર આવ્યો કે એક તો સ્ત્રીવૃન્દમાં શ્રીસત્યભામા નારીરત્ન છે અને બીજો સ્યમંતક પણ મણિરત્ન છે. હું આ બન્ને રત્નો ભગવાનને સમર્પી દઉં તો અવશ્ય શ્રીકૃષ્ણ પ્રસન્ન થશે. આ આ વિના બીજો કોઇ ઉત્તમ ઉપાય દેખાતો નથી. અનેક વિચારને અંતે આવો નિર્ણય કરીને સત્રાજિતે પોતાની સર્વ શુભ લક્ષણસમ્પન્ન પોતાની પુત્રી સત્યભામાજીને અને સ્યમંતક મણિને લઇ ને ભગાવન શ્રીકૃષ્ણ સમીપે જઇને બન્ને રત્નોનું સમર્પણ કર્યું. (૪૩) સત્યભામાજી શીલસંપન્ન હતાં, પરમ ઉદાર હતાં, ઉત્તમગુણ સમ્પન્ન હતાં અને અનેક પુરુષોએ સત્યભામાજીનું માગું કર્યું હતું આમ છતાં સત્યભામાજીને પ્રભુજીને સમર્પ્યાં અને ભગવાન શ્રીકૃષ્ણજી વિધિપૂર્વક સત્યભામાજીને પરણ્યા. (૪૪) લગ્નવિધિ થયા બાદ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે સત્રાજિતજી આ મણિ મારે ન જોઇએ. આપ ભગવાન સૂર્યના ભક્ત છો તેથી આપની પાસે જ શોભશે. આપ એ માટે યોગ્ય છો. આપની પાસે જ રાખો અમને પણ એનાથી લાભ મળવાનો જ છે કારણ કે અમે આપના છીએ અને આપ અમારા આપ્તજન છો. (૪૫)

भगवानाह न मणिं प्रतीच्छामो वयं नृप । तवास्तु देवभक्तस्य वयं च फलभागिनः ।। ४५ ।।

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધ રાજસ પ્રકરણના સાધન પ્રકરણમાં ધર્મીનું નિરૂપણ કરનારો અધ્યાય ૫૬ મો સમાપ્ત

અધ્યાય - ૫૭ મો

(આ ૫૭ અધ્યાયથી ૬૩ મા અધ્યાયના સાત અધ્યાયો રાજસ પ્રકરણના ચોથા ફલ પ્રકરણના સાત અધ્યયો છે પૂર્વાર્ધ તામસ પ્રકરણમાં ''કામ'' ફલ રૂપ બન્યો પરંતુ ગોપીજનોનો તે કામ અલૌક્કિ હતો; કારણ કે તે કામ ભગવાનમાં હતો અને ભગવાન માટે જ હતો. હવે રાજસ પ્રકરણના આ ફલ પ્રકરણમાં ''ક્રોધ'' ફલરૂપે છે ક્રોધ પણ ભગવાનમાં કરશે તે પણ તરશે અને ભગવાન તેમનો પોતાનામાં જ નિરોધ કરશે. હવે ૫૭ મો અધ્યાય શરૂ થાય છે. આ અધ્યાયમાં ૪૨ શ્લોકો છે)

श्रीशुक उवाच-विज्ञातार्थोपि गोविन्दो दग्धानाकण्य पांडवान् ·। कुन्ती च कुल्यकरणे सहरामो ययौ कुरून् ।। १ ।।

ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ

શ્રીશુકાચાર્ય મહારાજે કહ્યું કે રાજન્ ! ભગવાન તો જાણે જ છે કે પાંડવો ગુપ્ત ભોંયરામાંથી બહાર નીકળી ગયા છે બળ્યા નથી પરંતુ લૌક્કિ દષ્ટિએ પાંડવોને બળી ગયેલા જાણીને તેમજ કુન્તીફોઇ પણ બળી ગયેલાં છે એમ જાણી કુલોચિત વ્યવહાર કરવા માટે જેવું જોઇએ જ તેથી શ્રીબલભદ્ર ભૈયા સાથે કુરુદેશ હસ્તિનાપુર ગયાં. (૧) ત્યાં આવીને શ્રીભીષ્મપિતામહ, ધૃતરાષ્ટ્રજી, વિદુરજી, ગાન્ધારીજી અને શ્રીદ્રોણાચાર્યને મળ્યા. અને એકબીજાની દુઃખની વેદના અનુભવતા બોલ્યા કે ખૂબ જ અસહ્ય કષ્ટ આવી પહોંચ્યું. (૨) રાજન્ ! આ અવસરે ભગવાનની ગેરહાજરીનો લાભ ઉઠાવીને અક્રૂરજી અને કૃતવર્માએ શતધન્વાને ચઢાવી માર્યા કે શા માટે સત્રાજિતનો મણિ નથી લઇ લેતા. (૩) કારણ કે સત્રાજિતે આપણને કન્યારત્નનું સત્યભામાને આપવાનું વચન આપ્યું હતું પછી તેણે આપનું અપમાન કરી કૃષ્ણને પરણાવી તો પછી સત્રાજિત પણ શા માટે તેના ભાઈ પ્રસેનની પાછળ સ્વર્ગે ના જાય ? આ પ્રમાણે અતિશય ક્ષુલ્લક જીવ શતધન્વાને અક્રૂર અને કૃતવર્માએ બહેકાવી માર્યો અને સ્વયં પણ સ્યમન્તકનો લોભી હતો તેથી ઉત્તેજિત બનેલા અને મરવાને ભૂમિ સૂંધતા શતધન્વાએ નિદ્રાધીન અને નિરપરાધી સત્રાજિતને પાપીએ મારી નાખ્યા. (૫) જાણે કોઇ અનાથ જન વિલાપ કરે એ રીતે વિલાપ કરતી એ અનાથ સ્ત્રીઓને કોઇ કસાઇ પશુઓને પ્રહાર કરે તેમ પ્રહાર કરતો મણિ લઇને નાસી ગયો. (૬) પોતાના પિતાને મરણ પામેલા જોઇને શ્રીસત્યભામાજી શોક કરવા લાગ્યાં અને હે તાત ! હે તાત ! આપ ગયા ! અરેરે હું જ મરી ગઇ એમ પોકારી પોકારીને વિલાપ કરતાં બેશુદ્ધ બની ગયાં. (૭) ત્યાર બાદ પોતાના મૃતદેહને તાંબા કે લોહના બનેલા તૈલ પાત્રમાં રાખીને સત્યભામાજી શીઘ્ર ગતિથી હસ્તિનાપુર દોડી ગયાં. જોકે ભગવાન સત્રાજિતના મૃત્યુ વગેરેના સમાચાર પ્રથમથી જ જાણતા હતા તો પણ અજાણ બની રહ્યાં અને સત્યભામાજીએ પિતાજીનાં વધનાં સમાચાર ભગવાનને કહી સંભળાવ્યા સત્યભામા સૂર્યદેવે આપેલી કન્યા છે. સૂર્ય સમાન તેજસ્વિની છે. પુરુષના જેવી પ્રકૃતિ છે. તેથી શોકમાં ડૂબી ના જતાં પિતાના દેહને કોઠીમાં મૂકી ભગવાન પાસે દોડી ગયાં. ભગવાન સમદુઃખી બન્યા. (૮) રાજન્ ! શ્રીબલભદ્રજી અને શ્રીકૃષ્ણ તો સ્વયં સર્વજ્ઞ છે તેમજ ભગવાન છે તેથી શોક-મોહ ન હોય તો પણ મનુષ્ય લીલાનો દેખાવ કરતા બન્ને ભાઈઓનાં નેત્રો અશ્રુથી છલકાઈ ગયાં અને બન્ને ભાઈઓ બોલ્યા કે અરે આપણે માથે મોટી આપત્તિ આવી પડી એવું બોલી વિલાપ કરવા લાગ્યા. (૯) હે તાત ! પરીક્ષિત ! ત્યારબાદ ભગવાન મોટા ભાઈ શ્રીબલભદ્રજી અને પોતાનાં ભાર્યા શ્રીસત્યભામાજી સાથે હસ્તિનાપુરથી દ્વારિકાજી પધાર્યા અને સ્યમંતક મણિ પાછો લાવવાના અને શતધન્વાનો વધ કરવાના નિર્ણય ઉપર આવ્યા. (૧૦)

અભાગીને આપત્તિમાં કોઈ આપ્તજન નથી

શતધન્વાને સમાચાર મળ્યા કે શ્રીકૃષ્ણ આવી પહોંચ્યા છે અને પોતાને નક્કી મારવાના જ છે એટલે ભયભીત બની પ્રાણોનું રક્ષણ કરવાની વાંછાથી જ્યારે પોતાને સલાહ આપનાર કૃતવર્માની સહાય માગવા ગયો ત્યારે કૃતવર્માએ કહ્યું કે (૧૧) શતધન્વા ! રામ અને શ્રીકૃષ્ણ તો પરમેશ્વર છે. આ બેની ઉપેક્ષા કરવાની મારી તો શક્તિ નથી એ બન્નેનો અપરાધ કરીને કઇ એવી વ્યક્તિ છે કે તે પોતાના કલ્યાણની કલ્પના પણ કરી શકે. (૧૨) અધિક શું કહું ? જે શ્રીકૃષ્ણ સાથે દ્વેષ કરવાના ફલ સ્વરૂપે પોતાના-ભાઈ-બંધુ-કુટુંબ સાથે નાશ પામ્યો. અને લક્ષ્મી અને રાજ્યથી પણ ભ્રષ્ટ થયો. તેમજ ભગવાનનો વિરોધ કરનાર જરાસંધ પણ સત્તરવાર હારી ગયો અને રથ વિના પગે ચાલતો યુદ્ધમાંથી ભાગી

ગયો. (૧૩) જ્યારે શતધન્વાને કૃતવર્માએ સહાય કરવાની ના પાડી દીધી ત્યારે શતધન્વાને અક્રૂરજી પોતાને પડખે ઊભા રહેવાની યાચના કરી ત્યારે અક્રૂરજીએ શતધન્વાને કહી દીધું કે સમર્થ શ્રીકૃષ્ણ અને શ્રીબલભદ્રજી બન્ને ઈશ્વરો છે તો જાણીબૂઝીને એ બન્નેનો વિરોધ કોણ કરે ? (૧૪) જે શ્રીકૃષ્ણ પોતાની માયા નામની શક્તિથી આ વિશ્વની ઉત્પત્તિ-સ્થિતિ-પાલન-લય કરે છે એવા ભગવાન શ્રીકૃષ્ણની અજેય માયામાં ભલભલા બ્રહ્માદિ દેવો પણ મોહ પામ્યા છે અને ભગવાનની લીલાઓને જાણી પણ શક્યા નથી. (૧૫) અરે ભાઈ જેથી કૃષ્ણ સાત વર્ષની બાલ્યવયમાં હતા ત્યારે પર્વતને ઉખાડીને એક હાથ ઉપર રમત રમતમાં બાલક ઈન્દ્રગોપ બિલાડીના ટોપને જેમ ધારણ કરે તેમ ધારણ કર્યો હતો. (૧૬) અદ્‌ભુત ચરિત્રવાળા, અનન્ત શક્તિવાળા સર્વના મૂલકારણ સ્વરૂપ સદાવિકાર રહિત સ્વરૂપવાળા ભગવાન શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરું છું. (૧૭) જ્યારે શ્રી અક્રૂરજીએ પણ સહાય કરવાની ના પાડી દીધી ત્યારે શતધન્વા તે સ્યમંતક મણિ શ્રીઅક્રૂરજી પાસે અનામત મૂકી રાખીને એક રાત્રીમાં સો યોજન દૂર દોડી શકે તેવા ઘોડા ઉપર ચઢીને નાસી ગયો. (૧૮)

પાપી કે પ્રભુ અપરાધી ક્યાંય ક્ષેમકુશળ નથી

રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણ અને બલભદ્રજી પણ ગરુડધ્વજ અને અતિશય વેગેલી ગતિવાળા અશ્વોથી જોડેલા રથમાં બેસીને ગુરુદ્રોહી એટલે સસરા હોવાથી પોતાના પૂજય એવા સત્રાજિતનો વધ કરનાર શતધન્વાની પાછળ દોડ્યા. (૧૯) માર્ગમાં અતિદૂર દોડતાં શતધન્વાનો ઘોડો થાકી જતાં મિથિલા નગરના ઉપવનમાં ઢળી પડ્યો ત્યારે તેને પડતો મૂકીને તે પેદલ દોડવા લાગ્યો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ પણ રોષે ભરાઇને તેની પાછળ પડ્યા. (૨૦) પેદલ દોડતા શતધન્વાની પાછળ ભગવાન પણ પગે દોડ્યા અને તેને પકડી પાડ્યો અને અત્યંત તીક્ષ્ણ ધારદાર સુદર્શન ચક્રથી તેનું મસ્તક ઉડાવી દીધું અને તેનાં વસ્ત્રોમાં સ્યમંતક મણિને શોધવા લાગ્યા. (૨૧) ભગવાન શ્રીકૃષ્ણે ખૂબ જ શોધ્યો છતાં ના જ મળ્યો ત્યારે પોતાના મોટાભાઈ બલભદ્રજીની સમીપે આવીને કહેવા લાગ્યા કે આપણે શતધન્વાને માર્યો ન માર્યો સરખો છે કારણ કે એની પાસે તો મણિ નથી. (૨૨) આ અવસરે બલભદ્રજીએ કહ્યું કે કૃષ્ણ ! ખાત્રીની વાત છે કે શતધન્વાએ તે મણિ કોઇની પાસે અનામત મૂક્યો છે માટે તેની ખાત્રી અને તપાસ કરવા દ્વારિકાપુરીમાં આપ પધારો. (૨૩) અને હું મારા પ્રિયતમ મિત્ર વિદેહનરેશને મળવા માટે મિથિલા જઇ રહ્યો છું. રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણને કહીને શ્રીબલભદ્રજીએ મિથિલા નગરીમાં પ્રવેશ કર્યો. (૨૪)

ભક્તિના અનુરાગી ભગવાન શ્રીકૃષ્ણ અને જ્ઞાનના અનુરાગી શ્રીબલભદ્ર

ગરુડધ્વજ રથમાં બિરાજી ભગવાન દ્વારિકા તરફ પ્રસ્થાન કરશે ત્યારે અન્ય રથમાં અથવા ચરણે ચાલીને શ્રીબલભદ્રજી મિથિલા નગરી તરફ વળ્યા. અણધાર્યા આપ શ્રીબલભદ્રજીને પધારેલા જોઇને અત્યંત પ્રસન્નચિત્ત બનેલા શ્રી મિથિલાનરેશ એકાએક ઊભા થઈ સેવા યોગ્ય સામગ્રી સાથે લઇ સામે જઇ વિધિપૂર્વક શ્રીબલભદ્રજીનાં અર્ઘ્યપૂજન આદર દીધાં. (૨૫) શ્રીબલભદ્રજી પણ ત્રણેક વર્ષથી વધુ સમય મિથિલાનગરીમાં બિરાજ્યા. આ અવસરે ઠીક તક છે એમ સમજીને તકસાધુ ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધને શ્રીબલભદ્રજી પાસેથી ગદાયુદ્ધનું શિક્ષણ મેળવ્યું. આ અવસરે પરમોદાર મહામના શ્રીજનકરાજાએ પણ શ્રીબલભદ્રજીનો અતિશય પ્રેમથી આદરસત્કાર કર્યો. (૨૬)

શ્રીદ્વારિકેશ દ્વારિકાનગરીમાં પધાર્યા

જ્યારે શ્રીબલભદ્રજી મિથિલાજીમાં પધાર્યા ત્યારે શ્રી દ્વારિકાધીશ ભગવાન કેશવ પ્રિયા શ્રીસત્યાભામાજીનું નિત્ય પ્રિય કરનાર દ્વારિકાજી આવ્યા અને શતધન્વાના વધની અને મણિ ન મળ્યાની આમ બન્ને વાતો સત્યભામાજીને કહી સંભળાવી. (૨૭) અને ભગવાન શ્રીકૃષ્ણે પોતાના બન્ધુ શ્રીસત્રાજિતની બન્ધુજનોની સાથે મળીને દેહ પડ્યા પછીથી દાહથી આરંભી શ્રાદ્ધપર્યંત ક્રિયાઓ કરવામાં આવે છે તે સર્વ ક્રિયાઓ કરાવી. (૨૮) બીજી બાજુ અક્રૂરજીએ, કૃતવર્માએ જાણ્યું કે ભગવાનના શતધન્વાનો વધ કર્યો. એટલે પોતે બન્ને ભયવિહવળ બન્યા અને કોઇને પણ નિમિત્ત આગળ ધરીને દ્વારિકા ત્યજી જવાનો નિર્ણય કર્યો. વળી બલભદ્રજીએ કહ્યું હતું કે શતધન્વાએ કોઇ પણ વિશ્વાસુ સ્વજન

પાસે મણિ મૂક્યો હોવો જોઈએ તેથી ભગવાન મણિ અંગે શોધ કરી રહ્યા છે. વળી લોકો પણ વાતો કરવા લાગ્યો કે મણિ અક્રૂર અને કૃતવર્મા પાસે હોવો જોઈએ તેથી પણ ડરી ગયા. વળી પોતે બન્નેએ શતધન્વાને ઉશ્કેરી ને સત્રાજિતનો વધ કરાવ્યો છે. તેથી ભગવાન અવશ્ય કંઈ ને કાંઈ શિક્ષા કરશે જ એમ સમજીને (ભગવાને જ દ્વારિકા છોડવાની બુદ્ધિ ઉત્પન્ન કરી અને) તેઓ બન્ને દ્વારિકા ત્યજીને ચાલી નીકળ્યા. (૨૯) જેવા અક્રૂરજીએ દ્વારિકાવાસી પ્રજાજનોને ત્યાં અનેક પ્રકારના અનિષ્ટો અને અનેક પ્રકારના ઉત્પાતો થવા લાગ્યા. લોકો તમ-મન- સ્વજનથી દુઃખી થવા લાગ્યા. અનાવૃષ્ટિ, મહામારી વગેરે રોગોની પણ પીડા વારંવાર થવા લાગી. (૩૦) કેટલાક લોકો તે ભગવાનના વીર્યને-મણિસામર્થ્યને વીસરીને વાતો કરવા લાગ્યો કે એ તો અક્રૂરનાં પગલાં ગયાં તેનું આ પરિણામ છે તો કેટલાક કહેવા લાગ્યા કે આ બધું ભગવાનની ઈચ્છાથી થાય છે ત્યારે વળી લોકો કહેવા લાગ્યા કે મુનિવર શ્રીઅક્રૂરજી જે ઘરમાં નિવાસ કરતાં હોય તેવા પ્રદેશમાં શું અનિષ્ટો હોઈ શકે ખરાં ? (૩૧) હવે પૂર્વના ઈતિહાસનો ઉલ્લેખ કરીને વાતો કરવા લાગ્યા કે આ અક્રૂરજીના પગલાં જ પુણ્યશાળી છે. કારણ કે એમના પિતા અને માતા બન્ને પુણ્યશાળી છે એ વાતનું સમર્થન કરતા બોલ્યા કે એકવાર કાશીમાં દુકાળ પડ્યો અને લોકો દુઃખી દુઃખી થઈ ગયા હતા ત્યારે મહાદેવજીએ સૂચવ્યા પ્રમાણે પ્રસંગવશ કાશીમાં આવેલા અક્રૂરજીના પિતા શ્વફલ્કને પોતાની ગાંદિની નામની કન્યા પરણાવી ત્યારે કાશીનગરીમાં અને ચારેબાજુના પ્રદેશમાં ખૂબ જ વૃષ્ટિ થઈ અને સર્વત્ર સુખશાંતિ થયાં, આવું પિતાના જેવું પુણ્ય મુનિ અક્રૂરજીનું પણ છે. વળી અક્રૂરજીની માતાના જેવું પુણ્ય પણ અક્રૂરજીનું છે કાશીરાજની પુત્રીનું નામ ગાંદિની છે અને તેમા નાના પુત્ર અક્રૂરજી છે આ ગાંદિનીનો કાશી નરેશને ત્યાં જન્મ થયો ન હતો ત્યારે પુત્ર કે પુત્રી સંતાન વિનાના કાશીરાજે ઋષિઓના કહેવાથી સંતાનપ્રાપ્તિ માટે રોજ રોજ એક ગાયનું દાન કરવા માંડ્યું ત્યારે એક વર્ષ ને અંતે કાશીનરેશને આંગળે દીકરી જન્મી એનું નામ ગાંદીની પાડ્યું છે. આ જન્મ પછી પિતાએ બાર વર્ષ પર્યન્ત કન્યાને હાથે નિત્ય એક ગાયનું દાન કરાવ્યું તેથી પુણ્યમયી માતાના પુત્ર અક્રૂરજી છે માટે આવાં પુણ્યશાળી માબાપના પુત્રનાં પગલાં દ્વારિકામાં હતાં તેથી સદા વૃષ્ટિ થતી અને તે પ્રદેશમાં ન તો દુકાળ પડતો કે ન તો ત્યાં પાપો થતાં કે ન તો ઉત્સવો થતા, કે મહામારી કે પૂતના વગેરેના તાપ કલેશો થતા. (૩૨,૩૩) વૃદ્ધજનોની આ પ્રકારે ચાલતી વાતોનું અનુમોદન કરતાં ભગવાન બોલ્યા કે અક્રૂરની ગેરહાજરીનું આ પરિણામ છે એ વાત બરાબર છે. પરંતુ મોટાભાઈ બલભદ્રજીના પણ ગેરહાજરી અને બીજા પણ અનેક કારણો અનાવૃષ્ટિનાં છે. માટે અક્રૂરજીને મારવામાં નહીં આવે એવું અભય વચન આપી કાશીમાંથી અહીં પધરાવી લાવો. હાલ અક્રૂરજી કાશી અને પ્રયાગમાં વિચરે છે કે જો પોતાને મારે ત્યારે કાશી કે પરાગમાં હોય તે કલ્યાણ તો થાય. (૩૪)

દયાનિધિ શ્રીદ્વારિકાધીશ

શ્રીઅક્રૂરજી પધાર્યાં ત્યારે પ્રથમ તો કાકા હોઈ પિતૃતુલ્ય માની પૂજન કાર્યાં. ત્યાર પછી આપ ભલે પધાર્યા એમ કહીને વાણીથી સત્કાર કર્યો, અને અનેક પ્રિયકથાઓ કહી કે લોકો એક જ વાત કરે છે કે મુનિ અક્રૂરજી દ્વારિકા મૂકી ચાલ્યા ગયા તેથી જ આપણે દુઃખી થયા છીએ માટે કાકા આપ પધાર્યા તેથી ઘણું જ સારું થયું એવું સ્મિત વદને ભગવાને અક્રૂરજીને કહ્યું. (૩૫) વળી આગળ વધીને કહેવા લાગ્યા કે હે દાનપતિ ! ઐશ્વર્યોથી ભરેલો સ્યમંતક મણિ પ્રથમથી જ શતધન્વાએ આપની પાસે સાચવી મૂકેલ છે એ વાત અમે સર્વ જાણીએ છીએ. (૩૬) વળી આપ જાણો છો. સત્રાજિતને પુત્ર નથી તેથી મણિ તેમની પાછળ જે પુત્રીના સંતાનો શ્રાદ્ધાદિ ક્રિયા ઓ કરે અને પિંડદાન કરે એમને એ મણિ મળવો જોઈએ તેમજ શ્રદ્ધાદિ ધાર્મિક ક્રિયાઓ કરતાં જે દ્રવ્ય બચે તેના દોહિત્રોને મળવું જોઈએ એવો શાસ્ત્રનો નિયમ છે. (૩૭) પરંતુ એ મણિ આપની પાસે જ રાખો કારણ કે એ મણિ રાખવાનું અન્ય કોઈનું સામર્થ્ય નથી. જ્યારે આપ વ્રતધારી શ્રેષ્ઠ પુરુષ છો, ભક્તિ છો, દાનપતિ છો તેથી આપની પાસે જ ભલે રહે, કેવલ મોટાભાઈને ખાતરી નથી થતી અને મણિ મારી પાસે છે એવું માને છે તો આપ એકવાર બતાવી દેશો તો સર્વને વિશ્વાસ આવી જશે. મણિ આપની પાસે છે તે વાત તો જાણીતી છે જ; કારણ કે સુવર્ણની ઈંટોની વેદી બનાવી આપ લગાતાર યજ્ઞો કરી રહ્યા છો. (૩૯) હે રાજન્ ! ભગવાનનાં આવાં સ્નેહભર વચનો સાંભળીને સર્વ વસ્તુ સમજ્યા ત્યારે શ્રીશ્વફલ્કજીના સુપુત્ર

શ્રીઅક્રૂરજીએ સૂર્ય સમાન તેજસ્વી તે સ્યમંતક મણિ પોતાના વસ્ત્રમાં વીંટીને રાખ્યો હતો તે બહાર કાઢી ભગવાનને સર્મપણ કર્યો. (૪૦) અકારણ નિદંક ગોત્રજો અને જ્ઞાતિજનોને ભગવાને મણિ બતાવ્યો અને પોતાને માથે આવેલા કલંકને દૂર કર્યું અને તે મણિ પાછો શ્રીઅક્રૂરજીને જ પાછો આપી દીધો. (૪૧) આ સ્યમંતક મણિ ચરિત્રના શ્રવણની ફલશ્રુતિ વર્ણવતાં શ્રી શુકાર્ચાજીએ કહ્યું કે રાજન્ ! જગદીશ્વર ભગવાન વિષ્ણુના પરાક્રથી ભરપૂર અને પાપનાં શક અને સર્વ પ્રકારે મંગલ રૂપ ચારિત્રનો જે કોઈ પાઠ કરે, સાંભળે, સંભળાવે, સ્મરણ કરે કે કરાવે તો અપયશ-કલંક-પાપ આદિનો નાશ કરે છે અને અનુરૂપ શાંતિને પાપ છે. (૪૨)

यस्त्वेतद् भगवत ईश्वरस्य विष्णो-वीर्याढ्यं वृजिनहरं सुमङ्गलं च ।
आख्यानं पठति शृणोत्यनुस्मरेद् वा-दुष्कीर्तिं दुरितमपोह्य याति शान्तिम् ।। ४२ ।।

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં રાજસ ફલ પ્રકરણમાં ઐશ્વર્યગુણને વર્ણવતો ૫૭મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૫૮ મો

(આ અધ્યાયમાં ૫૮ શ્લોકો છે. આમાં ભગવાન શ્રીકૃષ્ણના પાંચ વિવાહની કથા આવશે. ભગવાન તો કામ-ક્રોધ-લોભથી પર છે. પ્રથમનાં ત્રણ લગ્નોથી એ વાત પૂરવાર થઇ. પ્રદ્યુમ્નનો ભગવાને નારદજીની સંમતીથી સ્વીકાર કરીને કામ-દોષથી પર છે એમ જણાવ્યું અને જાંબવતીનો સ્વીકાર કરી ક્રોધથી પર છે એ સૂચવ્યુ અને સ્યમંતક મણિ પાછો વાળીને લાભથી મુક્તપણું દર્શાવ્યું આ ઉપરાંત જ્ઞાન-સાંખ્ય-યોગ-તપ-ભક્તિ આ પાંચ વિદ્યાઓ છે એટલે વિદ્યાનાં પાંચ પર્વો છે. આ પાંચ વિદ્યાનાં પાંચ સ્વરૂપો એટલે પાંચ પત્નીઓ છે. (૧) કાલિન્દી જ્ઞાનરૂપા છે, (૨) મિત્રવિંદા તપોરૂપા છે, (૩) નાગ્નજિતી ભક્તિરૂપા છે, (૪) ભદ્રા સાંખ્યારૂપા (૫) લક્ષ્મણાજી યોગરૂપા છે.)

૨૮ શ્લોકોમાં જ્ઞાનસ્વરૂપા કાલિન્દીજીની વિવાહગાથા

श्रीशुक उवाच-एकदा पाण्डवान् द्रष्टुं प्रतीतान् पुरुषोत्तमः । इन्द्रप्रस्थं गतः श्रीमान् युयुधानादिभिर्वृतः ।। १ ।।

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! એક દિવસ પાંડવોને પ્રકટ થયેલા અને લાક્ષાગૃહમાં બચી ગયેલા તેમજ હાલ ઈન્દ્રપ્રસ્થમાં રહેલા છે એવું જાણીને ભગવાન શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ સાત્યકિ વગેરે સ્વજન યાદવો સાથ તેઓને મળવા માટે ઈન્દ્રપ્રસ્થ પધાર્યા. (૧) રાજન્ ! સર્વ જીવના સ્વામી અખિલના નાથ ભગવાન મુકુન્દને પધારેલા જાણી પૃથામાના પુત્ર પાંડવો શરીરમાં પ્રાણ આવે અને ઊભા થાય તેમ પ્રાણનાથને જોઇ ઊભા થઈ ગયા. (૨) વીરવર પાંડવો ભગવાન શ્રીકૃષ્ણને ભેટી પડ્યા અને ભગવાનના શ્રીઅંગના સ્પર્શથી પાપ નાશ પામ્યાં અને પાવન થઈ ગયા. તેઓ અનુરાગ અને મંદ મુસ્કાન કરતા મુકુન્દનાં મુખકમલનાં દર્શન કરી પરમ આનંદ પામ્યા. (૩) વિનયનિધિ ભગવાને લોકવ્યવહારનો આદર કરતા વડીલભાઈ યુધિષ્ઠિર અને ભીમસેનનાં પાદાભિવંદન કીધાં અને અર્જુનને આલિંગન આપ્યાં. ત્યારબાદ નકુલ અને સહદેવે ભગવાનને પ્રણામ કર્યા. (૪) આ અવસરે ભગવાન જ્યારે દિવ્ય સિંહાસન ઉપર આવીને બિરાજ્યા ત્યારે નવ પરિણીત શુભ અંગવાળાં સ્તુતિપાત્ર શ્રીદ્રુપદરાજકુમારી લજ્જાપૂર્વક ધીરે ધીરે શ્રીકૃષ્ણચન્દ્ર સમીપે પધાર્યાં અને વિવેકપૂર્વક વંદન કર્યાં. (૫) ભગવાનનું સ્વાગત કર્યા પછીથી પાંડવોએ શ્રીસાત્યકિજીનું આદર-માન કરી, અર્ચન કરી, અભિવાદન કર્યાં તેમજ ઉત્તમ આસન ઉપર પધરાવ્યા તેમજ સાથે પધારેલા સર્વ સ્વજનોનાં પૂજન કર્યાં અને ભગવાનની ચારેબાજુ આસનો ઉપર વીંટાઇને બેસી ગયા. (૬)

पृथा समागत्य कृताभिवादनस्तयातिहार्द्राद्रदृशाभिरम्मितः । आपृष्टवांस्तां कुशलं सहस्नुषां पितृष्वसारं परिपृष्टवबान्धबः ।।७।।

કૃપાનિધિ ભગવાન શ્રીકૃષ્ણે કુન્તી ફોઇને સમીપે આવીને જ્યારે અભિવંદન કીધાં ત્યારે તો ફોઇબાનાં ઉર પ્રેમ પૂરથી ઉભરાઇ ગયાં અને કુન્તીમાનાં નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી. ફોઇ ભત્રીજા ભગવાન શ્રીકૃષ્ણને ભેટી પડ્યાં અને કુલવધૂઓ સાથે કુટુંબની કુશળ વાર્તા પૂછી અને ભગવાન શ્રીકૃષ્ણે પણ ફોઇબાને સર્વનું કુશળ પૂછ્યું. (૭) શ્રીકુન્તીજીએ કલેશ નિવારણ કરનાર ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં અને પ્રેમની વિહ્વલતાથી કંઠ રુંધાઇ ગયો, નેત્રો અશ્રુથી ભરાઇ ગયાં આજ દિવ્ય પર્યન્તના અનેક કલેશનું સ્મરણ કરતાં કરતાં ભક્તવરા શ્રીકુન્તીજી કહેવા લાગ્યાં. (૮) આપે કુશળ

પૂછ્યું તેનો શો ઉત્તર આપું કૃષ્ણ ? અન્તરની વાત કહું છું નાથ ! ત્યારથી જ મારું કુશળ આરંભયું છે કે જ્યારે આપે અમને આપના માની અપનાવ્યા સ્વજન કુટુબીજન આપ્તજન ગણ્યા અને મારા ભાઈ અક્રૂરજીને અમારી ખબર લેવા મોકલ્યો ત્યારથી અમે માથે નાથવાળા બન્યા છીએ અને ત્યારથી જ અમારું કુશળ આરંભાયું છે. (૯) પ્રભુ ! નાથ ! નથી આપને કોઈ પારકો નથી આપને કોઈ પોતાનો, સમસ્ત વિશ્વના આપ જ બન્ધુ છો અને આત્મા છો આપનું સ્મરણ કરનારના હૃદયમાં આપ બિરાજો છો અને નિરંતર નિજજનના કલેશનું નિવારણ કરો છો. (૧૦) ધર્મરાજ યુધિષ્ઠિરજી નિવેદન કરતાં બોલ્યા કે હે નાથ ! હે અધીશ્વર ! એવાં ક્યાં શ્રેયસ કર્યાં કે પુણ્ય કર્મ કર્યાં કે ઉત્તમ પુણ્ય કર્યા કે યોગોશ્વરો જે નાથનાં દર્શન દુર્લભ મનાયાં છે તે નાથ અમારા જેવા કુમતિઓને કૃપાપૂર્વક દર્શન દઈ રહ્યા છે. (૧૧) પુનઃ ધર્મરાજ યુધિષ્ઠિરજીએ ભગવાન શ્રીકૃષ્ણને પાર્થના કરી કે નાથ પધાર્યા છો તો હવે કૃપા કરીને વધુ બિરાજો ત્યારે સમર્થ શ્રીહરિ સ્વજનોના અને ઈન્દ્રપ્રસ્થનિવાસી નગરજનોના નેત્રોને આનંદનાં દાન દેતા દયાસિન્ધુ ચાતુર્માસ પર્યન્ત બિરાજ્યા. (૧૨)

કાલિન્દીજી ઉપર કૃપા કરવા પ્રસ્થાન

એક દિવસ વિચક્ષણ અને વીર અર્જુન ભગવાન શ્રીકૃષ્ણની સાથે કપિધ્વજ રથમાં અક્ષય બાણવાળાં ભાથાં ખભે બાંધીને અને ગાંડીવ ધનુષ્ય લઈ ને રથમાં ચઢીને કાયા ઉપર કવચ સજીને ક્રૂર હિંસક અને ફાડી ખાય તેવા પશુઓથી રેલા અને પુષ્કળ હરણોથી વ્યાપ્ત વનમાં મૃગયાં કરવા નીકળી પડ્યાં. (૧૩,૧૪) વનમાં પ્રવેશ કરીને વાઘસૂવર, પાડા, રુરુ નામના હરણો શરભ, રોઝ, ગેંડા, હરણ, સસલાં, શેઢાઈ, પશુઓને બાણોથી વીંધી નાંખ્યા. (૧૫) વનમાં સાથે આવેલા સેવકો અષ્ટકા શ્રાદ્ધનો દિવસ આવ્યો તે સમર્પણ યોગ્ય પશુઓને લઈ ને રાજાની પાસે આવ્યા અને રાજાને સોંપી દીધાં. આ અવસરે ખૂબ જ પરિશ્રાન્ત અને તરસ્યા થયેલા અર્જુન યમુનાના તટ ઉપર ગયા. (૧૬) ત્યાં મહારથી એવા શ્રીકૃષ્ણ એ ભગવાન અર્જુન બન્નેએ જલમાં સ્નાન કર્યાં અને જલ પીધાં વિશ્રામ લેતા બેઠા હતા ત્યાં આમતેમ ફલફૂલ લેવા વિચરતી સર્વાંગ સુંદર કન્યાને નિહાળી. (૧૭) દાડમની કળી જેવા સુધટ્ટ અને સુંદર દાંતવાળી, સ્ત્રીઓમાં ઉત્તમ, મનોહર ક્રાંતિવાળી, કન્યાને જોઈ અને ભગવાન શ્રીકૃષ્ણના મોકલેલા અર્જુનજી સમીપમાં જઈને પૂછવા લાગ્યા. (૧૮) હે સુશ્રોણી ! એટલે સુંદદ કટિવાળી કુમારી ! આપ કોણ (૧) આપ કોનાં કુમારી છો ? (૨) આપ ક્યાંથી અહીં પધાર્યા છો ? (૩) આપ શું ચાહો છો ? (૪) હે શોભને મને તો એમ લાગે છે કે આપ પતિની કામના કરતાં હશો. જો વાંધો ના હોય તો મને સર્વ વૃત્તાનત સંભળાવશો ! આવા ચાર પ્રશ્નો પૂછયા. (૧૯)

શ્રીકાલિન્દીનો પ્રત્યુત્તર

શ્રીકાલિન્દીજીએ, પ્રત્યુત્તર વાળ્યો કે હું સૂર્યનારાયણ દેવની કન્યા છું, મારું નામ કાલિન્દી છે, પતિની કામનાથી તપશ્ચર્યા કરું છુ, પતિ તરીકે પણ વરદાન આપવા સમર્થ અને વરમા યોગ્ય ભગવાન વિષ્ણુને જ ઈચ્છુ છું પણ બીજાને કોઈ તો નથી જ ચાહતી, આ હેતુ માટે જ શીઘ્રફલ આપે એવી ઉત્કટ તપશ્ચર્યા આચરી રહી છું. (૨૦) હે વીર ! પુરુષ શ્રીલક્ષ્મીજીના આશ્રય એવા શ્રીપતિને જ પતિ તરીકે વિચાર્યા છે. એમના વિના અન્યને વરીશ નહીં તે પોતે અનાથ આશ્રય ભગવાન મારા ઉપર પ્રસન્ના થાઓ અને મારો અંગીકાર કરો એ કામના છે. (૨૧) મારું નામ કાલિન્દી છે. શ્રીયમુનાજીના જલમાં મારા પિતાએ તપ કરવા રચેલાં ભવનમાં રહું છું અને ભગવાન અચ્યુતનાં દર્શન નહીં થાય ત્યાં સુધી અહીં રહીશ. (૨૨) શ્રી અર્જુનજી પછી ભગવાન શ્રીકૃષ્ણ પાસે આવ્યા. અને ભગવાનને કાલિન્દીજીએ કહેલ સર્વ વૃત્તાન્ત કહી સંભળાવ્યો. (૨૩) પુનઃ આ વાતને સમ્પૂર્ણ રીતે જાણવા માટે કાલિન્દીજીને રથમાં પધરાવી ધર્મરાજ યુધિષ્ઠિર પાસે લઈ ગયા. (૨૪)

અદ્‌ભૂત નગરી

ભગવાન શ્રીકૃષ્ણ હૃદયમાં બિરાજ્યા અને પાંડવોને મનમાં પ્રેરણા કરી એટલે પાંડવોએ ભગવાનને એક નગર નિર્માણ કરવા વિનંતી કરી ત્યારે અવિલંબે ભગવાને નિમંત્રણ આપ્યું અને વિશ્વકર્મા દ્વારા અદ્‌ભુત અને વિચિત્ર નગર

બનાવરાવ્યું. ૨૪ નગર બનાવ્યા પછી નિજ ભક્તનોનું પ્રિય કરવાની ઇચ્છા મનમાં રાખીને આ નગરમાં ભગવાને નિવાસ કર્યો અને અગ્નિને ખાંડવ વન આપવા માટે કેટલાક સમય ત્યાં બિરાજ્યા અને અર્જુનના સારથિ બન્યા. (૨૫) જ્યારે અગ્નિદેવને ખાંડવ વનને આપ્યું તારે અગ્નિ પ્રસન્ન થયા અને અર્જુનને ધનુષ્ય શ્વેત અશ્વ, અક્ષય ભાથાં અને અસ્ત્રોથી અકાટ્ય કવચ આપ્યું. (૨૬) આ વખતે જ્યારે ખાંડવ વન બાળવામાં આવ્યું ત્યારે અગ્નિ, બળતામય દાનવની રક્ષા કરી. મયદાનવે ઋણી બની મિત્ર અર્જુનને એક દિવ્ય સભાગૃહ બનાવી દીધું, આ સભામાં રાજા દુર્યોધનને જલમાં સ્થલની અને સ્થલમાં જલની ભ્રાન્તિ થઇ ગઇ હતી. (૨૭) હવે ભક્તોનું કાર્ય પૂર્વ થયું છે એવું નિશ્ચત કરીને ભગવાન શ્રીકૃષ્ણે સખા અર્જુન શ્રીધર્મરાજ યુધિષ્ઠિરજી સાથે પરામર્શ કરી-સંમતિ મેળવી પોતાના સુહૃદ જનોની પણ સંમતિ મેળવી સાત્યકિ વગેરે યાદવો સાથે દ્વારિકા તરફ પ્રસ્થાન કર્યું. (૨૮)

વિદ્યાસ્વરૂપ શ્રીકાલિન્દીજી ઉપર કૃપા

अथोपयेमे कालिन्दीं सुपुण्यर्त्वृक्ष ऊर्जिते । वितन्वन् परमानन्दं स्वानां परममङ्गलम् ।। २९ ।।

શ્રીકાલિન્દીજી ભગવાન સૂર્યનાં પુત્રી છે. શ્રીસૂર્યથી જ વિદ્યા મળે છે કારણ કે સૂર્ય શ્રીવિદ્યાનું સ્વરૂપ છે. તેથી સૂર્યપુત્રી વિદ્યાનું સ્વરૂપ છે. ભગવાન શ્રીકૃષ્ણ વિદ્યાસ્વરૂપ શ્રીકાલિન્દીજીને દ્વારિકામાં પધરાવી લાવ્યા અને શ્રેષ્ઠ, પવિત્ર અને બલવાન શ્રીકૃષ્ણ કાલિન્દીજી સાથે પરણ્યા. (૨૯)

તપશ્ચર્યા સ્વરૂપ શ્રીમિત્રવિન્દાજી ઉપર અનુગ્રહ

સૂર્યવંશની વિદ્યાસ્વરૂપ કન્યા કાલિન્દીજીને પરણ્યા પછી ભગવાને સોમવંશની તપશ્ચર્યાસ્વરૂપ કન્યા શ્રીમિત્રવિંન્દા ઉપર લગ્ન કરી અનુગ્રહ કર્યો. અવન્તી નગરીમાં વિન્દ નામના રાજાઓ હતા તેમની બહેન મિત્રવિન્દા હતી. આ બન્ને રાજાઓ ભગવાનના વિરોધી હતા તેમજ દુર્યોધનને વશ હતા. વળી તેની ચાલે ચાલનારા હતા. આ બન્ને ભાઈઓએ અવન્તીમાં મિત્રવિન્દાનો સ્વયંવર કર્યો હતો. તેમાં દુર્યોધન વગેરે રાજાઓ આવ્યા હતા, ત્યારે ભક્તવત્સલ ભગવાન પણ પધાર્યા હતા. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણને પધારેલા જોયા ત્યારે મિત્રવિંદાએ બન્ને ભાઈઓને, કહ્યું કે હું દુર્યોધનને નહી વરું પરંતુ શ્રીકૃષ્ણને પ્રથમથી જ મનથી વરી છું અને અહીં પધાર્યા પણ છે માટે શ્રીકૃષ્ણને જ વરીશ. ત્યારે તેમ કરતાં બન્ને ભાઇઓએ મિત્રવિંદાને રોકી દીધાં. આ વખતે મિત્રવિન્દા સ્યંવરમાં શ્રીકૃષ્ણની સામે જ ઊભાં હતાં. તેથી બન્ને ભાઈઓ, હઠ કરી દુર્યોધન પાસે લઇ જવા લાગ્યા ત્યારે ભગવાન વેગીલા રથને લઇ મદદે દોડી ગયા અને મિત્રવિંદાને સર્વ રાજાઓ જોઇ રહ્યા હતા ત્યારે બલાત્કારે હરણ કરી લાવ્યા અને પરણ્યા. (૩૦, ૩૧)

ભક્તમયી શ્રીનાગ્નજિતીનો અંગીકાર

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! નગ્નજિત નામના રાજા હતા. રાજા સ્વયં અત્યંત ધાર્મિક અને ભક્ત હતા. ત્યાં દેવી એટલે સાક્ષાત્ ભક્તિદેવી જ કન્યા સ્વરૂપે અવતર્યાં હતાં. આ નાગ્નજિતીનું નામ કૌશલ્યા હતું એવું અન્ય પાઠો જોતાં મળે છે. તેનું નામ સત્યા હતું. અયોધ્યાનરેશની કન્યા હતાં. (૩૨) નાગ્નજિતીનો સ્વયંવર થયો હતો. તેમાં રાજા નગ્નજિતે એવું કરેલું કે જે કોઇ રાજા સાત સાંઢ એક સાથે નાથે તેને પોતાની કન્યા વરે. આ સાત સાંઢ તીક્ષ્ણ શીંગડાંવાળા, ખૂબ જ માતેલા, કોઇને ના ગાંઠતા, ઉચ્છ્રંખલ અને વીરપુરુષોના ગંધને ન ગણકારનારા બહુ જ માતેલા હતા. (૩૩) શ્રીયાદવનાથે જાણ્યું કે સત્યા કન્યાને તે વર જ મેળવી શકશે કે જે સાત સાંઢને એકલો નાથસે અને આ કાર્યમાં કોઇ રાજા સફળ નથી થયા ત્યારે કૃપાવશ શ્રીકૃષ્ણ ચતુરંગિણી સેના લઇ અયોધ્યા આવી પહોંચ્યા. (૩૪)

(જ્ઞાનમાં તો સમગ્ર પ્રપંચનો વિરોધ હોય છે જ્યારે ભક્તિમાં તો ક્ષુધા-પિપાસા-રોગ-સુર્વણની ચોરી કે સકામ કર્મ-દ્યુત-મદિરા પાન-યશસ્વી પરપુરુષમાં આસક્તિ આ સાત વ્યસનો બાધક છે. આ સાત પ્રકારની પ્રકૃતિને કેવલ જો ભગવાન શ્રીકૃષ્ણ કૃપા કરે તો જ જિતાય છે. રાજાઓ રાજસ છે. તેઓ આ સાતને ક્યાંથી જીતે અને નાગ્નજિતી શી રીતે વરે.)

શ્રીકોસલનરેશ વધામણી મળી કે ભગવાન શ્રીકૃષ્ણ પધાર્યા છે ત્યારે પોતાના આસન ઉપરથી ઊભા થયા અને ભગવાન શ્રીકૃષ્ણને બિરાજવા આસન-પાદ-અર્ઘ્ય માટે જલ-પુષ્પ-મધુપર્ક વગેરે અનેક પ્રકારે શ્રેષ્ઠ સામર્થ્યથી અર્ચન કરીને સેવા

કરીને ખૂબ જ પ્રભુનાં યશોગાન ગાવા લાગ્યા. (૩૫) આ અવસરે દ્વારિકાનાથને નિરખીને શ્રીનાગ્નજિતીજી બોલ્યાં કે

वरं विलोक्याभिमतं समागतं नरेन्द्रकन्या चकमे रमापतिम् ।
भूयादयं मे पतिराशिषोऽमलाः करोतु सत्या यदि मे धृता व्रतैः ॥ ३६ ॥

પોતાની ઇચ્છાને અનુકૂળ પધારેલા વર યદુવર શ્રીપતિ શ્રીકૃષ્ણને નીરખીને રાજકુમારી શ્રીસત્યાજી ભગવાનને જ મેળવવાની મનથી કામના કરવા લાગ્યાં. અને મનથી જ ભગવાનની પ્રાર્થના કરી કે મને આ શ્રીકૃષ્ણ જ વર મળો. જો અન્ય કોઇ પણ લાલસા વિના કેવલ શ્રીકૃષ્ણને જ મેળવવા માટે જ વ્રત કર્યાં હોય તો ભગવાન જ મારા સ્વામી બનો અને મારી આશાઓ સફલ થાઓ. (૩૬)

यत्पादङ्कजरजः शिरसा बिभर्ति श्रीरब्जजः सगिरिशः सहलोकपालैः ।
लीलातनूः स्वकृतसेतुपरीप्सयासौ काले दधत् स भगवान् मम केन तुष्येत् ॥ ३७ ॥

જે ભગવાનના શ્રીચરણોની રજને ભગવતીશ્રી, શ્રીબ્રહ્માજી, શ્રીકૈલાસપતિ, અન્ય લોકપાલો સાથે સર્વ કોઇ પોતાનાં શ્રીમસ્તકો ઉપર ધારણ કરે છે તેમજ પોતાનાં સૃષ્ટિ નિર્માણ-સંહાર વગેરે વિશ્વવ્યવસ્થાના સેતુઓના સંરક્ષણ માટે સ્વેચ્છાથી સમય સમય પર શ્રીલીલા વિગ્રહોને ધારણ કરે છે તે ભગવાન મારા ઉપર કયા ઉપાયથી પ્રસન્ન થાય ? (૩૭) રાજન્ પરીક્ષિત ! નાગ્નજિતીજી મનથી જ્યાં આવી ભાવના સેવી રહ્યાં હતાં ત્યાં રાજા નગ્નજિત ભગવાનનાં અર્ચન કરવા લાગ્યા કે હે નારાયણ ! હે જગતપતિ ! આપશ્રી તો નિજાનંદથી પરિપૂર્ણ છો ત્યાં હું તુચ્છજન આપનો શો સત્કાર કરી શકવાનો છું. (૩૮) શ્રીશુકાચાર્યે કહ્યું કે કુરુનંદન રાજન્ પરીક્ષિત ! નગ્નજિત રાજાનાં આવાં દીન વાક્યો સાંભળી આસન-અર્ચનનો સ્વીકાર કરી દીનબંધુ શ્રીકૃષ્ણ મેઘગંભીર મધુર વચનો મન્દસ્મિત મુખારવિંદે કહેવા લાગ્યા ! (૩૯)

श्रीभगवानुवाच-नरेन्द्र याञ्चा कविभिर्निगर्हिता राजन्यबन्धोर्निजधर्म वर्तिनः ।
तथापि याचे तव सौहृदेच्छया कन्यां त्वदीयां न हि शुल्कदा वयम् ॥ ४० ॥

ભગવાન શ્રકૃષ્ણે કહ્યું કે-હે નરેન્દ્ર ! વિવેકી પુરુષોએ યાચના કરવાની વાતની ખૂબ જ નિંદા કરી છે. તેમાં વળી જેઓ સ્વધર્મપરાયણ ક્ષત્રિય વીરો છે એમને માટે તો ખાસ અઘટિત ગણ્યું છે. આમ છતાં આપની સાથે સ્નેહ સંબંધ બંધાય એવી એક અભિલાષાથી અમે આપની કન્યાનું માગું કરવા આવ્યા છીએ. પરંતુ અમે શુલ્ક-ધન આપી આપની કન્યાને લેવા નથી ચાહતા. (૪૦) ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા સાંભળી આનંદવિભોર બની નગ્નજિતનરેશ બોલ્યા : નાથ ! આપનાથી શ્રેષ્ઠ અન્ય એવો કયો પુરુષ છે કે જે અમારી કન્યાને મળે અને શ્રેષ્ઠ મનાય ! નાથ ! આપશ્રી સર્વગુણના ધામ છો. એથી તો અન્યત્ર ચલા લક્ષ્મી આપશ્રીના શ્રીચરણોમાં અચલા બની બિરાજ્યાં છે. (૪૧) પરંતુ પ્રભુ અમે એક વાતમાં પરવશ છીએ, કારણ કે હે યદુવર ! આપે કન્યાની માગણી કરી તે પૂર્વમાં અમે એક એવું પણ કરી બેઠા છીએ કે કન્યાને પરણાવતાં પહેલાં વરની યોગ્યાતા માપવી જોઇએ કે એનામાં કેટલું પરાક્રમ છે ત્યાર પછી કન્યા આપવી જોઇએ. (૪૨) આ ભાવનાથી હે વીર યદુવીર ! આ સાત સાંઢ છે કે જે મહા આયાસે પણ નાથી શકાય તેવા નથી એટલે જ નહીં પરંતુ એમની સાથે હોડમાં ઊતરવામાં પણ મૃત્યુ જ નિશ્ચિત છે એવા તે માતેલા છે. નાથ ! મારી પ્રતિજ્ઞાને સાંભળીને ઘણા રાજાઓ કન્યાને વરવાને આવ્યા. પરંતુ આ માતેલા સાંઢોએ તેમનાં અંગો ભાગી નાખ્યાં અને આખરે રાજકુમારો ભાગી ગયા. (૪૩) હે શ્રી યદુનંદન ! આપ તો સમર્થ છો, જો આપને વિજયી હસ્તે જ આ સાત સાઢ નથાયા તો આપ લક્ષ્મીપતિ જ મારી કન્યાના નાથ થતાં કન્યા સનાથ બનશે. કારણ કે મારી કન્યા નાગ્નજિતીને તો આપ જ અભીષ્ટ વર છો. (૪૪)

કૃપાવીર મહાન વીર શ્રીયદુવીર

શ્રીયદુનંદજીએ આવી રાજા નગ્નજિત અવધનરેશની પ્રતિજ્ઞા સાંભળીને ઊભા થયા. કેડ કસીને બાંધી લીધી અને પોતાનાં સાત સ્વરૂપો બનાવ્યા અને રમત રમતમાં ભગવાને સાતે સાંઢને પકડી લીધાં. (૪૫) જ્યારે શૌરિ ભગવાને સાંઢોને પકડ્યા ત્યારે સાંઢોનો ગર્વ અને બલ બન્ને નાશ પામ્યાં હતાં. ભગવાને તેમના નાકમાં નાથ નાખી દીધી અને

સાતે સાંઢની રસ્સી હાથમાં પકડી સાતે સાંઢને રમતો બાળક લાકડાના સાંઢને ખેચી લાવે તેમ ખેંચી લાવ્યા. (૪૬) આ દૃશ્ય દેખીને રાજા અવધેશ આશ્ચર્યચકિત બની ગયા. અને અત્યંત પ્રસન્ન થયા. પુનઃ નગ્નજિત રાજાએ સત્યા કન્યાનાં સાત્વત સ્વામી શ્રીકૃષ્ણને સમર્પણ કર્યાં. ભગવાને પણ પોતાને માટે સ્વાભવખથી સમાન કન્યાનાં વિધિપૂર્વક પાણિગ્રહણ કર્યાં. (૪૭) નગ્નજિતનરેશની મહારાણીઓ પોતાની દીકરીને અતિશય પ્યારા સુયોગ્ય યદુપતિ શ્રીકૃષ્ણ પતિ મળ્યા તે નયને નિહાળી હૃદયમાં પરમ હર્ષ પામી પરમશ્રેષ્ઠ મહોત્સવ મનાવા લાગી. (૪૮) શંખ, ભેરી અને નગારાં વાગવા લાગ્યા. મંગલ ગીત ગવાવા લાગ્યાં, મંગલ વાજિત્રના નાદો થવા લાગ્યા, વિપ્રો આર્શીવાદ વરસાવવા લાગ્યા. નગરનાં સ્નેહાળ નરનારીઓ શ્રેષ્ઠ સાડીઓ, અલંકાર, શૃંગાર સજી માલાઓથી સુશોભિત બની આનંદવિભોર બની હર્ષ લૂંટવા લાગ્યાં. (૪૯) પિતાઓ પ્રાણપ્યારી પુત્રીને દહેજમાં સજાવેલી દશ હજાર ગાયો અને ઘૂઘરીઓવાળી સોનાની કંઠીઓ કંઠમાં પહેરાવેલી અને ઉત્તમ શૃંગાર અને સાડીઓ પહેરાવેલી ત્રણ હજાર દાસીઓ, નવ હજાર હાથી આપ્યા અને હાથીથી સોગણા એટલે નવલાખ રથ આપ્યા અને રથથી સોગણા એટલે નવ કરોડ અશ્વો આપ્યા અને અશ્વથી સોગણા એટલે વન પદ્મ સંખ્યામાં પાયદળની સેના પણ પહેરામણીમાં આપ્યાં. (૫૦) પુનઃ પતિ-પત્ની શ્રીસત્યાજી અને શ્રીકૃષ્ણ પ્રભુને રથમાં પધરાવ્યાં અને સાથે વિપુલ ચતુરંગિણી સેના આપી, પિતાનું હૃદય પુત્રીપ્રેમથી દ્રવીભૂત થયું અને કોશલનરેશે ભગવાનને વિદાય આપી. (૫૨)

અદેખાઇની ખાઈ ખતરનાક છે

યાદવોએ અને સાત સાંઢએ રાજાઓના વીર્યના ચૂરા કરી નાખ્યા તેમજ અંગો પણ ભાગી નાખ્યાં. તે રાજાઓએ જ્યારે એ વાત સાંભળી કે શ્રીકૃષ્ણે સાંઢ નાથ્યા અને નાગ્નજિતી કૃષ્ણને વર્યાં ત્યારે અદેખાઇ ભર્યા તેઓ આ વાત સહન ન કરી શક્યા અને કન્યાને લઇ ને માર્ગમાં જઇ રહેલા ભગવાન શ્રીકૃષ્ણને તેઓએ ઘેરી લીધાં. (૫૩) આ રીતે અદેખા રાજાઓએ ભગવાનને ઘેરી લઇ ને મારવાના દુષ્ટ ભાવથી જ્યારે બાણોની વૃષ્ટિ વરસાવવા માંડી ત્યારે જાણે સિંહ ક્ષુદ્ર નાનાં હરણોને ગળી જાય તે રીતે ભગવાનના પ્રિયતમ અને બંધુજનનું પ્રિય કરનાર ગાંડીવી અર્જુને સર્વ રાજાઓનો નાશ કરી નાખ્યો. (૫૪) નગ્નજિત રાજાને ત્યાંથી દહેજ લઇ શ્રીદ્વારિકા પધારી યદુકુલશિરોમણિ શ્રીદેવકીનંદન શ્રીકૃષ્ણ નાગ્નજિતીજીની સાથે પરમમુખ અનુભવવા લાગ્યા. (૫૫)

સાંખ્ય શક્તિસ્વરૂપા શ્રીભદ્રાજી

કેકયદેશની રાજકુંવરી અને શ્રુતકીર્તિ ફોઇની પુત્રી ભદ્રાને તેના સંતર્દન વગેરે ભાઈઓએ જ્યારે-શ્રીકૃષ્ણ ભગવાનને સમર્પ્યાં ત્યારે ભગવાન ભદ્રા સાથે પરણ્યા. (૫૬)

યોગશક્તિ શ્રીલક્ષ્મણાજી

કેકયદેશ પશ્ચિમમાં આવ્યા છે અને તે કેકયદેશની નિકટમાં આવેલા ભદ્રદેશના રાજાની સર્વ ઉત્તમ લક્ષણોવાળી કન્યા લક્ષ્મણાનો સ્વયંવર થયો. આ સ્વયંવરમાંથી જેમ એકલા હાથે ગરુજજી અમૃતનો કલશ લઇ આવ્યા એ રીતે ભગવાન એકલા સ્વયંવરમાં ગયા અને લક્ષ્મણાનું હરણ કરી લાવ્યાં. (૫૭) આ ઉપરાંત ભૌમાસુરનો રણસંગ્રામમાં ભગવાને નાશ કર્યો અને સોળ હજાર કન્યાઓને અન્તઃપુરમાં પધરાવી લાવ્યા અને વિધિપૂર્વક પરણ્યાં. (૫૮)

अन्याश्चैवं विद्या भार्याः कृण्णस्यासन् सहस्रशः । भौमं हत्वा तन्निरोधादाहृताचारुदर्शनाः ।। ५८ ।।

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં રાજસ પ્રકરણના ફલ પ્રકરણમાં અધ્યાય ૫૮ મો સમાપ્ત

અધ્યાય - ૫૯ મો

(અધ્યાયમાં ૪૫ શ્લોકો છે. ભગવાને કૃપા કરીને સોળહાજાર કન્યાઓનો ઉદ્ધાર કર્યો અને ભૌમાસુરનો વધ કર્યો આ વિષયનું વિસ્તૃત વિવેચન આ અધ્યાયમાં આવશે. પૂર્વ અધ્યાયના અંતિમ શ્લોકોમાં સોળ હજાર કન્યાઓની કથા સાંભળવાથી રાજાને સંતોષ ના થયો. કારણ કે ભગવાનના અદ્ભુત વીર્યથી કોઇ કથા સાંભળવા ના મળી તેથી પ્રશ્ન પૂછયો અને સમાધાન આરંભ્યું)

राजोवाच-यथा हतो भगवता भोमो येन च ताः स्त्रियः । निरुद्धा एतदाचक्ष्व विक्रमं शार्ङ्गधन्वनः ।। १ ।।

રાજા પરીક્ષિતજીએ પ્રશ્ન પૂછયો કે શ્રીશુકાચાર્ય મહારાજ ! જે ભૌમાસુરે રાજકુમારીને રોકી રાખી હતી તે ભૌમાસુરને ભગવાને શી રીતે માર્યો અને શા કારણથી માર્યો આ સર્વ પ્રકારનું ભગવાનનું ચરિત્ર અમને કહો. (૧) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! રાજા ઈન્દ્રે ભગવાન શ્રીકૃષ્ણને નિવેદન કર્યું કે ભગવન્ ! ભૌમાસુરે મારું છત્ર, મારી માતાનાં કુંડલ, અમરાદ્રિ પર્વતમાં જે મારું ''મણિપર્વત'' નામનું સ્થાન છે તે આ ત્રણે વસ્તુઓ લઇ લીધી છે. તો આપ કૃપા કરીને પાછાં અપાવો. કારણ કે ભૌમાસુરે દિગ્વિજય કર્યો ત્યારે તે જગતમાં બતાવવા ચાહતો હતો કે મેં ઈન્દ્રને પણ જિતેલ છે તેથી રાજા તરીકેનું ચિહ્ન ઈન્દ્રનું છત્ર, અદિતિનાં કુંડલો અને મેરુ પર્વતમાં રાજધાનીરૂપ મનાતું ઈન્દ્રનું અમરાદ્રિ સ્થાન આ ત્રણ લઇ લીધાં છે. ભૌમાસુર પાતાળનો તો રાજા છે જ પરંતુ સ્વર્ગનું રાજ્ય પણ લેવાની વૃત્તિવાળો છે. અદિતિ અને ભૂમિ બન્ને ભક્ત છે. ભૂમિ ભગવાનની પત્ની છે. ભગવાન વામનરૂપે અવતર્યા છે. ઈન્દ્રના પક્ષકાર પરંતુ વામન ભગવાન ભૌમાસુરને મારે નહીં કારણ કે ભાઈ કરતાં પુત્ર વધારે પ્રિય છે તેથી ઈન્દ્ર ભાઈ થાય અને ભૌમાસુર પુત્ર થયા છે માટે વામન ભગવાન ભૌમાસુરને મારવામાં ઉદાસીનતા દાખવે માટે ધર્મી ભગવાન શ્રી કૃષ્ણને નિવેદન કર્યું કે આપ ભૌમાસુરને મારો ત્યારે ભગવાનને પણ એક કઠિનાઇ હતી. કારણ કે ભગવાને ચાર સ્વરૂપો લીધાં. આ ચાર સ્વરૂપો વારાફરતી ચાર કાર્યો કરે. ચાર સ્વરૂપોમાંથી પ્રથમ તપ કરે ત્યારે બીજું સ્વરૂપ લોક સ્વરૂપે રક્ષા કરે અને ત્રીજું સ્વરૂપ લોકોને ભોગવે અને ચોથું સ્વરૂપ નિદ્રા કરે આ રીતે એક હજાર વર્ષનો ચારે માટેનો અવધિ હોય જ્યારે તે કાર્યનો અવધિ પૂર્ણ થાય ત્યારે તપ કરતું સ્વરૂપ તપ કરે આવી રીતે કાર્યો બદલાયા કરે તેમાં એકવાર સંધ્યાકાલ હતો એટલે નિદ્રાને વિલંબ હતો તે વખતે તપ કરતી ભૂમિદેવીએ પુત્રની યાચના કરી. ભગવાને આસુર કાલમાં પુત્રતો આપ્યો પરંતુ તે અસુર સ્વાભાવનો થયો. પૃથ્વીને ભય લાગ્યો કે ભગવાન મારા પુત્રને મારશે તેથી વરદાન આપ્યું કે તારી સંમતિ હશે તો જ મારીશ તેમજ આ ''નારાણાસ્ત્ર'' આપું છું તે જ્યાં સુધી તેની પાસે હશે ત્યાં સુધી તે મરશે નહીં. એમ કરતાં ભૌમાસુરે શિવજીને આરાધીને એવું જ અભય આપનારું ત્રિશૂલ શિવજી પાસેથી મેળવ્યું એટલે ''નારાયણાસ્ત્ર'' ભૌમાસુરે પોતાના પુત્રહ ભગદત્તને આપ્યું તેથી તેના મૃત્યુને અભય દેનાર એક નિમિત્ત તો દૂર થયું. હવે ભૂમિની સંમતિ હોય તો જ મરાય એવું બીજું કારણ દૂર કરવાનું રહ્યું. આ આ માટે ભગવાને ભૂમિનો જ અવતાર લઇ અવતરેલાં શ્રીસત્યભામાજીને સાથે લીધાં અને શ્રીસત્યભામાજીની સંમતિથી હવે ભૌમાસુરને મારી શકાય માટે ભગવાને ઈન્દ્રની ઈચ્છાને માન આપી શ્રીસત્યભામાજી સાથે ગરુડ ઉપર બિરાજી પ્રાગ્જ્યોતિષપુર ઉપર આક્રમણ કર્યું. (૨)

પ્રાગ્જ્યોતિષપુર અને સુદર્શનનું સામર્થ્ય

શ્રી સત્યભામાજી સાથે ભગવાને પ્રાગ્જ્યોતિષ નગર તરફ પ્રસ્થાન કર્યું. આ નગર કામરુ દેશના નામથી પ્રસિદ્ધ છે. તેજ, જલ અને અન્નરૂપ પૃથ્વી બની ન હતી એટલે કે પાંચભૌતિક તત્ત્વથી બનલી પૃથ્વી જ્યારે બની ન હતી ત્યારે તે નગર બનાવવામાં આવ્યું હતું. આ નગરને સંરક્ષવા માટે ભૌમાસરે છ કિલ્લા બનાવ્યા હતા. (૧) ગિરિદુર્ગ-ચારે તરફ પર્વતોની હારમાળાને લીધે રથ-હાથી-ઘોડાઓ ન જઇ શકે તેવા પર્વતોની હારમાળા હતી, (૨) શસ્ત્ર દુર્ગ-ચારે તરફ તલવાર, ભાલા વગેરે શસ્ત્રોની સજાવટ અને શસ્ત્રો વગર સૈનિકે યુદ્ધ કરતાં હતાં. (૩) જલદુર્ગ-નગરની ફરતી ચારે બાજુ ઊંડી જલ ભરેલી ખાઈઓ હતી. (૪) અગ્નિદુર્ગ-ચાર તરફ સળગતો ઉગ્ર અગ્નિ હતો ત્યાં જતાં સર્વ કોઇ બળી જાય, (૫) પવનદુર્ગ-વાયુની ભયંકર ઘૂમરીઓ અને ધૂળની ડમરીઓ ઊડતી હતી તેથી કોઇ પણ પ્રવેશી ના શકે, (૬) ગુરુપાશદર્ગ-હજારોની અસંખ્ય સંખ્યામાં મુર દાનવના દૃઢ પાશનો છઠ્ઠો કિલ્લો હતો. તેમાં ત્રણ કિલ્લા જમીન ઉપરથી જતાં અટકાવે અને ત્રણ કિલ્લાઓ ઉપરથી જતાં અટકાવે તેવી રક્ષાવાળું પ્રાગજ્યોતિષપુર હતું. (૩) પુનઃ ભગવાને ગદા દ્વારા પર્વત દુર્ગને ભેદી નાખ્યો, ચક્ર દ્વારા અગ્નિદુર્ગ, જલદુર્ગ અને વાયુદુર્ગનો નાશ કર્યો અને ખડ્ગ દ્વારા ભગવાને મુરપાશના કિલ્લાનો નાશ કર્યો. (૪) ગદાધર ભગવાને શંખનાદ કરીને પથ્થર ફેંકવાના યંત્રદુર્ગનો નાશ કર્યો અને મનસ્વી પુરુષોનાં ઉત્સાહવાળા મનના મજબૂત કિલ્લાઓને ભગવાને ભારે ગદાથી તોડી નાખ્યો. (૫) યુગનો પ્રલય લાવનારા વજ્ર સમા ભયંકર પાંચજન્ય નામના શંખના ધ્વનિને સાંભળીને સૂઇ રહેલો પાંચ માથાવાળો મુર નામનો દૈત્ય એકાએક જલમાંથી ઊભો થયો. (૬) પ્રલય કાળના સૂર્ય કે અગ્નિના જેવો દૈત્ય નજરે ન જોઇ શકાય તેવા

ઉગ્ર તેજવાળો હતો. જાણે આ દૈત્ય પાંચ મુખથી હમણાં જ ત્રણે લોકને ગળી જશે તેવો હાથમાં ત્રિશૂલ ઉગામીને શ્રીકૃષ્ણ ઉપર સર્પરાજ ઉપર ગરુડજી ધસી આવે તેમ તે ધશી આવ્યો. (૭) આ મુર દૈત્યે વેગથી ત્રિશૂલને જોશપૂર્વક ગરુડજીના ઉપર ફેંક્યું એટલું નહીં પરંતુ પાંચ મુખોથી ગર્જના કરી ઊઠ્યો. આ એની ગર્જનાનો શબ્દ અન્તરિક્ષ-આકાશ-પૃથ્વી અને દિશામાં ગાજી ઊઠ્યો તેથી આખું બ્રહ્માંડ ઘેરાઈ ગયું. (૮) તેનું ફેંકેલું તેજસ્વી ત્રિશૂલ ગરુડજી ઉપર આવી રહ્યું હતું પરંતુ તેને જોતાં રસ્તામાં જ ભગવાને પોતાના બે બાણોથી ત્રિશૂલના ત્રણ ટુકડા કરી નાખ્યા અને વેગીલા બાણોથી તેના મુખને ભરી દીધું ત્યારે તે દૈત્ય ક્રોધે ભરાયો અને ભગવાન ઉપર ગદા ફેંકી. (૯) રણસંગ્રામમાં ઉપર આવી પડતી મુર- દાનવની ગદાના મુરારિ મુકુન્દ ભગવાને પોતાની ગદાના પ્રહારથી તલ તલ જેવા કરોડો ટુકડા કરી નાખ્યા. આ અવસરે આ દૈત્ય પોતાના બન્ને હાથ ઉગામીને ભગવાનના ઉપર દોડી આવ્યો ત્યારે ભગવાનને રમત રમતમાં સુદર્શન ચક્રથી તેનું શરીર ઉડાવી દીધું અને નાથ મુરારિ પદ પામ્યાં. (૧૦) ઈન્દ્ર રાજાના તેજસ્વી વજ્રના પ્રહારથી પાંખો કપાઇને પડતા પર્વતોની માફક કપાઇ ગયેલા મસ્તકોવાળો મુર દાનવ પાણીની ખાઈમાં જ પડ્યો ત્યારે પોતાના ''મુર'' નામના પિતાનો વધ સંભળીને સાતે સાત પુત્રો દુઃખી થયા અને ભગવાનનો વધ કરવા આતુર બનેલા બદલો લેવા આવી પહોંચ્યા. (૧૧) તામ્ર-અન્તરિક્ષ-શ્રવણ-વિભાવસુ-વસુ-નભસ્વાન્-અરુણ નામના આ સાત પુત્રો પોતાના પીઠ નામના સેનાપતિને અગ્રેસર બનાવને ભૌમાસુરના મોકલેલા યુદ્ધભૂમિમાં શસ્ત્ર અને અસ્ત્રને લઇને દોડી આવ્યા. (૧૨) ક્રોધે ભરાયેલા આ સાત પુત્રોએ ભગવાન શ્રીકૃષ્ણની સમીપે આવીને બાણ-તલવાર-હગા-બરછી-અર્ષ્ટિ અને ત્રિશૂલ વગેરે છે છ પ્રકારનાં આયુધો ચલાવ્યાં ત્યારે ભગવાને પોતાનાં તેજીલાં અસાધારણ બાણોથી તેમનાં સમગ્ર શસ્ત્રસમૂહોના ટુકડે ટુકડા કરી નાખી જમીન ઉપર નાખી દીધા. (૧૩) કોઇના માથાં, કોઇનાં પગ, કોઇનાં મજબૂત બખ્તરો છેદી નાખ્યાં અને પળવારમાં પુરુષોત્તમે યમલોકમાં મોકલી દીધાં. આ અવસરે ધરાદેવીના પુત્ર નરકાસુરે એટલે ભૌમાસુરે અચ્યુત ભગવાનના ચક્રથી અને બાણોથી પોતાના સેનાપતિઓને મરેલા જોયા ત્યારે તે ભારે ક્રોધમાં આવી ગયો અને સમુદ્રમાંથી પ્રકટ થયેલા મદ ઝરતા હાથીઓની સેના લઇને બહાર મેદાને પડ્યો. (૧૪,૧૫) આ જ ક્ષણે ગદાગ્રજ ભગવાને વિચિત્ર પાંખોવાળાં તીવ્ર અને તીક્ષ્ણ બાણોથી ભૌમાસુરની સેનાના હાથ-પગ-સાથળ-માથાં-છાતી કાપી નાંખ્યાં અને એ જ પ્રકારે હાથીઓને અને ઘોડાઓને પણ મારી નાખ્યાં. (૧૬) હે કુરુકુલવર્ધક પરીક્ષિત રાજા ! શસ્ત્ર અને અસ્ત્ર ધારી આ યોદ્ધાઓએ જે જે શસ્ત્રો ચલાવ્યાં તે શ્રીકૃષ્ણની સમીપે આવે તે પહેલાં રસ્તામાં જ ભગવાને તીક્ષ્ણ બાણો દ્વારા છેદી નાખ્યાં. આ સમયે ભગવાન ગરુડ ઉપર બિરાજ્યા હતા. અને ગરુડજી પોતાની પાખોથી હાથીઓને પ્રહાર કરી રહ્યાં હતા. (૧૭) ગરુડજી આ હાથીઓને પોતાની ચાંચથી, નખોથી અને પાંખોથી સખત માર મારવા લાગ્યા ત્યારે તે સર્વ દુઃખી થઇને નગરમાં નાસી ગયા અને ભૌમાસુર યુદ્ધ કરવા લાગ્યો. (૧૮) ભૌમાસુરે નજરે નિહાળ્યું કે પોતાની સેના ગરુડનો માર ખાઈને નાસભાગ કરી રહી છે ત્યારે ભૌમે ગરુડ ઉપર વજ્રનો પ્રહાર કર્યો. (૧૯) હાથી ઉપર પુષ્પની માલા પડે અને હાથી જરા ના હાલે એ રીતે વજ્રની ગરુડ ઉપર જરા પણ અસર ના થઈ-વજ્રપ્રહારે જરા પણ હાલ્યા પણ નહીં. આમ યુદ્ધ કરતાં ભૌમાસુર હર પ્રકારે હારી બેઠો ત્યારે તેણે પોતાના હાથમાં ત્રિશૂલ ઉઠાવ્યું. (૨૦) હજી તો હાથમાં લીધેલા ત્રિશૂલને ફેંકયું નથી તે પહેલાં મુરારિ ભગવાને હાથી ઉપર બેઠેલા ભૌમાસુરના મસ્તકને તીક્ષ્ણ ધારદાર ચક્રથી ઉતારી જમીન ઉપર પટકી દીધું. (૨૧) પૃથ્વી ઉપર પડેલ કાનોમાં બે રત્નનાં કુંડલોવાળું મસ્તક ઉપર મનોહર મુકુટવાળું, જાજ્વલ્યમાન તે મસ્તક ધરણી ઉપર પણ ચમકવા લાગ્યું. આ અવસરે દૈત્યો હાહાકાર કરવા લાગ્યા. ઋષિવરો અને સુરવરો ''સાધુ સાધુ'' બોલવા લાગ્યા અને દેવાધિદેવો ધરણી ઉપર ફૂલો વર્ષાવતા સ્તુતિ કરવા લાગ્યા. (૨૨)

ધરાદેવીએ નાથને ચરણે ભેટ ધરી અને ભગવાનની ભાવ ભરી વાણીથી સ્તુતિ કરી

પુનઃ શ્રીપૃથ્વીદેવી ભગવાન શ્રીકૃષ્ણની પાસે આવ્યાં અને તપાવેલાં સુવર્ણમાં મઢેલાં રત્નોથી ઝળહળતાં કુંડલ, વરુણ છત્ર અને કૌસ્તુભ આ ત્રણ ભેટો શ્રીવૈજયન્તીમાલા સાથે સમર્પણ કર્યાં. (૨૩) રાજન્ ! પરીક્ષિત પુનઃ ભક્તિ ભરી આર્દ્ર બુદ્ધિથી અત્યંત નમ્ર બની જોડીને ઉત્તમ દેવોથી પૂજાયેલાં શ્રીઅચ્યુત ભગવાનની સ્તુતિ કરવા લાગ્યાં. (૨૪)

શ્રીપૃથ્વી દેવી સાત શ્લોકો બોલી રહ્યાં છે. પ્રથમ તો ચાર શ્લોકોમાં ભગવાનને નમસ્કાર કરશે. બે શ્લોકોમાં ભગવાનનું મહત્ત્વ ગાશે અને એક શ્લોકમાં પૌત્રના અભય અને દીધાં પુષ્પ પ્રાર્થના કરશે. હવે શ્રીપૃથ્વીદેવી બોલ્યા કે (૧) હે દેવાધિદેવ હે સર્વ દેવોના પણ દેવ ! (૨) હે શંખ, ચક્ર, ગદાધારી, (૩) હે પરમાત્મન્, (૪) ભક્તોની ઈચ્છા અનુસરી અવતાર ધારણ કરનાર પ્રભુ આપના શ્રીચરણોમાં નમસ્કાર હો. (૨૫) નાભિમાં કમલવાળા પદ્મનાભ આપને પ્રણામ, (૬) કંઠમાં કમલ માલા ધરનાર આપ પંકજમાલીને પ્રણામ. (૭) હે કમલનયન કૃષ્ણને નમસ્કાર, (૮) હે કમલપાદપ્રભુ આપને નમસ્કાર, (૨૬) (૯) ભગવાનને નમસ્કાર, (૧૦) શ્રી વાસુદેવજીને નમસ્કાર (૧૧) શ્રીવિષ્ણુજીને નમસ્કાર હો, (૧૨) પુરુષ સ્વરૂપને પ્રણામ, (૧૩) સર્વનાં આદિબીજ કારણ આપને પ્રણામ, (૧૪) પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ભગવાનને નમસ્કાર, (૨૭) (૧૫) અજન્મા ભગવાનને પ્રણામ, (૧૬) સર્વને જન્મ આપનાર ભગવાને નમસ્કાર, (૧૭) બ્રહ્મસ્વરૂપ આપને પ્રણામ (૧૮) અનન્ત શક્તિ ભગવાનને નમસ્કાર, (૧૯) બ્રહ્માજીથી પ્રકટેલા સર્વ જીવોના આપ આત્મા છો તેમને નમઃસ્કાર (૨૦) સર્વ ભૂતોના પણ આત્માને નમસ્કાર (૨૧) પરમાત્મા એટલે અન્તર્યામી ભગવાનને નમસ્કાર. (૨૮) (૨૨) હે પ્રભુ ! જ્યારે આપ આ જગતની રચન કરવા વિચારો છો ત્યારે સ્વેચ્છાથી સર્વશ્રેષ્ઠ રજોગુણને સ્વીકારો છો, (૨૩) જ્યારે પ્રલય કરવા વિચારો છો ત્યારે તમોગુણને સ્વીકારો છો, (૨૪) પાલન કરવા માટે સત્વગુણને ધારણ કરો છો, (૨૫) છતાં આપતો આવરણ વિનાના છો, (૨૬) હે જગત્પતિ ! આપ જ કાલ સ્વરૂપ છો, (૨૭) આપ જ પ્રધાન પ્રકૃતિ સ્વરૂપ છો, (૨૮) આપ જ પુરુષ સ્વરૂપ છો આપ તો સર્વથી પર છો, (૨૯) હે શ્રીકૃષ્ણ હું એટલે પૃથ્વી-જલ-અગ્નિ-વાયુ-આકાશ-તન્માત્રાઓ-શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગન્ધ, દેવતાઓ-મન-ઈન્દ્રિયો-અહંકાર (કર્તા-મહતત્વ-આવું સચરાચર જગત આપનામાં જ રહેલું છે. આપનાથી ભિન્ન દેખાય છે એ જ ભ્રમ છે. (૩૦)

तस्यात्मजोयं तव पादपङ्कजं भीतः प्रपन्नार्तिहरोपसादितः ।
तत्पालयैनं कुरु हस्तपङ्कजं शिरस्यमुष्या खिलकल्मषापहम् ।। ३१ ।।

હે શરણાગતવત્સલ ! હે શરણાગત ભયહારી ! આ ભગદત્ત ભૌમનો પુત્ર છે, પિતાના વધથી ભયભીતબનીને આપના ચરણપંકજમાં શરણે આવ્યો છે. કૃપાનાથ ! પિતાવિનાના પુત્ર બની એનું પાલન કરો. આપનો સમસ્ત પાપ-તાપ-સંતાપને દૂર કરનાર કરપંકજને આ ભગદત્તના મસ્તક ઉપર પધરાવો આટલું બોલી ભૂમિ માતા પાલવ પાથરી ભગવાનના ચરણોમાં ઢળી પડી. (૩૧) શ્રી શુકાચાર્યજી બોલ્યા : રાજન્ ! ભૂમિ માતાએ ભક્તિભાવપૂર્વક દૈન્ય સાથે ભગવાનની જ્યારે સ્તુતિ કરી ત્યારે ભગવાને "શ્રી ભગદત્ત" ને અભયદાન દીધાં અને સર્વ સમ્પત્તિઓથી સમૃદ્ધ ભૌમાસુરના રાજભવર્નાં પ્રવેશ કર્યો. (૩૨)

સોળ હજાર કુમારિકાઓનાં દર્શન અને મનથી શ્રીકૃષ્ણ પ્રભુનાં વરણ

જ્યાં રાજભવનમાં પ્રવેશ કર્યો ત્યાં તો પરાક્રમ કરી જીતીને ભૌમાસુરે લાવેલા સોળ હજાર રાજકુમારિકાઓને શ્રી હરિએ કૃપા ભરી નજરે નિહાળી. (૩૩) રાજભવનમાં પધારેલા તે શ્રી યદુવર નરવરને નિહાળીને સર્વ રાજકન્યાઓ ભગવાનમાં મુગ્ધ બની ગઈ. ભગવાનની જ કૃપાથી મળેલા ભગવાન શ્રીકૃષ્ણને મનથી પ્રથમથી તો વરેલાં જ હતાં તેમના કાયાથી વરણ કીધાં. (૩૪)

भूयात्पतिरयं मह्यं धाता तदनुमोदताम् । इति सर्वां. पृथकू कृष्णे भावेन हृदयं दधुः ।। ३५ ।।

કુમારિકાઓએ વિજ્ઞપ્તિ કરી કે આ કૃપાનિધિ શ્રીકૃષ્ણ જ અમારા પતિ બનો અને વિધાતા અમારી અભિલાષાને અનુમોદન આપો. આ પ્રકારે સર્વ રાજકુમારિકાઓએ અત્યંત ભક્તિ નીતરતા ભાવથી નયનાભિરામ મેઘશ્યામ શ્યામસુન્દર શ્રીકૃષ્ણમાં પ્રત્યેકે અલગ અલગ પોતાનાં ચિત્ત પરોવી દીધાં. (૩૫) ભગવાન શ્રીકૃષ્ણે આ રાજકન્યાઓને દિવ્ય સ્વચ્છ વસ્ત્રોથી સજાવી પાલખીઓમાં પધરાવી, શ્રી કલ્યાણનું દ્વાર શ્રીદ્વારિકાનગરીમાં પ્રસ્થાન કરાવ્યાં અને સાથે સાથે મહામૂલા રત્નના કોશભંડારોથી, હાથીઓ, અશ્વો અને અઢળક દ્રવ્ય પણ દ્વારિકામાં રવાના કર્યું કે જેથી ધન

ભગત્સેવામાં વિનિયોગ થતાં, ભગદત્તનું પણ ભલું થાય. (૩૬) ઐરાવત હાથીના વંશના ચાર ચાર દાંતવાળા, વેગે ચાલનારા, પાડુર એટલે શ્વેત-પીતવર્ણા ચોસઠ હાથીઓ પણ કૃપાનિધિ કેશવે દ્વારિકામાં મોકલ્યા. (૩૭)

ભગવાનની ભદ્રતા અને ઈન્દ્રની ક્ષુદ્રતા

ભગવાન શ્રી સત્યભામાજી સાથે અમરાવતી નગરીમાં ઈન્દ્રભવને પધાર્યા, દેવમાતા ચદિતિએ કુંડલ દીધાં, આ પ્રસંગે ઈન્દ્રાણી સાથે રાજા ઈન્દ્રે શ્રીસત્યભામાજીની સાથે ભગવાન શ્રીકૃષ્ણનાં અર્ચન કર્યાં. (૩૮) ત્યારબાદ શ્રી શચી ઈન્દ્રાણી અને દેવાંગનાઓ સાથે વાર્તાગોઠડી કરતાં શ્રેષ્ઠ પુષ્પોની ગાથા ચાલી ત્યારે પારજિત પુષ્પોની ઈન્દ્રાણીએ પ્રશંસા કરી. ત્યારે શ્રી સત્યભામાજીએ એ પુષ્પ કેવું હોય એવું કહી જોવાની ઈચ્છા પ્રગટ કરી ત્યારે ઈન્દ્રાણી અપમાનિત કરતાં બોલી કે મનુષ્યોને તે જોવા ના મળે. આવા થયેલા હળહળતા અપમાનની વાત યદુપતિ શ્રીકૃષ્ણને સત્યભામાએ કરી ત્યારે ભગવાન ક્ષુદ્ર ઈન્દ્રની સાન ઠેકાણે લાવવા માટે ઉદ્યાનમાંથી વૃક્ષને ઉખાડી ગરુડ ઉપર પધરાવી, રણસંગ્રામ માટે આવેલા ઈન્દ્ર વગેરે સર્વ દેવોને મહાત કરી વૃક્ષ લઇ શ્રીદ્વારિકાજીમાં પધાર્યા. (૩૯) દ્વારિકામાં પધારીને શ્રીપુરુષોત્તમજીએ ઉદ્યાનની શોભા વધારવા માટે ઉદ્યાનની મધ્યમાં પારિજાત તરુને રોપી દીધું. આ પારિજાત પુષ્પોની સુંગધલોભી ભ્રમરો સ્વર્ગ ત્યજીને ભૂતલ ઉપર આવી ગયા. (૪૦) રાજા ઈન્દ્રે પોતાનું હિત સાધવા માટે પ્રથમ જે ભગવાન શ્રીકૃષ્ણજીના શ્રીચરણોની રેણુઓને પોતાના મુકુટના મણિઓના અગ્રભાગથી લળી લળી પ્રાર્થના કરી હતી તેજ ઈન્દ્ર પોતાનાં છત્ર-કુંડલો પાછાં મળી જવાનો સ્વાર્થ સધાયો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ સાથે બાખડ્યો અને વિરોધ કર્યો. આથી અધિક દેવતાઓનું અજ્ઞાન કેવું હશે. સાચે જ જે અજ્ઞાનથી કૃતઘ્ની બનાતું હોય તેવા અજ્ઞાનને સર્જનાર સમૃદ્ધિને ધિક્કાર હો. (૪૧) દ્વારિકાધીશે દ્વારિકામાં પધારીને જેટલી સ્ત્રીઓ હતી તેટલાં ભવન રચીને તેટલાં સ્વરૂપ સ્વીકારીને તે તે ભવનો એક જ મુહૂર્તમાં શાસ્ત્રોવિધિને અનુસરીને લગ્ન કર્યાં. (૪૨) આ કૃષ્ણ રમણીઓના જેવાં એથી ઉત્તમ કોઈનાં ક્યાંય ચૌદ લોકમાં ભવનો ન હતાં. ઉત્તમ ભવનોમાં ભગવાન સાક્ષાત્ સદા બિરાજતા હતા. આપ પોતાના નિજાનન્દથી પરિપૂર્ણ હતા તે પણ વિવાહ વિધિ પછીથી ગૃહિણીઓમાં નિત્ય રમણ કરતા રહ્યાં ભગવાનનું રમણ એવું દિવ્ય હતું કે કોઈ તેની કલ્પના ના કરી શકે કે આવો આનંદ હશે. આ રીતે ગૃહસ્થ આશ્રમધર્મમાં રહીને શ્રૌત-સ્માર્ત ધર્મનું પાલન કરતા, ગૃહિણીઓના મનોરથોને એવી રીતે પૂર્ણ કરતા હતા કે જાણે કે કોઈ સામાન્ય સંસાર ભોગવતા હોય તેવું લાગે. (૪૩) બ્રહ્માદિ દેવો જે ભગવાનની ભૂમિને નથી જાણતા, મેળવવાના માર્ગને નથી જાણતા તે શ્રીપતિને પોતાના પતિ બનાવવા ભાગ્યાશાલિની થયાં અને વળી અત્યંત પ્રસન્નતાથી ઉત્તરોત્તર ઊછળતી પ્રીતિપૂર્વક અનુરાગથી નીરખવું, અને અભિનવ સંગમમાં પરસ્પરની પ્રેમ પૂર્વક ગોઠડીઓથી લજ્જાનો અનુભવ કરવા લાગી. (૪૪) રાજન્ ! ભગવાનની આ રાણીઓનાં ભવનોમાં સેંકડો સેવિકાઓ હોવા છતાં જ્યારે નાથ દરબારથી દ્વારે પધારે ત્યારે સામા લેવા દ્વાર પર જવું-તામ્બૂલ બનાવી કરકમલમાં મૂકવું-ચરણ-ચાંપવા-પંખા ઢોળવા-કુસુમમાલાઓ ધરવી, કેશવના કેશ સજાવવા-શય્યા સજાવવી, સ્નાન-સેવામાં તત્પર રહેવું-ભોજનસામગ્રી સિદ્ધ કરી આરોગાવવું આવી આવી સેવાઓ કરી નિત્ય ભગવદ્ભાવને પ્રકટ કરતી હતી. (૪૫)

प्रत्युद्गमासनवरार्हणपादशौच-ताम्बूल-विश्रमण-वीजन-गन्धमाल्यैः ।
केश-प्रसार-शयन-स्वपनोपहार्यै-र्दासीशता अपि विभोर्विदधुः स्म दास्यम् ।। ४५ ।।

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધ રાજસલીલા પ્રકરણના ફલ પ્રકરણમાં અધ્યાય ૫૯ મો સમાપ્ત

અધ્યાય - ૬૦ મો

(આ અધ્યાયમાં ૫૯ શ્લોકો છે. દાંપત્ય સ્નેહ ભગવાન અને શ્રીરુકિમણીજીના નર્મવિનોદમાંથી પ્રકટ થશે. શ્રીરુકિમણી પ્રભુના સંપૂર્ણ પ્રેમવિનોદને ના પામી શક્યાં તેથી ભયવશ બન્યાં. કાયા પડવાની અને પ્રાણો જવાની ભૂમિમાં આવી પડ્યાં ત્યારે ભગવાને રુકિમણીજીને પકડી લીધાં. આશ્વાસન દીધાં અને હૃદયમાં બિરાજ્યાં છે એવો અનુભવ કરાવી દીધો. અધ્યાયમાં શ્રીધર્મનું વર્ણન છે.)

श्रीशुक उवाच- कर्हिंचित् सुखमासीनं स्वतल्पस्थं जगद्गुरुम् । यतिं पर्यचरद् भैष्मी व्यजनेन सखीजनैः ।। १ ।।

શ્રીશુકાચાર્યજી મહારાજે કહ્યું કે રાજન્ ! એક દિવસ દરબાર કાર્યથી પરવારી ભગવાન રાજભવનમાં શ્રીરુકિમણીજીના અન્તઃપુરમાં પધાર્યા હતા. રુકિમણીજીએ પ્રભુનું સ્વાગત કર્યું. રુક્મિણીજીના પિતાએ દહેજમાં દીકરીને ખૂબ રાચરચીલાં પલંગ શય્યા શૃંગાર આદિ ઉત્તમ સામગ્રીઓ આપેલી હતી તે બધી શય્યા ભવનમાં સજાવી હતી. તેમાં પણ માયામાટલા ઉપર પિતાને ત્યાંથી રત્નદંડનો દિવ્ય વ્યજન-પંખો રુકિમણીજીને આપેલો તે વ્યજનથી આજ ભગવાનની સેવા કરતાં હતાં. પોતાના પિયરની બધી વસ્તુઓ ભગવાનની સેવામાં વાપરી રહ્યાં હતાં તેનું ઊંડે ઊંડે ઐશ્વર્યસમ્પન્નતાનો ગર્વ પણ દેખાતો હતો. આ વાત ભગવાનથી છાની ના રહી શકી અને પોતાના પિતૃગૃહની સુખ-શય્યામાં સુખપૂર્વક બિરાજેલા શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુને સખી-સેવિકા જનોથી વીંજણો ઢાળી જગદ્ગુરુ ભગવાન શ્રી કૃષ્ણની ભીષ્મકરાજતનયા સેવા કરી રહ્યાં હતાં. આ ભગવાન શ્રીકૃષ્ણ લીલાદ્વારા આ જગતની ઉત્પત્તિ કરે છે અને નાશ કરે છે. તે અજન્મા ભગવાન પોતાની મર્યાદાના પાલન માટે યાદવોમાં પ્રકટ થયા છે. (૧,૨) શય્યામંદિરમાં ઉત્તમ પ્રદેશમાં ઉત્તમ પ્રકારના ચંદરવાની ચારે તરફ મોતીની માલાઓ લટકી રહી હતી, વળી ખંડમાં ઠેકાણે ઠેકાણે રત્નના દીપકો દીપી રહ્યા હતાં. (૩) મધુમલ્લિકાનાં પુષ્પોની સેરોથી ચારો તરફની દિવાલો સજાવી હતી અને તેના ઉપર સતત ભ્રમરોનાં ગુંજન સંભળાયા જ કરતાં હતાં. રાત્રીનો સમય હોઈને જાળીઓ- માંથી નિર્મલ ચન્દ્રની કિરણાવલીઓ શય્યાખંડમાં પ્રવેશી રહી હતી. (૪) પારિજાત વૃક્ષોના વનમાંથી સુગન્ધિત બનેલ મન્દ વાયુની લહરીઓ હૃદયને હરી રહી હતી. રાજન્ ! શય્યાભવનમાંથી જાળીઓમાંથી અગરના સુગન્ધ ભર્યા ધૂપ બહાર જઈને વાતાવરણ સુવાસિત કરી રહ્યા હતા. (૫) દૂધના ફીણ જેવી સફેદ, પોચી અને સુંવાળી બિછાતો બિછાવેલા રત્નોનિર્મિત પલંગ ઉપર સુખપૂર્વક બિરાજમાન, જગતના સ્વામી અને નિજનાથ શ્રીદ્વારિકાનાથજીને સખીઓના હાથમાંથી રત્નજડિત દંડીવાળો પંખો લઈ સમીપે ઊભાં રહી શ્રીરુકિમણીજી સ્વયં પંખો ઢોળી રહ્યાં હતાં. (૬,૭) દેવીની કોમલ અંગુલીમાં રત્નની મુદ્રિકા-વીંટીઓ હતી; કરમાં રત્નનાં કંકણો હતાં, કરસરોજમાં સફેદ કોમલ ચામરો લીધાં હતાં ઉત્તમ ચામરી-સાડીના આંચલાથી આચ્છાદિત કરેલાં સ્તનોનાં કેસરી ચંદન લેપથી મણિ મૌક્તિકની માલાઓ રક્તવાર્ણી બનેલી હતી. કટિભાગે સુવર્ણની ઘૂઘરીઓ અને મોટીઓ લટકતી મેખલામાંથી મધુર રણકો સંભળાતો હતો અને શ્રીચરણોમાં ધારણ કરેલાં નૂપરોનો ધ્વની પણ હૃદયનું હરણ કરી રહેલ હતો. (૮)

तां रूपिर्णीं श्रियमनन्यगतिं च दष्ट्वा-या लीलया धृततनोरनुरूपरूपा ।
प्रीत: स्मयन्नलककुण्डलनिष्ककण्ठ-वक्त्रोल्लसत् सिमतसुधां हरिराबभाषे ।। ९ ।।

જગ મંગલ માટે લીલાથી ધારણ કરેલા શ્યામસુંદર ભગવાનનાં શ્રીઅંગોને સર્વથા અનુરૂપ-યોગ્ય અંગોવાળાં, યોગ્ય સ્વરૂપવાળાં અને ભગવાન કૃષ્ણ વિના કોઈનો કદી પણ આશ્રય નથી એવાં ભગવાનની સેવામાં બિરાજતાં સ્વરૂપ ધારિણી સાક્ષાત્ શ્રીલક્ષ્મીજીને પ્રસન્નચિત્ત શ્રીકૃષ્ણ સ્મિત હાસ્ય કરતા વિનોદ કરવાની લાલસાથી કહેવા લાગ્યા. શ્રીરુકિમણીજીના શ્રીમસ્તક ઉપરની કેશલટો અને બન્ને કાનનાં મણિમય કુંડલો, કંઠપ્રદેશમાં ચળકતી સુવર્ણ કંઠીઓથી મુખકમલનું સૌન્દર્ય છલકાઈ રહ્યું અને શ્રીરુકિમણીજીના સ્મિત હાસ્યમાંથી સુધા વહી રહી હતી અને શ્રીહરિની વચનામૃત-ધારા વહેલા લાગી. (૯)

શ્યામ મનોહરનાં મનોહર વિનોદ વચનામૃત

श्रीभगवानुवाच-राजपुत्रीप्सिता भूपैलेकिपालविभूतिमि: । महानुभावै: रुपौदार्यबलार्जितै: ।। १० ।।

ભગવાને કહ્યુંઃ રાજકુમારી ! આપને નથી લાગતું કે આપ મારા કરતાં સાતે સાત પ્રકારે શ્રેષ્ઠ છો ! જુઓ પ્રથમ તમેક્ષત્રિય ઉત્તમ જાતિનાં ગોવાલ રાજકુમારી અને જાતિ અને વૈશ્ય કુલના અને તમારી સાથે શોભીએ ? બીજું આપને નથી લાગતું કે આપને સમર્થ નરેશો ચાહતા હતા, જેઓની પાસે લોકપાલો કરતાં પણ શ્રેષ્ઠ સમ્પતિઓ હતી, તેઓ નામાંકિત મહાનુભાવો હતા, રૂપવાન હતા, ઉદાર હતા અને વીર હતા. આ રીતે કુલ-જાતિ-વિભૂતિ-યશ-શ્રી-રૂપ-ઔદાર્ય અને શૌર્ય ભર્યા વીર નૃપતિ તમને ચાહતા. અમે તો ગ્વાલ હોઈ આ સાતે પ્રકારે તમારી સાથે યોગ્યા ના

મનાઈ એ.

तान् प्राप्तनर्थिनो हित्वा तैद्यादीन् स्मरदुर्मदान् । दत्ता भ्रात्रा स्वपित्रा च कस्मान्नो ववृषे समान् ।। ११ ।।

રાજકુમારી ! એવું પણ ન હતું કે શ્રેષ્ઠ કોટિના વર તમને મળતા ન હતા, અરે મોટા મહારથીઓ તો તમારે માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરતા હતા. તમારે માટે પડાપડી કરનારા ચૈદ્ય વગેરે દેશોના રાજકુમારો પડાપડી કરતા હતા. વળી કામદેવના મદથી મત્ત હતાં તેથી વરવા યોગ્ય મનાય તેવા હતા. તમારા ભાઈ અને પિતાએ તેમની સાથે તમારાં વાગ્દાન પણ કર્યાં હતાં તેથી તે વિવાહ શાસ્ત્રકે લોક વિરુદ્ધ પણ ન હતો. આમ છતાં તેમને તરછોડી તમારી સાથે ના શોભીએ તેવાને આપ વર્યાં તો નથી લાગતું કે ઉતાવળ કરી ? (૧૧)

राजभ्यो बिभ्यतः सुभ्रूः समुद्रं शरणं गतान् । बलिवद्भिः कृतद्वेषान् प्रायस्त्यक्तनृपासनान् ।। १२ ।।

રાજકુમારી જુઓ અમારા બોલવાથી નારાજ ના થશો, હોં ! પરંતુ તમે કહો કે મારું મન માન્યું તે મનમોહન લગ્ન કર્યું તો તે વાત પણ મને યોગ્ય નથી લાગતી. કારણ કે કોઇ પણ કુમારિકાએ શ્રેષ્ઠ વસ્તુનું જ વરણ કરવું જોઈએ. એ સર્વ સામાન્ય વાત છે. તો પછી આપે એ ના જોયું કે અમે વીર રાજાઓથી ડરી બચવા માટે સમુદ્રનું શરણું લઈ બેઠા હતા. વળી બળવાનો સાથે બારે માસ વૈર કરતા જ આવ્યા છીએ. રાજ્યગાદી પણ છોડીને બેઠા છીએ. (૧૨)

अस्पष्टवर्त्मना पुंसामलोकपथमीयुषाम् । आस्थिताः पदवीं सुभ्रु प्रायः सीदन्ति योषितः ।। १३ ।।

જુઓ રાજકુંવરી ઉતાવળું પગલુ ભરનારી કન્યા પાછળથી અકળાય છે માટે મોહથી વિવાહ ના કરાય પરંતુ નીતિથી વિચારી પગલું ભરાયં માટે નીતિ જીવનશૈલી-સર્વ જાણીને જ લગ્ન કરાય. દેવી ! જેમની-નીતિ-રીતિ રિવાજની આપણને સમજણ ના પડે વળી સર્વ સામાન્ય રીતે લોકો જે રીતે વર્તતા હોય એવા પુરુષોનો આશ્રય લીધા. પછી પાછળથી સ્ત્રીઓ પસ્તાય છે. (૧૩)

निष्किञ्चना वय शश्वन्निष्किञ्चनजनप्रियाः । तस्मात्प्रायेण न ह्याढ्या मां भजन्ति सुमध्यमे ।। १४ ।।

કુમારી ! અકિંચન અને અપ્રસિદ્ધ વરને વરવામાં શો લાભ ? આપ તો સારી રીતે જાણો છો કે અમે તો અકિંચન છીએ. આ જગતમાં અકિંચનને કોઇ ના ઓળખે. વળી મારા સ્નેહી સગા પણ અકિંચન છે કદાચ વર અકિંચન હોય પણ મામા-કાકા કે સ્નેહી સગા સકિંચન હોય તો તે બધા પણ ધનની સહાય કરે. જ્યારે અમારા સ્વજનોમાં પણ કોઇ સમ્પન્ન નથી. તમે રોજ જુઓ છો ને હે સુમધ્યમે ! કે અઢળક ધનવાળા કોઇ અમને ઓળખે પણ નહીં અને અમને સેવે પણ નહીં. (૧૪)

ययोरात्मसमं वतिं जन्मैश्वर्यकृतिर्भवः तयोर्विवाहो मैत्री च नेत्तमाधमयोः क्वचित् ।। १५ ।।

ભીષ્મકતનયા ! વળી મહત્વની વાત કહું કે વિવાહ-મૈત્રી અને વૈર આ ત્રણ સંબંધો હમેશાં બન્ને પક્ષમાં ધન સમાન હોય, કુલ સમાન હોય, ઐશ્વર્ય સરખું હોય, રૂપ સરખું હોય, જ્ઞાતિ સરખી હોય, તેમણે જ પરસ્પરનો સંબંધ કરવા જોઈએ પરંતુ પોતાના કરતાં ચઢતા કે ઊતરતા સાથે સંબંધ બાંધતાં ભવિષ્યમાં સુમેળ નથી સધાતો. હે વિદર્ભનરેશકુમારી ! મને તો લાગે છે આપ મારો સ્વીકાર કરતા પહેલાં આ સર્વ બાબતોનો વિચાર કર્યા વિના, અને દૂર દષ્ટિ દોડાવ્યા વિના કેવલ ભિક્ષુકોના મુખેથી અમારી વાહવા સાંભળીને તેમજ તેમનાં વાક્યોમાં વિશ્વાસ રાખીને ગુણહીન એવા અમને ઉતાવળે અને અણસમજે વરવાની ભૂલ કરી બેઠાં છો એવું નથી લાગતું. ? (૧૫,૧૬)

अथात्मनोऽनुरूपं वै भजस्व क्षत्रियर्षभम् । येन त्वमाशिषः सत्या इहामुत्र च लप्स्यसे ।। १७ ।।

દેવી ! આપ કહો કે હવે પરિતાપ કરવાથી શું વળે ? જે બન્યું તે બની ગયું પડયું પાનું નભાવી લેવાનું બીજો શો ઉપાય ? તો વાત ધ્યાન દઇને સાંભળો, હજી પણ આપ ભીષ્મક રાજાને ત્યાં પાછાં પધારો. અને કોઇ ક્ષત્રિય કુલભૂષણ અને દુષણ રહિત આપને માટે સુયોગ્ય અને લાયક મનાય એવા વરને જો વરી લેશો તો આપની આ લોકની ને પરલોકની સારી કામનાઓ ફલીભૂત થશે. (૧૭)

चद्य-शाल्व-जरासन्ध-दन्तवक्त्रादयो नृपाः । मम द्विषन्ति वामोरुक्मी चापि तवाग्रजः ।। १८ ।।
तेषां वीर्यमदान्धानां दृप्तानां स्मयनुत्तये । आनीतास्मि मया भद्रे तेजोऽपहरतासताम् ।। १९ ।।

હે ભદ્ર રુકિમણીજી ! યદિ આપ એમ કહો કે આપ આવા લાગણીવાળા, સમજુ અને શાણા હતા તો આપ મને વરવા પધાર્યા તે પહેલાં જ શા માટે આપલે ના વિચાર્યું તે હવે અડધેદરિયે દયા દેખાડવા બિરાજ્યા છો ? તો તો તેવું નથી દેવી ! શિશુપાલ-શાલ્વ-જરાસંધ-દંતવકત્ર વગેરે નરપતિઓ તેમજ આપના જયેષ્ઠ ભાઈ રુકમી વગેરે સદા મારો દ્વેષ કરતા અને મારી સાથે વેર કરતા આવ્યા છે. (૧૮) હે ભદ્રે ! આવા વીર્યમદથી મદાન્ધ બનેલા અભિમાની રાજાઓના અભિમાનના નશાને ઉતારવા માટે અને તેમનાં તેજ હરવા માટે આપનાં અપહરણ કરી લાવ્યો છું પરંતુ આપનું મન દુભાવા નથી ચાહતો. આપ રાજી થશો તેમ સર્વ કરીશ. (૧૯)

उदासीना वयं नूनं स्त्र्यपत्यार्थकामुकाः । आत्मालब्ध्यडडस्महे पूर्णा गेहयोर्ज्योतिरक्रियाः ।। २० ।।

અન્તમાં ભગવાને કહ્યું કે રાજકુમારી ! તમે જાણો છો જ કે અમે બાવા જેવા છીએ. ઉદાસીન છીએ એથી સ્ત્રી-પુત્ર-ધન-ઘર વગેરેમાં અમારાં મન તરબોળ રહે નહીં. અમે તો આત્માનન્દી પુરુષો હોઇને પૂર્ણાનંદથી રાચનારા છીએ. આ માટે તો દેહની કે ગેહની દરકાર જ કરતા નથી. તેજના જેવો-પ્રકાશના જેવો અમારો સ્વભાવ છે અમે સર્વને પ્રકાશ માત્ર આપીએ છીએ. અમારે તો પ્રકાશનું કાંઇ પ્રયોજન જ નથી હોતું. (૨૦) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! શ્રીરુકિમણીજીનું મંતવ્ય હતું કે સોળ હજાર રાણીઓમાં સર્વ પ્રકારે પોતે જ શ્રેષ્ઠ છે અને એમને જ ભગવાન વશ છે. ભગવાન ક્ષણ પણ પોતાનાથી અલગ થઇ શકે એમ નથી. વળી ભગવાન પણ પોતાને જ સર્વાધિક પ્રિયતમા માને છે. આ અભિમાન ભક્તિભાવમાં બાધક હોવાથી ભગવાને તેનું નિવારણ કરવાને વિચાર્યું હોઇ ઉપરનાં વાક્યો સંભળાવી એકાએક મૌન લઇ લીધું. (૨૧) ભગવાનનાં આવાં વચનો શ્રીરુકિમણીજીએ કદી સાંભળ્યાં ન હતાં. તે ત્રણ લોકોના નાથોના પણ નાથ ! અને પોતાના પ્રિય પ્રાણનાથ આજે આવાં અપ્રિય વચનો કેમ બોલ્યા હશે ? એનો વિચાર કરતાં જ રુકિમણીજી હ્રદયમાં ભયભીત બન્યાં અને કાળજું કમ્પી ઊઠયું, રુદન કરવા લાગ્યાં અને ભારે ચિંતામાં મૂકાઇ ગયાં. (૨૨) રક્તવર્ણા નખની કાન્તિથી દીપતા સુકુમાર સુકોમલ ચરણના નખથી ધરણીને ખોતરતાં, અંજન ઓંજેલાં નયનોમાંથી કાજળ ભળ્યાં શ્યામ અશ્રુઓથી કેશર કંકુથી અલંકૃત કરેલા સ્તનોનું સિંચન કરતાં, દુઃખદરિયામાં ડૂબી ગયેલાં શ્રીરુકિમણીજીની વાણી વિરમી ગઈ. કંઠ રુધાઈ ગયો, મુખ નીચું થઇ ગયું અને અપાર ચિંતામાં ગરકાવ થઇ ગયાં. (૨૩) પ્રિયતમ રસિકેશ્વરનાં અપ્રિય વચનોના શ્રવણથી થયેલી અસહ્ય પીડાને લીધે, શું પ્રભુ ત્યાગ કરી દેશે ! એવા ભયને લીધે, શોક પેદા થતાં બુદ્ધિ જડ બની ગઇ અને ક્ષણમાં કાયા સુકાઇ જતાં કરકમલમાંનો વીંજણો નીચે પડી ગયો. બન્ને કાંડાંમાંથી કંકણો સરી પડવાની અણી ઉપર આવ્યા, બુદ્ધિ વિહ્વળ બની જતાં શ્રીરુકિમણીજીનું શ્રીઅંગ પવનથી પટકાઇ પડેલી કેળની માફક ધરણી ઉપર પટકાઇ જવા લાગ્યું. મસ્તક ઉપરના કેશ પણ વીખરાઇ જવા લાગ્યા. (૨૪) ત્યારે પોતાના હાસ્યવિનોદની રમૂજ-રીત-રસમને ન જાણતાં રુકિમણીજીની દયનીય દશા દયાનિધાન સમજી ગયા અને કોમલ પ્રેમતંતુથી બંધાયેલી પ્રિયાનાં સ્નેહ બંધનને નિહાળતાં દ્રવીભૂત બનેલા શ્રીકૃષ્ણ પણ કંપી ઊઠયા. (૨૫) ભગવાને ચાર હાથ ધારણ કર્યા. એકાએક પર્યંક ઉપરથી નીચે ઊતરી ગયા અને ઢળી પડેલી સ્નેહલતાને બન્ને હાથોમાં ઉઠાવી લઇ, એક કરકમલથી કેશકલાપને સંવારતા અને બીજા પાણિપંકજથી મુખકમલે પ્યાર કરતા પ્રિયતમ પ્રભુ ગોદમાં લઇ પંખો ઢોળવા લાગ્યા. (૨૬) આવા પ્રેમોપચારથી પ્રિયતમા શ્રી રુકિમણીજી જ્યારે જરાતરા સ્વસ્થ થયાં ત્યારે શ્રીકૃષ્ણજીએ દેવીનાં નેત્રોમાંથી અશ્રુઓને પોંછી લીધાં, અશ્રુભીનાં વક્ષઃસ્થલને પણ લૂછી લીધું અને ભગવાન વિના પિતા-માતા-ભ્રાતા-સખા-સુહૃદ એવા કોઇનો કદી આશ્રય ન ધરાવતાં અનન્યાશ્રિત શ્રીરુકિમણીજીને ભગવાને પોતાના બાહુની મધ્યમાં વક્ષઃસ્થલમાં સમાવી દીધાં. (૨૭) સાંત્વન દેવામાં ચતુરશિરોમણિ સજ્જનોનું સદાય અવલંબન કૃપાનિધિ શ્રીકૃષ્ણ પ્રભુ, હાસ્યવિનોદના ઉહાપોહની રીત-રસમથી સર્વથા અજાણ્યાં હોઈ અકળાઇ ઉઠેલાં અને ભ્રમમાં મુકાઇ ગયેલાં શ્રીરુકિમણીજી સાથે આવો વિનોદ ના કરવો જોઇએ એવું વિચારીને કૃપાભરી વાણીથી પ્રભુ બોલ્યા. (૨૮)

ભગવાન શ્રીકૃષ્ણની સ્નેહાધીનતા-મમતા અને દીનતા

શ્રીશ્યામસુંદર શ્રીહરિએ વચનામૃતધારા વરસાવવા માંડી ! વૈદર્ભી ! પ્રિયતમા ! નારાજ ના થશો દેવી ! મારા ઉપર રોષે ના ભરાશો પ્રિયા ! મારા ઉપર દોષારોપણ ના કરશો સ્વામિની ! હું સારી રીતે જાણું છું આપ મારાં અનન્ય છો અને સદા મારે વશ પણ છો, હે અંગના ! મેં તો આપનાં વિનોદ મધુર વચનો સાંભળવા માટે આવી એક વિનોદ વાત ઉઠાવી હતી. (૨૯) વળી રુકિમણીજી ! મારી બીજી પણ એક લાલસા હતી કે મારાં વાક્યો સાંભળી ને આપ પુણ્ય કોપમાં આવી જાવ, અને અધર ફરકી રહ્યા હોય અને રોષ ભરી વાંકા કટક્ષવાળી નજરે જોતાં રતુમડા બનેલા નેત્રોનો ખૂણા હોય તેમજ સુંદર ભ્રૂકુટિના વિલાસવાળા આપના મુખકમલને નીરખીને દામ્પત્ય સ્નેહનો રસ માણું માટે જ મેં આવાં વિનોદ મર્મવાક્યો કહ્યાં હતાં. (૩૦) હે ભીરુ ! હે ભામિની ! દામ્પત્યજીવન એતો એક પરમ લાભ છે કે પ્રિયતમા સાથે હંસીખેલ વિનોદ કરતાં આનંદમય જીવન પસાર થાય. (૩૧) શ્રીશુકમહર્ષિએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણે હૃદયનું સસ્નેહ સાન્ત્વન કર્યું ત્યારે શ્રી રુકિમણીજીના મનને શાંતિ મળી તેમજ પ્રિયતમ પરિહાસવાર્તા કરી રહ્યા હતા, તેનો સંતોષ થયો પ્રિયતમ મને ત્યજી દેશે એવો ભય ચાલ્યો ગયો. (૩૩) તેમજ હે ભરતવંશીય પરીક્ષિત ! લજ્જામય મધુર હાસ્યથી મનોહર સ્નેહભર્યાં કટાક્ષોથી પુરુષશ્રેષ્ઠ પ્રિયતમના મુખારવિંદને નીરખતાં હૃદયના ભાવોને વિવેક-ભક્તિ ભરી વાણીથી પ્રકટ કરવા લાગ્યાં. (૩૪)

પંદર શ્લોકોમાં પ્રિયતમ શ્રીકૃષ્ણ પ્રભુને પ્રત્યુત્તર

रुक्मिण्युवाच-नन्वेवमेतदरविन्दविलोचनाह-यद्वै भवान् भगवतोडसद्दशी विभून्मः ।
क्व स्वे महिम्न्यभिरतो भगवांस्त्र्यधीशः क्वाहं गुणप्रकृतिरज्ञगृहीतपादा ।। ३४ ।।

શ્રીરુકિમણીજી ભગવાનનાં વાક્યોનું સ્મરણ કરીને પ્રત્યેક વાતોનો ઉત્તર આપે છે કે નાથ આપે૧૦-૧૧મા શ્લોકમાં કહ્યું કે તમે અમને વર્યાં પરંતુ અમે તમારે માટે અસમાન છીએ એ વાત આપે તદ્દન સત્ય કહી છે અને શ્રુતિ સંમત વાત કહી છે કે કમલલોચન ! આપના શ્રીમુખથી કહેલ અક્ષર સત્ય છે. આપ મારા સરખા ન જ હોઇ શકો, કારણ કે આપ તો "વિભૂમા" એટલે આકાશ વગેરે વ્યાપક તત્ત્વોથી અધિક વ્યાપક છો એથી તો મહાન છો. મહાન તો એક જ હોઇ શકે પછી એકની સમાન બીજો સંભવે જ ક્યાંથી ! જ્યારે હું તો પ્રકૃતિ છું. આપ તો નિજાનંદમાં સદા મસ્ત રહેનારા છો. ભગવાન છો. ત્રણ દેવાધિદેવોના પણ દેવ છો આપ ગુણાતીત છો જ્યારે હું ત્રિગુણ સ્વરૂપા છું આપને સર્વજ્ઞ અને સમર્થ પુરુષો સેવે છે. જ્યારે મારા પગમાં તો અજ્ઞ અને અસમર્થ જીવો પડે છે આમ છતાં આપે મારો સ્વીકાર કર્યો એ જ આપની મહત્તા છે. (૩૫)

सत्यं भयादिव गुणेभ्य उरुक्रमान्तः शेते समुद्र उपलभ्भनमात्र आत्मा ।
नित्यं कदिन्द्रियगुणैः कृतविग्रहस्त्वं -- त्वत्सेवकैर्नृपपदं विधुतं तमोडन्धम् ।। ३५ ।।

હે મહાન ! હે સમર્થ ! હે મહાન પરાક્રમશાલી શ્રીકૃષ્ણ ! આપે ૧૨ શ્લોકોમાં કહ્યું કે રાજાઓથી ગભરાઇને આપ સાગરને શરણે ગયા, તે વાત પણ અક્ષરે અક્ષર સાચી છે. પરંતુ તે ક્ષાર સાગર કે ક્ષીર સાગરના નામથી જગપ્રસિદ્ધ સાગરો છે તેમાં આપ નથી ગયા,-નથી રહ્યા, પરંતુ તે સમુદ્ર તો "ચૈતન્ય ધન" સમુદ્ર છે અરે આનંદધન સમુદ્ર છે તેમાં જ આપ બિરાજો છો. કારણ કે રાજસધર્મવાળા સતત ક્ષુદ્ર પ્રવૃત્તિવાળા રાજાઓનો સહવાસ ભયરૂપ જ છે ત્યાં આપ ક્યાં વસો ? આપે કહ્યું કે બલવાનો સાથે આપે વૈર બાંધ્યા એ પણ સત્ય જ છે તેમજ રાજાઓ આપનો દ્વેષ કરે છે એ પણ આપનું કથન સત્ય છે; કારણ કે નિન્દિત અને કુપથે જનારી બલવતી રાજસ તામસ ઇન્દ્રિયો સાથે આપ વૈર રાખો એ યાગ્ય જ છે. તેમજ રાજસ ગુણવાળા, આપ આનંદ સ્વરૂપનો દ્વેષ કરે એ દેખીતું જ છે. આપે કહ્યું કે અમે રાજ્યાસન ત્યજ્યાં છે તેમાં શું ખોટું છે, કારણ કે જે રાજ્યાસન પાપાચરણ કરાવે અને અજ્ઞાન પેદા કરે છે તેથી તો આપના સેવક, આપના અનન્ય ભક્ત એવા રાજાઓ પણ રાજ્યાસનને ત્યજે છે તો પછી આનંદનિધિ આપ રાજ્યાસન ત્યજો એ જ આપનો અલંકાર છે. (૩૬)

त्वत्पादमद्ममकरन्दजुषां मुनीनां-वर्त्मास्कुटं नृपशुभिर्ननु दुर्विभाव्यम् ।
यस्मादलौकिकमिवेहितमीश्वरस्य-भूमं स्तवेहितमथो अनु ये भवन्तम् ।। ३६ ।।

નાથ ! ૧૩ મા શ્લોકમાં अस्पष्टवर्त्मनां આપે કહ્યું કે અમારા રસ્તા અટપટા છે એમાં શબ્દે શબ્દ સાચી જ વાત છે. આપના માર્ગ કે આપની લીલાઓના પ્રકારો, લીલાઓનાં મર્મ, લીલાઓનાં રહસ્ય ન સમજાય તેવાં હોય એમાં આશ્ચર્ય ન હોય. કારણ કે આપશ્રીના શ્રીચરણોના-મકરન્દ રસનું સેવન કરનારા આચરણોનાં રહસ્યો અને જીવનની રીતિઓ આચરવિચારશૂન્ય પશુ જીવન જીવતા જીવોથી સમજી શકાય તેવાં નથી હોતાં તો આપની લીલાઓનાં મર્મ તો તેઓ કેમ સમજી શકે ? કારણ કે આપની લીલાઓ અને આપનાં ચરિત્રો લોકપ્રસિદ્ધ નથી તેમજ સામાન્ય મનુષ્ય જેવાં નથી જેમકે વિષ પાનારી પૂતનાને માતાની જેવી ગતિનાં દાન કરવાં કે યશોદાને હાથે ઉલૂખલે બંધાઈ વૃક્ષોને સ્પર્શ કરી પાડવાં આવાં ચરિત્રો લોકો જેવાં ક્યાંથી હોય તેમજ લોક મતિવાળા ક્યાંથી સમજાય ? તેમજ આપનાં ચરિત્રો તો શાસ્ત્રોમાં-વેદોમાં-પુરાણોમાં વર્ણવ્યાં હોઈ થોડાં જાણી પણ શકાય જ્યારે આપના ચરણે ચાલનાર મહાત્પુરુષોની અનોખી જીવન શૈલી તો કેમ જ જાણી શકાય ! માટે હે ભૂમન્ ! આપના અને આપના સેવકોના જીવન પંથો ના સમજાય એ દોષ નથી પરંતુ એ તો અલંકાર છે એ તો ગુણ છે. (૩૭)

निष्किञ्चनो ननु भवान्न यतोऽस्ति किञ्चित्-हयस्मै बलिं बलिभुजोऽपि हरन्त्यजाद्याः ।
न त्वां विदन्त्यसुतृपोऽन्तकमाढयतान्धाः-प्रेष्ठो भवान् बलिभुजामपि तेऽपि तुभ्यम् ।। ३७ ।।

ભગવાન્ ! આપે ૧૪માં શ્લોકમાં કહ્યું કે ''निष्किंचना वयम्'' અમે નિષ્કિંચન છીએ એટલે અધન છીએ એ કાંઈ ખોટી વાત નથી. કારણ કે જગતમાં ધન અને ધનવાન એવા બે પદાર્થો હોય છે, જ્યારે આપ જ સ્વયં ધન છો, ધ્રુવ-પ્રહ્લાદ ગોપીજન જેવા ભક્તજનો આપને જ ધન માને છે તેથી આપ નિષ્કિંચન છો તે વસ્તુ પણ સાચી છે. વળી નિષ્કિંચન શબ્દનો અર્થ નિર્ધન નથી થતો પરંતુ આપના વિના જગતમાં બીજું કોઈ જ નથી એવો થાય છે. પૃથ્વીમાં કે બ્રહ્માંડમાં જે કોઈ વસ્તુ દેખાય છે તે આપ જ વાસુદેવ છો. વળી નિર્ધન કેવી રીતે ? કારણ કે આખું વિશ્વ જે બ્રહ્માદિ દેવોને ભેટસામગ્રી ધરે છે તેવા દેવાધિદેવો સમગ્ર સામગ્રી લાવીને, તલાટી રાજાને પહોંચાડે તેમ તે સમર્થ દેવો આપને પહોંચાડે છે. પછી આપ નિષ્કિંચન શી રીતે ? વળી આપે કહ્યું કે અમને તો નિષ્કિંચન-અધન જન વહાલા છે અને તેમને અમે વહાલા છીએ તે પણ આપની શોભા અને આપનું ગૌરવ છે, કારણ કે ભગવન્ ! નિષ્કિંચન દેહ-ગેહ-દ્રવ્ય-સ્વર્ગ આદી કશામાં જેમનું મન નથી, કેવલ આપનામાં જ જેમનું મન છે એવા હરિપરાયણ આત્માઓને તો આપ જ પ્રિય હો અને તેઓને પણ આપ જ પ્રિય હો એ વસ્તુ સુસંગત છે. વળી આપે કહ્યું, સમૃદ્ધજન અમને નથી ભજતા એ પણ સત્ય છે. કારણ કે ધનાઢય તો ધનના નશામાં જ ચકચૂર છે એમને ખ્યાલ નથી હોતો ''કાલ રૂપ ભગવાન'' માથે બેઠા છે તેથી તે ગાફેલ બનીને તેઓ તો ધનથી ભોગવિલાસ કરી ઈન્દ્રિયોને જ તૃપ્ત કરવામાં લાગી ગયા હોઈ આપને ન જભજે તે દેખીતું છે. ૧૩

त्वं वै समस्तपुरुषार्थमयः फलात्मा-यद् वाञ्छया सुमतयो विसृजिन्ति कृत्स्नम् ।
तेषां विभौ समुचितो भवत समाजः- पुंसः स्त्रियाश्च रतयोः सुखदुःखिनोर्न ।। ३८ ।।

હે ભગવાન ! આપે ૧૫ મા શ્લોકમાં કહ્યું કે **ययोरात्मसमं** પરસ્પરનાં ધન-કુલ-વિદ્યા વગેરે સાત વસ્તુ સમાન હોય તેમની મૈત્રી અને તેમનો વિવાહ ઘટે એ વાત આપે કહી તો વાત પણ સમજવા જેવી છે અને યોગ્ય જ કહ્યું છે; કારણ કે આપ જ કુલ છો, શીલ છો, રૂપ છો, વિદ્યા છો, દ્રવ્ય છો, સંક્ષેપમાં સર્વ પુરુષાર્થ રૂપ આપ જ છો. અને પુરુષાર્થોના ફલ સ્વરૂપ પણ આપ જ છો, તેથી પરમાનંદને પ્રાપ્ત કરવાની વૃત્તિ ધરાવતા જે વિવેકીજનો -સન્મતિશાલીજનો-સર્વ કાર્ય ત્યજીને આપની જ સેવા કરે તેઓનો આપની સાથે સંબંધ થાય એ યોગ્ય જ છે પરંતુ જેઓ સંસારના સુખદુઃખમાં ડૂબેલાં અને લાલસાવાળાં, પરસ્પરના દેહમાં મોહની ગાંઠથી જકડાયેલાં પામર નર-નારીઓનો આપની સાથે સંબંધ થવો ના શોભે. (૩૮)

त्वं न्यस्तदण्डमुनिभिर्ग दितानुभाव-आत्मात्मदश्च जगतामिति मे वृतोडसि ।
हित्वा भवद्भ्रुव उदीरितकालवेग-ध्वस्ताशिषोब्जभवनाकपतीन् कुतोडन्ये ।। ३९ ।।

નાથ ! આપે ૧૭મા શ્લોકમાં કહ્યું કે भिक्षुभिः श्लाधिताः અમને માત્ર ભિક્ષુકજનો વ્યર્થ વખાણે છે તે કાંઇ તો ખોટું ઓછું છે તે ભિક્ષુકો ભાખરી-પથારી કે શાકના ઓછા ભિખારી છે ? તે તો સર્વ સુખ-વૈભવનો ત્યાગ કરી અદ્વૈત આનંદના ઉત્તમ સિંહાસને અભિષેક પામેલ પરમ ભાગવતો શુક સમા પરમહંસ મુનિવરો છે તેઓ જ આપની સ્તુતિ કરે છે તેઓ જ આપનો યશ ગાય છે, વળી આપે મને કહ્યું કે હું આપને ભૂલથી વરી છું ? પરંતુ એવું નથી હો ! હું તો એ વરને વરી છું કે આત્મારૂપ સર્વને અતિશય પ્રિય છે અને જે આત્માનું દાન પણ કરે છે, તે આપ છો એવું સંપૂર્ણ જાણીને જ આપને વરી છું. નાથ ! સર્વ પ્રકારે આગળ પાછળનો વિચાર કરીને આપને હું વરી છું. ભગવાન્ ! આ મારું કાંઇ પ્રથમ વરણ ઓછું છે. પૂર્વે સમુદ્રમંથન સમયે જ્યારે હું લક્ષ્મીરૂપે અવતરી હતી ત્યારે સ્વયંવરમાં ભ્રૂકુટિના વેગથી ઉઠેલા કાલવેગથી નાશ પામનારા ઐશ્વર્ય અને આયુષ્યવાળા ઇન્દ્ર-વરુણ-બ્રહ્માદિ દેવોને પડતા મૂકીને આપને વરી હતી તે હું હાલ આપને સંપૂર્ણ વિચાર કરીને વરી છું. (૩૯)

जाडयं वचस्तव गदाग्रज यस्तु भूपान्-विद्राव्य शार्ङ्गनिनदेन जहर्थ मां त्वम् ।
सिंहो यथा स्वबलिमीश पशून्स्वभागं-तेम्यो भयाद्यदुदधिं शरणं प्रपन्नः ।। ४० ।।

શ્રીરુકિમણીજી ફરીથી ભગવાનના બંધા શ્લોકોનો પ્રત્યુત્તર આપતાં કહેવા લાગ્યાં કે આપે કહ્યું કે કોઇ પરાક્રમી સિંહ વનનાં સર્વ પશુઓને હટાવીને પોતાનો ભોગ મેળવી લે છે, તે રીતે મેં પણ સર્વ રાજાઓને શાર્ઙ્ગધનુષ્યના પડકારથી પાછા હટાવીને તમને મારે માટે યોગ્ય જાણીને મેળવ્યાં-હરણ કર્યાં તેથી રાજાઓ રોષે ભરાયા હતા તે રાજાઓનાં ભયથી સાગરમાં જઇ વસ્યા છીએ તો હે ગદાગ્રજ ભગવાન ! આપનું આ વચન તો આપ એક બોલવા ખાતર બોલ્યા છો કાંઇ એ વાક્યમાં વજુદ નથી એટલે વાક્યનો કાંઇ અર્થ નથી વિચારવા જેવું નથી અને ઉત્તર આપવાનો રહેતો નથી. (૪૦)

यद् वाञ्छया नृपशिखामणयोङ्गवैन्य-जायन्तनाहुषगयादय ऐकपत्यम् ।
राज्यं विसृज्य विविशुर्वनमम्बुजाक्ष-सीदन्ति तेडनुपदवीं त इहास्यिताः किम् ।। ४१ ।।

શ્રીરુકિમણીજી ભગવાનનાં પૂર્વ વાક્યોમાંથી કેટલાક મુદ્દાની ફરી ચર્ચા કરતાં કહેવા લાગ્યા કે હે કરુણાનિધાન ! આપે ૧૩માં શ્લોકમાં જથા ચરણમાં કહ્યું કે વગર સમજે વરનાર, प्रायः सीदन्ति योषितः સ્ત્રી જનો ઘણે ભાગે દુઃખી થાય છે તો તેનું તાત્પર્ય જુદું જ છે નાથ ! હે કૃપાળુ ! આપનો માર્ગ તો સ્પષ્ટ ધોરી માર્ગ છે આ તો જગ જાણીતો છે નાથ ! ભલભલા નૃપ શિરોમણિ ચક્રવર્તી અંગ-પૃથુ-ભરત-યયાતિ-ગય વગેરે રાજાઓ કેવલ આપની સેવા કરવાની ઇચ્છાથી જ આપને જ મેળયવાની ઇચ્છાથી પોતાના ચક્રવર્તી રાજ્યને ત્યજીને વનમાં ગયા છે તેઓ પરમ સુખી થયા છે. એથી ઊલટું કે જે લોકોએ આપનો આશ્રય નથી કર્યો અને રાજ્યો ભોગવી રહ્યા હતા અને ભોગવી રહ્યા છે તેઓ કેટલા સુખી છે ? જરા પણ સુખી નથી, માત્ર દુઃખી જ છે. હે કમલનયન ! વનમાં-ભવનમાં-કે રાજ્યભવનમાં ક્યાય વસે પણ જે આપશ્રીના શ્રીચરણોને નહીં ભજે તે જ જનો દુઃખી છે તેથી આપનો આશ્રય લઇને હું પરમ સુખી છું. (૪૧) નાથ ! આપે કહ્યું અમે નિષ્કિંચન છીએ માટે કોઇ અન્ય સમૃદ્ધને રુકિમણી તમે વરો ! આ વાત તો ત્યારે આપની સાચી મનાય અને હું તે વાત સાચી માનું કે જેના કર્ણો ઉપર આપના શ્રેષ્ઠ ગુણોની સુવાસ ન આવી હોય તેવી સ્ત્રી અન્યને વરવાની ભૂલ કરી બેસે નાથ ! આપના ચરણકમલનું તો સદા સજ્જન પુરુષોએ યશોગન કીધું છે. (૧) જન માત્રને પરમાનંદ ને મોક્ષ દેનાર છે. (૨) વળી ભગવતી લક્ષ્મીજીનું આશ્રય સ્થાન છે. (૩) અને સર્વસદ્ગુણોનું આલય-આશ્રય છે. (૪) આવા દિવ્ય સર્વવિધ પુરુષાર્થને દેનારા ચરણોને નાથ કોણ ત્યજે ? નાથ મર્ત્યા એટલે મરણ ધર્મવાળી કોઇ પણ નારી ઉપર દર્શાવેલા આપના ગુણોની કાનેથી સુગન્ધ મેળવ્યા બાદ સારાસાર અને યોગ્યાયોગ્યના રહસ્યને જાણનારી વિવેક દૃષ્ટિવાળી નારી સદા ભયથી ભરેલા અન્ય વરને નહીં જ વરે. (૪૨)

त्वं त्वानुरूपमभजं जगतामधीश--मात्मानमत्र च परत्र च कामपूरम् ।
स्यान्मे तवाङ्घ्रिशरणं सृतिमिर्भ्रमन्त्या--यो वै भजन्तमुपयात्यनुतापवर्गः ।। ४३ ।।

વળી આપે ૧૭મા શ્લોકમાં કહ્યું કે "વૈદર્ભી આપ વગર વિચારે વર્યાં છો" તો નાથ ઉત્તર સાંભળો ! મેં તો સો ગળણે ગાળીને જ પાણી પીધું છે; કારણ કે આપ મારે માટે સર્વ પ્રકારે ઉત્તમ છો, યોગ્ય છો, અને અનુરૂપ છો, ચૌદ લોકના નાથ છો, આ લોક અને પરલોકની કામનાઓના પૂરક છો, આત્મસ્વરૂપ છો, આથી અધિક આપને માટે વિચારવાનું શું રહ્યું ? હવે મારી નિષ્ઠાનું શ્રવણ કરો નાથ ! ભલે અનેક પ્રકાની યોનિઓમાં હું અટવાયા કરું. પણ મારી તો એક જ અરજ છે કે સર્વ યોનિઓમાં આટલું જ મારું અનુસંધાન રહે કે સંસારનો નાશ કરનારા-સેવા કરનારા ભક્તજનોને પોતાના બનાવનારા-આપના શ્રીચરણકમલનો જ આશ્રય બન્યો રહે. (૪૩)

तस्याः स्युरच्युत नृपा भवतोपदिष्टाः स्त्रीणां गृहेषु खरगोश्वबिडालभृत्याः ।
यत् कर्णमूलमरिकर्षण नोपयाता--युष्मत्कथा मृडविरिञ्चसमासु गीता ।। ४४ ।।

નાથ ! હે અચ્યુત ! હે શત્રુદમન ! દેવ આપે ૧૮મા ૧૯મા શ્લોકમાં કહ્યું કે ભલભલા વૈભવશાળી ચૈદ્ય વગેરે સમૃદ્ધિશાલી નરેશો મારે માટે તલપાપડ હતા, તેઓને ન વરતાં હું આપને વરી તે ઉચિત ન મનાય તો નાથ ! તે આપનું કથન તેને માટે યોગ્ય હશે કે જે સન્નારીના શ્રવણ પથમાં શિવજી-બ્રહ્માજી અને અન્ય દેવોની દિવ્ય સભામાં સદા ગવાતા ગુણોના આવ્યા હોય તેમના નશીબમાં તે રાજાઓ ભલે હોય નાથ ! તેમને નરેશો કોણ કહેશે ? કારણ કે તે "નર" જ નથી એટલે સંયમી નથી પછી તો નરેશ ક્યાંથી ? તેઓ તો બિચારા નારીઓના નિવાસોમાં ખર માફક ભારવાહી છે, બળદ માફક બોજો ઉઠાવનારા છે, શ્વાન સમાન અપમાન સહનારા છે, બિલાડીની માફક મારું મારું બોલનારા ગરીબ છે, અને ભૃત્ય-સેવક સમા પરાધીન છે. આવા વરો તો મન્દ ભાગિની નારીને ભલે હો. આપની અનન્યાશ્રિત સેવિકાના તો સ્વપ્નમાંય ન હો. (૪૪)

त्वक्शमश्रुरोमनखकेशपिनद्धमन्त--र्मांं सास्थिरक्तकृमिविट्कफपित्तवातम् ।
जींवच्छवं भजति कान्तमतिर्बिमूढा--या ते पदाब्जमकरन्दमजिघ्रती स्त्री ।। ४५ ।।

શ્રીરુકિમણીજી આત્મસ્નેહમાં તરબોળ બનીને ભગવાન શ્રીકૃષ્ણને નિવેદન કરી રહ્યાં છે કે ભગવને ! જે કોઇ વ્યક્તિને આપનાં ચરણકમલોની કીર્તિની સુગંધ કાને નથી પડી તેને લીધે સદા સંસારાસક્ત છે અને લોકસુખમાં ડુબેલ છે તેવી મોહવશ અજ્ઞ નારી ભલે બહારથી સુંવાળી ચામડી-દાઢી-મૂછ-નખ-કેશથી મઢેલી સુંદર દેખાતી અને અંદર તો માંસ-હાડકાં-રુધિર-કૃમિ-વિષ્ઠા-કફ-પિત્ત-વાતથી શ્વાસ લેતી છતાં શબ કાયાને પતિ માને અને સેવે પરંતુ વિવેકવતી નારી તો આપને જ સ્વામી સમજશે. (૪૫)

अस्त्वबूजाक्ष मम ते चरणानुराग--आत्मन् रतस्य मयि चानतिरिक्तदृष्टेः ।
यर्ह्यस्य वृद्धय उपात्तरजोडतिमात्रो--मामीक्षसे तदु ह नः परमानुकम्पा ।। ४६ ।।

અંતમાં શ્રીરુકિમણીજી બોલ્યાં કે આપે ૨૦ મા શ્લોકમાં એમ કહ્યું કે અમે ઘર-પરિવારમાં મન વગરના પુરુષ છીએ એથી અમે ઉદાસીન હોઇ કોઇ વસ્તુની કે કોઇ વ્યક્તિની સાથે અમારી મમતા ના હોય પછી મમતા વગરના વરને વરીને શો લાભ ? એ વાત આપે કહી તે સત્ય છે નાથ ! હું પણ એવા જ નિર્ણયવાળી છું મારે આત્મામાં સદાય રમણ કરનારા રમણ જોઇએ. માટે આત્મારામ એવા આપના ચરણારવિન્દમાં જ મારો સ્નેહ બન્યો રહે. કારણ કે તે પ્રકારનો આત્મગામી સ્નેહ જ મારું મંગલ કરશે. કારણ કે જ્યારે આપ આ વિશ્વની વૃદ્ધિ માટે સત્ત્વ અને તમોગુણના માપથી વધુ સત્ત્વગુણની માત્રાને લઇને માયા સ્વરૂપ મારામાં રમણ કરશો કે માત્ર કૃપાનજર કરશો તો તેટલા જ સ્નેહથી હું કૃતકૃત્ય બનીશ. આપની મારા ઉપર નજર પડશે એ પણ પરમ અનુકંપા. (૪૬) હે ભગવન્ ! હે મધુસૂદન ! આપનાં કહેલાં વચનો મિથ્યાં છે કે જૂઠાં છે એવું હું નથી કહેતી. કારણ કે કાશિરાજની કન્યા અમ્બાનો પોતાની કુમારાવસ્થામાં

જ અન્ય પુરુષ શાલ્વ સાથે અનુરાગ બંધાયો હતો. આ રીતે કોઇ વાર કોઇ કન્યાનો કુમારકાલમાં કોઇ પુરુષમાં પ્રેમ થઇ જાય એ વાત અસંભવિત નથી. (૪૭) અને કોઇવાર પરણેલી પરંતુ પુંશ્ચલી સ્ત્રી પરપુરુષમાં અનુરક્ત થઇ જાય તો તે નિત્ય નવા નવા પતિ ઉપર એનું મન ચાલ્યું જાય છે, ત્યારે વિવેકશીલ પુરુષ માટે ઉચિત છે કે એવી દુરાચાર પરાયણ સ્ત્રીને પોતાના ઘરમાં ના રાખે અને તેનું પાલન ન કરે અને જો પુરુષ એવી સ્ત્રીનું પાલન કરે તો તે પુરુષ આ લોક અને પરલોકથી ભ્રષ્ટ થાય છે. (૪૮)

નવવિધ ભક્તિથી ભરેલાં શ્રીરુકિમણીજીનું નવ શ્લોકોમાં નાથે કરેલું અભિનંદન

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું હે સાધ્વી ! હે રાજકુમારી ! મેં તો કેવલ તમારી મશ્કરી કરી હતી, વિનોદ કર્યો હતો એનો મર્મ તમે સમજી શક્યાં, મારા ઉપર નારાજ ના થયાં અને મને જે કાંઇ વાક્યો કહ્યાં તે સર્વ સત્ય વાત છે. (૪૯) હે માનિની ! ભલેને હું અકામ હોઉં પરંતુ આપની તો એકાન્ત અને અનન્ય ભક્તિ છે. તમે જે કાંઇ ચાહશો તે સર્વ હે કલ્યાણી ! સદા સિદ્ધ થશે. (૫૦) હે પુનિત મતિ ! રુકિમણીજી ! મેં તો યેવાં કટુ--કટાક્ષ વાક્યો કહેલાં કે જેથી બુદ્ધિ અવશ્ય ચલિત થાય. પરંતુ તમારી દઢ મતિ મારામાંથી જરા પણ ના ખસી, જેથી આપે પતિપ્રેમ અને પાતિવ્રત્ય એ બન્ને વસ્તુ સમ્પાદન કર્યાં છે. (૫૧) જે કોઇ સકામવૃત્તિવાળો પુરુષ મોક્ષના સ્વામી મને તપ-વ્રત-જપ વગેરેથી પ્રસન્ન કરીને જેમ સંસારમાં સ્ત્રી-પુરુષ લૌકિક સુખની કામના કરે છે એ રીતે મને ભજે છે તો તેઓ મારી માયાથી મોહિત થયા છે એમ જ સમજવું. (૫૨) હે માનિની ! મારામાં તો મોક્ષ પણ રહેલો છે અને સર્વ સમ્પત્તિઓ પણ રહેલી છે. એટલે બન્ને વસ્તુઓને આપવા માટે હું સમર્થ છું. જો આવી શક્તિવાળા મને પ્રાપ્ત કરીને જે લોકો લૌકિક સંપત્તિઓની માગણી કરે છે તેમણે મન્દભાગી સમજવા જોઇએ. આવાં તુચ્છ લોકસુખો તો નરકમાં પણ મળે છે તેને માટે પ્રયત્ન શો ? જે જીવો વિષયમાં આસક્ત છે તેમને નરક તો અનાયાસે મળશે જ. (૫૩) ભગવાને કહ્યું કે હે ગૃહરાણી ! હે ગૃહેશ્વરી ! આપે સંસારબંધનને છોડાવનારી નિષ્કામ સેવા સતત કરી છે તેમજ મનોવૃત્તિ મારામાં પરોવીને રાખી છે એ તો અત્યંત ઉત્તમ વસ્તુ છે. અને આ અત્યંત પ્રસન્નતાની વસ્તુ મનાય. ખલ પુરુષોની ભગવત્ સેવામાં મનોવૃત્તિ નથી લાગતી. હે પ્રિય ! જીવાત્માનું સેવામાં મન લગાવવું જ કઠિન છે. તેમાં ખાસ કરીને ઇન્દ્રિયોનું પોષણ કરનારી અને નરકને સેવનારી નારીઓ માટે તો સર્વથા કઠિન છે. કારણ કે તેના મનમાં વિષયો જ ભરેલા છે. (૫૪)

न त्वादृशीं प्रणयिनीं गृहणीं गृहेषु--पश्यामि मानिनि यया स्वविवाहकाले ।
प्राप्तान् नृणानविगणय्य रहो अहो मे--प्रस्थापितो द्विज उपश्रुतसत्कथस्य ।। ५५ ।।

હે માનિની ! મારા રાજભવનોમાં અનેક રાણીઓ-ગૃહણીઓ છે, પરંતુ હે પ્રિયે ! આપના જેટલાં સ્નેહાળ પત્નીને હું સારાયઅન્તઃપુરમાં નથી જોતો. કારણ કે આપે આપના વિવાહ સમયે વિવાહ માટે કે સ્વયંવરમાં આવેલા કોઇ પણ રાજાઓની જરાય દરકાર ન કરી, સર્વને મનથી તુચ્છ જ માન્યા. હું તો કદી મળ્યો પણ ન હતો આપે કેવલ મારો યશ કાને સાંભળ્યો એટલામાં તો મને મેળવવા માટે આપે ગુપ્ત રૂપે વિપ્રર્ષિ સુદેવજીને મારી પાસે મોકલ્યા, આ કેવો તમારો દિવ્ય પ્રેમ ! (૫૫) પ્રિયતમા ! આપનું અપહરણ કરીને લઇ જતાં તમને પાછા લઈ જવા અને મારો વધ કરવા આપનો ભાઈ રુકમી આવ્યો. મેં તેને યુદ્ધમાં જીતીને કુરૂપ બનાવ્યો, તેમજ અનિરુદ્ધના વિવાહ સમયે પાસાની રમતમાં અસત્ય બોલતાં મોટાભાઈ એ તેને માર્યો, આવાં અસહ્ય દુઃખને ઉઠાવવા છતાં કેવલ મારા વિયોગના ભયથી આપે સર્વ સહન કરી લીધું તેમજ એકાદ શબ્દ પણ ઠપકાનો કે દુઃખનો આપ ન બોલ્યાં આવા તમારા સદ્ગુણ સદા અમને જીતી લીધા છે. (૫૬) હે દેવી ! આપે મને નિમંત્રવા માટે મનથી ખૂબ જ વિચાર કરને ગુપ્ત મંત્રણા કરી સુદેવ ઋષિ દ્વારા મને તે મંત્રણા મોકલાવી તેમજ વિપ્રવરને તેડવા પણ મોકલ્યા, તેઓ મારી પાસે સંદેશો લઇને આવ્યા, મને સંદેશો મળ્યો પરંતુ મને આવવામાં વિલંબ થયો ત્યારે આપને સંપૂર્ણ વિશ્વ જ શૂન્ય લાગ્યું અને આપે નિર્ણય કર્યો કે ભગવાનની સેવા ન મળે તો દેહ ત્યજવો કારણ કે આ દેહ ભગવાન શિવાય કોઇ ને અર્પવાનો નથી. પ્રિયતમા આવી અનન્યતા મેં આપનામાં જ જોઇ તેથી હું તો હવે આપની સ્તુતિ વિના બીજું શું કરી શકું ? (૫૭)

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! દેવકીનંદન ભગવાન જો કે આત્મારામ છે આમ છતાં મનુષ્ય લીલાનું અનુકરણ કરતા હતા. અને નર્મ વિનોદ કરતાં લક્ષ્મીપતિ રમણ કરતા હતા. (૫૮) આ રીતે પ્રત્યેક ભવનમાં પ્રભુ પોતાની રાણીઓ સાથે બિરાજતા હતા, તેમજ ગૃહસ્થાશ્રમના ધર્મોનું વેદમાર્ગને અનુસરી દર્શાવેલા પ્રકારે પાલન કરતા હતા. (૫૯)

तथान्यासामपि विभुर्गृहेषु गृहवानिव । आस्थितो गृहमेधीयान् धर्मान् लोकगुरुर्हरिः ।।५९ ।।

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધના રાજસલીલા પ્રકરણમાં આવેલા ફલ પ્રકરણમાં અધ્યાય ૬૦ મો સમાપ્ત

અધ્યાય - ૬૧ મો

(દશમ સ્કંધની નિરોધ લીલાની કથાનો પ્રસંગ ચાલે છે. તેમાં અઠ્ઠાવીસ અધ્યાયનું રાજસલીલા પ્રકરણના ફલ પ્રકરણની કથાનો આ પાંચમો અધ્યાય છે તેમાં જ્ઞાન ધર્મનું નિરૂપણ કરતો આ અધ્યાય છે. આ અધ્યાયમાં ૪૦ શ્લોક છે. પ્રદ્યુમ્નજીના પુત્ર શ્રી અનિરુધજીની વિવાહ કથા આ અધ્યાયમાં આવશે.)

અનન્ય શ્રદ્ધા અને અનન્ય ભાવથી સેવા

एकैकशस्ताः कृष्णस्य पुत्रान् दशाबलाः । अजीजनन्ननवमान् पितुः सर्वात्मसम्पदा ।। १ ।।

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! ભગવાન શ્રી કૃષ્ણના જેવા સ્વરૂપ-સ્વભાવ-ગુણ-સામર્થ્યવાળા દશ દશ પુત્રોનો પ્રત્યેક પત્નીએ જન્મ આપ્યો અને સાંભળ્યું છે કે એક એક કન્યાનો પણ જન્મ આપ્યો. (૧) ભગવાન શ્રી કૃષ્ણ કદી પોતાના ભવનોમાંથી બહાર પધારતા ન હતા આનંદપૂર્વક ઘરમાં જ બિરાજતા હતા. પ્રભુની પ્રત્યેક સ્ત્રી શ્રીકૃષ્ણ ભગવાનને પોતાના અત્યંત પ્રિયતમ છે-એવો ખ્યાલ ધરાવતી હતી આમ છતાં ભગવાનના સ્વરૂપને જાણવાનું સામર્થ્ય તો ન હતું. (૨) અણવિકસી કમલની કલી સમાન ભગવાન શ્રીકૃષ્ણના મુખારવિંદ-જાનુ સુધીના લાંબા હાથ-વિશાલ અને દીર્ઘ નેત્ર-પ્રેમમય સ્મિત-સ્નેહરસ ભીનાં અવલોકન-મધુર ભાષણ આ શ્રીકૃષ્ણ પ્રભુનાં ષડ્ ઐશ્વર્યોથી મહારાણીઓ મુગ્ધ બની ગઇ, પરંતુ ભ્રૂવિલાસોથી ભગવાનને વશ કરવા માટે તો સમર્થ ના થઇ શકી. (૩) મદઘેલી નજરે સ્વામીને નિરખવા-વળી લવનિમેષ કાલ ભગવાનને નિરખી લેવા-આ ઉપરાંત ભાવને સૂચવતા સુરત-સુખને સ્પર્શતા બલવાન કામદેના ગુપ્ત મંત્રોને સૂચવતા કટાક્ષોરૂપી કામદેવના બાણોનો સતત પ્રભુના ઉપર પ્રયોગ કરવા છતાં સોળ હજાર પત્નીઓ ભગવાનને જરા પણ ચલિત ન કરી શક્યાં કે પોતાના ભાવકાપટ્યથી પણ પ્રભુના મનને જીતી શક્યા નહી. ૨ આ સોળ હાજાર નારીરત્નોનું પરમ સૌભાગ્ય મનાય કે બ્રહ્માદિદેવો તપશ્ચર્યા વગેરેથી જે ભગવાનના શ્રીચરણોની સેવા નથી પામ્યા તે રમાનાથ શ્રી કૃષ્ણને પોતાના નાથ તરીકે મેળવ્યા હતા. ભગવાનની આ સ્ત્રીઓ ઉત્તરોત્તર વધતા અનુરાગ-તેમજ સ્નેહ અને સ્મિત પૂર્વક અવલોકન-કટાક્ષ અને નવમિલનની લાલસા આ સર્વ વિલાસોથી ભગવાનનું સેવન કરી રહી હતી. (૪)

સેવામાં પ્રતિનિધિ ના નભે

રાજન્ ! ભગવદીયોનું જીવન એટલે ભગવત્સેવા શ્રીદ્વારિકાનાથની સર્વ અર્ધાંગનાઓને-પત્નીઓને આંગણે સેંકડો સેવિકાઓ હતી પરંતુ ભગવચ્ચરણકમલની સેવામાં તો મહારાણી સ્વયં ઉપસ્થિત થતી હતી. જ્યારે નાથ રાજદરબારેથી નિજભવને પધારે કે બરાહથી ભવને પધારે ત્યારે પ્રભુના સ્વાગતે સન્મુખ જવું-આસન બિછાવવું-ઉત્તમ સામગ્રીથી અર્ચન કરવાં-ચરણકમલ પખાળવા-તામ્બૂલ આપવું- પંખો ઢોળવો-ચન્દન-અર્ચા કરવી-વનમાલાની માલા ધરાવવી-કેશવના કેશ સમારવા-શય્યા સજાવવી-જલસ્નાન સેવા કરવી-પ્રસાદ લેવરાવવો આવા બારબાર પ્રકારના ઉપચારોથી દાસ્ય ભાવે દૈન્ય પૂર્વક અનન્ય ભક્તિથી નાથની સેવા મહારાણીઓ સ્વયં જ કરતાં હતાં. શ્રીદ્વારિકાધીશ આ સર્વ મહારાણીઓમાં જે અષ્ટ પટરાણીઓ હતાં તેમના જે દશ પુત્રો હતા રાજન્ ! તેમનાં નામ લેવાં એ પણ સુકૃત છે તેથી તે નામ હું ગણાવું છું. (૫,૭)

શ્રીરુક્મિણીકુમારો

(૧) પ્રદ્યુમ્ન, (૨) ચારુદેષ્ણ, (૩) સુદેષ્ણ, (૪) ચારુદેહ, (૫) સુચારુ, (૬) ચારુગુપ્ત (૭) ભદ્રચારુ, (૮) ચારુચન્દ્ર, (૯)

વિચારુ, (૧૦) ચારુ-આ સર્વ પુત્રો વીર્ય-પરાક્રમ-ગુણ-સ્વરૂપથી ભગવાન શ્રીકૃષ્ણના સમાન જ હતા.

શ્રીસત્યભામાકુમારો

(૧) ભાનુ (૨) સુભાનુ (૩) સ્વર્ભાનુ (૪) પ્રભાનુ (૫) ભાનુમાન (૬) ચન્દ્રભાનુ (૭) બૃહદ્‌ભાનુ (૮) અતિભાનુ (૯) શ્રીભાનુ (૧૦) પ્રતિભાનુ-આ સત્યભામાના દશ કુમારો હતા આ સર્વે પ્રકારે ભગવાનના સરખા જ પુત્રો હતા. (૧૦)

શ્રીજાંબવતીજીના પુત્રો

(૧) સાંબ, (૨) સુમિત્ર, (૩) પુરુજિત (૪) શતજિત્ (૫) સહસ્રજિત (૬) વિજય, (૭) ચિત્રકેતુ (૮) વસુમાન (૯) દ્રવિડ (૧૦) ક્રતુ-આ દશ પુત્રો જાંબવતીજીના હતા, ભગવાન શ્રીકૃષ્ણ પણ તેમનો બહુ આદર કરતા. (૧૧,૧૨)

શ્રીનાગ્નજિતીના પુત્રો

(૧) વીર, (૨) ચન્દ્ર (૩) અશ્વસેન (૪) ચિત્રગુ, (૫) વેગવાન્ (૬) વૃષ (૭) આમ, (૮) શંકુ, (૯) વસુ અને (૧૦) શ્રીમાન્ આ દશ શ્રી નાગ્નજિતીજીના પુત્રો હતા. (૧૩)

શ્રીકાલિન્દીજીના તનય

(૧) શ્રુત, (૨) કવિ (૩) વૃષ (૪) વીર, (૫) સુબાહુ (૬) ભદ્ર (૭) શાંતિ (૮) દર્શ (૯) પૂર્ણમાસ (૧૦) સર્વથી નાના સોમક-આ દશે દશ કાલિન્દીજીના પુત્રો હતા તેમજ પ્રત્યેક એકલા શત્રુઓને જીતવા માટે સમર્થ હતા. (૧૪)

શ્રીલક્ષ્મણાજીના દશ કુમારો

(૧) સુઘોષ (૨) ગાત્રવાન (૩)સિંહ (૪) બલ, (૫) પ્રબલ (૬) ઉર્ધ્વગ (૭) મહાશક્તિ (૮) સહ (૯) ઓજસ (૧૦) અપરાજિત-આ દશ શ્રીલક્ષ્મણાજીના કુમારો હતા. (૧૫)

મિત્રવિન્દાજીના દશ પુત્રો

(૧) વૃક (૨) હર્ષ (૩) અનિલ (૪) ગૃધ્ર (૫) વર્ધનુ (૬) અન્નાદ (૭) મહાશ (૮) પવન (૯) વહ્નિ (૧૦) ક્ષુધિઆ, દશ મિત્રવિંદાજીના પુત્રો હતા. (૧૬)

ભદ્રાજીના દશ પુત્રો

(૧) સંગ્રામજિત (૨) બૃહત્સેન (૩) શૂર (૪) પ્રહરણ (૫) જય (૬) સુભદ્ર (૭) વામ (૮) આયુ (૯) સુભદ્ર (૧૦) સત્યક-આ દશ ભદ્રાજીના પુત્રો હતા. આ ઉપરાંત અન્ય સોળ હજાર એકસો રાણીઓમાં રોહિણી નામનાં મુખ્ય હતાં. એમના દીપ્તમાન્ નામના પુત્ર ઉપર દર્શાવેલા આઠ પટરાણીઓના એંશી પુત્રો જેવા હતા અને તામ્ર વગેરે અન્ય સાધારણ પુત્રો હતા. મંત્રશાસ્ત્રોમાં કોઇ સ્થાને રોહિણીજીને ભદ્રાજીના સ્થાને આઠમાં પટરાણી ગણ્યા છે. આ એકાશી પુત્રો નવધા ભક્તિના પ્રત્યેકના નવ પ્રકારોના હિસાબે એકાશી પુત્રો હતા તે જ પુત્રો થયા હતા. (૧૭)૧/૨ રાજા રુકમીની રુકમવતી નામની પુત્રી હતી, મહાન વીર શ્રીપ્રદ્યુમ્નકુમારની સાથે પિતા રુકમીએ એ કન્યાને પરણાવી હતી. એકલા શત્રુને જીતવાને સમર્થ પ્રદ્યુમ્ન ઘણો સમય ભોજકટ નામના નગરમાં રહ્યા હતા. અને ત્યાં જ પુત્રને જન્મ આપ્યો હતો. (૧૮) આ સર્વ રાણીઓના પુત્રો અને પૌત્રોની કરોડોની સંખ્યા હતી આ શ્લોકમાં ચ અવ્યય એમ સૂચવે છે. ભગવાનની સોળહજાર એકસો આઠ સ્ત્રીઓ હતી અને એક બીજી સ્ત્રીઓમાં શોકપણું ન હતું ! (૧૯)

બહેન ઉપર ભાઈનો અનુરાગ

રાજા પરીક્ષિતે પ્રશ્ન પૂછયો કે મહારાજ ! હે વિદ્વાન શુકદેવજી ! એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે. રાજા રુકમીએ પોતાની રુકમવતી કન્યા પ્રદ્યુમ્નને પરણાવી આ વાત કેમ સંભવે ! રુકમીને તો ભગવાન શ્રીકૃષ્ણે હરાવેલો અને કદ્રુપો બનાવેલો ત્યારથી મનમા વૈરને રાખતો ભગવાન શ્રીકૃષ્ણને મારવાની તક શોધતો હતો પછી શત્રુપુત્રને પિતા સ્વયં કેમ પુત્રી આપે ? પરસ્પર સ્નેહ હોય તો જ વિવાહ સંભવે છે, કાંઇ દ્વેષ કે વૈર ભાવમાં તો સંભવે જ નહીં. (૨૦) કદાચ આપ

પૂછો કે રાજન્ ! આ બધી વસ્તુ હું ક્યાંથી જાણું તો ભગવન્ ! આપશ્રી તો યોગી છો. તેથી આપ તો યોગીઓના સામર્થ્ય પ્રમાંણ ભૂત-ભવિષ્ય-વર્તમાનને તો જાણો છો જ પરંતુ ઈન્દ્રિયોથી અગમ્ય કે દૂર દેશમાં રહેલી કે છાની રાખેલી વાતને પણ જાણો છો એથી જ આપને પ્રશ્ન પૂછયો છે. (૨૧) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણે રુકમીનું અપમાન કર્યુ હતું તેમજ કુરૂપ બનાવ્યો હતો એ વાત એના મનમાં ઘર કરીને બેઠી હતી અને એનું સતત સ્મરણ હતુ જ તો પણ પોતાના પ્રાણ તો બહેન રુક્મિણી એ જ બચાવ્યા હતા તેનું તેને ધ્યાન હતું તેથી બહેનનું પ્રિય કરવા માટે પોતાની પુત્રી રુક્મવતી પોતાના ભાણેજ પ્રદ્યુમ્નને આપી હતી આ એક કારણ હતું. (૨૨) આ ઉપરાંત બીજું પણ એક કારણ હતું રુકમવતીનો સ્વયંવર થયો હતો તેમાં પ્રદ્યુમ્ન આવ્યા હતા. સાક્ષાત્ કામદેવ સમાન અત્યંત સુંદર પ્રદ્યુમ્નને જોઈને રુકમવતી સ્વયં પ્રદ્યુમ્નને વર્યાં હતાં ત્યારે તે સમયે યુદ્ધમાં વિરોધી રાજાઓ સાથે રણસંગ્રામ થયો તેમાં એકઠા થયેલા બધા જ રાજાઓને જીતીને રુક્મવતીને પ્રદ્યુમ્ન લઈ આવ્યા હતા. (૨૩)

રુકિમણીને પાંચ કન્યાઓ અને અન્ય રાણીઓને એક એક કન્યા

શ્રીરુકિમણીજીને પાંચ કન્યાઓ હતી એવો નિર્ણય થયો છે કારણ કે જ્યારે શુકદેવજીએ આઠ અને નવમાં શ્લોકમાં રુકિમણીના દશ પુત્રોનાં નામ ગણાવ્યાં છે ત્યારે પાંચ વખત च અવ્યય આવતું હોવાથી પાંચ કન્યાઓ હતી એવું વ્યાસજી સૂચવે છે એમ જણાય છે. પાંચ કન્યાઓમાં વિશાલ નેત્રવાળી ચારુમતી નામની કન્યાને કૃતવર્મા યાદવના બલી નામના પુત્રને પરણાવી હતી. રાજન્ ! મમતા બડી વિચિત્ર છે અને સ્નેહનો પણ સ્વભાવ એવો જ છે કારણ કે રુકમી હૃદયમાં બનેવી કૃષ્ણ સાથે વૈરભાવ રાખતો જ હતો પરંતુ બહેન તરફ મમતા હતી તેમજ તે બહેનને પ્રસન્ન રાખવા ચાહતો તેથી સ્નેહપાશે બંધાયેલા રુકમીએ પોતાની વિશાલનયના રોચના નામની પૌત્રી શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધને આપી. જો મા, દાદી અને પરદાદી આપણે એક કુલમાં અપાય તો અધર્મ મનાય, પરંતુ રુકમીએ વાતને મોહવશ ગણકારી નથી. (૨૪,૨૫) રાજન્ ! આ અનર્થનું ફળ તો ભોગવવું જ પડે છે. રાજન્ ! જ્યારે રોચનાનું લગ્ન થયુ ત્યારે તેના વિવાહમાં અનિરુદ્ધની જાનમાં વિવાહ ઉત્સવ સમયે સાંબ-પ્રદ્યુમ્ન વગેરેને લઈ શ્રીરુકિમણીજી, પ્રદ્યુમ્નજી અને શ્રીકૃષ્ણ પણ પધાર્યા હતાં. (૨૬) વિવાહકાર્ય તો સાંગોપાંગ પૂર્ણ થયું ત્યારબાદ કલિંગ દેશના કાલિંગ નામના રાજાના કહેવાથી ગર્વિષ્ઠ અન્ય રાજાઓએ રુકમીને ચઢાવ્યો કે આપણે પાશાની રમત રમીને બલભદ્રજીને શા માટે જીતી ના લઈએ. (૨૭) કાલિંગ આગળ વધીને કહ્યું રુકમી ! આ બલભદ્ર પાસાની સોગટાબાજીની રમતમાં કુશળ નથી પરંતુ તેમને બાજીખેલવાનો ખૂબ શોખ છે તેથી જીતવા કઠિન નથી આવું જ્યારે કહ્યું ત્યારે રુકમીએ બલરામને બાજી ખેલવા નિમંત્ર્યા અને તેમની સાથે ખેલવા બેઠો. (૨૮) રુકમીએ હાથમાં પાસા લીધા અને બલભદ્રજીને કહ્યું કે રકમ બોલો ત્યારે બલભદ્ર જીએ પ્રથમ દાવમાં સો, પછી હજાર અને પુનઃ દશ હજારના દાવ લગાવ્યા પરંતુ કપટ-પાસા ગોઠવીને નાખતાં આ બધા જ દાવ રુકમી જીતી ગયો. ત્યારે બલભદ્રજીને હારતા જોઈ કાલિંગ બલભદ્રની ઠઠ્ઠામશ્કરી કરતો દાંત દેખાડવા લાગ્યો પરંતુ હલધારી બલભદ્રજી આ પ્રકારની મશ્કરી સહી ના શક્યા. (૨૯) ધૂતનો નિયમ છે કે એક ધારા ત્રણ વખત હારી જાય તો સમા પક્ષે પાસા લેવા જોઈએ તેથી બલભદ્રે પાસા લીધા અને રુકમીએ એક લાખનો દાવ લગાવ્યો ત્યારે તે દાવ બલભદ્રજી જીતી ગયા. ત્યારે કંપટ કરી રુકમી બોલ્યો કે આ દાવ હું જીત્યો છું. (૩૦) આવું અસત્ય ભાષણ સાંભળી શ્રીમાન બલભદ્રજી પૂર્ણિમાને દિવસે મહાસાગર ખળભળી ઊઠે એ રીતે અકળાઈ ગયા અને સ્વભાવથી જ લાલ નેત્રવાળા શ્રીબલભદ્રજી અતિશય રોષે ભરાયા અને બીજી વાર પોતાના પાસા હાથમાં લીધા અને ખેલવાનો આરંભ કર્યો એટલે રુકમીએ દશ કરોડનો દાવ લગાવ્યો. (૩૧) આ દાવ પણ ધર્મથી બલભદ્રજી જ જીત્યા પરંતુ રુકમીએ કપટ કરીને ફરીથી પણ જૂઠું જ કહ્યું કે હું જ દાવ જીત્યો છું. પછી પોતાની ખોટી સાક્ષી પૂરવા પોતાના જ ગોઠિયાને પ્રાશ્નિકો એટલે કે મધ્યસ્થો યોજ્યા હતા તેમને પૂછયું કે બોલો સભાસદો ! કોણ જીત્યું છે ? (૩૨) પ્રાશ્નિકો એટલે તટસ્થો નિર્ણય આપે તે પહેલા જ આકાશવાણીએ કહ્યું કે ધર્મની સાક્ષીથી કહી રહી છું કે રુકમી બન્ને વાર જૂઠું બોલેલ છે. આ દાવ પણ ધર્મથી બલભદ્રજી જીત્યા છે. (૩૩) આ વખતે ખલ રાજાઓએ રુકમીને સલાહ આપી કે અહીં સભામાં નિયુક્ત કરેલા પ્રાશ્નિકો એટલે મધ્યસ્થો નિર્ણય કરનારા છે ત્યાં કોઈ પણ આધાર વિનાની

આકાશવાણી કેમ માનવામાં આવે માટે રાજા રુકમીએ પ્રાશ્નિકો જે નિર્ણય આપે એને જ વળગી રહેવું જોઇએ આવી વાત સાંભળીને રુકમી આકાશવાણીનો આનાદર કરીને કાળનો માર્યો બલદેવજીની ઠેકડી ઉડાવતો કહેવા લાગ્યો કે તમે વળી પાસા રમતાં ક્યારે શીખ્યા? તમે પાસાની રમત શું રમી જાણો ? એ તો રાજામહારાજાઓનાં કામ ગણાય કે તેઓ બાણોની રમત ખેલી શકે અને પાસાના પણ દાવ ખેલી શકે. તમારું કામ ગાયો ચારવાનું માટે ગાયો ચરી ખાવ ? (૩૪,૩૫) જ્યારે રુકમીએ બલભદ્રજીનો આ રીતે તિરસ્કાર કર્યો ત્યારે અન્ય રાજાઓ રુકમીની વાતને ટેકો આપવા હસવા લાગ્યા. આથી બલભદ્રજી ક્રોધે ભરાયા અને કાલરૂપ મુદ્ગર એટલે પરિઘ ઉઠાવીને રુકમીના ઉપર પટકી અને સભામાં જ રુકમીને પૂરો કર્યો. (૩૬) રુકમીનો વધ જોઇ કલિંગરાજ પોતાના પ્રાણો બચાવવા સભામાંથી ઊઠીને દોડતો હતો ત્યારે તેને નવ પગલાં સુધી ના જવા દીધો કારણ કે શ્રુતિની આજ્ઞા પ્રમાણે પુરુષમાં નવ પ્રાણો હોય છે તેથી તે પ્રાણોની ઉપેક્ષા કરતા દશમાં પગલે જ પકડ્યો અને રોષે ભરાયેલા શ્રીબલભદ્રએ પકડી તેના દાંત તોડી નાખ્યા. (૩૭) બાકીના રુકમીના પક્ષપાતી રાજાઓ હતા તેઓ તો બલભદ્રજીના પરિઘનો પ્રહાર પામીને બાહુ, સાથળ અને મસ્તકો તૂટતાં ફૂટતાં ભાગતાં રુધિરથી લદબદ થઈને ભયભીત થઇને ભાગી ગયા. (૩૮) પોતાના શ્યાલક રુકમીને જ્યારે મોટાભાઈ બલભદ્રજીએ માર્યો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે ન તો કહ્યું કે સારું થયું અને ન તો બોલ્યા બૂરું થયું. જો સારુ થયું બોલે તો પ્રિયતમા રુકિમણીજીનું દિલ દુભાય અને ખોટું થયું કહે તો વડીલ રીસાય તેથી શ્રીહરિએ મૌન જ પાળ્યું. (૩૯) આ પ્રમાણે બનાવ બની ગયા બાદ નવવધૂ રોચના અને વરરાજા અનિરુદ્ધજીની યુગલ જોડીને રથમાં પધરાવી બલભદ્રજી વગેરે સર્વ યાદવો ભગવાન શ્રીમધુસૂદનજીના આશ્રય બલથી લગ્નાદિ સર્વ મંગલ કાર્યોને સિદ્ધ કરી ભોજકટ નગરથી શ્રી કુશસ્થલી દ્વારિકાપુરી પધાર્યા. (૪૦)

ततोऽनिरुद्धं सह सूर्यया वरं रथं समारोप्य ययुः कुशस्थलीम् ।
रामादयोमोजबकटाद् दृशार्हाः सिद्धाखिलार्था मधुसूदनाश्रयाः ।। ४० ।।

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં રાજસલીલા પ્રકરણના ફલ પ્રકરણમાં ૬૧મો અધ્યાય સમાપ્ત

राजोवाच कर्णस्य तनयामूषामुपयेमे यदुसमः । तत्र युद्धमभूद्घोरं हरिशंकरयो महत् ।
एतस्सर्वं महायोगिन् समारत्यातुं त्वमर्हसि ।।

અધ્યાય - ૬૨ મો

(શ્રી પરીક્ષિત રાજાજીએ પ્રશ્ન કર્યો કે હે શુકાચાર્ય મહારાજ બાણાસુરની પુત્રી ઉપારે યદુવર અનિરુદ્ધ પરણ્યા તે પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન શંકર વચ્ચે ઘડગંજ મોટું અને ભયંકર યુદ્ધ થયું હતું તે સર્વ કથા પ્રસંગ આપ મને કૃપા કરી કહો.)

(આ અધ્યાયમાં ૩૨ શ્લોકો છે રાજસલીલાના પ્રકરણનો આ છઠ્ઠો અધ્યાય 'છે. આમાં ઉષા-અનિરુદ્ધનો વિવાહ છે. અનિરુદ્ધ મનના દેવ છે તેનો નિરોધ આવશ્યક હોઇ પ્રથમ તો કાલરૂપ બાણાસુર દૈત્યથી પુત્રી કાલરૂપા ઉષાથી બંધન પામ્યા પછી ભગવાને છોડાવી પોતાના સ્વરૂપમાં મનના દેવ અનિરુદ્ધનો નિરોધ કર્યો છે.)

સામર્થ્ય ઝીલવા પણ પાત્ર બનવું પડે

श्रीशुक उवाच--बाणः पुत्रशतज्येष्ठो बलेरासीन्महात्मनः । सहस्त्राबाहुर्वाद्येन ताण्डवेडतोषयद् मृडम् ।। १ ।।

બાણાસુરને હજાર હાથ અને અમોઘ બળ મળ્યું તે બાણાસુર પોતાની વીરતાના મદમં ચકચૂર બની ગયો અને પાસે બિરાજતા ભગવાન શંકરજીનાં ચરણકમલોને સૂર્ય સમાન તેજસ્વીરત્નજડિત મુકુટોના અગ્રભાગથી સ્પર્શ કરીને કહેવા લાગ્યો : હે લોકનાથ ! હે લોકગુરુ ! હે ઇશ્વર ! હે મહાદેવ ! હું આપને નમસ્કાર કરું છું. આપ તો અપૂર્ણ રહેલી ઇચ્છાવાળા ભક્તજનોની ઇચ્છાને પૂર્ણ કરનાર કલ્પતરુ છો. (૧,૪) હે આદ્ય પુરુષ ભગવાન શંકર ! આપે મને હજાર હાથ અને એટલું બધું બળ આપ્યું છે કે મને તે બોજારૂપ બની ગયું છે. કારણ કે આ ત્રણે લોકમાં આપના વિના યુદ્ધ કરે તેવો કોઇ સમાવેડિયો પુરુષ જ નથી. (૫) પછી મારા હાથોની ખંજવાળ ઉતારવા માટે દશ દિશાઓના હાથીઓની

સાથે યુદ્ધ કરવા ચાલ્યો ત્યારે રસ્તામાં આડે આવતા પર્વતોના પણ ચૂરેચૂરા કરી આગળ જવા લાગ્યો ત્યારે મને આવતો જોઇ હાથીઓ પણ નાસભાગ કરી ગયા. (૬) બાણાસુરનાં આવાં ગર્વ ભર્યાં વચનો સાંભળીને રોષે ભરાયેલા ભગવાન શંકરે કહ્યું કે હે મૂઢ ! હે ખલ બાણ ! યાદ રાખજે જ્યારે તારા રાજભવનની ધ્વજા ભાંગશે ત્યારે તું સમજી લેજે તારા ગર્વના ચૂરા કરનાર અને મદને ઉતારનાર ભગવાનની સાથે યુદ્ધ થશે. જે ભગવાન સર્વ સમાન છે તે ભગવાન શિવજીની સમાન છે. (૭) રાજન્ પરીક્ષિત ! કુમતિ બાણાસુર શિવજીનાં આવાં વચનો સાંભળી ખૂબ જ પ્રસન્ન થયો અને પોતાના શોણિતપુર નગરમાં ગયો. ત્યારબાદ બાણાસુર પોતાના વીર્યને ઉતારનાર ક્યારે આવસે તેની મહાદેવજીના કહેવા પ્રમાણે વાટ જોવા લાગ્યો. (૮)

સ્વપ્નમાં સંકેત

રાજન્ ! બાણાસુરની એક કન્યા હતી, ઉષા તેનું નામ હતું. આ કન્યાએ સ્વપ્નમાંય ન દેખેલા ને કાને નામ કે ગુણ પણ નહી સાંભળેલા પ્રદ્યુમ્નકુમાર અનિરુદ્ધની સાથે કુમારાવસ્થામાં સ્વપ્નમાં સંસારસુખનો અનુભવ કર્યો. (૯) એને સ્વપ્નવસ્થામાં તે પુરુષનો વિયોગ થયો તે તેને શોધવા લાગી અને ઉચ્ચ સ્વરે બોલી ઊઠી કે કાન્ત ! હે નાથ ! આપ મને એકાએક મૂકી ક્યાં ચાલ્યા ગયા ? આમ બોલતી પોતાની સખીઓની વચમાં આકુલવ્યાકુલ બની ઊભી થઇ ગઇ ત્યારે તેને પોતાને ખૂબ જ લાજ આવી. (૧૦) રાજન્ ! બાણાસુરના કુંભાંડ નામના મંત્રીની અનેક કન્યાઓમાં ચિત્રલેખા નામની એક કન્યા હતી. ઉષાની તે અત્યંત પ્રિય સખી હતી. તેણે જ્યારે ઉષાની આવી વિભોર દશા જોઇ ત્યારે તે કુતૂહલવશ તેને પૂછવા લાગી કે સખી એકાએક શું થયું ? (૧૧) હે સુંદર ભ્રૂકુટિવાળી ઉષા ! તું તારા કાંતને પોકારી રહી છે અને શોધી રહી છે તો તારો કેવો મનોરથ છે ? હે રાજપુત્રી ! તુ કેમ વીસરી ગઇ કે હજી તારાં વાગ્દાન નથી થયાં તો પાણિગ્રહણ તો સંભવે જ ક્યાંથી ! તો પછી તું આ શું બોલી રહી છે ? (૧૨) સખી ચિત્રલેખાની વાત સાંભળીને ઉષાએ ઉત્તર આપ્યો કે મેં સ્વપ્નમાં શ્યામવર્ણ, કમલનયન, પીતાંબરધારી, ઢીચણ પર્યન્તની લાંબી ભુજાવાળા, રમણીય હૃદયને રુચિ જતા નારીઓનાં નયન અને ચિત્તને ચોરનાર કોઇ નરવરને સ્વપ્નમાં નિહાળ્યો. (૧૩) સખી હૃદયની વાત કહેતાં લજાઉં છું પણ કોઇને કહેતી ના હો ? અને એણે અધરામૃતનાં પાન કરાવ્યાં તે કાન્તને હું શોધી રહી છું. અને દુઃખીદરિયામાં પટકીને તે ક્યાંય ચાલ્યાં ગયો છે. બહેની ! હું એ જ કાન્ત પુરુષને શોધી રહી છું. (૧૪)

સખી સખાનો સહજ ગુણ

ઉષાની અકળામણને દૂર કરતી સખી ચિત્રલેખા સમદુઃખિની બની બોલી ! બહેની ! તેં જે પુરુષની સ્વપ્નમાં ઝાંખી કરી છે તે પુરુષ ત્રણે લોકમાથી ગમે ત્યાં હશે તોયચિંતા નથી, હું તેને લાવી તારા દુઃખને દૂર કરીશ જ પરંતુ તારા મનને હરી લેનારા તે નરવરને જો મને બતાવે-સમજાવે તો હું તેને અવશ્ય લાવી આપીશ. (૧૫) આટલું બોલીને ચિત્રલેખાએ દેવ-ગન્ધર્વ-સિદ્ધ-ચારણ-પન્નગ-દૈત્ય-વિદ્યાધર-યક્ષ-મનુષ્ય વગેરેનાં ફલક ઉપર ચિત્રો ચીતર્યાં. (૧૬) પુનઃ માનવોમાં નરવરોનાં ચિત્રો દોરતાં શ્રીવસુદેવજી-શ્રીબલભદ્રજી-શ્રીશ્યામસુંદરજીનાં ચિત્રો દોર્યાં અને પુનઃપ્રદ્યુમ્નનું ચિત્ર ચીતર્યું તે ચિત્રને જોઇ ઉષાને લાજ આવી. (૧૭) પરંતુ ચિત્રલેખાએ જ્યારે અનિરુદ્ધજીનું ચિત્ર દોર્યું ત્યારે તો ઉષા અતિશય લજ્જામાં આવી જતાં શરમથી તેનું માથું નીચે ઢળી ગયું અને અત્યંત આનંદમાં આવી જઇ તે ધીમેથી શરમવશ બોલી સખિરી ! તે આ જ સુભગ વ્યક્તિ છે હોં ! હે રાજન્ ! ઉષા પ્રસન્ન થઇ ગઇ. (૧૮) ચિત્રલેખા એક યોગિની હતી. એ જાણી શકી હતી કે આ તો પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધ છે. ત્યાર બાદ ચિત્રલેખા ભગવાન શ્રીકૃષ્ણથી સુરક્ષિત દ્વારિકા નગરી તરફ ચાલી. (૧૯) રાત્રીનો સમય હતો. પોતાના શયનખંડમાં અનિરુદ્ધજી પર્યંક ઉપર પોઢી રહ્યા હતા. ચિત્રલેખાએ યોગશક્તિ ધારણ કરી ને પ્રદ્યુમ્નકુમારને પ્રભુના ભવનમાંથી ઉઠાવી લીધા અને શોણિતપુરમાં લાવી પોતાની પ્રિય સખી ઉષા પાસે લાવી દીધા. (૨૦) ઉષા પણ ઉત્તમ પતિને અવલોકીને આનંદમુખી બની ગઇ. જ્યાં કોઇ પુરુષની નજર પણ ના પડે ત્યાં પુરુષનો પ્રવેશ તો શક્ય જ ક્યાંથી ? આવા નિજનિવાસમાં ઉષા અનિરુદ્ધ સાથે વિહાર કરવા લાગી. (૨૧) અમૂલ્ય વસ્ત્રો, માલાઓ, સુગન્ધિત પદાર્થો, ધૂપ, દીપ અને આસન વગેરે તેમજ પાન, ભોજન, ભક્ષ્ય, મધુર વચનો અને સેવા દ્વારા ઉષાએ અનિરુદ્ધનાં અર્ચન કર્યાં.

(૨૨) ઉત્તરોત્તર વધતા ઉષાના સ્નેહે અનિરુદ્ધનાં મન-ઇન્દ્રિયોને સ્વાધીન કરી દીધાં જેથી તે કન્યાના અન્તઃપુરમાં ગુપ્ત નિવાસ કરવા લાગ્યા અને અનિરુદ્ધને ભાન સરખું ન રહ્યું કે ઉષાને આંગણે કેટલા દિવસ વીતી ગયા. (૨૩) યદુવીર અનિરુદ્ધજી ઉષાને ભોગવી રહ્યા હોઇ કૌમાર્ય વ્રતવિહીન થયેલા અને અંગોથી કાંઇ પીળી પડી ગયેલી અને વક્ષઃસ્થલ વગેરે અંગો કંઇક ઊપસી આવેલાં જોઇને અવશ્ય કોઇ પુરુષના પ્રસંગમાં ઉષા આવેલ છે એવો પહેરદારોએ નિર્ણય કર્યો. (૨૪) પહેરગીરો દોષિત ના ઠરે અને પોતાનો ધર્મ પણ બજાવવો જોઇએ એમ સમજીને તેમણે બાણાસુર પાસે જઇ નિવેદન કર્યું કે નાથ ! આપની દીકરીને જોતાં લાગે છે કે એ કન્યાનાં લક્ષણોમાં રહેલ નથી જણાતી અને સંભવ છે કે કોઇ પ્રકારનું કુલદોષણ આવશે. (૨૫) હે પ્રભો ! ઘરમાં ગુપ્ત રીતે રક્ષિત રહેલી આપની પુત્રી ઉષાના નિવાસનો અમે અખંડ પહેરો દઇ રહ્યા છીએ જેથી કોઇ પુરુષ કન્યાને દેખે તેવો સંભજ જ નથી. (૨૬) કન્યાને કલંક તો પુરુષના સમ્પર્કથી જ લાગે છે પરંતુ અમે કોનાથી અને કેવી રીતે દોષ લાગ્યો છે તે કાંઇ પણ જાણતા નથી. દીકરીના કુલદૂષણના આ સમાચાર સાંભળીને બાણાસુર બહુ જ દુઃખી થયો અને અવિલંબે ઉષાના ઘરે આવી પહોંચ્યો તો ત્યાં તેને અનિરુદ્ધને જોયા. (૨૭)

સૌન્દર્યનો સમુદ્ર

સાક્ષાત્ અલૌકિક કામદેવ શ્રી પ્રદ્યુમ્નજીના જ આત્મા-પુત્ર, ચૌદ લોકમાં અજોડ, સુન્દર, શ્યામવર્ણા, પીતામ્બરધારી, કમલનયન, જાનુ પર્યન્ત લંબાયેલ હસ્ત, શ્રીમસ્કતના કેશો અને કર્ણોનાં કુંડલોની કાન્તિથી અને મધુર મન્દ સ્મિતથી સુશોભિત મુખકમલવાળા કોઇ પુરુષને જોતાં જ બાણાસુર આશ્ચર્યમાં ડૂબી ગયા. (૨૮) અનેક પ્રકારના તૃષ્ણાને સેવતી પોતાને પ્રિયતમા ઉષા સાથે જાણે વિવાહિત દમ્પતીના જેવા અનુરાગ થી પાસાની રમત ખેલતા અનિરુદ્ધને જોયા. અનિરુદ્ધના બન્ને બાહુઓની મધ્યમાં વનમાલા ધારણ કરીલી હતી. તેથી આ વનમાલા ઉષાના વક્ષઃસ્થલે લગાવેલા કુમકુમ-કેશરના ચન્દનના લેપથી ઉષાના આલિંગનનું સૂચન કરતી હતી. આ વનમાલા વસન્ત ઋતુનાં સુવાસિત પુષ્પથી બનેલી હતી. અને અનિરુદ્ધ ઉષાને સમીપે જ બેઠેલા હતા. (૨૯) અનિરુદ્ધે જોયું કે બાણાસુર અનેક વસ્ત્રધારી સૈનિકો સાથે પોતાને મારવા આવી રહેલ છે એટલે માધવ એટલે મધુવંશજ બાણાસુરનો વધ કરવા હાથમાં લોખંડને પરઘિ લણને દંડધર યમરાજની માફક સામે ઊભા થઇ ગયા. (૩૦) અનિરુદ્ધને પકડવા માટે ઉપર આવી પડતા સજ્જ સૈનિકોને કોઇ શૂકર યૂથપતિ શ્વાનોને જેમ પીટે તેમ તે સૈનિકો અનિરુદ્ધને મારવા લાગ્યા ત્યારે કોઇનાં માથાં કોઇના સાથળ, કોઇની ભુજાઓ વગેરે કપાઇ કપાઇને પડવા લાગ્યાં અને સૈનિકો ઘરની બહાર નીકળી ગયા. (૩૧) બલિનન્દન બાણાસુરે પોતાની સેનાનો નાશ થતો જોયો ત્યારે કોપિત બનેલા તેણે નાગપાશથી તે અનિરુદ્ધને બાંધી લીધા. જ્યારે પોતના સ્વામી અનિરુદ્ધને બાંધેલા જોયા ત્યારે ઉષા દુઃખ અને શોકમાં ડૂબી ગઇ પાગલ બની ગઇ અને અશ્રુઓ સારવા લાગી. (૩૨)

तं नागपाशैर्ब लिनन्दनो बली ध्नन्तं स्वसैन्यं कुपितो बबन्ध ह ।
उषा भृशं शोकविषादवह्निना बद्धं निशम्याश्रुकलाक्ष्यरौदिषीत् ।। ३२ ।।

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં રાજસ પ્રકરણના ફલ પ્રકરણમાં અધ્યાય ૬૨મો સમાપ્ત

અધ્યાય - ૬૩ મો

(આ અધ્યાયમાં ૫૩ શ્લોક છે. ભક્તવત્સલ ભગવાનની લીલા આ અધ્યાયમાં કહી છે. શરણે ગયા પછી ભક્ત સદા અભય છે એ મહત્વની કથા આ અધ્યાયમાં આવે છે. શીતજ્વર અને ઉષ્ણજ્વર સંગ્રામં પણ આવશે અને અનિરૂદ્ધ ઉષાને પ્રભુ દ્વારિકામાં લાવશે, એ કથા પણ આ અધ્યાયમાં વર્ણવી છે.)

अपश्यतां चानिरुद्धं तद् बन्धूनाञ्च भारत । चत्वारो वार्षिक मासा व्यतीयुरनुशोचताम् ।। १ ।।

શુકાચાર્યજી મહારાજે કહ્યું કે હે ભરત ! દ્વારિકામાં અનિરુદ્ધજીને ના જોયા ત્યારે તેના બંધુઓ શોક કરવા લાગ્યા અને તેમ કરતાં ચાતુર્માસ ચાલ્યા ગયા. (૧) ત્યાં તો શ્રીનારદજી પધાર્યા અને અનિરુદ્ધજીના પ્રરાક્રમની તેમજ નાગપાશના

બંધનની વાર્તા સર્વને સંભળાવી. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ જેમના છે નાથ તેવા યાદવો અનિરુદ્ધની સહાય માટે શોણિતપુર ઉપર ચડાઈ કરવા ચાલ્યા. (૨) ભગવાન બલભદ્રજી અને ભગવાન શ્રીકૃષ્ણને આગળ કરીને પ્રદ્યુમ્ન, સાત્યકિ, ગદા, સાંબ, સારણ, નંદ, ઉપનંદ, ભદ્ર વગેરે યાદવોએ બાર અક્ષૌહિણી સેનાને લઈને બાણાસુરનગરને ચારે બાજુથી ઘેરી લીધું. (૩,૪) સૈન્યે આવીને ચારે તરફથી બગીચા, કિલ્લા, કોટ અને દરવાજાઓ તોડી નાખવા માંડ્યાં. આ પરિસ્થિતિને જોતાં જ બાણાસુર પણ બાર અક્ષૌહિણી સેના લઈને ચઢી આવ્યો. (૫)

સગ્રામમાં શિવજીની પધરામણી

આ અવસરે બાણાસુરને સહાય આપવા પોતાના પુત્ર કાર્તિકેય સ્વામી અને પાર્ષદોને સાથે લઈને નન્દીજી ઉપર બિરાજીને શિવજી શ્રીબલભદ્રજી અને ભગવાન શ્રીકૃષ્ણની સાથે યુદ્ધ કરવા આવી લાગ્યા. (૬) આ અવસરે પરસ્પરનું તુમુલ યુદ્ધ થયું. યુદ્ધ જોનારનાં રોમાંચ ખડાં થઈ ગયાં. રાજન્ ! શ્રીકૃષ્ણ અને શ્રીશંકરજી, શ્રીપ્રદ્યુમ્નજી અને શ્રી કાર્તિકેયસ્વામી, કુંભાંડ અને કૂપકર્ણ બન્નેનું શ્રીબલભદ્રજી સાથે યુદ્ધ છેડાઈ પડયું તેમજ સાંબ અને બાણાસુરના પુત્રોનું અને બાણાસુર અને સાત્યકિનું યુદ્ધ થવા લાગ્યું. (૭,૮) આ અવસરે બ્રહ્માદિ દેવો, ઈન્દ્રાદિ સુરેશો, મુનિગણ, સિદ્ધ, ચારણ, ગન્ધર્વ, અપ્સરાઓ, યક્ષો વગેરે વિમાનમાં બેસીને યુદ્ધ જોવા આવ્યાં. (૯) રાજન્ ! રણસંગ્રામમાં ભૂત-પ્રથમ-ગુહ્યક-ડાકિની-યાતુધાન-વૈતાલ-વિનાયક-પ્રેત-માતૃગણ-પિશાચ-કૂષ્માંડ-બ્રહ્મરાક્ષસ આ બાર પ્રકારના શિવજીના ગણો હતા. આ બારે પ્રકારના ગણોને શૌરિ શ્રીકૃષ્ણ ભગવાને પોતાનાં શાર્ઙ્ગ ધનુષ્યમાંથી છોડેલાં તીક્ષ્ણ બાણો દ્વારા મારીને હટાવી દીધા. (૧૦,૧૧) આ અવસરે ભગવાન શંકરે પોતાના પિનાક નામના ધનુષ્યમાં ચડાવીને વિવિધ પ્રકારનાં અસ્ત્રો ભગવાન શ્રીકૃષ્ણ ઉપર ફેંકવા માંડ્યાં પરંતુ શાર્ઙ્ગ ધનુષ્યધારી ભગવાન શ્રીકૃષ્ણે જરા પણ આશ્ચર્યમાં પડ્યા વિના પ્રત્યેક અસ્ત્રોને પોતાનાં અસ્ત્રોથી શાંત કરી દીધાં. (૧૨) આ અવસરે બ્રહ્માસ્ત્રને બ્રહ્માસ્ત્રથી, વાયવ્ય અસ્ત્રને પર્વતાસ્ત્રથી, આગ્નેયાસ્ત્રને પર્જન્ય અસ્ત્રથી અને પાશુપત નામના અસ્ત્રને નારાયણ નામના અસ્ત્રથી પ્રતિકાર કરી શાન્ત કરી દીધાં. (૧૩) પુનઃ ભગવાન શ્રીકૃષ્ણે જૃંભકાસ્ત્રથી મહાદેવજીને મોહિત કર્યા ત્યારે તો શિવજી બગાસાં ખાવા લાગ્યા અને બીજી બાજુ ભગવાન શ્રીકૃષ્ણે ખડગ-ગદા અને બાણોથી બાણાસુરની સેનાનો સંહાર કરી નાખ્યો. (૧૪) શ્રી કાર્તિકેય સ્વામી પ્રદ્યુમ્નજીના બાણસમુદાયથી હેરાન હેરાન થઈ ગયા. (૧૫) મૂશલથી મુંઝાયેલા કુંભાડ અને કૂપકર્ણ બન્ને ધરણી ઉપર ઢળી પડ્યાં. પોતાના સેનાપતિઓને રણમાં પડતાં જોતાં જ ચારે બાજુથી સેનાએ નાસભાગ શરૂ કરી દીધી. (૧૬) આ રીતે પોતાની સેનાને વેરવિખેર થતી જોતાં બાણાસુર ખૂબ જ રોષે ભરાયો અને સાત્યકિની સાથે લડવાનું પડતું મૂકીને કૃષ્ણ ભગવાન સાથે યુદ્ધ કરવા રથમાં ચઢીને આવી લાગ્યો. (૧૭) રણમાં મદથી છકેલા બાણાસુરે એકી સાથે એક હજાર હાથમાં પાંચસો ધનુષ્ય લીધાં, પ્રત્યંચા ખેંચીને બબ્બે બાણ પરોવી બાણાસુરે એકી સાથે હજારો તીર છોડવા માંડ્યાં. (૧૮) ત્યારે ભગવાન શ્રીહરિએ પાંચસો ધનુષ્યોને એક જ પ્રહારે એકી જ વખતે તોડી નાંખ્યાં. પુનઃ સારથિ-રથ-ઘોડાને પણ એક જ સાથે ઉડાવી દીધા અને પુનઃ શંખનાદ કર્યો. (૧૯) આ અવસરે બાણાસુરની માતા કોટરા પોતાના પુત્રને બચાવવા માટે કાયા ઉપર વગર વસ્ત્રે મસ્તકના છૂટા કેશવેશે કેશવની સામે દોડી આવી. (૨૦) ભગવાને પોતાની નજર સાથે વસ્ત્ર વગરની કાયાથી કોટરાને આવતી જોતાં મુખ ફેરવી લીધું અને આંખો બંધ કરી દીધી. આ તકનો લાભ લઈને ધનુષ્ય તૂટી જતાં અને રથ ભાગી જતાં રથ-સારથિ વિનાનો બનેલો બાણાસુર જીવ બચાવવા માટે પોતાના શોણિતનગરમાં ચાલ્યો ગયો. (૨૧) ભૂતગણો સંગ્રામમાંથી ભાગી ગયા પછી હવે યુદ્ધ કરવું એવો નિર્ણય થતાં શ્રીશિવજી સ્વયં જાગી ગયા. ત્યારે ત્રણ મસ્તકવાળો અને ત્રણ પગવાળો જ્વર દશે દિશાઓને જાણે બાળી દેતો હોય તેમ ભગવાન શ્રીકૃષ્ણ ચન્દ્ર ઉપર ધસી આવ્યો. (૨૨) આ જ્વર અષ્ટમૂર્તિ ભગવાન મહાદેવજીનો કલાસ્વરૂપ રુદ્ર હતો. આ રુદ્રરૂપ જ્વરને આવતો જોયો ત્યારે તે રુદ્ર જ્વરમાંથી દેવતારૂપ અગ્નિને બહાર પ્રકટ કરવા માટે તારાગણ જેના દેવ છે, એવા વૈષ્ણવ જ્વરને રુદ્રજ્વર સાથે યુદ્ધ કરવા મોકલ્યો. ત્યારે રુદ્રજ્વર અને વૈષ્ણવ જ્વર આ રીતે બન્ને જ્વર પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. (૨૩) જ્યારે વૈષ્ણવ જ્વરથી પીડા પામેલ રુદ્રજ્વરને અન્યત્ર ક્યાંય નિર્ભય સ્થાન આશ્રય લેવા માટે ન જ મળ્યું ત્યારે ભગવાનને શરણે આવ્યો અને કરબદ્ધ અંજલિ જોડી હૃષીકેશ

ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો. (૨૪)

જ્વરચતુશ્લોકી ભાગવત

(હવે રુદ્રજ્વરને શરણાગત બનીને ભગવાનને નિવેદન કરતાં કહે છે કે આપના સ્વરૂપ, બલ અને કાર્યને જાણીને જ આપને શરણે આવેલ છું અને આપની સ્તુતિ-પ્રાર્થના કરી રહ્યો છું. આ પ્રમાણે ૨૫મા શ્લોકમાં સ્વરૂપ, ૨૬મા શ્લોકમાં બલ, ૨૭મા શ્લોકમાં કાર્ય અને ૨૮મા શ્લોકમાં સ્તુતિ એવા ચાર શ્લોકથી આ જ્વરરચતુશ્લોકી છે કોઈ પણ શીતજ્વર કે ઉષ્ણજ્વરથી પીડિત જીવ આ ચાર શ્લોકથી સ્તુતિ કરે છે તે જ્વરના ભયમાંથી મુક્ત થાય છે.)

ज्वर उवाच-नमामि त्वामनन्तशक्तिं परेशं-सर्वात्मानं केवलं ज्ञप्तिमात्रम् ।
विश्वोत्पत्तिस्थानसंरोध हेतुं-यत् तद् ब्रह्म ब्रह्मलिङ्ग प्रशान्तम् ।। २५ ।।

જ્વરે ભગવાનની સ્તુતિ કરતાં પ્રથમ ભગવાનના સ્વરૂપનો મહિમા ગાયો કે ભગવન્ ! આપ અનંતશક્તિ છો. બ્રહ્માદિ દેવોના સ્વામી છો, સર્વના આત્મા છો, શુદ્ધ છો, ચૈતન્યઘન છો, જગતની ઉત્પત્તિ, જગતની સ્થિતિ અને જગતના પ્રલયના આપ કારણસ્વરૂપ છો. કેવલ જ્ઞાનસ્વરૂપ છો, બ્રહ્મનું લિંગ છો, અને શાંતસ્વરૂપ છો. આ પ્રકારે આપ દ્વાદશ સ્વરૂપ હોઈ આપનાં બારેબાર સ્વરૂપોને પ્રણામ કરુ છું. (૨૫)

कालो दैवं कर्म जीव: स्वभावो-द्रव्यं क्षेत्रं प्राण आत्मा विकार: ।
तत् सङ्घातो बीजरोहप्रवाह:-त्वन्मायैषा तन्निषेधं प्रपद्ये ।। २६ ।।

હવે બીજા શ્લોકમાં ભગવાનના બલનો મહિમા ગાવા માંડ્યો કે હે ભગવન્ ! કાલ-દૈવ-કર્મ-જીવ-સ્વભાવ-દ્રવ્ય ક્ષેત્રપ્રાણ-અહંકાર-વિકાર આ દશ વસ્તુના સમુદાય રૂપ દેવ, મનુષ્ય અને પશુઓના દેહનું બીજ તે સમુદાયનો જન્મ, અને પ્રવાહ આ સર્વ વસ્તુઓ તે આપની માયા છે. આ માયા ભલે જીવને લાગે કે તેના ઉપર તેનો પ્રભાવ પડે પરંતુ એ માયા આપને વ્યાપી ના શકે કે આપના ઉપર તેનું સામાર્થ્ય ના ચાલે પરંતુ સર્વના ઉપર આપનું જ સામર્થ્ય કાર્ય કરે છે, એવા સમર્થને હું શરણે આવ્યો છું. (૨૬)

नाना भावैर्लीलयैवोपपन्नै-र्देवान् साधूँन् लोकसेतून् बिभर्षि ।
हंस्युन्मार्गान् हिंसया वर्तमानान्-जन्मैतत्ते भारहाराय भूभे: ।। २७ ।।

હવે ત્રીજા શ્લોકમાં ભગવાનના અવતારોનાં વિશેષ કાર્યોની સ્તુતિ કરતાં કહ્યું કે ભગવન્ ! આપ લીલાથી અનેક અવતારોમાં અનેક લીલા વિગ્રહો ધારણ કરો છો. અને દેવોની, સાધુઓની અને લોકમાં ધર્મની માર્યાદાનું રક્ષણ કરો છો. સાથે સાથે વેદમાર્ગથી ઊલટી ગતિએ ચાલનારાઓનો, તેમજ હિંસાથી જીવી સર્વને ત્રાસ આપનારાઓનો વિનાશ કરો છો. હે ભગવન્ ! આપનું આ પ્રાકટ્ય તો ભૂમિનો ભાર ઉતારવા માટે જ હોય છે. (૨૭)

तप्तोऽहं ते तेजसा दु:सहेन-शान्तोग्रेणात्युल्बणेन ज्वरेण ।
तावत्तापो देहिनां तेऽङ्घ्रिमूलं-नो सेवेरन् यावदाशानुबद्धा: ।। २८ ।।

હવે ચોથા શ્લોકમાં ભગવાનને પ્રાર્થના કરતાં જ્વરે કહ્યું કે પ્રભુ ! આપના અસહ્ય તેજથી હું સંતપ્ત થયો છું. આ બહારથી શીતલ અને અંદરથી અત્યંત ઉગ્ર તેજવાળો જ્વર છે. આ તાપ ત્યાં સુધી જ શરીરધારીઓને સતાવે છે કે જ્યાં સુધી સર્વ આશાઓનો ત્યાગ કરી જીવ આપના ચરણોમાં શરણે નથી આવતો. (૨૮) ભગવાને કહ્યું કે હે ત્રિશિર ! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. મારા જ્વરથી હવે તને ભય નહીં થાય. આપણા બન્નેના સંવાદને યાદ કરશે તેને તારાથી ભય થશે નહીં. (૨૯) ભગવાને આ પ્રકારે કહ્યું તે વાત સાંભળીને પુનઃ ભગવાન અચ્યુતને પ્રણામ કરીને માહેશ્વર જ્વરે ત્યાંથી વિદાય લીધી અને બાણાસુર રથે ચઢી જનાર્દન ભગવાન સાથે રણસંગ્રામે આવી પહોંચ્યો. (૩૦) રાજન્ ! ત્યારબાદ અનેક આયુધોને લઇને અતિશય ક્રોધ ભરાયેલો બાણાસુર હજાર હાથથી બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. (૩૧) ભગવાનની સામે વારંવાર અસ્ત્રો ફેંકનાર બાણાસુરની ભુજાઓને ભગવાને તીક્ષ્ણ ધારવાળા પોતાના સુદર્શન

ચક્રથી વૃક્ષની ડાળીઓની માફક કટ કટ કરી કાપી નાખી. (૩૨) ભગવાન જ્યારે કટ કટ કરતા બાણાસુરની ભુજાઓને કાપવા લાગ્યા ત્યારે ભક્તજન ઉપર કૃપા વરસાવનાર ભક્તવત્સલ ભગવાન ભવાનીશંકર સુદર્શન ચક્રધારી શ્રીકૃષ્ણ પ્રભુની સમીપે જઇ બોલ્યા. (૩૩)

દ્વાદશાંગ શ્યામસુંદરની બાર શ્લોકોમાં સ્તુતિ

શ્રીરુદ્ર ભગવાને નિવેદન કર્યું કે વેદોમાં ગુપ્ત સ્વરૂપે આપ વસેલ છો. તે પરમ પ્રકાશ સ્વરૂપ પરબ્રહ્મ આપ શ્રીકૃષ્ણ છો. પરંતુ આપના આકાશ સમાન આવા નિરંજન સ્વરૂપને કેવલ વિશુદ્ધ અંતઃકરણવાળા પુરુષો-આત્માઓ જ જોઇ શકે છે. હવે ભગવાનના વિશ્વ સ્વરૂપનું વર્ણનશરૂ કર્યું અને કહ્યું કે તેમાં પ્રથમ નજર મધ્ય ભાગમાં જાય છે તેથી નાભિથી પ્રારંભ કર્યો. નાથ ! આકાશ આપની નાભિ છે (૧) અગ્નિ આપનું મુખ છે (૨) જલ આપનું વીર્ય છે (૩) સ્વર્ગ આપનું મસ્તક છે (૪) દિશાઓ આપના કાન છે (૫) પૃથ્વી આપનું ચરણ છે (૬) ચંદ્રમા આપનું મન છે (૭) સૂર્ય આપનાં નેત્ર છે (૮) રુદ્ર આપનો અહંકાર છે (૯) સમુદ્ર આપનું ઉદર છે (૧૦) ઇન્દ્ર આપની ભુજા છે (૩૪) ઔષધિઓ આપનાં રોમાંચ છે (૧૧) વાદળ આપના કેશો છે (૧૨) બ્રહ્માજી આપની બુદ્ધિ છે. (૧૩) પ્રજાપતિ આપનું લિંગ છે (૧૪) ધર્મ આપનું હ્યદય છે. (૧૫) આવા જગત સ્વરૂપે રહેલ આ વિરાટસ્વરૂપ આપ જ છો. (૩૫,૩૬) હે વૈકુંઠધામ ! ભગવાન્ ! આપનો આ અવતાર ધર્મની રક્ષા માટે મળેલી શક્તિ અને અધિકારને અનુસરી સાતે લોકોનું પ્રાકટ્ય, પાલન અને સંચાલન કરીએ છીએ. (૩૭) આપ એક-અદ્વિતીય આદ્ય પુરુષ છો. તુરીય અવસ્થામાં પ્રાપ્ત પણ આપ છો, આપ સ્વયંપ્રકાશ છો, આપનામાં જ આપની દૃષ્ટિ છે. કારણરૂપ અને ઇશ્વર પણ આપ જ છો તો પણ આપના ગુણોની પ્રસિદ્ધિને માટે આપની માયાથી વિકારવાળા આપ પ્રતીત થાવ છો. (૩૮) હે ભૂમા ભગવન્ ! સૂર્ય પોતાનાથી જ ઉત્પન્ન યથેલી મેઘરૂપ છાયાથી ઢંકાયેલા જોવા. મળે છે પરંતુ તે સૂર્ય ભગવાન જ સર્વ પદાર્થોને પ્રકાશ કરતા હોય છે એવી જ રીતે સ્વયં પ્રકાશ આપ જ સર્વ ગુણોથી ઢંકાયેલા હોવા છતાં ગુણોને અને ગુણવાળાઓને પ્રકાશો છો. અને આપ આપને પણ પ્રકાશો છો. (૩૯) હે ભગવન્ ! આપનાથી જ માયા ગજબ છે તે પ્રત્યેકની મતિને મુગ્ધ કરે છે. પરિણામે જીવો સ્ત્રી-પુત્ર-ગૃહ વગેરેમાં આસક્ત થતાં જન્મ અને મરણના મહાસાગરમાંથી બહાર નીકળે છે અને પાછા ડૂબે છે; કારણ કે વિષયો દુઃખસ્વરૂપ હોવા છતાં પણ જીવો તેમાં આસક્ત રહે છે. (૪૦)

આ દેહ તો દેવાધિદેવ શ્રીકૃષ્ણચન્દ્રની દીધેલી ભેટ છે

देवदत्तमभिमं लब्ध्वा नृलोके ह्यजितेन्द्रियः । यो नाद्रियेत त्वत्पादौ सशोच्यो ह्यात्मवञ्चकः ।। ४१ ।।

હે ભગવન્ ! આ માનવ દેહ તો આપની જ આપેલી ભેટ છે. આમ છતાં ઇન્દ્રિયોના ઉપર સંયમ ન હોવાને લીધે જ જીવાત્મા આપના શ્રીચરણોની સેવા નથી કરતો, આપના શ્રીચરણોમાં આદર નથી કરતો આપનાં શ્રી ચરણોનો આશ્રય નથી લેતો-આવો આપને અને પોતાના આત્માને ઠગનારો આત્મા સાચે જ શોકપાત્ર છે. (૪૧) વિષય-અભિમુખ અને વાસુદેવ-વિમુખ જીવ તો સાચે જ ભીંત ભૂલે છે, કારણ કે જે મનુષ્ય જડ, અપ્રિય અને અનીશ્વર પુત્રાદિ માટે અને પદાર્થોને માટે પ્રિય-ઇશ્વર અને આત્માસ્વરૂપ એવા આપને વિષયોના ક્ષુદ્ર સુખ માટે વિપરીત બુદ્ધિવાળો બની ત્યાજી દે છે તે પુરુષ સાચેસાચ અમૃત ત્યજીને વિષનું જ ભક્ષણ કરે છે. (૪૨) હું, બ્રહ્માજી દેવગણો અને નિર્મલ મનવાળા મુનિજન ગણ પણ પ્રિય-સમર્થ-ઇશ્વર-અને આત્મસ્વરૂપ આપને સર્વાત્મભાવે શરણે રહેલા છીએ તો જીવો સર્વાત્મભાવે શરણ લે એમાં આશ્ચર્ય શું ! (૪૩) આપ તો વિશ્વની ઉત્પત્તિ-પાલન-પ્રલયના કારણ સ્વરૂપ છો, સર્વત્ર સમાન છો, અતિશય શાન્ત છો, મિત્ર છો, આત્મા છો, દેવતા સ્વરૂપ છો, આપ અનન્ત છો, એક જ છો, જગતના આત્મા છો, સ્થાનરૂપ છો આપ દેવનું અમે ભજન કરીએ છીએ, કારણ કે આપ સર્વને સંસારથી મુક્ત કરનારા છો એટલા માટે સર્વ કોઇ આપની જ સેવા કરે છે. (૪૪)

अयं ममेष्टो दयितोऽनुवर्ती मयाऽभयं दत्तममुष्य देव । सम्पद्यतां तद् भवतः प्रसादो यथा हि ते दैत्यपतौ प्रसादः ।। ४५ ।।

કૃપામય મહાદેવ નિજ ભક્તજન માટે અનુપમ વાત્સલ્ય ધરાવતા કૃપાનિધાન શ્રીકૃષ્ણ પ્રભુને નિવેદન કરતાં વચનસુધા

વરસાવે છે કે હે દેવ ! દયાનિધે આ મારો અત્યંત સર્વ પ્રકારે પ્રિય ભક્ત છે, મારો અનન્ય સેવક છે, આજ્ઞાંકિત છે, મેં આ બાણાસુરને અભયનાં દાન દીધાં છે. તો નિવેદન છે કે દૈત્યપતિ ભક્તરાજ શ્રીપ્રહ્લાદજી ઉપર જેવો આપનો અનુગ્રહ છે એવી જ-કૃપા એવો જ અનુગ્રહ આપ આપના જ ભક્તના પુત્ર ઉપર કરો. (૪૫) ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે હે ભગવાન ભવાનીશંકર ! આપે જે વાત કહી તે મને ગમી છે. આપને જે પ્રિય લાગે તે પ્રમાણે જ કરીશ. આપે ભક્ત બાણાસુર માટે જે વિચાર પ્રકટ કર્યો તેને મારું સમ્પૂર્ણ અનુમોદન છે. (૪૬)

अवध्योऽयं ममाप्येष वैरोचनिसुतोऽसुरः । प्रह्लादाय वरो दत्तों न वध्यो तवान्वयः ।। ४७ ।।

હે શંકર પ્રભુ ! હું બાણાસુરનો વધ નથી કરતો કે આપની અભિલાષાનું અનુમોદન કરું એનાં કાંઇ આપના ઉપર ઉપકાર નથી ચડાવતો. કારણ કે બાણાસુર બલિરાજાના સુપુત્ર છે. એથી મારા ભક્તનો પુત્ર હોઇ મારાથી વધ ન કરાય. વળી મેં મારા ભક્ત પ્રહ્લાદને વરદાન આપ્યું છે કે પ્રહ્લાદ હું આપના વંશનો વેલો છેદીશ નહીં. (૪૭) આ તો બાણાસુરના બલનો બોજો વધી પડ્યો હતો. જો તે ભાર ના ઉતારું તો તેને ભારે નુકસાન થાય અને ભાગી પડે માટે ભાર દૂર કરવા જ હાથ કાપવા પડ્યા છે. વળી એની સેનાનો પણ ભૂમિ ઉપર ભારે બોજો હતો તે હરવા માટે સૈન્યનો નાશ કર્યો છે. (૪૮) પરંતુ બાણાસુરના ચાર હાથ અખંડ રાખ્યા છે તે સદા ટકશે અને અજર અમર રહેશે. બાણાસુર આપનાં અંગરક્ષક સેવકોમાં અને પાર્ષદોમાં પ્રધાન બનશે અને સર્વથી તે નિર્ભય રહેશે. (૪૯) બાણાસુરે જ્યારે જાણ્યું ભગવાન શિવજીના અનુગ્રહથી ભગવાન શ્રીકૃષ્ણની તેના ઉપર કૃપા ઊતરી છે ત્યારે પોતાના આત્માને શ્રીકૃષ્ણ પ્રભુથી નિર્ભય જાણીને પ્રભુના શ્રીચરણોમાં પ્રણામ કર્યા અને શ્રી અનિરુદ્ધજીને અને ઉષાને રથમાં પધરાવી લાવ્યો. (૫૦) ચારે તરફ અક્ષૌહિણી સેનાથી સુરક્ષિત, બહુ સમ્માનિત ઉત્તમ વેષથી સુશોભિત ઉષા પત્નીના સાથે શ્રી અનિરુદ્ધજીને આગળ કરીને ભવાનીશંકર ભગવાનની અનુમતિથી ભગવાન શ્રીકૃષ્ણની સાથે સર્વ પોતાના નગર તરફ વિદાય લઇ રહ્યા હતા. (૫૧) દ્વારિકાનગરીના નાગરિકો-સુહૃદ જનો અને દ્વિજજનો, સર્વના સત્કાર માટે સન્મુખ પધાર્યા. સર્વનું અને ખાસ કરી નવદંપતિનું સામૈયું કર્યું પુનઃ ભગવાન શ્રીકૃષ્ણે સર્વની સાથે, શંખ-આનક-દુંદુભિના નાદથી ગુંજતી ધ્વજા-તોરણથી અત્યંત શોભતી, સર્વ રસ્તાઓ ઉપર, ચારે બાજુ અને ચોરે ચૌટે ચકલે સુગંધિત જલ સિંચેલી નિજ પ્રાણપ્રિય શ્રી દ્વારિકા નગરીમાં પધરામણી કરી. (૫૨) કોઇ પણ મનુષ્ય પ્રાતઃકાલે ઊઠીને ભગવાન શ્રીકૃષ્ણના વિજયની ભવાનીશંકરની સાથેના સંગ્રામની કથાનું સ્મરણ કરે છે તેનો કદી કયાંય પરાજય નથી થતો. (૫૨,૫૩)

य एतत् कृष्णविजयं शंकरेण च संस्मरेत् । संस्रेत् प्रातरुथाय न तस्य स्यात्पराजयः ॥ ५३ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં રાજસ પ્રકરણના સાધન પ્રકરણમાં અધ્યાય ૬૩મો સમાપ્ત

અથ સાત્વિક નિરોધ પ્રકરણ

અધ્યાય - ૬૪ મો

(આ ૬૪મા અધ્યાયથી ૨૧ અધ્યાયોનું સાત્વિક પ્રકરણ પ્રારંભાય છે. આ પ્રકરણ ૮૪મા અધ્યાયે સંપૂર્ણ થશે. આ પ્રકરણમાં પ્રમેય-સાધન-ફલ એવાં સાત અધ્યાયનાં ત્રણ પ્રકરણો આવશે. પ્રત્યેક પ્રકરણમાં ભગવાનનાં છ ઐશ્વર્યો અને સ્વયંધર્મી એમ મળીને સાત અધ્યાય છે. આ સાત્વિક પ્રકરણમાં પ્રમાણની આવશ્યકતા નથી, કારણ સ્તવગુણથી સ્વાભાવિક રીતે જ જ્ઞાન મળે છે તેથી આ પ્રકરણમાં પ્રમાણ પ્રકરણ એટલા માટે નથી હોતું. હવે આ અધ્યાયમાં ૪૪ શ્લોકો છે અને દાનવીર ભક્તવર શ્રીનૃગ રાજાની કથાનો પ્રસંગ આવે છે નૃગ રાજાના વિષયમાં ઘણાં મંતવ્યો છે. નૃગ નૃપતિ અતિદાનથી દુ:ખી થયા અને શ્રીકૃષ્ણે મુક્ત કર્યાં (૧) ત્યારે વળી ઘણા માને છે કે નૃગરાજાને દાન કરવાની આજ્ઞા ન હતી તેથી દુ:ખી થયા (૨) વળી ઘણા કહે છે કે ભગવાનની ઈચ્છા ન હતી પરંતુ આગ્રહી બની ગોદાન કર્યાં તેથી તે દુ:ખી થયા (૩) ત્યારે વળી ઘણા બોલ્યા : હું મહાન દાની છું એવા અભિમાનનું આ પરિણામ છે (૪) વાસ્તવિક દષ્ટિએ વિચાર કરતાં દાન કરતાં સંપૂર્ણ સારાસારનો વિચાર કરવો પરંતુ દૂરાગ્રહી ના થવું. અત્યાગ્રહ તો કેવલ ભગવત્સેવામા જ હોવો જોઇએ આ એક જ મહત્વનો હેતુ નૃગ રાજાના કૃકલાસ જન્મ માટે

માન્યો છે.)

श्रीशुक उवाच-एकदोपवनं राजन् जग्मुर्यदुकुमारकाः । विहर्तुं साम्बप्रद्युम्न चारुभानुगदादयः ।। ४१ ।।

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત સાંબ-પ્રદ્યુમ્ન-ચારુ-ભાનુ-ગદ વગેરે યાદવકુમારો વિહાર કરવા માટે દ્વારિકાનગરીની સમીપના વનમાં ગયા. (૧) યદુકુમારો ઉપવનમાં ખૂબ ખેલ્યા અને તરસ્યા થઈ ગયા. ક્યાંય પણ જલ મળે તો પ્યાસ બુઝે એવું વિચારીને આગળ પાછળ જલ શોધવા લાગ્યા. જલની ખોજમાં અને ખોજમાં એક કૂવો જોયો. જ્યારે ઉત્સાહ ભર્યા તે કૂપ પાસે પહોંચ્યા ત્યાં તેમણે જલ ના જોયું પરંતુ કૂપમાં રહેલા કોઈ વિલક્ષણ પ્રાણીને નજરે નિહાળ્યું. (૨) તે યાદવ કુમારોએ કૂવામાં પડેલા પર્વત સમા તે કાંચિડાને જોયો. અને જોતાં જ આશ્ચર્યમાં પડી ગયા કે આવડું મોટું પ્રાણી તો જોયું જ નથી વળી કૂવામાં ક્યાંથી પડયું. સર્વ કુમારોને દયા ઊપજી અને તેને બહાર કાઢવા પ્રયત્ન કરવા લાગ્યા. (૩) આ યાદવ કુમારોએ ચામડા ઉપર તેને ગબડાવી ચારે બાજુથી ચામડાની રસીઓ બાંધીને બહાર લાવવાનો પ્રયાસ કરવા લાગ્યા પરંતુ કાઢી ના શક્યા ત્યારે બહાર કાઢવાની ઉમેદથી ભગવાન શ્રીકૃષ્ણજીને શરણે દોડી ગયા. (૪) કમલલોચન અને વિશ્વના સમુદ્ધારક ભગવાન શ્રીકૃષ્ણ કૂવા સમીપ પધાર્યા અને ત્યાં કૃકલાસને એટલે કે કાંચિડાને નિહાળ્યો અને રમતમાં પોતાના હસ્તથી તે કાંચિડાનો ઉદ્ધાર કર્યો. (૫) રાજન્ ! ભગવાનનું નામ જ ઉત્તમશ્લોક છે. ભક્તો કે પતિતનો ઉદ્ધાર કરવામાં ભગવાન શ્રીકૃષ્ણથી વધીને કોઈ જ નથી. ભગવાનનું નામ ઉત્તમશ્લોક છે. આવા ઉત્તમશ્લોક શ્રીકૃષ્ણ ભગવાનના કરકમલનો સ્પર્શ થતાં જ પાપથી પ્રાપ્ત થયેલા કાંચિડાના દેહને ત્યજી દઈને ભઠ્ઠીમાં તપાવેલા સુવર્ણ સમાન તેજોમય મનોહર સ્વરૂપને ધારણ કરી તે ઊભા રહ્યા ત્યારે સ્વર્ગનિવાસ ! સુરજનોને પણ ચકિત કરતા અદ્ભુત અલંકારો, પીતાંબર અને માલાને ધારણ કરેલા હતાં. (૬) કાંચિડાની યોનિ કેમ આવી ? આ સર્વ વાત જાણવા છતાં મુકુન્દ ભગવાન અથેતિ પ્રાપ્ત થવાનું રહસ્ય મનુષ્યોમાં પ્રસિદ્ધ કરવા માટે પૂછવા લાગ્યા કે હે મહાભાગ ! આવા સુંદર સ્વરૂપધારી આપ કોણ છો વારુ ? હું તો નિશ્ચિત રૂપે આપ કોઈ ઉત્તમ દેવ છો એમ માનું છું. (૭) હે સુભદ્ર ! આપ આવી અભદ્ર યોનિને ધારણ કરવા યોગ્ય નથી આમ છતાં આપ આવી દશાને પામ્યા છો તો એવું કયું કાર્ય આપે કર્યું, તે જો બતાવી શકો તો અવશ્ય બતાવો. (૮)

સર્વમાં અતિશય હાનિ કરે માટે મતિમાન મર્યાદામાં રહી ભગવાનનું ભજન અતિશય કરે

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! અનન્તમૂર્તિ ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે પ્રશ્ન પૂછયો ત્યારે નૃગરાજાએ પોતાના મસ્તક ઉપર રહેલા સૂર્ય સમાન તેજસ્વી મણિમય મુકુટથી ચરણપીઠને સ્પર્શી માધવ ભગવાનને પ્રણામ કરી ઉત્તર આપવાની શરૂઆત કરી. (૯) હે પ્રભો ! હું રાજા ઈક્ષ્વાકુનો પુત્ર છું. નૃગ મારુ નામ છે. જગતના દાનીઓનું વર્ણન થયું હોય કે દાનવીરોની સંખ્યા ગણવામાં આવતી હોય ત્યારે સંભવે છે કે મારું નામ આપના કર્ણ ઉપર આવ્યુ હોય ! (૧૦) નાથ ! આપ તો સર્વ પ્રાણીઓના અન્તઃકરણના સાક્ષી છો, આપનાથી કાંઈ પણ ગુપ્ત ના હોય. કારણ કે આપ તો સર્વજ્ઞ છો. કાલ આપની દૃષ્ટિને રોકી શકતો નથી. આમ છતાં આપની આજ્ઞા છે તો હું આપને જણાવું છું. (૧૧) નાથ ! આ પૃથ્વીના જેટલા રજકણો છે અને આકાશમાં જેટલા તારાઓ છે અને વર્ષાની જેટલી ધારાઓ છે એટલી ગાયોનાં મેં દાન દીધાં છે. (૧૧,૧૨) સાત્ત્વિક વગેરે ત્રણ પ્રકારે ગાયોનું દાન કર્યું છે તેમાં પણ અધિક દૂધવાળી, પહેલા વેતરની, સ્વભાવે સાલાશ, રૂપસમ્પન્ન, ગુણસમ્પન્ન, સોનાની શીંગડીઓવાળી, રૂપાની ખરીઓવાળી, વાછરડાવાળી, વસ્ત્રો-આભરણો-પુષ્પમાલાથી શોભાયમાન અસંખ્ય કપિલા ગાયો દાનમાં આપી છે, (૧૩) વળી દાન સુપાત્રને આપવું જોઈએ એ ન્યાયે જે વિપ્રર્ષિઓને ગાયો આપી તે દ્વિજવરો બારબાર ગુણોથી સમ્પન્ન હતા. (૧) સદ્ગુણ (૨) વિદ્યા (૩) શીલ (૪) સદાચાર (૫) સુંદર સ્વભાવથી અલંકૃત હતા (૬) વિશાલ કુટુંબી હતા (૭) અકિંચન (૮) સત્યવ્રત હતા (૯) તપસ્વી હતા (૧૦) વેદ-શાસ્ત્રોનું અધ્યયન કરેલા-શ્રવણ કરેલા-અર્થ પણ જાણનારા હતા (૧૧) નિર્લોભી હતા (૧૨) તરુણ-યુવાન હતા. આ પ્રકારના બાર બાર ધર્મોવાળા ઉત્તમ વિદ્વાનોને ગાયોનાં દાન કરી શાસ્ત્રની આજ્ઞાનું પાલન કર્યું હતું. (૧૪) આ પ્રમાણે એક દિવસે અસંખ્ય ગાયોનું દાન કર્યું ત્યાર બાદ પ્રતિદિન અને અલગ અલગ પણ ગાયોનાં દાન કર્યાં અને તે ગાયોના દાન લેનારા વિપ્રોના નિર્વાહ માટે સાથે ભૂમિનાં દાન

કર્યાં. આ વિના અન્ય જેમકે સુવર્ણ-રાચરચીલા ભર્યાં ઘર, અશ્વો-હાથીઓ, દાસીઓ સાથે કન્યાઓ-તલના પર્વતો-ચાંદી-સજાવેલી શય્યાઓ-ઉત્તમ વસ્ત્રો, રત્નો સર્વ સામગ્રીઓ, રથો વગેરે પંદર પદાર્થોનાં પુષ્કળ દાન કર્યાં હતાં તેમજ યજ્ઞો કર્યા. કૂવા બનાવ્યા, બગીચા, ફુલવાડીઓ વગેરે પણ બનાવ્યાં હતાં. (૧૫)

પ્રારબ્ધ પરવશ પ્રમાદ

ભગવન્ ! એક દિવસ એવું બન્યું કે કોઇ ઋષિવર્યની ઉત્તમ ગાય ભૂલી પડતાં મારી ગાયોમાં ભળી ગયેલી હતી. અધિકારીએ ઉત્તમ ગુણવાળી ગાય જોઇ દાન માટે આપવા તૈયારી કરી હતી. આ ગાય રાજાનું દાન ન લેનારા વિપ્રની હતી. આ વાત કોઇના જાણમાં ન હતી અને ભૂલમાં જ કોઇ અન્ય બ્રહ્મદેવને દાનમાં અપાઈ ગઈ. (૧૬) આ ગાયને લઈને જ્યારે દાન આપેલ વિપ્રવર જતા હતા ત્યારે માર્ગમાં ગાયના મુખ્ય માલિકે જોઈ અને કહ્યું કે મહારાજ આ ગાય તો મારી છે. ત્યારે દાન લેનાર બ્રાહ્મણે કહ્યું કે ભાઈ, હમણાં જ મને આ ગાય રાજા નૃગે દાનમાં આપી છે માટે મારી છે તેથી લઈ જાઉં છું. (૧૭) આખરે પોતાની વાતને પૂરવાર કરવા બન્ને વિપ્રવર્યો પરસ્પર વાદ કરતા કરતા મારી પાસે આવ્યા. મૂળ સ્વામીએ કહ્યું કે આ ગાય મારી છે અને દાન લેનાર અન્ય વિપ્રે કહ્યું કે મારી છે, માલિકે કહ્યું કે રાજન્ ! નિશ્ચિત આ મારી જ ગાય છે. આપ આ રીતે ગાયોનું અપહરણ પણ કરો છો ? રાજન્ ! આવું કર્મ પુરુષને કેમ ઘટે ? મેં બ્રાહ્મણની આ વાત સાંભળી એટલે મને થયું કે ભ્રમથી જરૂર આ ગાય મારી ગાયોના ટોળામાં ભળેલી હોવી જોઇએ અને મને થયું કે ખરેખર હું ધર્મસંકટમાં મુકાઇ ગયો છું. (૧૮) આવી સ્થિતિમાં મુકાતાં મેં બન્ને વિપ્રોને વિનવ્યા કે હું ધર્મસંકટમાં મુકાઇ ગયો છું માટે આપના બન્નેમાંથી મને જે કોઇ ગાય આપે તેને હું ઉત્તમ પ્રકારની એક લાખ ગાય આપીશ. (૧૯) હે વિપ્રવરો ! હું આપનો કિંકર છું. આ વસ્તુ કેવલ અણજાણમાં થઈ ગઇ છે. આપ મારા ઉપર અનુગ્રહો કરો અને મને અપવિત્ર નરકમાં પડતાને બચાવી લો. (૨૦) ગાયના મૂળ માલિકે કહ્યું. રાજન્ ! આપના કહેવા પ્રમાણે કરવામાં મને મારી ગાયના બદલામાં આપ ગમે તેટલું ધન કે લાખ ગાય આપો તો પણ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે લેવાય નહીં, કારણ કે ગોવિક્રયનો દોષ લાગે છે માટે હું તેમ કરી શકીશ નહીં એમ કહી, તે વિપ્ર પણ ચાલ્યા ગયા અને જે બ્રાહ્મણને ગાય દાનમાં આપી હતી તેણે પણ કહ્યું કે આપ મને આ ગાયના બદલામાં દશ હજાર ગાયો આપો તો પણ તે ગોધન લેવા નથી ઇચ્છતો, કારણ કે મને રૌરવ નરકમાં લઇ જનાર ગોવિક્રયનું પાપ લાગે માટે હું તેમ કરી શકીશ નહીં એમ કહી તે વિપ્ર પણ ચાલ્યા ગયા. (૨૧) ગાય-વિવાદમાં કોઇ માર્ગ કાઢું તે પહેલાં જ આ ગાયની ચોરી માથે પડેલી તેના દોષથી મારું આયુષ્ય ક્ષીણ થયું અને યમદૂતો આવ્યા અને મને યમપુરીમાં લઇ ગયા અને હે દેવદેવ શ્રીકૃષ્ણ ! હે જગન્નિયંતા શ્રીકૃષ્ણ ! યમલોકમાં લાવેલા મને ધર્મરાજે પ્રશ્ન કર્યો કે પ્રથમ આપ પાપનું ફલ ભોગવવા ચાહો છો કે પુણ્યનું ? (૨૨) રાજન્ ! આપનાં દાન અને આપના ધર્મનો યશ તો અપાર છે માટે બોલો શી ઇચ્છા છે ? ત્યારે મેં નમ્રતાથી કહ્યું કે પ્રથમ પાપફલ ભોગવીશ. ત્યારે મને ધર્મરાજે કહ્યું તો હવે આપ પાપવશ નીચ યોનિમાં જાઓ, અને આ આજ્ઞા થતાં જ મેં મને આ કાંચિડાની યોનિમાં જોયો. (૨૩,૨૪) હે કેશવ ! હે શ્રીકૃષ્ણ ! હું વિપ્રોનો સેવક ભક્ત છું, ઉદાર છું અને આપનો દાસ છું અને આપનાં દર્શનની દૃઢ લાલસા મનમાં લાગી છે અને એ જ આપની કૃપાને લીધે આજ પર્યન્ત પણ મારી સ્મૃતિનો નાશ થયો નથી. (૨૫)

પુણ્ય કદી એળે નથી જતાં

स त्वं कथं मम विभोऽक्षिपथः पारत्मा योगेश्वरैः श्रुतिदृशामलहृद्विभाव्यः ।
साक्षादधोक्षज उरुव्यसनान्धबुद्धेः स्यान्मेऽनुदृश्य इह यस्य भवापवर्गः ।। २६ ।।

હે પ્રભો ! આપ મારા દૃષ્ટિંપથ થયા ! પ્રત્યક્ષ અક્ષિઓને-આંખલડીઓને દર્શન આપ્યાં ! આશ્ચર્ય ગણાય, કારણ કે આપનાં દર્શન આ મારી આંખોને ના સંભવે ! નાથ ! જ્યારે ઉપનિષદ્ના જ્ઞાનરૂપ નેત્રથી મન નિર્મલ બને છે ત્યારે મોટા યોગેશ્વરોને પણ માત્ર માનસ દર્શન જ થાય છે તે દર્શન પણ ભાવથી કરવાનાં હોય છે. કારણ કે આપ તો અધોક્ષજ એટલે આંખ-કાન-નાક-હાથ વગેરે ઇન્દ્રિયો આપને પહોંચી ના શકે તેવા છો. વળી આપ આત્માથી પણ પર

એવા પરમેશ્વર છો. આજે ભગવાને અચાનક મને આંખથી પ્રત્યક્ષ દર્શન આપ્યાં ! હું તો માન-અભિમાન-રાગ-દ્વેષ-મોહ વગેરે મહાન્ વ્યસનોથી અંધદૃષ્ટિ છું, સાંભળ્યું છે કે જેનો આખરનો જન્મ હોય છે તેનેજ આપનાં દર્શન થાય છે. એથી મને લાગે છે કે આ મારો અન્તિમ જન્મ હશે જ આપને દયા આવી અને આપે દર્શન આપ્યું. (૨૬)

નાથને નવ સંબોધન કરીને સ્વર્ગની વિદાય માટે નૃગરાજા અનુમોદન માગે છે અને નિવેદન કરે છે

देवदेव जगन्नाथ गोविन्द पुरुषोत्तम नारायण हृषीकेश पुण्यश्लोकाच्युताव्यय ।। २७ ।।
अनुजानीहि मां कृष्ण यान्तं देवगतिं विभो । यत्र क्वापि सतश्चेतो भूयान्मे त्वत्पदास्पदम् ।। २८ ।।

શ્રીનૃગરાજા બોલ્યા નાથ ! નવધા ભક્તિમાંથી એક પણ ભક્તિ નથી થઇ તો નવધા તો થાય જ ક્યાંથી ! તેથી આપને નવ સંબોધન કરી આપનાં નવ નામો બોલી રહ્યો છું તેમાં મારી નવધા ભક્તિ માની લેજો. હે દેવદેવ ! હે ગોવિન્દ ! હેપુરુષેત્તમ ! હે નારાયણ ! હે પુણ્યશ્લોક ! હે અચ્યુત ! હે અવ્યય ! એટલે અવિનાશી ! (૨૭) હે શ્રીકૃષ્ણ ! હે વિભુ ! દેવદેશ-સ્વર્ગમા જઇ રહેલા મને આપ આજ્ઞા આપો અને કૃપાનાથ એક કૃપા અવશ્ય કરો કે જ્યાં અને જે યોનિમાં હોઉં ત્યાં સદા મારું ચિત્ત આપના શ્રીચરણકમલોનું સ્મરણ કરે અને કાયા સેવા કરે. (૨૮) હવે ષડૈશ્વર્યસમ્પન ભગવાનને છ પદોથી નમસ્કાર કરી રહ્યા છે અને કહી રહ્યા છે. ભક્તજને ભગવચ્ચરણોમાંથી જવાની ઇચ્છા ન કરાય તો પછી તમે કેમ જઇ રહ્યા છો અને અનુમતિ માગી રહ્યા છો તો તેનો ઉત્તર વાળે છે કે આપ ''સર્વભાવ'' છો એટલે સર્વત્ર બિરાજો છો તેવા ભાવ સ્વરૂપને નમસ્કાર (૧) બ્રહ્મસ્વરૂપને નમસ્કાર (૨) અનંતશક્તિમાનને નમસ્કાર છે (૩) કૃષ્ણને નમસ્કાર છે (૪) શ્રીવાસુદેવને નમસ્કાર છે (૫) અને યોગીઓના સ્વામીને પણ નમસ્કાર છે. (૬) આરંભમાં અને અન્તમાં નમઃ કહીને છ એ નામોમાં નમસ્કાર કહી દીધા. (૨૯) શ્રીશુકાચાર્યજી એ કહ્યું કે રાજન્ ! નૃગરાજાએ દૈન્યભાવે દેવવર શ્રીવાસુદેવજીને આ પ્રમાણે નિવેદન કરીને મસ્તકના મુકુટથી મુકુન્દ ભગવાનનાં શ્રીચરણકમલોનો સ્પર્શ કરીને પરિક્રમા કરીને આજ્ઞા મેળવીને સર્વ મનુષ્ય જોઇ રહ્યા હતા અને વિમાનમાં બિરાજીને વિદાય લીધી. (૩૦) ત્યાર બાદ બ્રહ્મણોના લાડીલા ધર્મના, સ્થાપક, દેવકીનન્દન ભગવાન શ્રીકૃષ્ણ પોતાના કુટુંબીજનોને અને રાજાઓને શિખામણ આપતાં કહેવા લાગ્યા કે. (૩૧)

વિપ્રો દ્વાદશ ગુણ-લક્ષણ સમ્પન્ન હોઈ દ્વાદશ શ્લોકથી વિપ્રના આદરને સૂચવે છે અને વિપ્રના ધનને લૂંટવા કે ખેંચી લેવાની મના કરતા શ્રીકૃષ્ણ વિપ્રધન કેવું વિકટ વિષ છે તે સમજાવે છે

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે હે યદુકુમારો ! બ્રાહ્મણે પોતાના પરિવાર કુટુંબ માટે ધન મેળવેલું હોય છે. આવા તપસ્વી વિપ્રનું દ્રવ્ય છીનવી લઈ, લૂંટી લઇ કે પચાવી પાડી અલ્પ પણ ભોગવવામાં આવે તો તે અગ્નિ જેવા તેજસ્વી પુરુષથી પચાવી શકાતું નથી પછી પોતાની જાતને મિથ્યા મોટા માનનાર રાજાઓ તો પચાવી શકવાના જ ક્યાંથી ? (૩૨) ઉગ્રમાં ઉગ્ર વિષ હાલાહલ નામનું છે અને પણ હું તો વિષ માનતો નથી. કારણ કે મારી નાખે તેનેજ વિષ મનાય. હાલાહલ જેવા વિષને પણ ઉતારી શકાય એવા ઉપાયો છે. વિષ પીનારનું વિષ ઉતારી લેવામાં આવે પછી તે ફરતો જ હોય છે તેથી હાલાહલ વિષ નથી. પરંતુ બ્રાહ્મણનું દ્રવ્ય-ધન જ ભારે વિષ છે કારણ કે આ ભૂમિ ઉપર એ બ્રાહ્મણ-ધન પચાવવાનો કોઇ ઉપાય નથી. (૩૩) વિષ તો કેવલ ખાનારનેજ બાળે છે. બાળનાર અગ્નિ પણ જલથી શાન્ત થાય છે પરંતુ બ્રાહ્મણનો દ્રવ્યરૂપ અગ્નિ તો કુલને આમૂલ બાળી નાખે છે. (૩૪) વગર પ્રેમે કે વગર આજ્ઞાએ બલાત્કારે દબાવીને આજ્ઞા મેળવીને જેણે બ્રાહ્મણના દ્રવ્યને ભોગવ્યું છે તે ભોગવનારની ત્રણ પેઢીનો નાશ કરે છે પરંતુ બલાત્કારથી કે હઠથી છીનવી લીધેલું કે ખૂંચવી લીધેલું બ્રાહ્મણનું દ્રવ્ય જો ખાવામાં આવે તો વિપ્રનું ધન પોતાની પૂર્વની દશ પેઢી પોતના પછીની દશપેઢી અને પોતાની એકવીસમી પેઢી ભસ્મ કરે છે આવું જાણવા છતાં રાજલક્ષ્મીના નશામાં અંધ બનેલા રાજાઓ પોતાના નરક, પોતાને પોતે જોઇ શક્યા નથી. માટે નરકમાં લઈ જનારા એવા ''બ્રહ્મસ્વ'' બ્રહ્મસ્વરૂપ અને બ્રાહ્મણનું સર્વસ્વરૂપ ગણાતા દ્રવ્યને ભોગવવા અભિમાનપૂર્વક રાજાઓ તત્પર બને છે. (૩૬) નિર્લોભી અને વિશાળ કુટુંબી એવા વિપ્રોની આજીવિકા લૂંટીલેતાં કે પાછી લેતાં કે છીનવી લેતાં બ્રહ્મણો જ્યારે

રુદન કરે છે ત્યારે તેમનાં નેત્રોમાંથી નીતરતાં આંસુઓથી જેટલા જમીનના રજઃકણો ભીંજાય છે તેટલા સંખ્યાના વર્ષો પર્યન્ત આજીવિકા છીનવી લેનારા નિરંકુશ ઉચ્છૃંખલ રાજાઓ અને રાજાના વંશજો કુંભીપાક નામના નરકને ભોગવનારા બને છે. (૩૭,૩૮) રાજાએ પોતે આપેલી કે અન્ય કોઇએ પણ આપેલી વિપ્રોની આજીવિકાને લેનારાઓ સાઇઠ હજાર વર્ષ સુધી નરક ભોગવે છે. (૩૯) ભગવાને કહ્યું કે મારા ઘરમાં બ્રાહ્મણનું દ્રવ્ય ના આવે, બ્રાહ્મણના દ્રવ્યના લોભથી રાજા અલ્પાયુષ્ય બને છે, શત્રુઓથી પરાજય પામે છે, રાજલક્ષ્મીથી ભ્રષ્ટ થાય છે અને સદા ઉદ્વેગ, અકળામણ ભરેલા સર્પની યોનિને પામે છે. (૪૦) ભલે વિપ્ર અપરાધી હોય તો પણ હે યદુકુમારો તમે મારા જન છો માટે વિપ્રોનો દ્રોહ ના કરશો. કદાચ બ્રાહ્મણ શાપ આપે કે ગાળ આપે તો પણ તેને નિત્ય નમસ્કાર કરતા રહો. (૪૧) હે યદુકુમારો ! હું જેમ સાવધાન રહીને હરક્ષણે બ્રાહ્મણોને નમસ્કાર કરું છું, તેમ તમે બધા નમસ્કાર કરતા રહો. જે આ આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તે મારાથી દંડને પાત્ર થશે. (૪૨) ભગવાને કહ્યું કે હે વિપ્રકુમારો ! તદ્દન અજાણપણમાં બ્રાહ્મણની ગાય નૃગરાજાની ગાયોના ટોળામાં આવેલી અને દાનમાં આપેલી પરંતુ તેના ફલ સ્વરૂપે રાજા નૃગને હલકામાં હલકી કાંચિડાની યોનિ લેવી પડી. એવી જ રીતે લીધેલું બ્રાહ્મણનું ધન હરણ કરનારનું અધઃપતન કરે છે. (૪૩) ભગવાન મુકુન્દે આ પ્રકારનો યદુકુમારોને ઉપદેશ આપ્યો. સર્વ કથા સંભળાવનાર અને સર્વ લોકોને પવિત્ર કરનાર ભગવાન શ્રીકૃષ્ણ નિજમંદિરમાં પધારી ગયા. (૪૪)

एवं विश्राव्य भगवान् मुकुन्दो द्वारकौकसः । पावनः सर्वलोकानां विवेश निजमंदिरम् ।। ४४ ।।

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં નિરોધ કથાના સાત્વિકલીલા પ્રકરણના પ્રમેય પ્રકરણમાં અધ્યાય ૬૪મો સમાપ્ત

અધ્યાય - ૬૫ મો

(સાત્ત્વિક લીલાની કથા ૬૪ મા અધ્યાયથી શરૂ થઇ છે. આ ૬૪મા અધ્યાયથી સાત અધ્યાયો પ્રમેય લીલાના છે. ૬૪મા અધ્યાયમાં ભગવાને સાત્વિક ભક્તોને અનુગ્રહ કરી નિર્ગુણ બનાવ્યા છે. આ ૬૫ મા અધ્યાયમાં શ્રીબલભદ્રજીનો યશ વર્ણવવામાં આવ્યો છે આ અધ્યાયમાં ૩૨ શ્લોકો છે. તામસ રાજસ સાત્વિક સ્વભાવ નિર્ગુણ બને તો જ ભગવાનની સેવામાં તેઓ પરોવાય અને ત્યારે જ સાચો આનંદ મળે તેથી બલભદ્ર દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ શ્રીયમુનાજી દ્વિવિદ વાનર અને ભીષ્મ પિતામહનાં માનનું ખંડન કરી તેમનો નિરોધ કરી નિજ સ્વરૂપમાં સ્નેહવાળાં બનાવશે.)

પુત્રને ભેટતાં જ જો પરમાનંદ અનુભવાય તો પરમાનંદને જ પ્રત્યક્ષ ભેટતાં નિરવધિ આનંદ થાય તે કેમ વર્ણવાય ?

श्रीशुक उवाच-बलभद्रः कुरुश्रेष्ठ भगवान् रथमास्थितः । सुहृद् दिदृक्षुरुत्कष्ठः प्रययौ नन्दगोकुलम् ।। १ ।।

શ્રી શુકાચાર્યજી કહેવા લાગ્યા કે હે કુરુવર્ય પરીક્ષિત ! હવે બલભદ્ર લીલાનું શ્રવણ કરો. ભગવાન શ્રીકૃષ્ણનો બલભદ્રજીના સ્વરૂપમાં પ્રવેશ થયો તેથી સ્વયં શ્રીકૃષ્ણ જ બલભદ્રજી સ્વરૂપે પોતાના સુહૃદ જનોના સુખ સમાચાર લેવા અને સર્વને મળવા શ્રીનન્દરાયજીના ગોકુલમાં પધાર્યા. (૧) ઘણા લાંબા સમયથી સમસ્ત વ્રજ નિવાસીઓ ભગવાનને જોવા તલસી રહ્યાં હતાં ત્યાં જ ભગવાન બલભદ્રજીમાં બિરાજીને પધાર્યા તેથી હર્ષ ન સમાયો અને શ્રીગોપીજનો, ગોપજનો અને નન્દરાયજી અને શ્રીયશોદાજી ભગવાને ભેટી પડયાં. જ્યારે બલભદ્રજીએ માતાપિતાને પ્રણામ કર્યા અને આશીર્વાદ લીધા. (૨) પુનઃ આશીર્વાદ દઇને યશોદાજી અને નંદબાવા બોલી ઊઠ્યાં, હે દાશાર્હ ! હે વિષ્ણુ ! આપ જગદીશ્વર છો. ભગવાન શ્રીકૃષ્ણ સાથે સદા અમારું લાલનપાલન કરો. નાથ ! એમ બોલતાં દાઉજીને ગોદમાં પધરાવતાં છાતી સરસા ચાંપતાં બલભદ્રજી ઉપર અશ્રુઓનો અભિષેક કરવા લાગ્યાં . (૩) પુનઃ શ્રીબલભદ્રજીએ વિધિને અનુસરીને નામ અને ગોત્રનો ઉચ્ચાર કરી વડીલ ગોપજનોને અભિવાદન કર્યાં ત્યારે નાનેરાઓએ બલભદ્રજીને નમસ્કાર કર્યા અને સમાન વયના સખાઓને ભેટી પડ્યા આમ સર્વની યોગ્યતા પ્રમાણે મળ્યા અને સંબંધ પ્રમાણે સર્વને, રામ કુશલાદિ પૂછતા સુખ દેવા લાગ્યા. (૪) વળી ગોપજનો પાસે આવી પહોંચીને હસતા, હાથો મિલાવતા, કુશળ પૂછતા, મધુર વાર્તા વિશ્રામ કરતા પધાર્યા. પુનઃ નિવૃત્ત થઇ જ્યારે સુખપૂર્વક આસન લઈને બિરાજ્યા ત્યારે ચારે બાજુએ ઘેરી વળી પૂછવા લાગ્યાં. (૫)

જ્યારે સ્વજનો મળે ત્યારે વિપ્રને કુશળ-ક્ષત્રિયને અનામય-વૈશ્યને ક્ષેમ-કલ્યાણ-અને શૂદ્રને આરોગ્ય પૂછાય

શ્રીકૃષ્ણ બલભદ્રજી ભગવાન છે પણ યાદવ કુલમાં પધાર્યા છે તેથી ક્ષત્રિય ધર્મના નાતે પ્રથમ સર્વનું અનામય પૂછ્યુ અને સર્વ ગોપજનોમાં જેઓ શ્રીકૃષ્ણ ભગવાન માટે સર્વ પ્રપંચ પદાર્થોનો ત્યાગ કરીને બિરાજ્યા તે ગોપજનો પ્રેમપૂર્વક ગદ્ગદ વાણીથી પૂછવા લાગ્યા. (૬) તેમાં પણ ખાસ કરીને નંદબાવા વગેરે પૂછવા લાગ્યા કે હે દાઉ ! હે રામ ! હે બેટા ! અમારા સ્વજન કુટુંબી બંધુજન કુશળ છે ને ? કહો કહો રામ ! કૃષ્ણ અને તમને કદી અમે યાદ આવીએ છીએ ? કદી આપ અમારું સ્મરણ કરો છો ? હવે તો પત્ની-પુત્ર-પરિવારવાળા બન્યા એટલે તમને યાદ કરવાનો સમય જ ક્યાંથી અને પ્રયોજન પણ શું ? (૭) ચાલો સારું થયું રાજા કંસ પોતાના પાપે જ મર્યા. અને સંતોષની વાત છે કે સુહૃદજનો અને સુજનો કંસના સકંજામાંથી છૂટ્યા. શત્રુઓને નિર્મૂલ કરી વિજય મેળવી દરિયામાં દુર્ગ-કિલ્લો બનાવી દ્વારિકાપુરમાં વસ્યા તેથી ખૂબ જ આનંદ થયો. (૮) ત્યાં શ્રીવ્રજવનિતાઓ મળ્યાં અને શ્રીબલરામજીનાં દર્શનમાં આદર અને આનંદ દર્શાવતાં મધુર હાસ્ય કરતાં વચનામૃતધારા વર્ષાવતાં બોલ્યા કે શિક્ષિત સુઘડ એવી નગરનારીઓના વલ્લભ શ્રીકૃષ્ણજી તો આનંદમાં બિરાજે છે ને ? (૯) હે બલભદ્રજી ! મહાબાહુ શ્રીકૃષ્ણ બંધુજનોને, પિતાને કે સ્વજનને કે અમને યાદ કરે છે ખરા ? શ્રી કૃષ્ણની ઇચ્છાને અનુસરીને કરેલી અમારી સેવાને કોઇવાર યાદ કરે છે ખરા ? (૧૦) હે દાશાર્હ ! બલરામ ! હે સમર્થ રામ ! કેવલ શ્રીકૃષ્ણને માટે જ અમે કઠિનાઈથી પણ ન ત્યજાય તેવાં માતા-પિતા-ભ્રાતા-બન્ધુજન-પુત્ર પૌત્ર-ભગિની અને સ્વજનોને પણ ત્યજયાં હતાં તેવા પ્રિયતમને કેમ વિસરાય ? (૧૧) બલરામજી ! ઝાઝું શું કહીએ અમે જેને માટે સર્વ ત્યજી ચૂકયાં તેવાં અનન્ય આશ્રિત અમને ત્યજી સ્નેહ-સૌહાર્દના તંતુને તોડી અમને વિના મળ્યે વિદાય લીધી પરંતુ એમની એવી મોહક વાણી છે કે વિશ્વની એવી કઈ નારી છે કે વાણી સાંભળીને વિશ્વાસ ન કરે ? (૧૨) બલરામ ! નવાઈ લાગે છે કે નગરની કન્યાઓ અને સ્ત્રીઓ તો સમજૂ અને શાણી મનાય છે આવી સ્ત્રીઓ એક વિષયમાં અસ્થિર અને સર્વત્ર વિચરતા મનવાળા, વળી ઉપકાર અને પ્યારને વીસરી જનારા અકૃતજ્ઞ કૃષ્ણનાં વચનો ઉપર વિશ્વાસ કેવી રીતે મૂકતાં હશે ? સંભવ છે કે ચિત્તને ચોરનારી વિચિત્ર વાતો કરવામાં કુશળ શ્રીકૃષ્ણનાં હાસ્ય જાદુ ભર્યાં કટાક્ષોનાં કામણથી ઠગાયેલાં કામવશ બની વિશ્વાસ કરતાં હશે. (૧૩) રાજન્ ! પરીક્ષિત ! પ્રભુવિયોગની વ્યથાથી પીડાતી ગોપનાંરી હવે પરસ્પર કહેવા લાગી કે સખીરી ! જવા દોને આપણે એ કૃતઘ્નીનીકથાઓ કરવાનું શું પ્રયોજન છે ? આપણો વાર્તાનો વિષય જ બદલી નાખીએ જો આપણા વિના એટલો સમય તો ગયો જ ને તો બાકીનો નહીં જાય વારુ ? (૧૪) રાજન્ ! આમ ભગવદ્વાર્તા કરતાં શ્રી વ્રજનારીઓ શ્યામ મનોહરનાં હાસ્ય-ભાષણ સુન્દર કટાક્ષ-ચટકીલી ચાલ-પ્રેમ આલિંગન આદિ અનેક વિલાસ વિહારોનું સ્મરણ કરતાં કરતાં મૂર્ચ્છિત બની ગઈ. (૧૫)

શ્રીસંકર્ષણનું સાંત્વન-સહવાસ-સંદેશદાન-રમણ અને સુખ પ્રદાન

વિવિધ પ્રકારે મનનું સમાધાન અને કલેશનું સાંત્વન કરવામાં કુશળ સ્નેહ સમાધાન પંડિત શ્રીસંકર્ષણજીએ વ્રજાંગનાઓનું શ્યામસુંદર શ્રીકૃષ્ણના હૃદયંગમ સંદેશાઓથી સમાધાન કર્યું. (૧૭) પુનઃ બલરામજી મધુ એટલે ચૈત્ર માસ અને માધવ એટલે વૈશાખ માસ આમ બે મહિનાઓની રાત્રીઓ રતિ સ્નેહનું પોષણ કરતા ગોકુલમાં બિરાજ્યા અથવા મધુ એટલે વસંત ફાલ્ગુન માસથી ત્રણ માસ સુધી ગોકુલમાં વસ્યા. (૧૮) સમુદ્ર મંથન સમયે સાગરમાંથી શ્રીલક્ષ્મીજી સાથે પ્રકટ અધિષ્ઠાત્રી વારુણીદેવી સર્વ વૃક્ષોમાં બિરાજે છે, તે વારુણી વૃક્ષના કોટરમાંથી વહેવા લાગી અને પોતાની સુગંધથી વનને સુવાસિત કરવા લાગી. (૧૯) વાયુની લહરી સાથે આવેલી તે મધુધારાની સુવાસથી આકર્ષાઇ શ્રીબલભદ્રજી જ્યાંથી સુવાસ આવી રહી છે ત્યાં પાધાર્યાં. અને સર્વ વ્રજસુંદરી દ્વારા વારુણી રસનાં પાન કર્યાં. (૨૦) વ્રજનારીઓ શ્રીસંકર્ષણનાં ગીત ગાઇ રહી હતી અને મદ ઘેર્યાં નયનવાળા બનેલા હલાયુધ શ્રીબલરામજી રસમસ્ત બનીને વનમાં બિરાજવા લાગ્યા. (૨૧) બલદેવજીનાં કંઠમાં કુસુમમાલા હતી, એક કાનમાં એક જ કુંડલ ધારણ કર્યું હતું, વારુણી પાનથી મસ્ત હતા, અને નવ સંખ્યામાં રત્નોની રચેલી ચરણ પર્યન્ત ઝૂકતી વનમાલાથી વિભૂષિત હતા. મુખારવિંદ ઉપર મન્દ હાસ્ય ફરકી રહ્યું હતું અને પરિશ્રમને લીધે મુખકમલ ઉપર પ્રસ્વેદ જલકણો વિલસી રહ્યાં હતાં. (૨૨)

રસમત્ત બનેલા શ્રીબલરામે જલક્રીડા કરવા માટે યમુનાને આમંત્રણ કર્યાં પરંતુ મત્ત બનેલા બલરામના વચનોની યમુનાએ દરકાર ના કરી, ત્યારે મત્ત અને રોષે ભરાયેલા બલભદ્રજી રોષપૂર્વક શ્રીયમુનાજીને હલના અગ્ર ભાગથી ખેંચવા લાગ્યા. (૨૩) શ્રીબલરામજીએ કહ્યું કે મારાં વચનોનો અનાદર કરી રહેલ છે માટે હે ક્ષુદ્રજલધારા ! મારા બોલાવવા છતાં આવી નહીં તેથી આજે હું મનમાની રીતે ચાલનારી અને સમર્થ ઈશ્વરનો અનાદર કરનારી તારી જલધારાના મારા હલની ફણિથી-અગ્રભાગથી સેંકડો ફાંટા બનાવી સૂકવી નાખીશ. રાજન્ ! મનમાં શંકા ના લાવશો કે ''શ્રીયમુના મહારાણીજીનો બલરામ આવો અનાદર કેમ કરે અને તેમને આવાં વાક્યો કેમ સંભળાવે ?'' કારણ કે શ્રીયમુના મહારાણીજી તો શ્રીકૃષ્ણ ભગવાનની નિર્ગુણ રાસલીલામાં પધારે છે તેમને માટે આ વાક્યો નથી આ તો કેવલ ''જલધારાયી યમુના નદીને'' ઉદ્દેશીને આવાં વાક્યો કહ્યાં છે. (૨૪)

યમુના નદીની પ્રપત્તિ

બલભદ્રજીએ જ્યારે નદીની ઝાટકણી કાઢી ત્યારે ભયભીત થયેલી નદી આશ્ચર્ય ચકિત બની ગઈ. અને રાજન્ ! નદી બલભદ્રજીના ચરણોમાં પડ્યાં અને કહેવા લાગ્યાં. (૨૫) હે રામ હે રામ ! હે મહાબાહુ ! આપના પુરુષાર્થને હું નથી જાણતી. આપ તો એ પુરુષ છો કે આપે આપના એક જ અંશથી-સમગ્ર ભૂમંડલને ધારણ કરો છો. (૨૬) હે વિશ્વ માત્રના આત્મા ! હે ભગવાન ! આપ તો ભક્તવત્સલ પણ છો. આપ ભગવાનના પરમ ભાવને મેં જાણ્યો ન હતો તેથી ઉપેક્ષા કરી હતી તો હવે શરણાગત બનું તો આપ મને અપરાધથી મુક્ત કરો. (૨૭) આ પ્રકારે જ્યારે યાચના કરી શ્રીબલદેવજીએ નદીને જવા દીધી અને પોતે ગજરાજ હાથિણીઓ સાથે વિહાર કરે તેમ સ્ત્રીઓ સાથે જલમાં વિહાર કરવા લાગ્યા. (૨૮) ખૂબ માની રીતે જલવિહાર કરી સ્થલ ઉપર બહાર પધાર્યા ત્યારે ''કાન્તી'' નામની ભગવાનની ચતુર્થ તામસી શક્તિએ બલરામજીને અમૂલ્ય બે નીલાંબર, ઉત્તમ આભૂષણો, અને સુંદર વનમાલા ભેટમાં આપી. (૨૯) શ્રીબલભદ્રજીએ જ્યારે નીલાંબર ધારણ કર્યા વળી સુવર્ણમયી માલા પહેરી અને ચંદનના લેપથી સુંદર લેપન કર્યું ત્યારે ઈન્દ્રરાજના શ્વેતવર્ણી ઐરાવત હાથી સમાન શોભવા લાગ્યા. (૩૦) હે રાજન્ ! આજે પણ હળથી ખેંચાયેલા યમુનાના પ્રવાહને જોતાં બલભદ્રના સામર્થ્યનું દર્શન થાય છે. જાણે તે સ્થાન અનન્ત વીર્ય બલરામજીના પરાક્રમની ધ્વજાસમું દર્શન દેખાડી રહેલ છે. (૩૧) આ રીતે વ્રજનારીઓ સાથે વનમાં જલમાં વિહાર કરતાં માધુર્યોથી વશ થયેલા ચિત્તવાળા બલભદ્રજીની સર્વ રાત્રીઓ એક જ રાત બની રહી હતી. (૩૨)

एव सर्वा निशा याता एकेव चरतो व्रजे । समस्याक्षिप्तचित्तस्य माधुर्यै र्व्रजयोषिताम् ॥ ३२ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધ નિરોધ કથાના સાત્વિક પ્રકરણના પ્રમેય પ્રકરણમાં અધ્યાય ૬૫ મો સમાપ્ત

અધ્યાય - ૬૬ મો

(આ અધ્યાયમાં ૪૬ શ્લોકો છે. સાત્ત્વિક લીલાનું પ્રમેય પ્રકરણ છે. પ્રથમ બે અધ્યાયોમાં ઐશ્વર્ય-વીર્ય નામના બે ધર્મોનું વર્ણન કરીને યશોધર્મનું વર્ણન આ અધ્યાયેમાં કહેવાશે. કાશીરાજ અને પૌંડ્રકની કથા અહીં વર્ણવાશે.)

श्रीशुक उवाच–नन्दव्रजं गते रामे करुषाधिपतिनृपि । वासुदेवोहमित्यज्ञो दूतं कृष्णाय प्राहिणोत् ।। १ ।।

કૃષ્ણની સ્પર્ધા કરે તેને કૃપાળુ કૃષ્ણ પોતાની સમાન બનાવે

શ્રીશુકાચાર્યજી પૌંડ્રકથાનો પ્રારંભ કરતાં બોલ્યા કે રાજન્ ! જ્યારે નંદરાયજીના વ્રજમાં શ્રીબલભદ્રજી પધાર્યા ત્યારે કરુષ દેશના અવિવેકી રાજા પૌંડ્રકે પોતાના દૂતને મોકલીને સંદેશો આપ્યો કે સાચો કૃષ્ણ તો હું છું. (૧) ઉત્તરાપથના બ્રાહ્મણભક્ત અને ધર્મપરાયણ કરુષક્ષત્રિય વંશમાં વસુદેવ નામના રાજા હતા. તેનો પૌંડ્રક નામનો પુત્ર હતો. પુરાણોમાંથી તેને કથા સાંભળી કે ''વાસુદેવ ભગવાન'' વસુદેવને ત્યાં અવતરશે. આ વાત સાંભળી તેને માની લીધું કે પોતે જ વાસુદેવ છે. તેમાં તેના વળી બાલિશ લોકોએ એને બહેકાવી મૂક્યો કે જગત્પતિ વાસુદેવ આપ જ અવતર્યા છો. આવું લોકવાક્ય પોષક બન્યું અને એને માની પણ લીધું કે હવે પોતે જ વાસુદેવ છે એમ કરતાં તે કાશીમાં રહ્યો અને એની આ સમજ ઉત્તરોત્તર દઢ થતી ગઈ. (૨) એક દિવસ આવા અજ્ઞાનના નશામાં આ પૌંડ્રકે જેમ બાલકો રાજા

પ્રજાની રમત રમે અને એક બાલક બીજા બાલકને રાજા બનાવી મુખ્ય રાજાની પાસેના દૂતને મોકલે એવી જ ચેષ્ટા કરી. અને પૌંડ્રક બાલિશ લોકોનો ચઢાવ્યો ચઢીને પોતાને જ અચ્યુત વાસુદેવ માની બેઠો અને જે શ્રીકૃષ્ણની લીલાને કોઇ ન પામી શકે તે અચ્યુત પાસે પૌંડ્રકે પોતાના દૂતને મોકલ્યો. (૩) આ દૂત દ્વારકામાં રાજસભમાં આવ્યો અને સિંહાસને બિરાજેલા કમલપત્ર સમાન નેત્રવાળા ભગવાન શ્રીકૃષ્ણને પૌંડ્રકનો સંદેશો સંભળાવ્યો. (૪) આ દૂતે આવીને પૌંડ્રકના શબ્દોમાં કહ્યું કે પ્રાણી માત્ર ઉપર અનુંકપા કરવા માટે હું એક જ વાસુદેવ અવતરેલ છું. મારા વિના કોઇ વાસુદેવ નથી માટે સૂચના છે મારુ ધારણ કરેલું મિથ્યા વાસુદેવ નામ ત્યજી દેવું. (૫) એટલું જ નહી પણ મૂઢતાવશ બનીને જે બીજાં મારાં સુદર્શન આદિ ચિન્હો ધારણ કર્યાં છે તે પણ ત્યજી દેવાં અને અવિલંબે મારે શરણે આવવું અને જો તેમ ન જ કરવું હોય તો પછી મારી સાથે સંગ્રામ કરવો. (૬) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! કમબુદ્ધિ પૌંડ્રકની પોતે પોતાની કરેલી ડંફાંશને સાંભળીને યાદવ સભામાં બેઠેલા ઉગ્રસેન વગેરે સભાસદો જોરથી હસી પડ્યાં. (૭) આ પ્રકારે રાજદૂતની વાત ઉપર હસવુ આવ્યા બાદ ભગવાન શ્રીકૃષ્ણે પૌંડ્રકના દૂતને કહ્યું કે હે મૂઢ ! જે ચિન્હના માટે તુ બકવાદ કરી રહ્યો છુ તે ચિન્હોનો હું ત્યાગ કરીશ. (૮) હે મૂર્ખ ! જ્યારે તું કંકં-ગીધ-બક વગેરે પક્ષીઓથી ઘેરાયેલો. મુખ ઢાંકી ઘરણી ઉપર સૂઇ જશે ત્યારે તુ શ્વાનને શરણે જજે એટલે અંતે અગ્નિસંસ્કાર પણ પામીશ નહીં. (૯)

પૌંડ્રકની પાગલતા કે પુરુષોત્તમચરણે પ્રપત્તિ

રાજન્ પરીક્ષિત ! પૌંડ્રકનો રાજદૂત રાજાધિરાજ દ્વારિકાધીશ મહારાજ પાસેથી તિરસ્કારને સૂચવતાં વાક્યો સાંભળી લાવ્યો હતો તે સ્વામી પૌંડ્રકને સભામાં કહી સંભળાવ્યાં અને ભગવાન શ્રીકૃષ્ણ રથમાં બિરાજીને વારાણસી-કાશીનગરીમાં પધાર્યા. (૧૦) પુનઃ મહારથી પૌંડ્કે ભગવાનને ચઢી આવેલા જાણ્યા પોતે બે અક્ષૌહિણી સેનાને લઈને કાશીનગરીની બહાર મેદાને આવ્યો. (૧૧) હે નરેશ પરીક્ષિત ! મિત્રતાના નાતે પૌંડ્કના મિત્ર કાશીરાજ પણ મિત્રને સહાય આપવા માટે તેની પાછળ ત્રણ અક્ષૌહિણી સેના લઇ આવી પહોંચ્યા અને ભગવાન શ્રીકૃષ્ણે પૌંડ્કને જોયો. (૧૨) ભગવાને જ્યારે પૌંડ્રકને જોયો ત્યારે શંખ-ચક્ર-ગદા-શાર્ઙ્ગ ધનુષ્ય શસ્ત્રો તરીકે ધારણ કર્યાં હતા અને કંઠમાં કૌસ્તુભ તેમજ વક્ષ:સ્થલમાં શ્રીવત્સચિન્હ અને વનમાલાથી શોભી રહ્યો હતો. (૧૩) રેશમી પીતાંબર અને રેશમી પીળો ઉપરણો ધારણ કર્યો હતો. અમૂલ્ય મુકુટ તથા આભૂષણો પહેર્યાં હતાં, કાનમાં મકારાકૃતિ કુંડલોચળકી રહ્યાં હતાં અને રથ ઉપર ગરુડધ્વજ હતો. (૧૪) કોઇ રંગભૂમિમાં ભગવાન શ્રીકૃષ્ણનો સ્વાંગ સજીને આવે તેવી જ રીતે રણભૂમિમાં પોતાના સ્વાંગને સજીને આવેલા અને સન્મુખ ઊભેલા કૃત્રિમ વસુદેવને નિહાળી શ્રીહરિ કૃષ્ણ ભગવાન પુષ્કળ હસ્યા. (૧૫) ત્યારબાદ પૌંડ્રકની સેનાએ ભગવાન શ્રીકૃષ્ણ ઉપર ત્રિશૂલ-ગદા-પરિઘ-બરછી-ઋષ્ટિ-ભાલા-ખડ્ગ-પટ્ટિશ અને બાણોથી પ્રહાર આરંભી દીધો. (૧૬) ભગવાન શ્રીકૃષ્ણે કાશીરાજની ત્રણ અને પૌંડ્રકની બે મળી પાંચ એક્ષૌહિણીવાળી હાથી-ઘોડા રથ-પાયદળની ચતુરંગિણી સેનાનો પ્રલય સમયે અગ્નિ સર્વનો નાશ કરી નાખે તે રીતે ગદા-ખડ્ગ-ચક્ર અને બાણોથી નાશ કરી નાખ્યો. (૧૭) ભગવાન શ્રીકૃષ્ણના ચક્રપ્રહારથી ટુકડા થઇ કપાઇને પડેલા રથ-ઘોડા-હાથી પાયદળ-ગધેડાં-ઊંટના અંગઉપાંગોથી રણભૂમિ સંપૂર્ણ ઢંકાઇ ગઇ તેમજ શોભવા લાગી જાણે આ રણભૂમિ રણવીરોને ઉત્સાહ અને આનંદ દેતી સ્મશાનમાં રમણ કરતાં ઉમાનાથની રમણસ્થલી જ બની ગઇ અને કાયર જનોને તે ભંયકર ભાસવા લાગી. (૧૮) પુનઃ ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા કે હે પૌંડ્રક હે ગૌંડ્રક ભાઈ ! તેં દૂતમુખે જે સંદેશો મોકલ્યો હતો કે બનાવટી ધારણ કરેલાં ચક્ર વગેરે અસ્ત્રો તારા કહેવા પ્રમાણે તારા ઉપર છોડું છું અને વાસુદેવ નામ છોડવાનું કહ્યું હતું તે પણ તારું લીધેલું કૃત્રિમ નામ પણ છોડાવું છું. વળી તેં કહેલું કે યુદ્ધ કરવાની શક્તિ ના હોય તો શરણે આવવું તો હું શરણે નથી આવતો પણ રણસંગ્રામે આવ્યો છું. (૧૯,૨૦) આ પ્રકારે પૌંડ્કનો તિરસ્કાર કરતા ભગવાન શ્રીકૃષ્ણે તીક્ષ્ણ બાણોથી પૌંડ્રકને રથ વિનાનો બનાવી રાજા ઇન્દ્રે જેમ પર્વતની પાંખો કાપી નાખી એવી જ રીતે ભગવાને ચક્રથી તેનું મસ્તક પણ ઉડાવી દીધું. (૨૧) આ જ પ્રકારે ભગવાન શ્રીકૃષ્ણે પીઠરક્ષક તરીકે આવેલા કાશીરાજના મસ્તકને પવનની ઝડી કમળની કળીને ઉડાવી દે તેમ ઉડાવી દીધું પણ કુંડલ સાથે જ બાણ ઉપર ચડાવીને કાશીમાં ફેંકી દીધું. (૨૨) ભગવાન શ્રીહરિએ મત્સર રોગથી ભરેલા પૌંડ્રકનો અને મિત્ર કાશીરાજનો વધ કર્યો અને સિદ્ધગણ મુનિજનથી

યશોગાન ગવાતા પુનઃ શ્રીપુરુષોત્તમ શ્રીદ્વારિકામાં પધાર્યા. (૨૩)

નટનો પણ નટવરવપુ શ્રીનાથ મોક્ષ કરે

રાજન્ ! પૌંડ્રક મત્સરથી પણ ધ્યાન તો શ્રીકૃષ્ણનું જ કરતો હતો. વળી વેષ પણ નટની માફક નટવરલાલનો જ પહેર્યો હતો તેથી એનાં સર્વ બંધનો નાશ તો પામ્યાં જ પરંતુ ભગવાનનું સ્વરૂપ લીધું હતું તેથી તે કૃષ્ણમયતાને પામ્યો. (૨૪) બીજી બાજુ કાશીરાજની કાયાને કપાયેલ મસ્તકને કુંડલ સાથે રાજદ્વારમાં જોયું ત્યારે કાશીનિવાસીઓ સંશયમાં ગરકાવ બની ગયા અને પરસ્પર કહેવા લાગ્યા કે અરે આ મુખ કોનું હશે ? (૨૫) ત્યારે કાશીરાજની મહારાણીઓએ પુત્રો અને બંધુજનોએ તો નિર્ણય કરી લીધો કે આ મસ્તક કાશીપતિનું જ છે. ત્યારે રાણીઓ સાથેનો પરિવાર પારાવાર રુદન કરતો કહેવા લાગ્યો કે અરેરે અમે જ મરી ગયાં છીએ એવું પોકારતો પુષ્કળ રડવા લાગ્યો. (૨૬) કાશીરાજનો સુદક્ષિણ નામનો પુત્ર હતો. તેણે પિતાની દેહાન્ત પછીની ઉત્તર ક્રિયાઓ કરી, અને મારા પિતાનો વધ કરનારનો વધ કરી મારાપિતાનું વૈર લઇશ અને પિતાના ઋણમાંથી ઋણમુક્ત થઇશ. (૨૭) આ પ્રકારે મનમાં નિશ્ચય કરીને પોતાના પુરોહિતજીને આગળ કરીને એકાગ્રચિત્ત બની ઉત્તમ પ્રકારની સમાધિથી ભૂતપતિ મહેશ્વર ભગવાનની અર્ચના કરવા લાગ્યો. (૨૮) અવિમુક્ત ક્ષેત્રમાં-કાશીક્ષેત્રમાં કાશીરાજકુમારે તપ આરંભ્યું. કાશીનગરીનું અવિમુક્ત ક્ષેત્ર નામ છે.

અવિમુક્ત ક્ષેત્રની મંગલ ગાથા તેમજ અમંગલ કરનારનું જ અમંગલ થાય છે

શ્રીશંકરભગવાને બ્રહ્માજીનાં પાંચ મસ્તકમાથી ઉપરનું પાંચમુ મસ્તક જ્યારે કાપી નાખ્યું ત્યારે તેમને બ્રહ્મહત્યા લાગી. આ હત્યામાંથી કેવી રીતે છુટાય તે પૂછવા શિવજી શ્રીબદરીનાથ પાસે નારાયણ આશ્રમમાં પધાર્યા. ત્યારે શ્રીબદરીનાથજીએ શ્રીકાશીનાથને કહ્યું કે આપ આપનાં ક્ષેત્રમાં પધારો. હું આ કમલ અહીંથી ફેંકું છું તે જ્યાં કાશીમાં પડે ત્યાં જઇ આપ બિરાજો. ત્યાથી બહાર ના પધારશો. તે સ્થાનમાં બ્રહ્મહત્યા આપને સ્પર્શશે નહીં. પ્રભુત્યાં પધાર્યા. કમળ ત્યાજ આવીને કાશીમાં પડયું. ભગવાન શંકર ''કાશીનગરી'' ને ત્યજીને કદી બહાર પધારતા નથી તેથી તે નગરી ''અવિમુક્ત''-શ્રીશિવજીએ કદી ન મૂકેલી-છોડેલી હોવાથી અવિમુક્ત નગરી કહેવાય છે. ત્યાં તપ કરતા સુદક્ષિણ ઉપર પ્રસન્ન થઇ ભગવાને વરદાન માગવા કહ્યું ત્યારે સુદક્ષિણે જે સાધનથી-ઉપાયથી વધ થાય તેવું સાધન કે ઉપાય પોતાના પિતાનો વધ કરનારા શ્રીકૃષ્ણના વધ માટે માગ્યો. (૨૯) ત્યારે ભગવાન મહાદેવે કહ્યું કે સુદક્ષિણતું બ્રાહ્મણોને બોલાવી તેમના દર્શાવ્યા પ્રમાણે તેમની સાથે રહીને ઋત્વિજ બનીને દક્ષિણાગ્નિનું અભિચાર વિધિથી પૂજન કર. તે દક્ષિણાગ્નિ પ્રમથોની સાથે તારા મનોરથને પૂર્ણ કરશે. પરંતુ આ પ્રયોગ બ્રાહ્મણ ભક્ત ઉપર સફળ નહીં થાય, માટે અબ્રાહ્મણ ઉપર -જે બ્રાહ્મણ ભક્તના હોય તેના ઉપર કરજે. (૩૦)$^{૧}/_{૨}$ મહાદેવજીએ જ્યારે તેને આ પ્રકારે આજ્ઞા આપી ત્યારે તે કુમતિ સુદક્ષિણે મહાદેવજીએ બતાવેલો દક્ષિણાગ્નિ અભિચાર પ્રયોગ બ્રહ્મણ્યદેવ શ્રીકૃષ્ણ ઉપર કરવા માંડયો. (૩૧) આ વખતે કુંડમાંથી અત્યંત ભયાનક મૂર્તિમાન અગ્નિ બહાર પ્રકટ થયો. આ અગ્નિની નવા તપાવેલા તાંબા જેવી લાલચોળ શિખા હતી. નેત્રોમાંથી અંગારા વરસતા હતા. દાઢી અને મૂછ પણ તાંબા જેવી જ લાલચોળ હતી. (૩૨) ભયંકર દાઢવાળો, ભ્રકુટિરૂપી ભયંકર દંડવાળો તે વિકરાળમુખો અગ્નિ પોતાની જીભથી બન્ને બાજુનાં ગલોફાને ચાટી રહ્યો હતો. ઉપર વસ્ત્ર હતું નહી અને વારંવાર ત્રિશૂલને ચારે બાજુ ઘૂમાવી રહ્યો હતો. (૩૩) તાડના ઝાડ જેવા લાંબા પગથી ભૂમિતળને કમ્પાવતો, ભૂતગણોથી ઘેરાએલો, દશે દિશાને સળગાવતો દ્વારકાનગરીએં દોડી આવ્યો. (૩૪) નગરી ઉપર ધસી આવતા દક્ષિણાગ્નિ નામના અભિચાર અગ્નિને જોઇને સર્વ દ્વારિકાનિવાસીઓ વનમાં દાવાનળ સળગી ઊઠતાં પશુઓ અકળાઇ ઊઠે તેમા સઘળાં અકળાઇ ઊઠયાં. (૩૫) ભયભીત બની ગયાં, અને સભામાં પાસાની રમત રમતા ભગવાન શ્રીકૃષ્ણે સમીપે દોડી ગયા અને કહેવા લાગ્યા હે ત્રિલોકીનાથ ! દ્વારિકાપુરીને બાળી નાખનારા અગ્નિથી ઉગારી લ્યો, રક્ષા કરો નાથ ! રક્ષા કરો. (૩૬) ભગવાને પ્રાર્થના સાંભળી તેમજ નિજ ભક્તજનોની વ્યાકુળતા જોઇ અને આવી પડેલ ભયને જોયો ત્યારે શરણાગતની રક્ષામાં નિપુણ અને નિત્ય તત્પર શ્રીકૃષ્ણ ભગવાને હસીને કહ્યું કે ડરશો મા ! હું તો તમારો રક્ષક છું પછી ભય શાનો ? (૩૭) સર્વના અન્તર્યામી અને બહિર્યામી સર્વના સાક્ષી ભગવાન શ્રીકૃષ્ણે જાણ્યું કે આ તો મહાદેવજીની કૃત્યા આવી રહી છે. ત્યારે બાળવાનું કાર્ય ધરાવતી કૃત્યાના કાર્યનો

નાશ કરવા પોતાને પડખે બિરાજતા શ્રીસુદર્શનજીને ભગવાને આજ્ઞા કરી. (૩૮) કરોડો સૂર્ય સમાન તેજોમય અને પ્રલયના અગ્નિના જેવી કાન્તિવાળા અને પોતાના તેજથી આકાશ-દિશાઓ-સ્વર્ગ-પૃથ્વીને પીડા કરતા મુકુન્દ ભગવાનના સુદર્શનચક્રે કૃત્યાનો પીછો પકડ્યો. (૩૯) હે નરેશ પરીક્ષિત ! ભગવાનના તેજથી પાછો પડેલ તે કૃત્યા નામનો અગ્નિમુખ-ભાગી જતાં પાછો વળીને કાશીમાં આવીને અભિચાર પ્રયોગ કરી રહેલા સુદક્ષિણને તેમજ પ્રયોગ કરવાનારા ઋત્વિજોને પણ ભસ્મ કરી દીધા. (૪૦) ત્યાર બાદ આ કૃત્યા નામના અગ્નિની પાછળ આવેલા ભગવાન શ્રીકૃષ્ણજીના સુદર્શન ચક્રે વારાણસી નગરીમાં પ્રવેશ કરીને સભા, સભાના મંચો-ઘર-હાટ-ચૌટાં-બજાર અટારીયો-ભંડારો-અન્નગારો-કોઠારો-અશ્વશાલા- ગજશાલા-રથશાલા સર્વ કાંઇ સળગાવી દીધું. (૪૧) ભગવાન શ્રી કૃષ્ણના સુદર્શનચક્રે આ પ્રકારે સંપૂર્ણ કાશીનગરી સળગાવી દીધી. પુનઃ સુદર્શનજી કોઇને પણ કદી કલેશ ન આપતા અકિલષ્ટકર્મા શ્રીકૃષ્ણ પાસે આવી ગયા. (૪૨) કોઇ પણ મનુષ્ય ઉત્તમશ્લોક ભગવાનના આ દિવ્ય પરાક્રમ ભરેલા પવિત્ર ચરિત્રનું શ્રવણ કરાવશે કે એકાગ્રચિત્તથી શ્રવણ કરશે એ શ્રોતા વક્તા બન્ને સર્વ પાપોથી છૂટી જશે, એટલે એ જીવનાં સર્વ પાપો બળી જશે. (૪૩)

य एतत् श्रावयेन्मर्त्य उत्तमश्लोकविक्रमम् । समाहितो वा श्रृणुयात् सर्व पापैः प्रमुच्यते ॥ ४३ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધના નિરોધકથામાં સાત્વિક પ્રકરણના પ્રમેય પ્રકરણમાં અધ્યાય ૬૬મો સમાપ્ત

અધ્યાય - ૬૭ મો

(આ અધ્યાયમાં પ્રમેય લીલામાં ભગવાનના 'શ્રી' નામના ઐશ્વર્યનું વર્ણન કરશે. પૂર્વ અધ્યાયમાં જે શ્રીકૃષ્ણવીર્ય વર્ણવ્યું તે પણ સંકર્ષણ-બલભદ્ર લીલા જ હતી. કારણ કે પૌંડ્રકને ખબર હતી કે બલભદ્ર દ્વારિકામાં નથી તેથી તે ફાવી જશે પરંતુ ધારણા ખોટી પડી અને આ સંકર્ષણ લીલા જ થઇ. તેથી બલભદ્રજીનું ચરિત્ર ચાલુ છે એ વાત સુનિશ્ચિત છે. હવે આ અધ્યાયના ૨૮ શ્લોકોમાં દ્વિવિદ નામના વાનરના નિરોધ અને કલ્યાણની કથા શરૂ થાય છે.)

શ્રીરામાવતારનો ભક્ત અને શ્રીકૃષ્ણાવતારમાં અભક્ત દ્વિવિદ વાનર

राजोवाच-भूयोहं श्रोतुमिच्छामि रामस्याद्भुतकर्मणः । अनन्तस्याप्रमेयस्य यदन्यत्कुतवान् प्रभुः ।। १ ।।

રાજા પરિક્ષીતજીએ શ્રીશુકાચાર્યજીને પૂછ્યું કે ભગવાન્ ! અદ્ભુત પરાક્રમવાળા શ્રીઅનન્તજી બલભદ્રજીનાં બલઐશ્વર્યો માપી ન શકાય તેવાં છે. તો સમર્થ શ્રીબલરામ ભૈયાજીએ જે અન્ય દિવ્ય ચિરિત્રો કીધાં છે તે પણ સંભળાવવા કૃપા ન કરો ? રાજાનો પ્રશ્ન સાંભળી શ્રીશુકાચાર્યજીએ કહેવા માડ્યું કે કોઇ એક "દ્વિવિદ" નામથી પંકાયેલો વાનર હતો. નરકાસુર એટલે ભૌમાસુરનો તે મિત્ર હતો. રામાવતારમાં ભક્તરાજ સુગ્રીવજીનો તે સચિવ હતો અને પરાક્રમી મૈન્દ નામના વાનરનો તે ભાઈ થાય. આ દ્વિવિદ વાનર દૈત્ય હતો કે દેવ એ સ્પષ્ટ નથી કર્યું, પણ તેનો બે પ્રકારનો સ્વભાવ હતો. કારણ કે રામાવતારમાં તે ભક્ત હતો જ્યારે તે જ વાનરકૃષ્ણાવતારમાં અભક્ત હતો તેથી આવા બે પ્રકારના જ્ઞાનને લીધે તેનું નામ દ્વિવિદ રાખ્યું હતું. શ્રીસુગ્રીવના ચાર મંત્રી પૈકી આ એક મંત્રી હતો. (૨) આ દ્વિવિદ વાનર પોતના મિત્રને શ્રીકૃષ્ણે માર્યો તેનો બદલો વાળવા માટે રાષ્ટ્રનો નાશ કરનારા અનેક ઉત્પાતો તેણે કરવા માંડ્યા. તેણે નગરો-ખાણો-ગામડાં-નેસડાઓને સળગાવવા માંડ્યાં. (૩) કોઇ કોઇ વાર તો પર્વતોને ઉખાડી ઉપાડી લાવી દેશમાં રહેલા મનુષ્યાદિ સર્વ પ્રાણીઓના ચૂરા કરવા લાગ્યો. તેમાં પણ ખાસ કરીને ભગવાનના આનર્ત દેશો ઉપર તો કેર વર્તાવવા માંડ્યો. કારણ કે તેના મિત્ર નરકાસુરનો નાશ કરનાર શ્રીહરિ આ પ્રદેશમાં બિરાજતા હતા. (૪) કોઈવાર તે સાગરની મધ્યમાં જઇને બન્ને હાથોથી જલ ઉલેચી ઉલેચીને તીરે આવેલા દેશોને ડૂબાડી દેતો હતો. કારણ કે તે દશહજાર હાથીઓનું બળ ધરાવતો હતો. (૫) આ ખલ દ્વિવિદને આટલાથી સંતોષ ના થયો ત્યારે જે વૈદિકો હતા, અગ્નિહોત્રીઓ હતા આવા તપ, જ્ઞાન વગેરે કાર્યોમાં મુખ્ય ઋષિઓ હતા તેમનાં આશ્રમનાં વૃક્ષો, વનસ્પતિઓને ઉખાડી નાખતો અને તોડી નાંખતો હતો એટલું જ નહીં પરંતુ આશ્રમોમાં જઈ મલ-મૂત્ર વગેરે દૂષિત વસ્તુઓ નાંખીને યજ્ઞવેદીઓ, યજ્ઞસામગ્રી અને અગ્નિકુંડો અપવિત્ર કરી નાખતો હતો. (૬) ખલ દ્વિવિદ વાનર પુનઃસ્ત્રીઓને અને

પુરુષોને ઉપાડી લઇ જઇ પર્વતોની ગુફામાં અને ખાણોમાં પૂરી રાખી મોટી મોટી શિલાઓ દ્વારા દ્વારો બંધ કરી દેતો હતો. ભમરી જેમ કીડાને પોતાના દરમાં પૂરી દે એવી આની કુચેષ્ટા સર્વને સતાવતી હતી. (૭) આ પ્રકારે દેશોમાં ઉપદ્રવ કરતો, કુલાંગનાઓના સતીત્વનો નાશ કરવાની કુચેષ્ટાઓ કરતો હતો. એવામાં તેણે સુંદર ગીત સાંભળ્યું અને તેના આવતા ધ્વનિ ઉપરથી તે રૈવતક પર્વત ઉપર ગયો. (૮) ત્યાં જ્યારે તે પહોંચ્યો ત્યારે તેણે કમલની માલા ધારણ કરેલા સર્વાંગ સુડોળ અતિ સુંદર શ્રીબલભદ્રજીને લલનાવૃન્દની મધ્યમાં બિરાજેલા શ્રીયદુપતિને જોયા. (૯) શ્રીબલભદ્રજીએ વારુણી મદિરાનાં પાન કર્યાં હતાં મદઘેરાયેલા નેત્રો હતાં, વળી મદઝરતા હાથીની સરખા મસ્ત અને મધુરગાન કરતા શ્રીબલભદ્રજીને નિહાળ્યા. (૧૦) આ દુષ્ટ દ્વિવિદ વાનરે જેવા બલભદ્રજીને જોયા કે અવિલંબે શાખા ઉપર ચઢી તો ગયો પરંતુ ઉપર વૃક્ષોને કંપવવા લાગ્યો. અને શઠની સીમાએ પહોંચેલો સ્ત્રીઓને પોતાની ગુપ્તઇન્દ્રિય બતાવતો કિલકિલાટ કરવા લાગ્યો. (૧૧) સ્વભાવથી જ ચંચલ તરુણીઓ આ ખલ દ્વિવિદ વાનરની ધૃષ્ટતા દેખીને હસવા લાગી. તે સ્ત્રીઓ શ્રીબલભદ્રનાં આશ્રિત અથવા તો વિવાહિત હોવાથી નિર્ભય હતાં તેમજ સ્ત્રીઓ હાસ્યપ્રિય હસમુખી હતાં. (૧૨) આ અવસરે બલભદ્રજી જોઇ રહ્યા હતા તો પણ ધૃષ્ટ વાનર તેમના દેખતાં જ સ્ત્રીઓને પોતાની ગુદા દર્શાવતો ભ્રમરો ચઢાવતો અને સન્મુખ આવવાની ચેષ્ટા કરતો ઇરાદાપૂર્વક તે નારીઓનું અપમાન કરવા લાગ્યો. (૧૩)

તુમુલ સંગ્રામ

પ્રહાર કરવામાં પૂર્ણ કાબેલ હોવા છતાં બલભદ્રે વિચાર્યું કે અલ્પ અપરાધ માટે અલ્પશિક્ષા કરવી જોઇએ એમ વિચારીને ક્રોધે ભરાયેલા બલભદ્રજીએ તે દ્વિવિદ વાનર ઉપર પથ્થરનો પ્રહાર કર્યો. ત્યારે તે ધૂર્તવાનરે પોતાને બચાવી લઇને પાષાણના પ્રહારને ચૂકાવીને મદિરાનો કલશ તે ઉપાડી ગયો. (૧૪) વળી ધૂર્ત દ્વિવિદ વાનર આ રીતે કલશ ઉપાડી જઇને બલદેવજીનું અપમાન કરતો હસતો જાય છે કે જેથી બલભદ્રજી ખૂબ જ ગુસ્સે થાય. આખરે એણે કલશને તોડી નાખ્યો. સ્ત્રીઓનાં વસ્ત્રો ફાડવા લાગ્યો અને બલદેવજીની સામે બાહુ ઠોકતો મલ્લોની માફક બલદેવજીને બાહુયુદ્ધ માટે પડકારવા લાગ્યો. (૧૫) દ્વિવિદ વાનર પોતાની જાતને બલવાન લેખતો મદથી ઉદ્ધત બન્યો. અને બલભદ્રજીનું અપમાન કરવા લાગ્યો ત્યારે તેના આવા અવિનયને જોઇને તેમજ અનેક દેશો ઉપર પણ કરેલા તેના અવિનયને જોઇને બલભદ્રજી વિચારવા લાગ્યા કે આને શું કરવું ? (૧૬) આખરે ક્રોધે ભરાયેલા બલભદ્રજીએ ખલ દુશ્મન દ્વિવિદને મારવાનો નિર્ણય કર્યો અને હાથમાં મુશળ અને હળ લીધાં એટલે મહાન ! વીર દ્વિવિદ વાનરે પણ પોતાના એક હાથથી શાલ વૃક્ષને ઉખાડીને બલદેવજીને બતાવ્યું કે હું પણ પરાક્રમી છું. (૧૭) દ્વિવિદ કેવલ આટલેથી જ ના અટક્યો પરંતુ શ્રીબલભદ્રજી ઉપર ત્રાટક્યો અને હાથમાં લીધેલા શાલ વૃક્ષને સીધું બલભદ્રજીના શ્રીમસ્તક ઉપર પટક્યું. પરંતુ શ્રી સંકર્ષણ બલભદ્રજીને એની કોઇ પણ અસર ન થતા પટકાતા વૃક્ષથી માત્ર એમ જ લાગ્યું કે જાણે પર્વત ઉપર વૃક્ષ પડ્યું. (૧૮) ઉપર આવી પડતા આ શાલ વૃક્ષને બલવાન શ્રીબલભદ્રજીએ અધવચ હાથમાં પકડી લીધું અને પોતાના સુનન્દ નામના મુશળથી તેના મસ્તક ઉપર પ્રહાર કર્યો જેથી તેના માથાની ખોપરી તૂટી ગઇ અને રુધિરની ધારાથી દ્વિવિદ વાનર શોભવા લાગ્યો. (૧૯) વીર દ્વિવિદે આ પ્રહારની પરવા ન કરી. તેના માથાની તૂટેલી ખોપરીમાંથી વહેતી રુધિરની ધારા તો જાણે પર્વત ઉપરથી નીચે ઊતરતી ગેરુની ધારા જેવી લાગવા લાગી. ત્યાર બાદ કપિએ બીજું શાલનું ઝાડ જમીન ઉપરથી ઉખાડયું અને એના પરાક્રમથી વૃક્ષનાં પાન તોડી નાખ્યાં. (૨૦) વીર દ્વિવિદે વૃક્ષની જડથી શ્રીબલભદ્રજી ઉપર પ્રહાર કર્યો ત્યારે શ્રી બલરામે તે વૃક્ષના સેંકડો ટુકડા કરી નાખ્યા એટલે વળી દ્વિવિદે રોષે ભરાઈને બીજા વૃક્ષને ઉખાડી તે જ પ્રકારે ફરી પ્રહાર કર્યો અને બલભદ્રજીએ એ વૃક્ષના સેંકડો ટુકડાં કરી નાખ્યાં. (૨૧) આ રીતે દ્વિવિદ વૃક્ષોથી યુદ્ધ કરે છે અને તે તે વૃક્ષોને બલભદ્રજી ભાંગી નાખે છે. આમ તે દ્વિવિદ વૃક્ષ ઉખાડતો ગયો પ્રહાર કરતો ગયો. બલભદ્રજી વૃક્ષોના ટુકડા કરતા ગયા અને આખું વન વૃક્ષ વિનાનું બનાવી દીધું પરંતુ વનમાં લતા, વીરુધ વગેરે તો રહ્યાં. (૨૨) હવે દ્વિવિદ વાનરે બલરામ ઉપર પર્વતોની ચટાનો ફેંકવા માંડી. મુશળના આ યુદ્ધથી શ્રીબલભદ્રજીએ તે સર્વ શિલાઓનાં રમતમાં અને રમતમાં ચૂર્ણ બનાવી દીધાં. (૨૩) આખરે કવિરાજ દ્વિવિદ પોતાના તાડના ઝાડ જેવા બે હાથ ઊંચા કરી તેની મૂઠીઓવાળી બળદેવજીની લગોલગ આવી ગયો અને તેણે રોહિણીકુમાર

બલભદ્રજીના વક્ષઃસ્થળમાં મૂઠીઓનો પ્રહાર કર્યો. (૨૪) પૂર્વાવતારનો રામચન્દ્રજીનો ભક્ત હોવાથી તેનું કલ્યાણ કરવા માટે શ્રીબલરામે હાથમાંથી હળ-મુશળ છોડી દઇ અને બે હાથથી તેની હાંસડી ભાગી નાખી જેથી તે રુધિર ઓકતો ધરણી ઉપર ઢળી પડ્યો. (૨૫) દ્વિવિદ કપિરાજ ધરણી ઉપર પડ્યો ત્યારે હે કુરુકુલકેશરી પરીક્ષિત ! જલમાં જેમ જહાજ વાયુથી ડોલે તેમ શિખરો અને તેના ઉપર રહેલાં વૃક્ષો સાથે પર્વત ડોલવા લાગ્યા. (૨૬) આ અવસરે સુરગણ-સિદ્ધગણ અને મુનિવરોના શ્રીમુખમાંથી શ્રીદાઉદયાલ ભૈયાજીકી જય જય અને નમઃ નમઃ શબ્દોના સુમંગલ ધ્વનિ તેમજ "સાધુ સાધુ" વાહ વાહ શબ્દો આકાશમાં સંભળાવા લાગ્યા તેમ જ પુષ્પની વૃષ્ટિ વર્ષાવવા લાગ્યા. (૨૭) આ પ્રમાણે જગતનો નાશ કરવા દ્વિવિદ કપિવરનો મોક્ષ કરી જ્યારે શ્રીદ્વારિકા તરફ પધારી રહ્યાં હતા ત્યારે જનસમૂહ શ્રીબલભદ્રજીનાં યશોગાન કરતો હતો અને બલભદ્રજી પુરમાં પધારી રહ્યા હતા. (૨૮)

एवं निहत्य द्विविदं जगद्व्यतिकरावहम् । संस्तूयमानो भगवान् जनैः स्वपुरमाविशत् ॥ २८ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધ રાજસલીલા પ્રકરણના ફલ પ્રકરણમાં અધ્યાય ૬૭ મો સમાપ્ત

અધ્યાય - ૬૮ મો

(ભગવાન બલભદ્રજીનું આ ત્રીજું ચરિત્ર છે. પૂર્વના અધ્યાયમાં શ્રી બલભદ્રજીએ દુષ્ટ દ્વિવિદનો કંટક દૂર કર્યો. હવે આ અધ્યાયમાં શિષ્ટપુરુષોને શિક્ષારૂપ ચરિત્ર આવશે. આ ચરિત્ર અલૌકિક તેમજ આશ્ચર્યકર ચરિત્ર છે. શ્રીયમુનાજીમાં અને પર્વત રૈવતકમાં કરેલી લીલાઓની કથા કહીને શ્રીગંગાજીમાં પણ કરેલી લીલાનું ગાન આ કથા પ્રસંગમાં આવી રહેલ છે. તેમાં ખાસ કરીને દુર્યોધનકુમારી લક્ષ્મણાનો સ્વયંવર, લક્ષ્મણાનું સામ્બે કરેલ અપહરણ, છ વીરો દ્વારા એકલા સાંબનું અધર્મથી બંધન અને બલભદ્રે સાંબનું કરાવેલ વિમોચનની રસપ્રદ કથા આ અધ્યાયમાં ૫૪ શ્લોકોમાં ગાવામાં આવી છે અને આ અધ્યાયમાં જ્ઞાન - ઐશ્વર્યનું વર્ણન છે.)

श्रीशुक उवाच-दुर्योधनसुतां राजन् लक्ष्मणां समितिञ्जयः । स्वयं वरस्थामहरत् साम्बो जाम्बवतीसुतः ।। १ ।।

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! શ્રીસાંબ જામ્બવતીજીના કુમાર હતા. સાંબ સંગ્રામ જીતનાર વીર યુવા હતા. પ્રભુના લાડીલા વીરમાં સાંબે સ્વયંવરમાં રહેલી દુર્યોધન રાજકુમારી લક્ષ્મણાજીનું અપહરણ કર્યું. (૧) રાજકુમારીએ કોને વરવું એ નિર્ણય જ કર્યો ન હતો ત્યાં જ સભામાંથી સાંબે લક્ષ્મણાનું અપહરણ કર્યું તેથી કુલ અને પરાક્રમ કર્મનું અભિમાન ધરાવતા કૌરવો કોપ્યા અને તેઓ કૃદ્ધ ભાષામાં બોલવા લાગ્યા કે આ દુર્વિનયી છોકરો છે. અથવા આ દુર્વિનયી છે અને નાનો છોકરો છે-બાલક છે. માટે બાલક કન્યાનો સ્પર્શ કરે તેથી કન્યા દૂષિત નથી થતી માટે પાછી લઈ આવીએ અને આ વિનય વિનાનાને બાંધી શિક્ષા કરીએ. વળી એક જાંબવાન રીછની કન્યા જાંબવતીની કૂખે જન્મેલો આપણી કન્યાને વરવા લાયક ન મનાય. તેમાં કન્યા ચાહતી હોય તો પણ ઠીક. આ તો આપણો અનાદર કરીને તેમજ બલાત્કારે હરણ કરી જાય તે કેમ વેઠાય ? (૨) આ અવિનયીને બાંધી લ્યો. એમ કરતાં યાદવો આપણને શું કરવાના છે. કારણ કે આવા માંડલિક રાજાઓને આપણે કૃપા કરીને આપેલી પૃથ્વી ઉપર તો નભે છે એટલે આપણી દયા ઉપર તો જીવે છે. (૩) પોતાના છોકરાને બાંધી લીધો છે એવું જાણે તો કદાચ યાદવો ચઢી આવશે તો જેમ યોગી પ્રાણાયામ કરીને પ્રાણો ઠેકાણે પાડે છે તેમ યાદવોના ગર્વનું ગંજન થતાં જ ઠંડા પડી જશે-ઠેકાણે પડી જશે. (૪) આ અવસરે સભામાં કર્ણ-શલ્ય-ભૂરિયજ્ઞકેતુ-દુર્યોધન વગેરે ચાર મુખ્ય હતા અને સ્વભાવે ખલ હતા તેઓને કુરુકુલવૃદ્ધોએ અનુમોદન આપ્યું અને સાંબને બાંધવા તૈયાર થયા. (૫)

નપુંસક નાસી જાય-નિર્બળ શરણે જાય-વીરપુરુષ સંગ્રામ કરે

જ્યારે કૌરવો બાંધવા આવ્યા ત્યારે સાંબ કન્યાને લઇને પલાયન ન થયા, દીન બની પગે ના પડ્યા, પણ પરાક્રમ વીરને શોભે તે રીતે મહારથી સાંબ પિતા જેવા જ આંખ વિહોણા પોતાની પાછળ દોડી આવતા કૌરવોને જોયા કે તરત જ સુંદર ધનુષ્ય હાથમાં લઇને જેમ સિંહ ઊભો રહે તેમ પોતાના સાથીદારો ચાલ્યા જવા છતાં એકલા જ અડીખમ બની ઊભા રહ્યાં. (૬) કર્ણને અગ્રેસર કરી ક્રોધે ભરાયેલા કૌરવે સાંબને પકડવાની ઇચ્છાથી અરે ક્યાં જાય છે ? ઊભો

રહે ! એમ બોલતા પાસે આવી સાંબ ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. (૭) જ્યારે એકઠા થયેલા અનેક વીરો એકલા સાંબ ઉપર તૂટી પડ્યા અને બાણોથી વીંધવા લાગ્યા ત્યારે ઘવાયેલા સિંહ સમા ભગવાન શ્રીકૃષ્ણના કુમાર યદુકુલનન્દન સાંબ, કૌરવોના પ્રહારની પરવા કર્યા વિના બાણવૃષ્ટિને ના સહતા, તુચ્છ હરણોના ટોળાં ઉપર સિંહ સમા તૂટી પડ્યા. (૮) વીર સાંબજીએ પોતના દિવ્ય ધનુષ્યનો ટંકાર કર્યો અને કર્ણ વગેરે છ મહારથીઓને એક સાથે અને પ્રત્યેકને અલગ અલગ બાણોથી વીંધવા લાગ્યા. (૯) ચાર બાણો ચાર ચાર અશ્વોને એક એક બાણ એક એક સારથિને અને એક એક બાણ ધનુર્ધર મહારથીઓને લગાવી દીધાં અને સાંબની આ વીરતાનું ગુણગાન એ છ મહારથીઓ પણ કરવા લાગ્યા. (૧૦) આ પ્રમાણે કૌરવોએ સાંબની પ્રશંસા કરી કપટ કરી બાંધવા લાગ્યા. એકલા વીર સાથે છ મહારથીઓ યુદ્ધ કરે એ અધર્મ છે. આ છ મહારથીઓમાંથી ચાર જણે એક એક અશ્વને માર્યો, પાંચમાએ સારથિને માર્યો, જ્યારે છઠ્ઠાએ સાંબનું ધનુષ્ય તોડ્યું. (૧૧) આ કાર્ય કાંઇ એક ક્ષણમાં નથી બન્યું યુદ્ધ લાંબુ ચાલ્યું અને છ મહારથીઓ ભેળા થયા ત્યારે મહાન પ્રયત્ને તેઓ વિજય મેળવી શક્યા. પ્રથમ તો રથ ભાગી નાખ્યો અથવા ઘણા પ્રયત્ને રથમાંથી નીચે ઊતર્યા પછી બાંધ્યા અને પોતાના પૂર્વજ કુરુ રાજાના પુણ્યથી વિજય પામેલા બાકીના કૌરવો પાસે તો પુણ્ય હતુ જ નહીં કે તે વિજયી બનેલા પોતાની કન્યા એ સાંબને લઈને પોતાના નગરમાં ગયા. (૧૨)

નારદજી દ્વારા સમાચાર ઉગ્રસેનની યુદ્ધ માટે આજ્ઞા, અકલેશકર્મા શ્રીકૃષ્ણનું મૌન

રાજન્ પરીક્ષિત ! યાદવોને આ સમાચાર શ્રીનારદજીએ આપ્યા. ભગવાન તો સ્વપુત્રનો દોષ હોઈ મૂક રહ્યા, જ્યારે સર્વ યાદવો અનેકે એકને બાંધવાના અધર્મથી અત્યંત રોષે ભરાયા અને ઉગ્રસેને આજ્ઞા આપી એટલે ચઢાઈની તૈયારી કરવા લાગ્યા. (૧૩) આ અવસરે રોષે ભરાયેલા અને યુદ્ધ માટે કમર કસેલા સર્વ યોદવોને બલભદ્રે શાંત કર્યા. કલિ-કલહ નામના મલને દૂર કરવાની સહજ પ્રકૃતિ બલરામની હોવાથી તેઓ ચાહતા હતા કે યાદવ-કૌરવોની વચમાં કલહ ન થવો જોઈએ એ જ હિતાવહ છે. (૧૪) કૌરવો સાથે સગાઈના સંબંધથી અનેક રીતે સંકળાયેલા હતા તેમાં દુર્યોધન રાજા બલભદ્રજીના જમાઈ થાય તેથી સમાધાન કરવું એ નીતિમાર્ગનો આદર કરી બલભદ્રજી ચાલ્યા. તેમનો નિર્ણય હતો કે કૌરવો જો સામના ઉપાયથી શાણપણથી નહીં સમજે તો હું સંગ્રામ કરીશ. આવું વિચારીને વિપ્રવેશે અને કુલના મુરબ્બીજનોને સાથે લઈને આદિત્ય-સૂર્ય સમા તેજસ્વી રથમાં બિરાજીને ગ્રહો સાથે ભગવાન ચંદ્ર શોભે તેમ શોભતા બલભદ્રજી હસ્તિનાપુર પધાર્યા. (૧૫) શ્રીબલભદ્રજી હસ્તિનાપુર પહોંચ્યા અને નગરની બહાર ઉપવનમાં ઉતારો કર્યો. પોતે આવ્યા છે તેના સમાચાર ધૃતરાષ્ટ્રને મળી શકે માટે હસ્તિનાપુરમાં ધૃતરાષ્ટ્ર પાસે શ્રીઉદ્ધવલાલ મંત્રીને મોકલ્યા. (૧૬) શ્રીઉદ્ધવજી હસ્તિનાપુરમાં પધારીને અંબિકાપુત્ર ધૃતરાષ્ટ્ર-શંતનુ રાજાના ભાઈ બાલ્હિકને-ભીષ્મ પિતામહને-શ્રીદ્રોણાચાર્યને-દુર્યોધનને તેમજ શ્રીકૃપાચાર્ય વગેરે વિપ્રોને વિધિપૂર્વક અભિવાદન કરીને શ્રીબલરામજી જે હેતુથી પધાર્યા છે તે તેમણે જણાવ્યું. (૧૭) સદા કૌરવોનું હિત ઈચ્છનારા પોતાના ઉત્તમ સુહૃદ બલભદ્રજીને પધારેલા જાણીને તેઓ ખૂબ જ પ્રસન્ન થયા, તેમણે ઉદ્ધવજીનું અર્ચન કીધું, પુનઃ સત્કાર કરવાની સુમંગલ સામગ્રીઓ પોતના કરકમલમાં લઈને શ્રીબલરામજીનાં દર્શને અને મળવા માટે તેઓ જ્યાં બિરાજ્યા હતાં ત્યાં આવ્યા. (૧૮) આ પ્રમાણે કૌરવો આવ્યા અને સર્વ યથાયોગ્ય રીતે મળ્યા તેમજ મધુપર્ક આદિથી અતિથિનાં અર્ઘ્યવંદન કર્યાં. તેમાં જે બલભદ્રજીના બળને અને મહિમાને જાણતા હતા તેઓએ શિર નમાવી પ્રણામ કર્યા. (૧૯) પરસ્પર એકબીજાનું કલ્યાણ પૂછ્યું, બંધુજનોના સર્વ પ્રકારે કુશળને સાંભળીને બલભદ્રજી તેજસ્વી વચનો કહેવા લાગ્યા. (૨૦) મહારાજાધિરાજ શ્રીઉગ્રસેન રાજા પ્રભુ છે. તેઓશ્રીએ આપને આજ્ઞા કરી છે. આપ સર્વ સાવધાન મનથી તેમની આજ્ઞાને સાંભળી તેનું વિના વિલંબે પાલન કરો. (૨૧) રાજા ઉગ્રસેન આપને સૂચવે છે કે આપે અનેક સાથે મળીને અધર્મને આગળ કરીને ધર્મિષ્ઠ તેમજ એકલા કુમાર સાંબને જીતીને કેદ કર્યો છે. પરંતુ આપણા બંધુજનોમાં એકતા રહે સ્નેહ સચવાય માટે એ વાતને વીસરી જાઉં છું. માટે આપ વિના વિલંબે હવે સાંબને મુક્ત કરો. (૨૨) ક્રિયાશક્તિથી ભરપુર-વીર્ય, સ્વભાવથી શૌર્યપૂર્ણ અને બલપૂર્ણ, અત્યંત ઉત્તમ, તેમજ બલદેવજીની પોતાની શક્તિને ઘટે તેવાં વાક્યોનું શ્રવણ કરીને કૌરવો ક્રોધિત થઈ કહેવા લાગ્યા. (૨૩)

કઠોરતાભર્યાં કૌરવોનાં કટું વાક્યો

કૌરવો કહેવા લાગ્યા કે જોયું કાલની ગતિ કેવી વિચિત્ર છે ! કે જે મસ્તક ઉપર મુકુટ મૂકવામાં આવે છે તે મસ્તક ઉપર આજે પગનાં પગરખાં ચઢાવવા ચાહે છે. (૨૪) યાદવો અમારા સરખા નથી તો મહાન ક્યાંથી ? અમે યોદવોની કન્યા ના લઈ એ તેમજ એક પંક્તિમાં તેમની સાથે ના જમીએ તે યાદવો સાથે અમે કુન્તી, તેમની કન્યા અમારા પાંડુ સાથે લઈને એમને સમાનતા આપી, તેમજ સાથે બેસવા-જમવા અને સૂવાનો વ્યવહાર કરી સમાનતા આપી આ ઉપરાંત તેમને રાજ્યાસન રાજા બનાવી સમાનતા દીધી તે અમને આજે આજ્ઞા કરે છે ! (૨૫) મહારાજાનાં મહત્ત્વને દર્શાવતાં ચામર-વ્યજન-શંખ-શ્વેતછત્ર-મુકુટ-આસન શય્યા આ સાત ચિહ્નો મનાય, યાદવો કાંઈ સ્વતઃ સમ્રાટ નથી કે તેઓ આ સાધનો રાખી શકે. એ તો અમારી દયાથી અને અમારા સગા છે ભલે ભોગવે એવી અમારી રહેમ નજરથી ભોગવી રહ્યા છે. (૨૬) કેવી આશ્ચર્ય ભરી આ કહાની છે કે અમારા કૌરવોની કેવલ કૃપાથી ઊંચી પાયરી પામેલ આ યાદવો આજ લાજ નેવે મૂકી નિર્લજ્જ બનીને અમ સમ્રાટદાતાઓને આજ્ઞા કરી રહ્યા છે, આ તો અમે સર્પને દૂધ પાઈ ઉછેરવાની ક્રિયા કરવા જેવું કર્યું કે સર્પ ઉછેરનારને કરડતાં લજાય નહીં તેવી જ રીતે અમારી પાસેથી રાજ્ય અને સાત રાજચિહ્નોને મેળવી રાજા બન્યા છે તે યાદવો અમારું અપમાન કરી રહ્યા છે તે કેમ સાંખી લેવાય ? આ જ ક્ષણે તેમની પાસેથી રાજચિહ્નો છીનવી લ્યો. (૨૭) સિંહના હાથમાં આવેલા નાના બકરાને સિંહની ઈચ્છા અને મહેરબાની વિના કોઈની તાકાત છે કે લઈ શકે ! તે રીતે ભીષ્મ-દ્રોણ-અર્જુન વગેરે અમારા કૌરવોના હાથમાંથી દેવાધિદેવ રાજા ઈન્દ્રનું પણ સામર્થ્ય છોડાવી શકવાનું નથી તો અન્યની તો વાત જ શી કરવી ! (૨૮) રાજન્ ! હે ભરતકુલશ્રેષ્ઠ પરીક્ષિત ! કુરુકુલમાં થયેલા જન્મનું અભિમાન, વિશાલ સંખ્યામાં બંધુજનો હોવાથી જથ્થાનું અભિમાન અને રાજ્યલક્ષ્મીનું અભિમાન આવા ત્રણ પ્રકારના અભિમાનના મદથી છકેલા સત્યતા ચૂકેલાં કૌરવો શ્રીબલભદ્રજીને આવાં કુવાક્યો કહીને નગરમાં ચાલ્યા ગયા. (૨૯) આવી કૌરવોની દુઃશીલતા-દુષ્ટતાને જોઈને તેમજ તેમની દુર્વાણીને સાંભળીને કોપથી લાલચોળ થઈ ગયેલા અને સામે જોવા પણ ભારે થઈ પડેલા અચ્યુત પ્રભુ હસતા હસતા કહેવા લાગ્યા. (૩૦)

શઠ સાથે શાણપણ પણ ગાંડપણ ગણાય

આ વાત સુનિશ્ચિત છે કે જ્યારે અસજ્જન પુરુષ અનેક પ્રકારેના મદથી છકી જાય છે ત્યારે તે શાંતિ નથી ચાહતા. માટે તેમને ડાહ્યા કરવાનો ઉપાય દંડ પ્રહાર જ હોઈ શકે છે. પશુ જેમ દંડથી પાંશરાં રહે છે તેમ નર-પશુ માટે પણ આજ ઉપાય હોઈ શકે છે. (૩૧) બલભદ્રજી બોલ્યા કે કોપે ભરાંયેલા યાદવો યુદ્ધ કરવા માટે તત્પર હતા તેમજ શ્રીકૃષ્ણ કુપિત હતા છતાં મેં ધીરે ધીરે સર્વને શાંત પાડયા અને બન્નેનું હિત વિચારીને હું અહીં આવ્યો. (૩૨)જ્યારે આ મંદમતિઓ કેવલ કલહપ્રિય છે, દુષ્ટ છે, અભિમાની છે, તેઓએ મારો તિરસ્કાર કરતાં ન કહેવા યોગ્ય એવાં વાક્યો વારંવાર મને કહ્યાં. (૩૩) એમને ભાન નથી કે રાજા ઉગ્રસેન કેવલ ભોજવૃષ્ણિ-અને અન્ધકોના જ રાજા નથી પરંતુ ઈન્દ્રાદિ દેવો પણ ઉગ્રસેનના આદેશને માથે ચઢાવીને ચાલે છે તેથી સર્વ પ્રકારે તેઓ સમર્થ છે. (૩૪) શ્રીકૃષ્ણ જે સુધર્મા નામની સભામાં બિરાજે છે, જ્યાં ઈન્દ્રાદિ આવે ત્યારે તે સભાસ્થાનને દેવત્વ ભાવથી પ્રથમ પ્રણામ કરી પછીથી અંદર પ્રવેશે છે, વળી સ્વર્ગમાં જ રહેવા સર્જાયેલ પારિજાત તરુને લાવીને જે શ્રીકૃષ્ણે પોતાના નિવાસમાં રોપ્યું અને ભોગવે છે શું તે રાજ્યસિંહાસનને યોગ્ય નથી ? (૩૫) જે શ્રીકૃષ્ણના શ્રીચરણોની ચરણરજને અને ચરણસરોજને સર્વનાં અધીશ્વરી સાક્ષાત્ ભગવતી "શ્રી લક્ષ્મીજી" સેવી રહ્યાં છે તે શ્રીપતિ શું રાજ્યચિહ્ન ધારણ કરવા યોગ્ય નથી ? તો કૌરવોનું આવું કથન યોગ્ય મનાય ? (૩૬)

यस्यांध्रिपकंजरजोखिललोकपालै-मौंल्युत्तमैर्धृतमुपासिततीर्थतीर्थम् ।
ब्रह्मा भवोहमपि यस्य कलाः कलायाः श्रीश्चोद्वहेम चिरमस्य नृपासंन क्व ।। ३७ ।।

જે ભગવાન શ્રીકૃષ્ણના શ્રીચરણોની રજને દશ દિશાના દિક્પાલકો ઉત્તમ કોટિના પોતાના મસ્તકના મુકુટો ઉપર ધારણ કરે છે. તેમજ ભગવાનના ચરણકમલોમાંથી ઉત્પન્ન થવાને કારણે શ્રીગંગાજી તીર્થોમાં તીર્થરૂપ થયાં છે અને

જેની કલાના પણ કલારૂપ બ્રહ્માજી ભવાનીશંકર-હું તેમજ સાક્ષાત્ શ્રી વગેરે સર્વ દેવો ચિરકાલથી જે શ્રી કૃષ્ણચન્દ્રના ચરણકમલોની રજને મસ્તક ઉપર આદરથી ધારણ કરે છે એમને આ સામાન્ય નૃપાસનની કિંમત શી ? એમને મન આ યાદવ નૃપાસનનું મહત્વ જ શું ? (૩૭) કૌરવો શું એમ માને છે કે યાદવો એમના દીધેલા જમીનના ટુકડાને ભોગવે છે ! એમ કહેવા ચાહે છે કે યાદવો પગનાં પગરખાં છે અને કૌરવો મસ્તક છે. (૩૮) સાચે જ મદ્ય પી છકેલાની માફક ઐશ્વર્યના મદથી પણ છકેલા ઉન્મત્ત અને અભિમાની જનોની શાન ઠેકાણે લાવવાને સમર્થ પુરુષો એમની કઠોર વાણીને કોણ વેઠી લે ? અને શા માટે વેઠે ? (૩૯) માટે હું આજે જ આ પૃથ્વીને કૌરવ વિનાની કરી દઈશ આવું કહી ક્રોધમાં આવી જઇ હળ હાથમાં લઈ ઊભા થઈ ગયા. આથી એમ જ લાગ્યું કે સંભવે છે ત્રણે લોકને સળગાવી દેવા જ તૈયાર થઈ ગયા હોય એમ લાગ્યું. (૪૦) પુનઃ નહીં જેવો રોષ કરીને હલના અગ્રભાગથી હસ્તિનાપુર નગરને જમીનમાંથી ઉખાડીને ગંગાજીના પ્રવાહમાં નાખી દેવા માટે ખેંચવા લાગ્યા પરંતુ જો ખૂબ રોષે ભરેલા હોત તો તો ક્યારનો પ્રલય થયો હતો. (૪૧) આ અવસરે જેમ જલમાં જહાજ તણાવા લાગે તેમ સંપૂર્ણ નગરને ખેંચાતું અને ગંગાજીમાં ધસતું જોઈ કૌરવો ગભરાઇ ગયા. (૪૨) ભયવશ બનેલા કૌરવો પોતે અને કુટુમ્બ પરિવાર સાથે જીવવાની લાલસાવાળા શ્રીલક્ષ્મણાજી અને વીર સામ્બકુમારને આગળ કરીને, અંજલિબદ્ધ બનીને શ્રીબલરામજીના શરણે આવ્યા. (૪૩)

પાંચ શ્લોકોમાં શેષાવતાર શ્રી સંકર્ષણ ભગવાનનું સ્તવન

તેઓ નિવેદન કરતા બોલ્યા કે હે રામ ! હે રામ ! સર્વ આશ્રય ! ભગવન્ ! આપના પ્રભાવને અમે નથી જાણતા તથા અમે તો તદ્દન બાલિશ છીએ વળી કુબુદ્ધિ છીએ. આપે તો અમારા અપરાધની ક્ષમા કરવી ઘટે કારણ કે આપ તો પૂર્ણ છો અને પરમેશ્વર છો. (૪૪) આ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના આપ આશ્રય છો. પરંતુ આપને કોઈનો આશ્રય નથી હોતો. ક્રીડાપરાયણ આપને માટે આ સમગ્ર લોકો તો રમવા માટેનાં રમકડાં જેવો છે એવી વ્યાસાદિ મુનિવરોની આજ્ઞા છે. (૪૫) હે અસંખ્ય મસ્તકોવાળા બલભદ્રજી ! હે અનંત ભગવન્ ! આ અખિલ ભૂમંડલને આપના શ્રીમસ્તક ઉપર આપ અનાયાસે લીલાથી ધારણ કરો છો. અને પ્રલયકાળમાં આ જગતને આપનામાં શમાવી દો છો. અન્તમાં આપ કેવલ એકલા જ ''શેષ'' રહો છો તેથી જ આપને ''શેષ'' કહેવામાં આવે છે. (૪૬) આપનો કોપ પણ કેવલ લોકોને શિક્ષણ-સંસ્કાર-બોધ આપવા માટે જ હોય છે એમાં દ્વેષ કે મત્સર સંભવતાં જ નથી. વર્તમાનમાં સત્ત્વ ગુણને સ્વીકારીને આ જગતની માર્યાદાની રક્ષા કરવા માટે આપ સતત લાગી ગયા છો. (૪૭) હે સર્વભૂતના આત્મન્ ! સર્વ પ્રકારની શક્તિ ધારણ કરનાર ! હે અવિનાશી ! હે અવિકારી ! હે વિશ્વકર્મન્ ! આપને નમસ્કાર કરીએ છીએ અને આપના શ્રીચરણના શરણ છીએ. (૪૮) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! હારી થાકી પ્રભાવિત થઈ કૌરવો ઉદ્વેગવાળા અકળાતા અને ગંગાજીમાં ધસતા કાંપતા નગરને જોઇ શ્રીબલભદ્રજીને શરણે આવ્યા અને પ્રસન્ન કર્યા ત્યારે બલભદ્ર બોલ્યા કે ગભરાશો મા ! એમ કહી અભયદાન આપ્યું. (૪૯) પુનઃ રાજા દુર્યોધન સાઈઠ વર્ષના આયુષ્યવાળા બારસો હાથીઓ અને એક લાખ વીસ હજાર અશ્વો ભેટમાં આપ્યા. (૫૦) વળી પુત્રી ઉપર વાત્સલ્ય ધરાવતા દુર્યોધન રાજાએ સુવર્ણે મઢેલા સૂર્ય સમા તેજસ્વી છ હજાર રથો અને કંઠાભરણવાળી એક હજાર દાસીઓ પણ દાયજામાં આપી. (૫૧) યાદવકુલશિરોમણિ શ્રીબલદેવજીએ સર્વ દાયજાનો સ્વીકાર કરી કૌરવોથી સન્માન પામીને પુત્ર અને પુત્રવધૂને સાથે લઈ દ્વારિકા તરફ મંગલ પ્રસ્થાન કર્યું (૫૨) પુનઃ આનંદાવેશમાં આવતાં નગર જનોને પ્રથમ સૂચના આપવાનું પડતું મૂકીને હલધર ભગવાન નગરમાં પધાર્યા તેથી દ્વારિકાજન સામૈયાના લાભથી લહાવો ના લઈ શક્યા. આવીને પ્રેમી કુટુંબીજન-બંધુજનને મળ્યા અને યદુરાજની સર્વશ્રેષ્ઠ સુધર્મા સભામાં સર્વની સામે જે કાંઇ વસ્તુસ્થિતિ કૌરવો સાથે બની તે સર્વ કહી સંભળાવી. (૫૩) આજે પણ આ હસ્તિનાપુર નગરી શ્રીબલભદ્રજીના પરાક્રમનું સૂચન કરતી ગંગાજી તરફ ઢળતી દક્ષિણ દિશા તરફ ઊંચી જોવા મળે છે. (૫૪)

अद्यापि च पुरं ह्येतद् सूचयदू रामविक्रमम् । समुन्नतं दक्षिणतो गङ्गायामनुदृश्यते ॥ ५४ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં નિરોધ લીલા કથામાં ફલ પ્રકરણના પ્રમેય પ્રકરણમાં અધ્યાય ૬૮ મો સમાપ્ત

અધ્યાય - ૬૯ મો

(આ ફલ પ્રકરણના પ્રમેય પ્રકરણના અધ્યાયમાં ''વૈરાગ્ય'' ઐશ્ચર્યનું વર્ણન આવે છે. ગૃહસ્થાશ્રમમાં અત્યાસક્ત અને પૂર્ણ અનાસક્ત શ્રીકૃષ્ણ ભગવાનનાં અનંત સ્વરૂપો અને ગૃહસ્થ ધર્મોનું દર્શન કરતાં પરમ વિરક્ત અને પરમ ભક્ત શ્રીનારદજી હવે ભગવત્સ્વરૂપ અને માહાત્મ્યમાં પૂર્ણ નિરોધ પામ્યા. આ અધ્યાયમાં ૪૪ શ્લોકો છે.)

ભક્ત વર શ્રીનારદને ભગવાન શ્રીકૃષ્ણનો ગૃહસંસાર જોવાની-સમજવાની લાલસા જાગી

श्रीशुक उवाच-नरकं निहतं श्रुत्वा तथोद्वाहं च योषिताम् । कृष्णेनैकेन बह्वीनां तद्दिदृक्षुः स्म नारदः ।। १ ।।

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! પરીક્ષિત ! શ્રીનારદજી શ્રીસાંબકુમારની મંગલ વાર્તા લઇ દ્વારિકામાં પધાર્યા ત્યાં નારદજીએ જાણ્યું કે ભગવાન તો નરકાસુરને મારીને સોળ હજાર કન્યાઓને દ્વારિકામાં લાવ્યા છે તેમજ પ્રત્યેક સાથે વિવાહ કર્યો છે. નારદજીના સાત્ત્વિક હૃદયમાં એ વસ્તુ તો પાકી ઘર કરીને બેઠી જ છે કે ભગવાન નિર્દોષ પૂર્ણ ગુણ વિગ્રહ છે એટલે એનું રહસ્ય કે ભગવાનમાં કોઇ દોષ છે જ નહીં તેથી મનમાં એક શંકા થઇ શાસ્ત્રદષ્ટિ અને લોકવ્યવહારની રીતે એક પુરુષનું અનેક લગ્ન કેવી રીતે સંભવે ? તો શું ભગવાને અનેક લગ્ન કર્યાં છે ? તો કેવી રીતે ગૃહસ્થાશ્રમ ચાલે માટે નજરે નિહાળી નિર્ણય લેવો ઠીક મનાય માની પ્રભુના ગૃહસ્થાશ્રમને જોવા પ્રવૃત્ત થયા. (૧) નારદ અત્યંત સૂક્ષ્મદર્શી છે તથી તેમના મનમાં આ વિચાર આવ્યો કે જો ભગવાન એક શરીરથી એક જ સાથે સોળે હજાર ભવનોમાં પૃથક્ પૃથક્ પ્રત્યેક સ્ત્રીઓને એક જ મુહૂર્તમાં પરણ્યા એ કેવી રીતે બને ? આ સોળે હજાર શરીરોમાં બ્રહ્મત્વ કેવી રીતે આવે ? બ્રહ્મત્વ તો એક જ સ્વરૂપમાં ઘટે છે હવે બ્રહ્મત્વ ના આવ્યું તો તે કૃષ્ણ ના કહેવાય અને કૃષ્ણ ના કહેવાય તો પછી આ બધી સ્ત્રીઓને કૃષ્ણની પત્નીઓ કેમ કેહવાય ? આ પ્રકારે મનમાં ઉત્કંઠા વધી પડી અને નારદજી દ્વારિકા પધાર્યા. (૨)

શ્રીદ્વારિકાની દિવ્યતા

શ્રીદ્વારિકાપુરીમાં પ્રવેશ કરતાં પ્રથમ ઉપવન જોયાં આ ઉપવનો દ્વારિકા નગરીની ચારે તરફ હતાં. સાથે ફૂલવાડીઓ તેમજ ઉદ્યાનો હતા. પુષ્પોના પરિમલથી ખેંચાઈ આવેલા ભ્રમરોનાં ટોળાં ગૂંજન કરતાં હતાં પંખીઓ કલ્લોલ કરતાં હતાં. (૩) દ્વારિકા વનરૂપા, જલરૂપા અને સ્થલરૂપા આમ ત્રણે પ્રકારે રમણીયા હતી. પુષ્પવાડી, ઉપવન અને આરામ એટલે બગીચામાંથી વનમયી દિવ્ય દ્વારિકાનાં દર્શન કરી હવે નારદજી જલમયી દ્વારિકાની ઝાંખી કરી રહ્યા છે. શ્રીદ્વારિકાપુરની ચારે બાજુ સુભગ સરોવર છે. આ સરોવરમાં વિકસેલાં શ્યામ ઇન્દીવર નામનું કમલ-અમ્ભોજ-કલ્હાર-કુમુદ-ઉત્પલ વગેરે અનન્ત કમલોથી સુશોભિત અને હંસરાજો તેમજ સારસ પક્ષીઓના ઉચ્ચ સ્વરોથી કર્ણપ્રિય એવી દ્વારિકા જાણે જલદ્વારિકામાં પ્રવેશ્યા ત્યારે તેમાં પ્રથમ દિવ્ય પ્રકારનાં મહાન પુરુષોનાં નવલાખ ભવનો જોયાં આ ભવનોનાં સ્તંભો અને ચારે તરફની દિવાલો સ્ફટિક મણિ એટલે શ્વેત મણિ અને ચાંદીનાં બનેલા હતાં જ્યારે પ્રત્યેક માળનાં તળિયાં ઉપર અણમોલ મરકતમણિ એટલે નીલમણિની ફરસબંધી એટલે લાદીઓ જડી હતી. સામાન્ય ઘરનાં છજાં ઝરૂખા લાકડાંનાં હોય છે તે બધાં અહીં રત્નનાં છજાં કાઢવામાં આવ્યા હતાં. ઘરનાં રાચરચીલાં અને વપરાશની વસ્તુઓ અને પાત્રો રત્નોના તેમજ સુવર્ણનાં હતાં. (૪) દ્વારિકાનગરીના રાજમાર્ગો તો વિશાળ હતા જ પરંતુ દ્વારિકાનગરીની શેરીઓની અંદરની ગલીઓ સાંકડી ન હતી પરંતુ પુષ્કળ વિશાળ હતી તેથી તો તેનું નામ ''રથ્યા'' એટલે મોટા મોટા અનેક રથો એક સાથે અવર જવર કરી શકતા હતા તેથી તેને ''રથ્યા'' કહેવામાં આવે છે. (૫) ચાર રસ્તાઓ જ્યાં મળતા તેવા ચોકો, ઘણા મોટા હતા. ચોકો ચૌટાં, દુકાનોની હારમાળાઓ પુષ્કળ લાંબી અને તદ્દન સ્વચ્છ સુશોભિત હતી. અતિથિનિવાસો એટલે ધર્મશાળા, ગજશાળા, અશ્વશાળા, રથશાળાઓ, ખન્ન શાળાઓ સર્વનું મન ખેંચતી હતી. દેવમંદિરો તો સર્વોપરિ સૌન્દર્ય અને ઐશ્વર્યથી ભરપૂર હતાં રાજમાર્ગો, ગલીઓ, મેદાન, ચોક સુવાસિત જલથી સિંચાયા હતા. ભવનોનાં ઉમરા જલ સીંચી સ્વસ્તિક લગાવી સુમંગલ બનાવ્યા હતા. વિશાળ અને વિપુલ ધજાઓ ફરકતી હતી તેથી તો સૂર્ય જ ઢંકાઇ જાય તો પછી તાપ તો આવે જ ક્યાંથી. (૬) શ્રીદ્વારિકાધીશના

અન્તઃપુરમાં શ્રીલક્ષ્મીજી અવતાર લઈને નથી પધાર્યા સ્વયં સ્વરૂપથી જ પધાર્યા છે. અને સેવા માટે બિરાજ્યાં છે. વિશ્વકર્માએ આ અન્તઃપુરની જે રચના કરી છે તે સજાવટ અને રચનાનાં સાધનોમાં મણિ, રત્નો, પાત્રો વગેરે લોકપાલોએ સેવામાં વિનિયોગ થાય માટે ભેટમાં ધર્યા છે દિવ્યસામગ્રી દ્વારા વિશ્વકર્માએ અન્તઃપુરોની રચના કરી પોતાની કુશળતાનું દર્શન કરાવ્યું છે. (૭) ભગવાન શ્રીકૃષ્ણનો આ રાજવાડો સોળ હજાર રાણીઓના રાજમહેલોથી અત્યંત દેદીપ્યમાન હતો. આ સોળે હજાર રાજમહેલો સ્વતઃ પોતાના સૌન્દર્યથી મુખ્ય જ હતા, તો પણ પ્રત્યેકનું આકર્ષણ સ્વતંત્ર જ હતું. આ બધા રાજમહેલોમાંથી નારદજી એક મહાન રાજમહેલ સમજીને તેમાં પ્રવેશ્યા પરંતુ નવાઈ તો એ જ હતી, કે રાજમહેલમાં પ્રવેશ કરતા તે સર્વથી મહાન જ લાગતો હતો. (૮) આ રાજમહેલમાં વિદ્રુમ-પ્રવાલમણિઓના સ્તંભો હતા. તેના ઉપરના પાટડાઓ-પાટડીઓ સર્વશ્રેષ્ઠ વૈદૂર્ય મણિનાં જડેલાં હતાં. ચારે તરફની દીવાલો સદાય કાન્તિ આપનારા ઈન્દ્રનીલ મણિઓની રચેલી હતી. ઉપરની છતો પણ વૈદૂર્ય મણિઓનાં પાટીઆંથી જ જડેલી હતી. વળી તળિયાની લાદીઓ પણ ઈન્દ્રમણિઓની હતી. આ ભીંતોની અને તળિયાનાં રત્નોની કાન્તિ સૂર્યની કાન્તિને ઝાંખી કરી દેતી હતી. (૯) ખંડોની મધ્યના ચંદરવાઓ વિશ્વકર્માએ સ્વયં રચ્યા હતા તેમાં મોતીઓની ઝાલરો લટકતી હતી. રાજભવનનાં ખંડોમાં બિરાજવા માટેની પાટો વિરામાસનો, બૃશીઓ અને પોઢવાના પલંગો મણિઓથી મઢેલા હાથીદાંતના બનાવેલા હતા. (૧૦) કંઠમાં સુવર્ણ રત્નની સુંદર કંઠીઓ-મોતીની શેરોના અલંકારોથી દીપતી સેવાપરાયણ સેવિકાઓ આમ તેમ વિચરી રહી હતી તેમજ મસ્તકે પાઘડી, શરીરે સુઘટ્ટ અંગરખા, સુંદર વસ્ત્રો અને કર્ણમાં રત્નના કુંડળોથી શોભતા સેવક-ચાકરો સર્વત્ર કાર્યરત નજરે પડતા હતા. (૧૧) રાજભવનમાં ક્યાંય દીપક પ્રકટાવવાના ન હતાં. પરંતુ ચારે તરફ ઉપર નીચે છત દીવાલોમાં મઢેલા મહામૂલા મણિઓના અને રત્નોનો પ્રકાશ જ અંધકારને દૂર કરી દેતો હતો. રાજભવનના ખંડોમાં કરેલા સુવાસિત અગર-સુખડ-કસ્તુરીના ધૂપમાંથી નીકળતો સુગંધધૂમ બારીબારણાં અને જાળીઓમાંથી બહાર પસાર થતો હતો. તેને નિહાળી મેઘની ભ્રાન્તિથી આનંદમાં આવી ગયેલા મયૂરો અગાશી, છજાં, છતો ઉપર બેઠાં બેઠાં ટેંહૂક ટેંહૂક કેકારવ કરી રહ્યા હતા. (૧૨) ચાલો ચાલો હવે રાજાધિરાજ શ્રીદ્વારિકાધીશ મહારાજનાં દર્શન કરીએ.

શ્રી દ્વારિકાધીશનાં નારદજીને દર્શન થયાં : બોલો દ્વારિકાધીશનો જય જય જય

तस्मिन् समानगुणरूपवयस्सुवेष-दासीसहस्त्रयुतयानुसवं गृहिण्या ।
विप्रो ददर्श चमरव्यजनेन रुक्म-दण्डेन सात्वतपतिं परिवीजयन्त्या ।। १३ ।।

રાજગૃહમાં પ્રવેશ કરતાં જ શ્રીનારદજીએ એક સરખા રૂપ-વય-સુન્દર વેષ-શ્રેષ્ઠ ગુણોવાળી હજારો સેવિકાઓથી વીંટળાએલા શ્રીરુકિમણીજી સુવર્ણના દંડવાળા સુંદર ચામરને પોતાના શ્રીહસ્તમાં લઈ શ્રીપતિ-શ્રીયાદવપતિ નિજનાથ શ્રીકૃષ્ણ ભગવાનને ચારમ ઢોળી રહેલા નાથનાં શ્રીરુકિમણી સાથે દર્શન કર્યાં અને ભગવાનના શ્રીચરણોમાં પ્રણામ કરવા વિચારે તે પહેલાં જ-

કાયિક-માનસિક-વાચિક ત્રણ પ્રકારે ત્રિલોકીનાથ મુનિનાથ નારદને નવાજી રહ્યા છે

तं सन्निरीक्ष्य भगवान् सहसोत्थितः श्री-पर्यङ्कतः सकलधर्मभृतां वरिष्ठ ।
आनम्य पादयुगलं शिरसा किरीट-जुष्टेन साञ्जलिरवीविशदासने स्वे ।। १४ ।।
तस्यावनिज्य चरणौ तदपः स्वमूर्ध्ना-बिभ्रज्जगद्गुरुतरोऽपि सतां पतिर्हि ।
ब्राह्मण्यदेव इति यद् गुणनाम युक्तं-तस्यैव यच्चरणशौचमशेषतीर्थम् ।। १५ ॥
सम्पूज्य देवऋषिवर्यमृषिः पुराणो-नारायणो नरसखो विधिनोदितेन ।
वाण्याभिभाष्य मितयामृतमिष्टया तं-प्राह प्रभो भगवते करवाम ते किम् ।। १६ ।।

સકલ ધર્મ પાલકોમાં સર્વ શ્રેષ્ઠ શ્રીપતિ શ્રીદ્વારિકાધીશ શ્રીદેવઋષિ નારદજીને નિહાળીને એકાએક શ્રીમતી શ્રીરુકિમણીજીના

પર્યંકમાંથી ઊભા થઇ ગયા. મુકુટ ધરેલા નિજ મસ્તકથી શ્રીનારદજીના શ્રીચરણોમાં પ્રણામ કરીને નારદજીના હાથ પકડીને નાથે નિજ સિંહાસન ઉપર મુનિનાથને પધરાવ્યા. (૧૪) રાજન્ ! પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણના ચરણ કમલના પ્રક્ષાલનનું જલ શ્રીગંગાજી નામનું સમસ્ત વિશ્વને પવિત્ર કરનાર સમસ્ત તીર્થ બનેલ છે તે ભગવાન, વળી પોતે જગદ્ગુરુઓના પણ ઉત્તમ ગુરુ છે તેમજ ભક્તજનોના સ્વામી છે આવા સમર્થ છતાં શ્રી કૃષ્ણ ભગવાને મુનિવર નારદજીના શ્રીચરણોનું પ્રક્ષાલન કર્યુ તેમજ મુનિના પાદપ્રક્ષાલન જલને પોતાના શ્રી મસ્તકે ધારણ કર્યું. સાચે જ રાજન્ ! ભગવાનનું નામ ''બ્રહ્મણ્યદેવ'' છે આટલા સમર્થ ભગવાન બ્રહ્મણ્યશક્તિ ધરાવતી બ્રાહ્મણ દેવતાનું નિત્ય હિત કરનારા છે એવા શ્રીકૃષ્ણે પોતાના ગુણો અને નામ પ્રમાણે જ કાર્ય કર્યું અને નામ ચરિતાર્થ કર્યું. (૧૫) ત્યાર બાદ નરના મિત્ર શ્રીનારાયણ પુરાણ ઋષિ શ્રીકૃષ્ણ ભગવાને શ્રીનારદજીનાં વેદ-શાસ્ત્રની પદ્ધતિ પ્રમાણે મધુપર્ક કરીને અર્ચન કર્યાં તેમ જ અમૃત મધુર વાણીથી વાર્તાલાપ કરતા પૂછવા લાગ્યાં : કહોને પ્રભુ ! નારદ આપની શી સેવા અમે કરી શકીએ. (૧૬)

પ્રથમ શ્રીનારદજીએ ૨૪ રાજભવનોમાં લીલાપુરુષોત્તમની લીલાનાં દર્શન કર્યાં

नारद उवाच-नैवाद्भुतं त्वयि विभोखिललोकनाथे-मैत्री जनेषु सकलेषु दमः खलानाम् ।
निःश्रेयसाय हि जगत्स्थितिरक्षणाभ्यां-स्वेच्छावतार उरुगाय विदाम सुष्ठु ।। १७ ।।
दृष्टं तवाङ्घ्रियुगलं जनतापवर्गं-ब्रह्मादिभिर्हृदि विचिन्त्यमगाधबोधैः ।
संसारकूपतितोत्तरणावलम्बं ध्यायंश्चराम्यनुहगृहाण यथा स्मृतिः स्यात् ।। १८ ।।

શ્રીનારદજીએ કહ્યું કે હે સર્વ સમર્થ ! હે સર્વ-સકલ લોકના નાથ ! હે ઉરુગાય આપના ગુણોનું બ્રહ્માજી જેવા મોટા દેવો પણ ગાન કરે છે માટે તો આપનું નામ ઉરુગાય છે. આપ તો સકલ સુજનોના સ્વજન-મિત્ર છો, અને સકલ ખલનું દમનૂં કરનારા છો, કારણ કે જગતના પાલનની અને પોતાનામાં ધારણ કરવાની મર્યાદા માટે તો આપ સ્વેચ્છાનુસાર અવતારને ધારણ કરો છો એ વાત અમે ભક્તજનો સારી રીતે જાણીએ છીએ. આપનીઆ પ્રકારની વિપ્રો માટેની નમ્રતા અને આદરભાવ કંઇ આશ્ચર્યકારક વસ્તુ નથી. (૧૭) નાથ ! આજે આપશ્રીનું ચરણકમલ નિરખ્યું. આ શ્રીચરણકમલ તો જનસમાજને મોક્ષ દેનાર છે, વળી અગાધ-બોધ-જ્ઞાન ધરાવનાર બ્રહ્માદિ દેવો નિરંતર હૃદયમાં એનું ધ્યાન કરે છે. નાથ ! અધિક શું કહીએ, સંસાર નામના કૂપમાં પડેલા જીવોને પાર ઊતરવા માટે તો તે આધાર સ્વરૂપ છે. આવાં શ્રીચરણોની ઝાંખી તો થઇ હવે આપ માત્ર એટલી જ કૃપા કરો કે હું આ ચરણોનું ચિત્તમાં ધ્યાન કરતાં સદા સર્વદા વિચર્યાં કરું એ એક જ અભિલાષા છે. (૧૮) રાજન્ ! હવે નારદજીએ મનથી માની લીધું કે શ્રીકૃષ્ણ ભગવાન આ ઘરમાં છે પરંતુ બીજા ઘરમાં નહીં હોય. માટે ચાલો અન્ય શ્રીકૃષ્ણગૃહિણીને ઘરે જઇને એમ વિચારીને ભગવાનની પત્નીના બીજા ઘરમાં નારદજી પધાર્યા. નારદની ઇચ્છા હતી કે યોગેશ્વરોના પણ ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણના ભવનોની માયાનું દર્શન કરું. (૧૯) ત્યાં જઇને જોયું તો સ્વયં શ્રીકૃષ્ણ શ્રઉદ્ધવજીની અને પોતાનાં પ્રિયતમા સાથે ચોપાટ ખેલતાં દર્શન કીધાં. ત્યાં જ્યાં ભગવાન કૃષ્ણે નારદજીને પધારતા જોયા કે તરત જ ઊભા થયા અને અત્યંત સ્નેહથી આસન-જલ-અર્ધ્ય વગેરેથી પૂજન કર્યાં. (૨૦) સર્વથા અજાણ જનની માફક જ ભગવાને શ્રીનારદજીને પૂછ્યું કે મુનિવર ક્યારે પધાર્યા ? આપ તો પૂર્ણ છો. અમે અપૂર્ણ ગૃહસ્થજનો આપનાં શાં સન્માન કરીએ કે શી સેવા કરીએ. (૨૧) આમ છતાં બ્રહ્મન્ ! આપ કાંઇક તો આજ્ઞા કરો અને સેવા સોંપી અમારા જીવનને સફળ કરો. પ્રભુના આ વ્યવહારથી નારદજી તો આશ્ચર્યચકિત બની ગયા અને વળી તે નિવાસમાંથી નીકળી અન્ય મહેલમાં અવિલંબે ચાલ્યા. (૨૨) નારદજીના મનમાં કલ્પના હતી કે ભગવાન બન્ને મહેલની મધ્યમાં દ્વાર હશે અને ત્યાંથી આવીને મારી સાથે અજાણ્યા બની વાત કરતાં હશે તેથી વિલંબ કર્યા વિના જ્યારે ત્રીજા મહેલમાં આવ્યા ત્યારે ત્યાં પણ શ્રીકૃષ્ણ પ્રભુ પોતાનાં નાનાં બાળકોને રમાડતા હતા. આવી રીતની ઝાંખી કરતા નારદજી ચોવીસે ભવનોમાં ગયા. પુનઃ ત્યાંથી નીકળીને વળી અન્ય પ્રાસાદે નારદજી પધાર્યા ત્યારે તો ભગવાન શ્રીઅંગે માલીશ કરીને સ્નાનની તૈયારી કરતા હતા, તેમનાં દર્શન કર્યાં. (૨૩)

પંચ યજ્ઞ ગૃહોમાં યજ્ઞ કરતા શ્રીકૃષ્ણ દેવ-પિતૃ-ભૂત-મનુષ્ય-ઉપાસના દ્વારા વેદસન્માન અને ચાર પુરુષાર્થોને સેવતા નિહાળી નારદજી અન્ય અન્ય નિવાસોમાં પધાર્યા ત્યારે કોઇ ગૃહમાં આહવનીય અગ્નિમાં હોમ કરતાં નિરખ્યા તો વળી કોઇ ભવનમાં પંચાગ્નિ ઉપાસના કરતા જોયાં, કોઇ સ્થાને વિપ્રોને રાત્રી ભોજન કરાવતાની ઝાંખી થઇ, તો કોઇ સ્થાને પંચાગ્નિના યજ્ઞ શિષ્ટ અન્નનું ભોજન કરતાં જોયાં. (૨૪) વળી કેટલાક નિવાસોમાં ધર્મ પુરુષોનું બહુંમાન કરવા માટે સંધ્યા કરતાં તો વળી બીજા ઘરમાં વાણીનો સંયમ કરી જપ કરતા, તો કોઇ નિવાસમાં ઢાલતલવાર લઇ દાવોની તાલીમ લેતા, અને યુદ્ધશાસ્ત્રમાં બતાવેલા પ્રકારો પ્રમાણે અભ્યાસ કરતાં કૃષ્ણને જોયા. (૨૫) તો વળી કોઇ સ્થાનમાં ભક્તોની રક્ષા કરવા માટે અશ્વો-હાથી-રથ-ઉપર બિરાજી સવારી કરતા વિચરતા પુરુષોત્તમને જોયા ત્યારે વળી પલંગ ઉપર પોઢેલા શ્રીહરિની ક્યાંક બંદીજનો સ્તુતિ કરી રહ્યા હતા તેનું પણ દર્શન થયું. (૨૬) હવે નારદજી અર્થ નામના બીજા પુરુષાર્થની પ્રતિષ્ઠા કરતાં જોઇ રહ્યા છે કે જેમકે શ્રીઉદ્ધવજી વગેરે મંત્રીઓ સાથે મંત્રણા કરતા તો કોઇ સ્થાને કામ પુરુષાર્થનો પૂર્ણ આદર કરવા વિલાસિનીઓ સાથે જલવિહાર કરતા પ્રભુને જોયા. (૨૭) આ રીતે મોક્ષ પુરુષાર્થનું પણ બહુમાન કરવા કોઇ નિવાસમાં સર્વ પ્રકારે અલંકારો વગેરે સાધનોથી સજાવેલી ગાયોનું બ્રાહ્મણોને દાન કરતા હતા, તો કોઇ સ્થાને ઈતિહાસ પુરાણો અને શ્રીહરિકથા લીલામૃતનાં શ્રવણ વગેરે મંગલ કાર્યો કરતાં જોયા. (૨૮) આ પ્રમાણે પ્રત્યેક ઋણમાંથી મુક્ત બનેલા મુકુન્દ કોઇ સુખનિવાસમાં પ્રિયતમ ગૃહિણીઓ સાથે હાસ્યવિનોદ કરતા ક્યાંક ધર્મકાર્યો કરતાં તો ક્યાંક અર્થ અને કામનાં કાર્યોને સન્માનતા પ્રભુને જોયા. (૨૯) તો વળી કોઇ નિવાસમાં પ્રકૃતિથી પર એવા પુર્ણ પુરુષનું ધ્યાન કરી રહ્યા હતા તો કોઇ ઘરમાં મનની રુચિ પ્રમાણે માતા પિતા-વડીલ ગુરુજનોની મનમાની સેવા મનમાન્યા પદાર્થોથી કરતાં હતા. (૩૦) તો કોઇ ભવનમાં બિરાજી પર રાજ્યો અને પાડોશી રાજ્યો સાથે સંધિતો વળી વિગ્રહ કરતા હતા, ત્યારે વળી ક્યાંક શ્રીબલભદ્ર ભૈયા સાથે જનકલ્યાણનાં કાર્યો માટે રસપૂર્વક ચર્ચા કરતાં હતા આવી અનેક લીલાપરાયણ લીલા વિગ્રહ ગોવિંદનાં નારદજીએ દર્શન કર્યાં. (૩૧)

કુલમંગલરત શ્રીકૃષ્ણ

રાજ-સમાજ ધર્મદેશ આદિ મંગલ કાર્યપરાયણ શ્રીકૃષ્ણનાં દર્શન કર્યા બાદ શ્રીનારદજી ભગવાનને કુલ-મંગલમાં રસ લેતા જોઇ રહ્યા છે. આંગણે મંગલ મંડપ બાંધ્યા છે અને મોટી ધામધૂમ થઇ રહી છે. એક ભુવનમાં પુત્રોનાં યોગ્ય કન્યાઓ સાથે લગ્ન મંગલ થઇ રહ્યાં છે તો બીજે કન્યાનો યોગ્ય વરો સાથે વિધિપૂર્વક વિવાહ કરાવી રહ્યા છે. (૩૨) કોઇ ઘરમાં પરણાવેલી પોતાની પુત્રીઓને વરરાજા સાથે સાસરે વિદાય મહોત્સવ સમારંભમાં ગુંથાયેલા તો ક્યાંક વળી સાસરેથી કન્યાઓને પાછી તેડાવતા અને આવતી જતી કન્યાઓને છાતી સરસા ચાંપતાં આશીર્વાદ દેતા યોગેશ્વરના નાથ દ્વારિકાનાથનાં દર્શન કર્યાં ત્યાંતો વળી પુત્રોના પુત્રો-પુત્રીઓના અન્નપ્રાશન ગોદાનબાધા ઉતરાવવાના મહોત્સવની તડામાર તૈયારીઓ કરતા અને સર્વને આંજી દેતી સામગ્રીઓ સજાવતા નિજનિધિનાં દર્શન કર્યાં. (૩૩) ભગવાન શ્રીકૃષ્ણનો જેમાં પોતાની કલાઓનો આદર્શ છે તે તે દેવોનું મોટા મોટા યજ્ઞો દ્વારા યજન કરતા નિરખ્યા અને કોઇ સ્થાને કૂવા-તળાવ-વાવ-વગેરે જલાશયો બંધાવતા અને ઠેકાણે ઠેકાણે બગીચાઓ બનાવતા તો વળી સ્થળે સ્થળે મઠ-ધર્મશાળા-અતિથિવાસો રચતા જોયા અને તે મઠ-મંદિરોનાં વાસ્તુપૂજન કરતા જોયા. (૩૫) કોઇ સ્થાને સાગરમાંથી જન્મેલા કે સિંધુદેશનાં જન્મેલા અશ્વ ઉપર આરોહણ કરીને મૃગયા રમવા જતા ભગવાનને જોયાં. ત્યાં યાદવોની સાથે મળીને યોગ્ય પ્રમાણમાં દયામય બનીને મૃગયા રમતા હતા. શ્રીકૃષ્ણ ભગવાન પોતાની પ્રજામાં તેમજ પોતાના અન્તઃપુરમાં વસતા પરિજનોના અને પરિવારના મનોગત ભાવોને જાણવા માટે ગુપ્ત પ્રકારે રહેતા યોગેશ શ્રીકૃષ્ણને જોયા. (૩૬) જગતનાં સર્વ જીવોની ઈન્દ્રિયોના ઈન્દ્રિયપ્રેરક શ્રીહૃષીકેશ ભગવાન શ્રીકૃષ્ણ મનુષ્ય જેવી પ્રવૃત્તિને દર્શાવતા હતા. તેમની યોગમાયાના મહિમાને જોતા હસતા શ્રીનારદજી ભગવાનને નિવેદન કરવા લાગ્યા. (૩૭) નાથ ! આપની કૃપાથી અમે ભક્તો જાણીએ છીએ કે આપની યોગમાયાના સામર્થ્યને યોગીઓ નથી જાણી શકતા તો પછી હે યોગેશ્વરોના પણ આત્મા ! પ્રભો ! તે અમે તો ન જ જાણી શકીએ. પરંતુ આપશ્રીનાં શ્રીચરણોની સેવાને લીધે આપે અમને જણાવી છે. (૩૮) હવે કૃપાનાથ ! મને આપ રજા આપો કે આપના યશથી ભરપુર એવા લોકોમાં

વિચરતો વિચારતો વિશ્વપાવન આપની લીલાઓનાં - યશનું ગાનં કરતો વિચર્યાં કરું. (૩૯) શુકાચાર્યજી બોલ્યાઃ પરીક્ષિત રાજા ! શ્રીનારદજીની ભક્તિ ભરી વિનવણી સાંભળી પ્રભુ શ્રીકૃષ્ણ બોલ્યા કે બ્રહ્મન્ ! હે બ્રહ્માજીના કુમાર ! ધર્મનો વક્તા, ધર્મનો કર્તા અને ધર્મનું અનુમોદન કરનાર હું છું માટે જ એ ધર્મની શિક્ષા-ઉપદેશથી ના અપાય પરંતુ આચારથી અપાય માટે સદા ધર્મનું આચરણ કર્યાં જ કરું છું બેટા ! નારદ ! જરાપણ અકળા મા. (૪૦) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! આ રીતે ગૃહસ્થોને પવિત્ર કરનાર અને પવિત્ર જોવા સદાચાર ધર્મોનું-શ્રેષ્ઠ ધર્મોનું સર્વ ગૃહોમાં પાલન કરતા લીલા સ્વરૂપે વિચરતા ભગવાન શ્રીકૃષ્ણને દિવ્ય એક સ્વરૂપે જોયા. (૪૧) અનન્ત શક્તિ ભગવાન શ્રીકૃષ્ણની યોગમાયના દિવ્ય મહિમાનું વારંવાર દર્શન કરતાં નારદજી અચરજમાં ડૂબ્યા અને કૌતુકમાં ગરકાવ પામ્યા. (૪૨) આ પ્રકારે ધર્મ-અર્થ-કામમાં સદાય શ્રદ્ધા ધરાવતા ભગવાન શ્રીકૃષ્ણે શ્રીનારદજીનાં ઉત્તમ પ્રકારે અચર્ન કર્યાં. આથી નારદજી પણ પ્રસન્ન થયા અને વારંવાર ભગવલ્લીલાઓનું સ્મરણ કરતા કરતા જ વિદાય થયા. (૪૩) રાજન્ ! જે ભગવાન શ્રીકૃષ્ણે સર્વના ઉદ્ધાર માટે સર્વ શક્તિઓ ધારણ કરી મનુષ્યના જેવા જીવન પથને સ્વીકાર્યો છે તે આ પરિપૂર્ણગુણ શ્રીનારાયણ છે. સોળ હજાર મહારાણીઓએ લજ્જા-સ્મિત-હાસ્ય-અને સૌહાર્દથી જે ભગવાનની સેવા કરી છે તે જ ભગવાન છે એવો નારદજીએ મનથી નિશ્ચય કર્યો. (૪૪) હે અંગ ! પરીક્ષિત વિશ્વની ઉત્પત્તિ-સ્થિતિ-વિલયના નિમિત્ત શ્રીહરિએ જે કાંઇ કાર્યો કર્યાં છે તે અન્ય કોઇથી પણ થઇ શકે તેવાં નથી અથવા તો નિજાનંદ માટે જે નાથે આ લીલાઓ કીધી છે. રાજન્ ! આ લીલાઓનું ગાન કરે, અનુમોદન કરે કે સાંભળે તે મોક્ષમાર્ગરૂપ ભગવાનમાં ભક્તિને પ્રાપ્ત કરે છે. (૪૫)

यानीह विश्वविलयोद्भववृत्तिहेतुः कर्माण्यनन्यविषयाणि हरिश्चकार ।
यस्त्वङ्ग गायति शृणोत्यनुमोदते वा-भक्तिं लभेत भगवत्यपवर्गमार्गे ॥ ४५ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં નિરોધકથાના સાત્વિક પ્રમેય પ્રકરણમાં ૬૯મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૭૦ મો

(ઉત્તરાર્ધના સાત્ત્વિક પ્રકરણનું પ્રમેય પ્રકરણ ચાલે છે. એ પ્રકરણના છ અધ્યાયોની કથા કરી હવે સાતમાં અધ્યાયની કથાનો પ્રારંભ થાય છે. આ અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ નિત્યનું અનિવાર્ય સંધ્યા હોમ આદિ ષટ્કર્મ કરે છે. આ ધર્મકાર્ય નિત્ય છે. ન કરીએ તો દોષ લાગે છે માટે જ એનું નામ નિત્યકર્મ છે. આ નિત્યકર્મથી જ જરાસંધને ત્યાં જેલમાં પૂરાયેલા રાજાઓની મનોવૃત્તિ પવિત્ર થઇ અને ભગવાનની શરણાગતિ સ્વીકારીને મુક્ત થવાના નિત્ય કર્મથી જ નક્કી થયું કે ભગવાનનો ક્ષત્રિય ધર્મ છે કે શરણાગતની રક્ષા કરવી અને તે કાર્ય ભગવાને કર્યું છે. આ અધ્યાયમાં ૪૭ શ્લોકો છે.)

ભગવદ્વિરહ અસહ્ય છે

श्रीशुक उवाच-अथोषस्युपवृत्तायां कुक्कुटान् कूजतोऽशपन् । गृहीतकण्ठयः पतिभिर्माधव्यो विरहातुराः ।। १ ।।

શ્રીશુકાચાર્યજી બોલ્યા-રાજન્ પરીક્ષિત ! પ્રાતઃકાલમાં સૂર્યોદય પૂર્વની ચાર ઘડીઓ અરુણોદય કાલ મનાય છે. આ સમય સંધ્યા વંદન-ષટ્કર્મનો મનાય છે તેનું સૂચન કરવા ઉષઃકાલમાં નિત્ય નિયમાનુસાર ભગવાને જ નિયોજેલા કૂકડાઓએ 'કૂકડે કૂક' એવો ધ્વનિ કરવા માંડયો ત્યારે પ્રભુના શ્રીકંઠનું અવલંબન કરતી પ્રભુની રાણીઓને થયું કે આ કૂકડાઓ ના બોલ્યા હોત તો સારું; કારણ કે હવે ભગવાન શ્રીકૃષ્ણ જાગી જશે. પછી ભગવાનની સેવામા લક્ષ્મીજી લાગી જશે. ભગવાનનો હવે વિરહ થશે અને આપણે ભગવત્સેવા વિના રહી જઇશું. આવું વિચારીને મનથી કહેવા લાગ્યાં કે અરે કૂકડા તમે ક્યાંથી આડે આવ્યા ? આડે આવનારનું કેમ કલ્યાણ થાંય ? (૧) વળી પ્રાતઃકાલમાં ભગવાન શ્રીકૃષ્ણના નિજ-મંદિરમાં રહેલા મન્દાર વનના કુસુમોના સુવાસથી આનંદ વિભોર થયેલા ભ્રમરો પણ ગુંજન કરવા લાગ્યાં. જાણે બંદીજનો જ બ્રાહ્મ મુહૂર્તમાં શરણાઇ બજાવી નિજનાથનાં ગુણગાન કરતા હોય એમ લાગતું હતું. આ ભ્રમરોનાં ગુજનથી બહારના બગીચા-આંગણે પક્ષીઓ પણ જાગી ગયાં અને ભગવાનને જગવવા માટે બંદીજનની માફક સ્તુતિ કરવા લાગ્યા. (૨) પ્રાતઃકાલ થવા આવ્યો. દિવસ ભરનાં પ્રત્યેક મુહૂર્તમાં બ્રહ્મ મુહૂર્તને અત્યંત ઉત્તમ

માન્યું છે છતાં ભગવાનને વિયોગ કરાવનારા તે મુહૂર્તને શ્રીવિદર્ભરાજકુમારી શ્રીરુક્મિણીજીને તે મુહૂર્ત ઉત્તમ ન લાગ્યું તેમને મન તો ભગવાન જ સર્વોત્તમ હોય. (૩) બ્રહ્મમુહૂર્તમાં-મધુ વંશમાં પ્રકટ થયેલા અને મા એટલે શ્રીલક્ષ્મીજીના ધવઃ એટલે સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ શય્યામાંથી ઊઠ્યા અને અન્તઃશુદ્ધિ માટે સર્વશુદ્ધ છતાં નિત્ય કર્મના નિયમનો આદર કરતાં ભગવાને આચમન કર્યું અને પ્રસન્ન ઇન્દ્રિયોવાળા થઇને તમથી પર એવા પોતાના આત્માનું ધ્યાન કર્યું. (૪)

પ્રાતઃ ધ્યાન

एकं स्वयं ज्योतिरनन्यमव्ययं-स्वसंस्थया नित्यनिरस्तकल्मषम् ।
ब्रह्माख्यमस्योद्भवनाशहेतुभिः - स्वशक्तिभिर्लक्षितभावनिर्वृतिम् ।।५ ।।

પોતાના છ ગુણોવાળા આત્માનું ધ્યાન શ્રીકૃષ્ણ ભગવાન એકાગ્ર ચિત્તથી કરવા લાગ્યા. તેમાં ક્રમવાર છ ઐશ્વર્યોને સ્પષ્ટ કરતાં છ વિશેષણોમાં પ્રથમ ઐશ્વર્યને બતાવવા "एकम्" એટલે એમના સમાન કોઇ નથી પછી મહાન તો ક્યાંથી એવા અસાધારણ મહાન કહ્યાં. વીર્ય નામના બીજા ઐશ્વર્યને દર્શાવવા **स्वयंज्योतिः** સ્વયં પ્રકાશ કહ્યા યશઃ નામના ત્રીજા ઐશ્વર્યને દર્શાવવા **अनन्यम्** અનન્ય કહ્યા કારણ કે લોકો કેવલ ભગવાનની જ કીર્તિના ગાન કરે છે. શ્રીઃ નામના ચતુર્થ ઐશ્વર્યને કહેવા માટે **अव्ययम्** અવિનાશી કહ્યા જ્ઞાન નામના પાંચમા ઐશ્વર્યને સમજાવવા માટે **स्वसंस्थया** સ્વસ્વરૂપમાં રહેનાર હોઇ સર્વ પ્રકારના પાપોનું નિત્ય નિવારણ કરનારા કહ્યા વૈરાગ્ય નામના છઠ્ઠા ગુણને કહેવા માટે **ब्रह्माख्यम्** પૃથ્વી-જલ-તેજ-વગેરે પંચ મહાભૂતથી પર એવા પરબ્રહ્મ આત્માનું ધ્યાન કરવા લાગ્યા. આ આત્મા સમસ્ત જગતની ઉત્પત્તિ-પાલન-સંહારરૂપ સત્વ, રજ અને તમો ગુણરૂપ પોતાની ત્રણ શક્તિઓથી જે ભાવો થાય છે, ભાવોથી રહિત છે. એટલે જગદ્રૂપ પણ પોતે છે અને જગતથી પર પણ પોતે છે. (૫)

પ્રાતઃસંધ્યા-તર્પણ-બ્રહ્મયજ્ઞ-વૈશ્વદેવાદિ

ભગવાન જે સ્વરૂપનું ધ્યાન કરી રહ્યા છે તે સ્વરૂપ પોતે જ છે છતાં લોકશિક્ષણ માટે ભગવાનધ્યાન કરી રહ્યા છે. હવે શ્રીહરિએ પ્રાતઃકાલમાં કૂવા, નદી, સરોવરમાંથી ઉલેચીને લાવેલા જલથી સ્નાન ન કરતાં શ્રીગોમતીજીના નિર્મલ પવિત્ર જલમાં જઇને અંદર ડૂબકી મારીને જ સ્નાન કર્યું અને શુદ્ધ બે રેશમી વસ્ત્રો-પીતાંબર અને ઉપરણો ધારણ કર્યાં. ત્યારબાદ સંધ્યાવંદન વગેરે ક્રિયાઓ કરી. ત્યારબાદ અગ્નિહોત્રીને કરવાનો હોમ કર્યો. પુનઃ શાંત સ્વસ્થ બનીને જપ કરવા લાગ્યા. (૬) ત્યાં તો સૂર્યોદય થતાં ભગવાન સૂર્યનારાયણ પ્રકટયા એટલે સૂર્યોપસ્થાન કર્યું. ત્યાર બાદ પોતાની જ કલાઓના સ્વરૂપ દેવો-ઋષિઓ-પિતૃઓ-વૃદ્ધો અને વિપ્રોનું આત્મવાન એટલે નિષ્કામ એવા ભગવાન શ્રીકૃષ્ણે અર્ચન કીધું. (૭)

નિત્ય ગોપ્રદાન

સુવર્ણની શીંગડીઓવાળી, રૂપાની ખરીવાળી, સાલશ સ્વભાવવાળી, કંઠમાં મોતીની કંઠઓવાળી, દૂધાળી, પ્રથમ જ વેતરની વત્સ-વાછડાંવાળી, સુંદર વસ્ત્રોથી સજાવેલી, અને પોતાની ગમાણમાં બાંધેલી અસંખ્ય વિપ્રોને સુર્વણ વગેરે અલંકારોથી અલંકૃત કરીને દાનમાં આપી એ ઉપરાંત નિત્યદાનના નિયમ પ્રમાણે વસ્ત્ર, તલ વગેરેનાં પણ દાન કર્યાં. (૮,૯) પુનઃ ગાયો, વિપ્રો, દેવો, ગુરુજન, વડીલજનોને તેમના શિષ્ય અને પ્રશિષ્યોને તેમજ ભૂત-પ્રાણીઓને પોતાની જ વિભૂતિઓ માનીને નમસ્કાર કર્યા અને ગાયો સુવર્ણ, પુષ્પ વગેરે વસ્તુઓનો સ્પર્શ કર્યો. (૧૦) પુનઃ નરલોકમાં ભૂષણસ્વરૂપ ભગવાને પોતાના આત્માને શ્રીઅંગને વસ્ત્રો-અલંકારો-દિવ્ય ગંધ વગેરેથી અલંકૃત કર્યું. (૧૧) ત્યાર બાદ તેજોવૃદ્ધિ કરનારા તામ્રપાત્ર કે કાંસ્યપાત્રમાં લીધેલા ઘીમાં અને રોગનિવૃત્તિ કરનારા દર્પણમાં મુખ દર્શન કરી, ગાયોના, બળદોનાં, કુલદેવ-ગૃહમંદિરના દેવોનાં દર્શન કરી, નગરી અને નગર પ્રજાજનોના-સર્વ વર્ણ આશ્રમજનોના સર્વ મનોરથોને કોઇને ખબર ન પડે તેમ પૂર્ણ કરીને, સર્વને સંતોષ આપીને પ્રભુ સંતોષ પામ્યા. (૧૨) પુનઃ શ્રીકૃષ્ણે માલા-તાંબૂલ અને ચંદનલેપન વગેરેથી વિપ્રર્ષિઓનાં અર્ચન કરી, સહૃદજનને, અને સ્ત્રીજનોને યથાયોગ્ય રીતે

આપીને પોતે પણ તેનો ઉપયોગ કર્યો. (૧૩)

સુધર્મા સભામાં પ્રસ્થાન

એટલામાં તો ''શ્રીદારુક'' નામના ભગવાનના સારથિએ સુગ્રીવ-સૈન્ય-મેઘપુષ્પ-બલાહક નામના ચાર અશ્વો જોડેલા ધર્મમય રથનેરજૂ કરી ભગવાનને પ્રણામ કર્યો. (૧૪) પુનઃ સારથિનો હાથ પકડી ઉદ્ધવજી અને સાત્યકિ સાથે સૂર્ય ભગવાન જેમ ઉદયગિરિ ઉપર આરોહણ કરે એ રીતે રથ ઉપર આરોહણ કર્યું. (૧૫) મહામહેનતે મનને મનાવીને અન્તઃપુરનારીઓ દ્વારિકાનાથને વિદાય આપતાં લજ્જામય નજરોથી નાથનાં દર્શન કરી રહ્યાં હતાં. સ્મિત હાસ્યથી સત્કાર કરી રહ્યાં હતાં. અને મનોહર દ્વારિકાધીશભુવનમાંથી રાજભવનમાં પ્રસ્થાન કરવા લાગ્યા. (૧૬) હે અંગ ! હે પરીક્ષિત ! હવે સર્વ યાદવોની સાથે ભગવાન શ્રીકૃષ્ણે સુધર્મા નામની સભામાં પ્રવેશ કર્યો આ સભામાં બેઠેલા સભાસદોને ભૂખ અને તરસ, શોક અને મોહ, જરા અને મૃત્યુ નામની છ પીડાઓ કદી સતાવતી ન હતી. (૧૭)

तत्रोपविष्टः परमासने विभु-र्बमौ स्वभासा ककुभोडवमासयन् ।
वृतो नृसिंहैर्यदुभिर्यदूत्तमो -- यथोडु-राजोदिवि तारकागणैः ।। १८ ।।

યદુનાથ શ્રીદ્વારિકાનાથ રાજસભા સુધર્મામાં પધાર્યા અને ઉત્તમ સિંહાસને આવીને બિરાજ્યા, નરવીર કેશરી યાદવોથી વીંટળાયેલા દ્વારિકાધીશ ભગવાન શ્રીયદુરાજ દશે દિશાઓને પોતાના તેજથી પ્રકાશી રહેલા હતા ત્યારે તો એમ જ લાગતું હતું કે જાણે આકાશમાં નક્ષત્રતારા-ગણોને ચન્દ્રમા શોભાવી રહ્યા હોય એવી ઝાંખી થઈ. (૧૮) સભામાં આવેલા વિનોદી હસમુખા કૌતુક મંત્રીઓ આવ્યા હતા તેઓ હાસ્યમયી વાતો થી ભગવાનને પ્રસન્ન કરી રહ્યા હતા. નટાચાર્યો તેમજ નૃત્યનિપુણ નર્તકીઓનું પણ સભામાં નૃત્ય થતું હોવાથી કેવલ તાંડવાદિ નૃત્યોથી ભગવાનની સેવા કરી રહી હતી. (૧૯) આ અવસરે સૂત-માગધ બંદીજનો મૃદંગ-વીણા-મુરજ-વેણુ-તાલ-અને શંખનાદથી સ્તુતિગાન નૃત્ય કરતા ગોવિંદનું આરાધન કરવા લાગ્યા. (૨૦) હવે સુધર્મામાં બિરાજેલા બ્રહ્મવાદી ઋષિવરો પણ પુણ્ય યશથી પરિપૂર્ણ ઈક્ષ્વાકુ વગેરે પૂર્વજ રાજાઓની પુણ્યમયી ધર્મગાથાઓ કહી રહ્યા હતા. (૨૧)

સુધર્મામાં બિરાજેલા સર્વધર્મીના સ્વામી ધર્મીનો આશ્રય લેવા આવેલ શરણાર્થી રાજદૂત

હે રાજન્ ! સભામાં વાતાવરણ શાંત-મંગલમય બની રહ્યું હતું ત્યાં જ પૂર્વમાં કદીએ ન જોયેલ, સર્વથા અજાણ પુરુષે સુધર્મા સભાના દ્વારે આવી સભામાં પ્રવેશવા શ્રીદ્વારિકાનાથ ભગવાનને દ્વારપાલ નિવેદન કરાવ્યું અને નાથની આજ્ઞાથી દ્વારપાલ રાજદૂતને સભામાં લઈ ગયો. (૨૨) આવેલા રાજદૂતે પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણને અંજલિ જોડી પ્રણામ કર્યા અને જરાસંધે જેલમાં પૂરેલા રાજાઓના કલેશનું શ્રીદ્વારિકેશ સમીપે વર્ણન કર્યું. (૨૩) હે નાથ ! જરાસંધ રાજાએ જ્યારે દિગ્વિજય કર્યો અને જે વીસહજાર રાજાઓ શરણે ન આવ્યા તેઓને જ્યાં ચારે તરફ પર્વતોની હારમાળા જ કિલ્લારૂપ બની છે તેવા ગિરિકૂટમાં-ગિરિવ્રજદુર્ગમાં બલાત્કારે કેદ કરી રાખ્યા છે તેઓ નિવેદન કરે છે કે (૨૪)

ષડ્ઐશ્વર્યસમ્પન્ન ભગવાનને છ શ્લોકમાં નિવેદન

कृष्ण कृष्णाप्रमेयात्मन् प्रपन्नमयभञ्जन । वयं त्वां शरणं यामो भवभीताः पृथग्धियः ।। १५ ।।
लोको विकर्मनिरतः कुशले प्रमत्तः--कर्मण्ययं त्वदुदिते भवदर्चने स्वे ।
यस्तावदस्य बलवानिह जीविताशां--सद्यच्छिनत्यनिमिषाय नमोऽस्तु तस्मै ।। २६ ।।
लोके भवाञ्जगदिनः कलयावतीर्णः -- सद्रशणाय खलनिग्रहणाय चान्यः ।
कश्चित्त्वदीयमतियाति निदेशमीश--किं वा जनः स्वकृतमृच्छति तन्न विद्मः ।। २७ ।।
स्वप्नायितं नृपसुखं परतन्त्रमीश--शश्वद्भयेन मृतकेन घुरं वहामः ।
हित्वा तदात्मनि सुखं त्वदनीहलभ्यं--क्लिश्यामहेऽतिकृपणास्तव माययेह ।। २८ ।।

तन्नो भवान् प्रणतशोकहराङ्घ्रियुग्मो-बद्धान् वियुंक्ष्व मगधाह्वयकर्मपाशात् ।
यो भूभुजोयुतमतंगजवीर्यमेको - विभ्रद् रुरोध भवने मृगराडिवावीः ॥ २९ ॥
यो वै त्वया द्विनवकृत्य उदात्तचक्र-भग्नो मृधे खलु भवन्तमनन्तवीर्यम् ।
जित्वा नृलोकनिरतं सकृदूढदर्पो-युष्मत्प्रजा रुजति नोजित तद्विधेहि ॥ ३० ॥

હે કૃષ્ણ હે કૃષ્ણ ! હે અમાપ બલવાળા ભગવાન ! હે ભયભંજન ! અમે સંસારના ભયથી ખૂબ જ ભય પામ્યા છીએ. વળી સંસારની વાસનાથી જ ભેદબુદ્ધિવાળા થયા છીએ. આવી પરિસ્થિતિમાં મુકાયેલા અમે આપને શરણે આવ્યા છીએ. (૨૫) મુશ્કેલી તો મોટી એક જ છે કે માનવ સમૂહ ન કરવાનાં સંતો અને શાસ્ત્રે ના પાડેલાં વ્યર્થ કાર્યોમાં ગળા સુધી ડૂબ્યો છે, અને કરવા જેવાં અને શાસ્ત્રે કહેલાં ભગવત્સેવા સંત-સેવા-શ્રવણ-સત્સંગ વગેરે કાર્યોમાં તો બિલકુલ બેદરકાર જ છે. નિષિદ્ધ કાર્યો તો મનુષ્યના આયુષ્યનો નાશ જ કરે છે છતાં તેવાં કાર્ય કરતો છતાં લાંબું જીવવાની લાલસા સેવે છે. ત્યાં બલવાન કાલ આશાદોરીને તરત જ તોડી નાખે છે આવો બલવાન મનાતો કાલ પણ આપનું જ સ્વરૂપ છે. તે કાલ કે કાલસ્વરૂપ આપને નમસ્કાર કરું છું. (૨૬) જો કે હે જગદીશ ! આપ તો સર્વલોકમાં વસેલા સત્યપુરુષોની રક્ષા કરવા તેમજ ખલજનોને શિક્ષા કરવા માટે જ આપની સર્વ કલાઓ સાથે પૃથ્વી ઉપર પધાર્યા છો. આ વાત પાકી છે તદ્દન સાચી છે છતાં જ્યારે અમે આપના ભક્તો હોવા છતાં દુઃખો ભોગવીએ છીએ તો પછી જ જીવો આપની આજ્ઞાનો અનાદર કરે છે તે જીવો જો પોતાનાં કરેલાં કર્મના ફળને ભોગવે એમાં તો કહેવાનું જ શું હોય ? માટે નિવેદન છે કે નાથ ! આપ અમારી રક્ષા કરો. (૨૭) હે સર્વેશ્વર ભગવાન્ ! હવે અમારે માટે રાજ્યસુખ તો સ્વપ્ન સમાન બની ગયેલ છે તેમાં પણ તે સુખ પરતંત્ર છે. હવે અમે તો પ્રાણ વિના પિંડ સમું જીવન જીવી રહ્યા છીએ. પરવશ બની ધૂંસરી ગળા ઉપર ખેંચી રહ્યા છીએ. આપની સેવાથી અનાયાસે મળનારા વાસ્તવિક સુખને મેળવવાનું મૂકી માયાથી મોહિત થઈને દીન બનીને દુઃખો ભોગવી રહ્યા છીએ. (૨૮) નાથ ! આપ અમારી અવદશાની કહાની સાંભળો ! જેમ કોઈ બળવાન સિંહ બકરાં-ઘેટાંને રોકી રાખે એવી જ અમારી આજે દશા છે. દશહજાર હાથીઓનું બળ ધરાવનાર એકલા જ જરાસંઘ અમને ગિરિવ્રજ દુર્ગમાં ગોંધી રાખ્યા છે. આપના શ્રીચરણો તો શરણાગત જીવોના શોકનો નાશ કરવાના સ્વભાવવાળાં છે. તો આપ હવે અમને આ જરાસંઘ નામના કર્મ પાશ બંધનમાંથી કૃપા કરીને છોડાવો. (૨૯) જે જરાસંઘ આપની સાથેના અઢારવાર થયેલા રણસંગ્રામમાં સુદર્શન ચક્રના પ્રતાપથી પોતાનું કાર્ય આપને પકડવાનું કે મારવાનું ન સરવાથી ભાંગી જ પડ્યો છે છતાં એકવાર અનન્ત પરાક્રમવાળા આપે કારણસર એને જય અપાવ્યો છે તેનો તેને નશો ચડ્યો છે અને અનન્ત પરાક્રમવાળા આપને જીતવાનો ગર્વ સેવતો આપના માનવદેહમાં આવી માનવલીલાનું કપટ દર્શાવતા-માનવલીલાનું અનુકરણ ન જાણતાં સમગ્ર જગતને દુઃખ આપી રહ્યો છે. તો નાથ ! હવે તો હદ થઈ છે. તો આપ અમારી રક્ષા કરો અને આપનું અજિત નામ છે તે નામને સફળ કરો. (૩૦) પુનઃ રાજસેવકે ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીના શ્રીચરણોમાં પ્રણામ કરીને નિવેદન કર્યુ કે હે નાથ ! માગધે કારવાસમાં પૂરી રાખેલા સર્વ નૃપતિઓ પ્રથમથી જ આપના ભક્તો છે તેઓ આપનાં ચરણોનું દર્શન-સેવન વાંછે તેથી આપશ્રીના શ્રીચરણોના મૂલમાં-ચરણ રજમાં શરણ લઈ રહ્યો છું માટે આપ શરણાગત દીન નૃપતિઓનું કલ્યાણ કરો નાથ ! આ બંધનરૂપ ત્રાસમાંથી મુક્ત કરો એવી વિજ્ઞપ્તિ લઈને હું આપની પાસે આવ્યો છું. (૩૧)

દેવર્ષિ નારદજી સુધર્મા સભામાં પધાર્યા

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! ભગવાનનો સ્વભાવ છે કે પોતાના ભક્તજનનું એક ક્ષણ પણ દુઃખ સહન નથી કરી શકતા. જેવી રાજાઓની વિનંતી ભગવાને દૂત દ્વારા સાંભળી અને નિર્ણય લેવાનો વિચાર કરે તે પહેલાં તો આજ કાર્ય કરવામાં કારણભૂત થનારા પાંડવોના રાજસૂય યજ્ઞમાં નિમંત્રણ આપવા પરમ તેજસ્વી શ્રીદેવર્ષિ નારદજી સુધર્મા સભામાં પધાર્યા. તપશ્ચર્યાથી પીળી પડી ગયેલી જટાજૂથને ધારણ કરનારા શ્રીનારદ જીનાં સૂર્યની માફક પ્રાકટ્ય થતાં સર્વને એકાએક દર્શન થયાં. (૩૨) સભાના નિયમોના પાલનમાં સદા સભામાં ભગવાન સર્વ લોકપાલોના ઈશ્વર

હોવા છતાં શ્રીનારદજીનાં દર્શન થતાં જ સર્વ સભાસદો સાથે ઊભા થઇ ગયા અને મસ્તક નમાવીને નમસ્કાર કર્યા. બિરાજવા માટે આસન આપ્યું. શ્રદ્ધારસમાં તરબોળ કરેલાં મધુરવચનામૃતથી મુનિવરને પ્રસન્ન કરતાં શ્રીયદુવર શ્રીકૃષ્ણજી બોલ્યા. (૩૪) હે દેવર્ષિજી ! આજે ત્રણે લોક નિર્ભર્ય છે ને ? કુશળ છે ને ? આપતો સર્વ લોકમાં વિચરો છો તે આપનું પર્યટન સર્વલોકમાં ગુણકારી છે. (૩૫) જગદીશ્વરે બનાવેલ આ ત્રણે જગતમાં જે કાંઇ બને છે કે બન્યું છે તે સર્વ આપનાથી ગુપ્ત નથી તેથીજ પૂછવાનું મન થાય છે કે વર્તમાનમાં પાંડવોની શી પ્રવૃત્તિ છે ? તેઓ હાલમાં શું કરે છે ? આપને આ પૂછાય. કારણ કે આપ સર્વ જાણી શકો છો. (૩૬)

દ્વારિકાનાથની મુનિનાથે કરેલી સ્તુતિ

श्रीनारद उवाच - द्दष्टा मया ते वहुशो दुरत्यया-माया विभो विश्वसृजश्च मायिन: ।
भूतेषु भूमन् चरत: स्वशक्तिभि-र्वह्नेरिवच्छन्नरुचो ने मेऽभ्दुतम् ।। ३७ ।।

હે ભૂમન્ ! આપતો બ્રહ્માદિદેવોને પણ મોહ પમાડો છો. વળી આપની શક્તિઓ પણ જેમ લાકડામાં અગ્નિ છુપાઇને રહે છે તેવી જ રીતે સર્વ પ્રાણીઓમાં અન્તર્યામી સ્વરૂપે તે શક્તિ વસેલી છે અને કામ કરી રહેલ છે. આજ પ્રકારનો આપનો પણ સ્વભાવ છે. આપ પણ આપના તેજને છુપાવીને વિચરણ કરી રહ્યા છો તેથી આપ સર્વ જાણો છો માટે આપનો આવો પ્રશ્ન મારે માટે આશ્ચર્યરૂપ નથી મનાતો. (૩૭) હે નાથ ! આ જગતમાં એવી કોણ વ્યક્તિ છે એવો કયો માનવ છે કે જે આપની ઇચ્છાને-આપની લીલાના રહસ્યને જાણી શકે ? આપ તો આ જગતને પ્રકટ પણ કરો છો અને વળી એને સમેટી પણ લ્યો છો તેથી આપની શી શી ઇચ્છા છે તેને સમજવા કોણ લાયક હોય ? અરે અધિક શું કહીએ, આજે દેખાય છે તે ખરી રીતે તો આપજ છો પરંતુ દેખાય છે પૃથ્વી જલ તેજ વગેરે રૂપ એ જ આપની માયાની ખૂબી છે. માટે કોઇને ન સમજાય એવા વિલક્ષણ રૂપ ભગવાનને નમસ્કાર હો. (૩૮) મહારાજ આપને ન જાણવાને કારણે જ આ અહિત કરનાર અનર્થ કરનાર દેહને લઇ લઇને જીવ સંસારમાં વિચર્યા કરે છે. પરંતુ આ સંસાર શી રીતે છૂટે તે વાત કે ઉપાય જીવ નથી જાણી શકતો, આવી દશામાં આપને દયા આવતાં આપ લીલા અવતારો દ્વારા ભૂતલ ઉપર પધારો છો. અને આપના યશ:રૂપ દીપકને પ્રકાશિત કરીને-પ્રકટાવીને અજ્ઞાન અંધકારને નિવારીને જીવોને શરણાગતિ નામનો માર્ગ બતાવો છો આવા કૃપાળુ ભગવાનનું અમે શરણ લઇએ છીએ. (૩૯)

નારદજીનુ નિવેદન-પૂછેલા પ્રશ્નનું સમાધાન

હે નાથ ! આમ છતાં જ્યારે આપ પૂછો જ છો સર્વજ્ઞ છતાં અજાણ બની અને મનુષ્યના જેવી લીલા કરી રહ્યા છો તો નાથ સાંભળો ! આપનાં ફોઇબા શ્રીકુન્તી માતાજીના કુમાર અને આપના પરમભક્ત ધર્મરાજ યુધિષ્ઠિરની ઇચ્છા આપને સંભાળાવું છું. (૪૦) ધર્મરાજ યુધિષ્ઠિર વેદની આજ્ઞાને અનુસરીને આપની જ સેવા નામની ઉત્તમ સમ્પત્તિને પામવા માટે "રાજસૂય" યજ્ઞ કરવા ચાહે છે. પરંતુ યજ્ઞ કરવાની સંમતિ આપો તો જ. (૪૧) હે દેવ ! એ યજ્ઞમાં-સર્વ ઉત્તમ યજ્ઞમાં મોટા દેવો અને યશસ્વી એવા મોટા રાજસમૂહો આપનાં દર્શન કરવાની લાલસાથી પધારશે. (૪૨) હે કૃપાનાથ ! આપશ્રીનું ધ્યાન કરતાં આપની કથાનું શ્રવણ કરતાં ચાંડાલ પણ પવિત્ર થઇ જાય છે એવા આનંદમય-બ્રહ્મમય આપનાં પ્રત્યક્ષ દર્શન, આપનો પ્રત્યક્ષ સ્પર્શ કરવાનું મળે, તેમને માટે બાકી શું રહેશે ? નાથ ! એમણે તો સર્વ મેળવી લીધું. (૪૩)

यस्यामलं दिवि यश: प्रथितं रसायां-भूमौ च ते भुवनमङ्गल दिग्वितानम् ।
मन्दाकिनीति दिवि भोगवतीति चाघो-गङ्गेति चेह चरणाम्बु पुनाति विश्वम् ।। ४४ ।।

હે ભુવનમંગલ ! આપનો નિર્મલ યશ આપનો પવિત્ર મહિમા, આપની પવિત્ર કથા સ્વર્ગાદિ લોકો અને સર્વ દિશાઓ

પવિત્ર કરે છે, તેમજ આપશ્રીના શ્રીચરણોનું જલ આકાશમાં મંદાકિનીરૂપે, રસાતલમાં ભોગવતીના નામે અને પૃથ્વીમાં શ્રીગંગાજીના સ્વરૂપે વહી રહેલ છે અને ત્રણે લોકને પાવન કરે છે. (૪૪) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! સુધર્મા સભામાં બિરાજેલા ભગવાન શ્રીકૃષ્ણે જરાસંધને ત્યાં જેલમાં પૂરેલા રાજાઓના દૂતનાં અને દેવર્ષિ નારદજી મુનિનાં વાક્યો સાંભળ્યા પછી હવે આગળ શો નિર્ણય લેવો એ એક પ્રશ્ન હતો. જો કે ભગવાનની ઈચ્છા તો ધર્મરાજ યુધિષ્ઠિરજીના રાજસૂર્ય યજ્ઞમાં જ પધારવાની હતી. પરંતુ મુખ્ય મંત્રી શ્રીઉદ્ધવજી એવું કાંઈ ના બોલ્યા ત્યારે ભગવાન કેશવ સ્મિત હાસ્ય વેરતા ચતુર અને કોમલ વાક્યોથી શ્રીઉદ્ધવજીને પૂછવા લાગ્યા. (૪૫) ભગવાને કહ્યું કે શ્રીમંત્રીવર ઉદ્ધવજી! આપ તો અમારા સુહૃદ-સ્નેહી છો, વળી અમારા મનની ગુપ્ત વાતોને જાણનારા પણ છો, અમને નીતિપંથે દોરવણી દેનાર નેત્ર-આંખ પણ છો. હાલ આપણા ઉપર એક સાથે બે કાર્યો આવી પડ્યાં છે. હવે આ બે કાર્યોમાં ક્યું મુખ્ય ગણાય અને ક્યું ગૌણ મનાય? અને મારે પ્રથમ શું કરવું તેની સલાહ આપ આપો તેથી આપણે તે પ્રમાણે કરીએ. (૪૬) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્! જ્યારે સર્વજ્ઞ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીએ તદ્દન અજ્ઞ-અજાણની માફક મંત્રીવર શ્રીઉદ્ધવજીને પૂછ્યું ત્યારે ભગવાનની આજ્ઞાને મસ્તકે ચડાવીને ભક્તવર શ્રીઉદ્ધવજી ઉત્તર આપવા લાગ્યા. (૪૭)

श्रीशुक उवाच-इत्युपामंत्रितो भर्त्रा सर्वज्ञेनापि मुग्धवत् । निदेशं शिरसा धार्य उद्धवः प्रत्यभाषत ॥ ४७ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં નિરોધલીલા કથામાં ફલ પ્રકરણના પ્રમેય પ્રકરણમાં અધ્યાય ૭૦ મો સમાપ્ત

અધ્યાય ૭૧ મો

[આ ૭૧ મા અધ્યાયથી ૨૧ અધ્યાયના ફલ પ્રકરણનું સાત અધ્યાયનું " સાધન લીલા" પ્રકરણ શરૂ થાય છે. ભગવાન સર્વ ધર્મના પ્રતિનિધિ છે. સર્વ ધર્મના સરંક્ષક છે. યજ્ઞના નિમંત્રણથી યુધિષ્ઠર રાજાને ત્યાં પધારશે આ એક જ ક્રિયાથી અનેક કાર્ય સરશે. કોઈ પણ દિવ્ય વિભૂતિ આવે છે કોઈ એક જ હેતુથી અને સાધે છે અનેક કાર્યો. એવું જ ભગવાન રાજસૂયમાં પધારશે અને થશે. આ અધ્યાયમાં ૪૬ શ્લોકો છે.-]

શ્રીઉદ્ધવજીએ નિવેદન કર્યું : નાથ! રાજસૂય યજ્ઞમાં પધારો તો એક પંથ અને અનેક કાજ સધાય

श्रीशुक उवाच-इत्युदीरितमाकर्ण्य देवर्षेरुद्धवोऽब्रवीत् । सभ्यानांमतमाज्ञाय कृष्णस्य च महामतिः ॥ १ ॥

શ્રીશુકાચાર્યજી મહારાજે કહ્યું કે રાજન્ ! દેવઋષિ શ્રીનારદજીના શ્રીમુખનાં વચનોનું શ્રવણ કરીને તેમજ સભાસદોનાં અને ભગવાન શ્રીકૃષ્ણનાં વચનોનું શ્રવણ કરીને મહામતિ શ્રીઉદ્ધવજીએ પરિષદમાં-સભામાં પોતાનો મત દર્શાવ્યો. (૧) રાજન્ ! જરાસંધના કારાવાસમાંથી રાજાઓને મુક્ત કરવા માટે રાજદૂતે જે પ્રસ્તાવ રજૂ કર્યો એમાં તો સર્વ સંમત છે જ તેથી તે વિષયમાં તો ચર્ચા કરવાની નથી માંત્ર શ્રીનારદજી જે રાજસૂય યજ્ઞનો પ્રસ્તાવ લાવ્યા છે તેમાં અલ્પ વિચારભેદ છે તેથી વિવાદની બાબતમાં ચર્ચા કરવાની છે. સભાસદો માને છે કે પ્રથમ દુઃખના ભાગીદાર થઈએ માટે રાજાઓની મુક્તિ માટે જઈએ. ભગવાન પણ દુઃખીની નિવૃત્તિનાં કાર્ય કરવા માટે સહમત છે તેમજ બીજો મત પણ ધરાવે છે કે રાજસૂય યજ્ઞમાં પ્રથમ જવું અને પાંડવો દ્વારા રાજાઓની મુક્તિ કરવી. આ બન્ને બાબતની મહાન બુદ્ધિમાન શ્રીઉદ્ધવજીએ હવે ચર્ચા-વિચારણા આરંભી દીધી. અને ઉદ્ધવજી બોલ્યા કે હે શ્રીકૃષ્ણ ! આપણી સન્મુખ બે કાર્યો એક સાથે ઉપસ્થિત-રજૂ થયાં છે. એક તો દેવઋષિ શ્રીનારદજીના કહ્યા પ્રમાણે આપણાં ફોઈબા શ્રીકુન્તીમાતાના સુપુત્ર યુધિષ્ઠિર રાજાના યજ્ઞમાં જઈને આપે કેવલ સાચિવ્ય એટલે સલાહકાર-માર્ગદર્શક થવાનું છે. અને બીજી બાજુ રાજદૂતની વિનંતિને માન આપીને શરણાગત રાજાઓની રક્ષા માટે રણસંગ્રામ કરવાનો છે. તો આ અવસરે બન્ને કાર્યોની એકતા સધાય એવો નિર્ણય લેવો જોઈએ. (૨) દશે દિશાઓના ચક્રને જીતીને ચક્રવર્તી થયેલા રાજાએ રાજસૂય યજ્ઞ કરવાનો હોય છે. દિગ્‌વિજય કર્યા વિના રાજસૂય યજ્ઞ કરાય નહીં, માટે હે વિભો ! હેશ્રીકૃષ્ણજી તો દિગ્‌વિજય દ્વારા જરા નામની દાસીના સુત રાજા જરાસંધને જીતવા કે વધ કરવાની ભક્તિમાર્ગની યજ્ઞગમન દ્વારા રક્ષા અને ધર્મમાર્ગની દિગ્‌વિજય દ્વારા રક્ષા થશે એટલે મારા માનવા પ્રમાણે આપણાં બન્ને ધ્યેયો સધાશે. (૩) જો રાજસૂય

યજ્ઞમાં જઈશું તો આપણાં પક્ષને ઘણો મોટો લાભ થશે એક તો કાલયવનને હરાવી જે ધન આપણે લઈ જતા તે આપણું ધન જરાસંધ પાસેથી મળશે અને કેદમાં પૂરેલા રાજાઓનું ધન પણ પાછું મળશે. આ ધન ભક્તરાજાઓને પાછું આપશું અને યવનનું ધન જરાસંધ પાસેનું પાછું મળતાં ધર્માત્મા યુધિષ્ઠિર પોતાના સુખવૈભવમાં વાપરશે નહીં પરંતુ તે યજ્ઞ નામના ભગવત્કાર્યમાં જ વાપરી દેશે. વળી રાજાઓને ભગવાન દ્વારા બંધનમાંથી છોડાવતાં દેહને લૌકિક બંધનમાંથી અને આત્માને મોહના બંધનમાંથી છૂટકારો મળશે તેથી હે પ્રભુ ! હે ગોવિન્દ ! આપનો ઉજ્જવલ યશ ગવાશે. (૪)

જરાસંઘને મારી રાજસૂય યજ્ઞમાં આવશું એમ નારદજીને કહીએ તો ?

સભામાં એક પ્રશ્ન એવો પણ ઊઠ્યો કે, શ્રીદેવર્ષિજીને નમ્રતાપૂર્વક નિવેદન-વિનંતી કરો કે જરાસંઘને મારીને યજ્ઞમાં આવશું તો એમાં આનંદ નહી આવે; કારણ કે યજ્ઞમાં મંગલ સાજ સાથે કુટુંબ પરિવાર સાથે પ્રસ્થાન કરવાનું હોય છે અને રણસંગ્રામમાં સૈન્ય સાથે જવાનું હોય છે એથી જરાસંઘને ત્યાંથી રાજસૂયમાં જવાથી આનંદ ઉમંગ-રસભંગ થશે માટે આપણે પ્રથમ મંગલ સાજ સાથે રાજસૂય યજ્ઞમાં જઈએ અને દશહજાર હાથીઓના બળવાળો જરાસંઘ સર્વ બલવાન રાજાઓમાં વધુ બલવાન છે આવા દુર્વિષહ એટલે માથાભારે ના જિતાય તેવા જરાસંઘને એના જેવા અને એનાથી અધિક બલવાળા ભીમસેન વિના જીતવો અશ્કય જ છે. કારણ કે એની પાસે શારીરિક બળ સાથે બ્રાહ્મણોના વરદાન વાળું બળ છે તો ભીમસેન પાસે બ્રાહ્મણોની આશિષનું, દેવોનું અને ભગવાનનું પણ બળ છે અને દેહબળમાં દશ હજાર હાથીઓનું બળ તો છે જ. (૫) આપણે સેંકડો અક્ષૌહિણી સેનાઓથી એને જીતવા જઈશું; તો પણ નહી જિતાય પરંતુ બાહુ દ્વારા થતા મલ્લયુદ્ધ બળમાં જ તે જિતાશે વળી તે બ્રાહ્મણોનો અનન્ય ભક્ત છે તેથી જો બ્રાહ્મણ તેની પાસે જે યાચના ઈચ્છાઓ કરે છે તે ઈચ્છા તે અવશ્ય પૂર્ણ કરે છે. કદી બ્રાહ્મણોને ના નથી કહેતો. (૬) માટે તેની પાસે ભીમસેને વિપ્રનો વેશ ધારણ કરીને જવું. જરાસંઘ પાસે ભિક્ષામાં બાહુયુદ્ધની ભિક્ષા માગવી. એ સમયે ભગવાન શ્રીકૃષ્ણનું સાન્નિધ્ય રહેશે એટલે વૃક નામનો અગ્નિ જેમના ઉદરમાં રહેલ છે એવા વૃકોદર ભીમસેન જરાસંધનો વધ કરશે જ એમાં સંદેહ નથી. (૭) ભગવાન શ્રીકૃષ્ણ સર્વના ઉપર સામર્થ્ય શક્તિ ધરાવનારા કાલસ્વરૂપ અને નિરાકાર પણ છે. બ્રહ્માજી અને શિવજી વગેરે તો સૃષ્ટિરચનામાં કે સમેટવામાં તલવારની માફક કે કુંભકારની માફક નિમિત્ત સ્વરૂપ છે. પરંતુ સર્વ કર્તાહર્તા તો કાલરૂપ ભગવાન જ છે તેથી ભીમસેન તો નિમિત્ત બનશે પરંતુ સર્વ કાર્ય તો ભગવાન જ કરશે. (૮)

गायन्ति ते विशदकर्म गृहेषु देव्यो राज्ञां स्वशत्रुवधमात्मविमोक्षणञ्च ।
गोप्यश्च कुंजरपतेर्जनकात्मजायाः पित्रोश्च लब्धशरणा मुनयो वयं च ॥ ९ ॥

શ્રીઉદ્ધવજી તો પરમ ભક્ત હોવાથી ભગવતત્કૃપા પામ્યા છે તેથી ભગવાનના અનેક અવતારોની લીલાઓને જાણે છે માટે કહેવા લાગ્યા કે નાથ! જરાસંઘ મરતાં દેવ્યઃ દેવીઓ આપનાં નિર્દોષ પુણ્ય ચરિત્રોનું પોતાના રાજભવનોમાં ગાન કરશે. આ કથા કહેતા શબ્દથી અનેક અવતારોનો સંકેત કરે છે. (૧) દેવ્યઃ એટલે દેવોની સ્ત્રીઓએ, જ્યારે આપે શ્રીનૃસિંહ સ્વરૂપ હિરણ્યકશિપુને માર્યો ત્યારે કેદમાંથી પોતાના પતિદેવો ઈન્દ્ર-કુબેર વગેરે દેવોની મુક્તિ થઈ ત્યારે શત્રુવધ-પતિદેવમુક્તિ અને પોતાની ભયમુક્તિ અને અજ્ઞાનમાંથી મુક્તિ આવાં અનેક પ્રકારના યશ ગાયા હતા અને ગાય છે, (૨) તેમજ શ્રીકૃષ્ણ સ્વરૂપે ભૌમાસુરનો વધ કર્યો તેથી મુક્ત થયેલ આપની સોળ હજાર ગૃહદેવીઓ આજ પર્યન્ત યશ ગાય છે, (૩) તેવી જ રીતે શ્રીકૃષ્ણ સ્વરૂપે કંસનો વધ કર્યો તેથી ઉગ્રસેન રાજા મુક્ત થયા. પિતાજી શ્રીવસુદેવજી અને માતાજી શ્રીદેવકી મુક્ત થયાં અને આપનો યશ સ્ત્રીઓ તેમની પત્નીઓ ગાય છે. આ ઉપરાંત હરિ અવતાર લઈ મગરનો વધ કરી ગજેન્દ્રને મુક્ત કરતાં ગજેન્દ્રની સ્ત્રીઓ યશ ગાય છે તેમજ શ્રીરઘુનાથ સ્વરૂપે અવતરી રાવણ વધ કર્યો ત્યારે શ્રીજાનકીજીને મુક્ત કર્યા ત્યારથી શ્રીજાનકી અને દેવાંગનાઓ યશ ગાયા કરે છે વળી આપે શંખચૂડ દૈત્યના વધથી અને દૈત્યોના વધથી ગોપીજન-વ્રજજનનું રક્ષણ કર્યું ત્યારથી ગોપીજનો આપના ગુણો ગાયા કરે છે. નિત્ય આપના શરણથી રક્ષા પામેલા મુનિજનો અને અમે ભક્તજનો, દાસજનો પણ આપનું યશોગાન કર્યા જ કરીએ છીએ. (૯) હે શ્રીકૃષ્ણ ! જરાસંઘના વધથી ઘણાં કાર્યો સિદ્ધ થવાનાં છે મહારાજ ! મારું માનવું છે કે ભૂમિનો

અને ભક્તરાજાઓનો દ્રોહ કરવાથી જરાસંધનાં પાપો પાકી ગયાં છે અને લગભગ પુણ્યો પૂર્ણ થઈ ગયાં છે. એટલે જ આપની ઈચ્છા યજ્ઞ કરવાની થઈ છે અને તે ઈચ્છા રાજા યુધિષ્ઠિરજી ભક્ત હોઈ તેમના ઉરમાં ઊગી છે. (૧૦)

સર્વ મંગલ વાક્યોનો સર્વ કોઈ સમાદાર કરે

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! શ્રીઉદ્ધવજીની આ મંત્રણાને સર્વે માથે ચઢાવી શ્રીદેવઋષિ નારદજી, વિવેકશીલ યદુવૃદ્ધો અને ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે શ્રીઉદ્ધવજીનાં આ વાક્યો અચ્યુત એટલે નીતિ-વિવેક-શાસ્ત્ર વગેરે કોઈ પણ ખામી વગરનાં છે અને સર્વ પ્રકારે ભદ્ર એટલે મંગલ અને કલ્યાણ કરનારાં છે. (૧૧) અને શ્રીદેવકીનંદનજીએ ગુરુજનોની, મતાપિતા વડીલોની આજ્ઞા લઈને દારુક-જૈત્ર વગેરે સારથિઓને મંગલ પ્રસ્થાન માટે આજ્ઞા કરી. (૧૨) શત્રુઓના નાશક પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણે પુત્રોને સરસામાન સાથે સર્વ સ્વજન અને પરિવાર જનોને તેમજ પત્નીઓને રાજમહેલમાંથી બહાર બોલાવી સંકર્ષણ એટલે શ્રીબલભદ્રજીની અને યદુરાજા ઉગ્રસેનની આજ્ઞા મેળવીને સારથિએ આણેલા પોતાના રથમાં શ્રીગરુડધ્વજ ભગવાને આરોહણ કર્યું. (૧૩) આ અવસરે રથો, મોટા હાથીઓ, વીરો, ઘોડેસવારો અને સેનાનાયકોવાળી વિકરાળ દેખાતી પોતાની સેનાથી વીંટળાએલા અને મૃદંગ-ભેરી-આનક એટલે નગારાં શંખો-ગોમુખ નામનાં અનેક પ્રકારનાં વાજિંત્રોના શબ્દોથી અને પડઘાઓના અવાજોથી દિશાઓને ગજાવતા ગજાવતા ગોવિંદ ચાલ્યા. (૧૪) રાજન્ ! ખુલ્લી તલવાર અને ઢાલ હાથમાં લીધેલા પુરુષોથી વીંટળાએલી, અતિશય અણમોલ રેશમી પામરીઓ, અમૂલ્ય, આભૂષણો, ચંદન-કુંકુમ-કેશરનાં લેપન-અને વેણીઓમાં ગૂંથેલ-સુવાસિત કુસુમમાલાઓને શોભાવતી પ્રભુ કૃષ્ણની પ્રતિવ્રતા ગૃહિણીઓ, પુત્રોને સાથમાં લઈને ડોળીઓ-ઘેરાઓ-પાલખીઓ-ચંડોલાઓમાં બિરાજીને ભગવાનની પાછળ પાછળ પ્રસ્થાન કરી રહ્યાં હતાં. (૧૫) મનુષ્યો-ઊંટ-બળદ-મહિષ-પાડાઓ-ખચ્ચરો-ગધેડાં-ગાડાં-રથો અને હાથિણીઓ સર્વ સજાવેલાં હતાં. સેવા કરનારા પરિચારકો તેમજ વારાંગનાઓએ બેસવાની ચટાઈઓ-થાકડા-ઘેરાઓ-કમ્બલો-અને આપ સર્વ સામાન એમના સર્વના ઉપર લાદી દીધો. અને સર્વ રથ-ગાડાં વગેરે વાહનોમાં બેસીને રાજસૂય યજ્ઞમાં ચાલ્યાં. (૧૬) આકાશમાં ઊંચે લહેરાતી ધજાઓ-છત્રો-ચામરો-શ્રેષ્ઠ શસ્ત્રો-આભૂષણો-મસ્તકો ઉપરના રત્ન સુવર્ણના મુકુટો તેમજ ધારણ કરેલાં બખ્તરો ઉપર પડતાં સૂર્યકિરણોથી ચળકતી સેના જાણે ચારેકોર ખળભળી ઉઠેલા મહાસાગરમાં ઊપસી આવતાં મોટાં મોટાં વહાણોને પણ ગળી જાય તેવાં ''તિમિંગલ'' નામનાં મગરમચ્છો અને તરંગોથી ઉછળતા સાગર સમી તુમલ ગર્જના કરતી, રસ્તાઓને શોભાવતી ધર્મરાજને દ્વારે ચાલી. (૧૭)

મુનિવર નારદજીનું મંગલ પ્રસ્થાન

રાજન્ ! પુનઃ મુનિનાથ શ્રીનારદજી યદુનાથ શ્રીકૃષ્ણ ભગવાનનો સત્કાર પામી તેમજ મુકુન્દ ભગવાનનાં મંગલ દર્શન પામી પ્રત્યેક ઈન્દ્રિયોમાં પરમાનંદનો અનુભવ કરતા આનંદમાં ડૂબેલા, ભગવાન હવે રાજસૂય યજ્ઞમાં પધારી રહ્યાં છે એવા ભગવાનના નિર્ણયને જાણી લઈને શ્રીકૃષ્ણચન્દ્રજીના શ્રીચરણોમાં દંડવત્ પ્રણામ કરીને, શ્રીકૃષ્ણનું જ હૃદયમાં સ્મરણ કરતા, હૃદયમાં શ્રીકૃષ્ણજીને સાથે લઈને વિમાનમાર્ગે વિદાય થયા. (૧૮) ત્યારબાદ શ્રીકૃષ્ણ ભગવાને અમીવાણીથી દૂતને સંતોષ કરતાં કહ્યું કે ભાઈ રાજદૂત હવે તું જા, અને જઈને સર્વ રાજાઓને કહેજે. કૃષ્ણે કહ્યું છે કે જરાસંધથી જરા પણ ભય ન રાખો, તમારું સર્વનું કલ્યાણ થશે અને માગધ-. એટલે જરાસંધનો નાશ કરાવીશ જ. (૧૯) દૂતે પણ ભગવાનના શ્રીમુખેથી અભય વચન સાંભળ્યું, ભગવાનની કરુણા જોઈ અને ભગવાનની આજ્ઞા લઈ પ્રણામ કરી રવાના થયો.તે મગધપુરીમાં આવ્યો અને ભગવાનનાં કહેલાં અભયવચન સંભળાવ્યાં. તે વાક્યો સાંભળી કારાગ્રહ અને મોહગ્રહમાંથી મુક્ત થવાની લાલસાવાળા રાજાઓ ભગવાનના દર્શનની પ્રતીક્ષા-રાહ જોવા લાગ્યા. (૨૦)

યદુનાથ ઈન્દ્રપ્રસ્થના પંથે

હવે શ્રીયદુનાથ ઓખામંડળનો સંપૂર્ણ આનર્ત દેશ, સૌવીર એટલે સૌરાષ્ટ્ર-મહાગુજરાત પ્રદેશ, અને મરુ એટલે મારવાડ દેશ, કુરુક્ષેત્રના પ્રદેશમાં આવતા પર્વતો-પહાડો અને નદીઓને પાર કરતા નાનાં ગામો-દેહાતો-ગાયોનાં વ્રજો-

નેસડાઓ-ખાણના પ્રદેશોમાંથી પસાર થતાં ધર્મરાજના ધર્મમય "ઈન્દ્રપ્રસ્થ" પુરમાં પધાર્યા. (૨૧) માર્ગે જતાં મોટામાં મોટી દૃષદ્‌વતી અને સરસ્વતીને પાર કરીને પુનઃ આગળ વધતાં બન્ને નદીઓને મધ્યમાં આવતા કેટલાંક ભાગના પાંચાળ પ્રદેશ અને મત્સ્ય પ્રદેશને પણ પસાર કરતા શ્રીમુકુન્દ પ્રભુ ઈન્દ્રપ્રસ્થ આવી પહોચ્યાં. (૨૨) નરનારીઓને દુર્લભદર્શન ભગવાન દ્વારિકાનાથના ઈન્દ્રપ્રસ્થ નગરના સીમાડે આવી પહોંચવાના સમાચાર મળતાં જ અત્યંત પ્રસન્ન થયેલા અજાતશત્રુ શ્રીધર્મરાજ પોતાના કુલગુરુ ધૌમ્ય મુનિ અને સ્નેહી સ્વજનો સાથે રાજભુવન બહાર આવ્યા. અને ગીત-વાજિંત્રના મંગલ ધ્વનિ અને વેદોના સુમંગલ ઘોષ સાથે ભગવાન શ્રીકૃષ્ણનું સામૈયું-બહુમાન કરવા પધાર્યા. જ્યારે પાંડવો પ્રભુને મળ્યા ત્યારે તો જાણે પ્રાણોમાં પ્રાણો ભળી જાય તેવી રીતનું યુધિષ્ઠિરજીનું અને ભગવાનનું મિલન થયું. (૨૩,૨૪) ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીનાં દર્શન થતાં જ ધર્મરાજ મહારાજનું હૃદય સ્નેહથી પીગળી ગયું અને મન ભરાઈ આવ્યું અને ઘણા જ લાંબા ગાળે નાથનાં દર્શન થતાં પ્રિયતમ પ્રભુને વારંવાર ભેટવા લાગ્યા, પણ મન ના ધરાયું. (૨૫)

दोर्म्यां परिष्वज्य रमामलालयं मुकुन्दगात्रं नृपतिर्हताशुभः । लेभे परां निर्वृतिमश्रुलोचनो हृष्यत् तनुर्वि स्मृतलोकविभ्रमः ॥ २६ ॥

तं मातुलेयं परिरभ्य निर्वृतो भीमः स्मयन् प्रेमजवाकुलेन्द्रियः ।
यमौ किरीटी च सुहृत्तमं मुदा प्रवृद्धबाष्पाः परिरेभिरेऽच्युतम् ॥ २७ ॥

રાજન્ ! પરીક્ષિત ! શ્રીલક્ષ્મીજીના નિર્મલ નિવાસ શ્રીમુકુંદ ભગવાનનાં સુમંગલ શ્રીઅંગોનું બન્ને હાથોથી ગાઢ આલિંગન કરીને યુધિષ્ઠિરનરેશનાં સર્વ અશુભો ધોવાઈ ગયાં અને મહારાજ પરમ આનંદમા ડૂબી ગયા. નેત્રોમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. કાયા પુલકિત એટલે રોમાંચ થતાં ખીલી ઊઠી. રાજન્ ! ધર્મરાજ એટલા બધા સ્નેહવિભોર બન્યા કે ભગવાનના સ્વાગતની સર્વ વિધિ વિસરી ગયા. (૨૬) બીજું શ્રીભીમસેનજી, મામાના દીકરા દેવકીનંદનને આનંદપૂર્વક સ્મિત હાસ્ય કરતા ભેટ્યા ત્યારે તો પ્રેમના આવેગથી ઈન્દ્રિયો સર્વથા આકળ-વિકળ બની ગઈ. બીજી બાજુ શ્રીકિરીટી અર્જુનજી અને બન્ને સાથે જન્મેલા નકુલ-સહદેવજી સાચા અને શ્રેષ્ઠ સુહૃદ સ્નેહીજન શ્રીઅચ્યુત ભગવાનને ભેટી પડ્યા ત્યારે તો આનંદના ઉભરાથી નયનોમાંથી અશ્રુધારા વહેવા લાગી. (૨૭) જ્યારે ભગવાન કૃષ્ણ પણ સમાન વયના સરખા અર્જુનને આલિંગનપૂર્વક મળ્યા, શ્રીનકુલ-સહદેવે નમસ્કાર કર્યા, ભગવાને આશીવાર્દ આપ્યા. ફરીથી વિપ્રો-વડીલો-કુટુંબીજનો વગેરેને યથાયોગ્ય રીતે સર્વને પ્રણામ વગેરે કર્યા. (૨૮) પ્રથમ ભગવાનનું કુરુકુલના સ્વજનોએ બહુમાન કર્યું. પુનઃ ભગવાને પણ કૌરવો-પાંડવો-સૃંજયોનો આદર કર્યો. ત્યાર પછી સૂતો-માગધો-ગંધર્વો-બંદીજનો-અને ઉપમંત્રીઓ અને મંત્રીજનનું પણ બહુમાન કર્યું. (૨૯) જ્યારે શ્રીદ્વારિકાનાથજીનું સામૈયું થયું ત્યારે મૃદંગ-શંખ-ઢોલક-વીણા-પણવ-ગોમુખ-વગેરે જુદાં જુદાં પ્રકારનાં વાજિંત્રોના નાદ થવા લાગ્યા. બ્રાહ્મણો ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા, ત્યારે ભક્તજનો શ્રીઅરવિંદ-લોચન ભગવાનના યશોગાન કરતા નૃત્ય કરી રહ્યા હતા અને સામવેદી મહારાજો સામગાનથી શ્યામસુંદરનાં સ્તવન-સ્તુતિ કરવા લાગ્યા. (૩૦) આ પ્રમાણે નગર બહાર સ્વાગત કર્યા બાદ પુણ્યશ્લોક એટલે સંત ભક્તજનોના શિરોમુકુટ પોતાના સુહૃદ્‌જનોથી વીંટળાએલા વળી નાગરિકજનોથી ગુણો ગવાતા ગોવિંદ ભગવાન સર્વ પ્રકારે સજાવેલા શ્રીઈન્દ્રપ્રસ્થ નગરમાં પધાર્યા. (૩૧) નગરના રાજમાર્ગો અને ગલીઓ-શેરીઓ-ફળીઆં મદ ઝરતા હાથીઓના મદથી સુવાસિત કરેલા જલના - છંટકાવથી મઘમઘી રહ્યાં હતાં. વિવિધ પ્રકારની ધ્વજાઓ-સુવર્ણનાં તોરણો-જલ ભર્યા સુવર્ણના મંગલ કલશો-ઘર દ્વારે અલૌકિક શોભાને વધારી રહ્યા હતાં. નગરનાં નરનારીઓ સુગંધિત જલથી સ્નાન કરી ઉજ્જવલ બની, નવીન દુકૂલ-રેશમી વસ્ત્રોને ધારણ કરી, આભૂષણો, માલાઓ, સુંગધિત વસ્તુઓમાં અત્તર વગેરે લાવીને ઈન્દ્રપ્રસ્થ પુરીમાં જ્યારે વિચરી રહ્યાં હતાં ત્યારે તો સૌન્દર્યની સીમા જ ના રહી. (૩૨)

ધર્મરાજનું ધર્મમય રાજભવન

રાજન્ ! આપના દાદાના રાજભવનની શોભા તો શી રીતે ગવાય ? પણ સાંભળો-નગરીનાં પ્રત્યેક ભવનો ઘીના

દીપકો અને ફૂલમંડલીઓ સુમંગલ દર્શન દેતાં હતાં, ભવનોની જાળીઓમાંથી સુગન્ધિત ધૂપોના ધૂમ બહાર આવી રહ્યા હતા. સુન્દર પતાકાઓથી પ્રત્યેક મહેલો સુશોભિત હતા. મગંલ દ્વારે કનકના મંગલ કલશો પધરાવ્યા હતા, રૂપાચાંદીનાં મોટાં મોટાં મકાનોના ઘૂમટો સર્વનું ધ્યાન ખેંચતા હતા,આવાં ઉત્તમ પ્રકારનાં નગર-નગરપતિ-ધનપતિ-રાજપતિઓનાં નિવાસોથી શ્રીકુરુરાજની રાજધાની ત્રિભુવનનાથે નિહાળી. (૩૩) શ્રીદ્વારિકાનાથ શ્રીકૃષ્ણચન્દ્રજી પધાર્યા છે એવી મંગલ વધામણીઓ કાન ઉપર આવતાં જ, નરનારી જનોનાં નયનોને પાન કરવાને પાત્ર-યોગ્ય ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શને ઉત્કઠાથી સર્વ દોડી આવ્યાં. આ આનંદમાં અને આ ઉતાવળે દર્શને દોડતાં વનિતાઓના કેશની વેણીઓ, વસ્ત્રોની ગ્રંથીઓ પણ શિથિલ થઈ ગઈ અને તરુણીઓ ઘરકાર્ય-પલંગમાં પોઢેલા વર વગેરે સર્વને પડતા મૂકીને સુંદરવર શ્રીકૃષ્ણનાં દર્શને રાજમાર્ગે દોડી આવ્યાં. (૩૪) ચતુરંગ સેનાથી ચારે બાજુ ઉભરાતી ભીડભાડ ભરેલી રાજધાનીના રાજમાર્ગેથી, પોતાની પટરાણીઓ સાથે પધારતા પુરુષોત્તમની પત્નીઓ સાથે ઝાંખી કરવા માટે દર્શન કરવા માટે તો ઘણી નગરનારીઓ અગાશીમાં ચઢી જઈ ગોઠવાઈ ગઈ અને કરકમલોમાંથી કુસુમોની વર્ષા વર્ષાવતી, મનથી મનમોહનનાં આલિંગન કરતી સ્મિતહાસ્યવાળી નજરોથી નાથને નિરખતી સૌન્દર્ય- નાથનાં સ્વાગત કરવા લાગી. (૩૫) ઈન્દ્રપ્રસ્થ નગરનિવાસી નાગરિકો શ્રેષ્ઠ અને મુખ્ય કારીગરો,વ્યાપારીઓ, અને જ્ઞાતિ-પંચાયત પ્રમુખો, પોતાની અંજલિઓમાં મંગલ ભેટો લઈ લઈને ભગવાનનાં દર્શને આવ્યા ભેટો ધરી ભગવાનનાં અર્ચન કર્યાં અને સર્વ પ્રકારનાં પાપોમાંથી મુક્ત થયાં. (૩૬) શ્રીધર્મરાજની રાજધાની નારીઓ, નક્ષત્રનાથ ચન્દ્રને તારાઓ સાથે શોભતા જુએ તે રીતે મુકુન્દ ભગવાનની સાથે શોભા રહેલી પ્રભુની પત્નીઓનાં દર્શન કર્યાં ત્યારે પરસ્પર વાર્તા કરવા લાગ્યાં કે સ્ત્રીઓ તો આપણે છીએ અને શ્રીકૃષ્ણ ભગવાનની પત્નીઓ પણ સ્ત્રીઓ જ છે પરંતુ સુદંરશ્યામની આ સર્વ સ્ત્રીઓએ એવું શુ પુણ્ય આચર્યું કે પુરુષમૌલિ એટલે પુરુષોમાં મુકુટ સમાન એવા ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં ઉદાર હાસ્ય તેમજ લીલા સહિત એમના તરફ નિહાળતા આ ગૃહિણીઓના નેત્રોને નિત્ય ઉત્સવ-આનંદનાં દાન કરી રહ્યા છે. (૩૭) આ વાર્તા ચાલે છે ત્યાં તો ભગવાન ધર્મરાજના અન્તઃપુરમાં પધાર્યા ત્યારે તો પ્રેમખીલ્યાં નયનોવાળા બધા અન્તઃપુરજનો મોટા સંગ્રામમાં એટલે આસન-પાણી-પંખો વગેરે સેવાની સામગ્રી લાવવાની તડામાર તૈયારીઓ કરતા ભગવાનનો સત્કાર કરવા લાગ્યા. ત્યાર પછી મુકુન્દ પ્રભુ ધર્મરાજના રાજમંદિરમાં પધાર્યા. (૩૮)

પરમ ભગવદીય ફોઈ

જ્યારે રાજાધિરાજ શ્રીકૃષ્ણ શ્રીધર્મરાજના રાજમંદિરમાં પધાર્યા ત્યારે ત્રિલોકીનાથ ભગવાન છતાં પોતાના ભત્રીજા બન્યા છે એનો હૃદયમાં લહાવો લેતાં ફોઈ શ્રીકુન્તી માતા ઉલ્લાસમાં આવી ગયાં અને પોતાની કુલવધૂ સાથે પલંગ ઉપરથી એકાએક ઊભાં થઈ ભગવાનને ભેટી પડ્યાં. (૩૯) દેવોના પણ દેવ ગોવિન્દ ભગવાનને ઘર આંગણે પધરાવીને ધર્મરાજની સર્વ ઈન્દ્રિયો અને મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર વગેરે સર્વ એવી તો આનંદમાં ડૂબી ગઈ તેથી ભગવાન માટે અતિશય આદરભક્તિ હોવા છતાં ભાન જ ના રહ્યું કે ભગવાનનાં અર્ચન કરું. (૪૦) ધર્મરાજનો પરિવાર તો પ્રેમવિભોર બની ગયો ત્યારે નિત્ય સાવધાન ભગવાન શ્રીકૃષ્ણે ફોઈબાને અને જનાનાની પોતાનાથી વયમાં મોટી સ્ત્રીઓને પ્રણામ કર્યા. આ અવસરે વહાલસોયા માડીજાયા ભાઈને શ્રીસુભદ્રાજીએ અને ધર્મભગિની શ્રી દ્રૌપદીએ અને અન્ય સ્ત્રીઓએ પ્રણામ કર્યા. (૪૧) પુનઃ સાસુમાની પ્રેરણાથી શ્રીદ્રૌપદીજીએ શ્રીકૃષ્ણ ભગવાનની અર્ધાંગનાઓ શ્રીરુકિમણીજી-શ્રીભદ્રાજી-શ્રીજાંબવતીજી-શ્રી કાલિન્દીજી-શ્રીમિત્રવિન્દાજી શ્રીશૈબ્યાજી એટલે લક્ષ્મણાજી અને સત્યા જેમનું નામ છે એવાં શ્રીનાગ્નજીતીજીનાં અને સોળહજાર એકસો પત્નીઓનાં વિધિપૂર્વક અને પ્રત્યેકનાં અલગ અલગ રીતે અર્ચન કર્યાં. (૪૨) આ ઉપરાંત પ્રદ્યુમ્ન-સાંબ વગેરે આવેલા શ્રીકૃષ્ણજીના પુત્રોની પત્નીઓનાં પણ વસ્ત્રો-આભૂષણો અને પુષ્પોની માલાઓથી અર્ચન કર્યાં. (૪૩) ધર્મરાજ મહારાજે પણ પ્રતિદિન ભગવાન શ્રીકૃષ્ણનાં ભગવાનની સેનાનાં-સેવકોનાં - અમાત્ય એટલે મંત્રીઓનાં-મહારાણીઓનાં અને પરિચર સાથે પરિવારનાં નવી નવી સામગ્રીઓથી ઉત્તમ પ્રકારનાં નિવાસોમાં વસાવી સેવન કરવા લાગ્યા. (૪૪) હવે સ્નેહથી ઈન્દ્રપ્રસ્થમાં ભગવાન શ્રીકૃષ્ણ બિરાજતા હતા. મહાન પુરુષો નિરર્થક બેસી નથી રહેતા તેથી લૌકિક કાર્ય કરવું જોઈએ એવું વિચારીને,

ફાલ્ગુન અર્જુનજીને સાથે લઈને વનમાં પધાર્યા ત્યાં જઈ ખાંડવ વનનો દાહ કરવાથી દેવોમાં પ્રથમ દેવ અગ્નિનારાયણ તૃપ્ત કર્યા અને વનમાં બળતા અગ્નિમાંથી મયદાનવને બચાવી લીધા. આ ઉપકાર ભારથી ઋણી બનેલા મયદાનવે ધર્મરાજ માટે અલૌકિક સભા બનાવી આપી. (૪૫) ત્યારબાદ ચાતુર્માસનો આંરભ થવા આવ્યો એટલે સ્થાનાન્તર ન કરી શકાય એવું વિચારીને ભગવાને ઈન્દ્રપ્રસ્થ નગરીમાં कतिचिन्मासान् એટલે ચાતુર્માસના દિવસોમાં નિવાસ કર્યો. અને અર્જુનજીની સાથે રથમાં બિરાજી સૈનિકોને સાથે લઈને વિહાર કરતાં કરતાં શ્રીવિહારીજી ધર્મરાજ સાથે કુંટુબીજનોને પરમ આનંદ આપવા લાગ્યા. (૪૬)

उवास कतिचिन्मासान् राज्ञः प्रियचिकीर्षया । विहरन् रथमास्थाय फाल्गुनेन नटैर्वृतः ॥ ४६ ॥

દશમ સ્કંધ નિરોધલીલા ઉત્તરાર્ધના સાત્વિક પ્રકરણના સાધન પ્રકરણમાં અધ્યાય ૭૧મો સમાપ્ત

અધ્યાય ૭૨ મો

[આ ૭૨ મો અધ્યાય સાત્ત્વિક પ્રકરણમાં સાધન પ્રકરણનો બીજો આ અધ્યાય છે. આ અધ્યાયમાં ભગવાનના વીર્ય નામના ઐશ્વર્યનું વર્ણન છે. ખલતાથી ભરેલા અને હરિવિમુખ જરાસંધના વધની કથા આ અધ્યાયમાં આવે છે. જરાસંધનો વધ વિશ્વના ક્લેશને દૂર કરવા અનિવાર્ય હતો. જરાસંધ બ્રાહ્મણભક્ત હતો અને દાની પણ હતો તેથી ભગવાને તેના વધ વખતે પોતાનાં દર્શન આપી એનું કલ્યાણ કર્યું છે. આ અધ્યાયમાં ૪૬ શ્લોકો છે.]

श्रीशुक उवाच-एकदा तु सभामध्य आस्थितो मुनिभिर्वृतः । ब्राह्मणैः क्षत्रियैर्वैश्यैर्भ्रातृभिश्च युधिष्ठिरः ॥ १ ॥

आचार्यः कुलवृद्धैश्च ज्ञातिसंबन्धिबान्धवैः । शृण्वतामेव चैतेषामाभाष्येदमुवाच ह ॥ २ ॥

શ્રીધર્મરાજનું ધર્મસભામાં સર્વધર્મપતિ શ્રીદ્વારિકાપતિને નિવેદન

શ્રીશુકાચાર્ય મહારાજે કહ્યું કે રાજન્ ! યોગ્ય મુહૂર્તમાં એક દિવસ રાજસભામાં, મુનિવરો-વિપ્રવરો-ક્ષત્રિયો-વૈશ્યોભાઈઓ-આચાર્યો-કુલવડીલો-જ્ઞાતિજનો-સભાજનો-નાગરિકોની સાથે બિરાજતા શ્રીધર્મરાજ ઊભા થઈને સભાને સંબોદન કરતા રાજાધિરાજ યદુરાજ શ્રીકૃષ્ણને નિવેદન કરવા લાગ્યા. (૧,૨) હે ગોવિન્દ પ્રભુ ! સર્વ મનુષ્યોમાં રાજા શ્રેષ્ઠ મનાય છે. એ પ્રમાણે સર્વ યજ્ઞોમાં રાજા તરીકે મનાતા રાજસૂય નામના "ક્રતુરાજ" થી આપની પવિત્ર વિભૂતિઓનું અર્ચન કરવાનો મનોરથ છે તો કૃપા કરી આટલા મનોરથને સિદ્ધ કરો એવું મારું નિવેદન છે. (૩)

त्वत्पादुके अविरतं परि ये चरन्ति ध्यायन्त्यभद्रनशने शुचयो गृणन्ति ॥ ३ ॥

विन्दन्ति ते कमलनाभ भवापवर्ग-माशासते यदि त आशिष ईश नान्ये ॥ ४ ॥

હે પદ્મનાભ ! આપની નાભિમાંથી આ બ્રહ્માંડ નામના કમલને પ્રકટ કરો છો તેથી આપને બધા પદ્મનાભ કહે છે તેથી જ હું પણ મારા હૃદયમાં બિરાજીને યજ્ઞની ઈચ્છાને ઉત્પન્ન કરનાર આપ પદ્મનાભ ભગવાનને નિવેદન કરું છું કે મન-વાણી-કાયાથી જે જીવો આપને શરણે આવ્યા છે તે ભક્તો તો કાંઈ પણ ચાહતા જ નથી છતાં જે પવિત્ર ભક્તજન અમંગલને દૂર કરનારી આપશ્રીની શ્રીચરણપાદુકાજીની નિરંતર સેવા કરે છે, મનથી ધ્યાન કરે છે અને વાણીથી ગુણગાન કરે છે તેઓ મોક્ષને મેળવે છે, પરંતુ જેઓની અન્ય પણ ઈચ્છાઓ હોય છે તો તે પણ ઈચ્છાઓ શ્રીચરણપાદુકાજીની સેવાથી ફળીભૂત થાય છે. પરંતુ જે જનો શ્રીચરણપાદુકાને નથી ભજતા તેઓ તો કંઈ પણ મેળવતા નથી. (૪)

तत् देवदेवभवतश्चरणारविंद-सेवानुभावमिह पश्यतु लोक एषः ।

ये त्वां भजन्ति न भजन्त्युत वोभयेषां-निष्ठां प्रदर्शय विभो कुरु सृञ्जयानाम् ॥ ५ ॥

न ब्रह्मणः स्वपरभेदमतिस्तव स्यात्-सर्वात्मनः समदृशः स्वसुखानुभूतेः ।

संसेवतां सुरतरोरिव ते प्रसादः- सेवानुरूपमुदयो न विपर्ययोऽत्र ॥ ६ ॥

હે દેવદેવ ! શ્રીકૃષ્ણ ! આપશ્રીના શ્રીચરણકમલોની સેવાની મહિમાનું સર્વલોકને દર્શન થાય અને લોકો ભક્ત થાય

તો સર્વ જીવોનું જન્મવું સફળ થશે. વળી જગદીશ ! જગતના લોકોને જોવા પણ મળશે કે આપની સેવા-ભજન ન કરનારા દુર્યોધન-ધૃતરાષ્ટ્રના પક્ષપાતી કૌરવો વગેરેને આપનાથી વિમુખ રહેનારને શી હાનિ થાય છે અને આપની સેવામાં પરોવેલા સૃંજય એટલે દ્રુપદરાજાના વંશના સંબધી પાંડવોને શ્રીહરિની સેવાનું કેવું ફળ મળે છે તે બન્નેની નિષ્ઠાનું પરિણામ જગતને જોવા મળશે તેથી હરિવિમુખ લોકો સન્મુખ થશે. (૫) હે ભગવન્ ! આ તો અમારા જીવોના સ્વભાવથી વાર્તા કરી આપની એવી કદી ઈચ્છા ન જ હોય કે ભજનારનો મહિમા બતાવી દઉં અને ન ભજનારના શા હાલ થાય છે તે બતાવી દઉં એવી ક્ષુદ્રમતિ કદી આપને ન જ હોય એવું અમે જાણીએ છીએ. કારણ કે આપ તો પરબ્રહ્મ છો, આપ તો સર્વત્ર સમાન દૃષ્ટિવાળા જ છો, વળી સદા નિજાનંદમાં મસ્ત છો, તેથી આપને મન આ પોતાનો અને આ પરાયો એવી મતિ જ નથી હોતી. પરંતુ કલ્પતરુની તળે જાય તેની કલ્પતરુ સર્વ કામનાઓ પૂર્ણ કરે છે. ન જાય તે રહી જાય છે તેમાં કલ્પતરુનો શો દોષ તેવી જ રીતે આપશ્રીના ચરણકમલોનો આશ્રય લેનારના સર્વ મનોરથો પરિપૂર્ણ થાય છે અને શરણે ન આવે તે રહી જાય છે તેથી આપનામાં પક્ષપાતપણાનો દોષ નથી આવતો. જેને જેને જે કાંઈ ફળ મળે છે તે તે તો તેની સેવાનું ફળ છે એમાં કદી ફેરફાર નથી થતો. (૬)

સર્વેશ્વર ભક્તવત્સલ ભગવાનની રાજસૂયયજ્ઞ માટે સંમતિ

શ્રીધર્મરાજ યુધિષ્ઠિરજીના મનોરથને અનુમોદન સંમતિ આપતાં કહ્યું કે શત્રુઓનો પ્રજાના કલ્યાણ માટે નાશ કરનારા હે ધર્મરાજ ! આપનો આ નિશ્ચય-આપનો વિચાર ઘણો જ યોગ્ય છે. આપ આ યજ્ઞ કરશો તેનાથી આપનો યજ્ઞ વિશ્વમાં સ્થિર યજ્ઞ થશે અને લોકને ભક્તોના મહિમાનો અનુભવ થશે. (૭) આ યજ્ઞરાજ ક્રતુરાજ દેવો પિતૃઓ-સુહૃદો-પ્રભુ-તથા મનુષ્ય માત્રને સર્વને અભિલષિત છે. સર્વની આ યાગની ચાહના છે જ કે આવો યજ્ઞ થાય તો ઘણું જ ઉત્તમ. (૮) તો હવે સર્વ પ્રથમ તો ચારે દિશાઓમાં વિજયી મેળવો, પૃથ્વીને આપની બનાવો, યજ્ઞ માટેની આવશ્યક સર્વ તૈયારી કરો. પુનઃ યજ્ઞનો આરંભ કરી શકશો. (૯) રાજન્ ! આપના ભાઈઓ લોકપાલોના અંશોમાંથી ઉત્પન્ન થયેલા હોઈને વિના સંદેહ સઘળી ધરણીને જીતી લેશે. સૌથી પ્રથમ તો આપ સર્વ ભાઈઓએ કોઈ પણ અજિતેન્દ્રિય આત્માથી કદી ન જિતાય એવા મને ભક્તિથી સ્વવશ એટલે પોતાનો બનાવ્યો છે તો હવે પૃથ્વીના રાજાઓને જીતવા એ કાંઈ કઠિન નથી. (૧૦) રાજન્ ! જે જીવ મારે શરણે રહેલો છે તેથી મારો બન્યો છે તે પુરુષને આ લોકમાં તેજથી યશથી, લક્ષ્મીથી કે અંન્ય કોઈ પણ સમ્પત્તિઓથી કોઈ દેવ પણ પરાજિત કરી શકે તેમ નથી તો પૃથ્વીના કોઈ પાર્થિવ રાજાનું તો સામર્થ્ય જ ક્યાંથી ? (૧૧) શ્રીશુક્રાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણનાં અભય અને અનુમોદન કરનારાં વચનોનું શ્રવણ કરી પ્રીતિથી ધર્મરાજનું મુખકમલ પ્રફુલ્લિત થઈ ગયું, ભગવાન શ્રીકૃષ્ણનાં તેજ-બળ-ઉત્સાહ વધી ગયાં અને ચારે ભાઈઓને દિગ્વિજય કરવા માટે મોકલ્યા. (૧૨) સૃંજય દ્રુપદવંશના વીરક્ષત્રિયો સાથે સાથે સહદેવજીને દક્ષિણ દિશા ઉપર વિજય મેળવવાની આજ્ઞા કરી, ભાઈ નકુલને પશ્ચિમ દિશા ઉપર વિજય મેળવવા મોકલ્યા, જમણા ડાબા બન્ને હાથોથી ધનુષ્ય ચલાવનારા અને બાણ ફેંકનારા અર્જુનજીનું નામ 'સવ્યસાચી છે તેવા વીર ભાઈ અર્જુનને ઉત્તર દિશા જીતવાનો આદેશ આપ્યો, જ્યારે જેમના પેટમાં વૃષ નામનો મહાન વાયુ અને અગ્નિ રહેલા છે તેથી જેમનું નામ વૃકોદર છે તેવા ભાઈ ભીમસેનને પૂર્વ દિશા ઉપર આક્રમણ કરવા આજ્ઞા કરી અને સાથે સહાયમાં મત્સ્ય દેશના રાજા અને સૈનિકો, કેકય દેશના રાજા અને સૈનિકો અને મદ્રદેશરાજ અને સૈનિકોને સાથે મોકલ્યા. આ ચારે ભાઈઓએ ચારે દિશાઓ ઉપર વિજય મેળવી પુષ્કળ દ્રવ્ય લાવીને પોતાના મોટાભાઈ અજાતશત્રુ ધર્મરાજને રાજસૂય યજ્ઞ કરવા માટે સમર્પ્યુ. (૧૩,૧૪) યુધિષ્ઠિર રાજાને ખબર પડી કે જરાસન્ધ શિવાયના સર્વ રાજાઓનો પરાજય થયો છે ત્યારે જરાસન્ધને જીતવાની ચિન્તા થવા લાગી ભગવાન શ્રીહરિએ યુધિષ્ઠિરને ચિંતા કરતા જોયા ત્યારે મંત્રણામાં ઉદ્ધવજીએ જરાસંધને જીતવાની જે રીત કહી હતી તે રીત જરાસંધ માટે ભગવાને બતાવી. (૧૫)

વિપ્રવેષમાં ત્રિપુટી

શ્રીભીમસેનજી-અર્જુનજી-શ્રીકૃષ્ણ ભગવાનની ત્રિપુટીએ બ્રાહ્મણનો સ્વાંગ સજી લીધો અને જરાસંધના ગિરિવ્રજ દુર્ગ નામના દુર્ગ ઉપર જઈ પહોંચ્યા. આ અવસરે બૃહદ્રથ રાજાના પુત્ર જરાસંઘનો નિવાસ ગિરિવ્રજમાં હતો. (૧૬) રાજા

જરાસંઘ બ્રાહ્મણભક્ત હોઈ, દાતાર હોઈ ગૃહસ્થ ધર્મનું પાલન કરતા હોઈ વૈશ્વદેવ સમયે અતિથિ વેલા માની હોઈને નિત્ય એ વખતે અતિથિઓનું તેમાં પણ બ્રાહ્મણોનું તો અવશ્ય સન્માન કરતાં હતા. આ અવસરે આવતા અતિથિઓની ઈચ્છાઅનુસાર વસ્તુઓ આપવામાં આવતી. તે જાણતા હોઈ તે જ ટાણે બ્રાહ્મણનો સ્વાંગ સજેલા આ ત્રણે રાજાઓએ જરાસંઘ પાસે જઈ યાચના કરી. (૧૭) રાજન્ જરાસંઘ ! અમે ઘણે દૂરથી દેશાંતરથી આવેલા અતિથિઓ છીએ એ વાત આપ જાણીને જે કાંઈ અમે આપની સમીપે માંગીએ તે આપો, અધિક શું કહીએ ? અમારું મનગમતું આપવામાં આપનું કલ્યાણ થશે. (૧૮) જુઓ રાજન્ ! આપ સારી રીતે જાણો છો કે સહનશીલ મહાન આત્માઓ શું નથી સહી શકતા! એ તો સર્વ દુઃખો વેઠી શકે છે, તે રીતે અસાધુજન માટે ન કરવા જેવું શુ છે ? એ તો સર્વ પ્રકરાનાં બૂરાં કાર્યો કરી શકે છે. વળી પરમ ઉદાર પુરુષો શું નથી આપી શકતા ? એ તો સર્વસ્વ આપી દે છે. અને આ જગતમાં સમદષ્ટિવાળા મહાપુરુષો માટે આ પારકો છે એવું એમની દૃષ્ટિમાં હોતું જ નથી. (૧૯) જે પુરુષ સ્વંય સમર્થ છે છતાં આ અનિત્ય શરીરથી સંતપુરુષો જેનું સદાય ગાન કરે છે એવા નિત્યયશને-કાયમની કીર્તિને નથી મેળવતો એવા પુરુષની આ લોકમાં નિંદા થાય છે અને પરલોકમાં ક્ષુદ્ર-તુચ્છ યોનિ શરીર મેળવીને શોક કરવા લાયક બને છે. (૨૦)

हरिश्चन्द्रो रंतिदेव उञ्छवृत्तिः शिबिर्बलिः । व्याधः कपोतो बहवो ह्यध्रुवेण ध्रुवं गताः ॥ २१ ॥

રાજા હરિશ્ચન્દ્ર, પોતાનું સર્વ દાનમાં આપી દઈ સ્મશાનમાં રહ્યા, રંતિદેવ રાજાએ તરસ્યા અંત્યજને દુકાળમાં પોતાને પીવા માટે જલ આપી પ્રાણસંકટ સહન કર્યું. ઉછવૃત્તિ નામના મુનિએ પોતે ભૂખ્યાને અન્ન આપ્યું, શિબિરાજાએ કબૂતરની રક્ષા કરતાં બાજ પક્ષીને દેહ આપી દીધો, બલિરાજા, શ્રીવામન ભગવાનને સર્વ આપી સુતલમાં જઈ વસ્યા, વ્યાધ-શિકારી બ્રાહ્મણની રક્ષા કરવા જતાં વાઘના મુખમાં આવી પડ્યા, કબૂતરને ત્યાં અતિથિ આવ્યો તેને જમાડવા માટે પોતાનો દેહ અગ્નિમાં નાખ્યો આ રીતે આ મહાન પુરુષોએ પોતાના અનિત્ય શરીરથી નિત્ય યશ પ્રાપ્ત કર્યો. (૨૧)

જરાસંઘનું મનોમંથન

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! આવેલા અતિથિના સ્વર ઉપરથી, અને ધનુષ્યની પણછ ખેંચતા ચઢાવતાં કાંડા ઉપર પડેલા ઘસારાથી, તલવાર ચલાવતાં પડેલી આંટણો ઉપરથી જરાસંઘના મનમાં લાગ્યું કે આ ક્ષત્રિયો હશે. વળી આમને પૂર્વમાં ક્યાંક જોયા હોય એમ પણ લાગે છે. (૨૨) આ કોઈ નામ માત્રના ક્ષત્રિયો હસે અને વખતના માર્યા બ્રાહ્મણ વેષે ભીખ માગવા આવ્યા લાગે છે. હશે, ચાલો જે હશે, પરંતુ બ્રાહ્મણનો વેશ છે માટે ભિક્ષા આપું. કદાચ આ લોકો ના માંગી કે ના આપી શકાય એવા દેહને માગશે તો તે પણ આપીશ. (૨૩) સ્વંય વિષ્ણું વિપ્રના વેષમાં વામન બની બલિરાજાને દ્વારે માગવા આવ્યા ત્યારે શુક્રાચાર્યના કહેવા ઉપર જઈને બલિરાજાએ ભિક્ષા આપી અને ઐશ્વર્યથી ભ્રષ્ટ થયા પરંતુ આજે દશે દિશાઓમાં બલિરાજાની કીર્તિ સાંભળવામાં આવે છે. (૨૪) રાજા ઈન્દ્ર માટે બલિરાજાની લક્ષ્મી લેવાની ઈચ્છાથી આંગણે બ્રાહ્મણરૂપે વિષ્ણુ આવ્યા છે એવું શુકાચાર્યનું કહેવું થયું અને રોકવા પ્રયત્ન કર્યા તો પણ દૈત્યરાજ બલિએ બ્રાહ્મણ બટુને દાનમાં પૃથ્વી આપી દીધી. (૨૫) અને આખરે જરાસંઘ રાજા નિર્ણય ઉપર આવ્યા કે ક્ષત્રિય બનીને મારા આ જીવનમાં બ્રાહ્મણનું કાર્ય સિદ્ધ ન કર્યું અને શ્રેષ્ઠ કીર્તિ ના મેળવી તો પછી આ ખરી પડનારા શરીરને મેળવીને શું પ્રયોજન સિદ્ધ કર્યું ? (૨૬) એવો વિચાર કરતાં ઉદારમતિ જરાસંઘ રાજાએ કૃષ્ણ-અર્જુન-ભીમસેનને કહ્યું કહ્યું કે હે ભૂમિદેવો ! આપ પ્રસન્નતા-પૂર્વક જે જોઈએ તે માંગી લ્યો ! હું આપને મારું મસ્તક આપવા માટે પણ તૈયાર છું. (૨૭)

દ્વન્દ્વયુદ્ધની ભિક્ષા

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે રાજેન્દ્ર જરાસંઘ ! અમે આપની પાસે બે વ્યકિતની વચ્ચે બાહુયુદ્ધ માંગીએ છીએ. આપ અમારા ત્રણમાંથી કોઈની પણ સાથે યુદ્ધ કરી શકો છો. અને આમા અમારું કાંઈ દબાણ નથી. આપનું મન માને તો અમે યુદ્ધ માગીએ છીએ. અમે ત્રણે ક્ષત્રિયો છીએ માટે અન્નની આકાંક્ષાવાળા નથી.પરંતુ યુદ્ધની જ ઈચ્છાવાળા છીએ. તો તમે કહેશો કે તો પછી ક્ષત્રિયના વેષમાં કેમ ન આવ્યા ? તો તેનું કારણ છે.તમારા જેવા સમ્રાટ સામાન્ય

રાજા સાથે યુદ્ધ કરતાં સકોંચ થાય પરંતુ સમબળ કે મહાન સાથે યુદ્ધ કરાય.અમે અહીં વિપ્ર વેષમાં આવ્યા એટલે ક્ષત્રિય કરતાં મોટા ગણાઈએ તેમજ બ્રાહ્મણની માગણી સંતોષવાનું તમારું મન થાય માટે બ્રાહ્મણ બન્યા છીએ. (૨૮) હવે ક્ષત્રિય જાતિમાં પણ અમારો પરિચય આપીએ છીએ. આજે મધ્યમાં છે તે શ્રીવૃકોદાર ભીમસેન છે અને આ બીજા ભાઈ છે તે પૃથાના નાના પુત્ર અને ભીમસેનના ભાઈ અર્જુન છે. હવે મારો પરિચય-હું આ બન્નેના મામાનો પુત્ર છું. મારું નામ કૃષ્ણ છે અને આપનો શત્રુ છું. નીતિશાસ્ત્રના નિયમ પ્રમાણે જ્યાં સુધી ક્ષત્રિયે પોતાનું કાર્ય ના પતે ત્યાં સુધી પોતાનાં ગોત્ર અને નામ છુપાવવાં જોઈએ તેથી જ અમે છુપાવ્યાં છે. (૨૯) ભગવાને જ્યારે જરાસંધને પોતાનો પરિચય આપ્યો અને પોતાના ઈરાદો જણાવ્યો ત્યારે જરાસંધને લાગ્યું કે આ ત્રણે મતિમંદ લાગે છે કે સામે પગલે શત્રુના સંકજામાં આવી પડ્યા છે એમ માની અભિમાની જરાસંધ અટ્ટહાસ્ય કરતો બોલ્યો કે-હે મન્દો ! આપ જો બન્નેની વચમાં બાહુયુદ્ધ જ માગતા હશો તો તમને બેશક બાહુયુદ્ધ આપીશ જ. (૩૦) ક્રોધ ઉતાવળીઓ છે એ માનવની મતિને જડ કરી નાખે છે. ક્રોધે ભરાએલો જરાસંધ એકવાર તો આનંદમાં આવી ગયો કે આ કૃષ્ણ સામે પગલે મારા મુખનો કોળીઓ બને છે અને હા તો કહી બેઠો પછી અક્કલ આવી ત્યારે બોલ્યો કે-યુદ્ધમાં અસ્થિર ચિત્તવાળા ડરપોક ભીરુ હે કૃષ્ણ ! તમારી સાથે હું યુદ્ધ નહીં કરું. અરે કૃષ્ણ ! એટલા બધા ડરપોક છો કે આપે આપની પોતાની મથુરા નામની નગરીનો ત્યાગ કરીને સમુદ્રનું શરણ લીધું છે તેવા નિર્બલ સાથે કોણ લડે ? (૩૧) હવે અર્જુનની વાત એ છે કે એક તો વયમાં મારાથી નાનો છે તેમજ મહાબલવાન નથી, તેમાં વળી મારો સમોવડીઓ પણ નથી એટલા માટે અર્જુન મારી સામે યોદ્ધો ન બની શકે. હવે બાકી ભીમસેન રહ્યાં. એ પોતે ચાહે તો મારી સાથે યુદ્ધ કરી શકે. (૩૨) આ પ્રમાણે પોતાનો નિર્ણય સંભળાવી એક અત્યંત મોટી ગદા ભીમસેનના હાથમાં મૂકી. અને બીજી ગદા પોતાના હાથમાં લીધી અને બન્ને નગરની બહાર નીકળ્યા. (૩૩) પછી બન્ને સમતલ અને કોમળ ભૂમિમાં એટલે યુદ્ધ માટે કુસ્તી માટેના બનાવામાં આવેલા અખાડામાં વ્રજ જેવી ગદા લઈ રણમદથી માતેલા બન્ને જણ પરસ્પરને પ્રહાર કરવા લાગ્યા. (૩૪) જાણે રંગભૂમિમા ઉત્સાહી બે નટો ખેલતા ન હોય ! તેમ ગદાયુદ્ધના શાસ્ત્રના નિયમ પ્રમાણે જમણાં અને ડાબાં મંડળો-ચક્કરો લેતા હતા તેમાં એક જમણું ચક્કર લે તો બીજો ડાબું ચક્કર લે આવો નિયમ હોય છે. આ નિયમથી યુદ્ધ કરતા બન્ને શોભવા લાગ્યા. (૩૫) જાણે બે વ્રજો પરસ્પર ટકરાંતા હોયને શું ? એવો બન્નેની ગદાઓના પ્રહારમાંથી શબ્દ થઈ રહ્યો હતો, ત્યારે જાણે બે માતેલા માતંગો-હાથીઓ પરસ્પર ભીડતા હોય ત્યારે હાથીદાંતો ટકરાતાં શબ્દ થાય તેવા ચટાચટ સટાસટ શબ્દ થઈ રહ્યા હતા. (૩૬) જરાસંઘ અને ભીમસેન વેગીલી ભૂજાઓથી સખત રીતે એકબીજાના ઉપર ગદાઓને પટકતા હતા, ત્યારે એકાબીજાના ખભા ઉપર, કમર ઉપર, હાથ ઉપર, પગ ઉપર, જાંઘ ઉપર, ભુજા ઉપર, અને હાંસડીઓ ઉપર પટકાતી ત્યારે ગદાના ભુક્કા ઊડી જતા, જેમકે ભારે ક્રોધે ભરાયેલા બે હાથીઓ લઢતા લઢતા અર્કવૃક્ષ ઉપર આવી પડે ને ચૂરા થઈ જાય તેમ બન્નેના અંગોના ચૂરા ના થયા પરંતુ ગદાના જ ભુક્કા ઊડી ગયા. (૩૭) આરીતે ગદાયુદ્ધ કરતાં બન્ને વીરોની ગદાના ભુક્કા ઊડી ગયા ત્યારે ક્રોધથી લાલપીળા થઈ ગયેલા બન્ને વીરો લોખંડના સ્પર્શ જેવી કઠોર અને કર્કશ મુઠ્ઠીઓથી મુક્કાબાજી કરવા લાગ્યા. આ મુક્કાના પ્રહારથી બન્નેના અંગોના પણ ચૂરા થવા લાગ્યા. હાથી જેવા મદોન્મત્ત આ બન્નેની થાપટોનો પંજાઓના પ્રહારનો થતો સટાસટ શબ્દ વ્રજપાતન જેવો કઠોર લાગતો હતો. (૩૮) ગદાયુદ્ધની શિક્ષા બલ પરાક્રમમાં સરખી શક્તિ ધરાવતા ભીમસેન અને જરાસંધનું બલ આટલું ભયંકર યુદ્ધ થતાં ઘટતું ન હતુ. તેમજ વેગ પણ ઘટ્યો ન હતો. યુદ્ધ કરતા આ બન્નેમાં કોઈ ચડિયાતા કે કોઈ ઉતરતા લાગતા જ ન હતા. પરંતુ બન્ને સરખે સરખા જ ઊતરતા હતા. (૩૯)

ભીમસેનનો ભગવત્કૃપાથી વિજય

શત્રુ જરાસંધના જન્મ-મૃત્યુના પ્રકારને ભગવાન જાણતા હતા તેમજ જરા નામની દાસીએ બે જોડકાં જોડીને જરાસંધને જીવાડ્યો હતો તેથી આજે પણ જરા રાક્ષસી જરાસંધને જીવન આપી રહી હતી. આ સર્વ વિગત વિચારીને ભગવાન પોતાનું તેજ ભીમસેનમાં મૂકીને જરાસંધના વધને વિચારવા લાગ્યા. (૪૦) સદા સફળ જ્ઞાનવાળા શ્રીહરિએ શત્રુવધનો ઉપાય વીચારી લીધો અને હાથમાં પીપળાનું પાન અથવા તો ડાળી હાથમાં લઈ વચમાંથી ચીરવાની ક્રિયા કરતાં કરતાં

જરાસંઘના વધના પ્રકારનો સંકેત ભીમસેનને બતાવી દીધો. (૪૧) મહાન્ વીર, પ્રહાર કરવામાં શ્રેષ્ઠ શ્રીભીમસેનજીએ જરાસંઘના બન્ને પગને પકડીને શત્રુને પૃથ્વી ઉપર પટકી દીધો. (૪૨) ત્યારબાદ તેના એક પગને એક પગ નીચે દબાવીને બીજા પગને બન્ને હાથોથી પકડીને જેમ ગજરાજ વટવૃક્ષની શાખા પકડીને ચીરી નાખે, તેવી જ રીતે પકડીને જરાસંધની, ગુદાથી ચીરી નાખી બેફાડો બનાવી દીધી. (૪૩) તેના બે ભાગની ફાડોમાં એક પગ, એક સાથળ, એક વૃષણ, એક સ્તન, એક બાહુ, એક આંખ,એક ભ્રકુટિ એક કાન, આવા બે ટુકડાઓ-બેભાગો પ્રજાએ જોયા. (૪૪) જ્યારે મગધેશ્વર માર્યો ગયો ત્યારે ચારે બાજુ હાહાકાર થવા લાગ્યો, શ્રીકૃષ્ણ અર્જુન વિજયી ભીમસેનને ભેટી પડ્યા અને ધન્યવાદ આપવા લાગ્યા. (૪૫) પ્રાણી માત્રની વૃદ્ધિ કરનાર, પ્રાણી માત્રનું ભલુ કરનાર ભગવાનના અભિપ્રાયને કોઈ પણ જાણતું નથી. તે ભગવાને જરાસંઘના પુત્ર સહદેવને સિંહાસન ઉપર અભિષેક કર્યો અને મગધપતિ બનાવ્યો તેમજ જરાસંઘે જેલમાં પૂરેલા રાજાઓને કારાવાસમાંથી મુક્ત કર્યા. (૪૬)

अभ्यषिञ्चदमेयात्मा मगधानां पतिं प्रभुः । मोचयामास राजन्यान् संरुद्धा मागधेन ये ॥ ४८ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ નિરોધ લીલા ઉત્તરાર્ધના સાત્વિક પ્રકરણના સાધન પ્રકરણમાં અધ્યાય ૭૨ મો સમાપ્ત

અધ્યાય ૭૩ મો

[દશમ સ્કંધની નિરોધલીલા એટલે ભગવાનની લીલા-કથા-ચરિત્રોના શ્રવણથી મન ભગવાનમાં પરોવાય માટે ભગવાને કૃપા કરીને લીલાઓ કરી છે આ ત્રણ પ્રકારની લીલીઓ છે. તેમાંની આ સાત્ત્વિક લીલાનું પ્રકરણ ચાલું છે. સાત્ત્વિક લીલાનું પણ "સાધન લીલા" નામનું બીજું પ્રકરણ છે. એ પ્રકરણનો આ ત્રીજો અધ્યાય છે. આ અધ્યાયમાં ભગાનના યશની કથા છે. શ્રીભીમસેનમાં પોતાના તેજને મૂકીને જરાસંધનો વધ કરીને કારાવાસમાં પૂરેલા વીસ હજાર આઠસો રાજાઓને છોડાવ્યા છે. જરાસંધનો નિર્ણય હતો કે એકવીસ હજારની સંખ્યા પૂર્ણ થાય ત્યારે "પ્રમથનાથ" એટલે રુદ્રદેવનો યજ્ઞ કરવાનો હતો તેમાં તેમનું બલિદાન આપવાનું હતું. પરંતુ ભગવાનના આ બધા ભક્તો હતા તેથી ભગવાને સંખ્યા પૂરી થવા ના દીધી અને જરાસંધનો વધ થઈ ગયો. "કોઈ પણ પ્રાણીનો દ્રોહ-દ્વેષ કરે તેનું કલ્યાણ ક્યાંથી થાય?" મુક્ત થયેલા રાજાઓએ ભગવાનની સ્તુતિ કરી, આ સર્વ કથા આ અધ્યાયમાં આવશે. આ અધ્યાયમાં ૩૫ શ્લોકો છો. ચાલો હવે આપણે કૃષ્ણકથાનું રસપાન કરીએ.]

श्रीशुक उवाच-अयुते द्वे शतान्यष्टौ लीलया युधि निर्जिताः । ते निर्गता गिरिद्रोण्यां मलिना मलवासस. ॥ १ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત! જરાસંધે રમતાં રમતાં જીતીને વીસ હજાર અને આઠસો રાજાઓને જેલમાં પૂર્યા હતા. આજે ભગવાનની કૃપાથી મુક્ત થયેલા રાજાઓ જ્યારે પર્વતની ઘાટીમાંના કિલ્લામાંથી બહાર આવ્યા ત્યારે તેમનાં વસ્ત્રો મેલાં હતાં અને કલેશ અને શોકથી મુખ પણ મલિન હતાં. (૧) તેઓ ક્ષુધાથી દુર્બલ બની ગયા હતા, સંતોષના અભાવે મુખ સુકાઈ ગયાં હતાં, કારાવાસના વસવાટથી કાયા સર્વથા કૃશ બની ગઈ હતી. પરંતુ પૂર્ણ ભાગ્યોદય થતાં ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન પામ્યા હતા.

દ્વાદશ લક્ષણ પરિપૂર્ણ શ્રીદ્વારિકાધીશ ભગવાનની ઝાંખી

ददृशुस्ते घनश्यामं पीतकौशेयवाससम् ॥ २ ॥

श्रीवत्साङ्कं चतुर्बाहुं पद्मगर्भारुणेक्षणम् । चारुप्रसन्नवदनं स्फुरन्मकरकुण्डलम् ॥ ३ ॥

पद्मंहस्तं गदाशंखरथाङ्गैरुपलक्षितम् । किरीटहारकटककटिसूत्राङ्गदाचितम् ॥ ४ ॥

भ्राजद् वरमणिग्रीवं निवीतं वनमालया । पिबन्त इव चक्षुभ्यां लिहन्त इव जिह्वया ॥ ५ ॥

जिध्रन्त इव नासाभ्यां रम्भन्त इव बाहुभिः । प्रणेमुर्हतपाप्मानो मूर्धभिः पादयोर्हरेः ॥ ६ ॥

ભગવત્કૃપાથી ભગવદ્દર્શન થયાં ચાલો આપણે દર્શન કરીએ-(૧) મેઘ સમાન શ્યામ હતા, (૨) રેશમી પીતાંબર ધારણ કર્યું હતું, (૩) કરકમલમાં કમલ હતું, (૪) અન્ય ત્રણ હસ્તમાં ગદા-શંખ અને ચક્ર ધારણ કર્યા હતાં.(૫) મસ્તકે મુકુટ-વક્ષઃસ્થલમાં હાર-કાંડા ઉપર કંકણ-કટિ ભાગે મેખલા-બન્ને બાહુ ઉપર બાજુબંધથી શોભતા હતા, (૬) વક્ષઃસ્થલમાં

શ્રીવત્સ ચિહ્ન હતું, (૭) ચારભુજાઓ હતી, (૮) કમલની અંદર રહેલી લાલિમા શાં લાલ નેત્ર હતા, (૯) મનોહર અને પ્રસન્ન મુખારવિંદ હતું, (૧૦) બન્ને કાને મકરાકૃતિ કુંડલ ઝળકતાં હતાં, (૧૧)મણિશ્રેષ્ઠ કૌસ્તુભ કંઠમાં શોભતો હતો, (૧૨) વનમાલા ઉરે બિરાજતી હતી, આવા અતિસુંદર શ્યામસુંદરની ઝાંખી થતાં જ જાણે રસાત્મા શ્રીકૃષ્ણનું નયનરૂપ પાત્રોથી પાન કરતા હતા, અને અમૃત-ગાંગડા સમા કૃષ્ણને રસનાથી-જીભથી ચાટતા હતા. (૩,૬) પ્રેમમય શ્રીકૃષ્ણને જાણે નાસિકાથી સૂંઘતા હોય, અને આનંદમય શ્રીકૃષ્ણને જાણે બાહુઓથી ભેટતા હોય, એવા અનુભવો કરતા પાપમુક્ત નૃપતિઓ પ્રભુપાદકમલમાં મસ્તકોથી પ્રણામ કરતા ઢળી પડ્યા. (૭) ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રના દર્શનથી આનંદ ઉત્પન્ન થતાં જ આજ દિવસ પર્યન્ત ભોગવેલા કેદના કલેશને વિસરી ગયા. અને આનંદવિભોર નૃપતિઓ કરકમલની અંજલિ જોડી સ્તુતિ કરવા લાગ્યા. (૭)

નવશ્લોકમાં નવ ઘનશ્યામ શ્રીકૃષ્ણની સ્તુતિ

राजान ऊचुः- नमस्ते देवदेवेश प्रपन्नार्तिहराव्यय । प्रपन्नान् पाहि नः कृष्ण निर्विण्णान् धोरसंसृतेः ॥ ८ ॥

પ્રાર્થનાઃ (૧) પ્રથમ શ્લોકમાં રાજાઓએ નિવેદન કરતાં કહ્યું કે હે દેવોના દેવેશ ! દેવાધિદેવ ! શરણાગતસંકટ-હારિન્ ! હે અવિકારિન્ ! અમે ઘોર સંસારથી આકુલ-વ્યાકુલ બનેલા આપનું શરણ સ્વીકારીએ છીએ તો શરણાગતવત્સલ શ્રીકૃષ્ણ આપ અમારી રક્ષા કરો. (૮) દોષદૃષ્ટિનો અભાવઃ-(૨) બીજા શ્લોકમાં સ્તુતિ કરતાં નૃપતિઓ બોલ્યા કે શ્રીકૃષ્ણ પ્રભુ ! આપ જ અમારા જ નાથ છો બંધ-મોક્ષ આપની ઈચ્છાથી થાય છે, તેથી ભલે અમને જરાસંધે જેલમાં પૂર્યા પણ અમે એનો દોષ નથી જોતા. હે સમર્થ શ્રીકૃષ્ણ ! અમારાં રાજ્ય ગયાં અને રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થયા એ પણ આપનો અનુગ્રહ છે એમાં જરાસંધે અમારો નિગ્રહ કર્યો છે એવો વિચાર જ વ્યર્થ છે. (૯) રાજ્ય ગયાં તે ભલા માટે :- (૩) સ્તુતિના ત્રીજા શ્લોકમાં રાજાઓ કહી રહ્યા છે કે રાજ્યલક્ષ્મીના અને ઐશ્વર્યના મદથી ઉન્નત્ત થયેલા-છકી ગયેલા નૃપતિઓને પોતાના કલ્યાણનું જ્ઞાન જ નથી હોતું. ઊલટો આપની માયાથી મોહ પામેલો નરેશ પોતાને અને પોતાને મળેલી સમ્પત્તિઓને તે અવિચલ સદા રહેવાની છે એમ માને છે. (૧૦) સંપત્તિ દોષિત નથી, આસક્તિ દુષ્ટ છે :- (૪) હવે ચોથા શ્લોકમાં સ્તુતિ કરતા રાજાઓએ કહ્યું કે ભગવન્ ! ઝાંઝવાનાં જલને બાલકો ખરેખર પાણી તરીકે સમજીને તેની પાછળ તૃષા છીપવવા દોડે છે એ પ્રકારે સંપત્તિઓ તો જવા અને આવવાના ધર્મવાળી જ છે એમાં એનો શો દોષ ? પરંતુ ભૂલ તો મનુષ્યની છે કે અજ્ઞજન એ વિકારવાળી વસ્તુને સત્ય અને અચલ માને છે. જ્યારે ભક્તજન તો એ વાત સમજે છે તેથી આપનું ભજન જ કરે છે. (૧૧) પોતાના દોષની કબૂલાત :- હવે રાજાઓ સ્તુતિ કરતાં પોતાના દેષોની કબૂલાત કરતાં કરતાં પાંચમાં શ્લોકમાં બોલ્યા હે નાથ ! હાથનાં કર્યાં હૈયે વાગ્યાં આ કહેવત તદ્દન સત્ય છે, અમે જ્યારે રાજ્યશ્રીને ભોગવતા હતા. શ્રીમદના નશામાં ચકચૂર બનેલા વિવેકબુદ્ધિ ગુમાવી બેઠા હતા અને એકબીજાને જીતવા માટે ચડસાચડસી અને ઈર્ષ્યા કરતા હતા. તેમાંય વળી અતિશય નિર્દય બનીને અમારી નિર્દોષ પ્રજાને ત્રાસ આપતા અને નાશ કરતા હતા, પ્રભુ અમે એટલા બધા મદથી છકી ગયા કે નજર સામે ઉભેલા મૃત્યુને જોઈ શકતા ન હતા. (૧૨) ઉપેક્ષા કે કૃપાઃ- હવે છઠ્ઠા શ્લોકમાં સ્તુતિ કરતા નૃપતિઓ બોલ્યા કે હે શ્રીકૃષ્ણ કેટલી આપે કૃપા કરી કે આજે ભંયકર વેગીલા અને આપનું જ શરીર માનતા તેમજ અપાર બલવાન એવા કાળે અમારી રાજ્યશ્રી છીનવી લીધી તેથી અમારો ગર્વ ગળી ગયો અને આપનાં ચરણોનું સ્મરણ કરતા હતા અને કરી રહ્યાં છીએ. (૧૩) અમારો ભાગ્યોદયઃ- હવે સ્તુતિ કરતાં રાજાઓ સાતમાં શ્લોકમાં ભગવાનને કહી રહ્યા છે કે નાથ ! રોગનું મંદિર નિરંતર નાશ પામનાર આ દેહથી હે દયાનિધિ હવે ઝાંઝવાના જળ જેવા મહોક રાજ્યને ભોગવવાની અમારી લગાર પણ ઈચ્છા નથી. નાથ ! એટલું જ નહિ પરંતુ ખૂબ કર્મો કરી મેળવેલા પણ કેવલ કાનના લહાવા સમ મનાતા સ્વર્ગાદિ પરલોકને પણ મેળવવા અને તે લેવા નથી ઈચ્છતા. માત્ર ઈચ્છીએ છીએ પ્રભુચરણોની સેવા. (૧૪) ઉપદેશનાં દાન કરો :- હવે નૃપતિઓ આઠમા શ્લોકમાં કહી રહ્યા છે કે નાથ ! હવે એવો ઉપાય બતાવો કે એવો ઉપદેશ આપો કે આ સંસાર ભ્રમણ કરનારા અમે ખરા પંથે પડીએ, સંસારથી વિરમી અને આપશ્રીના શ્રીચરણકમલોને ન વિસરીએ અને અમારી મતિ સેવામાં ઓતપ્રોત રહે. (૧૫) નમસ્કાર :- નવમા શ્લોકમાં નરેશો સ્તુતિ કરતાં નમસ્કાર કરે છે -

कृष्णाय वासुदेवाय हरये परमात्मने । प्रणतक्लेशनाशाय गोन्दिाय नमो नमः ॥ १६ ॥

વૈરાગ્ય અને આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણને નમસ્કાર, જ્ઞાનસ્વરૂપ અને જ્ઞાનના કારણ શ્રીવસુદેવનંદન વાસુદેવને નમસ્કાર, શ્રીસ્વરૂપ એવા શ્રીહરિને નમસ્કાર, યશસ્વરૂપ પરમાત્માને પ્રણામ, શરણાગત સંકટનો-કલેશનો નાશ કરનારા હોવાથી વીર્ય સ્વરૂપ પ્રભુને નમસ્કાર, ઐશ્વર્યસ્વરૂપ શ્રીગોવિંદને વારંવાર પ્રણામ. (૧૬)

શ્રીવ્રજવિહારજીનાં વચનામૃત

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! હે તાત ! બંધનમુક્ત બનેલા રાજાઓએ આ પ્રકારે જ્યારે ભગવાનની સ્તુતિ કરી ત્યારે દયાળુ શરણાગતવત્સલ ભગવાને મધુર વચનસુધા વર્ષાવતાં તે રાજાઓને કહ્યું કે હે ભૂપતિઓ ! આજથી આરંભીને હવે, સર્વ પ્રાણીઓના આત્મા અને અખિલ જીવોના ઈશ્વર એવા મારામાં આપ બધા જે પ્રકારની ભક્તિની કામના કરો છો તે પ્રકારની ભક્તિ થાવ. (૧૭,૧૮) હે નરનાથો ! આપે ઘણો શ્રેષ્ઠ નિશ્ચય કર્યો છે તે આનંદની વાત છે. આપે સર્વ સત્ય વાત કહી છે. શ્રી સાથે રાજા તરીકેના ઐશ્વર્યના મદનો જે ઘમંડ છે તેને હું મનુષ્યોને ભયંકર ઉન્માનદને પેદા કરનાર તરીકે જોઈ રહ્યો છું. (૧૯) વીર્યથી સહસ્રાર્જુન-નહુષરાજા-વેનરાજા-રાવણ-નરકાસુર અને બીજા દેવ-દૈત્ય-દાનવો તેમજ રાજાઓ શ્રીમદના નશાથી પોતાના સિંહાસનથી ગબડ્યા છે. (૨૦) આ બધા રાજાઓના જીવનના પરિણામો ઉપરથી આપ સમજી શકો કે દેહ અને દેહાદિથી મેળવેલું રાજ્ય, ધન વગેરે અન્તે નશ્વર છે, નાશ પામવાનું છે જ. માટે આપ રાજાઓ યજ્ઞયાગાદિ ક્રિયાઓ દ્વારા મારું અર્ચન કરો તેમજ ધર્મમાર્ગથી પ્રજાનું રક્ષણ કરો. (૨૧) ધર્મનું આચરણ કરી પુત્ર-પૌત્રનો જન્મ આપી વંશતંતુને-વંશવેલાને અખંડ રાખીને વિસ્તારતા રહીને સુખ-દુઃખ-લાભ-હાનિ, વગેરે જે આવી મળે તે સર્વ કાંઈ સહન કરતા ભોગવતા રહો અને મારામાં મન રાખી વિચરતા રહો. (૨૨) વળી જો આપ સર્વ દેહ-ગેહ આદિ સર્વ પદાર્થોમાંથી મન ઉઠાવી લઈને, આત્મારામ બનીને મારી સેવામાં વ્રતપરાયણ બનીને રહેશો અને મારામાં મન સારી રીતે લગાવશો તો અન્તમાં પરબ્રહ્મસ્વરૂપ મને પામશો. (૨૩)

પુરુષોત્તમની કૃપાથી પુરસ્કાર અને પરિચર્યા

શ્રીશુકાચાર્યજી મહારાજે કહ્યું કે નરેશ ! ચૌદ ભુવનોના નાથે શ્રીકૃષ્ણે રાજાઓને આ પ્રમાણે માર્ગદર્શન આપીને તે રાજાઓને સ્નાન વગેરે સંસ્કારો કરાવવા માટે કેટલાંક સ્ત્રી-પુરુષોને સેવામાં યોજી દીધાં. (૨૪) રાજાઓના મોભા પ્રમાણે યોગ્ય વસ્ત્રો, આભૂષણો, માલાઓ, ચન્દન લેપન વગેરે સામગ્રીઓ દ્વારા જરાસંધપુત્ર સહદેવ દ્વારા અર્ચન-સત્કાર-પુરસ્કાર કરાવ્યો. (૨૫) સત્કાર-અર્ચન કર્યા બાદ ઉત્તમ આભૂષણો-વસ્ત્રો ધારણ કરી પુષ્પમાલા-ચન્દનથી અલંકૃત થયેલા રાજાઓને ઉત્તમ પ્રકારનાં ભોજન કરાવ્યાં, ત્યારબાદ રાજાઓને માટે ઉચિત પાનબીડી-મુખવાસ વગેરે આપીને બહુમાન કર્યાં. (૨૬) જ્યારે સ્વંય મુક્તિનું દાન કરનારા શ્રીમુકુન્દ ભગવાનના શ્રીહસ્તે પ્રસાદી રૂપે સત્કાર પામ્યા ત્યારે કાનોમાં ઝળકતાં કુંડલને ધારણ કરતા કલેશથી મુક્ત થયેલા રાજાઓ જાણે વર્ષા ઋતુને અંતે ગ્રહો દીપી ઊઠે એમ શોભવા લાગ્યા. (૨૭) શ્રેષ્ઠ જાતના અશ્વો જોડેલા, રત્ન અને સુવર્ણથી શોભતા રથો ઉપર ચઢાવીને મધુર વચનોથી પ્રસન્ન કરીને રાજાઓને પોતાને દેશ વિદાય કર્યા. (૨૮) જગતપતિ ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી મુક્તિ પામેલા અને કષ્ટમાંથી છૂટેલા રાજાઓ, શ્રીકૃષ્ણ ભગવાનનાં અને ભગવાનની લીલાઓનું જ ચિંતન કરતાં પોતપોતાના દેશોમાં પધાર્યા. (૨૯) પુનઃ રાજાઓ પોતપોતાની રાજધાનીમાં પધાર્યા અને પોતાની પ્રજાને મહાપુરુષ શ્રીકૃષ્ણનાં ચરિત્રો સંભળાવ્યાં. તેમજ શ્રીકૃષ્ણ ભગવાને જે રીતે આજ્ઞા કરી હતી તે જ પ્રમાણે પ્રમાદનો ભોગનો ત્યાગ કરી પ્રજાનું પાલન કરવા લાગ્યા. (૩૦)

લોકમંગલ ત્રિપુટીનું ગિરિદુર્ગથી ઈન્દ્રપ્રસ્થ તરફ પ્રસ્થાન

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! શ્રીભીમસેનજી દ્વારા જરાસંધનો નાશ કરાવીને, સહદેવજી દ્વારા પૂજન-અર્ચન પામીને, ભાઈ અર્જુન અને ભાઈ ભીમસેનની સાથે ભગવાન કેશવે ઈન્દ્રપ્રસ્થ તરફ પ્રસ્થાન આરંભ્યું. (૩૧) અર્જુનજી

દ્વારા ખાંડવ વનને બાળ્યા પછી ત્યાં ખાંડવપ્રસ્થ નામનું નગર વસાવ્યું હતું ત્યાં આ ત્રણે દિવ્ય ત્રિપુટીની માગધ દેશમાંથી પધરામણી થઈ. જરાસંધને જીતીને આવ્યાની જાણ કરતો આ ત્રણે મહાપુરુષોએ શંખનાદ કર્યો. આ શંખનાદના શ્રવણથી પોતાના સુહૃદજનોને આનંદ થયો જ્યારે શત્રુજનોને તો અસુખકર લાગ્યો. (૩૨) ઈન્દ્રપ્રસ્થ નિવાસીઓએ આ શંખનાદના શ્રવણથી જાણ્યું કે જરાસંધ સ્વધામ ગયો ત્યારે સર્વનાં મન પુષ્કળ પ્રસન્ન થયાં અને શ્રીધર્મરાજ મહારાજનો મનોરથ પરિપૂર્ણ થયો. (૩૩) શ્રીભીમસેનજી, અર્જુનજી અને શ્રીજનાર્દન ભગવાન નગરમાં પધાર્યા. ધર્મરાજ મહારાજને નમસ્કાર કર્યા અને આ ત્રણે મહાવિભૂતિઓએ જે કાંઈ પ્રસંગ બન્યો તે સર્વ કહી સંભળાવ્યો. (૩૪) ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી આ સર્વ કાર્ય સિદ્ધ થયું. આ વસ્તુ જ્યારે બન્ને ભાઈઓના મુખેથી શ્રવણ કર્યું ત્યારે ભગવાન કેશવના અનુગ્રહનું અનુસંધાન કરતા ધર્મરાજનું હૃદય ભરાઈ આવ્યું, નેત્રમાંથી આનંદની અશ્રુધારા વહેવા લાગી, પ્રેમસિંધુમાં ડૂબી ગયા અને મુખમાંથી કાંઈ પણ બોલી ના શક્યા. (૩૫)

निशम्य धर्मराजस्तत् केशवेनानुकम्पितम् । आन्दाश्रुकणान् मुञ्चन् प्रेम्णा नोवाच किंचन ॥ ३५ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ નિરોધલીલા ઉત્તરાર્ધના સાત્ત્વિક લીલા પ્રકરણના સાધન પ્રકરણમાં અધ્યાય ૭૩ મો સમાપ્ત

અધ્યાય ૭૪ મો

[સાત્ત્વિક પ્રકરણના બીજા સાધન પ્રકરણનો ચતુર્થ આધ્યાય શરૂ થાય છે. આ અધ્યાયમાં શ્રીહરિના "શ્રી" નામના ઐશ્વર્યનું વર્ણન થાય છે. ઉપકાર-ભાર-પરવશ-ભક્તવર ધર્મરાજ યુધિષ્ઠિરનું કોમળ અંતઃકરણ આર્દ્ર બની ગયું. કેવળ કૃષ્ણકૃપાથી જ સર્વ બને છે એમ માનતા ધર્મરાજે આધિદૈવિક યજ્ઞસ્વરૂપ શ્રીકૃષ્ણભગવાનનાં અર્ચન કર્યાં. યજ્ઞમાં શ્રેષ્ઠ મુનિવરો પધાર્યા. શિશુપાલનો વધ કર્યો અને યજ્ઞ કર્યો આ સર્વ કથાપ્રસંગ આ અધ્યાયમાં આવશે. આ અધ્યાયમાં ૫૪ શ્લોકો છે.]

निशम्य धर्मराजस्तत् केशवेनानुकम्पितम् । आनन्दाश्रुकलां मुञ्चन् प्रेम्णा नोवाच किंचन ॥ ३५ ॥

શ્રીશુકાચાર્ય મહારાજ બોલ્યા કે રાજન્ ! સમર્થ શ્રીહરિ, શ્રીકૃષ્ણના પ્રભાવથી જ થએલા જરાસંધના વધની કથાનું શ્રવણ કરીને પ્રસન્ન થએલ યુધિષ્ઠિર રાજા ભગવાનને નિવેદન કરવા લાગ્યા. કે આ ત્રણે લોકમાં બ્રહ્માદિ દેવો, ઉપદેશ કરનારાઓ કે વેદોક્ત ઋષિઓ છે, જે ગુરુજનો ગણાય છે તેઓ સર્વ દેવો સાથેના સર્વ લોકો જે ભગવાનની આજ્ઞાને પુષ્પની માફક ઉપર ધારણ કરે છે તે જ આપ કમલનયન શ્રીપુરુષોત્તમ ભગવાન છો. આ વાત સત્ય છતાં અમે કંગાલ રાજાઓ અમારી જાતને અમે ઈશ્વર છીએ એવું શરમ કરવા લાયક અભિમાન ધરાવીએ છીએ. હે નાથ ! આવા અમારા જેવા ક્ષુદ્રજનોની આપ આમન્યા પાળો છો એ તો કેવલ આપનું લોકરીતિને આપેલું ગૌરવ છે. (૧,૩) આપ એક છોં, અજોડ છો, પરબ્રહ્મ છો, પરમાત્મા છો, કર્મોથી ન તો આપનું તેજ વધે છે કે ન તો આપનું તેજ ઘટે છે. આપ તો સૂર્ય સમાન છો. સૂર્યનું તેજ ઉચ્ચ સ્થાનમાં કે નીચ સ્થાનમાં આવવા છતાં સૂર્યના તેજમાં નથી વધારો કે ઘટાડો થતો તેમજ આપનું તેજ એકધારું અને સરખું જ રહે છે. (૪) હે અજિત ! હે માધવ ! આપના જે અનન્ય ભક્તજનો છે તેમને તો "હું અને આ મારું અને તું અને આ તારું" આવી વિકારવાળી ભેદબુદ્ધિ કદી થતી નથી. (૫) શ્રીશુકાચાર્ય મહારાજશ્રીએ કહ્યું કે રાજન્ ! આપના દાદા યુધિષ્ઠિરે આવું દૈન્યપૂર્વક શ્રીકૃષ્ણ ભગવાનને નિવેદન કરીને રાજસૂય યજ્ઞ કરવા માટેનો યોગ્ય કાલ મહામાસમાં ભગવાનની સંમતિ મેળવીને બ્રહ્મવાદી ઋષિઓનું યજ્ઞમાં 'ઋત્વિજ" તરીકે વરણ કર્યું. (૬)

૧૨ દિવસનો રાજસૂય યજ્ઞ અને ઋષિઓનું નિમંત્રણ

द्वैपायनो भरद्वाजः सुमन्तुर्गौतमोऽसितः । वशिष्ठश्च्यवनः कण्वो मैत्रेयः कवषस्त्रितः ॥ ७ ॥
विश्वामित्रो वामदेवः सुमतिर्जैमिनिः क्रतुः । पैलः पराशरो गर्गो वैशम्पायन एवच ॥ ८ ॥
अथर्वा कश्यपो धौम्यो रामो भार्गव आसुरिः । वीतिहोत्रो मधुच्छन्दा वीरसेनोऽकृतव्रणः ॥ ९ ॥

રાજસૂય યજ્ઞમાં અનેક ઋષિઓની આવશ્યકતા પડે છે. મહારાજ યુધિષ્ઠિરને ત્યાં યજ્ઞમાં અનેક ઋષિ-બ્રાહ્મણો પધાર્યા

છે પરંતુ ત્રીસ ઋષિઓનાં નામ આપ્યાં છે. આ ત્રીસ ઋષિઓમાં સત્તર ઋષિત્વજ હતા, દશ સોમપાત્રને રાખનારા ''ચમસ''નામના વિપ્રો હતા. અને યજ્ઞના જલને સંભાળનારા ત્રણ ''એકધન'' નામના વિપ્રો હતા. આ વિપ્રોનાં મંગલ નામ ગણાવતાં આ ત્રીસ ઋષિવરોમાં (૧) શ્રીદ્વૈપાયન, (૨) ભરદ્વાજ, (૩) સુમન્તુ, (૪) ગૌતમ, (૫) અસિત, (૬) વશિષ્ઠ, (૭) ચ્યવન, (૮) કણ્વ, (૯) મૈત્રેય, (૧૦) કવષ, (૧૧) ત્રિત, આ અગિયાર બ્રહ્મવેત્તા મુનિઓ હતા. ૭. (૧૨) વિશ્વામિત્ર (૧૩) વામદેવ, (૧૪) સુમતિ, (૧૫) જૈમિનિ, (૧૬) ક્રતુ, (૧૭) પૈલ, (૧૮) પરાશર, (૧૯) ગર્ગ, (૨૦) વૈશંપાયન મુનિ, આ નવ વિપ્ર ઋષિઓ મધ્યમ હતા. ૮. (૨૧) અથર્વા, (૨૨) કશ્યપ, (૨૩) ધૌમ્ય, (૨૪) રામ, (૨૫) ભાર્ગવ, (૨૬) આસુરિ, (૨૭) વીતિહોત્ર, (૨૮) મધુચ્છદા, (૨૯) વીરસેન, (૩૦) અકૃતવ્રણ આ નવ ઋષિ કર્મનિષ્ઠ હતા. ૯. આ ઉપરાંત રાજસૂય યજ્ઞમાં શ્રીદ્રોણાચાર્યજી, ભીષ્મપિતામહ, શ્રીકૃપાચાર્યજી, તેમજ દુર્યોધન વગેરે પુત્રોની સાથે મહારાજ ધૃતરાષ્ટ્ર, મહામતિ શ્રીવિદુરજીને પણ નિમંત્રણ આપીને તેડાવ્યા હતા. (૧૦) બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો અને અને અન્ય રાજાઓ પોતાની સ્ત્રીઓ સાથે યજ્ઞદર્શન કરવા માટે ત્યાં આવ્યા હતા. (૧૧) પુનઃ યજ્ઞમાં પધારેલા બ્રાહ્મણોએ યજ્ઞની ભૂમિને બાર બળદોથી જોતેલા સુવર્ણના હળથી ખેડી, શુદ્ધ બનાવી, વેદોની પદ્ધતિ પ્રમાણે ધર્મરાજ યુધિષ્ઠિરને યજ્ઞમાં દીક્ષિત કર્યા. (૧૨) ધર્મરાજ યુધિષ્ઠિરજીના રાજસૂય યજ્ઞની સર્વ સામગ્રી, ભગવાન વરુણે જેમ સુવર્ણની સામગ્રી વાપરી હતી તેવી જ રીતે સુવર્ણની જ બનાવી હતી. (૧૩) આ યજ્ઞમાં સેવક સહિત દેવગણો, સિદ્ધો, ગન્ધર્વો, વિધાધરો, મહાન સર્પદેવતાઓ, સપ્તર્ષિઓ, કુબેર, પુલસ્તિ, વિભિષણ વગેરે યક્ષ અને રાક્ષસો, ગુરુડજી વગેરે ખગો - પક્ષીઓ, કિન્નરો અને ચારણો આવ્યા હતા. (૧૪) અત્યંત આદરથી અનેક દ્વીપોના રાજાઓ, મહારાણીઓ, વૈશ્યો, ક્ષત્રિયો, વિપ્રો, શૂદ્રો વગેરે ધર્મરાજ યુધિષ્ઠિરે સર્વને નિમંત્રણ આપ્યાં હતાં. આ બધા કઠિન માર્ગો પણ ખેડીને પાંડુપુત્ર યુધિષ્ઠિરજીના રાજસૂયયજ્ઞમાં પધાર્યા હતા. કારણ કે ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન થવાનાં હતાં. (૧૫)

ધર્મરાજના રાજસૂયયજ્ઞની સફલતાનાં ત્રણ કારણ (૧) વિધિપૂર્વકં કર્મ (૨) દેવવર્ચસ્ઋષિ (૩) શ્રીકૃષ્ણ ભક્તિ

યજ્ઞમાં પધારેલા સર્વ અતિથિઓને, નિમંત્રિત સર્વ જનોને સંશય વિના ખાત્રી હતી કે ધર્મરાજ ભગવાન શ્રીકૃષ્ણજીના અનન્ય ભક્ત છે તેથી મહારાજાનો યજ્ઞ અત્યંત સરલતાથી સુખપૂર્વક સંપૂર્ણ થશે. કારણ કે જેમ દેવોએ વરુણદેવને યજ્ઞ કરાવ્યો હતો તેવી જ રીતે દેવો જેવા જ તેજસ્વી અને યજ્ઞને પ્રકટ કરવા માટે સમર્થ ઋષિઓ યજ્ઞ કરાવનારા હતા અને ત્રીજું કારણ સર્વ સામગ્રીઓ વિધિ પ્રમાણે લાવ્યા હતા તેમજ ક્રિયા વિધિપૂર્વક કરી હતી, યજ્ઞમાં ''સોમરસના પ્રસવના દિવસને સૌત્ય'' એટલે સોમપ્રસૂતિ દિવસ કહેવામાં આવે છે. આ દિવસ યજ્ઞના દિવસોનો મધ્ય દિવસ હોય છે. આ વાત વ્યાસજી સમજાવે છે કે -

सौत्येऽहन्यवनीपालो याजकान् सदसस्पतीन् । अपूजयन्महाभागान् यथावत्सुसमाहितः ॥ १७ ॥

सौत्ये अहनि એટલે યજ્ઞના વચલા દિવસે माध्य दिनसवने दक्षिणा नीपन्ते ''મધ્યાહ્ન કાલે સોમરસ કાઢવાના સમયે ઋત્વિજો દક્ષિણા લઈને જાય છે, यावन्तो वै सदस्यास्ते सर्वे दक्षिण्याः આ સોમરસ કાઢતી વખતે જેટલા સદસ્યો હોય છે તે સર્વ દક્ષિણાના અધિકારીઓ બને છે. આ પ્રમાણેના રાજસૂયના વિધિ પ્રમાણે સોમરસ પ્રકટ કરવાના મુખ્ય દિવસે અવનીપાલ એટલે પૃથિવીપાલ યુધિષ્ઠિર રાજાએ, અત્યંત સાવધાનતાપૂર્વક યજ્ઞ કરાવનારા યાજક વિપ્રોને તેમજ યજ્ઞમાં પધારેલા અન્ય મહાભાગ વિપ્રોને વિધિ પ્રમાણે સન્માન્યા અને તેમનાં અર્ચન કર્યાં. હવે રાજન્ પરીક્ષિત ! સભામાં એક પ્રશ્ન ઉપાસ્થિત થયો કે બહુ દક્ષિણા આપવામાં આવતી હોય તેવા યજ્ઞમાં સર્વ સભાસદોમાં જે સર્વ શ્રેષ્ઠ હોય તેઓની અગ્ર પૂજા કરવામાં આવે છે. આ નિયમને અનુસરીને જેમ જનક મહારાજાએ બ્રહ્મજ્ઞ મુનિ શ્રીયાજ્ઞવલ્કયનાં અર્ચન કરીને એક સહસ્ત્ર ગાયો દાનમાં આપવામાં આવી હતી, તે પ્રમાણે આજની આ સભામાં અગ્રપૂજાને યોગ્ય કોણ છે, આ વસ્તુનો નિર્ણય કરવા માટે સભાસદો અંદર અંદર વિચાર કરવા લાગ્યા. પરંતુ જ્યારે તેઓ નિર્ણય ના કરી શક્યા ત્યારે શ્રી સહદેવજી બોલ્યા. (૧૮)

જ્યાં જ્યાં મહાનમાં મહાન યજ્ઞો થાય ત્યાં ત્યાં જો પરબ્રહ્મ પ્રકટરૂપે બિરાજતા હોય તો પરબ્રહ્મનું પૂજન થાય આ અગ્રપૂજનનો વિધિ છે. આ વિધિ પ્રમાણે જો પ્રત્યક્ષ સ્વરૂપે પરબ્રહ્મ ન બિરાજે તો પછી બ્રહ્મના જેવા "બ્રહ્મવિદ"નાં અર્ચન કરવાં એવો એક અનુકલ્પ વિધિ છે. આ જ સુધી પ્રત્યેક યજ્ઞમાં અનુકલ્પ વિધિ ચાલતો આવ્યો છે. સભાસદો આજે ધર્મરાજની રાજસૂય સભામાં જુદા જુદા મત દર્શાવવા લાગ્યા કે (૧) શ્રીકૃષ્ણ સ્વયં બ્રહ્મ છે. માટે સાક્ષાત્ બ્રહ્મનાં જ પૂજન કરવાં પણ અનુકલ્પ ન કરવો, (૨) કેટલાક કહેવા લાગ્યા કે કૃષ્ણ તો યાદવ છે, મહાન્ છે. પણ સાક્ષાત્ બ્રહ્મ તો નથી માટે આ સભામાં અનેક વ્યાસજી, વશિષ્ઠ વગેરે બ્રહ્મવિદ છે. એમાંથી એકનું પૂજન કરો. (૩) ત્રીજો મત આવ્યો કે વ્યાસજી બ્રહ્મવિદ છે, જ્ઞાનાવતાર છે, કુલવૃદ્ધ છે અને પિતામહ છે તેમનાં અગ્ર પૂજન કરો. (૪) ચોથો મત સર્વવિદ્ ભીષ્મ છે. અને સર્વમાં શ્રેષ્ઠ છે. માટે પ્રથમ અર્ચન ભીષ્મનાં કરવાં. (૫) પાંચમો મત એવો આવ્યો કે ભીષ્મના કરતાં પણ પરશુરામ શ્રેષ્ઠ છે તો તેમનાં પૂજન પ્રથમ થવાં જોઈએ. આ અવસરે બાર વર્ષની વયના સર્વજ્ઞ સહદેવ જેઓ વગર પૂછયે કદી બોલતા નહીં તેઓએ સહદેવજીને પૂછયું, સર્વજ્ઞ આપનો શો મત છે ? ત્યારે સહદેવજી બોલ્યા કે (૧) બ્રહ્મજ્ઞ-ભગવાન-માન્ય-શ્રેષ્ઠ-સર્વગુણસમ્પન્ન-વગેરે સર્વ ગુણોથી પણ શ્રેષ્ઠ અને સાક્ષાત્ સચ્ચિદાનન્દ વિગ્રહ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાન જ્યાં બિરાજે છે ત્યાં અંશરૂપ બિરાજતા એવા કોઈનાં અર્ચન શા માટે કરવાં પરંતુ પૂર્ણબ્રહ્મનાં જ પૂજન કરીએ આવું મારું નમ્ર પણ દૃઢ મન્તવ્ય છેઃ-

શ્રીસહદેવે કહ્યું માન્ય સભાસદો આપને મારું નિવેદન છે કે સ્વંય પૂર્ણબ્રહ્મ, પૂર્ણ ભગવાન, વૈષ્ણવોના ભક્તજનોના સ્વામી, સર્વદેવસ્વરૂપ, સર્વકાલસ્વરૂપ, સર્વ ઘન સ્વરૂપ તો કેવલ શ્રીઅચ્યુત ભગવાન જ છે માટે અચ્યુતનાં જ અગ્ર પૂજન આ રાજસૂયયજ્ઞમાં થવાં ઉત્તમ છે. (૧૯) આ ઉપરાંત શ્રીકૃષ્ણ જ સર્વવિશ્વ સ્વરૂપ છે, સર્વ યજ્ઞો પણ શ્રીકૃષ્ણસ્વરૂપ જ છે, અગ્નિ, આહુતિઓ, મંત્રો, સર્વ કૃષ્ણ સ્વરૂપ છે અને સાંખ્ય તેમજ યોગ શ્રીકૃષ્ણ પરાયણ છે તેથી પણ શ્રીકૃષ્ણનાં પ્રથમ અર્ચન કરવાં ઘટે. (૨૦) શ્રીકૃષ્ણ એક છે, અદ્વિતીય છે, આ શ્રીકૃષ્ણ જ સર્વ જગતના આત્મા છે, હે વિવેકશીલ સભાસદો ! શ્રીકૃષ્ણનો કોઈ આશ્રય નથી પોતે જ પોતાના આશ્રય છે, અજ, અવિનાશી છે છતાં સર્વને ઉત્પન્ન કરે છે, પાલન કરે છે. (૨૧) આ શ્રીકૃષ્ણ ભગવાન જ આ સર્વના હૃદયમાં પ્રવેશીને વિશ્વમાં સર્વ પ્રકારનાં કર્મોને ઉત્પન્ન કરે છે, વળી સર્વનાં અન્તઃકરણમાં પ્રવેશ કરીને જીવો ઉપર કૃપા કરીને શ્રીકૃષ્ણ જ શ્રેયસ-કલ્યાણને સાધનારાં પુણ્ય કર્મ કરાવીને ધર્મ-અર્થ-કામ-મોક્ષ નામના ચારે ચાર પુરુષાર્થો સિદ્ધ કરાવીને કલ્યાણ પ્રાપ્ત કરાવે છે. (૨૨) માટે સર્વથી શ્રેષ્ઠ મહાન આત્મા ભગવાન શ્રીકૃષ્ણનાં જ અગ્ર અર્ચન કરો. ભગવાનને જ સર્વ સામગ્રીનાં સમર્પણ કરો, જો આ પ્રમાણે આપ શ્રીકૃષ્ણની અગ્રપૂજા કરશો તો સર્વ પ્રાણીઓનાં પૂજન અને આપણાં સર્વના પૂજન એ પુરુષોત્તમનાં પૂજનમાં જ સમાઈ જશે. (૨૩) જે કોઈ વિવેકીજન પોતાના સમર્પણનું અનન્ત ફલ ચાહે તેનું તો કર્તવ્ય છે કે સર્વ પ્રાણીઓરૂપ, સર્વના આત્મારૂપ સર્વને પોતાના જ સ્વરૂપે જોનારા, શાન્તસ્વરૂપ અને પૂર્ણ સ્વરૂપ શ્રીકૃષ્ણને જ સમર્પણ કરવું જોઈએ. (૨૪) સર્વજ્ઞ સહદેવજી શ્રીકૃષ્ણ ભગવાનના મહિમાને જાણતા હતા માટે આ પ્રમાણે નિવેદન કરીને, મૌન સ્વીકારીને વિરામ પામ્યા. આ વાત સાંભળીને પ્રત્યેક શ્રેષ્ઠ સભાસદો "સાધુ સાધુ" તદ્દન સત્ય કહ્યું આવાં વાક્યો એક જ અવાજે બોલી ઊઠ્યાં. (૨૫)

શ્રી પૂર્ણ પુરુષોત્તમનાં પ્રથમ પૂજન

શ્રીધર્મરાજે રાજસૂય સર્વ સભાસદોની સંમતિ જાણી, તેમજ સર્વ ઋષિ-મુનિ-બ્રાહ્મણોનું અનુમોદન જાણી, પ્રત્યેકના હૃદયના અભિપ્રાય જાણી લીધા અને સ્નેહવિભોર બનેલા અત્યંત પ્રસન્ન થઈને શ્રીહૃષીકેશ ભગવાનનાં મન-વચન-કાયાથી અર્ચન કર્યાં. (૨૬)

तत्पादाववनिज्यापः शिरसा लोकपावनीः । सभार्यः सानुजामात्यः सकुटुम्बोऽवहन् मुदा ॥ २७ ॥

શ્રીધર્મરાજે પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાનનાં શ્રીચરણોનું પ્રક્ષાલન કરીને ચૌદ લોકોને-અખિલ બ્રહ્માંડોને પાવન કરનારા પ્રભુપાદતીર્થને સ્ત્રીઓ, ભાઈઓ, મંત્રીજનો, કુટુંબીજનો અને સેવક જનોની સાથે આનન્દપૂર્વક મસ્તક ઉપર

ધારણ કર્યું. (૨૭) ભગવાન શ્રીકૃષ્ણનાં પીતાંબર વગેરે રેશમી વસ્ત્રોથી, અણમોલ આભૂષણોથી, જ્યારે અર્ચન કીધાં ત્યારે સર્વ નૃપતિઓનાં નેત્રો અશ્રુઓથી ઉભરાવા લાગ્યાં અને આ કારણથી કાંઈ જોઈ પણ ન શક્યા. (૨૮) ભગવાન શ્રીકૃષ્ણનો આ પ્રકારે સત્કાર થયો ત્યારે તો સર્વ સભાસદજનો અંજલિ જોડીને વારંવાર જય જય જય હો ના મંગલ નાદ કરતા પ્રણામ કરવા લાગ્યા અને આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થવા લાગી. (૨૯)

ભગવાનની લીલાના એક પાત્ર બનેલા પાર્ષદ શિશુપાલે કૃપાનાથે સાયુજ્યનાં દાન દીધાં

જય-વિજય નામના પાર્ષદો સનત્કુમારોના શાપથી પૃથ્વી ઉપર ત્રણ જન્મ લઈ આવેલા તેમાંના આ ત્રીજા જન્મમાં આવેલા શિશુપાલનું કલ્યાણ કરવા ચાહતા શ્રીકૃષ્ણ ભગવાનની જ ઈચ્છાથી શિશુપાલે ભગવાનની નિંદા શરૂ કરી. દમઘોષરાજાનો દીકરો શિશુપાલ ઈર્ષ્યાની આગથી સળગવા લાગ્યો. તે પવિત્ર આસન ઉપર બેસી ન શક્યો અને એકાએક ઊભો થઈ ગયો, ભગવાનની યશઃસ્તુતિ સાંખી ના શક્યો, સેવા દેખી ના શક્યો, શ્રીકૃષ્ણભગવાનના ગુણોનો મહિમા મહાન જ્ઞાની સહદેવે ગાયો તે સાંભળતા જ અગ્નિથી-ક્રોધાગ્નિથી ભળકે ને ભળકે બળવા લાગ્યો, ભગવાનની સ્તુતિને પણ સહન ન કરી શક્યો. તે ક્રોધે ભરાયો અને બાહુને ઊંચો કરીને, નિર્ભય બનીને સભામાં બિરાજેલા ભગવાન શ્રીકૃષ્ણને ઉદ્દેશીને કઠોર અમંગલ, અપમાન ભર્યાં વાક્યો બોલવા લાગ્યો. (૩૦) હે સભાસદો ! શ્રુતિ ભગવતીયનું વચન સંપૂર્ણ સત્ય છે. કાળ અને ઈશ આ બે ઓળગીં શકાય એવા નથી. જો આ વાત સત્ય ન હોત તો સમયબળથી આજે આ સભામાં બેઠેલા વૃદ્ધજનોની બુદ્ધિ બદલાઈ ગઈ છે તે જ કાલના બળને સૂચવે છે. (૩૧) હે સભાસદો ! આપ સર્વ પાત્રઅને અપાત્રને જાણનારાઓમાં સર્વોત્તમ જ્ઞાતાઓ છો, હું આપને કહું છુ કે આ એક બાળની બુદ્ધિ પ્રમાણે ના ચાલશો. આ બાળકનું કહ્યું ના કરો. અરે સભાસદો ! આ સભામાં શું કૃષ્ણ પૂજાને યોગ્ય છે ? અરે ભાઈઓ ! સ્વપ્ને પણ યોગ્ય નથી. (૩૨) અરે સભાસદો ! તપશ્ચર્યા-વિદ્યા-વ્રતને ધારણ કરનારા, તેમાં વળી જ્ઞાનથી સર્વ કલ્મષ એટલે પાપોને બાળી દેનારા, તેમજ લોકપાલો પણ જેમનાં નિત્ય ચરણો ચૂમે છે એવા બ્રહ્મનિષ્ઠ, મહાન ઋષિઓનો અનાદર કરીને કુલકલંક કૃષ્ણનાં શું અગ્રપૂજન થઈ શકે ખરાં ? (૩૩) આ સભામાં આવા ઉત્તમલક્ષણા સભાપતિઓ છે, સમર્થ એવા ઋષિવરો સભામાં બિરાજમાન છે તેમનો અનાદર કરીને-તેમનું અપમાન કરીને યજ્ઞના પવિત્ર ''પુરોડાશ'' એટલે યજ્ઞના પવિત્ર હુતદ્રવ્યને અને યજ્ઞના પ્રસાદને કુલાધમ ઈન્દ્રિયપોષક 'કૌવા' ને શું આપી શકાય ? જે સેવા પૂજાની સામગ્રી ઉપરથી કાગડો ઊડે તેને પણ અપવિત્ર માની છે ત્યાં તે કાગડો જો પૂજાની સમાગ્રી પાસે જ આવે તો તે કેમ વેઠાય ? તે રીતે અપાત્ર કૃષ્ણની અગ્રપૂજા કેમ વેઠાય ? આવી શિશુપાલ નિંદા કરવા લાગ્યો. ખરી રીતે તો શિશુપાલે સભા સદોના પાંચ ગુણો ગાયા છે અને પોતાના પાંચ અવગુણો અને ત્રણ દોષ બતાવ્યા છે. (૩૪) આ કૃષ્ણના આ યાદવોના કુલને યયાતિ રાજાએ શાપ આપ્યો છે, સત્પુરુષોએ આ કુલનો બહિષ્કાર કર્યો છે, તેમજ આ કુલ નિરંતર વ્યસનમાં તરબોળ છે. એવા કુલમાં ઉત્પન્ન થયેલાની અગ્રપૂજા તો કેમ ઘટે ? (૩૫) આ કૃષ્ણ તો કોઈ ઉત્તમ વર્ણ, કોઈ ચાર આશ્રમમાંના આશ્રમમાંથી અને ઉત્તમ કુલમાંથી તો ભ્રષ્ટ છે, સર્વધર્મોથી બહિષ્કૃત છે, સ્વચ્છંદ આચારવાળા છે અને ગુણહીન છે એમનાં અગ્રપૂજન કેમ ઘટે ? શિશુપાલે આ વાક્યો શ્રીકૃષ્ણની નિંદા માટે જ વાપર્યાં છે. પરંતુ વાસ્તવિક રીતે આ વાક્યો સરસ્વતી માતાએ ગૂઢાર્થમાં ગોવિંદની સ્તુતિ માટે તેનાં મુખમાંથી બોલાવ્યા છે કારણ કે શ્રીકૃષ્ણ તો પરબ્રહ્મ છે તેથી આશ્રમ-વર્ણ-અને સત્વ- રજસ-તમસ ત્રણ ગુણથી પર છે. જ્યારે આ દૂષણો શિશુપાલને જ લાગુ પડે છે. (૩૬) વળી આ યાદવો એ તો જ્યાં બ્રહ્મર્ષિઓ બિરાજતા, તે દેશોને પુનિત પગલાંથી પાવન કરતા હતા તેવા દેશોનો ત્યાગ કરીને જેમાં બ્રહ્મ તેજસ નથી એવા તેજોવિહીન અને બ્રહ્મ તેજની મુદ્રારહિત એવા સમુદ્ર દેશોનો આશ્રય કરીને લૂંટારું બનીને પ્રજાને સતાવી રહ્યા છે. વાસ્તવિક રીતે યાદવોની સ્તુતિ કરે છે કે આ યાદવો એ ઉત્તમ દેશોનો એટલે આનર્તાદિ દેશોનો આશ્રય કરીને રહેલા છે. કારણ કે આનર્તરાજાએ તપ કરીને ભગવાન પાસેથી માગેલી વૈકુંઠની ભૂમિમાંથી મળેલા એક ભાગમાં આનર્ત દેશો વસાવ્યા છે તેથી આ દેશો અલૌકિક છે.તેમજ બ્રહ્માજીને પણ આપનારા એવા સુદર્શન ચક્રધારી ચક્રપાણિ ભગવાન સમુદ્ર ભગવાન આ દેશમાં બિરાજે છે તેથી પણ શ્રેષ્ઠ છે. તેમના રક્ષણનો દુર્ગ એટલે કિલ્લો ભગવાન પોતે જ છે. એ ભગવાનનો આશ્રય કરીને

આ સર્વ ભક્તજનો ઇન્દ્રિયોને અને ઇન્દ્રિયોની વૃત્તિઓને સહેજે જીતી છે. (૩૭) શ્રીશુકાચાર્યજીએ કહ્યું, રાજન્ ! શિશુપાલ સર્વ પુણ્યો પરવારી બેઠો હતો. તેનાં મંગલ સમાપ્ત થઈ ચૂક્યા હતાં માટે જ આવા અત્યંત બૂરાં વાક્યો ભગવાન માટે બોલ્યો. પરંતુ શિયાળના શબ્દને સાંભળી કદી સિંહ ગર્જના ન કરે એ જ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ કાંઈ પણ ના બોલ્યા પરંતુ સભાસદો શ્રીકૃષ્ણ ભગવાનની આવી અસહ્ય નિદાં સાંભળીને રોષે ભરાયા અને શિશુપાલને ધિક્કાર ધિક્કાર એમ ફિટકાર આપતા આપતા કાન બંધ કરી સભામાંથી ઊઠીને ચાલ્યા ગયા. (૩૮,૩૯)

નિંદાશ્રવણ કે નિંદા કરવી એ પુણ્યક્ષયનો માર્ગ છે

निन्दां भगवतः शृण्वन् तत्परस्य जनस्य वा । ततो नापैति यः सोऽपि यात्यधः विकृताच्च्युतः ॥ ४० ॥

રાજન્ ! ભગવાનની કે ભગવત્પરાયણ ભક્તજનોની નિંદાનું શ્રવણ કરે, નિંદા થતી હોય ત્યાંથી ઊઠીને ચાલ્યા ના જાય તેનાં પણ સુકૃતો-પુણ્યોનો ક્ષય-નાશ થાય છે તેમજ મનુષ્યનું અધઃપતન થાય છે. (૪૦) શિશુપાલની દુષ્ટતાથી ઉગ્ર બનેલા પાંડુપુત્રો, મત્સ્ય એટલે વિરાટવંશજો, કૈકેય એટલે ભરતવંશજો સૃંજય એટલે દ્રુપદવંશજો હાથોમાં હથિયાર ઉઠાવી શિશુપાલનો વધ કરવા એકાએક ઊભા થઈ ગયા. (૪૧) હે ભરત ! ત્યારે બિલકુલ નિર્ભય અને સાવધ બની હાથમાં તલવાર અને ઢાલ લઈ શ્રીકૃષ્ણ પક્ષકારોની સભાની મધ્યમાં સભાસદોનો તિરસ્કાર કરતો મારવા દોડી આવ્યો (૪૨) રાજન્ ! ત્યાં વાત વણસી જાય તે પહેલાં બાજી હાથમાંથી જાય તે પહેલાં જ ભગવાન સભામાં ઊભા થઈ ગયા અને તેમણે પોતાના ભક્તજનોને રોકી લીધા અને રોષવાળા બનીને તીક્ષ્ણ ધારવાળા અસ્ત્રાની જેવા સુદર્શન ચક્રની સામે દોડી આવતા શત્રુ શિશુપાલનું શિર ઉડાવી દીધું. (૪૩) શિશુપાલનું મરણ થતાં મહાન્ શબ્દ થયો અને ચારે બાજુ કોલાહલ થવા લાગ્યો તેમજ શિશુપાલના પક્ષકારો જીવવાની લાલસાથી સભામાંથી ભાગી ગયા. (૪૪) શિશુપાલનું મૃત્યુ થતાં તેના દેહમાંથી ઉત્પન્ન થયેલ તેજની જ્યોતિ જેમ આકાશમાંથી ઉત્પન્ન થયેલ ઉલ્કાવીજળી ભૂમિમાં સમાઈ જાય તેમ ભગવાનમાં સમાઈ જતાં ભગવાને શિશુપાલને એટલે પોતાના જય નામના પાર્ષદને વ્યાપી વૈકુંઠમાં સ્થાન આપ્યું. (૪૫) રાજન્ ! પરમ શ્રેષ્ઠ ભક્ત જય સનતકુમારોના શાપથી ત્રણ જન્મનાં વારંવાર ભગવાનમાં વૈરભાવને લીધે દૃઢ કરેલી ક્રોધ બુદ્ધિથી ભગવાનનું જ ધ્યાન કરતો રહ્યો હતો તેથી જ તેને ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ થઈ. આ રીતે તે હિરણ્યકશિપુ, રાવણ અને શિશુપાલની ત્રણે યોનિમાંથી મુક્ત બની ભગવદ્રૂપ બન્યો. ખરેખર મનુષ્ય જે સ્વરૂપને સ્મર્યા કરે છે તે સ્વરૂપે જ તે બને છે. (૪૬) ધર્મરાજે ઋત્વિજોને, સભાસદો અને વિપ્રોને વિપુલ પ્રમાણમાં દક્ષિણા આપી તેમજ યથાવિધિ સર્વનાં પૂજન કર્યાં. ત્યાર બાદ ચક્રવર્તી ધર્મરાજે યજ્ઞસમાપ્તિને અંતે અવભૃથ સ્નાન કર્યું. (૪૭) મહારાજ ધર્મના રાજસૂય યજ્ઞને નિર્વિઘ્ને પૂર્ણ કરાવીને યોગેશ્વરોના પણ ઈશ્વર શ્રીકૃષ્ણ સ્વજન કુટુંબીજન-સ્નેહીજનની અભિલાષાને માન આપીને તેમના આગ્રહને વશ થઈ ઘણા મહિનાઓ સુધી ઈન્દ્રપ્રસ્થમાં બિરાજ્યા. (૪૮) ભગવાન પોતાના આંગણેથી પધારી જાય તે વાત કદી ન ઈચ્છતા ધર્મરાજના મનને મનાવીને ભગવાન પણ દ્વારકાધિશ હતા તેથી પધારવું અનિવાર્ય હોવાને લીધે સર્વ સ્નેહીજનોની સંમતિ મેળવીને શ્રીદેવકીનન્દન શ્રીકૃષ્ણ પોતાના પુત્ર અને પત્નીઓ સાથે તેમજ મંત્રીઓની સાથે શ્રીદ્વારિકામાં પધાર્યા. (૪૯) પરીક્ષિત રાજન્ ! આ વૈકુંઠવાસી જય-વિજય નામના ભગવાનના બન્ને પાર્ષદોની કથા તૃતીય સ્કંધમાં, સપ્તમ સ્કંધમાં, નવમ સ્કંધમાં વિસ્તારપૂર્વક વર્ણવી છે. આજ તેઓ સનતકુમાર બ્રહ્મકુમારોના શાપમાંથી મુક્ત થયા. (૫૦) ધર્મરાજ યુધિષ્ઠિર રાજસૂયયજ્ઞના અંતે થતા અવભૃથ નામના કર્મમાં યજ્ઞાંતે સ્નાન કરીને સર્વ પાપોથી મુક્ત બનીને બિરાજતા બ્રાહ્મણો અને ક્ષત્રિયોની સભાની મધ્યમાં મહારાજ ઈન્દ્ર સમાન શોભવા લાગ્યા. (૫૧) ધર્મરાજ યુધિષ્ઠિરને આંગણે રાજસૂય યજ્ઞમાં નિમંત્રેલા દેવો-માનવો આકાશચારી અન્ય કિન્નર-ગન્ધર્વો વગેરેનું શ્રીધર્મરાજે બહુમાન કર્યું અને તઓ ધર્મરાજના રાજસૂય યજ્ઞની તેમજ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રંશસા કરતા આનંદપૂર્વક પોતપોતાના ધામે પધાર્યા. (૫૨)

પાપીની ઉન્નતિ તો ના થાય પરંતુ તેનાથી કોઈની ઉન્નતિ ના સાંખી શકાય

પાંડુપુત્ર યુધિષ્ઠિર રાજાની સમૃદ્ધ થયેલી શ્રીને જોઈને પાપમૂર્તિ, કલિનો અવતાર, તેમજ કુરુકુલમાં રોગ સમા

દુર્યોધનથી આ ઉન્નતિ સહન ના થઈ શકી. (૫૩) કોઈ પણ મનુષ્ય ભગવાન શ્રીકૃષ્ણ-વિષ્ણુની શિશુપાલનો વધ, જરાસંઘના કારાવાસમાંથી રાજાઓની મુક્તિ, ધર્મરાજના રાજસૂય યજ્ઞને પાર ઉતારવા વગેરે મંગલ લીલાઓનું-ચરિતોનું સંકીર્તન કરશે તે સર્વ પાપોમાંથી મુક્ત થશે. (૫૪)

य इदं कीर्तयेद् विष्णोः कर्म चैद्यवधादिकम् । राज्ञो मोक्षं वितानं च सर्वपापैः प्रमुच्यते ॥ ५४ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં સાત્વિક લીલા પ્રકરણના સાધન પ્રકરણમાં અધ્યાય ૭૪મો સમાપ્ત

અધ્યાય ૭૫ મો

[આ અધ્યાયમાં ૪૦ શ્લોકો છે. દશમ સ્કંધ નિરોધ લીલા છે. સંસારને વિસરાવી ભગવાનમાં અનુરાગ કરાવનારી આ સર્વ લીલાઓનું નામ નિરોધલીલા છે. ઉત્તરાર્ધનું આ સાત્વિક લીલા પ્રકરણ છે. સાત્વિક લીલામાં આ સાધન પ્રકરણ છે. "જ્ઞાન" નામના ભગવાનનું ઐશ્વર્યનું આ અધ્યાયમાં વર્ણન છે. આ અધ્યાયમાં રાજસૂય યજ્ઞની વ્યવસ્થા, યજ્ઞની સમાપ્તિ, દુર્યોધનની નારાજી આ બધા કથા પ્રસંગો આવશે. આ રાજસૂય યજ્ઞ ભૂમિનો ભાર ઉતારવા માટે જ છે. આ લીલા દ્વારા જ ભક્તોના સંસારની નિવૃત્તિ થવાની છે.]

राजोवाच-अजातशत्रोस्तं दृष्ट्वा राजसूयमहोदयम् । सर्वे मुमुदिरे ब्रह्मन् नृदेवा ये समागताः ॥ १ ॥

दुर्योधनं वर्जयित्वा राजानः सर्षयः सुराः । इति श्रुतं नो भगवन् तत्र कारणमुच्यताम् ॥ २ ॥

પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછયો કે શ્રીશુકાચાર્યજી ! હે ત્રિકાલવેત્તા બ્રહ્મન્ ! આપે કથા કહી કે કેવલ કલિમય રૂપ દુર્યોધન શિવાય મનુષ્યો, દેવો, રાજાઓ, ઋષિઓ સર્વ જે કોઈયજ્ઞમાં પધાર્યા હતા તે સર્વ ધર્મરાજ યુધિષ્ઠિર અજાતશત્રુ મહારાજશ્રીની વિજયશ્રીને અને રાજસૂય યજ્ઞની સમૃદ્ધિને નિરખીને અત્યંત પ્રસન્નથયા. દુર્યોધન એકલા જ સંતોશ ના પામ્યા તો મહારાજ એમાં શું કારણ હશે તે વાત આપ કૃપા કરીને કહો, (૧,૨)

રાજસૂયયજ્ઞની સફલ યોજના

ઋષિ બોલ્યા-રાજન્ પરીક્ષિત ! આપના દાદા મહાત્મા શ્રીધર્મરાજના રાજસૂય યજ્ઞમાં પ્રેમતંતુએ બંધાએલા બંધુજનો એ રાજસૂય યજ્ઞની સર્વ કાર્ય ક્ષેત્રની સેવાઓ સ્નેહ અને ઉમંગથી કરી રહ્યા હતા. (૩) શ્રીભીમસેનજીને પાકાલયનું કાર્ય સોંપ્યું હતું. દુર્યોધન રાજાને કોષાધ્યક્ષ-ખજાનચી બનાવ્યા હતા. તેમના હથમાં પદ્મનું ચિહ્ન હતું. જ્ઞાની સહદેવકુમારને પધારેલા વિપ્રોની સેવામાં નિયુક્ત કર્યા હતા. દ્રવ્યના ગુણ દોષને જાણનારા નકુલકુમારને સામગ્રી એકઠી કરવાની સોંપી હતી. (૪) મહામના ધર્મરાજના રાજસૂયમાં અર્જુનજી, પધારેલા સત્પુરુષોની સેવામાં રહ્યા હતા. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન ઋષિમુનિઓના ચરણપ્રક્ષાલનની સેવામાં હતા. શ્રીદ્રૌપદીજી પીરસવાના કાર્યમાં રહેતાં હતાં. કર્ણરાજાને દાનવિભાગના અધ્યક્ષ બનાવ્યા હાત. (૫) યુયુધાન એટલે સાત્યકિ, વિંકર્ણ, હાર્દિક્ય, વિદુરજી વગેરે તેમજ રાજા સંતનુના ભાઈ બાલ્હિક, તેમના પુત્રો ભૂરિશ્રવા અને સંતર્દન વગેરેને ભિન્ન ભિન્ન કાર્યો સોંપ્યાં હતા. તેઓ પોતે પણ ધર્મરાજામાં પુષ્કળ પ્રેમ હોવાને લીધે સ્નેહે બંધાએલા અનેક કાર્યોમાં લાગી ગયા. આ સર્વ ધર્મરાજનું પ્રિય કરનારા હતા. (૬,૭) યજ્ઞમાં પધારેલા ઋત્વિજો-વિપ્રો, સભાસદો, બહુશ્રૃત જ્ઞાનીઓના અને ઉત્તમ સ્નેહીઓના મધુર વાણીથી, ઉત્તમ સેવાથી, શ્રેષ્ઠ દક્ષિણાઓથી અને વિવિધ પ્રકારે સત્કાર કર્યો, તેમજ શિશુપાલનો શ્રીકૃષ્ણ ભગવાનના શ્રીચરણોમાં પ્રવેશ થયા બાદ શ્રીયમુનાજીમાં અથવા ગંગા નદીમાં સર્વે યજ્ઞના અન્તે થતું અવભૃથ સ્નાન કર્યું. (૮) આ અવભૃથ સ્નાનના મહોત્સવમાં મૃંદગ-શંખ-પણવ-દુન્દુભી-નગારાં-ગોમુખ વગેરે વિચિત્ર પ્રકારનાં વાજિંત્રોના મંગલ ધ્વનિ થઈ રહ્યા હતા. (૯) પ્રસન્ન થએલી નર્તકીઓ અને ગાયિકાઓ નૃત્ય કરતી હતી તેમજ ગાન કરતી હતી તેઓનાં જૂથનાં જૂથો આનંદકલ્લોલ કરી રહ્યાં હતાં. વીણાં, બંશી, તાળીઓનો ગગનચૂબી ધ્વનિ થઈ રહ્યો હતો. (૧૦) હવે ધર્મરાજની અવભૃથ સ્નાનયાત્રા રાજમાર્ગે વળી. ઉત્તમ પ્રકારની રંગબેરંગી ગરુડની ચિહ્નવાળી ધજાઓ અને જય જય શબ્દ લખેલી પતાકાઓ સહિત સજાવેલા ઉત્તમ હાથીઓ, રથો, ઘોડાઓ અને લશ્કરી ગણવેશથી સજ્જ સૈનિકોની સાથે સુવર્ણ માલાઓથી સજેલા રાજભટો સાથે અવભૃથ સ્નાન યાત્રા રાજદ્વારથી બહાર નીકળી. (૧૧) યદુ-સૃંજય-

કામ્બોજ-કુરુ-કૈકેય-અને કોશલ વંશના નરપતિઓ સૈન્ય સહિત યાત્રામાં ચાલતાં પૃથ્વીને કમ્પાવતા યજમાન ધર્મરાજને આગળ કરીને બહાર આવી પાછળ પાછળ ચાલ્યા. (૧૨) સભાસદો, ઋત્વિજો, શ્રેષ્ઠ બ્રહ્મણો વેદોના મંગલ ધ્વનિ કરતા ધર્મરાજાની સાથે ચાલતા હતા. દેવતાઓ, પિતૃઓ, ગન્ધર્વો, પણ પુષ્પોની વૃષ્ટિ વર્ષાવતા અને સ્તુતિ કરતા કરતા વિમાન માર્ગે ઉપર ચાલી રહ્યા હતા. (૧૩) રાજન્ ! નગરનાં નરનારીઓ ચન્દન, માલા, આભૂષણ અને વસ્ત્રોથી શૃંગારો સજી અનેક પ્રકારના રસોનું લેપન કરતા, સિંચન કરતા, વિહાર કરી રહ્યા હતા. સ્ત્રીઓ સ્ત્રીઓ સાથે અને પુરુષો પુરુષો સાથે પરસ્પરની યોગ્યતા પ્રમાણે વિહાર કરતાં હતાં. (૧૪) તેલ, દહીં, સુગન્ધીજલ, હલધર, ઘટ્ટ કેશરના લેપથી વારાંગનાઓ વિટ પુરુષોને, વિટો વારાંગનાઓને લેપન કરતાં હતાં. આ પ્રમાણે પરસ્પરનો વિહાર ચાલતો હતો. આ સર્વ જલવિહારો હતા. દેવાંગનાઓ વિમાનમાં બિરાજીને જાણે વિહાર કરતી ન હોયને શું ? એ રીતે રાજાની રાણીઓ શસ્ત્રથી સજ્જ સૈનિકોથી રક્ષિત બની અવભૃથ સ્નાન માટે શ્રીગંગાજીના જલમાં સ્નાન કરી રહી હતી. ત્યારે તે મહારાણીઓના દિયરો, મામાના પુત્રો અને સખીઓ તેમના ઉપર જલ સિંચન કરતાં હતાં, ત્યારે લજ્જાવશ બની જતાં મન્દસ્મિત કરતાં શોભી રહ્યાં હતાં. તેમનાં મુખકમલ વિકસી ઊઠ્યાં હતાં. (૧૫,૧૬) જ્યારે આ પ્રકારે દિયરો અને સહિયરો સાથે અને પ્રણયજનો સાથે વિહાર ચાલ્યો ત્યારે વાંસની કે ચામડાની પિચકારીઓથી જલ સિંચતાં અથવા નાની ડોલચીઓ ભરી ભરીને જલનું સિંચન કરતાં હતાં ત્યારે તેમનાં વસ્ત્રો ભીંજાઈ જતાં તેમનાં સુંદર અંગો-પ્રત્યંગોનાં દર્શન થઇ જતાં સંકોચાઇ જતાં હતો તેમજ વેણીઓ વિછુરી પડતાં ફૂલની ગૂથેલીશેરો પણ સરી પડતી હતી. (૧૭)

ધર્મરાજ યુધિષ્ઠિરનો અવભૃથ સ્નાનવિધિ

પુનઃ ચક્રવર્તી રાજા યુધિષ્ઠિરજી શ્રેષ્ઠ અશ્વો જોડેલા, સુવર્ણની લગામવાળા રથમાં જ્યારે પોતાની રાણીઓ સાથે બિરાજ્યા ત્યારે તો જાણે યજ્ઞની ક્રિયાઓથી ક્રતુરાજ-યજ્ઞરાજ શોભે તેવા સમ્રાટ શોભવા લાગ્યા. (૧૮) હવે ઋત્વિજોએ ''પત્ની સંયાજ'' નામનો યજ્ઞ કરાવ્યો અનેક શાખના ઋત્વિજો આવે. અને તેઓની ભિન્ન ભિન્ન શાખા હોય છે. શાખાના ભેદ પ્રમાણે યજ્ઞસંસ્થાઓ ચાલે છે. અથવા એક હજાર યજ્ઞો થાય છે. એમાં જે સામગ્રીઓ અને દ્રવ્યો વધે છે તેનાથી ''પત્ની સંયાજ'' નામનો યજ્ઞ કરવામાં આવે છે. આવા ''પત્ની સંયાજ'' નામના યજ્ઞને કરાવી તેમજ અવભૃથસ્નાન સંબધી કર્મ કરાવીને આચમન સુધીની વિધિ પણ ઋત્વિજોએ કરાવીને પુનઃ યુધિષ્ઠિર રાજાને દ્રૌપદીજી સાથે ગંગામાં સ્નાન કરાવ્યું. (૧૯) અવભૃથ સ્નાન સમયે નરલોકોનાં દુંદુભિ સાથે દેવતાઓનાં વાજિંત્રોના નાદ થવા લાગ્યા. દેવ, ઋષિ, પિતૃગણ તેમજ મનુષ્યો પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. (૨૦) ત્યાર બાદ પ્રત્યેક વર્ણ અને આશ્રમના મનુષ્યોએ પણ સ્નાન કર્યાં. અવભૃથ સ્નાન સમયે જે કોઇ વ્યક્તિ સ્નાન કરે છે. તેના મહાપાપો નાશ પામતાં તે મહાપાપી માનવ પણ પાવન થઇ જાય છે. (૨૧) સ્નાનવિધિ સમાપ્ત કરીને યુધિષ્ઠિર મહારાજે બે નૂતન રેશમી વસ્ત્રો ધારણ કર્યાં અને ઉત્તમ અલંકારો ધારણ કર્યાં. પુનઃ ધર્મરાજે ઋત્વિજ, સભાસદો અને બ્રહ્મા વગેરેનાં અલંકારો-વસ્ત્રો વગેરેથી અર્ચન કર્યાં. (૨૨) ત્યાર પછી ભગવત્પરાયણ ધર્મરાજે કુટુંબીજન, બંધુજન સ્નેહીજન, સંબંધીજન, નૃપજન, મિત્રજન અને સર્વજનની વારંવાર સર્વ પ્રકારે પૂજા કરી. (૨૩) રત્નમણિનાં કુંડળો, માલાઓ, શિરપેચ, પાયજામા, રેશમી વસ્ત્ર અને અમૂલ્ય હાર ધારણ કરેલા સર્વજનો દેવજનો જેવા દેદીપ્યમાન લાગતા હતા. જ્યારે નારીવૃન્દ પણ કાનોમાં કુંડલો અને અલકાવલીથી અત્યંત વધેલી મુખશ્રીથી અને કટિભાગે ધારણ કરેલી સુવર્ણની મેખલાથી પુષ્કળ શોભતાં હતાં. (૨૪) રાજન્ પરીક્ષિત ! આ રાજસૂય યજ્ઞમાં પધારેલા અને યજ્ઞમાં વરણ કરેલા ઋત્વિજો મહાશીલી એટલે સર્વ શ્રોત્રિયો હતા અને જેટલા સભાસદો-સદસ્યો હતા તે સર્વ બ્રહ્મવિદ્ હતા. આ સર્વ ઋષિમુનિઓ બ્રહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો અને યજ્ઞમાં પધારેલા નૃપતિઓ, દેવઋષિઓ, પિતૃગણો, ભૂતગણો, લોકપાલો, તેમના સેવકગણોનાં નરનાથ ધર્મરાજે સત્કાર-બહુમાન કર્યાં. ત્યાર બાદ પધારેલા આ સર્વ અતિથિઓ ધર્મરાજની રજા માગીને પ્રસન્ન ચિત્તે પોતપોતાને સ્થાને વિદાય થયા. (૨૫,૨૬)

હરિદાસ ધર્મરાજ

हरिदासस्य राजर्षे राजसूयमहोदयम् । नैवातृप्यन् प्रशंसन्तः पिबन्मर्त्योऽमृतं यथा ।। २७ ।।

પરીક્ષિત રાજન્ ! સાંભળ્યું છે કે યજ્ઞમાં પધારેલા સર્વજનો અમૃત પીતાં જેમ નથી ધરાતા તેમ ધર્મરાજ રાજર્ષિ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞની સ્તુતિ કરતા કરતા તૃપ્ત થતા ન હતા. (૨૭) આ અવસરે અત્યંત આગ્રહ કરીને મહારાજ યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ ભગવાનનો-સ્નેહી, સગા, સંબંધી જનનો-વિયોગ વેઠી ન શકવાથી આગ્રહ કરીને કેટલાક સમય સુધી સર્વને રોકી રાખ્યા. (૨૮) હે અંગ ! હે પરીક્ષિત ! પાંડવોનું પ્રિય કરનાર ભગવાન શ્રીકૃષ્ણ પણ સાંબ વગેરે રાજકુમારોને યાદવો સાથે કુશસ્થળી દ્વારિકા તરફ વિદાય કરી સ્વયં ધર્મરાજને રાજી રાખતા રોકાઈ ગયા. (૨૯) રાજન્ ! કેવલ શ્રીકૃષ્ણ ભગવાનની અસીમ કૃપાને કારણે જ પરિશ્રમે પણ પાર કરી ન શકાય તેવા પણ મનોરથ મહાસાગરને પ્રભુની સહાયથી અનાયાસે પાર કરી ગયા અને નિશ્ચંત બન્યા. (૩૦)

દુષ્ટ હૃદય દુઃખી જ થાય

ધર્મરાજ યુધિષ્ઠિર ! સહજસિદ્ધાન્ત છે કે દુષ્ટ હૃદયો કદી કોઈના ઉદય અને આબાદી જોઈ રાજી નથી થયાં. આ સ્થાને પણ આવું જ બન્યું. એક દિવસ દુર્યોધન રાજાને ધર્મરાજના (૧) અન્તઃપુરની રાજયશ્રી, (૨) રાજસૂય યજ્ઞનો વૈભવ, (૩) તેમજ ભગવાન શ્રીકૃષ્ણમાં ભક્તિ-આ ત્રણ પાંડવોની સમ્પતિ જોઈ આમાંથી એક પણ પોતાની પાસે ન હોવાથી હૃદયમાં સંતાપ થવા લાગ્યો. તેમાં વળી ધર્મરાજના અન્તઃપુરમાં મનુષ્યોની સમ્પત્તિ, માયાનિપુણ દૈત્યોની સમ્પત્તિ, તેમજ દેવોની સંપત્તિ ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં રચી વસાવી આપી હતી. આ સમ્પત્તિથી અન્તઃપુર શોભી રહેલ છે. દ્રુપદરાજકુમારી દ્રૌપદીજી આવી અલૌક્કિ સમૃદ્ધિથી ધર્મરાજને સેવી રહ્યાં છે એ બંધુ જોઈને અને દ્રૌપદીમાં અતિ આસક્ત બનેલા કુરુરાજ દુર્યોધનના ઉરમાં સંતાપ થવા લાગ્યો. (૩૨) ધર્મરાજના અન્તઃપુરમાં સુવર્ણની કિંકિણીઓ-ઘૂઘરીઓથી ઝંકાર કરતા નૂપુરોને ધારણ કરેલા ચરણોથી ચપલતાપૂર્વક હરતાં ફરતાં અને કટિમેખલાથી શોભતા નિંતબો ધરાવતી, વક્ષઃસ્થલમાં લગાવેલા કેશરી ચંદનથી રક્તવર્ણા બનેલા રત્નહારોને ધારણ કરતી, કુંડલોથીશોભતી શ્રીકૃષ્ણ ભગવાનની મહિષિઓ પણ અન્તઃપુરમાં આનંદના પૂર ઉભરાવતાં હતાં. કોઈ એક સમયેદાનવે રચેલા "સુધર્મ" નામની રાજસભામાં બંધુજન-સ્વજન અને પોતાના નેત્ર સમા ભગવાન શ્રીકૃષ્ણ સાથે સુવર્ણસિંહાસને સમ્રાટ ચક્રવર્તી બિરાજતા હતાં અને બંધુજનો સ્તુતિ કરી રહ્યા હતા. (૩૩,૩૫) આ અવસરે મહામાની,વળી પોતાના ભાઈઓ સાથે વીંટળાએલ, મસ્તકે મુકુટ પહેરેલ રાજા દુર્યોધને હાથમાં ખડ્ગ લઈ સર્વ તરફ ક્રોધભરી નજરે જોતાં સભામાં પ્રવેશ કર્યો. (૩૬) સુધર્મા સભામાં જ્યાં જલ હતું પણ કલામય રચનાથી સ્થલ દેખાતુંઅને જ્યાં સ્થલ હોય ત્યાં જલ દેખાતું હતું. આવી મોહક સભામાં પ્રવેશતા દુર્યોધને સ્થલને જલ માની વસ્ત્રોઊંચા કીધાં અને જલને સ્થલ માની ચાલવા માંડતાં લપસી પડાયું. આ પ્રમાણે મયદાનવની રચનાથી રાજા દુર્યોધનને ભ્રાન્તિ પેદા થઈ. (૩૭) આ પ્રસંગે ભીમસેન, અન્ય નરપતિઓ અને સ્ત્રીજનો ભગવાન શ્રીકૃષ્ણના અનુમોદનથીહસી પડ્યાં. ધર્મરાજે આમ કરતાં સર્વને રોક્યાં પણ પડતા દુર્યોધનને જોઈ સર્વ ખૂબજ હસ્યાં. (૩૮) આ બનાવથી ખૂબજલાજ પામેલ દુર્યોધન રાજા પોતાનું મુખ નીચું રાખીને બોલ્યા ચાલ્યા વિના ક્રોધે ભરાઈ હસ્તિનાપુર ચાલ્યા ગયા. ધર્મરાજ અજાતશત્રુ ખૂબ જ ઉદાસ બની ગયા. ભગવાન તો સર્વજ્ઞ છે. એમને તો ધરણીનો ભાર ઉતારવો છે તેથી સ્વયં કાંઈ પણ બોલ્યા જ નહીં. (૩૯) રાજન્ ! દુર્યોધન રાજસૂયયજ્ઞમાં કેમ રાજી ન થયા તે વાત આપે મને પૂછેલી અને દુર્યોધનની દુષ્ટતાનું કારણ પૂછેલું તે સર્વ વાત મેં કહી સંભળાવી. (૪૦)

एतत् तेऽभिहितं राजन् यत्पृष्टोऽहमिह त्वया । दुर्योधनस्य दौरात्म्यं राजसूये महाक्रतौ ।। ४० ।।

શ્રીમદ્ ભાગવતપીયૂષના દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં સાત્વિક પ્રકરણના સાધન પ્રકરણમાં ૬૫ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૭૬ મો

(આ અધ્યાયમાં ૩૩ શ્લોક છે. સાત્વિક પ્રકરણના સાધન પ્રકરણનો આ અધ્યાય છે આમાં 'વૈરાગ્ય' નામના ભગવાનના ઐશ્વર્યનું

વર્ણન છે. ભગવાન ઇન્દ્રપ્રસ્થમાં બિરાજે છે તેનો લાભ લઇ શાલ્વ દ્વારિકા ઉપર ચઢી આવે છે અને પ્રદ્યુમ્ન તેનો પરાજય કરે છે.)

श्रीशुक उवाच-अथान्यदपि कृष्णस्य श्रृणु कर्माद्भुतं महत् । क्रीडा नरशरीरस्य यथा सौभपतिर्हतः ।।५१ ।।

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! હવે સાંભળો હું તમને લીલા વિસ્તારવા માનવ વિગ્રહ ધારણ કરી બિરાજતા ભગવાનનું એક અદ્ભુત અને મોટું ચરિત્ર વર્ણવીશ, જેમાં સૌભ વિમાન અને શાલ્વવધની કથા સમાયેલ છે. (૧) શીશુપાલનો એક મિત્ર છે. શાલ્વ તેનું નામ છે. રુકિમણીવિવાહ પ્રસંગે યાદવોએ શાલ્વને હરાવ્યો હતો. તેની સાથે જરાસંધ અને અન્ય રાજાઓનો પણ પરાજ્ય કર્યો હતો, (૨) ત્યારે સર્વના સાંભળતાં શાલ્વે પ્રતિજ્ઞા કરેલી, આપ સર્વ યાદ રાખજો કે હું શાલ્વ કે જ્યારે યાદવોનું નિકંદન કરીશ અને યાદવ વિનાની પૃથ્વી બનાવીશ ત્યારે તમે મારા પરાક્રમને જોજો. આ અબુધ આવી પ્રતિજ્ઞા કરી અને પ્રતિદિન માત્ર એક મૂઠી ધૂળ ખાવાનો નિયમ લઇ પશુપતિ શંકર ભગવાનની ઉપાસના કરવા લાગ્યો. (૩,૫) ઉમાપતિ તો શરણાગતવત્સલ છે. તેથી એક વર્ષ આવી કઠોર તપશ્ચર્યા કરનાર શાલ્વ ઉપર તેઓ પ્રસન્ન થયા. અને શરણાગત શાલ્વને વરદાન માગવા કહ્યું. (૬) ત્યારે શાલ્વે દેવ, અસુર, મનુષ્ય, ગંધર્વ, સર્પ, રાક્ષસ આદિથી ન ભેદાય તેવા તેમજ મનોગતિ આપનાર અને યાદવોને વૃષ્ણીઓને ત્રાસ આપનારા એક વિમાનની યાચના કરી. (૭) શત્રુના પુરને જીતનાર પુરંજ્ય શાલ્વને શિવજીએ કહ્યું ''તથાસ્તુ - જા તેમ હો'' એમ કહીને જિતાય અને ના જિતાય એવા સંપૂર્ણ લોખંડમાંથી જ બનાવેલા નગરસ્વરૂપ સૌભ વિમાનને આપ્યું. (૮) મનમાની ગતિએ ચાલનાર તેમજ લોખંડનું હોઇ અંધકાર જેવું હોઇ કોઇની નજરે ન પડનાર વિમાન મળતાં યાદવો સાથેના પૂર્વના વૈરનું સ્મરણ કરતો શાલ્વ દ્વારિકા ઉપર ચઢી આવ્યો. (૯) નગરનાં દ્વારો, મહેલો, અટારીઓ, ગવાક્ષો, તેમજ વિશ્રામસ્થાનોનો તે નાશ કરવા લાગ્યો તેમજ હે ભરતશ્રેષ્ઠ રાજન્ ! આથી આગળ વધીને શાલ્વ સર્વના ઉપર શસ્ત્રોની વૃષ્ટિ વર્ષાવવા લાગ્યો. (૧૦) દ્વારિકા નગર ઉપર પથ્થરની શિલાઓ, વૃક્ષો, વજ્રો, સર્પો, ધૂળ, કાંકરાઓના ધોધ પડવા લાગ્યા, પવન ફુંકાવા લાગ્યો. ધૂળની ડમરીઓ ઊડવા લાગી, અને દશે દિશાઓ ઢંકાઇ ગઇ. (૧૧) શાલ્વ સૌભ વિમાનથી દ્વારિકા નગરનો જ્યારે નાશ કરવા લાગ્યો ત્યારે ત્રિપુરાસુરના ત્રાસથી જે કષ્ટ પૃથ્વીને થયું તેવું કષ્ટ સૌભ વિમાનથી દ્વારિકાપુરને થવા લાગ્યું. (૧૨) ભગવાન પ્રદ્યુમ્ને દ્વારિકાનગરની પ્રજાને પીડાતી જોતાં કહ્યું કે ''ગભરાશો મા'' એમ કહીને રથમાં બેસી તેઓ સીધા યુદ્ધ કરવા નગર બહાર આવી પહોંચ્યા. (૧૩) સાંબ ભાઈઓ સાથે અક્રૂરજી, હાર્દિક્ય, ભાનુ વિંદ, ગદ, શુક, સારણ, અને અન્ય રથયૂથ-પતિઓ ધનુષ્ય-બાણો લઇ રથ, હાથી, અશ્વ અને પદાતિઓની ચતુરંગિણી સેના સાથે કવચો ધારણ કરીને મેદાને પડ્યા. (૧૪,૧૫)

પુત્ર તો પિતાનું પ્રત્યક્ષ સ્વરૂપ

રાજન્ ! અસુરો સાથે દેવોનો જેમ રોમાંચ કરનારો જંગ જામ્યો હતો તેવો જ મહાન અને ઘોર સંગ્રામ આ અવસરે યાદવો અને શાલ્વોની સાથે છેડાઈ પડ્યો. (૧૬) ક્ષણવારમાં સૂર્ય રાત્રીના અંધારાનો નાશ કરી નાખે એ પ્રમાણે જ ત્વરાથી રુકિમણીતનય વીરપુત્ર શ્રીપ્રદ્યુમ્નજીએ સૌભપતિ શાલ્વની માયાનો નાશ કરી નાખ્યો. (૧૭) પરાક્રમી પ્રદ્યુમ્નવીરે સુવર્ણની પાંખવાળાં અત્યંત તીક્ષ્ણ ધારવાળાં લોખંડના ફલવાળાં તેમજ નાની સંધિ-ગાંઠ-વાળાં, પચ્ચીસ તત્વોના પ્રતીક જેવાં પચીસ બાણોથી શાલ્વના સેનાપતિને વીંધી નાખ્યો. (૧૮) શાલ્વ ઉપર એક સાથે સો બાણો, પ્રત્યેક સૈનિક ઉપર એક એક બાણ, સારથિઓ ઉપર દશ દશ બાણ અને વાહનો ઉપર ત્રણ ત્રણ બાણો છોડ્યાં. (૧૯) મહાત્મા પ્રદ્યુમ્નના આ અદ્ભુત પરાક્રમને જોઇ સ્વપક્ષ અને પરપક્ષની સેનાના સર્વ સૈનિકો વાહ વાહ પોકારવા લાગ્યા. (૨૦) બીજી બાજુ મયદાનવનું બનાવેલું આ લોખંડનું માયાવી વિમાન કોઇ વખત એક રૂપે તો કોઇવાર અસંખ્ય રૂપમાં જોવામાં આવતું તો વળી કોઇ વાર તો બિલકુલ દેખાતું જ બંધ થઇ જતું હતું. આ ઉપરથી શત્રુઓ આ વિમાનની કલ્પના પણ કરી શક્તા ન હતા કે વિમાન કેવું હશે. (૨૧) વિમાનની ગતિ ઘણી વિચિત્ર હતી. કોઇવાર ભૂમિ ઉપર, કોઈવાર આકાશમાં, કોઈવાર પર્વત ઉપર તો કોઈવાર જલમાં જોવામાં આવતું વિમાન ઉંબાડીઆની માફક સર્વત્ર ઘૂમતું હોવાથી નિશ્ચય ન કરી શકાય કે ક્યાં વિચરતું હશે જેથી તેનો વેધ કરી શકાય. (૨૨) શાલ્વ પોતાના સૌભ વિમાન અને સૈનિકો સાથે જ્યાં જ્યાં યાદવો નજરે પડે ત્યાં ત્યાં બાણો વર્ષાવે છે. (૨૩) સ્પર્શમાં અગ્નિ અને સૂર્ય જેવાં

દાહક અને પરિણામમાં સર્પ જેવાં વિષભર્યાં હોવાથી ના વેઠી શકાય તેવાં યાદવ સૈન્યે બાણો ચલાવ્યાં ત્યારે તો સૌભ વિમાન ચીરાવા લાગ્યું અને સૈન્યના સૈનિકોનો કચ્ચરઘાણ થવા લાગ્યો અને ઉપાય ના સૂઝતાં શાલ્વ ગભરાઈ ઊઠ્યો. (૨૪) રાજન્ ! શાલ્વના સેનાપતિઓનાં શસ્ત્રોના સામૂહિક પ્રહારથી યાદવ સૈનિકો પીડાતા હતા પરંતુ તેમણે પોતાની રણભૂમિને તલ ભાર પણ છોડી નહીં. કારણ કે યાદવ સૈનિકોને આ લોક અને પરલોક બન્ને જીતવા હતા, બન્ને સુધારવા હતા. (૨૫) આ બાજુ પ્રદ્યુમ્નજીના પ્રહારથી પીડાએલા દ્યુમાન નામના શાલ્વના બલવાન અમાત્ય સેનામંત્રીએ લોખંડની અથવા મૂંજ નામના નેતરના ઘાસની બનાવેલી ઘાસથી ગૂથાયેલા લોખંડની ગદાથી પાસે આવીને પ્રદ્યુમ્નજીના ઉપર પ્રહાર કરીને ભયંકર ગર્જના કરી. (૨૬) ભગવાનના દારુક નામના સારથિનો પુત્ર પ્રદ્યુમ્નજીનો સારથિ હતો. તેણે જોયું કે ધુમાન નામના મંત્રીની ગદાનો પ્રહાર થતાં શત્રુનો ચૂરો કરી નાખનારા વીર પ્રદ્યુમ્નજીનું વક્ષ:સ્થળ-છાતી ચિરાઈ ગયું છે તેથી યુદ્ધધર્મના નિયમને જાણનાર સારથિ ઉપચાર સારવાર કરવા માટે રણભૂમિમાંથી દૂર લઈ આવ્યો. (૨૭) પરંતુ આ તો મહાદેવજીનો આદર કરવા માટે જ પ્રદ્યુમ્ને પ્રહારને સફળતા આપેલી, હવે તે આદર સચવાઈ ગયો કે તરત જ સચેત બનેલા શ્રીકૃષ્ણકુમાર પ્રદ્યુમ્નજી સારથિને કહેવા લાગ્યા કે તેં આ કામ સારું ન કર્યું કે તુ મને રણભૂમિમાંથી બહાર લઈ આવ્યો. અરે સારથિ ! આજ સુધી યદુકુલમાં કોઈ પણ વીર એવો નથી જન્મ્યો કે જેણે રણમાં પૂઠ બતાવી હોય કે પીછેહઠ કરી હોય. માત્ર હું જ એવો નીકળ્યો કે કાયર બુદ્ધિવાળા સારથિએ મને રણભૂમિમાંથી દૂર લઈ જઈ મારે માથે કલંક લગાવ્યું. (૨૮,૨૯) પિતા શ્રીકૃષ્ણ તેમજ પૂજ્ય વડીલ શ્રીબલરામજી મળશે ત્યારે હું શી રીતે મુખ બતાવીશ અને તેમને શું કહીશ ? જ્યાં હું યુદ્ધમાંથી ભાગી આવ્યો છું ત્યાં હું અસમર્થ હતો પણ મને સારથિ લઈ આવ્યો શું એમ કહેવું ? (૩૦) મારી ભાભીઓ મને હસતાં હસતાં મારી મશ્કરીઓ કરશે કે વાહ વીર ! ખરા વીર ! હોં કે ! ઘરમાં તો બહુ બહાદુરી બતાવો છો ત્યારે બહાર ક્યાં બહાદુરી ચાલી ગઈ, કહો ! વીરતા કયાં ગઈ ? ભલે તેઓ મને વીર જાણે છે છતાં મશ્કરી કરવાનો તો તેમને મોકો મળ્યોને ! (૩૧) આ અવસરે સારથિએ કહ્યું કે હે આયુષ્મન્ ! હે સમર્થ વીર ! મેં તો મારું સારથિ તરીકેનું કાર્ય-મારો સારથિનો ધર્મ બજાવ્યો છે. યુદ્ધનો નિયમ છે કે જ્યારે રથી આપત્તિમાં-સંકટમાં આવી પડે ત્યારે તે સમયે સારથિ, સ્વામીને સંકટમાંથી ઉગારી લે (૩૨) મહારાજ જ્યારે આપને શત્રુની ગદાની ચોટ લાગી ત્યારે આપ મૂર્ચ્છિત બન્યા હતા ત્યારે ધર્મને જાણનારા મેં આપને રણભૂમિમાંથી બહાર લઈ જવાના ધર્મનું પાલન કર્યું છે. નાથ ! ધર્મ અને કીર્તિનો જ્યારે વિરોધ આવે ત્યારે કીર્તિ જવા દેવાની અને ધર્મની રક્ષા કરવાની. (૩૩)

एतद् विदित्वा तु भवान् मयापोवाहितो रणात् । उपसृष्टः परेणेति मूर्च्छितो गद्या हतः ।। ३३ ।।

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ નિરોધલીલાના ઉત્તરાર્ધમાં સાત્વિક પ્રકરણમાં સાધન પ્રકરણનો અધ્યાય ૭૬ મો સમાપ્ત

અધ્યાય ૭૭ મો

(આ અધ્યાયમાં કોઈ કલ્પમાં અંશાવતાર શ્રીકૃષ્ણ પધારેલા એ કથા પણ સર્વજ્ઞ શુકાચાર્યજી પ્રસંગોપાત વર્ણવી રહ્યા છે. આ સાધન પ્રકરણનો સાતમો અધ્યાય છે. આ અધ્યાયમાં પ્રદ્યુમ્નજી ધુમાનનો વધ કરશે અને ભગવાનનું શાલ્વ સાથે યુદ્ધ થશે વગેરે કથાપ્રસંગ આવશે. આ અધ્યાયમાં ૩૭ શ્લોકો છે.)

श्रीशुक उवाच-स तूपस्पृश्य सलिलं दंशितो धृतकार्मुकः । नय मां द्युमतः पार्श्वं वीरस्येत्याह सारथिम् ।। १ ।।

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! પુનઃ પ્રદ્યુમ્નજીએ આચમન કર્યું. બખ્તર પહેલી લીધું. ધનુષ્ય ધારણ કર્યું. અને સારથિને કહ્યું કે મને વીર દ્યુમાનની પાસે ભાઈ ! તું લઈ જા. (૧) રણસંગ્રામમાં પોતાની સેનાનો સંહાર કહી રહેલા દ્યુમાનને શોધી કાઢી સમીપમાં આવી પ્રદ્યુમ્ને હસતાં હસતાં આઠ બાણ લગાવ્યાં. (૨) પ્રદ્યુમ્ને ચાર બાણોથી ચાર અશ્વોનો નાશ કર્યો, એક બાણથી સારથિને માર્યો, બે બાણથી ધનુષ્ય અને ધ્વજ ઉડાવી દીધાં અને એક બાણથી એનું માથું છેદી નાખ્યું. (૩) બીજી બાજુ ગદ, સાત્યકિ, સામ્બ વગેરે વીરો સૌભમાં બેઠેલા શાલ્વની સેનાનાં માથાં જેમ ઉડાવવા લાગ્યા તેમ તેમ તે મસ્તકો કપાઈ કપાઈને મહાસાગરમાં પડવા લાગ્યાં. (૪) આ પ્રમાણે યાદવો અને શાલ્વ

સૈનિકોને પરસ્પરનો વિનાશ કરતાં કરતાં સત્તાવીશ દિવસો વીતી ગયા અને ભારે કોલાહલથી ભરેલું તુમુલ યુદ્ધ જામ્યું. (૫)

બલભદ્ર અને ભગવાન પધાર્યા

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણ રાજા યુધિષ્ઠિરના તેડ્યા રાજસૂય યજ્ઞમાં ઈન્દ્રપ્રસ્થ પધાર્યા હતા. રાજસૂય યજ્ઞ સમાપ્ત થયો. યજ્ઞમાં શિશુપાલનો મોક્ષ થયો, ત્યારેપછી વડીલ કુરુકુલજનોની રજા મેળવી મુનિવરો પુત્રો અને પરિવાર સાથે ફોઇબાની પણ આજ્ઞા મેળવી માર્ગમાં ભયાનક ઉત્પાતો દેખતા દ્વારિકા આવી પહોંચ્યા. (૬,૭) દ્વારિકા આવતાં આવતાં ભગવાન મનમાં વિચારી રહ્યા હતા કે હું અને પાછળથી મોટાભાઈ શ્રીબલભદ્રજી અહીં રાજસૂયમાં આવી ગયા છીએ. અને શિશુપાલનો યજ્ઞમાં વધ કરેલો હોવાથી ખાત્રીપૂર્વક શિશુપાલના પક્ષકારો મારી દ્વારિકાપુરીનો નાશ કરતા જ હશે. (૮) આવું વિચારતા આવી રહ્યા હતા ત્યાં જ પોતાની સેનાનો નાશ અને સૌભ વિમાન અને શાલ્વને સંગ્રામ કરતા દેખ્યા ત્યારે નગરની રક્ષાની ગોઠવણ કરીને કેશવ ભગવાને દારુક સારથિને કહ્યું. (૯) કે દારુક ! મારા રથને શીઘ્ર શાલ્વની પાસે લઇ ચાલ. જરા પણ વિલંબ ના કરીશ તેમજ જરા પણ ગભરાઇશ મા ! ગાફેલ રહીશ મા ! આ સૌભ વિમાનથી મુસ્તાક રહેતો શાલ્વ માયાવી છે. (૧૦) ભગવાનની આજ્ઞા થતાં જ રથમાં બેસીને દારુક સારથિએ રથ ચલાવ્યો. ભગવાન રથમાં બિરાજ્યા હતા. ખૂબ જ ધૂળ ઊડતી હતી તેથી રથ ઢંકાઇ ગયેલ હતો. માત્ર ધ્વજામાં ગરુડનાં દર્શન થયાં તેથી યાદવોએ ગરુડજીને યુદ્ધભૂમિમાં પ્રવેશ કરતા જોયા. (૧૧) મોટા ભાગનું સૈન્ય નાશ પામી ગયું હતું. ત્યાં તો શાલ્વે વળી શ્રીકૃષ્ણને યુદ્ધમાં પ્રવેશ કરતા જોયા કે તરત જ રણસંગ્રામમાં ભયંકર શબ્દ કરનારી શક્તિને ભગવાનના સારથિ ઉપર છોડી. (૧૨) ભયંકર અગ્નિના ગોળા જેવી વેગીલી અને દશે દિશાઓને સળગાવી સારથિના ઉપર આવી પડતી શક્તિને આકાશમાંથી નીચે આવતાં પહેલાં જ ભગવાને બાણોથી શક્તિના સેંકડો ટુકડા કરી નાખ્યાં. (૧૩) પુનઃ ભગવાન શ્રીકૃષ્ણે શાલ્વના આઠે આઠ અંગમાં બબ્બે કરીને સોળ બાણોથી વીંધી નાખ્યો. જાણે સૂર્ય પોતાનાં કિરણોથી આકાશને વેધી નાખે તેમ વેધી નાખ્યો. (૧૪) શાલ્વ પણ પરાક્રમી હતો એને પણ શાર્ઙ્ગ નામના ધનુષ્યવાળા શૌરિ શ્રીકૃષ્ણના વામ હસ્તમાં બાણોનો પ્રહાર કર્યો. તે સમયે શિવજીનો આદર કરવા માટે ભગવાનના વામ હસ્તમાંથી શૌરિ ધનુષ્ય નીચે પડ્યું જે જોનારાઓને નવાઇ પમાડનાર થયું. (૧૫) જ્યારે ધનુષ્ય નીચે પડ્યું ત્યારે તો જોનારાઓના મુખમાંથી હાહાકાર શબ્દ થવા લાગ્યો. આ અવસરે ઘણે મોટે પહાડી અવાજે ગર્જના કરતો શાલ્વ ભગવાન શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કે હે ચતુર ! હે અમૂઢ કૃષ્ણ ! હે જ્ઞાની કૃષ્ણ ! મારા ભાઈ મારા સખા શિશુપાલની ભાર્યાને અમારી નજરોસામે જ ઉઠાવી તો ગયા છો ! તેમજ રાજસૂયની સભા મધ્યમાં મારા ભાઈનો તમે પ્રાણ લીધો છે. અને આથી આપ આપની જાતને અજિત-કોઇથી ના જિતાય તેવી અજેય તરીકે માની રહ્યા છો, પરંતુ જો મારી સામે આવી મળ્યા છો તો હવે આજ મારાં તીણાં બાણોથી તમને ત્યાં વિદાય કરીશ કે જે લોકોમાં ગયેલ કોઇ પાછો નથી આવ્યો. (૧૬,૧૮)

દુર્બળ કેવલ વાણીનો દુર્વ્યય કરે પણ વીર તો વીરતા દર્શાવે

ભગવાન શ્રીકૃષ્ણ શાલ્વને પ્રત્યુત્તર આપતા કહેવા લાગ્યા કે હે મન્દ ! શા માટે વ્યર્થ વાણીનો દુર્વ્યય કરે છે. બકવાદ કરે શું વળે ! નજર સામે ઊભેલો કાળ તને નથી દેખાતો. શૂરવીર બકે નહીં પરંતુ પરાક્રમ કરી બતાવે. (૧૯) આ પ્રમાણે ઉત્તર વાળીને ઉત્તમ પુરુષ ભગવાન શ્રીકૃષ્ણે રોષપૂર્વક ભયંકર વેગીલી ગદાથી શાલ્વની હાંસડી ઉપર પ્રહાર કર્યો જેથી રુધિર ઓકતો તે કંપી ઊઠ્યો. કૌમોદકી ગદા ગોવિંદના હસ્તમાં પાછી આવી અને શાલ્વ અંતર્ધાન થઈ ગયો. (૨૦) પુનઃ અલ્પ સમયમાં બે ઘડી વીતાવતાં એક પુરુષ શ્રીકૃષ્ણ પાસે આવ્યો. તેણે શિર નમાવી નમસ્કાર કીધા અને રડતો રડતો નિવેદન કરવા લાગ્યો કે મને દેવકીજી માતાએ મોકલ્યો છે. અને સંદેશો કહેવડાવ્યો છે કે હે કૃષ્ણ ! હે મહાબાહુ ! પિતૃવત્સલ ! હે પિતાના લાડકવાયા ! જેમ કોઇ મારવા-કસાઇ પશુને બાંધીને લઈ જાય તેમ શાલ્વ આપના પિતાને બાંધીને લઇ ગયો છે. (૨૧,૨૨) આ અવસરે શાલ્વને મુગ્ધ કરવાને માનવ સ્વભાવનો અંગીકાર કર્યો અને દૂતનાં વચન સાંભળી મનુષ્ય પ્રકૃતિમાં આવેલા શ્રીકૃષ્ણ પ્રભુ આવી કડવી વાણી સાંભળીને દયાળુ મનવાળા

ઉદાસ બની ગયા. અને પ્રાકૃત માનવની માફક સ્નેહથી કહેવા લાગ્યા કે દેવ, દૈત્યો, સુર અને અસુરોને જીતનારા વળી સતત સાવધાન સમર્થ શ્રીબલરામ ભાઈને જીતીને એક તૃણ સમ તુચ્છ શાલ્વ મારા પિતાજીને શી રીતે લઇ ગયો ? સાચે જ વિધાતા-પ્રારબ્ધ બલવાન છે. (૨૩,૨૪) ગોવિન્દ ભગવાન આમ બોલી રહ્યા હતા ત્યાં તો વસુદેવજી જેવા પુરુષને લઈને શાલ્વ સામે આવીને ઊભો રહ્યો અને કૃષ્ણને આ પ્રમાણે કહેવા લાગ્યો કે કૃષ્ણ ! આ આપના જન્મદાતા છે, જેને માટે આપ જીવી રહ્યા છો. જેની સેવા કરવાની લાલસા ધરાવીને જીવી રહ્યા છો ! તો હવે હે વાલીનો વધ કરનારા બાલિશ કૃષ્ણ ! આપની નજર સામે જ તમારા પિતાના પ્રાણ લઉં છું. જો શક્તિમાન્ હો તો આવો ! (૨૫,૨૬) આ પ્રકારે માયાવી શાલ્વે વાણીથી શ્રીકૃષ્ણને તરછોડી ખડ્ગ હાથમાં લઇ આનકદુંદુભિ શ્રીવસુદેવજીના મસ્તકને ધડ ઉપરથી ઉતારી લઇ મસ્તક હાથમાં લઇને સૌભ નામના વિમાનમાં બેઠો. (૨૭) રાજન્ ! ભગવાન તો સર્વજ્ઞ છે અને સ્વતઃ જ્ઞાની છે. કેવલ મનુષ્યની લીલાનું દર્શન કરાવી રહ્યા છે તેથી પ્રથમ મુહૂર્તમાં ભગવાને પોતાના અન્તઃપુરમાં આવેલા માયાવી પુરુષને જોયો. બીજા મુહૂર્તમાં શાલ્વનું વસુદેવજીને લાવવા વગેરે જોયું. ત્રીજા મુહૂર્તમાં મૌન-શાન્ત રહ્યા અને સ્વજન-સ્નેહીથી મનુષ્ય સ્વભાવમાં ડૂબી ગયા ત્યાર બાદ તરત જ ભગવાને જાણી લીધું કે આતો મય દાનવે શાલ્વને આપેલી માયા છે શાલ્વે તેનો જ પ્રયોગ કર્યો છે. (૨૮) પુનઃ ભગવાને પોતાની જ્ઞાનશક્તિ પ્રકટ કરી કે જેમ જાગૃત અવસ્થામાં આવેલો પુરુષ સ્વપ્નનાં જોયેલા પદાર્થોને નથી દેખાતો તેવી જ રીતે ભગવાન શ્રીકૃષ્ણે ન તો દૂતને દેખ્યો, ન પિતાનું શરીર જોયું કેવલ સૌભ વિમાનમાં બેઠેલા અને આકાશમાં મનમાન્યું ઘૂમતા શાલ્વને જોયો અને એ શત્રુને મારવાની તૈયારી કરી. (૨૯) રાજન્ ! મુનિલોકો આ પ્રમાણે બોલે છે, આ બધામાંથી કેટલાક એવા પણ છે જે યોગ્ય પણ કહે છે બાકી મોટે ભાગે ઘણા તો એવા જ છે કે જેમનાં કહેલાં વાક્યોમાં જ વિરોધ આવે છે. એકવાર તેઓ પૂર્ણ બ્રહ્મ કહે અને બીજીવાર ક્ષણ માટે ભગવાનને શોક મોહ થયો પછી બીજી ક્ષણમાં ચાલ્યો ગયો એવું પ્રતિપાદન કરે છે. આ રીતે તેઓને પોતાના જ સ્મૃતિમાં નથી હોતું કે પોતે પ્રથમ શું કહી ગયા હતા અને હાલ શું કહી રહ્યા છે. પરંતુ તેમાં તેમનો શો દોષ ? તેમની મતિ પ્રમાણે બોલે છે. (૩૦) શોક, મોહ, સ્નેહ કે ભય આ બધી અવસ્થા અજ્ઞાની મનુષ્યોને જ થાય છે. તે ભગવાનમાં ક્યાંથી સંભવે ! કારણ ભગવાન તો અખંડ વિજ્ઞાન, અખંડ બોધ, અખંડ વૈરાગ્ય, અખંડ આનંદવાળા છે. તેમજ દેવાધિદેવોથી સદા સ્તુતિ કરાયેલા છે. (૩૧)

यत्पादसेवोर्जितयात्मविद्याया हिन्वन्त्यनाद्यात्मविपर्ययग्रहम् । लभन्त आत्मानमनन्तमीश्वरं कुतो नु मोहः परमस्य सद्गतेः ।। ३२ ।।

અરે રાજન્ ! જે ભગવાન શ્રીકૃષ્ણના શ્રીચરણોની સેવા કરવાથી સત્પુરુષોને સમૃદ્ધ એવી આત્મવિદ્યા મળે છે. અનાદિકાલથી ચાલ્યા આવતા આ દેહ જ આત્મા છે એ અજ્ઞાનનો-એવી અવિદ્યાનો જે આત્મવિદ્યાથી નાશ કરે છે અને જ્ઞાન આપવાની શક્તિવાળા પરમેશ્વર, આત્મસ્વરૂપ શ્રીકૃષ્ણને પામે છે. આવા શરણાગતોની ગતિ-આધાર, સર્વોત્તમ શ્રીકૃષ્ણમાં મોહ ક્યાંથી સંભવે ! (૩૨)

ક્ષણવારમાં શાલ્વનો વધ

પોતાના બલમાં મુસ્તાક બનેલો શાલ્વ જ્યારે અનેક શાસ્ત્રોથી યાદવ સૈન્ય ઉપર પ્રહાર કરતો હતો ત્યારે ઉન્નત અને સદા સફળ પરાક્રમી શૌરિ, શ્રીકૃષ્ણ ભગવાને અઠાવીસમા દિવસે પોતાનાં ઓજસ્વી કેવલ ત્રણ બાણો છોડીને શાલ્વના બખ્તરને ધનુષ્યને, મસ્તક ઉપરના મણિને છેદી નાખીને શત્રુ શાલ્વના સૌભવિમાનને પણ ગદાથી તોડી નાખ્યું. (૩૩) ભગવાન શ્રીકૃષ્ણે પ્રેરેલી ગદાએ શાલ્વના સૌભ નામના વિમાનના હજારો ટુકડા થયા. ઘૂમતુ વિમાન ચૂર્ણ થઈ જતાં સાગરમાં પડયું. ત્યારે વિમાન વિનાના બનેલા શાલ્વ પૃથ્વી ઉપર આવીને ઊભો અને ગદા લઇ ઉતાવળો અચ્યુત ભગવાન ઉપર દોડી આવ્યો. (૩૪) ભગવાને દોડી આવતા શાલ્વના હાથને ગદા સાથે ભાલાથી કાપી નાખ્યો ત્યાર બાદ તેનો વધ કરવા માટે પ્રલયના સૂર્ય સમાન ઉગ્ર સુદર્શન કરકમલમાં ધારણ કર્યું ત્યારે શિખરે પ્રકાશતા સૂર્યને ધારણ કરતા ઉદયાચલ પર્વત જેવા શોભવા લાગ્યા. (૩૫) પુનઃ જેમ રાજા ઈન્દ્રે વજ્રથી વૃત્રાસુરના મસ્તકને છેદી નાખ્યું હતું તેવી રીતે ભગવાને અનેક પ્રકારની માયાને અજમાવનારા, કાનોમાં કુંડલ અને મસ્તકે મુકુટ, વાળા શાલ્વના મસ્તકને સુદર્શન ચક્રથી ઉડાવી દીધું. ત્યારે તો પક્ષમાં સર્વત્ર હાહાકાર ફેલાઇ. ગયો. (૩૬) હે રાજન્ ! જ્યારે પાપી શાલ્વ

મરણ પામ્યો ત્યારે અને ગોવિંદની ગદાથી ચૂરા થઈ વિમાન સાગરમાં પડયું ત્યારે આકાશમાં રહેલા દેવો દુંદુભિના નાદો કરવા લાગ્યા. આ અવસરે પોતાના ભાઈ અને મિત્રોનો કૃષ્ણે નાશ કર્યો તેથી બદલો લેવા માટે દંતવક્ત્ર દોડી આવ્યો. (૩૭)

नेदुर्दुन्दुभयो राजन् दिवि देवगणेरिता: । सखीनामपचितिं कुर्वन् दन्तवक्त्रो रुषाभ्यगात् ॥ ३७ ॥

દશમ સ્કંધ નિરોધ લીલા ઉત્તરાર્ધના સાત્વિક પ્રકરણના સાધન પ્રકરણમાં અધ્યાય ૭૭ મો સમાપ્ત

અધ્યાય - ૭૮ મો

(આ ૭૮ માથી ૮૪ અધ્યાય સુધી સાત્વિક પ્રકરણના ફલ પ્રકરણની કથા ચાલશે. ક્રમવાર અધ્યાયોમાં ઐશ્વર્ય-વીર્ય-યશ-શ્રી-જ્ઞાન-વૈરાગ્ય નામનાં છ ઐશ્વર્યો વર્ણવાશે અને સાતમાં અધ્યાયમાં ધર્મીનું વર્ણન આવશે. આરંભના બે ૭૮ અને ૭૯મા અધ્યાયોમાં શ્રીબલભદ્રજીની લીલા વર્ણવાશે. શ્રી બલભદ્રજી પાંડવો-કૌરવોના યુદ્ધમાં ભગવદિચ્છાથી તટસ્થ રહ્યા હતા. શ્રીબલભદ્રજી તીર્થયાત્રા કરીને તીર્થોને પાવન કરી રહ્યા છે. હવે અધ્યાયના આરંભમાં દંતવકત્રના અને વિદૂરથના વધનીકથા શરૂ થાય છે. આ અધ્યાયમાં ૪૦ શ્લોકો છે.)

દુર્મતિમાંથી દુષ્ટ વાણી જ નીકળે

श्रीशुक उवाच-शिशुपालस्य शाल्वस्य पौष्ड्कस्यापि दुर्मति । परलोकगतानां च कुर्वन् पारोक्ष्य सौहृदम् ॥ १ ॥

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! શિશુપાલ, શાલ્વ, અને પૌંડ્ક આ ત્રણેય પુરુષો ભગવાનના કરકમલે જ્યારે પરલોક પામ્યા ત્યારે તેમની પૂંઠે પણ પોતાની મૈત્રી ટકાવનાર, દુર્મતિ, એકલો, પગપાળા દોડતો-અત્યંત બળવાન, હાથમાં ગદા લઈ પોતાના પગલાંથી ધરણી ધ્રુજાવતો ક્રોધે ભરેલો દંતવક્ત્ર આવી રહ્યો હતો તે સર્વને નજરે પડ્યો. (૧,૨) પરંતુ ભગવાને તેને પગે ચાલતો દોડી આવતો જોયો ત્યારે નીતિને માન આપવા નાથ શ્રીકૃષ્ણ પણ રથમાંથી શીઘ્ર નીચે ઊતર્યા. હાથમાં ગદા લીધી અને કિનારો સાગરને રોકી રાખે છે એ રીતે ભગવાને દંતવકત્રને રોકી રાખ્યો. (૩) મદોન્મત્ત દંતવકત્ર હાથમાં ગદા ઉઠાવીને ભગવાનને કહેલા લાગ્યો કે આજે મારી નજરે ચઢ્યા છો. હે મુકુન્દ ! હે કૃષ્ણ ! ચાલો ઠીક થયું, ખૂબ જ ઠીક થયું. (૪) કૃષ્ણ ! તમે તો અમારા મામાના દીકરા થાવ ખરુંને ? વળી અમારા મિત્રનો દ્રોહ-વૈર કર્યું છે-વધ કર્યો છે ખરુંને ? શાણા શ્યામ ! હે અમન્દ ! મને મારવા ચાહો છો તેથી હું વજ્ર જેવી ગદાથી તમારા જ પ્રાણ લઈશ. (૫) આવેશમાં આવેલ દંતવક્ત્ર ભગવાનને કહે છે કે હે અજ્ઞ ! એટલે આ શત્રુ છે અને આ મિત્ર છે એવા મોહ-ભેદ-જ્ઞાન વિનાના સર્વને આત્મા જાણનાર, કૃષ્ણ ! દેહમાં મોહ-મમતાવાળો દેહના રોગોને દૂર કરે એ રીતે મિત્રમાં સ્નેહવાળો હું મિત્રવત્સલ દંતવકત્ર ભલે તમે મામાની સગાઈથી બંધુ છો છતાં તમને મારીને મારા મિત્રોના દેવામાંથી મુક્ત બનીશ. (૬) આવાં કઠોર કટાક્ષ વાક્યોથી મહાવત અંકુશની અણીથી જેમ હાથીને પીડિત કરે છે તે પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણને પીડતો દંતવક્ત્ર ભગવાનના મસ્તકમાં ગદાનો પ્રહાર કરતો સિંહની માફક ગર્જના કરવા લાગ્યો. (૭) ગદાનો પ્રહાર થવા છતાં શ્રીયદુશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ જરા પણ ડગ્યા નહીં અને ભગવાને દંતવકત્રના વક્ષઃસ્થળમાં કૌમોદકી નામની ભારે ગદાનો પ્રહાર કર્યો. (૮) ગદાની ચોટ લાગતાં દંતવકત્રની છાતી ચિરાઈ ગઈ અને મુખમાંથી રુધિર ઓકવા લાગ્યો. તેના-હાથ-પગ પહોળા થઈ ગયા અને વાળ વીખરાઈ ગયા અને એ જ વખતે પૃથ્વી ઉપર પટકાઈ પડયો. (૯) દંતવક્ત્રના પ્રાણ છૂટતાં હે રાજન્ ! શિશુપાલનું તેજ જેમ ભગવાનના શ્રીચરણોમાં પ્રવેશ્યું હતું અને સાયુજ્ય મુક્તિની પ્રાપ્તિ થઈ હતી તેવી જ રીતે અત્યંત સૂક્ષ્મ એવું દંતવકત્રનું તેજ ભગવાનના શ્રીચરણોમાં પ્રવેશી ગયું અને તેને સાયુજ્યની પ્રાપ્તી થઈ. (૧૦) દંતવકત્રનો વધ થતાં તેનો ભાઈ વિદુરથ શોકાતુર બની ગયો અને ભગવાનને મારવાનો વિચાર કરીને સાપની માફક ફૂંફાડા મારતો ઢાલ અને તલવાર લઈને દોડી આવ્યો. (૧૧) હે રાજેન્દ્ર ! વિદુરથ ચઢી આવે તે પહેલાં જ ભગવાન શ્રીકૃષ્ણે તીક્ષ્ણ ધારવાળા સુદર્શન ચક્રથી કુંડલ અને મુકુટ સાથે જ એનું મસ્તક ઉડાવી દીધુ. (૧૨)

વિજય સદાય અજય શ્રીકૃષ્ણને વરેલો છે

ભગાવન શ્રીકૃષ્ણે જ્યારે આ પ્રકારે સૌભ વિમાન, શાલ્વ તેમજ તેના નાના ભાઈ વિદુરથ સાથે દંતવક્ત્ર અને જે બીજા

માથાભારે અજેય શૂરવીરો હતા તે સર્વનો વિનાશ કર્યો ત્યારે માનવ અને દેવો ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. (૧૩) આ ઉપરાંત મુનિવર, સિદ્ધજન, ગન્ધર્વગણ, વિદ્યાધરવૃન્દ મોટા મોટા વાસુકિ વગેરે નાગદેવો, અપ્સરાઓ, પિતૃગણ, યક્ષજન, કિન્નરગણ, ચારણો વગેરે સર્વ મળીને ભગવાનની વિજય ગાથા ગાવા લાગ્યા અને પુષ્પની વૃષ્ટિથી વધાવવા લાગ્યા. ભગવાને યાદવોના સમૂહ સાથે મંગલમયી અને સૌન્દર્યમયી શ્રીદ્વારિકાપુરીમાં પ્રવેશ કર્યો. (૧૪,૧૫) રાજન્ ! યોગેશ્વર, જગદીશ્વર, ભગવાન શ્રીકૃષ્ણ આ પ્રકારે નિત્ય વિજયી છે અને વિજય પામે છે જ આમ છતાં જેઓ જડબુદ્ધિવાળા જનો છે તેઓ તો એમ માને છે કે કૃષ્ણ જરાસંધ સાથે તો હારી ગયા હતા. (૧૬)

બલભદ્રજીની તીર્થયાત્રા

કૌરવો-પાંડવોનો રણસંગ્રામ નક્કી થઇ ચૂક્યો છે અને આજકાલમાં યુદ્ધ થશે જ અને પાંડવોના અનુરાગી ભક્તવત્સલ ભગવાન પાંડવોના પક્ષમાં જશે જ પોતે દુર્યોધનની મમતાવાળા હોઇ સામા પક્ષમાં જવું પડે. પરસ્પર બે ભાઈઓનો સંઘર્ષ થાય તે અનિચ્છનીય છે માટે સમય યોગ્ય છે અને તટસ્થપણું સચવાશે એવો નિર્ણય કરી બલભદ્રજીએ તીર્થયાત્રા અને તીર્થસ્નાનનું નિમિત્ત બનાવી તીર્થાટન કરવા પ્રસ્થાન આરંભ્યું. (૧૭) શ્રીબલભદ્રજી સૌથી પ્રથમ પ્રભાસતીર્થમાં ગયા. વસુદેવજી અને દેવકીજી બિરાજે ત્યાં સુધી તીર્થયાત્રા ના ઘટે પરંતુ તટસ્થ રહેવાનું નિમિત્ત બનાવી તીર્થયાત્રા કરવા પધાર્યા છે. સૌથી પ્રથમ પ્રભાસમાં અગ્નિકુંડમાં અથવા સંગમમાં સ્નાન કરીને દેવ-ઋષિ-પિતૃઓ તેમજ મનુષ્ય તર્પણ કરી તેમને ઉદ્દેશીને બ્રાહ્મણોને ભોજન-દાન-દક્ષિણા વગેરે આપીને યાત્રામાં બ્રાહ્મણને લીધા વિના યાત્રા ન કરાય માટે બ્રાહ્મણને સાથે લઇને સરસ્વતીના કિનારે કિનારે યાત્રા કરવા લાગ્યા. (૧૮) માર્ગમાં સરસ્વતીના કિનારે આવતાં છ તીર્થોમાં સ્નાન કરતા આગળ પધાર્યા. આ છ તીર્થો આજે યદ્યપિ સામે કિનારે આવે છે અને ક્રમ બતાવ્યો છે તે પ્રકારે નથી આવતાં પરંતુ શ્રીબલભદ્રજીએ જે કલ્પમાં યાત્રા કરી તે કલ્પમાં આ પ્રમાણે હોવાં જોઇએ. પ્રાચી સરસ્વતી પ્લક્ષમાંથી પ્રગટેલાં છે. તીર્થયાત્રા કરતાં પૃથુદક, બિન્દુ સરોવર, ત્રિતકૂપ, સુદર્શનતીર્થ, વિશાલ બ્રહ્મતીર્થ, ચક્રતીર્થ, પ્રાચી સરસ્વતી તીર્થોની યાત્રા કરી આગળ વધ્યા. (૧૯) ત્યારબાદ શ્રીયમુનાજીના કિનારે કિનારે ચાલ્યા. પ્રથમ શ્રીયમુનાસ્નાન કરી પછી પ્રયાગ પધાર્યા. પ્રયાગરાજમાં તીર્થયાત્રા કરી ગંગાજીને કિનારે હરિદ્વાર અને બદરીનાથ સુધી પધાર્યા. ત્યાર પછી ગોમતીજીના કિનારેથી નૈમિષારણ્યમાં પહોંચ્યા. (૨૦) નૈમિષારણ્યમાં ઋષિઓ દીર્ઘકાલ-લાંબા સમય સુધી ચાલનાર સત્ર-કથામહોત્સવનો આરંભ કરી બિરાજ્યા હતા. ત્યાં જ્યારે બલભદ્ર પધાર્યા ત્યારે ભગવદ્‌ભાવથી સર્વ ઋષિઓએ શાસ્ત્રવિધિ પ્રમાણે શ્રીબલદેવજીનો સત્કાર કરી તેમને જ અભિનંદન આપ્યાં. (૨૧) પુનઃ શ્રીબલભદ્રજી આસન ઉપ બિરાજ્યા ત્યારે વિપ્રર્ષિઓ સાથે બલભદ્રજીનાં અર્ચન કર્યાં. ત્યારબાદ આસન ઉપર બિરાજેલા બલભદ્રજીની દૃષ્ટિ પડી તો વ્યાસ મહર્ષિના શિષ્ય શ્રીરોમહર્ષણી નામના શ્રીસૂતજીને ઉચ્ચ વ્યાસપીઠ ઉપર બિરાજેલા જોયા. (૨૨) શેષાવતાર શ્રીબલભદ્રજીનો ઊભા થઇ સત્કાર કરવો જોઇએ તે ન કર્યો (૧) શ્રીબલભદ્રજીને અંજલિ જોડી પ્રણામ પણ ન કર્યા (૨) જન્મ લેવામાં પ્રતિલોમ હોવાથી સૂતજાતિમાં ગણાતાએ બ્રહ્મણોની સભામાં વ્યાસપીઠે બ્રહ્માસનને બેસવું અવશ્ય અનુચિત મનાય (૩) આવા ત્રણ કારણોથી ત્રણ અપરાધ કર્યા તેથી જ મધુવંશમાં જન્મેલા શ્રીબલરામ રોષે ભરાયા. (૨૩) બિલકુલ નિસ્તેજ પ્રતિલોમ એટલે બ્રાહ્મણની કન્યામાં ક્ષત્રિય જાતિમાં જન્મેલા, આ સૂત આ વિપ્રોની સભામાં આ બ્રહ્માસને કેમ બેઠા છે ? તેમાં ધર્મરક્ષક અમારી સામે બેઠા છે. જો, જરા પણ સન્મતિ હોય તો આવું અનુચિત ન કરત. એ સર્વ જોતાં દેહાંતદંડ વિના અન્ય શિક્ષા નથી સંભવતી. (૨૪) આ ઉપરાંત જ્ઞાનાવતાર મહર્ષિવ્યાસનો શિષ્ય બનીને સ્વયં જ્ઞાની હોવા છતાં તેમજ ઇતિહાસ, મહાપુરાણો અને ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી પણ આવો અવિવેક કરે તે તો કેમ યોગ્ય મનાય ? (૨૫) જોતાં સ્પષ્ટ લાગે છે. કે એ સંયમશૂન્ય છે, અવિનયી છે, જ્ઞાનનું મિથ્યાભિમાન રાખેલ છે. નટ જેમ ઉત્તમ વેષ ધારણ કરે તેવી જ રીતે વિપ્ર જેવો વેષ ધારણ કર્યો છે. આ સર્વ અવગુણો જોતાં ઉપદેશ ગુણકારક બનવાની કોઇ સંભાવના નથી. (૨૬) મારા અવતારનું પ્રયોજન પણ એક જ છે કે જેટલા ધર્મધ્વજી-પાખંડીઓ હોય તેવા પુરુષોનો નાશ જ કરવો રહ્યો. કારણ કે અધર્મનું આચરણ કરનાર તો પોતે નાશ પામે છે જ્યારે પાખંડીઓ તો અવળે કે અધર્મને માર્ગે અન્ય સર્વનો નાશ

કરનાર મહા પાતકી મનાય તેથી તેમનો નાશ તો સર્વના હિત માટે જ હોય છે. (૨૭) બલભદ્રજી યાત્રાનું વ્રત લઈને નીકળ્યા હતા તેથી વ્રતીના નિયમ પ્રમાણે અસત્પુરુષનો પણ વધ ન કરી શકાય એવો સંકલ્પ કરેલો હતો તો પણ ભાવી આ પ્રમાણે જ બનવાનું હશે તેથી બલભદ્રજી આવા નિર્ણય ઉપર આવ્યા અને પોતાના હાથમાં રહેલા દર્ભના નાના ટુકડાને ફેંકીને પ્રાણ લીધા. (૨૮) આવો અનુચિત પ્રસંગ બની જતાં સર્વ મુનિઓ હાહાકાર કરવા લાગ્યા. સર્વ ખિન્નચિત્ત બની ગયા. અને શ્રીબલભદ્રજીને કહેવા લાગ્યા કે હે પ્રભુ ! આપે આ અધર્મ આચર્યો છે. (૨૯) હે યદુનન્દન બલરામજી ! અમે શ્રીરોમહર્ષણ મુનિને વ્યાસપીઠ બ્રહ્માસન આપ્યું છે. આ સાથે રોમહર્ષણ મુનિનું આયુષ્ય અલ્પ હોવાથી અમે અમારું આયુષ્ય આપેલું હતું કે આ સત્ર સંપૂર્ણ થાય ત્યાં સુધી તેમનો દેહ પણ નાશ પામે નહીં. (૩૦)

અજ્ઞાત દશામાં થયેલા દોષનું પણ પ્રાયશ્ચિત્ત થવું જોઈએ

ભગવન્ ! આપને હસ્તે અજાણતાં પણ બ્રહ્મહત્યા થઈ છે. જોકે આપ તો યોગેશ્વર છો. વેદ પણ આપનો નિયામક નથી પરંતુ આપ વેદના નિ઼યામક છો. (૩૧) પરંતુ આપનો આ અવતાર લોકોને પવિત્ર કરવા માટે છે, માટે હે લોકપાવન બલભદ્રજી ! બ્રહ્મહત્યાના મહા પાપને દૂર કરનાર પ્રાયશ્ચિતને આપ કરશો તો વેદની અને વિશ્વની મર્યાદા સચવાશે. આપ પ્રાયશ્ચિત કરશો તેથી લોકસંગ્રહ થશે તેમજ લોકો પણ પવિત્ર થશે. (૩૨) બલભદ્રજીએ પ્રત્યુત્તર આપ્યો કે ઋષિઓ આપની વાતનો હું અંગીકાર કરીશ. લોકોના અનુગ્રહ માટે મારે અવશ્ય પ્રાયશ્ચિત્ત કરવું જ જોઈએ. માટે વેદવાક્યોમાં જે મુખ્ય પ્રાયશ્ચિત કહ્યું હોય તે મને બતાવો. કારણ કે વેદનાં વાક્યોને મુખ્ય વાક્યો કહ્યાં છે અને સ્મૃતિવાક્યોને વેદ સમાન માન્યાં હોવાથી અનુકલ્પ વાક્યો કહ્યાં છે. (૩૩) આ ઉપરાંત આ રોમહર્ષણ દીર્ઘ આયુષ્ય બળ, તેમજ ઈન્દ્રિયોનું સામર્થ્ય વગેરે જે કોઈ વસ્તુ આપ ચાહતા હો તે કહો. હું મારા યોગબલથી એ સર્વ કાર્ય કરીશ. (૩૪) શ્રીબલભદ્રજીનાં વાક્યોનું શ્રવણ કરીને ઋષિઓએ નિવેદન કર્યું કે હે બલભદ્રજી ! આપનાં અસ્ત્રપ્રભાવને આપના વીર્યને, સૂતજીના મૃત્યુને, તેમજ અમારા વચનને તેમજ આરંભેલા સત્રને વાંધો ના આવે, આંચ ન આવે તે રીતે જે સત્ય વસ્તુ હોય તે કાર્ય આપ કરો. (૩૫)

શ્રી બલદેવજીએ કહ્યું : હે મુનિવરો ! શ્રીરોહમહર્ષણ મુનિના પુત્ર ઉગ્રશ્રવા આપને સર્વ પુરાણો સંભળાવશે. કારણ કે अङ्गादङ्गात्संभवसि, हृदयादभिजायसे आत्मा वै पुत्र नामासि, स जीवः शरद : शतम् -- વેદ ભગવાને કહ્યું છે કે પિતાના અંગેઅંગમાંથી પુત્ર ઉત્પન્ન થાય છે, પિતાના હૃદયમાંથી પુત્ર ઉત્પન્ન થાય છે, પિતાનો આત્મા પુત્રરૂપે છે. આ પુત્ર સો વર્ષ જીવો એવી આશિષ આપે છે, તો આ શ્રુતિવાક્યને અનુસરીને આ ઉગ્રેશ્રવા મુનિ પૂર્ણાયુષ્યવાળા, વીર્યવાન અને બલવાન તેમજ સર્વ ઈન્દ્રિયોના સામર્થ્યવાળા થશે. (૩૬) બોલો ! મુનિવરો ! આ વાત આપને રુચિ કે આપની કોઈ અન્ય ઈચ્છા છે, ? જો-તેમ હોય તો તે કહો તો પણ હું તે પ્રમાણે કરીશ. વળી મારે શું પ્રાયશ્ચિત કરવું જોઈએ તેમજ આ અપરાધમાંથી કેવી રીતે મુક્ત થવાય તે પણ હું નથી જાણતો માટે આપ વિચાર કરીને મને માર્ગ બતાવો. (૩૭)

ઋષિવરો બોલ્યા કે ભગવન્ ! ઈલ્વલનો બલ્વલ નામનો પુત્ર મહાન ભયંકર છે. આ દાનવ પ્રત્યેક પર્વ પ્રસંગે આવીને અમારા યજ્ઞને દૂષિત કરે છે. (૩૮) આપ આ પાપરૂપ દાનવનો નાશ કરો. કારણ કે અમારા યજ્ઞમાં આવીને પરુ-લોહી-મલ-મૂત્ર-મદિરા વગેરે વર્ષાવીને અમારા આશ્રમોને દૂષિત કરી નાખે છે. જો આ પાપરૂપ દાનવનો નાશ કરશો તો આપે અમારા ઉપર પૂર્ણકૃપા કરી ગણાશે. (૩૯) પુનઃ આપ અત્યંત પ્રસન્ન-સ્થિર મનવાળા એક વર્ષ પર્યન્ત ભારત વર્ષમાં પદયાત્રા કરતા કરતા તીર્થોમાં સ્નાન કરશો તેથી આપ બ્રહ્મહત્યાના પાપમાંથી અવશ્ય મુક્ત થશો. (૪૦)

ततश्च भारंत वर्षं परीत्य सुसमाहितः । चरित्वा द्वादशान् मासान् तीर्थस्नायी विशुध्यसे ॥ ४० ॥

શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ ઉત્તરાર્ધ નિરોધલીલા સાત્ત્વિક પ્રકરણના ફલ પ્રકરણમાં અધ્યાય ૭૮ મો સમાપ્ત

અધ્યાય - ૭૯ મો

(આ અધ્યાયમાં નિરોધલીલાના ચોથા સાત્ત્વિક પ્રકરણની ફલલીલા પ્રકરણનો બીજો અધ્યાય છે. આ અધ્યાય શ્રી બલભદ્રજીના

વીર્યનું વર્ણન કરે છે. ૭૮માં અધ્યાયમાં કરેલા સૂતવધના કારણથી થયેલી અપકીર્તિ આ આધ્યાયમાં વર્ણવેલા બલ્વલાદિના વધ વગેરેથી દૂર થશે અને કીર્તિ વધશે. આ અધ્યાયમાં ૩૪ શ્લોકો છે.)

ખલ બલ્વલની ખલતા

श्रीशुक उवाच-ततः पर्वण्युपावृत्ते प्रचण्डः प्रांसुवर्षणः । भीमो वायुरभूद् राजन् पूयगन्धस्तु सर्वतः ॥ १ ॥

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! જ્યારે પૂર્ણિમાનું પર્વ આવ્યું તે દિવસે ભયંકર અને ભારે પવનની તોફાની આંધી ચઢી આવી તેમજ વાયુમાં માથું ફાડી નાખતી પરુની દુર્ગંધ આવવા લાગી. (૧) એટલામાં તો બલ્વલે વર્ષાવેલી દૂષિત અને મલીન અપવિત્ર પદાર્થોની યજ્ઞશાળા ઉપર વૃષ્ટિ થવા લાગી તેમજ ત્રિશૂળ ધારણ કરેલો બલ્વલ પણ નજરે પડ્યો. (૨) બલ્વલની ભયંકરકાયા હતી. કાળો તો એટલો બધો હતો જાણે કાજળનો પર્વતતોડ્યો હોય અને જેવો કાળો દેખાય તેવો કાળો, તપાવેલા લોખંડ જેવી લાલચોળ માથાની શિખા અને દાઢી મૂછવાળો ભયાનક દાઢ અને અત્યંત ઉગ્ર ભ્રમરવાળો હતો. જ્યારે આવા વિકરાળ બલ્વલને બલભદ્રજીએ જોયો ત્યારે તેનો નાશ કરવાનો નિર્ણય કર્યો. (૩) પુનઃ શત્રુઓની સેનાનો કચ્ચરઘાણ કરનારા મુશળનું તેમજ દૈત્યોનું દમન કરનારા હળનું બલદેવજીએ સ્મરણ કર્યું જેથી હળ અને મુશળ બન્ને આવીને ઉપસ્થિત થયાં. (૪) પુનઃ રોષે ભરાયેલા બલભદ્રજીએ ગગનમાં વિચરતા બ્રહ્મદ્રોહી બલ્વલ દૈત્યને જોયો. તેને હળથી નીચે ખેંચ્યો અને મસ્તક ઉપર મુશળનો પ્રહાર કર્યો. (૫) મુશળનો માર પડતાં જ માથું ફુટી ગયું, લલાટ ફાટી ગયું. રુધિરની ધારા વહેવા લાગી અને તે બલ્વલ જ્યારે પૃથ્વી ઉપર પછડાઇ પડ્યો ત્યારે જાણે વજ્રના પ્રહારથી પટકાઇ પડેલા અરુણાચલ પર્વત જેવો લાગતો હતો. પડતા જ આર્તનાદની સાથે જ એના પ્રાણ પણ ઊડી ગયા. (૬) મુનિવરોએ શ્રીબલભદ્રજીનો યશ ગાયો. સત્ય સફલ આશીર્વાદ આપ્યા, પુનઃ જેમ વૃત્રાસુરના વધથી પ્રસન્ન થયેલા દેવોએ ઈન્દ્રના ઉપર અભિષેક કર્યો હતો તેવો બલભદ્રજીના ઉપર અભિષેક કર્યો. (૭) કદી ન કરમાતાં કમલોથી ગૂંથેલી, લક્ષ્મીજીના નિવાસવાળી દિવ્ય વૈજયંતીમાલાજી તેમજ વસ્ત્રો અને દિવ્ય અલંકારો શ્રીબલભદ્રજીને સત્કારીને ધર્યાં. (૮)

પુનઃ યાત્રાપ્રસ્થાન

નૈમિષારણ્યમાંથી મુનિવર ઋષિવરની આજ્ઞા લઇ, બ્રાહ્મણોની સાથે કૌશિકી નદી ઉપર આવીને શ્રીકૌશિકી નદીમાં સ્નાન કર્યાં. આ કૌશિકી ઉત્તર ભાગમાં કોટા ગામથી આવતી નદી છે. આ નદીમાં સ્નાન કરીને માનસ સરોવર તરફ પ્રસ્થાન કર્યું. આ માનસ સરોવરમાંથી અનેક સરિતાઓ સરી છે. શ્રી સરયૂજી પણ માનસ સરથી જ સર્યા છે. માનસથી વહેતી સરયૂના પ્રવાહે શ્રી સાકેતધામ અયોધ્યાજી પધાર્યા. પુનઃ અયોધ્યાથી પ્રયાગરાજ પધાર્યા ત્યાં શ્રીત્રિવેણીજીમાં સ્નાન કરીને, દેવ-મનુષ્ય-પિતૃઓનાં તર્પણ કરીને મુનિવર પુલહજીના આશ્રમમાં પધાર્યા. આ આશ્રમ ઉત્તર ભાગમાં હરિહર ક્ષેત્રમાં આવ્યો છે. (૯,૧૦) પુલહ આશ્રમે જતાં મધ્યમાં ગોમતીનદીમાં સ્નાન કર્યું અને ગંડકીમાં સ્નાન કર્યું. ત્યાંથી આગળ વધતાં વિપાશા નદીમાં સ્નાન કર્યું. આ વિપાશા નામની નદી તદ્દન નાની છે. અને હરિહર ક્ષેત્રમાં પાંચ નદીઓમાંની એક નદી છે. બીજી વિપાશા નામની નદી કાશ્મીરમાં આવી છે. વિપાશાના સ્નાન પછી શોણનદ ઉપર ગંગાજી પાર કરીને ઉપર પધાર્યા. આનંદ ''મહાનદ'' માં ગણાય છે. શ્રીબલરામજીએ તેમાં સ્નાન કર્યું. ત્યારબાદ ગયાજી પધારીને પિતૃઓનાં તર્પણ કર્યાં. ગયાજીમાં તર્પણ વિધિ પૂર્ણ કરીને ગંગાસાગર પધારીને તર્પણ કર્યું. (૧૧) ત્યાં ગંગાસાગર સંગમમાં સ્નાન કરીને મહેન્દ્ર પર્વત ઉપર પરશુરામજીનાં દર્શન કર્યાં. તેમજ નમસ્કાર કર્યા. આગળ વધતાં સપ્તગોદાવરી સરિતા તીરે પધાર્યા. શ્રીસપ્તગોદાવરી સાત ધારાથી વહન કરતાં સાગરમાં પ્રવેશે છે. પુનઃ વેણા નદી અને પમ્પા સરોવરમાં સ્નાન કરતાં મધ્ય પ્રદેશમાં થઇ નિવૃત્તિ સંગમ પાંડુરંગ અથવા ભીમરથી નદી ઉપર પધાર્યા. શ્રી પંપાસરોવર વિદ્યાનગર સમીપે આવેલ છે. (૧૨) પુનઃ કાર્તિકેય સ્વામીનાં દર્શન કરીને પૂર્વ ભાગમાં આવેલ શ્રીશૈલપર્વત ઉપર પધાર્યા કારણ કે ત્યાં ભગવાન શંકર બિરાજે છે. શિવજીનાં દર્શન કર્યા પછી દ્રવિડ દેશમાં આવેલા પવિત્ર શ્રી રંગક્ષેત્રમાં પધાર્યા, શ્રી વેંકટાદ્રિ પર્વત સ્વયં વિષ્ણુ સ્વરૂપ જ છે. (૧૩) ત્યાર બાદ કામકોષ્ણી એટલે કામાક્ષીનાં દર્શન કર્યાં. આ કામાક્ષીદેવી શિવકાંચીના નામથી પ્રસિદ્ધ છે. શિવકાંચીના દર્શન કરીને કાવેરી નદી

ઉપર આવ્યા. પુનઃ મહાપવિત્ર શ્રીરંગ ક્ષેત્રમાં પધાર્યા, જ્યાં સાક્ષાત્ શ્રીહરિ બિરાજે છે. (૧૪) ત્યાંથી આગળ વધતાં ઋષભાદ્રિ પધાર્યા. આ ઋષભાદ્રિના ઉપરના ભાગમાં શ્રીહરિનું ક્ષેત્ર છે. ત્યાર બાદ દક્ષિણ મથુરા ગયા. આ મથુરા ''માન મથુરા'' નામથી પ્રસિદ્ધ છે. પુનઃ ''શ્રી સેતુબંધ રામેશ્વરજી'' પધાર્યા. આ પ્રદેશ મહાન પવિત્ર હોઇને મહાપાતકોનો નાશ કરે છે. (૧૫)

દાનપ્રવાહ

તીર્થક્ષેત્રોમાં અવશ્ય દાન કરવું જોઇએ. શ્રી બલભદ્રજીએ સેતુબંધ ઉપર વિપ્રોને દશ હજાર ગાયોનાં દાન કર્યાં. ત્યાર બાદ હલાયુધ શ્રી બલભદ્રજી કૃતમાલા, તામ્રપર્ણી અને કુલાચલ તેમજ મલયાચલ પર્વત ઉપર આવ્યા. આ સ્થાને શ્રી અગસ્ત્યમુનિનો આશ્રમ છે. (૧૬) કુલાચલ પર્વતમાં ધ્યાનસ્થ બિરાજેલા અગસ્ત્ય ઋષિનાં દર્શન કર્યાં. મુનિવરને ગોત્રોચ્ચારપૂર્વક અભિવાદન અને સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને આશીર્વાદ મેળવ્યા. પુનઃ મુનિવરની આજ્ઞા મેળવી દક્ષિણ મહાસાગર પધાર્યા જ્યાં દુર્ગાદેવી શ્રીકન્યાકુમારીનાં દર્શન કર્યા. (૧૭) શ્રી દુર્ગાદેવીનાં દર્શન કર્યા પછી ફાલ્ગુન તીર્થ એટલે અનંત શય્યા કહેવામાં આવે છે ત્યાં પધાર્યા. ત્યાંથી આગળ પંચાપ્સર સરોવર તીર્થ ઉપર પધાર્યાં. આ સ્થાને ભગવાન વિષ્ણુ નિત્ય બિરાજે છે. ત્યાં આવીને દશ હજાર ગાયોનાં દાન કર્યાં. (૧૮) ત્યારબાદ બલભદ્રજી શીઘ્રગતિથી કેરલ-સ્તોકય-ગર્તકય નામના મલબારમાં આવેલા દેશોમાંથી પસાર થઇ ગોકર્ણ ક્ષેત્રમાં આવ્યા. ભગવાન શ્રી ધૂર્જટિનું આ ક્ષેત્ર છે. ભગવાન શંકર આ સ્થાનમાં નિત્ય બિરાજે છે. (૧૯) આ સ્થાને વ્યાસજીએ તપ કર્યું હતું. આ આર્યા નદી ઉપર થઇને શૂર્પારક ક્ષેત્રમાં આવ્યા. ત્યારબાદ તાપી, પયોષ્ણી અને નિર્વિન્ધ્યામાં સ્નાન કરી દંડકારણ્ય પધાર્યા હતા. (૨૦) પુનઃ રેવાનદીમાં સ્નાન કરી માહિષ્મતી નગરીમાં આવ્યા. જ્યાં મનુતીર્થમાં સ્નાન કરીને પુનઃ પ્રભાસપાટણ આવ્યા. (૨૧) જ્યારે યાત્રા કરતા કુરુક્ષેત્ર સમીપે આવ્યા ત્યારે શ્રીવિપ્રઋષિઓના મુખેથી પાંડવ-કૌરવોનો સંગ્રામ સાંભળ્યો. સર્વ રાજાઓના મૃત્યુના સમાચાર સાંભળ્યા. શ્રીબલભદ્રજીએ માન્યું કે ભૂમિનો ભાર ઓછો થયો. ૨૨ આ વખતે કુરુક્ષેત્રમાં ભીમસેન અને દુર્યોધનનું ગદાયુદ્ધ ચાલી રહ્યું હતું. આ સમાચાર જાણી બન્નેને સમજાવવા અને રોકવા માટે શ્રીદાઉજી ભૈયા રણભૂમિમાં પધાર્યા. (૨૩) મહારાજ યુધિષ્ઠિર, નકુલ, સહદેવ, શ્રીકૃષ્ણ અને અર્જુનજી શ્રીબલભદ્રજીને દંડવત્ કરી મૌન બેસી ગયા અને મનમાં વિચારવા લાગ્યા કે અહીં કેમ પધાર્યા હશે ? અને ન માલૂમ કે શું કહેશે ? (૨૪)

સમાધાન-શ્રમ-નિષ્ફળ નીવડ્યો

ક્રોધે ભરાએલા, વૈરે બંધાયેલા, જીતવાની વાસનાવાળા, ગદા હાથમાં લઇ વિચિત્ર પ્રકારના દાવ ખેલતા, શ્રીભીમ અને શ્રી દુર્યોધનને નિહાળીને શ્રી બલરામજી બોલ્યા : હે રાજન્ ! હે વૃકોદર ! આપ બન્ને સમાન શક્તિવાળા છો, વીર છો, એક બલમાં તેજસ્વી છે, અન્ય શિક્ષણમાં પ્રવીણ છે, આ રીતે આપ બન્ને સમાન બળવાળા મનાઓ છો તેથી કોઇ કોઇને જીતી શકે એવી શક્યતા નથી કે કોઇ હારે તેવી સંભાવના નથી માટે યુદ્ધ વિફલ છે અને અટકી જાવ એ ઉત્તમ છે. (૨૫-૨૭) રાજન પરીક્ષિત ! બલભદ્રજીના કહેવા છતાં એકબીજામાં કટુવચનો અને કુકૃત્યોનું સ્મરણ કરતા તેઓ ગાઢ વૈર ભાવથી બંધાઈ ચૂક્યા હતા. પરિણામે બલભદ્રજીનાં હિતકર વાક્યો હૃદયમાં ના વશ્યાં. (૨૮) ત્યારે બલભદ્રજીએ માન્યું કે જો મારાં પણ વાક્યો આ બન્ને જણ નથી જ માનતા તો પછી આ બન્નેનું ભાગ્ય જ એમ ઘડાયું હશે એમ માનીને તેઓ શ્રીદ્વારિકાજી પધાર્યા. શ્રીઉગ્રસેન અને સર્વ યાદવોએ બલભદ્રજીને પધારેલા જાણી પ્રસન્નતા થઈ. (૨૯) પુનઃ યાત્રા અપૂર્ણ હોવાથી બલભદ્રજી નૈમિષારણ્ય પધાર્યા. ત્યાં તેમની પાસે ઋષિઓએ યજ્ઞ કરાવ્યો અથવા ક્રતુ જેમનું અંગ છે એવા ભગવાનનું ક્રતુ દ્વારા યજન કરાવ્યું આ ક્રતુઓ કરવાને લીધે સર્વ પ્રકારના વિગ્રહ કરવાનું પણ નિવૃત્ત થઇ ગયું. (૩૦) સર્વ સમર્થ શ્રીબલભદ્રજીએ આ સર્વઋષિઓને વિશુદ્ધ વિજ્ઞાન શીખવ્યું. આ જ્ઞાનના પ્રભાવથી પોતાના આત્મામાં સર્વ વિશ્વનું અને સર્વ વિશ્વમાં આત્માનાં દર્શન કર્યાં. (૩૧) ત્યાર પછી પોતાનાં ધર્મપત્ની શ્રી રેવતીજી સાથે અવભૃથ સ્નાન કર્યાં. પુનઃ જ્ઞાતિજન, બંધુજન અને મિત્રજનથી વીંટળાઈને સુંદર વસ્ત્રો તેમજ આભૂષણ ધારણ કર્યાં. આ પ્રસંગે જ્યોત્સ્ના સાથે ચન્દ્ર શોભે તેવી જ રીતે બલભદ્રજી રેવતીજી સાથે શોભવા લાગ્યા. (૩૨)

રાજન્ ! અનન્ત બુદ્ધિથી ના માપી શકાય, અત્યંત બલવાન, મનુષ્ય આકૃતિમાં અવતરેલા શ્રી.બલરામજીનાં આવાં તો અગણિત ચરિત્રો છે. (૩૩) શ્રીબલભદ્રજીનાં આ અદ્ભુત ચરિત્રોનું કોઈપણ પુરુષ સાયંકાલે અને પ્રાતઃકાલે શ્રવણ-કીર્તન કરે તે ભગવાનનો અત્યંત પ્રિય બને છે. (૩૪)

शृण्वन् गृणंश्च रामस्य कर्माण्यद्भुतकर्मण: । सायं प्रातरनन्तस्य विष्णो: स दयितो भवेत् ।। ३४ ।।

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ નિરોધલીલા ઉત્તરાર્ધનાં સાત્વિકલીલાના ફલપ્રકરણમાં અધ્યાય ૭૯ મો સમાપ્ત

અધ્યાય - ૮૦ મો

(ભગવાનના અનન્ય મિત્ર શ્રી સુદામાજીની કથા આ અધ્યાયમાં આવશે. આ અધ્યાયમાં ૪૫ શ્લોકો છે. પરીક્ષિત રાજાની ઈચ્છા શ્રીકૃષ્ણચરિત્રો સાંભળવાની છે. તેથી સૂત મુનિને જ પ્રશ્નો પૂછે છે.)

પરમ ભાગવત સુદામા ચરિત્રામૃત

राजोवाच-भवगन् यानि चान्यानि मुकुन्दस्य महात्मन: । वीर्याण्यनन्तवीर्यस्य श्रोतुमिच्छामहे प्रभो ।। १ ।।

પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછયો : હે શુકાચાર્ય મહારાજ ! આપના શ્રીમુખેથી ભગવાન મુકુન્દનાં ઘણાં ચરિત્રો સંભળાવ્યાં પરંતુ એ તો અનન્ત પરાક્રમી છે તેથી ચરિત્રો પણ અન્નત છે, તો હવે આપ પ્રભુનાં અરે મહાત્મા શ્રીકૃષ્ણનાં અન્ય વીર્યો-ચરિત્રો પણ-સાંભળાની ઈચ્છા છે તો તે પણ સંભળાવો. (૧) આપ કહેશો કે આટલાં ચરિત્રો સાંભળ્યાં છતાં શું તૃપ્ત નથી થયા ? તો નાથ ! નિવેદન સાંભળો ! હે બ્રહ્મન ! કામદેવનાં કઠોર બાણોથી કલેશ પામેલ એવો તો કયો માનવ હશે કે કાયમ-વારંવાર શ્રી ઉત્તમશ્લોક ભગવાન શ્રીકૃષ્ણજીની સુમધુર કથામૃતનું પાન કર્યા બાદ પુનઃ પુનઃ ઈચ્છા ના કરે ? વિશેષ વિશેષ જાણવાની કે સાંભળવાની ઈચ્છા ના કરે ? ભગવાનના હરિગુણાનુરાગી ભક્તજન તો ભગવાનની કથાથી તૃપ્ત થશે જ નહીં. એની તો હરિરસપાનલાલસા વધતી જ જાય છે. (૨)

ઈન્દ્રિયોનો વિનિયોગ

મહારાજ ! શ્રીગોવિંદના ગુણોનું ગાન કરે તે જ વાણી છે, તે તો સાક્ષાત્ વાગ્દેવતા છે. બાકીની વાણી તો આસુરી છે. શ્રી ઠાકોરજીની સેવા કરે એનું જ નામ હાથ કહેવાય. અને સ્થાવર કે જંગમ સર્વમાં નિવાસ કરતા ભગવાનનાં ચરિત્રોનું સ્મરણ કરે તેને જ મન મનાય. અને શ્રીકૃષ્ણની કલ્યાણકારી કથાનું શ્રવણ કરે તેનું જ નામ કાન કહેવાય. (૩) ભગવાનનાં સ્થાવર-જંગમ બન્ને સ્વરૂપોને પ્રણામ કરે તેને જ મસ્તક માનવું અને તે જ નયન છે કે જે નયનાભિરામ શ્યામ સ્વરૂપની ઝાંખી કરે. તેમજ ભગવદીય જનના ચરણોદકને ધારણ કરે તેને જ શરીરનાં અંગો ગણ્યાં છે તેમજ શ્રી ગોવિંદનાં શ્રીચરણોમાંથી પ્રકટેલા શ્રી ગંગાજીમાં અવગાહન-સ્નાન કીધાં તેમને જ અંગો ગણ્યાં છે. (૪)

શ્રીસૂત મુનિએ કહ્યું કે મુનિવરો ! બાદરાયણિ એટલે શ્રીશુકદેવજીને પરીક્ષિત રાજાએ જ્યારે ભાવભીના હૃદયે આવા પ્રશ્નો પૂછયા ત્યારે શ્રીશુકાચાર્યજી શુદ્ધ હૃદયમાં સદાય સાક્ષાત્ સ્વરૂપે વસનારા શ્રી વાસુદેવ ભગવાનના સુમંગલ સ્વરૂપમાં મગ્ન થઈ ગયા અને પ્રેમવિબાર બની વચનસુધા વરસાવવા લાગ્યા. (૫)

શ્રી સુદામા દેવાંશ ન હતા પરંતુ સાક્ષાત્ શ્રી વાસુદેવ દેવાધિદેવના જ સરખા વિપ્રદેવ હતા

શ્રીશુકાચાર્યજી બોલ્યા કે રાજન્ ! શ્રી ભગવાનના कश्चित्- કોઈ એક સખા હતા. એ કોઈ સામાન્ય દેવના અંશ ન હતા પરંતુ ષડ્ ઐશ્વર્યોથી પરિપૂર્ણ શ્રીકૃષ્ણની જ સમાન છ ઐશ્વર્યોથી પૂર્ણ હતા. (૧) સુદામા ब्राह्मण:- બ્રહ્માણ હતા. બ્રાહ્મણ એટલે બ્રહ્માનંદથી ભરેલા હતા. શ્રીલક્ષ્મીજી બ્રહ્માનંદમય છે તેવા સુદામા હોવાથી "શ્રી સ્વરૂપ" હતા. (૨) સુદામા બ્રહ્મવેત્તાઓમાં પણ શ્રેષ્ઠ હતા. બ્રહ્મણ્ય નામની દેવતા તેમનામાં અખંડ હતી. તેથી સુદામા "જ્ઞાન" રૂપ હતા. (૩) विरक्त:- સુદામા વિરક્ત હતા. ઈન્દ્રિયોનાં સુખોમાં ડૂબ્યા ન હતા તેથી "विराग:-" નામના ઐશ્વર્યથી પૂર્ણ હતા. (૪) સુદામા जितेन्द्रिय:- ઈન્દ્રિયજિત હતા. ઈન્દ્રિયજયને જ ઐશ્વર્ય માનેલ છે માટે ઐશ્વર્ય સ્વરૂપ હતા. (૫) સુદામા यद्दच्छयोपपन्नेन वर्तमान:- યદચ્છાલાભ સંતોષી હતા. તે તેમનું વીર્ય હતું. (૬) સુદામા ગૃહાશ્રમી ગૃહસ્થાશ્રમી હતા

એ એમનું ''યશ:'' હતું. આવા છ ગુણવાળા પ્રશાન્તાત્મા- અત્યંત પ્રસન્ન પુરુષ હતા. એ ગુણોના ભંડાર મનાતા હોવાથી વાસુદેવ જેવા હતા તેથી જ ભગવાને સુદામાને ''સખા પદ'' નું દાન કર્યું હતું. વલ્કલ સમાં ફાટેલા સાધારણ વસ્ત્રધારી સુદામાજીની તેવાં જ વસ્ત્રોવાળી ભૂખદુબળી સુકલકડી કાયાવાળી પતિવ્રતા ભાર્યા હતી. (૬,૭) પતિના સદાય ઉત્કર્ષને વાંછતી પતિવ્રતા નારી તેજસ્વી પાતિવ્રત્યથી જીવી રહેલી હતી. એક દિવસ દારિદ્રયના દુ:ખથી દુ:ખિત થઈને કરમાયેલા મુખવાળી કાયાથી કંપતી પતિદેવને કરગરીને કહેવા લાગી. (૮) હે બ્રહ્મન ! હે સુખદુ:ખના કલેશથી મુક્ત ઋષિવર ! સાક્ષાત્ લક્ષ્મીપતિ, બ્રહ્મણોના ભક્ત, શરણાગતવત્સલ, યદુશ્રેષ્ઠ, ભગવાન શ્રીકૃષ્ણ આપના સખા છે. માનવ જ્યારે સર્વથા દુ:ખી હોય ત્યારે આપદ્ધર્મમાં ભગવાનની શરણાગતિ લેવી જોઈએ તેથી અયાચક વ્રત ખંડિત નથી થતું. (૯) માટે હે મહાભાગ ! સજ્જનોનાં આધાર ઉત્તમ આશ્રય એવા શ્રીકૃષ્ણ પાસે આપ પધારો. આપ બહોળા કુટુંબી છો અને કુટુંબ ભૂખે પીડાય છે, તે જાણે છે તેથી તમને ખૂપ જ ધન આપશે. (૧૦) નાથ ! એમ માનતા હો કે શ્રીકૃષ્ણને તો અનેક કાર્ય છે અને દ્વારિકામાં નહીં મળે તો ? તેવું નથી. ભોજ, વૃષ્ણિ અને અંધકના સ્વામી છે તે શ્રીદ્વારિકાનાથ હાલ રાજધાનીમાં જ છે. એટલા બધા તો ઉદાર છે કે પોતાના ચરણકમલનું સ્મરણ કરનારને પોતાનો આત્મા પણ આપી દે છે. અર્થ અને કામ તો ભગવાનને અત્યંત વહાલા નથી અર્થ કામનાં દાન કરવાં એમાં તો ભગવાનને કાંઈ મહત્વની વાત નથી. વળી ભગવાન તો જગતના ગુરુ હોવાથી તે જ વસ્તુ આપશે કે જે વસ્તુને આપવામાં આપણું હિત સમાયું હશે. (૧૧) આ પ્રકારે શ્રી સુદામાજીનાં પત્નીએ વારંવાર વિનંતિ કરી ત્યારે સુદામાજીએ નિર્ણય કર્યો કે अयं हि परमो लाभ उतमश्लोकदर्शनम् ! ચાલો પત્નીનું ભલું થજો કે એણે આટલો બધો આગ્રહ કર્યો તેના ફલ સ્વરૂપે મને ઉત્તમશ્લોક શ્રીકૃષ્ણનાં દર્શન થશે. (૧૨) આવો મનમાં વિચાર કરીને ભગવાનનાં દર્શન કાજે શ્રી દ્વારિકાજી જવા માટે નિર્ણય કર્યો. પુન: પત્નીને કહ્યું : કલ્યાણી ! આપણા ઘરમાં કાંઈ છે ? જો ભગવાનને ભેટ ધરવા યોગ્ય હોય તો લાવો દેવી ! હું સાથે લઈ જાઉં, નાથને દ્વારે ખાલી હાથે ના જવાય. (૧૩)

ચાર મૂઠી પૌઆમાં ચારે ચાર પુરુષાર્થનું પ્રભુને સમર્પણ કરતાં બ્રહ્મર્ષિ સુદામાનાં પત્ની

રાજન્ ! પતિવ્રતા નારીએ પતિના વાક્યનું પાલન માટે વિપ્રોના ઘરેથી ચાર મૂઠી પૌંઆની માંગણી કરી લાવી આપ્યા. સુદામા તો સંત હતા. કોઈ પણ ભૂખ્યા પ્રાણી માર્ગમાં મળી જાય તો આપી દે એવા દયાળુ છે. અથવા આત્મનિમગ્ન હોવાથી હાથમાંથી પડી જાય. માટે પોતાની સાડીમાંથી છેડો ફાડી તેમાં સારી રીતે પૌંઆની પોટલી બાંધી એ સુદામાજીના હાથમાં આપીને કહ્યું કે નાથ ! આ શ્રી દ્વારિકાનાથને અર્પણ કરવાની ભેટ છે. (૧૪) રાજન્ ! તે ભક્તવર વિપ્રવર સુદામા પોતાના મનમાં ભગવાન શ્રીકૃષ્ણનાં મને દર્શન થશે કે નહીં થાય ? મને પ્રભુની ઝાંખી થશે કે નહીં થાય ? આ એક જ મનોરથ ઉરમાં સેવતા, સર્વાંગે રોમાંચ અનુભવતા પ્રભુને ભેટવા, પ્રભુનાં દર્શને અધીરા પણ દર્શનના નિશ્ચયમાં ધીર સુદામાજી શ્રીદ્વારિકાનગરમાં જ પધાર્યા પણ મનમાં વિચાર સરખાંય નથી આવ્યા કે મને કેટલું ધન મળશે. કોઈ પણ ભક્ત કોઈપણ ભગવાનનાં દર્શને જતાં આવા જ દ્દઢ સંકલ્પે જાય તો શ્રીહરિ સાક્ષાત્ પ્રાપ્ત થાય જ. (૧૫)

स तानादाय विप्राग्य: प्रययौ द्वारिकां किल । कृष्णसंदर्शनं मह्यं कथं स्यादिति चिन्तयन् ।। १५ ।।

સુદામાજી શ્રીકૃષ્ણદર્શનનો મનોરથ સેવતા ત્રણ પહેરામાંથી અને ત્રણ કોટના દરવાજામાંથી સર્વથા નિશ્ચિંત થઈને દ્વારિકાપુરીમાં પ્રવેશ્યા. પ્રથમ તો પ્રવેશતાં દ્વારિકાપુરીની ચારે બાજુ સઘન વનરાજિના ત્રણ દુર્ગ આવ્યા. આ દુર્ગમાં પ્રવેશતાં સુદામાજીની સાથે બીજા પણ વિપ્રો હશે અથવા પોતે એકલા જ હતા. ભગવાનને દ્વારે પ્રવેશતા-નગર પ્રવેશમાં કોઈ પણ બ્રાહ્મણને રોકટોક હતી જ નહીં. માર્ગમાં જતા શ્રી અચ્યુત ભગવાનના સેવક અંધક અને વૃષ્ણિઓના મોટા મોટા મહેલો આવ્યા. તે સર્વને વટાવી આગળ વધ્યા. વિપ્ર જાણી સર્વ વંદન કરતા હતા પણ ક્યાંક રોકાણ તો થયું જ નહીં. ચાલતાં ચાલતાં વિપ્રઋષિ શ્રીકૃષ્ણ ભગવાનની સોળહજાર પટરાણીઓના દિવ્ય રાજભવનો પાસે આવી ગયા. આટલા બધા ભવનોમાંથી જ્યાં ભગવાને વિચાર્યું હતું ત્યાં અલૌકિક સમ્પત્તિ અને સૌન્દર્યપૂર્ણ શ્રીહરિના મંદિરમાં સુદામાજી પધાર્યા. શ્રીદ્વારિકામાં વૈકુંઠનો જ પ્રવેશ હતો અને વૈકુંઠ તો બ્રહ્માનંદમય હોય છે. તેથી

પ્રવેશ કરતાં સુદામાજીને બ્રહ્માનંદનો જ અનુભવ થયો. (૧૬,૧૭) બ્રહ્માનંદમાં ડૂબી ગયેલા સુદામાજીનાં નેત્રો ખૂલી જ ન શક્યાં. ચારે બાજુ જોઇ ના શક્યા, પગલું ચાલી ના શક્યા, આનંદ વિભોર ભૂમિમાં મુકાઇ ગયા. ઊભા છે કે ચાલે છે તેનું અનુસંધાન ના રહ્યું. કદાચ કાયા પડી જશે આવી અલૌકિક પરિસ્થિતિમાં સુદામાજી મુકાઇ ગયા. માનો કે જ્યાં હતા ત્યાં જ ઊભા રહ્યા-આવી દિવ્ય અવસ્થામાં મુકાયેલા તે વિપ્રર્ષિને નિરખી પ્રિયતમા શ્રી લક્ષ્મણાજીના પર્યંક ઉપર બિરાજેલા અને કાંઇક વાર્તા કરી રહેલા શ્રી અચ્યુત ભગવાન કદી ભક્તના મનોરથને પૂર્ણ કરવાનું નથી ચૂક્યા તેવા શ્રી અચ્યુત વિદ્યુતના વેગે દોડયા. સડસડાટ રાજભવનનાં સોપાન ઊતર્યા અને આનંદમાં ડૂબેલા સુદામાજીને બન્ને હાથ પસારી ભેટી પડયા. (૧૮) પોતાના પ્રિય સખા તેમાં વળી વિપ્રઋષિનાં પવિત્ર અંગોનો પરમાનંદ શ્રીકૃષ્ણને સંગ થયો. ત્યારે તો પ્રેમવિભોર આનંદનિધિ કૃપાનિધિ શ્રીકૃષ્ણ પ્રભુનાં નયનકમલોમાંથી સરસર અશ્રુબિંદુઓ સરી પડ્યાં ના, ના અશ્રુ નથી બહાર આવ્યાં પરંતુ આચાર્યચરણ મહાપ્રભુજી આજ્ઞા કરે છે, અચ્યુત ભગવાનનું મન વિપ્રનાં દર્શન કરવા નેત્રોમાંથી જલસ્વરૂપે બહાર આવી પહોચ્યું. કૃપાનિધિનું મન અશ્રુની ધારા બની અંગે અંગે આલિંગન કરતું હોયને શું એવી રીતે ભેટી પડ્યું. (૧૯)

સર્વેશ્વર શ્રીકૃષ્ણે સ્વરૂપ વિસરીને કરેલું સખાનું સ્વાગત

શીશ પગા ન ઝગા તન પે, પ્રભુ જાને કોઉ આમ વસો કે હિ ગામા, ધોતી ફટી સી લટી, અરુ પામ ઉપનાહ કી નહીં સામા; (૧)
દ્વાર ખડો દ્વિજ દુર્લભ એક, રહ્યો ચકસો વસુધા અભિરામા, પૂછત દીનદયાલ કો ધામ, બતાવત આપનો નામ સુદામા; (૨)
ઐસે વિહાલ બિબાઇન સોં ભયે, કંટક જાલ લગે પગ જોયે, હાથ સખા દુઃખ પાયો મહા અરુ આએ ઇતે ન કિતે દિન ખોએ (૩)
દેખ સુદામા કી દીન દશા, કરુણા કરિકે કરુણાનિધિ રોયે, પાની પરાત કો હાથ છુયો નહિ નૈન·ન કે જલ સૌ પગ ધોયે. (૪)

સુદામા સોપત પંથ ચલે, (૨) કૈસે કરિ મિલિ હૈ મોહિં શ્રીપતિ, ભએ તબ સગુન ભલે. (૧)
પહુંચ્યો જાઇ રાજદ્વારે પર, કાહું નહીં અટકાયો, ઇત ઉત ચિત્ત ધર્યો મંદિર મૈં હરિ કો દર્શન પાયો (૨)
મનમેં અતિ આનંદ કિયૌ હરિ, બાલ મીત પહિચાન, ધાએ મિલન નગર પગ આતુર સૂરજ પ્રભુ ભગવાન (૩)

પુનઃ પુરુષોત્તમ પ્રિય સખા સુદામાનો હાથ પકડી, આગ્રહ કરી, ખેંચીને પોતાના પલંગ ઉપર પધારાવ્યા એટલું જ નહીં દોડીને દયાનિધિ પાદ્ય-અર્ધ્ય-મધુપર્ક આદિ અર્ચનની સામગ્રી સ્વયં લઇ આવ્યા. આ અવસરે ભગવાન શ્રીકૃષ્ણે શ્રી સુદામાજીના ચરણકમલનાં પ્રક્ષાલન કીધાં. ભગવાન તો ચૌદ લોકને પાવન કરનારા છે તો પણ પૂર્ણ પુરુષોત્તમે શ્રીસુદામાજીના શ્રીચરણોના જલને પોતાના શિરે ધારણ કીધું મહારાજ પરીક્ષિત ! પછી દિવ્ય ગંધ, ચન્દન, અગર, કેશર વગેરેથી વિપ્રવર સુદામાજીને અનુલેપન કર્યું તેમજ દિવ્ય સુગંધી ધૂપ કર્યો અને દીપાવલીઓથી વિપ્રની આનંદપૂર્વક આરતિ કરી. ભગવાને આ પ્રકારે મધુપર્ક કરીને વિપ્રદેવને તાંબૂલ આપ્યું ગોદાન કર્યું ત્યાર બાદ સ્વાગત પણ કર્યું. (૨૦,૨૨) જાડાં-જીર્ણ ફાટલાં વસ્ત્રોવાળા, શરીર ઉપર મેલ ચઢેલા દેહમા અનાસક્ત, પરમભક્ત દુર્બલકાય, કાયાની નાડીઓ ગણી શકાય એવા તેજસ્વી, તપસ્વી, મહર્ષિ સુદામાને લક્ષ્મીજીનુ સ્વરૂપ શ્રી લક્ષ્મણા પટરાણી ચામર ઢોળી રહ્યાં હતાં. (૨૩) નિર્મલ યશવાળા દ્વારિકાનાથ શ્રીકૃષ્ણે જ્યારે આવા સામાન્ય લાગતા અવધૂત સુદામાજીનાં અત્યંત અનુરાગપૂર્વક સ્વાગત અને અર્ચન કર્યાં ત્યારે આ સ્વાગત નિહાળતો-નાથનો અન્તઃપુર જનગણ અતિશય આશ્ચર્યચકિત બની ગયો. (૨૪) અને પરિચર વર્ગ પરસ્પર વાર્તા લાપ કરવા લાગ્યો કે આ અધન અવધૂતે કયા જન્મમાં કયાં અને કેવાં પુણ્યો કર્યાં હશે ? અરે ભાઈ નથી એની પાસે શ્રી, નથી એની પાસે ઐશ્વર્ય. એના હાલહવાલ જોતાં કોઇ એને આંગણે જ ઊભવા ના દે. લોકો તો નિર્ધનની નિંદા કરે છે એવા ભિક્ષુક અવધૂતનાં અવશ્ય કોઇ સુકૃતો હોવાં જ જોઇએ. (૨૫) જરા જુઓ તો ખરા અને વિચારો તો ખરા કે-ત્રિલોકના ગુરુ જગદ્ગુરુ તેમાંય વળી લક્ષ્મીજીના નિવાસસ્થાન, શ્રીનિવાસ ભગવાને પલંગ ઉપર બિરાજેલાં લક્ષ્મીજીને વિસારે મૂકીને જેમ મોટાભાઈ બલભદ્રજી બહાર દેશથી પધારે અને ભેટી પડે છે તેવી જ રીતે ભગવાન આ ભિક્ષુકને ભેટી પડીને જે સત્કાર કર્યો છે તે જોતાં તો કલ્પના નથી આવતી કે કેવાં પુણ્ય કીધાં હશે ! (૨૬)

સોળ કલાથી ભરેલી સોળ કલા પરિપૂર્ણ શ્રીકૃષ્ણના બાલસખા સુદામા સખા સાથે સોળ શ્લોકમાં સ્નેહગોષ્ઠી હવે રાજન્ ! પરીક્ષિત બન્ને સખાઓ સાથે બિરાજ્યા હતા. એકમેકના કર બન્ને કરકમલમાં ગ્રહણ કરી ગુરુકુલની અનુભવેલી લલિત મીઠી ગાથાઓનાં આપસમાં ગાન કરવા લાગ્યા. (૨૭) ભગવાન શ્રીકૃષ્ણે વાત આરંભી કે અરે બ્રહ્મન ! અરે વિદ્વાન્ ભાઈ ! ગુરુકુલમાંથી વિદ્યાભ્યાસ સંપૂર્ણ કરી ગુરુજીને દક્ષિણા આપી, સ્નાતક બનીને ઘેર આવીને નૈષ્ઠિક બ્રહ્મચારી જ રહ્યા છો કે પછી સમાવર્તન સંસ્કાર કરીને સુયોગ્ય ભાર્યાને પરણ્યા છો ! અરે ધર્મનિષ્ઠ ! પ્રથમ આ વાત તો કરો કે પરણ્યા છો કે બાવાજી રહ્યા છો ? (૨૮) હે પંડિત ! મારું તો અનુમાન છે કે ભાઈ ! ઘરમા પણ ઘણે ભાગે આપનું મન વિષયોમાં લંપટ બનતું નહીં જ હોય. અરે મારું તો માનવું છે કે ધન-યૌવન-સુખમાં આપનું મન રુચિ રાખે જ નહીં અને વિદ્વાનોને માટે એ જ હિતાવહ છે. (૨૯) કામનાઓમાંથી જેમનું ચિત્ત વિરમી ગયેલ છે એવા કેટલાય નિષ્કામ પુરુષો દૈવી પ્રકૃતિને છોડીને મારી માફક લોસંગ્રહ માટે અનાસક્ત રહી કર્મ કરતા હોય છે. (૩૦) અરે ભાઈ ! આપણે બન્ને ગુરુકુલમાં સાથે રહેતા હતા તે વાત યાદ છે ? દ્વિજ બનેલો એટલે યજ્ઞોપવીત સંસ્કાર પામેલો દ્વિજપુત્ર ગુરુકુલમાં નિવાસ કરીને જાણવા યોગ્ય જ્ઞાન-વિદ્યા સમ્પાદન કરીને અજ્ઞાનને દૂર કરી દે છે, અજ્ઞાનસાગરને પાર કરી જાય છે. (૩૧) ભાઈ ! આ વિશ્વમાં માનવના ત્રણ ગુરુઓ હોય છે. એક તો જન્મદાતા પિતા ગુરુ બીજા ઉપનયનના સંસ્કાર કરાવીને જે વિદ્યાથી અગ્નિહોત્રાદિ સત્કર્મો કરી શકાય છે એવી વેદ-શાસ્ત્રાદિ વેદવિદ્યાઓનો અભ્યાસ કરાવે છે તે બીજા ગુરુ છે. અને ત્રીજા ગુરુ ગુરુ તે છે કે જે બ્રહ્મવિદ્યાનું દાન કરે છે. જેમ હું સર્વ જીવોને જ્ઞાનનું દાન આપનારો ગુરુ છું. ગુરુભક્તિનું પરિણામ-ફલ જ્ઞાનનો-ભગવાનનો અનુભવ કરાવે છે તેથી ગુરુને મારી બરોબર માન્યા છે. (૩૨) ભાઈ સુદામા ! આ માનવ જીવનમાં વર્ણાશ્રમ ધર્મોનું પાલન કરનારા પુરુષોમા તે જ જન ઉત્તમ માન્યા છે કે અથવા તેઓએ જ જ્ઞાનનું સાચું તત્વ જાણ્યું છે કે જે મારા જ સ્વરૂપ એવા ગુરુની વાણીથી આ ભવસાગરને અવિલંબે તરી જાય છે. (૩૩) અરે ભાઈ ! હું જે પ્રાણી માત્રનો આત્મા છું તે હું ગુરુને મારા સ્વરૂપે સમજી સેવે છે તેથી જેટલો પ્રસન્ન થાઉં છું તેટલો યજ્ઞથી, સંતતિથી, તપશ્ચર્યાથી કે પરમહંસ બનીને શાંતિનું સેવન કરવાથી પણ પ્રસન્ન નથી થતો. તાત્પર્ય કે ગુરુ સેવા મને પ્રસન્ન કરવામાં મહત્વનું સાધન છે. (૩૪)

ગુરુસેવાનું ગૌરવ

વાતે વળેલા વિહારીજી આગળ વધી બોલ્યા ભાઈ સુદામા યાદ આવે છે એ દિવસોની વાતો કે ગુરુકુલમાં જ્યારે સાંદીપનિ ગુરુજીના ચરણોની સમીપે રહેતા હતા ત્યારે ગુરુજીનાં પત્નીએ આપણને કાષ્ઠ લેવા કાજે વનમાં મોકલ્યા હતા. ત્યારે કપરો કાળ હતો કારણ કે ઘરમાં કાષ્ઠ હતાં જ નહીં. આ પ્રસંગ આપને યાદ આવે છે મહારાજ ? શું બન્યું હતું તેનું સ્મરણ છે ? (૩૫) હે દ્વિજ ! આપણે બન્ને કાષ્ઠ લેવા કાજે વનમાં પેઠા. ત્યારે તે સમય કાંઇ વર્ષાકાલ ન હતો. પરંતુ એક તીવ્ર પવન સાથે તુફાનની આંધી ચઢી અને વર્ષોની ઝડીઓ પડવા માંડી. વળી ભયંકર મેઘની ગર્જનાઓ પણ થવા લાગી. (૩૬) એટલામા તો સૂર્ય પણ આથમી ગયો. દિશાઓ ચારેકોર અંધકારથી ઘેરાઈ ગઈ, નદીઓ ભરાઇ ગઇ અને ઊભરાઈ ગઇ. પાણી સર્વત્ર ફરી વળ્યાં જાણી શકાતું જ ન હતું કે સ્થલ છે કે જલ છે નદી છે કે જમીન છે. (૩૭) ત્યાં તો જોરદાર પવન ફુંકાવા લાગ્યો. વર્ષાના ત્રાસથી હું બલભૈયા અને ભાઈ આપ ત્રણે જણ ત્રાસી ઊઠ્યાં. દિશાઓનું ભાન જ થતું ન હતું. દિશાઓ સૂઝતી જ નહોતી. ઊભવાનું કે બેસવાનું કામ જ ન હતું. આપણે ત્રણ આર્ત થઈ ગયા હતા. રખેને રસ્તો ન ભૂલીએ કે ના તણાઇ જઇએ તેથી એક બીજાના હાથ પકડી આશરે ચાલતા હતા. દીન અને ભૂખ્યા ચારે બાજુ ચક્કરો લગાવ્યા જ કરતા હતા. (૩૮) ગુરુજીને તો જાણ જ ન હતી કે આપણે વનમાં કાષ્ઠ લેવા ગયા છીએ. જ્યારે તેમને ખબર પડી ત્યારે તો મુશળધાર વર્ષા માથે વેઠતા સૂર્યોદયની રાહ ના જોતાં અંધારી રાત્રીએ જ સાંદીપનિ ગુરુજી આપણને સર્વ શિષ્યોને શોધતા શોધતા હે કૃષ્ણ ! હે બલ ! હે સુદામા ! એમ પોકારતા પોકારતા આવી પહોંચ્યા અને પીડાતા આપણને જોયા. (૩૯) ભાઈ ! આપણી દુર્દશા જોઇ, આપણને જીવતા જોઇ ગુરુજીના જીવમાં જીવ આવ્યો ને બોલ્યા કે હે વહાલા દીકરાઓ, અમારે માટે બેટાઓ ! તમે ખૂબ ખૂબ હેરાન થયા છો. દેહધારીને સર્વથી અધિક પ્રિય પોતાના આત્મા હોય છે તેની પણ પરવા કર્યા વિના તમે મારી સેવામાં લાગી ગયા

બેટા ! (૪૦) બેટા ! બેટા ! આ દેહ સર્વ પુરુષાર્થોને સાધનારો છે. આવો અતિશય પ્રિય દેહ, અર્થ અને આત્મા વિશુદ્ધ ભાવથી ગુરુની સેવામાં સમર્પણ કરી દેવાં એ જ ગુરુના ઉપકારોનું વળતર હોઇ શકે અથવા ગુરુના ઋણનું માત્ર વ્યાજ હોઇ શકે. અને કૃતજ્ઞ સૂત-શિષ્યોનું આજ કર્તવ્ય સંભવે. (૪૧) હે દ્વિજવરો ! હે શ્રેષ્ઠ દ્વિજકુમારો ! અધિક શું કહું ? સાંભળો ! બેટા !

વિદ્યા મળે પુણ્ય મતિથી અને ફળે ગુરુસેવા અને કૃપાથી

तुष्टोहं भो द्विजश्रेष्ठाः सत्याः सन्तु मनोरथाः । छन्दांस्ययातयामानि भवन्त्विह परत्र च ।। ४२ ।।

इत्थंविधान्यनेकानि वसतां गुरुवेश्मसु । गुरोरनुग्रहेणैव पुमान् पूर्णः प्रशान्तये ।। ४३ ।।

ભાઈ સુદામા ! ગુરુજી કેવા રડી પડ્યા ! કેવા આશીર્વાદ આપ્યા ! હજીય એના ભણકાર વાગે છે. ગુરુજી બોલ્યા કે હે દ્વિજવરો ! હું તમારા સર્વ ઉપર પુષ્કળ પ્રસન્ન છું. આ લોકના તેમજ પરલોકના તમારા સર્વ મનોરથ સફળ થાઓ. તમારા ભણેલા વેદો સદા તાજા રહો અને સદા સફળ રહો. (૪૨,૪૩)

ब्राह्मण उवाच-किमस्मामिभिरनिर्वृत्त देवदेव जगद्‌गुरो । भवता सत्यकामेन येषां वासो भवद्‌गुरौ ।। ४४ ।।

શ્રી સુદામાજીએ ભક્તિભર્યા ભાવથી ભગવાનને કહ્યું કે મહારાજ ! વિદ્યાનાં ફલ મેળવવાનાં તો એને હોય કે જેને સર્વ વિદ્યાના ફલસ્વરૂપ આપનાં દર્શન ના થયાં હોય ! ભગવન્ ! હે દેવદેવ ! હે જગદ્‌ગુરુ ! સત્યકામ આપ શ્રીકૃષ્ણની સાથે અમ તુચ્છ જીવોનો ગુરુકુલમાં સહવાસ બન્યો પછી પ્યારા પુરુષોત્તમ ! કાંઇ પ્રાપ્ત કરવાનું રહ્યું ખરું ? (૪૪) આપને કયા ગુરુકુલમાં વસવાની કે ભણવાની આવશ્યકતા હતી ! સાક્ષાત્ વેદ સ્વરૂપ તો આપનો શ્રી વિગ્રહ-દેહ છે. આ દેહમાં તો સર્વ પ્રકારના શ્રેયસની સિદ્ધિ છે. આવા સ્વરૂપવાળા આપનો ગુરુકુલમાં વસવાટ એ તો શોભે જ ને. પરંતુ નાથ ! આપ લોકનાથ-છો વેદનાથ છો જો આપ આ પ્રમાણે લોકધર્મનું અનુકરણ ના કરો તો સર્વ ધર્મ નાશ પામે એટલું બોલી સુદામા શ્રીકૃષ્ણને ભેટી પડ્યા અને રડી પડ્યા. (૪૫)

यस्य छन्दोमयं ब्रह्म देह आवपनं विभोः । श्रेयसां तस्य गुरुषु वासोऽत्यन्तविडम्बनम् ।। ४५ ।।

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ નિરોધલીલા ઉત્તરાર્ધના સાત્વિકલીલા પ્રકરણના ફલ પ્રકરણમાં અધ્યાય ૮૦ મો સમાપ્ત

અધ્યાય - ૮૧ મો

(આ અધ્યાયમાં ભક્તવર દ્વિજવર ઉપર યદુવરના અનન્ત અનુરાગથી ભરેલી ગાથા અને સુદામાના હૃદયનો સાક્ષાત્કાર થશે અને લક્ષ્મીવર દ્વારિકાનાથના એક ઔદાર્ય ઉદધિનાં દર્શન થશે. આ અધ્યાય સાત્વિક લીલાના ત્રીજા ફલ પ્રકરણનો ભગવાનના નામના ઐશ્વર્યનું ગાન કરતો ચોથો અધ્યાય છે. આ અધ્યાયમાં ૪૧ શ્લોકો છે.)

સંકોચવશ સુદામાએ શ્રીહરિને પૌંઆ આપ્યા

श्रीशुक उवाच-स इत्थं द्विजमुख्येन सह संकथयन् हरिः । सर्व भूतमनोभिज्ञः स्मयमान उवाच ह ।। १ ।।

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે હે રાજન્ ! દ્વિજવર શ્રીસુદામાજીની સાથે શ્રીહરિની વાતો ચાલી રહી હતી. એક પછી એક એમ અનેક પ્રસંગો ભૂતકાલના તાજા કરવા લાગ્યા. પુનઃ પ્રાણીમાત્રના મનના મનોરથને જાણનાર ભગવાન શ્રીકૃષ્ણ મંદ મંદ સ્મિત કરતા કહેવા લાગ્યા. (૧) બ્રહ્મણ્ય એટલે વિપ્રહિતકારી ભગવાન કૃષ્ણ શ્રીસુદામાજીને સ્નેહ ભર્યાં નયને નિરખતા વિનોદવાર્તા-હાસ્યવાર્તા કરતા સજ્જનના સ્વામી, પ્રિયમિત્રને પૂછવા લાગ્યા. (૨)

श्रीभगवानुवाच-किमुपायनमानीतं ब्रह्मन् मे भवता गृहात् । अण्वप्युपाहृतं भक्तैः प्रेम्णा भूर्येव मे भवेत् ।।

भूर्यप्यभक्तोपहृतं न मे तोषाय कल्पते ।। ३ ।।

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति । तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ।। ४ ।।

इत्युक्तोपि द्विजस्तस्मै व्रीडितः पतये श्रियः । पृथुकप्रसृतिं राजन्न प्रायच्छदवाङ्मुखः ।। ५ ।।

सर्वभूतात्मदृक् साक्षात् तस्यागमनकारणम् । विज्ञायाचिन्तयन् नायं श्रीकामो माभजत्पुरा ।। ६ ।।

पत्न्याः पतिव्रतायास्तु सखा प्रियचिकीर्षया । प्राप्तो मामस्य दास्यामिसम्पदोऽमर्त्यदुर्लभाः ॥७॥
इत्थं विचिन्त्य वसनाच्चीरबद्धान् द्विजन्मनः । स्वयं जहार किमिदमिति पृथुकतण्डुलान् ॥८॥

દ્વિજવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ આગળ વધીને કહેવા લાગ્યા કે હે નિર્વિકાર ભાઈ સુદામન્-હે બ્રહ્મન્ ! આપ ઘરેથી મારે માટે શું કાંઈ ઉપાયન-ભેટ લાવ્યા છો ! ભાઈ, તમે તો ધર્મ પરાયણ છો તેથી ભાવપૂર્વક ખાસ પોતાના ગૃહેથી અવશ્ય લાવ્યા જ હશો. જો લાવ્યા હો તો અવશ્ય આપો. ભાઈ ! મારા ભક્તજનોએ પ્રેમપૂર્વક લાવેલી કોઈ પણ વસ્તુ અણુ જેટલી કેમ નથી, પરંતુ મારે માટે તો અઢળક બને છે. ભાઈ સાચું કહું, જેનું હૃદય ભક્તિશૂન્ય હોય અને દેખા-દેખી કે અભિમાનથી તે અઢળક વસ્તુ લાવે તો પણ હું તેથી સંતુષ્ટ નથી થતો. (૩) અરે ભાઈ ! સુદામા મારા ભક્તે તો પોતાનો આત્મા જ મારામાં સ્થાપી દીધો છે, તેને પોતાનો આત્મા આપી દીધો. તેનું મન જ મારામાં છે, મને જ આપી દીધું છે, એ ભક્ત માત્ર જે કાંઈ અર્પે છે,-તે ભક્તિપૂર્વક સમર્પે છે. હું તેનાં (૧) પત્રં તુલસીપત્રને ભોજન પછી અપાતા તામ્બૂલના આદરથી આરોગુ છું અને માનું છું કે મને છપ્પન ભોગો આરોગાવ્યા પછી હવે મને આ ભક્ત તામ્બૂલ અર્પી રહ્યો છે. (૨) પુષ્પં મારો ભક્ત મને લવિંગ વગેરે પુષ્પ આપે છે તો હું તેને મિષ્ટાન્ન પછી મુખવાસ માનું છું અરે ભાઈ ભોજન પછીથી જે ભેટ અપાય છે હું તેના લવિંગ હીરા-મોતી-માણેક-સુર્વણ-રત્ન ગણું છું. (૩) ફલં મને એકાદ આમ વગેરે ફલ આરોગાવે તો હું તે ફલને ચાર પ્રકારનાં ભોજન, રેશમી દુકૂલ વગેરે સામગ્રી સમજું છું. (૪) તોયં પરંતુ એકાદ ઝારીજી જેટલું કે આચમન જેટલું જલ અર્પે છે તે ગંગા, યમુના કે સર્વ તીર્થોનું જલ જમાડ્યા પછી આરોગાવે છે માની ઓડકાર આવે એ રીતે આરોગુ છું માટે ભાઈ વિના સંકોચે જે લાવ્યા હોય તે આપો. (૪)

ભગવાને આ પ્રમાણે કહ્યું તો પણ દીનભાવમાં ડૂબેલા અને ભગવાનના ભક્ત માટેના અનન્ય અનુરાગમાં ખૂપી ગયેલા સંકોચતા લજાતા શ્રીનાથ શ્રીકૃષ્ણચન્દ્રજીને આણેલી પૌંઆની પોટકી ના આપી શક્યા. નયનમાંથી અશ્રુ વહાવતા મુખ નીચે ઢાળી જમીન તરફ નીરખી રહ્યા અને ભગવાનની કૃપામાં ડૂબી ગયા. પત્નીએ કહ્યું હતું ભગવાનને આપવાનું તો પણ ના જ આપી શક્યા. (૫) ત્યારે પ્રાણીમાત્રના આત્મા અને ભૂતમાત્રના અને અન્તરના જ્ઞાતા અન્તર્યામી ભગવાન શ્રીકૃષ્ણ શ્રીસુદામાજીના પધારવાનું કારણ જાણતા હતા કે પત્નીની ઇચ્છાથી પરવશ બની આવેલ છે. એને મારા વિના કાંઈ નથી જોઈતું એ મારી પાસે લક્ષ્મી લેવા નથી આવેલ. આજ દિ' સુધી કદી લક્ષ્મીની કામનાથી મારું ભજન એણે કર્યું જ નથી. આ તો મારો અકામ ભક્ત છે. મારે તો મારું સ્વરૂપ આ ભક્તવરને દાનમાં આપવું જોઈએ. (૬) પોતાની ધર્મપત્નીના કહેવાથી, વારંવાર વિનંતિથી મારી પાસે આવેલ છે. અને મારો અનન્ય મિત્ર છે. કેવલ મારી પ્રીતિથી મારી પાસે આવેલ છે, પ્રીતિને લાવેલ છે, અને પ્રીતિને અર્પેલ છે-અર્પી રહેલ છે. હવે આપવાનું કાઈ અવશિષ્ટ નથી રહ્યું માટે હું આ ત્યાગી વરને દેવદુર્લભ દ્વિય સંપદાઓનાં દાન કરીશ. (૭) આવો નિર્ણય કરી, નિશ્ચય કરી. ફાટેલા તૂટેલા પત્નીના વસ્ત્રના ટુકડામાં બાંધેલા પૌંઆને બગલમાંથી ખેચતા પૂછવા લાગ્યા અરે ભાઈ ! આ શું બગલમાં રાખ્યું છે ? ભાઈ શેની પોટકી છે ? અરે ભાઈ ! કેમ નથી આપતો ? એમ બોલતાં ફાટુ ફાટુ થઈ રહેલી અને તેમાંથી સરી રહેલા અને જાણે ભાવથી ઉભરાઈ ભગવાન પાસે આવી ન રહેલા હોયને શું ? એવા પૌંઆને પૂર્ણ પુરુષોત્તમે પૂર્ણ પ્રેમથી ફાટેલા ટુકડા સાથે લઈ લીધા. કહો કે આંચકી લીધા. (૮) અને બોલ્યા હે સખા ! આ તો એવી વસ્તુ લાવ્યા છો કે જે મારી ભાભીએ જાણે મારું મન જાણી મનભાવતી જ વસ્તુ મોકલી છે. કારણ કે મને પૌંઆ તો પુષ્કળ વહાલા છે. અરે ભાઈ ! ભાઈ સુદામા આ તારા પૌંઆ તો મને-અખિલ વિશ્વને તૃત્પ કરી દેશે એમ કહેતા કહેતા કરુણાનિધિ કૃષ્ણ રોઈ પડ્યા. (૯) એટલું જ નહીં પરંતુ એટલું બોલીને અત્યંત આનન્દ અને અનુરાગથી ભગવાન એક મુઠ્ઠી પૌંઆ આરોગ્યા અને જ્યારે બીજી મુઠ્ઠી આરોગવા લાગ્યા ત્યારે ભગવત્પરાયણ લક્ષ્મી લક્ષ્મણાજીમાં બેઠાં હતાં તેમણે ભક્તના ભાવથીસ્વરૂપભાન ભૂલેલા ભગવાન પરમેષ્ઠીનો હાથ પકડી લીધો. (૧૦)

[“ભગવાને પ્રથમ મૂઠી આરોગીને દેવદુર્લભ લક્ષ્મીનાં દાન કર્યાં છે જેનાથી જગતની તૃપ્તિ થાય છે બીજી મુઠી આરોગતામાં પરલોકના ફલનું દાન કરશે. ત્રીજી મૂઠી આરોગતાં સર્વ દેવતાઓને સુદામાના આધીન બનાવી દેશે અને ચોથી મૂઠી આરોગતાં ખુદ ભગવાન પોતાને એટલે લક્ષ્મીજીને પણ આપી દેશે તો પોતે શ્રીજીની સેવા ક્યાંથી કરશે” આવો વિચાર કરીને લક્ષ્મણાજીએ

લક્ષ્મીવરનો હાથ પકડી લીધો અને બોલ્યાં કે -]

નાથ ! હે શ્રીનાથ ! હે લક્ષ્મીનાથ ! હે વિશ્વનાથ ! આપે આટલું આરોગ્યું એટલું જ પરિપૂર્ણ છે. આપના ભક્તવર સુદામાને નથી પરલોકાનાં સુખસમૃદ્ધિ જોઈતાં, નથી દેવતાઓ ઉપરનું સ્વામિત્વ ખપતું, લક્ષ્મીના તો તે પુત્ર છે તેથી તેમને તેની નથી આવશ્યકતા. વળી આપ વિશ્વાત્મા છો અન્ય માટે આપવા અવશિષ્ટ રાખો એવો ભાવ સેવતા લક્ષ્મણાજીએ કહ્યું एतावता આટલું જ બસ-પૂર્ણ છે. જ્યારે આપ આપના અનન્ય ભક્ત ઉપર પ્રસન્ન થાવ છો ત્યારે આપ એટલી સમ્પત્તિ ભક્તને આપો છો જેથી આપને આ લોકનો અને પરલોકનો આનંદ થાય છે માટે આપે જે એક મૂઠી આરોગીને જે ઐશ્વર્ય આપ્યું છે તે શ્રીસુદામાજી માટે સંપૂર્ણ છે. (૧૧) બ્રહ્મનિષ્ઠ અને નિત્યસંતુષ્ટ એવા બ્રાહ્મણ સુદામાજી અહીં પધાર્યા તે રાત્રી તો ભગવાન અચ્યુતજીના મંદિરમાં બિરાજ્યા અને ભાવ ભર્યાં અમૃત સમાં મધુર ભોજન કરીને જાણે સ્વર્ગમાં વસ્યા હોય એમ લાગ્યું. કારણ કે ભગવાન શ્રીકૃષ્ણનું સાન્નિધ્ય સેવ્યું. (૧૨) વિશ્વમાં વિખ્યાત યશવાળા તેમજ નિજાનન્દથી પરિપૂર્ણ ભગવાન શ્રીકૃષ્ણપાસે જ્યારે શ્રીસુદામાજીએ વિદાય માગી ત્યારે ભગવાને અત્યંત પ્રસન્નચિત્તથી વિપ્રવર શ્રીસુદામાજીને ભગવાને કહ્યું, પ્રાણપ્રિય મિત્ર ! હું જાણું છું કે આપ સ્વાધ્યાયપરાયણ છો, શાસ્ત્રાધ્યાપનપરાયણ છો, અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું અધ્યયન ન અટકવું જોઈએ તો ભલે પધારો એટલું અનુમોદન આપીને "સરોવર સુધી સ્વજનને, સ્નેહીજનને, વિદાય આપવા જવાય" એવા સ્નેહધર્મને સન્માન આપી ભગવાન દૂર દૂર શ્રીગોમતીતીર્થ પર્યન્ત વિદાય આપવા પધાર્યા હે તાત ! હે પરીક્ષિત ! આ અવસરે બન્ને મિત્રોનાં હૃદય સ્નેહથી ઉભરાઈ આવ્યાં બન્ને ચિરકાલ સુધી ભેટી રહ્યા અને શ્રીસુદામાજીએ પોતાના ઘર તરફ પ્રસ્થાન કર્યું અને શ્રીદ્વારિકાધીશ નિજ ભવનમાં પધાર્યા. (૧૩)

ઐશ્વર્યપરિપૂર્ણ સુદામાની ષટ્શ્લોકી

શ્રીસુદામા ઘેર પધારી રહ્યા હતા, ધનની આશાથી પરિપૂર્ણ પત્ની પોતાને ખાલી હાથે જોશે તો પોતે શું ઉત્તર આપશે એવી ચિંતા હતી છતાં સદા સંતોષપૂર્ણ સુદામાજીએ કાંઈ માગ્યું નહીં અને ભગવાને કાંઈ આપ્યું નહીં છતાં કાંઈ પણ દુઃખ થયું જ નહીં પરંતુ સ્ત્રીને લીધે જરા સંકોચાતા સુદામા પોતાને ઘેર પધાર્યા. (૧૪) માર્ગે જતાં શ્રીસુદામાજીનો આનંદ સમાતો નથી, તેઓ રસ્તામાં ચાલતાં ચાલતાં મન સાથે વાર્તાલાપ કરતા બોલ્યા કે-

अहो ब्रह्मण्यदेवस्य दृष्टा ब्रह्मण्यता मया । यद् दरिद्रतमो लक्ष्मीमाश्लिष्टो बिभ्रतोरसि ।। १५ ।।

क्वाहं दरिद्रः पापीयान् क्व कृष्णः श्रीनिकेतनः । ब्रह्मबन्धुरिति स्माहं बाहुभ्यां परिरम्भितः ।। १६ ।।

निवासितः प्रियाजुष्टे पर्यङ्के भ्रातरो यथा । महिष्या वीजितः श्रान्तो बालव्यजनहस्तया ।। १७ ।।

शुश्रूषया परमया पादंसवाहनादिभिः । पूजितो देवदेवेन विप्रदेवेन देववत् ।। १८ ।।

स्वर्गापवर्गयोः पुंसां रसायां भुवि संपदाम् । सर्वासामपि सिद्धीनां मूलं तच्चरणार्चनम् ।। १९ ।।

अधनोऽयं धनं प्राप्य माद्यन्नुच्चैर्न मां स्मरेत् । इति कारुणिको नूनं धनं मेऽभूरि नाददात् ।। २० ।।

હવે ષડ્ ઐશ્વર્યોથી પરિપૂર્ણ સુદામા કહી રહ્યા છે કે-અહો કેટલી બધી મહત્વભરી વાત છે કે વ્રિપ્રોના વહાલા સદાય હિત કરનારા શ્રીકૃષ્ણ ભગવાનની વિપ્રો પ્રત્યેની ભક્તિનાં મને દર્શન થયાં કે વાણી એટલે સ્વયં સરસ્વતી પણ એવાં ગાન કરી શકશે નહીં જે શ્રીકૃષ્ણ ભગવાનના વક્ષઃસ્થલમાં શ્રી લક્ષ્મીજી બિરાજે છે તે શ્રીનાથે અત્યંત દરિદ્ર કે જેનાં કોઈ દર્શન ના કરે તેવા મને હૃદય સાથે આલિંગન આપ્યાં. (૧૫) કે પૂર્વજન્મનાં પાપોને પૂરવાર કરતી એવી દરિદ્રતાથી ઘેરાએલો દરિદ્ર હું ક્યાં ! અને શ્રીનિકેતન ભગવાન શ્રીકૃષ્ણ ક્યાં ! આમ છતાં માત્ર બ્રાહ્મણ તો માનનીય છે એવું માનતા ભગવાન ભાવપૂર્વક મને બન્ને બાહુની મધ્યમાં લઈ ભેટી પડ્યા અને હૃદયમાં સ્થાપ્યો. (૧૬) આથી આગળ વધીને પ્રિયા લક્ષ્મીજીને સેવવા યોગ્ય પલંગ ઉપર જાણે પોતાના સગા ભાઈઓને પધરાવે તેમ મને પધરાવ્યો. અને રસ્તાની થકાવટ દૂર કરવા પોતાના પટ્ટરાણીજીના હાથે મને પામરને વ્યજન-ચારમ ઢોળાવ્યાં ? (૧૭) અને વિપ્રોને દેવ ગણતા દેવોના દેવ ભગવાને ચરણપ્રક્ષાલનથી માંડી ચરણસેવા પર્યન્તના ચોસઠ ઉપચારોથી-પ્રકારોથી

મારી સેવા કરી. (૧૮) આ વિશ્વમાં પ્રસિદ્ધ સ્વર્ગ, મોક્ષ, રસાતલની સમ્પત્તિઓ, આ લોકની સમૃદ્ધિ અને અણિમા વગેરે યોગની સિદ્ધિઓ, આ પાંચ પ્રકારનાં ફલો જગમાં પ્રસિદ્ધ છે એનું જો કોઇ મૂલ કારણ હોય તો કેવલ ભગવચ્ચરણકમલની કેવલ સેવા જ એક કારણ છે. (૧૯) પરંતુ આજ સુધીનો હું અધન સંભવ છે કે ધન મેળવીને કદાચ ધનમદથી છકી જશે અને મારું સ્મરણ વિસરી જશે એમ માનીને જ ભગવાને મને ધન નથી આપ્યું અને એથી જ ભગવાન કરુણાનિધિ છે. કારણ કે ધન એ 'ભૂરિં' એટલે અલ્પ સુખ છે અને સેવામાં પ્રતિબંધક છે. જો ભગવાનને ભુલાવે તો સર્વ નાશ થાય. (૨૦)

ભગવત્-કૃપાપ્રસાદસ્વરૂપ કૃપાલક્ષ્મી

આ પ્રમાણે મનમાં વિચારતા શ્રીસુદામાજી પ્રસન્ન ચિત્તથી ઘરે પધાર્યા. ત્યાં સૂર્ય, અગ્નિ અને ચન્દ્ર સમાન પ્રકાશમાન વિમાનોથી સૌન્દર્યપૂર્ણ નિજ આંગણાને જોયું. (૨૧) શ્રીસુદામાજીના મંદિરની ચારે તરફ ફલો લચેલાં વૃક્ષોનું ઉપવન હતું, પુષ્પોથી મધમધતા અનેક પ્રફુલ્લિત ઉદ્યાન-બગીચાઓ હતા, કલરવ કરતાં પક્ષીઓનાં વૃન્દો વિહાર કરતાં હતાં, દિવસે અને રાત્રીએ વિકસતાં કમલોથી સૌન્દર્ય ભર્યાં જલાશયો હતાં. (૨૨) ઉત્તમ અલંકાર અને વસ્ત્રોથી અલંકૃત થયેલાં નરનારી વૃન્દ ત્યાં વિચરી રહ્યા હતાં, આવા કદી ન જોયેલા એવા નિવાસને જોઇ નવાઇ પામેલા શ્રીસુદામાજી વિચારવા લાગ્યા કે શું આ એ જ સ્થાન છે કે જ્યાં પ્રથમ મારું મકાન હતું ? અને તે જ સ્થાન હોય તો એકાએક આવું શી રીતે બન્યું ! (૨૩) શ્રીસુદામાજી આવા દિવ્ય સ્થાન અને ધામને જોઇને મનમાં વિચારતા હતા ત્યાં તો અમરપુરીનાં દેવ-દેવી સરખાં નર-નારીઓ પુષ્કળ પ્રમાણમાં ગીત-નૃત્ય કરતાં મહાન્ ભાગ્યશાળી શ્રીસુદામાજીનું સ્વાગત કરવા આવી પહોંચ્યાં. (૨૪) પતિદેવ શ્રીસુદામાજીના પધારવાના સમાચાર સાંભળી અત્યંત પ્રસન્નતા અને હર્ષભરી અતિશય ઘાલમેલ કરતી, જાણે સ્વરૂપ ધારણ કરી પ્રત્યક્ષ શ્રીલક્ષ્મીજી પધાર્યા હોય તેમ ઉતાવળે સુદામાના પત્ની બહાર આવી પહોંચ્યાં. (૨૫) પતિવ્રતા નારી પધારેલા પતિદેવનાં દર્શન કરીને પ્રેમથી ગદ્ગદ કંઠ બની ગયાં, નેત્રો ભાવશ્રુથી છલકાવા લાગ્યાં, ભાવવશ નેત્રો બીડાઇ ગયાં. શ્રીસુદામાજીને પ્રણામ કર્યા. અને મન-બુદ્ધિથી સ્વામીને છાતી સુરસા ચાંપ્યા. (૨૬) વિમાનમાં વિરાજતી સૌન્દર્ય ભરી અપ્સરા સમ દીપતાં, કંઠમાં સુવર્ણના આભૂષણવાળાં સેવિકાઓથી વીંટળાએલાં અત્યંત સુશોભિત પોતાનાં પત્નીને જોતાં શ્રીસુદામાજી ખૂબ જ આશ્ચર્ય પામ્યા. (૨૭) શ્રીસુદામાજી ગૃહદેવીથી સ્વાગત પામીને ગૃહિણી સાથે સેંકડો મણિમય સ્તંભોથી સુશોભિત ઇન્દ્રભવનને પણ ભુલાવે તેવા નિજ મંદિરમાં પ્રવેશવા લાગ્યા. (૨૮) નિજ ભુવનમાં દૂધ જેવી ઊજળી સુખશય્યા સુવર્ણથી મઢેલા હાથીદાંતના પલંગ, સુવર્ણ દંડવાળાં ચામરો અને રત્નદંડના વીંજણાઓથી મંદિર દીપી રહ્યું હતું. (૨૯) કોમલ ગાદીવાળાં સુવર્ણમઢ્યાં સિંહાસનો અને મોતીઓની ઝાલરોવાળા ચંદરવાઓ મંદિરમાં નજરે આવ્યા. (૩૦) અત્યંત સ્વચ્છ સ્ફટિક મણિઓ અને મરકત મણિ જડેલી દિવાલોમાં રત્નના દીપકો ઝળહળી રહ્યા હતાં તેમજ સ્ત્રીરત્નો પણ શોભી રહ્યાં હતાં. (૩૧) શ્રીસુદામાજી સર્વ સમ્પત્તિની અલૌકિક સમૃદ્ધિ જોઇને સાવધાન બનીને મનથી વિચારવા લાગ્યા કે કોઇ પણ પુણ્ય વગેરે કાંઇ મારી પાસે સાધન નથી તો પણ આટલી સમૃદ્ધિઓ કઇ રીતે મળી ? (૩૨)

સંપત્તિ સાંપડે છે (૧) ભગવદિચ્છાતી (૨) ભાગ્યથી, (૩) કાલથી (૪) ગ્રહોથી અને (૫) ભગવાનથી

नूनं बतैतन्मम दुर्भगस्य शश्वद् दरिद्रस्य समृद्धिहेतुः । महाविभूतेरवलोकतोऽन्यो नैवोपपद्येत यदूत्तमस्य ।। ३३ ।।

नन्वब्रुवाणो दिशतेसमक्षं याचिष्णवे भूर्यपि भूरिभोजः । पर्जन्यवत् तत् स्वयमीक्षमाणो दाशार्हकाणामृषभः सखा मे ।। ३४ ।।

किञ्चित् करोत्युर्वपि यत्स्वदत्तं सुहृत् कृतं फल्ग्वपि भूरिकारी । मयोपनीतां पृथुकैकमुष्टिं प्रत्यग्रहीत् प्रीतियुतो महात्मा ।। ३५ ।।

तस्यैव मे सौहृदसख्यमैत्री दास्यं पुनर्जन्मनि जन्मनि स्यात् । महानुभावेन गुणालयेन विषज्जतस्तत्पुरुषप्रसङ्गः ।। ३६ ।।

भक्ताय चित्रा भगवान् हि सम्पदो राज्यं विभूतीर्न समर्धयत्यजः । अदीर्घबोधाय विचक्षणः स्वयं पश्यन्निपातं धनिनां मदोद्भवम् ।। ३७ ।।

શ્રીસુદામાજી નિર્ણય ઉપર આવ્યા કે આ વાત સુનિશ્ચત છે કે-મારું મંદભાગ્ય છે તેમાં વળી જન્મથી જ દરિદ્ર છું એને કદી આવી સમ્પત્તિઓ મળવાનું કારણ મહાવિભૂતિ ભગવાનની દષ્ટિ વિના બીજું કોઇ કારણ સંભવી શકતું નથી.

(૩૩) પરંતુ ભગવાન આપે છે ત્યારે માનવની માફક કહીને નથી આપતા, કારણ કે આપનાર પોતાના સ્વભાવ અને વૈભવ પ્રમાણે આપે છે. આ શ્રીકૃષ્ણ સ્વયં અનેકવિધ સામગ્રીઓ આરોગનાર છે, તેમનો સ્વભાવ જેવું ભોગવે જેટલું ભોગવે તેટલું બધું આપવાનો છે. તેમાં વળી શ્રીકૃષ્ણ મારા સખા છે, મેઘ જેવા છે. જ્યારે ખેતીમાં ખૂબ જ આવશ્યકતા છે એમ લાગે છે ત્યારે તે અઢળક જળ વર્ષાવે છે, તેવી જ રીતે ભગવાન પણ વગર કહે અઢળક આપી દે છે. (૩૪) આ સાથે ભગવાનનો સ્વભાવ એવો છે કે પોતાના અધિક આપેલાને નહિવત્ માને છે, અરે આપે પર્વત જેટલું અને માને પરમાણુ જેટલું, જ્યારે ભક્ત પરમાણુ જેટલું અર્પે છે તો પણ ભગવાન તેને પર્વત જેટલું માને છે. જો એમાં પ્રમાણ જોઈતું હોય તો હું લાવ્યો હતો તો માત્ર એક જ મુઠ્ઠી પરંતુ પ્રભુએ પ્રેમવિવશ બનીને સ્વયં આરોગી લીધી. કારણ કે ભગવાન મહાન ઉદાર મનવાળા છે. (૩૫) મને જન્મોજન્મ ભગવાન કૃષ્ણના ચરણોમાં પ્રેમ મળો, અને ભગવાન કૃષ્ણ જન્મોજન્મ મારા સખા બનો, શ્રીકૃષ્ણનું મને સૌહાર્દ્ર મળો અને કૃષ્ણની જ મૈત્રી રહો, અને મહાન કૃપાશાલી ગુણનિધિ શ્રી ગોવિંદમાં જ સદા આસક્તિ હો, અને આ સર્વ દુર્લભ બને તો હરિઈચ્છા પરંતુ ભગવાનના પરમ ભગવદીયોની સાથે સંગ રહો. (૩૬) ભગવાન જાણે છે ધનવાનો જો ધનના મદથી છકેલા હોય છે તો તેના ભોગો અને પાપોને લીધે તેઓ અત્યંત ભગવાનથી વિમુખ થતાં પતન પામે છે તેમજ નીચ યોનિમાં જન્મે છે, તેથી જ ભગવાન પોતાના અબુધ ભક્તજનોને વિચિત્ર પ્રકારની સમૃદ્ધિઓ, રાજ્ય કે વિભૂતિઓ કદી નથી આપતા. અથવા પોતાના ભક્તોના જ્ઞાનનો નાશ ન થઈ જાય એમ માનીને સમૃદ્ધિઓ નથી દેતા. (૩૭)

શ્રીસુદામાજીએ પાંચ શ્લોકો દ્વારા મનમાં વિવેક વસાવીને પરમ ભક્ત વિપ્રર્ષિ ''વિષયોના ત્યાગ'' ના નિશ્ચય ઉપર આવી ગયા અને ધીમે ધીમે વિષયોનો ત્યાગ કરીને પદાર્થોમાં જરા પણ આસક્ત ન થતાં પોતાના પરિવાર અને પત્ની સાથે ભગવત્પ્રસાદી ભોગવવા લાગ્યા. (૩૮) દેવાધિદેવ, યજ્ઞપતિ, પ્રભાવશાળી શ્રીહરિ ભગવાન તો બ્રહ્મણોના પરમ ભક્ત છે, તેમજ બ્રાહ્મણોની આજ્ઞાને સદા માથે ચઢાવે છે અને સ્વયં તેમની આજ્ઞાઓનું પાલન કરે છે અને વળી વિપ્રોના ચરણોનું સેવન કરે છે. બ્રાહ્માણો માટે ભગવાનથી વધીને કોઈ નથી. (૩૯) આ પ્રકારે વિપ્રવર, ભગવદ્ભક્ત સુદામાજી જાણે છે અને માને છે કે ભગવાનને કોઈ જીતી શક્તું નથી તેમ છતાં ભક્તો તો ભગવાનને જીતી લે છે. વળી ભગવાનના ધ્યાનના બળથી-વેગથી અજ્ઞાન નામના આત્માના બંધનને તોડી નાખે છે, અને આ સંસારમાંથી ભગવાનના ધામમાં જાય છે અને સત્પુરુષોના આશ્રયરૂપ ભગવાનને સ્વલ્પ સમયમાં મેળવે છે. (૪૦) કોઈ પણ મનુષ્ય બ્રહ્મણ્ય દેવ ભગવાનની આવી બ્રાહ્મણ પ્રત્યેની કૃપાલુતાનું શ્રવણ કરશે એટલાથી જ ભગવાનમાં ભાવ પ્રાપ્ત થશે અને કર્મબંધનમાંથી છૂટી જશે. (૪૧)

एवं स विप्रो भगवान् सुहृत्तदा दृष्ट्वा स्वभक्तैरजितं पराजितम् ।।
तद् ध्यानवेगोद्ग्रथितात्मबन्धनस्तद्धाम लेभेचिरतः सतां गतिम् ।। ४० ।।
एतद् ब्रह्मण्यदेवस्य श्रुत्वा ब्रह्मण्यतां नरः । लब्धभावो भगवति कर्मबन्धाद्विमुच्यते ।। ४१ ।।

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ નિરોધલીલાના ઉત્તરાર્ધના સાત્વિક પ્રકરણના ફલ પ્રકરણમાં અધ્યાય ૮૧ મો સમાપ્ત

અધ્યાય - ૮૨ મો

(દશમ સ્કંધની સાત્વિક લીલાનું ત્રીજું ફલ પ્રકરણ ચાલે છે તેમાં આ પાચંમા ''જ્ઞાન'' નામના ભગવાનના ઐશ્વર્યનું વર્ણન કરતા આ અધ્યાયમાં કુરુક્ષેત્ર યાત્રાની કથા આવશે. ભગવાન ભક્તવૃન્દ સાથે અને કુટુંબ સાથે દ્વારિકાથી કુરુક્ષેત્રમાં પધારે છે. આમાં ૪૯ શ્લોકો છે.)

તીર્થોની પ્રતિષ્ઠા

श्रीशुक उवाच-अथैकदा द्वारिकायां वसतो रामकृष्णयोः । सूर्योपरागः सुमहानासीत्कल्पक्षये यथा ।। १ ।।

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! જ્યારે શ્રીકૃષ્ણચન્દ્રજી અને બલભદ્રજી દ્વારિકામાં બિરાજતા હતા ત્યારે એક ઘણું મોટું સૂર્યગ્રહણ આવ્યું. આ ગ્રહણ પ્રલયકાલે સર્વગ્રાસાત્મક હોય છે તેવું હતું. (૧) હે રાજન્ ! જનસમૂહે જ્યોતિષીઓ દ્વારા

જાણ્યું કે ઘણું જ મોટું ગ્રહણ થઇ રહ્યું છે ત્યારે પ્રથમથી જ સર્વ સ્થાનોમાંથી શ્રેયસ મેળવવાની ભાવનાથી કુરુક્ષેત્રમાં આવ્યા. (૨) પૂર્વે ખલ ક્ષત્રિયોથી ત્રાસી ઊઠેલી પૃથ્વીનો ભાર ઉતારવા પરશુરામે પડકાર્યા ત્યારે રાજાઓએ વિચાર્યું કે જો મૃત્યુ નિશ્ચત જ છે તો પછી कुरुक्षेत्रसमा गङ्गा- ગંગા સમાન કુરુક્ષેત્રમાં રણસંગ્રામ કરીએ અને ખપી જઇએ તો મુક્ત થઈએ એવો નિર્ણય કરીને કુરુક્ષેત્રમાં આવ્યાં શ્રીપરશુરામે તેમનો નાશ કરી ત્યાં મોટા મોટા નવ શોણિતના કુંડો બનાવ્યા હતા. જો કે પરશુરામજી ભગવાન હોવાથી ક્ષત્રિયો પ્રજાના ત્રાસરૂપ હોઇ મારવા અનિવાર્ય હોવાથી, કુરુક્ષેત્રના માહાત્મ્યથી પુરશુરામજીને પાપાદિકર્મોનો સંભવ નથી અને તેથી શુદ્ધિ માટે પ્રાયશ્ચિત કરવાનું નથી હોતું આમ છતાં લોકોને માર્ગદર્શન આપવા માટે સર્વસાધારણ જનની માફક પાપ નિવારણ માટે યજ્ઞ કર્યા: (૪)

તીર્થયાત્રામાં સાત્વિક વેષ વગેરે નિયમો લઈને જવાય

આ તીર્થયાત્રામાં ભરત ખંડની સર્વ પ્રજા ઘણા મોટા પ્રમાણમાં આવી હતી. ત્યાં શ્રીઅક્રૂરજી, વસુદેવજી, આહુક વગેરે પણ આવ્યા હતાં. (૫) પોતાનાં પાપોની શુદ્ધિ માટે સુચન્દ્ર, શુક્ર, સારણની સાથે ગદ, પ્રદ્યુમ્ન અને સાંબ પણ ભારતવર્ષીય કુરુક્ષેત્રમાં તીર્થયાત્રા માટે આવ્યા. દ્વારિકાનગરના સંરક્ષણ માટે અનિરુદ્ધ અને એના સેનાપતિ કૃતવર્મા ત્યાં રહ્યા. અન્ય યાદવો દેવતાઓનાં વિમાન સમાન ચમકતા રથોને સમુદ્રના તરંગો સમા ચંચલ અશ્વો ઉપર ચઢીને કુરુક્ષેત્રની યાત્રાએ ચાલ્યા. (૬,૭) મેઘની ગર્જના સમી ગર્જના કરતા હાથીઓ અને વિદ્યાધરો સરખી કાન્તિવાળા મહાન તેજસ્વી કાંચન કંઠીઓ ધારણ કરેલા યાદવો માર્ગમાં શોભી રહ્યા હતા. (૮) યાદવો પોતાના કુટુંબપરિવાર સાથે જઇ રહ્યા હતા. તેઓએ દિવ્ય વસ્ત્રો, માલાઓ અને બખ્તરો સજ્યાં હતાં. માર્ગમાં જઇ રહેલા યાદવો દેવો સરખા રૂડા લાગતા હતા. મહાન ભાગ્યશાળીઓએ જો કે કુરુક્ષેત્રમાં ઉપવાસનો નિષેધ છે છતાં ગ્રસ્તાસ્ત સૂર્યગ્રહણ હોવાથી ઉપવાસનાં સમયે વ્રત કર્યાં, સ્નાન કર્યાં અને સમગ્ર વિષયાદિ દોષોનો ત્યાગ કર્યો. (૯) ત્યાર બાદ ગ્રહણના સમયે બ્રાહ્મણોને વસ્ત્રો, પુષ્પની માળાઓથી અલંકારેલી ગાયોનાં દાન કર્યાં ત્યાર બાદ યાદવોએ પરશુરામજીએ રચેલા રામતીર્થોમાં એક સરોવર અને અન્ય ધરાઓ હતા તેમાં વિધિપૂર્વક સ્નાન કર્યાં. (૧૦) યાદવો શ્રીકૃષ્ણને પોતાના દેવ તરીકે સેવે છે. તેમણે વિપ્રોને, શ્રેષ્ઠ દ્વિજોને, સુવર્ણનાં દાન કર્યાં અને યાચના કરી કે ભગવાન શ્રીકૃષ્ણમાં અમારી ભક્તિ હો. ગ્રહણપર્વનું સ્નાન, દાન, પુણ્ય વગેરે કરી, બ્રાહ્મણોને ભોજન કરાવી સર્વ યાદવોએ સ્વયં ભોજન કર્યું તેમજ શ્રીકૃષ્ણ ભગવાને પણ ભોજન કર્યું. (૧૧) હવે કૃષ્ણ પ્રત્યે અનન્ય ભક્તિવાળા યાદવોએ વિપ્રોની આજ્ઞા લઇને ભોજન કર્યા પછી અત્યંત શીતલ છાયાવાળા વૃક્ષોની છાયામાં પોતાને અનુકૂળ રીતે બધા બેઠા હતા ત્યાં તેમને પોતાના સ્વજન-સ્નેહીજન-સુહૃજ્જનને આવેલા જોયા. (૧૨)

એકાદશ મુખ્ય દેશો અન્ય અનેક દેશ પ્રદેશોમાંથી આવેલ અતિથિઓ

ગ્રહણ પર્વ ઉપર મત્સ્ય, ઉશીનર, કોશલ, વિદર્ભ, કુરુ, સૃંજય, કાંબોજ, કુન્તલ, કેરલ, નારદ એટલે કોંકણ દેશના રાજા અને પ્રજાજનો તેમજ તેમના પક્ષના રાજાઓ, તેમજ બીજા સેંકડો દેશોના નૃપતિઓ જે આવ્યા હતા તે સર્વને ભગવાને જોયા. તેમાં પોતાના સાચા સુહૃદ શ્રીનન્દરાયજી, ગોપ, ગોપીજન, જેઓ ઘણા સમયથી ભગવાનનાં દર્શનની ઉત્કંઠા ધરાવતાં હતાંતે સર્વ આવી પહોંચ્યાં. (૧૩,૧૪) પરસ્પરના દર્શનથી ઉમટેલા ઉમંગ, આનંદ અને હર્ષવેગથી હૃદયો પ્રફુલ્લિત થયાં, મુખારવિન્દની શોભા વધી ગઈ, પરસ્પર ગાઢ આલિંગન કરવા લાગ્યાં, નયનકમલોમાં સ્નેહાશ્રુપ્રવાહ વહેલા લાગ્યો, કંઠ ભરાઈ આવ્યો, વાણી વિસરી ગઈ, આવા પ્રકારની દશા થતાં જ આનંદનો અનુભવ કરવા લાગ્યાં. (૧૫) પરસ્પરનો પ્રેમ અને સૌહાર્દને લીધે મન્દસ્મિત કરતાં નારીવૃન્દ મધુર ઉમળકા ભર્યાં પરસ્પર-આલિંગન દેવા લાગ્યાં. તેમનાં નિર્દોષ કટાક્ષ અને હૃદયંગમ હાસભર્યાં આલિંગન ભાન ભુલાવી રહ્યાં હતાં. આ આલિંગન અવસરે કેશર-કુકુંમ ચન્દનના લેપવાળા સુવાસિત વક્ષઃસ્થલ ગાઢ આલિંગન કરવા લાગ્યાં ત્યારે તો તેમનાં નયનો અશ્રુથી ઊભરાઈ જતાં હતાં રાજન્ ! આ મિલનથી આનંદમહેરામણ છલકાવા લાગ્યો. (૧૬) રાજન્ ! યાત્રામાં આવેલાં સ્નેહીસંબંધી જનોમાં, નાનેરાઓએ વડીલોને અભિવંદન કીધાં ત્યારે તે મોટેરાઓએ તેમને આશીર્વાદ આપ્યા. તેમનું સ્વાગત કર્યું અને કુશળ પૂછ્યું ત્યાર પછી પરસ્પર એકબીજાને મળ્યા અને પરસ્પર શ્રીકૃષ્ણચરિત્રો ગાવા લાગ્યાં. (૧૭)

પરમ ભાગવતોનું મિલન અને ભાઈ-બહેનની સુખ-દુઃખની વાતો અને હૈયાને હળવું કરવું

હવે શ્રીપૃથા-કુન્તીમાતાજીએ શ્રીવસુદેવ વગેરે પોતાના ભાઈઓને, શ્રીદેવાએ શ્રુતદેવા વગેરે પોતાની બહેનોને બલ, શિશુપાલ, ગદ, સારણ વગેરે પુત્રોને, મારિષાઅને શૂર માતાપિતાને, દેવકી વગેરે ભાભીઓને ભગવાન મુકુન્દને જોયા. તેમને મળ્યાં, વાતોએ વળ્યાં અને શોક વીસરી ગયાં. (૧૮) દૈન્ય ભાવે શ્રીકુન્તીમા બોલ્યાં : ભાઈ, મને ખાત્રી થઇ છે કે મેં આ અને પૂર્વના જન્મોમાં કાંઇ પણ સુકૃત-પુણ્યકર્મ કર્યાં નહીં હોય તેથી મારી જાતને અભાગી માનું છું કે મોટાભાઈ આપ બધા સમર્થ હોવા છતાં જ્યારે મારા ઉપર વિપત્તિઓઆવી રહી છે ત્યારે મારી ખબર લેતાય નથી કે ખબર પૂછતા નથી પણ તેમાં ભાઈ કાંઇ તમારો વાંક ઓછો છે ! (૧૯)

सुहृदो ज्ञातयः पुत्राः भ्रातरः पितरावपि । नानुस्मरन्ति स्वजनं यस्य दैवमदक्षिणम् ।। २० ।।

મોટાભાઇ ! ઝાઝું શું કહું ! જગતમાં એ વાત જાણીતી જ છે કે જ્યારે ભાગ્ય વાંકું હોય ત્યારે તેના કોઇ ભાઈ જ્ઞાતિજન, પુત્રો માતાપિતા અને સ્નેહીજન કોઇ પણ તેની સંભાળ ના લે એમાં કોઇ દોષપાત્ર નથી માત્ર પોતાના ભાગ્યનો જ અપરાધ છે. (૨૦) નાનેરી બહેન કુન્તીની વાત સાંભળી મોટાભાઈ વસુદેવજીનું હૃદય ભરાઈ આવ્યું અને નાની બહેન દીકરી ગણાય એથી બોલ્યા !

अम्ब ! मास्मानसूयेथा दैवक्रीडनकान्नरान् । ईशस्य हि वशे लोकः कुरुते कार्यते हि वा ।। २१ ।।

બહેન ! બેટા ! હે અમ્બ ! હૃદયમાં ઓછું ના લાવીશ. ન તો અમારા ઉપર દોષભાવે જોઇશ, બહેન ! આપણે સર્વ કઠપૂતળી જેવાં કાલનાં રમકડાં છીએ, સર્વ કોઇ સમર્થ એવા કાળને વશ છીએ, કાલ આધીન દીન બની તે જેમ કરાવે છે તેમ તેને વશ થઇ કરે છે કરાવે છે. (૨૧) બહેન ! આજસુધી કંસના ત્રાસથી દુઃખના માર્યાં દિશાઓમાં આમતેમ અટવાતાં હતાં. માંડ માંડ કંસ મરતાં આજ જેમ તેમ કરી કર્મે પાછાં આવ્યાં છીએ. બહેન ! આ બધી કાલની કરામત છે ! બહેન જરાય દુઃખી થા મા. (૨૨)

અચ્યુતદર્શને સર્વ દુઃખ ભાગી જાય

શ્રીશુકાચાર્યજી બોલ્યા રાજન્ ! આ અવસરે યદુકુલના વડેરા શ્રીવસુદેવજી અને રાજા ઉગ્રસેન સર્વનો સત્કાર કર્યો અને ત્યાં આવેલાં સ્નેહી સંબધીજન અને અનેક નૃપજન ભગવાન શ્રીઅચ્યુતજીનાં દર્શન કરીને પરમાનંદમાં ડૂબી ગયા. (૨૩) ભીષ્મ, દ્રોણ, ધૃતરાષ્ટ્ર, ગાન્ધારી, પોતાના પુત્રો અને પુત્રવધૂઓ સાથે પાંડવો, કુન્તી, સંજય, વિદુરજી, કૃપાચાર્ય આ નવ પ્રકારના સાત્વિક રાજસ, તામસ જનો પણ ત્યાં આવ્યાં હતાં. (૨૪) કુન્તીભોજ, વિરાટ, ભીષ્મક, નગ્નજિત, પુરુજિત, દ્રુપદ, ધૃતકેતુ, કાશીરાજ આ નવ રાજસ પ્રકારના અને દમઘોષ, વિશાલાક્ષ, મિથિલનરેશ, મદ્રનરેશ, કૈકૈયનરેશ, યુધામન્યુ, સુશર્મા, વાલ્હીક વગેરે આ નવ તામસ પ્રકારના રાજાઓ અને તેમના પુત્રાદિકો પણ ત્યાં આવ્યા હતાં. (૨૫,૨૬) હે રાજન્ પરીક્ષિત ! આ ઉપરાંત શ્રીધર્મરાજ યુધિષ્ઠિરજી તેમજ તેમના અનુયાયી અન્ય નૃપજનો પણ ત્યાં પધાર્યા હતા. આ સર્વ સ્નેહી સંબંધી જનો શ્રીનિકેત ભગવાન શ્રીકૃષ્ણનાં તેમની પટરાણીઓ સાથે દર્શન પામ્યાં અને આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયાં. કે આ શ્રીકૃષ્ણ ભગવાનનાં મનથી પણ દર્શન દુર્લભ છે તેમનાં આજે પ્રત્યક્ષ દર્શન કયાંથી ? (૨૭) ત્યાર પછી તેમણે ભગવાન બલરામ અને શ્રીકૃષ્ણનાં અર્ચન કર્યાં તેમજ પ્રસન્નતાપૂર્વક ભગવાનના પરિવારની તેમજ યાદવોના ભારોભાર સૌભાગ્યાની સ્તુતિ કરવા મંડી પડ્યાં. (૨૮) અહોહો ભોજરાજ ! આ લોકમાં માનવ દેહમાં જો કોઇ મહાન ભાગ્યશાળી હોય તેમજ જેમનો માનવ દેહ સફલ થયો હોય તો તે કેવલ આપ જ છો. રાજન ! યોગિજનો સમાધિમાં પણ ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન નથી પામતા કે મહાન કષ્ટથી ઝાંખી પામે છે તે શ્રીકૃષ્ણનાં આપ સતત સાન્નિધ્ય સેવી રહ્યા છો. (૨૯)

यद् विश्रुतिः श्रुतिनुतेदमलं पुनाति पादावनेजनपयश्च वचश्च शास्त्रम् ।
भूः कालभर्जितभगापि यदङ्घ्रिपद्मस्पर्शोत्थशक्तिरभिवर्षति नोखिलार्थान् ।। ३० ।।
तद् दर्शनस्पर्शनानुपथप्रजल्पशय्यासनाशनसयौनसपिण्डबन्धः ।

येषां गृहे नरकवर्त्मनि वर्ततां नः स्वर्गापवर्गविरमः स्वयमास विष्णुः ।। ३१ ।।

અહો વસુદેવજી ! આપના ભાગ્યની ગાથા શાને ગવાશે ? એ આપના કુમાર છે-જેમની કીર્તિ જેમની યશોગાથા ભગવતી શ્રુતિ સદાય સ્વયં ગાય છે. અને મન ધોવાનું પાવન તીર્થ ગણાય છે. અહો વસુદેવજી ! આપના પુત્રનાં પાદપ્રક્ષાલન જલ તો સમસ્ત બ્રહ્માંડને પુષ્કળ પવિત્ર કરનારી ભગવતી ત્રિપથગા-ગંગા ગણાયાં છે, અરે સાંભળો ભાઈ ! જેમના મુખારવિંદમાંથી પ્રકટેલાં વાક્યો તો વેદશાસ્ત્ર ગણાય છે. આ રીતે યશ, પાદોદક અને વચન આખા વિશ્વને પાવન કરે છે. અરે કાલબળે બળી ગયેલાં બીજવાળી આ પૃથ્વી શક્તિહીન બની હતી. પરંતુ આ શ્રીકૃષ્ણ પ્રભુના ચરણકમલનો સ્પર્શ પામીને પુનઃ ઉત્તમ શક્તિ સમ્પાદન કરીને આપણા સર્વ મનોરથોની વર્ષા વર્ષાવે છે. (૩૦) આજે આપ એ શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન-સ્પર્શ-સાથે ચાલવું ફરવું-વાર્તાલાપ-સાથે નિદ્રા-સહભોજન-સહબેઠક એક ગોત્રમાં જન્મ-અને કન્યાની લેવડદેવડ આવા નવ નવ પ્રકારના સંબંધો પામ્યા છો. જે સંબંધો નવધા કરનારા પણ નથી પામ્યા. તેમાં પણ હરિવિમુખ થવામાં સહાય થનારા ગૃહસંસારમાં રહેલા છતાં આપને આજે સ્વર્ગની કે મોક્ષની કામના સરખી નથી થતી ! રાજન વસુદેવ ! આવો તો ઉત્કર્ષ આપના વિના કોઈને નથી મળ્યો. (૩૧)

શ્રીનંદ, શ્રીનંદનંદન અને રોહિણીનંદનનું યદુજન અને વ્રજજનનું મંગલ મધુર મિલન

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! પરીક્ષિતજી ! ભગવાન શ્રીકૃષ્ણની સાથે યાદવો કુરુક્ષેત્રમાં પધાર્યા છે ત્યારે તો પ્યારા શ્રીનંદદુલારાનાં દર્શન કાજે વ્રજજન સાથે વ્રજરાય નંદરાય પોતાની સાધનસામગ્રી ગાડાઓમાં ભરી રસાલા સાથે કુરુક્ષેત્રમાં આવી પહોંચ્યા. (૩૨) શ્રીનંદરાયજીનાં દર્શન કરીને યાદવો પુષ્કળ પ્રસન્ન થયા અને જેમ કાયામાં પ્રાણ સંચાર થતાં ઇન્દ્રિયો ઊભી થઈ જાય તેવી જ રીતે વૃષ્ણિઓની-યાદવોની પ્રસન્નતાનો પાર જ ન રહ્યો તેઓ તેમનાં દર્શન કરવા કેટલાય લાંબા ગાળાથી લાલસા સેવતા હતા તે આશા ફળી અને એકાએક ઊભા થઈ ગયા અને ભાવવિભોર યાદવો નંદબાવાને ગાઢ આલિંગનો દેવા લાગ્યા. (૩૩) રાજન્ ! જ્યારે અત્યંત પ્રસન્ન અને પ્રેમવિહ્વલ શ્રીવસુદેવજી નંદરાયજીને ભેટી રહ્યા હતા ત્યારે પોતાના બન્ને પુત્રોને ગોકુલમાં મૂકી આવેલા હતા તે કંસે કરેલા સંતાપ, ત્રાસો વગેરે સર્વ પ્રસંગો તાજા થઈ ગયા. રોમાંચ થયાં, ભાન ગયાં અને આંસુડાં વહી રહ્યાં. (૩૪)

कृष्णरामौ परिष्वज्य पितरावभिवाद्य च । न किञ्चनोचतुः प्रेम्णा साश्रुकण्ठौ कुरूद्वह ।। ३५ ।।

तावात्मासनमारोप्य बाहुभ्यां परिरभ्य च । यशोदा च महाभागा सुतौ विजहतुः शुचः ।। ३६ ।।

શ્રીશુકાચાર્યજી બોલ્યા કે મહારાજ ! પરીક્ષિત ! સૌથી પ્રથમ ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીબલભદ્રજી, માતાપિતા શ્રીયશોદા-શ્રીનંદબાવાને દંડવત્ કરીને ભેટી પડ્યાં. આ અવસરે બન્ને કુમારોનાં નેત્રોમાંથી અશ્રુ વહેલા લાગ્યાં, કંઠ ભરાઈ આવ્યો, વાણી ગદ્‌ગદ થઈ ગઈ. પુનઃ કાંઈ પણ બોલી ના શક્યાં. (૩૫) માતા યશોદાજીએ બન્ને પુત્રોને પોતાની ગોદનું-પોતાના આત્માનું આસન બનાવી તેમાં બેસાડી દીધા. પોતાની બન્ને ભુજાઓથી ભેટી રહ્યાં, મહાભાગા યશોદાજીનો પણ આટલા લાંબા દિવસોના વિરહતાપ, વિપ્રયોગતાપ કૃષ્ણનાં અને બલભદ્રનાં દર્શન આલિંગનથી અશ્રુ દ્વારા બહાર વહી ગયો. (૩૬) પુનઃ શ્રીવ્રજેશ્વરી નંદરાણીજીને શ્રીદેવકીજી અને શ્રીરોહિણીજી પ્રેમથી ભેટી પડ્યાં ને શ્રીયશોમતી રાણીએ કીધેલી મૈત્રીનું સ્મરણ કરતાં કંઠ ભરાઈ આવ્યો, આંખમાંથી અશ્રુધારા વહી ગઈ અને એક સાથે બન્ને બોલી ઊઠ્યાં કે હે વ્રજેશ્વરી ! હે નંદરાણી ! કશા પણ વળતરની વાંછા વગરની સદા એકધારી આપની મૈત્રી કેમે કરી વિસરી શકાશે નહીં, તેમજ તેનો બદલો વાળી શકાશે નહીં. અરે બહેની ! મહારાજા ઇન્દ્રનાં ઐશ્વર્ય આપના પગમાં પાથરી દેવામાં આવે તો પણ દેવું તો નહીં પણ તેનું મામૂલી વ્યાજ પણ આપી શકાશે નહીં. (૩૭,૩૮)

एतावदृष्टपितरौ युवयोः स्मपित्रोः संप्रीणनाभ्युदयपोषणलालनानि ।
प्राप्योषतुर्भवति पक्ष्म ह यद्वदक्ष्णोर् न्यस्तावकुत्र च भयौ न सतां परः स्वः ।। ३९ ।।

રાણીનંદરાણી અમારા દૂધમુખા બન્ને લાલને માવતરનાં મુખડાંય જોયાં ન હતાં એવાં મારાં કુમળાં ફુલડાંને જેમ પલક કીકીની કાળજી કરે તેમ આપે માબાપ બની રખોપણ કીધાં છે. માવતર પણ ના આપે એવાં મારા બન્ને લાલનનાં

લાલન-પાલન પોષણ-પ્રીણન કર્યાં પરંતુ શાન્તિ-પૌષ્ટિક ધર્મવિધિ કરી બાળકોનો અભ્યુદય પણ આપે જ કર્યો. રાણી ! જેથી મારા બાળકો લૌકિક અલૌકિક બન્ને પ્રકારે નિર્ભય બનીને તમારી છાયામાં અને માયામાં સમાઇ ગયા, તમારી કાયા પણ બાળકો માટે ઘસી નાખી. સાચેસાચ કહેવત છે કે ''સંતોને પોતીકું કે પરાયું'' એવું કાંઇ નથી હોતું. (૩૯)

गोप्यश्च कृष्णमुपलभ्य चिरादभीष्टं यत्प्रेक्षणे दृशिषु पक्ष्मकृतं शपन्ति ।
दृग्भिर्हृदीकृतमलं परिरभ्य सर्वास्तद् भावमापुरपि नित्ययुजां दुरापम् ॥ ४० ॥

રાજન્ ! ગોકુલમા પણ ગોપીજન ગોવિંદનાં દર્શને આડે આવતી પલકને રચનાર પરમેષ્ઠી-બ્રહ્માને સદા શાપ આપતાં હતાં તે વ્રજનારીઓને આજે ચિરકાલે પ્રાણપ્યારા રસરાજ કૃષ્ણ સાંપડ્યા ત્યારે પણ પલકો તો પોતાના સ્વભાવ પ્રમાણે દર્શનની પ્રતિબંધક જ બની ત્યારે પુનઃ શાપ દેવા લાગી કે બ્રહ્મા, અમે તમારુ શું બગાડ્યું હતું કે આપ પાંપણ રચી બેઠા એમ જીવ બાળતાં અને બોલતાં બોલતાં પોતાનાં નયનો દ્વારા નયનાભિરામ શ્યામને ઉરપુરમાં વસાવી શ્યામસુંદરને દઢ આલિંગન લીધાં. રાજન્ ! યોગીજનોને સમાધિના શ્રમ દ્વારા માનસ દર્શન પણ દુર્લભ બનતાં તે નાથનાં દર્શન માત્ર ભગવદ્‌ભાવ દ્વારા વ્રજભામિનીઓ ભગવાનને પામ્યાં એટલું જ નહીં પરંતુ શ્રીકૃષ્ણમાંના ભાવથી કૃષ્ણસ્વરૂપ બની ગયાં. (૪૦)

હે રાજન્ ! કોઇ ભક્તે સ્વરસ્વતીને ઠપકો આપતાં કહ્યું કે ''गोमति मतिमति किमिदं हरि हरि हरिणा कथं सङ्गः ॥ जातं पीतं वसनं मेचकमङ्ग गतोऽङ्गना भावम्'' અરે વાણી ! અરે બુદ્ધિમતી સરસ્વતી ! છતી બુદ્ધિએ આવી તે શેને તેં ભૂલ કીધી કે તેં કોઇની સાથે નહીં પણ સર્વસ્વ હરી લેવાના સ્વભાવવાળા હરિ સાથે સંગ કર્યો ! હરિ ! હરિ ! કેમ તું ભણી ગણી પણ ભૂલીને ગોથું ખાઈ ગઇ ! જોયું એના સંગે તારી સાડી પણ પીળી થઇ ગઇ, અંગ શ્યામ બની ગયું અને કાયા પણ નારીની બનાવી દીધી-!

સ્નેહસપ્તપદી

રાજન્ ! સ્નેહનિધિ શ્રીરસરાજ ! હવે ગોપીજનોને એકાન્તમાં લઇ ચાલ્યા, તેમને સર્વને સ્નેહપૂર્વક મળ્યા અને સ્નેહથી-ભાનથી ભેટ્યાં પુનઃ પ્રત્યેકનાં નામ દઇ દઇ કુશળ પૂછયાં. અન્તમાં મન્દ સ્મિતપૂર્વક કહેવા લાગ્યા. (૪૧) અરે સખીરીઓ, અમે બંધુજનનાં કામ કરવા ધર્મવશ જવું પડ્યું તેથી ગયા હતા પરંતુ ત્યાં શત્રુઓનો નાશ કરવાનું કાર્ય માથે આવી પડયું તેમા પરોવાઇ ગયા. અને પરવશતાને કારણે લાંબો ગાળો થઇ ગયો. પરંતુ કદી ગોકુલવાસિનીઓ આપે અમને યાદ પણ કર્યા ખરા ? (૪૨) વ્રજનારીઓં ! રખેને આપ એમ માનતાં અમે આપને વિસરી ગયા છીએ. આવી શંકાં લાવી અમારા ઉપર જરા પણ દોષદૃષ્ટિ ના કરશો હો ! સુંદરીઓ ! મળવું કે વિખૂટા પડવું એ કાંઈ માનવના હાથની બાજી નથી. એ વ્યવસ્થા તો વિધિના હાથમાં છે. તે વિચિત્ર વિધાતા ભૂત (પ્રાણી) માત્રને જોડે પણ છે અને વિખૂટા પણ પાડે છે. આ નિયમ સર્વને માટે સમાન જ છે. (૪૩) સુંદરીઓ ! જાણે પવન આવીને મેઘ, ઘાસ, રૂને મેળવે તેમ જુદું પણ કરે છે તેવી જ રીતે કાળ પણ પ્રાણીમાત્રને મેળવે છે તેમ જ વિખૂટાં પાડે છે. (૪૪)

मयि भक्तिर्हि भूतानाममृतत्वाय कल्पते । दिष्टया यदासीन्मत्स्नेहो भवतीनां मदापनः ।। ४५ ।।

પ્રાણીમાત્ર જો મારામાં સ્નેહ કરે તો તેને તે સ્નેહ મારી પાસે લાવી શકે છે. મારી ભક્તિ સ્વયં મોક્ષ અપાવશે. એને જ્ઞાન અને કર્મના સાધનની આવશ્યકતા રહેશે નહીં. આનંદની વાત તો એ છે કે હે ગોપીજનો ! તમારો મારામાં જે સ્નેહ છે તે સ્નેહ જ તમને મારી પાસે લાવશે. (૪૫) હે અંગનાઓ ! હે વ્રજસુદરીઓ ! જેમ ભૌતિક પદાર્થોની અંદર, બહાર અને મધ્યમાં મારા સંબંધવાળાં પાંચ મહાભૂતો વસેલાં છે તેવી જ રીતે સર્વ ભૂતોની અંદર, બહાર અને મધ્યમાં હું ઓતપ્રોત-વ્યાપ્ત બનીને રહેલો છું. (૪૬) જેમ ભૌતિક ઘટપટાદિનો આત્મા પંચ મહાભૂતોથી ઉત્પન્ન થાય છે અને પુનઃ પંચ મહાભુતોમાં લીન થાય છે તેવી જ રીતે કાર્ય-કારણાત્મક જગત અંતે મારામાં આવી જાય છે તે આ બધું અક્ષરમાં પ્રવેશે છે. હે ગોપીજનો ! તમે તેને જુઓ એમ કહી ગોપીઓને સર્વ વસ્તુની ભગવદ્રૂપતા બતાવી અને તેમ થવામાં સ્નેહને અધિકારરૂપ કહ્યો. (૪૭) રાજન્ ! જ્યારે ગોપીજનોને ભગવાને અધ્યાત્મ જ્ઞાન આપ્યું ત્યારે

ભગવાનના ઉપદેશનું સ્મરણ કરતાં ગોપીજનોએ પોતાના અન્નમય વગેરે કોશોને ત્યજી દીધા અને ભગવાનને પામી. જ્યારે ગોપજીનોના કોશોનો અધ્યાસ-આસક્તિ ચાલી ગઇ ત્યારે તેમને સર્વાત્મભાવથી ભગવનનાં દર્શન થવા લાગ્યાં. (૪૮) ભગવાનનાં દર્શન થતાં જ ગોપીજનો બોલ્યાં કે કમલનાભ શ્રીકૃષ્ણ ! અમે આપને વિનવીએ છીએ કે ગૃહકુટુંબ પરિવારમાં પરોવાઈને રહેલાં અમારા હૃદયમાં આપનાં ચરણકમલો સદા પ્રકટરૂપે બિરાજો. ભગવન્ ! આ ચરણકમલને અગાધ જ્ઞાન ધરાવતા યોગેશ્વરો હૃદયમાં પધરાવી સદા તેનું ધ્યાન કરે છે. હે નાથ આપનાં આ ચરણકમલ તો સંસારરૂપ કૂપમાં પડેલાં અમારે માટે બહાર નીકળવાનો આશ્રય છે. માટે જ નિરંતર-અમારા મનમાં બિરાજો એવી કૃપા કરો. (૪૯)

आहुश्च ते नलिननाभ पदारविन्दं योगेश्वरैर्-हृदि विचिन्त्यमगाधबोधैः ।
संसारकूपपतितोत्तरणावलम्बं गेहंजुषामपि मनस्युदियात्सदा नः ।। ४९ ।।

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધના નિરોધ લીલા સાત્વિક પ્રકરણના ફલ પ્રકરણમાં અધ્યાય ૮૨ મો સમાપ્ત

અધ્યાય - ૮૩ મો

(આ અધ્યાયમાં ભગવાનના અનુગ્રહનું દર્શન થશે જપ-તપ-કથાશ્રવણ-ગુણગાન-આદિ કોઇ પણ સાધનો ભગવત્પ્રાપ્તિમાં ત્યારે મળે છે અને ત્યારે જ આચરી શકાય છે કે જ્યારે ભગવાનનો અનુગ્રહ હોય. ભગવાનની કૃપાથી જીવ ભગવાનની સ્તુતિ કરે, ગુણોનું ગાન કરે ત્યારે પ્રભુ પ્રસન્ન થાય. પ્રસન્ન થઇ સદ્‌બુદ્ધિ આપે. પુનઃ સદ્‌બુદ્ધિ પામીને ભક્તજન સાધનો કરે છે માટે "અનુગ્રહ" એ એક જ વસ્તુ મહત્વની છે. ભગવાનના અનુગ્રહનાં દર્શન આ અધ્યાયમાં થશે. આ અધ્યાયમાં ૪૩ શ્લોકો છે.)

श्रीशुक उवाच-तथानुगृह्य भगवान् गोपीनां स गुरुर्गतिः । युधिष्ठिरमथापृच्छत् सर्वांश्च सुहृदोऽव्ययम् ।। १ ।।

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણ ગોપીજનોના ગુરુ પણ થયા અને ફલાત્મા પણ થયા એટલે ગતિ રૂપ-આશ્રય રૂપ થયા. આ પ્રકારે વ્રજવનિતાઓ ઉપર અનુગ્રહ કરીને પુનઃ યુધિષ્ઠિરજીને અને સર્વ સુહૃજ્જનને કુશળ પૂછયાં. (૧) લોકનાથ શ્રીહરિએ આ પ્રકારે અતિશય આદરથી સ્વજનોનો સત્કાર કર્યો અને કુસળ પૃચ્છા કરી ત્યારે મન અત્યંત પ્રસન્ન થયાં અને ભગવાનનાં શ્રીચરણોનું દર્શન કરવા લાગ્યા તેથી સર્વથા નિષ્પાપ બન્યા અને નાથને નિવેદન કરવા લાગ્યા. (૨)

कुतोऽशिवं त्वच्चरणाम्बुजासवं महन्मनस्तो मुखनिःसृतं क्वचित् ।
पिबन्ति ये कर्णपुटैरलं प्रभो देहभृतां देहकृदस्मृतिच्छिदम् ।। ३ ।।

હે નાથ ! આ વિશ્વમાં પરમ ભાગવતોના-તદીયજનોના મનમાંથી પછી તેમનાં મુખકમલોમાંથી ઝરતા ભક્તિરસ રૂપ માટે જ પરમાનંદ સ્વરૂપ આપના શ્રીચરણરવિંદના મકરન્દરસનું એટલે આપના સુમંગલ ચરિતામૃતનું પોતાના પવિત્ર કાન-સંપુટોથી પાન કરે છે તેમની અવિદ્યા-અજ્ઞાન દેહાભિમાન વગેરે છેદાઇ જાય છે. પછી તે શરણાગત જીવોનું અમંગલ થવાની સંભાવનાજ ક્યાં રહી ? (૩) હે નાથ ! હવે આપને અમે નમસ્કાર કરીએ છીએ. ૨ હવે આ શ્લોકમાં કહી રહ્યા છે કે हि त्वा आत्मधाम હે ભગવન્ ! અમે ઐશ્ચર્યપૂર્ણ શ્રીકૃષ્ણ हि સાચા જ હૃદયથી त्वा આપને અમે નમસ્કાર કરીએ છી એ, આપ તો આત્મધામ છો, સર્વ જીવાત્માઓનું નિવાસધામ છો, અરે સંપૂર્ણ તેજોમય છો. વળી અહંકારથી અમારી થનારી જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ નામની ત્રણ અવસ્થાઓ તો સદા આપનાથી દૂર જ રહે છે, તેથી જ આપશ્રી આનંદ ઉભરાતા છલકાતા અખંડિત પૂર છો. અને અખંડ લોકરૂપ છો. હે નાથ ! કાલબળે જ્યારે વેદો અદશ્ય થઇ ગયા ત્યારે વેદે વર્ણવેલા સનાતન ધર્મોના સંરક્ષણ માટે આપનાં દિવ્ય યોગ શક્તિ દ્વારા શ્રીઅંગનો અંગીકાર કરી મનુજાકૃતિમાં પધાર્યા છો. તેથી જ તો મોટા મોટા પરમહંસોનાં પણ આપ જ આશ્રય છો. આવા આશ્રયરૂપ ભગવાનને અમારા નમસ્કાર છે. (૪) શુક ઋષિ આગળ વધીને કહી રહ્યા છે કે રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાન તો ગાવાલાયક કીર્તિવાળાઓમાં સર્વના મસ્તકે મુકુટરૂપે બિરાજ્યા છે. જે કોઇ પણ અન્યનો યશ ગાય છે તે પણ ભગવાનનો યશ છે. તેવા યશસ્વી શ્રીકૃષ્ણ ભગવાનના યશને ગાઈ રહ્યા હતા ત્યારે અન્ધક વંશના યાદવો અને કુરુકુલ કુલાંગનાઓ ભેળા

મળ્યાં અને ત્રણે લોકમાં ગવાત ભગવાનની ગાથા પરસ્પર ગાવા લાગ્યાં રાજન્ ! તે રસમુધુર ગાથાઓ તમારી પાસે ગાઈ સંભળાવું. (૫)

ગોવિંદભગિની દ્રૌપદી અને ગોવિંદ-ભાર્યાઓનો સત્સંગ

શ્રીદ્રૌપદીજી બોલ્યાં કે હે રુકિમણી ! હે ભદ્રે ! હે જામ્બવતી ! હે કૌશલે ! હે સત્યભામા ! હે કાલિન્દી, હે શૈવ્યા ! હે મિત્રવિંદા ! હે રોહિણી ! હે લક્ષ્મણાજી ! હે શ્રીકૃષ્ણની સોળ હજાર પત્નીઓ ! ભલા એ વાત તો અમને કહો કે ભલા કૃષ્ણ ભગવાન આપના ક્યા પુણ્યે પરણ્યા? આ ભગવાન પોતાની માયાથી લોકલીલાનું નાટક કરતા સ્વયં શ્રીહરિ ભગવાને કેવી રીતે આપનાં પાણિગ્રહણ કીધાં ? (૬,૭)

અર્ચનભક્તિ શ્રીરુકિમણીજી

અર્ચન ભક્તિસ્વરૂપ શ્રી રુકિમણીજીએ કહ્યું કે હે નણદી ! હે બહેની દ્રૌપદી ! પૂછો છોતો સાંભળો મારી ગાથા, મારો ભાઈ અને મારા ભાઇને વશ મારા પિતા મને શિશુપાલને પરણાવવા ચાહતા હતા---

रुक्मिण्युवाच-चैद्याय मार्पयितुमुद्यतकार्मुकेषु राजस्वजेयभटशेखरिताङ्घ्रिरेणुः ।
निन्ये मृगेन्द्र इव भागमजावियूथात् तच्छ्रीनिकेतचरणोऽस्तु ममार्चनाय ।। ८ ।।

હે બહેની ! વળી મને કૃષ્ણ ઉઠાવી ના જાય માટે જરાસંઘ વગેરે રાજાઓ ધનુષ્યબાણ ખડ્ગ, વગેરે શસ્ત્રો સજીને ઊભા હતા આ અવસરે જગતમાં અજેય મનાતા મોટા રાજાઓ અને સુભટોના મસ્તકે નિરંતર જે શ્રીકૃષ્ણચન્દ્રજીની ચરણરેણું મુકુટ જેવી બિરાજે છે એવા નરકેસરી શ્રીકૃષ્ણે જાણે બકરીઓના ઘેટાંઓના ટોળાઓમાંથી બે-પરવા સાથે સિંહ પોતાના શિકારને ઉઠાવી જાય તેવી રીતે નાથ મને કૃપા કરી લઇ ગયા એવા શ્રીનિકેતના શ્રીચરણોની હું નિત્ય સેવા કર્યા કરું. (૮)

શ્રવણભક્તિ સત્યભામા

सत्यभामोवाच यो मे सनाभिवधतप्तहृदा ततेन-लिप्ताभिशाप मपमाष्टुमुपाजहार ।
जित्वर्क्षराजमथ रत्नमदात्स तेन-भीतः पितादिशत मां प्रभवेऽपि दत्ताम् ।। ९ ।।

શ્રીસત્યભામાએ કહ્યું કે મારા કાકા પ્રસન્નના વધથી તપેલા હ્રદયવાળા મારા પિતાજી સત્રાજિતે નિદોર્ષ શ્રીકૃષ્ણ ભગવાન ઉપર મારા પિતાના વધનો અને મણિ અપહરણનો આરોપ મૂક્યો હતો. તે મિથ્યા આરોપમાંથી મુક્ત થવા માટે ભગવાને મણિની શોધ કરતાં જાંબવાન સાથે યુદ્ધ કરી તેને જીતી મણિ લાવી મારા પિતાને આપ્યો. મારા પિતાજીએ, આવા કરેલા આક્ષેપથી મનમાં પરિતાપ તો હતો તેના નિવારણ માટે મારાં વાગ્દાન થયેલાં છતાં ભગવાન શ્રીકૃષ્ણને મારાં સમપર્ણ કર્યા. (૯)

સ્મરણભક્તિ જાંબવતીજી

जाम्बवत्युवाच-प्राज्ञाय देहकृदमुं निजनाथदेवं-सीतापतिं त्रिणवहान्यमुनाम्ययुध्यत् ।
ज्ञात्वा परीक्षित उपाहरदर्हणं मां पादौ प्रगृह्य मणिनाहममुष्य दासी ।। १० ।।

શ્રીજાંબવતીજીએ કહ્યું કે કે દ્રૌપદીજી ! મારા પિતાજી જાંબવાનજીએ પોતાના નાથ શ્રીસીતાપતિને ના જાણ્યા કે આજ દેહકર્તા મારા ઇષ્ટદેવ ભગવાન છે તેથી સામાન્ય નર માની સત્તાવીસ દિવસ પર્યન્ત યુદ્ધ કર્યું. આખરે આ તો મારા ઇષ્ટદેવ છે એમ સમજ્યા ત્યારે પ્રભુના ચરણોમાં દંડવત્ પ્રણામ કર્યા અને ભેટમાં મણિ સાથે મને સમર્પી તેથી હું ભગવાનની દાસી બની છું. (૧૦)

ચરણસેવાભક્તિ શ્રીકાલિન્દીજી

कालिन्द्युवाच-तपश्चरन्तीमाज्ञाय स्वपादस्पर्शनाशया । सख्योपेत्याग्रहीत् पाणिं योहं तद् गृहमार्जनी ।। ११ ।।

શ્રીકાલિન્દીજી બોલ્યાં કે-મેં શ્રીકૃષ્ણના શ્રીચરણોના સ્પર્શની અભિલાષાથી તપશ્ચર્યા કરી હતી તે વાત કૃપાનાથે

પોતાના સખા અર્જુનજી દ્વારા જાણી. ત્યાર બાદ કૃપા કરી મારાં પાણિગ્રહણ કર્યાં તે ભગવાન શ્રીકૃષ્ણના ઘરની સોહની--બુહારીની સેવા કરનારી હું દાસી છું. (૧૧)

કીતર્નભક્તિ શ્રીમિત્રવિંદાજી

मित्रविन्दोवांच-यो मां स्वयंवर उपेत्य विजित्य भूपान्-निन्ये श्वयूथगमिवात्मबलिं द्विपारिः ।
भ्रार्तृंश्च मेऽपकुरुतः स्वपुरं श्रियौकः तस्यास्तु मेऽनुभवमङ्ध्र्यवनेजनत्वम् ।। १२ ।।

શ્રીમિત્રવિંદા બોલ્યાં કે દ્રૌપદીજી ! શ્રીનિવાસ ભગવાન શ્રીકૃષ્ણ સ્વયંવરમાં પધાર્યા. ત્યાં આવીને આવેલા રાજાઓને અને અપકાર કરનારા મારા ભાઈઓને હરાવી સિંહશ્વાનોના ઝુંડમાંથી પોતાના પડેલા ભાગને ઉઠાવીને લઇ જાય છે તેવી જ રીતે શ્રીહરિ મને દ્વારિકાજી લઈ આવ્યા. હું તેમના ચરણકમલોનું પ્રક્ષાલન કરનારી કાયમની દાસી છું.

દાસ્યભક્તિ નાગ્નજિતી

सप्तोक्षणोऽतिबलवीर्यसुतीक्ष्णशृङ्गान्-पित्रा कृतान् क्षितिपवीर्य परीक्षणाय ।
तान् वीर दुर्मदहनस्तरसा निगृह्य-क्रीडन् बबन्ध ह यथा शिशावोऽजतोकान् ।। १३ ।।

શ્રીનાગ્નજિતીજી દ્રૌપદીજીને કહેવા લાગ્યાં કે - મારા પિતા શ્રીનગ્નજિતે રાજાઓની વીરતાની પરીક્ષા કરવા માટે પાણીદાર અને અણિયાળા શીંગડાવાળા સાત સાંઢ તૈયાર રાખ્યાં હતાં બહેની ! ભલભલા પરાક્રમી રાજાઓ અને વીરતાના ઘમંડ રાખતા વીરોના દુષ્ટ ગર્વનું ગંજન કરવામાં તે સાંઢ સમર્થ હતા કોઈ પણ આ સાંઢને સાથે નાથે તે મારો હાથ પામે પરંતુ કોઇ ના નાથી શક્યા અને મારો હાથ નાપામી શક્યા ત્યારે મારા નાથ પધાર્યા અને એક નાનો બાળક બકરીનાં બચ્ચાંને બાંધી લે તેમ સાતે સાંઢને નાથી લીધા અને અનાથ મુજ જનના નાથ બન્યા. રાણી આ રીતે વીરોચિતવીર્ય નામના મૂલ્યને ચૂકવીને મુજ દાસીનું પાણિગ્રહણ કરીને જે માર્ગે પધારી રહ્યા હતા તે માર્ગમાં જે રાજાઓ આડે આવ્યા અને તેમની ચતુરંગિણી સેનાઓ આવી તેને હરાવી મારા પિતાએ દીધેલી દાસીઓ સાથે શ્રીદ્વારિકાનાથ મને દ્વારિકા લઇ આવ્યા એ ભગવાનની સદા દાસી બની રહું. (૧૪)

વંદનભક્તિ શ્રીભદ્રાજી

भद्रोवाच-पितामे मातुलेयाय स्वयमाहूय दत्तवान् । तच्चित्तांजीतृभिर्दत्तामक्षौहिण्या सखीजनैः ॥ १५ ॥
अस्य मे पादसंस्पर्शो भवेज्जन्मनि जन्मनि । कर्मभिर्भ्राम्यमाणाया येन तच्छ्रेय आत्मनः ॥ १६ ॥

શ્રીભદ્રાજી બોલ્યાં કે બહેની કૃષ્ણે ! મારું મન શ્રીકૃષ્ણમાં હતું ત્યારે મારા પિતાજીએ મારા ભાઈઓ દ્વારા મારાં વાગ્દાન-વિવાહ કરાવ્યાં, અને મામાના પુત્ર શ્રીકૃષ્ણને અક્ષૌહિણી સેના અને સખીજન સાથે મારાં સમર્પણ કર્યાં. ૧૫ બહેની ! આજ પાલવ પાથરી પ્રાર્થના કરું છું કે મારાં કર્મવશ ક્યાં પણ હું વિચરું તો પણ જન્મોજન્મ મને ભગવાનના શ્રીચરણકમલોનો સ્પર્શ મળ્યા કરે જેમાં મારું કલ્યાણ વસ્તુ છે. (૧૬)

સખ્યભક્તિ શ્રીલક્ષ્મણાજી

लक्ष्मणोवाच-ममापि राज्ञ्यच्युतजन्कर्म श्रुत्वा मुहुर्नारद गीतमास ह ।
चित्तं मुकुन्दे किल पद्महस्तया-वृतः सुसम्मृश्य विहाय लोकपान् ॥ १७ ॥

શ્રીલક્ષ્મણાજી બોલ્યાં કે રાણી દ્રૌપદીજી ! શ્રીનારદજીના શ્રીમુખે મેં વારંવાર ભક્તોના ઉદ્ધાર માટે ભગવાનનો જન્મ અને ભક્તોના હિત માટે ભગવાનનાં કર્મની ગુણગાથા સાંભળી હતી. તેથી મારું મન મુકુન્દમાં મુગ્ધ થયું હતું તેથી સંપૂર્ણ પણે વિચારી સ્વયંવરમાં દીપની માફક કરમાં કમલ લઇ વિચરતી સર્વ લોકપાલોને ત્યજીને ભગવાન શ્રીકૃષ્ણને હું વરી છું. (૧૭) હે સાધ્વી ! દ્રૌપદીદેવી ! મારા પુત્રીવત્સલ પિતાજી શ્રીબૃહત્સેનજીએ મારો મત શ્રીકૃષ્ણને વરવાનો જાણીને એક એવો ઉપાય યોજ્યો કે જે ઉપાયથી મને શ્રીકૃષ્ણ પ્રભુ પ્રાપ્ત થાય. (૧૮) રાણી આ ઉપાયનું નામ હતું મત્સ્યવેધ. જુઓ રાણી ! આપના સ્વયંવરમાં વીરા અર્જુનજીને આપવા માટે મત્સ્યવેધ યોજ્યો હતો તેવો જ મારે માટે

પણ મારા પિતાએ યોજ્યો. પરંતુ આ બન્ને મત્સ્યવેધના પ્રકારમાં ફરક હતો. કે તમારા સ્વયંવરમાં મત્સ્ય બહાર થાંભલા ઉપર સ્પષ્ટ દેખાતો હતો અને તેને નીચે જલમાં જોઇએ ઉપર વેધવાનો હતો. તે સહેજે જોઇ શકાય તેમ હતું પરંતુ આ સ્વંયવરમાં પ્રકાર એવો હતો મત્સ્યવેધ ઉપર અને સ્તંભના મૂલમાં રાખેલા જલના કલશમાં નજર નીચે રાખવાની હતી. તેમાં પણ મત્સ્ય વસ્ત્રમાં ઢાંકેલો હતો. તે મત્સ્યને જોઇને ઉપર બાણ ફેંકવાનું કામ કઠિન હતું. ભગવાન શ્રીકૃષ્ણચદ્ર વિના આ વેધ કોઇનાથી શક્ય ન હતો. (૧૯) રાણી ! મત્સ્યવેધની વાત જાણી એક કરતાં એક ચડિયાતા રાજાઓ પોતાના આચાર્યોને સાથે લઇને મત્સ્યવેધમાં ઊમટી પડ્યાં હતા. આ આવેલા રાજાઓ શાસ્ત્રજ્ઞાનમાં નિપુણ હતા આ પ્રમાણે દશે દિશાઓમાંથી નૃપતિઓ ઊતરી આવ્યા હતા. (૨૦) પધારેલા નૃપતિઓની વય, વીર્ય, કુલ વગેરેના મોભા પ્રમાણે મારા પિતાએ સર્વનાં બહુમાન-સત્કાર કર્યા. ત્યાર પછી મને મેળવવાની બુદ્ધિવાળા તે રાજાઓ સભામાં અભિમંત્રિત કરીને રાખેલાં બાણ અને ધનુષ્ય હતાં તેને લેવા લાગ્યા. (૨૧) કેટલાક રાજાઓએ તો ધનુષ્ય હાથમાં લઇને જ મૂકી દીધું ત્યારે વળી કેટલાક ધનુષ્ય ઉપર પ્રત્યંચા જ ન ચઢાવી શક્યા. જ્યારે કેટલાકે કોણી સુધી ખેચ્યું તો ખરું તો છટકી જતાં જાતે જ નીચે પડ્યાં અને પ્રાણ છૂટી ગયા. (૨૨) જ્યારે અન્ય માગધ જરાસંધ, ભગદત્ત અમ્બષ્ઠ, શિશુપાલ ચેદિય, ભીમ, દુર્યોધન અને કર્ણ સમા વીરો પણ સ્વયંવરમાં આવ્યા હતા. પરંતુ મત્સ્યની સ્થિતિ જ ના જાણી શક્યા. (૨૩) જ્યારે અર્જુનજી જલમાં મત્સ્યનું પ્રતિબિંબ જોઇ શક્યા. અને તે અમુક સ્થાને છે એમ માની સાવધાની પૂર્વક બાણ છોડ્યું, તે બાણ મત્સ્યને સ્પર્શી શક્યું પણ વેધી ના શક્યું. (૨૪) આ પ્રમાણે અભિમાની રાજાઓના માનનો ભંગ થતાં જ સ્વયંવરસભામાંથી જ શરમાઇને ચાલ્યા ગયા. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે ધનુષ્ય હાથમાં લઈ રમત રમતમાં પ્રત્યંચા ધનુષ્યમાં પરોવી દીધી. (૨૫) સજ્જ કીધેલા ધનુષ્યમાં બાણ પરોવી દીધું, અનુસંધાન કર્યું અને અભિજિત નક્ષત્ર આવતાં જ એક જ વાર કલશના જલમાં મત્સ્યને જોઇને બાણ છોડી મત્સ્યવેધ કરી નાખ્યો. (૨૬) ત્યારે જય હો જય હો, દ્વારિકાધીશ કી જય હો એમ સર્વ ગાવા લાગ્યા અને સાથોસાથ દુન્દુભિનાદ થવા લાગ્યાં તેમજ હર્ષવિભોર બનેલા દેવગણો દુન્દુભિનાદ કરવા લાગ્યા. (૨૭)

પરિષદ-સભામંડપમાંથી મંગલમંડપમાં પ્રવેશ

રાણી ! સુવર્ણે મઢેલી તેજોમય મણિરત્ન માલા હાથમાં લઈ, મધુર મધુર રણકાર કરતી ઘૂઘરીઓવાળાં નૂપુર પહેરી પગે ચાલતી નવી બે દૂકૂલની સાડીઓમાંથી એક ધારણ કરી એકને ઓઢી, કુસુમોની ગૂંથેલી વેણી કેશની વેણીમાં સજાવીને લજ્જા અને સ્મિતભર્યા વદને લગ્નમંડપમાં મેં પ્રવેશ કર્યો. (૨૮) ભરાવદાર અલકાવલીથી મુખ છવાતાં જરા ઉપર કરી, કુંડલ કાન્તિથી કપોલને ઉજ્જવલ કરતી, શીતલ હાસ્ય અને શુદ્ધ કટોક્ષોના વિલાસથી ધીરે ધીરે ચારે બાજુના નરેશોને નિરખતી શ્રીકૃષ્ણમાં જ મનના અનુરાગ વાળી મેં કરકમલની માલાને શ્રીમુરારિજીના કંઠમાં પધરાવી દીધી. (૨૯) ત્યાં તો ધનાધન મૃદંગ-પટહ-શંખ-ભેરી-આનક નામનાં નગારાઓના નાદ થવા લાગ્યાં. નટ-નતર્કીઓનાં નૃત્ય થવા લાગ્યાં અને ગાયોકો ગાન કરવા લાગ્યાં. (૩૦) હે યાજ્ઞસેની ! હે દ્રૌપદી ! આ પ્રમાણે જ્યારે સમર્થ શ્રીકૃષ્ણ ભાગવાનને હું વરી ત્યારે સ્પર્ધામાં ઉતરેલા નૃપજૂથો કામે પીડેલા મારા આ વરણને સાંખી ના શક્યા. ભગવાને આ અવસરે ચાર અશ્વરત્નોએ જોતેલા પોતાના રથમાં મને પધરાવી, ચતુર્ભુજ પ્રભુ શાર્ઙ્ગ ધનુષ્ય સજી, કવચ ધારણ કરી યુદ્ધ માટે સજ્જ થઇ ગયા. (૩૧,૩૨) રાણી દ્રૌપદી ! ભગવાનના સારથિ દારુકે સુવર્ણે મઢેલા સ્યન્દન-રથને ચલાવ્યો. રાણી ! જાણે આ અવસરે કોઇ સિંહ જાણે હરણોને ઉપેક્ષાથી નિહાળતો હાલ્યો જાય તેમ ભગવાન પણ નરેશોને નિરખતા ચાલ્યા જતા લાગ્યા. (૩૩) રાણી ! કેટલાક રાજાઓ ધનુષ્યબાણ હાથમાં લઇ સજ્જ થઇ શ્વાન જેમ સિંહને રોકવા ભોં ભોં કરી ભસવા મંડી રોકવાનો વ્યર્થ પ્રયાસ કરે તેમ ભગવાનને રોકવાની નિરર્થક ચેષ્ટા કરવા લાગ્યા. (૩૪) ત્યારે મુરારિ ભગવાનના શાર્ઙ્ગ નામના ધનુષ્યમાંથી નીકળતાં બાણોથી રાજાઓના હાથ, પગ, ગરદન કપાવા લાગ્યાં. જ્યારે કેટલાકે તો રણસંગ્રામ પડતો મૂકી ચાલતી પકડી. (૩૫) બીજી બાજુ શ્રીલક્ષ્મણાજીની સાથે શ્રીકૃષ્ણ ભગવાને શ્રીદ્વારિકામાં પ્રવેશ કર્યો. દ્વારિકા નગરીની હવેલીઓ ઉપર ધ્વજો અને તોરણો સૂર્યને ઢાંકી દેતાં હતાં. સૂર્ય ભગવાન જ્યારે અસ્તાચલ પર્વતમાં પોતાને આંગણે પધારે છે ત્યારે ભૂમિ અને સ્વર્ગમાં માનવો અને દેવો અર્ઘ્યદાન

અને સૂર્યની જેમ સ્તુતિ-ઉપાસના કરે છે એવી જ રીતે સ્વર્ગ અને પૃથ્વીમાં પ્રતિષ્ઠા પામેલી શ્રીદ્વારિકાપુરીમાં ભગવાને અસ્તકાલે પ્રવેશ કર્યો. (૩૬) આ અવસરે મારાં પિતા-માતાજીએ સ્વયંવરમાં પધારેલા સ્વજન-સ્નેહીજન કુટુંબીજનને તેમજ મિત્રજનને અમૂલ્ય વસ્ત્રો, અલંકારો, શય્યા, આસન અને રાચરચીલાં વગેરે માનપૂર્વક સત્કાર કરી આપ્યાં. (૩૭) રાણી ! ભગવાન શ્રીકૃષ્ણ તો પરિપૂર્ણ છે એમને આપવાનું શું હોય ? પરંતુ ભગવાનમાં થયેલી પોતાની ભક્તિને વશ થતા મારા પિતાજીએ ભાવવિભોર થઈ સર્વ પ્રકારના અલંકારોથી સજાવેલી સેવિકાઓ, સર્વ સમ્પત્તિઓ, યોદ્ધાઓ, હાથીઓ, ઘોડાઓ તેમજ સર્વ પ્રકારનાં આયુધો વગેરે સમર્પણ કર્યાં. (૩૮) બહેની દ્રૌપદી ! સગં ત્યજી શક્ય તપ આચરી અમે તો તે આત્મારામ ભગવાન શ્રીકૃષ્ણની ગૃહદાસીઓ બની છીએ. (૩૯) હવે પ્રભુચરણે સમર્પણ કરી ચૂકેલાં સોળ હજાર મહારાણીઓ અને મુખ્ય રોહિણી રાણી નિવેદન કરતાં બોલ્યાં કે દ્રૌપદી બહેન ! નરકાસુરે દિગ્વિજય કર્યો અને અમને સર્વ રાજકન્યાઓને, કારાગૃહમાં પૂરી રાખ્યાં હતાં, ત્યાં ભવસાગરમાંથી પાર કરનાર શ્રીકૃષ્ણ ભગવાનનું નિત્ય સ્મરણ કરતાં હતાં, ત્યારે અમારી કઠિન અને કરુણ દશાને જાણીને ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં પૂર્ણકામ હોવા છતાં સમરાંગણ માં નરાકાસુરનો સપરિવાર નાશ કરી અમને મુક્ત કરી અમરાં પાણિગ્રહણ કર્યાં. (૪૦) રાણી ! અમે તે શ્રીકૃષ્ણ પાસે માગીએ છીએ કે નથી તો અમે ચક્રવર્તી પદ ચાહતાં, નથી સ્વરાજ્યની વાંછા કરતાં, નથી આત્મારામ પદ ચાહતાં, નથી સાયુજ્યની કામના, તો નથી બ્રહ્માંડના અધિપતિપદની લાલસા અને નથી મોક્ષની ઈચ્છા, કેવલ શ્રીકૃષ્ણ વિના ભોગની પણ લાલસા નથી, (૪૧) સદાસર્વદા ભગવતી શ્રીલક્ષ્મીજીના હૃદયદેશે લગાવેલા કેશરી ચંદનના સુવાસવાળા ભગવાન ગદાધારી શ્રીકૃષ્ણની સર્વ શ્રેષ્ઠ ચરણરજને માત્ર અમારા મસ્તકે ધારણ કરવા ઈચ્છીએ છીએ. (૪૨) વ્રજવનિતાઓ જેમ ગાયો ચરાવતા ગોવિંદના પાદપદ્મના સ્પર્શની કામના સેવે છે અને શ્રીવ્રજરાજનાચરણની રજને જેમ વનવાસીની પુલિન્દીજીઓ અને ગોપજનો વાંછે છે અને વ્રજનાં તૃણ અને લતાઓ કૃષ્ણપાદરજ ચાહે છે અમે પણ તે જ વાંછા રાખીએ છીએ. (૪૩)

व्रजस्त्रियो यद् वांछन्ति पुलिन्द्यस्तृणवीरुधः । गावश्चारयतो गोपाः पादस्पर्शं महात्मनः ॥ ४३ ॥

શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ ઉત્તરાર્ધની નિરોધ લીલા સાત્ત્વિક પ્રકરણના ફલ પ્રકરણમાં અધ્યાય ૮૩ મો સમાપ્ત

અધ્યાય - ૮૪ મો

(આ અધ્યાયમા સાત્ત્વિક પ્રકરણની સમાપ્તિ થાય છે. ભગવાન કુટુંબીજનોનો અને ભક્તજનોનો નિરોધ કરે છે. શ્રીવસુદેવજીની અને શ્રીદેવકીજીની સર્વ કામનાઓ પરિપૂર્ણ કરે છે. આ અધ્યાય ધર્મી અધ્યાય છે. આમાં ૭૨ શ્લોકો છે, અનેક કથા પ્રસંગો છે.)

મંગલ અધિવેશનની ફલશ્રુતિ

श्रीशुक उवाच - श्रुत्वा पृथा सुबलपुत्र्यथ याज्ञसेनी--माधव्यथ क्षितिपपत्न्य उत स्वगोप्यः ।
कृष्णेऽखिलात्मनि हरौ प्रणयानुबन्धं--सर्वा विसिस्म्युरलमश्रुकलाकुलाक्ष्यः ॥ १ ॥

શ્રીશુકાચાર્ય મહારાજે કહ્યું કે રાજન્ ! શ્રીકુન્તીમાતા, સુબલરાજતનયા શ્રીગાંધારીજી, યજ્ઞસેનરાજ પુત્રી શ્રીદ્રૌપદીજી, મધુવંશકન્યા શ્રીસુભદ્રાજી, રાજાઓની મહારાણીઓ અને નિગુર્ણ એવાં શ્રીકૃષ્ણનાં પ્રિય શ્રીગોપીજનોએ જ્યારે ભગવાનની આઠ પટરાણીઓ અને રોહિણી વગેરે રાણીઓના શ્રીકૃષ્ણ ભગવાનમાં સ્નેહના દૃઢ બંધનવાળાં ચરિત્રોનું શ્રવણ કર્યું ત્યારે ખૂબ જ વિસ્મિત થયાં તેમજ સ્નેહાશ્રુ નયનમાં ભરાઈ આવ્યાં. (૧) આ દિવ્ય અધિવેશનમાં પ્રથમથી પધારેલાં જે સ્વજનો હતા તેમાં સ્ત્રીઓ અને પુરુષો સાથે પુરુષોની મધુર ગોષ્ઠીએ કૃષ્ણગાથાઓ થઈ રહી હતી ત્યાં શ્રીબલભદ્રજી અને શ્રીકૃષ્ણનાં દર્શનની આકાંક્ષાવાળા મુનિવરો પધાર્યા. (૨)

ઋષિવરોનાં પાવનકારી નામ

द्वैपायनो नारदश्च च्यवनो देवलोऽसितः । विश्वामित्रः शतानन्दो भरद्वाजोऽथ गौतमः ॥ ३ ॥
रामः सशिष्यो भगवान् वसिष्ठो गालवो भृगुः । पुलस्त्यः कश्यपोऽत्रिश्च मार्कण्डेयो बृहस्पतिः ॥ ४ ॥

શ્રીવ્યાસમહર્ષિ, શ્રીનારદ દેવર્ષિ, મુનિ ચ્યવન.દેવલ મુનિ, અસિત મુનિ, વિશ્વામિત્ર મુનિ, શતાનંદ ઋષિ, ભરદ્વાજ મુનિ અને શ્રીગૌતમ ઋષિ આ નવ ઋષિના સાત્ત્વિક ઋષિઓમાં નિવેશ છે. (૩) શિષ્યો સાથે શ્રીપરશુરામ ભગવાન વસિષ્ઠગુરુ ગાલવ મુનિ, ભૃગુ ઋષિ, પુલસ્ત્ય મુનિ, કશ્યપ ઋષિ, માર્કણ્ડેય મુનિ, બૃહસ્પતિ ગુરુ આ નવ રાજસ મુનિઓ હતા. (૪) દ્વિત, ત્રિત, એકત, બ્રહ્માજીના નવ પુત્રો, અથવા અંગિરા ઋષિ અથવા સનતકુમારો, અથવા સર્વ કુમારો, અગસ્ત્ય મુનિ, યાજ્ઞવલ્ક્ય ઋષિ, વામદેવ વગેરે અનેક ઋષિઓ પણ પ્રભુદર્શને પધાર્યા. (૫) રાજન્ ! પધારેલા ઋષિમુનિઓનાં દર્શન થતાં જ પ્રથમથી આવેલા અને વાર્તાલાપ કરવા બેઠેલા નૃપતિઓ અને અન્યજનો તેમજ પાંડવો, શ્રીકૃષ્ણ અને શ્રીબલભદ્રજી વગેરે વિશ્વવંદ્ય એવા સર્વ મુનિવરોને નમી પડ્યા. (૬) આ અવસરે શ્રીબલભદ્રજી ભૈયા સાથે ભગવાન શ્રીકૃષ્ણે પધારેલા સર્વ મુનિવરોનું આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, પુષ્પ, ધૂપ, દીપ, ચંદન વગેરે અર્ચનની સામગ્રીથી અર્ચન કર્યા અર્ઘ્યના અર્ચન સ્વીકારી નિજ નિજ આસને મુનિજન સુખપૂર્વક બિરાજ્યા ત્યારે વળી સર્વ સભા પણ કાંઇક સાંભળવા માટે શાંત બની બેસી ગઇ ત્યારે ઋષિવરોને ઉદ્દેશીને ભગવાન ધર્મનું રક્ષણ કરનારા અને સમર્થ હોઇ નિવેદન કરવા લાગ્યા. (૮)

ભગવાને આત્મચર્ચા માટે કરેલ પૂર્વ પક્ષના પાંચ શ્લોકો : સર્વેશ્વર શ્રીહરિએ કરેલાં મુનિજનોનાં બહુમાન

ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા કે મુનિવરો ! ખરેખર આજ અમારો જન્મ સફળ થયો. જન્મ લેવાનું ફલ ભારોભાર પ્રમાણમાં આજ અમને મળ્યું. આપનું દર્શન તો યોગેશ્વરોને પણ દુર્લભ છે તે આજ અમને દર્શન થયાં. (૯) હે મુનિવરો ! જેમની પાસે અલ્પ તપ છે તેવા મનુષ્યો તો અર્ચા-પ્રતિમામાં જ દેવદષ્ટિવાળા હોય છે. તેથી તેઓ જેમના મુનિવરોનાં દર્શન, જેમનો સ્પર્શ જેમની સાથે વાર્તાલાપ, પ્રશ્ન, પ્રણામ, પાદસેવન વગેરે કરી શકીએ છીએ તેમને ભજતા જ નથી. (૧૦) ગંગાદિ તીર્થો કાંઇ જલનાં જ બનેલાં નથી તેમાં દેવત્વ છે જ, ન તો દેવો માટીમાંથી પથ્થર બનાવીને બનાવ્યા છે પરંતુ તે દેવો જ છે. માત્ર તફાવત એટલો જ છે, તીર્થોમાં તપ કરી તીર્થત્વ પ્રકટ કરવું પડે છે અને દેવોની પ્રતિમાઓમાં દેવત્વ પ્રકટ કરવું પડે છે તેથી વિલંબે ફળે છે. મુનિવરો અને ઋષિવરોમાં અને સંતોમાં દેવત્વ સદા પ્રકટ છે તેથી તેઓ દર્શનથી જ પાવન કરે છે. (૧૧) સંભવ પ્રમાણે અગ્નિ, સૂર્ય, ચન્દ્ર, તારા, પૃથ્વી, જલ, આકાશ, વાયુ, મન, વાણી, એ સર્વને ભગવાનની વિભૂતિ એવું ન જાણી ભેદદષ્ટિથી ઉપાસના કરીએ છીએ તેથી તેઓ અજ્ઞાનનું નિવારણ કરી શકશે નહીં. કેવલ ભગવદ્ભાવથી ઉપાસના કરીએ તો પાપને દૂર કરશે. જ્યારે સાધુજનની, જ્ઞાનીજનની, માત્ર એકાદ મુહૂર્ત કાળ જેટલી પણ સેવા કરીએ તો તેઓ અજ્ઞાનને હટાવી દે છે. (૧૨) મુનિવરો ! શુ ઝાઝું કહું ! જેમની વાત-પિત્ત-કફથી બનેલા ચેતનારહિત એવા દેહમાં આત્મબુદ્ધિ છે, સ્ત્રી-પુત્ર-કલત્ર-મિત્ર વગેરેમાં સ્વીયપણું-પોતાનાં છે એવી મતિ રહેલી હોય છે, અને ભૂમિના જ વિકારરૂપ પદાર્થોમાં જેની પૂજ્યબુદ્ધિ છે તેમજ જલમાં જ તીર્થબુદ્ધિ રાખે છે, પરંતુ જ્ઞાની ભક્તજનમાં આત્મીયભાવ અને પૂજ્યભાવ નથી પેદા થયો તેને વિવેકીજનોએ બુદ્ધિહીન બળદ જેવો માન્યો છે. (૧૩)

ઋષિ-મુનિઓએ નિવેદન કરતાં સિદ્ધાંતવાક્યોના છ શ્લોકો

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! તેજસ્વી અને તીક્ષ્ણ બુદ્ધિવાળા ભગવાન શ્રીકૃષ્ણનાં વાક્યોને સાંભળીને પધારેલા વિપ્રવરો અને મુનિવર્યોની મતિ મૂંઝાવા લાગી. તેઓ સમજી ના શક્યા કે ભગવાનનાં આ પૂર્વપક્ષાનાં વાક્યો છે કે સિદ્ધાંતવાક્યો છે તેથી વાક્યોનો મર્મ ના સમજી શક્યા અને કેવલ મૂક બનીને બેઠા. (૧૪) અંતે ભગવાનની કૃપા થતાં તેઓ નિર્ણય ઉપર આવી શક્યા કે આ ભગવાનનાં સિદ્ધાંતવાક્યો નથી પરંતુ સમર્થ એવા પુરુષોમાં વસેલી ઈશિતવ્યતા - આધીનતા, નમ્રતા કે દીનતા અથવા તો લોકસંગ્રહ પૂરતાં વાક્યો હોય છે એમ સ્પષ્ટ જાણીને સ્મિત હાસ્ય કરતા કરતા જગદ્ગુરુ શ્રીકૃષ્ણને નિવેદન કરવા લાગ્યા કે આપ સર્વેશ્વરના શ્રીમુખે આવાં દીન વાક્યો જ દીપે. (૧૫)

મુનિવરોએ નિવેદન કર્યું : નાથ ! અમે વિશ્વનું નિર્માણ કરનાર કશ્યપ, કર્દમ, દક્ષ વગેરે જે પ્રજાપતિઓ છે તેમના પણ ઉપદેશકો છીએ-તેમના પણ નિયામકો છીએ એટલું.જ નહીં. પણ તત્ત્વવેત્તાઓમાં પણ અમે ઉત્તમ છીએ તે પણ

જ્યારે આપની માયાથી અતિશય ઠગાઈ ગયા અને આપનાં વચનોનો મર્મ ના સમજી શક્યા કે સર્વ સમર્થ આપ ભગવાન કેવલ ગુપ્ત રહી, મનુષ્ય જેવી આકૃતિમાં રહીને એક સાધારણ જન જેવી દીનતાને બતાવી-દર્શાવી રહ્યા છો ત્યારે ખાતરી થાય છે કે ભગવાનની લીલા સમજવી ખરેખર અશક્ય છે. (૧૬) પૃથ્વી જેમ એક છે પરંતુ ભૂમિમાંથી બનેલી અનેક વસ્તુઓને લીધે અનેક આકાર-નામવાળી બને છે, તેવી જ રીતે આપ પણ એક જ છો, વળી ક્રિયા રહિત છો પણ અનેક પ્રકારના જગતને ઉત્પન્ન કરો છો, ઉત્પન્ન કરેલા વિશ્વની રક્ષા કરો છો. પુનઃ સર્વને પોતાનામાં સમેટી લો છો. આવી સર્વ ક્રિયાઓ કરવા છતાં એના બંધનમાં નથી આવતા. અને એ સર્વના દોષોથી આપ દૂષિત કે દોષવાળા નથી થતા ત્યારે લાગે છે કે આપની લીલા ઘણી વિચિત્ર છે તેમજ અનુકરણ માત્ર છે. (૧૭) આપ નિર્વિકાર છો છતાં જ્યારે અવસર ઊભો થાય છે ત્યારે કે ભક્તો ઉપર ભીડ આવી પડે છે ત્યારે ખલોનો નિગ્રહ કરવા માટે વિશુદ્ધ સત્વગુણને ધારણ કરીને અવતાર ધારણ કરો છો. અને સનાતન વેદમાર્ગની અનાયાસે રક્ષા કરો છો. આપ વર્ણ તથા આશ્રમ સ્વરૂપ બનીને રહો છો તો પણ એનાથી પર પુરુષ પણ આપ જ છો. (૧૮) ભગવન્ ! વિશુદ્ધ જે બ્રહ્મતત્ત્વ બ્રાહ્મણ સ્વરૂપે બને છે તે આપનું હૃદય છે માટે તેમાં તે બ્રહ્મતત્વમાં તપ, સ્વાધ્યાય અને સંયમ વસેલાં છે. અને તપ-સ્વાધ્યાય વગેરેને કારણે તેમાં સદ્રૂપ બ્રહ્મ પ્રકટ થાય છે. આ પ્રકટ થતું સદ્રૂપ બ્રહ્મ છે તે અક્ષરબ્રહ્મ છે અને તે બ્રાહ્મણમાં રહે છે પરંતુ આપ તો અક્ષર બ્રહ્મથી પર પુરુષોત્તમ છો. (૧૯)

तस्माद् ब्रह्मकुलं ब्रह्मन् ! शास्त्रयोनेस्त्वमात्मनः । सभाजयसि सद्धाम तद् ब्रह्मण्याग्रणीर्भवान् ॥ २० ॥

હે શાસ્ત્રયોને ! આપ તો શાસ્ત્રના-વેદના કારણરૂપ એટલે યોનિ છો તેથી જ આપને શાસ્ત્રયોનિ કહ્યા છે. હે બ્રહ્મન્ ! આ સદ્રૂપ અક્ષરબ્રહ્મના આશ્રય આપ જ છો. હવે નાથ ! આ જે બ્રહ્મકુલ છે એટલે બ્રાહ્મણો છે તે આપની આજ્ઞાથી વેદોને ધારણ કરે છે તેથી આપના સદ્બ્રહ્મને, વેદોને અને શાસ્ત્રોને ધારણ કરનારા બ્રાહ્મણોને આપ બહુમાન આપો છો, અર્ચન કરો છો એથી તો આપને બ્રહ્મણ્યમાં અગ્રેસર એટલે બ્રાહ્મણોની રક્ષા કરનારાઓમાં-બ્રાહ્મણોનાં સન્માન કરનારઓમાં અગ્રેસર માન્યા છે. માટે જ આપને नमो ब्रह्मण्यदेवाय - કહીને નમસ્કાર કરીએ છીએ. (૨૦)

ષડ્ઐશ્વર્યપૂર્ણ પુરુષોત્તમને છ શ્લોકોમાં પ્રણામ અને નાથનાં ગુણગાન

अद्य नो जन्मसाफल्यं विद्यायास्तपसो दृशः । त्वया सङ्गम्य सद्गत्या यदन्तः श्रेयसां परः ॥ २१ ॥

नमस्तस्मै भगवते कृष्णायाकुण्ठमेधसे । स्वयोगमाययाच्छन्नमहिम्ने परमात्मने ॥ २२ ॥

નાથ ! હે શ્રીકૃષ્ણ ! અમે અધિક શું કહીએ ! પરંતુ सद्गत्या સંતોને મેળવવાની જે ઉત્તમ વસ્તુ છે તે તો આપ છો એવા त्वया આપશ્રીને सङ्गम्य ઘણી જ સરલતાથી, શ્રમ વિના અમે પામ્યા છીએ. નાથ ! श्रेयसां यद् अन्तः કલ્યાણોનો જે અન્ત એટલે જ સમાપ્તિ છે તે આપ જ છો કારણ આપ જ परः પર છો. માટે આવા પુરુષોત્તમને પામ્યા તેથી अद्य આજે नः અમારા जन्मसाफल्यं જન્મની સફલતા મળી, विद्यायाः साफल्यं વિદ્યાની સફળતા થઇ, तपसः साफल्यम् અમારી તપશ્ર્ચાની સફલતા થઇ અરે નાથ दृशः આ અમારી સભાગિણી આંખો પણ આપની ઝાંખી કરીને સફલ થઇ. (૨૧) હે શ્રીકૃષ્ણ ! અમે કાંઇ પણ અધિક કહી શકીએ એમ લાગતું નથી પરંતુ સંકુચિત બુદ્ધિવાળા, તીવ્રબુદ્ધિવાળા, તેમજ પોતાના મહિમાને-સામર્થ્યને-સ્વરૂપને પોતાની યોગમાયા નામની શક્તિથી છુપાવી રાખનારા પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનને અમે ઋષિમુનિઓ નમન કરીએ છીએ. (૨૨) હે શ્રીકૃષ્ણ ! આ બધા નૃપતિઓ અને જન્મથી આરંભી આજ સુધી એક સ્થાને રહેલા અને રમેલા આ યાદવો પણ આપને નથી ઓળખતા એમાં નવાઇ નથી. કારણ કે આપ તો આત્મારૂપે, કાલરૂપે અને ઈશ્વરરૂપે આમ ત્રણે પ્રકારે માયા નામના ટેરાની પાછળ છુપાઇને રહ્યા છો. (૨૩) નાથ ! અમારી સમજ અનુસાર નિદ્રા અને માયા અથવા અવિદ્યાનો સ્વભાવ સમાન ભાસે છે. જેમ કે નિદ્રામાં રહેલા જીવાત્મા-પુરુષ નામ-ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષયોને સત્ય-તથ્ય માને છે કારણ કે તેણે સ્વપ્નમાં જોયેલા પદાર્થોને પોતાનો આત્મા સમજે છે પરંતુ તે આત્માનો અનુભવ કરતો નથી. એ તો એની આત્માના આભાસની પ્રતીતિ થાય છે, તેવી જ રીતે અવિદ્યાથી તેને પરમાત્માનો અનુભવ થતો નથી. (૨૪) જેમ સ્વપ્નના દેહનો આત્મા આ દેહ છે,

તેવી જ રીતે આ દેહનો આત્મા ભગવાન છે. પરંતુ નામ, વિષયો અને ઇન્દ્રિયોની ક્રિયા સ્વરૂપ માયાથી માનવના ચિત્તમાં ભ્રમ પેદા થઇ જવાથી તે ભગવાનને જાણી શકતો નથી. જીવની સ્મૃતિ તો જન્મ અને મરણની પરંપરામાં પડી જવાથી જતી રહી છે તેથી આપ અહીં ભગવાન સાક્ષાત્ બિરાજો છો તો પણ નથી જાણી શક્તો કે નથી જોઇ શક્તો. (૨૫) હે શ્રીકૃષ્ણ ! આજ તો પરમ આનંદનો દિવસ છે કે ઉપર વર્ણવેલા એવા આપ ભગવાનનાં શ્રીચરણોનાં અમે દર્શન કરી રહ્યા છીએ. આપનાં આ શ્રીચરણોનો અઘઓઘ-પાપરાશિનો નાશ કરનાર સર્વોત્તમ શ્રીગંગાજી નામના તીર્થનું ધામ છે; કારણ કે ગંગાજી તેમાંથી પ્રકટ્યાં છે. ભગવન્ ! પરિપકવ યોગોથી યોગીજનોએ આપનાં આ શ્રીચરણોને મનમાં જ ઝાંખી કરી છે ! અરે પ્રભો ! આપની કૃપાથી જ જ્યારે ઊછળતી ઉભરાતી, છલકાતી ભક્તિના પૂરપ્રવાહથી જ્યારે અન્તઃકરણ ધોવાય અને લિંગ દેહનો નાશ થાય ત્યારે જ આ શ્રીચરણોની સેવા સાંપડે છે. તે નાથનાં અમને અનાથ મુનિજન-નૃપજન-સાધારણ જનને પ્રાપ્તિ થઇ. આ કયાં પુણ્યોનો ઉદય થયો હશે ! નારે ના ! આ કાંઇ કોઇ પુણ્યની કમાણી નથી, આ તો કેવલ આપની કૃપાની લહાણી છે. (૨૬)

પ્રસ્થાનવિચાર

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજર્ષિ પરીક્ષિત ! ત્યારબાદ શ્રીકૃષ્ણ ભગવાનને, શ્રીયુધિષ્ઠિરજીને, તેમજ ધૃતરાષ્ટ્રજીને નિવેદન કર્યાં કે પ્રભુ આપ સર્વ અમને આશ્રમોમાં જવાની અનુમતિ આપો. (૨૭) રાજન્ ! મુનિવરોના મંગલ પ્રસ્થાનની વાત જાણીને મહાન યશસ્વી શ્રીવસુદેવજી તે મુનિવરોની નિકટમાં આવીને ચરણોમાં પ્રણામ કરીને વિનયપૂર્વક નિવેદન કરવા લાગ્યા. (૨૮)

श्रीवसुदेव उवाच – नमो वः सर्वदेवेभ्यः ऋषयः श्रोतुमर्हथ । कर्मणा कर्मनिर्हारो यथा स्यान्नस्तदुच्यताम् ॥ २९ ॥

શ્રીવસુદેવજીએ કહ્યું કે હે ૠષિવરો આપ તો સર્વ દેવોનું નિવાસધામ છો. આપને પ્રણામ કરુ છું. આપ મારી વિનંતિને સાંભળો અને મને એવાં યોગ્ય પુણ્યાદિ કર્મો બતાવો કે જે સત્કર્મોથી કર્મોનો નાશ થાય. (૨૯) શ્રીનાદજીએ કહ્યું કે હે વિપ્રર્ષિઓ ! શ્રીવસુદેવજીએ કર્મથી કર્મશુદ્ધિ શી રીતે થાય એવો પ્રશ્ન કર્યો તેમાં નવાઇ નથી. શ્રી વસુદેવજીએ ભગવાનને પુત્ર ભાવે માગ્યા હતા અને ભગવાન પુત્ર સ્વરૂપે પધાર્યા છે તેથી જો પોતાના કલ્યાણને જાણવાની જિજ્ઞાસા ધરાવે તો તે પ્રશ્ન યોગ્ય જ છે. કારણ કે શ્રેયસ્‌જિજ્ઞાસા સર્વને હોવી જોઇએ. (૩૦) શ્રીવસુદેવવજીને તો તેમાં દોષ છે જ નહિ. તેમની પૂર્વજન્મમાં ભગવાનને પુત્ર બનાવવા માટે જ તપશ્ચર્યા હતી. આપ કહેશો કે નિત્ય ભગવાન સમીપમાં છે પછી કેમ ના ઓળખ્યા ? તો તેમાં આશ્ચર્ય શું ? અત્યંત સમીપમાં રહેવું એ પણ એક "અનાદર" નું નિમિત્ત છે. જુઓ ગંગાતટ પર રહેનારા ક્યાં નિત્ય ગંગામાં સ્નાન કરવા આવે છે ? તેમને જલના માહાત્મ્યનું ક્યાં જ્ઞાન છે ? તેથી તો શુદ્ધિ માટે અન્ય જલને શોધવા જાય છે. (૩૧) ને ભગવાનનું જ્ઞાન તો ત્રણે કાલમાં અબાધિત જ છે. વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ કે પ્રલય થાય તો પણ એ જ્ઞાન તો નાશ પામે જ નહીં, જીવનું સ્વતઃજ્ઞાન નાશ પામે છે બીજા આવરણથી નાશ પામે છે, તો વળી સત્વને બદલે તમોગુણ આવે તો પણ જ્ઞાન નાશ પામે છે કાલવિલંબથી પણ જ્ઞાન નાશ પામે છે, આ બધી અસર ભગવાનને નથી થતી. (૩૨) મુનિવરો ! માયાના મહાત્મ્યની વાત ક્યાં સુધી કહેવી ! મનુષ્ય જેમ સ્વાભાવિક રીતે ભગવાન સૂર્યને વાદળથી ઢંકાયેલા હિમથી નિસ્તેજ ઠંડા બનેલા અને રાહુથી ગળાયેલા માને છે પરંતુ એ સમજ સાચી નથી. વાદળ આપણી આંખ આગળ પડદો બને છે, શીતલતા આપણી કાયાને છવાય છે, ગ્રહણનો અંધકાર આપણી આંખને ઢાંકે છે તેવી જ રીતે ભગવાન તો અદ્વિતીય છે. વિકારરહિત છે, જ્ઞાનસ્વરૂપ છે તો પણ જીવ પોતાના અજ્ઞાનથી ભગવાનને કલેશ કર્મ, સુખ, દુઃખ-ત્રણ ગુણોની અસરવાળા, તેમજ પોતાનામાંથી ઉત્પન્ન થયેલા પ્રાણ-ઇન્દ્રિયાદિથી ઢંકાયેલા માની તેમને પણ સામાન્ય જીવ જેવા જ જાણે છે. શ્રીકૃષ્ણ ભગવાનને માટે પણ વસુદેવજીની આવી જ પરિસ્થિતિ છે. (૩૩) ત્યાર બાદ હે રાજન્ ! શ્રીનારદજી અને સર્વમુનિઓએ શ્રીવસુદેવજીને સાવધાન કરી શ્રીબલભદ્રજી, શ્રીકૃષ્ણચન્દ્રજી વગેરેના સાંભળતાં કહેવાનો આરંભ કર્યો. (૩૪)

કર્મથી કર્મનો પ્રકાર

શ્રીમુનિવરો બોલ્યા કે મહારાજ ! વસુદેવ ! આપે કર્મથી કર્મનો નાશ કેવી રીતે થાય એ પ્રશ્ન કર્યો છે તો હવે નાશનો પ્રકાર જે સર્વ મતવાળાઓએ નિશ્ચિત કર્યો છે તે સાંભળો ! આ એક જ પ્રકાર કર્મમાર્ગમાં છે કે સર્વ યજ્ઞોના સ્વામી યજ્ઞપતિ ભગવાન વિષ્ણુ છે. આ વિષ્ણુ ભગવાનનું યજન કરવામાં આવે તો યજ્ઞકર્મથી સર્વ કર્મોનો નાશ થઇ શકે છે. માટે યજ્ઞેશ્વર વિષ્ણુનું યજન કરવું જોઇએ. (૩૫) કવિઓએ એટલે વિવેકશીલ વિદ્વાનોએ વિત્તસમ્પન્ન શ્રધ્ધાળુ આત્માઓએ શાસ્ત્રદષ્ટિથી કર્મશુદ્ધિ માટે યજ્ઞને ઉપાય તરીકે બતાવ્યો છે. તેમજ અન્તઃકરણની શુદ્ધિ અને મોક્ષની પ્રાપ્તિ માટે પણ આ જ ઉપાય બતાવ્યો છે. (૩૬)

अयं स्वस्त्ययनः पन्था द्विजातेर्गृहमेधिनः । यच्छ्रद्धयाप्तवित्तेन शुक्लेनेज्येत पूरुषः ॥ ३७ ॥

ગૃહસ્થાશ્રમી દ્વિજજન માટે તો આ સરલ અને શ્રેષ્ઠ ઉપાય છે કે ન્યાય અને પરિશ્રમથી પ્રાપ્ત કરેલ નિર્દોષ દ્રવ્યથી શ્રદ્ધાપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણનું યજ્ઞાદિ દિવ્ય કર્મો દ્વારા યજન કરવું એ જ કલ્યાણકર છે. (૩૭) હવે જે માનવનેવિત્તેષણા-ધનકામનાને જીતેલા છે તે માનવ શુદ્ધ રીતે શ્રમ અને નીતિથી ધન મેળવીને તે પવિત્ર ધનથી યજ્ઞ, દાન, ભગવત્સેવામાં ધનનો વિનિયોગ કરે તેથી ''ધનેષણા'' જશે. પત્ની-પુત્રાદિની કામનાવાળા ગૃહસ્થજનો સ્વધર્મ પાલન કરી ભગવત્સેવામાં પરોવાઇ સ્ત્રી-પુત્રાદિ કામનાને જીતી જશે. હે વસુદેવજી ! જો સ્વર્ગાદિલોકની ઇષણા હોય તો દાન-પુણ્યાદિ કરી સ્વર્ગાદિ સુખ ભોગવી પુણ્યાદિ સુખ ભોગવી પુણ્યક્ષયે કાલે કરી પાછા આવી પરલોક-સુખ-લાલસાને જીતી જાય. એવી જ રીતે ધીરપુરુષો ગામમાં રહી કામનાઓનો ત્યાગ કરી પછીથી તપોવનમાં ગયા છે. (૩૮) હે શ્રીવસુદેવજી ! દ્વિજ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ વર્ણો યજ્ઞોપવીત ધારણ કરે છે તેથી તેમને દ્વિજ કહ્યા છે. આ ત્રણે વ્યક્તિ જન્મની સાથે માથે ત્રણ ઋણ લઇને આવે છે. આ ત્રણ ઋણનાં દેવ-ઋણ (૧) મનુષ્યઋણ (૨) અને પિતૃઋણ (૩) એવાં ત્રણ નામ છે. આ ત્રણ ઋણમાંથી મુક્ત થવા માટે યજ્ઞ, વેદોનું પઠન, અને દાન આ ત્રણ કાર્યો કરવાં પડે છે. આ ત્રણ કાર્યો કરી, ઋણમાંથી મુક્ત થયા વિના વનમાં જનારનું પતન થાય છે. (૩૯) હે વસુદેવજી ! આપ તો બુદ્ધિમાન છો. વેદાધ્યયન કરી લગ્ન કરી પુત્રજન્મ આપી તેમ જ દાન કરી આપ મનુષ્યઋણમાંથી અને પિતૃઋણમાંથી તો મુક્ત થયા છો. હવે યજ્ઞ કરીને આપને દેવોના ઋણમાંથી મુક્ત થવાનું અવશિષ્ટ રહ્યું છે હવે આપશ્રી યજ્ઞ કરો દેવોના ઋણમાંથી મુક્ત બનો ત્યારબાદ સર્વ ત્યાગ કરી શકશો. (૩૯,૪૦) હે વસુદેવજી ! આપશ્રી તો જગતના સ્વામી પરમેશ્વરનું પરાભક્તિથી પૂજન કરી ચૂક્યા છો તેથી તો તે ભક્તિવશ ભગવાન આપને આંગણે પુત્ર થઇ પધાર્યા છે. (૪૧)

પાવનભૂમિ કુરુક્ષેત્રમાં યજ્ઞદીક્ષા

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! મહામના શ્રી વસુદેવજીએ ઋષિવરોનાં વચનો સાંભળી પ્રસન્ન થઇ, ઋષિવરોને મસ્તક નમાવી નમસ્કાર કરી એમની સ્તુતિ કરી પુનઃ ઋત્વિજ તરીકે વરણ કર્યાં. (૪૨) હે રાજન્ ! ધાર્મિક રીતિને અનુસરીને ઋષિઓનું વરણ કર્યું. શ્રીવસુદેવજી ધાર્મિક હોવાથી ધર્મની વિધિમાં જરા પણ ઓછું વધતું કે ફેરફાર કર્યા વિના વિધિ કરવા લાગ્યા. અને ઋષિઓએ પણ જે મુખ્ય કલ્પ-પ્રકાર હતો તે પ્રમાણે જ યજ્ઞો દ્વારા ભગવાનનું યજન કરાવ્યું. (૪૩) શ્રીવસુદેવજીએ યજ્ઞની દીક્ષા લીધી. અને યજ્ઞવિધિ આરંભાયો ત્યારે રાજન્ ! સ્નાનાદિ મંગલ કાર્યો કરી ઉત્તમ વસ્ત્રો ધારણ કરી કંઠમાં કમલની માલા ધારણ કરી વૃષ્ણિ કુલના યાદવો યજ્ઞની સેવાઓમાં પરોવાયા તેમજ ઉત્તમ અલંકારોથી શોભતા રાજાઓ પણ યજ્ઞનાં અન્ય કાર્યોમાં સક્રિય બન્યા. (૪૪) શ્રીવસુદેવજીની પટરાણીઓ આનંદવિભોર બની ગયાં. કંઠમાં સુવર્ણની કંઠીઓ ધારણ કરી, ઉત્તમ વસ્ત્રો પહેરી, ચંદન-કેશરની અર્ચાઓ કરી, યજ્ઞની સેવાસામગ્રીઓ કરકમલમાં ધારણ કરી યજ્ઞશાલામાં પધાર્યાં. (૪૫) આ મંગલ અવસરે મૃદંગ નગારાં, શંખ, ભેરી, આનક વગેરે મંગલ વાજિંત્રના નાદ થઇ રહ્યા હતા, નટ અને નર્તકીઓનાં નૃત્ય થતાં હતાં, સૂત-માગધજનો સ્તુતિપાઠ કરી રહ્યા હતા. મધુર કંઠથી ગન્ધર્વ રાણીઓ ગંધર્વો સાથે ગાંધર્વ ગાન કરી રહ્યાં હતાં. (૪૬) યજ્ઞનો આરંભ થયો ત્યારે

વરણ પામેલા ઋત્વિજોએ દશ દીક્ષાઓમાં અંજન આંજવાના તેમજ દશવિધ સ્નાનના સંસ્કારો કરાવ્યા. આ અવસરે નક્ષત્રનાથ રાજા સોમ પોતાની નક્ષત્રરાણીઓ સાથે ઓંપે એવી જ રીતે અષ્ટાદશ રાણીઓ સાથે શોભતા શ્રીવસુદેવજીના ઉપર વિપ્રવર્યોએ અભિષેક આરંભ્યો. (૪૭) શ્રીવસુદેવે શ્રીઅંગ ઉપર મૃગચર્મ ધારણ કર્યું છે, તેઓશ્રીની શ્રીમતી પત્નીઓ દુકૂલ વસ્ત્રની સાડીઓ, હસ્તમાં રત્નનાં કંકણ, કંઠમાં રત્નના હાર, ચરણોમાં નુપૂર, કર્ણોમાં કુંડલ વગેરે શૃંગારોથી દીપતાં હતાં. (૪૮) હે મહારાજ પરીક્ષિત ! આ યજ્ઞમંડળમાં યજ્ઞના સભાસદો તેમજ વરણ પામેલ ઋષિઓનાં અંગો રત્નોની માલાઓ અને રેશમી વસ્ત્રો ધારણ કરી વિધિ કરાવતા હતા ત્યારે વૃત્રાસુરનો વધ કરી યજ્ઞદીક્ષામાં પરોવાયેલા ઈન્દ્રરાજાના ઋત્વિજોના જેવા શોભી રહ્યા હતા. (૪૯) ત્યારે બલભદ્રજી, શ્રીકૃષ્ણ ભગવાન પોતાના પુત્રો, પોતાની પત્નીઓ પોતાના પરિવાર સાથે જાણે પોતાની વિભૂતિઓ સાથે જીવ અને ઈશ શોભે તેવા શોભતા હતા. (૫૦) રાજન્ ! કોઈ પણ યજ્ઞનો ત્યાગ કર્યા વિના અગ્નિહોત્ર વગેરે વિવિધ લક્ષણોવાળા પ્રકૃતિયાગ અને વિકૃતિયાગ દ્વારા પ્રત્યેક યજ્ઞના વિધિને અનુસરીને પ્રત્યેક દ્રવ્યના જ્ઞાન અને ક્રિયાના ઈશ્વર ભગવાનનું પૂજન કરવા લાગ્યા. (૫૧)

યજ્ઞમાં ભૂરિ દક્ષિણા અને વિદાયમાન

જ્યારે યજ્ઞમાં દક્ષિણા આપવામાં આવી ત્યારે તો આનંદનો પાર ના રહ્યો. યજ્ઞના ઋત્વિજોને-વિપ્રોને યોગ્ય યોગ્ય સમયે જેમ શાસ્ત્રમાં કહેલ છે તે જ પ્રમાણે અને તેથી પણ વધુ પ્રમાણમાં તેઓને વસ્ત્ર-અલંકારોથી અલંકૃત કરી સુવર્ણ-રત્નની દક્ષિણાઓ, ગોદાન, ભૂદાન, કન્યાદાન અને મહાધનનાં દાન કર્યાં. (૫૨) પુનઃ પત્નીસંયાજ અને આવભૃથ્ય વગેરે યજ્ઞો કરાવીને યજમાનને પત્નીઓ સાથે અગ્રસર કરી વિપ્રર્ષિઓ મહર્ષિઓએ રામહ્દમાં યજ્ઞાન્ત અવભૃથ સ્નાન કરાવ્યાં અને કર્યાં. (૫૩) યજ્ઞાન્ત અવભૃથ સ્નાનવિધિ સમાપ્ત થતાં ઉત્તમ વસ્ત્રાલંકારો ધારણ કરીને શ્રીવસુદેવ મહારાજે તેમજ સ્નાનાદિ વિધિ કરી વસ્ત્રાલંકારોથી અલંકૃત બની વસુદેવ પત્નીઓએ બન્દીજનોને વસ્ત્રાલંકારોથી પ્રસન્ન કર્યા તેમજ સર્વ વર્ણોનો સત્કાર કરી, અન્તમાં ભૂરિભોજન કરાવતાં શ્વાનઅત્યંજથી આરંભી સર્વને વિવિધ અન્ન પકવાન્નનાં ભૂરિભોજન કરાવ્યાં. (૫૪) વિદર્ભ દેશ, કોશલ દેશ, કુરુદેશ, કાશી દેશ, કેકય દેશ, સૃંજય દેશ વગેરે દેશોથી પધારેલા રાજા-મહારાજા સ્વજનોને, બંધુજનોને, પરિવાર, સંતાન અને પત્નીઓ સાથે પારાવાર ભેટો આપી બહુ સ્નેહ કર્યો. (૫૫) તેમજ યજ્ઞના સદસ્યો, યજ્ઞના ઋત્વિજો, યજ્ઞના દેવગણો, નરવૃન્દ ભૂતગણ, પિતૃવૃન્દ ચારણજન વગેરેને અઢળક ધનાદિ આપીને સત્કાર્યા. ત્યાર બાદ તેઓએ શ્રીનિવાસ ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા લઈ યજ્ઞની પ્રશંસા કરતા કરતા પોતપોતાના સ્થાને પ્રસ્થાન આરંભ્યાં. (૫૬) શ્રીધૃતરાષ્ટ્રજી, શ્રીવિદુરજી, ધર્મરાજજી, અર્જુનજી, ભીમસેનજી, નકુલ, સહદેવજી, ભીષ્મપિતામહ, ગુરુદ્રોણાચાર્ય, પૃથા ફોઈ, ભગવાન નારદ અને ભગવાન વ્યાસ, આ ઉપરાંત યજ્ઞમાં પધારેલા સુહ્રજ્જન, બંધુર્જન, સ્વજન, સ્નેહીજન વસમી વિદાય લેતાં પોતાના પ્રાણપ્યારા યાદવ ગણ બંધુજનને વારંવાર ભેટવા લાગ્યા. સ્નેહસૌહાર્દભારથી હૃદય ભરાઈ આવ્યાં. મન ઢીલાં થઈ ગયાં, કાયા શિશિલ બની ગઈ અને કઠોર વિરહવેદનાને વેઠતા. સર્વ સ્વજનોએ પોતાના દેશો તરફ પ્રસ્થાન કર્યાં. (૫૭,૫૮)

શ્રીકૃષ્ણના સ્નેહપાશને કોણ કાપી શકશે? સ્નેહે બંધાયેલા શ્રીનંદાદિ વ્રજજનનું રોકાણ અને ગુણગાન

શ્રીનંદરાયજી વ્રજજન સાથે જ્યારે પ્રસ્થાન કરી રહ્યા હતા ત્યારે નંદરાયને આગ્રહ કરીને રોકી રાખ્યા તેમજ સમસ્ત ગોપજન સાથે શ્રીનંદબાવાનાં બહુવિધ સામગ્રીથી બહુમાન કીધાં. શ્રીકૃષ્ણ, શ્રીબલભદ્રજી, શ્રીવસુદેવ, દેવકીજી રાણીઓ અને ઉગ્રસેન રાજા વગેરેના સ્નેહ અને આગ્રહ આગળ નંદબાવા કાંઈ ના બોલી શક્યા. ભગવાન શ્રીકૃષ્ણનાં અનુરાગી વ્રજરાય વ્રજચન્દ્ર કૃષ્ણ પાસે રોકાઈ ગયા અને બંધુવત્સલ નંદરાય સર્વ બંધુજનો સાથે વસ્યા. (૫૯) શ્રી વસુદેવજીના ભાગ્યનો મહિમા કોણ ગાશે. તેઓ અનાયાસે યજ્ઞમહોત્સવના સાગરને તરી પાર ઊતર્યા હતા. પુનઃ સ્નેહીજન સાથે વીંટળાએલા શ્રીવસુદેવજીએ પ્રિયભ્રાતા પ્રિયસુહ્દ શ્રીનંદબાબાના કરકમલને કરકમલમાં ગ્રહી હૃદય ઠાલવવા માંડ્યું ત્યારે તો સમાધિનું વાતાવરણ લાગ્યું. (૬૦)

સંત શ્રીવસુદેવજી બોલ્યા, ભાઈ રે નંદ ! સ્નેહ સંજ્ઞા ધરાવતા વળી ઈશ્વરે રચેલા આ મુલાયમ અને મજબૂત પાશને કોણ કાપી શકશે ? ભાઈ ! મારું તો માનવું છે કે વીર વરોને અને યોગીજનોને માટે પણ આ પાશ કાપવો કઠિન હોય તો સ્નેહીજનો માટે તો કહેવું જ શું ? (૬૧) ભાઈ રે ! હવે હૈયાની હાલત સાંભળો ! આપ સજ્જનોએ અમારા જેવા અસમર્થ, અણસમજુ, અકૃતજ્ઞ જનોમાં જે સ્નેહ સ્થાપ્યો-મૈત્રી કરી, નંદરાજ ! એ મૈત્રીનું વળતર અમારાથી કદી વાળી શકાશે નહીં. વહાલા નંદરાય ! સ્નેહના વળતરમાં અમે કાંઇ ન કરી શક્યા તેથી મૈત્રી નિષ્ફળ માનો કે બાવા સફળ માનો, જેમ માનો તેમ માનો ! જેવી માનો તેવી માનો ! પણ ના તૂટે કે ના છૂટે તેવી છે. (૬૨) સંતવર વ્રજરાજ ! સાચું કહું છું કે પ્રથમ તો અમે કેદમાં, અસમર્થ, અધન, પરવશ તેથી કાંઇ પણ આપની સેવા ના કરી શક્યા. આજ અમે ધનમદ, સત્તામદ, રાજમદવશ બન્યા તેથી અક્કલ અને આંખે અંધાપા આવ્યા અને આપને નથી જોઇ શક્તા અને આપના ઉપકારોને નથી સ્મરી શક્તા. (૬૩) સાચે જ હે માનનીય ભાઈ નંદરાય ! કલ્યાણની કામનાવાળાને કદી કંચનમદ, કદી રાજ્યશ્રી-મદ ન હો. આ મદે મદાન્ધ બનેલા જો સુજનો પણ સ્નેહીજન બંધુજનને વીસરી જાય છે, તો પછી સામાન્ય જનની તો વાત જ ક્યાં રહી ! (૬૪)

સ્નેહશિથિલ સંત વસુદેવજીની ઉરવ્યથા

શ્રીશુકાચાર્યજી બોલ્યા : રાજન્ ! પરીક્ષિત ! સ્નેહ અને સૌહાર્દથી શ્રીઆનકદુંદુભિ વસુદેવજીનું ઉરપૂર ઉભરાવા લાગ્યું અને અશ્રુધારામાં ચિત્ત બહાર વહેવા લાગ્યું. શ્રીનંદરાયે સદા સંભાળેલા પોતાના બે બાળકોની ઉપકૃતિ અને વાત્સલ્ય પ્રીતિ તાજી ને તાજી થવા લાગી. સ્નેહની બાજી હાથમાં ના રહી. આંખમાં અશ્રુ છવાઈ ગયાં અને શ્રીવસુદેવજી નંદરાયને જોઇ પણ ના શક્યા. (૬૫) શ્રીનંદરાયજીએ સખા વસુદેવને પાસે લીધા છાતી સરસા ચાંપ્યા પણ કાંઇ બોલી ના શક્યા. શ્રીકૃષ્ણ પ્રભુ અને શ્રીબલરામ ભૈયાના અપાર પ્યાર આગળ આજ જાઉં, કાલ જાઉં એમ કરતાં ત્રણ ત્રણ માસ રોકાઈ ગયા. આ મંગલ અવસરે યાદવોએ નંદબાવાને બહુ સન્માન્યા. (૬૬) ત્યારબાદ અમૂલ્ય આભૂષણ, દુકૂલ વસ્ત્રો, અનેક અનેક પ્રકારની ઉત્તમ સામગ્રી ભેટો દ્વારા ભગવાને નંદરાયને બહુ સન્માન્યા. રાજન્ ! ભલે સ્નેહવશ સર્વ લીધું પણ નંદરાયે જે વસુદેવજીને દીધું એની તુલનામાં તો કાંઇ પણ ના દીધું. પુનઃ પોતાના ગોપ-ગોપીજન-બંધુજનને સાથે લઇ પ્રસ્થાન કરતા હતા ત્યારે શ્રીવસુદેવજી, ઉગ્રસેન રાજા, ભગવાન શ્રીકૃષ્ણ, શ્રીઉદ્ધવજી, શ્રીબલભદ્રજી અને અન્ય યાદવોએ પુષ્કળ પહેરામણી દીધી અને પરવશ બનેલાં નંદ નંદલાલને નિરખતા હૃદયમાં રાખતા વિદાય થયા. (૬૭,૬૮) આ અવસરે નંદબાવા, ગોપજનો, ગોપીજનો, યશોદામાજી શ્રીગોવિંદ ચરણામ્બુજમાં મૂકેલાં મનને ના લઇ શક્યાં. આખરે શ્યામલાલને મન સોંપીને ચાલ્યાં. (૬૯) પોતાના સર્વ બંધુજનોની વિદાય થયા બાદ શ્રીકૃષ્ણને નિજનાથ માનતા યાદવો એકલા લાંબોગાળો કુરુક્ષેત્રમા ગાળી વર્ષાકાલ માથે આવેલો લાગતાં દ્વારિકા તરફ પ્રસ્થાન કર્યું ત્યારે કેવલ ચાતુર્માસને ચૌદ દિવસ આડે હતા. (૭૦) યાદવોએ દ્વારિકામાં પ્રવેશીને જેઓ ધર્મવશ ગૃહદેશમાં રહ્યાં હતાં તેમની સમીપે આવીને સર્વે શ્રીવસુદેવજીના યજ્ઞમહોત્સવની પુણ્યગાથા, તીર્થાદિસ્નાન ઋષિઓનો સત્સંગ, મિત્રોનાં મિલન વગેરે વૃત્તાંતો ભાવવશ બનીને સંભળાવ્યા તેથી તેઓને તેટલો જ આનંદ અને પુણ્ય મળ્યાં. (૭૧)

जनेभ्यः कथयांचक्रुर्वसुदेवमहोत्सवम् । यदासीत्तीर्थयात्रायां सुहृत्संदर्शनादिकम् ॥ ७१ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં નિરોધલીલાના સાત્વિક પ્રકરણમાં ફલ પ્રકરણનો અધ્યાય ૮૪ મો સમાપ્ત

અધ્યાય - ૮૫ મો

(આ ૮૫ અધ્યાયથી આરંભીને ૯૦ મા અધ્યાય પર્યંતના છ અધ્યાયો છે. આ અધ્યાયોમાં ભગવાનનાં છ ઐશ્વર્યનો મહિમા ગાયો છે. માતા દેવકીજીને મન થયું કે શ્રીકૃષ્ણના ઐશ્વર્ય ગુણની કસોટી કરું એમ વિચારી પોતાના કંસથી વધ પામેલા છ પુત્રની યાચના કરી અને ભગવાને લાવી આપ્યા. વગેરે કથા-પ્રસંગ આવશે. આ અધ્યાયમાં ૫૯ શ્લોકો છે.)

श्रीशुक उवाच - अथैकदात्मजौ प्राप्तौ कृतपादाभिवन्दनौ । वसुदेवोऽभिनन्द्याह प्रीत्या संकर्षणाच्युतौ ॥ १ ॥

શ્રીશુકાચાર્યજી એ કહ્યું કે રાજન્ ! એક દિવસ ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રી બલરામ બન્ને ભાઈઓ પિતાજી શ્રીવસુદેવજીની

પાસે પધાર્યા તેમજ ચરણોની સમીપમાં જઇ પિતાજીને પ્રણામ કર્યા તે સમયે સમીપમાં આવેલા અને અભિવંદન કરતા બન્ને સુપુત્રોનું બહુ અભિનંદન-સન્માન કરીને શ્રીવસુદેવજી બોલ્યા. (૧) યાત્રા અવસરે મુનિવરોએ પોતાનાં બન્ને પુત્રોના પરાક્રમને સૂચવતો મહિમા સાંભળ્યો તેનું સ્મરણ કરીને તેમજ પોતાની નજરો સમક્ષ ગિરિરાજ ધારણ કરવાના, દાવાનળ પાન કરવાનાં પરાક્રમોનાં દર્શન કરીને મુનિવર્યોનાં વચનમાં વધુ વિશ્વાસ: ધરાવતા શ્રીવસુદેવજી સ્નેહ અને ભક્તિ ભર્યાં સંબોધન કરતાં કહેવા લાગ્યા કે: (૨)

૧૮ વિદ્યાના નાથની ૧૮ શ્લોકોમાં ગવાતી શ્રીવસુદેવજી દ્વારા યશોગાથા

कृष्ण कृष्ण महायोगिन् संकर्षण सनातन । जाने वामस्य यत्साक्षात् प्रधानपुरुषौ परौ ॥ ३ ॥

હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મહાન્ યોગી ! હે સંકર્ષણ હે સનાતન ! આપ બન્ને ભાઈ રૂપે આવેલા-અવતરેલા આ સમસ્ત વિશ્વના મુખ્ય કારણ છો અને વળી પ્રધાનપુરુષ પણ છો એવું હું સમજુ છું. (૩)

આ શ્લોકમાં સાત વિભક્તિથી ગવાતા અને વર્ણવાતા ભગવાન શ્રીકૃષ્ણ છે એ વાત કહે છે

यत्र येन यतो यस्य यस्मै यद् यद् यथा यदा । स्यादिदं भगवान् साक्षात् प्रधानपुरुषेश्वर: ॥ ४ ॥

આ શ્લોકને જરા વિસ્તારથી સમજાવાની શુકદેવજી અથવા શ્રી આચાર્યચરણજી કૃપા કરે છે. ગુજરાતી-હિન્દી-સંસ્કૃત વગેરે વ્યાકરણમાં કુલ સાત વિભક્તિઓ છે. સંબોધનનો પ્રથમામાં સમાવેશ થાય છે. આ સાતે વિભક્તિઓ ભગવાનનું જ કથન કરે છે. સૌથી પ્રથમ 'यत्र' પદ છે એમાં સાતમી વિભક્તિ રહેલી છે. આ વિશ્વ यत्र એટલે જેમાં રહ્યું છે તે શ્રીકૃષ્ણ ભગવાન જ છે. येन આ વિશ્વ જેનાથી-જે સાધનથી ઉત્પન્ન થાય છે તે સાધન પણ શ્રીકૃષ્ણ છે. यत: જે પુરુષથી થાય છે જે પ્રકૃતિથી થાય છે તે પુરુષ અને પ્રકૃતિ પણ ભગવાન જ છે. यस्य જેના સંબંધથી થાય છે તે પણ શ્રીકૃષ્ણ જ છે. यस्मै જેને માટે આ જગત બને છે તે પણ ભગવાનના જ આનંદ માટે-વિલાસ માટે બ્રહ્માંડ બને છે. यद् भवति જે આ બ્રહ્માંડ થાય છે તે પણ ભગવાન જ છે. यत् पश्यति જે આ બ્રહ્માંડને જુએ છે આકાશ વાયુ વગેરે સ્વરૂપે તે સર્વ શ્રીકૃષ્ણ જ છે. यथा भवति જેવી રીતે થાય છે તે પણ આપ જ છો. અને यदा भवति - જ્યારે જે કાલે થાય છે તે કાલે પણ આપ જ છો. આપ અને શ્રીબલભદ્રજી બન્ને એક જ છો. આપ બન્ને જ પ્રકૃતિ અને પુરુષના સ્વામી છો. (૪) હે અધોક્ષજ ! આપને કાંઇ મનુષ્યની માફક ઇન્દ્રિયોથી કોઇ જ્ઞાન મેળવવાનું નથી હોતું કારણ કે આપ તો અધોક્ષજ છો. આ જુદા જુદા અનેક પ્રકારનું દેખાતું જગત આપે જ રચેલું છે. અને આપના સ્વરૂપમાંથી જ રચેલું છે. અને નાથ ! આપ જો કે અજ અજન્મા છો છતાં આપે રચેલા આ વિશ્વમાં આપ સ્વયં પ્રવેશ કરીને આત્મસ્વરૂપ, પ્રાણસ્વરૂપ, જીવસ્વરૂપ બનીને જગતને ધારણ કરો છો. (૫) વિશ્વને રચનારા એટલે કાર્ય કરનારાં જે પ્રાણો અને ઇન્દ્રિયો વગેરે છે એમાં જે શક્તિ કાર્ય કરે છે, કાર્ય કરતી જોવામાં આવે છે તે શક્તિ; પર-સર્વથી પરતત્ત્વ પુરુષોત્તમની શક્તિ છે. પરંતુ પ્રાણો કે ઇન્દ્રિયો વગેરેની તે શક્તિ નથી. પ્રાણાદિની જે ચેષ્ટાઓ હલનચલન થતાં હોય છે તે તેમનાં નથી તે ઘાસના તરણા જેવાં પરતંત્ર છે. જેમ વાયુની શક્તિ તૃણને ચલાવે છે તેવી જ રીતે પર ભગવાનની શક્તિ જ સર્વને ચલાવે છે. (૬) ચન્દ્રની, અગ્નિની, સૂર્યની, નક્ષત્રની અને વીજળીની કાન્તિ-તેજ-પ્રભા અને સત્તા એ સર્વ આપ જ છો. આ જ પ્રકારે પર્વતોની સ્થિરતા, પૃથ્વીનો ગુણ ગંધ, એ સર્વ જે કાંઇ છે તે આપ જ છો. (૭) હે સમર્થ હે ઇશ્વર ! તૃષા છીપાવી તૃપ્તિ કરવી, જીવાડવું તેમજ તીર્થ જલોમાં અને જલમાત્રમાં જે ગંગા નર્મદા યમુનાજી વગેરે અને વરુણદેવોનું ભિન્નભિન્ન પણે જે દેવપણું બિરાજેલું છે તેમજ જલમાં જુદા જુદા પ્રકારના રસાસ્વાદો રહેલા છે તે સર્વ આપ જ છો. આ બધા ધર્મો દેખીતી રીતે જલના લાગે છે પરંતુ તે સર્વ ભગવાનના જ ધર્મો છે. જો આ ધર્મો જલના જ હોય તો જલ સુકાય અને જીવાડવાનો ધર્મ જલનો હોય તો પ્રાણી તેમાં ડૂબી પ્રાણ ના ગૂમાવે. જલનો જ પાપક્ષય ગુણ હોય તો તીર્થમાં પાપક્ષય ન થતાં બધાજ જલમાં પાપક્ષય થાય. વળી જલના જ આ બધા જ ગુણો હોય તો બધા જ જલમાં આ બધા એક જ ગુણો હોવા જોઇએ પરંતુ ગુણો જુદા જુદા છે. વળી રસો જુદા જુદા છે તો સર્વ જલના ગુણો નથી પરંતુ ભગવાનના છે. આ પ્રમાણે વાયુમાં પણ જાણવું. વાયુમાં ઓજસ એટલે ઇન્દ્રિયોનું સામર્થ્ય, સહસ

એટલે અન્તઃકરણનું સામર્થ્ય, બલ એટલે શારીરિક શક્તિ, ઘાસના તૃણામાં કંપ-ચલન અને જંગમ વસ્તુઓમાં ચાલવાની ક્રિયા આ સર્વ ધર્મો વાયુના જણાય છે તે વાસ્તવિક રીતે ભગવાનના ધર્મો છે. (૮) આ ઉપરાંત દિશાઓમાં અવકાશ-ખાલી જગ્યા આકાશ અને સ્ફોટ, આશ્રય, શબ્દઓંકાર વગેરે વર્ણોની આકૃતિ અને અલગ અલગ ક્રિયા પણ ભગવાન જ છે. જો આમ ન હોય તો શબ્દમાંથી જે અર્થસ્ફુરણ થાય છે જેંને સ્ફોટ કહેવામાં આવે છે તે સ્ફોટ એટલે અર્થની સ્ફુટતા આપ ન હોય તો સંભવેજ નહીં. (૯) ઇન્દ્રિયોની ઇન્દ્રિયશક્તિ-ઇન્દ્રિયોના દેવ પણ આપ જ છો, દેવોનો અનુગ્રહ-દયા પણ આપ જ છો. અન્તઃકરણ અને જડબુદ્ધિમાં જ્ઞાન આપ જ છો. જીવની જે સતી સ્મૃતિ છે તે પણ આપ જ છો. પરંતુ કોઇ વાર છીપમાં ચાંદીની સ્મૃતિજેવું જ વિપરીત સ્મૃતિજ્ઞાન થાય છે તે સ્મૃતિ ભગવદ્રૂપ નથી. (૧૦) પંચમહાભૂતોનું કારણ તામસ અહંકાર, ઇન્દ્રિયોનું કારણ રાજસ અહંકાર, સંકલ્પાત્મક મનનું અને દેવોનું કારણ સાત્વિક અહંકાર, મહત્તત્ત્વાદિનું કારણ પ્રકૃતિ તે પણ આપ જ છો. (૧૧)

નાશવાન વસ્તુઓમાં અવિનાશી ભગવાન

આ વિશ્વમાં જે નાશશીલ વસ્તુઓ છે એમાં અવિનાશી વસ્તુ ભગવાન છે. જેમ પૂર્વના શ્લોકોમાં કારણોનું કારણ ભગવાનને સમજાવ્યા તેવી જ રીતે કાર્યમાં કાર્યપણું પણ ભગવાન છે. એ વાત સ્પષ્ટ કરી છે. જેમ માટી નામના દ્રવ્યમાંથી નાશ પામેલો ઘડો નથી દેખાતો તો પણ માટીમાં જ રહેલો છે અને તે જ પદાર્થ ભગવાન છે. કારણકે ઘડો ભાંગી જાય છે ત્યારે પણ ઘડો ભાંગી ગયો બોલાય છે. ઘડો પૃથ્વી ઉપર નથી એવું બોલાય છે તે ભગવાનને લીધે જ બોલાય છે. (૧૨) સત્ત્વ, રજસ્ અને તમસ્ અને એ ત્રણે ગુણોની સાત્ત્વિક-રાજસ-તામસ વૃત્તિઓ આપ પરિબ્રહ્મમાં આપની માયાથી જ આપનામાં કલ્પી છે. (૧૩) જો આ બધા પદાર્થોને આપનાથી જુદા જ ગણવામાં આવે તો પછી એ વાત સિદ્ધ થવાની કે એ પદાર્થો જગતમાં છે જ નહીં. અને જે પદાર્થોનો બીજા સમયમાં વ્યવહાર થઇ રહ્યો છે તે પદાર્થોમાં આપ નથી એવું માનવું પડે. (૧૪) આ ત્રણ ગુણોના પ્રવાહને જે પરમાર્થ સત્ય માને છે તે તો સાચે સાચ અબુધ છે. જે સર્વના આત્મારૂપ ભગવાનની સૂક્ષ્મ ગતિને નથી જાણતો તે સ્વકર્મવશ થઇને આ સંસારમાં આવી પડતાં જન્મ-મૃત્યુના કલેશને પામે છે. (૧૫) હે નાથ ! સુઘડ, કાર્યક્ષમ, શક્તિશાળી અને વળી અત્યંત દુર્લભ એવી માનવ તનુ-કાયા દૈવગતિથી મેળવીને જે મનુષ્ય ભક્તિ-ભગવત્સેવા-ભગવત્લીલા સ્વરૂપજ્ઞાન એ જ જે પોતાના સાચા સ્વાર્થ છે, સાચાં લક્ષ્ય છે તેને સંપાદન નથી કરતો એને તો વ્યર્થ જીવન ગુમાવ્યું છે. (૧૬) વળી નાથ ! આપની જીવો ઉપર ગજબ પકડ છે. આપે આ સમગ્ર જગતને સ્નેહપાશોથી એવું મજૂબત જકડી રાખેલ છે કે માનવને આ દેહમાં હું છું, આ પુત્રપરિવાર મારા છે. આ પ્રકારના મમત્વથી બાંધી રાખ્યાં છે. (૧૭) નાથ ! આપ કાંઇ મારા પુત્ર નથી પરંતુ આપ બન્ને સાક્ષાત્ પ્રકૃતિ અને પુરુષના પણ સ્વામી છો, નાથ છો, પૃથ્વી ઉપર બોજો બનેલા ખલ ક્ષત્રિયોના ક્ષય માટે જ આપે અવતારનો અંગીકાર કર્યો છે. અને આશ્ચર્ય છે કે આપે જ આ પ્રમાણે કહેલ છે. (૧૮)

तत्ते गतोऽस्म्यरणमद्य पदारविन्द--मापन्नसंसृतिभयापहमार्तबन्धो ।
एतावतालमलमिन्द्रियलालसेन--मर्त्यात्मदृक् त्वयि परे यदपत्यबुद्धिः ॥ १९ ॥

હે શરણાગતવત્સલ ! હે દીનબન્ધુ ! આપ તો શરણાગત જીવોના સંસાર-ભયનું નિવારણ કરનારા છો. હું તો આપશ્રીના શ્રીચરણકમલોને શરણે આવ્યો છું. નાથ ! હવે મારી ઇન્દ્રિય અને વિષયસુખોની લાલસા અહીં જ વિરમી જાવ. ભોગ બહુ ભોગવ્યા મને ત્રિદોષનો રોગ લાગુ પડ્યો છે તેનો પ્રથમ દોષ ભોગલાલસા, બીજો દોષ આ મરણશીલ દેહમાં આત્મબુદ્ધિ અને ત્રીજો દોષ આપ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનમાં પુત્રબુદ્ધિ આ ત્રણે ત્રિદોષ રોગે ઘેરાયો છું હવે આપ જ છોડાવો. (૧૯) આપે જ પ્રસૂતિગૃહમાં અમારા બન્ને દમ્પતીની સમક્ષ કહ્યું હતું કે વસુદેવજી ! હે માતા દેવકીજી હું દરેક યુગમાં ધર્મની અને ભક્તોની રક્ષા માટે પ્રકટ થાઉં છું. હે નાથ ! આપ તો આકાશની સમાન અનેક સ્વરૂપો સ્વીકારો છો અને પાછા તે સ્વરૂપોને આપનામાં સમાવી દો છો. હે ઉરુગાય ! આપના તો બ્રહ્માજી અને શુકદેવજી જેવા સમર્થ ગુણો ગાય છે તેથી આપનું ઉરુગાય નામ છે એવા આપ વ્યાપક-ભૂમા ભગવાનની વિભૂતિરૂપ માયાને કોણ જાણી શકે ? (૨૦)

શ્રીશુકાચાર્યજીએ કહ્યું : રાજન્ પરીક્ષિત ! જ્યારે પિતાશ્રી વસુદેવજીએ ભગવાનની શરણાગતિ લીધી તેમજ ૧૨ શ્લોકોમાં સ્તુતિ કરી ત્યારે ભગવાને વિચાર્યું કે પિતાજીને ખંડ જ્ઞાન તો થયું છે પરંતુ હવે પિતાજીને પૂર્ણ જ્ઞાન થવું જોઇએ તેવો નિર્ણય કરીને વૈષ્ણવોના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ વિનયપૂર્વક નિવેદન કરતા સ્મિત હાસ્યથી મોહ ઉત્પન્ન કરતા ઉત્તર આપવા લાગ્યા. (૨૧) પિતાજી ! આપનાં વાક્યો સત્ય અર્થથી ભરેલાં છે એવું અમે માનીએ છીએ. આપે તો પુત્રોને ઉદ્દેશીને સમૂહનું સુવ્યવસ્થિત રીતે જ વર્ણન-નિરૂપણ કર્યું છે. (૨૨) હે યુદુકુલશ્રેષ્ઠ પિતાજી ! હું, આપ, શ્રીબલભદ્રજી અને સર્વ દ્વારિકાવાસી લોકો એટલું જ નહીં પરંતુ સ્થાવર જંગમ સહિત સમ્પૂર્ણ વિશ્વ પણ સાક્ષાદ્ ભગવદ્રૂપ છે એવું આપે મારે માટે કહ્યું તેમ સર્વમાં આપ આત્મબુદ્ધિ કરો. (૨૩) પિતાજી આત્મા એક છે, નિત્ય છે, સ્વયં પ્રકાશ છે, આત્મા કાલ સ્વરૂપથી અન્ય-ભિન્ન છે, કાળ તો તે આત્માની ચેષ્ટારૂપ છે, તે જીવથી પણ જુદો છે કારણ કે જીવ તો ગુણવાળો છે, આત્મા નિર્ગુણ છે, પોતે રચેલા ગુણોથી કરેલા દેહો વડે દેવ-મનુષ્ય-પશુ આદિ સ્વરૂપે અનેક પ્રકારે દેખાય છે. (૨૪) આકાશ, વાયુ, તેજ, જલ, પૃથ્વી, આપનાથી પ્રકટેલાં આ પંચમહાભૂતો છે તે ઘટ, પટ વગેરે વસ્તુઓમાં અનેક પ્રકારે પ્રતીત થાય છે. તેમજ ઉપાધિ ધર્મોથી આવિર્ભાવ-તિરોભાવ વગેરે દ્વારા અલ્પ તેમજ અધિક દેખાય છે આવી જ રીતે આત્મા પણ અનક દેખાય છે. (૨૫) શ્રીશુકાચાર્યજીએ કહ્યું રાજન્ ! આ પ્રમાણે ભગવાને કહેલા ઉપદેશનું શ્રીવસુદેવજીએ શ્રવણ કર્યું ત્યારે શ્રીવસુદેવજી ભેદબુદ્ધિરહિત થયા તેથી શાંત થયા અને ચિત્ત પણ પ્રસન્ન થયું. (૨૬)

ભગવાનની અપૂર્વ ક્રિયાશક્તિનો યશ

હે કુરુશ્રેષ્ઠ પરીક્ષિત રાજન્ ! શ્રીદેવકી માતાજીએ એ યશોગાથા સંભળી હતી કે મારા પુત્ર શ્રીકૃષ્ણે ગુરુ સાંદીપનિ મહારાજના મૃત પુત્રને પાછો લાવી આપ્યો હતો તે વાતથી દેવકીજીને વિસ્મય થયો હતો. (૨૭) તેમણે શ્રીકૃષ્ણ અને બલભદ્રજીને કહ્યું કે ભાઈ આપ બન્ને મારી વાત સાંભળો, એમ કહી રાજા કંસે મારેલા પોતાના પુત્રોનું સ્મરણ થઇ આવતાં નેત્રો અશ્રુથી છલકાઇ ગયાં અને દીનતાપૂર્વક કહેવા લાગ્યાં. (૨૮) માતા દેવકીજી બોલ્યાં : હે અપ્રેમયસ્વરૂપ રામ ! હે રામ ! હે યોગેશ્વર ! હે કૃષ્ણ ! હું આપ બન્નેને જાણું છું કે આપ બન્ને, વિશ્વના નિર્માતા દેવોના પણ દેવ છો. વળી આદિપુરુષ છો. (૨૯) ભગવન્ ! કાલના પ્રભાવથી સત્ત્વગુણહીન બનેલા નામ માત્રના રાજાઓ શાસ્ત્રવિરુદ્ધ આચરણ કરવા લાગ્યા છે તેથી તે રાજાઓ પૃથ્વી ઉપર બોજારૂપ થઇ બેઠા છે. આવા રાજાઓના નાશ માટે આપ મારા ઉદરેથી પ્રકટ થયેલા છો. (૩૦) વિશ્વાત્મન્ ! આપ પુરુષોત્તમનો અંશ અક્ષર છો અને આપના અંશરૂપ અક્ષરનો અંશ પ્રકૃતિ છે. આ પ્રકૃતિના અંશો ગુણો અને ગુણોના ભાગોથી આ વિશ્વની ઉત્પત્તિ, પાલન અને નાશ થાય છે. આ સર્વ આપ પુરુષોત્તમથી જ થાય છે એવું જાણીને હે વિશ્વાત્મા ! આપને શરણે આવેલ છું. (૩૧) હે શ્રીકૃષ્ણ ! ઘણા સમયથી દેહ છોડી ચાલ્યા ગયેલા પોતાના પુત્રને ગુરુદક્ષિણામાં લાવી આપવા માટે આપ બન્ને પુરુષોને શ્રીસાંદીપનિજી ગુરુએ વિનંતિ કરેલી ત્યારે આપ યમરાજના પિતૃલોકમાં પધારી ત્યાથી પુત્રને લાવી ગુરુદેવને ગુરુદક્ષિણામાં આપ્યો હતો. (૩૨) હે બલદાઉ ! હે શ્રીકૃષ્ણ ! આપ બન્ને તો યોગેશ્વરોના ઈશ્વર છો. આપને માટે કાંઈ પણ અશક્ય નથી. જેવી રીતે આપે ગુરુચરણોને દક્ષિણામાં પુત્રને લાવીને આપેલ તેવી જ રીતે મારી પણ મનોલાલસા પૂર્ણ કરો. હે કૃષ્ણ ! હું પણ કંસે મારેલા મારા પુત્રોને જોવા ચાહું છું. (૩૩)

શ્રીશુકઋષિ કહેવા લાગ્યા કે હે ભારત ! આ પ્રકારે માતાની પ્રેરણા થતાં રામ અને શ્રીકૃષ્ણ શ્રીયોગમાયાને સાથે લઇને વિના વિઘ્ને સુતલમાં જઇ ઉપસ્થિત થયાં. (૩૪) રાજન્ ! જ્યારે ભગવાન સુતલમાં જઇ પહોંચ્યા ત્યારે ત્યાં દૈત્યરાજા ભક્તવર શ્રીબલિજી વિરાજતા હતા. તેમના જાણવામાં આવ્યું કે વિશ્વના આત્મા તેથી મારા પણ આત્મા, વળી દેવાધિદેવ ભગવાન મારે આંગણે પધાર્યા છે. મારું મહાભાગ્ય એમ બોલતા બલિરાજ સફાળા ઊભા થઇ ગયા, ભગવાનની ઝાંખી થઇ હૃદય ભરાઇ આવ્યું અને પ્રભુચરણોમાં પોતાના પરિવાર સાથે પ્રણામ કર્યા. (૩૫) મહારાજ બલિએ ભગવાન શ્રીકૃષ્ણને તેમજ શ્રીબલભદ્રજીને ઉત્તમ આસન આપ્યાં. બન્ને મહાત્માઓ આસન ઉપર બિરાજ્યા. પુનઃ પ્રિયતમ ભગવાનનાં શ્રીચરણકમલોનાં પ્રક્ષાલન કીધાં. પ્રભુનું જે ચરણતીર્થ બ્રહ્મપર્યન્ત પ્રત્યેકને પવિત્ર કરે છે,

તે પ્રભુના પાદતીર્થને રાજા બલિએ અને પોતાના પરિવારના પ્રત્યેકે પોતાના મસ્તકે ધારણ કર્યું. (૩૬) પુનઃ બલિરાજાએ શ્રી ઠાકોરજીનાં ઉત્તમ વસ્ત્રો, આભૂષણો લેપન, તાંબૂલ, દીપ અને અમૃત ભોજન વગેરે સામગ્રીથી અર્ચન કર્યાં. અને પ્રભુચરણોમાં તન-મન-ધન-કુટુંબ-પરિવાર ન્યોછાવર કર્યાં. (૩૭) રાજન્ ! આ અવસરે ભગવત્પરાયણ બલિરાજાનું હૃદય દ્રવીભૂત બની ગયું, ભગવચ્ચરણોના પ્રેમથી બુદ્ધિ વિહ્વળ બની ગઈ અને કાયા પુલકિત બની ગઈ. કંઠ ગદ્ગદ બની ગયો. આનંદ-અશ્રુઓથી આંખલડી છલકાઈ જવા લાગી અને કૃપણ જીવ હૃદયમાં ધનને ધારણ કરી રાખે તે રીતે બલિરાજાએ હૃદયમાં ભગવાનનાં શ્રીચરણોને ધારણ કરી લીધાં. (૩૮)

આઠ શ્લોકોમાં બલિરાજાએ કરેલી સ્તુતિ-તેમાં સાત શ્લોકથી ઐશ્વર્યગાન અને એક શ્લોકમાં પ્રાર્થના

બલિરાજા સ્તુતિ કરતાં બોલ્યા કે આપની અનન્ત ફણાઓના એક ભાગમાં અખિલ વિશ્વને ધારણ કરનારા મહાન્ અનંત શેષરૂપ ભગવાન આપને નમસ્કાર કરું છું. જગતના વિધાતા સાંખ્ય અને યોગના વિસ્તારક પરમાત્મા શ્રીકૃષ્ણસ્વરૂપ પરબ્રહ્મ આપને હું પ્રણામ કરું છું. (૩૯) આપનું દર્શન પ્રાણીઓને દુર્લભ છે. પરંતુ આપ જેના ઉપર કૃપા કરો છો તેના સ્વયં બની જાવ છો. નહિ તો ભગવન્ ! મારા જેવા રજોગુણ અને તમોગુણ સ્વભાવવાળા અમને આપ બન્નેનાં અકસ્માત દર્શન ક્યાંથી ? દૈત્યો, દાનવો, ગન્ધર્વો, સિદ્ધો, વિદ્યાધરો, ચારણો, યક્ષો, રાક્ષસો, પિશાચો, ભૂતો, પ્રમથો અને તેમના નાયકો, (૪૧) આ બધા અમે તેમજ અન્ય પણ નિત્ય જે આપ સર્વથા શુદ્ધ સ્વરૂપના ધામ, - તેમજ વેદાદિ શાસ્ત્રોએ કહેલ શરીરવાળા આપની સાથે અકારણ વૈર કરે છે નાથ ! તેમાંથી કેટલાક આપની સાથે વૈરભાવથી આપને મળે છે તો વળી કેટલાક ભક્તિભાવથી આપને પ્રાપ્ત થાય છે. ત્યારે કેટલાક સકામ ભાવથી આપને પામે છે. જ્યારે સત્ત્વગુણથી અહંકારવાળા દેવાદિ આપની પાસે હોવા છતાં આપને મેળવી શક્તા નથી. (૪૩) હે યોગેશ્વર ભગવન્ ! આપની યોગમાયાની દિશા આવી છે અથવા આ છે એવું યોગેશ્વરો પણ નથી જાણી શકતા તો પછી અમે તો ક્યાંથી જાણી શકીએ ! (૪૪)

तन्नः प्रसीद निरपेक्षविमृग्ययुष्मत्- पादारविन्दधिषणान्यगृहान्धकूपात् ।
निष्क्रम्य विश्वशरणाङ्घ्र्युपलब्धवृत्तिः- शान्तो यथैक उत सर्वसखैश्चरामि ॥ ४५ ॥

નાથ ! અમ દીન ઉપર અનુગ્રહ કરો. નિરપેક્ષ એટલે કશીય કામના નથી છતાંય તે પુરુષો આપને નિરંતર શોધે છે. નાથ ! ગૃહસંસાર તો તેમને જ માટે અંધકૂપ સમાન છે કે જે ભક્તજનોની આપના ચરણકમલમાં મતિ નથી. પરંતુ આપના ચરણોને ચિત્તમાં રાખનારા ભક્તો માટે આત્મપ્રાપ્તિ માટેનો આશ્રમ છે. માટે સંસારાસક્તિથી ભરેલાં અંધકૂપ જેવાં ઘરોમાથી એટલે ઘરપ્રપંચમાંથી બહાર નીકળી જગતને રક્ષણ આપનાર આપના ચરણમાં રહેનાર ઉપર મારી આજીવિકાનો ભાર રાખીને હું શાંત બની સર્વનો મિત્ર થઈને વિચારું એવી મારા ઉપર કૃપા કરો. (૪૫) હે નાથ! અમે આપના સેવક છીએ તો હવે આપશ્રી વર્તમાનમાં અમને આપનો આદેશ જણાવો જે અમે પાળીએ, આપ અમને પાપમાંથી મુક્ત કરો. જે કોઈ પણ પુરુષ આપના સ્વરૂપમાં શ્રધ્ધા રાખીને વિચરે છે તે શાસ્ત્રના વિધિ-નિષેધમાંથી મુક્ત થાય છે. (૪૬)

મરીચિમુનિના પુત્રોની ગાથા

ભગવાને કહ્યું : રાજન્ બલિ ! આ કલ્પના પૂર્વનો બ્રહ્મકલ્પ હતો. ત્યારે મરીચિ નામના ઋષિનાં ઉર્ણા નામનાં પત્ની હતાં. તેમને ત્યાં છ પુત્રો થયા હતા. એકવાર બ્રહ્માજી સ્વરૂપ વીસરીને પોતાની પુત્રી સાથે રમણ કરવા વિચરવા લાગ્યા ત્યારે તે છ પુત્રોએ બ્રહ્માજીને ઉદ્દેશીને હાસ્ય કર્યું. (૪૭) મરીચિ મુનિના પુત્રોથી બ્રહ્માજીના ઉપહાસનો અપરાધ થયો. તેથી તેમની અસુર યોનિમાં ઉત્પત્તિ થઇ અને તે હિરણ્યકશિપુને ત્યાં જન્મ્યા તેને યોગમાયા લઇ ગયાં અને દેવકીજીના ગર્ભમાં તેનાં સ્થાપન કર્યાં. તેમનો દેવકીમાંથી જન્મ થયો અને કંસે તેમને મારી નાખ્યા. આ પુત્રો હાલ આપને ત્યાં છે. આ પુત્રોની દેવકી માતા શોક કરે છે. (૪૮,૪૯) અમે બાળકોને અહીંથી દેવકીજી પાસે લઇ જઇશું ત્યારે માતાનો શોક દૂર થશે. અને આ જીવો મુક્ત થશે ત્યારે સંતાપમુક્ત બની પોતાના ઋષિલોકમાં જશે. (૫૦) સ્મર-ઉદ્ગીથ-

પરિષ્વંગ-પતંગ-ક્ષુદ્રભૃત્ અને ઘૃણિ આ છ પુત્રો મારી કૃપાથી ફરીથી સદ્ગતિ પામશે. (૫૧) ભગવાને આ પ્રમાણે કહીને તે છ પુત્રોને સાથે લીધા ત્યારે ઇન્દ્રસેન રાજા બલિએ ભગવાનનાં અને બલભદ્રજીનાં અર્ચન કર્યાં. ભગવાને અને શ્રીરામે અર્ચનનો સ્વીકાર કરી દ્વારિકા પધારી પોતાની માતા શ્રીદેવકીજીને છ પુત્રો આપ્યા. (૫૨) પુત્રવત્સલ માતા દેવકીજીને પ્યારા પુત્રોને નિરખતાં જ વક્ષઃસ્થલમાં દૂધધારાનાં વહન થયાં અને લાડકવાયા લાલને આલિંગન આપી ગોદમાં લઇ વારંવાર મસ્તક સૂંઘવા લાગ્યા. (૫૩) સૃષ્ટિના વિધાતા ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીની માયામાં મુગ્ધ થયેલાં દેવકીમાતાએ પુત્રોના સ્પર્શ માત્રથી જ સ્વતઃસ્ત્રવી રહેલાં સ્તન્યનું પ્રસન્નતાપૂર્વક પાન કરાવ્યું. (૫૪) શ્રીગદાધર ભગવાને શ્રીદેવકીમાતાનાં પ્રસાદીસ્વરૂપે બાકી રહેલાં અમી ધાવણનાં છએ પુત્રોએ કરેલા પાનથી તેમજ ભગવાન નારાયણના શ્રીઅંગના સ્પર્શથી પોતાના સ્વરૂપનું દર્શન થયું અને પોતાને મળેલી અસુર યોનિનું કારણ સમજી શક્યાં. (૫૫) આ અવસરે શ્રીકૃષ્ણ ભગવાનને શ્રીબલભદ્રજીને પિતા વસુદેવજી ને માતા દેવકીજીને નમસ્કાર કરીને સર્વ લોકોના દેખતાં જ સર્વની મધ્યમાંથી આકાશમાર્ગે પોતાને ધામ સીધાવ્યા. (૫૬) રાજન્ ! આ અવસરે મરણ પામેલા પુત્રોનું આવવું અને પાછા ચાલ્યા જવું જોઇને દેવકીમાતાજી વિસ્મય પામ્યાં. અને આ સર્વ ભગવાન શ્રીકૃષ્ણની લીલા છે એમ માનવા લાગ્યાં. (૫૭) હે રાજન્ ! અનન્ત પરાક્રમી પરમાત્મા શ્રીકૃષ્ણની આ પ્રકારની અનન્ત લીલાઓ અને અનન્ત પરાક્રમો છે. (૫૮) મહર્ષિ સૂતજીએ કહ્યું કે રાજન્ ! મુરરિપુ ભગવાનની કીર્તિ જ અમૃત છે. વ્યાસ મહર્ષિના પુત્ર શ્રીશુકાચાર્યજીએ ગાયેલા અનન્ત સ્વરૂપો લઇ આ અમૃતનાં નિત્ય શ્રવણ કરે છે અને રસપાનનાં શ્રવણ કરાવે છે તેના મન મનમોહન કૃષ્ણમાં પરોવાય છે અને અંતે એ જીવ કલ્યાણકારી ભગવાનના ધામમાં જાય છે. આ શ્રીહરિનાં ચરિત્રો જગતનાં પાપોનો નાશ કરે છે એટલું જ નહિ પરંતુ ભગવદીય જનોના કાનોનાં તે સત્ય આભૂષણો છે. (૫૯)

सूत उवाच--य इदमनुश्रृणोति श्रावयेद् वा मुरारे--श्चरितममृतकीर्तेवर्णितं व्यासपुत्रैः ।
जगदघभिदलं तद् भक्तसत्कर्णपूरं--भगवति कृतचित्तो याति तत् क्षेम धाम ॥ ५९ ॥

શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ ઉત્તરાર્ધમાં નિરોધલીલા ગુણ પ્રકરણમાં ઐશ્વર્યવર્ણન કરતો અધ્યાય ૮૫ મો સમાપ્ત

અધ્યાય - ૮૬ મો

(ગુણ પ્રકરણનો આ બીજો અધ્યાય છે. આ અધ્યાયમાં ભગવાનના વીર્યનું વર્ણન છે. સુભદ્રાવિવાહ, જનક રાજાને ત્યાં અને શ્રુતદેવને ત્યાં ભગવાનનું પધારવું આ કથાપ્રસંગો આ અધ્યાયમાં ભગવાનના વીર્યને વર્ણવશે. આ અધ્યાયમાં પણ ૫૯ શ્લોકો છે.)

સત્યનિષ્ઠ ગાંડીવી

राजोवाच--ब्रह्मन् वेदितुमिच्छामि स्वसारं रामकृष्णयोः । यथोपयेमे विजयो या ममासीत् पितामही ॥ १ ॥

રાજા પરીક્ષિતજીએ કહ્યું કે સર્વજ્ઞ ! નિર્વિકાર શુકાચાર્યજી ! શ્રીબલભદ્રજી અને શ્રીકૃષ્ણનાં બહેન અને મારાં દાદી શ્રીસુભદ્રાજીનું શ્રીઅર્જુનજીની સાથે જે લગ્ન થયું તે પ્રસંગ આપના શ્રીમુખથી હું સાંભળવા ચાહું છું. (૧) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે સમર્થ અર્જુનજી એક વર્ષ માટે તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા. તેમના જીવનમાં એક વાર એવું બન્યું કે ધર્મરાજ યુધિષ્ઠિરજીના અન્તઃ પુરમાં દ્રૌપદીજી હતાં છતાં પરવશ પ્રવેશં કરવો પડ્યો. પાંચ ભાઈઓમાં પરસ્પર કોઇ વાર ખાટાં મન થાય એવું વિચારી દેવર્ષિ નારદજીએ નિયમ બાંધી આપ્યો હતો કે દ્રૌપદી એક એક વર્ષ ક્રમવાર પાંચ ભાઈઓ સાથે વસે અને તે સમયે અન્તઃપુરમાં કોઇ ભાઈએ પ્રવેશવું નહીં. તે પ્રમાણે વ્યવસ્થા ચાલતી હતી ત્યાં અર્જુનજીને એક બ્રાહ્મણની ગાયની રક્ષા કરવા માટે ગાંડીવ ધનુષ્ય લેવા ધર્મરાજના અંતઃપુરમાં પ્રવેશવું પડ્યું. તે સમયે દ્રૌપદી ધર્મરાજના અંતઃપુરમાં હતાં. આ નિયમના પાલન માટે અર્જુનજી તીર્થયાત્રાએ ચાલ્યા. ધર્મરાજે ના પાડી કે ભાઈ આ તો આપદધર્મ મનાય માટે તીર્થયાત્રાનું પ્રયોજન નથી. પરંતુ અર્જુનજી યાત્રાએ નીકળી પડ્યા અને સમર્થ હોઇ એકલા જ વિચરતા હતા. ત્યાં રસ્તામાં પ્રભાસમાં સમાચાર મળ્યા કે શ્રીસુભદ્રાજીને કેવલ બલભદ્રજી દુર્યોધનને આપવા ચાહે છે તેમાં અન્ય કોઇ તેમજ સુભદ્રાજી પણ સંમત નથી માટે પોતે સુભદ્રાજીને પરણવા વિચારવા લાગ્યા અને આ કાર્ય

સાધવા માટે ત્રિદંડી સન્યાસી બની દ્વારિકામાં આવીને રહ્યા. (૨,૩) પોતાના કાર્યને પાર ઉતારવાની વૃત્તિથી શ્રીદ્વારિકામાં ચાતુર્માસ કરવાનો નિર્ણય કર્યો. બલભદ્રજી અને નગરવાસીઓએ બહુવાર સંન્યાસી વેષમાં રહેલા અર્જુનજીનો સત્કાર કર્યો હતો. તેઓના મનમાં આ કૃત્રિમ વેષમાં અર્જુન આવેલ છે એવી ગંધ પણ આવી ન હતી. (૪) એમાં વળી એક દિવસ એવું બન્યું કે બલભદ્રજી સુભદ્રાજીના વ્રતની પૂર્તિ માટે કોઇ અતિથિ ના મળતાં આ દંડી યતિ શ્રેષ્ઠ અતિથિ છે એમ સમજી અર્જુનજીને ભિક્ષા માટે લઇ આવ્યા. અને બલભદ્રજીએ અતિશય શ્રદ્ધાપૂર્વક ભિક્ષા કરાવી. (૫) ભિક્ષા કરવા આવેલા અર્જુનજીને આદરપૂર્વક બલભદ્રજી લાવ્યા હતા. પાક સામગ્રી સિદ્ધિ થઇ રહી હતી થોડો વિલંબ થવાનો હતો એવું જાણવા છતાં અર્જુનજી હેતુપૂર્વક જ ત્યાં રોકાયા હતા ત્યારે વીરપુરુષોના પણ મનનું હરણ કરનારાં, લગ્નયોગ્ય વયવાળા શ્રીસુભદ્રાજીને જોયાં. તેઓ નયન સમીપ આવતાં જ અર્જુનજીનાં નયનકમલ પ્રફુલ્લિત થઇ ગયાં અને સુભદ્રાજીમાં મન પરોવાઇ ગયું અને સ્વાસ્થ્ય ચાલ્યું ગયું. (૬) નારીજનના મનને હરી લેનારા વીર અર્જુનજીને જોઇને શ્રીસુભદ્રાજી પણ પોતાના તરફ આકર્ષાયેલા અર્જુનજીની માફક પોતે પણ મધુર હાસ્ય કરતાં મનમાં મલકાતાં અર્જુનમાં મન અને નયન લગાવી લજ્જામય કટાક્ષથી તીરછી નજરે નિરખવા લાગ્યાં. (૭) હવે અર્જુનજીનું મન ભિક્ષામાં રહ્યું નહીં પરંતુ સુભદ્રામાં જ પરોવાઇ ગયું. કોઇ પણ રીતે સુભદ્રાનું હરણ કરવાની જ પેરવીમાં પડ્યાં. બલવાન કામદેવે પણ અર્જુનને વિહ્વલ કરી મૂક્યા. અર્જુનજીની બેચેની વધવા લાગી. ભગવાને આ વખતે પોતાની વહાલી નાની બહેન સુભદ્રાનું પ્રિય કરવા માટે મોટી દેવયાત્રાની યોજના કરી. સુભદ્રાજી મોટી યાત્રામાં જવા માટે રથમાં બિરાજી દુર્ગ-કિલ્લાની બહાર જઇ રહ્યાં હતાં ત્યારે માતાપિતા શ્રીવસુદેવ-દેવકીજીની અને ભગવાન શ્રીકૃષ્ણની સંમતિ મેળવી અર્જુનજી સુભદ્રાજીનું અપહરણ કરી લઈ ચાલ્યા. (૮,૯) આ અવસરે શૂરવીરો અર્જુનજીને રોકવા આવ્યા. રથમાં બિરાજમાન અર્જુનજીએ રોકવા આવેલા વીરોને નસાડી મૂક્યા તેમ જ બધા જ જોતા રહ્યા અને સિંહ જેમ પોતાનો ભાગ ઉઠાવી જાય તેમ વીર અર્જુન પોતાનો ભાગ શ્રીસુભદ્રાજીને સંગાસંબંધીઓ કોલાહલ કરતા રહ્યા અને ઉઠાવી ગયા. (૧૦)

બલભદ્રજીનો ક્ષણિક રોષ અને ભગવાન શ્રીકૃષ્ણની લાક્ષણિક લાગણી

શ્રીસુભદ્રાજીના હરણની વાત સાંભળતાં જ બલભદ્રજીના ઉરમાં અકળામણ ઊઠી અને પૂર્ણિમાના પર્વના દિને સાગરમાં જેમ ખળભળાટ જાગી ઊઠે એવો જ ખળભળાટ જાગી ઊઠ્યો. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ અને કુટુંબીજનોએ બલભદ્રજીને ચરણમાં પડીને શાંત કર્યા. (૧૧) શ્રીઠાકોરજીનાં મુખારવિંદ સ્વરૂપ આચાર્ય ચરણ આ અવસરે ભગવાન શ્રીકૃષ્ણે જે વિવેક-વચનો બલભદ્રને કુટુંબીજનોને કહ્યાં તેનો અહીં કારિકામાં ઉલ્લેખ કરે છે કે મોટાભાઈ ! હે બલભદ્રભૈયાજી આપણે બહેન સુભદ્રાને અવશ્ય પરણવાની તો હતી જ (૧) આજે અર્જુનના અપહરણ પછીથી આપણે સરલતાથી અર્જુનને મારી હરાવી પાછી લાવી શકીએ પરંતુ હરણ કરાયેલી કન્યાનો કોઇ સ્વીકાર નહીં કરે (૨) અર્જુનને મારી ઘરમાં લાવીએ તો બહેનનું હેવાતન જાય (૩) દુર્યોધન અને અર્જુનની તુલનામાં અર્જુન લાખ રીતે લાયક છે (૪) અર્જુને આપણી સાથે ઠગાઈ કરી પરંતુ કન્યાને મેળવવાના પોતાના કાર્યમાં ઠગાઈ વિના અર્જુનને આરો ન હતો તેથી ઠગાઈ તેનો દોષ પણ ન ગણીએ (૫) આપણા ઘરમાં વારંવાર અર્જુન આવ્યો છતાં આપણે ના ઓળખ્યો એ આપણો દોષ ગણાય (૬) સંન્યાસી સાથે આપણી કન્યા પરણી એવો કોઇ શાસ્ત્રીય દોષ કે લોકાપવાદ પણ નથી થવાનો કારણ કે બધા જ જાણે છે કે ગુપ્તવેષમાં અર્જુનને ચાર માસ રહેવાનું હતું માટે ત્રિદંડી સંન્યાસીનો કેવલ નાટકીય વેષ તેણે ધારણ કર્યો હતો (૭) અને સર્વ કારણ કરતાં માતા-પિતાને આથી સંતોષ થયો છે (૮) અને નાનકડી બહેનનો મનોરથ પૂર્ણ થયો છે (૯)

રાજન્ પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણે નવ નવ પ્રકારે સર્વનું અને મોટાભાઈ શ્રીબલભદ્રજીના મનનું સમાધાન કર્યું. આ ઉપરાંત બલભદ્રજીના ચરણોમાં પ્રણામ કરી અર્જુન સાથે યુદ્ધ કરતાં અટકાવ્યા અને દયામૂર્તિ બહેન સુભદ્રાજીને ખૂબ જ સારી પહેરામણી આપવા વિનંતિ કરી ત્યારે શ્રીબલભદ્રજી અત્યંત પ્રસન્ન થયા અને લગ્નમાં રાજાઓ તરફથી અપાતી અણમોલ પહેરામણીમાં હાથી, ઘોડા, રથ, દાસી અને મહામૂલી સામગ્રીઓ ભેટ આપ્યાં. (૧૨)

સરલ-કોમલ-સ્નેહસિંધુ-કૃપા સિંધુ ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણનું મિથિલાપુરમાં શ્રુતદેવ બહુલાશ્વને ત્યાં પ્રસ્થાન- શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! શ્રીવિદેહદેશમાં ભગવાન શ્રીકૃષ્ણના એક અનન્ય ભક્ત શ્રીશ્રુતદેવ ઋષિ બિરાજતા હતા. શ્રીશ્રુતદેવ મહર્ષિ શ્રીકૃષ્ણભક્તિથી કૃતાર્થ હતા એટલું જ નહીં શાંત-સંયમી-વિદ્વાન અને ભગવદ્‌ભક્તિથી ષડ્ઐશ્વર્યસમ્પન્ન ઋષિ હતા. (૧૩) શ્રીશ્રુતદેવજી ગૃહસ્થ આશ્રમમાં હતા. વિના પરિશ્રમે સહજભાવે ભગવદ્- કૃપાથી મળતા અન્ન વગેરે અમૃતથી સંતોષપૂર્વક કુટુંબનિર્વાહ પૂરતું પ્રતિદિન મળે તેટલું જ લેતા અધિક લેતા નહીં, ઈચ્છતા નહીં અને સંગ્રહ કરતા ન હતા. આમ છતાં નિત્ય નિર્વાહ માટે મળતા અન્નમાંથી વૈશ્વદેવ, અતિથિ-સત્કાર વગેરે નિત્ય ક્રિયા કરતા હતા. (૧૪) રાજન્ ! મિથિલાપુરમાં વસતા કર્મજ્ઞાનનિષ્ઠ શ્રીશ્રુતદેવ સમાન, જ્ઞાનકર્મ-નિષ્ઠ નિરભિમાની ભક્ત બહુલાશ્વ નામના રાષ્ટ્રપાલ હતા. આ બન્ને ભગવાન શ્રીકૃષ્ણના કૃપા પાત્ર અને સ્નેહ પાત્ર હતા. (૧૫) બન્ને ભક્તો ઉપર અત્યંત પ્રસન્ન રહેતા ભક્તવત્સલ ભગવાને દારુક સારથિએ સજાવી આણેલા રથમાં બિરાજી મુનિવરો સાથે મિથિલાપુર તરફ પ્રસ્થાન કર્યું. (૧૬) આ અવસરે શ્રીનારદજી, વામદેવ, અત્રિ, શ્રીકૃષ્ણ-દ્વૈપાયન વ્યાસ, પરશુરામજી, અસિતમુનિ, અરુણિ મુનિ, શુકાચાર્યજી, બૃહસ્પતિ, કણ્વ, મૈત્રેય ચ્યવન આ અન્ય મુનિવરો પણ હતા. બહુલાશ્વરાજા અને શ્રુતદેવ બન્ને સત્સંગમાં અનુરાગી હતા. એટલુ જ નહીં પરંતુ બન્ને નિત્ય મુનિવરો સાથે ભગવાન શ્રીકૃષ્ણની જ ચર્ચા-ભગવદ્‌વાતો કરતા હતા તેમાં રાજા મુનિઓને ભગવદ્રૂપ જોતા હતા તેથી ભગવાન સ્વયં મુનિઓનાં સ્વરૂપધારી રાજા શ્રુતદેવનેત્યાં પધાર્યાં. જ્યારે શ્રીશ્રુતદેવ મુનિઓને મુનિસ્વરૂપે જોતા હતા તેથી ભગવાન શ્રુતદેવને ત્યાં મુનિઓ સાથે પધાર્યા. (૧૭,૧૮)

રાજન્ પરીક્ષિત ! વિદેહ દેશમાં પધારતા પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાનનાં સ્થાને સ્થાને જ્યાં ત્યાં સ્વાગત થવા લાગ્યાં માર્ગમાં નાનાં નાનાં ગામડાંના ગ્રામજનો અને મોટા મોટા નગરના નાગરિકજનો પોતાના કરકમલોમાં અર્ઘ, ભેટ, સેવાની સામગ્રીઓ લઈ સન્મુખ આવવા લાગ્યા અને સત્કાર કરવા લાગ્યા. સૂર્યોદય ટાણે જાણે સર્વ ગ્રહો સાથે ભગવાન સૂર્ય સર્વના પૂજનનો સ્વીકાર કરે છે તે જ પ્રકારે ભગવાન મુનિવરો સાથે અમીભરી આંખલડીથી સર્વની સામગ્રી સ્વીકારી રહ્યા. (૧૯) માર્ગમાં આવતા અનેક પ્રસિદ્ધ અપ્રસિદ્ધ દેશોના નિવાસીઓ નાથનું સન્માન કરી રહ્યા હતા. માર્ગે જતાં મધ્યમાં આવતા (૧) આનર્ત (ઓખા મંડલના વાસીઓ), (૨) ધન્વ મારવાડ દેશ (૩) કુરુ દેશ (૪) જાંગલ દેશ (૫) કંક દેશ (૬) મત્સ્ય દેશ (૭) પંચાલ-પંજાબ દેશ (૮) કુન્તિ દેશ (૯) મધુ-માથુર દેશ (૧૦) કેકય દેશ (૧૧) કોશલ-અયોધ્યા દેશ (૧૨) અર્ણ દેશ આ બાર બાર દેશોના પ્રજાજનો અને અપ્રસિદ્ધ અનેક પ્રદેશ જનો નાગરિક નર-નારીજનો, ઉદાર હાસ્ય અને સ્નેહાળ નજર ભર્યા મુખકમલ મકરંદરસમાધુર્યનાં છલકાતાં નયન-પાત્રોથી પાન કરવા લાગ્યાં. (૨૦) ભગવાન મિથિલાપુર પધારી રહ્યા હતા ત્યારે માર્ગના નિવાસીઓએ ભગવાનની ઝાંખી કરી. જેમણે ભગવાનનાં દર્શન થયાં. તે સર્વને ભગવાને પોતાના દર્શન દ્વારા દિવ્ય દૃષ્ટિ આપી તેથી મોહ અંધકાર તો નાશ પામ્યો જ પરંતુ પ્રભુદર્શન પામેલાં નરનારીના નયનમાં દ્વારિકાનાથ વસી ગયા અને જ્યાં જ્યાં જે જે વસ્તુઓ કે જે જે વ્યક્તિઓને દૃષ્ટિથી જુએ છે ત્યાં તેમને હવે ભગવાનનાં જ દર્શન થાય છે. ત્રિલોકગુરુ ભગવાને એકવાર દર્શન આપ્યું તે હવે તેમને અખંડ રહ્યું. આ સાચુ ક્ષેમ મનાય તે તેમને આપ્યું. હવે શ્રી દ્વારિકાનાથ માર્ગ કાપતા કાપતા સર્વને દિવ્ય દૃષ્ટિનાં દાન કરતા કરતા આગળ વધી રહ્યા હતા ત્યારે દશે દિશાઓને નિર્મલ અને પવિત્ર કરનારા અને સર્વ અશુભ અમંગલને હરનારાં યશ દેવો અને મનુષ્યોના મુખેથી ગવાતાં સંભળાતાં હતાં ભગવાન શ્રી કૃષ્ણ આ યશોગાનનું શ્રવણ કરતા વિદેહપુરીમાં આવી પહોંચ્યા. રાજન્ પરીક્ષિત ! પુરુષોત્તમ ભગવાન પધાર્યા છે આ વધામણી કાને પડતાં જ પારાવાર પ્રસન્નતાથી ઉભરાતા વિદેહનગરનિવાસી નરનારીઓ, દેશનિવાસીઓ, અને નૃપતિઓ પોતપોતાના કરકમલોમાં ભેટ-સેવાની સામગ્રીઓ લઈ સ્વાગતે સન્મુખ દોડી આવ્યા. (૨૧,૨૨) મિથિલાવાસીઓએ ઉત્તમશ્લોક શ્રીકૃષ્ણ ભગવાનનાં તેમજ જે મુનિઓનાં નામોનું પ્રથમ શ્રવણ કર્યું હતું આજે તેમનાં દર્શન થયાં તેથી સર્વ નગરજનોનાં મન અને મુખડાં પ્રેમથી પ્રફુલ્લિત થઈ ગયાં. સ્વાગતે આવેલા સર્વ જનો પોતાની અંજલિ જોડી ભગવાન શ્રીકૃષ્ણને તેમજ મુનિવરોને નમસ્કાર કરવા લાગ્યા. (૨૩)

શ્રીબહુલાશ્વ રાજા અને શ્રુતદેવ મુનિનાં મહાભાગ્ય

બહુલાશ્વ અને શ્રુતદેવ મુનિને શ્રદ્ધા થઇ કે ભગવાન પોતાના ઉપર અનુગ્રહ કરવા પધાર્યા છે ત્યારે તો તેમના આનંદનો પાર ન રહ્યો અને શ્રુતદેવ તેમજ બહુલાશ્વ રાજા બન્ને જગદ્ગુરુ ભગવાનના ચરણકમલોમાં જ ઢળી પડ્યા. (૨૪) આ અવસરે મિથિલાનરેશ બહુલાશ્વે અને ઋષિવર શ્રુતદેવ મુનિએ બન્નેએ એકી સાથે હાથ જોડીને ભગવાનને અને મુનિવરોને પોતાને આંગણે અતિથિ થવા નિમંત્રણ આપ્યાં. ભગવાને બહુલાશ્વ નરદેવનો અને મુનિવર શ્રુતદેવના નિમંત્રણનો સ્વીકાર કર્યો અને બન્નેને પ્રસન્ન કરવા માટે બન્નેને ત્યાં એકી સાથે પધાર્યા. આ અવસરે ભગવાને મુનિવરોનાં અને પોતાનાં બે સ્વરૂપો ધારણ કર્યાં પરંતુ બન્નેમાંથી કોઇને તેનો ખ્યાલ જ ના આવ્યો. રાજા બહુલાશ્વે ભગવાનનું સ્વાગત આરભ્યું. રાજાના ઉરપૂરમાં ભક્તિનાં રૂપ છલકાયાં, ચિત્ત અતિશય પ્રસન્ન થયું, આંખલડીઓ, અશ્રુથી છલકાવા લાગી. (૨૫,૨૬) ઉદારમનના જનક રાજાએ પોતાનું સૌભાગ્ય માન્યું કે આજે મારે આંગણે જે ભગવદ્રૂપ મુનિઓ અને ભગવાન પધાર્યા છે એમનાં દર્શન તો દૂર રહ્યાં પણ અસજ્જનોને આ મુનિવરોનાં નામ પણ સાંભળવા ના મળે તે ભગવાનનું અને મુનિઓનું સ્વાગત કરવાનું મને સૌભાગ્ય મળ્યું ! રાજાએ પોતાના જ હાથે લાવીને બિછાવેલાં આસનો ઉપર સર્વને પધરાવી સર્વના ચરણકમલોમાં નમસ્કાર કરી ચરણકમલનાં પ્રક્ષાલન કર્યાં અને ચૌદ લોકને પવિત્ર કરનારા તેમનાં પાદતીર્થ પોતાના કુટુંબ સાથે માથે ચઢાવ્યાં એટલું જ નહીં પધારેલા સર્વ ભગવદ્રુપોનાં ગંધ-પુષ્પમાલા-વસ્ત્ર-ધૂપ-દીપ-અલંકાર-અર્ઘથી અર્ચન કરી ગોદાન અને બળદનાં પણ દાન કર્યાં. કારણ કે ગો અને બળદ દાનનું શાસ્ત્રમાં વિધાન છે. સર્વને ઉત્તમ પ્રકારે ભોજન કરાવ્યાં તેમજ મધુર વાણીથી સર્વને પ્રસન્ન કરી શ્રીદ્વારિકાનાથજીના શ્રીચરણોને ઉત્સંગમાં-ગોદમાં પધરાવી પ્રભુને શ્રમ ના પડે તેવી રીતે ધીમે ધીમે ચરણ ચાંપવાની શરૂઆત કરી. (૨૭,૩૦)

શ્રી બહુલાશ્વ રાજાએ બોલવાની શરૂઆત કરી કે હે વિભો ! આપ તો સર્વ પ્રાણીઓના આત્મા છો, સાક્ષી છો, અને સ્વયં પ્રકાશ પણ છો. આપના ચરણકમલોનું સ્મરણ કરનારા ભક્તજનોને આપે દર્શન આપ્યાં, નેત્રોના આજ આપ વિષય બન્યા એ આપના ભક્તિમાર્ગનો પ્રતાપ છે. (૩૧)

સત્યવાક્ શ્રીકૃષ્ણ

હે નાથ ! આપે શ્રીમુખે કહ્યું છે કે न तथा मे प्रियतम आत्मयोनिर्न शङ्करः । न च संकर्षणो न श्रीर्नैवात्मा च यथा भवान् ॥ અને બ્રહ્માજી, શ્રીશંકરજી, શ્રીસંકર્ષણજી, શ્રીલક્ષ્મીજી અને મારો આત્મા પણ એટલો પ્રિય નથી કે જેટલા આપ મને વહાલા છો'' એવા આપના શ્રીમુખનાં વાક્યોને સત્ય કરવા માટે જ આપ અમારા દર્શનના વિષય બન્યા છો. (૩૨) નાથ ! આપના સ્વરૂપને જાણનાર એવો તો કયો પુરુષ છે કે જે આપના ચરણકમલોનો ત્યાગ કરવા ચાહે ? ભગવન્ ! આપ તો શાંત અકિંચન મુનિવરોને આત્માનું દાન કરનારા છો. (૩૩) આપે તો યદુરાજાના વંશમાં અવતરીને સંસારપ્રવાહમાં તણાતા જીવોના કલ્યાણ શ્રેયસ માટે પાપવશ ભગવાનથી વિમુખ થતા જીવોને અભિમુખ કરવા માટે ચરિત્ર-લીલા-યશનો વિસ્તાર કર્યો છે. (૩૪)

नमस्तुभ्यं भगवते कृष्णायाकुण्ठमेधसे । नारायणाय ऋषये सुशान्तं तप ईयुषे ॥ ३५ ॥

નાથ ! બુદ્ધિ ક્યાંય કુંઠિત નથી થતી-અટકી નથી જતી, અતિશય શાંત કરનારા, ઋષિ સ્વરૂપ, નારાયણ સ્વરૂપ, આપ શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરુ છું. (૩૫) હે ભૂમન્ ! હે ભગવાન્ મારું નિવેદન છે કે આપ આ મુનિવરો સાથે કેટલાક દિવસ અમારે આંગણે બિરાજો તેમજ આપનાં અને ઋષિવરોનાં શ્રીચરણોની રજથી આ નિમિકુલને પવિત્ર કરવાની કૃપા કરો. રાજા બહુલાશ્વજીએ જ્યારે આ પ્રકારે ભગવાન શ્રીકૃષ્ણને અતિથિ થવા નિમંત્રણ કર્યું ત્યારે મિથિલા પુરવાસી નરનારીઓના કલ્યાણ માટે અને પોતાના સ્વરૂપનો અનુભવ કરાવવા માટે લોકમંગલ કરનાર ભગવાન શ્રીકૃષ્ણ કેટલોક સમય બિરાજ્યા. (૩૭) બડભાગી શ્રુતદેવજી પણ પોતાને આંગણે પધારેલા ભગવાનના અને મુનિવરોના શ્રીચરણોમાં બહુલાશ્વ રાજાની માફક જ નમસ્કાર કરતા અતિશય આનંદમાં આવી જઈને વસ્ત્રોને

ફરકાવતા થન થન નૃત્ય કરવા લાગ્યા. (૩૮) પુનઃશ્રુતદેવજીએ આંગણે પધરાવેલા અતિથિઓને બિરાજવા માટે કેટલાકને દર્ભાસન, કેટલાકને પાટલા-બાજઠ તો કેટલાકને ચટાઇઓ પોતાના ઘરની સામગ્રી ધરી દીધાં. ત્યાર બાદ સર્વ પ્રકારે સ્વાગત કર્યું અને પોતાની અર્ધાંગના સાથે પ્રસન્નતાપૂર્વક પ્રત્યેકનાં ચરણો પખાળ્યાં. (૩૯) સર્વ મનોરથોની સફળતા અનુભવતા મહાભાગ શ્રુતદેવ અત્યંત પ્રસન્ન થઇ ગયા અને પ્રભુના અને મુનિવરોનાં ચરણતીર્થમાં સ્વયં સ્નાન કર્યું પોતાના કુટુંબને સ્નાન કરાવ્યું, તેમજ પોતાના ઘરને પાવન કર્યું, (૪૦) ફલ, ફૂલ, પૂજાની સામગ્રી, સુંગધી પદાર્થો, ખસથી સુવાસિત અમૃત સમ મધુર અને સુખકર જલ, સુવાસિત મૃત્તિકા, દર્ભ, તુલસીજી વગેરે પદાર્થોથી સર્વનાં અર્ચન કર્યાં અને સત્વપોષક ભોજન કરાવી સર્વને તૃપ્ત કર્યાં. (૪૧) શ્રુતદેવ મુનિ મનમાં વિચારવા લાગ્યા કે મોહ-અંધકાર ભર્યા આ ગૃહકૂપમાં પડેલો ક્ષુદ્ર એવો હું ક્યાં ! અને જે મુનિવરોના ચરણ રેણુઓમાં સર્વ તીર્થોનો નિવાસ છે તેમજ જેમનાં હૃદય ભગવાનના નિવાસધામ છે તેવા ઋષિવરો અને પૂર્ણપુરુષ ભગવાન શ્રીકૃષ્ણનો સમાગમ ક્યાંથી સંભવે ! હું માનું છુ કે આ તો કેવલ ભગવાનની કૃપાનું જ ફળ મનાય. (૪૨) ભગવાનનું અને મુનિવરોનું આતિથ્ય્ થયા પછી જ્યારે ભગવાન અને મુનિવરો સુખપૂર્વક આસન ઉપર બિરાજ્યા ત્યારે પોતાની પત્ની, કુટુંબ અને પુત્ર-પારિવાર સાથે સમીપમાં ઉપસ્થિત થયા અને ભગવાનનાં શ્રીચરણોને ગ્રહણ કરી શ્રુતદેવ કહેવા લાગ્યા. (૪૩)

શ્રુતદેવનું સુનમ્ર નિવેદન

હે ભગવન્ ! આપ તો પરમ પુરુષ છો, પરમ સૌભાગ્ય કે આપનાં દર્શન થયાં, આપ તો આપની શક્તિઓથી આ જગતની રચના કરીને આપની સત્તાથી આ જગતમાં પ્રવેશ કરીને રહેલા છો તે ભગવાને આજે તે સ્વ-રૂપે અમને પ્રત્યક્ષ દર્શન આપ્યાં. (૪૪) જેમ સૂતેલો-નિદ્રામાં રહેલો પુરુષ પોતાની માયા દ્વારા મનથી સ્વપ્નમાં અન્ય લોકોની રચના કરતો પોતે તેમાં મળી જાય છે અને પોતે જ દેવરૂપે, મનુષ્યરૂપે પશુરૂપે આ રીતે વિવિધ સ્વરૂપે દેખાય છે તેવી જ રીતે ભગવાન જાગૃત અવસ્થામા સ્વયં સર્વ રૂપે છે. (૪૫)

शृण्वतां गृणतां शश्वदर्चतां त्वाभिवन्दताम् । नृणां संवदतामन्तर्हृदि भास्यमलात्मनाम् ॥ ४६ ॥

નાથ ! આપની કથાનાં શ્રવણ કરનાર, આપના ગુણોનાં કીર્તન કરનાર આપનાં નિત્ય અર્ચન કરનાર, આપને ચરણે પ્રણામ કરનાર, વળી પરસ્પર આપની જ ચર્ચા કરનાર ભક્તજનોનાં મન નિર્મલ થાય છે ત્યારે આપ તેઓના હૃદયમાં પ્રકટ થાઓ છો. (૪૬) નાથ ! સંસારનાં કર્મોથી સદાય વિહ્વલ મનવાળા મનુષ્યોના હૃદયમાં વસેલા છો છતાંય નાથ આપ અત્યંત દૂર છો, ભગવન્ ! પોતાના અન્તઃકરણ કે ઇન્દ્રિયોની શક્તિથી આપ કદી પણ ગ્રહણ થતા નથી કે આપનાં દર્શન થતાં નથી. તેમજ જડ ગુણોમાં જ આત્માને જોનાર-સમજનાર માટે પણ આપ અગ્રાહ્ય છો. (૪૭) નાથ ! અધ્યાત્મ જ્ઞાનવાળા એટલે આ સર્વ બ્રહ્મમય છે એવું સમજનારના આપ પરમશ્રેષ્ઠ આત્મા છો, આપનો કોઇ બીજો આત્મા નથી તેવા ભગવાનને નમસ્કાર કરું છું. જે આત્મમાની જ્ઞાનીજનો છે તેના પણ આત્મા આપ જ છો તેમ જ જે આત્મામાં ભેદ જોનારા છે તેને માટે મૃત્યુ પણ આપ છો. આપ ભગવાન એક જ કાલ વગેરે અનિત્ય પદાર્થોને ધારણ કરો છો. આમ છતાં પોતાની માયાથી આત્મને ઢાંકી દે છે તેથી તેને કોઇ જાણી શકાતું નથી. (૪૮) હે નાથ ! આજ્ઞા કરો ! અમે આપના સેવકો છીએ આજ્ઞા કરો ! શી સેવા કરીએ ! અમ સેવકોની આપ રક્ષા કરો. મનુષ્ય જીવનમાં ત્યાં સુધી જ કલેશ છે કે જ્યાં સુધી આપનાં દર્શન નથી થતાં. (૪૯)

શ્રીશુકાચાર્ય મહારાજે કહ્યું કે રાજન્ ! પરીક્ષિત ! ભક્તવત્સલ શરણાગત પીડાહારી ભગવાન શ્રીકૃષ્ણ શ્રીશ્રુતદેવજીનાં વચન સાંભળી સ્મિત હાસ્ય કરતા શ્રુતદેવનો હાથ હાથમાં ગ્રહણ કરી કહેવા લાગ્યા. (૫૦)

મુનિવરોનું માહાત્મ્ય ગાતી મુકુન્દ ભગવાનના મુખમાંથી વહેતી મધુર સપ્તશ્લોકી

દ્વારિકાનાથે કહ્યું કે શ્રુતદેવજી ! હે બ્રહ્મનિષ્ઠ ! આપનું પરમ સૌભાગ્ય છે કે આપને આંગણે આપના ઉપર અનુગ્રહ કરવા માટે આ મુનિવરો પધાર્યા છે. મુનિવરો પોતાની પાદરજથી પૃથ્વીને પવિત્ર કરતા મારી સાથે વિચરી રહ્યા છે હે બ્રહ્મન્ ! મુખ્ય તો મુનિઓ છે જ્યારે હું તો કેવલ તેમની સાથે છું. (૫૧) દેવો, તીર્થો અને ક્ષેત્રોનાં દર્શન, સ્પર્શ

અને સેવન ધીરે ધીરે અને લાંબે ગાળે સર્વને પવિત્ર કરે છે, જ્યારે બ્રાહ્મણોતો કેવલ દૃષ્ટિ માત્રથી પવિત્ર કરે છે, તીર્થો વગેરે પણ ભગવાન જેવા મહાપુરુષોની અનુમતિથી તેમજ દૃષ્ટિથી જ પવિત્ર કરે છે. શાસ્ત્રની આજ્ઞા છે કે अभ्यनुज्ञाविहीनं हि ब्राह्मणानां विशेषतः । सर्वं निण्फलता याति व्रतदानार्चनादिकम् ।। તીર્થ સ્નાન, વ્રત, યજ્ઞ, દાન અર્ચન વગેરે આપણી સ્વેચ્છાથી કરીએ તો ફળ નથી આપતાં પરંતુ આ બધાં જ સત્કર્મ કરતાં પહેલાં મહાપુરુષોની સંમતિ મેળવવી પડે છે ત્યારે જ ફળદાયી બને છે. (૫૨)

ब्राह्मणो जन्मना श्रेयान् सर्वेषां प्राणिनामिह । तपसा विद्यया तुष्ट्या किमु मत्कलया युतः ॥ ५३ ॥

न ब्रह्मणान्मे दयितं रूपमेतच्चतुर्भुजम् । सर्व वेदमयो विप्रः सर्व देवमयो ह्यहम् ॥ ५४ ॥

આ વિશ્વમાં બ્રાહ્મણ જન્મથી જ શ્રેષ્ઠ છે. સર્વ પ્રાણીઓમાં બ્રાહ્મણ જન્મથીજ ઉત્તમ માનેલ છે. તેમાં પણ જો તે વિપ્ર તપ, વિદ્યા અને સંતોષવાળો હોય, તદુપરાંત મારી કલા યુક્ત હોય એટલે તે ભક્ત-ભગવદીય હોય કે ભગવાનનો અંશાવતાર હોય તો તેવા સુપાત્ર વિપ્રો માટે તો પૂછવું જ શું ? તેની શ્રેષ્ઠતા માટે કહેવું જ શું ? (૫૩) અરે શ્રુતદેવજી ! તમે માનો કે આ મારું ચતુર્ભુજ સ્વરૂપ પણ મને વિપ્રો કરતાં વિશેષ વહાલું નથી એનો હેતુ પણ એ છે કે વિપ્ર તો સર્વ વેદમય છે જ્યારે હું તો સર્વ દેવમય છું. (૫૪) ભાઈ શ્રુતદેવ ! શાસ્ત્રથી શુદ્ધ બુદ્ધિ નહિ મેળવેલા દુર્બુદ્ધિવાળાને વિપ્રોના આવા સ્વરૂપનો પરિચય નથી હોતો તેથી તેઓ વિપ્રોની મહત્તાની અસૂયા કરે છે અને માને છે કે વળી માનવ માત્ર સરખા છે. વળી બ્રાહ્મણો શ્રેષ્ઠ શાના ? આવું અજ્ઞાન સેવનારા પુરુષો મારા જે સ્વરૂપ, આત્માસ્વરૂપ, તેમજ ગુરુસ્વરૂપ એવા વિપ્રોની સેવા પડતી મૂકીને કેવલ મૂર્તિમાં જ પૂજ્યબુદ્ધિ રાખે છે. (૫૫) આ ચરાચર વિશ્વ, આ વિશ્વના સર્વ ભાવો એટલે પદાર્થો અને આ સર્વ પદાર્થો જે કારણોમાંથી ઉત્પન્ન થયા છે તે તે કારણો ભગવદ્રૂપ છે એટલે પંચતન્માત્રાઓ પણ ભગતદ્રૂપ છે અને પંચમહા ભૂતો પણ ભગવદ્રૂપ છે એવું જ્ઞાન વિપ્રોએ પોતાના ચિત્તમાં મને ધારણ કરવાથી મેળવ્યું છે. માટે વિપ્રોની શ્રેષ્ઠતા છે. (૫૬) મહારાજ શ્રુતદેવ ! આ કારણથી મારામાં જેવી અનન્ય શ્રદ્ધા છે એવી જ શ્રદ્ધાથી આ આંગણે પધારેલા બ્રહ્મર્ષિઓનાં અર્ચન કરશો તો તેમાં મારાં જ અર્ચન કરેલાં છે એમ હું માનું છું. પરંતુ જો મારા ભાવથી આ શ્રદ્ધાપૂર્વક બ્રહ્મર્ષિઓનાં અર્ચન ના કર્યાં અને ઘણી ઉત્તમ સામગ્રીઓથી મારાં અર્ચન કર્યાં હશે તો પણ મારાં અર્ચન કર્યાં નહીં મનાય. (૫૭)

શ્રીશુકાચાર્ય મહારાજશ્રીએ કહ્યું રાજન્ પરીક્ષિત ! ભગવાને આ પ્રકારે જ્યારે શ્રુતદેવને આજ્ઞા કરી ત્યારે શ્રુતદેવજીએ ભગવાન શ્રીકૃષ્ણની સાથે બ્રહ્મર્ષિઓનાં અનન્ય શ્રદ્ધાથી અર્ચન કર્યાં. ભગવાનની સેવાથી અને બ્રહ્મર્ષિઓનાં અર્ચનથી શ્રુતદેવ અને બહુલાશ્વ રાજા બન્ને ભગવત્સાયુજ્ય નામની દિવ્ય ગતિ પામ્યા. રાજન્ ! આ પ્રકારે ભક્તોના ભક્ત ભગવાન શ્રીદ્વારિકાધીશ ભક્તોની પાસે રહીને એમને સન્માર્ગનો ઉપદેશ આપીને પુનઃ દ્વારિકા પધાર્યા. (૫૮,૫૯)

एवं स्वभक्तयो राजन् भगवान् भक्तभक्तिमान् । उषित्वादिश्य सन्मार्गं पुनर्द्वारवतीमगात् ॥ ५९ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધના નિરોધલીલા ગુણલીલા પ્રકરણમાં વીર્ય નિરૂપણ કરતો ૮૬ મો અધ્યાય સમ્પૂર્ણ

અધ્યાય - ૮૭ મો શ્રુતિગીતા

(આ અધ્યાયનું નામ વેદસ્તુતિ અથવા શ્રુતિગીતા છે. ગુણ પ્રકરણનો આ ત્રીજો અધ્યાય છે. આ અધ્યાયમાં ભગવાનના યશ નામના ગુણનું નિરૂપણ કર્યું છે ૮૬ માં અધ્યાયની સમાપ્તિમાં ભગવાને શ્રુતદેવજીને બે વાક્યો કહ્યાં કે "વિપ્ર સર્વવેદમય છે અને ભગવાન સર્વદેવમય છે. આ વાક્યોમાં વિપ્રને વેદ તરીકે પ્રમાણરૂપે કહ્યા અને ભગવાનને પ્રમેયસ્વરૂપે કહ્યા છે. શ્રુતિગીતાનું પણ તાત્પર્ય સમજવા જેવું છે. ભગવાને શ્રુતિઓ માથે રમણ કર્યું. અને એની-એ આનંન્દસ્વરૂપનાં શ્રીવ્યાસજીને દર્શન થયાં. મહર્ષિ વ્યાસ ભાવવિભોર બની ગયાં અને એ આનન્દના અનુભવ રૂપે "શ્રુતિગીતા" નું વર્ણન કર્યું. ભગવાને પોતાની શક્તિનાં ત્રણ સ્વરૂપ લીધાં છે : એક કૃષ્ણસ્વરૂપ, અક્ષરબ્રહ્મસ્વરૂપ અને ત્રીજું શ્રુતિસ્વરૂપ આવાં ત્રણ સ્વરૂપો છે, (આજ ભગવાન (૧) ફલરૂપ (૨) પ્રમેયરૂપ અને (૩) પ્રમાણરૂપ બને છે. આ ત્રણમાં જે ફલરૂપ છે તે આનંદરૂપ છે. (૧) પ્રમેયરૂપ છે તે ચિદ્રૂપ છે (૨) અને

પ્રમાણરૂપ છે તે સત્રૂપ છે.) આ સત, ચિત્ અને આનંદ, તેમજ પ્રમાણ, પ્રમેય અને ફલ એ સર્વ શ્રીકૃષ્ણસ્વરૂપ જ છે. અને શ્રીકૃષ્ણ અનન્ત ગુણોના ભંડાર છે. શ્રુતિ ભગવતી એ ભગવાનનું યશોગાન કરે છે. હવે આ અધ્યાયમાં ૫૦ શ્લોકો છે તેમાં ૨૮ શ્લોકોમાં શ્રુતિગીતા છે કુલ તત્ત્વો અઠ્ઠાવીસ છે. આ અઠ્ઠાવીસે અઠ્ઠાવીસ તત્ત્વો ભગવાનનું જ સ્વરૂપ છે તેથી ૨૮ શ્લોકોમાં શ્રુતિઓ ભગવાનનું નિરૂપણ કરે છે.)

परीक्षिदुवाच –ब्रह्मन् ब्रह्मण्यनिर्देश्ये निर्गुण गुणवृत्तयः । कथं चरन्ति श्रुतयः साक्षात्सदसतः परे ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછતાં શ્રીશુકાચાર્યજીને સૌથી પ્રથમ તો બ્રહ્મન્ ! સંબોધન કરીને એવું કહ્યું કે ભગવન્ આપ બ્રહ્મનિષ્ઠ છો. બ્રહ્મવેત્તા છો તેથી શ્રુતિઓનું તાત્પર્ય સમ્પૂર્ણ પ્રકારે જાણો છો તેથી આપને પૂછવું ઉચિત લાગે છે તો આપ કહો કે શ્રુતિઓની વૃત્તિઓ તો ગુણોમાં રહેલી છે એટલે સગુણ બ્રહ્મનું પ્રતિપાદન કરવામાં શ્રુતિ સમર્થ હોઇ શકે. જ્યારે બ્રહ્મ તો નિર્ગુણ છે. તો પછી ગુણોનું વર્ણન કરતી શ્રુતિઓ નિર્ગુણનો નિર્દેશ કેવી રીતે કરી શકશે ? આ ઘડો છે એમ બતાવી શકાય કારણ કે તે ગુણવાળો પદાર્થ છે જ્યારે બ્રહ્મ તો નિર્ગુણ છે તેને આંગળી ચીંધી કેમ બતાવાય ? સત્ અને અસત્થી પર બ્રહ્મ છે. એમાં શ્રુતિઓ શી રીતે પ્રવૃત્ત થઇ શકશે ? (૧) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન પરીક્ષિત ! ભગવાને જગતને માટે, ઉત્પત્તિ માટે, આત્માને માટે, કલ્પના કરવા માટે અથવા કલ્પના ના કરવા માટે મનુષ્યોને બુદ્ધિ, ઈન્દ્રિયો, મન અને પ્રાણોનું દાન કર્યું. (૨) રાજન્ ! બ્રહ્મે જ સ્વયં આ શ્રુતિ બતાવી છે. આ શ્રુતિનું પ્રતિપાદન કર્યું તેથી તેનું નામ ''બ્રાહ્મી ઉપનિષદ'' છે. આ બ્રાહ્મી ઉપનિષદને પૂર્વજોએ ધારણ કરેલી છે. શ્રુતિને જ ઉપનિષદ કહે છે. ઉપનિષદ શબ્દનો બ્રહ્મવિદ્યા એવો અર્થ થાય છે, જે કોઇ વ્યક્તિ શ્રદ્ધાપૂર્વક આ બ્રહ્મવિદ્યાને ધારણ કરે છે તે સર્વ સંદેહથી મુક્ત બનીને ભગવાનને મેળવે છે. ઉપનિષદ શબ્દમાં उप-नि-षद्- એવાં ત્રણ પદ છે. उप - નામનો ઉપસર્ગ છે. એનો ''સમીપ'' એવો અર્થ થાય છે नि - ઉપ-સર્ગ છે એનો સારી રીતે સારા પ્રમાણમાં એવો અર્થ થાય છે. હવે ''षद्'' નો અર્થ કરીએ षद् ના છૂટા પાડવું, લઈ જવું અને સ્થિર કરવું-સ્થાપવું એવા ત્રણ અર્થ થાય છે. હવે उपनिषद् એવા સંપૂર્ણ શબ્દનો અર્થકરીએ - उप - એટલે ભગવાનના ચરણોમાં અથવા ભગવાનના સ્વરૂપમાં नि ઘણી સરલતાથી-ઘણા સારા પ્રમાણમાં षद॔ - જીવને સંસારથી વિખૂટો કરી ભગવાનના માર્ગે દોરી, ભગવાનના ચરણોમાં કાયમ માટે સ્થાપન કરી દે છે તેથી તે ''उपनिषद्'' કહેવાય છે. (૩) રાજન્ પરીક્ષિત ! આ બ્રહ્મચર્ચાની બાબતમાં પરંપરાથી ચાલી આવતી શ્રુતિગીતા નામની ગાથા હું તમને કહું છું તે સાંભળો. આ પ્રસંગમાં શ્રીનારદજીની અને નારાયણ ઋષિનો સંવાદ રહેલો છે. (૪) કોઈ એક દિવસ ભગવાનના પ્રાણપ્યારા અને ભગવાનને પ્રાણથી પણ પ્યારા માનનારા શ્રીનારદ મુનિ ત્રણે લોકોમાં વિચરતા શ્રી સનાતન ઋષિનાં-શ્રીનારાયણ ઋષિનાં દર્શન કરવા માટે શ્રી નારાયણ આશ્રમમાં પધાર્યા. (૫) ભગવાન શ્રી નારાયણ ઋષિ આ ભારત વર્ષમાં મનુષ્ય માત્રના ક્ષેમ અને કલ્યાણ માટે આ કલ્પના આરંભથી જ ધર્મ, જ્ઞાન અને શમસમ્પન્ન તપ કરી રહેલા છે. (૬) હે કુરુકુલવર્ધક રાજન્ પરીક્ષિત ! નિરંતર તપમાં વસેલા નારાયણ ભગવાનને મળવું કઠિન છે પરંતુ સારા નસીબે સર્વ વિદ્યાસમ્પન્ન એવા ઋષિ-વર્યોથી વીંટળાએલા પુષ્કળ શોભતા ભગવાન નારાયણને નમસ્કાર કરી શ્રી નારદજીએ પ્રશ્ન કર્યો. ત્યારે સર્વ ઋષિવરોના સાંભળતાં ભગવાને કહ્યું કે નારદજી ! જનલોકનિવાસી-માટે પૂર્વે જે બ્રહ્મવાદ કહેવામાં આવ્યો હતોતે બ્રહ્મવાદ તદ્દન સ્પષ્ટ અને વળી સંદેહ વિનાનો છે તેહું નારદ તમને વર્ણવીશ. (૭,૮)

જનલોકમાં બ્રહ્મવાદચર્ચા

ભગવાને કહ્યું કે ભાઈ નારદ ! હે સ્વાયંભુવ બ્રહ્મકુમાર ! એકવાર જનલોકમાં બ્રહ્મસત્ર ચાલ્યું. ભાઈ જેમાં સરખા સ્વભાવ, જ્ઞાન-તપવાળા, સમાન યોગ્યતાવાળા સત્તર સંખ્યાના બ્રહ્મર્ષિઓ મળીને પરસ્પર નાનામોટા બની કર્મ કરતા હોય તેને સત્ર કહેવામાં આવે છે નારદ ! આવા સત્રની જનલોકમાં યોજના કરી હતી. મહર્લોક સુધી તો યજ્ઞાદિ કર્મનાં ફલો ભોગવવાનાં હોવાથી ત્યાં બ્રહ્મવિચારોની પૂરી શક્યાતા નથી હોતી તેથી જ આ સત્રનું આયોજન જનલોકમાં રાખવામાં આવ્યું હતું. બ્રહ્માજીના માનસ પુત્રો તેમાંય વળી ઊર્ધ્વરેતસ એટલે અખંડ બ્રહ્મચારીઓ અને મનનશીલ જનલોકવાસી મુનિવરોનું આયોજિત આ સત્રં હતું. (૯) ભાઈ નારદ ! તમારા મનમાં વિચાર આવશે કે આવા

''બ્રહ્મસત્ર'' ની મને કેમ ખબર ના પડી તો કારણ એવું હતું કે તે સત્ર સમયે શ્રીશ્વેતદીપના સ્વામી શ્રીઅનિરુદ્ધ ભગવાનનાં દર્શન કરવા માટે તમે શ્વેતદ્વીપમાં ગયા હતા. આ અવસરે જ્યાં શ્રુતિભગવતીઓ શયન કરે છે એટલે નિવાસ કરે છે તે સ્થાનમાં ઘણા ઉત્તમ પ્રકારે બ્રહ્મવાદની ચર્ચા થઇ હતી. ભાઈ નારદ ! તમે મને જે પ્રશ્ન પૂછયો તે જ પ્રશ્નની ત્યાં ચર્ચા ચાલી હતી. (૧૦) આ સત્રના શ્રોતા અને વક્તાઓ એક સમાન શાસ્ત્રાભ્યાસી, સરખા તપસ્વી, સરસ સ્વભાવવાળા, સમાન શીલવાળા હતા. તદ્દુપરાંત શત્રુ-મિત્ર-તટસ્થમાં પણ તેઓ સમબુદ્ધિવાળા હતા. આમ છતાં આ સર્વ તત્ત્વજ્ઞાનીઓએ એકને વક્તા બનાવ્યા અને અન્ય આ શ્રોતા બન્યા હતા. (૧૧) શ્રી સનંદન મુનિએ આ સર્વની મધ્યમાં પ્રવચન આરંભ્યું હતું. તેઓ કહેવા લાગ્યા કે ભગવાને પોતાના રચેલા વિશ્વનું સંપૂર્ણ પ્રમાણ પાન કરીને સંપૂર્ણ બ્રહ્માંડને પોતામાં સમાવી દીધું અને પ્રભુ પોતાની શક્તિઓની સાથે પોઢ્યા હતા. આ અવસરે પ્રલય-સમાપ્તિ સમય આવતાં શ્રુતિ ભગવતીઓ જાગૃત થવાનાં લક્ષણોને જાણીને ભગવાનને જગાવવા લાગી. (૧૨) ભાઈ નારદ ! જાણે સૂતેલા કોઈ ચક્રવર્તી રાજાને પ્રાતઃકાલે બ્રાહ્મમુહૂર્તમાં રાજાના અનુજીવી બંદી-ભાટચારણો આવીને પોતાના રાજાની ઉજ્જવલ કીર્તિ ભર્યાં પરોક્રમોનું ગાન કરીને જેમ જાગૃત કરે છે તે જ રીતે રાજાધિરાજ આનંદનિધિ ભગવાનને ભગવતી શ્રુતિઓ જગાવવા ગાવા લાગી. (૧૩)

શ્રુતિગીતા

श्रुतय ऊचुः-जय जय जह्यजामजित दोषगृभीतगुणां--त्वमसि यदात्मना समवरुद्धसमस्तभगः ।

अन्वयार्थ :- अगजगदोकसामखिलशक्त्यवबोधक ते -- क्वचिदजयात्मना च चरतोनुचरेन्निगमः ॥ १४ ॥

અનુવાદ :- શ્રુતિ ભગવતીઓ ભગવાનના ગુણ ગાવા લાગી, હે અજિત ! આપ તો સદા અજય છો. આપનો કોઇ પણ પરાજય કરી શકે તેમ નથી. આપને ઉષઃકાલમાં વિનવીએ છીએ કે આપનો જય જયકાર હો. આપને નિવેદન છે કે આપ કૃપા કરીને યોગનિદ્રાને હવે દૂર કરો, તેને સંપૂર્ણ નિર્મૂલ કરો. આ યોગનિદ્રા સ્થાવર અને જંગમ જીવોને સ્વરૂપનું જ્ઞાન ન થવા દેવા માટે સત્ત્વ વગેરે ગુણોને ગ્રહણ કરનારી છે. આપ સ્વયં આપનાં છ ઐશ્વર્યોથી પરિપૂર્ણ છો. સ્થાવર અને જંગમ એટલે જડ અને ચેતન સર્વ જીવોની સર્વ ઇન્દ્રિયોને સ્ફૂર્તિ આપનારા છો. સર્વ શક્તિઓને જાગૃત કરનારા પણ આપ છો. આપ સદા સર્વદા સ્વ-સ્વરૂપથી જ ક્રીડા કરનારા છો. કો'કવાર આપ અજા-માયાથી વિહાર કરતા હો છો ત્યારે પણ આત્મસ્વરૂપથી જ ક્રીડા કરો છો. સર્વથા વેદ તો આપને જ અનુસરે છે એટલે આપને જ ગાય છે કો'ક એકાદ વેદ વચન માયાના સંબંધનું વર્ણન કરતાં જોવા મળે છે ત્યારે પણ આપ આપના આનંદમય સ્વરૂપમાં રહીને જ ક્રીડા કરો છો એવું જ વેદ કહે છે અને વર્ણવે છે (૧૪) अन्यथार्थ -: अजित અજેય પ્રભો ? जय जय = આપનો જય હો दोष गृभीत गुणाम् = સ્વરૂપના અજ્ઞાન માટે ગુણોને કરનારી अग-जगद्-ओकसाम् સ્થાવર જંગમ દેહોમાં રહેનારા જીવોની अजाम् માયાને जहि = દૂર કરો यत् = કારણકે त्वम् = આપ आत्मना = પોતાના સ્વરૂપથી सम्-अवरुद्ध-समस्त - भगः असि-સંપૂર્ણ ઐશ્વર્ય પરિપૂર્ણ છો अखिलशक्ति - अबबोधक = સમગ્ર જીવોની સમ્પૂર્ણશક્તિઓને જાગૃત કરનારા निगमः कवचित् કોઈક સ્થાને अजया = માયા સાથે च = અને નિત્ય आत्ममां चरतः =

प्राकृताः श्रुतयः सर्वा भगवन्तमधोक्षजम् । स्तुवन्ति दोषनाशाय तत्राविष्टो भवेद्याथा ॥ १४ ॥ कारिका १

સર્વ પ્રાકૃત શ્રુતિઓ પોતાના દોષના નાશ માટે અધોક્ષજ ભગવાનની સ્તુતિ કરે છે. જો ભગવાન દોષ દૂર કરેતો તેમાં ભગવાનનો પ્રવેશ થતાં પોતાના દોષો પણ ભગવાન દૂર કરી દે તે આશયથી ભગવાનને વિનેવે છે.

बृहदुपलब्धमेतदवयन्त्यवशेषतया-यत उदयास्तमयौ विकृतेर्मृदि वाडविकृतात् ।

अत ऋषयो दद्युस्त्वयि मनोवचनाचरितं--कथमयथा भवन्ति भुवि दत्तपदानि नृणाम् ॥ १५ ॥

અનુવાદ :- આ દેખાતું સચરાચર વિશ્વ-સકલ જગત્ બૃહદ્ એટલે બ્રહ્મસ્વરૂપ છે. કારણ કે તેનો નાશ નથી થતો પરંતુ તે સદ્રુરૂપે રહે છે. માટે જ જ્ઞાનીઓ જગતને અક્ષર-બ્રહ્મરૂપે જાણે છે. આકાર પામેલા ઘડાઓ નાશ પામે ત્યારે તે

મૃત્તિકારૂપે જ રહે છે માટે માટીમાંથી આ ઘડા ઉત્પન્ન થતા હોવાથી ઘડા પણ માટીરૂપે જ છે. તેવી જ રીતે આ અવિકારી બ્રહ્મ-અક્ષરમાંથી જગતનો ઉદય અને અક્ષરમાં લય થતો હોવાથી આ જગત પણ અક્ષર-બ્રહ્મ સ્વરૂપ છે આવું સૂક્ષ્મ દૃષ્ટિવાળા ઋષિઓ જાણે છે. એવું કહે છે એટલું જ નહીં પણ આવા મંત્રદ્રષ્ટા સર્વજ્ઞ ઋષિઓ મન અને વાણીથી જે કાંઇ ચિંતન થયું જે કાંઈ બોલાયું તેના તાત્પર્ય રૂપે આપને-બ્રહ્મને જ વિષે એમ કહે છે. પગલાં ક્યાં પણ મૂકો પછી પાતાળમાં પહેલે માળે, સાતમે માળે, પણ તે મૂકેલાં પગલાં ભૂમિ ઉપર જ છે તેને અન્યથા કેમ કહેવાશે કે આ પગલાં પૃથ્વી ઉપર નથી મૂક્યાં તેવીજ રીતે કાર્યરૂપે કે કારણપરૂપ આ જગત બ્રહ્મસ્વરૂપ જ હશે. (૧૫) अन्वयार्थ :- उपलब्धम् = ઈન્દ્રિયોથી અનુભવાતાં एतत् = આચરાચરને, विकृतेः = આપના સ્વ સ્વરૂપમાં રહેલા આપને अनुचरत् = વર્ણવે છે. (૧૪)

सत्यो हरिः समस्तेषु भ्रमभातेष्वपि स्थिरः । अतः सन्तः समस्तार्थे कृष्णमेब विजानते ॥ १५ ॥ का.२

સર્વ પદાર્થોમાં સત્યરૂપે ભગવાન શ્રીહરિ જ રહેલા છે છીપમાં ચાંદી વગેરે રૂપે દેખાતા પદાર્થોમાં પણ એનું અધિષ્ઠાન એટલે મૂલ આધારરૂપ બ્રહ્મ જ હોવાથી સર્વ પદાર્થોમાં કૃષ્ણની ભાવના કરે છે. અને સર્વરૂપે કૃષ્ણ જ થયેલા છે એમ માને છે. (૧૫)

इति तव सूरयस्त्र्ययेधिपतेडखिललोकमल--क्षपणकथामृताब्धिमवगाह्य तपांसि जहुः ।
किमुत पुनः स्वधामविघुताशयकालगुणाः -- परम भजन्ति ये पदमजस्त्रसुखानुभवम् ॥ १६ ॥

અન્વયાર્થ :- है त्र्यधिपते=ત્રણ લોકના નાથ ! इति=ઉપર કહ્યા પ્રમાણે સર્વ શ્રીકૃષ્ણ છે એવું સમજીને નિશ્ચય કરીને तव=આપના, सूरयः=પરમ ભક્ત વિદ્વાનો अखिलं-लोक-मल-क्षपणं-कथा-अमृत-अब्धिम्=સંપૂર્ણ વિશ્વના પાપોના નાશ કરનારા કથાસ્વરૂપ સમુદ્રમાં, अवगाह्य=અવગાહન કરીને-ડૂબકી લગાવી તરબોળ બનીને, तपांसि जहुः=તપશ્ચર્યા વગેરે સાધન કલેશોનો ત્યાગ કરીને કથા-મૃતપાનમાં મત્ત રહ્યા છે, हे परम= હે સર્વશ્રેષ્ઠ ભગવાન, पुनः=શ્રીઉદ્ધવજી જેવા કેવલ સેવાપરાયણ અનન્ય ભક્તો છો કે જેમણે, स्वधाम-विद्युत-आशय-काल-गुणाः=આપના મંગલમય સ્વરૂપની સ્ફૂર્તિ થવાથી દેહ અને કાલના ગુણોને-જરામરણાદિ દોષોને દૂર કરીદીધા છે અને, अजस्त्र-सुख-अनुभवम् =જેમાં નિરંતર પરમાનંદનો જ અનુભવ રહેલ છે એવા, पदम्= ચરણકમલનું, भजन्ति=સેવનકરે છે, किम-उत= એવા સેવાનિષ્ઠ ભગવદીયો માટે તો પૂછવું જ શું ? (૧૬) * दधुः=સ્થાપિત કરે છે पदम्=પગલાં, =भुमि=ભૂમિઅનુવાદઃ- હે ત્રણે લોકના નાથ ! હે પ્રભુ ! સાધન પ્રતિપાદન કરનારી એટલે તપ-જપ-યજ્ઞ વગેરેનું સૂચન કરનારી શ્રુતિઓ પણ બ્રહ્મનું જ- ભગવાન શ્રીકૃષ્ણનું જ પ્રતિપાદન કરનારી છે એવો નિશ્ચય કરીને આપના વિદ્વાન ભક્તો પણ સંપૂર્ણ વિશ્વનાં પાપો હરનારા કથામૃત મહાસાગરમાં સદા સ્નાન કરનારા, કથામૃતપાન કરવામાં તન્મય બનીને તપ આદિ કઠિન સાધનોને ત્યજી દે છે તો પછી હે પરમ ભગવન, ! આપના સ્વરૂપનું સ્ફુરણ થવાથી જરા અવસ્થા વગેરે કાલધર્મોને જીવનમાંથી ફગાવી દેનારા અને નિરંતર પરમાનંદથી છલકાતી, નિરંતર પરમાનંદના અનુભવનું દાન કરી આપના ચરણકમલોની સેવામાં મસ્ત બની રહેલા છે તેમને માટે તો પૂછવું જ શું ? (૧૬)

कथानन्त्योक्तिहृदयाः साधनानि न कुर्बते । साक्षात्तेपादसंश्लिष्टास्ते किंवाच्या महाशयाः ॥ १६ ॥ का.3

હે ભગવાન ! જેમના ઉપપૂરમાં સદા કથામૃતનાં અનંત પૂર ઉભરાય છે તેના આનંદમાં મસ્ત બનેલા જો કષ્ટ સાધ્ય સાધનો નથી કરતા તો પછી સેવા દ્વારા જે ભક્તજનોના હૃદયમાં આપના ચરણકમલોનાં સદાય આલિંગન થયેલાં જ છે તેવા પરમ ભગવદીયોને માટે તો પૂછવું જ શું ? (૧૬) ઉપર अयथी=मिथ्याकथं भवति=કેમ થઈ શકે ?

दृतय इव श्वसन्त्यसुभृतो यदि तेडनुविधा-महदहमादयोऽण्डमसृजन् यदनुग्रहतः ।
पुरुषविधोन्वयोडत्र चरमोऽन्नमयादिषु यः-सदसतः परं त्वमथ यदेष्ववशेषमृतम् ॥ १७ ॥

અન્વયાર્થ:-यदि= જો તે- આપની,अनुविधाः = સેવામાં રસ લેનારા છે તે તો, असुभृतः- ખરેખર જીવિત મનાય-જીવતા ગણાય પરંતુ જે દેહ ધારી જીવો સેવાવિમુખ છે તે તો કેવલ, दृतयः इव श्वसन्ति =લુહારની ધમણની માફક માત્ર

શ્વાસ લે છે. यज्-अनु ग्रहतः=આપના જ અનુગ્રહથી-કૃપાથી, महद्-अहम्-आदयः= મહત્ તત્ત્વ, અહંકાર વગેરે તત્ત્વો, अंडम्=બ્રહ્માંડ, असृजन्= સરજે છે, अत्र=આ દેહમાં, अन्नमयादिषु= અન્નમય-પ્રાણમય-મનોમય-વિજ્ઞાનમય-આનંદમય નામના પાંચ કોશોમાં, य=જે चरमः पुरुषविध=છેલ્લો આનંદમય પુરુષવિધ નામનો જે કોશ છે તે સર્વમાં, अन्वयः=અનુગત છે રહેલો છે, अथ=અને, यत् =જે, एषु =સર્વમાં अवशेषम्=છેલ્લી વસ્તુ શેષ રહે છે જે, ऋतम् =સત્ય તત્ત્વ છે અને જે, सद्-असतः-परम् =સત અને અસતથી પર છે, પરતત્ત્વ છે તે, त्वम्-असि= આપ જ છો. (૧૭)

અનુવાદઃ- હે નાથ! જો દેહધારી જીવો આપના સેવાપરાયણ છે તો તે સાચે પ્રાણધારી મનાય. પરંતુ શરીરધારી છતાં સેવાથી વિમુખ છે તે તો કેવલ ધમણની માફક શ્વાસ લે છે પરંતુ જીવતા કેમ ગણાય ? એ તો ધમણની માફક બીજાને સંતાપે છે. જેઓ અન્યને ત્યજીને આપને સેવે છે તેનું પણ એ જ કરાણ છે કે મહત્તત્ત્વ અને અહંકાર વગેરેએ જે આ બ્રહ્મામંડળ રચ્યું અને રચે છે તે કાંઈ પોતાના સામર્થ્યને લીધે નહીં. પરંતુ આપે કૃપા કરીને મહત્તત્ત્વ વગેરે સામર્થ્ય આપ્યું છે તેના બળથી રચે છે. અન્નમય-પ્રાણમય-મનોમય-વિજ્ઞાયમય-આનંદમય નામના જે પાંચ કોશો છે તેમાં જે છેવટનો પુરુષાકાર આનંદમય છે તે તો પાંચે કોશોમાં વ્યાપી રહેલો છે. સત્ અને અસત્-કાર્ય અને કારણથી પર જે તત્ત્વ છે તે પણ આપ જ છો. જ્યારે આ સમસ્ત પદાર્થો-વસ્તુઓ એટલે આખુંયે વિશ્વ જ્યારે લીન થાય છે- દેખાતું બંધ થાય છે ત્યાર પછી જે પલ કાલમાં અવશિષ્ટ રહે છે તે તત્ત્વ પણ આપ જ છો. (૧૭)

कृष्ण एव सदा सेव्यः निर्णीतः पञ्चधा बुधैः । शरीरदः प्रेरकश्च सुखदः शेषसत्पदः ॥ १७ ॥ का. ४

વિદ્વાન પુરુષોએ ભગવાન શ્રીકૃષ્ણને જ શરીર આપનારા, સુખ આપનારા, છેલ્લા એક જ શેષ રહેનારા અને સત્યસ્વરૂપ છે એવો નિર્ણય કર્યો છે માટે જ શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ. (૧૭)

उदरमुपासते य ऋषिवर्त्मसु कूर्पदृशः-परिसरपद्धतिं हृदयमारुणयो दहरम् ।
तत उदगादनन्त तव धाम शिरः परमं-पुनरिह यत्समेत्य न पतन्ति कृतान्तमुखे ॥ १८ ॥

અન્વયાર્થઃ- ऋषिवर्त्मसु=વેદોક્ત માર્ગોમાં, ये =જે લોકો,उदरम्=ઉદરની એટલે ઉદરસ્વરૂપ મનાતા કર્મની, उपासते=ઉપાસના કરે છે તેઓ તો, कूर्पदृशः=લૌકિક ફળની અભિલાષાવાળા સ્થૂલ દૃષ્ટિવાળા કર્મમાર્ગીઓ છે. (ये=જે લોકો), परिसर-पद्धतिम्=પરિસરનો અર્થ થાય છે નાડીઓ અને પદ્ધતિ એટલે માર્ગ એવો અર્થ થયો. નાડીઓના માર્ગ દ્વારા જે યોગીઓ, दहरम्=અલ્પ એવા, हृदयम्=હૃદયપ્રદેશની ઉપાસના કરે છે,હૃદય-એક પ્રદેશમાં જ ભગવાનનું ધ્યાન કરે છે તેમને અવશ્ય પ્રકાશ તો થાય છે પરંતુ, आरुणय := તે યોગી અરુણ-ના પુત્રની માફક અલ્પ પ્રયાસવાળા છે, अनन्त =પરંતુ હે અનન્ત ભગવન્ तव=આપનું, परमम्=સર્વશ્રેષ્ઠ, धाम=સ્થાન અક્ષરબ્રહ્મરૂપ, शिरः=જેના મસ્તક છે એટલે આધિભૌતિક બ્રહ્મલોક છે, तत=તેનાથી પણ, उद्-अगात्=જે ઉપર રહેલ છે, यत् =જે ભગવત્સ્વરૂપ છે, समेत्य=તે સ્વરૂપને પામીને पुनः=ફરીથી, इह = આલોકમાં, कृतान्त-मुखे=કાળના મુખમાં, न पतति=પડતા નથી. (૧૮)

અનુવાદઃ- વેદ ભગવાને દર્શાવેલા માર્ગોમાં જે ભગવાનના ઉદર સમાન ગણાતા અલ્પ મનાતા એવા હૃદયની ઉપાસના કરે છે તે સ્થૂલ દૃષ્ટિવાળા છે. અને જે યોગીજનો નાડીઓના માર્ગરૂપ ગણાતા અલ્પ મનાતા એવા હૃદયની ઉપાસના કરે છે તે યોગીઓ અરુણોદય કાલના અલ્પ પ્રકાશવાળા છે અને હે નાથ હે અનન્ત! આપના સર્વશ્રેષ્ઠ ધામ મસ્તકરૂપ આધિભૌતિક બ્રહ્મલોકથી પણ જે ઉપર જાય છે, જે ઉપરરહેલ છે તે ભગવતસ્વરૂપ આપ છો, આપના સ્વરૂપને પામનારાઓ ફરીથી લોકમાં કાલના મુખમાં પડતા નથી. (૧૮)

कर्मरूपं हरि केचित् सेवन्ते गोयरूपिणम् । तेभ्योडप्यतक्षररूपस्य सेवकाः संमताः सताम् ॥ १८ ॥ का. ५

કેટલાક કર્મરૂપ હરિની ઉપાસના કરે છે, કેટલાક યોગરૂપ હરિનું સેવન કરે છે, આ સર્વ કરતાં અક્ષરરૂપ શ્રીહરિની સેવા કરે છે તે સત્પુરુષોને ઉત્તમ માન્યા છે. (૧૮)

स्वकृतविचित्रयोनिषु विशन्निव हेतुतया-तरतमतश्चकास्स्यनलवत् स्वकृतानुकृतिः ।

अथ वितथास्वमूष्ववितथं तव धाम समं-विरजधियोन्वयन्त्यभिविपण्यव एकरसम् ॥ १० ॥

અન્વયાર્થ:-स्व-कृत-विचित्र-योनिषु=આપે પોતે રચેલી વિવિધ-વિચિત્ર દેવ-મનુષ્ય વગેરે શરીરોમાં-યોનિઓમાં, हेतुतया=ઉત્પાદન-રૂપે કારણરૂપે રહેલ, विशन् इव=પ્રવેશ કરતા હોય તે પ્રમાણે, स्व-कृत-अनुकृतिः=આપે રચેલી યોનિયોનું અનુકરણ કરનારા આપ, अनलवत्=કાષ્ઠની ઢગલીમાં રહેલાં અગ્નિની, માફક तरतमत=પ્રકાશિત નાના મોટા પ્રમાણમાં બનીને રહો છો, अथ=એટલા માટે, विरजधियः=નિર્મલ મતિવાળા, अमि-विपण्यवः-अभि=જેમણે ચારેબાજુથી, वि=સર્વ પ્રકારના ત્યજી દીધેલા, पण्यवः =વ્યવહારો એવા તત્ત્વજ્ઞાનીઓ, वितथासु=પરિવર્તનશીલ, अमूषु=આ યોનિઓમાં, अवितथम् =અપરિવર્તનશીલ, समम्=એકરસ तव=આપના, धाम= સ્વરૂપન अवयन्ति=જાણે છે-વ્યવસ્થિત રીતે જાણે છે. (૧૯)

અનુવાદ:- હે ભગવન્ અજિત! આપે રચેલી વિવિધ આકૃતિઓમાં-યોનિઓમાં આપ ઉપાદાન કારણ રૂપે રહેલા જ છો. આમ છતાં પ્રવેશ કરતા આપ નાના મોટા પ્રકાશરૂપે કે વાંકાચૂકાં પ્રકાશરૂપે દેખાતા અગ્નિ જેવી વસ્તુ છે. દાખલા તરીકે દેવના શરીરમાં દેવ જેવા, મનુષ્યમાં મનુષ્ય જેવા, પશુપક્ષીમાં પશુપક્ષી જેવા લાગો છો છતાં આપ તો સ્વતંત્ર છો. આપે રચેલી આ પરિવર્તનશીલ દેવ વગેરે યોનિમાં રહેલા-પ્રવેશેલા આપ તો સદા એકરસ સત્ય અને સદા સમાન રૂપ છો એવું તો જેઓ વ્યવહારમુક્ત બનેલા જ્ઞાની-તત્ત્વજ્ઞાનીઓ છે તે જાણે છે. (૧૯)

सर्वत्र भगवान् तुल्यः सर्वदोषविवर्जितः । क्रीडार्थमनुकुर्वन् हि सर्वत्रैक विराजते ॥ १९ ॥ का. ६

સર્વ દોષોથી મુક્ત ભગવાન સર્વત્ર સમાન છે. કેવલ ક્રીડાને માટે અનુકરણ કરતા એવા સર્વની અંદર બિરાજે છે.

स्वकृतपुरेष्वमीष्वबहिरन्तरसंवरणं-तव पुरुषं वदन्त्यखिलशक्तिधृतोंऽशकृतम् ।

इति नृगतिं विविच्य कवयो निगमावपनं-भवत उपासतेंङ्ध्रिमभवं भुवि विश्वसिता: ॥ २० ॥

अमीषु-स्व-कृत-पुरेषु=આપે રચેલાં આ શરીર-નગરોમાં, अवहिः-अन्तः-असंवरणम्=અંદર અને બહારના સંવરણ એટલે ગુણ-દોષના બંધન વિનાનો, अखिल-शक्ति-धूतः- સમગ્રશક્તિવાળા-સર્વશક્તિમાન્ એવા, तव=આપના, अंश-कृतम्= અંશરૂપ રહેલા અંશને पुरुषम=પુરુષ એટલે જીવાત્મા તરીકે, वदन्ति =કહેવામાં આવે છે. इति=આવી ઉપર સમજાવેલી, नृ-गतिम् =જીવની વ્યાખ્યાને જીવના સ્વરૂપને, विविच्य=વિવેકપૂર્વક જાણીને, भुवि=ભૂમિલોકમાં રહેલા, विश्वसिताः =ભગવાનના ચરણકમલોમાં વિશ્વાસ ધરાવતા, कवयः=વિવેકશીલ ભગવદીયો, निपण-आवपनम्=ભગવાન વેદે વર્ણવેલા પ્રતિપાદન કરેલાં-ગાયેલાં, अभवम्=જન્મ-મરણસ્વરૂપ ભવબંધનને છોડાવનારા અને સ્વંય જન્મ રહિત એવા, अंध्रिम्=ચરણાવિંદને उपासते=સેવે છે. (૨૦)

અનુવાદ:- હે અજિત ભગવન્ ! દેવ-મનુષ્ય-પશુ-પક્ષી વગેરે દેહો આપે રચ્યા છે. આ દેહોમાં એક એવું તત્ત્વ રહેલ છે કે જેને બહાર કે અંદરની ક્યાંય અટકાયત નથી તેમજ બહારના કે અન્દરના કોઈ ગુણદોષો સ્પર્શી શકતા નથી. કરાણ કે તે જીવતત્ત્વ સર્વશક્તિમાન્ આપ ભગવાનનો અંશ છે આવું અનુભવશીલ તત્ત્વદર્શીઓનું કહવું છે. એટલું જ નહી પરંતુ જીવનું સ્વરૂપ આ પ્રકારનું છે એવું સમજીને ભૂતળ ઉપર બિરાજતા વિવેકશીલ ભક્તજનો આપના ચરણકમલની સેવા કરે છે. કારણ કે આપનું ચરણકમલ ભવસરિતામાં તણાઈ જતા જીવાત્માને રોકી લે છે. આ ઉપરાંત વેદમાં જેટલાં કર્મ-તપ-યોગ વગેરે પુણ્ય કર્મનાં ફળ છે તે સર્વ ફળો આપના ચરણકમલોમાં બિરાજે છે. (૨૦)

गुप्तानन्दा यतो जीवा निरानन्दं जगद्यतः । पूर्णानन्दो हरिस्तस्माज्जावैः सेव्यः सुखार्थिभिः ॥ २० ॥७

દેહમાં આવ્યા બાદ જીવોનો સહજ આનંદ છે તે તિરોહિત-ઢંકાઈ ગયેલ છે. જગત તો આનંદરહિત એટલે નિરાનંદ છે. હવે જો જીવોને આનંદ જોઈએ તો તેઓ તો ભગવાનના ચરણકમલોની સેવા કરે કારણ કે ભગવાન પૂર્ણાનંદ હોવાથી આનંદનાં દાન કરશે. (૨૦)

दुरवगमात्मतत्त्वनिगमाय तवात्ततनो-श्चरितमहामृताब्धिपरिवर्तपरिश्रमणाः ।

न परिलषन्ति केचिदपवर्गमपीश्वर ते-चरणसरोजहंसकुलसङ्गविसृष्टगृहाः ॥ २१ ॥

અન્વયાર્થઃ- ईश्वर=અજિત ભગવન્ ! આપ તો ઈશ્વર છો-સર્વ સમર્થ છો, दुर-अवगम-आत्मतत्तव-निगमाय=સુખેથી કે સરલતાથી ના સમજી શકાય એવા 'આત્મતત્ત્વ'ને સુખેથી સમજાવા માટે, -ઓળખાવવા માટે જ, आत्त-तनोः સાક્ષાતસ્વરૂપ લેનાર-સ્વરૂપ સ્વીકારનારા એવા, तव =આપશ્રીના, चरित-महा-अमृत-अब्धि-परिवर्त-परिश्रमणाः=કથા નામના મહાન અમૃતમહાસાગરનાં મંથનમાં પરિશ્રમ કરનારા મહાન ભક્તો, ते=चरणसरोज-हंसकुल-सङ्ग-विसृष्ट-गृहाः=શ્રીચરણકમલોમાં નિવાસ કરનારા ભક્તરાજ હંસોના કુલોના-સમૂહોના સંગને મેળવવા માટે ઘરબાર-જમીન-જાગીરને છોડી દેનારા, केचित्=કેટલાક પુણ્યશાળી કૃપાપાત્ર વિરલ જનો, अपवर्गम्=મોક્ષને, अपि =પણ, न-परिलषन्ति=ચાહતા નથી. (૨૧)

અનુવવાદઃ- હે અજિત પરમેશ્વર ! હે કૃષ્ણ ! આત્મતત્ત્વનું જ્ઞાન સરલતાથી પામવું કઠિન છે આપે એવું જાણીને જ આત્મતત્ત્વનો બોધ કરાવવા માટે જ આપે અવતાર સ્વીકાર્યો છે. આપે આનંદમય શ્રી અંગ ધારણ કર્યું છે. હે અજિત ! આવું જાણનારા પરમ ભક્તો આપના કથામૃત નામના મહાસાગરમાં ડૂબવા માટે-મંથન કરવા માટે પરિશ્રમ કરનારાઓએ તો આપના ચરણકમલમાં સદા નિવાસ કરનારા ભક્તરાજહંસોનો કેવલ સંત્સંગ મેળવવાની ઈચ્છાથી જર-જમીન-જાગીરને પણ પડતાં મૂકીને સંતજનોને સેવ્યા છે અને સેવે છે. આવા પુરુષો તો મોક્ષનીય કામના નથી કરતા. (૨૧)

कृष्णे हरौ भगवति परमानन्दसागरः । वर्तते नात्र संदेहः कथा तत्र नियामिका ॥ २१ ॥ का. ८

ભગવાન શ્રીહરિ શ્રીકૃષ્ણમાં જ પરમાનંદનો સાગર છે. આ વિષયમાં કોઈ પણ પ્રકારનો સંદેહ નથી અને કથા તેમાં કેવલ નિયામિકા છે. (૨૧)

त्वदनुपथं कुलायमिदमात्मसुहृत्प्रियवत्-चरित तथोन्मुखे त्वयि हिते प्रिय आत्मनि च ।
न बत रमन्त्यहो असदुपासनयात्महनो-यदनुशया भ्रमन्त्युरुभये कुशरीरभृतः ॥ २२ ॥

અન્વયાર્થઃ- त्वद्-अनुपथम्=આપની સેવામાં ઉપયોગી, આપની સેવા માટે અનુકૂલ, इदम्=આ, कुलायम्=માળારૂપ ઉત્તમ શરીર, आत्म-सुहृत्-प्रियवत्=આત્માની સમાન-મિત્રની સમાન-પ્રિયની સમાન, चरति=કાર્ય કરે છે -કામ આપે છે, તથા આ ઉપરાંત તેમાં પણ, त्वयि=આનંદકરુણાસાગર આપ ખુદ, उन्मुखे=મારો પુત્ર, મારો અંશ જીવ મારી પાસે ક્યારે આવે એવી જો આતુરાત સેવી રહ્યા છો તેમાં પણ, हिते=પોતાના ભક્ત સદા પિતાની માફક હિત કરનારા, વળી प्रिये=પુત્રનું માતાની માફક પ્રિય કરનારા છો, વળી आत्मनि=પોતાના આત્મારૂપ છો, च=અને કૃપાળુ છો છતાં-સાનુકૂલ છતાં, आत्महनः=આત્મઘાતી-વિષયી જીવો, उपासनया= દુષ્ટોના સંસર્ગને લીધે કે ક્ષુદ્ર દેવતાઓની ઉપાસનામાં ડુબેલા હોવાને લીધેન-समन्ति=આપના ચરણોમાં સ્નેહ નથી કરતા, बत=ત્યારે દુઃખ થાય છે કે, यद्-अनुशयाः=દુષ્ટ સંગમાં વાસનાવાળા, कु-शरीरभृत =વિષયી દેહને ધારણ ગ્રહણ કરનારા જીવો ખરેખર, उर-भयं-અત્યંત ભય ભરેલા સંસારમાં भ्रमन्ति=ભટકે છે. (૨૨)

અનુવાદઃ- હે અજિત શ્રીકૃષ્ણ ! આપે તો કૃપા કરીને આપની સેવામાં ઉપયોગી થઈ પડે તેવો અનેક રીતે અનુકૂલ દેહ નામનો માળો આપ્યો છે. આ માળામાંથી જ્યારે ત્યારે જીવડાં-પંખીડાને ઊડી જવાનું છે, વળી આ દેહ નામનો માળો પોતાની માફક, મિત્રની માફક, પ્રિયજનની માફક સદા કલ્યાણ કરતો આવ્યો છે. આ ઉપરાંત પૂર્ણ આનંદપૂર્ણ ભગવન્ ! આપ જાતે પોતાના પુત્રની માફક જીવને-પોતાના આત્માને ભેટવા તલસો છો, આપ પિતા માફક હિતકારી માફક પ્રિય કરનારા છે, અરે જીવાત્માના આપ આત્મા છો,આપ મળવા માટે તો કાયમના તત્પર છો છતાં આત્મઘાતી જનો-વિષયીજનો કુસંગમાં ગળાડૂબ ડૂબેલા દુષ્ટદેહવાળા આપને નથી સેવતા અને અત્યંત ભય ભરેલા સંસારમાં ભટકે છે. (૨૨)

असत्संगो न कर्तव्यो भक्तिमार्गस्य बाधकः । देहे ह्यनुगणे कृष्णे नेन्द्रियाणां प्रियं चरेत् ॥ २२ ॥ का. ९

અસત્સંગ ના કરવો જોઈએ. કારણ કે ભગવાનની સેવામાં સર્વદા તે આડે આવે છે. ડાહ્યા મનુષ્યે તે જો ભગવાનની

સેવા કરવા માટે શરીર સાનુકૂળ હોય તો સેવા કરવી જોઈએ પરંતુ ઈન્દ્રિયોને લાડ લડાવનારાં સુખો ન ભોગવવાં જોઈએ. (૨૩)

निभृतमरुन् मनोक्षदृढयोगयुजो हृदि यन्-मुनय उपासते तदरयोऽपि ययुः स्मरणात् ।
स्त्रिय उरगेन्द्रभोगभुजदण्डविषत्कधियो-वयमपि ते समाः समदृशोंघ्रिसरोजसुधाः ॥ २३ ॥

અન્વયાર્થઃ- निभृत-मरुत-मनःअक्ष-दृढ-योग-युजः=પ્રાણયામ કરી પ્રાણવાયુને, મનને અને ઇન્દ્રીયને વશકરી સારી રીતે સમાધિને સિદ્ધ કરનારા, मुनय=મુનિવરો यत=જે ભગવત્સ્વરૂપની, हृदि=કેવલ હૃદયમાં જ, उपासते=ઉપાસના કરે છે तत्=તે સ્વરૂપને તો अरयः-अपि=ભગવાનના સાથે વૈર કરનારાઓ પણ, स्मरणात्=માત્ર વૈરભાવે સ્મરણ કરવાથી જ, ययुः=પામ્યા છે, વળી उरग-इन्द्र-भुज-दण्ड विषक-धियः=નાગરાજ જેવા સુડોળ બાહુદંડ ઉપર આસક્તિ ધરાવનાર, स्त्रियः=વ્રજનારીઓ અને वयम=અમે શ્રુતિઓ, अपि=પણसमदृशः=સમદૃષ્ટિવાળા, ते=આપને માટે, समाः=સમાન છીએ કારણ કે, अंध्रिः सरोज सुधाः=તે સર્વ આપશ્રીના ચરણકમલને સારી રીતે ધારણ કરનારા છે. (૨૩)

અનુવાદ- ખૂબ જ સારી રીતે પ્રાણાયામ કરીને પ્રાણોને, મનને અને ઈન્દ્રિયોને વશ કરી દૃઢ યોગસમાધિને સિદ્ધકરનારા મુનિજનો જે ભગવત્સ્વરૂપની હૃદયમાં ઉપાસના કરે છે તે સ્વરૂપને શત્રુજનો વૈરભાવે સ્મરણ કરવાથીપ્રાપ્ત કરી ગયા છે. વળી સર્પરાજ શરીર જેવા સરખા સુડોળ બન્ને બાહુઓમાં આસક્તિવાળાં વ્રજનારીઓ અને અમે શ્રુતિઓ પણ સમદૃષ્ટિવાળા આપને મન તો સમાન છે કારણ કે આ સર્વ આપનાં ચરણકમલોને સારી રીતે ધારણ કરનારાં છે.૨૪

सर्व एव हरेर्भक्तास्तुल्या यान्मन्यते हरिः । अतः कृष्णौ यथात्मीयान्मन्यते भजंन तथा ॥ २३ ॥ का.१०

ભગવાન જે મને પોતાના માને છે તે સર્વ ભક્તો ભગવાનને મન સમાન છે. માટે શ્રીકૃષ્ણ જેમ એમને પોતાના માને છે તેમ તેમના ભજનને પણ માને છે. (૨૩)

क इह नु वेद बतावरजन्मलयोऽग्रसरं-यत उदगादृषिर्यमनुदेवगणा उभये ।
तर्हि न सन्न चासदुभयं न च कालजवः-किमपि न तत्र शास्त्रमवकृष्ण शयीत यदा ॥ २४ ॥

અન્વયાર્થઃ- बत=હે આશ્ચર્યના ભંડાર ભગવન્ ! હે શ્રીકૃષ્ણ, હે અજિત ! इह =આ બ્રહ્માંડમાં, अवर-जन्म-लयः=આપના પછીથી જન્મ લેનારા અને લય પામનારા નાશવંત, कः=એવું તે ક્યું તત્ત્વ કે ક્યો દેવ છે કે, अगसरम्=સર્વથી પ્રથમ સર્વદા વિદ્યમાન સદા સર્વદા રહેલા, त्वाम्=આપને वेद=જાણી શકે ! કારણ કે, यतः=આપનાથી પ્રથમ, ऋषिः=બ્રહ્માજી, उदगात्=ઉત્પન્ન થયા, यम्-अनु =ત્યાર બાદ જે બ્રહ્માજીની પાછળ, उभये=આધ્યાત્મિક અને આધિદૈવિક બન્ને પ્રકારના, देवगणा =દેવતાઓનો સમુદાય ઉત્પન્ન થયો ને यदा=જ્યારે આપ, अबकृत्य=સર્વનો સંહાર કરીને, शयीत =પોઢો છો, तर्हि =ત્યારે, न सत्=ન તો સત્ એટલે જાણનારો કોઈ જ્ઞાતા જ્ઞાન સામગ્રી તે સમયે નથી, न असत्=કે ઇન્દ્રિયો અથવા ઇન્દ્રિયોનો સન્નિકર્ષ નથી, न च सत्-असत्=उभयम्=તેમજ સત-અસત રૂપ મન પણ તે સમયે નથી, न-च कालजवः=તેમજ સત્ત્વગુણનો પ્રેરક માત્રા-સ્વર વગેરેનો નિયામક કાલનો વેગ પણ, તે સમયે નથી, न-किम्-अपि-तत्र शास्त्रम्=અને શાસ્ત્ર નથી કે તે સમયે અન્ય કોઈ પણ નથી, કારણ કે यदा-જ્યારે આપ वकृष्य=સર્વ વસ્તુઓને પોતાનામાં આકર્ષી-ખેંચી લાવી સમાવીને, शयीत=પોઢી જાવ છો. (૨૪)

અનુવાદઃ- હે અજિત ભગવન્ ! હે આશ્ચર્યમય ભગવન્ ! આ બ્રહ્માંડમાં આપે ઉત્પન્ન કરેલાં તેથી આપના પછી અને લય પામેલા નાશવંત એવાં તે ક્યાં તત્ત્વો છે કે જે નિત્ય પ્રથમથી જ રહેલા આપને જાણી શકે ! કારણ કે સર્વથી પ્રથમ જણાતા બ્રહ્માજી પણ આપનાથી પ્રકટ થયા ત્યારબાદ આધ્યાત્મિક દેવો અને આધિભૌતિક દેવોનો સમૂહ પ્રકટ થયો. વળી જ્યારે આપ સર્વનો સહાર કરીને પોઢો છો ત્યારે નથી જ્ઞાનની સામગ્રી, નથી જ્ઞાતા, નથી ઈન્દ્રિયો, નથી ઈન્દ્રિયોનાં વિષયો સાથે સંબંધ, નથી મન, નથી કાલનો વેગ,નથી શાસ્ત્ર, કારણ કે આપે સર્વ આપનામાં જ સંમાવી દીધું છે. (૨૪)

ज्ञानमार्गो भ्रान्तिमूलस्ततः कृष्णं भजेद् बुधः । प्रवर्तकं ज्ञानकाण्डं चित्तशुध्यै यतो भवेत् ॥ ११ ॥

જ્ઞાનમાર્ગનું મૂલ ભ્રાન્તિવાળું છે. અથવા જ્ઞાનમાર્ગમાં મતિ ના ખૂંપતી હોવાથી ભ્રમ પેદા થાયછે એટલે બુદ્ધિમાન મનુષ્યે ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરવું જોઈએ. જ્ઞાનકાંડની પ્રવૃત્તિ ચિત્તશુદ્ધિ માટે થયેલ છે. ભગવતસ્વરૂપ તો ભગવતકૃપાથી જ પમાશે અને સમજાશે. (૨૪)

जनिमसतः सतोमृतिमुतात्मनि ये च भिदां-विपणमृतं स्मरन्त्युपदि शन्ति मु त आरुपितैः ।
त्रिगुणमयः पुमानिति भिदा यदबोधकृता-त्वयि न ततः परत्र स भवेदवबोधरसे ॥ २५ ॥

અન્વયાર્થ:- ये च =અને કટેલાક પંડિતોમાંથી નૈયાયિકો, असतः=અસત્ પ્રથમ ન હતા એવા ઘટ વગેરે પદાર્થોની, जनिम्=ઉત્પત્તિને માને છે, सतः=જ્યારે વૈશેષિકો, सतः=વિદ્યમાન સર્વ પદાર્થોના, मृतिम् =ધ્વંસને-નાશને માને છે, उत=જ્યારે વળીમીમાંસકો, आत्मनि=કર્મફલદા પરમાત્મામાં, मिदाम्=ભેદને માને છે, કર્મ જ ઈશ્વર છે અને તે અનેક છે એવા ભેદને માને છે, च=અને જે સાંખ્યના એક વિભાગવાળા, विपणम्=કર્મફલને, ऋतम =સત્ય-નિત્ય, रमरन्ति =બતાવે છે, માને છે, ते=આ પ્રકારના પંડિતો અર્ધવૈનાશિકો, आरुपितैः=આરોપ દ્વારા ભ્રમથી ઉપદેશ કરે છે. તેમજ ભક્તિમાર્ગમાં પણ पुमान्=પુરુષ-બ્રહ્માંડ વિગ્રહ-નારાયણ-त्रिगुणामयः=ત્રિગુણાત્મક છે અથવા બ્રહ્મા-વિષ્ણુ-શિવસ્વરૂપ છે, इति=એવો જે, भिदा=ભેદ સ્વીકારે છે તે કેવલ, यद-अबोधकृता=આપના સ્વરૂપના-ભગવનના સ્વરૂપના અજ્ઞાનને કારણે થયેલા છે, सः=આવો અબોધ-આવું અજ્ઞાન, ततः-परत्र =અબોધથી, અજ્ઞાનથી પર રહેલાअवबोध-रसे=કેવલ જ્ઞાનસ્વરૂપર, त्वयि=આપનામાં, न-भवेत्=સંભવે નહીં. (૨૫)

અનુવાદ:- ભગવાનની સેવાના બે પ્રકારના વિરોધીઓ છે, એક અર્ધવૈનાશિકો છે એને બીજા સર્વ વૈનાશિકો છે. તેમાંના ૧ નૈયાયિક,૨ વૈશિષિક, ૩ મીમાંસક, ૪ નિરીશ્વર સાંખ્ય મતાવલંબીઓનો સમાવેશ થાય છે. શ્રુતિ ભગવતિ આ ચારે મતવાદીઓનાં મન્તવ્ય રજૂ કરી તે અજ્ઞાનપૂર્વકનં છે એમ કહી રહેલ છે. તેમાંના (૧) પ્રથમ જે એમ માને છે કે જે અસત્ એટલે જે વસ્તુનો નાંશ શ્રુતિ-યુક્તિ વિરુદ્ધ છે કારણ કે સતનો નાશ ના થાય. (૩) હવે ત્રીજા જે મીમાંસકો છે તેઓ કર્મને ઈશ્વર માને છે અને આત્માને અનેક માને છે તે મન્તવ્ય પણ યોગ્ય નથી કારણ કે કર્મ અને કર્મના ફલના નિયામક સર્વજ્ઞ સર્વશક્તિમાન ઈશ્વર હોવા જ જોઈએ. (૪) સાંખ્ય મત એકદેશીઓ અને અન્ય પંડિતજનો કર્મના ફલને સત્ય માને છે તે પણ ના ઘટે. ફલનો તો ક્ષય થાય જ છે તેથી આ સર્વ ચિંતકોનું ચિંતન અપૂર્ણ છે અને ભ્રમમૂલક છે. આ ઉપરાંત ભક્તિમાર્ગમાં પણ કેટલા બ્રહ્માંડ વિગ્રહ નારાયણ નામના પુરુષને બ્રહ્મા વિષ્ણુ શિવના રૂપે "ત્રિગુણાત્મક" માને છે આ પ્રકારનાં મન્તવ્યો ભક્તિ દ્વારા આપનો અનુભવ ન કરવાને લીધે આપના સત્યસ્વરૂપના અજ્ઞાનને લીધે જ ઉત્પન્ન થયા છે. તેથી બોધ સ્વરૂપ સદા એકરસ આપનામાં આવો અબોધ ટકી શકે નહી. (૨૫)

भ्रान्तिमूलतया सर्वसमयानामयुक्तितः । न तद् विरोधात् कृष्णाख्यं परं ब्रह्म त्यजेद् बुधः ॥ २५ ॥ का. १२

સર્વ મતો ભ્રાન્તિથી પેદા થાય છે. વળી તેમાં કોઈ શાસ્ત્રસંમત તર્ક કે યુક્તિનું અનુમોદન પણ નથી. આવાં શ્રુતિવિરુદ્ધ ભ્રાન્તિ પેદા કરનારા અને યુક્તિ રહિત મતોને સાંભળીને તેમના કહેવા પ્રમાણે ઢળી ન જતાં બુદ્ધિમાન પુરુષે શ્રીકૃષ્ણનું ભજન ત્યજી ના દેવું. (૨૫)

सदिव मनस्त्रिवृत् त्वयि विभात्यसदामनुजात्-सदभिमृशन्त्यशेषमिदमात्मतयात्मविदः ।
न हि विकृतिं त्यजन्ति कनकस्य तदात्मतया-स्वकृतमनुप्रविष्टमिदमात्मतयावसितम् ॥ २६ ॥

અન્વયાર્થ:- आमनुजात्=એક ઘાસના તૃણ સ્તમ્બ (ઘાસના થૂમડા)થી આરંભી પુરુષ પર્યન્તભ્રમણથી, असद=અસત્ હોવા છતાં, त्रिवृत्=ત્રિગુણાત્મક, मनः=મન, सद्-इव=સતના જેવું त्वयि=આપના આધારને લીધે, विभाति=ભાસે છે, પ્રકાશિત થઈ રહ્યું છે. आत्म-विदः=જેઓ આત્મજ્ઞાની છે તેઓ તો, आत्मतया =આ જગત આત્મરૂપ હોવાથી, अशेषम्=સમસ્ત, इदम्=આ વિશ્વને, सद्=સત્સ્વરૂપ છે એવુ अभि-मृशन्ति =સારી રીતે જાણે છે. हि=કારણકે, कनकस्य =સુવર્ણના, विकृतिम्=આકાર, આભૂષણોને (कनक-आर्थिनः=સુવર્ણની ઈચ્છાવાળો), तद्-

आत्मतया=સુવર્ણરૂપ હોવાને લીધે, न-त्यजन्ति=ત્યજી નથી દેતા એથી તો, स्व-कृतम् =પોતે બ્રહ્મે બનાવેલા-પોતે જ મૂલ ઉપાદાન કરાણ સ્વરૂપ પોતે જ સમવાયી કારણ સ્વરૂપ બ્રહ્મે રચેલા અને પછી, अनु=प्रविष्टम्=પોતે જ સ્વયં પ્રવેશેલા એવું, इदम्=આ જગત, आत्मयता=આત્મસ્વરૂપે, अविसितम् =નિશ્ચિત થયેલું છે. (૨૬)

અનુવાદઃ- તૃણ સ્તંબથી લઈને મનુષ્ય પર્યન્ત સર્વમાં રહેલ ત્રિગુણાત્મક અસત્ જેવું મન આપના આધારને લીધે સત્ જેવું પ્રકાશે છે. આત્મજ્ઞાનીઓ આ સમ્પૂર્ણ જગતને બ્રહ્મરૂપથી જાણે છે. જેમ સુવર્ણની ઈચ્છાવાળા કે સુવર્ણના વેપારી સુવર્ણના અલંકારોન સુવર્ણરૂપે જ સમજીને ખરીદે છે કારણ કે તેઓ સમજે છે કે આ અલંકારોમાં સુવર્ણ જ રહેલું છે તેવી જ રીતે ભગવાન પોતે જ ઉપાદાન કારણ રૂપે રચેલા વિશ્વમાં પોતે જ પ્રવેશ્યા છે તેથી સુવર્ણના અલંકારોની માફક આ જગત પણ બ્રહ્મમય છે એવો આત્મજ્ઞાનીઓએ નિર્ધાર કર્યો છે. (૨૬)

जीवानां ब्रह्मरूपत्वात् दोषा अपि च मानसाः । जगच्च सकलं ब्रह्म ततो दोषः कथं हरौ ॥ २६ ॥

સકલ જીવો બ્રહ્મરૂપ છે. જીવમાં દોષો તો મનને લાગે છે. જ્યારે સર્વ કાંઈ બ્રહ્મ છે તો પછી ભગવાનમાં તો દોષની સંભાવના કેમ થઈ શકે વારુ (૨૬)

तव परि ये चरन्त्यखिलसत्त्वनिकेततया-त उत्त पदाक्रमन्त्यविगणय्य शिरो निर्ऋतेः ।

परिवयसे पशूनिव गिरा विबुधानपि तां-स्त्वयि कृतसौहृदाः खलु पुनन्ति न ये विमुखाः ॥ २७ ॥

અન્વયાર્થઃ- अखिल-सत्त्व-निकेततया= સર્વ પ્રાણીઓમાં નિવાસ કરી આપ રહેલા છો એવું જાણીને, ये=જે લોકો, तव=આપની परिचरन्ति=પરિચર્યા-સેવા કરે છે, ते=તે ભક્તજનો, उत=અવશ્ય, अविगणय्य=કોઈની પરવા કર્યા વિના, निर्ऋतेः=મૃત્યુના, शिर=શિર મસ્તકને, पदा=પગથીआक्रमन्ति=આક્રમણ કરે છે અને तान्=તે પ્રસિદ્ધ, विबुधान्-अपि=દેવોને પણ-શ્રેષ્ઠ દેવોને પણ गिरा=વેદ શાસ્ત્રરૂપ, વાણીથી, पशून्-स्त्री=પશુઓની માફક, परि-वयसे=બાંધે છેयतः=કારણ કે, त्वयि=આપનામાં, कृत-सौहृदाः=સ્નેહ કરનારા खलु=નિશ્ચિત રૂપે, पुनन्ति=પવિત્ર કરે છે પરંતુ, ये-विमुखाः -તે=જે આપનાથી વિમુખ છે તેઓ પવિત્ર કરી શકતા નથી. (૨૭)

અનુવાદઃ- સર્વ પ્રાણીઓમાં રહેલા આપની જે સેવા કરે છે તે તો સર્વ ભક્તો અન્ય કોઈની પણ પરવા કર્યા વિના નિશ્ચિતરૂપે સ્વંય મૃત્યુના શિર ઉપર પગ મૂકીને આક્રમણ કરી જાય છે. ભગવન્ ! આપની શ્રુતિશાસ્ત્રરૂપ વાણી પ્રસિદ્ધ દેવોને પણ પશુની માફક બાંધી રાખે છે પરંતુ જેઓ આપનામાં અનુરાગ રાખે છે તે તો અન્યને પણ પવિત્ર કરે છે. જ્યારે આપનાથી જે વિમુખ છે તે કોઈને પણ પાવન નથી કરી શકતા. (૨૭)

सर्वथा सर्वतः शुद्धा भक्ता एव न चापरे । अतः शुद्धिमभीप्सद्भिः सेव्या भक्ता न चापरे ॥ २७॥

સર્વથા સર્વ પ્રકારે ભક્તો શુદ્ધ છે પરંતુ સેવાવિમુખ શુદ્ધ નથી. માટે શુદ્ધિની ઈચ્છાવાલા જનોએ ભક્તજનોની સેવા કરવી. અન્યની સેવા શુદ્ધિ નહીં આપે. (૨૭)

त्वमकरणः स्वराडखिलकारकशक्तिधरस्तव-बलिमुद्वहन्ति समदन्त्यजयानिमिषा : ।

वर्षभुजोऽखिलक्षितिपतेरिव विश्वसृजो-विदधति यत्र ते त्वधिकृता भवतश्चकिताः ॥ २८ ॥

અન્વયાર્થઃ- त्वम् = આપ, अकारणः=ઈન્દ્રિયોથી રહિત છો, अखिल-कारक-शक्तिधरः= સંપૂર્ણડિયાઓની શક્તિને ધારણ કરનાર છો, કારણ કે આપ सम्-अदन्ति=ભક્તોએ આપેલી આહુતિને સારી રીતે ભોગવે છે, अखिल-क्षिति-पतेः=અખિલભૂમિના સ્વામી-ચક્રવર્તીના, वर्ष-भुज-इव=માંડલીક રાજાઓની જેમ, भवतः=આપના ઐશ્વર્યથી, चकिताः=આશ્ચર્ય ચકિત થઈને, विश्वसृजः=બ્રહ્મા વગેરે પ્રજાપતિઓ, येतु पत्र अधिकृताः=જેઓ જ્યા યોજ્યા છે. તેનો, विदधति=અમલ કરે છે.

અનુવાદઃ- આપ તો ઈન્દ્રિયોથી રહિત છો, સ્વયંપ્રકાશ છો. સમસ્ત ક્રિયાકલાપોની શક્તિને ધારણ કરનાર છો. અવિદ્યાવશ બનેલા દેવો આપની સેવા કરે છે અને તેમના ઉપાસકોએ-લોકોએ આપેલી સેવાઓ-બલિપૂજાઓ-

આહુતિઓને ભોગવે છે જેમ ખંડિયા રાજાઓ એક ચક્રવર્તીને સેવે છે અને તેમને જે જે રાજ્યો ઉપર યોજેલ છે તે તે પ્રદેશોને તેઓ ભોગવે છે તેવી જ રીતે બ્રહ્માદિ પ્રજાપતિઓ આપના ઐશ્વર્યથી આશ્ચર્ય પામીને આપે યોજેલા અધિકાર અનુસાર કરે છે. (૨૮)

सुवर्णप्रतिमेकावासौ सर्वानन्दमयोधिराट् । सर्वसेव्यो नियन्ता च निर्दुष्टः सर्व एव हि ॥ २८ ॥ का. १५

સુવર્ણની પ્રતિમાના જેવા ભગવાન સર્વાનંદ પરિપૂર્ણ છે, સાર્વભૌમ ચક્રવર્તી અને સર્વથી સદા સેવતા છે. વળી અખિલ લોકને પોતાને વશ રાખે છે તેમજ સર્વથા સર્વ દોષોથી પર છે. (૨૮)

स्थिरचरजातयः स्युरजयोत्थनिमित्तयुजो-बिहर उदीक्षया यदि परस्य विमुक्त ततः ।

न हि परमस्य कश्चिदपरो नं परश्च-भवेद् वियत इवापदस्य तव शून्यतुलां दधतः ॥ २९ ॥

અન્વયાર્થ:- यदि =જ્યારે, परस्पर=પ્રકૃતિથી પર અને પ્રકૃતિના પણ નિયામક એવા, तव=આપનો, विहरः=વિહાર-આપની સર્વ ક્રીડાઓ, उद् ईक्षया=વિવેકપૂર્વકની હોય છે ત્યારે, अजया =માયાથી, उत्थ-निमित-युजः-ઉત્પન્ન થયેલા નિમિત્ત કર્મને કારણે જ, स्थिर-चर-जातयः=સ્થાવર અને જંગમના ભેદો, स्युः=ઉત્પન્ન થાય છે. तत=તે માયાથી-માયાના ભેદોથી विमुक्त=મુક્ત હે ભગવન્ ! परमस्य=સર્વોત્કૃષ્ટ, आपदः=સ્થાન રહિત અને, वियत-इव-આકાશની માફક, शून्य-तुलाम्=શૂન્યની સમાનતાને, दधतः=ધારણ કરતા એવા, तव=આપને માટે कश्चिद्=કોઈ, अवरः=ઊતરતો, न भवेत्=નથી હોતો કે, न परः=આપનાથી કોઈ ચઢતો નથી થતો. (૨૯)

અનુવાદ:- હે નાથ, અજિત ! આપ પ્રકૃતિથી પર છો. હે વિમુક્ત ભગવન્ ! પરપુરુષ એવા આપને જ્યારે ક્રીડા કરવાની ઈચ્છા થાય છે ત્યારે સ્થાવર-જંગમ-જાતિઓ-ભેદો સ્વંય ઉત્પન્ન થય છે. અને સાથે સાથે આપની ઈચ્છા પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા કર્મને પણ ધારણ કરે છે. અક્ષરથી પણ પર રહેલા આપનાથી કોઈ અન્ય ઊતરતો કે ચઢિયાતો અથવા આપને કોઈ પર કે અપર એવો ભેદ નથી. કારણ કે સ્થાન રહિત આપ આકાશની માફક શૂન્યની સમાનતાને ધારણ કરનારા છો. (૨૯)

सर्वभावविनिर्मुक्तः पूर्णः क्रीडार्थमुद्गतः । निमितं तं समाश्रित्य जायन्ते जीवराशयः ॥ २९ ॥ का १६

સર્વ લૌકિક ભોવોથી રહિત પરિપૂર્ણ પુરુષોત્તમ ભંગવાન શ્રીકૃષ્ણ ક્રીડા કરવા માટે તત્પર થાય છે તેથી તેને નિમિત્ત કરીને જીવસમૂહ અગ્નિના તણખાઓની માફક પ્રકટે છે. (૨૯)

अपरिमिता ध्रुवास्तनुभृतो यदि सर्वगतास्तर्हि-न शास्यतेति नियमो ध्रुव नेतरथा ।

अजनि च यन्मयं तदविमुच्य नियन्तृ-भवेत् सममनुजानतां यदमतं मतदुष्टतया ॥ ३० ॥

અન્વયાર્થ:- यदि=જો, तृनुभृतः=જીવો, अपरिमिताः=દેશના પરિમાણ-માપ વિનાના-બંધન વિનાના અને ध्रुवाः=નિત્ય એટલે કાલના માપથી રહતિ અને વળી, सर्वगताः-સર્વ દ્રવ્યોમાં વ્યાપક બની રહેલા, म्युः=હોય तर्हि=તો, शास्यता=તેના ઉપરનું ભગવાનનું શાસન, न=સંભવી ના શકે. नियमः=એવો વ્યાપક માટેનો સિદ્ધાન્ત છે. માટે જીવ અણું છે. વળી ध्रुव-હે અવિતચલ ભગવન્ ! इतरथा-न=કોઈ જીવને વ્યાપક અને ઈશ્વરને અણુ માને તો શાસ્યપણું-શાસન કરવાપણું જીવ માટે ન ઘટે માટે, यत्=જે, यन्मयम्=જે પ્રભુના અંગ-અંશ રૂપે, अजनि=ઉત્પન્ન થાય છે, तत्=તેને, अविमुच्य=છોડ્યા વિના, किम्=શું, नियन्तृ=નિયામકપણું, भवेत्=સંભવે ખરું ? यत्=નિયામકપણું ન હોવુ मत-दुष्टतया=બ્રહ્મવાદમાં દૂષિત માન્યું છે એંટલે જ નહીં પણ, समम्-अनुजानताम्=બ્રહ્મને સર્વત્ર સમાન જોનારા બ્રહ્માવેત્તાઓને પણ, अमान्यम्=અમાન્ય છે. (૩૦)

અનુવાદ:- જો દેહધારી જીવો અસંખ્ય દેશકાળના બંધન વિનાના સર્વત્ર વ્યાપક માનવામાં આવે તો પછી સ્વામી સેવકભાવ સંભવશે જ નહીં તો જીવનાં સુખ-દુઃખ, પાપપુણ્ય કર્મોની વ્યવસ્થા પણ તૂટી જશે. આથી ઊલટું જીવને વ્યાપક અને ભગવાનને અણુ એવી જ સ્થિતિ થશે. પણ આ બે માંથી એક પણ વસ્તુ ઘટતી નથી કારણ કે જીવ જો

ભગવાનના અંગરૂપ છે અંશરૂપ છે તો શું ત્યજીને તે રહી શકે ? આવું તો બ્રહ્મવાદના સિન્દ્ધાન્તને સંમત નથી તેમજ બ્રહ્મને સર્વત્ર અનુભવનારા-જાણનાારા જ્ઞાનીઓને પણ સંમત નથી. (૩૦)

नियन्ता जीवलोकस्य हरिस्तेनाणवो मताः । जीवा न व्यापका कापि चिन्मया ज्ञानिनो मताः ॥ ३० ॥ क. १७

જીવો અણુ છે, અને શ્રીહરિ તો જીવનસંઘના નિયામક છે. તેથી જીવ વ્યાપક નથી જ્ઞાનીઓ જીવને ચિન્મય કહે છે તેઓ પણ સ્વામી-સેવકભાવને માને છે. જ્ઞાનીઓને પણ જીવનું વ્યાપકપણું સંમત નથી. (૩૦)

न घटत उद्भवः प्रकृतिपूरुषयोरजयो-रुभययुजा भवन्त्यसुभृतो जलबुद्बुदवत् ।
त्वयि त इमे ततो विविधनामगुणैः परमे-सरित इवार्णवे मधुनि लिल्युरशेषरसाः ॥ ३१ ॥

અન્વયાર્થ:- अजयोः=અજન્મા પ્રકૃતિ અને પુરુષનો, उद्भवः=ઉત્પત્તિ, न -घटते=સંભવે નહીં, असुभृतः=પ્રાણીઓ, जलबुद्बुदवत्=પાણીના પરપોટાની માફક, उभय-युजा=પ્રકૃતિ-પુરુષના સંયોગથી ઉત્પન્ન થાય છે. ततः= આ કારણથી, विविधनाम-गुणैः=અનેક નામ-વાળા અને ગુણવાળા, ते-इमे=તે, આ જીવો, परमे=મૂલકારણ, त्वयि=આપનામાં, अर्णवे=સાગરમાંसरितः इव=નદીઓની માફક, मधुनि=મધુમાં अशेष-रसाःइव=સંપૂર્ણ રસોની માફક, लिल्युः=લીન થયેલ છે-અભેદરૂપે રહેલ છે. (૩૧)

અનુવાદ :- હે નાથ ! જન્મ રહિત એકલી પ્રકૃતિ કે એકલા પુરુષથી ઉત્પત્તિ સંભવતી નથી. પરંતુ જલને વાયુના સંયોગથી જેમ બુદ્‌બુદો પેદા થાય છે. તેવીજ રીતે પુરૂષને પ્રકૃતિ બન્નેના સંયોગથી જીવોની ઉત્પત્તિ થાય છે તે કારણથી સમસ્ત સરિતાઓનો જેમ સાગરમાં અને સર્વકુસુમોના રસનો મધુમાં સમાવેશ થાય છે તેજ પ્રકારે સર્વના કારણ અને સર્વ શ્રેષ્ઠ આપનામાં - આપના સ્વરૂપમાં સર્વનામ અને ગુણ સાથે જીવોનો સમાવેશ થાય છે. (૩૧)

અનુવાદ:- જન્મ રહિત એવાં પ્રકૃતિ અને પુરુષની ઉત્પત્તિ ન ઘટે. પ્રકૃતિ અને પુરુષના સંયોગથી પ્રાણીઓ પરપોટાની માફક ઉત્પન્ન થાય છે આ કારણથી અનેક નામો પડે છે અને ગુણવાળા બને છે. આ સમગ્ર જીવો મૂલ કારણ ભગવાનમાં સમુદ્રમાં સરિતાઓની માફક અને મધમાં રહેલા સમગ્ર રસોની માફક સમાઈને રહેલા છે.

नामरूपपप्रं चं हि देवतिर्यऽनिरात्मकम् । कृष्णादेव समुद्भूतं लीनं तत्रैव तन्मयम् ॥ ३१ ॥ का. १८

દેવ-જન્તુ-મનુષ્ય રૂપ આ નામરૂપ જગત કૃષ્ણ ભગવાનથી ઉત્પન્ન થયેલ છે અને કૃષ્ણમય હોવાથી કૃષ્ણમાં જ લીન થાય છે. (૩૧)

नृष तव मायया भ्रमममीष्ववगत्य भृशं-त्वयि सुधियोऽभवे दधति भावमनुप्रभवम् ।
कथमनुवर्ततां भवभयं तव यद्भ्रकुटिः-सृजति मुहुस्त्रिणेमिरभवच्छरणेषु भयम् ॥ ३२ ॥

અન્વયાર્થ:- सुधियः= વિવેકમતિવાળા વિદ્વાન પુરુષો, अमीषु= આમનુષ્યોમાં, तव=આપની, मायया=માયાથી, भ्रमम्=સંસારના ભ્રમણને, अवगत्य=જાણીને, अभवे=સંસારભયના નિવર્તક ગુરુ સ્વરૂપવાળા,त्वयि=આપનામાં, अनुप्रभवम्=ઉત્તમ જન્મ પર્યન્ત-ભગવાનની સેવા કરવાની બુદ્ધિવાળા ઉત્તમ વૈષ્ણવ પર્યન્ત, भृशम्-भावम्=અત્યંત ભાવને, दधति=ધારણ કરે છે, त्वाम्-अनुवर्तताम्=આપને શરણે આવનારાઓને, આપને શેવનારાઓને, भवभयम्=સંસારભય, कथम्=શીરિતે સંભવે, यत्=કારણ કે, तव=આપની, भ्रूकुटिः=આંખની પાંપણ જેવો ગણાતો, त्रिनेमिः=ત્રણ ધરીવાળો કાલ, अ-भवत्-शरणेषु=આપની શરણાગતિ વિનાના જનોને જ, मुहुः=વારંવાર भयम्=ભયને, सृजति=ઉત્પન્ન કરે છે. (૩૨)

અનુવાદ :- હે ભગવન્ ! આ જીવોમાં આપની માયાથી ભવાટળીમાં જન્મ અને મૃત્યુરૂપ અત્યંત ભ્રમણ થયા કરે છે, આવુ સમજીને વિવેકીજનો સંસારનો નાશ કરંનારા આપના ચરણોમાં, આપની કૃપાથી પ્રાપ્ત થતા ભક્તિ ભાવને ધારણ કરે છે. નાથ ! આપની ભક્તિ કરનારા ભક્તોને જન્મ-મૃત્યુ નામનો સંસાર ભય ક્યાથી સંભવેઃ કારણ કે શીત-ઉષ્ણ-વર્ષારૂપી ત્રણ ધરીવાળો આપનો ભ્રૂકુટિ ગણાતો કાલ તો શરણાગત નથી થયો તેનેજ પુનઃ પુનઃ ભય પેદા કરે

છે. (૩૨)

नृणां दुर्गतिमालोक्य ये सेवन्ते दृढव्रताः । कृष्णं तद्भ्रकुटिः:कालो न तान् । हन्ति कदाचन ॥ ३२ ॥ का. १९

મનુષ્યોની થતી દુર્ગતિને જોઈ જાણીને નિશ્ચયપૂર્વક અનન્ય થઈને ભગવાન શ્રીકૃષ્ણનું અનન્ય ભાવે ભજન કરે છે એમને ભગવાન શ્રીકૃષ્ણની પાંપણ સમાન મનાતો કાલ કદી પણ મારી શકતો નથી. ૩૨

विजितहृषीकवायुभिरदान्तमनस्तुरगं-य इह यतन्ति यन्तुमतिलोलमुपायखिदः ।
व्यसनशतान्विताः समवहायगुरोश्चरणं-वणिज इवाज सन्त्यकृतकर्णधराजलधौ ॥ ३३ ॥

અન્વયાર્થ:- अज =હે અજિત ભગવાન ! ये=જે યોગીજનો, इह=આ સંસારમાં, व्यसन-शत-अन्विताः=સેંકડો કષ્ટથી ભરેલા, उपायाखिद=ઉપયોગ કરી થાકેલા, अति-लोलम्=અત્યંત ચંચલ, अदान्त-मनः-तुरगम् =ન ગાંઠતા મન નામના અશ્વને, वि-जित-हृषिक-वायुभिः=જીતેલી ઈન્દ્રિયો અને પ્રાણો દ્વારા, यन्तु=વશ કરવા માટે, गुरोः=ગુરુના, चरणम्=ચરણકમલને, सम्-अवहाय=ત્યજી દઈને, यतन्ति=પ્રયત્ન કરે છે તે સર્વ, जलधौ=મહાસાગરમાં, अकृत-कर्णधराः=નાવિક વિના નાવમાં બેઠેલા, वणिजः-इव-सन्ति=વ્યાપારીઓ જેવા છે. (૩૩)

અનુવાદ:- હે અજિત ભગવન્ ! જે મનુષ્યો જે યોગીજનો ઈન્દ્રિયો અને વાયુને સ્વાધીન કરીને અત્યંત ચંચલ અને કદી કાબૂમાં ન આવી શકે એવા મન નામના અશ્વને રોકવામાં શ્રમ કરે છે તે તો બિચારા સાધન કરતા કરતા થાકી જાય છે કારણ કે મનને વશ કરનારા સર્વ ઉપાયો શ્રમથી ભરેલા છે હે અજ ! સાધકો શાને થાકી જાય છે એ જો વિચારાયતો એનું એકજ કારણ છે કે તેઓ ગુરુદેવના ચરણકમલો આશ્રય લીધા વિના મનને જીતવા નીકળી પડેલા હોઈ ને મહાસાગરને પાર કરવા નાવમાં બેઠેલા વ્યાપારીઓ જેવા છે અને તેથી જ હજારો કષ્ટ વેઠે છે. (૩૩)

अदान्ते मनसि ज्ञाते योगार्थं न यतेद् बुधः । गुरुसेवापरो भूत्वा भक्तिमेव सदाभ्यसेत् ॥ २० ॥

ગુરુકૃપા વિના યોગથી મન વશ થઈ શકે તેવું નથી એવું સમજીને મતિમાન માનવે યોગ્ય માટે પ્રયત્ન કરવો જોઈએ નહીં. પરંતુ હરિગુરુ સેવાપરાયણ બનીને સર્વદા ભક્તિ કરવી જોઈએ. (૩૪)

स्वजनसुताप्तदारधनधामधरासुरथैस्त्वयि-सति किं नृणां श्रयत आत्मनि सर्वरसे ।
इति सदजानतां मिथुनतो रतये चरतां-सुखयति कोन्विह स्वविहते स्वनिरस्तभगे ॥ ३४ ॥

અન્વયાર્થ:-श्रयतः =આશ્રિતજનના, आत्मनि=આત્મા અને सर्वरसे=સર્વ સુખ આનંદમય, त्वयि सति=આપ જો છો તો પછી, स्वजन-सुत-आत्म-द्वारा-धन-धाम-धरा-असु-रथैः=સ્વજન, સંતાન-આપ્તજન, સ્ત્રી-પુત્ર-મિત્ર-વર-ધન-જમીન વગેરે પદાર્થો પ્રાણ સમાન વહાલા અને સાધનરૂપ માન્યા છે એનું, किम्=પ્રયોજન શું-એથી શો લાભ છે ? इति=એ પ્રકારની, सत्=વાસ્તવિક હકીકતને, अजानताम् =ન જણાવાના જ કારણે, मिथुनतः=સ્ત્રીપુરુષ-પિતા-પુત્ર-ભાઈ-બહેન વગેરેના જોડાણના, रतये=કેવલ લૌકિક સુખ માટે જ, चरताम्=પ્રયત્ન કરનારા, नृणाम्=મનુષ્યોના, स्व-विहिते=સ્વતઃનાશ પામતા, स्व-निरस्त-भगे=સ્વતઃ કલ્યાણ વિનાના, इह=આ સ્થૂલ સુખમાં પડેલાઓને, नु=ખરેખર, कः=કોણ, सुखयति=સુખી કરશે. ? (૩૪)

અનુવાદ:- સર્વસુખસ્વરૂપ તેમજ શરણાગત જીવો માટે આત્મરૂપ આપ ભગવાન અજિત સ્વયં બિરાજો છો-વિદ્યમાન છો તો પછી સ્વજન-પુત્ર-શરીર-સ્ત્રી-ધન-જમીન વગેરે પદાર્થોને તેમજ રથ, હાથી ઘોડા વગેરે સાધનો જ પોતાના પ્રાણો છે એવું સમજીને જીવવાથી શો હેતુ સરવાનો છો કે ક્યો પરમાનંદ મળવાનો છે, આ પ્રમાણેની ખરેખરી સમજ ન હોવાને કારણે સમસ્ત સ્ત્રી-પુરુષોનો સમાજ પરસ્પર લૌકિક સુખોમાં જ અટકી જાય છે આવી સ્થિતિમાં મુકાયેલાઓને જાતે નાશવંત અને જાતે કલ્યાણ રહિત એવા આસંસારમાં કોણ સુખી કરી શકશે ? (૩૪)

पुत्रादीन् संपरित्यज्य कृष्णः सेव्यो न तैः सह । तत् सुखं भगवान् दाता ते तु क्लिष्टेति दुःखदाः ॥ ३४ ॥ का २१

આપણે જ પુત્ર, પત્ની, ભાઈ, બહેન વગેરેને સુખી કરી શકીશું અવું અજ્ઞાન ત્યજી દેવું.પરંતુ મમતા રહિત બનીને બને

તેટલું બધાને માટે કરવું અને ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવી એ સર્વને ભગવાન અવશ્ય સુખ આપશે દુઃખના સમયમાં આ સર્વ કાંઈ કરી શકતા નથી. (૩૪)

भुवि पुरुपुण्यतीर्थसदनान्यृषयो विमदास्त उत-भवत्पदाम्बुदजहृदोऽघभिदङ्घ्रिजलाः ।
दधति सकृन्मनस्त्वयि य आत्मनि नित्यसुखे न पुनरुपासते पुरुषसारहरावसथान् ॥ ३५ ॥

અન્વયાર્થ:- भुवि =આ પૃથ્વી ઉપર, पुरु-पुण्य-तीर्थ-सदनानि =અત્યંત પવિત્ર તીર્થસ્થાનો અથવા ગુરુજનોનાં સ્થાનો વિદ્યમાન છે. તેમજ विमदाः=મદ-માન રહિત નિર્માન એવા, त-उत-ऋषयः=વિશ્વવિખ્યાત એવા તે ઉત્તમ ઋષિજનો વિદ્યમાન છે. તેમજ આ નિર્મત્સર भवत्-पद-अम्बुज-हृदः=આપના શ્રીચરણકમલોને પોતાના હૃદયમાં ધારણ કરનારા હોવાને લીધે, अध-भिद्-अंध्रि-जलाः=તેઓશ્રીનું ચરણોદક સર્વ પાપોનો નાશ કરવા માટે સમર્થ છે આવા, ये=પુણ્યપુરુષો છે તે તો नित्य-सुखे=નિત્ય આનંદમય, आत्मनि=આત્મસ્વરૂપ, त्वयि=આપ શ્રીકૃષ્ણ ભગવાનમાં, सकृद्=એકવાર, मनः=મનને, दधति=લગાવી દે છે તો કદી.पुनः=ફરીથી, =पुरुष-सार-हर-आवसथान्=પુરુષોના જીવનમાં સારભૂત મનાતા એવા વિવેક-ધૈર્ય-આશ્રય જેવા અમૂલ્ય ખજાનાને હરી જનારા ઘરસંસાર-સુખોનું, न-उपासते=સેવન નથી કરતા પરંતુ ઘર અને કુટુંબ ભગવાનની સેવામાં સમર્પેલા હોવાથી ભગવત્સેવા કરવા માટે જ ઘરમાં રહે છે. (૩૫)

અનુવાદ:- આ પૃથ્વી ઉપર અત્યંત પવિત્ર તીર્થસ્થાનો છે, ગુરુજનોનાં ધામ છે, વળી મદમાન રહિત ઋષિજનો છે. આવા સંતોના ચરણકમલો બિરાજે છે તેથી તે મહાપુરુષોનું પાદોદક પાપોનું નિવારણ કરે છે. આવા પુરુષો એકવાર ભગવાનમાં મનને લગાવી દે છે ત્યાર પછી તેઓ મનુષ્ય જીવનના ખરા ખજાનારૂપ વિવેક-ધૈર્ય-આશ્રયરૂપ ધનને લૂંટી લેનારા સંસારસુખમાં ડૂબતા નથી પરંતુ ભગવાનની સેવામાં સાધનરૂપ ધન-પરિવારને જાણીને જ રહે છે તેમને સેવા મુખ્ય છે, સંસાર સુખભોગ મુખ્ય નથી सर्वलोकोपकारार्थं कृष्णेन सहितास्तुने पिरिभ्रमन्ति लोकानां निस्ताराय महाशयाः ॥ પરમ ભવવદીયજનો સમસ્ત લોકોના ઉપર કૃપા કરવા માટે અને સર્વેને મોક્ષ આપવા માટે જ ભગવાન શ્રીકૃષ્ણની સાથે પૃથ્વી ઉપર પર્યટન કરે છે. (૩૫)

परिभ्रमन् तीर्थनिष्ठो गुरुलब्धहरिस्मृतिः । यः सेवेते गृहान् दुष्टान सदधर्मत्यन्तनाशकान् ॥ ३५ ॥ का. २२

જે ભક્તો તીર્થોમાં નિષ્ઠાવાળા છે તેઓ તો સદા પુણ્ય સ્થાનોમાં પર્યટન કરતા રહે છે. ગુરુજનની કૃપાથી શ્રીકૃષ્ણનાં સ્મરણ કરાવનારા વિવિક-જ્ઞાનની તેમને પ્રાપ્તિરૂપ થઈ ગઈ છે માટે તો આવા તાદશીજનો સદ્ધર્મનો નાશ કરનારા દુષ્ટ ગૃહોમાં એટલે ભગવાનની સેવાથી વિમુખ ઘરોમાં આસક્ત નથી થતા, પરંતુ ભગવાનની સેવામાં ઉપયોગી થતાં ઘરોમાં સેવા માટે રહે છે. (૩૫)

[૩૬ અએ ૩૭મા શ્લોકની બે શ્રુતિઓ પ્રથમ "सत्" અંશનો વિચાર કરે છે કારણ સચ્ચિદાનંદમય ભગવાનનું જ ભજન કરવું જોઈએ એ નિશ્ચય હોવાથી પ્રથમ બે શ્રુતિઓથી "सत्" સ્વરૂપનો વિચાર કર્યો છે.]

सत इदमुत्थितं सदिति चेन्-ननु तर्कहतं व्यभिचरति क्व च क्व च मृषा न तथो भययुक् ।
व्यवहृतये विकल्प इषितोऽन्धपरम्परया भ्रमयति भारती त उरुवृत्तिभिरुकथजडान् ॥ ३६ ॥

અન્વયાર્થ:- सतः=સદ્રૂપ બ્રહ્મમાંથી, उत्थितम्=ઉત્પન્ન થયેલું, इदम्=આ જગત, सत्-સદ્રૂપ એટલે કે બ્રહ્મરૂપ છે, इति चेन् न=એવું માનતા હોય તો ન માનવું જોઈએ, नु=કેમકે આ તો तर्कहतम्= તર્કથી વિરુદ્ધ ધારણા છે, व्यभिचरति=કદાચ તમે કહેતા હો કે કારણના જેવું જ કાર્ય પણ હોવું જોઈએ એ નિયમ બધે ઠેકાણે સત્ય ઠરતો નથી, क्व च=જેમકે રાજા અંગ સ્વંય સજ્જન હતા પણ અંગરાજાથી ઉત્પન્ન થયેલ તેમનો પુત્ર વેન મહાન દુષ્ટ હતો, क्व-च=તે સિવાય છીપ ઉપર થતી ચાંદીની ભ્રમણામાં પણ છીપ સાચી હોય છે અને ચાંદી, मृषा=ખોટી એટલે કે અસત્ હોય છે. न तथा-उभययुकू=તેથી જો જગતને સદ્ અસદાત્મક ઉભયવિધ માનવામાં આવે તો તર્ક વિરોધ ઉપસ્થિત થતો નથી, अन्धपरम्परया=જ્ઞાનદષ્ટિથી રહિત આંધળા જેવા લોકોની પરંપરાથી ચાલી આવતી ગાડરિયા પ્રવાહ જેવી માન્યતાએ,

व्यवहतये=વ્યવહારના નિર્વાહ માટે, विकल्प =એક નિર્વિકલ્પ પરમાત્મામાં અનેક. विकल्प=મિથ્યા કલ્પોના રૂપે જગતને, इषित:=સ્વીકારેલ છે, उरुवृत्तिमि:=અર્થબોધન કરાવનારી શબ્દોની વિવિધ વૃત્તિઓ (દા.ત. રૂઢિ, યૌગિકી અભિધા, લક્ષણા, ગૌણી કે તાત્પર્ય રૂપાઓ) વડે ભગવન્ ते=આપની, भारती=વેદસ્વરૂપા વાણી, उक्थजडान्=કર્મજડ લોકોની બુદ્ધિમાં, भ्रमयति=ભ્રમણાઓ ઊભી કરે છે. (૩૬)

અનુવાદઃ- ભગવદ્‌ભજન આપણું મુખ્ય કર્તવ્ય છે. ભક્તિ સહિત ભગવાનને સમર્પિત કરવામાં આવતાં પત્ર, પુષ્પ, ફલ, જલ વગેરે બધું જ ભગવાન સહર્ષ અંગીકાર કરે છે. છતાંય જો જગતને મિથ્યા માનવામાં આવે તો ભગવાનને સમર્પવામાં આવતી પત્ર, પુષ્પ, ફલ, જલ વગેરેની બધી સામગ્રી મિથ્યા ઠરે છે. ભક્તિમાં ભાસમાન થતું ભક્ત અને ભગવાનનું મધુર દ્વૈત પણ અન્તે મિથ્યા સિદ્ધ થઈ જાય છે. (૩૬)

શ્રુતિમાં તેથી જગતની સત્યતા ઉપર વધુ પડતો ભાર મૂકવામા આવ્યો છે "वाचारमणं विकरो नामधेयं मृत्ति-केत्येव सत्यम् । અર્થઃ માટીના ઘડાને માટીનો વિકાર કહેવો તે તો વાચારંભણ-વાણીવિલાસ જ કેવલ છે સાચું નામ તો માટીના ઘડાનું मृत्तिका જ છે-માટી જ હોય છે." આવાં અનેક શ્રુતિવચનોમાં જગતની સત્યતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ભક્તિમાં અપેક્ષિત જાગતિક-જગતની સામગ્રીની બ્રહ્માત્મકતા "ब्रह्मार्पणं ब्रह्महविः ब्रह्माग्नौ" ની ભાવનાને અનુલક્ષીને સ્વીકારમાં આવી છે તેથી જગતસત્યવાદ ભક્તિના પાયા સમો સિદ્ધાન્ત છે. જગતસત્યત્વના સિદ્ધાન્તના પાયા ઉપર ભક્તિના સુંદર ભવનને ચણવાથી સુદઢતાનો પણ લાભ મળે છે, પાયા થકી ભવનની દઢતા અને ભવન થકી પાયાની સાર્થકતા છે ! તેથી જગત-સત્યત્વની ધારણાના પાયા ઉપર જો ભક્તિનાં ભવન ઊભાં ન કરવામાં આવતાં હોય તો તે પાયા નિરર્થક સિદ્ધ થાય છે. તેથી જગત સત્ય હોવાની ભગવદ્‌ભક્તિના પ્રયોજનથી વેગળી ધારણાનું શ્રુતિઓ તર્કવાદની મુદ્રામાં ખંડન કરે છે. જગત સત્ય હોવાની ધારણા પણ જો ભગવદ્‌ભક્તિમાં આડે આવતી હોય તો તે ખંડનીય છે. અન્યથા ભક્તિનું ભવન તે જ જગત્-સત્યવાદના પાયાનું વાસ્તવિક મંડન છે. ! જગતને બ્રહ્મના રૂપમાં જાણવું જરૂરી છે- માણવું જરૂરી નથી ! સત્ બ્રહ્મનું કાર્ય હોવાથી જગતને સત્ય માનવું એ સત્ય દૃષ્ટિ છે પણ બ્રહ્મને ભૂલીને સત્ય હોવાથી જગતને ભજવું એ અસદ્‌વૃત્તિ છે. આવી અસદ્‌વૃત્તિના દમન માટે શાસ્ત્રોમાં ક્યારેક મુખ્યાર્થ અને ક્યારેક અમુખ્યાર્થ રાખીને પણ જગતને માટે 'માયિક', 'મિથ્યા', 'અસત્' કે 'તુચ્છ' જેવા શબ્દો વાપરવામાં આવ્યા છે. જેથી જગતમાં વિરકિત કેળવાતાં ભગવાનમાં અનુરક્તિને પ્રકટ થવાનો અવસર મળે. જગતઅસત્ય છે પણ ક્યારે કે જ્યારે આપણે જગદીશને ભૂલીને જગતને ભજવા મંડીએ છીએ. શ્રુતિમાં કહેવામાં આવ્યું છે-असन्नेव स असद् ब्रह्मति वेद चेद् अस्ति ब्रह्मे ति चेद् वेद सान्तमेनं ततो विदुरिति (तैत्ति.२/६) જે બ્રહ્મને અસત્ ગણે છે તે પોતે અસત્ થઈ જાય છે. અને જે બ્રહ્મને સત્ ગણે છે તેને આપણે પણ સત્ માનવું જોઈએ. જગતના સત્ય હોવાના દિવ્ય રહસ્યને ઝીલવાનો અધિકાર ભક્તિમાન અધિકારનો જ છે તેથી અનધિકારીની સામે ક્યારેક આ દિવ્ય રહસ્યનું ગોપન પણ શાસ્ત્રસમ્પન્ન માનવામાં આવ્યું છે. "कंटके नैव कंटकम्" કાંટાથી કાંટાને કાઢવો તેવી યુક્તિ વાપરીને જાગતિક વિષયોની આસક્તિ કાઢવા માટે બીજા કાંટાનો એટલે કે જગતની તુચ્છતા કે અસત્યતાના નિરૂપણનો ઉપયોગ લેવાય છે.

જગતના સત્ય હોવાના દિવ્ય સિદ્ધાન્તનો દુરુપયોગ કરી જે હીનાધિકારીઓ લૌકિક કામનાઓને સંતોષવા અથવા તો જાગતિક ફલો માટે પોતાનું જીવન વેડફે છે તેમની આવી અશાસ્ત્રીય બુદ્ધિ અને અસદ્‌વૃત્તિને દૂર કરવા જગતની સત્યતાનું નિરાકરણ કરવું જોઈએ કે તમે જગતને જે સત્ય માનો છો તે શા માટે ?

(૧) શું તર્ક અથવા તો અનુમાનથી જગત સિદ્ધ થાય છે ? (૨) શું લોક પ્રતીતિમાં જગત સત્ય જણાય છે તેથી તેને સત્ય માની લેવું ? (૩) શું આ શિવાય બીજાં કોઈ પ્રમાણ જગતની સત્યતાના સંભવે છે ?

(૧) જો એમ કહેવામાં આવે કે તર્ક અથવા અનુમાનથી જગતની સત્યતા પૂરવાર થાય છે તો તેનો તાર્કિક હેતુ ક્યો ? અસત્ વસ્તુ પોતે કદી કોઈનું કારણ બની શકતી નથી તેથી આ જગતની ઉત્પત્તિમાં કારણભૂત વસ્તુ સત જ હોવી

જોઈએ. હવે જેવું કારણ તેવું કાર્ય પણ હોય જ છે. ઉદાહરણ રૂપે સોનામાંથી બનેલા વિવિધ આભૂષિણો કડાં કે કુંડલ વગેરે સોનાનાં જ હોય છે. એટલે તે બધાં સુવર્ણ જે હોય છે તેવી જ રીતે સત્‌માંથી કે સદ્રૂપ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ જગત પણ સત્ હોવું જોઈએ. આમ અનુમાનથી જગતની સત્યતા સિદ્ધ થાય છે. અનુમાનની પ્રમાણિકતા કાર્ય અને કારણના ગુણ ધર્મ સમાન હોવા જોઈએ એવા તર્ક ઉપર અવલબિત છે.

આ કાર્ય-કારણના સમાન ગુણધર્મ યુક્ત હોવાની માન્યતાની તાર્કિક ચકાસણી કરતાં જણાય છે કે તે ખરી નથી, કેમ કે કરાણ સત્ હોય તો કાર્ય પણ સત્ હોવું જોઈએ. તો કોઈ કહેશે કે કાર્યમાં સત્ત્વ-સત્તા ક્યાંથી આવે છે ? સત્ત્વ-સત્તા કાર્યમાં આવી જાય છે કે કાર્યમાં કોઈક સત્તા-સત્ત્વ પ્રકટ થાય છે ? જો આપણે એમ કહીએ કે કારણમાં રહેલી સત્તા-સત્ત્વ કાર્યમાં આવી જાય છે તો કારણમાંથી સત્તાના નીકળી જવાથી કારણને અસત્ માનવું પડશે. તે મુજબ જો બ્રહ્મને કારણ માનતા હોઈએ તો જગતમાં સત્તા-સત્ત્વના આગમનથી હવે બ્રહ્મને અસત્ માનવું પડશે ! આવા જગતને બ્રહ્મ શું આત્માઘાત માટે કદી પ્રકટ કરે ખરું ? તેથી જો બીજો વિકલ્પ વિચારતાં કે કાર્યમાં નોખી સત્તા પ્રકટ થાય છે. તે વિકલ્પ કાર્યકારણનાં બધાં ઉદાહરણોમાં સત્ય સિદ્ધ થતો નથી. કારણ કે પિતા અંગરાજા એક સત્પુરુષ હતા પણ તેમનો પુત્ર વેન મહાન્ અસત્પુરુષ હતો, કારણ જેવું કાર્ય હોવું જોઈએ અને કારણ સત્ હોયતો કાર્ય પણ સત્ હોવું જોઈએ. અને કારણની સત્‌તાથી નોખી કાર્યમાં સત્‌તા પ્રકટ થયા છે આ આખી વિચારસરણી આ ઉદાહરણમાં તૂટી જાય છે.

કારણ બે પ્રકારનાં હોય છે : એક સમવાયી કારણ. દૃષ્ટાન્ત તરીકે સોનાનાં આભૂષણોનું સમવાયી કારણ સોનું હોય છે. અથવા તો કાપડનું સમવાયી કારણ સૂતર હોય છે. બીજું નિમિત્ત કારણ : દૃષ્ટાન્ત રૂપે આભૂષણ ઘડનાર સોની અથવા તો તેના ઘડવાના વિવિધ સાધનો. કાપડનું ઉદાહરણ લઈએ તો વણકર અને તેનાં સાધનો નિમિત્ત કારણ કહેવાય છે, કારણ જેવું કાર્ય હોય છે તે નિયમ અસમવાયી કારણની બાબતમાં નથી તેથી અંગ રાજા નિમિત્ત કારણ હોઈ તેના સદ્‌ગુણ તેમના પુત્રમાં ન આવે તો તેમાં કશો વાંધો નથી.

આ દલીલ પણ છીપ ઉપર ચાંદીની જે ભ્રમણા થાય છે તેનો વિચાર કરતાં કાચી ઠરે છે. ભ્રમણામાં ભાસતી ચાંદીનું સમવાયી કારણ છીપ હોય છે પણ છીપ સત્ય હોય છે. અને ચાંદી મિથ્યા અને જો એમ કહો કે ભ્રમણમાં ભાસતી ચાંદીનું કારણ કેવલ છીપને ન માની શકાય પરંતુ છીપ અને ચાંદીનો સરખો ચમકાટ પરંતુ અજવાળાનો અભાવ દર્શકના મનમાં ચાંદી પ્રત્યે રહેલું અવ્યક્ત આકર્ષણ, અને જેથી છીપને છીપ તરીકે જોઈ[1] શકાય એવા તેનાં અવયવોનું ધ્યાન બહાર જવું વગેરે અનેક દોષભૂત કારણો છીપની સાથોસાથ ચાંદીની ભ્રમણા ઊભી કરવામાં પોતાના ભાગ ભજવતાં હોય છે.

આ વાત દોષોના કારણ હોવાની ખરી છે. જેટલા અંશમાં આપણે છીપને કારણ માનીએ છીએ તેટલા અંશમાં તો રજતને સત્ય કહેવું જોઈએ પણ તેમ કહી શકાતું નથી. જો કહેતા હો તો છીપમાં દેખાતું રજત જેમ અમુક અંશોમાં સત્ય અને અમુક અંશોમાં અસત્ય હોય છે તેમજ જગત પણ સદ્રૂપ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું તે અંશમાં સત્ અને જીવાત્માના મનોદોષ થકી જે જે અન્યથા ભાન થતાં હોયતે તે અંશોમાં જગતને અસત્ પણ માનવું જોઈએ. નહીં તો જેમ બ્રહ્મ સચ્ચિદાનંદ છે તેમ જગત પણ કેમ સચ્ચિદાનંદ જેવું લાગતું નથી ? શાસ્ત્રમાં પણ બધે ઠેકાણે કેવલ બ્રહ્મને ક્યાં કારણ કહેવામા આવ્યું છે ? કોઈક સ્થલે પ્રકૃતિ અને પુરુષને પણ કારણ માનવામાં આવ્યા છે.તેથી જગતને કેવલ સદ્રૂપ માનવા કરતાં સદ્‌અસદ્ ઉભયરૂપ માનવું જોઈએ. તેમાં કોઈ દોષ દેખાતો નથી.

આમ તર્ક અથવા તો અનુમાનથી જગતની સત્યતા સિદ્ધ કરનાર યુક્તિવાદનું- "सत् इदमुत्थितंसदिति चेत् न तु तर्कहतं व्यभिचरति क्व च क्व च मृषा न तथा उभययुक्"[1] કહીને નિરાકરણ કરવામાં આવ્યું છે.

(૨) હવે લોકપ્રતીતિની દુહાઈ ફેરવીને જો જગતને સત્ય ઘોષિત કરવામાં આવે તો તેનો જવાબ એમ વાળવો જોઈએ કે લોકપ્રતીતિ સદા પ્રામાણિત હોતી નથી. લોકપ્રતીતિ દરેક વખત પારમાર્થિક સત્ય ઉપર અવલંબિત ન હોઈ પ્રાતિભાસિક સત્યને પણ વળગેલી ક્યારેક હોય છે. ગાડરિયા પ્રવાહની જેમ લોકો અનાદિ કાલથી જગતને સત્ય

માનતા આવ્યા હોય છે તેથી જગત સત્ય થઈ જતું નથી.આંધળા લોકો રૂપનું વર્ણન કરે તો તેની વિશ્વસનીયતા કેટલી? આંખવાળો માણસ જો રૂપનું વર્ણન કરે તો તેને વિશ્વસનીય માની શકાય તેમજ મોટા જ્ઞાની પુરુષો ઘણી વખત જગતને મિથ્યા કહેતા હોય જ છે, લોકપ્રતીતિથી વિપરીત. તેથી લોકમાં બધાને આ જગત સત્ય ભાસે છે તેવી ધારણાનું ''व्यवहृतये विकल्प ईषितोंधपरम्यपरया''કહીને નિરાકરણ કરવામાં આવી રહ્યું છે.

સામાન્ય લોકોની ધારણાથી વિપરીત નિર્વિકલ્પ અદ્વૈત બ્રહ્મમાં સવિકલ્પ દ્વૈતઘટિત જગત વ્યાવહારિક કે પ્રાતિભાસિક સત્ય હોવા છતાંય પારમાર્થિક સત્ય ન પણ હોય એમ સંભવે છે.

(૩) તર્ક અનુમાન કે પ્રત્યક્ષથી જગત સત્યન પણ સિદ્ધ થતું હોય પણ શબ્દપ્રમાણથી તેની સત્યતા સિદ્ધ થાય છે. ઉપનિષદોનાં અનેક વચનોમાં જગતની સત્યતા સ્વીકારવામાં આવી છે. દા.ત.-

''कुतस्तु खलु सौम्यैवं स्यादिति होवाच कथमसतः सज्जायेतेति सदेव सौम्य ईदमग्र आसीत्''(छान्दो॰ ६/२/२) ''सेयं देवनाहैक्षत हन्ताहमिमास्तिस्त्रो देवताः अनेन जीवेनानुप्रविश्य नामरूपे व्याकरणवाणीति वाचारंभणं विकारो नाम-धेयं त्रीणि रूपाणीत्ये सत्यम् (छान्दो. ६-३-२, ६-८-१) सो कामयत बहुस्या प्रजायेये ति यदिद किं च तत्सृष्टवा तदेवानुप्राविशत् यद्दिं किं च तत्सत्यमित्याचक्षते (तैत्ति. २-६) सहैताबानास इदं सर्व यदयमात्मा (बृहद (१/४/३, ४/५/७) ''पुरुष एवेदं सर्वम् ''(ऋग्वेद १०/८-०/२)

એવા અનેક શ્રુતિ વચનોમાં જગતની સત્યતા નિરૂપિત થઈ છે.

આમ જગતને સત્ય માનવામાં શ્રુતિ પ્રમાણ ટાંકે પણ પરમાત્માના ભજનથી પોતે વિમુખ રહેતો હોય તેવાની ધારણનું પણ ખંડન થવું જોઈએ કે વેદમાં બ્રહ્મની સત્તા જ વર્ણવવામાં આવી છે. મુખ્યતયા જગતની સત્તા નહીં તે છતાંય શબ્દોની અર્થબોધક વિવિધ વૃત્તિઓથી ક્યાંક જગતને -સત્ય, ક્યાંક તુચ્છ તો ક્યાંક મિથ્યા આમ વિવિધ વર્ણનો ક્ષુદ્ર કર્મ અને કર્મફલોમાં આસક્ત અવા કર્મજડોની બુદ્ધિમાં ભ્રમણા ઊભી કરવા માટે વેદવાણી કરે છે તેવી સ્થિતિમાં કેવલ જગત સત્યત્વવાદની પ્રામાણિકતા પણ સંદિગ્ધ બની જાય છે.

सद्बुद्धया सर्वथा सद्भि र्न सेव्यमखिलं जगत् । भ्रान्त्या सद् बुद्धि रस्तेत्यतिसन्तं कृष्णं भजेद् बुधः ॥ २३ ॥ का.

આથી સિદ્ધ થાય છે કે સત્પુરૂષોએ જગતના સત્ય હોવાના સિદ્ધાન્તનો ઉપયોગ જગતને ભજનીય માનવામાં ન કરવો જોઈએ કેમકે જગતની સત્તા જાણવા કે માનવા જેવી જ છે પણ ભજવા કે માણવા જેવી નથી તેથી દરેક બુદ્ધિમાન્ માણસો કૃષ્ણને જ જાણી માની અને માણવું કે ભજવું જોઈએ.

नयदिदमग्र आसं न भविष्यदतो निधनाद्रनुमितमन्तरा त्वचि विभाति म्टषैकरसे ।
अत उप मीयते दविण जाति विकल्पपथैर्वितथ मनो विलासमृत मित्यवथन्त्य बुधाः ॥ ३७ ॥

અન્વયાર્થ- यत्=કેમકે इदम्=આ જગત अग्रे=સૃષ્ટિથી પહેલાં, न आस=નહોતું, अतः=હવે, निधनाद्-अनु=પ્રલય થયા પછી न, भविष्यति=રહેશે નહીં તેથી, त्वयि एकरसे=આપ જ એક રસ ભગવાનની, अन्तरा=વચ્ચે, अनुप्रितम्=અનુમાન વડે માની લેવાયું, मृषा=મિથ્યા જ, विभाति=લાગે છે, अतः=આથી, द्रविण-जाति-विकल्प-पथैः=જેમ ગોધણની વિવિધ પેટા જાતિઓ જેમકે ચમરી વગેરેનું જ્ઞાન જે એક પેટા જાતિને ઓળખતાં હોઈએ તેની ઉપમા આપવાથી બીજી પેટા જાતિને ઓળખી શકાય છે, તે મુજબ, उपमीयते=બ્રહ્મની જેમ અસ્તિત્વ ધરાવનારું કંઈક જગત જેવું પણ છે એમ બ્રહ્મની ઉપમા આપીને જગતની હકીકત ઓળખી શકાય છે. બ્રહ્મની જેમ સદ્રૂપે જગત ભાસે છે, પણ હકીકતમાં જગત સત્ નથી, वितथमनोविलासस्=આવા અસત્ મનોવિલાસની-મનની તૂત જેવા જગતને, ऋतम्=સત્ય કે બ્રહ્મરૂપ જે, अवयन्ति=માને છે તેઓ अवुधाः=બદ્ધિરહિત છે. (૩૭)

અનુવાદ:- જગતનું ભંજન જે લોકો જગતના સત્ય હોવાની ધારણાને લીધે કરતા હોય છે તેમને જગત સત્ય નથી એમ કહીને જગતનું ભંજન કરતાં અટકાવી શકાય છે, પણ જે લોકો સ્વભાવથી જાગતિક-પ્રપંચના વિષયોમાં આસક્ત છે

તેઓ જગત સત્ય હોય કે અસત્ય હોય તેની ભાંજગડમાં પડ્યા વિના જગતું ભંજન કરતા જ રહેશે "જગત અસત્ય છે" આવા વિધાનની અસર તેમના ઉપર કદી પડવાની નથી. વળી જેમ જગતને સત્- સિદ્ધ કરી શકાતું નથી તેમ અસત્ય પણ સિદ્ધ કરી શકાતુ નથી તેથી જગતને સત્-असत વિલક્ષણ અનિર્વચનીય મિથ્યા માનવું જોઈએ.

આવા જગતને ભજવામાં નથી ગુણ કે નથી અવગુણ. જેમ જગત સદ્અસદ્ વિલક્ષણ તેમ તેનું ભજન પણ સદ્અસદ્ વિલક્ષણ.બધું સદ્અસદ્ વિલક્ષણ અનિર્વચનીય મિથ્યા ! શ્રુતિ આવી વિચારધારાને રદિયો આપે છે કે જગત અસત છે કેમ કે આ જગત સૃષ્ટિની પૂર્વે નહોતું આ પ્રલય પછીપણ નહીં રહે. બ્રહ્મની જેમ સનાતન ન હોવાથી સત પણ નથી અર્થાત જગત અસત્ છે.

સૃષ્ટિ અને પ્રલયની વચ્ચે જગતનું અસ્તિત્વ જણાય છેપણ પહેલાં કે તે પછી નહીં. હવે જો જગત સત્ હોય તો ભૂત, ભવિષ્યની કે વર્તમાન ત્રણેય કાલમાં સત્ રહેવું જોઈએ. જો ક્યારેક જગતને સત્ અને અસત્ માનતા હોઈએ તો ઘડાને પણ ક્યારેક ઘડો અને ક્યારેક કાપડ માની શકાય છે ! તેથી સૃષ્ટિ અને પ્રલય વચ્ચે ભાસતું જગત અસત્ છે.

કદાચ કોઈ શંકા કરે કે આ બન્ને હેતુથી જગતને અસત્ કહેવા કરતં કેવલ સદ્વિલક્ષણ કહેવું જોઈએ. 'સદ્વિલક્ષણ' કહેતાં અસત્ થઈ જતું નથી.કેવલ સત્થી વિલક્ષણ કે ભિન્ન એટલો જ અર્થ થાય છે. સદ્વિલક્ષણ નથી સત્ અને અસત્ આનો ખુલાસો એમ સમજવો જોઈએ કે જેમ છીપ ન હોવા છંતાય છીપના ઠેકાણે ભાસતી ચાંદી છીપ તરીકે તો અસત્ જહોય છે તેમજ શ્રુતિ અને બ્રહ્મવેત્તાઓ દ્વારા બ્રહ્મરૂપે વર્ણિત અને નિર્ણીત આ બધું જ્યારે બ્રહ્મારૂપે ભાસમાન ન થઈ સ્વતંત્ર જગતરૂપે કે બ્રહ્મથી ભિન્ન ભાસતું હોય ત્યારે તેને આકાશકુસુમનીમાફક અસત જ ગણવું જોઈએ.

આપણાં નેત્રોથી ગૃહીત થતી ચાંદીને અસત્ કેમ માનવી ? હકીકીત પણ એમ છે. ચાંદી નેત્રોથી ગૃહીત થતી નથી કેમ કે પુરુષની ઈન્દ્રિયો સદ્વસ્તુની સાથે સંપર્કમાં આવતાં જે જ્ઞાન ઉત્પન્ન કરતી હોય છે તેને પ્રત્યક્ષ કહેવાય છે. હવે જો ચાંદી, છીપના ઠેકાણે હોય જ નહીં એટલે કે અસત્ હોય તો તેની સાથે નેત્રો સંપર્કમાં ક્યાંથી આવી શકે ? નેત્રો તો છીપના જ સંપર્કમાં આવે છે. પણ પાછળથી નેત્રોથી દખાતી છીપની જગ્યાએ બુદ્ધિ ચાંદીની કલ્પના કરીલે છે. તેથી ચાંદી તો બહાર હોતી જ નથી. બુદ્ધિમાં જ હોય છે અને બુદ્ધિથી જ ગૃહિત થાયછે નેત્રોથી નહીં. ધુમાડાને જોઈ આગની અનુમતિ થાય છે. કાર્ય થકી કારણનું અનુમાન અથવા તો વ્યાપ્ય થકી વ્યાપકનું અનુમાન કરતાં બુદ્ધિગત વસ્તુનું પ્રત્યક્ષ ભાન થતું નથી. કેવલ પરોક્ષ પ્રતીતિ થાય છે, પણ બે સદૃશ વસ્તુઓમાં એકના સાદૃશ્ય થકી બીજી વસ્તુને ઓળખવાની પ્રક્રિયામાં પ્રત્યક્ષ અને અનુમાન બન્ને એકબીજા સાથે ભળી ગયેલા હોયછે. તેવી જ માનસિક પ્રક્રિયા ભ્રમણમાં પણ થતી હોય છે. છીપ અને ચાંદીમાં સાદૃશ્ય હોવાથી છીપને જોતાં જે ચાંદીનું અનુમાન થાય છે. તેમાં અડધું પ્રત્યક્ષ અને અડધું અનુમાન એમ બન્નેના એકબીજાની સાથે ભળી જવાથી આપણને એવું લાગતુ હોય છે કે જાણે આપણે ચાંદીને પ્રત્યક્ષ જોતાં ન હોઈએ ! હકીકત પણ ચાંદી પ્રત્યક્ષ હોતી નથી તે કેવલ સાદૃશ્યમૂલક અનુમાન છે તેમજ પ્રમાતૃચૈતન્ય અને વિષયાવચ્છિન્ન બ્રહ્મચૈતન્યની વચ્ચે જે બ્રહ્મભિન્ન જગતની સ્ફુરણા થાય છે તે પણ સાદશ્યમૂલક અનુમાન જ કેંવલ છે-પ્રત્યક્ષ નહીં. તેથી મનઃકલ્પિત હોવાથી તે असत् છે-सत् નહીં તે નેત્રોથી ગૃહીત થતું નથી તેથી તેને અસત્ માનવામાંકોઈ આપત્તિ આવતી નથી એટેલ સદ્વિલક્ષણ કહેવાની પણ તેને આવશ્યકતા નથી.

પ્રમાતૃચૈતન્ય અને વિષયાવચ્છિન્ન બ્રહ્મચૈતન્યની સરખી પરીક્ષા કરી ન હોવાથી બન્નેની વચ્ચે અને એકની પરીક્ષા કર્યા પછી બીજાની પરીક્ષા કરીએતેના વચગાળામાં જગતની નોખી પ્રતીતિ થતી હોય છે. ઉપર્યુક્ત બન્ને ચૈતન્યોની શ્રૌત સિદ્ધાન્તની મુજબ સરખી પરીક્ષા જો કરવામાં આવે તો બન્નેનાં સાચાં સ્વરૂપ સમજાય છે. અન્તમાં 'तत्त्वमसि'ના ઉપદેશ થકી જ્યારે વિષયાવચ્છિન બ્રહ્મચૈતન્યનું તાદાત્મ્ય સ્ફુરવા માંડે ત્યારે સર્વત્ર બ્રહ્મદર્શન જ કેવલ થાયછે. દશ્ય અને દ્રષ્ટા બન્ને બ્રહ્માત્મક થઈ જાય છે.

પરમાત્મા તો એકરસ છે તેનો નાના પ્રકારે થતો ભાસ મિથ્યા હોય છે. જેમ ચંદ્રમાં એક હોવા છંતાય આંગળીથી નેત્રને ચાંપતાં એકને ઠેકાણે બે દેખાવા મંડે છે. આપણે જોઈ ગયા છીએ કે અસત્ પણ ક્યારેક દેખાય છે. સસલાને શીંગડાં

હોતાં નથી પણ ભાંગ ખાઈ ભાનભૂલેલાને સસલાને માથે શીંગડાં ન દેખાવાં જોઈએ એવી રાજાજ્ઞા કોઈ આપી શકતો નથી. અસત્‌ના ઉદાહરણ આકાશકુસુમની કે સસલાની શીંગડાંની જો ક્યારેક નશામાં ચકચૂર માણસને પ્રતીતિ થઈ શકતી હોય તો તેને સત્‌થી ભિન્ન કે વિલક્ષણ કહો અથવા અસત્ કહો, બન્નેનો અર્થ એક જ થાય છે. તે છંતાય જેમ સતના ભાનની વૈચારિક ઉત્પત્તિ આપી શકાય છે તેવી અસત્‌ના ભાનની આપી શકાતી નથી. આનો અર્થ એમ કદી ન સમજવો કે અસતનું ભાન થઈ શકતું નથી.

આથી સિદ્ધ થાય છે કે જગત અસત્‌ની માફક દેખાતું હોવાથી અસત્ છે. આવી વિચારશૈલી ઉપમાન પ્રમાણ ઉપર અવલંબિત છે. ઉપમાન એ તો અનુમાનનો એક પ્રકાર છે.ધુમાડાને જોઈને અગ્નિનું અનુમાન કરવામાં પૂર્વેધુમાડા સાથે જોયેલો અગ્નિ અને પ્રસ્તુત ધુમાડાના કારણ રૂપે કલ્પનામાં આવતો અગ્નિ એક જ પ્રકારની કલ્પનામાં આવે છે અને તે અગ્નિ અત્યારે નેત્રોની સામે ન હોવાથી પ્રત્યક્ષ થતો નથી. ઉપમાન પ્રમાણમાં ત્યારે સહજ જુદો અનુંમાનનો પ્રકાર હોય છે. કોઈકે આપણને કહ્યું હોય કે જંગલમાં 'ગવય' નામનું એક ગાય જેવું પ્રાણી હોય છે ત્યારે આવું સાંભળ્યા પછી ક્યારેક વનમાંથી પસાર થતાં આપણને ગાય જેવું કંઈક પ્રાણી દેખાય કે આપણે તરત તેને આળળી જઈએ કે આ ગાય જેવું પ્રાણી 'ગવય' છે. આ ઉપમાનની પ્રક્રિયામાં ગાય સામે હોતી નથી પણ ગવય સામે હોય છે, અને તેનું ગાય સાથે સાદશ્ય આપણને યાદ આવી જાય છે એટલે સાદશ્યના હેતુથી આપણે અનુમાન બાંધીએ છીએ કે આ દેખાતું પ્રાણી 'ગવય' છે.

આવી વૈચારિક પ્રક્રિયાથી જગતના અસત્ હોવાનું સમર્થન મળી રહે છે. અસત્‌નું ભાન વિવિધ પ્રકારે થતું હોવ છે, પણ તે તે અસદ્ વસ્તુઓ જ્યાં જેવી રીતે ભાસમાન થતી હોય છે ત્યાં તેની તેવી રીતે ભાસિત થવાની વૈચારિક ઉત્પત્તિ જડતી નથી તેવી જ રીતે જગતનુંભાન બ્રહ્મચૈતન્ય અને પ્રમાતૃચૈતન્યની વચ્ચે એક અનોખી સત્તા તરીકે થાય છે. આની પણ વૈચારિક ઉત્પત્તિ આપી શકાતી નથી ત્યારે અસત્‌ની સદશની દેખાતી વસ્તુ અસત્‌ની જ પેટાજાતિની કોઈક હોવી જોઈએ એમ અનુમાન બાંધવાનુ રહ્યું !

એમ શંકા આમ ઉદ્‌ભવે છે કે જો જગત અસત્ હોય તો શાસ્ત્રોમાં મોટા મોટા ઋષિમહર્ષિઓના વ્યવહાર તો જાણે તેઓ જગતને સત્ માનીને ચલાવતા હોય છે તેવા દેખાય છે. આનો ખુલાસો એમ સમજવો કે આ જગતને પ્રિય માનીને વ્યવહાર કરે તેને આ જગત પ્રિય ભાસે છે, જે અપ્રિય માનીને વ્યવહાર કરે તેને આ અપ્રિય કે પરકીય વગેરે જે રૂપમાં જોવું, મનમાં ગમે તેવો ભાસ જગતનો થાય છે. આ જગત હકીકતમાં જો પ્રિય જ હોય તો બીજાને પ્રિય ન લાગવું જોઈએ પણ દરેક દ્રષ્ટાના મનોવિલાસ મુજબ વિવિધ દશ્યો આ જગતમાં ઊભાં થતાં રહે છે. આવા જગતને બુદ્ધિરહિત સિવાય બીજો કોણ સત્ ભજનીય માની શકે !

खपुष्पादसमत्वा द्वै-मिथ्याभूंत जगद्यतः । अधिष्ठान्नाच्च सद्भानं तं कृष्णं नियतं भजेत् ॥ ३७ ॥ का, २४

આ જગત આકાશકુસમની માફક મિથ્યા હોવા છંતાય જે કૃષ્ણના અધિષ્ઠાન ઉપર સદ્રૂપે ભાસમાન થાય છે તે કૃષ્ણનું ભજન નિશ્ચિત કરવું જોઈએ. (૩૭)

स यदजया त्वजामनुशयीत गुणाश्च जुषन् भजति स्भरूपतां तदनुमृत्युमपेतमगः ।
त्वमुत जहासि तामहिरिवत्वचमात्तभगो महसि महीयसेऽष्टगुणितेडपरिमेंयभग : ॥ ३८ ॥

અન્વયાર્થઃ- सः= જીવ, अजया=માયાને લીધે, तु-अजाम्=તો અવિદ્યાને, अनुशयीत=ભેટી પડે છે, यत् च=તેથી, गुणात्=દેહ-ઈન્દ્રિય વગેરે ગુણોને, जुषन्=સેવતો, तत्=તે ગુણોને, स्वरूपतान्=પોતાના રૂપે માની સમાનતાને, भजति=પામે છે, तत्-नु=તેથી જ, अपेतभगः=આનંદાદિ ગુણો ઢંકાઈ જતાં, मृत्युम्=સંસાર પામ્યા કરે છે, उत-त्वम्=પણ આપ ઈશ્વર તો अहिंः=સર્પ, त्वचम्=કાંચળીને (તજેછે) इव=જેમ, ताम्=માયાને जहासि=તજો છો, आत्तभगः=નિત્યપ્રાપ્ત, अपरिमेयभगः=અપરિમિત ઐશ્વર્ય વાળા હોઈ, अष्टगुणिते=અણિમાદિ આઠ પ્રકારના, महिस=પરમ ઐશ્વર્યમાં, महीयसे=વિરજો છો. (૩૮)

અનુવાદઃ- જીવ માયાને લીધે અવિદ્યાને ભેટી પડે છે, તેથી દેહ-ઈન્દ્રિય વગેરે ગુણોને સેવ તો તે તે ગુણોને પોતાના રૂપ માની તેની સમાનતા પામે છે એટલે તે તે દેહ -ઈન્દ્રિય આદિના ધર્મોથી યુક્ત થાય છે અને તેથી જે તેના આનંદાદિ ગુણો ઢંકાઈ જતાં તે સંસાર પામ્યા કરે છે. પણ આપ ઈશ્વર તો સર્પ કાંચળી છોડેતેમ માયાને તજો છો કેમકે આપ તો નિત્ય પ્રાપ્ત અને અપરિમિત ઐશ્વર્યવાળા હોઈ, અણિમાદિ આઠ પ્રકારના પરમ ઐશ્વર્યમાં વિરાજો છો. કારણ કે આપ સાચેસાચ આમાપ ઐશ્વર્યવાળા છો. (૩૮)

कालादितृणपर्यन्ता न सेव्या मुक्तिमिच्छता । दोषव्याजनशक्तो हि सेव्यो दाता गुणस्य च ॥ ३८ ॥ २५ का.

મોક્ષને મેળવવા ચાહનારા જીવે કાલથી લઈ ઘાસના તરણા સુધીના કોઈને પણ સેવવા જોઈએ નહીં કારણ કે સેવાનું કારણ જીવના દોષોની નિવૃત્તિ થવાનું છે તે સામર્થ્ય તો કેવલ ભગવાન શ્રીકૃષ્ણનું જ છે તેથી તેમની સેવા જીવના દોષોની નિવૃત્તિ કરશે અને ગુણોનું દાન કરશે માટે શ્રીકૃષ્ણની સેવા કરવી. (૩૮)

यदि न समुद्धरन्त यतयो हृदि कामजटा-दुरधिगमोऽसतां हृदिगतोऽस्मृतकण्ठमणिः ।
असुतृपयोगिनामुमयतोऽप्यसुखं भगवन्-अनपगतान्तकादनधिरूढपदाद् भवतः ॥ ३९ ॥

અન્વયાર્થઃ- यदि=જો પ્રયત્નશીલ એવા, यतयः=યોગીજનો પણ, हृदि=હૃદયમાં ઘર કરી બેઠેલી, काम-जटा=કામનાની જડોને -કામનાનાં મૂલોને, न-सम्-उद्-धरन्ति=ઉખેડી નથી શકતા તો પછી, असताम्-अपि=સંસારાસક્ત જનોના પણ, हृदि=હૃદયમાં રહેલા છો अपि=તો પણ આપ, असु-कंठ-मणिः=પોતાના જ કંઠમાં રહેલ છતાં ભૂલાયેલા મણિની માફક, दुर-अधिगम =દુર્લભ જ છો, भगवन्=હે નાથ ! असु-तप-योगिनाम्=પ્રાણ પોષણ વિના કેવલ જેમનો બીજો કોઈ જ આશય નથી તેવા પેટભરા જીવો માટે તો, अन्-थप-गत-अंत-काळः=બન્ને ઉપર સદાય ભમતા કાલથી તેમજ, भवतः अन्-अधि-रूढ-पदाद्ः=આપશ્રીના ચરણકમલોની પ્રાપ્તિ પણ ન કરેલી હોવાથી, उभयंतः=બન્ને પ્રકારે, अपि=ખરેખરअसुखम्=દુઃખ જ છે. (૩૯)

અનુવાદઃ- જો કે ભગવાન હૃદયમાં જ બિરાજે છે છતાં પ્રયત્નશીલ મોટા મોટા યોગીજનો હૃદયમાંથી કામવાસનાઓને જો દૂર ન કરી શક્યા હોય તો પછી સદા સંસારસુખ ભોગ-પરાયણ જીવોને માટે તો પૂછવું જ શું ? ભલે આપ તેમના હૃદયમાં બિરાજ્યા હો તો પણ કંઠમાં રહેલા હારમા મણિ છે છતાં કંઠમાં ન દેખાવાના કારણે કંઠમાં મણિમાલાવાળા જીવને જેમ મણિ મળતો નથી અને ઉપરથી છતે મણિએ દુઃખ ભોગવે છે તેમ સંસારીઓ દુઃખી થાય છે. હે ભગવન્! જેમનો યોગ કેવલ ભોગસામગ્રી મેળવવા માટે છે અથવા જેમનો જીવનભરનો પ્રયત્ન કેવલ ઉદરપોષણ જ છે તેઓને તો એક બાજુથી સદાય માથે ભમતા કાળનું દુઃખ રહેવાનું જ છે તથા તેઓને બીજી બાજુથી ભગવચ્ચરણકમલની પ્રાપ્તિ નથી કરી તેનું દુઃખ રહેવાનું છે તો તે બન્ને પ્રકારે દુઃખી છે. (૩૯)

जीवेषु भगवानात्मा संच्छन्नस्तेन तत्र न । भजनं सर्वथा कार्यं ततोऽन्यत्रैव पूजयेत् ॥ ३९ ॥ का. २६

આત્મારૂપ ભગવાન જીવોમાં ગુપ્ત રીતે રહે છે પ્રકટ રૂપે બિરાજતા નથી તેથી જીવનમાં ભગવાનનું ભજન ના થાય પરંતુ જ્યાં જે સ્વરૂપમાં ભગવાન પ્રકટ સ્વરૂપે બિરાજતા હોય ત્યાં તેવા સ્વરૂપમાં ભગવાનનું ભજન કરવું.

त्वदवगमी न वेत्ति भवदुत्थशुभाशुमयो-र्गुणविगुणान्वयांस्तर्हि देहभृताश्च गिरः ।
अनुयुगमन्वहं सगुणगीतपरम्परया- श्रवणभृतो यतस्त्वमपवर्गगतिर्मनुजैः ॥ ४० ॥

અન્વયાર્થઃ- त्वद्-अवगमी=આપના સ્વરૂપનું જ્ઞાન ધરાવનાર, એવો ભગવદીયજન, भवद्-उत्थ-शुभ-अशुभयोः=આપને નિમિત્તે પ્રાપ્ત થતા શુભ-અશુભોના, गुण-विगुण-अन्वयान्=સુખ-દુઃખના સબંધોને, न-वेद=નથી જાણતો तर्हि=એટલું જ નહીં પરંતુ देह-भृताम्=દેહાભિમાની જનોએ કરેલી, गिरः=નિંદાત્મ વાણીને, च न=પણ જાણતા નથી, यतः=કારણ કે, सः-त्वम्=તે આપ વેદપ્રસિદ્ધ પુરુષોત્તમ, मनुजैः=મનુષ્યો દ્વારા, अनुयुगम्=યુગે યુગે, अनु-अहन्=રોજ રોજ સમયે, નિરંતર, गुण-गीत-परंपरया=વેદવ્યાસ શુકાદિ મુનિવરોએ ગાયેલ ગુણગાનની પરંપરાથી श्रवण-भृतः=આપને જ કાનમાં ધારણ કરેલા છે. (૪૦)

અનુવાદ:- જે વ્યક્તિએ-જે ભક્તજનોએ આપનું જ્ઞાન સમ્પાદન કર્યું છે તેઓને તો આપ શ્રીચરણોની સેવા કરતાં જે જે સુખ-દુઃખ, શુભ-અશુભ ગુણ-અવગુણ થાય છે તેની તેમને કાંઈ ખબર જ પડતી નથી એટલું જ નહીં આવા ભક્તોના જીવનવ્યવહાર માટે દેહાભિમાની જનોની નિંદાની વાણીની પણ તેમને ચિંતા નથી હોતી, તેમને અસર જ નથી હોતી, કારણ કે આવા હરિરત-હરિપરાયણ ભક્તજનોએ તો મોક્ષ આપનારા, હે અજિત ! આપના ગુણોને પ્રત્યેક યુગમાં પ્રતિક્ષણ પોતાના કાનોમાં જ ભરી દીધા છે તેથી તેમના હૃદય ખાલી જ નથી તોતેમાં સુખદુઃખ, ગુણઅવગુણ, સ્તુતિનિંદા વગેરે પ્રવેશવાનું સ્થાન જ ખાલી નથીપછી પીડા ક્યાં રહી ? (૪૦)

सुखसेवापरो यस्तु स आनन्द हरि भजेत् । अन्यथा सुखसंप्रेप्सुः सर्वथा दुःखमाप्नुयात् ॥ ४० ॥ २७

જેઓ સુખરૂપ એવી, સુખમય શ્રીહરિચરણોની સેવામા તરબોળ છે તેઓ જ શ્રીહરિના-ભગવાનના આનંદને મેળવી શકે છે. પરંતુ ભગવાનને છોડીને જે કોઈ સુખોની આશા રાખે છે તેઓને દુઃખ થાય છે. ૪૦

द्युपतय एव ते न ययुरन्तमनन्ततया-त्वमपि यदन्तराण्डनिचया ननु सावरणाः ।
ख इव रजांसि वान्ति वयसा सह यच्छुतय-स्त्वयि हि फलन्त्यतन्निरसेन भवन्निधनाः ॥ ४१ ॥

અન્વયાર્થ:- द्युपत= સ્વાર્ગાદિ લોકોના સ્વામી-ઈન્દ્રાદિ લોકપાલો, अपि=પણते=આપનો अन्तम्=પાર, न-ययुः=નથી પામી શક્યા કારણ કે, अन्ततया=આપ અનન્ત છો તેથી તો, त्वम्=આપ પણ આપનો પાર નથી પામતા, यत्=જે अन्तरा=મધ્યામાં, આપના એક રોમકૂપમાં સારવણાઃ = સાત સાત આવરણો સાથે, अशनिचयाः=બ્રહ્માંડોના સમૂહો, वयसा सह=કાલનીસાથે, श्रुतयः=શ્રુતિઓ, खे=આકાશમાં, रजांसि इव=ઘરમાં પડતા સૂર્યના એક કિરણમાં ઊડતા અગણિત પરમાણુઓની માફક, वान्ति=ભમ્યા જ કરે છે અને, यत्=જેથી અન્તે, भवत्-निधनाः=આપનામાં જ વિરામ પામતી, श्रुतयः=શ્રુતિઓ, अतत्-निरसनेन=આપનાથી ભિન્ન બીજું કાંઈ નથી એવું ગાન કરી વિરામ પામતી શ્રુતિઓ, त्वयि-फलति=આપનામાં જ શમી જાય છે. (૪૧)

અનુવાદ:- સ્વર્ગાદિ દેવલોકોના દેવો ઈન્દ્રાદિ દેવો પણ આપનો પાર તો નથી પામ્યા પરંતુ આપ અનન્ત અગણિત આનંદ હોવાથી આપનો અંત પાર આપ પણ નથી પામ્યા. આપના એક રોમકૂપમાં સાત આવરણો સાથે અનન્ત બ્રહ્માણ્ડો અને શ્રુતિઓ જેમ આકાશમાંનાં સૂર્યના કિરણમાં કરોડો રજકણો ઊડતા દેખાય છે તેમજ બ્રહ્માંડો પરિભ્રમણ કરે છે અને અંતે શ્રુતિઓ આપના વિના અન્ય કાંઈ નથી એવું ગાતી ગાતી થાકી જઈ આપનામાં જ પોઢી જાય છે. (૪૧)

कृष्णानन्दः परानन्दः नान्यनन्दस्तथाविधः । वेदा अपि न तच्छक्ताः प्रतिपादयितुं स्वतः ॥ ४१ ॥ का. २८

શ્રીકૃષ્ણનો આનંદ એ જ સર્વથી પર આનંદ છે. કોઈ આનંદ કૃષ્ણની સાથે સરસાઈમાં આવી શકે એમ નથી. સ્વયં ભગવતી શ્રુતિઓ કહી રહેલ છે કે અમે પણ વર્ણવવા માટે સમર્થ નથી તો પછી અન્ય કોઈની તો વાત જ શી કરવી. એટલું કહીને ભગવતી શ્રુતિઓ ભગવાનના શ્રીચરણોમં ઢળી પડી. (૪૧)

શ્રી નારાયણ ભગવાનનો નારદજી ઉપર અનુગ્રહ

ભગવાન શ્રી નારાયણે શ્રી નારાદજીને કહ્યું કે મુનિવર ! આ પ્રમાણે જીવોને આપેલા ઉપદેશનું શ્રવણ કરતાં જ બ્રહ્માજીના પુત્રો કૃતાર્થ થયા. તેઓને આત્મજ્ઞાન તો હતું જ પરંતુ આ ઉપદેશથી ભગવત્સેવા જ સર્વોત્તમ છે એવો નિર્ણય કરી શક્યા. તેથી તે સિદ્ધ-સફલાર્થ મનોરથ થયા અને તેમણે સુનંદન મુનિનાં અર્ચન કર્યાં. (૪૨,૪૩)

ભાઈ નારદ ! સકલ વેદ-ઉપનિષદ પુરાણોમાં જે રસ ભરેલો છે તે રસ સર્વથી પ્રથમ ઉત્પન્ન થયેલા અને નિરંતર આકાશમાર્ગે વિચરનારા બ્રહ્માના પુત્રો સનતકમારોએ આ સર્વ રસ તે સર્વ જ્ઞાન-ગ્રન્થોમાંથી તારવી લીધો છે. ભગવાને કહ્યું કે નારદ તમે બ્રહ્માજીના વારસદાર કુમાર છો તેથી તમે આ બ્રહ્મરસના હક્કદાર છો આ રસ તો જીવ માત્રની મનોવાસનાને ભસ્મ કરનાર છે તમે એને હૃદયમાં ધારણ કરી જીવોને તેનું પાન કરાવતા ભૂમિમાં વિચર્યા કરજો. (૪૪)

શ્રીશુકાચાર્યે કહ્યું કે રાજન્ પરક્ષિત ! આ પ્રમાણે શ્રી નારાયણ ગુરુગાનના શ્રીમુખેથી આ મંગલ ઉપદેશને શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરીને યોગ્ય અધિકારી, શ્રુત એટલે શાસ્ત્રોના જ્ઞાનને ધારણ કરનારા, બ્રહ્મચર્યસમા વીરવ્રતનું પાલન કરનાર હરિનામરટણપરાયણ નારદ મુનિરાજે નિવેદનનો આરંભ કર્યો, કે નિર્મલ સ્વરૂપ ભગવાન શ્રી કૃષ્ણચન્દ્રજીને નમસ્કાર હો. જે ભગવાન સકલ પ્રાણીઓના મોક્ષ માટે સંદર કામનાઓને ધારણ કરે છે. (૪૫,૪૬) આ પ્રમાણે આદ્યઋષિ શ્રી નારાયણ ભગવાનને પ્રણામ કરી અને એમના જે મહામના એવા શિષ્યો હતા તે સર્વને નમસ્કાર કરી મારા પિતાશ્રી શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીના આશ્રમમાં પધાર્યા. (૪૭) મહર્ષિ વ્યાસજીએ શ્રીનારદજીનાં અર્ચન કર્યા. આસન ઉપર પધરાવ્યા. ત્યારબાદ શ્રીનારાયણ ઋષિના શ્રીમુખેથી સાંભળેલું ગૂઢ તત્વ જ્ઞાન શ્રી વ્યાસજીને કહી સંભળાવ્યું. (૪૮) પ્રસંગની પૂર્ણાહૂતિ કરતા શ્રીશુકાચાર્યજીએ કહ્યું : રાજન્ પરીક્ષિત ! તમે પ્રશ્ન કર્યો હતો કે આંગળીથી ચીંધી ન શકાય અને ગુણોથી રહિત એવા પરબ્રહ્મમાં જે રીતે મન પરોવાય તે રીતે બતાવશો ? ભગવાને પણ શ્રમ વિના જે.રીતે ભગવાનમાં મન લાગે તે રીતે વર્ણન કર્યું. (૪૯) જે ભગવાન આ જગતનું આદિ,મધ્ય અને અન્તમાં હિત વિચારે છે તેમજ સ્વંય જગતના આદિ, મધ્ય અને અંત સ્વરૂપ છે. તેમજ પ્રકૃતિ, પુરુષ અને ઈશ્વર સ્વરૂપ છે. જે ઈશ્વર આ વિશ્વની રચના કરી વેદ સહિત આ વિશ્વમાં પ્રવેશ કરીને ભિન્ન ભિન્ન શરીરોને ધારણ કરે છે. અને સર્વને સ્વવશ રાખે છે. જેમ સૂતેલા પુરુષ દેહને વિસરી જાય છે તેવી જ રીતે આ આનંદનિધિ ભગવાનને મેળવીને-પામીને પ્રકૃતિનો અનુયાયી હોવા છતાં અવિદ્યાને ત્યજી દે છે આવા ભગવાને પોતાના કેવલ એકલા જ સામર્થ્ય અને સ્વરૂપથી યોનિનો નાશ કર્યો છે તે સર્વને અભય આપનારા, આનંદનિધિ, નિર્દોષ, ગુણપરિપૂર્ણ શ્રીકૃષ્ણ ભગાનનું નિત્ય ધ્યાન કરવું. (૫૦)

योस्योत्प्रेक्षक आदिमद्यनिधने योव्यक्तजीवेश्वरो-यः सृष्ट्वेदमनुप्रविश्य ऋषिणा चक्रे पुरः शास्ति ताः ।
यः सम्पद्य जहात्यजामनुशयी सुप्तः कुलायं यथा-तं कैवल्यनिरस्तयोनिमभयं ध्यायेदजस्रं हरिम् ॥ ५० ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધના ગુણ પ્રકરણમાં ભગવાનના ગુણોનું ગાન કરતો ''શ્રુતિગીતા'' નામનો અધ્યાય ૮૭ મો સમાપ્ત

અધ્યાય ૮૮મો

[ગુણ પ્રકરણના આ ચોથા અધ્યાયમાં ભગવાનશ્રીનું વર્ણન કરવામાં આવશે. આ જે શ્રી છે તે ધન રૂપ નથી, પરંતુ સાક્ષાત નિત્ય શ્રી છે એટલે યશલક્ષ્મી છે. આ લક્ષ્મી તો સદા ભગવાનની સેવામા રહે જ છે. જેમ નિત્યપૂર્ણ આનંદ કેવલ ભગવાનમાં રહે તે જ લક્ષ્મી ભગવાનમાં રહે છે.ભક્તજને લક્ષ્મીની ઈચ્છા ન કરવી કેવલ ભગવત્સેવાની જ ઈચ્છા કરવી એ આ અધ્યાયનું તાત્પર્ય છે. આ અધ્યાયમાં શિવજી, બ્રહ્માજીની અને ભગવાનની કથા આવશે. આ અધ્યાયમાં ૪૦ શ્લોક છે.]

राजोवाच-देवासुरमनुष्येषु ये भजन्त्यशिवं शिवम् । प्रायस्ते धनिनो भोजा न तु लक्ष्म्याः पतिं हरिम्॥

પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછયો કે હે શ્રીશુકાચાર્યજી મહારાજ ! આપનો મારો વિનમ્ર પ્રશ્ન છે કે ! દેવો-મનુષ્યો અને અસુરોમાં જો ભક્તજનો, ભગવાન શંકર ભસ્મ-ત્રિશૂલ વગેરે વેષ-ભૂષાને લીધે સૌન્દર્યસમ્પન્ન નથી લાગતા તેથી અશિવ વેષ જેવા લાગતા છતાં ક્રિયા અને સ્વાભવથીસર્વનું કલ્યાણ કરનારા છે, એવા કલ્યાણકારી અને સ્વંય લક્ષ્મી રહિત દેખાતા છતાં શિવજીને સેવનારા ધનાદિ ભોગસાધનસમ્પન્ન બને છે એવું જોયું છે જ્યારે લક્ષ્મીવર શ્રીહરિને સેવનારા ઐશ્વર્ય-ધનસમ્પન્ન નથી થતા આમાં રહસ્ય શું છે તેનું આપ કૃપા કરી સમાધાન કરશો. (૧) પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળા બન્ને સમર્થ ભગવાનોની સેવા કરનારને ફલ વિરુદ્ધ મળે છે મહારાજ ! આનું તાત્પર્ય નથી સમજાતું. એકની પાસે લક્ષ્મી નથી તે શિવજી પોતાના ભક્તોને લક્ષ્મી આપે છે અને લક્ષ્મીવર પાસે લક્ષ્મી છે તેઓ લક્ષ્મી નથી આપતા આ વસ્તુ નથી સમજાતી તે સમજાવવા કૃપા કરો. (૨)

કલ્યાણસ્વરૂપ શ્રીશિવજી

શ્રી શુકાચાર્યજી મહારાજે કહ્યું: કે રાજન્ પરીક્ષિતજી ! ભગવાન શંકર પોતાની શક્તિ-શ્રી પાર્વતીજીને વિશ્વમંગલ માટે પોતાની સાથે જ રાખે છે, તેથી જ અર્ધનારી નટેશ્વરજી શિવજી મનાય છે. ભગવાન સત્ત્વ-રજોગુણ-તમોગુણના

અધિષ્ઠાતા છે તે ત્રણે ગુણ આવેશવાળા હોય છે તેથી તેમનું નામ ''ત્રિલિંગ'' રાખેલ છે. શિવજીમાં કેવલ અહંકારનો અભિમાન ભાવ હોય છે પરંતુ જીવની માફક અંહાકરનો અધ્યાસ નથી હોતો. જે જે ભક્તો જે જે પ્રકારના અહંકારથી શિવજીનાં અર્ચન કરે છે તેમની ઉપાસનાને અનુકૂલ ફલ આપવા માટે જ તથા જગતના હિત માટે શ્રી પાર્વતીજીના સ્વરૂપમાં દર્શન આપતાં શક્તિને ધારણ કરે છે. (૧) ભગવાન જે પોતાની પ્રલય કરનારી ''ઘોરા'' શક્તિને સાથે ના રાખે તો વિખૂટી પડી વિશ્વનો નાશ કરી નાખે. (૨) નીલકંઠ શિવજીએ કંઠમાં વિષના આધિદૈવિક[1] ધારણ કરેલ હોઈ સર્વત્ર વિષ ફેલાતું નથી અને અન્ન-જલ-શાક-ફલ-ફલ વગેરે વિષમુક્ત રહે છે. પરંતુ જો કાલકૂટ-દેવને ધારણ ન કરે તો સર્વ ખાદ્ય-પેય પદાર્થો વિષવાળા બની જાય અને ખાનાર સર્વ નાશ પામી જાય. (૩) નાગેન્દ્રનાથ શિવજી કુંડલિનીના આધિદૈવિક સ્વરૂપ સર્પોને કંઠમાં ધારણ કરી નિરોધ કરે છે તેથી કુંડલિનીને જાગૃત કરનારા કોઈ પણ સાધકને કુંડલિની મારી નથી નાખતી પણ ઉપકારક બને છે. (૪) રુદ્ર ભગવાન શિવજી અગ્નિને ધારણ કરી બ્રહ્માંડના ક્ષયને અટકાવે છે. પરંતુ જો ચંદ્રને ધારણ ના કરે તો અમાવસ્યાએ ક્ષીણ થતો ચંદ્ર સર્વ વિશ્વનો ક્ષય કરી નાખે. (૫) દિંગબર શિવજી વસ્ત્ર ધારણ કરે તો વિશ્વ દિગંબર બને વસ્ત્ર તો દેવ સ્વરૂપ છે તેથી વિશ્વને વિના વસ્ત્રે દેહ-પીડા થાય તે પીડા ન થાય માટે જ દિંગબર રહે છે. (૬) વ્યાઘ્રામ્બર શિવજીનું વ્યાઘ્રચર્મ-વાઘનું ચર્મ મૃત્યુનું સ્વરૂપ છે, તેથી વ્યાઘ્રચર્મને ધારણ કરી મૃત્યુનો નિરોધ કરે છે. (૭) ગંગાધર ભગવાન શંકર ભગવત્સેવાના અધિકારી જીવોના સેવોપયોગી પવિત્ર અને દિવ્ય દેહો બનાવે છે. (૮) જટાધર હર મેઘોના સ્વામી જટાઓને ધારણ કરી યોગ્ય સ્થાને, યોગ્ય સમયે અને આવશ્યક્તા પ્રમાણે જલવર્ષા કરી વિશ્વને જીવિતદાન આપે છે. (૯) ત્રિશૂલ ધારણ કરી ભક્તને કામાદિ ત્રણે દોષોથી મુક્ત કરે છે (૧૦) વૃષધ્વજ શ્રીશંકર ધર્મની રક્ષા કરવા ધ્વજમાં વૃષને ધારણ કરે છે. (૧૧) ડમરુધારી શંકર શબ્દબ્રહ્મનું પાલન કરી દાન કરે છે. (૧૩) ત્રિગુણાત્મક અંહકારમાંથી દશ ઈન્દ્રિયો પાંચ ભૃતો અને મન, આમ મળીને સોળ વિકારો ઉત્પન્ન થયા. આ સોળે દેવતાઓમાંથી કોઈ પણ એકનો આશ્રય કરનારા સર્વ વિભૂતિઓના ફળને મેળવે છે (૧૪)

શ્રીહરિ નિર્ગુણ છે

શ્રીહરિ કેવલ નિર્ગુણ છે, પ્રકૃતિથી પર છે, સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે, સર્વના સર્વ કોઈ કાર્યના દ્રષ્ટા પણ છે, બહિર્ દ્રષ્ટા પણ છે. શ્રીહરિની સેવા કરનારા ભક્તો નિગુર્ણ બને છે. (૫) રાજન્ ! પરીક્ષિત ! આપના પિતામહ શ્રીધર્મરાજને ત્યાં અશ્વમેઘ યજ્ઞોની પૂર્ણહૂતિ થઈ ત્યારે મહારાજ ધર્મરાજ ભગવદ્ધર્મોનું શ્રવણ કરી રહ્યા હતા. ત્યારે એમને એ વાત સાંભળવા મળી કે ભગવાન જે ભક્તો ઉપર અનુગ્રહ કરે છે તેમની સમ્પત્તિ કદી વધારતા નથી. આવું સાંભળી મહારાજ ધર્મને આશ્ચર્ય થયું કે શું કામ ભગવાન આ પ્રમાણે કરતા હશે ? આવો વિચાર આવતાં જ ભગવાન શ્રીકૃષ્ણને જ આ સબંધમાં પ્રશ્ન કર્યો.આ અવસરે ધર્મરાજ ભગવદ્ધર્મનું શ્રવણ કરતા હોવાથી તેમના ઉપર ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા હતા. ભગવાન શ્રીકૃષ્ણ તો મનુષ્યોનું કલ્યાણ કરવા માટે જ યદુકુલમાં અવતર્યા હતા. શ્રીધર્મરાજની આ પ્રમાણે ની ઈચ્છા જાણી ત્યારે શ્રીહરિ કહેવા લાગ્યા. (૬,૭) શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે રાજન્ ! જેના ઉપર હું અનુગ્રહ કરુ છું તેનું ધન ધીમે ધીમે હરી લઉ છું. પછી તો તે દુઃખી આરાઓમાં પણ પોતે જ વધુ દુઃખીઆરો હોય છે. તે દુઃખીજનો પાસે કાંઈક અન્નાદિ માંગવા જાય છે ત્યારે તેના સ્વજનો આ અધન જનનો ત્યાગ કરે છે. (૮) ફરીથી તે પછો ધન મેળવવા માટે પ્રયત્ન આદરે છે. પરંતુ ભગવદિચ્છાથી તેના ધનપ્રાપ્તિના સર્વ શ્રમ નિષ્ફળ બનતાં તે સર્વ રીતે અંકિચન થાય છે. ત્યારે તે મારા નિષ્કિંચન ભક્તો સાથે મૈત્રી કરે છે. આવી સ્થિતિમાં રહેલા ભક્ત ઉપર મારો વિશેષ અનુગ્રહ થયા છે. (૯) મારા આ અનુગ્રહનું સ્વરૂપ છે કે મારા અકિંચન ભક્તને ''બ્રહ્મભાવ'' પ્રાપ્ત થાય છે. એને સર્વત્ર બ્રહ્મદર્શન થાય છે. પછી તો તે ભક્ત મારી માનસી સેવા કરતો હોય છે. આવો બ્રહ્મભાવ પ્રાપ્ત થવાનો પણ ક્રમ હોય છે. આરંભમાં તે અકિંચન બને છે. પછીથી તેને મારા અનન્ય ભકતોનો સંગ થાય છે. આવા ભક્તોના સંગથી તે પણ પરમ ભગવદીય બની જાય છે. ત્યારે મારા ભક્તો પાસેથી તેને બ્રહ્મભાવનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યારે તે પૂર્ણ જ્ઞાની બને છે. તેને મારા પૂર્ણ આનંદઘન, ચૈતન્યઘન સતસ્વરૂપનો બોધ થાય છે. આ બોધને લીધે તે મને સર્વભાવથી સેવે

છે. પરંતુ રાજન્ યુધિષ્ઠિર ! લૌકિક સુખ-લાલસાવાળા મને ત્યજી અન્ય દેવોની ઉપાસના કરે છે. (૧૦) આ ઉપાસના કરતાં શીઘ્ર કોણ પ્રસન્ન થશે એવો તે વિચાર કરીને ''આશુતોષ'' દેવોની ઉપાસના કરીને રાજ્યશ્રીને સંપાદન કરે છે. રાજ્યશ્રી અને અધિકાર મળતાં જ તે મદોદ્ધત બને છે. પ્રથમ તો રાજ્યમદ અને શ્રીમદથી ''મત્ત'' બનીને પોતાની જાતને ભૂલી જાય છે કે હું ભગવાનનો સેવક છું તેમજ તે 'પ્રમત્ત' બનીને ધર્મકર્મ પણ વીસરી જાય છે. અને એકવાર તો વરદાન દેનારા દેવોનો પણ અનાદર કરે છે. (૧૧)

વરદાનદાનસમર્થ ત્રણે દેવો અને વૃકાસુરવૃત્તાંત

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! બ્રહ્મા-વિષ્ણુ-શિવ વગેરે દેવો વરદાન અને શાપ બન્ને આપવા માટે અધિકારી છે. આ ત્રણે દેવોમાં શાપ અને અનુગ્રહ કરવાનું સામર્થ્ય છે. પરંતુ બ્રહ્મા અને શિવજી વરદાન અને શાપ શીઘ્ર આપે છે ત્યારે અચ્યુત ભગવાન સંપૂર્ણ વિચાર કરીને આપે છે. (૧૨) ચાલો સાંભળો રાજા આ વિષયમાં આપને હું એક ઈતિહાસ કહું છું. પુરાવિદો આ વિષયમાં એક પ્રસંગનું વર્ણન કરે છે. એકવાર આશુતોષ ભગવાન શંકરે વૃકાસુરને વરદાન આપીને સંકટ વહોરી લીધું હતું. (૧૩) હિરણ્યાક્ષનો શકુનિ નામનો પુત્ર હતો. તે શકુનિને ત્યાં વૃકનામના અસુર પુત્રનો જન્મ થયો. વૃકાસુર દુર્મતિ હતો. તેને માર્ગમાં એકવાર શ્રી નારદજી મળ્યા. ત્યારે તેણે મુનિવરને પૂછયું કે ત્રણે દેવોમાં ''આશુતોષ'' દેવ કોણ હશે ? (૧૪) આ અવસરે ઋષિવર નારદજીએ કહ્યું કે વૃક ! આશુતોષ કૈલાસગિરિનિવાસી ભગવાન શંકર છે. માટે તું તેમની પાસે જઈ તેમી શીઘ્ર સેવા કરીશ તો તારી સર્વ કામના શીઘ્ર ફળશે.કારણ કે શ્રી શિવજી ન જેવા અપરાધોથી કે દોષોથી રોષે ભરાય છે અને સામાન્ય ગુણોથી પણ પ્રસન્ન થાય છે. (૧૫) જો વૃકાસુર હું તમને પુરાવો આપું કે બંદીજનો રાજાની જેમ સ્તુતિ કરે તેમ રાજા રાવણ અને બાણાસુરે ભગવાન શંકરની ખૂબ જ સ્તુતિ કરી અને શિવજી અત્યંત પ્રસન્ન થયા અને બન્નેને અઢળક-અખૂટ ઐશ્વર્ય આપ્યાં. આ બન્નેને અતુલ ઐશ્વર્ય આપવાના જ કારણે શિવજીને પુરપાલક થવું પડ્યું. (૧૬) શ્રી નારદજીના શ્રીમુખેથી આવો ઉપદેશ મળતાં જ વૃકાસુરે કેદાર ક્ષેત્રમાં જઈ આરાધના શરૂ કરી અને ઘોર ઉપાસના આરંભી દીધી. પોતાના શરીરમાંથી માંસના ટુકાડા કરતાં છ દિવસો તો પસાર થઈ ગયા અને સાતમો દિવસ આવી પહોંચ્યો આમ છતાં શિવજીનાં દર્શન ન થયાં ત્યારે આખરે અતિશય હતાશ બનેલ વૃકાસુરે પોતાના સંકલ્પ પ્રમાણે તીર્થ સ્નાન કરી ભીની જટાઓવાળા મસ્તકને તીક્ષ્ણ ધારાવાળા સાધનથી કુહાડી કે ફરશીથી કાપવાનો આરંભ કર્યો. (૧૮)

કરુણા કર ધૂર્જટિ ભગવાન શંકર

આ અવસરે મહાન્ કૃપાસિંધુ શ્રીધૂર્જટિ શંકર ભગવાન વૃકાસુરે કરેલા હે રુદ્ર પધારો, આહુતિ સ્વીકારો એવા આવાહન પ્રમાણે અગ્નિકુંડમાંથી અગ્નિની માફક પ્રકટ થઈને પોતાના બન્ને હાથથી મસ્તક છેદતા તેના બન્ને હાથને પકડી લીધા અને આલિંગન આપ્યું કે તે જ ક્ષણે વૃકાસુરનું શરીર પૂર્વના જેવું જ થઈ ગયું. ધૂર્જટિ ભગવાનની કરુણા જાણવા જેવી છે તેઓ જ્યારે દુઃખપીડિત જીવોને અત્યંત પીડિત દેખે છે ત્યારે તેમના પગની ધૂળમાં આળોટે છે તેથી તેમની જટાઓ ધૂળવાળી થાય છે તેથી તો તેમનું નામ ''ધૂર્જટિ'' પડ્યું છે. (૧૯) શ્રી કરુણાકર ભગવાન શંકર બોલ્યા અરે બેટા હદ થઈ. હવે અટકી જા : બહુ થયું. મારી પાસેથી વરદાન માગી લે. તું જેવું વરદાન માગીશ તેવું તને વરદાન આપીશ. હું તારી ભક્તિથી તારા ઉપર પ્રસન્ન છું. ભાઈ ! જેવી ભક્તિની તેં ઝાંખી કરાવી છે તેવી ભક્તિ આજ પર્યન્ત કોઈએ બતાવી નથી. ખરેખર તારી ભક્તિ આશ્ચર્ય પમાડનારી છે. હવે તો હું તારા ઉપર પ્રસન્ન થયો છું તો પછી શા માટે વ્યર્થ કષ્ટ કરી રહ્યો છું. પોતાનો વધ કરવો એ કાંઈ પુરુષાર્થમાં મનાય નહીં. (૨૦) ભગવાન આશુતોષનાં વચનો સાંભળીને અત્યંત પાપપરાયણ વૃકાસરે પ્રાણીમાત્રને ભય કરનાર વરદાન માગ્યું કે હું જેના મસ્તક ઉપર હાથ ધરું તે તરત જ મરણ પામે. (૨૧) વૃકાસુરના આવા માંગેલા વરદાનથી શિવજી નારાજ થયા. પરંતુ ''ખાડો ખોદે તે પડે'' એવા ન્યાયથી મંદમંદ હસતા શંકરે સર્પને દૂધ પાયા જેવી ક્રિયા માનતા વૃકાસુરને ભલે તેમ હો એમ કહીને વરદાનનો સ્વીકાર કર્યો. (૨૨) આખરે પાપીનું પોત પ્રકાશ્યું અને વૃકાસુરે આ વરદાનની કસોટી કરવા માટે મહાદેવજીના મસ્તક ઉપર પોતાનો હાથ રાખવા દોડી આવ્યો. ભગવાન શંકરને થયું. આ પાપીને વરદાન આપ્યું એનું આ ફળ છે એમ

વિચારી જાણે ભયભીત થયા હોય તેવો દેખાવ કર્યો. (૨૩) જ્યારે તે વૃકાસુર મસ્તક ઉપર હાથ રાખવાનો નિર્ણય કરીને શ્રીશંકર ભગવાન પાસે આવી જ લાગ્યો ત્યારે ડરી ગયાનો ભાવ દર્શાવતા શિવજી વેગીલી ગતિથી દોડવા લાગ્યા. ભયભીત થતા જાણે કંપવા લાગ્યા અને શિવજી આકાશ, પૃથ્વિ અએ દિશાઓની સીમા પર્યંત દોડતા દોડતા ઉત્તર દિશામાં પહોચ્યાં. (૨૪) પરતું દેવો વૃકાસુરને શી રીતે વાળવો એનો ઉપાય ન જાણતા હોવાથી કેવલ ચૂપ રહ્યા. ઉત્તર દિશાએથી આગળ વધતા શિવજી મર અને નિત્ય પ્રકાશમાન વૈકુંઠ લોકમાં પધાર્યા. (૨૫) આ વૈકુંઠભૂમિ હતી કે જ્યાં શાંત સ્વાભાવના દંડી પરમહંસોની પરમ ગતિરૂપ મનાતા સાક્ષાત્ શ્રીનારાયણ ભગવાન બિરાજે છે. આ વૈકુંઠભૂમિં આવ્યા બાદ જીવને પુનઃ જન્મ લેવો નથી પડતો. (૨૬)

નિજ્જનપીડ નિવારવા બટુકમાં ભગવાન શ્રીવૃજિનાર્દન

સંકટ હરનાર ભગવાન શંકર ઉપર આવી પડેલ સંકટ દૂર કરવા ભગવાને યોગમાયાને આગળ કરીને બાલ બ્રહ્મચારીનું સ્વરૂપ ધારણ કર્યું અને રસ્તામાં સામે આવ્યા. (૨૭) હાથમાં દર્ભ ધારણ કર્યા હતા તે જાણે વૃકાસુરના આયુષ્યને હરી લેનારા બ્રહ્માસ્ત્ર સમાન હતા, વળી ચોરી પુરુષાર્થની સાક્ષી પૂરતા મેખલા, મૃગચર્મ,દડ અને અક્ષમાલા ધારણ કરાત અગ્નિ સમાન તેજસ્વી બટુકરાજા બની માર્ગમાં આવી ઊભા રહ્યા અને વિનમ્રની માફક નમસ્કાર કરવા લાગ્યા. (૨૮) બટુક ભગવાને કહ્યું કે હે શાકુનેય ! હે વૃકાસુર ! ભાઈ તમને જોતાં જ સ્પષ્ટ લાગે છે કે જાણે થાકી ગયેલ છો. શું ખૂબ દૂરથી આવો છો ! અરે બાપા ! ક્ષણવાર તો વિસામો લ્યો ! અરે ભાઈ, કાયા તો મનુષ્યની સર્વ કામનાઓની પૂર્તિ કરનારી છે.૨૯ હે સમર્થ વૃકાસુર ! જો અમારે માટે સાંભળવા જેવી હોય કે તમને હરકત ન હોય તો, વળી ગુપ્ત પણ ના હોય તો કહેશો કે ભાઈ શું કાર્ય કરવા નીકળી પડ્યા છો ? હે પુરુષશાર્દુલ ! હે વીર પુરુષ ! અમે તો માનીએ છીએ કે માનવ માત્ર પોતાનાં મહત્વનાં કાર્યો મિત્રો દ્વારા સિદ્ધ કરે છે. (૩૦)

શ્રીશુકાચર્યજીએ કહ્યું કે રાજન્ ! ભગવાને અમૃત વર્ષાવતી વાણીથી શકુનિકુમારને મુગ્ધ કરી દધો ત્યારે થોડો થાક ઉતારીને પ્રથમ શ્રીશંકરની તપશ્ચર્યા કરી ત્યાંથી વરદાન આપવા સુધીની વાર્ત કહી સંભળાવી. (૩૧) આ અવસરે સર્વ વૃત્તાન્ત સાંભળીને ભગવાન બોલ્યા કે વૃકાસુરજી અમે તો મહાદેવના વચનો ઉપર વિશ્વાસ રાખીએ નહીં. કારણ કે સસરા દક્ષના શાપથી શિવજી તો પિશાચ પદ પામ્યા છે. વળી પ્રેત અને પિશાચોના સ્વામી બન્યા છે. આવી સ્થિતિમાં રહેનારના વચન ઉપર કોણ વિશ્વાસ મૂકે ? (૩૨) હે દાનવનાથ ! વૃકાસુરજી ! આપનો આપના જગદ્ગુરુ શંકર ઉપર વિશ્વાસ હોય તો ભાઈ !વિના વિલંબે આપના મસ્તક ઉપર આપનો જ હાથ મૂકીને શા માટે ખાતરી નથી કરી લેતા ! (૩૩) અરે હે દાનવશિરોમણિ ! જો ખાતરી થઈ કે મહાદેવનાં વરદાનો મિથ્યા ઠરે, વચનો જૂંઠા પડે તો પછી તમે જાતે જ અસત્યભાષી શિવને શિક્ષા કરજો-પ્રહાર કરજો કે ફરીથી આવાં જૂંઠા વાક્યો બોલવાની ભૂલ ના કરે. (૩૪) રાજન્ પરીક્ષિત ! ભગવાનનાં વિચિત્ર અને મન-મોહક વાક્યોથી વૃકાસુરની બુદ્ધિ ભ્રમિત થઈ ગઈ અને સ્મૃતિહીન બની જતાં કુમતિ વૃકાસુરે પોતાના જ મસ્તક ઉપર પોતાનો હાથ મૂકી દીધો. (૩૫) મસ્તક ઉપર હાથ મૂકતાં જ તેનુ મસ્તક તેના ધડ ઉપરથી અલગ થઈ ધડ દઈને જમીન ઉપર પડ્યું ત્યારે જાણે વ્રજના પ્રહારથી પર્વત ચૂરા થઈ નીચે પડે તેવા તેના માથાના હાલ થયા. આ અવસરે આકાશમાંથી જય જય ધ્વનિ, નમઃ નમઃ નાદો અને સાધુ સાધુ શબ્દો સંભળાવા લાગ્યા. (૩૬) વૃકાસુરનો વિનાશ થતાં જ દેવો ઋષિઓ, પિતૃઓ, ગન્ધર્વો, પ્રસન્ન થયા સર્વનો જીવ હેઠે અને શિવજી સંકટથી છૂટ્યા સમજીને ભગવાન પુરુષોત્તમ કહેવા લાગ્યા કે અરે હે દેવ! હે મહાદેવ ! આ પાપી પોતાના જ પાપથી મરણ પામ્યો છે. (૩૮) હે મહેશ ! કોઈ પણ જીવ મહાન પુરુષોનો અપરાધ કરે કે મહાન પુરુષોમાં પાપાચાર કરે છે તો કોઈ દિ તેમનું કલ્યાણ નથી થતું તો પછી આ પાપાચારીએ તો વિશ્વનાથ આપ જગદ્ગુરુનો અપરાધ કર્યો હતો તો તે શી રીતે સુખી થવાનો હતો. (૩૯) રાજન્ ! અનન્ત શક્તિ; નિર્વિકાર, અપાર શક્તિઓના મહાસાગર પરમપુરુષ સાક્ષાત્ શ્રીહરિનું વિશ્વનાથ શંકરને સંકટમાંથી મુક્ત કરાવનારું ચરિત્ર સાંભળે કે સંભળાવે તે સંસારબંધનોથી તેમજ શત્રુઓના ભયથી મુક્ત થઈ જાય છે. (૪૦)

य एवमव्याकृतशक्त्युदन्वतः-परस्य साक्षात परमात्मनो हरेः ।

गिरित्रमोक्षं कथयेत् शृणोति वाविमुच्यते संसृतिभिस्तथारिमिः ॥ ४० ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધ ગુણપ્રકરણાં ''શ્રી'' ધર્મનું નિરૂપણ કરતો ૮૮ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૮૯ મો

[આ ૮૯ મા અધ્યાયમાં ભગવાનના ''જ્ઞાન''નામના ઐશ્વર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ અધ્યાયમાં પ્રથમ ત્રણ દેવોનું ચરિત્ર વર્ણવીને દ્વારિકાના વિપ્રના પુત્રોના હરણની કથા, અર્જુનની પ્રતિજ્ઞા અને નિષ્ફળતા અને ભગવત્કૃપાનું વર્ણન આવશે. આ અધ્યાયમાં ૬૬ શ્લોકો છે.]

પ્રમાણબલથી ભગવાનની શક્તિનો મહિમા

श्रीशुक उवाच-सरस्वत्यास्तटे राजन् ऋषयः सत्रमासत । वितर्कः समभूत् तेषां त्रिष्वधीशेषु को महान् ॥ १ ॥

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! શ્રી સરસ્વતી નદીના તટ ઉપર એકવાર મહર્ષિઓએ એક મહાસત્રનો આરંભ કર્યો હતો. ત્યાં એક તર્ક ઊઠ્યો કે ત્રણે દેવોમાં મહાન કોણ હશે ! કે આપણે આપણા સત્રનું એ ફલ સર્વશ્રેષ્ઠ દેવને અર્પણ કરીએ. (૧) ઋષિઓના સત્રમાં જાગેલી આ જિજ્ઞાસાના સમાધાન માટે સર્વ ઋષિઓએ પ્રત્યક્ષ પ્રમાણને માન આપીને નિર્ણય કરવા માટે બ્રહ્મપુત્ર શ્રીભૃગ મહર્ષિને આ વિષયનો નિર્ણય કરી લાવવા માટે મોકલ્યા. ત્યારે ભૃગુ મુનિ સૌથી પ્રથમ બ્રહ્માજીને ત્યાં ગયા. (૨)

પરવશ પુત્રે કરેલી પિતાજીની પરીક્ષા

મહાન પુરુષોની, દેવાધિદેવોની અને રાજાની સભાનો નિયમ છે કે જે કોઈ સભામાં આવે તે સભામાં બેઠેલા અધિપતિની સ્તુતિ કરી-નમસ્કાર કરી સભામાં બેસે પરંતુ ભૃગઋષિએ સભામાં બિરાજમાન બ્રહ્માજીને ન તો નમસ્કાર કર્યા કે નતો સ્તુતિ કરી. આ પ્રકારના અપમાનથી બ્રહ્માજી પોતાના વેદમય બ્રહ્મ તેજથી પ્રજ્જવલિત થયા એટલું જ નહી પરંતુ ભૃગુઋષિ ઉપર ક્રોધ કરવા લાગ્યા. (૩) પરંતુ બ્રહ્માજીએ મન મનાવી લીધું કે આ તો છોકરું છે. છોરું કછોરું થાય પણ માવતરથી કમાવતર ના થવાય એવો ન્યાય અપનાવી રોષને રોકી દીધો. જેમ અગ્નિને શાંત કરવા અગ્નિથી ઉત્પન્ન જલ જ કારણ છે તે રીતે શ્રી બ્રહ્માજીના રોષને શાંત થવામાં બ્રહ્માજીનું ભૃગ મુનિમાં રહેલું પુત્રવાત્સલ્યપણું કારણ થયું. (૪)

શ્રીકૈલાસપતિની કસોટી

પછી તો શ્રી ભૃગુ મુનિ કૈલાસગિરિમાં પધાર્યા ત્યાં મહેશ્વરે માન્યું કે આ તો ભાઈ છે માટે લાવ બંધુભાવે ભેટું એમ વિચારી પ્રસન્ન થઈ આસન ઉપરથી ઊભા થઈ સન્મુખ જઈ આલિંગન કરવાની તૈયારી કરવા માંડી ત્યારે ભૃગુ મુનિએ આલિંગન કરતાં કહ્યું કે આપ તો ઉત્પથગામી-વામપંથી છો આપને કોણ ભેટે ! આ વચન સાંભળતાં જ મહાદેવજીને ક્રોધ ઉત્પન્ન થયો. નેત્રો લાલચોળ થઈ ગયાં અને અવિલંબે ત્રિશૂલ હાથમાં લઈને ભૃગુ મુનિનો વધ કરવા તત્પર થઈ ગયા ત્યારે શ્રી પાર્વતીજીએ પતિ નાથના ચરણ પકડી લીધા અને શીતલ વાણીથી ક્રોધ શાંત કર્યો. (૫,૬)

વૈકુંઠપતિને આંગણે ભૃગુ મુનિએ, મન,વાણી અને કાયામાં વસેલા ષડ્ ઐશ્વર્યોનું દર્શન કર્યું

પુનઃ ભૃગુ મુનિ જ્યાં જનાર્દન ભગવાન શ્રી લક્ષ્મીજીના ઉત્સંગમાં પોઢ્યા હતા ત્યાં જઈ પહોંચ્યા. અને જતાં જ ભગવાનને જગાડવા માટે વક્ષઃસ્થલ ઉપર પાદપ્રહાર કર્યો. (૭)

तत उत्थाय भगवान् सहलक्ष्यासतां गतिः । स्वतल्पादवरुह्याशु ननाम शिरसा मुनिम् ॥ ८ ॥
आह ते स्वागतं ब्रह्मन् निषीदात्रासने क्षणम् । अजानतामागतान्वः क्षन्तुर्महथ नः प्रभो ॥ ९ ॥
अतीव कोमलौ तात चरणौ ते महामुने । इत्युक्त्वाविप्रचरणौमर्दयन् स्वेन पाणिना ॥ १० ॥
पुनीहि सहलोकंमां लोकपालांश्च मद्गतान् । पादोदकेन भवतस्तीर्थानां तीर्थकारिणा ॥ ११ ॥
अद्याहं भगवंल्लक्ष्म्या आसमेकान्तभाजन् । वत्स्यस्युरसि मे भूतिर्भ वत्पादहतांहसः ॥ १२ ॥

સજ્જનોનું શરણ-આશ્રય ભગવાન લક્ષ્મીનાથ લક્ષ્મીદેવી સાથે ઊભા થયા એકાએક સુખશય્યામાંથી નીચે ઊતરી પડ્યા અને વિના વિલંબે મુનિવરના ચરણકમલમાં મસ્કત મૂકી દીધું અને ભગવાને નિવેદન કરવા માડ્યું કે હે પ્રભો! આપનું સ્વાગત હો ! આપ ભલે પધાર્યા ! નાથ આપને સન્માનવા આવતાં, ઊઠતાં વાર લાગી એ અપરાધ થયો. આ દોષ માટે આપ મને ક્ષમા કરશો. એવી આશા રાખુ છું. આપ કૃપા કરી આસનને અલંકૃત કરો હે તાત ! હે મહામુનિ આપના શ્રીચરણો અતિ સુકુમાર છે. મને ભય છે કે મારી કઠોર છાતીથી ચરણ કમલયુગલને અવશ્ય ચોટ લાગી હશે. આટલું બોલીને ભગવાન શ્રીકૃષ્ણે ભૃગુમુનિના ચરણોને ગોદમાં લઈ ચરણચંપી કરવા લાગ્યા. (૮,૧૦) ભગવન્ ભૃગુઋષિ ! તીર્થોને પણ તીર્થ બનાવનાર આપનાં ચરણોદકથી આપનાં પાદતીર્થથી આપ મારામાં વસેલા લોકપાલો, અને લોકો સાથે મને પવિત્ર કરો મહારાજ. (૧૧) હે ભગવન્ ! આજે સાચે, જ સાચ આપની કૃપાથી હું નિશ્ચિત રૂપે "શ્રી નિવાસ" બંન્યો છું. કારણ કે આપના શ્રી ચરણોના સ્પર્શવાળા મારા મનનાં પાપો ધોવાઈ ગયાં હોઈ તે હૃદયમાં આપનાં ચરણોનો નિત્ય નિવાસ થયો. (૧૨)

મુનિવર ભૃગુની શ્રદ્ધામાં વૃદ્ધિ અને શ્રદ્ધાનાં સાત ફલો

શ્રીશુકાચાર્ય મહારાજે કહ્યું કે રાજન્! જ્યારે ભગવાન આ પ્રમાણે કહી રહ્યા હતા ત્યારે મહર્ષિ ભૃગુ ભગવાનની મધુર ભાવગંભીર વાણી સાભળીને આનંદ-મહાસાગહમાં ડૂબી ગયા અને તૃપ્ત થઈ ગયા તેમજ કાંઈ પણ બોલી શક્યા નહી. ભગવાનના શ્રીચરણોમાં ભક્તિ ઉત્પન્ન થઈ તેમજ ઉભરાઈ આવી, કાયા પુલકિત થઈ અને નેત્રો પ્રેમાશ્રુથી ભરાઈ ગયાં. (૧૩) હે રાજન્ ! પુનઃ ભૃગુ મુનિ બ્રહ્મવાદી મુનિઓના આરંભેલા સત્રમાં પાછા આવ્યા અને પોતાના થયેલ અનુભવનું વર્ણન કહી સંભળાવ્યું. (૧૪) સત્રમાં બિરાજેલા સમસ્ત મુનિઓએ શ્રીભૃગુઋષિના શ્રીમુખેથી થયેલા ભગવાનના ચરિત્રનું શ્રવણ કર્યું અને આશ્ચર્યમાં મુકાઈ ગયા. ત્યાર બાદ સર્વ પ્રકારના સંશયોમાંથી મુક્ત થયા. ભગવાન વિષ્ણુના ચરણોના શ્રદ્ધા છલકાવા લાગી. આવી શ્રદ્ધાના ફલ સ્વરૂપે સાત પ્રકારની સમ્પત્તિ મળશે તે હવે ગણાવે છે : (૧) શાન્તિ એટલે માનસિક કલેશની નિવૃત્તિ મળશે, (૨) અભય એટલે ભય-ગભરાટની નિવૃત્તિ થશે, (૩) ધર્મ એટલે તમોગુણનો નાશ થતાં ભગવદ્ધર્મોની પ્રાપ્તિ થશે અને (૪) ભગવદ્ધર્મોથી દિવ્ય જ્ઞાન મળશે. એટલે સંકલ જીવોમાં ભગવદ્ભાવનું જ્ઞાન થશે. (૫) જ્ઞાનથી દયા સહિત વૈરાગ્ય મળશે. દયા વિનાનો વૈરાગ્ય પ્રાણીમાત્રને પીડા કરશે માટે જ્ઞાન વૈરાગ્ય દયાવાળાં જોઈએ. વૈરાગ્યથી (૬) ઐશ્વર્ય એટલે અણિમાં વગેરે આઠ પ્રકારની સિદ્ધિઓ મળશે અને આ ઐશ્વર્યોથી મનના મલને દૂર કરનારા (૭) યશઃની પ્રાપ્તિ થશે. (૧૫,૧૬) આ ભગવાન તો શાંત, સમચિત્ત, અને અકિંચન સજ્જનોના તેમજ સંન્યાસ ધારણ કરેલા મુનિજનોની પરમ્ર ગતિ તરીકે માનેલા છે. (૧૭) ભગવાનને તો સત્ત્વ મૂર્તિ સર્વથા પ્રિય છે. બ્રાહ્મણો તો ભગવાનના ઈષ્ટદેવતા છે. અરે ભાઈ ! જેઓ નિષ્કામ, શાંત અને નિર્મલબુદ્ધિવાળા છે તે જ લોકો ભગવાનને ભજે છે. (૧૮) આ ભગવાનની સાત્ત્વિક, રાજસ અને તામસ એવી ત્રિગુણાત્મિકા માયાથી સુર, અસુર રાક્ષસ એવી ત્રણ પ્રકારની આકૃતિવાળી સૃષ્ટિ બનાવી છે. આ ત્રણમાં જે સત્વસ્વરૂપ છે, જેને ભગવાનની મીર્તિ માનવામાં આવેલ છે તેને તો તીર્થનું સાધન કહેલ છે. (૧૯)

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! આ પ્રકારે શ્રસરસ્વતી તીર નિવાસી ઋષિવરોએ શ્રીવિષ્ણુ ભગાનનાં શ્રીચરણકમલોની સેવા કરીને પરમ ઉત્તમ ગતિ-વૈષ્ણવની ગતિ પ્રાપ્ત કરી. અને આ નિર્ણયથી તેમજ કર્તવ્યથી મનુષ્યોના સંશયોનો નાશ થયો. (૨૦) સૂત મહર્ષિએ કહ્યું કે મુનિવરો ! જેઓ શ્રીવ્યાસમુનિજીના શ્રીમુખરૂપ કમલના સુગન્ધ ભર્યા પીયૂષનું પાન કરશે તેમના સંસારભય ટળશે. પૂર્ણપુરુષ ભગવાનના ઉત્તમ યશભરપૂર ચરિતામૃતનું આસંસારરણનો કોઈ પણ પથિક-વટેમાર્ગુ જો પોતાના બન્ને કાનથી વારંવાર પાન કરશે તો ભવાટવીનો થાક ઊતરી જશે. (૨૦,૨૧)

પ્રમેયબલથી ભગવાનો મહિમા

શ્રીશુકાચાર્યજી કહેવા લાગ્યા કે હે ભારત ! પરીક્ષિત ભગવાનનું પ્રમેયબલ કેવું દિવ્ય છે તેનો આપને પ્રસંગ કહીશ

તે હવે સાંભળો ! ભાઈ ! એક વાર એવું બન્યું કે શ્રીદ્વારિકાપુરીમાં એક વિપ્રર્ષિનાં પત્નીએ એક સુકુમાર બાળકને જન્મ આપ્યો. આ બાળક જન્મ લઈ પૃથ્વીનો સ્પર્શ કરે તે પહેલાં જ મરણ પામ્યો. રાજન્ ! આ વાત અત્યંત પ્રસિદ્ધ છે. (૨૨) પુત્રના મૃત્યુથી દુઃખી થયેલ વિપ્રે મૃતપુત્રને લઈ રાજાના દરબારે આવી નૃપદ્વારે પુત્રને મૂકીને રુદન કરતં-વિલાપ કરતાં દીન બનીને આ પ્રમાણે બોલવાનો આરંભ કર્યો. (૨૩) મારા જીવનમાં મેં કોઈ પાપ કર્યા નથી પરંતુ બ્રાહ્મણોનો દ્વેષ કરનારા, શઠબુદ્ધિવાળા, લોભી, વિષયલંપટ અને નામધારી ક્ષત્રિય રાજાઓના જ કર્મદોષોને લીધે જ મારા પુત્રનું મૃત્યું થયું છે. (૨૪) પ્રાણી હિંસામાં આનંદ રાચનારા, દુષ્ટ રાજાઓનું સેવન કરનારી પ્રજા નિત્ય દરિદ્ર અને નિત્ય દુઃખી રહે છે. (૨૫) રાજન્ પરીક્ષિત ! આ રીતે આ વિપ્રર્ષિએ પોતાના મૃત્યુ પામેલા બીજા ત્રીજા પુત્રને પણ લાવી રાજાના દ્વારે મૂકી પૂર્વની માફક ફરીથી પણ રુદન કરતાં આવાં જ વાક્યો સંભળાવ્યા. આ બ્રહ્મર્ષિજી પ્રથમ પુત્ર અને બીજા પુત્રને તો દરબારથી દેહસંસ્કાર માટે લઈ ગયા પરંતુ ત્રીજા પુત્રને તો રાજાના દ્વારે જ મૂકીને ચાલ્યા ગયા. (૨૬) રાજન્ ! આ રીતે વિપ્રર્ષિ જ્યારે જ્યારે પુત્ર મૃત્યુ પામતો ત્યારે ત્યારે રાજદ્વારે આવીને આવાં જ વાક્ય સંભળાવતા હતા. એમ કરતાં નવમો પુત્ર મૃત્યુ પામ્યો ત્યારે તે બ્રહ્મર્ષિ પાછા રાજદ્વારે આવ્યા અને અવાં જ વાક્યો ઉચ્ચાર્યાં ત્યારે અર્જુન ભગવાન કેશવની પાસે બિરાજેલા હતા તેમણે વિપ્રર્ષિનાં વાક્યો સાંભળ્યાં. તેણે જાણ્યું કે આ વિપ્રર્ષિના નવ કુમારો મૃત્યુ પામ્યા છે. શ્રુતિની આજ્ઞા પ્રમાણે એક પત્નીમાં દશ પુત્રોને જન્મ આપવાનો હોય છે. હવે જો આ દશમા પુત્રની રક્ષા નહીં થાય તો વિપ્રર્ષિનો વંશ નાશ પામશે એમ માનીને અર્જુનજી બોલી ઊઠ્યા. (૨૭)

અર્જુનજીની ક્ષત્રિયોચિત પ્રતિજ્ઞા અને વિપ્રનાં પ્રતિવચનો

અરે બ્રહ્મર્ષિજી ! શું આપના વસવાટ પાસે કોઈ ધનુર્ધર ક્ષત્રિય વીર વસતા નથી ? શું જે ક્ષત્રિયો છે તે કેવલ માત્ર નામના જ ક્ષત્રિયો છે ? અને બ્રાહ્મણોનો શો દોષ ? કારણ કે તેઓ સ્વધર્મકર્મપરાયણ સત્રનિષ્ઠ પુરુષો છે. (૨૮) જે રાજાના રાજ્યામાં ધન, સ્ત્રી અને પુત્રના કારણથી બ્રાહ્મણો શોક કરતા હોય, દુઃખી હોય, તે રાજ્યના રાજાઓ રાજાઓ નથી પરંતુ તે તો પેટભરા રાજાના વેપધારી કેવલ નટો છે. (૨૯) હે વિપ્રર્ષિ ! હે ભગવાન ! આપ ચિંતા ન કરો. હું આપ બન્ને દીન દમ્પતીની પ્રજાનું રક્ષણ કરીશ. અને જો પ્રતિજ્ઞ હું પાળી નહી શકું તો અગ્નિમાં પ્રવેશ કરીને પાપમુક્ત બનીશ. (૩૦) શ્રીઅર્જુનજીનાં આશ્વાસન વાક્યો સાંભળી વિપ્રર્ષિ બોલ્યા કે અર્જુનજી ! ભગવાન સંકર્ષણ, શ્રીવાસુદેવ, ભગવાન ધનુર્ધારીશિરોમણિ પ્રદ્યુમ્નવીર, અને અજોડ યોદ્ધા શ્રી અનિરુદ્ધજી આ સર્વ મારાં સંતાનોનું સંરક્ષણ નથી કરી શક્યા તો જે કાર્ય મોટા જગદીશ્વરોથી નથી બન્યું તે કાર્ય કરવા માટે આપ કેડ બાંધો છો પરંતુ મને તો તેમાં બાલક બુદ્ધિનાં દર્શન થાય છે. અર્જુનજી ! આપના વાક્ય ઉપર મને વિશ્વાસ નથી આવતો. (૩૧,૩૨) આવાં વિપ્રર્ષિનાં વાક્યોનો વળતો ઉત્તર વાળતા અર્જુનજી બોલ્યા કે હે બ્રહ્મર્ષિ ! આપ મને નથી ઓળખતા ! હું કાંઈ સંકર્ષણ નથી, હું કાંઈ કૃષ્ણ નથી કે કૃષ્ણકુમાર નથી, પ્રદ્યુમ્ન કે અનિરુદ્ધ નથી. હું તો વિશ્વવિખ્યાત ગાંડીવી અર્જુન છું. (૩૩) અને વિપ્રર્ષિજી ! હું આપને કહું છું કે આપ મારા વીર્યની ઠેકડી ના ઉડાવો. હું તો ત્ર્યમ્બક ભગવાનને તોષનાર વીર અર્જુન છું. મહારાજ ! મૃત્યુ સાથે યુદ્ધ કરી તેને જીતી તમારી પ્રાજાને પાછી લાવવા માટે હું સમર્થ છું. (૩૪) હે પરંતપ પરીક્ષિત રાજન્ ! આરીતે વીજળીને પાછી વાળવાને શક્તિમાન શ્રી ફાલ્ગુન અર્જુનની વાણીમાં વિશ્વાસ રાખી, પ્રસન્નચિત્તથી અર્જુનજીનું પરાક્રમ વર્ણવતા વિપ્રર્ષિ, પોતાને આંગણે પધાર્યા. (૩૫) આમ સમય વિતતાં વિપ્રર્ષિનાં ધર્મપત્નીને પ્રસૂતિ કાલ પાસે આવી લાગ્યો ત્યારે તે વિપ્રર્ષિએ આતુર દશમાં આવીને શ્રીઅર્જુનજીને કહ્યું કે મહારાજ ! મારી પ્રજાનું રક્ષણ કરો, મહારાજ મારી પ્રજાની રક્ષા કરો ! (૩૬) શ્રીઅર્જુનજીએ પવિત્ર જલથી આચમન કર્યાં, ભગવાન શંકરને પ્રણામ કર્યા, સર્વ અસ્ત્રોનું સ્મરણ કર્યું અને ગાંડીવ ધનુષ્ય સજ્જ કરી હાથમાં ધારણ કર્યું. (૩૭) પુનઃ અર્જુનજીએ અનેક પ્રકારનાં અસ્ત્રોથી સજાવેલાં બાણોથી આડાં, ઊભાં અને નીચે વિપ્રર્ષિના મકાનને બાણ-પાંજરાથી ઢાંકી દીધું. (૩૮) એક બાજુ આ વિધિ પૂર્ણ થયો અએ બીજી બાજુ વિપ્રનાં પુત્રનો પ્રસવ થયો. પરંતુ જન્મ લેતાંની સાથે જ તે બાળક શરીર સહિત આકાશ માર્ગેથી વિદાય થયો અને તે કોઈના પણ જોવામાંય ના આવ્યો. (૩૯)

અર્જુનની અવહેલના, અર્જુનજીનું સર્વલોકમાં બાલકનું સંશોધન અને અગ્નિપ્રવેશ

આ અવસરે વિપ્રર્ષિ ભગવાન શ્રીકૃષ્ણની હાજરીમાં જ શ્રીઅર્જુનજીની નિંદા કરતા કહેવા લાગ્યા કે મારી મૂર્ખતાની સીમા તો જૂઓ ! કે હું આ નિવીર્ય-નિમાલ્ય અર્જુનજીનાં વચનોમાં વિશ્વાસ કરી બેઠો. (૪૦) જે મારા બાળકોની શ્રીપ્રદ્યુમ્નજી, અનિરુદ્ધજી,શ્રીબલરાજમજી, અને ભગવાન સ્વયં કેશવ રક્ષા ન કરી શક્યા તેની અન્ય કોણ રક્ષા કરી શકવાનું છે એટલી પણ અક્કલ ના આવી ! (૪૧) ધિક્કાર છે મિથ્યાભાષી અર્જુનને ! અને ધિક્કાર છે ફોગટ પ્રશંસા કરતા પોતાના ગાંડીવ ધનુષ્યને, કે જે દુર્મતિ અર્જુન દૈવથી નાશ પામેલા પદાર્થની મૂર્ખતાથીરક્ષા કરવા તત્પર થયેલ છે એને તો ખાસ ધિક્કાર છે.´(૪૨) જ્યારે દ્વારિકાનિવાસી આ બ્રહ્મર્ષિએ અર્જુનજીને અમંગલ વાક્યો સંભળાવ્યાં ત્યારે આવા અપશબ્દોથી સતેજ બનેલા અર્જુનજી વિદ્યા ધારણ કરી શીઘ્રતાથી યમરાજાની સંયમિની નગરીમાં જઈ પહોચ્યાં, જ્યાં સ્વયં મહારાજ યમ બિરાજે છે. (૪૩) પરંતુ ત્યાં વિપ્રર્ષિના કુમારોને ન જોયા ત્યારે ત્યાંથી સીધા ઈન્દ્રપુરીમાં જઈ પહોંચ્યા. ત્યાં પણ ઋષિકુમારોને ન જોયા ત્યારે શસ્ત્રધારી નિર્ભય અર્જુનજી અગ્નિપુરીમા, નૈઋતિપુરી, સૌમ્યપુરી, વાયવ્યપુરી, વારુણીપુરી પાતાલપુરી, રસાતલ નગરી, સ્વર્ગપુરી વગેરે દશે દિશાઓના દિક્પાલોની પુરીઓમાં ફરી વળ્યા. (૪૪) અર્જુનજી દશે દિશાઓ ખૂંદી વળ્યા પરંતુ ક્યાંય પણ બ્રાહ્મણના પુત્રો મળ્યા નહી ત્યારે અર્જુનજીને લાગ્યું કે હું વિપ્રપુત્રોને પછા લાવી આપવાની પ્રતિજ્ઞાને પાળી ન શક્યો તો હવે અગ્નિપ્રવેશની પ્રતિજ્ઞા પૂર્ણ કરું એવો નિર્ણય કરી અગ્નિમાં પ્રવેશવા માટે તૈયાર થયા. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે તેમ કરતાં અટકાવ્યા અને કહેવા લાગ્યા કે ભાઈ ફાલ્ગુન ! ઉતાવળો થા મા, ભાઈ પોતાની જાતનું અપમાન ના કરો. ચાલો હું તને બતાવું કે હાલ તે વિપ્રપુત્રો ક્યાં રહેલા છે. જેનાથી અર્જુન ! મનુષ્યો તારી વિપુલ કીર્તિનાં સ્થાપન કરશે. (૪૫,૪૬)

વિપ્રપુત્રો માટે પશ્ચિમ દિશામાં પ્રભુનું પ્રસ્થાન

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનજીને આ પ્રમાણે કહી આશ્વાસન આપી અર્જુનજીની સાથે પોતાના દિવ્ય રથમાં બિરાજીને પશ્ચિમ દિશા તરફ પ્રસ્થાન કર્યું. (૪૭) પ્રથમ તો સાત દ્વીપો, પુનઃ સપ્ત સાગરો, પુનઃ સપ્ત પર્વતોને ઓળંગી આગળની સુવર્ણ ભૂમિને વટાવી ત્યારબાદ લોકાલોક પર્વતનું પણ ઉલ્લંઘન કરી તેની પેલી પાર ગાઢ અંધકાર પ્રદેશમાં પ્રવેશ કર્યો. (૪૮) હે ભરતવંશશિરોમુકુટ પરીક્ષિત ! આ ઘોર અંધકારમાં શૈબ્ય-સુગ્રીવ-મેઘપુષ્પ-બલાહક નામના ભગવાનના ચારે અશ્વોની ગતિ અટકી પડી. તેઓ આગળ વધવા અસમર્થ થયા ત્યારે મહાન યોગેશ્વરોના પણ યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણે અશ્વોની આવી સ્થિતિ જોતાં જ હજારો સૂર્ય સમાન પ્રકાશમાન પોતાના સુદર્શન ચક્રને આગળ ચાલવાની આજ્ઞા કરી. (૪૯,૫૦) ત્યારે પોતાના અતિશય વિશેષ તેજથી ગાઢ તેમજ ઘોર અંધકારનો નાશ કરતા કરતા શ્રીકૃષ્ણ ભગવાનના શ્રીસુદર્શન ચક્રરાજે, ભગવાન રામચંદ્રજીના ધનુષ્યમાંથી છૂટેલા અને સીધા સેનામાં પ્રવેશતા બાણ જેવી શીઘ્ર ગતિથી, અને મન જેવા વેગથી તે ગાઢ અંધકારમાં પ્રવેશ કર્યો. (૫૧) ગાઢ અંધકારને લીધે જ્યારે માર્ગ જોવામાં આવતો જ ન હતો ત્યારે શ્રીસુદર્શન ચક્રરાજે પોતાના તેજસ દ્વારા માર્ગ દર્શાવી દીધો તેથી અર્જુનજી આગળ વધ્યા. પરંતુ એથી ઘણે દૂર ચારે બાજુ ફેલાયેલ જ્વાજલ્યમાન એવું તીક્ષ્ણ તેજ જોવામાં આવ્યું જેથી અર્જુનજીની આંખો અંજાઈ ગઈ અને આખરે અર્જુનજી તેજ જીરવી ના શક્યા ત્યારે આંખો બંધ કરી દીધી. (૫૨) રાજન્ ! હવે રથ આગળ વધ્યો ત્યાં તો અગાધ જલ આવ્યું. રથ સડસડાટ અંદર ચાલવા લાગ્યો. ચારે બાજુ ભારે ફૂંકાતા તોફાની પવનથી પાણીની મોટી મોટી છોળો ઊછળવા લાગી તો પણ આવા ભયાનક જલની મધ્યમાં વણથંભી રથની ગતિ વધવા લાગી ત્યાં તો અગાધ જલની મધ્યામાં સહસ્ત્ર સંખ્યાના મણિસ્તંભોથી મંડિત પૂર્ણ પ્રકાશમાન એક અદ્ભુત રાજભવનની ઝાંખી થઈ. (૫૩) આ દિવ્ય ભવનમાં અતિશય ભયંકર અને અત્યંત અદ્ભૂત શેષ ભગવાનની ઝાંખી થઈ. આ શેષજીનાં સહસ્ત્ર મસ્તકો ઉપર મણિરત્નો પ્રકાશતા હતાં અને અસંખ્ય ફણાઓમાં રહેલા મણિઓની કાન્તિ ઝળકી રહી હતીં. ભગવાન અનંતજીનાં બે હજાર તો મોં હતાં. શ્યામ કંઠ હતો અને સહસ્ત્ર જિહ્વાઓ હતી, હિમાલય સમાન શ્વેત કાન્તિ હતી આવા અનન્ત ભગવાનને ભગવાન શ્રીકૃષ્ણે નિહાળ્યા. (૫૪) ભગવાન શ્રીશેષજીના શ્રીઅંગની સુખશય્યા ઉપર સુખપૂર્વક પોઢેલા, પૂર્ણપ્રતાપી, સર્વોત્તમ શ્રીપુરુષોત્તમ ભગવાનની ઝાંખી થઈ. આ શેષશાયી ભગવાન ગાઢ મેઘ

સમાન શ્યામ હતાં. પીતાંબર ધારણ કર્યાં હતા. મુખારવિંદ પ્રસન્ન હતું, ભગવાનનાં નયન મનોહર અને સુદીર્ઘ હતાં. (૫૫) અનન્ત સંખ્યાના અણમોલ મહામણિઓ મઢેલા મુકુટો અને મણિમય કુંડલોની છવાયેલી કાન્તિથી કેશકલાપ ઓપતો હતો. ભગવાન આજાનુબાહુ અને અષ્ટભુજાવાળા હતા. કૌસ્તુભમણિ કંઠમાં દીપતો હતો. અને શ્રીવત્સચિહ્ન વક્ષ:સ્થલમાં શોભી રહ્યું હતું. વક્ષ:સ્થલ ઉપર વનમાલા વિલસી રહી હતી. આવા દિવ્ય મનોહર શેષશાયી પ્રભુનાં મિલન થયા. (૫૬) શેષશાયી ભગવાનની ચારે બાજુ સુનન્દ નંદ વગેરે પાર્ષદો સેવા કરી રહ્યા હતા. સુદર્શન ચક્ર, ગદા, વગેરે દિવ્ય આયુધો ભગવાનની આસપાસ રહ્યાં હતાં. પુષ્ટિ, શ્રી, કીર્તિ જ્યા વગેરે શક્તિઓ અને અષ્ટ મહાસિદ્ધિઓ પણ ભગવાનની સેવા કરી રહ્યાં હતાં. આવા પરમેષ્ઠીઓના પતિનાં દર્શન થયા. (૫૭)

ભગવાન પોતે પોતાના સ્વરૂપને પ્રણામ કરે છે

ववन्द आत्मानमन्नन्तमच्युतो जिश्णुश्च तद्दर्शनजातसाध्वसः । तावाह भूमा परमेष्ठिनां प्रभु–र्बध्धाञ्जली सस्मितमूर्जया गिरा॥

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ભ્રમિત કરવા માટે પોતે જેમ નંદરાયને નવાઈ પમાડવા ગિરિરાજનાં અર્ચન કર્યાં તેમ પોતે જ પોતાના સ્વરૂપભૂત શ્રીઅનંત ભગવાનને પ્રણામ કર્યા. ત્યારે ભગવાન અનંતના દર્શનથી ભયભીત થયેલા અર્જુને ભગવાનને નમસ્કાર કર્યાં. ભગવાન અનન્ત પોતાની આ લીલાથી સ્મિત હાસ્ય કરવા લાગ્યા અને પરમેષ્ઠીઓના સ્વામી ભૂમા ભગવાને કરસંપુટ જોડીને ઊભેલા શ્રીકૃષ્ણ ભગવાન શ્રીઅર્જુનજીને આ પ્રમાણે ભૂમા ભગવાન અનિરુદ્ધ કહેવા લાગ્યા. (૫૮) આ વાક્ય પણ અર્જુનજીને આશ્ચર્ય ઉત્પન્ન કરવા માટે ભૂમા ભગવાન કહી રહ્યા છે કે હે શ્રીકૃષ્ણ ભગવન્ ! હે અર્જુનજી ! આપ બન્નેનાં દર્શન કરવા માટે હું આ દ્વિજપુત્રોને અહીં લાવેલ છું. જ્યારે ધર્મની રક્ષા કરવા માટે મારી કલા સ્વરૂપે આપે અવતાર લીધો છે. (આ વાક્ય અર્જુનને મોહ પમાડવા માટે છે) પૃથ્વી ઉપર ભારસ્વરૂપ જે અસુરો છે એમનો ભાર ઉતારીને આપ અવિલંબે મારી પાસે પધારશો એવું માનું છું. (૫૯) આપ ઉભય પૂર્ણકામ છો. નરનારાયણ છો, શ્રેષ્ઠ ઋષિસ્વરૂપ છો. એટલા માટે જગતની સ્થિતિ માટે તેમજ લોકસંગ્રહ માટે આપ ધર્મનું આચરણ કરો છો. (૬૦) ભૂમા ભગવાનને નમન કરી વિપ્રપુત્રોને સાથે લઈ પોતાના દ્વારિકા નગર તરફ પ્રસ્થાન કર્યું. (૬૧) શ્રીકૃષ્ણ અને શ્રીઅર્જુનજી જે માર્ગે આવ્યા હતા તે જ માર્ગે દ્વારિકાં પાછા આવ્યા ત્યારે પુષ્કળ આનંદ થયો. અને વિપ્રના પુત્રનોનું જે પ્રમાણે વય અને સ્વરૂપ હતું તેવા જ સ્વરૂપવાળા બાળકોને પાછાં સોંપી દીધા. (૬૨) અર્જુનજી ભગવાનની સાથે ગયા અને પાછાં પણ આવ્યા પરંતુ કાંઈપણ સમજી ન શક્યા. પરંતુ ભગવાને જ્યારે અર્જુનજીને સમજાવ્યા ત્યારે વાત સમજાઈ તેમજ આ ભગવાનનું ધામ છે તે વસ્તુ પણ ભગવાને સમજાવી ત્યારે સમજ્યા. આ વાત જાણી અર્જુનજી અત્યંત વિસ્મિત થયા. અને અર્જુનજીને એ વાતનો ખ્યાલ આવ્યો કે જગતમાં પોતાનો કે સર્વનો જે કાંઈ પુરુષાર્થ જોવામાં આવે છે તે ભગવાન શ્રીકૃષ્ણની દયાને લઈને જ છે એવો પૂર્ણ પરિચય થયો. (૬૩) આ પ્રમાણે અનંત પરાક્રમોને દર્શાવતા ભગવાન શ્રીકૃષ્ણે અનેક ગ્રામ્ય ભોગો ભોગવ્યા અને અત્યંત સમૃદ્ધિ ભરેલા યજ્ઞો દ્વારા યજ્ઞપુરુષનાં યજન કર્યાં. (૬૪) રાજન્ ! સમય સમય પર રાજા ઈન્દ્ર જેમ વૃષ્ટિ વર્ષાવી જગતની કામનાઓની પુષ્ટિ કરે છે અને જગતને આનંદિત કરે છે તેમ જ સર્વ પ્રકારની ઉત્તમતાના ભંડાર ભગવાને પણ બ્રાહ્મણ વગેરેની સર્વ કામનાઓને પ્રત્યેકની ઈચ્છા પ્રમાણે પૂર્ણ કરીને પ્રત્યેકને સંતોષ આપ્યો. (૬૫) એટલું જ નહીં પરંતુ અર્જુનજી, ભીષ્મજી દ્વારા અધર્મિષ્ઠ રાજાઓનો નાશ કરી યુધિષ્ઠિર વગેરે ધર્મરાજ પુરુષો દ્વારા સમ્પૂર્ણ પ્રમાણમાં ધર્મની પ્રવૃત્તિ કરાવી. (૬૬)

हत्वा नृपानधर्मिष्ठान् घातयित्वार्जुनादिभिः । अञ्जसा वर्तयामास धर्मं धर्मसुतादिभिः ॥ ६६ ॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં નિરોધલીલા ગુણ પ્રકરણમાં જ્ઞાનનિરૂપણ કરતો ૮૯મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૯૦ મો

[ગુણ પ્રકરણનો આ છઠ્ઠો અધ્યાય છે. તેમજ દશમ સ્કંધ નિરોધલીલાનો અંતિમ ૯૦મો અધ્યાય છે. આ અધ્યાયમાં મહિષીગીત આવશે. ભગવાનના વૈરાગ્ય ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ભગવાન તો આત્માનંદમાં નિમગ્ન છે પરંતુ અન્યની સંસારરતિ દૂર

કરવા માટે જ રમણ કરે છે. આ અધ્યાયની કથામાં ભગવાન ભક્તજનનાં રાગ અને આસક્તિ દૂર કરનારી લીલા કરે છે. એ સમજાવ્યું છે આ અધ્યાયમાં ૫૦ શ્લોકો છે.]

શ્રીપતિનું જલસ્થલરમણ

श्रीशुक उवाच-सुखं स्वपुर्यां निवसन् द्वारिकायां श्रियःपतिः । सर्वसम्पत्समृद्धयां जुष्टायां वृष्णिपुङ्गवैः ॥ १ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! પરીક્ષિત ! શ્રીપતિ ભગવાન શ્રી દ્વારિકાધીશ સર્વ સમૃદ્ધિથી છલકાતી પોતાની દ્વારિકાપુરીમાં બિરાજતા હતા. દ્વારિકાનગરી શ્રેષ્ઠ વૃષ્ણિ કુલથી સેવાયેલ હતી. (૧) દ્વારિકાપુરનિવાસિની સન્નારીઓ નવ યૌનસભર દિવ્ય કાન્તિથી દીપતી હતી. જ્યારે યૌવન મદમાતી અંગનાઓ કરકમલમાં કન્દુક લઈ આંગણામાં વિલાસ કરતી હતી ત્યારે જાણે ચારે બાજુ વીજળીઓ જ ચમકતી હોય તેમ લાગતું હતું. (૨) દ્વારિકાપુરના રાજમાર્ગો ઉપર સદા મદઝરતા હાથીઓ ઝુલતા હતા. ઉત્તમ પોશાક પહેરેલા વીરભટો ઘોડેસવાર બની વિહરતા હતા-સુવર્ણ મંડિત રથોની રસ્તાઓમાં ભારે ભીડભાડ લાગતી હતી. (૩) સારી દ્વારિકાનગરી પુષ્પવાટિકાઓ અને ઉપવનોથી મઘમઘતી હતી. સુગંધિત પુષ્પોથી લચેલી વૃક્ષપંક્તિઓમાં વિહાર કરતા ભ્રમરનાં ગુંજન અને પક્ષીગણના કલ્લોલ સર્વત્ર સંભળાતાં હતાં. શ્રીપતિ શ્રીકૃષ્ણ ભગવાન આવી દિવ્ય દ્વારિકામાં વિહાર કરતા હતા. (૪) રાજન્ ! શ્રીદ્વારિકાનાથની સોળ હજાર પત્નીઓના રાજભવનોમાં પ્રિયતમ એક જ શ્રીકૃષ્ણ સોળ હજાર સ્વરૂપોનો સ્વીકાર કરીને અનંત સમૃદ્ધશાલી મહેલોમાં રમાનાથ સદા રમણ કરતા હતા. (૫) જલમાં જન્મેલાં પ્રફુલ્લિત કલ્હાર, કુમુદ અને કમલોના પરાગથી સુવાસિત નિર્મલ જલ ભરેલાં ભવનોમાં વિહાર-જલાશયો હતાં, કૂંડો હતા, આ સરોવર ઉપર પક્ષીગણના મધુર મધુર કલ્લોલો શ્રવણપથ થતા હતા. મહાન ઉદયવાળા ભગવાન શ્રીકૃષ્ણ રાજભવનનાં આવાં નિર્મલ અને સુંદર જલાશયોમાં, વાપિકાઓમાં ગૃહિણઓ સાથે પ્રવેશ કરી જલવિહાર કરી રહ્યા હતાં અને છાતી સરસો ચાંપી રહ્યા હતા ત્યારે નિજ અંગનાઓમાં વક્ષઃસ્થલોમાં લેપ કરેલાં કેશર-કસ્તુરીના કુંકુમ ચંદનથી ભગવાનનાં વક્ષઃસ્થલ ઉપર પણ કુંકુમલેપો લાગી જતા હતા, (૬,૭) ગન્ધર્વો અત્યંત સ્નેહથી મૃદંગ, પ્રણવ, આનક અને વીણાનાં ગાન કરતા ભગવાનની રાણીઓ હસતી હસતી ભગવાનને જલની પિચકારીઓથી ભીંજવી રહી હતી જ્યારે અચ્યુત પ્રભુ નિજ વનિતાઓને પણ સ્નહેથી અને જલથી આર્દ્ર કરી રહ્યા હતા. આ વિહારનું દર્શન કરતાં એમ લાગતું હતુ કે જાણે કુબેર અને યક્ષિણીઓ સાથે પરસ્પર જલક્રીડાનો વિનોદ કરતા હોય એમ લાગતું હતું. (૯) જલથી વસ્ત્ર ભીંજાઈ જતાં વક્ષઃસ્થળ સાથળ વગેરેની અંગલજ્જા સંભાળતી કુલાંગનાઓ ભગવાનના આકર્ષણનું કેન્દ્ર બનતી હતી. આ અવસરે વેણીઓ વાખરાઈ જતી અને કેશાવલીમાં ગુંથેલાં કુસુમો સરી જતાં હતાં. પ્રિય કાન્તના કરકમલમાંથી પિચકારી ઝુંટવી લેતા પતિદેવને ભેટી પડતાં ત્યારે પ્રકટ થતા મદનોત્સવથી કૃષ્ણગૃહિણીઓના મુખકમલસૌન્દર્યની શોભા અતિશય વધી પડતી હતી. (૧૦) હવે તો શ્રીકૃષ્ણની રમણીઓએ જલવિહાર ટાણે વ્રજવિહારીને ઘેરી લીધા. અચ્યુતના વક્ષઃસ્થલની વનમાલા અર્ધાંગનાઓને છાતી સરસા ચાંપતાં વક્ષઃસ્થલમાં લગાવેલા કુમકુમ લેપથી કેસરવર્ણી બની ગઈ અને ક્રીડારસાવેશમાં આવી જતાં કેશવનાં વાંકોડિયાં કેશબંધનો પણ વીખરાઈ ગયાં ત્યારે પૂરી તક મળતાં શ્રીકૃષ્ણને સ્નેહરસથી અકળાવવા યુવતીઓ દ્વારિકાપતિને પિચકારીઓથી ભીંજવવા લાગી ત્યારે તો એમ જ લાગ્યું એક ગજરાજ ગજ-ગૃહિણીઓથી ઘેરાઈ વળ્યો છે. (૧૧) આ રમણોત્સવ અવસરે ઉત્સવરસપોષક નર્તકીઓને તેમજ ગીત-વાદ્યની આજીવિકાથી જીવનનિર્વાહ કરનારા સંગીતકારોને શ્રીકૃષ્ણ ભગવાને અને કૃષ્ણપત્નીઓએ ક્રીડામાં સાધનરૂપ અલંકાર-આભૂષણ-વસ્ત્રો અત્યંત ભેટ-ન્યોછાવરમાં આપ્યાં. (૧૨) વિહારવિલાસનિપુણ શ્રીકૃષ્ણ ભગવાનનું મધુર ભાષણ, ચતુર ચાલ, સ્નેહાળ અવલોકન મન્દ મન્દ, મુસકાન, મીઠી મશ્કરી, પરિહાસ અને આલિંગન વગેરે વિનોદોથી વનિતાવૃંદની મતિ દ્વારિકાપતિએ હરી લીધી. (૧૩) મુકુન્દમાં જ મન લાગેલી મુકુન્દનારીઓ કમલલોચન શ્રીકૃષ્ણનાં જ ચિંતન-સ્મરણ કરતી જડ અને ઉન્મત્તની માફક જ ગાવા લાગી. રાજન્ ! આ મધુર આલાપ તમને સંભવાળું છું તે સચેત બની સાંભળો. (૧૪)

મહિષીગીત

महिष्य ऊचु)-कुरर विलपसि त्वं वीतनिद्र न शेषे-स्वपिति जगति रात्र्यामीश्वरोडगुप्तबोधः ।
वयमिव सखि कच्चिद् गाढनिर्भिन्नचेता:-नलिननयनहासोदारलीलेक्षणेन ॥ १५ ॥

શ્રીદ્વારિકાપતિજીની પટરાણીઓ કહેવા લાગ્યાં કે-હે કુરરિ ! હે ટિટોડિ ! હે બહેની ! બોલને બહેની ! તું રાત્રીભર વિલાપ જ કરે છે. અખંડ ઉજાગરો શા માટે કરે છે ? શું તને નીંદર નથી આવતી ? સખીરી ! જે ભગવાન સદા અખંડબોધ છે. કદી તેમનું જ્ઞાન ઢંકાતુ નથી તે શ્રીદ્વારિકાનાથ હાલ રાત્રીમાં પોઢી રહ્યા છે. અરે સખિ ! તું વિલાપ કર મા ! જો જે બહેની તારા વિલાપથી નાથની નિદ્રાનો ભંગ ના થાય ! હા ! હા ! સખિ હવે કાંઈક ખ્યાલ આવે છે કે ઘાયલ કી ગતિ ઘાયલ જાણે આ પ્રમાણે કદાચિત્ તારી હાલત અમારા જેવી જ લાગે છે. આજ અમારું હૃદય કમલનયન ભગવાન શ્રીકૃષ્ણના ઉદાર મધુર હાસ્ય અને લીલામય કટાક્ષથી ઘાયલ થયેલ છે તેમ તારી પણ દશા હશે વારું ? (૧૫)

नेत्रेडनिमीलयसि नक्तमदृष्टबन्धुस्-त्वं शेरवीषि करुणं बत चक्रवाकि ।
दास्यं गता वयमिवाच्युतपादजुष्टां-किं वा स्त्रजं स्पृहयसे कबरेण वोढुम् ॥ १६ ॥

હે ચક્રવાકિ ! હે ચકવી ! અરે બહેન ! વણમીચી આંખલડીએ ચારેકોર આ અંધારી રાતલડીમા શાને નિહાળી રહી છે ? શું પ્રિયતમને શોધી રહી છું ? અત્યંત દયામણા સ્વરે તું શા માટે રડી રહી છે સખિ ? તારા આક્રન્દને સાંભળીને અમારાં ઉર પીડાઈ રહ્યાં છે. તારે માટે અમારા મનમાં દયા પ્રકટી છે. અથવા બહેન, આપણે સર્વ સરખાં છીએ. તું પણ અમારી માફક દાસી હોવાથી ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીના શ્રીચરણકમલોને સ્પર્શી પાવન બનેલી માલાને મસ્તકની વેણીમાં ધારણ કરવા મનસુબો સેવતી લાગે છે. વારુ ! (૧૬)

भो भोः सदा निष्टनसे उदन्वन्-अलब्धनिद्रोऽधिगतप्रजागरः ।
किं वा मुकुन्दापहृतात्मलाञ्छनः-प्राप्तां दशां त्वं च गतो दुरत्ययाम् ॥ १७ ॥

અરે ભાઈ મહાસમુદ્ર ! લાગે છે કે તને નિદ્રા નથી આવતી ખરું ? શું ઠંડીથી ખૂબ પીડાય છે ? માટે તો અંખડ ઉજાગરો કરતો નથી અને વળી આખી રાત કાંઈના સમજાય તેવું બોલ્યા જ કરે છે. તે શું બોલે છે ભાઈ ? અમને તો એવી કલ્પના આવે છે કે તારી પણ અમારા જેવી જ સ્થિતિ થઈ હશે. એવું માનીએ છીએ. ભગવાનને ભેટતાં અમારા હૃદયમાં લેપેલાં કુંકુમકેશર શ્રીકૃષ્ણનાં વક્ષ:સ્થલમાં ચાલ્યાં જતાં અમે શીતતાની પીડાં પામી રહ્યાં છીએ. કારણ કે મનુષ્યની મિલકત મનુષ્યની ગરમી ગણાય છે. અને લક્ષ્મીહીણ ગીરીબી ઠંડી ગણાય છે એની પીડાતો પડી હોય તે જાણે તેવી જ રીતે હે ક્ષીરસાગર ! નસારા મંથનકાલે તમારામાંથી લક્ષ્મીજી અને કૌસ્તુભમણિ નામની મૂડી મુકુન્દ લઈ ગયા છે તેથી જ શું તમે અકળાવ છો અને કાંઈક બોલ્યા કરો છો ! કારણ તો કહો ને ? (૧૭)

त्वं यक्ष्मणा बलवतासि गृहित इन्दो क्षीणस्तमो न निजदीधितिभिः क्षिणोषि ।
कश्चन्मुकुन्दगदितानि यथा वयं त्वं-विस्मृत्य भोः स्थगितगीरुपलक्ष्यसे नः ॥ १८ ॥

હે ભાઈ ઈન્દુ ! હે ભાઈ ચન્દ્ર ! તું પ્રબળ ક્ષયરોગથી ઘેરાયેલો હોઈને દૂબળી કાયાવાળો થતો લાગે છે ! જો તારી કાયા ક્ષીણ ના થઈ હોય તો તું તારાં કિરણોથી અંધકારને હટાવી શકતો નથી. ભાઈ અમારું તો એવું માનવું છે કે મુકુન્દ ભગવાનના શ્રીમુખમાંથી પ્રકટેલા કલ્યાણકારી મોક્ષનાં ઉપદેશ વાક્યો અમારી માફક તું પણ વીસરી ગયો લાગે છે. માટે તો અમારી જેમ તારી વાણી સ્થંભી ગઈ લાગે છે તો કહેને ભાઈ, શું તું અમારી જેમ પીડાય છે. (૧૮)

किंत्वाचरितमस्माभिर्मलयानिल तेऽप्रियम् । गोविन्दापाङ्गनिर्भिन्ने ह्रदींरयसि नः स्मरम् ॥ १९ ॥

ભાઈ, મલય પર્વતમાં વસતા સુવાસિત હે અનિલ ! હે વાયુ ! અમે એવું તો તારું શું અમંગલ આચર્યું છે કે ભાઈ ! શ્રીગોવિન્દ ભગવાનના કટાક્ષોથી વીંધાયેલા ઘાયલ અમારાં હૃદયોમાં તું સુંગધ વાયુથી ગોવિંદ ગોકુલ પધારી ગયા એવા વાંરવાર સ્મરણથી પીડા સરજી રહ્યો છુે ! (૧૯)

मेघ श्रीमन् त्वमति दयितो यादवेन्द्ररस्य नूनं-श्रीवत्साङ्क वयमिव भवान् ध्यायति प्रेमबद्धः ।
अत्युत्कण्ठः शबलहृदयोऽस्मद्विधो वाष्पधाराः-स्मृत्वा स्मृत्वा विसृजसि महुर्दुःखदस्तत्प्रसङ्गः ॥ २० ॥

ભાઈ મેઘ ! તુ તો શ્રીમાન છું ભાઈ ! અને શ્રી યાદવનાથનો તું નિકટનો અતિશય પ્રિય જન છું. અમને એમ લાગે છે કે પ્રેમના બંધનથી બંધાયેલો તું પણ અમારી જેમ જ વક્ષઃસ્થલે બિરાજમાન શ્રી લોચનવાળા પ્રિયતમ શ્રીકૃષ્ણનું જ ધ્યાન કરતો હોઈશ ! ભાઈ સ્પષ્ટ ભાસે છે કે તારા ઉરપૂરમાં પ્યારા કૃષ્ણ માટે અતિશય અનુરાગનું પૂર ઉભરાતું હશે. તેથી જ તો તારું ચિત્ત પણ લોકવ્યવહારનાં કાર્યો પૂરાં ના કરી શકવાને કારણે નિંદાને પાત્ર બની ગયેલ છે, ભાઈ કૃષ્ણની મૈત્રી કરવી એ જ મોટી ભૂલ છે કારણ કે તે વિયોગના દુઃખથી ભરેલ છે. (૨૦)

प्रिय रावपदानि भाषसे मृत्तसज्जीविकयानया गिरा । करवाणि किमद्य ते प्रियं वद मे वल्गिनकण्ठकोकिल ॥ २१ ॥

વારંવાર મધુર મધુર કંઠથી વાગોળેલા મીઠા શબ્દને ગાતી હે કોકિલ : અરે કૂહુકૂહુ ટહુકતી હે કોયલ ! તારો કૂ કૂ કૂ મધુર ટહુકો અમને અતિશય વહાલો છે. કારણ કે તારો શબ્દ અમારા પ્રિયતમ કૃષ્ણના ધ્વનિને બિલકુલ મળતો જ છે. માટે તું વિયોગ મરેલાને જીવનદાન દેનારી વાણીથી પ્રિયતમના જેવાં પદો બોલી રહી છું. માટે બોલને બહેની ! નાથનાં સ્મરણ કરાવી પ્રિય આચરતી કોકિલ ! તારું શું પ્રિય કરીએ ? (૨૧)

न चलिस न वद स्युदारबुद्धे क्षितिघर चित्तयसे महान्तमर्थम् । अपि बत वसुदेवनन्दनाङ्घ्र वयमिव कामयते स्तनैविधर्तुम् ॥ २२ ॥

હે પરમ ઉદારમતિ હે ભાઈ પર્વત ! નથી તું ચાલતો કે નથી તું હાલતો. કેવલ અબોલા લઈને બેઠેલો છું. આથી તો એમ લાગે છે કે જાણે તું કોઈ ગંભીર વિષય મનમાં વિચારી રહ્યો છું.અમારી માફક તું પણ શ્રીકૃષ્ણનાં ચરણોને વક્ષઃસ્થલે સ્થાપવા ચાહે છે. ! (૨૨)

शुप्यद् ह्रदाः कर्शितो बत सिन्धुपल्यः-सम्प्रत्यपेतकमलश्रिय इष्टभर्तुः ।
यद्वद् वयं मधुपतेः प्रणयावलोक-मप्राप्य मुष्टहृदयाः पुरुकर्शिताः स्म ॥ २३ ॥

અરે મહાસાગરની ગૃહિણીઓ, હે સરિતાઓ ! જેમ અમે ભગવાનનાં કૃપાકટાક્ષ ન પામતાં હ્રદય ખોઈ બેઠાં હોઈને ખૂબ જ દૂબળાં બની બેઠાં છીએ તેવી રીતે હે સરિતાઓ ! તમે પણ વર્તમાન કાલનાં ગ્રીષ્મ કાળમાં મેઘ મારફતે જલ ન પામતાં તમારા હ્રદોન્ધરાઓ સુકાણા છે. વળી તમારાં સાગરે ભળતાં વહેણ પણ સુકાણાં છે અને વિકસતાં કમલોનાં સૌન્દર્ય પણ આથમી ગયાં છે શું ? બોલોને, કારણ અમારા જેવી પ્રિયવિરહની પીડાથી તો આવી દશા નથી ભોગવી રહ્યાં ને ? (૨૩)

પરમ પુરુષની કૃપાથી પરમ ગતિની પ્રાપ્તિ

हंस स्वागतमास्यतां पिब पयो ब्रूह्यङ्ग शौरेः कथां-दूत त्वां नु विदाम कच्चिदजितः स्वस्त्यास्त उक्तं पुरा ।
किं वा नश्चलसौहृदः स्मरति तं कस्माद्भजामो वयं-क्षौद्रालापय कामदं श्रियमृते सेवैकनिष्ठाःस्त्रियाम्ः ॥ २४ ॥

શ્યામસુદનરની પટરાણીઓ આમ વિલાપે ઝુરતાં હતાં ત્યાં એકાએક સંત પરમ વિવેકી હંસના આગમન થયાં તેથી હંસને કહેવા લાગી : હે સંતવર ! હે હંસ ! પધારો પધારો ! ભલે પધાર્યા આપનાં સ્વાગત કરીએ છીએ ભાઈ આવો આવો, આ આસન દીપાવો અને જરા આ કઢેલાં દૂધ પીવો અને શૌરિ શ્રીયદુનાથની થોડી વાર્તા સંભળાવો. ભાઈ ! કાંઈ પણ તાજા સમાચાર આપો ભાઈ ! રખેને આપ એમ બોલતા કે મને શ્રીકૃષ્ણના સમાચારની કાંઈ ખબર નથી. કારણ કે અમે જાણીએ છીએ કે આપ તો ભગવાનના સંદેહવાહક છો તેથી ભગવાનના સર્વ સમાચાર જાણો છો જ એમાં સંદેહ ન મલે. કહોને કૃષ્ણ સર્વ રીતે કુશળ છે ? જરા અવસર મેળવીને કૃષ્ણને અમારા તરફથી એટલું તો પૂછજો કે ક્ષણિક સ્નેહ રાખનારા આપ સ્વયં જે કાંઈ અમને કહી ગયા હતા તે આપને કોઈ દિ યાદ આવે છે? હે મધુરભાષી સાધુજન ! જો કૃષ્ણજી અમને યાદ જ ન કરતા હોય તો પછી અમે એમને શા માટે સેવીએ ! હંસજી ! જો કૃષ્ણ અમને કોકવાર પણ યાદ કરતા હોય તો કોઈવાર તો અહીં લઈ આવો પરંતુ જો લાવો તો એકલાને જ લાવજો હોં ! કદાચ

સંત ! આપ કહેશોકે શ્રી લક્ષ્મીજીનો શ્રીકૃષ્ણજીના ગૃહિણી છે. સેવિકા છે. તેમને મુકીને કેમ આવશે ? તો શું લક્ષ્મીજી એકલાં કૃષ્ણનાં અનન્ય સેવિકા છે-ઉત્તમ છે અને અન્ય અમે શું કૃષ્ણજીમાં એક નિષ્ઠાવાળા નથી? અમે સર્વ કૃષ્ણજીની અનન્ય સેવાનિષ્ઠા જ છીએ એટલું જરા કહેજો કૃષ્ણને હંસલા ! (૨૪)

પરમપુરુષની કૃપાથી પરમગતિની પ્રાપ્તિ

રાજન્ ! પરીક્ષિત ! યોગેશ્વરોના પણ ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણમાં આ પ્રકારનો અનન્યભાવ કેળવતી શ્રી માધવ ભગવાનની મહારાણીઓએ પરમગતિની પ્રાપ્તિ કરી. (૨૫) ભગવાન શ્રીકૃષ્ણજીની એક વિલક્ષણ શક્તિ છે કે અનેક રીતે ગુણગાન કરનારી તેમજ કેવલ ગુણોનું શ્રવણ કરનારી સવારીઓના મનને બલપૂર્વક પોતાના તરફ હરી લે છે તો પછી દર્શન કરનારાં વનિતાઓનાં મનનું હરણ કરી લે એમાં તો આશ્ચર્ય શું કહેવું ? (૨૬) ભગવાન તો અખિલ બ્રહ્માંડના ગુરુ છે અને પૂજ્ય છે. ભગવાનની પટરાણીઓ આ ભગવાનને પોતાના પતિ સમજીને અનન્ય ભક્તિથી ચરણકમલને સેવી રહ્યાં છે એમની તપશ્ચર્યાને કોણ વર્ણવી શકશે ? (૨૭) આ પ્રકારે સત્પુરુષોની ગતિસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણે વેદોમાં વર્ણવેલા ધર્મોનું પાલન કરીને વારંવાર સર્વને સમજાવ્યું છે કે આ ગૃહસ્થાશ્રમ ધર્મ, અર્થ અને કામ આ ત્રણે પ્રકારના પુરુષાર્થોની સિદ્ધિનું સ્થાન છે. (૨૮) ગૃહસ્થાશ્રમીઓના ઉત્તમ ધર્મનું રક્ષણ કરનારા ભગવાન શ્રીકૃષ્ણની સોળ હજાર એકસો આઠ મહારાણીઓ હતી. (૨૯) રાજન્ પરીક્ષિત ! આ સમસ્ત મહારાણીઓમાં જે શ્રીરુકમણિ, જાંબવતી વગેરે આઠ પટરાણીઓ હતી તેમના પુત્રોનાં નામ આપને કહી સંભળાવું છું. (૩૦) ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીની આ આઠ પટરાણીઓ સિવાય સોળ હજાર એકસો રાણીઓને આંગણે પણ પ્રત્યેકને ત્યાં દશ દશ પુત્રો હતા. કારણ કે ભગવાનનું રમણ નિષ્ફળ નથી જતું. (૩૧) રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણના ૧ લાખ ૬૦ હજાર અને ૮૦ પુત્રો હતા. આ બધા જ મહારથીઓ હતા પરંતુ કેવલ અઢાર પુત્રોનું મહારથીપણું પ્રકટ હતું અને અન્ય સર્વ પુત્રોમાં અપ્રકટ હતું. આ ઉદાર યશવાળા અઢાર મહારથીઓનાં નામ શ્રવણ કરો. અઢાર મહારથીઓ (૧) શ્રી પ્રદ્યુમનજી, (૨) ચારુદેષ્ણજી, (અનિરુદ્ધજી), (૩) શ્રી દીપ્તિમાનજી, (૪) શ્રી ભાનુમાનજી, (૫) શ્રીસાંબજી (૬) શ્રીમધુજી, (૭) બૃહદ્ભાનુજી, (૮) શ્રીચિત્રભાનુજી, (૯) શ્રીવૃકજી, (૧૦) શ્રીઅરુણજી, (૧૧) પુષ્પકરજી, (૧૨) શ્રી વેદબાહુજી, (૧૩) શ્રુતદેવજી, (૧૪) શ્રીસુનંદનજી, (૧૫) શ્રી ચિત્રભાનુજી, (૧૬) શ્રી વિરૂપજી, (૧૭) શ્રીકવિજી, (૧૮) શ્રી ન્યગ્રોધજી આ તેમના અઢાર નામ હતાં. આ અઢાર પુત્રોમાં કેટલા ચારુદેષ્ણની જગ્યાએ અનિરુદ્ધ એવું નામ આપે છે ત્યારે એમ સમજવું કે કોઈનું નામ અનિરુદ્ધ પણ હશે (૩૩,૩૪) હે રાજેન્દ્ર ! ભગવાનના આ અઢાર પુત્રમોમાં રુકિમણીપુત્ર પ્રદ્યુન્મજી પિતાના જેવા જ તેજસ્વી મહાન બલવાન મહારથી પુત્ર હતા. (૩૫) ભગવાનના મહારથી પુત્ર શ્રી પ્રદ્યુમ્નજી રુકમીની સાથે પરણ્યા હતા. આપત્નીમાં પ્રદ્યુમ્નજીને ત્યાં દશ હજાર હાથીઓના લબવાળા અનિરુદ્ધ નામના પુત્ર જન્મ્યા હતા. (૩૬) પ્રદ્યુમ્નપુત્ર અનિરુદ્ધજી રુકમીની પૌત્રી રોચનાને પરણ્યા હતા તેમનાથી વજ્ર નામના પુત્ર થયા. જે મોશાળ લીલામાંથી કેવલ ભગવદિચ્છાથી અવશિષ્ટ રહ્યા હતા. (૩૭) વજ્રનાભને ત્યાં પ્રતિબાહુ નામના પુત્ર થયા. શ્રીપતિબાહુના સુબાહુ નામના પુત્ર થયા. સુબાહુને ત્યાં શાંતિસેન નામના પુત્ર થયા. શાંતિસેનના પુત્ર શ્રુતસેન પુત્ર થયા. હે રાજન્ ! આ કુલમાં કોઈ પણ નિર્ધન, અલ્પ પ્રજાવાળા, અલ્પ આયુષ્યવાળા, અલ્પ વીર્યવાળા,અને બ્રાહ્મણોના અભક્ત કોઈ પણ જન્મ્યા ન હતા. (૩૯) હે નરેશ પરીક્ષિત ! યદુવંશમાં જન્મેલા તેમજ વિખ્યાત પરાક્રમી ખ્યાતમાન યાદવોની સંખ્યા લાખો વર્ષોમાં પણ ગણી શકાય તેમ નથી. (૪૦) હે નરેશ ! એવું સાંભળવામાં આવ્યું છે કે યદુકુલકુમારોને ભણાવનારા આચાર્યોની ત્રણ કરોડ આઠ હજાર અને આઠસોની સંખ્યા હતી. આ પ્રત્યેક આચાર્ય એક હજાર શિષ્યને ભણાવી શકે એવા હતા. (૪૧) મહાત્મા યાદવોની સખ્યા કોણ વર્ણવી શકશે કે કોણ કહી શકશે ? દશ હજારની સંખ્યા એક ગણીએ અને એવા દશ હજાર અને એક લાખની સંખ્યામાં જે ગણાય એવી યાદવોની સંખ્યા છે. જે યાદવો ઉપર રાજા ઉગ્રસેનનું રાજ્ય હતું અને એવા અનેક સેવકો હતા. (૪૨) દેવો અને અસુરોના સંગ્રામમાં જે ભયાનક દૈત્યો માર્યા ગયા તે સર્વ મનુષ્યોનો જન્મ લઈ મદોન્મત્ત બની નિર્દોષ પ્રજાને સતાવી રહ્યા હતા. (૪૩) હે રાજન્ ! આ રીતે રાંક જનોને સતાવનારા અને દમન કરનારાઓને માટે જ ભગવદાજ્ઞાથી દેવ

લોકો યદુકુલમાં અવતર્યા હતા જેમનાં યાદવોમાં એક સોને એક કુલ હતાં. (૪૪) આ સર્વ યાદવો ભગવાન શ્રીકૃષ્ણને પોતાના સ્વામી માનતા અને ભગવાનની આજ્ઞાને સર્વત્ર પ્રમાણ તરીકે સ્વીકારતા. હતા જે યાદવો એમના અનુગામી રહ્યા હતા તેઓ સર્વ પ્રકારે વિકસી રહ્યા હતા. (૪૫) રાજન્ ! યાદવોનું મન શયન કરતાં, હરતાં, ફરતાં, બોલતાં સ્નાન, કરતાં, ક્રીડા કરતાં કે કોઈ પણ કાર્ય કરતાં કેવલ શ્રીકૃષ્ણમાં જ તન્મય થઈ રહેલું હોવાને કારણે તેમને દેહની શુધબુધ જ રહેતી ન હતી. (૪૬)

तीर्थं चक्रे नृपोनं यदजनि युदषु स्वः सरित् पादशौचं -बिदविट् स्निग्धा स्वरूपं ययुरजितपरा श्रीर्यदर्थेऽजन्ययत्नः ।
यन्नामां मङ्गलध्नं श्रुतमथ गदितं यत्कृतोगोत्रधर्मः -कृष्णस्यैतन्न चित्रं क्षितिभरहरणं कालचक्रायुधस्य ॥ ४७ ॥

હે મહારાજ પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણે યદુકુલમાં પધારીને પોતાનું યશસ્તીર્થ-કીર્તિલીલા-લીલાતીર્થ-ચરિતતીર્થ પૃથ્વી ઉપર પધરાવ્યું જેની સામે પ્રભુચરણકમલોથી પ્રકટેલ ચરણતીર્થ શ્રીગંગાજી પણ સામાન્ય લાગે છે. ભગવાને શત્રુઓ ને સ્નેહીજનોને સમાંન બનાવી દીધાં અને સારૂપ્ય નામની મુક્તિનાં સરખી રીતે દાન દીધાં. ભગવતી લક્ષ્મીજી અજેય મનાતાં શ્રી લક્ષ્મીજીને પામવા માટે અન્ય દેવો નિત્ય તપશ્ચર્યા કરતા, તો પણ તેમને ન મળતાં કે તેમની સામે દૃષ્ટિ કરતાં તે શ્રી લક્ષ્મીજી ભગવાનનો અનન્ય આશ્રય કરીને રહેતાં હતા. ભગવાન શ્રીકૃષ્ણજીનું નામ કેવલ મુખથી બોલાય કે સંભળાય તેટલામાં તો જીવનાં સર્વ અમંગલને દૂર કરી દે છે તે શ્રીકૃષ્ણ ભગવાન સર્વ ધર્મના પણ આશ્રય-આધાર છે. આ વિશ્વમાં ધર્મપ્રવર્તક જેજે ઋષિવંશ ચાલ્યો અને જે ઋષિઓનાં ગોત્રપ્રવરો પ્રવૃત્ત થયા તે સર્વના પ્રવર્તક કેવલ શ્રીકૃષ્ણ છે એમાં આશ્ચય ના મનાય. આપ કાલચક્ર નામના આયુધના આરાથી ભૂમિનો ભાર ઉતારવા સમર્થ છો પછી સાક્ષાત્ પૂર્ણ કાલરૂપ સુદર્શન ચક્રથી દૈત્યો દ્વારા વધેલો પૃથ્વીને ભાર ઉતારો એમાં કાંઈ પણ આશ્ચર્યની વાત સંભવે નહીં. (૪૭)

जयति जननिवासो देवकीजन्मवादो - यदुवर परिषत् स्वैर्दोर्भिरस्यन्नधर्मम् ।
स्थिरचरवृजिनध्नः सुस्मितश्रीमुखेन-व्रजपुरबनितानां वर्धयन् कामदेवम् ॥ ४८ ॥

જન માત્રમાં-અખિલ વિશ્વમાં નિવાસ કરનારા ભગવાન શ્રીકૃષ્ણજીનો શ્રીદેવકીમાતામાં જન્મ થયો એ તો કેવલ ભગવાન ક્યાંય નથી, હોય તો દેખાય નહીં એવા બકવાદને જવાબ આપવા રૂપે દેવકીજીને ત્યાં સાક્ષાત્ પ્રકટ્યા છે એ ઉત્તર આપવા માટે છે. ભગવાન તો કેવલ ઈચ્છા માત્રથી જ અર્ધમનું નિવારણ કરી શકે છે એવા સમર્થ છે. આમ છતાં યાદવોની પરિષદ-સભામાં બિરાજે છે તેમજ પોતાના જ બાહુસ્વરૂપ, પોતાના જ હાથ ગણાતા એવા સેવકો દ્વારા અધર્મનું નિવારણ કરે છે. આપ તો આપના સ્મિતહાસ્ય શોભતા શ્રીમુખકમલથી સ્થવાર-જંગમનાં પાપોને-પ્રભુપ્રાપ્તિના અંતરાયોને દૂર કરી નાખો છો તે જ મુખશ્રીથી શ્રીવ્રજપુરવાસિની વ્રજનારીઓના અનુરાગની સમૃદ્ધિને પણ વધારી રહ્યા છો આવા કૃપાસિંધુ શ્રીકૃષ્ણનો સર્વત્ર જય હો. (૪૮)

इत्थं परस्य निजधर्मरिरक्षयात्त-लीलातनोस्तदनुरूपविडम्बनानि ।
कर्माणि कर्मकषणानि यदूत्तमस्य-श्रूयादमुष्य पदयोरनुवृत्तिमिच्छत् ॥ ४९ ॥

ભગાવાન શ્રીકૃષ્ણે નિજ ભક્તજનોની અને ધર્મની રક્ષા કરવા માટે લીલાતનું સ્વીકારી છે. એટલા જ માટે ભગવાને અવતાર લીધો છે. ભક્તોની ઈચ્છાને અનુરૂપ અનુસરતા-ભક્તોની ઈચ્છાનુસાર અનેક અદ્ભુત ચરિત્રો અવશ્ય કર્યા છે. જે કોઈ જીવાત્મા શ્રીકૃષ્ણ-ભગવાનના શ્રીચરણકમલોની સેવા કરવાનો મનોરથ સેવે તે ભક્તજન અવશ્યપૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાનની લીલાઓનાં-ભગવાનનાં ચરિતામૃતોનાં પાન કરે. આ શ્રીહરિચરિતો કર્મનાં બંધનોને કાપનારાં છે અને ભગવત્સેવાને આપનારાં છે. (૪૯)

मर्त्यस्तयानुसवमेधितया मुकुन्द-श्रीमत्कथाश्रवणकीर्तनचिन्तयैति ।
तद्धाम दुस्तकृतान्तजवापवर्गं -ग्रामदवनं क्षितिमुजोपि ययुर्यदर्थाः ॥ ५० ॥

રાજન્ ! આખરે માનવકાયા તો પડવાની જ છે અવો મરણશીલ માનવ, શ્રી મુકુન્દ ભગવાનની શ્રી-ભરી, મંગલભરી કથાનું શ્રવણ કરીને, કીર્તન કરીને અને સતત મનન કરીને, તૈલધારાની માફક ધીરે ધીરે પણ અખંડ સતત ચાલતી અને ઉત્તરોત્તર સેવાની વૃદ્ધિ કરે. અને કેવલ આ સેવાના એક જ બલથી પાછા ના વાળી શકાતા કાલવેગને હઠાવી દેનારા ભગવાનના મંગલ ધામને પ્રાપ્ત કરે. આવા દિવ્ય ધામની પ્રાપ્તિ માટે ભલભલા સમર્થ રાજાઓ પણ પોતાનાં રાજપાટોને ત્યજીને વનવાસી થયા છે. દિવ્ય વનોમાં વસ્યા છે. (૫૦)

--श्रीकृष्णार्पणमस्तु--

सिद्धान्ताः सकलागमाश्च वितता लोकेऽधुनां सर्वतः-ते प्रायेण रूपिताः सुबहुशो भक्त्यै मुकुन्दांद्रये ।
विस्तारस्तु गुणाय कृष्णचरणे चितं भवेद् विस्तृतं-तेनाहं हृदयस्थितेन हरिणा यावद्यथा रूपितम् ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ દશમ સ્કંધ નિરોધલીલા ઉત્તરાર્ધ ગુણ પ્રકરણ વૈરાગ્ય લીલાનું નિરૂપણ કરતો અધ્યાય ૯૦ મો સમાપ્ત

દશમ સ્કંધ સમાપ્ત

શ્રી હરિ :

શ્રીમદ્ ભાગવતપીયૂષ

સ્કંધ ૧૧મો : મુક્તિલીલા - શ્રીનાથજી બાવાનું લલાટ - મસ્તક

આ અગિયારમા સ્કંધમાં ૩૧ અધ્યાયો છે. ભગવાનનું ''શ્રીમુખ'' છે અને 'મુક્તિલીલા' આ સ્કંધનું નામ છે. દશમ સ્કન્ધની ૯૦ અધ્યાયોની નિરોધલીલાઓના કથાના શ્રવણથી પ્રપંચની નિવૃત્તિ થઇ ગઇ અને ભગવાનમાં આસક્તિ સિદ્ધ થઇ ગઇ. આવા જીવોને 'સ્વરૂપજ્ઞાન' થાય તો મુક્તિનાં દાન થાય છે એ આશયથી ''મુક્તિ લીલા'' સ્કંધનો આરંભ કર્યો છે. આ સ્કંધમાં બે પ્રકરણ છે. પ્રથમ પ્રકરણજીવ 'મુક્તિનુ' છે અને બીજું પ્રકરણ 'બ્રહ્મ મુક્તિ' નું છે. એવી બે સંજ્ઞાઓ છે.

આ મુક્તિલીલા નામના અગિયારમા સ્કંધમાં ૧ થી ૨૯ અધ્યાયનાં અને ૩૦ થી ૩૧ બે અધ્યાયનાં એવાં બે પ્રકરણો છે. પ્રથમ પ્રકરણનું નામ જીવમુક્તિ અને બીજા પ્રકરણનું નામ બ્રહ્મમુક્તિ. જીવમુક્તિ પ્રકરણમાં પણ ૧ થી ૫ અધ્યાયનું અને ૬ થી ૨૯ અધ્યાયનું એવાં બે પ્રકરણ છે. પ્રથમ પ્રકરણના ૧ થી ૫ અધ્યાયોમાં વિદ્યા દ્વારા પાંચ પ્રકારની અવિદ્યા દૂર કરવામાં આવે છે ત્યારે જીવને 'બ્રહ્મભાવ' પ્રાપ્ત થાય છે. વિદ્યાનો અર્થ જ્ઞાન થાય છે. આ પ્રસંગ ૧ થી ૫ અધ્યાયોમાં આવે છે. ત્યારબાદ તત્ત્વોનો ત્યાગ કરવાથી અથવા ભક્તિથી શ્રીકૃષ્ણ-સાયુજ્ય પ્રાપ્ત થાય છે એ પ્રસંગ સમજાવ્યો છે. તત્ત્વો ૨૪ છે માટે તત્ત્વો ત્યાગ પ્રકરણના અધ્યાયો પણ ચોવીસ છે. જીવને બ્રહ્મભાવ પ્રાપ્ત થાય તે કરતાં શ્રીકૃષ્ણ સાયુજ્ય મળે એ શ્રેષ્ઠ છે. આ પ્રકારની મુક્તિ ભગવાનની કૃપાથી જ થાય છે. તેથી જ ભગવાન આ પ્રકરણમાં સ્વયં ગુરુ બની ઉદ્ધવજીને ઉપદેશ કરી ભક્તિનાં દાન કરે છે. ત્યાર બાદ ૩૦ અને ૩૧ એવા બે અધ્યાયોમાં ભગવાન, ધારણ કરેલ કપટ માનુષ વેષ અને કપટ માનુષ દેહનો ત્યાગ કરે છે. આ બે પ્રસંગો બીજા પ્રકરણમાં આવશે.

એકાદશ સ્કંધ - મુક્તિલીલા અધ્યાય ૩૧



અધ્યાય ૧ લો

(આ પ્રથમ અધ્યાયમાં ૨૪ શ્લોકો છે આમાં યાદવકુમારોને ઋષિઓનો શાપ થાય છે એ પ્રસંગ આવશે. અગિયારમા સ્કંધના આરંભમાં श्रीशुकउवाच થી શરૂઆત નથી થઈ પરંતુ श्रीबादरायणिरुउवाच થી થાય છે. તેનું કારણ છે કે હવે શ્રી શુકાચાર્યજી ત્યાગલીલાની અને મુક્તિલીલાની વાતો કરી રહ્યા છે. અત્યાર સુધી દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણલીલારસનું પાન કરાવતાં હતા હવે જ્ઞાનરસનાં પાન કરાવશે.)

ભૂમિનાથે ભૂમિનો ભાર ઉતાર્યો

स्वमूर्त्या लेकलावाण्यनिर्मुक्त्या लोचनं नणाम् । गीर्मिस्ताः स्मरतां चितं पदैम्तानीक्षतां क्रिया ॥ ६ ॥

શ્રી બાદરયણ મુનિના પુત્ર શ્રી શુકાચાર્યજીએ મુક્તિલીલાનો પ્રારંભ કરતાં કહ્યું કે રાજન્ ! પરીક્ષિત્ ! ભગવાન શ્રીકૃષ્ણે શ્રી બલભદ્રજી અને યાદવોના સૈન્ય દ્વારા દૈત્યોનો વિનાશ કર્યો. તેમજ પરસ્પર કુટુંબમાં ભારે ક્લેશ ઉત્પન્ન કર્યો. અકારણ શત્રુ બનેલા દુર્યોધન વગેરેએ વારસાઈ અધિકાર પ્રમાણેનું રાજ્ય પાંડુપુત્ર અજાતશત્રુ યુધિષ્ઠિર વગેરેને આપ્યું નહીં તેમજ બલાત્કારે ઘૂતરમતમાં પાંડવોને ઉતાર્યા તેમજ પાંડવોનો વારંવાર તિરસ્કાર કર્યો. વળી કુરુકુલની

દેવતા શ્રી દ્રૌપદીજીના કેશો ખેંચ્યા, વનવાસ દીધો આમ અનેક પ્રકારે પાંડવોને ઉશ્કેર્યા, કલેશ આપ્યો અને યુદ્ધ આરંભાયું, યુદ્ધમાં બન્ને પક્ષને નિમિત્ત બનાવીને એકઠા થએલા રાજાઓનો અને તેમના સૈન્યનો નાશ કરીને આખરે ભગવાને ભૂમિનો ભાર ઉતાર્યો. (૧,૨) ભગવાન શ્રીકૃષ્ણે પૃથ્વી ઉપર ભારરૂપ થઇ બેઠેલી રાજાઓની સેનાઓનો પોતાના ગુપ્ત હાથ-સ્વરૂપ યાદવો દ્વારા નાશ કરાવ્યો હતો તો પણ ભગવાનના મનમાં એવો એક વિચાર આવ્યો કે જયાં સર્વ કોઇને ભારે થઇ પડતું એવું આ યાદવકુલ પૃથ્વી ઉપર છે ત્યાં સુધી પૃથ્વી ઉપરનો ભાર ઊતરી ગયો છે એમ મારું મન નથી માનતું. વર્તમાનમાં આ યાદવ કુલને પહોંચી વળે એવી કોઇ શક્તિ નથી. જયારે પૃથ્વી ઉપર એક જ સત્તા ખૂબ ફાલે છે ત્યારે તે ગરીબ પ્રજાને પણ ભારરૂપ થઇ પડે છે. (૩) આ યદુકુલને મારો આશ્રય છે તેથી કોઇ અન્ય વ્યક્તિ દ્વારા યદુકુલનો પરાજય થઇ શકે તેમ નથી, તેમજ તેના વૈભવો અને ઐશ્વર્યોની નિત્ય પ્રતિદિન વૃદ્ધિ થઇ રહેલી છે તેથી કોઇ તેની સામે થવાની હિંમત કરતું નથી તેથીય યદુકુલ ઉચ્છૃંખલ બનતું જાય છે. માટે તેના નાશનો એક જ ઉપાય છે કે વાંસડાના વનમાં, વાંસડા પરસ્પર ટકરાય ત્યારે જ અગ્નિ સળગી બળીને સ્વયં ખાખ થાય છે. તે જ રીતે જો યદુકુલમાં અંદરોઅંદર સંઘર્ષ થાય તો તેનો નાશ થાય અને ત્યાર બાદ જ હું નિજધામમાં પ્રસ્થાન કરું એવો ભગવાને મનથી નિશ્ચય કર્યો. (૪)

स्वमूर्त्या लेकलावाण्यनिर्मुक्त्या लोचनं नृणाम् । गीर्भिस्ताः स्मरतां चित्तं पदैस्तानीक्षतां क्रिया : ॥ ६ ॥
आच्छिद्य कीर्तिं सुश्लोकां वितत्य ह्यञ्जसा नु कौ । तमोऽनया तरिष्यन्तीत्यगात् स्वं पदमीश्वर : ॥ ७ ॥

રાજન્ સત્યસંકલ્પ-વ્યાપક-સર્વસમર્થ ભગવાન શ્રીકૃષ્ણે ઉપર પ્રમાણે નિશ્ચત કરીને વિપ્રોના શાપને નિમિત્ત બનાવી પોતાના યદુકુલનો નાશ કર્યો. (૫) રસનિધિ રસરાજે અવતાર દશામાં ત્રણ લોકની લાવણ્યથી દૃષ્ટિ, વાડ્. માધુર્યથી મન, ચરણચિહ્નોથી ક્રિયાઓ અને ચરિતામૃતથી ભવિષ્યોના જીવોને સ્વરૂપનાં દાન કર્યાં રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણના કરતાં ત્રણે લાકમાં ક્યાંય અધિક લાવણ્ય નથી તેમજ ત્રણે લોકને જે શ્રીકૃષ્ણ ભગવાન જ લાવણ્યનાં દાન કરે છે, આવા દિવ્ય લાવણ્ય ભરપૂર પોતાના શ્રીવિગ્રહથી-પોતાના દિવ્ય સ્વરૂપથી ત્રણે લોકનાં નેત્રો પોતાના સ્વરૂપમાં લીધાં તેથી લોકોની દૃષ્ટિ દુનિયાના કોઇ પણ પદાર્થોને જોવાના રસવાળી જ ના રહી. (૧) વળી રસાત્મા શ્રીકૃષ્ણે પોતાની મધુર વાણીથી સર્વના મન પોતાનામાં વાળી લીધાં કારણ કે ભક્તોને તે વાણીનું સ્મરણ થતાં અન્ય કોઈ વસ્તુમાં મન જતાં જ ન હતાં (૨) શ્રીકૃષ્ણપ્રભુના બન્ને ચરણકમલોમાં રહેલા સોળ ચિહ્નોનાં દર્શન કરનારની ક્રિયાઓ પણ પોતાના તરફ વાળી લીધી. એનું તાત્પર્ય કે શ્રીકૃષ્ણચન્દ્રજીના ચરણારવિંદમાંના એકાદ વજ્ર - અંકુશ વગેરે ચિહ્નોમાંથી જો એકાદ ચિહ્ન જોયું તો તેની બહિર્મુખ વૃત્તિ જતી રહી અને ભગવાનની સેવામાં જ પોતાની સર્વ ક્રિયાઓને વાળી દીધી. (૩) આ ત્રણ ક્રિયાઓ અવતાર દશાના ત્રણ લોકના જીવો માટે કરી ત્યાર બાદ ભગવાન જયારે સ્વધામ પધાર્યા ત્યારે ભગવાન પોતાનું મધુર રસપ્રચુર ઉત્તમ લીલા અમૃત, પોતાનું યશ પૃથ્વી ઉપર સ્થાપી ગયા જેથી વ્યાસ, વાલ્મીકિ વગેરે સુકવિઓ પ્રભુની લીલાઓનાં મધુર વાણીમાં વર્ણન કરવા લાગ્યા. આ લીલાઓનાં શ્રવણ-કીર્તન-સ્મરણ કરીને સંસારના જીવો "હું ભૂતલ ઉપર નહીં બિરાજું તો પણ ભવસાગર પાર કરી જશે" (૪) આ રીતે ચાર પ્રકારે ભગવાન શ્રીકૃષ્ણે ત્રણે લોકનું કલ્યાણ કર્યું અને પોતાના નિજધામમાં પધારી ગયા. (૬,૭)

યાદવો શાપ પામે ખરા ?

પરીક્ષિત રાજાએ પૂછયું ભગવન્ ! યાદવો તો બ્રહ્મણોના અનન્ય ભકત હતા, દાનેશ્વર હતા, વળી ઉત્તમ જનોની સેવામાં ઓતપ્રોત અને શ્રીકૃષ્ણમાં જ અનન્ય મનવાળા હતા. આમ છતાં યાદવોને વિપ્રશાપ શાથી થયો ? (૮) હે વિપ્રવર્ય શુકાચાર્યજી ! નિમિત્તથી અને જે પ્રકારનો યાદવોને શાપ થયો હોય તે પ્રસંગ તેમજ પરસ્પર એક મનવાળા અને સંપવાળા યાદવોની વચ્ચે કલહ કેમ થયો ? આ સર્વ પ્રસંગ આપ મને કૃપા કરીને કહો. (૯) શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! વિશ્વના સમગ્ર સૌન્દર્યને શ્રીઅંગમાં ધારણ કરતા અને આપ્તકામ ભગવાન પૃથ્વી ઉપર પરમ મંગલ કાર્ય કરતા શ્રી દ્વારિકાપુરીમાં રાજભુવનમાં બિરાજી લોકોપદેશ માટે રમણ કરતા ઉદાર કીર્તિવાળા શ્રીકૃષ્ણે કુલનો

સંહાર કરવાની ઈચ્છા કરી, કારણ કે પૃથ્વીનો ભાર ઉતારવાના કાર્યમાં યદુકુલ-ક્ષય એ એક જ કામ બાકી હતું. (૧૦) ભગવાન શ્રીકૃષ્ણે યજ્ઞાદિ ધાર્મિક કાર્યો કરવા માટે ઋષિઓને નિમંત્રી પુણ્યોને વધારનારાં, તેમજ તે પુણ્યકારોનું વર્ણન કરવાથી જગતના કલિમલોને હરનારાં નિત્યકાર્ય, કામ્ય કર્મ, પ્રાયશ્ચિત્ત કર્મ વગેરે સર્વ મંગલ કર્મો શ્રી વસુદેવજી દ્વારા કરીને સંહારક કાળ સ્વરૂપે યદુદેવ શ્રી વસુદેવજી ગૃહે બિરાજતા શ્રીકૃષ્ણ ભગવાને પ્રેરેલા મુનિવરો પિંડારક ક્ષેત્રમાં પધાર્યા. (૧૧) આ ઋષિવરોમાં શ્રેષ્ઠ એવા વિશ્વામિત્ર, આસિત, કણ્વ, દુર્વાસા, ભૃગુ, કશ્યપ, વામદેવ, અત્રિ, વિસિષ્ઠ તથા નારદ વગેરે મુનિઓ પિંડારકમાં અવીને બિરાજ્યા. (૧૨) પિંડારક ક્ષેત્રમાં ક્રીડા કરતા યાદવકુમારો જાંબવતીના પુત્ર સાંબને સ્ત્રીના વેષમાં સજાવી આ તેજસ્વી મુનિવરોની સમીપમાં આવ્યા. અન્તરથી ઉચ્છૃંખલ યદુકુમારો ઉપરથી વિનય દર્શાવતા મુનિવરોના ચરણકમલનો સ્પર્શ કરી ઋષિવરોને પૂછવા લાગ્યા હે ત્રિકાલદર્શી ! હે અમોઘદર્શી મુનિવરો ! આ શ્યામનયના સગર્ભા નારી છે તે પ્રસવની તૈયારીમાં છે અને પુત્રની ઈચ્છાવાળી છે, તે આપને પૂછવા શરમાય છે, તેથી અમારા દ્વારા પૂછાવે છે માટે આપ કહો આ સ્ત્રી શું પ્રસવશે? પુત્ર કે પુત્રી ? (૧૩-૧૫)

રાજન્ ! આ પ્રમાણે મુનિઓની ઠેકડી કરી ત્યારે કોપેલા મુનિવરોએ કહ્યું. અરે મંદમતિ યદુકુમારો આ સ્ત્રી તમારા કુળનો નાશ કરનારા મુશળને જન્મ આપશે. ૧૬ આ શાપને સાંભળી યાદવ કુમારો અત્યંત ભય પામ્યા. તેઓએ તરત જ સાંબનું પેટ છોડીને જોયું તો તેમાંથી લોખંડનું મુશળ નીકળ્યુ. (૧૭) ત્યારે તેઓ પરિતાપ કરી કહેવા લાગ્યા કે કમભાગી એવા આપણે આ શું કર્યુ ? લોકો આપણને શું કહેશે ? એમ તેઓ ગભરાયા અને મુશળ લઈ ઘેર ગયા. (૧૮) ત્યાર બાદ યદુકુમારો મુશળને સભામાં લઇ ગયા અને ઉદાસીન મુખકાન્તિવાળા તેમણે સર્વ યાદવોની સમક્ષ આ વાત રાજા ઉગ્રસેનને જણાવી, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણથી છુપાવી રાખી. (૧૯) રાજન્ ! વિપ્રવરોના અફર એવા શાપને સાંભળી તેમજ તે મુશળ જોઇને દ્વારિકાવાસીઓ આશ્ચર્ય પામ્યા અને ભયથી અત્યંત ગભરાયા. (૨૦)

સમર્થ શ્રીભગવાને શાપને વ્યર્થ ન કરતાં અનુમોદન આપ્યું

આ પ્રસંગ સાંભળીને યાદવોના રાજા ઉગ્રસેને શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યા વિના જ તે મુશળનું ચૂર્ણ કરાવી નાંખ્યું અને તે ચૂર્ણને તેમજ તેમાંથી બાકી રહેલા લોખંડના ટુકડાને સમુદ્રના જળમાં નંખાવી દીધો. ૨૧ સાગરમાં પડેલા ટુકડાને કોઈ એક માછલું ગળી ગયું તેમજ ચૂર્ણ સમુદ્રોના તરંગો થી ઘસડાઇ કિનારા ઉપર આવી લાગ્યું તેમાંથી નેતર નામનું ઘાસ ઊગ્યું. (૨૨) લોખંડ ગળેલું તે માછલું સમુદ્રમાં બિછાવેલી માછીમારોની જાળમાં આવ્યું. ઢીમરોએ તેનું પેટ ચીર્યું ત્યારે તેમાથી તે લોહનો ટુકડો નીકળ્યો તે કોઇ પારધીના હાથમાં આવ્યો અને તેણે તેને બાણની અણીએ લગાવ્યો. (૨૩) ભગવાન શ્રીકૃષ્ણ આ સર્વ વૃત્તાંત જાણતા હતા, છતાં તેમણે વિપ્રોના શાપને વ્યર્થ કરવા ઈચ્છા ન કરી પરંતુ કાલાત્મા ભગવાને તે શાપને અનુમોદન આપ્યું. (૨૪)

भगवान्ज्ञातसर्वाथ ईश्वरोऽपि तदन्यथा । कर्तुं नैच्छद् विप्रशापं कालरूप्यन्वमोदत: ॥ २४ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંધનો પ્રથમ અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૨ જો

(આ બીજા અધ્યાયમાં ૫૫ શ્લોકો છે, શ્રીવસુદેવજીમાં અનુરાગ હતો, તેમજ હૃદયમાં વિરાગ હતો, વિપ્રોના શાપથી વૈરાગ્ય પ્રકટ થયો ભગવાને તે વૈરાગ્ય અને મુક્તિના અધિકારી બનાવવા શ્રીનારદજીને ગુરુ બનાવી ઉપદેશ અપાવ્યો-ભગવાન સ્વયં શાસ્ત્ર અને સત્સંગનું મહત્વ બતાવે છે. ભગવાન સ્વયં ગુરુ તો છે પરંતુ વસુદેવજીને ભગવાનમાં પુત્રવાત્સલ્ય છે તેથી નારદજીને ગુરુ બનાવે છે. વસુદેવજીમાં જ્ઞાનનું બીજ તો છે પરંતુ ગુરુના ઉપદેશામૃત જલથી તે ઊગે છે તેથી નારદજીને ગુરુ કર્યા છે. આ ઉપદશથી વસુદેવજીની મમતાનો અને ઉદ્ધવજીની અહંતાનો નાશ થશે. શ્રીનારદજી ભગવદિચ્છાથી જ ઉપદેશ કરશે. આ અધ્યાયથી નવ યોગેશ્વરોની મધુર કથા શરૂ થાય છે.)

श्रीशुक उवाच – गोविन्दभुजगुप्तायां द्वारवत्यां कुरुद्वह । अवात्सीन्नारदोऽभीक्ष्णं कृष्णोपासनलालस : ॥ २ ॥

શ્રીશુકાચાર્યજીએ કહ્યું રાજન્ ! હે કુરુકુલને વધારનાર ! ભગવાન શ્રીકૃષ્ણની ભુજાઓથી સુરક્ષિત શ્રીદ્વારકાપુરીમાં

દેવર્ષિ નારદજી વારંવાર શ્રીકૃષ્ણ પભુની સેવાની લાલસાથી પધારતા અને રહેતા હતા. (૧) હે રાજન્ ! ચારે તરફ મૃત્યુથી ઘેરાયેલો ઈન્દ્રિયોવાળો એવો કયો વિવેકી પુરુષ છે કે જે અમરવરોને પણ સેવવા લાયક શ્રીમુકુન્દ ભગવાનના ચરણકમળને ન સેવે ? (૨) રાજન્ ! એકવાર દેવર્ષિ નારદજી દ્વારિકામાં પોતાને ઘેર પધાર્યા ત્યારે વદેસુવજીએ દેવર્ષિનાં અર્ચન કર્યાં ત્યાર બાદ વિશ્રામ લઇ સુખપૂર્વક બિરાજ્યા ત્યારે અભિવંદન કરી શ્રી વસુદેવજીએ તેમને આ પ્રમાણે પૂછ્યું. (૩)

-સર્વમૈત્રી, સર્વ હિતકારિતા ગોવિન્દને અપાવવા, એ નારદજીના ત્રણ ગુણો અને વસુદેવજીના છ પ્રશ્નો -

રાજન્ ! યદુકુલના ક્ષયની ગાથા વસુદેવજી ઘણે ભાગે નથી જાણતા તેવા અરસામાં શ્રીનારદજી આંગણે પધાર્યા છે ત્યારે શ્રી વસુદેવજી શ્રી નારદજીને કહે છે કે હે ભગવાન્ ! માતા-પિતાનું આંગણે પધારવું મોટી વયનાં પણ સંતાનોનાં સર્વવિધ કલ્યાણ માટે હોય છે અને ભગવદીય જનોનું પધારવું દીન જનોના કલ્યાણ માટે છે તેમ આપનું પધારવું પણ સર્વ પ્રાણીઓનાં કલ્યાણ માટે હોય છે. (૪) ભગવન્ ! સત્પુરુષોની સરખામણીમાં મોટા સુરવરો પણ ન આવી શકે કારણ કે દેવોનું ચરિત્ર પ્રાણીઓને સુખકારક કે દુઃખકારક પણ હોય છે, પણ અચ્યુત ભગવાનના જે આત્માઓ છે. અચ્યુત ભગવાન જેમનો આત્મા છે, અચ્યુત ભગવાન માટે જ જેમનો આત્મા છે એવા ગોપીજન તુલ્ય આપના જેવા પરમ ભાગવતોનું ચરિત્ર તો સર્વને સુખકારક જ હોય છે. (૫) મનુષ્ય જે પ્રકારે શરીરથી ચેષ્ટા કરે છે તે પ્રકારે તેની છાયા પણ તેવી જ ચેષ્ટા કરે છે આ પ્રમાણે કર્મમાં સહાયક થનારા દેવો પણ જે પ્રકારે પોતાને સેવે છે તે પ્રકારે જ તેઓને ભજે છે તેમજ ભજનના પ્રમાણમાં જ ઉપાસકોને ફળ આપે છે, પણ સત્પુરુષો તો દીન જનો ઉપર વાત્સલ્ય ધરાવનારા હોય છે તેઓ તે જીવના કર્મની અપેક્ષા રાખ્યા વિના જ તેને ભગવદ્રૂપ ફળ આપે છે. (૬) હે બ્રહ્મન્ ! હે નારદજી ! આપ અમારે આંગણે પધાર્યા તેથી જ કૃતાર્થ થયા છીએ છતાં પણ અમે આપને ભગવાનના ધર્મો અંગે પ્રશ્ન પૂછીએ. મહારાજ ! ભગવદ્-ધર્મોને શ્રદ્ધાથી સંભળનાર મનુષ્ય સર્વ પ્રકારનાં ભયથી મુક્ત થાય છે. (૭) બ્રહ્મન્ ! પૂર્વમાં મેં એક વાર દેવમાયાથી મોહ પામીને મોક્ષ આપનાર ભગવાનને પૃથ્વી ઉપર સંતાનની લાલસાથી સેવ્યા હતા પરંતુ મોક્ષ માટે સેવ્યા ન હતા. (૮) હે નારદજી ! આપ તો સુવ્રત છો એટલે શરણાગતનાં સર્વ કાર્યોને સિદ્ધ કરવાના સ્વભાવવાળા છો માટે વિચિત્ર પ્રકારનાં દુઃખોથી ભરેલા આ સંસારમાંથી અનાયાસે છૂટીએ તે રીતે આપ અમને સાક્ષાત્ ઉપદેશ આપો. (૯)

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! જયારે ભગવાનમાં બુદ્ધિવાળા શ્રી વસુદેવજીએ આવો પ્રશ્ન પૂછયો ત્યારે આ પ્રશ્ન સાંભળતા શ્રીહરિના ગુણોનું સ્મરણ થઇ આવતાં અત્યંત પ્રસન્ન થયેલા દેવર્ષિ નારદજી શ્રીવસુદેવજીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૦)

પ્રસન્ન થયેલા દેવર્ષિ હરિગુણગાથા ગાય છે અને વિદેહ રાજાની ગાથા વર્ણવે છે

શ્રી નારદજીએ કહ્યુ કે હે ભક્તવર વસુદેવજી ! આપે આ ઉત્તમ નિશ્ચય કર્યો છે કારણ કે આપે સમગ્ર જગતને શુદ્ધ કરનારા ભગવાનના કલ્યાણ ધર્મો સંબંધી પ્રશ્નો પૂછયા છે. (૧૧) હે વસુદેવજી ! ભગવાનના એકાદ ધર્મનું કે ભગવદીયના ધર્મનું શ્રવણ માત્ર થાય એટલામાં તો લોકવેદધર્મઘાતી અજામિલ જેવો તત્કાલ પવિત્ર થાય છે તેમજ ભગવદ્ધર્મનું શ્રવણ કરી, કીર્તન કરાય કે ધ્યાન કરાય તો સદા પવિત્ર થવાય છે. અરે ભાઈ ! કોઇ શ્રવણ-કીર્તન કે ધ્યાન કરે તેનો આદર કરે તે પણ પવિત્ર થાય છે તો પછી ભગવાનના અનંત ગુણો અને ધર્મોના શ્રવણ-કીર્તન-ધ્યાનનો તો મહિમા શો ગાવો. (૧૨)

હે પરમ સંત શ્રી વસુદેવજી ! આપે તો ઠાકોરજીને સ્પર્શતા પ્રશ્ન પૂછીને મારા ઉપર ઉપકાર કર્યો છે. ખરેખર આજે આપે સર્વોત્તમ કલ્યાણ સ્વરૂપ અને સર્વશ્રેષ્ઠ પુણ્યથી ભરેલા શ્રવણ-કીર્તનવાળા નિષ્પક્ષપાતી ભગવાન્ શ્રી નારાયણનું મને સ્મરણ કરાવ્યું છે. (૧૩) મહારાજ ! હવે આપને ભગવાનના ધર્મો સંબંધી ચર્ચાથી ભરેલા એવા પુરાતન ઈતિહાસને વર્ણવું જે ઈતિહાસને વિદ્વાનો વર્ણવે છે. આ ઈતિહાસ મહાત્માશ્રી જનકરાજા અને શ્રીઋષભદેવજીના નવ યોગેશ્વર

પુત્રોના સંવાદ રૂપે છે. (૧૪) શ્રી સ્વયંભુવ મનુના પ્રિયવ્રત નામના જયેષ્ઠ પુત્ર હતા. તેમના શ્રી આગ્નીધ્ર પુત્ર થયા અને શ્રી આગ્નીધ્રના શ્રી નાભિ નામના પુત્ર થયા: શ્રીનાભિમહારાજનો ૠષભદેવ પુત્ર કહેવાય છે. (૧૫)

જ્ઞાની પુરુષો કહે છે કે શ્રી વાસુદેવ ભગવાનના અંશરૂપ શ્રીૠષભદેવજી મોક્ષધર્મનો ઉપદેશ કરવાની અભિલાષાથી ભૂતલ ઉપર અવતર્યા હતા. તેઓશ્રીના વેદપારંગત સો પુત્રો હતા. (૧૬) આ સો પુત્રોમાં શ્રીભરતજી સર્વશ્રેષ્ઠ પુત્ર હતા. તેઓશ્રી શ્રીનારાયણના ભકત હતા. શ્રીભરતજીના નામ ઉપરથી તો આ અજનાભ નામનો ખંડ 'ભારત' એવા અદ્‌ભુત નામથી પ્રસિદ્ધિ પામેલ છે. (૧૭) શ્રીભરતજી ભોગવેલા ભોગોવાળી આ પૃથ્વીને ત્યજી દઈને રાજભુવનમાંથી નીકળી જઈ વનમાં વસ્યા. ત્યાં તપશ્ચર્યા આદરી શ્રીહરિની સેવા કરી અને ત્રણ જન્મ દ્વારા શ્રીહરિ ભગવાનના સ્વરૂપને પામ્યા. (૧૮) શ્રીૠષભદેવના બાકીના નવાણું પુત્રોમાંથી નવ પુત્રો આ ભરતખંડની ચારે બાજુના બ્રહ્મવર્ત વગેરે નવ દ્વીપોના નવખંડના નવ સ્વામી થયા અને એકાશી પુત્રો કર્મમાર્ગના પ્રવર્તક થયા તેમનામાં બ્રહ્મણ્ય દેવતાનો આવિર્ભાવ થયો. (૧૯) એ શિવાયના કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન આ નવ પુત્રો ષડ્‌ગુણસમ્પન્ન યોગેશ્વરો થયા. તેઓ મહાભાગ હતા, મનનશીલ હતા, પરમાર્થ વસ્તુને કરનારા હતા. વળી બાલ્યાવસ્થાથી એ ભગવદ્‌ધર્મોમાં કામ કરનારા હતા, દિગંબર હતા. અને સદા આત્મવિદ્યામાં કુશળ હતા. (૨૦,૨૧) તઓ આ સ્થૂલ સૂક્ષ્મ સમગ્ર જગતને ભગવત્સ્વરૂપે જોતા હતા તેમજ ભગવદ્‌રૂપ જગતને પોતાનાથી ભિન્ન જોતા ન હતા. સર્વત્ર પૃથ્વી ઉપર વિચરતા હતા. આ મુક્ત યોગેશ્વરોની મનોગતિ હતી તેથી તેઓ સર્વત્ર જઈ શકતા હતા. તેઓ પોતાની ઈચ્છાનુસાર દેવો, સિદ્ધો, સાધ્યો ગંધર્વો, યજ્ઞો, મનુષ્યો તથા નાગોના લોકોમાં વિચરતા હતા તેમજ મુનિઓ, ચારણો, ભૂતપતિઓ, વિદ્યાધરો, બ્રહ્મણો તથા ગાયોનાં સ્થાનોમાં પણ વિચરતા અને આજે પણ વિચરે છે. (૨૨,૨૩)

શ્રીનિમિરાજાના સત્રમાં નવ યોગેશ્વરોનું સ્વાગત

રાજન્ પરીક્ષિત ! એકવાર તે નવ યોગેશ્વરો અજનાભ ખંડમાં ૠષિવરો દ્વારા ચાલતા મહાત્મા શ્રીનિમિરાજાના સત્રમાં ભગવદિચ્છાથી જઈ પહોંચ્યા. (૨૪) હે રાજન્ ! સૂર્ય સરખા તેજસ્વી તે પરમ ભગવદીયોનાં દર્શન થતાં યજમાન નિમિરાજા અગ્નિદેવો અને સર્વ વિપ્રવરો યોગેશ્વરોનાં સ્વાગત માટે ઊભા થઈ ગયા. (૨૫) વિદેહ નિમિ રાજા સ્વયં નારાયણના ભક્ત હતા. યોગેશ્વરોનાં દર્શનથી પ્રસન્ન થયા, યોગેશ્વરાને સુખપૂર્વક બિરાજવા ઉત્તમ આસન ઉપર પધરાવી રાજાએ સ્વયં તેઓનાં સારી રીતે અર્ચન કર્યાં. (૨૬) ત્યાર બાદ પોતાની કાંતિથી બ્રહ્મપુત્ર સનત્કુમારો સમાન પ્રકાશમાન નવ યોગેશ્વરોના ચરણે વિનયથી ઢળી પડેલા અત્યંત પ્રસન્ન થયેલા શ્રી નિમિરાજાએ વિવેકભર્યા પ્રશ્નો પૂછવાનો આરંભ કર્યો. (૨૭)

વિદેહનો વિવેક અને ધર્મજિજ્ઞાસા

मन्ये भगवतः साक्षात् पार्षदान् वो मधुद्विषः । विष्णोर्भूतानि लोकानां पावनाय चरन्ति हि ॥ २८ ॥
दुर्लभो मानुषो देहो देहिनां क्षणभङ्गुर : । तत्रापि दुर्लभं मन्ये वैकुण्ठप्रियदर्शनम् ॥ २९ ॥
अत आत्यन्तिकं क्षेमं पृच्छामो भवतोऽनघाः । संसारेऽस्मिन् क्षणार्धोऽपि सत्सङ्गः शेवधिर्नृणाम् ॥ ३० ॥
धर्मान् भागवतान् ब्रूत यदि नः श्रुतये क्षमम् । यैः प्रसन्नः प्रपन्नाय दास्यत्यात्मानमप्यजः ॥ ३१ ॥

વિદેહ નિમિરાજા બોલ્યા કે “હું આપને મધુદૈત્યનો નાશ કરનારા વિષ્ણુ ભગવાનના સાક્ષાત્ પાર્ષદ માનું છું કારણ કે વિષ્ણુ ભગવાનના પાર્ષદો લોકોને પવિત્ર કરવા માટે સદા વિચરે છે. ભગવન્ ! પ્રથમ તો મનુષ્ય શરીર ક્ષણભંગુર છે અને વળી એ મેળવવું પ્રણીઓ માટે અતિ દુર્લભ છે, આવી પરિસ્થિતિમાં જો વૈકુંઠમાં ભગવાનના પ્રિય ભક્તોનું દર્શન થાય એથી અધિક દુર્લભ લાભ બીજો કયો હોઈ શકે ! (૨૮,૨૯) હે નિર્દોષ મુનિવરો ! હે પવિત્ર મુનિવરો ! આ સંસારમાં અર્ધક્ષણ સત્સંગ બની જાય તો મનુષ્ય માટે કલ્યાણનો ખજાનો થઈ જાય છે. માટે જ આપને સર્વશ્રેષ્ઠ કલ્યાણ માટે, પરમ કલ્યાણ માટે પ્રશ્ન પૂછી રહ્યા છીએ. (૩૦) માટે મુનિવરો ! અમારે સાંભળવા યોગ્ય હોય તો

ભગવાનના ધર્મો આપ અમને કહો. જે ભગવદ્ધર્મોથી પ્રસન્ન થયેલા અજન્મા ભગવાન શરણાગત આત્માઓને પોતાના સ્વરૂપનાં દાન કરે છે. (૩૧) રાજન્ ! પરીક્ષિત ! શ્રીનારદજીએ ત્યાર બાદ કહ્યું કે શ્રીવસુદેવજી સમર્થ અને સર્વ શ્રેષ્ઠ યોગેશ્વરોને શ્રીવિદેહરાજાએ જયારે આવા પ્રશ્ન પૂછયા ત્યારે તે યોગેશ્વરોએ સભાસદોનો, ઋત્વિજોનો અને નિમિરાજાનો પ્રેમપૂર્વક સત્કાર કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૨)

યોગેશ્વર કવિએ વચનામૃત આરંભ્યાં

कौति भक्तेभ्य उपदिशति इति कवि ભકતોને ભગવાન્માર્ગનો ઉપદેશ કરે તે કવિ કહેવાય કવિ એટલે વિવેકી એવા કવિ યોગેશ્વરજી ૧૧ શ્લોકોમાં ભક્તિ-વૈરાગ્ય-ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થાય તેનો ઉપદેશ કરે છે

मन्येऽकुत श्चिद्भयमच्युतस्य पादाम्बुजोपासनमत्र नित्यमम् ग्नउद्विग्बुद्धेरसदात्मभावाद् विश्वत्मना यत्र निवर्तते भीः ॥३१॥

તેઓ શ્રી બોલ્યા કે રાજન્ નિમિ ! મારું તો માનવું છે કે અચ્યુત ભગવાનના શ્રીચરણોની નિત્ય સેવા કરી એ સર્વ ભયથી મુક્ત થવાનો એક જ ઉપાય છે. દેહ, ગેહ, પુત્ર, ધન વગેરેમાં અહંતા મમતાને કારણે કાયમ બુદ્ધિ ઉદ્વિગ્ન જ રહ્યાં જ કરે છે. તેથી જ સર્વ બાજુથી ભય થાય છે. આ સમગ્ર ભયને દૂર કરવાનું સાધન કેવલ હરિચરણસેવા જ છે. (૩૩) તેમજ ભગવાને ભગવદ્ગીતામાં मन्मनाभव મારામાં મનવાળો થા વગેરે જે ઉપાયો ભગવાનની પ્રાપ્તિ માટે બતાવ્યા છે તે ધર્મો-તે ઉપાયો જેઓ તત્ત્વજ્ઞાનને નથી જાણતા તેમને માટે ઘણા જ સરલ ઉપાયો છે અને તે ભગવદ્ધર્મો છે એવું રાજન્ જાણો. (૩૪) હે રાજન્ ! આ ભગવદ્ધર્મોનો આશ્રય કરી પુરુષ કદી પ્રમાદી થતો નથી. યોગસાધના વગેરમાં જેવાં વિઘ્નો નડે છે તેવાં ભગવદ્ધર્મમાં કદી નડતાં નથી. આ વૈષ્ણધર્મોમાં આંખો મીંચીને દોડી જાય તો પણ ઠોકર ખાતો નથી કે પડતો નથી. (૩૫)

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्याऽऽत्मना वानुसृतस्वभावात् । करोति यद् यद् सकलं परस्मै नारायणायेति समर्पयेत्तत् ॥३६॥

भयं द्वितीयाभिनिवेशतः स्यादीशादपेतस्य विपर्ययोऽस्मृतिः । तन्माययातो बुध आभजेत्तं भक्त्यैकयेशं गुरुदेवतात्मा ॥३७॥

अविद्यमानोऽप्यवभाति हि द्वयो धातुर्धिया स्वप्नमनोरथौ यथा । तत्कर्म संकल्पविकल्पकं मनो बुधो निरुन्ध्यादभयं ततः स्यात् ॥३८॥

કાયાથી, વાણીથી, ઇન્દ્રિયોથી, બુદ્ધિથી, અહંકારથી તેમજ ચાલી આવતી સહજ વાસનાના સ્વભાવથી મનુષ્ય જે જે કર્મ કરે છે તે તે સર્વ પરમાત્મા નારાયણને અર્પણ કરવાં તેનું નામ ભાગવત ધર્મ છે. (૩૬) રાજન્ ! કોઇ માને કે ભય તો જ્ઞાનથી દૂર થાય છે તો એ વાત ન ભૂલવી કે ભય ભગવાનની માયાથી ઉત્પન્ન થાય છે. માટે બુદ્ધિમાન જો ભગવાનને ભજે તો ભય નાશ પામે છે. કોઇ કહે કે દેહમાં અહંતા અને પુત્રાદિમાં મમતાથી ભય ઉત્પન્ન થાય છે ત્યાં માયાનું કાર્ય ક્યાં ? તો એનો ઉત્તર આપ્યો કે જીવ જયારે ભગવત્સેવાથી, ભગવત્સ્મરણથી, ભગવત્સ્વરૂપથી વિખૂટો પડે છે, વિમુખ જાય છે ત્યારે ભગવાનને તે ભૂલી જાય છે ત્યારે માયા તેને ભગવાનનું સ્વરૂપ ભૂલાવી દે છે. અને આ દેહ હું છું એવું વિપરીત જ્ઞાન થાય છે ત્યારે જ દ્વૈતબુદ્ધિ થાય છે અને આ બુદ્ધિથી ભય એટલે સંસારપ્રાપ્તિ થાય છે. આવો સંસાર ના થાય, ભય ના થાય માટે ભગવાનને જ ગુરુ તરીકે અને આત્મા તરીકે અનન્ય ભક્તિથી સેવે. (૩૭) કદાચ એવી શંકા થાય કે વિષયથી વ્યાકુલ મનવાળો પુરુષ સેવા કે સુદઢ ભક્તિ ક્યાંથી કરે? અને ભક્તિ ન કરે તો નિભર્યતા ક્યાંથી આવે? તો તેનો ઉત્તર એ છે કે આ સંસાર એ વાસ્તવિક વસ્તુ નથી તે તો ધ્યાનથી પ્રપ્ત થાય છે માટે ધ્યાનના સાધનરૂપ સંકલ્પ કરનારા મનને ભગવદ્ભજન-કીર્તન સ્મરણના વ્યાપારમાં રોકી દેવું. આ રીતે મનનું રોકાણ થતાં ભક્તિ ઉત્પન્ન થાશે અને તે મોક્ષને મેળવી શકશે. (૩૮)

श्रृण्वन् सुभद्राणि रथाङ्गपाणेर्जन्मानि कर्माणि च यानि लोके । गीतानि नामनि तदर्थकानि गायन् विलज्जो विचरेदसङ्ग : ॥ ३९॥

एवंव्रतः स्वप्रियनामकीर्त्या जातानुरागो द्रुतचित्त उच्चैः । हसत्यथो रोदिति रौति गायत्युन्मादवन्नृत्यति लोकबाह्यः ॥ ४०॥

खं वायुमग्निं सलिलं महीं च ज्योतींषि सत्वानि दीशो द्रुमादीन् । सरित्समुद्रांश्च हरेः शरीरं यत्किञ्च भूतं प्रणमेदनन्यः ॥ ४१॥

भक्तिः परेशानुभवो विरक्तिरन्यत्र चैष त्रिक एककालः । प्रपद्यमानस्य यथाश्नतः स्युस्तुष्टिः पुष्टिः क्षुदपायोऽनुघासम् ॥ ४२॥

इत्यच्युतांघ्रिं भजताऽनुवृत्या भक्तिर्विरक्तिर्भगवत्प्रबोधः । भवन्ति वै भागवतस्य राजंस्ततः परां शान्तिमुपैति साक्षात् ॥ ४३॥

જ્ઞાન વગેરે કોઇ પણ સાધનની આવશ્યકતા નથી કેવલ દેહ ધારણ કરેલ માનવમાત્ર કરી શકે છે. આ માટે માનવે લાજ પડતી મૂકી સર્વસંગ છોડી દઇ એકલાં વિચરતા ચક્રપાણિ ભગવાન શ્રીકૃષ્ણનાં સર્વ પ્રકારે મંગલ કરનારા પ્રભુના પ્રાકટ્યની કથાઓનું શ્રવણ કરતા રહેવું, પ્રભુની અનંત લીલાઓનું કીર્તન કરતા રહેવું, પ્રભુની અનેક લીલાઓનું સ્મરણ કરાવનારાં પ્રભુનાં નામોનું સંકીર્તન કરતાં રહેવું, લોકકવિઓએ પણ ગાયેલી ભક્તિભાવ ભરી ભગવાનની લીલીઓનાં શ્રવણ-કીર્તન-સ્મરણ કરતાં રહેવું. (૩૯) રાજન્ ! આ પ્રકારે ગુણ, કર્મ, નામસંકીર્તનવાળા ભક્તને શ્રીહરિનાં નામસંકીર્તન વગેરેથી ભગવાન શ્રીહરિ ઉપર પ્રેમ ઉભરાશે. આવો ભક્ત ભગવાનને હારી ગયેલા જોઇને મુક્ત કંઠે હસવા લાગે છે તો કોઇવાર આર્તિ વધી જાય, ભગવાનની ઝાંખી ન થાય તો રડે છે, તો કોઇ વાર મોટે અવાજે હે હરે ! હે કૃષ્ણ ! હે ગોવિંદ ! હે માધવ ! કરીને પોકારે છે રોતાં રોતાં થાકી જાય ત્યારે ગળામાં અને ગળામાં રડે છે. તો વળી ગાંડાની માફક ગાયાં કરે છે તો વળી પાગલની માફક નાચ્યાં કરે છે. કારણ કે એ તો પ્રભુ પાછળ પાગલ બનેલો લોકબાહ્ય આત્મા છે. એ તો અલૌકિક ભક્ત છે. (૪૦) રાજન્ ! હરિકીર્તનથી તન્મય બનેલા આ ભક્તને સર્વશ્રીકૃષ્ણમય દેખાય છે તેથી તે આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, નક્ષત્રો, જ્યોતિર્ગણ સર્વ પ્રાણીઓ, દિશાઓ, વૃક્ષ, લતા વગેરે તેમજ સરિતાઓ, સાગરો તથા જે જે કંઇ અન્ય પદાર્થ છે તે સર્વને ભગવાનનાં જ સ્વરૂપ સમજતો અને જોતો પ્રણામ કરે છે. (૪૧) રાજન્ ! કોઈ કહે આવી દિવ્ય સ્થિતિ તો યોગારૂઢને પણ દુર્લભ છે તે કેવલ નામ-ગુણ-લીલા-સંકીર્તનથી કેમ થઇ જાય તો કવિ યોગેશ્વરજી કહે છે આવી શંકા ન કરો. સાંભળ ! જેમ ભોજન કરનાર મનુષ્યને પ્રત્યેક ગ્રાસ સંતોષ, પોષણ અને ક્ષુધાનિવૃત્તિ એ ત્રણે એક જ વખતે સાંપડે છે તે જ રીતે પ્રભુના શરણાગત અનન્ય ભક્તને એકી સાથે અનન્ય ભક્તિ, વૈરાગ્ય અને ભગવત્સ્વરૂપનો અનુભવ થાય છે. (૪૨) અરે રાજન્ ! અધિક શું કહું? ભોજન કર્યા પછી જેમ સંતોષ, પોષણ વગેરેમાં વૃદ્ધિ થાય છે તેમ શ્રીઅચ્યુત ભગવાનના ચરણારવિંદને ભજતાં, સેવાં સ્વાભાવિક રીતે જ પરાભક્તિ, ભગભોગવૈરાગ્ય તેમજ ભવત્સ્વરૂપનું જ્ઞાન આ ત્રણે પ્રાપ્ત થાય છે અને આવા પરમ ભગવદીયને અંતમાં રાજન્! અનન્ય શાંતિ પ્રાપ્ત થાય છે. (૪૩)

નિમિરાજાએ કહ્યું કે મહારાજ ૪૩માં શ્લોકમાં આપે કહ્યું 'ભગવાન' પુરુષને પરમ શાંતિ મળે છે તો ભગવાન્ ! હવે કૃપા કરીને કહેશો કે આવા પરમ ભગવદીયનું લક્ષણ કેવું હશે ? (૧) તે પરમ ભગવદીયોની મધ્યમાં કેવી રીતે રહેતો હશે ? (૨) મનુષ્યોની મધ્યમાં કેવી રીતે રહેતો હશે ? (૩) એના શમદમ વગેરે ધર્મો કેવા હશે ? (૪) પ્રવાહમાં લોકવ્યવહારમાં કેવો રહેતો હશે ? (૫) એના મન-વાણી કાયાના વ્યવહારો કેવા હશે ? (૬) તેનો વેશ કેવો હશે ? (૭) તે કેવું બોલતો હશે ? શું બોલતો હશે ? (૮) તે કેવી રીતે જીવતો હશે ? (૯) તે કેવી રીતે ભગવાનનો પ્રિય બનતો હશે ? (૧૦) એનો આચાર કેવો ? (૧૧) હે યોગેશ્વરો ! કૃપા કરીને મને આવા ભગવાનના લાડીલા ભગવદીયને એટલે 'ભાગવાત' પુરુષને સમજાવો. (૪૪)

નિમિરાજાના પ્રશ્નોના ૧૧ શ્લોકમાં "હરિ" નામના યોગેશ્વરજી પ્રત્યુત્તર આપે છે

"હૃદયને હરી લે દુઃખોને હરી લે અને હર્ષ આપે" આવા ઉત્તમ ગુણવાળા હરિ યોગેશ્વરનાં વચનામૃત ચિત્તને ભક્ત કરી દેશે. હરિ નામના યોગેશ્વરજીએ કહ્યું કે "નિમિરાજ ! ભગવાનમાંથી ઉત્પન્ન થયેલાં સમસ્ત ભૂતોમાં ભગવાનના ભાવથી જૂએ તેમજ ષડ્ઐશ્વર્ય સમ્પન્ન ભગવાનમાં સર્વ ભૂતોને જૂએ, આવી સ્થિતિમાં રહેનાર ભક્તને જ્ઞાની ભક્તમાં ઉત્તમ ભગવત કહેલો છે. (૪૫) મધ્યમ કક્ષામાં કૃપા કરે છે અને ભગવદ્ભક્તોમાં દ્વેષ કરનારામાં ઉપેક્ષા વૃત્તિ રાખે છે. (૪૬) અને જે પુરુષ ભગવાનની પ્રતિમામાં જ શ્રદ્ધાથી ભગવાનની પૂજા કરે છે પણ ભગવાનના ભક્તોની કે બીજી કોઇની પૂજા કરતો નથી તે ભક્ત ભક્તિનો કેવળ ઇન્દ્રિયો દ્વારા વિષયોને ગ્રહણ કરીને પણ તેનો દ્વેષ કે તેની પ્રસન્નતા કરતો નથી, પરંતુ આ સર્વ ભગવાન વિષ્ણુની જ માયા છે એવું સમજે છે તે ભગવાનનો ઉત્તમ ભક્ત છે. (૪૮) જે ભક્ત શ્રીહરિના સ્મરણના બલથી દેહના ધર્મો-કામ ભોગ કષ્ટ વગેરે; પ્રાણના ધર્મો-ક્ષુધા તૃષા વગેરેઃ મનના ધર્મો-ભય વગેરે; બુદ્ધિના ધર્મો-તૃષ્ણા વગેરે સંસારધર્મો છે એમ સમજીને આ દેહાદિ સંસારધર્મોથી મોહ પામે નહીં તે

ભગવાનનો ઉત્તમ ભક્ત છે. (૪૯) જેના ચિત્તમાં કામ, કર્મો તથા વાસનાઓનો સંભવ નથી હોતો વળી જેને કેવલ વાસુદેવ ભગવાનનો જ આશ્રય હોય છે તે મર્યાદા પુષ્ટિ અને પ્રપત્તિનો આશ્રય લેનાર ભગવાનનો ઉત્તમ ભક્ત છે. (૫૦) જેને સત્કુલમાં જયોતિષ્ટોમ આદિ કર્મ, બ્રાહ્મણાદિવર્ણમાં જન્મ, બ્રહ્મચર્યાદિ આશ્રમ જાતિથી આ શરીરમાં અહંભાવ થતો નથી તે ભક્ત શ્રીભગવાનનો પ્રિય ભક્ત બને છે. (૫૧) ધનમાં પણ મારું ધન છે તે મારે માટે અને મારા કુટુંબી જનો માટે વપરાય બીજા માટે નહીં એવો ભેદ નથી તેમજ પોતાના દેહમાં આ મારો દેહ અને આ પારકો દેહ આવો ભેદ નથી પરંતુ સર્વ પ્રાણીઓને જે સમાન સ્વરૂપે જાણે છે તેમજ પોતાના સ્વરૂપે જાણે છે અને શાંત હોય છે તે ભગવદીય જનોમાં ઉત્તમ ભગવદીય ગણાય છે. (૫૨)

त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठस्मृतिरजितात्मसुरादिभिर्विमृग्यात् ।
न चलति भगवत्पदारविन्दाल्लवनिमिषार्धमपि यः स वैष्णवाग्र्यः ॥५३॥

રાજન્ ! રાજસૂય આદિ યજ્ઞો કરનારને મળતા ત્રણ લોકના વૈભવો જો ભક્તને ભગવચ્ચરણકમલના એક અડધા જ પલકનું વિસ્મરણ કરે તેના બદલામાં તેને અપાય તો પરમ ભાગવત તે લેવા નથી ચાહતો. તે તો ભગવાનના ચરણકમલની અખંડ સ્મૃતિમાં જ આનંદ લે છે. કારણ કે ભગવાનમાં મન રાખનારા મોટા દેવો, યોગીઓ અને મુનિવરો ભગવાનના જે ચરણકમલોને શોધ્યાં કરે છે તો પણ તેમને નથી મળતાં એવા દેવાદિ દુર્લભ ચરણારવિંદોમાંથી અડધી પલક કે અડધો ક્ષણ પણ ચલિત થવું તેમને નથી રુચતું. રાજન્ એ ભક્ત તો વૈષ્ણવ શિરોમણિ છે. (૫૩)

भगवत उरुविक्रमाङ्घ्रिशाखानखमणिचन्द्रिकया निरस्ततापे । हृदि कथमुपसीदतां पुनः स प्रभवति चन्द्र इनोदितेऽर्कतापः ॥५४॥

જેમ ચંદ્ર ઉદય પામે ત્યારે સૂર્યનો સંભવતો નથી તેમ ત્રિભુવનમાં વિસ્તાર પામેલા ત્રિવિક્રમ ભગવાનના ચરણકમલની અંગુલિઓના દશ નખમણિઓની શીતલ ચાંદનીથી ભક્તના હૃદયના તાપો દૂર થઇ ગયા હોય છે તેવા ભક્તજનના હૃદયમાં ફરી કામાદિનો સંતાપ કેમ ઉત્પન્ન થાય ? (૫૪) અભાન અવસ્થામાં, તાવમાં, ઊંચેથી પડતાં કે મરણ સમયે ભય દશામાં પણ જો પુરુષે ભગવાનના નામનો ઉચ્ચાર કર્યો હોય તો તે ભગવન્નામોચ્ચાર પાપના ઢગલાનો નાશ કરી દે છે એવા દયાળુ શ્રીહરિ ભકતના પ્રેમથી સુંવાળી રશનાથી બંધાયેલા ચરણકમલવાળા બને છે અને તે પુરુષના હૃદયને સ્વયં સાક્ષાત્ કદી છોડતા નથી આવા ભાગ્યશાળી પુરુષને ભગવાનના ભક્તોમાં પરમ ભાગવત કહેવામાં આવે છે. (૫૫)

विसृजति हृदयं न यस्य साक्षाद्धरिरवशाभिहितोऽप्यघौघनाशः । प्रणयरशनयाधृताङ्घ्रिपद्मः स भवित भागवतप्रधान उक्तः ॥५५॥

શ્રીમદ્ ભાગવતપીયૂષમાં એકાદશસ્કંધનો ૨જો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૩જો

(આ અધ્યાયમાં ચાર યોગેશ્વરોનો સત્સંગ આવશે. આ ચાર યોગેશ્વરોને ચાર સનત્કુમારો જેવા જાણવા. આ બીજા અધ્યાયમાં જ્ઞાન ભક્તિ, કર્મમાર્ગના ભક્તોનાં લક્ષણ વર્ણવ્યાં છે તે કક્ષાના જે ભક્તો નથી હોતા તેમને માટે શો ઉપાય કરવો એની ચર્ચા આ અધ્યાયમાં આવશે. માયાના પ્રવાહને સમજાવશે (૧) તેમજ માયાના પ્રવાહને તરવાનું જ્ઞાન સમજાવશે, (૨) ત્યારબાદ જ્ઞાનનું અને કર્મનું પણ સ્વરૂપ સમજાવશે. (૩) આ અધ્યાયમાં ૫૫ શ્લોક છે.)

(રાજા પૂછે છે કે સર્વ વસ્તુઓનું સ્વરૂપ લેવાની શક્તિશાળી એક માયા છે, (૧) બીજી સર્વ વિદ્યાને ઉત્પન્ન કરનારી માયા છે (૨) અને લોકમાં મોહ પેદા કરનારી માયા છે હે નાથ ! આ વિના અન્ય માયા છે ખરી અને એનું સ્વરૂપ શું ?)

राजोवाच-परस्य विष्णोरीशस्य मायिनामपि मोहिनीम् । मायां वेदितुमिच्छामो भगवन्तो ब्रुवन्तु नः ॥

શ્રીનિમિરાજએ કહ્યું કે હે યોગેશ્વરો આપે ૪૮ માં શ્લોકમાં "ભગવાન વિષ્ણુની માયા" ની વાત કરી પરંતુ તેનું સ્વરૂપ વર્ણવ્યું નથી. તો ભગવન્ ! સર્વસમર્થ પરમેશ્વરની માયા માયાશક્તિ ધરાવતા બ્રાહ્માદિ દેવોને કે જ્ઞાનીઓને પણ મોહ

કરનારી છે તો ભગવન્ ! અમારું તો માયા સામે સામર્થ્ય જ શું ? તો પછી આપ યોગેશ્વર ભગવાનો અમને આ માયાને ન સમજાવો? (૧) ભગવન્ ! હું તો સંસારતાપોથી સદા સર્વ પ્રકારે તપેલ છું. જયારે આપશ્રીના શ્રીમુખેથી નીતરતું વચન તો શ્રીહરિનું કથામૃત છે, જે આ અમૃતનું પાન કરવા છતાં નથી તૃપ્તિ થતી. મરણશીલ મનુષ્યના ત્રિવિધ તાપને શમન કરતું તે રસાયણ છે. (૨)

નિમિરાજાના આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીઅંતરિક્ષ મુનિ બોલ્યાઃ આ અંતરિક્ષ યોગેશ્વર અન્તર્મુખ હતા અને અંતઃકરણમાં ભગવાનનાં દર્શન કરતા તેથી તેમનું નામ અંતરિક્ષ મુનિ હતું. આ અંતરિક્ષ મુનિ સાડા ચૌદ શ્લોકોમાં નિમિરાજાને પ્રત્યુત્તર આપે છે.

શ્રી અંતરિક્ષ યોગેશ્વરે કહ્યું કે રાજન્ ! અસાધારણ એવી ક્રિયાશક્તિવાળા સર્વના આદ્ય કારણ ભગવાન આ પંચમહાભૂતો દ્વારા નાના મોટા પ્રકારના દેહોને પોતાના સ્વરૂપની પ્રસિદ્ધિ માટે ઉત્પન્ન કરવા લાગ્યા. (૩) આ પ્રમાણે પાંચ મહાભૂતોને ઉત્પન્ન કરીને તે દેહીની અંદર ભગવાન મનથી એક સ્વરૂપે અને ઈન્દ્રિયોથી દશ સ્વરૂપે પોતાના જ સ્વરૂપનો વિભાગ કરી તે તે દેહોમાં પ્રવેશ કરે છે અને વિષયોનો ઉપભોગ કરે છે. (૪) પોતે પ્રકાશિત કરેલી ઈન્દ્રિયો દ્વારા પોતે વિષયોને ભોગવે છે અને પોતે સર્જેલા શરીરોમાં રહે છે પછી શરીરને જ હું છું એમ માની એમાં આસક્ત થાય છે અને એને જ આત્મારૂપે માને છે. (૫) કદાચ કોઈ કહે કે ભોગોને ભોગવતો આત્મા તેમાં આસક્ત કેવી રીતે થાય ? કારણ કે ભોગોને ભોગવતાં ભોગોની સમાપ્તિ થાય ત્યારે મુક્ત થવો જ જોઈએ. ત્યારે ઉત્તર આપે છે કે દેહને ધારણ કરનાર આત્મા તે તે નિમિત્તની સાથે કર્મેન્દ્રિયોથી વાસના સાથે કર્મો કરે છે અને તે તે પૂર્વે કરેલાં કર્મોનાં સુખદુઃખરૂપી ફળોને પોતે સ્વીકારીને આ સંસારમાં ભમ્યા કરે છે પણ સંસારથી મુક્ત થતો નથી. (૬) આ રીતે અનેક દુઃખોને આપનારી કર્મની ગતિઓને પામતો આત્મા આ જગતનો અંત આવે ત્યાં સુધી એટલે મહાપ્રલય થાય ત્યાં સુધી જન્મ-મરણ પામ્યા કરે છે અને તેમાં તે કર્મતંત્ર રહે છે તેનાથી છૂટી શકતો નથી. (૭) જ્યારે આ લોકના પ્રલયનો સમય સમીપમાં આવે છે ત્યારે આદિ અને અંત રહિત એવો કાળ સ્થૂલ સૂક્ષ્મ રૂપ જગતને અવ્યકત બ્રહ્મમાં લઈ જવા આકર્ષે છે. (૮) તે સમયે પૃથ્વી ઉપર સો વર્ષ પર્યન્ત વૃષ્ટિ ન થતાં ભયંકર દુકાળ આવે છે. અને તે દુષ્કાળથી લોકની સ્થિતિ ભયાનક થાય છે. આ વખતના સૂર્ય અત્યંત તપે છે અને તેના તાપથી ત્રણે લોકને અત્યંત તપાવશે. (૯) પછી પાતાલમાં રહેલા શેષનાગના મુખમાંથી નીકળેલો અગ્નિ વાયુથી ફૂંકાઈને પાતાલનાં તળિયાંથી માંડી સર્વને બાળતો ઊંચી શિખાઓવાળો થઈ ચોતરફ વધશે. અને સર્વ જગતને બાળી નાંખશે. પછી પ્રલયકાળના સાંવર્તક નામના મેઘો સો વર્ષ સુધી હાથીની સૂંઢ જેવી ધારાઓથી વૃષ્ટિ કરશે. આ જલમાં સર્વ ડૂબી જશે આ વખતે અગ્નિથી બળી ગયેલ બ્રહ્માંડ પ્રલયના પાણીમાં તરતું દેખાશે. (૧૧) ત્યારે તે વિરાટ પુરુષમાં જે આત્મા રહેલ હતો તે આત્મા કાષ્ઠ રહિત થયેલો અગ્નિ જેમ દેખાતો બંધ થાય છે અને પોતાના સૂક્ષ્મ સ્વરૂપમાં પ્રવેશ કરે છે તેમ બ્રહ્માંડમાં દેખાતા બંધ થઈને પોતાના સ્વરૂપથી તે ભગવત્સ્વરૂપમાં પ્રવેશી જાય છે. (૧૨) એ સમયે પૃથ્વીમાં જે ગંધ હતો તેને વાયુ ખેંચી જશે ત્યારે પૃથ્વી જલરૂપ થઈ જશે અને જલમાં જે રસ રહ્યો છે તેને અગ્નિ ખેંચી જશે ત્યારે પૃથ્વી અને જલ બન્ને એકરૂપ થઈ રહ્યાં તે અગ્નિરૂપ બની જશે. (૧૩) આ સમયે પ્રલયનો અંધકાર તે તેજને ગળી જશે ત્યારે તે તેજ એટલે અગ્નિ વાયુમાં લય પામશે અને વાયુનો સ્પર્શ નામનો ગુણ લય પામી જતાં વાયુ આકાશમાં લય પામશે. (૧૪) પછી કાલાત્મક આકાશ જયારે આકાશના શબ્દ નામના ગુણને છૂટો કરશે ત્યારે આકાશનો આત્મામાં લય થશે. રાજન્ ! ઈન્દ્રિય, મન, બુદ્ધિ વગેરે તેના વિકારો સાથે અહંકારમાં પ્રવેશ કરશે. અને અહંકાર પોતાના ત્રણે ગુણો સાથે આત્મામાં મળી જશે. (૧૫) સૃષ્ટિ, સ્થિતિ તથા લયને કરનારી ભગવાનની આ ત્રિગુણાત્મિકા માયા મેં રાજન્ ! આપને કહી સંભળાવી હવે આપની શું સાંભળવાની ઈચ્છા છે તે કહો. (૧૬)

નિમિરાજાએ પૂછયું. હે યોગેશ્વર મહર્ષિ ! આપે માયાનું સ્વરૂપ સમજાવ્યું. આ માયાને કારણે માનવને સંસારના બંધનો થાય છે અને પોતાનાં અંતઃકરણ જેઓને વશ નથી તેમને માટે માયા તરવી મુશ્કેલ છે તો ભગવાનની આ માયાને સ્થૂલ દેહમાં અહંબુદ્ધિ ધરાવતા પુરુષો પણ અનાયાસે તરે તેવો ઉપાય આપ દર્શાવવા દયા કરો. (૧૭)

શ્રી પ્રબુદ્ધ યોગેશ્વરજી ૧૬ શ્લોકોમાં માયાને તરવાનો ઉપાય દર્શાવે છે. શ્રી પ્રબુદ્ધ યોગેશ્વરજીએ ભગવાનનું સ્વરૂપ સારી રીતે જાણ્યું છે. તેથી તેમનું નામ પ્રબુદ્ધ છે. આ શ્રી પ્રબુદ્ધજી ઉપાય બતાવે છે કે પ્રથમ શ્રી નારાયણપરાયણ થવું. નારાયણપરાયણતા ભક્તિથી મળશે, ભક્તિ, ભક્તિમાર્ગમાં કહેલા ભગવાનના ધર્મોનું સેવન કરવાથી થશે, ભગવાનના ધર્મો ગુરુસેવાથી મળશે, ગુરુસેવા ગુરુને શરણે જવાથી મળશે. માટે રાજન્ ! સદ્‌ગુરુની શરણાગતિ એક જ સર્વ સિદ્ધિનું મૂલ છે.

શ્રીપ્રબુદ્ધજી બોલ્યા કે રાજન્ ! પ્રાણી માત્ર દુઃખની નિવૃત્તિ માટે અને સુખની પ્રાપ્તિ માટે જ પ્રયત્ન કરે છે, કાર્યો કરે છે, આ પ્રમાણે સ્ત્રી-પુરુષની પ્રવૃત્તિઓ ચાલે છે પરંતુ જયારે સુખપ્રાપ્તિ અને દુઃખનિવૃત્તિ માટે કરેલાં કર્મોનું પરિણામ ઊલટું જ જોવા મળે છે. રાજન્ ! ન તો દુઃખ ટળે છે કે ન તો સુખ મળે છે ત્યારે લાગે છે કે કાંઇક ભૂલ થાય છે. (૧૮) વિત્તથી સુખ મળશે માનીને તેને મેળવવા પ્રયત્ન થાય છે પરંતુ તે ધન પણ નિત્ય કલેશ આપનાર જ છે, આમ છતાં પ્રયત્ન કરતાં મેળવવું દુર્લભ જ છે. આ ઉપરાંત સુખ આપવાની વાત દૂર રહી પરંતુ તે ધન મૃત્યુ આપનાર બની જાય છે. કદાચ ધનથી મકાન બનાવીએ, ગાય, ઘોડા, ગાડી મેળવીએ, આપ્તજન બનાવીએ તો પણ તે સ્થાયી નથી-તે કદી મહેનત કરીને મેળવીએ તો તેમનો સંબંધ પણ ક્ષણિક જેવો છે તે નિત્ય સાથે તો રહેવાનાં તેથી તેમની સાથે પ્રીતિ કરવાથી પણ કંઇ ફળ મળે તેમ નથી. (૧૯) જેમ કર્મથી સંપાદન કરેલ આ લોક પણ નાશ પામવાનો જ છે તે જ રીતે યજ્ઞ, ધર્મ આદિ સ્વર્ગાદિ લોકો તો આખરે નાશ પામવાના જ છે આ વાત જાણવી જોઇએ. આ ઉપરાંત જેમ ખંડિયા રાજાઓનાં ઐશ્વર્ય પણ પોતાના કર્મબલથી મેળવેલાં છે તેથી કોઇના કરતાં વધારે તો કોઇના કરતાં ઓછાં તો કોઇના સરખાં હોવાથી સ્પર્ધા કરાવનારાં તો અદેખાઇ પેદા કરનારાં જ છે અને વળી નાશવંત જ છે તેમ આ લોક તથા પરલોક બન્ને સ્પર્ધા, ઈર્ષ્યા તથા નાશના ભયથી જ યુકત છે. રાજન્ ! આ વાત ભક્તે અવશ્ય જાણવી. (૨૦) સંસારના પદાર્થો નિત્ય નથી આવું જાણ્યા પછી ઉત્તમ કલ્યાણ શું છે અને નિત્ય શ્રેયસ્ શું છે તે જાણવા માટે જિજ્ઞાસુ ભક્તે શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ શ્રીકૃષ્ણને ઓળખનાર અને રાગદ્વેષ ધર્મોથી મુક્ત થઇને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુને શરણે જવું જોઇએ. (૨૧) શરણે જનારા આત્માએ ગુરુમાં ભગવદ્‌બુદ્ધિ કરવી અને ઇષ્ટદેવ બુદ્ધિ રાખી કપટ ત્યજીને અનન્ય ભાવથી ગુરુની સેવા કરવી અને ગુરુ પાસેથી ભગવદ્‌ધર્મોનું જ્ઞાન મેળવવું જોઇએ. આ ભગવદ્‌ધર્મોના પાલનથી આત્માનું દાન કરનારા ભગવાન શ્રીહરિ પ્રસન્ન થાય છે. (૨૨)

ભાગવત ધર્મોમાં પ્રવૃત્ત થતાં પહેલાં પ્રવાહ ધર્મોમાંથી નિવૃત્તિ પછી કર્મમાર્ગમાં પ્રવેશ પછી જ્ઞાનમાર્ગમાં પ્રવેશના ત્રણ શ્લોકો

સર્વથી પ્રથમ સર્વમાંથી મનને અસંગ કરવું (૧) ત્યાર બાદ સજ્જનપુરુષોનો સંગ (૨) દીનહીન જનોમાં, પ્રાણીમાં યથાયોગ્ય રીતે પ્રથમ કરવાં જોઇએ. આ પાંચ સાધનોથી પ્રવાહમાંથી નિવૃત્તિ સધાય છે. (૨૩) ત્યાર બાદ શૌચ એટલે કાયાની પવિત્રાતા માટીથી અને જલથી (૬) વાણીની પવિત્રતા ભગવાનના ગુણાનુવાદથી મૌનથી અને સત્ય ભાષણથી (૭) ભગવાનના સ્વરૂપના ધ્યાનથી મનની શુદ્ધિ (૮) તપઃએટલે ચાન્દ્રાયણ વ્રત વગેરે કરવાં (૯) તિતિક્ષા એટલે ગરમી ઠંડી વગેરે વેઠવાં (૧૦) મૌન એટલે વ્યર્થ વાર્તાલાપ ન કરવો (૧૧) સ્વાધ્યાય એટલે શાસ્ત્રો, વેદો અને સમ્પ્રદાય સિદ્ધાન્ત ગ્રન્થોનો અભ્યાસ કરવો (૧૨) આર્જવ એટલે મન વાણી, કાયાથી કોઇને કષ્ટ ન આપવું (૧૩) સુખ કે દુઃખ, માન કે અપમાન વગેરે અવસરે સમતોલપણું જાળવવું (૧૪) આ કર્મમાર્ગના ધર્મમાં પ્રવેશ છે. (૨૪) જ્ઞાનમાર્ગના પ્રવેશમાં ઇશ્વરનું અને આત્માનું ઐક્ય સિદ્ધ થાય પછીથી સર્વમાં ભગવદ્‌ભાવનું દર્શન (૧૫) એકાન્ત નિવાસ (૧૬) ગૃહ અને ધનમાં અભિમાન નહીં રાખવાનું (૧૭) રસ્તામાં પડેલાં ચીથરાંથી કાયાની લાજ સાચવવી (૧૮)ભગવદ્‌ઇચ્છાથી જ્યાં જેવું અને જ્યારે જે મળે તેમાં સંતોષ રાખવો (૧૯) આ ઓગણીસ પ્રકારના જ્ઞાનમાર્ગ પર્યન્તના ધર્મો વર્ણવ્યા છે. (૨૫)

સાત શ્લોકોમાં ભક્તિમાર્ગીય ધર્મો

ભગવાનનુ વર્ણન કરનારાં શાસ્ત્રોમાં શ્રદ્ધા (૧) જેઓ વિરુદ્ધ હોય તેમનું સ્મરણ પણ ન કરવું કે વાણીથી તેની નિંદા

પણ ન કરવી (૨) પ્રાણાયામમાં મનનો નિગ્રહ કરવો કોઇ પણ પ્રકારની ઇચ્છા ન કરવી (૩) મૌનથી સત્ય ભાષણથી વાણીને નિયમમાં રાખવી (૪) ઇન્દ્રિયોનો સંયમ કરી દેહને નિયમમાં રાખવો આ ત્રણ પ્રકારના મન, વાણી અને કાયાના દંડ થયા. (૫) અદ્‌ભુત લીલાવાળા ભગવાનની લીલાઓનું-જન્મનું કર્મ શ્રવણ (૬) લીલા વગેરેનું કીર્તન (૭) લીલા વગેરેનું ધ્યાન (૮) ભગવાનની સેવાનાં કાર્યોમાં જ શરીર ઇન્દ્રિય વગેરેનો ઉપયોગ કરવો (૯) ભગવાન શ્રીકૃષ્ણને યજ્ઞયાગાદિના ફલનું સમર્પણ (૧૦) દાનનાં ફલનું સમર્પણ (૧૧) તપશ્ચર્યાના ફલનું સમર્પણ (૧૨) જપના ફલનું સમર્પણ (૧૩) કૂવા, તલાવ વગેરે સત્કર્મોના ફલનું સમર્પણ (૧૪) સ્ત્રી, પતિ, પુત્ર, ગૃહ, પરિવાર વગેરેનો ભગવાનની સેવામાં ઉપયોગ અને ભગવાનને સમર્પણ (૧૫) ભગવાન શ્રીકૃષ્ણ જ પોતાના સ્વામી છે એવું માનનારા અને જીવનાર ભગવદીય જનો સાથે સ્નેહ અને સંબંધ રાખવો (૧૬) ભગવાનની ભગવદીયની અને ભગવદીય જનના સેવકોની સેવા કરવી (૧૭) મહત્પુરુષોની સેવા કરવી (૧૮) સાધુજનની સેવા કરવી (૧૯) આ ઉપરાંત સર્વને પવિત્ર કરનારી ભગવાનની કથા અને ભગવાનના યશનું પરસ્પરને કહેવું અને સાંભળવું (૨૦) પરસ્પરમાં સ્નેહ કરવો (૨૧) ભવગદીય જનોના પરસ્પર મિલનમાં સંતુષ્ટ રહેવું (૨૨) પરસ્પરમાં ભગવાનના શ્રવણાદિ કીર્તનાદિનો આનંદ માનતાં શીખવું (૨૩) આ ભક્તના ઉત્તમ ધર્મો છે. (૩૦) આ ઉપરાંત પાપોના પુંજોનો નાશ કરનારા શ્રીહરિનું સતત સ્મરણ કરવું (૨૪) તેમજ સર્વને સ્મરણ કરાવવું (૨૫) કથા, શ્રવણ, કીર્તન વગેરે પ્રથમ જે ભગવાનમાં ભક્તિ જાગૃત કરવાનાં સાધન જયારે હતાં તેનાથી જ્યારે પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત થઇ જાય છે ત્યારે તો ભક્તોને રોમાંચ થઇ જાય છે (૨૬) આ ભક્તિથી અપૂર્વ લાભ છે. (૩૧) રાજન્ ! જ્યારે ભક્તની આવી ઉત્તમ ભૂમિકા આવી જાય છે ત્યારે તો કોઇ વાર હૃદયમાં દેખાતા ભગવાનનાં દર્શન બંધ થઇ જાય ત્યારે તે ભક્તો રુદન કરે છે (૨૭) એટલામાં દીનબંધુનાં સમીપમાં જ દર્શન થતાં હસી પડે છે કે આપણે વગર કારણે રડયા (૨૮) યાદ કરીએ તો હૃદયમાં ભગવાન પ્રત્યક્ષ થઈ જાય છે એવું મનમાં આવતાં આનંદમાં ડૂબી જાય છે (૨૯) આનંદાવસ્થામાં અને સર્વજ્ઞાવસ્થામાં ભગવાન સાથે વાર્તાલાપ કરે છે (૩૦) અજન્મા ભગવાન માટે કે ભગવાનની સામે નાચે છે (૩૧) ગાય છે (૩૨) કૂદે છે (૩૩) તો કોઇવાર ભગવાનને શોધે છે અને પરમ રસ પરમ આનંદ પ્રાપ્ત થતાં આનંદવિભોર બની શાંત બની જાય છે (૩૪). (૩૨)

આવા ચોત્રીસ પ્રકારના ભગવદ્‌ધર્મો છે. આ ધર્મો કહેવામાં આવ્યા છે. આવા ધર્મોથી ભક્તિ મળી જાય છે. આવી ભક્તિ મળતા ભક્ત ભગવત્‌પરાયણ બની જઇ અનાયાસે માયાને તરી જાય છે. (૩૩)

વિદેહ નિમિરાજએ પૂછયું કે હે સત્પુરુષો ! આપે નારાયણપરાયણ થવાની વાત કરી તો આ પરબ્રહ્મ નારાયણ ભગવાનનું સ્વરૂપ તેમને કહેવા આપ યોગ્ય છો. કારણ કે આપ બ્રહ્મવેત્તા પુરુષોમાં શ્રેષ્ઠ છો આ ભગવાન નારાયણમાં નિષ્ઠા કેવી રીતે થાય અને કેવી હોય ? (૩૪)

પિપ્પલાયન શબ્દના ઘણા અર્થ થાય છે. એક અર્થ શ્રીવિષ્ણુ ભગવાનના અમન્યશ્રયી એવો અર્થ થશે કારણ કે પિપ્પલ વૃક્ષ ભગવાન વિષ્ણુનું સ્વરૂપ છે (૧) પિપ્પલના વૃક્ષની કૂણીકૂણી પિપ્પળોનો આહાર લઇ તપ કરનાર એવો પણ અર્થ થશે. (૨) પિપ્પલનો જલ પણ અર્થ થાય છે. જલ ઉપર જીવીને તપ કરનાર અથવા જલમાં રહી તપ કરનાર એવા અર્થો પપ્પલાયન ।। થશે આવા તપસ્વી મુનિ જ નારાયણનિષ્ઠાને વર્ણવી શકે વળી પિપ્પલાયન અગ્નિનું પણ સ્વરૂપ છે અગ્નિ વાણીના સ્વામી છે તેથી આવા પ્રશ્નોનો ઉત્તર આપી શકે એવી આચાર્યચરણની આજ્ઞા છે. આ શ્રી પિપ્પલાયન મુનિ છ શ્લોકમાં નારાયણનિષ્ઠાનું વર્ણન કરે છે.

શ્રી પિપ્પલાયન મુનિ બોલ્યા કે હે નરેન્દ્ર ! આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના સ્વયં કારણ છે તેમજ તેમની ઉત્પત્તિનું કોઇ કારણ નથી. આ ઉપરાંત સ્વપ્ન, તથા સુષુપ્તિ વગેરે ત્રણે અવસ્થામાં સદ્રૂપથી અંદર અને બહાર પણ રહેલા છે તેમજ દેહ, ઇન્દ્રિયો, પ્રાણ તથા હૃદય સારી રીતે જે ભગવાનને લીધે પ્રવૃત્તિ કરે છે તે જ પરમ તત્ત્વ છે અને નારાયણ છે એવું આપ જાણો. (૩૫) અગ્નિમાંથી પ્રકટેલા તણખા અગ્નિને ના બનાવી શકે તેમ આ નારાયણ ભગવાનને મન ના બતાવી શકે ક મન તેમાં ના પ્રવેશી શકે. વાણી નારાયણતત્ત્વના સ્વરૂપને ના વર્ણવી શકે ચક્ષુ તેને

ના જોઇ શકે બુદ્ધિ, પ્રાણ અને ઇન્દ્રિયો પણ નારાયણને ના બતાવી શકે. શબ્દ એટલે શ્રુતિવચન પણ આત્માના સ્વરૂપમાં પ્રમાણને સદ્રૂપથી કહે છે પરંતુ સાક્ષી સ્વરૂપથી કહી શકતાં નથી, પરંતુ જેટલા જ્ઞનેન્દ્રિયોના વિષયો છે તે બધા નારાયણ નથી એવો નિષેધ કરીને તેનાથી પર છે તે નારાયણ છે એવું ગાય છે. શ્રુતિ પોતાના સામર્થ્યથી નારાયણને ના કહી શકે પરંતુ જો નારાયણ જાતે કૃપા કરે તો શ્રુતિ કહેવાને માટે સમર્થ થઇ શકે છે. તે ભગવાન નારાયણ છે, પરમ તત્ત્વ છે. (૩૬) કદાચ સાંખ્યવાદી એમ કહે કે પ્રકૃતિ જગતનું કારણ કેમ બની શકે તો તેનું સમાધન કરતાં કહ્યું કે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણે જ્યારે એક અવસ્થામાં હોય ત્યારે તેને પ્રધાન એટલે પ્રકૃતિ કહેવામાં આવે છે. તેમાંથી ક્રિયાશક્તિ તેને ''સૂત્ર'' કહેવામા આવે છે અને જ્ઞાન શક્તિ પ્રકટી તેને ''મહાન'' કહેવામાં આવે છે. તેમાંથી અહંકાર અને તેના અધ્યાસવાળું ચૈતન્ય તે જીવ કહેવાય છે. તેને જ્ઞાનરૂપ પાંચ ઇન્દ્રિયો અને કર્મરૂપ પાંચ ઇન્દ્રિયો અને તે બધાના ફલરૂપ થતાં જે સુખ કે દુઃખ છે તે સર્વ બ્રહ્મસ્વરૂપ છે. એમ રાજન્ ! આપ સમજો. કારણ બ્રહ્મ તો અનંત શક્તિ છે તેથી તે સર્વ રૂપ થઇને તે બ્રહ્મ જ જગતરૂપ દેખાય છે. સાંખ્યશાસ્ત્ર જેને પ્રકૃતિ અને પુરુષ રૂપે વર્ણવે છે તે પણ બ્રહ્મના અવયવ રૂપ છે. (૩૭) જ્ઞાનમાર્ગથી બ્રહ્મનિષ્ઠા વર્ણવે છે. જો તમે બ્રહ્મને સર્વ સ્વરૂપ કહેશો તો સર્વ કાર્ય જન્મનાશ વગેરે વિકારવાળાં હોય છે તો પછી બ્રહ્મ પણ જન્મ-મરણશીલ બનશે એવી શંકા ન કરવી. રાજન્ ! કારણ કે તે બ્રહ્મ જ આત્મરૂપ છે તેથી તેને જન્મ નથી તેમજ મરણ નથી. વળી તેની બુદ્ધિ નથી થતી તેથી તેમાં ક્ષય-હાંસ પણ નથી હોતો તેમજ શરીરમાં જન્મ, યૌવન, ઘડપણ વગેરે થતા ફેરફારોવાળા ભાવોનો તે આત્મા દ્રષ્ટા છે. દાખલા તરીકે જેમ પ્રાણ એક છે છતાં પ્રાણ-અપાન-વ્યાન-ઉદાન-સમાન વગેરે સંજ્ઞાઓ થાય છે તેવી જ રીતે આત્મા એક છતાં ઉપાધિવશ અનેક પ્રકારે દેખાય છે. (૩૮) સ્મૃતિ વગેરે માર્ગોથી પરમાત્મનિષ્ઠાને સમજાવતાં કહે છે કે આજ આત્મા અંડોમાં, પેશીઓમાં, વૃક્ષોમાં અને ઓળથી વીંટળાએલા ગર્ભમાં આવતા પશુ, મનુષ્ય વગેરે યોનિમાં અને ભૂમિને ભેદીને ઉપર આવતા જીવોમાં છે અને પરસેવામાંથી થનારા માંકડ વગેરેમાં જે પ્રાણશક્તિ આત્માની પાછળ લાગીને રહેલી છે તે પ્રાણશક્તિ તો એક જ છે તે કૂટસ્થ છે. તે આત્મા સર્વના અનુભવમાં નથી આવતો પરંતુ ઇન્દ્રિયો, પ્રાણ અને અહંકાર જ્યારે નાશ પામે છે ત્યારે ત્યાં અંતઃકરણ પણ રહેતું નથી ત્યારે તે આત્મા પ્રકાશ પામે છે એવી ખાત્રી કેવી રીતે થાય એમ જો શંકા કરો તો તેનો ખુલાસો એવો છે કે તે આત્માનું અનુસ્મરણ સુષુપ્તિમાં રહે છે તેથી આત્મા છે એમ આપણે જાણીએ છીએ सुखमहमस्वाप्सम् न किञ्चिदवेदिषम् - હું ઘણા કાળ સુધી સૂઇ રહ્યો પણ કાંઇ ખબર ન પડી આ પ્રમાણે થતું સ્મરણ આત્માના અસ્તિત્વનું પ્રમાણ છે. (૩૯)

શ્રુતિ ભગવતીની આજ્ઞા છે કે તે ભગવાનને જાણીને જ મૃત્યુને તરાય

જ્ઞાન વિના મોક્ષ નથી પરંતુ મોક્ષ છે આવું શ્રુતિવાક્યોથી જાણવા મળે છે તો પછી સુષુપ્તિમાં આત્માનુભવ થયો છે તે જ્ઞાનથી મુક્તિ કેમ ન થાય? તો એનો એ ઉત્તર છે કે સુષુપ્તિમાં ક્ષણભર એવો અનુભવ થાય તો પણ અવિદ્યા અને એના સંસ્કારોની નિવૃત્તિ થઇ તેથી મોક્ષ નથી થતો માટે જીવ જો ભગવાનનો સાચો જ શરણાગત બને તો તેની અવશ્ય અવિદ્યાનિવૃત્તિ થાય જ એવું સૂચવતા શ્રી પિપ્પલાયન મુનિરાજે વચનામૃત વર્ષાવ્યું કે -

यर्ह्यब्जनाभचरणैषणयोरुभक्त्या चेतोमलानि विधमेद्गुणकर्मजानि ।
तस्मिन् विशुद्ध उपलभ्यत आत्मतत्त्वं साक्षात् यथागलदृशोः सवितृप्रकाशः ॥ ४०॥

રાજન્ ! નિમિરાજ ! સર્વના કારણના પણ કારણ શ્રીપદ્મનાભ ભગવાનના ચરણકમલોની સોર્વત્તમ રીતે સેવા કરવાથી ગુણો અને કર્મોના સંબંધથી સર્જેલા પુણ્ય અને પાપ તેમજ ચિત્તમાં વસેલા રાગ-દ્વેષ વગેરે જે દોષો હતા તે સર્વ નિવૃત્ત થઇ જાય છે. અને મન સર્વથા નિર્મલ બની જાય છે ત્યારે આત્મતત્ત્વની સ્ફૂર્તિ થાય છે. જેમ સૂર્યનો પ્રકાશ તો સ્પષ્ટ છે છતાં નેત્રનો રોગ દૂર થાય તો જ સૂર્યના પ્રકાશનો અનુભવ કરી શકાય પરંતુ દોષવાળી નજર તો પ્રકાશનો અમુભવ કરી શકતી નથી આ જ પ્રકારે નિર્મલ ચિત્તથી જ આત્માનો અનુભવ થાય પરંતુ વિષયવાસનાથી ઘેરાયેલા મનથી આત્માનું દર્શન ન થાય. (૪૦)

મહારાજા નિમિએ પૂછયું કે ભગવન્ ! હવે આપ કર્મયોગનું સ્વરૂપ સમજાવો જે કર્મોના આચરણથી મનુષ્ય મોક્ષની આડે આવનારાં પાપકર્મોને ત્યજીને મોક્ષમાં ઉપયોગી થઇ શકે તેવાં સુકૃતો-પુણ્ય કર્મોનું આચરણ કરીને પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે. (૪૧) ભગવન્ ! એકવાર મારા પિતૃચરણની સમીપે મેં આ કર્મ યોગ સંબંધી પ્રશ્ન સનત્કુમારોને પૂછયો પરંતુ ઉત્તર ન આપ્યો તેનું કારણ પણ શું હશે ? તે પણ આપ મને કહો. (૪૨)

आविः प्रकटं होत्रं यस्य सः आविर्होत्रःविवेक અગ્નિમાં સર્વ કર્મોનો હોમ કરનાર ઋષિ આવિર્હોત્ર મુનિ કહેવાય. ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા પ્રમાણે જ્ઞાનાગ્નિ દ્વારા સર્વ કર્મ ફલ વાસનાને ભસ્મ કરનાર મુનિવર આવિર્હોત્રજી ૧૩ શ્લોકોમાં કર્મયોગનું સ્વરૂપ સમજાવે છે.

આવિર્હોત્ર મુનિવર બોલ્યા : નિમિરાજ આપે કર્મયોગ સંબંધી પ્રશ્ન પૂછયો તેમજ કહ્યું ''મને આ પ્રશ્નનો ઉત્તર સનત્કુમારોએ ન આપ્યો એનું શું કારણ'' તો સાંભળો નરેશ ''કર્મ'' સંબંધી આ જે ચર્ચા છે તે લોકમાં જે કર્મ કરીએ છીએ તેની ચર્ચા નથી પરંતુ વેદની આજ્ઞાને અનુસરીને જે કર્મ કરીએ છીએ તેની આ ચર્ચા છે. વેદમાં કર્મ (૧) અકર્મ (૨) અને વિકર્મ (૩) આ ત્રણ વસ્તુની ચર્ચા છે. એમાં વેદ જે કર્મ કરવાની આજ્ઞા આપે તેને ''કર્મ'' કહેવાય (૧) વેદે કહેવા છતાં ન કરવું તેનું નામ 'अकर्म' (૨) અને વેદે જે કર્મ કરવાનો નિષેધ કર્યો છે, જે કર્મ કરવાની ના પાડી છે તેનું નામ'विकर्म' છે. વેદ ભગવાનના વાક્યોનેસમર્થ ''સૂરિ'' એટલે વિદ્વાનો પણ નથી સમજી શકતા કારણ કે વેદ ઈશ્વરનું સ્વરૂપ છે અને આપ જે 'કર્મ' સંબધી ખુલાસો માગો છો તે વિષય પણ વેદે દર્શાવેલા કર્મની સમજણ માટેનો છે. તમારા પિતાશ્રી ઈક્ષ્વાકુની ઉપસ્થિતિમાં તમને સનત્કુમારોએ સમાધાન કર્યુંનહીતેનું કારણ કે તમે તે વેદને ન જાણનારા નાના બાળક હતા. રાજન્ ! ઘણા વિદ્વાનો આ ત્રણની એવી પણ વ્યાખ્યા કરે છે કે વેદે કહેલ કરવું તેનું નામ 'कर्म' વેદે જેનો નિષેધ કર્યો છે તેનું નામ 'अकर्म' અને વેદની આજ્ઞાનું પાલન ના કરવું તેનું નામ 'विकर्म' આવી પણ વ્યાખ્યા છે. (૪૩) રાજન્ ! વેદ પરોક્ષ વસ્તુને કહેનાર શાસ્ત્ર છે. આપણે યજ્ઞ કર્યા પછી તે તો પૂર્ણ થાય છે કે તરત જ તેનું ફલ મળતું નથી અને તે ફલ આંખે દેખાતુ નથી ત્યારે ત્યાં વેદ કહે છે તે પ્રમાણ છે. એમ સમજવું જોઇએ કારણ કે તે ફલને વેદ જુએ છે, જાણે છે અને બતાવે છે. જયાં ખરી વાત છુપાવવી હોય એ વાતને બીજી રીતે બતાવવામાં આવી હોય છે તેને 'પરોક્ષવાદ' કહેવાય છે. દાખલા તરીકે એક બાળકને દવા પાવી છે પરંતુ તેને પેંડો બતાવવાનું તાત્પર્ય દવા પાવાનું છે તેવી જ રીતે વેદનું તાત્પર્ય ફલાત્મક સકર્મ છોડાવવાનું છે પરંતુ તે કર્મોમાં મનુષ્યને તરબોળ રાખવાનું નથી હોતું. પરંતુ આ વાત સમર્થ જ્ઞાનીઓ પણ સમજી શકતા નથી. (૪૪) રાજન્ ! ઉપર કહેવાનું તાત્પર્ય એવું નથી કે વેદ ભગવાને જે કર્મો કરવાની આજ્ઞા કરી છે તે ન કરવાં પરંતુ જે વેદને અને કર્મને નથી જાણતો તેવો અજ્ઞાની પુરુષ વેદે કહેલ કર્મને કરતો નથી તે પણ દોષ છે અને જે અજિતેન્દ્રિય છે તે નિષેધ કરેલાં કર્મોને કરવાથી અધર્મનું આચરણ કરીને જન્મ અને મરણની પરંપરાને પ્રાપ્ત કરે છે. (૪૫) માટે વેદે બતાવેલાં કર્મ કરવાં અને સર્વ કર્મના ફલના સંગ રહિત થઇ ને કરવાં તેમજ કર્મ અને કર્મનાં ફલ ઈશ્વરને સમર્પણ કરીને કરવાં જેથી કર્મફલ ભોગવવું પડતું નથી તેમજ કર્મનું આચરણ પણ થવાથી વેદાજ્ઞાનું પાલન પણ થાય છે. સ્વર્ગની કામનાવાળા યાગ કે એવાં જે વાક્યો વેદમાં ફલને બતાવનારાં છે તે તો સામાન્ય અધિકારીને કર્મમાં રુચિ ઉત્પન્ન કરવા માટે છે. (૪૬) રાજન્ ! જે વિવેકીજન વાસનાગ્રંથિઓને શીઘ્ર છોડવા ઇચ્છે છે તે સુજન તો વૈદિક માર્ગને અનુસરીને તેમજ તાંત્રિક માર્ગને અનુસરીને ભગવાનની સેવા કરે તેથી વાસનાની ગાંઠો છેદાઇ જશે. (૪૭) તંત્રમાર્ગ કે વેદમાર્ગની સમજ ન હોય તેથી સર્વ પ્રથમ તો તે આચાર્યને શરણે જાય. આચાર્યચરણ પાસેથી અનુગ્રહ મેળવે તેમજ સેવા વગેરેનું જ્ઞાન મેળવે. ત્યારબાદ આચાર્યે દર્શાવેલા માર્ગને અનુસરી પોતાના હૃદયને અનુરાગ કરાવતી ભગવાનના સ્વરૂપમાં મહાપુરુષની એટલે પરમાત્માની સેવા કરવી. (૪૮)

સેવાનો પ્રકાર

સર્વ પ્રથમ શુદ્ધ જલથી, તીર્થજલથી કે શ્રીયમુનાષ્ટકના પાઠથી તીર્થજલની ભાવનાથી જ શુદ્ધ જલ બનાવી, સ્નાન કરી, ભગવાનનું સ્મરણ કરી ચરણામૃત લઇ, બાહરથી, અંતરથી પવિત્ર થવું. ત્યાર પછી ભગવાનની સન્મુખ સ્થિર

આસનથી બેસવું પુનઃ પ્રાણાયામો કરીને પ્રાણવાયુ સ્થિર કરીને દેહને પવિત્ર કરવો. પુનઃ અંગન્યાસ વગેરેથી સેવા યોગ્ય ઉત્તમ દેહ બનાવવો, ત્યારબાદ સેવાનો આરંભ કરવો. (૪૯) આ અવસરે સેવામાં જે સામગ્રી પાત્ર, ભૂમિ વગેરેનો ઉપયોગ કરવાનો હોય તેમનું ખાસ જલથી પ્રોક્ષણ કરીને દિવ્ય બનાવવું ભૂમિ ઉપર પોતાનું કરવું આસનનું પણ પ્રોક્ષણ કરી પોતાના આત્માને શુદ્ધ કરવો. આ સર્વ થયા પછી આપણને જે મળી હોય તે ઉત્તમ પ્રકારની સામગ્રીથી ભગવાનની પંચામૃતસ્નાન વગેરેથી સેવા કરવી તેમજ હૃદયમાં ભગવાનના સ્વરૂપની સ્થાપના કરીવી. (૫૦) આ તાંત્રિક સોવામાં પાદ્ય, અર્ધ્ય, આચમન વગેરેના શુદ્ધ કરી તેમાં મંત્રવિધિથી સેવાનાં જલ વગેરે સામગ્રી ભરવી ત્યાર બાદ હૃદયમાં ભગવાનની સ્થાપના કરી હૃદય, મસ્તક, શિખા, કવચ, નેત્ર 'अस्त्राय फट्' વગેરે મૂલ મંત્રથી ન્યાસવિધિ કરી દેવન્યાસ પણ કરી ભગવાનની સેવા કરવી. (૫૧) હવે સેવા સમયે ભગવાનનાં હૃદય, મસ્તક વગેરે શ્રીઅંગોમાં તેમજ સુદર્શન, શંખ વગેરે ઉપાંગોમાં-આયુધોમાં તેમજ દેવોના પરિવાર દેવાતાઓનાં તે તે મંત્રો દ્વારા પાદ્ય, અર્દ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, વાઘા, અલંકાર વગેરે સામગ્રીથી સેવા કરવી. ૫૨ ગંધ, પુષ્પ, અક્ષત, પુષ્પમાલા, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરે અંગો સાથે અંગી ભગવાનનાં અર્ચન કરી ઉત્તમ સ્તોત્રોથી સ્તુતિ કરી ભગવાનને નમસ્કાર કરવા. (૫૩) આત્માનું પણ દેવમય હોવાનું ધ્યાન કરવું. આ પ્રમાણે અર્ચન કર્યા બાદ નિર્માલ્યને મસ્તકે પધરાવવું દેવને હૃદયમાં અને ભગવાનને ઝાંપીમાં પધરાવી સત્કાર કરી ભગવાનનું ઉદ્વાસન કરવું અને આ રીતે દેવની સેવાને નિત્ય સમાપ્ત કરવી. (૫૪) આજ ભાવથી અગ્નિ, જલ, સૂર્ય, અતિથિ અને હૃદયમાં આત્મારૂપ ઈશ્વરને માનીને તેનાં નિત્ય અર્ચન કરવાં. આ વિધિથી સેવા કરનાર અલ્પ સમયમાં મુક્ત થાય છે. (૫૫)

एवमग्न्यर्कतोयादावतिथौ हृदये च द्धयः । यजतीश्वरमात्मानमचिरान्मुच्यते हि सः ॥ ५५ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષમાં મુક્તિલીલા એકાદશ સ્કન્ધનો ૩જો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૪ થો

(કર્મથી અને જ્ઞાન સહિત કર્મથી માયા કેવી રીતે વશ કરી શકાય એ કથા પૂર્વના અધ્યાયમાં વર્ણવી. આ અધ્યાયમાં શ્રીહરિલીલામૃતનાં પાન કરતાં માયા તરી શકાય એ પ્રસંગનું વર્ણન કરે છે. આ અધ્યાયના ૩૨ શ્લોક છે, 'દ્રુમિલ' નામના સાતમા યોગેશ્વર આ લીલાઓના વક્તા છે.)

राजोवाच-यानि यानीह कर्माणि यैर्यैः स्वच्छन्दजन्मभिः । चक्रे करोति कर्ता वा हरिस्तानि ब्रुवन्तु नः ॥ १ ॥

શ્રી નિમિરાજે પ્રશ્ર પૂછયો કે શ્રીયોગેશ્વરજી ! ભગવાન શ્રીહરિ પૃથ્વી ઉપર અવતારો લઇ સ્વેચ્છાથી પધાર્યા અને જે જે લીલાઓ કરી છે અને કર્યાં કરે છે અને કરશે તે સર્વકથા અમને કહો. (૧)

द्रुतं मिलो यस्य वा मिल्यते येन वा मेलयति योऽसौ द्रुमिलः - ભગવાનને શીઘ્ર મળેલા ભગવાનને શીઘ્ર મેળવી આપનારા શ્રી દ્રુમિલ યોગેશ્વરજી અવતારગાથાનાં ગાન કરે છે.

શ્રીદ્રુમિલ યોગેશ્વરજી બોલ્યા કે રાજન્ નિમિ ! પુરુષ અનન્ત ભગવાનના અનન્ત ગુણો છે આવા અગણિત ગુણભંડાર ભગવાનના ગુણોને ગણાવવા ઇચ્છે છે. એ તો મંદમતિ છે. સંભવ છે કાલે કરીને કોઇ માનવ પૃથ્વીના રજઃ કણો કોઇ રીતે ગણી શકેઃ સમગ્ર શક્તિઓના ભંડાર ભગવાનના ગુણો કોઇ ન જ ગણી શકે. (૨) પોતે સર્જેલા પંચ મહાભૂતોથી બ્રહ્માંડને રચ્યું ત્યારબાદ આદિદેવ શ્રીનારાયણે લીલા કરવા વિરાટમાં પોતાના અંશથી પ્રવેશ કર્યો એને 'પુરુષ' એવી સંજ્ઞા પ્રાપ્ત થઇ. અને એ 'પુરુષ' એટલે સર્વ અવતારોને પ્રકટ કરનાર આદ્ય પુરુષાવતાર કહેવાય. (૩) આ ત્રણ ભુવનનો જેમાં સમાવેશ થયેલ છે તે વિરાટ દેહ છે, અને ત્રણે લોકમાં રહેનારાં પ્રાણીમાત્રની જ્ઞાનેંદ્રિયો તથા કર્મેન્દ્રિયો પુરુષાવતાર વિરાટની ઇન્દ્રિયોથી પ્રવૃતિ કરે છે. આ વિરાટનું જ્ઞાન સ્વતઃસિદ્ધ છે. એને કોઇ જ્ઞાન આપનાર નથી. તેમને પ્રાણથી જીવોની દેહશક્તિ, ઇન્દ્રિયશક્તિ તથા ક્રિયાશક્તિ થઇ છે અને તે સત્વગુણ, રજોગુણ તથા તમોગુણથી જગતની સ્થિતિ, ઉત્પત્તિ તથા નાશના આદિ કર્તા છે. (૪) સૃષ્ટિના આરંભમાં બ્રહ્માંડની રચના માટે આ પુરુષાવતારના રજોગુણથી બ્રહ્માજીની ઉત્પત્તિ થાય છે. પુનઃ બ્રાહ્માંડના પાલન માટે પુરુષાવતારના સત્ત્વગુણથી વિપ્ર, ક્ષત્રિય અને

વૈશ્યોના ધર્મોની રક્ષા કરનાર યજ્ઞપતિ ધર્મપાલક વિષ્ણુ ઉત્પન્ન થાય છે. આ રીતે બ્રહ્મા, વિષ્ણુ ને મહેશના પ્રજાઓની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ જેમનાથી થયા કરે છે તેજ આ આદ્યપુરુષ છે. (૫) દક્ષ પ્રજાપતિની શ્રદ્ધા વગેરે સોળ કન્યાઓમાંથી પુત્રી મૂર્તિ ધર્મના પત્ની હતાં. આ મૂર્તિના નારાયણ અને નર નામના ઋષિ ભગવાન પ્રકટ થયા. આ શ્રી નારાયણ ઋષિઓમાં શ્રેષ્ઠ અને અત્યંત શાંત અવતાર છે. અને મોટા મોટા ઋષિઓ પણ તેમનાં ચરણ સેવે છે. તેમણે ભગવાનનાં દર્શન કરાવનાર અને કર્મ છોડાવનાર કર્મોનું આચરણ કર્યું. તેમજ નારદ વગેરેને કર્મનો ઉપદેશ કર્યો છે. આજે તે શ્રીનારાયણ બદરિકાશ્રમમાં દિવ્ય કર્મનું અનુષ્ઠાન કરતા ભગવાન બિરાજી રહ્યા છે. (૬) શ્રીનારાયણ ભગવાન તપશ્ચર્યા આચરી રહ્યા ત્યારે ઈન્દ્રને શંકા થઈ કે આ નરનારાયણ મારું સ્થાન લેવા ઈચ્છે છે તેથી ઈન્દ્રરાજે ઋષિવરોના તપના નાશ માટે પરિવાર સાથે કામદેવને મોકલ્યો. આ કામદેવને ભગવાનના મહિમાનો ખ્યાલ ક્યાંથી ! તેથી અપ્સરાઓનો સમૂહ વસંત તથા શીતમંદ સુગંધ યુક્ત પવન સાથે બદરિકાશ્રમમાં પ્રવેશ કરી અપ્સરાઓનાં કટાક્ષબાણોથી ભગવાન નર-નારાયણ ઉપર પ્રહાર કરવા લાગ્યા. (૭)

કરુણાનિધિ નર - નારાયણની અપાર કૃપા

विज्ञाःय शक्रकृतमक्रममादिदेः प्राह प्रहस्य गतविस्मय एजमानान् ।

मा भैष्ट भो मदन मारुत देववध्वो गृह्णीत नो बलिमशून्यमिमं कुरुध्वम् ॥ ८ ॥

આદિદેવ નરનારાયણ ભગવાન ઈન્દ્રના આ અપરાધને જાણી ગયા પરંતુ નિરભિમાની નરનારાયણ પ્રભુ શાપના ભયથી કંપતા તે કામદેવ વગેરેને કહેવા લાગ્યાઃ 'હે મદન ! હે મારુત ! આપનું સ્વાગત કરીએ છીએ આપ ડરો મા, અમારા અતિથિસત્કારનો સ્વીકાર કરો અને અમારા આ આશ્રમને અશૂન્ય કરો. જો અમારું આતિથ્ય ન સ્વીકારો તો આ આશ્રમ શૂન્યનિવાસ જેવો ગણાશે. (૮) હે નિમિરાજ ! પ્રાણી માત્રને અભય આપનારા ભગવાન નરનારાયણનાં વચનામૃતનું શ્રવણ કરીને શરમાઈ ગયેલા અને નતમસ્તક બનેલા તે દેવો દયા ઉપજાવે તેવો દીનવાણીથી નિવેદન કરવા લાગ્યા કે હે પ્રભો ! માયાથી પર, નિર્વિકાર અને આત્મામાં રાચનારા ધીર પુરુષો આપનાં શ્રીચરણોને નિત્ય નમન કરે છે. આપની અવિચલ તપશ્ચર્યા હોય અને દયાલુતા આપનામાં સહજ છે એમાં કંઈ આશ્ચર્ય નથી. (૯) નાથ ! આપની સેવા કરનારાઓને દેવો દ્વારા અનેક વિઘ્નો થયા કરે છે કારણ કે આપના શ્રેષ્ઠ ભક્તો દેવોના નિવાસસ્થાન સ્વર્ગને ઓળંગી આપના પરમપદ પ્રત્યે પ્રસ્થાન કરતા હોય છે. પરંતુ અન્ય ઉપાસકોને વિઘ્ન કરતા નથી કારણ કે જેમ ખેડૂત રાજાને કર આપ્યા કરે છે તેમ ઉપાસકો યજ્ઞમાં ઈન્દ્રાદિ દેવોને તેઓના ભાગરૂપ પુરોડાશ વગેરે આપ્યા કરે છે તેથી તે પુરુષને દેવોએ કરેલાં વિઘ્નો થતાં નથી પરંતુ આપના ભક્તને જ દેવો વિઘ્ન કરે છે છતાં પણ ભક્તો તો વિઘ્નોનાં મસ્તક ઉપર પગ મૂકી વિઘ્નોને દબાવી આપના પરમપદને પામે જ છે. કારણ કે આપનો ભક્તજનને આશ્રય છે. (૧૦)

ઠંડી, ગરમી અને વૃષ્ટિ આ ત્રણ ઋતુના કાલધર્મો

હે પ્રભુ નરનારાયણ ! ક્ષુધા, તુષા, પવનની આંધીઓ, જિહ્વાના સ્વાદો, સંસારના ભોગના વિષયો વગેરે અમે અપાર છ મહાસાગરો છીએ. ઘણા ઘણા તપસ્વીઓ આ છ મહાસાગરોને તપોબળથી તરી જાય છે ત્યારે તે નિષ્ફળ એવા ક્રોધ નામના તદ્દન નાના ખાબોચિયામાં ડૂબી જાય છે અને સર્વ સામાન્ય જનથી ન કરી શકાય તેવા કઠિન તપને વ્યર્થ ગુમાવે છે. ભગવાન્ ! એ કામ અને ક્રોધ એવા અમે શત્રુઓ છીએ તેમાં જેઓ કામવશ બન્યા એમને સંસારવિલાસો પણ ભોગવવા મળ્યા, જ્યારે ક્રોધના તાબેદારોએ તો સર્વ ગુમાવ્યું. (૧૧) નિમિ રાજન્ ! જ્યારે દેવો નરનારાયણ ભગવાનની આ પ્રકારે સ્તુતિ કરતા હતા ત્યારે ભગવાને પોતાના ઐશ્વર્યથી સર્જેલી ઉત્તમ પ્રકારની અને દર્શનીય દિવ્ય અંગનાઓ જે પોતાની સેવાને તલસી રહેલાં હતાં તેવી સ્ત્રીઓનાં અપ્સરાઓનો ગર્વ ઉતારવા માટે દર્શાવ્યાં. (૧૨) નિમિરાજ ! જ્યારે નારાયણ ભગાવનની દેવો આ પ્રકારે સ્તુતિ કરતા હતા ત્યારે ભગવાને પોતાના સામર્થ્યથી સર્જેલી અત્યન્ત દર્શનીય દિવ્ય સ્ત્રીઓને બતાવી. રાજા ઈન્દ્રના આ સેવકો સાક્ષાત્ લક્ષ્મી સરખી સ્ત્રીઓને જોઈ તેઓના

ઉત્તમ સૌંદર્યથી ઝંખવાણા પડી ગયા એટલું જ નહીં પરંતુ તે સ્ત્રીઓના કમલ જેવા શરીરની કેવલ સુગંધથી જ મોહ પામી ગયા. (૧૩) પુનઃ દેવાધિદેવ નરનારાયણ ભગવાને પ્રણામ કર્યા ત્યારે હતાશ થયેલા તે દેવોને જાણે હસતા હોય તેમ ભગવાન નારાયણે કહ્યું કે "આ સર્વ સ્ત્રીઓમાંથી આપ કોઇ એક સ્ત્રીને આપની સાથે સ્વર્ગમાં લઇને પધારો. આપ આપના ઊતરતા રૂપનો જરા સંકોચ ન કરતા, આપ અહીંથી લઇ જશો તે સ્ત્રી આપના સ્વર્ગની શોભા બની રહેસે. (૧૪) ત્યાર બાદ ભગવાને પ્રણામ કરી અપ્સરાઓમાં શ્રેષ્ઠ ઉર્વશીને લઈ તેને આગળ કરી સ્વર્ગમાં ગયા. (૧૫) ત્યાર બાદ તે સર્વ સભાની મધ્યમાં ઈન્દ્રને નમસ્કાર કરી સર્વ દેવોના સાંભળતાં તેઓએ નારાયણ ભગવાનનું બળ સંભળાવ્યું ત્યારે ઈન્દ્રને ભય થઇ આવ્યો અને તે વિસ્મિત પણ થયો. (૧૬)

ભગવાનના અન્ય અવતારોની ગાથા

વળી અચ્યુત ભગવાને હંસાવતાર લઇ સનત્કુમારાદિને આત્મયોગનો ઉપદેશ કર્યો હતો. તેમજ દત્તાત્રેય સનકાદિ અને અમારા પિતા ભગવાન ઋષભદેવજી અવતાર સ્વરૂપે જગતનું કલ્યાણ કરવા સ્વયં ભગવાન વિષ્ણુ જ પોતાના અંશથી અવતર્યા હતા અને આ અવતારો દ્વારા આત્મયોગનો ઉપદેશ કર્યો હતો. પુનઃ શ્રીવિષ્ણુ ભગવાને જ હયગ્રીવ અવતાર ધારણ કરી મધુ દૈત્યનો નાશ કરી વેદોને પાછા પધરાવી લાવ્યા હતા. આ ઉપરાંત મત્સ્યાવતાર લઇ ભગવાને પ્રલયકાળે મનુનું, પૃથ્વીનું તથા ઔષધિઓનું રક્ષણ કર્યું હતું. વરાહ અવતાર લઇ જળમાંથી પૃથ્વીને ઉદ્ધાર કરતા હિરણ્યાક્ષ દૈત્યનો નાશ કર્યો હતો., કચ્છપ અવતાર લઇ અમૃતમંથનના સમયે પોતાના પીઠ ઉપર મંદરાચળ પર્વત ધારણ કર્યો હતો અને શ્રીહરિરૂપે અવતરેલા વિષ્ણુ ભગવાને મગરની પીડાથી શરણે આવેલા ગજેન્દ્રને છોડાવ્યો હતો. (૧૭-૧૮)

વાલખિલ્ય ઋષિઓ કશ્યપ માટે સમિધા લેવા ગયા ત્યારે ગોમૂત્રના ખાડામાં ડૂબી ગયા હતા અથવા ગરુડજી લઇ જતા હતા ત્યારે સાગરમાં પડી ગયેલા હતા. આ અવસરે રાજા ઈન્દ્રે વાલખિલ્ય ઋષિઓની મશ્કરી કરી હતી ત્યારે વાલખિલ્ય ઋષિઓએ ભગવાનની સ્તુતિ કરી ત્યારે ભગવાને વૈકુંઠમાંથી પધારી વાલખિલ્ય ઋષિઓનો ઉદ્ધાર કર્યો. આ ઉપરાંત વૃત્રાસુરનો વધ કરવાથી બ્રહ્મહત્યામાં પ્રવેશેલા રાજા ઈન્દ્રને તેમાંથી છોડાવ્યા. વળી સ્વર્ગ મૂકીને આત્મરક્ષા માટે દેવો સંતાઇ ગયા ત્યારે દેવની સ્ત્રીઓને અસુરોએ પોતાના ઘરોમાં કેદ કરી રાખી હતી તે દેવાંગનાઓને પણ ભગવાને છોડાવ્યાં, તેમજ નૃસિંહસ્વરૂપ સ્વીકારી હિરણ્યકશિપુને મારી પ્રહ્લાદની પણ રક્ષા કરી હતી. (૧૯)

ભગવાને આ અવતારો તો લીધા પરંતુ અન્ય સર્વ મન્વંતરોમાં જુદા જુદા અવતારો ધરીને દેવાસુર યુદ્ધમાં દેવો માટે દૈત્યપતિઓનો નાશ કરી ભુવનોનું પાલન કર્યું હતું. તેમજ વામન અવતાર લઇ ભગવાને ત્રણ પગલાં પૃથ્વી માગવાના નિમિત્તથી બલિરાજ પાસેથી સમસ્ત પૃથ્વી લઇ લીધી તેમજ દેવોને આપી દીધી હતી. (૨૦) નિમિરાજ ! હૈહયોના કુળનો નાશ કરવા ભૃગુકુળમાં અવતરેલા અગ્નિરૂપ પરશુરામે એકવીસવાર પૃથ્વીને ક્ષત્રિયરહિત બનાવી હતી. વળી ભગવાન શ્રીરામ સ્વરૂપે ભૂતલ ઉપર પધાર્યા તેમજ લોકોના મલ - પાપોનો નાશ કરી યશ ભૂતલ ઉપર વિસ્તાર્યો. અને સીતાજીને લંકામાંથી લાવવા માટે સીતાપતિ રાઘવેન્દ્ર સમુદ્ર ઉપર સેતુ બાંધ્યો હતો અને લંકા સાથે રાવણનો નાશ કર્યો હતો તેમજ જાનકીજીને લાવ્યા હતા તે ભગવાન શ્રીરામચંદ્ર સદા જય પામે છે. (૨૧) જો કે ભગવાન અજન્મા છે તો પણ પૃથ્વીનો ભાર ઉતારવા યાદવકુળમાં શ્રીકૃષ્ણ તથા બલભદ્ર સ્વરૂપે ઉત્પન્ન થશે અને દેવોથી પણ થઇ શકે તેવાં કર્મો કરશે. તેમજ બુદ્ધાવતાર ધરીને જેઓ વૈદિક કર્મો કરવા અધિકારી ન હોય છતાં યજ્ઞાદિ ક્રિયા કરનાર દૈત્યોને વેદવિરુદ્ધ વાતોથી મોહિત કરશે અને કલિયુગમાં છેવટે કલ્કિ અવતાર લઇ શૂદ્ર રાજાઓનો નાશ કરશે. (૨૨)

હે મહાભુજ ! મહાયશસ્વી જગત્પતિ ભગવાનના આવા અનેક અવતારો તથા લીલાચરિત્રો વિદ્વાનોએ વર્ણવ્યાં છે.૨૩

एवंविधानि कर्माणि जन्मानि च जगपतेः । भूरीणि भूरियशसो वर्णितानि महाभुज ॥ १ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંધનો અધ્યાય ૪ થો સમાપ્ત.

અધ્યાય - ૫ મો

(આ અધ્યાયમાં બાવન શ્લોકો છે. આ અધ્યાયમાં ચમસ યોગેશ્વરજી અને કરભાજન યોગેશ્વરજીનો સત્સંગ વર્ણવ્યો છે વિષયભોગાસક્ત જીવો હરિભજન નથી કરતા તેમની દુર્ગતિ થાય છે એ વાત ચમસ યોગેશ્વરજી કરશે અને કયા યુગમાં ભગવાનને કેવી રીતે ભજવા તેનું વર્ણન ''કરભાજન'' યોગેશ્વરજી કરી રહ્યા છે.)

राजोवाच - भगवन्तं हरिं प्रायो न भजन्त्यात्मवित्तमाः । तेषामशान्तकामानां का निष्ठाविजितात्मनाम् ॥ १ ॥

શ્રી નિમિરાજે પ્રશ્ન કર્યો કે યોગેશ્વર મહારાજ ! હે વેત્તા મુનિવરો ! આપે શ્રીમુખે કહ્યું કે ભગવદ્‌ભક્તજનો ભગવાનની કૃપાથી સર્વ વિધ્નોને દૂર કરી ભગવાનને પામે છે એ વાત તો સાંભળી પરંતુ જેમની કામવાસના શાંત નથી થઇ તેમજ મનોવિજય નથી થયો તે જનો તો ભગવાને ભજવાના નથી તો તેમની કેવી ગતિ થશે તે કૃપા કરીને અમને કહો. (૧)

વેદતીર્થનું નિત્ય આચમન કરનારા વૈદિકોમાં શ્રેષ્ઠ યોગેશ્વર 'શ્રી ચમસ' યોગેશ્વરજી છે. તેઓ પોતાના રસના નામના ચમસથી - તત્ત્વજ્ઞાનનું પાન કરાવનાર ૧૭ શ્લોકો દ્વારા હરિભજન ન કરનારની શી ગતિ થશે તે સમજાવશે.-

ચમસ યોગેશ્વર બોલ્યા : પુરુષરૂપ ભગવાનના મુખ, બાહુ, સાથળ તથા ચરણમાંથી ક્રમાનુસાર બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ તેમજ સન્યાસ, એવા ચાર આશ્રમો અને તેની સાથે ક્રમાનુસાર વિપ્ર, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ વર્ણો ઉત્પન્ન થયા છે. આ ચાર વર્ણો ગુણો પ્રમાણે જુદા જુદા ઉત્પન્ન થયા છે હે નિમિરાજા પોતાને વર્ણસ્વરૂપે ઉત્પન્ન કરનાર સાક્ષાત્ પુરુષરૂપ ભગવાનને જેઓ નથી ભજતા પણ તેમનું અપમાન કરે છે, તેઓ પોતાના વર્ણ તથા આશ્રમરૂપ સ્થાનથી ભ્રષ્ટ થઇ નરકમાં પડે છે. (૩) કેટલાક અજ્ઞાનીઓ શ્રીહરિની કથાથી તથા અચ્યુત ભગવાનનાં કીર્તનથી દૂર રહે છે. તેવાં સ્ત્રી, શૂદ્ર વગેરે ઉપર આપના જેવા મહાત્મા રાજાઓએ કૃપા કરવી એટલે તેઓના ઉપર કૃપા કરી સામ, દામ, ઉપાયો દ્વારા તેમને શ્રીહરિમાં રસ લેતા કરવા જોઇએ. (૪) બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય જન્મથી, યજ્ઞોપવીત નામના વેદોક્ત સંસ્કારથી અને અધ્યયન વગેરેથી શ્રીહરિના ચરણની ભક્તિ કરી શકે તેવા છે છતાં વેદોક્ત કર્મફળમાં આસક્ત થઇને વેદનાં અર્થવાદ વચનોને વશ બનીને ભગવાનના ભજનને ત્યજીને સ્વર્ગાદિ લોકોની લાલસાથી યજ્ઞાદિ કરી કામના સિદ્ધિ માટે સતત શ્રમ કરે છે અને મોહ પામે છે. (૫) કર્મના વિષયમાં અજાણ્યા છતાં જ્ઞાનિઓની સલાહ ન લેવા તેમજ અભિમાની અને મૂર્ખ છતાં પોતાને પંડિત માનતા મૂઢ પુરુષો વેદની ફળદર્શક વાણીથી આકર્ષાઇને 'અમે સ્વર્ગમાં વનિતાઓ સાથે વિહાર કરીશું, એવાં પ્રિય વાક્યો બોલે છે તેઓ ખરેખર બાલીશ છે. (૬) આવા કર્મજડ પુરુષો રજોગુણને લીધે ઘોર સંકલ્પો કર્યા કરે છે અને અનેક જાતની કામનાઓથી ઘેરાયેલા હોય છે. સર્પ જેવા ક્રોધી હોય છે, અન્યને ઠગવા દંભકપટ કરે છે, પાપ આચરે છે અને ભગવાનના ભક્તોની ઠેકડી ઉડાવે છે. (૭) તેઓએ સ્ત્રીઓ ની જ સેવા કરી હોય છે પરંતુ વૃદ્ધોની સેવા કરી હોતી નથી. અને મૈથુનસુખ જ જેમાં મુખ્ય છે એવાં ઘરોમાં અનેક જાતના મનોરથો સેવે છે અને પરસ્પર વર્ણવે છે. વળી તેઓ વિપ્રોને ભોજન કે દક્ષિણા પણ આપતા નથી. કેવળ દંભથી યજ્ઞો કરે છે, તેમજ પોતાનું પેટ ભરવા માટે પશુઓની હિંસા કરે છે પણ હિંસાથી થનારા દોષોને તે જાણતા નથી. (૮)

રાજન્ ! આ ખલ પુરુષને તો લક્ષ્મી, ઐશ્વર્ય, વિશાળ કુટુંબ, વિદ્યા, દાન, રૂપ, બળ તથા કર્મનો ભારે ગર્વ હોય છે. આ ગર્વથી અંધબુદ્ધિવાળા બનીને ભગવદ્‌ભક્તોને સન્માનતા નથી પરંતુ સત્પુરુષોનું અપમાન કરે છે તેમ જ ભગવાનનું પણ અપમાન કરે છે. (૯) ભગવાન પ્રાણીમાત્રમાં આકાશની માફક વ્યાપકપણે રહેલા તેમજ સદા સાથે રહેલા હોવાથી ભગવાન તો સર્વના પ્રેમનું ઉત્તમ સ્થાન છે. કરણ કે તે તો સર્વના આત્માના પણ આત્મા છે આવું વેદ ભગવાનનું ગાન છે છતાં કર્મજડ કર્મઠ લોકો તો સોમરસના પાનની અને અપ્સરાના વિંહારની જ વાતો કરે છે. આ ઉપરથી તેઓ સત્ય વસ્તુ જાણતા નથી પરંતુ બાલીશ છે. (૧૦)

વેદોના અર્થ વિવેકી અને ભક્ત પુરુષો દ્વારા જાણવા

लोके व्यावायामिषमद्यसेवा नित्यास्तु जन्तोर्न हि तत्र चोदना । व्यवस्थितिस्तेषु विवाहयज्ञसुराग्रहैरासु निवृत्तिरिष्टा ॥ ११ ॥

શ્રી ચમસ યોગેશ્વરજી વેદના તાત્પર્યને સ્પષ્ટ કરતાં બોલ્યા કે હે નિમિરાજ ! સંસારભોગ, માંસભક્ષણ અને મદ્યપાન આ ત્રણ વસ્તુઓ તો મનુષ્યને સહજ આસક્તિથી સ્વાભાવમાં આવી ગયાં જ હોય છે. શાસ્ત્ર એટલે વેદ ભગવાન આ ત્રણ વસ્તુની આજ્ઞા ન કરે, તેમ વિધાન ન કરેકે આ ત્રણનું સેવન કરો. લોકવ્યવહારમાં જે ક્રિયા જાણીતી ન હોય અને મનુષ્યના કલ્યાણ માટે જે ક્રિયા કરવાની હોય તેનીં વેદમાં આજ્ઞા કરવામાં આવી હોય છે. સંસાર ભોગવો, વ્યસન કરો આવી સૂચનાઓ શાસ્ત્રમાં હોય નહીં એ સિદ્ધાન્ત છે. જો શાસ્ત્રમાં ऋतौ भार्यामुपेयात् અને हुतशेषं भुंजीत આપણને એવાં વાક્યો સાંભળવા મળે કે પત્નીને માસિકઋતુ આવે ત્યારે મનુષ્યે સંસાર ભોગવવો તેમજ અગ્નિમાં આહુતિ આપ્યા પછીથી જે પવિત્ર હવિષ્યાન્ન બાકી રહે તે ભોગવવું તો આ વાક્યો કોઇ પણ પ્રકારની આજ્ઞા કરતાં નથી પરંતુ મનુષ્યના દેહમાં કામવાસના તો છે, તેથી વિવેક ન હોય પરિણામે અમાવસ્યા જેવા દિવસોએ કામસુખ ભોગવે તો ક્ષય લાગુ પડે, સાંધ્ય સમયે કામ ભોગવે તો ઉચ્છૃંખલ સંતાનો જન્મે, દિવસે કામ ભોગવે તો આયુષ્યનો ક્ષય થાય. આવી અનેક પ્રકારની હાનિ સંસારભોગથી થતી હોય છે. તેથીં શાસ્ત્રે મનુષ્યને માર્ગદર્શન આપ્યું કે ભાઈ ! તારે ત્યાં પુત્ર નથી તે મેળવવા માટે તું સંસાર-સુખ ભોગવે તો પત્નીને માસિક ધર્મ આવી જાય ત્યારે અમાવાસ્યા જેવાં નિષેધ કરેલાં પર્વો ન હોય ત્યારે સંસારમાં પ્રવૃત્ત થઈશ તો તારે ત્યાં ઉત્તમ સંતાનો થશે. માટે તારે મનમાં આવે ત્યારે કાબૂ ગુમાવીને કામભોગ ન કરવો આવો શાસ્ત્રે નિષેધ કર્યો છે. તેવી જ રીતે દેહને ભૂખ લાગે ત્યારે તે ગમે તેવું ખાય અને ગમે તે રીતે ખાય ત્યારે શાસ્ત્રે સૂચવ્યું કે ભગવાનને સમર્પણ કરી પ્રસાદ બનાવી ભૂખ્યાને કે ભક્તને આપી મહાપ્રસાદ બનાવીને લેજે કે યજ્ઞમાં હોમ કરી હવિષ્યાન્ન બનાવી પવિત્ર ભોજન લેજે આવી સૂચના કરી પરંતુ વગર વિવેકે ફાવે તેમ ખાવાનો નિષેધ કર્યો છે. રાજન્ ! કેટલાક જિહ્વાની અને કામવાસનાની લાલસાવાળા લોકો દેવોના મંત્રોના મનફાવતા અર્થ કરીને પશુહિંસા, મદ્યપાન, પરનારીસેવન વગેરે ઉચ્છૃંખલ બનીને કરતા હોય છે તેમને વેદ ભગવાને નિષેધ કરીને અટકાવ્યા છે. અને કહ્યુ છે કે તમે 'विवाह' પુત્રની પ્રાપ્તિ માટે જ લગ્ન કરો પણ પરનારી કે પરપુરુષ સાથે દુરાચાર ન કરો અને પતિપત્ની કર્દમઋષિની માફક તેજસ્વી કપિલ ભગવાન જેવા પુત્રને મેળવી પછી સંયમ પાળી દમ્પતી શ્રીહરિની સેવા કરો. પશુઓ, ગાયો, યજ્ઞો, શ્રાદ્ધવિધિ માટે અને અતિથિઓ માટે છે. એટલે તેમનાં દૂધ-ઘી-દહીં કેવલ સંસારીઓને ખાવાપીવા માટે નથી. યજ્ઞ, શ્રાદ્ધ, કર્મ અને અતિથિની સેવામાં વપરાય પછી વધે તે ભોગવવા માટે છે. મદ્યપાનનો સર્વથા નિષેધ છે. પરંતુ સોમયજ્ઞમાં સોમરસનું પાન કરાય એવી આજ્ઞા કરી મદ્યપાનમાંથી મનુષ્યને પાછા વાળ્યા છે. માટે શાસ્ત્રને વિવેકપૂર્વક સમજીને જીવનમાં ઉતારવાં જોઈએ. (૧૧)

ધન પણ ભોગ માટે નથી પરંતુ ભગવત્સેવા માટે છે.

धनञ्च धर्मैकफलं यतो वै ज्ञानं सविज्ञानमनुप्रशान्ति । गृहेषु युञ्जन्ति कलेवरस्य मृत्युं न पश्यन्ति दुरन्तवीर्यम् ॥ १२ ॥

રાજન્ ! ધન તો ભગવાને કેવલ ધર્મથી જ વાપરવા તેમજ ભગવત્સેવામાં વિનિયોગ કરવા જ આપેલ છે. કુટુંબવ્યવહાર વગેરેમાં પણ વિવેકપૂર્વક વાપરી તેમજ સમ્પત્તિને સેવામાં વાપરવાથી ધન શુદ્ધ થાય. શુદ્ધ ધનના ઉપયોગથી અન્તઃકરણ શુદ્ધ થાય. શુદ્ધ ચિત્તમાં વિવેક સહિત જ્ઞાનની ઉત્પત્તિ થાય અને જ્ઞાન દ્વારા કોઈથી પણ ન તરી શકાય તેવા મૃત્યુને તરી જવાય. પરંતુ જો તે ધનને કેવલ ગૃહપરિવાર, વિલાસભોગમાં જ વાપરે છે. તેમને નજર સામે ઘૂઘવતો અને કદી ન તરી શકાય એવો મૃત્યુમહાસાગર નથી દેખાતો. (૧૨) વળી વેદમાં સૌત્રામણિ યાગમાં સુરા લેવાની જે છૂટ આપી છે તે માત્ર સુરાને સૂંઘવાનું સૂચન છે નહીં કે તેના પાનની સંમતિની આજ્ઞા છે. કે તે જ પ્રકારે પશુઓના ઉપયોગનો વિધિ છે તે હિંસા કરવાનો વિધિ નથી. પરંતુ પશુને ઘાસ નીરવાનો અને પ્રેમથી સ્પર્શ કરવાની સૂચના છે. ઋતુકાળે સંસારસુખની જે છૂટ આપી છે તે પણ કેવળ પ્રજાના નિમિત્તે જ છે. નહી કે વિષયનો આનંદ લેવાને આ અત્યંત શુદ્ધ સ્વધર્મને મનોરથવાદીઓ સમજતા નથી. (૧૩) આ રીતે વેદધર્મના તાત્પર્યને ન જાણનારા અસદાચારી અને ઉદ્ધત

લોકો અમે જ ઉત્તમ પુરુષો છીએ એવું અભિમાન કરનારા હોય છે. તેથી જ તેઓ નિઃશંક થઇ અથવા આવા અમારા મનોરથો થશે આવો વિશ્વાસ રાખી પશુહિંસા કરે છે, પરંતુ તેમને ખબર નથી કે તેમના મારેલ પશુઓ મરણ પછી પરલોકમાં તેમને જ ખાશે. આથી જ મને જ તે ખાશે હું જેનું માંસ ખાઉં છું એવાં માંસ શબ્દનો શબ્દાર્થ થાય છે. (૧૪) જે મનુષ્યો બીજાનાં શરીરોમાં રહેલા સર્વના અને પોતાના આત્મારૂપ ભગવાન શ્રીહરિનો દ્વેષ કરે છે અને પુત્રાદિ પરિવાર સહિત આ મરણશીલ ઉપર મોહ કરે છે તેઓ નરકમાં પડે છે. (૧૫) તત્ત્વજ્ઞાનને પામ્યા નથી કે મોક્ષ પામ્યા નથી તેમજ છેક મૂર્ખ પણ નથી એટલે અર્ધદગ્ધ, અધકચરા છે તેઓ ધર્મ, અર્થ અને કામને જ મુખ્ય પુરુષાર્થ માને છે. અને જેમને ભગવાનના યશોગાનનો અવકાશ નથી, જેમની પાસે શાંતિનો એક ક્ષણ પણ નથી આવા લોકો પોતે જ પોતાના આત્માનો નાશ કરે છે અને સંસારથી કદી છૂટતા જ નથી. (૧૬) આવા આત્મઘાતક પુરુષો શાંતિરહિત અજ્ઞાનમાં જ જ્ઞાનને માનનારા અને કાળે નાશ કરેલા મનોરથવાળા તથા અકૃતાર્થ રહીને જ દુઃખી થાય છે. (૧૭) તે વાસુદેવવિમુખ પુરુષો અત્યંત પરિશ્રમથી મેળવેલા ઘર, સંતાન સ્નેહીઓ તથા સંપત્તિઓને ત્યજીને ન ઇચ્છે છતાં નરકમાં જ પડે છે. (૧૮)

નિમિરાજે પૂછયું કે હે યોગેશ્વરજી ! આપે કહ્યું કે ભગવાન્‌ની ભક્તિ જ કરવી તો તે ભગવાનને કયા યુગમાં કેવા વર્ણવાળા, કેવા આકારવાળા, કયા નામથી અને કયા પ્રકારથી મનુષ્યો ભજે છે અથવા ભજે તે આપ સમજાવવા કૃપા કરો. (૧૯)

શ્રી કરભાજન યોગેશ્વરજીના કરકમલમાં "જ્ઞાન" આમળાના ફળ જેવું સ્પષ્ટ દેખાતું તેશ્રી યોગેશ્વર કરભાજનજી ૨૩ શ્લોકોમાં ચારે યુગોમાં ભગવાનને કેવી રીતે ભજવા તે સર્વ વિગતવાર સમજાવે છે.

યોગીશ્વર કરભાજનજીએ કહ્યું, નિમિરાજ ! કૃતયુગ-ત્રેતાયુગ-દ્વાપરયુગ અને કલિયુગ એવા ચાર વિભાગમાં કાલ વહેંચાયેલા છે. આ ચારે યુગોમાં ભગવાન ભિન્ન ભિન્ન વર્ણથી અનેક પ્રકારના નામથી અને વિવિધ સ્વરૂપોથી, આકૃતિથી વિવિધ પ્રાકરના વિધિથી પૂજાય છે. (૨૦)

સત્યુગનો સેવાપ્રકાર

ભગવાનનો સત્યયુગમાં શ્વેત વર્ણ હોય છે, ચાર ભુજાઓ હોય છે. શ્રી મસ્તકે જટા બિરાજે છે. વૃક્ષની છાલમાંથી બનેલાં વલ્કલો ધારણ કરે છે. ઉપવીત, માલા, દંડ, કમંડલને ધારણ કરી બ્રહ્મચર્ય વેષમાં બિરાજે છે. (૨૧) આ યુગમાં મનુષ્યો પણ શાંત, વૈરભાવ વિનાના, સર્વના મિત્ર તથા સર્વ તરફ સમદૃષ્ટિવાળા હોય છે અને તેઓ ધ્યાનથી તથા મન અને ઇન્દ્રિયોના સંયમથી ભગવાનની ઉપાસના કરે છે. (૨૨) આ કૃતયુગમાં હંસ, સુપર્ણ, વૈકુંઠ, ધર્મ, યોગેશ્વર, અમલ, ઈશ્વર, પુરુષ, અવ્યક્ત અને પરમાત્મા વગેરે નામોથી ભગવાનનાં ગાન કરે છે. નામસંકીર્તન કરે છે. (૨૩)

ત્રેતામાં ભગવત્સેવાનો પ્રકાર

ત્રેતાયુગમાં ભગવાન રક્તવર્ણ ધારણ કરે છે તેમજ ચાર ભુજાવાળા હોય છે, ત્રેવડી કટિમેખલા ધારણ કરે છે. સુવર્ણસમા પીતવર્ણા કેશવાળા હોય છે. વેદમૂર્તિ અને સ્રુવ વગેરે ચિહ્નોને ધારણ કરે છે. (૨૪) ત્રેતાયુગમાં મનુષ્યો ધર્મિષ્ઠ અને બ્રહ્મવાદી હોઈ સર્વ દેવમય શ્રીહરિભગવાનનું વેદોમાં કહેલાં કર્મોથી સમર્ચન કરે છે. (૨૫) તે યુગમાં ભગવાન વિષ્ણુ યજ્ઞ, પૃશ્નિગર્ભ, સર્વદેવ, ઉરુક્રમ, વૃષાકપિ જયંત તથા ઉરુગાય એવાં નામોથી ગવાય છે. (૨૬)

દ્વાપરમાં ભગવત્સેવાનો પ્રકાર

દ્વાપરયુગમાં ભગવાન શ્યામ વર્ણ ધારણ કરે છે તેમજ પીતાંબર પહેરે છે. ચક્ર, ગદા વગેરે આયુધો ધારણ કરે છે તેમજ શ્રીવત્સ આદિ અંગના ચિન્હો અને કૌસ્તુભ આદિ બહારનાં ચિહ્નોથી ઓળખાય છે. (૨૭) હે નિમિરાજ ! આ દ્વાપરયુગમાં ઈશ્વરને જાણવા ઇચ્છતા મનુષ્યો છત્ર, ચામર વગેરે મહારાજનાં ચિહ્નો થી ભગવાનને ભજે છે તેમજ તે પરમ પુરુષની વૈદિક તથા તાંત્રિક માર્ગથી આરાધના કરે. (૨૮) તેમજ વાસુદેવ, સંકર્ષણ પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, નારાયણ ઋષિ, પુરુષ, મહાત્મા, જગતના ઈશ્વર, જદત્સ્વરૂપ અને સર્વ પ્રાણીઓના આત્મા આપ ભગવાનને અમારા વારંવાર

નમસ્કાર હો. (૨૯-૩૦) હે રાજન્ ! દ્વાપરમાં જગદીશ્વરની લોકો સ્તુતિ કરે છે હવે કલિયુગમાં અનેક પ્રકારે તંત્રશાસ્ત્રમાં કહેલા વિધિથી લોકો ભગવાનની જે રીતે પૂજા કરે છે તે પ્રકાર તમને સંભળાવુ છું. (૩૧)

કલિયુગમાં સાધનાનો પ્રકાર

ઉત્તમ બુદ્ધિવાળા પુરુષો કલિયુગમાં શ્યામ વર્ણવાળા છતાં કાંતિથી ઈન્દ્રિનીલમણિ જેવા ઉજ્જ્વળ અને અંગ, ઉપાંગ અસ્ત્રો તથા પાર્ષદો સહિત ભગવાનનું લગભગ કીર્તન જેમાં મુખ્ય હોય છે એવા યજ્ઞોથી અર્ચન કરે છે. ૩૨

ध्येयं सदा परिभवघ्नमभीष्टदोहं तीर्थास्पदं शिवविरिञ्चिनुतं शरण्यम् ।
भृत्यार्तिहं प्रणतपाल भवाब्धिपोतं वन्दे महापुरुष ते चरणारविन्दम् ॥ ३३ ॥

હે મહાપુરુષ ! આપશ્રીનાં શ્રીચરણકમલોને મારા નમસ્કાર છે, શ્રી ચરણો આઠ ઐશ્વર્યોથી પરિપૂર્ણ છે. આપના શ્રી ચરણો સતત ધ્યાન કરવા યોગ્ય મમતા, મોહ, અહંતા કે કુટુંબીજનથી કે ઈન્દ્રિયોથી થનારા ત્રાસ કે તિરસ્કારને હરનારા છે, ભક્તજનના મનોરથોને પરિપૂર્ણ કરનાર છે બ્રહ્માણ્ડનાં સર્વ તીર્થો ચરણોમાં વસેલાં છે શ્રી શિવજી અને શ્રીબ્રહ્માજી આપનાં શ્રીચરણોનું સદા સ્તવન કરે છે., શરણ લેવા લાયક છે. ભક્તની આર્તિ દુઃખોને હરનાર છે, શ્રીચરણોમાં પ્રણામ કરનારની નિત્ય રક્ષા કરનાર છે અને ભવસાગર પાર કરવા માટે નાવ સ્વરૂપ છે. હે મહાપુરુષ આવાં આપનાં શ્રીચરણોને કોટિ કોટિ વંદન છે. (૩૩)

त्यक्त्वा सुदुस्त्यजसुरेप्सितराज्यलक्ष्मीं धर्मिष्ठ आर्यवचसा यदगादरण्यम् ।
मायामृगं दयितयेप्सितमन्वधावद् वन्दे महापुरुष ते चरणारविन्दम् ॥ ३४ ॥

હે મહાપુરુષ ! હે ધર્મનિષ્ઠા નાથ ! આપે શ્રીરઘુનાથના અવતારમાં વનમાં વિચરતાં આપના શ્રી ચરણકમલને અનેક નમસ્કાર હો ! શ્રી આયોધ્યાજીની જે રાજ્યલક્ષ્મીની દેવો લાલસા સેવતા હતા, ભલભલા ત્યાગી-વિરક્તો પણ ના ત્યજી શકે તે રાજ્યશ્રીને કેવલ પિતૃભક્તિને પ્રકટ કરતા આપે તૃણ માફક ત્યજી દીધી પિતાજીએ શ્રી કૈકેયી માતાને માત્ર આપેલા વચનનો આદર કરી પળવારમાં આપ અરણ્યમાં પધાર્યા. પિતાજીએ શ્રીમુખે આપને આજ્ઞા પણ કરી ન હતી કે રઘુવર ! બેટા ! આપ વનમાં પધારો, પરંતુ કેવલ પિતાએ માતાને બે વરદાન આપ્યાં છે, માતાજીને મનફાવ્યુ તે માગ્યું “મારે તો પિતાજીનાં વચનનું પાલન જ સર્વ બ્રહ્માંડનું સામ્રાજ્ય છે” આવું માનનાર આપે રાજ્યશ્રીને ત્યજી દીધાં, બીજી બાજુ સર્વ વૈભવોને ઠોકરે મારી આપની સાથે વનમાં પધારેલાં ભક્ત એવાં પ્રિયતમાં શ્રી સીતાદેવીજીના મનવાંછિત માયામૃગની પાછળ જે શ્રી ચરણો વિચર્યાં તેવાં ભક્તજન ઉપર અનુગ્રહ કરતાં શ્રીચરણોને નમસ્કાર કરું છું. (૩૪) હે નિમિરાજ ! આ પ્રમાણે યુગેયુગના મનુષ્યો તે તે યુગને યોગ્ય ભગવાનનાં નામોથી તથા સ્વરૂપોથી કલ્યાણનાથ શ્રી હરિભગવાનનું અર્ચન કરે છે. (૩૫)

कलिं सभाजयन्त्यार्या गुणज्ञाः सारभागिनः । तत्र संकीर्तनेनैव सर्व : स्वार्थोऽभिलभ्यते ॥ ३६ ॥
न ह्यतः परमो लाभो देहिनां भ्राम्यतामिह । यतो विन्देत परमां शान्तिं नश्यति संसृतिः ॥ ३७ ॥
कृतादिषु प्रजा राजन् कलाविच्छन्ति सम्भवम् । कलौ खलु भविष्यन्ति नारायणपरायणा : ॥ ३८ ॥
क्वचित् क्वचित् महाराज द्रविडेषु च भूरिशः । ताम्रपर्णी नदीयत्र कृतमाला पयस्विनी ॥ ३९ ॥
कावेरी च महापुण्या प्रतीची च महानदी । ये पिबन्ति जलं तासां मनुजा मनुजेश्वर ।
प्रायो भक्ता भगवति वासुदेवेऽमलाशयाः ॥ ४० ॥
देवर्षिभूताप्तनृणां पितृणां न किङ्करो नायमृणी च राजन् । सर्वात्मना यः शरणं शरण्यं गतो मुकुंदं परिहृत्य कृत्यम् ॥ ४१ ॥
स्वपादमूलं भजतः प्रियस्य त्यक्तान्यभावस्य हरिः परेशः । विकर्म यच्चोत्पतितं कथं चिद् धुनोति सर्वं हृदि सन्निविष्टः ॥ ३९ ॥

ગુણો જાણનારા અને ગુણગ્રાહી ઉત્તમ પુરુષો પ્રત્યેક યુગમાં કલિયુગની પ્રશંસા કરે છે., કારણ કે કલિયુગમાં કેવલ

ભગવાનના નામસંકીર્તનથી જ સર્વ પુરુષાર્થો મેળવી શકાય છે. જયારે અન્ય ત્રણ યુગોમાં અનેક સાધના કરતાંય શ્રીહરિ સુલભ નથી થતાં. (૩૬) રાજન્ ! આ સંસારમાં ભટકતા જીવોને કલિયુગમાં કેવલ શ્રી હરિકીર્તન સમાન અન્ય કોઇ શ્રેષ્ઠ લાભ નથી. કારણ કે હરિકીર્તનથી પરમ શાંતિ પ્રાપ્ત થાય છે અને સંસાર નાશ પામે છે. (૩૭) હે નિમિરાજ ! સત્યુગ વગેરે ત્રણ યુગની પ્રજાઓ પોતાનો જન્મ કલિયુગમાં થાય એમ ઇચ્છે છે કારણ કે કલિયુગમાં મોટે ભાગે નારાયણ ભગવાનમાં પરાયણ પરમ ભાગવતો કોઇ સ્થળે અવશ્ય થશે જ. અને તેમનો સત્સંગ મળતાં ભગવાન મળશે. (૩૮) અને તેમાં પણ હે મહારાજ ! દ્રવિડ દેશમાં ઘણાં ભક્તો થશે કે જેવાં તામ્રપર્ણી, કૃતમાલા, યશસ્વિની, મહાપવિત્ર કાવેરી તથા પશ્ચિમ મહાસાગર તરફ વહેતી વરાહ ક્ષેત્રમાંથી નીકળી સહ્યાદ્રિ પર્વતમાં થઇને પશ્ચિમ સમુદ્રમાં મળે છે એવી વેગવતી નામવાળી મહાનદી છે. હે રાજન્ ! જે મનુષ્યો તે પવિત્ર નદીઓનાં જળનાં પાન કરે છે તેઓ ઘણું કરીને નિર્મળ અંતઃકરણવાળા થઇ ભગવાન વાસુદેવના ભક્તો થાય છે. (૩૯-૪૦)

હે રાજન્ ! જે મનુષ્ય સર્વ કર્તવ્યો ભગવાનને સમર્પીને તેમજ ભેદબુદ્ધિ ત્યજી આ સર્વ ભગવાન વાસુદેવ જ છે એમ સમજી સર્વ પ્રકારે શરણ લેવા યોગ્ય મુકુંદ ભગવાનને શરણે જાય છે તે ભક્તવર દેવો, ઋષિઓ, પ્રાણીઓ, કુટુંબ કે પિતૃઓનો ન તો દાસ તરીકે રહે છે કે ન તો કોઈનો દેવાદાર. (૪૧) માની લો કે ભગવદીયને ભગવત્સેવા વિના કર્મની આવશ્યકતા નથી તો ભલે તે સ્વીકારી લઇએ પરંતુ કોઈ શાસ્ત્રે નિષેધ કરેલ આચરણ કર્યું તો તેને શુદ્ધ થવા માટે તો પ્રાયશ્ચિત્ત કરવું તો જોઇએને? તો રાજન્ ! આ વિષયમાં એટલી વાત ધ્યાનમાં લેવી કે જે ભક્ત ભગવાનને પ્રિય છે અને સ્વયં પ્રભુના શ્રીચરણોને સેવે છે અને પ્રભુથી બીજામાં એને આસક્તિ કે અનુરાગ નથી એવા ભક્તના તો સર્વ સમર્થ શ્રીહરિ જ સંરક્ષક છે, તેના હાથે પ્રયશ્ચિત્ત કરવું પડે એવું પાપ થવાનું જ નથી છતાં માની લો કે કોઇ વિકર્મ થઇ ગયું તો તે વિકર્મની શુદ્ધિ પણ તેના હૃદયમાં બિરાજેલા ભગવાન કરશે તેથી તેને કર્મફલ ભોગવવું નહીં પડે. રાજન્ ! ભગવાન તેને પાપથી સદા બચાવશે. (૪૨)

શ્રી નારદજીની વિવેકભરી વચનસુધા

શ્રીનારદજીએ કહ્યું કે હે શ્રીવસુદેવજી ! શ્રીમિથિલેશ્વર શ્રીનિમિરાજે નવ યોગેશ્વરોના શ્રી મુખેથી ભાગવત ધર્મોનું શ્રવણ કર્યું અને અત્યંત પ્રસન્ન થયા ત્યારબાદ શ્રીનિમિરાજે ઉપાધ્યાયો સાથે શ્રીજયંતી માતાના સુપુત્રો શ્રીયોગેશ્વરોના અર્ચન કર્યાં. (૪૩) અર્ચનનો સ્વીકાર કરી સર્વ લોકોનાં દેખતાં જ નિત્યસિદ્ધ યોગેશ્વરો ત્યાંથી અદશ્ય થયા અને નિમિરાજે ભાગવત ધર્મોનું આચરણ કરી પરમ ગતિની પ્રાપ્તિ કરી. (૪૪) હે મહાભાવ શ્રીવસુદેવજી ! આપ પણ સાંભળેલા આ ભાગવત ધર્મોનો શ્રદ્ધાપૂર્વક નિઃસંગ બની આશ્રય કરશો તો આપ પરમ પદ પામશો. (૪૫)

શ્રી વસુદેવજી પાસે ભગવદ્ધર્મોનું ગૌરવ ગાતાં ગાતાં શ્રી દેવર્ષિ નારદજી બોલ્યા કે હે વસુદેવ ! આ તો શાસ્ત્રનીદષ્ટિએ આપની પાસે ભગવદ્ધર્મો ગાયા અને આપે સાંભળ્યા પરંતુ આપ તો કૃતકૃત્ય છો કારણ કે સર્વેશ્વર ભગવાન શ્રીહરિ આપ અને શ્રીદેવકીજીના પુત્રપણાને પામ્યા છે, તેથી આપ ઉભય દંપતીના યશથી સંપૂર્ણ જગત પરિપૂર્ણ થઇ ગયેલું છે. (૪૬) હે મહાભાગ વસુદેવજી ! આપે તો શ્રીકૃષ્ણ ઉપર પુત્રસ્નેહ કરતાં તેમનું દર્શન, આલિંગન, તેમની સાથે વાર્તાલાપ, તેમની સાથે શયન, સાથે આસન અને સાથે ભોજન વગેરે કરીને આપે આપના અન્તઃકરણને આત્માને પાવન કરેલ છે. (૪૭) શિશુપાલ પૌંડ્રક અને શાલ્વ વગેરે રાજાઓ, જે ભગવાનને સૂતાં, બેસતા, ખાતાં, પીતાં, ઊઠતા વૈરભાવથી ચિંતવતા તો પણ ભગવાનના ગતિ, વિલાસ, દર્શન વગેરેથી તદાકાર થયેલી બુદ્ધિવાળા થઇ તે ભગવાનના સારૂપ્યને પામ્યા તો પછી જેમની બુદ્ધિ એ ભગવાનમાં સ્નેહથી તદાકાર બની હોય તેઓ શ્રીકૃષ્ણના સારૂપ્યને પામે એમાં તો આશ્ચર્ય શું ? (૪૮) મહારાજ વસુદેવજી ! આપ શ્રીકૃષ્ણ ઉપર માત્ર પુત્રબુદ્ધિ ન કરશો કરણ કે શ્રીકૃષ્ણ સર્વના આત્મા, ઈશ્વર, સર્વથી પર અને નિર્વિકાર છે. તે કર્તુમકર્તુમન્યથાકર્તું સમર્થ છે છતાં કપટથી મનુષ્ય દેહ સ્વીકારી પ્રભુએ પ્રભુત્વ ગુપ્ત રાખ્યું છે. (૪૯) પૃથ્વી ઉપર ભારરૂપ અસુર રાજાઓનો નાશ કરવા અને સત્પુરુષોનું રક્ષણ કરવા અવતરેલા ભગવાનનો યશ મોક્ષ માટે સર્વ લોકમાં ફેલાય છે. (૫૦) શ્રીશુકાચાર્યજી બોલ્યા કે રાજન્ ! પરક્ષિત ! શ્રી નારાદજીના આવાં વચન સાંભળી મહાભાગ શ્રીવસુદેવજી અને શ્રીદેવકીજી અત્યંત વિસ્મય પામ્યાં અને બન્નેએ મોહ

ત્યજી દીધો. (૫૧) કોઇ પણ મનુષ્ય આ પવિત્ર ઇતિહાસ એકાગ્ર થઇ સાંભળે કે કહે છે તે મોહ મુક્ત થઇ બ્રહ્મરૂપ થવા સમર્થ થાય છે. (૫૨)

इतिहासमिर्मं पुण्यं धारयेद् यः समाहितः । स विधूयेह शमलं ब्रह्मभूयाय कल्पते ॥ ५२ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંધમાં ૫મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૬ઠ્ઠો

(આ છઠ્ઠા અધ્યાયમાં ૫૦ શ્લોક છે. આ અધ્યાયથી ૨૪ અધ્યાયોનું બીજું પ્રકરણ આરંભાય છે. અહીં બ્રહ્માજી તેમજ દેવો ભગવાનની સ્તુતિ કરે છે. ભગવાન ગોલોકમાં પધારવા ચાહે છે ત્યારે "શ્રીઉદ્ધવજી તેમને વિનવે છે, આપ મને પણ સાથે લઇ જાવ" એ પ્રસંગો આવશે)

श्रीशुक उवाच - अथ ब्रह्माऽऽत्मजैर्देवैः प्रजेशैरावृतोऽभ्यगात् । भवश्च भूतभव्येशो ययौ भूतगणैर्वृतः ॥ १ ॥

દેવશ્રેષ્ઠ દેવાધિદેવનાં દુર્લભ દર્શન દ્વારિકામાં

શ્રી શુકાચાર્યજીએ કહ્યું રાજન્ પરીક્ષિત ! શ્રી દ્વારિકાધીશ નિજધામમાં મંગલ પ્રસ્થાન કરવા ચાહતા ત્યારે દ્વારિકાધીશના દર્શન દુર્લભ થશે એમ જાણીને શ્રી બ્રહ્માજી દેવમંડલ અને પોતાના પુત્રો સાથે દ્વારિકાનાથની મહત્ત્વની ઝાંખી માટે પધાર્યા છે. આ અવસરે શ્રી બ્રહ્માજીની સાથે સનકાદિ પુત્રો દેવો તથા પ્રજાપતિઓ મરીચિ, અત્રિ વગરે હતા તેમજ ભૂતગણોની સાથે ભૂત અને ભવ્ય નામના પ્રજાપતિ, ઇશ્વર શંકર ભગવાન પણ સાથે હતા. (૧) આ ઉપરાંત મરુતો સાથે ઐશ્વર્યવાન ઇન્દ્ર, આદિત્યો, વસુઓ, અશ્વિનીકુમારો, ઋષિઓ, અંગિરાઋષિના વંશજો રુદ્રો, વિશ્વદેવાઓ, સાધ્ય દેવો પણ હતા. (૨) તેમજ ગન્ધર્વો, અપ્સારાઓ, નાગો, સિદ્ધો, ચારણો, યક્ષો, ઋષિઓ, પિતૃઓ, વિદ્યાધરો તેમજ કિન્નરો પણ હતા. (૩) આ બધા શ્રીકૃષ્ણનાં દર્શન કરવા ઇચ્છતા દ્વારિકા ગયા, કેમકે ભગવાને જે શરીરથી મનુષ્યલોકના મનને આનંદ ઉપજાવી સર્વ લોકોનાં પાપનો નાશ કરનારો યશ લોકમાં ફેલાવ્યો હતો તે શરીરનું દર્શન કરવા તેઓ ઇચ્છતા હતા. (૪) મોટી સમૃદ્ધિથી સમૃદ્ધ અને તેથી જ અત્યંત પ્રકાશતી દ્વારિકામાં તે દેવોએ અદ્ભુત સ્વરૂપવાળા શ્રીકૃષ્ણના અતૃપ્ત નેત્રે દર્શન કર્યાં. (૫) પછી સ્વર્ગના બગીચાઓનાં પુષ્પોથી યદૂત્તમ શ્રીકૃષ્ણને ઢાંકી દેતા તે દેવો આશ્ચર્યકારક પેદા તથા અર્થોવાળી વાણી વડે જગદીશ્વર શ્રીકૃષ્ણ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. (૬)

પ્રથમ પ્રભુના શ્રચરણોમાં અષ્ટાંગ દંડવત્ પ્રણામ

देवाऊचुः- नताः स्म ते नाथ पदारविन्दं बुद्धीन्द्रियप्राणमनोवचोभिः । यश्चिन्त्यतेऽन्तर्हृदि भावयुक्तैर्मुमुक्षुभिः कर्ममयोरुपाशात् ॥ ७ ॥

દેવો નિવેદન કરવા લાગ્યા કે હે નાથ ! કર્મના કઠોર પાશમાંથી મુક્ત થવા મોટા મુમુક્ષુ જનો આપના શ્રીચરણારવિન્દનું કેવલ હૃદયમાં ધ્યાન કરવા ભાગ્યશાળી બને છે તેવાં આપનાં દિવ્ય ચરણોનો બુદ્ધિથી અમે નિશ્ચય કરીએ છીએ કે અમારા છે. તેમજ ઇન્દ્રયોથી દર્શન, સ્પર્શ સેવા વગેરે કરીએ છીએ અને પ્રાણ વડે દેહ વગેરેથી દંડવત્પ્રણામ કરીએ છીએ તેમજ મનથી ચિંતન કરીએ છીએ. વચનથી સ્તુતિ કરીએ છીએ, નાથ ! અષ્ટાંગ નમસ્કાર વિધિના પ્રકારથી અમારા નમસ્કારનો સ્વીકાર કરતા કૃપા કરો. (૭) ત્રિગુણાત્મક માયાથી પોતાને વિષે જ ઉત્પન્ન કરો છો તો પણ કર્મથી લેપાતા નથી કારણ કે આપ આવરણ રહિત આત્મસુખમાં રમો છો તેથી જ રાગાદિ દોષોથી રહિત છો. (૮)

હે નાથ ! આપ સ્તુતિ કરવા યોગ્ય છો. સત્ત્ગુણમય આપના ભક્તોને આપના યશનું શ્રવણ કરતાં પરિપુષ્ટ થયેલી ઉત્તમ શ્રદ્ધાથી જેવી ચિત્તની પવિત્રતા થાય છે તેવી દુષ્ટ આશયવાળા વિષયાનુરાગી પુરુષોને ઉપાસનાથી શાસ્ત્રશ્રવણથી, વેદાધ્યાયનથી, દાનથી, તપથી કે યજ્ઞયાગાદિ ક્રિયાઓ કરવાથી નથી થતી. (૯) હે ઇશ્વર ! આપના ચરણને મુનિઓ મોક્ષરૂપ કલ્યાણ મેળવવા પ્રેમભીનાં હૃદયથી ચિંતવે છે. ભક્તપુરુષો સમાન ઐશ્વર્ય પામવાને વાસુદેવાદિ વ્યૂહમાં પૂજે છે, ભક્તમાં પણ કેટલાક આત્મવાન-ધીર ભક્તો સ્વર્ગલોક ઓળંગી વૈકુંઠ મેળવવા ત્રણે કાળ પૂજે છે તે આપનો શ્રીચરણ અમારી અશુભ વાસનાને અગ્નિસ્વરૂપે બાળો. (૧૦) હે નાથ ! આપશ્રીના આ ચરણારવિંદને પામવા માટે

હવિષ્યાન્ન લઈને યાજ્ઞિકો યજ્ઞના આહવનીય વગેરે અગ્નિમાં વેદોક્ત નિરુકત વિધિ પ્રમાણે આપનું જ ઈન્દ્રાદિ દેવોના સ્વરૂપે ચિંતન કરે છે, આપનું જ આરાધન કરે છે તેમજ આધ્યાત્મયોગમાં જોડાયેલા યોગીઓ આપની માયાને જાણવા માટે અને અણિમાદિ સિદ્ધિઓને પામવા માટે આપનું જ ચિંતન કરે છે જયારે આપના અનન્ય ભક્તજનો આપના શ્રી ચરણોને સર્વ સ્વરૂપે સેવે છે. તે આપનાં શ્રીચરણ અમારી, અશુભ વાસનાઓને બાળનાર અગ્નિરૂપ બનો. (૧૧)

पर्युष्टया तव विभो वनमालयेयं संस्पर्धिनी भगवती प्रतिपत्निवच्छ्रीः ।

यः सुप्रणीतममुयार्हणमाददन्नो भूयात् सदांध्रिरशुभाशयधूमकेतुः ॥ १२ ॥

केतुस्त्रिविक्रमयुतस्त्रिपतत्पताको यस्ते भयाभयकरोऽसुरदेवचम्वोः ।

स्वर्गाय साधुषु खलेष्वितराय भूमन् पादः पुनातु भगवन् भजतामघं नः ॥ १३ ॥

હે ભગવાન્ ! આપ ભક્તવત્સલ છો કારણ કે ભક્તજનોએ ભાવપૂર્વક આપને ''શ્રી નવમાલાજી'' ધરાવ્યાં. આ વનમાલાજી આપશ્રીના શ્રીચરણો સુધી લટકતાં હોય છે. આપે ધારણ કરાયેલા વનમાલાજીને વડાં કરાયંએટલે ઉતારી લેવાય છે ત્યારે આપ એ વનમાલાજીને હૃદય ઉપર પધરાવો છો કારણ કે એ ભક્તજનોએ અર્પેલ છે. આ વનમાલાજી સાથે વક્ષઃસ્થલમાં બિરાજતાં શ્રી લક્ષ્મીજી નિત્ય સ્પર્ધા કરે છે પરંતુ આપ લક્ષ્મીજીની સ્પર્ધાની દરકાર કરતા નથી. આવા ભક્તવત્સલ ભગવાન આપના ચરણકમલ સદા અમારી અશુભ વાસનાને બાળનાર અગ્નિસ્વરૂપ બનો. (૧૨) હે ભૂમા ભગવાન્ ! વ્યાપક નાથ ! બલિરાજાના બંધનસમયે ત્રણ પગલાં ભરવા તૈયાર થયેલ આપનો શ્રીચરણ બીજું પગલું માપતાં જયારે સ્વર્ગને માપવા પધાર્યો ત્યારે અત્યંત ઊંચા કરેલા વિજયધ્વજ જેવા જણાતા ચરણકમલ ઉપર ત્રણ લોકમાં વહન કરતી ''ભગવતી ગંગાજી'' ચરણારવિંદ ઉપર ધજા બની હતી. એવો આપનો શ્રીચરણ તે સમયે અસુરોની સેનાને ભયજનક, દેવોની સેનાને અભય દેનાર, સાધુશીલ દેવોને સ્વર્ગ આપનાર અને દુષ્ટ દૈત્યોને નીચે પાતાળમાં ધકેલનાર થયો હતો. આવા સુમંગલ આપના શ્રીચરણનું સેવન કરતા આમ ભક્તજનોનાં પાપોને દૂર કરો. (૧૩) પરસ્પર સંગ્રામ કરી પીડાતા બ્રહ્માદિ દેવો પણ કાળના પ્રવર્તક અને પ્રકૃતિ-પુરુષના કારણ આપને, નાકમાં નાથેલા બળદોની માફક વશ રહે છે. આ દેવો જય ને પરાજય સાધવામાં સ્વયં સ્વતંત્ર નથી પરંતુ આપ પુરુષોત્તમને આધીન છે એવા શ્રીપુરુષોત્તમ ભગવાનનો શ્રીચરણ અમારું કલ્યાણ વિસ્તારો. (૧૪) આપ જ આ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ, લયના કર્તા છો. પ્રકૃતિ જીવ અને મહત્તત્ત્વના આપ જ કારણ છો. એટલું જ નહીં પરંતુ વર્ષા, શીતકાલ અને ગ્રીષ્મકાલની ત્રણ ઋતુઓ જેની ધરી છે-ધાર છે એવો અને અત્યંત ગંભીર વેગવાળો વર્ષ નામનો કાળ તે આપની માત્ર ચેષ્ટા છે. પરંતુ આપ તો સર્વથી પર પુરુષોત્તમ છો. (૧૫) વિરાટમાં વસતા પુરુષ આપની પાસેથી અમોઘ શક્તિ મેળવી પરાક્રમી બની માયામાં પોતાના વીર્યનું સ્થાપન કરી જગતનાં ગર્ભ જેવા મહત્તત્ત્વને ઉત્પન્ન કર્યુ. આ બ્રહ્માંડ સુવર્ણ સમાન પ્રકાશમાન હોઈ બહારના ભાગમાં આઠ આવરણોથી યુક્ત દેખાય છે. (૧૬) હે ઇન્દ્રિયોના સ્વામી ! આપ આ સ્થાવર જંગમ જગતના અધીશ્વર છો. કારણ કે આપ માયાથી પ્રકટેલી ઇન્દ્રિય પ્રવૃત્તિઓએ સમર્પેલા વિષયોનું સેવન કરો છો. છતાં તેથી લેપાતા નથી જયારે અન્ય જીવો અથવા યોગીઓ પોતે વિષયસેવનથી ડરી ડરીને ચાલે છે છતાં વાસના હૃદયમાથી ખસતી નથી. જયારે આપ નિર્લેપ છો તેથી આપનો નિત્ય ઉત્કર્ષ છે. (૧૭) હે નાથ ! આપના મહિમાનું ગાન કોણ કરી શકશે? આપના અન્તઃપુરમાં સોળ હજાર ને એકસો આઠ દિવ્ય પત્નીઓ બિરાજે છે. જેઓ પોતાના સ્મિત હાસ્ય અને હાવભાવ ભરી, કટાક્ષથી અભિપ્રાય દર્શાવતી, તેમજ ભાવરસને ઉત્પન્ન કરતી, મીઠી, મીઠી સુરત ભાવને જાગૃત કરતી, ગોષ્ઠીરૂપી કામબાણો કાયમ આપના પર ફેંકી રહેલ છે. તેમજ કામકલાની વિવિધ રીતિઓથી આપના મનનું આકર્ષણ કરવા ચાહે છે, છતાં કામદેવને મોહ ઉપજાવનાર કામકલા વગેરે સાધનોથી આપશ્રીના મનને અલ્પ પ્રમાણમાં પણ મુગ્ધ કરી શક્યાં નહીં કે કામવિકળ કરી શક્યાં નહીં. (૧૮)

विभ्व्यस्तवामृतकथोदवहास्त्रिलोक्याः पादावनेजसरितः शमलानि हन्तुम् ।

आनुश्रवं श्रुतिभिरङ्घ्रिजमङ्गसङ्गैस्तीर्थद्वयं शुचिषदस्त उपस्पृशन्ति ॥ १९ ॥

હે નાથ ! અખિલ બ્રહ્માંડનું મંગલ સાધનારાં બે તીર્થ છે. આ બન્ને તીર્થોને આપે જ વહાવ્યાં છે. આ બન્ને તીર્થોમાં આપની વેદોમાં ગવાયેલી પરમપાવની અમૃતમય કથાના પ્રવાહને વહાવતી કીર્તિસરિતા કર્ણ દ્વારા હૃદયમાં પ્રવેશીને પ્રાણીમાત્રને પાવન કરવા સમર્થ છે તેમજ આપના શ્રીચરણોનું પ્રક્ષાલન કરતાં પ્રકટેલાં ભગવતી શ્રીગંગાજી સ્નાન કરનારના સર્વ મલને શુદ્ધ કરવા સમર્થ છે. ભગવન્ ! કથાસરિતાનાં અને ભાગીરથીજીનાં સ્નાન સર્વને પવિત્ર કરે છે. (૧૯) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! દેવો અને ભગવાન શ્રીશંકરજી સાથે આ પ્રમાણે શ્રીહરિની સ્તુતિ કરી અન્તરિક્ષમાં રહેલા બ્રહ્માજી શ્રીગોવિંદ ભગવાનને પ્રણામ કરી નિવેદન કરવા લાગ્યા. (૨૦)

શ્રીપૂર્ણ પુરુષોત્તમને બ્રહ્માજીનું સાત શ્લોકમાં નિવેદન

બ્રહ્મા બોલ્યા, ''હે સર્વના આત્મા પ્રભો ! પૃથ્વીનો ભાર ઉતારવા અમે પૂર્વે આપને વિનંતિ કરી હતી. તે વિનંતિને માન આપી તે પ્રમાણે આપે કર્યું છે. (૨૧) વળી આપે સત્ય પ્રતિજ્ઞવાળા સત્પુરુષોમાં ધર્મ સ્થાપ્યો છે અને સર્વ લોકનાં પોપોનો નાશ કરનારી કીર્તિ દિશાઓમાં ફેલાવી છે. (૨૨) આ ઉપરાંત યદુના વંશમાં અવતાર લઈ સર્વોત્તમ સ્વરૂપ ધારતા આંપે જગતનું હિત કરવા પરાક્રમપરિપૂર્ણ ઉત્તમ ચરિત્રો કર્યાં છે. (૨૩) હે ઈશ ! આપનાં દિવ્ય ચરિત્રોનું કલિયુગમાં શ્રવણ-કીર્તન-સ્મરણ કરનારાં મનુષ્યો અનાયાસે સંસારનું કારણ અજ્ઞાનરૂપ અંધકાર તરી જશે. એટલે અજ્ઞાનથી મુક્ત થશે. (૨૪) હે પુરુષોત્તમ પ્રભુ ! આપશ્રીને શ્રીયદુકુલમાં પધાર્યાને આજે એકસો પચ્ચીસ વર્ષ વીત્યાં છેં. (૨૫) વળી સર્વેશ્વર નાથ ! હવે દેવોનું કોઈ પણ કાર્ય અવશિષ્ટ નથી રહેતું તેમજ યાદવકુળ પણ વિપ્રોના શાપથી લગભગ નાશ પામ્યું છે. (૨૬) તો હવે આપ જો ચાહતા હો તો આપના સર્વોત્કૃષ્ટ સ્વધામમાં પધારો અને હે વૈકુંઠ પ્રભુ ! અને આપના દાસ એવા લોક સહિત લોકપાલોનું આપ રક્ષણ કરો. (૨૭)

યાદવ કુળના વિનાશ બાદ વિશ્વેશ્વરનો સ્વધામ પધારવાનો નિર્ણય

ભગવાને કહ્યું કે હે દેવપતિ બ્રહ્માજી ! આપ કહો છો તે જ મેં પણ નક્કી કર્યું છે. આપનું સર્વ કાર્ય મેં સંપૂર્ણ કર્યું છે અને પૃથ્વીનો ભાર ઉતાર્યો છે. (૨૮) હવે કેવલ યાદવકુલ બાકી રહ્યું છે. યાદવો શરીરના બળથી, સંપત્તિના બળથી લોકોનો નાશ કરવા ચાહે પરંતુ કિનારો જેમ મહાસાગરને રોકી રાખે તેમ મેં રોકી રાખ્યું છે. (૨૯) ગર્વિષ્ઠ યાદવોના આ વિશાળ કુલનો સંહાર કર્યા વિના જો હું સ્વધામમાં જઈશ તો મર્યાદા ઓળંગતા આ યાદવકુળને લીધે આ લોક નાશ પામશે. (૩૦) માટે હવે વિપ્રોના શાપ દ્વારા આ યાદવ કુળનો નાશ મેં આરંભ્યો છે તેના અંતે હે નિર્દોષ બ્રહ્મા ! હું સ્વધામ જતાં તમારા લોકમાં પણ આવીશ. (૩૧) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! અખિલ લોકનાથ શ્રીકૃષ્ણ ભગવાને આ પ્રમાણે કહ્યું ત્યારે શ્રીબ્રહ્મદેવ નિજનાથને નમસ્કાર કરી નિજ ધામમાં પધારી ગયા. (૩૨) રાજન્ ! ત્યાર બાદ શ્રીદ્વારિકાજીમાં મોટા ઉત્પાતોને થતા નિહાળી એકત્રિત થઈ આવેલા વૃદ્ધ યાદવોને ભગવાને કહ્યું. (૩૩)

ભગવાનનું યાદવોને હિત સૂચન

શ્રીદ્વારિકાધીશે કહ્યું કે હે યદુવૃદ્ધો આ અત્યંત મોટા આ ઉત્પાતો દ્વારિકામાં ચોતરફ થઈ રહ્યા છે. વળી આપણા કુળને ન ટાળી શકાય-ન-નિવારી શકાય તેવો કઠોર શાપ પણ બ્રાહ્મણો દ્વારા થયો છે. (૩૪) માટે હે વિવેકીજનો ! જો જીવવાની ઈચ્છા હોય તો આપણે અહીં રહેવું ન જોઈએ પરંતુ પ્રભાસ અત્યંત શ્રેષ્ઠ અંને પવિત્ર તીર્થ છે, માટે આપણે આજે જ ત્યાં ચાલ્યા જઈએ. ઘડી ભરનો પણ વિલંબ કરવો ઠીક નથી. (૩૫) હે વૃદ્ધજનો ! આપ જાણો છો કે નક્ષત્રોનો રાજા ચંદ્ર દક્ષના શાપથી ક્ષયરોગથી ઘેરાયેલ હતો તે પણ આ પ્રભાસ ક્ષેત્રમાં માત્ર સ્નાન કરીને વિનાવિલંબે ક્ષયરોગથી મુક્ત થયો હતો તેમજ ફરીથી પોતાની કળાઓની વૃદ્ધિ પામ્યો હતો. (૩૬) માટે આપણે પણ તે પ્રવાસતીર્થમાં સ્નાન કરી, પિતૃઓ તથા દેવોને તૃપ્ત કરી, પવિત્ર, સુપાત્ર વિપ્રોને ઉત્તમ ગુણવાળાં પકવાન જમાડી શ્રદ્ધાપૂર્વક શ્રેષ્ઠ દાન આપી, જહાજથી જેમ સમુદ્રને તરી જવાય તેમ તે દાનો દ્વારા દુઃખોને પાર કરી જઈએ. (૩૭-૩૮) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! હે કુલનંદન પરીક્ષિત ! આ પ્રમાણે ભગવાને આજ્ઞા આપી એટલે યાદવોએ પ્રભાસતીર્થમાં ચાલ્યા જવાનો નિર્ણય કરી રથો જોડયાં. (૩૯) તે જોઈને તેમજ ભગવાનનું વચન સાંભળી હે રાજન્ !

નિત્ય શ્રીકૃષ્ણને અનુસરતા ઉદ્ધવજી ઘોર ઉત્પાતો નિરખી જગદીશ્વરોના પણ ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણને એકાંતમાં મળી પ્રભુના ચરણમાં મસ્તક નમાવી અંજલિબદ્ધ નિવેદન કરવા લાગ્યા. (૪૦,૪૧)

શ્રી ઉદ્ધવજીનું આઠ શ્લોકમાં યદુનાથને નિવેદન

उद्धव उवाच-देवदेवेश योगेश पुण्यश्रवणकीर्तन । संहृत्यैतत् कुलं नूनं लोकं सन्त्यक्ष्यते भवान् ।
विप्रशापं समर्थोऽपि प्रत्यहन्न यदीश्वरः ॥ ४२ ॥
नाहं तवाङ्घ्रिकमलं क्षणार्धमपि केशव । त्यक्तुं समुत्सहे नाथ स्वधाम नय मामपि ॥ ४३ ॥
तव विक्रीडितं कृष्ण नृणां परममङ्गलम् । कर्णपीयूषमास्वाद्य त्यजत्यन्यस्पृहां जनः ॥ ४४ ॥
शय्यासनाटन-स्थान-स्नान-क्रीडाशनादिषु । कथं त्वां प्रियमात्मानं वयं भक्तास्त्यजेमहि ॥ ४५ ॥
त्वयोपभुक्तस्रग्गन्ध-वासोऽलंकार-चर्चिताः । उच्छिष्टभोजिनो दासास्तव मायां जयेमहि ॥ ४६ ॥
वातरशना य ऋषयः श्रमणा ऊर्ध्वमन्थिनः । ब्रह्माख्यं धाम ते यान्ति शान्ताः संन्यासिनोऽमलाः ॥ ४७ ॥
वयं त्विह महायोगिन् भ्रमन्तः कर्मवर्त्मसु । त्वद्वार्तया तरिष्यामस्तावकैर्दुस्तरं तमः ॥ ४८ ॥
स्मरन्तः कीर्तयन्तस्ते कृतानि गदितानि च । गत्युत्स्मितेक्षणक्ष्वेलि यन्नृलोकबिडम्बनम् ॥ ४९ ॥

શ્રી ઉદ્ધવજીએ કહ્યું કે હે દેવાધિદેવ ! હે યોગેશ્વર ! હે પુણ્યકીર્તિ ! હે પુણ્યશ્લોક ! હે ઈશ્વર ! હે યોગેશ્વર ! આ યાદવ કુળનો સંહાર કરી અવશ્ય આપ આ લોકોનો ત્યાગ કરી નિજધામે પ્રસ્થાન કરશો. નાથ આપ સમર્થ અને ઈશ્વર છતાં આપે વિપ્રોના શાપને પાછો ન વાળ્યો. (૪૨) હે કેશવ ! હું અડધી ક્ષણ પણ આપના શ્રીચરણોને ત્યજવા ઉત્સાહ કરતો નથી. માટે હે નાથ ! મને પણ આપના નિજધામમાં સાથે લઈ જવા કૃપા કરો. (૪૩) હે કૃષ્ણ ! મનુષ્યોનું પરમ મંગલ અને કાનને અમૃત તુલ્ય આપનું ક્રીડાચરિત્ર સાંભળતાં મનુષ્ય સંસારના સર્વ વિષયોની સ્પૃહાનો ત્યાગ કરી દે છે. (૪૪) હે નાથ ! અમે આપના સદા આશ્રિત દાસ છીએ. કયાં અમે ધ્યાન કરવા બેસવાના કે જ્ઞાન મેળવવા જવાના ! અમે તો આપની સેવામાં સુખશય્યા સજાવીએ, આપની સાથે બેસીએ, સ્નાન કરીએ, હરીએ, ફરીએ, ઊભા રહીએ, રમીએ, જમીએ, નાથ ! આવી નિરંતર સેવામાં સાથમાં રહેવાથી આપનાં ભોગવેલાં માળા, ચંદન, વસ્ત્ર તથા અલંકારોથી સુશોભિત થઈ આપની પ્રસાદીનું ભોજન કરતા આપના અમ દાસજનો માયાને જીતીએ જ છીએ. (૪૬) માત્ર વાયુરૂપ વસ્ત્રોને પહેરતા દિગંબર, બ્રહ્મચર્ય પાળતા, આહાર વગેરે ઓછા કરી પરિશ્રમ કરતા, સર્વ વિષયભોગો ત્યજતા અને તેથી જ નિર્મળ થયેલા શાંત ઋષિઓ બ્રહ્મ નામના આપના ધામને પામે છે. (૪૭) પણ હે મહાયેગિન્ ! અમે આપના ભક્તો કર્મમાર્ગમાં જો કે ભમીએ છીએ છતાં આપના ભક્તો સાથે કેવળ આપની કથાઓ જ કરીને દુસ્તર પણ સંસારને તરી જઈશું. (૪૮) નાથ ! અમે તો આપના ઉપદેશને યાદ કરીશું, આપનાં ચરિત્રોનું સ્મરણ કરશું, અન્યને સ્મરણ કરાવશું તેમજ આપનું ભાષણ, ગતિ, ઉત્તમ મંદ હાસ્ય, દર્શન તથા ઉપહાસ રૂપ જે મનુષ્યલોકનાં અનુકરણ છે તેનું સ્મરણ-કીર્તન કરતા અમે સંસાર તરી જઈશું. (૪૯) શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે હે રાજન્ ! ઉદ્ધવજીએ જયારે નાથને આવી વિનંતી કરી ત્યારે ભગવાન દેવકીપુત્ર શ્રીકૃષ્ણપ્રિય એકાંતભક્ત ઉદ્ધવજીને કહેવા લાગ્યા. (૫૦)

शुक उवाच-एवं विज्ञापितो राजन् भगवान् देवकीसुतः । एकान्तिनं प्रियं भृत्यमुद्धवं समभाषत ॥ ५० ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ મહાપુરાણમાં એકાદશ સ્કંધમાં છઠ્ઠો અધ્યાય સમાપ્ત.

અધ્યાય - ૭ મો

(આ અધ્યાયમાં ૭૪ શ્લોકો છે. જીવની સાયુંજય મુક્તિનું પ્રકરણ છે. ભગવાન શ્રીકૃષ્ણ અને ભક્તવર શ્રીઉદ્ધવજીનો સત્સંગ છે. ઉદ્ધવજીને જ્ઞાન આપવા માટે શ્રીયદુરાજા અને શ્રીદત્તાત્રેય ભગવાનનો પ્રસંગ વર્ણવે છે દત્તાત્રેયજીના ૨૪ ગુરુઓની કથાના પ્રસંગનો આરંભ થાય છે. તેમાં આઠ ગુરુઓની કથાનો વિષય સાતમાં અધ્યાયમાં આવશે.)

श्रीभगवानुवाच-यदात्थ मां महाभाग तच्चिकीर्षितनेव मे । ब्रह्मा भवो लोकपालाः स्वर्वासं मेऽभिकांक्षिणः ॥

ભગવાન શ્રીકૃષ્ણે ૧૨ શ્લોકમાં શ્રી ઉદ્ધવજીનું કરેલું સમાધાન

ભગવાન શ્રીકૃષ્ણજીએ કહ્યું કે મહાભાગ શ્રીઉદ્ધવજી ! તમારા કહેવા પ્રમાણે જ આલોકમાંથી પ્રસ્થાન કરવાની ઇચ્છા છે. શ્રીબ્રહ્માજી, શ્રીશંકરજી તેમજ અન્ય લોકપાલો ચાહે છે કે હું નિજ લોકમાં બિરાજુ અને સર્વને આનંદ-દાન કરું. (૧) ઉદ્ધવજી ! બ્રહ્માજીની પ્રાર્થનાથી હું અને મારા અંશ શ્રીબળદેવજી સાથે મનુષ્ય લોકમાં અવતર્યો છું અને જે હેતુથી આવવાનું થયું તે દેવકાર્ય સર્વાંશે પૂર્ણ છે. (૨) ભાઈ ઉદ્ધવજી ! ઋષિઓના શાપથી પ્રથમની જ બળી ચુકેલ આ યાદવ કુળ પરસ્પર સંઘર્ષ સાધી નાશ પામશે. તદુપરાંત આજથી સાતમે દિવસે આ દ્વારિકા નગરી દરિયામાં ડૂબી જશે. (૩) હે સત્પુરુષ ઉદ્ધવજી ! હું આ મનુષ્યલોકનો ત્યાગ કરીશ કે તે જ ક્ષણે આ લોકમાંથી સર્વ અદશ્ય થશે. અને કલિયુગ પણ લોકમાં પ્રવેશી આ સર્વને કલેશ આપવા લાગશે. (૪) હે ભદ્રપુરુષ ઉદ્ધવજી ! મારા પ્રસ્થાન પછી આ પૃથ્વીતળમાં રહેવું નહીં કારણ કે કલિયુગમાં લોકો અધર્મમાં અનુરાગવાળા થશે. (૫) ભાઈ ઉદ્ધવજી ! તમે ના અકળાશો તમે સ્વજનો તથા બંધુજનમાંથી સર્વ સ્નેહ ઉઠાવી મારામાં મન સારી રીતે સ્થાપી દેજો. અને સમદષ્ટિ થઇ આ પૃથ્વી પર વિચરજો (૬) મન, વાણી, નયન અને શ્રવણ વગેરે ઇન્દ્રિયો દ્વારા જે આ જગત જણાય છે તે કેવલ માયમય, મનોમય અને નાશવંત છે એમ તમારે માનવું. આ વાક્ય કહી ભગવાન ઉદ્ધવજીનું મન વૈરાગ્યમાં વાળવા ચાહે છે. વિશ્વને મિથ્યા કે માયાજનિત છે એ કહેવાનો આશય એ છે કે ભ્રમવાળા પુરુષનું મન તત્ત્વમાં જોડાયેલ ન હોવાથી હું અને મારું એવી ભ્રમવાળી બુદ્ધિ થાય છે અને તે ભ્રમમાં જ ગુણદોષ રહેલા છે. માટે જેની બુદ્ધિ આવા ભ્રમથી થનારા ગુણદોષવાળી હોય તેને જ વેદમાં કહેલું હોય તે કર્મ, વેદમાં કહ્યા પ્રમાણે ન કરવું તે અકર્મ અને વેદમાં કહેવાથી ઊલટું કરવું તેનું નામ વિકર્મ એવો ભેદ લાગુ પડે છે. (૮) માટે ઇન્દ્રિયોના સમૂહને તેમજ મનને વશ કરી, મનને ભગવાનમાં જોડી આ જગત્‌ને મારામાં વિસ્તાર પામેલું તમે જુઓ અને મને અધીશ્વરને સર્વમાં રહેલ મારા સ્વરૂપે જ માનો. (૯) વેદના તાત્પર્યનો નિશ્ચય તે જ્ઞાન છે અને તેના અર્થનો અનુભવ તે વિજ્ઞાન આ જ્ઞાન વિજ્ઞાનસંપન્ન બનીને પ્રાણી માત્રને આત્મરૂપ માનવા અને આત્મામાં જ જગન્નિયંતાનો અનુભવ કરી સંતુષ્ટચિત્ત રહેતાં ઉદ્ધવ તમને કોઇ જાતના પ્રતિબંધો નડશે નહિ. (૧૦) તમે કહેશો કે જ્ઞાનીપુરુષ શું યથેષ્ટ આચરણ કરે છે ? ના એમ નથી. જેમ બાળક સંકલ્પ રહિત હોઈ કોઈ કામ કરે છે અને કોઇ કામ નથી પણ કરતો તેમ જ્ઞાની પણ ગુણદોષની બુદ્ધિથી મુક્ત હોવા છતાં પૂર્વના સંસ્કારને લીધે વેદમાં નિષેધેલાં કર્મ ન કરે તેમાં તેની દોષબુદ્ધિ નથી અને વેદમાં કહેલાં કર્મો આચરે તેમાં તેને ગુણબુદ્ધિ નથી. (૧૧) આમ જ્ઞાન તથા વિજ્ઞાનના નિશ્ચયવાળો, સર્વપ્રાણીઓનો મિત્ર અને શાંત જ્ઞાની જગતને મારા સ્વરૂપે જોતો, ફરી મરણ એટલે સંસાર પામતો જ નથી. (૧૨)

શ્રીશુક મુનિએ કહ્યુ કે રાજન્ ! ભગવાને જયારે શ્રી ઉદ્ધવલાલને આ પ્રમાણે માર્ગદર્શન આપ્યું ત્યારે પરમ ભગવદીય શ્રી ઉદ્ધવજી ભગવાનના શ્રીચરણોમાં પ્રણામ કરી તત્ત્વજિજ્ઞાસાથી નિવેદન કરવા લાગ્યા. (૧૩)

પરમ ભગવદીય શ્રીઉદ્ધવજીની પ્રભુપદસરોજમાં પ્રપત્તિ

योगेश योगविन्यास योगात्मन् योगसम्भव । निःश्रयसाय मे प्रेक्तस्त्यागः संन्यासलक्षणः ॥ १४ ॥

त्यागोडयं दुष्करो भूमन् कामानां विषयात्मभिः । सुतरां त्वयि सर्वात्मन्नभक्तैरिति मे मतिः ॥ १५ ॥

सोडहं ममाहमिति मूढमतिर्विगाढस्त्वन्मायया विरचितात्मनि सानुबन्धे ।

तत्त्वञ्जसा निगदितं भवता यथाहं संसाधयामि भगवन्ननुशाधि भृत्यम् ॥ १६ ॥

सत्यस्य ते स्वदृश आत्मन आत्मनोडन्यं वक्तारमीश विबुधेष्यपि नानुचक्षे ।

सर्वे विमोहितधियस्तव माययेमे ब्रह्मादयस्तनुभृतो बहिरर्थभावाः ॥ १७ ॥

तस्माद् भवन्तमनवद्यमनन्तपारं सर्वज्ञमीश्वरमकुण्ठविकुण्ठधिष्ण्यम् ।

निर्विण्णधीरहमु ह वृजिनाभितप्तो नारायणं नरसखं शरणं प्रपद्ये ॥ १८ ॥

હે યોગેશ્વર ! આપ યોગનું ફલ આપનાર છો, હે યોગવિન્યાસ ! યોગીઓએ આચરેલ અષ્ટાંગને સમર્પણ કરવાનું

આપ એક સ્થાન છો. યોગાત્મન્ ! આપ યોગના આત્મા છે. આપ આશ્રય છો. યોગસંભવ ! આપની કૃપાથી જ યોગનું અનુષ્ઠાન કરી શકાય છે એવા આપ શ્રીકૃષ્ણે મારા કલ્યાણ માટે સંન્યાસ નામનો ત્યાગ બતાવ્યો. આ ત્યાગ સર્વસ્વદાનરૂપ નથી પરંતુ આ લોકમાં પાછું ન આવવું પડે એ પ્રકારનો ત્યાગ આપે કહ્યો છે. (૧૪) હે ભૂમન્ ! એટલે સ્વર્ગમાં બિરાજતા ભગવન્ ! વિષયોનો ત્યાગ વિષયોમાં મનવાળા જીવો માટે તો સર્વથા અશક્ય છે. આપ તો સર્વના આત્મા છો તેથી આપ જાણો જ છો કે જેઓની આપના ચરણોમાં ભક્તિ નથી તેમને માટે તો ત્યાગ સર્વથા અશક્ય છે. મારું તો આવું માનવું છે. (૧૫) હે નાથ ! આપે મને ત્યાગ કરવાની આજ્ઞા તો કરી પરંતુ મારું નિવેદન તો કૃપા કરીને સાંભળો ! પ્રથમ તો હું મૂઢમતિ છું એટલું જ નહીં પરંતુ આપની માયાને લીધે સ્ત્રી-પુત્ર-પરિવાર સહિત આ દેહમાં આસક્તિવાળો છું. તેથી આપે મને જે રીતે આજ્ઞા કરી કે ઉદ્ધવ ! તમે સર્વને ત્યજી ભૂતલ ઉપર વિચર્યા કરો પરંતુ મારાથી આપે કહ્યું તે પ્રકારનો સર્વત્યાગ કરી શકાય તેવો નિજદાસને માર્ગ બતાવો. આપ મને ઉપદેશ આપો કારણ કે હું આપનો દાસ છું. (૧૬) હે નાથ ! આપ જ ઉપદેશ આપવા સમર્થ છો એ નિશ્ચય હોવાથી આપને દેશનું કે કાલનું માપ બંધન કરતું નથી. આપ તો પ્રત્યેક દેશ અને પ્રત્યેક કાલમાં વિરાજો છો માટે અનંત અને અપાર છો, સર્વજ્ઞ છો, સર્વનું સંરક્ષણ કરવા સમર્થ ઈશ્વર છો, અવિનાશી, વ્યાપી વૈકુંઠધામના આપ વાસી છો જયારે હું સર્વ દુ:ખોથી બળ્યોઝળ્યો મનમાં ઉદ્વેગ અને ક્લેશથી ભરેલા નરમાત્રનાં હિત કરનાર શ્રીનારાયણ ભગવાન આપને શરણે આવ્યો છું. (૧૭,૧૮)

સાત શ્લોકમાં શ્રીકૃષ્ણભગવાને આપેલી હૈયાધારણા

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! ઘણું કરી આ લોકમાં જે લોકો પરમ તત્ત્વ શું છે એ વસ્તુને સમજવામાં નિપુણ છે અથવા સારાસારની પરીક્ષા કરી શકે તેવા વિવેકી છે તે પુરુષ તો પોતાના આત્માને કોઇના પણ આશ્રય વિના પોતે જ કામવાસનામાંથી ઉગારી લે છે. (૧૯) ભાઈ ઉદ્ધવ ! પશુ વગેરેના શરીરમાં પણ પ્રાણી પોતે જ હિતાહિત જાણવા પોતાનો પોતે જ ગુરુ થઇ શકે છે. જ્યારે મનુષ્ય તો પ્રત્યક્ષ અનુભવ તથા અનુમાન પોતાનું કલ્યાણ પામે છે. (૨૦) પ્રકૃતિ અને પુરુષ તત્ત્વનો વિવેક સમજાવનાર સાંખ્ય શાસ્ત્રમાં અને ભગવાનની સેવાને સમજાવનાર યોગશાસ્ત્રમાં જે નિપુણ છે તે વિવેકીજનો એવા મને અત્યંત પ્રકટ જોઇ શકે છે. (૨૧) એક, બે, ત્રણ અને ચાર પગવાળા, ઘણા પગવાળા અને પગ વિનાનાં એમ અનેક શરીરો સર્જાય છે પરંતુ તેઓમાં મનુષ્ય શરીર મને પ્રિય છે. (૨૨) કારણ કે આવા વિવેકશીલ સાવધાન જનો આ મનુષ્ય દેહનાં ચક્ષુ વગેરે ઈન્દ્રિયોથી જાણી ન શકાય., ગ્રહણ કરી ના શકાય એવા મારા સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકે છે. આ સાક્ષાત્કાર બે પ્રકારનો છે તેમાં એવો એક પ્રકાર છે કે બુદ્ધિ ઈન્દ્રિયો વગેરે જ હોવા છતાં પદાર્થનું ગ્રહણ કરે છે. માટે આ બુદ્ધિ વગેરેનો પ્રકાશક કોઈ છે. એવું અર્થાપત્તિ પ્રમાણથી નક્કી થાય છે. બીજો અનુમાનનો પ્રકાર છે કે બુદ્ધિ વગેરે ભગવાનને આધીન છે કારણ કે તે જડ હોય છે. જે જડ હોય તે બીજાની પ્રેરણાથી ચાલે છે. જેમ સુથારનો રંધો વગેરે સાધન છે તેને કોઇ ચલાવે ત્યારે ચાલે તે જ પ્રમાણે મનુષ્યમાં રહેલી બુદ્ધિ વગેરે સાધનો ભગવાનના પ્રકાશવાળાં દેખાય છે. આવું અનુમાન કરાય છે. (૨૩) આ વિષયમાં પણ એક પુરાતર્ન ઈતિહાસ વિદ્વાનો વર્ણવે છે. તે ઈતિહાસ અવધૂત ગુરુ દત્તાત્રેય તથ મહાતેજસ્વી શ્રીયદુરાજાના સંવાદરૂપ છે. (૨૪) રાજા યદુ કોઈ એકવાર સર્વત્રનિર્ભય થઇને વિચરનારા કવિ એટલે વિવેકી શ્રીઅંગે યુવાન ધર્મશાસ્ત્રના જાણકાર વિપ્રર્ષિને અવધૂત વેષે વિચરતા જોઇને અને વિનમ્ર ભાવે પૂછવા લાગ્યા. (૨૫)

મહારાજ શ્રીયદુરાજનું પંચશ્લોકી ભાગવત

મહારાજ શ્રીયદુ બોલ્યા કે હે બ્રહ્મન્ ! હે નિર્વિકાર અવધૂતજી ! આપ ઈન્દ્રિયતોષ માટે કાઈ કાર્ય નથી કરતા એવા આપશ્રીની આવી આત્મપ્રવીણ બુદ્ધિ શી રીતે થઇ ? આપની વિલક્ષણ એલૌકિક મતિ છે. આપ સર્વજ્ઞ છો વળી વિદ્વાન છો છતાં બાળકની માફક લોકમાં ફરો છો. (૨૬) મનુષ્યો લગભગ ધર્મ, અર્થ તથા કામમાં અને આત્મા સંબંધી વિચારમાં લાગ્યા રહે છે અને તે પણ આયુષ્ય, યશ કે લક્ષ્મીની ઇચ્છાથી જ તેમાં પ્રવૃત્તિ કરે છે. (૨૭) આપશ્રીનાં શ્રીઅંગો સશક્ત છે. આપ વિદ્વાન છો, કુશળ છો, વળી અતિશય સુંદર પણ છો તથા અમૃતમયી મધુરવાણી પીરસી

રહ્યા છો. આમ છતાં જડ, ઉન્મત્ત, પાગલ હોય કે ભૂત વળગ્યું હોય એવા દેખાઓ છો. વળી કોઈ કામ કરતા નથી તેમ ઈચ્છતા પણ નથી. (૨૮) આ બધા મનુષ્યો કામ તથા લોભરૂપી દાવાનળથી બળી રહ્યા છે ત્યારે આપશ્રી તો શીતળ ગંગાજીના પાવન જલમાં સ્નાન કરતા આગથી મુક્ત બનેલા હાથી માફક આપ પણ ભવદાવાનલથી મુક્ત બની આનંદ અનુભવી રહ્યા છો તો આવો મહાન આનંદ આપને ક્યાથી મળે છે ? (૨૯) આપ તો વિષય ભોગથી રહિત છો કારણ કે આપ સ્ત્રી-પુત્રાદિથી રહિત એકલા જ વિચરો છો છતાં આપને અકારણ આનંદ શી રીતે સાંપડે છે? આ પ્રસંગમાં આપને મારો વિનમ્ર પ્રશ્ન છે તો કૃપા કરી સમાધાન કરો. (૩૦) શ્રી કૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! વિપ્રોના ચરણમાં ભક્તિવાળા વિશુદ્ધ મતિમાન શ્રીયદુરાજાએ આ પ્રમાણે પ્રશ્નો પૂછયા તેમજ અવધૂતરાજનાં બહુમાન કર્યાં ત્યાર બાદ પરમ ભાગવત શ્રી અવધૂતવર શ્રીદત્તાત્રેયઋષિ વિનયથી નમેલા તે રાજાને કહેવા લાગ્યા. (૩૧)

બ્રહ્મમય શ્રીદત્તભગવાને કરેલા ૨૪ ગુરુઓનો સંકેત

બ્રહ્મર્ષિ દત્તાત્રેયજીએ કહ્યું કે હે યદુરાજ ! મેં મારી બુદ્ધિથી સ્વીકારેલા મારા અનેક શિક્ષાગુરુઓ છે જેઓ પાસેથી વિવેકબુદ્ધિ સંપાદન કરી હું મુક્ત થઈ આ પૃથ્વી ઉપર વિચરું છું. મારા તે ગુરુજનોનાં નામ સંભળાવું છું તો સાંભળ (૩૨), પૃથ્વી (૧) વાયુ (૨) આકાશ (૩) જલ (૪) અગ્નિ (૫) ચન્દ્ર (૬) સૂર્ય (૭) કબૂતર (૮) અજગર (૯) સાગર (૧૦) પતંગિયું (૧૧) મધુમક્ષિકા (૧૨) હાથી (૧૩) મધુપૂડા લૂંટનાર પારધી (૧૪) હરિણ (૧૫) મત્સ્ય (૧૬) વારાંગના (૧૭) ટિટોડી (૧૮) બાળક (૧૯) કુમારી કન્યા (૨૦) બાણ બનાવનાર (૨૧) સર્પ (૨૨) કરોળિયો (૨૩) અને ભમરી (૨૪) આ ચોવીસના જીવનવ્યવહારમાંથી મેં મારે માટે ઉપયોગી ઉપદેશો સંપાદન કીધા છે (૩૩,૩૫) હે પુરુષવ્યાઘ્ર યયાતિપુત્ર ! આ ચોવીસ ગુરુઓમાંથી જે જે ગુરુજન પાસેથી મેં જે પ્રકારનો વિવેક જે પ્રકારે સંપાદન કર્યો છે તે જ પ્રકારે હું આપને સંભળાવીશ તો તે સાંભળો. (૩૬)

૧લા ગુરુ પૃથ્વી પાસેથી ગુણ ગ્રહણ પૃથ્વી પાસેથી ક્ષમા-પર્વત પાસેથી સહિષ્ણુતા વૃક્ષ પાસેથી પરોપકાર (૧) પૃથ્વીને પ્રાણીઓ પગતળે નિત્ય દબાવે છે તો પણ પૃથ્વી પોતાના અવિચલ સ્થાનથી ડગતી નથી આ પ્રકારે દેવને આધીન પ્રાણીઓ જો આપણને દબાવે દુઃખ આપે તો પણ વિવેકશીલ બુદ્ધિમાન પુરુષે પોતાના દયામાર્ગથી તેમજ ક્ષમા નામના સંતના અવિચલ વ્રતથી ચલિત ન થવું. આ વ્રત હું પૃથ્વી પાસેથી શીખ્યો છું. (૩૭) પર્વત અને વૃક્ષ પણ પૃથ્વી છે તેમની પાસેથી હું શીખ્યો છું કે જેમ પર્વત ઉપર થતાં વૃક્ષો, નિર્ઝરણાં, લતાઓ અને પથ્થરની શિલાઓ સર્વ પદાર્થો સર્વ માટે છે તેમજ પર હિત માટે સર્વ પદાર્થો આપવાની પર્વતની સર્વ પ્રવૃત્તિઓ છે, તેમજ પર્વતનો જન્મ પણ પરોપકાર માટે જ હોય છે તે રીતે એટલે વૃક્ષની પ્રવૃત્તિ અને વૃક્ષનાં બાર અંગો સર્વના ઉપયોગ માટે જ છે તે રીતે પૃથ્વી, પર્વત અને તરુવરના શિષ્ય બની સંતપુરુષે પણ તેવું જ જીવન જીવવું જોઈએ આ છે પૃથ્વીગુરુની ગાથા. (૩૮)

૨ જા ગુરુ વાયુ ભગવાન, દત્ત બીજા ગુરુ પાસેથ મેળવેલ ગુણગાથા ગાય છે.

પ્રાણવાયુ પાસેથી સંતોષ અને બાહ્યવાયુ પાસેથી અનાસક્તિ દત્ત ભગવાને કહ્યું રાજન્ ! મારા બીજા શિક્ષા ગુરુ વાયુ છે. આ વાયુ પ્રાણવાયુ અને બાહ્યવાયુ એવા બે પ્રકારના છે. આ બેમાંથી પ્રથમ જે પ્રાણવાયુ પાસેથી હું શીખ્યો છું કે પ્રણવાયુનો ધર્મ માત્ર આહાર જ છે તે કેવલ આહાર પૂરતી પ્રવૃત્તિ કરીને સંતુષ્ટ રહે છે પણ રૂપ રસ વગેરે ઈન્દ્રિયોના વિષયોની દરકાર રાખતો નથી આ પ્રમાણે મુનિએ પણ કેવલ આહાર જલ વગેરેથી સંતુષ્ટ રહેવું. આ આહાર વગેરે પણ ઈન્દ્રિયોને પ્રિય લાગશે કે નહિં તે તરફ લક્ષ ન આપવું. જે રીતે જ્ઞાન નાશ ન પામે અને વાણી તથા મન ગમે ત્યાં ભટકતાં ન થાય તે રીતે આહાર વગેરે કરવા. આહાર ન કરાય તો મન વ્યગ્ર થાય અને વ્યગ્ર મન થતાં જ્ઞાનનો નાશ થાય. માટે માત્ર દેહના નિભાવ જેટલો આહાર લઈ દેહનો નિર્વાહ કરવો. (૩૯) બાહ્ય વાયુથી અનાસક્તિ નામના ધર્મનું સંપાદન કર્યું. યોગીએ વાયુની માફક આસક્તિ ન રાખવી. બહારનો વાયુ પૃથ્વીઆદિના ગંધ વગેરે ધર્મ સહિત વાય ખરો પણ કોઈના ધર્મોને ગ્રહણ ન કરે પરંતુ અનાસક્ત રહે તે રીતે યોગી પણ ઈન્દ્રિયોથી અનેકવિધ વિષયોને ભોગવે પરંતુ તેમાં આસક્તિ ન રાખે, આ પૌષ્ટિક છે, આ કુપથ્ય કરનાર છે, રોગ કરનાર છે, આવી બુદ્ધિ કોઈ પણ પદાર્થમાં ન કેળવે. (૪૦) વળી વાયુ સુવાસિત પુષ્પોની વાડીમાંથી પસાર થાય તેમજ દુર્ગંધવાળા ઉકરડા

ઉપરથી પસાર થાય તો પણ તે સુવાસ કે દુર્વાસને પોતાની સાથે નથી રાખતો પરંતુ નિર્વાસ બનીને વિચરે છે. એ રીતે આ આત્મા દેહ સાથે રહેલ હોવાથી એના જન્મ-મરણ બાલ્ય-યૌવન-વૃદ્ધાવસ્થા વગેરે ગુણોવાળા લાગે છે. પરંતુ તે તો દેહના ધર્મો છે આત્માના નથી એવું વાયુ પાસેથી આત્માનું સ્વરૂપ પામ્યો.

૩ જા ગુરુ આકાશ પાસેથી અસંગ ગુણ પામ્યો.

શ્રી દત્તભગવાને કહ્યું કે યદુરાજ ! હવે ત્રીજા ગુરુ આકાશ પાસેથી અસંગપણું પામ્યો છું. આ માટે મનનશીલ મુનિએ આત્માને આકાશ જેવા ગુણવાળો સમજવો. ભાઈ ! જેમ આકાશ સર્વત્ર રહેલ છે છતાં આકાશનો કોઈ વસ્તુ સાથે સંગ નથી અને તેને કોઈ માપી શકતું નથી તેમ મનનશીલ યોગી દેહમાં રહ્યો હોય છતાં આત્મા સ્વયં બ્રહ્મ સ્વરૂપની ભાવનાથી સ્થાવર અને જંગમ પદાર્થોમાં તેના આશ્રયરૂપે રહેલ છે. પરંતુ મણકામાં પ્રવેશી પહેલા તંતુની માફક નહીં પણ સર્વ વસ્તુઓના સર્વ અંશમાં વ્યાપ્ત છે એવું માની તેણે વિચારવું કે આત્માને તે તે દેહાદિનો સંગ નથી તેમ જ તે તે દેહાદિથી મપાયેલું પણ નથી. માટે આત્મા આકાશની માફક સર્વમાં રહેલ છતાં અસંગ અને અમાપ છે એવું યોગીએ જાણવાનું છે. (૪૨) વળી વાયુના પ્રેરેલા અને કાળે સર્જેલા મેઘો વગેરે પદાર્થો આકાશનો સ્પર્શ કરી શકતા નથી તે જ પ્રમાણે કાળે સર્જેલા અને તેમજ, જળ તથા પૃથ્વીના વિકારરૂપ દેહાદિ પદાર્થો આત્માનો સ્પર્શ કરી શકતા નથી. તાત્પર્ય કે આત્મા કૂટસ્થ છે. આત્માને ક્ષણમાં ઉત્પન્ન થનાર અને ક્ષણમાં નાશ પામનાર દેહાદિનો સંબંધ નથી. (૪૩)

૪થા ગુરુ પાસેથી સ્વચ્છાતા-મધુરતા-શીતલતા-પવિત્રતા પામ્યો

ગુરુદત્તે કહ્યું કે યદુરાજ ! હવે 'જલ' નામના ગુરુ પાસેથી પામેલ ગુણગાથા કહું છું. જલ સ્વભાવથી સ્વચ્છ, સ્નિગ્ધ, મધુર, મનુષ્યોનાં તીર્થસ્થાન રૂપ છે તેમજ દર્શન, સ્પર્શ તથા કીર્તનથી સર્વને પવિત્ર કરે છે તે પ્રકારે મનનશીલ યોગીએ પણ જલના મિત્ર થવું એટલે જલની માફક સ્વભાવથી જ રાગદ્વેષાદિ વિકારોથી પર રહેવું અને સર્વ ઉપર સ્નેહાળ અને મધુરભાષી થવું તેમજ મનુષ્યોનાં તીર્થરૂપ થઈ દર્શન, સ્પર્શ તથા કીર્તનથી સર્વને પવિત્ર કરવા. (૪૪)

૫મા ગુરુ અગ્નિ પાસેથી નિર્મલપણું અને તેજસ્વિતા મેળવવાં

ભગવાન દત્તે કહ્યું કે યદુરાજ ! પાંચમાં ગુરુ અગ્નિ પાસેથી હું જે શીખ્યો છું તે સાંભળો ! અગ્નિ તેજસ્વી, પ્રદીપ્ત, કોઈથી પણ પરાભવ ન પામવું તેમજ કોઈ પણ ભોજનપાત્ર ન રાખવું કેવલ એક જ ઉદરપાત્રવાળા થવું અને સર્વ ભક્ષણ કોઈવાર થઈ જાય તો પણ અન્નના દોષથી પર રહેવું એ અગ્નિના ગુણો છે તેવી જ રીતે યોગીએ પણ ઉત્તમ જ્ઞાનથી તેજસ્વી તપશ્ચર્યાથી પ્રકાશમાન કોઈનો પણ આશ્રય ન લેવો તેમજ ઉદરને જ પાત્ર બનાવવું અને ભિક્ષાટન વૃત્તિથી વ્યવહાર કરતાં અન્નાદિના દોષથી મુક્ત રહેવું. (૪૫) રાજન્ ! આ ઉપરાંત અગ્નિના બીજા ગુણ તરીકે કયાંક ગુપ્ત રહેવું, કયાંક પ્રકટ રહેવું વળી કલ્યાણની કામનાવાળા જીવોને ઉપાસના કરવા યોગ્ય અને યજ્ઞોમાં હુતદ્રવ્ય હોમનારાનાં ભૂત-ભવિષ્યનાં પાપોને બાળે છે અને જેવી આહુતિ આપે છે તેવું સ્વીકારે છે તેવી જ રીતે યોગીએ પણ કવચિત્ ગુપ્ત રહેવું તો કોઈવાર પોતાનું સ્વરૂપ પ્રકટ કરવું. વળી કલ્યાણ કામનાવાળા સેવકોની સેવા સ્વીકારી કલ્યાણ કરવું તેમજ જે કોઈ ભોજન આપે જે કંઈ આપે તે આત્માઓનાં ભૂતભવિષ્યનાં સર્વ પાપોને ભસ્મ કરે અને ભિક્ષા આપનારની ઈચ્છાનુસાર ભિક્ષા કરવી, વળી કાષ્ઠમાં પ્રવેશેલો અગ્નિ કાષ્ઠની ઢગલીના માપે નાનો,મોટો અને કાષ્ટના આકારે વાંકોચૂકો, આડોઅવળો દેખાય છે પરંતુ આકાર અને માયાથી પર છે તેવી રીતે આત્મા પણ પોતાની અવિદ્યાના કારણે મળેલા ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ, દેવ, બ્રાહ્મણ, શૂદ્ર, પશુપક્ષી વગેરે શરીરોમાં પ્રવેશે છે અને તે રૂપવાળો અને ગુણવાળો ઊંચનીચ જણાય છે પરંતુ ઉચ્ચનીચ કે શૂદ્ર ધર્મવાળો નથી આ જ્ઞાન મેં અગ્નિ પાસેથી મેળવ્યું છે. (૪૬,૪૭)

૬ઠ્ઠા ગુરુ ચન્દ્ર પાસેથી ક્ષય અને વિકાસથી મુક્તપણું જાણ્યું

દત્ત ભગવાને કહ્યું કે યદુરાજ ! હવે છઠ્ઠા ગુરુ ચન્દ્ર પાસેથી શીખ્યો છું કે ચન્દ્રના વૃદ્ધિ અને હ્રાસ નથી થતાં માત્ર તેની કળાઓનાં જ થાય છે આ રીતે યોગી પણ અવ્યક્ત ગતિવાળા કાળને લીધે જન્મવું, રહેવું, વધવું, વિકાર પામવું, ક્ષીણ

થવું અને નાશ પામવું આ છ વિકારો દેહના જ છે આત્માના નથી. (૪૮) રાજન્ ! આત્માની વૃદ્ધિ કે ક્ષય નથી પરંતુ દેહના છે તે વસ્તુને સ્પષ્ટ કરતાં કહે છે કે અગ્નિની જવાળાઓ પ્રતિક્ષણે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે પણ તે આપણે જાણી શકતા નથી તેમ પ્રવાહની પેઠે સતત વેગવાળા કાળને લીધે આત્મા સાથે સંબંધ પામેલા શરીરનો પણ પ્રતિક્ષણે જન્મ અને નાશ થઇ રહ્યો છે પરંતુ તે આપણે જાણી શકતા નથી.

૭ મા ગુરુ સૂર્ય પાસેથી અસંગ્રહ અને સમર્પણ ગુણો મળ્યા

દત્ત પ્રભુએ કહ્યું કે યદુરાજ ! હવે સૂર્ય પાસેથી મેળવેલ ગુણોની ગાથા સાંભળો. પૃથ્વીમાંથી પાણી સૂર્યદેવ આઠ માસ પર્યન્ત કિરણ દ્વારા ચૂસે છે પુનઃવર્ષાકાલે તે જલને કિરણો દ્વારા પાછું આપે છે. પરંતુ લીધું કે દીધું એવો ભાવ સૂર્યને નથી હોતો તેમ યોગી પણ સમયાનુસાર ઈન્દ્રિયો દ્વારા ભોગવાતી વસ્તુઓનો સ્વીકાર કરે છે અને કોઇવાર તે વસ્તુઓને પ્રયાચકને આપી પણ દે છે છતાં પોતે વસ્તુઓ ભોગવી કે આપી દીધી એવું અભિમાન યોગીને નથી થતું. (૫૦) વળી આકાશગત સૂર્ય સ્વસ્વરૂપે એક જ છે તો પણ જલપાત્રોમાં જલની ઉપાધિને લઇ જડ મતિવાળા તે એક સૂર્યને ઉપાધિવશ અનેક સ્વરૂપે જુએ છે તેમ આત્મા સ્વસ્વરૂપે એક જ છે છતાં દેહાદિ ઉપાધિમાં રેહવાને કારણે અનેક સ્વરૂપે થયો હોય તેવો સ્થૂલ બુદ્ધિવાળાઓને દેખાય છે. ખરી રીતે આત્મા અને દેહ બધું જ બ્રહ્મરૂપ છે. (૫૧)

૮મા ગુરુ કબૂતર પાસેથી કુટુંબમાં અનાસક્તિ ગુણ મેળવ્યા

શ્રીદત્તગુરુએ કહ્યું કે યદુવર ! આઠમાં ગુરુ કબૂતરની પાસે મેળવેલ ગુણગાથા સાંભળો. માનવ માત્રે કોઇ પણ સ્વજનમાં અતિ સ્નેહ કે સ્વજનનું લાલનપાલન વગેરેની આસક્તિ ન કરવી. કારણ કે અતિ અનુરાગ કરનાર માનવ કબૂતરની માફક આસક્તચિત્ત બની સંતાપ પામે છે. (૫૨) રાજન્ ! એક કપોત હતો તે વનમાં વૃક્ષ ઉપર મકાન-માળો બાંધી એની પત્ની સાથે કેટલાંક વર્ષ પર્યન્ત વસ્યો હતો. (૫૩) કબૂતર અને સ્નેહથી બદ્ધ બનેલી કબૂતરી એક હૃદયવાળાં બની ગૃહધર્મમાં જોડાયેલાં હતાં તે બન્નેએ એકબીજાની દૃષ્ટિ સાથે દૃષ્ટિ, અંગ સાથે અંગ તથા બુદ્ધિ સાથે બુદ્ધિ જોડી દીધાં હતાં. (૫૪) સાથે શયન, સાથે બેસવું, સાથે ઊભા રહેવું, હરવું, ફરવું, ખાવું, પીવું વગેરે ક્રિયાઓ નિઃશકપણે કરતાં અને બન્ને જણ વનપંક્તિઓમાં વિચરતાં હતાં. (૫૫) હે રાજન્ ! આ પ્રેમાળ કપોતી કાયમ કપોતને પ્રસન્ન રાખતી તેમજ કપોતી ઉપર કપોતનો અસીમ સ્નેહ હોવાથી જે જે વસ્તુ ઇચ્છતી તેને તે અજિતેંદ્રિય કપોત કષ્ટ વેઠીને પણ લાવી આપતો. (૫૬) પછી એ પતિવ્રતા કપોતીએ પ્રથમ ગર્ભ ધારણ કર્યો અને સમય આવતાં માળામાં પતિ સમક્ષ તેને ઇંડાં મૂક્યાં અને તેને સેવવા લાગી. (૫૭) રાજન્ ! સમય જતાં તે ઇંડાંમાં શ્રીહરિની અચિંત્ય શક્તિઓથી અવયવો રચાયા અને કોમળ શરીર તથા રોમાવલીવાળાં બચ્ચાં ઉપર પ્રેમાળ હોઇ પ્રસન્ન થઇ પ્રજાને પોષણ કરવા લાગ્યાં અને તેઓના અસ્પષ્ટ મધુર શબ્દથી તથા કાલાં કાલાં ભાષણોથી સુખી થયાં અને હંમેશાં આનંદમાં રહેવા લાગ્યા. (૫૯) તે બચ્ચાંના સુંવાળાં સ્પર્શવાળા પીંછાઓથી, અસ્પષ્ટ મધુર શબ્દોથી, નિર્દોષ ચેષ્ટાઓથી અને પોતાની સામે આવવાથી માતાપિતા આનંદમાં રહેતાં. (૬૦) આમ ઉત્તરોત્તર વધતા પરસ્પરના અનુરાગથી બંધાયેલા હૃદયવાળાં અને વિષ્ણુની માયાથી અત્યંત મોહ પામેલાં તે દીન બુદ્ધિવાળાં કપોત-કપોતી બન્ને પક્ષીઓ કુમળાં શિશુડાંનું પોષણ કરતાં હતાં. (૬૧) રાજન્ ! પોતાના બચ્ચાના પોષણ માટે અન્નકણ મેળવવા આ બન્ને કપોત-કપોતી આજુબાજુના વનપ્રદેશમાં ચારાની લાલચમાં ખૂબ જ ફર્યાં પણ મનમાન્યો ચારો મેળવવામાં ઘણો સમય વીતી ગયો. (૬૨)

જ્યારે કપોત-કપોતી ચારાની લાલચે વિચરી રહ્યાં હતાં ત્યારે પક્ષી પકડનાર કોઇ પારધી પ્રારબ્ધ યોગે તે વનમાં આવી પહોંચ્યો ત્યાં તે પારાધિએ કપોત-કપોતીનાં બચ્ચાંને પોતાના માળાની પાસે ઊડતાં, ફરતાં જોયાં. પારધિએ આનો લાભ ઉઠાવી જાળ પાથરી અને તે બચ્ચાને જાળમાં ફસાવી દીધાં. (૬૩) રાજન્ ! કપોત-કપોતી તો પોતાનાં બચ્ચાં માટે ચારો લાવવા હંમેશ ઉત્સુક રહેતાં તે આજે પૂરતો ચારો લઇને પોતાના માળાની પાસે આવી પહોંચ્યાં. (૬૪) રાજન્ ! પોતાના માળાની પાસે પોતાના નાનાં બચ્ચાંને જાળમાં ફસાયેલાને ચીસો પાડતાં જોઇ બિચારી કપોતી અત્યંત દુઃખી થઇ અને ખૂબ ચીસો પાડતી બાળકો પાસે દોડી ગઇ. (૬૫) હવે આ સદા સ્નેહથી બંધાયેલી અને

ભગવાનની માયાથી દીન ચિત્તવાળી બનેલી પોતાનાં બચ્ચાને જાળમાં સપડાયેલાં જોવા છતાં ભાન ભૂલેલી કપોતી-હોલી જાતે પણ જાળમાં સપડાઈ ગઈ અને બાળકોના સ્નેહમાં પોતાના મરણનું સ્મરણ ના રહ્યું. (૬૬) આ અવસરે અધિક પ્રિય પોતાના બચ્ચાંને અને પોતાની પ્રાણપ્રિય વળી અત્યંત યોગ્ય પત્નીને બંધાઇ ગયેલાં જોઈ કપોત અત્યંત દુઃખી અને દીન બની વિલાપ કરવા લાગ્યો. (૬૭)

કપોતનું કલ્પાંત

કપોત બોલ્યો કે "આજે મારાં પુણ્ય ખૂટયાં. હું અલ્પ પુણ્યશાળી તેથી આજે મારો નાશ થયો. હજી તો હું જરા પણ ધરાયો નથી, મારાં બાળકોને પેટ પૂરતાં રમાડયાં નથી. આ મારા પરિવારથી ધર્મ, અર્થ અને કામ નામના પુરુષાર્થો સધાય એવો મારો ગૃહસ્થાશ્રમ નાશ પામ્યો છે. (૬૮) આ મારી પત્ની મારે માટે બહુ જ અનુકૂળ હતી. યોગ્ય હતી અને તે પતિવ્રતા સ્ત્રી હતી. આજે તે પણ મને શૂન્ય ઘરમાં મૂકી પોતાના ઉત્તમ પરિવાર સાથે સ્વર્ગમાં જાય છે. (૬૯) સાચે આજે હું દીન થઈ પડયો છું. મારું જીવન દુઃખ ભરેલું ધૂળધાણી થયું છે તો હવે સ્ત્રી મરણ પામી અને બચ્ચાં પણ માર્યાં ગયાં છે ત્યારે વિધુર થયેલા મારે શા માટે આ શૂન્ય ગૃહમાં જીવવા લાલસા રાખવી ? (૭૦) આમ વિલાપ કરતો તે વિવેક ભૂલ્યો કૃપણ કપોત જાળમાં પકડાયેલાં પાતાનાં બચ્ચાંને તેમજ સ્ત્રીને મૃત્યુના મુખમાં પડેલી તથા તરફડતાં જોવા છતાં જાતે પણ તે જાળમાં પડયો. (૭૧)

બીજી બાજુ આ સંસારરક્ત કપોત-કપોતીને તેમજ બચ્ચાંને પકડીને પેલો ક્રૂર પારધી પોતાનું કામ પૂરું પડતાં તે પોતાને ઘેર ચાલ્યો ગયો. (૭૨) આ રીતે કપોતની માફક કુટુંબી મનુષ્ય પણ અશાંત મનવાળો અને સુખદુઃખાદિ દ્વંદ્વોમાં રમતો કુટુબનું પોષણ કરે છે અને પરિવાર સાથે દુઃખી થાય છે. (૭૩)

આ પ્રમાણે દત્ત ભગવાને યદુ રાજાને ૨૨ શ્લોકોમાં કુટુંબાસક્ત કપોત-કપોતીની કહાની કહી અને કુટુંબમાં આસક્ત ન થાય તે માટે ફલ સ્વરૂપે અંતિમ શ્લોકમાં સાર બતાવતાં કહ્યું કે રાજન્ ! આ દિવ્ય માનવ દેહ તો સ્વયં મુક્તિનું દ્વાર છે. એવા સેવોપયોગી દેહને પામીને કોપતની માફક કુટુંબમાં આસક્ત થાય તો તે વિવેકી પુરુષો "આરૂઢચ્યુત" એટલે ઉન્નત પદને પામીને પુનઃ નીચે પડેલા માને છે. (૭૪)

यः प्राप्य मानुषं लोकं मुक्तिद्वारमपावृतम् । गृहेषु खगवत्सक्तस्तमारूढच्युतं विदुः ॥ ७४ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંધનો ૭ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય - ૮ મો

(આ આઠમાં અધ્યાયમાં ૪૪ શ્લોકો છે. શ્રીદત્ત ભગવાન નવ ગુરુજનોની ગાથા આ અધ્યાયમાં યદુરાજ પાસે ગાય છે અજગર-સમુદ્ર-પતંગ, મધમાખી હસ્તી, મધલૂંટારો, પારધિ-હરણ-મત્સ્ય અને પિંગલા આ નવ ગુરુ પાસેના જ્ઞાનનું ક્રમવાર વર્ણન શરૂ થાય છે, આ નવ ગુરુનાં જ્ઞાનને ઉદ્ધવજીને સંભળાવે છે.)

ब्राह्मण उवाच-सुखमैन्द्रियकं राजन् स्वर्गे नरक एव च । देहिनां यद्यथा दुःखं तस्मान्नेच्छेत तद्बुधः ॥ १ ॥

શ્રી દત્ત ભગવાન વચનામૃત કરતાં બોલ્યા કે યદુરાજ ! અનાયાસે પ્રારબ્ધ કર્માનુસાર જેમ પ્રાણી માત્રને દુઃખ મળે છે તેને માટે યત્ન નથી કરતો તેમ સ્વર્ગમાં કે નરકમાં વિષયસુખો પણ અનાયાસે પ્રારબ્ધ કર્મથી જ મળે છે માટે વિવેકી પુરુષે સુખને મેળવવા માટે ઇચ્છા કરવાની જ નથી. (૧)

૯ મા ગુરુ અજગર પાસેથી 'હરિઇચ્છા' ઉપર નિર્ભર રહેવાની શિક્ષા મળી

શ્રીદત્ત ગુરુ બોલ્યા કે યદુરાજ ! હવે નવમાં ગુરુ અજગર પાસેથી મેળવેલ ગુણગાથા સંભળાવું છું. અજગર દેહનિભાવ માટે ખાસ પ્રયત્ન કરતો નથી, આહાર મળે તે ખાઇ લે છે. આ પ્રમાણે જ યોગીએ પણ ઉદાસીન રહી હરિઇચ્છાએ જે કાંઇ સ્વાદિષ્ટ, નીરસ, ઓછું વધતું ભોજન મળે તેમાં સંતોષ કેળવવો. (૨) માની લોકે કોઇ સમયે કાંઇ પણ ભોજન ના મળ્યું તો શું કરવું ત્યારે રાજન્ ! દૈવમાં ન હતું માટે ના મળ્યું એમ વિવેકવૃત્તિથી મનનું સમાધાન કરી ઘણા દિવસો

સુધી અજગરની માફક નિરાહાર રહેવું. (૩) ઈન્દ્રિયબળ, મનોબળ અને સશક્ત શરીરબળથી યુક્ત અને સશક્ત પણ શરીરને કર્મરહિત રાખી બેસી રહેવું પણ કોઈ પ્રયત્ન ન કરવો પરંતુ આત્માભિમુખ દૃષ્ટિ રાખી પડયા રહેવું, અને નિદ્રા ના આવે તો પણ ઈન્દ્રિયોનો વ્યાપાર કરવો નહિ. (૪)

૧૦મા ગુરુ સમુદ્ર પાસેથી સમતોલપણું સમ્પાદન કર્યું

શ્રીદત્ત ગુરુ દશમાં ગુરુ સમુદ્રની ગાથા ગાતા યદુરાજને કહે છે કે રાજન્ ! સલિલે ભરેલો મહાસાગર બહારથી પ્રસન્ન અંદરથી ગંભીર, અન્તરના અભિપ્રાયને ન જાણી શકાય તેવો ગૂઢ ઉલ્લંઘન ન થાય તેવો અગાધ અનંત અને અડગ હોય છે. તેમજ મુનિએ પણ બહારથી પ્રસન્ન, અંદરથી ગંભીર, કોઈથી ન કળાય એવા, કોઈથી અપમાન ન કરી શકાય એવા, અનંત અપાર અને રાગાદિ દોષોથી વિકાર ન પમાય એવા થવું. (૫) વળી મહાસાગર વર્ષાકાળમાં અનંત સરિતાઓનો સંગમ થાય છતાં છલકાતો નથી અને ઉનાળામાં અલ્પ જળ મળતાં સુકાતો નથી., તેમ મુનિએ પણ સંપૂર્ણ કામભોગો હોય ત્યારે હરખાવું નહિં અને કામભોગથી રહિત હાય ત્યારે શોક ન કરવો., કારણ કે તેણે તો કેવળ નારાયણપરાયણ જ કહેવું જોઈએ વિષયપરાયણ નહિ. (૬)

૧૧મા ગુરુ પતંગના પાસે "રૂપમાં અનાસક્તિ" ગુણને મેળવવાનો ઉપદેશ આપે છે

દત્ત ગુરુ બોલ્યા રાજન્ ! અગિયારમાં ગુરુની ગાથા સાંભળો. પતંગને રૂપ ઉપર અનુરાગ હોય છે તેના પરિણામે અનર્થ પામે છે તે પતંગ દીપકના તેજમાં અંજાઈ દિવેલના કોડિયામાં પડે છે અને મરે છે તે જ પ્રમાણે ઈન્દ્રિયવશ પુરુષ ભગવાનની માયારૂપ બનેલી સ્ત્રીના રૂપમાં મુગ્ધ થઈ જાય છે. તેના રૂપથી લોભાઈને પોતાનું અધ:પતન કરે છે. (૭) રાજન્ ! વિવેકહીન નર ઈશ્વરની માયાએ રચેલાં સ્ત્રી, સુવર્ણ અલંકારો તથા વસ્ત્રો વગેરે દ્રવ્યોમાં ઉપભોગ બુદ્ધિથી લાલચુ મનવાળો બની મોહથી વિવેક વગરનો બને છે અને પતંગિયાની માફક તેની પાછળ ફના થાય છે. (૮)

૧૨મા ગુરુ મધુમક્ષિકા પાસેથી મધુકરી વૃત્તિ શીખ્યો

શ્રી દત્ત ભગવાને કહ્યું રાજન્ ! હવે મેં મારા ગુરુ મધુકર પાસેથી જે મધુકરીનો ગુણ મેળવ્યો છે તેની માહિતી આપતા કે મનનશીલ મુનિજને મધુકરની જીવનનિર્વાહ રીતિને અનુસરવું. મધમાખી જુદી જુદી જગ્યાએ જઈ જુદી જુદી જાતનાં પુષ્પો ઉપરથી મકરંદ રસબિંદુ લઈ આવે છે. અને પોતાનો ગુજારો કરે છે. એ રીતે યતિએ પણ માધુકરી વૃત્તિને અનુસરી અનેક ઘરેથી અલ્પ ભિક્ષા પોતાનું શરીર ટકી રહે એટલા માપમાં લાવવી અને દેહ નભાવવો. જેથી ગૃહસ્થને કલેશ ન પડે તેવી આજીવિકા સચવાય. જો તેમ ન કર્યું તો કમલમાં રહેલા ગંધનો લોભી ભ્રમરો સાયંકાલે કમલ બીડાય અને બંધાય તેમ બંધાઈ જશે. (૯) વળી જેમ ભ્રમર નાનાં મોટાં સર્વ પુષ્પોમાંથી સારવસ્તુ લે છે તેમ કુશળ પુરુષે નાનાં મોટાં સર્વ શાસ્ત્રોમાંથી સારવસ્તું લેવી. (૧૦) વળી મુનિએ આ અન્ન સાંજે જમીશ અને આ અન્ન કાલે જમીશ, એમ અન્નાદિનો સંગ્રહ ન કરવો પણ માત્ર પોતાના હાથરૂપી પાત્રમાં સચવાય એટલું જ અન્ન લેવું અને તેનાં સંગ્રહ માટે પેટરૂપી પાત્ર રાખવું કારણ કે ઉદરપોષણથી અધિક સંગ્રહ કરનારો મુનિ મધમાખીની માફક જીવી શકતો નથી. (૧૧) જેમ મધમાખી સાંજ કે આવતી કાલ માટે મધનો સંગ્રહ કરે તો તે મધ નાશ પામે છે તેમ મુનિ પણ આવતીકાલ માટે અન્નાદિનો સંગ્રહ કરે તો તે અન્નાદિ સાથે નાશ પામે છે. (૧૨)

૧૩ મા ગુરુ હાથી પાસેથી કોમલ અને સુંવાળી વસ્તુની સ્પર્શલાલસાથી ત્રાસ થશે એ ગુણનું જ્ઞાન

શ્રીદત્ત પ્રભુએ કહ્યું કે યદુરાજા હવે મારા ૧૩ મા ગુરું હાથી સ્પર્શ સુખની લાલસાના ત્યાગને શીખ્યો. રાજન્ ! હાથીને પકડલા માટે વચમાં ખાડો કરી તેના ઉપર વાસના તરાપા મૂકી સામી બાજુ આબેહૂબ કાગળની હાથીણી બનાવી ઊભી રાખવામાં આવે છે અને તેના સ્પર્શની લાલસાએ દોડતો હાથી તે ખાડામાં પડે છે અને પકડાય છે. (૧૩) આ રીતે મુનિ પણ સ્ત્રીનો સ્પર્શ કરવા જતાં જ બંધાય છે માટે યતિએ કાષ્ઠની પૂતળીનો પગથી પણ સ્પર્શ ન કરવો, માટે કલ્યાણ ચાહતા મતિમાન્ મુનિ સ્ત્રીનો સંગ કરે તો જેમ હાથીણીનો સંગ કરવા જતાં બીજા બળવાન હાથીઓનો ભોગ થઈ પડે છે તેવી જ રીતે યતિ કે મુનિ પણ તે સ્ત્રીના સ્વામી એવા અન્ય બલવાન પુરુષને હાથે માર્યો જાય છે.

૧૪ મા ગુરુ 'મધલૂંટારા' લુબ્ધક પાસેથી સંગ્રહ ન કરવાની શિક્ષા મેળવી

શ્રીદત્ત ગુરુએ કહ્યું કે યદુરાજ ! મારા ૧૪ મા ગુરુ મધલૂંટારા પાસેથી અસંચય ગુણ મેળવ્યો. તે વાત કંહુ છું કે માનવે દાન અને ભોગ રહિત જે ધન સંચય કીધો છે તે તો કેવલ મધલાલચુ મધમાખીઓએ મહા મહેનતે મધપૂડામાં સચિત કરેલા પરંતુ વણભોગવેલા મધ જેવું છે, કારણ કે માનવે મહાયત્ને મેળવેલા દ્રવ્યને કોઇને તે દાનમાં આપતો નથી કે તેનો ઉપભોગ કરતો નથી તો તે ધનને બીજો કોઇ ચતુર પુરુષ ધન કઢાવવાની કલાને જાણનારો કલાથી લઇ જાય છે. ભોગવે છે તો વળી તેની પાસેથી ત્રીજો કોઇ બળવાન પડાવી લે છે અને ભોગવે છે ત્યારે વળી કોઇચોથો તેનાથી અધિક બળવાન તેની પાસેથી પડાવી લે છે. (૧૫) વળી જેમ મધલોભણ મધમાખીએ એકઠા કરેલા મધને માખીઓ ભોગવતી નથી ત્યાં તો કોઇ મધલૂંટારો પારધી મધપૂડો પડાવી જાય છે અને નિચોવી મધ કાઢી લે છે તેમ મહામહેનતે મેળવેલા ધનથી ઘરમાં રાચરચીલાં વસાવીશું એવી આશા રાખતા ગૃહસ્થ પોતે અન્ન ફૂલ રાચરચીલાં ભોગવે તે પહેલા તો તે યતિ-સંન્યાસીઓ ભોગવે છે. માટે યતિ અનાયાસે અને ઉદ્યમવિના નિર્વાહ પૂરતો આહાર મેળવી શકે એ વાત પારધીથી જાણી. (૧૬) ધર્મ શાસ્ત્રની આજ્ઞા છે કે રાંધેલા અન્નથી પ્રથમ બ્રહ્મચારી-યતિને ભિક્ષા કરાવવી પછી ભોજન કરવું જો ગૃહસ્થ તેમને ભિક્ષા આપ્યા વિના ભોજન કરે તો ધાન્યા ધણ વ્રત કરવું પડે છે.

૧૫ મા ગુરુ હરણ પાસેથી વિષય ગીતમાં અનાસક્તિ ગુણ મેળવ્યો

શ્રીદત્ત બોલ્યા કે રાજન્ યદુવર ! હરણ પણ ગુરુ કરવા જેવો, પારધિ જયારે હરણને પકડવા ચાહે છે ત્યારે તે બીન બજાવે છે. વનમાં વિચરતો હરણ તો ગીતમાં લલચાય છે અને પારધિની પાસે જાય છે અને આખરે પકડાય છે અને પારધિ તેના પ્રાણ લે છે. આ ઉપરથી યતિએ એટલે ઈશ્વરાભિમુખ ભક્તે વનમાં વિચરવું પણ લોકગીત ના સાંભળવાં કે નૃત્ય ના જોવા, નહીં તો સ્વરૂપભ્રષ્ટ થવાશે. (૧૭) રાજન્ ! આ લોકગીતશ્રવણથી પતન થવાનો પ્રસંગ ઋષ્યશ્રૃંગ મુનિને આવ્યો હતો મૃગીતનય શ્રીઋષ્યશ્રૃંગ મુનિ એકાન્તવાસીવનમાં રહેતા હતા. એકવાર રોમપાદ રાજા રાજયની વારંગનાએ તેમને ફસાવી વનમાં આવી તેમના નૃત્ય-વાજિંત્ર અને વિષયગીત શૃંગી મુનિએ સાંભળ્યાં અને વશી જિતેન્દ્રિય મુનિ ઋષ્યશ્રૃંગ અંતે સ્ત્રીઓના રમકડા સમાન બની ગયા. (૧૮)

૧૬ મા ગુરુ મત્સ્ય પાસેથી જિહ્વાસ્વાદ અને વ્યર્થ વાદ બરબાદ કરે એ ગુણ પામવા

શ્રી ગુરુદત્ત બોલ્યા કે રાજન્ ! હવે ૧૬'મા ગુરુ મત્સ્ય પાસે જિહ્વાના સ્વાદને વશ ના થવું એ ગુણ મેળવ્યો. કારણકે જિહ્વા તો ભોજનના સ્વાદથી મનુષ્યના મનને હચમચાવી નાખનારી છે. જિહ્વાના રસથી માનવ મોહ પામી જાય છે અને દુર્બુદ્ધિવશ બની આહાર કરતાં રોગી બની એક દિવસ મૃત્યુ પામે છે. જેમ સાગર-સરિતાના જલમાં વસતાં માછલાં લોઢાના કાંટા ઉપર ચોપડેલી ચરબીના સ્વાદમાં લલચાઇ ખાવા જતાં કાંટામાં ફસાઇ જાય છે અને અંતે મૃત્યુ પામે છે. યોગી પણ જિહ્વાના સ્વાદે મૃત્યુ પામે એ વિવેક મત્સ્ય પાસેથી મેળવવો. (૧૯) રાજન્ ! સંભવ છે કે ઉપવાસ વિગેરે નિરાહાર વ્રતો દ્વારા કદાચ ઇન્દ્રિયો ઉપર થોડો સંયમ આવે પરંતુ એથી રસનેન્દ્રિય ઉપર વિજય નથી આવતો ઘણીવાર તો ઉપવાસ કરવાથી કે અન્ન ત્યજવાથી રસનેન્દ્રિય વધુ ઉત્તેજિત બને છે. (૨૦) ભલેને સમર્થ એવો પુરુષ કદાચ સર્વ ઇન્દ્રિયોને વશ કરી લે પરંતુ જયાં સુધી સ્વાદેન્દ્રિય ઉપર સંયમ ના મેળવે ત્યાં સુધી તે કદી જિતેન્દ્રિય બની શકશે નહીં. કરાણકે રસના જ સર્વ ઇન્દ્રિયોના રસોનું ઉત્તેજન કરનારી છે માટે પ્રથમ રસના જ તજવી રહી. જો તે રસને જીતી ગયો તો સર્વ કાંઈ જિતાયું. (૨૧)

૧૭ મા ગુરુ પિંગલા પાસેથી ભગવદાશ્રય જ ઉત્તમ છે : અન્યાશ્રય કે અનન્યની આશાનિરાશા જ્ઞાન મળ્યું

શ્રીદત્ત ગુરુએ કહ્યું કે યદુરાજ ! પિંગલા નામની વારાંગના પાસેથી મેળવેલ ભગવદાશ્રય ગુણ સંબંધી ગાથા હવે તમને કહું છું. પૂર્વ વિદેહનગરમાં પિંગલા નામની લોકનારી રહેતી હતી. આ પિંગલા રૂપવતી હતી, વળી સ્વેચ્છાચારિણી પણ હતી. એક વાર રાત્રિના અવસરે કોઇ પણ પુરુષને રમણવિહાર માટે પોતાના સ્થાનમાં લાવવા માટે સુંદર સ્વાંગ સજીને ઘરની બહાર દ્વાર પાસે રાત્રિનો સમય થતાં રાહ જોતી બેઠી હતી. (૨૨,૨૩) હે નરરત્ન યદુરાજા ! આ

પિંગલાને કાંઈ પુરુષની કામના ન હતી એની તો કામના હતી રસ્તામાં આવતા જતા પુરુષોને તે દેખતી હતી ચાહતી હતી કે પોતાને મનભર ધન આપે અને ભોગવે એવા ધનસમ્પન્ન કામુકોની તે કામના સેવતી રાહ જોતી હતી. (૨૪) ધનના સંકેતથી જીવનારી પિંગલા રસ્તે આવતા જતા અનેક પુરુષો માટે કલ્પના કરતી ને કોઈ એક પુષ્કળ ધનવાન કામુક આવશે. વિહાર કરશે. પુષ્કળ ધન આપશે. (૨૫) આ આશાથી ઓટલા ઉપર દ્વાર પાસે બેઠેલી ઊંઘ ત્યજી રાતભર ઉજાગરો કરી રહી હતી. ક્ષણવારમાં તે દરવાજામાં બેસતી, બીજી ક્ષણે ત્યાંથી અંદર જતી અને ઘડીવારમાં બહાર નીકળી જતી., આમ કરતાં મધ્યરાત્રિ થઈ ગઈ. (૨૬) ધનની આશથી સુકાતા મુખવાળી અને રાંક થયેલા મનવાળી વારાંગના પિંગલા હવે તો આ ધંધાથી ગળે આવી ગઈ. આમ હવે એ ધંધો નથી કરવો એવા નિર્ણય ઉપર આવી, તેને ધનની લાલસાને કારણે જ ખેદભર્યો વૈરાગ્ય આવ્યો જે પરિણામે સુખદાયક થયો. (૨૭) રાજન્ ! નિરાશાથી વિરક્તચિત્ત બનેલી પિંગલાના મુખમાંથી એક ગીત સરી પડયું એટલે અન્તરના ઉદ્‌ગાર સરી પડયા તે યદુરાજ, આપને સંભળાવું તે સાંભળો રાજન્ ! આ ગીત, આ અનુભવના ઉદ્‌ગાર મિથ્યા આશાઓના પાશને કાપવામાં તલવારનું કામ આપશે. (૨૮) હે યદુરાજ ! હે અંગ ! આવો અભાવ નથી આવતો તે મનુષ્ય દેહનું બંધન કરનાર વિષયની આશાને છોડવાની ઈચ્છા પણ કરી શકતો નથી. (૨૯)

પિંગલાનાં અન્તરના ઉદ્‌ગાર

પિંગલા ઉર ગીત ગાવા લાગી. અરે ! અવશ મનવાળા ! મારા મોહની જાલનો વિસ્તાર તો આપ લોકો જરા નિહાળો તો ખરા ! હે સજ્જનો ! હું તદ્દન બાલિશ છું તદ્દન મૂર્ખ છું એનું કારણ કહું છું કે તુચ્છ, કામી અને ક્ષણિક લાલસવાળા પુરુષને કાન્ત-પ્રિયતમ ગણીને તેની કામના કરવા લાગી. (૩૦) મેં સાચા સ્વામીને ના ઓળખ્યા કે જે પ્રિયતમ બારબાર ગુણોના ભંડાર છે. (૧) સંત છે. (૨) સદા સમીપે હૃદયમાં બિરાજે છે (૩) રમણ છે આનંદ આપનાર છે (૪) રતિપ્રદ છે એટલે ઉત્તરોત્તર અધિક અનુરાગ આપનાર છે (૫) વિત્તપ્રદ છે કારણ કે સ્વયં લક્ષ્મીના સ્વામી હોવાથી સેવામાં વપરાતી પવિત્ર લક્ષ્મી આપનાર છે અને ચાર પુરુષાર્થ સાધનાર છે નિત્ય છે-જેનો વિયોગ નથી તેથી વિરહ કે વૈધવ્ય નથી (૭) આ કામદ સંસારની કામનાને કાપી કામનાથી મુક્ત કરનાર છે (૮) દુઃખને છેદનાર (૯) ભયનો નાશ કરનાર (૧૦) આધિ એટલે માનસિક ચિંતાને કાપનાર (૧૧) શોકને હરનાર (૧૨) મોહનો વિનાંશ કરનાર એવા મનમોહક શ્યામસુંદરને ત્યજીને (૧) કદી કામનાને ન પૂરનાર, (૨) દુઃખ દેનાર, (૪) ભય દેનાર, (૫) શોક વધારનાર (૬) મોહ વધારનાર એવા છ અવગુણથી ભરેલા તુચ્છ જીવન, તુચ્છ જીવના નાશંવત દેહને માલિક માનીને સેવવાની કામના કીધી. મારા જેવી પૂર્વે કોણ હશે. (૩૧) વારાંગના માટે પરસ્પરની પ્રસન્નતાથી ધન લઈ જીવવાની આ જીવિકા બતાવી છે છતાં તે જીવનશક્તિ તુચ્છ અને નિંદાને પાત્ર છે. અરે સ્ત્રીલંપટ ધનની તૃષ્ણાવાળા અને શોક કરવા લાયક ક્ષુદ્રજનને મારી કાયા વેચીને તેની પાસેથી ધન મેળવવાની અને ક્ષુદ્ર ભોગો ભોગવાવાનો વ્યર્થ સંતાપ પમાડયો. (૩૨) પુરુષનું શરીર એક ઘર છે જેમાં અસ્થિના આડસર વાંસવાળા અને વળીઓનું માળખું છે, ખોખું છે તેના ઉપર ચામડું ઢાંકેલ છે અને નખ રોમાવલિઓથી છવાયેલું છે. વિષ્ટા-મલ-મૂત્ર નિરંતર વહેતા નવ પરનાળાંવાળું તે મકાન છે તેને મારા સિવાય બીજી કોઈ સ્ત્રી કાંતબુદ્ધિથી સેવે ? (૩૩) આ મહા જ્ઞાની વિદેહોના જીવન્મુક્તોના નગ- રમાં હું એક જ મૂઢબદ્ધિ છું, હું એક જ અસતી દુરાચારિણી છું. આત્માસ્વરૂપને અર્પણ કરતા આ અવિનાશી અચ્યુત ભગવાન વિના બીજાને પતિ તરીકે ઈચ્છું છું. (૩૪) હવે હું અચ્યુત ભગવાનને વરીશ જે પ્રભુ પ્રાણીઓના અતિ પ્રિય મિત્ર, નાથ અને આત્મા છે, એ નાથને નિવેદન કરી તેમને જ સમર્પણ કરીને લઈ લઈશ. ખરીદી લઈશ અને તેમની સાથે શ્રીલક્ષ્મીજીની સમાન સદા રમણ કરીશ. (૩૫) સંસારના વિષયો તેમજ વિષયોને આપનાર પુરુષો કે દેવો આદિ-અંતવાળા અને કાળથી ભયભીત છે તેઓએ પત્નીનું કેટલું પ્રિય કર્યુ છે કે કરવાના છે? માટે હવે આ લોક કે પરલોકમાં અચ્યુત શ્રીકૃષ્ણ વિના અન્યને મારે નથી સેવવા. માનો કે ના માનો પરંતુ ખરેખર મારાં કોઈ પૂર્વ જન્મનાં શુભ કર્મથી ભગવાન વિષ્ણુ મારા ઉપર પ્રસન્ન થયા છે એ કૃપાથી જ મને નિત્ય સુખ દેનારો આવો વૈરાગ્ય થયો છે અન્યથા આ વૈરાગ્ય ન જ આવે. (૩૭) સાચું કહું છું જે વૈરાગ્યમય વિવેક બુદ્ધિથી મનુષ્ય ઘર-શરીર-પરિવાર

વગેરેમાં રહેલી અહંતા અને મમતાને ત્યજીને ભગવાનના ચરણકમલને પામે છે. (૩૮) એ ભલે કલેશજન્ય વૈરાગ્ય છે તો પણ મારા જેવી કમનસીબ સ્ત્રીને થવો કઠિન છે, દુર્લભ છે પરંતુ શ્રીકૃષ્ણની કૃપાથી જ થયો છે એમ માનું છું. (૩૯) હવે હું આ કૃપાસિંધુ શ્રીકૃષ્ણના ઉપકારોને માથે ચઢાવીશ, ક્ષુદ્ર આશાઓને ઠોકરે ચઢાવીશ તે પરમેશ્વરને શરણે જાઉં છું. સંતોષમાં રહીશ. ભગવાન ઉપર શ્રદ્ધા રાખીશ. જે કાંઈ મળશે તેમાં આજીવિકા ચલાવીશ. અને આત્મરૂપ પતિ શ્રીકૃષ્ણ સાથે જ વિહાર કરીશ. (૪૦) કારણ કે સંસાર રૂપી કૂવામાં પડેલા વિષયોએ હારેલા વિવેકવાળા અને કાળરૂપી સર્પનો કોળિયો બનેલા આ જીવાત્માનું રક્ષણ કરવા પરમાત્મા વિના અન્ય કોણ સમર્થ છે. (૪૧) મનુષ્ય સાવધાન બની જુએ કે આ કાળરૂપી સર્પ જગતનો કોળિયો કરી રહેલ છે અને આ લોક સુખથી વૈરાગ્ય પામે તો પોતાના આત્માનો પોતે ઉદ્ધાર કરી શકે છે માટે મારા આત્માના ઉદ્ધાર માટે પણ ભગવાનને નહીં ભજું પરંતુ વિશુદ્ધ અને અહૈતુક ભક્તિથી ભગવાનની સેવા કરીશ. પિંગલા આ નિર્ણય ઉપર આવી. (૪૨)

બ્રહ્મવિદ્ શ્રીદત્તભગવાને કહ્યું કે આ પ્રમાણે બુદ્ધિથી નિશ્ચય કરી પિંગલા જારપુરુષોની તૃષ્ણાથી ઉપજેલી દુષ્ટ આશાને કાપી, શાંતિ સ્વીકારી શય્યામાં સૂઇ ગઇ. (૪૩) રાજન્ ! તેથી આ એક નિર્ણય થયો કે આશા એ પરમ દુઃખ છે અને આશામુક્ત થવું એ પરમ સુખ છે. જેમ પિંગલા ક્ષુદ્ર પુરુષની આશા ત્યજી સુખે સૂઇ શકી હતી તેમ જીવ માત્ર આશારહિત થઈ ભગવદાશ્રિત થઇ પરમ સુખી થાય. (૪૪)

आशा हि परमं दुःखं नैराश्यं परमं सुखम् । यथा संछिद्य कान्ताशां सुखं सुष्वाप पिङ्गला ॥ ४४ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંધનો આઠમો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૯ મો

(આ ૯મા અધ્યાયમાં ૩૩ શ્લોકો છે. આ અધ્યાયમાં ટિટોડી-બાલક-કુમારી-બાણકાર-સર્વ કરોળિયો ભ્રમરી'' આ સાત ગુરુ. જનની ગાથાનાં ગાન શ્રી દત્તભગવાન ગાશે. તદુપરાંત પોતાના દેહને ૨૫મો ગુરુ ગણાવશે અને દેહમાંથી મળતો ઉપદેશ સમજાવશે.)

ब्राह्मण उवाच-परिग्रहो हि दुःखाय यद् यत् प्रियतमं नृणाम् । अनन्तं सुखमाप्नोति तद् विद्वान् यस्त्वकिञ्चनः ॥ १ ॥

૧૮ મા ગુરુ ટિટોડી પાસેથી સંગ્રહ દુઃખનું કારણ છે તેવો વિવેક મળ્યો

બ્રહ્માવિદ્ દત્ત પ્રભુ બોલ્યાઃ રાજન્ ! મારા ૧૮ મા ગુરુ પાસેથી મેળવેલ વિવેક હવે વર્ણવું છું તે સાંભળો. મનુષ્યન જે જે વસ્તુ અત્યંત પ્રિય હોયે તનો પરિગ્રહ-સંગ્રહ કરવો તે દુઃખ માટે છે. આ વસ્તુ જાણતો મનુષ્ય પરિગ્રહ ત્યજી અનંત સુખ પામે છે. (૧) રાજન્ ! એક ટિટોડી કયાંથી ચાંચમાં માંસ લઇને જતી હતી ત્યારે જે પક્ષીઓની પાસે માંસ ન હતું એવાં બીજા બળવાન પક્ષીઓ તેને મારવા લાગ્યાં જયારે તેણે ચાંચમાંથી માંસનો ટુકડો પડતો મૂક્યો ત્યારે બધાં પક્ષી માંસ પાછળ પડયાં ત્યારે તે ટિટોડી સુખી થઇ અને ત્યાંથી ચાલી ગઇ. આ ઉપરથી અક્કલ આવી સંગ્રહનો ત્યાગ અત્યંત સુખદાયી છે. (૨)

૧૯ મા ગુરુ બાલક પાસે નિર્માન થવાનો ઉપદેશ મળ્યો

શ્રી દત્ત ભગવાને કહ્યું કે રાજન્ ! મારા ૧૯ મા ગુરુ બાલક પાસેથી મને ઉપદેશ મળ્યો કે બાળકને મન નથી માન, નથી અપમાન, એ છે સદાય નિર્માન તેમજ કુટુંબી જનોની માફક ગૃહ-પરિવાર વગેરેની ચિંતાથી તે મુક્ત છે. એ રીતે મારે પણ કોઇ આદરથી ભિક્ષા આપે તો માન મળ્યાનો આનંદ નથી અને કોઇ તિરસ્કારે તો આપમાનનો આઘાત નથી તેમજ કુટુંબ પરિવારની ચિંતાથી પર છું. હું કેવલ આત્મામાં જ રમતો અને પ્રીતિ રાખતો આ લોકમાં બાલકની માફક નિર્માન થઇ વિચરું છું. (૩) આ જગતંમાં જે જડ, મૂર્ખ અને બાળક છે તે સુખી છે અને બીજો જે પ્રકૃતિથી પર રહેલા ઈશ્વરને પામ્યો છે તે સુખી છે. આ રીતે બન્ને જણ ચિંતાથી મુક્ત અને પરમાનંદમાં મગ્ન રહે છે. (૪)

૨૦ મા ગુરુ કુમારિકા પાસેથી એકાકી થવું અને એકાન્તવાસી રહેવું બે ગુણો મેળવ્યા

શ્રી દત્ત ભગવાને કહ્યું કે યદુવર ! મારા ૨૦મા ગુરુ કુમારિકા પાસેથી જે ગુણ પામ્યો તે વાત સાંભળો. રાજન્ ! એક

ગામમાં એક કુમારિકા હતી. તે ખાનદાન કુટુંબની કન્યા હતી. એકવાર કન્યાનાં માતા પિતા કુટુંબી જનનો કાર્યાન્તર માટે કયાંક ગ્રામાન્તરે ગયાં હતા. આ અવસરે કન્યાનો વિવાહ કરવા કાજે વર પક્ષના સાજનીઆ આંગણે અતિથિ થઇ આવ્યા હતા. કન્યાએ આવેલા અતિથિનું પોતે જ સ્વાગત કરવા માંડયું. (૫) હે રાજન્ ! આ અતિથિઓને ભોજન કરાવવા કન્યા એકાન્તમાં બાસમતીની ડાંગર ખાંડવા લાગી ત્યારે તેના કરમાં ધારેલાં કંકણો ખૂબ ખખડવા લાગ્યાં. (૬) કુલવતી કન્યાએ વિચાર્યું કે આંગણે આવેલા અતિથિને લાગેશે કે ઘર ગરીબ છે નહિતર કન્યા શા માટે કમોદ ખાંડે ? એવો વિચાર કરશે માટે મારા કુટુંબ અને માવતરની પ્રતિષ્ઠા સાચવવી જોઇએ. એમ માની શાણી લાજવતી કન્યાએ બન્ને હાથમાંથી ચૂડીઓ-કંકળો કાઢવા માંડયાં અને કેવલ બબ્બે જ કંકણ રાખ્યાં. (૭) ત્યારબાદ તે પુનઃ ખાંડવા લાગી ત્યારે બબ્બે ચુડીઓનો પણ અવાજ થવા લાગ્યો એટલે તેણે એક જ ચૂડી રહેવા દીધી જેથી તે એકમાંથી આવાજ ન થયો. (૮) હે શત્રુને સંયમમાં રાખનાર યદુરાજ ! આ લોકમાં સાર વસ્તુના ત્યાગનું નામ છે સારાસારવિવેક. હું આવી વિવેકવૃત્તિથી લોકમાં વિચરું છું. (૯) તેથી તે કન્યા પાસેથી આ ઉપદેશ મેળવી લોધો કે ઝાઝી વણઝારે ઘરમાં ઝઘડા થાય. ધ્યાન, જ્ઞાન, ચિંતન બે જણ સાથે બેસીએ તો વાતચીત થાય અને કુમારિકાના કંકણની માફક એકલા વિચરી તો લક્ષ સધાય માટે એકલા વિચરવું. (૧૦)

૨૧મા ગુરુ બાણાકાર પાસેથી ચિત્તની એકાગ્રતા સમ્પાદન કરી

રાજન્ ! મારા ૨૧મા ગુરુ બાણાકાર હતા તેથી તેની પાસેથી એકાગ્રતા મેળવી. રાજન્ ! સંભળો, એક બાણ બનાવનારો બાણ બનાવતો હતો ત્યારે તેનું મન બાણને સરળ કરવામાં એવું લાગી ગયું હતું કે તે વખતે તેની પાસેથી ડંકા, નિશાન વાજિત્રના નાદ સાથેની સવારી પસાર થઇ ગઇ પણ તેના જાણવામાં ન આવ્યું. આ જોતાં બોધપાઠ મળ્યો કે યોગીએ પણ મન પ્રપંચમાંથી પાછું વાળી ભગવાનમાં એવુ એકાકાર કરવું કે જેથી તેને બહાર કે અંદર એવો કોઇ પણ ખ્યાલ જ ન રહે. આ માટે યોગીએ આલસ્ય ત્યજીને પ્રથમ આસનસિદ્ધ કરવી, ત્યારબાદ પ્રાણાયામ સિદ્ધિ કરવો, પુનઃ વૈરાગ્ય અને અભ્યાસ દ્વારા મન લક્ષ્યમાં સ્થિર કરી એક પરમાત્મામાં જ જોડી દેવું. (૧૧) જયારે આ રીતે તે યોગીનું મન ભગવાનમાં લાગી જાય છે ત્યારે તે સ્થિર થયેલું મન ધીમે ધીમે કર્મની રજરૂપ વાસનાઓ તજે છે અને પછી વૃદ્ધિ પામેલા સત્ત્વગુણથી રજોગુણ તથા તમોગુણનો નાશ કરી દે છે અને અંતે જેમ અગ્નિને બળવા કાષ્ઠ ન રહેતાં સ્વયં શાંત બની જાય છે તે રીતે મનને કોઇ વિક્ષેપ કરનારું ન હોવાથી સ્વયં પ્રશાંત બની જાય છે અને મન નિર્વાણને પામે છે અર્થાત્ વૃત્તિરહિત થઇ કેવલ પરમાનંદનો અનુભવ કરે છે. (૧૨) આ અવસરે તેની બાણાકાર જેવી દશા સહજ અનાયાસે બની જાય છે કારણ કે બાણાકારે મન બાણમાં પરોવ્યું હતું તેવું જ યોગીએ ભક્તિભાવથી મન ભગવાનમાં પરોવ્યું છે તેથી તેને બહિર્જગતનો અન્તર જગતનો કોઈખ્યાલ નથી રહેતો બાણાકાર, પડખેથી પસાર થતી રાજાની સવારીને નથી જાણતો અને યોગી, પડખેથી પસાર થતી કે જીવનમાંથી પસાર થતી કોઇ વસ્તુને જાણતો નથી. (૧૩)

૨૨ મા ગુરુ સર્પ પાસેથી મકાન, મઠ, મંદિર ન બાંધવાની શિક્ષા મળી

શ્રીગુરુ દત્ત બોલ્યા કે યદુવર ! મહારાજ ! સર્પને ગુરુ બનાવી ઘણા ગુણો મેળવ્યા છે તે સાંભળો ! યોગીએ સર્પની માફક એકલા વિચરવું, એક સ્થાને ન રહેતાં સર્પની માફક નિત્ય વિચરતા રહેવું સર્પની માફક સદાય સચેતન રહેવું., સર્પ દરમાં રાફડામાં સંતાઇ ને રહે છે તેમ યોગીએ ગુફામાં ગુપ્તવાસે વસવું એવા શરીરના આચાર, વ્યવહાર ન કરવા જેથી કોઇ જાણી ન જાય કે પોતે કયાં છે ! અને શું કરે છે, વળી એકલા રહેવું પણ કોઇની ઓછ ના લેવી, તેમજ મિતબોલી બનવું (૧૪) સર્પની માફક ઘર ન કરવું કારણ કે ઘર બાંધવું એ જ દુઃખને ઊભું કરવા જેવું છે તેથી યોગીવર ઘર ન કરે કારણ કે કાયાનો કંઇ વિશ્વાસ નથી કે તે ક્યારે પડે ! માટે ઘર બાંધવું જ નિષ્ફળ છે તેથી સર્પ જેમ પોતાનું ઘર કરતો નથી પણ ઉંદરના ખોદેલા પારકા ઘરમાં જઇ સુખેથી રહે છે તેમ મુનિએ પણ મઠ, મંદિરના ચણવાં પરંતુ ક્યાંય પણ બાંધેલાં મઠ, મંદિર કે આશ્રમમાં રહી સુખી ન થવું. (૧૫)

૨૩મા ગુરુ કરોળિયા પાસેથી વિસ્તારેલી બાજી સમેટવાનું શીખ્યો

શ્રીદત્ત પ્રભુ બોલ્યા કે યદુવર ! કરોળિયો સર્જે છે, સાચવે છે અને સમેટે છે એ વાત નજરે જોવા મળે છે તે રીતે ભગવાન નારાયણ એક સમર્થ દેવ છે. પોતાની માયાશક્તિથી સર્જેલા આ જગતને સંભાળી પ્રસંગ આવતાં પોતાની કાલરૂપી કલા દ્વારા સારાયે વિશ્વનો સંહાર કરી કલ્પના અંતે સ્વયં એકાકી બિરાજે છે. (૧૬) આ ભાગવાન નારાયણ એક છે, અદ્વિતીય છે તેથી એમાના જેવા બીજા નથી, સર્વ જડ જંગમના આધાર છે અને અખિલ બ્રહ્માંડના આશ્રય છે, પોતાના જ આત્માનો પ્રતાપસ્વરૂપ એવો કાલ જયારે સત્વ, રજસ્ તમસ્ આદિ ગુણોની સરખી અવસ્થા કરે છે ત્યારે તે ત્રણે ગુણોની સામ્યાવસ્થાને પ્રકૃતિ કહેવામા આવે છે. તેવી પ્રકૃતિ એટલે પ્રધાન નામના તત્વના અને પુરુષ નામના તત્વનાં ભગવાન ઈશ્વર છે. (૧૭) આ ભગવાન પર અને અવર સ્થાવર અને જંગમના નિયામક છે. આ ભગવાનની કૈવલ્યસંશિતઃ એટલે 'કેવલ એકલા અથવા મોક્ષ' એવી સંજ્ઞા થાય છે. આ ભગવાન કેવલ છે. અનુભવરૂપ છે. આનંદના તો સ્વયં સારસ્વરૂપ છે. વળી સત્ત્વગુણવાળા, રજોગુણવાળા એવી ઉપાધી વિનાના શુદ્ધ અને સ્વયંપ્રકાશ છે. (૧૮) હે અરિંદમ ! કામ ક્રોધ, લાભ વગેરે અન્તરના શત્રુઓને જિતાય તો પુરુષાર્થો સિદ્ધ થાય ખરા પરંતુ પુરુષોત્તમની કૃપાથી જ તે બધા જિતાય છે. માટે કૃપાનાથની કૃપાથી શત્રુઓને જીતનાર હે રાજન્ ! આવા સ્વયં પ્રકાશ ભગવાન કેવલ એકલા જ કોઈના પણ અવલંબન વિના પોતાના પ્રતાપથી-સામર્થ્યથી પોતાની સત્વ-રજસ્-તમસ્ ગુણવાળી માયામાં ક્ષોભ પેદા કરે છે. ક્ષોભ કરવો એટલે રજોગુણને વધારવો બે ગુણોને દબાવવા સૂત્રને ઉત્પન્ન કરે છે. આવું મોક્ષાત્મા ભગવાનનું સૂત્ર રચવાનું સામર્થ્ય છે. સૂત્ર એટલે ક્રિયાશક્તિ રૂપ સૂત્ર અને જ્ઞાનશક્તિ સ્વરૂપ મહત્‌તત્વને ઉત્પન્ન કરે છે. (૧૯) હવે ક્રિયાશક્તિપ્રધાન જે સૂત્ર છે એટલે જે મહત્‌તત્વ છે તે ત્રિગુણને ઉત્પન્ન કરનાર સૂત્રમાંથી એટલે મહત્‌તત્વમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. આ સૂત્ર એટલે આ મહત્‌તત્વ અહંકાર દ્વારા અનેક પ્રકારે ત્રણ ગુણવાળા જગતને ઉત્પન્ન કરે છે. મહતૂતત્વને સૂત્ર એટલા માટે કહેલ છે કે જેમ એક માલામાં મણકાઓ એક સૂત્રમાં પરોવાઈને રહે છે તે રીતે સૂત્રમાં અનેક જગત પરોવાયેલાં છે. જે સૂત્ર પ્રાણરૂપથી પુરુષ સંસારને પ્રાપ્ત થાય છે. (૨૦) રાજન્ ! આ સમસ્ત વસ્તુ એક કરોળિયાને જોવાથી જાણવા મળી છે જેમ એક કરોળિયો પેટમાં રહેલી લાળના તંતુને પોતાના મુખમાંથી બહાર કાઢી તે લાળના તંતુની ઈચ્છા પ્રમાણે જાળી ગૂંથી તેમાં વિહાર કરે છે અને પાછો તે લાળને પોતાનામાં પાછી સમેટી લે છે એ કરોળિયાની એક રમત છે તે ઉપરથી આ સમસ્ત વિશ્વના સર્જનહાર ભગવાનની ઉત્પત્તિ, સ્થિતિ અને લય એવી એક લીલા છે. (૨૧)

૨૪મા "કીટ-કીડા" પાસેથી ધ્યાન પ્રકારનું જ્ઞાન મળ્યું

ભગવાન દત્ત પોતના ૨૪મા ગુરુ 'કીટ' ની ગાથા ગાતા ધ્યાનનું સ્વરૂપ સમજાવતાં બોલ્યા કે યદુરાજ ! હવે સાંભળો - સર્વ વાત ધ્યાન ઉપર જ આધાર રાખે છે. મનુષ્ય સ્નેહથી કે દ્વેષથી, ભયથી કે અનુરાગથી બુદ્ધિ વડે મનને જે જે વસ્તુમાં સંપૂર્ણ રોકી રાખે છે તે તે સ્વરૂપવાળો તે થઈ જાય છે. (૨૨) આ વાત તમને એક દષ્ટાંતથી બતાવું છું. એક કીટ વિચરતો હતો તેને એક ભ્રમરીએ પકડીને એક ઘરમાં પૂરી દીધો. તેને ડર હતો કે હમણાં જ ભ્રમરી મને મારી નાખશે તેથી તે ભયથી ભ્રમરીનું જ ધ્યાન કરતો હતો એનું પરિણામ એ આવ્યુ કે તે પોતાના કીટના દેહને ત્યજયા વિના જ ભ્રમરી બની ગયો તો પછી જીવ ભગવાનનું ધ્યાન કરતાં શા માટે ભગવદીય ના બની ગયો ! (૨૩)

૨૪મા ગુરુ દેહથી વિવેક-વૈરાગ્ય મળ્યા

રાજન્ ! યદુરાજ ! આ પ્રમાણે ચોવીસ ગુરુજનો પાસેથી મેં બોધ મેળવ્યો છે હવે હે રાજન્ ! મેં મારા શરીર પાસેથી જે શિખામણ સમ્પાદન કરી છે તે હું કહું છું આપ તે પણ સંભળો. (૨૪) આ દેહ મારો ગુરુ છે. આ દેહના વ્યવહારથી તે વૈરાગ્ય તથા વિવેક શીખવે છે આ દેહ નિત્ય નિત્ય મનુષ્યને દુઃખરૂપી જ ફળનો અનુભવ કરાવે છે તથા જન્મ અને નાશ પામનારો છે. ત્યારે બીજી રીતે જોતાં આ દેહથી જ હું તત્વનો વિચાર કરી શકું છું. તેથી તેની કૃપા પણ ઓછી નથી, આમ દહેથી લાભ છતાં તે અંતે પડવાનો છે અને પારકો થવાનો છે કારણ કે કાગડા-કૂતરાં કે શિયાળ વગેરેના

ભક્ષ્ય જ થવાનો છે આવો નિશ્ચય કરી શરીરમાં અસંગ કહેવાનો વિવેક રાખી સર્વત્ર વિચરું છું. (૨૫) રાજન્ ! આ દેહગાથા પણ ગજબ છે. તે વૃક્ષના જેવો છે વૃક્ષ ફૂલી-ફાલી-ફલીને નાશ પામે છે ત્યારે પણ તેનું બીજ મૂકી જાય છે અને તે બીજ ફરીથી જન્મ લે છે. દેહનું પણ આવું જ છે, તે દેહ પડે છે ત્યારે કર્મ અને વાસનાના બીજ મૂકી જાય છે. તેનાથી તે ફરી જન્મ લે છે, મનુષ્ય આ દેહ માટે કષ્ટ કરી ધન એકઠું કરે છે અને તે ધનના ઉપભોગ માટે લગ્ન કરી સ્ત્રીનો સંગાથી બને છે. પુનઃ તેને આંગણે પુત્ર થાય ત્યારે તેના પોષણ, પાલન, લાલન માટે ગાય, ઘોડા, નોકરચાકરો, ગૃહ નિર્માણ કરે છે વળી કુટુંબ વધારે છે, આપ્તજન સ્વજન વધારે છે. અને સર્વને પોષે છે: આ સર્વ કાંઇ શ્રમ સમ્પાદન કીધું તે સર્વ મૂકી દીધું અને દેહ ચાલ્યો ગયો, માટે આ સર્વ વ્યવહાર જોઇ દેહમાં વૈરાગ્ય આવ્યો, અને આ દેહ દ્વારા વૈરાગ્યનો પિતા વિવેક મળ્યો દેહને ગુરુ બનાવ્યો, (૨૬) રાજન્ ! કાયાની કહાની ક્યાં સુધી કથવી? એક સ્ત્રીના પતિ જેવી આ કાયાની કઠોર કથની છે, અનેક સ્ત્રીવાળા પતિને તેને સ્ત્રીઓ સ્વસુખ માટે સર્વ ચારે બાજુએ ખેંચે છે તે જ રીતે અજિતેંદ્રિય પુરુષને એક બાજુથી જિહ્વાઈન્દ્રિય રસ તરફ અને કોઈવાર તૃષા જલ તરફ ખેંચે છે ત્યારે બીજી બાજુની સંસારસુખ ભોગવતી ઈન્દ્રિય રતિસુખ તરફ ખેંચે છે જ્યારે શ્રવણેંદ્રિય શબ્દ તરફ દોરે છે તો વળી ઘ્રાણેન્દ્રિય ગંધ તરફ લઈ જાય છે ત્યાં તો ચપળા દષ્ટિ રૂપ તરફ દોરી જાય છે. એટલેથી ના અટક્યું પરંતુ આ વિના બીજી પણ કર્મેન્દ્રિયો પોતપોતાના વિષયો તરફ ખેચે છે. અન્તે તેને છિન્નભિન્ન ચીંથરેહાલ હાલતમાં મૂકે છે. આથી દેહને ગુરુ બનાવી અસંગગુણ પામ્યો છું. (૨૭) ગુરુદત્ત બોલ્યા રાજન્ ! મનની અને મહત્વની વાત કહું દેહની આ દશા હોવા છતાં તે સર્વોત્તમ છે કારણ કે ભગવાને પોતાની શક્તિ-માયથી વૃક્ષો, સર્પો, પશુઓ, પક્ષીઓ, મચ્છરો તથા માછલાં એમ અનેક જાતનાં શરીરો ઉત્પન્ન કર્યાં. પરંતુ આ સર્જનથી ભગવાનનું હૃદય સંતુષ્ટ ના થયું કારણ કે આ શરીરોમાં ભગવાન મેળવવાની, ભગવાનની સેવા કરવાની કે ભગવાનનો સાક્ષાત્કાર કરવાની કે બુદ્ધિ ન હતી તેથી ભગવત્સેવોપયોગિની બુદ્ધિ, શક્તિ અને સવલતવાળા મનુષ્ય શરીરની ઉત્પત્તિ કરી ભગવાન આનંદ પામ્યા. (૨૮)

રાજન્ ! ભલે માનવ દેહ અનિત્ય છે તો પણ સર્વ પુરુષાર્થોનો સાધક છે વળી સદા દુર્લભ છે. ભાઈ આવા અત્યંત દુર્લભ માનવદેહને અને જન્મના અન્તે દૈવયોગે મેળવ્યા બાદ તે વારંવાર મૃત્યુ પામતો પડી ના જાય તે પહેલાં વિવેકી ધીર પુરુષે તે માટે પ્રયત્ન કરવો જોઈએ. ભાઈ વિષયો તો સર્વ શરીરમાં સુલભ જ છે. દેહને સેવોપયોગી સંપાદન કરી વિષયોપભોગ તો ના જ કરવા અને વિવેક રાખી જીવવું. (૨૯) શ્રી દત્તગુરુએ આ રીતે કહ્યુ ભાઈ યદુરાજ ! મેં આ રીતે અનેક શિક્ષાગુરુ મેળવ્યા અને ઉત્પન્ન થયેલા વૈરાગ્યથી વિશિષ્ટ પ્રકારના જ્ઞાનદીપ દ્વારા હું કેવળ પરમાત્મામાં જ સ્થિતિ કરી સર્વ સંગ ત્યજી દઇ. અહંકાર રહિત થઇ આ પૃથ્વી ઉપર વિચરું છું. (૩૦) રાજન્ ! દીક્ષાગુરુ તો ઠીક શિક્ષાગુરુ એટલે વિવેક મેળવવાનાં સ્થાનો તો અનેક હોય છે. એક ગુરુ પાસેથી મેળવવાનું જ્ઞાન અત્યંત સ્થિર થઇ વધતું નથી. કારણ કે ઋષિઓએ આ દ્વારા ! બ્રહ્મને અનેક પ્રકારે વર્ણવેલું છે. (૩૧) ભગવાન શ્રીકૃષ્ણે કહ્યુ કે ભાઈ ઉદ્ધવ ! શ્રી યદુરાજે વંદન કરેલા અને પ્રાર્થના કરેલા તે ગંભીર બુદ્ધિવાળા બ્રહ્માવિદ્ બ્રહ્મમય ભગવાન દત્તાત્રેય યદુરાજાને આવો ઉપદેશ આપી રાજાની અનુમતિ લઇ જેમ અત્યંત પ્રસન્ન ચિત્તે પધાર્યા હતા તેમજ પ્રસન્ન ચિત્તે સીધાવી ગયા. (૩૨) ભાઈ ઉદ્ધવ ! આપણે આવા બ્રહ્મવિદ્ કુલના અને બ્રહ્મવિદ્ વંશજોના વારસદાર છીએ એ આપણું પરમ ભાગ્ય છે. (૩૩)

अवधूतवचःश्रत्वा पूर्वेषां नः सपूर्वजः । सर्वसंगविनिर्मुक्तः समचितो बभूव ह ॥ ३३ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંધનો ૯મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૧૦ મો

(આ અધ્યાયમાં ૩૭ શ્લોકો છે. પૂર્વના ત્રણ અધ્યાયોમાં ભગવાન દત્તે ૨૫ ગુરુજનોની ગાથા ઉદ્ધવજીને સંભળાવી તેના પરિણામે દેહમાં વિવેકવૃત્તિ થતાં આત્મતત્વને જાણવાની યોગ્યતા પ્રાપ્ત થઇ તેથી આત્મતત્ત્વ જ્ઞાનના સાધનો હવે વર્ણવશે. તેમાં ખાસ કરીને આ દશમાં અધ્યાયમાં દેહાધ્યાસને કારણે આત્માને સંસાર થાય છે એ વસ્તુ સમજાવે છે.)

श्रीभगवानुवाच-मयोदितेष्ववहितः स्वधर्मेषु मदाश्रयः । वर्णाश्रमकुलाचारमकामात्मा समाचरेत् ॥ १ ॥

ગીતા અને નારદપંચરાત્ર ગ્રન્થોમાં ભગવત્સેવા વગેરે કહેલા વૈષ્ણવ ધર્મોમાં સાવધાનતા

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ઉદ્ધવ ! ગીતાજી તેમજ વૈષ્ણવ તંત્રોમાં વૈષ્ણવ ધર્મો એટલે ભક્તના ધર્મો વર્ણવ્યા છે. આ ધર્મોને સાવધાન થઇ આચરવા જોઇએ. અને ધર્માચરણ ભક્ત પુરુષે મારો જ આશ્રય કરી નિષ્કામ ચિત્તે ભક્તિને બાધ ના આવે તે રીતે વર્ણ, આશ્રય તથા કુળના આચારો પાળવા જોઇએ. (૧) હવે ભગવત્કૃપાથી શુદ્ધ ચિત્ત થયેલા ભગવદીયે આ વાત વિચારવાની રહી કે આ સંસારના વિષયસુખમાં રચ્યાપચ્યા વિષયો લોકોએ આ બધાં શરીરસુખોને સાચાં માન્યાં અને સદા આચર્યા કર્યાં. આ કર્મો કરતી વખતે તેની તેમાંથી સુખ મેળવવાની ધારણા હતી પરંતુ તેને સુખને બદલે દુઃખ મળ્યું છે. માટે વિશુદ્ધ મનવાળાએ આ સુખો તરફ ના લલચાવું આવું વિચારે તો તેની કામના નિવૃત્ત થશે. (૨) ઉદ્ધવ ! આ માટે એને અનુભવથી જોવું જોઇએ કે-સૂતેલા પુરુષને સ્વપ્નમાં અનેક પદાર્થો દેખાય છે. અને રાજાને રાજ્ય ચલાવતાં અનેક મનોરથો ઉત્પન્ન થાય છે તે બધા જુદી જુદી તરેહના હોવાથી બધા જ નિષ્ફળ છે કદી સફલ નથી થવાના તેવી જ રીતે મનુષ્યદેહ, ગેહ, વગેરેમાં કરેલી આત્મબુદ્ધિ પણ ખોટી જ છે આવો જો વિચાર આવે તો મન નિષ્કામ બની જાય છે. (૩)

ભક્તે નિષ્કામ બની સાધનો કરવાં

મારી ભક્તિમાં તન્મય થઇ ઓતપ્રોત બની રહેતા પુરુષે કામ્ય કર્મોને ત્યજવાં પણ નિષ્કામ ભાવનાપૂર્વકનાં નિત્ય નૈમિત્તિક કર્મો તો અવશ્ય કરવાં. આમ કરતાં ચિત્તશુદ્ધિ થાય ત્યારે ભગવાનને જાણવાની ઇચ્છા થાય તે ટાણે તેને નિત્ય નૈમિત્તિક એવાં નિષ્કામ કર્મોનો પણ આદર કરવો નહિ. (૪) ભાઇ ઉદ્ધવ ! હવે જો મારી સેવામાં પરોવાયો કે મારામાં પરોવાયો તેવા ભક્તે અહિંસા, સત્ય વગેરે 'યમો'નું સેવન કરવું જોઇએ તેમજ અવકાશ પ્રમાણે સ્નાન, શૌચ આદિ નિયમોનું આત્મજ્ઞાનમાં વિરોધ ન આવે તે રીતે પોતાની શક્તિ અનુસાર સેવન કરવું જોઇએ તદ્ઉપરાંત મને ઓળખનાર તેમજ સ્વભાવ અને સ્વરૂપથી પૂર્ણ શાંત એવા ગુરુને મારા સ્વરૂપે સેવે., (૫)

ગુરુસેવાનિષ્ઠનાં સોળ લક્ષણો

ગુરુ સેવાનિષ્ઠ ભક્તે (૧) अमानी અમાની થવું. (૨) अमत्सरः- મત્સર ન કરવો એટલે ગુરુનાં જ્ઞાન, માન વગેરે ઉદયની અદેખાઇ ના કરવી. (૩) दक्षः એટલે આલસ્ય ત્યજી સેવા કરવી. (૪) निर्मम દેહ ગેહ વગેરેમાં મમતા ન રાખવી નહીં તો સેવામાં મન નહીં રહે. (૫) दृढसौहृदः ભગવાન અને ગુરુચરણોમાં દઢ ભક્તિ રાખવી. (૬) असत्वरः- ઉતાવળા કે બેચેન ના બનવું. એક વાત જ્ઞાનની સમજાવી પણ સમજાઇ જાય તો ધીરજ રાખી ફરી સમજવી (૭) अर्थजिज्ञासुः પરમાર્થ વસ્તુને જાણવાની ઇચ્છા રાખવી. (૮) अनसूयुः ગુરુજનના ગુણો ઉપર દોષારોપણ ન કરવું. (૯) अमोघवाक् વ્યર્થ ના બોલવું (૬) (૧૦) जाया સ્ત્રીસુખલાલસામાં સંતોષી થવું (૧૧) अपत्यः- સંતાનોમાં આસકિત ના રાખવી. તેમનાં કાર્યો કરવાં. (૧૨) गृह-क्षेत्र- ઘર બહુ સજાવવું નહીં, ખેતરોમાં ખૂંપી ન જવું. (૧૩) गृह ગૃહ-કુટુંબીજનોમાં ડૂબી ના જવું. (૧૪) દ્રવ્ય પાછળ પાગલ ન થવું. (૧૫) समं पश्यन् સર્વમાં સમદષ્ટિ એ જોવું. અને કોઇ એકમાં વિશેષ મમતા ન કરવી તેમજ સર્વને આત્મભાવથી જોવાં. (૭) (૧૬) विलक्षणः- આત્મા સર્વથી વિક્ષલણ સ્વભાવનો જુદો જ છે, જેમ લાકડાની નાની મોટી ઢગલીમાં રહેલો અગ્નિ તેમજ પ્રકાશ આપનારો અગ્નિ ઢગલીથી વિલક્ષણ છે જુદો જ છે. લાકડાં પણ જુદાં જ છે. તે રીતે સૂક્ષ્મકારણ દેહ અને સ્થૂલ ભોગ દેહ આ બન્ને દેહથી આત્મા ભિન્ન છે. તે તો દ્રષ્ટા છે. સ્વયં પ્રકાશ છે. (૮) રાજન્ ! અગ્નિ તો વ્યાપક અને મહાન છે આમ છતાં જયારે તે અગ્નિ કાષ્ઠમાં પ્રવેશ કરે છે ત્યારે તે નાશપણાને ઉત્પત્તિ ધર્મને નાના પણાને કે મોટાપણાને કે અનેક ઘણા વગેરે ગુણોને ધર્મોને પામે છે. તેમ દેહમાં પ્રવેશેલો આત્મા દેહથી પર છે, નિત્ય છે. અનાદિ છે, વિલક્ષણ સ્વરૂપવાળો છે, છતાં પણ દેહની ઉત્પત્તિ નાશપણાથી અનિત્યપણાથી તેવા ગુણોવાળો ભાસે છે. પરંતુ તે તેવો નથી. (૯) જે આ સ્થૂલ સૂક્ષ્મ દેહ ઈશ્વરને આધીન માયાના ગુણોથી રચાયેલો છે. તેમ હું પણું મારાપણું વગેરે આરોપના કારણે જીવને સંસાર થયેલો છે અને તેને દૂર કરનાર આત્મવિદ્યા છે. (૧૦) ભાઇ ઉદ્ધવ ! આત્મવિદ્યાથી સંસાર નિવૃત્ત થતો હોવાથી

આત્માને જાણવાની ઈચ્છા કરીને આત્માને પરમાત્માની સાથે એકત્ર કરીને આ સૂક્ષ્મ શરીરમાંથી તેમજ સ્થૂલ શરીરમાંથી આ વાસ્તાવિક વસ્તુ છે એવી બુદ્ધિનો ત્યાગ કરી દેવો. (૧૧) ભાઈ ઉદ્ધવ ! બ્રહ્મવિદ્યા કેવી રીતે પ્રકટે તે તમને સમજાવું છું. યજ્ઞમાં અગ્નિ પ્રકટાવવા માટે એક અરણી કાષ્ઠ આવે છે. તેમાંથી નીચેના અરણી તે આચાર્ય છે અને ઉપરની અરણી તે શિષ્ય છે. આ કાષ્ઠથી મંથન થતાં અગ્નિ પ્રકટે છે એ રીતે ગુરુ-શિષ્યની વચ્ચે ચાલતી બ્રહ્મચર્ચામાં ગુરુનો ઉપદેશ ગુરુનું પ્રવચન મંથન દંડ છે આ ઉપદેશ દ્વારા જે જ્ઞાનાગ્નિ પ્રકટ થાય છે, આત્મજ્ઞાન પ્રકટે છે તે જ્ઞાન ગુરુશિષ્યના સંધાનમાંથી ઉત્પન્ન થતું આત્મજ્ઞાન વિલક્ષણ છે અને સુખ-આત્મસુખ આપનાર છે. (૧૨) અતિ નિપુણ ગુરુ પાસેથી મેળવેલી અતિશુદ્ધ આત્માવિદ્યા ગુણોના કાર્યરૂપ મોહનો નાશ કરે છે, જેનાથી પુરુષને બંધન થાય છે એવા ગુણનો દાહ કરીને-અગ્નિકાષ્ઠને બાળીને શાંત થાય છે તે જ રીતે તે આત્મવિદ્યા અવિદ્યાને બાળીને શાંત થાય છે. (૧૩)

विलक्षण: स्थूलसूक्ष्मात् ''આ આઠમા શ્લોકથી ૧૩ મા वैशारदि साति विशुद्धबुद्धि '' આ શ્લોકોમાં આત્મા સ્વપ્રકાશ છે, જ્ઞાનરૂપ છે, નિત્ય છે, એક છે એક આત્મામાં કર્તાભોકતાપણું નથી એ વસ્તુનું વર્ણન કરીને આત્મામાં કર્તાભોક્તાપણું ભાસે છે તે તો દેહની ઉપાધિને લીધે છે એ સમજાવ્યું. માટે આત્મા સિવાયનું બધુ જ્ઞાન અનિત્ય છે એમ જાણી સર્વજ્ઞ વૈરાગ્ય રાખે, આત્માને જાણે તો તે મુક્ત થાય છે એવું પ્રતિપાદન કરીને મીમાંસકોના મતનો ઉલ્લેખ કરે છે:-

ભાઈ ઉદ્ધવ ! જૈમિનીય મતના મીમાંસકો એમ માને છે કે જીવો કર્મના કરનાર તેમજ કર્મનાં સુખરૂપ કે દુ:ખ રૂપ ફલને ભોગવનાર વળી તે જીવો પણ છે તેમજ સ્વર્ગાદિ પુણ્ય લોકો, સુખભોગનો સંવત્સર વગેરે કાલ કર્મ વિધિને સતાવનાર, વેદ વગેરે શાસ્ત્રો અને આત્માઓ સર્વ નિત્ય છે આ ન્યાયે સ્વર્ગનાં વિલાસો માલા, ચંદન અને વનિતાઓ વગેરે પણ પ્રવાહ પરંપરાથી નિત્ય છે તેથી જ તે નિત્ય પદાર્થોના કર્તા ઈશ્વરને માનવાને કોઇ કારણ નથી રહેતું વળી જગત આવું ન હતું એ વાત પણ બરાબર નથી કારણ કે જગત આવું અને નિત્ય છે જ માટે માયામય જગત નથી તેમજ આત્મા જ્ઞાનરૂપ નથી પરંતુ જ્ઞાનના પરિણામવાળો છે. વળી જ્ઞાન એક પ્રકારનું નથી. આ ઘડો છે, આ વસ્ત્ર છે વગેરે જુદા જુદા આકારે જુદું જુદું જ્ઞાન થાય છે માટે તે અનિત્ય છે અને જુદા જુદા આકારવાળા છે. જો મુક્તિ માનવામાં આવે તો ઇન્દ્રિય રહિતને કર્મનાં ફલ કયાં મળવાનાં ! માટે પ્રવૃત્તિમાર્ગ જ શ્રેયસ્કર છે માટે નિવૃત થવું ઉચિત નથી. (૧૪,૧૫) ભગવાને કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! જો આવું જે કોઇ મીમાંસકો કહે છે તે અનર્થરૂપ છે. હે અંગ ઉદ્ધવ ! માની લો કે એક ક્ષણ ભર આ જગતને તેમજ જગતના પદાર્થોને દેશને તેમજ કાલને નિત્ય માનો તો પણ દેહધારી જીવને દેહનો સંબંધ થતાં કાળના અવયવો જેમ કે લવકાલ, નિમેષકાલ, ક્ષણકાલ વગેરેથી લઇને વર્ષ પર્યન્તના કાલને કારણે જન્મ, રહેવું, વધવું, ઘસાવું વગેરે છ ભાવ વિકારો તો થવાના જ છે તે તો કદી જશે નહીં તો પછી પ્રવૃત્તિમાં દુ:ખ તો અનિવાર્ય રહેવાનું જ છે. (૧૬) મીમાંસકોના મત પ્રમાણે પણ કર્મનો કરનાર સ્વતંત્ર હોતો નથી. જો કર્મને કરનાર સ્વતંત્ર હોય તો તે દુ:ખ થાય તેવું કર્મ તે ન કરે તો તે દુ:ખને ભોગવે જ નહી., પરંતુ તેનાથી તેવાં કર્મો થઇ જાય છે અને તેના ફલરૂપ દુ:ખને ભોગવે છે. આ રીતે જો કર્તા પરાધીન છે તો પરવશને કયો અર્થ સુખ આપી શકે છે. (૧૭) ત્યાં શંકા થાય કે સારી રીતે જે કર્મ જાણતા નથી તે દુ:ખી થાય છે પરંતુ સારી રીતે કર્મ કરી જાણે છે તે સુખી થાય છે. તો તેના ઉત્તરમાં કહેવાનું કે તે તે વસ્તુને જાણનાર વિદ્વાનને પણં કયાંય પણ કોઇ પ્રકારનું સુખ હોતું નથી. તેમ મૂઢને કેવલ દુ:ખ જ હોતું નથી પરંતુ હું સુખી છું, દુ:ખી છું એવો વૃથા અહંકાર તેઓ કરે છે. (૧૮) કદાચ મીમાંસકો સુખપ્રાપ્તિનો તથા દુ:ખનાશનો ઉપાય ભલે જાણતા હશે. એવો કોઇ ઉપાય જાણતા નથી કે જેથી સાક્ષાત્ મૃત્યુ દૂર કરી શકાય, કારણકે આવો ઉપાય તેઓ નથી જાણતા. (૧૯) જો આવી સ્થિતિ છે તો વધસ્થાને લઈ જવાતા કોઈ દેહાંતશિક્ષા પામેલ મનુષ્યને પુષ્પની માળા ચંદન વગેરે પદાર્થો સંતોષ આપી શકતા નથી તેમ તેની પાસે મૃત્યુ ઊભું જ છે તેવા મનુષ્યને કયું ધન કે કયો વિષય સુખ આપી શકશે. (૨૦) આ રીતે સ્વર્ગાદિનાં સુખ પણ લૌકિક સુખોની સ્પાર્ધા અસૂયા, નાશ તથા ક્ષીણ થવાના દોષવાળાં છે. વળી એ સ્વર્ગાદિનાં સુખમાં પણ કર્મમાં ભૂલચૂક વિઘ્ન આવે જ. તેથી અનેક વિઘ્નોવાળી પોતાની માફક તે સુખ પણ નિષ્ફળ છે કારણ કે જેમ આ લોકમાં સુખ નથી તેમ પરલોકમાં

પણ કંઇ સુખ નથી જ. (૨૧) કદાચ વિઘ્નોથી નાશ ન પામેલા યજ્ઞાદિ ધર્મ સારી રીતે આચર્યા હોય અને તેને લીધે જે સ્વર્ગાદિ લોકો કે સુખો મળે છે તે હાથમાંથી શાથી ચાલ્યાં જાય છે તે હું તમને કહું છું તે સાંભળો. (૨૨)

કર્મજન્ય સ્વર્ગાદિ સુખ કદી કાયમી નથી

યજ્ઞ કરનારો મનુષ્ય યજ્ઞોથી દેવતાઓનું યજન કરી સ્વર્ગલોકમાં જાય છે ત્યાં યજ્ઞ કર્મથી મેળવેલા દિવ્ય ભોગોને દેવોની માફક ભોગવે છે. (૨૩) ત્યાં તે સ્વર્ગલોકમાં પોતાના પુણ્ય વડે સર્વ ભોગોથી સમૃદ્ધ ઉજ્જવળ વિમાનમાં દિવ્યાંગનાઓની મધ્યમાં સુંદર વેષભૂષા સજી વિહાર કરે છે ત્યારે તે પુરુષનું ગંધર્વો ગાન કરે છે. (૨૪) આ સ્વર્ગલોકમાં ગયેલા આ પુણ્ય પુરુષની ઇચ્છાનુસાર ચાલતા અને સુવર્ણની લટકતી ઘૂઘરીઓથી શોભતા વિમાનમાં બેસી દેવોનાં ક્રીડાસ્થાનોમાં સ્ત્રીઓ સાથે તે રમે છે. પરંતુ જ્યારે પુણ્યનો ક્ષય થાય છે ત્યારે સ્વર્ગમાંથી એને પડવાનું છે તે પોતે જાણતો નથી. (૨૫) ભાઈ ઉદ્ધવ ! આ પુણ્યાત્મા સ્વર્ગમાં જયાં સુધી પુણ્ય સમાપ્ત થાય છે ત્યાં સુધી તે આનંદ કરે છે પરંતુ પુણ્ય ખૂટતાં પોતાની ઇચ્છા ન હોય તો પણ, પુણ્યનો અવધિકાલ તેને સ્વર્ગમાંથી ખસેડે છે અને તે પુરુષ નીચે પડે છે. (૨૬)

કર્મમાં બે પ્રકારની પ્રવૃત્તિ હોય છે. વેદે કહ્યા પ્રમાણે યજ્ઞો-દાન-પુણ્ય કરી સ્વર્ગમાં જવાની એક પવિત્ર પ્રવૃત્તિ છે જયારે વેદે ના પાડેલાં પાપ કર્મો કરી પતન પામવું, નરકમાં જવું એવી નિષિદ્ધ પ્રવૃત્તિ છે તેનું સ્વરૂપ હવે આગળ વર્ણવે છે. -

કોઇ પુરુષ દુષ્ટોના સંગથી અથવા પોતે પણ વિવેકહીન હોવાથી અધર્મોનો અનુરાગી, વિષયથી ઘેરાયેલા મનવાળો, દીન, લાલચુ, સ્ત્રીલંપટ અને પ્રાણીઓની હિંસા કરનારો થઇ વેદોક્તવિધિ ઓળંગી પશુઓની હિંસા કરે છે. (૨૭) આ ઉપરાંત કુસંગને લીધે ક્ષુદ્ર સાધકોએ બતાવેલા ક્ષુદ્ર માર્ગે ધન મેળવવા પ્રેતો તથા ભૂતગણોને પૂજે છે તો તે પુરુષ પરાધીન થઇ, પ્રથમ તો નરકમાં જાય અને પછી ભયંકર સ્થાવર યોનિ પામે છે. (૨૮) આ રીતે કેવળ દુઃખરૂપ પરિણામવાળાં કર્મોને દેહથી કરતો મનુષ્ય ફરી પણ તે કર્મોને લીધે દેહ પામે છે, તો મરણધર્મીને કર્મો કરવામાં શું સુખ છે ? (૨૯) વળી સ્વર્ગાદિ લોકોને તથા પ્રલય સુધી જીવતા લોકપાલોને પણ 'મારા' કાલાત્મક સ્વરૂપનો ભય છે જ અને બે પરાર્ધ સુધીના દીર્ઘ આયુષ્યવાળા બ્રહ્માજીને પણ 'મારા' કાલાત્મક સ્વરૂપથી ભય છે. (૩૦) ભાઈ ઉદ્ધવ ! મીમાંસકો કર્તા અને ભોક્તા આત્મા છે એવો જે મત ધરાવે છે તેનું ખંડન કરતાં કહે છે કે સત્ત્વાદિ ગુણથી ઉત્પન્ન થયેલ ઇન્દ્રિયો જ કર્મો કરે છે. આત્મા કોઇ જાતનું કર્મ કરતો નથી. સત્ત્વાદિ ગુણો જ ઇન્દ્રિયોને પ્રવર્તાવે છે. આત્મા ઇન્દ્રિયોને પ્રવર્તાવતો નથી માટે આત્માને કર્તાપણું છે જ નહિ. તદુપરાંત આત્માનું ભોક્તાપણું છે તે પણ ઔપાધિક છે તે સાંભળો. આ જીવ ઇન્દ્રિયો વગેરેથી યુક્ત થઇ કર્મોનાં ફળ ભોગવે છે, અર્થાત્ જીવને ઇન્દ્રિયો વગેરે ઉપાધિ ઉપર 'આ હું છું' એવો અહંકાર થાય છે તેથી તે ભોક્તા હોય એવો ભાસે છે ખરી રીતે તે ભોક્તા નથી. (૩૧) વળી આત્માનું અનેકપણું છે તે પણ ઔપાધિક છે કારણ કે જયાં સુધી અહંકારાદિ કાર્યરૂપ ગુણોની વિષમતા છે ત્યાં સુધી તે ઉપાધિને લીધે આત્માનું અનેક પણું ભાસે છે. વાસ્તવિક રીતે જોતાં આત્મા એક જ છે. કદાચ મીમાંસકો કહે કે આત્મા એક જ છે તો તેને પરતંત્ર કેમ કહ્યો ? અને લોકપાલોને પણ મારાથી ભય છે એમ કેમ કહ્યું ? તેનો ઉત્તર પણ સાંભળો. (૩૨) જયાં સુધી આત્માનું અનેકપણું ભાસે છે ત્યાં સુધી તેની પરતંત્રતા ભાસે છે અને જયાં સુધી તેની પરતંત્રતા ભાસે છે ત્યાં સુધી જ તેને ઇશ્વર તરફથી ભય છે માટે જેઓ ગુણોએ કરેલી વિષમતારૂપ દેહાદિ ઉપરની આ અહંબુદ્ધિને તથા તેથી થતા ભોગો અને કર્મોને સેવે છે. તેઓ સ્વર્ગાદિ લોકોના અનિત્યપણાને લીધે શોકથી વ્યાપ્ત થઇ મોહ પામે છે. (૩૩) ભગવાન ઉદ્ધવજી તેને કહે છે ઉદ્ધવ ! સ્વર્ગાદિ લોકો કેવલ અનિત્ય છે. એમ જ નથી પરંતુ માયામય પણ છે, કારણ કે માયા જ્યારે વિકાર પામે છે ત્યારે મને પરમાત્માને જ કાળ, જીવાત્મા, વેદ, સ્વભાવ તથા ધર્મ એમ અનેક સ્વરૂપે વર્ણવે છે. ખરી રીતે તે સર્વ મારાથી જુદાં નથી. (૩૪)

મુક્તિ સંબંધમાં શ્રી ઉદ્ધવજીની જિજ્ઞાસા

શ્રી ઉદ્ધવજીએ કહ્યું કે ભગવાન ! આપના ચરણોમાં એક જિજ્ઞાસા છે કે જ્યારે દેહ ઇન્દ્રિય વગેરે ગુણો ન રહે ત્યારે

મુક્તિ થાય છે કે તેઓ હોય છે છતાં મુક્તિ થાય છે? આપ કહેશો કે દેહાદિ ગુણો રહેતા નથી ત્યારે મુક્તિ થાય છે. તો એક પ્રશ્ન ઊઠે છે કે જ્ઞાન પ્રાપ્તિનાં સાધન તો દેહ ઈન્દ્રિયો આદિ ગુણો છે જો તે ન હોય તો જ્ઞાન થાય નહીં અને જ્ઞાન વિના મુક્તિ શી રીતે થાય ? અને દેહાદિ ગુણો હોય જ છે ને મુક્તિ થાય છે તો વાંધો આવે છે કે દેહાદિ ગુણોમાં રહેવા છતાં આત્મા દેહાદિથી થનારાં કર્મોમાં તથા સુખદુ:ખાદિમાં કેમ ન બંધાય? કદાચ આપ એમ આજ્ઞા કરો કે આત્મા આકાશની માફક તે ગુણોથી ઢંકાયેલો નથી તો તે સંબંધમાં જિજ્ઞાસા છે કે જો આત્મા ગુણોથી ઢંકાયેલો રહેતો નથી તો પછી બંધાયેલો પણ કેમ રહે છે ? (૩૫) ભગવન્ ! આપ એમ આજ્ઞા કરતા હો કે દેહાદિ ગુણો હોય તો પણ જો તેના પર 'આ હું છું' એવો અહંકાર કરે છે તો જ આત્મા બંધાય છે. પણ અહંકાર દૂર થતાં આત્મા મુક્ત જ છે તો તે સંબંધી કેવી રીતે જાણવું તે માટે પૂછવાનું કે (૧) દેહાદિમાં બંધાયેલો કેવી રીતે વર્તે? (૨) દેહાદિથી મુક્ત હોય તે કેવી રીતે વર્તે (૩) કેવી રીતે વિહાર કરે ? (૪) કેવી રીતે ભોગો ભોગવે ? (૫) કેવી રીતે મળમૂત્રાદિનો ત્યાગ કરે ? (૬) કેવી રીતે નિદ્રા લે ? (૭) કેવી રીતે બેસે ? (૮) કેવી રીતે જાય ? (૯) અને કયાં લક્ષણોથી તે જણાય? (૩૬)

શ્રીઉદ્ધવલાલના નાથને ૩૬મા શ્લોકમાં નવ પ્રશ્નો અને એક ૩૭માં શ્લોકમાં દશ પ્રશ્નો

ભગવાન્ ! આપ અચ્યુત હોઇ ભક્તને ત્યજતા નથી પછી તે ગમે તેવું પૂછે, વળી પ્રશ્નોને સમજનાર અને ઉત્તર સમજાવનારોમાં આપ જ શ્રેષ્ઠ છો તેથી જ આપના શ્રીચરણોમાં પ્રશ્ન છે. તો કૃપા કરી સમાધાન કરો નાથ ! અને સાથે સાથે એક બીજો પણ પ્રશ્ન છે. (૧૦) કે આત્મા તો એક જ છે તો પછી એક જ આત્મા નિત્યયુક્ત અને નિત્યબદ્ધ કેવી રીતે ? આનું પણ સમાધાન કૃપા કરીને કરો. (૩૭)

एतदच्युत मे ब्रूहि प्रश्नं प्रश्नविदां वर । नित्यमुक्तो नित्यबद्ध एक एवेति मे भ्रमः ॥ ३७ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંધનો ૧૦મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૧૧ મો

(આ અધ્યાયમાં ૪૯ શ્લોક છે. આ અધ્યાયમાં મુખ્ય ચાર ચર્ચા આવે છે : (૧) બદ્ધ જીવનનાં લક્ષણ, (૨) મુક્ત જીવનનાં લક્ષણ, (૩) ભક્તનાં લક્ષણ અને (૪) ભક્તિનું સ્વરૂપલક્ષણ.)

श्रीभगवानुवाच-बद्धो मुक्त इति व्याख्या गुणतो मे न वस्तुतः । गुणस्य मायामूलत्वान्न मे मोक्षो न बन्धनम् ॥ १ ॥

કૃપાસિંધુ શ્રીકૃષ્ણ બોલ્યા કે ભાઇ ઉદ્ધવ ! પૂર્વના આ અધ્યાયમાં તમે બે વાત કરી કે આત્મા જો એક જ છે તો પછી તે નિત્યબદ્ધ અને નિત્યમુક્ત કેવી રીતે બની શકે ? તમારા આ પ્રશ્નનો ઉત્તર એ છે કે જીવાત્મામાં બદ્ધ જીવ અને મુક્ત જીવ જેવો જે વ્યવહાર થાય છે-જોવામાં આવે છે તેનું કારણ એ છે કે મારે આધીન જે ગુણો છે તે ગુણોને લીધે થાય છે. તે પણ ગુણોના કાર્યોમાં અધ્યાસ થવાથી 'બુદ્ધ જીવ' એવો વ્યવહાર થાય છે તે અધ્યાસની નિવૃત્તિ થવાથી જીવ 'મુક્ત જીવ' એવો વ્યવહાર થાય છે. સ્વરૂપથી જીવ બદ્ધ નથી તેમજ સ્વરૂપથી મોક્ષ નથી. ગુણો માયામૂલક છે અને માયનો હું નિયન્તા છું તેથી મને તો અધ્યાસ થતો નથી તેથી મારે નથી બંધ કે મારે નથી મોક્ષ. આનું તાત્પર્ય એ છે કે માયાના ગુણો જીવાત્માના દેહેન્દ્રિયોમાં બંધાય તેનું નામ બંધ અને માયાના ગુણો દેહેન્દ્રિયોમાં ના બંધાય તેનું નામ મુક્ત. માટે બદ્ધ અને મુક્ત શબ્દોને પ્રવૃત્તિ નિમિત્ત ગુણ છે, અને ગુણ માયાથી થયેલ છે અને ભગવાન માયાના નિયામક છે. (૧) ભાઈ ઉદ્ધવ ! શોક, મોહ, સુખ, અને દેહની ઉત્પત્તિ થવી તે પણ માયાથી થાય છે પણ તે વાસ્તવિક નથી એટલે ખરેખર નથી. સ્વપ્ન જેમ બુદ્ધિનું પરિણામ છે પણ વાસ્તવિક નથી એટલે ખરેખર સ્વપ્ન એ જેમ બુદ્ધિનું પરિણામ છે પણ વાસ્તવિક નથી એ રીતે આત્માને દેખાતા બંધ, મોક્ષ પણ દેહાદિની ઉપાધીને લીધે છે, વાસ્તવિક નથી. (૨)

વિદ્યા અને અવિદ્યા બે ભગવાનની શક્તિ

હે ઉદ્ધવ ! શરીરધારી જીવને મોક્ષ આપનારી વિદ્યા અને બાંધનારી અવિદ્યા એ બન્ને મારી શક્તિઓ છે. તે આદ્ય એટલે જીવનાં બંધન પૂર્વની છે. તે બન્ને મારી માયાથી ઉત્પન્ન થાય છે અને મારી શક્તિરૂપ છે. તેથી હું અજ્ઞાન કરાવું ત્યાં

સુધી જીવ બંધાય છે અને હું જીવને મુક્ત કરવા ચાહું છું ત્યારે વિદ્યા દ્વારા મુક્ત કરું છું. મારી શક્તિ હોવાથી વિદ્યા, અવિદ્યા અને માયા મારે આધીન છે. (૩) શ્રેષ્ઠમતિ ભાઈ ઉદ્ધવ ! મારા એક જ અંશરૂપ જીવનો અવિદ્યાથી અનાદિ બંધ થાય છે જ્યારે એકનો મેં આપેલી વિદ્યાથી મોક્ષ થાય છે. ભાઈ ઉદ્ધવ ! તમે મહાન બુદ્ધિશાળી છો તેથી તમે આ વાત સ્વયં વિચારી શકો છો. (૪)

જીવ અને ઈશ્વર અને જીવ જીવ વચ્ચેની વિલક્ષણતા

ભગવાને શ્રી ઉદ્ધવજીને બંધ અને મોક્ષની વ્યવસ્થા સમજાવી હવે આ બન્ને જોવા કેવી રીતે ? એવો ઉદ્ધવ જીનો પ્રશ્ન હતો તેનું સમાધાન કરે છે કે જીવ અને ઈશ્વરમાં વિલક્ષણપણું છે તેમજ જીવમાં પણ જુદાં પણું વિલક્ષણતા છે. આ બન્ને એટલે જીવ અને અન્તર્યામી બન્ને એક જ દેહમાં રહેવા છતાં જીવ, કલેશ શોક વગેરે ધર્મવાળો છે જ્યારે ઈશ્વર આનંદ ધર્મવાળા છે. જીવ નિયમ્ય છે એટલે આધીન છે અને ઈશ્વર નિયન્તા એટલે નિયામક છે. (૫)

सुपर्णावेतौ सदृशौ सखायौ यदृच्छयैतौ कृतनीडौ च वृक्षे । एकस्तयोः खादति पिपलान्नमन्यो निरन्नोपि बलेन भूयान् ॥ ६ ॥

ભાઈ ઉદ્ધવ ! હવે જીવ અને ઈશ્વરની વિલક્ષણતા સમજાવું છું દ્વ સુપર્ણૌ' એવી ઉપનિષદ શ્રુતિ છે. આ શ્રુતિમાં વૃક્ષ ઉપર બેઠેલાં બે પક્ષીઓની સાથે સરખાવીને કહે છે કે - આ બન્ને પક્ષીઓ સરખા છે. વળી બન્ને સખાઓ પણ છે. આ બન્ને ભગવાનની ઈચ્છાથી આ દેહ નામના વૃક્ષમાં માળો બાંધીને રહેલા છે જીવ તેના સુખદુઃખ રૂપ ફલનો ઉપભોગ કરે છે ત્યારે અન્તરાત્મા તેનો ભોક્તા નથી થતો પરંતુ તે જીવાત્મા કરતાં બળમાં મહાન છે. કારણ કે ઈશ્વર નિજાનંદથી તૃપ્ત છે એને જ્ઞાનશક્તિથી તે બલવાન છે. (૬) ભાઈ ઉદ્ધવ ! હવે એક બલહીન અને એક બલવાન કેમ તે વાત સમજાવું છું. ઈશ્વર કર્મના ફલને ભોગવતા નથી અરે પોતાના સ્વરૂપ તેમજ ભોક્તા જીવના સ્વરૂપને જાણે છે. જ્યારે જીવ કર્મના ફલનો ભોગ કરે છે તે પોતાના આત્માને જ પર માને છે. તેથી દેહને જ હું એટલે 'આત્મા' છું. આવી માન્યતાને કારણે જ અવિદ્યાવાળો છે તેથી તે નિત્ય બંધાયેલો રહે છે. પરંતુ ઈશ્વર વિદ્યામય હોઇ નિત્યમુક્ત રહે છે. (૭)

મુક્તજીવ કેવું વર્તન કરે એનો ઉત્તર ત્રણ શ્લોકોમાં આપે છે

ભાઈ ઉદ્ધવ ! હવે બદ્ધ જીવ મુક્ત જીવની વચમાં રહેલા વિલક્ષણપણાને સમજાવું છું. જેમ સ્વપ્નમાંથી ઊઠેલો મનુષ્ય સ્વપ્નના દેહને યાદ કરતો સ્થૂલ દેહમાં રહે છે છતાં તે દેહમાં નથી કારણ કે તે જીવન્મુક્ત હોઇ તેનામાં સુખદુઃખાદિ ન હોવાથી તે દેહમાં નથી માત્ર સંસ્કારને લઇને દેહમાં રહેલ છે પરંતુ તે દેહના અને આત્માના સ્વરૂપને જાણે છે માટે તે દેહમાં રહે છે છતાં તે દેહમાં નથી. વળી જેમ સ્વપ્નાવસ્થાવાળો તે તે સ્વપ્નદેહમાં નથી છતાં હું તે તે સ્વરૂપે છુ એમ માને છે તેવી જ રીતે અજ્ઞાની જીવ દેહાદિમાં આત્માના ભ્રમથી તન્નિ મિત્ત સુખદુઃખનો ભોક્તા થાય છે. (૮) જે જ્ઞાનિની છે, વિદ્વાન છે તે ઇન્દ્રિયોના અર્થને ગ્રહણ કરે છે. તેમાં હું છુ એવું માનતો નથી. તેને કોઇ પણ પ્રકારનો વિકાર પ્રાપ્ત થતો નથી. ઉદ્ધવ ! આ વાત તત્ત્વવિત્ તું મહાભાગ આ વાક્યોમાં સ્પષ્ટ સમજાવી છે (૯) ભાઈ ઉદ્ધવ ! જ્યારે જીવ પૂર્વકર્મના યોગે મળેલા આ દેહમાં રહીને ઇન્દ્રિયોના કાર્યરૂપ કર્મને હું કરું છું એવુ માને છે તેનાથી તે જીવાત્મા કર્મના બંધનમાં પડે છે. (૧૦) જીવમુક્ત તો ઇન્દ્રિયો પોતે જ કર્મ કરે છે આમ માની વૈરાગ્યયુક્ત રહી સૂવું, બેસવું, ફરવું, નાહવું, જોવું, સ્પર્શ કરવો, સુંઘવું અને સાંભળવું વગેરે ક્રિયાઓમાં અજ્ઞાનીની પેઠે બંધાઇ જતો નથી કારણ કે જ્ઞાની તે તે વિષયમાં ઇન્દ્રિયોને જ ભોગ કરાવે છે પોતે તો સાક્ષીરૂપે રહી તે વિષયોનો ભોગ કરતો નથી. (૧૧) માટે જ જેમ આકાશ બધે રહેલું છે છતાંય ક્યાંય બંધાતું નથી., સૂર્ય પ્રતિબિંબિત થાય છે છતાં જળનો તેને સ્પર્શ પણ થતો નથી., અને વાયુ બધે વાય છે છતાં ક્યાંય વળગતો નથી તેમ જ્ઞાનિ પ્રકૃતિમાં રહ્યા છતાં તેમાં આસકત થતો નથી. (૧૨) જેમ સ્વપ્ન અવસ્થામાંથી જાગૃત અવસ્થામાં આવનાર આત્મા સ્વપ્નમાં જોયેલા પ્રપંચથી દૂર થાય છે તેમ વૈરાગ્યથી તીક્ષ્ણ બનેલી નિર્ગુણ બ્રહ્મવિદ્યાથી છેદાયેલા સં'શયોવાળો જ્ઞાની પણ દેહાદિ પ્રપંચથી દૂર થાય છે. (૧૩)

મુક્ત જીવના પરિચયને આપતી મુક્તલક્ષાણા ચતુઃશ્લોકી

यस्य स्युर्वीतसं कल्पाः प्राणेन्द्रियमनोधियाम् । वृत्तयः स विनिर्मुक्तो देहस्थोऽपि हि तद्गुणैः ॥ १४ ॥

यस्यात्मा हिंस्यते हिंस्त्रैर्येन किञ्चिद्यदृच्छया । अर्च्यते वा क्वचित्तत्र न व्यतिक्रियते बुधः ॥ १५ ॥
न स्तुवीत न निन्देत कुर्वतः साध्वसाधु वा । वदतो गुणदोषाभ्यां वर्जितः समदृङ्मुनिः ॥ १६ ॥
न कुर्यान्न वदेत् किंचिन्न ध्यायेत् साध्वसाधु वा । आत्मारामोऽनया वृत्त्या विचरेज्जडवन्मुनिः ॥ १७ ॥

ભાઈ ઉદ્ધવ ! જે પુરુષની પ્રાણ, ઇન્દ્રિયો, મન તથા બુદ્ધિની વૃત્તિઓ સંકલ્પરહિત થયેલી હોય છે તે દેહમાં રહ્યો હોય છતાં દેહના ગુણોથી મુક્ત જ રહે છે. (૧૪) આત્મજ્ઞાન પ્રાપ્ત કરેલ જીવન્મુક્ત પુરુષના દેહને કોઇ હિંસક, ક્રૂર પ્રાણીઓ સંતાપે કે શરીરની હિંસા કરે તો તેના ઉપર તે ક્રોધે ભરાતો નથી અથવા તો તેનાં કોઇ અર્ચન કરે તો તેના ઉપર તે પ્રસન્ન થતો નથી આ જ્ઞાની પુરુષની સમતુલા છે. આથી ઊલટું આદરથી આનંદ અને તિરસ્કારથી ત્રાસ અનુભવે તે અજ્ઞાની છે. (૧૫) ભાઈ ઉદ્ધવ ! સમદ્રષ્ટિ સંપાદન કરેલ તેમજ ગુણદોષ દ્રષ્ટિથી પર થયેલ મુક્ત મુનિ કોઇ સારું કાર્ય કરે કે મધુર વાણી બોલે તો તેની તે સ્તુતિ કરતો નથી તેમજ તેનાં નરસાં કાર્ય નિહાળી કે નરસું બોલનારની નિંદા કરતો નથી. (૧૬) ભાઈ રે ઉદ્ધવ ! આવો અન્તર્મુખ આત્મારામ મુનિ સતત મનનશીલ હોય છે. ન તો તે વેદે બતાવેલાં સ કામ કર્મો કરે છે કે દેહથી અસાધુ કામો કરે છે કે અસદ્ આચરણ કરે છે, ન તો આ સારું આ બૂરું એમ કોઇને કહે છે, કે આ સારું કે આ બૂરું એવું ધ્યાન કરે છે કારણ કે તે તો મનનપરાયણછે, બ્રહ્મમય છે, આવા જીનવવ્યવહારથી તે જડ જીવન જેવો લાગે પણ તે હરિપરાયણ હોય છે. (૧૭)

મુમુક્ષુજન માત્ર મિથ્યા પુસ્તકપંડિત ન બને પરંતુ સદા સાધનશીલ રહે

આ જગતમાં છ જન અત્યંત દુઃખિયારા

शब्द ब्रणि निष्णातो न निष्णायात् परे यदि । श्रमस्तस्य श्रमफलो ह्यधेनुमिव रक्षतः ॥ १८ ॥
गां दुग्धदोहामसतीं च भार्यां देहं पदाधीनमसत्प्रजां च । चित्तं त्वतीर्थीकृतमङ्ग वाचं हीनां मया रक्षति दुःख दुःखी ॥ १९ ॥
यस्यां न मे पावनमङ्ग कर्मस्थित्युद्भवप्राणनिरोधमस्य । लीलावतारोप्सितजन्म वा स्याद् वन्ध्यां गिरं तां विभृयान्न घीरः ॥ २० ॥

ભાઈ ઉદ્ધવ ! મુમુક્ષુજન માત્ર શબ્દ જ્ઞાનથી કાર્ય ન કરે. ભલે તે પંડિત હોય. વેદવેદાન્તના સિદ્ધાંતને સમજવા સમજાવવામાં નિપુણ હોય પરંતુ પરબ્રહ્મમાં શ્રીકૃષ્ણ ભગવાનના ધ્યાનમાં, સેવામાં તેની અનન્ય નિષ્ઠા સધાય તો તેના શ્રમ સફળ નહીં બને. દ્દષ્ટાંતથી જેમ કોઇ વ્યક્તિની દૂધ પીવાની આશા છે પરંતુ હવે ફરી ન વિયાવાની અને કાયમ માટે વસુકી ગયેલી ગાયને સેવનારને દૂધ ન મળે અને કેવલ પરિશ્રમ જ પડે છે. જો ગોસેવાની દષ્ટિથી સેવા કરતો હોય તો તો સારું પણ તેને તો દૂધ જોઇએ છે. (૧૮) ભાઈ ઉદ્ધવ ! છ જન જગતમાં દુઃખી ગણાય : (૧) દૂધની લાલસાથી બૂઢી વસુકી ગયેલી અને ફરી પ્રસવ નહીં પામનારી ગાયનો પાલક દુઃખી છે. (૨) કુમાર્ગે જનારી સ્ત્રીનો સ્વામી દુઃખી, (૩) કાયમ પરતંત્રકાય નર દુઃખી, (૪) આ લોક કે પરલોકનું કલ્યાણ ન સાધનાર પ્રજાનો પિતા દુઃખી (૫) હરિસેવામાં અને ઉત્તમ સર્વોમાં અને ધર્મતીર્થમાં ધન ન વાપરનાર અને ધનને તીર્થ ન બનાવનાર દુઃખી (૬) ભગવાનની લીલા, ગુણ, નામ, સ્વરૂપનું સંકીર્તન ન કરનારી, વ્યર્થવાણી વાપરનારો દુઃખી માન્યો છે. (૧૯) ભાઈ ! આ છ જનમાં પણ જે જનની વાણી હરિગુણ ગાનારી ના બની તે દુઃખીઓનો પણ શિરોમણિ છે. એ મહત્વની વાત સમજાવતા કહે છે કે જેની વાણીમાં આ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયને કરનારાં મારાં પવિત્ર કર્મોનું ગાન નથી અને જેની વાણીમાં મારા લીલાવતારોમાં શ્રીનૃસિંહ, વામન, શ્રીરામકૃષ્ણ વગેરે ભગવાનની લીલાઓનાં કીર્તન નથી તેવી નિષ્ફળ વાંઝણી વાણી વિવેકી ધીર પુરુષે ધારણ કરવી નહીં. (૨૦) આવો નિશ્ચય કરી વિચાર દ્વારા આત્મતત્વ જાણવાની ઇચ્છાથી આત્મામાં થયેલ દેહાદિનો આરોપ દૂર કરી. નિર્મળ થયેલા મનને સર્વવ્યાપક મારા સ્વરૂપમાં સ્થાપવું અને પછી સર્વ વાસનાઓથી અટકવું પરંતુ પુસ્તકપંડિત બની પલાંઠીવાળી બેસી રહેવું નહીં. (૨૧)

જ્ઞાનનિષ્ઠા અસાધ્ય લાગે તો ભક્તિનિષ્ઠા સુગમ અને સુસાધ્ય છે

ભાઈ ઉદ્ધવ ! માની લો કે આવા આત્મજ્ઞાનિ થવું અતિ કઠિન છે અને મનને પરબ્રહ્મમાં નિશ્ચલ કરવા સમર્થ નથી તો ફલની ઇચ્છા રાખ્યા વિના કેવલ મારે માટે જ સર્વ કર્મો કરે અને સર્વ કર્મ અને ફલ મને સમર્પણ કરી દે. (૨૨)

ભાઈ ઉદ્ધવ ! જ્ઞાનનિષ્ઠા ના કેળવી શક્યા તો ભક્ત બને અને શ્રદ્ધાપૂર્વક સર્વલોકપાવની સાંભળતાં પરમ ક્લાયણ દેનારી મારી સુભદ્ર-સુમંગલ કથાઓનું શ્રવણ કરે, ગાન કરે, કીર્તન કરે, સ્મરણ કરે અને મારા અવતારો, લીલાઓનું વારંવાર સ્મરણ કરે અને તેને અનુસરે. (૨૩) આ સાથે ભક્તજન કેવલ મારે માટે જ ધર્મ, કામ તથા અર્થને સેવે, કેવલ મારો જ આશ્રય સ્વીકારે તો તે જન નિત્ય સનાતન મારા સ્વરૂપમાં નિશ્ચલ ભક્તિ પામે છે. (૨૪) એ રીતે સત્સંગથી પ્રાપ્ત કરેલી મારા સ્વરૂપની ભક્તિથી તે મનુષ્ય મને ઉપાસે છે અને સત્પુરુષોએ દર્શાવેલાં મારા પરમ પદને અનાયાસે પામે છે. (૨૫)

શ્રીઉદ્ધવજીની ભક્તસંબંધની જિજ્ઞાસા અને શ્રીકૃષ્ણ ભગવાને વર્ણવેલાં ભક્તલક્ષણ

શ્રી ઉદ્ધવજીએ પૂછ્યું કે ઉત્તમશ્લોક જેવા દેવો આપનો શ્લોક એટલે યશ ગાય છે એવા હે નાથ ! આપના મન્તવ્ય મુજબ સાધુશીલ ભક્ત કેવો હોય ! એનાં કેવાં લક્ષણ હોય? વળી શ્રીનારદજી જેવા પરમ ભાગવત સત્યપુરુષોએ આદર કરેલી સન્માનેલી આપના શ્રીચરણોમાં ઉપયોગી ભક્તિ કેવી હોઈ શકે ! (૨૬) આપ સર્વ લોકના અધ્યક્ષ છો. વળી સર્વ પુરુષોના નાથ સ્વામી છો તો હે જગન્નાથ પ્રભુ ! આપના શ્રીચરણોમાં દંડવત્ કરી રહેલા આપના શ્રીચરણોના અનુરાગી શરણાગત એવા મને આ ગુપ્ત રહસ્ય ના સમજાવો ? (૨૭) હે ભગવન્ ! આપ પરબ્રહ્મ છો વળી આકાશની માફક અસંગ છો. વળી આપતો પ્રકૃતિથી પણ પર રહેલા પુરુષ છો માત્ર ભક્તવત્સલતાને કારણે ભક્તોની ઈચ્છાને વશ બની શ્રીઅંગ ધારણ કરી પૃથ્વી ઉપર પધાર્યા છો. (૨૮)

સંતનાં તો પરમ ભાગવતનાં ગોવિન્દે પાંચ શ્લોકોમાં ગાયેલાં બત્રીસ લક્ષણો

ભાઈ ઉદ્ધવ ! હવે ભગવદીય જનનાં લક્ષણો વર્ણવીશ. સ્વસ્થ ચિત્તે સાંભળો તેનાં ત્રીસ લક્ષણો છે.

कृपालुरकृतद्रोहस्तितिक्षुः सर्वदेहिनाम् । सत्यसारोऽनवद्यात्मा समः सर्वोपकारकः ॥ २९ ॥

कामैरहतधीर्दान्तो मृदुः शुचिरकिंचनः । अनीहो मितभुक् शान्तः स्थिरो मच्छरणो मुनिः ॥ ३० ॥

अप्रमत्तो गभीरात्मा धृतिमाञ्जितषड्गुणः । अमानी मानदः कल्पो मैत्रः कारुणिकः कविः ॥ ३१ ॥

आज्ञायैवं गुणान् दोषान मयादिष्टानपि स्वकान् । धर्मान् संत्यज्य यः सर्वान् मां भजेत सचसत्तमः ॥ ३२ ॥

ज्ञात्वाज्ञात्वाथ ये वै मां यावान् यश्चास्मि यादृशः । भजन्यनन्यभावेन ते मे भक्ततमा मताः ॥ ३३ ॥

कृपालुः પરનાં દુઃખોનો ભાગીદાર, પારકાનાં દુઃખો સહી શકનાર, (૨) अकृतद्रोहः કોઈ પણ પ્રાણીનું અહિત ન કરે, દ્રોહ-દ્વેષ ન કરે, (૩) तितिक्षुः બીજાના અપરાધોને સહન કરે, (૪) सहियसारः સત્યને શ્રેષ્ઠ સાધન માને-સાચાં સાધનો જ સ્વીકારે, (૫) अनवद्यात्मा શુદ્ધ ચરિત્ર તેમજ અદેખાઈ, મત્સર આદિ દોષોથી મુક્ત શુદ્ધ ચિત્તવાળો, (૬) सर्मः- શત્રુમિત્ર વગેરે સર્વ માટે સરખું હિત કરનારો, (૭) सर्वोपकारकः- સર્વનું હિત કરી છૂટનાર, (૨૯) (૮) कामैरहतधीः- કામવાસનાથી મુક્તમતિ હોઈ અચલ બુદ્ધિવાળો, (૯) दान्तः- ઈન્દ્રિયો ઉપર સંયમી, (૧૦) मृदुः- કોમલચિત્ત, (૧૧) शुचिः બહાર અને અન્તઃકરણથી પવિત્ર, (૧૨) अक्विंचन સંગ્રહ ન કરનાર, (૧૩) अनीहः- લોકસુખ કે પરલોકસુખની લાલસા વિનાનો, (૧૪) मितभुकू મિતાહારી, (૧૫) शांत ભગવાનમાં મનવનાળો, (૧૬) स्थिर ભગવદ્ભક્તિ સેવામાં અચલ, (૧૭) मच्छरणः- ભગવાનનો અનન્યાશ્રયી (૧૮) मुनिः મનનશીલ, મિત-મિષ્ટ સત્યભાષી, (૩૦) (૧૯) अप्रमत्तः ક્ષણે ક્ષણે સાવધાન (૨૦) गभीरात्मा ગંભીર પુરુષ, (૨૧) धृतिमान् આપત્તિમાં પણ અડગ, (૨૨) जितषड़गुणाः- ક્ષુધા, તૃષા, શોક મોહ, જરા મૃત્યુને જીતી ગયેલો, (૨૩) अमानीः- નિરાભિમાની - (૨૪) मानद्ः- સર્વને માન આપનારો, (૨૫) कल्पः અન્યને વિવેક બોધ આપવા માટે સમર્થ, (૨૬) मैत्र :- કોઈનેય ન ઠગે (૨૭) कारुणिकः દયાનો સિન્ધુ. (૨૮) कविः- તત્વવેતા, (૩૧) (૨૯) વેદરૂપે મેં દર્શાવેલા બધા જ સકામ વૈદિક ધર્મોને મને સમર્પી દે, (૩૦) તદુપરાંત ધર્મોના ગુણદોષોને સમજી લે અને પછી ત્યજે અને અનન્ય ભાવે મને ભજે તે શ્રેષ્ઠ·ભક્ત મનાય, (૩૧) આ ઉપરાંત હું કેવો છું ? વડો છું ? શું છું ? તે યથાર્થ જાણીને ભજે (૩૨) અને ન જાણે તો પણ અનન્ય ભાવ અને અનન્ય સ્નેહથી મારી સેવા કરે તે મારો ઉત્તમ ભક્ત મનાય. (૩૩)

આઠ શ્લોકોમાં ભક્તિનું લક્ષણ વર્ણવે છે

શ્રીકૃષ્ણ ભગવાને ભક્તરાજ ઉદ્ધવજીને ભક્તિનું સ્વરૂપ સમજાવતાં કહ્યું કે (૧) મારા સ્વરૂપનું દર્શન, (૨) મારા સ્વરૂપનો સ્પર્શ, (૩) મારા સ્વરૂપની સેવા, (૪) મારા ભક્તજનનું દર્શન, (૫) ભક્તજનનો સ્પર્શ, (૬) મારા ભક્તજનની સેવા, (૭) ભગવદ્ચરણ સેવા, (૮) ભગવદીય ચરણ સેવા, (૯) ભગવદ્ સ્તુતિ, (૧૦) ભગવદીયની સ્તુતિ (૧૧) ભગવચ્ચરણે નમસ્કાર, (૧૨) ભગવદીયને નમસ્કાર, (૧૩) ભગવદ્ગુણસંકીર્તન, (૧૪) ભગવદીયગુણસંકીર્તન (૧૫) ભગવન્નામસંકીર્તન, (૩૪) (૧૬) ભગવત્કથાશ્રવણમાં શ્રદ્ધા-(૧૭) ભગવત્સ્વરૂપનું ધ્યાન (૧૮) મળેલી સર્વા-વસ્તુઓનું ભગવાનને સમર્પણ, (૧૯) ભગવચ્ચરણમાં દાસ્યભાવે આત્મસમર્પણ, ૩૫ (૨૦) મારા અવતારો અને લીલા-ચરિત્રોનું કથન, (૨૧) મારાં પર્વોમાં ગાન કરવું, (૨૨) ઉત્સવોમાં તાંડવાદિ નૃત્યુ કરવું (૨૩) ઉત્સવમાં વાજિંત્ર નાદ, (૨૪) વૈષ્ણવજનનો સમાજ-કેસરિયામંડલીનો ઉત્સવ કરો, (૨૬) ભગવદ્ધામોની યાત્રા, (૨૬) તેમજ પર્વ ઉત્સવોમાં વિશેષ સેવાસામગ્રી કરવાં, (૨૭) વૈદિકી દીક્ષા અને તાંત્રિકી દીક્ષા લઈ જન્માષ્ટમી વગેરે કરવાં (૨૮) મારાં મંદિરમાં મારાં શ્રીવિગ્રહ સ્વરૂપોની શ્રાધ્ધાપૂર્વક, પ્રતિષ્ઠા કરવી, (૨૯) સ્વયં સેવા કરવી અથવા તો સમૂહ દ્વારા સેવા કરવી, (૩૦) સમૂહમાં મળી કે એકલા એ જેમ બને તે રીતે ઉદ્યાન-વાડી રચવી. (૩૧) ઉપવન બનાવવાં (૩૨) ક્રીડાંગણો રચવાં, (૩૩) સમૂહમાં મળીને સ્વયં મંદિર બાંધવાં, નગરો વસાવવાં, (૩૮) (૩૪) મારાં મંદિરોમાં બુહારીની સેવા કરવી, (૩૫) મંદિરો ધોળવતાં-લીપાવવાં. (૩૬) મંદિરોમાં બગીચામાં જલ સીંચવા, (૩૭) મંદિરોમાં લીલાચિત્રોનાં ચિત્રણો કરવાં (૩૮) મારાં મંદિરોની દંભ વિનાના શુદ્ધ સેવકની માફક સેવા કરવી, (૩૯) માન ન રાખવું, (૪૦) દંભ ન કરવો, (૪૧) પોતે કરેલ દાન-પુણ્ય વગેરે કોઈને કહેવાં નહીં, (૪૨) મને જે દીપક ધર્યો હોયતે દીપકના અજવાળે પાઠ વગેરે ન વાંચવા કે પ્રકાશ તરીકે તેનો ઉપયોગ ના કરવો, પરંતુ બીજો દીપક કરવો જ. (૪૩) પોતાનો જે પુષ્કળ પ્રિય હોય તેમજ જે જે સામગ્રી ઈષ્ટ હોય તે સર્વ મને સમર્પિત કરવું. આ રીતે મારો અનુગ્રહ મળે છે ઉત્તમ ફળ મળે છે તેમજ અક્ષય્ય સુખ એટલે મોક્ષ આપશે. ઉદ્ધવ ! આ આઠ શ્લોકોમાં બતાવેલી તેંતાલીસ પ્રકારની ભક્તિ છે. આ ભક્તિ કરનાર ભક્ત મને પામે છે. (૪૧)

ભગવાનની સેવાનાં અગિયાર સ્થાનો

ભાઈ ઉદ્ધવ ! તમને મેં ભક્તિનાં સાધનો અને પ્રકાર કહ્યા હવે કયાં કયાં અને કયાં કયાં સ્થાનોમાં ભક્તિ-સેવા કરાય તેવાં અગિયાર સ્થાનો ચાર શ્લોકમાં વર્ણવું છું (૧) સૂર્ય (૨) અગ્નિ (૩) બ્રાહ્મણો (૪) ગાયો (૫) વૈષ્ણવ (૬) આકાશ (૭) વાયુ (૮) જલ (૯) પૃથ્વી (૧૦) આત્મા (૧૧) સર્વ ભૂત-આ અગિયાર મારું સમર્ચન કરવા માટેનાં ભદ્ર-કલ્યાણમય સ્થાનો છે. (૪૨) ઉદ્ધવ ! આ અગિયાર સ્થાનોમાં મારાં અર્ચન કેવી રીતે કરાયતે સમજાવું છું. તેમાં સૂર્યનું અર્ચન ત્રણે વેદોમાં દર્શાવેલાં સૂર્યોપસ્થાન મંડલો દ્વારા ત્રિકાલ સંધ્યામાં અર્ધ આપવા દ્વારા થાય છે. (૧) અગ્નિહોત્રાના અગ્નિમાં, તાંત્રિક અગ્નિમાં કે યજ્ઞીય અગ્નિમાં હુતદ્રવ્યો દ્વારા યજન કરવું. (૨) વર્ણમાં શ્રેષ્ઠ બ્રાહ્મણનું અતિથિસત્કાર ધન-માન આદિથી અર્ચન કરવું. (૩) ગાયોને ઘાસ નીરવાં અને ગોસેવા કરી મારું અર્ચન કરવું. (૪) (૪૩) વૈષ્ણવને સગાભાઈની ભાવનાથી સેવવા, (૫) હૃદયઆકાશમાં ધ્યાન વગેરે ભગવત્સેવા કરવી. (૬) વાયુમાં ફલફૂલા જલ, ચંદન, અક્ષત વગેરે સમર્પીને અર્ચન કરવું. (૮) (૪૪) પૃથ્વીમાં મૃત્તિકાની વેદીમાં રહસ્ય મંત્રો દ્વારા ન્યાસ, ધ્યાન, ચંદનાદિ સામગ્રી દ્વારા મારું અર્ચન કરવું. (૯) આત્મામાં અને આત્મા સાથે રહેલા દેહમાં ભગવાનની પ્રસાદીનાં ચંદન-માલા ભોજન-સામગ્રી દ્વારા અર્ચન કરવાં. (૧૦) પ્રાણીમાત્રમાં સાક્ષી તરીકે ભગવાન બિરાજે છે એ ભાવ દઢ કરીને સર્વમાં પોતાના જેવો ભાવ લાવી સર્વ સાથે વર્તવું. ૧૧ અગિયાર સ્થાનોમાં મારા અર્ચનનો પ્રકાર કહ્યો છે. (૪૫)

આ અગિયાર સ્થાનોમાં ચતુર્ભુજ ભગવાનનું ધ્યાન કરવું

આ અગિયારે સ્થાનોમાં શંખ, ચક્ર, ગદા તથા પદ્મથી મંત્રોકતવિધિ અનુસાર અર્ચન કરવું. (૪૬) ભાઈ ઉદ્ધવ ! ઉપર

દર્શાવ્યા પ્રમાણે જે ભક્તજન યજ્ઞયાગાદિ કરીને તથા વાવ, કૂવા, તળાવ વગેરે જલાશયો બંધાવી જિતેંદ્રિય થઈને સાવધાનતાથી સર્વમાં મારું યજન કરે છે તેને મારી ભક્તિ પ્રાપ્ત થાય છે. પછી સત્પુરુષોની સેવા કરી મારું સ્મરણ પણ તેને રહે છે. (૪૭) હે ઉદ્ધવ ! મારા નિર્ણય પ્રમાણે સત્સંગ અને ભક્તિયોગ વિના ઘણે ભાગે સંસાર તરવાનો અન્ય શ્રેષ્ઠ અને સરલ કોઈ ઉપાય મારી દૃષ્ટિમાં નથી કારણ કે હું સત્પુરુષોનો મહાન આશ્રય છું. (૪૮) હે યદુનંદન ઉદ્ધવ ! તમે શ્રદ્ધાથી સાંભળો છો, માટે હવે તમને આ પરમ રહસ્ય અને અત્યંત ગુપ્ત રાખવા લાયક વિષય પણ હું કહું છું કારણ કે તમે મારા સેવક, શુદ્ધ અંતઃકરણવાળા અને મિત્ર છો. (૪૯)

अथैतत् परमं गुह्यं शृण्वतो यदुनन्दन । सुगोप्यमपि वक्ष्यामि त्वं मे भृत्यः सुहृत् सखा ॥ ४९ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંદનો ૧૧મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૧૨ મો

(આ અધ્યાયમાં ૨૪ શ્લોકો છે. ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને સત્સંગનું માહાત્મ્ય વર્ણવશે તેમજ કર્મત્યાગની નિષ્ઠા બતાવશે.)

श्रीभगवानुवाच-न रोधयति मां योगो न सांख्यं धर्म एव च । न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा ॥ १ ॥

ભગવાન શ્રીકૃષ્ણે વચનામૃત વર્ષાવતા કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! આસન પ્રાણયામ વગેરે યોગ (૧) તત્ત્વના વિચારરૂપ સાંખ્ય (૨) અહિંસાદિ સામાન્ય ધર્મ (૩) વેદાધ્યયનરૂપ સ્વાધ્યાય (૪) કૃચ્છ્રચાંદ્રાયણાદિ તપ (૫) સંન્યાસરૂપ ત્યાગ (૬) અગ્નિહોત્રાદિ વગેરે ઈષ્ટ એટલે યજન કર્મ (૭) વાવ, કૂવા, તળાવ-બગીચા બંધવવા વગેરે પૂર્ત એટલે કલ્યાણ કર્મ (૮) સામાન્ય હરકોઈ દાન (૯) એકાદશી વગેરે વ્રતો (૧૦) દેવપૂજારૂપ યજ્ઞો (૧૧) રહસ્યમંત્રો (૧૨) તીર્થો (૧૩) નિયમો (૧૫) આ બધાં મને મળવવાનાં-વશ કરવાનાં સાધનો છે પરંતુ સર્વ આસક્તિઓનો નાશ કરી ભક્તિ કરાવનાર સત્સંગ શ્રેષ્ઠ સાધન છે અને તે દ્વારા મને વશ કરી શકાય છે. (૧) વાયુમાં પ્રાણદૃષ્ટિથી ભગવાનનુ પૂજન કરવું. (૨) જલમાં તર્પણાદિ કરીને પવિત્રચિત્ત અને પવિત્રચરિત્ર ઉદ્ધવ ! પ્રત્યેક યુગમાં દૈત્યો, રાક્ષસો, મૃગો, પક્ષીઓ, ગંધર્વો, અપ્સરાઓ, નાગો, સિદ્ધો, ચારણો, યક્ષો, વિદ્યાધરો તેમજ મનુષ્યોમાં વૈશ્યો, શુદ્રો, સ્ત્રીઓ અને અન્ત્યજો રજોગુણી તથા તમોગુણી પ્રકૃતિવાળાં હતાં, તેઓ સત્સંગથી જ મારા પદને પામ્યાં છે. (૩,૪) ભાઈ ! આ પુણ્યશ્લોક પુરુષોનાં નામ લઈએ : (૧) વૃત્રાસુર (૨) પ્રહ્લાદ (૩) અને વૃષપર્વા (૪) બલિરાજા (૫) મય દાનવ (૬) વિભીષણ (૭) સુગ્રીવ (૮) હનુમાન (૯) જાંબવાન (૧૦) જટાયુ (૧૧) તુલાધાર ભક્તવર વૈશ્ય (૧૨) ધર્મવ્યાધ (૧૩) કુબ્જા (૧૪) વ્રજની ગોપીઓ (૧૫) યજ્ઞપત્નીઓ અને અનેક સત્સંગથી જ મારા પદને પામ્યાં છે મને મળ્યાં છે. (૫,૬) આ સર્વેએ કાંઈ શ્રુતિઓના અભ્યાસ નથી કીધા, ન તો તેઓએ મહાપુરુષોની સેવા કરી હતી અને વ્રતો કર્યાં હતાં તેમજ તપશ્ચર્યાઓ પણ આચરી ન હતી છતાં કેવળ સત્સંગથી જ મને પામ્યાં છે. (૭) ભાઈ ઉદ્ધવ ! કેવળ સત્સંગથી પ્રાપ્ત કરેલા ભક્તિભાવ દ્વારા જ ગોપીઓ, ગાયો, વૃક્ષો, મૃગો, નાગો, સિદ્ધો અને જડબુદ્ધિવાળાં અન્ય પણ અનાયાસે મને મેળવી શક્યાં છે. (૮) તેમનું એક જ સાધન સત્સંગ હતું. ન તો સાંખ્યથી, યોગથી, દાનથી, વ્રતથી, તપથી, યજ્ઞથી, પ્રવચનથી, સ્વાધ્યાય-વેદાધ્યયનથી કે સંન્યાસથી પામી શક્યાં છે કે પામી શકાય છે. સત્સંગ સાથે જ આ સાધનો સાર્થક બને છે. (૯)

रामेण सार्धं मथुरां प्रणीते श्वाफल्किना मय्यनुरक्तचिताः । विगाढभावेन न मे वियोगतीव्राधयोऽन्यं ददृशुः सुखाय ॥ १० ॥
तास्ताः क्षपाः प्रेष्ठतमेन नीता मयैव वृन्दावनगोचरेण । क्षणार्धवत्ताः पुनरङ्ग तासां हीना मया कल्पसमा बभूवुः ॥ ११ ॥
ता नाविदन् मय्यनुषङ्गबद्धधियः स्वमात्मानमदस्तथेदम् । यथा समाधौ मुनयोऽब्धितोये नद्यः प्रविष्टां इव नामरूपे ॥ १२ ॥

ભાઈ ઉદ્ધવ ! જ્યારે કાકા અક્રૂરજી સાથે હું અને મોટાભાઈ બલભદ્રજી મથુરાજીમાં ગયા ત્યારે અતિ દૃઢ અનુરાગથી મારામાં લાગેલાં મનવાળાં ગોપીજનોએ મારા વિના અન્ય કોઈ પણ પદાર્થને સુખરૂપ માન્યો ન હતો., કેમકે તેઓને મારા વિયોગની તીવ્ર મનોવેદના થતી હતી. (૧૦) ભાઈ ઉદ્ધવ ! જે વ્રજવનિતાએ વૃન્દાવનમાં અત્યંત પ્રિયતમ એવા મારી સાથે વસીને જે જે રાત્રીઓ ક્ષણ અર્ધક્ષણ જેવી ગાળી હતી તે જ રાત્રિઓ મારા વિના વ્રજનારીઓને કલ્પ જેવડી

થઇ પડી હતી. (૧૧) ભાઈ ઉદ્ધવ ! મુનિવરો જે સમાધિના શ્રમથી પોતાનાં દેહને વીસરી ગયાં તેમજ સમીપ કે દૂર રહેતા પદાર્થને પણ જાણતાં ન હતાં. જાણે સરિતાઓ સમુદ્રમાં ભળી જાય તેમ વ્રજનારીઓ એક સ્વરૂપ જ થયાં હતાં. (૧૨)

ભાઈ ઉદ્ધવ ! વ્રજ ગોપીજનોને મારા સ્વરૂપના મોહથી પણ સમાધિ મળી એ છે મારી પુષ્ટિ એટલે અનુગ્રહ માર્ગ સાંભળો ! આ વ્રજનારીઓનું મન અને આત્મા મારામાં જ લાગેલાં હતાં. તેઓ મારા સ્વરૂપને જાણતાં ન હતાં. સ્વયં અબલા હતી. મારી જ તેમને કામના હતી. મને રમણ તરીકે માનતી હતી. તેમનો મારામાં જારનારી જેવો અનન્ય આર્તભાવ હતો બ્રહ્મસ્વરૂપ મારો તેમને સત્સંગ થયો અને તેઓ કેવલ મારા સત્સંગથી અસંખ્ય સંખ્યામાં મને પામ્યાં. (૧૩) માટે હે ઉદ્ધવ ! તમે શ્રુતિને, સ્મૃતિને, વિધિને કે નિષેધને, પવૃત્તિરૂપ દક્ષિણમાર્ગને, નિવૃત્તિરૂપ ઉત્તરમાર્ગને સાંભળવા યોગ્ય અને સાંભળેલાને ત્યજી દો. (૧૪)

मामेकस्मेव शरणमात्मानं सर्वदेहिनाम् । याहि सर्वात्मभावेन मया स्वा ह्यकुतोभय: ॥ १५ ॥

સર્વ પ્રાણીઓના આત્મારૂપે રહેલા મને એકલાને જ "સર્વાત્મભાવથી" શરણાગત બનો, ભાઈ મારા આશ્રયથી સર્વ ભયથી નિવૃત્ત થશો. (૧૫) ભક્તરાજશ્રી ઉદ્ધવજી ભગવાનને કહે છે કે નાથ ! હે યોગેશ્વરોના સ્વામી ! અમૃત મય અને દિવ્ય આપે કહ્યું કે મારા કરેલા વૈદિક ધર્મોમાં સાવધ રહી કર્મ કરવાનું કહ્યું ત્યારબાદ સર્વ ત્યજી શરણાગત થઇ રહેવાનું કહ્યું. આમ આપે બે પ્રકારનું માર્ગદર્શન આપ્યું છતાં મારું મન કોઇ પણ નિર્ણય ઉપર જઇ શકતું નથી. (૧૬)

ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને દર્શાવેલી આત્મસ્વરૂપ ભાથાની અષ્ટશ્લોકી

(ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું ભાઈ ઉદ્ધવ ! તમને જે શંકા થાય છે કે મારે કર્મ કરવાં કે શરણાગત બની સર્વ કર્મોત્યજી દેવાં આ બેમાંથી શું કરવું આ વિષય હવે સરલતાથી સમજાવું. ભગવાનને લીલા કરવાની જ્યારે ઇચ્છા થાય છે ત્યારે તેઓ જગતમાં ઇશ્વર, જીવ અને જગત આ ત્રણે હોય છે તેમાં દેહના અધ્યાસથી-આસક્તિથી જીવ આનાદિકાળની અવદ્યાને લઇને જીવને કર્તાપણું સ્ફુરે છે. આ વખતે આ કાર્ય કરવું અને આ કાર્ય ન કરવું એવા બે નિયમો તેને શાસ્ત્રથી-વેદથી લાગુ પડે છે. હવે જો તે શાસ્ત્રે કહેલું જપતપદાન વગેરે પવિત્ર કર્મ કરે તો તેનું અન્તઃકરણ પવિત્ર થાય છે. પરંતુ તે કર્મને જ ન વળગી રહે માટે જે કર્મ કરવાથી ચિત્તમાં ક્ષોભ-આસક્તિ પેદા કરે તેવાં કર્મ કરવાની શાસ્ત્રે ના કહી અને સર્વ કર્મો ભગવાનને સમર્પવાનું કહ્યું. આ સમર્પણ એટલે દઢ વિશ્વાસપૂર્વક ભક્તિ કરવાનું ભાઈ ઉદ્ધવમેં કહ્યું છે. ભાઈ હવે આ જ વાત તમને આઠ શ્લોકોથી સમજાવું તેમાં પ્રથમ આ જીવને વેદ નામની વાણી દ્વારા કેવી રીતે આ પ્રપંચ પ્રાપ્ત થાય છે તે હવે આ સત્તરમાં શ્લોકથી ભગવાન સમજાવી રહ્યા છે.)

स एष जीवो विवरप्रसूतिः

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું ભાઈ ઉદ્ધવ ! આ જીવ એટલે જીવાડનાર જે પરમેશ્વર છે તેનું નામ જીવ અહીં આપ્યું છે. આ જીવ એટલે પરમેશ્વર વિવરોમાં પ્રવેશે છે. વિવર શબ્દનો અર્થ મૂલાધૌર, સ્વાધિષ્ઠાન, મણિપૂરક, અનાહત વગેરે છ ચક્રો એવો થાય છે. આ પ્રત્યક્ષ પરમેશ્વર દેહમાં રહેલા આધાર વગેરે ચક્રોમાં ક્રમે કરીને નાદરૂપે પ્રવેશાતા સ્પષ્ટ જણાય છે. કારણ કે આ પરમેશ્વર નાદવાળા પ્રણ સાથે પ્રથમ આધારચક્રમાં પ્રવેશ કરે છે ત્યારે તે જ પરમેશ્વરને 'પરા વાણી' નામે કહેવાય છે. એટલે આધારચક્રમાં નિરંતર અખંડ અને અસ્પષ્ટ સંભળાતા નાદનું નામ પરાવાણી છે. ત્યારબાદ તે પરાવાણીરૂપ પરમેશ્વર મણિપુર ચક્રમાં આવે છે ત્યારે 'પશ્યંતી વાણી' એ નામે કહેવાય છે. આમાં ઉચ્ચારણની પહેલાં જ વર્ણોનાં સૂક્ષ્મ સ્વરૂપો મનથી દેખાય છે માટે એને "પશ્યંતી વાણી" કહે છે. પછી એ જ પરમેશ્વર વિશુદ્ધિ ચક્રમાં આવે છે ત્યઆરે 'મધ્યમા વાણી' એ નામે કહેવાય છે. અને ત્યાંથી મુખમાં આવે છે ત્યારે હસ્વ, દીર્ઘ વગેરે માત્રાઓ, ઉદાત્ત અને અનુદાત્ત વગેરે સ્વરો તેમજ વગેરે વર્ણના ત્રેસઠ વર્ણો એમ અત્યંત સ્થૂલ સ્વરૂપે "વૈખરી વાણી" એટલે વેદવાણી નામે કહેવાય છે. વૈખરી વાણી-સ્પષ્ટ પ્રમાણમાં સમજાય તેવા ઉચ્ચરનું નામ વૈખરી કહેવાય છે. (૧૭) દાખલા તરીકે અગ્નિ કાષ્ઠમાં પ્રથમ રહેલ છે ત્યારબાદ બળપૂર્વક મંથન કરતાં વાયુની સહાયથી સૂક્ષ્મ તણખા વગેરે રૂપે ઉત્પન્ન થાય છે અને પછી અત્યંત મોટા અંગારારૂપે પ્રકટ થઇ ઘી વગેરે હુતદ્રવ્યથી પ્રગટ સ્વરૂપે

થાય છે તેમજ પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી આ ચાર પ્રકારની વાણી વેદવાણી મારું જ સ્વરૂપ છે. (૧૮) એ પ્રમાણે જેમ વાણીની વૃત્તિ બોલવું મારું સ્વરૂપ છે, જેમ હાથની વૃત્તિ કર્મ કરવું, પગની વૃત્તિ ચાલવું, ગુદા તથા લિંગની વૃત્તિ મલમૂત્ર ત્યાગ, ધ્રાણેંદ્રિયની વૃત્તિ સૂંઘવું, જિહ્વા ઇન્દ્રિયની વૃત્તિ આસ્વાદ, નેત્રની વૃત્તિ અવલોકન, ત્વચાની વૃત્તિ સ્પર્શ, શ્રવણેંદ્રિયની વૃત્તિ શ્રવણ, મનની વૃત્તિ સંકલ્પ, બુદ્ધિ તથા ચિત્તની વૃત્તિ વિજ્ઞાન, અહંકારની વૃત્તિ અભિમાન, પ્રધાનની વૃત્તિ એટલે સમસ્તને પરોવીને રાખવાં રજોગુણના વિકાર સ્વરૂપે ઇન્દ્રિયસમૂહ, સત્વ ગુણના વિકારરૂપે દેવસમૂહ અને તમોગુણના વિકારસ્વરૂપે પંચ મહાભૂતો સર્વ વિસ્તાર મારું જ સ્વરૂપ છે. એટલે આ જગતનો વિસ્તાર મારાથી ભિન્નનથી. આ ઈશ્વર પ્રથમ સૃષ્ટિ આદિમાં અવ્યક્ત એકરૂપે જ હતા., તે જ ઈશ્વર સૃષ્ટિના આરંભમાં કાળને લીધે વાણી વગેરે અને ઇન્દ્રિયોરૂપે વિભાગ પામેલી શક્તિઓવાળા થયા ત્યારે તે અનેક પ્રકારે દેખાય છે. કારણ કે ખરી રીતે તે પોતે જ એક આદ્ય, ત્રણે ગુણોના આશ્રય અને લોકાત્મક કાળના કારણ છે., છતાં જેમ એક ખેતરમાં વાવેલું એક એક બીજ પોતાની ઉત્પત્તિસ્થાનરૂપ ખેતરને પામી અનેક સ્વરૂપે થાય છે છતાં તે બીજ એક જ છે તેમ તે પરમેશ્વર એક જ પ્રપંચ સ્વરૂપ-અનેક જગતસ્વરૂપ છે. (૧૯,૨૦) જેમ અનેક તંતુઓ આડા ઊભા તાણાવાણારૂપ વણતાં વસ્ત્ર બને છે પરંતુ તે તાણાવાણા વસ્ત્રથી જુદા નથી એ જ પ્રકારે આ જગત ભગવાનમાં ઓતપ્રોત છે તેથી ભગવાનથી ભિન્ન નથી વ્યષ્ટિરૂપ જગતરૂપી ઝાડ અવિદ્યાને લીધે આત્મામાં આરોપિત થઇ પુરાણું અનાદિકાળનું અને કર્મમય એટલે પ્રવૃત્તિરૂપી સ્વભાવવાળું હોઇ પુષ્પરૂપ ભોગને તથા ફળરૂપ મોક્ષને અથવા કર્મ તથા તેના ફળને ઉત્પન્ન કરે છે. (૨૧)

વિશ્વવૃક્ષનો વિસ્તાર

આ જગતરૂપ વૃક્ષનાં પુણ્ય તથા પાપ નામનાં બે બીજ છે. અગણિત વાસનાઓ તેનાં અનંત મૂલ છે., સત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ આ વૃક્ષનાં નાલ એટલે થડ છે. દશ ઇન્દ્રિયો અને એક મન એમ અગિયાર તેની ડાળીઓ છે., વાત, પિત્ત અને કફ એ ત્રણ તેની છાલ છે., સુખ અને દુખ આ વૃક્ષનાં બે ફળ છે શબ્દાદિ આ પાંચ વિષયોરૂપી રસ આ વૃક્ષમાંથી ઉત્પન્ન થાય છે અને છેક સૂર્યમંડલ સુધી તે પહોંચેલું છે. તેમાં જીવ અને ઈશ્વરરૂપી પક્ષીઓનો માળો છે. (૨૨) ભાઈ ઉદ્ધવ ! આ વૃક્ષનાં દુખ:રૂપી ફલોના ખાનાર ગીધ કહેવાય છે. આ બેમાંથી વિષયરૂપી ગામમાં રહેલાં ગૃહસ્થો ફલને ભોગવે છે તેમને ગીધની ઉપમા આપી છે. અને બીજા સુખરૂપી ફલને જંગલમાં વસતા હંસો વિવેકી પરમહંસો ખાય છે. આ રીતે માયાથી અનેક રૂપે ભાસતા એક જ પરમાત્માને જે જાણે છે તે જ વેદ જાણે છે. (૨૩) ભાઈ ઉદ્ધવ ! સાવધ બનો ભાઈ ! ગુરુચરણસરોજની સેવા કરો અનેગુરુકૃપાથી પ્રાપ્ત કરેલી, એકાંત ભક્તિથી તીક્ષ્ણ કરેલા જ્ઞાનરૂપી કુહાડાથી, જીવઉપાધિરૂપ ત્રિગુણાત્મક લિંગ શરીરને છેદી નાખી આત્માને પામી તે જ્ઞાનરૂપી અસ્ત્રનો પણ ત્યાગ કરો. (૨૪)

एवं गुरुपासनयैकभक्त्या विद्याकुठारेण शितेन धीरः । विवृश्च्य जीवाशयमप्रमतः सम्पद्य चात्मा नमथ त्यजास्त्रम् ॥ २४ ॥

શ્રીમદ્ ભગવતપીયૂષના એકાદશ સ્કંધનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૧૩ મો

(આ અધ્યાયમાં ૪૨ શ્લોકો છે. ૧૨મા અધ્યાયના અંતિમ શ્લોકમાં એક વિધાન કર્યું કે ''શાસ્ત્ર નામના શસ્ત્ર''થી દેહાધ્યાસના બંધનને છેદી નાખવું તેમજ તે કાર્ય પૂર્ણ થતાં તે ''શાસ્ત્રચરણ''નો પણ ત્યાગ કરવો- એવી ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને આજ્ઞા કરી ત્યારે પ્રશ્ન ઊભો થયો કે જ્યાં તમોગુણ આડે આવે ત્યાં વિદ્યા નામનું સાધન એટલે શાસ્ત્ર નામના સાધનની પ્રાપ્તિ જ ક્યાંથી થવાની? આવી શંકાના સમાધાન માટે ૧૩ મા અધ્યાયનો પ્રારંભ કર્યો છે અને ભગવાને કહ્યું કે તમોગુણ અને રજોગુણને દબાવીને સત્વગુણ પ્રકટે છે, ત્યારે સત્વગુણથી વિદ્યાનો એટલે શાસ્ત્રજ્ઞાનનો ઉદય થતાં જ દેહમાંથી મોહ જશે અને ભગવાનમાં સ્નેહ થશે.)

સાત શ્લોકોમાં સત્ત્વગુણના ઉદયથી જ્ઞાનની પ્રાપ્તિ

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ સત્વ-રજસ્-તમસ્-આ ત્રણ બૂદ્ધિના ગુણો માન્યા છે, આત્માના ગુણો નથી., ધીમે

ધીમે સત્ત્વગુણને વધારતા જવું અને સમૃદ્ર થયેલા સત્ત્વગુણથી રજોગુણ અને તમોગુણનો નાશ કરવો અને સર્વમાંથી મન ઉઠાવી લેવાની સાત્વિક વૃત્તિ દ્વારા સત્વગુણનો પણ નાશ કરવો. (૧) જયારે સત્વગુણ ખૂબ જ વિકાસ પામે છે ત્યારે તે વિવેકી પુરુષના ભક્તિ નામના ધર્મની વૃદ્ધિ થાય છે અને તે સત્વગુણની વૃદ્ધિ પણ સાત્વિક વસ્તુઓના સેવનથી જ થાય છે. ભાઈ ! પછી સાત્વિક ગુણ વધતાં જ ભગવદ્‌ભક્તિ-સેવા નામના ધર્મની સુંદર પ્રવૃત્તિ થાય છે. (૨) સત્વગુણની વૃદ્ધિ થવાથી સહજસિદ્ધ થયેલો ઉત્તમ પ્રકારનો ભક્તિધર્મ રજોગુણ અને તમોગુણમાંથી જ જન્મનારી રાગ, દ્વેષ, આલસ્ય વગેરે દોષો અને એ દોષોથી થનારો અધર્મ પણ નાશ પામશે. (૩) ભાઈ ઉદ્ધવ ! હવે સાત્ત્વિક પદાર્થોના સેવનથી સત્વગુણને વધારનારાં સાધનો ગણાવું છું. (૧) શાસ્ત્ર, (૨) જલ, (૩) પ્રજા (૪) દેશ (૫) કાલ (૬) કર્મ (૭) જન્મ (૮) ધ્યાન (૯) મંત્ર અને (૧૦) સંસ્કાર- આદશ વસ્તુઓ સત્વગુણની વૃદ્ધિનાં સાધનો છે. (૪) વિવેકીજનો જે જે વસ્તુઓ કે જે જે સાધનો આપણને સમજાવે તે તે પદાર્થો અને સાધનોને સાત્વિક જાણવાં તેમજ તે તે સાધુજનો જેની નિંદા કરે અને નિષેધ કરે તે સાધનો અને તે વસ્તુઓની તામસ સમજવાં. (૫)

સત્ત્વગુણની પોષક સામગ્રી અને સાધન

ભાઈ ઉદ્ધવ ! શાસ્ત્ર-જલ વગેરે દશ વસ્તુઓનું સેવન કરવું એ વાત કહી તે વસ્તુઓનો સ્પષ્ટ ઉલ્લેખ કરું છું. ૧ (૧) शास्त्र- શ્રીમદ ભાગવત-રામાયણ-ગીતાજી-ઉપનિષદ વગેરે શાસ્ત્રોનું શ્રવણ કરવું પરંતુ શાસ્ત્રવિરૂદ્ધ વાતો કે પાખંડ વધારનારા સાહિત્યો ના સાંભળવાં. (૨) जल- તીર્થોનાં પવિત્ર જલનું સેવન કરવું પરંતુ ઉત્તેજક કે માદક જલ વગેરે ના પીવાં. (૩) प्रजा- ભક્તજન વૈશ્ણવજનનનો સંતજનનો સંગ કરવો પરંતુ વિલાસી-વ્યસની-કુસંગીનો સંગ નહિ કરવો. (૪) देश- પવિત્ર ક્ષત્રોમાં નિવાસ કરવો, પરંતુ તામસ વાતાવરણવાળાં સ્થાનોમાં ના વસવું. (૫) काल- પ્રાતઃકાલ બ્રાહ્મમુહૂર્ત-સમય ધ્યાન-સેવા-ભજન માટે ઉત્તમ છે પરંતુ મધ્યરાત્રિનો સમય તામસ છે ત્યારે ધ્યાનાદિ ના કરવાં. (૬) कर्म- શાસ્ત્રે, વેદે, સંતે, આચાર્યે દર્શાવેલા કર્મ કરવાં અને નિષેધ કરેલાં કર્મના કરવાં. (૭) जन्म- જન્મ એટલે દીક્ષા લેવી. દ્વિજ જન્મ્યો પછી યજ્ઞોપવીત ધારણ કર્યાં, બ્રહ્મસંબંધ લીધો તે બીજો જન્મ થયો. આ પ્રમાણે સાત્વિક દીક્ષા લેવી, નિર્ગુણ દીક્ષા લેવી. તામસ-તાંત્રિક માર્ગની દીક્ષા ના લેવી (૮) ध्यान- પુરુષતત્વનું ધ્યાન કરવું પરંતુ સ્ત્રીસ્વરૂપનું ધ્યાન ના કરવું. (૯) मंत्र અષ્ટાક્ષર કે દ્વાદશાક્ષર જપવો પરંતુ મારણ, ઉચ્ચાટન મંત્રો ન જપવા. (૧૦) संस्कार- મનને પવિત્ર કરનારી ક્રિયાનું નામ સંસ્કાર છે. સત્ત્વગુણની વૃદ્ધિ કરવાની ઈચ્છા ધરાવતા પુરુષે ઉપર દર્શાવેલાં સાત્વિક સાધનો અને સામગ્રીનો ઉપયોગ કરવો જોઈએ આ સાત્વિક વસ્તુઓના સેવનથી સાધન ભક્તિ નામનો ધર્મ સિદ્ધ થશે અને આ સાધન ભક્તિ દ્વારા આત્મા અને પરમાત્માની બાબતમાં જ્ઞાન સિદ્ધ થશે અને તે પ્રાપ્ત કરેલ જીવન પર્યન્ત ભૂલાશે નહીં. તેમજ તેનાથી હું અને મારું એવા જે દેહમાં ભાવ થાય તે ભાવ દૂર થાય છે. (૬) આ દેહ ત્રણ ગુણોના ક્ષોભથી-ખળ-ભળાટથી બનેલો છે. આવો ત્રિગુણાત્મક દેહ પોતાનામાં રહેલા ત્રણ ગુણોને સ્વતઃ ઉત્પન્ન થયેલી વિદ્યાથી કેમ નાશ કરે અથવા કેવી રીતે નષ્ટ કરી શકે-એવી જો શંકા થાય તો-વનમાં ઊગેલા વાંસડાઓના વનમાં વાંસડાઓ પરસ્પર અથડાય છે તેથી અગ્નિ ઉત્પન્ન થાય છે તે અગ્નિ વાંસડાઓને બાળીને સ્વયં શાંત બની જાય છે. તેવી જ રીતે ભલે દેહ ત્રણ ગુણોના ક્ષોભ-ખળભળાટથી થયેલો હોય તો પણ સ્વતઃ પોતાની મેળે ભગવાનની ઈચ્છાથી ઉત્પન્ન થયેલા જ્ઞાન-વિદ્યાથી પોતાના કારણરૂપ ત્રણ ગુણોને દૂર કરીને સ્વયં શાંત થઈ જશે. (૭)

વિષયપરવશતા

શ્રી ઉદ્ધવજીએ પ્રશ્ન પૂછયો કે હે શ્રીકૃષ્ણ માનવ મરવાનો છે જ કારણ કે તેના દેહનું નામ જ મર્ત્ય એટલ મરનાર છે, તો પછી તેઓ જાણે તો છે જ કે વિષયો જ સર્વ પ્રકારની આપત્તિઓનું કારણ છે પછી હે કૃષ્ણ ! શ્વાન, બકરો અને ગર્દભ જેવા ભાનશૂન્ય બની ભોગો કેમ ભોગવતા હશે ? (૮)

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! પ્રથમ તો પુરુષને અવિવેકને લીધે પોતાના દેહ-ઈન્દ્રિય વગેરેમાં આત્માબુદ્ધિ થાય છે એટલે અહંપણાનું અભિમાન થાય છે તેથી તેના સાત્વિક મનમાં ઘોર રજોગુણ પ્રવેશે છે, રજોગુણ મનમાં વિકાર પેદા કરે છે. (૯) ત્યાર બાદ મનમાં સંકલ્પ અને વિકલ્પનું સર્જન થાય છે અને આ સંકલ્પ વિકલ્પો સતત થયાં

કરે છે તેના પરિણામે પુરુષ કે સ્ત્રીનું કેવું સુંદર સ્વરૂપ છે તેના કેવા સારા ગુણો છે તેનું ધ્યાન-વિચાર કર્યાં કરે છે. આ પ્રકારે વિષયોના ધ્યાનથી અસહ્ય કામવાસના પ્રકટે છે. આ સર્વ કંઇ અવિદ્યાવાળી બુદ્ધિથી જ બને છે. (૧૦) હવે વાસનાવશ જીવ ઇન્દ્રિયોને અધીન બની, દીન બની રજોગુણના વેગથી મોહ પામીને કામને વશ બને છે. તે સમજે તો છે કે કામભોગથી કલેશ થવાનો છે પરંતુ તે ભોગવ્યા વિના રહી શક્તો નથી. (૧૧) ઉદ્ધવ ! તમને વિચાર થશે કે મોહ ન કરે એવો કોઇ જીવાત્મા હશે? તો એનો એ ઉત્તર છે કે ભાઈ જે વિવેકી જન આ દેહથી આત્મા જુદો છે એવું જ્ઞાન ધરાવે છે તો પણ કોઇ કોઇ વાર તેની મતિ પણ રજોગુણ અને તમોગુણથી ચલિત થઇ જાય છે. ત્યારે તેને વશ ન થતાં પ્રમાદ ત્યજી દઇ સાવધાન થઇ ભગવાનનું સ્મરણ કરી મનને રોકી દે છે. વિષયસેવનમાં દુઃખ છે એમ સમજીને પોતાના મનથી જ તે તે કામના ઓથી દૂર રહે છે. (૧૨) મનનો નિરોધ શી રીતે કરવો અથવા ક્યા તત્વમાં કરવો એ વસ્તુને સમજાવવા બાકી રહેલાં યોગનાં અંગોની ભગવાન સૂચના કરતાં કહેવા લાગ્યા કે મન ચંચલ છે તેથી મનનો નિરોધ થતાં વાર લાગે તો નિરાશ થવું નહીં કે નિષ્ક્રિય ના થવું. પરંતુ મનને સાવધાન પણે સ્થિર કરવું અને ધીમેધીમે આસનસિદ્ધ કરી, પ્રાણાયામ કરી મનને સ્થિર કરવું. મન ચંચલ છે તેને સ્વવશ બનાવતાં સમય લાગે પણ નિરાશ ન થવું., હતાશ ના થવું. પરંતુ તે મન યોગ્ય કાલે સ્થિર થશે જ એમ શ્રદ્ધા રાખી પ્રયત્ન કરવો. (૧૩) ભાઈ ઉદ્ધવ ! મારા શિષ્ય સનકાદિ મુનિઓએ સર્વ વિષયોમાંથી મનને પાછું વાળી લઇ મારામાં જ પરોવી દેવું અને મારામાં જ સાક્ષાત્ સ્થિર કરી દેવું એને જ યોગ કહ્યો છે. (૧૪)

શ્રીઉદ્ધવજીની જિજ્ઞાસા :- ઉપરની વાત શ્રીકૃષ્ણના મુખકમલથી સાંભળી અને શ્રીઉદ્ધવજી ભગવાન શ્રીકૃષ્ણને પૂછવા લાગ્યા કે હે શ્રીકૃષ્ણ ! આપે જે સ્વરૂપે શ્રીસનકાદિકુમારોને યોગ સમજાવ્યો છે તે સ્વરૂપ પણ જાણવાની મારી ઇચ્છા છે. (૧૫)

ભગવાન શ્રીકૃષ્ણે સમાધાન કરતાં કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! બ્રહ્માજીના મનમાંથી ઉત્પન્ન થયેલા સનકાદિ ચાર માનષ્ કુમારોએ યોગની સૂક્ષ્મગતિ તેમજ યોગની પરાકાષ્ઠા - સર્વોત્તમતા જાણવાની ઇચ્છા થતાં પોતાના પિતાશ્રીને પ્રશ્ન કર્યો. (૧૬)

સનકાદિ ચાર સંતોએ પોતાના પિતાજીને પૂછ્યું કે હે પિતાજી ! રાગ, મોહ, લોભ વગેરે દોષોને વશ મન સ્વભાવથી જ વિષયોમાં આસક્ત થાય છે. તે વિષયોનું વાસના રૂપથી રહેવાનું હોવાથી સ્મરણ કરતાં જ તે વિષયો ચિત્તમાં ઊભા થઇ જાય છે. હે પ્રભો ! મોક્ષની ઇચ્છાવાળા તેમજ ભવસાગરની તરવાની તત્પરતાવાળા પુરુષમાંથી એ વિષયો કેવી રીતે જુદા પડી શકે ? (૧૭)

ભગવાને કહ્યું ભાઈ ઉદ્ધવજી ! શ્રીબ્રહ્માજી દેવાધિદેવ છે. સમસ્ત ભૂતોના ઉત્પાદક છે. આવી યોગ્યતાવાળા હતા તો પણ તેમનું કાર્ય સર્ગ-સર્જન કર્મમાં પરોવાયેલા હોવાથી તેમજ બુદ્ધિ પણ સર્ગકાર્યમાં જ વ્યાપેલી હોવાથી સનત્ કુમારોએ પૂછેલા પ્રશ્નનું રહસ્ય ના સમજી શકયા. (૧૮) હે ઉદ્ધવ ! જ્યારે સનત્કુમારોએ ઉપરોક્ત પ્રશ્નો કર્યા અને શ્રીબ્રહ્માજી તેનો પાર ન પામી શક્યા ત્યારે મારું ધ્યાન ધર્યું તેથી મેં પ્રસન્ન થઇ હંસના સ્વરૂપે દર્શન આપ્યાં. (૧૯) મને જોઇને સનકાદિ મુનિયો બ્રહ્માને આગળ કરી મને પૂછવા લાગ્યા : 'આપશ્રી કોણ છો ?'' (૨૦) ભાઈ ઉદ્ધવ ! તત્ત્વજિજ્ઞાસુ મુનિવરોએ મને આ પ્રમાણે પૂછ્યું ત્યારે હે ઉદ્ધવ ! આપ આત્માને ઉદ્દેશી પૂછો છો કે આત્માને ઉપાધિરૂપ આ ભૂતસમુદાયને ઉદ્દેશીને પૂછો છો ? જો આત્માને ઉદ્દેશીને પૂછતા હો તો આત્મા અનેક નથી પછી તમારો પ્રશ્ન શી રીતે સંભવે ? માટે તમારો પ્રશ્ન વિચારવા જેવો નથી તો ઉત્તર તો સંભવે જ કેમ ? (૨૨) હવે જો તમારો પ્રશ્ન પંચભૂતના સમુદાયરૂપ દેહને ઉદ્દેશી હોય તો તે પંચભૂતો તો સર્વમાં સરખાં જ છે તેમાં ''તમે કોણ છો'' ? એવો પ્રશ્ન જ ઘટતો નથી તેથી તમારો પ્રશ્ન કેવલ વાણીરૂપ મનાય છે તેનો ઉત્તર આપવા યોગ્ય નથી ગણાતો. (૨૩) અરે સનત્ કુમારો અને બ્રહ્માજી ! મન, વચન, દૃષ્ટિ અને અન્ય ઇન્દ્રિયોથી જે કાંઇ દેખાય છે ગ્રહણ કરાય છે તે સર્વ હું જ છું. મારાથી અન્ય કાઇ જ નથી. આ સત્ય વસ્તુને આપ તત્વદૃષ્ટિથી જાણો છો. (૨૪) ભાઈ ઉદ્ધવ ! હંસ સ્વરૂપે આ પ્રમાણે સામાન્ય રીતે ઉત્તર આપ્યો પછી બ્રહ્માજી જે પ્રશ્નનું સામાધાન ના કરી શાકયા તે પ્રશ્નનો ઉત્તર આપતાં કહેવા લાગ્યા

કે હે પુત્રો ! ચિત્ત ગુણોમાં પ્રવેશ છે અને ગુણો ચિત્તમાં પ્રવેશે છે આ બન્ને વસ્તુઓ જીવના ઉપાધિરૂપ દેહને લઈને એવું જાણો. પરંતુ દેહ કાંઈ જીવનું સ્વરૂપ નથી કારણકે જીવ તો મારો અંશ છે. (૨૫) હે સનત્કુમારો ! વારંવાર ગુણોનું સેવન કરવાથી તેના સંસ્કારો જાગે છે. આ સંસ્કારોને કારણે ચિત્ત ગુણોમાં આસક્ત થાય છે. ગુણો વાસનારૂપે ચિત્તમાં ઉત્પન્ન થાય છે. આવા ગુણો અને ચિત્તને મારા સ્વરૂપનું ધ્યાન કરીને ત્યજી દેવા. (૨૬)

જાગૃત સ્વપ્ન અને સુષુપ્ત અવસ્થાના સાક્ષીરૂપે આત્મા છે

જાગૃત સ્વપ્ન અને સુષુપ્ત એ ત્રણે અવસ્થાઓ બુદ્ધિની વૃત્તિ છે અને તે પણ સ્વાભાવિક નથી પરંતુ સત્ત્વદિ ગુણોથી જ થનારી છે. જીવ તો એ ત્રણે અવસ્થાઓથી અત્યંત જુદો જ છે કારણ કે જીવ તો ત્રણે અવસ્થાના સાક્ષીરૂપે જ ગણવામાં આવેલ છે. (૨૭) હંસ ભગવાને આગળ વધતાં કહ્યું કે હે કુમારો ! એવો પ્રશ્ન મનમાં ઊઠે કે હું જાગું છું એવી પ્રતીતિ થતી હશે તો એમ જાણવાનું છે કે જાગૃત અવસ્થા તેમજ સુષુપ્તિ અવસ્થા બુદ્ધિની વૃત્તિઓ છે. તેમાં જ્યારે આત્માનો અધ્યાસ થાય છે ત્યારે હું જાગું છું એવી જે પ્રતીતિ થાય છે તે અધ્યાસને લીધે છે માટે તે ત્રણે અવસ્થાઓથી મુક્ત ચોથા મારા સ્વરૂપમાં રહી આ સંસારરૂપ બંધનનો ત્યાગ કરવો જેથી વિષયો તથા મનનો પણ પરસ્પર ત્યાગ થઈ જશે. (૨૮) આ બંધન અહંકારને લીધે કરાયું હોઈ તે જ આત્માનાં આનંદાદિ ઢાંકી દઈ તેને અનર્થનું કારણ થાય છે એમ સમજી ''આ બધું દુઃખમય છે'' આમ વૈરાગ્ય પામી ત્રણ અવસ્થાઓથી રહિત ચોથા સાક્ષીસ્વરૂપે રહી સંસારચિંતાનો ત્યાગ કરવો એટલે બુદ્ધિ ઉપરના અભિમાનને તથા તેથી કરાયેલી ભોગચિતાને ત્યજી દેવી. (૨૯) હે કુમારો ! સ્વપ્ન અવસ્થામાં કામ કરતો પુરુષ પોતાને તો જાગૃત સમજે છે, ખરી રીતે તે જાગૃત નથી જ પરંતુ તે સ્વપ્નમાં જ છે તેમ જ્યાં સુધી યુક્તિપૂર્વક સમજવાથી પુરુષની ભેદબુદ્ધિ ટળતી નથી ત્યાં સુધી તેના અજ્ઞાનની નિવૃત્તિ પણ નથી થતી તેથી તે ગમે તેવો સમજુ હોય તો પણ કાંઈ જ સમજતો નથી એ વાત જણાવી. (૩૦) હે કુમારો ! સ્વપ્ન અવસ્થામાં રેહલો પોતાને રાજા માનનાર જાગ્યા બાદ તેવું માનતો નથી તેવી રીતે દેહ-મનુષ્ય-ગન્ધર્વ વગેરે ભાવો આત્મામાં ઘટતા નથી તેથી તેનાથી થયેલા ભદો વર્ણ, આશ્રમ વગેરે આ આત્માને હોતા નથી. (૩૧)

હે કુમારો ! જાગૃત દશામાં ક્ષણ બદલાતા નશ્વર અવસ્થાવાળા બાલ્ય-યૌવન વગેરે ધર્મવાળા બહારનાં સ્થૂલ દેહાદિ પદાર્થોને ચક્ષુ આદિ સમસ્ત ઇન્દ્રિયો દ્વારા જે ભોગવે છે તેમજ સ્વપ્ન અવસ્થાના હૃદયમાં તે જાગૃત અવસ્થા જેવા જ વાસનામય સૂક્ષ્મ પદાર્થોને ભોગવે છે અને સુષુપ્ત અવસ્થામાં તે સર્વ પદાર્થોને જે સમેટી લે છે તે આત્મા એક જ છે કારણ કે આ એક જ આત્મા જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓનો સાક્ષી છે. હે કુમારો ! જાગૃત અવસ્થાને સર્વ ઇન્દ્રિયો જુએ છે. સ્વપ્ન અવસ્થાને મન જુએ છે અને સુષુપ્તિ અવસ્થાને તે તે સંસ્કારવાળી બુદ્ધિ જુએ છે પણ ખરી રીતે તેમ નથી. કારણ કે આત્મા જ સર્વ ઇન્દ્રિયોનો, મનનો તથા બુદ્ધિનો નિયંતા છે. (૩૨) હે કુમારો ! વળી કોઈ કહે કે ઇન્દ્રિયોના નિયંતા તો વિશ્વ છે, મનનો નિયંતા તૈજસ છે તેમજ બુદ્ધિનો નિયંતા પ્રણ છે માટે જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તના દ્રષ્ટા તે વિશ્વ, તૈજસ અને પ્રણ જુદા જુદા જ હોવા જોઈએ તો તેવું માનવાની આવશ્યકતા નથી કારણ કે એ તો માત્ર જુદાં જુદાં નામો જ આત્માનું સર્વ અર્વઅસ્થાઓમા અનુ સંધાન રહે છે. માટે સર્વ અવસ્થાએમાં આત્મા એક જ છે આવું વિચારીને ગુણોથી થનારી જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓ મનની છે છતાં મારી માયાને લીધે જ મારામાં કલ્પાયેલી છે એવો આત્મસ્વરૂપનો નિશ્ચય કરી તમે અનુમાનો અંતે સત્પુરુષોના ઉપદેશોનું શ્રવણ-મનન કરીને તીક્ષ્ણ કરેલી જ્ઞાન-તલવારથી સર્વ સંશયોના કારણભૂત અહંકારનો નાશ કરી હૃદયમાં રહેલા મને ભગવાનને ભજો. (૩૩) આ વસ્તુ અનુમાનથી સમજાવે છે કે આત્મામાં દેખાતું દેવત્વ-મનુષ્યત્વ-સુખિત્વ કે દુઃખિત્વ સર્વ કાઈ ભ્રમ છે કારણ કે તે વિનાશશીલ અત્યંત ચંચળ છે. જે વસ્તુ અત્યંત ચંચળ હોય તે પણ ભ્રાંતિરૂપ જ હોય છે. જેમ જેમ ઊંબાડિયાનું ચક્કર અત્યંત ચંચળ છે. માટે ભ્રાંતિરૂપ જ છે. ક્ષણવાર કોઈ એમ માને કે ભ્રાંતિ પણ વિષય વિના કેમ થાય ? તો તેનો ઉત્તર એ છે કે વિજ્ઞાનસ્વરૂપ એક જ આત્મા અનેક સ્વરૂપે ભાસે છે, માટે ગુણોના પરિણામથી કરાયેલો આ અધ્યાત્મ, અધિમૂત અને અધિદેવ નામનો ત્રણ પ્રકારનો જે ભેદ જણાય છે તે કેવલ માયા જ છે. (૩૪)

હે કુમારો ! આ દેહ-ગેહ-પરિવાર વગેરે પ્રપંચ આત્મામાં કલ્પિત છે માટે તે દેહ-ગેહ વગેરે વસ્તુમાંથી આત્મદષ્ટિને પાછી પાળી લઇને તેમાંથી હું અને આ મારું એવા મમત્વ ત્યજી દઇને નિજ સુખ એટલે પરમાનંદ સ્વરૂપ આત્મનું અનુસંધાન કરે અને આ પ્રકારના અનુસંધાન માટે તૃષ્ણાને ત્યજે, મન-વાણી-કર્મના વ્યાપારને છોડી દે. હે કુમારો ! આ વખતે કોઇ એમ કહે કે દેહવાળા મનુષ્યને દેહ-ગેહ વગેરે નિભાવ તો કરવો પડેને ! કારણ કે સર્વથા દેહના અભ્યાસને મૂકી દે તો દેહ વગેરેના નિર્વાહ કેમ થાય ! એ નિર્વાહ માટે તો આહાર વગેરે આપવાં પડેને ? તેના ઉત્તરમાં કહ્યું કે તે બરાબર છે નિર્વાહાદિ માટે આહાર વગેરે અવશ્ય આપવાં જોઇએ, પણ વાસ્તવિક બુદ્ધિના રાખે તો અને તે રીતે દેહમાં સત્યપણાની બુદ્ધિ ના રાખે તો તેને આહાર વગેરે આપવાં છતાં તેમાં મોહ નહીં થાય પણ તે દેહ પડે ત્યાં સુધી તે દહેનું સ્મરણ રહેશે. (૩૫)

જેમ મદિરાના મદથી મત્ત બનેલા માનવને પહેરેલું વસ્ત્ર સરી જાય કે કાય ઉપર રહે તેની તેને કાંઇ ખબર નથી તેમ દેહ ઊભો છે કે પડી ગયેલ છે કે આવેલ છે તેને તે ન જુએ કારણ કે દેહ વિનાશશીલ છે અને આ જીવ આત્મતત્વરૂપ છે એવું સમજીને અત્મનિષ્ઠ બનતાં દેહનું અનુસંધાન કરતો નથી. (૩૬)

કુમારો ! કદાચ એવી પણ શંકા સંભવે કે જો દેહ ક્ષીણ થવા માંડે તેને ન સંભાળીએ તો તરત જ પડી જાય માટે તે દેહને કેમ છોડી દેવાય ? તો તેનું સમાધાન કરે છે કે દેહ તો પ્રારબ્ધ કર્મથી બંધાયેલો છે તે કર્મ પૂર્ણ થાય નહીં ત્યાં સુધી તે દેહ પ્રાણો અને ઈન્દ્રિયોની સાથે રહેવાનો છે માટે યોગી પુરુષ તેના ઉપર આસક્તિ નથી રાખતા કારણ કે તેઓની વિવેકવૃત્તિ પ્રકટી છે તેથી તેઓ સ્વપ્નના પદાર્થોની માફક આસક્ત થતા નથી. (૩૭)

વાર્તાનો ઉપસંહાર

ભગવાન હંસે કહ્યું કે કુમારો ! હે વિપ્રો ! સાંખ્ય શાસ્ત્રનું તેમજ યોગમાર્ગનું ગુહ્ય તત્વજ્ઞાનમેં આપને સમજાવ્યું છે. આપને ધર્મનો ઉપદેશ આપવા માટે જ હું વિષ્ણુ આપની પાસે આવ્યો છું. એવું આપ જાણો. (૩૮) હે વિપ્રવરો ! હું યોગથી, સાંખ્યથી તેમજ વેદ પ્રમાણે પાળવામાં આવતા અને જાણવામાં આવતા ધર્માનુષ્ઠાનથી, પ્રભાવથી, લક્ષ્મીથી, કીર્તિથી તથા ઈન્દ્રિયનિગ્રહથી કે અન્ય સાધનોથી જાણવા યોગ્ય અને પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ હું એટલે ભગવાન છું તેમજ તે સર્વનો આશ્રય પણ ભગવાન જ છે. (૩૯) કુમારો હું ગુણોથી રહિત છું. મારે કાંઇ પણ મેળવવાનું નથી હું સર્વનો બંધુ છું, આત્મા છું, પ્રિય છું, સમદષ્ટિ છું, અસંગ છું, આ સર્વ નિત્ય ગુણો મને ભજે છે-મારામાં રહે છે. (૪૦) ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! આ રીતે સનકાદિ કુમારોના સંદેહો મેં દૂર કર્યા ત્યારે તે કુમારોએ અનન્ય ભક્તિપૂર્વક મારાં અર્ચન કરીને અનેક સ્તોત્રોથી સ્તુતિ કરી. (૪૧) પુનઃ તે મહર્ષિઓએ સ્તુતિ કીધી, અર્ચન કીધાં તેમજ ઉપદેશ શ્રવણથી બ્રહ્માજી પણ પુષ્કળ પ્રસન્ન થયા અને તેઓના દેખાતાં જ મેં મારા ધામ પ્રત્યે પ્રસ્થાન આદર્યું.

तैरहंपूजितः सम्यक् संस्तुतः परमर्षिभिः । प्रत्येयाय स्वकं धाम पश्यतः परमेष्ठिनः ॥ ४२ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંધનો અધ્યાય ૧૩ મો સમાપ્ત

અધ્યાય - ૧૪ મો

(આ ચૌદમા અધ્યાયમાં ભગવત્ પ્રાપ્તિનાં સાધનોનો વિચાર કરીને નિર્ણય બતાવ્યો છે કે ભક્તિયોગ સરલ અને સુલભ સાધન છે. સાયુજ્ય મુક્તિ પ્રકરણનો આ વિષય છે. આ અધ્યાયમાં કુલ ૪૬ શ્લોક છે.)

उद्धव उवाच-वदन्ति कृष्ण श्रेयांसि बहूनि ब्रह्मवादिनः । तेषां विकल्पप्राधान्यमुताहो एकमुख्यता ॥ १ ॥

શ્રી ઉદ્ધવજીએ ભગવાન શ્રીકૃષ્ણને પ્રશ્ન પૂછ્યો કે નાથ ! બ્રહ્મવેત્તા મહાપુરુષો અનેકવિધ અનેક પ્રકારનાં શ્રેયસ કલ્યાણો દર્શાવે છે. તેમજ કલ્યણાનાં સાધનો પણ દર્શાવે છે. તો આપ તે વાત સ્પષ્ટ સમજાવવા કૃપા કરો કે તે સર્વ સાધનો પોતે પોતાની દૃષ્ટિથી ઉત્તમ છે કે તે સર્વમાં કોઇ એક વધુ શ્રેષ્ઠ છે ? અને બીજાં ગૌણ છે. (૧) હે નાથ ! આપે ભક્તિયોગને નિરપેક્ષ કહ્યો છે અને મોક્ષને સાધન તરીકે કહ્યો છે. આપે કહ્યું કે ભક્તિયોગ સર્વ વિષયોમાંથી આસક્તિ

છોડાવીને આપનામાં મનને સ્થિર કરે છે. (૨)

સૃષ્ટિના પ્રારંભમાં વેદવાણીનાં બ્રહ્માજીને જ્ઞાન

ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજીના પ્રશ્નને ધ્યાનમાં લઇ ઉત્તર આપે છે કે ભક્તિ જ મહાફલ છે. બીજા શ્રેયસ અથવા સાધનો તો જીવોએ પોતાની પ્રકૃતિને અનુસરીને સ્વર્ગાદિ લોકોની લાલસાથી કલ્પેલાં છે પરંતુ સ્વર્ગાદિ સુખો તો અલ્પ ફલવાળાં જ છે આમ છતાં લોકોએ એ સાધનોને અને સુખોને મહત્વ આપ્યું છે. એટલું જ નહીં પણ પોતાના મંતવ્યોને પોષનારા વેદમંત્રોના અર્થો પણ કર્યા છે. હવે ભાઈ ઉદ્ધવ ! હું સમાધાન કરું છું તો તે સાંભળો બ્રહ્માજીને તે વેદવાણીનાં દાન કરું છું. આ પ્રકારનો બ્રહ્માજીને ઉપદેશ-વેદવાણીનાં દાન સંકલ્પ બળથી જ હું કરું છું. આ વેદવાણીમાં ભાગવત ધર્મોનું જ નિરૂપણ છે. (૩) મારી પાસેથી મેળવેલી વાણીને બ્રહ્માજીએ પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રીસ્વાયંભુવ મનુને આપી. પુનઃ મનુ મહારાજ પાસેથી ''ભૃગુ-મરીચિ-અંગિર-પુલહ-પુલસ્ત્ય-અત્રિ-ક્રતુ'' આ નામના સાત પ્રજાપતિઓએ આ વાણીનો અભ્યાસ કર્યો. (૪) ત્યારબાદ ભૃગુઋષિ વગેરે સાત પ્રજાપતિઓ પાસેથી તેમના પુત્રોએ, દેવોએ, દાનવોએ, ગુહયકોએ, મનુષ્યોએ, સિદ્ધોએ, વિદ્યાધરો અને ચારણોએ આ વાણી મેળવી. (૫)

કિંદેવ-કિન્નર વગેરે જાતિઓ

ભાઈ ઉદ્ધવ ! કિંદેવ નામની એક જાતિ છે. જેમના દેહમાંથી પસીનો, દુર્ગન્ધ વગેરે આવતાં નથી તેમજ શારીરિક શ્રમ જેવું પણ જેમને નથી લાગતું તે જાતિ શું દેવો હશે કે મનુષ્ય ? એવો સંદેહ થતો હોવાથી તેમને 'કિંદેવ' કહેવામાં આવે છે. જંબુદ્વીપથી અન્ય કોઇ દ્વીપની 'કિંદેવ' નામની માનવ જાતિ છે. કિન્નરોની જાતિમાં મુખ- ભાગથી કે શરીરના અમૂક ભાગથી મનુષ્ય જેવા હોય છે તેમને કિન્નરો કહ્યા છે. કિંપુરુષો પણ મનુષ્યને મળતી જ આકૃતિવાળી વાનરાદિ જાતિ છે. આવી દેવોથી લઈને માનવ સુધીની પ્રત્યેક જાતિના અને વ્યક્તિઓના સ્વભાવો તેમજ આ સર્વ જાતિની વાસનાઓ સત્વ-રજસ-તમોગુણના કારણથી ભિન્ન ભિન્ન છે. એથી તો આ જાતિઓમાં તેમજ મતિ-વૃત્તિઓમાં પણ અનેક ભેદ હોય છે. આવી જુદી જુદી પ્રકૃતિ, બુદ્ધિ સ્વભાવને અનુસરીને વેદવાણીના અર્થો પણ ભિન્ન ભિન્ન કર્યા છે. ભાઈ ઉદ્ધવ ! વેદવાણી જ એલૌકિક છે. જેના ફલ સ્વરૂપે વિવિધ અર્થો થવા એ સ્વાભાવિક વસ્તુ છે. (૬,૭) ઉદ્ધવ ! આ રીતે ભિન્ન સ્વભાવને કારણે તેમજ પરંપરાગત ઉપદેશના ભિન્ન પ્રકારોને લીધે મનુષ્યોની મતિમાં પણ વિભિન્નતા આવી છે તેમજ કેટલાક વર્ગ કે જાતિ વિના વિચારે જ વેદ વિરૂદ્ધ પાખંડમતાવલંબી બની જાય છે. (૮) ભાઈ ઉદ્ધવ ! હે પુરુષશ્રેષ્ઠ ! હે મહાનુભાવ ! મારી માયામાં માયાથી મુગ્ધ થયેલા પુરુષોનાં પોતાના કર્મને અને અનુરાગને અનુસરીને અનેક પ્રકારનાં શ્રેયસ વર્ણવ્યાં છે. (૯)

પુરુષાર્થની દિશામાં મતાન્તર

धर्ममेके यशश्चान्ये कामं सत्यं दमं शमम् । अन्ये वदन्ति स्वार्थं वा ऐश्वर्यं त्यागभोजनम् ॥ १० ॥

केचिद्यज्ञतपोदानं व्रतानि नियमान् यमान् । आद्यन्तवन्त एवैषां लोकाः कर्मविनिर्मिताः ॥ ११ ॥

ભાઈ ઉદ્ધવ ! તત્ત્વચિંતકોમાં પૂર્વમીમાંસકો ધર્મને સાધન કરીકે અને સ્વર્ગને પરમ ફલ તરીકે માને છે, આલંરિકો યશને પુરુષાર્થ ગણે છે, વાત્સ્યાયન મુનિ વગેરે કામ શાસ્ત્રકારો કામને પુરુષાર્થ માને છે, યોગવિદો સત્યને તેમજ શમ-દમ આદિ સાધનોને પુરુષાર્થ ગણે છે. દંડનીતિકારો ઐશ્વર્યને પુરુષાર્થ માને છે, અન્ય સંન્યાસને પરમ ફલ ગણે છે. કેટલાક ભાગને પુરુષાર્થ ગણે છે, જ્યારે કર્મયોગીઓ યજ્ઞ-તપ-દાન-યમ-નિયમ વગેરેને પરમ ફલ ગણે છે. (૧૦) પરંતુ ભાઈ ઉદ્ધવ ! આ બધા પોતપોતાની સમજણ પ્રમાણે જે કર્મ કરે છે તે કર્મથી જે ફલ મળે છે અને જે લોકની પ્રપ્તિ થાય છે તે ફલ અને તે લોક આદિ અને અંતવાળા હોય છે. ક્ષુદ્ર સુખ- લાભફળવાળા હોય છે અને તે સુખો પણ પરિણામે દુઃખવાળાં જ હોય છે. (૧૧)

સાચું સુખ શ્રી હરિના ચરણ અને શરણમાં

मय्यर्पितात्मनः सम्य निरपेक्षस्य सर्वतः । मयात्मना सुखं यत् तत् कुतः स्याद्विषयात्मनाम् ॥ १२ ॥

अकिञ्चनस्य दान्तस्य शान्तस्य समचेतसः । मया स तुष्टमनः सर्वाः सुखमयादिशः ॥ १३ ॥

न पारमेष्ठ्यं न महेन्द्रधिष्ण्यं न सार्वभौमं न रसाधिपत्यम् । न योगसिद्धीरपुनर्भवं वा मय्यर्पितात्मेच्छति मद्विनान्यत्

न तथा मे प्रियतम आत्मयोनिर्न शंकरः । न च संकर्षणो न श्रीर्नैवात्मा च यथा भवान् ॥ १५ ॥

निरपेक्षः मुनिं शान्तं निर्वैरं समदर्शनम् । अनुव्रजाम्यहं नित्यं पूयेयेत्यङ्घ्रिरेणुभिः ॥ १६ ॥

સુજન ઉદ્ધવ ! હે ભાઈ ! મારામાં મન પરોવી રાખનાર, સર્વથી નિરપેક્ષ અને સર્વથી શાંત તેમજ મારી સેવામાં કે મારા સ્વરૂપમાં જ મન રહેલું હોવાથી મારા ભક્તને જે સુખ સાંપડે છે તે સુખ વિષયમાં મન ભટકતું હોય તેને ક્યાંથી મળે ? (૧૨) ભાઈ ઉદ્ધવ ! અધિક શું કહું જેને કાંઇ પણ ના જોઇએ એવો જે મારો અકિંચન સુદામાં સમાન ભક્ત છે (૧) ઇન્દ્રિયો ઉપર કાબૂ રાખનાર દાન્ત-સંયમી છે. (૨) મન મારામાં હોવાથી શાંતચિત્ત છે. (૩) સર્વત્ર સુખદુઃખ-માનઅપમાન વગેરેમાં સમદૃષ્ટિ છે. (૪) અને મારામાં જ જેનો સર્વ પ્રકારે સંતોષ સમાયેલ છે. (૫) એવા પાંચ સદ્‌ગુણથી ભરોલા ભક્ત ભગવદીયજનને તો સર્વ દિશાઓ સુખમય છે. (૧૩) આવી ઉત્તમ કક્ષામાં રહેલ મારા ભગવદીયને બ્રહ્મલોક નથી ખપતો, મહેન્દ્રનું સ્વર્ગ પણ તેને નથી જોઇતું, ચક્રવર્તી થવાની પણ તેની લાલસા નથી, પાતાલના પણ અધિપતિ તેને નથી થવું. યોગની સિદ્ધિઓમાં એનો અનુરાગ નથી, કે મોક્ષ તરફ પણ તેનું મન નથી ! કારણ કે આ ભગવદીયે મન-જીન-આત્મા સર્વ મને સમર્પિત કીધાં છે અને મારા વિના કોઇ વસ્તુ જ ખપતી નથી. (૧૪) ભાઈ ઉદ્ધવ સાંભળ અંતઃકરણની વાત કહું છું કે-મને ભગવાન બ્રહ્માજી જેટલા વહાલા નથી, ભગવાન શંકર જેટલા પ્રિયતમ નથી, શ્રીબલભદ્ર ભૈયા પણ જેટલા પ્રિયતમ નથી, કે મારી અર્ધાંગના શ્રી રમાલક્ષ્મી જેટલા પ્રિય નથી કે મારો આત્મા મને નથી જેટલો પ્રિયતમ કે તેટલો મારો ભક્ત મને વહાલો છે કે જેટલા ઉદ્ધવલાલ તમે મને પ્રિયતમ છો. (૧૫) જે ભગવદીયજન (૧) નિરપેક્ષ છે (૨) મુનિ છે તેથી સતત મારું જ મનન કરે છે (૩) શાંત છે, (૪) નિર્વૈર છે જેને કોઇ સાથે વૈરવૃત્તિ નથી, (૫) સર્વત્ર સમ દૃષ્ટિવાળો છે, (૬) સર્વમાં મારું જ દર્શન કરનારા છે તેવા તાદૃશીજનની પાછળ પાછળ હું વિચરું છું. ભાઈ ! હું માનું છું કે એની પદરજથી હું પાવન થાઉં છું. (૧૬)

ષડૈશ્વર્ય-સમ્પન્નને શી સંપત્તિ આપવી?

(૧) અકિંચન, અસંગ્રહી, (૨) મારામાં દૃઢતર અનુરાગવાળા. (૩) સર્વથા શાંત પ્રકૃતિવાળા, (૪) સ્વભાવશીલથી મહાન પુરુષો છે, (૫) અને જીવ માત્ર ઉપર ખૂબ જ વાત્સલ્ય ભાવ-સ્નેહ ભાવ રાખનારા, (૬) કોઇ કામના- ઇચ્છા-લાલસા જેમની બુદ્ધિને ઘેરી વળી નથી એવી ષડઐશ્વર્યસમ્પન્ન મારા ભક્તજનો મારી સેવાથી, મારા સંસર્ગથી જે નિરપેક્ષ અનુભવી રહ્યા છે તેવો આનંદ સકામ લોકો ક્યાંથી જાણી શકે? તો પછી ભોગવી તો ક્યાંથી જ શકે ? (૧૭) ક્ષણભર માની લો કે મારો ભક્ત ઇન્દ્રિયો ઉપર આવશ્યક સંયમ સંપાદન નથી કરી શક્યો છતાં જો તે ભક્તિપરાયણ છે તો તેના ઉપર વિષયો ચઢી આવે-વિષયો તેને સતાવે તો પણ મારી દૃઢ ભક્તિનું તેને કવચ છે-પીઠબળ છે તેથી તેને વિષયો હરાવી શકશે નહીં. (૧૮) ભાઈ ઉદ્ધવ ! ખૂબ જ ભક્તો અગ્નિ કાષ્ઠને ક્ષણમા જ ભસ્મ બનાવી દે છે તેવી જ મારામાં રહેલી દૃઢ ભક્તિ સર્વ પ્રકારનાં પાપોને ભસ્મ કરી નાખે છે. (૧૯)

न साधपति मां योगो न सांख्यं धर्म उद्धव । न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता ॥ २० ॥

भक्त्याहमेकया ग्रह्य; श्रद्धयात्मा प्रियः सताम् । भक्तिः पुनाति मन्निष्ठा श्वपाकानपि सम्भवात् ॥ २१ ॥

धर्मः सत्यदयोपेतो विद्या वा तपसान्विता । मद्भक्त्यापेतमात्मानं न सम्यकू प्रपुनाति हि ॥ २२ ॥

कथं विना रोमहर्षं द्रवता चेतसा विना । विनानन्दाश्रुकलया शुद्धयेद् भक्त्या विनाशयः ॥ २३ ॥

वाग गद्गदा द्रबते यस्य चितं रुदत्यभीक्ष्णं हसति क्वचिच्च । विलज्ज उद्गायति नृत्यते च मद्भक्तियुक्तो भुवनं पुनाति ॥ २४ ॥

મારા સ્વરૂપમાં વિકસેલી મારી ભક્તિ મને જેટલા પ્રમાણમાં પોતાનો બનાવે છે, તેટલા પ્રમાણમાં યોગશક્તિ, સાંખ્ય, તત્વજ્ઞાન, વૈદિક ધર્મ, વેદાભ્યાસ, તપશ્ચર્યા કે ત્યાગ મને પોતાનો બનાવી શકતાં નથી. (૨૦) ભાઈ ઉદ્ધવ ! હું તો સંતોનો આત્મા છું, મને પામવો હોય તો શ્રદ્ધાથી ભારોભાર ભરેલી અનન્ય ભક્તિથી જ મળી શકું છુ. મારામાં અનન્ય નિષ્ઠાવાળી ભક્તિ શ્વાનને રાંધી ભોજન કરનારા એવા શ્વપાકો-ચાંડાળને પણ પાવન કરે છે. એના જીવન-સ્વભાવનું પરિવર્તન થાય છે અને તે નિર્દય મટી દયા મય બની જાય છે એ એની પાવનતા થાય છે. (૨૧) સત્ય અને દયાના સમાગમવાળો ધર્મ તથા તપથી ખીચોખીચ ભરેલી વિદ્યાનું એટલું પાવન કરવાનું સામર્થ્ય નથી કે જેટલું સામર્થ્ય ભક્તિથી ભરેલા જીવાત્મા-મહાત્માનું છે. (૨૨) કાયા ઉપર રોમાંચ વિના, પીગળી જતા ચિત્ત વિના, આનંદથી છલકાતી અશ્રુભરી આંખલડી વિના જીવાત્માનું અન્તઃકરણ શી રીતે પાવન થાય ? (૨૩) જેની સદા ગદ્ગદ વાણી છે, જેનું ચિત્ત સદા ભકિતરસને દ્રવી રહ્યું છે, ચિત્ત પીગળતાં ભકિતરસ ઝરી રહ્યો છે. ભગવદ્દર્શન લાલસાથી વરંવાર અશ્રુ સારી રહ્યો છે, કવચિત્ ભગવદ્દર્શન થઈ કોકવાર કિલકિલાટ હાસ્ય કરી રહ્યો છે, મને મેળવવા લાજ નેવે મૂકી નાચી રહ્યો છે અને ઉચ્ચ સ્વરે ગાઈ રહ્યો છે આવો જે ભગવદીય છે તે સર્વ ભુવનોને પાવન કરે છે. (૨૪) સુવર્ણ અગ્નિમાં પડતાં સ્વાભાવિક રીતે જ પોતાના મેલને ત્યજી દે છે, અને પોતાના સ્વાભાવિક તેજોમય સ્વરૂપને પામે છે, તે જ રીતે મારી ઉત્કટ વિરહમયી ભક્તિના સંયોગથી ભક્તિના જીવાત્માનું મન કર્મવાસનાના મળને બાળી દઈ મનને નિર્મલ બનાવી મને જ ભજે છે. (૨૫)

ભાઈ ભક્તિ તો નયનાંજન છે જે ભગવાનનું દર્શન કરાવે છે

यथा यथात्मा परिमृज्यतेडसौ मृत्युण्यगाथाश्रवणाभिधानैः । तथा तथा पश्यति वस्तु सूक्ष्मं चक्षुर्यथैवांजनंसंप्रयुक्तम् ॥ २६ ॥

ભાઈ ઉદ્ધવ ! મારી પવિત્ર કથા-ગાથાનું પાન કરતાં અને ગાન કરતાં કરતાં જેમ જેમ આત્મા નિર્મલ બને છે, તેમ તેમ જેમ નયનોમાં અંજન આંજતાં નિર્મલ બનેલ નયનોથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુને જોઈ શકાય છે તેવી જ રીતે વિશુદ્ધ મન અને નિર્મલ લયયન બનેલ ભક્તને મારા મંગલ સ્વરૂપનો સાક્ષાતકાર થાય છે. (૨૬) વિષયોનું ધ્યાન કરતાં જેમ ચિત્ત શ્રમ વિના વિષયોમાં પ્રવેશે છે તેવી જ રીતે મારું ધ્યાન કરતાં મન મારામાં પ્રવેશે છે-લીન થાય છે. (૨૭) ભાઈ ઉદ્ધવ ! આ માટે એક કાર્ય કરવું જોઈએ કે સ્વપ્નમાં જોયેલા અને મનોરથમાં પેદા કરેલા ખોટા પદાર્થોને જાગતાં અને વિવેક આવતાં છોડી દઈને સાચા પદાર્થોનું જ ધ્યાન કરાય છે તેવી જ રીતે મારી ભાવનામાં રંગાઈ જઈને મારા જ સ્વરૂપનું ધ્યાન કરવું અને ચિત્તને મારામાં એકાગ્ર કરવું. (૨૮) સેવાવિમુખ વિષયવાસના- સન્મુખ રહેતી સ્ત્રીઓ તેમજ તેવી સ્ત્રીઓના સંગમાં રહેનારાઓના સંગને દૂરથી જ ત્યજી દઈને આત્મબળ-મનો- બળવાળા પુરુષે સર્વથા સાવધ રહી આળસને નેવે મૂકીને કલ્યાણકારી મંગલમય પ્રદેશમાં બેસીને મારા સ્વરૂપનું ધ્યાન કરવું. (૨૯) ભાઈ ઉદ્ધવ ! કામિની નારીઓના સંગથી તેમજ વિષયલંપટ અને વારાંગનાના સંગથી લંપટ વિષયી જનોના સંગથી આત્માનું જેટલું બંધન થાય છે અને આત્માને જેટલો અનંત કલેશ થાય છે તેટલા પ્રમાણમાં બંધન અને પીડા અન્યના સંગથી નથી થતાં માટે જ આવા દુષ્ટ સંગોનો ત્યાગ જ કરવો રહ્યો. (૩૦)

શ્રી ઉદ્ધવજી આ પ્રમાણે ભગવાનના શ્રીમુખથી સર્વ કથાપ્રસંગનુ શ્રવણ કરીને પૂછવા લાગ્યા કે હે કમલનયન શ્રીકૃષ્ણ ! મુમુક્ષુજન જેવા સ્વરૂપનું અને જેવા પ્રકારથી આપનું ધ્યાન કરે છે તે ધ્યાનનું સ્વરૂપ તેમજ તે ધ્યાનના પ્રકારને આપ મને કહેવાની કૃપા કરો. (૩૧)

ભકતવત્સલ ભગવાને દર્શાવેલો ધ્યાનનો પ્રકાર

ભગવાન શ્રીકૃષ્ણે શ્રી ઉદ્ધવજીના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં કહ્યું કે ભાઈ ! અત્યંત ઊંચું નહીં કે અત્યંત નીચું નહીં એવા સમાન-સરખા આસન ઉપર ટટાર પણ અક્કડ નહીં એવી રીતે બેસવું. ઉત્સંગમાં-ખોળામાં બે હાથ રાખવા તેમજ પોતાની નાકની અણી ઉપર નજર રાખવી. (૩૨) આ પ્રકારે આસનસિદ્ધ કરી બેઠા પછીથી પૂરક-રેચક-કુંભક એવા ત્રણ પ્રકારે પ્રાણાયામ કરી પ્રાણમાર્ગને શુદ્ધ કરવો. પૂરક એટલે જમણી નાકની ટીસીને અંગૂઠાથી દબાવી ડાબી બાજુના

નાકના છિદ્રમાંથી ત્રણ ગાયત્રી મંત્ર બોલીએ એટલા સમય સુધી શ્વાસ અંદર લેવો એનું નામ પૂરક છે. ત્યારપછીથી ડાબી બાજુના નાકના છિદ્રને પણ બંધ રાખી પ્રાણવાયુને-શ્વાસને ત્રણ વાર ગાયત્રી મંત્ર બોલતાં જેટલો સમય લાગે તેટલો સમય રોકી રાખવો એ કુંભક કહેવાય છે. પુનઃ જમણી બાજુના નાકના છિદ્રને જરા પોલું કરવું, ડાબી બાજુનું નાસિકાછિદ્ર તો બંધ જ રાખવું અને ખોલેલા છિદ્રમાંથી ત્રણ વાર ગાયત્રી મંત્ર બોલાય તેટલા સમયમાં ધીરે ધીરે વાયુને છોડવો એ રેચક કહેવાય છે. આ રીતનો અનુલોમ પ્રાણાયામ કરવો અથવા વિલોમ એટલે ઊલટા પ્રકારે પ્રાણાયામ કરવો. વિલોમ એટલે પ્રથમ રેચક પછી કુંભક અને પૂરક એ પ્રકારે પ્રાણાયામ કરવો પરંતુ ઈન્દ્રિયો ઉપર સંયમ કરી ધીરે ધીરે પ્રાણાયામ કરવો પ્રાણાયામનો અભ્યાસ કરવાથી ઈન્દ્રિયો વિષયો તરફ વળતી અટકી જાય છે માટે પ્રણાયામ કરવો. (૩૩) ભાઈ ઉદ્ધવ ! કમલની પોલી દાંડીની અંદર એક બિસતંતુ હોય છે તે કમલની સાથે અખંડ જોડાયેલ છે તેવી જ રીતે શરીરમાં ૐકાર અખંડ જોડાયેલા છે આ ૐકારને પ્રાણયામ કરીને હૃદયમાં ઘંટાનાદની જેમ પ્રકટ કરવો અને તે નાદમાં પ્રાણને મેળવી દેવો. (૩૪) આવા એટલે ૐકાર સંયુક્ત પ્રાણયામનો ત્રણે સંધ્યાકાલના સમયે દશ વાર અભ્યાસ કરતાં કેવલ એક જ માસમાં સાધક-ઉપાસક યોગી પ્રાણને પોતાને વશ બનાવી શકે છે. (૩૫)

ધ્યાનનો પ્રકાર અને હૃદયપુંડરીક-કમલનું સ્વરૂપ

हृत्पुं डरीकमन्तःस्थमूर्ध्वनालमधोमुखम् । ध्यात्वोर्ध्वमुखमुन्निद्रमष्टपत्रं सक्रर्णि कम् ॥ २६ ॥

ભાઈ ઉદ્ધવ ! આ હૃદયપુંડરીક એટલે હૃદય નામના કમલના સ્વરૂપની ભાવના આ પ્રમાણે કરવી. જેમ કેળનું ફૂલ થાય છે તેનો નાળ ઊંચો હોય છે અને મુખ નીચું હોય છે એવા જ પ્રકારની હૃદયકમળની ભાવના કરવી. ભગ- વાનનું ધ્યાન કરતાં ધીમે ધીમે બીડાયેલા તે હૃદયકમલને ખીલેલું જોવું. આ કમલની આઠ પાંખડીઓ છે તે પણ ધ્યાનપૂર્વક ધીમે ધીમે જોવી અને તે કમલની મધ્યમાં એક કળી રહેલી છે તે પણ જોવી. (૩૬) હવે ઉદ્ધવ આ બીડાયેલ કળી એટલે કર્ણિકાને વિકસાવવા માટે આ કળીમાં ક્રમે કરીને ઉત્તરોતર સૂર્ય, સોમ અને અગ્નિનું ચિંતન કરવું. આ ચિંતન કર્યા પછીથી આ અગ્નિની મધ્યમાં જે સ્વરૂપનું ધ્યાન સદા મંગલમય છે અને ધ્યાન કરતાં સર્વમંગલ જ થાય છે એવા મારા સ્વરૂપનું ધ્યાન કરવું. (૩૭)

समं प्रशान्तं दीर्धचारुचतर्भुजम् । सुचारुसुन्दरग्रीवं सुकपोलं शुचिस्मितम् ॥ ३८ ॥

समानकर्ण विन्यस्तस्फुरन्मकरकुण्डलम् । हेमाम्बरं धनश्यामं श्रीवत्सश्रीनिकेतनम् ॥ ३९ ॥

शंख चक्रगदापद् मवनमालाविभूषितम् । नूपुरैर्विलसत्पादं कौस्तुभप्रभया युतम् ॥ ४० ॥

द्युमत्किरीकटककर्टिसूत्राङ्गदायुतम् । सर्वाङ्गसुन्दरं हृद्य प्रसादसुमुखेक्षणम् । सुकुमारममिध्यायेत् सर्वांङ्गेषु मनो दधत् ॥ ४१ ॥

ભાઈ ઉદ્ધવ ! જો આ સ્વરૂપનું ઠીક ધ્યાન ધરવું. આ સ્વરૂપ (૧) सम- સર્વ અંગે સુડોળ છે, (૨) प्रशान्त વેશભૂષાથી અત્યંત શાંત સ્વરૂપ છે, (૩) सुमुखम्- સુંદર મુખારવિંદવાળું છે, (૪) दीर्ध चारुचतुर्भुजम्- લાંબી અને અત્યંત મનોહર ચાર ભુજાવાળું છે, (૫) सुचारु- સ્વરૂપ ઘણું મનોહર છે, (૬) सुन्दरग्रीवम् ડોક ઊંચી અને અત્યંત સુંદર છે, (૭) सुकपोलम्- બન્ને ગાલ મનગમતા મનોહર છે, (૮) शुचिस्मितम्- સ્મિત હાસ્ય ઉજ્જવળ અને અત્યંત પવિત્ર છે, (૯) समाकण विन्यस्तस्फुरन्मकरकुण्डलम्- બન્ને કાન સરખા છે તેમજ બન્ને કાનોમાં એક જ સરખા ચળકતાં મકરાકૃતિ- વાળાં બે કુંડલો છે, (૧૧) हेमान्बरम्- સુવર્ણવર્ણ પીતાંબર છે. (૧૨) धनश्यामम्- મેધ સમાન શ્યામ કાંતિ છેં, (૧૩) श्रीवत्स- श्रीनिकेत्तनम् શ્રીવત્સનું વક્ષઃસ્થળમાં ચિન્હ છે તેમજ શ્રીલક્ષ્મીજીનું નિવાસસ્થાન છે, (૧૪,૧૮) शंख-चक्र-गदा-पद्म-वनमाला- विभूषितं- શંખ-ચક્ર-ગદા પદ્મ અને વનમાલાથી સુશોભિત છે, (૧૯) नूपुरैर्विलसत्पादम्- શ્રીચરણોમાં નૂપુર ધારણ કરલાં છે અને નૂપુરો ચરણકમલોથી શોભી રહેલ છે, (૨૦) कौस्तुभप्रभयायुत्तम्- કૌસ્તુભ મણિની કાન્તિવાળું છે, (૨૧) द्येमत्- किरीट- (૨૨) कटिसूत्र- (૨૪) अंगदायुतम्- ચળકતા મુકુટ શોભતાં, કંકણ, શોભતી કંચી કંદોરાની શેર અને દીપતા બે બાજુબંધવાળું છે, (૨૫) सवंङ्गिसुन्दरम्- સર્વશ્રી અંગો અત્યંત સુદર છે, (૨૬) हृद्यम्- હૃદયમાં વસી જાય એવું દિવ્ય છે, (૨૭) सादसुमुखेक्षणम्- દર્શન કરતાં

જ દેખાઈ આવે છે કે કોઇ જીવ શરણે આવે તો તેના ઉપર કૃપા વરસાવવા અત્યંત તત્પર છે, (૨૮) સુકુમાર્-શ્રીઅંગો અતિશય સુકોમળ છે એવા અઠ્ઠાવીસ તત્ત્વથી ભરેલા તેમજ અઠ્ઠાવીસ તત્વોથી પણ પર એવા સર્વાંગ મનોહર ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું. (૩૮-૪૧) આ ધ્યાનનાં જ બળથી ધીમે ધીમે ઈન્દ્રિયોને ઈન્દ્રિયોમાંથી તેમજ મનને મનના વિષયોમાંથી પાછું વળી લઈ તે સર્વને ઉપર વર્ણવેલા સર્વ મનો- હર સ્વરૂપમાં પરોવી દેવાં. આ ધ્યાનમાં સહાય કરવા માટે બુદ્ધિને સારથિ બનાવવી અને ધૈર્યપૂર્વક ઈન્દ્રિય, મન અને બુદ્ધિને પણ ભગવાનના [illegible] સ્વરૂપમાં વાળીને વસેલા મનને તેમાંથી લઈને એક એક અંગમાં લગાવવું. આ વખતે અન્ય અંગોનું ધ્યાન ન કરવું અને અંતમાં સુંદર સ્મિત હાસ્યવાળા મનની જ ભાવના કરવી. (૪૨,૪૩) મનમાં સ્થિર થયેલા ચિત્તને મનમાંથી ખેંચીને બ્રહ્મસ્વરૂપમાં ધારણ કરવું અને બ્રહ્મસ્વરૂપમાંથી પણ મનને ખેંચીને મારા સ્વરૂપમાં પરોવી દેવું પછી કાંઇ પણ યાદ ન કરવું (૪૪) આ રીતે સમાધિ કરનારો પુરુષ પોતાના હ્રદયમાં મારાં દર્શન કરે છે ત્યારે જેમ તેજમાં જુએ છે તેમજ તે ઉપાસક ભક્ત સર્વસ્વરૂપ એવા મારા સ્વરૂપમાં પોતે પોતાને જુએ છે. (૪૫) ભાઈ ઉદ્ધવ ! આવા પ્રકારના તીવ્ર-ઉત્તમ અને સારી રીતે કરેલા ધ્યાનથી મનુનું સમાધાન કરતા યોગીનું મન તાત્કાલિક દ્વિવ્ય-જ્ઞાન અને ક્રિયાના ભ્રમથી મુક્ત થઈને શાંત થઈ જાય છે. (૪૬)

ध्यानेनेत्थं सुतीव्रेण युञ्जतो योगिनो मनः । संयास्यत्याशु निर्बाणं द्रव्यज्ञानक्रियाभ्रमः ॥ ४६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ એકાદશ સ્કંધના જીવનમુક્તિ પ્રકરણના અવાંત સાયુજયમુક્તિ પ્રરણમાં અધ્યાય ૧૪ મો સમાપ્ત

અધ્યાય ૧૫ મો

(આ અધ્યાયમાં અઢાર પ્રકારની સિદ્ધિઓનું વર્ણન આવે છે. આ સિદ્ધિઓ ઉત્કર્ષની આડે આવનાર છે. અને યોગીને પણ લોભાવનાર છે. તેથી સાવધ રહેનાર પરમભક્ત જ હોય છે અને જેના હ્રદયમાં શ્રીકૃષ્ણ પ્રેમ જાગ્યો હોય છે તેનું સિદ્ધિઓમાં મન નથી જતું. આ અધ્યાયમાં્ કુલ ૩૬ શ્લોક છે.)

श्रीभगवानुवाच-जितन्द्रियस्य युक्तस्य जितश्वासस्य योगिनः । मयि धारयतश्चैत उपतिष्ठंति सिद्धयः ॥ १ ॥

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! ઈન્દ્રિયો ઉપર સંયમી, વળી પ્રણાયામ દ્વારા પ્રારા પ્રાણોનો વીજયી, સેવા દ્વારા કે ધારણા દ્વારા ભગવાનમાં મનને પરોવીને સ્થિર કરનાર યોગીને સિદ્ધિયો વણમાગી દોડી આવે છે. (૧) શ્રીકૃષ્ણ પ્રભુનાં વચનોનું શ્રવણ કરીને ભગવદ્‌ભક્ત શ્રીઉદ્ધજીએ ભગવાનને પ્રશ્ન પૂછયો કે ભગવન્ ! હે અચ્યુત ! કયા પ્રકારની ધારણા કરવાથી તેમજ યોગસાધવાથી યોગીજનોને કેવા પ્રાકરની અને કઇ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. તે આપ કહો. (૨)

અષ્ટાદશ સિદ્ધિઓ

ભગવાન શ્રીકૃષ્ણ કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! ધારણાના આશ્રયવાળા યોગના પારંગત સમર્થ યોગી વરોએ કુલ ૧૮ પ્રકારની સિદ્ધિઓ વર્ણવી છે. તેમાં આઠ પ્રકારની મારા આશ્રયથી પ્રાપ્ત થાય છે અને બાકીની દશ પ્રકારની સિદ્ધિઓ સત્ત્વ વગેરે ગુણોના ઉત્કર્ષથી પણ પ્રાપ્ત થાય છે. (૩) આ આઠ પ્રકારની સિદ્ધિઓમાં (૧) અણિમા એટલે વિશાળ કદમાંથી સૂક્ષ્મ બનતું જે આ આંખે કે દૂરબીન વગેરે યંત્રથી દેખી ના શકાય, (૨) મહિમા એટલે નાનામા નાની વસ્તુમાંથી સ્થૂલ સ્વરૂપે થવું (૩) લઘીમા એટલે વજનદાર વસ્તુમાથી તદ્દન હલકા. થવું આ સિદ્ધિઓ દેહમાં સાધી શકાય છે. (૪) પ્રાપ્તિ એટલે સર્વ જીવોની ઈન્દ્રિયોના દેવો સાથે સંબંધ કરવો, (૫) પ્રાકામ્ય એટલે આ લોક અને પરલોકના પદાર્થોને જોવાની શક્તિ, (૬) ઈશિત્વ એટલે ભગવાનની માયાને આજ્ઞા કરવાની શક્તિ તેમજ જીવની માયાના અંશોને પ્રેરવાની શક્તિ, (૭) વશિત્વ ઈન્દ્રિયાદિ ઉપર મનનો અને બ્રહ્મચર્યનો સંયમ, (૮) અવસ્યતી એટલે જે સુખની લાલસા હોય તે સુખની સીમાને એટલે સુખની સીમાને પામવું આ આઠ પ્રકારની સિદ્ધિઓ યોગસાધના અને ભગવાનની કૃપાથી મેળવવાની છે જયારે આ સર્વ સિદ્ધિઓ ભગવાનમાં સ્વાભાવિક રીતે રહેલી છે. (૪,૫) પોતાના દેહમાં ક્ષુધા-તૃષા-શીત-ઉષ્ણ એવી ઊર્મિ- ઓનું ઉત્પન્ન ના થવું એ સિદ્ધિનું અમૂર્મિમત્વ (૯) નામ છે. દૂરથી જોવાનું નામ દૂરશ્રવણ

(૧૦) નામની સિદ્ધિ છે. દૂર સુધી જોવું એનું નામ દૂરદર્શન (૧૧) નામની સિદ્ધિ છે. મનના જેટલા વેગથી તનથી પહોંચી જવું એનું નામ ''મનોજવ'' (૧૨) નામની સિધ્ધિ છે.મનની ભાવના પ્રમાણે રૂપ ધારણ કરવું એનું નામ ''કામરૂપ'' (૧૩) નામની સિદ્ધિ છે, પરકાયામાં પ્રવેશ કરવાની સિદ્ધિનું નામ ''પરકાયપ્રવેશ'' (૧૪) સિદ્ધિ છે. સ્વચ્છાનુસાર મૃત્યુ નામની સિદ્ધિનું નામ ''સ્વચ્છન્દમૃત્યુ'' (૧૫) સિદ્ધિ છે. દેવોના વિહારનાં દર્શન કરવાં એનું નામ ''દેવક્રીડાદર્શન'' (૧૬) સિદ્ધિ છે. પોતાના સંકલ્પો પ્રમાણે કાર્યો થવાં એનું નામ યથસંકલ્પ (૧૭) સિદ્ધિ છે. પોતાની આજ્ઞા પ્રમાણે સર્વ કોઇ કાર્ય કરે એનું નામ ''આજ્ઞાખંડિત ન થવી'' (૧૮) એ પ્રકારની સિદ્ધિ છે. આ ઉપરાંત ત્રિકાલજ્ઞાની (૧૯) થવું એ સિદ્ધિ છે, ઠંડી કે ગરમીની કાયાને અસર ન થવી એનું નામ અદ્વન્દ્વ (૨૦) સિદ્ધિ છે. બીજાના મનની વાત જાણી લેવી એનું નામ પશમનો- વિજ્ઞાન (૨૧) નામની સિદ્ધિ છે. (૨૨) અગ્નિમાં બળવું નહીં (૨૩) સૂર્યને રોકી દેવા, (૨૪) જલને રોકવું અથવા જલમાં ન ડૂબવું, (૨૫) વિષની અસર ના થવી, (૨૬) આ પણ સિદ્ધિ છે. અપરાજય. (૨૭) કયાંય પણ ન હારવું એ પણ લધુ સિદ્ધિ છે. (૮) આ ત્રેવીસ અથવા સત્તાવીસ સિદ્ધિઓ છે. તેમા સૌથી પ્રથમ આઠ સિદ્ધિઓ ત્યાર બાદ બીજી દશ સદ્ધિઓ મળીને કુલ અઠાર સિદ્ધિઓ છે. ત્યાર પછીની પાંચ સિદ્ધિઓ ગણાવી તે ગૌણ સિદ્ધિઓ છે. ભાઈ ઉદ્ધવ ! આ સિદ્ધિઓના કેવલ મેં નામો કહ્યાં છે તેમનું સામાન્ય લક્ષણ પણ કહ્યું છે પરંતુ કયા પ્રકારની ધારણા કરવાથી કઇ સિદ્ધિ પ્રાપ્ત થાય છે એ વસ્તુ કહેવાની રહી છે તે હવે કહીશ તો ભાઈ સાવચેતીથી સાંભળો. (૯)

સિદ્ધિઓને મેળવવાનો પ્રકાર

અણિમા- ભાઈ ઉદ્ધવ ! અણિમા નામની સિદ્ધિને મેળવવાનો એવો પ્રકાર છે કે પંચમહાભૂતની સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે તન્માત્રાઓ છે તે મારું શરીર છે. મારા આ સૂક્ષ્મ સ્વરૂપની ઉપાસના કરનાર વ્યક્તિ પોતાના મનને તે તન્માત્રાના આકારે બનાવી દે છે, વળી તેમાં લગાવી દે છે મારા તન્માત્રારૂપ શરીરનું સદા ધ્યાન કર્યા કરે તો તેને અણિમા સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પથ્થર જેવા પદાર્થોમાં પણ તે પ્રવેશી શકે છે. (૧૦)

મહિમા સિદ્ધિ - ભાઈ ઉદ્ધવ ! મહત્ત્વ સ્વરૂપે પણ સર્વત્ર હું જ વિલસી રહ્યો છું અને એ મહત્ત્વસ્વરૂપમાં હું જ વ્યાવહારિક જ્ઞાનોનું કેન્દ્ર છું. જે યોગી પોતાના મનને મારા મહત્તત્વ નામના આ સ્વરૂપના આકારે બનાવી દે અને મનને મારા આ સ્વરૂપમાં તદાકાર બનાવી દે તેને મારી મહિમા નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ રીતે આકાશ-જલ-વાયુ વગેરે પંચ મહાભૂતોમાંથી કોઇ પણ મહાભૂતમાં મન લગાવી ઉપાસના કરનાર તે તત્વની મહિમા સિદ્ધિ મેળવે છે. (૧૧)

લઘિમાસિદ્ધિ - ભાઈ ઉદ્ધવ ! હવે કોઈપણ સાધક યોગી વાયુ વગેરે ચાર તત્વના પરમાણુઓયે મારું સ્વરૂપ સમજીને ધ્યાન કરે તેમજ મનને તદાકાર બનવી દે તે યોગીને લઘિમા નામની સિદ્ધિ સાંપડે છે. આ યોગી પરમાણુ રૂપ કાલની સમાન સૂક્ષ્મ બનાવા સમર્થ થઇ શકે છે. (૧૨)

પ્રાપ્તિસિદ્ધિ

- ભાઈ ઉદ્ધવ ! હવે જે સાત્ત્વિક અહંકાર તત્વ છે તે મારું જ સ્વરૂપ છે ને કોઇ પણ યોગી તે સાત્વિક અહંકારને મારું સ્વરૂપ સમજીને ધ્યાન કરે છે અને મનને જો તદાકાર બનાવે છે તો તે યોગીને સર્વ ઇન્દ્રિયોના દેવતા સ્વરૂપ થવાની સિદ્ધિ મળે છે. આ સિદ્ધિને 'પ્રાપ્તિ' નામની સિદ્ધિ કહે છે. મારામાં મન રાખવાથી આ સિદ્ધિ મળે છે. (૧૩)

પ્રાકામ્ય સિદ્ધિ - ભાઈ ઉદ્ધવ ! સાંભળો કે જે યોગી ક્રિયાશક્તિવાળા મહત્તત્વને મારું સ્વરૂપ એવું સમજે છે, એવી સમજપૂર્વક અને મહત્ત્વના અભિમાની સૂત્રાત્મા એવા મારા સ્વરૂપનું ધ્યાન કરે છે અને મનને તદાકાર બનાવે છે તે ઉપાસકને મારી સૂત્રાત્માની પ્રાકામ્ય નામની સિદ્ધિ મળે છે. આ સિદ્ધિના બળથી એને ઇચ્છાનુંસાર સર્વ મનઃકાંક્ષિત પદાર્થોની પ્રાપ્તિ થાય છે. (૧૪)

ઈશિત્વસિદ્ધિ - ભાઈ ઉદ્ધવ ! ભગવાન વિષ્ણુ ત્રણ ગુણોના સ્વામી છે. એ વિષ્ણુ મારું સ્વરૂપ છે. એ મારા સ્વરૂપમાં

મન રાખે તેમજ મનને તદાકાર બનાવે તે યોગી 'ઈશિતા' નામની સિદ્ધિને પામે છે. આ વિષ્ણુ જેમ ઉત્પત્તિ, સ્થિતિ અને લયના નિયામક છે તેવા જ કાલાત્મક સ્વરૂપ પણ છે. પરમાણુ કાલથી આરંભીને પરાર્દ્ધ સુધીનો જ કાલ છે તે ભગવાન વિષ્ણુનુ જ સ્વરૂપ છે અને તે વિષ્ણુ મારું સ્વરૂપ છે. આ મારા સ્વરૂપમાં મન રાખવાથી જે આ સિદ્ધિ મળશે આ ઈશિતા નામની સિદ્ધિ દ્વારા દેહ, ઈન્દ્રિયો, અન્તઃકરણને તેમજ આ સર્વને જાણનાર ક્ષેત્રજ્ઞ જીવને પણ પ્રેરણા કરવાનું સામર્થ્ય મળે છે. (૧૫)

વશિતાસિદ્ધિ - જે યોગી ભગવાન શબ્દથી ઓળખાતા તેમજ તેમને તુરીય એટલે વિરાટ, પ્રાજ્ઞ તેજસ એવા ત્રણથી પર ચોથા સર્વ વેદો લોકો ઓળખે છે અને જે મારુ સ્વરૂપ છે. તેમાં જે કોઈ યોગી મન રાખીને ઉપાસના કરે છે તેને 'વશિતા' નામની સિદ્ધિ મળે છે. આ વશિતા સિદ્ધિમાં મારા જે સ્વાભાવિક ગુણો છે તે ભક્ત યોગીમાં પ્રકટે છે. (૧૬)

અવસ્યતી સિદ્ધિ - ભાઈ ઉદ્ધવ ! નિર્ગુણ પરબ્રહ્મા મારુ જ સ્વરૂપ છે. કોઈ પણ યોગી મારા આ સ્વરૂપમાં મન પરોવીને યોગની ઉપાસના કરે છે તેને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. આ પરમાનંદને પામતાં સર્વ શાંત થઈ જાય છે આ સિદ્ધિ કામનાઓ શાંત થઈ જાય છે. આ સિદ્ધિનું 'અવસ્યતી' સિદ્ધિ નામ છે શ્વેત અથવા શુદ્રસ્વરૂપ નામની સિદ્ધિ - પ્રિય ભાઈ ઉદ્ધવ ! શ્વેતદ્વીપના પતિ પણ મારું સ્વરૂપ છે એ ભગવાન અત્યંત શુદ્ધ ધર્મમય સ્વરૂપમાં મન પરોવી તદાકાર બનાવનાર યોગીને શુદ્ધતા-શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આ સિદ્ધિને મળવનાર યોગી ક્ષુધાતૃષા-શોકમોહ-જન્મમૃત્યુ-નામની છ ઊર્મિઓથી-પીડાઓથી-તે યોગી મુક્ત થાય છે. (૧૮)

દૂરશ્રવણ અને વાચોવિજ્ઞાન - ભાઈ ઉદ્ધવ જ્યારે યોગી આ સમગ્ર વિશ્વના પ્રાણરૂપ અને આકાશાત્મા મારા સ્વરૂપમાં મન પરોવીને મન દ્વારા ધોષનું-અનાહતનાદનું ધ્યાન કરે છે ત્યારે તે યોગી દૂરશ્રવણ નામની સિદ્ધિને મેળવીને દૂર દૂરની વતો સાંભળી શકે છે તેમજ આકાશમાં ઉત્પન્ન થનારી આકાશ ચારી પ્રાણીઓ, દેવો હંસાદિ પક્ષીઓની વાણીઓને સમજી શકે છે. (૧૯)

દૂરદર્શન - ભાઈ ઉદ્ધવ ! જે ઉપાસક યોગી ઉપાસના દ્વારા ચક્ષુ નામની ઈન્દ્રિયને સૂર્યમાં પરોવી દે અને ચક્ષુમાં સૂર્યને પરોવી દઈને મારા સ્વરૂપનું ધ્યાન કરે ત્યારે તેની સૂક્ષ્મ દૃષ્ટિ સિદ્ધ થઈ જાય છે ત્યારે દૂરના પદાર્થોને જોઈ શકે છે. તદુપરાંત સારા વિશ્વને પણ તે જોઈ શકે છે. (૨૦)

મનોજવસિદ્ધિ - ભાઈ ઉદ્ધવ ! સાધક વાયુ સહિત મનને અને શરીરને મારા સ્વરૂપમાં મનથઈ સંયુક્ત કરી દે અને મનને તદાકાર બનાવી દે તે યોગીનું જ્યાં જ્યાં મન જાય ત્યાં ત્યાં તેનો દેહ પણ પહોંચી જાય એવી મનોજવ-મનના જેવી શીઘ્ર ગતિ નામની સિદ્ધિ મળે છે. (૨૧)

કામરૂપ સિદ્ધિ - ભાઈ ઉદ્ધવ ! જ્યારે યોગી મનને મુખ્ય કારણ બનાવી અચિંત્ય એવા મારા સ્વરૂપમાં પરોવીને મારું ધ્યાન કરીને મારા સ્વરૂપમાં મનને સ્થિર કરે તો તે યોગી જે જે દેવતાનું સ્વરૂપ લેવા ચાહે તે સ્વરૂપ લઈ શકે છે. આ પ્રકારની સિદ્ધિને કામરૂપ એટલે ઈચ્છાનુસાર રૂપ લેવાની સિદ્ધિ મળે છે. (૨૨)

પરકાયાપ્રવેશ સિદ્ધિ - પ્રાણોને અને ઈન્દ્રિયોને વશ કરનાર યોગી જો પરાકાયમાં પ્રવેશ કરવા ચાહે તો તે યોગી સૌથી પ્રથમ પોતાના આત્મામાં તે સ્વરૂપનું ધ્યાન કરે છે, ત્યારે તે પોતાના સ્થૂલ દેહમાંથી લિંગદેહ સાથે બહાર નીકળીને જેમ કોઈ ભ્રમર એક પુષ્પમાંથી બીજા પુષ્પમાં પ્રવેશ કરે તેમ તે યોગી વાયુમાર્ગથી તે આત્માના નાસિકાના છિદ્ર દ્વારા તેની કાયામાં પ્રવેશે છે તે સિદ્ધિનું નામ પરાકાયપ્રવેશ સિદ્ધિ છે. (૨૩)

દેહવિસર્ગ-ત્યાગ - ભાઈ ઉદ્ધવ ! જો કોઈ પણ યોગી આ દેહનો ત્યાગ કરવા વિચારે તો તેનો એવો પ્રકાર છે કે શરીરમાંથી મલત્યાગ કરનારા ગુદાના દ્વારને બન્ને અથવા એક પગની પેનીથી દબાવી પ્રાણવાયુને પ્રથમ હૃદયમાં લાવે, પછીથી વક્ષ:સ્થળમાં લાવે, પછીથી કંઠમાં લાવે, પછી કંઠમાંથી મસ્તકમાં લાવીને બ્રહ્મરંધ્ર ભેદીને સુષુમ્ણા દ્વારા બ્રહ્મમાં મેળવીને દેહને ત્યજી શકે છે. (૨૪)

દેવક્રીડાદર્શન - ભાઈ ઉદ્ધવ ! જો યોગીની ઈચ્છા હોય કે તેને દેવોનાઉ ઉદ્યાનમા-બગીચામાં વિહાર કરવો છે તો તે

યોગી મારામાં રહેલ મારી મૂર્તિ સ્વરૂપ શુદ્ધ તત્વનું ચિંતન કરે ત્યારે તત્વ અંશમાં ઉત્પન્ન થયેલ દેવાંગનાઓ અપ્સરાઓ વિમાન લઈ તે યોગીની સમીપે સેવા માટે ઉપસ્થિત થાય છે. આ સિદ્ધિને 'દેવક્રીડાદર્શન' નામની સિદ્ધિ કહી છે. (૨૫)

યથાસંકલ્પ સિદ્ધિ - ભાઈ ઉદ્ધવ ! જો કોઇ યોગીએ મારા સત્યસંકલ્પ સ્વરૂપમાં મન લગાવ્યું છે અને ઉપાસના છે તો તે યોગીને જે જે પ્રકારનાં સંકલ્પો કરે તે તે પ્રકારનાં ફલો ભોગવવાની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. આજ્ઞાસામર્થ્ય સિદ્ધિ - ભાઈ ઉદ્ધવ ! એક એવી સિદ્ધિ છે કે યોગી જે જે પ્રકારે અને જેને જેને આજ્ઞા કરે તે તેની આજ્ઞાનું પાલન કરે પણ તેની આજ્ઞાનું ઉલ્લધંન ના કરે, જો આવી સિદ્ધિની ચાહના હોય તો તે યોગી સર્વના નિયામક અને સર્વથા સ્વતંત્ર એવા મારા સ્વરૂપમાં ધારણા કરનાર અને મનને તદાકાર બનાવનાર યોગી મારા સ્વભાવને પામે છે અને તેના સામર્થ્યથી તે સિદ્ધ આજ્ઞા નામની સિદ્ધિને મેળવે છે. (૨૭)

ત્રિકાળદર્શીપણું - ભાઈ ઉદ્ધવ ! જે યોગી ત્રિકાલદર્શી થવા ચાહેતો હોય તો તે યોગીનું મારી ભક્તિ કરતાં કરતાં ચિત્ત શુદ્ધ અને પવિત્ર થઇ જાય છે ત્યાર પછી તે યોગીએ મારામાં જ મન પરોવી રાખ્યું હોય છે તેના ફલ સ્વરૂપે તે ત્રિકાલદર્શી બની જાય છે, બીજાના મનના વિચારો જાણી શકે છે તેમજ પોતાના જન્મ મરણને પણ તે જોઇ શકે છે. (૨૮)

અગ્નિ, જલ વગેરે ઉપર વિજય - જે યોગીએ પોતાના મનને મારા સ્વરૂપમાં પરોવીને શાંત બનાવ્યું છે અથવા શ્રાન્ત-શિથિલ બનાવ્યું છે તે યોગી અગ્નિ-જલ વગેરે તત્વો ઉપર વિજય મેળવે છે. જલમાં રહેનારાં પ્રાણીઓનો જલથી નાશ નથી થતો તે રીતે યોગી જલમાં ડૂબી નથી જતો તેમજ અગ્નિ તેને બાળી શકતો નથી. (૨૯) અપરાજિતા સિદ્ધિ - ભાઈ ઉદ્ધવ ! જે કોઇ યોગી વક્ષઃસ્થલમાં શ્રીવત્સ ચિહ્નવાળા તેમજ શંખ-ચક્ર-ગદા-પદ્મ વગેરે શસ્ત્રોથી અલંકૃત તેમજ ધ્વજ-છત્ર-ચારમ વગેરે ચિહ્નનો સાથે મારા અવતારોનું ધ્યાન કરે છે તે યોગી અપરાજિતા નામની સિદ્ધિને મેળવે છે. આ યોગીનો કયાંય પણ પરાજ્ય થતો નથી. (૩૦) ભાઈ ઉદ્ધવ ! ઉપર દર્શાવ્યા પ્રમાણે અનન્ય ભાવથી મારી જ ઉપાસના કરનારા યોગીને દર્શાવેલી સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. (૩૧) જે યોગીએ ઈન્દ્રિયો ઉપર વિજય મેળવ્યો છે, પ્રાણાયામ દ્વારા શ્વાસોને જીત્યા છે.મૌન રાખીને મનને જીત્યું છે. અને મન મારામાં સ્થિર કીધું છે. એવા સિદ્ધ યોગી માટે કઇ સિદ્ધિ દુર્લભ છે ? (૩૨) આમ છતાં યોગીએ કોઈ પણ સિદ્ધિઓની ઈચ્છા કરવી નહિ. જે યોગી મને મેળવવા ચાહતો હોય તેમ જ ઉત્તમ પ્રાકરનો યોગ સાધતો હોય તેને સિદ્ધિઓ વિઘ્નરૂપ નીવડે છે કારણ કે મેળવેલી સિદ્ધિઓને ભોગવાતાં લાંબો સમય લાગે છે તેથી ભગવાનની સેવામાં એટલો વિલંબ થાય છે. (૩૪) ભાઈ ઉદ્ધવ ! સર્વ સિદ્ધિઓનું મૂળકારણ હું છું. સાધક યોગીને આ સિદ્ધિઓ આપવી ના આપવી એ મારી ઈચ્છા ઉપર આધાર રાખે છે. યોગનો, સાંખ્યનો, ધર્મનો પતિ હું છું માટે યોગસિદ્ધિઓને મેળવવાની સાધનાનો યત્ન ના કરવો પરંતુ જેનાથી સર્વ સિદ્ધિઓ મળવાની છે તે ભગવાનને જ મેળવવાની ઈચ્છા કરવી ઉત્તમ છે. (૩૫) ભાઈ ઉદ્ધવ ! સર્વ પ્રાણીઓનો આત્મા હું છું તેમજ તેની અંદર અંતર્યામીરૂપે પણ હું જ છું પરંતુ એનો અર્થ એવો નથી કે હું તેટલો જ છું પરંતુ તે સર્વ સ્વરૂપ છે તે સર્વમાં છું પરંતુ તે સર્વથી પર અને બહાર પણહું છું. જેમ ચાર યોનિનાં જરાયુજ, સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જઆ ચારે ચાર જાતિમાં પંચમહાભૂતો રહેલા છે તેમજ તેમનાથી બહાર પણ પંચમહાભૂતો રહેલાં છે. તેવી જ રીતે સર્વની બહાર અને અંદર વ્યાપક રૂપે તેમજ નિયામકરૂપે હુ જ રહેલ છું. (૩૬)

अहमात्मान्तरो बाह्योऽनावृतः सर्व देहिनाम् । यथा भूतानि भूतेषु बाहिरन्तः स्वयं बहिः ॥ ३३ ॥

શ્રીમદ્ ભગવતપીયૂષના એકાદશ સ્કંધ મુક્તિલીલા પ્રકરણનો અધ્યાય ૧૫ મો સમાપ્ત

અધ્યાય - ૧૬ મો

(આ સોળમાં અધ્યાયમાં ઉદ્ધવજી ભગવાનની વિભૂતિઓનું જ્ઞાન મેળવે છે. આ જ્ઞાન શઅરીઅર્જનજી પામ્યા હતા. કુલ પાંચ શ્લોકોમાં ઉદ્ધવજીનો પ્રશ્ન છે. ભગવત્સ્વરૂપ સમજવાની વાંછા છે. ભગવાન ઉદ્ધવજીને એ ઈચ્છાને પૂર્ણ કરે છે. આ અધ્યાયમાં ૪૪ શ્લોકો છે.)

उद्धव उवाच-त्वं ब्रह्म परमं साक्षा दनाद्यन्तमपावृतम् । सर्वेषामपि भावानां त्राणस्थित्यप्ययोद्भवः ॥ १ ॥

શ્રી ઉદ્ધવજી ભગવાનને પૂછી રહ્યા છે કે ભગવન્ ! આપતો સાક્ષાત્ પરબ્રહ્મ છો. આપ અનાદિ છો. વળી આપનો અન્ત પણ નથી. આપને કોઇ ઢાંકી શકતું નથી. જે કોઇ ભાવાત્મક પદાર્થો છે એટલે વિશ્વમાં જે કોઇ હયાતી ધરાવતી વસ્તુઓ છે તે વસ્તુઓના આપ સંરક્ષક છો, ઉત્પાદક છો, તેમજ વિનાશક પણ છો. (૧) નાથ ! નાનામાં નાની સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ અને મોટામાં મોટી વસ્તુમાં આપ જ વસેલા છો પરંતુ મન વશ ન હોવાથી, મનને જીતી ન શકનારાઓ દેખતા નથી, જ્યારે સર્વ પદાર્થોમાં રહેલા આપને બ્રહ્મવેત્તાઓ તો આપના સાચા સ્વરૂપમાં આપને જાણે છે. (૨) હે નાથ ! સમર્થ મહર્ષિઓ, આપ જે જે વસ્તુઓમાં બિરાજો છો તે પદાર્થોમાં ભક્તિના દઢ આશ્રયથી આપની ઉપાસના કરે છે અને સિદ્ધિને પામે છે તે વસ્તુ પણ આપ મને સમજાવો. (૩) હે શ્રીકૃષ્ણ ! આપ તો સર્વ ભૂતોના-પ્રાણીમાત્રના સંરક્ષક છો. ભૂતમાત્રના આત્મા છો. અને સર્વ ભૂતોમાં ગુપ્ત રીતે બિરાજો છો. ભગવાન ! આમ છતાં આપની માયાથી મોહ પામેલા જીવો આપના સ્વરૂપમાં પોતપોતાના સ્વરૂપમાં જોઇ શકતા નથી. (૪)

या काश्च भूमौ दिवि वा रसायां विभूतयो दिक्षु महाविभूते । ता मह्यमाख्याह्यनुभाविता ते नमामि ते तीर्थ पदांध्रिपंकजम् ॥ ५ ॥

હે મહાન વિભૂતિમાન શ્રીકૃષ્ણ ! પૃથ્વીમાં, સ્વર્ગમાં પાતાલમાં, સર્વત્ર સર્વ દિશાઓમાં આપની શક્તિથી સર્વત્ર સત્વવાળી સર્વત્ર બિરાજતી આપની સર્વ વિભૂતિઓ પણ કહો, આપને ભેટ તો શું આપું પરંતુ કૃપાનાથ ! આ જગતને પવિત્ર કરનાર તીર્થ સ્વરૂપ આપના શ્રીચરણોને દંડવત્ કરું છે. (૫)

ભગવાન શ્રીકૃષ્ણજીએ વર્ણવેલી વિભૂતિઓ

ભગવાન શ્રીકૃષ્ણજી બોલ્યા કે ભાઈ ઉદ્ધવ ! તમે પ્રશ્ન કરનારાઓમાં સર્વશ્રેષ્ઠ છો. તમારા પ્રશ્નો ઉત્તમ હોય છે. ભાઈ ઉદ્ધવ ! એકવાર કુરુક્ષેત્રમાં અર્જુનજીને શત્રુઓ સાથે યુદ્ધનો અવસર આવી પડયો ત્યારે મને ભાઈ અર્જુને આવો જ પ્રશ્ન કરેલો હતો. (૬) કુરુક્ષત્રનાં રણ અવસરે અર્જુનજીએ એમ માનેલું અને માનતા હતા કે આ શત્રુઓને પોતે મારનાર છે તેમજ આ સર્વ શત્રુઓ અર્જુનજીના પોતાના હાથે રણમાં મરવા આવેલા છે. પરંતુ આસર્વ સગા છે, સ્નેહી છે, સંબંધી છે, આ સર્વને રાજ્યના લાભથી મારવાથી જગતમાં નિંદા થશે. કેવલ રાજ્યની લાલચથી સર્વને મારવા એ યોગ્ય નથી એમ માનીને જ અર્જુનજીએ યુદ્ધ કરવાનું માડી વાળ્યું. (૭) ભાઈ ઉદ્ધવ ! આ વખતે યુદ્ધ ચાલી રહ્યું હતું, યુદ્ધ આરંભાઈ ચૂક્યું હતું, ત્યારે કુરુક્ષેત્રમાં ચાલતા યુદ્ધ અવસરે તમારા જેવો જ પ્રશ્ન ભાઈ અર્જુનજીએ મને કરેલો હતો ત્યારે તે નરવ્યાધ્ર અર્જુનને શાસ્ત્રસિદ્ધાન્તથી સંગ્રામ કરવા માટે સમજાવ્યા હતા. (૮) હે ઉદ્ધવ ! મેં અર્જુનજીને સમજાવ્યુ તે તમને સમજાવું છું કે પ્રથમ તો પ્રાણીમાત્રનો હું આત્મા છું. સર્વનો મિત્ર છું, સર્વનો અધિપતિ છું તેમજ સર્વ પ્રાણીરૂપ પણ હું છુ. પ્રાણીમાત્રનું હું સંરક્ષણ કરું છું તેમજ પ્રાણીમાત્રને હું ઉત્પન્ન કરું છું, તેમજ પ્રાણીમાત્રને મારા સ્વરૂપમાં સમાવી લઉં છું. (૯)

હવે ભગવાન વિભૂતિઓની સ્પષ્ટતા કરવા લાગ્યા

હે ઉદ્ધવ ! ચાલનાર જે કોઇ પણ પ્રાણીઓ છે તેમનામાં રહેલી (૧) गति એટલે ચાલવાની ક્રિયા છે તે હું છું. કાલને આધીન સર્વ પદાર્થોમાં (૨) कालः જે સર્વનો કાલ છે તે હું છું. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ જ્યારે સરખી સ્થિતિમાં હોય ત્યારે તે સ્થિતિને પ્રકૃતિ કહેવામાં આવે છે. આ જે (૩) "प्रकृति" છે તે પણ હું છું. અને ઉદ્ધવ ! પૃથ્વી, જલ, તેજ, વાયુ આકાશ વગેરે દ્રવ્યો છે તેમાં દ્રવ્યનો જે સ્વાભાવિક ગુણ છે તે (૪) गुण પણ હું છું. (૧૦) ગુણવાળા પદાર્થોમાં વસેલી ક્રિયાશક્તિ હું છું તેમજ મોટા પદાર્થોમાં જે "મહત્" એટલે બુદ્ધિ નામનું તત્વ છે તે (૫) महत् तत्व હું છું વળી સૂક્ષ્મ ગણાતી વસ્તુઓમાં "સૂક્ષ્મ" તત્વ તે તો જીવ મનાય છે તે સૂક્ષ્મ તત્વ (૬) जीव પણ હું છું. જ્યારે જગતના અજેય પદાર્થોમાં મન અજેય ગણાય છે, મુનિઓથી પણ જીવાતું નથી તે (૭) मन પણ હું છું-મારું સ્વરૂપ છે. (૧૧) ભાઈ ઉદ્ધવ ! વેદનો અભ્યાસ કરનારા વેદપુરુષોમાં વેદપુરુષ (૮) ब्रह्मा પણ હું છું. સર્વમંત્રોમાં મુખ્ય અ ઉ મ એવા ત્રણ અક્ષરવાળો જે પ્રણવ નામનો મંત્ર છે તે (૯)ૐકાર प्रणव પણ હું છું તેમજ અ-આ વગેરે કે ક-ખ વગેરે

સ્વર કે વ્યંજનોમાં એટલે સર્વ અક્ષરોમાં (૧૦) 'अ' નામનો જે અક્ષર છે તે હું છું. તેમજ સર્વ લૌકિક વૈદિક છંદોમાં ૨૪ અક્ષરનો ગાયત્રી છંદ છે તે (૧૧) गायत्री છંદ પણ મારું જ સ્વરૂપ છે. (૧૨) સર્વ દેવોમાં પ્રધાન મનાતા રાજા (૧૨) इन्द्र પણ મારી જ વિભૂતિ છે. આઠ વસુઓ છે તેમાં અગ્નિમાં આપેલી આહુતિનું હવ્ય-હુતદ્રવ્ય નામ છે તે હવાને લઇ જઇ સર્વત્ર પહોંચાડનાર હવ્યવાટ્ નામનો જે વસુ છે તે (૧૩) हब्यवाट् પણ મારું જ સ્વરૂપ છે, જે હવ્ય દેવોનું અમૃત મનાય છે. બાર આદિત્યો છે. મિત્ર-ભાનુ-સવિતા-પુષા વગેરે આદિત્યોનાં બાર નામ છે આ સર્વ આદિત્યો હું છું. (૧૪) विष्णु જે છે તે હું છું અને ઉગ્ર-રુદ્ર-નીલલોહિત વગેરે જે અગિયાર રુદ્રો છે તે સર્વમાં (૧૫) नील-लोहित સંજ્ઞાવાળા રુદ્ર તે પણ હું છું. (૧૩) મરીચિ-અત્રિ-અંગિરા વગેરે જે બ્રહ્મર્ષિઓ છે તે સર્વમાં જે ભૃગુ-બ્રહ્માર્ષિ માન્યા છે તે (૧૬) भृगुब्रह्मर्षि મારું જ સ્વરૂપ છે જ્યારે અનેક રાજર્ષિઓ છે તેમાં (૧૭) मनु નામના રાજર્ષિ મારું સ્વરૂપ છે. આ ઉપરાંત જે દેવર્ષિઓ માન્યા છે તે સર્વમાં (૧૮) नारद દેવર્ષિ મારુ જ સ્વરૂપ છે જ્યારે સર્વ ગાયોમાં ગણાતી કામધેનુ ગાય જેમનું નામ (૧૯) हवि-र्धानी છે તે પણ મારું જ સ્વરૂપ છે. (૧૪) સર્વ સિદ્ધોમાં ભગવાન (૨૦) श्री કપિલજી મારું સ્વરૂપ છે, જ્યારે પક્ષીઓમાં (૨૧) गरुडजी મારી વિભૂતિ છે. વિશ્વસૃજ્ નામના પ્રજાપતિઓમાં જે (૨૨) दक्ष નામથી પ્રસિદ્ધ પ્રજાપતિ છે, તે હું છું તેમજ સર્વ પિતૃઓમાં (૨૩) अर्यमा નામથી પ્રસિદ્ધ પ્રજાપતિ મારું સ્વરૂપ છે. (૧૫) સર્વ દૈત્યોમાં અસુરરાજ શ્રી પ્રહ્લાદજી જે મહાભાગવત મનાયા છે તે (૨૪) प्रहलाद ભક્તજી મારી વિભૂતિ છે, ૨૭ નક્ષત્રોમાં તેમજ વનસ્પતિ ઔષધિઓમાં જે (૨૫) सोम છે તે મારી વિભૂતિ છે. યક્ષ રાક્ષસોમાં ભક્તરાજ (૨૬) श्रीकुबेरजी મારું સ્વરૂપ છે (૧૬) મોટા મોટા દિગ્ગજોમાં (૨૭) ऐरावत નામના દિગ્ગજ છે તે મારી વિભૂતિ છે. જલચર જંતુઓના સ્વામી ગણાતા (૨૮) वरुणजी મારી વિભૂતિ છે. જગતને તાપ આપી કલ્યાણ કરનાર અને પ્રકાશ આપી જ્ઞાન દેનાર (૨૯) सूर्य પણ મારી જ વિભૂતિ છે.જ્યારે મનુષ્યોમાં જે પૃથ્વીપાલ (૩૦) भूपति છે તે મારી વિભૂતિ છે. (૧૭) અશ્વોમાં ઉચ્ચૈઃશ્રવસ નામના જે ખ્યાતનામ અને મંથન સમયે મહાસાગરમાંથી પ્રકટેલ (૩૧) उच्चैःश्रवाः નામના અશ્વ છે તે મારી, વિભૂતિ છે. સર્વ ધાતુઓમાં જે (૩૨) काञ्चन સુવર્ણ છે તે મારી વિભૂતિ છે. સર્વને પાપાનુસાર દંડ દેનાર સંયમમાં રાખનાર (૩૩) यमः ધર્મરાજ છે તે મારી વિભૂતિ છે. તેમજ સર્પોમાં (૩૪) वासुकि નાગ મારી વિભૂતિ છે. (૧૮) હે અનઘ ! હે પાપરહિત ભાઈ ઉદ્ધવ ! નાગરાજોમાં શ્રષ્ઠ એવા (૩૪) "श्री अनन्त" શેષનાગ છે તે મારી વિભૂતિ છે. શીંગડાંવાળા અને દાઢવાળાં પ્રાણીઓના (૩૫) सिंह છે તે મારી વિભૂતિ છે. જ્યારે ચારે ચારે ચારં આશ્ર- મોમાં (૩૬) संन्यास આશ્રમ મારી વિભૂતિ છે અને ચારે વર્ણોમાં (૩૭) प्रथमः એટલે બ્રહ્મણો મારું સ્વરૂપ છે.ય બ્રહ્માંડમાં વહન કરતાં તીર્થોમાં (૩૮) गंगाजी મારું સ્વરૂપ છે અને સરોવરોમાં (૩૯) समुद्र ક્ષીરસાગર મારી વિભૂતિ છે, સર્વ શસ્ત્રોમાં (૪૦) ધનુષ્ય મારી વિભૂતિ છે, અને ધનુર્ધારીઓમાં (૪૧) त्रिपुरारि ભગવાન શંકર મારું સ્વરૂપ છે. (૨૦) નિવાસ સ્થાનોમાં (૪૧) પર્વત મારી લિભૂતિ છે જ્યારે ગહન જંગલ સ્થાનોમાં (૪૨) हिमालय પર્વત મારી વિભૂતિ છે. વનસ્પતિઓમાં (૪૩) अश्वत्थ પીપળો મારું સ્વરૂપ છે અને ઔષધીઓમાં (૪૪) यव જવ મારું સ્વરૂપ છે. (૨૧) આચાર્ય પુરોહિતોમાં (૪૫) वसिष्ठ વસિષ્ઠ મુનિ મારી વિભૂતિ છે. અને બ્રહ્મનિષ્ઠોમા (૪૬) बृहस्पति બૃહસ્પતિ ગુરુ મારી વિભૂતિ છે. સર્વ સેનાપતિઓમાં (૪૭) स्कन्द કાર્તિકેય સ્વામી મારી વિભૂતિ છે. સર્વના અગ્રયમાં-અગ્રગણ્યમાં (૪૮) अजः બ્રહ્માજી મારી વિભૂતિ છે. (૨૨) વૈદિક સર્વ યજ્ઞોમાં (૪૯) "ब्रह्मयज्ञ" મારી વિભૂતિ છે અને સર્વ વ્રતોમાં (૫૦) अहिंसा એ સર્વોત્તમ વ્રત છે. સમસ્ત વિશ્વના પદાર્થોને પવિત્ર કરનાર સ્નાન વગેરે માર્જન ક્રિયાઓ દ્વારા (૫૧) जल જલ, (૫૨) वायु પવન (૫૩) अग्नि અગ્નિ (૫૪) सूर्य સૂર્ય (૫૫) વાણી વગેરે પવિત્ર વસ્તુઓની પવિત્રતા મારાં સ્વરૂપ છે. (૨૩) યોગોમાં(૫૬) आत्मसंरोध આત્મસાક્ષાત્કાર નામની સમાધિ મારી વિભૂતિ છે. જીતવાની ઈચ્છા રાખનારામાં (૫૭) मंत्र મંત્રણા મારી વિભૂતિ છે. વિવેક નિપુણતામાં (૫૮) आन्वीक्षिकी આત્મા અને અનાત્માપણાનો વિવેક મારી વિભૂતિ છે. જ્ઞાન તત્ત્વને સમજાવનાર ખ્યાતિઓમાં અખ્યાતિ-અન્યથાખ્યાતિ-શૂન્યખ્યાતિ-અસત્ખ્યાતિ-અનિર્વચનીય ખ્યાતિ નામની ખ્યાતિઓમાં (૫૯) विकल्प વિકલ્પ મારી વિભૂતિ છે. (૨૪) સ્ત્રીઓમાં (૬૦) शतरूपा મુનિરાજાની પત્ની અને

આદિ સ્ત્રી જે શતરૂપા છે તે મારી વિભૂતિ છે. અને પુરુષોમાં (૬૧) स्वायंभुव સ્વાયંભુવ નામના પ્રથમ પુરુષ મનુરાજા મારી વિભૂતિ છે. મૂનિઓમાં (૬૨) नारायण નારાયણ મારી વિભૂતિ છે અને બ્રહ્મચારીઓમાં (૬૩) સનકાદિ કુમારો મારી વિભૂતિ છે. (૨૫) વર્ણાશ્રમ આદિ ધર્મોમાં (૬૪) संन्यास સંન્યાસ મારી વિભૂતિ છે. કલ્યાણ વસ્તુઓમાં (૬૫) अबहिर्मतिः અન્તર્નિષ્ઠા-અન્તર્મુખતા મારી વિભૂતિ છે. ગુહ્ય-ગુપ્ત વસ્તુઓમાં (૬૬) सूनृतम्-मौनम् સત્ય અને મૌન મારીવિભૂતિ છે. મિથુન એટલે એક સાથે મળી રહેનાર વસ્તુઓમાં (૬૭) अज બ્રહ્મા જે મનુ-શપરૂપાના મિથુનને જન્મ આપે છે, તે હું છું. (૨૬) સાવધાન રાખનારાં વર્ષોમાં (૬૮) संवत्सरः સંવત્સર નામનો કાલ મારી વિભૂતિ છે. ષડ્ઋતુઓમાં (૬૯) मधुमाधवौ વસન્તઋતુ મારી વિભૂતિ છે. અને કાર્તક વગેરે બાર માસોમાં (૭૦) मार्गशीर्ष માગશર માસ મારી વિભૂતિ છે. નક્ષત્રોમાં (૭૧) अभिजित् અભિજિત નક્ષત્ર મારી વિભૂતિ છે. (૨૭) ચાર યુગોમાં (૭૨) कृतं કૃતયુગ મારી વિભૂતિ છે. ધીર પુરુષોમાં (૭૩) असित-देवल અસ્તિ અને દેવલ નામના બે મુનિઓ મારી વિભૂતિ છે. ત્રીસ વ્યાસોમાં (૭૪) द्वैपायन પરાશર મુનિના પુત્ર દ્વૈપાયન વ્યાસ મારી વિભૂતિ છે. સૂક્ષ્મ બુદ્ધિવાળા આત્મજ્ઞાની આચાર્યોમાં (૭૫) काव्य શુક્રાચાર્ય મારી વિભૂતિ છે. (૨૮) ભગવાનોમાં (૭૬) वासुदेवः શ્રી વાસુદેવજી મારી વિભૂતિ છે. ભગવદ્‌ભક્તોમાં (૭૭) त्वं ઉદ્ધવજી તમે મારી વિભૂતિ છો. કિંપુરુષોમાં (૭૮) हनुमान् શ્રી હનુમાનજી મારી વિભૂતિ છે. વિદ્યાધરોમાં (૭૯) सुदर्शन સુદર્શન નામના ગન્ધર્વ મારી વિભૂતિ છે. (૨૯) રત્નોમાં (૮૦) पद्मराग પદ્મરાગ નામનો મણિ મારી વિભૂતિ છે. અને સુકોમલ વસ્તુઓમાં (૮૧) पद्मकोशः કમલની કળી મારી વિભુતિ છે. અનેક પ્રકારના દર્ભોમાં (૮૨) कुशः કુશ નામનો દર્ભ મારી વિભૂતિ છે. અને અગ્નિમાં આહુતિરૂપે આપવાના હુતદ્રવ્ય પદાર્થોમાં (૮૩) आज्य ઘી નામની મારી વિભૂતિ છે. (૩૦) ઉદ્યોગશીલ પુરુષોની (૮૪) लक्ष्मी સમ્પત્તિ મારી વિભૂતિ છે. કપટી જનોમાં (૮૫) छलग्रहः છલથી પાશ ગ્રહણ કરનાર મારી વિભૂતિ છે. તિતિક્ષા-સહનશીલજનોની (૮૬) तितिक्षा સહનશક્તિ મારી વિભૂતિ છે અને બલવાનોનું (૮૭) बलं બલ મારી વિભૂતિ છે. (૩૧) ઇન્દ્રિયોની શક્તિ (૮૮) ओकजस् મારી વિભૂતિ છે. માનસ શક્તિ (૮૯) सहस् મારી વિભૂતિ છે. શારીરિક ધરાવનારાઓમાં રહેલું (૯૦) बलम् બલ એ પણ મારી વિભૂતિ છે. ભક્ત જનોમાં રહેલી ભગવત્સેવાની (૯૧) कामः-कर्म કામના અથવા કર્મ એ મારી વિભૂતિ છે. મને સમ્પૂર્ણ થતું સત્વગુણવિશિષ્ટ ભક્તિશાસ્ત્રની (૧) વાસુદેવ (૨) સંકર્ષણ (૩) પ્રધુમ્ન (૪) અનિરુદ્ધ (૫) નારાયણ (૬) હયગ્રીવ (૭) વરાહ (૮) નૃસિંહ (૯) વામન આ નવ મૂર્તિઓમાં. (૯૨) वासुदेव ભગવાન વાસુદેવ મારી વિભૂતિ છે. (૩૨) ગન્ધર્વોમાં (૯૩) विश्वावसु નામના ગંધર્વ મારી વિભૂતિ છે અપ્સરાઓમાં (૯૪) पूर्वचिति નામની અપ્સરા મારી વિભૂતિ છે. પવર્તોમાં (૯૫) स्थौर्य સ્થિરતા-અચલતા મારી વિભૂતિ છે. ભૂમિમાં રહેલ (૯૬) गन्धमात्रा ગંધ નામની તન્માત્રા મારી વિભૂતિ છે. (૩૩) જલમાં રહેલ (૯૭) रसः રસતન્માત્રા મારી વિભૂતિ છે. તેજસ્વી તત્ત્વમાં રહેલ (૯૮) विभावसुः અગ્નિતન્માત્રા મારી વિભૂતિ છે. સૂર્ય ચન્દ્ર અને તારઓમાં રહેલી (૯૯) कान्ति કાન્તિ મારી વિભૂતિ છે. આકાશમાં રહેલ (૯૬) शब्द શબ્દતન્માત્રા મારી વિભૂતિ છે. (૩૪) વિપ્રોને દાન આપનારા વિપ્ર ભકતોમાં (૯૬) बलिः બલિરાજા મારી વિભૂતિ છે. વીર પુરુષમાં (૯૭) अर्जुनजी મારી વિભૂતિ છે. સર્વ પંચભૂતોની અને પ્રાણીઓની (૯૮) उत्पति (૯૯) स्थिति (૧૦૦) लय એ ત્રણે એ મારી વિભૂતિ છે. (૩૫) ચાલનારની (૧૦૧) लय બોલનારની (૧૦૨) उक्ति વાણી, મલ ત્યાગ કરવામાં (૧૦૩) उत्सर्ग મળત્યાગ, વસ્તુઓ ન ઉપાડવામાં (૧૦૪) उपादान ગ્રહણ ઉપાડવું (૧૦૨) आनंद આનંદ, ત્વચા નામની ઇન્દ્રિયમાં (૧૦૩) स्पर्श સ્પર્શ કરવો શ્રવણેન્દ્રિયના કાર્યમાં (૧૦૪) श्रुति સાંભળવું સુઘવાની ક્રિયામાં (૧૦૫) अवघ्राण સૂંઘવું આ દશેદશ ઇન્દ્રિયમાં રહેલા ધર્મો મારી વિભૂતિ છે. સર્વ ઇન્દ્રિયોનો (૧૦૬) અધિષ્ઠાતા પણ હું જ છું. (૩૬) પૃથ્વી-જલ-તેજ-વાયુ-આકાશ-અહંકાર-મહત્તત્વ-પ્રકૃતિ-પુરુષ-અવ્યકત એટલે મન પંચમહાભૂત-દશઈન્દ્રિયો-પંચતન્માત્રા-સત્વ-રજસ્-તમસ્ ગુણો આ સર્વ તત્વોનું (૧૦૭) ज्ञान પરબ્રહ્મ જ્ઞાન તેમજ तत्त्वनिश्चय સર્વ તત્ત્વોનો નિશ્ચય એ પણ મારી વિભૂતિ છે. સંક્ષેપમાં એક વાત કરતાં ભગવાને કહ્યું કે જીવ-ગુણ-ગુણી, સર્વાત્મ ભાવથી મારા (૧૦૮) ईश्वरेण ભગવાન વિના કાંઈ જ પદાર્થ નથી. (૩૮) ભગવાને આ રીતે પોતાની

એકસોને આઠ વિભૂતિઓનું સંક્ષેપમાં વર્ણન કરીને કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! હું ઘણા લાંબા ગાળે પણ કદાચ પરમાણુઓની સંખ્યા કરી શકું અને અનંત બ્રહ્માંડોને હું અવશ્ય ઉત્પન્નકરી શકું પણ મારી વિભૂતિઓનું વર્ણન કરી શકું તેમ નથી. (૩૯) ભાઈ ઉદ્ધવ ! સંક્ષેપમાં એટલું જ કહું છું કે તેજ, લક્ષ્મી, કીર્તિ, ઐશ્વર્ય, લજ્જા, ત્યાગ, સૌભાગ્ય, ભાગ્ય, બલ, સહનશક્તિ, વિજ્ઞાન વગેરે જે જે લોકોમાં ઉત્તમમાં ઉત્તમ અને અસાધારણ વસ્તુઓ તત્વો જોવા મળે છે તે સર્વ મારી જ વિભૂતિઓ છે, કે મારા જ અંશો છે. (૪૦) આ સર્વ વિભૂતિઓનું વર્ણન કર્યું છે તે કેવલ વાણીથી ચિંતન કરવા યોગ્ય છે પરંતુ તેનો ભોગદ્દષ્ટિથી વિચાર કરવો મનોવિકારકારક બને છે એટલે આ વિષયમાં વધુ વર્ણન કરવા જેવું કાંઈ નથી. (૪૧)

वाचं यच्छ मनो यच्छ यच्छ प्राणेन्द्रियाणि च । आत्मानआत्माना यच्छ न भूयः कल्पसेऽध्वने ॥ ४२ ॥

यो वै याङ्मनसी सग्यग्सं यच्छन् धिया पतिः । तस्य व्रतं तपो दानं स्लबत्यामधटाम्बुवत् ॥ ४३ ॥

ભાઈ ઉદ્ધવ ! વાણીનું મૌન ભગવન્ના સ્મરણ, ભગવદ્ગુણસંસ્કીર્તન દ્વારા સંયમ કરો, મનનો ભગવત્સ્વરૂપના ધ્યાન દ્વારા નિગ્રહ કરો, પ્રાણાયામથી પ્રાણોનો નિરોધ કરો, સેવામાં વિનિયોગ કરી સર્વ ઇન્દ્રિયોનો નિરોધ કરો, અને આત્માનો મનનો બુદ્ધિ દ્વારા અથવા ભગવદનુગ્રહ દ્વારા નિરોધ કરો. ભાઈ તો આ પુનઃ જન્મમૃત્યુની ઘટમાળમાં અવવાનું રહેશે નહિ. (૪૨) ભાઈ ઉદ્ધવ ! જે કોઇ ભગવાનના માર્ગનો પથિક મન અને વાણીનો વિવેકશીલ બુદ્ધિથી સંયમ નથી કરતો તેનાં વ્રત-તપ-જપ-દાન વગેરે પુણ્યો કાચા માટીના ઘડામાંથી જલની માફક બહાર વહી જાય છે. (૪૩) માટે હે ઉદ્ધવ ! જે કોઇ વ્યક્તિ મારી અનન્ય બને, અનન્ય હોય, મારામાં ઓતપ્રોત હોય કે થવા ચાહે તે ભક્તજન તો મનને, વાણીને, અને પ્રાણોને મારી અનન્ય ભક્તિ ભરેલી બુદ્ધિથી સંપૂર્ણ સંયમ કરે એટલે સંસારને સમાપ્ત થતાં જરા પણ વાર લાગશે નહીં. (૪૪)

तस्मान् मनोवचःप्राणान् नियच्छेन्मत्परायणः । मदभक्तियुक्तया बुद्धया ततः परिसमाप्यते ॥ ४४ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંધમાં સાયુજય મુકિત પ્રકરણમાં અધ્યાય ૧૬ મો સમાપ્ત

અધ્યાય - ૧૭ મો

(આ સત્તરમાં અધ્યાયમાં જનકલ્યાણકર ધર્મોનું વર્ણન છે. તેમાં યૌવન પ્રથમ પ્રાપ્ત થતાં પૂર્વનું વિદ્યાર્થી જીવન કેવા આદર્શવાળું હોવું જોઇએ જેથી વિદ્યાર્થી તેજસ્વી અને બુદ્ધિમાન બને તેમજ જીવનથી સમાજને કેવી રીતે ઉપયોગી થવું અને ભગવાનને કેવી રીતે મેળવી શકાય તેવા આદર્શો આ અધ્યાયમાં વર્ણવ્યા છે. આ અધ્યાયમાં કુલ ૫૮ શ્લોકો છે.)

उद्वव उवाच-यस्त्वयाभिहितः पूर्वं धर्मस्त्वद्भक्तिलक्षणः । वर्णाश्रमाचारवतां सर्वेषां द्विपदामपि ॥ १ ॥

શ્રી ઉદ્ધવજી કહ્યું હે નાથ ! આપે વર્ણધર્મનું પાલન કરતાં તેમજ આશ્રયધર્મનું પાલન કરતાં ભગવદ્ભક્તિ પ્રાપ્ત કરાવનાર ધર્મનું પૂર્વે સૃષ્ટિ પ્રારંભકાલે વર્ણન કર્યું છે. સાથે સાથે વર્ણધર્મ રહિત તેમજ આશ્રમધર્મ રહિત જનોને માટે ભક્તિરૂપ ધર્મ પણ આપે કહેલ છે. (૧) હે કૃષ્ણ ! હે શ્રી કમલલોચન ! હવે મારે આપની પાસેથી જાણવું છે કે આપ મને જે સ્વધર્મનું પાલન કરવાથી માનવને સહજ રીતે આપના ચરણોમાં ભક્તિ થાય તે સ્વધર્મનું આચરણ કેમ કરવું ? તે સ્વધર્મ કયો ? તે સ્વધર્મનો પ્રકાર શો ? એ વસ્તુ સમજાવો કૃપા કરો. (૨) હે માધવ લક્ષ્મીનાથ ! એક વાત એવી છે કે આપે પૂર્વ હંસાવતારમાં બ્રહ્માજીને હંસસ્વરૂપે જે શ્રેષ્ઠ ધર્મો સમજાવ્યા હતા અને વર્ણવ્યા હતો તે ધર્મો મને કહો. કારણ કે હે મહાબાહો ! મારું તો માનવું છે આપના વિના એ ધર્મોનું અન્ય કોઇ વર્ણન કરી શકે એમ હું નથી માનતો. (૩) હે શત્રુતાપન શ્રીકૃષ્ણ ! આપના કહેલ તે ધર્મને તો ઘણો વિસ્તૃત કાલ પસાર થયો છે તેથી મારું માનવું છે કે મૃત્યુલોકમાંથી વિસ્મૃત પણ હોય. (૪) અચ્યુત ! આ માનવ આ મૃત્યુલોકમાં આ દિવ્ય ધર્મના આપના વિના કોઇ ઉપદેશક, રક્ષક કે પાલક અન્ય કોઇ ભાગ્યે જ સંભવે અથવા હોઇ શકે જ નહીં. નાથ ! અધિક તો શું કહું? ભૂતલની વાત તો જવા દો પરંતુ જ્યાં નિરંતર ભગવાન વેદ સાક્ષાત્ ચાર મૂર્તિમંત સ્વરૂપે બિરાજે છે તે બ્રહ્મલોકમાં જો આ દિવ્ય ધર્મના ઉપદેશક, રક્ષક કે પાલક નથી તો પછી અન્ય લોકોમાં તો આશા જ ક્યાંથી રાખવી ! (૫) નાથ ! હે મધુ દૈત્યનો

નાશ કરનાર શ્રી મધુસૂદનજી ! ધર્મના ઘડનાર, કહેનાર, પાલન કરનાર, આપ જ્યારે સ્વેચ્છાથી પૃથ્વીને કૃતાર્થ કરી પોતાના ગોલોકમાં બિરાજતા હશો ત્યારે આ અદશ્ય થયેલા કે વિસરાયેલા દિવ્ય ધર્મને કહેશે પણ કોણ ? (૬) હે સર્વધર્મજ્ઞ શ્રીકૃષ્ણ પ્રભુ ! જે ધર્મ આચરણથી આપની ભક્તિ પ્રકટે વળી તે ધર્મ સર્વથી સરલતાથી થઇ શકે તે પ્રકારનું વર્ણન કરી આપ મને તે ધર્મનું સ્વરૂપ કહેવાની કૃપા કરો. (૭)

ભગવાન શ્રીકૃષ્ણની ભક્તપ્રિયતા

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! ભગવાન શ્રીહરિને પોતાના અનન્ય સેવક ભક્તવર શ્રીઉદ્ધવજીએ જ્યારે આવા પ્રશ્નો પૂછ્યા ત્યારે ભગવાન પ્રસન્ન થયા અને લોકમાત્રનું કલ્યાણ કરનારા શ્રીસનાતન ધર્મનું વર્ણન કરવાનું શરૂ કર્યું. ભગવાન શ્રીકૃષ્ણે સ્નેહવશ પ્રત્યુત્તર આપતાં કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! આ તમારો પ્રશ્ન ધર્મની મર્યાદાનું સંપૂર્ણ પાલન કરનારો છે. આ તમારો પ્રશ્ન ધર્મ મર્યાદાની અંદર આવી જાય છે. ધર્મનું નામ વર્ણાશ્રમ ધર્મ છે. આ વર્ણાશ્રમ ધર્મનું પાલન કરનારને મોક્ષનું દાન કરે છે. આ ધર્મનું અવશ્ય મારી પાસેથી ભાઈ ઉદ્ધવ ! તમે શ્રવણ કરો. (૮,૯)

કૃતયુગનું સ્વરૂપ

ભાઈ ઉદ્ધવ ! આજે આ જે અનંત લાંબો કાળ ચાલે છે તેના કૃતયુગ, ત્રેતાયુગ દ્વાપરયુગ અને કલિયુગ એવા ચાર પ્રકાર છે. આરંભના પ્રથમ કૃતયુગમાં ચાર વર્ણો ન હતા પરંતુ હંસ નામનો એક જ વર્ણ હતો. તે સમય એવો હતો કે ત્યારે જનસમાજ તપ-પવિત્રતા-દયા-સત્ય નામના ચારે ચાર ધર્મના પાયોઓનું સેવન કરતો તેથી તે યુગની જનતા કૃતાર્થ ગણાતી તેથી તે યુગનું કૃતયુગ નામ અપાયું. (૧૦) આ કૃતયુગમાં ૐકાર સ્વરૂપ એક જ વેદ હતા તે સમયે એક વેદના ચાર વિભાગો અને નામો પડયાં ન હતાં, પરંતુ દેવનું ''પ્રણવ'' એવું નામ હતું આ યુગમાં હંસ સ્વરૂપે હું જ વેદ ધારણ કરતો હતો. તેમજ સર્વથા પાપરહિત પુણ્યશીલ મુનિજનો તપોનિષ્ઠ બનીને હંસ સ્વરૂપે મારું સેવન કરતા હતા. (૧૧)

ત્રેતાયુગનો પરિચય

ભાઇ ભાગ્યશીલ ઉદ્ધવ ! ચાર હજારને આઠ સો દેવોનાં વર્ષો જેટલો સમય પસાર થયો ત્યાર બાદ ત્રેતાયુગનો પ્રારંભ થયો. ત્યારે મારા હૃદયમાંથી પ્રાણો દ્વારા ભગવતી શ્રુતિવિદ્યા ઉત્પન્ન થઇ. આ શ્રુતિનાં ઋક્-યજુઃ-સામ એવાં ત્રણ નામો હતાં. આ ત્રણે વેદો દ્વારા મારા જ સ્વરૂપ એવા યજ્ઞની ઉત્પત્તિ થઇ. આ યજ્ઞના હોતા, ઉદ્‌ગાતા અને અધ્વર્યુ એવાં ત્રણ અંગો હતાં. આ ત્રણ મળીનેજ યજ્ઞનું સ્વરૂપ બનતું. (૧૨) આ ત્રેતાયુગના પ્રારંભથી ચાર વર્ણોની મારા વિરાટ સ્વરૂપના મુખમાંથી વિપ્રો, બાહુમાંથી ક્ષત્રિયો, સાથળમાંથી વૈશ્યો અને પાદમાંથી શૂદ્રોની ઉત્પત્તિ થઈ. આ ચારને ચાર વર્ણો કહેવામાં આવ્યા. આ ચારે ચાર વર્ણો પોતાના આચાર ઉપરથી જ ઓળખવામાં આવતા હતા. (૧૩) ભાઈ ! ત્યારે બાદ વર્ણોમાં ચાર આશ્રય વિભાગો થયા તેમાં વિરાટના હૃદયમાંથી બ્રહ્મચર્ય, વક્ષઃસ્થલમાંથી વાનઃપ્રસ્થ, મસ્તકમાથી સંન્યાસ અને અધોભાગમાંથી ગૃહસ્થ આશ્રમ થયો. આ રીતે ચાર આશ્રમો થયા. (૧૪) જે જે સ્થાનમાં જે વર્ણ અને આશ્રમો પ્રકટ થયા તેવી તે સ્થાન પ્રમાણે તેઓની પ્રકૃતિ થઈ. ઉન્નત ઉપરનાં ઉત્તમ સ્થાનોથી પ્રકટ થયા તેમની તેવી પ્રકૃતિથઇ અને નીચેના સ્થનોમાંથી ઉત્પન્નથયાતેમની તેવી પ્રકૃતિ બની.

ચારે વર્ણના સ્વભાવો અને ધર્મો

ભાઈ ઉદ્ધવ ! મેં એ વાત સમજાવી કે ઉત્પતિના સ્થાન પ્રમાણે પ્રકૃતિ-સ્વભાવો થયા તે વર્ણવી હવે ચારે વર્ણોને બતાવનાર ચારે ચાર ધર્મો તમને કહી સંભળાવું. મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત, આ ચાર અન્તઃ- કરણ છે તેમના ઉપર કરેલા સંયમનું નામ કહેવાય છે, દશેદશ ઇન્દ્રિયો ઉપરના સંયમનું કહેવામાં આવે છે. આ રીતે (૧) સમ (૨) દમ (૩) તપ (૪) પ્રવિત્રતા (૫) સંતોષ (૬) ક્ષમા (૭) સરલતા (૮) ભક્તિ એટલે ભગવત્સેવા (૯) દયા (૧૦) સત્ય આ દશ પ્રકારની બ્રાહ્મણની પ્રકૃતિ સમજવી. (૧૬) હવે ભાઈ ઉદ્ધવ ! (૧) તેજ, (૨) બલ (૩) ધૈર્ય (૪) શૌર્ય (૫) ક્ષુદ્રજન અપરાધ કરે તો સહન કરી લેવાની શક્તિનું નામ સહન શક્તિ (૬) ઉદારતા (૭) ઉદ્યોગ (૮) સત્ય સંકલ્પ

(૯) વિપ્રભક્તિ (૧૦) પ્રજાનું નિયંત્રણ આ દશ પ્રકારની ક્ષત્રિય પ્રકૃતિ છે. (૧) આસ્તિક-શ્રદ્ધાવાન થવું. (૨) દાન અર્પવું. (૩) દંભ રહિત રહેવું. (૪) વિપ્રના ચરણોની સેવા. (૫) ધનમાં અસંતોષ આવા પ્રકારની વૈશ્યની પ્રકૃતિ હોય છે. (૧૮) કપટરહિત બનીને ગોસેવા કરવી, ગુરુસેવા કરવી, વિપ્રસેવા કરવી આ સર્વની સેવા કરતાં જે અન્ન વગેરે મળે તેમાં સંતોષ રાખવો આ પ્રકારની શૂદ્રપ્રકૃતિ સમજવી. (૧૯) હવે જેઓ ચાંડાલ વગેરે તેઓ ચારે આશ્રમ અને ચાર ધર્મનું પાલન કરતા નથી ત્યારે તેમને ચાંડાલ યોનિ માનવામાં આવી છે તેથી તેઓ કાંઇ નીચ નથી. પરંતુ તેઓ પણ ભક્તિ દ્વારા મને મેળવી શકે છે. તેમને વર્ણાશ્રમ ધર્મનાં બંધન નથી, તેઓની અસત્ય ભાષણ, અપવિત્રતા, ચોરી કરવી, નાસ્તિકતા, વગર કારણનો કલેશ કામ, ક્રોધ, તૃષ્ણા આ વર્ણાશ્રમ રહિતનાં લક્ષણો જાણી લેવા. (૨૦)

સર્વજન સાધારણ ધર્મ માનવ ધર્મ

ભાઈ ઉદ્ધવ ! વર્ણ ધર્મોનું નિરૂપણ કર્યું પરંતુ પુરુષના જીવનને અને પુરુષના લક્ષ્યને સિદ્ધ કરનારા પ્રત્યેક માનવન સર્વ સમાન ધર્મો પણ સમજાવું છું. અહિંસા-સત્યભાષણ-ચોરી ના તરવી-કામત્યાગ, ક્રોધ ન કરવો, સદા પ્રસન્ન રહેવુ લોભ ના કરવો, સંતોષ રાખવો પ્રાણી માત્રના કલ્યાણ માટે નિવૃત્તિ કરવી એ મનુષ્ય માત્રનું કલ્યાણ કરનાર સહજ ધર્મ છે.

ધર્મમય અને તેજોમય બ્રહ્મચર્યાશ્રમ માનવજીવનનો મજબુત પાયો છે

ચાર વર્ણોની માફક જ ચાર આશ્રમો છે તેમાં પ્રથમ આશ્રમ બ્રહ્મચર્યાશ્રમ છે. તેમા નૈષ્ઠિક એ ઉપકુર્વાણ એવા બ્રહ્મચર્ય આશ્રમમાંથી ત્યાગ બની જઇ આજીવન કઠિન બ્રહ્મચર્યનું પાલન કરે છે. જે બીજી પ્રકારનો બ્રહ્મ ચારી છે તે વિદ્યાભ્યાસ પર્યન્ત કઠિન બ્રહ્મચર્યનું પાલન કરીને પછી યોગ્ય કાલે ગૃહસ્થાશ્રમી બને છે. આ બ્રહ્મચારી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એવા ત્રણ વર્ણમાંથી બને છે એ ત્રણે વર્ણને દ્વિજ કહવામાં આવે છે. દ્વિ એટલે બે વાર જ એટલે જન્મ લેવો એ દ્વિજ કહેવાય છે ગર્ભમાંથી પ્રથમ જન્મ લીધા પછીથી ઉપવીત-ઉપનયન સંસ્કારો થતાં તેનો પ્રથમ ગર્ભજન્મ અને બીજો સંસ્કાર જન્મ એવા બે જન્મ મનાય છે. આ બ્રહ્મચારી યજ્ઞોપવીત ધારણ કરી વેદોનો અભ્યાસ કરવા ગુરુકુલમાં આવે છે, તે સંયમી થઈને અભ્યાસ કરે છે. ગુરુઆજ્ઞા કરે કે સમીપે દોડી જાય છે અને વેદનો અભ્યાસ કરે છે. (૨૨) આ વિદ્યાર્થી મસ્તકે કેશ ધારણ કરે છે. તર્જની આંગળીથી દાંત ન ઘસે, વસ્ત્રથી વધુ સુશોભિત ન બને, મુલાયમ ગાલીચા ઉપર ના બેસે, કુશાસન દર્ભાસન રાખે સ્નાન કરતાં, હોમ કરતાં મૌની બને, નખ ના કાપે, બગલના વાળ ના કાઢે, મસ્તકે જટા રાખે, દાઢી તો ઊગે જ નહીં તેથી તે કરવાની જ નહીં. (૨૪) બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન, વીર્યક્ષલન કદી ના થવા દે. જો કદાચ. સ્વપ્નદોષ થઇ જાય તો તરત જ સ્નાન કરી લે અને ગાયત્રી જપ કરે. (૨૫) અગ્નિમાં હોમ કરે. આચાર્ય, ગાય, ગુરુ-વિપ્રની સેવા કરે, વૃક્ષોનું પોષણ કરે, અને દેવની આરાધના કરે. ત્રિકાલ સંધ્યા કરે અને સંધ્યા સમયે મૌન રાખી જપ કરે. (૨૬) આચાર્યને ભગવાનનું સ્વરૂપ માનીને સેવા કરે. ગુરુજીનો ઉત્કર્ષ જોઇ અદેખાઈ ના કરે, ગુરુજીને સર્વદેવમય સ્વરૂપે સેવે. (૨૭) સાયંકાલે તેમજ પ્રાતઃકાલે એમ બે વખત ભિક્ષા લઇ આવી ગુરુજીને બતાવે અને ગુરુજી તેમાંથી જેટલું અને જે વસ્તુનું ભોજન કરવાની સંમતિ આપે તેટલું અને તે વસ્તુનું ભોજન કરે. અન્ય કાંઇ પણ વસ્તુઓ મળે તે બધી જ ગુરુને ચરણે ધરે અને ગુરુજન સૂચવે તે જ વસ્તુ લે તેનોજ ઉપયોગ કરે. (૨૮) સૂઇ જવાનું પણ ગુરુની નજરમાં રાખે. વાહનમાં પણ ગુરુજીની પાસે જ બેસે. બેસવાનું આસન પણ ગુરુજીની નજર નીચે જ રાખવું. પરંતુ તેમના સરખી શય્યા, તેમની સાથે આસને તેમના સરખા સ્થાને ના બેસવું. પરંતુ ગુરુજીનું ગૌરવ દેખાય અને પોતાની નમ્રતા દેખાય, પોતાનું લાંછન દેખાય નહીં તે રીતે બેસવા ઊઠવા સૂવામાં વર્તન કરે. ગુરુદેવથી દૂર ન જાય તેમજ જ્યાર જ્યારે ગુરુજીની સમીપે જાય ત્યારે અંજલિબાંધી સન્મ્ખ ઊભો રહે. (૨૯) દેહના વિલાસભોગ-સુખ ત્યજી સંયમ સજી ગુરુજીની સમીપે રહેવું, વિદ્યાભ્યાસ સમાપ્ત થાય ત્યાં સુધી ગુરુકુલમાં વાસ કરવો અને અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવું. (૩૦)

નૈષ્ઠિક બ્રહ્મચીરીની નિષ્ઠા અને નિયમ

નૈષ્ઠિક બ્રહ્મચારી તો આજીવન ઉધ્વરેતસ રહેવાનો હોવાથી તે ગુરૂકુલમાં જ નિવાસ કરે. તેને લગ્નજીવન જીવવાની

જો લાલસા ના હોય અને આજીવન સંયમ પાળી શકે એવી જો શક્તિ હોય તો, તેમજ આ જ જન્મે બ્રહ્મલોક પામવાની જેમની વાંછા હોય તો ગુરુદેવના શ્રીચરણે પોતાનો દેહ સમર્પી દે.ગુરુકુલમાં પણ વેદાધ્યયન, બ્રહ્મજ્ઞાન સમ્પાદનનું લક્ષ્ય હોય તો ગુરુકુલમાં જીવન પર્યન્ત નિવાસ કરે. (૩૧) અગ્નિનારાયણમાં ગુરુદેવમાં અને આત્મામાં આ નૈષ્ઠિક બ્રહ્મચારી મારા સ્વરૂપનું જ નિત્ય ચિંતન અને દર્શન કરે. આ સર્વને ભગવદ્ભાવથી જૂએ અને સ્વયં ભગવત્સ્વરૂપથઈ જ ભજે એટલું જ નહીં પરંતુ બ્રહ્મતેજોમય બનીને સ્વયં નિર્દોષ થઈને ઉપાસના કરે. (૩૨) બ્રહ્મચારી તેમજ વાનપ્રસ્થાશ્રમજીવી માનવના સાધારણ ધર્મોનું નિરૂપણ કરતાં ભગવાન બોલ્યા કે ભાઈ આ બન્ને ને બ્રહ્મનિષ્ઠ થવાનું હોવાથી સ્ત્રીઓ સામે તાકી તાકી ધારી ધારી તેમજ ભાવવાહી નજરે ના જોવું. તેમનો સ્પર્શ ના કરવો, તેમની સાથે વાર્તાલાપ ચાહીને ના કરવો તેમની સાથે હાસ્યવિનોદ પણ ના કરવો, સ્ત્રીપુરુષના કે પશુપક્ષીના વિલાસ-રતિ સુખો કે ચિત્રો ના જોવાં. (૩૩) બ્રહ્મચારી અને વાનપ્રસ્થાનજીવી એમ બન્ને સાધકે શૌચ-બુદ્ધિ જાળવવી આચમન કરવું. ત્રિકાલ સંધ્યા અને સ્નાન કરવાં, સંધ્યા સમયે માર્જન કરવું. ગુરુજનોને પ્રણામ કરવા, બને તેટલાં તીર્થસ્નાન કરવાં, અસ્પૃશ્ય વસ્તુઓનો સ્પર્શ ના કરવો એટલે કૂતરાં-બિલાડાં વગેરે રમાડવા નહીં. અભક્ષ્ય એટલે લસણ, ડુંગળી, ગાજર વગેરે નિષિદ્ધ વસ્તુઓ ના ખાવી અને જેમની સાથે વાર્તાલાપ કરવાની ના પાડી છે તેમની સાથે વાર્તાલાપ ના કરવો. (૩૪) ભાઈ કુલીન ઉદ્ધવ ! ઉપર કહેલા ધર્મો તો કલ્યાણ ચાહનારા ચારે આશ્રમો માટે એક સરખા સાધારણ રીતે પાળવાના હોય છે. સર્વને મન-વાણી-કાયાનો અવશ્ય સંયમ જાળવવાનો છે. વળી પ્રાણીમાત્રમાં ભગવાન શ્રીકૃષ્ણ વસ્યા છે એમ માનીને સેવા કરવી એ વાત નિશ્ચિત છે. ઉપર દર્શાવ્યા પ્રમાણે બ્રહ્મપ્રાપ્તિની ઇચ્છા ધરાવતો બ્રહ્મનિષ્ઠ નૈષ્ઠિક બ્રહ્મચરી અગ્નિ સમાન તેજસ્વી બની, શુદ્ધ બની જો તીવ્ર તપશ્ચર્યાં કરે. તેમજ અનન્ય ભક્તિ કરે તો અન્તઃકરણમાં વસેલી દૃઢ વાસનાઓને ભક્તિથી અને તપથી ભસ્મ કરી સ્વયં શુદ્ધ બની જીવન્મુક્ત બને છે. (૩૬)

ઉપકુર્વાણ બ્રહ્મચારી

ભાઈ ઉદ્ધવ ! હવે ઉપકુર્વાણ એટલે અભ્યાસ પૂર્ણ કરી લગ્નજીવન જીવવા ચાહતા બ્રહ્મચારી સંબંધી વિચાર કરીએ કે જો ગુરુકુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ને ગૃહસ્થાશ્રમ ધર્મમાં જવું હોય, લગ્ન કરવું હોય તો એનો વિધિ એવો છે કે તે મનથી વિચાર્યા પ્રમાણે વેદનો અભ્યાસ સંપૂર્ણ કરીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા ચાહે ત્યારે તે સ્નાતકે ગુરુકુલમાંથી પિતૃકુલમાં વિદાય થતાં ગુરુદેવને અભીષ્ટ દક્ષિણા આપે અને ગુરુજીની આજ્ઞા તેમજ આશિષ લઈને સમાવર્તન નામનો સંસ્કાર કરે. (૩૭) હવે તેને ગુરુકુલમાંથી સ્નાતક બની વિદાય લેવાના બે માર્ગો છે જો તેને ગૃહસ્થ થવું છે, લગ્નદીક્ષા લેવી છે તો તે પોતાના ઘર તરફ પ્રસ્થાન કરે પરંતુ તેની ઈચ્છા વાનપ્રસ્થ થવાની છે તો તે વનમાં વિદાય લે. આ વખતે શુદ્ધ મનવાળો હોય તો તે વનમાં સુખેથી જાય પરંતુ બ્રહ્મણ હોય તે જ વનમાં જાય જ્યારે ક્ષત્રિય વૈશ્ય માટે ગૃહસ્થ થવું જ કલ્યાણ છે. જે વિરક્ત છે, તે સ્નાતક બ્રહ્મચારી તો વાનપ્રશ્થ બને અથવા સીધો સંન્યાસી બને તો તેને શાસ્ત્રની સંમતિ છે પરંતુ તે ગૃહસ્થ બને કે વિરક્ત બને પણ તેના હિત માટે મારી ભક્તિ તો આવશ્યક અને અનિવાર્ય છે. (૩૮) ગૃહસ્થ થનારા યુવાને પોતાની જ્ઞાતિની જ યોગ્ય કન્યા સાથે જ લગ્ન કરવું. લગ્ન કરતા પહેલાં કુલ-શીલ-રૂપ-વિદ્યા પોતાનાથીનાની વય યોગ્યતા તપાસી કલંકિત કે નિંદિત કન્યા સાથે લગ્ન ના કરવું, બ્રાહ્મણ બ્રાહ્મણ કન્યા અથવા ક્ષત્રિય કે વૈશ્ય કન્યા સાથે લગ્ન કરવું. ક્ષત્રિયે ક્ષત્રિય કન્યા કે વૈશ્ય કન્યા સાથે લગ્ન કરવું. વૈશ્ય વૈશ્ય કન્યા અથવા શૂદ્રકન્યા સાથે લગ્ન કરવું. આ લગ્ન અનુલોમ લગ્ન કહેવાય પરંતુ પ્રતિલોમ એટલે એથી ઊલટાં એટલે પોતાનાથી ઉપરના વર્ણની કન્યા સાથે લગ્ન ન કરવામાં પોતાનું કલ્યાણ છે. (૩૯)

યજ્ઞ-દાન-અધ્યયન-આ ત્રણે આ વર્ણના સમાન ગૃહસ્થ ધર્મો

ભાઈ ઉદ્ધવ ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણે દ્વિજ કહેવાય છે. યજ્ઞ-દાન-વેદાભ્યાસ તો ત્રણે વર્ણો માટે સમાન ધર્મો છે પરંતુ જ્યારે દાન લેવું, અધ્યયન કરાવવું. યજ્ઞ કરાવવો આ ત્રણે બ્રાહ્મણની આજીવિકા હોવાથી ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ ક્રિયાઓ ના કરવી જોઈએ. (૪૦) તેમાં ખાસ કરીને બ્રાહ્મણે પ્રતિગ્રહ એટલે દાન તો લેવું જ ના જોઈએ. કારણ કે પ્રતિગ્રહથી **તપ**, તેજ, યશ, આ ત્રણ સમ્પત્તિઓનો નાશ થાય છે. તે કરતાં તો તે યજ્ઞ કરાવી અને વેદાભ્યાસ

કરાવી પોતાની આજીવિકા ચાલાવે. પરંતુ તેમાં પણ પોતાની લાચારી જેવું કે દીનતા જેવું લાગે તો પછી ઉંચ્છવૃત્તિથી પોતાનો નિર્વાહ કરે, ઉંચ્છવૃત્તિ એટલે ખેડૂત ખેતરમાંથી ધાન્ય લણીને દાણા ઘરે લઇ જાય ત્યારબાદ અનાજનાં ડૂંડા ખેતરમાં પડયાં હોય અથવા ખળામાંથી અનાજ લણી લઇ ગયા બાદ ચારે બાજુ

જે દાણા વેરાયેલા હોય તે દાણા વીણી લાવી તેમાંથી પોતાના જીવનનો નિર્વાહ કરે. (૪૧)

ब्राह्मणस्य तु देहोऽयं क्षुद्रकामाय नेष्यते । कृच्छ्राय तपसे चैव प्रेत्यानन्तसुखाय च ॥ ४२ ॥

શિલોંચ્છવૃત્તિથી જીવવું જોકે અસાધારણ કષ્ટ ભરેલું છે, છતાં દીનતા ભર્યું જીવન જીવવા કરતાં તપોમય અને કષ્ટમય જીવન સારું, કારણ કે બ્રહ્મણનો દેહ ક્ષુદ્ર સુખો કે ભોગ-વિલાસો માટે નથી પરંતુ તે તો આજીવન કષ્ટ સહન કરવા તપશ્ચર્યા કરવા, અને દેહલય બાદ પરમાનંદના સુખને પામવા માટે છે. (૪૨) ભગવાનની આજ્ઞાનુસાર જો ત્યાગવૃત્તિ કેળવી તપશ્ચર્યા કરી સર્વ પ્રકારની કામના વિનાનો અકામ, અતિશય ધીરજવાળો, આંગણે આવેલા અતિથિની સેવા કરનારો મનને-મારી સેવામાં પરોવી રાખનાર, સદા ગૃહસ્થાશ્રમ ધર્મમાં પત્ની-કુટુંબ પરિવાર સાથે રહેવા છતાં તે ભક્ત તો વિરક્ત જ છે, આસક્તિ વિનાનો જ છે, એને આંગણે મુક્તિ સ્વયં દોડી આવે છે.

વિપ્રવત્સલ શ્રીકૃષ્ણ

ભાઈ ઉદ્ધવ ! સદાય મારી સેવામાં તરબોળ સદા મારામાં પરોવાયેલ એવા બ્રહ્મર્ષિને શિરે આપત્તિ આવી પડે અને એમાંથી જો એને બચાવી લે તો તેવા પુણ્યજનને સાગરમાં ડૂબતા જનને નાવ ઉઠાવી લે, ઉપાડી લે અને બચાવી લે તેમ હું પણ વિપત્તિથી ઘેરાયેલા બ્રાહ્મણને મુક્ત કરનારને આપત્તિઓના સાગરમાંથી વિનાવિલંબે તારી લઉં છું. (૪૪) જેમ પિતા પોતાના સંતાનોનો અને પોતાનો આપતિમાંથી ઉદ્ધાર કરે છે જેમ ધીરવીર ગજરાજ અનેક ગજાને-હાથીઓને સંકટથી મુક્ત કરી સ્વયં પણ મુક્ત બને છે. ઉચિત છે કે નૃપતિઓ પણ પ્રજાજનના પિતા બની પ્રજાનું અને પોતાનું સંકટ નિવારે. (૪૫) જો કોઇ પણ નૃપતિ પોતાની પ્રજાને આ રીતે સદા સંભાળે છે, પાળે છે, પોષે છે તો તે રાજા સૂર્ય સમાન તેજસ્વી વિમાનમાં બિરાજતો રાજા ઇન્દ્ર સાથે વિહાર કરે છે. તમાં પ્રજાપાલન નામના પાવન ધર્મથી જે કોઇ પ્રતિબંધ કરનારાં પાપો હતાં તે સર્વ પાપોનો કેવલ પ્રજાપાલન ધર્મથી ક્ષય થઇ ગયેલો હોય છે. (૪૬)

આપત્તિકાલનાં ધર્મસ્વરૂપો

પ્રત્યેક વર્ણ અને પ્રત્યેક પ્રજાજન પોતાના નિત્ય સુખકાલમાં પોતાના ધર્મોનું સેવન-પાલન અવશ્ય કરે પરંતુ જ્યારે તેને આપત્તિ ઘેરી વળે ત્યારે તો આપત્તિમાં આવી પડેલ બ્રાહ્મણને જો યજ્ઞ-દાન-અધ્યાપન નામની આજીવિકાથી જીવન જીવવામાં સંકટ આવી પડે તો તેણે વ્યાપાર નામના વૈષ્ણવ ધર્મથી જીવન નભાવી લેવું અને કુટુંબનું પાલન કરી લેવું. જો કદાચ એનાથી વૈશ્ય વૃત્તિથી પણ જીવી શકાય તેમ ન જ હોય તો આખરે ક્ષત્રિય ધર્મ સ્વીકારવો પરંતુ ગમે તેવી આપત્તિ આવી પડે તો પણ નીચ જનની સેવા કરવી ના જોઇએ. (૪૭) ક્ષત્રિય રાજાને માથે જ્યારે આપત્તિ આવી પડે અને આજીવિકા ના જ નભે અને પ્રાણ સંકટમાં આવી પડે તો વ્યાપાર વૃત્તિથી અથવા મૃગયા કરીને, અથવા બ્રાહ્મણની વૃત્તિ-આજીવિકાથી જીવન નભાવી લેવું પરંતુ રાજાએ નીચ જનની નોકરી ના કરવી. (૪૮) જો વૈશ્ય આજીવિકાની મુશ્કેલીમાં આવી પડે તો તેણે શૂદ્રની આજીવિકાથી પણ જીવન નભાવવું અને શૂદ્રને પણ આજીવિકાની કઠિનાઈ નડે ત્યારે તે પણ પોતાનાથી ઊતરતા લોકોની આજીવિકાથી પણ જીવી જવુ. અને કુટુંબને જીવાડી જવું પરંતુ જ્યારે આપત્તિકાલ ચાલ્યો જાય ત્યારે તે આજીવિકાને ત્યજી દેવી તેમજ પ્રાયશ્ચિત કરી લેવું અને સ્વધર્મ પ્રમાણે જ પાછું જીવવું જોઇએ. (૪૯)

ગૃહસ્થના નિત્યના પાંચ મહાયજ્ઞો

ભાઈ ઉદ્ધવ ! ગૃહસ્થાશ્રમીને માટે નિત્ય પાંચ મહાયજ્ઞો અનિવાર્ય જ છે. (૧) બ્રહ્મયજ્ઞ-વેદના સ્વાધ્યાયને બ્રહ્મયજ્ઞ કહેવાય છે. આ બ્રહ્મયજ્ઞ દ્વારા ઋષિઓને સંતોષે, (૨) પિતૃયજ્ઞ કરે તેમજ આ પિતૃયજ્ઞથી પિતૃઓને સંતોષ આપે, (૩) દેવયજ્ઞ-નિત્ય અગ્નિહોમ આદિ યજ્ઞ દ્વારા દેવોને હુતદ્રવ્ય આપીને સંતોષે, (૪) ભૂતયજ્ઞઃ- પ્રાણી માત્રને

પોતપોતાનો વૈશ્વદેવ ક્રિયા સમયે ભાગ આપી પ્રાણી માત્રને સંતોષે, તેમજ (૫) મનુષ્યયજ્ઞઃ- નિત્ય આંગણે આવેલ અતિથિનું સ્વાગત કરી, ભૂખ્યાં-તરસ્યાં મનુષ્યોનું પોષણ કરી અન્નદાન આપી સર્વ મનુષ્યોને સંતોષે આ પ્રકારે બ્રહ્મયજ્ઞ-પિતૃયજ્ઞ-ભૂતયજ્ઞ-મનુષ્યયજ્ઞ આવા પાંચ પ્રકારના યજ્ઞો દ્વારા દેવ-ઋષિ- પિતૃ-ભૂત મનુષ્યોનેનિત્ય સંતોષતાં તેમને દુઃખી દરિદ્ર ગરીબ માનીને પોષણ ના કરે પરંતુ મારાં જ સ્વરૂપો સમજીને સેવા કરે, (૫૦) ભગવાનની કૃપાથી તેમજ પવિત્ર આજીવિકાથી જે ધન આવી મળેલ હોય તે ધન દ્વારા કુટુંબ-પરિવાર-સેવક-દાસદાસીજનનું પોષણ-પાલન કરતાં જે ધન બાકી રહ્યું હોય તેના ઉપર લોભ ના કરતાં યજ્ઞયાગાદિ કરવાં જોઇએ. (૫૧)

ગૃહસ્થજીવનની સાવધાની

ભાઈ ઉદ્ધવ ! વિશાલ કુટુંબી પણ ગૃહસ્થે પત્ની, પુત્ર, પરિવારમાં પારાવાર આસક્તિ ના રાખવી (૧) સ્વર્ગ વગેરે સુખો પણ પૃથ્વીના સુખવિલાસો જેવાં વિનાશી છે આવો તત્વવિચાર (૨) સેવા વગેરે ધર્મ પાલનમાં પ્રમાદનો ત્યાગ અને ક્ષણે સાવધાનતા (૩) શ્રીકૃષ્ણમાં મન (૪) ભગવાનની અખંડ સ્મૃતિ (૫) ભાઈ ઉદ્ધવ આ ઉપરાંત એક વાત ધ્યાનમાં રાખવી કે સ્વર્ગ અને સ્વર્ગસુખો તો નજર સન્મુખ નથી પરંતુ જે સ્ત્રી-પુત્ર-ધન-પરિવાર વગેરેનાં લોકસુખો તો દષ્ટિસન્મુખ છે તેથી તેમાં પણ સાવધાન રહે અને તે સુખો પણ નિત્ય નથી એવું સ્મરણ રાખે (૬), પર પત્ની, પુત્ર, પરિવાર, સ્નેહી, સ્વજન, સંબંધીજનનું મિલન તો યાત્રાના માર્ગમાં આવતા વિશ્રામોનાં વિશ્રામ ભવનોમાં મળેલા વટેમાર્ગુના મિલન જેવાં અસ્થિર છે. આ બધા આ દેહની સાથે સંકળાયેલા છે. માનવનો દેહ મળતાં જ તેની સાથે પ્રારબ્ધથી જોડાયેલાં સાથે જ આવે છે અને પરબે પાણી પી છૂટા પડનારની માફક વિખૂટાં પડી જાય છે. રાત્રે નિદ્રામાં સૂતેલા જીવને જેમ અનેક સ્વપ્નો આવે છે તેમાં અનેક દશ્યો દેખાય છે. સ્વપ્નકાલ ચાલુ રહે ત્યાં સુધી તે ચાલુ હોય છે પરંતુ સ્વપ્ન ચાલ્યું જતાં સર્વ પદાર્થો પણ ચાલ્યા જશે. આવાં સ્વપ્નસુખોમાં આસક્તિ ન રખાય તેમ દેહના સંબંધીઓમાં પણ આસક્તિ ના રાખવી. (૫૨, ૫૩) આવો વિવેકવિચાર રાખનાર મનુષ્ય જીવન્મુક્ત મનાય છે. આવો જીવનમુક્ત કુટુંબમાં અને ઘરમાં અતિથિની માફક રહે તેમજ અહંતા મમતા ના રાખે તો તે બંધન પામતો નથી. (૫૪)

पुत्रदाराप्तबन्धूनां सङ्गमः पान्थसङ्गमः । अनुदेहं वियन्त्येते स्वप्नो निद्रानुगो यथा ॥ ५३ ॥
इत्थं परिमृशन् मुक्तो गृहेष्वतिथिवद् वसन् । न गृहेरनुवध्येत निर्ममो निरहंकृतः ॥ ५४ ॥

ભાઈ ઉદ્ધવ ! મારી ભક્તિમાં તરબોળ મારા ભક્તને ગૃહસ્થને માટે આદરેલાં યજ્ઞાદિ કર્મો દ્વારા મારું યજન કરવું સેવા કરવી અને ઘરમાં ગૃહસ્થ ધર્મમાં રહેવું અથવા વાનપ્રસ્થ ધર્મોનો સ્વીકાર કરી તપોવનમાં ચાલ્યા જવું અથવા તો પુત્રવાન હોય તો સંન્યાસ લેવો. (૫૫) ભાઈ ઉદ્ધવ ! ગૃહકાર્યોમાં ખૂબ જ રચ્યોપચ્યો, પુત્રની તેમજ ધનની લાલસા પરવશ, સ્ત્રીવશ, પ્રકૃતિપરવશ, સંસારરત મતિને જડમતિ માન્યો છે. આવો પુરુષ ઘરમાં હું અને મારું આ ભાવથી સદા બંધાય છે. (૫૬) તેના મનમાં સદા આ વિચારો ઘોળાય છે કે મારાં માતાપિતા વૃદ્ધ છે, વળી સ્ત્રી નાની ભોળી છે, પુત્રો પરિવાર નાના છે., મારા વિના તેમની કાળજી કોણ કરશે ? મારા વિના અનાધાર બની જઇ કેમ જીવી શકશે? આ પ્રકારની તે સંસારાસક્ત જીવની ઘરમાં મતિ પરોવાયેલી હોય છે. ચિત્ત વાસનામય હોય છે. તે તો પુત્ર, પરિવાર અને કુટુંબનું જ પોષણ કરતો તેમનામાં જ મૂઢમતિ બનેલો સ્વયં તૃપ્તિ પામ્યા વિના જ શરીર છોડે ત્યારે તામસી સર્પાદિની યોનિને પામે છે.' (૫૭,૫૮)

एवं गृहाशयाक्षिप्तहृदयो मूढधीरयम् । अतृप्तस्ताननुध्यायन् मृतोन्धं विशते तमः ॥ ४४ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો એકાદશ સ્કંધનો સાયુજ્ય મુક્તિપ્રકરણમાં અધ્યાય ૧૭મો સમાપ્ત

અધ્યાય ૧૮ મો

(આ અધ્યાયમાં વાનપ્રસ્થ તેમજ વિરકત યતિના ધર્મો આવે છે. વાનપ્રસ્થે નિત્ય જીવન કેવું જીવવું તેમજ વિરકત યતિએ કેમ વર્તવું એ પ્રસંગ ભગવાન શ્રી ઉદ્ધવજીને કહેશે. આ અધ્યાયમાં ૪૮ શ્લોકો છે.)

श्रीभगवानुवाच-बन विवक्षुः पुत्रेषु भार्यां न्यस्य सहैव वा । वने एव वसेच्छान्तस्तृतीयं भागमायुषः ॥ १ ॥

ભગવાન શ્રીકૃષ્ણ પૂર્વના અધ્યાયમાં બ્રહ્મચારી અને ગૃહસ્થના ધર્મોનું વર્ણન કરતા આ અધ્યાયમાં વની અને યતિના ધર્મનું વર્ણન કરતાં વચનામૃત વર્ષાવતાં બોલ્યા કે ભાઈ ઉદ્ધવ ! ગૃહસ્થશ્રમધર્મમાં રેહતા ગૃહસ્થની ગૃહસ્થશ્રમનાં કર્તવ્યોને સમાપ્ત કરી વાનપ્રસ્થ જીવન જીવવા જો વનમાં વસવાની વૃત્તિ થાય તો તે પોતાની પત્નીને પુત્રોને સંભાળવાનું કહીને અથવા પત્ની વનમાં આવવા ચાહે તો સાથે લઇને વનમાં વિદાય લે. વનમાં રહીને આયુષ્યનો ત્રીજો વિભાગ કેવળ શાંતિથી પસાર કરે. (૧) જ્યારે તે વનમાં વસે ત્યારે તે પોતાના આહારમાં સાત્ત્વિક અને પવિત્ર કંદ-મૂલ-ફૂલનો આહાર કરે. કાયનાં ઢાંકણ માટે કેવલ વલકલ વસ્ત્રોનો જ ઉપયોગ કરે. જ્યારે પથારી વગેરેમાં ઘાસ-પાનનો ઉપયોગ કરે તેમજ મૃગચર્મ, વલ્કલ વગેરેથી કાયનું ઓઢણ કરે. (૨) વાનપ્રસ્થે મસ્તકના કેશ, શરીરના રોમ, મુખની દાઢી, હાથ-પગના નખ ના છેદવા અને કાયાના મળ સાફ ન કરવા, તેમજ દાંતને ખૂબ ખૂબ ઘસવા નહીં. ત્રણે સંધ્યાકાળે જલમાં સ્નાન કરે, પલંગ-ગાદલાં ઉપર શયન ના કરવું. માટીની બનાવેલી, છાણે લીંપેલી વેદી-ઓટલી ઉપર સૂઇ જવું. (૩) ઉષ્ણકાલમાં પંચાગ્નિનાં તપ કરે, વર્ષાકાલમાં માથા ઉપર કોઇ પણ આચ્છાદન રાખ્યા વિના સીધે સીધું જલ વરસવા દે. શિયાળામાં ગળા પર્યન્ત જલમાં જ રહે, આ પ્રમાણે ત્રણે ઋતુનાં તપ આચરે. (૪) અગ્નિમાં પકાવેલા કંદ વગેરે કે પછી સ્વયં પાકવાનો સમય આવે ત્યારે પાકેલાં કેળાં, પપૈયાં વગેરે આહાર કરે. ખાંડણિયામાં ખાંડેલા નીવાર, 'કુટટુ', જવ વગેરેનો આહાર લે અથવા જવ વગેરેને પથ્થરથી ફૂટીને લોટ બનાવી તેની થૂલી બનાવી આહાર કરે અને જો દાંતથી ચાવી શકે તેમ હોય તો ચાવેલો આહાર લે. (૫) ફૂલ, કંદ, મૂલ વગેરે દેહનિર્વાહનાં સાધન ગણાય તે પોતે જ વનમાંથી લાવીને ખાય, પરંતુ બીજા પાસે ન મંગાવે. આહાર પણ પ્રતિ દિવસ જેટલો જોઇએ તેટલો જ લાવે પરંતુ બીજા દિવસ માટે સંગ્રહ ના કરવો. બને ત્યાં સુધી જ્યારે જોઇએ તે વખતે જ કંદ, મૂલ, ફલ વગેરે આહારના સાધનો લાવવાં. દેશકાલનો વિચાર કરતાં એમ લાગે કે ખૂબ જ વર્ષાકાલ છે. રોજનાં ફલ વગેરે મળે તેમ નથી અથવા ઉજ્જડ દેશ છે તેથી પ્રતિદિન મળવાનો સંભવ નથી તો પછી થોડા પ્રમાણમાં સંગ્રહ પણ કરવો. (૬) વાનપ્રસ્થને કરવાના હોમ વગેરે અવશ્ય કરવા પરંતુ વનમાં પાકેલા નીવાર વગેરે ધાન્યના ચરુ બનાવી પુરોડાશ બનાવી હોમ વગેરે કરવાં પરંતુ જે શ્રૌત પશુયાગ છે તેનાથી મારું યજન ના કરવું. (૭) વેદના જાણકાર વિદ્વાનોએ ગૃહસ્થાશ્રમીની જ જેમ વાનપ્રસ્થ આશ્રમીને પણ દર્શ-પૂર્ણમાસ-ચાતુર્માસ્ય વગેરે યાગો કરવાનું વિધાન કરેલ છે તેથી તે ચરુ પુરોડાશથી અવશ્ય કરે. (૮) ભાઈ ઉદ્ધવ ! આ પ્રકારે વનમાં વસનાર વાનપ્રસ્થ તપસ્વીની કાયા તપશ્ચર્યા કરતાં સૂકાઇ જાય છે તેનાં મેદ-માંસ પણ સૂકાઇ જાય છે. તેના શરીરની નાડીઓ એટલે નસો દેખાવા માંડે છે આવી કઠિન તપશ્ચર્યા કરનાર તપસ્વી તપોમય મારા સ્વરૂપનું આરાધન કરતાં કરતાં ઋષિઓ માટેના તપોલોકમાં-ઋષિલોકમાં જઇ પછી મને મળવે છે. (૯) આ કઠિન તપશ્ચર્યા આદરીને સંપાદન કરેલી તપઃશક્તિનો કોઇ ક્ષુદ્ર કામનાઓની પ્રાપ્તિ માટે કે પૂર્તિ માટે ઉપયોગ કરી દે તો એના સમાન કોઇ અણસમજુ નથી. (૧૦) ભાઈ ઉદ્ધવ ! હવે વનમાં નિવાસ કરનાર આ વાનપ્રસ્થી તપસ્વી જો દેહ દુર્બલ બનતાં તપશ્ચર્યા કરવા માટે કે અગ્નિની ઉપાસના કરવા માટે અસમર્થ બને તેમજ અવસ્થાને લીધે કાયા કાંપવા લાગે એવી સ્થિતિ આવી જાય ત્યારે હઠાગ્રહીના બનતાં પોતાના સ્વરૂપમાં અગ્નિનું સ્થાપન કરી દે. અને મન મારામાં રાખીને અંતે અગ્નિમાં પ્રવેશ કરે. (૧૧) નરક જેવાં નકામાં લૌકિક-સાંસારિક સુખોમાંથી તેમજ દુઃખ જ પરિણામ છે એવાં કર્મના ફલોના લોભથી મન જ્યારે ઉબઇ જાય ત્યારે એટલે લોક-સુખભોગોમાં વૈરાગ્ય આવે ત્યારે તે તપસ્વી અગ્નિને પોતાના સ્વરૂપમાં પધરાવી દે. પછી તે બ્રહ્મચારી હોય, ગૃહસ્થાશ્રમી હોય કે વાનપ્રસ્થી હોય આમ ત્રણે આશ્રમમાંથી કોઇ પણ આશ્રમમાં તે હોય પરંતુ તે સંન્યારી થઇ શકે છે. (૧૨) સંન્યાસ દીક્ષા લેતી વખતે વિધિપૂર્વક અગ્નિમાં હોમ કરે અને સર્વસ્વ ઋત્વિજોને આપી દે અને અગ્નિ નારાયણને પોતાના પ્રાણોમાં સ્થાપી દે. પુનઃ સર્વ ત્યજીને નિરપેક્ષ બનીને તે ચાલી નીકળે. (૧૩)

સંન્યાસીને ત્યાગમાં વિઘ્નો

ભાઈ ઉદ્ધવ ! જ્યારે બ્રાહ્મણ ઉપર કહ્યા પ્રમાણે સર્વ ત્યજી સંન્યાસી થઇ વિદાય લે છે તે અવસરે અદેખાઇ ભરેલા દેવો

તે ત્યાગીનાં કુટુંબીજનો સ્ત્રી-પુત્ર વગેરેમાં પ્રવેશ કરીને તેના ત્યાગમાં આડે આવી ઊભાં રહે છે.અસૂયા ભર્યા દેવોના હૃદયમાં એવો ભાવ છે કે આ તપસ્વી સંન્યાસી બનીને અમારાથી આગળ વધી જશે અને પરમપદને પામી જશે માટે અમે એને પરમ પદે ના પહોંચવા દઇએ આવા દુર્વિચારે તે વિઘ્ન કરે છે. (૧૪) હવે સંન્યાસીએ કેવલ કૌપીન ધારણ કરવા જેટલાં જ વસ્ત્રો ધારણ કરવાં અને રાખવાં પરંતુ વધુ વસ્ત્રોનો સંગ્રહ ના કરવો. સંગ્રહ વિના નભી શકાતું હોય અને શરીરનિર્વાહમાં મુશ્કેલી ના લાગતી હોય ત્યાં સુધી ત્યાગ કરેલાં પદાર્થોમાં દંડ તેમજ કમંડલુ વિના અન્ય કાંઇ ના રાખવું. (૧૫)

दृष्टिपूतं न्यसेतू पादं वस्त्रपूतं पिबेतू जलम् । सत्यपूतां वदेद वाचं मनःपूतं समाचरेत् ॥ १६ ॥

પ્રયાણ પવિત્ર દેશમાં જઇ રહેલ છું કે ભોગભૂમિમાં જઇ રહ્યો છું એવું વિચારી કદમ માંડે. જલને શુદ્ધ વસ્ત્રથી ગાળી શુદ્ધ કરી પાન કરે. એક પણ શબ્દ બોલતાં સત્યશુદ્ધ વાણી છે કે કેમ એવો વિવેક કરીને જ બોલે. અને મનથી પવિત્રતાનો વિચારીને વર્તન કરે. (૧૬) સંન્યાસીના ત્રણ દંડ હોય છે તેથી તેને ત્રિદંડી સંન્યાસી કહેવામાં આવે છે. આ ત્રણ દંડ કાંઇ કેવલ ત્રણ વાંસની લાકડીઓ ધારણ કરવાની નથી હોતી પરંતુ ''મૌન'' એ વાણીનો દંડ એટલે સંયમ છે. સંસારસુખ ભોગવિલાસોને મેળવવા માટે દેહને ન વાપરવો, કશી પણ દેહસુખ માટે પ્રવૃત્તિ ના કરવી એ દેહના સંયમનું નામ ''દેહનો દંડ'' છે અને પ્રાણાયામ કરવો એ દેહનો દંડ છે આવી રીતે ત્રણ સંયમરૂપ દંડને ધારણ કરનારને ત્રિદંડી કહેવામાં આવે છે. પરંતુ કેવલ ત્રણ દંડ રાખવાથી ત્રિદંડી સંન્યાસી ના મનાય. (૧૭) સંન્યાસીએ ચારિત્ર્યથી કલંકિત થયેલ હોય કે ચારિત્ર્યથી પતિત થયેલ હોય તેને આંગણે ભિક્ષા ન કરવી. પરંતુ શુદ્ધશીલ પવિત્રચરિત એવા ચારે વર્ણમાંથી ભિક્ષા કરી શકાય છે તેમાં પણ થોડા અન્ન અને ઘરથી જીવન નભી જાય તો ઝાઝે ઘરે ના જાય તેમજ ઝાઝી ભિક્ષા ના ભેગી કરે. સંન્યાસીને માટે ભિક્ષાના નિયમોમાં મુખ્ય તો બ્રાહ્મણના ઘરેથી જ ભિક્ષા કરવાની હોય છે, પરંતુ આપત્કાલ આવી પડે અને દેહ નહીં ટકે એવું લાગે ત્યારે જ બ્રાહ્મણ શિવાય અન્ય ગૃહેથી ભિક્ષા તેટલા સમય પૂરતી જ લે. પરંતુ તે કાલ ચાલ્યો જતાં બ્રાહ્મણને ગૃહેથી જ ભિક્ષા.કરે. પરંતુ આના કરતાં બીજાને ઘરે મિષ્ટાન કે સ્વાદિષ્ટાન્ન મળશે એમ વિચારી ભિક્ષા કરવા ના જવાય. (૧૮) હવે ભિક્ષા લાગ્યા પછી ગામની બહાર જ્યાં જલાશય હોય ત્યાં જઇ સરોવરતીરે આચમન કરી મૌન ધારણ કરી, ભિક્ષામાં આવેલી વસ્તુઓનો વિભાગ કરી વહેંચી પછી વધેલ વસ્તુની ભિક્ષા કરે. (૧૯) વિરકત સંન્યાસીએ એકલા વિચરવું., સાથે કોઇને સંગી ના બનાવવો, ઇન્દ્રિયો ઉપર સંયમ કરવો. પરમાત્મામાં મન રાખી પરમાત્મા સાથે ક્રીડા કરવી, મનને વશ રાખવું અને સર્વત્ર સમદષ્ટિથી જોવું. (૨૦) એકાન્ત અને નિર્ભય દેશમાં નિવાસ કરવો. મનમાં મારો ભાવ કેળવી કે મારામાં ભાવ રાખી અન્તઃકરણને નિર્મલ બનાવી મુનિએ મારી સાથે અભેદ રાખીને આત્માનું ચિંતન કરવું. (૨૧) મનને જ્ઞાનમાં સ્થિર કરીને બંધન અન મોક્ષની સમાલોચનાં કરવી આ સમાલોચનાનો પ્રકાર એવો છે કે ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોનાં સુખોમાં મનને આસક્ત રાખવાથી બંધન થાય છે જ. પરંતુ ઇન્દ્રિયોના વિષયોથી મનને દૂર રાખવાથી મોક્ષ થાય છે આવું સતત યતિએ વિચારવું. (૨૨) આ આત્મવિવેકના બળથી કામ-ક્રોધ-લોભ-મદ-મોહ વગેરે છ શત્રુઓને સંયમમાં રાખીને સર્વત્રમારું દર્શન કરતો, સર્વત્ર મારી જ ભાવના કરતો યતિ વિચર્યા કરે અને તુચ્છ સુખોમાંથી મન ઉઠાવી લઇ મનને આત્મસુખના શ્રેષ્ઠ સુખનો અનુભવ કરાવે. (૨૩) યતિ જ્યાં યાત્રિક સમૂહ આવતો હોય તેવાં પવિત્ર ગામ, પવિત્ર નગરો, પવિત્ર તીર્થો, પવિત્ર સરિતાઓ ઉપર પર્યટન કરી ભિક્ષા મેળવે. (૨૪) પરંતુ વાનપ્રસ્થ આશ્રમીએ તો નિરંતર ભિક્ષાટન કરવું કારણ કે શિલોંચ્છવૃત્તિથી જીવનનિર્વાહ કરનાર વનવાસીને મોહ થશે નહીં તેમજ અવિલંબે સિદ્ધિ મેળવાશે. (૨૫) વળી વનવાસીએ એમ જાણવું જોઇએ કે ઘર. પુત્ર, પરિવાર, ધન, સ્વજન જે કાંઇ દેખાય છે તે સર્વ વિનાશી છે પરંતુ આમાંથી કોઇ કાંઇ કાયમનાં નથી એમ તેને જાણવું જોઇએ તેમજ કોઇ પણ વસ્તુમા મન ના રાખવું તેમજ પૃથ્વીના કે સ્વર્ગાદિ લોકોના ભોગોમાંથી મનને વિરક્ત બનાવવું, પરંતુ કોઇ પણ વસ્તુની ઇચ્છા ના રાખવી. (૨૬) કદાચ કોઇ શંકા કરે કે સંસારિક પદાર્થો અને સુખો સાચાં નથી, નાશવંત છે એ વાત સાચી છે પરંતુ તે નાશ ના પામે ત્યાં સુધી તેમજ દેહ ટકે ત્યાં સુધી તો તેનો ઉપયોગ કરવો રહ્યો તેમજ તે પદાર્થો ટકે ત્યાં સુધી તેના ભોગથી

સુખ મળે છે તો પછી કેમ ત્યજવા? તો તેનો આવો વિવેકપૂર્ણ ઉત્તર છે કે ભાઈ ! મન-વાણી-અને પ્રાણો સાથે સંકળાયેલ આ શરીર અને આ શરીરથી ભોગવાતાં સુખને આપણે માયાથી સુખરૂપ માનેલ છે. અને આ અવિદ્યાના એટલે અજ્ઞાનના કારણે જ તે આપણને સુખરૂપ લાગે છે. પરંતુ તે સ્વપ્નમાં દેખેલાં સુખો જેવું સુખ છે. નિદ્રામાંથી જાગ્યા પછી તે સુખના પગાર્થો દેખાતા નથી તેવી જ રીત આ લોકસુખો પણ અવિદ્યાનું નિવારણ થયા પછી સુખો સુખરૂપ નથી લાગવાનાં આવો નિર્ણય કરી આત્મામાં સ્થિરચિત્ત બની શરીરની મમતા મૂકી દઇ લોકસુખની લાલસા ના કરવી. લોકસુખનું સ્મરણ ન કરવું. (૨૭)

પરમહંસોના ધર્મોનું ૧૦ાા શ્લોકોમાં નિરૂપણ

ભાઇ ઉદ્ધવ ! અત્યાર સુધી પ્રથમ વાનપ્રસ્થ અને પછી સંન્યાસી-વિરકતના ધર્મો વર્ણવ્યા હવે. ''પરમહંસો'' ના ધર્મોનું વર્ણન કરીશ. જ્ઞાનમાં નિષ્ઠાવાળા જ્ઞાની અથવા મારો દૃઢ ભક્ત આ લોકનાં સુખો કે પરલોકનાં સુખોમાં આસક્તિ ન રાખે તેમજ કોઇ પણ વસ્તુની કે કોઇ પણ વ્યક્તિની અપેક્ષા ના રાખે. એટલું જ નહીં પરંતુ આશ્રમોને ઓળખાવનારાં શિખા-સૂત્ર-દંડ-કમંડલુ-ઉપવીત વગેરે કોઇ પણ ચિહ્નોવાળા આશ્રમોને ત્યજી વિધિ-નિષેધથી પર થઇ યથાયોગ્ય ધર્મનું પાલન કરી સર્વત્ર વિચરે. (૨૮) ભલે આ પરમહંસ પૂર્ણ પંડિત હોય પરંતુ બાલક જેવું વર્તન કરે (૧) કાર્યકુશળ હોવા છતાં જાણે જડ હોય તેવું જીવે (૨) વિવેકી વિદ્વાન હોય પણ પાગલ જેવું જ અસંગત બોલે (૩) વેદશાસ્ત્રમાં નિપુણ હોય છતાં જાણે ગાય બળદ જેવું જીવન જીવે (૪) ઘાસનો કોળિયો ખાય પણ ખરી અને ગોબર પણ છોડતી હોય આવી બન્ને ક્રિયા જેમ ગાય કરતી હોય તેમ પરમહંસે પણ આવાં જ વર્તન રાખવાં કે જેથી જગત જંજાળ એને વળગાળરૂપે વળગે તો નહિ. (૨૯) વેદના અર્થને જાણે છતાં વાદ વિવાદથી પર રહે, (૫) શ્રુતિ-સ્મૃતિના આચારવિનાનું પાખંડી જીવન પણ ના જીવે (૬) શુષ્કતર્કવાળો પણ નાસ્તિક ના બને (૭) વ્યર્થ વિતંડાવાદ થતા હોય કે બે પક્ષાકારો કેવલ વાણીનો દૂરુપયોગ જ કરતા હોય એવી ચર્ચામાં પક્ષકાર ના થવું (૮) કોઇને પણ પોતાના વ્યવહાર વર્તનથી પીડા ના કરવી (૯) અને ધીર બની જવું (૧૦) તેમજ પોતાના વ્યવહાર વાણીથી બીજાને પણ પીડા ના થાય તેનું ધ્યાન રાખવું. (૧૧) પોતાની નિંદા થાય તો તે નિંદાને સહન કરે (૧૨) કોઇનું પણ અપમાન ના કરે (૧૩) પોતાના દેહના સુખદુ:ખ અપમાનને નિમિત્તે પશુની માફક કોઇની પણ સાથે વેર ના આચરે. પારકામાં બીજામાં, પ્રાણીમાત્રમાં પરમાત્મા એક જ વસેલ છે એવી વિવેકવૃત્તિનું સેવન કરે. જેમ અનેક જલમાં નાનાં મોટા પાત્રોમાં પડેલ ચંન્દ્રનાં પ્રતિબિંબોમાં ચન્દ્ર એક જ સર્વ ભૂત-પ્રાણી માત્ર એક જ આત્માવાળાં છે આવી ભૂમિકા સદા વિચારે અને વેર ના કરે. (૩૧) ટંકે ટંકે કે વખતસર ભોજન ના મળે તો જરા પણ ખેદ-કલેશ ના કરે (૧૪) અને કદાચ યથાસમય ભોજન કે જલપાન વગેરે મળી જાય તો તેથી આનંદમાં પણ આવી ના જાય (૧૫) પરંતુ ધીરગંભીર થઇ રહે અને સર્વ કાંઇ ભગવદિચ્છાને આધીન છે એવું જ વિચારવું (૧૬) (૩૨,૩૩) પ્રાણોનું પોષણ કરવું તો અત્યંત આવશ્યક છે એમ માનીને પ્રાણ ટકાવા પૂરતો જ આહાર માટે પ્રયત્ન કરે કારણ કે જો પ્રાણો હશે તો જ તત્વવિચાર કરી શકશું અને તત્વવિચાર કરશું તો જ મુક્તિ મેળવી શકીશું (૧૭) ઉત્તમ હોય, કે સામાન્ય હોય સ્વાદિષ્ટ હોય કે શુષ્ક હોય પરંતુ ભગવદ્ઇચ્છાથી મળી આવેલ ભિક્ષાન્નને દેહના નિર્વાહ માટે લેવું (૧૮) શરીર લજ્જા પૂરતું વસ્ત્ર ધારણ કરવું (૧૯) સમય પસાર કરવા પૂરતી જેવી શય્યા કે જેવાં બિછાનાં મલે તેનાથી ચલાવવું (૨૦) પવિત્રતા જાળવવી (૨૧) આચમન કરવું, (૨૨) સ્નાન-તીર્થાદિસ્નાન, ગ્રહણાદિસ્નાન અવકાશે કરતાં પરંતુ તે વિધિપ્રાપ્ત છે માટે કરવાં એવો ભાવ રાખી-આસક્ત બનીને ન કરવાં (૨૩) મૌન રાખવું (૨૪) લોકશિક્ષા માટે ભગવાન જેવો વ્યવહાર રાખે છે તેવો જ જ્ઞાની પરમહંસે લોકશિક્ષણ માટે વ્યવહાર રાખવો (૨૫) (૩૪,૩૫)

પરમહંસની પરમવિવેકી ભૂમિકા

ભાઈ ઉદ્ધવ ! જે પરમહંસ ભૂમિકામાં જીવે છે તેવા પરમજ્ઞાની ભક્તને કોઇ પણ પ્રાકરના વિકલ્પો-ભેદદર્શનો તો હોતાં જ નથી. પ્રથમ જે દેહમાં આસક્તિ જેવું કે પોતાપણા જેવું કાંઇક હતું તે તો ભક્તને સર્વત્ર ભગવદ્ભાવ થતાં જ ચાલ્યુ ગયેલ છે. આવી શ્રેષ્ઠ સ્થિતિમાં રહેલા પરમહંસને ભિક્ષા માગતાં જે દેહધર્મો દેહ પડતાં જ ચાલ્યા જાય છે ત્યારે તે

મુક્ત થાય છે. (૩૭) ભાઈ ઉદ્ધવ ! તમને વાનપ્રસ્થ સંન્યાસી પરમહંસના ધર્મો સમજાવ્યા હવે વિરક્ત પુરુષે વિદ્યા મેળવવા માટે પ્રથમ તો ગુરુદેવને શરણે જવું. ખાસ કરીને જે કર્મોનું પરિણામ કેવલ દુઃખ જ છે એવાં સર્વ કાર્યોમાં સૌથી પ્રથમ તો વૈરાગ્ય કેળવવો અને આત્મનિષ્ઠા અવશ્ય રાખવી. આ વિરક્તને જો ભગવદ્ધર્મોનું જ્ઞાન ન હોય તો મનનશીલ બ્રહ્મનિષ્ઠનો ઉપદેશ ફળે છે માટે બ્રહ્મનિષ્ઠવાળા ગુરુને શરણે જવું. (૩૮) ગુરુચરણોમાં શ્રદ્ધા રાખવી, અને તેમના ગૌરવ-યશ-મહત્વ વગેરેમાં અસૂયાના ન કરવી, તેમજ ભક્ત બનીને સેવા કરવી. બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધી સેવા-શુશ્રુષા ચાલુ રાખવાં અને આદરભાવથી ગુરુને મારા સ્વરૂપે જ જોવા પછી બ્રહ્મભાવ પ્રાપ્ત થતાં બ્રહ્માનંદનો અનુભવ કરતા વિચરવું. (૩૯) ભાઈ ઉદ્ધવ ! જે વ્યક્તિએ મન સહિત પાંચ ઈન્દ્રિયોને સ્વવશ નથી કર્યાં, વિષયોમાં રસવૃત્તિ છે, ઈન્દ્રિય નામના અશ્વોને ચલાવનાર બુદ્ધિ નામના સારથિવાળો છે પણ ભગવાનને ઈન્દ્રિયો નથી સોંપી, વળી પાન અને વૈરાગ્ય પણ સંપાદન નથી કર્યાં એવા સંન્યાસી તો કેવલ ત્રિદંડને ધારણ કરનારો જ મનાય છે. તેને ત્રિદંડો આજીવિકાનું સાધન બને છે, પરંતુ તે બ્રહ્મજ્ઞાન કે બ્રહ્મપ્રાપ્તિ કરી નથી શકતો. (૪૦)

અસંયમીનું અધઃપતન

ભાઈ ઉદ્ધવ ! જેના કામ-ક્રોધ-લોભ-વાસના વગેરે મન-ઈન્દ્રિય-પ્રાણ વગેરેના મળો પરિપકવ નથી. પાક્યા નથી તેથી તે દોષો દૂર નથી થયા આમ છતાં જો તે વ્યક્તિ ગૃહસ્થાશ્રમનાં વૈદિક ધર્મોનો ત્યાગ કરીને જો નામમાત્રનો યતિ થયો હોય તે દેવોને ઠગે છે, વળી પોતાની જાતને ઠગે છે કારણ કે તે ભોગલાલસાવાળો છે. લજ્જાથી ભોગવી શકતો નથી તેમજ પોતાના હૃદયમાં વસેલા મને પણ છેતરે છે અને પરિણામે આ લોક તેજ પરલોકથી ભ્રષ્ટ થાય છે. (૪૧) ભાઈ ઉદ્ધવ ! હેવ હું સંગ્રહરૂપે સંક્ષેપમાં ચારે આશ્રમોના પ્રધાન ધર્મો ગણાવું છું તેમાં ભિક્ષુના એટલે યતિ-પરમહંસના મનઃસંયમ અને અહિંસા આ બે અનિવાર્ય ધર્મો છે. વાનપ્રસ્થ આશ્રમજીવીએ શાસ્ત્રે બતાવેલી તપશ્ચર્યા કરતાં કલેશ-કષ્ટ સહન કરવાં પડે તો તે સહન કરવું તેમજ તત્વવિચાર કરવો આ બે વાન પ્રસ્થના મહત્વના ધર્મો છે. પ્રાણીમાત્રનું પોષણ અને રક્ષણ, તેમજ પંચમહાયજ્ઞો કરવા એ બે ગૃહસ્થના ખાસ ધર્મો છે, જ્યારે ગુરુ સમીપે વસતા બ્રહ્મચારી દ્વિજનો ગુરુચરણોની સેવા એ મહત્વનો ધર્મ છે. (૪૨) ભાઈ ઉદ્ધવ ! પ્રત્યેક આશ્રમમાં ગૃહસ્થાશ્રમ એક વિશિષ્ટ કક્ષાનો આશ્રમ છે. આ આશ્રમીને (૧) બ્રહ્મચર્ય (૨) તપ (૩) અન્તર અને બહારની પવિત્રતા (૪) સંતોષ (૫) સર્વ સાથે મૈત્રીભાવ, આટલાં તો અતિશય અનિવાર્ય છે. જો ગૃહસ્થ ઋતુગામી હોય તો તે બ્રહ્મચારી મનાય છે. પરંતુ મારી સેવા કરવી એ તો પ્રાણીમાત્રનો ધર્મ છે. (૪૩) અનન્યમન થઈ જે ભક્ત પોતાના વર્ણાશ્રમ ધર્મમાં રહિને પોતાના નિત્ય ધર્મોનું પાલન કરીને અનન્યભાવે ભજે છે, તેમજ સર્વભૂતોમાં મારો ભાવ ધરાવે છે, તે ભક્તને દઢ ભક્તિ પ્રાપ્ત થાય છે. (૪૪) ભાઈ ઉદ્ધવ ! મારી અવિનાશીની ભક્તિ મારી અખંડિત ભક્તિના બળથી આ બ્રહ્માંડોના સર્જક, સ્થાપક અને સંહારક તેમજ સર્વ લોકોના સ્વામી, સર્વના કારણ બ્રહ્મસ્વરૂપ એવા મને પામે છે. (૪૫) જે ભક્તજને પોતાના સ્વધર્મનું યથાવત્ પાલન કર્યું હોય અને અન્તઃ- કરણને શુદ્ધ કર્યું હોય તેમજ મારા સ્વરૂપને જાણ્યું હોય એવો પુરુષ જ્ઞાનવિજ્ઞાન યુક્ત બની અવિલંબે મને પામે છે. (૪૬) જે કોઈ વ્યક્તિ વર્ણધર્મ અને આશ્રમધર્મના દર્શાવેલા આ આચારો-સદાચારોનું પાલન કરીને તે ધર્મના પાલન સાથે સાથે મારી ભક્તિ કરે છે તે મોક્ષ પામે છે. માટે હે સાધો ! હે સજ્જન ઉદ્ધવ ! તમે સ્વધર્મનું પાલન કરવાની સાથે જે પુરુષ મારો ભક્ત બને અને મને જેવી રીતે મેળવી શકે તે મેળવવાની રીત અને પ્રકાર મને પૂછેલા તે સર્વ પ્રકાર મેં તમને કહી સંભળાવ્યા છે. (૪૮)

एतते भिहितं साधौ भवान् पृच्छति यच्च माम् । यथा स्वधर्मसंयुक्तो भक्तो मां समियात्परम् ॥

શ્રીમદ્ ભગવતપીયૂષના એકાદશ સ્કંધના જીવમુક્તિ પ્રકરણમાં સાયુજ્યમુક્તિવિચાર પ્રકરણમાં અધ્યાય ૧૮ મો સમાપ્ત

અધ્યાય - ૧૯ મો

(અઢારમા અધ્યાયમાં જ્ઞાનીએ સર્વ સાધનોનો ત્યાગ કરવો જોઈએ એ વસ્તુ સમજાવી તે વિષયમાં વધુ સ્પષ્ટતા આ અધ્યાયમાં સમજાવશે તેમજ યમ-નિયમ વગેરેનાં લક્ષણો અને સ્વરૂપનો રિચય પણ આ અધ્યાયમાં આપશે. અધ્યાયમાં ૪૫ શ્લોકો છે.)

श्रीभगवानुवाच-यो विद्याश्रुतसंपन्न आत्मवान्नानुमानिकः । मायामात्रमिदं ज्ञात्वा ज्ञाने च मयि संन्यसेत् ॥ १ ॥

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! આત્માનો અનુભવ ન થયો હોય ત્યાં સુધી તે અનુભવ પામવા માટે વિદ્યા અને શાસ્ત્રજ્ઞાનસમ્પાદન કરી આત્મતત્વનો જાણકાર બને. પરંતુ કેવલ તાર્કિક ના બને કે તર્કથી આત્માના અનુભવની કલ્પના ના કરીને, પરોક્ષજ્ઞાનવાળો કેવળ ના થાય પરંતુ આત્મજ્ઞાની થાય આ કક્ષાનો મારો ભક્ત હું અને મારું આ સર્વ મારી માય છે એવું જાણીને જ્ઞાનસ્વરૂપભૂત મને જાણે છે. (૧) જ્ઞાનીને તો મારી જ અપેક્ષા છે મારી જ ઈચ્છા છે, તેને માટે મેળવવાના ફલરૂપે પણ હું જ છું. મારા વિનાનો મોક્ષ, મારા વિનાનું સ્વર્ગ કે મારા વિનાની કોઈ પણ વસ્તુની તેને અપેક્ષા નથી. તેને ખપતી જ નથી. (૨) જ્ઞાન અને વિજ્ઞાનથી સમ્પન્ન બનેલ તેમજ અનૂભવથી સિદ્ધ થયેલ મારા ઉત્તમ સ્થાનને જ્ઞાની જાણે છે તેથી જ જ્ઞાની મને વધુ પ્રિય છે. કારણ કે જ્ઞાનથી જ્ઞાની મને સ્વસ્વરૂપમાં ધારણ કરે છે. (૩) ભાઈ ! જ્ઞાનના એક નાનાશા અંશથી કે લેશ માત્ર જ્ઞાનથી જે સિદ્ધિ મેળવાય છે કે જે વસ્તુ સિદ્ધ થાય છે તે વસ્તુ તપ, તીર્થ-જપ, દાન અને બીજા પવિત્ર પદાર્થો પણ સિદ્ધ કરાવી શકાતા નથી. (૪) ભાઈ ઉદ્ધવ ! એટલા જ માટે આત્માને જ્ઞાનની સાથે જાણીને જ્ઞાન તેમજ જ્ઞાનના અનુભવી બનીને દઢ ભક્તિભાવથી મારું ભજન કરવું. (૫) ભાઇ ! જ્ઞાન અને વિજ્ઞાન નામના યજ્ઞથી આત્મામાં જ મારી આરાધના કરીને મુનિઓ સર્વ યજ્ઞના સ્વામીસ્વરૂપ મને સિદ્ધ કરી શક્યા છે અને મુક્તિને પામ્યા છે. (૬)

માયાનો પરિચય

ભાઈ ઉદ્ધવ ! હવે તમને માયા સંબંધી પરિચય આપું છું કે એક તો આ દેહ, બીજું ઈન્દ્રિયો અને ત્રીજું અન્તઃકરણ આ ત્રણ પ્રકારની વસ્તુઓ છે જે પ્રકૃતિમાંથી થયેલાં હોઇ તે ત્રણે પ્રકૃતિનાં કાર્યો છે તે ત્રણેની "વિકાર" એવી સંજ્ઞા છે. આ ત્રણ વસ્તુઓ આ ત્રણ પદાર્થો તમારા સ્વરૂપમાં તમને જે દેખાય છે તે માયા છે એવું પ્રથમ તમે જાણો. કારણ કે આ વિકાર એટલે આ ત્રણ વસ્તુઓ દેહના ઉત્પન્ન થવા પૂર્વમાં ન હતાં અને આ વિકાર એટલે આ વસ્તુઓ દેહ છુટયા પછીથી નહીં હોય તેથી જ તે અધ્યાસરૂપ છે. જે આદિમાં ન હોય અને જે અન્તમાં પણ ન હોય તેનું મધ્યમાં પણ અસ્તિત્વ ન મનાય. ભાઈ ! ઉદ્ધવ ! આટલા જ માટે જે દેહ વગેરે જન્મે, વધે, ઘટે, ઘસાય કે નાશ પામે વગેરે વિકારો દેખાય છે તે આત્માના નથી એટલે તમારા નથી. કારણ કે તમે આત્મા છો, દેહ નથી. આ સર્વ વિકારો-ફેરફારો તો દેહના છે. ભાઈ કોઈને દોરડામાં સર્પ દેખયો આ સર્પ પ્રથમ દોરડામાં કયાં હતો? અને આ તો ડોરડું છે સાપ નથી એવું જાણ્યું ત્યારે અન્તે પણ સર્પ ક્યાં રહ્યો ? તો જે મધ્યમાં દેખાયો તે માયા છે તેથી જ સાપ વગેરે વસ્તુઓ-વિકારો દોરડામાં હોતા જ નથી તેવી જ રીતે આત્માને દેહ વગેરે પ્રથમ ન જ હતોં તેમજ આત્માને મોક્ષ મળ્યા પછીથી તે નહીં જ હોય તેથી જે મધ્યમાં દેખાય છે તેનું નામ માયા છે. (૭)

ત્રણ શ્લોકથી ઉદ્ધવજીના પ્રશ્નો

શ્રીઉદ્ધવજીએ ભગવાનને પ્રશ્ન પૂછયો કે હે વિશ્વેવર ! હે વિશ્વમૂર્તિ ! આપને મારા બે પ્રશ્નો છે. પ્રથમ તો વૈરાગ્ય અને વિજ્ઞાનથી સમૃદ્ધ થયેલ, સર્વથા વિશુદ્ધ-અત્યંત વિપુલ અને પુરાતન એવું જ્ઞાન શું છે તે સમજાવા કૃપા કરો, ત્યારે પછી હે નાથ ! સમર્થ જ્ઞાનીઓ અને યોગીઓ જેવા મહજ્જનો પણ જેને સદાય શોધે છે એવો ભક્તિ- યોગ પણ શું છે તેનો પણ પરિચય આપવા કૃપા કરો. (૮)

तापत्रयेणाभिहतस्य धोरे संतप्यमानस्य भवाध्वनीश । पश्यामि नान्यच्छरणं तवांध्रिद्वन्द्वातपत्रादमृताभिवर्षात् ॥ ९ ॥

दष्टं जनं सपतिवं विलेडस्मिन कालाहिना क्षुद्रसुखोरूतर्षम् । समुद्धरैनं कृपयापबर्श्यैर्व चोभिरासिंच महानुभाव ॥ १० ॥

નાથ ! આપ ઈશ છો એટલે સમર્થ છો ! જ્યારે હું તો ક્ષુદ્ર અને તુચ્છ છું. ત્રણે પ્રાકરના તાપથી સંતપ્ત છું. ત્રણે પ્રકારના તાપથી હણાયેલો છું, હારી બેઠો છું. મારી વિનંતી છે કે આ ઘોર ભયંકર ભવાટવીમાં અટવાતા મારે માટે તો આપશ્રીના કોમલ તેમજ સદાય અમૃતને વરસાવતા ઉભય ચરણકમલ છત્રના આશ્રય વિના કોઈ અન્ય આશ્રય નથી. તો હવે કૃપા વર્ષા વરસાવો નાથ ! (૯) હે મહાનુભાવ હે સંપૂર્ણ પ્રભાવ અને પ્રતાપશાળી નાથ ! હવે મારી હાલત સાંભળો ! હું

આપનો નિજજન છું ! ભવકૂપમાં પડેલ છું, કાળ નામનો સર્પ મને કરડયો છે, વળી મને તુચ્છ સુખોની ખૂબજ તૃષા લાગી છે, આવી સ્થિતિમાં સૌથી પ્રથમ તો મને આપ ભવકૂપમાંથી બહાર કાઢો અને અનંત કૃપા કરી કૃપાનાથ ! મોક્ષાનંદથી ભરેલાં અમૃતઝરતાં વચનામૃત વરસાવી મને તરબોળ કરી દો. (૧૦)

ષોડશ કલાસમ્પન્ન ભગવાનની સોળકાલ પરિપૂર્ણ સોળ શ્લોકો

ભાઈ ઉદ્ધવ ! મહાભારતના યુદ્ધપ્રસંગની વાત છે કે એકવાર ગંગાતટ ઉપર અમે સર્વ ભીષ્મને વીંટળાઇને બેઠા હતા અને અમે સર્વ સાંભળતા હતા. ત્યારે અજાતશત્રુ શ્રીયુધિષ્ઠિર મહારાજે ધર્મપરાયણ પુરુષોમાં અગ્રેસર શ્રીભીષ્મપિતામહને મહાભારત યુદ્ધની સમાપ્તિ પછી સ્નેહી-સ્વજનો-ગુરુજનોના વિનાશથી કે પોતાના તરફથી થયેલા વધના કારણથી અકળાઇને વિવિધ ધર્મો સંબંધી પ્રશ્ન કર્યાં. શ્રીભીષ્મદાદાએ વર્ણ -આશ્રમ-રાજધર્મ વગેરે ધર્મો વર્ણવ્યા પરંતુ જિજ્ઞાસા વધાતાં ફરીથી ધર્મરાજે મોક્ષધર્મો સંબંધી પણ પ્રશ્નો કર્યા. (૧૧,૧૨) ભાઈ આ ચર્ચા આ પ્રશ્નો જ્ઞાન-વિજ્ઞાન વૈરાગ્ય અને ભક્તિથી સભર હતા કઠોર કે કષ્ટસાધ્ય બ્રહ્મચર્યના વ્રતનું પાલન કરતા એવા દેવવ્રત શ્રીભીષ્મના મુખકમલથી આ ચર્ચા સાંબળી હતી તે સર્વ વાત ભાઈ ઉદ્ધવ તમને સંભળાવીશ. (૧૩) નવ, અગીઆર, પાંચ અને ત્રણ એવી રીતે સંખ્યામાં વહેંચાયેલા અથવા આ સર્વના સરવાળા પ્રમાણે અઠાવીસ સંખ્યાવાળા (૧) પ્રકૃતિ (૨) પુરુષ (૩) મહત્તત્વ (૪) અહંકાર (૫) શબ્દ (૬) સ્પર્શ (૭) રૂપ (૮) રસ (૯) ગંધ, (૧૦) શ્રોત્ર (૧૧) ત્વક્ (૧૨) ચક્ષુ (૧૩) જિહ્વા (૧૪) ઘ્રાણ (૧૫) વાક (૧૬) પાદ (૧૭) હસ્ત (૧૮) પાયુ (૧૯) જનનેન્દ્રિય (૨૦) મન (૨૧) પૃથ્વી (૨૨) જલ (૨૩) તેજ (૨૪) વાયુ (૨૫) આકાશ (૨૬) સત્વ (૨૭) રજસ (૨૮) તમસ-આ અઠાવીસ તત્વોને બ્રહ્માથી આરંભી સર્વ ભૂતોમાં એક ભાવથી જોઇ શકાય એવું જે જ્ઞાન તે જ્ઞાનને આપ નિશ્ચિત જ્ઞાન જાણો. (૧૪) ઉદ્ધવ ! સૌથી પ્રથમ એકમાં આ અનેક અઠાવીસ તત્ત્વોને અથવા એક બ્રહ્મમાં આ સર્વ પદાર્થોને જોયા, હવે આ સર્વ તત્ત્વોમાં, પદાર્થોમાં કેવલ એક જ બ્રહ્મને જોવું એનું નામ વિજ્ઞાન છે. જે જે ભાવ પદાર્થો છે તે તે સર્વ ઉત્પત્તિ-સ્થિતિ-લય ધર્મવાળા જ હોય છે, કારણ કે સત્ત્વ-રજસ્-તમસ્ એ ત્રણે ગુણોના કાર્યસ્વરૂપ આ સર્વ પદાર્થો છે તેથી જે ત્રિગુણમય પદાર્થો છે તે ઉત્પત્તિ-નાશ-સ્થિતિ ધર્મવાળા જ હોય એવું અનુમાન કરી નક્કી કરી શકાય છે. (૧૫)

સત્ તત્ત્વ એટલે શું ?

ભાઈ ઉદ્ધવ ! હવે તત્ત્વ એટલે શું એનો જરા વિચાર કરીએ. પ્રથમ ઉત્પત્તિ પછી મધ્યમાં અને પછી અંતમાં એક કાર્યમાથી જે બીજું કાર્ય એટલે માટીમાંથી ઘડો બનતાં જે વસ્તુ કારણરૂપે રહેતી આવે તેમજ અંતમાં તે કાર્ય તેના કારણમાં પ્રવેશ કરે ત્યારે જે વસ્તુ છેલ્લી બાકી રહે તેને સત્ નામનો પદાર્થ કહેવામા આવે છે. (૧૬) શ્રુતિ એટલે શબ્દ પ્રમાણ, પ્રત્યક્ષ પ્રમાણ, ઈતિહાસ પ્રમાણ અને અનુમાન પ્રમાણ આવાં ચાર પ્રમાણો છે. આ પ્રમાણોથી વિચારી જોતાં સંસાર સત્ય થઇ શકતો નથી વિવેકી પુરુષ સંસારમાંથી મન ઉઠાવી ભગવાનમાં પરોવે છે. (૧૭) બ્રહ્માના સ્થાન સુધીના સર્વ લોકનાં સુખોને કર્મનાં ફલરૂપ હોવાથી સર્વ સુખો નિત્ય નથી કે સર્વ સુખો મંગલમય નથી. જેમ આપણી આંખ સામેના ઘર, પરિવાર, ધન-ભોગ વિલાસ વગેરે પદાર્થો નિત્ય નથી એમ સમજી શકાય છે તેવી જ રીતે નજરે ન દેખાતાં સ્વર્ગ વગેરે સુખો પણ નિત્ય નથી એમ સમજી શકાય છે. (૧૮)

ભક્તના એકવીશ ધર્મો

ભાઈ ઉદ્ધવ ! મેં નિત્ય આનંદ આપનાર ભક્તિયોગનું એકવાર તમારા પ્રશ્નથી તમને સ્વરૂપ વર્ણવ્યું હતું. આમ છતાં હે નિષ્પાપ ભાઈ ઉદ્ધવ ! ફરીથી પણ ભક્તિનું ઉત્તમ કારણ તમને કહીશ તે સાંભળો. (૧૯) ભાઈ ઉદ્ધવ ! (૧) અમૃતમય મારી કથાઓમાં શ્રદ્ધા (૨) નિત્ય નિયમિત મારાં નામોનું સંકીર્તન (૩) મારી સેવામા સંપૂર્ણ રીતે નિષ્ઠા, (૪) ઉત્તમ સ્તોત્રોથી મારું નિત્ય ગુણગાન (૫) મારા મંદિરની મારી સર્વ પ્રકારની સેવામાં આદર (૬) સર્વ અંગોથી મને સાષ્ટાંગ પ્રણામ કરવા (૭) મારા કરતાં પણ અધિક આદર અને પ્રેમથી મારા ભક્તોની સેવા, (૮) સર્વ ભૂતોમાં ભગવદ્‌ભાવ (૯) શરીરનાં સર્વ અંગોની મારી સેવા માટે વપરાશ (૧૦) વાણીથી માત્ર મારા ગુણોનાં ગાન કરવાં

પણ અન્ય વાર્તાલાપ ના કરવો (૧૧) મનને મને જ સોંપી દેવું (૧૨) સર્વ પ્રકારની ઈચ્છાઓનો મનથી ત્યાગ કરવો (૧૩) ધનનો મારી સેવામાં વપરાશ (૧૪) ચારે ભોગનો ત્યાગ (૧૫) મારે માટે લોકસુખનો ત્યાગ (૧૬) યજ્ઞફલનું મને સર્મપણ (૧૭) દાન પણ મારે નિમેત્તે (૧૮) હોમ-યજ્ઞાદિનું પણ મને સમર્પણ (૧૯) જપનું ફલ પણ અર્પવું (૨૦) વ્રત પણ મને મેળવવા માટે (૨૧) તપશ્ચર્યા પણ મને પામવા માટે (૨૨) આ સર્વ પ્રકારના ધર્મોના અનુષ્ઠાન દ્વારા સર્વ પ્રકારે મને આત્મ સમર્પમ કરવાથી મારામાં દૃઢ ભક્તિ થાય છે. ભક્તિ સમ્પાદન કરનાર મારા ભક્તને કોઇ અન્ય પુરુષાર્થ પ્રાપ્ત કરવાનો બાકી રહેતો જ નથી. (૨૦,૨૪) જ્યારે ભક્ત મારી સેવામાં, મારા સ્વરૂપના અનુરાગમાં ચિત્તને સમર્પી દે છે ત્યારે તેમાં સત્વ ગુણની સમૃદ્ધિ આવે છે, ચિત્ત શાંત થાય છે તેને ધર્મ મળે છ, તેને જ્ઞાન ફળે છે તેમજ વૈરાગ્ય સાથે ઐશ્વર્યને પણ સમ્પાદન કરે છે. (૨૫) ભાઈ ઉદ્ધવ ! આનું આ જ ચિત્ત જો મારામાં ના પરોવ્યું તો તે ચિત્ત રજોગુણોથી ભરેલું બનીને ઈન્દ્રિયોથી જુદા જુદા વિષયો તરફ દોટ મૂકે છે ત્યારે તે અનિત્ય અને અસત્ પદાર્થોમાં અનુરાગી બની જાય છે તેમજ તે ધર્મથી વિપરીત અધર્મમાં પણ પરોવાઈ જાય છે. (૨૬) મારી સેવા કરનાર ધર્મને પરમ ધર્મ કહેવાય છે. જ્યાં નજર પડે ત્યાં જુદા જુદા પદાર્થો ન દેખતાં મારાં જ સ્વરૂપનું દર્શન થવું એ જ્ઞાન છે. ત્રણ ગુણોમાં અને ત્રણે ગુણોનાં સુખોમાં સંગ ન થવો એનું નામ વૈરાગ્ય છે. અણિમા વગેરે આઠ પ્રકારની સિદ્ધિઓને ઐશ્વર્ય કહ્યાં છે. (૨૭)

શ્રી ઉદ્ધવજીએ કરેલા ૩૫ પ્રશ્નો અથવા ૭૦ પ્રશ્નો

શ્રી ઉદ્ધવજીએ વિનમ્ર ભાવે વિજ્ઞપ્તિ કરી કે શત્રુનાં મૂળોને ઊખેડી નાખનાર ભગવાન શ્રીકૃષ્ણ ! હવે આપ કૃપા કરીને કહો કે (૧) યમ યમ કેટલા પ્રાકરનો અને એનું સ્વરૂપ શું ? (૨) નિયમઃ નિયમ કેટલા પ્રકારનો અને શું લક્ષણ? (૩) શમ શમનું લક્ષણ (૪) દમ દમનું સ્વરૂપ (૫) તિતિક્ષા હે કૃષ્ણ ! તિતિક્ષા કોને કહેવી અને હે પ્રભુ (૬) ધૃતિ ધૃતિ કોને કહેવી (૭) દાન દાનનું સ્વરૂપ (૮) તપ તપ એટલે શું ? (૯) શૌર્ય શૌર્ય એટલે શું ? (૧૦) સત્ય સત્યનું સ્વરૂપ શું ? (૧૧) ઋતં ઋત કોને કહેવાય ? (૧૨) ત્યાગઃ ત્યાગનું શું સ્વરૂપ ? (૧૩) ધનં ઈષ્ટ ઘન કોને સમજવું (૧૪) યજ્ઞઃ યજ્ઞ કોને કહેવાય અને (૧૫) દક્ષિણા દક્ષિણા કોને સમજવી, (૧૬) બલં પુરુષનું બળ એટલે શું? (૧૭) હે શ્રીમન્ ! ભગઃ ભગ કોને જાણવુ અને કેશવ ! (૧૮) લાભઃ લાભ કોને મનાય (૧૯) વિદ્યા વિદ્યા કોને કહેવાય (૨૦) હ્રીઃ લજ્જા એટલે શુ ? (૨૧) પરાશ્રીઃ શ્રેષ્ઠ શ્રી કઇ (૨૨) દુઃખં દુઃખ કોને સમજવું (૨૩) સુખમ્ સુખ કોને સમજવુ (૨૪) પણ્ડિત પંડિત કોને કહેવાય ? (૨૫) મુર્ખઃ મૂર્ખ કોને સમજવો (૨૬) પન્થાઃ સન્માર્ગ કયો (૨૭) ઉત્પથઃ અને અવળો માર્ગ કયો (૨૮) સ્વર્ગઃ સ્વર્ગનું સ્વરૂપ શુ ? (૨૯) નરકઃ નરકનું લક્ષણ શું? (૩૦) બન્ધુઃ અને વળી ઉત્તમ બંધુ કોણ ? અને (૩૧) ગૃહમ્ ઘરનું સ્વરૂપ શું? (૩૨) આઢયઃ ધનવાન કોણ (૩૩) દરિદ્રઃ કોને મનાય (૩૪) કૃપણઃ તેમજ કૃપણ કોને કોને સમજાય ? (૩૫) ઈશ્વરઃ ઈશ્વરની ઓળખાણ શી ? આ સર્વ પ્રશ્નોનો વિવેક તો સમજાવો પરંતુ કૃપાસિંધુ કૃપા કરીને એથી ઊલટી વસ્તુઓ એટલે વિપરીત વસ્તુઓ પણ કોને સમજવી તે પણ કહેવાની કૃપા કરો. (૨૮,૩૨)

ભગવાન શ્રીકૃષ્ણે પ્રશ્નોનાં કરેલાં સમાધાન

ભગવાન શ્રીકૃષ્ણ વચનામૃત વરસાવતા કહેવા લાગ્યા કે ભાઈ ઉદ્ધવ ! તમે યમઃ યમ એટલે અને અસંયમઃ અસંયમ એટલે શુ એમ સ્વીકારવા લાયક અને ત્યજવા લાયક પદાર્થોને જાણવાની ઈચ્છાથી પાંત્રીસ પ્રશ્નો કર્યા છે અને આ પ્રશ્નો ત્યાજ્ય અને સ્વીકાર્ય એવા બે પ્રકારે સિત્તેર પ્રશ્નો ગણાય તેનો હવે હું પ્રત્યુત્તર આપીશ અને તે તમે સ્વસ્થ મનથી સાંભળો જુઓ હવે (૧) યમઃ મન-વાણી અને કાયાથી કોઇને પણ પીડા ના થાય, ક્લેશ ના થાય તે અહિંસા-સત્યભાષણ-ચોરી ના કરવી-અસંગ રહેવું લજ્જા રાખવી-ધનસંચય ના કરવો-આસ્તિક રહેવુ-આઠ પ્રકારે બ્રહ્મચર્ય પાળવું-મૌન પાળું-સ્થિર રહેવું એટેલ ધર્મપાલનમાંથી ડગવું નહીં-અપરાધી જનને ક્ષમા આપવી-ભય ન રાખવો આ ૧૨ પ્રાકરના અચરણને યમઃ યમઃ યમ કહેવામા આવે છે. (૩૩) હવે તમને (૨) નિયમઃ નિયમ સંબંધી માહિતી આપું છું તે સાંભળો અન્તઃકરણથી પવિત્રતા જાળવવી-જપ-તપ-હોમ-શ્રદ્ધા- અતિથિસત્કાર મારી સેવા તીર્થાટન પરકલ્યાણ માટે પ્રયત્ન સંતોષ આચાર્યસેવન આ ૧૨ પ્રકારનો વ્યવહાર નિયમઃ નિયમ કહેવાય છે. હે વહાલા ઉદ્ધવ ! હે તાત !

આ પ્રકારે નિયમોની સાથે યમ બાર બાર પ્રાકરના વર્ણવ્યા છે. જો વ્યવસ્થિત રીતે યમ અને નિયમનું પાલન કરાય તો ઉપાસક માટે કામધેનુ ગાયનું કામ કરે છે. (૩૪,૩૫) (૩) शमः બુદ્ધિ મારા સ્વરૂપમા સેવામા એ ચિંતનમાં સ્થિર કરીએ એ ક્રિયા ‘‘શમ’’ કહેવાય છે અને ભટકતી રાખવી તેનું अशमः નામ મનાય (૪) दमः ઇન્દ્રિયોને વ્યવસ્થિત રીતે વિષયોમાંથી વાળી લેવાની ક્રિયાને ‘‘દમ’’ કહેવાય અને વિષયમાં અટવાતી રાખવી એ अदमः અદમ મનાય (૫) तितिक्षा શાસ્ત્રે તપશ્ચર્યા વગેરે આચરતી વખતે કષ્ટો પડે-દુઃખ પડે તેને સહન કરવાનું સમજાવ્યું છે તેને ‘‘તિતિક્ષા’’ મનાય (૬) धृतिः વિષયસુખ-ભોગ ઉપર સંયમ અને જિહ્વા ઉપર બોલવા ખાવામાં કાબૂ રાખવાની ક્રિયાને ધૃતિઃ ધૈર્ય મનાય છે. (૩૬) (૭) दानम् કોઇ પણ વ્યક્તિ ઉપર દ્રોહ-દ્વેષ-વૈર ન કરવું એ ઉત્તમ પ્રકારનું દાન છે. (૮) शौर्य સ્વભાવ ઉપર વિજય મેળવવાની ક્રિયાને શૌર્ય મનાય (૯) तपः કામના અને વાસનાના ત્યાગની ક્રિયાને તપ મનાય (૧૦) सत्यं સર્વત્ર ભગવાનનું બ્રહ્મનું દર્શન કરવાની ક્રિયાને સત્ય કહેવામા આવે છે. (૩૭) (૧૧) ऋतम् સુકોમલ પ્રિય અને હિતકરને કવિજને-બુધજને ‘‘ઋત’ શબ્દથી ઓળખાવી છે. (૧૨) शौचम् કર્મફલની અનાસક્તિને શૌચ પવિત્રતા કહી છે અથવા લૌકિક એલૌકિક બન્ને પ્રકારના કર્મના ત્યાગને શૌચ-પવિત્રતા કહેલ છે. (૧૩) त्यागः ફલત્યાગનું નામ સંન્યાસ છે. (૩૮) (૧૪) इष्टं धनं સવધર્મપરાયણ થવું એ જ શ્રેષ્ઠ ધન છે. (૧૫) यज्ञः પૂર્ણ જ્ઞાન પરિપૂર્ણ મારામાં બુદ્ધિ રાખવાની ક્રિયાનું નામ યજ્ઞ છે. (૧૬) दक्षिणा જ્ઞાનનો સંદેશ પહોંચડવાની ક્રિયાને દક્ષિણ કહેવામા આવે છે. (૧૭) बलम् પ્રાણાયામની શક્તિને સર્વોપરિ બલ માન્યું છે. (૩૯) (૧૭) भगः મારાં ષડ્ ઐશ્વર્યોને મેળવવાં એનું નામ પરમ સૌભાગ્ય માનવું. (૧૮) लाभः મારી ભક્તિ પ્રાપ્ત થાય એ જ જીવનનો શ્રષ્ઠ લાભ છે. (૧૯) विद्या આત્મા એક જ છે અને તે ભગવાન છે છતાં તે આત્મામાં દેવ-મનુષ્ય-ગર્ન્ધવ-પશુપક્ષી વગેરેની દેહબુદ્ધિ અને ભેદબુદ્ધિ છૂટે અને સર્વમાં કેવલ બુદ્ધિ આપે તેને વિદ્યા મનાય (૨૦) लज्जा કુકર્મ કરતાં સહજ સંકોચ થાય તેને લજજા મનાય (૨૧) श्रीः કોઇમાં આશા ન રાખવી, ભગવદાશ્રમ લેવો, વગેરે જે ભક્તના ગુણો છે તેને શ્રી સંપત્તિ અથવા જીવનસૌન્દર્ય સમજવું. (૨૨) सुखम् દુઃખ અને સુખ બંનેની અસરનો નાશ અથવા દુઃખ દૂર કરવાની કે સુખને મેળવવાની ઇચ્છાથી પર થવું અને સુખ કહેવાય (૨૩) दुःखम् ઇચ્છા પ્રમાણેના સુખોને મેળવવાની વૃત્તિ રાખવી એ જ દુઃખ છે (૨૪) पण्डितः બંદનમુક્ત થવાના ઉપાયોને જાણે તે પંડિત છે. (૪૧) (૨૫) मूर्खः આત્માને દેહ-દ્રવ્ય આદિ અનેક વસ્તુઓના અભ્યાસથી જોવો એ અહંભાવથી જોનારને મૂર્ખ ગણ્યો છે. (૨૬) पन्थाः મને મેળવી આપનાર અને ઓળખાવનાર શરણાગતિ માર્ગ એ જ જ્ઞાનાદિ માર્ગમાં ઉત્તમ માર્ગ છે. (૨૭) उत्पथः ચિત્તને ભગવત્સેવામાંથી વિમુખ કરે તેવા પ્રવૃત્તિમાર્ગને ઉન્માર્ગ મનાય છે. જ્યારે સત્વગુણનો ઉધ્ય થાય ત્યારે સ્વર્ગ જ મળ્યું સમજવું. (૪૨) (૨૯) नरकः તમોગુણની વૃદ્ધિ થઇ તેને નરક કહેવાય. (૩૦) बन्धः તેમજ હે સખા ! હું ગુરુ છું તે જ સાચો બંધુજન છું. (૩૧) गृहम् ભગવાનની પ્રાપ્તિ કરાવી આપનાર માનવ દેહને જ સાચું ઘર સમજવું અથવા મારું મંદિર માનવું. (૩૨) आढयः ગુણોના ભંડારને જ કુબેરભંડારી માનવો (૩૩) दरिद्रः અસંતોષી નર તો સદા દરિદ્ર છે (૩૪) कृपणः પરંતુ ઇન્દ્રિયો ઉપર સંયમ ન મેળવનાર જ આ જગતમાં કૃપણ કંજૂસ મનાય છે. (૩૪) ईशः ત્રણ ગુણોના કાર્યોમાં આસક્તિ વિનાની મતિવાળા જનને ઇશ્વર કહ્યો છે અથવા તો સમર્થ કહેલ છે. (૩૫) विपर्ययः પરંતુ વિષયો નો સંગ કરનાર આથી ઊલટો એટલે તે ઇશ્વર નથી અથવા સમર્થ નથી. (૪૪) ભગવાન શ્રીકૃષ્ણે શ્રીઉદ્ધવજીએ પૂછેલા ૩૫ પ્રશ્નોનો ખુલાસો કરીને પ્રસંગ સમાપ્ત કરતાં કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! મને તેમે જે જે પ્રશ્નો પૂછયા તે તે સર્વ પ્રશ્નોનું યથાયોગ્ય સમાધાન કેવલ વિવેકબુદ્ધિ પ્રાપ્ત થાય માટે જ આ વર્ણન કરેલ છે કે બાકી ગુણદોષોના ઝાઝા વર્ણનથી શો લાભ છે ? ભાઈ ! એક આખરી વાત કહું ? ગુણ અને દોષોને જોવા એ જ મોટા દોષ છે અને પારકા કે વસ્તુના ગુણદોષોનો વિચાર જ ન કરવો પરંતુ ભગવાનના ગુણો ગાવા અને વિચારવા એ એક જ સાચો ગુણ છે. (૪૫)

एते उद्धव ते प्रश्नाः सर्वे साधु निरूपिताः । किं वर्णितेन बहुना लक्षणं गुणदोषयोः ॥

गुणदोषद्दशिर्दोषो गुणस्तूभयवर्जितः ॥ ४५ ॥

શ્રીમદ્ ભાગવપીયૂષના એકાદશ સ્કંધમાં સાયુજ્ય મુક્તિ પ્રકરણમાં અધ્યાય ૧૯ મો સમાપ્ત

અધ્યાય - ૨૦ મો

(આ વીસમાં અધ્યાયમાં ૩૮ શ્લોકો છે. વેદોના પૂર્વકાંડમાં વર્ણાશ્રમ વગેરે ધર્મો વર્ણવ્યા છે તે ધર્મોમાં વર્ણવાતા પરસ્પરના વિરોધને દૂર કરવા માટે આ અધ્યાય આરંભ્યો છે. આ અધ્યાયમાં ભગવાન જ્ઞાન, કર્મ અને ભક્તિમાર્ગમાં પરસ્પર વિરોધ નથી એવું શ્રીઉદ્ધવજીને સમજાવશે. ભગવાન એવી વાત સમજાવશે કે દરેકની યોગ્યાતને અનુસરીને દરેકને ધર્મોનું પાલન કરતાં લક્ષ્ય સિદ્ધ થાય છે.)

उद्धव उवाच-विधिश्च प्रतिषेधश्च निगमो हीश्वरस्य ते । अवेक्षतेडरविन्दाक्ष गुणे दोषं च कर्मणाम् ॥ १ ॥

પાંચ શ્લોકોમાં શ્રીઉદ્ધવજીના પ્રશ્નો

શ્રીઉદ્ધવજી અધ્યાયનો આરંભ કરતાં જ પ્રશ્ન પૂછી રહ્યા છે કે નાથ ! આપ ઈશ્વર છો તેથી સર્વના વિયામક છો. આપની આજ્ઞાનું નામ નિગમ એટલે વેદ છે. હે કમલલોચન શ્રીકૃષ્ણ ! આ વેદસ્વરૂપ આપની આજ્ઞા ગુણ અને દોષોને જણાવીને જે કર્મ કરવામાં ગુણ છે તે કર્મ કરવાનું વિધાન આદેશ આપે છે અને જે કર્મથી હાનિ છે-દોષ છે તેનો નિષેધ કરે છે. હવે શ્રીઉદ્ધવજી બીજો પ્રશ્ન કરે છે કે ભગવન ! ચાર વર્ણોમાં અને ચાર આશ્રમોમાં પણ એક કરતાં બીજો અને બીજા કરતાં ત્રીજો એવી રીતે ઉત્તરોત્તર શ્રેષ્ઠ માનવામાં આવે છે. આવી જ રીતે અનુલોમ જાતિના લગ્નથી ઉત્તમપણું અને પ્રતિલોમ જાતિના વિવાહથી થતી પ્રજાનું ઊતરતાપણું માન્યું છે. અનુલોમ લગ્ન બ્રહ્માણ પુરુષ અને ક્ષત્રિય કન્યા એ અનુલોમ વિવાહ મનાય અને બ્રાહ્મણ કન્યા અને ક્ષત્રિય વરથી થતી પ્રજા પ્રતિલોમ જાતિ મનાય છે આ પણ એક શ્રેષ્ઠ અને કનિષ્ઠપણાનો પ્રકાર જોવા મળે છે આવી જ રીતનું ઉત્તમપણું અને ઊતરતાપણું દ્રંવ્ય-દેશ-અવસ્થા-કાલમાં ગુણદોષપણું ગણાવ્યું છે. વળી પુણ્યના ફલ તરીકે સ્વર્ગ અને પાપના ફલ કરીકે નરક લોક એવા પણ ભેદો જોવા મળે છે નાથ ! આવા ભેદો શાથી ? એનું શું તાત્પર્ય ? (૨) શ્રી ઉદ્ધવજી ઉપરના બન્ને શ્લોકોમાં જે ભેદો વર્ણવી રહ્યા છે તેમાં વધારે ચોખવટ કરતાં ત્રીજો શ્લોક કહી રહ્યા છે કે હે નાથ ! આવા ભેદો તો આપની જ વેદવાણીમાં આ કરવું એવો વિધિ અને આ ના કરવું એવો નિષેધ બતાવ્યો છે તેના પરિણામરૂપે જ થયેલા છે. આ વિધિ-નિષેધ પણ નકામા તો નથી જ, આવશ્યક જ છે. કારણ કે આવા વિધિ-નિષેધ ના હોય તો લોકોનું કલ્યાણ પણ નથી સંભવતું તેથી મન ભ્રમમાં મુકાય છે કે આ બધું આવશ્યક છે કે કેમ તે સમજાવો. (૩) નાથ વેદ તો દેવો-પિતૃઓ-મનુષ્યો વગેરે સર્વને માટે જ નેત્રસ્વરૂપ છે. કારણ કે સ્વર્ગ, લોક અને દિવ્ય લોકો જે આપણી આ આંખે નથી દેખતા કે પ્રત્યક્ષ અનુમાન વગેરે પ્રમાણેથી નક્કી નથી થતા, તેવા નિર્ણયો તો વેદોથી જ કરાય. વળી તીર્થમાં સ્નાન કર્યાં, દાન કર્યાં, યજ્ઞો કર્યાં, ધર્માદિ આચર્યાં કે આથી ઊલટાં કર્યાં એના ફલો પણ પ્રત્યક્ષાદિ પ્રમાણેથી જોવા નથી મળતાં એટલે વેદો તો આવશ્યક જ છે, પણ વિધિ-નિષેધની બાબતમાં કાંઈ સમજ નથી પડતી. યજ્ઞયાગાદિ સાધન છે અને સ્વર્ગમોક્ષાદિ એવો નિર્ણય તો વેદથી વૈદવાક્યથી જ જણાય ને ! (૪) હે શ્રીકૃષ્ણ ! આ વાત તો સ્પષ્ટ છે આ પુષ્પ સૂંઘ્યું એટલે ઉચ્છિષ્ટ થયું, આ દાન કર્યું એટલે પુણ્ય થયું આવા બધા સારાનરસાપણાના ભેદની સમજ કે ગુણદોષના ભેદની જાણ તો આપના વેદરૂપી વચનથી જ થઈ ને ! વળી એકવાર જે વસ્તુ ન કરવાનું વિધાન કહ્યું હોય કે આસુર કાલમાં બારથી ત્રણ વાગ્યા સુધીમાં તીર્થોમાં સ્નાન ન કરાય ત્યાં જ રાત્રીએ ગ્રહણ આવતાં પર્વ કાલમાં વખત તે જ આસુર કાલમાં સ્નાનનું વિધાન જોવામાં આવે છે. આવું અપવાદશાસ્ત્ર જોવામાં આવે ત્યારે તો મતિ મુઝાય છે માટે મુકુન્દ આ વિધિ-નિષેધ શું છે? અને દોષ-ગુણ શું છે? તેનો પણ ખુલાસો કરવા કૃપા કરો. (૫) શ્રીઉદ્ધવજીએ વેદમાં વર્ણવેલા વિધિ-નિષેધ સંબંધમાં ભગવાનને પ્રશ્નો પૂછયાં અને ભગવાન હવે સમાધાન કરે છે શ્રી ઉદ્ધવજીના ઉપરના પ્રશ્નોનું સમાધાન કરતાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! મનુષ્યોનું કલ્યાણ કરવા માટે વેદમાં મેં જ્ઞાનયોગ-ભક્તિયોગ નામના ત્રણ યોગો દર્શાવ્યા છે. ભાઈ ! આ વેદમાં દર્શાવેલા ત્રણ ઉપાયો વિના માનવ કલ્યાણના કોઈ અન્ય ઉપાયો નથી. (૬)

ભાઈ ! આ ત્રણ ઉપાયોમાં આ ભૂમિલોકમાં કર્મ કરતાં જેઓ કર્મના ફલભોગથી ધરાયા છે અને થાકયા છે તેથી હવે સકામ કર્મોને છોડવા ચાહે છે તેમને માટે જ્ઞાનયોગ કહ્યો છે. પરંતુ સકામ કર્મો કરવાં, તેનાં ફલોને ભોગવવાં એવી વૃત્તિઓવાળા મનુષ્ય હજુ ફલભોગથી તૃપ્ત થયા નથી કે નથી થાક્યા તેમને માટે કર્મયોગ બતાવ્યો છે. (૭) ભાઈ ઉદ્ધવ ! મારી ઈચ્છાથી જે જીવને મારી કથા મારી સેવા, મારા ઉત્સવં વગેરેમાં શ્રદ્ધા પ્રકટી છે. વળી કર્મફલોમાં નથી આસક્ત કે નથી વિરક્ત એવા ભક્ત માટે ભક્તિયોગ દર્શાવ્યો છે. (૮) પરંતુ કર્મના ફલભોગમાં જ્યાં સુધી સંતોષ નથી થયો વળી કંટાળો નથી આવ્યો, આ ઉપરાંત મારી કથા-સેવા વગેરેમાં શ્રદ્ધા-ભક્તિ નથી જાગ્યાં ત્યાં સુધી જ મનુષ્ય સકામ કર્મ કરે આ વિષયની છણાવટ વધુ આગળના અધ્યાયમાં ભગવાન કરશે. પરંતુ જેમનો નિષ્કામ કર્મ કરવાનો અધિકાર છે તે મનુષ્યો તો ફલની લાલસા રાખ્યા વિના જ યથાશક્તિ નિષ્કામ કર્મ કરે. આવી વ્યક્તિને જ્યાં સુધી કથા-સેવામાં પ્રીતિ-શ્રદ્ધા ના પ્રકટયાં હોય ત્યાં સુધી તે નિત્યનૈમિત્તિક કર્મ કરે. નિત્ય કર્મ ન કરવાથી પ્રત્યવાય-દોષ લાગશે એવા ડરથી ન કરે પરંતુ વેદના આદરથી કરે. મુખ્ય કર્મ ભગવત્સેવા છે એ વાત ના વીસરે. આ નિષ્કામ કર્મયોગીને કામ્ય કર્મનો અધિકાર જ નથી તેથી કામ્ય કર્મ તેનાથી ના થાય. (૯)

કર્મયોગીને જ્ઞાનયોગમાં અને ભક્તિયોગમાં ક્યારે અને કેવી રીતે જવું ?

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! જે વ્યક્તિ-મનુષ્ય ફલની લાલસા વિનાનો સ્વ અને સ્વ-આશ્રમધર્મોમાં રહીને યજ્ઞો દ્વારા ભગવાનનું આરાધન કરે છે અને કદી નિષિદ્ધ પાપાચારાદિ કર્મો નથી કરતો તેવો પુરુષ સ્વર્ગમાં કે નરકમાં નથી જતો. માનવ નરકમાં બે રીતે જાય છે એક તો શાસ્ત્રે આજ્ઞા કરી હોય તે કર્મોનું આચરણ ન કરે તો નરકમાં જાય અને બીજું જે કર્મ કરવાની મના કરી હોય તેવાં કર્મ કરે તો તે નરકમાં જાય છે. ભાઈ ઉદ્ધવ ! તાત્પર્ય કે આ માનવ વેદની આજ્ઞા પ્રમાણે વર્તે છે અને વેદ ભગવાને નિષેધ કરેલાં કોઇ પણ કર્મ કરતો નથી પરંતુ સર્વ કામો નિષ્કામ બુદ્ધિથી જ કરે છે તેથી ક્ષણિક સુખવાળાં સ્વર્ગાદિ લોકોમાં તે મનુષ્ય નથી જતો. (૧૦) આ લોકમાં રહેલો તે પુરુષ સ્વધર્મપરાયણ છે, પાપદિ કર્મથી પર છે, વળી રાગ-મોહ વગેરે મલ જેના દૂર થયા છે, આવો નિર્દોષ અને નિષ્પાપ પવિત્ર પુરુષ મારી કૃપાથી આત્મ-સાક્ષાત્કાર કરાવનાર જ્ઞાનયોગને અથવા મારા ભક્તિયોગને પામે છે. (૧૧)

લોકમાં અને માનવ તનુમાં માનવનાં મહામોઘાં મૂલ્યાંકન

स्वर्गिणोऽच्वेतमिच्छन्ति लोकं निरयिणस्तथा । साधकं ज्ञानभक्तिभ्यामुभयं तदसाधकम् ॥ १२ ॥

ભાઈ ઉદ્ધવ ! આ દેહ અને આ લોકને સ્વર્ગના દેવો પણ વાંછે છે તેવી જ રીતે નારકીય જીવો પણ માનવ દેહની અને મનુષ્ય લોકની જ વાંછા કરેં છે. એનું કારણ છે કે માનવ દેહ જ્ઞાન અને ભક્તિ દ્વારા પુરુષાર્થ સિદ્ધિ કરી શકે છે અને ભગવાનને પામી શકે છે જ્યારે સ્વર્ગીય-શરીર અને નારકી દેહ જ્ઞાન કે ભક્તિ મેળવી શકે તેમ નથી. (૧૨) ભાઈ ઉદ્ધવ ! આવું સમજીને શાણો માનવ સકામ કર્મ કરીને ન તો સ્વર્ગની ઈચ્છા કરે તેમજ ન કરવાનાં નિષિદ્ધ પાપ કર્મોને આચરીને નરકમાં જાય. તાત્પર્ય એ છે કે આ માનવ દેહથી ન તો સકામ કર્મ કરવાં ન તો પાપ કર્મ કરવાં પરંતુ ભગવત્પ્રીત્યર્થ ભગવત્સેવા જ કરવી. આ ઉપરાંત સકામ કર્મોની લાલસાથી પુનઃ આ દેહથી અભિમાન થાય અને હરિવિમુખ થવાય એ પણ યોગ્ય નથી. (૧૩) અરે ભાઈ ઉદ્ધવ ! અધિક શું કહું ? સમજુ મનુષ્યે તો આ શરીર પડી જાય તે પૂર્વમાં એટલે મૃત્યુ આવી જાય તે પહેલાં જ ભગવચ્ચરણકમલની પ્રાપ્તિ કરી લેવી એ જ યોગ્ય ગણાય. તેથી જરા પણ ગાફેલ ના રહેતાં આ દેહ મરણશીલ હોવા છતાં સર્વ પુરુષાર્થોને સાધનાર અને સર્વશ્રેષ્ઠ ભગવત્પ્રાપ્તિ કરાવનાર દેહ હોવાથી પોતાનું હિત સાધી લેવું. (૧૪)

ભાઈ ઉદ્ધવ ! એક દૃષ્ટાન્તથી વાત સમજાવું છું કે જેમ કોઇ વનસ્પતિ એટલે વૃક્ષના આશ્રયે માળો બાંધીને રહેલ પક્ષી જ્યારે "યમ" જેવા ક્રૂર કુહાડીના ઘાથી કે કરવતના કઠોર દાંતાથી કે પછી ક્રૂર પુરુષોથી વૃક્ષને છેદાતાં નિહાળે છે ત્યારે તે માળામાં જરા પણ મમતા રાખ્યા વિના તે માળાને જો ત્યજી દે અને ઊડી જોય તો તે ક્ષેમ-કુશળ રહે બાકી તો તે માળા સાથે જ નાશ પામે છે. તેજ પ્રમાણે આ દેહ એક માળો જ છે અને મનુષ્યનું આયુષ્ય એક વૃક્ષ છે. આ દેહ

માળામાં જીવાત્મા પક્ષી માફક રહેલ છે. જો તેને ખ્યાલ આવે કે આ ઉદય-અસ્ત પામતા રાત્રી-દિવસો નામના કઠોર કરવતના દાંતાઓ કે રાત્રી-દિવસ નામના કાળા અવયવો આ આયુષ્યવૃક્ષને છેદી રહ્યા છે. જો ઘટતા આયુષ્યના ભયથી હૃદયને કમ્પારો છૂટે તો તે દેહનાં સુખમાંથી અને લોકપ્રપંચમાંથી મમતાને ત્યજી દઇને સર્વથા નિઃસ્પૃહ બનીને કેવલ કૃપાનિધિ શ્રીકૃષ્ણને ભક્તિથી ઓળખી લઇ, મેળવી લે તે ભક્ત સાચી શાંતિ પામશે. (૧૫,૧૬) આ માનવ દેહ સર્વથી પ્રથમ-શ્રેષ્ઠ ભગવત્પ્રાપ્તિનું સાધન છે. મનુષ્યના પ્રયત્નથી કે અનેક પુણ્યોથી પણ તે મેળવવો દુર્લભ છે. પરંતુ ભગવત્ કૃપાથી જ તે પ્રાપ્ત થયેલ છે. ભવસિંધુ તરવા માટે તે સુદૃઢ નાવ છે. આચાર્યચરણ તે નાવને ચલાવનાર નાવિક છે. ભગવાન તે નાવને પોતાના તરફ વાળનાર સાનૂકુળ પવન છે. આટલી બધી સામગ્રીઓ મેળવ્યા પછી પણ જે ભવસાગરને ના તરે તે આત્મઘાતી ગણાય. (૧૭) પૂર્વના શ્લોકોમાં વિરકતને વૈરાગ્ય દ્વારા જ્ઞાનભક્તિ પ્રાપ્ત કરાવનાર કર્મયોગનું વર્ણન કર્યું હવે પૂર્ણ વિરકતે જ્ઞાનની પ્રાપ્તિ થતાં પૂર્વ શું ત્યજવું અને શું કરવું એ વસ્તુ સમજાવે છે. ભગવાને કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! જ્યારે મનુષ્યને એટલે વૈરાગ્યપૂર્ણ સાધકને સકામ કર્મો કરવામાં સંપૂર્ણ વૈરાગ્ય આવે ત્યારે તે યોગી સંપૂર્ણ સંયમી થઇ, ઇન્દ્રિયોને વશ કરી પોતાના મનને વશ કરી સ્થિર બનાવી મારામાં સ્થાપી દે. (૧૮) જો તે મન મારા સ્વરૂપમાં સ્થિર ન થાય અને ભમ્યાં જ કરે તો તે અસ્થિર મનને તાત્કાલિક તેની ઉચ્છાનુસાર કંઇક અંશે તેને સંતોષીને પુનઃ તે મનને સર્વથા સાવધાન બનીને પુનઃ મારા સ્વરૂપમાં જ તેને સ્થાપવું. (૧૯) યોગીએ મનના વેગને છૂટોદોર ન આપવો પરંતુ પ્રાણવાયુ ઉપર અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવીને સત્વગુણવાળી શુદ્ધ બુદ્ધિથી મનને પોતને વશ કરવું જોઇએ. (૨૦) ભાઈ ઉદ્ધવ ! મને તે સારી રીતે વશ કરવું-પકડવું એને મનનો સંગ્રહ કહે છે અને એને જ મોટો યોગ કહેવામાં આવેલ છે. પરંતુ એનો પ્રકાર એવો છે કે જેમ નવા ઘોડાને પલાણવાનો હોય છે ત્યારે તે ઘોડાનો ઘોડેસવાર ઘોડાની રુચિ અને ગતિને અનુસાર તેને ચલાવતો પણ લગામ પોતાના કાબૂમાં રાખતો ઘોડાને વશ કરી લે છે તે રીતે ચંચલ મનની થોડી થોડી વૃત્તિને અનુસરીને ધીમે ધીમે પોતાને વશ કરી લેવું જોઇએ. (૨૧) મનને વશ કરવાનો પ્રકાર દર્શાવતાં ભગવાને કહ્યું કે ઉદ્ધવજી ! તત્ત્વજ્ઞાનના વિવેકથી આ સર્વ વસ્તુઓ પ્રકૃતિમાંથી બુદ્ધિ-અહંકાર-ગુણો-પંચ- તન્માત્રાઓ-પંચમહાભૂતો વગેરે ક્રમે કરી ઉત્પન્ન થાય છે. અને પંચ મહાભૂતોમાંથી દેહ ઉત્પન્ન થાય છે અને તેનાથી ઊલટા ક્રમથી એક બીજા લય પામે છે એવા પ્રકારે ઉત્પત્તિ અને લયનો વિચાર કરી મન શાંત થાય તેમજ પ્રસન્ન થાય ત્યાં સુધી આ પ્રકારે ચિંતન કર્યા કરવું. (૨૨)

સાત ઉપાયોથી ચિત્ત સ્વસ્થ બન

સ્વર્ગાદિ સુખો તુચ્છ છે તેમજ અલ્પ અને અનિત્ય છે એવું સમજીને તેનું આચરણ કરવામાં કંટાળવાથી, (૧) તેમ અનિત્ય ફલોમાં વૈરાગ્ય આવવાથી (૨) શ્રુતિએ અને ગુરુવર્યે કહેલા ઉપદેશને જાણવાથી (૩) તેમજ ભગવાન એક જ આનંદ સ્વરૂપ છે એવું વારંવાર ચિંતન કરનાર સાધકનું ચિત્ત દોષોથી, ચંચલતાથી મુક્ત થઇ ને ભગવત્સેવામાં પરોવાઇ જાય છે. (૪) આ ઉપરાંત યમ-નિયમ વગેરે આઠ અંગવાળા સબીજ નિર્બીજ યોગમાર્ગોથી (૫) જગત જીવ અને ભગવાનના સ્વરૂપને સમજાવનારી તત્વનું નિરૂપણ કરનારી બ્રહ્મવિદ્યાથઈ (૬) તેમ જ મારા સ્વરૂપની સેવા-ધ્યાન-સ્મરણ વગેરે (૭) ઉપાયોથી મનને સ્વસ્થ કરી શકાશે આ વિના અન્ય કોઇ જ ઉપાય નથી. (૨૪) ઉદ્ધવ ! કોઇ વાર ગફલતમાં આવી જતાં યોગી કદાચ અનુચિત કે નિંદાપાત્ર કાર્ય કરી બેસે તો તેના ઉત્પન્ન થયેલા દોષને કે પાપને યોગ અગ્નિથી જ ભસ્મ કરી દે પરુંત તેને તે પાપ ધોવા બીજા ઉપાયની આવશ્યકતા નથી રહેતી. (૨૫) પોતાને શાસ્ત્રે જે જે કર્મો કરવાનો અધિકાર આપેલ છે તેમાં નિષ્ઠા રાખવી તેને ગુણ કહેવાય પરંતુ જે કર્મ પોતાને માટે નથી પરંતુ બીજાને માટે કહેલું છે તે કરવાથી દોષ લાગે છે. બ્રહ્મચારી ગૃહસ્થના ધર્મને આચરે કે સંન્યાસી વાનપ્રસ્થના ધર્મને આચરે તો તે દોષ કહેવાય છે. (૨૬) જે કર્મ સ્વભાવથી અશુદ્ધ છે એવાં કર્મો માટે ગુણ અને દોષનું વેદમાં વિધાન કરીને ગુણવાળાં કર્મોનું આચરણ બતાવ્યું અને દોષવાળાં કંર્મના ત્યાગનો નિયમ બતાવ્યો. તાત્પર્ય એવું છે કે સ્વભાવિક રીતે જ જેઓ કર્મ અને કર્મનાં ફલોમાં આસક્ત રહીને કર્મ કરનારા છે તેમને માટે કર્મ મોહ છોડાવવા માટે વિધિનિષેધની રચાના ચરી છે. આ ઉપરથી નિર્ણય થાય છે કે જ્ઞાનીને તો જ્ઞાનાગ્નિથી જ કોઇ પ્રમાદથી થઇ ગયેલા પાપનો

દાહ થઇ જશે. (૨૭)

ભક્તિનિષ્ઠને તો ભક્તિ જ પવિત્ર કરશે

ભાઈ ઉદ્ધવ ! મારી કથામાં શ્રદ્ધા સંપાદન કરનાર ભગવદીય જન, સર્વ સકામ કર્મોમાંથી સર્વથા કંટાળેલા છે. તે એમ પણ જાણે છે કે આ સર્વ ભોગો ભોગવ્યા પછી દુ:ખરૂપ પરિણામને જ દેનારા છે આમ છતાં તે પોતાના મનોબળથી છોડી ન શકે તો પણ તે શ્રદ્ધથી ડગે નહીં, નિશ્ચય દઢ કરે અને પ્રમપૂર્વક મારી કથા સાંભળે અને મારું ભજન કરે. પરવશ બની જે જે વિષયોને સેવતો હોય તે બધા જ પરિણામે ત્રાસ જ દેનારા છે એવું સમજી તેની નંદા કરે. આ પ્રકારના ભક્તિયોગનું આચરણ કરનાર મારો મનનશીલભક્ત ભક્તિયોગ દ્વારા સદાસર્વદા મને સેવ્યા કરે છે તેથી તેના હૃદયમાં મારો પ્રવેશ થતાં હૃદયમાં વસેલી કામનાઓ સર્વ સ્વયં નાશ પામે છે. (૨૮, ૩૦)

भिदते हृग्दयग्रन्थिः सर्वसंशयाः । थीयन्ते चास्य कर्माणि मयि दृष्टेऽखिलात्मनि ॥

ભાઈ ઉદ્ધવ ! આ ભક્તને જ્યારે મારાં દર્શન થાય છે ત્યારે તેના દેહમાંથી, ઇન્દ્રિયોમાંથી અને અન્તઃકરણમાંથી અહંકાર ચાલ્યો ગયો હોય છે. કેવલ હું ભગવાનનો દાસ છું એવો દઢભાવ થયો હોય છે કારણ કે તેના હૃદયમાં સર્વના આત્મા એવા મારો ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય છે. ભગવાનનાં આ દર્શનથી આવા દઢ ભક્તની હું અને મારું એવી હૃદયની ગાઠો ભેદાઇ જાય છે તેમજ અન્તઃકરણના સર્વ સંશયો છેદાઇ જાય છે અને સર્વ કર્મો અને કર્મની વાસનાઓ પણ નાશ પામી જાય છે. (૩૧) ભાઈ ઉદ્ધવ ! આ પ્રમાણે કર્મ-જ્ઞાન અને ભક્તિ આ ત્રણે યોગમાંથી જે યોગને મારો ભક્ત સ્વીકારે છે તે મન વશ કરવામાં સરલતા થશે કારણ કે તેને ભગવાનને વશ કરવામાં ભક્તિ સ્વતંત્ર પુરુષાર્થ છે અને જ્ઞાન, કર્મ, ઉપાસના વગેરે તેનાં સાધનો છે. મારી ભક્તિ કરનારો મારું સ્વરૂપ બની જાય છે. જે ભક્ત મારું સ્વરૂપ બન્યો છે તેને માટે પ્રાયઃ દેહથી આત્મા ભિન્ન છે એવા પ્રાકારનું જ્ઞાન કે વૈરાગ્ય કલ્યાણના સાધન કરીકે હોતાં નથી તેને તો ભક્તિ જ સાધન છે સંભવ છે મર્યાદા ભક્તિમાં એટલે ભક્તિયોગના માત્ર સામર્થ્યથી મેળવી શકે છે. તે કદાચ સ્વર્ગ, મોક્ષ કે મારા ધામની કામના કરે તો પણ મારા ભક્તિયોગથી તેને મળશે. ભક્તિયોગ વિનાના અન્ય યોગીઓ કે સાધકો સ્વર્ગાદિ ફલ-કર્મ, તપથી, જ્ઞાનથી વૈરાગ્યથી, યોગથી, યજ્ઞયાગ, દાન-પુણ્ય કર્મોથી તેમજ અન્ય શ્રેયસ કર્મોથી જે કાઇ સ્વર્ગ-મોક્ષ-ભગવદ્ધામ વગેરે ફળો મેળવે છે તે સર્વ અનાયાસે ભક્ત મેળવી શકશે. (૩૩,૩૪)

न किञ्चत् साधवो धीरा भक्ता हयेकान्तिनो मम । वांछन्त्यपि मया दत्तं कैवल्यमणुनर्भवम् ॥ ३७ ॥

મારી સેવા વિના મારા ભક્તેને કાંઇ ન ખપે

ભાઈ ઉદ્ધવ ! વાત એ જ મહત્વની છે કે મારા ભકિતયોગથી મારો ભક્ત ચાહે તે પામે પરંતુ જે મારા પરમ ભક્તો છે તે સદાચારી ધીર વીરો સર્વદા કેવલ મારી સેવાની મને મેળવવાની મને જ પરમ પુરુષાર્થ માનનાર છે. હું પોતે તેમને પુનઃ જન્મ લેવો ન પડે તેવો મોક્ષ આપું તો પણ તેઓ તેની કામના જ નથી સેવતા તો પછી લેવાની વાત તો રહી જ કયાં ? ભાઈ ઉદ્ધવ ! બે પ્રકારનો ભક્તિમાર્ગ છે એક મર્યાદા ભક્તિ છે એમાં પ્રથમ સાધન ભક્તિ ત્યારબાદ ભગવત્સ્વરૂપનો અને જીવના સ્વરૂપનો અનુભવ ત્યારબાદ વૈરાગ્ય આવો એક સાધન ક્રમ છે. જ્યારે ફલાત્મિકા જે પુષ્ટિ ભક્તિ એમાં જ્ઞાન વૈરાગ્ય વગેરે કોઇ શ્રેયસનાં ઘણું કરીને સાધન નથી એવું સ્પષ્ટ કર્યું છે. માટે ઉદ્ધવ હું જેમ મારા ભક્ત પાસેથી કાંઇ નથી ચોહતો એવો નિરપેક્ષ છું એ જ પ્રમાણે સર્વ પ્રકારે આશાઓથી મુક્ત મારા નિષ્કામ ભક્તને નિરપેક્ષપણું એ જ સર્વશ્રેષ્ઠ કલ્યાણનું સાધન છે. એમ વિવેકી આપ્ત જનો અને વેદશાસ્ત્રો કહે છે. (૩૬) ભાઈ ઉદ્ધવ ! આગળ જે ગુણ અને દોષ સંબંધી કર્મમાં વ્યવસ્થા બતાવી છે તે કર્મમાર્ગનો યોગી સદા સકામ કર્મમાં પરોવાયેલ રહે છે તેને સકામ કર્મોમાંથી નિવૃત્તિ થવા માટે તેમજ નિષિદ્ધ કર્મો ન કરવા માટે ગુણદોષ વ્યવસ્થા બતાવી છે પરંતુ જે મારા અનન્ય ભક્તો છે તેમજ જ્ઞાનનિષ્ઠા વાળોઓ છે તેમને માટે તો સકામ કર્મમાં ગુણદષ્ટિ પણ ભગવદ્ભાવમાં બાધક છે અને ચિત્તમાં વિક્ષેપ કરનાર છે તેથી તેમને સકામ કર્મોમાં ગુણબુદ્ધિ રાખવાની આવશ્યકતા નથી. તે ભક્તો

તો મારા અનન્ય ભક્તો છે, સાધુજનના ગુણવાળા છે. સમદૃષ્ટિવાળા મારા શિવાય કાંઇ પણ તેમને જોઈતું નથી અને બુદ્ધિથી ન પમાય એવા મને ભક્તિથી પામ્યા છે તેમને ગુણદોષથી ઉત્પન્ન થતાં પાપ-પુણ્યો નથી લાગતા. (૩૭) આ પ્રકારે મારા દર્શાવેલા ત્રણે માર્ગોમાં રહેનાર અને મારા કહ્યા પ્રમાણના વિધિનું પાલન કરનાર મહાન પુરુષો પરબ્રહ્મને પામે છે તેમજ કાલ-કર્માદિના ભયથી મુક્ત થયેલા મારા લોકને મેળવે છે. (૩૮)

एवमेतान् मयादिष्टाननुतिष्ठन्ति मे पथः । क्षेमं विन्दन्ति मत्स्थानं यद ब्रह्म परमं विदुः ॥ ३८ ॥

શ્રીમદ્ ભગવતપીયૂષમાં એકાદશ સ્કંધના જીવનમુક્તિ પ્રકરણના સાયુજ્ય પ્રકરણમાં ૨૦ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૨૧ મો

(એકવીસમાં અધ્યાયમાં ૪૩ શ્લોકો છે. ૨૦મા અધ્યાયમાં ભક્તિ-કર્મ-જ્ઞાન માર્ગના અધિકારીઓને કેવી રીતે કલ્યાણની પ્રાપ્તિ થાય તેમને માટે શું ન કરવું એની ચર્ચા થઇ હવે આ ત્રણે માર્ગના અધિકારી વિનાના સકામ સાધનામાં રહેલા જનસમૂહ માટે દ્રવ્ય-દેશ-કાલ-કર્તા વગેરે સંબંધી થનાર ગુણ અને દોષોનું સ્વરૂપ આ અધ્યાયમાં સમજાવશે.)

श्रीभगवानुवाच य एतान् मत्पथो हित्वाभक्तिज्ञानक्रियात्मकान् । क्षुद्रकामांश्चलैः प्राणैजुषन्तः संसरन्ति ते ॥ १ ॥

ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજી શ્રી ઉદ્ધવજીને સમજાવે છે કે ભાઈ ઉદ્ધવ ! પૂર્વ અધ્યાયમાં મારા દર્શાવેલા ભક્તિ-જ્ઞાન કર્મ આ ત્રણ જે ઉચિત માર્ગો છે તેને ત્યાજીને અન્ય ક્ષુદ્ર માર્ગોને ફલાશાથી આવતી કાલે નાશ પામનારા પ્રાણ, ઈન્દ્રિય વગેરે થી સેવી રહ્યા છે તેઓ તો જન્મ-મૃત્યુની ઘટમાળમાં અટવાયાં કરે છે. (૧)

ગુણદોષવિષયમાં વિષમતા શાથી?

કોઈક વાર શાસ્ત્રના આશયો ન સમજાય ત્યારે શંકા થાય કે એકને માટે જ્ઞાનનું વિધાન કર્યું, બીજાને માટે કર્મનું વિધાન કર્યુ તેમાં વળી જ્ઞાની સકામ કર્મ કરે તો દોષ લાગે તે જ કર્મ કીર્માસક્ત કરે તો દોષ ના મનાય આવી બાબત ઘણી સમજવા જેવી છે. કારણ કે એકની એક વસ્તુ એકને ગુણ ગણાય જયારે બીજાને દોષ મનાય તેનું કારણ અધિકારભેદ છે. અધિકારભેદ એટલે જ્ઞાનનો અધિકારી હોય તેને જ્ઞાનમાં નિષ્ઠા રાખવી અનેજ્ઞાન દ્વારા જ શ્રેયસ કરવું એ એને માટે ગુણ ગણાશે અને કર્મનો અધિકારી હશે એને માટે કર્મમાં નિષ્ઠા રાખવી ગુમ ગણાશે. જ્યારે જેનો જેમાં અધિકાર ન હોય તેમાં નિષ્ઠા રાખવી દોષ ગણાશે, આ પ્રકારે આગળ ગુણદોષની બાબત સમજાવી છે. (૨) ભાઈ ઉદ્ધવ ! એક સમાન વસ્તુઓ હોવા છતા સુદ્ધિ અને અશુદ્ધિ સંબંધી વિચાર શાસ્ત્રીય રીતે કરવામાં આવ્યો છે. આવો વિચાર દેશ-કાલ-કર્તા-મંત્ર-દ્રવ્ય-વગેરેમાં વિચારાય છે. ભૂમિ એક જ છે પણ જો સ્મશાન ભૂમિ છે તો તે ધર્માદિ ક્રિયા માટે અશુદ્ધ માની છે, જ્યારે કૃષ્ણ વર્ણ હરણ જ્યાં વિચરતો હોય તે પ્રદેશ પવિત્ર માન્યો આવો વિચાર નવ પ્રકારનાં જે દ્રવ્યો છે તેમની યોગ્યતા અયોગ્યતા સંબંધી નિર્ણયનો ખ્યાલ રાખીને ગુણ અથવા દોષ, શુભ અથવા અશુભનો વિચાર કરવામા આવ્યો છે. (૩) ભાઈ ઉદ્ધવ ! જે વ્યક્તિઓ વૈદિક વિધિને અને શાસ્ત્રની વિધિને અનુસરીને ધર્મ સંબંધી જે કાર્યધુરાનું વહન કરે છે તેમને કર્મનાં ફળ નિષ્ફળ ના જાય એમ માનીને કરવામાં આવેલ છે. દૃષ્ટાંત તરીકે દ્વિજે ત્રિકાલ સંધ્યા નિત્ય કર્મ તરીકે કરવી જોઈએ. अहरहः संध्यामुपासीत તેમાં વેદનું પ્રમાણ આપ્યું કે પ્રતિ દિવસ સંધ્યા કરવી આ વિધિવાક્ય સામે બીજું વાક્ય આવ્યુ કેमृतके कर्मणां त्यागः संध्यादिनां विधीयते મૃતાશૌચ આવે ત્યારે સંધ્યાહોમ-જાપ આદિનો ત્યાગ કરવો. આ વાક્યમાં સંધ્યા વગેરેનો નિષેધ આવ્યો. આવા પરસ્પર વિધિ અને નિષેધો કર્મનિષ્ઠના કલ્યાણ માટે હોય છે. આવા વિરોધના ખુલાસા એવા હોય છે કે सूतके मृतके चैव संध्याकर्म न संत्यजेत् । जपेच्च मानसीं संध्यां प्राणायाममृते द्विजः । દ્વિજે સૂતકાદિ પ્રસંગે પ્રાણાયામ વિનાની અન્ય સંધ્યાદિ ક્રિયાઓ માનસિક કરવી સર્વથા ત્યાગ ન કરવો. (૪) હવે આજ વિષયની સ્પષ્ટતા કરવા આગળ કહે છે કે પૃથ્વી-જલ-તેજ-વાયુ-આકાશ આ પાંચ તત્વો બ્રહ્માજીથી આરંભી સ્થાવર પદાર્થો સુધીના દેહોના ધાતુઓ એટલે ધારણ કરનારાં કારણો છે. તે દેહોમાં આત્મરૂપે જીવનો પ્રવેશ પણ સર્વનો સમાન છે. (૫) હે ભાઈ ઉદ્ધવ ! આ પ્રકારે પ્રત્યેકના પંચભૂતોના સમાન દેહો છે તેમજ આત્માનો સમાન પ્રવેશ છે છતાં પ્રત્યેકના વ્યવહારની સરલતા માટે તેમજ પ્રત્યેકના ધર્મ દ્વારા પુરુષાર્થો પણ

સિદ્ધ થાય માટે ભગવાન વેદે પ્રત્યેકનાં નામ તેમજ સ્વરૂપો ભિન્ન આપ્યાં છે. (૬) એટલું જ નહીં પરંતુ દહેનાં નામ અને આકારોથી આગળ વધીને દેશ-કાલ-દ્રવ્ય વગેરે પદાર્થો અને વસ્તુઓમાં પણ આ સારો દેશ છે, આ ત્યજવા લાયક દેશ છે આવો ભેદ કર્મની વ્યવસ્થા કરવા માટે ગુણદોષરૂપે બતાવ્યો છે. (૭)

દેશની શુદ્ધિનો વિચાર-ભાઈ ઉદ્ધવ ! જે પ્રદેશમાં કૃષ્ણસાર નામનો હરણ ન વિચરતો હોય તે દેશ યજ્ઞયાગાદિ ક્રિયા માટે ઉત્તમ નથી માન્યો. કૃષ્ણસાર મૃગ વસતા હોય તો પણ જો તે પ્રદેશમાં બ્રાહ્મણોમાં ભક્તિ નથી, આદર નથી તે દેશ પણ પુણ્ય ન ગણાય. વીર પુરુષોનો વાસ અને કૃષ્ણમૃગવાળો દેશ હોય તો પણ પુણ્ય દેશ નથી ગણ્યો અંગ-બંગ-કલિંગ-કીકંટ અને માગધ વગેરે દેશો, મ્લેચ્છો વસતા હોય તે દેશો તેમજ ખારી ભૂમિવાળા દેશો પણ યજ્ઞાદિ કર્યો માટે પુણ્ય ભૂમિવાળા નથી માન્યા. (૮) કાલની શુદ્ધિ- કાલની પવિત્રતામાં એવો શાસ્ત્રીય વિચાર છે કે કાલની પવિત્રતા બે પ્રકારે વિચારવામાં આવી છે: જે કાલ બ્રાહ્મ મુહૂર્ત આદિ સ્વયં મંગલ કાલ છે તેને પુણ્ય કાલ માન્યો છે. સત્કર્મ અને પુણ્ય કર્મ કરવા માટે જે જે સાધનસામગ્રી જોઈએ તે જ કાલમાં મળે તેને પુણ્ય કાલ માન્યો છે. પરંતુ જ્યારે સામગ્રી સાધનો ન મળે, વળી કોઈ રોગચાળો દેશઉપદ્રવ, રાજા સામે પ્રજાવિપ્લવ વગેરે ચાલતા હોય તે કાલ પુણ્ય કર્મો માટે ઉચિત નથી માન્યો. તેવા કાલમાં આરંભેલાં કાર્યોમાં વિઘ્નો આવે અને સત્ર્મો એટકી પડે. (૯) દ્રવ્યશુદ્ધિ-દ્રવ્ય એટલે ધન એવો અર્થ થતો નથી પરંતુ પદાર્થો-વસ્તુઓ-સામગ્રીઓને દ્રવ્ય કહેવામાં આવ્યાં છે. યજ્ઞ કરવો હોય ત્યારે ગોઘૃત-જવ-તલ-ગૂગળ-બિલ્વફળ, કમળકાકડી વગેરે જે સામગ્રી વપરાય તે બધાને દ્રવ્ય કહેવાય છે આવાં દ્રવ્યો નવ પ્રકારનાં છે. આ દ્રવ્યોની શુદ્ધિ દ્રવ્યથી માની છે. પુષ્પ તુલસીદલ-ફલ વગેરે દ્રવ્યો સેવા વગેરેમાં ઉપયોગમાં લેવાય ત્યારે જલથી તેને શુદ્ધ કરવામાં તેમજ ખાસા કરવામાં આવે છે તે શુદ્ધિને દ્રવ્યથી દ્રવ્યની શુદ્ધિ કહેવામાં આવી છે. ફલફૂલ વગેરે ઉપર અપવિત્ર પાણીનો સ્પર્શ થાય તો તે વસ્તુ અશુદ્ધ મનાય છે કેટલીક શુદ્ધિ શાસ્ત્રોમાં ઋષિમુનિઓનાં વચનોથી વિચારાઈ છે. વર્ષાકાલમાં વર્ષેલ જલ ત્રણ દિવસ પછીનું શુદ્ધ મનાય અને કમોસમમાં વર્ષેલ જલ દશ દિવસ પછીનું શુદ્ધ મનાય આવો નિર્ણય વચનોથી થાય તેને શાસ્ત્રવચનની શુદ્ધિ મનાય, સંસ્કારોથી ગર્ભની શુદ્ધિ થાય છે. જનનાશૌચમાં દશ દિવસો વીત્યા બાદ કર્મ માટે કર્તાનો કાલ શુદ્ધ મનાય ગોળીમાનું તદ્દન ઓછું જલ તેમાં પીધેલા પાત્રને નાખીને ત્યારે તે જલ અશુદ્ધ મનાય પરંતુ વહેતી સરિતામાં ગાય-શ્વાન-ગધેડાં પાણી પીએ કે પીધેલાં પાત્રો સ્વચ્છ કરીએ તો પણ તે જલ પવિત્ર મનાય તેથી તે શુદ્ધિ-અશુદ્ધિ જલનાં ઓછા-વત્તા પ્રમાણથી નક્કી થાય છે. (૧૦) શક્તિ-અશક્તિથી શુદ્ધિવિચાર:- નાના બાલક અને વૃદ્ધ રોગીઓ માટે જલથી શુદ્ધિ ન થાય અને નામસ્મરણ કરે તો ચાલે પરંતુ શરીરે સશક્ત હોય અને ગ્રહણાદિ પ્રસંગોમાં સ્નાનાદિના કરે તો એ શુદ્ધિ ન મનાય અશૌચની દિશાંમાંજાણવાથી અને ન જાણવાથી શુદ્ધિ અશુદ્ધિનો વિચાર કર્યો છે. પુત્રાદિનો જન્મ થયા પછી દશ દિવસ બાદ જો જાણવામાં આવે તો તેને આશૌચ ના લાગે. પરંતુ દશ દિવસની અંદર જાણવામાં આવે તો જેટલા દિવસો બાકી હોય તેટલા દિવસનું અશૌચ મનાય. સમૃદ્ધિથી-સમ્પત્તિથી પણ કેટલાક નિર્ણયો કરવાના હોય છે. સૂતકીનું અન્ન સૂતક સુધીના લેવાય પરંતુ જે સમ્પત્તિથી સુખી છે તેને માટે આ નિયમ છે પરંતુ જેની પાસે ખાવાનું સાધન જ નથી અને અન્નના સાંસા પડે છે તેને આ નિયમ સાથે કશો જ સંબંધ નથી. આ બધી વિચારધારા દેશ અને અવસ્થાને અનુસરીને છે. જે નિત્યના આચારો સ્વદેશમાં પાળવાના છે તે પરદેશમાં અડધા આચરવાથી પણ દોષ નથી થતો. (૧૧) દ્રવ્યની શુદ્ધિના અનેક પ્રકાર :- ખેતરમાં પાકે તેને ધાન્ય કહેવાય અને રસોડામાં જે પાક થાય તેને અન્ન કહેવાય. વાસી અન્ન અશુદ્ધ અને તાજું સિદ્ધ કરેલ અન્ન શુદ્ધ મનાય. ખેતરમાંથી લાવેલ ધાન્ય તપાવાથી અને પવનથી શુદ્ધ થાય કાષ્ઠની શુદ્ધિ જલથી, કોઈવાર રંધો લગાવી છોલવાથી તેમજ કાષ્ઠનાં જે પાત્રો છે તે જલથી શુદ્ધ થાય, હાથીદાંત તપાવાથી અને પવનથી શુદ્ધ થાય, સુતરાઉ વસ્ત્રો જલથી શુદ્ધ થાય છે, રેશમી વસ્ત્રો તેમજ ઊનનાં વસ્ત્રો સૂર્યના તાપથી શુદ્ધ થાય, ઘી અને દૂધ ગરમ કરવાથી અને ગાળવાથી શુદ્ધ થાય, મધ ગાળવાથી શુદ્ધ થાય, સૂવર્ણ-રજત પાત્રો જલથી અને તપવાથી શુદ્ધ થાય, ચર્મને તપવાથી અને તેલ લગાવાથી શુદ્ધ થાય છે. ભાઈ ઉદ્ધવ ! તાત્પર્ય એટલું જ કે કેટલીક વસ્તુઓ જલથી તો કેટલીક સૂર્યના તાપથી તો ઘણી વસ્તુ માટીથી અજવાળવાથી શુદ્ધ બને છે. (૧૨) કોઈ કાષ્ટની પાટલા-બાજઠ જેવી વસ્તુઓને

અપવિત્ર વસ્તુઓ લાગી જાય ત્યારે તેને ખાટી છાસ, મીઠું ખટાશ લગાવી શુદ્ધ કરવાં. આમ છતાં તે અપવિત્ર વસ્તુઓ લેપ કે તેની દુર્વાસના ન જાય તો તેને છોલવાથી પવિત્ર કરાય છે. ખટાશ વગેરે લગાવવાનું અને છોલવાનું કાર્ય ત્યાં સુધી ચાલુ રાખવું કે તે પ્રથમ જેવું પવિત્ર હતું તેવું પાછુ થઇ જાય ત્યારે તેને પવિત્ર મનાય. (૧૩) કર્તાની શુદ્ધિ :- કોઇ પણ ધર્મકર્મ કરવાનો નિશ્ચય કરનાર યજમાન સત્કર્મ કરવા માટે સ્નાનથી શુદ્ધ બની અધિકારી થાય, તેમજ દાનથી દ્રવ્ય શુદ્ધ થાય, તપથી ઈન્દ્રિયો અન્તઃકરણ શુદ્ધ થાય, નાનાં બાલક અવસ્થાથી શુદ્ધ મનાય છે. અને મોટાં માનવ વૃદ્ધાવસ્થા કે અશક્ત અવસ્થાથી પવિત્ર મનાય, આઠ વર્ષનો બાળક યજ્ઞોપવીત સંસ્કારથી શુદ્ધ થાય, સંધ્યા-જપ-તપ-હોમથી શુદ્ધ થાય, તેમજ બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય ભગવન્નામસ્મરણથી શુદ્ધ થાય. પછી સર્વ ધર્મકર્મનો પ્રારંભ કરે. (૧૪) મંત્રશુદ્ધિ :- લખેલા કે મુદ્રણ કરેલા મંત્રોને વાંચી લેવાથી મંત્રમાં મંત્રપણું નથી આવતું પરંતુ સદ્ગુરુના મુખેથી સાંગોપાંગ સાંભળવાથી તેના વિનિયોગ વગેરેને ગુરુમુખેથી જાણવાથી મંત્રમાં મંત્રપણું આવશે. કર્મની શુદ્ધિ ભગવદર્પણથી થશે. આ પ્રકારે દેશ, કાલ, કર્મ, કર્તા, દ્રવ્ય, મંત્ર વગેરે છ વિશુદ્ધ વસ્તુઓ દ્વારા ધર્મ સિદ્ધ થાય એટલે ધર્મનું આચરણ થાય છે. આ છયે વસ્તુ અશુદ્ધ હોય અને કર્મ કરે તો તે અધર્મ મનાય. (૧૫) કોઈવાર ગુણ પણ દોષ બને છે અને દોષ ગુણ બને છે. માગવું એ દોષ ગણાય છે પરંતુ આપત્તિકાલમાં માંગીને પણ પ્રાણ ટકાવવા એ જ્યારે ગુણ બને છે ત્યારે આપત્તિ ટળતાં માગવું એ દોષ ગણાશે પર ધર્મ જેને માટે છે તે તેને માટે તે ગુણરૂપ છે તે પર ધર્મ પોતાને માટે દોષરૂપ છે, વૈરાગ્ય નથી જાગેલો એવા ગૃહસ્થ કુટુંબમાં આસક્ત હોય છે તે જો કુટુંબનો ત્યાગ કરે તો દોષરૂપ છે ત્યારે વિરકત જો કુટુબનો ત્યાગ કરે તો તેને માટે તે ગુણ ગણાશે. આ પ્રમાણે એક જ અર્થમાં ગુણ દોષનો નિયમ ગુણ-દોષના ભેદને સહન કરતો નથી તેથી ગુણ-દોષનો ભેદ કલ્પિત છે જો તે ખરો હોય તો જે વસ્તુ એકને માટે દોષરૂપ છે તે બીજાને માટે ગુણરૂપ કેમ બને ? (૧૬) ભાઈ ઉદ્ધવ ! ઘણીવાર તો દોષને દોષ સ્વરૂપે ન ગણતાં ગુણ સ્વરૂપે સ્વીકારેલ છે તો ઘણાં સ્થાનોમાં ગુણોનું ગુણપણું નથી હોતું અને દોષપણું જોવા મળે છે. બ્રહ્મણ વગેરે જેઓ ધર્મ કર્મથી સંધ્યા વન્દનાદિથી પતિત નથી થયા તેમને મદિરાપાન પતિત કરે છે ત્યારે જેઓ આચારવિચારથી પતિત છે તેમને મદિરાપાન પતિત ન કરે પરંતુ તેમનો રોગ-ઘન આદિથી ભયંકર નાશ થાય છે. જો સંન્યાસી સ્ત્રીનો સંગ કરે તો તેને માટે અધર્મ અને પાપ છે. પરંતુ ગૃહસ્થને ઋતુસ્નાન કરેલ ગૃહિણી સાથે ઋતુગમન દોષ નથી ગણ્યો. આ રીતે બન્ને વ્યક્તિ એક સમાન કાર્ય કરે છે છતાં એકને પતિત કરે છે જ્યારે બીજાને પતિત નથી કરતું એ રીતે સ્ત્રીસમાગમ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ સાથેનો સહજ ધર્મ છે તે સંન્યાસી માટે અધર્મ છે. તાત્પર્ય એ છે જે પ્રથમથી જ જમીન ઉપર સૂતેલ છે એને પડવાનો કોઈ જ ભય નથી. (૧૭) ભાઈ ઉદ્ધવ ! શાસ્ત્રે સમજાવેલા ગુણ અને દોષના જ્ઞાનથી વિવેકી મનુષ્ય જે જે દોષમય કર્મ છે તેનાથી નિવૃત્ત થાય અથવા તો કર્તા તરીકેના અભિમાનને ત્યજીને શ્રીકૃષ્ણાર્પણમતિથી સર્વ કાર્ય કરતો રહે તો તે વિવેકીજન કર્મફલ બંધનમાંથી મુક્ત થશે આ પ્રકારે આચરેલો ધર્મ મનુષ્યને શોક, મોહ અને ભયમાંથી મુક્ત કરનાર તેમજ તેનું કલ્યાણ કરનાર બને છે. (૧૮)

વિષયપ્રીતિ વિનાશનું મૂલ છે

એક વાત તો પ્રથમ આ લક્ષ્યમાં લેવી કે વિષયો સુખરૂપ છે એવી ગુણબુદ્ધિના જ પરિણામે મનુષ્યને વિષયોમાં આસક્તિ-સંગ કે અનુરાગ ઉત્પન્ન થાય છે. પછીથી જ આ સંગને ભોગવવાની સતત લાલસા થાય છે. આ ભોગવિલાસથી જ કલેશ કંકાસ થાય છે. (૧૯) આ પ્રકારના કલહથી અસહ્ય ક્રોધ સરજાય છે. ક્રોધના પરિણામે વિવેકવૃત્તિ ચાલી જાય અને તમોવૃત્તિ-જડતા આવી જાય છે. જડતાથી વિવેકીની પણ વ્યાપાર વ્યવસાયમાં કુશળ એવી પણ બુદ્ધિ જડતાથી કે મોહથી જલદી ઘેરાઈ જાય છે. (૨૦) મમતાભર્યા ભાવથી ભગવાન બોલ્યા : હે સજ્જન ! હે સાધુપુરુષ ભાઈ ઉદ્ધવ ! ગભરાશો ના. મારી કૃપાથી તમને તેમ નહીં બને પરંતુ સમર્થ પણ મનુષ્ય વિવેકશીલ બુદ્ધિને ગુમાવી બેઠેલ હોવાથી તે જન્તુ-બિચારો બની જાય છે. દિઙ મૂઢ કે કિંકર્તવ્યમૂઢ બનેલા માનવને સર્વત્ર શૂન્યતા ભાસે છે. ભાઈ ઉદ્ધવ ! આ ટાણે મૂર્ચ્છિત કે મરણ પામેલ મનુષ્યની માફક તે તમોગુણથી ઘેરાયેલ મનુષ્ય સ્વાર્થભ્રષ્ટ થાય છે. (૨૧) વિષયાધીન કે વિષયલીન કે દીનજન બની પોતે ભગવાનનો દાસ છે, સેવક છે. સેવા એનું નિત્ય કાર્ય છે તે વીસરી

જાય છે અને ભગવાન મારા સ્વામી છે અને સેવ્ય છે એ વસ્તુ પણ વીસરી જાય છે. ખાવા પીવા છતાં જડ વૃક્ષની જેમ શ્વાસ લે છે. અને મૂકે છે કે લુહારની ધમણ માફક શ્વાસ લે છે કે મૂકે છે. આવી સ્થિતિમાં તે જીવનનું પરમ પદ પ્રાપ્તિ કે ભગવત્પ્રાપ્તિ નામના ફલને પામતો નથી. (૨૨) ભાઈ ઉદ્ધવ ! કદાચ એવો વિચાર આવશે કે શ્રુતિ ભગવતી તો ''अक्षय्यं वै चातुर्मास्ययाजिन:'' ''अपाम सोम अमृता अभूम'' ચાતુર્માસ્ય યાગ કરે તે અક્ષય સુખ પામે છે અથવા સોમનું પાન કરીએ અને અમર બનીએ આવાં વિધાનો કરે છે તો આ શ્રુતિવચનો પ્રમાણે સકામ કર્મ કેમ ના કરવાં ? તો ભાઈ આવો વિચાર ના લાવવો. કારણ કે જે મનુષ્ય સર્વથા કર્મ છોડી પ્રપંચમાં ભટકે છે એને પુણ્ય કર્મ તરફ વાળવા માટે ભગવતીએ આ પ્રકારની આજ્ઞા કરી છે. પરંતુ સોમરસપાન એ પરમફલ નથી. પરમ ફલ તો હરિચરણપ્રાપ્તિ જ છે. નાના બાલકને દવા આપતાં ગળી વસ્તુ પણ આપવી પડે જેથી ઔષધમાં પ્રીતિ ઉત્પન્ન થાય. બાલક ખાય અને નીરોગી બની જાય. (૨૩) માનવ જન્મ્યો ત્યારથી જ તેમજ જન્મજન્માન્તરની વાસનાથી. ગાડી, વાડી, લાડી, કુટુંબકબીલા, ધન સ્વજન, પરિજન, પ્રાણ, ઈન્દ્રિય દેહ-ગેહાદિમાં મનથી જ મમતાવાળો છે. ભલે તે બધા પદાર્થો પોતાના નિત્ય કલ્યાણના બાધક હોય, છતાં તેમાંથી મન વાળી શકશે નહીં. (૨૪) આવા સહજ સ્વાભાવથી સંસારસુખરત અવિવેકી જનો સુખલાલસાથી દુઃખ દેનારા માર્ગોમાં ભમી રહ્યો છે અને દેવ-મનુષ્ય-પશુ-પક્ષીની યોનિઓમાં અટવાઈ રહ્યો છે અને વૃક્ષાદિ અવતારોની વિવિધ યોનિઓમાં ભટકી રહ્યો છે તેને કેમ એ રીતે ભટકવા દેવાય એવું સમજીને જ વેદ માનવને ભગવાનના માર્ગ તરફ વાળે છે. (૨૫) ભાઈ ઉદ્ધવ ! લતા ઉપર પુષ્પ આવે પણ ફલ ન આવે તેને ''कुसुमिता पुष्पिता'' એવું નામ આપેલ છે. ફલ વિનાની એ લતા જેમ શોભા દેનારી છે તેવી જ સકામ શ્રુતિઓ ફલ બતાવી જીવાત્માને પુણ્યમાર્ગે વાળી ધીમે ધીમે ભગવત્સેવા નામના પરમ ફલમાં લઈ જાય છે આવી સમજ જે નથી ધરાવતા તેવા અજ્ઞ અબુધ જનો જ આ ફલોને નિત્ય ફલ માને છે પરંતુ જેઓ વેદોના રહસ્યને જાણે છે તે તો આ પ્રમાણે અર્થ નથી કરતા. (૨૬)

ફલાસક્તિ પણ હરિપ્રાપ્તિમાં પ્રતિકૂલ છે

ભાઈ ઉદ્ધવ ! સદા ફલની કામનાથી જ ધર્મ કર્મ કરનારા, તેથી જ સ્વભાવે દીન બનેલા, સ્વર્ગ, અપ્સરાઓ, સામ્રાજ્ય વગેરે ફલોની લાલાસા સેવનારા, નશ્વર સુખસમ્પત્તિઓ પુષ્પ જેવી છે ફલ સ્વરૂપ નથી છતાં તેને જ ફલ માનનારા, અગ્નિની સકામ ઉપાસનાઓમાં જ મમતાવાળા, પરિણામે અર્ચિસમાર્ગમાં જ પરમ કલ્યાણ માનીને વિરમેલા સાચા આત્મતત્વને કે ભગવાનના પરમ ધામને તેઓ જાણતા નથી. (૨૭) હે અંગ ઉદ્ધવ ! આવા સકામ કે સ્વર્ગકામ કેવલ કર્મફલમાં આસક્ત પુરુષો હું તેમના જ હૃદયમાં વસેલ છું એવું પણ નથી જાણતા તેના જ પરિણામે અથવા**उक्थशासः** અથવા**उक्थशास्त्राः** અગ્નિહોત્રાદિ કર્મ જ પરમ ફલ છે એવો ઉપદેશ કરનારા અને માનનારા કેવલ પ્રાણોના પોષણને જ પુરુષાર્થ માનનારા ઝાકળમાં મેઘ જલની ભાવના કરનારાઓની માફક સદા તૃષાર્ત રહેતા અટવાયા કરે છે. (૨૮) જે વ્યક્તિઓ પોતાની સામાન્ય મતિથી ન સમજાય તેથી તે મારા પરોક્ષ મતને નથી જાણતા તેમજ વિષયો સુખોમાં જ આસક્ત તેમની ઈચ્છા જો જિહ્વાને ન જીતી શકતા અને નિષિદ્ધ ભોજન કરવા જ ચાહે છે તો યજ્ઞના અંગે કરવામાં આવતા અનિવાર્ય પશુના આલભન કરી શકે છે પરંતુ તેમાં શાસ્ત્રની આજ્ઞા નથી પરંતુ હિંસા-આસકતને પાછા વાળવાનોઆશય છે. (૨૯) જે વ્યક્તિઓ પોતાની જીભની લાલચથી તેમજ પોતાના દેહને હૃષ્ટપુષ્ટ બનાવાની પશુવૃત્તિથી યજ્ઞોને આગળ ધરીને પોતાના હિંસા-વિકારોને પોષે છે તેમજ યજ્ઞોના ખોટા ઓથે પિતૃઓ, ભૂતપતિઓ ને અન્ય ક્ષુદ્રદેવોનું યજન કરે છે તે તો ખરેખર ખલ પુરુષો છે. (૩૦) સ્વપ્નમાં દેખેલી વસ્તુઓ ક્ષણિક છે તેવી જ રીતે સ્વર્ગાદિ સુખો પણ ક્ષુદ્ર અને ક્ષણિક છે. વળી તે બધા તે પ્રિય પદાર્થો છે તેથી તે સાંભળવાથી આનંદ દેનારા છે પરંતુ ઉપયોગમાં નહિ આવનારાં આવાં સુખોની હૃધ્યમાં કલ્પના કરીને કેવલ દ્રવ્યનો વ્યય કરે છે. જેમાં કાંઈપણ સત્ય ફલ જેવું નથી આવી વ્યક્તિના વ્યવહારો તો સાગર પાર ખેડી અપાર ધનવાળી નાવ મહા સાગરમાં ડૂબતાં ધન પણ તેને સાગરમાં જ ફેંકી દેવું પડે છે તેવી જ રીતે આ કર્મના ફલમાં મને અપ્સરાઓ, સામ્રાજ્યો મળશે એવી આશાથી આત્મજન નિશ્ચત અને સેવોપયોગી ધનને ખાડામાં જ નાખી દે છે. (૩૧)

બિચારા ગુણાસક્ત જનો

ભાઈ ઉદ્ધવ ! જીવોનો શો દોષ કાઢવો ! જેઓ સત્વ-રજસ્-ગુણની પ્રકૃતિવાળા છે તેઓ તે જ પ્રકારના સત્વ-રજસ્-તમાસ્-ધર્મવાળા ઈન્દ્ર આદિ દેવોની ઉપાસનાઓ કરે છે અને મારી સેવા નથી કરતા ખરેખર એ બધા દયા પામે છે. છે કે-અમે યજ્ઞો આચરીને સ્વર્ગમાં જાશું. ત્યાં દેવતાઓ અને અપ્સરાઓ સાથે વિહાર કરીશું. પુનઃસ્વર્ગ ભોગવીને ભૂતલ ઉપર ઉત્તમ કુલોમાં અને ઉત્તમ રાજમહાલયોમાં અવતાર લેશું. આ પ્રકારની વાંઝણી ફૂલવાળી રોચક લતાઓ જેવી નિષ્ફળ મોહક વાણીથી લોભાયેલ ચિત્તવાળા, અત્યંત અભિમાની અને અક્કડ ચાલનારા આસક્ત જીવોને તો મારી કથા વાર્તા જ રુચતી નથી તો વળી મારી સેવા તો ક્યાંથી રુચે ? (૩૩,૩૪) જે વેદો કર્મ-જ્ઞાન-દેવતા વગેરે વિષયનું પ્રતિપાદન કરનારા ભાસે છે તે સર્વ વેદો સાક્ષાત્ મારું જ પ્રતિપાદન કરનારા છે પરંતુ વેદોની વાણી પરોક્ષ એટલે સર્વ સામાન્યને ન સમજાય તેવી ગૂઢ છે, કારણ કે મને પણ પરોક્ષ વાણી જ પ્રિય છે. (૩૫) સાચી વાત તો એ છે કે શબ્દબ્રહ્મ એટલે વેદની વાણીનો મર્મ ધણો ગુહ્ય છે. એના શબ્દો અને શબ્દના અર્થો સમજવા ધણા કઠિન છે માત્ર હું એ વેદોના અર્થને તાત્પર્યને જાણું છું. વેદના સ્થૂલ અને સૂક્ષ્માર્થ એવા બે પ્રકાર છે. चावारि वाक्परिमिता पदानि तानि विदुर्ब्राह्मणा ये मनीषिणः । गृहा त्रीणि निहिता नेंगयन्ति तुरीयं वाचो मनुष्या वदन्ति । આ વાણીનું પ્રથમ સ્વરૂપજી'' परो ''વાણી છે જે प्राणमय જેનું યોગીઓને દર્શન થાય છે. નાભિપ્રદેશમાંથી ઉદ્ભવ પામીને હૃધ્યપ્રદેશમાં આવતાંपश्यंती નામથી ઓળખાય છે જે વાણી मनोमय છે. ત્યાથી આગળ વધીને કંઠપ્રદેશમાં આવે છે જે વાણી इन्द्रियमय છે અને એની मध्यमा એવી સંજ્ઞા છે. આ મધ્યમા ઈન્દ્રિયમય વાણી, વાણીને વ્યક્ત કરે છે આ વ્યક્ત એટલે સ્પષ્ટ સમજાય એવા શબ્દોના ઉચ્ચારના કાર્યમાં ''वागिन्द्रिय''મુખ્ય માની છે આ વાણીનું દેશ કે કાલથી માપ કાઢી શકાતું નથી. આ પરાવાણીમાં એટલે શબ્દની બાબતમાં બ્રહ્મબુદ્ધિ કાંઇ કામ કરી શકતી નથી. સમુદ્રજેવી ગહન શબ્દબ્રહ્મની સમસ્યા છે જ્યાં માનવની શક્તિ અને બુદ્ધિ કુંઠિત થઈ જાય છે. (૩૬)

मयोपबृंहितं भूम्ना ब्रह्मणानन्तशक्तिना । भूतेषु घोषरुपेण बिसेपूर्णेव लक्ष्यते ॥ ३७ ॥

ભાઈ ઉદ્ધવ ! વાણીનો અલ્પ પરિચય આપું છું વિવેકી પુરુષો આ વસ્તુને સમજી શકશે. જ્ઞાન-વીર્ય-તેજ વગેરે અનન્ત શક્તિવાળા વ્યાપક પરબ્રહ્મ એવા મેં પ્રાકામ્ય-મનોમય-ઈન્દ્રિયમય સ્વરૂપે વિસ્તરેલ પ્રાણીમાત્રમાં નાદરૂપે રહેલ છે તેને મનને વશ કરનારા મહાપુરુષો જાણી શકે છે. કમલના પેલા નાલમાં રહેલા બિસ તંતુ જેવા રહેલા આ અનાહત નાદનો પરિચ્છેદ કરાતો નથી. તેનું માપ કઢાતું નથી કે તેનો તાગ કાઢી શકાતો નથી. (૩૭) જેમ એક કરોળિયો પોતાના ઉદરમાં રહેલી લાળના તંતુઓને મુખદ્વાવ બહાર પ્રકટ કરે છે તેમજ પાછા સમેટી લે છે તેવી રીતે પ્રાણરૂપી હિરણ્યગર્ભ વેદને કહેનાર-સ્વયં અમૃતમય હોવાથી સ્વયં નાદમય થઇ મનને નિમિત્ત બનાવી પોતાના હૃધ્યાકાશમાંથી અનન્ત માર્ગો અને વાળી વૈખરીરૂપ વાણીને સ્વયં પ્રકટ કરે છે અને તે વેદરૂપી વાણીને પાછી પોતાની અંદર જ સમાવી દે છે. (૩૮) વિવિધ છંદોમય અનેક છંદોવાળા અમૃતમય એટલે કદી નાશ ન પામનાર સદા અમર, વળી દેહ, પ્રાણોને ધારણ કરવામાં સમર્થ એવો પ્રાણશબ્દ બ્રહ્મરૂપા વાણીને ઉત્પન્ન કરે છે. આ વાણીમાં હજારો શ્રેયસ માર્ગો વસેલા છે. આ સમગ્ર વાણી ૐકારમાંથી તે પ્રકટ થાય છે. આ વર્ણોમાં ક-ખ-ગ-ઘ-ઙ-કંઠના સ્પર્શથી ચ-છ-જ-ઝ-ગ- તાળુના સ્પર્શથી, ટ-ઢ-ડ-ઠ-ણ મૂધાર્-ભાગના સ્પર્શથી, ત-થ-દ-ધ-ન દંતના સ્પર્શથી, પ-ફ-બ-ભ-મ ઓષ્ઠના સ્પર્શથી સ્પષ્ટ પ્રકંટ થાય છે. ''અ.આ.ઈ.ઇ.ઉ.ઊ.ઋ.ૠ..ભૃ.ભૃ.એ.ઓ.ઐ.ઔ.અં. અઃ'' આવા સ્વરોના નામથી વ્યક્ત થયેલ છે. શ.ષ.સ.હ ઉષ્માક્ષરના નામથી વ્યક્ત થાય છે અને ય.ર.લ.વ. આ ચાર અન્તઃસ્થ અથવા અર્ધસ્વર કહેવાય છે. પાણિનીય વગેરેના વ્યાકરણાદિથી રચેલી લૌકિક ભાષા તેમજ સ્વતઃસિદ્ધ અપૌરુષેય વૈદિક ભાષાથી વિસ્તાર પામે છે. ઉત્તરોત્તર ચારચાર અક્ષરો વધે છે એવા ૨૪ અક્ષરના ગાયત્રી, ૨૮ અક્ષરના ઉષ્ણીક, ૩૨ અક્ષરના અનુષ્ટુપ, બૃહતી, પંક્તિ, ત્રિષ્ટુપ, જગતી, અતિચ્છંદ અતિઅષ્ટિ, અતિજગતી, અતિવિરાટ વગેરે છં દોવાળી વાણીને સરજે છે. (૩૯, ૪૧) ભાઈ ઉદ્ધવ ! અધિક શું કહું ? કર્મ માર્ગનાં વિવિધ વાક્યોથી વેદ ભગવાન શેનું વિધાન કરે છે, દેવતા કાંડના મંત્રો દ્વારા શેનો પ્રકાશ કરે છે, જ્ઞાનકાંડમાં નિષેધના અર્થવાળાં नेतिनेति વાક્યો કેવી રીતે વિકલ્પ કરે છે આ

સર્વ વેદવાણીનું રહસ્ય મારા વિના કોઇ જાણી શકતું નથી. (૪૨)

ઉદ્ધવ કહ્યું કે મહારાજ જ્યારે આપ જાણો છો તો કહેવાની કૃપા કરો તેથી ભગવાને કહેવા માંડયું કે ભાઈ ઉદ્ધવ ! વેદોમાં યજ્ઞસ્વરૂપે મારું વિધાન અને વર્ણન છે. દેવતાના મંત્રો દ્વારા મારું જ ગાન કરે છે. તસ્માત્ એટલે તે બ્રહ્મમાંથી અથવા एतरमात् આ આકાશમાંથી એ બે પ્રાકરથી ભેદ દર્શાવી આ જગતની ઉત્પત્તિ વગેરે જે વર્ણવ્યાં છે તેમાં મારું જ વિધાન છે. વળી આ બધાનો મારામાં જ નિષેધ કરેલ છે. આ રીતે વિધિ-નિષેધનો આધાર પણ હું જ છું. મારાથી કોઇ પણ જુદી વસ્તુ નથી આવો જ સર્વ વેદોનો અર્થ છે ભગવાન વેદ પરમાર્થરૂપનો આશ્રય કરીને માયા અને માયાનાં આકાશ વગેરે કાર્યોને કરીને તેમજ તેનો નિષેધ કરીને વાણીના વ્યાપારથી વિરામ પામી જાય છે. અંકુરોમાં જે રસ રહેલો છે તે તેના વિસ્તારરૂપ બનેલી શાખાઓમાં પણ રહેલો છે તેવી જ રીતે પ્રણવનો અર્થ પરમેશ્વર છે તે જ અર્થ વેદની શાખા વગેરેનો છે. અન્ય એના વિના કાંઇ નથી. (૪૩)

मां विधत्तेडभिधत्ते मां बिकल्प्यापोहयते त्वहम् । एतावान् सर्ववेदार्थः शब्द आस्थाय मां भिदाम् ।
माया मात्रमनूद्यान्ते प्रतिषिध्य प्रसीदति ॥ ५१ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ એકાદશ સ્કંધ જીવન્મુક્તિપ્રકરણમાં સાયુજ્ય મુક્તિ નામનો એકવીસમો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૨૨ મો

(આ બાવીશમા અધ્યાયમાં ૬૦ શ્લોકો છે. આ અધ્યાયમાં તત્વ સંબંધી ચર્ચા છે. એક તત્વનું નામ પ્રકૃતિ છે, બજા તત્વનું નામ પુરુષ છે એ બે તત્વોમાં જ ઓછીવત્તી સંખ્યાથી તત્વોનો સમાવેશ કરવામાં આવ્યો છે.)

उद्धव उवाच-कति तत्त्वनि विश्वेश संख्यातान्यृषिभिः प्रभो । नवैकादश पञ्च त्रीण्यात्थ त्वमिह शुश्रम ॥ १ ॥

શ્રી ઉદ્ધવજી ભગવાનને પૂછી રહ્યા છે કે નાથ ! હે વિશ્વના નાથ ! તત્ત્વદર્શી ઋષિઓએ કેટલાં તત્વો ગણાવેલ છે. મને યાદ છે કે આપે જ નવ, અગિયાર, પાંચ, ત્રણ તત્વો કહેલાં છે એવું અમારા જાણવામાં છે. ૧ ભગવન્ ! કેટલાક છવ્વીસ માને છે ત્યારે કેટલાક પચીશ તત્ત્વો છે એમ કહે છે, જ્યારે કેટલાક સાત, નવ કે છ તત્ત્વ છે એમ કહે છે. તો કેટલાક ચાર, કેટલાક સત્તર તો કેટલાક સોળ અને કેટલાક તેર તત્વો છે એમ કહે છે. હે આયુષ્મન્ ! તત્ત્વોની સંખ્યાને કહેવાની ઇચ્છાવાળા તત્ત્વદર્શીઋષિઓએ જે જે આશયથી ભિન્ન પ્રકારે તત્વભેદો વર્ણવ્યા છે આપ મને તેનું તાત્પર્ય કહેવાની કૃપા કરો. (૧,૩)

આર્ષદ્રષ્ટા ઋષિઓએ પોતાના અનુભવ અને મંતવ્ય પ્રમાણે નિર્ણય કર્યો

ભગવાને કહ્યું કે ઉદ્ધવ ! સર્વત્ર યુક્તિઓ હોય છે તે યુક્તિને અનુલક્ષીને બ્રહ્મવિદ્ મુનિઓ જે કાંઇ નિરૂપણ કરે છે તે મારી માયાને આગળ ધરીને સર્વ કાંઇ કહેતા હોય છે. મારી માયાનું અવલંબન કરી તેઓનું કાઇ પોતાનું મંતવ્ય હોય છે તેનું પ્રતિપાદન કરી શકે છે. (૪) તત્વવેતાઓ પરસ્પરને કહે છે કે આપ કહો છો તે ઠીક નથી પરંતુ હું જે કહું છું તે યથાર્થ છે. આ રીતે જગતના કારણ માટે કે તત્વોની સંખ્યાના મન્તવ્ય બાબતમાં એટલા માટે વિવાદ ઉત્પન્ન થાય છે કે મારી શક્તિઓના રહસ્યને જાણતા નથી. મારી શક્તિઓ એટલે સત્વ-રજસ્-તમસ્ આદિ ગુણો તેમજ તે ગુણોની વૃત્તિઓના રહસ્યને લોકો સમજી નથી શકતા તેથી તેઓ પોતપોતાના અનુભવ અને મન્તવ્ય ઉપર આગ્રહી થઈ ગયા હોય છે. (૫) આ મારી અચિન્ત્ય શક્તિઓના પરપસ્પરના સંમિશ્રણથી વાદવિવાદ કરનારાઓનો આ સાચું છે તે સાચું નથી એવો એક વિકલ્પ એટલે ભેદ ઉત્પન્ન થાયો છે. પરંતુ જ્યારે ચિંતન શીલ વિવેકી પુરુષ શમ અને દમ નામના બે ગુણોને પામે છે ત્યારે અવિલંબે વિવાદ વિરમી જાય છે. (૬) ભાઈ ઉદ્ધવ ! તત્વોની દિશામાં જે જે એકબીજાઓ ભિન્નભિન્ન મન્તવ્યો ધરાવે છે એથી કોઇ સિદ્ધાંતભેદ થતો નથી પરંતુ એક બીજા તત્વોમાં એક બીજાં તત્વોને સમાવી લેતા હોવાથી સર્વની સમાવી લેવાની સમજ અનુસાર ઓછીવત્તી સંખ્યા થાય છે જેઓ ઓછી સંખ્યા માને છે તેઓ વધારે સંખ્યાવાળાં તત્વોને પોતાની નાની સંખ્યામાં સમાવી લેતા હોય છે ઓછી સંખ્યા માનનારા કારણ તત્વોનો અન્તર્ભાવ કરી લે છે તેથી તેમના મતમાં સંખ્યા ઓછી થાય છે જ્યારે કારણમાં કાર્યતત્વોને નથી સમાવતા અને અલગ

ગણે છે ત્યારે સંખ્યા અધિક થાય છે આ સર્વ બાબત વક્તાની માન્યતા જ ઉપર અવલંબે છે. (૭) હવે ઉપરના શ્લોકમાં ''પૌર્વાપર્વપ્રસંખ્યાન'' એવું એક પદ કહ્યું તેનું જ વિવેચન કરતા બે શ્લોકો આગળ કહે છે આ જે पौर्वाँपर्य प्रसंख्यान પદ છે તેના બે પ્રકારે અર્થ થાય છે. પૂર્વ એટલે કારણમાં અપર એટલે કાર્યની પ્રસંખ્યાન એટલે ગણના કરવામાં આવે છે તેને पौर्वाँपर्यप्रसंख्यान કહેવામાં આવે છે આવો એક અર્થ થાય છે. બીજો અર્થ એવો થાય છે કે પૂર્વા એટલે અલ્પ સંખ્યા અને अपरा એટલે અધિક સંખ્યાને કહેવી તેને પૌર્વાપર્યસંખ્યાન માન્યું છે. હવે વસ્તુનો વિસ્તારપૂર્વક ખ્યાલ આપતાં ભગવાને કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! વસ્તુનો કઇ વસ્તુમાં સમાવેશ થાય છે તે વિચારીએ-કે એક કારણ તત્વમાં જ અન્ય કાર્યતત્વો પ્રવેશેલાં છે. જેમ એક જ માટીના કારણતત્વ પિંડમાં ઘડો બટેરાં-કોડિયા-કુંડાં-કુલડી-કુલડાં વગેરે અનેક માટીનાં બનેલાં કાર્યો એટલે વસ્તુઓ સમાયેલી છે તેવી જ રીતે એક કારણતત્વમાં કાર્ય તત્વો સમાઇને રહે છે અને એક કાર્યમાં બીજાં કારણતત્ત્વો સમાઇને રહેલ છે તાત્પર્ય એ છે કે પૂર્વત્તત્વમાં પરતત્ત્વો અને પરમતત્ત્વોમાં પૂર્વ તત્વ સર્વ પ્રકારે સમાય છે. (૮) ભાઈ ઉદ્ધવ ! હવે આપણે એવા નિર્ણય ઉપર આવીએ છીએ કે આ જે તત્ત્વોની સંખ્યામાં તત્ત્વોની ગણનામાં કાર્યતત્ત્વોના સમાવેશના પ્રકારને તેમજ કાર્યત્ત્વોમાં કારણતત્ત્વોના સમાવેશના પ્રકારને પોતાના મન્તવ્ય પ્રમાણે પોતાને મુખે જે રીતે વર્ણવે છે તે સર્વની સંખ્યા, પ્રકાર અને સમાવેશને આપણે સ્વીકારીએ છીએ કારણ કે તે યુક્તિયુક્ત છે. (૯) ઉદ્ધવજીએ કહ્યું કે નાથ ! પ્રકૃતિમાંથી ઉત્પન્ન થતાં ચોવીસ તત્વોની સંખ્યામાં કાર્યનો કારણમાં અને કારણમાં કાર્યનો સમાવેશનો પ્રકાર કરવાનાં પ્રત્યેકને પોતાનાં મન્તવ્યો પ્રમાણે ઓછીવત્તી સંખ્યા સ્વીકારી લઇએ પરંતુ જીવ અને ઇશ્વર સંબંધી વિચારમાં ચેતનના ભેદ અને અભેદની વિવક્ષા મન્તવ્ય કેવી રીતે કલ્પી શકાય? આ પ્રકારના સંદેહનું સમાધાન કરતાં ભગવાને કહ્યુંકે ભાઇ ઉદ્ધવ ! જે જીવેશ્વરના ભેદ વિચારનો સ્વીકાર કરીને પચીશ અને છવ્વીશ તત્વોના પક્ષનો સ્વીકાર કર્યો છે એનું તાત્પર્ય છે કે અનાદિ અવિદ્યાવાળા અવિવેકી પુરુષને સ્વતંત્ર તો આત્મજ્ઞાન નથી થતું પોતાને જ્ઞાન આપનાર પોતાનાથી ભિન્ન સર્વ સર્મથ ઈશ્વર છે એવો તે મત ધરાવે છે તે હિસાબે જીવેશ્વરના ભેદથી છવ્વીશ તત્વોનો પક્ષ સ્વીકાર્ય છે. (૧૦) જેમનું મન્તવ્ય છે કે પુરુષ અને ઇશ્વરમાં અણું જેટલો પણ તફાવત નથી એ બન્નેમાં ભિન્નતાની દષ્ટિએ જોવું એ સાચી કલ્પના નથી આ મન્તવ્યાનુસાર પચીસ તત્વોનો પક્ષ યથાર્થ છે. આ મન્તવ્ય અનુસાર પ્રકૃતિનાં ચોવીસ તત્વો અને પુરુષ એક તત્વ એમ પચીસ તત્વો થશે. કદાચ એમ માને કે જ્ઞાન તો ભગવત્કૃપાથી પ્રાપ્ત થાય છે તો કોઇમાંથી ઉત્પન્ન થતું નથી તેથી તેને સ્વતંત્ર તત્ત્વ સ્વીકારવું જોઇએ તો તે મન્તવ્ય પણ સુસંગત નથી કારણ કે જ્ઞાન તો સત્વગુણની વૃતિ સ્વરૂપ છે માટે તેનો સ્વતંત્ર સ્વીકાર આવશ્યક નથી કારણ કે જ્ઞાન પ્રકૃતિમાં સમાઇ જાય છે. (૧૧) પ્રકૃતિનું સ્વરૂપ-પ્રકૃતિ એટલે ત્રણે ગુણોની સમાન અવસ્થાને પ્રકૃતિ કહેવામાં આવે છે. આ ત્રણે ગુણો પ્રકૃતિના છે પરંતુ આત્માના ગુણો નથી. આ સત્વ-રજસ્ અને તમસ્ ઉત્પત્તિ-સ્થિતિ અને પ્રલયનાં કારણો છે અને સત્વ ગુણમાંથી જ્ઞાન પ્રકટતું હોવાથી જ્ઞાન જીવનો ધર્મ નથી. ગીતાજીમાં કહ્યુ છે કે सत्त्वात्संजायते ज्ञानम् સત્ત્વ ગુણમાંથી જ્ઞાન પ્રકટે છે. (૧૨) ગુણોની વૃત્તિ-સત્વગુણની વૃત્તિ જ્ઞાન છે. રજોગુણની વૃત્તિ કર્મ છે. તમોગુણની વૃત્તિ અજ્ઞાન છે, આ ત્રણે વસ્તુઓનો પ્રકૃતિમાં સમાવેશ થાય છે, સત્વ વગેરે ત્રણ ગુણો સમાનપણામાંથી ઓછાવત્તા પ્રમાણમાં થતાં જેનાથી ગુણોમાં ક્ષોભ ખળભળાટ ઉત્પન્ન થાય છે તે ક્ષોભ પેદા કરનાર જે સમર્થ કાળ છે તે કાલ ભગવાનનું સ્વરૂપ છે. સ્વભાવ પણ સૂત્રરૂપ છે. આ સ્વભાવ કાલથી જુદો ગણાતો નથી સૂત્ર એટલે મહતત્વમાં રહેલી જે ક્રિયાશક્તિ છે તેનું નામ સૂત્ર છે. આ રીતે કાલ-સ્વભાવ-સૂત્ર-મહતત્ત્વ વગેરેના પ્રકૃતિમાં સમાવેશ થતો હોવાથી તત્ત્વની સંખ્યા વધતી નથી જ્યારે શુદ્ધાદ્વૈતના સિદ્ધાન્ત પ્રમાણે તો સત્ત્વાદિ ગુણોને પ્રકૃતિથી ભિન્ન તત્ત્વ ગણ્યાં છે તેમજ તેઓ આવે છે અને વિનાશશીલ છે. આ દષ્ટિએ કુલ ૨૮ તત્વો માન્યાં છે જ્યારે તૃતીય સ્કંધમાં તેત્રીસ સ્વીકાર્યા છે. (૧૩) નવ તત્વોનો વિવિક (૧) પુરુષ (૨) પ્રકૃતિ (૩) મહત્તત્વ (૪) અહંકાર (૫) આકાશ (૬) વાયુ (૭) તેજ (૮) જલ (૯) પૃથ્વી આ નવ તત્ત્વો છે જે પ્રથમ વર્ણવ્યાં છે. (૧૪) શ્રોત્ર-ત્વચા-ચક્ષુ-ઘ્રાણેન્દ્રિય-જિહ્વા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો તેમજ વાક્-હસ્ત-પાદ-ગુદા-ઉપસ્થ આ પાંચ કર્મેન્દ્રિયો અને જ્ઞાન તેમજ કર્મ એમ ઉભયાત્મક એટલે બન્ને સ્વરૂપવાળું મન, આ રીતે મળીને અગિયાર તત્ત્વોની સંખ્યા બને છે. (૧૫) હવે જે શબ્દ

સ્પર્શ-રૂપ રસ-ગંધ નામના પાંચ જ્ઞાનેન્દ્રિયોના વિષયો છે. જેવું-બોલવું-છોડવું-મલત્યાગ કરવો-કારીગરી કરવી. આ પાંચ કર્મેન્દ્રિયનાં ફલ માન્યાં છે. આ દશે વિષયો છે પરંતુ સ્વતંત્ર તત્ત્વો નથી તેથી પંચતત્ત્વોનો મત સિદ્ધ થયો. (૧૬) પ્રકૃતિ અને પુરુષ-ઓ વિશ્વના સર્જન-સંરક્ષણ-વિસર્જનના કાર્યોમાં અગિયાર ઈન્દ્રિયો અને આકાશ વગેરે પંચમહાભૂતો મળી સોળ વિકાર એટલે કાર્યોવાળી અને મહત્તત્વ વગેરે સાત કારણોવાળી કાર્ય અને કારણરૂપ એવી પ્રકૃતિ પોતાના ગુણોથી સૃષ્ટિના પ્રારંભમાં વિકારાવસ્થાને પ્રાપ્ત કરે છે પરંતુ પ્રકૃતિથી ભિન્ન છે. (૧૭) બ્રાહ્માંડની સૃષ્ટિ-પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા અને પ્રકૃતિથી વિકાર પામેલા મહત્તત્વ અહંકાર વગેરે ધાતુઓ એટલે સમગ્રને ધારણ કરનારાં તત્વો છે તેની ગણના દર્શાવે છે કે (૧) આકાશ (૨) વાયુ (૩) તેજ (૪) જલ (૫) પૃથ્વી (૬) જ્ઞાન એટલે બ્રહ્મા અથવા દ્રષ્ટા જીવ (૭) આત્મા, એટલે શ્રીહરિ ભગવાન જે સમગ્ર દશ્ય પદાર્થો અને દ્રષ્ટાનો સ્વામી છે તે મળીને સાત પદાર્થો ગણાવ્યા છે. આ સાતમાં જ પ્રકૃતિ વગેરે કારણ તત્ત્વો સમાયેલા છે અને સાતમાંથી જ દેહ-ઈન્દ્રિયો-પ્રાણ વગેરે ઉત્પન્ન થાય છે. (૧૯) છ તત્ત્વોનો મત જે ચિંતકો છ તત્વો છે એવો મત ધરાવે છે તેમના મન્તવ્ય પ્રમાણે પંચ મહાભૂતો અને છઠ્ઠા ભગવાન એમ છ તત્ત્વો ગણાવ્યાં છે. આ મત પ્રમાણેआत्मसंभूतैः આત્મા-પરમાત્માંથી ઉત્પન્ન થયેલાં આકાશ, વાયુ વગેરે દ્વારા બ્રહ્માંડને ઉત્પન્ન કરે છે અને અન્તર્યામી સ્વરૂપે તેમાં પ્રવેશ કરીને રહે છે. આ મત પ્રમાણે જીવનો પરમાત્મામાં અન્તર્ભાવ છે. (૨૦) ચાર તત્ત્વોનો મત : ભાઇ ! જેમનું મંતવ્ય છે કે ચાર જ તત્ત્વો છે એમના માનવા પ્રમાણે પૃથ્વી-જલ-તેજ અને આત્મા એ રીતે મળીને ચારની સંખ્યા થાય છે. તેઓ માને છે કે આ ચાર તત્ત્વોમાંથી સમગ્ર જગત જન્મ લે છે. (૨૧) સત્તર તત્ત્વોનો મતઃ-જેઓ સત્તર તત્ત્વો છે એવું મન્તવ્ય ધરાવે છે તેમના મત પ્રમાણે પંચ તન્માત્રાઓ, પંચમહાભૂતો પાંચ ઈન્દ્રિયો મન અને જીવ આ રીતે મળીને સત્તરની સંખ્યા થાય છે. (૨૨) સોળ અને તેર તત્ત્વોનો મતઃ-જેમનું માનવું છે કે સોળ તત્ત્વો છે તેમની સમજ પ્રમાણે મન અને આત્માને ભિન્ન નથી માનતા તેથી પૂર્વની સંખ્યા થશે. વળી જેમની માન્યતા પ્રમાણે તેર તત્ત્વો છે એમની ધારણા પ્રમાણે પંચમહાભૂતો, પંચ જ્ઞાનેન્દ્રિયો મન, જીવ અને પરમાત્મા મળીને કુલ તેરની સંખ્યા થાય છે. આ પ્રમાણે તત્ત્વોના પક્ષને માનનારાઓ પંચમહાભૂતોમાં પાંચ શબ્દ સ્પર્શ વગેરે વિષયોનો સમાવેશ કરે છે. તેમજ વિષયોના પ્રકાશક તરીકે પાંચ જ્ઞાનેન્દ્રિયોનો સ્વીકાર કરે છે. (૨૩) અગિયાર અને નવ તત્ત્વોનો મત-અગિયાર તત્ત્વોનું મંતવ્ય ધરાવનારાના મતમાં એક આત્મા, પાંચ મહાભૂતો અને પાંચ ઈન્દ્રિયો મળીને અગિયારની સંખ્યા થાય છે આ મન્તવ્ય પ્રમાણે મન અને જીવાત્માનો પરમાત્મામાં સમાવેશ થાય છે. નવની સંખ્યા માનનારાંના મત પ્રમાણે આઠ પ્રકારની પ્રકૃતિ અને પુરુષ એમ મળીને નવની સંખ્યા થશે. (૨૪) ભાઈ ઉદ્ધવ ! આ રીતે ઋષિ-મહર્ષિઓએ વિવેકશીલ મતિથી જુદી જુદી સંખ્યામાં તત્ત્વોનો સ્વીકાર કરેલો આ સર્વ યુક્તિવિવેક વિચાર સમ્મત છે અને ન્યાયી કથન છે, વિદ્વાનોના મંતવ્યમાં કોઇ વસ્તુ અનુચિત કે અસંગત નથી હોતી. (૨૫)

પ્રકૃતિ અને પુરુષ તત્ત્વ વિષયનું વિવેચન

શ્રી ઉદ્ધવજીએ પ્રશ્ન પૂછયો કે નાથ ! શ્રીકૃષ્ણ પ્રકૃતિ તેમજ પુરુષ અચેતન અને ચેતન એવા સહજ ભેદથી જો કે વિલક્ષણ જ છે તો પણ તે એકબીજાનો આશ્રય લઇને રહેલાં અથવા કાર્ય કરતાં હોવાથી બન્નેમાં કોઇ તફાવત દેખાતો નથી કારણ કે બન્નેનો અનૂભવ કરવાનું સ્થાન તો દેહ છે. એમાં આત્મામાં પ્રકૃતિ અને પ્રકૃતિમાં આત્માનો સંબંધ જોવા મળે છે પછી ભેદ શી રીતે ? (૨૬) હે કમલલોચન ! હે કૃપાળુ શ્રીકૃષ્ણ ! આ વિષયોમાં મારા મતમાં મોટો સંદેહ છે તો નાથ ! હે સર્વજ્ઞ ! આપ નીતિ વિવેક, નિપુણ વાક્યો દ્વારા મારું સમાધાન કરો એવી નમ્ર વિજ્ઞપ્તિ છે. (૨૭) નાથ ! જીવને પોતાના સ્વરૂપનું તેમજ આપના સ્વરૂપનું જ્ઞાન કેવલ આપના જ અનુગ્રહથી થાય છે. વળી જીવના સ્વરૂપના અને આપના સ્વરૂપના જ્ઞાનનું તિરો ધાન નાશ પણ આપની જ અવિદ્યા નામની શક્તિથી થાય છે. આપ એક જ આપની માયાના સ્વરૂપને અને વિસ્તારને જાણો છો અન્ય કોઇ જાણતો નથી. (૨૮) શ્રી ઉદ્ધવજીના પ્રશ્નને લક્ષમાં લેઇને ભગવાને પ્રત્યુત્તર આપવો શરૂ કર્યો કે ભાઈ ઉદ્ધવ ! હે પુરુષશ્રેષ્ઠ ! પ્રકૃતિ અને પુરુષ તરીકેનો જે ભેદ છે તે કાંઇ નવીન વાત નથી. પ્રકૃતિ અને પુરુષના ધર્મોથી અને લક્ષણોથી જ તે ભદ નક્કી થયેલ છે. પ્રકૃતિ વિકારવાળી છે જ્યારે

પુરુષ નિર્વિકાર છે. આ જે સર્ગ એટલે દેહ-ઈન્દ્રિય-અન્તઃકરણાદિનો જે સંઘાત એટલે જે સમૂહ છે તે વિકારમાંથી જ થયેલ છે આ સર્ગ ત્રણે ગુણોના ઓછાવત્તાપણાના ક્ષોભને લીધે થયેલ છે. (૨૯) હે ઉદ્ધવ ! આ મારી જે માયા છે તે ત્રણ ગુણવાળી છે. આ માયા પોતાના ગુણોથી અનેક ભેદોને ઉત્પન્ન કરે છે. આ જે દેહ-ઈન્દ્રિયો વગેરે ના સમુદાયનો બનેલો વૈકારિક સર્ગ છે તે અનેક પ્રકારનો હોવા છતાં આધ્યાત્મિક, આધિદૈવિક અને અધિભૌતિક એવા ત્રણ ભેદોથી વહેંચાયેલ છે. દૃષ્ટાન્ત તરીકે સમજવું હોય તો આપણે આંખથી કોઈપણ રૂપવાળા પદાર્થને જોઈએ છીએ તેમાં ત્રણ વસ્તુઓ રહેલી છે. સૌથી પ્રથમ તો આપણી જે કીકી-ગોલક છે તે આધિભૌતિક છે. આ કીકીમાં રેહલી વસ્તુને જોનારી જે "ચક્ષુ" નામની ઈન્દ્રિય છે તે આધ્યાત્મિક છે અને તે ઈન્દ્રિયમાં રહેલ તેનો દેવ છે જે સૂર્ય છે તે આધિદૈવિક છે આ ત્રણમાંથી એક પણ ના હોય તો જોવાની ક્રિયા બની શકે નહીં. કીકી ન હોય તો ઈન્દ્રિય ક્યાં રહે ? અને દેવ ના હોય તો ઈન્દ્રિય જોઈ કેમ શકે ? આ રીતે એકબીજા વિના કાંઈ ના કરી શકે માટે આ ત્રણેને એકબજાની આવશ્યકતા રહે છે. (૩૦) ભાઈ ઉદ્ધવ ! ઉપર બતાવેલ ચક્ષુઈન્દ્રિય, ગોલક-કીકી અને દેવ સૂર્ય આ ત્રણે જે આધ્યાત્મ-અધિભૂત અને અધિદૈવ થયાં. આ ત્રણે એકબીજાના અવલંબન વિના કાંઈ કરી શકતા નથી એ વાત ત્રણ માટે બરાબર છે પરંતુ આકાશમાં રહેલ જે સૂર્ય છે તે તો આ ત્રણેથી અન્ય અને સ્વતંત્ર છે તેમજ સ્વયં પ્રકાશ છે એ જ પ્રકારે આ આધિભૌતિક, આધ્યાત્મિક અને અધિદૈવિક એવા ત્રણે ભેદોથી પર "આત્મા" પણ સ્વયંપ્રકાશ અને સ્વતત્ર છે આ સ્વયંપ્રકાશ આત્મા આધિભૌતિક વગેરે ત્રણ ભેદોનું કારણ છે આત્માથી જેમ (૧) આંખની કીકી, ચક્ષુ નામની ઈન્દ્રિય અને ઈન્દ્રિયનો સૂર્ય નામનો દેવ એવા ત્રણ ભેદો પડયા તેવી જ રીતે અન્ય ઈન્દ્રિયોમાં પણ ત્રણ ભેદો રહેલા છે. (૨) ત્વચા, સ્પર્શઈન્દ્રિય અને વાયુદેવતા, (૩) કાન, શ્રવણ ઈન્દ્રિય અને દિશા નામની દેવતાઓ (૪) જિહ્‌વા રસનાઈન્દ્રિય અને વરુણદેવતા (૫) નાક, ઘ્રાણઈન્દ્રિય અને અશ્વિનીકુમારો દેવતા (૬) ચિત્ત, ચિંતન અને વાસુદેવ દેવતા (૭) મન, મનન અને ચન્દ્ર દેવતા (૮) બુદ્ધિ બોદ્ધવ્ય અને બ્રહ્મા દેવતા (૯) અહંકાર અહંકર્તવ્ય અને રુદ્રદેવતા આવા પ્રકારનાં પ્રત્યેક ઈન્દ્રિયોમાં અધિભૂત, આધ્યાત્મ અને અધિદેવતાનાં ત્રણ ત્રણ ત્રિકોણ થાય છે. (૩૧) ભાઈ ઉદ્ધવ ! ઉપર દર્શાવ્યા પ્રમાણે સમજ આવી હશે કે પ્રકૃતિ અને પરમ-બે ભિન્ન પદાર્થો છે તેમજ ભિન્ન ભિન્ન સ્વભાવ લક્ષણવાળા છે. હવે આ બન્નેમાં એકપણું કેમ ભાસે છે તેનો વિચાર કરીએ છીએ કાલસ્વરૂપ ભગવાને સમાન અવસ્થામાં રહેલા ત્રણે ગુણોમાં ક્ષોભ કરી ઓછાવત્તા પ્રમાણમાં તેમને મૂકી ક્રિયાવાળાં બનાવ્યાં ત્યારે તે વિષમ અવસ્થામાં મૂકાયેલી પ્રકૃતિમાંથી મહત્ તત્ત્વ ઉત્પન્ન થયું. આ મહત્ તત્ત્વમાંથી વૈકારિક એટલે સાત્વિક, તામસ અને ઈન્દ્રિયોને ઉત્પન્ન કરનાર રાજસ્ એવા ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થયો. આ અહંકાર હું મનુષ્ય છું, દેવ છું, બ્રાહ્મણ છું, રાજા છું, વગેરે પ્રકારના મોહનો કારણ બને છે. (૩૨)

ભગવદ્દર્શન વિના જ્ઞાનથી પણ વિવાદો નહીં જ વિરમે

ભાઈ ઉદ્ધવ ! જે તત્વજ્ઞાનની દિશામાં વિવિધ વિવાદો છે તે ભગવદ્દર્શનથી જ નિવૃત્ત થવાના છે. (૧) કોઈનું મન્તવ્ય છે જગત મિથ્યા છે, (૨) કોઈ માને કે આત્મા દેવ-મનુષ્યાદિના દેહરૂપ છે. કોઈ માને છે આત્મા દેહથી પર નિત્ય સચ્ચિદાનન્દ સ્વરૂપ છે. (૩) કોઈ કહે છે આત્મા અનેક છે. કોઈ કહે છે આત્મા એક જ છે (૪) કોઈ માને છે આત્મા નિત્ય નથી ત્યારે કોઈ કહે છે આત્મા નિત્ય છે આ સર્વ વિવાદોના સમાધાન માટે ભગવાને નીચેનો શ્લોક કહ્યો છે.

आत्मा परिज्ञानमयो विवादो–हयस्तीति नास्तीति भिदार्थनिष्ठः । व्यर्थोऽपि नैवोपरमेत पुसां–मत्तः परावृत्तधियां स्वलोकान् ॥ ३३ ॥

આત્મા જ્ઞાનમય છે કે દેહમય છે ! આવા વિવાદો ચાલે છે તેમાં કોઈ માને છે કે આત્મા દેહથી જુદો છે. કેટલાક કહે છે કે આત્મા તો દેવ-મનુષ્યાદિ દેહમય છે આ પ્રાકરનો આત્મા જગત વગેરે પદાર્થોના સ્વરૂપ માટેનો જે વિવાદ છે તે આત્મજ્ઞાનના અભાવને કારણે જ થયેલ છે. જેને બ્રહ્મથી આ સર્વ ભિન્ન છે અને ભગવાનથી આ સર્વ ભિન્ન છે એવી ભેદબુદ્ધિ છે તેને લીધે આવો વિવાદ થાય છે. આવો વિવાદ વ્યર્થ છે, એવા વિવાદનું કોઈ પ્રયોજન નથી. આવો વિવાદ વ્યર્થ છે છતાં એટલા માટે ઊભો થયેલ છે કે મારા સાક્ષાત્કારથી, મારી સેવાથી કે મારા દર્શનથી જેમની વૃત્તિ સદા વિમુખ છે એવા વિપરીત મતિવાળાઓને આવો વિચાર આવે છે તે મારા દર્શનથી જ નિવૃત્તિ પામે છે. (૩૩) શ્રી

ઉદ્ધવજી કહ્યું કે મહારાજ ! જે જીવો પ્રવાહ સૃષ્ટિમાં છે તેમજ આપની સેવાથી વિમુખ છે તે જીવો તો પોતાનાં સારાંનરસાં પુણ્ય-અપુણ્ય કર્મોના ફલસ્વરૂપે ઉત્તમ અને ઊતરતી યોનિઓને પામે છે. (૩૪) હે ગોવિંદ ! આ પ્રમાણે જે હરિવિમુખ જીવો છે તેઓ તો કેવલ દેહને જ સર્વસ્વ માનનારા હોઇને આપણે હરિવિમુખ છીએ એવું કોઈપણ કાલે જાણવાના નથી કારણ કે તેમને આ દિશાનું જ્ઞાન જ નથી. જેઓ આવું જાણે છે તે જનો આપની માયાથી ઘેરાયેલા છે તેથી તેમની પાસેથી પણ જાણી શકાય તેમ નથી તેથી આ પરિસ્થિતિમાં આપ જ રહસ્ય સમજાવવા કૃપા કરો નાથ ! આત્મા વ્યાપક છે તો તે એક દેહમાંથી બીજા દેહમાં કેવી રીતે જાય, જો તે નિત્ય છે તો પછી જન્મ-મૃત્યુ કેમ થાય છે તે સમજાવો.

લિંગ શરીરનું આવાગમન

ભગવાનને કહ્યુ કે ભાઈ ઉદ્ધવ ! આત્મા તો નિત્ય છે તેથી જન્મ-મૃત્યુ આત્માને સંભવતાં નથી: પરંતુ મનુષ્યોનું એક લિંગ શરીર હોય છે. આ લિંગ શરીર, દશ ઇન્દ્રિયો, પાંચ વિષયો અને મન મળી સોળ વસ્તુનું બનેલ છે. આ લિંગ દેહથી આત્મા ભિન્ન છે: આ લિંગ દેહ કર્મવાસનાઓને અનુસરીને એક દેહમાંથી બીજા દેહમાં અને એક લોકમાંથી બીજા લોકમાં જોય છે. આત્મા રથમાં બેઠલા રથીની માફક તે લિંગ દેહને અનુસરે છે. (૩૬) મન આંખે જોયેલા કે કાને સાંભળેલા વિષયોનું સતત ધ્યાન કરે છે. વિષયોનું ધ્યાન કરતું તે મન તે તે આકાર વાળું બનેં છે અને પાછું પૂર્વ વિષયોને ત્યજી દે છે. અન્તમાં તે મનની સ્મૃતિ નષ્ટ થઇ જાય છે. (૩૭) ભાઈ ઉદ્ધવ ! કર્મભોગ અને કર્મવાસનાને કારણે તેની સામે અનેક વિષયો આવે તેમાં કોઇ કારણે દેવ વગેરે દેહો પણ તેને મળે છે, આવા દેહોમાં હું દેવ છું. આ મારો દેહ છે એવા આગ્રહથી તે પૂર્વના દેહને વીસરી જાય છે. પૂર્વના દેહને વીસરી જવું એ એનું મૃત્યુ મનાય છે. વાસ્તવિક રીતે તે આત્માનો જન્મ નહોતો પછી મૃત્યુ ક્યાંથી ? (૩૮) ભગવાન ઉદ્ધવજીને આત્માને જન્મ-મરણ નથી હોતાં એવું સમજાવતાં આગળ વધીને કહી રહ્યા છે કે ભાઈ આત્માંજિજ્ઞાસાના પ્રશ્નો પૂછીને સમાજની પુષ્કળ સેવા કરનારા હે ઉદ્ધવ ! જ્યારે જીવાત્મા મનુષ્ય દેવ આદિ દેહોમાં આ દેહ હું છું એવી તન્મયતા સધાઇ જાય છે કે એવો અસદ્ આગ્રહ છે તે તેનો જન્મ થાય છે અને પાછા અન્ય દેહમાં તન્મયતા થતાં પૂર્વના દેહને વીસરી જવું એ એનું મૃત્યુ મનાય છે. ખરી રીતે દેહનાં જન્મ અને મૃત્યુ થયાં આત્માને તો માત્ર તેમાં અભિનિવેશ છે. જેમ પુત્રાદિદેહમાં પ્રીતિ થાય છે અને હું જ પુત્ર છું એવી બુદ્ધિ થાય છે વાસ્તવિક રીતે તેમાં આત્માપણું તો નથી હોતું પરંતુ સ્વપ્ન મનોરથની માફક સર્વભાવથી દેહમાં આત્માપણું લાગે છે. (૩૯) ભાઈ ઉદ્ધવ ! વર્તમાન શરીરમાં રહેલ જીવાત્મા પૂર્વના દેહનું સ્મરણ નથી કરતો તેવી જ રીતે સ્વપ્નમાં અથવા મનોરથમાં રહેલો જીવ પણ પૂર્વના સ્વપ્નું કે મનોરથનું સ્મરણ નથી કરતો. જો કે તે વર્તમાન મનોરથ અને સ્વપ્નમાં પૂર્વસિદ્ધ હોવા છતાં પોતાના જેવો સમજે છે. તાત્પર્ય એવું છે કે આત્મા નિત્ય છે, પૂર્વસિદ્ધ છે, પ્રથમથી જ છે છતાં નવો દેહ મેળવતાં પોતાને નવો જન્મેલો માને છે. (૪૦) ભાઈ ઉદ્ધવ ! ઇન્દ્રિયોના આશ્રયભૂત મનની અથવા તો ઇન્દ્રિયોના આધારરૂપ દેહની સૃષ્ટિથી એટલે ઉત્પત્તિથી, પરમાર્થભૂત આત્મવસ્તુમાં આ ઉત્તમ છે આ મધ્યમ છે, આ અધમ છે અથવા આ આત્મા વિશ્વ છે. તેજસ છે, પ્રાજ્ઞ છે. અથવા આ દેહ છે ઇન્દ્રિય છે. અન્તઃકરણ છે, આવા ત્રણ ભેદો આત્મામાં નથી હોતા છતાં ભાસે છે. તે દેહને લીધે જ બહાર અને અંદરના ભોગવાળો થાય છે. તેને લીધે બહારના શબ્દ, સ્પર્શ વગેરે વિષયોને ભોગવે છે અને આન્તર સુખોને તે જીવાત્મા ભોગવે છે. દૃષ્ટાંત તરીકે અસજ્જન પુત્રને ઉત્પન્ન કરનાર પિતા સ્વયં તો સમજે છે આમ છતાં મારો પુત્ર છે, હું જ પુત્ર છું એવા અભિમાનથી આ શત્રુ છે આ મિત્ર છે આવા પ્રકારના ભેદભાવોનું નિમિત્ત બને છે, પુત્રના શત્રુ અને મિત્ર ને મિત્ર માની વૈર અને સ્નેહ બાંધે છે. (૪૩)

કાલની સૂક્ષ્મ ગતિ

ભગવાને કહ્યું કે ભાઈ ઉદ્ધવે ! એક એવો નિયમ છે આ દેહ એક ક્ષણમાં ઉત્પન્ન થાય છે, બીજા ક્ષણમાં દેખાય છે અને ત્રીજા ક્ષણમાં તે નાશ પામે છે પરંતુ અવિવેકને લીધે આ દેહની પ્રતિક્ષણે થતી ઉત્પત્તિ કે નાશ દેખાતો નથી. કારણ કે કાલની ગતિ અત્યંત સૂક્ષ્મ છે. જો આ દેહ ક્ષણે ક્ષણે મરતો અને જન્મતો ના હોય તો શરીરમાં વધઘટ કે કોઇ ફેરફારો

જોવા ના મળે. (૪૨) ભાઈ ઉદ્ધવે ! આપણે દષ્યાંત તરીકે જોઈએ કે અગ્નિજવાલા કે દીપકની જ્યોત, સરિતાનો પ્રવાહ કે વૃક્ષોનાં પાન-ફલ વગેરેની સ્થિતિ ક્ષણે ક્ષણે બદલાયા જ કરતી હોય છે તેવી જ રીતે પ્રત્યેક પ્રાણીઓના દેહની વય તેમજ અવસ્થાઓ બદલાયા જ કરે છે. આમ છતાં ક્ષણે ક્ષણે આ એ જ જવાલાઓ છે, આ એ જ દીપકની જ્યોત છે, આ એ જ જલનો પ્રવાહ છે, આવું સમજવું કે બોલવું એ વિવેકવાળું નથી તેવી જ રીતે વિષયચિંતનમાં વ્યર્થ આયુષ્ય વ્યતીત કરનારા અવિવેકી પુરુષોનું આવું સમજવું કે આ એ જ દેહ છે આ એ જ પુરુષ છે એ પણ અવિવેક ભરેલું છે. (૪૩,૪૪) ભાઈ ઉદ્ધવ ! ઉપર દર્શાવ્યા પ્રમાણે જીવાત્મામાં જે જન્મ કે મૃત્યુનો વ્યવહાર જોવામાં આવે છે તે કેવલ ભ્રમ છે, વાસ્તવિક નથી દષ્ટાન્તથી સમજીએ કે મહાભૂતરૂપ જે અગ્નિ છે તે સૃષ્ટિના આરંભથી પ્રલય પર્યન્ત રહેલ છે પરંતુ જ્યારેં આપણે યજ્ઞમાં અરણિ કાષ્ઠનું મંથન કરીએ છીએ ત્યારે પ્રકટેલ દેખાય છે પરંતુ તે નવીન નથી, પૂર્વથી હતો તેનું જ દર્શન થાય છે. આ પ્રકારે જીવાત્માને કર્મભૂત બીજથી આ દેહ થાય છે એવું નથી પંરતુ આત્માને દેહનોઅધ્યાસ થાય છે. (૪૫)

દેહની અવસ્થાઓ

ભાઈ ઉદ્ધવ ! માતાના ઉદરમાં નિષેક-વીર્ય સ્થાપન થતાં ગર્ભ બન્યો તે ગર્ભ પૂર્ણમાસે જ્યારે બહાર આવ્યો ત્યારે તેની ''જન્મવસ્થા'' બની ત્યારબાદ તેની પાંચ વર્ષ સુધીની અવસ્થાને ''બાલ્યાવસ્થા'' કહેવામાં આવી. પુનઃ છઠ્ઠા વર્ષથી પંદરમાં વર્ષ પર્યન્ત ''કૌમારાવસ્થ'' ગણવામાં આવી. પુનઃ સોળમા વર્ષથી પિસતાળીસમાં વર્ષ સુધી ''યુવાવસ્થા'' માનવામાં આવી ત્યાર પછી છેતાળીસમાં વર્ષથી આઠ વર્ષ સુધીની ''મધ્યાવસ્થા'' મનાવામાં આવી. સાઠ વર્ષથી એંશી વર્ષ સુધી ''વૃદ્ધાવસ્થા'' કહેવામા આવી અને ત્યારે તેને ૮૦ વર્ષ પછીથી સો વર્ષ પર્યન્ત એટલે અન્તિમ જીવનની ''વૃદ્ધાવસ્થા'' સંજ્ઞા થઈ. જ્યારે દેહ પડયો ત્યારે તેને ''મરણાવસ્થા'' કહેવામાં આવી. આ પ્રમાણે દેહની (૧) નિષેકાવસ્થા, (૨) ગર્ભાવસ્થા, (૩) જન્માવસ્થા (૪) બાલ્યાવસ્થા (૫)કુમારાવસ્થા (૬) યુવાવસ્થા (૭) મધ્યામાવસ્થા (૮) વૃદ્ધાવસ્થા (૯) મરણાવસ્થા નામની નવ અવસ્થાઓ હોય છે. (૪૬) ભાઈ ઉદ્ધવ ! ઉપરના પ્રસંગ પર્યન્ત દેહધર્મો અધ્યાસને લીધે આત્માધર્મો મનાયા તે વસ્તુ સમજાવી હવે મનોવિકારધર્મો પણ અધઅયાસના જ કારણે આત્મધર્મો મનાય છે તે વસ્તુ પણ સમજાવું છું મનના જ વિકારના કારણે થતાં કર્મથી મળતી ઉચ્ચ નીચ અવસ્થાઓ પણ દેહના જ ધર્મો છે છતાં આત્માએ અધ્યાસને લીધે પોતાના માન્યા, પરંતુ ઈશ્વરનો અનુગ્રહ થતાં જ આત્મા દેહધ્યાસને છોડે ત્યારે તેને વિવેકાત્મદર્શન થાય છે. (૪૭) હવે વિવેકી મનુષ્યે દેહ જન્મ-નાશ વાળો છે એવું પિતા-પુત્રના ધર્મસંસ્કારોથી સમજી લેવું. એક પુત્રે પોતાના મૃત્યુ પછી શ્રાદ્ધાદિ સંસ્કારો કર્યા અને એક પિતાએ પોતાના પુત્રને દેખ્યા વિના ગર્ભાધાન આદિ સંસ્કારો કર્યા આ ઉપરથી પોતાનો દેહ જન્મ-મૃત્યુ- વાળો છે એવું જણાય છે. (૪૮) પરંતુ તે દેહાદિનો દ્રષ્ટા દેહથી જુદા-આત્મસ્વરૂપને જાણનાર હોવાથી જન્મ મૃત્યુવાળો થતો નથી. ભગવાન આ વસ્તુને દષ્ટાંતથી સમજાવે છે કે ભાઈ ઉદ્ધવ ! એક વૃક્ષના બીજમાંથી એક વૃક્ષ જન્મે છે અને સુકાઈ જતાં તે તરુવર નાશ પામે છે પરંતુ વૃક્ષના નાશ-જન્મને જોનાર તો વૃક્ષથી જુદો જ છે. આ જ પ્રકારે દેહના જન્મ અને મરણને જોનાર દ્રષ્ટા જન્મ-મરણથી પર છે એવું જે સમજે છે તે તો દેહમાં રહેવા છતાં જન્મ કે મૃત્યુથી બંધાતો નથી. (૪૯) હવે એ વાત નક્કી થઈ કે આત્મા પ્રકૃતિથી પર છે એટલે દેહ-ઇન્દ્રિયો-બુદ્ધિ વગેરેથી ભિન્ન છે, આવું ન જાણનાર દેહ-ઈન્દ્રિય અને એના વિષયોમાં પરમાર્થ બુદ્ધિ એટલે આ જ સાચું સુખ છે આ. જ સાચો આનંદ છે એવું માનનાર વિષયાસક્ત અબુધ જન જન્મ-મરણની પરંપરા નામના સંસારને પામે છે. (૫૦)

દેવાદિ યોનિની નિમિત્ત

સત્ત્વના ગુણના પ્રસંગથી સત્ત્વ ગુણનાં કોર્યરૂપ શમ-દમ-વગેરેમાં આગ્રહવાળો યજ્ઞ-યાગ આદિ સાત્વિક કર્મોનાં અનુષ્ઠાન કરે છે તેથી તેને ઋષિ-દેહ-દેવ દેહ પ્રાપ્ત થાય છે. રજોગુણના પ્રસંગથી અનેક પ્રકારની કામનાઓ-ઈચ્છાઓમાં મન પ્રવૃત્ત થતાં પ્રવૃતિમાર્ગનાં કર્મ કરીને માનવ-અસુર વગેરે યોનિને પામે છે જ્યારે તમોગુણના પ્રસંગથી શોક-મોહ વગેરેમાં મન પ્રવૃત્ત થતાં તમોગુણમય કર્મ કરતાં પશુ યોનિ. પિશાચ યોનિ વગેરે યોનિને પ્રાપ્ત

થાય છે. (૫૧) ભાઈ ઉદ્ધવ ! આત્મા તો ચેષ્ટા રહિત છે છતાં તેનામાં ભ્રમણ વગેરે જે જોઇએ છીએ તે તો જમ કોઇ રંગભૂમિમાં નટ-નર્તકી નૃત્યગાન કરતાં હોય તેમના નૃત્ય અને ગાનને જોનારા પ્રેક્ષકો પણ તાન પૂરાવતાં પોતે પણ નાચી ઊઠતા હોય કે ગાતા હોય એવું અનુકરણ કરે છે તે જ રીતે નિષ્ક્રિય આત્મા બુદ્ધિ આપેલા દેહની ચેષ્ટાઓને જોઇ પોતે પણ પોતાનો અધ્યાસ કરીને દેહનું અનુકરણ કરે છે. (૫૨) ભાઈ ઉદ્ધવ ! ઉપરના શ્લોકમાં એ વાત સમજ્યા કે દૃશ્યના ધર્મો અધ્યાસથી દ્રષ્ટામાં જોવામાં આવ્યા એવી જ રીતે ઉપાધિના ધર્મો પણ ઉપહિતમાં જોવામાં આવે છે. જેમ સરિતાનું જલ ચાલતું હોય ત્યારે તેનો પ્રતિબિંબિત થયેલાં વૃક્ષો પણ ચાલતાં હોય એમ દેખાય છે તેવી જ રીતે દેહાદિમાં અધ્યાસ પામેલા આત્મામાં પણ દેહાદિના ધર્મો આત્મામાં જોવામાં આવે છે જ્યારે કોઈપણ ફેરફુદરડી ફરનારને નેત્ર ફરવાથી પૃથ્વી પણ ફરતી દેખાય છે તેવી જ વિષયોનું ગ્રહણ કરનારા મનથી કલ્પેલા વિષયોમાં લાવણ્યાદિ ગુણો દેખાય છે. વાસ્તાવિક રીતે તે ગુણો વિષયમાં નથી હોતા પરંતુ લાવણ્યાદિ ગુણો તો ભગવાનના છે. (૫૩) હે દાશાર્હ ! હે ભાઈ ઉદ્ધવ ! મનથી વિચારેલા અને સ્વપ્નમાં જોયેલા ભોગ પદાર્થોથી પદાર્થાકાર બુદ્ધિ મિથ્યા છે એવી જ રીતે આત્માને વિષયોના અનુભવ રૂપ સંસાર પણ મિથ્યા છે. (૫૪) વળી ઉદ્ધવ ! એમ કહું કે સ્વપ્નમાં થયેલા મસ્તકનો છેદ તે કોઈ સાચેસાચો મસ્તકનો છેદ નથી પરંતુ તે જાગે નહીં ત્યાં સુધી જ છે છતાં પણ તેને દુઃખ થાય છે આવી જ રીતે સુખ કે દુઃખ, સંયોગ કે વિયોગ આ બધા દેહના જ ધર્મો છે આત્માના નથી. આમ છતાં આ ધર્મોમાં પોતાનામાં ધ્યાન કરનાર આત્માનો સંસાર નિવૃત્ત થતો નથી. અને સંસારના સુખદુઃખનો ભોકતા બને છે. ૫૫ આ વાત સમજાવીને ભગવાન શ્રી ઉદ્ધવજીને માર્ગદર્શન આપે છે કે દાશાર્હ ! ભાઈ ઉદ્ધવ ! વિષયોમાં મનનો અભિનિવેશ એટલે વિષયોનું જ ચિંતન એ જ સંસારનું કારણ છે. તેથી વિષયના ઉપભોગમાં સંતોષ માની, ઇન્દ્રિયો દ્વારા જે વિષયસુખ ભોગવાય છે તેમાંથી મન અને ઇન્દ્રિયોને પાછી વાળી લેવી રહી કારણ કે તે ભોગો જ નરકનાં નિમિત્ત રૂપ છે. ભાઈ ઉદ્ધવ ! ભોગો સુખના સાધન રૂપ છે સમજ છે તે તો ખરેખરભ્રમવાળી જ છે આવી સુખદુઃખની અનુભૂતિ થાય છે તે દેહમાં આત્માના અધ્યાસને જ કારણે થાય છે આ સુખદુઃખાદિ ધર્મો આત્માના નથી પરંતુ અન્તઃકરણાદિના છે. (૫૬)

क्षिप्तोऽवमानितोऽसद्भिः प्रलव्धोऽसूयितोऽथवा । ताडितः सन्निबद्धो वा वृत्त्या वा परिहापितः ॥ ५७ ॥

निष्ठितो मूत्रितो वाज्ञैर्बहुधैवं प्रकम्पितः । श्रेयष्कामः । कृच्छ्रगतः आत्मानाऽऽत्मानमुद्धरेत् ॥ ५८ ॥

તિતિક્ષાથી ત્રિગુણાતીત થવાય

ભાઈ ઉદ્ધવ ! જો કોઇ પણ વ્યક્તિ સંસારનિવૃત્તિના ઉપાયો વિચારે તો આ ઉપાયો અમલમાં મૂકવા જેવા છે(૧)ક્ષિપ્તઃખલજનો તિરસ્કાર કરે, (૨)અપમાનિતઃ અપમાનિત કરે, (૩)પ્રલબ્ધઃ ઠગી જાય, (૪) મશ્કરી કરે, (૫) પ્રહાર કરે (૬) બાંધે (૭) આજીવિકા છીનવી લે (૮) અદેખાઇ કરે-ખોટા આક્ષેપ કરે, (૯) માથા ઉપર થૂંકે (૧૦) કે મૂર્ખજનો-પેશાબ નાખે, (૧૧) અનેક પ્રકારોએ સતાવે, (૧૨) અનેક પ્રકારે સહનશક્તિમાંથી વિચલિત કરે એવા પ્રયોગો કરે તો પણ કલ્યાણની કામનાવાળો માનવ પોતાની સ્થિર બુદ્ધિથી પોતાના આત્માનો ઉદ્ધાર કરે પરંતુ ભગવન્નિષ્ઠ બનેલા મનને જરા પણ ડગવા ન દે. ૫૭,૫૮ શ્રી ઉદ્ધવલાલે કહ્યુ કે મહારાજ ! ઉપર દર્શાવેલ રીતે દુષ્ટ પુરુષો આક્રમણ કરે છતાં તિતિક્ષાપરાયણ સાધુ પુરુષ સહન કરે અને ના ડગે એ વાત તો મનુષ્યસામર્થ્યે કઠિન વસ્તુ છે તો આ વાત મારે ગળે ઊતરે એ પ્રમાણે મને સમજાવા કૃપા કરો. (૫૯) હે વિશ્વાત્મન ! પ્રકૃતિ તો પુષ્કળ બલવતી હોય છે. મારું તો માનવું છે કે નાથ ! આપના શ્રીચરણોનો આશ્રિત ભક્ત, તેમજ ભગવદધર્મોમાં દઢ અનુરાગવાળો જન આપની શક્તિસ્વરૂપ ગણાતી અવિદ્યાને વશ કરી શકે છે બાકી બીજા જીવોને તો તે મોહમાં પટકી દે છે. માટે નાથ ! સર્વ સહન કરવાનો આપ ઉપાય બતાવો જેના ફલ સ્વરૂપે હું અવિદ્યાને જીતી શકું. (૬૦)

विदुषामिपि विश्वात्मन् प्रकृतिर्हि बलीयसी । ऋते त्वदधर्मनिरतान् शान्तांस्ते चरणालयान् ॥ ६० ॥

શ્રીમદ્ ભગવતપીયૂષના એકાદશ સ્કંધના મુક્તિ પ્રકરણના સાયુજ્યમુક્તિ પ્રકરણમાં અધ્યાય ૨૨મો સમાપ્ત

અધ્યાય - ૨૩ મો

(આ અધ્યાયમાં ૫૨ શ્લોકો છે. ભિક્ષુગીતા એવી આ અધ્યાયની સંજ્ઞા છે મનુષ્યે તિરસ્કારને સહવો એ તો મનોવિજય મનાય છે. ક્ષિપ્રાતટવાસી વિપ્રે તિતિક્ષાથી મનોવિજય સાધ્યો એ કથાપ્રસંગ વર્ણવતાં, અર્થથી થતા પંદર અનર્થો પણ ગણાવ્યા છે.)

बादरायणिरुवाच - स एवमाशंसित उद्धवेन भागवतमुख्येन दाशार्हमुख्यः । सभाजयन् मृत्यवचोमुकुन्दस्तमाबभाषे श्रवणीयसत्कथः

મહર્ષિ બાદરાપણપુત્ર શ્રી બાદરાયણિ એટલે શુકાચાર્ય મુનિ કહેવા લાગ્યા કે રાજન્ પરીક્ષિત ! ભક્તવર્ય શ્રી ઉદ્ધવજીને ભગવાન શ્રીકૃષ્ણને તિતિક્ષા કેમ કરી કેળવી શકાય એવો પ્રશ્ન પૂર્વ અધ્યાયના અંતમાં કર્યો ત્યારે સદા શ્રવણ કરવા યોગ્ય પરાક્રમી, યદુકુલશિરોમણિ શ્રી મુકુન્દ ભગવાન પોતાના સેવક શ્રી ઉદ્ધવજીના વચનનું બહુમાન કરતાં શ્રી ઉદ્ધવજીને કહેવા લાગ્યા. (૧)

શ્રી મુકુન્દે ગાયેલી ભિક્ષુગાથા

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે શ્રી બૃહસ્પતિ ઋષિના શિષ્ય ભાઈ ઉદ્ધવ ! ભાગ્યે ભૂતલ ઉપર એવો કોઇ સાધુ પુરુષ સાંપડે કે દુર્જન મનુષ્યના મુખમાંથી નીકળેલાં દુર્વચનોથી વીંધાયેલા હૃધ્યોનું સમાધાન કરવા માટે સમર્થ થઇ શકે ! (૨) અરે ઉદ્ધવ ! અધિક શું કહું ! દુષ્ટ જનોના મુખમાંથી નીકળેલાં વાગ્બાણો હૃદયના ઊંડાણ સુધી સોંસરવાં પેસી જઇને મર્મ સ્થાનને જે પીડા કરે છે તેવી પીડા તો મર્મ સ્થાનને ભેદી નાખનારાં તીક્ષ્ણ બાણોથી વિંધાયેલા શરીરની પુરુષને નથી થતી. તેનું કારણ કે બાણના ઘા તો રુઝાય છે પરંતુ મર્મવેધી વાગ્બાણોના ઘા નથી રુઝાતા. (૩) ભાઈ ઉદ્ધવ ! તિતિક્ષાને સ્પર્શતો એક પુણ્યમય વૃત્તાન્ત પુરાતનવેતાઓ કહે છે તે વૃત્તાન્ત ભાઈ તમને કહુ છું. તમે એને એકાગ્ર મનથી સાંભળો. (૪) દુર્જન પુરુષોના અનાદરથી અને કલેશથી દુઃખી થયેલા અને પોતાના જ કર્મોનું આ ફલ છે. કોઇ પણ તેમાં કારણ નથી એવું સ્મરણ કરતા અને ધીરજ ધરતા એવા ભિક્ષુકે પોતે જ ગાયેલી આ ગાથા છે. (૫) ભાઇ ઉદ્ધવ ! ઉજ્જયિની નામની નગરીમાં વૈશ્યની આજિવિકાથી જીવનાર, પુષ્કળ ધનવાન પરંતુ કામી, અતિ ક્રોધી, લોભી અને અત્યંત કૃપણ એવો કોઇ એક દ્વિજબ્રાહ્મણ હતો, (૬) આ કૃપણ બ્રાહ્મણે આંગણે આવેલ અતિથિજન કે જ્ઞાતિજનોને વાણી માત્રથી પણ સત્કાર્યા ન હતા. એટલું જ નહીં પરંતુ ધર્મકર્મવિહીન એવા ઘરમાં રહેતા તે બ્રહ્મણે બે ટંકે પેટભરી ભોજન કરવું જોઇએ તેટલુ પણ તેણે કર્યું નહીં અને પોતાના દેહને પણ સંતોષ આપ્યો નહીં. (૭)

કૃપણથી સર્વ કંટાળ્યાં

ભાઈ ઉદ્ધવ ! દુષ્ટ સ્વભાવવાળા કૃપણ બ્રાહ્મણનાં સ્ત્રી, દીકરીઓ, પુત્ર, બંધુજનો, પરિવાર અને નોકરચાકરો પણ ન તો તેનું કાંઇ પણ પ્રિય કરતાં, ન તેની આજ્ઞા પાળતાં પરંતુ કેવળ તેનો દ્રોહ કરવા લાગ્યાં. (૮) આ દ્વિજે ધર્મકર્મ, દાનપુણ્ય વગેરે કાંઇ પણ સત્કર્મો ના કીધાં. એના ફલ સ્વરૂપે આ લોકના સુખ-સ્નેહ-ભોગ-ઉપભોગ અને પર લોકના પણ સુખભોગથી ભ્રષ્ટ થયો. કેવલ યક્ષની માફક તે દ્રવ્યને સાચવીને રહેનાર 'વિત્તસ્વામી' બનીને રહ્યો. જેમ યક્ષનું ધન ધર્મ કે કર્મમાં વપરાતું નથી તેવી જ રીતે આ વિપ્રનું ધન દેવ-ઋષિ-પિતૃ-મનુષ્ય-બ્રાહ્મણની સેવા માટે ન વપરાયું તેથી આ પાંચે પાંચ પણ બ્રાહ્મણ ઉપર રૂઠયા. (૯) પરમ ઉદાર ભાઈ ઉદ્ધવ ! દેવઋષિઓની સેવા ન કરવાથી અને ઉપેક્ષા કરવાથી બ્રાહ્મણના પુણ્યનો ક્ષય થઇ ગયો. તેમજ મહાશ્રમે મેળવેલા મહાન ધનરાશિ પણ નાશ પામ્યો. (૧૦) તેના ધનરાશિમાંથી કેટલોક ભોગ તો જ્ઞાતિજનો ઉઠાવી ગયા, કેટલોક ભાગ ચોરો ચોરી ગયા, કેટલુ ધન દૈવવશ નાશ પામ્યું, કેટલુંક ધન મુદત વીતી જતાં ખાતું ના પડાવી શકાતાં ડૂબી ગયું. આ રીતે નામ માત્રના બ્રાહ્મણનું ધન રાજાએ દંડીને લઇ લીધું અને અંતે તે નિર્ધન બન્યો. (૧૧) કૃપણ બ્રાહ્મણનું સર્વ ધન નાશ પામ્યું ત્યારે તે ધર્મકર્મ કરવા માટે કે સગાંસંબંધીને માટે કામનો ન રહ્યો તેથી સર્વ સ્નેહીસંબંધીઓએ પણ તેને તરછોડયો. આવી કપરી સ્થિતિમાં મુકાયેલ કદર્ય ચિંતા કરવા લાગ્યો. (૧૨) હવે કદર્યની મૂડી નાશ પામી હતી તેથી તે તેની જ ચિંતા કરતાં તેનાકંઠે શોષ પડવા લાગ્યો. તેનું ગળું ભરાઇ જવા લાગ્યું આખરે આવા રંક બનેલા બ્રાહ્મણને પુષ્કળ પરિતાપ શરૂ થયો. (૧૩)

કૃપણની કરુણ દશા

ભાઇ ઉદ્ધવ ! ધનરાશિ નાશ પામતાં પરિતાપ પામેલ કદર્યના મુખમાંથી ઉદગારો નીકળવા લાગ્યા કે મેં મહા- મહેનત કરી મહાન અર્થરાશિ મેળવ્યો છતાં તેમાંથી ન ધર્મ કાર્ય કર્યું ન લોકસુખ ભોગવ્યો મેં કંજૂસે કાયમ મારી કાયને કલેશ જ આપ્યો એથી એમાં મારું શું ઉપજ્યું ? સાચેસાચ મારો આ ધનરાશિ-સંપાદન-સંર-ક્ષણશ્રમ વ્યર્થ ગયો. (૧૪) ખરેખર કંજૂસને ધનના ઢગલા કદી સુખ દેનારા થતા નથી એને તો ધનરાશિ જીવતાં સુધી ચિંતા કરવનારા અને મૃત્યુ પામ્યા પછીથી નરકમાં લઇ જનારા બને છે. (૧૫) નાનો શો પણ કાયા ઉપરનો કોઢ કાયાના સૌન્દર્યનો કાયમ નાશ કરે છે એ પ્રમાણે અલ્પ પ્રમાણનો પણ લોભ ગુણિયલના ગુણોનો અને યશસ્વીજનોના ઉજ્જવલ યશનો નાશ કરે છે. ઇતિહાસ એમ કહે છે કે પ્રથમ તો ધનને મેળવવામાં કષ્ટ છે, મેળવ્યા પછી સાચવવામાં ચિંતા અને કલેશ છે. સંપાદન કરેલા ધનને વધારવામાં પણ પીડા છે. વધેલા ધનને સંભાળવામાં પણ કલેશ છે. એકઠું કરેલ ધન વપરાઇ જાય તો પણ પીડા છે. ધન નાશ પામે છે તો પણ ચિંતા થાય છે. વપરાશ થાય છે તો ઓછું થઇ જવાની ચિંતા થાય છે આ રીતે ધન પરિશ્રમ, ચિંતા ભય, ભ્રમ અને ત્રાસ નામના કલેશોથી ભરેલ છે. (૧૬,૧૭)

અર્થના પંદર અનર્થો

स्तेयं हिसांऽनृतं दम्भः कामः क्रोधः स्मयो मदः । भेदो वैरमविश्वासः संस्पर्धा व्यसनानि च ॥ १८॥

एते पञ्चदशानर्था ह्यर्थमूला मता नृणाम् । तस्मादनर्थमर्थाख्यं श्रेयोऽर्थी दूरतस्त्तयजेत् ॥ १९ ॥

ધન સંબંધી પંદર દોષોને સમજાવતાં ભિક્ષુકે કહ્યું કે પ્રથમ ધન ભેગું કરવામાં (૧) ચોરી, (૨) હિંસા, (૩) અસત્ય ભાષણ, (૪) દંભ (૫) કામ, (૬) ક્રોધ, આ મોટા છ અનર્થો થાય છે. પુનઃ મેળવ્યા બાદ પણ (૭) વિસ્મય (૮) મદ (૯) ભેદભાવ (૧૦) વૈર (૧૧) અવિશ્વાસ (૧૨) સ્પર્ધા (૧૩) વારાંગના સંગ (૧૪) દ્યૂત (૧૫) મદિરા વગેરે વ્યસન તેમાંથી પેદા થાય છે. કલ્યાણની કામના સેવનાર મનુષ્યે તો અનેક અનર્થથી ભરેલા આ "અર્થ" નામના અનર્થનો દૂરથી જ ત્યાગ કરવો જોઇએ. (૧૮,૧૯) અરે અર્થની તો શી વાત કરવી કે સદા સ્નેહથી સાથે વસતા ભાઈઓ, સ્ત્રીઓ, માતાપિતા બંધુજનો વગેરે પણ એકાદ કોડી માટે પણ તત્કાલ કાયમના શત્રુઓ બની જાય છે. (૨૦) નહીં જેવી નાની રકમ માટે પણ પરસ્પર લડી પડે છે. અત્યંત ક્રોધ કરે છે, એકબીજાને ઘરમાંથી બહાર કાઢે છે, આપસમાં સ્પર્ધા કરે છે અને એકબીજાનો નાશ પણ કરે છે. (૨૧)

लब्ध्वा जन्मामरप्राथ्र्य मनुष्यंतद् द्विजाग्रयताम् । तदनादत्यये स्वार्थां ध्नन्ति यान्त्यशुभां गतिम् ॥ २२ ॥

स्वर्गापवर्गयोर्द्धारं प्राप्य लोकमिमं पुमान् । द्रविणे कोऽनुषज्जेत् मृत्योंऽनर्थस्य धामनि ॥ २३ ॥

પરિતાપ કરતાં દ્વિજના મહત્વના ઉદ્ગારો નીકળ્યા કે માત્ર માનવદેહની દેવો નિત્ય કામના સેવે છે તેમાં વળી માનવ કાયામાં પણ દ્વિજોમાં ઉત્તમ મનાતી કાયા સાંપડીં. આવી દુર્લભ કાયાનો અનાદર કરીને જે જનો પોતાના સ્વાર્થનો નાશ કરે છે તે પુરુષો નિશ્ચય અશુભ ગતિને પામે છે. (૨૨) આ દેહ અને આ મનુષ્યલોક સ્વર્ગ મોક્ષનું દ્વાર છે. આવા મનુષ્યના દેહને મેળવ્યા છતાં અનર્થના ધામરૂપ ધનમાં કોણ આસક્તિ કરે ? અરે ભાઈ અવિવેકી જ આવી આસક્તિ કરે. (૨૩) આપણા મેળવેલા ધનના દેવો-ઋષિઓ-પિતૃઓ-પંચ-મહાભૂતો-જ્ઞાતિજન-બંધુજન વગેરે ભાગિદારો છે. આ ભાગીદારોના ભાગને ના આપનાર માત્ર માલિક બની બેસનારને "यक्षवित्त" કહેવામા આવે છે. આવો પુરુષ તો આખરે નરકગામી જ છે. (૨૪) વિવેકી પુરુષો તો ધનનાં સદુપયોગથી સંસારસાગર પાર કરી જાય છે. આવું ધન, આયુષ્ય, બળ સંસારસિંધુને પાર કરવામા સહાયરૂપ થનારાંને મેં તો વ્યર્થ કાર્યોમાં વાપર્યાં અને મારાં તે ચાલ્યાં ગયાં. મારાં જેવો પ્રમાદી કોણ હશે ? હવે તો હું વૃદ્ધ થયો છું. તેથી કાંઈપણ કરી શકું તેમ નથી. (૨૫) અર્થમાં અનર્થ છે એવું જાણવા છતાં મારા જેવા અન્ય જનો પણ શા માટે ધનસંપાદનમાં શ્રમ કરતાં હશે? ખરેખર મને તો લાગે છે કે આ સમગ્રલોક કોઇ એલૌકિક દૈવની માયામાં મોહ પામેલ છે. (૨૬) ધન હશે તો સુખો ભોગવીશું આવું સમજીને લોક ધન મેળવવા માટે શ્રમ કરે છે એમને આપણે અણસમજ કેમ કહીએ ? આવો જો તર્ક કરતા હોઇએ તો તેનું સમાધાન

છે કે ભાઇ ધન મળ્યાં કે ધનને આપનારા મળ્યા અથવા તો ઉત્તમ જન્મ આપનારાં કર્મો આચર્યાં કે ઉત્તમ દેહ મળ્યા પરંતુ જો મનુષ્ય મૃત્યુના મુખમાં ગળાઇ રહ્યો છે તેમાંથી તે ના બચ્યો તો પછી ધન, સુખ, ઉત્તમ જન્મ વગેરે મેળવ્યાથી શું વળ્યું ? (૨૭)

नूनं मे भगवांस्तुष्टः सर्वदेवमयो हरिः । येन नीतो दशामेतां निर्वेदश्चात्मनः प्लवः ॥ २८ ॥

શ્રી ભિક્ષુકજી નિર્ણય ઉપર આવ્યા અને બોલ્યા કે સાચેસાચ સર્વદેવમય શ્રીહરિ મારા ઉપર સંપૂર્ણ પ્રસન્ન થયા છે તેથી જ મને આવી પરિસ્થિતિમાં મૂકીને વૈરાગ્ય ઉત્પન્ન કરાવ્યો છે. આ પ્રકારનો વૈરાગ્યરૂપી ભવ-મહા-સાગર પાર કરવામાં સાધનરૂપ મજબૂત નાવ બની જશે. (૨૮) મળેલા વૈરાગ્યને ટકાવીને મારા માનવદેહના સમગ્ર ધ્યેયમાં સંપૂર્ણ સાવધાન રહીને આત્મલાભમાં સંતોષ રાખીને મારા શેષ જીવનનો લાભ મેળવી લઉં અને દઢ તપશ્ચર્યા આચરીને મારી કાયાને પણ સૂકવી નાખીશ. (૨૯) મને શ્રદ્ધા છે કે ત્રણે લોકના દેવો મારા આ આત્મલાભના કાર્યમાં અવશ્ય અનુમોદન આપનારા અને સહાય કરનારા બનશે જ મહારાજ ખટ્વાંગજી માત્ર બે ઘડી જેટલા જ સમયમાં બ્રહ્મલોકને પામ્યા હતા. (૩૦)

તિતિક્ષાની પરાકાષ્ઠા

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ઉદ્ધવ ! ઉપર પ્રમાણે મનથી દઢ નિશ્ચય કરીને અવન્તી નગરીનો એ વિપ્રવર્ય હૃદયની મમતાની અને વાસનાની ગ્રન્થિઓને ઉકેલી નાખીને શાંત, મનનશીલ મુનિ બનીને સંન્યાસી બન્યો. (૩૧) હવે વિરક્ત મહાત્મા મન ઉપર સંપૂર્ણ સંયમ કરી પ્રાણ અને ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવી સર્વ સંગ ત્યજી કોઇપણ ના ઓળખે એવા વેશે એવા પ્રકારે નગરો અને ગામોમાં ભિક્ષા માટે વિચરવા લાગ્યા. (૩૨) ભલા ભાઈ ઉદ્ધવ ! આ અવધૂત વૃદ્ધ છે, ભિક્ષા માટે અને તિતિક્ષાના પાઠ શીખવા માટે વિચારી રહ્યા છે ત્યારે ખલ પુરુષો તે તપસ્વીને જોઇને વિવિધ પ્રકારની યાતનાઓથી સતાવવા લાગ્યા. (૩૩) કોઇએ ભિક્ષુજીનો દંડ છીનવી લીધો તો કોઇએ તેમના ભિક્ષાના પાત્ર કમંડલુને પડાવી લીધું, તો કોઇ તેમની કાષ્ઠની ઘોડીને લઇ જાય છે તો કોઇ તેમના આસનને ઉઠાવી જાય છે તો વળી કેટલાક તેમની માલા, કન્થા અને ફાટલાં ઓઢેલાં ચીથરાને ખેંચી જાય છે. (૩૪) આ વસ્તુઓ લઇ લીધા પછી આપવા માટે બતાવીને પાછી ના આપતાં પાછા લઇ લેતો વળી પાછી આપીને પાછી પડાવી લે છે. આ ભિક્ષુકજી મધુકરી વૃત્તિથી સંપાદન કરેલ અન્નને સરિતાના તીરે લઇ જ્યારે ભિક્ષાશન કરે છે ત્યારે પાપી લોકો તેના ઉપર પેશાબ કરી જાય છે તે દુષ્ટ લોકો તેના મસ્તક ઉપર થૂંકે છે. તે ના બોલે તો બલાત્કારે બોલાવે છે અને મૌન રાખે તો માર મારે. (૩૫,૩૬) કેટલાક તો કડવી વાણીથી તે ભિક્ષુકનો તિરસ્કાર કરવા લાગ્યા તો વળી ઘણા તો 'આ ચોર છે ચોર છે' પકડો પકડો અરે બાંધો બાંધો બોલવા લાગ્યા અને રસી લઇને બાંધવા લાગ્યા. (૩૭) કેટલાક કહે છે આ તો શઠ છે, ધર્મનું ધતીંગ લઈને કરે છે એમ કહી આપમાન કરવા લાગ્યા ત્યારે કેટલાક બોલ્યા કે ભાઈ ! આની પાસે ધન હતું તે જતું રહ્યું તેથી તેના જ્ઞાતિ ભાઇઓ અને કુટુંબીઓએ કાઢી મૂકેલ છે તેથી તે પેટ ભરવા સંન્યાસી બનીને ભટકે છે. (૩૮) અરે આ તો તગડો શરીરે શક્તિસમ્પન્ન છે પર્વતની માફક ધીરજ રાખીને ન બોલનાર આ તો બગભક્ત બનીને પોતાનો સ્વાર્થ સાધવા ભટકે છે. (૩૯) કેટલાક તેની હાંસી ઉડાવે છે તો કેટલાક તેના ઉપર અપાનવાયુ છોડે છે. કેટલાક તેને બાંધવા લાગ્યા તો કેટલાક કેદ કરવા લાગ્યા તો વળી કેટલાક તે દ્વિજને રમકડાની માફક ફેરવવા લાગ્યા. (૪૦) ભાઈ ઉદ્ધવ ! હવે આ વિપ્ર તાવ વગેરે દેહની પીડાઓને સહે છે, દૈવસંયોગે આવી પડતી પીડાઓને વેઠે છે. ઉનાળા, શિયાળા અને ચોમાસામાં આવતાં કષ્ટોને સહન કહે છે કે મારા ભાગ્યનાં અવશ્ય ભોક્તવ્ય ફળ છે એમ સમજીને ભોગવે છે. (૪૧) ભાઈ ઉદ્ધવ ! નરાધમજનો આ તિતિક્ષાસંપન્ન અવધૂતનો તિરસ્કાર કરી તેના ધૈર્યથી-તેની સહન શક્તિથી તને પાડવા લાગ્યા તો પણ સાત્ત્વિક વૃતિવાળા તેઓ ધૈર્યને ધારણ કરીને સ્વધર્મથી ચલિત ન થયા. (૪૨)

ભિક્ષુગીતા એટલે સોળ કલાઓ

द्विज उवाच-नायं जनो में सुखदुःखहेतुर्न देवतात्मा ग्रहकर्मकालाः ।

मनः परं कारणमामन्ति संसारचक्रं पिवर्तयेद् यम् ॥ ४३ ॥

મન માત્રસુખ દુઃખનુ કારણ છે- શ્રી ભિક્ષુકજીએ વિવેકવૃત્તિથી સમાધાન કરવા માંડયું કે મને આ દુઃખ દેનારા લોકો નથી, દેવો નથી, આ દેહ નથી, ગ્રહો નથી, કર્મ નિમિત્ત નથી કે કાલ નિમિત્ત નથી પરંતુ શ્રુતિઓ, શાસ્ત્રો અને સંતજનો મનને જ સુખદુઃખમાં કારણ માને છે. આ મન જ સંસાર ચક્રને ચલાવે છે. (૪૩)

मनोगुणान् वैं सृजते बलीयस्ततश्च कर्माणि विलक्षणानि ।
शुक्लानि कृष्णान्यथ लोहितानि तेभ्यः सवर्णाः सृतयो भवन्ति ॥ ४४ ॥

મન બહુ બલિષ્ઠ છે-સાચે સાચ મન બહુ જ બલવાન છે. આ મને જ વિષયો, વિષયોના કારણ ગુણો, અને ગુણોની સાથે સંબંધ ધરાવતી વૃત્તિઓની સૃષ્ટિ રચી છે. આ રચેલી વૃત્તિઓને અનુસરીને જ સાત્ત્વિક રાજસ તામસ એવાં અનેકવિધ કર્મો કરે છે અને અન્તે આ કર્મોને અનુસરીને જીવાત્માની વિવિધ ગતિઓ થાય છે. (૪૪)

अनीह आत्मा मनसा समीहता हिरण्मयो मत्सख उद्विचष्टे । मनः स्वलिङ्गं परिगृह कामान् जुषन् निबद्धो गुणसङ्गतोऽसौ ॥

ભિક્ષુક તર્ક કરી રહ્યા છે કે મનને જ સુખદુઃખનું કરાણ માનીએ છીએ તો સુખદુઃખનો અનુભવ કેવલ મનને જ થવો જોઈએ પરંતુ જીવાત્માને ન સંભવે ક્ષણભર માની લઈએ કે દેહનો સંબંધ જીવાત્માને છે તેથી તેવો અનુભવ જીવાત્માને થાય છે એમ માનો તો પરમાત્માને પણ દેહનો, સંબંધ છે તેથી પરમાત્માને પણ સુખદુઃખના ભવ થશે જ જો આવી શંકા થતી હોય તો તેના સમાધાન માટે આ શ્લોકનો આરંભ કર્યો કેઃ-જીવાત્માને તો દેહનો અધ્યાસ છે તેથી સુખનો દુઃખનો એને અનુભવ થાય પરંતુ પરમાત્મા તો સંકલ્પ અને વિકલ્પથી પર આનીह કોઇ પણ પ્રાકરની ઈચ્છાથી રહિત છે તે પરમાત્મા સંકલ્પવિકલ્પ કરનારા મનનો નિયંતા તરીકે કહેનારો અન્તર્યામી, જ્ઞાનપ્રકાશમય, જીવાત્માનો સખા તેમ જ ઉત્કૃષ્ટ જ્ઞાનથી સર્વ જુએ છે પરંતુ સુખદુઃખનો ભોકતા નથી થતો. જ્યારે આ જીવાત્મા તો પોતાનામાં સંસારને બતાવનાર મનને પોતાનું સ્વરૂપ સમજીને મનના ગુણોથી બંધાઈને કામોને ભોગવે છે અને બંધનને પામે છે. (૪૫)

दानं स्वधर्मो नियमौ यमश्च श्रुतं च कर्माणि च सद्व्रतानि । सर्वे मनोनिग्राहलक्षणान्ताः परो हि योगो मनसः समाधिः ॥ ४६ ॥

મનોનિગ્રહ જ મોટી સમાધિ-પરમાત્મા કે ભગવાન તો માત્ર દ્રષ્ટા છે. જીવાત્મા અધ્યાસથી બંધાય છે ત્યારે મનુષ્યે મનોનિગ્રહ જ કરવો રહ્યો. દાન-સ્વધર્મ-નિયમ-યમ-શાસ્ત્રાભ્યાસ-તીર્થયાત્રાદિ-સદ્વ્રતો વગેરેના આચરણનું જો કોઇ પણ ફલ હોય તો કેવલ મન ઉપર નિગહ કરવો એ જ ફલ છે. મનને અનુરાગપૂર્વક ભગવાનમાં લગાવવું એ જ માટી સમાધિ છે. (૪૬)

समाहितं यस्य मनः प्रशान्तं दानादिभिः किं वद तस्य कृत्यम् ॥
असंयतं यस्य मनो विनश्यद् दानादिमिश्चेदपरं किमेभिः ॥ ४७ ॥

દાનધર્માદિનું ફલ મનોનિગ્રહ જ છે-શ્રી ભિક્ષુકજી કહી રહ્યા છે કે શ્રીહરિકૃપાથી જેનું મન સહજ રીતે સંપૂર્ણ પ્રશાન્ત છે, પ્રસન્ન છે પછી તેને દાન સ્વધર્મ આદિ સાધનોની આવશ્યકતા શી હોય? જો દાન સ્વધર્મ વગેરે સત્કર્મો સદા આચર્યાં છતાં પણ મનનો ભગવાનમાં સહજ અનુરાગ ન થયો અને મન ચંચલ રહ્યું, કાબૂમાં ના આવ્યું તો આ પુણ્યકર્મો કરવાનું ફળ શું મળ્યું? જેને માટે દાન વગેરે કરવાનાં છે તે મનનો જો નાશ થયો તો સાધનો વ્યર્થ ગયાં. (૪૭)

मनोवशेऽन्ये ह्यभबन् स्म देवा मनश्च नान्यस्य वशं समेति ॥
भीष्मो हि देवः सहसः सहींयान् युज्याद् वशे तं स हि देवदेवः ॥ ४८ ॥

મન તો દેવનો પણ દેવ છે- શ્રીભિક્ષુકજી બોલ્યા કે જેને મન વશ છે તેને તો બીજા બધા જ ઇન્દ્રિયોના દેવો સ્વાધીન થાય છે પરંતુ મન કોઇને વશ નથી થતું. મન મહાન બલશાલી દેવ-તત્વ છે, બલવાળાઓમાં પણ વધુ બલવાન જો કોઇ હોય તો કેવલ મન જ છે. વિવેકશીલ મનુષ્યે તો સૌથી પ્રથમ મનને જ વશ કરવું રહ્યું કારણ મન સર્વથી મહાન છે અને સમર્થ છે. (૪૮) અકારણ કલેશ-મનુષ્યનો અજેય અને મહાન શત્રુ હોય તો માત્ર મન છે. આ શત્રુ હૃદયને

પીડા કરનાર તીવ્ર વેગવાળો છે. કેટલાક અબુધજનો આવા શત્રુરૂપ મનને જીતતા નથી અને જગતના લોકોને આ મારો મિત્ર છે, આ શત્રુ છે, આ ઉદાસીન-તટસ્થ છે એવી બુદ્ધિથી અને એવા ભાવથી મનુષ્યો સાથે વિના કારણે મિથ્યા કલેશ દ્વેષ વગેરે કરે છે. (૪૯)

देहं मनोमात्रमिमं गृहीत्वा ममाहमित्यन्धधियो मनुष्याः । एषोऽएमन्योऽयमिति भ्रमेंण दुरन्तपारे तमसि भ्रमन्ति ॥ ५० ॥

દેહને મનથી આત્મા માની ને દેહ હું છું માનીને હું અને મારું એવી અહંતામમતાવાળી મોહમતિથી મોહાંધ બનેલા મનુષ્યો, આ મારો સ્વજન છે આ હું અને આ તો બીજો છે, પારકો છે એવા ઘોર ભ્રમથી કદી ન અન્ત આવનારા અજ્ઞાનભર્યા સંસારમાં ભટકે છે. (૫૦)

जनस्तु हेतुंः सुखदुःखयोश्चेत् किमात्मनश्चात्र ह भौमयोस्ततः ॥
जिहवां क्वचित् संदशति स्वदादिभस्तद्वेदनायां कतमायकुट्येत् ॥ ५१ ॥

આત્મા તો નિર્લેપ છે-શ્રીભિક્ષુકજી કહે છે કે જન એટલે કોઈ પણ માનસ સુખઃદુખમાં કારણ હોય તો તેથી આત્માને સુખ કે દુઃખની સાથે કાંઈપણ લેવાદેવા નથી એ તો પંચ મહાભૂતોના બનેલા દેહને પીડા કરી માનો તેમાં એક દેહે બીજા દેહ ઉપર શા માટે વૈર સાધવું જોઈએ. કારણ કે બન્નેદેહો એક જ પંચ તત્વોના બે અંગો છે દષ્ટાંન્ત તરીકે સમજી એકે કોઈવાર જમતાં જમતાં દાંત નીચે જીભને જરૂર પીડા થાય છે પરંતુ આ પીડા દાંતે દીધી એમ માનીને દાંત ઉપર કોમ ક્રોધે ભરાયું ? તો પછી એક દેહ બીજા દેહ ઉપર શા માટે કરવો ? (૫૧)

दुःखस्य हेतुर्यदि देवतास्तु किमात्मनस्तत्र विकारयोस्तत् ॥
यदङ्गमङ्गेन निहन्यते क्वचित् -कुध्येत कस्मै पुरुषः स्वदेहे ॥ ५२ ॥

સુખદુઃખમાં નિમિત્ત જો ઈન્દ્રિયોના દેવતાઓ માનીએ તો પણ આત્માને તેની સાથે શી લેવાદેવા હોય ! કયાં ત્યાં આત્માનું કર્તાપણું છે. એ તો વિકારનું એટલે સત્વગુણમાંથી ઉત્પન્ન થયેલા ઈન્દ્રિયોની દેવતાને વિકાર શબ્દથી વર્ણવ્યા છે. એક દેહથી કે દેહના અંગથી બીજાના દેહને પ્રહાર થયો તો તે દેહની દેવતાએ બીજા દેહની દેવતાને પ્રહાર કર્યો ત્યાં કોના ઉપર ક્રોધ ? કરીશું કારણ કે સર્વ દેહની ઈન્દ્રિયોની દેવતાઓ તો એકજ છે. દષ્ટાન્ત તરીકે નેત્રની દેવતા-સૂર્ય-ચન્દ્ર છે અને મુખની દેવતા અગ્નિ છે અને હસ્તની દેવતા ઈન્દ્ર છે. એક અંગે બીજા અંગને કે બીજાના અંગને પ્રહાર કર્યો તો પેલા દેવતાએ પેલી દેવતાને પીડા કરી અને બધી જ દેવતાઓતો એકજ છે ને ? (૫૨)

आत्मा स्यदि यात् सुखदुःखहेतुः किमन्यतस्तत्र निजस्वभावः ॥
न ह्यात्मनाऽन्यद् यदि तन्मृषास्यात् क्रुध्यौत कस्मान्न सुखं न दुःखम् ॥ ५३ ॥

સુખ અને દુઃખના કારણ તરીકે આત્માને માની લઈએ તો પછી કોઈ બીજાને તેમાં નિમિત્ત કેમ મનાશે? કારણ કે જો બીજો છે પોતે જ છે, આત્મા છે, सर्वं स्वभ्विदंब्रह्म આ શ્રુતિની આજ્ઞા પ્રમાણે સર્વ કાંઈ આત્મા જ છે. તેથી સુખદુઃખ પણ આત્માના પોતાનો જ સ્વભાવ થયો. આત્મા વિના બીજુ કાંઈ દેખાય છે તે મૃષા છે-મિથ્યા છે તો હવે ક્રોધ કરવાનો રહ્યો કોના ઉપર ? (૫૩)

ग्रहानिमित्तं सुखदुःखयोश्वत् किमात्मनोऽजस्य जनस्य ते वै ॥
ग्रहैर्ग्रहस्यैव वदन्ति पीडां क्रुध्येत कस्मै पुरुषस्ततोऽन्या ॥ ५४ ॥

શ્રી ભિક્ષુકજી બોલ્યા કે સુખના દુઃખના કારણ તરીકે જ્યોતિષ શાસ્ત્રની દષ્ટિએ ગ્રહોને નિમિત્ત માનીએ તો પણ આત્માને તેની સાથે કાંઈ લેવાદેવા નથી. ગ્રહનો સંબંધ તો જન્મ લેનારા દેહોને છે. ગ્રહો તો જન્મ લેતા નથી. મંગળ, શનિ વગેરે ગ્રહો ચોથે-આઠમે-બારમે-કે કોઈ પણ સ્થાને આવે તો તેનાથી પીડા તે સ્થાનના ગ્રહોને થાય છે તે પીડા થવામાં તો જન્મ લેનાર દેહ જ નિમિત્ત છે ત્યાં આત્માને શો સંબંધ છે ? આત્માને તો જન્મ હોતો જ નથી તેથી ગ્રહો આત્માને તો સુખદુઃખ આપી શકે છે તે ઘરના ખૂણામાં બેઠેલાને પીડાકરવા આવતા નથી તેથી ગ્રહો પણ સુખદુઃખના

નિમિત્ત નથી પરંતુ દેહમાં આસક્ત થઇ બેઠેલ મન જ કારણ છે માટે મનને જ વશ કરવું રહ્યું. (૫૪)

कर्मास्तु हेतुः सुखदुःखयोश्चेत् किमात्मनस्तद्धि जडाजडत्वे ।
देहस्त्वाचित् पुरुषोऽयं सुपर्णः क्रुध्येत कस्मै न हि कर्ममूलम् ॥ ५५ ॥

સુખદુ:ખનો હેતુ જો કર્મ હોય તો ? શ્રી ભિક્ષુજી આત્માવિવેક કરતા બોલ્યા કે જો સુખ કે દુ:ખનું કારણ કર્મ જ હોય તો કર્મ તો ન એકલા જડ દેહથી થશે કે ન તો એકલા ચેતનથી થઇ શકશે. કર્મ તો જડ અને ચેતન બન્ને ધર્મોવાળાથી થશે. કર્મ કરવામાં વિકારિત્વ પણ કારણ છે અને હિત-અહિતવિચારપણું પણ કારણ છે. એક જ વસ્તુમા એટલે દેહમાં કે આત્મામાં જડપણું સંભવી ન શકે. આત્મા હિતાહિતપણાનો વિચાર કરી શકે અને દેહ વિકારીપણું ધરાવી શકે પણ તે ચેતન નથી તેથી આ હિત છે કે અહિત છે એવો વિવેક ધરાવી ન શકે. પુરુષ તો માળામાં રહેલા સુપર્ણ પક્ષીની માફક દેહમાં રહેલ છે તે તો કર્મનો કર્તા બનતો નથી તેથી કર્મો સુખદુ:ખનાં કારણ છે એવું ઠરતું નથી આવી સ્થિતિમાં ગુસ્સો કોના ઉપર કરવો ? (૫૫)

कालस्तु हेतुः सुखदुःखयोश्चेत् किमात्मनस्तत्र तदात्मकोऽसौ ।
नाग्नेर्हि तापो न हिमस्य तत्स्यात् क्रुध्येत कस्मै न परस्य द्वन्द्वम् ॥ ५६ ॥

સુખદુ:ખનો હેતુ જો કાલ હોય તો શ્રી ભિક્ષુકજી હવે કાલ પણ સુખદુ:ખનું પણ કારણ નથી એ વાત રજૂ કરે છે કે કાલ જો સુખદુ:ખનું નિમિત્ત છે તો તેનો આત્માને કાંઇ ભાર રહેતો નથી કારણ કે કાલ આત્માનો અંશ છે અથવા તો કાલ આત્મસ્વરૂપ જ છે. જો અગ્નિ અગ્નિને તપાવી શકે કે બરફ બરફને ઠંડો કરી શકે તો કાલ આત્માને કલેશ આપી શકે આ રીતે જોતાં કાલ સુખદુ:ખનું કારણ પૂરવાર નથી થતો પછી કાલ ઉપર કે કોઈના ઉપર ક્રોધ શો કરવો ? (૫૬)

न केनचित् क्वापि कथञ्चनास्य द्वन्द्वोपरागः परतः परस्य ।
तथाहमः संसृतिरुपिणः स्यादेवं प्रबुद्धो न बिभेति भूतैः ॥ ५७ ॥

શ્રી ભિક્ષુકજી અંતે નિર્ણય ઉપર આવ્યા કે આત્મા તો પરથી એટલે પ્રકૃતિથી પણ પર છે. આત્માને તો કોઈથી, કોઇ પણ દેશથી કે કોઇપણ સુખદુ:ખ થવાનો સંભવ જ નથી. સુખદુ:ખ તો અહંકારવાળા જ-દેહીને જ સંસારીને જ થાય છે. જે આવો વિવેક પામેલ છે તેને તો કોઇ પણ પ્રાણીથી ભય જેવું જ નથી. (૫૭)

एतां स आस्ताय. परात्मनिष्ठामद्यासितां पूर्वतमैर्महद्भिः । अहं तरिष्यामि दुरन्तपारं तमो मुकुन्दाङ्घ्रिनिषेवयैव ॥ ५८ ॥

ભાઇ ઉદ્ધવ ! શ્રી ભિક્ષુકજીએ ઉપર સમજાવ્યા પ્રમાણે વિવેકથી નિર્ણય કર્યો કે પૂર્વના પણ પૂર્વ એવા સમર્થ મહર્ષિઓએ ધારણ કરેલી દેહ-જીવ-પરમાત્માના વિવેકવાળી આત્મનિષ્ઠાનો આશ્રય લઈને શ્રીમુકુન્દ ભગવાનનાચરણકમળનું સેવન કરતો ભવપાર તરી જઇશ એવા સિદ્ધાંત ઉપર આવ્યા. (૫૮) ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા કે ભાઈ ઉદ્ધવ ! આ ભિક્ષુક દ્રવ્યોનો નાશ થતાં દ્રવ્ય સંબંધની લેવડદેવડ-ધીરધારની પીડા ઓછી થઇ ગઇ અને અંતે એ વિપ્રે સંન્યાસ દીક્ષા લીધી અને પૃથ્વી ઉપર પર્યટન શરૂ કર્યું. ત્યારે તે ભિક્ષુક ઉપર દુષ્ટ લોકો ત્રાસ ગુજારતા હતા, તિરસ્કાર કરતા હતા આમ છતાં તિતિક્ષાના ધર્મથી અલ્પાંશમાં તે ચલિત ન થયા અને મૌનનું સેવન કરતા આ પ્રમાણે વાતો કહેવા લાગ્યા. (૫૯) કે સુખ કે દુ:ખને આપનાર તો માત્ર મનુષ્યના પોતાના મનનો જ મહાન ભ્રમ છે પણ બીજોકોઈ નથી. આ મિત્ર છે, આ શત્રુ છે અને આ તટસ્થ છે આવી સંસારવૃત્તિ કેવલ મનની ભ્રાંતિથી અજ્ઞાનને લીધે જ જન્મી છે. (૬૦) ભગવાને કહ્યું કે હે તાત, હે વત્સ ઉદ્ધવ ! હે ભાઈ ! તમે સર્વાત્માભાવથી બુદ્ધિને મારામાં પરોવીને મનોનિગ્રહ કરો. સમગ્ર યોગનો સાર એટલો જ છે કે મનને મારામાં પરોવી રાખવું. (૬૧) ભાઈ ઉદ્ધવ ! કોઇ પણ માનવ મનને સાવધાન બનાવીને શ્રી ભિક્ષુકજીએ ગાયેલી આત્મગાથાને ધારણ કરશે કે કોઈને પણ શ્રવણ કરાવશે તો સુખદુ:ખ તેનો પરાજ્ય કરી શકશે નહીં. (૬૨)

य एतां भिक्षुणा गीतां ब्रह्मनिष्ठो समाहितः । धारपन् श्रावयन् शृण्वन् द्वन्द्वैर्नैवाभिभूयते ॥ ६२ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંધના જીવન્મુક્તિ પ્રકરણના સાયુજ્ય મુક્તિ પ્રકરણમાં ૨૩મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૨૪ મો

(આ અધ્યાયમાં ૨૯ શ્લોકો છે. પૂર્વના સાંખ્યાચાર્યોના તત્ત્વજ્ઞાનનું આ અધ્યાયમાં વર્ણન છે અદ્વિતીય બ્રહ્મમાંથી સર્વ પ્રકૃતિ અને પુરુષનાં દ્વૈત ઉત્પન્ન થાય છે અને અંતે પરબ્રહ્મમા જ સમાય છે આ પ્રકારે જ્ઞાનનું અનુસંધાન રાખે તેના સર્વ ભ્રમો નિવૃત્ત થશે એવું વર્ણન આ અધ્યાયમાં આવશે.)

श्रीभगवानुवाच-अथ ते संप्रवक्ष्याभि सांख्यं पूर्वैर्विनिश्चितम् । यद् विज्ञाय पुमान् सद्यो जह्याद् वैकल्पिकं भ्रमम् ॥ १ ॥

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! હવે હું સાંખ્યશાસ્ત્રનો નિર્ણય સંભળાવીશ. આ નિર્ણય પ્રાચીન કાલના સમર્થ ઋષિમુનિઓએ કહેલ છે. જ્યારે જીવ આ તત્વજ્ઞાનને સારી રીતે સમજી લે છે તો ભેદબુદ્ધિમાંથી ઉત્પન્ન થયેલ સુખદુ:ખનો ભ્રમ તત્ક્ષણ દૂર થઈ જશે. (૧) ભાઈ ઉદ્ધવ ! પૂર્વે એટલે પ્રલયકાળમાં પ્રથમ યુગ કૃતયુગ સમયે તેમજ જ્યારે મનુષ્ય જ્ઞાનનિપુણ હોય છે ત્યારે આ સમ્પૂર્ણ દશ્ય તેમજ દ્રષ્ટારૂપ જગત કેવલ જ્ઞાનસ્વરૂપ જ હતું તે સમયે જ્ઞાની લોકો દશ્ય અને દ્રષ્ટા એવા ભેદરૂપે જોતા ન હતા. (૨) એક વાત તો સુનિશ્ચિત છે કે બ્રહ્મમાં કોઈપણ પ્રકારનો વિકલ્પ નથી. બ્રહ્મ તો ભેદથી રહિત, મન-વાણીથી પર અને સત્યરૂપ હતું. આવા વિકલ્પ રહિત બ્રહ્મની માયા નામની શક્તિના ફલ સ્વરૂપે સ્વયં સત્યસ્વરૂપ બ્રહ્મ જ બે સ્વરૂપે થયું. (૩) આ જે બ્રહ્મના બે વિભાગો થયા તેમાંના એક પદાર્થનું નામ પ્રકૃતિ છે. આ પ્રકૃતિ કારણ અને કાર્ય રૂપે બે પ્રકારની છે. હવે જે બીજો પદાર્થ થયો જે જ્ઞાનસ્વરૂપ છે તેને પુરુષ તરીકે કહેવામાં આવે છે. (૪)

ભગવાનના કાલસ્વરૂપ દ્વારા પ્રકૃતિમાં ક્ષોભ

ભગવાને કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! કાલ મારું સ્વરૂપ છ. મારા આ કાલસ્વરૂપથી મારા જ અનુમોદનતી પ્રકૃતિમાં ક્ષોભ થયો અને તે પ્રકૃતિમાંથી તમોગુણ, રજોગુણ અને સત્વગુણ એવા ત્રણ ગુણો ઉત્પન્ન થયા. (૫) આ ત્રણ ગુણોમાંથી ક્રિયાશક્તિ વાળા સૂત્રની ઉત્પત્તિ થઈ અને જ્ઞાનશક્તિવાળા મહાન્‌ની ઉત્પત્તિ થઈ. એક જ તત્વની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિના નામે સૂત્ર અને મહાન એ સંજ્ઞાઓ થઈ. પરંતુ વસ્તુતઃ એક જ તત્વ છે. આ મહત્તત્વમાં જ્યારે વિકાર થયો ત્યારે તેમાંથી અહંકાર ઉત્પન્ન થયો. આ અહંકાર દેહમાં ભ્રમ કરાવનારો હોય છે. (૬) આ અહંકાર-અહંતત્વ વૈકારિક (સત્વ) તેજસ (રાજસ્) તામસ એવા-ભેદે ત્રણ સ્વરૂપવાળો થયો. આ ત્રણ પ્રકારનો અહંકાર પંચમહાભૂતો, તન્માત્રાઓ, ઈન્દ્રિયો મન અને દેવોની ઉત્પત્તિના કરાણરૂપ છે તેમજ સ્વયં, ચિદ્દ-અચિદ્દની ગ્રન્થીરૂપે છે. (૭) શબ્દ વગેરે પંચતન્માત્રાના કારણભૂત તામસ અહંકારમાંથી પંચ અર્થ- પંચમહાભૂતો થયાં. તાત્પર્ય એટલું જ કે શબ્દ સ્પર્શ રૂપ રસ-ગંધ, નામની પાંચ તન્માત્રાઓમાંથી આકાશ-વાયુ-તેજ-જલ-પૃથ્વી નામનાં પંચમહાભૂતો નામના પદાર્થો થયા. રાજસ અહંકારમાંથી દશ ઈન્દ્રિયો થઈ અને સાત્વિક અહંકારમાંથી મન અને દશ ઈન્દ્રિયોના દિશા (૧) વાયુ (૨) સૂર્ય (૩) વરુણ (૪) અશ્વિનીકુમારો (૫) અગ્નિ (૬) ઈન્દ્ર (૭) વિષ્ણુ (૮) મિત્ર (૯) બ્રહ્મા (૧૦) વગેરે દશ દેવાતાઓ જન્મ્યા તેમજ મનના દેવ ચન્દ્ર થયા. (૮) મારા સર્જેલા તે મહત્‌તત્વ વગેરે પદાર્થો એકત્રિત થઈને કાર્ય કરવા માટે સમર્થ થયા ત્યારે તે ભાવોએ મારા ક્રીડાંગણ એવા સર્વશ્રેષ્ઠ બ્રહ્માંડની રચના કરી. (૯) આ બનેલું અંડ જલમાં હતું તે અંડમાં હું નારાયણરૂપે રહ્યો. મારી નાભિમાંથી વિશ્વ નામનું કમળ થયું અને તે કમળમાં બ્રહ્મા થયા. (૧૦)

બ્રહ્માજીની તપશ્ચર્યા

આ બ્રહ્માજીએ કમલમાં રહીને તપશ્ચર્યા તરી ત્યારે મારી કૃપાના પરિણામે ત્રણ ગુણો વડે ભૂર્, ભૂવર્, સ્વર્, એમ ત્રણ લોક તેમજ તેના પાલકોને ઉત્પન્ન કર્યા. (૧૧) આ ત્રણે લોકમાંથી સ્વર્ગલોક દેવોને રહેવાનું સ્થાન થયું પ્રેત-પિશાચ વગેરે ભૂતોને રહેવાનું સ્થાન ભુવર્લોક થયો અને પૃથ્વી મનુષ્યોને રહેવા માટેનું સ્થાન થયું જ્યારે સિદ્ધ વગેરે લોકો આ ત્રણ લોકથી પર મહર્લોક-જનલોક-તપોલોક વગેરે લોકમાં વસવા લાગ્યા. (૧૨) ત્યાર બાદ સમર્થ બ્રહ્માજી અસુરલોક, નાગલોક વગેરેને વસ્સવા માટે પૃથ્વીતળની નીચે અતળ વગેરે સાત પાતાળ લોક રચ્યા. મહર્લોકની નીચેની આરંભીને પાતાળ પર્યન્ત લોકો ત્રણ ગુણવાળા જીવોને પોતાના કર્મના ફલરૂપે મળે છે. (૧૩) યોગના ફલરૂપે મહર્લોકની પ્રાપ્તિ

માની છે. તપશ્ચર્યા કરનાર તપસ્વીને અને વાનપ્રસ્થીના ધર્મોનું પાલન કરનારને તેના ફલરૂપે તપોલોક અને મહર્લોકની પ્રાપ્તિ થાય છે, જ્યારે સંન્યાસના ફલસ્વરૂપે વિશુદ્ધ-નિર્મલ એવા સત્યલોકની પ્રાપ્તિ થાય છે. પરંતુ મારા ભક્તિયોગને સિદ્ધ કરનાર ભક્તને હું મળુ છું. (૧૪) ભાઈ ઉદ્ધવ ! આ અખિલ બ્રહ્માંડનો હું સ્રષ્ટા છું. આ બ્રહ્માંડને ચલાવનાર કાલાત્મા પણ હું છું. પોતપોતાના સત્વ ગુણાદિવાળાં શ્રેષ્ઠ કર્મ કરનારા જીવો "સત્ય" વગેરે લોકમાં જાય છે જ્યારે પોતાના ક્ષુદ્ર કર્મોના ફલ સ્વરૂપે સ્થાવર યોનિ પર્યન્ત નીચેના લોકોમાં જાય છે આ પ્રકારે ત્રણે ગુણનો પ્રવાહ ચાલે છે તેમાં ઉપરના લોકો-નીચેના લોકો, એવું બન્યા કરે છે. (૧૫) આ વિશ્વમાં અણુ-મહત્-કૃશ-પાતળો કે સ્થૂલ જે જે ભાવ એટલે પદાર્થ જોવા મળે છે અથવા તો જે કાંઈ પ્રસિદ્ધ છે તે સર્વ પદાર્થ પ્રકૃતિ અને પુરુષના બે પ્રકારે જોવામાં આવે છે. અથવા તો બન્નેના સંયોગથી બને છે. (૧૬) જે પદાર્થના લયનું પણ તે જ કારણ છે અને તે જ કારણ તેની મધ્યમાં પણ કારણ રૂપે રહેલ છે. અને એને જ સત્ય માનવું પરંતુ વિકાર સત્ય નથી. આપણે એક દષ્ટાન્ત લઈએ કે મૃત્તિકામાથી ઘડા કોડિયાં વગેરે બનાવ્યા કે સુર્વણમાંથી અલંકારો બન્યા આ ઘડા વગેરે બન્યા તે પહેલાં મૃત્તિકા અને અલંકારો બન્યા તે પહેલાં સુવર્ણ હતું. જ્યારે ઘડા ભાગી જશે કે અલંકાર ઓગાળી દેવાશે ત્યારે મૃત્તિકા અને સુવર્ણ રહેશે. મધ્યમાં આકારો અને અલંકારો છે ત્યારે મૃત્તિકા જ છે અને સુવર્ણ જ છે તે જ રીતે આ સર્વ, બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થાય છે અને અન્તમાં બ્રહ્મરૂપે જ બાકી રહે છે. (૧૭) જે ભાવ એટલે જે પદાર્થ સુવર્ણ કે મૃત્તિકા, જે કાર્યને એટલે અલંકાર કે ઘડા-કોડિયાને ઉત્પન્ન કરે છે તે કાર્યનો એટલે અલંકારો કે ઘડા વગેરે કાર્યનો તેના કારણમાં લય થતાં તે જ કારણરૂપે રહે છે એવું આપનુ જો કહેવું છે તો પછી મહત્ વગેરે પણ અહંકાર વગેરે કાર્યોને ઉત્પન્ન કરે છે અને ઉત્પન્ન થયેલા બધા જ વિકારો એટલે પદાર્થો પ્રલયકાળે મહદ્ વગેરે લય પામે છે તો પછી મહદ્ વગેરેને સત્ય કેમ ન કહેવાય ? એવું જો કહવા ચાહતા હોય તો તેનો આ પ્રકારે ઉત્તર છે કે સુવર્ણ કે મૃત્તિકાને સત્ય કહ્યાં નથી પરંતુ જે તત્ત્વમાંથી સર્વ પદાર્થોની ઉત્પત્તિ થતી હોય સર્વ પદાર્થો તેમાંજ લય પામતા હોય તે તત્ત્વને જ સત્ય કહેલ છે. મહત્ વગેરે અહંકાર વગેરેનું કારણ ભલે હોય પરંતુ તેમજ ભાવ એટલે સર્વ પદાર્થોનું તે ઉપાદન કારણ નથી કારણ કે મહત્ વગેરે પણ પ્રકૃતિના જ વિકારો છે માટે તેમને સત્ય ઠેરવી ના શકાય શ્રુતિ ભગવતીએ मृप्तिकेत्पेवसत्यम् પદાર્થની મૃત્તિકાને સત્ય કહી છે તે વાત બ્રહ્મતત્ત્વની સત્યતાને સમજાવવા માટે જે દૃષ્ટાન્ત રૂપે છે. તેસર્વાંશમાં ઘટતાં નથી હોતાં. મૃત્તિકા પણ કોઈનું કાર્ય તો છે જ તેથી મૃત્તિકાને પરમાર્થ સત્ય તો ન જ કહેવાય. પરમાર્થ સત્ય તો તેને કહી શકાય જે સર્વનું કારણ હોય પણ જેનું કોઈ કારણ ન હોય તેને જ પરમ સત્ય કહેવામાં આવે છે આવા પરમ સત્ય કેવલ એક બ્રહ્મ જ છે. (૧૮)

કાલ-પ્રકૃતિ-પુરુષ વગેરે નિત્ય છે છતાં દ્વૈતાપતિ નથી

ભાઈ ઉદ્ધવ ! કદાચ કોઈ એવો તર્ક કરે કે કાલ-પ્રકૃતિ અને પુરુષને નિત્ય માન્યાં છે તો તેમને "સત્ય" પણ માનવાં જોઈએ અને તે ત્રણને સત્ય માન્યાં તો પછી અદ્વૈત કેમ ટકશે ? તો આ તર્કના ઉત્તરમાં કહેવાનું કે આ "જગત" નામનું જે કાર્ય છે તેના આધારરૂપ કાલ-પ્રકૃતિ અને પુરુષ એ ત્રણ પણ બ્રહ્મરૂપ છે. તે બ્રહ્મરૂપે નિત્ય છે તેમ જ તે બ્રહ્મ જ હું છું એટલે અદ્વૈતમાં કોઈ હાનિ આવતી નથી. (૧૯) ભાઈ ઉદ્ધવ ! જ્યાં સુધી પરમાત્માની એટલે મારી ઈક્ષણશક્તિ કામ કર્યા કરે છે ત્યાં સુધી મારી પાલનક્રિયા પણ ચાલતી જ હોય છે, ત્યાં સુધી જીવોના કર્મોના ભોગ માટે કારણ-કાર્યરૂપે એટલે પિતા-પુત્રની પરંપરારૂપે આ સંસારચક્ર સતત ચાલ્યા જ કરે છે. (૨૦) પોતાનામાં ભૂર્લોક, ભુવર્લોક વગેરે લોકોના ભેદને દર્શાવનારો વિરાટ-બ્રહ્માંડ કાલસ્વરૂપ મારા દ્વારા જ્યારે પ્રલયમાં લઈ જવાય છે ત્યારે તે પંચમહાભૂતરૂપ થાય છે. (૨૧)

પ્રલયનો પ્રકાર

ભાઈ ઉદ્ધવ ! પ્રલયનો પ્રકાર ઉત્પત્તિના પ્રકારથી ઊલટો પ્રકાર છે. અન્નથી પ્રાણીઓના દેહ બને છે. તે દેહો સો વર્ષ સુધી વૃષ્ટિ ન થવાથી અન્નમાં લય પામે છે. ત્યાર બાદલ અન્ન તેના બીજમાં લય પામે છે, બીજો પૃથ્વીમાં લય પામે છે, પૃથ્વી ગંધમાં લય પામે છે, એનો લયપ્રકાર એવો છે કે સંકર્ષણ ભગવાનના મુખના અગ્નિથી પૃથ્વી બળી જાય છે

ત્યારે ''ગંધ માત્ર'' રૂપ રહે છે. (૨૨) પુનઃસો વર્ષ સુધી વૃષ્ટિ ચાલુ જ રહે છે ત્યારે તે પ્રલય જલમાં ગન્ધનો લય થાય છે. ત્યાર બાદ અગ્નિ જ્યારે શોષણ કરે છે ત્યારે તે જલ રસતન્માત્રા સ્વરૂપે રહે છે અને તે રસતન્માત્રા અગ્નિમાં લય પામે છે. પુનઃઅગ્નિનો વાયુ સાથે સંઘર્ષ થાય છે ત્યારે રૂપતન્માત્રા બાકી રહે છે. (૨૩) આ રૂપતન્માત્રા વાયુમાં લીન થાય છે ત્યાર પછી તે વાયુ આકાશમાં લય પામી જાય છે ત્યારે સ્પર્શતન્માત્રા અવશિષ્ટ રહે છે. સ્પર્શતન્માત્રા આકાશમાં મળી જાય છે આકાશનો અહંકારથી જ્યારે પરાભવ થાય છે ત્યારે કેવલ શબ્દમાત્ર રહે છે. જ્યારે સર્વ ઈન્દ્રિયો રાજસ અહંકારમાં લય પામે છે. (૨૪) હે સજ્જન ભાઈ ઉદ્ધવ ! ઈન્દ્રિયોના દેવતાઓ મનમાં લય પામે છે અને મન સહિત દેવતાઓ સાત્વિક અહંકારમાં લય પામે છે. શબ્દતન્માત્રાનો લય તામસ અહંકારમાં થાય છે. ત્યાર પછી સર્વ જગતને મોહ કરનારો એવો આ ત્રણે પ્રકારનો અહંકાર મહત્તત્વમાં લય પામે છે ત્યારે તેની જડતાને ત્યજીને તે જ્ઞાન-ક્રિયા-શક્તિરૂપે અવશિષ્ટ રહે છે. (૨૫) પુનઃ આ મહત્તત્વ પોતાના સ્વરૂપને ત્રણ ગુણોના સ્વરૂપમાં રહે છે.અને તે ત્રણે ગુણો પ્રકૃતિમાં લય પામે છે. આ પ્રકૃતિ હવે સામ્યાવસ્થા ધારણ કરે છે એટલે સૃષ્ટિ વગેરે કાંઈ જ થતું નથી. પુનઃ આ પ્રકૃતિ જેમાંથી સર્વ વ્યાપારો-ક્રિયા-વ્યવહારો વિરમી જાય છે તેવા કાલમાં લય પામે છે. (૨૬) હવે આ કાલ જીવમાં લય પામે છે અને જીવમાં જ્યાં સુધી અવિદ્યાનો સંબંધ છે ત્યાં સુધી જ કાલનો વેગ હોય છે. ત્યાર બાદ અવિદ્યાથી વિમુક્ત થયેલ જીવ જન્મ-મરણ વગેરેની પ્રક્રિયા રહિત બનેલો આત્મામાં લય પામે છે એટલે આત્મસ્વરૂપ બને છે. આ આત્માને કોઈનામાં પણ લય પામવાનું હોતું નથી કારણ કે તે કોઈનામાંથી જન્મતો નથી. સ્વયં અજન્મા છે. તે જગતની ઉત્પત્તિ અને પ્રલયથી જાણી શકાય છે. આત્માનું કોઈ કારણ નથી. જો આત્માનું પણ કારણ માનીએ તો અનવસ્થા નામનો દોષ આવશે માટે આત્મા એક જ તત્વ છે અને સત્ય વસ્તુ છે. અને અદ્વિતીય છે. (૨૭) ભાઈ ઉદ્ધવ ! ઉપર બધી વાતો કરી એનું એક જ તાત્પર્ય છે કે જેમ સૂર્યનાં દર્શન પછી અંધકાર રહેશે નહીં તે પ્રમાણે એક જ સત્ય બ્રહ્મમાંથી સર્વ બ્રહ્માંડની ઉત્પત્તિ અને અને લયને જોનારને દ્વૈતભ્રમ રહેશે નહીં. કોઈવાર અવિદ્યાવશ ભ્રમ થઈ જાય તો પણ તે ટકશે નહીં. (૨૮) ભાઈ ઉદ્ધવ ! દેહને આત્મા એક છે કે જુદા છે સુખદુઃખ જે થાય છે તે સત્ય છે અજ્ઞાનથી થાય છે આવા પ્રકારના વિવિધ સંશયોની ગ્રન્થિને કાપનાર આ સાંખ્યશાસ્ત્રનો સિદ્ધાન્ત ઉત્પત્તિના ક્રમથી તેમ જ પ્રલયના ક્રમથી કાર્ય-કારણના દ્રષ્ટા તરીકે મેં વર્ણવી સંભળાવ્યો છે એટલે સર્વ પ્રકારનું સમાધાન થશે. (૨૯)

एवं सांख्यविधिः प्रोक्तः संशयग्रन्थिभेदनः । प्रतिपोमानुमाभ्याम् परावरदृशा मया ॥ २९ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંધ મુક્તિલીલા પ્રકણરના સાયુજ્ય મુક્તિ પ્રરણમાં ૨૪ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૨૫ મો

(આ અધ્યાયમાં ૩૬ શ્લોકો છે. આ અધ્યાયમાં ચિત્તમાંથી ઉત્પન્ન થતી અનેક પ્રકારની ગુણોની વૃત્તિનું નિરૂપણ કરવામાં આવશે.)

श्रीभगवानुवाच-गुणानामसमिश्राणां पुमान् येन यथा भवेत् । तन्मे पुरुषवर्येहमुपधारय शंसतः ॥ १ ॥

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! તમે તો ઉત્તમ પુરુષ છો. ભાઈ ! આપણે પ્રકૃતિ અને પુરુષનું ગમે તેટલું જ્ઞાન ધરાવીએ આમ છતાં જો પુરુષાર્થ કરી પ્રભુકૃપા મેળવી ત્રણ ગુણોની વૃત્તિઓને જીતી શકીએ નહીં ત્યાં સુધી સુખદુઃખાદિ દ્વન્દ્વો તેમજ ભેદભાવો દૂર થઈ શકવાના નથી માટે સૌથી પ્રથમ વૃત્તિઓને જીતવી આવશ્યક હોઈ તેને જીતવાના ઉપાયો પણ કહેવા જોઈએ. આ હેતુથી સૌથી પ્રથમ ગુણોની વૃત્તિઓને કહેવા માટે ભિન્ન ભિન્ન ગુણોમાં જે ગુણથી પુરુષ જેવો થાય છે તે વાતને કહીશ. માટે ભાઈ ! આ વાત સ્વસ્થ થઈ સાંભળો. (૧)

સત્ત્વગુણની સોળ કલાઓ

ભાઈ ઉદ્ધવ ! પ્રથમ સત્વ ગુણની વૃત્તિ કહીશ તો સાંભળો. (૧) शमः અંતઃકરણની શાંતિ-અંતઃકરણની સાવધાની (૨) दमः બાહ્ય ઈન્દ્રિયો ઉપર સંયમ (૩) तितिक्षाः સુખદુઃખને સહી લેવાં (૪) ईक्षाः- તત્ત્વવિચાર (૫) तपः- દેહશુદ્ધિ

માટે શાસ્ત્રે કહેલાં કષ્ટોને સહન કરવા શાસ્ત્રે કહેલાં કાયાના નિયમોનું પાલન કરવું, (૬) सत्यं તથાર્થ બોલવું (૭) दया અન્યનાં દુઃખોને દૂર કરવાં (૮) स्मृतिः અનુભવેલાં તત્ત્વોનું સ્મરણ રહેવું (૯) तुष्टिः જ્યારે જે મળે તેમાં સંતોષ (૧૦) त्यागः વ્યવસ્થિત રીતે અને વિવેકપૂર્વક ધનનો વપરાશ કરવો, (૧૧) अस्पृहा કોઇ પણ આશા ન રાખવી - વૈરાગ્યવૃત્તિ કેળવવી (૧૨) श्रद्धा શાસ્ત્ર-ગુરુ વગેરેનાં વિધાનોમાં આસ્તિક્ય બુદ્ધિ (૧૩) ह्रीः પાપકર્મમાં-અનુચિત કર્મમાં લજ્જા (૧૪, ૧૫) दयादिः દયા વગેરે ગુણો. હવે એકવાર દયા શબ્દ આવ્યો અને બીજીવાર કેમ આવ્યો એવી શંકા ન કરવી કારણ કે આદ્રય દાને ધાતુથી બનેલો દયા શબ્દ છે તેથી દયાનો અર્થ દાન કરવો.आदि શબ્દથી વિનય, સરલતા, કોમલતા વગેરે ગુણો સમજવા, (૧૬) स्वनिर्वृत्तिः- આત્માનો પોતાનો આનંદ આ સોળ કલા સમાન સત્વગુણના સોળ ધર્મો વર્ણવ્યા. (૨)

રજોગુણની તેર વૃત્તિઓ

હવે રજોગુણની વૃત્તિઓનું વર્ણન કરતાં ભગવાન આગળ બોલ્યા (૧) कामः સંસારના વિષયોનાં સુખોની લાલસા, (૨) ईहा અનેક કાર્યોમાં ગુંથાયેલા રહેવું (૩) मदः મિથ્યા ગર્વ (૪) तृष्णा જેમ જેમ મળે તેમ તેમ વધુ ને વધુ મેળવવાની વૃત્તિ (૫) स्तम्भः- નમ્રતા વિનાનો વ્યવહાર (૬) आशीः સુખો મેળવવા માટે દેવોની પ્રાર્થના (૭) भिदा આ મારો આ તારો એવો ભેદભાવ (૮) सुखम् વિવિધ પ્રકારના વિષયોને ભગવવા (૯) मदोत्साहः- અભિમાનપૂર્વક અનેક સાથે લડવાની વૃત્તિ (૧૦) यशःप्रीतिः- પોતાનાં ગુણગાન કરે તેમાં અનુરાગ (૧૧) हास्यम् ઉપહાસ-ઠઠ્ઠા મશ્કરી કરવાની વૃત્તિ (૧૨) वीर्यम् પોતાનો પ્રભાવ બતાવવાની ભાવના (૧૩) बलोद्यमः ખોટા બળપૂર્વક ઉદ્યમ કરવો, દબાણથી સામાની પાસેથી કામ લેવું આ પ્રકારની રજોગુણની તેર વૃત્તિઓ જોવામાં આવે છે. (૩)

તમોગુણની સોળ વૃત્તિઓ

ભગવાન તમોગુણની વૃત્તિઓ સમજાવી રહ્યા છે (૧) क्रोधः- સહનશક્તિનો અભાવ અને અકારણ કે સકારણ ગુસ્સો કરવો (૨) लोभः લોભ, છતે ધને દુઃખી થવું અને યોગ્ય રીતે ન વાપરવું (૩) अनृतम् અસત્ય વાણી. (૪) हिंसा પારકાનો દ્રોહ કરવો, નાશ કરવો, (૫) याच्चा બીજાની પાસેથી માંગવું (૬) दम्भः ધર્માત્મા તરીકે સજ્જન તરીકેનો દેખાવ કરવો પણ તેવા ગુણ ન વસાવવા (૭) क्लमः મનમાં ગ્લાનિ કરવી (૮) कलिः કલહ કરવો (૯) शोक શોક કરવો, ગયેલ વસ્તુ પાછળ બળતરા કરવી (૧૦) मोहः સુખના ભ્રમથી જીવવું (૧૧) विषादः દુઃખી થવું (૧૨) आर्तिः દીન બનીને જીવવું (૧૩) निद्रा નિદ્રાધીન રહેવુ, આલસ્ય કરવું, (૧૪) आशा ફોગટ લાલસા (૧૫) भी ભયભીત રહેવું, (૧૬) अनुद्यमः જડતા આ પ્રકારની તમોગુણની સોળ વૃત્તિઓ છે. (૪) સત્વ ગુણ રજોગુણ અને તમોગુણની વૃત્તિઓ ઉપરના ત્રણ શ્લોકોમાં મોટે ભાગે તો વર્ણવી છે પરંતુ એ ત્રણે ગુણોની સંકલિત કરેલી વૃત્તિઓ કહીશ તો ભાઈ ઉદ્ધવ ! તમે તે સાંભળો. આ ત્રણે વૃત્તિઓનું ભેળા મળવું એ સન્નિપાત કહેવાય છે. (૫)

સન્નિપાત

સન્નિપાત રોગનું નામ છે. ત્રિદોષ પ્રથમ થાય ત્યાર પછી તે ત્રણે રોગો કાબૂ બહાર જાય ત્યારે તે સન્નિપાત કહેવાય. તેવી જ રીતે સત્વ, રજસ્ અને તમસ નામના ત્રણે ગુણોનાં હું શાંત છું, હું કામી છું, ક્રોધી છું એવો ત્રણ પ્રકારનો અહંકાર, આ મારી શાંતિ છે, આ મારી કામના છે, મને આના ઉપર ગુસ્સો છે એવી મમતાની વૃત્તિઓ સાથે થનારી મન-ઈન્દ્રિયો-પ્રાણ વિષયોની સંયોગથી થનારી ક્રિયા-થનારો વ્યવહાર સન્નિપાત કહેવાય છે. (૬) ભાઈ ઉદ્ધવ ! ધર્મમાં, અર્થ મેળવવામાં, કામસુખોમાં જ્યારે મનને પરોવે છે ત્યારે તેની પ્રવૃત્તિઓમાંથી શ્રદ્ધા, રતિ અને ધનની પ્રાપ્તિ થાય છે તેને ગુણનો સન્નિપાત કહેવામાં આવે છે. (૮) શમ, દમ વગેરે ધર્મોમાં અનુરાગવાળા મનને જોતાં આ પુરુષ સાત્વિક છે એમ અનુમાન થાય છે, કામાદિ ભાવોવાળા મનુષ્યની ક્રિયાઓ ઉપરથી રાજસ વૃત્તિવાળો છે એમ અનુમાન થાય. અને ક્રોધાદિ ધર્મો ઉપરથી તામસ વૃત્તિવાળાનો નિર્ણય બાંધી શકાય છે. (૯) ભાઈ ઉદ્ધવ ! કોઈ પણ સ્ત્રી કે કોઈ પણ પુરુષ નિષ્કામ પોતાના નિત્ય નૈમિત્તિક સર્વ કર્મોથી મને સેવે છે ત્યારે તેમને સાત્ત્વિક પ્રકૃતિવાળાં

કહેવાય છે. (૧૦) જ્યારે કોઈપણ સ્ત્રી અથવા પુરુષ સુખાભિલાષાથી મને સેવે ત્યારે તેને રાજસ જાણવાં પરંતુ હિંસા કરવાની વૃત્તિમાં અનુરાગ રાખીને એટલે આ મારો દુશ્મન છે એને ઉખાડી નાખું આવો સંકલ્પ કરીને મને ભજે કે અનુષ્ઠાન કરે તેમને તામસ પ્રકૃતિવાળાં જાણવાં (૧૧) ભાઈ ઉદ્ધવ ! સત્ત્વ રજસ્ અને તમસ એ ત્રણ ગુણો જીવના છે, મારા એટલે ભગવાનના નથી. આ ત્રણ ગુણો સર્વના ચિત્તમાંથી ઉત્પન્ન થાય છે. આ ગુણો દ્વારા જ પ્રાણીમાત્ર દેહ, ગેહ, પરિવાર વગેરેમાં આસક્ત બને છે તેથી જ એ ત્રણ ગુણો જીવોને બંધનકારક બને છે. પરંતુ હું તો તે ત્રણે ગુણોનો નિયામક છું તેથી ગુણોથી હું બંધાતો નથી માટે તો મારા ભક્તો મુક્ત થવા માટે મને ભજે છે. (૧૨)

ત્રણે ગુણોના વધઘટની સ્થિતિને કહેતી સપ્તશ્લોકી

ભાઈ ઉદ્ધવ ! સત્ત્વ વગેરે ત્રણે ગુણોમાંથી કોઈ પણ એક ગુણ બીજા બે ગુણો ઉપર વિજય મેળવીને કાર્ય કરે છે ત્યારે તે ભૂમિ કેવી હોય છે તે સમજીએ. ભાઈ ! જ્યારે સત્ત્વગુણ. રજોગુણ અને તમોગુણ ઉપર વિજય મેળવે જ્યારે સત્ત્વગુણ વૃદ્ધિ પામે ઉત્કર્ષ પામે-ત્યારે તે પુરુષ સ્વપ્રકાશ-સ્વચ્છ અને શાંત બને છે એટલું જ નહિં પરંતુ તે પુરુષ શમપ્રધાન અને ઈન્દ્રિયનિગ્રહી હોય છે. (૧૩) હવે જ્યારે રજોગુણ સત્ત્વ અને તમોગુણ ઉપર વિજય મેળવને કાર્ય કરે છે ત્યારે તે રજોગુણના બળથી યશસ્વી અને સમ્પત્તિમાન બને છે રજોગુણ ભેદભાવ પેદા કરે છે તેથી તે દુઃખ દેનારો બને છે. રજોગુણ સ્વભાવે ચંચળ છે તેથી તેને કર્મ કરવાં જ ગમે છે. (૧૪) પરંતુ ભાઈ ઉદ્ધવ ! રજોગુણ અને સત્ત્વગુણને જીતીને જ્યારે તમોગુણ આગળ નીકળી જાય છે ત્યારે તેની સ્થિતિ તમોગુણથી મૂઢતા અને જડતાવાળી બને છે તેને નિદ્રા, હિંસા ગમે છે. તેના ઉરમાં અનેક આશાઓ જન્મિ છે. પરિણામે તે શોક અને મોહને પામે છે. (૧૫) હવે મનને સત્ત્વગુણની વૃદ્ધિવાળું ક્યારેં સમજવું તે સમજાવીશ, જ્યારે ચિત્ત પ્રફુલ્લિત થાય, ઈન્દ્રિયો સહજ સુખ અનુભવે, કાયમાં રોગ-વગેરેની ભીતિ ન રહે, મન સર્વસંગમુક્ત બને ત્યારે તે ચિત્ત મને મળવી આપે તેવું બને છે. આવી ભૂમિમાં આવેલા ચિત્તને સત્ત્વ ગુણના ઉત્કર્ષવાળું જાણવું. (૧૬) હવે જ્યારે કામ કરતાં કરતાં જીવની બુદ્ધિ ચંચલ બને, જ્ઞાનેન્દ્રિયો સંતોષ વિનાની લાગે, કર્મેન્દ્રિયો વિકારવાળી બને, મન શાન્ત ન રહે, શરીર સ્વસ્થ લાગે આવી સ્થિતિમાંમાનવ મુકાય ત્યારે માનવું કે હવે રજોગુણની આ પુરુષ ઉપર પકડ આવી છે. (૧૭) પરંતુ જ્યાંરે માનવનું ચિત્ત જ્ઞાનેન્દ્રિયો દ્વારા તેના શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ વગેરે વિષયોને સમજવામાં ઠીક ઠીક અસમર્થ નીવડે અને હારી થાકી, ખિન્ન બની લીન થવા લાગે, મન તદ્દન શૂન્ય બની જાય અને અજ્ઞાન અને વિષાદ વધી પડે ત્યારે માની લેવું કે તમોગુણે સામ્રાજ્ય જમાવ્યુંછે. (૧૮) ભાઈ ઉદ્ધવ ! જ્યારે સત્ત્વગુણ સમૃદ્ધ બને છે ત્યારે દેવતાઓનું બળ વધે છે. રજોગુણ વધી પડતાં અસુરોનું સામર્થ્ય વધી જાય છે અને તમોગુણની વૃદ્ધિ થઈ જતાં રાક્ષસોનું બળ વધી પડે છે. સત્ત્વગુણથી જાગૃત અવસ્થ, રજોગુણથી સ્વપ્નાવસ્થા એટલે નિદ્રા અને તમોગુણથી સુષુપ્તિ અવસ્થા બને છે. જે તુરીય તત્ત્વ છે તે ત્રણે અવસ્થામાં પરોવાયેલ છે એ તો આત્મસ્વરૂપ છે. (૨૦) બ્રહ્મનિષ્ઠો અને બ્રહ્મવેત્તાઓ સત્ત્વગુણ વધતાં ઉત્તરોત્તર લોકોમાં જાય છે અને રજોગુણથી મધ્ય લોકમાં જાય છે. (૨૧) સત્ત્વગુણ સમૃદ્ધ થતાં દેહ છૂટતાં મનુષ્ય સવર્ગલોકમાં જાય છે. રજોગુણની દશામાં લય પામનાર જીવ મનુષ્યલોકમાં જાય છે અને તમોગુણ વધતાં દેહ છૂટતાં જીવાત્મા નરકમાં જાય છે. પરંતુ મારી ભક્તિ કરનારા નિર્ગુણ જનો મને પામે છે. (૨૨) પોતાનાં નિત્ય નૈમિત્તિક સર્વ કર્મો કરી મને સમર્પણ કરે વળી તે કર્મના ફલમાં મતિ ન રાખતાં કેવલ નિષ્કામ વૃત્તિથી જ સર્વ કર્મ કરાય તેને સાત્વિક કર્મ જાણવાં. પરંતુ ફલાભિલાષાથી જે કર્મ કરાય તે રાજસ કર્મ સમજવાં પરંતુ મોટે ભાગે જેમાં હિંસા વગેરે જોવા મળે તે તામસ કર્મ માનવાં. (૨૩) પ્રકૃતિથી આત્મા ભિન્ન છે એવું વિશુદ્ધ આત્મજ્ઞાન એ સાત્વિક જ્ઞાન છે. આત્માને કર્તા-ભોક્તા સમજવો એવું જ્ઞાન તામસ જ્ઞાન છે. ભગવદ્વિષયક જ્ઞાન છે તે નિર્ગુણ જ્ઞાન છે. (૨૪) વનમાં વસવું એ સાત્વિક વાસ, ગામમાં વાસ રાજસવાસ, દ્યુતગૃહોમાં વાસ તામસ વાસ છે અને મારી સેવા કરતા મારા મંદિરમાં વસવું એ નિર્ગુણ નિવાસ છે. (૨૫) ફલાસક્તિ વિનાનો કર્મ કરનાર સાત્વિક છે, ફલાસક્તિથી અંધ બની ફળની પાછળ આંધળો બની કર્મ કરનાર રાજસ છે, કર્તવ્ય કે અકર્તવ્ય, શાસ્ત્ર સંમત છે કે વિરુદ્ધ છે એવા કોઈ પણ પ્રકારના વિવેક વિનાનો બની કર્મ કરનાર તામસ છે. મારામાં નિષ્ઠા રાખી મારી પ્રસન્નતા માટે કર્મ કરનાર નિર્ગુણ છે. (૨૬) આધ્યાત્મશાસ્ત્રમાં

શ્રદ્ધા સાત્ત્વિકી શ્રદ્ધા છે, કર્મમાં શ્રદ્ધા રાજસી શ્રાદ્ધ છે, અધર્મમાં શ્રદ્ધા તામસી શ્રદ્ધા છે, પરંતુ મારી સેવામા જે શ્રદ્ધા છે તે નિર્ગુણા છે. (૨૭) શુદ્ધ-માફક અનાયાસે અલ્પ શ્રમે મેળવેલ ભોજનસામગ્રી સાત્વિક આહાર છે, ઇન્દ્રિયોના સ્વાદને પાષનાર આહાર રાજસ છે, અશુદ્ધ તેમજ પરિણામે દુઃખ કરનાર આહાર તામસ છે. (૨૮) આત્માના વિવેકથી મળતું સુખ સાત્ત્વિક છે, વિષયસેવનથી મળતું સુખ રાજસ છે, મોહથી અને દીનપણાથી મળતું સુખ તામસ છે, પરંતુ મારી સેવા, મારું ધ્યાન અને મને નમસ્કાર વગેરેથી મળેલુ સુખ નિર્ગુણ સુખ છે. (૨૯) (૧) દ્રવ્ય (૨) દેશ (૩) ફલ (૪) કાલ (૫) જ્ઞાન (૬) કર્મ (૭) કર્તા (૮) શ્રદ્ધા (૯) અવસ્થા (૧૦) આકૃતિ-મનુષ્ય-દેવ-પશુપક્ષી વગેરે દેહાકૃતિ (૧૧) નિષ્ઠા આ સર્વ ત્રિગુણાત્મક પદાર્થો છે. (૩૦) ભાઈ ઉદ્ધવ ! પ્રકૃતિ-પુરુષના સંયોગથી ઉત્પન્ન થયેલ સર્વ પદાર્થો વિગુણવાળા છે. હે પુરુષવર્ય ઉદ્ધવ ! નજરે નિહાળેલા અને શ્રવણે સાંભળેલાં તેમજ મનથી વિચારેલા સર્વ પદાર્થો ગુણમય છે. (૩૧) ભાઈ ઉદ્ધવ ! અત્યારે પર્યન્ત જે ગુણ ત્રયાત્મક પદાર્થો વર્ણવ્યા છે તે સર્વ સંસારના કારણરૂપ છે. આ ત્રણ ગુણવાળા પદાર્થોને જીતવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે એ વાત હવે સમજાવીશ. ભાઈ ઉદ્ધવ ! તમે તો સૌમ્ય પુરુષ છો. દેવ-મનુષ્ય વગેરે યોનિઓ તો ત્રણે ગુણોના કાર્યરૂપ છે. આ ત્રણે ગુણો ચિત્તમાંથી ઉત્પન્ન થાય છે. આ ચિત્તને કેવલ મારી ભક્તિથી જ વશ કરી શકાય છે અને મારી ભક્તિથી મનને વશ કરનાર ભક્ત જ ગુણમય સંસાર ઉપર જય મેળવી શકે છે. (૩૨)

ગુણાસક્તિ બંધનનું કારણ છે અને ભક્તિ કલ્યાણનું સાધન છે

तस्माद् देहमिमं लब्ध्वा ज्ञानविज्ञानसभ्भवम् । गुणसगं विनिधूर्य मां भजन्तु विचक्षणाः ॥ ३३ ॥

गिसंगो मां भजेत् विद्वानप्रमत्तो जितेन्द्रियः । रजस्तमश्चाभिजयेत् सत्त्वसंसेवया मुनिः ॥ ३४ ॥

सत्त्वं चाभिजयेत् युक्तो नैरपेक्ष्येण शान्तधीः । सम्पद्यते गुणैर्मुक्तो जीवो जींव विहाय माम् ॥ ३५ ॥

ભગાવન શ્રીકૃષ્ણે શ્રી ઉદ્ધવજીને હિત ઉપદેશ કરતાં શ્રીમુખે વંચનામૃત વર્ષાવતાં કહ્યું કે ભાઈ ! ત્રણ ગુણોના કાર્યોમાં પ્રીતિ જ બંધનનું કારણ છે તેથી આટલું જ કરવા જેવું છે કે જ્ઞાનના પણ સંભવવાળા અને વિજ્ઞાનના પણ સંભવવાળા આ દુર્લભ માનવ દેહને મેળવીને વિચક્ષણો વિવેકી પુરુષો ગુણોના સંગને અને ગુણોની આસક્તિને વિવેક-ભક્તિથી સર્વથા દૂર કરીને મને જ ભજે, મારી જ સેવા કરે. આ ભજનાર વિદ્વાન્ જિતેન્દ્રિય સર્વથા સાવધ એવો મનનશીલ ભક્ત મુનિ સત્વગુણનું સેવન કરીને રજોગુણનો તેમજ તમોગુણનો પરાજય કરે. (૩૩,૩૪) પ્રત્યેક પદાર્થોની આશા ત્યજીને શાંતબુદ્ધિ બની, ઇન્દ્રિય વગેરે વશ કરનાર ભક્તિ યુક્ત જન સત્વગુણ ઉપર પણ જય મેળવે. આવી રીતે સત્વગુણ ઉપર જય મેળવનાર ત્રણે ગુણોથી મુક્ત થાય છે. લિંગ દેહને ત્યજી દે છે. જીવભાવ ત્યજી દે છે અને અનન્ય ભાવથી મને મેળવે છે. (૩૫) આ રીતે ભક્તિને પામેલ જીવ એટલે ભક્તજન જીવભાવથી મુક્ત બનેલો તેમજ ચિત્તમાંથી ઉત્પન્ન થયેલા ત્રણ ગુણો અને તેનાં કાર્યોથી મુક્ત થયેલ મને પરબ્રહ્મને પામીને પરમાનંદથી પરિપૂર્ણ બનેલો ન તો બહારના વિષયોને તે ભોગવે છે, ન તો અંદરના વિષયોને સ્મરે છે. કારણ કે તે જીવતાં જ જીવન્મુક્ત બન્યો છે. (૩૬)

जीवो जीवविनिर्भुक्तो गुणैश्चाशयसभ्भवैः भयैव ब्रह्मण्ण पूणो न बहिर्नान्तरश्चरेत् ॥ ३६ ॥

શ્રીમદ્ ભગવતપીયૂષમાં એકાદશ સ્કંધના જીવમુક્તિ પ્રકરણમાં સાયુજ્ય મુક્તિ પ્રકરણનો ૨૫ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૨૬ મો

(દુસંગ દુઃખનું મૂલ છે એ ગાથા આ અધ્યાયમાં "ઐલગીત" દ્વારા ગાવામાં આવે છે. આ અધ્યાયના ૩૫ શ્લોકો છે.)

श्रीभगवानुवाच-मल्लक्षणमिमं कायं लल्ध्वा मद्धर्म आस्थित आनन्दं परमोत्मानामात्मस्थं समुपैति माम् ॥ १ ॥

શ્રીકૃષ્ણ પ્રભુ બોલ્યા : ભાઈ ઉદ્ધવ ! મારું મન્તવ્ય મેં પૂર્વમાં કહ્યું કે સંગમુક્ત થઇ ભજન કરવું. કારણ કે મને મેળવવા માટે મળેલ આ અમૂલ્ય કાયા છે. આ દિવ્ય દેહને મેળવીને મારી સેવામાં મારી ભક્તિ નામના ધર્મમાં સારી રીતે રહીને પોતાના જ આત્મામાં રહેલા મને આનંદરૂપ પરમાત્માને સુખપૂર્વક મેળવી શકે છે. (૧) જ્ઞાનમાં સ્થિર મનોવૃત્તિ કરીને

ત્રણ ગુણવાળી આ જીવયોનિમાંથી મુક્ત થઇને માયાનાં ગુણ કાર્યો વાસ્તવિક વસ્તુઓ નથી, એમ જે સમજે છે, જુએ છે અને જાણે છે તેને સંસાર સતાવતો નથી. (૨) વિષયસુખના અનુરાગી અને ઉદરભર અસજ્જન-વિષાયી જનોનો સંગ ના કરવો. ભાઈ, અનેક દુષ્ટ જનોના સંગની વાત તો પડતી મૂકો પંરતુ એકાદ દુર્જનનો પણ સંગ થઇ જાય છે તો અંધજનની પાછળ જતો અંધજન ખાડામાં પડે છે તેમ દુ:સંગી નરકમાં પડે છે. (૩)

ઉર્વશીવર પુરુરવાની ગાથા

ભાઇ ઉદ્ધવ ! પૂર્વે યશસ્વી પુરુરવા નામના ચક્રવર્તી રાજા હતા. ઉર્વશીના વિયોગથી એકવાર પુરુરવા ઉર્વશીને કુરુક્ષેત્રમાં મળ્યા હતા. આ અવસરે ગન્ધર્વોએ એક અગ્નિસ્થાલી આપી હતી. આ અગ્નિદ્વારા રાજા પુરુરવાએ દેવોનું યજન કર્યું તેના પરિણામે રાજા પુરુરવા ઉર્વશીલોકમાં ગયા. પછીથી ઉર્વશીમાં વૈરાગ્ય આવ્યો અને રાજા પુરુરવાએ ગીત ગાયું જેને ઐલગીત કહેવામાં આવે છે. (૪)

ઉર્વશી જ્યારે પુરુરવાને પ્રથમ મળી ત્યારે શરત કરેલી કે રાજન્ ! આ મારાં અજ બાળકો આપને થાપણ તરીકે આપું છું તેને કોઇ ન લઇ જાય ત્યાં સુધી આપની સાથે રહીશ તેમજ રતિભોગ અવસર વિના આપને જ્યારે અવસ્ત્ર દશામાં જોઇશ ત્યારે આપને ત્યજીને ચાલી જઇશ, આ શરત પ્રમાણે સાથે રહેવા લાગ્યાં એક દિવસ ઈન્દ્રે તેના બે અજ શિશુને ગન્ધર્વો મારફતે ચોરાવ્યા, ત્યારે ઉર્વશી રાજા પુરુરવાને સુખશય્યામાં અવસ્ત્ર દશામાં ત્યજીને ત્વરિત ગતિથી ચાલતી થઇ. આ અવસરે રાજા પુરુરવા પણ વસ્ત્રવિનાની કાયાવાળા કાયર બની પાગલની માફક વિલાપ કરતા કરતા પાછળ પાછળ દોડતા બોલ્યાં : અરે ઉર્વશી ! અરે પ્રિયતમ ! ઊભી રહે, ઊભી રહે, આવી નિષ્ઠુર ન થા ! એમ બોલતા પુરુરવા પાછળ પાછળ ગયા. (૫) ભાઈ ઉદ્ધવ ! ઉર્વશીએ વશ કરેલ ચિત્તવાળા રાજા પુરુરવાના ઉર્વશી સાથે ક્ષુદ્ર ભોગો ભોગવતાં અનેક વર્ષ પર્યન્ત એક પછી એક એમ રાત્રીઓની રાત્રીઓ વિષય સેવતાં પણ તૃપ્તિ ના પામી. (૬)

પ્રથમ આઠ શ્લોકોમાં ઐલે ગાયેલ વૈરાગ્યગાથા

ઐલ એટલે મનુની કુમારી ઈલાના પુત્ર રાજા પુરુરવા, ૭ થી ૨૪ શ્લોકો પર્યન્ત અઢાર શ્લોકોમાં આત્મગાથા ગાય છે અને અંતે એક શ્લોકમા સાત્ત્વિક ભાવથી ત્યાગના નિર્ણય ઉપર આવે છે. ઐલરાજા બોલ્યા : અહો ! કામરોગના રોગી બનેલા વિકૃત ચિત્તવાળા મારા મોહવિસ્તાર ઉપર જરા નજર તો કરો ! સ્વર્ગની દેવાંગના ઉર્વશીના બાહુ બંધમાં બંધાયેલ કંઠવાળા મારા આયુષ્યનાં કેટલાંય અમૂલ્ય વર્ષો ખોઇ નાખ્યાં, જેનું મને ભાન સરખુંય ન રહ્યું. અરે ઉર્વશીએ વશ કરેલ ચિત્તવાળા વિષયલંપટ એવા મને એનો ખ્યાલ પણ ન રહ્યો કે ભગવાન સૂર્ય ક્યારે ઊગ્યા અને ક્યારે આથમ્યા. ખરેખર ખેદની વાત છે કે આવી દશામાં કેટલાંય વર્ષોના દિવસો વહી ગયા. (૮) અરે ક્યાં નૃપતિ ઓના માથનો મુકુટમણિ અને ચક્રવર્તી હું અને ક્યાં મારું આ લંપટ જીવન ! મેં મારી જાતને સ્ત્રીને સોંપી દીધી એટલું જ નહીં પણ હું તેના રમકડા જેવો બની ગયો. મારા મોહની ગાથા મારે શી રીતે ગાવી ? (૯) અઢળક ઐશ્ચર્યવાળા અને ચક્રવર્તી મને એક ઘાસના તરણાની માફક તરછોડી ઉર્વશી ચાલતી થઇ અને તેની પાછળ પાગલ બનેલો હું સમર્થ છતાં રુદન કરતો કરતો વિનાવસ્ત્રે ભાન વિનાનો, તેની પાછળ દોડી આવ્યો. (૧૦) ખરની માફક લાતો સહન કરતો પણ હું આ ઉર્વશીની પાછળ પાછળ દોડયા જ કર્યો. કયાં ગયો મારો પ્રભાવ ? ક્યાં રહ્યું મારું સામર્થ્ય ? કયાં રહ્યું તેજ અને કયાં રહ્યું મારું વિવેકજ્ઞાન ? શું વળ્યું મારી વિદ્યાથી ? શુ ફળ્યું મારા તપથી ત્યાગથી કે શાસ્ત્રોના અભ્યાસથી ? અરે જેણે એકાંત સેવ્યાં કે મૌન પાળ્યાં પરંતુ જો તેમના મન સ્ત્રીએ હરી લીધાં તો આ સર્વ સાધનો શ્રમરૂપ જ બન્યાં સર્વ વ્યર્થ ગયાં. (૧૧,૧૨) હરિસેવા નામના મારા સાચા હિતને ન સમજનાર છતાં જાતને પંડિતજ્ઞાની માનનાર તદ્દન મૂર્ખ મને ધિક્કાર હો ! સામર્થ્ય ધરાવનાર પણ મને ખરની માફક કે આખલાની માફક સ્ત્રીએ જીતી લીધો. આથી વધીને મારી તુચ્છતા થઇ બાકી રહી ? (૧૩) વર્ષો પર્યન્ત ઉર્વશીના અધરાસવનું પાન કરતાં અનેક વર્ષો વીત્યાં. હું ધરાયો નહીં,અગ્નિમાં જેમ ઘીની આહુતિ આપતાં અગ્નિ જેમ પ્રજળતો જ રહે વધતો જ રહે તેમ મારો કામ ઉત્તરોત્તર વધતો રહ્યો. (૧૪)

દશ શ્લોકોમાં પુરુરવાએ ગાયેલ વિવેકગાથા

પરિતાપ કરતા પુરુરવા બોલ્યા કે પુરુષને જોઇ ચરિત્રથી ચલિત થઇ પાછળ ભટકે છે તેને પુંશ્ચલી કહેવામા આવે છે આવી પુંશ્ચલીએ જો પુરુષનું ચિત્ત ચોરી લીધું તો કેવલ અધોક્ષજ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન તેમાથી બચી શકે અને ચિત્તને સ્વાધીન રાખી શકે. કારણ કે ભગવાન તો આત્મામાં સ્મરણ કરનાર છે, તેથી ભગવાન સમર્થ છે. ત્યાં સામાન્યનું સામર્થ્ય નથી ચાલતું. (૧૫) રાજા પુરુરવા આગળ વધતાં બોલ્યા કે મને ઉર્વશીએ-સજાગ કર્યો

पुरुरवो मा मृथा मा प्रतप्तो, मा त्वा वृकासो अशिवास उक्षन् । न वै स्त्रैणानि सख्यानि संति सालावृकाणां हृदयान्येताः ॥

વૈદિક સૂકતો દ્વારા આવ્યો કે ''મારી પાછળ મરણપામી મારા વિયોગનો પરિતાપ ન કરો, આ અપવિત્ર વરુઓ તમને ન ખઇ જાય તેનો ખ્યાલ કરો, કુલટાઓની મૈત્રી સ્થિર નથી હોતી આવાં સદ્‌બોધવાક્યો સાંભળ્યાં છતાં હું તો દુર્બુદ્ધિમાં ડૂબ્યો હતો, અજિતેન્દ્રિય હતો તેથી મારો મોહ તેમાંથી ગયો નહીં. (૧૬) રાજા પુરુરવા આગળ વધીને બોલ્યા કે આ પ્રસંગમાં ઉર્વશીનો શો અપરાધ ! ખરો અપરાધ તો મારો જ છે. રસ્તામાં પડેલા રજ્જુમાં સર્પનો ભ્રમ પેદા થયો અને ભય પેદા થયો તેમાં રજ્જુએ ભયભીત મનુષ્યનું કશું અનિષ્ટ નથી કર્યું પરંતુ મનુષ્યની પોતાની આ સર્પ છે એવી ભ્રાન્તિએ જ હાનિ કરી છે. મારે માટે પણ આ પ્રમાણે જ બન્યું છે. ઉર્વશીએ મારું કાંઇ અમંગલ નથી કર્યુ પરંતુ ઉર્વશીમાં રહેલી મારી આસક્તિએ અને મારા મોહે જ મારું અનિષ્ટ કર્યું છે. (૧૭) અરે દેહમાં સુગંધ કયાંથી હોય ? એ તો અપવિત્ર છે તેમજ દુર્વાસથી ભરેલો છે. આવા શરીરમાં ''સુમનસો'' નાં પુષ્પોની-પવિત્રતા-પરિમલ પેશલતા-પરોપકાર વગેરે ઉત્તમ સદ્‌ગુણો કયાં ? પરંતુ મારા અજ્ઞાને મારા મોહે મને નશ્વર કાયામાં નિત્ય એવા આત્મનિવાસી ગુણો બતાવ્યા. મારી આસક્તિએ આવું કર્યું તેમાં ઉર્વશીનો અપરાધ શો ? (૧૮)

કાયા પુણ્યની પરબ છે એના ઉપર અનેકનો અધિકાર

पित्रोः किं स्वं नु भार्यायाःस्वामिनोऽग्नेः श्वगृध्रयोः । किमात्मनः किं सुहृदामिति यो नावसीयते ॥ १९ ॥

આ દેહમાં માયાએ મમત્વ પેદા કર્યું પરંતુ એ તો પુણ્યની પરબ છે. એના ઉપર અનેકનો અધિકાર છે. સૌથી આ પ્રશ્ન છે કે આ દેહ કોનું ધન છે ? એના ઉપર કોનો અધિકાર છે ? (૧) માતા-પિતાએ જન્મ આપ્યો માટે માતા-પિતાનો દેહ ગણાય (૨) લગ્નવિધિથી સ્ત્રી સાથે જોડાયો માટે પત્નીનો અધિકાર મનાય. (૩) શેઠનો પગાર લઇએ છીએ માટે સ્વામીનો-માલિકનો પણ મનાય (૪) અંતે અગ્નિ આ દેહને સ્વીકારે છે અને પાપી છે કે પુણ્યશાળી છે એનો વિચાર નથી કરતા તો દેહ અગ્નિનારાયણનો પણ મનાય (૫) શ્વાનનો અધિકાર હશે કારણ કે જ્યારે અગ્નિ ન દેવાય અને જલમાં સમાધિ દેવાય કે જમીનમાં દટાય તો એ નિર્ણય કરવાને રહ્યો કે આ શ્વાનની માલિકીનો હશે ? (૬) અથવા ગીધનો હશે કારણ કે અનાથા દસામાં વનવગડે દેહ પડે ત્યારે ગીધડાં તેને ચૂંથે છે તો તેમનો (૭) અથવા તેમનો તો નથી ! કારણ કે પુણ્યાજર્ન કરવા માટે આ દેહ આત્માને આપ્યો છે માટે શું તેમનો તો નથી ? (૮) સુહૃદામ્ અથવા સગાં-સ્નેહી મિત્રજનના ઉપકારો નીચે લદાયેલ છે એ સર્વનો તો દેહ નહીં હોય તે માટે આ પ્રકારે અનેકનો ઋણી હોઇને દેહ કોઇ એકનો નથી પંરતુ સાર્વજનિક સંપત્તિ છે. અહો શું કેવીસુડોળ આકૃતિ છે, કેટલુ મનોહર મુખ અને મધુર હાસ્ય છે, કેવી નમણી નાસિકા છે આવ ઉપમાઓ આપીને આખરે તો નાશ થનારી તુચ્છ પારિણામવાળી અને અપવિત્ર કાયામાં જીવો કેમ આસક્ત થતા હશે ? (૨૦) અંતે વિચારતાં વિવેક એમ સમજાવે છે કે સ્ત્રી કે પુરુષ કોઇનો પણ આ દેહ ભલે હોય પરંતુ ચામડી માંસ, રુધિર, સ્નાયુ, મેદ, મજ્જા અને અસ્થિઓની રચેતા અને મળ-મૂત્રથી ભરેલા આ સ્ત્રી કે પુરુષના દેહમાં મોહમસ્ત બની ભોગવનારામાં અને મલમૂલમાં ખૂંપી રહેલા કીટમાં શું અન્તર રહ્યું ? (૨૧) તાત્પર્ય એ છે કે પ્રત્યેક વસ્તુના ગુણ અંને દોષ તેમજ સ઼ાર-અસારને જાણનારા વિવેકીજને સ્ત્રી સ્ત્રીજનમાં લંપટ થઇ જીવનારા સ્ત્રૈગ પુરુષોના સંગથી સદા દૂર રહેવું. કારણ કે વિષય અને ઇન્દ્રિયોના સંગથી સદા મનને જેવો ક્ષોભ થાય છે. અને જેવી હાનિ થાય છે તેવી નુકસાની અન્ય બીજા પણ પદાર્થથી થતી નથી માટે તેટલા પ્રમાણમાં કુલટા સ્ત્રી અને કુટલા સ્ત્રીલંપટ જનોથી દૂર રહેવું. (૨૨) જે વસ્તુનું શ્રવણ નથી કર્યું કે આંખે નિહાળી નથી તે વસ્તુમાં મન

નથી જતું. આવું સમજીને જો ઈન્દ્રિયોને તેના વિષયો ન આપવામાં આવે તો મન સ્વયં શાંત થઈ જશે. (૨૩) આ વાત અનુભવસિદ્ધ હોવાથી પુરુરવા બોલ્યા કે કલ્યાણ કામનાવાળા પુરુષોએ ઈન્દ્રિયોનાં સુખની લાલસા માટે પુંશ્ચલી કામિની નારીઓની અને પુંશ્ચલીમાં લંપટ પુરુષોના સંગથી દૂર રહેવું. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠા મનને વિવેકીજનો એ ષડ્વર્ગ કહ્યો છે આ છ વસ્તુ ઉપર આ દેહથી આત્મા તો અલગ છે એવું જ્ઞાન ધરાવ નારા જ્ઞાનીજનોના પણ કાબૂમાં નથી રહેતો તો પછી મારા જેવા વિષયરત મૂઢને તો વશ કેવી રીતે થવાનો છે આવું વિચારતા પુરુરાજાએ કહ્યું કે ઈન્દ્રિયો ઉપર વિશ્વાસ રાખવા કરતાં વિષયોથી દૂર રહેવામાં કલ્યાણ છે. (૨૪)

પુરુવા રાજાની ઉપરામવૃત્તિ

ભગવાને શ્રીકૃષ્ણે કહ્યુ કે ભાઈ ઉદ્ધવ ! અઢાર શ્લોકોમાં વૈરાગ્ય અને વિવેકવૃત્તિને કેળવતા ચક્રવર્તી તે રાજા પુરુરવા કામી લોકોએ સુખરૂપ માનેલા અપ્સરાઓના લોકને ત્યજી દઈને પોતાના જ હૃદયમાં બિરાજમાન પૂર્ણ પુરુષોત્તમનું દર્શન કરતાં દેહાસક્તિને ત્યજી દઈને સંસારસુખથી મનને પાછુ વાળી લીધું. (૨૫) ભાઈ ઉદ્ધવ ! મારે પણ એમ જ કહેવું છે કે દુઃસંગનો સર્વથા ત્યાગ કરીને વિવેકીજને સજ્જનોમાં સદા અનુરાગ સેવવો. સજ્જનો પોતાના મધુર વચનામૃતનાં પાન કરાવીને વિષયાસક્ત જનોના મનની વિષયાસક્તિને છેદી નાંખશે. (૨૬) ભાઈ ઉદ્ધવ ! સન્તોની વાત શી કરવી એ સન્તજનો તો (૧) अनपेक्ष કોઈ પણ વસ્તુની કામનાવાળા નથી (૨) मच्चिताः મારામાં મન પરોવીને રહેલા છે (૩) प्रशान्ताः અન્તઃકરણથી સર્વથા શાંત છે, (૪) समदर्शिनः સર્વમાં અને સર્વ ન ભગવાનને જોનારા છે (૫) निर्ममाः મમતાથી પર છે (૬) निरहंकाराः અહંકારરહિત છે. (૭) निर्द्वन्द्वेः સુખદુઃખ રાજા દ્વેષ-શોકમોહ વગેરે દ્વન્દ્વોથી દૂર છે (૮) निष्परिग्रहाः સંગ્રહ કરતા નથી (૯) महाभागेषु मत्कथाः હે મહાન્ ભાગ્યશાળી ભાઈ ઉદ્ધવ ! આ પરમ ભાગવત તાદૃશીજનોના મિલનમાં નિત્ય મારી કથાઓ ચાલ્યા કરે છે આ કથાઓ મનુષ્યનું હિત કરનારી છે. આ કથાઓનું પાન કરનારાઓનાં પાપોને ધોઈ નાખે છે. (૨૭,૨૮) અરે વહાલા ઉદ્ધવ ! વધું શું કહું ! શ્રદ્ધાપૂર્વક અમૃતમય હરિકથાઓનું અનુમોદન કરે, કથાઓનો આદર કરે તે ભક્તો મત્પરાયણ બની મારામાં શ્રદ્ધા ધરાવતા મારામાં ભક્તિને મેળવે છે. (૨૯) ભાઈ ! અનંતગુણોથી આનન્દ-અનુભવસ્વરૂપ-સચ્ચિદાનંદસ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ મારામાં ભક્તિને મેળવનારા સાધુશીલ ભક્ત- જનને પછી કાંઈ પણ મેળવવાનું બાકી નથી રહેતું. (૩૦) જુઓ ભાઈ ઉદ્ધવ ! ભગવાન સૂર્યનારાયણને અને શ્રી અગ્નિનારાયણ ભગવાનને સેવે તેની શીતલતા, ભય અને અંધકાર સ્વયં ચાલ્યાં જાય છે તેવી જ રીતે સંતજનને સેવનારાની ફલોની આસક્તિપૂર્વક કર્મજડતા, જન્મમરણરૂપ સંસારભય, અજ્ઞાન આપોઆપ ચાલ્યાં જાય છે. (૩૧) ભાઈ જલમાં ડૂબતા જનોને નાવની માફક આ ભયાનક ભવસાગરમાં ડૂબતા અને ઉચ્ચનીચ યોનિઓમાં જન્મતા સંસારીજનોને તરવા અને પાર ઊતરવા માટે શાંત બ્રહ્મવેત્તા સન્તજનો સુદૃઢ નાવ છે. (૩૨) ભાઈ ! સંતોનો મહિમા કયાં સુધી ગાવો ? પ્રાણીમાત્રને અન્ન જેમ પ્રાણ છે, પીડીતશરણાગત જનોનો જમે હું આશ્રય છું, અને પરલોકામાં જવા ચાહનારા જનોને માટે જેમ ધર્મ એક ઉત્તમ ધન છે તે જ રીતે સંસારથી ભયભીત થયેલા જનોને માટે સંતો પ્રાણ-જીવન છે, સંતો આશ્રય છે અને સંતો સ્વયં ધર્મ છે. (૩૩)

सन्तो दिशन्ति चक्षूंषि बहिरर्कः समुत्थितः । देवता बान्धवाः सन्तः सन्त आत्माहमेव च ॥ ३४ ॥

સંતોનું યશોગાન કરતા ગોવિન્દ અંતે બોલ્યા કે ભાઈ ઉદ્ધવ ! આકાશમાં ઉદય પામેલ ભગવાન સૂર્ય જનસમૂહને જેમ પોતાનું અને જગતના પદાર્થોનું દર્શન કરાવે છે તેવી જ રીતે કૃપાળુ સંતજનો જનસમૂહને પોતાને અને ભગવાનને જાણવા, ઓળખવા અને જોવા માટે અન્તર્દૃષ્ટિનાં દાન કરે છે સંતો તો કૃપામય દેવતા છે, સંતો હિતસાધક સુહૃદ છે. સંત પોતાના પ્રિયતમ આત્મા છે, અધિક શું વર્ણવું. સંતો તો મારું જ સ્વરૂપ છે. અરે સંતોને મારા સ્વરૂપે ઓળખાવવા એ પણ સંતોને માટે ઊણપવાળી ઉપમા છે. સંતો તો સંતો જ છે ? એમને કોઈની સાથે સરખાવાય જ નહિં. (૩૪) ભાઈ આ પુરુરવાનું નામ વૈતસેન છે એનો અર્થ થાય છે કે ઇલાના સ્વરૂપમાંથી જે 'સુદ્યુમ્ન' બન્યા હતા તે સુદ્યુમ્ન જ્યારે શ્રી અંબિકાવનમાં ગયા ત્યારે પાછા પોતાની સેના સાથે સ્ત્રી દેહને પામ્યા હતા તેથી वीतास्त्रीभाव प्राप्ता सेना पस्यस જે તેમનું નામ वीतसेन પડ્યુ હતું આ રીતે સ્ત્રી દેહને પામેલા સુદ્યુમ્નજીને ત્યાં ચન્દ્રપુત્ર બુધદેવ દ્વારા જે પુત્ર

જન્મ્યા તે વૈતસેન પુરુરવા રાજા થયા. ભાઈ શ્રી ઉદ્ધવ ! રાજા પુરુરવા આત્મસાક્ષાત્કાર પામતાં જ ઉર્વશીના અપ્સરા લોકની કામના સ્વયં ચાલી ગઇ ? રાજાની સર્વ આસક્તિઓ સમાપ્ત થઇ ગઇ, સ્વયં આત્મારામ બની ચૂક્યા અને મુક્તસંગ મહાપુરુષ આ મહી ઉપર વિચરવા લાગ્યા. (૩૫)

वैतसेनस्ततौप्येवमुर्वश्या लोकनिःस्पृ-हः । मुक्तसङ्गो महीमेतामात्मारामश्चचार ह ॥ ३५ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંધમાં સાયુજ્યમુક્તિ પ્રકરણમાં અધ્યાય ૨૬ મો સમાપ્ત

અધ્યાય - ૨૭ મો

(આ સત્તાવીશમાં અધ્યાયમાં ૫૫ શ્લોકો છે આ અધ્યાયમાં ક્રિયાયોગનું વર્ણન કર્યું છે આ ક્રિયાયોગ અંગો સહિત વર્ણવ્યો છે. આ ક્રિયાયોગ સર્વ કામનાઓની પૂર્તિનું સાધન છે. આ ક્રિયાયોગથી શીઘ્રમાં શીઘ્ર ચિત્ત પ્રસન્ન થાય છે.)

उद्वव उवाच- क्रियायोगं समाचक्ष्व भवदाराधनं प्रभो । यस्मात्त्वां ये यथार्चन्ति सात्वताः सात्वतर्षम ॥ १ ॥

ભક્ત ભગવાનને કઇ સામગ્રીથી પ્રસન્ન કરે, પ્રાપ્ત કરે એવું પૂછતી શ્રી ઉદ્ધવજીની પંચશ્લોકી

શ્રી ઉદ્ધવજીએ પૂછયું કે ભગવન્ ! હે ભક્તકુલપાલક પ્રભો ! પરમ ભગવદીય જનો આપને કેવી રીતે, કેવા ભાવે, કઇ સામગ્રીથી સેવે અને ભજે, કેવી રીતે આપની આરાધના કરે આ સંબંધનો જે ક્રિયાયોગ હો તે મને કૃપા કરીને બતાવો (૧) આપનું આરાધન શ્રેયસનું સાધન છે અને મનુષ્યોનું સર્વ પ્રકારે કલ્યાણ કરનાર છે એવું વારંવાર મહર્ષિવર્ય શ્રીનારદજી ભગવાન વ્યાસ, દેવોના આચાર્ય અને અંગિરા મુનિ પુત્ર શ્રી બૃહસ્પતિજી પણ કહે છે. (૨) નાથ ! આ વાતની રજૂઆત કેવલ મુનિવર્યોના મુખથી જ સાંભળી નથી પરંતુ આપશ્રીના શ્રીમુખથી બ્રહ્માજીએ સાંભળીને પુત્રો ભૃગુ વગેરે ઋષિઓને કહેલી છે. (૩) હે માનદ ભગવન્ ! આપના આરાધનના આ ક્રિયાયોગો, સર્વ વર્ણો, સર્વ આશ્રમો, અને સ્ત્રી-પુત્ર માત્રના શ્રેયસ માટે ઉત્તમ સાધન છે તેમજ સર્વસંમત માર્ગ પણ છે. આવી વાત બ્રહ્માદિ દેવો પણ કહે છે. (૪) હે કમલપત્ર સમાન કોમલનયન ! હું આપનો ભક્ત છું આપનો અનુરાગી છું, આપનો સેવક છુ, હે વિશ્વના નિયંતાઓના પણ નિયંતા શ્રીકૃષ્ણ આ ક્રિયાયોગ આપ મને કૃપા કરી કહો. (૫) ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! કર્મકાંડતો પાર વિનાનો અપાર સાગર છે તેથી તેનો કોઈ અન્ત જ નથી. માટે હું ક્રમાનુસાર સંક્ષેપમાં એનું વર્ણન કરીશ. (૬) પૂજાનો ક્રમ વૈદિક-તાંત્રિક અને વેદ-તન્ત્રમિશ્રિત એમ ત્રણ પ્રકારનો છે. આ ત્રણે માર્ગમાં પોતાને જે અભીષ્ટ માર્ગ હોય તે માર્ગે ભગવાનનું યજન કરવું. (૭) બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણેને ક્રમે કરીને આઠમે, અગીઆરમે અને બારમે વર્ષે ઉપનયન સંસ્કાર કરવામાં આવે છે તેને દ્વિજ કહવામાં આવે છે. આ દ્વિજ બનેલ અધિકારી આત્મશ્રદ્ધાપૂર્વક મારું અર્ચન કરે એ વસ્તુ હું વર્ણવીશ એ વાત સાંભળો. (૮) ભાઈ ઉદ્ધવ ! ભગવાનના કયા સ્વરૂપમાં, કઇ વસ્તુમાં અર્ચા કરવી તે સમજાવીશ જે વસ્તુમાં ભગવાનની અર્ચા કરીએ તે વસ્તુને અધિષ્ઠાન કહેવામાં આવે છે. (૧) ભગવાનના અર્ચા વિગ્રહમાં-પ્રતિમામાં (૨) ભૂમિમાં (૩) અગ્નિમાં (૪) સૂર્યમાં (૫) જલમાં (૬) હૃદયમાં (૭) બ્રાહ્મણમાં આ પદાર્થોમાં અર્ચન કરવામાં આવે છે. અર્ચન કરનારો ભક્ત કપટ ત્યજીને ફલની લાલસાને બાજુ ઉપર મૂકીને ભકિતમય હૃદયથી મને ગુરુ માનીને મારું અર્ચન કરે. (૯) પ્રાતઃકાલમાં મલમૂત્રથી શુદ્ધ બની, દાતણ કરી વૈદિક-તાંત્રિક મંત્રોથી ગોબર-ગોમૂત્રગોરજ વગેરે દ્રવ્યોથી સેવામાં ઉપયાગી શરીર બને માટે અંગશુદ્ધિ કરવી. (૧૦) ભગવાન વેદે જેને જેવા અધિકારને અનુસરીને સંધ્યાઉપાસના વગેરે કર્મો કરવાનું વિધાન કર્યું હોય તે તે નિત્યકર્મો કરીને સંકલ્પ કરીને પવિત્ર થઈને કર્મબંધનમાંથી મુક્ત કરાવનારી મારી પૂજા કરવા માટે પોતાને માટે નક્કી થયેલા કોઈ પણ કર્મનો ત્યાગ ન કરવો. (૧૧)

ભગવાનની આઠ પ્રકારની પ્રતિમા

ભગવાનની પ્રતિમા આઠ પ્રકારની બને છે તેમાં સૌથી પ્રથમ (૧) શિલામયી (૨) સુવર્ણમયી (૩) કાષ્ઠમયી (૪) ચિત્રમયી (૫) ભીંત ઉપર માટીથી બનાવેલી (૬) રેતીની બનાવેલી (૭) મનોમય (૮) મણિમયી એવી આઠ પ્રકારની પ્રતિમા છે. (૧૨) આ પ્રતિમા ચલ અને અચલ એવા બે પ્રકારની છે. આઠ પ્રકારની પ્રતિમામાં 'મનોમયી' પ્રતિમાનું

મંદિર તો માનવ હૃદય જ માન્યું છે. આ પ્રતિમામાંની અચલ પ્રતિમામાં ઉદ્વાસન અને આવાહન કરવાનું નથી હોતું. હવે જે ચલ પ્રતિમા માની છે તેમાં આવાહન અને વિસર્જન વિધિ કરવો અને ન કરવો એવી બે વાતો છે. એ તે પૂજા કરનાર અને પ્રસંગ ઉપર આધાર રાખે છે. તેમાં પણ વાલુકાની પ્રતિમા જ્યાં હોય ત્યાં આહ્‌વાહન અને વિસર્જન કરવાનાં હોય છે. ચિત્રની પ્રતિમાને સ્નાન કરાવાનું નથી હોતું પરંતુ અન્ય સ્વરૂપોને સ્નાન કરાવવાનો વિધિ હોય છે. જ્યારે ચિત્રમયી પ્રતિમાને માર્જન કરવાનું હોય છે. પૂજાની જે આસન, પાદ્ય, ગંધ, અર્ઘ્ય, ધૂપદીપ, પુષ્પ વગેરે પ્રસિદ્ધ સામગ્રીઓ છે તે પદાર્થોથી પ્રતિમાઓનાં અર્ચન કરવાં પરંતુ નિષ્કામ ભક્તે તો જે જે સામગ્રી મળે તેનાથી પૂજન કરવું અને ન મળે ત્યારે કેવલ અનન્ય ભાવથી અર્ચન કરવું ભાઇ ઉદ્ધવ ! સ્નાન, પંચામૃત, શૃંગાર વગેરે દ્વારા થતી પૂજા તો શિલાવિગ્રહ વગેરેની પ્રતિમામાં કરવાનાં હોય છે. જ્યારે મૃત્તિકાની વેદી બનાવી હોય છે તેમાં તો મંત્રો દ્વારા અંગભૂત દેવોની પ્રધાન દેવોની સાથે ન્યાસવિધિથી સ્થાપના કરવાની હોય છે. જ્યારે અગ્નિનારાયણમાં ઘીવાળી સમિધિથી હોમ કરવાનો હોય છે, સૂર્યનું અર્ચન સૂર્યોપસ્થાન અને સૂર્યભગવાનને અર્ઘ આપવાથી થાય છે જલનું પૂજન જલથી, પુષ્પથી, ગંધથી અને તર્પણાદિથી થાય તે મારું જ અર્ચન થાય છે. ભાઇ ઉદ્ધવ ! મારો ભક્ત મને શ્રદ્ધાપૂર્વક કેવલ જલ અર્પણ કરે તો પણ હું અત્યંત પ્રેમથી તેનો સ્વીકાર કરું છું. ભક્તિ વિનાના કોઇપણ અર્ચન કરનારે મને અઢળક આપ્યુ હોય તો પણ મને રીઝવી શકેશે નહીં પરંતુ ભક્તિપૂર્વક કેવલ જલ-તુલસીદલ-ગંધ-ધૂપ-પુષ્પ-દીપ-અન્ન વગેરે કાંઇ પણ આપ્યું હોય તો પણ હું પ્રેમથી સ્વીકારું છું. (૧૮)

અર્ચન કરનાર ભક્તે પ્રથમ સ્નાન વગેરે વિધિથી પવિત્ર થઇ સેવાની સામગ્રીનો સગ્રહ કરવો પુનઃદર્ભના બનાવેલા આસન ઉપર પૂર્વાભિમુખ બેસવું અને ભગવાનના સ્વરૂપને સન્મુખ પધરાવીને અર્ચન કરવું. (૧૯) પ્રથમ અર્ચન કરનાર ભક્તે પોતાના અંગમાં ન્યાસ કરી દેહમાં દેવતત્વનું સ્થાપન કરી પુનઃદેવવિગ્રહને અંગુલીઓથી સ્પર્શ કરી તે તે અંગોમાં અશન્યાસ કરવા, પૂજન-જલકલશમાં વરુણનાં પૂજન કરવાં અને પ્રોક્ષણપાત્રનો ચંદન-પુષ્પથી સંસ્કાર કરવો. (૨૦) પુનઃ કલશના પવિત્ર કરેવા જલથી દેવોનું અર્ચન કરવુ તેમજ કલશના પવિત્ર જલથી પૂજાની સામગ્રીનું પ્રોક્ષણ કરવું અને પોતાના દેહને પ્રોક્ષણ કરી પવિત્ર બનાવવો. આ વિધિ પૂર્ણ કર્યા પછી પાદ્ય- પાત્રમાં દૂર્વા, સામો, કમલ ચન્દન, તુલસીદલ અને વરાહપદરજ પધરાવવાં, અર્ઘપાત્રમાં ગન્ધ-પુષ્પ-અક્ષત્-જવ-કુશ-તલ-સરષવ અને દૂર્વા પધરવવાં. ત્યાર પછીથી આચમનીય પાત્રમાં જાયફલ-લવિંગ-જાવંત્રી-કંકોલ-પધરાવવાં આ પ્રકારે પાદ્ય-અર્ઘ-આચમનીય એવાં ત્રણ પાંત્રો તૈયાર કરવાં. (૨૧) આમ ત્રણ પાત્રો તૈયાર કર્યા બાદ ક્રમથઈ હૃધ્યાય નમઃ શિખાયૈ નમઃ મંત્રથી પાદ્યપાત્રનું અભિમત્રણ કરવું. એ મંત્રથી અર્ઘપાત્રનું અભિમત્રણ કરવું. અને શીર્ષ્ણે નમઃ એ મંત્રથી આચમનીય પાત્રનું અભિમંત્રણ કરવું. પુનઃ ગાયત્રી મંત્રથી ત્રણે પાત્રોનું અભિમંત્રણ કરવું. (૨૨) ત્યાર બાદ પૂરક-કુંભક-રેચક નામના ત્રણ પ્રકારના પ્રાણાયામથી પ્રાણવાયુને શુદ્ધ કરીને કોષ્ઠગત વાયુથી દેહનું શોષણ કરીને આધરચક્રના અગ્નિ દ્વારા દેહનો દાહ કરવો, પુનઃ લલાટમાં રહેલા ચન્દ્રના અમૃતથી દેહને ભીંજવીને દેહના હૃદયકમળમાં રહેલી નારાયણ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. સમર્થ મહર્ષિઓ અને સિદ્ધ લોકો ૐકારની અકાર, ઉકાર, મકાર, બિન્દુ અને નાદ આ પાંચ કલાઓને અંન્તે આ દિવ્ય ભગવન્મૂર્તિનું ધ્યાન કરે છે. (૨૩) જીવ જેની કલા છે એવું ભગવાનનું આ દિવ્ય સ્વરૂપ હૃદયમાં બિરાજે ત્યારે આ સ્વરૂપની માનસોપચારથી સેવા કરવી. આ સ્વરૂપમાં જ આવાહન વગેરે કરી, અગન્યાસ કરી, મારું અર્ચન કરવું. (૨૪)

હૃદયમાં બિરાજેલા ભગવાનનું સિંહાસન

ભાઇ ઉદ્ધવ ! હવે ભગવત્સ્વરૂપની માનસોપચારથી સેવા કરીએ છીએ તે ભગવાનને દિવ્ય ,સિંહાસનની પણ માંનસ ભાવથી રચના કરવી. આ આસનમાં ધર્મના ચાર અને અધર્મના ચાર ગુણોથી અને વિમલા વગેરે નવ શક્તિઓથી મારા આસનની રચના કરવી. આ આસન એટલે એક દિવ્ય પીઠ છે. એક દિવ્ય બાજઠ છે. આ પીઠના અગ્નિ-નૈર્ઋત્ય-વાયવ્ય, ઈશાન નામના ચાર દિશાના ચાર ખૂણાઓના ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ઐશ્વર્ય નામના ચાર સુદઢ પાયા છે. અધર્મ-અજ્ઞાન-અવૈરાગ્ય-અનૈશ્વર્ય આ ચાર પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ ઉત્તર દિશામાં ચાર પાયાને જોડનાર પીઠના ચાર દંડાઓ છે.

આ પીઠની સત્ત્વ-રજસ તમસ ત્રણ ગુણોનાં બનેલા ત્રણ પાટિયાં છે જે પીઠનો ઉપર ભાગ છે આ પીઠ ભાગ ઉપર એક ''અષ્ટદલ-આઠ પાંખડીવાળું કમલ છે.આ કમળની કર્ણિકા પુષ્કળ પ્રકાશવાળી છે. આ કમળના કેશરોની પીતવર્ણી કાન્તિ તો કોઈ અનોખી જ ભાત પાડે છે. આ પીઠ ઉપર (૧) વિમલા (૨) ઉત્કર્ષિણી (૩) જ્ઞાતા (૪) ક્રિય (૫) યોગા (૬) પહ્વી (૭) સત્યા (૮) ઈશાન (૯) અનુગ્રહા નામની નવ શક્તિઓ બિરાજમાન છે. ભગવાનને બિરાજવા માટે મનોભાવથી આવી દિવ્ય પીઠની રચના કર્યા બાદ સેવા માટે આવશ્યક પાદ્ય અર્ધ્ય અને આચમનીય જલ, ફલ, ફૂલ વગેરે સામગ્રી પણ પ્રથમથી સજાવી લેવી, આ પ્રમાણે સર્વ તૈયારી થઈ જાય ત્યાર બાદ ભોગ અને મોક્ષની સિદ્ધિ માટે વૈદિક તાંત્રિક વિધિથી ભગવાનનાં અર્ચન કરવાં ૨૫,૨૬ ભગવાનનું અર્ચન કરતી વેળા અષ્ટાદિશાઓમાં (૧) સુદર્શન ચક્ર (૨) પાંચજન્ય શંખ (૨) કૌમોદકી ગદા (૪) ખડ્ગ (૫) બાણ (૬) ધનુષ્ય (૭) હળ (૮) મૂશળ આ અષ્ટ આયુધોનું અર્ચન કરવું. પુનઃ ભગવાનના કંઠમાં કૌસ્તુભ મણિ, વક્ષઃસ્થળમાં વૈજયન્તીમાલા તેમજ હૃદયપ્રદેશે વસેલ શ્રીવત્સચિહ્નનું યથાયોગ્ય રીતે પૂજન કરવું. ૨૭ ઉપરાંત (૧) નન્દ (૨) સુનન્દ (૩) ગરુડ (૪) બલ (૫) મહાબલ (૬) ચંડ (૭) પ્રચંડ (૮) કુમુદકુમુદેક્ષણ નામના અષ્ટપાર્ષદોની અષ્ટ દિશાઓમાં સ્થાપના કરવી. શ્રીગરુડજીની સામે દુર્ગા-વિનાયક વ્યાસ અને વિષ્વ કૂ સેનની સ્થાપના કરી પૂજન કરવાં. દેવના વામભાગે ગુરુનું સ્થાપન કરવું ત્યાર બાદ પૂર્વ આદિ દિશાઓના ક્રમાનુ- સાર ઈન્દ્ર-અગ્નિ-યમ-નૈર્ઋત્ય-વરુણ-વાયુ-કુબેર-ઈશાન નામના આઠ દિકપાલોની સ્થાપના કરવી આ સ્થાપિત દેવોની આવાહન, આસન, પ્રતિષ્ઠામન પ્રોક્ષણ, અર્ધ્ય, આચમન વગેરે પ્રકારથી પૂજન કરવાં (૨૫,૩૦)

વૈભવાનુસાર પૂજન

स्वर्णधर्मानुवाकेन महापुरुषविद्यया । पौरेषेणापि सूक्तेन सामभी रजनादिभिः

ભગવાનના સ્નાન-અભિષેક જલમાં ચંદન, કર્પૂર કેશર, કુમકુમ, ગોરોચન વગેરે સુવાસિત દ્રવ્યો પધરાવવાં પુનઃ આવા દિવ્ય જલથી સ્નાન-અભિષેકના મંત્રના ઉચ્ચાર સાથે સ્નાન કરાવવું. ભગવાને આપેલ વૈભવ પ્રમાણે પૂજન કરવું. (૩૧) ભગવાનને સ્નાન કરાવતાં ''स्वर्णधर्मपरिवेदनम्'' આ નામનું સ્વર્ણધર્માનુવાક્ નામનું વૈદિક સૂકત છે. આ સૂક્તનો અર્થ થાય છે કે આપને સુવર્ણ જેવા જલથી સ્નાન કરાવીએ છીએ તેથી આપનો પરસેવો દૂર થશે. આ સ્વર્ણ ધર્માનુવાક્ નામના સૂકતથી તેમજ નારદ પાચરાંત્રમાં દર્શાવેલા પાંચ અધ્યાયોમાં जितं ते पुण्डरी काक्षं નામના સ્તોત્રથી મહાપુરુષ વિદ્યાથી તેમજ सहस्त्रशीर्षापुरुषः નામના સૂકતથી તેમજ इन्द्रं नरो मे मधिता हवन्ति આ મંત્રનો અર્થ એવો છે કે ભગવાનને ઉદ્દેશીને હોમ કરવો આ रजनादि મત્રો સામવેદનાં સૂકતો છે. આ સમસ્ત સૂકતો સ્તોત્રો અને મંત્રો ભણવા અને વિધિપૂર્વક અભિષેચન પૂજન કરવું. (૩૨) ભક્તે ભગવત્સ્વરૂપની સેવા કરતાં પાદ્ય-અર્ધ્ય-આચમન-ગંધ-પુષ્પ-અક્ષત-ધૂપ-દીપ- અને શ્રીચરણોમાં ભેટ અત્યંત શ્રદ્ધાપૂર્વક સમર્પણ કરવાં જોઈએ. (૩૩) સેવા કર્યા પછી જ્યારે ભોગસામગ્રીનો અવસર આવે ત્યારે ગોળ-ઘીની બનાવેલી સામગ્રી-દૂધપાક માલપૂવા-લાડુ-સંયાવ-જવની ખીર-દહીં-દાળ-વગેરે સામગ્રી ભગવાનને ભાવપૂર્વક આરોગાવવી. (૩૪) ભગવાનને તેલ સુગંધીદ્રવ્ય, ઉબટણો, દર્પણ, દર્શન, દંતધાવન, અભિષેક, ભોગસામગ્રી વગેરે પર્વના અવસરે ધરવાં અને જો ભાવ ઉત્તમ હોય તો પ્રતિદિન સમર્પણ કરવાં અને ભગવત્સેવા કરવી. હૃદયના ઉલ્લાસથી નૃત્યુ-ગીત વગેરે પર્વ ઉપર તો કરવાં જ પરંતુ પ્રતિદિન કરવાં. (૩૫) ફલાભિલાષા ધરાવનારા ભક્તને અધિક ફલ મેળવવાની જો કામના હોય તો અગ્નિમાં ભગવાનની આરાધના કરવી. આ યજ્ઞકુંડ અને યજ્ઞવેદી શાસ્ત્રની દર્શાવેલી વિધિ પ્રમાણે કરવાં આ યજ્ઞવેદી બે પ્રકારની બને છે. ભૂમિમાં ગર્ત-ખાડો કરી અને ભૂમિના ઉપરના ભાગમાં ત્રણ મેખલાઓ કરવી. આ પ્રકારનો યજ્ઞકુંડ થયો. બીજો ગર્ત ન કરતાં જમીન ઉપરથી પણ મેખલા યુક્ત કુંડની રચના કરાય છે. કુંડ ન કરો અને કેવલ ચતુરસ્ર વેદી કરો તો પણ ચાલે. આ યજ્ઞકુંડમાં અગ્નિનારાયણનું સ્થાપન કરવું. આ અગ્નિની જવાલા હાથના પવનથી પ્રકટ કરી પરિસમૂહન કરવું. આ કુંડરચના માટે विस्तारोच्छ्रायतस्तिस्त्रो मेखलाश्चतुरङ्गलाः । हस्तमात्रो भवेद्गर्तः सयोनिर्वेदिका તથા ॥ આ શ્લોકમાં વિધિ બતાવ્યો છે. (૩૬) આ યજ્ઞ-કુંડની કે યજ્ઞવેદીની ચારે બાંજુ દર્ભથી પરિસ્તરણ કરવું.

પરિસ્તરણ એટલે ચારે બાજુ દર્ભને બિછાવવા અને હોમનાં સામગ્રીપાત્રો વગેરે યજમાનના આસનની ઉત્તર દિશા તરફ સ્થાપવાં. આ વિધિને કર્મકાંડની ભાષામાં કુશકંડિકા કહેવામાં આવે છે. આ વિધિ અનુસાર કુંડની ચારે બાજુ દર્ભથી પરસ્તરણ કરી-દર્ભ બિછાવી પ્રોક્ષણ કરવું. પ્રોક્ષણવિધિ થયા પછી "અન્વાધાન" સંકલ્પ કરવો. અન્વાધાન એટલે આવાહિત સ્થાપિત કરેલ અગ્નિમાં અમુક અમુક દેવોને ઉદ્દશી તે તે દેવો માટે દર્શાવેલાં દ્રવ્યોથી નક્કી કરેલી સંખ્યા પ્રમાણે હોમ કરીશ એવી પ્રતિજ્ઞાપૂર્વક સંકલ્પ કરવાની ક્રિયાને અન્વાધાન કહેવામાં આવે છે. આ હોમ કરતાં પહેલાં અગ્નિદેવતાને પ્રજ્વલિત કરવા વ્યાહૃતિ મંત્રોના ઉચ્ચારપૂર્વક સમિધોનો અગ્નિમાં પ્રક્ષેપ કરવો એટલે સમિધો અગ્નિમાં પધરાવવી. આ વિધિ કરીને યજ્ઞકુંડની ઉત્તર દિશાના ભાગમાં પાત્રાસાદન કરવું. આ પાત્રાસાદન એટલે હોમની સામગ્રી અને હોમમાં ઉપયોગી એવી આજ્યસ્થાલી વગેરે પાત્રોને પધરાવવાની ક્રિયા પાત્રાસાદન છે. આ પાત્રાસાદન કર્યા બાદ પ્રોક્ષણીય પાત્રના જલથી દ્રવ્ય-પાત્રાદિ સાધનસામાગ્રી ઉપર પ્રોક્ષણ કરવું. અને અગ્નિમાં ભગવાનનું ધ્યાન કરવું. (૩૭)

तप्तजाम्बूनदप्रख्यं शंखचक्रगदाम्बुजैः । लसच्चतुर्भुजं शान्तं पद्मकिं जल्कवाससम् ॥ ३८ ॥
स्फुरत्क्रिीटकटककटिसूत्रवराङ्गदम् । श्रीबत्सवक्षसं भ्राजत्कौस्तुभं वनमालिनम् ॥ ३९ ॥

ભાઈ ઉદ્ધવ ! ભગવાનનાં સ્વરૂપનું ધ્યાન કરવાનું છે તે સ્વરૂપનું વર્ણન કરું છું. માટે એકાગ્ર મન રાખી સાંભળજો. (૧) જંબુ નામની નદીમાં ઉત્પન્ન થયેલા સુવર્ણને જાંબૂનદ કહેવામાં આવે છે. આ જાંબૂનદ સુવર્ણ જેવી કાન્તિવાલા, (૨) શંખ-ચક્ર-ગદા-કમલથી શોભતા ચાર ભુજાવાળા, (૩) કમલના કોમલ બિસતંતુ જેવા પીતવર્ણા પીતાંબર ધારણ કરેલા (૪) શાંતસ્વરૂપ, (૫) જવાજલ્યમાન કાન્તિમય મુકુટને ધારણ કરેલા કરકમલમાં ચળકતા કંકણવાળા (૬) કટિપ્રદેશે તેજોમય મેખલાથી પ્રકાશતા, (૭) દિવ્ય બાજુબંધથી વિભૂષિત (૮) વક્ષઃસ્થળમાં શ્રીવત્સ ચિહ્નથી સુશોભિત (૯) કંઠમાં કૌસ્તુભ મણિથી શોભાયમાન, (૧૦) વનમાલાવિભૂષિત એવા ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું. પુનઃ ઘીમાં બોળેલ તદ્દન સૂકી સમિધાઓ * અગ્નિમાં પધરાવવી અને યજ્ઞકુંડમાં ચારે તરફ ઘીની ધારા કરવી તેમજ હવિષ્યને ઘીમાં બોળી આહુતિ આપવી. આ હોમને "આઘારાહુતિ" કહેવામાં આવે છે. આઘાર હોમમાં ચાર આહુતિઓ આપવાની હોય છે. યાજ્ઞિકો આ આહુતિઓના પ્રકારમાં પ્રથમ બે આહુતિઓને આઘારાહુતિં કહે છે અને ચોથી આહુતિઓને યજ્ઞનારાયનાં નેત્રો કલ્પવાથી નેત્રના આકાર જેવી આજ્યાહુતિઓ કહે છે. આઘાર આહુતિનો પ્રકાર એવો છે કે આજ્યસ્થાલીમાંથી સ્રુવ-સરવો ભરીને ઘી લેવું અને ॐ प्रजापतये स्वाहा इदं प्रजापतये न मम એવો મંત્ર બોલી યજ્ઞકુંડ અથવા તો સ્થંડિલના નૈર્ઋત્ય કોણ થી અખંડ ફરતી ધારા શરૂ કરી ઈશાન કોણ સુધી જ ફેરવી ધારા પૂર્ણ કરવી, અને સ્રુવમાં રહેલ ઘી પ્રોક્ષણી પાત્રમાં નીતરવા દેવું એને ત્યાગ કહેવામાં આવે છે. ત્યાર પછીથી બીજી આહુતિમાં પણ આજ્યસ્થાલીમાંથી સ્રુવો ભરી ઘીॐ इन्द्राय स्वाहा इदं इन्द्राय न मम લઈ એ મંત્ર બોલી સ્થંડિલ અથવા કુંડના વાયવ્ય કોણથી આરંભી ફરતી ધારા શરૂ કરી અગ્નિકોણ સુધી આવી ધારા પૂર્ણ કરવી અને પ્રોક્ષણીપાત્રમાં ત્યાગ આપવો. આ બે આહુતિ આપ્યા પછી ત્રીજી આહુતિ માટે આજ્યસ્થાલીમાંથી સ્રુવામાં ઘી લઈ ॐ स्वाहाइदंअग्नये न मम મંત્ર બોલી પશ્ચિમ ભણી મધ્યમાં આહુતિ આપવી. પુનઃ ચોથી આહુતિ આપવા આજ્યસ્થાલીમાંથી ઘી લઈॐ सोमाय स्वाहा इदं सोमाय न मम મંત્ર બોલી પૂર્વ તરફ મધ્યમાં આહુતિ આપવી. આહુતિ આપવાના હવિષને ઘીમાં બોળીને ત્રીજી અને ચોથી આહુતિ આપવી એવું પણ મંતવ્ય છે. (૩૯,૪૦) આ હોમ આપ્યા પછીથી મૂલ મંત્રથી અને પુરુષસૂકતના સોળ મંત્રોથી હોમના દ્રવ્યનો વિભાગ કરી મંત્રના અંતે સ્વાહા બોલી હોમ કરવો. નામ મંત્રો પણ

---

* સમિધોનાંવૃક્ષોઃ-पलाशाश्वत्थ-न्यग्रीधप्लक्षककंकलोद्भवाः । वैतसौदुम्बरौ विल्वश्चन्दन सरलसस्तथा ॥ शालश्च देवदारुश्च खदिरश्चेति पाक्षिकाः । इर्त ब्राह्मपुराणम् । विशीर्णा विरजा ह्रस्वा वक्राः सुषुषिकराः कृशाः । दीर्धाः स्थूला धुणै-र्जुष्टाः कर्मसिद्धिविनाशकाः ॥ प्रागग्राः समिधो देयास्ताश्च काम्येष्वपाटिताः । शान्तत्यर्थेषु सबल्कार्द्रा विपरीता जिघांसया ॥ नांगुष्ठादधिका कार्या समित्स्थूलतया क्वचित् । प्रादेशान्नाधिका न्युना न तथा स्याद्धिशाखिका । न सपर्णा न निर्वीर्या होमेषु च विजानता ॥

ॐधर्माय स्वाहा अन्त मांस्वाहा બોલીને હોમ આપવોधर्माय स्वाहाથી આરંભી विमलायै स्वाहा સુધીનો હોમ કરવો. આ હોમ થયા પછી કર્મવિધિના જાણકારે स्विष्टकृत् હોમ કરવો. જે હોમ સર્વ પ્રકારનાં ઈષ્ટને સિદ્ધ કરે છે. (૪૧) અગ્નિમાં બિરાજમાન ભગવાનની ઉપર દર્શાવ્યા પ્રમાણે આરાધના કરી નંદ, સુનંદ વગેરે પાર્ષદોને ઉદ્દેશીને દિશાઓમાં બલિ આપવો. આ વિધિ પૂર્ણ કરીને પછી શ્રી પરબ્રહ્મ નારાયણ ભગવાનનું ધ્યાન કરી અષ્ટાક્ષર મંત્રનો શક્તિ અનુસાર જપ કરવો. (૪૨) અગ્નિમાં બિરાજતા અને બહાર રહેલા ભગવાનને આરોગાવવાની ભાવના કરવી અને ભોજનના અંતે ભગવાનને આચમન કરાવવું. પ્રભુને આરોગતાં જે અવશિષ્ટ રહ્યું હોય તે ભગવાનના વિષ્વક્સેન નામના પાર્ષદને આપવું. ભગવાનની આરોગવાની વિધિ પૂર્ણ થાય એટલે મુખવાસ માટે સુવાસિત તાંબૂલ આપવું. અંતે પુષ્પાંજલિ કરતાં સ્તુતિ કરવી. (૪૩) પુનઃ ભગવાનની સામે મધુર કંઠથી ગાન કરવું. નૃત્ય કરવું, ભગવાનની લીલાઓનું કીર્તન કરવું, નામ-સંકીર્તન કરવું. ભગવાનની લીલાઓનો અભિયન કરવો સર્વથામન સ્થિર કરી અનન્ય ભાવથી આ સર્વ કાર્ય કરવું અને મારી મધુર કથા સાંભળવી. (૪૪) ભાઈ ઉદ્ધવ ! નૃત્યગીત આદિથી ભગવાનને પ્રસન્ન કરી પુરાણોમાં ગાયેલાં વેદમાં ગાયેલાં, લોકમાં ગાયેલા પ્રાકૃત અને વૈદિક અને સંસ્કૃત નાનામોટા સ્તોત્રોથી ભગવાનની સ્તુતિ કરવી અને ભગવાનને વિનવવું કે કૃપાનાથ ! આપ પ્રસન્ન થાઓ એવું દૈન્યભાવે વિનવતાં દંડવત્ પ્રણામ કરવા. (૪૫)

क्षमापनम्

ભાઈ ઉદ્ધવ ! शिरो मत्पादयोः कृत्वा बाहुभ्याञ्च परस्परम् । प्रपन्नं पाहि मामीश भीतं मृत्युग्रहार्णवात् ॥ ઉપરની સેવા-પ્રક્રિયા પૂર્ણ કરી ‘ક્ષમાપન’ કરવું. આ અવસરે ભક્તે પોતાનું મસ્તક ભગવાનના ચરણોમાં પધરાવી બન્ને હાથની અંજલિ બાંધી પ્રભુપાદકમલનો સ્પર્શ કરી નાથને નિવેદન કરવું કે કૃપાનાથ ! મૃત્યુ નામના મહાન મગરવાલા સંસારસમુદ્રથી ભયભીત થયેલાં, આપને શરણે આવેલા નિજદાસને પાર ઉતારો. (૪૬) આટલું બોલતાં જાણે-ઠાકોરજી કૃપા કરીને પોતાની પુણ્યપ્રસાદી ભક્તને આપી રહ્યા છે એવી નિષ્ઠાપૂર્વક આદર સાથે મારા ચરણમાંથી ‘‘શેષ’’ લઈ મસ્તકે ધરવી. પછી ભગવાનને વિદાય આપતા હોઈએ તો ભગવદ્‌વિગ્રહમાં રહેલી ભગવાનની જ્યોતિને પોતાનાં હૃદયકમલમાં વસેલી જ્યોતિ સાથે એક કરતા હોઈએ તે રીતે પધરાવવી. (૪૭) ભાઈ ઉદ્ધવ, આગળ નવમાં શ્લોકમાં ભગવાનના આરાધન કરવાનાં મૂર્તિ, ભૂમિ, જલ, અગ્નિ વગેરે જે જે સ્થાનો દર્શાવ્યા છે, તેમાંથી જ કોઈ સ્વરૂપમાં ભગવાનનાં અર્ચન કરવાનું મન થાય અને જ્યારે વિશેષ શ્રદ્ધા જન્મે ત્યારે તે તે અધિષ્ઠાનોમાં-એટલે સ્વરૂપોમાં મારાં અર્ચન કરવાં કારણ કે સર્વ ભૂતોમાં અને આત્મામાં હું પોતે જ રહેલો છું એ વાત ભૂલવી નહીં. (૪૮) ભાઈ ઉદ્ધવ, મેં વૈદિક અને તાંત્રિક એવા બે માર્ગો દર્શાવ્યા છે. આ બન્ને માર્ગોમાંથી કોઈ પણ પ્રકારે મારું અર્ચન કરનારો મારો ભક્ત આ લોક સંબંધી અને પરલોક સંબંધી સર્વ સિદ્ધિઓ મારી પાસેથી મેળવે છે. (૪૯)

આધિદૈવિક સમ્પત્તિનો વિનિયોગ

ભાઈ ઉદ્ધવ ! જો ભગવાને મનુષ્યને સંપત્તિ આપી હોય તો સમ્પન્ન ભક્તજને ભગવાનને પધરાવવા માટે દિવ્ય રચનાવાળા અને દિવ્ય વસ્તુઓવાળા મજબૂત અને રમ્ય મંદિરની રચના કરવી. પુનઃમંદિરમાં ભગવાનના દિવ્ય સ્વરૂપની પ્રતિષ્ઠા કરવી. નિત્ય ભગવત્સેવામાં વિનિયોગ થાય માટે ઉત્તમ પ્રકારનો ઉદ્યાન અને પુષ્પવાટિકા બનાવવાં. ભગવાનને નિજમંદિરમાં પધરાવી પ્રતિદિન પ્રેમથી સેવા કરવી. વળી વર્ષમાં આવતાં અન્નકૂટ, દોલોત્સવ, રાસોત્સવ, જયેષ્ઠાભિષેક વગેરે ઉત્સવોના માધ્યમવાળા મોટા ઉત્સવો મનાવવા અને ભાવપૂર્વક પૂજન કરવાં તેમજ ભગવાનની શોભાયાત્રા, નગરયાત્રા વગેરે યાત્રાઓ પણ ગોઠવવી તેમજ મહાપૂજાઓ કરવી. (૫૦) આ પ્રકારની સેવા કરનાર, દિવ્ય મંદિરોની રચના કરનાર, ઉત્સવ-યાત્રાઓ ગોઠવનાર, ઉદ્યાનો-પુષ્પવાટિકાઓ બનાવનાર વળી મંદિરમાં નિત્ય ભગવાનની સેવામા ઉપયોગી થાય માટે જમીન, ગામ, દુકાન, ક્ષેત્રો, શહેરો વગેરેની ઉપજ ભગવાનની સેવામાં વપરાય માટે ભૂમિ-નગર-દુકાનો વગેરે ભેટ સેવામા અર્પનાર ભક્તજનો ઉપર હું અત્યંત પ્રસન્ન થાઉં છું અને

તેને મારા જેવાં જ ઐશ્વર્યો પ્રસાદસ્વરૂપે આપુ છું. (૫૧) ભગવાનના મંદિરમાં દેવની પ્રતિષ્ઠા કરનારો ચક્રવર્તી રાજા થાય છે. ભગવાનનાં મંદિરોનું નિર્માણ કરનાર ત્રણ લોકનો સ્વામી બને છે ભગવાનની સેવા કરનાર બ્રહ્મલોકમાં જાય છે, પરંતુ મંદિર બનાવે, પ્રતિષ્ઠા કરે અને નિત્ય સેવા કરે આવી રીતે એક જ ભક્ત ત્રણે ક્રિયાઓ કરે તે ભગવાનની-મારી સમાન ઐશ્વર્યસમ્પન્ન બને છે. (૫૨) પરંતુ ફલની કોઇપણ કામના વિના મારી સેવા કરનારને દઢ ભક્તિયોગ પ્રાપ્ત થાય છે, અને તે ભક્તિયોગ દ્વારા મને પ્રાપ્ત કરે છે. (૫૩) ભાઇ ઉદ્ધવ ! આ તો સેવા કરનાર, દાન-પુણ્ય કરનારની વાતો કહી પરંતુ બ્રાહ્મણને કે દેવને નિમિત્તે કોઇ એ જો વૃત્તિ-આજીવિકા કે સેવા, નેકભોગ વગેરે માટે જો પોતે રકમ આપી હોય અથવા અન્ય કોઇએ પણ આપી હોય પરંતુ તે પાછી લઈ લે કે ઉચાપત કરી પડાવી લે તે અનન્ત વર્ષો પર્યંત નરકમાં જાય છે અને વિષ્ઠાના કીડા તરીકે જન્મી કષ્ટો ભોગવે છે. (૫૪) પરંતુ ભાઇ ઉદ્ધવ ! દાન, આપનાર દાન કરવામાં પ્રેરણા કરનાર, દીધેલા દાનનું અનુમોદન કરનારને પણ દાન આપનારના જેટલા જ ફલની પ્રાપ્તિ થાય છે. એ રીતે પાછું લઈ લેનાર, આપનારને રોકનારને પણ એટલા જ અનિષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે. (૫૫)

कर्तुश्च सारथेर्हेतोरनुमोदितुरेव च । कर्मणां भागिनः प्रेत्य भूयो भूयसि तत्फलम् ॥ ५५ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના એકાદશ સ્કંધ જીવમુક્તિપ્રકરણના સાયુજ્યમુક્તિ પ્રકરણમાં આધ્યાય ૨૭ મો સમાપ્ત થયો

અધ્યાય - ૨૮ મો

(આ અધ્યાયમાં ૨૮ શ્લોકો છે. પૂર્વમાં વર્ણવેલા જ્ઞાનયોગનો સંક્ષેપમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. સારભૂત જ્ઞાનયોગનું શ્રવણ કરનારાના સંદેહો નિવૃત થાય છે.)

श्रीभगवानुवाच-परस्वभावकर्माणि न प्रशंसेन्न गर्हयेत् । विश्वमेकात्मकं पश्यन् प्रकृत्या पुरुषेण च ॥ १ ॥

ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! આગળ મેં કહ્યું છે તે રીતે આ સમસ્ત જગત પ્રકૃતિ અને પુરુષના સંયોગથી બનેલ એકરૂપ જાણી કોઇ પણ વ્યકિતના શાંત કે ઘોર સ્વભાવની અને સ્વભાવ પ્રમાણે થતાં કર્મોની પ્રશંસા કે નિંદા ન કરવી. (૧) બીજી વ્યક્તિના સ્વભાવ કે કર્મની સ્તુતિ કરનાર કે નિંદા કરનારને પાંચભૌતિક શરીરમાં આત્માનો અધ્યાસ થવાથી હું અને આ મારું એવો ભેદભાવ થશે. આ ભેદભાવને લીધે એની સ્વરૂપમાં સ્થિતિ થશે નહીં અને પોતાના સ્વાર્થથી ભ્રષ્ટ થશે. (૨)

સ્વરૂપભ્રષ્ટ કયારે થવાય?

ભગવાન શ્રીઉદ્ધવજીને સમજાવી રહ્યા છે કે ભાઈ ઈદ્ધવ ! રાજસ અહંકાર માટે તજસ શબ્દ વપરાય છે. આ રાજસ અહંકારમાંથી ઈન્દ્રિયો બને છે. જ્યારે આ ઈન્દ્રિયો નિદ્રાધીન બને છે ત્યારે માનવપિંડમાં રહેલા જીવાત્માનું મન માયાસ્વરૂપસ્થાને પામે છે. મન લીન થતાં જો ચેતના નષ્ટ થાય તો મૃત્યુરૂપ સુષુપ્તિને પામે છે. આ જ પ્રકારે દ્વૈતની કામનાવાળો પુરુષ કોઇવાર સ્વપ્નની માફક દેહમાં અહંતા અને મમતા વસેલાં હોઇ આત્માને પણ સુખી કે દુઃખી માને છે. કોઇવાર સુષુપ્તિમાં અજ્ઞાનીનીમ મોટું દુઃખ આવી પડે ત્યારે પોતાના સ્વરૂપનું અનુસંધાન વીસરી જાય છે તેથી તે પોતાના આનંદસ્વરૂપમાંથી ભ્રષ્ટ થાય છે. (૩)

ભાઈ ઉદ્ધવ ! किं भद्रं किमभद्रं वा द्वैतस्यावस्तुनः कियात् । वाचोदितं तदनृतं मनसा ध्यात मेव च ॥ કઈ વસ્તુ ભદ્રભલી છે અને કઇ વસ્તુ અમંગલ-અભદ્ર એ છે કહેવું જ અયોગ્ય છે. કારણ કે આ સમગ્ર વિશ્વ જ ભગવાનનું સ્વરૂપ છે વળી ભગવાન વિના બીજો પદાર્થ સત્ય નથી તો પછી આ સમગ્ર વસ્તુ ભગવાનનું જ સ્વરૂપ છે પછીથી સારાનરસાનો વિચાર જ કયાં રહ્યો ? ભાઈ ભગવનિ વિના કોઇ વસ્તુ જ નથી રહેતી. જે કાંઇ વાણીથી બોલીએ છીએ તે ભગવાન જ છે અને મનથી ધ્યાન કરીએ છીએ તે પણ ભગવાન જ છે. (૪) ચાલો ભાઈ, આ દિશામાં છ શ્લોકોથી વધુ વિચાર કરીએ-સર્વ વસ્તુ ભગવત્સ્વરૂપ હોવા છતાં ભેદબુદ્ધિથી જોનારને સર્વ પ્રકારના અનર્થો ઉત્પન્ન થાય છે. આપણે આ વિષય દષ્ટાન્તથી સમજીએ. આપણે આપણા મુખના દર્પણમાં છાયા-પ્રતિબિંબ, આપણે આપણા જ શબ્દનો પ્રતિધ્વનિ-પડઘો, તેમજ સાગરતટે પડેલી ચળકતી છીપમાં ચાંદીની રકાબીનો આભાસ જોઇએ છીએ. આ

પ્રકારનો થતો આભાસ વાસ્તવિક નથી-ખરેખરો નથી. આમ છતાં તે તે વસ્તુઓને-અર્થોને બતાવનાર થાય છે. આવી જ રીતે દેહ વગેરે પદાર્થોને ભાવોને આત્માથી-ભગવાનથી જુદા ભાવ-પદાર્થ તરીકે માનનારને તે ભાવોનો લય ન થાય ત્યાં સુધી મૃત્યુ નામના ભયને આપનારા થાય છે. (૫) પરંતુ વાસ્તવિક બુદ્ધિથી વિચારતાં ભગવતી શ્રુતિના આદેશ અનુસાર आत्मैव तदिदं विश्वं सृज्यते सृजति प्रभुः । त्रायते त्राति विश्वात्मा ह्रियते हरतीश्वरः ॥ આ સમગ્ર બ્રહ્માંડ ભગવાન જ છે કારણ કે સર્વ સમર્થ ભગવાન જ્યારે एकोहं बहुस्याम् હું સર્વસ્વરૂપ બનું એવું વિચારે ત્યારે પોતે જ સ્રષ્ટા બને છે, પોતેજ સજ્ય એટલે રચવાના પદાર્થોરૂપે બને છે, પોતે જ સરજેલા જગતનું પાલન કરે છે, પોતે જ પાલનીય બને છે, અને સરજેલાનો પોતાના સ્વરૂપમાં લય કરે છે અને પોતે જ લયરૂપ થાય છે. (૬) આ પ્રમાણેની સમજથી આત્માથી કોઈ ભિન્ન વસ્તુ નથી પરંતુ જીવાત્મામાં આ દેહ, ઈન્દ્રિયો અને અન્તઃકરણરૂપે ત્રણ પ્રકારની જુદી જુદી પ્રતીતિ થાય છે. પરંતુ વિવેકી પુરુષોએ આ પ્રકારની પ્રતીતિને-સમજને-ભાનને પાયા વિનાની કહી છે. માટે આત્માના સ્વરૂપનું આવરણ કરનારી માયાએ કરેલા ત્રણ ભેદોને સત્વ-રજસ અને તમસ્ એવા ત્રણ ગુણના કાર્ય તરીકે ભાઈ ઉદ્ધવ જાણો. (૭,૮) હે ઉદ્ધવ ! માટે આગળ કહેલ જ્ઞાન અને વિજ્ઞાનરૂપ નિષ્ઠાને. જે જાણે છે તે વિવેકી પુરુષ કોઈના પણ સ્વભાવ અને કર્મોની નિંદા કરતો નથી અને સૂર્યની માફક દ્રષ્ટા બની સર્વત્ર વિચરે છે. (૯) ભાઈ ઉદ્ધવ ! આ પ્રકારની જ્ઞાન-વિજ્ઞાનની નિષ્ઠાને મેળવવાનો એક ઉપાય છે કે प्रत्यक्षेणानुमानेन निगमेनात्मसंविदा । आद्यन्तवदसत् ज्ञात्वा निःसङ्गो विचरेदिह ॥ પ્રત્યક્ષ પ્રમાણ, અનુમાન પ્રમાણ, વેદ પ્રમાણ અને આત્માના અનુભવથી આ દશ્યમાન પદાર્થ માત્ર ઉત્પત્તિ અને અન્તવાળા છે માટે અનિત્ય છે. એવી જ રીતે પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી આ સમગ્ર વિશ્વ પણ આદિ અને અંતવાળું તેમજ ઉત્પત્તિ અને વિનાશવાળું છે તેથી અસત્ છે દૃષ્ટાન્ત તરીકે નજરે જોવામાં આવતા દેહ-ગેહ વગેરે નાશ પામે છે એ પ્રત્યક્ષ છે. તે રીતે વિશ્વ માટે પણ અનુમાન કરી લેવાનું છે.

શબ્દપ્રમાણ એટલે વેદપ્રમાણ

વિશ્વ સ્વતંત્ર નથી ભગવત્સ્વરૂપે સત્ય છે એ વિચારધારાને પોષતા શબ્દ એટલે વેદનાં વાક્યો પ્રમાણ છે કે "यथा कर्मचितो लोकः क्षीयते एवमेव पुण्यचितो लोकः क्षीयते" "वाचारम्भणं विकारो मृत्तिकेत्येव सत्यम्" કર્મથી મેળવેલા પદાર્થો નાશ પામે છે એવી રીતે પુણ્યથી મેળવેલા પરલોકો નાશ પામશે જ. ઘડો, માણ, ગાગર, માટલાં આ પ્રકારે જે વિકાર એટલે માટીનાં કાર્યના આકારોનાં નામ છે તે સર્વ મૃત્તિકા છે જ એ વાત સત્ય છે. આ બધાં વાક્યોથી ભગવાનના જ સ્વરૂપે આ સમસ્ત વિશ્વ છે એવો પ્રત્યક્ષ-અનુમાન-શબ્દ પ્રમાણ અને અનુભવથી નક્કી થાય છે. માટે સર્વત્ર અનાશક્ત રહી વિચરવું. ન તો કોઈના ગુણો ગાવા અને ન તો કોઈના અવગુણો ગાવા પરંતુ કેવલ હરિગુણો જ ગાવા. (૧૦)

સંસાર કોને માટે સમજવો ?

શ્રી ઉદ્ધવજી બે શ્લોકોમાં ભગવાનના શ્રીચરણોમાં જિજ્ઞાસા મૂકે છે કે નાથ ! આ સંસાર કોને માટે સમજવો ? આપશ્રીના શ્રીમુખેથી સાંભળેલાં વાક્યો પ્રમાણે આત્મા સ્વતઃપ્રકાશ અને દ્રષ્ટા છે તેથી જડને પણ સંસાર ન સંભવે આમ છતાં બન્નેને સંસાર જોવા તો મળે છે જ તો પછી સંસાર આત્માને કે દેહને ? આત્મા તો અગ્નિ સમાન અવિનાશી, ગુણોથી પર, સ્વયંપ્રકાશ અને આવરણરહિત છે. દેહ તો કાષ્ઠની માફક જડ છે. સિદ્ધાન્ત પ્રમાણે જો જડને સંસાર નથી અને જો ચેતન આત્માને સંસાર નથી તો પછી સંસાર કોને માટે સમજવો ? (૧૧,૧૨) ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! તમારા આ પ્રશ્નના ઉત્તરમાં એટલું જ કહેવાનું કે આત્માને જ્યાં સુધી દેહ-ઈન્દ્રિયો અને પ્રાણોની સાથે સન્નિકર્ષ નામનો સંબંધ છે ત્યાં સુધી આત્માના પોતાના આનંદાત્મક સ્વરૂપને વિસરાવનારી અવિદ્યાના કરાણે હું આત્મા ચેતન છું અને દેહથી ભિન્ન છું એવો વિવેક નથી. દેહમાં હું અને મારા પણાનો અધ્યાસ થવાથી આત્મામાં નહીં હોવા છતાં સંસાર આત્મામાં સ્ફુરે છે. (૧૩) ભાઈ ઉદ્ધવ ! હવે પ્રતિદિનના અનુભવથી નિર્ણય કરીએ કે-જાગૃત અવસ્થામાં ન રહેલા પરંતુ સ્વપ્નવસ્થામાં રહેલાને અનર્થનો અનુભવ થાય છે કે મારું મસ્તક કપાયું તેથી તેનું તે પુષ્કળ પ્રમાણમાં દુઃખ ભોગવે છે ત્યાં વાસ્તવિક રીતે વિચારતાં સમજાશે કે સ્વપ્નદશામાં તો દેહ નથી હોતો છતાં આપણે

આંખે આપણો દેહ દેખીએ છીએ તેમ મસ્તક છેદાતું પણ જોઈએ છીએ. આવી જ રીતે આત્માને પણ દેવ, મનુષ્ય, વગેરે શરીરો નથી હોતાં. પણ હું સ્થૂલ છું, હું કૃશ છુ, હું સુખી છું, હું દુઃખી છું, આ મિત્ર છે, આ શત્રુ છે, એવા વિષયોને ધ્યાનમાં લેનાર જીવને સુખદુઃખરૂપ સંસાર નિવૃત્ત થતો નથી. (૧૪) જેમ સ્વપ્નમાં દુઃખનો અનુભવ કરતો મનુષ્ય જ્યાં સુધી જાગૃત નથી થતો ત્યાં સુધી સ્વપ્નમાં પુષ્કળ દુઃખો ભોગવે છે પરંતુ તે જ્યારે જાગી જાય છે ત્યારે તેને દુઃખનો લેશ પણ નથી રહેતો તે જ પ્રમાણે ઘર- પરિવાર શરીર વગેરેના મોહને ત્યજીને આત્મા અને આત્માના-ચેતન જડના વિવેકને પામનારા જ્ઞાનીને દેહ-ગેહ ૧, આત્મામાં સંસારની પ્રવૃત્તિ સંભવતી નથી તેમજ દેહાદિક જડને છે તેથી તે દેહને એટલે-પરિવાર વગેરેથી થતાં સુખ કે દુઃખ હોતાં નથી. (૧૫) શોક-ક્રોધ-લોભ-ભય-મોહ-સ્પૃહા આ સર્વ અહંકારના ધર્મો છે પરંતુ આત્માના ધર્મો નથી. ભાઈ ઉદ્ધવ ! સુષુપ્તિ અવસ્થામાં જેમ શોક કે હર્ષનો અનુભવ નથી થતો તેવી જ રીતે જન્મ અને મરણ દેહનાં જ થાય છે આત્મા તો નિત્ય છે તેથી તે બન્ને થી પર છે. આત્માને સંભવે નહીં. (૧૬) ભાઈ ઉદ્ધવ ! હવે સંસાર કોને ? એનો નિર્ણય થશે કે અહંકારને સંસાર થાય છે તો એવી શંકા થશે કે સંસાર જો અહંકારને થતો હોય તો પછી મુક્તિ પણ અહંકારની સંભવે. અને જેને મુક્તિ થઇ તેને અહંકાર પણ થશે જ તો આ શંકાના સમાધાનમાં કહેવાનું કે દેહ, પ્રાણ, ઈન્દ્રિય અને મનને, અભિમાનથી હું દેહ છું, હું ઈન્દ્રિય છું એમ માનનાર એટલે કે ગુણ અને કર્મથી જેને દેહ પ્રાપ્ત થાય છે તેની અંદર રહેલ જીવ, ક્રિયાશક્તિરૂપે અને જ્ઞાનશક્તિરૂપે સૂત્ર, મહાન્ એવી અનેક સંજ્ઞાથી બોલાતા ઈશ્વરને આધીન રહી સંસારના બંધનને પ્રાપ્ત થાય છે માટે તેથી મુક્ત થવાની જીવને જ આવશ્યકતા છે માટે ઉપરની શંકાને સ્થાન નથી. (૧૭) ભાઈ ઉદ્ધવ ! સંસાર-મુક્તિનો ઉપાય બનાવું છું-મન-વાણી-કર્મ-પ્રાણ અને આ ચારેનાં કાર્યો એ સર્વ મૂલ વિનાનું અનેક રૂપવાળું દેખાય છે તેને ગુરુની ઉપાસનાતી તીક્ષ્ણ જ્ઞાન સમ્પાદન કરી જ્ઞાનરૂપ ખડ્ગથી તે અહંકારનો ઉચ્છેદ કરી તૃષ્ણા રહિત થઇ મૌન રાખીને પૃથ્વી ઉપર વિચર્યા કરે. (૧૭)

જ્ઞાન એટલે શું ?

ज्ञानं विवेको निगमस्तपश्च प्रत्यक्षमैतिह्यमथानुमानम् । आद्यन्तयोरस्य यदेव केवलं कालश्च हेतुश्च तेदव मध्ये ॥ १८ ॥

ભાઈ ઉપરના શ્લોકમાં કહ્યું કે ''જ્ઞાન'' નામની તીક્ષ્ણ ધારવાળી તલવારથી અહંકારની છેદો તો હવે તે જ્ઞાન શી વસ્તુ છે ? એ જ્ઞાનનું સ્વરૂપ કેવું ? એ જ્ઞાનનાં સાધન કેવાં? અને એ જ્ઞાનનું ફલ શું ? એ વસ્તુ હવે સમજાવુ છું. સદ્-અસદ્ જે વિવેક છે, એનું નામ જ્ઞાન છે. આ વિવેકજ્ઞાનને પ્રાપ્ત કરવા માટે વેદ ભગવાનનાં વચનો તપશ્ચર્યા, સ્વધર્મ પાલન, प्रत्यक्षं એટલે પોતાનો અનુભવ, एतिहयम् એટલે ઈતિહાસ, પુરાણ અને ગુરુજનોનો ઉપદેશ અને अनुमानम् એટલે તર્ક-યુક્તિ વગેરે સાધનો છે. હવે જ્ઞાનનું સ્વરૂપ એ છે કે આ સમસ્ત વિશ્વના આદિમાં અને વિશ્વના અન્તમાં જે તત્ત્વ રહે છે તે જ તત્ત્વ તેના મધ્યમાં પણ છે. અને એ જ તત્વ આ અખિલ વિશ્વનું હેતુ એટલે કારણ છે. તેમજ આ જગતનો कालः કાલ-લય પણ તે જ તત્ત્વ છે. च અવ્યયથી તેનો પાલક પણ તે જ છે. ભાઈ ઉદ્ધવ ! આનું રહસ્ય એટલું થયું કે આ જગતને પ્રકાશનાર જે બ્રહ્મ છે તે બ્રહ્મરૂપ આ જગત છે, બ્રહ્મથી બીજું કાઇ નથી. આ પ્રકારના વિવેકનું નામ बद्ध જ જ્ઞાન છે અને એ વાત શ્રુતિએ કહી છે કે सर्वं खल्विदं ब्रह्म આજે કાઇ છે તે સર્વ બ્રહ્મ જ છે. (૧૮, ૧૯) ભાઈ ઉદ્ધવ ! પૃથ્વી, જલ, તેજ, દેવ, મનુષ્ય, પશુ, પક્ષી, સ્વર્ગ, પાતાલ, વગેરે વિવિધ સંજ્ઞા અને વિવિધ આકારે દેખાતું આ બ્રહ્માંડ શું. છે.? શી વસ્તુ છે એ વાતને હવે આપણે એક દૃષ્ટાન્ત આપની દૃષ્ટિ સામે રાખીને-સમજીએ-જેમકે આપણી નજર સામેનું સુવર્ણ કંકણ, કુંડલ, કટિ મેખલા વગેરે સ્વરૂપ અને સંજ્ઞારૂપે બને છે તે તે આકારો અને નામ જ્યારે બન્યું ન હતું ત્યારે તે સુવર્ણ હતું. વળી ઓગળીશું ત્યારે તે સુવર્ણ જ રહેશે તો જ્યારે તે અલંકારોરૂપે બનેલ છે ત્યારે પણ તે સુવર્ણ જ છે એવું જ્ઞાન થવું જોઈએ અને આજ પ્રકારનું જગતના આરંભમાં હું છું, જગતના પ્રલય પ્રસંગે પણ હું જ છું તો મધ્યમાં પૃથ્વી ઈત્યાદિ દેવ-મનુષ્યાદિ દેખાય છે તે પણ હું છું એવું જ્ઞાન થાય તેને જ્ઞાનનું સ્વરૂપ કહેવાય છે. તેનું ફલ સંસારની નિવૃત્તિ થઇ જાય. (૨૦)

વિજ્ઞાન એટલે શું ?

विज्ञानमेतत् त्रियवस्थमङ्ग गुणत्रयं कारणकार्यकर्तु । समन्वयेन व्यतिरेकतश्च येनैव तूर्येण तदेव सत्यम् ॥ २० ॥

ભાઈ ઉદ્ધવ ! હવે વિજ્ઞાનનો વિચાર કરી છીએ કે હે-અંગ ! જાગ્રત, સ્વપ્ન, સુપુપ્તિ આ પ્રકારની ત્રણ અવસ્થા વાળું મન, જાગ્રત વગેરે ત્રણ અવસ્થાઓના કારણભૂત સત્વ-રજસ્-તમસ્-ત્રણ ગુણો, તેમજ-કાર્ય-કર્તા એટલે આધ્યાત્મ-અધિદૈવ એવા ત્રણ પ્રકારનું જગત. જે સામાન્ય જ્ઞાન છે તે સામાન્ય જ્ઞાનથી જે પર એટલે તે ત્રણથી પર ચતુર્થ એવા સ્વતંત્ર વસ્તુના અંદર પ્રવેશવારૂપી સમન્વયથી જ થાય છે અને તેથી ચતુર્થ તત્વથી જ પ્રકાશે છે એટલું જ નહીં પરંતુ તેના અભાવમાં પણ સમાધિ વગેરેમાં જે પ્રકાશે છે તે જ સત્ય વસ્તુ છે આવી સમજને વિજ્ઞાન કહેવામાં આવેલ છે. (૨૧) ભાઈ ઉદ્ધવ ! ઉપરનાં વક્યોથી એક વાત સમજ્યા કે સત્ય એવસ્તુ છે કે જેનું ત્રણે કાલમાં અસ્તિત્વ હોય છે અને જેનો નાશ થઈ શક્તો નથી. હવે કાલથી જે નાશ પામે છે તે શું છે તે સમજીએ-જે વસ્તુ આરંભમાં ન હતી, જે વસ્તુ અંતમાં નથી રહેતી કે નથી રહી તે વસ્તુ જો મધ્યમાં દેખાતી હોય તો વસ્તુનો કેવલ નામ માત્રથી વ્યવહાર જ થાય છે. કારણ કે જે બીજાથી બન્યું છે, અને બીજાથી તે પ્રકાશ પામ્યું છે તે તેના કારણ પ્રકાશથી પ્રકાશવાળું બનેલ છે માટે તે તેનાથી ભિન્ન નથી તે તેના જ સ્વરૂપે છે એવું જે સમજવું તે જ સાચી સમજ છે એવી મારી મનીપા એટલે મારો નિશ્ચય છે. કારણ કે કારણરૂપ એવા સ્વયં પ્રકાશ વિના કાર્યરૂપ પ્રકાશને યોગ્ય દેખાય જ નહીં માટે તે કારણરૂપ પ્રકાશની અંદર જ આવી જાય છે. (૨૨) તો ભાઈ ઉદ્ધવ ! એવા નિર્ણય ઉપર આવીએ છીએ કે આ અહીં અવિદ્યાનો એવો જે સાત્વિક-રાજસ- તામસ નામનો ત્રિસર્ગ જે અત્યારે જોવામાં આવે છે તે બ્રહ્મનું કાર્ય છે જ્યારે બ્રહ્મ કોઈનું કાર્ય નથી પરંતુ તે તો સ્વતઃસિદ્ધ છે અને સર્વનું કારણ છે એટલું જ નહીં પરંતુ તેનું કોઈ પ્રકાશક નથી તેથી તે કોઈનું પ્રકાશ્ય બનતું નથી પરંતુ તે તો સર્વનું પ્રકાશક જ છે. માટે આ પંચભૂતો, આ ઈન્દ્રિયો, આ વિષયો, આ દેવો રૂપે દેખાતું વિચિત્ર વિશ્વ એ સર્વ બ્રહ્મ જ છે. (૨૩) ભાઈ ઉદ્ધવ ! ઉપર દર્શાવ્યા પ્રમાણેનો વિવેક સુયોગ્ય ગુરુદેવ પાસેથી મેળવવો જોઈએ. એ કોટિના ગુરુ પાસેથી બ્રહ્મના સ્વતંત્ર સ્વરૂપને જાણીને આ દેખાતા સમસ્ત પદાર્થોનો આપવાદ કરી પ્રત્યક્ષ-ઈતિહાસ-અનુમાન-શબ્દ વગેરે પ્રમાણે દ્વારા સંદેહને દૂર કરી, સમસ્ત ઈન્દ્રિયોનાં વિષયસુખોથી ઉપરામ પામી નિઃસંગ બની વિચરવું. (૨૪)

नात्मा वपुः पार्थिवमिन्द्रियाणि देवा ह्यसुर्वायुजलं हुताशः । मनोऽन्नमात्रं धिषणा च सत्त्वमहंकृतिः खं क्षितिरर्थसाम्यम् ॥ २८ ॥

ભાઈ ઉદ્ધવ ! આ દેહ આત્મા નથી કારણ કે પૃથ્વીતત્વમાંથી બનેલ પાર્થિવ છે, ઈન્દ્રિ, વરુણ વગેરે દેવો છે તે ઈન્દ્રિયોના પોષક છે, પ્રાણ વાયુરૂપ છે, અગ્નિ જલરૂપ છે, મન અન્નમય છે, બુદ્ધિ-ચિત્ત-અહંકાર-આકાશ-શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગન્ધ-પ્રકૃતિ-વગેરે પણ આત્મા નથી. આ બધા પદાર્થો જડ છે. ઘરની માફક એ અનુમાન તેનું જડત્વ સિદ્ધ કરે છે. (૨૫) ભાઈ ઉદ્ધવ ! એક વાત ધ્યાનમાં લેવા જેવી છે કે મારા દિવ્ય તેજના મહિમાને જાણનારને કે મારાં દિવ્ય રસાનન્દ સ્વરૂપમાં એકતાન થઈને રહેલ તાદશીજનને ત્રણ ગુણોના પરિણામરૂપ એવી ઈન્દ્રિયો ઉપર સંયમ મેળવ્યો તેથી શો અધિક લાભ થવાનો હતો કારણ કે તે તો મારામાં એક તાન થઈને જ બેઠેલો છે તેમજ માની લો કે તેની ઈન્દ્રિયો ચંચલ રહી અને આમતેમ અટવાતી રહી તેથી શી હાનિ થવાની હતી કે શો દોષ લાગવાનો હતો એ તો ભગવન્મય ભૂમિકામાં બેઠા છે. જાણે આકાશમાં મેઘો આવીને આકાશને ઘેરી વળ્યા તો તેથી સૂર્યના તેજનો ક્યાં પરાજ્ય થવાનો હતો અને વાદળો વીખરાયાં તો સૂર્યના તેજનો કયાં વધારો થવાનો હતો ? આ રીતે ભગવન્નિષ્ઠ કે આત્મનિષ્ઠને ઈન્દ્રિયોના સંયમ માટે ભગવાનનો જ દૃઢ આશ્રય છે માટે તે નિર્ભય છે. (૨૬) ભાઈ ઉદ્ધવ ! બ્રહ્મનિષ્ઠને માટે બીજી એક વાત કહું છું કે-ઋતુઓના આવવાં જવાથી ઋતુના ધર્મોની અસર વાયુ-અગ્નિ-જલ-પૃથ્વીમાં જોવા મળે છે કે વિકારો જોવા મળે છે તેવા ફેરફારો કે ઋતુ ધર્મોની અસર આકાશને લિપ્ત કરી શકતી નથી તેવી જ રીતે દેહ-ગેહ વગેરેના અભિમાનવાળાને સંસારના કારણરૂપ સત્વ-રજ-તમો-ગુણો-મળી ઘેરી વળે છે એવી સ્થિતિ કદી બ્રહ્મનિષ્ઠની બનતી નથી. (૨૭)

બ્રહ્મનિષ્ઠે પણ સાવધ રહેવું જ

तथापि सङ्गः परिवर्जनीयो गुणेषु मायारचितेषु तावत् । मद्भक्तियोगेन दृढेन यावद् रजो निरस्येत मनःकषायः ॥ २८ ॥
यथाऽऽमयोऽसाधुचिकित्सितो नृणां पुनः पुनः संतुदति प्ररोहन् । एवं मनोऽपक्वकशायकर्म कुयोगिनं विध्यति सर्वसङ्गम् ॥ २९ ॥

ભાઈ ઉદ્ધવ ! મેં ઉપરના વિવેચનમાં કહ્યું કે બ્રહ્મનિષ્ઠને નિર્ભયતા છે એ વાત સત્ય છે જ, આમ છતાં ભાઈ, જ્યાં સુધી મારા અનન્ય ભક્તિયોગની દિવ્ય સામર્થ્યથી મનના મેલો-કષાયો કપાય નહીં, સર્વથા નાશ પામે નહીં કે નિર્મૂલ ન થાય ત્યાં સુધી ગાફેલ ના રહેવું અને માયાથી રચેલા વિષયોના સુખભોગ અને સંગથી દૂર જ રહેવું. (૨૮) ભાઈ શરીરમાં ઘર કરી બેઠેલો રોગ સામાન્ય ઉપચારો અને દવાથી મટયો લાગે છે પણ તે મૂલમાંથી નથી ગયો તેને નિર્મૂલ કરવા માટેના જે નૈસર્ગિક ઉપચારો થવા જોઈએ તે નથી થયા તેથી વારંવાર ઉથલા મારે છે અને પીડા આપે છે. એવી જ રીતે મનના મૂળભૂત મળ મનોમોહનમાં મન પરોવ્યા વિના અપકવ જ છે-કાયા જ છે તેથી અપકવ યોગીને સતાવસે જ અને પતન કરશે જ માટે સર્વ સંગો તેને ત્યજવાના જ રહ્યા. (૨૯) ભાઈ ઉદ્ધવ ! પ્રારબ્ધે પ્રેરેલા કે દેવોએ મોકલેલા કોઈવાર સ્ત્રી-પુત્ર-મિત્ર વગેરે આકાર લઈને આવેલા પરંતુ પૂર્વ કર્મના જ સ્વરૂપો રૂપે મળેલા જનો દ્વારા કુયોગીને બ્રહ્મનિષ્ઠમાં વિઘ્નરૂપે-અન્તરાયરૂપે આડે આવે તો છે પરંતુ તેઓ-તે યોગીઓ પૂર્વ જન્મોમાં કરેલા યોગના-અભ્યાસના સામર્થ્યથી અન્ય જન્મમાં પાછા એ જ યોગાભ્યાસના બળથી ભગવાનનો ભક્તિયોગ સાધે છે પરંતુ તેઓ પતન નથી પામતા તેમજ યોગાભ્યાસ નિષ્ફળ નથી જતો અને જન્માન્તરમાં ફલદાયી બને છે જ. (૩૦) ભાઈ ઉદ્ધવ ! જો એવો વિચાર આવતો હોય કે જ્ઞાનીને કે યોગીને શરીર નિર્વાહ માટે કાર્ય તો કરવું જ પડશે અને આચરાતુ કર્મ સંસાર પેદા કરશે જ તો પછી યોગ વગેરે શ્રમ કરવાનો શો અર્થ ? તો ભાઈ આવા વિચારની આવશ્યક્તા નથી કારણ કે જીવ કર્મ કરે છે તેને કોઈ દેવની પ્રેરણા થાય છે તે જીવન પર્યન્ત કર્મ કરે છે અને તે કર્મ અને કર્મફલમાં આસક્ત બનીને બંધાય છે પરંતુ દેહમાં રહેવા છતાં આત્માના સ્વરૂપને જાણનાર દેહ ટકે ત્યાં સુધી દેહનિર્વાહનાં અંગો તરીકે-ભોજન-જલપાન વગેરે કર્મો કરે છે છતાં તે સંસારનાં બંધનોથી બંધાતો નથી. (૩૧)

આત્મનિષ્ઠની અવસ્થા

ભાઈ ઉદ્ધવ ! હવે આત્મનિષ્ઠ કેમ નથી બંધાતો તેનું કારણ જોઈએ-આ આત્મનિષ્ઠ જે શરીરમાં રહ્યો છે તો પણ તે દેહને પણ જાણતો નથી કારણ કે ઊભો હોય, બેઠેલ હોય, સૂતેલ હોય, શરીરમાંથી મલમૂત્ર છોડતો હોય કે પછી અન્ન ખાતો હોય કે પછી સ્વભાવપ્રાપ્ત જોવું-સ્પર્શવું-બોલવું વગેરે ક્રિયાઓ કરતો હોય પણ તેનું તેને અનુસંધાન નથી હોતું કારણ કે આ સર્વ અનુસંધાન રચાવનારી બુદ્ધિ તો ભગવત્સ્વરૂપમાં-પરબ્રહ્મમાં સ્થિર થઈ ચૂકી છે તેથી જીવન્મુક્તની દૈહિક ક્રિયાઓ ચાલ્યા કરે પરંતુ તેને અનુસંધાન ન રહે. પછી બંધન ક્યાં ? (૩૨) સ્વપ્નવસ્થામાં જીવે જોયેલા કે ભોગવેલા ભોગોને જાગ્રત અવસ્થામાં આવ્યા પછી તે વિષયોનું સ્મરણ હોવા છતાં વિષયોનું અભિમાન રહેતું નથી તેના પરિણામ રૂપે પોતે કર્યું એવું નથી માનતો પરંતુ તે ભ્રાન્તિ હતી એવું માને છે તેવી જ રીતે જ્ઞાની ભક્ત ઈન્દ્રિયોનાં વિષયોને ભોગવવા છતાં તે દુઃખનાં કારણ છે એવું સમજી શકે છે. વળી અબુધ જન દેહને જ આત્મા માને છે તે રીતે વિવેકીજન દેહને આત્મા નથી માનતા પરંતુ દેહથી આત્મા ભિન્ન છે, માટે દેહનાં સુખદુઃખનો સંબંધ આત્માને નથી લાગતો. (૩૩) ભાઈ ઉદ્ધવ ! કદાચ એવો એક વિચાર આવે કે આત્મા અજ્ઞાન દશામાં જેમ મલીન હોય છે અને મુક્ત દશામાં વિશુદ્ધ હોય છે આવું સ્વીકારતાં આત્મા વિકારી પુરવાર નહીં થાય ? તો આ વિચાર જ મનમાંથી ભાઈ કાઢી નાખો. કારણ કે આમાં આત્માની સ્થિતિ નથી બદલાતી પરંતુ અણસમજ દુર થાય છે આત્મા તો નિર્વિકાર જ છે. જીવ જ્યારે સંસાર-દશામાં હતો ત્યારે વિષયોનાં સેવન કરતાં તેને દેહ ઈન્દ્રિય વગેરેને આત્માથી ભિન્ન માનેલાં નહીં પરંતુ જ્યારે વિવેકજ્ઞાન થયું ત્યારે દેહ-ઈન્દ્રિય વગેરેથી આત્મા ભિન્ન છે, જ્ઞાનરૂપ છે, સ્વયંપ્રકાશ છે, અવું સમજાયું કે જો કોઈ પણ કર્મના અનુષ્ઠાનથી મુક્તિ મળી એવું હોય તો મુક્તિ આગન્તુક થઈ તેમજ વિકારવાળી થઈ માટે મુક્તિ તો નિત્ય છે માત્ર અજ્ઞાનનું આવરણ જ દૂર થાય છે તેને જ મુક્તિ મનાય છે. જે મુક્તિ પ્રાપ્તિનાં સાધનો માનીએ છીએ

કે કરીએ છીએ તે કેવલ આવરણને હટાવવા માટે છે આવું સમજતાં ઉપરનો વિચાર અસ્થાને છે. (૩૪) પ્રકાશના દૃષ્ટાન્તથી નિર્ણય સૂર્યના પ્રકાશે પદાર્થોને જોવામાં આડે આવતા અંધકારનું નિવારણ કર્યું છે પરંતુ પદાર્થોનું સર્જન નથી કર્યું તે જ પ્રકારે ભગવાનના સ્વરૂપનો અનુભવ થતાં બુદ્ધિગત અંધકારનું નિવારણ થશે પરંતુ કાંઇ નવા આત્મજ્ઞાનનું સર્જન કરશે નહીં. (૩૫) ભાઈ ઉદ્ધવ ! આત્મા સ્વયં પ્રકાશ છે. અજન્મા છે, કોઇ પણ પ્રમાણથી મેળવાય નહીં તેથી અપ્રમેય છે, મહાન ઐશ્વર્યપૂર્ણ છે, પ્રત્યેકનો સાક્ષી છે, એક છે, અને અદ્વિતીય છે, વેદની વાણી પણ વર્ણવી શકતી નથી, ઓળખાવી શકતી નથી ગુણોનું ગાન કરી કરીને શ્રુતિ વિરમી જાય છે, અને સર્વનો પ્રેરક છે એની પ્રેરણાથી સમસ્ત વિશ્વ ચાલે છે. (૩૬) એક જ આત્મા જે અભિન્ન છે તેમાં દેખાતો ભિન્નભાવ એ તો માત્ર મનની ભ્રાન્તિ છે. કારણ કે આત્મા વિના બીજી કોઇ વસ્તુ જ નથી. (૩૭) ભાઇ નામ રૂપથી ઓળખાતું શરીર છે જે શરીર પૃથ્વી-જલ-તેજ-વાયુ-આકાશનું બનેલ જે પાંચભોતિક છે છતાં પદાર્થોના બોધ ન થાય તેવા આત્મતત્ત્વનું નિરૂપણ કરનાર કર્મ બ્રહ્મવાદી તત્વના કેવલ પંડિતમાનીએ છે પરંતુ તત્ત્વજ્ઞો નથી. (૩૮)

જ્ઞાનપ્રાપ્તિનાં વિઘ્નોને દૂર કરવાના ઉપાયો

ભાઇ ઉદ્ધવ ! અપકવ યોગવાળાએ, તેમજ યોગ માટે પ્રયત્ન કરનાર યોગીના શરીરને રોગાદિ આવીને ઘેરી લે તો દર્શાવેલા ઉપાયો દ્વારા રોગાદિનું નિવારણ કરવું. (૩૯) કેટલાંક દુઃખોને સૂર્ય અને સોમની ધારણા કરીને દૂર કરવાં વાયુને ધારણ કરનારાં આસનો દ્વારા વાતજન્ય રોગો દૂર કરવા. પાપગ્રહો, સર્પાદિના ઉપદ્રવોને ઔષધ- સેવન, તપશ્ચરણ અને મંત્રાદિ દ્વારા દૂર કરવા. (૪૦) જ્યારે સર્વથા અમંગલ કરનારા કામ-ક્રોધ-લાભ આદિ દોષોને મારા સ્વરૂપના ધ્યાનથી, મારા નામસંકીર્તનથી દૂર કરવા અને દંભાદિ દોષોને યોગેશ્વરોની ઉપાસનાથી દૂર કરવા. (૪૧) જ્યારે કેટલાક ધીર પુરુષો જરા રોગ આદિ દોષોને રહતિ પોતાના દેહને બનાવી યૌવન વયને સ્થિર કરી દ્વન્દ્વમુક્ત થાય છે તેમજ પરકાયપ્રવેશ વગેરે સિદ્ધ કરે છે. (૪૨) આમ છતાં વિવેકી પુરુષો પરકાય પ્રવેશ વગેરે સિદ્ધિઓને સંપાદન કરવા માટે યોગાનૂષ્ઠાનને શાણપણ માનતા નથી કારણ કે મેળવવાનો કોઇ જ અર્થ નથી. જેમ વનસ્પતિનો આત્મા તો સ્થિર છે જ્યારે તેનું ફલ તો નશ્વર છે માટે આત્મલાભ માટે પ્રયત્ન કરવો ઉચિત લેખાય પણ તારુણ્યપૂર્ણ કાયા મેળવવાનો શ્રમ સાર્થક ન મનાય કારણ કે આખરે તે કાયા પણ પડનાર છે. (૪૩) માની લઈએ કે યોગી પુરુષ નવતનુ પ્રાપ્ત કરવાનો સંકલ્પ ન કરે તો પણ જો શરીર સુદૃઢ થતું હોય તો પણ યોગીએ ભગવત્પરાયણ રહેવું પણ સુદૃઢ શરીર મેલવવા માટે તત્પર ના થવું. (૪૪) જો મારો દૃઢ આશ્રય કરીને યોગી યોગાચરણ કરે અને પોતાના આત્મસુખનો અનુભવ કરે તેમજ નિઃસ્પૃહ બનીને રહે તેને કોઇ પણ અંતરાયો આડે આવતા નથી. (૪૪)

योगचर्यामिमां योगी विचरन् मद्व्यपाश्रयः । नान्तरायैर्विहन्येत निःस्पृहः स्वसुखानुभूः ॥ ४४ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ એકાદશ સ્કંધના જીવમુક્તિ પ્રકરણના સાયુજ્ય મુક્તિ પ્રકરણમાં ૨૮ - મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૨૯ મો

(ભગવાન શ્રીકૃષ્ણે પ્રથમ ઓગળીશમાં અધ્યાયમાં ભક્તિયોગ સવિસ્તૃત વર્ણવ્યો હતો પુનઃ ઉદ્ધવજી ઇચ્છાને અનુસરી કૃપા કરી તે સંક્ષેપમાં વર્ણવી રહ્યા છે. આ અધ્યાયમાં ૪૯ શ્લોકો છે.)

उद्धव उवाच- सुदुश्चरमिमांमन्ये योगचर्यामनात्मनः । यथाज्जसा पुमान् सिद्धयेत्तन्मे बृहज्जसाच्युत ॥ १ ॥

વિનમ્ર ભાવે શ્રી ઉદ્ધવજી ભગવાનને પૂછવા લાગ્યા કે નાથ ! આપે દર્શાવેલી યોગ પ્રક્રિયા તો મન ઉપર સંયમ ન ધરાવનાર પુરુષ માટે પુષ્કળ કઠિન છે. અચ્યુત ! આપ એવી કૃપા કરોને કે અલ્પ પ્રયાસે કે અનાયાસે સહે લાઈથી પુરુષ સફળ થાય. એવો સરલ માર્ગ બતાવો. (૧) હે ભગવન કમલનયન ! મનનો નિગ્રહ કરવામાં હારી ગયેલ અને થાકી ગયેલા યાગીઓ મનને યોગમાં પરોવે છે તો ખરા પરંતુ તેમાં મન સ્થિર થતાં યોગીઓ કષ્ટ ભોગવે છે. (૨)

अथात आनन्दुधं पदाम्बुजं हंसाः श्रयेरन् अरविन्दलोचन । नु विश्वेश्वर योगकर्मभिस्त्वन्माययडमी विहता न मानिनः ॥ ३ ॥

किं चित्रमच्युत तवैतदशेषबन्धोः दासेध्वनन्यशरणेषु यदात्मासात्त्वम् । योऽरोचयत सह मृगैः स्वयमीश्वराणां श्रीमत्विरीटतटपीडितपादपीठः

तं त्वाऽखिलात्मदयितेश्वरमाश्रितानां सर्वार्थदं स्वकृतविद् विसृजेत को नु ।
को वा भजेत् किमपि विस्मृतयेऽनुभूत्यै-किं वा भवेन्न तव पादरजोजुपां नः ॥ ५ ॥
नैवोपयन्त्यपचितिं कवयस्तवेश ब्रह्मायुपापि कृतमृद्धमुदः स्मरन्तः ।
योऽन्तर्हितस्तनुभृतामशुभं विधुन्वन् आचार्यचैत्यवपुपा स्वगतिं व्यनक्ति ॥ ६ ॥

શ્રી ઉદ્ધવજીની પ્રતીતિ

શ્રી ઉદ્ધવજી ભગવાન શ્રીકૃષ્ણને નિવેદન કરતાં બોલ્યા કે હે અરવિંદનેત્ર ! પરમ હંસો પરમ વિવેકી ભક્તજનો, આપશ્રીનાં શ્રીચરણકમલો સુખમય છે. વળી આનંદનાં દાન દેનારાં કામધેનુઓ છે એવું સમજીને સતત સેવે છે. આમ છતાં આશ્ચર્યની એક ગાથા છે કે હે વિશ્વેશ્વર ! આપની કૃપાથી અનાયાસે મુક્ત થવાય છે એવા આપશ્રીના શ્રીચરણોને યોગીઓ નથી સેવતા. આપની કેવી અગમ્ય માયા છે કે જેના પ્રતાપે યોગાભિમાન ધરાવતા યોગીઓ પોતાને હોશિયાર માનતા મનાવતા યોગમાં પ્રવૃત્ત થાયછે તેથી જ યોગભ્રષ્ટ થાય છે. (૩) નાથ ! આપ તો અચ્યુત છો, એટલુ જ નહીં અખિલ વિશ્વના સ્નેહે બંધાયેલા બંધુ છો. આપને શરણે વસેલા આપના અનન્યાશ્રિત ભક્તોના આપ જ સંરક્ષક છો, આપતો આપના અનન્ય ભક્તોના આધીન છો, આ વાત કાંઇ છૂપી નથી, જુઓ નાથ ! બ્રહ્મા વગેરે સમર્થ દેવો આપના શ્રીચરણોને પધરાવવાની પાદ પીઠોને પોતાના મસ્તકોના મુકુટોના અણિભાગના મણિઓથી સતત સેવે છે તેવા આપ શ્રીરઘુનાથ બની વાનરો સાથે મૈત્રી બાંધીને વાનરોને માન આપો છો આથી અધિક કૃપાલુતાનો કોઇ પુરાવો બાકી રહ્યો ખરો નાથ ? (૪) હે નાથ ! સૌથી પ્રથમ તો આપનો એ મહાન ગુણ છે (૧) અખિલ વિશ્વના આત્માના અતિશય વહાલા છો, (૨) સર્વ કરવા માટે સમર્થ છો, (૩) આપશ્રીના આશ્રિતજનોને સર્વ પદાર્થ અને પુરુષાર્થોના દાતા છો, (૪) પ્રત્યેકના અન્તર્યામી છો તેથી પ્રત્યેકના હૃદયને જાણી પ્રત્યેકનું હિત કરો છો. આવી વાત જે જનો સમજે છે તે કૃતજ્ઞજનો આપનાં શ્રીચરણો શી રીતે ત્યજી શકે ? વળી અલ્પ કામનાઓ માટે કે ક્ષુદ્ર સમ્પતિઓ માટે શા અન્ય અન્ય લઘુ લઘુ દેવતાઓનાં આરાધન કરવાં ? જે કેવલ આપના ચરણોનું વિસ્મરણ કરાવનાર છે. નાથ આપશ્રીના શ્રીચરણોની રજને સેવનારાઓ માટે કઇ વસ્તુ કે કયો પુરુષાર્થ અપ્રાપ્ય છે કે અન્યાશ્રય કરવો ? (૫) હે કૃપાનાથ ! ઝાઝું શું કહીએ ! આપ પ્રત્યેકના અન્તઃ કરણમાં અન્તર્યામીરૂપે બિરાજીને તેમજ બહાર પ્રત્યેકનાં આચાર્ય દેવોનાં દિવ્ય સ્વરૂપો સ્વીકારીને દેહધારી જીવોના સર્વ અમંગલોનું નિવારણ કરી સર્વ મંગલોનું વિધાન કરો છો અને પોતાના આનંદસ્વરૂપનું પ્રદાન કરો છો. આ અસાધારણ ઉપકારોનું સતત સ્મરણ કરનારા સમર્થ સર્વજ્ઞ બ્રહ્મવિદ્ કવિઓ બ્રહ્માજીના દિવ્ય આયુષ્યને લઇ ગુણગાન કરે તો પણ તેનું વ્યાજ વાળી ન શકે તો ઋણનિવારણ તો કેવી રીતે કરી શકશે? તો પછી નાથ ! સામાન્ય જન માટે તો શું કહેવું ? નાથ ! વળતર વાળવાની વાત તો જવા દો પરંતુ ઘરે બેઠા બેઠા પોતાના ઉપર થયેલા પ્રિયતમ પ્રભુના ઉપકારોના આનંદનું સ્મરણ કર્યા કરે તો પણ ઓછું નથી. (૬) શ્રીશુકાચાર્ય બોલ્યા કે રાજન્ પરીક્ષિત ! શ્રી ઉદ્ધવજીના નિવેદનના ચાર શ્લોકોનું શ્રવણ કરીને ભગવાન શ્રીકૃષ્ણનું સુકોમલ હૃદય અતિશય આર્દ્ર બની ગયું. શ્રી ઉદ્ધવજીના અનુરાગ ભરેલા હૃદયમાંમી પ્રકટેલા આ પ્રશ્નો હતા તેથી આ અખિલ વિશ્વને પોતાનું ક્રીડાંગણ બનાવનારા અને પોતાની દિવ્ય શક્તિઓ દ્વારા બ્રહ્મા-વિષ્ણુ-રુદ્રના દિવ્ય સ્વરૂપો ધારણ કરનારા. ભગવાન શ્રીકૃષ્ણ મન્દ - મન્દ સ્મિતથી ભક્તજનના મનને હરનારા પ્રેમપૂર્વક વચનામૃત વરસાવવા લાગ્યા. (૭)

કૃપાનિધિ ભગવાન શ્રીકૃષ્ણની કૃપાવૃષ્ટિ

ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા કે ભાઈ ઉદ્ધવ ! हन्त ते कथयिष्यामि मम धर्मान् सुमङ्गलान् । यान् श्रद्धयाऽऽचरन् मर्त्यो मृत्युं जयति दुर्जयम् ॥ અત્યંત પ્રસન્ન છું હું હવે મારા અતિશય મંગલ કરનારા અને શ્રદ્ધાથી આચારમાં મૂક નારને મૃત્યુમાંથી તારનાર ધર્મોનું વર્ણન કરીશ. ભાઈ ! શ્રદ્ધાના અનુપાન સાથે અનુષ્ઠાન કરનારાનું આ ધર્મોથી સર્વ મંગલ થશે. (૮) ભાઈ સાંભળો ! સંકોચ વિના તન-મન-ધન-ઇન્દ્રિય-પ્રાણો વગેરેથી થતાં સર્વ કાર્ય કરજો પરંતુ સતત એટલું

જ ધ્યાન રાખજો કે મન મારામાં રાખવાનું, કાર્યો મારે માટે કરવાનાં, સ્મરણ મારું કરવાનું કાર્યો ધીરેથી શાંતિથી કરવાનાં, મન-વાણી-ચિત્ત મારી સેવામાં મૂકી દેવાનાં મારા જ ધર્મોમાં મનોબુદ્ધિનો અનુરાગ રાખવાનો અને કાર્ય કરવાનાં. (૯) ભાઈ આ देशान् पुण्यानाश्रयेत मद्भक्तैः साधुभिः श्रितान् । देवासुरमनुष्येषु मद्भक्ताचरितानि च पुण्य પુરુષોએ સેવેલા, મારા ભગવદીયજનોએ સેવેલા, પાવન દેશોમાં વસવાટ કરવો, દેવ-મનુષ્ય-અસુર કે કોઇ પણ જાતિમાં જન્મેલા મારા ભક્તજનોના આચારવિચારોનું આચરણ કરવું. (૧૦) એકલા વસવું કે ભગવદીય જનના સમૂહમાં વસવું પરંતુ સંકીર્તન-ગીત-સંગીત-નૃત્ય-વગેરે ઉપચારોથી ભરપૂર છત્ર-ચામર-વગેરે મહારાજાના ઉપચારોવાળી સામગ્રી અને સમૃદ્ધિઓથી મારા ઉત્સવો મનાવવા, મારાં પર્વો ઊજવવાં અને વ્રજપરિક્રમા જેવી મારી યાત્રાઓ કરવી. (૧૧) સર્વ પ્રાણીઓની અંદર તેજ બહાર પણ આવરણ વિનાના આકાશ જેવા સર્વત્ર મને જ નિર્મલ મનથી નિહાળવો તેમજ પોતાના આત્મામાં પણ મને જ જોવો. (૧૨) હે મહાન તેજસ્વી ઉદ્ધવ ! અધિક શું કહું ? સર્વ પ્રાણીઓને મારા ભાવથી નિહાળવા એટલું જ નહીં પરંતુ મારા ભાવે સર્વ પ્રાણીઓને સન્માનવાં તેમજ કેવલ જ્ઞાનરૂપ સર્વત્ર હું રહેલ છું એવો આશ્રય કરતાં ब्राह्मणे पुल्कसे स्तेने ब्रह्मण्येऽर्के स्फुलिङ्गके । अक्रूरे क्रूरके चैव समदृक् पण्डितो मतः ॥ બ્રાહ્મણ,-અત્યંજ-ચોર, બ્રાહ્મણભક્ત-સૂર્ય-સૂર્યના કિરણ-સદય-નિર્દય-કોમલ-ક્રૂર, આ સર્વને મારા સ્વરૂપે જોનાર મારા ભક્તને શાણો અને સમજૂ ભક્ત જાણવો. (૧૩,૧૪) ભાઈ ઉદ્ધવ ! માનવમાં આ અવગુણો છે કે જે સમાનમાં સ્પર્ધા કરે છે, પોતાનાથી શ્રેષ્ઠમાં અદેખાઇ કરે છે, અને પોતાનાથી ઊતરતામાં તિરસ્કારની નજરે જુએ છે. વળી દેહ-ગેહ-દ્રવ્યોમાં અહંકારને સેવે છે પરુંત જ્યારે તે પ્રત્યેક જનમાં મારી ઝાંખી કરશે, પ્રત્યેકને મારા સ્વરૂપે જોશે ત્યારે તે દોષો અનાયાસે અને અવિલંબે ચાલ્યા જશે. (૧૫)

બને ના બને તો પણ આટલું કરો

ભાઈ ઉદ્ધવ ! શ્રમ કરીને પણ આ કરવા જેવું છે- આપણી હાંસી-મશ્કરી કરે તેને પણ તેમજ પોતાના સ્વજનોને પણ આ નાનો છે, આ મોટો છે, આ સારો છે, આ નરસો છે એવી દષ્ટિને પડતી મૂકીને બળદ, ગધેડાં, ચાંડાલથી લઈ શ્વાન પર્યન્ત પ્રત્યેકને કાયાની લાજ કોરાણે મૂકીને સર્વમાં મારી દષ્ટિ કેળવીને ભૂપિ પર સર્વને દંડવત્ પ્રણામ કરતાં રહેવું. (૧૬) ભાઈ ઉદ્ધવ ! પરંતુ સર્વત્ર હું ન દેખાઉં, સર્વને મારા જ સ્વરૂપે ન દેખો ત્યાં સુધી તેમજ સર્વમાં ભગવદ્ભાવ ન પ્રકટે ત્યાં સુધી મન-વાણી-કાયાથી મારાં અર્ચન અવશ્ય કરવાં. મારા અર્ચનના જ પ્રબલ પ્રભાવથી સર્વત્ર ભગવદ્દર્શન થશે. (૧૭) સર્વ ભગનવાન છે એ પ્રકારની આત્મમનીષા એટલે સર્વત્ર ભગવદ્ભાવવાળી બુદ્ધિ નામની આત્મવિદ્યાના ચિન્તકછે તે ભક્તને સર્વત્ર બ્રહ્મભાવ થશે, સર્વ બ્રહ્મસ્વરૂપ દેખાશે ત્યારે તે વિવેકી, પુરુષના મનોગત સર્વ સંશયો ચાલ્યા જશે અને સર્વ વ્યાપારો સ્વયં વિરામ પામશે અને મુક્ત થશે. (૧૮) ભાઈ ઉદ્ધવ ! अयं हि सर्वकल्पानां सध्रीचीनो मतो मम । मद्भावः सर्वभूतेषु मनोवाक्कायवृत्तिभिः ॥ મારો સાક્ષાત્કાર કરાવનારા, સર્વત્ર બ્રહ્મદર્શન કરાવનાર જ્ઞાન, ધ્યાન, યોગ વગેરે અનેક કલ્પોમાં-એટલે અનેક ઉપાયોમાં મારા મન્તવ્ય અનુસાર મન-વાણી-કાયાની પ્રવૃત્તિઓ અને વૃત્તિઓ દ્વારા સર્વમાં મારો જ ભાવ સર્વમાં મારી જ બુદ્ધિ રાખવી એ એક જ સર્વશ્રેષ્ઠ ઉપાય છે. (૧૯)

અજાણે ભૂલ થઈ જશે તો પણ ભક્તિ ભલું જ કરશે

ભાઈ ઉદ્ધવ ! હે અંગ ! મારી ભક્તિનું અનુષ્ઠાન કરતાં કાંઈ પણ પ્રમાદથી ભૂલ થઈ ગઈ વિધિ પ્રમાણે કરવામાં કાંઈ પણ અણસમજથી આઘું પાછું થઈ ગયું તો પણ તે કાર્ય કરનારા ભક્તનું અણું જેટલું પણ કાંઈ પણ અનિષ્ટ નહીં જ થાય. કારણ કે મારો ભક્ત કાંઈ પણ કે કોઈ પણ પ્રકારની ફલ લાલસાથી કર્મ કરતા જ નથી. માત્ર મારામાં અનન્ય ભાવ રાખીને જ સર્વ કાર્ય કરે છે તેથી તેને કાઈ પણ અપરાધ લાગતો નથી આ મારો નિશ્ચય છે. (૨૦) સજ્જનવર ઉદ્ધવ ! મારો ભક્ત લોકિક ભાવવાળો બનીને પણ મારામાં ભાવ કરશે તો પણ તે ભાવો લૌકિક મટી અલૌકિક અને નિર્ગુણ બની જશે. ગોપીજનોએ કામભાવથી, કંસરાજાએ ભયભાવથી, શિશુપાલે દ્વેષભાવથી મને જોયો-ભજ્યો તો પણ તેઓની શુદ્ધ ગતિ થઈ એ રીતે લોકિક ભાવવાળા ભક્તો પણ મારામાં સમર્પણ કરતા હોઈ તેમના તે ભાવો નિર્ગુણ

થઈ જતાં મારી પ્રીતિ આપનારા થશે. ભાઈ ! શાણા પુરુષોનું શાણપણ અને બુદ્ધિમાનોની જો કોઈ બુદ્ધિ હોય તો કેવલ આ જ વસ્તુ છે કે વિનાશશીલ શરીરના આશ્રયથી અમૃતમય-આનંદમય મને મેળવી લે છે. (૨૨)

एष तेऽभिहित: कृत्स्नो ब्रह्मवादस्य संग्रह: । समासव्यासविधिना देवानामपि दुर्लभ: ॥ २३ ॥
अभीक्ष्णशस्ते गदितं ज्ञानं विस्पष्टयुक्तिमत् । एतद् विज्ञाय मुच्येत पुरुषो नष्टसंशय: ॥ २४ ॥
सुविविक्तं तव प्रश्नं मयैतदपि धारयेत् । सनातनं ब्रह्मगुह्यं परे ब्रह्माधिगच्छति ॥ २५ ॥
य एतत् मम भक्तेषु सम्प्रदद्यात् सुपुष्कलम् । तस्याहं ब्रह्मदायस्य ददाम्यात्मानामात्मना ॥ २६ ॥
य एतत् समधीयीत पवित्रं परमं शुचि । स पूयेताहरहर्मां ज्ञानदीपेन दर्शयन् ॥ २७ ॥
य एतत्तच्छ्रद्धया नित्यमव्यग्र: शृणुयान्नर: । मयि भक्तिं परां कुर्वन् कर्मभिर्न स बध्यते ॥ २८ ॥
अप्युद्धव त्वया ब्रह्म सखे समवधारितम् । अपि ते विगतो मोह: शोकञ्चासौ मनोभव: ॥ २९ ॥
नैतत्त्वया दाम्भिकाय नास्तिकाय शठाय च । अशुश्रूषोरभक्ताय दुर्विनीताय दीयताम् ॥ ३० ॥
एतैर्दोषैर्विहीनाय ब्रह्मण्याय प्रियाय च । साधवे शुचये ब्रूयात् भक्ति: स्याच्छुद्रयोषिताम् ॥ ३१ ॥
नैतद् विज्ञाय जिज्ञासोर्ज्ञातव्यमवशिष्यते । पीत्वा पीयूषममृतं पातव्यं नावशिष्यते ॥ ३२ ॥

ભાઈ ઉદ્ધવ ! મેં તમને સમસ્ત બ્રહ્મવાદનો સંપૂર્ણ સંગ્રહ સંક્ષેપ અને વિસ્તારથી વર્ણવ્યો છે. આ દેવોને ન સમજી શકાય તેવો દુર્લભ છે. (૨૩) ભાઈ ! મેં વારંવાર આ જ્ઞાન સમજાવ્યું છે. સ્પષ્ટ સમજી શકાય તેવું છે અને યુક્તિયુક્ત છે. કોઈ પણ મનુષ્ય આ જ્ઞાન મેળવશે તેના સર્વ સંશયો નષ્ટ થશે. (૨૪) ભાઈ ! તમારા પ્રશ્નોનું શંકા-સમાધાનની છણાવટથી અત્યંત સ્પષ્ટ સમજાય તેવી રીતે આ જ્ઞાન આપ્યું છે. આ સનાતન જ્ઞાન છે. વેદમાં પણ ગુપ્ત રીતે આપ્યું છે. આ જ્ઞાનને કોઈ પણ ધારણ કરશે તે પરબ્રહ્મને પામશે. (૨૫) કોઈ પણ સુજન બ્રહ્મવેત્તા આ મારા કહેલા જ્ઞાનને મારા ભક્તને પુષ્કળ પ્રમાણમાં અને સારી રીતે સ્નેહથી સમર્પશે તેવા બ્રહ્મજ્ઞાનનો વારસો ધરાવનારને હું સ્વયં મારો આત્મા આપી દઈશ. (૨૬) આ જ્ઞાનનું આખ્યાન અતિશય પવિત્ર છે તેમજ અન્યને પવિત્ર કરનારું છે. આ આખ્યાનનો જે કોઈ પ્રતિદિન અભ્યાસ કરશે તે જ્ઞાનદીપક દ્વારા મારી ઝાંખી કરતો કરાવતો પવિત્ર થશે. (૨૭) આ આખ્યાનને નિત્ય શ્રદ્ધાપૂર્વક સાવધાન ચિત્તે સાંભળશે તે કોઈ પણ કર્મબંધનમાં ન આવતાં મુક્ત થશે. (૨૮) પ્યારા ઉદ્ધવ ! સખા ઉદ્ધવ ! આ બ્રહ્મજ્ઞાનનું સુયોગ પ્રકારે ધારણ કર્યું ? ભાઈ મનમાં રહેલો મોહ મટયો ? ભાઈ ઉરમાં વસેલો શોક ટળ્યો ? (૨૯) ભાઈ ઉદ્ધવ ! એક વાત કહું આ જ્ઞાન અત્યંત સુલભ નથી હો ! જુઓ ઉદ્ધવ ભૈયા ! દાંભિકને આ જ્ઞાન ના આપવું. વળી શઠને, નાસ્તિકને, સાંભળવા નહી ચાહતાને, અભક્તને, અનિવનયીને, સ્વપ્ને પણ ના આપવું. (૩૦) ઉપર દર્શાવેલા છે દોષોથી રહિત અને બ્રહ્માણભક્ત હોય, મારો ભક્ત હોય, સદાચારી હોય, શુદ્ધશીલ હોય, પછીને ભલે સ્ત્રીઓ હોય કે શૂદ્રો હોય પરંતુ મારાં ભક્ત હોય તેમને આ જ્ઞાન આપવું. (૩૧) અમૃતના પાન કર્યા બાદ કોઈ અમૃત પીવાં અવશિષ્ટ નથી રહેતાં એ જ પ્રકારે જિજ્ઞાસુ જનોને આ જ્ઞાન સમ્પાદન કર્યા બાદ કોઈ જ્ઞાન મેળવવાનું બાકી નથી રહેતું. (૩૨)

ज्ञाने कर्मणि योगे च वार्तायां दण्डदारणे । यावानर्थो नृणां तात तावांस्तेहं चतुर्विध: ॥ ३३ ॥

ભાઈ ઉદ્ધવ ! કદાચ એવો વિચાર આવે કે ઘણા વિષયો સાંભળવા જેવા છે પછી એમ શા માટે કહ્યું કે આ જ્ઞાનનું શ્રવણ કર્યા પછી કાંઈ સાંભળવાનું બાકી નથી રહેતું તો ભાઈ ખુલાસો કરું. જ્ઞાન-કર્મ-યોગ-વ્યાપાર રાજનીતિ વગેરે વિષયો વિશ્વમાં સાંભળવા જેવા છે પરંતુ જ્ઞાનશ્રવણથી મોક્ષ, કર્માનુષ્ઠાનથી સ્વર્ગ, યોગથી આત્માજ્ઞાન કે અણિમાદિ સિદ્ધિઓ, રાજનીતિથી ઐશ્વર્ય, વ્યાપાર વગેરેથી ધન મેળવાય છે. આ સર્વ ફળો મેળવ્યા બાદ મને મેળવવાનો તો બાકી રહે છે. મારા આ કહેલા જ્ઞાનથી મને મેળવતાં ચારે ચાર પુરુવાર્થરૂપ હું મળી જાઉં છું તેથી અન્ય સાંભળવું આવશ્યક નથી. (૩૩) ભાઈ માનવ જ્યારે ! સર્વ કર્મને ત્યજી દઈને પોતાના આત્માનું મને સમર્પણ કરે છે ત્યારે તે નિવેદિત

જન માટે માકે ખૂબ જ ધ્યાન રાખવાનું થાય છે. જ્યારે મારી પાસેથી તે મોક્ષ મેળવે છે ત્યારે તે મારા જ સ્વરૂપે બની જાય છે. મારા ઐશ્વર્ય જેવો તે થઇ જાય છે. (૩૪) શ્રી શુકાચાર્યજીએ કહ્યું. રાજન્ ! જ્યારે ભગવાન જ્ઞાન અને જ્ઞાનની ફલશ્રુતિ શ્રી ઉદ્ધવલાલને સંભળાવીને વિરામ પામ્યા ત્યારે કૃપાનિધિ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્ર પાસેથી માર્ગદર્શન મેળવી ચૂકેલા શ્રી ઉત્તમશ્લોક ભગવાનનાં વચનામૃતશ્રવણથી આર્દ્ર બની ગયેલા શ્રી ઉદ્ધવજીનો કંઠ રુંધાઇ ગયો, આંખલડી અશ્રુથી છલકાવા લાગી, કરસંપુટ કરી અંજલિ જોડી કેવલ કૃષ્ણ પ્રભુની સામે ઊભા રહ્યાં પરંતુ કાંઇ ન બોલી શક્યા. (૩૫) પુનઃ પ્રેમાતિશયથી ઊભરાતા ઉરને મહા મહેનતે સંભાળી ધૈર્ય ધારણ કરી. પોતાના આત્માને કૃતાર્થ માનતા, શ્રી ઉદ્ધવલાલ પોતાના મસ્તકથી પ્રભુપાદ સરોજનો સ્પર્શ કરી અંજલિ જોડી યદુવર શ્યામસુંદરને નિવેદન કરવા લાગ્યા. (૩૬)

ભક્તવરનું કોમલ હૃદય અને ભારે વિદાયવ્યથા

उद्धव उवाच- विद्राविती मोहमहान्धकारो य आश्रितो मे तव सन्निधानात् ।
विभावसोः किन्नु समीपगस्य-शीतं तमो भीः प्रभवन्त्यजाद्य ॥ ३७ ॥
प्रत्यर्पितो मे भवतानुकम्पिना-भृत्याय विज्ञानमयः प्रदीपः ।
हित्वा कृतज्ञस्तव पादमूलं कोन्यंसमीयाच्छरणं त्वदीयम् ॥ ३८ ॥
वृक्णश्च मे सुदृढः स्नेहपाशो-दाशार्हवृष्ण्यन्धकसात्वतेषु ।
प्रसारितः सृष्टिविवृद्धये त्वया-स्वमायया ह्यात्मसुबोधहेतिना ॥ ३९ ॥
नमोऽस्तु ते महायोगिन् प्रपन्नमनुशाधि माम् । यथा त्वच्चरणाम्भोजे रतिः स्यादनपायिनी ॥ ४० ॥

રાજન ! વિનમ્ર ભાવે નિવેદન કરતા શ્રી ઉદ્ધવજી કરની અંજલિ જોડી બોલ્યા નાથ ! આપ તો અજન્મા બ્રહ્માજીના જનક છો, આપ બ્રહ્માજીના પણ આદિ છો, મારા ઉરપુરમાં ઘર કરી રાખેલ મહાન મોહનો અંધકાર આપે આજે સર્વથા નિર્મૂલ કરી નાખ્યો. આપનું સેવેલ સાન્નિધ્ય આજે સફલ થયું નાથ ! અજ્ઞાનતિમિર ટળ્યું પરંતુ એમાં શું આશ્ચર્ય ? એની શી નવાઇ ! ભગવાન ! જે કોઇ વ્યક્તિ સૂર્યનારાયણ અને અગ્નિનારાયણનાં સાન્નિધ્ય સેવે તેની શીત-ઠંડી, તેનો અંધકાર, તેનો ભય સર્વથા નાશ પામે જ પામે. અગ્નિની સમીપે વસનારનો શીતતા, અંધકાર કે ભય કાંઈ પરાભવ કરી શકે ખરાં ? તો નાથ ! આપનાં પડખાં સેવે તેને માટે કહેવું જ શું ? તેની જડતા, તેનું અજ્ઞાન, તેનો સંસારભય ટળે, ટળે અને ટળે જ. (૩૭) નાથ ! હું તો આપનો ભૃત્ય છું, સેવક છું, આપ અસીમ અનુગ્રહ કરીને નિર્જનના હાથમાં વિજ્ઞાન ભરપૂર દિવ્ય દીપકનાં સામે ચાલીને દાન દીધાં છે. આપની અપાર કૃપાનું અનુસંધાન ધરાવતો કયો કૃતજ્ઞજન આપના શ્રીચરણોની રજને ત્યજીને, આપના અનન્ય આશ્રયને મૂકીને અન્યત્ર આશ્રય લેવા જાય ? (૩૮) આપે આ સૃષ્ટિ વિસ્તાર માટે સ્નેહીસંબંધીઓની મધ્યમાં એક ન કપાય તેવો આપની માયા દ્વારા સુદૃઢ સ્નેહપાશ રચ્યો છે. આવો મજબૂત સુદૃઢ મોહપાશ, સાત્વત-દાશાર્હ-વૃષ્ણિ-અન્ધક વગેરેમાં મારો પણ હતો આજે આપે તેને અત્યંત તીક્ષ્ણ વિવેકજ્ઞાન-આપના સ્વરૂપ-જ્ઞાન નામના તીક્ષ્ણ ખડગથી છેદ્યો છે. નાથ ! અપાર કૃપા કરી. (૩૯) હે મહાયોગી ! આપના શ્રીચરણોમાં મારા નમસ્કાર હો હવે હું તો આપના ચરણે શરણે છું. મને શિખામણ આપો, માર્ગ બતાવો કે આપના ચરણકમલોમાં અવિનાશિની અને અખંડ રતિ રહે-કૃપા કરો કૃપા કરો ! (૪૦)

ભગવદાદેશ અને અનુગ્રહ

ભગવાન શ્રીકૃષ્ણ શ્રી ઉદ્ધવજીના દૈન્ય અને અનન્ય ભાવે આર્દ્ર બની ગયા અને વચનસુધા વરસાવવા લાગ્યા કે ભાઈ શ્રી ઉદ્ધવલાલ ! મારું વચન માથે ચઢાવી "બદરી" નામના મારા આશ્રમમાં પધારો. ત્યાં પાદતીર્થ શ્રી અલકનંદાજીમાં સ્નાન કરી પવિત્ર થાઓ. (૪૧) નિત્ય શ્રી અલકાનંદજીનાં દર્શન કરી સર્વ દોષોમાંથી મુક્ત થજો. ત્યાં હૃદયના સર્વ કલેશ અને કષાયો ધોવાઇ જશે. હે અંગ ! વલ્કલ ધારણ કરજો, વનનાં ફલફૂલ-કંદમૂલથી જીવનનિર્વાહ કરજો અને નિઃસ્પૃહ રહેજો. (૪૨) શીત-ઉષ્ણ, સુખ-દુખનાં સમગ્ર દ્વન્દ્વોને સહન કરજો, સ્વભાવે સરલ રહેજો, ઇન્દ્રિયો ઉપર સંપૂર્ણ

સંયમ રાખજો, ચિત્તને શાંત રાખજો, બુદ્ધિને ખૂબ જ સ્વસ્થ બનાવીને જ્ઞાન-વિજ્ઞાન સાથે વસજો. (૪૩) વળી ભાઈ ઉદ્ધવ ! મેં તમને જે જ્ઞાન અર્પ્યું છે તેનો એકાન્તમાં પુષ્કળ ઉપયોગ કરજો, ચિત્ત મારામાં પરોવી દેજો, વાણી મારામાં મૂકજો, સદા સર્વદા મારી સેવાપરાયણ રહેજો અને મદ્ધર્મ પરાયણ જીવન જીવજો. એ વાત મનમાં નિશ્ચિત રાખજો કે દેવ-મનુષ્ય-પક્ષી વગેરેની ત્રણ યોનિથી પર થઈને મારી પરમ ગતિને પામશો. (૪૪)

श्रीशुक उवाच- स एवमुक्तो हरिमेधसोद्धवः प्रदक्षिणं तं परिसृत्य पादयोः ।
शिरो निधायाश्रुकलाभिरार्द्रधीर्न्यषिञ्चदद्वन्द्वपरोऽप्यक्रमे ॥ ४५ ॥
सुदुस्त्यजस्नेहवियोगकातरो-न शक्नुवंस्तं परिहातुमातुरः ।
कृच्छ्रं ययौ मूर्धनि भर्तपादुके-बिभ्रन्न स्कृत्य ययौ पुनः पुनः ॥ ४६ ॥
यथोपदिष्टां जगदेकबन्धुना ततः समास्थाय हरेरगाद् गतिम् ॥ ४७ ॥
ततस्तमन्तर्हृदि सन्निवेश्य-गतो महाभागवतो विशालाम् ।
य एतदानन्दसमुद्रसभ्भूतं-ज्ञानामृंत भागवताय भाषितम् ।
कृष्णेन योगेश्वरसेविताङ्घ्रिणा-सच्छ्रद्धयासेव्य जगद् मिुच्यते ॥ ४८ ॥

શ્રીશુકાચાર્ય મહારાજે કહ્યું કે રાજન્ ! જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે શ્રીઉદ્ધવજીને અત્યંત મધુર વચનો કહ્યાં અને ભક્તમહારાજ શ્રીહરિદાસ ઉદ્ધવજીનું હૃદય દ્રવીભૂત બની ગયું, અશ્રુથી આંખલડી છલકાવા લાગી, વારંવાર ભગવાનની પ્રદક્ષિણા કરી પુનઃ પ્રભુપાદારવિંદમાં મસ્તક મૂકી દીધું. વિદાયની કપરી પળ આવી ગઈ. સુખદુઃખાદિ દ્વંદ્વોથી યદ્યાપિ ઉદ્ધવ પર થઈ ચૂકયા હતા પરંતુ પ્રભુવિહરની પીડા અસહ્ય થઈ પડી અને પ્રભુચરણો ઉપર નયનયુગલરૂપી જલાધારીથી અખંડ અભિષેક કરવા લાગ્યા અને હરિચરણોને ભીંજવી નાંખ્યાં. (૪૫) રાજન્ પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણમાં શ્રી ઉદ્ધવજીનો અપાર સ્નેહ હતો. કોઈ પણ રીતે છૂટી શકે તેવો ન હતો. તે ભગવાનનો વિયોગ આવી પહોંચતાં જ શ્રી ઉદ્ધવજી અત્યંત દીન બની ગયાં. એથી પણ આગળ વધીને શ્રીઉદ્ધવજી પાગલ બની ગયા અને પ્રભુપાદસરોજને પ્રણામ કરતાં અંતે વિદાય થયા. (૪૬) ત્યારબાદ પ્યારા શ્રીકૃષ્ણને હૃદયમાં પધરાવી પરમ ભાગવત શ્રીઉદ્ધવજી બદરિકાશ્રમ પધાર્યા. ત્યાં ગયા પછી અખિલ વિશ્વના અનન્ય વંધુ ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા પ્રમાણે બદરિકાશ્રમમાં બિરાજ્યા અને ભગવદ્ગતિ સમ્પાદન કરી. (૪૭) રાજન્ પરીક્ષિત ! પરમ શ્રેષ્ઠ યોગેશ્વરોથી સતત સેવાતા ચરણારવિંદવાળા ભગવાન શ્રીકૃષ્ણે પરમ ભાગવત શ્રીઉદ્ધવલાલને લક્ષ્યમાં લઈ ભાખેલ, આનંદના સાગર એવા ભક્તિમાર્ગમાંથી શ્રમ કરી બહાર પ્રકટ કરેલ એ જ્ઞાનામૃતનું ભાવપૂર્વક સેવન કરે તો તે મુક્ત થાય એમાં તો આશ્ચર્ય શું? પરંતુ આ જ્ઞાનામૃતનું સેવન કરનાર ભગવદીયનો સંગ કરે તો તેના સંગથી આખું વિશ્વ મુક્ત થઈ જાય છે. (૪૮) અંતમાં શ્રીશુકાચાર્ય બોલ્યા ! રાજન્ ! આ વર્ણવેલ તત્વજ્ઞાન એ તો જ્ઞાન અને વિજ્ઞાનના સારભૂત છે. વેદોના વિધાતા ભગવાન શ્રીકૃષ્ણે રસગ્રાહી ભ્રમરની માફક વેદોના સારરૂપ તેમજ ભવભયનું નિવારણ કરનાર આ અમૃત-રસાયણ નિવૃત્તિમાર્ગપરાયણ ભક્ત જ્ઞાનીજનો માટે પ્રકટ કર્યું છે. આનું નામ છે જ્ઞાનામૃત આ ઉપરાંત એ જ ભગવાને જરા-વ્યાધિ-રણ વગેરે રોગોના નિવારણ માટે મહાસાગરનું મંથન કરી દેવો માટે અમૃત પ્રકટ કરેલ છે. આવા નિવૃત્તિ-પ્રવૃત્તિમાર્ગના લક્ષ્યને સિદ્ધ કરનાર બન્ને પ્રકારના અમૃતનું પ્રદાન કરનારા સર્વના આદ્ય, સર્વશ્રેષ્ઠ, પરમપુરુષ ભગવાન શ્રીકૃષ્ણને હું પ્રણામ કરું છું. (૪૯)

भवयममपहन्तुं ज्ञानविज्ञानसारं निगमकृपदुपजह्रे भृङ्गवद् वेदसारम् ।
अमृतमुदधितश्चापाययद् भृत्यवर्गान् पुरुषमृषभमाद्यं कृष्णसंज्ञं नतोऽस्मि ॥ ४९ ॥

શ્રીમદ્ ભગવનપીયૂષના એકાદશ સ્કંધના જીવમુક્તિ પ્રકરણના સાયુજ્યમુક્તિપ્રકરણમાં અધ્યાય ૨૯મો સમાપ્ત

અધ્યાય - ૩૦ મો

(આ અધ્યાયમાં ૫૦ શ્લોકો છે. અગિયારમાં મુક્તિલીલા વર્ણવી છે. જીવમુક્તિ અને ઈશમુક્તિ એવા મુક્તિના પ્રકારો છે. ૧ થી ૨૯ અધ્યાયોમાં જીવમુક્તિ વિચારવામાં આવી. ૧ થી ૫ અધ્યાયમાં બ્રહ્મભાવપ્રાપ્તિ નામની મુક્તિનો વિચાર કર્યો. હવે બે અધ્યાયોમાં ઈશમુક્તિ સંબંધી વિચાર આરંભ્યો છે. યદુકુલ ભગવાનની મમતાનું સ્થાન તે યદુકુલને વિપ્રોનો શાપ થયો ત્યારે યાદવોમાં સંગ્રામ થતાં યદુકુલનો નાશ થયો એટલે મમતાની નિવૃત્તિ થઇ એ પ્રસંગ ૫૩ શ્લોકોમાં વર્ણવાશે.)

राजोवाच्र-ततो महाभागवत उद्धवे निर्गते वनम् । द्वारवत्या किमकरोद् भगवान् भूतभावनः ॥ १ ॥

મહારાજશ્રી પરીક્ષિતજીએ પ્રશ્ન કર્યો કે પરમ ભગવદીય શ્રીઉદ્ધવજી ભગવાનની આજ્ઞાને માથે ચઢાવી બદરીવનમાં પધાર્યા ત્યારે પછી સર્વનું કલ્યાણ કરનાર ભગવાન શ્રીકૃષ્ણે દ્વારિકામાં બિરાજીને શું કર્યું ? (૧) મહારાજ ! વિપ્રર્ષિઓનો શાપ પોતાના યદુકુલને સ્પર્શી ચૂકયો હતો ત્યારે યાદવકુલશિરોમણિ ભગવાન શ્રીકૃષ્ણે પ્રત્યેક નેત્રોને અત્યંત પ્રિય પોતાના શ્રીઅંગનો કેવા પ્રકારે ત્યાગ કર્યો ? (૨)

प्रत्याक्रष्ट, नयनमबला यत्र लग्नं न शेकुः कर्णाविष्टं न सरित ततो यत् सतामात्मलग्रम् ।
यच्छ्रीर्वाचां जनयति रतिं किं न मानं कवीनां द्दष्टवा जिष्णोर्युधि रथगतं यच्च तस्साम्यमीयुः ॥ ३ ॥

નાથ ! શ્રીકૃષ્ણ પ્રભુનુ શ્રીઅંગ એટલું બધુ તો સુંદર હતું કે નારી વૃન્દના નયનો ભગવાનના શ્રીઅંગમાં લાગી ગયા બાદ પાછાં વાળી શકતાં જ ન હતાં. પરંતુ જો ભગવાનનું સ્વરૂપ સંતજનોના હ્રદયમાં કાન દ્વારા પધાર્યું તો પછી તે હ્રદયમાંથી બહાર નીકળવા કદી સમર્થ થતું નહીં. જે શ્રીકૃષ્ણ ભગવાનનું સૌંદર્ય કવિવરોની વાણીમાં ઉલ્લાસને ઉત્પન્ન કરતું અને કવિઓના માનને વધારનારું થતું. અધિક શું કહીએ જે દિવ્યસ્વરૂપ પાર્થના રથ ઉપર બિરાજ્યું હતું. યુદ્ધમાં યોદ્ધાઓ એ દિવ્ય સ્વરૂપની ઝાંખી કરતા પ્રાણોને ત્યજવા તે ભગવાનના સામીપ્ય પામ્યા આ અલૌકિક શ્રીઅંગનો ભગવાને કયા પ્રકારે ત્યાગ કર્યો. (૩)

તીર્થસેવન અમંગલ નિવારે ને મંગલ સાધે

મહર્ષિ શ્રીશુકાચાર્ય સર્વદર્શી હોવાથી કહેવા લાગ્યા કે રાજન્ પરીક્ષિત ! સુધર્મા નામની દ્વારિકાની સભામાં યાદવો બેઠા હતા ત્યારે તેઓની નજરે આકાશ અને પૃથ્વીમાં થતા અનેક ઉત્પાતો જોવામાં આવ્યા. આ પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણે યાદવોને કહ્યું કે ભાઈઓ ! આપણી દ્વારિકા નગરીમાં મૃત્યુની આગાહી કરનારા ભયાનક ઉત્પાતો નજરે ચઢે છે તો પ્યારા યદુવરો આપણે બે ઘડી પણ આ સ્થાનમાં વસવું નથી લાગતું. તો સ્ત્રી સમુદાય બાળકો સાથે શંખોદ્ધારમાં જાય. આપણે સર્વ પુરુષો પ્રાચી સરસ્વતીનો પ્રવાહ વહી રહ્યો છે ત્યાં પ્રભાસક્ષેત્રમાં જઇએ. આપણે તે પાવન ક્ષેત્રમાં જઇને પ્રથમ સ્નાન કરી પાવન થઇએ, પુનઃ ઉપવાસ કરી મનોનિગ્રહ કરી પ્રભુને સ્નાન કરાવી પ્રભુનાં ચંદન-અક્ષત-પુષ્પ વગેરેથી અર્ચન કરી દેવોનું આરાધન કરીશું. આપણા કુલાચાર્યો પાસે સ્વસ્તિ-પુણ્યાહવાચન કરાવશું. ત્યાર પછી મહાભાગ એવા તે વિપ્રવર્યોને ગાયો-ભૂમિ-સુર્વણ-વસ્ત્રો-હાથી-ઘોડા-રથ-રાચરચીલાં ભર્યાં ભવનોનાં દાન કરીશું. (૪,૮) આ પ્રકારનો ધાર્મિક વિધિ સર્વ પ્રકારના ઉપદ્રવોનો નાશ કરશે અને સર્વ પ્રકારનું મંગલ કરશે. દેવ, બ્રાહ્મણ અને ગાયોના અચર્ન પ્રાણીમાત્રના કલ્યાણનું કારણ છે. (૯) રાજન્ ! સર્વ યાદવશ્રેષ્ઠોએ ભગવાન શ્રીકૃષ્ણનાં વચનોનું શ્રવણ કર્યું અને તે જ ક્ષણે અનુમોદન આપ્યું અને કેટલાય યાદવો વહાણોમાં સવારી કરીને, કેટલાક યાદવો રથોમાં આરોહણ કરી પ્રભાસક્ષેત્ર પધાર્યાં. (૧૦) પ્રભાસમાં આવીને યાદવો ભગવાનની આજ્ઞા પ્રમાણે જેકાંઇ સર્વ પ્રકારના કલ્યાણને સાધનારાં સાધનો હતાં તેનું શ્રદ્ધા અને ભક્તિપૂર્વક સેવન કરવા લાગ્યા. (૧૧)

વ્યસન વિનાશ કરે જ કરે

રાજન્ પરીક્ષિત ! શ્રીકૃષ્ણ પ્રભુની આજ્ઞા પ્રમાણે સર્વ યાદવોએ સત્કર્મ તો કર્યાં પરંતુ ભાવિએ ભૂલાવ્યા અને સ્વૈરવિહાર શરૂ કર્યો. સર્વથા બુદ્ધિને ભ્રષ્ટ કરનારી વારુણી નામની મદિરાનાં પુષ્કળ પ્રમાણમાં પાન કર્યાં. (૧૨) આ મૈરેયક નામની મદિરાના પાને તેઓ પાગલ બન્યા, કેઓ મહાન વીર હતાં. ભગવાનની માયાએ તેમને ભાન ભુલાવ્યા.

તેઓ દિઙ્મૂઢ બની ગયા અને આપસમાં સંઘર્ષ જામી ગયો. (૧૩) રોષે રાતાં પીળાં નયનોવાળા બની યુદ્ધ કરવા લાગ્યા. હાથોમાં હથિયારો ઉઠાવ્યા, સાગરને તીરે આવી લાગ્યા અને પ્રાણલેણ યુદ્ધ આરંભ્યું. કોઇએ ધનુષ્ય ઉઠાવ્યાં છે તો કોઇએ તલવાર ઉપાડી છે તો કોઇએ તોમર પકડી છે તો કોઇએ વળી અષ્ટિ નામનાં આયુધો ચલાવ્યાં છે. (૧૪) યુદ્ધમાં કપાઇ કપાઇ રથના ધ્વજો આમ તેમ પડવા લાગ્યા તેઓ હાથીઓ, રથો, ગધેડા. ખચ્ચર, ઊંટો, બળદો, પાડાઓ વગેરે લઇને સર્વ એકઠા થયા અને સામસામી હાથીઓ હાથીદાંતથી લઢે તેમ હથિયારો લઇ લઢવા લાગ્યા. (૧૫) પરસ્પરનાં પરાક્રમને ન સહન કરતા પ્રદ્યુમ્ન અને સાંબ, અક્રૂર અને ભોજ, અનિરુદ્ધ અને સાત્યકિ સુભદ્ર અને સંગ્રામજિત, પ્રભુના લઘુ ભ્રાતા ગદ અને તેમના બીજા પુત્ર ગદ સુમિત્ર અને અસુરથ આ પ્રમાણે આ સર્વ ભાઈઓ ક્રોધાંધ થઇ પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. (૧૬) નિશઠ, ઉલ્મુક, સહસ્રજિત, શતજિત અને ભાનુ આ મુખ્ય વીરો હતા. ભગવાને આ સર્વને મોહાન્ધ કર્યા આથી આ સર્વ મદાન્ધ બની ભેગા થઇ આપસમાં મરવા લાગ્યા. (૧૭) દાશાર્હ-વૃષ્ણિ-અન્ધક-ભોજ-સાત્વત-મધુ-વિસર્જન-કકુર-કુતિ, આ નવ કુલના કોલો તેમજ અર્બુદ-માથુર અને સૂરસેના નામના દેશના લોકો પરસ્પરની મૈત્રીને પડતી મૂકી યુદ્ધે ચડયા. (૧૮) અરે રાજન્ ! પુત્રો પિતાઓ સાથે, ભાઈઓ ભાઈઓ સાથે, મામા ભાણાઓ સાથે, જ્ઞાતિજનો જ્ઞાતિજનો સાથે, મદિરાના નશામાં ચકચૂર બની યુદ્ધ કરી રહ્યા હતા. (૧૯) યુદ્ધ કરતાં તેમનાં બાણો ખૂટી ગયાં, ધનુષ્યો ભાગી ગયાં, શસ્ત્રો પણ ખૂટી ગયાં, ત્યારે નેતર નામના ઘાસને હાથમાં પકડી પરસ્પર લડવા લાગ્યા. (૨૦) જ્યારે તેમને એરકા નામના ઘાસને મૂઠીમાં પકડયું ત્યારે તે ઘાસ પણ વજ્ર જેવું અને લોખંડની ભોગળો જેવું ભયાનક બની ગયું. પ્રહાર કરતા આ સર્વ યાદવોને 'ન લડો ન લડો' એવું ભગવાન શ્રીકૃષ્ણ કહી રહ્યા હતા ત્યારે તેઓ શ્રીકૃષ્ણ ભગવાનને જ પ્રહાર કરવા લાગ્યા. (૨૧) અરે રાજન્ ! ભાનભૂલ્યા યાદવો હાથમાં હથિયારો લઇ શ્રીકૃષ્ણ બલભદ્રને શત્રુ સમજી પ્રહાર કરવા મંડી પડયાં. (૨૨) રાજન્ ! હે કુરુનન્દન ! ભગવાનની લીલા જ અગમ્ય છે, જ્યારે યાદવોએ બલભદ્રજી અને શ્રીકૃષ્ણ પ્રભુ ઉપર પ્રહાર આરંભ્યો ત્યારે બન્ને ભાઈઓ પણ પોતાના હાથમાં એરકા ઘાસની ભોગળોથી આવેશમાં આવી પ્રહાર કરવા લાગ્યા. (૨૩) કેવલ ભગવાન શ્રીકૃષ્ણની જ માયાથી બ્રાહ્મણોનો શાપ નિમિત્ત બન્યો અને મોહવશ બનેલા યાદવો પરસ્પરના બળની સ્પર્ધામાં મુકાયા, ક્રોધે ભરાયા. પરિણામે પરસ્પર અથડાતા વાસનો અગ્નિ વનનો નાશ કરે તેમ આ ક્રોધે અખિલ યદુકુલનો નાશ કર્યો. (૨૪) આ પ્રમાણે યદુકુલના નાશને નિહાળી ભગવાને નિર્ણય કર્યો કે કુરુલસંગ્રામ પછી બાકી રહેલો યદુકુલનો ભૂમિનો ભાર આજ હવે હળવો થયો. (૨૫)

શ્રીબલભદ્રજી શ્રીકૃષ્ણચન્દ્ર સ્વરૂપસ્થ થયા

बिभ्रच्चतुर्भुजं रुप भ्राजिष्णु प्रभया स्वया । दिशो वितिमिराः कुर्वन् विधूम इव पावकः ॥ २८ ॥
श्रीवत्साङ्कं घनश्यामं तप्तहाटकवर्चसम् । कौशेयाम्बुरयुग्मेन परिवीतं सुमंगलम् ॥ २९ ॥
सुन्दरस्मितवक्त्राब्जं नीलकुन्तलमण्टितम् । पुण्डरीकाभिरामाक्षं स्फुरन्मकरकुण्डलम् ॥ ३० ॥
कटिसूत्रब्रह्मसूत्रकिरीटकटकाङ्गदैः । हारनूपुरमुद्रामिः कौस्तुभेन विराजितम् ॥ ३१ ॥
वनमालापरीताङ्गं मूर्तिमद्भिर्निजायुधैः । कृत्वोरौ दक्षिणे पादमासीनः पङ्कजारुणम् ॥ ३२ ॥

રાજન્ ! શ્રીબલભદ્રજીએ આ અવસરે સાગરતીરે બિરાજીને યોગ કરીને આત્માને પરમાત્માં મેળવી દઇને પૃથ્વીલોકનો પરિત્યાગ કર્યો. (૨૬) શ્રીદેવકીનન્દન ભગવાને શ્રીબલભદ્રજીને નિજધામમાં પધારતા નિહાળીને સ્વયં એક-પીપળના વૃક્ષને ટેકવી મૌનનો અંગીકાર કરી, પૃથ્વી ઉપર આસન કરી બિરાજ્યા અને ભગવાને આ અવસરે અલૌકિક સ્વરૂપની ઝાંખી કરવા. (૨૭)

ભગવાનની દિવ્ય ઝાંખી

રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણ આ અવસરે ચતુર્ભુજ હતા. પોતાની દિવ્ય કાન્તિથી આ ચતુર્ભુજ તેજોમય. સ્વરૂપ ધૂમ વિનાના અગ્નિની માફક દશે દિશાઓના અંધકારનું નિવારણ કરતું હતું. (૨૮) વક્ષઃસ્થલમાં શ્રીવત્સચિહ્ન હતું, સ્વરૂપ

તો મેઘશ્યામ હતું. તપાવેલા સુવર્ણ જેવી દિવ્ય કાંતિ હતી, એક પીતાંબર કટિભાગ નીચે અને બીજું ઉપર એમ બે પીતાંબર ધારણ કર્યાં હતાં. સ્વરૂપ તો અત્યંત સુમંગલ હતું. (૨૯) મધુર સુન્દર સ્મિતહાસ્ય મુખારવિંદ ઉપર વેરાઇ રહ્યું હતું. શ્રીમસ્તકે બિરાજતા નીલ વર્ણા કેશથી મુખ અત્યંત સુશોભિત હતું, પુંડરીક નામના કમળ જેવાં સુંદર મનોહર નયન હતાં, બન્ને કાનોમાં મકરાકૃતિવાળાં કુંડળો ઝળહળતાં હતાં. (૩૦) ભગવાનના કટિ ભાગની મેખલા, શ્રીઅંગે બિરાજતું ઉપવીત, શ્રીમસ્તકનો મુકુટ, કરકમલનાં કંકણો અને બન્ને બાહુના બાજુબંધ હાર-નૂપુર-વીંટીઓ-કૌસ્તુભમણિ તો સૌન્દર્યને પણ સૌન્દર્યનાં દાન કરતા હતા. (૩૧) ચરણ પર્યન્ત ઝૂકતી વનમાલા સર્વ અંગોને આવરી લેતી હતી. શંખ-ચક્ર-ગદા-પદ્મ નામનાં પ્રભુનાં આયુધો મૂર્તિમંત બની ઊભાં હતાં. આ અવસરે ભગવાને રક્તવર્ણવાળો શ્રીવામચરણ દક્ષિણ ચરણની સાથળ ઉપર પધરાવ્યો હતો. રાજન્ ! દર્શન કરો ભગવાનનું આ દિવ્ય દર્શન છે. (૩૨) રાજન્ ! આ અવસરે ''જરા'' નામનો પારધિ ત્યાં આવી પહોંચ્યો હતો. યાદવોએ જે લોહના મુશલનો ચૂરો કરાવી બાકી રહેલો લોહનો ટુકડો સાગરમાં ફેંકી દીધો હતો અને મત્સ્યના પેટમાંથી પારધિને મળ્યો હતો અને પોતાના ધનુષ્યની ફણીમાં લગાવ્યો હતો તે બાણ લઇ પારધિ જ્યાં ભગવાન બિરાજ્યા હતા ત્યાં આવી પહોંચ્યો. જરા પારધિએ પ્રભુના ચરણોને આ મૃગ છે એવી ભ્રાન્તિથી સમજી હરણના મુખ જેવા રક્તવર્ણા દેખાતા શ્રીવામચરણમાં બાણથી વેધ કર્યો. (૩૩) પરંતુ જ્યારે તે સમીપમાં આવ્યો અને જોયું ત્યારે તેને ખ્યાલ આવ્યો કે મેં હરણના ભ્રમથી ભગવાનના શ્રીવામચરણમાં વેધ કર્યો છે તેથી તે પરિતાપ કરતો ભયભીત થતો અસુરોનું નિકંદન કરનારા પ્રભુશ્રી દેવકીનંદનજીના ચરણોમાં ઢળી પડયો અને અપરાધની ક્ષમા માગવા લાગ્યો. (૩૪) જરા પારધિ બોલ્યો : ભગવન્ ! મેં અણજાણમાં આ અપરાધ કીધો છે. હે નાથ ! હે ઉત્તમશ્લોક શ્રી કૃષ્ણ હે નિર્દોષ સ્વરૂપ પ્રભુ ! મને પાપીને આપ માફ કરો. (૩૫) નાથ ! यस्यानुस्मरणं नृणामज्ञानध्वान्तनाशनम् । वदन्ति तस्यं ते विष्णो मयाऽसाधुकृत । विभो ॥ જે ભગવાનનું સ્મરણ મનુષ્યોના અજ્ઞાન-અંધકારનો વિનાશ કરે છે. વિષ્ણો ! હે પ્રભુ ! એવા કૃપાનાથ નાથનો મેં અસહ્ય અપરાધ કર્યો. (૩૬) હે ભગવન્ ! હું મૃગહત્યારો પારધિ છું. મારો અવિલંબે નાશ કરો. ભવિષ્યમાં કોઇ દિવસ આ પ્રકારનો મારે હાથે મહાન પુરુષનો અનાદર ન થાય-તિરસ્કાર ન થાય. (૩૭) મારી વાત તો બાજુએ મૂકો પરંતુ આપની માયાથી અન્તર દૃષ્ટિ બંધ થઇ જતાં બ્રહ્મા-રુદ્ર-સનત્કુમારો જેવા સમર્થ પણ આપે આપના સંકલ્પથી પ્રકટ કરેલા આપના સ્વરૂપને જાણી નથી શક્તા તો પછી અમ તુલ્ય ક્ષુદ્રજીવો તો આપના સ્વરૂપને કેમ જાણી શકે કે કેમ વર્ણવી શકે ? (૩૮)

જરા પારધિ ઉપર અનુગ્રહ

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે હે જરે ! પારધિ ભય ના પામીશ, મારા ચરણમાં મારી ઇચ્છાથી જ બાણ લાગેલ છે, ભાઈ તેમાં તારો કોઇ જ અપરાધ નથી. જે મારી ઇચ્છા હતી અને મેં જે વિચાર્યું હતું તે જ થયું છે. તારા આ કાર્યને હું મારી સેવા માનુ છું માટે આ સેવાના બદલામાં સ્વર્ગમાં દાન કરું છું. હું તને તે લોકનાં દાન કરું છું કે જે લોક અનન્ત સુકૃતિઓને મળે છે. (૩૯) પોતાની ઇચ્છાથી શ્રીવિગ્રહ ધારણ કરનારા ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે પારધિને આ પ્રકારે સંતોષ આપ્યો ત્યારે તે ''જરા પારધિ'' એ ભગવાનની ત્રણ પરિક્રમાઓ કરી અને પ્રણામ કર્યા પુનઃ વિમાનમાં બેસીને સ્વર્ગમાં ગયો. (૪૦) આ અવસરે ભગવાન શ્રી કૃષ્ણનાં પગલાંને શોધતા શોધતા શ્રી દારુક સારથિજી શ્રી તુલસીજીના સુગંધવાળા આવતા વાયુથી ભગવાન અહીં બિરાજે છે એમ માની આવી પહોંચ્યા. (૪૧)

દારુક ઉપર દયાનિધિની અમિત દયા

तं तत्र तिग्मद्युभिरायुधैर्वृत्तं ह्यश्वत्थमूले कृतकेतनं पतिम् । स्नेहप्लुतात्मा निपपात पादयो रथादवप्लुत्य सबाष्पलोचनः ॥ ४२ ॥

अपश्यतस्त्वच्चरणाम्बुजं प्रभो दृष्टिः प्रनष्टा तमसि प्रविष्टा । दिशो न जाने न लभे च शान्तिं यथा निशायामुडुपे प्रनष्टे ॥ ४३ ॥

દારુક સારથિએ જ્યારે ભગવાનની ઝાંખી કરી ત્યારે ભગવાનની ચારે બાજુ તીવ્ર તેજવાળાં આયુધો શોભી રહ્યાં હતાં અને નિજનાથ તો પીપળાના વૃક્ષ નીચે નિવાસ કરી બિરાજેલા હતા. જ્યાં દારુકે સ્વામીનાં દર્શન કર્યાં કે શ્રી દારુકજી ભક્તિ ભાવથી તરબોળ બની ગયા અને એકાએક રથમાંથી ઠેકડો મારી પડતું મૂકી અશ્રુ છલકાતી આંખલડીએ શ્રીકૃષ્ણ

પ્રભુના ચરણોમાં ઢળી પડયા. (૪૨) શ્રી દારુકજી બોલી ઊઠયા નાથ ! આપનાં શ્રીચરણ- કમલોની ઝાંખી ન થતાં હું અંધ બની ગયો. હે પ્રભો ! મારી બુદ્ધિ નાશ પામી ઘોર અંધારમાં ગરકી ગઈ. હે ભગવાન ! ચંદ્ર વિનાની અંધારી અમાસ્યાની રાત્રીમાં વિચરનારની જે હાલત થાય તે જ મારી સ્થિતિ થઇ ગઇ છે. ન તો દિશાઓનું ભાન છે. ન તો શાંતિ મળે છે. હવે આપની ઝાંખી થતાં શાંતિ વળી એવું બોલતા જ્યાં દારુકે ઊંચું જોયું ત્યાં જ અશ્વો સાથે ગરુડધ્વજ રથ આકાશમાં ઉપર ચાલ્યો અને રથની પાછળ ભગવાનનાં ચક્ર વગેરે આયુધો પણ ચાલ્યાં ગયાં. ત્યારબાદ જનોનો નાશ કરનાર જનાર્દન શ્રીકૃષ્ણે દારુક સારથિને આજ્ઞા કરી કે ભાઈ દારુક ! આપ હવે વિલંબના કરો અને દ્વારિકાજી પધારો. ત્યાં જઇને યાદવકુલ સંઘર્ષ અને યદુકુલ સંહારની કઠોર કથની તેમજ શ્રી સંકર્ષણ પ્રભુની આ ભૂતલ ઉપરથી પધરામણી અને મારી પરિસ્થિતિનું સર્વને જ્ઞાન કરો. (૪૩,૪૬) બીજી એક રહસ્ય વાત એ છે કે દારુક ! મેં શ્રી દ્વારિકનો ત્યાગ કર્યો છે તેથી મહાસાગર માઝા મૂકશે અને યદુપુરી જલમાં ડૂબાડી દેશે તો યાદવોને કહેજો કે આપે આપના બંધુવર્ગ સાથે દ્વારિકામાં ન વસવું. (૪૭) પોતાના પરિવાર સ્ત્રી-પુત્રાદિને તેમજ મારાં પ્યારાં માતાપિતાજીને લઇને શ્રી અર્જુનજીના આશ્રય નીચે ઈન્દ્રપ્રસ્થ ચાલ્યા જજો. (૪૯) જ્યારે ભગવાને શ્રી દારુક સારથિજીને ઉપર પ્રમાણે સર્વ સૂચનો કર્યાં ત્યારે ભગ્ન હૃદયે ભગવાનના શ્રી ચરણોમાં વારંવાર પ્રણામ કરી મસ્તક ઉપર પ્રભુપદસરોજને પધરાવી દુઃખ ભર્યા દિલથી દારુકજી દ્વારિકા પધાર્યા. (૫૦)

इत्युक्तस्तं परिक्रम्य नमस्कृत्य पुनः पुनः । तत्पादौ शीर्ष्ण्युपाधाय दुर्मनाः प्रययौ पुरीम् ॥ ५० ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ એકાદશ સ્કંધના ઈશમુક્તિપ્રકરણમાં અધ્યાય ૩૦ મો સમાપ્ત

અધ્યાય - ૩૧ મો

(ઈશમુક્તિ પ્રકરણનો આ બીજો અધ્યાય છે. આ અધ્યાયમાં અહંતા નિવૃત્તિની કથા છે. ભૂતલ ઉપર શ્રીકૃષ્ણ પધાર્યા ત્યારે પોતાના પરિકર-રસલા તરીકે દેવોને યાદવ સ્વરૂપે ભૂતલ ઉપર લઇ આવ્યા હતા. પરંતુ ભગવાનનો જ્યારે નિજ લોકમાં પધારવાનો વિચાર થયો ત્યારે દેવો પણ પોતાના સ્વરૂપે પોતાના ધામમાં પધારશે એ કથા-અધ્યાયમાં આવે છે. આ અધ્યાયમાં ૨૮ શ્લોકો છે.)

દેવોની દર્શન-આકાંક્ષા

श्रीशुक उवाच- अथ तत्रागमद् ब्रह्मा भवान्या च समं भवः । महेन्द्रप्रमुखादेवा मुनयः सप्रजेश्वराः ॥ १ ॥

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! શ્રી દારુક સારથિજી દ્વારિકા તરફ પધાર્યા પછીથી પીપળાના વૃક્ષ નીચે શ્રીકૃષ્ણ પ્રભુ જ્યાં બિરાજ્યા હતા ત્યાં શ્રીબ્રહ્માજી, ભવાનીશંકર અને ભવાનીજી, તેમજ મહેન્દ્ર વગેરે દેવો, મુનિવરો, પ્રજાપતિઓ, પિતૃઓ, સિદ્ધો, ગન્ધર્વો, વિદ્યાધરો, મહાન સર્પો, ચારણો, યક્ષો, રાક્ષસો, કિન્નરો, અપ્સરાઓ, મૈત્રય વગેરે દ્વિજો, હવે ભગવાન નિજલોકમાં પધારશે તો ભગવાનનાં પ્રસ્થાનનાં દર્શનની અભિલાષા સેવતા શૌરિ શ્રીકૃષ્ણ ભગવાનનાં દિવ્ય કર્મ અને જન્મનું સ્મરણ અને સંકીર્તન કરતા કરતા આવી પહોંચ્યા. (૧,૩) રાજન્ ! આ અવસરે આકાશમાં અવકાશ જ ન રહ્યો અને વિમાનોની ભારે ભીડ જામી. સર્વ દેવો અને ભક્તો અતિશય ભક્તિપૂર્વક વિમાનમાંથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. (૪) દેવોની પધરામણી થતાં પિતામહ બ્રહ્માજીને અને ઈન્દ્રાદિ દેવોની પોતાની વિભૂતિઓને નિહાળી સમર્થ શ્રીહરિ ભગવાને મનને આત્મામાં યોજી દઇ પોતાનાં નયનકમલોને મીંચી દીધાં. (૫) સર્વ લોકોને આનંદનાં દાન કરાનારી ધારણા અને ધ્યાનથી સર્વનું મંગલ કરનારી પોતાની દિવ્ય તનુ યોગીઓની માફક યોગાગ્નિથી અથવા યોગાગ્નિના સંયોગ વિના જ એટલે આગ્નેયી ધારણાથી દાહ કર્યા વિના જ અંતર્ધાન કરીને સ્વેચ્છાથી જ પ્રભુ સ્વદિવ્ય ધામ તરફ પ્રસ્થાન કરી ગયા. (૬) જ્યારે ભગવાન પ્રસ્થાન કરી રહ્યા હતા ત્યારે ભગવાન આપણા લોકમાં પધારી રહ્યા છે એના સંભ્રમમાં આવી ગયા અને દુંદુભિના નાદ કર્યા, પુષ્પની પુષ્કળ વૃષ્ટિ કરી, રાજન્ ! જે ટાણે પ્રભુ પોતાના નિજ લોકમાં પધાર્યા તે જ સમયે ભૂતલ ઉપરથી સત્ય-ધર્મ-ધૈર્ય-કીર્તિ-અને લક્ષ્મી ભગવાનની પાછળ પધારી ગયાં. (૭)

પ્રભુપ્રસ્થાનનો ખ્યાલ દેવોને પણ ન આવી શક્યો

રાજન્ પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે નિજલોકમાં પધાર્યા ત્યારે બ્રહ્માજી મુખ્ય છે એવા દેવો ભગવાન શ્રીકૃષ્ણનું પ્રસ્થાન જોઇ ના શક્યા. રાજન્ ! ભગવાનનું સ્વરૂપ દેવોને પણ અજ્ઞેય છે, તેમજ અગમ્ય છે તેથી તેઓ પ્રભુના પ્રસ્થાનને ન જોઇ શક્યા તેથી દેવો પણ આશ્ચર્યચક્તિ થઇ ગયાં. (૮) રાજન્ ! જુઓ ! આકાશમાં વાદળોને ત્યજીને વીજળી ક્યાં જાય છે તેની સમજ મનુષ્યોને નથી પડતી પણ દેવો જાણી શકે છે તેવી જ રીતે ભગવાન ભૂતલ ઉપરથી નિજલોકમાં પધાર્યા તેનું જ્ઞાન દેવોને ન થયું પરંતુ ભગવાનના પાર્ષદો સમજી શકયા. (૯) બ્રહ્માજી તેમજ શિવજી ભગવાનની યોગ ગતિને જાણીને અત્યંત આશ્ચર્ય પામ્યા અને ભગવાનની દિવ્ય ગતિની સ્તુતિ કરતા કરતા નિજ ધામોમાં સર્વ દેવો પધાર્યા. (૧૦) રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાનનું શ્રીયદુકુલમાં પધારવું. પ્રકટ થવું-અને પાછા તિરોધાન થવું એ કેવલ ભગવાનની અગમ્ય લીલા છે. એવું જાણો. રંગભૂમિ ઉપર કોઇ નટ ભિન્ન ભિન્ન વેષ ધારણ કરીને અને ભિન્ન ભિન્ન નામ ધારણ કરીને અનેક સ્વરૂપે પાઠ લેતાં પ્રવેશે છે તેવી જ લીલા ભગવાન નટવર પણ કરે છે. યદુકુલમાં ભગવાને જન્મ લીધે એ વાત તો બાજુએ મૂકો પરંતુ ભગવાન આ બ્રહ્માંડને પોતાના સ્વરૂપમાંથી પ્રકટ કરી તેમાં સ્વસ્વરૂપથી પ્રવેશ કરીને, પુનઃ સર્વ તંત્ર સ્વતંત્ર રીતે રહી સર્વ ક્રીડાઓ કરી બ્રહ્માજીના આયુષ્યનો દ્વિપરાર્ધકાલ સમાપ્ત થતાં સમગ્ર બ્રહ્માંડને પાછા પોતાના સ્વરૂપમાં લીન કરીને સર્વ વ્યાપાર-ક્રિયા ત્યજી દઇને નિજાનંદનો અનુભવ કરતા સત્તા સ્વરૂપે બિરાજે છે. (૧૧)

मर्त्येन यो गुरुसुतं यमलोकनीतं - त्वां चानयच्छरणदः परमास्त्रदग्धम् ।
जिग्येऽन्तकान्तकमपीशमसाबनीशः - किं स्वावने स्वरनयन्मृगयुं स्वेदहम् ॥ १२ ॥

રાજન્ ! ભગવાન આ સર્વ લીલાઓ કરે છે તેમાં કદી અન્યથાભાવ ના કરવો. કારણ કે ભગવાને આ બ્રહ્માંડમાં અપાર પ્રભાવ દર્શાવ્યો છે. રાજન્ ! આપ જાણો છો જ કે એકવાર યમલોકમાં ગયેલા પોતાના ગુરુપુત્રને તેના તે જ મનુષ્ય દેહ સાથે પાછો લાવ્યા હતા. વળી અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી માતાના ઉદરમાં આપ જ ભસ્મ થઇ ચૂકયા હતા અને શ્રી ઉત્તરા માતાએ શરણે આવી ભગવાન શ્રીકૃષ્ણને વિજ્ઞપ્તિ કરી ત્યારે નિજનાથે આપની જનનીની કૂખમાં જઇ તમારું રક્ષણ કર્યું હતું. અરે ભાઈ ! આટલું જ નહીં પરંતુ કાલના પણ કાલસ્વરૂપ ભગવાન શંકરને બાણાસુર સાથેના સગ્રામમાં જીત્યા. વળી જરા પારધિને તેના તે જ દેહે સ્વર્ગમાં મોકલ્યો તે શ્રીકૃષ્ણ પોતાના રક્ષણમાં અસમર્થ છે એવી કલ્પના પણ કોણ કરે ? (૧૨) રાજન્ ! કોઇ માને કે તેજીયસાં ન દોષાય ભગવાન તો સર્વ કાર્ય કરવા સમર્થ છે માટે ભૂતલ ઉપર બિરાજ્યા હોત તો ભગવાનને શો દોષ લાગત ? તો એવી ભાવના ન કરવી જોઇએ. કારણ કે ભગવાન સર્વલોકના નિયામક છે. વળી કોઇની પણ સહાય વિના વિશ્વની ઉત્પત્તિ-સ્થિતિ-રક્ષા-પ્રલયમાં સ્વતંત્ર કારણ છે અને સર્વતંત્રસ્વતંત્ર છે. પરંતુ યદુકુલનો ઉપસંહાર કર્યા બાદ ભગવાને પોતાના પણ શ્રીઅંગને ભૂલોકમાં ન રાખતાં નિજલોકમાં પધરાવ્યું. ભગવાન જો પોતાના શ્રીઅંગને પણ ભૂતલ ઉપર રાખે તો યોગી લોકો પણ ભગવાનના પંથે ચાલીને પોતાના દેહથી ભૂતલ ઉપર વિહાર કર્યા કરે તો યોગીઓનું અનિષ્ટ થાય માટે સર્વને હિતમાર્ગે દોરવા ભગવાને પણ મનુષ્યભાવનો ત્યાગ કર્યો એ જ મહાપુરુષનું લક્ષણ છે. (૧૩)

રાજન્ પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણની નિજલોકમાં પ્રસ્થાનલીલાનું કોઇ પણ મનુષ્ય ભક્તિભાવપૂર્વક પ્રાતઃકાલમાં પ્રયત્નપૂર્વક સંકીર્તન કરે તો તે પણ ઉત્તમ પદવીને-ગતિને પામે છે અને એ ગતિથી અન્ય કોઇ શ્રેષ્ઠ ગતિ પણ નથી. (૧૪) નૃપ ! ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીના ચરણોમાં મસ્તક મૂકી આજ્ઞા લઇ વિદાય થયેલા શ્રી દારુકજી દ્વારિકામાં પધાર્યા. શ્રી વસુદેવજી શ્રી ઉગ્રસેન મહારાજના ચરણોમાં પ્રણામ કરતાં તેમના ચરણોને અશ્રુધોધથી ભીંજવી દીધા. (૧૫) રાજન્ ! દારુકજીએ યદુકુલસંહારલીલાને વિસ્તરપૂર્વક વસુદેવ અને ઉગ્રસેનને કહી સંભળાવી. (૧૬) દારુકજીના મુખેથી આ અમંગલ સમાચારનું શ્રવણ કરીને સર્વ લોકો દુઃખમાં ડૂબી ગયા, શોકથી મૂર્છિત થયા અને સર્વજનો અત્યંત ઉતાવળે પ્રભાસક્ષેત્રમાં દોડી ગયા. આ પરિસ્થિતિને જોતાં કેટલાક જ્ઞાતિજનો ત્યાં પ્રાણહીન થઇ ધરણી ઉપર ઢળી

પડ્યા અને માથાં કૂટવા લાગ્યા. (૧૭) રાજન્ ! પિતા વસુદેવજી, માતા દેવકીજી, માતા રોહિણીજી ભગવાન કૃષ્ણ અને પ્રભુ બલભદ્રને ન જોતાં શોકસાગરમાં ડૂબી ગયાં. (૧૮) પ્રભાસક્ષેત્રમાં આવીને સર્વ જન ભગવદ્વિયોગથી અત્યંત દુ:ખી થયાં કેટલીક સ્ત્રીઓએ પોતાના પતિને આલિંગન કરી તેમનાં શરીરો સાથે અગ્નિમાં પ્રવેશ કર્યો. (૧૯) શ્રીબલભદ્રજીની પત્નીઓએ બળદેવજીનાં દેહનાં આલિંગન કીધાં અને અગ્નિપ્રવેશ કર્યો અને ભગવાન શ્રીકૃષ્ણની પત્નીઓએ પોતાના પતિના દેહોને ભેટી અગ્નિગમન કર્યાં. ભગવાનની અર્ધાંગનાઓ શ્રી રુકિમણીજી વગેરેએ શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરી ભગવદ્રૂપ બની દેહોને અગ્નિમાં શુદ્ધ કરી બ્રહ્મદેહ દ્વારા ભગવદ્ધામમાં પધાર્યાં. (૨૦) રાજન્ ! આ અવસરે ભગવાનના અતિશય સ્નેહભાજન અને ભગવાનના સખા અર્જુનજીએ ભગવાને આપેલા જ્ઞાનથી પોતાના આત્માને વિવેક આપ્યો. (૨૧) ત્યારબાદ પોતાના બંધુ અને વંશનો વિચ્છેદ પામેલા સર્વ યાદવોની શ્રી અર્જુનજીએ અંજલિપ્રધાન શ્રાદ્ધ વગેરે ઉત્તરની પિંડોદક ક્રિયા કરાવી. (૨૨) મહારાજ પરીક્ષિત ! ભગવાને ત્યજેલી દ્વારિકાને મહાસાગરે ક્ષણમાં ડૂબાડી દીધી પરંતુ મહાસાગર ભગવાનના મંદિરને ડૂબાડી ન શક્યા. (૨૩) સમુદ્રોના તરંગથી ભગવાનનું મંદિર અવશિષ્ટ રહ્યું છે. તેમાં ભગવાન બિરાજે છે અને આજે પણ નિત્ય દર્શન આપે છે. (૨૪) યાદવકુલમાં અવશિષ્ટ રહેલા વૃદ્ધો, બાળકો અને સ્ત્રીઓને લઇ અર્જુનજી ઇન્દ્રપ્રસ્થ આવ્યા અને ત્યાં વ્રજનાભનો રાજગાદી ઉપર રાજ્યાભિષેક કર્યો. (૨૫) રાજન્ પરીક્ષિત ! આપના પિતામહ પાંડવો શ્રી અર્જુનજીના મુખેથી સુહૃદજનોના નાશનું શ્રવણ કરીને આપને રાજ્યાસને સ્થાપીને મહાપંથે સીધાવ્યા. (૨૬) નૃપ ! જે કોઇ વ્યક્તિ દેવાધિદેવ ભગાવન શ્રીકૃષ્ણની લીલાઓ અને જન્મોને શ્રદ્ધાપૂર્વક સંકીર્તન કરે તો તે સર્વ પાપોથી મુક્ત થાય છે. (૨૭) રાજન્ પરીક્ષિત ! આ શ્રીમદ્ ભાગવતજીમાં અને અન્ય ગર્ગસંહિતા, પદ્મપુરાણ વગેરે પુરાણાદિમાં ગાયેલી કલ્યાણકારિણી, મંગલદાયિની અને મનોહર એવી શ્રીકૃષ્ણ ભગવાનની બાલલીલા અને દિવ્ય લીલાઓ તેમજ અવતાર લીલાઓનું શ્રવણ થયું હોય તેનું મુખે કીર્તન કરનાર મનુષ્ય પરમહંસ જેને પામી શકે છે, એવા ભગવાન શ્રીકૃષ્ણની પરાભક્તિ પામે છે. (૨૮)

इत्थं हरेर्भगवतो रुचिरावतारवीर्याणि बालचरितानि च शंतमानि ।
अन्यत्र चेह च श्रुतानि गृणन् मनुष्यो भक्तिं परां परमहंसगतौ लभेत ॥ २८ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ એકાદશ સ્કંધના ઇશમુક્તિપ્રકરણમાં અધ્યાય ૩૧ મો સમાપ્ત

શ્રીકૃષ્ણાર્પણમસ્તુ

એકાદશસ્કંધ સંપૂર્ણ

એકાદશ સ્કંધ મુક્તિલીલા ભગવાનું લલાટ

એકાદશ સ્કંધની ''મુક્તિ'' એવી સંજ્ઞા છે તેમજ શ્રીનાથજી બાવાનું લલાટ છે. આ એકાદશ સ્કંધમાં '૩૧' અધ્યાય છે. દશમસ્કંધનું નામ નિરોધ છે અને એકાદશ સ્કંધનું નામ મુક્તિ છે. નિરોધથી મુક્તિ થાય એવો નિયમ છે. તેથી દશમ સ્કંધનો નિરોધ એ કારણ છે અને મુક્તિ તેનું કાર્ય છે. બીજા સ્કંધના દશમા અધ્યાયના છ શ્લોકોમાં મુક્તિનું લક્ષણ સમજાવ્યું છે કે मुक्तिहित्विाऽन्यथारूपं स्वरूपेण व्यवस्थितिः અન્યથા રૂપ એટલે ધારણ કરેલાં જુદાં સ્વરૂપોનો ત્યાગ કરીને પોતાના સ્વરૂપમાં રહેવું એવો મુક્તિ શબ્દનો અર્થ થાય છે. અન્યથા સ્વરૂપ એટલે જુદાં સ્વરૂપ. એનો એવો ભાવ છે કે તત્ત્વોનું સ્વરૂપ જે જીવે અને ઈશ્વર ધારણ કર્યું છે તેનો ત્યાગ કરવો અને પોતાના આનંદમય સ્વરૂપમાં રહેવું એવો સ્પષ્ટાર્થ મુક્તિ શબ્દનો થાય છે. આ મુક્તિ સ્કંધના એકત્રીસ અધ્યાયોનાં બે પ્રકરણો છે અધ્યાય ૨૯ સુધીના અધ્યાયોમાં જીવમુક્તિનું પ્રકરણ છે અને ૩૦ અને ૩૧ અધ્યાયોમાં ઈશમુક્તિનું વર્ણન છે. આ રીતે જીવમુક્તિ પ્રકરણના ૨૯ અધ્યાયો છે અને ઈશમુક્તિના બે અધ્યાયો છે અને કુલ મળી અધ્યાયો ૩૧ થયા. હવે જીવમુક્તિ પ્રકરણના ૨૯ અધ્યાયોમાં બે પેટા પ્રકરણો છે. પ્રથમ પ્રકરણના ૧ થી ૫ અધ્યાયો છે અને બીજા પ્રકરણમાં ૬ થી ૨૯ અધ્યાયનું એવા બે પ્રકરણો થયાં. જીવમુક્તિના બ્રહ્મભાવ અને સાયુજ્ય એવા બે ભેદ છે તથી બે પ્રકરણો છે. જીવને બ્રહ્મભાવરૂપ મુક્તિ વિદ્યાથી પ્રાપ્ત થાય છે અને સાયુજ્યરૂપ મુક્તિ પ્રકૃતિનો ત્યાગ કરવાથી થાય છે. પ્રથમની બ્રહ્મભાવરૂપ મુક્તિ જ્ઞાનથી થાય છે અને બીજી સાયુજ્ય સ્વરૂપ મુક્તિ ભક્તિથી થાય છે. આ બન્ને પ્રકરણોમાંથી પ્રથમ ૧થી૫ અધ્યાયના પ્રકરણમાં વિદ્યાના એટલે જ્ઞાનના ફલ દશ ઉપદેશકો છે. (૧) નારદજી, (૨) કવિ (૩) હરિ (૪) અન્તરિક્ષ (૫) પ્રબુદ્ધ (૬) પિપ્પલાયન (૭) આવિર્હોત્ર (૮) દ્રુમિલ (૯) ચમસ અને (૧૦) કરભાજન મુનિ-આ દશ આચાર્યો જ્ઞાનના ઉપદેશકો છે. તેમાં નારદજી નિર્ગુણ છે અને નવ યોગેશ્વરો સગુણ છે. હવે બીજી ઈશશક્તિ છે તેના પણ બે ભેદ છે. 'નાટ્ય' નો એટલે જે વેષ લીધો હોય તેનો ત્યાગ એટલે નાટ્યત્યાગ અને પોતાની ઈચ્છાથી પોતાથી થતી મુક્તિ એવા પ્રકારની બીજી મુક્તિ આમ ઈશમુક્તિના પણ બે ભેદ થયા. આ રીતે એકાદશ સ્કંધમાં વર્ણવાયેલી મુક્તિનાં ફલ ચાર પ્રકરણો ક્રમવાર ૧ થી ૫ અધ્યાયનું પ્રથમ પ્રકરણ, બીજુ ૬ થી ૨૯ અધ્યાયનું પ્રકરણ ત્રીજું ૩૦ મા એક અધ્યાયનું પ્રકરણ ને ચોથું ૩૧મા અધ્યાયનું એક પ્રકરણ એવાં ચાર પ્રકરણો થયાં. જીવની બ્રહ્મભાવથી થતી મુક્તિના પાંચ અધ્યાયના પ્રથમ પ્રકરણમાં ક્રમશઃ પાંચ અધ્યાયોનાં, (૧) વૈરાગ્ય (૨) જ્ઞાન, (૩) ભક્તિ ના ધર્મો (૪) મધ્યમ કોટિના ભક્તનાં કર્મ (૫) સાધારણ કક્ષાના ભક્તનાં કર્તવ્ય આવા પાંચ બ્રહ્મભાવની પ્રાપ્તિના ઉપાયો એટલે સાધનોનું વર્ણન કરવામાં આવ્યું છે. જીવમુક્તિના બીજા સાયુજ્યરૂપ નામની મુક્તિના પ્રકરણના ચોવીસ અધ્યાયો છે. અધ્યાય છઠ્ઠાથી અધ્યાય ૨૯મા સુધી એ પ્રસંગ વર્ણવાશે. છઠ્ઠા અધ્યાયમાં મૂલ પ્રકૃતિનો નાશ કેવલ ભગવાનની ઈચ્છાથી જ થાય છે. જીવને મૂલ પ્રકૃતિ સંબંધ પણ ભગવાનની ઈચ્છાથી જ થાય છે. મૂલ પ્રકૃતિમાં જીવમાં અહંકારની ઉત્પત્તિ કરે તે જીવને પ્રાકૃત દેહની પ્રાપ્તિ થાય છે. જેમ મૂલ પ્રકૃતિનો સંબંધ ભગવાનની ઈચ્છાથી જ થયેલો તેમ તેની નિવૃત્તિ પણ ભગવાનની ઈચ્છાથી જ થવાની છે. હવે જીવે જે પ્રાકૃત પદાર્થ દેહ વગેરેનો સંબધ સ્વીકારેલ છે તેનો ત્યાગ કરવવા ૭મા અધ્યાયથી ૨૯ અધ્યાય પર્યન્તના ૨૩ અધ્યાયો કહેલા છે. ભગવાન દયાળું છે તેથી આ પ્રકારની મુક્તિ અપાવવા માટે ૭મા અધ્યાયથી ૨૯મા અધ્યાય પર્યન્ત શ્રી ઉદ્ધવજીને જ્ઞાનનો ઉપદેશ ભગવાને કરેલ છે. આ બીજા પ્રકરણમાં ભક્તિના સાધનોનો ઉપદેશ કુલ સાત આચાર્યોએ કરેલ. (૧) શ્રી દત્તાત્રેય ભગવાન (૨) હંસાવતાર (૩) ભીષ્મ (૪) ભિક્ષુ (૫) પુરુરવસ રાજા (૬) અવતારી ભગવાન શ્રીકૃષ્ણ (૭) અવતારસ્વરૂપ શ્રીકૃષ્ણ આવાં સાત સ્વરૂપો દ્વારા ભક્તિનાં સાધનોનો ઉપદેશ સાયુજ્ય મુક્તિ પ્રકરણમાં આવેલ છે. આ છ સ્વરૂપો ભગવાનના ષડ્ ઐશ્વર્યના છે એમાં ભગવાનનો અવતાર પણ આવી જાય અને ભગવાન અવતારી સ્વયં ધર્મી સ્વરૂપે પણ ઉપદેશ કરી રહ્યા છે. જીવની બ્રહ્મભાવરૂપ મુક્તિ અને સાયુજ્યરૂપ મુક્તિનું નિરૂપણ ૧થી૨૯ અધ્યાયોમાં કરીને મમતા અને અહંતા નો નાશ નામથી બે પ્રકારની ઈશમુક્તિ અંતિમ બે અધ્યાયોમાં વિચારી છે. ત્રીસમા અધ્યાયમાં ભગવાને દ્વારકા અને યાદવોને સાગરમાં ડૂબવા દઈ ''મમતા'' નો ત્યાગ કર્યો છે. પરંતુ પોતાના શ્રીવિગ્રહનો પણ ત્યાગ કરી અહંતા નિવૃત્ત કરી છે. કુલ મુક્તિપ્રકરણના ૩૧ અધ્યાયો થયા.

શ્રીહરિ:

શ્રીમદ્ ભાગવતપીયૂષ સ્કંધ ૧૨ મો

આશ્રયલીલા

બારમા સ્કંધની ''આશ્રયલીલા એવી સંજ્ઞા છે. આ આશ્રયલીલાના તેર અધ્યાયો છે. તેમજ અવાંતર પાંચ પ્રકરણો છે. શ્રીકૃષ્ણાશ્રય પ્રકરણના ૩ અધ્યાય, જગદાશ્રયના ૨ાા અધ્યાય, વેદાશ્રય પ્રકરણનો ૧ાા અધ્યાય, ભક્તિયોગાશ્રય પ્રકરણના ત્રણ અધ્યાય અને શ્રીમદ્ ભાગવતાશ્રય પ્રકરણના ૩ અધ્યાય મળીને પાંચ પ્રકરણના કુલ ૧૩ અધ્યાયો છે.

આશ્રયનો અર્થ દ્વિતીય સ્કંધમાં ત્રણ પ્રકારે સમજાવ્યો છે. સર્ગ-વિસર્ગ નવ પ્રકારની લીલાઓથી જે પરંતત્વ ભગવાન શ્રીકૃષ્ણનું જ્ઞાન થાય છે તે ભગવાન આશ્રયસ્વરૂપ છે. (૧) બીજો આશ્રયનો એવો અર્થ થાય છે જે શ્રીકૃષ્ણ ભગવાનથી આ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે તે ભગવાન આશ્રય છે (૨) આશ્રયનો એક બીજો અર્થ થાય છે કે આધિભૌતિક-આધ્યાત્મિક અને આધિદૈવિક એવા ત્રણ પ્રકારના ભેદના સાક્ષી-દ્રષ્ટા જે હોય તે આશ્રય મનાય (૩) શબ્દના રસનું સ્વરૂપ ધારણ કરનાર વેદ છે માટે વેદનો આશ્રય લેવાય છે. (૪) તેમજ અર્થના રસનું સ્વરૂપ ધારણ કરનાર ભગવાન છે માટે ભગવાન આશ્રય છે ૫. આ રીતે આશ્રયનું લક્ષણ વિચાર્યું છે. આશ્રય લીલાના ૧૩ અધ્યાય છે અને પાંચ પ્રકરણ છે.

(૧) શ્રીકૃષ્ણાશ્રય નામના પ્રકરણના પ્રથમ ત્રણ અધ્યાય એટલા મોટા છે કે પ્રથમ અધ્યાયમાં પ્રવાહનો એટલે લોકનો આશ્રય ન ઘટે તેમજ બીજા અધ્યાયમાં યુગક્રમે ઉત્તરોત્તર ધર્મના પાદોનો હ્રાસ થતો આવતો હોવાથી જે નિત્ય છે તે શ્રીકૃષ્ણ ભગવાન છે માટે ભગવદાશ્રય જ અનિવાર્ય છે. તે સમજાવ્યું છે. માટે શ્રીકૃષ્ણાશ્રય પ્રકરણના ત્રણ અધ્યાય વર્ણવ્યા છે. (૨) જગદાશ્રય પ્રકરણમાં ૨ાા અધ્યાયો છે. જગતનો પણ ભગવાનમાં જ લય થતો હોવાથી જગત પણ આશ્રય કરવા યોગ્ય ન ગણાય વળી જગત પણ ભગવાનનો જ આશ્રય લે છે માટે ભગવદાશ્રય જ મુખ્ય છે એવો વિવેક ૪ થી ૫ાા અઢી અધ્યાયોમાં વર્ણવ્યો છે. (૩) વેદાશ્રય પ્રકરણના પણ દોઢ અધ્યાય છે. અધ્યાત્મ, આધિદૈવ, એ ત્રણના જાણકાર કેવલ ભગવાન વેદ છે. માટે આ પ્રકરણમાં દોઢ અધ્યાયથી વેદ-વેદશાખા વગેરેનું વર્ણન કરીને સર્વે વેદો ભગવાનમાં જ વિરામ પામે છે માટે વેદોનો આશ્રય ભગવાન જ છે એમ પ્રતિપાદન કરીને દોઢ અધ્યાયનો પ્રસંગ પૂર્ણ કર્યો. (૪) આ પ્રકરણના ત્રણ અધ્યાયો છે એમાં ભક્તિ એટલે ફલરૂપા ભક્તિનો જ આશ્રય કરવા જેવો છે એવું માર્કંડેય મુનિનાં ચરિત્રો પ્રસંગથી વર્ણવવામાં આવશે. (૫) પાંચમાં પ્રકરણમાં ત્રણ અધ્યાયોથી શ્રીમદ્ ભાગવત આશ્રયરૂપે છે એવું વર્ણવ્યું છે આ રીતે ૧૪ અધ્યાયોમાં આશ્રયકથા પ્રસંગ આપ્યા છે.

અધ્યાય - ૧ લો

(આ અધ્યાયમાં ૪૩ શ્લોકો છે. આમાં પ્રદ્યોત વંશના ઉપરિચર વસુથી લઇ બાલ્હિકવંશના રાજાઓને વર્ણવ્યા છે.)

राजोवाच-स्वधामानुगते कृष्णे यदुवंशति-भूषणे । कस्य वंशोऽभवत् पृथ्वामेतदाचक्ष्व मे मुने ॥ १ ॥

પરીક્ષિત મહારાજે દ્વાદશ સ્કંધના પ્રારંભમાં શ્રીશુકાચાર્ય મુનિને પ્રશ્ન પૂછયો કે મુનિરાજ ! યદુવંશના અલંકાર સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ ઉપરની નિજલોકમાં પધાર્યા ત્યારે આ પૃથ્વી ઉપર કોનો વંશ આગળ વિસ્તાર પામ્યો ! આ વાત કૃપા કરીને મને-કહો. (૧)

૧૩૮ વર્ષ પર્યન્ત પ્રદ્યોતવંશના પાંચ રાજાઓ

શ્રીશુકાચાર્યે કહયું કે રાજન્ પરીક્ષિત નવમસ્કંધના ૨૩મા આધ્યાયમાં આપે રાજાની કથા સાંભળી છે. એ કુરુ રાજાની છઠ્ઠી પેઢીએ ઉપરિચર વસુ નામના રાજા થયા. અને એમના પુત્ર બૃહદ્રથના નામના રાજા થયા. આ બૃહદ્રથના પુત્ર જરાસંધ થયા. રાજા જરાસંધના વંશના અંતિમ પુરંજય નામના રાજા થશે. રાજા પુરંજયનો શુનકમંત્રી પોતાના રાજાને મારીને તેના સ્થાને પ્રદ્યોત નામના પોતાના પુત્રને રાજા બનાવશે. પ્રદ્યોતનો ફલક અથવા પાલક નામનો પુત્ર પછી

ગાદી ઉપર આવશે. પાલકનો વિશાખયૂપ નામનો પુત્ર તેના પછી ગાદીએ આવશે ત્યાર પછી તેનો રાજક નામનો પુત્રરાજા થશે. પુનઃ રાજકનો નન્દિવર્ધન નામનો પુત્ર ગાદી ઉપર આવશે. આ રીતે પ્રદ્યોત (૧) પાલક, (૨),વિશાખયૂપ, (૩),રાજક, (૪), અને નંદિવર્ધન (૫) નામના ક્રમે કરી ગાદીએ આવતા ૧૩૮ એકસો ને આડત્રીસ વર્ષ પૃથ્વી ભોગવશે. (૨-૪)

૩૬૦ વર્ષ પર્યન્ત શિશુનાગવંશના દશ રાજાઓ

રાજન્ પરીક્ષિત પ્રદ્યોત વંશના પાંચ રાજાઓ પ્રદ્યોત નામથી ગાદી ભોગવ્યા બાદ છેલ્લા નંદીવર્ધન પુત્ર શિશુનાગ ગાદીએ આવશે ત્યારથી શિશુનાગ વંશનો આરંભ થશે. કેટલાકનું માનવું છે કે નંદિવર્ધનનો વંશ અટકી જતાં કોઇ શિશુનાગ નામના પુરુષે ગાદી કબજે કરી ત્યારથી શિશુનાગવંશ ચાલ્યો. શિશુનાગનો કાકવર્ણ પુત્ર થશે, તેનો પુત્ર ક્ષેમધર્મા, ક્ષેમધર્માનો ક્ષેત્રજ્ઞ નામનો પુત્ર ત્યાર પછી રાજ્ય ભોગવશે. તેનો પુત્ર વિધિસાર રાજા થશે અને વિધિસારનો પુત્ર અજાતશત્રુ નાનો ત્યાર બાદ રાજા થશે અજાતશત્રુ પછી પોતાના પુત્ર દર્ભક ગાદી ઉપર આવશે દર્ભક પછી અજય ગાદીએ આવશે અને અજયનો નંદિવર્ધન પુત્ર થશે. ત્યાર બાદ આવંશનો દશમો.મહાનંદિ ઉપર શિશુનાગવંશના નામથી ઓળખાશે. (૫-૭)

સો વર્ષ પર્યન્ત "મહાપદ્મપતિ" નંદ નામના રાજા

રાજન્ વિષ્ણુપુરાણમાં આ રાજાઓ ત્રણસો બાસઠ વર્ષ રાજ્ય ભોગવશે એવો ઉલ્લેખ છે. આ દશ રાજાઓનો છેલ્લા મહાનંદિ રાજાની શૂદ્ર સ્ત્રી હતી તેના દ્વારા નંદ નામના પુત્રનો જન્મ થશે. આ નંદ મહાન પરાક્રમી હશે. કેટલાક તેને મહાપદ્મપતિ નંદ એવા નામથી ઓળખશે. મહાપદ્મ નામનો મહાન નિધિ તેની પાસે હતો તેથી અથવા તો મહાપદ્મ સખ્યાવાળું સૈન્ય નંદ પાસે હોવાથી લોકો તેને મહાપદ્મપતિ એવા નામથી બોલાવશે. આ નંદ ક્ષત્રિયોનો નાશ કરશે. નંદ પછીના રાજાઓ માટે ભાગે શૂદ્ર અને અધર્મી રાજાઓ થશે. (૮,૯) આ મહાદ્મ સંજ્ઞાથી ઓળખાતા રાજા નંદસમ્રાટ બનીને એકછત્રા પૃથ્વીને ભોગવશે. નંદરાજાના શાસનનું ઉલ્લંઘન કરવાની કોઇની હિંમત નહી હોય ભગવાન પરશુરામ જેવા તે પરાક્રમી ગણાશે. (૧૦) આ રાજા નંદના સુમાલી વગેરે આઠ પુત્રો થશે. આ આઠ એને પોતે નવ મળી નવ નંદો નામથી ઓળખાશે. આ નવ નંદરાજાઓ બની સો વર્ષ પર્યન્ત પૃથ્વી ઉપર શાસન કરશે. (૧૧)

૧૩૭ વર્ષ પર્યન્ત દશ મૌર્યવંશ રાજાઓ

કોઇ વાર સંધષંમાં આવતાં થાકેલા નવનંદો ભગવાન કૌટિલ્યને શરણે આવશે. કૌટિલ્ય તેજસ્વી ઋષિ હતા અને ચાણક્યના નામથી પ્રસિદ્ધ હતા તે શરણે આવેલા નવનંદોને ઉગારી લેશે. જ્યારે આ નંદો અસ્ત પામશે ત્યારે. મૌર્યવંશ શરૂ થશે. રાજા નંદની દાસીમાં મૌર્ય નામથી પ્રસિદ્ધ ચન્દ્રગુપ્ત નામનો પુત્ર થશે. ભગવાન કૌટિલ્ય નવનંદના અસ્ત પછી ચન્દ્રગુપ્ત મૌર્યને ગાદી ઉપર બેસાડશે ત્યારથી મૌર્યવંશ ગણાશે. રાજા ચન્દ્રગુપ્ત પછી તેના પુત્ર વારિસાર ગાદીએ આવશે અને વારિસાર પછી તેના પુત્ર થશે. (૧૨,૧૩) અશોકવર્ધનનો પુત્ર સુયશ ત્યારે પછી રાજ્ય કરશે સુયશ રાજાના સંગત નામના પુત્ર થશે. તેમના રાજ્ય પછીથી તેમના શાલિશુક નામના પુત્ર ગાદી ઉપર આવશે. તેમના પછી શાલિશુકના પુત્ર સોમશર્મા ગાદી ઉપર આવશે. કુરુકુલની વૃદ્ધિ કરનાર રાજન્ પરીક્ષિત સોમશર્મા પછીથી શતધન્વા ગાદીએ આવશે. અને શતધન્વા પછીથી તેમના બૃહદ્રથ નામના પુત્ર ગાદી ઉપર આવશે. મૌર્યવંશના આ કુલ દશ રાજાઓ-૧૩૭-એકસો ને સાડત્રીશ વર્ષ રાજ્ય કરશે. (૧૪,૧૫)

૧૧૨ એકસો ને બાર વર્ષ પર્યન્ત શૃંગવંશના દશ રાજાઓ

રાજન્ પરીક્ષિત ! મૌર્યવંશ પછી એકસો ને બાર વર્ષ પર્યન્ત શૃંગવંશ ચાલશે આ શૃંગવંશને શૃંગવંશનો પુષ્પામિત્ર નામનો રાજા ચલાવશે. આ પુષ્પમિત્ર મૌર્યવંશના બૃહદ્રથ રાજાનો પ્રધાન હશે તે પોતાના રાજા બૃહદ્રથને મારી તેના સ્થાને રાજા બનશે. આ પુષ્પમિત્ર પછી પોતાનો પુત્ર અગ્નિમિત્ર ગાદીએ આવશે ત્યાર બાદ તેનો પુત્રસુજ્યેષ્ઠ રાજા થશે. સુજ્યેષ્ઠ પછીથી વસુમિત્ર રાજા થશે. ત્યાર બાદ તેનો પુત્ર ભદ્રક ગાદી ઉપર આવશે. અને ભદ્રક પછી તેનો પુત્ર

પુલિન્દ રાજા થશે. પુલિન્દ પછીથી તેનો ઘોષ નામનો પુત્ર રાજા થશે. ઘોષ પછી તેનો વજમિત્ર નામનો પુત્ર ગાદીએ આવશે. (૧૬.૧૭) વજમિત્ર પછી તેનો ભાગવત નામનો પુત્ર ગાદીએ આવશે. પુનઃ ભાગવતનો પુત્ર દેવભૂતિ રાજા થશે. આ શૃંગવંશનો દશમો અંતિમ રાજા થશે. આ દશે રાજાઓ મળીને એકસો ને બાર વર્ષ પર્યન્ત પૃથ્વીને ભોગવશે. પછીથી પૃથ્વીનું રાજ્ય અતિશય અલ્પગુણવાળા કણ્વોના હાથમાં જશે. (૧૮)

૩૪૫ ત્રણસો ને પિસ્તાળીસ વર્ષ પર્યન્ત કણ્વવંશના ચાર રાજાઓ

શૃંગવંશના અંતિમ રાજા દેવભૂતિ થશે. તે દેવભૂતિ ખૂબ જ વિષયલંપટ હશે. રાજા દેવભૂતિનો મંત્રી કણ્વવંશના વસુદેવ પોતાના રાજાને મારી ગાદી ઉપર આવશે. કણ્વ નીતિમાં ખૂબ જ નિપુણ નીવડશે. આ કણ્વની પાછળ કણ્વનો પુત્ર ભૂમિત્ર ગાદીએ આવશે અને ભૂમિત્ર પછીથી નારાયણ નામનો પુત્ર ગાદીએ આવશે અને નારાયણનો પુત્ર સુશર્મા કણ્વવંશનો ચોથો અને અંતિમ રાજા થશે. આ સુશર્મા સુધીના ચાર રાજાઓ ત્રણસો પિસ્તાળીસ વર્ષ સુધી રાજ્ય ભોગવશે. (૧૯-૨૧)

૪૫૬ ચારસો ને છપન વર્ષ પર્યન્ત આન્ધ્રવંશના ૩૦ રાજાઓ

કણ્વવંશના છેલ્લા રાજા શુશર્માને મારી તેમનું રાજ્ય તેમનો જ સેવક વૃષલ પોતાને કબજે કરશે અને કેટલોક સમય તે રાજ્ય ભોગવશે. આ વૃષલ બળવાન હોવાથી બલિક એવું તેનું નામ થશે. આ બલિક આન્ધ્રવંશનો હશે. પરંતુ તે દુષ્ટ નીવડશે. (૨૨) બલિકના પછી તેનો ભાઈ કૃષ્ણ પૃથ્વીપતિ બનશે. કૃષ્ણની પાછળ કૃષ્ણનો પુત્ર શાંતિકર્ણ ગાદીએ આવશે અને શાંતિકર્ણ પછીથી તેનો પુત્ર પૌર્ણમાસ રાજા બનશે. (૨૩) ત્યાર બાદ પૌર્ણમાસનો પુત્ર લંબોદર ગાદીએ આવશે. લંબોદરની પછી તેનો પુત્ર ચિબિલક ગાદીએ આવશે. રાજા ચિબિલક પછીથી તેનો પુત્ર મેઘસ્વાતિ ગાદીપતિ થશે. ત્યાર પછી તેનો પુત્ર અટ્માન ગાદીએ આવશે. (૨૪) રાજા અટમાન પછી અનિષ્ટ કર્મા ગાદીએ આવશે અને અનિષ્ટકર્મા હાલેય ગાદીએ આવશે. રાજા હાલેય પછીથી તલક રાજા ગાદીએ આવશે. તલક પછીથી તેનો પુરીષભીરુ રાજા થશે. ત્યાર બાદ તેને પુત્ર સુનન્દન રાજા થશે. (૨૫) ત્યાર પછી તેનો પુત્ર ચકોર રાજા થશે. પુનઃચકોરનો પુત્ર અનવમ રાજા થશે. અનવમના પછીથી તેનો પુત્ર શિવસ્વાતિ રાજા બનશે અને શિવસ્વાતિપુત્ર અરિંદમ ત્યાર બાદ રાજા થશે. રાજન્ ! ત્યાર બાદ અરિંદમનો ગોમતીપુત્ર રાજા થશે અને ગોમતીપુત્ર મેદશિરાનો પુત્ર શિવસ્કંધ ત્યાર બાદ ગાદીએ આવશે પુનઃ તેમનો પુત્ર ચન્દ્રવિજ્ઞ ગાદીએ આવશે. (૨૭) ત્યાર પછી તેનો પુત્ર સલોમધિ ગાદી ઉપર આવશે. આ પ્રકારે કુલ ત્રીસ રાજાઓ કુલ ૪૫૬ ચારસો ને છપન વર્ષ પર્યન્ત પૃથ્વીનું રાજ્ય ભોવગશે. (૨૮)

૧૦૯૯ એક હજાર ને નવ્વાણું વર્ષ પર્યન્ત ૬૫ રાજાઓ રાજ્ય ભોગવશે

રાજન્ પરીક્ષિત ! આન્ધ્રવેશ પછીથી બીજા પાંસઠ રાજાઓ એક હજાર અને નવ્વાણું વર્ષ પર્યન્ત રાજ્ય કરશે. તેમાં આવભૃત્ય નામના આહીર જાતિના રાજાઓ થશે. ત્યાર બાદ ગર્દભી નામના ૧૦ રાજાઓ થશે. ત્યાર પછીથી કંક નામના ૧૬ રાજાઓ થશે. તેમના પછી યવન વંશના ૮ રાજાઓ થશે. પુનઃ તુરુષ્ક વંશના ૧૪ રાજાઓ થશે. પુનઃ તુરુષ્ક વંશ પછીથી ગુરુંડ વંશના ૧૦ દશ રાજાઓ અને તેમના પછી મોન વંશના ૧૧ રાજાઓ ગાદી ઉપર આવશે. તેમાં મૌનવંશના ૧૧ રાજાઓ સિવાયના બધા રાજાઓ ૧૦૯૯ વર્ષ પર્યન્ત ગાદીપતિઓ થશે. પરંતુ સર્વ રાજાઓ વિષયલંપટ બનશે ઉપર દર્શાવેલા ગુરુડ વંશ સુધીના ૬૫ રાજાઓ ૧૦૯૯ વર્ષ રાજ્ય ભોગવશે. (૨૯,૩૦)

ત્રણસો વર્ષ “મોન” રાજાઓ અને એકસો છ વર્ષ ભૂતનંદ વગેરેનું રાજ્ય

રાજન્ ! ઉપર દર્શાવેલ ‘‘ગુરુડ વંશના રાજ્ય પછીથી ‘‘મોન નામના અગિયાર રાજાઓ ત્રણસો વર્ષ પર્યન્ત રાજ્ય ભોગવશે અને તેમના પછીથી કિલકિલા નામની નગરીમાં ‘‘ભૂતનંદ’’ વગેરે રાજાઓ રાજ્ય કરશે. ભૂતનંદનો પુત્ર વંગિરિ થશે. તેનો ભાઈ શિશુનંદિ રાજા થશે. શિશુનંદિનો પુત્ર યશોનંદિ ત્યાર પછી રાજા થશે. યશોનંદિ પછી તેનો પુત્ર પ્રવીરક રાજ્ય કરશે. કુલ આ પાંચ રાજાઓ એકસોને છ વર્ષ પર્યન્ત-રાજ્ય કરશે. (૩૧,૩૩)

બાલ્હિકનો વંશ

નંદ વગેરે રાજાઓના તેર પુત્રો બાલ્હિક નામથી પ્રસિદ્ધ થશે. આ તેર ઉપરાંત એક પુષ્પામિત્ર નામના રાજા થશે. તેમનો પુત્ર દુર્મિત્ર નામનો થશે. (૩૪) સાત આન્ધ્ર, સાત કૌશલ, વિદુર અને નિષધ વગેરે દેશોના નામથી ખ્યાતનામ રાજાઓ એક જ વખત જુદા જુદા ખંડના રાજાઓ થશે. તે બાલ્હિક નામથી પ્રસિદ્ધ રાજાઓ આ જ વંશના થશે. (૩૫) મગધ દેશના માગધ રાજાના વંશમાં વિશ્વસ્ફૂર્જિ નામના રાજા થશે. આ માગધ પ્રતાપશાળી હોવાથી પુરંજય નામથી પ્રસિદ્ધ થશે. આ પુરંજય વર્ણનાશક થશે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર નામના વર્ણોની સંજ્ઞાઓ બદલી પુલિંદ, યદુ અને મદ્રક નામના નવા વર્ણો કરશે. (૩૬) આ ઉચ્છ્રંખલ રાજા બ્રાહ્મણાદિ વર્ણોનો નાશ, કરી, ક્ષત્રિયોને નિર્મૂળ કરી વર્ણ વગરની પ્રજા બનાવી દેશે. જાતે પરાક્રમી હોવાથી ''પદ્માવતી'' નામની રાજધાની રચી ગંગાદ્વાર-હરિદ્વારથી લઇને પ્રયાગરાજ પર્યન્તનું રાજ્ય ભોગવશે. (૩૭)

સૌરાષ્ટ્ર દેશ, અવંતી દેશ, માલવ દેશ, શૂરસેન દેશ, આબુ પર્વતની આજુબાજુના દેશ આ બધા દેશના બ્રાહ્મણો સંસ્કારશૂન્ય વ્રાત્યો થશે. અને રાજાઓ શૂદ્ર જેવા સંસ્કારશૂન્ય થઇ જશે. (૩૮) સિન્ધુ નદીના કિનારાનો પ્રદેશ, કુન્તી નામનો દેશ, તેમજ કાશ્મીર દેશના શૂદ્ર વ્રાત્ય, મ્લેચ્છે બ્રહ્મતેજથી શૂન્ય એવા લોકો રાજા બની રાજ્યો ભોગવશે. (૩૯) આ નાના નાના રાજાઓ એક જ સમયમાં રાજાઓ થશે. આ નામ માત્રના રાજાઓ અધર્મપરાયણ, અસત્યભાષી અને કુમાર્ગગામી થશે. પ્રજાને ઓછું આપનાર અને અપાર ક્રોધવાળા થશે. (૪૦) સ્ત્રી હત્યારા, બાલહત્યારા, ગોહત્યા કરનારા, બ્રાહ્મણની હત્યા કરનારા તો થશે પરંતુ પરનારીલંપટ અને પરધનના લાલચુઓ થશે. આ રાજાઓ અલ્પ બળવાળા અને અલ્પ આયુષ્યવાળા થશે. પરિણામે ઊગતા જ આથમી જનારા બનશે. આ લોકો ક્ષણે રુષ્ટ અને ક્ષણેતુષ્ટ સ્વભાવના થશે. (૪૧) આ રાજાઓના જીવનમાંથી ગર્ભાધાનાદિ સંસ્કારો નાશ પામશે. ન તો કોઇ શ્રૌત એટલે શ્રુતિ અનુસાર કર્મો કરનારા કે ન તો કોઇ સ્મૃતિને અનુસરીને કર્મ કરનારા થશે. પરંતુ રજોગુણી અને તમોગુણી રાજાઓ થશે. આ ક્ષુદ્ર રાજાઓ મ્લેચ્છો બની જશે. પ્રજાનું ભક્ષણ કરી જશે. પ્રજાના ધન અને સાધનોને લૂંટનારા થશે પ્રજાજનો જીવતાં મરેલા જ હશે. (૪૨) આનું પરિણામ એ આવશે કે ''જેવા રાજા તેવી પ્રજા'' આ પ્રસિદ્ધ ઉક્તિ પ્રમાણે પ્રજા પણ આચાર વિહીન, દીન, પરસ્પરને પીડનારી અને પીડાતી હશે તેથી સર્વનો નાશ થશે. (૪૩)

तन्नाथास्ते जनपदास्तच्छीलाचारवादिनः । अन्योन्यतो राजभिश्च क्षयं यास्यन्ति पीडिताः ॥ ४३ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ દ્વાદશ સ્કંધના ''શ્રીકૃષ્ણાશ્રય'' નામના પ્રકરણમાં અધ્યાય ૧ લો સમાપ્ત

અધ્યાય - ૨ જો

(આ અધ્યાયમાં ભવિષ્યમાં થનારા ''કલ્કિ'' ભગવાનના અવતારની કથા આવશે. તેમજ કલિયુગના ધર્મો અને કલિયુગની પ્રજાના આચારવિચારનો પણ વિષય વર્ણવાશે. આ અધ્યાય ૪૪ શ્લોકો છે.)

श्रीशुक उवाच-ततश्चानुदिनं धर्मः सत्बं शौचं क्षमा दया । कालेन बलिना राजन् नंक्ष्यत्यायुर्बलं स्मृतिः ॥

શ્રી શુકાચાર્ય મુનિએ કહ્યું કે ભાઈ પરીક્ષિત ! ઉપર કહ્યું કે રાજાના આવા આચારથી પ્રજા પણ આચારશૂન્ય થશે. એટલે કાલના બળથી પ્રતિ દિવસ સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા, બલ અને સ્મૃતિ વગેરે ગુણોથી આચરાતો ધર્મપણ પ્રજાના જીવનમાંથી ચાલ્યો જશે ?

કલિયુગનાં લક્ષણો

(૧) કલિયુગમાં ધનને જ કુલના ઉત્કર્ષનું માપ અને આચારના ઉત્કર્ષનું માપ ગણાશે પરંતુ વિદ્યા-તપ-સદાચાર જ્ઞાન આ બધાં ઉત્કર્ષનાં સ્વરૂપો છે એમ લોકો સમજશે નહીં અને એ બધાંથી ઉત્કર્ષ મપાશે નહીં. કોઇ વ્યક્તિ પાસે ઉત્તમકુલ કે ઉત્તમ આચારો હશે પણ તેની પાસે ધન નહીં હોય તો તેની ગણના ઉત્તમ લોકોમાં નહીં થાય. (૨) ધર્મ વ્યવસ્થા, ન્યાયવ્યવસ્થામાં શાસ્ત્રસિદ્ધાંતોને પ્રમાણ નહીં માને પરંતુ બલને જ મહત્વનું કારણ માનશે. કોઇ પણ વ્યક્તિને ધનનું કે કોઇ ધનવાનનું કે સત્તાનું પીઠબળ નહીં હોય તેનો ન્યાયાલયમાં પરાજય થશે. (૨,૩) સ્ત્રી અને પુરુષની લગ્નસંસ્થામાં

માત્ર બન્નેને રુચશે એટલે દમ્પતી બનશે પરંતુ લગ્નની સંસ્થામાં કુલ આચાર, વગેરે જોવાશે નહીં. (૪) લેવડદેવડમાં ઠગાઇ જ મહત્ત્વની ગણાશે. (૫) સ્ત્રી કે પુરુષમાં પરસ્પર પતિ-પત્નિ છે એથી પ્રેમ નહીં હોય કે પરસ્પરનું મહત્વ નહીં હોય પરંતુ રતિકુશળતા જ કારણ મનાશે. (૬) કેવલ શરીર ઉપર યજ્ઞોપવીત હશે એથી વિપ્ર-બ્રાહ્મણ ગણાશે પરંતુ તપ, બ્રહ્મવિદ્યા વગેરે ધર્મો વીસરી જવાશે.૩ (૭) સંન્યાસી કમંડલ અને કેવલ કષાય વસ્ત્રોનાં આશ્રમચિહ્નોથી ઓળખાશે. વાનપ્રસ્થ કેવલ દાઢી અને કેશથી ઓળખાશે બ્રહ્મચર્ય આશ્રમ જેવું તો કાંઇ હશે જ નહીં અને કેવલ આશ્રમના ધારણ કરેલાં ચિહ્નો જ પરસ્પરના આદર પ્રણામનાં કારણ ગણાશે. (૮) ધન વગેરેના બલથી કચેરીમાંથી ન્યાય મેળવાશે પણ સત્ય પક્ષને ન્યાય નહીં મળે. વાણી અને વ્યાખ્યાનમાં ચતુરતાથી વિદ્વાન ગણાશે પણ તેનું જ્ઞાન મપાશે નહીં. ૪ (૯) ધન નથી તેથી તે મનુષ્ય સમાજ-જાતિમાં તુચ્છ ગણાશે. (૧૦) દંભ ચલાવતાં આવડશે તેને સાધુ-સંત સમજશે (૧૧) કરારી અને તકરારી લગ્નો થશે પરંતુ શાસ્ત્રવિધિવાળાં લગ્નો ભાગ્યે જ થશે. (૧૨) માત્ર સુગંધિ દ્રવ્યોથી સ્નાનને જ શરીરશુદ્ધિનું કારણ મનાશે પરંતુ તીર્થસ્નાન, પર્વસ્નાન વગેરે સ્નાનોને દેહશુદ્ધિનાં લક્ષ્યો નહીં સ્વીકારે. ૫ (૧૧) દૂર સુદૂર આવેલાં સરોવરો કે જલાશય બંધો તીર્થ ગણાશે પરંતુ ગંગા-યમુના-પ્રયાગ-પુષ્કરરાજ વગેરેને તીર્થો તરીકે નહીં માને (૧૨) કેશકલાપ વધારવા અને ગૂંથવામાં લાવણ્ય માનશે પરંતુ શીલને સૌન્દર્ય તરીકે નહીં સ્વીકારે. (૧૩) માત્ર પેટપોષણને પુરુષાર્થ ગણશે પરંતુ ધર્મ, અર્થ, કામ, મોક્ષ, વગેરે પુરુષાર્થ તરીકે સ્વીકારશે નહીં. (૧૪) બોલવામાં ધૃષ્ટ હશે અને પોતાની વાતને સત્ય બતાવવામાં કુશળ હશે તેને જ સત્યવક્તા કહેશે. (૧૫) કુટુંબનું પોષણ કરનાર હુંશિયાર ગણાશે ચતુર ગણાશે. (૧૬) લોકકીર્તિ માટે ધર્મ-દાન કરાશે પરંતુ ધર્મનિષ્ઠાથી ધર્માનુષ્ઠાન કરનાર ભાગ્યે મળશે. (૧૭) જ્યારે આ પ્રકારની આચાર-વિચાર અને ધર્મશૂન્ય પ્રજા થશે અને આખી પૃથ્વી આવી દુષ્ટ પ્રજાથી જ ઉભરાશે ત્યારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રમાંથી જે બલવાન હશે તે રાજા થશે (૧૮) આ પ્રકારની પરિસ્થિતિમાં ધનલોભી નિર્દય અને લૂંટારુ વૃત્તિવાળા રાજાઓ પ્રજાનાં ધન, સ્ત્રીઓ અને સમ્પત્તિઓને લૂંટી લેશે. ત્યારે પ્રાણ બચાવવા પ્રજાજનો વન-પર્વતોનો આશ્રય લેશે અને શાક, મૂલ, માંસ, મધ, ફળ, પુષ્પ, બીજ વગેરે દ્વારા આજીવિકા ચલાવશે. (૫,૯)

કરભાર વધશે કારભાર બગડશે

(૧૯) અનાવૃષ્ટિને લીધે દુષ્કાળ ફેલાશે. (૨૦) રાજાઓ કરભાર વધાર્યા જ કરશે, કારભાર સુધારશે નહીં ૨૧ ઠંડી, ગરમી, પવન, પાણી, હોમ વગેરે આપત્તિઓથી અને કરભાર વધારનાર દુષ્ટ નૃપત્તિઓથી પૃથ્વી અને પ્રજા ત્રાસ પામીનેત્રાહિ, ત્રાહિ પોકારશે. (૧૦) (૨૨) ભૂખમરો, રોગચાળો અને પાણીની તંગીથી પ્રજા પીડાશે (૨૩) માનસિક ચિંતાઓ વધી પડશે, (૨૪) કલિયુગમાં વધારેમાં વધારે મનુષ્ય ત્રીસ વર્ષ જીવી શકશે. (૧૧, ૧૨) માનવની કાયા દૂબળી થશે. (૨૬) વર્ણાશ્રમ ધર્મો વિસરાશે (૨૭) વેદમાર્ગનું પાલન ન થતાં લોકો નાશ પામશે. (૨૮) ધર્માચરણોમાં પાખંડ વધશે. (૨૯) રાજાઓ લૂંટારુ વૃત્તિવાળાઓ થશે (૩૦) સમાજના જીવનમાં ચોરી, અસત્ય, પ્રાણીહિંસા, વગેરે આજીવિકાનાં સાધનો બનશે. (૧૩) (૩૧) ચારે ચાર વર્ણોના ધર્મો નાશ પામશે અને માત્ર શૂદ્ર રહેશે. (૩૨) ગાયો પણ બકરી જેવી કદમાં અને દૂધમાં થશે, (૩૩) ત્યાગી લોકો સંન્યાસાશ્રમમાં રહેલા વિરક્તો સ્ત્રીઓના સહવાસમાં અને સ્ત્રીઓના સંસારવાળા થશે. (૩૪) કુટુંબીજનોમાં સ્નેહ નહીં હોય માત્ર ગોત્ર વંશની કેવલ સગાઇ રહેશે. (૧૪) (૩૫) વનસ્પતિ, ઔષધિઓ, અનાજ ધાન્યો નાના અણુ જેવા કદવાળાં નિઃસત્ત્વ બની જશે. (૩૬) વૃક્ષો શમી જેવાં તદન નાનાં થઇ જશે. (૩૭) કેવલ મેઘોમાં વીજળીઓ દેખા દેશે પરંતુ જલવૃષ્ટિ નહીં થાય (૩૮) મકાનો મોટાં હશે પણ શૂન્ય હશે. (૧૫)

કલ્કિ ભગવાન અવતરશે

રાજન્ ! ગૃહસ્થ આશ્રમમાં રહેનારા ગૃહીજનો આંગણે આવેલા અતિથિ સ્વજનનું આતિથ્ય કરશે નહીં તેમજ દુઃસહ ચેષ્ટાવાળા થઇ જશે. આ પ્રકારની કલિકાલની કરાલ પરિસ્થિતિ આવશે ત્યારે ધર્મના સંરક્ષણ માટે ભગવાન પોતાના સામર્થ્યથી ભૂતલ ઉપર પધારશે. (૧૬) સ્થાવર-જંગમના સ્વામી, સર્વ જગતના આત્મા, સર્વ ઉપર સામર્થ્ય ધરાવાનારા, ધર્મના રક્ષણ માટે સાધુજનોના જન્મ, કર્મની પીડાને દૂર કરવા માટે શંભલ નામના ગામમાં સર્વશ્રેષ્ઠ એવા "શ્રી

વિષ્ણુયશા'' નામના ઋષિવરને ત્યાં ભગવાન કલ્કિ પ્રકટ થશે. (૧૭,૧૮)

इत्थं कलौ गतप्राये जने तु खरधर्मिणि । धर्मतत्राणायसत्त्वेन भगवानवतरिष्यति ॥ १६ ॥
चराचरगुरोर्विष्णोरीश्वरस्याखिलात्मनः । धर्मत्राणाय साधूनां जन्म कर्मापनुत्तये ॥ १७ ॥
शंभलग्राममुख्यस्यब्राह्मणस्य महात्मनः । भवने विष्णुयशसः कल्किः प्रादुर्भविष्यति ॥ १८ ॥
अश्वमाशुगमारूह्य देवदत्त जगत्पतिः । असिनाऽसाधुदमनमष्टैश्वर्यगुणान्वितः ॥ १९ ॥
विचरन्नाशुना क्षोण्यां हयेनाप्रतिमद्युतिः । नृपलिङ्गच्छदो दस्यून् कोटिशो निहनिष्यति ॥ २० ॥
अथ तेषां भविष्यन्ति मनांसि विशदानि वै । वासुदेवाङ्गरागातिपुण्यगन्धानिलस्पृशाम् ।
पौरजानपदानां वै हतेष्वैखिलदस्युषु ॥ २१ ॥

પ્રકટ થયેલા ભગવાંન કલ્કિ જગતના સ્વામી છે. ''શ્રી કલ્કિ'' ભગવાન દેવો એ સેવામાં ભેટ કરેલા અત્યંત વેગીલી ગતિવાળા અશ્વ ઉપર બિરાજીને અષ્ટ ઐશ્વર્ય સમ્પન્ન પ્રભુ હસ્તમાં ખડ્ગ લઇ ભૂતલ ઉપર વિચરશે. (૧૯) ભગવાન કલ્કિ અજોડ પરાક્રમી અને તેજસ્વી હશે. પ્રભુના પ્રાકટય કાલમાં રાજ્યના ચિહ્નને ધારણ કરનારા પરંતુ લૂંટારુવૃત્તિવાળા અને ચોર સમાન કરોડો નામ માત્રના રાજાઓનો વિનાશ કરશે. (૨૦) દુષ્ટ રાજાઓનો નાશ થયા પછી થી ભગવાન વાસુદેવના શ્રીઅંગમાંથી પ્રસરતો દિવ્ય ગંધ લોકોના હૃદયમાં પ્રવેશશે અને સર્વ જનોના ચિત્તની શુદ્ધિ થશે. (૨૧) જનસમૂહના હૃ દયમાં સત્વગુણપૂર્ણ ભગવાન શ્રીવાસુદેવજી બિરાજશે તેથી તે સર્વના પુત્ર અને પૌત્રોનો વંશ વિસ્તારપૂર્ણ ધાર્મિક સત્વગુણવાળો થશે. (૨૨) ધર્મના સ્વામી, સર્વના દુઃખોના અને કલેશોના હરનારા કલ્કિ ભગવાન ભૂતલ ઉપર અવતરશે ત્યારે પુનઃ કૃતયુગ-સત્યયુગનો આરંભ થશે. અને સમસ્ત પ્રજા સત્ત્વગુણવાળી જન્મશે. (૨૩) રાજન્ ! જ્યારે ચન્દ્રસૂર્ય-બૃહસ્પતિ અને પુષ્ય એ ચારે એક રાશિમાં એક સાથે આવશે ત્યારે કૃતયુગનો આરંભ થશે. (૨૪)

પરીક્ષિત રાજાના જન્મ અને નંદના રાજ્યથી વચલો ગાળો ૧૧૧૫ વર્ષ નો થાય

રાજન્ ! જે રાજાઓ થઇ ગયા, હાલમાં જે રાજાઓ વિદ્યમાન છે અને ભવિષ્યમાં જે રાજાઓ થશે તે સર્વસૂર્ય અને ચન્દ્રવંશના રાજાઓના નામનો ઉલ્લેખ મેં આપને કહ્યો. (૨૫) રાજન્ ! આપના જન્મકાલથી આરંભી નંદરાજાનો અભિષેક થયો ત્યાં સુધીમાં કુલ એક હજાર અને એકસો પંદર વર્ષ થાય છે. ૩૬ રાજન્ ! સપ્તર્ષિ ઓના ઉદય સમયે પ્રથમ જે બે નક્ષત્રો ઊગે છે તે બન્ને નક્ષત્રોની મધ્યમાં એક નક્ષત્ર દેખાય છે. (૨૭) ઋષિ લોકો એક એક તે નક્ષત્રની સાથે સો સો વર્ષ પર્યન્ત રહે છે. તે સપ્તર્ષિઓ આજે તમારા વખતમાં હાલ મઘા નક્ષત્રમાં છે. (૨૮) જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ ભૂતલ ઉપર પધાર્યા હતા તે પ્રભુ જ્યારે નિજધામમાં પધાર્યા ત્યારથી જ કલિ ધર્મોએ લોકસમૂહમાં હૃદયમાં પ્રવેશ કર્યો જેથી લોકો પાપમાં ભાવવાળા-રુચિવાળા થયા. (૨૯) ભગવાન લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણના ચરણકમલ આ ધરણી ઉપર બિરાજતા હતા ત્યાં સુધી કલિ લોકમાં પોતાનું સામર્થ્ય જમાવી શકતો નહતો. (૩૦) સપ્તર્ષિઓનો મઘા નક્ષત્રમાં પ્રવેશ થયો ત્યારે કલિયુગનો આરંભકાલ આવ્યો. કલિયુગનાં શુદ્ધ વર્ષો એક હજાર છે અને સંખ્યા અને સંધ્યાના અંશનાં બસો વર્ષ ઉમેરતાં કલિયુગનાં બારસો વર્ષ ગણવામાં આવ્યા છે. તે કલિયુગની સંધિને છોડીને કલિયુગ પ્રવિષ્ટ થયો. (૩૧) આ સપ્તર્ષિઓ જ્યારે મઘા નક્ષત્ર માંથી આગળ વધીને પૂર્વાષાઢા નક્ષત્રમાં પ્રવેશ કરશે ત્યારે નંદ વગેરેનું શાસન હશે આ શાસન કાલમાં કલિ સંપૂર્ણ રીતે ફેલાશે. (૩૨)

પ્રભુચરણોની વિદાય અને કલિનો પ્રવેશ

પૂર્વવેત્તાઓનું કહેવું છે કે ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીનાં ચરણકમલોના સ્પર્શનું સુખ જે દિવસે પૃથ્વીના ભાગ્ય માંથી ગયું અને પ્રભુ પોતાના ધામમાં તલસતા ભક્તોને સુખદાન કરવા નિજધામમાં પધાર્યા તે જ દિવસે અને તે જ ક્ષણે કલિ પોતાનું સામર્થ્ય લોકોમાં પાડી શક્યો. (૩૩) કલિયુગનો એક હજાર વર્ષોનો ગાળો છે. યુગોમાં એ ચોથો યુગ છે. આ વર્ષો દેવતાઓનાં વર્ષોની ગણનાથી લેવાય છે. જ્યારે ચતુર્થ યુગ કલિયુગનો સમય સમાપ્ત થશે ત્યારે યુગચક્રના ક્રમે

પુનઃ કૃતયુગ-સત્યયુગનો આરંભ થશે. કૃતયુગના આગમનથી અને કૃતયુગના પ્રભાવથી જનસમૂહનાં મન પ્રસન્ન અને આત્મપ્રકાશવાળાં થશે. (૩૪) રાજન્ ! ઈકોતેર ચતુર્યુગોનો પ્રત્યેક મનુરાજાનો શાસનકાળ હોય છે. આ પ્રકારે બ્રહ્માજીના એક દિવસમાં ચૌદ મનુઓનું રાજ્ય હોય છે. હાલ આ જે વૈવસ્વત શ્રાદ્ધદેવ મનુનો વંશ જે રીતે વર્ણવાયો છે તે જ પ્રમાણે નાના મોટા ભેદથી પ્રત્યેક યુગમાં બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય શૂદ્ર આ પ્રકારના ચાર વર્ણ-આશ્રમના ભેદથી વ્યવસ્થા ચાલે છે. (૩૫) રાજન્ પરીક્ષિત ! ચૌદ મનુઓ, ખ્યાતનામ મહાપુરુષો અને ભક્તિનાં કેવલ ભૂતલ ઉપર નામ માત્ર રહ્યા છે. આ ઉદારચરિત-મહાપુરુષોનો કેવલ ઈતિહાસ જ સચવાયો છે. ન તો તેમના વંશજો કે પરિવારનાં નામનિશાન રહ્યાં છે, ન તો તેઓના દેહો પણ પૃથ્વી ઉપર રહ્યા છે, માત્ર કીર્તિ જ રહી ગઈ છે. (૩૬)

સોમવંશના દેવાપિ અને સૂર્યવંશના શંતનુ વંશ ચલાવશે

રાજન્ ! કલાપ નામના ગામમાં સોમવંશના દેવાપિ નામના રાજા વસે છે તેઓ મહાન યોગી છે તેમજ સૂર્યવંશના ઈક્ષ્વાકુકુલના અંતિમ રાજા ''મરુ'' પણ સિદ્ધ મહાયોગી છે. તેઓ કલાપમાં હાલ બિરાજે છે. (૩૭) આ બન્ને વંશના બન્ને મહાપુરુષોને ભગવાન વાસુદેવ આજ્ઞા કરશે ત્યારે કલાપ ગ્રામથી પાછા આવીને ધર્મનું સ્થાપન અને પ્રજાનો વિસ્તાર કરશે. (૩૮) રાજન્ ! સૃષ્ટિનું આ એક ચક્ર જ છે તેમાં પૃથ્વી ઉપર અનુક્રમે કૃતયુગ-દ્વાપરયુગ-કલિયુગ એવા ક્રમથી યુગો ચાલ્યા જ કરે છે. (૩૯) રાજન્ પરીક્ષિત ! મેં આપને સોમ-સૂર્ય વંશના રાજાઓ અને વીર પુરુષો જે વર્ણવ્યા અને નથી વર્ણવ્યા એવા પણ રાજાઓ અને બીજાઓ પણ આ પૃથ્વી અમારી છે એમ કરતાં ચાલ્યા ગયા પરંતુ પૃથ્વી તો અહીં જ રહી અને સાથે તો ન જ ગઇ. (૪૦) અરે ભાઈ પરીક્ષિત ! રાજા કે મહારાજા કે કોઇ પણ નામવાળા ભલે ને હો પરંતુ તે નામ તો દેહનાં જ છે દેહ છૂટયા પછી બાળતાં ભસ્મ અને જમીનમાં દાટતાં કીડા જ થવાના છે અને જલમાં પધરાવતાં જલચર પ્રાણીનો ખોરાક થવાના છે. અને તેમાથી આખરે તો મલ-મૂત્ર થવાનાં છે. આ ત્રણ સ્થિતિ જ થવાની છે એવા નશ્વર શરીર માટે જીવોનો દ્રોહ-ત્રાસ-હિંસા શા માટે કરતા હશે ? ભૂતદ્રોહ કરનાર તો નરકગામી જ થનાર છે. ખરેખર માનવ તનુધારી શા માટે દેહથી પ્રાણદ્રોહ કરતા હશે ? તેને પોતાનો સાચો સ્વાર્થ શો છે ? એની સમજ નથી. (૪૧) રાજન્ ! એક ભયંકર મોહ છે કે મારા પૂર્વજોએ આ અખંડ પૃથ્વીનું રાજ્ય ભોગવ્યું છે. વર્તમાનમાં મારી સત્તા નીચે છે, ભવિષ્યમાં મારા પુત્રો અને પૌત્રો અને વંશજોની કેમ બની રહે એ જ ધૂનમાં હોય છે. માનવ માત્ર પોતાની મિલકત અને સમ્પત્તિ માટે આવું જ વિચારે છે. (૪૨) રાજન્ ! આવા વિચારો જીવ કરે એમાં આશ્ચર્ય શું ? અજ્ઞાને તેમને ઘેર્યા છે, -આ કાયા કેવલ પૃથ્વી-જલ-તેજ વગેરે પંચ મહાભૂતોની બનેલી છે પરંતુ એ કાયાને જ આત્મા માન્યો છે તેમજ પૃથ્વીને પોતાની માની છે. પરંતુ આ કાયાને અને ભૂમિને મૂકીને પ્રારબ્ધને અંતે મરણશરણ થતા આવ્યા છે અન થવાના છે. (૪૩) રાજન્ ! પોતાના બળથી-પરાક્રમથી જે જે ભૂપતિઓએ ભૂમિને ભોગવનાર કાયા અને પૃથ્વીને મૂકીને કાયમ માટે ચાલ્યા ગયા છે. કાલનું આ સામર્થ્ય છે આ કાલે તો લોકકથામાં કેવલ તેમને કથામાત્ર-નામમાત્ર જ બાકી રાખ્યા છે. (૪૪)

ये ये भूपतयो राजन् भुञ्जन्ति भुवमोजसा । कालेन ते कृताः सर्वे कथामात्राः कथासु च ॥ ४४॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દ્વાદશ સ્કંધકૃષ્ણાશ્રયનામના પ્રકરણમાં અધ્યાય ૨ જો સમાપ્ત

અધ્યાય - ૩ જો

(આ અધ્યાયમાં ઉપરના અધ્યાયમાં દર્શાવેલા કલિકાલના દોષોને દૂર કરવાનાં અનેક ઉપાયોમાં ભગવાનની લીલા અને નામસંકીર્તન જ સર્વ શ્રેષ્ઠ ઉપાય છે. આ અધ્યાયનું ખૂબ જ મનન હિતકારી છે. આમાં પર શ્લોકો છે.)

ભૂમિનું ગાન

श्रीशुक उवाच- दृष्ट्वात्मनि जये व्यग्रान् नृपान् हसित भूरियम् । अहो मा विजिगोषन्ति मृत्योः क्रीडनका नृपाः ॥ १ ॥

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! ભગવતી ભૂમિદેવી પોતાને મેળવવા સદા વ્યગ્ર રહેતા નરપતિઓને હસે છે. ભૂમિદેવી હસે છે કે આ રાજાઓ સ્વયં મૃત્યુનાં ખિલૌનાં-રમકડાં બની બેઠા છે તે મને શું જોઇને જીતવા વિચારતા હશે.

(૧) પોતાની નરી આંખે નિહાળ્યું છે કે અમારા જેવા તો અનેક રાજાઓ ધરણી ઉપરથી ચાલ્યા ગયા છે આવું જાણ્યા પછી પણ મનમાં એ જ મનોરથ સેવે છે કે અમે પૃથ્વી ભોગવશું અને પૃથ્વી જીતશું. પરંતુ તેઓને અનુસંધાન નથી કે ભોગ ભોગવનાર દેહ જ પાણીના ફીણ જેવો છે તેને બેસી જતાં કેટલી વાર તો પણ એવા દેહ ઉપર વિશ્વાસ રાખીને બેઠા છે. (૨) રાજન્ ! આ રાજાઓ એવા તરંગો સેવે છે કે અમે પ્રથમ અમારા છ શત્રુઓ ઉપર જય મેળવશું. પછીથી રાજમંત્રીઓને જીતીશું પુનઃ સચિવ-સલાહકારોને જીતશું ત્યાર બાદ પૌરનિવાસીઓને જીતી લઇશું પછી તેમના આપ્તજન ઉપર વિજય મેળવશું. બાદ હાથી-ઘોડા વગેરે સૈન્યને જીતીશું પછી રાજ્યમાં ત્રાસ દેનારા કંટક જેવા ચોર-લુંટારુઓને ઉપાડી નાખશું. (૩) આ રીતે ક્રમે ક્રમે સર્વ રાજ્યનાં અંગોને જીતતા જીતતા ચારે બાજુ સમુદ્રની પાળ-ઘેરાવાળી સમગ્ર પૃથ્વીને તાબે કરી લઇશુ આવી વ્યર્થ આશાઓમાં રાચતા રાજાઓ પોતાના મસ્તક ઉપર ભમતા મૃત્યુને જોતા નથી. (૪) વળી અનેક રાજાઓ એવી આશામાં મહાલતા હોય છે કે સમુદ્રનાં આવરણ એટલે કિલ્લાવાળી પૃથ્વીને સાગરપર્યન્ત જીતી લીધા બાદ બીજા દ્વીપોને પણ જીતી લઇશું એવા તરંગોને સેવતા શાણા માનવમાં ન ગણાય. માની લઇએ કે એ રાજાઓએ સાત દ્વીપવાળી પૃથ્વીને જીતી લીધી તેથી શું મળ્યું ? કારણ કે સાત બેટોનું સામ્રાજ્ય પણ એક જ ક્ષણમાં છોડવાનું છે. આ રીતે વિવેકથી વિચારતાં મનોવિજય કર્યો કે આત્માને મેળવ્યો એટલે આત્માસ્વરૂપ ઓળખી મુક્તિ તો સર્વ ફલ પામ્યા. (૫) હે કુરુકુલપાલક રાજન્ ! પૃથ્વીદેવી એવું વિચારે છે કે સ્વાયંભુવ વગેરે મનુરાજાઓ અને તેમના રાજકુમારોએ મને જીતીને સમ્રાટ થયા છતાં તે સમર્થ અને સુપાત્ર મને મૂકીને જ જયાંથી આવ્યા હતા ત્યાં જ સિધાવ્યા તો પછી આ તો ક્ષુદ્ર શક્તિવાળા મને જીતવાનું વિચારતા હોય છે તે તો સાચે જ બુદ્ધિશૂન્ય છે. (૬) મમતાથી બુદ્ધિશૂન્ય બનેલા એવા સજ્જનનાં લક્ષણોથી શૂન્ય રાજાઓ કેવલ પૃથ્વી માટે પિતા અને પુત્રો, વળી ભાઈઓ ભાઈઓ સાથે કલેશો કરે છે. (૭) અજ્ઞાન તો ક્યાં સુધી ? આ સમગ્ર પૃથ્વી મારી છે. હે મૂઢ ! આ પૃથ્વી તારી નથી એમ બોલતા એકબીજાની સ્પર્ધા કરતા પૃથ્વી માટે બીજાને મારતા પોતે પણ મરે છે. (૮) રાજન્ ! જુઓ કેવા ખ્યાતનામ વીર રાજાઓ થયા ! પૃથુ નામથી ધરણીનું નામ પૃથ્વી પડયું તે મહારાજ પૃથુ-પુરુરવારાજા-વિશ્વામિત્ર જેવા તેજસ્વી પુત્રના જનક ગાધિ-નહુષ-ભરત રાજા-અર્જુનકાર્તવીર્ય-માંધાતા-સાગર-પરશુરામ-ખટ્વાંગ-ધુંધુમા-રઘુ-તૃણબિન્દુ-યયાતિ-શર્યાતિ-શંતનુ-ગય-ભગીરથ કુવલયાશ્વ-કકુત્સ્થ-નૈષધ-નૃગ-દિવ્ય નરેશો દૈત્યોના વંશમાં હિરણ્યકશિપુ-વૃત્રાસુર-સમગ્ર લોકને રડાવનાર રાવણરાજા-નમુચિ-શંબરાસુર-ભૌમાસુર-હિરણ્યાક્ષ-તારકાસુર જેવા અનેક રાજાઓ થયા. (૯,૧૧) રાજન્ ! આ ઉપરાંત અનેક દૈત્ય-દાનવ-માવન રાજાઓ મહાન્ ઐશ્વર્યસમ્પન્ન હતા, સર્વ કલાકૌશલ્ય અને જ્ઞાનવાળા હતા, સર્વ સર્વને જીતવાને સમર્થ હતા. શૂરવીર હતા. અને કોઇથી જિતાયા નહતા. મારામાં મમતા રાખવામાં અને કરવામાં એમણે પાછી પાની કરી ન હતી. પરંતુ તે સર્વ મરણશીલ દેહવાળા હતા. હે સમર્થ પરીક્ષિત રાજા ! તે બધા પણ આદર્યાં અધૂરાં મૂકીને, મનના મનોરથો મનમાં જ રાખીને કાળના કોળિયા થઇ ચૂકયા. કેવલ આજે તેમનાં નામ માત્ર સંભળાય છે. (૧૨,૧૩)

कथा इमास्ते कथिता महीयसां विताय लोकेषु यशः परेयुषाम् ।
विज्ञान-वैराग्य-विवक्षया विभो । वचोविभूतीर्न तु पारमार्थ्यम् ॥ १८ ॥

यस्तूत्तश्लोकगुणानुवादः संगीयतेऽभीक्ष्णममङ्गलघ्नः । तमेव नित्यं शृणुयादभीक्ष्णं कृष्णेडमलां भक्तिमभीप्समानः ॥

રાજન્ પરીક્ષિત ! આ લોકમાં ઉજજવલ યશનો વિસ્તાર કરીને ભગવચ્ચરણ કમલને પામેલા મહા પુરુષોની સમગ્ર કથાઓ મેં આપને સંભળાવી. આ કથાઓ જ્ઞાન અને વૈરાગ્ય થાય એ આશયથી કહી છે પરંતુ એ કથા આ પરમાર્થરૂપ એટલે આશ્રયરૂપ નથી પણ આ કથાઓના શ્રવણથી ભગવાનનો મહિમા જાણવામાં આવે ત્યારે સંસારની અસારતા જણાય-વૈરાગ્ય થાય ત્યારે ભગવાન આશ્રયરૂપ થાય છે. એ વાણીની વિભૂતિ છે અને આશ્રયરૂપ ભગવાન છે. પુરુષોની કથા આશ્રયરૂપ નથી. (૧૪) રાજન્ ! માટે ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રમાં અમલ અને અવિચલ ભક્તિની અભિલાષા સેવનાર ભગવદીયજને ક્ષણે અને પદે પદે અમંગલ દૂર કરનાર જે ઉત્તમશ્લોક ભગવાનનો ગુણાનુવાદ આદરપૂર્વક ગવાય છે તે શ્રીહરિના ગુણાનુવાદનું પ્રતિદિન વારંવાર શ્રવણ કર્યા કરવું. (૧૫) પરીક્ષિત રાજાએ પ્રશ્ન

કર્યો કે શ્રીશુકાચાર્ય મહારાજ ! કલિયુગમાં લોકો કલિદોષોને કયા ઉપાથી જીતી શકે ? કયા ઉપાયથી દૂર કરી શકે ? હે મુનિવર ! પ્રતિદિન કલિના દોષો તો વધી રહ્યા જ છે તો તેને પાર કરવાનો ઉપાય મને કહો. જે ઉપાયનું સેવન કરી લોકો કલિદોષમાંથી મુક્ત થાય. (૧૬) આ ઉપરાંત યુગનો પરિચય આપો. યુગધર્મો સમજાવો, કલ્પ અને પ્રલયના કાલનું પ્રમાણ પણ કહો. કાળ તો મહાત્મા ભગવાન વિષ્ણુનું સ્વરૂપ છે તો તેની ગતિ પણ કહો. (૧૭)

કૃતયુગ વગેરેનો પરિચય

શ્રીશુકાચાર્ય મુનિએ કહ્યું કે રાજન્ ! કૃતયુગને લોકો સત્યયુગ કહે છે તે ઠીક છે. આ યુગમાં ચારે ચરણથી પૂર્ણધર્મ હોય છે. કૃતયુગના લોકો આ ચારે ચરણવાળા ધર્મનું ધારણ કરે છે રાજન્ ! સમર્થ એવા કાલના એટલે યુગભગવાનના સત્ય-દયા-દાન-તપ એ ચાર ચરણો કહેવાય છે. એને ચરણ કહેવાનું કારણ કે જેમ પ્રાણી પગથી ચાલે છે એ રીતે યુગ આ ચાર ઉપર ચાલે છે. પગ જેમ મનુષ્યને જે દેશમાં જવું હોય ત્યાં લઈ જાય છે તેવી જ સત્ય-દયા-દાન-તપ આ ચાર સાધનો ભગવચ્ચરણમાં લઇ જાય તેથી તેને ચરણ કહ્યા છે. (૧૮) રાજન્ ! કૃતયુગમાં જનજીવનમાં દયા હતી, સંતોષ હતો, મૈત્રી અને શાંતિ હતાં. સાથે ઈન્દ્રિયો ઉપર સંયમ હતો. કોઇ પણ કાંઇ કઠોર કટુવાક્ય બોલી જાય તો સહન કરવાની વૃત્તિ અને શક્તિ હતાં, વળી લોકો આત્મારામ હતા. સમાન દષ્ટિવાળા હતા અને મોટાભાગના લોકો ભગવાનના ધ્યાનમાં પ્રયત્નશીલ હતા. (૧૯) ત્રેતાયુગ-ત્યારબાદ રાજન્ ! ત્રેતાયુગ આવ્યો. ત્યારે ચાર ચરણવાળા ધર્મનો એક અંશ-ચરણ ધીમે ધીમે ક્ષીણ થવા લાગ્યો એની સામે અધર્મના અસત્ય ભાષણ-હિંસા-અસંતોષ-કલેશ નામના ચાર અંશોમાંથી એક એક વધવા લાગ્યા. પરિણામે એક અધર્મનો પાદ અને ત્રણ ધર્મના આ પ્રકારે ત્રેતાયુગ ચાર પાદવાળો થયો. (૨૦) ત્રેતાયુગનો સમાજ ક્રિયાનિષ્ઠ હતો તેમજ તપોનિષ્ઠ હતો. વળી લોકો અતિશય હિંસાપરાયણ ન હતા તેમજ અત્યંત લંપટ પણ ન હતાં. રાજન્ ! બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-નામના ત્રૈવર્ગિકો ત્રણ વેદોના ઉપાસકો ત્રણ વેદોએ દર્શાવેલાં કર્મ કરનારા અને ધર્મ, અર્થ, કામ નામના ત્રણે પુરુષાર્થોમાં તત્પર હતા અને વેદત્રયીના કર્મમાં નિપુણ હતા. (૨૧) દ્વાપરયુગ-રાજન્ ! ત્રેતાયુગ પછી દ્વાપર યુગ આવ્યો ત્યારે હિંસા-અસત્ય-અસંતોષ-દ્વેષ એવા અધર્મના ચાર ચરણો આવવા લાગ્યા. અને ધર્મના તપ-સત્ય-દયા અને દાન નામના ધર્મના ચાર પાદોમાંથી બે પાદ ઓછા-ક્ષીણ થવા લાગ્યા તેથી અડધો અધર્મ અને અડધો ધર્મ માનીને દ્વાપર યુગ શરૂ થયો. (૨૨) દ્વારપરયુગમાં લોકો વેદોનો અભ્યાસ કરતા હતા, યજ્ઞ પરાયણ હતા, વળી યશસ્વી હતા. બ્રાહ્મણ અને ક્ષત્રિયો પ્રધાન પ્રજાજનો હતા. અને સમાજ ધન સમ્પન્ન હતો. (૨૩)

કલિયુગ-કલિયુગમાં અધર્મની વૃદ્ધિ થવા લાગી એટલે હિંસા-અસંતોષ-દ્વેષ અને અસત્યનો પુષ્કળ ફેલાવો થવાથી ચતુર્થ ભાગનો કેવલ ધર્મ અવશેષ પામ્યો એટલે ''સત્ય'' નામના એક જ પાદવાળો ધર્મ થયો અને ત્રણ પાદ અધર્મના થયા, પરંતુ કલિયુગ પૂર્ણ પ્રમાણમાં વેગ પકડશે ત્યારે રહેલ એક અંશ પણ નષ્ટ થશે તેથી જનજીવનમાં ધર્મ જોવા નહીં મળે. (૨૪) કલિમાં શુષ્ક કલેશ-વૈર વધશે. લોકો લોભી, દુરાચારી, નિર્દયી-દુર્ભાગી, ખૂબ જ તૃષ્ણાવાળા બની જશે. દ્વિજોનું પ્રાધાન્ય નહીં હોય, શૂદ્રપ્રધાન જનસમાજ થઇ જશે એટલે સર્વ સંસ્કારશૂન્ય થઇ જશે. (૨૫)

સત્ય વગેરે યુગોનો પરિચય

રાજન્ ! આ યુગોમાં વિષમતા એટલે ફેરફારો કેમ થયા તેનાં કારણ જાણવાથી તે તે યુગ એળખાશે. જે સત્ત્વ-રજસ્-અને તમ એ ત્રણ ગુણો પુરુષમાં જોવામાં આવે છે તેનો કાલ પ્રેરક છે. તે ગુણો કાલની પ્રેરણાથી આત્મામાં પરિવર્તન માપે છે. (૨૬) હવે જ્યારે મનુષ્યનાં મન, બુદ્ધિ અને ઈન્દ્રિયો સત્વ ગુણમાં અને સત્વ ગુણની ક્રિયામાં પ્રવૃત્ત થતાં મળે ત્યારે સત્યયુગ સમજાય છે. આ સમયમાં જનસમાજના જ્ઞાન અને તપમાં અનુરાગ હોય છે. (૨૭) મતિમાન પરીક્ષિત ! લોકોના જીવનમાં જ્યારે ધર્મ-અર્થ-કામ નામના ત્રણ પુરુષાર્થોમાં પ્રેમ જોવા મળે ત્યારે રજોગુણની વૃત્તિવાળા લોકો છે એ સમજાય છે અને એના ઉપરથી તે ત્રેતાયુગનો કાલ ઓળખાય છે. (૨૮) પરંતુ લોભ-અસંતોષ-અભિમાન-દંભ-મત્સર વગેરે જનજીવનમાં જોવા મળે તેમજ લોકોનો અનુરાગ સકામ કર્મોમાં દેખાય, ત્યારે રજોગુણ-

તમોગુણ પ્રધાન દ્વાપર યુગ આરંભાયો છે એવો નિર્ણય થાય છે. (૨૯) હવે પરીક્ષિતજી ! જન જીવનમાં જો અસત્ય ભાષણ કપટ-માયા-પ્રમાદ-નિદ્રા-હિંસાવેર-ઝેર-વિષપાન-શોક-દુઃખ-ભય-દીનતા વગેરે જોવા મળે ત્યારે તમોગુણની વૃત્તિવાળો સમય પ્રવર્તે છે એથી તે કલિયુગ કહેવાય છે. (૩૦)

કલિયુગમાં કરુણ દશા

સમાજમાં પુરુષો મંદબુદ્ધિ જોવા મળશે. માનવો મંદભાગ્યવાળા, દિવસભર આહાર કરનાર, કામાતુર અને નિર્ધન હશે. જ્યારે સમાજ પણ સ્વૈરવિહાર, કઠોર, વાણી, ઉગ્રસ્વભાવ અને અસદ્ આચારવાળો જોવા મળશે. (૩૧) દેશો, ચોર પ્રધાન બનશે. એક બીજા દેશમાંથી માલસામાન ચોરી લાવશે, વેદો પાખંડથી દૂષિત થશે, રક્ષણ ધર્મવાળી સત્તા પ્રજાનું ભક્ષણ કરનારી થશે, જ્યારે સમાજની નાડ જેમના હાથમાં હોય છે, તે બ્રાહ્મણો જ જીભના લાલચુ અને વિષયસુખના કીડા બનશે. (૩૨) ક્યાંય પણ બ્રહ્મચર્ય પાલન કરનારા બ્રહ્મચારીઓ નહી મળે. આ પ્રમાણે ચારેચાર આશ્રમના લોકો પોતાના આશ્રમના આચારોથી ભ્રષ્ટ હશે. સ્ત્રી-કુટુંબ-પરિવારવાળા ગૃહસ્થો ભિક્ષાવૃત્તિ કરશે. તપસ્વીઓ વસતીમાં વસવાટ કરશે અને સંન્યાસીઓ ધનાનુરાગીઓ બનશે. (૩૩) નબળા અને દૂબળા બાંધાવાળો નારીસમાજ આહાર અધિક કરશે. અધિક સંતાનવાળી બનશે અને લજ્જાનાં આભૂષણ વિનાની જોવા મળશે. નિત્ય કટુભાષિણી, ચોરી, કપટ અને સાહસપરાયણ થઇ જશે. (૩૪) રાજન્ ! કલિકાલમાં ધર્મશૂન્ય, ગ્રાહકોને છેતરનાર, કપટ ભર્યા લેવડદેવડ કરનારો વ્યાપારી વર્ગ હશે. માથે આપત્તિ આવી પડે ત્યારે પરાણે આપદ્ધર્મ લેવો પડે તેને બદલે સ્વભાવમાં જ એવી વૃત્તિઓ આવી જશે અને સજ્જન લોકો જેવૃત્તિ ઓની નિંદા કરે તેવી વૃત્તિઓથી વ્યાપાર કરશે. (૩૫) ભલેને પોતાનો સ્વામી સર્વશ્રેષ્ઠ ગુણવાળો હોય પરંતુ જો તો તે નિર્ધન થશે તો સેવક-ચાકર ક્ષણ વારમાં તેને છોડી દેશે આ અવગુણ શેઠમાં એટલે સ્વામીમાં આવશે પેઢીઓથી ઘરમાં કામ કરતા કે નોકરી-ચાકરી કરતા સેવક-ચાકરને બીમારી કે અશક્તિના કારણે છૂટો કરશે પરંતુ પોતાના સંતાન સમાન ગણી પોષશે નહીં અને જો ગાયો દૂઝણી નહીં હોય તો સ્વાર્થી લોકો ખીલેથી છોડી મૂકશે. (૩૬) રાજન્ ! કલિયુગના કામી લોકો વિષયલાલસાને પોષનારા થતાં માતાપિતા, ભ્રાતા, ભગિની વગેરે તેમજ કુંટુબી જનોને પડતાં મૂકી કામવાસનાઓ અંતરમાં સેવતા કોઇ સાળા-સાળી સાથે મીઠી વાતો કરનારા થશે અને સ્ત્રીલંપટ હશે. (૩૭) શૂદ્રલોકો તપસ્વીઓના વેષો ધારણ કરી આજીવિકાઓ ચલાવશે પરંતુ શ્રમ નહીં કરે. લોકોમાંથી દાન લેશે, વળી ધર્મનું જ્ઞાન પણ નહીં ધરાવતા તેવા અજ્ઞજનો પણ ઉત્તમ વ્યાસાસનો ઉપર બેસી ઉપદેશો આપશે. (૩૮) શાસક વર્ગ સમાજ ઉપર ઉત્તરોત્તર કારભાર વધારતો જ જશે પરંતુ કારભાર તો કથળતો જ જશે. વિશેષમાં અનાવૃષ્ટિ એટલે દુકાળથી અન્નની પણ મુશ્કેલી થતાં પ્રજા પીડાશે. પ્રજા મનમાં સદા ખેદ-ઉદ્વેગવાળી હશે, દેહની દુર્બળ થશે, અન્ન વિના ટળવળશે અને વારંવાર અનાવૃષ્ટિના ભયથી પીડા ભોગવશે. (૩૯) લોકો પણ અન્ન-વસ્ત્ર-જલ. નિદ્રા-સ્ત્રીસુખ-તીર્થસ્નાન-અલંકાર વિનાના જીવતા જાણે પિશાચોજેવા જ ભાગશે. (૪૦) પરસ્પર એક કોડી માર્ટે પ્રેમ-સ્નેહ ત્યજી કલેશ-કંકાસ કરશે. કોર્ટકચેરીઓ કરશે. પરસ્પરને કે કેવલ કોડી માટે મારશે-મારી નાખશે અને કોડી માટે પોતાના પ્રાણોને પણ ગુમાવશે. (૪૧) પુત્રો પૂજ્ય અને વયોવૃદ્ધ માતાપિતાની સેવા નહીં કરે અને સમર્થ અને સમ્પન્ન એવાં પણ માબાપ પોતાનાં સુપાત્ર પુત્ર પુત્ર-પુત્રીઓને પણ છોડી દેશે. એમને પ્રેમ નહીં આપે, નહીં પોષે, કારણ કે કામી-વિષયી અને જીભના રસિયા બનીને વાત્સલ્યશૂન્ય થયા હશે તેમજ સંતાનો પણ તેવાં જ હશે. (૪૨)

કલિના જીવોની કરુણ કથની

कलौ न राजन् जगतो परं गुरुं - त्रिलोकनाथानतपादपंकजम् ।
प्रायेण मर्त्या भगवन्तमच्युतं - यक्ष्यन्ति पाखण्डविभिन्नचेतसः ॥ ४३ ॥

यन्नामधेयं म्रियमाण आतुरः - पतन् स्खलन् वा विवशो गृणन् पुमान् ॥
विमुक्तकर्मार्गल उत्तमा गतिं - प्राप्नोति यक्ष्यन्ति न तं कलौ जनाः ॥ ४४ ॥

રાજન્ પરીક્ષિત ! કીર્તન માત્રથી કલિમાં શ્રીકૃષ્ણ પ્રાપ્ત થાય છે આમ છતાં પણ પાખંડના પરિણામે ભેદભાવવાળાં અને વિકાસવાળાં ચિત્ત જવાથી કલિકાલમાં લોકો અખિલ બ્રહ્માંડોના શ્રેષ્ઠ ગુરુ તેમજ ત્રણ લોકના નાથ નિરંતર જે પ્રભુના ચરણકમલોને નિત્ય ગમે છે એવા શ્રીઅચ્યુત ભગવાન શ્રીકૃષ્ણનું ઘણે ભાગે મરણધર્મને વરેલ માનવ મોટે ભાગે સેવન અને યજન કરશે નહીં. (૪૩) રાજન્ ! શ્રીકૃષ્ણ-પ્રભુનો મહિમા શો કહું? મનુષ્ય માંદો હોય, મરવાની અંતિમ પળોમાં હોય કે રસ્તે ચાલતાં ઠોકર ખાતો હોય કે પડતો હોય, પરવશ હોય, આવી કોઇ પણ કઠિન સ્થિતિમાં ભલે મુકાયેલ હોય પરંતુ જો શ્રીકૃષ્ણ ! કૃષ્ણ એટલા નામનો માત્ર ઉચ્ચાર જ કરે એટલામાં તો સર્વ કર્મમાર્ગની-સઘળી ભોગળો ભાગી જાય છે, સઘળી સાંકળો તૂટી જાય છે અને પરમ ગતિને પામે છે. (૪૪)

કલિમાં શ્રીકૃષ્ણકૃપાનું જ કેવલ બલ કામ આવે

पुसां कलिकृतान् दोषान् द्रव्यदेशात्मसंभवान् । सर्वान् हरति चित्तस्थो भगवान् पूरषोत्तमः ॥ ४५ ॥

श्रुतः संकीर्तितो ध्यातः पूजितश्चादृतोपि वा । नृणां धुनोति भगवान् हृस्त्थो जन्मायुताशुभम् ॥ ४६ ॥

यथा हेम्नि स्थितो वह्निर्दुवर्णं हन्ति धातुजम् । एवमात्मगतो विष्णुर्योगिनामशुभाशयम् ॥ ४७ ॥

विद्यातपःप्राणनिरधमैत्रीतीर्थाभिषेक व्रतदानजप्यैः । नात्यन्तशुद्धिं लभतेऽन्तरात्मा यथा हृदिस्थे भगवत्यनन्ते ॥ ४८ ॥

રાજન્ ! મનુષ્યોના જીવનમાં દ્રવ્યથી, દશાથી કે કાલ વગેરેથી થતા કે કલિયુગે પોતે કરેલા સર્વ દોષોને હૃદયમાં બિરાજતા શ્રીપુરુષોત્તમ ભગવાન દૂર કરી દે છે. (૪૫) રાજન્ ! હૃદયમાં બિરાજમાન ભગવાન શ્રીકૃષ્ણનું કાનોથી સંકીર્તન સાંભળેલ હોય, રસનાથી કૃષ્ણનું સંકીર્તન કીધું હોય, હૃદયથી ધ્યાન કરાયું હોય, ભગવાન શ્રીકૃષ્ણનું અર્ચન કરાયું હોય કે આદર કર્યો હોય તો પણ જીવના હજારો જન્મમાં થયેલાં સર્વ અશુભોનો નાશ કરી દે છે. (૪૬) રાજન્ ! સુવર્ણમાં પ્રવેશ પામેલ અગ્નિ, અન્ય ધાતુઓના મેલને દૂર કરી દે છે, એ જ પ્રમાણે આત્મામાં બિરાજતા ભગવાન વિષ્ણુ યોગીઓના અશુભ વિચારને દૂર કરી નાખે છે. (૪૭) ભાઈ પરીક્ષિત ! શ્રી અનન્ત ભગવાન હૃદયમાં બિરાજે અને અન્તરાત્મા જે પ્રકારની સર્વશ્રેષ્ઠ અને સર્વ પ્રકારની શુદ્ધિ સમ્પાદન કરે છે તેવી શુદ્ધિ વિદ્યા-તપ-પ્રાણસંયમ-પ્રાણીમાત્રમાં મૈત્રી-તીર્થસ્નાન-વ્રત-દાન-જપ અને એવાં અનેક પાવન કરનારાં સાધનોથી પણ શુદ્ધિ સંભવતી નથી. (૪૮)

तस्मात् सर्वात्मना राजन् हृदिस्थं कुरु केशवम् । म्रियमाणो ह्यवहितस्ततो यासि परां गतिम् ॥ ४९ ॥

म्रियमाणरभिध्येयो भगवान् परमेश्वरः । आत्मभावं नयत्यङ्ग सर्वात्मा सर्वसंश्रयः ॥ ५० ॥

कलेर्दोषनिधे राजन् अस्ति ह्येको महान् गुणः । कीर्तनादेव कृष्णस्य मुक्तसङ्गः परं व्रजेत् ॥ ५१ ॥

कृते तद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः । द्वापरे परिचर्यायां कलौ तद् हरिकीर्तनात् ॥ ५२ ॥

પ્રિય પરીક્ષિત રાજન્ ! આપ શરીર ત્યજી રહ્યા છો હવે પૂર્ણ પ્રમાણે સ્વસ્થ અને એકાગ્ર બનો. સર્વાત્મભાવથી શ્રીકેશવ ભગવાનને હૃદયમાં પધરાવો. પ્રભુને હૃદયમાં પધરાવતાં જ આપ દિવ્ય ગતિને પામવાના છો. (૪૯) વહાલા રાજન્ ! દેહ ત્યજનાર પ્રત્યેક આત્માએ સર્વસમર્થ ભગવાન શ્રીકૃષ્ણ સર્વના આત્મા છે અને આશ્રય-આધાર છે તે દયાળુ ભગવાન આત્મભાવનું અવશ્ય દાન કરે છે. (૫૦) અરે રાજન્ ! કલિયુગ કરોડો દોષોની ભલેને ખાણ હશે તો પણ એક સર્વોત્તમ કૌસ્તુભરત્ન જેવો એક સદ્‌ગુણવાળો છે કે કોઇ પણ જીવાત્મા ભગવાન શ્રીકૃષ્ણનું કેવલ સંકીર્તન કરે છે તે તો સર્વ સંગથી મુક્ત બની પરમપદને પામે છે. (૫૧) રાજન્ ! સત્યયુગમાં ભગવાન વિષ્ણુના ધ્યાનથી, ત્રેતાયુગમાં યજ્ઞોના યજનથી, દ્વાપરયુગમાં હરિસેવાથી ભગવાન મળે છે તે ભગવાન કલિયુગમાં કેવલ હરિકીર્તનથી મળે છે. (૫૨)

શ્રીમદ્ ભાગવત દ્વાદશ સ્કંધમાંકૃષ્ણનો આશ્રય કરવાના પ્રકરણમાં ત્રીજો અધ્યાય સમાપ્ત

અધ્યાય - ૪ થો

(આ અધ્યાયમાં નિત્ય-નૈમિત્તિક-આત્યન્તિક અને પ્રાકૃતિક એવા ચાર પ્રકારના થતા પ્રલયોની સ્પષ્ટ રીતે સમજ આપી છે. આ અધ્યાયમાં ૪૩ શ્લોકો છે.)

श्रीशुक उवाच-कालस्ते परमाण्वादिर्द्विपरार्धावधिर्नृप । कथितो युगमानं च शृणु कल्पलयावपि ॥ १ ॥

દૈનિક પ્રલય

શ્રીશુકાચાર્યજી બોલ્યા કે હે રાજન્ ! તૃતીય સ્કંધના એકાદશ અધ્યાયમાં પરમાણુકાલથી આરંભી બે પરાર્ધકાલની સ્પષ્ટ માહિતી આપને આપી છે. તે ઉપરાંત ચારે યુગો અને યુગોનાં વર્ષોનું માપ પણ કહ્યું છે. હવે કલ્પ અને લય સંબંધી વિગત આપીશું તે સ્વસ્થ મનથી સાંભળો. (૧) રાજન્ ! કૃતયુગ-ત્રેતાયુગ-દ્વાપરયુગ અને કલિયુગ મળીને આ ચાર યુગો પ્રત્યેક એક એક હજારવાર આવે તેમજ તેમના સન્ધિનાં કુલ બે હજાર વર્ષે આવે આ રીતે દેવોનાં બાર હજાર વર્ષના કાલને 'કલ્પ' કહેવામાં આવે છે અને કલ્પ એ બ્રહ્માજીના એક દિવસનું નામ છે અને બ્રહ્માજીના એક દિવસમાં ચૌદ મનુઓનું રાજ્ય થાય છે. (૨) બ્રહ્માજીના દિવસને અંતે તેટલા જ વર્ષોના પ્રમાણની બ્રહ્માજીની રાત્રી આવે છે. આ રાત્રીને પ્રલય કહેવામાં આવે છે. રાજન્ ! આ બ્રહ્માજીની રાત્રીમાં ત્રણે લોકોનો લય થાય છે. (૩)

નૈમિત્તિક લય

હવે રાજન્ ! નૈમિત્તિક નામના લયને સમજીએ કે આ અનન્ત બ્રહ્માંડોના રચનાર ભગવાન નારાયણ જ્યારે અનન્ત બ્રહ્માંડોને પોતાના ઉદરમાં સમાવીને પોઢે છે ત્યારે બ્રહ્માજી પણ ભગવાનમાં પોઢી જાય છે આ બ્રહ્માની નિદ્રાના નિમિત્તથી થનારા લયને નૈમિત્તિક પ્રલય કહેવામાં આવે છે. (૪)

પ્રાકૃતિક લય

રાજન્ ! બ્રહ્માજીનું બે પરાર્ધ એટલે એકસો વર્ષનું આયુષ્ય હોય છે. બ્રહ્માનો આટલો બે પરાર્ધ આયુષ્યનો કાલ સમાપ્ત થાય ત્યારે સાતે સાત પ્રકૃતિઓનો પ્રલય થાય છે. મહદ્-અહંકાર-શબ્દ-સ્પર્થ-રૂપ-રસ અને ગંધ આ સાત પ્રકૃતિઓના નામ છે. (૫) બ્રહ્માંડ નામનો કોશ છે. આ કોશને જ્યારે લયનું કારણ મળે છે ત્યારે મહદ્ અહંકાર નામની સાત પ્રકૃતિમાંથી બનેલ કાર્યરૂપ ચૌદે ચૌદ લોક નો નાશ થાય છે તે નાશને પ્રાકૃતિક લય કહેવામા આવે છે. પ્રકૃતિ નામનાં સાત તત્વોમાંથી ઉત્પન્ન થયેલાં બ્રહ્માંડોનો નાશ થયો હોવાથી તેને પ્રાકૃતિક લય કહેવામાં આવ્યો. (૬) રાજન્ ! પ્રલયનો પ્રકાર ખૂબજ ભંયકર હોય છે. આ અવસરે સો વર્ષ પર્યન્ત વૃષ્ટિ નહીં થાય તેથી અન્ન થશે નહીં. ત્યારે ભૂખનાં માર્યાં પ્રાણીઓ પરસ્પરને મારીને ખાવાની પ્રવૃત્તિ કરશે. કાલના આ પ્રકારના ઉપદ્રવને કારણે પ્રજાનો ધીમે ધીમે નાશ થઇ જશે. આ અવસરે સાંવર્તક નામનો પ્રલયનો સૂર્ય પોતાનાં તીવ્ર કિરણોથી સમુદ્ર-શરીર-પૃથ્વીમાં રહેલા રસોને ચૂસી લેશે પરંતુ મેઘદ્વારા પૃથ્વી ઉપર વર્ષાવશે નહીં. (૭,૮) આમ બન્યા બાદ પ્રલયકાલનાં સંવર્તક નામનો અગ્નિ સંકર્ષણ ભગવાનના મુખમાંથી પ્રકટ થશે. અગ્નિને વાયુનું ઉત્તેજન મળતાં દેહ વગેરેથી તદ્દન બનેલા પાતાલ પર્યન્તના સર્વ લોકોને બાળી નાખશે. (૯) ઉપરના સૂર્યના તીવ્ર કિરણોથી તેમજ ચારે તરફની અગ્નિની જ્વાલાઓથી બળી ગયેલું આ બ્રહ્માંડ જાણે બળેલું હોય અને બાળેલું છાણું હોય તેવું દેખાશે. (૧૦) ત્યાર પછી રાજન્ ! પરીક્ષિત સો વર્ષથી કંઇક અધિક વર્ષો પર્યન્ત પ્રચંડ વાયુ વાશે આ પવન પ્રલય કરવા માટે જ વાશે. તીવ્ર વગેથી ચાલતા પવનથી ઊડતી ડમરી અને આંધીથી આકાશ ધૂંસરું થઇ જશે. ત્યાર પછી સાંવર્તક નામના પ્રલયકારી મેઘના સમૂહો વેગથી તૂટી પડશે. સો વર્ષ પર્યન્ત ગર્જનાઓ સાથે વરસાદથી ઝડીઓ ભયાનક પ્રમાણમાં ચાલશે ત્યારે સંપૂર્ણ બ્રહ્માંડ જલબંબાકાર બની જશે. (૧૧,૧૨) રાજન્ આ પ્રમાણે જ્યારે પાતાલ પર્યન્તનું બ્રહ્માંડ જલપૂર્ણ બની જશે ત્યારે પૃથ્વીના ગંધ નામના ગુણને જલ પોતાના સ્વરૂપમાં શમાવી દેશે, આ રીતે પૃથ્વીનો ગંધગુણ નષ્ટ થશે ત્યારે પૃથ્વીનો પ્રલય થશે. જલના રસનામના ગુણને જ્યારે ગળી જશે ત્યારે તે જલ સર્વત્ર પ્રસરી જશે. (૧૩,૧૪) પછી જલનો રસગુણ તેજમાં ભળી જતાં તે જલનો રસ બની જશે અને જલ તેજમાં સમાઇ જશે ત્યાર બાદ તેજના રૂપ નામના ગુણને વાયુ ગળી જશે ત્યારે તેજ વાયુમાં

લીન થઇ જશે. ત્યાર બાદ વાયુના સ્પર્શ નામના ગુણને આકાશ ખેંચી લેશે એટલે વાયુ આકાશમાં લય પામશે. ત્યાર પછી આકાશના શબ્દ ગુણને પંચમહાભૂતોને આદિ એવો અહંકાર ગળી જશે તેથી શબ્દ નામના ગુણ વિનાના આકાશનો તામસ અહંકારમાં લય થશે. ત્યાર બાદ ઇન્દ્રિયોના વિષયો સાથે ઇન્દ્રિયોને રાજસ અહંકાર પોતાનામાં સમાવી લેશે. અને ઇન્દ્રિયોના દેવોને સાત્વિક અહંકાર પોતાનામાં સમાવી દેશે. પુનઃ સાત્વિક રાજસ-તામસ નામના ત્રણે પ્રકારના અહંકારને તેનું કારણ મહત્ત તત્વ પોતાનામાં લીન કરી દેશે. અને મહત્તને સત્વ રજસ-તમસ ગુણો વળી જશે એટલે સ્વ-સ્વરૂપ બનાવી દેશે. પુનઃ કાલથી પ્રેરિત પ્રકૃતિ એટલે પ્રધાન તત્ત્વ તે ત્રણ ગુણોને સ્વ-સ્વરૂપમાં સમાવી દેશે અને પ્રકૃતિ ભગવાનમાં મળી જશે. (૧૫-૧૮)

રાજન ! તે સમર્થ ભગવાનને કાલાદિના ધર્મોથી કોઇ વિકારો થતા નથી. કારણે કે ભગવાન અનાદિ, અનન્ત, અવ્યક્ત, નિત્ય, અવિનાશી અને સર્વના કારણ છે. માટે અનાદિ અનન્ત ભગવાનનાં જન્મ-મૃત્યુ નથી સંભવતાં, અવ્યય અવિનાશી હોવાથી તેમાં વિકારો નથી સંભવતા, માટે રાત્રી-દિવસ વગેરે કાલના અવયવોથી કોઇ પણ પરિણામાદિ ભાવો પણ નથી થતા. (૧૯) રાજન્ ! આ ભગવાનમાં વાણીની ગતિ નથી. સત્ત્વ-રજસ-તમસ-મહત્તત્વ વગેરેનો પણ પ્રવેશ કે અવસર નથી. તેમાં પ્રાણો-ઇન્દ્રિયો-બુદ્ધિ અને દેવતાઓ પણ તેમાં નથી, કે તે ભગવાનને લોકોના જેવા પ્રકૃતિક દેહો પણ નથી- તે ભગવાનને કોઇ સૂર્ય પ્રકાશતા નથી પણ ભગવાન સ્વયં પ્રકાશ છે. એટલું જ નહીં પરંતુ સૂર્યાદિ સર્વના પ્રકાશક છે. (૨૦) રાજન્ ! આ ભગવાનને સ્વપ્નાવસ્થા-જાગ્રતવસ્થા કે સુષુપ્તિ નામની અવસ્થાઓ નથી. એ પરમ તત્વને આકાશ-તલ-ભૂમિ-પવન-અગ્નિ કે સૂર્ય કાંઇ નથી. આ ભગવાન સુષુપ્તિ અવસ્થાની માફક અને સૂન્યની માફક અતર્ક્ય છે એટલે તર્કથી સમજી શકાય તેમ નથી. વિવેકીજનો અને જ્ઞાનિજનો મૂલભૂત તત્વ અથવા પરમપદ એવા સ્વરૂપથી જાણે છે. (૨૧) રાજન્ ! આ પ્રકારે પુરુષની અને પ્રકૃતિની શક્તિઓ કાલબલે સર્વથા લીન થાય છે ત્યારે પોતપોતાના કારણમાં મળી જાય છે ત્યારે પુરુષના જ્ઞાનથી સંકોચ થાય છે ત્યારે પરમાત્મારૂપ થાય છે ત્યારે તેને પ્રાકૃતિક લય કહેવામાં આવે છે. (૨૨)

બાર શ્લોકમાં વર્ણવાતો આત્યન્તિક લયનું નિરૂપણ

રાજન્ ! આપ આત્યન્તિક લયને સાંભળો. જ્ઞાનના આશ્રયથી ભગવાનમાં થતા લયને મોક્ષનામનો આત્યન્તિક લય કહેલો છે જો ભેદને વાસ્તવિક છે એવું માનીએ તો આત્યન્તિક લય એટલે એ કદી સંભવે નહીં માટે પ્રપંચ બ્રહ્મથી ભિન્ન નથી એવું બતાવે છે.

बुद्धीन्द्रियार्थरुपेण ज्ञानं भाति तदाश्रयम् । दृश्यत्वाब्यातिरेकाभ्यामाद्यन्तवदवस्तु यत् ॥ २३ ॥

રાજન્ પરીક્ષિત ! બુદ્ધિ, ઇન્દ્રિય અને અર્થ આ ત્રણે વસ્તુમાં બુદ્ધિ ગ્રાહિકા છે જ્યારે ઇન્દ્રિયો પદાર્થને ગ્રહણ કરવામાં સાધન છે અને પદાર્થો ગ્રહણ કરવાની વસ્તુ છે અને આ ત્રણેનો આશ્રય જ્ઞાનાત્મક બ્રહ્મ છે પાટે બ્રહ્મથી બુદ્ધિ, ઇન્દ્રિયો કે પદાર્થ નામની કોઇ ભિન્ન વસ્તુ નથી. જે વસ્તુનો આદિ છે અને જે વસ્તુનો અન્ત છે તે વસ્તુને વસ્તુ જ ન કહેવાય તે ખરી રીતે ''અવસ્તુ'' જ છે તે તો કાર્ય અને કારણના વ્યતિરેક દેખાય છે. કાર્ય કારણને લઇ ન જ દેખાય છે તેથી તે કાર્ય કારણથી જુદું ન મનાય. (૨૩) જુઓ આ વિષય એક દૃષ્ટાન્તથી સમજી શકાય છે એક દીપક, બીજું ચક્ષુ અને ત્રીજી વસ્તુરૂપ આ ત્રણે વસ્તુ તેજથી ભિન્ન નથી, તેવી જ રીતે બુદ્ધિ, ઇન્દ્રિયો અને પદાર્થો આ ત્રણે વસ્તુઓ પણ બ્રહ્મથી ભિન્ન નથી, કારણ એ છે કે એ ત્રણે બ્રહ્મનાં કાર્યરૂપ છે. રાજન્ ! આ ત્રણે કાર્ય છે અને કારણથી ભિન્ન નથી ખાવું માનશો તો કાર્યમાં રહેલા દોષો કારણના જ ગણાશે એવી જો શંકા થાય તો ભાઈ ! તેવી શંકાને અવસર નથી કારણ કે રાજસ બ્રહ્મ તો કાર્યથી તદ્દન ભિન્ન છે પરંતુ કાર્ય એટલે આ સમસ્ત પ્રપંચ બ્રહ્મથી ભિન્ન ના કહી શકાય. આ વિવેક જ્ઞાન રાખતાં સમજાશે કે કાર્યમાં રહેલા દોષો કારણમાં જઇ શકશે નહીં કારણ કે કાર્યથી કારણ અત્યંત ભિન્ન છે. રાજન્ જુઓ ! 'જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ' ત્રણ બુદ્ધિની વૃત્તિઓ છે એવું વિવેકી જનોએ કહ્યું છે. હવે રાજન્ ! આ ત્રણે અવસ્થાઓ તો વિશ્વ-તેજસ અને પ્રાજ્ઞની છે, બુદ્ધિની નથી એવું કહો તો તેમ નથી કારણ કે પ્રત્યગાત્મામાં આ

અવસ્થાકૃત ભેદ જે વિશ્વ, તેજસ અને પ્રાજ્ઞરૂપ છે તે તો માયા માત્ર છે અને કેવલ અવિદ્યાથી એ ભેદોની કલ્પના છે. (૨૪,૨૫) આકાશમાં મેઘ કયારેક નથી હોતો પરંતુ મેઘોને લીધે કે મેઘોની આભાને સૂર્યને કોઇ પણ લાભ હાનિ નથી થતાં, કારણ કે ઉદય અને અસ્ત એ તો અંતવાળા છે. રાજન્ ! આ રીતે બ્રહ્મના કાર્યરૂપ વિશ્વ પણ ઉદય અને અસ્તવાળું જ છે. પરિણામે કોકવાર વિશ્વ હોય અને કોક વાર વિશ્વ ન પણ હોય. પરંતુ વિશ્વની હાજરી કે અભાવથી બ્રહ્મને ગુણ કે દોષની અસર થતી નથી. (૨૬) રાજન્ ! બ્રહ્મ કારણ છે તેમજ તે કાર્યથી ભિન્ન છે એ વસ્તુ પણ સમજીએ-કે વસ્ત્રનું દૃષ્ટાન્ત લઇએ કે તેમાં તંતુઓ તંતુઓનું બનેલું વસ્ત્ર એવી બે વસ્તુઓ છે તંતુને અવયવ કહેવાય અને વસ્ત્રને અવયવી કહેવાય છે. અવયવ કારણ છે અને સત્ય છે પરંતુ તે તંતુઓમાંથી બનેલ વસ્ત્ર કાંઇ હોય જ એવો નિયમ નથી. કારણ કે વસ્ત્ર ન હોય તો પણ તંતુઓ તો રહી શકે છે જ્યારે તંતુઓ ન હોય તો વસ્ત્ર ન હોઇ શકે તેવી જ રીતે બ્રહ્મનું સમજવું. (૨૭)

રાજન્ ! હવે એવી એક શંકા થાય કે કાર્ય અને કારણમાં ભેદ ન માન્યો તો પછી આ તંતુ છે, આ વસ્ત્ર છે, આમાટી છે, આ ઘડો છે એવો વ્યવહાર કેવી રીતે ઘટશે તો તેનો ખુલાસો એવો છે કે સામાન્ય એટલે કારણ રૂપથી ભિન્ન દેખાતું જે કાર્ય તે કારણ અને કાર્યથી જેની ઉપલબ્ધિ થાય છે તે સર્વ ભ્રમ છે. કારણ કે કાર્ય અને કારણનો પરસ્પર આશ્રય છે. એક બીજા વિના તે દેખાતાં નથી માટે આદિ અને અંતવાળુ જે કાંઇ છે તે સર્વ અવસ્તુ છે. (૨૮) જુઓ રાજન્ ! પરીક્ષિત ! આ જે વિકારે છે એટલે આ કાર્યરૂપ જગત્ પ્રંપચ છે તે પરમાત્મા વિના જરા પણ કહી શકાય નહીં. જો તે પરમાત્મા વિના વ્યવહારમાં આવી શકતો હોય તો તે પણ પરમાત્મારૂપ જ ગણાય તે સ્વપ્રકાશરૂપ જ ગણાય તો દ્વૈત જેવી કોઇ વસ્તુ જ ન રહે. (૨૯) પરીક્ષિત રાજન્ ! આપ એવો પ્રશ્ન કરી શકો છે કે આત્મામાં એક જીવ અને બીજો બ્રહ્મ એવા બે ભેદો તો જોવા મળે છે તો પછી ત્યાં શું સમજવું તો સાંભળો એનું સમાધાન-પરમાર્થભૂત સત્ય એવા બ્રહ્મમાં નાનાત્વ એટલે અનેકત્વ અથવા ભેદ હોતો જ નથી. તમે કહેશો કે જો ''નાનાત્વ'' નથી તો પછી જીવ અને બ્રહ્મ એવો વ્યવહાર-પ્રયોગ થતો આપણે જોઇએ છીએ તે ન થવો જોઇએ. તો તેનું સમાધાન સાંભળો ! જીવ અને બ્રહ્મ એ પ્રકારનો ભેદ તો વ્યવહારરૂપ ઉપાધિને કારણ થાય છે. પરંતુ વાસ્તવિક રીતે તેવું નથી. જો અવિદ્વાન પુરુષ જીવ અને બ્રહ્મનો ભેદ માનતો હોય તો આકાશમાં જેમ ઘટાકાશ મહાકાશ વ્યવહાર થાય છે તેવો ભેદ જીવ અને બ્રહ્મમાં સંભવે. જેમ આકાશમાં સૂર્ય છે જુદાં જુદાં જલોમાં જુદા જુદા સૂર્યનો ઉપાધિથી ભેદ સંભવે છે, જેમ આકાશમાં ચાલતો વાયુ અને દેહમાં ચાલતા વાયુમાં ઉપાધિકૃત ભેદ સંભવે છે તેમ જીવ અને પરમાત્મામાં દેહરૂપ ઉપાધિને લીધે અવિદ્વન ભેદ માને પરંતુ વિદ્વાનછે તે તો દેહથી આત્મા ભિન્ન છે એવું જુએ તે તો આત્માને એક અને અદ્વિતીય જ માને છે. (૩૦) જુઓ રાજન્ ! એક દૃષ્ટાન્તથી આ વસ્તુ સમજીએ સિદ્ધાન્તની દૃષ્ટિએ તો આ જડ જગત અને ચેતન સર્વ જગત બ્રહ્મરૂપ જ છે. લોકો સુવર્ણને કંકણ-કુંડલ-કટિમેખલા-કંઠી-કરમુદ્રિકા વગેરેનો રૂપમાં અનેક રીતે વ્યવહાર કરે છે તેવી જ લૌકિક તેમજ વૈદિક વચનોથી ભગવાન અનેક પ્રકારે વ્યવહારવિષય થાય છે. રાજન્ ! આ બન્ને વસ્તુમાં એક અન્તર છે કે સુવર્ણ અને અલંકારો, માટી અને ઘડા, ગાગરો બધાં આંખે દેખાય છે અને જીવ-બ્રહ્મ તો અધોક્ષજ ઇન્દ્રિયોના વિષય નથી હોતા તેથી આંખ વગેરેના વિષય થતા નથી. (૩૧) રાજન્ ! હવે એક એવી શંકા થશે કે જે ''ભગવાન''અધોક્ષજ છે તો તે બ્રહ્મને અધોક્ષજ પણું કેમ થયું ! જો તમે કહેશો કેનાયં વેદ સ્વમાત્માનમ્ એ ન્યાયથી અહંકારને લીધે ભગવાનનું જ્ઞાન થઇ શકતું નથી તો ત્યાં એવી એક શંકા થાય છે કે અહંકાર બ્રહ્મનું આવરણ કેવી રીતે બની શકે ? કારણ કે અહંકાર નું કારણ બ્રહ્મ છે તેથી બ્રહ્મતો પ્રથમથી જ છે અને પછીથી થયેલ છે તે અહંકાર બ્રહ્મને કેવી રીતે ઢાંકી શકે? અને અહંકાર તે બ્રહ્મને ઢાંકી દે તો પછી તે બ્રહ્મને સ્વયંપ્રકાશ કેમ કહી શકાય ? તો સાંભળો રાજન્ ! એક દૃષ્ટાંત આપું છું કે જે સૂર્યનાં કિરણો ભૂમિમાંથી જલને ખેંચે છે પછી તે જલ આકાશમાં મેઘરૂપે રહે છે તે જ મેઘ મનુષ્યની આંખનો આધિદૈવિક દેવ સૂર્યને જોવામાં પ્રતિબંધક બને છે એ વાત જગજાણીતી છે તેવી રીતે અહંકાર પણ બ્રહ્મનો ગુણ છે તેથી તે બ્રહ્મનું કાર્ય છે છતાં અહંકાર, બ્રહ્મથી પ્રકાશિત એવા જીવને બ્રહ્મદર્શનમાં પ્રતિબંધક બને છે. (૩૨)

રાજન્ ! મેઘનું આવરણ દૂર થતાં સૂર્યનું દર્શન થાય છે તેવી જ રીતે અહંકારનો નાશ થતાં આત્માના સ્વરૂપનું દર્શન થશે. આ વસ્તુ આપણે દષ્ટાન્તથી સમજી શકીશું કે જેમ સૂર્યથી ઉત્પન્ન થતો મેઘ દૂર થતાં ચક્ષુઈન્દ્રિય સ્વરૂપભૂત જોઇ શકે છે તેવી જ રીતે બ્રહ્મદર્શનની ઈચ્છા થતાં જ બ્રહ્મનું આવરણ કરનાર અહંકાર દૂર થશે ત્યારે તે પોતે જ હું બ્રહ્મ છું એમ પોતે પોતાને બ્રહ્મરૂપ જોઇ શકશે. (૩૩)

यदैवमेतेन विवेकहेतिना मायामयहङ्करणात्मबन्धनम् । छित्वाच्युतात्मानुभवोऽवतिष्ठते तमाहुरात्यन्तिकमङ्गसंप्लवम् ॥

આપણે જે "આત્યન્તિક" નામના પ્રલયની ચર્ચા કરી રહ્યા તે આ જ આત્યન્તિક પ્રલય કહેવાય છે કે વિવેક નામના તીક્ષ્ણ શસ્ત્રથી આત્માનું બંધન કરનારા અને આત્માનું આવરણ કરનારા માયામય અહંકારનો નાશ કરીને શ્રી અચ્યુત ભગવાનનો અનુભવ કરીને ભગવદ્રૂપ થઇને રહે ત્યારે હે અંગ ! પરીક્ષિત ! આ સ્થિતિ આત્યન્તિક પ્રલય કહેવાય છે. (૩૪)

નિત્ય લયની ચર્ચા

ભાઈ પરંતપ ! પરીક્ષિત રાજન્ ! બ્રહ્માથી આરંભીને સર્વ ભૂતોની ઉત્પત્તિ અને લય પ્રતિ ક્ષણ થયા કરે છે એવું કેટલાક "સૂક્ષ્મ" ને જાણનારાઓ કહે છે અને એને નિત્ય પ્રલય કહેવામાં આવેલ છે. (૩૫) જેમ ક્ષણે ક્ષણે પરિણામ પામતી દીપકની જ્યોતિ, પળે પળે પલટાતો સરિતાનો પ્રવાહ ક્ષણે ક્ષણે મળતા તેલના અને જલના પોષણને લીધે નાના મોટા પ્રમાણમાં થતાં ચાલ્યા જ કરે છે તેવી જ રીતે-કાલના પ્રવાહના ચાલવાથી દેહ પ્રતિદિન-અન્ન-જલ વગેરેનું ભક્ષણ કરે છે તેનાથી દેહનો રોજ ઘટાડો વધારો થતો રહે છે એટલે જ દેહ ક્ષણે ક્ષણે નવો જન્મ છે અને ક્ષણે ક્ષણે નાશ પામે છે. આ વિષયમાં અનુમાન કરી શકાય છે કે દેહ પ્રતિક્ષણ નાશ પામે છે કારણ કે તે દેહની અવસ્થા બદલાતી રહે છે. દષ્ટાન્ત દીપકની જ્યોતની માફક. (૩૬) રાજન્ ! કદાચ એવો વિચાર આવે કે જો દેહ ક્ષણે ક્ષણે અવસ્થા બદલે છે તો આપણને તે બદલાતી અવસ્થા દેખાવી જોઈએ તો દેખાતી કેમ નથી ? માટે તમારું કહેવું માની શકાય તેમ નથી. પરંતુ આવી શંકાના સમાધાનમાં કહેવાનું કે આ અવસ્થાઓ તો અનાદિ અને અનંત એવા ભગવાનનું જ જે કાલ નામ છે તેનાથી થતી હોય છે અને કાલને કોઈ જોઈ શકતું કે જાણી શકતું નથી. આકાશમાં નિત્ય ગતિમાન [illegible] સૂર્ય-ચન્દ્ર આદિ ગ્રહો વગેરેનું ચલન આપણે જોઈ શકતા નથી પરંતુ એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં જતા સૂર્યાદિને જોઈએ છીએ તેના ઉપરથી તે ચાલે છે એવું અનુમાન કરી શકીએ છીએ. રાજન્ ! દેહની બાબતમાં પણ બાલ્યાવસ્થા-યુવાવસ્થા-જરાવસ્થા આવા મોટા મોટા ફેરફારો જોઈ શકીએ છીએ તેને જોઇને તેનો ક્ષણે ક્ષણે ફેરફાર થતો જ હોય છે એવું અનુમાન કરી શકીએ છીએ. (૩૭) રાજન્ ! આ અધ્યાયમાં ૩૭ શ્લોકોમાં નિત્યલય-નૈમિત્તિકલય-પ્રાકૃતિકલય અને આત્યન્તિકલય એવા ચાર પ્રકારના લયો આપને વર્ણવી સંભળાવ્યા તે સર્વ કાલની ગતિઓ કહેવાય છે. (૩૮)

एताः कुरुश्रेष्ठ जगद्विधातुर्नारायणस्याखिलसत्वधाम्नः ।
लीलाकथास्ते कथिताः समासतः कात्स्न्र्येन नाजोऽप्यभिधातुमीशः ॥ ३९ ॥
संसारसिन्धुमतिदुस्तमुत्तितीर्षोर्नान्यः प्लवो भगवतः पुरुषोत्तमस्य ।
लीलाकथारसनिषेवणमन्तरेण पुंसो भवेद् विविधदुःखदवार्दितस्य ॥ ४० ॥

કુરુશ્રેષ્ઠ રાજન્ ! આ સમસ્ત બ્રહ્માંડોના નિર્માતા તેમજ અખિલ પ્રાણીઓમાં સત્સ્વરૂપે બિરાજતા ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીની લીલાઓની કથાઓ કેવલ સંક્ષેપથી જ આપને કહી છે. કારણ કે અજન્મા બ્રહ્માજી પણ આ લીલાઓનું સંપૂર્ણ રીતે કહી શકે તેમ નથી તો મારા જેવાથી તો કેમ કરીને કહેવાય. (૩૯) હા ! રાજન્ ! એક વાત નિશ્ચિત છે કે જ્ઞાનયોગ વગેરે સાધનોથી-જહાજોથી પણ આ અતિ ગહન અને ગંભીર સંસારસાગર તરી શકાય તેવો નથી પરંતુ પુરુષોત્તમ ભગવાનની લીલાકથા નામની નાવ દ્વારા તરી શકાશે માટે આ ભવસાગર તરવાની કામના સેવનારા અને વિવિધ પ્રકારના દુઃખદાવાનલોથી સતત દુઃખી થતા જીવોને માટે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની લીલાકથાની

રસના સતત સેવન વિના કોઇ સુખકર સાધન નથી આવું જાણી હરિકથામૃતનું શ્રવણ-કીર્તન-મનન કરવું જોઇએ. (૪૦) રાજન્ ! અવિનાશી શ્રી નારાયણ ઋષિ ભગવાને આ પુરાણ સંહિતા પ્રથમ શ્રી નારદજીને કહી હતી ત્યાર પછી શ્રી નારદ મુનિએ શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ મહર્ષિને કહી હતી. (૪૧) પુનઃ બદરીવનવાસી વ્યાસ મહર્ષિએ આ વેદતુલ્ય શ્રીમદ્ ભાગવતસંહિતા પ્રસન્ન થઇ મને ભણાવી અને સંભળાવી હતી. (૪૨) હે રાજન્ ! આપને કહેલી આ "સાત્વત સંહિતા" ને નૈમિષારણ્યમાં લાંબા સમય સુધી ચાલનારા જ્ઞાનસત્રમાં શૌનકાદિ મહર્ષિઓ શ્રી લોમહર્ષણિ મુનિવરને પૂછશે અને તેઓ તેમને આ કથાઓ કહેશે. (૪૩)

एतां वक्षत्यसौ सूत ऋषिभ्यो नैमिषालये । दीर्धसत्रे कुरुश्रेष्ठ संपृष्टः शौनकादिभिः ॥ ४३ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ દ્વાદશ સ્કંધના "જગદાશ્રય" પ્રકરણમાં અધ્યાય ૪ થો સમાપ્ત

અધ્યાય ૫ - મો

(આ અધ્યાયમાં માત્ર ૧૩ શ્લોકો છે. શ્રી પરીક્ષિત રાજર્ષિ ભગવદ્‌કથારસથી ભગવન્મય બની ચૂક્યા હોઇ શ્રી શુકાચાર્યજીની કૃપાથી સર્વથા મૃત્યુભયથી મુક્ત બની જાય છે એ પ્રસંગ આવશે.)

श्रीशुक उवाच-अत्रानुवर्ण्यतेऽभीक्ष्णं भगवान् हरिः । यस्य प्रसादजो ब्रह्मा रुद्रःक्रोधसमुद्भवः ॥ १ ॥

શ્રી શુકાચાર્ય મહારાજશ્રીએ આગળ વધતાં કહ્યું કે રાજન્ ! આ સમાધિ ભાષા શ્રીમદ્ ભાગવત સંહિતામાં ષડ્ઐશ્વર્યસમ્પન્ન, ભક્તોના કલેશોને હરનારા, વિશ્વના આત્મા શ્રીકૃષ્ણજીને પદે પદે અક્ષરે અક્ષરે વારંવાર વર્ણવ્યા છે. આ ભગવાનની કૃપાના પરિણામે શ્રી બ્રહ્માજીની ઉત્પત્તિ થઇ છે અને નાથના રોષમાંથી શ્રીરુદ્ર ભગવાન પ્રકટ થયા છે. (૧)

त्वं तु राजन् मरिष्येति पशुबुद्धिमिमां जहि । न जातः प्रागभूतोऽद्य देहवत्वं न नङ्क्ष्यसि ॥ २ ॥

न भविष्यसि भूत्वा त्वं पुत्रपौत्रादिरूपवान् । बीजाङ्कुरवद् देहादेर्व्यतिरिक्तो यथानलः ॥ ३ ॥

રાજન્ ! આપ નિર્ભય બનો, હું મરીશ એવી જડ મતિને મનમાંથી કાઢી નાખો. આપનો દેહ પ્રથમ ન હતો તે વર્તમાનમાં થયો છે અને પછીથી નાશ પામશે આવી દેહની સ્થિતિ છે તો આપ તો આત્મા છો તેથી તે આત્મા દેહની માફક પ્રથમ ન હતો અને પુનઃથયો એવું નથી. આત્મા પ્રથમ હતો. વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ હશે જ માટે જ નિર્ભય બનો. (૨) ચાલો પરીક્ષિત એક દષ્ટાન્ત ધ્યાનમાં લઇએ જેમ અગ્નિ કાષ્ઠથી ભિન્ન છે, તેવી જ રીતે આપનો આત્મા પણ આપના દેહથી ભિન્ન છે આ દેહ પુત્ર-પૌત્ર વગેરે આકારોમાં બદલાયા કરશે તો પણ આપ તે રૂપે આકાર પામશો નહીં કે તે રૂપે બનશો નહીં. કારણ કે આપ આત્મા છો પરંતુ દેહ નથી. માટે બીજમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી બીજ બને છે એ પ્રકારના બીજાંકુરન્યાયે દેહની ઉત્પત્તિ થશે. આપની કદી ઉત્પત્તિ હતી નહીં અને થશે નહીં. (૩) મનુષ્ય સ્વપ્નમાં પોતાના મસ્તકનો છેદ થયેલો જોતે જુએ છે તેમ જાગ્રત અવસ્થામાં પણ દેહનો નાશ થતો જુએ છે તેથી આત્મા મરણશીલ દેહથી ભિન્ન છે, અજ છે, અમર છે. એવો નિર્ણય થઇ શકે છે. (૪) રાજન્ ! માટીનો એક ઘડો ભાંગી ગયો ત્યારે તે ઘડામાંનુ આકાશ મહાકાશમાં ભળી જાય છે કારણ કે ઘટાકાશ પહેલાં મહાકાશ તો હતું જ એ જ ન્યાય પ્રમાણે દેહ પડતાં જીવ બ્રહ્મરૂપે બની જાય છે. જ્યારે તે બ્રહ્મો સ્વીકાર્યો ત્યારેતેની જીવાત્મા એવી સંજ્ઞા પડી પરંતુ તે પૂર્વમાં તે બ્રહ્મ જ હતો. મનનું એક કાર્ય છે કે આત્માને દેહ, દેહના ગુણો અને કર્મોને ઉત્પન્ન કરી આપે છે. મન માયાને ઉત્પન્ન કરે છે. તે માયોપાધિ વડે જીવને સંસાર થાય છે. (૬) જુઓને રાજન્ ! એક દીપક છે તેને જો દીપકરૂપે થવું હોય તો પ્રથમ અધિષ્ઠાન-આધાર કોડિયું જોઇએ પછી તેલ જોઇએ. ત્યારબાદ "રૂ" જોઇએ અને તેને પ્રકટ થવા અગ્નિ જોઇએ ત્યારે દીપ બને અને દીપનું કાર્ય કરે તે જ પ્રકારે જીવને તેલની જગ્યાએ કર્મ જોઇએ, પાત્ર-કોડિયાને સ્થાને મન જોઇએ, અને દિવેટની જગ્યાએ દેહ જોઇએ અને અગ્નિને સ્થાને ચૈતન્ય છે આ સર્વના સંયોગ થાય છે ત્યારે જીવનો સંસાર શરૂ થાય છે. (૭) આત્માને થતો આ સંસાર રાગાદિ ગુણોની વૃત્તિને કારણ થાય છે અને નાશ પામે છે. પરંતુ તેમાં રહેલ આત્મા ઉત્પન્ન થતો નથી તેમજ નાશ પામતો નથી એનું કારણ એ છે કે-આત્મા પાંચભૌતિક સ્થૂલ શરીરથી અને વાસનારૂપલિંગ શરીરથી એટલે સૂક્ષ્મ શરીરથી પર છે તેમ જ સ્વયંપ્રકાશ છે.

આકાશની જેમ દેહાદિનો આધાર છે તે તો નિર્વિકાર છે તેને કોઈની ઉપમા અપાતી નથી તેનો અંત પણ નથી. (૮)

શ્રી શુકાચાર્યનો અનુગ્રહ અને અંતિમ ઉપદેશ

एवमात्मानमात्मास्थमात्मनैवामृश प्रभो । बुद्धयानुमानगर्भिण्या वासुदेवानुचिन्तया ॥ ९ ॥

चोदितो विप्रवाक्येन न त्वां धक्ष्यति तक्षकः । मृत्यवो नोपधमृक्ष्यन्ति मृत्यूनां मृत्युमीश्वरम् ॥ १० ॥

अहं ब्रह्म परं धाम ब्रह्माहं परमं पदम् । एवं समीक्षन्नात्मानमात्मन्याधाय निष्कले ॥ ११ ॥

दशन्तं तक्षकं पादे लेलिहानं विषाननैः । न द्रक्ष्यसि शरीरं च विश्वं च पृथगात्मनः ॥ १२ ॥

एत त्ते कथितं तात यथात्मा पृष्टवान् भवान् । हरेर्विश्वात्मनेश्चेष्टां किं भूयः श्रोतुमिच्छसि ॥ १३ ॥

રાજન્ ! હવે અંતિમ વાત સાંભળો, ભગવાન વાસુદેવનું ધ્યાન કરો અને ''દેહથી આત્મા ભિન્ન છે. દેહનો નાશ થાય છે. આત્માનો નાશ નથી થતો જેમ ઘરનો નાશ થાય છે, ઘરમાં રહેલા આકાશનો નથી થતો'' એવા પ્રકારના અનુમાનવાળી બુદ્ધિના વિવેકથી રહેવા આત્માને જુઓ. (૯) આ પ્રકારના ચિંતનથી અને શ્રી વાસુદેવની કૃપાના બળથી વિપ્રર્ષિ શૃંગી મુનિના વાક્યથી પ્રેરેલો તક્ષકનાગ આપને બાળી શકશે નહીં. મૃત્યુઓના પણ મૃત્યુ અને ઈશ્વર એવા ભગવાનને મૃત્યુ તો શું મહા મૃત્યુઓ પણ બાળી શકતા નથી કે કાંઇ કરી શકતા નથી. ભાઈ રાજન્ ! આપ તો શ્રીહરિના અંશ છો, શ્રીહરિસ્વરૂપ છો અને શ્રીહરિના આશ્રય છે. (૧૦) હવે રાજન્ ! ભગવાનનું આ પ્રકારે ચિંતન કરો કે હું સર્વનો આશ્રય છું, પરબ્રહ્મ છું, વળી જે પરમપદ-પરમ આશ્રય બ્રહ્મ છે તે હું છું આ પ્રકારની આપના આત્માના બ્રહ્મની તુલના કરતા નિષ્કળ પરમાત્મામાં જીવાત્માને પરોવીને સ્થિતિ કરશો ત્યારે આપના પગને દંશ દેતા વિષભર્યા તક્ષકનાગને, આપના દેહને અને અખિલ વિશ્વને આત્માથી ભિન્ન જોઇ શકશો નહીં. રાજન્ ! अहं ब्रह्म એ ભાવનાથી જીવના શોકાદિ નિવૃત્ત થઇ જશે અને ब्रह्माहम् એવા ભાવથી બ્રહ્મનું પરોક્ષણ ચાલ્યું જશે. (૧૧,૧૨) હે વત્સ તાત પરીક્ષિત ! આપે મને જે પ્રશ્નો પૂછેલ, જે તત્ત્વજ્ઞાન પૂછેલ હતું તે વિશ્વાત્મા ભગવાનની લીલા મેં સંભળાવી છે વત્સ ! કહો હજી આપની શું ઇચ્છા છે ? શું સાંભળવું છે?'' વિના સંકોચે બોલો રાજન્ ! (૧૩)

શ્રીમદ્ ભાગવતપીયૂષ દ્વાદશ સ્કંધમાં જગદાશ્રયપ્રકરણમાં અધ્યાય ૫ મો સમાપ્ત

અધ્યાય - ૬ ઠ્ઠો

(આ અધ્યાયમાં મહત્વના પ્રસંગોમાં પરીક્ષિત રાજાને ભગવાન શ્રીકૃષ્ણની પ્રાપ્તિ, રાજા જનમેજયે કરેલ સર્પસત્ર અને વેદોના વિભાગો દ્વારા, શાખા અને ઉપશાખાઓ દ્વારા શ્રીવેદ ભગવાનની મહર્ષિ વ્યાસે કરેલી દિવ્ય સેવા વગેરે પ્રસંગો આવશે. આ અધ્યાય ઘણો મોટો છે. આમાં ૭૯ શ્લોકો છે.)

सूत उवाच - एतन्निशम्य मुनिनाभिहितं परीक्षिद् व्यासात्मजेन निखिलात्मदृशा समेन ।
त्पादमूलमुपसृत्य नतेन मूर्ध्ना बद्धाञ्जलिस्तमिदमाह स विष्णुरातः ॥ १ ॥

મહર્ષિ સૂને કહ્યું : મુનિવર શૌનક મહારાજ ! જ્યારે શ્રીશુકાચાર્યજીએ ઉપરનો ઉપદેશ આપી અનુગ્રહ દર્શાવી ''પૂછયું, રાજન્ ! હવે આપ શું સાંભળવા ચાહો છો ?'' ત્યારે શ્રી વ્યાસ મહર્ષિજીના સુપુત્ર, પ્રત્યેકના હૃદયમાં બિરાજતા અને સર્વના હૃદયની સ્થિતિને જાણતા સર્વમાં ભગવદ્દૃષ્ટિવાળા શ્રીશુકાચાર્ય શ્રીમહારાજશ્રીના કૃપાશ્રય વાક્યનું શ્રવણ કરીને, માતા શ્રી ઉત્તરાજીની કૂખમાં હતા ત્યારથી જ ભગવાન વિષ્ણુથી રક્ષણ પામેલા એવા શ્રી વિષ્ણુરાત પરીક્ષિતજી આસન ઉપરથી ઊભા થયા અને શ્રી શુકાચાર્ય મહારાજશ્રીની સમીપે પધાર્યા અને તેઓશ્રીના શ્રીચરણોમાં શિર પધરાવી કરઅંજલિ જોડી નમ્રતાપૂર્વક નીચે દર્શાવેલાં વાક્યો બોલ્યા. (૧)

પરીક્ષિત રાજાનું પરમ દૈન્ય

राजोवाच- सिद्धोऽस्म्यनुगृहीतोऽस्मि भवता करुणात्मना । श्रावितो यच्चं मे साक्षादनाधिनिधनो हरिः ॥ २ ॥
नात्यद्भुतमहं मन्ये महातमच्युतात्मनाम् । अज्ञेषु तापततेषु भूतेशु यदनुग्रहः ॥ ३ ॥

पुराणसंहितामेतामश्रौष्म भवतो वयम् । यस्यां खलूत्तमश्लोको भगवाननुवर्ण्यते ॥ ४ ॥
भगवंस्तक्षकादिभ्यो न बिभेम्यहम् । प्रविष्टो ब्रह्म निर्वाणमभयं दर्शितं त्वया ॥ ५ ॥
अनुजानीहि मां ब्रह्मन् वाचं यच्छाम्यधोक्षजे । मुक्तकामाशयं चेतः प्रवेश्य विसृजाम्यसून् ॥ ६ ॥
अज्ञानं च निरस्तं मे ज्ञानविज्ञाननिष्ठया । भवता दर्शितं क्षेमं परं भगवतः पदम् ॥ ७ ॥

મહારાજ પરીક્ષિતજી કરકમલની અંજલિ બાંધી બોલવા લાગ્યા કે શ્રી શુકાચાર્ય મહારાજ ! પરમ કૃપામય સ્વરૂપ આપશ્રીની કૃપાથી જ હું કુપાત્ર છતાં આપનો કૃપાપાત્ર બન્યો છું અને સિદ્ધ એટલે ભગવત્સ્વરૂપમાં સ્થિર થયો છું. આપે તો મને અનાદિ અનન્ત ભગવાન શ્રીહરિનાં દાન દીધાં છે. (૨) મહારાજ ! આપ સરખા સંતો તો શ્રી અચ્યુત ભગવાનને હૃદયમાં પધરાવનારા છે અને વળી શ્રી અચ્યુત ભગવાનનાં જ સ્વરૂપો છો. આપ સંસારી જીવોને શ્રીહરિના બનાવો છો એમાં મને તો લેશ આશ્ચર્ય નથી કે અદ્‌ભુત વાત નથી કારણ કે તદ્દન અબુધ અને વળી ત્રિવિધ તાપથી સર્વ પ્રકારે તપેલા ભગવાનના સ્વરૂપ અને મહિમાથી સર્વથા અજાણ્યા ઉપર આપ અનુગ્રહ કરતા આવ્યા છો એ તો આપનો સ્વભાવ જ છે. (૩) આપના શ્રીમુખથી અમે પુરાણોમાં સંહિતા સ્વરૂપ ભાગવત સંહિતાનું સર્વ શ્રોતાજનોએ શ્રવણ કર્યું છે કે જેમાં ઉત્તમ પુરુષોથી નિત્ય ગવાતા ઉત્તમ શ્લોક શ્રીકૃષ્ણ ભગવાન પદે પદે અને અક્ષરે અક્ષરે વર્ણવાયા છે. (૪) હે ભગવન્ ! આપે મને ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન કરાવીને અભય અને પરમાનંદ પરિપૂર્ણ પ્રભુચરણોમાં મારો પ્રવેશ કરાવ્યો છે તેથી અનેક તક્ષકો જેવા·મૃત્યુઓથી જરા પણ હવે આપની કૃપાથી ભય રહ્યો નથી. (૫) હે પરમ કૃપાળુ ગુરુ છો ! હવે આપ મને આજ્ઞા આપો કે હે ઇન્દ્રિયોથી ન મેળવાય-ન પમાય પરંતુ પોતાના અનુગ્રહથી જ પમાય અને ઓળખાય એવા ''અધોક્ષજ'' શ્રીકૃષ્ણ ભગવાનમાં મારી વાણીનો વિનિયોગ કરું તેમજ સર્વ કામનાઓથી સર્વથા મુક્ત મારા ચિત્તને ભગવાનમાં પરોવી ભગવાનમાં પ્રાણોને સમર્પણ કરું. (૬) આપે દર્શાવેલા ભગવાનના સ્વરૂપના જ્ઞાનની અને ભગવાનના સ્વરૂપના અનુભવની નિષ્ઠાથી મારા અજ્ઞાન અને ભયનો આપે જ નાશ કર્યો છે તેમજ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીના સર્વથા-કલ્યાણમય ચરણકમલનાં દર્શન કર્યાં છે એજ ભગવાનનું પરમપદ છે અને એ જ ભગવાનને મેળવવામાં ક્ષેમ છે. (૭)

શ્રી શુકાચાર્ય ચરણકમલોની સેવા

મહર્ષિ સૂતજીએ કહ્યું કે મુનિવરો ! મેં મારી આ આંખે નિહાળ્યું હતું કે રાજા પરીક્ષિતે શ્રીકૃષ્ણમય બની અભય બની પ્રભુપદમાં પ્રવેશવાની આજ્ઞા માગી અને પરમકૃપાળુ શ્રી શુકાચાર્યજીએ તેમ કરવા અનુજ્ઞા અને અનુગ્રહ આપ્યાં ત્યારે દૈન્ય-ભક્તિભાવે તરબોળ નરદેવ પરીક્ષિત શ્રી શુકચરણોનાં અર્ચન કર્યાં અને પરમહંસ શિરોમણિ શ્રીશુકમુનિ પરમહંસો સાથે શુકતાન સ્થાનમાં પધારી ગયા. (૮) શ્રી શુકાચાર્ય મુનિના પધાર્યા પછી રાજર્ષિ પરીક્ષિતજી પણ તરુવરની માફક અવિચલ બનીને પોતાના આત્માને ભગવાન શ્રીકૃષ્ણમાં અત્યંત પ્રેમ અને એકાગ્રતાથી પધરાવીને સમાધિસ્થ બનીને બિરાજ્યા. (૯) હે મહર્ષિઓ ! પૂર્વ તરફ મુખવાળા દર્ભના આસન ઉપર ઉત્તર તરફ મુખ રાખી ભગવતી ગંગાજીના તટ ઉપર બિરાજેલા મહાન યોગી, સર્વથા સંગમુક્ત, સર્વ સંશયોથી મુક્ત બનેલા રાજા બ્રહ્મનિષ્ઠ-શ્રીકૃષ્ણમય બન્યા. (૧૦)

તક્ષકનું આગમન

હે ઋષિવરો ! રોષે ભરાયેલા ઋષિકુમાર શ્રી શૃંગી મહારાજશ્રીની આજ્ઞાનથી રાજાના પ્રાણ લેવા માટે આવી રહેલા તક્ષકનાગે પંથે જતાં કશ્યપ મુનિને નિહાળ્યા. (૧૧) ભયાનક પણ વિષને ઉતરવાને સમર્થ મુનિ કશ્યપને ખૂબ જ મનાવી તેમજ જોઈએ તેટલા પ્રમાણમાં દ્રવ્યથી તેમનું બહુમાન અને સંતોષ કરી તેમને વિદાય કર્યા ત્યારબાદ તક્ષક પણ અનેક સ્વરૂપો ધારણ કરવા સમર્થ હતો તેથી ત્યાં સુખેથી પ્રવેશી શકાય તેવા દ્વિજના દેહને લઈ આવ્યા અને તક્ષકરૂપે રાજાને દંશ કર્યો. (૧૨) હે મુનિવરો ! રાજર્ષિ પરીક્ષિતજી તો બ્રહ્મસ્વરૂપ બની ચૂક્યા હતા કેવલ તેઓનો પાંચભૌતિક દેહ જ અવશિષ્ટ રહ્યા તે દેહ સર્વ શ્રોતાસમાજ અને ઋષિવૃન્દ અને સર્વ પ્રાણીઓના જોતાં જોતામાં જ

તક્ષક નાગના વિષ નામના અગ્નિથી ક્ષણવારમાં ભસ્મ થઇ ગયો. (૧૩) આ પ્રસંગે પૃથ્વી, આકાશ તેમજ દશે દિશાઓમાં ભારે હાહાકાર મચી ગયો અને આ પ્રસંગને નિરખીને દેવો-અસુરો મનુષ્યો વગેરે 'અરે આ શું બન્યુ ?' એમ વિચારના આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયાં. (૧૪) આ અવસરે પરીક્ષિતરાજર્ષિ ભગવદ્ધામમાં પધારતા નિહાળીને સ્વયં દેવોનાં દુંદુભિઓ વાગ્યાં. ગન્ધર્વો અને અપ્સરાઓએ હરિકીર્તન કર્યાં અને વાહ વાહ પરીક્ષિત ! ધન્ય ધન્ય પરીક્ષિત જય હો જય હો હો શુકાચાર્ય મુનિ ! જય હો જય હો ભગવાન શ્રીકૃષ્ણની એવું બોલતા દેવોએ પુષ્પની વૃષ્ટિ વરસાવી. (૧૫)

સર્પોની માતા કદ્રૂના શાપથી જનમેજયના હાથે સર્પસત્ર

હે મુનિવરો ! રાજ્યની રક્ષા કરવા માટે પિતાજીની આજ્ઞાથી રાજ્યાસને રોકાયેલા જનમેજય મહારાજે જ્યારે પોતાના પિતાજીનું મૃત્યુ તક્ષક નાગથી થયું એમ જાણ્યું ત્યારે દ્વિજોને મળીને સર્પસત્ર આરંભી યજ્ઞમાં હોમવા માટે નાગનું આવાહન કર્યું. (૧૬) આ સર્પસત્રમાં પ્રજ્વલિત બનેલા યજ્ઞકુંડના અગ્નિમાં બળતા સર્વ સર્પોને નિહાળીને ભયભીત થયેલ તક્ષક નાગ રાજા ઇન્દ્રને શરણે ગયા. (૧૭) પરીક્ષિતપુત્ર રાજા જનમેજયે જ્યારે સર્પયાગમાં અન્ય સર્પોને બળતા જોયા પરંતુ તક્ષક નાગને ન જોયા ત્યારે દ્વિજોને પ્રશ્ન કર્યો કે મહારાજ ! આપ અન્ય સર્પોને બાળી રહ્યા છો પરંતુ અત્યારે અધમ તક્ષક નાગને કેમ હોમી નથી દેતા ? (૧૮) મુનિઓએ ઉત્તર વાળ્યો કે હે રાજેન્દ્ર તક્ષકનાગ રાજા ઇન્દ્રને શરણે ગયેલ હોઇને શરણાગત તક્ષકને આશ્રય આપેલ હોઇ ઇન્દ્રરક્ષિત તક્ષક નાગ નથી આવતો. (૧૯) ઉદારબુદ્ધિ જનમેયરાજે આ વાત સાંભળીને ઋત્વિજોને નિવેદન કર્યું કે હે સમર્થ વિપ્રવરો ! જો તક્ષક ઇન્દ્રનો આશ્રિત છે તો પછી ઇન્દ્રની સાથે શા માટે તક્ષકને આપ અગ્નિમાં નથી હોમી દેતા. (૨૦) જ્યારે રાજાની આવી ઇચ્છા ઋષિઓએ જાણી ત્યારે વિપ્રોએ હે તક્ષક મરુતોના ગુણોવાળા મરુત્વાન નામના ઇન્દ્ર સાથે અવિલંબે અગ્નિમાં પડો એવું મંત્રવાક્ય ઉચ્ચારીને ઇન્દ્ર સાથે તક્ષકનું આવાહન કર્યું. જ્યારે રોષે ભરાયેલા ઋષિઓનાં કર્કશ વાક્યોથી મંત્રો દ્વારા આવાહન કર્યું ત્યારે તો રાજા ઇન્દ્ર સિંહાસન ઉપરથી ચલાય માન થયા અને તક્ષક તેમજ વિમાન સાથે સંભ્રમિત મતિવાળા બની ગયા. (૨૨) હે મહર્ષિઓ ! જ્યારે વિમાન અને તક્ષક નાગ સાથે આકાશમાં આવેલ રાજા ઇન્દ્રને અગ્નિમાં પડતા જોયા ત્યારે શ્રીઅંગિરા મુનિજીના પુત્ર શ્રીબૃહસ્પતિ મહારાજ રાજા જનમેજયજી પાસે સર્પસત્રમાં આવ્યા. (૨૩) સર્પસત્રમાં પધારેલા બૃહસ્પતિજીએ કહ્યું કે હે માનવેન્દ્ર ! જનમેજયજી ! આ નાગરાજ તક્ષકનો વધ કરવો યોગ્ય નથી કારણ કે તક્ષકનાગે અમૃત પીધેલ હોઇ તેને અજર અને અમર દેહ મળ્યો છે. (૨૪) રાજન્ ! જનમેજય ! માનવ માત્રનો દેહ જન્મ લે કે મૃત્યુ પામે તેમાં કર્મ માત્ર મુખ્ય કારણ છે. તેમાં પોતે જ પોતાના સુખ કે દુઃખનું કરાણ છે પરંતુ તેમાં કોઇ અન્ય નિમિત્ત નથી. માટે રાજન્ ! તક્ષક તો કેવલ નિમિત્ત છે તેનો જરા પણ દોષ નથી. (૨૫)

મૃત્યુનાં નિમિત્તો

રાજન્ જનમેજય ! સર્પથી, ચોરથી, અગ્નિથી, વિષથી, વીજળીથી, ક્ષુધાથી. તૃષાથી રોગથી કે આવાં અનેક નિમિત્તોથી દેહો પડે છે. તેમાં તેના કર્મોનુસાર પ્રારબ્ધ ગતિથી તેનું મૃત્યુ થાય છે સુખરૂપ દુઃખરૂપ પ્રારબ્ધનો ભોગ કરનાથી જ કર્મક્ષય થાય છે. (૨૬) રાજન્ ! આપ તો વિવેકી છો. અભિચાર એટલે હિંસામય આ સર્પયજ્ઞને હવે આપ રોકી દો. રાજન્ ! કેટલાય નિર્દોષ સર્પો આ સત્રમાં ભસ્મ થયા છે તેથી તેમની માતા કદ્રૂએ આપેલ શાપ, કે તેમનાં કર્મ દોષિત હશે. (૨૭) મહર્ષિ સૂતજીએ કહ્યું કે મુનિવરો જ્યારે શ્રીબૃહસ્પતિ મહારાજે રાજા જનમેજયજીને આ પ્રમાણે વિવેક-મતિ આપી ત્યારે મહર્ષિ મહારાજનાં વચનનો આદર કરતા રાજા સર્પસત્રથી વિરમી ગયા એટલું જ નહી પરંતુ શ્રીબૃહસ્પતિ ગુરુનાં અર્ચન કર્યાં. (૨૮) હે મુનિવરો ! માનવની મતિમાં ના ઊતરી શકે એવી ભગવાનની આ માયા છે અન્યથા આ માયા ''પરમ વૈષ્ણવ પરીક્ષિતજીને હાથે ઋષિકંઠમાં સર્પ મૂકવો'' રોષે ભરાયેલા શૃંગીનો શાપ થવો, જનમેજ્ય રાજાએ રોષ થવો, સર્પસત્ર કરવો, વળી વિવેકી જનોને પણ મોહ થવો આ સર્વ ભગવાનની જ અગમ્ય માયા છે. આ માયા તો ભગવાનના અંશરૂપ છે. તે માયા ગુણની વૃત્તિસ્વરૂપ રોષ-લોભ-કામ વગેરેથી પ્રાણીઓને મોહમાં

જ્યારે નાખે છે ત્યારે તે બાધ્યબાધકભાવને પામે છે. અરે મુનિવરો ! આ માયા એટલી બધી પ્રબળ છે કે ભગવદ્ભક્તોને પણ કોઇ વાર મોહ કરે છે. કેવલ ભગવાન શ્રીકૃષ્ણ જ તેમાયાને બાધ કરી શકે છે. તેથી ભગવાનનો કૃપાપાત્ર જન આ માયાને તરી શકે છે. આ સાથે આ માયામ અલક્ષણા-એટલે કોઇ લક્ષણથી સમજી શકાય તેમ નથી. (૨૯)

પરમપદ

હે મુનિવરો ! એવી કલ્પનાને લેશ પણ સ્થાન નથી કે જો માયા પ્રબલ છે તો વિષ્ણુ ભગવાન ઉપર પણ પોતાનું સામર્થ્ય ચલાવતી નહીં હોય ! ના, ભગવાન સામે માયાનું કાંઇ પણ ચાલે નહીં કારણ કે માયાનો અર્થ દંભ થયા છે, કપટ થાય છે. જ્યાં કપટી ત્યાં માયા બલવતી ભલે બને પરંતુ જ્યાં આત્મવાદી ભક્તજનોની ગોષ્ઠીમાં સતત આત્મવાદ-ભગવદ્ગુણાનુવાદ ચર્ચાતો હોય ત્યાં દંભ નથી હોતું તેથી તેવા આત્મનિષ્ઠો પાસે માયાનું કંઇ પણ વળતું નથી. જ્યાં કોઇ પણ પ્રકારનો વિવાદ પણ નથી સંભવતો તેમજ જ્યાં સંકલ્પવિકલ્પ વાળુ મન નથી પ્રવર્તતું એવા સર્વથી પર ભગવાનમાં માયાનું તો કોઇ સ્થાન જ નથી. (૩૦) હે મુનિવરો ! ભગવાનનું સ્વરૂપ જ દિવ્ય છે જ્યાં સ્વયં અધોક્ષજ છે ત્યાં ઇન્દ્રિયો સાથે કર્મ નથી સંભવતું વળી જ્યાં ઇન્દ્રિયો સાથે વિષયો-પદાર્થો પણ નથી સંભવતા આ ઉપરાંત ત્રણ ગુણોએ ઉત્પન્ન કીધેલ અહંકાર પણ નથી તેથી તે ભગવાનમાં બાધ્ય કે બાધક ભાવ તો સંભવે જ ક્યાંથી? આવું ભગવાનના દિવ્ય સ્વરૂપને મનનશીલ મુનિવરો હૃદયમાં પધરાવીને અહંકાર, ગુણો અને ઇન્દ્રિયોને ત્યજી દઇને ભગવાનના સ્વરૂપમાં જ વિરમી જાય છે. (૩૧)

परं पदं वैष्णवमामनन्ति तद् यन्नेति नेतीत्यतदुत्सिसृक्षवः ।
विसृज्य दौरात्म्यमनन्यसौहृदा - हृदोपगुह्यावसित समाहितैः ॥ ३२ ॥
त एतदधिगच्छन्ति विष्णोर्यत्परम् पदम् - अह ममेति दौर्जन्यं न येषां देहगेहजम् ॥ ३३ ॥
अतिवादांस्तितिक्षेत नावमन्येत कञ्चन । नचेमं देहमाश्रित्य वैर कुर्वीत केनचित् ॥ ३४ ॥
नमो भगवते तस्मै कृष्णायाकुष्टमेधसे । यत्पादांबुरहध्यानात् संहितामध्यागामिमाम् ॥ ३५ ॥

હે મુનિવરો ! ભગવાનમાં જ અનન્ય સૌહાર્દ ભાવ એટલે સ્નેહ ભર્યા ભાવવાળા ભગવાન વિનાના કોઇ પણ પદાર્થમાં મન ન રાખનારા એટલે આ દેહ આત્મા નથી. આ ઇન્દ્રિયો આત્મા નથી એમ સમજી ભગવાન વિનાના સર્વ પદાર્થોને ત્યજી દેનારા, સર્વમાં દુર્ભાવ ત્યજી દઇને, અનન્ય ભાવ-અનુરાગવાળા-હૃદયથી એકાગ્ર ચિત્તવાળા પુરુષો થી જે પરમ પદ પ્રાપ્ત કરાય છે અને જે પરમ પદને ''આ બ્રહ્મ છે'' એવું ભગવતી શ્રુતિઓ દર્શાવી શકતી નથી પરંતુ નેતિનેતિ કહીને ઓળખાવે છે પરબ્રહ્મને તે જ મહાપુરુષો પામી શકે છે કે જે પુરુષોને ઘરમાં કે દેહમાં મમતા અને અહંતા નથી વળગ્યાં. (૩૨, ૩૩) સંભવ છે કે કોઇ આપણી નિંદા કરે, મિથ્યા આરોપ કરે તો તે સર્વ સહી લેવાં પરંતુ આપણે કોઇનું અપમાન ન કરવું. તેમજ આ દેહને ઉદ્દેશીને કોઇની સાથે વૈર ન કરવું. (૩૪) હવે મુનિવરો હું નિત્ય જેમનો ઋણી છું એવા ક્યાય પણ અને કોઇ પણ સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિષયમાં વિચરણ કરતાં અને વર્ણવતા જેમની મતિ અને ગતિ કદી કુંઠિત નથી થયાં એટલે અટકી નથી ગયાં એવા ભગવાન શ્રીકૃષ્ણને અને ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીને નમસ્કાર હો જેમના શ્રીચરણોના ધ્યાનથી મે આ શ્રીમદ્ ભાગવત સંહિતાનો અભ્યાસ કર્યો અને એનું જ્ઞાન મળ્યું છે. (૩૫)

નાદબ્રહ્મની ઉત્પત્તિ અને વેદવિભાગ-શાખાવિભાગગાથા

મહર્ષિ શૌનકે પ્રશ્ન કર્યો કે શ્રી સૂતમુનિજી ? આપ પરમ સબલ પુરુષ છો માટે હે સૌમ્ય ! મહર્ષિ-વ્યાસજીએ પોતાના શિષ્ય પૈલ-વૈશંપાયન-જૈમિનિ-સુમંતુ નામના ચાર ઋષિઓને ભગવાન દેવના ચાર વિભાગો કરીને આપ્યા હતા તે વેદો વેદાચાર્ય શ્રીપૈલ વગેરે ચાર મહાત્મા પુરુષોએ પુનઃતે તે વેદોનો કેટલા વિભાગોમાં પુનઃ વિભક્ત કર્યા ? (૩૬) શ્રી સૂત મહર્ષિજીએ કહ્યું કે બ્રહ્મન્ શૌનકમુનિ ! ભગવાનના સ્વરૂપના ધ્યાનમાં સુદઢ મનની નિષ્ઠા વાળા શ્રી બ્રહ્માજીના હૃદયમાંથી ''નાદબ્રહ્મ'' ની ઉત્પત્તિ થઇ. આ નાદનો અનુભવ આપણે કાનને બંધ કરીને કરી શકીએ છીએ. (૩૭) બ્રહ્મન શૌનકજી ! યોગિજનો આ નાદબ્રહ્મની ઉપાસનાના આશ્રયથી દ્રવ્ય-ક્રિયા-કારકના નામથી ઓળખાતા

અધિભૂત મલ, અધ્યાત્મ મલ, અધિદૈશવ મલ એ નામના ત્રણે મળોને ધોઇ નાખીને પરમપદને પામે છે. (૩૮) મુનિવર્ય ! આ નાદબ્રહ્મમાંથી अकार-उकार मकार ૐકાર સ્વયં હૃદયમાં પ્રકાશ પામ્યો. આ ૐકારની ઉત્પત્તિનું કોઇને જ્ઞાન નથી. આ ૐકાર ભગવાનનો વાચક તેમજ તેના લક્ષણરૂપ માનેલ છે. (૩૯) આ અવ્યક્ત ૐકાર શ્રોત્રની વૃત્તિ જ્યારે બંધ થઇ જાય છે,-ઉપરામ પામી જાય છે,-બંધ પડી જાય છે ત્યારે સંભળાય છે. જ્યારે ઇન્દ્રિયવર્ગ પણ શૂન્ય હોય ત્યારે પણ જે ભગવાનનું જ્ઞાન પ્રકટ રહે છે તે જ ભગવાન આ સ્ફોટને-નાદને સાંભળે છે. જે ભગવાનથી ૐકારથી આ વાણી વ્યક્ત થાય છેં વળી જેની આત્માથી અભિવ્યક્ત થાય છે. તે ૐ કાર પોતાના આશ્રયરૂપ બ્રહ્મનો વાચક છે, વેદના સર્વ મંત્રોનું પ્રણવ રહસ્ય છે તેમજ વેદનું તે નિત્ય કારણ પણ છે. (૪૦,૪૧) હે શૌનક મહર્ષિ ! આપ ભૃગુકુલના પ્રવર્તક છો ! સાંભળો ભગવન્ ! આ ૐકાર-પ્રણવમાં સમગ્ર પ્રપંચનો પ્રાદુર્ભાવ થાય છે પ્રથમ તો પ્રણવના अ-उ-म આ ત્રણ અક્ષરો છે તે સત્વ-રજસ્-તમસ્ નામના ત્રણ ગુણોને ઋગ્વેદ-યજુર્વેદ-સામવેદ નામના ત્રણ વેદોને જાગ્રત-સુષુપ્તિ વગેરે ત્રણ વૃત્તિઓને ધારણ કરે છે. (૪૨) ય-ર-લ-વ નામના અન્તઃસ્થ સ્વરોને, શ-ષ-સ-હ ચાર અક્ષરોને, અકારાદિ ૧૨ સ્વરોને, ક થી મ સુધીના પચીસ સ્પર્શ વ્યંજનો હસ્વ-જીહ્વામૂલીય-ઉપધ્માનીય વગેરે વર્ણોના સમૂહને આ ત્રણ અક્ષરોમાંથી બ્રહ્માજીએ ઉત્પન્ન કર્યા. (૪૩) બ્રહ્માજીએ ઉપર કહેવામાં આ વર્ણસમૂહને પ્રકટ કર્યા બાદ સમર્થ શ્રીબ્રહ્માજીએ પોતાના ચાર શ્રીમુખકમલમાંથી ૐકાર અને વ્યાહૃતિઓ સાથે ક્રમથી-ઋગ્-યજુઃ-સામ અને અથર્વ નામના ચાર વેદોને પ્રકટ કર્યા. આ ચાર વેદોએ હોતા-ઉદ્ગાતા-પ્રસ્તોતા-અધ્વર્યુ નામના ચાર હોતાઓ દ્વારા કરવામાં આવતા ચાતુર્હોત્ર નામના વૈદિક કર્મનો ઉપદેશ કર્યો. (૪૪) પુનઃશ્રીબ્રહ્માજીએ બ્રહ્મજ્ઞાન નિપુણ તેમજ બ્રહ્મર્ષિ એવા પોતાના પુત્રોને ચારે વેદોનો અભ્યાસ કરાવ્યો. આ બ્રહ્મર્ષિઓ ધર્મનો ઉપદેશ કરનારા હતા તેઓએ પુનઃપોતાના પુત્રોને વેદોનું અધ્યથન કરાવ્યું. (૪૫) વેદવ્રતધારી તે તે પુત્રોની અને તે તે શિષ્યોની પરંપરાથી ચાલતા આવતા આ ચારે વેદોની પરંપરા ચારે યુગો પર્યન્ત ચાલશે. મહર્ષિ વ્યાસજીએ ત્રણ યુગ પર્યન્ત ચાલી આવતા એક જ વેદના દ્વાપરના અંતમા ચાર વેદોના નામથી વિભાગ કર્યો હતો. (૪૬) શ્રીઅચ્યુત ભગવાને જ હૃદયમાં બિરાજીને વેદોનો વિભાગ કરવાની શ્રીબ્રહ્માજીને પ્રરણા કરી હતી. પરંતુ ઉત્તરોત્તર લોકોને અલ્પ આયુષ્યવાળા જોયા તેમજ નષ્ટ થતી શક્તિ વાળા જોયા ત્યારે તે જ શ્રીઅચ્યુત ભગવાનની પ્રેરણાથી બ્રહ્મર્ષિઓએ વળી શાખાભેદોથી વિભાગો કર્યા. (૪૭)

મહર્ષિ વ્યાસજીનો અવતાર

હે શૌનકાદિ મહર્ષિઓ ! આ સાતમાં વૈવસ્વત નામના મન્વન્તરમાં પણ બ્રહ્માજી શિવજી તેમજ સર્વલોકપાલોએ ભગવાનને ધર્મરક્ષણ માટે યાચના કરી ત્યારે શ્રી પરાશર વ્યાસજીને આંગણે શ્રી સત્યવતી માતા દ્વારા જ્ઞાન ઉપર મુનિ ! પછી ભગવાને વેદોના ચાર વિભાગ કર્યા હતા. (૪૮,૪૯) ઋક્-યજુષ-સામ વગેરે મંત્રોના સમૂહને પ્રકરણ વાર અનુક્રમ કરીને એટલે ગોઠવીને જે કાઇ કલાકાર વિવિધ પ્રકારના મણિઓને જુદા જુદા પ્રકારે એકબીજાને મળતા આવે તે રીતે ગોઠવીને ઉત્તમ માલાઓ બનાવે તેવી જ રીતે બ્રહ્માજીએ ચાર સંહિતાઓ બનાવી હતી. (૫૦) પુનઃમહાન મતિમાન શ્રી બ્રહ્માજીએ વિચાર્યું કે કાલ ઉત્તરોત્તર કપરો આવશે તેથી પોતાના ચાર શિષ્યોને સમીપમાં બોલાવીને હે મુનિ શૌનકજી ! એકેક ઋર્ષિને એકેક સંહિતા ભણાવી. (૫૧) આ ચારનાં પ્રથમ શ્રી "પૈલ" નામના મહર્ષિજીને શ્રીઋગ્સંહિતા આપી, આ સંહિતામાં અનન્ત ઋચાઓ છે માટે આ સંહિતાનું "બહ્વૃચા" એવું બીજું નામ છે. ત્યાર પછી પોતાના બીજા શિષ્ય શ્રી વૈશંપાયન ઋષિને નિગમ અથવા નિગદ નામના યજુર્વેદને આપ્યો. (૫૨) તથા રાગોમાં ગવાતી સામ સંહિતા "શ્રી જૈમિનિ" નામના મહર્ષિને આપી અને અથર્વાંગિરસ્" નામની ચોથી સંહિતા સુમન્તુ નામના શિષ્યને શ્રી વ્યાસ મહર્ષિજીએ ભણાવી. (૫૩)

ઋક્સંહિતાના વિભાગો

ભૃગુવર્ય શોનક મુનિ ! આ ચાર વિભાગો તો થયા અને ચારેચાર મહર્ષિઓએ ધારણ તો કર્યા પરંતુ જનબુદ્ધિ ક્ષીણ થતી હોવાથી પ્રત્યેક ઋષિએ પોતાની સંહિતાના સંરક્ષણ માટે વધુ ભાગમાં શાખાવિભાગો કર્યા જેમાં બ્રહ્માજીએ

શ્રીપૈલ મહર્ષિને જે ઋગ્સંહિતા આપી હતી ઋગ્સંહિતાના બે ભાગ કર્યા અને ૧ શ્રી इन्दर्प्रमिति અને ''श्री बाष्कल'' નામના બે શિષ્યોને તે સંહિતા આપી. હે શૌનક મુનિ ! ત્યાર પછી ''બાષ્કલ'' મુનિવરે પોતાના વિભાગમાં આવેલ શ્રી ઋગ્સંહિતાના ચાર વિભાગો કરીને (૧) बोध्य (૨) याज्ञवल्क्य, (૩) पराशर, અને (૪) अग्निमित्र નામના ચાર શિષ્યોને વહેંચીને આપી ત્યારબાદ અતિમાન શ્રી ईन्द्रप्रमिति ઋષિએ પોતાના ભાગમાં આવેલ સંહિતાના ભાગને પોતાના તેજસ્વી શ્રી माण्डूकय નામના પુત્રને આપ્યો ત્યારબાદ મુનિ માંડૂક્યે પોતાના શિષ્ય દેવમિત્ર મુનિને આપી અને શ્રી દેવમિત્ર મુનિએ પોતાના ''सौभिर'' નામના શિષ્યને આપી. આ ઉપરાંત શ્રી માંડૂકેય મુનિનો પુત્ર 'શાકલ્ય' મુનિ હતા તે શાકલ્ય મુનિને આ સંહિતાનો વિભાગ પોતાના પિતાજી પાસેથી મળેલ હતો તેણે પોતાની શાખાના પાંચ ભાગો કરીને (૧) वात्स्य, (૨) मुङ्गल, (૩) शालीय, (૪) गोखल्य અને (૫) शिशिर નામના પોતાના પાંચ શિષ્યોને ભણાવ્યા. (૫૪,૫૭) ત્યાર પછી માંડૂકેયના પુત્ર શાકલ્ય મુનિના जातुकर्ण्य નામના શિષ્ય હતા. તેમને શાકલ્ય મુનિએ પોતાના વિભાગમાં આવેલી સંહિતા આપી. તે જાતુકર્ણ્ય મુનિએ પોતાને મળેલી સંહિતાના निरुक्तं સાથે બીજા ત્રણ એમ મળીને ચાર વિભાગો કરીને પોતાના (૧) बालाक (૨) पैल, (૩) वैताल અને (૪) विरज નામના ચાર મુનિવરોને આપ્યા. (૫૮) હવે પૈલ ઋષિના वाप्कल નામના જે શિષ્ય હતા તે બાષ્કલ મુનિના ''बाष्कलि'' નામના પુત્ર થયા આ બાષ્કલિ મુનિએ બધી જ શાખાઓમાંથી એક ''वालखिल्य'' નામની સંહિતા કરી અને તેમની પાસેથી (૧) बालायनि, (૨) भैज्य, (૩) कासार નામના અનેક મુનિઓ તે સંહિતાને ભણ્યા. હે શૌનક મુનિએ શ્રી પૈલ મુનિની શિષ્યપરંપરા અને પુત્રપરંપરાએ ઉપર દર્શાવેલી શ્રીઋક્-સંહિતાની શાખાઓ અને વિભાગોને બ્રહ્મર્ષિઓએ ધારણ કરી હતી. કોઈપણ વ્યક્તિ આ શાખા અને શાખા-વિભાગનું તેમજ પુત્ર શિષ્યપરંપરાનું શ્રવણ કરે તે પણ સર્વ પાપોમાંથી મુક્ત થાય છે તો પછી તેનું જો કોઈ અધ્યયન કરે તો તેને માટે શું કહેવું. (૫૯, ૬૦)

યજુષ્સંહિતા વિભાગ

હે મુનિરાજ ! હવે યુજુર્વેદની ''તૈત્તિરીય'' શાખાની ગાથા સંભળાવીશ. મુનિ શ્રી વૈશપાયનજીના ચરક અધ્વર્યુ નામના શિષ્યો થયા. આ શિષ્યોએ પોતાના ગુરુદેવને લાગેલા બ્રહ્મહત્યાના પાપમાંથી મુક્ત કરનારા દિવ્ય વ્રતનું અનુષ્ઠાન કર્યું હતું તેથી તે તેમને ''चरक'' ચરક એવી સંજ્ઞા મળી. (૬૧) આ યજુર્વેદના આચાર્ય મુનિ વૈશંપાયન હતા. તેમના ''યાજ્ઞવલ્કય'' નામના તેજસ્વી શિષ્ય હતા. ગુરુભક્તિથી પરિપૂર્ણ પોતાના સામ ર્થ્યનું ગૌરવ રાખતા યાજ્ઞવલ્કય મુનિએ શ્રી વૈશંપાયન ગુરુ ને કહ્યું કે મહારાજ ! આ અલ્પ શક્તિવાળા શિષ્યોના વ્રતથી શું વળવાનું છે ? ગુરુજી હું એકલો જ એવું દિવ્ય કાર્ય કરીશ કે આપ બ્રહ્મહત્યાથી મુક્ત થશો. (૬૨) શ્રી યાજ્ઞવલ્કયની આ વાર્તા સાંભળી વૈશંપાયન ગુરુને રોષ આવ્યો અને બોલ્યા કે હે યાજ્ઞવલ્કય મુનિ ! તમે મારા શિષ્ય થઈ અન્ય બ્રાહ્મણોનું આ પ્રકારે તેમની તુચ્છતા માની અપમાન કર્યું તો હવે હદ થઈ માટે વિના વિલંબે મારી પાસેથી મેળવેલ વિદ્યાનો ત્યાગ કરીને આશ્રમમાંથી ચાલ્યા જાય. (૬૩) શ્રી યાજ્ઞવલ્કય મુનિ શ્રી દેવરાત મુનિના પુત્ર થયા તેમણે યજુર્વેદના ગણને ઊલટી કરી પોતાના મુખમાંથી ઓકી કાઢી ત્યાં જ મૂકીને ચાલ્યા ગયા. આ અવસરે આશ્રમના મુનિઓએ શ્રી યાજ્ઞવલ્કય મુનિશ્રીના મુખમાંથી બહાર નીકળેલી યજુર્વેદના ગણોને નિહાળ્યા. (૬૪) આ પ્રમાણે પ્રકટ થયેલા યજુર્ગણોને જ્યારે શિષ્યોએ જોયા ત્યારે તેઓએ મનમાં વિચાર્યું કે મુખમાંથી આ ઊલટી કરતાં નીકળેલા વેદગણો છે તો તે વેદોને બ્રહ્મણ તરીકે આપણે મુખથી ખાવા તે અનુચિત મનાય માટે આપણે આ·વેદોને તેતર નામના પક્ષીઓ થઈ ને ગળી જઈએ તો વાંધો નહીં એવો વિચાર કરી વેદો ઉપર અત્યંત પ્રીતિ હોવાથી તેતરના દેહે વેદોને હૃદયમાં ધારણ કર્યા તેથી યજુર્વેદની આ અત્યંત સુંદર તૈત્તરીય નામની શાખા બની. (૬૫)

શ્રી યાજ્ઞવલ્કય મુનિનું તપ અને સૂર્યોપસ્થાન

હે શૌનક મુનિ ! ત્યાર બાદ સ્વમાની શ્રીયાજ્ઞવલ્કપ મુનિ વેદોની શોધ કરવા માટે નીકળી પડયા. તેમણે નિર્ણય કર્યો કે ગુરુ વૈશંપાયન મુનિ પાસે ન હોય તેવા વેદો મેળવું. આ નિશ્ચયના ફલ સ્વરૂપે સર્વસમર્થ ભગવાન સૂર્યનું ગાયત્રીમંત્રના પ્રથમ ચરણના અર્થ રૂપે વર્ણન કરી અનુષ્ઠાન આરંભ્યું. (૬૬) મુનિ યાજ્ઞવલ્કય સ્તુતિ કરવા લાગ્યા

કે - હું શ્રીઆદિત્ય ભગવાનના શ્રીચરણોમાં પ્રણામ કરું છું. આપ બ્રહ્માજીથી આરંભીને સ્તમ્ભ જગત પર્યન્તના ચાર પ્રકારના ભૂત સંઘના ઉત્પન્ન કરનારા છો, આ અખિલ વિશ્વની અંદર આત્મસ્વરૂપે બિરાજો છો અને બહાર ક્ષણ-લવ-પ્રહર-વર્ષ-ગણ નામની સંજ્ઞાઓવાળા કાલ સ્વરૂપે બિરાજો છો, આમ છતાં સર્વમાં વસતાં આકાશની માફક આપનો પણ દેહ વગેરે ઉપાધિઓ-સંજ્ઞાઓથી આપનો ભેદ પડતો નથી. ભગવન્ ! : આપ તો એકલા જ સમર્થ હોઈ આપના કિરણોથી ભૂમિમાંથી જલનું આકર્ષણ કરી મેઘરૂપે એકત્રિત કરી પુનઃ વૃષ્ટિરૂપે પૃથ્વીને પાછું વાળી લોક માત્રને પોષણ આપ તેનો નિર્વાહ કરો છો આવા અલૌક્કિ સામર્થ્યવાળા સૂર્ય ભગવાનને નમઃસ્કાર કરું છું. (૬૭) ગાયત્રી મંત્રના પાદનું વર્ણન કર્યું અમે હવે બીજા પાદથી સ્તુતિ આરંભી : હે દેવવર હે ભગવન્ સૂર્યનારાયણ ! દિવસે દિવસે ત્રણે કાળમાં વેદશાસ્ત્રે દર્શાવેલી પદ્ધતિને અનુસરી અનુષ્ઠાન કરનારા ઉપાસક જનોનાં સર્વ દુઃખો તેમજ દુરિતોને ઉત્પન્ન કરનારી અવિદ્યાનો દાહ કરનાર આપ "શ્રીતપન" ભગવાન છો. આપ તો આપના આ મંડલનો નિત્ય પ્રકાશ કરનારા પ્રકાશક ચૈતન્ય છો. અમે એ પ્રકાશ તત્વનું ધ્યાન કરીએ છીએ. (૬૮) આપ તો આ બ્રહ્માંડના જડ ચેતન સમસ્ત સમૂહને આપના સ્થાનરૂપે સ્વીકારો છો. એટલું જ નહીં પરંતુ એના આત્મામાં અન્તર્યામી સ્વરૂપે રહીને મન-પ્રાણ-ઈન્દ્રિયોના ગણને સદા પ્રેરણા આપો છો. (૬૯) હવે શ્રીયાજ્ઞવલ્કય મુનિ શ્રીગાયત્રી મંત્રના ત્રીજા ચરણના અર્થથી શ્રીસૂર્ય ભગવાનનું ગુણ કરતાં બોલ્યા કે-હે માર્તંડ ભગવન્ ! આપ તો પરમ કરુણામય છો, નાથ ! આપ અતિશય ભયંકર મુખવાળા અંધકાર નામના કાળા સર્પે ગળેલા, તેને લીધે જ પ્રાણ વિનાના મરેલા જેવા લાગતા આ લોકને જોતાં જ આપના હૃદયમા ઉભરાતી આપની દયાદષ્ટિથી સમગ્ર લોકને સજીવન બનાવીને પુનઃ ભગવાનની આરાધનામાં ત્રણે કાલની સંધ્યામાં પ્રવૃત્ત કરો છો. માટે તો પ્રત્યેક દિશાઓના, દિક્પાલો ઈન્દ્ર-વરુણ-કુબેર-યમ વગેરે દેવો પોતાના કર કમલની બનાવેલી અંજલિઓમાં જલ-પુષ્પ-ગંધ વગેરે પધરાવીને આપને ત્રણે સંધ્યાકાલમાં અર્ધ્ય પ્રદાન કરે છે. હે ભગવન્ ! કોઇ પૃથ્વીપતિ પોતાની પ્રજાનું શાસન કરવા ભૂતલ ઉપર પર્યટન કરે તે જ પ્રકારે આપ પણ દુષ્ટોને મરણ-નરક-કલેશ વગેરે ભયનું સૂચન કરતા અખિલ બ્રહ્માંડમાં પર્યટન કરો છો. (૭૦)

સૂર્ય ભગવાનની કૃપા અને શ્રી યજુર્વેદની પ્રાપ્તિ

શ્રીયાજ્ઞવલ્કય મુનિવર હવે નિવેદન કરતા કહેવા લાગ્યા કે નાથ ! આપ ઉપર વર્ણવેલા સ્વરૂપે સદા વિલસો છે અને ત્રણે લોકના ગુરુજનો આપશ્રીના શ્રીચરણકમલોને વંદન કરો છો. પ્રભુ ! આપના સદા વંદનીય ચરણ કમલની સમીપે આવ્યો છું. આપના ચરણોમાં મારી વિજ્ઞપ્તિ છે કે કદી ન વિસરાય એવા યજુર્વેદમાં આપ મને કૃપા કરીને દાન કરો. (૭૧) હે મુનિવર શૌનકજી ! શ્રીયાજ્ઞવલ્કય મહર્ષિએ ભગવાન શ્રીસૂર્યનારાયણની સ્તુતિ કરી અને શ્રીસૂર્ય ભગવાનને પ્રસન્ન કર્યા. તેને આ અવસરે શ્રીહરિ સૂર્યનારાયણ ભગવાને અશ્વનું સ્વરૂપ સ્વીકારી કદી ન વિસરાય એવા શ્રીયજુર્વેદનાં શ્રીયાજ્ઞવલ્કય મુનિને દાન કર્યાં. (૭૨) હે મહર્ષિ ! સર્વસમર્થ શ્રીયાજ્ઞવલ્કય મુનિએ શ્રીસૂર્ય ભગવાનની કૃપાથી મેળવેલ અપાર વિસ્તારવાળા શ્રીયજુર્વેદની પંદર શાખાઓ બનાવી છે. આજે તે વાજસનેયી સંહિતાના નામની જગવિખ્યાત છે. આ શાખાઓનું કાણ્વ મુનિ, માધ્યંદિન મુનિ, વગેરે મુનિઓએ અધ્યયન કર્યું. (૭૩)

શ્રીસામવેદ

શ્રીજૈમિનિ મુનિવરે સામવેદનાં આરાધન કર્યા હતાં. શ્રીજૈમિનિ મુનિના શ્રીસુમંતુ નામના સુપુત્ર થયા અને તેમના શ્રીસુન્વાન્ નામના સુપુત્ર હતા. શ્રી જૈમિનિ મહર્ષિએ સામવેદની બે શાખાઓ કરી. એક વિભાગ પોતાના પુત્ર શ્રીસુમંતુ મુનિને આપ્યો અને એક વિભાગ પોતાના પૌત્ર સુન્વાન્ મુનિને આપ્યો. (૭૪) મુનિવર ! ત્યાર પછી શ્રીસુન્વાન્ મુનિના તેજસ્વી કુશાગ્રબુદ્ધિ અને અત્યંત મહાન્ શ્રીસુકર્મા નામના શિષ્ય થયા. આ શ્રીસુકર્મા મુનિવરે પોતાના સામવેદની એકહજાર શાખાઓ બનાવી. (૭૫) શ્રીસુકર્મા મુનિવરના કૌશલ્ય એવા શ્રીહિરણ્યનાભ અને શ્રીપૌષ્યંજી નામના બે શિષ્યો થયા. વળી બ્રહ્મવિત્ મુનિઓમાં અત્યંત મહત્ શ્રી આવન્ત્ય મુનિ પણ શ્રી સુકર્મામુનિજીના ત્રીજા શિષ્ય હતા. આ ત્રણે મુનિઓએ માસવેદ સંહિતાઓનું અધ્યયન કર્યું. (૭૬) શ્રી પૈષ્યજી-આવન્ત્ય-હિરણ્યનાભ નામના ત્રણ મહર્ષિઓના પાંચસો શિષ્યો હતા. આ સર્વ શિષ્યોએ સાવધાનતાપૂર્વક સર્વ શાખાઓનું ઉત્તમ અધ્યયન

કર્યું. આ સર્વ મુનિઓ ઉત્તરપ્રદેશીય હતા છતાં કેટલાક લોકો તેમને પૂર્વદેશીય કહેતા. (૭૭) ત્યારબાદ શ્રી પૌષ્યજી મુનિના लौगक्षि-मांगलि-कुल्य कुसादकुक्षि આ નામના પાંચ શિષ્યોએ એક સો સંહિતાઓનું અધ્યયન કર્યું. (૭૮) પુનઃ શ્રીહિરણ્યનાભ મુનિએ પોતાના શ્રીકૃત મુનિએ ચોવીસ સંહિતાઓ આપી અને બાકીની શાખાઓ મતિમાન આવન્ત્ય મુનિએ પોતાના શિષ્યોને શીખવી હતી. (૭૯)

कृतो हिरण्यनाभस्य चतुर्विंशतिसंहिताः । शिष्य ऊचे स्वशिष्येभ्यः आवन्त्य आत्मवान् ॥ ७९ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દ્વાદશ સ્કંધના જગદવેદાશ્રય પ્રકરણમાં અધ્યાય ૬ઠ્ઠો સમાપ્ત

અધ્યાય - ૭ મો

(આ અધ્યાયમાં અથર્વવેદનો વિસ્તાર પુરાણોનાં લક્ષણોનું વર્ણન, પુરાણોની સંખ્યા અને સંજ્ઞા અને શ્રીમદ્ ભાગવતજીના શ્રવણનો મહિમા વર્ણવાશે. આ અધ્યાયમાં ૨૫ શ્લોકો છે.)

सूत उवाच-अथर्ववित् सुमन्तुश्च शिष्यमध्यापयत् स्वकाम् । संहितां सौऽपि पथ्याय वेददर्शाय चोक्तवान् ॥ १ ॥

શ્રીસૂત મહર્ષિએ કહ્યું કે મુનિવર શૌનકજી ! અથર્વવેદના આચાર્ય શ્રીસુમન્તુ નામના મુનિએ કબંધ નામના પોતાના શિષ્યને અથર્વવેદ સંહિતાનું અધ્યયન કરાવ્યું. ત્યારબાદ શ્રીકબંધ મુનિએ પોતાની સંહિતાના બે વિભાગો કર્યા અને એક વિભાગ પોતાના વેદદર્શ નામના શિષ્યને આપ્યો અને બીજો ભાગ પોતાના પથ્ય નામના શિષ્યને આપ્યો. (૧) ત્યારબાદ શ્રી વેદદર્શ મુનિએ પોતાને પ્રાપ્ત થયેલ અથર્વવેદના ચાર વિભાગો કર્યા અને शौकलार्यान ब्रह्मबलि मोदोष-पिप्पलायनि નામના ચાર શિષ્યોને તેનાં અધ્યયન કરાવ્યાં. પુનઃ શ્રી પથ્ય મુનિવરે પોતાને પ્રાપ્ત થયેલ અથર્વવેદ વિભાગના ત્રણ વિભાગો કર્યાં અને હે બ્રહ્મર્ષિ શૌનકમુનિ ! પથ્ય મુનિએकुमुद-शौनक-जाजलि નામના શિષ્ય મુનિવરોને અધ્યયન કરાવ્યાં. (૨) હે શૌનકમુનિ ઉપર કહેલા ત્રણ ઋષિઓમાંના આંગિરસ કુલના "शुनक"નામના મુનિવરે પોતાને પ્રાપ્ત થયેલ સંહિતાના બે વિભાગ કર્યા અને પોતાનાबभ्रु અનેसैन्धवायन બે શિષ્યોને બે વિભાગો આપ્યા. (૩) શ્રી સૈન્ધવાયન મુનિના सावर्णि વગેરે અનેક શિષ્યો હતા આ શિષ્યોએ नक्षत्रकल्प અનેशांतिकल्प નામના અનેક ગ્રન્થો લખ્યા. તેમજ તે તે ગ્રન્થોના નામથી તે તે મુનિવરો પ્રસિદ્ધ થયા. આ સર્વ ઋષિઓ अथर्वणाचार्य હતા. હે મહર્ષિ શાનક ! આ સર્વ ચાર વેદો અને વેદોની શાખા શાખા પ્રવર્તક મુનિઓની ગાથાઓ હતી. હવે પુરાણાચાર્યોની પવિત્ર ગાથા ગાઈએ. (૪)

પુરાણચાર્યો

મુનિવર્ય ! श्रीत्रैय्यारुणि-श्रीकश्यप-श्रीलावर्णि-श्रीअकृतव्रण-श्रीवैशंपायन-श्रीहारित આ નામના છ પુરાણાચાર્યો થયા.૫ આ સર્વ પુરાણાચાર્યોએ મારા પિતાશ્રી અને શ્રીવ્યાસજીના શિષ્ય શ્રીરોમહર્ષણ મુનિવર સમીપે આ છ પુરાણાચાર્યોએ છ સંહિતાઓનું અધ્યયન કર્યું હતું. હે મુનિ મહારાજ હું આ છએ છ મુનિવરોનો શિષ્ય થયો અને તેઓથી પાસેથી મેં છ સંહિતાઓનું અધ્યયન કર્યું. (૬) હે મુનિવર ! હું रोमहर्षणि, श्रीकाश्यपमुनि- પરશુરામજીના શિષ્ય श्रीअकृतव्रणमुनि-साबर्णमुनि મળીને અમે ચાર મહર્ષિ વ્યાસજીના શિષ્યો હતા અને અમે તેઓની પાસેથી મૂળ ચાર સંહિતાઓનું અધ્યયન કર્યું હતું. (૭) આ સર્વ બ્રહ્મર્ષિઓ હતા તેઓથી એ વેદ અને શાસ્ત્રોના સિદ્ધાન્ત પ્રમાણે પોતાની મતિને અનુકૂળ પુરાણોનાં લક્ષણો વર્ણવ્યા છે તેનું હવે આપણે શ્રવણ કરીશું. (૮)

પુરાણલક્ષણો

सर्गोऽस्याथ विसर्गश्च वृत्ती रक्षान्तराणि च । वंशो वंशानुचरितं संस्था हेतुऽस्पाश्रयः ॥ ९ ॥

(૧) સર્ગ (૨) વિસર્ગ (૩) વૃત્તિ એટલે સ્થિતિ (૪) રક્ષા એટલે પુષ્ટિ અથવા કૃપા (૫) અંતર એટલે ચૌદ મન્વંતરો (૬) વંશ અને (૭) વંશમાં થયેલા સત્પુરુષોનાં ચરિત્રો એટલે ઈશાનુકથા (૮) સંસ્થા એટલે નિરોધ (૯) હેતુ એટલે ઊતિલીલા (૧૦) આશ્રય આ દશ પ્રકારની લીલાઓ જે ગ્રંથમાં અલગ અને સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવેલી હોય છે તે ગ્રન્થને મહાપુરાણ કહેવામાં આવે છે. પરંતુ જે ગ્રન્થમાં માત્ર પાંચ લીલાઓ વર્ણવવામાં આવી હોય એટલે દશમાંથી

પાંચ લક્ષણો વર્ણવાય તેને ઉપપુરાણ કહેવામાં આવે છે. આ પ્રકારે મહાપુરાણ અને ઉપપુરાણની વ્યવસ્થા ગોઠવાઈ છે. ઉપપુરાણ માટે એ પણ મન્તવ્ય છે કે સર્ગ-પ્રતિસર્ગ-વંશ-મન્વન્તર-વંશાનુચરિત આ પાંચ લક્ષણો ગવાયાં હોય તેને ઉપપુરાણ માનેલ છે. (૯,૧૦) સર્ગલીલા : મુનિવર શોનકજી ! ઉપરના બે શ્લોકોમાં મહાપુરાણ અને અલ્પપુરાણનાં જે લક્ષણો કહેવામાં આવ્યાં તે લક્ષણોનું પ્રત્યેકનું સ્વરૂપ સમજીએ. તેમાં પ્રથમ સર્ગની વ્યાખ્યા,એ કરી છે કે ભગવાનની ઈચ્છા અને દૃષ્ટિથી પ્રકૃતિના સત્વરજસ્-તમસ્-નામના ત્રણ ગુણોમાં ક્ષોભ ખળભળાટ ઉત્પન્ન થયો, ત્યારે તે ત્રણ ગુણોમાંથી મહત્નું એ નામનું તત્વ થયું ત્યારબાદ સત્વગુણમાંથી દેવોની ઉત્પત્તિ થઈ, રજોગુણમાંથી દશ ઈન્દ્રિયો અને અ:તકરણ ઉત્પન્ન થયું અને તામસ અહંકારમાંથી પૃથ્વી-જલ વગેરે પંચ મહાભૂતો તેમજ શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ નામના વિષયો ઉત્પન્ન થયા, આ સર્વ ઉત્પત્તિને ભગવાનની સર્ગલીલા કહેવામાં આવી.

વિસર્ગલીલા :- ત્યારબાદ ઉત્પન્ન થયેલા દેવો, પંચમહાભૂત તત્વો, ઈન્દ્રિયો, વિષયો વગેરે ભગવાનની કૃપાથી એકત્રિત થાય છે. પુન:પૂર્વકર્મની વાસનાના ફલરૂપે સૃષ્ટિ રચવાથી શક્તિ આવે છે ત્યારે બીજમાંથી અંકુર અને અંકુરવૃક્ષમાંથી પુન: બીજ જેમ ઉત્પન્ન થાય છે આ પ્રકારની જે લીલા છે તેને ભગવાનની વિસર્ગલીલા કહેવામાં આવે છે. (૧૨) વૃત્તિ એટલે સ્થિતિલીલા:- હવે સ્થિતિલીલા સંબંધી એવું લક્ષણ છે કે જે જંગમ પ્રાણીઓ છે એટલે દેહથી હલન ચલન ધર્મવાળા છે તેમની વૃત્તિ એટલે આજીવિકાનું સાધન સર્વ સાધારણ રીતે તો જડ પદાર્થો માનવામાં આવ્યા છે. જેમાં ધાન્ય-ફલ-ફૂલ-શાક વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે આ શ્લોકમાં ચ અવ્યયનો ઉલ્લેખ છે તેથી કોઈક વાર જડપ્રકૃતિના મહિષ વગેરેને પણ આપત્તિમાં અપવાદ સ્વરૂપે સાધન માન્યું છે. આ વૃત્તિઆજીવિકા મનુષ્યોને કામ કરવાથી મળે છે તેમજ વેદે દર્શાવેલા વિધિ પ્રમાણે વૃત્તિ-આજીવિકા નિશ્ચિત થાય છે અથવા પ્રાપ્ત થાય છે. આ લીલા ભગવાનની સ્થાન લીલા કહેવાય છે. (૧૩) રક્ષા એટલે પોષણ :- બ્રહ્માંડને રચ્યા પછીથી કૃપાના સાગર ભગવાન આવશ્યક્તા લાગતાં યુગે યુગે અવતારો ધારણ કરે છે. આ અવતારો દેવ-મનુષ્ય-પશુ-પક્ષીની પણ આકૃતિઓમાં ધારણ કરે છે. આ અવતારો દ્વારા જે જે ચરિત્રો કરે છે તે ભગવાનની ''રક્ષા'' નામની લીલા છે. આ અવસરે વેદોનો વિરોધ કરનારા અસુરો વિનાશ પામે છે, જ્યારે દૈવી સમ્પત્તિનું રક્ષણ થઈ જાય છે, ભગવાનની આ લીલાને ''પોષણ લીલા'' કહેવામાં આવે છે. (૧૪) મન્વન્તર લીલા :- મનુરાજાઓ-મનુ રાજાના પુત્રો-દેવો-ઋષિઓ-ઈન્દ્રો-ભગવાનના અવતારો, આ છ જણ સર્વે પોતાની ક્રિયાઓમાં પ્રવૃત્ત થાય છે. આ રીતે પ્રવૃત્ત થવા મનુનો જે કાલ છે તેને ''મન્વન્તર'' કહેવાય છે. કાલ મન્વન્તર કાલ હોય છે. આ મન્વન્તર દ્વારા ભગવાન પૃથ્વી ઉપર સદ્-ધર્મોને ચલાવે તેમજ સ્થાપન કરે તેને મન્વન્તર લીલા કહેવામાં આવી છે. (૧૫) ઈશાનુકથા :- શ્રીબ્રહ્માજીથી ઉત્પન્ન થયેલા પરમ વિશુદ્ધ રાજાઓની ત્રણે કાલ ચાલતા વંશની કથા અને વંશને ચલાવનારા તેમજ લોકવ્યવસ્થાને સારી રીતે ચલાવનારા રાજાઓની કથાને ઈશાનુકથા નામની ભગવાનની લીલા કહેવાય છે. (૧૬) સંસ્થા :- નૈમિત્તિક લય-પ્રાકૃતિક લય-આત્યન્તિક લય એવા ચાર પ્રકારના લય માનવમાં આવ્યા છે. આ ચારે ચાર લયોનું આગળ ચતુર્થ આધ્યાયમાં સ્વરૂપ સમજાવ્યું છે. આ લયને સંસ્થા કહેવામાં આવે છે. આ ચાર પ્રકારના લયોમાં જે આત્યન્તિક લય છે તેમાં નિરોધ તેમજ મુક્તિ નામની બે લીલાઓનો સમાવેશ થાય છે. (૧૭) હેતુ એટલે ઊતિલીલા :- હે શૌનક મહર્ષિજી !,અવિદ્યાથી કર્મ કરનારા જીવને આ સર્ગ-વિસર્ગના કારણ રૂપ માન્યો છે જીવને કેટલાક अनुशय કહે છે અને કેટલાક તેને अब्याकृत નામથી કહે છે. अनुशय અર્થ એવો થાર્ય થાય છે કે કર્મનું ફલ ભોગવવામાં નથી આવ્યું તેને-તે કર્મને अनुशयकर्म કહેવામાં આવેલ છે. આવા વણભોગવેલા કર્મવાળા જીવને अनुशयी કહેવામાં આવેલ છે. સૃષ્ટિના પૂર્વમાં આ નામ-રૂપ આકૃતિ વિનાનો હતો તેથી તેની अव्याकृत એવી સંજ્ઞા હતી. આ જીવને વાસનાને લીધે સર્ગ-વિસર્ગનો કારણ માનેલ છે. (૧૮) અપાશ્રય લીલા :- માયામય જીવાત્માની જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ એવી ત્રણ અવસ્થાઓ હોય છે. આ ત્રણે અવસ્થાઓ જે પરોવાઈને રહેલ છે એટલે જેનો સંબંધ છે છતાં તે ત્રણે અવસ્થાઓથી પર એટલે એ અવસ્થાઓના અભાવમાં પણ જે રહેલ છે. પરંતુ ભગવાનના વ્યતિરેકમાં જેનો અભાવ છે તે બ્રહ્મ સર્વના આશ્રયરૂપ છે પરંતુ બ્રહ્મમાં સ્વાશ્રિત છે. આ બ્રહ્મને અન્ય કોઈનો પણ આશ્રય લેવો પડતો નથી તેનેअपाश्रय કહેવામાં આવે છે. (૧૯) ઉપરનાં

શ્લોકમાં અન્વય અને વ્યતિરેકની જે ચર્ચા કરી તેને આ રીતે સમજી શકાય છે કે નામ અને રૂપવાળા ઘડો-ગાગર-કોડિયાં તેમજ વસ્ત્રો વગેરે જે વસ્તુઓ-પદાર્થો છે તેમાં કારણરૂપે તો સન્માવ દ્રવ્ય છે. આ મહત્ દ્રવ્યો તે તે ઘટ-પટના આકારમાં રહેલ છે તેવીજ રીતે તે મહદ્ વગેરે જુદાં પણ છે તેવી જ એક દેહ ગર્ભાધાન સંસ્કારથી માતૃદેહમાં આવ્યો ત્યારથી દેહના મૃત્યુ સુધીમાં જે જે બાલ્ય-કિશોર વગેરે અવસ્થાઓ થાય છે. તેમાં તે બ્રહ્મ અવસ્થાઓના સાક્ષી તરીકે તેમજ અન્તર્યામી તરીકે પણ રહે છે, આ ઉપરાંત દેહના નાશ પામ્યા બાદ પણ તે બ્રહ્મ રહે છે તે જ બ્રહ્મ સર્વનો આશ્રય છે. (૨૦) હે મુનિવરો ! ઉપરના શ્લોકોમાં સર્વ-વિસર્ગ વગેરે દશ પ્રકારના મહાપુરાણોનાં લક્ષણો બતાવ્યાં છે તે દશ લક્ષણોવાળી ભગવાનનો સર્ગાદિલીલાઓનું શ્રવણ કરવાથી ભક્તિયોગ પ્રાપ્ત થાય છે. આ ભક્તિયોગના બળથી વિષયાસક્તિમાંથી મન પાછું વળે છે અને જ્યારે તે આત્માને જાણે ત્યારે જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ નામની ત્રણે વૃત્તિઓને ત્યજી દે છે ત્યારે તે જન્મ-મરણ નામની સંસારચેષ્ટાથી મુક્ત બને છે. (૨૧)

અષ્ટાદશ પુરાણો

હે મહર્ષિ શૌનક ! સર્ગ-વિસર્ગ વગેરે જે મહાપુરાણોનાં લક્ષણો વર્ણવ્યાં છે તે લક્ષણો જેમાં સમાયેલાં છે તે પ્રકારનાં મહાપુરાણોની સંખ્યા અઢાર છે તેમજ પાંચ લક્ષણવાળાં ઉપપુરાણોની સંખ્યા પણ અઢાર છે. મહાન મુનિવરો મહાપુરાણ અને અલ્પપુરાણ વચ્ચેના તફાવતને સમજાવે છે. (૨૨) આ અઢાર પુરાણોની (૧)બ્રહ્મપુરાણ (૨)પદ્મપુરાણ (૩) વિષ્ણુપુરાણ (૪) શિવપુરાણ (૫) લિંગપુરાણ (૬) ગરુડપુરાણ (૭) નારદપુરાણ (૮) શ્રીમદ્ ભાગવત્ (૯) અગ્નિપુરાણ(૧૦) સ્કન્દપુરાણ (૧૧) ભવિષ્યપુરાણ (૧૨) બ્રહ્મવૈવર્તપુરાણ (૧૩) માર્કંડેયપુરાણ (૧૫) વરાહપુરાણ (૧૬) મત્સ્યપુરાણ (૧૭) કૂર્મપુરાણ (૧૮) બ્રહ્માંડપુરાણ આવી સંજ્ઞાઓ છે, (૨૩,૨૪) બ્રહ્મન્ શ્રીશૌનક મુનિ ! મહર્ષિ વ્યાસજી તેમજ તેમના શિષ્યો અને શિષ્યોની પરંપરાએ વેદશાખાનું પૃથક્કરણ અધ્યયન અને સેવન કર્યું છે. આ પ્રસંગનું શ્રવણ કરનારા શ્રોતાના બ્રહ્મતેજની વૃદ્ધિ થાય છે. (૨૫)

ब्राह्मं पाद्मं वैष्णवञ्च शैवंलिंग सगारुडम् । नारदीय भागवतमाग्नेयं स्कान्दसंज्ञितम् ॥ २३ ॥
भविष्यं ब्रह्मवैवर्तं मार्कण्डेयं सवामनम् । वाराहं मात्स्यं कौर्मं च ब्रह्मण्डाख्यमिति त्रिषट् ॥ २४ ॥
ब्रह्मन्निदं समाख्यातं शाखाप्रणयनं मुनेः । शिष्यशिष्यप्रशिष्याणां ब्रह्मतेजोविवर्धनम् ॥ २५ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દ્વાદશ સ્કંધમાં શ્રીવેદાશ્રયલીલા પ્રકરણનો અધ્યાય ૭ મો સમાપ્ત

અધ્યાય - ૮ મો

(આ અધ્યાયમાં મહર્ષિ માર્કંડેય ઋષિની તપશ્ચર્યા, માયાની અસરથી પર રહેલું મન, પુનઃભગવચ્ચરણકમલોની સ્તુતિ વગેરે પ્રસંગો આવશે. આ અધ્યાયમાં ૪૯ શ્લોકો છે.)

श्रीशौनक उवाच - सूत जीव चिंर साधो वद नो वदतां वर । तमस्यपारे भ्रमतां नृणां त्वं पारदर्शकः ॥ १ ॥

મહર્ષિ માર્કણ્ડેયજીની જીવનગાથાનો પ્રશ્ન

મહર્ષિ શૌનક પ્રસન્ન ચિત્તે પૂછે છે કે-હે સાધુશીલ સત્પુરુષ ! ઉત્તમ કોટિના વકતાઓમાં આપનું પ્રથમ સ્થાન છે. અમારી આપને આશિષ છે. સૂતમુનિ આપ ચિરંજીવી રહો. આપ સર્વથા પાર કરવા અશક્ય એવા અજ્ઞાન અંધકાર નામના પારાવારની સામી પારેલઈ જનારા, સર્વથા અજ્ઞાનનું નિવારણ કરી સંસારની નિવૃત્તિ કરાવનારા મહાન્ ભક્ત વક્તા છો. આપ અમને શ્રવણ કરવા યોગ્ય શ્રીહરિકથામૃતનાં કર્ણપુટથી પાન કરાવો. (૧) ભગવન્ ! કલ્પની સમાપ્તિ થાય ત્યારે તો ભગવાન કાલ અખિલ બ્રહ્માંડનું ભક્ષણ કરી જાય છે. આવા કાલને પણ જીતીને ચિરંજીવી બની રહેલા મહારાજા શ્રી મૃકણ્ડમહર્ષિના સુપુત્ર શ્રી માર્કણ્ડેય મહર્ષિનું ચરિતામૃતપાન કરાવવાની કૃપા કરો. (૨) હે સૂત મહર્ષિ ! ખ્યાતનામ શ્રી માર્કણ્ડેય મહર્ષિ અમારા ભૃગુકુલનું કુલભૂષણરત્ન છે. તેમાં પણ તેઓ આ કલ્પમાં જ પ્રકટ થયા છે અને આ કલ્પમાં જ જન્મ્યા છે. તેથી અમારા મનમાં એક સંદેહ રહે છે. કે શ્રી માર્કણ્ડેય મુનિ આ કલ્પના

ઋષિ છે. વર્તમાનમાં કોઇ પ્રકારનો ભૂતપ્રલય સાંભળવામાં આવ્યો નથી કે પ્રલય થતો જોયો પણ નથી તો આવું કેમ કહેવામાં આવે છે કે પ્રલયનાં અંતે મુનિરાજ અમર રહ્યા છે ? આવસ્તુ સમજાતી નથી. (૩) ભગવન્ ! લોકગાથા તો શ્રી માર્કણ્ડેય મુનિ માટે એવી સાંભળવામાં આવે છે કે વિશ્વના પ્રલય પ્રસંગે સર્વત્ર જલમય દેશમાં મહર્ષિ માર્કણ્ડેય મહારાજે એક વટવૃક્ષ નિહાળ્યું તેમજ તે વૃક્ષના એક જ પાનમાં ભગવાનને અદ્‌ભુત બાલમુકુન્દ સ્વરૂપમાં જોયા. નાથ ! આ વાતની પ્રલય વિના સંગતિ શી રીતે થાય ? (૪) સૂત મહર્ષિજી આપ તો મહાન યોગી હોઇ સર્વજ્ઞ છો. સુદીર્ઘ સમયથી અમે આ વસ્તુની સ્પષ્ટતાનું શ્રવણ કરવા ઉત્કંઠિત છીએ. વળી આપશ્રી તો પુરાણવિદોમાં પ્રથમ સ્થાને છો તો આપ અમારા સંશયનું નિવારણ કરવા કૃપા કરો. (૫)

મહર્ષિ માર્કંડેય મુનિવરનું ચરિતામૃત

શ્રી સૂતાચાર્યજીએ કહ્યું કે મહર્ષિવર શૌનકજી ! આપનો પ્રશ્ન આદરણીય છે. કારણ જે સંશય આપ ધરાવો છો તેવી જ લોકમાનસમાં મહર્ષિ માર્કણ્ડેયજી માટે ભ્રાન્તિ ચાલી આવી છે. આપનું સમાધાન કરતાં સર્વના મનની ભ્રાન્તિ દૂર થશે તેમજ કલિમલહારિણી શ્રી નારાયણ ભગવાનની કથાસુધાનું ગાન પણ થશે. (૬) હે મુનિરાજ શૌકનજી ! શ્રી માર્કણ્ડેય મહર્ષિની તપશ્ચર્યાથી ભગવાન પ્રસન્ન થયા ત્યારે તેઓશ્રીની મનોવૃત્તિ ભગવાનની માયાનાં દર્શન કરવાની જાણીને ભગવાને પોતાની માયાથી સાત કલ્પો બતાવ્યા. આ કલ્પો ભગવાને પોતાની માયાથી દર્શાવેલી હોઇ અન્ય કોઇએ જોયા નહીં. હે મુનિરાજ ! આ સર્વ સમાધાન માર્કણ્ડેય મુનિના ચરિતામૃત પાનથી થશે માટે મુનિ માર્કણ્ડેયચરિતનું શ્રવણ કરો. શૌનક મહારાજ ! પિતૃચરણ મૃકણ્ડુ ઋષિથી ગર્ભાધાનાદિ સંસ્કારો પામતા મુનિ માર્કણ્ડેયજી ઉપવીત નામના દ્વિજાતિ સંસ્કારને પાંચમાં વર્ષની વયમાં પામ્યા કે તરત જ શાસ્ત્ર વિધિ પ્રમાણે વેદશાસ્ત્રોનું અધ્યયન કરી તપશ્ચર્યા અને નિત્ય સ્વાધ્યાય સાથે બ્રહ્મચર્યાશ્રમના ધર્મથી સમ્પન્ન થયા. (૭) વર્ણાશ્રમ ધર્મોના નિયમોને અનુસરીને બ્રહ્મચર્યનું પાલન કરનાર વેદાધ્યયયનું ફળ મેળવે છે અન્ય નથી મેળવતા, આ વાતના જાણકાર મુનિ માર્કંડેયજી બ્રહ્મચર્યના મહાન વ્રતી થયા, શાંત ભાવથી વસવા લાગ્યા, મસ્તકે જટાઓ ધારણ કરી, કાયા ઉપર વલ્કલ ધારણ કર્યાં કટિભાગે મુંજની મેખલા સાથે દંડ, કમંડલુ અને ઉપવીત ધારણ કરતા અત્યંત તેજસ્વી લાગતા હતા. (૮) મુનિવર્ય માર્કંડેયજીએ દેહ ઉપર કૃષ્ણ મૃગનું મૃગચર્મ અને અક્ષમાલા અને કુશ-દર્ભ વગેરે ધારણ કરીને બ્રહ્મચર્યાશ્રમના નિયમને વિધિ સંયુક્ત કર્યો હતો. પ્રાતઃકાલ અને સાયંકાલ અગ્નિહોત્ર, તિર્કાલસન્ધ્યા અને સૂર્યોપસ્થાન, ગુરુસેવા વિપ્રચરણનાં પૂજન, પોતાના આત્મામાં સાયંકાલ-પ્રાતઃકાલ બન્ને સમય ભગવાનની માનસ સેવા દ્વારા ભગવાનનું આરાધન કરતા રહ્યા. ૯ સાયંકાલ-પ્રાતઃકાલ સંધ્યા, ગુરુસેવા, વળી વ્રતીના ધર્માનુસાર ભિક્ષા લાવવી, ગુરુચરણે નિવેદિત કરવી, વાણી ઉપર મૌન એટલે સંયમ રાખવો, પુનઃજ્યારે આજ્ઞા કરે અને જેટલા પ્રમાણમાં આપે તેટલી જ ભિક્ષા આરોગવી, એક જ વાર ભિક્ષા લેવી, ગુરુ આજ્ઞા ના મળે અથવા ભિક્ષા ના મળે ત્યારે ઉપવાસ કરવો, આ પ્રમાણે કઠિન તપોવ્રતી જીવન જીવવા લાગ્યા, (૧૦) શૌનકજી ! તપશ્ચર્યા, સ્વાધ્યાય, વ્રતપરાયણ મુનિવર માર્કંડેયજીનાં ભગવાન શ્રી હૃષીકેશની સેવા કરતાં કરતાં લોખોની સંખ્યામાં અનન્ત વર્ષો પસાર થયાં અને માર્કંડેયમુનિ મૃત્યુંજય થયાં. (૧૧)

દેવવર્યોનો વિસ્મય

બ્રહ્માજી, ભૃગુ મુનિ શિવજી, દક્ષ પ્રજાપતિ, સનતકુમારો , મનુષ્યો, દેવો, પિતૃઓ અને અન્ય પ્રાણીઓ પણ મુનિવર્યના તપશ્ચર્યાપૂર્ણ ભગવાનના આરાધનથી અત્યંત આશ્ચર્યચક્તિ થઇ ગયા એવું કઠિન તપ કર્યું. (૧૨) આ પ્રમાણે બ્રહ્મચર્ય જેવા દિવ્ય વ્રત સાથે સ્વાધ્યાય, પતશ્ચર્યા અને સંયમપૂર્વક શ્રી અધોક્ષજ ભગવાનનું ધ્યાન-આરાધન કર્યું. મુનિના મનના કલેશો સ્વચ્છ થઇ ગયા અને સમર્થ યોગી બન્યા. (૧૩) આ પ્રમાણે મહાન યોગ દ્વારા ભગવચ્ચરણકમલોમાં ચિત્તને પરોવતાં યોગિરાજ માર્કંડેય મુનિનો છ મન્વંતર જેટલો વિપુલ કાલ પસાર થયો. આ વાર્તાનું જ્યારે રાજા ઇન્દ્રને સાતમાં મન્વંતરમાં જ્ઞાન થયું ત્યારે પુરંદરના પેટમાં ચિન્તા પેઠી કે મુનિ માર્કંડેય મારું સ્થાન લઇ લેશે. એવા ભયથી તેણે માર્કંડેય મુનિરાજના તપોભંગમાટે ઉપાયો યોજવાનો નિર્ણય કર્યો. (૧૪,૧૫) રાજા પુરંદરે હવે મુનિના તપોનાશ માટે અપ્સરાઓ, ગન્ધર્વો, કામદેવ, વસંત, દક્ષિણનો મલયાચલનો ચંદનના સુગંધવાળો પવન, અને રજોગુણમાંથી

જન્મેલ વહાલા બે પુત્રો લોભ તેમજ મદને મોકલી આપ્યા. (૧૬) હે વિભો ! શૌનકજી હિમાલય પર્વતની ઉત્તરે જ્યાં શ્રી પુષ્પભદ્રા સરિતા વહે છે, જ્યાં ચિત્રા નામની શિલા છે ત્યાં માર્કંડેય મુનિનો આશ્રય આવેલો છે ત્યાં આ સર્વ આવી પહોંચ્યા. (૧૭) આશ્રમનું સ્થાન સ્વયં પુનીત છે, તેમજ પુણ્ય લતાઓ અને પુણ્ય વૃક્ષોથી રમણીય છે, આ ઉપરાંત આ આશ્રમમાં નિવાસ કરતાં પક્ષીઓ પણ પુણ્યશાળી દ્વિજો-બ્રહ્મણ-ક્ષત્રિય-વૈશ્યોના સમૂહથી વ્યાપ્ત છે. અને પુણ્યપવિત્ર જલાશયોથી પણ શોભાયમાન છે. (૧૮) આ આશ્રમ મદમત્ત ભ્રમરોનાં ગુંજન ગીતથી ગુંજતો હતો તેમજ મદમત્ત કોકિલોનાં કૂજન ચાલતાં હતાં, મદઘેલા મયૂરોનાં નૃત્ય અને કલાપોથી તે સ્થાન અત્યંત આકર્ષક બન્યું હતું. (૧૯) આવા આશ્રમ પ્રદેશમાં પ્રથમ તો સુવાસિત વાયુએ પ્રવેશ કર્યો. શીતલ જલપ્રવાહ ઉપરથી પ્રસાર થતા જલ-બિંદુઓને સાથે લઇ સુગંધમય પુષ્પોને સ્પર્શી મંદ-શીતલ-સુવાસિત થયેલ ત્રિવિધ પવનથી કામદેવ સતેજ થયા અને સર્વનાં મન ક્ષોભવાળાં બન્યાં. (૨૦) આમ કરતાં સંધ્યાનો સમય પસાર થયો અને રાત્રીનો પ્રારંભ થયો અને નિશાદેવીના મુખચંદ્રનો ઉદય થયો. ત્યાં તો હજારો નાની શાખાઓવાળાં તરુવરો લતાઓને આલિંગન પામતાં ધરણી ઉપર ઝૂકી જવા લાગ્યાં અને પળે પળે નવી નવી આવતી કૂંપણો, ફુલો અને ફલોના ગુચ્છો પણ સ્વતંત્ર શોભવા લાગ્યા ઋતુરાજ વસંતનું સામ્રાજ્ય જામ્યું. (૨૧) આ અવસરે વસંતના પ્રાકટયને જોઇને કામદેવે ગાનતાન કરનાર ગંધર્વોના સમુદાયની સાથે વનમાં પ્રવેશ કર્યો. ગાન કરતી અપ્સરાઓનાં યૂથો સાથે હતાં અને પુષ્પધન્વા કામદેવે નામ પ્રમાણે હાથમાં પુષ્પનિર્મિત ધનુષ્ય ઉઠાવ્યું હતું. (૨૨) ગાન કરતા ગન્ધર્વો અને નૃત્ય કરતી અપ્સરાઓને આગળ કરીને આશ્રમમાં પ્રવેશ કરતા કામદેવે અગ્નિમાં આહુતિ આપીને નારાયણ ભગવાનનું આરાધના કરતાં નેત્ર બંધ કરી ધ્યાન કરતા મૂર્તિમંત અગ્નિ સમાન તેજસ્વી ને સમીપમાં ના જઇ શકાય તેવા મુનિ માર્કણ્યડેયને નિહાળ્યા. (૨૩) મુનિવર્ય સમીપે જઇ અપ્સરાઓએ નૃત્યુ કર્યાં, ગન્ધર્વોએ ગાન કર્યાં અને મનને હરી લેવા વીણા, મૃદંગ અને પણવના મધુર ધ્વનિ કરવા લાગ્યા. (૨૪) આ પ્રસંગે પુષ્પધન્વા કામદેવે શોષણ-મોહન-સંદીપન-તાપન-ઉન્માદન નામના પાંચ મુખવાળા બાણનું ધનુષ્યમાં અનુસંધાન કરી નિશાન તાક્યું ત્યારે કામદેવને સહાય કરવા માટે વસંતઋતુ-લોભ આદિ અનેક ઇન્દ્રના અનુચરો મુનિવરના મનને ચલિત કરવા સર્વ સામર્થ્યનો ઉપયોગ કરવા લાગ્યા. (૨૫) શ્રીમાર્કણ્ડેય મુનિવરની સન્મુખ જ ''પુંજિકસ્થલી'' નામની અપ્સરાએ કંદુક-દડા હાથમાં લઇ આકાશમાં ઉછાળતી અને ઝીલતી જ્યારે ક્રીડા કરતી ત્યારે તે સ્તનભારથી વારંવાર ઝૂકી જતી હતી અને કન્દુકને ઝીલવા માટે આમતેમ દોડતાં તેનો કટિભાગ લચકી જતો અને મસ્તકની વેણી વિછુરિત થતાં વેણીમાં ગૂંથેલી પુષ્પની સેરો પણ સરી પડતી હતી. ઉછાળેલા કન્દુક દડાની ચાલ પ્રમાણે ચાલતાં પુંજિકસ્થલીની દૃષ્ટિ દડાની પાછળ જતી મોહક બની જતી અને દડાની પાછળ દોડતાં કટિમેખલા તૂટી પડતાં વાયુએ કોમલ અને અત્યંત બારીક સાડીને પણ કાયા ઉપરથી સરકાવી દીધી. (૨૬) મનસિજ કામદેવે માન્યું કે મુનિવરના મનને જીતવા માટે આ તક ઝડપવા જેવી છે એમ સમજીને મુનિરાજ ઉપર શરસંધાન કર્યું. પરંતુ કામદેવની બાજી નિષ્ફળ નીવડી.જાણે કોઇ દરિદ્રી, દુર્ભાગી અને દુર્બલ જન ગમે તેટલો પ્રયાસ કરે પણ તે નકામો જ નીવડે તેમ પુરંદરઇન્દ્રના સર્વ સેવકોની મહેનત માથે પડી. (૨૮) શૌનક મહર્ષિજી ! કામદેવ-વસન્ત-અપ્સરાઓ-સુવાસિત મારુત વગેરેનું પૂર્ણ તેજસ્વી મુનિ માર્કણ્ડેય સામે કાંઇ ન વળ્યું. આશા ઉપર પાણી ફરી વળ્યું. નાના અબુધ બાળકે રમકડું સમજી જગાડેલા સાપને જોતાં ભયથી ભાગી જાય તેમ આ ઇન્દ્રના સર્વ સૈન્યને ભસ્મ થઇ જવાના ભયથી ભાગી જતાં ભોંય ભારે પડી ગઇ. (૨૯) મહર્ષિવર્યજી ? આ ઇન્દ્રના સમસ્ત સૈનિકોએ મુનિ માર્કણ્ડેયજીને પરાજિત કરવા સર્વ પ્રકારે સર્વ પ્રયોગો આદર્યા પરંતુ મુનિરાજે મચક ના આપી અને રતિભર પણ ભક્તવર મુનિ ના ડગ્યા એટલું જ નહીં પરંતુ આ સર્વ પ્રકારે વિજયી બનેલા મુનિ માર્કણ્ડેયજીના મનમાં લેશ પણ ગર્વ ના થયો, ન તો અપ્સરાઓ વગેરે ઉપર ક્રોધ થયો. મુનિરાજ સર્વથા નિર્વિકાર જ રહ્યા. હે શૌનકજી ! ભગવદંગીકૃત અને ભગવતકૃપા પાત્ર મહાપુરુષો માટે આમ બનવું એમાં કઇ મોટી વાત હોઇ શકે ! (૩૦) સમર્થ મનાતા પુરંદર ઇન્દ્રે મુનિરાજ સામે કામ અને કામદેવના સૈન્ય નિસ્તેજ બનેલું જોયું જાણ્યું અને બ્રહ્મર્ષિજી માર્કણ્ડેયજીના ઉદાર મહિમાને સાંભળ્યો ત્યારે તો ઇન્દ્ર તો પુષ્કળ આશ્ચર્યમાં ડૂબી ગયા. (૩૧)

શ્રીનરનારાયણ ભગવાનનાં દર્શન

तस्यैवं युञ्जतश्चितं तपःस्वाध्यायसंयमैः । अनुग्रहायाविरासीन्नरनारायणो हरिः ॥ ३२ ॥

तौ शुक्लकृष्णी नवकञ्जलो बनौ चतुर्भुजौ रोखवल्कलाम्बरा । पवित्रपाणी उपवीतक त्रिवृत् कमण्डलुं दण्डमृजं च वैणवम् ॥ ३३ ॥

पद्माक्षमालामुत जन्तुमार्जनं वेदं च साक्षात्तप एव रूपिणौ । तपत्तडित् वर्णपिशङ्गरोचिषा प्रांशू दधानौ विबुधर्षभार्चितौ ॥ ३४ ॥

ते वै भगवतो रूपे नरनारायणावृषी दृष्ट्वोत्थायादरेणौच्चेर्ननामाङ्गेन दण्डवत् ॥ ३५ ॥

तत्सन्दर्शनानन्दनिर्वतात्मेन्द्रियाशयः । हृष्टरोमाश्रुपूर्णाक्षो न सेहे तावुदीक्षितुम् ॥ ३६ ॥

उत्थाय प्रांजलिः प्रह्वः औत्सुक्यादाश्लूषन्निव नमो नम इतीशानौ बभाषे गद्गदाक्षरः ॥ ३७ ॥

મુનિવર્ય શ્રી માર્કણ્ડેયજી તપ, સ્વાધ્યાય, સંયમ દ્વારા ભગવચ્ચરણોમાં ચિત્તને પરોવી રહ્યા હતા ત્યારે મુનિરાજ ઉપર અનુગ્રહ કરવા માટે મુનિજનમનોહારી શ્રી નરનારાયણ ભગવાન પ્રકટ થયા. (૩૨) શ્રીનર અને શ્રીનારાયણના યુગલ સ્વરૂપે પ્રકટ થયેલા ભગવાનનાં શ્વેત અને શ્યામ મનોહર સ્વરૂપ હતાં તાજાં અને નવીન ખીલેલા કોમલ કમલ સમાન અને વિશાલ લોચન હતાં, ચતુર્ભુજ હતા, શ્રીઅંગો વલ્કલ વસ્ત્રોને શોભાવતાં હતાં, હાથમાં દર્ભ હતા અથવા કરાંગુલિઓ ઉપર દર્ભની પવિત્રીઓ-વીંટીઓ ધારણ કરી હતી. વળી ત્રેવડ કરેલા ઉપવીતને, કમંડલુને અનેવાંસના સીધા સરળ દંડને ધારણ કર્યા. કમલની કે કમલકાકડીની માલાઓ દીપી રહી હતી, મચ્છર-માખીને ઉડાડવા માટે વસ્ત્રની-પીંછી પાસે રાખી હતી. વળી દર્ભની બનાવેલી નાની પૂળી ધારણ કરી હતી. મુનિરાજનાં તપશ્ચર્યાનાં મૂર્ત દિવ્ય પ્રત્યક્ષ સ્વરૂપો જ હતાં. તપાવેલા સુવર્ણ સમાન કે ચળકતી વીજળી સમાન શ્રીઅંગની અને પીતાંબરની પીતવર્ણી કાન્તિથી દેદીપ્યમાન ઠીક ઠીક શ્રી વિગ્રહની ઊંચાઇને ધારણ કરતા અને સર્વશ્રેષ્ઠ દેવવર્યો નરનારાયણ ભગવાનની સ્તુતિ અને અર્ચન કરતા હતા. (૩૪) જ્યારે મુનિરાજ શ્રીમાર્કણ્ડેયે આવા દિવ્ય ઋષિ મહારાજ શ્રી નર અને નારાયણ ભગવાનની ઝાંખી થતાંજ અત્યંત આદરભાવથી ઊભા થયા અને પારિપૂર્ણ ભક્તિભાવે ચરણકમલોમાં દંડવત્ પ્રણામ કર્યા. (૩૫) ભગવાન નરનારાયણ ઋષિનાં દર્શન થતાં જ આનંદવિભોર બની ગયા તન-મન-ઇન્દ્રિયો અતિશય પ્રસન્ન થયાં, કાયા ઉપર રોમાવલી ખીલી ઉઠી, નેત્રોમાં પ્રેમાશ્રુ છલકાવા લાગ્યાં અને મુનિરાજ ભગવાનનાં દર્શન કરવા માટે સમર્થ ના થઇ શક્યા. (૩૬) મુનિ માર્કણ્ડેયજી પ્રભુનાં દર્શન થતાં જ એકાએક ઊભા થયા. મુનિનાં અંગે અંગો ભગવાનની સામે નમ્રતાથી નમી રહ્યાં હતાં, મન તો એટલું બધુ ઉત્કણ્ઠિત થઇ ચૂક્યું કે જાણે અંગે અંગે ભગવાનને ભેદી રહ્યા હતાં મુનિના કંઠમાંથી શબ્દ ના નીકળ્યા માત્ર ગદ્ગદ્ સ્વરે એટલું જ બોલી શક્યા ભગવન્ ! નમો નમઃ-મહારાજ વારંવાર પ્રણામ. (૩૭) પુનઃ પ્રભુચરણોની સેવા માટે અત્યંત ઉતાવળે આસનો લઇને બિછાવ્યાં, નાથને આસને પધરાવ્યા, શ્રીચરણોનાં અવનેજન-ચરણકમલનાં પ્રક્ષાલન કીધાં, પ્રભુભાલે તિલક કીધાં અને પુષ્પમાલા, ધૂપ, દીપ, નૈવેધ, તામ્બૂલ વગેરેથી ખૂબ જ અર્ચન કીધાં. (૩૮) પ્રભુ જ્યારે સુખપૂર્વક આસન ઉપર બિરાજ્યા અને મુનિવર ઉપર કૃપાપ્રસાદની વૃષ્ટિ કરવા આતુર થતા જોયા. ત્યારે તો મુનિના આનંદનો પાર જ ના રહ્યો અને પુનઃ પ્રભુચરણોમાં ઢળી પડતાં પરમ પૂજ્ય નરનારાયણ પ્રભુને નિવેદન કરવા લાગ્યા. (૩૯)

દશ શ્લોકમાં મુનિ માર્કણ્ડેયજીનાં સ્તવન અને સમર્પણ

मार्कण्डेय उवाच-किं वर्णये तव विभो यदुदीरितोऽसुः संस्पन्दते तमनु वाङ्मनइन्द्रियाणि ।
स्पन्दन्ति वै तनुभृतामजशर्वयोश्च स्वस्याप्यथापि भजतामसि भावबन्धुः ॥ ४० ॥

શ્રીમાર્કણ્ડેય મુનિ ગુણગાન કરતા બોલ્યા કે નાથ ! હું અબુધ જીવ છું. આપ તો વિભુ છો, આપનાં હું શી રીતે વર્ણન કરી શકીશ. આપનો મહિમા તો અનન્ત છે, આપની પ્રેરણાથી પ્રેરિત થયેલા પ્રત્યેક પ્રાણીઓની પ્રાણશક્તિ ક્રિયાશીલ સચેતન બને છે ત્યારે તેની પાછળ વાણી-મન-ઇન્દ્રિયો પણ ક્રિયાક્ષમ બને છે. આ પરિસ્થિતિ બ્રહ્માજી અને ભગવાન શિવજીની પણ છે, મારા પણ દેહની એ જ ભૂમિકા છે. આપની જ પ્રેરણાથી વાણી સ્તુતિ કરી શકે મન સદ્-અસદ્

વિવેક કરી શકે, અને પ્રત્યેક કાર્યોમાં પરોવાઈ શકે. આ પ્રકારે આપ યદ્યપિ સર્વના પ્રેરક છો તો પણ સર્વથી પર સ્વતંત્ર છો. આપનો સ્વભાવ છે કે આપની સ્તુતિ-સેવા કરનાર ભાવ બંધનથી સદાય બંધાયેલા રહેવાનું સ્વીકારો છે. (૪૦)

मूर्ती इमे भगवतो भगवंस्त्रिलोक्याः क्षेमाय तापविरमाय च मृत्युजित्यै ।
नाना विमर्ष्य वितुमन्यतनूर्यथेदं सृष्ट्वा पुनर्ग्रससि सर्वमिवोर्णनाभिः ॥ ४१ ॥

હે ભગવાન ! આપ કદાચ વિનોદથી કહો કે અન્તર્યામી પ્રાણોના પ્રેરક છે તે ભગવાન છે અમે તો ધર્મના માત્ર પુત્રો છીએ તો નાથ ! નમ્રનિવેદન છે કે આપ સ્વયં ભગવદતાર છે. તેથી ભગવાન છો, આપ તો જ્યારે આવશ્યકતા ઊભી થાય ત્યારે વિશ્વમંગલ માટે મત્સ્ય-કૂર્મ-વરાહ-શ્રીરામ-પરશુરામ-નૃસિંહ-વામન વગેરે અનન્તસ્વરૂપો વિશ્વના કલ્યાણ માટે, યોગક્ષેમ માટે, ત્રિવિધ તાપના નિવારણ માટે તેમજ મૃત્યુ ઉપર વિજય મેળવી મુક્તિનાં દાન કરવા માટે સ્વીકારો છો. વળી કરોળિયાની માફક સૃષ્ટિને સરજો છો, સંભાળો છો અને સમેટો છો એવી જ રીતે આજે પણ આપ ષડૈશ્વર્યસમ્પન્ન ભગવાન નરનારાયણરૂપે પધાર્યા છો. (૪૧)

तस्यावितुः स्थिरचरेशितुरङ्घ्रिमूलं यत्स्थं न कर्मगुणकालरुजः स्पृशन्ति ।
यद्वै स्तुवन्ति निनमन्ति यजन्त्यभीक्ष्णं ध्यायन्ति वेदहृदया मुनयस्तदाप्त्यै ॥ ४२ ॥

હે ભગવન્ ! ચરાચર વિશ્વના નિયામક અને પાલન આપનાં શ્રીચરણોમાં નમસ્કાર કરું છું જે કોઈ જીવ આપનાં શ્રીચરણોની શરણાગતિ સ્વીકારે છે તેઓને કર્મ, ગુણ અને કાલકૃત કલેશો સ્પર્શી શકતા નથી. આવું જાણનારા વેદમર્મજ્ઞ ઋષિ-મુનિવરો આપનાં સ્તવન કરે છે, દંડવત્પ્રણામો કરે છે આપનાં યજન કરે છે, વારંવાર આપનાં શ્રીચરણોનાં ધ્યાન કરે છે અને સદા શ્રીચરણોને મેળવવા પ્રયત્ન કરે છે. (૪૨)

नान्यं तवाङ्घ्र्यपनयादपवर्गभूर्तेः क्षेमं जनस्य परितोभिय ईशविद्मः ।
ब्रह्मा बिभेत्यलभतो द्विपरार्धधिष्ण्यः कालस्य ते किमुत तत्कृतलौकिकानाम् ॥ ४३ ॥

હે પ્રભો ! આ ચરાચર બ્રહ્માંડ ચારે બાજુ ભયથી જ ઘેરાયેલ છે. સામાન્ય જનની વાત તો જવા દો પરંતુ સમર્થ બ્રહ્માજી જેવા દેવો પણ આપના કાલ સ્વરૂપથી સર્વથા ભયભીત રહ્યા કરે છે. બ્રહ્માજીનું આયુષ્ય પણ કેવલ સો વર્ષનું એટલે બે પરાર્ધનું છે ત્યારે બ્રહ્માજીના રચેલા પાર્થિવ દેહ કે પાંચભૌતિક દેહવાળા જીવોનો માટે તો પૂછવું જ શું ? નાથ આવું વિચારીને એવો નિશ્ચય થાય છે મોક્ષ અને પરમનંદનું દાન કરનાર આપશ્રીના શ્રી ચરણોની શરણગતિ જ જનસમૂહના ક્ષેમ-કલ્યાણનું સાધન છે એ વિના અન્ય સર્વ સાધનાદિ ચારે તરફ ભયથી જભરેલાં છે. (૪૩)

तद्वै भजाम्यृतधियस्तव पादमूलं हित्वेदमात्मच्छदि चात्मगुरोः परस्य ।
देहाद्यपार्थमसदन्त्यमभिज्ञमात्रं विन्देत ते तर्हि सर्वमनीषितार्थम् ॥ ४४ ॥

હે ભગવાન્ ! આવું જાણીને આત્માનું આચ્છાદન કરનારા, તેમજ અસત્ય, અનિત્ય, ક્ષણિક તદ્દન તુચ્છ ફલવાળા દેહ-ગેહ-દ્રવ્ય વગેરે વસ્તુઓનાં સેવનને ત્યજીને સત્યસંકલ્પ, સર્વના સદ્ગુરુ, સર્વશ્રેષ્ઠ, સત્ય જ્ઞાન આનંદ સ્વરૂપ આપને જ ભજે તો તેને ભોગ-મોક્ષની ઉભય પ્રાપ્તિ થાય અને તેને કોઈને શરણે ન જવું પડે પરંતુ આપ જો કૃપા વિસ્તારો તો જ આવું બની શકે. ભગવાનના શ્રચરણોનું સેવન કરનારાઓને ભોગાદિ પદાર્થો માટે અન્યાશ્રય કે અન્ય ભજનની આવશ્યકતા નથી. (૪૪)

सत्त्वं रजस्तम इतीश तवात्मबन्धो मायामयाः स्थितिलयोदयहेतवोडस्य ।
लीला धृता यदपि स्तवमयी प्रशान्त्यै नान्ये नृणां व्यसनमोहभियश्च याभ्याम् ॥ ४५ ॥

હે નાથ ! હે આત્મબન્ધો ! આ વિશ્વની ઉત્પત્તિ-સ્થિતિ-લયના કારણભૂત આ સત્ત્વ-રજસ્ અને તમોગુણ આપની માયાશક્તિથી વિભાગ પામેલા છે. આપે તેને લીલા માટે લીલાથી જ ધારણ કર્યા છે તેથી બ્રહ્માદિ ત્રિદેવ સ્વરૂપો આપનાં જ છે તો પણ લોકકલ્યાણ અને લોકશાંતિ માટે આપનું સત્વગુણમય સ્વરૂપ ઉત્તમ માન્ય છે, જ્યારે

રજોગુણમયી મૂર્તિઓ તો મોક્ષાદિના દાન કરવા સક્ષમ નથી ઊલટું એ બે સ્વરૂપો તો દુઃખ-ભય-મોહ વગેરેનાં દાન કરે છે. (૪૫)

तस्मात्तवेह भगवन्नथ तावकानां शुक्लां तनुं स्वदयिता सुशला भजन्ति ।
यत्सात्वताः पुरुषरूपमुशन्ति सत्वं लोके सतोऽभयमृतात्मसुखं न चान्यत् ॥ ४६ ॥

હે ભગવાન્ ! આત્મસમર્પણમાં ઓતપ્રોત થયેલા આપના સાત્વતો એટલે શ્રેષ્ઠ ભક્તો તો સારાસારના વિવેકને સમજતા હોવાથી આપના વિશુદ્ધ સત્વ સ્વરૂપનાં જ સેવન કરે છે. ભક્તો માને છે કે સત્વ એ જ ભગવાનનું સ્વરૂપ છે. જે સત્ત્વ ગુણથી ઉપાસક લોકને વૈકુંઠ લોકની પ્રાપ્તિ થાય છે. સત્ત્વગુણથી જ સર્વ ભયની નિવૃત્તિ અને આત્મસુખની પ્રાપ્તિ થાય છે. રજોગુણ કે તમોગુણના અધિષ્ઠાતાને સેવનથી મુક્તિની કે પરમાનંદની પ્રાપ્તિ નહીં થાય. (૪૬)

तस्मै नमो भगवते पुरुषाय भूम्ने विश्वाय विश्वगुखे परदेवतायै ।
नारायणाय ऋषये च नरोत्तमाय हंसाय संयतगिरे निगमेश्वराय ॥ ४७ ॥

હે ભગવાન્ ! હે પ્રભુ નરનારાયણ ! આપને નમસ્કાર હો, ભગવાનને નમસ્કાર; પુરુષસ્વરપૂને પ્રણામ; ભૂમા એટલે વ્યાપક ભગવાનને પ્રણામ, સર્વસ્વરૂપ આપને નમસ્કાર, જગદ્‌ગુરુ આપને પ્રણામ, પરમ આરાધ્ય સ્વરૂપને પ્રણામ, શુદ્ધસ્વરૂપ આપને દંડવત્પ્રણામ, નારાયણ ઋષિને, નરોત્તમ ભગવાનને નમસ્કાર, હંસસ્વરૂપને પ્રણામ, વાણીના નિયામકને નમસ્કાર અને વેદોના પ્રવર્તક આપને નમસ્કાર કરું છું. (૪૭)

यं वै न वेद वितथाक्षिपथर्भ्रमद्धीः सन्त स्वखेष्वसुषु हृद्यपि दृक्पथेषु ।
तन्माययाऽऽवृतमतिः स उ एव साक्षादद्यस्तवाखिलगुरोरुपसाद्य वेदम् ॥ ४८ ॥

નાથ ! આપ એવું ન કહેશો કે જો હું પરબ્રહ્મ છું તો પછી લોકો મને નથી ઓળખતા તો તેનો એક જ ઉત્તર છે કે હે ભગવન્ ! આપની માયા આપના સ્વરૂપને જાણવા નથી દેતી પરંતુ જે આપના ભક્તો બને છે તે તો વેદો દ્વારા આપના સ્વરૂપને જાણે છે. (૪૮)

यद् दर्शनं निगम आत्मरहः प्रकाशं मुह्यन्ति यत्र कवयोऽजपरा यतन्तः ।
तं सर्ववादविषयप्रतिरूपशीलं वन्दे महापुरुषमात्मनिगूढबोधम् ॥ ४९ ॥

નાથ આપના સ્વરૂપનું જ્ઞાન કેવલ દેવોથી જ થાય છે. બ્રહ્માજી જેમાં પ્રધાન છે એવા મહાન્ મુનિવરો પણ સાંખ્યયોગ વગેરે શાસ્ત્રો દ્વારા પ્રયત્ન કરવા છતાં આપના સ્વતઃ પ્રકાશરૂપ ગુપ્ત જ્ઞાનમાં મોહ પામે છે. આપ એવા સર્વવાદને અનુસરતા સ્વભાવવાળા છો. સંધાન દ્વારા અત્યંત ગુપ્ત પ્રકાશવાળા આપ મહાપુરુષને હું પ્રણામ કરું છું. (૪૯)

શ્રીમદ્ ભાગવતપીયૂષ દ્વાદશ સ્કંધભક્તિયોગાશ્રય પ્રકરણમાં અધ્યાય ૮ મો સમાપ્ત

અધ્યાય - ૯ મો

(આ નવમા અધ્યાયમાં ૩૪ શ્લોકો છે. ભગવાન શ્રી માર્કણ્ડેય મુનિની ઇચ્છાને માન આપીને માયાનાં દર્શન કરાવશે.)

શ્રીભૃગુકુલશિરોમણિ ઉપર ભગવાન નારાયણની વચનામૃતવર્ષા

सूत उवाच-संस्तुतो भगवानित्थं मार्कण्डेयेन धीमता । नारायणो नरसखः प्रीत आह मृगद्वहः ॥ १ ॥

શ્રીસૂતાચાર્યજીએ કહ્યું કે શૌનક મુનિ ! ધીમાન્ મુનિવર માર્કણ્ડેયજીએ નરસખા શ્રી નારાયણ ભગવાનની દશશ્લોકોમાં સ્તુતિ કરી ત્યારે ભૃગુકુલશિરોમણિ શ્રીમાર્કણ્ડેયજી મુનિ ઉપર પ્રસન્ન થયેલા ભગવાન નારાયણેવચનામૃત વરસાવ્યા. (૧) ભગવાને કહ્યું કે બ્રહ્મર્ષિશ્રેષ્ઠ માર્કણ્ડેય ! આપે તો મારામાં સુદૃઢ અને અવિનાશિની ભક્તિ કરી છે. વળી મનની એકાગ્રતા, તપશ્ચર્યા, વેદોનું અધ્યયન અને સંપૂર્ણ સંયમથી સિદ્ધ બન્યા છો. (૨) મુનિરાજ ! આપના બ્રહ્મચર્યથી આપના ઉપર અમે અત્યંત પ્રસન્ન છીએ. આપ સંકોચ વિના જે વાંછો તે વરદાન અમારી પાસે માગો. (૩) મહર્ષિ

માર્કણ્ડેયે કહ્યું કે હે અચ્યુત પ્રભો ! શરણાગતભયભંજન ! આપે ''વરદાન માગો'' એવી આજ્ઞા કરી મારા ઉપર કૃપા દર્શાવી તે જ આપના ઉત્કર્ષનો-મહિમાનો પ્રત્યક્ષ પુરાવો છે. હે કૃપાનાથ ! આપે કૃપા કરી મને સારી રીતે આપનાં દર્શન દીધાં ત્યારથી જ વરદાનસિદ્ધ થઇ ચૂકયો છે. (૪) બ્રહ્માદિ દેવો યોગના અનુષ્ઠાનથી પરિપકવ થયેલા મનથી આપનાં દર્શન કરીને કૃતાર્થ થાય છે. સદા દુર્લભદર્શન આપે મને સાક્ષાત્ દર્શન દીધાં તો પછી અન્ય ઉત્તમ કયું વરદાન સંભવે ? (૫) હે કમલપત્રલોચન પુરુષોત્તમ ! હે પુણ્યશ્લોકશિખામણિ ! જ્યારે વરદાન આપવાનું કહી રહ્યા છો તો જે આપની માયાથી બ્રહ્માદિ લોકપાલોની સાથે સમગ્ર લોક, આપના સ્વરૂપથી દેખાતા દેવ-મનુષ્ય વગેરે લોકને ભિન્ન જોઇ શકે છે એ આપની માયાનાં દર્શનની મને ઇચ્છા છે. (૬) સૂત મહર્ષિએ કહ્યું કે ભૃગુવર્યજી ! શ્રી માર્કણ્ડેય મુનિએ સારી રીતે ભગવાનનાં અર્ચન સ્તવન કર્યાં અને ભગવાનની માયાનાં દર્શનની કામના કરી ત્યારે સ્મિત હાસ્ય કરતા મુનિવર તથાસ્તુ-ભલે એમ હો એટલું કહીને નારાયણ ભગવાન બદરી આશ્રમમાં પધાર્યા. (૭) ભગવાનના પધાર્યા પછીથી માર્કણ્ડેય મુનિ-આશ્રમમાં નિવાસ કરતા મુનિ મનમાં વિચારવા લાગ્યા કે ભગવાને મને માયાનાં દર્શન કરાવવાનું વચન-વરદાન આપેલ છે તે માયાનાં ક્યારે દર્શન થશે એવી રાહ જોતા અગ્નિ-સૂર્ય-ચન્દ્ર-જલ-પૃથ્વી-વાયુ-આકાશ અને સર્વત્ર કેવલ ભગવાનનું જ ધ્યાન કરતા ભાવાત્મક દ્રવ્યથી તે તે મૂર્તિઓમાં ભગવાનનાં અર્ચન કરવા લાગ્યા ત્યારે તેમના ચિત્તમાં સ્નેહનો આવિર્ભાવ થતાં સ્નેહવિભોર બનતાં ભગવદર્ચનને પણ વીસરી જતા. (૮,૯)

માયાનાં ભગવાને માર્કણ્ડેયને કરાવેલાં દર્શન

હે શૌનક મુનિ ! આમ કરતાં એક દિવસ પુષ્પભદ્રા નદીના કિનારે માર્કણ્ડેય મુનિરાજ ભગવાનની પાસના કરતા હતા ત્યારે હે શૌનક મુનિ ! એકાએક અત્યંત જોરથી પવન ફૂંકાવા લાગ્યો. (૧૦) પવને પુષ્કળ તોફાન મચાવ્યું અને ભયાનક શબ્દ સંભળાવા લાગ્યો ત્યાં તો એકાએક ઘનઘોર મોટાં વાદળો ચડી આવતાં તેમાં વિધુતો ચમકવા લાગી, મેઘોની ગર્જનાઓ થવા લાગી અને મુશળધાર મેઘો વરસાવા લાગ્યા. (૧૧) ચારે તરફ મહા સાગરોનાં પાણી ફરી વળ્યાં અને પૃથ્વીને ગળી જવા લાગ્યાં. સર્વત્ર જલ એકાકાર બની ગયું તેમાં પવનના જોરે મોટાં મોજાં ઊઠવા લાગ્યાં. આ ઊછળતાં મોજામાં મગર મોટા મત્સ્ય વગેરે દેખાવા લાગ્યાં પાણીમાં મોટા ભમરાઓ પડી ગયા અને તેની સાથે ભયાનક શબ્દ શરૂ થયો. (૧૨) પુષ્કળ પ્રકાશમય વિદ્યુતોના ઝબકારા ચારે પ્રકારના જગતના લોકોની સાથે મુનિ મહારાજ માર્કણ્ડેયજી અંદરથી અકળાઇ ઊઠયા. પૃથ્વીને પાણીમાં ડૂબેલી જોતાં ત્રાસ પામીને ગમગીન બની ગયા. (૧૩) હે શ્રીશૌનક મુનિ ભયાનક ઝડીઓ અને પવનના સૂસવાટા સાથે વરસતા ઘૂઘવતા મહાસાગરે સપ્તદ્વીપો-વર્ષખંડો-અને પર્વતોની સાથે સમગ્ર પૃથ્વીને ડૂબાડી દીધાં. (૧૪) પૃથ્વી-અંતરીક્ષ-સ્વર્ગ-જ્યોતિર્મંડલ-ગ્રહ-નક્ષત્ર-તારાગણ અને દશે દિશાઓની સાથે ત્રણે લોકો પણ પાણીમાં ડૂબી ગયા. માત્ર આ અવસરે કેવલ મુનિ માર્કણ્ડેયજી જ જીવતા રહ્યા. આ અવસરે પાગલ જેવા અને અંધસમા મુનિ માર્કણ્ડેયજીની મસ્તકની જટાઓ વેરવિખેર થઇ ગઇ અને પાણીમાં આમતેમ ભાગવા લાગ્યા. (૧૫) ક્ષુધા અને તૃષાથી વ્યાકુળ થયેલા મુનિ માર્કણ્ડેયજીને એક તરફથી માછલાંઓ અને બીજી તરફથી ભયંકર તિમિંગલો કરડવા અને ગળવા લાગ્યા. ત્યારે અન્ય બાજુથી પવનને લીધે તોફાની તરંગોની ઝાપટો મુનિરાજને આમ તેમ ફેંકી રહી હતી. આ પ્રસંગે ઘોર અજ્ઞાનાંધકારમાં અટવાતા મુનિરાજ બેહોશ બની ગયા. મુનિ મહારાજ એટલા બધા તો થાકી ગયા કે તેમને પૃથ્વી કે આકાશનું ભાન સરખું પણ ના રહ્યું. (૧૬) પુનઃ ક્યારેક તો પાણીની ભારે ભમરીઓ ગુચવાઇજાય ક્યારેક મુનિવર તે તોફાની તરંગોની ઝાપટથી ક્યાંક દૂર દૂર ફેંકાઇ જાય છે. ત્યારે વળી એક બીજા ઉપર ચઢી આવતાં જલચર પ્રણીઓની અડફેટમાં આવી જતાં શિકાર બની જાય છે. ત્યારે વળી મુનિ કોકવાર શોક કરે છે તો કોકવાર મૂર્ચ્છિત થઇ જાય છે તો ક્યારેક દુઃખી દુઃખી થઇ જાય છે તો વળી ક્યારેક સુખમાં મુકાઇ જાય છે તો કોકવાર પારાવાર દુઃખમાં ડૂબી જાય છે તો કોઇ વાર મૃત્યુ અનુભવે છે. (૧૭,૧૮) ભગવાન વિષ્ણુની માયામાં મોહિત થઇ ગયેલા મુનિ મહારાજને મહાસાગરમાં ઘૂમતાં ઘૂમતાં લાખો અને કરોડો વર્ષો વીતી ગયાં. (૧૯)

ષડૈશ્વર્યસમ્પન્ન ભગવાન બાલમુકુન્દ

स कदाचिद् भ्रमंस्तस्मिन् पृथिव्याः ककुदि द्विजः । न्यग्रोरोधपोतं ददृशे नवपल्लवशोभितम् ॥ २० ॥
प्रागुत्तरस्यां शाखायां तस्यापि ददृशे शिशुम् । शयानं पर्णपुटके ग्रसन्तं प्रभया तमः ॥ २१ ॥
महामरकतश्यामं श्रीमद् वदनपङ्कजम् । कम्बुग्रीवं महोरस्कं सुनासं सुन्दरभ्रुवम् ॥ २२ ॥
श्वासैजदलकाभातं कम्बुश्रीकर्ण दाडिमम् । विद्रुमाधरमासेषच्छोणायितसुधास्मितम् ॥ २३ ॥
पद्मगर्भारुणापाङ्गं हृद्यहासावलोकनम् । श्वासैजद्बलिसंविग्ननिम्ननाभिदलोदरम् ॥ २४ ॥
चार्वङ्गुलिज्यां पाणिभ्यामुन्नीय चरणाम्बुजम् । मुखे निधाय विप्रेन्द्रो धयन्तं वीक्ष्य विस्मितः ॥ २५ ॥

શ્રી શૌનકજી ! સર્વત્ર જલમય જગતને મુનિવર નિહાળી રહ્યા હતા ત્યાં જ મુનિરાજે એકવાર પૃથ્વીના ટેકરા ઉપર એક લીલાછમ વટવૃક્ષને જોયું. લાલ લાલ ટેટા ફલ અને હીંગળોકવર્ણા કોમલ નવપલ્લવની શોભા વૃક્ષ ઉપર છાઇ રહી હતી. (૨૦) આ સાધન નવ પલ્લવથી શોભતા વટવૃક્ષના ઈશાન ખૂણાની એક શાખા ઉપર સંપુટ કે પડિયાના આકાર પામેલા વટપત્રમાં પોઢેલા તેમજ પોતાના દિવ્ય તેજથી આજુબાજુના અંધકારનું નિવારણ કરતાં સુકુમાર શિશુ શ્રી બાલમુકુન્દ ભગવાનની ઝાંખી કરી. (૨૧) શ્રી બાલમુકુન્દજી મહામૂલા, (૧) મહાન્ મરકત મણિ સમાન શ્યામવર્ણા (૨) શ્રી અને સૌન્દર્યથી વિલસતા મુખપંકજવાળા, શંખ સમાન ચઢતી ઊતરતી ગરદન ઉપર કંઠ ભાગે ત્રણ રેખાઓ શોભતી હતી (૩) વક્ષઃસ્થલ વિશાલ હતું (૪) સુંદર અણિયાળી નાસિકા હતી (૫) મનોહર ભ્રકુટિ હતી (૬) શ્યામર્ણી કોમલ અલકાવલી મુખકમલ ઉપર છવાયેલી હતી, અને શ્વાસ લેવાથી વારંવાર હાલતી હતી (૭) શંખના અંદર મધ્ય ભાગ સમાન ઘુમાવદાર કાનો ઉપર રક્તવર્ણા દાડમના પુષ્પોથી શોભતા (૮) પ્રવાલ મણિ સમાન અધરોષ્ઠની કાન્તિથી સ્મિત હાસ્યથી સુધા વરસાવતા (૯) શ્રી બાલમુકુન્દ શિશુના નેત્રના કોણભાગો કમલની અંદરના ગર્ભભાગ સમાન શ્વેત અને રક્તવર્ણા હતા, (૧૦) વળી સ્મિત હાસ્ય ભર્યા અવલોકનથી જોનારના હૃદયને પ્રીતિ ઉત્પન્ન કરતા (૧૧) પીપળાના પાન જેવા પાતળા નાભિપ્રદેશે શ્વસોચ્છ્વાસ લેવા ચાલતી ત્રિવલીથી શોભતા (૧૨) કોમલ સુંદર અંગૂલિવાળા બન્ને કરકમલોમાં ચરણકમલને ઉઠાવીને અંગૂઠાને આનંદથી ચૂસતા (૧૩) ભગવાન બાલમુકુન્દને જોતાં જ મુનિવર્ય માર્કણ્ડેયજી આશ્ચર્યમાં મુકાઇ ગયા. (૨૨,૨૫) શ્રી બાલમુકુન્દ ભગવાનનાં દર્શનથી મુનિરાજનો શ્રમ ચાલ્યો ગયો. ભગવદ્દર્શનના આનંદથી હૃદયકમલ અને નયનકમલ વિકસિત થયાં, કાયા પુલકિત થઇ ગઇ અને મુનિને પૂછવાનું મન થયું કે આ બાલક કોણ હશે ! એવું વિચારીને ભગવાનની સન્મુખ આવ્યા. (૨૬) જેવા મુનિરાજ સમીપમાં આવ્યા ત્યાં તો ભગવાન બાલમુકુન્દની ચાલતી શ્વાસોશ્વાસ ક્રિયાથી નાનો શો મચ્છર જેમ મુખમાં આવી જાય તેમ ભગવાનના ઉદરમાં પ્રવેશી ગયા. ભગવાનના ઉદરમાં પ્રવેશ કરતાંની સાથે પ્રલયના પૂર્વ કાલમાં જેવા બ્રહ્માંડને નિહાળ્યું હતું તેવા જ બ્રહ્માંડનાં બાલમુકુન્દ ભગવાનના ઉદરમાં દર્શન થયાં તેથી વધુ ચકિત્ત થઇ ગયા. (૨૭) હવે તો મુનિરાજે ભગવાનના ઉદરમાં અન્તરિક્ષ-આકાશ-ભૂમિ-નક્ષત્ર-ગણ-પર્વતો-મહાસાગરો-બેટો-દ્વીપના ખંડોદિશાઓ-દેવતાઓ-વિવિધ દેશો-સરિતાઓ-નગરો-ખાણો-નાનાં મોટાં ગામો-ગાયોને બાંધવાના નેસડાઓ-ચાર આશ્રમો-ચાર વર્ણો-પ્રાણીઓની આજીવિકાનાં સાધનો જોયાં. (૨૮) પંચ મહાભૂતો-ભૌતિક પદાર્થો-અનેક કલ્પોનો વિભાગ કરનાર કાલ-જે કંઇ વસ્તુ વ્યાવહારમાં ઉપયોગમાં હોય તે સમગ્ર વસ્તુઓ તેમજ તેની સાથે અખિલ વિશ્વને મુનિ માર્કણ્ડેયે નિહાળ્યું. (૨૯) આ ઉપરાંત નગરાજ હિમાલય, શ્રી પુષ્પભદ્રા સરિતાને, પોતાના આશ્રમને તેમજ સાક્ષાત્ મુનિએ પોતાને પણ ભગવાનના મુખમાં જોયાં. આટલું જ બન્યું પરંતુ જ્યારે બાલમુકુન્દ ભગવાનનો શ્વાસ બહાર આવ્યા ત્યારે તે શ્વાસ સાથે જ મુનિ મુખમાંથી પાછા બહાર આવ્યા અને પ્રલયના જળમાં પોતાને ડૂબતા જોયા. (૩૦) બહાર આવતાં પ્રથમની માફક પૃથ્વીના ઊંચા ટીલા ઉપરના વટતરુની શાખાના પર્ણપુટમાં પોઢેલા, વળી પ્રેમસુધાને વરસાવતા સ્મિત હાસ્ય કરતા કટાક્ષવાળા ભગવાન શ્રી બાલમુકુન્દને જોયા. (૩૧) ભગવાનનાં દર્શન થતાં મુનિરાજે ભગવાનને હૃદયમાં પધરાવ્યા પરંતુ બહારથી શ્રી અંગથી ભગવાનને ભેટલા માટે આતુર બનીને સમીપે દોડી

આવ્યા. (૩૨) પરંતુ દુર્ભાગી કામના દિલમાં ને દિલમાં જ રહી જાય એવી કહેવત પ્રમાણે મુનિ મહારાજની આશા અધૂરી રહી અને હૃદયાકાશમાં બિરાજમાન, યોગાધીશ ભગવાન તત્કાલ તિરોહિત થયા. (૩૩) જ્યારે ભગવાનના દર્શન બંધ થયાં ત્યારે તે જ ક્ષણે વટતરુ, વટતરુની શાખા ઉપરનું પર્ણ પુટ, સર્વ લોકનો પ્રલય, પ્રલયનાં જળ એવું કોઇ પણ નિરખવા ના મળ્યું. માત્ર પ્રથમની માફક પોતાના આશ્રમમાં બેઠેલા મુનિએ પોતાને જોયા. (૩૪)

तमन्वथ वटौ ब्रह्मन् सलिलं लोकसंभवः । तिरोधायि क्षणादस्य स्वाश्रमे पूर्ववत् स्थितः ॥ ३४ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના દ્વાદશસ્કંધભક્તિયોગાશ્રય પ્રકરણમાં અધ્યાય ૯ મો સમાપ્ત

અધ્યાય - ૧૦ મો

(ભગવાન શંકરજીની મુનિ માર્કણ્ડેય ઉપર કૃપા વરસવી, મુનિવરના આશ્રમમાં પધારવું, ભક્તિનાંદાન કરવાં વગેરે રસભર પ્રસંગો આ અધ્યાયમાં આવશે. આ અધ્યાયમાં ૪૨ શ્લોકો છે.)

सूत उवाच-स एवमनुभूयेदं नारायण विनिर्मितम् । वैभवं योगमायायास्तमेव शरणं ययौ ॥ १ ॥

સૂત મહર્ષિએ કહ્યું કે શ્રી શૌનકજી ! ભગવાને રચેલી માયાના મહત્વ ભર્યા વૈભવનો અનુભવ કરતા શ્રીમાર્કંડેય મુનિરાજ ભગવાન શ્રી નારાયણને શરણે ગયા. (૧)

मार्कण्डेय उवाच-प्रपन्नोऽस्म्यङ्घ्रिमूलं ते प्रपन्नामयदं हरे । यन्माययापि विबुधा मुह्यन्ति ज्ञानकाशया ॥ १ ॥

શ્રીમાર્કંડેય મુનિએ ભગવાનને મનોમન નિવેદન કરતાં કહ્યું કે પ્રભો ! આપની માયા જ્ઞાનની માફક પ્રકાશ કરતી વિદ્વાનોને પણ મોહ કરનારી છે. હરે ! આપનું શ્રીચરણ શરણાગતને અભય આપે છે જ એ શ્રદ્ધાથી આપના ચરણકમલોને શરણે આવ્યો છું. (૨)

ભગવાન ઉમાપતિની દુર્લભ ઝાંખી

જ્યારે મુનિરાજે માર્કંડેયજી સમાધિ દ્વારા ભગવચ્ચરણોમાં ચિત્ત પરોવીને બિરાજ્યા હતા તે અવસરે નંદીરાજ ઉપર બિરાજી નિત્ય જીવના કલ્યાણ માટે વિચરતા ઉમાપતિ શિવશ્રી ઉમાદેવી અને પોતાના ગણોની સાથે વીંટળાયેલા ભગવાને તન્મય થઇ બેઠેલા માર્કંડેયને નિરખ્યા. (૩) શ્રી ઉમામાતાએ પ્રભુમાં મન પરોવીને બિરાજેલા મુનિરાજને જોયા ત્યારે ઉમામાએ કૃપાવચન વરસાવ્યાં અને ગિરીશ પ્રભુને વિનવ્યા કે ભગવન્ સદાશિવ ! મન ઇન્દ્રિય-બુદ્ધિ-અંતઃકરણ ઉપર સંપૂર્ણ સંયમ કરી બિરાજેલા આ વિપ્રર્ષિને તો જુઓ નાથ ! (૪) ભગવન્ મહાસાગર શાંત બનતાં તરંગો તેમજ ચંચલવૃત્તિ માછલાં શાંત બની જાય છે અને મહાસાગર સાવ ગંભીર બની જાય છે આ જ પ્રમાણે મહર્ષિ માર્કંડેયજીનું શરીર મન-ઇન્દ્રિયો નિતાન્ત શાંત બન્યાં છે. આપ સમગ્ર સિદ્ધિઓના દાતા છો તો ઓ મુનિવરની તપશ્ચર્યાને પણ કૃપા કરી સફલ કરો. (૫)

ભક્તસમાગમ દુર્લભ

ભગવાન શંકરે કહ્યું કે દેવી ! આ વિપ્રર્ષિ કોઇ પણ કામનાઓ સેવતા નથી એટલું જ નહીં પરંતુ મોક્ષની પણ ઇચ્છા ધરાવતા નથી એ તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાનમાં પરા ભક્તિને પામી ચૂક્યા છે. આમ છતાં શ્રી ભગવાની ! આપ કહી રહ્યાં છો તો અવશ્ય આ બ્રહ્મર્ષિજી સાથે સત્સંગવાર્તા કરીશું કારણ કે આ લોકમાં સુજન જન સાથે સમાગમ દુર્લભ છે. (૭) સૂત મહર્ષિએ કહ્યું કે મહારાજ શૌનક ! આ પ્રમાણે વચનામૃત વર્ષાવતા સંતોની પરમ ગતિ, સર્વ વિદ્યાઓના સ્વામી, દેહધારી પ્રાણીમાત્રના અન્તર્નિવાસી ભગવાન શંકર શ્રીમાર્કંડેય મહર્ષિ સમીપે પધાર્યા. (૮) મુનિરાજ માર્કંડેયજી તો ભગવાનમાં મન પરોવીને બિરાજ્યા હતા તેથી ન તો પોતાને જાણતા હતા, ન તો વિશ્વને જાણતા હતા તેથી તેમણે આંગણે પધારેલા ઉમા-ઉમાપતિના પધારવાનું અનુસંધાન ન થયું. (૯) ભગવાન ઉમાનાથે જ્યારે જોયું કે મુનિરાજ તો સમાધિમાં મગ્ન છે તો પછી તેમના હૃદયમાં પ્રવેશું એવું વિચારીને સમર્થ વાયુ જેમ છિદ્રમાં પ્રવેશે તે રીતે ભગવાન ઉમાનાથ મુનિરાજની હૃદયગુફામાં પ્રવેશ્યા. (૧૦)

શિવજીનો સાક્ષાત્કાર

आत्मन्यपि शिवं प्राप्तं तडित्पिङ्गजटाधरम् । व्यक्षं दशभुजं प्रांशुमुद्यन्तमिव भास्करम् ॥ ११ ॥
व्याध्रचर्माम्बरधरं शूलखट्वाङ्गचर्मभिः । अक्षमालाडमरुककपालासिधनुः ॥ १२ ॥
बिभ्राणं सहसा भातं विचक्ष्य हृदि विस्मितः । किमिदं कुत एवेति समाधेर्विरतो मुनिः ॥ १३ ॥

જ્યારે મુનિરાજ માર્કંડેયજીએ વિજળી સમાન પીળી જટાઓને ધારણ કરતાં ત્રણ નેત્રવાળા દસ ભુજાઓવાળા, શ્રી અંગે ઠીક ઊંચાઇવાળા પ્રભાતે ઊગતો સૂર્યનાં જેવાં તેજસ્વી, વ્યાઘ્રચર્મના વસ્ત્રને ધારણ કરતા, શૂલ ખટ્વાંગ-ઢાલ-અક્ષમાલા-ડમરુ-કપાલ-પરશુ-તેમજ ધનુષ્યને ધારણ કરતા એકાએક હ્રદયમાં ભગવાન શંકરનાં દર્શનથી આશ્ચર્યચકિત થઇ ગયા. આ શું ? એકાએક ચિત્તમાં આ દર્શન શેનાં ? આવું વિચારતા મુનિ સમાધિમાંથી ઉપરામ પામ્યા. (૧૧,૧૩) મુનિરાજે નેત્રો ખોલ્યાં તો ત્રણે લોકનાં ગુરુવર્ય, ઉમા સાથે પધારેલા શ્રી ઉમાનાથજીનાં દર્શન તથાં જ મુનિરાજે મસ્તક ઝુકાવી નમસ્કાર કીધાં. (૧૪) પુનઃ ઉમાનાથનું સ્વાગત, આસન, પાદ્ય, અર્ધ્ય, ગન્ધ, માલા, ધૂપ, દીપ, નૈવેદ્ય તાંબૂલ, પ્રદક્ષિણા વગેરે સામગ્રીઓ સાથે ભગવતી ઉમાદેવી અને સેવકગણ સાથે ગણનાથ ભગવાન શંકરનાં સ્વાગત કર્યાં. (૧૫) વિનમ્ર ભાવે મુનિવર બોલ્યા કે મહારાજ ! આપશ્રી તો આપના સ્વસ્વરૂપથી જ આપના પ્રભાવથી જ પરિપૂર્ણ છો. હે સર્વત્ર વિરાજમાન વિભો ! આપનું અમે શું પ્રિય કરીએ ? હે ઇશાન ! આપનાથી આ સમગ્ર વિશ્વ પરમ સુખ પામે છે. (૧૬) નાથ ! શિવ કલ્યાણ સ્વરૂપ આપને નમઃસ્કાર, તેમજ લોકને સુખ આપનાર રજોગુણ બ્રહ્મસ્વરૂપ આપને નમસ્કાર, ગમોગુણને સેવનારા રુદ્રજી આપને નમઃસ્કાર. (૧૭) સૂત મહર્ષિએ કહ્યું કે મુનિવર શૌનકજી ! સંતોને સદા પામવા યોગ્ય ભગવાન મહાદેવનાં માર્કંડેય મુનિએ આ પ્રકારે સ્તવન અર્ચન કર્યાં. ત્યારે પુષ્કળ પ્રસન્ન થયેલા પ્રસન્ન ચિત્તવાળા ભગવાન શંકરે માર્કંડેય મુનિને શિવ ભગવાને કહ્યું કે. (૧૮)

ષડૈશ્વર્યસમ્પન્ન વિપ્રો

वरं वृणीष्व नः कामं वरदेशा वयं त्रयः । अमोघं दर्शनं येषां मर्त्यो यद् विन्दतेडमृतम् ॥ १९ ॥
ब्राह्मणाः साधवः शान्ताः निःसङ्गा भूतवत्सलाः । एकान्तभक्ता अस्मासु निर्वैराः समदर्शिनः ॥ २० ॥
सलोका लोकपालंस्तान् वन्दन्त्यर्चन्त्युपसते । अहं च भगवान् ब्रह्मा स्वयं च हरिरीश्वरः ॥ २१ ॥
न ते मय्यच्युतेऽजे च भिदामण्वपपि चक्षते । नात्मनश्च जनस्यापि यद् युष्मान् वयमीमहि ॥ २२ ॥
न ह्यम्मयानि तीर्थानि न देवश्चेतनोज्झिताः । ते पुनन्त्युरुकालेन यूयं दर्शनमात्रतः ॥ २३ ॥
ब्राह्मणेभ्यो नमस्यामो येऽस्मद्रूपं त्रयीमयम् । बिभ्रत्यात्मसमाधानतपः स्वाध्यायसंयमैः ॥ २४ ॥
श्रवणाद् दर्शनाद् वापि महापातकिनोपि दः । शुध्येरन्नन्त्यजाश्चापि किमु संभाषणादिभिः ॥ २५ ॥

ભગાવન શંકરે કહ્યું કે માર્કંડેય મુનિ ! અમે બ્રહ્મા-વિષ્ણુ-મહેશ ત્રણે દેવો વરદાન આપનારાઓમાં શ્રેષ્ઠ છીએ. અમારું દર્શન સદા સફળ છે. અમારું દર્શન સદા અમોઘ છે. અમને મેળવીને મર્ત્ય-મરણધર્મા પણ મનુષ્ય અમૃત-મોક્ષને મેળવે છે. (૧૯) હે મુનિવરો ! અમે દેવો આપને વરદાન આપી આપના ઉપર ઉપકાર ચઢાવતા નથી પરંતુ કૃતાર્થ થઇએ છીએ. આપ સમાન વિપ્રર્ષિઓને અખિલ વિશ્વ વંદે છે. આપ ઋષિવરો બ્રહ્મવિદ્ છો, સદાચારસમ્પન્ન છો, કામાદિ દોષોથી મુક્ત હોઇ શાંત છો, નિઃસંગ છો, ભૂતદયાથી આપ ભરપૂર છો અમારા ત્રણે દેવોમાં આપની નિષ્કપટ સમભાવભરી ભક્તિ છે, વૈરમુક્ત છો અને સમદર્શી સંત છો. (૨૦) આવા તેજસ્વી-તપસ્વી મહર્ષિ વિપ્રોને લોકપાલો સહિત સર્વ લોકો તે કક્ષાના ઋષિવરોને વંદે છે અને ઉપાસના કરે છે. હું ભગવાન વિષ્ણુ અને બ્રહ્માજી વગેરે પણ તેવા તપસ્વી ઋષિઓને ભજીએ છીએ. (૨૧,૨૨) તીર્થો કાંઇ જલમય નથી તેની દેવતાઓ છે પરંતુ લાંબા ગાળાની આરાધના પછીથી તે પ્રસન્ન થાય છે. દેવો પણ શિલામય કે કેવલ મૃત્તિકાર્મય નથી તેઓ પ્રત્યક્ષ છે પરંતુ દીર્ઘ આરાધનાની અંતે પ્રસન્ન થાય છે, જ્યારે હે મહર્ષિઓ આપ તો માત્ર દર્શન આપીને પાવન કરો છો. (૨૩) માટે

મનની એકાગ્રતાથી. તપશ્ચર્યાથી, વેદોનું અધ્યયન, વાણીનો સંયમ, વગેરે નિયમો દ્વારા ત્રણ વેદમય એવા અમારા દિવ્ય સ્વરૂપને હૃદયમાં ધારણ કરનારા આપ સમાન મહર્ષિઓને નમસ્કાર કરીએ છીએ. (૨૪) મહર્ષિઓ ! આપનાં દર્શન આપના મુખેથી અથવા આપના નામના શ્રવણ માત્રથી મહાન પાપીઓ પણ પાવન થાય છે. એટલું જ નહીં પણ અંત્યજો પણ નામશ્રવણ-દર્શનકીર્તન માત્રથી પવિત્ર થાય છે તો નાથ આપના શ્રીમુખેથી શ્રવણ કે આપની સાથેના સંભાષણથી પાવન થવાય એમાં તો આશ્ચર્યનું શું કહેવું. (૨૫) સૂત મહર્ષિએ કહ્યું કે ભૃગુવર્ય ! શ્રી ચન્દ્રશેખર ભગવાનનાં ધર્મના ગુપ્ત ભાવોથી ભરેલાં અમૃતમય વચન શ્રવણથી મુનિરાજ માર્કંડેયજીનું મન અને કાન ન ધરાયા કે ના સંતોષ પામ્યા અને વધુ ને વધુ સાભળવા આતુર રહ્યાં. (૨૬) ભગવાન વિષ્ણુની માયાથી લાંબા કાળ સુધી પુષ્કળ કલેશ પામેલા મુનિ માર્કંડેયજી શ્રીસદાશિવ ભગવાનનાં વચનામૃતપાનથી કલેશપુંજથી પૂર્ણ મુક્ત થયા અને આ પ્રમાણે શિવજીને નિવેદન કરવા લાગ્યા. (૨૭) મહર્ષિ માર્કંડેયજીએ કહ્યું કે મહારાજ ! શરીરધારી માનવોને માટે આપ ઈશ્વરની લીલા દુઃખથી પણ ન સમજી શકાય તેવી છે. મહાન્ પુરુષોની લીલાઓ, જીવનચર્યાઓ અને વાણી ન સમજી શકાય તેવાં ગુહ્ય અને દિવ્ય હોય છે. કારણ કે મોટેરાઓ તો ત્રણ લોકના નાથ છે આમ છતાં પોતાના આદેશમાં રહેનારા સેવકજનોની પણ સ્તુતિ કરવા જોવા મળે છે. (૨૮) મહારાજ ! શંકર ! મારુ તો માનવું છે કે આપ દેવાધિદેવો તો, જગતના જીવોને ધર્મનું આચરણ કરાવવામાટે આવી લીલાઓ કરો છો. આપ તો ધર્મના પ્રવક્તા છો. લોકોને કલ્યાણ માર્ગે લાવવા માટે જ આપ ધર્મનું આચરણ કરો છો તેમજ અન્યને પ્રોત્સાહન આપો છો, ધર્મનું પાલન કરનારાઓનાં યશોગાન પણ લોકો ધર્માનુરાગી બને માટે જ કરો છો, (૨૯) મોટેરાઓ નાનેરાઓની સ્તુતિ કરે તેથી કોઇ તેમના ગૌરવની હાનિ થતી નથી. નાટકની રંગભૂમિ ઉપર રંગભૂમિનો સ્વામી જો નટ બની નોકરનો પાઠ ભજવે તો તેમાંતેના ગૌરવની હાનિ થતી નથી તેવી જ રીતે પોતાની માયામય વૃત્તિથી કોઇને પ્રણામ કરે કોઇની સ્તુતિ કરે, તો આપ ભગવાનના સ્વરૂપની, મહત્વની કે ગૌરવની ક્યાય હાનિ થતી નથી. (૩૦) સ્વપ્નમાં પોતાના અનેક સ્વરૂપોને જોનાર તે તે શરીરોમાં પ્રવેશ કરીને ઈન્દ્રિયોની ક્રિયાઓને પોતે જ કરતો હોય તેમ માને છે તેવીજ રીતે આપ સંકલ્પ વડે આ સમસ્ત સૃષ્ટિનું સર્જન કરો છો. પુનઃ તેમાં જીવસ્વરૂપે પ્રવેશ કરીને ત્રણ ગુણો દ્વારા થયેલી ક્રિયામાં આપ કર્તૃત્વ પણ સ્વીકારો છો તેવા આપને નમસ્કાર કરું છું. (૩૧) આપ ત્રિગુણમય છતાં ગુણત્રયથી પર છો, નિયામક છો, કેવલ એક જ છો, આદ્વિતીય છો, ગુરુરૂપ છો, બ્રહ્મમૂર્તિરૂપ આપને નમસ્કાર કરું છું. (૩૧,૩૨)

कं वृणे नु परं भूमन् वरं त्वद् वरदर्शनात् । यद्दर्शनात् पूर्णकामः सत्यकामः पुमान् भवेत् ॥ ३३ ॥
वरमेकं वृणेडथापि पूर्णात् कार्मभिवर्षणात् । भगवत्यच्युतां भक्तिं तत्परेपु तथा त्वयि ॥ ३४ ॥

હે પૂર્ણપુરુષ ! વ્યાપક દેવ ! આપ તો સર્વ વરદાતાઓમાં પરમ શ્રેષ્ઠ છો, આપની પાસે શું વરદાન માગવું ? આપના દર્શનનું સામર્થ્ય જ એવું છે કે પુરુષ પૂર્ણકામ અને સત્યકામ બને છે. (૩૩) હું તો કેવલ આપનાં દર્શનથી જ કૃતાર્થ થયો છું. આપ નાથ વરદાન આપવા માટે અત્યંત ઉત્કંઠવાળા છો તો પછી એટલું જ માગું કે ભગવચ્ચરણોની સેવામા અવિચલ ભક્તિ ભગવાનના અનન્ય ભક્તોમાં ભક્તિ અને આપને વિષે ભક્તિ રહો. (૩૪) સૂત મહર્ષિએ કહ્યું કે શૌનક ! આ પ્રમાણે મુનિ માર્કંડેયજીએ ભગવાનના ગુણો ગાયા, અર્ચન કર્યાં. મધુર વાણીથી આરાધ્યા ત્યારે કલ્યાણમય ભગવાન શંકર ભગવતી ઉમાદેવીના અભિનંદન સાથે મુનિરાજને કહેવા લાગ્યા. (૩૫)

कामो महर्षे सर्वोडयं भक्तिमांस्त्वमधोक्षजे । आकल्पान्ताद् यशः पुण्यमजरामरता तथा ॥ ३६ ॥
ज्ञानं त्रैकालिकं ब्रह्मन् विज्ञानश्च विरक्तिमत् । ब्रह्मवर्चस्विनो भूयात्पुराणाचार्यताच ते ॥ ३७ ॥

હે મુનિરાજ ! આપનાઉરમાં વસેલા સર્વ સંકલ્પો સિદ્ધ થશે. ભગવાન શ્રીકૃષ્ણના શ્રીચરણોમાં આપની ભક્તિ સિદ્ધ રહેશે. કલ્પ પર્યન્ત આપનો યશ રહેશે. આપ કલ્પજીવી અજર અને અમર બનશો. (૩૬) મુનિવર્ય ! આપ ત્રિકાલજ્ઞાની થશો. વિજ્ઞાન અને વૈરાગ્ય સદા આપનાં ઐશ્વર્ય રહેશે. બ્રહ્મવર્ચસ્વાં થશો અને પુરુણાચાર્ય તરીકે ખ્યાતનામ થશો. (૩૭) સૂતમહર્ષિએ કહ્યું કે શ્રી શૌનકજી ! ત્રિનેત્ર સદાશિવે મુનિરાજને સર્વ વરદાનો આપ્યાં. વળી માર્કણ્ડેય મુનિની

તપશ્ચર્યા ભગવાનની લીલાનાં મુનિરાજને દર્શન આ સર્વ કાંઇ વિષય ભગવાન શંકર જાણે છે તેથી આ સર્વ કથાવૃત્તાન્ત ઉમાદેવીને કહેતા કહેતા ઉમાનાથ મુનિનાથના આશ્રમમાંથી વિદાય થયા. (૩૮) મહાન યોગેશ્વર અને યોગના મહિમાને મેળવનાર, ભૃગુકુલશ્રેષ્ઠ માર્કંડેય મુનિરાજ આ જ પણ નિર્ભય બનીને શ્રી હરિચરણોમાં અને સ્વરૂપમાં તદ્રૂપ બનીને વિચરે છે. (૩૯) હે મુનિરાજ આજ મેં આપશ્રીને શ્રીહરિ ભગવાનના અદ્‌ભુત મહિમાના અનુભવ કરનારા મુનિ માર્કંડેયજીનું જીવનચરિત્ર વર્ણવી સંભળાવ્યું. (૪૦) શ્રી માર્કંડેય મુનિરાજને માયાનાં દર્શન થયાં એ વાતનો ખ્યાલ નથી કે કેવલ ભગવાને મુનિ માર્કંડેયજી એકલાને જ માયાને બતાવેલી હતી. લોકો અજ્ઞાનથી મુનિ માર્કંડેય સાત કલ્પપર્યન્ત ભ્રમમાં પડી રહ્યા હતા એવું પણ કહે છે. હે શૌનક મુનિ ! જે લોકો ભૃગુકુલશ્રેષ્ઠ માર્કંડેય મુનિ સપ્ત કલ્પના આયુષ્યવાળા છે એવું જે કહે છે તે તો એવી રીતે કે પ્રલય વિના પણ ભગવાનના શ્વાસથી ઉદરમાં પ્રવેશતાં અને પાછા આવતાં સાત કલ્પોનો કાલસંભવી શકે છે અને વિવેકીજનો આ વાત સ્વીકારે છે તેથી ચરિત્રમાં વિરોધ નથી આવતો. (૪૧) મહર્ષિ શૌનકજી ! ભગવત કૃપાથી સિદ્ધ થયેલા મુનિવર્યનું આખ્યાન મેં આપને વર્ણવી સંભળાવ્યું છે. આ ચરિત્રનું શ્રવણ કરે કે કરાવે તે બન્ને શ્રોતાવક્તા કર્મવાસનાથી ઉત્પન્ન થતા સંસારથી મુક્ત રહેશે. તેમ જ કૃતકૃત્ય થશે. (૪૨)

य एवमेतद् भृगुवर्यवर्णितं रथाङ्गपाणेरनुभावभावितम् । संश्रावयेत् संशृणुयादुतावुभौ तयोर्न कर्माशयंससृतिर्भवेत् ॥ ४२ ॥

શ્રીમદ્ ભગાવનપીયૂષ દ્વાદશ સ્કંધ ભક્તિયોગાશ્રય પ્રકરણમાં અધ્યાય ૧૦ મો સમાપ્ત

અધ્યાય - ૧૧ મો

(આ અધ્યાયમાં ભગવાનની વૈદિક તાંત્રિક પદ્ધતિથી થતી પૂજા, દ્વાદશસૂર્યકથા વગેરે વિષયો વર્ણવાશે. આ અધ્યાયમાં ૫૦ શ્લોકો છે.)

शौनक उवाच-अर्थेममर्थं पृच्छामो भवन्त बहुवित्तमम् । समस्ततं त्राराद्धान्ते भवान् भागवततत्त्ववित् ॥ १ ॥

મહર્ષિ શૌનકે વિનવ્યું કે શૌનક મુનિ ! આપશ્રી તો પરમ ભાગવત છો એટલું જ નહીં બહુશ્રુત છો અને શાસ્ત્રોના તત્વોના જાણકારોમાં સર્વથી શ્રેષ્ઠ તત્વજ્ઞ છો. માટે જ આ એક વિષય આપને પૂછી રહેલ છીએ તો આપ સમાધાન કરશો એવી શ્રદ્ધા છે. (૧) ભગવાન હવે એક એ વિષય જાણવો છે કે તાંત્રિક લોકો દિવ્ય વિગ્રહ તેમજ શુદ્ધ સત્વમય શ્રી લક્ષ્મીનાથનાં જે પ્રકારે અને જે તત્વોથી હસ્ત-પાદ વગેરે અંગોથી તેમજ ગરુડ વગેરે ઉપાંગોથી તેમજ કૌસ્તુભ મણિ વગેરે આયુધોથી ભાવના કરી ધ્યાન કરે છે આ પ્રકારના અર્ચનવિધિનેક્રિયાકાંડને આપની પાસેથી સાંભળવા ચાહીએ છીએ. આ પ્રકારની ક્રિયાકુશળતાથી મરણશીલ પણ માનવ અમર બને છે એવું જાણીએ છીએ માટે આપ અમને કહો. (૨,૩) સૂતાચાર્યે કહ્યું કે મહર્ષિ મહારાજ ! સૌથી પ્રથમ ગુરુચરણોને પ્રણામ કરી આપે પૂછેલ વસ્તુનું વર્ણન કરીશ. બ્રહ્માદિ દેવો અને નારદાદિ આચાર્યો વૈદિકમાર્ગથી અને તાંત્રિકમાર્ગથી જે જે વૈષ્ણવી એટલે વિષ્ણુ ભગવાનની વિભૂતિઓ વર્ણવી છે તે હું આપને કહીશ. (૪)

વિરાટ નામની ભગવાનની વિભૂતિ

મુનિવર ! આ સમસ્ત વિરાટ ભગવાનની વિભૂતિ છે. પ્રકૃતિ-સૂત્રાત્મા-મહતત્વ-અહંકાર-શબ્દ-સ્પર્શ-રૂપ-રસ ગંધ આ નવ તત્વ; પૃથ્વી-જલ-તેજ-વાયુ-આકાશ પંચમહાભૂતો અને અગિયાર ઇન્દ્રિયો મળી સોળ વિકારોથી પ્રસિદ્ધ એવા વિરાટ ભગવાનનું સ્વરૂપ બન્યું છે. પરંતુ આ વિરાટમાં ચૈતન્યનો પ્રવેશ થાય ત્યારે આ ત્રણ લોકો દેખાય છે. (૫) આ વિરાટની ભાવના એવી છે. કે પૃથ્વી વિરાટના પાદ છે. સ્વર્ગ મસ્તકસ્વરૂપ છે; આકાશ નાભિ સ્વરૂપ છે; સૂર્ય-ચન્દ્ર નેત્રોના સ્વરૂપ છે; વાયુ નાસિકાસ્વરૂપ છે, દિશાઓ સમર્થ વિરાટના કાન છે; (૬) પ્રજાપતિ જનનેન્દ્રિય છે, મૃત્યુદેવ ગુદાને સ્થાને છે; લોકપાલો વિરાટના બાહુ છે, ચન્દ્ર વિરાટનું મન છે, યમને ભ્રૂકુટિ તરીકે માનેલ છે, લજ્જા ઉપરનો ઓષ્ઠ છે, અને લોભ અધરોષ્ઠ છે, ચન્દ્રની જ્યોત્સ્ના-કાન્તિ વિરાટની દંતપંક્તિ છે, હાસ્ય માયા છે, વૃક્ષો

રોમાવલી છે, મેઘો કેશો છે, મુનિવર લૌકિક પુરુષ જેટલા અવયવવાળો છે એટલા જ અવયવવાળા વિરાટ મહાપુરુષ લોકરૂપી અવયવોથી મુક્ત માનવામાં આવેલ છે. (૭, ૯) ભગવાન તો અજન્મા છે.

ભગવાનેકંઠમાં બિરાજમાન કૌસ્તુભમણિને બહાને જીવ ચૈતંન્યરૂપ આત્મજ્યોતિને ધારણ કરેલ છે. (૧૦) ત્રિગુણાત્મિકા સત્વ-રજ-તમોગુણવાળી માયાને ભગવાને વનમાલાસ્વરૂપે ધારણ કરી છે. વેદમય પીતાંબરને ભગવાન વસ્ત્રસ્વરૂપે ધારણ કરે છે **अ**કાર, **उ**કાર, **म**કાર, નામની ત્રણ માત્રારૂપ ૐકાર-પ્રણવને ભગવાન અંગ ઉપર યજ્ઞોપવીત સ્વરૂપે ધારણ કરે છે. (૧૧) સાંખ્યશાસ્ત્ર અને યોગશાસ્ત્રને ભગવાને મકરાકૃતિ કુંડલરૂપે ધારણ કર્યાં છે. સર્વને અભય આપનાર સત્યલોક રૂપ મુકુટને પ્રભુ ધારણ કરે છે. (૧૨) મૂલપ્રકૃતિને ભગવાને આસન તરીકે સ્વીકારેલ છે. એનું નામ **अव्याकृत** છે એનું નામ **अनन्त** છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શ્રી વગેરે શક્તિઓવાળું સત્વ ભગવાનનું પદ્મ છે. (૧૩) મન, ઇન્દ્રિયો અને દેહની શક્તિરૂપ પ્રાણવાયુ તત્વરૂપ ગદાને ભગવાન ધારણ કરે છે તેમજ જલના તત્વરૂપે શંખને ધારણ કરે છે. અને તેજસ તત્વ તરીકે સુદર્શન ચક્રને ધારણ કરે છે. (૧૪) આકાશના જેવા નિર્મલ આકાશસ્વરૂપ ખડ્ગને ભગવાન ધારણ કરે છે; તમોમય અજ્ઞાનરૂપ ઢાલને ધારણ કરે છે, કામ રૂપાશાંર્ગ ધનુષ્યને, અને કર્મમય બાણ ભરવાનાં ભાથાંને ધારણ કરે છે. (૧૫) ક્રિયામય મન ભગવાનનો રથ છે. ઇન્દ્રિયોને તે ભગવાનના બાણરૂપે ધારણ કરે છે. શબ્દ સ્પર્શ વગેરે પાંચ વિષયો રથનું બહાર દેખાતું સ્વરૂપ છે, ભગવાન **वरदा** નામની મુદ્રા જે સ્વરૂપમાં ધારણ કરે તેને ભગવાનની વરદામૂર્તિ મનાય અને **अभ दा** નામની મુદ્રા ધારણ કરે તે સ્વરૂપને **अभयदा** મૂર્તિ કહેવાય. ઉપાસકને જે જે શક્તિઓને મેળવવાની ઇચ્છા હોય તે સ્વરૂપથી ભગવાનની ભાવના કરે છે. (૧૬) સૂર્યમંડલ અથવા અગ્નિમંડલ ભગવાનની અર્ચનાનું સ્થાન છે. ગુરુચરણો દ્વારા મળેલી દીક્ષાએ તો પૂજામાર્ગનો-સેવામાર્ગનો અધિકાર છે અને આ ભાવનાથી ભગવત્સેવા કરવી ભગવાનની સેવા મનુષ્યને સર્વ પાપોમાંથી મુક્ત કરે છે. તેમજ ભગવત્સેવાના અંતરાયોને દૂર કરે છે. (૧૭) હે મહર્ષિઓ ઐશ્વર્ય-વીર્ય-યશ-શ્રી-જ્ઞાન-વૈરાગ્ય નામનાં છ ઐશ્વર્ય શ્રીકૃષ્ણ ભગવાનનાં કમલો છે આ છ ને **भग** એટલે ઐશ્વર્યો કહેવામાં આવે છે. ભગવાન આ ઐશ્વર્યોને કમલરૂપે કરકમલમાં ધારણ કરે છે. ભગવાનના કરકમલમાં બિરાજતા ચરમ અને વ્યજન-વીંઝણો એ બે ધર્મ અને યશનું સ્વરૂપ છે. ભગવાનનું અભયપદ જે વૈકુઠ છે તેને છત્રસ્વરૂપે ધારણ કરે છે. ત્રણ વેદો ગરુડજીનુ સ્વરૂપ છે. આ વેદો ભગવાનના હૃદયની વાતો જાણે છે તે વેદો જ ગરુડજીનું સ્વરૂપ હોવાથી તે પણ ભગવાનના હૃદયની વાતોને જાણીને જ ભગવાનને લઈ જાય છે ભગવાનને સૂચના કરવી પડતી નથી. (૧૮,૧૯) લક્ષ્મીજી ભગવાનની આત્મશક્તિ છે. ભગવાન કદાપિ પણ તે શક્તિથી વિખૂટા થતા નથી. ભગવાનનાં પાર્ષદોમાં પ્રધાન પાર્ષદ ‘‘વિષ્વક્ફસેનજી’’ છે આ પાર્ષદ વિશ્વવિખ્યાત છે. એ પોતે નારદપાંચરાત્ર વગેરે આગમતંત્રોની મૂર્તિ છે. ભગવાનના જ સ્વાભાવિક ગુણો તરીકે ગણાયા છે તે અણિમા-મહિમા-ગરિમા-લઘિમા નામની અષ્ટ સિદ્ધિઅ ભગવાનના નંદ-સુનન્દ વગેરે આઠ પાર્ષદો છે તે દ્વારપાલો જ છે. (૨૦,૨૧) પૂર્ણપુરુષ ભગવાન સ્વયં વાસુદેવ સંકર્ષણ-પ્રધુમ્ન-અનિરુદ્ધ ચાર વ્યૂહ સ્વરૂપે કહેવાય છે અને સેવાય છે. આ વાસુદેવ વગેરે ચાર અર્થ ઇન્દ્રિયો-આશય અને જ્ઞાન એ ઉપાધિરૂપ વિષય દ્વારા વિશ્વ-તૈજસ-પ્રાજ્ઞ-તુરીય એવી સંજ્ઞાથી વ્યવહાર પામે છે. એ જ ભગવાન જાગ્રત અવસ્થામાં અભિમાન ‘‘વિશ્વ’’ સંજ્ઞાવાળા બનીને વિષયોને ગ્રહણ કરે છે, તે જ ભગવાન સ્વપ્ન અવસ્થાના અભિમાની બની ‘‘તૈજસ’’ સંજ્ઞા પામી બાહ્ય પદાર્થોના હોય તો પણ મનોમન અનેક વિષયોને રચે પણ છે અને દેખે પણ છે. તે જ પ્રભુસુષુપ્તિ અવસ્થાના અભિમાની થઇ ‘‘પ્રાજ્ઞ’’ સંજ્ઞા પામીને વિષય અને મનના સંસ્કારોથી મુક્ત બનીને અજ્ઞાનથી સ્વયં આચ્છાદિત થઇ જાય છે, અને એ જ વિભુ ત્રણે અવસ્થાના સાક્ષી તરીકે ત્રણેથી અલગ રહી ‘‘તુરીય’’ સંજ્ઞા પામે છે. આ તુરીત તત્વ જ સમગ્ર જ્ઞાનનું અધિષ્ઠાન-આધાર છે. (૨૨,૨૩) શૌનક મહર્ષિ ! આ સર્વથી પર જે ભગવાન છે તે પોતે જ પોતાની શક્તિરૂપ ત્રિગુણમયી માયાથી બ્રહ્મા-વિષ્ણુ-મહેશનાં સ્વરૂપો ધારણ કરી સૃષ્ટિની ઉત્પત્તિ-સ્થિતિ-લય કરે છે. અને પોતે જ બ્રહ્મ-વેદોની પ્રવૃત્તિ કરે છે. વળી સર્ગ વગેરે દશ લીલાઓ કરે છે તો પણ બંધનમાં નથી આવતા કારણ કે સ્વયં પ્રકાશ છે. આનંદપૂર્ણ છે, અબાધિત જ્ઞાનરૂપ છે, એક છે છતાં શાસ્ત્રોમાં ભિન્ન રૂપે વર્ણવાય છે ઉપાસકો ઉપાસનાથી આ ભગવાનનો હૃદયમાં

સાક્ષાત્કાર કરી શકે છે. (૨૪)

નિત્યનું પ્રાતઃસ્તવન

श्रीकृष्ण कृष्णसख वृष्ण्यषभावनिध्रुग्-राजन्यवंशदहनानपवर्गवीर्य ।
गोविन्द गोपवनिताव्रजभृत्यगीत-तीर्थश्रवः श्रवणमङ्गल पाहि भृत्यान् ॥ २५ ॥
य इदं कल्य उत्थाय महापुरुषलक्षणम् । तच्चित्तः प्रयतो जप्त्वा ब्रह्म वेद गुहाशयम् ॥ २६ ॥

ચોવીસ શ્લોકમાં ભગવાનના વિરાટ તેમજ પરમાનંદમય સ્વરાટ સ્વરૂપની યશગાથા બાદ હવે કહે છે કે જે કોઇ હે શ્રીકૃષ્ણ હે શ્રીઅર્જુનજીના સખા ! હે ગોંવિન્દ ! ગોપવનિતાવૃન્દથી અને નારદાદિ વૃન્દથી ગવાતી તીર્થસ્વરૂપ કીર્તિવાળા ! હે શ્રવણમંગલ ! અમે આપના દાસો છીએ. આપ અમારી રક્ષા કરો. (૨૫) જે કોઇ મનુષ્ય પ્રાતઃકાલે ઊઠી સ્નાનાદિથી પવિત્ર બની ભગવાનમાં મન રાખી પ્રયત્નપૂર્વક, મહાપુરુષના લક્ષણોનું જેમાં નિરૂપણ કર્યું છે એવા ઉપરના પ્રકરણનો જપ કરશે તે જપ કરતાં જ હૃદયમાં બિરાજેલા ભગવાનનાં દર્શન પામશે. (૨૬) મહર્ષિ શૌનક પ્રશ્ન પૂછી રહ્યા છે કે ભગવાન સૂતમુનિ ! શ્રી વિષ્ણુરાત પરીક્ષિત રાજાને ભિન્ન ભિન્ન ગુણો પ્રત્યેક માસે બોલાતા રહે છે. આ સૌરગણ ઋષિ-ગન્ધર્વ-નાગ-અપ્સરા-યશ-રાક્ષસ અને દેવતાઓ આ સાતે મળીને બને છે, આ બધા પ્રત્યેક મહિને બદલાય છે એવું આપે પંચમ સ્કંધમાં કહ્યું છે. આવા બારેબાર ગણ પોતાના પતિ આદિત્ય સાથે રહીને શું શું કાર્યો કરે છે તેમજ તેની અન્તર્ગત આવતી વ્યક્તિઓનાં શાં શાં નામ છે એ પણ કહો. કારણ કે સૂર્યના સ્વરૂપે ભગવાન જ બિરાજે છે માટે વિષયને શ્રદ્ધાપૂર્વક સાંભળવાની લાલસા છે તો સર્વ સંભળવાની કૃપા કરો (૨૭, ૨૮) શ્રીસૂતમહર્ષિએ કહ્યું : ભૃગુવર્ય ! આપ સ્નેહથી શ્રવણ કરો પ્રથમ આપણે ભગવાન સૂર્યનું સ્વરૂપ સમજી લઇએ. આ સમસ્ત વિશ્વતંત્ર ભગવાન વિષ્ણુની અનાદિ અવિદ્યાશક્તિથી ચાલે છે. આ સર્વતંત્રના સંચાલક કે નિર્વાહક ભગવાન સૂર્ય છે. આ ભગવાન સૂર્ય સર્વ લોકમાં વિચરે છે. આ સૂર્ય ભગવાન સૃષ્ટિના આદિ કર્તા છે. વેદે દર્શાવેલ સમસ્ત ક્રિયાઓના પણ પોતે જ મૂલ છે. ભગવાન સર્વ લોકોના ઉપાદાન કારણ છે અને વળી અન્તર્યામી પણ છે. ઋષિમુનિઓ સૂર્ય ભગવાનને ભિન્ન ભિન્ન સ્વરૂપે વર્ણવે છે (૨૯,૩૦) પ્રાતઃ વગેરે કાલ-પવિત્ર સમતલ યજ્ઞયોગ્ય દેશ-યાગ-ક્રિયા-યજ્ઞકર્તા યજમાન-બ્રાહ્મણ વગેરે-સૃગ્-સ્રુવ વગેરે સાધનો-યાગાદિ કાર્યો-ડાંગર-જવ-તલ વગેરે હોમદ્રવ્ય-મંત્ર વગેરે આગમો-સ્વર્ગાદિ ફલ આવા નવ સ્વરૂપે ભગવાન પોતે જ બની યજ્ઞકર્માદિને ચલાવે છે. (૩૧) આ ભગવાન પોતે જ કાલ સ્વરૂપ સ્વીકારીને ચૈત્ર-વૈશાખ વગેરે બારે બાર માસમાં ભિન્ન ભિન્ન બાર ગણોરૂપે બાર સ્વરૂપે થઇને લોકતંત્રના નિર્વાહ માટે પર્યટન કરે છે. (૩૨)

દ્વાદશ માસનો દ્વાદશ સૂર્યપરિકર

ધાતા સૂર્ય, કૃતસ્થલી અપ્સરા, હેતિ નામનો રાક્ષસ, વાસુકિ નામનો નાગ, રથકૃદ્ નામનો યક્ષ, પુલસ્ત્ય નામના ઋષિ અને તુંબુરુ નામના ગન્ધર્વ, આ સાત વ્યક્તિનો ગણ ચૈત્ર માસમાં પ્રવર્તે છે. (૩૩) અર્થમાં સૂર્ય, પુલહ ઋષિ, અથૌજા યક્ષ, પ્રહેતિ રાક્ષસ, પુંજીકસ્થલી અપ્સરા નારદ ગન્ધર્વ, કચ્છનીર નાગ આ સાત વ્યક્તિનો ગણ વૈશાખ માસનો નિર્વાહક છે. (૩૪) મિત્ર નામના સૂર્ય, અત્રિ નામના ઋષિ, પૌરુષેય નામના રાક્ષસ તક્ષક નાગ, મેનકા અપ્સરા, હાહા ગન્ધર્વ, રથસ્વન યક્ષ, આ સાત વ્યક્તિનો ગણ જયેષ્ઠ માસનો નિર્વાહક છે. (૩૫) વશિષ્ઠ ઋષિ, વરુણ, સૂર્ય, રંભા નામની અપ્સરા, સહજન્ય યક્ષ, હૂહૂ ગન્ધર્વ, શુક્ર નાગ, ચિત્રસ્વન નામના રાક્ષસ આ સાતનો બનેલ સમૂહ આષાઢ માસનો પ્રવર્તક છે. (૩૬) ઈન્દ્ર સૂર્ય, વિશ્વાસ ગન્ધર્વ શ્રોતા નામના યક્ષ, એલા નામના નાગ, અંગિરા ઋષિ, પ્રમ્લોચા અપ્સરા, વર્ષ રાક્ષસ આ સાત શ્રાવણ માસના નિર્વાહક છે. (૩૭) વિવસ્વાન્ સૂર્ય, ઉગ્રસેન ગન્ધર્વ, વ્યાઘ્ર નામના રાક્ષસ, ભૃગુ નામના ઋષિ, અનુમ્લોચા નામની અપ્સરા શંખપાલ નાગ આ સાતનો ગણ ભાદ્રપદમાસમાં સૂર્યગમનમાં સહાયક બને છે. (૩૮) પૂષા નામના સૂર્ય, ધનંજય નાગ, વાત નામના રાક્ષસ, સુષેણ ગંધર્વ, સુરુચિ યક્ષ, ઘૃતાચી અપ્સરા, અને ગૌતમ ઋષિ આ સાત મળી માઘ માસના નિર્વાહક બને છે. (૩૯) ક્રતુ યક્ષ, વર્ચા રાક્ષસ,

ભારદ્વાજ ઋષિ, પર્જન્ય સૂર્ય, સેનજિ અપ્સરા વિશ્વ નામનો ગંધર્વ ઐરાવત નાગ આ સાતનો ગણ ફાલ્ગુન માસનો નિર્વાહક છે. (૪૦) અંશુ સૂર્ય, કશ્યપઋષિ, તાર્ક્ષ્ય યક્ષ, ઋતસેન ગંધર્વ, ઉર્વશી અપ્સરા, વિદ્યુત્શત્રુ રાક્ષસ, મહાશંખ નામના નાગ, આ સાત મળીને માર્ગશીર્ષ માસના નિર્વાહક થાય છે. (૪૧) ભગ સૂર્ય, સ્ફૂર્જ નામના રાક્ષસ, અરિષ્ટનેમિ ગંધર્વ ઊર્ણ નામનો યક્ષ, આયુ નામના ઋષિ, કર્કોટક નામના નાગ, પૂર્વચિત્તિ નામની અપ્સરા આ સાત પોષમાસના નિર્વાહક છે. (૪૨) ત્વષ્ટા સૂર્ય, જમદગ્નિ ઋષિ, કંબલ નામના નાગ, તિલોત્તમા અપ્સરા, બ્રહ્મોપેત રાક્ષસ, શતજિત નામના યક્ષ, ધૃતરાષ્ટ્ર ગંધર્વ આ સાતનો ગણ આશ્વિન માસના નિર્વાહક છે. (૪૩)

વિષ્ણુ સૂર્ય, અશ્વતર નાગ, રંભા અપ્સરા, સૂર્યવર્ચા ગન્ધર્વ, સત્યજિત યક્ષ, વિશ્વામિત્ર ઋષિ, મખાપેત રાક્ષસ, આ સાત કાર્તિક માસમાં સૂર્યની સેવા માટે સાથે રહે છે. (૪૪) વિષ્ણુસ્વરૂપ આ સૂર્ય ભગવાનની આ વિભૂતિઓને જે સંધ્યાના બે સમયમાં-સંધ્યા સમયે સદા યાદ કરશે તેનાં નિત્ય ઉત્પન્ન થતાં સર્વ પાપોનો નાશ થાય છે. (૪૫) સૂર્યની સાથે રહેલા જે ગણો છે તે સાતે સાતનાં પ્રત્યેકનાં ભિન્ન ભિન્ન કાર્યો છે. આ સાતમાં સૌથી પ્રથમ સૂર્ય ભગવાન ગન્ધર્વ વગેરે સર્વ ગણો સાથે વિચરતા બારે માસમાં આ લોક અને પરલોકની સમજમાં સર્વને સદ્બુદ્ધિનાં દાન કરે છે. (૪૬) સાત ગણમાંના ઋષિઓ સામ, ઋક્ અને યજુર્વેદની ઋચાઓથી ભગવાન સૂર્યની સ્તુતિ કરે છે. નાગો સૂર્ય ભગવાનના રથને સુદૃઢ રીતે બાંધે છે. યક્ષ લોકો સૂર્યના રથની સજાવટ કરી સૂર્યને આપે છે. બલિષ્ઠ રાક્ષસો સૂર્યના રથને પાછળથી વેગ આપે છે. (૪૮) સાઠ હજારની સંખ્યામાં રહેલા વાલખિલ્ય નામના ઋષિઓ ખૂબ પવિત્ર ઋષિઓ છે, તેઓ બ્રહ્મર્ષિઓ છે તેઓ સૂર્યની આગળ સન્મુખ રહીને ચાલે છે તેમજ સૂર્ય ભગવાનની સ્તુતિ કરે છે. (૪૯) આ પ્રકારે અનાદિ, અનંત ભગવાન, સમર્થ શ્રીહરિ પ્રત્યેક કલ્પે પોતાના આત્માને બાર સ્વરૂપે બનાવી લોકરક્ષણનું કાર્ય કરે છે પરંતુ સ્વયં અજન્મા છે. (૫૦)

एवं ह्यनादिनिधनो भगवान् हरिरीश्वरः । कल्पे कल्पे स्वमात्मानं व्यूह्य लोकानवत्यजः ॥ ५० ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ દ્વાદશ સ્કંધમાં ભાગવતમયપ્રકરણમાં અધ્યાય ૧૧ મો સમાપ્ત

અધ્યાય - ૧૨ મો

(આ અધ્યાયમાં પ્રથમ સ્કંધથી દ્વાદશ સ્કંધ પર્યન્ત શ્રીમદ્ ભાગવતમાં આવેલા પ્રધાન વિષયોનો સંગ્રહ સૂચિત કર્યો છે આ અધ્યાયમાં ૬૮ શ્લોકો છે.)

सूत उवाच-नमो धर्माय महते नमोकृष्णाय वेधसे । ब्राह्मणेभ्यो नमस्कृत्य धर्मान्वक्ष्ये सनातनान् ॥ १ ॥

સૂત મહર્ષિએ કહ્યું કે મુનિવર ! સર્વશ્રેષ્ઠ એવા ભગવદ્ભક્તિ નામના ધર્મને નમસ્કાર કરી વિશ્વના વિધાતા ભગવાન શ્રીકૃષ્ણને નમસ્કાર કરી તેમજ બ્રહ્મર્ષિઓને પણ પ્રણામ કરીને આપને હવે હું સનાતન ધર્મોનું વર્ણન કરીશ. (૧) હે વિપ્રવર્યો આપે મારા ઉપર અનુપમ અનુગ્રહ કર્યો છે કારણ કે ચતુર્વિધ પુરુષાર્થોને સિદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીનું દિવ્ય ચરિત્ર મને પૂછયું અને મેં આપને તે કહી સંભળાવ્યું છે. (૨)

अत्र संकीर्तितः साक्षात् सर्वपापहरो हरिः । नारायणो हृषीकेशो भगवान् सात्वतां पतिः ॥ ३ ॥

મુનિવરો ! ભગવાનના આ દિવ્ય ચરિત્રમાં સર્વ પાપોના હરનારા સાક્ષાત્ શ્રીહરિ, નારાયણ, ઈન્દ્રિયોના સ્વામી, તેમજ ભક્તોના નાથ યદુનાથ ભગવાનને ઉત્તમ પ્રકારે ગાયા છે. (૩) આ શ્રીમદ્ ભાગવતમાં વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ-લયના વિધાતા પરબ્રહ્મનું ગુપ્ત રીતે ગાન કીધું છે. તદુપરાંત શ્રવણ કરતાં અનુભવી શકાય તે રીતે જ્ઞાન તેમજ વિજ્ઞાનમાં રસસભર ઉપાખ્યાનો પણ આપની પાસે પ્રેમથી ગાયાં છે. (૪) વળી નિષ્કામ ભક્તિયોગનું ભાથું આપ્યું છે. ભક્તિમાતાનાં અમૃતપાન કરતાં મળતા વૈરાગ્યની ગાથા પણ ગાવામાં આવી છે. આ રીતે દ્વાદશ સ્કંધમાં ભગવાનને ગાયા છે. હવે સ્કન્ધવાર પ્રસંગનું ચિંતન કરીએ. (૫)

પ્રથમ સ્કંધ -: અધિકારલીલા, ત્રણ પ્રકરણ ૧૯, અધ્યાય શ્રીનાથજી બાવાનો દક્ષિણ ચરણકમલ છે. આ પ્રથમ સ્કંધમાં પરીક્ષિત રાજાજીની પ્રાકટ્ય ગાથા, શ્રીનારદજીનું ચરિતામૃત, વ્યાસ મહર્ષિની લોકવ્યથા, શૃંગી ઋષિના શાપની કથા,

પરીક્ષિત રાજર્ષિનું પ્રાયોપવેશન વ્રત, બ્રહ્મર્ષિવર્ય શ્રી શુકાચાર્યજીનાં દર્શન, વાર્તાલાપ, પ્રશ્નોનો પ્રારંભ, આવા પ્રસંગો પ્રથમ સ્કંધમાં સાધારણ, અસાધારણ અને ગુણાતીત પ્રકરણોમાં વર્ણવ્યા છે. (૬) દ્વિતીય સ્કંધ -: સાધન જ્ઞાનલીલા, ત્રણ પ્રકરણ, ૧૦ અધ્યાય અને ભગવાનનો વામ ચરણકમલ છે. આ દ્વિતીય સ્કંધમાં યોગની ધારણા, સદ્યોમુક્તિ કમમુક્તિની કથા, અર્ચિરાદિમાર્ગનું પ્રસ્થાન, વક્તા શ્રોતાના મનની પ્રસન્નતા, શ્રી નારદજી અને બ્રહ્માજીનો સત્સંગ પ્રસંગ, અવતારોની સંક્ષિપ્ત કથા, મહત્‌તત્વ વગેરે તત્વોના ક્રમથી પ્રાકૃતિક સૃષ્ટિનો પ્રકાર ચતુ:શ્લોકી ભાગવત વગેરે વિષયો વર્ણવ્યા છે. (૭) તૃતીય સ્કંધ -: સર્ગલીલા બે પ્રકરણ ૧૦, અવાન્તર પ્રકરણ, ૩૩ અધ્યાય ભગવાનનો દક્ષિણ કરકમલ છે. તૃતીય સ્કંધમાં શ્રીકૃષ્ણ પ્રથમ શ્રી વિદુરજી અને પરમ ભાગવત ઊદ્ધવજીનો સમાગમ અને સત્સંગ, પુન: શ્રી વિદુરજી અને મૈત્રેય ભગવાનનું મિલન અને હરિગુણગાન, પુરાણ સંહિતાની કેવી રીતે ઉત્પત્તિ થઈ છે અને કથાપરંપરા, પ્રલયકાલમાં પરમાત્મા કેવી રીતે બિરાજે છે તેનું નિરૂપણ, છ પ્રકારનો પ્રાકૃતિ સર્ગ, સાત પ્રકારની વિકૃતિ-વિકારોની સૃષ્ટિમાંથી બ્રહ્માંડનું નિર્માણ, પક્ષુ પક્ષીઓની સૃષ્ટિ, મનુષ્ય સૃષ્ટિ, વિરાટ પુરુષની ઉત્પત્તિ, સ્થૂલ-મહાન્-સૂક્ષ્મ-પરમાણુ કાલની ઉત્પત્તિ, બ્રહ્માજીનો પ્રાદુર્ભાવ, રસાતલમાં ડૂબેલી ભૂમિનો ઉદ્ધાર, હરિણ્યાક્ષનો વધ દેવ-પશુ-મનુષ્ય સર્ગ, રુદ્ર સર્ગ, બ્રહ્માજીના શ્રી અંગમાંથી શ્રી સ્વાયંભુવ મનુ અને શતરૂપા રાણીની ઉત્પત્તિ, મનુરાજાને ત્યાં દેવહૂતિનો જન્મ, તેમનો મહર્ષિ કર્દમ સાથે આર્ષવિધિથી વિવાહ, કપિલ ભગવાનનું પ્રાકટ્ય, ભગવાન કપિલ અને દેવહૂતિ માતાનો સત્સંગ આ સર્વ પ્રસંગ ત્રીજા સ્કંધમાં વર્ણવાયો છે. (૮,૧૩) ચતુર્થ સ્કંધ -: વિસર્ગલીલા ચાર પ્રકરણ, ૩૧ અધ્યાય અને ભગવાનનો વામ કરકમલ છે. આ ચતુર્થ સ્કંધમાં બ્રહ્માજીના પુત્રોમાંથી નવ પુત્રોના શ્રી કર્દમ ઋષિની કન્યાઓ સાથે વિવાહ, ધર્મપત્નીઓનો વંશવિસ્તાર, પુન: દક્ષ પ્રજાપતિના યજ્ઞની કથા, શબરી ધ્રુવચરિત્ર, પ્રાચીનબર્હિષ ચરિત્ર, પુરંજનોપાખ્યાન, પ્રાચીનબર્હિષ-નારદ સંવાદ વગેરે આવે છે. (૧૪) પ્રંચમ સ્કંધ -: આ સ્થિતિલીલા સ્કંધમાં ૨૬ અધ્યાય, બે પ્રકરણો, અવાન્તર છે પ્રકરણો ભગવાનનો દક્ષિણ સાથળ છે. આ પંચમ સ્કંધમાં પ્રિયવ્રત ચરિત્ર, નાભિચરિત્ર, ઋષભદેવ ચરિત્ર, ભરતાખ્યાન, સપ્ત દ્વીપ, સપ્ત સમુદ્ર, ખંડોનાં ચરિત્ર, સરિતાઓ, પર્વતોનું વર્ણન, જ્યોતિશ્ચક્રની કથા, પાતાળવર્ણન, નરકપરિચય વગેરે વર્ણન આવે છે. (૧૫,૧૬) ષષ્ઠ સ્કંધ -: અનુગ્રહ લીલા, ત્રણ પ્રકરણ છે. ૧૯ અધ્યાય છે, ભગવાનના વામ સાથળ છે. આ ષષ્ઠ સ્કંધમાં અજામિલ આખ્યાન, હર્યશ્વશબલાશ્વોની કથા, દક્ષ પ્રજાપતિની, સાઠ કન્યાઓની કથા, દેવ-અસુર-મનુષ્ય-પશુપક્ષીની ઉત્પત્તિ, ત્વષ્ટાનો જન્મ, વૃત્રાસુર ચતુશ્લોકી વગેરે પ્રસંગો આવે છે. (૧૭) સપ્તમ સ્કંધ-: ઊતિલીલા સંજ્ઞા છે. પંદર અધ્યાયો છે, ત્રણ પ્રકરણો છે ભગવાનની કટિ ભાગ ઉપરનો દક્ષિણ શ્રીહસ્ત છે. આ સ્કંધમાં શ્રીપ્રહ્‌લાદચરિતામૃત, નૃસિંહ અવતાર હિરણ્યકશિપુનો મોક્ષ, ધર્મ પ્રકરણ વગેરે પ્રસંગો છે. (૧૮) અષ્ટમ સ્કંધ -: મન્વન્તર ચરિત્ર છે, ૨૪ અધ્યાયો છે, ચાર પ્રકરણો છે, ભગાવનનો દક્ષિણ સ્તન છે. આ સ્કંધમાં ચૌદ મન્વન્તરના ચરિત્રો, ગજેન્દ્રચરિત્ર, મન્વન્તરોમાં હયગ્રીવ ધન્વતરિ વગેરે અવતારો, કૂર્મ અવતાર, મત્સ્યાવતાર, વામન અવતાર, ક્ષીરસાગરમંથન, અમૃતની પ્રાપ્તિ દેવોને અમૃતપાન, દેવાસુરસંગ્રામ વગેરે પ્રસંગો આવેલ છે. (૧૯,૨૦) નવમ સ્કંધ -: આ સ્કંધની ઈશાનુકથા સંજ્ઞા છે, ૨૪ અધ્યાયો છે, બે પ્રકરણો છે, ભગવાનનો વામ સ્તન છે. સૂર્ય સોમવંશના પરમ ભાગવત રાજાઓનું કથામૃત શશાદ રાજાનું અંબરીષ રાજાની કથા, ઈલાનું ઉપાખ્યાન, તારાનું ઉપાખ્યાન, સુધુમ્નજન્મ, શર્યાતિ ચરિત્ર, સુકન્યાકથા, કકુત્સ્થકથા, ખટ્‌વાંગચરિત્ર, માંધાતા ગાથા, સૌભરિ મુનિની કથા, સગરચરિત્ર, ભગીરથચરિત્ર, પરશુરામ કથા, શ્રી રઘુનાથ ભગવાનનું પ્રાકટ્ય અને પાપહારી શ્રી રામચરિતામૃત, નિમિનો પરિત્યાગ, જનક વંશની ઉત્પત્તિ પરશુરામે કરેલ ક્ષત્રિયકુલનિકંદન, સોમવંશ, યયાતિચરિત્ર, નહુષચરિત્ર, દુષ્યન્તકુમાર, ભરતાખ્યાન, શંતનુરાજા અને શંતનુ રાજાના પુત્રોની કથા, યયાતિના જ્યેષ્ઠ પુત્ર યદુ મહારાજની કથા, યદુવંશ સંકીર્તન વગેરે પ્રસંગો આવેલ છે. (૨૧,૨૬)

દશમ સ્કંધ -: નિરોધલીલા, પાંચ પ્રકરણ, ભગવાનનું હૃદય, નેવું અધ્યાયો આવેલ છે. આ સ્કંધમાં પ્રથમ જન્મ પ્રકરણ આવે છે. યદુકુલનાથ ભગવાનનું પ્રાકટ્ય પ્રથમ શ્રી વાસુદેવજીને ત્યાં ચતુર્ભુજ સ્વરૂપે પ્રાદુર્ભાવ, પુન: ગોકુલમાં

પધારવું. નંદરાયજીને ત્યાં પ્રભુ પ્રાકટ્ય પરમાનંદ, ગોકુલમાં ભગવાનનો ઉછેર, અસુરોનો વિદ્વેષ કરનારા ભગવાન શ્રીકૃષ્ણની જ્ઞાનીજનોને પણ ગાવા લાયક રસભરી અનંત લીલાઓ, પૂતનાસ્તનપાન પ્રસંગે પૂતનામાં રહેલા બાળકોના પ્રાણોને પૂતનાના પ્રાણો સાથે પાન, બાલ્ય ભાવમાં શકટને ઊંધું નાખવું, તૃણાવર્તનો વધ, બકાસુર-વત્સાસુરનો વધ, તેમજ ધેનુકાસુર અને પ્રલંબાસુરનો પણ વધ કરવો આ પ્રસંગો આવેલ છે. (૨૭,૨૯) પુનઃ દાવાગ્નિમાંથી ગોપ જનોની રક્ષા, કાલીયનાગદમન અને મર્દન, અજગરના મુખમાંથી નંદરાયની મુક્તિ, કન્યાઓનું કાત્યાયની વ્રત, ભગવાનનું પધારવું, વસ્ત્રાપહરણ, વરદાનપ્રદાન, યજ્ઞપત્નીઓ ઉપર અનુકંપા, વિપ્રર્ષિઓનો પરિતાપ આ કથામૃતનાં પાન થશે. (૩૦,૩૧) ભગવાને શ્રી ગોવર્ધન ભગવાનને ધારણ કર્યા, ઈન્દ્ર રાજા અને સુરભિ કામધેનુએ ગોવિન્દ પદે ભગવાનનો કરેલ અભિષેક, વ્રજવનિતાઓ સાથે રાસમહોત્સવ, દુર્બુદ્ધિ શંખચૂડનો વધ, અરિષ્ટ અને કેશી દૈત્યને ભગવાને આપેલ મોક્ષ, શ્રી અક્રૂરજીની વ્રજમાં પધરામણી, ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રી બલભદ્ર ભૈયાની મથુરા જવાની ઉત્કંઠા, વ્રજનારીઓનો હ્રદયસ્પર્શી વિલાપ, મથુરા નગરીમાં અવલોકન, કુવલયાપીડવધ, ચાણૂર-મુષ્ટિક વધ, ગુરુ સાંદીપનિ ગૃહે નિવાસ, ગુરુપુત્રને સદેહે પાછો લાવી ગુરુદક્ષિણામાં ભેટ, મથુરામાં વસી યાદવોનું મંગલ, ઉદ્ધવજી અને બલભદ્રજી સાથે યાદવોનું હિત કર્યું. આ પ્રસંગોને વર્ણવીને સત્તર વાર જરાસંધપરાજ્યની ગાથા ગાવામાં આવી છે. રાજા મુચુકુન્દજી જાગ્યા અને તેમના નેત્રના અગ્નિથી કાલયવનનો નાશ કરાવ્યો. (૩૨,૩૫) સત્તરવાર ત્રેવીસ અક્ષૌહિણી સેનાને લઇને આવેલા જરાસંધ રાજાનો પરાજ્ય કર્યો. એક જ રાત્રીમાં કુશસ્થલી-શ્રીદ્વારિકાપુરીની સાગરમાં શ્રીવિશ્વકર્માને સેવા આપવા તેમના દ્વારા રચના સમગ્ર પ્રજાજનોને મથુરામાંથી દ્વારિકામાં લાવીને વસાવ્યા. (૩૬) સ્વર્ગમાંથી પારિજાતક વૃક્ષ તેમ જ સુધર્મા નામની સભા લાવીને શ્રીકૃષ્ણે દ્વારિકામાં વસાવ્યાં ભગવાન શ્રીહરિનો સતત દ્વેષ કરતા જરાસંધ વગેરેનો પરાજ્ય કરી કુંડિનપુરમાંથી શ્રીરુક્મિણીજીને દ્વારિકામાં પધરાવી વિધિપૂર્વક લગ્ન કર્યાં. (૩૭) બાણાસુરની કુમકે આવેલા ભગવાન શંકરજીને જૃંભક અસ્ત્ર દ્વારા યુદ્ધમાં નિદ્રાના ઘેનમાં મૂકી દઇ બગાસાં ખાતા કર્યા અને બાણાસુરના બોજારૂપ હાથોને છેદી શિવજીના તાંડવની સેવા માટે ચાર હાથ બાકી રાખ્યા પુનઃ પ્રાગ્જ્યોતિષ નગરના સ્વામી ભૌમાસુરનો વધ કર્યો અને કારાગૃહમાં સોળ હજાર કન્યાઓને મુક્ત કરી દ્વારિકામાં લાવી સોળ હજાર સ્વરૂપ લઇ એક જ મુહૂર્તમાં એકી સાથે લગ્ન કરી સોળ હજાર ભવનો રચી સર્વદા સર્વની સાથે વસવા લાગ્યા. (૩૮) રાજસૂય યજ્ઞમાં ચૈદ્યશિશુપાલનો વધ કરી દ્વારિકા ઉપર આક્રમણ કરવા આવી પહોંચેલા પૌંડ્રક-શાલ્વ-દુર્મતિ દંતવક્ત્રનો વધ કર્યો. તેમજ શમ્બરાસુર, દ્વિવિદ, પીઠ, મુર દૈત્ય, પંચજન વગેરેનો પણ નાશ કર્યો. તેમજ તેઓના બલ-સૈન્ય-સામર્થ્યનું વર્ણન કરીને તેઓ કેવા સમર્થ હતા તે પણ દર્શાવ્યું અને તેમનું વારાણસી નગરીનું દહન કરીને નિંદકોનું નિકંદન કર્યું અને શિવજીને સંતોષ્યા. રાજસૂય યજ્ઞનું નિમિત્ત કરી પાંડવોને આગળ ધરી તેમને નિમિત્ત બનાવી તેમને યશ આપી ભૂમિનો ભાર ઉતાર્યો. (૩૯,૪૦) એકાદશ સ્કંધ -: આ એકદાશ સ્કંધનું નામ મુક્તિ લીલા છે એના ૩૧ અધ્યાયો છે. તેમાં મુખ્ય બે પ્રકરણ છે. એકાદશ સ્કંધ ભગવાનનું લલાટ છે. આ સ્કંધમાં પોતાના કુલનો પોતાને હાથે નાશ થવો ઉચિત ન ગણાય તેથી વિપ્રોના શાપને નિમિત્ત બનાવીને યદુકુલનો સંહાર કરાવ્યો અને દ્વારિકા નગરીને જલમાં ડૂબાડી દીધી. નારદજી દ્વારા પિતાજી વસુદેવજીને ઉપદેશ કરાવ્યો અને શ્રી વાસુદેવે સ્વયં ઉદ્ધવજીને ઉપદેશ આપી અદ્ભુત ઉદ્ધવગીતાનું દાન કર્યું. (૪૧) ઉદ્ધવજીના ઉપદેશ પ્રસંગમાં આત્મવિદ્યાની સંપૂર્ણ ચર્ચા કરવામાં આવી છે. સાથે ધર્મનિર્ણય પણ સારા પ્રમાણમાં ચર્ચાયો છે. વિશેષમાં એક વાત પણ કહી છે કે ભગવાન શ્રીકૃષ્ણે પોતાના આત્મયોગના સામર્થ્યથી આ મરણશીલ લોકનો કેવી રીતે પરિત્યાગ કર્યો તેનું અદ્ભુત રીતે વર્ણન કર્યું છે. (૪૨) દ્વાદશ સ્કંધ -: દ્વાદશ સ્કંધની આશ્રય લીલા સંજ્ઞા છે. શ્રી નાથજી પ્રભુના ભક્તોને આશ્રય અને આમંત્રણ આપતો વામ હસ્ત છે. આ હસ્ત ''અભય મુદ્રા'' દર્શાવે છે. આ સ્કંધમાં અવાન્તર પાંચ પ્રકરણ છે. એના ૧૩ અધ્યાયો છે. આ સ્કંધની કથામાં ભિન્ન ભિન્ન યુગોનાં લક્ષણો છે. આ યુગમાં વસનારા લોકોનાં વર્ણવ્યાં તેમજ લોકોના વ્યવહારનું વર્ણન કરાયુ છે. આ ઉપરાતં કલિયુગના જીવોની જીવન ગતિ, રીતે અને મુક્તિ ન્યારાં જ છે તે વર્ણવ્યું છે. વિશેષમાં નિત્ય-નૈમિત્તિક વગેરે પ્રલયોનું પણ આ સ્કંધમાં નિરૂપણ કર્યું છે. તેમજ ત્રણ પ્રકારની ઉત્પત્તિની સમજણ આપી છે. આ

ઉત્પત્તિ એટલે બાલ્ય, યૌવન, વાર્ધક્ય વગેરે બદલાતી અવસ્થાઓમાં સૂક્ષ્મ રીતે પ્રતિક્ષણ ઉત્પત્તિ-સ્થિતિ-નાશ થયાં કરે છે એ વસ્તુ સ્પષ્ટ રીતે સમજાવી છે. (૪૩) ભગવાનની કૃપાથી જીવન પામેલા રાજર્ષિવર્ય પરીક્ષિતજીએ કરેલ દેહત્યાગ અને સિદ્ધ થયેલ શ્રીકૃષ્ણચરણાવિંદના અનુરાગનું નિરૂપણ કરવામાં આવેલ છે. પુનઃ વેદોની શાખાઓ અને શિષ્યોની પરંપરા દ્વારા વેદોની રક્ષાનો પ્રસંગ આવે છે. મુનિ માર્કંડેયજીની મધુર કથા પણ આવેલ છે. ત્યારબાદ વિરાટ પુરુષનો પરિચય અને ધ્યાન કરવાનું વિધાન બતાવી દ્વાદશ માસના દ્વાદશ સૂર્યો અને સૂર્યના પરિકરનું વર્ણન કર્યું છે. (૪૪)

મહર્ષિ શ્રીસૂતાચાર્યનું સૌજન્ય

હે મુનિવરો ! હે શ્રી શૌનકાદિ મહર્ષિઓ ! આપે મારા ઉપર ખૂબ જ કૃપા કરી છે. આપશ્રી એ મને જે જે પ્રશ્નો પૂછયા હતા તે તે પ્રશ્નોનું યથામતિ ઉત્તર આપી વિવરણ કરેલ છે. આ પ્રસંગમાં અને ગ્રંથમાં સર્વ પ્રકારે ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓ, અવતારો અને અવતારચરિત્રની કથાઓ કહી છે. (૪૫)

ભગવન્નામમહિમા

पतितः स्खलितो वार्तः क्षुत्वा वा विवशो ब्रुवन् । हरये नम इत्युच्चैर्मुच्यते सर्वपातकात् ॥ ४६ ॥

અરે મહર્ષિવર્યો ! ભગવાનના નામનું મહત્વ કઇ રીતે વર્ણવું ? પડતાં, ખસતાં, ઠોકર ખાતાં, છીંક ખાતાં, બગાસુ લેતાં કે પીડામાં મુકાતાં, રોગી દશામાં કે અંતિમ શ્વાસો ઘૂંટાતાં શ્રીહરિને નમસ્કાર એટલું જ માત્ર ઉચ્ચ સ્વરે બોલાય છે તો સર્વ પાપોમાંથી મુક્ત થઇ જવાય છે અને ભગવાન મળે છે. (૪૬)

सं कीर्त्यमानो भगवाननन्तः श्रुतानुभावो व्यसनं हि पुंसाम् । प्रविश्य चितं विधुनोत्यशेषं यथा तमोऽर्कोऽभ्रमिवातिवातः ॥

मृषा गिरस्ता ह्यसतीरसत्कथा न कथ्यते तद् भगवानघोक्षजः । तदेव सत्यं तदु हैव मङ्गलं तदेव पुण्यं भगवद्गुणोदयम् ॥

હે મુનિવરો ! ભગવાનના નામને કોઇ દેશ, કોઇ કાલ, અને કોઇ વસ્તુનાં બંધન નથી હોતાં. કોઇપણ ક્ષણે કોઇ પણ સ્થળે, કોઇપણ સ્થિતિમાં જો ભગવાનનાં નામ-લીલાઓ-ગુણો વગેરેનું સ્નેહપૂર્વક સંકીર્તન થાય કે શ્રીકૃષ્ણ ભગવાનના માહાત્મ્ય, પ્રભાવ ગુણ વગેરેનું કેવલ શ્રવણ પણ થાય તો તે શ્રોતા કે સંકીર્તન-કર્તાના હૃદયમાં ભગવાન સ્વયં પ્રવેશ કરે છે. વળી હૃદયમાં બિરાજીને નામશ્રવણ-સંકીર્તન કરનારા પુરુષનાં સમગ્ર દુઃખોને દૂર કરી દે છે. જાણે આકાશમાં પ્રકાશમાન સૂર્ય ભગવાનના ક્ષણ વારમાં ઘોર અંધકારને દૂર કરે છે તેમજ પવનની ભારે આંધી પળ વારમાં વાદળોને ખેરવિખેર કરી નાખે છે તેવી જ રીતે ભગવન્નામ પાપપુંજોને કે દુઃખવાદળો ને વિદારી નાખે છે. (૪૭) મહર્ષિવર્યો ! ભગવાન અધોક્ષજ શ્રીકૃષ્ણજી જે વાણીમાં ન ગવાતા હોય, ન સ્તવાતા હોય, લીલા ગુણ મહિમાનાં રટણ ન થતાં હોય તેવી વાણીને વિવેકી પુરુષો ધારણ કરતા નથી. પ્રભુના નામલીલા, ગુણસંકીર્તન વિનાની ગમે તેવી રોચક કે મોહક વાણી હશે તો પણ વાણી અસત્ વસ્તુનું વર્ણન કરનારી છે. ભલે તે વાણીમાં ભાવ-લૌક્કિ સ્નેહ હોય તો પણ સારહીન છે, શબ્દરચના સુંદર હશે તો પણ તે અસુંદર છે. અને સંસારના ઉત્તમમાં ઉત્તમ વિષયોનું વર્ણન કરનારી તો પણ તે વાણી અસત્કથા છે. માટે જે વાણી અને વચનો ભગવદ્ગુણોથી પરિપૂર્ણ, ભગવદનુરાગથી છલકાની છે. ભગવદ્યશોગાનથી ભરપૂર છે તે જ વાણી સત્ય છે, તે જ ખરેખર માંગલિક છે તે જ પાવન છે અને પાવન કરનારી છે કારણ કે તે ભગવાનના ગુણોના નિધિથી ભરપૂર છે. (૪૮)

ભગવદ્શ્વાસો મંગલ અને રૂપ મંગલ

तदेव रम्यं रुचिरं नवं नवं तदेव श्वन्मनसो महोत्सवम् । तदेव शौकार्णवशोषणं नृणां यदुतमश्लोकगुणानुवर्णनम् ॥ ४९ ॥

न तद् वचश्चित्रपदं हरेर्यशो जगत्पवित्रं प्रगृणीत कर्हिचित् । तद् ध्वांक्षतीर्थं न तु हंससेवितं यत्राच्युतस्तत्र हि साधवोऽमलाः॥

तद् वाग्विसर्गो जनताधसंप्लवो यस्मिन् प्रतिश्लोकमबद्धवत्यति । नामान्यनन्तस्य यशोङ्कितानियत् शृण्वन्ति गायन्ति गृणन्ति साधवः

હે મુનિ મહારાજો ! શ્રી ઉત્તમ પુરુષો એટલે શ્રી વ્યાસ-નારદ-પરાશર-મૈત્રેય-વશિષ્ટ-વાલ્મીકિ જેવા જે ભગવાનનાં

યશોગાન કરે છે તેથી ભગવાનનું નામ ''ઉત્તમશ્લોક પડયું'' છે. આવા ઉત્તમશ્લોક શ્રીકૃષ્ણ ભગવાનના ગુણોનું અનુરાગપૂર્વક ગાન કરાય, કીર્તન કરાય તો તે જ ક્ષણે ક્ષણે રમ્ય છે, ક્ષણે ક્ષણે પ્રેમ દેનાર છે, તે જ ગુણગાન પ્રત્યેક ક્ષણે ભિન્ન ભાવોનાં દાન કરતું હોવાથી નવીન અને નવીન જ છે, સદા સર્વદા મનના પરમાનંદને દેનારું છે. અને ભગવાનનું નામ જ ઉત્સવ-આનંદથી ભરપૂર છે, અને માનવ શોકમહાસાગરમાં ડૂબેલ હોય તો તેના શોકસાગરને સુકાવી નાખનાર છે હે ઋષિરાજો ! ભલે સાહિત્યકારોની કે કવિઓની નજરે તે કાવ્યો રસ-ભાવ-અલંકાર-ધ્વનિ-ગુણોથી ભરપૂર હોય કે ઉત્તમ મનાતાં હોય પરંતુ તે કાવ્યોનું તલભર પણ ગૌરવ ન કરવું કે મહત્વ ન માનવુ પરંતુ તેમાં મુગ્ધ ન થવું કારણ કે તે વચનો-કાવ્યો વિશ્વને પવિત્ર કરનારા શ્રીહરિના યશથી ભરપૂર નથી તેથી તો તે કાકતીર્થ છે. વિષયાસક્ત જીવોને તે તીર્થ જેવું લાગે છે પરંતુ તે પુણ્યથી ભરેલું નથી, ભક્તિભાવથી ભરપૂર નથી માટે તો ભક્ત-જ્ઞાની-યોગી પરમહંસો સંતો આ વિષયરસવાળા સરોવર સામે નજર પણ કરતા નથી. કેટલાં ગુણ-રીતિ-અલંકાર રહિત હોય પરંતુ પ્રિયતમ શ્રીકૃષ્ણ ભગવાનની કથાસુધારસથી અને ભક્તિ- ભાવથી છલકાતાં હોઇને મનવાળા સાધુજનો-સંતોં ! પુરુષો તેમાં જ તરબોળ રહે છે. (૫૦) મહર્ષિવર્ય તે સર્વશ્રેષ્ઠ વાણીનો પ્રયોગ મનાય, તે સર્વશ્રેષ્ઠ વાણીની રચના ગણાય કે નિર્માણ કે જે રચનાનું શ્રવણ જનસમાજના પાપપૂંજોનો પ્રલય કરી દે, પછી ભલે તે રચનામાં વ્યાકરણની વ્યવસ્થા ન હોય કે કોઇ ભૂલ લાગતી હોય કે પછી ભલે તે રચનામાં કાવ્યના ગુણ અલંકાર વગેરેનો સમાવેશ ન હોય કે છન્દોની માત્રાનો દોષ દેખાતો હોય: તો પણ તે દોષો નથી. કારણ કે ત્યાં તો કેવલ ભગવાન અનંતના યશથી અલંકૃત થયેલાં પ્રત્યેક પદો, શબ્દો, અને અક્ષરો આવેલ છે તેથી તો સાધુજનો તે પ્રભુની કીર્તિથી, મહાત્મ્યથી ભરેલી રચનાઓનાં જો કોઇ કીર્તન કરનાર મળે તો શ્રવણ કરે કોઇ સાંભળનાર મળે તો ગાન કરે પરંતુ શ્રવણ-કીર્તનનો અવસર ન મળે તો પણ સ્વયં શુકાચાર્યજીની માફક સદાય વિચરતા, હરતા ફરતા ગાયા જ કરે છે. (૫૧)

શુષ્ક જ્ઞાન કે શુષ્ક હૃદયને આર્દ્ર કોમલ કે મધુર ન બનાવે

नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं न शोभते ज्ञानमलं निरञ्जनम् । कुतः पुनः शश्वदभद्रभीश्वरे-नह्यर्पितं कर्म यदप्यनुत्तमम् ॥ ५२ ॥

यशः श्रियामेव परिश्रमः परो वर्णाश्रमाचारतपःश्रुतादिषु । अविस्मृतिः श्रीधरपादपद्मयोः गुणानुवादश्रवणादिभिर्हरेः ॥ ५३ ॥

મુનિવર ! કર્મથી કદી ન પામી શકાય તેવા બ્રહ્મનું પ્રકાશન, નિરંજન એટલે સર્વ ઉપાધિને નિવારનાર એવું નિર્મલ જ્ઞાન જો ભગવાનની શક્તિના મધુર રસ વિનાનું હશે તો તે ભલે ઊંચી કક્ષાનું જ્ઞાન હશે પરંતુ તે સફળ નહીં થાય અને લોકમાં આદરપાત્ર નહીં બને, એવી જ રીતે વિધિવિધાન અને સામગ્રીસાધનથી કર્મ પણ ગમે તેટલા પ્રમાણમાં સર્વોત્તમ હોય પરંતુ કર્મ પણ ભગવાનના શ્રીચરણોમાં સમર્પિત નહીં હોય તો તે કર્મ પથ અલ્પ ફલ આપનારું હોઇ મંગલ નહીં બને તેમજ દુ:ખહર નહીં થાય તેથી તે શુષ્ક જ્ઞાન અને અસમર્પિત કર્મ આદરણીય નહીં બને. (૫૨) મુનિવર ! બ્રાહ્મણ-ક્ષત્રિય વગેરે વર્ણો અને બ્રહ્મચર્ય વગેરે આ આશ્રમોના વિધાનોને અનુકૂલ કરેલાં આચરણો કૃચ્છ્રચાન્દ્રયણાદિ કરેલી કઠિન તપશ્ર્ચર્યાઓ, વેદશાસ્ત્રોનાં અધ્યયનાદિમાં કરેલો પ્રમાણિકતા ભર્યો પરિશ્રમ એ તો યશ:કીર્તિ કે સ્ત્રી અને ધન સમૃદ્ધિ પામતા ફલોને-તુચ્છફલોને આપીને વિરમી જશે. જ્યારે શ્રીહરિના ગુણાનુવાદ એટલે શ્રીકૃષ્ણ ભગવાનની લીલા-ગુણ અને નામોનું કીર્તન-શ્રવણ-સ્મરણ તો શ્રીપતિ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીનાં શ્રીચરણકમલોની નિત્ય સ્મૃતિ-પ્રાપ્ત અને સેવા સુધી લઇ જશે. (૫૩)

શ્રીકૃષ્ણસ્મરણનું અસાધારણ બલ

अविस्मृतिः कृष्णपदारविन्दयोः क्षिणोत्यभद्राणि शमं तनोति च । सत्वस्य शुद्धिं परमात्मभक्तिं ज्ञानं च विज्ञानविरागयुक्तम् ॥

यूयं द्विजाग्रया बत भूरिभागाः यच्छश्वदात्मन्यखिलात्मभूतम् । नारायणं देवमदेवर्माशमजस्त्रभावा भजताविवेश्य ॥ ५५ ॥

મુનિરાજ ! કોઇના મનમાં આવશે કે શ્રીધર-શ્રીકૃષ્ણચન્દ્રચરણોની અવિચલ સ્મૃતિ શું આપશે ? તો આપ કૃપા કરી સાંભળો કે કૃપામય ભગવાન શ્રીકૃષ્ણકમલપદ્મની અખંડ સ્મૃતિ પાપ-તાપ-સંતાપ વગેરે અભદ્ર-અમંગલોનો ક્ષય કરશે અને પરમશાંતિનાં પ્રદાન કરશે. એટલું જ નહીં પરંતુ ભગવચ્ચરણકમલોની સ્મૃતિના બલથી અન્ત:કરણની શુદ્ધિ થશે,

પરમાત્માની પરાભક્તિ પ્રાપ્ત થશે, વૈરાગ્યા અને વિજ્ઞાન પૂર્ણ યથાર્થજ્ઞાન મળતાં ભગવાનનો સાક્ષાત્ અનુભવ થશે. (૫૪) હે મહર્ષિવર્યો ! આપ સર્વ સાચે જ પૂર્ણ ભાગ્યશાળી છો અને ધન્યવાદને યોગ્ય છો. આપ કહો કે અમે શાથી ભાગ્યશાળી અને શાથી ધન્યવાદને પાત્ર છીએ ? તો મુનિરાજો કૃપા કરી સાંભળો ! આપ અખિલ પ્રાણીઓના આત્મા-અન્તર્યામી, જેમના કોઇ પણ દેવ નથી પરંતુ સર્વ દેવોના પણ દેવ સર્વના આરાધ્ય, સર્વશક્તિમાન સર્વના સ્વામી ભગવાન શ્રીનારાયણને નિરંતર આપના હૃદયકમલમાં પધરાવીને સેવી રહ્યા છો તેથી આપનો મહિમા ગાઇએ એટલો ઓછો છે. (૫૫)

अहं च संस्मारित आत्मतत्वं श्रुत पुरा मे परमर्षिवक्त्रात् । प्रायोपवेशे नृपतेः परीक्षितः सदस्यृषीणां महतां च शृण्वताम् ॥ ५६ ॥

શ્રીસૂતાચાર્યજીએ શૌનકાદિ મુનિવર્યો તરફ બહુમાન દર્શાવતાં કહ્યું કે હે મહર્ષિવર્યો ! આપે મને હરિકથા સંબંધી પ્રશ્નો પૂછી મારી ઉપર અપાર કૃપા વરસાવી છે. કારણ કે મહારાજ શૌનકજી ! એક ભગવતી શ્રીભાગીરથીજીના તીર ઉપર પ્રાયોપવેશ એટલે અનશન વ્રત લઇ ભગવત્પ્રાપ્તિ માટે બિરાજેલા પરીક્ષિત રાજર્ષિ મહાન સમર્થ ઋષિવર્યોની સભામાં સર્વની સાથે સાંભળતા શ્રીમહર્ષિવર્ય શ્રીશુકાચાર્ય મહારાજશ્રીના શ્રીમુખથી આ કથામૃત શ્રવણ કરવાનું સૌભાગ્ય મળ્યું હતું તે આજે આપે આજે ભગવતલીલાકથામૃતનું પુનઃ સ્મરણ કરાવ્યું માટે માનુ તેટલો ઉપકાર ઓછો છે. (૫૬) હે વિપ્રવર્યો ! જે પ્રભુનાં ઉત્તમ પરાક્રમો સદા ગાવા જ લાયક છે તેમ જ સર્વ પ્રકારનાં અશુભોનો નાશ કરનારાં છે છે, એવા શ્રીવાસુદેવ ભગવાનનું માહાત્મ્ય આપની સન્મુખ વર્ણવ્યું છે. (૫૭) મુનિવર્યજી ! ભગવાન શ્રીકૃષ્ણ પ્રભુના ચરણોમાં અનન્ય મતિ રાખીને જે કોઇ શ્રદ્ધાપૂર્વક એક પ્રહર અથવા એક ક્ષણ પણ સંભળાવે અને શ્રદ્ધાપૂર્વક અનુરાગ સાથે સાંભળે તો તે શ્રોતા અને વક્તા પોતાની જાતને પવિત્ર કરે છે. (૫૮) જે કોઇ સજ્જન દ્વાદશીને દિવસે અથવા એકાદશીનાં દિવસે આ શ્રીમદ્ ભાગવતજીનું શ્રવણ કરે તો તે દીર્ઘ આયુષ્યવાન્ બને છે પરંતુ જે વ્યક્તિ સંયમપૂર્વક નિરાહાર રહીને શ્રીમદ્ ભાગવતજીનો પાઠ કરે તો તેનાં પૂર્વ સંચિત પાપો નષ્ટ થાય છે તેમજ પાપ કરવાની પ્રવૃત્તિ પણ નષ્ટ થઇ જાય છે. જે કોઇ વ્યક્તિ સર્વ ઇન્દ્રિયો ઉપર સંયમ કેળવીને અને ઉપવાસ કરીને શ્રીપુષ્કરરાજ ક્ષેત્રમાં, શ્રીમથુરાક્ષેત્રમાં, શ્રીદ્વારિકાપુરીમાં કે ગંગાજીના તીર ઉપર રહીને આ શ્રીમદ્ ભાગવતસંહિતાનો પાઠ કરે તો તે મૃત્યુ પર્યન્તના સર્વ પ્રકારના ભયમાંથી મુક્ત થાય છે. (૬૦) જે કોઇ વ્યક્તિ આ શ્રીમદ્ ભાગવત સંહિતાનો પાઠ કરે, શ્રવણ કરે, કીર્તન કરે, ઉચ્ચસ્વરે ગાન કરે તેના ઉપર દેવો, મુનિઓ, સિદ્ધો, પિતૃઓ મનુ મહારાજો, નૃપતિઓ પ્રસન્ન થઇ સર્વ સંકલ્પોને પૂર્ણ કરે છે. (૬૧) જેમ શ્રીઋગ્વેદ, શ્રીયજુર્વેદ અને શ્રીસામવેદનું અધ્યયન કરનારો દ્વિજજન પોતાને આંગણે મધની અને દૂધની નહેરો વહાવે છે કે સરિતાઓ વહાવે છે તેવી જ રીતે શ્રીમદ્ ભાગવતજીનું અધ્યયન કરનારને આંગણે દૂધ, દહીં, ઘી, મધની નદીઓ વહે છે. (૬૨) આ પુરાણ સંહિતાનું અધ્યયન કરનાર દ્વિજજન ભગવાને જે પરમપદનો મહિમા ગાયેલ છે તે પરમપદની પ્રાપ્તિ કરે છે. (૬૩) આ પુરાણસંહિતાનું અધ્યયન કરીને વિપ્ર ઉત્તમ બુદ્ધિને પામે છે. ક્ષત્રિય સાગરની મેખલાવાળી સમગ્ર પૃથ્વીને મેળવે છે. વૈશ્ય નવનિધિનો નાથ બને છે અને શૂદ્ર સર્વ પાપોમાંથી મુક્ત થાય છે. (૬૪)

कलिमलसं हतिकालनोडखिलेशो हरिरितरत्र न गीयते ह्यमीक्ष्णम् ।
इइ तु पुन र्भगवानशेषमूर्तिः परि-पाठतोडनुपदं कथाप्रसङ्गैः ॥ ६५ ॥

હે મુનિવર્યો ! ભગવાન શ્રીહરિ અખિલ બ્રહ્માંડોના સ્વામી છે. તેમજ કલિકાલના પાપોના સમૂહોને ઢગલાના ઢગલાઓને બાળનારા છે, નાશ કરનારા છે સર્વવેદો અને પુરાણ ઈતિહાસોમાં એ શ્રીહરિ ભગવાનને જ ગાવામાં આવ્યા છે પરંતુ તે પુરાણાદિઓમાં નિરંતર-અખંડ ભગવાનનું જ ગાન નથી થયું પરંતુ આ શ્રીમદ્ ભાગવત સંહિતામાંતો અશેષ મૂર્તિ-સર્વસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ જ પ્રત્યેક કથા પ્રસંગો દ્વાર પ્રત્યેક પદે પ્રત્યેક અક્ષરે અક્ષરે પૂર્ણરીતે ગાયા છે

तमहमजमनन्तमात्मतत्वं जगदुदुयस्थितिसंयमात्मशक्तिम् । द्युपतिभिरजशक्रशङ्कराद्यै-र्दुखसितस्तवमच्युतं नतोडस्मि ॥ ६६ ॥

શ્રીમદ્ ભાગવતસંહિતામાં પદે પદે જે ભગવાન શ્રીકૃષ્ણને ગાયા છે તે ભગવાન અજન્મા છે. તે ભગવાન અનન્ત છે,

દેશ-કાલ વસ્તુના માપથી પર છે, તે ભગવાન આત્મસ્વરૂપ છે, એટલે તે જ ભગવાન આત્મતત્વ છે, જગતની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલય નામની શક્તિસ્વરૂપ પણ ભગવાન પોતે જ છે, બ્રહ્માજી, ઈન્દ્રદેવ અને મહાદેવ જેવા સર્વદ્યુપતિ એટલે દેવોને પણ ભગવાનનું સ્તોત્ર કેવી રીતે કરવું તેનો લેશમાત્ર પણ ખ્યાલ નથી આવી શક્યો એવા શ્રીઅચ્યુત ભગવાનને નમસ્કાર કરું છું. (૬૬)

उपचितनवशक्तिभिः स्व आत्मन्युपरचितस्थिरजङ्गमालयाय । भगवत उपलब्धि मात्रधाम्ने-सुर ऋषभाय नमः सनातनाय ॥ ६७ ॥

શ્રીઅચ્યુત ભગવાને જ પોતાના જ સ્વરૂપમાં કાલ-પ્રકૃતિ-મહત્તત્વ-અહંકાર-શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ નામના પંચ મહાભૂતો સાથે મળીને બનેલી નવ પ્રકારની શક્તિઓનો સંકલ્પ કરીને આ સ્થાવર અને જંગમ જગતની રચના કરી છે તેમજ અખિલ બ્રહ્માંડના જે ભગવાન અધિષ્ઠાન-આધાર રૂપ છે અને ભગવાનનું પરમપદ કેવલ અનુભવથી પમાય છે, દેવાધિદેવો ભગવાનને આરાધ્ય-શ્રેષ્ઠ દેવ માને છે તે શ્રીસનાતન ભગવાનને હું નમસ્કાર કરું છું. (૬૭)

स्वसुखनिभृतचेतास्तदूव्युस्तान्यभावोप्यजितरुचिरलीलाकृष्टसारस्तदीयम् ।
व्यतनुतकृपया यस्तत्वदीपं पुराणं तमखिलवृजनध्नं व्याससूनुं नतोडस्मि ॥ ६८ ॥

ભગવત્સ્વરૂપના અનુભવના આનંદમાં નિરંતર ચિત્તથી ડૂબેલા, અને એ એલૌકિક આનંદમાં જ આસ્વાદથી દ્વૈતભાવથી કે ભેદભાવથી સર્વથા પર રહેલા શ્રીશુકાચાર્યજીના સમાધિમાં ડૂબેલા ચિત્તને અજિત ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીની મધુમયી, રસમયી, મગંલમયી, મનોહર લીલાઓ શ્રવણથી આકર્ષી લીધું છે. તેમજ દયામય શ્રીશુકાચાર્યજીએ એ જ હરિકથાસુધારસનાં કૃપા કરીને ભગવચરિત્રને પ્રકાશિત કર્યું છે અને ભૂતલ ઉપર વિસ્તાર કર્યો છે એવા અખિલ જીવોના પાપોના પુંજને નાશ કરનારા શ્રીવ્યાસકુમાર શ્રીશુકાચાર્યોનાં શ્રીચરણકમલોમાં કોટિ કોટિ નમસ્કાર કરું છું.

શ્રીમદ્ ભાગવતપીયૂષ દ્વાદશ સ્કંધના શ્રીમદ્ ભાગવતાશ્રયપ્રકરણનો અધ્યાય ૧૨ મો સમાપ્ત

અધ્યાય - ૧૩ મો

(દ્વાદશ સ્કંધનો આ ઉપસંહારનો અન્તિમ અધ્યાય છે. શ્રીમદ્ ભાગવતજીના આરંભમાં પ્રથમ સ્કંધના પ્રથમ અધ્યાયમાં ૨૨ શ્લોકો હતા. તેટલા જ શ્લોકો ઉપસંહારના આ અધ્યાયમાં છે. પ્રથમ સ્કંધનો પ્રારંભ શાર્દૂલછંદના બે શ્લોકોથી કર્યો તેવી જ રીતે ઉપસંહારના આ અધ્યાયોમાં શાર્દૂલછંદના શ્લોકો છે. આ બન્ને શ્લોકોમાં ભગવાનનું મહત્વ અને ભગવાનને પ્રણામ વર્ણવ્યા છે. આ અધ્યાયમાં પ્રથમ અઠાર પુરાણોના શ્લોકોની સંખ્યા કહી છે ત્યારબાદ શ્રીમદ્ ભાગવતજીના દાનનો વિધિ તેમજ શ્રીમદ્ ભાગવતજીનું મહત્વ વર્ણવ્યુ છે.)

श्रीसूत उवाच-यं ब्रह्मा वरुणेन्द्ररूद्रमरुतस्तुन्वन्ति दिव्यैस्तबैर्वेदैः साङ्गपदक्रमोपनिषदैर्गायन्ति यं सामगाः ।
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यन्ति यं योगिनो यस्यान्तं न विदुः सुरासुरागणा देवाय तस्मै नमः ॥ १ ॥

શ્રી સૂત મહર્ષિજી બોલ્યા કે કેવલ ભગવાનને નમસ્કાર કરી શકીએ છીએ તેથી આપણે અધિક કાંઈ પણ કહી શકીએ તેમ નથી. કારણ કે દેવોમાં દિવ્ય અને શ્રેષ્ઠ મનાતા શ્રીબ્રહ્માજી-વરુણજી રાજા ઈન્દ્ર, તેમજ મરુતો નિત્ય દિવ્ય સ્તોત્રોથી ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે, સામ ગાન કરનારા જૈમિનિ વગેરે મહર્ષિઓ વેદો, વેદોનાં પદ-જટા-ક્રમ-ધન વગેરે અંગો તેમજ ઉપનિષદોના મંત્રો દ્વારા નિત્ય અદ્યાપિ પર્યન્ત ગાન કરે છે. તેમજ ધ્યાનમાં વ્યવસ્થિત રીતે રહેલા એકાગ્ર અને વિશુદ્ધ મનથી ભગવાનનું દર્શન કરે છે, આમ છતાં બ્રહ્માદિ દેવો, જૈમિનિ વગેરે મહર્ષિઓ અને યોગીજનો ભગવાનના સ્વરૂપને કે મહિમાને સંપૂર્ણ રીતે જાણી નથી શક્યા તે ભગવાનના ચરણકમલોને કેવલ નમસ્કાર હો. (૧)

पृष्ठे भ्राम्यदमन्दमन्दरागिरिभ्रावाभ्रकण्डूयनान्निद्रालोः । कमठोकृतेः भगवतः श्वासानिलाः पान्तु वः ।
यत्संस्कारक्रलानुवर्तनवशाद् वलानिभेनाम्मसां यातायातमतन्द्रितं जलनिधेर्नाद्यापि विश्राम्यति ॥ २ ॥

મહાસાગરમન્થન સમયે શ્રીકૂર્મ ભગવાનની પીઠ ઉપર મન્દાર પર્વતને પધરાવી મન્થન આરંભ્યું ત્યારે શ્રી કચ્છપ

પ્રભુની પીઠ ઉપર પુષ્કળ પ્રમાણમાં મન્દરાચલ પર્વતની કઠોર શિલાઓ ઘસાવા લાગી ત્યારે ભગવાનને લાગ્યું કે આ તો મારી પીઠ ઉપર ચળ આવે છે તેથી કોઇ ખંજવાળી રહ્યું છે તેથી ખંજવાળવાનો નહિ જેવો આનંદ આવતાં ભગવાન પોઢી ગયા, ત્યારે નિદ્રામાં રહેલા નાથની નાસિકામાંથી શ્વાસોચ્છ્વાસ ચાલવા લાગ્યા ચાલતા આ શ્વાસોચ્છ્વાસોનો સમુદ્રજલને ધક્કો લાગ્યો તેની અસર આજે પણ સાગરમાં રહી ગઇ છે. તેથી આજે પણ મહાસાગરના તે શ્વાસોચ્છ્વાસ વાગેલા ધક્કાની અસરના પરિણામસ્વરૂપે વધતાઘટતા રહે છે અને આજે પણ મહાસાગરમાં ભરતી અને ઓટ આવ્યાં કરે છે. જ્યારે ભગવાન શ્વાસ અંદર લે છે ત્યારે જલમાં ઓટ આવે છે અને શ્વાસ બહાર ફેંકે છે ત્યારે જલમાં ભરતી આવે છે આવા સામર્થ્યશાળી શ્વાસ વાયુ ભગવાન આપે સર્વના પ્રાણોની રક્ષા કરો. (૨) હે શ્રી શૌનકાદિ મહર્ષિઓ શ્રીમદ્ ભાગવત, પુરાણોમાં મંડલેશ્વર રાજાઓમાં ચક્રવર્તી રાજા સમાન પુરાણ રાજા છે તેથી જેમ મંડલેશ્વરોની પ્રજા-સંપત્તિ વગેરેની સંખ્યા ગણવામાં આવે છે તે રીતે શ્રીમદ્ ભાગવત મહારાજશ્રીના આશ્રયમાં રહેલા પુરાણ રાજાની સંપત્તિ-પ્રજા-સમા,શ્લોકોની હવે સંખ્યા વગેરે ગણીશું. તેમજ શ્રીમદ્ ભાગવતજીમાં પ્રતિપાદિત એટલે વર્ણવવામાં આવેલ વિષયનું કથન કરીશું. શ્રીમદ્ ભાગવતજીનું પ્રયોજન જાણીશું, શ્રીમદ્ ભાગવતજીના દાનની પદ્ધતિ જાણીશું તેમજ શ્રીમદ્ ભાગવતજીના પાઠપારાયણનો મહિમા સમજીશું તેથી આપ હવે સ્નેહપૂર્વક સાંભળો એવી વિજ્ઞપ્તિ છે. (૩)

પુરાણોના શ્લોકોની સંખ્યા

ब्राह्मं दश सहस्त्राणि पाद्मं पञ्चनषष्टि च । श्रीवैष्णवं त्रयोविशञ्चतुर्वि शति शैवकम् ॥ ४ ॥
ब्राह्मं दश सहस्त्राणि पाद्मं पञ्चनषष्टि च । श्रीवैष्णवं त्रयोविशञ्चतुर्वि शति शैवकम् ॥ ४ ॥
चतुर्दश भविष्यं स्यात् तथा पञ्चशतानि च । दशाष्टौ ब्रह्मवैवर्तं लिङ्गमेंकादशैव तु ॥ ६ ॥
तच्चुर्विं शति वाराहमेकाशीति सहस्त्रकम् । स्कान्दं शतं तथा चैकं वामनं दश कीर्तितम् ॥ ९ ॥
कौर्मं सप्तदशाख्यातं मात्स्यं तत्तु चतुर्दश । एकोनविंशत्सौपर्ण ब्रह्माण्डं द्वादशैव तु ॥ ८ ॥
एवं पुराणसंदोहश्चतुर्लक्ष उदाहृतः । तत्राष्टादशसाहस्त्रं श्रीभागवतमिष्यते ॥ ९ ॥

(૧) શ્રી બ્રહ્મપુરાણના દશ હજાર શ્લોકો છે, (૨) શ્રી પદ્મપુરાણમાં પંચાવન હજાર શ્લોકો છે, (૩) શ્રી વિષ્ણુપુરાણમાં તેત્રીસ હજાર શ્લોકો છે, (૪) શ્રી શિવપુરાણના ચોવીસ હજાર શ્લોકો છે, (૫) શ્રીમદ્ ભાગવત મહાપુરાણના અઢાર હજાર શ્લોકો છે, (૬) શ્રી નારદપુરાણમાં પચીસ હજાર શ્લોકો છે, (૭) શ્રી માર્કંડેય પુરાણના નવ હજાર શ્લોકો છે, (૮) શ્રી અગ્નિ પુરાણમાં પંદર હજાર અને ચારસો શ્લોકો છે, (૯) શ્રી ભવિષ્યપુરાણના શ્લોકોની સંખ્યા સાડા ચૌદ હજારની છે, (૧૦) બ્રહ્મવૈવર્તપુરાણની શ્લોક સંખ્યા અઢાર હજારની છે, (૧૧) શ્રીલિંગપુરાણમાં અગિયાર હજાર શ્લોકો છે, (૧૨) શ્રીવરાહપુરાણની શ્લોકો સંખ્યા ચોવીસ હજારની છે, (૧૩) શ્રી સ્કંધપુરાણના શ્લોકોની સંખ્યા એકયાશી હજાર અને એકસોની છે, (૧૪) શ્રી વામનપુરાણના શ્લોકોની સંખ્યા દશ હજારની છે, (૧૫) શ્રી કૂર્મપુરાણના શ્લોકોની સંખ્યા સત્તર હજારની છે, (૧૬) મત્સ્યપુરાણના શ્લોકોની સંખ્યા ચૌદ હજારની છે, (૧૭) શ્રીગરુડપુરાણના શ્લોકોની સંખ્યા ઓગણીસ હજારની છે, (૧૮) અને શ્રી બ્રહ્માંડપુરાણની શ્લોકોની સંખ્યા બાર હજારની છે. આ પ્રકારે અઢાર પુરાણોના શ્લોકોની સંખ્યા સર્વ મળીને ચાર લાખ શ્લોક સંખ્યા થાય છે તેમાં પ્રથમ કહ્યા પ્રમાણે શ્રીમદ્ ભાગવતજીના અઢાર હજાર શ્લોકો છે. (૯)

શ્રીમદ્ ભાગવતસ્વરૂપ અને શ્રીમદ્ ભાગવતપ્રાપ્તિપરંપરા

इदं भगवता पूर्वं ब्रह्मणे नाभिपङ्कजे । स्थिताय भवभीताय कारुण्यात्सं वप्रकाशितम् ॥ १० ॥
आदिमध्यावसानेषु वराग्याख्यानसं युतम् । हरिलालकथाव्रातामृतानान्दितसत्सुरम् ॥ ११ ॥
सर्ववेदान्तसारं यद् ब्रह्मात्मैकत्वलक्षणम् । वस्त्वद्वितीयं तन्निष्ठं कैवल्यैकप्रयोजनम् ॥ १२ ॥

આ શ્રીમદ્ ભાગવત ભગવાન્ શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે, સર્વથી પ્રથમ ભગવાને પોતાના નાભિકમલ પર બિરાજેલા તેમજ

ભવસાગરથી ભયભીત થયેલા શ્રી બ્રહ્માજીના ઉપર અપાર કૃપા કરીને શ્રીમદ્ ભાગવત મહાપુરાણનાં દાન કરેલાં છે. (૧૦) આ શ્રીમદ્ ભાગવતજીના આદિ-મધ્ય-અંતમાં ભગવાનનાં વૈરાગ્ય પર્યન્તનાં છ ઐશ્વર્યોથી ભરપૂર સંસારથી વૈરાગ્ય કરાવી પ્રભુચરણોમાં અનુરાગ કરાવનાર આખ્યાનોથી પરિપૂર્ણ છે. અધિક તો શું કહીએ પરંતુ ભગવાન શ્રીહરિ શ્રીકૃષ્ણની જ અનન્તલીલા કથાઓ છે તે તો અમૃતમય છે અને સજ્જનોને આ કથાશ્રવણથી રૂપની અનુભવ કરાવી પરમાનંદનું દાન કરનારી છે. (૧૧) સર્વ દેવઉપનિષદનો જે સાર-તાત્પર્ય મનાય છે તે પરબ્રહ્મ-શ્રીકૃષ્ણ છે. તેમજ આત્મા એક જ છે, અદ્વિતીય છે, સદ્રૂપ છે આ વેદોનો પ્રતિપાદ્ય વિષય છે. આ જ વિષયનું શ્રીમદ્ ભાગવતજીએ મધુર રીતે નિરૂપણ કરેલ છે. આ શ્રીમદ્ ભાગવતજીની રચનાનું કેવલ એક જ કારણ છે કે સર્વને પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પ્રાપ્ત થાય. (૧૨)

प्रौष्ठपद्यां पौर्णमास्यां हेमसिंहसमन्वितम् । ददाति यो भागवतं स यातिपरमां गतिम् ॥ १३ ॥
राजन्ते तावदन्यानि पुराणानि सतां गणे । यावन्न दृश्यते साक्षाचछीमद् भागवतं ॥ १४ ॥
सर्ववेदान्तसारं हि श्रीभागवतमिष्यते । तद्रसामृततृप्तस्य नान्यत्र स्याद्रितिः क्वचित् ॥ १५ ॥
निम्नगानां यथा गङ्गा देवानामच्युतो यथा । वैष्णवानां यथा शम्मुः पुराणानामिदं तथा ॥ १६ ॥
क्षेत्राणां चैव सर्वेषां यथा काशी ह्यनुत्तमा । तथा पुराणव्रातानां श्रीमद्भागवतं द्विजाः ॥ १७ ॥

મુનિવર્ય શ્રી શૌનકજી ! ભાદ્રપદ માસની પૂર્ણિમાના દિવસે શ્રીમદ્ ભાગવતજીને સુવર્ણના સિંહાસન ઉપર પધરાવી અર્ચન કરી પ્રણામ કરવા. પછી શ્રીમદ્ ભાગવતજીની સમર્પણ કરે તે પુણ્યાત્માને પરમગતિ એટલે ભગવત્પદ પ્રાપ્તિ થાય છે. (૧૩) સંતજનની સભામાં અન્ય પુરાણોનું ત્યાં સુધી જ ગૌરવ લાગે છે કે જયાં સુધી સાક્ષાત્ શ્રી કૃષ્ણ ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ સર્વશ્રેષ્ઠ શ્રીમદ્ ભાગવતજીનાં દર્શન નથી થયાં. (૧૪) આ શ્રીમદ્ ભાગવત ઉપનિષદોનું તાત્પર્ય છે. સાચેસાચ મુનિરાજ ! શ્રીમદ્ ભાગવત રસામૃતથી તૃપ્ત થયેલા, શ્રીમદ્ ભાગવત રસાયણનાં પાન કરી મસ્ત થયેલા ભક્તને અન્યત્ર કોઇ ગ્રન્થના શ્રવણમાં મન લાગતું જ નથી. (૧૫) મુનિરાજ ! અધિક શું કહીએ ભૂમિતલ પર વહન કરનારી સરિતાઓમાં જેમ શ્રી ગંગાજી સર્વશ્રેષ્ઠ છે, સર્વ દેવોમાં શ્રીઅચ્યુત ભગવાન જેમ સર્વશ્રેષ્ઠ ભગવાન છે, પરમ ભાગવત એટલે વૈષ્ણવવર્ય પુરુષોમાં ભગવાન શંકર સર્વશ્રેષ્ઠ પરમ ભાગવત છે, તેની જ રીતે પુરાણોમાં શ્રીમદ્ ભાગવતજી પરમ પદે બિરાજે છે. (૧૬) પૃથ્વી ઉપરનાં સમસ્ત ક્ષેત્રમાં સર્વ શ્રેષ્ઠ જેમ કાશીનગરી છે તેવી જ રીતે સમગ્ર પુરાણોમાં શ્રીમદ્ ભાગવત સર્વ શ્રેષ્ઠ પદે બિરાજે છે. (૧૭)

श्रीमद्भागवतं पुरणममलं युद्धैष्णवानां प्रियं यस्मिन्पारमह स्यमेकममलं ज्ञानं परं गोयते ॥
तत्र ज्ञानविरागभक्तिसहितं नैष्कर्म्यमाविप्कृतं प्रपठन् विचारणपरोभक्त्या विमुष्येन्नरः ॥ १८ ॥
कस्मै येन विभासितोयमतुलो ज्ञानप्रदीपः पुरा तद्रूपेण च नारादाय मनुये कृष्णाय तद्रूपिणा ॥
योगीन्द्राय तदात्मना भगवद्राताय कारुण्यतस्तच्छुद्धं विमलं वशोकममृतं सत्य परं धोमहि ॥ १९ ॥

મહર્ષિ શ્રીશૌનકજી ! ભગવાન સ્વયં શ્રમદ્ ભાગવતનું માહાત્મ્ય-યશ ગાવા સર્મથ નથી તો પછી અન્ય તો સમર્થ ક્યાંથી હોઇ શકે ! આમ છતાં મહર્ષિ વ્યાસજી શ્રોતાજનોના આત્મસંતોષ માટે શ્રીમદ્ ભાગવજીના કથામૃત પ્રસંગે વિરામ કરતાં બાર વિશેષણો આપી શ્રોતા-વક્તાની સાર્થકતા કહેવા લાગ્યા કે- આ શ્રીમદ્ ભાગવત (૧) શ્રીમદ્ શ્રીસ્વામિનીજીના ગૂઢ ઐશ્વર્યથી ભરેલું. આ શ્રીમદ્ ભાગવતજીમાં સર્વ પ્રકારનું વાઙ્ માધુર્ય અને સૌન્દર્ય છે તે શ્રીસ્વામિનીજીની જ શોભા-સૌન્દર્ય છે માટે સર્વ સૌન્દર્ય પૂર્ણ છે. (૨) ભાગવતમ્ ભગવાનના ષડ્ઐશ્વર્યોથી પરિપૂર્ણ પ્રત્યેક બબ્બે સ્કંધો દ્વારા ભગવાનનાં છ ઐશ્વર્યો વર્ણવ્યાં છે તેમજ પ્રત્યેક પ્રસંગો છ ઐશ્વર્યોનું ગાન કરે છે. (૩) પુરાણમ વેદસ્વરૂપ છે પુરાતન છે. તેમજ પુરાતન છતાં પ્રત્યેક ક્ષણે નવીન છે, (૪) અમલમ્ શ્રીશુદ્ધાદ્વૈત જ્ઞાનનું નિરૂપણ કરે છે તેથી સર્વ પ્રકારની શુદ્ધિનું દાન કરે છે કારણ કે ત્રણ ગુણના મલ જેમાં નથી તેવા પરમ શુદ્ધ ભગવાન શ્રીકૃષ્ણના

વિશુદ્ધ ગુણોનું ગાન કરે છે, (૫) वैष्णवानां प्रियम् વૈષ્ણવોનું ધન છે અથવા વૈષ્ણવોનું પ્રાણપ્રિય છે કારણ કે શ્રીકૃષ્ણસ્વરૂપ છે આ શ્રીમદ્‌ભાગવતમાં (૬) पारमहंस्यम् પરમહંસો વિવેકી વિરકત જનોએ સેવેલું છે, પરમહંસોએ પામવા જેવું પાન કરવા જેવું છે. (૭) ज्ञानम् સ્વયં જ્ઞાન સ્વરૂપ છે શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપજ્ઞાનને સમજાવનારુ છે, (૮) एकम् અદ્વિતીય છે તેથી શ્રીમદ્ ભાગવત સમાન અન્ય કોઇ તત્વજ્ઞાન નથી. (૯) अमलम् સર્વ પ્રકારે નિર્મલ છે. (૧૧) આ શ્રીમદ્ ભાગવત ज्ञान-विरागभक्तिसहितम् જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિરસથી છલકાતું છે (૧૨) नैष्कर्म्यम् आविष्कृतम् કેવલ ભગવત્પ્રીત્યર્થ સેવા વગેરે કર્મોનું પ્રતિપાદન કરનાર છે પરંતુ સકામ કર્મોનું પ્રતિપાદન કરનાર નથી. માટે આવા દિવ્ય શ્રીમદ્ ભાગવતજીનું નિત્ય શ્રવણ કરનાર, નિત્ય પ્રેમપૂર્વક પાઠ કરનાર, નિત્ય શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલી ભગવલ્લીલાઓનો વિચાર કરનાર, ભગવચ્ચરણકમલોમાં સુદૃઢ સ્નેહ અને સેવાનુરાગ મેળવીને સર્વથા સંસારકલેશોથી મુક્ત થાય છે. (૧૮)

શ્રી શોનકજી ! શ્રીમદ્ ભાગવતજી ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપનો પરિચય કરાવનાર તત્ત્વદીપક છે. તેમજ આ દીપક અનુપમ છે અને અલૌકિક છે. શ્રીમદ્ ભાગવત સમાન કોઇ તત્ત્વગ્રન્થ નથી. સૌથી પ્રથમ આ દિવ્ય દીપક ભગવાન શ્રીનારાયણે શ્રીબ્રહ્માજીને માટે પ્રકાશિત કર્યો હતો. પુનઃ શ્રીહરિએ પોતે જ શ્રીબ્રહ્માજીના સ્વરૂપે મુનિવર શ્રીનારદજીને પ્રેમપૂર્વક આપ્યો હતો. ત્યાર પછી પુનઃ ભગવાને શ્રીનારદજીના સ્વરૂપે મુનિવર્ય શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ મહર્ષિને સમર્પિત કર્યો હતો. પુનઃભગવાને સ્વયં શ્રી વ્યાસજીના સ્વરૂપે યોગીન્દ્રવર્ય મહર્ષિને આપ્યો હતો. અન્તમાં શ્રીશુકદેવ મહારાજે અત્યંત કરુણામય ચિત્તથી શ્રીકૃષ્ણ ભગવાનથી ઉત્તરા માતાજીની કૂખમાં રક્ષણ પામેલા રાજર્ષિવર્ય પરીક્ષિતજીને આપેલ હતો. આ શ્રીમદ્ ભાગવત (૧) तत् ભગવાન શ્રીકૃષ્ણ જ છે. (૨) शुद्धम् સર્વ પ્રકારના દોષો રહિત હોઇ પરમશુદ્ધ ત્રિગુણાતીત-નિર્દોષ છે, (૩) विमलम् અવિદ્યાનિવર્તક નિર્મલ છે. विशोकम् શોકનિવારક છે. (૫) अमृतम् જન્મ-મરણના કલેશથી મુક્ત કરનાર અમૃત છે, (૬) सत्यम् પરમાર્થ રૂપ છે. (૭) परम् શ્રીકૃષ્ણ સ્વરૂપ છે. આ પ્રકારના ષડ્ઐશ્વર્યોથી પરિપૂર્ણ ધર્મીસ્વરૂપ શ્રીમદ્ ભાગવતસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણનું અમે ધ્યાન કરીએ છીએ.

ઉપકારસ્મૃતિ અને પદકમલોમાં પુનઃ પુનઃ પ્રણતિ

नमस्तस्मै भगवते वासुदेवाय साक्षिणे । य इदं कृपया कस्मै व्याचचक्षे मुमुक्षवे ॥ २० ॥

योगीन्द्राय नमस्तस्मै शुकाय ब्रह्मरूपिणे । स सारसर्पदष्ट यो विष्णुरातममूमुचत् ॥ २१ ॥

भवे भवे यथा भक्तिः पादयोस्तव जायते । तथा कुरुष्व देवेश नाथस्त्वं नो यतः प्रभो ॥ २३ ॥

नामसंकीर्तनं यस्य सर्वपाषप्रणाशनम् । प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ॥ २४॥

શ્રી સૂતમહર્ષિ શ્રીમદ્ ભાગવતકથામૃત પાન કરતાં કરાવતાં ભાવવિભાર બની દંડવત્પ્રણામ નામની એક જ ભેટ પ્રભુચરણે ધરી શકાય છે એવું સમજીને હવે પુનઃપુનઃ પ્રણામ કરી રહ્યા છે કે વાસુદેવ ભગવાન શ્રીકૃષ્ણ કેવલ કૃપાનું સ્વરૂપ છે. આવા કૃપાનાથ શ્રીકૃષ્ણ ભગવાને ભગવત્સ્વરૂપ કેવું હશે અને મોક્ષ મેળવી શકાય એવા મનોરથને સેવતા શ્રીબ્રહ્માજીને આ શ્રીમદ્ ભાગવતપીયૂષનાં દાન કર્યાં તે સર્વના સાક્ષી ભગવાન વાસુદેવ શ્રીકૃષ્ણને નમસ્કાર હો. (૨૦) પુનઃ ભાગવનનાં દાન કરનારા ભગવાનના કરતાં પણ મોટા શ્રીગુરુવર્ય, યોગીરાજ, પ્રત્યક્ષ બ્રહ્મસ્વરૂપ, શ્રીશુકાચાર્યશ્રીના શ્રીચરણોમાં નમસ્કાર હો. જે શુકાચાર્ય મહારાજશ્રીએ શ્રીકૃષ્ણ ભગવાન દ્વારા સુરક્ષિત એવા વિષ્ણુરાત એટલે પરીક્ષિત રાજાને સંસારસર્પના કંઠમાંથી બચાવ્યા અને ભગવચ્ચરણોમાં સ્થાપ્યા તે ગુરુદેવને દંડવત્ પ્રણામ હો. (૨૧) હે દેવાધિદેવ ! હે દયાનિધે ! હે શ્રી નાથ ! હે શ્રીકૃષ્ણ ! આપ એક જ અમ અનાથના નાથ છો, અમારું આપ એક જ સર્વસ્વ છો, નમ્ર નિવેદન છે આપ શ્રીચરણોની રેણુઓમાં કે હવે આપ એવી કૃપા કરો કે વારંવાર જન્મ લેતાં રહેતાં કેવલ આપશ્રીના શ્રીચરણકમલોમાં અવિચલોમાં અવિચલ ભક્તિ બની રહે. ૨૨ હે ભગવન્ ! હે શ્રીકૃષ્ણ આપશ્રીનાં શ્રીચરણોમાં કેવલ એક જ પ્રણતિ સર્વવિધ દુઃખોનો નાશ કરી દે છે એવા શ્રીહરિ શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુને પ્રણામ કરું છું.

શ્રીમદ્ ભાગવતપીયૂષ દ્વાદશ સ્કંધના "ભાગવનાશ્રય" પ્રકરણમાં અધ્યાય ૧૩મો સમાપ્ત

કર્દમ ઋષિનું "શ્રીભાગવતપીયૂષપાન" કરનાર ભક્તજનોને નિવેદન

श्रीकृष्ण-कृष्णमुख-कृष्णपदारविन्द श्रीमत्परागकृपया ।

ताराशिषा च सहयोगबलात् क्षमायाः पीयूषतेतदुररीर्कियतेडतितैन्यात् ॥ १ ॥

भक्ति च भागवतमाप्य पितुः प्रसादात् कृष्णे च कृष्णमयभागवते रतिर्मे ।

जाता, मतिर्न च कृतिर्विमला परं मद्ताताशिषा निगदितं प्रणमामि तस्मै ॥ २ ॥

दोषा न्न सन्ति किल भागवते ह्यदोषे दोषा न यन्ति सुधियां विमले च चिते ।

दोषा भवन्तु मम लेखनचिन्तने वै पीयूषमेतदमलं किल कृष्णकूपम् ॥ ३ ॥

ગુણૈકપક્ષપાતી, પરમ કોમલચિત્ત, સુજન સમાજનને નિવેદન છે કે- મારી તો શક્તિ શ્રીમદ્ ભાગવત જેવા તત્વ- જ્ઞાન ભરપૂર ગ્રન્થનું ભાષાન્તર કરવાની હોય જ નહીં. આમ છતાં શ્રીકૃષ્ણ ભગવાન શ્રીકૃષ્ણસ્ય શ્રીમહાપ્રભુજી, શ્રીકૃષ્ણ, શ્રીયમુના મહારાણીજી અને મારા પિતાજીના પદકમલના પરાગની કેવલ કૃપાબલથી મેં કર્દમઋષિએ શ્રી ભાગવતજીનું ભાષાન્તર કરવા પ્રયત્ન કર્યો છે તેમાં મારાં માતુશ્રી તારાબાની આશિષ મળી અને મારી ધર્મ પત્ની ક્ષમાનો સહકાર સાંપડ્યો તેથી જ અત્યંત દૈન્યભાવે આ શ્રીભાગવતપીયૂષને આપી શક્યો છું. ૧ ભાગવતકૃપા થઇ અને ભગવાનમાં મન વાળવા માટે ભગવાને ચિ. ભક્તિ અને ચિ. ભાગવત નામના બે સંતાનો સાક્ષાત્ ભક્તિ અને શ્રીમદ્ ભાગવત સ્વરૂપે આપ્યાં. ત્યારે પિતાજીએ મને આદેશ આપ્યો કે બેટા ! હવે ભગવાનની કૃપાથી શ્રીમદ્ ભાગવતજીનું ભાષાન્તર કરી જનસેવામાં મૂકીશ તો જીવન કૃતકૃત્ય થશે. આ મારા પિતાજીનો આદેશ ન હતો કેવલ તેમનો અનુગ્રહ જ હતો. મેં પ્રયત્ન કર્યો અને શ્રીકૃષ્ણ-શ્રીનાથજી ભગવાનમાં અને શ્રીનાથજી પ્રભુતા નામાત્મક શ્રીવિગ્રહ શ્રીમદ્ ભાગવતજીમાં મારી રતિ-અનુરાગ થયો. મને ખ્યાલ છે અને હતો જ કે મારી મતિ અને મારી કૃતિ નિર્મલ નથી પરંતુ પિતૃચરણની આશિષથી કાર્ય કરી શક્યો છું તે મારા પિતૃચરણોને પ્રણામ કરુ છું.

શ્રીમદ્ ભાગવત તો નિર્દોષ છે એમાં કોઇ પણ દોષો સંભવે જ નહીં તેથી શ્રદ્ધાપૂર્વક કહું છું કે આ શ્રી ભાગવતપીયૂષ સંપૂર્ણ નિર્દોષ છે કારણ કે આમાં મારો સ્વતંત્ર વિચાર કે મારું સ્વતંત્ર કાંઇ પણ લેખન નથી. કેવલ શ્રીમદાચાર્યચરણ શ્રીમહાપ્રભુજીના જ શ્રી સુબોધિનીજીના અર્થાનુસાર સર્વ પરિવેષણ કર્યું છે તેથી તે સર્વથા નિર્દોષ જ છે. તેમજ સજ્જન જનની મતિ જ નિર્મલ છે તેથી તેમાં દોષોનું દર્શન નથી હોતું. હાહું તો દોષોથી ભરેલો અને બનેલો છું તેથી મારા લેખન-ચિંતનમાં ભલે દોષો હોય-પરંતુ ભાગવતપીયૂષ શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ છે, એ અમૃત છે એ નિર્મલ છે અને નિર્દોષ છે. આપ સર્વ નિર્ભય થઇ પાન કરશો એવી વિજ્ઞાપ્તિ સાથે વિરમુ છું.

દૈન્ય ભાવે કર્દમ ઋષિના દંડવત્ પ્રણામ ૧ શ્રીકૃષ્ણ દ્વૈપાયન્ વ્યાસમહર્ષિ શ્રીકૃષ્ણાર્પણમસ્તુ

શ્રી કૃષ્ણાર્પણમસ્તુ